# ભગવદ્ પતંજલિકૃત

# વ્યાકરણ મહાભાષ્ય નવાહ્નિક

## સટીક ગુજરાતી અનુવાદ

લા. દ. ગ્રંથશ્રેણી ૧૪૦

પ્રધાન સંપાદક
જિતેન્દ્ર બી. શાહ

ટીકા અને અનુવાદ કર્તા
પ્રદ્યુમ્ન રંગરાય વોરા

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર
અમદાવાદ – ૩૮૦ ૦૦૯.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગવદ્ પતંજલિકૃત

# વ્યાકરણ મહાભાષ્ય નવાહ્નિક

## સટીક ગુજરાતી અનુવાદ

લા.દ. ગ્રંથશ્રેણી ૧૪૦

પ્રધાન સંપાદક
જિતેન્દ્ર બી. શાહ

ટીકા અને અનુવાદ કર્તા
પ્રદ્યુમ્ન રંગરાય વોરા

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લા.દ.ગ્રંથશ્રેણી : ૧૪૦

•

# વ્યાકરણ મહાભાષ્ય નવાહ્નિક

•

: ટીકા અને અનુવાદ કર્તા :
પ્રદ્યુમ્ન રંગરાય વોરા

•

: પ્રકાશક :
ડૉ. જિતેન્દ્ર બી. શાહ
નિયામક
લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર
અમદાવાદ

•

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૪

•

ISBN 81-85857-22-9

•

કિંમત : રૂા. ૬૦૦/-

•

: ટાઈપ સેટીંગ :

ધરણેન્દ્ર પ્રીન્ટર્સ

•

: મુદ્રક :

નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
ફોન : ૨૫૫૦૮૬૩૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

પતંજલિકૃત નવાહ્નિકનો સટીક ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરતાં અમે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ. ભારતીય સંસ્કૃતિનું પ્રાચીનતમ સાહિત્ય સંસ્કૃતભાષામાં રચાયું છે. આ ભાષાને જાણવા અને સમજવાનો આધાર સંસ્કૃત વ્યાકરણ છે. સંસ્કૃત ભાષાનું સર્વપ્રથમ ઉપલબ્ધ વ્યાકરણ ભગવાન પાણિનિની અષ્ટાધ્યાયી છે તેના ઉપર પતાંજલિનું મહાભાષ્ય છે. તેમાં પ્રથમ અધ્યાયના પ્રથમ પાદના નવ આહ્નિક સટીક ગુજરાતી અનુવાદ અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે. તેમણે સંસ્કૃત ભાષાના વ્યાકરણને સુવ્યવસ્થિત સ્વરૂપે આપણી સમક્ષ મૂક્યું છે. ત્યારબાદ રચાયેલા તમામ વ્યાકરણો પ્રસ્તુત વ્યાકરણના એક યા બીજા સ્વરૂપે આભારી છે. મહાભાષ્ય નવાહ્નિક દુર્બોધ હોવાને કારણે તેનું વિસ્તૃત વિવેચન અને ગુજરાતી અનુવાદની ખોટ કેટલાય વખતથી વર્તાતી હતી. તે ખોટ આ પ્રકાશનથી પૂરી થાય છે.

ઘણાં વર્ષો પૂર્વે આ અત્યંત કપરું કામ પ્રો. પ્રદ્યુમ્ન વોરાએ પં. દલસુખભાઈ માલવણિયાની પ્રેરણાથી આરંભ્યું હતું. પ્રો. વોરાના અવિરત પ્રયાસથી આજે આ ભગીરથ કાર્ય પૂર્ણ થાય છે. સંસ્થા તેમના આ પરિશ્રમ બદલ ઋણી છે. ગુજરાતના વિદ્વાનો પણ આ ગ્રંથને લીધે આભારી થશે.

અમને આશા છે કે પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનથી સંસ્કૃતપ્રેમી જિજ્ઞાસુઓ તથા વ્યાકરણના વિદ્વાનો લાભાન્વિત થશે. પ્રકાશનમાં સહયોગ આપનાર તમામનો અમે આભાર માનીએ છીએ.

**જિતેન્દ્ર બી. શાહ**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# મહાભાષ્ય નવાહ્નિકની અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. પહેલો આહ્નિક (પસ્પશાહ્નિક) | ૧ |
| ૨. બીજો આહ્નિક (પ્રત્યાહારાહ્નિક) | ૩૭ |
| ૩. ત્રીજો આહ્નિક | ૯૫ |
| ૪. ચોથો આહ્નિક | ૧૨૮ |
| ૫. પાંચમો આહ્નિક | ૧૭૮ |
| ૬. છઠ્ઠો આહ્નિક | ૨૩૯ |
| ૭. સાતમો આહ્નિક | ૩૫૧ |
| ૮. આઠમો આહ્નિક | ૪૨૩ |
| ૯. નવમો આહ્નિક | ૫૧૫ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सप्रश्रयं समर्पणम्

माता मे श्रीमती नाम रङ्गरायश्च मे पिता।
एतयोः कृपया ह्येष ग्रन्थो मे पूर्णतां गतः॥
अर्प्यते सादरं मातुः पितुः स पादयोर्मया।
प्रद्युम्नेनातिनम्रेण तयोरानृण्यकांक्षिणा॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# આમુખ

પાણિનિની અષ્ટાધ્યાયીના પ્રથમ પાદ પરના પતંજલિ વિરચિત મહાભાષ્ય (=નવાહ્નિકી) નો, વિસ્તૃત ટીકા સહિત, અનુવાદ અત્રે રજૂ કરવામાં આવ્યો છે.

અહીં પાણિનિના સમય, અષ્ટાધ્યાયીની સૂત્રસંખ્યા, તેના ભિન્ન સ્તર, તેમાં થએલ પ્રક્ષેપો, એ સમગ્ર કૃતિ ભગવાન પાણિનિની છે કે કેમ તે વગેરે પ્રશ્નોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે,પરંતુ તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી નથી.અનુવાદ બને ત્યાં સુધી શબ્દશઃ છે, છતાં **गुण**, **अच्** , **हल्** વગેરે મૂળ પારિભાષિક શબ્દો રાખીને ટીકામાં ખુલાસો કર્યો છે. અહીં જૂજ સ્થળે, મુક્ત અનુવાદ જોવામાં આવશે. ક્વચિત્ 'વગેરે, પ્રમાણે, અનુસાર' જેવા શબ્દો તથા સ્પષ્ટતા ખાતર કૌંસમાં વિશેષ અર્થ ઉમેરેલા છે. સંશય ન થાય તે હેતુથી મોટે ભાગે સંજ્ઞાઓ દેવનાગરીમાં મૂકેલ છે. અષ્ટાધ્યાયી મહદંશે મૂળ સ્વરૂપે જળવાઈ રહી છે છતાં તેમાં પ્રક્ષેપો થયા છે તે નિર્વિવાદ છે પરંતુ અહીં પાણિનિ, કાત્યાયન અને મહાભાષ્યકારને વિશે જે કંઈ ચર્ચા છે તે મહાભાષ્યની બાબતમાં સૌથી આપ્તતમ એવા પ્રાચીન ભારતીય વ્યાખ્યાકારોનો આધાર લઈને કરી છે, કારણ કે મહાભાષ્ય સાથે તેમનો જેટલો પરિચય છે તેટલો કદાપિ કોઈ પણ નહી મેળવી શકે.[1] તેથી આધુનિક સંશોધનો પ્રમાણે ક્વચિત્ અસંગતિ જણાય તે સંભવિત છે. આ અનુવાદ અને તેની ટીકા જેને સંસ્કૃતભાષા અને પાણિનીય પદ્ધતિની ભૂમિકા* હોય તેવા વિદ્યાર્થીને લક્ષમાં રાખીને કરી છે.

સંસ્કૃત ભાષા, તેના વ્યાકરણ અને પાણિનીય પદ્ધતિમાં મને પ્રવેશ કરાવનાર મારા પૂજ્ય ગુરુવર્યો, મારા સ્વ. પિતા પૂજ્ય શ્રી રંગરાય વ્રજરાય વોરા, તથા સ્વ.પૂ. પ્રો. એ.જી. ભટ્ટ સાહેબ, સ્વ.પૂ.પ્રો.આર.બી. આઠવળે સાહેબ અને સ્વ.પૂ.પ્રો. કે.વી.અભયંકર સાહેબને તેમ જ સ્વ.પૂ.પં બહેચરદાસજી સાહેબ તથા કાલધર્મી.પ.પૂ.મહારાજ સાહેબ ન્યાયવિજયજીને હું સાદર પ્રણામ કરું છું.

અહીં મૂળ સંસ્કૃત પાઠ માટે મહદંશે પ્રો.કિલ્હોર્નની આવૃત્તિ (B.O.R.I.1958)નો આધાર લીધો છે.(પાઠભેદોની ચર્ચા જે તે સ્થળે કરી છે. ક્વચિત્ અન્ય પાઠ લીધા છે.) અનુવાદ અને ટીકા વગેરે માટે મને સંસ્થા તરફથી સૂચવવામાં આવેલ તે પ્રમાણે ઉપાધ્યાય કૈયટના પ્રદીપ અને મ.મ.નાગેશ ઉપાધ્યાયના ઉદ્યોત તથા તેના સંપાદક પં. દાધિમથ (મ.મ.પં શિવદત્ત શર્મા) અને અન્ય વિદ્વાન સંપાદક મહાશયોની ટિપ્પણીઓનો આધાર લીધો છે [નિ.સા. (૧૯૧૭), ચૌ.ખં (૧૯૯૨)]. તદુપરાંત કાશિકા, ભર્તૃહરિની મહાભાષ્યદીપિકા, કાશિકાન્યાસ , પદમંજરી, શબ્દ- કૌસ્તુભ, સિદ્ધાન્ત કૌમુદી, પ્રૌઢ મનોરમા,પરિભાષેન્દુશેખર, શબ્દેન્દુશેખર , તત્ત્વબોધિની, બાલમનોરમા વગેરે પ્રાચીન ગ્રન્થો તથા અનેક પુરોગામી વિદ્વાનોના ગ્રન્થોની સહાય લીધી છે. તેમાં પૂ.મ.મ.વાસુદેવશાસ્ત્રી અભયંકરના મરાઠી (તથા હિન્દી) અનુવાદનો વિશિષ્ટ આધાર લીધો છે. તદુપરાંત પૂ.પં. યુધિષ્ઠિર મીમાંસક, પં. ચારુદેવ શાસ્ત્રી વગેરેની હિન્દી તથા શ્રી. સુબ્રહ્મણ્ય શાસ્ત્રી, શ્રી. કુમુદરંજન રે. શ્રી ચેટર્જી વગેરેના અંગ્રેજી ગ્રન્થોનો આધાર લીધો છે તે સર્વ વિદ્વાનોનો અત્રે ઋણસ્વીકાર કરું છું.

આ અનુવાદ અને ટીકાના કેટલાક ભાગ રસ અને સૂક્ષ્મેક્ષિકાપૂર્વક વાંચી જઈને તેમનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવનાર અને ઉપયોગી સૂચના કરનાર તથા તેમની પિએચ.ડી.થિસિસ સૌહાર્દપૂર્વક મોકલી આપનાર શ્રી.ડૉ. સૌદામિની બાહુલીકર

---

[1] cf. In making this attempt (to separate Vartikas of Katyayana and Bhashya of Patanjali) we may avail ourselves of the assistance rendered by the later native grammarians - - -because they evince a famliarity with the work of Patanjali *in which they will never be equalled.* —Katayyana and Patanjali (p.7).(brackets & italcs mine)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ.એ.,પી.એચડી."(હાર્વર્ડ), નો અત્રે આભાર માનું છું. તેમને ગુજરાતી વાંચવામાં સહાય કરી તથા કેટલાં સૂચન કર્યાં તે બદલ પ્રો. આર.એમ.પંચોલી અને પ્રો.શુક્લનો આભારી છું

આ કઠિન કાર્ય પૂર્ણ કરવામાં મને સતત પ્રોત્સાહિત કરનાર મારાં પત્ની અ.સૌ.તરલા, તેમ જ અનુવાદની હસ્તપ્રતને કમ્પ્યુટર પર આરૂઢ કરવામાં તેમ જ વિવિધ ફોન્ટસ્ (fonts) મેળવી આપવામાં તથા તેના ઉપયોગ વિશે માર્ગદર્શન આપવામાં સતત ઉલટ દર્શાવનાર મારાં સંતાનો, ચિ.રાજીવ-ફાલ્ગુની, ચિ.સ્મિતા-ગૌરાંગ, ચિ.શશિન-જિજ્ઞાની ઉમળકાભરી અહમહિકા બદલ પ્રભુનો પાડ માનું છું. સંસ્થા વતી આ કાર્ય મને સોંપ્યું તે માટે લા.દ.પુરાતત્વમંદિરના તે સમયના અધ્યક્ષ સ્વ.પૂ.પં.શ્રી દલસુખભાઈ માલવણિયાનો આભાર માનું છું. તેઓશ્રીનું મારા પ્રત્યેનું વાત્સલ્ય કેમ ભૂલાય?

આ કાર્યમાં જરૂરી પુસ્તકો મેળવી આપવામાં મારા સહકાર્યકરો અને મિત્રો સ્વ.ડૉ.જી.એસ. ભટ્ટ, પ્રો.બી. આર. ભટ્ટ, પ્રો.એચ.એમ. પટેલ, પ્રો. ડી.એ.શાસ્ત્રી વગેરેએ તથા પ્રો.ડૉ. કમલેશ ચોકસી (ભાષાભવન, ગુ.યુનિ.), તથા મારાં ભૂતપૂર્વ વિદ્યાર્થીની વિયેના યુનિવર્સિટીનાં ડૉ.મિસ. ઈરિન વિશેરે જે સહાય કરી છે તે બદલ તે સર્વનો તેમ જ જરૂરી પુસ્તકો ધીરનાર યુ.એસ.એ.ની હાર્વર્ડ, આડેન, એમહર્સ્ટ વગેરે યુનિવર્સિટીઓનો પણ આભાર માનું છું. તદુપરાંત પ્રદીપ-ઉદ્યોત સહિત ચોખંબા પ્રકાશિત મહાભાષ્યના (૬ ભાગ), યુ.મીમાંસકજીનું મહાભાષ્ય (ભા. ૧), પૂ.સ્વામી. દયાનંદનું અષ્ટાધ્યાયીભાષ્ય (ભા. ૧, ૨) વગેરે પુસ્તકો તાત્કાલિક મગાવી આપનાર પાર્શ્વપ્રકાશનના અધિપતિ સ્નેહભાઈ શ્રી.બાબુભાઈ વોરાનો પણ આભારી છું

અંતે આ કૃતિનું પ્રકાશન સપ્રેમ હાથ ધરનાર લા.દ.પુરાતત્વ મંદિરના વર્તમાન અધ્યક્ષ ભાઈશ્રી.પ્રો.ડૉ. જિતેન્દ્રભાઈનો હૃદયપૂર્વક વિશેષ આભાર માનું છું.

અનેકાનેક અંતરાય આવવા છતાં, મારા જેવા માટે જ આ ભગીરથ કાર્ય (**भाग छोट अभिलाषु बड**) છે તે હું પાર પાડી શક્યો તે ઈશ્વર કૃપા અને વડિલોના આશિષનું પરિણામ છે. તેથી તેમને મારા પુનઃ પુનઃ પ્રણામ.

અત્રે કહેવું જરૂરી છે કે આ કૃતિ હાથે લખ્યા પછી મૂળ સંસ્કૃત ગ્રન્થ, તેનો ગુજરાતી અનુવાદ તથા નોંધ સ્વરૂપ ટીકા મેં પરદેશમાં કમ્પ્યૂટર પર માઈક્રોસોફ્ટ વર્ડ (Microsoft Word) માં તૈયાર કરેલ છે. તેમાં દરેક આહ્નિકનાં પાનાંના ક્રમાંક જુદા હતા. પરંતુ છપાવતી વખતે સમગ્ર ગ્રન્થનાં પાનાંના ક્રમ સામાન્ય રીતે હોય છે તેમ એક જ રાખવામાં આવ્યો છે. તેથી પ્રસ્તાવનામાં જે સંદર્ભ આપ્યા છે તે કિલ્હોર્ન (કિ.)(૧૯૫૮) અથવા ચોખંબા (ચોખં.) ની પ્રદીપ-ઉદ્યોત સહિતની આવૃત્તિ (૧૯૯૧) ના છે. ક્વચિત્ નિર્ણય સાગર (૧૯૧૭) ની આવૃત્તિના પણ છે. આમ હોવાથી વાચકો, વિદ્વાનો અને વિદ્યાર્થીઓને તકલીફ પડશે. તે બદલ ક્ષમા ચાહું છું. આ પ્રકારના લખાણના પ્રૂફ વાંચનાર મળવા કઠિન છે તેથી મેં રાખેલ ચીવટ છતાં મુદ્રણ ક્ષતિઓ રહી ગઈ હશે તે બદલ પણ વાચકમહાભાગોના ઔદાર્ય અને ક્ષમાવૃત્તિની પ્રાર્થના કરું છું

**गच्छतः स्खलनं क्वापि ।** અને **प्रायेण मुह्यन्ति हि ये लिखन्ति ।** એ ન્યાયે વિદ્વજ્જનો મારા આ કાર્યમાં રહેલ અનેક ત્રુટિઓને ક્ષમ્ય ગણે (**छमहिं सज्जन मोरि ढिठाई ।**) અને સુહૃદ્‌ભાવે સૂચનો કરે તેવી અભ્યર્થના.

પ્ર.રં.વોરા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## પ્રાસ્તાવિક

सूत्रकृद्भाष्यकारौ च कात्यायनं तथैव च।
नागेशं कैयटं चैव स्मृत्वा नत्वा पुनः पुनः॥
प्रणम्य काशिनाथं च रामचन्द्रानुपौ गुरून्।
पूज्यौ च पितरौ नत्वा ह्येष प्रारभ्यते मया ॥
नवाह्निकयनुवादोऽत्र भाष्यज्ञानार्थिनां कृते॥
प्रीयतां सगणेशो मे सशिवो हि सदाशिवः॥
शारदा शारदाम्भोजवदना मे प्रसीदतु॥

ભારતીય પરંપરા વેદોને સર્વ જ્ઞાનનું મૂળ માને છે. તેમના પદ્ધતિસર પઠન, ઉચ્ચારણ, રક્ષણ, અભ્યાસ તેમ જ અનુષ્ઠાન માટે અત્યંત આવશ્યક એવાં શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદસ્, જ્યોતિષ અને નિરુક્ત એ છ શાસ્ત્રોનો ઉદ્ભવ થયો. આ શાસ્ત્રો વેદાભ્યાસમાં અંગભૂત હોવાથી તેમને વેદાંગ કહેવામાં આવે છે. તે સર્વમાં વ્યાકરણનું સ્થાન વિશિષ્ટ છે, કારણ કે પદ અને પદના અર્થનું જ્ઞાન વ્યાકરણ ઉપર આધાર રાખે છે. તેને વેદનું મુખ કહ્યું છે તેથી વ્યાકરણને મુખ્ય માનવામાં આવ્યું છે.[1] જો કે એક સ્થળે ભાષ્યકાર કહે છે કે વ્યાકરણ એ ઉત્તરા વિદ્યા છે, એટલે કે પ્રાતિશાખ્ય, શિક્ષા વગેરે શીખ્યા પછી વ્યાકરણનો અભ્યાસ કરવાનો હોય છે, પરંતુ પૂર્વે તો પ્રથમ વ્યાકરણનો અભ્યાસ અને ત્યાર બાદ અન્ય વિદ્યાનો અભ્યાસ કરવાનો હતો, એટલે કે ત્યારે વ્યાકરણ પૂર્વા વિદ્યા હતું.[2] અતિપ્રાચીન કાળમાં જ સૂત્રાત્મક શૈલીનો ઉદ્ભવ થયો તેમાં જ તે શાસ્ત્રના નિયમો સ્મૃતિમાં સરળતાથી આરૂઢ થાય તે માટે કથનીયને અત્યંત સંક્ષેપમાં, ન્યૂનતમ અક્ષરોમાં, સર્વગ્રાહી શબ્દોમાં (એટલે કે સૂત્ર દ્વારા) રજૂ કરવામાં આવતા. આ સૂત્ર શૈલીને વેદાંગોના રચયિતાઓએ સ્વીકારી હતી. તેને વૈયાકરણોએ અત્યંત ચીવટપૂર્વક અને આશ્ચર્યજનક ચોકસાઈ સાથે એટલી હદ સુધી વિકસાવી કે તેમને વિશે કહેવામાં આવે છે કે **अर्धमात्रा-लाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः।**[3] ભાષ્યમાં કહ્યું છે કે પુરાતન કાળમાં બૃહસ્પતિએ શબ્દે શબ્દનો પાઠ કરીને ઇન્દ્રને વ્યાકરણનો અભ્યાસ કરાવવાનો આરંભ કર્યો, પરંતુ તેનો અંત ન આવ્યો. કારણ કે વાણીપ્રયોગનું ક્ષેત્ર અતિવિશાળ છે.[4]

---

[1] જુઓ: शिक्षा घ्राणं तु वेदस्य मुखं व्याकरणं स्मृतम् ॥ (પા.શિ.૪૨), प्रथमं छन्दसामङ्गं प्राहुर्व्याकरणं बुधाः। (વા.પ.બ્ર.૧૧). पदसु चाङ्गेषु व्याकरणं प्रधानं पदपदार्थज्ञानस्य तदायत्तत्वात्। (પદ.ભા.૧,પૃ.૭). સર. तेष्वपि प्रधानं व्याकरणं पदपदार्थावगमस्य व्याकरणाधीनत्वात्, वाक्यार्थज्ञानस्य तन्मूलकत्वात्। શ. કૌ. (ભા.૧.પૃ.૧૧). સર: सर्ववेदपारिषदं हीदं शास्त्रम्। भा० (૨-૧-૫૮), (૬-૩-૧૪) પર। प्रथमे हि विद्वांसः वैयाकरणाः व्याकरणमूलत्वात् सर्वशास्त्राणाम्। ધ્વન્યાલોક (ઉ.૧).

[2] જુઓ: (૧-૨-૩૨) પર व्याकरणं नामेयमुत्तरा विद्या। सोऽसौ छन्दःशास्त्रेष्वभिविनीत उपलब्ध्याधिगन्तुमुत्सहते। भा० उत्तरा विद्येति। पुराकल्पे पूर्वा अद्यत्वे तूत्तरेति परम्परायामाख्यातम्। प्र० छन्दःशास्त्रेषु प्रातिशाख्यशिक्षादिषु ॥ अभिविनीतः शिक्षितः। उपालब्ध्या व्युत्पत्त्या ॥ उ० . સર. पुराकल्प एतदासीत्--संस्कारोत्तरकालं ब्राह्मणा व्याकरणं स्माधीयते तेभ्यस्तत्तत्स्थानकरणना-दानुप्रदानज्ञेभ्यो वैदिकाः शब्दा उपदिश्यन्ते ॥ अद्यत्वे तु न तथा। भा० વગેરે (ચો.ખં.ભા.૧.પૃ.૫૧).

[3] આ પરિભાષા છે. तत्र अनेकपदघटितसूत्रे प्रायेण पदलाघवविचार एव, न तु मात्रालाघवविचारः० परि० (१३३). તેમાં પદના લાઘવનો વિચાર કર્યો છે. માત્રાવિષયક લાઘવ અભિપ્રેત નથી.(પ.શે.મ.વાડે. પૃ.૫૫૫).

[4] જુઓ: (આહ્નિક ૧ વા.૫) પર महान् हि शब्दस्य प्रयोगविषयः। सप्तद्वीपा वसुमती त्रयो लोकाश्चत्वारो वेदाः साङ्गाः सरहस्या बहुधा विभिन्ना एकशतमध्वर्युशाखाः सहस्रवर्त्मा सामवेद एकविंशतिधा बाह्वृच्यं नवधाथर्वणो वेदो वाकोवाक्यमितिहासः पुराणं वैद्यकमित्येतावाञ्छब्दस्य प्रयोगविषयः। भा० (ચો.ખં.ભા.૧.પૃ.૭૦).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેથી સમજાય છે કે પ્રત્યેક પદનો પાઠ કરવો એ શબ્દજ્ઞાનનો સાચો ઉપાય નથી. પરંતુ નિયમ અને અપવાદને આધારે ઉપદેશ કરવાથી લાઘવ થાય, તેથી શ્રમ ઓછો કરવો પડે, સરળતા રહે અને સમય બચે [लघोर्भावः लाघवम्, तत् पुनरल्पप्रयासः। न्यास० (भा.१,पृ.१९) अथवा अचिरकाला संप्रतिपत्तिर्लाघवम्।(दी.पृ.९)]. આમ લાઘવ જરૂરી છે, છતાં વ્યાકરણમાં સર્વત્ર લાઘવ માટેનો દુરાગ્રહ હોય તેમ જણાતું નથી. પસ્પશામાં શંકાકાર કહે છે કે પહેલાં **भवे च तद्धितः।** અને ત્યાર પછી **प्रोक्तादयश्च तद्धिताः** એમ કહ્યું છે, પરંતુ તેમ ન કરતાં **प्रोक्तादयश्च तद्धिताः।** એટલું જ કહ્યું હોત તો પણ **भवे** નો અર્થ પણ આવી જાત. એટલે કે લાઘવ થાત, છતાં વાર્તિકકારે બે સૂત્ર કેમ કર્યા છે ? એ પ્રશ્નના જવાબમાં વાર્તિકકારનો બચાવ કરતાં ભાષ્યકાર કહે છે કે આચાર્યને પહેલાં **भवे** સૂત્રનો ખ્યાલ આવ્યો અને પછી **प्रोक्तादयः** નો. તેથી તે પ્રમાણે કહ્યું. કારણ કે સૂત્રો કર્યા પછી આચાર્ય તેને રદ કરતા નથી., અર્થાત્ લાઘવની પરવા કરતા નથી.[6]

<u>વ્યાકરણ શાસ્ત્ર/ શબ્દાનુશાસન :</u> ઉપર જોયું તેમ વ્યાકરણનું સ્થાન વિશિષ્ટ છે. **व्याक्रियन्ते (= विशेषेण आक्रियन्ते ) व्युत्पाद्यन्ते शब्दा अनेन इति व्याकरणम्। भा०** (ચોખં.ભા.૧.પૃ.૬૮) **(करणे ल्युट्। अनुशिष्यन्ते (संस्क्रियन्ते व्युत्पाद्यन्तेऽनेन शब्दा इत्यनुशासनम्। न्यास० अनुपूर्वकः शासिर्विविच्य ज्ञापने दृष्टः।- -तथा च अनुशिष्यन्ते विविच्य असाधुभ्यो विभज्य बोध्यन्ते येनेति करणे ल्युट्॥ श०कौ०** પૃ.૩) જેના દ્વારા શબ્દોની વ્યુત્પત્તિ કરવામાં આવે તે વ્યાકરણ અર્થાત્ જે શાસ્ત્ર પ્રકૃતિ,પ્રત્યય વગેરે બતાવીને શબ્દશુદ્ધિને લગતી સ્પષ્ટતા કરે તે શબ્દાનુશાસન (**विविक्ताः साधवो शब्दा प्रकृत्यादिविभागतः। ज्ञाप्यन्ते येन तच्छा -स्त्रमत्र शब्दानुशासनम्॥** પદ.ભા.૧.પૃ.૯). આમ શબ્દોની વ્યુત્પત્તિ એ વ્યાકરણનું કાર્ય છે. શબ્દનું અનુશાસન એમ કહ્યું છે તેથી સમજાય છે કે વ્યાકરણ શાસ્ત્ર અર્થનું અનુશાસન કરતું નથી., એટલે કે સ્વ-અર્થ (પોતાના અર્થ) ને અભિવ્યક્ત કરવા માટે પ્રયોજેલ શબ્દના સાધુત્વને આ શાસ્ત્ર સિદ્ધ કરે છે પરંતુ અર્થને વિશે વિધાન કરતું નથી.[7] તૈત્તિરીય સંહિતામાં કહ્યું છે કે પહેલાં વાણી અવ્યાકૃત હતી. તેને પ્રકૃતિ- પ્રત્યય એમ વિભાગપૂર્વક સ્પષ્ટ કરવામાં આવી ન હતી. તેથી દેવોએ ઇન્દ્રને વિનંતિ કરી,"**व्याकुरु इति।** (આ વાણીને) ખુલ્લી કરો. (સ્પષ્ટ સમજાવો)" આથી ઇન્દ્રે એ અખંડ વાણીને વચ્ચેથી છૂટી પાડીને બધે પ્રકૃતિ, પ્રત્યય વગેરે વિભાગ કર્યા. આ સંદર્ભમાં ઋગ્ભાષ્યભૂમિકામાં સાયણ કહે છે કે

---

[6]જુઓ: **किञ्चित्सामान्यविशेषवल्लक्षणं प्रवर्त्यं येनाल्पेन यत्नेन महतो महतः शब्दौघान्प्रतिपद्येरन्। भा०** (કી.પૃ.૬) વૈયાકરણોનો લાઘવ માટે આગ્રહ હશે પણ અતિશયતાનો દુરાગ્રહ નથી. (૧) **लघ्वर्थं संज्ञाकरणम्। तत्राप्ययं नावश्यं गुरुलघुतामेवोपलक्षयितुमर्हति। भा०** (કી.પૃ.૩૬) તથા (૧-૨-૨૫) ની સિ.કૌ. પર: **नन्वेवं प्रतिपत्तिलाघवार्थं चोपदशब्द एव कुतो नोक्त इति चेत्, विचित्रा सूत्रस्य कृतिः पाणिनेः क्वचिदक्षरलाघवमाश्रीयते क्वचित्प्रतिपत्तिलाघवमिति। सुबो०** તથા (૧-૧-૬૧) પર **स एषोऽनन्यार्थो विशि-ष्टनिर्देशः कर्तव्यः०। भा० अनेन मात्रालाघवस्यासार्वत्रिकत्वं सूचितम्। छा०**, (૨) **महतीयं संज्ञा** એમ ભાષ્યમાં વારંવાર કહ્યું છે. પાણિનિને અન્વર્થ સંજ્ઞા અભિપ્રેત હશે કે નહીં તે કહેવું કઠિન છે, કારણ કે તેમણે પૂર્વાચાર્યોની સંજ્ઞાઓ પણ લીધી છે. વળી (૩) **किमर्थमिदमुभयमुच्यते भवे प्रोक्तादयश्च तद्धिता इति।- पुरस्तादिदमाचार्येण (= वार्तिककृता।छा०) दृष्टम्।- न चेदानीमाचार्याः सूत्राणि कृत्वा निवर्तयन्ति। भा०** (કી.પૃ.૧૨). અહીં જુઓ. **आचार्या महर्षयो वेदसंमिता आत्मोक्तं न निवर्तयन्ति - -नेदृशलाघवा-दरस्तेषाम्०। छा०** (અહીં આચાર્ય તે વાર્તિકકાર). તથા જુઓ: (૮-૨-૬) પર **पुरस्तादिदमाचार्येण दृष्टं स्वरे च बहिष्पदलक्षणे इति तत्पठितं तत उत्तरकालमिदं दृष्टं प्रगृह्यसंज्ञायां चेति तदपि पठितम्। न चेदानीमाचार्याः सूत्राणि कृत्वा निवर्तयन्ति॥ भा० व्याख्यानसूत्रेषु (वार्तिकेष्वित्यर्थः।ना०) लाघवाऽनादरात्। कै०.** (ચોખં.ભા.૬ખંડ ૨.પૃ.૯૪).

[7]જો કે જે તે અર્થમાં થતા ભાષાપ્રયોગોને પાણિનિએ અવશ્ય લક્ષ્યમાં રાખ્યા છે. છતાં જુઓ: **समर्थः पदविधिः॥** પર **किं पुनः कारणमर्था नादिश्यन्ते। तच्च लघ्वर्थं क्रियते। लघ्वर्थं ह्यर्था नादिश्यन्ते।भा० लघ्वर्थमित्युक्त्याऽर्थादेशने गौरवमित्युक्तम्। उ०. शब्दानामनुशासनमित्यत्र तु शब्दानामिदमनुशासनम्, नार्थानाम्।** (પદ.ભા.૧પૃ.૭). (૫-૧-૬૦) ની **उक्तं वा। वा०** પર **लोके (=शिष्टलोकव्यवहारे। उ०) स्वार्थे प्रयुज्यमानानां शब्दानां साधुत्वमनेन प्रतिपाद्यते न त्वर्थे नियोगः (=अपूर्वविधानम्। उ०)। प्र०.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાકરણ પણ પ્રકૃતિ, પ્રત્યય વગેરેના ઉપદેશ દ્વારા પદના સ્વરૂપ અને તેના અર્થનો નિર્ણય કરવામાં ઉપયોગી છે.[8] લોકવ્યવહારમાં અર્થ વ્યક્ત કરવા માટે શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, પછી વ્યાકરણશાસ્ત્ર તે શબ્દનું જ પ્રકૃતિ, પ્રત્યય વગેરેમાં વિભાજન કરીને તેને સ્પષ્ટ સમજાવે છે. તેથી કહ્યું છે કે સૂપડાથી ઝાટકીને જેમ છોડાંને અલગ કરે તેમ વિદ્વાનોએ પોતાની બુદ્ધિ વડે વાણીને શુદ્ધ કરી. આમ શબ્દનું સાચું સ્વરૂપ વ્યાકરણ વિના જાણી શકાતું નથી.[9] આ રીતે પદની સિદ્ધિ જેને આવડે તેને અર્થનો નિર્ણય કરતાં પણ આવડે.[10]

<u>**વ્યાકરણ શાસ્ત્રનું કાર્ય ક્ષેત્ર :**</u> પસ્પશામાં વાર્તિકકાર કહે છે કે લક્ષ્ય અર્થાત્ શબ્દ અને લક્ષણ એટલે સૂત્ર એ બે મળીને વ્યાકરણ થાય છે. એ રીતે લક્ષ્ય પ્રથમ આવે અને પછી લક્ષણ,[11] કારણ કે શબ્દ નિત્ય છે, કાર્ય અર્થાત્ અનિત્ય નથી. તેથી ઘડાનો ઉપયોગ કરનાર તે લેવા માટે કુંભારને ત્યાં જાય છે તેમ શબ્દનો પ્રયોગ કરનાર વૈયાકરણને ત્યાં શબ્દ ખરીદવા જતો નથી, કારણ કે વ્યાકરણ શાસ્ત્ર શબ્દને ઉત્પન્ન કરતું નથી. તેથી ભાષ્યકાર કહે છે, પાણિનિએ શબ્દોનું પ્રથમ ઉચ્ચારણ નથી જ કર્યું. (સર. **न हि पाणिनिना शद्बा प्रोक्ताः ।भा०**)[12] તે તો પ્રયોગમાં જે હોય છે તે શબ્દોની વ્યુત્પત્તિ કરે છે. જે હોય છે તે **(सत्)** ને વિશે શાસ્ત્ર સ્પષ્ટતા કરે છે **(सदन्वाख्यानाच्छास्त्रस्य । वा०** અને **भा०**). ટૂંકમાં ભાષા તો હોય જ છે અને શાસ્ત્ર પછીથી તેમાંના શબ્દોને પ્રકૃતિ, પ્રત્યય વગેરેના નિર્દેશ કરીને સમજાવે છે. અહીં પ્રયોગને લગતો નિયમ કરવામાં આવતો નથી પરંતુ શબ્દોને શુદ્ધ કરી કરીને છોડી દેવામાં આવે છે. તેમનો પરસ્પર સંબંધ ઇચ્છા પ્રમાણે કરી શકાય છે.[13] જો શબ્દ નિત્ય હોય તો પછી શાસ્ત્ર શા કામનું ? એ પ્રશ્નના ઉત્તરમાં વાર્તિકકાર કહે છે કે શાસ્ત્ર તો નિવર્તક છે (**निवर्तकत्वात्सिद्धम् ।** કિ.પૃ.૪૧).[14] શબ્દનો પ્રયોગ અર્થ સમજાવવા માટે હોય છે તેથી અન્યને હું અર્થ સમજાવું એમ વિચારીને માણસ શબ્દનો પ્રયોગ કરે છે.[15] આમ જે તે અર્થમાં પ્રયોજાએલ લક્ષ્યને તપાસીને વ્યાકરણ નિયમ કરે છે. તેથી કહે છે કે અમુક અર્થમાં પ્રયોજેલ શબ્દને લોકવ્યવહાર - માંથી લઈને વ્યાકરણ ધર્મ માટેનો નિયમ કરે છે કે શબ્દનો પ્રયોગ કરવો અપશબ્દનો ન કરવો.(**लोकतोऽर्थप्रयुक्ते शद्बे शास्त्रेण**

---

[8] **वाग्वै पराच्यव्याकृतावदत्ते देवा इन्द्रमब्रुवन् इमां नो वाचं व्याकुरु इति । तामिन्द्रो मध्यतोऽवक्रम्य व्याकरोत् । तस्मादियं व्याकृता वागुद्यते ।** જુઓ સાયણ ઋ.ભા.ભૂ.(ભારતીય વિદ્યા પ્રકાશન પૃ.૧૨૧). **व्या+ कृ** એટલે ખુલ્લું કરવું, સ્પષ્ટ કરવું. **अनु पूर्वो शासिर्विविच्य ज्ञापने दृष्टः ।** (પદ.ભા.૧.પૃ. ૭-૮).

[9] જુઓ: **लोकेऽर्थप्रतिपादनाय वाक्यं प्रयुज्यते तदेव व्याकरणेऽपि विभज्यान्वाख्यायते । प्र० ।** (**सर्वनाम्नः स्मै ॥** ઉપર). **सक्तुमिव तितउना पुनन्तो यत्र धीरा मनसा वाचमक्रत ॥ ऋग्वेद ॥१०।७१।२॥** પસ્પશામાં ભાષ્યકારે આ ઋક્ ઉદ્ધરી છે (કિ.પૃ.૪) ભર્તૃ. પણ કહે છે: **अर्थप्रवृत्तितत्त्वानां शद्बा एव निबन्धनम् । तत्त्वावबोधः शद्बानां नास्ति व्याकरणादृते ॥** (વા.પ.બ્ર.૧૩)

[10] સર. **व्याकरणात्पदसिद्धिः पदसिद्धेरर्थनिर्णयो भवति ॥भास्कराचार्य०** | સિદ્ધ.હેમ.(પ્રસ્તાવના.ભા.૬.પૃ.૪ પર ઉદ્ધર્યું છે)|

[11] જુઓ: **लक्ष्यलक्षणे व्याकरणम् ॥ वा १४ ॥ लक्ष्यं च लक्षणं च समुदितं व्याकरणं भवति ।- - शद्बो लक्ष्यः सूत्रं लक्षणम् । भा०**

[12] સર. **सिद्धे शद्बार्थसम्बन्धे ॥ वा०** પર **किमाचार्य एव स्रष्टा शद्बानाम् अथ स्मर्तेति प्रश्नः । प्र०**

[13] જુઓ: **नेह प्रयोगनियम आरभ्यते । किं तर्हि । संस्कृत्य संस्कृत्य पदान्युत्सृज्यन्ते तेषां यथेष्टमभिसंबन्धो भवति तद्यथा आहर पात्रम् पात्रमाहरेति । भा० लोके प्रयुक्तानामिदमनुशासनम् । प्र०** (ચૌખં.ભા.૧.પૃ.૧૬૭), **रूपनिग्रहणं शद्बस्य नान्तरेण लौकिकं प्रयोगम् । भा० रूपनिश्चय इत्यर्थः । अव्यभिचाराल्लौकिकस्य प्रयोगस्य प्राधान्येनोपादानम् । प्र०** (૬-૪-૧૪) પર તથા **प्रत्ययोत्तरपदयोः ॥ पा० लक्ष्यस्थित्यपेक्षया० । का० तच्चापेक्ष्यं प्रयोगमूलत्वाद्व्याकरणस्य । पद०** અને **तस्मादतिव्याप्त्यादिदोषाद्व्याकरणमूल एव लोकप्रयोग इति नियमो न युक्तः किन्तु--- लक्ष्यमुद्दिश्य लक्षणप्रवृत्तिः न तु लक्षणमुद्दिश्य लक्ष्यप्रवृत्तिरिति । तस्मात्प्रयोगमूलं व्याकरणमिति व्याकरणाल्लोक एव बलीयानिति भावः । मल्लि० नैषध०** (સર્ગ ૨૨/શ્લો.૮૨) પર.

[14] **मृज्** ધાતુ **म् ऋ ज्** એ સ્વરૂપે ઉપદેશવામાં આવ્યો છે તેથી શિખનારને તે ધાતુ સર્વત્ર તે સ્વરૂપે જ રહે છે એમ ખ્યાલ રહે, પણ શાસ્ત્ર (અર્થાત્ **मृजेर्वृद्धिः ॥** એ સૂત્ર) એ ખ્યાલ દૂર **(निवर्तन)** કરે છે તેથી સમજાય છે કે ક્વચિત્ **मृज्** ધાતુનું **मार्ज्** એ સ્વરૂપ પણ હોય છે. આથી શાસ્ત્રને **निवर्तक** કહ્યું.

[15] **अर्थगत्यर्थः शद्बप्रयोगः । अर्थं संप्रत्याययिष्यामीति शद्बः प्रयुज्यते । भा०** (કિ.પૃ.૧૦૫).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

धर्मनियमः क्रियते । वा० (कि.पृ.८).[16] જેમ યજ્ઞક્રિયામાં કપાલને અગ્નિ પર મૂકીને મન્ત્રોચ્ચાર કરો કે ન કરો, તો પણ કપાલ તપે જ છે. છતાં મન્ત્રોચ્ચારપૂર્વક તપાવવાથી કલ્યાણ થાય છે. તેમ અપશબ્દ તેમ જ સાધુ શબ્દ બન્ને દ્વારા સરખી રીતે અર્થબોધ થતો હોવા છતાં સાધુ શબ્દનો પ્રયોગ કરવાથી કલ્યાણ થાય છે એમ ભાષ્યકાર કહે છે.[17] તેથી સાધુ શબ્દનું અનુશાસન કરવું અર્થાત્ તેમાં પ્રકૃતિ અને પ્રત્યયનું વિશ્લેષણ કરવું, તેની વ્યુત્પત્તિ કરવી એ વ્યાકરણનો વિષય છે. પરંતુ જેનો પ્રચાર નથી તેને વ્યાકરણ સ્પર્શતું નથી. भूवादयो धातवः ॥ ની વા. शिष्टप्रयोगादाणवयत्यादीनां निवृत्तिः ॥ પર ભાષ્યમાં કહે છે કે શિષ્ટોના પ્રયોગનું અનુસરણ કરવું જોઈએ. કારણ કે જે પ્રયોજાતા હોય તે શબ્દોનું આ શાસ્ત્રમાં સ્પષ્ટીકરણ કરવામાં આવે છે. आणवयति જેવાનો પ્રયોગ થતો નથી તેથી શાસ્ત્ર તેને વિશે વિધિ કરતું નથી.[18] તેથી गो વગેરે જેવા સાધુ શબ્દોનો પ્રયોગ કરવો પરંતુ गावी વગેરે જેવા અસાધુ શબ્દોનો પ્રયોગ ન કરવો. डित्थ નો પ્રયોગ થાય પણ શિષ્ટો डुत्थ પ્રયોજતા નથી તેથી તેનો પ્રયોગ ન કરવો એમ વ્યાકરણ દ્વારા સમજાય છે. આમ છતાં अस्त्यप्रयुक्तः, अप्रयुक्ते दीर्घसत्रवत् ॥ એમ વા. અને ભા.માં કહ્યું તેનો અર્થ એ કે પાણિનિના સમયમાં જેનો પ્રયોગ થતો ન હતો પરંતુ તે પૂર્વે જ પ્રચારમાં હતા તેને લગતો પણ નિયમ કરવો જોઈએ.[19] વળી ભાષ્યમાં यथालक्षणमप्रयुक्ते ॥ એમ પણ કહ્યું છે તેનો પણ એ જ ભાવ છે. કે. કહે છે કે જેનો વિશિષ્ટ પ્રયોગ કે પ્રયોગનિષેધ યાદ ન હોય તેને લક્ષણ પ્રમાણે જ સમજવું. પરંતુ તે ઉમેરે છે કે જેનો પ્રયોગ ન હોય તેને વિશે લક્ષણ પ્રવૃત્ત થતું નથી.[20] ભર્તૃ. નિત્ય શબ્દવાદી અને કાર્ય શબ્દવાદીના મત દર્શાવતાં કહે છે કે શાસ્ત્ર પ્રયોગ પર આધાર રાખતું નથી પરંતુ પ્રયોગ શાસ્ત્ર પર આધાર રાખે છે એટલે કે શાસ્ત્રને પ્રયોગના કારણ તરીકે કાર્યશબ્દવાદી સમજે છે. તે મત પ્રમાણે લોકમાં અપ્રસિદ્ધ હોય તેવા પ્રયોગ પણ શાસ્ત્ર સ્વીકારે છે. નિત્ય શબ્દવાદી પ્રમાણે શબ્દ અનાદિ હોવાથી શાસ્ત્ર પ્રયોગ પર આધાર રાખે છે અને ગાલવ વગેરે આચાર્ય તો માત્ર પ્રયોગના સ્મર્તા જ છે.[21] આ શાસ્ત્ર પ્રયોગ પર આધારિત છે માટે જ અમુક પ્રયોગ શાસ્ત્ર અનુસાર કેમ શક્ય નથી એ પ્રશ્નો ઉત્તર વાર્તિકકાર," કહ્યું તો છે (उक्तं वा ।) " એ વાર્તિક દ્વારા આપે છે. તે સ્પષ્ટ કરતાં ભાષ્યકાર અનેક સ્થળે કહે કે "તે રીતનો પ્રયોગ થતો નથી અથવા તે શબ્દનો એ

---

[16] लोक શબ્દ કૈયટ-નાગેશ એક સ્થળે એ રીતે સ્પષ્ટ કરે છે જુઓ:(૪-૧-૩) પર लोकत एते शद्वाः प्रसिद्धाः । स्त्री पुमान्न-पुंसकमिति । भा० पञ्चम्यन्तात्सप्तम्यन्ताद्वा तसिः । प्र० અહીં लोकतः ને પંચમ્યન્ત લેતાં લોકવ્યવહાર અર્થાત્ વૃદ્ધ વ્યવહાર ઉપરથી એમ સમજાશે અને સપ્તમ્યન્ત લેતાં વ્યવહર્તા અર્થાત્ પ્રયોગ કરનાર એમ સમજાશે (लोक्यते येन शद्वार्थो लोकस्तेन स उच्यते । व्यवहारोऽथवा वृद्धव्यवहर्तृपरंपरा ॥ इत्युक्तेः । उ० (ચૌ.ખં.ભા.૪.પૃ.૧૭).

[17] एवमिहापि समानायामर्थावगतौ शद्वेन चापशद्वेन च धर्मनियमः क्रियते शद्वेनैवार्थोऽभिधेयो नापशद्वेनेत्येवं क्रियमाणमभ्युदयकारि भवतीति । (कि.पृ.८), તથા સર. शास्त्रपूर्वके प्रयोगेऽभ्युदयस्तत्तुल्यं वेदशद्वेन ॥वा० ९॥ તેથી કહે છે : शद्वप्रमाणका वयम् । यच्छद्व आह तदस्माकं प्रमाणम् । शद्वश्च शद्वज्ञाने धर्ममाह नापशद्वज्ञानेऽधर्मम् । (અમે તો શબ્દને પ્રમાણભૂત માનીએ છીએ અને તે જ કહે તે અમારે માટે પ્રમાણ છે અને શબ્દના જ્ઞાનથી ધર્મ થાય છે તેમ કહે છે, અપશબ્દના જ્ઞાનથી અધર્મ થાય છે તેમ નથી કહેતા).(ચૌ.ખં.ભા.૧,પૃ.૭૫).

[18] शिष्टप्रयोगादाणवत्यादीनां निवृत्तिः ॥वा० ॥ शिष्टप्रयोगादाणवयतीत्यादीनां निवृत्तिर्भविष्यति । स चावश्यं शिष्टप्रयोग उपास्यः । भा० प्रयुक्तानामिदमन्वाख्यानम् न चाणवयतीत्यादयः शिष्टैः प्रयुज्यन्ते इति नास्ति तेषां शास्त्रेणानुविधानमिति भावः । प्र० (ચૌ.ખં. ભા.૨.પૃ.૧૨૫).

[19] જુઓ: अप्रयुक्ते दीर्घसत्रवत् ॥ (ચૌ.ખં.ભા.૧,વા.૪) પર संप्रत्यप्रयुज्यमानानामपि पूर्वं प्रयुक्तत्वादनुशासनं कर्तव्यमित्याह अप्रयुक्त इति । यस्य प्रयोगो नोपलभ्यते तल्लक्षणानुसारेण संस्कर्तव्यम् । प्र० संप्रतीति । पाणिनेर्व्याकरणकरणप्रणनयकाले इत्यर्थः । उ०

[20] यथालक्षणमप्रयुक्ते । भा० यस्य विशिष्टः प्रयोगो न स्मर्यते नापि प्रयोगनिषेधस्मृतिः तद्यथालक्षणमनुगन्तव्यम् - -नैव वा लक्षण -मप्रयुक्ते प्रवर्तते प्रयुक्तानामेव लक्षणेनान्वाख्यानात् । प्र० अप्रयुक्ते लक्षणाभावस्य योग्यता न तु लक्षणस्येत्यर्थः । वस्तुतोऽप्रयुक्त-त्वाल्लक्षणस्यायमविषयः । - -किं च भाष्यकारस्य लक्ष्यैकचक्षुष्कतया इयमेव व्याख्या ज्यायसी । उ० (ચૌ.ખં.ભા.૧.પૃ.૩૧૪).

[21] शास्त्रं कारणत्वेन यः प्रतिपद्यते शास्त्रतन्त्रः प्रयोगो न प्रयोगतन्त्रं शास्त्रमिति तस्य एतस्मिन् दर्शने अप्रसिद्धो लोके प्रयोगः शास्त्रेण प्रतिपद्यते० અને यस्य पुनर्नित्याः शद्वाः । तस्य प्रयोगतन्त्रत्वात् शास्त्रस्य लोकप्रसिद्धाः प्रयोगाणां स्मर्तारः केवलं भवन्ति नाभिसम्वद्धार इति ० । (દી.પૃ.૨૫૯-૬૦)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થમાં પ્રયોગ નથી થતા (अनभिधानात्। भा०).'' સૂત્રકારે પ્રયોજેલ કોઈ શબ્દનો અમુક અર્થ કરવામાં આવે તો જ વિધિ સાર્વત્રિક રીતે લાગુ પડે અન્યથા નહીં. તો કયો અર્થ લેવો ? શંકાકારના તે પ્રશ્નના ઉત્તરમાં ભાષ્યકાર અનેક વાર કહે છે જે રીતે દોષ ન આવે તેમ થવા દો. એટલે કે લક્ષ્ય સિદ્ધ થઈ શકે તેવી વ્યવહારુ દૃષ્ટિ વૈયાકરણે અપનાવવી જોઈએ.[22]

તેથી જ શબ્દ કાર્ય છે કે નિત્ય એ બાબતમાં પણ પાણિનિનો અભિગમ અત્યંત વ્યવહારુ છે. તેઓ લક્ષ્યને નજર સમક્ષ રાખીને નિત્ય અનિત્યનો નિર્ણય કરે છે. આમ તેમના મતે શબ્દ અમુક લક્ષ્યના સંદર્ભમાં નિત્ય છે અને અમુક લક્ષ્યના સંદર્ભમાં અનિત્ય છે.[23] તે પ્રમાણે શબ્દનો અર્થ જાતિ છે કે વ્યક્તિ તે બાબતમાં પણ તેઓ લક્ષ્યને જોઈ જોઈને તે પ્રમાણે જાતિ કે વ્યક્તિ એમ અર્થ લે છે એટલે કે તેમના મતે શબ્દનો અર્થ યથાયોગ રીતે જાતિ તેમ જ વ્યક્તિ છે.[24]

હવે આ વ્યાકરણશાસ્ત્રની કેટલીક મર્યાદા છે. જેમ કે તે અપશબ્દ (=દુષ્ટ શબ્દ) ની વ્યાખ્યા કરી શકતું નથી. (न ह्यपशब्दा उपदिश्यन्ते। भा० ऋलृक्। પર તથા न हि शक्यं व्याकरणेनापशब्दत्वमन्वाख्यातुम्। न्या०). માણસ તો લોકવ્યવહાર ઉપરથી **गो** જેવા સાધુ શબ્દ અને **गावी** જેવા અસાધુ શબ્દો શીખે છે. તેમાં અસાધુ શબ્દનો પ્રયોગ થતો અટકે તે માટે વ્યાકરણ ઉપયોગી થાય છે (**यथैव गौरित्ययं प्रेरयत्येवं गाव्यादीनपि. अतः शास्त्रप्रवृत्तिः एवमर्था कथमसाधवो निवर्तेरन्निति।** હી. પૃ. ૨૬). તદુપરાંત લૌકિક લિંગનો નિર્ણય પણ વ્યાકરણ નથી કરી શકતું | **न वैयाकरणैः शक्यं लौकिकं लिङ्गमास्थातुम्। भा० सरूपाणामेकशेष एकविभक्तौ** ॥ (૧-૨-૬૪), **स्त्रियाम्।** (૪-૧-૩) પર|. કારણ કે લિંગ લોકવ્યવહાર ઉપર આધાર રાખે છે (**युवोरनाकौ** ॥ પર **लिङ्गमशिष्यं लोकाश्रयत्वाल्लिङ्गस्य । का०**). દા.ત. જળનું એક ટીપું હોય તો પણ તેને માટે બહુવચનાન્ત સ્ત્રીલિંગી **आपः** શબ્દ પ્રયોજાય છે. એક સ્ત્રી હોય તો પણ બહુવચનાન્ત પુંલ્લિંગી શબ્દ **दाराः** પ્રયોજાય છે. એક હોય તો પણ ઘર માટે બહુવચનાન્ત પુંલિંગ શબ્દ **गृहाः** પ્રયોજાય છે. તે રીતે રેતીનું એક કણ હોય અને વરસાદ કોઈ એક વિશિષ્ટ સમયે પડતો હોય તો પણ બહુવચનાન્ત સ્ત્રીલિંગી શબ્દ **सिकताः** અને **वर्षाः** અનુક્રમે પ્રયોજાય છે. આમ લિંગનો આધાર વ્યવહાર ઉપર જ છે. તે યત્ન પ્રતિપાદ્ય નથી પરંતુ સ્વભાવ સિદ્ધ છે.[25] ગોલ્ડસ્ટ્યુકર કહે છે કે (૧-૨-૫૩ થી ૫૭) એ પાંચ સૂત્રોમાં પાણિનિએ પોતાના વિષયની રજૂઆતની પદ્ધતિ સૂચવી છે. આમાંના પાછળનાં ચાર સૂત્રો ભાષ્યમાં આપ્યાં નથી. પર્યાયોએ લિંગ, વચન, કાળ, ઉપસર્જન વગેરે વિશે **प्रधानोपसर्जने प्रधानार्थं सह ब्रूतः।, अहरुभयतोऽर्द्धरात्रमेषोऽद्यतनः कालः।, अप्रधानमुपसर्जनम्।** એટલે કે પ્રત્યય અને પ્રકૃતિ એ બે સાથે પ્રકૃતિનો અર્થ બતાવે છે. અદ્યતન કાળ કેટલો, ગૌણ હોય તે

---

[22] જુઓ (૫-૨-૯૬) પર **कस्मान्न भवति-जिहीर्षाऽस्यास्ति चिकीर्षाऽस्यास्ति। अनभिधानात्॥** તથા (૪-૩-૧૫૪) પર **विकारावयवशब्दात्प्रसङ्ग इति चेन्न तेनानभिधानात्॥वा०॥ तेनानभिधानात्। न हि विकारावयवशब्दादुत्पद्यमानेन प्रत्ययेनार्थस्याभिधानं स्यात्।** (=प्रयोगाभावात्। प्र० मयटः प्रयोगेण तदर्थानवगमात्। અર્થાત્ **मयट्** નો પ્રયોગ કરવાથી તે અર્થ સમજાતો નથી તેથી (ચૌખં.ભા.૪,પૃ.૨૨૬) તથા (૫-૨-૬૦) ની **षष्ठ्यर्थे ह्यनिष्टप्रसङ्गः ॥वा०॥ कस्मान्न भवति। धनं कामोऽस्येति। अनभिधानात्। भा० कामशब्देन इच्छामात्रमभिधीयते न तु कामयिता। प्र० कामशब्देन कर्त्रनभिधानात् उ०**, (૫-૨-૮૫) પર **उक्तं वा ॥ वा ०॥ किमुक्तम्। अनभिधानात्॥ भा०** તથા (ચૌખં.ભા.૪,પૃ.૨૧૦,૨૮૧,૩૦૨,૩૪૯) વગેરે. તથા **एकश्रुतिः दूरात्संबुद्धौ** ॥ (૧-૨-૩૩) **किमिदं पारिभाषिक्याः संबुद्धेः ग्रहणं- -आहोस्विदन्वर्थग्रहणम् ०। भा०** અહીં **संबुद्धि** નો કયો અર્થ અભિપ્રેત છે એ પ્રશ્નના ઉત્તરમાં ભાષ્યકાર કહે છે : **यथा न दोषस्तथास्तु। भा०** (ચૌખં.ભા.૨,પૃ.૩૦) અને (કિ.પૃ.૫૬).

[23] જુઓ: **तत्र त्वेष निर्णयः यद्येव नित्यः अथापि कार्यः उभयथा लक्षणं प्रवर्त्यम्। भा० साधुत्वज्ञानाय उभयथापि शास्त्रमावश्य-कमिति तात्पर्यम्। प्र०** (ચૌખં.ભા.૧,પૃ.૫૮).

[24] શબ્દનો અર્થ જાતિ કે વ્યક્તિ તે વિશે: **किं पुनराकृतिः पदार्थः आहोस्विद् द्रव्यम्? उभयमित्याह ॥ भा०**, (ચૌખં.ભા.૧,પૃ.૫૬), **केषाञ्चिन् जातिः पदार्थः केषाञ्चिद् द्रव्यम्, पाणिनेस्तूभयम्, लक्ष्यानुरोधात्। तत् क्वचित् किञ्चिदाश्रीयते। न्यास०**

[25] જુઓ: (૧-૨-૫૧) પર **एकस्यामपि जलकणिकायां बहुवचनान्तः स्त्रीलिङ्गोऽप् शब्दो, एकस्यामपि योषिति दारशब्दः पुलिङ्गो बहुवचनान्तश्च. एकस्यामपि वालुकायां बहुवचनान्तः सिकताशब्दः स्त्रीलिङ्गश्च, वर्षा इति एकस्मिन् विशिष्टकालेऽपि प्रवर्तमानः स्त्रीलिङ्गो बहुवचनान्तश्च वर्तते तस्माद् यथैवेषामप्प्रभृतिशब्दानां स्वाभाविकं लिङ्गं वचनं च तथा पाञ्चालादिशब्दानामपि इति नार्थो युक्तवद्वचनेन। न्यास०**, જો કે મહાભાષ્યમાં (ચૌખં.ભા.૧, પૃ.૧૩૩) **एका सिकता तैलदानेऽसमर्था०** એમ **सिकता** શબ્દ એક-વચનમાં પ્રયોજ્યો છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપસર્જન વગેરે ન કહેવું જોઈએ, કારણ કે અર્થ અભિવ્યક્ત કરવો એ શબ્દ માટે સ્વાભાવિક છે, લોકવ્યવહાર પર આધારિત છે, શાસ્ત્ર પર નથી એમ સૂત્રકાર કહેવા માગે છે, એટલે કે લોકવ્યવહાર અને રૂઢિ દ્વારા જે સમજાય છે તે સર્વ બાબત વ્યાકરણશાસ્ત્ર નથી શિખવતું એમ કહીને પાણિનિએ શાસ્ત્રની મર્યાદા સૂચવી છે.[26]

હવે સાધુ શબ્દને કઈ રીતે સમજાવવા તે (अन्वाख्यान) વિશે ભાષ્યકાર કહે છે કે અન્વાખ્યાન એ રીતે કરવું જોઈએ કે જેથી શિષ્ટો (= વૈયાકરણો) જે પ્રયોગ કરતા હોય તેનો વિરોધ ન થાય, કારણ કે આ શાસ્ત્ર શિષ્ટોના પ્રયોગને અનુસરે છે.[27] અને અષ્ટાધ્યાયી દ્વારા જ શિષ્ટ કોણ તે જાણી શકાય છે (एवमेषा शिष्टपरिज्ञानार्थाऽष्टाध्यायी ।भा०). આમ મનમાં રહેલ અર્થને વ્યવહારમાં અભિવ્યક્ત કરતી વેળાએ સાધુ અને અસાધુ શબ્દોનો વિવેક કરીને ભાષાની શુદ્ધતા કેમ જાળવવી તેનો બોધ કરવો એ વ્યાકરણનું મુખ્ય પ્રયોજન છે, કારણ કે સાધુ અને અસાધુ શબ્દોની સેળભેળ થતી નિવારવા માટે વ્યાકરણ શાસ્ત્રનો આરંભ થયો છે . जर्भरी વગેરેમાં શબ્દો હોય છે પણ તેમનો અર્થ સમજાતો ન હોય (એટલે કે તેમનો અર્થ નિરૂક્તમાં બતાવ્યો છે છતાં તે સર્વ લોકોમાં પ્રસિદ્ધ નથી અને તેમને પ્રકૃતિ- પ્રત્યય જુદા પાડીને સ્પષ્ટ કરી શકાતા નથી), આંખ મીચકારવી , હાથ વડે સંજ્ઞા કરવી વગેરેમાં શબ્દ પ્રયોગ નથી હોતો છતાં અર્થ સમજાય છે, એટલે કે જેમનો અર્થ આમ લોકવ્યવહાર ઉપરથી સમજાતો હોય તેનું સ્પષ્ટીકરણ કરવું એ વ્યાકરણનો હેતુ નથી . ટૂંકમાં સમગ્ર લોકમાં પ્રસિદ્ધ હોવાથી શબ્દ સાધુ થતો નથી, પરંતુ અનાદિ વ્યવહારને કારણે જ તેના સાધુત્વનો નિર્ણય કરવો જોઈએ નહીં તો માત્ર યાજ્ઞિકોમાં જાણીતા स्फ्य (=યજ્ઞવિધિમાં યથાગુન હલાવવા માટેનો લાકડાનો તાવેતો) વગેરેને તેમ જ માત્ર વૈયાકરણોમાં જાણીતા टि, घु , भ વગેરેને અસાધુ ગણવાનો પ્રસંગ આવશે , કારણ કે તે શબ્દો સર્વત્ર પ્રસિદ્ધ નથી.[28] આથી અનાદિ વ્યવહાર સાધુત્વ નક્કી કરવા માટેનો માપદંડ છે. ભાષ્યકાર પોતે જ કહે છે કે લૌકિક પ્રયોગ સિવાય શબ્દનું સ્વરૂપ સમજી શકાતું નથી.[29] વળી एकः

---

[26] Panini p.187. તથા જુઓ આ સૂત્રો પરની કા. ના અંશો: तत्र लिङ्गं वचनं च स्वभावसिद्धमेव न प्रयत्नप्रतिपाद्यम् । . . . नैतदुपलभामहे वृक्षयोगान्नगरे वरणा इति किं तर्हि संज्ञा एताः । .... दृश्यते च संप्रति विनैव क्षत्रियसम्बन्धेन पाञ्चालादिशब्दस्ततोऽ -वसीयते नायं योगनिमित्तकः, किं तर्हि ? रूढिरूपेणैव तत्र प्रवृत्त इति । ....शब्दैरर्थाभिधानं स्वाभाविकं न पारिभाषिकमशक्यत्वात् । ... यश्च लोकतोऽर्थः सिद्धः किं तत्र यत्नेन । का०

[27] शिष्टप्रयोगानुविधायि इदं शास्त्रम् । तत्र यथा शिष्टप्रवृत्तिर्न रुध्येत तथाऽऽश्रीयत इति । दी० (पृ. १ २ ९). શિષ્ટ કોણ તે માટે જુઓ: के पुनः शिष्टाः वैयाकरणाः (व्याकरणाध्येतारः । उ० ) । - -ये ब्राह्मणाः कुम्भीधान्या अलोलुपा -(એક કુમ્ભી જેટલું, છ દિવસ ચાલે તેટલું ધાન સંગ્રહનાર અને લોભરહિત)-कस्याश्चिद्विद्यायाः पारं गतास्तत्रभवन्तः शिष्टाः ।(કોઈક વિદ્યામાં પારંગત ) - - योऽयं न चाष्टाध्यायीमधीते ये चास्यां विहिताः शब्दास्तांश्च प्रयुङ्क्ते । नूनमयमन्यानपि जानाति इति ॥भा० (६-३-१०९) એ સંદર્ભમાં ભર્તૃ. કહે છે કે આ ભાષ્યકાર તો પ્રથમ શિષ્ટ છે. 'भाष्यकारोऽयं त्वादिशिष्टः ।'(દી.પૃ. १०४).

[28] જુઓ: समर्थसूत्र (२-१-१) પર बहवो हि शब्दा येषामर्था न विज्ञायन्ते-- जर्भरी तर्फरीतू ॥ अन्तरेण खल्वपि शब्दप्रयोगं बहवो -ऽर्था गम्यन्ते-- अक्षिनिकोचैः पाणिविहारैश्च ॥ न खल्वपि निर्ज्ञातस्यार्थस्यान्वाख्याने किंचिदपि प्रयोजनमस्ति । भा० પર साध्व-साधुसंकरनिरासाय शास्त्रारम्भान्नास्ति लोकव्यवहारावगतार्थान्वाख्याने प्रयोजनम् । प्र० तस्माल्लोकसिद्धानामेव निमित्तत्वेनान्वाख्यान -मित्येव युक्तमिति भावः ।उ० તથા सुप आत्मनः क्यच् ॥ નો द्वितीयानुपपत्तिः ॥वा० ॥ પર महान्तं पुत्रमिच्छति નો સમાસ કેમ નથી થતો? ભાષ્યકાર કહે છે अगमकत्वात् ॥ - -यश्चेहार्थो वाक्येन गम्यते महान्तं पुत्रमिच्छतीति । नासौ जातुचित्प्रत्ययान्तेन गम्यते महान्तं पुत्रीयतीति । भा० એટલે કે महान्तं पुत्रीयति એ क्यच् પ્રત્યયાન્તમાંથી महान्तं पुत्रमिच्छति એ વાક્યનો અર્થ નીકળતો નથી. તે પર કે. सिद्धानां च शब्दानां संकरनिरासाय अन्वाख्यानं क्रियते न त्वप्रयुक्तापूर्वशब्दव्युत्पादनाय ।प्र० સિદ્ધ (=જે પ્રયોગમાં હોય તે) શબ્દોમાં સાધુ અને અસાધુનું મિશ્રણ ન થાય તે માટે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે, નહીં કે અપ્રયુક્ત અને પૂર્વે ન હોય તેવા શબ્દની વ્યુત્પત્તિ કરવા માટે તથા अनादिव्यवहार एव साधुत्वप्रयोजको न सर्वलोकप्रसिद्धिः । अन्यथा याज्ञिकमात्रप्रसिद्धस्फ्यादीनां व्याकरणमात्रप्रसिद्धटिघुभादीनामप्यसाधुत्वापत्तिरिति भावः । उ० (भूवादयो धातवः ॥ ઉપર)

[29] रूपनिग्रहश्च शब्दस्य नान्तरेण लौकिकं प्रयोगम् । तस्मिंश्च लौकिके प्रयोगे सानुबन्धकानां प्रयोगो नास्ति० । भा० (ચો.ખં.ભા. १.पृ. ३०२).તથા (८-२-८३) પર उक्तार्थानामपि प्रयोगो दृश्यते । तद्यथा अपूपौ द्वावानय ब्राह्मणौ द्वावानयेति । भा ० प्रयोगानु-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**शद्बः सम्यग्ज्ञातः शास्त्रान्वितः सुप्रयुक्तः स्वर्गे लोके कामधुग्भवति ।** એમ કહ્યું છે તેથી એક જ શબ્દનો સાચી રીતે પ્રયોગ કરવાથી કલ્યાણ થતું હોય તો બીજા , ત્રીજા એ કોઈ શબ્દ જાણવાની જરૂર ન રહે એમ નથી. એક શબ્દના જ્ઞાનથી સ્વર્ગલોક મળે તો પછી સર્વ શબ્દોના સાચા પ્રયોગનું તો શું કહેવું ? સત્ય એ છે કે વ્યવહારમાં પ્રયોજાતા સર્વ શબ્દો શાસ્ત્રના ક્ષેત્રમાં આવી જાય છે તેથી સાધુ શબ્દો પ્રયોજીને બોલવું એમ વ્યાકરણ શાસ્ત્ર જે ધર્મનિયમ કરે છે તે પ્રત્યેક શબ્દ વ્યક્તિને લાગુ પડે છે [ **अनवयववचनेन (= साकल्येन ।प्र०) शास्त्रार्थः संप्रतीयते ।भा० (६-१-८४)** ][30] આથી જે કોઈ ભાષાપ્રયોગ હોય તેની સંપૂર્ણ શુદ્ધતાનું પરિરક્ષણ કરવું એ વ્યાકરણનો વિષય છે. **आद्यन्तौ टकितौ ॥** ના ભાષ્યપ્રદીપ અને ઉદ્યોતમાં કહ્યું છે કે વ્યાકરણના પ્રયાસને રેખાગવયન્યાયે સમજવો જોઈએ. ગવયના ચિત્ર દ્વારા જેમ કોઈને ગવય કેવું હોય તેનો ખ્યાલ આપવામાં આવે છે તેમ વ્યાકરણ શાસ્ત્ર પ્રકૃતિ, પ્રત્યય વગેરે બતાવીને શબ્દ સ્વરૂપનો ખ્યાલ આપે છે. એ ચિત્ર જેમ સત્ય ગવય નથી, અસત્ય છે,[31] તેમ વ્યાકરણનો આ પ્રયાસ છે, કારણ કે એ તો માત્ર પ્રયોગને સ્પષ્ટ કરવાનો ઉપાય છે અને આ શાસ્ત્રમાં પ્રાધાન્ય પ્રયોગનું છે, ઉપાયનું નથી. તેથી જ કેટલાક પ્રયોગોને સ્વીકૃતિ આપવા માટે ઉણાદિ, પૃષોદરાદિ, નિપાતન-નો વગેરે કર્યા છે. તે રીતે શાસ્ત્ર અસમર્થ સમાસને સ્વીકારતું નથી છતાં એ પ્રકારના **असूर्यंपश्यानि मुखानि , अपुनर्गेयाः श्लोकाः, अश्राद्धभोजी ब्राह्मणः** જેવા અસમર્થ સમાસોનો પ્રયોગ થાય છે તેથી તેમને સ્વીકાર્યા છે, કારણ કે શાસ્ત્ર કરતાં વ્યવહાર બળવાન છે.[32] વળી ભાષાપ્રયોગ કરતી વેળાએ પહેલાં પ્રકૃતિ પ્રયોજાય અને પછી પ્રત્યય એમ વિભાગ નથી હોતા પરંતુ સમુદાયભૂત શબ્દ પ્રયોજવામાં આવે છે (સર. **कल्पनामात्रं प्रकृत्यादिविभागो न पारमार्थिकवस्तुः प्रत्यस्तमितप्रकृत्यादि- विभागः समुदाय एव कस्यचिदर्थस्य वाचक इति ।** न्या०પૃ.૧૭). આમ શાસ્ત્રપ્રવૃત્તિ સૂચવે છે," અસત્ય દ્વારા સત્યને જાણ[ **अनृतेन सत्यं प्रतिपद्यस्व । दी०** (પૃ.૨૭૬)] ."

<u>વ્યાકરણનો અભ્યાસ શા માટે</u> : વ્યાકરણનો અભ્યાસ નિરર્થક છે તે મત મહાભાષ્યમાં રજુ કરેલ છે. **बुभुक्षितैर्व्याकरणं न**

---

सारेण लक्षणव्यवस्थाश्रीयते तेनोक्तार्थानां प्रयोगेऽव्यवस्था नोद्भावनीया। प्र० स्थितस्य गतिरिति न्यायेन प्रयोगानुसाराद्व्यवस्थेत्याह- प्रयोगेति। उ० सर.तस्मात्प्रयोगमूलमेव व्याकरणमिति व्याकरणाल्लोक एव बलीयानिति भावः। मल्लि० नैषध० (स.२२ श्लो.८२).

[30] જુઓ (૬-૧-૮૪) પર કૈ. साधुभिर्भाषितव्यम् इति धर्मनियमोऽनेन क्रियते इति अर्थप्रतिपादनाय प्रयुज्यमानेषु सर्वेष्वेवेदं शास्त्रमन्वाख्यानाय प्रवर्तते न तु कस्यांचिदेव शद्बव्यक्तावित्यर्थः। प्र० તથા તે જ સૂત્ર પર यद्येकः शद्बः - -कामधुग्भवति किमर्थं द्वितीयस्तृतीयश्च प्रयुज्यते। भा० सम्यक् ज्ञात एकोप्यर्थबोधनाय सुप्रयुक्तश्चेत्कामधुग्भवति किं वक्तव्यं सर्वेऽपि। एवं व्यवहारे प्रयोगविषयाणां सर्वेषां शास्त्रविषयता सूचिता। उ० તથા सिद्धं तु धर्मोपदेशनेऽनवयवविज्ञानाद् यथा लौकिकवैदिकेषु ॥ वा० ॥ धर्मोपदेशनमिदं शास्त्रम् . धर्मोपदेशने चास्मिञ्छास्त्रेऽनवयवेन शास्त्रार्थः संप्रतीयते यथा लौकिकवैदिकेषु च कृतान्तेषु। भा०

[31] જુઓ (૧-૧-૪૪) પર कार्येषु युगपदन्वाचययौगपद्यम् ॥वा० नित्यशद्बवादे तु प्रयोगदृष्टानामेव शास्त्रे काल्पनिकविधेयत्वेनेष्ट- प्रत्ययविभागसिद्धिः। रेखागवयन्यायस्याद्यन्तावित्ति सूत्रे भाष्य एव वक्ष्यमाणत्वात्। उ० (ચૌ.ખં..ભા.૧,પૃ.૩૧૮) તથા अथवा एत -यानुपूर्व्यायं शद्बान्तरमुपदिशति ० भा० તે પર પ્ર. કૈ. असत्यप्रकृतिप्रत्ययोपदेशेन सत्यस्य पदस्य व्युत्पादनं क्रियते रेखागवयेनेव सत्यगवयस्य। प्र० शास्त्रप्रक्रिया कल्पिता असत्या इत्यर्थः।- एवं च रेखागवयवत्कल्पितानित्यपदविषयकं शास्त्रम् एतया वक्ष्यमाण -यानुपूर्व्या अयं पाणिनिः शद्बान्तरं बोधकशद्बापेक्षया भिन्नं रेखागवयस्थानीयं उपदिशति प्रतिपादयति० उ० (ચૌ.ખં.ભા.૧,પૃ.૩૯૮) તથા एवं च गालवातिरिक्तशिष्टैरपि प्रयुज्यमानत्वान्नियमासंभवः ॥ किं चैतत्पक्षे शास्त्रं रेखागवयन्यायेन कल्पितशद्बविषयमिति कल्पितशद्बे प्रयोक्तृनियमासंभव इति भावः। उ० (ચૌ.ખં.ભા. પૃ.૩૭૨).સર. अतः प्रकृतिप्रत्ययविभागकल्पनारूपो लघूभूत उपायः समाश्रीयते लिपिवत्। श०कौ० ભા.૧ (પૃ.૫) તથા कथमनुशासनम्। प्रकृत्यादिविभागकल्पनया सामान्यविशेषवता लक्षणेन ।का० તે પર कल्पनामात्रं प्रकृत्यादिविभागः न पारमार्थिकः इति वैयाकरणः सिद्धान्तं दर्शयति। पद० (પૃ.૧૭),સર." પાણિનિએ વિવૃત अ-કાર રૂપી જે અસત્ય કલ્પના રચી હતી તે તેમણે अन्त्यान्ते अ अ ॥ સૂત્ર દ્વારા તેમણે દૂર કરવી પડી."ગોલ્ડસ્ટ્યુકર [cf. Panini made a fiction which of course he had to remove when terminating the book. Panini (p.61)]

[32] यदप्युच्यतेऽसमर्थसमासश्चायं द्रष्टव्य इति यद्यपि वक्तव्योऽथवैतर्हि बहूनि प्रयोजनानि। कानि। असूर्यंपश्यानि मुखानि अपुन- र्गेया श्लोकाः। भा० (ચૌ.ખં.ભા.૧,પૃ.૩૭૦ તથા અર્જુન ભા.૨,પૃ.૩૨૧).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भुज्यते। એટલે કે વ્યાકરણ ભણ્યાથી પેટ ન ભરાય, એમ પણ વિનોદમાં કહેવાય છે.[33] પરંતુ વ્યાકરણ તો મુખ છે. ન્યાસ અને કે. પ્રમાણે શબ્દાનુશાસન એ અન્વર્થ નામ જ વ્યાકરણના અભ્યાસનું પ્રયોજન સૂચવે છે તેથી વ્યાકરણ શાસ્ત્રનું સાક્ષાત્ પ્રયોજન શબ્દનું અનુશાસન કરવું એ છે. બાકીનાં જે વેદરક્ષા, ઊહ વગેરે પ્રયોજન કહ્યાં છે તે પ્રત્યક્ષ નહીં પણ પરોક્ષ રીતે પ્રયોજન છે.[34] પ્રથમ આહ્નિકમાં આગમનો આધાર આપી ભાષ્યકાર કહે છે : બ્રાહ્મણે કોઈ પ્રયોજનની અપેક્ષા રાખ્યા વિના છ અંગ સહિતના વેદનો અભ્યાસ કરવો જોઈએ. એ છ અંગોમાં વ્યાકરણ મુખ્ય છે અને મુખ્યને અનુલક્ષીને કરેલ યત્ન ફલીભૂત થાય છે.[35] અર્થાત્ વ્યાકરણનો અભ્યાસ જ્યોતિષ્ટોમાદિની જેમ કામ્ય કર્મ નથી પરંતુ સંધ્યોપાસનાદિની જેમ નિત્ય કર્મ હોવાથી અવશ્ય કર્તવ્ય છે. તેમ કર્યાથી શબ્દનું જ્ઞાન થાય અને અપશબ્દ પ્રયોગ ટાળી શકાય પરિણામે એ રીતે પ્રયોગ કરનારનો અભ્યુદય થાય. વ્યાકરણના અભ્યાસનાં પારંપરિક પ્રયોજનોની પસ્પશાહ્નિકમાં ભાષ્યકારે વિસ્તૃત ચર્ચા કરી છે. તે પ્રમાણે વેદની રક્ષા થઈ શકે, યજ્ઞયાગાદિ કર્મમાં દોષ ન આવે, લોકમાં અભણ ન ગણાઈએ, શુદ્ધ ભાષા પ્રયોજી શકીએ જેથી કોઈ મ્લેચ્છ જેવા કે સ્ત્રી જેવા ન ગણે વગેરે માટે વ્યાકરણનો અભ્યાસ કરવો જરૂરી છે. આમ શુદ્ધ શબ્દના જ્ઞાન માટે વ્યાકરણનો અભ્યાસ જરૂરી છે, કારણ કે વ્યાકરણ તે માટેનો સરળ અને લાઘવયુક્ત અર્થાત્ પ્રમાણમાં અલ્પ સમયમાં સિદ્ધિ અપાવનાર ઉપાય છે. તે સિવાય અન્ય કોઈ ઉપાય નથી. મધુસૂદન સરસ્વતી કહે છે કે વૈદિક પદોના સાધુત્વના જ્ઞાન દ્વારા ઊહ વગેરે સિદ્ધ કરવાં તે વ્યાકરણનું પ્રયોજન છે. તેથી પતંજલિના ભાષ્ય અને કાત્યાયનનાં વાર્તિકો સહિતનું પાણિનિનું ત્રિમુનિ વ્યાકરણ એ વેદાંગ છે જ્યારે કૌમાર વગેરે અન્ય વ્યાકરણો વેદાંગ ન કહેવાય, કારણ કે તે તો માત્ર લૌકિક પ્રયોગના જ્ઞાન માટે છે.[36] પસ્પશામાં પ્રશ્ન કર્યો છે કે શિષ્ટના પ્રયોગ ઉપર જ આધાર રાખવાનો હોય તો પછી વ્યાકરણની શી જરૂર છે? ભાષ્યકાર કહે છે કે અષ્ટાધ્યાયીનો અભ્યાસ ન કર્યો હોય તો પણ ક્વચિત્ કોઈ શુદ્ધ શબ્દપ્રયોગ કરે તો તેથી તેને વિશે "આ શિષ્ટ છે," તેમ ખ્યાલ આવે છે. તેથી કહે છે, 'शिष्टपरिज्ञानार्थाऽष्टाध्यायी।'[37]. પરંતુ એ ખ્યાલ જ વ્યાકરણ જાણતા હોય તેને આવે, તે સિવાયનાને નહીં. તેથી વ્યાકરણનો અભ્યાસ અત્યંત આવશ્યક છે તે સમજાય છે.

<u>**પાણિનિના પુરોગામીઓ**</u> : ભારતીય પરંપરા ભગવાન શંકરને વ્યાકરણના આદ્ય પ્રણેતા માને છે અને તેમણે દાક્ષીપુત્ર પાણિનિને માહેશ્વર સૂત્રો આપ્યાં તેમ કહેવાય છે.[38] ઉપર કહ્યું તેમ બૃહસ્પતિએ ઇન્દ્રને વ્યાકરણનો ઉપદેશ કર્યો હતો. આ સંદર્ભમાં ભર્તૃ. કહે છે કે અવિચ્છિન્ન પરંપરા અને સ્મૃતિ રૂપ શાસ્ત્રનો આધાર લઈને શિષ્ટોએ શબ્દાનુશાસનનો પ્રારંભ કર્યો છે.[39] પોતપોતાના સમયમાં જે તે આચાર્યે શબ્દોનું પ્રત્યક્ષ ગ્રહણ કર્યું. પૂર્વ પૂર્વનાં વ્યાકરણો ઉપરથી સમજાય છે કે પૂર્વે એ શબ્દો હતા. આમ વ્યાકરણ શાસ્ત્ર અન્ધપરંપરા નથી.[40] આચાર્ય પાણિનિ પૂર્વે પણ અનેક વૈયાકરણો થઈ ગયા હતા.

---

[33] वेदमधीत्य त्वरिता वक्तारो भवन्ति वेदान्नो वैदिकाः शद्वाः सिद्धाः। लोकाच्च लौकिकाः। अनर्थकं व्याकरणम् इति। तेभ्य एवं विप्रतिपन्नबुद्धिभ्योऽध्येतृभ्यः सुहृद् भूत्वा आचार्य इदं शास्त्रमन्वाचष्टे- -इमानि प्रयोजनान्यध्येयं व्याकरणमिति। |કિ.પૃ.૫|.સર: दृष्टग्रहगृहीतो वा भीतो वा राजदण्डतः। पितृभ्यामभिशप्तो वा कुर्याद्व्याकरणे श्रमम्॥ न्या०मं० (ભા.૧.પૃ.૩૭૮-૯૨. ગા.ક.પુ.મં.)

[34] व्याकरणस्य चेदमन्वर्थं नाम।- - - एतच्च साक्षात्प्रयोजनम् पारम्पर्येण तु वेदरक्षादीनि प्रयोजनानि ० (કા). भाष्यकारो विवरण -कारत्वाद् व्याकरणस्य साक्षात् प्रयोजनमाह- अथ शद्वानुशासनमिति। प्रयोजनप्रयोजनानि तु रक्षोहादीनि पश्चाद्वक्ष्यति। प्र०

[35] ब्राह्मणेन निष्कारणो धर्मः षडङ्गो वेदोऽध्येयो ज्ञेय इति। प्रधानं च षट्स्वङ्गेषु व्याकरणम्। प्रधाने च कृतो यत्नः फलवान्भवति॥ भा० [निष्कारणशद्वेन अध्ययनज्ञानयोः काम्यत्वं निवार्यते। સા.વ્ય.ઋ.ભા.ભૂ.(પૃ.૧૦૧)].

[36] દ્રષ્ટ: एवं वैदिकपदसाधुत्वज्ञानेनोहादिकं व्याकरणस्य प्रयोजनम्। तच्च वृद्धिरादैजित्याद्यध्यायाष्टकात्मकं महेश्वरप्रसादेन भगवता पाणिनिनैव विरचितम्। - - - तदेतत्त्रिमुनिव्याकरणं वेदाङ्गं माहेश्वरमित्याख्यायते। कौमारादिव्याकरणानि तु न वेदाङ्गानि किन्तु लौकिकप्रयोगमात्रज्ञानार्थानीत्यवगन्तव्यम्। (પ્રસ્થાનભેદ પૃ.૧૧)

[37] સર : नूनं व्याकरणं कृत्स्नमनेन (= हनुमता) बहुधा श्रुतम्। बहु व्याहरताऽनेन न किञ्चिदपभाषितम्॥ (વા.રા.કિ.કા.૨.૨૯).

[38] येनाक्षरसमाम्नायमधिगम्य महेश्वरात्। कृत्स्नं व्याकरणं प्रोक्तं तस्मै पाणिनये नमः॥ पा०शि० ५७ |व१

[39] દ્રષ્ટ : तस्मादकृतकं शास्त्रं स्मृतिं च सनिबन्धनाम्। आश्रित्यारभ्यते शिष्टैः शद्वानामनुशासनम्॥ (વા.પ.બ્ર.૪૩)

[40] દ્રષ્ટ: यस्मात्स्वे स्वे काले सर्वे शद्वाः प्रत्यक्षतो गृह्यन्ते पूर्वपूर्वव्याकरणवशेन तु तस्मिंस्तस्मिन् काले सत्तानुसंधीयत इत्येतावत्। तस्मान्नास्त्यन्धपरम्पराप्रसङ्गः। (પદ.પૃ.૯).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાણિનિએ પૂર્વસૂત્રનો અર્થાત્ પ્રાચીન વ્યાકરણોનો નિર્દેશ કર્યો છે તેમ ભાષ્યકારે અનેક સ્થળે સૂચવ્યું છે. વાસ્તવમાં અષ્ટાધ્યાયીમાં જ પાણિનિએ અનેક પુરોગામીઓના નામ સાથે ઉલ્લેખ કર્યો છે.[41] તદુપરાંત **प्राचाम् ,उदीचाम् ,आचार्याणाम्** એમ પરોક્ષ ઉલ્લેખો પણ છે. (જો કે કેટલાક વ્યાખ્યાકારો **प्राचाम्** વગેરે દેશ સૂચવવા માટે પ્રયોજ્યા છે એમ કહે છે.)[42] તે બતાવે છે કે જ્યાં જ્યાં ઉચિત લાગ્યું છે ત્યાં ત્યાં પાણિનિએ પુરોગામીના મતનો સ્વીકાર કર્યો હતો. તેથી અનેક સ્થળે અમુક આચાર્યનું (જેમ કે ગાલવનું) નામ વિકલ્પ સૂચવવા માટે મૂક્યું છે એમ વ્યાખ્યાકારો નોંધે છે. ડૉ. થીમે કહે છે કે પાણિનિ વિશિષ્ટ કારણોસર પુરોગામીઓનો ઉલ્લેખ છે તેમાં જાણીતા વૈયાકરણોએ મંજૂર રાખેલા પ્રયોગોનાં ઉદાહરણ આપે છે પણ અન્ય કોઈ તેને અનુસરે કે સ્વીકારે તેમ ઇચ્છતા નથી.[43] ક્વચિત્ પૂજ્યભાવ દર્શાવવા માટે અમુક પૂર્વાચાર્યનું નામ મૂક્યું છે તેમ પણ ટીકાકારો નોંધે છે. જેમ કે **गालवग्रहणं पूजार्थम्** । (ગાલવનું નામ પૂજ્યભાવ દર્શાવવા મૂક્યું છે.)[44] પાણિનિ-એ પ્રાચીન વૈયાકરણોની **धातु ,सर्वनाम, वृद्ध , विनाम , सन्ध्यक्षर, समानाक्षर , संक्रम, नुम् , तत्पुरुष** વગેરે અનેક સંજ્ઞાઓ સ્વીકારી છે. કા. નોંધે છે કે પૂર્વાચાર્યની **तत्पुरुष** એ મોટી સંજ્ઞા અપનાવવાથી ઉત્તરપદાર્થ પ્રધાન હોવું એ તેનો ધર્મ પણ સાથે આવી જાય તે માટે સૂત્રકારે તે અપનાવી છે.[45] પાણિનિએ પુરોગામીઓનાં સૂત્રો પણ લીધાં હશે તેમ જણાય છે. જેમ કે પૂર્વાચાર્યનું **लुपि युक्तवद्व्यक्तिवचने** ।[46] એ સૂત્ર ઉદ્ધરીને તેનું ખંડન કર્યું છે. **अह्नोऽदन्तात्** । (૮-૪-૭) માં **अह्नः** એ પ્રથમા છે તે પૂર્વસૂત્રમાંનો નિર્દેશ છે (**पूर्वसूत्रनिर्देशश्च । भा०**), **औङ् आपः** । (૭-૧-૧૮) અહીં **ओ-** કારને **ङित्** કર્યો છે તે પૂર્વસૂત્રમાંનો નિર્દેશ છે (**पूर्वसूत्रनिर्देशोऽयम् । भा०** )[47] પસ્પશામાં પણ વા. તેમ જ ભાષ્યમાં, " પૂર્વસૂત્ર (પ્રાચીન વ્યાકરણ) માં અક્ષરને **वर्ण**

---

[41] **सेनक (गिरेः सेनकस्य ॥) शाकटायन (त्रिप्रभृतिषु शाकटायनस्य ॥), शाकल्य (सर्वत्र शाकल्यस्य ॥), आपिशलि (वापिशलेः ॥), भारद्वाज (ऋतो भारद्वाजस्य ॥) , गार्ग्य ,कश्यप ,गालव (नोदात्तस्वरितोदयमगार्ग्यकश्यपगालवानाम् ॥) चाक्रवर्मण (ई चाक्र वर्मणः ॥), स्फोटायन (अवङ् स्फोटायनस्य ॥ )** વગેરે

[42] **प्राचां ष्फ तद्धिते ॥ पा० प्राचामाचार्याणां मतेन० । का०** વ.પરંતુ **प्राचां कटादेः ॥ पा० प्राग्देशवासिनः कटादेः ॥ का०** અને **प्राचामुपादेरडज्वचौ ॥ पा० प्राचां ग्रहणं पूजार्थम् । वेत्येव वर्त्तते । का०** અને **उदीचां वृद्धादगोत्रात् ॥ पा० उदीचामाचार्याणां मतेन । का०, उदीचामातः स्थाने यकपूर्वायाः ॥ पा० उदीचामाचार्याणां मतेन – -उदीचां ग्रहणं विकल्पार्थम् । का०** વ. સર: **प्राचाम -वृद्धात् फिन् बहुलम् ॥ पा० प्राचां मतेन । का०** પછી કહે છે : **उदीचां प्राचामन्यतरस्यां बहुलमिति सर्वे विकल्पार्थास्तेषामेकतमेनैव सिध्यति , तत्राचार्यग्रहणं पूजार्थम् । का०**

[43] Panini & the Veda – Thieme (p. 4 ff). આ જ વાત દી.,પ્ર, સિ.કૌ.વ.માં કહી છે.જુઓ: (૧-૧-૪૪) ની **आचार्यदेश-शील्नेन च तद्विषयत्वम् ॥वा० १७ ॥** તે પર **यच्छास्त्रे पुनः पुनः प्रदेशेषु आचार्यग्रहणमेतत् शीलमित्युच्यते तत्र यद्देशशीलनं तत् तद्विषयमिष्यते एङ् प्राचां देशे इत्येवंप्रकारकम् । ० दी०** (પૃ. ૨૫૯) તથા **तत्र तस्य शब्दस्य तद्विषयत्वमेव स्यात्सर्वप्रयोक्तृप्रसङ्गे गालवस्यैव तत्प्रोक्तृत्वमिति नियमार्थम् ।० प्र०** અને **उ०** (ચો.ખં.ભા.૧,પૃ. ૩૧૯).

[44] જુઓ: **इको ह्रस्वोऽङ्यो गालवस्य ॥** ઉપર **गालवस्य आचार्यस्य मतेनान्यतरस्याम् । का०** ,જુઓ: સિ.કૌ. **गालवग्रहणं पूजार्थमन्यतरस्याम् इत्यनुवृतेः ।** તથા **गिरेः सेनकस्य ॥ सेनकग्रहणं पूजार्थम् । का०, शाकल्यग्रहणं विभाषार्थम् । का० एतेन पूजार्थताशङ्कां निरस्यति । यदि हि पूजार्थमेव तत् स्याद् विकल्पो न भवेदिति भावः । न्या०** (પા.૧-૧-૧૬ અને૧૭ ઉપર).

[45] જુઓ: **सन्ध्यक्षराणीत्यन्वर्था पूर्वाचार्यसंज्ञा संधीयमानावयवत्वात् ।प्र०** (ચો.ખં.ભા.૧.પૃ.૧૧૦), **समानाक्षरशब्देन पूर्वाचार्यनिर्देशा-दकोऽभिधीयन्ते ।प्र०** (ચો.ખં.ભા.૧.પૃ.૧૧૬), **संक्रम इति । गुणवृद्धिप्रतिषेधविषयक्ङितः प्राचां संज्ञा ।प्र०** (ચો.ખં.ભા.૧.પૃ.૧૯૩), **नुमिति नकारस्य पूर्वाचार्यसंज्ञा ।प्र०** (ચો.ખં.ભા.૧,પૃ.૨૦૪) તથા (૨-૧-૨૨) પર **पूर्वाचार्यसंज्ञा चेयं महती , तदङ्गीकरणमुपाधे-रपि तदीयस्य परिग्रहार्थम् । उत्तरपदार्थप्रधानस्तत्पुरुष इति । का०**

[46] જુઓ: એ સૂત્ર પર : **व्यक्तिवचने इति च लिङ्गसंख्ययोः पूर्वाचार्यनिर्देशस्तदीयमेवेदं सूत्रम् । का०**

[47] **पूर्वाचार्यैर्ह्रि अपि द्विवचने ङितौ पठिते । न चेह क्वचिदप्यौङ्प्रत्ययोऽस्ति । सामान्यग्रहणार्थं च पूर्वसूत्रनिर्देशः तेन यः पूर्वसूत्रे औङ् तस्य ग्रहणं भवतीति प्रथमाद्वितीयाद्विवचनयोर्ग्रहणसिद्धिः ।प्र०** ત્યાં ભાષ્યકાર પૂછે છે: આ કેવી રીતે છે? એટલે કે એ નિર્દેશ અયોગ્ય છે. (**कोऽयं प्रकारः । अयुक्तोऽयं निर्देशप्रकार इत्यर्थः । उ०** (ચો.ખં.ભા.૬ ખં.૧.પૃ.૨૨).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહેતા હતા." એમ ઉલ્લેખ છે. (૧-૨-૬૮) પરના ભાષ્યમાં કહે છે કે પૂર્વસૂત્ર (પ્રાચીન વ્યાકરણ) માં **गोत्र** ની **वृद्ध** સંજ્ઞા કરવામાં આવી હતી.[48] આ સર્વ સંદર્ભો ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે પાણિનિ પૂર્વે વ્યાકરણ શાસ્ત્રનું સારી પેઠે ખેડાણ થયું હતું.

પાણિનિના પુરોગામીઓનો વિચાર કર્યો પરંતુ તેમના સમકાલીન કોણ હતા તે વિશે કંઈ માહિતી મળતી નથી. કોઈ તેમને કાત્યાયનના સમકાલીન કહે છે, કોઈ તેઓ વ્યાડિના મામા હતા તેમ કહે છે. મહાભાષ્યમાં કૌત્સ અને પાણિનિનો બે વાર સાથે ઉલ્લેખ છે તે ઉપરથી તે સમકાલીન હશે એમ કલ્પના કરી શકાય ? જો તે કૌત્સ નિરુક્તમાં ઉલ્લેખેલ કૌત્સ જ હોય તો તે યાસ્કના સમકાલીન કે પુરોગામી હતા તેથી નિરુક્તકાર યાસ્ક પાણિનિના સમકાલીન હોય તેમ શંકા થઈ શકે, પરંતુ વિદ્વાનોના મતે યાસ્ક પાણિનિના પુરોગામી હતા, કારણ કે અષ્ટાધ્યાયીમાં યસ્કનો ઉલ્લેખ છે, જો કે યાસ્કનો નથી.[49]

**માહેશ્વર સૂત્રો :** અષ્ટાધ્યાયીના પ્રારંભ પૂર્વે ૧૪ સૂત્રો છે. તે પ્રત્યાહારસૂત્ર, અક્ષરસમામ્નાય, શિવસૂત્ર, માહેશ્વરસૂત્ર, નન્દીકેશ્વર સૂત્ર, દેવસૂત્ર [પ્રદ. (પૃ.૯)] તરીકે ઓળખાય છે. આ અક્ષરસમામ્નાયનો હેતુ લાઘવપૂર્વક શાસ્ત્રની રજૂઆત કરવી તે છે. પરંપરા પ્રમાણે મહાદેવે ૧૪ વાર ડમરૂ બજાવ્યું અને તેમાંથી આ સૂત્રો ઉત્પન્ન થયાં.[50] નાગેશ બે સ્થળે તેના કર્તા મહાદેવ છે એમ કહે છે.[51] વર્ણોના ઉપદેશ શા માટે એ ભાષ્યવાક્યની અવતારિકામાં કૈયટ પ્રશ્ન કરે છે કે વર્ણોનું જ્ઞાન તો માતૃકાપાઠ દ્વારા પણ મળી શકે છે તો પછી આ માહેશ્વર સૂત્રોના ઉપદેશની શી જરૂર છે ?[52] તે ઉપરથી સમજાય છે કે અનાદિ વર્ણો માતૃકાપાઠ રૂપે હતા જ તો પણ પ્રત્યાહાર રચીને લાઘવપૂર્વક શાસ્ત્રની પ્રવૃત્તિ થઈ શકે તે માટે પાણિનિએ તેમનો વિશિષ્ટ ક્રમપૂર્વક ન્યાસ કર્યો હતો. તે જ વાત **वृत्तिसमवायार्थ उपदेशः** । એ વા. અને તેના ભાષ્યમાં કહી છે. માહેશ્વર સૂત્રમાંના **अ**-કારના વિવૃતોપદેશની ચર્ચામાં, **अइउण्** । અને **लण्** એ સૂત્રોમાં **ण**-કારના બે વાર ઉપયોગની ચર્ચામાં તથા **अच्** વર્ણોને **अच्** સાથે અને **हल्** વર્ણોને **हल्** વર્ણો સાથે મૂકે છે તે બાબતમાં ભાષ્યકાર કહે છે કે એ રીતે કંઈક સૂચન કરવું એ આચાર્યની શૈલી છે. તે ઉપરથી કહી શકાય કે ભાષ્યકારના મતે માહેશ્વર સૂત્રોના કર્તા પાણિનિ જ છે. જો માહેશ્વર સૂત્રોના કર્તા શિવ છે તેમ ભાષ્યકાર માનતા હોત તો તેમાં **ञमङणनम्** । **झभञ्** । માં **म्** અને **ञ्** એ બે અનુનાસિક **इत्** મૂક્યા છે તેની ટીકા ન કરત.[53] વિવૃતોપદેશના સંદર્ભમાં ભર્તૃ. પ્રશ્ન કરે છે કે પાણિનિએ **अ**-કારને વિવૃત નથી કર્યો તેથી વાર્તિકકારે વિવૃત **अ**-કારને આવરી લેવા માટે **अकारस्य विवृतोपदेश आकारग्रहणार्थः** ॥ वा० દ્વારા દલીલ કરી છે એમ સમજવું કે પછી **अ अ** ॥ સૂત્ર

---

[48] જુઓ: वर्णे वाहुः पूर्वसूत्रे ॥ वा० ॥ अथवा पूर्वसूत्रे वर्णस्याक्षरमिति संज्ञा क्रियते ॥ भा० पूर्वसूत्रे इति । व्याकरणान्तरे ० । प्र० (ચૌખં.ભા.૧,પૃ.૧૪૭) તથા पूर्वसूत्रे गोत्रस्य वृद्धमिति संज्ञा क्रियते । भा० पूर्वाचार्यकृते व्याकरणे । प्र० જુઓ: पूर्वसूत्रनिर्देशो वाऽऽपिशलमधीत इति ॥वा० ॥ पूर्वसूत्रनिर्देशो वा पुनरयं द्रष्टव्यः । पूर्वसूत्रेऽप्रधानस्योपसर्जनमिति संज्ञा क्रियते । भा० पूर्वसूत्रशब्देन पूर्वाचार्यकृतं व्याकरणमुच्यते । प्र०

[49] હર્ષચરિતચિન્તામણિ પ્રકાશ ૨૭ (ચૌખં.ભા.૧,ના પ્રારંભમાં પૃ.૧ થી ૫) જુઓ. અહીં વરરુચિ (=કાત્યાયન)ને પાણિનિના સમકાલીન કહ્યા છે.તથા (૩-૨-૧૦૮) પર तद्विषये लुङोऽनिवृत्त्यर्थम् ॥वा० ॥ પર तस्य लिटो विषये लुङोऽनिवृत्तिर्यथा स्यात् । उपसेदिवान् कौत्सः पाणिनिम् । उपासदत् ॥ भा० તથા अनद्यतनपरोक्षयोश्च ॥वा० ॥ પર अनद्यतनपरोक्षयोश्च वा लिड्वक्तव्यः । उपसेदिवान् कौत्सः पाणिनिम् । उपासीदत् । उपससाद ॥ भा० , જુઓ यस्कादिभ्यो गोत्रे ॥ (૨-૪-૬૩). આ સૂત્ર ભાષ્યમાં નથી.

[50] नृत्तवसाने नटराजराजो ननाद ढक्कां नवपञ्चवारम् । उद्धर्तुकामः सनकादिसिद्धानेतद्विमर्शे शिवसूत्रजालम् ॥ नन्दी० का० १)

[51] જુઓ किं सूत्रकारेण विवृतोपदेशः कृतो० प्र० પર उ० सूत्रकारो महेश्वरो वेदपुरुषो वा येनाक्षरसमाम्नायमित्याद्यैतिह्यादित्याहुः । (ચૌખં.ભા.૧,પૃ.૮૭). અહીં आहुः નો પ્રયોગ સૂચવે છે કે પરંપરામાં એમ કહેવાય છે પણ નાગેશને તે મત કદાચ સ્વીકાર્ય નથી. પરંતુ અન્યત્ર તેઓ સૂત્રકાર એટલે પાણિનિ માટે અને આચાર્ય એટલે પાણિનિ કે વાર્તિકકાર એમ સમજાવે છે.

[52] જુઓ: ननु लोकप्रसिद्धमातृकापाठेनैव वर्णज्ञानसंभवान्माहेश्वरो वर्णसमाम्नायः किमर्थ इति पृच्छति भाष्ये किमर्थ इति ॥ प्र०

[53] જુઓ: किं पुनर्वर्णोसत्ताविवावं णकारो द्विरनुबध्यते ? - - एतज्ज्ञापयत्याचार्यो भवत्येषा परिभाषा व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न संदेहादलक्षणम् । इति ॥ यदयं अ अ ॥ (૮-૪-૬૮), इत्यकारस्य विवृतस्य संवृतताप्रत्यापत्तिं शास्ति । (કિ.પૃ.૧૫), સર.एषा ह्याचार्यस्य शैली लक्ष्यते यत्तुल्यजातीयांस्तुल्यजातीयेषूपदिशति । अचोऽक्षु हलो हल्षु । (અંજન પૃ.૩૨)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્વારા વિવૃત अ- કાર સંવૃત થઈ જાય છે તેમ સૂત્રકારે કહ્યું હોવાથી આ વાર્તિક દ્વારા પાણિનિએ વિવૃત કર્યો છે તેની ફરીથી સ્પષ્ટતા કરી છે એમ સમજવું ?[54] કૈયટ આ રીતે મૂકે છે: સૂત્રકારે જ વિવૃતનો ઉપદેશ કર્યો છે અને વાર્તિકકારે તેનું પ્રયોજન કહ્યું છે એમ અર્થ છે કે પછી સૂત્રકારે अ- કારનો વિવૃત ઉપદેશ નથી કર્યો તેથી વાર્તિકકારે તે વિશે પ્રશ્ન કર્યો છે એમ અર્થ છે ? આ વિધાન ઉપરથી સમજાય છે કે ભર્તૃ. અને કૈયટ પાણિનિને માહેશ્વર સૂત્રના કર્તા માને છે[55] અને સ્વામી દયાનંદ,[56] ભ.દી., સ્કન્દસ્વામી (ઇ.સ. ૬૩૦) વગેરે પાણિનિને જ કર્તા માને છે.[57] તેથી માહેશ્વર સૂત્રોના રચયિતા પાણિનિ જ છે એમ જણાય છે.

<u>**અષ્ટાધ્યાયી**</u>- ભારતીય ઋષિઓએ ભાષા વિશે વૈજ્ઞાનિક પદ્ધતિએ વિચારણા કરી હતી તે પ્રાતિશાખ્યો વગેરે ગ્રન્થો ઉપરથી જાણી શકાય છે. પરંતુ તેમાં જુદી જુદી શાખાઓના શબ્દોની સિદ્ધિ કરવામાં આવી છે અને તે પણ સંપૂર્ણતયા નથી કરવામાં આવી, કારણ કે તેમાં પ્રકૃતિ-પ્રત્યય વિભાગ દ્વારા સ્પષ્ટતા નથી તથા ઉદાત્તાદિ બધા સ્વરોને તેમાં લેવામાં આવ્યા નથી. જ્યારે આ વેદાંગભૂત પાણિનીય વ્યાકરણ શાસ્ત્રમાં તો વૈદિક તેમ જ લૌકિક સર્વ શબ્દોનું અનુશાસન કરવામાં આવ્યું છે.[58] તે પૂર્વે અનેક વ્યાકરણો રચાયાં હતાં,[59] પરંતુ પાણિનિએ એ સર્વ ખેડાણને નજર સમક્ષ રાખીને **अष्टाध्यायी** નામક અદ્ભુત સૂત્રાત્મક કૃતિનું નિર્માણ કર્યું અને તે અદ્યપર્યન્ત સંસ્કૃત ભાષાના વ્યાકરણનો આપ્તતમ ગ્રન્થ છે. જો કે એ ધ્યાન રાખવું જોઈએ કે આ કૃતિ સંસ્કૃત ભાષાના વ્યાકરણનું એક સામાન્ય પાઠ્ય પુસ્તક નથી, પરંતુ અત્યંત શ્રદ્ધેય અને પવિત્ર વેદાંગ છે. અત્યારે જે ઉપલબ્ધ છે તે ગ્રન્થમાં આશરે ૩૯૮૧ સૂત્રો છે[60] અને તેને આઠ અધ્યાયમાં[61] વહેંચવામાં આવ્યો છે તેથી જ તે અષ્ટાધ્યાયી તરીકે ઓળખાય છે. સૂત્રબદ્ધ હોવાથી આ ગ્રન્થને માટે ઉચિત **सूत्र** શબ્દ પણ પ્રયોજવામાં આવ્યો

---

[54] જુઓ: **किमिदमपूर्वं पाणिनिना विवृतत्वमकृतमुपसंख्यायते उत कृतस्यान्वाख्यानमिति यदयं अ अ इति प्रत्यापत्तिं शास्ति। - - –अयं न वक्तृप्रमादजो दोषः अस्त्येव विवृतत्वं आतश्चास्ति यत्पाणिनिना कृतमिति।** (દી.પૃ.૪૯).અહીં **पाणिनिना अकृतम्।** અને **वार्तिककारेण उपसंख्यायते।** એમ સંબંધ છે તેથી પાણિનિ માહેશ્વર સૂત્રોના કર્તા છે તેમ સમજાય છે, **एवमकारस्य प्रयोगस्थस्य विवृतत्वं निवर्तितं गर्गादिविदादिपाठादेव। तस्मात् पाणिनिरेव विवृतत्वं प्रतिजानीते इत्यस्यैव लिङ्गं प्रत्यापत्तिः।** (અજન.પૃ.૫૦). પણ જુઓ **अत एवैतत्प्रतीकमुपादाय हरिणा अस्याक्षरसमाम्नायस्य वाग्व्यवहारजनकस्य न कश्चित्कर्तास्त्येवमेव वेदे पारम्पर्येण स्मर्यमाणम् इति व्याख्यातम्। उ०** (ચો.ખં..ભા.૧,પૃ.૧૪૮). જો કે ભર્તૃ.માં તો **एतदुक्तं भवति यथैवेदमव्युच्छिन्नं चन्द्रतारकादि एवमस्य वाग्व्यवहारस्य न कश्चित्कर्तास्ति।** (દી.પૃ.૯૯) એમ છે પણ **अक्षरसमाम्नायस्य** એ શબ્દ નથી, તેથી તેમને મતે માહેશ્વર સૂત્રના કર્તા પાણિનિ જ છે.

[55] **किं सूत्रकारेणैव विवृतोपदेशः कृतो वार्तिककारेण तु तस्य प्रयोजनमुक्तम्। अथवाऽकृत एव विवृतोपदेशो वार्तिककृता चोद्यत्वेनोपन्यस्यत इति प्रश्नः। प्र०** (ચો.ખં.ભા.૧ પૃ.૮૭)

[56] અ.ભાષ્ય ભા.૧ (પૃ.૧૧ તથા નોંધ ૪) તેમણે ભ.દી.ના મતનું ખંડન કર્યું છે: **महेश्वरादागतानि महेश्वरप्रोक्तानिवा। तदिदमसत्यम्।** જો કે **अत्रोच्यते न तावद्वार्तिकं दृष्ट्वा सूत्रकृतः प्रवृत्तिः। आरब्धेऽपि वार्तिके ऋकारऌकारयोः सावर्ण्यस्यानित्यतां ज्ञापयितुं कर्तव्य एव ऌकारोपदेशः॥**(શ.કૌ.પૃ.૩૯) માં દીક્ષિતે પાણિનિને જ માહેશ્વર સૂત્રના કર્તા માન્યા છે તેમ જણાય છે.

[57] જુઓ : **नापि अइउण् इति पाणिनीयप्रत्याहारसमाम्नायवत्। निरु० १/१** ઉપર. **सं०व्या०शा०इ०** (પૃ.૧૪૬ અને આગળ).

[58] પાણિનિ અને પ્રાતિશાખ્યના પૌર્વાપર્ય વિશે મત ભેદ છે.ભારતીય પરંપરા પ્રાતિશાખ્યોને પ્રાચીન માને છે.રોથ, મેક્સ. પ્રાતિશાખ્યોને પાણિનિ પૂર્વનાં માને છે. ગોલ્ડ. પાણિનિને પુરોગામી માને છે. જુઓ Gold. Panini. (P.212--227).જુઓ (૬-૩-૧૪)પર **अवश्यं खल्वप्यस्माभिरिदं वक्तव्यम् वहुलम् अन्यतरस्याम् - - सर्ववेदपारिषदं हीदं शास्त्रम्। भा० प्रातिशाख्यसद्भावेऽपि सर्ववेदसाधारणेनानेन शद्वानां प्रतिपादनं क्रियते तच्च प्रतिपदपाठस्याशक्यत्वात् वहुलादिग्रहणेन कर्तव्यमित्यर्थः। प्र० तत्र हि तत्तच्छाखागतानामेव शद्वानां प्रतिपादनं तदपि न कार्त्स्न्येन प्रकृतिप्रत्ययविभागानां स्वराणां च सर्वेषां तत्रासंग्रहात्। इदन्तु सर्वेषां वैदिकानां लौकिकानां च शद्वानामनुशासनमित्यर्थः। उ०** (ચો.ખં.ભા.૫,પૃ.૨૨૦).

[59] જુઓ: **ऐन्द्रं चान्द्रं कौमारं शाकटायनम्। सारस्वतं चापिशलं शाकल्यं पाणिनीयकम्॥**

[60] ભિન્ન મતો માટે જુઓ: K.M.K.Sarma: Panini , Katyayana & Patanjali.(Pp.1 ff.) Gold.(p.134).મૂળ પાણિનિનાં સૂત્રોના સંહિતા પાઠ હતા તેમ જણાય છે (cf. Thieme – Panini & Veda p.128 ).આ કારણે પણ સૂત્ર સંખ્યામાં ફેર થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. આમ સૂત્ર એટલે અષ્ટાધ્યાયી તેમ જ તેમાંના યોગ (=સૂત્રો).[62] ભાષ્યકાર अष्टाध्यायी એ નામનો ઉલ્લેખ કરે છે.[63] કાશિકામાં તેને માટે अष्टक નામ પણ પ્રયોજ્યું છે (જુઓ सूत्राच्च कोपधात् ॥ પર का०)[64] તેના પ્રત્યેક અધ્યાયના ચાર ભાગ (પાદ) છે. જે સૂત્રો પર વાર્તિક અને ભાષ્ય છે તેટલાં જ સૂત્ર મૂળ અષ્ટાધ્યાયીમાં હતાં તેમ કહેવું યોગ્ય નથી, કારણ કે જે સૂત્રો પર ભાષ્ય નથી તેમાંનાં ઘણાં સૂત્રોનો અન્ય સૂત્રો પરના ભાષ્યમાં ઉલ્લેખ આવે છે દા.ત. तद्धितस्य कितः ॥ એ સૂત્ર ભાષ્યમાં તેના ક્રમ પ્રમાણે નથી છતાં તેના યોગવિભાગ વિશેની ચર્ચા गोत्रे कुञ्जादिभ्यश्च्फञ् ॥ (૪-૧-૯૮) ના ભાષ્યમાં છે.[65] અષ્ટાધ્યાયીનું મૂળ સ્વરૂપ કેવું હશે, તેનો પ્રારંભ કયા સૂત્રથી થાય છે અને અંતિમ સૂત્ર કયું છે, તેમાં મૂળ સૂત્રો કેટલાં અને કયાં હશે, તેમાં પ્રક્ષેપો થયા છે કે કેમ અને થયા હોય તો ક્યાં ક્યાં થયા છે,[66] એટલું જ નહીં પણ તેના વિવિધ સ્તર હોવાને

---

છે. અને તેમાંનાં કેટલાંકને યોગવિભાગને કારણે જુદાં ગણવામાં આવ્યાં. અહીં નોંધવું જોઈએ કે સૂત્રો પર વૃત્તિ હતી તેથી કોઈ સ્થળે ભાષ્યકાર આ સૂત્રોને વાર્તિકોથી જુદાં પાડવા વૃત્તિસૂત્ર કહે છે, કારણ કે સૂત્રો પર વૃત્તિ હતી પણ વાર્તિકો પર વૃત્તિ ન હતી. સર. : (૨-૧-૧) પર न ब्रूमो वृत्तिसूत्रप्रामाण्यादिति । किं तर्हि । वार्तिकवचनप्रामाण्यात् । भा० पाणिनिसूत्राणां वृत्तिसद्भा-वाद्वार्तिकानां तदभावाच्च तयोर्वैषम्यबोधनायेदम् । उ० समर्थः पदविधिः ॥ પર.વળી (૨-૨-૨૪) પર केचित्तावदाहुः यद्वृत्तिसूत्रे इति- - अपर आहुः यद्वार्तिके इति । भा०.

[61] अधीयते अस्मिन् इति अध्यायः । घञ् । પરૂપ.શ. (કુમુદ ૨.૨).સર: तेन अधिकरणे घं बाधित्वा घञ् भवति । प्र० अधीयतेऽ-स्मिन्नित्यध्यायः । स्वाध्यायकालः । उ० (ચોખં ભા. ૩,પૃ. ૨૨૭)

[62] ननु चोक्तं सूत्रे व्याकरणे षष्ठ्यर्थोऽनुपपन्नः इति । नैष दोषः, व्यपदेशिवद्भावेन भविष्यति ॥ भा० (ચોખં.ભા.૧.પૃ.૭૯). द्वाभ्यामपि शब्दाभ्यामष्टाध्याय्याः प्रतिपादनाद्व्यतिरेकाभावः । प्र० सूत्रं सामान्यं व्याकरणं विशेषः । सूत्रशब्देनाष्टध्याय्येव तदेकदेशे तु योग व्यवहार एव० । उ० (ચોખં.ભા.૧,પૃ.૭૭) તથા અષ્ટાધ્યાયીના અર્થમાં सूत्र શ.૭૬ પ્રયોજ્યો છે : (૨-૩-૬૬) ની शेषे विभाषा ॥ वा० ॥ પર शोभना खलु पाणिनिना सूत्रस्य कृतिः । भा० તથા (૭-૩-૧) પર सूत्रं तर्हि भिद्यते । भा० अष्टध्यायीलक्षणं सूत्रं संनिवेशान्तरेण भिद्यते० ॥प्र०

[63] જુઓ (૬-૩-૧૦૯) પર यदि तर्हि शिष्टाः शब्देषु प्रमाणम् , किमष्टध्याय्या क्रियते ? शिष्टपरिज्ञानार्थाऽष्टाध्यायी । कथं पुनरष्टाध्याय्या शिष्टाः शक्या विज्ञातुम् ? अष्टाध्यायीमधीयानोऽन्यं पश्यत्यनधीयानं- - योऽयं न चाष्टाध्यायीमधीते ० भा ०

[64] सूत्राच्च कोपधात् ॥ (૪-૨-૬૧) પર કા.માં अष्टकं सूत्रम् (અર્થાત્ સૂત્રવાચી અષ્ટક) એ નામ આપ્યું છે (पाणिनीयमष्टकं सूत्रं तदधीते । का०). સર. એ સૂત્ર પર अष्टावध्यायाः परिमाणमस्य अष्टकं पाणिनेः सूत्रम् । सि०कौ० (અહીં सूत्र શ.૭૬ અષ્ટાધ્યાયી માટે છે).

[65] एवं तर्हि स्वरे योगविभागः करिष्यते । इदमस्ति चितं । - -ततः तद्धितस्य । तद्धितस्य च चितोऽन्त उदात्तो भवतीति ।- - ततः कितः । कितस्तद्धितस्य उदात्तो भवतीति ॥ भा०, કા.માં तद्धितस्य ॥ અને कितः ॥ એમ વિભાજિત સૂત્રો આપ્યાં છે, પરંતુ યોગ વિભાગની ચર્ચા ઉપરથી નાગેશ માને છે કે એ બે મૂળમાં એક સૂત્ર હશે. [तद्धितस्य ॥ (૬-૧-૬૪) ની સિ.કૌ. પર શેખર.] તથા જુઓ कृते ग्रन्थे ॥ (૪-૩-૧૧૬) ના ભાષ્યમાં योगविभागात्सिद्धम् ॥वा० ॥ योगविभागः करिष्यते । कृते ग्रन्थे । ततः संज्ञायाम् - -तत कुलालादिभ्यो वुञ् । संज्ञायामित्येव ॥ भा० ભાષ્યમાં ન આપેલાં સૂત્રોનો અહીં નિર્દેશ છે. તદુપરાંત યોગ-વિભાગ કરવાનું કહ્યું છે તે અષ્ટાધ્યાયીના સંહિતા પાઠ હોવાનું સમર્થન કરે છે.

[66] જેમ કે નિપાતન સૂત્રો,વૈદિક સૂત્રો, પૂર્વના અને ઉત્તરના પ્રયોગોને લગતાં સૂત્રો મોટે ભાગે મૂળ અષ્ટાધ્યાયીના અંશ નથી, અન્ય કર્તા કે કર્તાઓનાં હશે. સૂત્રોમાં પણ પ્રક્ષેપો અને પાઠભેદ છે. नान्तःपादमव्यपरे ॥(૬-૧-૧૧૬) એ સૂત્રનો કા.માં प्रकृत्या नान्तः पादमव्यपरे ॥ એમ પાઠ છે. તે પર કા.નોંધે છે : केचिदिह नान्तः पादमव्यपर इति पठन्ति , ते संहितायामिह यदुच्यते तस्य सर्वस्य (એટલે કે પ્રકૃતિભાવ વગેરેનો) प्रतिषेधं वर्णयन्ति ॥ का०, वृद्धस्य च पूजायाम् ॥ ४ । १ । १६६ ॥ પર वार्तिककारीयं चेदं सूत्रम् । वृत्तिकारेण सूत्रेषु प्रक्षिप्तम् । पद० આ સૂત્ર મ.ભા.માં નથી. કાશિકામાંનું कौपिञ्जलहास्तिपदादण् ॥ (૪-૩-૧૩૨) સૂત્ર ભાષ્યમાં પૂર્વસૂત્ર પરની વાર્તિક તરીકે છે. ભાષ્યમાં आथर्वणिकस्येकलोपश्च ॥ (૪-૩-૧૩૨ ) ની વા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણે તથા પ્રક્રિયાગ્રન્થોમાં જે વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે તેને સ્થાને અષ્ટાધ્યાયીમાં વિષયોની છૂટક છૂટક ચર્ચા કરેલી જોવામાં આવે છે. તેમાં ક્વચિત્ એકવાક્યતા જળવાતી નથી તેથી આ ગ્રન્થ એક જ કર્તાની કૃતિ છે કે અનેક કર્તાની વગેરે અનેક પ્રશ્નો વિદ્વાનોએ ચર્ચ્યા છે. પરંપરા અષ્ટાધ્યાયીના સિદ્ધ (અ. ૧ થી ૮.૧) અને અસિદ્ધ (અ. ૮.૨ થી ૮.૪) એમ બે વિભાગ છે [67] તેમ માને છે. જ્યારે ફેડગોન વિષયને અનુલક્ષીને અધ્યાય ૧-૫ અને ૬-૮ એમ દ્વિભાજન સૂચવે છે.

અષ્ટાધ્યાયીનો પાઠ ત્રૈસ્વર્યપૂર્વક (ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ ત્રણે સ્વરના ભેદ પૂર્વક) હતો કે એકશ્રુતિથી (એક જ સ્વરપૂર્વક) હતો તે બાબત પણ મત ભેદ છે **समर्थः पदविधिः ॥** ના ભાષ્યમાં " આ विधि એ કયો શબ્દ છે ?" એ પ્રશ્નના ઉત્તરમાં ભાષ્યકાર કહે છે કે એ **विधाञ्** ને **कि** પ્રત્યય લાગીને થએલ **विधि** શબ્દ છે. કે. સ્પષ્ટ કરે છે **कि** પ્રત્યય જેને અંતે હોય તે અન્તોદાત્ત થાય છે અને પ્રયોગમાં એ પ્રમાણે જોવામાં આવે છે તેથી ભાષ્યકારે **विपूर्वाद्धात्रः कर्मसाधन इकारः** । વગેરે કહ્યું છે. ત્યાં નાગેશ કહે છે કે પ્રયોગમાં જોવામાં આવે છે એટલે કે અષ્ટાધ્યાયીનો ત્રૈસ્વર્યપૂર્વક પાઠ છે તેથી અહીં વૈદિક તેમ જ લૌકિક પ્રયોગોમાં **कि** પ્રત્યયાન્ત અન્તોદાત્ત જ જોવામાં આવે છે. પસ્પશામાં પણ ઉદાત્તાદિ ગુણ ભેદક છે કે નહીં તેની ચર્ચામાં ભાષ્યકાર કહે છે કે જો ગુણો ભેદક હોત તો **अस्थिदधि०** સૂત્રમાં **अनङ्** ઉદાત્ત છે તેમ પાણિનિ ન કહેત. અહીં ના. કહે છે કે સંપૂર્ણઅષ્ટાધ્યાયીનો આચાર્યે એકશ્રુતિપૂર્વક પાઠ કર્યો છે એમ કહેવા માટે કોઈ પ્રમાણ નથી. **दाण्डिनायनहास्तिनायनाथर्वणिक०** (૬-૪-૧૭૪) સૂત્રમાં **ऐक्ष्वाक** નો એકશ્રુતિમાં પાઠ છે તેમ ક્વચિત્ કોઈનો એકશ્રુતિપૂર્વક પાઠ હોય છે. કેટલાક માને છે કે અષ્ટાધ્યાયીનો એકશ્રુતિપૂર્વક પાઠ હતો અને ક્વચિત્ કોઈનું ઉદાત્ત ઉચ્ચારણ હોય (જેમ કે **अनङ्**), તો તે

---

**अण्वक्तव्यः ।** પર કયટ કહે છે કે એ સૂત્ર પાણિનિનું નથી. (**कौपिञ्जलहास्तिपदादण् इत्यस्यापाणिनीयत्वात् ।** प्र०). જુઓ **अपाणिनीयः सूत्रेषु पाठः ।** प्र०) ના. કે.નું વિધાન ચિન્ત્ય ગણે છે, કારણ કે વાર્તિકમાંથી પણ અનુવૃત્તિ થઈ શકે છે. સર. ભાર્ગવ શાસ્ત્રી પ્રસ્તાવના (ચૌ.ખં.ભા. ૪;પૃ. ૨) , **अचि शीर्षः ॥ का०** માં (૬-૧-૬૨) સૂત્ર છે પરંતુ એ પણ વા. છે. અહીં કે. નોંધે છે કે **अचि शीर्षः ॥** એ વાર્તિક જોઈને કેટલાક સૂત્રમાં મૂકી દીધું છે (**अचि शीर्षः । इति वार्तिकं दृष्ट्वा सूत्रेषु कैश्चित् प्रक्षिप्तम् ।** प्र०). **नित्यमाम्रेडिते डाचि ॥ का०** માં (૬-૧-૧૦૦) સૂત્ર છે, ભાષ્યમાં આ વા. છે : **वार्तिकमेवेदं वृत्तिकृता सूत्ररूपेण पठितम् । पद०** અને **नित्यमाम्रेडिते डाचि इति वार्तिकदर्शनात्सूत्रे कैश्चित् प्रक्षिप्तम् ।**प्र०. આમ આ સૂત્ર અપાણિનીય છે. તે રીતે કા.માં **अभूततद्भावे कृभ्वस्तियोगे संपद्यकर्तरि च्विः ॥** (૫-૪-૫૦) સૂત્ર છે તેમાં **अभूततद्भावे** એ **च्विविधावभूततद्भावग्रहणम् ।** वा० માંથી પ્રક્ષિપ્ત છે : **वार्तिककारेण च्विविधावभूततद्भावग्रहणं कर्तव्यम् इत्युक्तम् । तदवश्यकर्तव्यमिति मन्यमानः सूत्र एव प्रक्षिप्य व्याचष्टे । पद० , अभूततद्भावग्रहणं वार्तिके दृष्ट्वाऽन्यैः सूत्रे प्रक्षिप्तम् ।**प्र० ભાષ્યમાં **कृभ्वस्तियोगे संपद्यकर्तरि च्विः ॥** એમ સૂત્ર છે. વળી કા. પદ.પ્ર.ઉ.વગેરેમાં પાઠભેદ ચર્ચ્યા છે : **एतदोऽन् / ऽश् । ५।३। ५॥ गोतो / ओतो णित् ।७।१। ९०॥ इन्द्रे च । / इन्द्रे च नित्यम् । ६।१। १२४॥** પાણિનીનો પાઠ લઈને ન્યાસ. નોંધે છે **नित्यग्रहणमुत्तरार्थम् ।** અને **प्लुतप्रगृह्या अचि नित्यम् / प्लुतप्रगृह्या अचि ।६।१। १२५॥** સર. **इन्द्रे च नित्यम् इति पाठस्तु भाष्यासम्मतत्वादुपेक्षितः ।** પ્રૌ.હ.મ.. ચૌ.ખં. ૧૯૩૪ (પૃ. ૧૨૪ ). **इदुभ्याम् ।** (૭-૩-૧૧૬) સૂત્ર ભાષ્યમાં આપ્યું નથી. પરંતુ **इदुभ्यामाम्विधानमौत्वस्य परत्वात् ।।**वा० તે સૂત્ર પર જ છે. શું અહીં **ङेराम्नद्याम्नीभ्य इदुभ्याम् ॥** એમ સંહિતા પાઠ હશે ? કારણ **इदुद्भ्यामौच्च घेः । इत्यौत्वं प्राप्नोति ।** પરંતુ કિ.પૃ. (૧૧૬) પર સૂત્ર આ રીતે છે.ત્યાર પછી **औच्च घेः ॥** એ એક સૂત્ર છે. **औत्वे योगविभागः ।** वा० માં તેનો **औत् (औद्भवतीदुद्भ्याम् । भा०)** અને **अच्च घेः । (अकारश्च भवति घेरिति । भा०)** એમ યોગવિભાગ સૂચવ્યો છે. કા.માં **इदुभ्याम् ॥ औत् ॥** અને **अच्च घेः ॥** એમ ત્રણ સૂત્ર કર્યા છે. અષ્ટાધ્યાયીનાં સૂત્રોનો સંહિતા પાઠ હશે. તેથી ઠમાંક વગેરે ન હોવાથી આ પ્રકારના પાઠભેદ ઉદ્‌ભવ્યા હોય તે સંભવિત છે. ભાષ્યકારે **अवसान** સંજ્ઞા સૂત્ર (૧- ૪-૧૧૦) માં પાઠાન્તરની ચર્ચા કરી છે : **इदं विचार्यते अभावो वावसानलक्षणं स्याद् विरामो वा । भा० अभावो वेति । अभावोऽवसानमिति पठन्ति । अन्ये तु विरामोऽवसानमिति । प्र०. अतो येयः ॥** (૭-૨-૬૮) માં પાઠાન્તરની ચર્ચા તે પરના પ્ર-ઉ માં છે : **केचिदत्रातो यासिय इति पठन्ति । का०** તથા ઉપર જોયું કે **आकडारादेका संज्ञा ॥** (૧-૪-૧)ના ભાષ્યમાં જ પાઠાન્તરની ચર્ચા છે : **उभयथा ह्याचार्येण शिष्याः सूत्रं प्रतिपादिताः । केचिद् आकडारादेका संज्ञा इति । केचित् प्राक्कडारात्परं कार्यम् इति । भा० ॥**

[67] This is Faddegon's view [Indian Linguistics June 1973p.78 ff.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શબ્દ ઉદાત્ત જ છે એમ ખાસ પ્રયત્નપૂર્વક કહેવા માટે, ફોડ પાડવા માટે (**विवक्षार्थम्**) હોય છે.[68] વળી અષ્ટાધ્યાયી સૂત્રોનો સંહિતાપાઠ હતો એમ અનેક સ્થળે વાર્તિક[69] તથા ભાષ્યમાં સૂચવેલ યોગવિભાગ વગેરે સંદર્ભ ઉપરથી લાગે છે.[70] ક્વચિત્ કોઈ સૂત્રને અષ્ટાધ્યાયીના ક્રમાનુસાર સૂત્રપાઠમાંથી અલગ સંદર્ભમાં પાઠ કરવાનું કોઈ વૃત્તિકાર સૂચવે છે જેમ કે **देविकाशिंशपा०** (૭-૩-૧) નો વૃદ્ધિસંજ્ઞા વિધિમાં મૂકીને **वृद्धिरादैज्देविकादीनामाकारः।** એમ પાઠ કરવાનું સૂચન પૂર્વપક્ષી કરે છે ત્યારે સિદ્ધાન્તી કહે છે કે તેમ કરવાથી સૂત્રમાં ફેર થઈ જશે. વળી **टिड्ढाणञ्०** તથા **यञश्च।** નો સંહિતા પાઠ આર્ષ છે જ્યારે યોગવિભાગ

---

[68] જુઓ : (૨-૧-૧) પર विधिरिति कोऽयं शब्दः। विपूर्वाद्धाञः कर्मसाधन इकारः। विधीयते विधिरिति॥ भा० किप्रत्ययान्तस्यान्तोदात्तत्वात्। तस्यैव प्रयोगे दर्शनात्। प्र० त्रैस्वर्येणाष्टाध्यायीपाठादिह वेदे लोके चेति शेषे॥ उ० (ચૌખં.ભા.૨,પૃ.૩૧૩) તથા (૧-૧-૧) પર अस्थिदधिसक्थ्यक्ष्णामनङुदात्तः॥ इत्युदात्तग्रहणं करोति तज्ज्ञापयत्याचार्योऽभेदका गुणा इति। यदि हि भेदका गुणाः स्युः, उदात्तमेवोच्चारयेत्॥ भा० तस्माद्गुणरहितस्योच्चारणाभावान्नान्तरीयकत्वादुच्चार्यमाणोऽपि गुणः प्रयत्नमन्तरेण न विवक्षित इत्यर्थः।- अन्ये त्वाहुः। एकश्रुत्या सूत्राणि पठ्यन्त इति क्वचिदुदात्तोच्चारणं तद्विवक्षार्थम्। प्र० संपूर्णाष्टाध्यायी आचार्येणैकश्रुत्या पठितेत्यत्र न मानम्। क्वचित्कस्यचित्पदस्यैकश्रुत्या पाठो यथा दाण्डिनायनादिसूत्रे ऐक्ष्वाकेति। ना० (અંજન પૃ.૧૭૩).

[69] જુઓ: प्रत्ययलोपे प्रत्ययलक्षणम्॥ (૧-૧-૬૧) પર योगविभागात्सिद्धम्॥वा०३॥, सार्वधातुके यक्॥ (૩-૧-૬૭) પર योगविभागात्सिद्धम्॥वा०॥, कृते ग्रन्थे॥ (૪-૩-૧૧૬) પર योगविभागात्सिद्धम्॥ वा०॥, एकाचो द्वे प्रथमस्य॥ (૬-૧-૧) પર योग-विभागो वा॥वा०॥, कारनाम्नि च प्राचां हलादौ॥ (૬-૩-૧૦) પર योगविभागात्सिद्धम्॥वा०॥ જુઓ: भाष्ये वाक्यभेदेन नियमद्वयमुक्तम्।प्र० औच्च घेः॥ (૭-૩-૧૧૮) પર औत्वे योगविभागः॥वा०॥ સર: त्रपुणि जतुनि तुम्बरुणि। इदुद्भ्यामौच्च घेः॥ इत्यौत्वं प्राप्नोति। भा० (કિ.પૃ.૧૧૬) અહીં એક સૂત્ર તરીકે ભાષ્યમાં ઉદ્ધર્યુ છે.

[70] દા.ત.(૧) ભાષ્યમાં ऊञ ऊँ॥ (૧-૧-૧૭), प्रादय उपसर्गा क्रियायोगे॥ (૧-૪-૫૮) એ સૂત્રોને કા. અને સિ.કૌ.માં ऊञः॥ અને ऊँ॥ (૧-૧-૧૭--૧૮) તથા प्रादयः॥ અને उपसर्गाः क्रियायोगे॥ (૧-૪-૫૮-૫૯) એમ ભિન્ન સૂત્ર ગણ્યાં છે. (૨)स्थाने-ऽन्तरतम उरण्रपरः॥ એ સૂત્રોમાં अन्तरतमः એમ પ્રથમા છે કે अन्तरतमे એમ સપ્તમી છે તે ભાષ્યકારની ચર્ચા સંહિતા પાઠ હોય તો જ સંભવિત છે અન્યથા નહીં.(એ સૂત્ર પર यथा पुनरन्तरतमनिर्वृत्तिः- - उभयथा हि तुल्या संहिता स्थानेऽन्तरतम उरण्रपर इति॥ भा० येन प्रकारेण संहितापाठलक्षणेन। प्रतिसूत्रं विच्छिद्यपाठे संशयाभावात्। प्र० अनेन संहितापाठ एव पूर्वं स्थित इत्युक्तम्। उ० (ચૌખં..ભા.૧,પૃ.૪૧૫) તથા इह भाष्ये अन्तरतम इति सप्तम्यन्तपाठोऽप्युपन्यस्य दूषितः। तथा हि अन्तरतम-उरण् रपरः इति संहितया तावत्सूत्रकृदपाठीत्। पदकारास्तु व्याख्यातारः० (શ.કૌ.પૃ.૧૯૩), (૩) प्राग्रीश्वरान्निपाताः॥ ની रीश्वराद्वीश्वरान्मा भूत्।का० પર रीश्वरादित्युच्यते वीश्वरान्मा भूदिति शकिणमुल्कमुलावीश्वरे तोसुन्कसुनौ इति। भा०, यदा संहितया सूत्र-पाठस्तदा वकारसहित ईश्वरशब्दोऽस्तीत्येतदभिप्रेत्यैवमुक्तम्। प्र०, (૪) टिड्ढाणञ्द्वयसज्दघ्नञ्मात्रच्तयप्ठक्ठञ्कञ्क्वरपः॥ અને यञश्च॥ (૪-૧-૧૫-- ૧૬).ના ભાષ્યમાં કહે છે: नैवं विज्ञायते कञ्क्वरपो यञश्चेति। कथं तर्हि। कञ्क्वरपोऽयञश्चेति।भा० अयं संहिता पाठ आर्षः। प्र० ननु विच्छिद्य पाठे दोष एवेत्यत आह - आर्ष इति। स तु व्याख्यातृकल्पित इति भावः। उ०, (૫) ભાષ્ય-માં ह्रस्वः॥ સૂત્ર નથી, પરંતુ યોગવિભાગની ચર્ચા ઉપરથી જણાય છે કે ह्रस्वः॥ અને हलादिः शेषः॥ એક સૂત્ર હશે. તે પર પદ. નોંધે છે કે એક મત પ્રમાણે અહીં સંહિતાપાઠ છે : ह्रस्वोहलादिः शेषः॥ इति संहितायां पाठः एव तत्राऽहलिति पदच्छेदः। पद० સર. એ સૂત્ર પર अथैवं वक्ष्यामि ह्रस्वो ऽहल्। વગેરે भा० (ચૌખં.ભા.૬,પૃ.૨૫૪), (૬) જુઓ अन्तः॥ (૮-૪-૨૦) केचित् पूर्वसूत्रे एव एतदन्तग्रहणं सामीप्यार्थमभिसंबध्नन्ति। का० केचिदन्तग्रहणं पूर्वयोग एव संबध्नन्ति। अनितेरन्त इति। न्या० अनितेरन्त इत्येकं योगं पठन्ति। पद० જો કે ભાષ્યમાં अनितेः॥ (૮-૪-૧૯) અને अन्तः॥ (૮-૪-૨૦) એમ ભિન્ન સૂત્રો છે પરંતુ તેમના ઉપરનું ભાષ્ય અને વાર્તિક ભેગાં છે : अन्तग्रहणं किमर्थम्। अनितेरन्तग्रहणं संबुद्ध्यर्थम्॥ वा० તેથી આ બે એક જ સૂત્ર હોઈ શકે. આથી અષ્ટધ્યાયીનો મૂળ સંહિતા પાઠ હશે તેનું આ સર્વ સંદર્ભ ઉપરથી સમર્થન થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાખ્યાતાએ કલ્પેલો છે તેમ કે અને ના.. કહે છે. ટૂંકમાં આ પ્રકારના યત્ન થયા પણ હોય.[71] આથી અષ્ટાધ્યાયીનું મૂળ સ્વરૂપ દર્શાવતી સંશોધિત આવૃત્તિ એ એક ઇચ્છનીય વસ્તુ છે. આ સર્વ બાબતો અવશ્ય અત્યંત ઉપયોગી છે, પરંતુ સ્થળસંકોચને કારણે અહીં તેનો પાદટીપમાં અત્યંત સંક્ષેપમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

મહાભાષ્યના પ્રારંભમાં **अथ शब्दानुशासनम्** । એ વાક્ય છે તે પાણિનિનું સૂત્ર છે અને અષ્ટાધ્યાયીનો પ્રારંભ તેનાથી જ થાય છે તેમ સ્વામી દયાનંદ માને છે. તે બાબતમાં યુ.મી.. કહે છે કે તેના પર **अथेत्ययं शब्दोऽधिकारार्थः प्रयुज्यते । शब्दानुशासनं नाम शास्त्रमधिकृतं वेदितव्यम्** । એમ ભાષ્ય છે. અહીં **प्रयुज्यते** ના કર્તા પાણિનિને માનવામાં આવે તો વાક્યમાં તે બરાબર બંધ બેસે છે નહીં તો **प्रयुज्यते** ના કર્તા પતંજલિ થશે અને **अधिकृतम्** ના કર્તા પાણિનિ થશે, કારણ કે પાણિનિએ શાસ્ત્ર રચ્યું છે. આમ વિભિન્ન કર્તા લેવાથી એકવાક્યતા જળવાતી નથી. તેઓ કહે છે કે શાસ્ત્રના નામ અને પ્રયોજનનો નિર્દેશ કર્યો હોય છે ત્યારે **अथ योगानुशासनम्** ॥ (યો.સૂ. ૧.૧) વગેરે પ્રમાણે ગ્રન્થારંભ થતો હતો. (જો કે યોગસૂત્રના ભાષ્યમાં ભાષ્યકાર વ્યાસ **अथ** શબ્દ માંગલ્યાર્થે છે તેમ કહેતા નથી.) વળી કાશિકા વગેરે એ સૂત્ર પર વ્યાખ્યા કરે છે તેથી તે પાણિનિનું સૂત્ર છે. મનુસ્મૃતિના ટીકાકાર મેધાતિથિ નોંધે છે કે **अथ शब्दानुशासनम्** ॥ એ પાણિનિનું સૂત્ર છે.[72] પ્રાચીન પ્રણાલી પ્રમાણે ગ્રન્થનો પ્રારંભ અવશ્ય એ રીતે થતો હતો. પરંતુ **वृद्धिरादैच्** । સૂત્રમાં **वृद्धि** શબ્દને સૂત્રકારે મંગલાર્થે આગળ મૂક્યો છે તેમ ભાષ્યકારે કહ્યું છે તેથી એટલું તો અવશ્ય કહી શકાય કે ભાષ્યકાર પ્રમાણે અષ્ટાધ્યાયીનું પ્રથમ સૂત્ર તે જ હતું. જો કે અમુક શબ્દ મંગળ માટે મૂક્યો છે તેમ ભાષ્યમાં અનેક સ્થળે કહ્યું છે તેથી અહીં દલીલ થઈ શકે કે **वृद्धि** શબ્દ મંગલ સૂચક છે છતાં જે સૂત્રમાં તેનું ગ્રહણ કર્યું છે તેથી **वृद्धिरादैच्** ॥ એ જ પ્રથમ સૂત્ર છે તેમ કેવી રીતે કહી શકાય? એ શંકાનો ઉત્તર એ જ કે **अथ शब्दानुशासनम्** ॥ એ વચનમાંના **अथ** શબ્દનો પ્રયોગ માંગલ્યાર્થે છે એ પ્રકારની ચર્ચા ભાષ્યમાં નથી. જો તે પાણિનિનું પ્રથમ સૂત્ર હોત તો, " સૂત્રકારે મંગલાર્થે **अथ** શબ્દનો પ્રયોગ ગ્રન્થારંભે કર્યો છે." એમ વાર્તિકકારે અથવા ભાષ્યકારે કહ્યું હોત. કારણ કે તેઓ એ પ્રમાણે અવશ્ય કહે છે, જેમ કે **भूवादयो धातवः** ॥ (૧-૩-૧) માં **व**-કાર માંગલ્યાર્થે છે તેમ તે સૂત્ર પરની વાર્તિકમાં કહ્યું છે. (સરઃ કાશિકામાં પણ **नोदात्तस्वरितोदयम्०** (૮-૪-૬૭) માં **उदय** શબ્દ માંગલ્યાર્થે મૂક્યો છે એમ કહે છે).[73] તેથી સમજાય છે કે **अथ शब्दानुशासनम्** । એ પાણિનિનું સૂત્ર નથી. આમ **वृद्धिरादैच्** ॥ એ જ પ્રથમ સૂત્ર હોવું જોઈએ. ભાષ્યના પ્રારંભમાં લૌકિક અને વૈદિક શબ્દોની સદૃષ્ટાન્ત ચર્ચા છે તે વિશે ભર્તૃ. નોંધે છે કે એ સર્વ ચર્ચા વ્યાકરણ શાસ્ત્રનાં પ્રયોજન કહેતાં પૂર્વે અધ્યયન કરનારને પ્રોત્સાહિત કરવા માટે ભાષ્યકારની પ્રસ્તાવના જ છે. તે સ્પષ્ટ બતાવે છે કે ભર્તૃ. **अथ शब्दानुशासनम्** ॥ ને પાણિનિનું સૂત્ર ગણતા નથી. કૈયટ તથા નાગેશ પણ કહે છે કે ભાષ્યકાર પોતે વિવરણકાર હોવાથી **अथ शब्दानुशासनम्** । એમ કહીને વ્યાકરણનું શબ્દવ્યુત્પત્તિ રૂપી સાક્ષાત્ પ્રયોજન સૂચવે છે. આથી સ્પષ્ટ સમજાય છે તેમના મતે તે વચન ભાષ્યકારનું છે, પાણિનિનું સૂત્ર નથી.[74] સ્કોલ્ડ (Skold) નું કહેવું છે કે જેમ પ્રારંભિક બે સૂત્રો (નો સંહિતાપાઠ કરતાં) **वृद्धिरादैज-**

---

[71] જુઓ: એ સૂત્ર પર **सिध्यति , सूत्रं तर्हि भिद्यते । यथान्यासमेवास्तु ॥ भा०** સૂત્ર બદલાઈ જશે તે વિધાનનો અર્થ સમજાવતાં કૈ: **अष्टाध्यायीलक्षणं सूत्रं संनिवेशान्तराश्रयणे भिद्यते । अथ वाऽस्यैव सूत्रस्य स्थानभेदाद्भेदो भवति । प्र०** . જો કે આ પૂર્વપક્ષ જ છે. **वृद्धि** શબ્દની અનુવૃત્તિ કરવાથી **आ**-કારનું વિધાન થવાથી **दाविकभार्यः** વગેરેમાં પુંસ્ત્વનિષેધ રૂપી કાર્ય સિદ્ધ થશે (ના.).

[72] **इदं पाणिनीयमेव सूत्रम्** । જુઓ પા.ટી. (૧)(૨) અષ્ટા.ભાષ્ય (પૃ.૧). કોઈ તેને વા. માને છે (ચો.ખં.ભા.૧.પૃ.૫.પા.ટી.૧) તથા વ્યા.શા.નો ઇ.(પૃ.૧૪૩). પ્રાચીન શૈલી પ્રમાણે આ (**अथ शब्दानुशासनम्** ।) વચન પાણિનિનું જ છે તેમ ખાત્રી થાય છે.(અંજન પૃ.૨૨). **पौरुषेयेष्वपि ग्रन्थेषु नैव सर्वेषु प्रयोजनाभिधानमाद्रियते । तथा हि पाणिनिरनुक्त्वैव प्रयोजनम् अथ शब्दानुशासनम् इति प्रतिजानीते ।** મેધાતિથિ ટીકા (મનુ.૧.૧).પાણિનિએ પ્રયોજન નથી બતાવ્યું તે માટે જુઓ **अथ किं सूत्रकारेण नेदमुक्तं प्रयोजनम् । यथा तन्त्रान्तरेष्वादौ प्रयोजनमुदीर्यते ॥** વગેરે **पद०** (ભા.૧, પૃ.૧૩) બ્યોથલિંગે આ સૂત્રને પાણિનિનું પ્રથમ સૂત્ર ગણ્યું છે.

[73] **भूवादीनां वकारोऽयं मङ्गलार्थः प्रयुज्यते ॥श्लो० वा० ॥ सूत्रोच्चारिते भूवादिशब्दे इत्यर्थो विवक्षितः । प्र०** તથા **उदात्तपरस्येति वक्तव्ये उदयग्रहणं मङ्गलार्थम् । का०**

[74] જુઓ: **एतच्च सर्वं भाष्यकारस्य प्रयोजनानि वक्तुः प्रस्तावनामात्रम् । प्राक् प्रयोजनान्वाख्यानमध्येतृप्रोत्साहनार्थम् ।** (દી.પૃ.૧) તથા **भाष्यकारो विवरणकारत्वाद् व्याकरणस्य साक्षात्प्रयोजनमाह । अथ शब्दानुशासनमिति । प्र० तथापि भगवांस्तुविवरणकार-त्वात् - - - साक्षात्प्रयोजनं शब्दव्युत्पत्तिलक्षणं वदतीत्याह--भाष्यकार इति । उ०** (ચો.ખં.ભા.૧,પૃ.૫).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

देङ्गुणः । અનુષ્ટુભના પાદ બને છે તેમ **नोदात्तस्वरितोदयम्** ०[75] એ ઉપાન્ત્ય સૂત્રનો અંશ પણ અનુષ્ટુભનો પાદ હોવાથી તે જ અષ્ટાધ્યાયીનું અંતિમ સૂત્ર છે. અહીં નોંધવું જોઈએ કે તે સૂત્રમાંનો **उदय** શબ્દ પણ મંગલાર્થે છે એમ ટીકાકારો સમજાવે છે. તેથી અન્તે મંગળવચન પ્રયોજ્યું છે તેમ કહી શકાય. પરંતુ સ્કાલ્ડની કલ્પના ભાષ્યની સાથે સંગત નથી, કારણ કે ભાષ્યકારે અ-કારના વિવૃતાપદેશની ચર્ચા કરતાં કહ્યું છે કે સૂત્રકારે अ अ ॥ સૂત્રદ્વારા પ્રત્યાપત્તિ કરી છે [**यदयं अ अ इति अकारस्य विवृतस्य संवृतताप्रत्यापत्तिं शास्ति । भा०** (કિ.પૃ.૧૫)]. તે દર્શાવે છે કે अ अ ॥ એ જ અષ્ટાધ્યાયીનું અન્તિમ સૂત્ર હશે. તદુપરાંત अ अ ॥ સૂત્રના ભાષ્યમાંનો શ્લોકવાર્તિક તથા અંતિમ વાર્તિક સૂચવે છે કે પ્રત્યાપત્તિ પાણિનિએ કરી છે.[76] જો કે ભાષ્યકાર **मङ्गलादीनि मङ्गलमध्यानि** ० વગેરે કથન મુજબ અંતે મંગલાર્થે સૂત્રકારે કંઈક મૂક્યું છે તેમ ભાષ્યમાં કહ્યું નથી. પરંતુ ના. પ્રમાણે અંતે अ अ મૂકીને સૂત્રકારે, **सिद्ध** શબ્દ મૂકીને વાર્તિકકારે અને અન્તે अ अ મૂકીને ભાષ્યકારે મંગલ સિદ્ધ કર્યું છે.[77] વળી **वृद्धिरादैजदेङ्गुणः** તથા **नोदात्तस्वरितोदयम्** જેવાં બીજાં પણ વૃત્તગંધિ સૂત્રો છે તેથી માત્ર છન્દોયુક્ત હોવું તે વસ્તુ અષ્ટાધ્યાયીના અન્ત્ય સૂત્રની બાબત નિર્ણાયક ન જ ગણી શકાય.[78]

<u>પાણિનિની અન્યકૃતિઓ:</u>

(૧) **गणपाठ** :- પદમંજરીકાર કહે છે કે ધાતુ, સૂત્ર, ગણ, ઉણાદિ અને વાક્ય અર્થાત્ વાર્તિક એ વ્યાકરણનાં પાંચ સ્થાન છે [**धातुसूत्रगणोणादिवाक्यात्मकं पञ्चस्थानं व्याकरणम् । पद०** (૬-૩-૭) પર]. પાણિનિના સૂત્રોમાં **सर्वादीनि सर्वनामानि । त्यदादीनामः । चादयोऽसत्त्वे ।** એમ અનેક વાર શબ્દોના ગણોનો ઉલ્લેખ આવે છે. તે ઉપરથી સમજાય છે કે જ્યાં જ્યાં સૂત્ર અનેક લક્ષ્યને લાગુ પડતું હોય ત્યાં ત્યાં વિવિધ ગણને લક્ષ્યમાં રાખીને સૂત્રમાં વિધાન કર્યું છે. અહીં **सर्वादि** માં જ **आदि** શબ્દ છે તે પ્રકારનો અર્થ બતાવે છે તેથી **सर्व** છે તે પ્રકારના શબ્દોને સમાન કાર્ય થતું હોવાથી વિદ્વાનો પછીથી તેમનો ગણ બનાવે છે.[79] **तद्धितश्चासर्वविभक्तिः ॥** ઉપરના ભાષ્યમાં સ્પષ્ટ કહ્યું છે કે કેટલીક વાર પરિગણન કરવું અનિવાર્ય છે.[80] જેથી કાર્ય જેને થવું

---

[75] જુઓ: **केचिददादिति तपरौ पठितव्यावित्याहुः । प्र०** (કોઈ કહે છે કે સૂત્ર अत् अत् ॥ એમ પાઠ કરવો જોઈએ (પ્ર.). ડૉ.શર્મા કહે છે કે મૂળ સૂત્ર अ अ इति ॥८।४।६८॥ એમ છે અને પર્વ સૂત્ર **नोदात्तस्वरितोदयम्०** માં **उदय** એટલે પર, પાછળ આવેલ, એમ છે.[M.K.M. Sarma P.K.and P. (p.111f.)] જુઓ કા. **उदात्तपरस्येति वक्तव्ये उदयग्रहणं मङ्गलार्थम् ।** એટલે કે **उदात्तपरस्य** એમ કહેવાને બદલે **उदय** શબ્દ પ્રયોજ્યો છે તે મંગલાર્થે છે. તેથી જ કહે છે **उदात्तोदय** એટલે જેની પાછળ ઉદાત્ત આવ્યો છે તે (**उदात्त उदयो यस्मात्स उदात्तोदय उदात्तपर इत्यर्थः । का०**) દા.ત. **गार्ग्यस्तत्र** અને **गार्ग्यः क्व** માં અનુક્રમે ઉદાત્ત અને સ્વરિત પર (**उदय** ) છે તેથી **गार्ग्य** માં અન્ત્ય अ-કાર સ્વરિત થયો નથી. આમ **उदय =पर** . વળી **उदयशब्दः परशब्दस्यार्थेऽत्र वर्तते । न्यास०**, **उदयशब्दः परशब्देन समानार्थः प्रातिशाख्येषु प्रसिद्धः ।पद०**

[76] જુઓ : **आदेशार्थं सवर्णार्थमकारो विवृतः स्मृतः । आकारस्य तथा ह्रस्वस्तदर्थं पाणिनेर अ ॥१॥** તથા **एकशेषनिर्देशाद्वा स्वरभिन्नानां भगवतः पाणिनेराचार्यस्य सिद्धम् ॥ वा० ॥** (ચો.ખં.,ભા.૬,ખં.૨,પૃ.૨૩૨ અને ૨૩૪).

[77] જુઓ:(૮-૪-૬૮)પર **एवं सूत्रकारेणाऽपि विष्णुवाचकाऽकारस्य द्विरुच्चारणाद्विष्णुस्मरणरूपं मङ्गलमाचरितम् । - - वार्त्तिककृताऽपि भगवतः पाणिनेः सिद्धमिति सिद्धशब्दोच्चारणेन कृतं मङ्गलम् । भगवता पतञ्जलिनाऽपि एकशेषनिर्देशोऽयम अ इत्यन्ते वदता कृतं मङ्गलम् ॥ उ०**

[78] જેમ કે **पक्षिमत्स्यमृगान् हन्ति परिपन्थं च गच्छति ॥** (૪-૪-૩૫ અને ૩૬), **दार्विकाशिंशपादित्यवाड्दीर्घसत्रश्रेयसाम् आत् ॥** (૭-૩-૧). અહીં અન્ત્ય **आत्** સિવાયનો ભાગ અનુષ્ટુભના બે પાદ બનાવે છે. **उपसर्गव्यपेतं च ॥** (૮-૧-૩૮), **एहि मन्ये प्रहासे लृट् ॥** (૮-૧-૪૬), **आमन्त्रितं पूर्वमविद्यमानवत् ॥** (૮-૧-૭૨) (આ ઇન્દ્રવંશા છે.).આવાં અનેક દૃષ્ટાન્ત આપી શકાય.

[79] જુઓ: **सर्वादीनि इत्यत्रादिशब्दस्य प्रकारार्थतापि संभवति । प्रकारार्थताप्रदर्शनाय पश्चादभियुक्ता गणान्पठन्ति ।प्र०** (૧-૧-૩૩) પર.

[80] જુઓ: **एवं गते कृत्यपि तुल्यमेतत् - -तस्मात्स्वरादिग्रहणं च कार्यं कृत्तद्धितानां ग्रहणं च पाठे ॥ भा० ननूभयशब्दस्य द्विवचनानुत्पादादसर्वविभक्तित्वं तथा गोदौ वरणा इति । तत एषामपि तद्धितश्चासर्वविभक्तिरिति अव्ययसंज्ञाप्रसङ्ग इत्याह कृत्तद्धितानामिति प्रतिपदं तद्धिताः पठितव्या येषामव्ययसंज्ञेष्यते । तस्माद्गणपाठ एवाश्रयितव्यः ।** પ્ર. (ચો.ખં.ભા.૧.પૃ.૩૫૪). **यदि पुनरवशिष्टस्य**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોઈએ તેને વાપ જ અને ન થવું જોઈએ તેને ન જ થાય. એવા સંજોગમાં અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ નિવારવા માટે પરિ-ગણન જરૂરી છે. નહીં તો સર્વ વિભક્તિ લાગતી ન હોવાથી (=असर्वविभक्ति ) उभय ,गोदौ, वरणाः જેવાને अव्यय સંજ્ઞા થવાનો પ્રસંગ આવે. કેટલાક ગણમાં પરિગણન હોય છે અને જે તે વિધિ તે પરિગણિત શબ્દ સિવાયનાને લાગુ પડતો નથી. આને પરિગણન (exhaustive list) કહેવાય. જ્યારે કેટલાકમાં અમુક શબ્દો માત્ર ઉદાહરણ રૂપે આપ્યા હોય છે તેમાં એ પ્રકારના અન્ય શબ્દોને આવરી લેવાય. આને आकृतिगण (illustrative list) કહે છે. તેથી જ ભાષ્યકાર વારંવાર પ્રશ્ન કરે છે किं पुनरिदं परिगणनमाहोस्विदुदाहरणमात्रम् ? (જેમ કે કિ.પૃ. ૯૦,૧૦૦) ભાષામાં જોવામાં આવતા એક પ્રકારના અન્ય પ્રયોગોને આવરી લેવા માટે आकृति ગણ છે.[81] કેટલીક વાર વિશિષ્ટ કારણવશાત્ એક જ શબ્દનો અનેક ગણમાં સમાવેશ કરવામાં આવે છે.[82] હવે સૂત્રોમાં અનેક વાર ગણોના ઉલ્લેખ જોવા મળે છે તેથી સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે ગણપાઠ અને સૂત્રપાઠ એ બેમાં પહેલું કોણ હશે ? એ વિશે ભાષ્યમાં ચર્ચા છે. સૂત્રોમાં ગણોના ઉલ્લેખ ઉપરથી લાગે કે ગણપાઠ પૂર્વવર્તી છે અને સૂત્રપાઠ પરવર્તી હશે. પરંતુ અત્યારે જે ઉપલબ્ધ છે તે ગણપાઠોમાં અનેક પ્રક્ષેપો થએલા છે, ક્રમમાં ફેરફાર થયા છે[83] તેથી તે પાણિનિ પછીના છે તેમાં કોઈ શંકા નથી. તેમ છતાં કેટલાક પદોની યાદી વિશે પાણિનિને માહિતી હશે એમ લાગે છે.[84] વાર્તિક-ભાષ્યમાં પણ ગણપાઠ વિશે ચર્ચા છે [(સર.अवरादनां च पुनः सूत्रपाठे ग्रहणानर्थक्यं गणे पठितत्वात् ॥वा०१ ॥ (કિ.પૃ. ૬૨)] અને વાર્તિક-કાર પણ ગણમાં ઉમેરા સૂચવે છે.[85] ભર્તૃએ ગણપાઠમાં થએલ પ્રક્ષેપો તથા ભિન્ન કર્તા વિશે વિસ્તૃત ચર્ચા કરી છે. કાશિકામાં પણ ચર્ચા છે.[86] હવે ગણપાઠના કર્તા કોણ છે તે વિશે મતભેદ છે. ભાષ્યના કેટલાક સંદર્ભ ઉપરથી લાગે કે પાણિનિ જ ગણકાર છે. ભર્તૃહરિ પાણિનિને ગણકાર માનતા લાગે છે. ન્યાસ પ્રમાણે પાણિનિ અને ગણકાર ભિન્ન વ્યક્તિઓ છે.[87]

---

रभाव उच्यते। नैवं शक्यम्। इहापि प्रसज्यते कृतमाचष्टे कृतयति। एवं तर्हि परिगणनं क्रियते (V/I कर्तव्यम् )-पृथुमृदुभृशकृश-दृढपरिवृढानामिति वक्तव्यम् ॥ भा० (६-४-१६१) પર તથા (૧-૧-૩૭)પર तद्गरीयसा न्यासेन परिगणनं कर्तव्यं स्यात्। भा०

[81] જુઓ: अर्शादिभ्योऽच् ।पा० ઉપર आकृतिगणश्चायम्। यत्राभिन्नरूपेण शब्देन तद्वतोऽभिधानं तत्सर्वमिह द्रष्टव्यम्। का०

[82] જેમ કે मित्रयु શબ્દનો यस्कादि અને गृष्ट्यादि ગણમાં પાઠ છે. भरुज શબ્દનો बह्वादि ગણ તથા अङ्गुल्यादि ગણમાં પાઠ છે

[83] જુઓ: आचार्य- - ज्ञापयति स पूर्वः पाठः अयं पुनः पाठ इति। यदयं पूर्वादिभ्यो नवभ्यो वा इति नवग्रहणं करोति। नैव पूर्वा-दीनि० ।भा० (કિ.પૃ. ૬૨) તથા अवरकालपाठात्पूर्वशब्दोऽवरशब्देनोच्यते तेन पूर्वं गणपाठः पश्चात्सूत्रपाठ इत्यर्थः। कै० (ચો.ખં.ભા. ૧.પૃ. ૩૪૨). त्यदादीनि पठित्वा गणे कैश्चित्पूर्वादीनि पठितानि। कै० (એજન) દા.ત.स्वरादि માં नञ् (अप्रामाणिकः पाठः। त.त्व. બો.) અને माङ् પ્રક્ષિપ્ત છે (प्रक्षिप्त पाठः। त.त्व. બો.).(સિ.કૌ. ભા.૧, પૃ. ૪૧૭),જુઓ न गोपवनादिभ्यः। પર परिशिष्टानां हरि-तादीनां प्रमादपाठः। (કા.). अनार्षः पाठ इत्यर्थः। यस्तु गोपवानादिभ्यः अष्टभ्यः परं एषां पाठः स प्रमादपाठ इत्युच्यते।(ન્યા.).

[84] પ્રો.વેબર અને પ્રો. ગોલ્ડસ્ટુકર એમ માને છે (Gold. p.144.fn.221).

[85] દા.ત.(૩-૧-૧૩) પર लोहितडाज्भ्यः क्यषुवचनम् ।(वा०) आदिशब्दप्रत्याख्यानमेतत् ॥ अपठितसंग्रहार्थोऽप्यादिशब्दो न भवति तस्य वार्तिककारेण दूषितत्वात्। प्र० , अथान्यानि लोहितादीनि। भा० भृशादिष्वितराणि ॥ वा० भृशादिष्वितराणि पठितव्यानि ।भा० તથા જુઓ (૪-૧-૧૮) પર कण्वात्तु शकलः पूर्वः कतादुत्तर इष्यते। भा० शकलशब्दस्तु कतककण्वयोर्मध्ये पठितव्यः। कत-शकल- कण्वेति। प्र० અહીં कण्व વગેરેના गर्गादि ગણમાં જે ક્રમમાં પાઠ છે તેમાં ફેર કરવાનું સૂચન છે.

[86] દી. (પૃ. ૨૧૪ ને આગળ) તેઓ પ્રક્ષેપ વિશે કહે છે : यदि तु प्रकारार्थ आदिशब्दः पश्चादाचार्येण ग्रहणकवत् गणेषु पाठात् केचित् समुच्चिताः कुशलैर्वा प्रणेतृभिः स्मृत्यर्थमुपरचितास्ततस्तेषु गुरुलाघवं प्रत्यनादरः। पठितमपि च पुनः पठ्यते। उपसंख्याना-न्यपि च प्रक्षिप्यन्ते।- - एवं च प्रकारार्थ आदिशब्दः सूत्रेषु पठितेषु पश्चाद्गणपाठे निर्णयार्थं प्रपञ्चेनोपादानं न दोषवत् स्यादिति ॥ - - अस्ति च पाठो बाह्यश्च सूत्रात् आचार्येण पूर्वमन्यो व्याकरणान्तरेभ्यश्च कश्चिदविच्छिन्नपारंपर्यः नैव कल्पित इति।

[87] સર: यदयं प्रशान्शब्दं स्वरादिषु पठति ।भा० (કિ.પૃ. ૬૭), यदयं विपाट्शब्दं शरत्प्रभृतिषु पठति ० (કિ.પૃ. ૮૦), भ्रातुष्पुत्रग्रहणं ज्ञापकमेकदेशनिमित्तात् षत्वप्रतिषेधस्य ॥ वा० यदयं कस्कादिषु भ्रातुष्पुत्रं पठति तज्ज्ञापयत्याचार्यः ० (કિ.પૃ.૧૨૭) અહીં પ્રયોજેલ अयम् શબ્દ પાછળ આવતા आचार्य શબ્દને (પાણિનિને) ઉલ્લેખે છે. વળી ભાષ્યકારે पठति નો પ્રયોગ કર્યો છે તેથી સમજાય છે કે તેમના મતે ગણપાઠના કર્તા પાણિનિ છે. ભર્તૃ. પણ તેમ માને છે: येऽप्येते गर्गादय पठिताः एतेऽपि न पाणिनि-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨) **धातुपाठ** અષ્ટાધ્યાયીમાં ધાતુઓના **क्र्यादिभ्यः श्ना । दिवादिभ्यः श्यन् ।** એ રીતે ગણોના ઉલ્લેખો છે. મહાભાષ્યમાં ધાતુ-પાઠનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ભાષ્યકાર કહે છે કે **भूवादयो धातवः ॥** માં **आदि** શબ્દનું ગ્રહણ કરીને સૂત્રકાર સૂચવે છે કે સૂત્રમાં (= અષ્ટાધ્યાયીમાં !) ન હોય તેવો ધાતુપાઠ છે. તેથી ધાતુ સંજ્ઞા પાઠદ્વારા જ થાય છે એમ કહે છે તે યોગ્ય છે.[88] ગોલ્ડસ્ટકર ધાતુપાઠના કર્તા પાણિનિ છે તેમ કહે છે. કારણ કે તેમાં પાણિનીય વ્યાકરણમાં જેનો પ્રયોગ છે તે જ અનુબન્ધો એ જ હેતુસર પ્રયોજવામાં આવ્યા છે. તેથી જેમાં અર્થ નથી આપ્યા તે ધાતુપાઠના કર્તા પાણિનિ છે તેમ સામાન્ય રીતે સ્વીકારવામાં આવ્યું છે.[89] તેમાં ભાષામાં પ્રયોજાતા બે હજાર ધાતુ આપ્યા છે.જો કે અર્થ સહિતનો ધાતુપાઠ અપાણિનીય છે તેમ કૈયટ કહે છે.[90] પાણિનિ પૂર્વે પણ ધાતુ પાઠ હતા તેમ કાશિકામાં પ્રયોજેલ **धातुपारायण** શબ્દ ઉપરથી જણાય છે.[91] **एकाच उपदेशेऽनुदात्तात् ॥** (૭-૨-૧૦) પર કા.માં કહે છે કે અન્ય વ્યાકરણમાં **सह्, मुह्, रिह्** અને **लुह्** એ ચાર ધાતુઓનો પાઠ છે.(**तन्त्रान्तरे चतुरोऽपरे पठ्यन्ते ॥ का०**).ન્યાસ પ્રમાણે અન્ય તંત્ર એટલે આપિશલિનું વ્યાકરણ. તેમાં પણ ધાતુપાઠ હશે. એ જ સૂત્રની કાશિકામાં ઉદ્ધરેલ કારિકામાં **अनिटः पुराणगाः पठन्ति पाठेषु दशैव नेतरान् ।** એમ કહ્યું છે. ન્યાસ મુજબ પુરાણગા એટલે પ્રાચીન વૈયાકરણો. તેમાં **पाठ** અને **पठन्ति** એ શબ્દો પ્રાચીન ધાતુપાઠને સૂચવતા હશે તેમ લાગે છે.[92]

(૩)**उणादिसूत्र** - યાસ્ક વગેરે નૈરુક્તો માને છે કે પ્રત્યેક પ્રાતિપદિકની ધાતુમાંથી વ્યુત્પત્તિ થઇ શકે છે. વૈયાકરણોમાં શાકટાયન પણ એ પ્રમાણે માને છે.[93] જ્યારે અન્ય વૈયાકરણોના મત પ્રમાણે અમુક પ્રાતિપદિકોની વ્યુત્પત્તિ થઇ શકતી નથી. તેથી તેઓ તેને અવ્યુત્પન્ન માને છે. આ પ્રકારનાં પ્રાતિપદિકોને પાણિનિએ **उणादयो बहुलम् ॥३।३।१॥** નીચે આવરી લીધો છે.પાણિનિ **उणादि** ને અવ્યુત્પન્ન માને છે. આવાં પ્રાતિપદિકોની વ્યુત્પત્તિ **उणादिसूत्र** માં કરવામાં આવી છે. આમાં પ્રકૃતિ અને પ્રત્યય કલ્પવામાં આવે છે અને તેને થએલ ગુણ, વૃદ્ધિ, સ્વર વગેરે કાર્યને લક્ષમાં રાખીને અનુબન્ધ લગાડવામાં આવે છે.[94] આ સૂત્રોના કર્તા કોણ છે તે વિશે મત ભેદ છે. કેટલાક માને છે કે તેના કર્તા પાણિનિ છે.[95] જ્યારે વ્યાખ્યાકારો માને કે અન્ય વ્યાકરણોમાં જ **उणादि** નો પાઠ કરવામાં આવ્યો છે તે સાધુ છે તેમ **उणादयो बहुलम् ।** એ સૂત્ર દ્વારા પાણિનિએ અનુમોદન આપ્યું છે. વાસ્તવમાં પાણિનિના મતે તો એ પ્રાતિપદિકો અવ્યુત્પન્ન જ છે તેથી અષ્ટાધ્યાયીની ઊણપ દૂર થાય તે માટે એ

---

नोत्पादिता । किं तर्हि । एवंभूता एव स्मर्यन्ते । दी० (પૃ. ૪૬) છતાં જુઓ કા.ન્યાસ एतद् गणकारः प्रष्टव्यः न सूत्रकारः अन्यो हि गणकारोऽन्यश्च सूत्रकारः ।(૭-૪-૭૫), प्रतिपादितं हि पूर्वं , गणकारः पाणिनिर्न भवति , (૭-૪-૩) सत्यमेतत् न सूत्रकारस्येह गणपाठ इति नासावुपालम्भमर्हति । (૫-૩-૨) પર.

[88] જુઓ : તે સૂત્ર પર एवं तर्हि सिद्धे सति यदादिग्रहणं करोति तज्ज्ञापयत्याचार्यः अस्ति च पाठो बाह्यश्च सूत्राद् इति ॥ किमेतस्य ज्ञापने प्रयोजनम् ? पाठेन धातुसंज्ञेत्येतदुपपन्नं भवति । भा० તે પર કૈ. ये धातुपाठे पठितास्तेषामेव धातुसंज्ञा । - -तत्र सूत्रवार्तिक -भाष्यगणेषु ये पठ्यन्ते तेपि सूत्रकारादिप्रामाण्याद्धातुत्वेनाश्रयणीयाः ॥ प्र० (ચૌખં.ભા.૨,પૃ.૧૧૨).

[89] જુઓ: ગોલ્ડ.(પૃ.૨૦૦પાદટી. ૨૨૧,પૃ.૫૮,૫૯ વ.) તથા भूवादयो धातवः ॥पा० ના ભાષ્ય પર ये धातुपाठे पठितास्तेषामेव धातुसंज्ञा । तेषां च पाठो नोपलक्षणार्थः अपि तु इयत्ताप्रतिपादनार्थः । प्र० ધાતુપાઠમાંથી પણ કેટલાક ધાતુ લુપ્ત થયા છે તેમ નાગેશ નોંધે છે.(तेन च पूर्वं धातुपाठे पठितानामिदानीं पाठभ्रंशोऽनुमीयत इति भावः । उ०) cf. Sanskrit Dhatupatha pp16ff.

[90] (cf. ibid p.91 ff.).

[91] A Dictionary of Sanskrit Grammar (Proff. K.V Abhyankar & J.M. Shukla.)

[92] તથા તે સૂત્ર પર ન્યાસઃ पुराणगाः पुराणं व्याकरणं चिरन्तनत्वात् । तद्गायन्त्यधीयते ये ते पुराणगाः ॥ न्यास० અને तन्त्रान्तरे आपिशले व्याकरणे । न्या०

[93] (૩-૩-૧) પર नाम च धातुजमाह निरुक्ते व्याकरणे शकटस्य च तोकम् । भा० नाम એ અન્ય આચાર્યોએ કરેલ પ્રાતિપદિકની સંજ્ઞા છે. (नाम प्रातिपदिकं तस्य हीयमन्याचार्यकृता संज्ञा । न्यास० (એ સૂત્રની કા.પર.)

[94] જુઓ: यत्र विशेषपदार्थसमुत्थं प्रत्ययतः प्रकृतेश्च तदूह्यम् ॥ वा० ॥ संज्ञासु धातुरूपाणि प्रत्ययाश्च ततः परे । कार्याद्विद्यादनूबन्धमेतच्छास्त्रमुणादिषु ॥ भा० (૩-૩-૧) પર.

[95] જુઓ: ગોલ્ડ. પૃ.(૧૬૯)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂત્રો પછીથી ઉમેરવામાં આવ્યાં હોય તે પણ સંભવિત છે.[95] વળી પાણિનિએ પ્રત્યેક શબ્દની ધાતુમાંથી વ્યુત્પત્તિ કરવાનો આગ્રહ નથી રાખ્યો કારણ કે તેમના મતે કેટલાક શબ્દો અવ્યુત્પન્ન છે તેથી જ ભાષ્યમાં અનેક સ્થળે **उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि** ।[96] એમ કહ્યું છે. પાણિનિએ અનેક પદોનું સૂત્રો દ્વારા (**ताभ्यामन्यत्रोणादयः** ॥३।४।७५॥ એમ કહીને) નિપાતન કર્યું છે, **पृषोदर** વગેરે શબ્દ રૂપો વિશે શાસ્ત્રમાં લોપ, આગમ, વિકાર વગેરેનું વિધાન કરવામાં આવ્યું નથી છતાં તેવાં રૂપો જોવામાં આવે છે તેથી શિષ્ટોએ તેમને જે રીતે ઉચ્ચાર્યાં હોય તેવાં જ તેમને સાધુ તરીકે સ્વીકારવાં જોઈએ છે. **पृषोदरादीनि च यथोपदिष्टम्** ॥ (૬-૩-૧૦૯)[98] અને જેમાં વ્યુત્પત્તિનો નિયમ નથી તેવા **ब्रह्मणाच्छंसी , इन्द्रिय , तादृक्** વગેરે જેવા રૂઢિ શબ્દોની વિવિધ સૂત્ર દ્વારા સ્પષ્ટતા કરી છે, કારણ કે રૂઢિ શબ્દની વ્યુત્પત્તિ કરવામાં આવે છે ત્યારે ઘટક અવયવો અર્થયુક્ત જ હોવા જોઈએ તેમ નથી.[99] પાણિનિએ આ સૂત્રો રચ્યાં છે તેથી **उणादि** સૂત્રોના કર્તા પાણિનિ હોય તે સંભવિત નથી. તેથી જ ભર્તૃ. કહે છે કે પાણિનિએ **गर्ग** વગેરેનો પાઠ કર્યો છે તે પણ તેમણે ઉત્પન્ન કર્યા નથી એ તો જેવા છે તેવાનું જ તેમણે સ્મરણ કર્યું છે અને તેમનો જેમ પાઠ કર્યો છે તેમ બીજા પણ શબ્દોનું **उणादयो बहुलम्** ॥ એમ કહીને પ્રતિપાદન કર્યું છે. તે દ્વારા શિષ્ટોના પ્રયોગને જોઈને પ્રકૃતિ અને પ્રત્યયની કલ્પના કરી લેવી. આમ અવ્યુત્પન્ન શબ્દોને અનુલક્ષીને પાણિનિ- એ એથી વધારે કહ્યું નથી એમ ભર્તૃ.નો મત જણાય છે.[100] અત્યારે ઉપલબ્ધ **उणादि** સૂત્રો, 'નામ ધાતુમાંથી ઉત્પન્ન થાય છે' એ

---

[96] જુઓ: उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि । भा० અ. પર अबुधबोधनाय व्युत्पाद्यमाना अप्युणादयो व्युत्पत्तिकार्यं न लभन्ते । प्र० જુઓ (૮-૩-૫૯) ઉપર ભાષ્ય તથા (૭-૧-૨) પર प्रातिपदिकविज्ञानाच्च पाणिनेः । वा० ત્યાં નાગેશ अत्र पाणिनिरित्युक्त्या सर्पिषा यजुषेत्यादि कतिपयातिरिक्तोणादिषु पाणिनेरव्युत्पत्तिपक्ष एवाभिप्रेत इति दर्शयति । उ० તથા (પા. ૩-૩-૧) પર: नैगमाश्च रूढिभवाश्चौणादिकाः सुसाधवः कथं स्युः । भा० अपरिपूर्णानां हि पूर्णत्वं बहुलग्रहणेन क्रियत इति नैगमरूढिभवानां व्याकरणेऽ -स्मिन् व्युत्पादनादसंदिग्धं साधुत्वमवगम्यत इत्यर्थः । प्र० सुसाधवः कथं स्युरिति भाष्यस्य- अतो बाहुलकमिति शेषः । ते पाणिनिना बोधितसाधुत्वकाः कथं स्युरित्यर्थः । पाणिनिना बोधितसाधुत्वमेव सुसाधुत्वम् , संप्रतिप्रयोगार्हत्वात् ॥ उ० તથા (૮-૩-૫૯) પર उणादयो बहुलमित्यस्योणाद्यन्ताः शब्दाः प्रत्ययप्रकृतिविभागेन व्याकरणान्तरे साधितास्तत्र सकलकार्यसिद्ध्यर्थं बहुल- ग्रहणं , मच्छास्त्रे चाव्युत्पन्नानामपि तेषां सकलकार्यसिद्ध्यर्थं बहुलग्रहणं कर्तव्यमित्याहुः ॥ उ० (ચૌ.ખં.ભા.૬ ખં. ૨,પૃ.૧૮૯).
સર. The Astadhyayi of Panini Vol I-Joshi & J.A.F. Roogbergen (p.8). ત્યાં (પા. ૩-૨-૧ અને ૨) તથા (પા. ૩-૪-૭૫) સૂત્રોને પ્રક્ષિપ્ત કહ્યાં છે.

[97] જુઓ: प्रत्ययस्य लुक्श्लुलुपः ॥(૧-૧-૬૨), आयनेयी० ॥ (૭-૧-૧), नेड्वशि कृति ॥(૭-૨-૮), ठस्येकः ॥ (૭-૩-૫૦), उपधायां च ॥ (૮-૨-૭૮), इणः षः ॥ (૮-૩-૩૯), વગેરે સૂત્રો પરનું ભાષ્ય.

[98] જુઓ: पृषोदरादीनि शब्दरूपाणि येषु लोपागमवर्णविकाराः शास्त्रेण न विहिताः, दृश्यन्ते च , तानि यथोपदिष्टं साधूनि भवन्ति । का० તથા અ. સૂત્ર પર यानि शिष्टैरुपदिष्टानि प्रयुक्तानि तानि तथैवानुगन्तव्यानि । का०, તથા प्रातिपदिकान्यपि शुद्धानि पठ्यन्ते । यानि तर्ह्यग्रहणानि (डित्थादीनि । कार्यविधायकृतानुवादानि ।उ०) प्रातिपदिकानि । एतेषामपि स्वरवर्णानुपूर्वीज्ञानार्थं उपदेशः कर्तव्यः । भा० एषामिति । शिष्टप्रयुक्तत्वेनोणादीनां च साधुत्वाभ्यनुज्ञानात्सर्वेषामत्र संग्रहः सिद्धः ॥ प्र० (ચૌ.ખં.ભા.૧,પૃ. ૮૫)

[99] रूढिरेषा- - -यद्येषा रूढिर्न स्याद् व्युत्पत्तेरनियमो न स्यात् । - - रूढिशब्दानां हि कथञ्चिद् व्युत्पत्तिः क्रियते परिकल्पितेनावयवा- र्थेन । न्या० ५-२-६३ પર તથા रूढिशब्दा हि नावश्यं सतैवावयवार्थेन व्युत्पाद्यन्ते , अपि तु असतापि तैलपायिकादिवत् । न्यास० (૬-૩-૫૨), तादृगादयो हि रुढिशब्दप्रकारा नात्र दर्शनक्रिया वर्तते । का०, रूढिशब्देषु नावयवार्थेन भवितव्यम् । न्या० (૩-૨-૬૦).

[100] अथ ये न व्युत्पाद्यन्ते तेषां कः वृतान्तः । उच्यते । एतमर्थं प्रतिपादयति । येऽप्येते गर्गादयः पठिताः एतेऽपि न पाणिनिना उत्पादिताः । किं तर्हि । एवं भृता एव स्मर्यन्ते । यथैव त एवंभूता एव स्मर्यन्ते एवमन्येऽपि शब्दाः सामान्येन प्रतिपादिता उणादयो बहुलमिति । अनेन प्रत्ययतः प्रकृतेश्च तदूह्यमिति । शिष्टप्रयोगमभिसमीक्ष्य प्रकृतिरूहितव्या प्रत्ययश्च ॥ दी० (પૃ.૪૬) પાણિનિએ સ્વીકાર્યો છે તેથી ભાષ્યમાં उणादिનો આધાર લીધો છે (દા.ત. वधकर्मिति नायं ण्वुल् अन्योऽयमकशब्दः किदौणादिकः ।,(કિ.પૃ. ૧૩૬) नायं ण्वुल् अन्योऽयमकशब्दः किदौणादिकः । (કિ.પૃ.૧૩૯) વગેરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નૈરુક્તોના મતને અનુસરનાર શાકટાયને રચેલાં છે તેમ નાગેશ કહે છે. આ સૂત્રો કેટલાકના મતે શાકટાયન વગેરેએ રચેલાં અન્ય વ્યાકરણમાંથી વિદ્વાનોએ સંગ્રહેલાં છે એમ પણ નાગેશ કહે છે.[101]

(૪) **पाणिनीयशिक्षा** : વર્ણોના ઉચ્ચારણ માટેની આ કૃતિ વેદાંગ છે. તે પાણિનિએ રચી છે તેમ કહેવાય છે. પરંતુ અત્યારે જે પાણિનીયશિક્ષા ઉપલબ્ધ છે તે પ્રમાણમાં અર્વાચીન છે તેમ તેના પ્રથમ તેમ જ અંતિમ શ્લોકો પરથી સ્પષ્ટ સમજાય છે આ ગ્રન્થ પાણિનિના શિષ્યે રચ્યો છે તેમ વાસુદેવ દીક્ષિત કહે છે.[102] પરંતુ સર્વ વેદને માટે સમાન, પાંચ ખંડમાં વહેંચાયેલી અને **अथ शिक्षां प्रवक्ष्यामि ॥** એ વચનથી શરૂ થતી **शिक्षा** પાણિનિએ પ્રકાશિત કરેલ છે એમ મધુસૂદન સરસ્વતી કહે છે.[103]

(૫) **जाम्बवतीविजय / पातालविजय** નામના મહાકાવ્યની રચના પાણિનિએ કરી હશે તેમ જણાય છે. રુદ્રટના કાવ્યાલંકારના ટિપ્પણીકાર નમિસાધુએ મહાકવિઓ પણ અપશબ્દ પ્રયોજે છે તેના દૃષ્ટાન્ત રૂપે પાણિનિના પાતાલવિજયમાંથી બે શ્લોક ઉદ્ધર્યા છે.[104] રાજશેખરને નામે એક શ્લોક સૂક્તિમુક્તાવલીમાં તેમ જ હારાવલીમાં આપ્યો છે. તેમાં કહે છે કે રુદ્રની કૃપાથી પાણિનિએ પહેલાં વ્યાકરણ રચ્યું ત્યાર પછી **जाम्बवतीजय** કાવ્ય રચ્યું.[105]

<u>પાણિનિની શૈલી</u> : સૂત્રાત્મક રચના દ્વારા પાણિનિએ ગાગરમાં સાગરની જેમ સમગ્ર વ્યાકરણના વિષયને પોતાના ગ્રંથમાં આવરી લીધો છે. તેમણે માહેશ્વર સૂત્રો, અનુબન્ધો, પ્રત્યાહારો (**मात्रच्** જેવા પ્રત્યાહાર પણ લઈને), टि, घु જેવી વિવિધ સંજ્ઞાઓ, પૂર્વત્રાસિદ્ધ, યથાસંખ્ય, અધિકાર સૂત્રો, પરિભાષા સૂત્રો વગેરે દ્વારા લાઘવ સિદ્ધ કર્યું છે. સૂત્રકારની કાર્ય પદ્ધતિ વિશે, તેમની વિચિત્રતા અર્થાત્ વિશિષ્ટતા વિશે ભાષ્યકાર, કૈયટ, નાગેશ, કાશિકાકાર વગેરે વિધાન કરે છે. જેમ કે ભાષ્યમાં કહે છે કે વિભક્તિ પ્રત્યયોને **एक** વગેરે સંખ્યાના અર્થમાં લઈ શકાશે કારણ કે **एक** વગેરેને લગતા સૂત્ર અને વિભક્તિના સૂત્રનું એક વાક્ય બને છે. તો પછી સૂત્રકારે એક વગેરે સંખ્યાને લગતાં સૂત્ર અને **सुप्** પ્રત્યયને લગતા સૂત્રને ભિન્ન સ્થળે કેમ મૂક્યાં છે ? તેના ઉત્તરમાં ભાષ્યકાર કહે છે કે ભિન્ન સૂત્રો રચીને સૂત્રકાર માત્ર પોતાની કુશળતા (**कौशलमात्रम्**) બતાવે છે, જેથી પોતે

---

[101] જુઓ (પા. ૩-૩-૧) પર પ્ર. ઉ. उणादय इत्येव सूत्रमुणादीनां शास्त्रान्तर-(व्याकरणान्तरेत्यर्थः । उ०)-पठितानां साधुत्वाऽभ्यनुज्ञानार्थम् । प्र०, अन्यैरप्याचार्यैः शब्दानां प्रकृत्यादिविभागेन व्युत्पादनमभ्युपगतं- - । प्र० अन्यैरित्यादिना । पाणिनिस्तु तान्यव्यु-त्पन्नान्येवेति भावः । इदं चायनेवीर्नीतिसूत्रे भाष्ये स्पष्टम् ॥ एवं च कृवापेत्युणादिसूत्राणि <u>शाकटायनस्येति</u> सूचितम् ॥ उ० तथा प्राय उणादिप्रत्ययान्ता रूढिशब्दा अवयवार्थशून्या असन्तमप्यवयवार्थमाश्रित्य व्युत्पाद्यन्ते ।- - अत्र वदन्ति सर्वं नाम धातुजमिति नैरुक्तमतानुसारि<u>शाकटायनादिप्रणीतव्याकरणान्तरादभियुक्तैः संगृहीतानि</u> । अत एव उणादयो बहुलम् इति सूत्रे बहुलवचनं किमर्थम् इति प्रतीकमुपादाय उणादय इत्येव शास्त्रान्तरपठितानां साधुत्वाभ्यनुज्ञानार्थमस्त्विति भावः । इति कैयटेनोक्तम् । न ह्येषां पाणिनीय-त्वे शास्त्रान्तरशब्दप्रयोगो युज्यते ॥ लघु०श०शे० (ભા. ૨,પૃ. ૮૦૬) તે પર व्याकरणान्तरादिति । व्याकरणान्तरोक्तानामप्येषां साधु-त्वे चानुमानमेव प्रमाणम् । उणादिप्रत्ययाः साधवः पाणिनिकर्तृकानुवादविषयत्वात् इति । अत एव व्याकरणान्तरीयत्वेऽपि साधुत्व-स्याभिप्रेतत्वात् । भैरवी ० આમ અન્ય વ્યાકરણમાંના હોવા છતાં પાણિનિએ તેમને અનુમતિ આપી છે તેથી તે સાધુ ગણાય.

[102] જુઓ अथ शिक्षां प्रवक्ष्यामि पाणिनीयं मतं यथा । (પા.શિ. ૧ અ.બ.) અને शंकरः शांकरी प्रादादाक्षीपुत्राय धीमते । (અજન. ૫૬ અબ) તેમ જ तस्मै पाणिनये नमः । (અજન. ૫૭,૫૮ અને ૫૯ ના ક) तदुक्तं पाणिनीशिष्यप्रणीतशिक्षायाम् येनाक्षरसमा० । बाल० म० સિ.કૌ.ભા.૧(મોતી.બ.૧૯૬૬).

[103] જુઓ : तत्र सर्ववेदसाधारणी शिक्षा अथ शिक्षां प्रवक्ष्यामीत्यादिपञ्चखण्डात्मिका पाणिनिना प्रकाशिता । પ્ર.ભેદ (પૃ.૧૧).

[104] જુઓ: पाणिनेः पातालविजये० सन्ध्यावधू गृह्य करेण इत्यत्र क्त्वो ल्यबादेशः । तथा तस्यैव कवेः 'गतेऽर्धरात्रे - - अपश्यती वत्समिवेन्दुबिम्बम्०' इत्यत्र पश्यती इदं लुप्त-न्ती-नकारं पदम् । (કાવ્યાલંકાર અ. ૨,શ્લો. ૭ પર નમિસાધુ). शार्ङ्गधरपद्धति માં उपोढरागेण विलोलतारकं तथा गृहीतं शशिना निशा मुखम्० (આ શ્લોક ધ્વન્યાલોકમાં પણ છે), क्षपां क्षामीकृत्य प्रसभमपहृत्याम्बु सरिताम् વગેરે અન્ય શ્લોકો પણ शार्ङ्ग० ઉદ્ધર્યા છે.(ચો.ખં.ભા.૧,પ્રસ્તાવના પૃ. ૭)

[105] स्वस्ति पाणिनये तस्मै यस्य रुद्रप्रसादतः । आदौ व्याकरणं काव्यमनु जाम्बवतीजयम् ॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેટેક વધારે કહી શકે. અર્થાત્ तिङ् ને લાગતાં વિધિ વાક્યો સાથે પણ તેની એકવાક્યતા થાય તે માટે.[106] (૪-૨-૬૮ થી ૭૦) એ એક જ સૂત્ર છે કે ભિન્ન સૂત્રો એ પ્રશ્નની ભાષ્યમાં ચર્ચા છે. જો એક સૂત્ર હોય તો **देशे तन्नास्ति** ની અનુવૃત્તિ કરવી પડે, પરંતુ એક જ સૂત્રમાં અનુવૃત્તિ ન થાય, તેથી **तद्वेदतदधीते** ॥ માં **तद्** નું બે વાર ગ્રહણ કર્યું છે. તેની સામે સિદ્ધાન્તી કહે છે કે **तदस्यास्त्यस्मिन्निति मतुप्** ॥ માં **तद्** નું બે વાર ગ્રહણ નથી કર્યું તેથી સમજાય છે કે એક સૂત્રમાં અનુવૃત્તિ થાય છે. પૂર્વપક્ષી પૂછે છે, "તો પછી **तदधीते तद्वेद** ॥ માં સૂત્રકારે **तद्** નું બે વાર ગ્રહણ કેમ કર્યું છે?" ભાષ્યકાર ઉત્તર આપે છે, " તે તો સૂત્રકારના પ્રમાદને કારણે થયું છે (**प्रमादकृतम्**)."[107] **औङ आपः** ॥ માં **ओ**-કારને **ङित्** કર્યો છે પણ **ओ**-કાર તો **ङित्** હોતો નથી. તેથી તે વિશે પ્રશ્ન કરે છે કે આ તે કેવી રીત છે (**कोऽयं प्रकारः ?** ના. કહે છે કે આ અયોગ્ય નિર્દેશ છે.) વાર્તિકમાં ખુલાસો કરે છે કે એ વર્ણ છે તેથી અનુબન્ધ લગાડ્યા છતાં લોપ નથી આવતો. અથવા પૂર્વસૂત્ર દ્વારા નિર્દેશ છે એમ સમજવું.

<u>પાણિનિનું મહત્ત્વ અને પ્રામાણ્ય</u> (Authority) : આગળ જોયું કે પાણિનિ પૂર્વે અનેક વૈયાકરણો થઈ ગયા અને અનેક વ્યાકરણો રચાયાં હતાં. આમ છતાં વ્યાકરણ ક્ષેત્રે તેમનું સ્થાન એટલું ઊંચું છે, તેમનો પ્રભાવ એટલો પ્રબળ છે કે પૂર્વે થએલી લગભગ બધી કૃતિઓ અંધકારમાં લીન થઈ ગઈ અને પાણિનીય[108] વ્યાકરણની સર્વત્ર આણ પ્રવર્તવા લાગી. તેમની કૃતિ ઉપર શ્રૌતસૂત્રકાર કાત્યાયને તેમ જ અનેક વાર્તિકકારોએ વાર્તિકો લખી, કુણિ, ચુલ્લિ વગેરેએ વૃત્તિઓ રચી, વ્યાડિએ સંગ્રહ રચ્યો.[109] અને પતંજલિએ મહાભાષ્યની રચના કરી. સૂત્રકાર પ્રત્યેનો ભાષ્યકારનો આદર અને ભક્તિપૂર્ણ શ્રદ્ધા પાણિનિને વિશેનાં તેમનાં અનેક વિધાનો પરથી સમજી શકાય છે. ભાષ્યકાર પસ્પશામાં કહે છે કે માંગલિક આચાર્યે રચેલ આ શાસ્ત્રમાં એક વર્ણ પણ નિરર્થક ન હોઈ શકે તો પછી એક આખું સૂત્ર તો ક્યાંથી અર્થહીન હોય! **इको यणचि** ॥ પરની એક શ્લોક- વાર્તિકમાં પણ કહ્યું છે કે ભગવાન પાણિનિએ જે શાસ્ત્ર કર્યું છે તેમાં કંઈ અર્થહીન ન હોઈ શકે. અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં કંઈ જ નિરર્થક ન હોય તો પછી સૂત્રોનું પ્રત્યાખ્યાન શા માટે કરવામાં આવે છે? તેના ઉત્તરમાં તે વાર્તિક પરના ઉદ્યોતમાં નાગેશ કહે છે કે સૂત્રનું પ્રત્યાખ્યાન પણ સ્પષ્ટ બોધ થાય તે માટે છે જેથી શુષ્ક તર્કને આધારે કોઈ અવળો જ અર્થ ન કાઢે. અર્થાત્ પ્રત્યાખ્યાન પણ સૂત્રકારના અનાદર માટે કરવામાં નથી આવતું એમ ટીકાકારો સૂચવવા માગે છે.[110] "સૂત્રનો અન્ય રીતે ન્યાસ કરવાથી એટલે કે સૂત્રમાં સહેજ ફેર કરીને અર્થઘટન કરવાથી કાર્ય સિદ્ધ થઈ શકશે," એ

---

[106] જુઓ: ङ्याप्प्रातिपदिकात् ॥ (૪-૧-૧) સૂત્ર પર कथं पुनरिहोच्यमानाः स्वादय एकत्वादिष्वर्थेषु शक्या विज्ञातुम्। एकवाक्यत्वात्। एकं वाक्यं तच्चेदं च। यद्येकं वाक्यं तच्चेदं च किमर्थं नानादेशस्थं क्रियते। <u>कौशल</u>मेतदाचार्यो दर्शयति यदेकं वाक्यं सन्नानादेशस्थं करोति अन्यदपि किंचित्संग्रहीष्यामीति ॥ भा० प्र०

[107] किं पुनरयमेको योग आहोस्विन्नाना योगाः। किं चातः। यद्येको योगः उत्तरेष्वथदिशन्तेषु देशे तन्नाम्नि देशे तन्नाम्नि इत्यनुवृत्तिः कर्तव्या, न ह्येकयोगेऽनुवृत्तिर्भवति। कथं ज्ञायते ? यदयं तदधीते तद्वेद इति द्विस्तद्ग्रहणं करोति। - - अस्तु तावदेको योगः।- - न ह्येकयोगेऽनुवृत्ति भवतीति। एकयोगेऽप्यनुवृत्तिर्भवति। कथं ज्ञायते। यदयं तदस्यास्त्यस्मिन्निति मतुप्। इति द्विस्तद्ग्रहणं न करोति। कथं तदधीते तद्वेद इति। प्रमादकृतमाचार्यस्य शक्यमकर्तुम् ॥ भा० (ચૌ.ખં.ભા.૪,પૃ.૮૦).

[108] જુઓ: उपज्ञाते ॥४।३।११५॥ विनोपदेशेन ज्ञातमुपज्ञानम्। स्वयमभिसंबद्धमित्यर्थः। पाणिनिनोपज्ञातं पाणिनीयम्। का०

[109] तत्र च वृत्तिः पाणिनिप्रणीतानां सूत्राणां विवरणं चुल्लिभट्टिनल्लूर (निर्लू) रादिविरचितम् । (ન્યાસ.ભા.૧,પૃ.૪) ભર્તૃ. નામ આપ્યા વિના અનેક વૃત્તિકારનો ઉલ્લેખ કરે છે: अयमेव चार्थो वृत्तिकारैः प्रदर्शितः। एवं च केचिद् वृत्तिकारा धातुलोप इति किमर्थं पठन्ति। दी० (પૃ.૧૧૨).

[110] જુઓ: प्रमाणभूत आचार्यो दर्भपवित्रपाणिः शुचावकाशे प्राङ्मुख उपविश्य महता यत्नेन सूत्रं प्रणयति स्म तत्राशक्यं वर्णेनाप्यनर्थकेन भवितुं किं पुनरियता सूत्रेण। (કિ.પૃ.૩૮). सामर्थ्ययोगान्नहि किञ्चिदस्मिन्पश्यामि शास्त्रे यदनर्थकं स्यात् ॥ (૬-૧-૭૭) પર મહાભાષ્ય. शास्त्रसामर्थ्यात् सूत्रार्थव्यवस्थापनान्न किञ्चित् पदमात्रमपीहानर्थकमित्यर्थः ॥ (कै०) જુઓ નાગેશ: पदमात्रमपीति। यत्र तु प्रत्याख्यायते तत्र स्पष्टप्रतिपत्त्याद्येव प्रयोजनम्। प्रत्याख्यानं तु तत्सामर्थ्याद्याश्रयणेन शुष्कतर्कैर्विरुद्धकल्पनाकरणाभावयेति द्रष्टव्यम्। उ०, सिद्धत्येवमपाणिनीयं तु भवति। એમ અનેક વાર કહે છે.(કિ.પૃ.૧,૪,૩૯). सूत्रं च भिद्यते। (કિ.પૃ.૪૦,૧૬૪, ૧૬૬ વગેરે). सूत्रं तर्हि भिद्यते। (કિ.પૃ.૬૧,૭૬). सूत्रविपर्यासः कृतो भवति। (કિ.પૃ.૬૮) વ. અનેક વાર ભાષ્યમાં આવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકારની દલીલ ભાષ્યકાર સાંખી શકતા નથી તેમને માટે એમ કરવું તે ધર્મદ્રોહ સમાન છે. તેઓ કહે છે કે ફેર કરવાથી કાર્ય સિદ્ધ તો થાય પરંતુ સૂત્ર ફરી જાય છે, પાણિનિથી વિરુદ્ધ થાય છે (**सूत्रं तर्हि भिद्यते । सूत्रभेदः कृतो भवति । अपाणिनीयं तु भवति ।**). વાર્તિક પણ સૂત્રને જ અનુસરે છે એમ જે કહેવાય છે તે પણ સૂત્રકારનું મહાત્મ્ય સૂચવે છે.[111] શબરસ્વામી મીમાંસા ભાષ્યમાં એક સ્થળે કહે છે કે વાર્તિકકાર કરતાં સૂત્રકાર વધુ શ્રદ્ધેય છે, કારણ કે જે પ્રયોગમાં છે તેને અનુલક્ષીને ભગવાન પાણિનિ વિધાન કરે છે (**सद्वादीत्वात्**), જ્યારે ભગવાન કાત્યાયને જે પ્રયોગમાં નથી (**असत**) તેને વિશે વિધાન કર્યું છે તેથી તેઓ શ્રદ્ધેય નથી. કારણ કે જે સદ્વાદી નથી તે પ્રયોગમાં મળી આવતું હોય તેને જોયા વિના જ કહે છે.[112] પસ્પશામાં કહ્યું છે કે શબ્દોનું જ્ઞાન સૂત્ર દ્વારા જ થાય છે તેથી સૂત્રમાં કહ્યું હોય તેથી વિરુદ્ધ કહેનારને કોઈ સ્વીકારતું નથી.[113] [illegible]- કારના ઉપદેશની જરૂર નથી. તેમ વાર્તિકકારના મતનું ખંડન કરીને સૂત્રકારનું મહત્ત્વ દર્શાવતાં દીક્ષિત કહે છે કે સૂત્રકાર વાર્તિકને જોઈને પ્રવૃત્તિ કરતા નથી. ક્વચિત્ સૂત્રકારના દોષ બતાવવામાં આવ્યા હોય ત્યાં પણ ટીકાકારો સૂત્રકારની તરફેણમાં જ ભાષ્યનો અર્થ કરે છે. **रङ्कोरमनुष्येऽण्च** ॥ એ સૂત્રમાં **अमनुष्ये** અને **अण्** નું ગ્રહણ જરૂરી નથી એમ વાર્તિક અને ભાષ્યમાં કહ્યું છે. કૈયટ તે વિશે કહે છે કે શબ્દની બાબતમાં ભાષ્યકાર અને વાર્તિકકારથી વધારે માહિતગાર કોઈ જ નથી. અહીં નાગેશ કહે છે કે આમ ભાષ્ય પ્રમાણેનું જ લક્ષ્ય છે અર્થાત્ **रङ्कोः** ॥ એટલું જ સૂત્ર હોવું જોઈએ. સૂત્રમાં તો સ્પષ્ટ બોધ થાય તે માટે **अमनुष्य** અને **अण्** નું ગ્રહણ કર્યું છે. અન્ય સ્થળે એક જ સૂત્રમાં અનુવૃત્તિ થઈ શકે છતાં સૂત્રકારે **तदधीते तद्वेद** ॥ માં **तद्** શબ્દ બે વાર પ્રયોજ્યો છે. તેથી કા૦માં તેનું સમર્થન કરતાં કહ્યું છે કે **तद्** નો જે બે વાર પ્રયોગ છે તે અભ્યાસ કરનાર બે વિદ્વાનોનું જુદું જુદું વિધાન કરવા માટે છે. કારણ કે જે અભ્યાસ કરે તે જાણે અને જે જાણે તે અભ્યાસ કરે. ટૂંકમાં ત્યાં સૂત્રકારનો દોષ બતાવ્યો નથી, પરંતુ **तदस्मिन्नस्तीति देशे तन्नाम्नि** ॥ વગેરે સૂત્ર પરના ભાષ્યમાં કહે છે કે આચાર્યના પ્રમાદને કારણે એ થયું છે તેને દૂર કરી શકાય. ભાષ્યનો સૂત્રકાર સાથે વિરોધ ન હોઈ શકે તે સૂચવવા માટે નાગેશ આ વિધાનને એકદેશીની ઉક્તિ તરીકે ઘટાવે છે.[114] આમ સૂત્રકાર કોઈ ભૂલ નથી કરતા એ સૂચવવાના વ્યાખ્યાકારોના પ્રયાસ વિશે ન્યાસકાર કહે છે કે જે વ્યક્તિ પાણિનિના પ્રામાણ્યને સ્વીકારે છે તેણે ગમે તેમ કરીને (**येन केन प्रकारेण**) તેમની રચેલી વસ્તુ સાર્થક છે તેમ સ્વીકારવું જોઈએ. જ્યારે પદમંજરીકાર સૂત્રકારને શબ્દવિદોમાં સર્વશ્રેષ્ઠ તરીકે વર્ણવે છે.[115]

---

(જુઓ: ૨-૨-૫, ૩-૩-૬૦, ૪-૧-૧૫૮, ૭-૧-૧, ૭-૩-૫૪, ૮-૨-૧૦૬, ૮-૪-૩૨ વગેરે પરનું ભાષ્ય). (૭-૩-૧) ના ભાષ્ય પર કૈ. **सूत्र** નો અર્થાત્ અષ્ટાધ્યાયીની યોજના ફરી જશે એમ પણ અર્થ કરે છે (अष्टध्यायीलक्षणं सूत्रं संनिवेशान्तराश्रयणे भिद्यते । प्र०)

[111] एतद्भाष्यप्रामाण्यात् वार्तिकानामपि सूत्रसंमतत्वमाहुः । तदुक्तमभियुक्तैः सूत्रेष्वेव हि तत्सर्वं यद्वृत्तौ यच्च वार्तिके । लघु०श० (ભા. ૧, પૃ. ૧૦૨) તે પર : सूत्रसंमतत्वं सूत्रकारसंमतत्वम् । चन्द्रकला०

[112] જુઓ: अनित्यो हि अस्य नशब्दस्य सुबन्तेन संबन्धेन समास इति वार्तिककारो भगवान् कात्यायनो मन्यते स्म । वावचनानर्थ-क्यं च स्वभावसिद्धत्वादिति । नेति भगवान् पाणिनिः । स हि विभाषा ० (२-१-११) इति प्रकृत्येदृशं समासमुक्तवान् । सद्वादित्वाच्च पाणिनेर्वचनं प्रमाणम् । असद्वादित्वान्न कात्यायनस्य । असद्वादी हि विद्यमानमप्यनुपलभ्य ब्रूयात् । तस्मात्पर्युदास इति ॥ મી.સૂ. (૮-૨-૪) ઉપર. અહીં **असद्वादित्वात्** એટલે અસત્યવાદી એમ સમજવાનું નથી. વ્યાકરણ શાસ્ત્ર **सत्** નું અર્થાત્ જે પ્રયોગમાં ઉપલબ્ધ છે તેનું સ્પષ્ટીકરણ કરે છે. એમ વારંવાર ભાષ્ય અને વાર્તિકમાં કહે છે. જુઓ : प्रत्ययलोपे प्रत्ययलक्षणम् ॥ સૂત્ર પર सदन्वाख्यानाच्छास्त्रस्य । વા. અને सत् शास्त्रेणान्वाख्यायते ०भा० અહીં सत् શબ્દને સ્પષ્ટ કરતાં કૈ: सत् शास्त्रेणेति । शास्त्रेण करणेनाचार्यः स्मर्ता सत विद्यमानं वस्तु निमित्तत्वेनान्वाचष्टे ॥ प्र० સર: યુ.મી. असद्वादी એટલે અસત્યવાદી (જૂઠું બોલનાર) એમ અર્થ કરીને વિરોધ દર્શાવે છે.(વ્યા.શા.ઇ.પૃ. ૨૧૪), પરંતુ તે પ્રદીપના સ્પષ્ટીકરણ સાથે સંગત નથી.

[113] सूत्रत एव हि शब्दान प्रतिपद्यन्ते । आतश्च सूत्रत एव । यो ह्युत्सूत्रं कथयेन्नादो गृह्येत । भा० જુઓ: ભર્તૃ.દી.(પૃ.૪૧).

[114] एकयोगेऽप्यनुवृत्तिर्भवति । कथं ज्ञायते । यदयं तदस्यास्त्यस्मिन्निति मतुप् । इति द्विस्तद्ग्रहणं करोति । कथं तदधीते तद्वेद । प्रमादकृतमाचार्यस्य , शक्यमकर्तुम । તે પર शिष्याणां सुखावबोधाय लाघवं प्रत्यनवधानलक्षणेन प्रमादेन कृतमिति । प्र० नन्वाचार्य-स्य प्रमादोऽनुपपन्नोऽत-- आह शिष्याणामिति ।- -केचित्तु तद्भाष्यविरोधादेकदेश्युक्तिरिति तवाप्यावश्यकम् । उ०

[115] જુઓ: तस्मात् तस्य प्रामाण्यमभ्युपगच्छता सर्वं तत्प्रणीतं येन केन प्रकारेण सार्थकमभ्युपेयम् । न्यास० (ભા. ૧, પૃ. ૬૩) તથા एको गोत्रे ॥ (૪-૧-૯૩) પર सूत्रकारश्च शब्दविदां मूर्धाभिषिक्तः सूत्रयति । पद०



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

<u>પાણિનિની વિશિષ્ટ પરિભાષા</u> (metalanguage): આધુનિક કમ્પ્યુટર યુગમાં મેટાલેંગ્વેજ શબ્દ ખૂબ જ જાણીતો છે, કારણ કે કમ્પ્યુટરમાં અનેક પ્રકારની પરિભાષા (મેટાલેંગ્વેજ) ઉપયોગમાં લેવાય છે. પરંતુ આવી પરિભાષાનો વિશ્વમાં સર્વ પ્રથમ પ્રયોગ ભગવાન પાણિનિએ તેમની અષ્ટાધ્યાયીમાં કર્યો છે.[116] આ પ્રકારની વિશિષ્ટ ભાષાને ગદાધર ભટ્ટ **परिभाषा** કહી છે[117] અને તે દ્વારા અર્થનો બોધ કરાવનાર પદ તે પારિભાષિક (પદ). પાણિનિએ પોતે **उपदेश** શબ્દનો પ્રયોગ કરીને વિશિષ્ટ પરિભાષાનું સૂચન કર્યું છે અને **वैयाकरणाख्यायां चतुर्थ्याः** ॥ (૬-૩-૭) માં **वैयाकरणाख्या** શબ્દ પ્રયોજ્યો છે. જે સંજ્ઞા[118] દ્વારા વૈયાકરણો જ વ્યવહાર કરે છે તે **वैयाकरणाख्या** એમ કાશિકા સ્પષ્ટ કરે છે.[119] આથી જ શબરસ્વામી એ ઉદ્ધરેલ વૃત્તિકાર કહે છે કે પાણિનિ સિવાયનાએ અથવા પાણિનિને ન સ્વીકારનારે કરેલ **वृद्धि** એ શબ્દના પ્રયોગ ઉપરથી લોકોને **आत्** અને **ऐच्** ની પ્રતીતિ થાય તે સંભવિત નથી.[120] જૈમિની સૂત્રો વિશે પ્રારંભમાં શબરસ્વામી કહે છે કે શક્ય હોય ત્યાં પદોનો લોક વ્યવહારમાં જે જાણીતો અર્થ હોય છે તે જ અર્થમાં તેમને સૂત્રોમાં પ્રયોજવામાં આવ્યો છે તેમ જાણવું.[121] પરંતુ અષ્ટાધ્યાયીમાં પાણિનિએ સંજ્ઞાઓ પારિભાષિક તેમ જ લૌકિક અર્થમાં, એટલે કે કૃત્રિમ તેમ જ અકૃત્રિમ ,સંજ્ઞાઓ પ્રયોજી છે.[122] છતાં **विभाषा** સંજ્ઞા વિશે ભાષ્યકાર કહે છે કે એ સંજ્ઞા ન હોય તો પણ વિભાષા શબ્દ અનિત્યને સૂચવે છે એમ સમજાય છે.[123] તેથી જ **मेध्यो पशुर्विभाषितः** । એમ કહે ત્યારે મીમાંસકો પોતાના શાસ્ત્રમાં અન્ય શાસ્ત્રની સંજ્ઞા પ્રયોજતા નથી તેથી વ્યાકરણમાં કરેલ સંજ્ઞાના જ્ઞાન વિના જ સમજી શકે છે કે **मेध्यो पशु** ० એ વિધિ અનિત્ય છે. પાણિનિએ અનેક પુરોગામીઓના ઉલ્લેખ કર્યા છે અને વૃત્તિકારો , ટીકાકારોએ અનેક સ્થળે સૂચવ્યું છે તેમ તેમણે એ પુરોગામીઓની સંજ્ઞાઓ પણ અપનાવી છે તેથી તેઓનો પણ કંઈક અંશે આ પરિભાષાના ઘડતરમાં ફાળો હોઈ શકે.[124]

---

[116] Panini should be thought of as the forerunner of the modern formal language theory used to specify computer languages. The Bacus Normal Form was discovered independently by John Bacus in 1959, but Panini's notation is equivalent in its power to that of Bacus and has many similar properties. – P.Z. Ingerman, 'Panini-Bacus form' suggested, Communications of ACM 10 (3) (1967), 137.

[117] तत्र आधुनिकः सङ्केतः परिभाषा । तया अर्थबोधकं पदं पारिभाषिकं यथा शास्त्रकारादिसंकेतितनदीवृद्धादिपदम् । શક્તિવાદ (ચોખં. પૃ.૫ )

[118] संज्ञा શબ્દ પારિભાષિક શબ્દ માટે પણ પાણિનિએ પ્રયોજ્યો છે. જેમ કે आकडारदेकासंज्ञा ॥ અહીં સંજ્ઞા શબ્દ પારિભાષિક છે. स्वं रूपं शद्बस्याशद्बसंज्ञा ॥ માં પણ પારિભાષિક જ છે, નામના અર્થમાં નથી..(cp.Albrecht Wezler: Some observations On The Grammatical Terminology Of Panini p.365) જુઓ: स्वं रूपं ० ઉપર शद्बशद्बेन चाभेदोपचारात् व्याकरण -मुच्यते । शद्बे संज्ञा शद्बसंज्ञा । पद०. शद्बग्रहणम् व्याकरणे या संज्ञा तस्या एव प्रतिषेधो न लौकिक्या इति प्रदर्शनार्थम् । न्यास०

[119] वैयाकरणाख्यायां चतुर्थ्याः ॥ (૬-૩-૭) સૂત્ર પર यदि व्याकरणे भवा वैयाकरणी । वैयाकरणी आख्या वैयाकरणाख्या ।-- अथ हि वैयाकरणानामाख्या वैयाकरणाख्या० भा० आख्या शद्बः संज्ञापर्यायः । प्र० तथा वैयाकरणस्याख्या वैयाकरणाख्या । आख्या संज्ञा । यया संज्ञया वैयाकरणा एव व्यवहरन्ति ० (કા.)

[120] न हि वृद्धिशद्बेन अपाणिनेर्व्यवहारतः आदैचः प्रतीयेरन् पाणिनिकृतिमननुमान्यस्य वा ॥ મી.સૂ.(૧-૧-૫) પર શા.ભા.

[121] लोके येष्वर्थेषु प्रसिद्धानि पदानि तानि सति संभवे तदर्थान्येव सूत्रेष्वित्यवगन्तव्यम् ० એજન, મી.સૂ.(૧-૧-૧) પર.

[122] જેમ કે कर्म , करण વગેરે (કે.પૃ.૮૫). विभक्ति (ચોખં.ભા.૨.પૃ.૮૫) વગેરે, જુઓ: (૧-૪-૨૩) પર ભાષ્ય: इह व्याकरणे ये वा एते लोके प्रतीतपदार्थकाः शद्बास्तैर्निर्देशाः (= व्यवहाराः । ना०) क्रियन्ते , या वा एताः कृत्रिमाष्टिघुभादिसंज्ञाः ।

[123] જુઓ याज्ञिकाः खल्वपि संज्ञामनारंभमाणा विभाषेत्युक्तेऽनित्यत्वमवगच्छन्ति । तद्यथा मेध्यः पशुर्विभाषितः० ॥भा० तथा याज्ञिकास्तु भिन्नतन्त्रत्वात् तस्मिन् शास्त्रे शास्त्रान्तरसंज्ञया न व्यवहरेयुरिति । दी० (પૃ.૨૬૧)

[124] જેમ કે आङ् इति टासंज्ञा प्राचाम् । सि०कौ० (૭-૩-૧૨૦ પર). धातुशद्बः पूर्वाचार्यसंज्ञा । का० (૧-૩-૧) પર.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાત્યાયનઃ પાણિનિની અષ્ટાધ્યાયીનું લક્ષ્ય ભાષા છે અને તેનું પૃથક્કરણ કરવું , તેનું લક્ષણ કરવું તે તેનો વિષય છે, પરંતુ ભાષા તો બોલાતી વસ્તુ છે તેમાં વખતોવખત ફેરફાર થયા કરે છે. આમ લક્ષ્યમાં થતા ફેરફારને કારણે લક્ષણ સૂત્રોમાં રહેલ ઊણપ પુરી કરવા તથા સમય જતાં પ્રચારમાં ન રહેલા પ્રયોગો વગેરેને દૂર કરવાના હેતુથી તેના ઉપર વાર્તિકો[125] રચવામાં આવી છે. આમાં કાત્યાયન મુખ્ય વાર્તિકકાર છે[126] ભર્તૃ. તેમને વાક્યકાર અને અનુતંત્રના પ્રણેતા પણ કહે છે. કે. વાર્તિક માટે વ્યાખ્યાનસૂત્ર શબ્દ પણ પ્રયોજે છે[127] વાર્તિક પણ આર્ષવચન છે તેથી ભાષ્યકાર તેને સૂત્ર કહે છે. વાર્તિકકારના વચનને ભાષ્યકાર આધાર રૂપે ઉદ્ધરે છે તે વિશે કે.ના. કહે છે કે વાર્તિકકારનાં વચન પણ સ્મૃતિશાસ્ત્ર છે, અન્ય શાસ્ત્રની વાર્તિકની જેમ માત્ર વ્યાખ્યાન નથી. તેથી ભાષ્યકારે તેમના વચનનો આધાર લીધો છે.[128] ભાષ્યમાં કાત્યાયનનો નામ સાથે ઉલ્લેખ કર્યો છે. ત્યાં તેમની વાર્તિકનું અન્ય વાર્તિકકાર ખંડન કરે છે.[129] તે સિવાય મહાભાષ્યકારે અન્ય વાર્તિકકારોના નામ સાથે અથવા નામ આપ્યા વગર[130] ઉલ્લેખ કર્યો છે. કાત્યાયનનાં કાત્ય, વરરુચિ, પુનર્વસુ ,વગેરે નામો કોષ વગેરેમાં જોવા મળે છે, પરંતુ તે સર્વ એમનાં નામો છે કે તેમનાથી ભિન્ન વ્યક્તિઓનાં તે વિશે મતભેદ છે. હેમચન્દ્ર મેધાજિત્‌ને કાત્યાયનના પર્યાય

---

[125] જુઓ : वृत्तौ साधु वार्तिकम्। कथादिभ्यष्ठक्। पद० (૪-૨-૬૦) પર, જેમાં મુખ્યતયા સૂત્રનો અર્થ બતાવ્યો હોય તે वृत्ति, તેના કરતાં પણ જેમાં સુધારા વધારા સાથે વિશેષ વિવરણ કરવામાં આવ્યું હોય તે વાર્તિક. वृद्धिरादैच्॥ ની संज्ञाधिकारः संज्ञासंप्रत्ययार्थः ॥वा० १॥ પર सूत्रेऽनुक्तदुरुक्तचिन्ताकरत्वं वार्तिकत्वम्। एतेन सूत्रव्याख्यानाय प्रवृत्तस्य कात्यायनस्यायुक्ता दुरुक्तचिन्तेत्यपास्तम्। उ०। उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते। तं ग्रन्थं वार्तिकं प्राहुर्वार्तिकज्ञा मनीषिणः॥ પદ.ભા.૧,પૃ.૯) હા.ત. सनीवन्तर्द्धभ्रस्जदम्भुश्रिस्वृयूर्णुभरज्ञपिसनाम्॥ સૂત્ર પર केचिदत्र भरज्ञपिसनितनिपतिदरिद्राणामिति पठन्ति। એમ પાઠ કરે છે का० केचिदिति वचनात् केचिन्न पठन्तीत्युक्तं भवति। ये तु न पठन्ति तेऽत्र तनिपतिदरिद्राणामुपसंख्यानं कुर्वन्ति। न्या० ये त्वेतन्न पठन्ति ते उपसंख्यानमारभन्ते। पद० આથી સમજાય છે કે ઊણપ પૂરવા માટે ઉપસંખ્યાન કરવામાં આવતું, તેમાં તત્કાલીન પ્રયોગોના અન્તર્ભાવ કરવાનો જ હેતુ હતો.

[126] જુઓ (આ શાસ્ત્રમાં ભાષ્ય એટલે ) तदिह कात्यायनप्रणीतानां वाक्यानां पतञ्जलिप्रणीतं विवरणम्। न्या० (ભા.૧,પૃ.૪)

[127] જુઓ: भाष्यकारो ग्रन्थच्छायार्थं प्रश्नेनोपक्रमते। वाक्यकारस्य तु यस्मात् निर्वर्तके ० (દી.પૃ.૨૯૮) , सूत्राणामनुतंत्राणां भाष्याणां च प्रणेतृभिः॥ (વા.પ.બ્ર. ૨૩),જુઓ: (૮-૨-૬)પર न चेदानीमाचार्याः सूत्राणि कृत्वा निवर्तयन्ति। भा० न चेति। व्याख्यानसूत्रेषु लाघवाऽनादरात्। प्र० व्याख्यानसूत्रेष्विति। वार्त्तिकेष्वित्यर्थः। उ० વાર્તિકમાં સૂત્ર પર વ્યાખ્યાન પણ હોય છે તેથી ના. કહે છે पाणिनिसूत्रव्याख्यानभूतं वार्तिकमवतारयति कथं पुनः०। (ચો.ખં.ભા.૧, પૃ.૫૮).

[128] જુઓ: (૨-૨-૧) પર वार्त्तिकवचनप्रामाण्यात्॥ भा० वार्त्तिककारवचनस्यापि स्मृतिशास्त्रत्वात् प्रामाण्यमाश्रितम्। प्र० स्मृतिशास्त्रत्वादिति। अन्यशास्त्रीयवार्त्तिकवत् नास्मदीयं वार्त्तिकं व्याख्यानमेव- - अन्योयं वार्तिककारो वार्तिककारान्तरीयतद्वचनं प्रमाणान्तरत्वेनाश्रयतीत्यदोषः॥ उ० (ચો.ખં.ભા. ૨,પૃ.૩૪૫) તથા न चेदानीमाचार्याः सूत्राणि कृत्वा निवर्तयन्ति ० અહીં પણ વાર્તિક માટે સૂત્ર શબ્દ પ્રયોજ્યો છે.

[129] लट् स्मे॥ (૩-૨-૧૧૮) પરની स्म पुरा भूतमात्रे न पुरातने। वा० નું પ્રત્યાખ્યાન કરતાં અન્ય વાર્તિકકારઃ स्मादिविधिः पुराद्यविशेषेण किं कृतं भवति न स्मपुराद्यतन इति ब्रुवता कात्यायनेन॥ वा० इतरो वार्तिकप्रत्याख्यानाय मया विकल्पितमेतदित्याह-स्मादिविधिरिति। प्र०

[130] सौनागाः (૩-૨-૫૬,૪-૧-૭૪) આ વાર્તિકકારો વધુ વિસ્તાર પૂર્વક સ્પષ્ટીકરણ કરતા હતા. (જુઓ ૨-૨-૧૮પર एतदेव च सौनागैर्विस्तरतरकेण पठितम्। भा० कात्यायनाभिप्रायमेव प्रदर्शयितुं सौनागैरतिविस्तरेण पठितमित्यर्थः।प्र० ) કોઈ કોઈ સ્થળે તેમણે સૂત્રમાં પણ દોષ બતાવ્યો છે (જેમ કે ६-४-१५५, ६-१-१६५), कोष्ट्रीयाः(१-१-३), भारद्वाजीयाः(१-१-२०), कुणरवाडव (७-३-१), , सौर्य અને वाडव (८-२-१०६), अपरः (६-३-६१), श्लोकवार्तिककारः (यदेवोक्तं वाक्यकारेण वृत्तिसमवायार्थं उपदेश इति तदेव श्लोकवार्तिककारोऽप्याह। દી.પૃ.૯૨) અનેક સ્થળે શ્લોકવાર્તિકો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તરીકે આપે છે.[131] કાત્યાયને ભ્રાજ નામે શ્લોકો રચ્યા હતા[132] અને તે કાઠક શાખાના અને દાક્ષિણાત્ય બ્રાહ્મણ હતા. કાત્યાયન વ્યાડિના અનુગામી હતા, કારણ કે શબ્દનો અર્થ જાતિ છે કે વ્યક્તિ એ સંદર્ભમાં કાત્યાયન કહે છે કે શબ્દનો અર્થ દ્રવ્ય અર્થાત્ જાતિ છે તેમ વ્યાડિનો મત છે.[133] કાત્યાયન પાણિનિના પ્રતિસ્પર્ધી હતા અને વાર્તિકો રચવા પાછળ તેમનાં સૂત્રોનું ખંડન કરવાનો જ તેમનો આશય હતો, તેઓ પાણિનિના કટ્ટર વિરોધી હતા તેમ કેટલાક વિદ્વાનો માને છે[134] તે અનુચિત છે. વાસ્તવમાં કાત્યાયને પાણિનિને આધાર રૂપે ઉદ્ધર્યા છે અને અત્યંત આદરપૂર્વક પણ ઉલ્લેખ્યા છે.[135] કાત્યાયન પાણિનિના સૂત્રનું વ્યાખ્યાન કરે છે,[136] સૂત્રકારની ટીકા કરે છે, તેમના મતનું ખંડન પણ કરે છે. તે રીતે તો ભાષ્ય-કાર પણ વાર્તિકકારનું ખંડન કરે છે તેમ જ સૂત્રનું પ્રત્યાખ્યાન પણ ક્વચિત્ કરે છે,[137] પરંતુ તેથી તેઓ એક બીજાના દોષ જોનારા માત્ર પ્રતિસ્પર્ધી હતા તેમ માનવું એ તો સૂત્રકાર- વાર્તિકકાર- ભાષ્યકારનો પરસ્પર સંબંધ અને ભાષાની શુદ્ધિ જાળવી રાખવાનું તેમનું ધ્યેય ન સમજ્યા સમાન અને તદ્દન અનુચિત છે. ડૉ. થીમે કહે છે કે પાણિનિ અને કાત્યાયનની કૃતિઓ છૂટી ન પાડી શકાય તેમ એક બીજા સાથે વણાએલી છે તેથી તે બેનો ઘનિષ્ઠ અંગત સંબંધ હતો તેમ બતાવીને તેઓ એકબીજાના કટ્ટર વિરોધી હતા તેમ લોકવાયકામાં કહ્યું રાખે છે.[138] પરંતુ ભારતીય પરંપરા પ્રમાણે તો તેમને એક બીજાના પૂરક ગણવામાં આવ્યા છે. તેથી જ આગળ જોઈશું તેમ આ શાસ્ત્ર ત્રિમુનિવ્યાકરણ કહેવાય છે. [139] વાસ્તવમાં વાર્તિકકાર સૂત્રકાર માટે પૂજ્યભાવ પણ દર્શાવે છે. જેમ કે अ अ ॥ સૂત્રની વાર્તિકમાં કાત્યાયન કહે છે કે ભગવાન પાણિનિએ

---

[131] જુઓ (૩-૨-૩) **योनादिष्टादचः पूर्वस्तत्कार्ये स्थानिवत्त्वं हि । प्रोवाच भगवान्कात्यस्तेनासिद्धिर्यणस्तु ते ॥ भा०, कात्यायनो वररुचिर्मेधाजिच्च पुनर्वसुः । अभि० चि०** (૩/૫૧૬)

[132] જુઓ: **कात्यायनप्रणीतेषु भ्राजाख्येषु श्लोकेषु मध्ये पठितोऽयं श्लोकः । पद०** ( ભા. ૧, પૃ. ૧૧) તથા **भ्राजा नाम कात्यायन-प्रणीताः श्लोका इत्याहुः । उ०** (ચૌ.ખં. ભા. ૧ પૃ. ૩૬)

[133] જુઓ: (૧-૨-૬૪) પર **द्रव्याभिधानं व्याडिः ॥वा० ॥** વાર્તિકાર વ્યાડિનો ઉલ્લેખ કરે છે તથા **आचार्योपसर्जनश्चान्तेवासी ॥** (૬-૨-૩૬) ના ભાષ્યમાં વ્યાડિના શિષ્યોનો ઉલ્લેખ છે.(**आपिशलिपाणिनीयव्याडीयगौतमीयाः ॥ भा०**). પ્રથમ આહ્નિકની વાર્તિકમાંના **वृद्धि** શબ્દ નિત્યના અર્થમાં છે તે બાબતમાં આધાર આપતાં ભાષ્યકાર કહે છે કે સંગ્રહમાં પણ **सिद्ध** શબ્દ તે અર્થમાં જ પ્રયોજ્યો છે. સંગ્રહ એ વ્યાડિરચિત ગ્રન્થ હતો એમ ટીકાકારો કહે છે.ભર્તૃ. કહે છે કે સંગ્રહ આ (પાણિનીય) શાસ્ત્રનો જ ભાગ છે અને એક શાસ્ત્ર હોવાને કારણે વ્યાડિ પ્રમાણભૂત છે તેથી અહીં પણ **सिद्ध** શબ્દ નિત્યના અર્થમાં લીધો છે (**संग्रहोऽप्यस्यैव शास्त्रस्यैकदेशः । तत्रैकतन्त्रत्वाद् व्याडेश्च प्रामाण्यादिहापि तथैव सिद्धशद्ब उपात्तः । दी०** પૃ. ૨૩).

[134] જુઓ: Panini (p.132ff), મેક્સમ્યુલરના મતે કાત્યાયન પાણિનિના સમકાલીન હતા અને તેમની ટીકા કરવા માટે જ વાર્તિકો રચી હતી. તેથી વિરુદ્ધ મત માટે જુઓ: Katyayana and Patanjali – F.Kielhorn (pp.2ff.),Sastri (pp.47ff.).

[135] જુઓ **कात्यायनस्तु समर्थयन्नेतदाह । दी०** (પૃ. ૧૮૧),તથા (૭- ૧- ૨) પર **प्रातिपदिकविज्ञानाच्च पाणिनेः । वा०** તથા (પા. ૮-૪- ૬૮ ) પર **एकशेषनिर्देशाद्वा स्वरानुनासिकभिन्नानां भगवतः पाणिनेः सिद्धम् ॥वा० ॥** તથા ( ૨-૧-૧) પર **वार्तिकवचनप्रामाण्यात् । भा०**

[136] જુઓ **सिद्धे शद्बार्थसंबन्धे ॥ वा० ॥** પર ઉ. **अथ पाणिनिसूत्रव्याख्यानभूतं वार्त्तिकमवतारयति--कथं पुनरिति ।** (ચૌ.ખં. ભા. ૧, પૃ. ૫૮).

[137] જુઓ : આગળ પૃ. ૩૮

[138] પરંતુ સૂત્રકાર અને કાત્યાયન સમકાલીન ન હતા. જુઓ: **तृतीया च होश्छन्दसि ॥** પર **असत्येतस्मिन् सुपां सुपो भवन्ति इति तृतीयार्थोऽयमारम्भः । भा०** " એ વાક્ય ન હોય તો" એ વાક્યને સ્પષ્ટ કરતાં કૈયટ કહે છે : **न हि पाणिनेः सूत्रकरणकाले कात्यायन-स्य भावः । प्र०** એટલે કે તૃતીયા માટે પાણિનિએ જ્યારે સૂત્ર રચ્યું ત્યારે એ વાક્ય ન હતું, કારણ કે તે કાળે કાત્યાયન ન હતા. તથા **न वार्तिकं दृष्ट्वा सूत्रकृतः प्रवृत्तिः । श०कौ०** (પૃ. ૩૯ ) સૂત્રકાર વાર્તિકને જોઈને પ્રવૃત્તિ કરતા નથી.

[139] સર: **यद्विस्मृतमदृष्टं वा सूत्रकारेण तत्स्फुटम् । वाक्यकारो ब्रवीत्येवं तेनादृष्टं च भाष्यकृत् ॥ अत एव च पाणिनीयमेतत् त्रिमुनिव्याकरणं वदन्ति सन्तः । पद०** (ભા. ૧, પૃ. ૯).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકશેષ દ્વારા નિર્દેશ કર્યો છે તેથી યથાસંખ્ય પ્રમાણે છ વિવૃત સ્થાની अ-કારના છ સંવૃત अ-કાર આદેશ મળી શકશે. તેઓ અનેક સ્થળે સૂત્રોનું સમર્થન પણ કરે છે.[140]

<u>અનેક વાર્તિકકાર</u>: મહાભાષ્યમાં કાત્યાયન ઉપરાંત બીજા ઘણા વાર્તિકકારનો ઉલ્લેખ છે (**वार्तिककृतामनेकत्वात्** । છા.) **सौनागाः, क्रोष्ट्रीयाः, वाडव , कुणरवाडव , व्याघ्रभूति** (એક શ્લોકવાર્તિક તેમની છે તેમ કે. કહે છે), **भारद्वाजीयाः, सौर्यभागवत** [સૌર્ય નગરના આચાર્ય (કે).તેમનું નામ ભાગવત હશે?] વગેરેનાં નામ તથા **श्लोकवार्तिककार**[141] અને તેમની વાર્તિકોના ઉલ્લેખ મળે છે. તદુપરાંત કેટલીક વાર્તિકોને ભાષ્યવાર્તિક તરીકે ટીકાકારો ઉલ્લેખે છે,[142] એક સ્થળે અન્ય વાર્તિકકાર કાત્યાયનનું ખંડન કરે છે. આ સર્વમાં કાત્યાયન મુખ્ય વાર્તિકકાર છે.આગળ જોયું તેમ ભાષ્યગ્રન્થમાં ભાષ્ય અને વાર્તિક એ બેને જુદાં પાડવાં કઠિન છે.પરંતુ વિદ્વાનોએ સૂક્ષ્મેક્ષિકાપૂર્વક સંશોધન કરીને તે બેને છૂટાં પાડવાનો પ્રયત્ન કર્યો છે. કિલ્હોર્ન માને છે કે મહાભાષ્યની રજૂઆતમાં બે પ્રકાર જોવામાં આવે છે. એકમાં સૂત્રની ચર્ચા પ્રારંભી તેને ચાલુ રાખીને અંતે ટૂંકાં સૂત્રાત્મક વાક્યોથી તેને પૂર્ણ કરી છે. તેમાં ખુલાસા રૂપ વાક્યો છે. પરંતુ તે ખુલાસા ન હોય તો પણ અર્થ સમજી શકાતો હોવાથી તેટલો ભાગ સમગ્ર ચર્ચાનો જરૂરી અંશ નથી. તેમાં દોષનું ખંડન કરતું વાક્ય **न वा** અથવા **सिद्धं तु** થી શરૂ થાય છે અને તે પછી પંચમ્યન્ત નામ આવે છે. જ્યારે બીજા પ્રકારમાં સૂત્રોની ચર્ચા છે તે સમગ્ર ભાગ અર્થ સમજવા માટે આવશ્યક છે, તેમાં ખુલાસા રૂપ વાક્યો નથી. અહીં ખંડન કરતું વાક્ય **नैष दोष । तत्तर्हि वक्तव्यम् । न वक्तव्यम् ।** એમ આવે છે અને ત્યાર પછી સંપૂર્ણ વાક્ય આવે છે. આ ઉપરાંત એકમાં ક્રિયાપદ કે ક્રિયાસૂચક પદોનો પ્રયોગ અને બીજામાં તેનો અભાવ ઇત્યાદિ ઉપરથી પ્રથમ પ્રકાર ભાષ્યના અંશોનો સૂચક છે જ્યારે બીજો ભાગ વાર્તિકકારના ગ્રન્થનું સૂચન કરે છે એમ તેમણે

---

[140] જુઓ: **एकशेषनिर्देशाद्वा स्वरानुनासिकभिन्नानां भगवतः पाणिनेः सिद्धम्** ॥वा० ॥ **एकशेषनिर्देशाद्वा स्वरभिन्नानां भगवतः पाणिनेः सिद्धम् । एकशेषनिर्देशोऽयम् - - अ अ अ इति** ॥ भा० **तत्र यथासङ्ख्यं षण्णां विवृतानां स्थाने षडादेशाः संवृता भवन्तीति सिद्धमिष्टम्** ॥ प्र० તથા (૬-૧-૧) પર **सिद्धं तु तद्गुणविसंज्ञानात्पाणिनेर्यथा लोके** ॥वा० ॥ **सिद्धमेतत् । कथम् । तद्गुणसंविज्ञानाद्भगवतः पाणिनेराचार्यस्य यथा लोके ।** भा० વગેરે

[141] જુઓ: **वर्णज्ञानं वाग्विषयो** ० શ્લોક વા.(ચૌખં.ભા.૧, પૃ.૧૪૭) પર ભર્તૃ.: **यदेवोक्तं वाक्यकारेण वृत्तिसमवायार्थ उपदेश इति तदेव श्लोकवार्तिककारोप्याह ।** दी० (પૃ.૯૨). તથા જુઓ: (૩-૨-૫૬) **एवं ही सौनागाः पठन्ति -नञ्सुब्नञीकक्ख्युंस्तरुणतलुनाना-मुपसंख्यानम्** ॥वा० ॥. (૧-૧-૩) **परिभाषान्तरमिति मत्वा क्रोष्ट्रीयाः पठन्ति - नियमादिको गुणवृद्धी भवतो विप्रतिषेधेन** ॥वा० ॥. (૬-૩-૬૧) પર **अपर आह - भ्रकुंसादीनामकारो भविष्यतीति ।** का०, જ્યારે ભાષ્યમાં **अभ्रकुंसादीनामिति वक्तव्यम् ।** भा० **अपर आह अकारो भ्रकुंसादीनामिति वक्तव्यम् ।** એમ છે. ચૌખં.(ભા.૬,પૃ.૨૪૮) માં તે વાર્તિક તરીકે છાપી નથી. તથા **असिद्धवदत्राभात्** ॥(૬-૪-૨૨). ॥ ના भा० પર **वार्तिकोक्तेषु प्रयोजनेषु प्रत्याख्यातेषु श्लोकवार्तिककरोक्तप्रयोजनोपक्षेपः ।** प्र० **वार्तिककारः कात्यायनः । श्लोकवार्तिककारस्त्वन्य एवेति भावः** ॥ उ० તથા (૮-૨-૧૦૬) પર **तत्र सौर्यभागवतोक्तमनिष्टि(?ष्ट) -ज्ञो वाडवः पठति ।** भा० **सौर्य नाम नगरं तत्रत्येनाचार्येणेदमुक्तम्** ।प्र० **सिद्धं त्विदितोरिति वार्तिकं वाडवस्य तदाह वाडवः पठति ।** उ० તથા (૨-૪-૩૬) ના ભાષ્યમાં **जग्धिविधिर्ल्यपि यत्तदकस्मात्सिद्धम्** ० એ કારિકા પર કૈ.: **अयमेवार्थो व्याघ्रभूतिनाप्युक्त इत्याह --जग्धिविधिरिति ।** प्र० તથા **एष एवार्थः-- जग्धौ सिद्धेऽन्तरङ्गत्वात्ति कितीति ल्यबुच्यते** ॥ **ज्ञापयन्तरङ्गाणां ल्यपा भवति बाधनम्** ॥ भा० પર **एष एवार्थ इति । अन्येन निबद्ध इति शेषः । मया वा निबध्यत इति वा ।** उ० આથી ના. પ્રમાણે એ વાર્તિક પતંજલિની પણ હોઈ શકે. વાર્તિકકારોમાં વાડવ અને કુણરવાડવ એ બે ભિન્ન વ્યક્તિ હશે, જુઓ (૭-૩-૧)ની વા.પર **वहीनर-स्येद्वचनम्** ॥ वा० ॥- - **कुणरवाडवस्त्वाह--नैष वहीनरः** ॥ भा० ગોલ્ડસ્ટ્કર બેને એક માને છે (Panini. P.98 ).

[142] જુઓ: **सर्वनाम्नो** વગેરે સિ.કૌ.માં **प्रकारे गुणवचनस्य** ॥ (૮-૧-૧૨) ની વાતિક તરીકે આપ્યું છે પરંતુ ભાષ્યમાં તે **दक्षिणो-त्तराभ्यामतसुच्** ॥ (૫-૩-૨૮) પર ભાષ્યકારના વચન તરીકે છે (જુઓ: **पुंवद्भावस्तु न प्राप्नोति । एवं तर्हि सर्वनाम्नो वृत्तिमात्रे पुंवद्भावो वक्तव्यः** ।भा०) તથા **मद्रात् परिवापणे** ॥ (૫-૪-૬૭) ઉપર **भद्राच्चेति वक्तव्यम् ।** भा० એ ભાષ્યકારનું વચન છે. તે વાક્ય કાશિકા અને સિ.કૌ.માં તે સૂત્ર પરની વાર્તિક તરીકે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તારણ કાઢ્યું છે. નિ.સા.સંપાદક કહે છે કે उक्त પદયુક્ત પણ वा પદ વિનાનાં વચન ભાષ્યકારનાં જ છે, વાર્તિકકારનાં નથી, જ્યારે वा યુક્ત કેટલાંક વચનો વાર્તિકકારનાં છે એ હકીકત છે. આ રીતે પ્રયત્નો થયા છે તેમ છતાં મહાભાષ્યની આદર્શ આવૃત્તિ હજુ સુધી અપેક્ષિત જ છે, કારણ કે વાર્તિકોમાં સૂત્રના અંશો, સૂત્રમાં વાર્તિકના અંશ, વાર્તિકના ક્રમમાં ફેર, તેમના શબ્દોમાં ફેરફાર વગેરે જોવામાં આવે છે. વાર્તિકકારનું કાર્ય સૂત્રમાં કહેલું હોય તેની સમીક્ષા કરવી, ન કહેલું હોય તે પૂર્ણ કરવું અને બરોબર ન કહેલું હોય તેને સુધારવું એ છે, પરંતુ કેટલીક બાબતો તેમની મર્યાદા બહારની છે તેમ ભાષ્યકાર સૂચવે છે.[143]

<u>કાત્યાયનની કૃતિ</u> : કાત્યાયનની વાર્તિકોનો અલગ ગ્રન્થ હશે, તેમાં અષ્ટાધ્યાયીનાં અમુક સૂત્રો અને તે પર કાત્યાયનની વાર્તિકો હોય તે સંભવિત છે. કાત્યાયનની વાર્તિકોનો **"श्रीमद्भगवत्कात्यायनविरचितवार्तिकपाठः"** નામે ગ્રન્થ ભારતના જુદા જુદા ભાગોમાં ઉપલબ્ધ છે. એક તો વારાણસીથી પ્રસિદ્ધ પણ થયો છે પરંતુ આ સર્વ પ્રમાણમાં અર્વાચીન છે તેમ કિલ્હોર્ન કહે છે.[144] મેક્સમ્યુલર કલ્પે છે કે કાત્યાયન પાણિનિના ગ્રન્થના સંપાદક હતા. કાત્યાયનની વાર્તિકોનો પ્રારંભ ક્યાંથી થાય છે તે વિશે પણ મતભેદ છે. કોઈ કહે છે કે પસ્પશામાં પાણિનિનું સૂત્ર નથી તેથી તેમાં વાર્તિક પણ નથી. કોઈ કહે છે કે **अथ शब्दानुशासनम्।** તથા **रक्षोहा- - प्रयोजनम्।** એ કાત્યાયનની વાર્તિકો છે, તે વાત અનુચિત છે. વાસ્તવમાં કાત્યાયનની વાર્તિકનો પ્રારંભ **सिद्धे शब्दार्थसम्बन्धे ॥** થી થાય છે તેમ ભાષ્યકારના વ્યાખ્યાન ઉપરથી જણાય છે, કારણ કે તેમણે કહ્યું છે કે **सिद्ध** શબ્દ આદિમાં મંગલાર્થે પ્રયોજ્યો છે. ભર્તૃ. પણ કહે છે કે સૂત્રકાર, વાર્તિકકાર અને ભાષ્યકારે શબ્દ અને અર્થનો સંબંધ નિત્ય છે તેમ કહ્યું છે તેથી કાત્યયનની વાર્તિક પસ્પશામાં નથી એમ કહેવું અયોગ્ય છે.[145] તેઓ કહે છે કે **सिद्धे शब्दार्थसम्बन्धे ०** ની પહેલાંનો સર્વ ભાગ ભાષ્યકારની પ્રસ્તાવનામાત્ર છે. નાગેશ પણ કહે છે કે આ પૂર્વનો સમગ્ર ગ્રન્થ ભાષ્યકારનો જ છે.[146] આ સંપૂર્ણ વાર્તિક આમ છેઃ **सिद्धे शब्दार्थसम्बन्धे लोकतोऽर्थप्रयुक्ते शब्दप्रयोगे शास्त्रेण धर्मनियमः, यथा लौकिकवैदिकेषु ॥** તેના ખંડ પાડીને ભાષ્યમાં વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

<u>વાર્તિકોના પાઠ</u> : કાત્યાયને અષ્ટાધ્યાયી સૂત્રો પર લગભગ ચાર હજાર વાર્તિકો રચી છે. આ વાર્તિકોમાં અનેક સ્થળે પાઠભેદ જોવામાં આવે છે.[147] ક્વચિત્ ભાષ્યમાં મળતી ન હોય તેવી વાર્તિક કાશિકા, સિ.કૌ. વગેરેમાં જોવામાં આવે છે. તેનાં સ્વલ્પ

---

[143] नैतदन्वाख्येयमधिकारा अनुवर्तन्ते इति । भा० ,(૧-૪-૨૪ પર) ત્યાં જુઓ કે. वार्तिककारेण नैतदन्वाख्येयम् । सर्वाधिकाराणामन्वाख्यानप्रसङ्गात् । प्र० તથા ના.वार्तिककारेणेति । <u>उक्तानुक्तदुरुक्तचिन्ता हि तत्कार्यम् । वृत्तिकारास्त्वधिकाराणां</u> प्रवृत्तिनिवृत्ती व्याचक्षते । उ० અર્થાત્ સૂત્રમાં કહ્યું હોય તે તપાસવું , ન કહ્યું હોય તે ઉમેરવું, અને બરોબર ન કહ્યું હોય તેને સુધારવું એ વાર્તિકકારનું કાર્ય છે. તેથી અધિકારની અનુવૃત્તિ થાય છે કે નહીં તે જોવાનું તેમનું કામ નથી. એ કામ વૃત્તિકારોનું છે.

[144] K & P (p.6)

[145] नित्याः शब्दार्थसंवन्धास्तत्राम्नाता महर्षिभिः । सूत्राणामनुतंत्राणां भाष्याणां च प्रणेतृभिः ॥ (વા.પ. બ્ર.૨૩).

[146] તે વા. પર ભાષ્યકાર કહે છેઃ माङ्गलिक आचार्यो महतः शास्त्रौघस्य मङ्गलार्थं सिद्धशब्दमादितः प्रयुङ्क्ते ।० આ. सिद्धेशब्दार्थ ० ॥ વા.પૂર્વે उ० માં કહે છે : अथ पाणिनिसूत्रव्याख्यानभूतं वार्तिकमवतारयति -कथं पुनरिति ।- - इत पूर्वं सवार्तिकशास्त्रान्वाख्यानप्रयोजनविषयप्रदर्शनपरो भाष्यकारस्यैव ग्रन्थः । उ० તથા ભર્તૃ. एतच्च सर्वं भाष्यकारस्य प्रस्तावनामात्रम् । (દી.પૃ.૫૧).

[147] દા.ત.(૧) वा प्रकरणे तीयस्य ङित्सूपसंख्यानम् ।वा० આ મ.ભા. તથા કા.માં अन्तरं वहिर्योगोपसंव्यानयोः ॥ સૂત્ર પર છે, પરંતુ કા.માં विभाषा प्रकरणे तीयस्य ङित्सु सर्वनामसंज्ञेत्युपसंख्यानम् । એમ પાઠ છે. સિ.કૌ.માં એ प्रथमचरमतया० ॥ પર છે, પરંતુ પાઠ विभाषाप्रकरणे तीयस्य ङित्सूपसंख्यानम् । છે.(૨) संप्रोदश्च कटच् ॥ ના ભાષ્યમાં गोष्ठादयः स्थानादिषु पशुनामादिभ्यः । વા. છે. કા.માં તે જ પાઠ છે પરંતુ સિ.કૌ.માં गोष्ठजादयः स्थानादिषु पशुनामभ्यः । એમ છે. જો કે ભાષ્યમાં गोष्ठजादयः એમ પાઠાન્તર છે અને તત્ત્વબો.નોંધે છે पशुनामादिभ्य इति भाष्ये प्रचुरः पाठः । (૩) टेः ॥ના ભાષ્યમાં णाविष्ठवत्प्रातिपदिकस्य । અને पुंवद्भावरभावटिलोपयणादिपरार्थम् । એમ બે વા.છે, પરંતુ કા.માં णाविष्ठवत् प्रातिपदिकस्य कार्यं भवतीति वक्तव्यम् । એમ છે. ભાષ્ય અને કા.માં ભારદ્વાજીય પ્રમાણે વાર્તિક આપી છે તેમાં પાઠભેદ છે. ભાષ્યમાંઃ भारद्वाजीयाः पठन्ति- णाविष्ठवत्प्राति-पदिकस्य पुंवद्भावरभावटिलोपयणादिपरप्रादिविन्मतोर्लुक्कन्विध्यर्थम् । એમ છે, કા.માં અન્તે ० यणादिपरविन्मतोर्लुक्कनर्थम् । છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉદાહરણ અહીં આપ્યાં છે.[148] ક્વચિત્ મુદ્રિત આવૃત્તિમાં વાર્તિક તરીકે આપેલ વાક્ય ભાષ્યવચન છે તેમ કૈયટ અને નાગેશ કહે છે.[149] આગળ કહ્યું તેમ કેટલીક વાર વાર્તિકના અંશોનો સૂત્રમાં પ્રક્ષેપ કરેલો મળી આવે છે. કૈયટ, હરદત્ત વગેરેએ તે વિશે નિર્દેશ કર્યો છે. એક સ્થળે વાર્તિકનો સૂત્રમાં પ્રક્ષેપ છે તેથી **कौपिञ्जलहस्तिपदादण्।** એ પાણિનિ પ્રમાણે નથી એમ કૈયટ કહે છે (**इत्यपाणिनीयम्।**) એ વિધાનને ન સ્વીકારતાં નાગેશ કહે છે કે જો કે સૂત્રમાં વાર્તિકની અનુવૃત્તિ થવી દુર્લભ છે, છતાં ક્વચિત્ **काम्ये रोः।** જેવી વાર્તિકની ઉત્તર સૂત્રમાં અનુવૃત્તિ થાય છે.[150] **द्वित्रिपूर्वादण् च ॥** એ વાક્ય ભાષ્યમાં **शाणाद्वा ॥** (૫-૧-૩૫) ની વા. છે, જ્યારે કા.માં એ (૫-૧-૩૬) સૂત્ર તરીકે છે. ત્યાંના ભાષ્ય પર કૈ. નોંધે છે કે સૂત્રોમાં આર્ષ પાઠ નથી તેથી વાર્તિક કરી છે (**सूत्रेष्वनार्षः पाठ इति वार्तिकारम्भः । प्र०**). આમ સૂચવાય છે કે સૂત્રમાં પૂર્તિ કરવા માટે વાર્તિક રચવામાં આવે છે. વાર્તિક કયા સંજોગોમાં કરવી પડે છે તે વિશે કૈ.નું આ સામાન્ય વિધાન જણાય છે. તેઓ એમ કહેવા માગે છે કે સૂત્રમાં દૂરદર્શીનો અભાવ હોય (**अनार्षः**,કારણ કે **ऋषिर्दर्शनात्**), શક્ય તેટલા પ્રયોગોને આવરી લીધા ન હોય, ત્યારે તે ઊણપ પૂરી કરવા માટે વાર્તિક કરવી પડે છે. કાત્યાયન વાર્તિકમાં ઉદાહરણ નથી આપતા એમ કહેવું અનુચિત છે, કારણ કે અનેક વાર્તિકોમાં ઉદાહરણ છે. વાર્તિકકાર ક્વચિત્ ન્યાય પણ ઉદ્ધરે છે.[151]

<u>ભાષ્યકાર પતંજલિ</u> : મહાભાષ્યમાં **गोणिकापुत्र , गोनर्दीय**[152] વગેરેના મત દર્શાવ્યા છે. એ પતંજલિનાં નામ છે તેમ ટીકાકારો કહે છે. તદુપરાંત શેષ, ફણી, ફણીભૃત્, અહિપતિ, નાગનાથ[153] વગેરે નામો કોષ વગેરેમાં મળી આવે છે. તેમનાં માતાનું

---

[148] જેમ કે (૩-૨-૧૭૨). ભાષ્યમાં આ સૂત્ર નથી. તે પર કા.માં **धृषेश्चेति वाच्यम् ॥वा० ॥** છે. સિ.કૌ.માં કહે છે **इति काशिकादौ ।** તે પર **काशिकादाविति । भाष्ये तु न दृश्यते इति भावः ।** બા.મ., (૬-૩-૬૧) પર **अपर आह-भ्रुकुंसादीनामकारोभवतीति वक्तव्यम् ॥वा० ॥** આ વાક્ય ભાષ્યમાં વા. રૂપે નથી **अपर आह - अकारो भ्रुकुंसादीनामिति वक्तव्यम् ।** એમ ભાષ્યના અંશ રૂપે છે તથા **केचित्तु वहीनरस्य णत्वमिति वार्तिकं पठन्ति ।** ઉ० (૭-૩-૧) પર (ચો.ખં.ભા. ૬પૃ.૧૮૫) વગેરે.

[149] જુઓ: **युवोरनाकौ ॥** ની વા.**सिद्धं तु युवोरननुनासिकत्वात् ॥** વિશે કૈ.: **भाष्यकारीयमिदं वचनमित्याहुः । अन्ये त्वनुनासिकपरत्वादि -ति वाक्यमनेन व्याख्यातमित्याहुः । प्र०** કેટલાકને મતે એ વાર્તિક નથી પરંતુ **अनुनासिकपरत्वात् ॥** એ વાક્યનું વ્યાખ્યાન છે.

[150] આ વા. **सोऽपदादौ ॥** (૮-૩-૩૮) પર સિ.કૌ.માં **काम्ये रोरेवेति वाच्यम् ।** એમ છે, ભાષ્ય તથા કા.માં **रोः काम्ये नियमार्थम् । वा०** એમ છે. ઉત્તર સૂત્રમાં તેની અનુવૃત્તિ થાય છે તેમ બા.મ.અને તત્ત્વ.બો. કહ્યું છે.[**इण षः ।** (૮-૩-૩૯) પર **काम्येरोरेव इति च सम्बध्यते ।** બા.મ.અને **तत्रापि काम्येरोरेव इत्यस्यानुवृतेः ।** તત્ત્વ.બો. (મો.બ.ભા.૧,પૃ.૧૨૯)], પરંતુ **इणः षः ॥** સૂત્ર પર નાગેશ કહે છે કે જો **इण उत्तरस्य सकारस्य** એમ લેવામાં આવે તો અહીં **काम्ये रोः ।** ની અનુવૃત્તિ નથી થતી (**काम्ये रोरि-त्यपि न सम्बध्यते तेन दुरो दुष्कम्यति इत्यादौ षत्वसिद्धि । उ०**).જુઓ **आथर्वणिकस्येकलोपश्च ॥** (૪-૩-૧૩૨) પર ઉ૦: વાર્તિક-ની સૂત્ર માં અનુવૃત્તિ થાય છે. (**वार्तिकस्य सूत्रेऽनुवृत्तिर्दुलभेत्यर्थः ।- -काम्ये रोः इत्यादिवार्तिकानां सूत्रेष्वनुवृत्तिदर्शनात्कैयटोक्तं चिन्त्यम् ।**)

[151] જેમ કે **कृन्मेजन्तः ॥** પરની **वा०** (૫ થી ૮).વગેરે. ન્યાયનું દૃષ્ટાન્તઃ **संप्रयोगो नष्टाश्वदग्धरथवत् ॥वा० १६ ॥ उरण्परः ॥** પર.

[152] **गोणिकापुत्र** (**उभयथा गोणिकापुत्रः ।** ભા. ૧-૪-૫૧, **गोणिकापुत्रो भाष्यकार इत्याहुः । उ०, आहुः** કહ્યું છે તેથી નાગેશને પણ ખાત્રી નથી એમ સમજાય છે) , **गोनर्दीय** (**गोनर्दीयस्त्वाह ।** (૧-૧-૨૧)) **भाष्यकारस्त्वाह । प्र० गोनर्दीयपदं व्याचष्टे । उ० ,** જ્યાં ગાયો ભાંભરે છે તે વિશિષ્ટ પર્વત **गोनर्द** (**गावो नर्दन्ति यस्मिन्पर्वतविशेषे तत्र भवः गोनर्दीयः । छा०**) રાજશેખર પ્રમાણે ગોનર્દીય એ પતંજલિનું નામ છે. હેમચંદ્ર ગોનર્દીયને પતંજલિના પર્યાય તરીકે આપે છે [**गोनर्दीये पतञ्जलिः ।** (અભિ.ચિ.કા. ૩-૫૧૫), યુધિષ્ઠિર મીમાંસક (સ.વ્યા.શા.ઇ.પૃ.૨૩૪). ગોનર્દીય એ પતંજલિ છે તેમ માનતા નથી. ભાષ્યમાં ગોનર્દીયના અનેક ઉલ્લેખ છે.

[153] કૈયટે નાગનાથનો મત (૪-૨-૯૨) ઉપરના ભાષ્યમાં ઉદ્ધર્યો છે : **'तत्र जातः' इत्यत्र तु सूत्रेऽस्य लक्षणत्वमाश्रित्यैतेषां सिद्धि -मभिधास्यति नागनाथः ॥** પર નાગેશ : **आख्यातवाच्यार्थस्येदमा परामर्शायोगादनेनैव साधनं युक्तमितिभगवतो <u>नागनाथ</u>स्याभि प्रायः । उ०** જો કે **तत्र जातः ॥** ના ભાષ્યમાં **जातादिष्वेव घादयो यथा स्युरिह मा भूवन्- तत्र आस्ते । तत्र शेत इति ॥ भा०** તે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામ ગોણિકા હશે, કારણ કે ગોણિકાપુત્ર એટલે ભાષ્યકાર એમ કૈયટ અને નાગેશ કહે છે. પરંતુ ગોનર્દીય અને ગોણિકાપુત્ર એક વ્યક્તિ નથી તેમ જણાય છે કારણ કે કામસૂત્રમાં એ બંને ભિન્ન કૃતિઓના કર્તા તરીકે ઉલ્લેખ્યા છે.[154] **गोनर्दीय** શબ્દ પતંજલિ માટે પ્રયોજાયો છે તેથી તેઓ ગોનર્દદેશમાં જન્મ્યા હતા. એ પ્રદેશ કાશ્મીરમાં આવ્યો કે અયોધ્યા નજીક આવ્યો તે વિશે વિદ્વાનોમાં મતભેદ છે. પરંતુ તેઓ માને છે કે ભાષ્યકાર કાશ્મીર ગયા હશે અથવા ત્યાં રહ્યા હશે, કારણ કે તેમણે કાશ્મીર વિશે અનેક વાર ઉલ્લેખ કર્યો છે.[155] એવી પણ કિંવદન્તી છે કે ગોનર્દ દેશમાં કોઈ મુનિ સંધ્યા કરતા હતા તે સમયે તેમની અંજલિમાંથી પડ્યા હતા તેથી તેઓ પતંજલિ કહેવાયા.[156]

મહાભાષ્યકાર પતંજલિ અને યોગસૂત્રકાર પતંજલિ એક વ્યક્તિ છે તેમ પરંપરા પ્રમાણે માનવામાં આવે છે. એમ કહેવાય છે કે ભગવાન પતંજલિએ યોગ દ્વારા ચિત્તના દોષોનું, પદ એટલે કે મહાભાષ્ય દ્વારા વાણીના દોષોનું અને વૈદક દ્વારા દેહના દોષોનું નિવારણ કર્યું.[157] યોગસૂત્ર ઉપરના ભોજરાજની રાજમાર્તંડ નામની વૃત્તિના પ્રારંભમાં કહે છે કે ભોજપતિએ ફણાધિપતિ (=પતંજલિ) ની જેમ વાણી, ચિત્ત,અને શરીરના મળને દૂર કર્યા. અર્થાત્ તેમણે વ્યાકરણ, યોગ અને વૈદક ઉપર ગ્રન્થ રચ્યા હતા. આ પરંપરાગત માન્યતા સાચી પણ હોઈ શકે છતાં તે જેમાં ઉપલબ્ધ થાય છે તે ગ્રન્થ ઈસ્વીસનની દસમી સદીથી પ્રાચીન નથી. તદુપરાંત આંતરિક પુરાવા બન્ને પતંજલિ એક હોય તે વાતને પુષ્ટ કરતા નથી તેમ લાગે છે.[158]
(૧) ભાષ્યમાં યોગનો કોઈ ઉલ્લેખ મળતો નથી તેમ જ યોગસૂત્રમાં ભાષ્યનો ઉલ્લેખ નથી. (જો કે માત્ર ઉલ્લેખનો અભાવ નિર્ણાયક ન ગણી શકાય), (૨) યોગસૂત્રમાં કર્તાનું નામ નથી. તે પરના ભાષ્યના પ્રારંભમાં પતંજલિનું નામ છે. (૩) યોગસૂત્ર વિભૂતિપાદના ભાષ્યમાં દ્રવ્યની જે વ્યાખ્યા આપી છે તેમાં ભાષ્યકાર વ્યાસ પતંજલિને ઉદ્ધરે છે,[159](૪) મનુ.(અ.૫.શ્લો.

---

પર કૈયટ કહે છેઃ **तत्र आस्ते इति - सुप्न आस्त इत्यादावपि शेष इत्यस्य लक्षणत्वात्प्रत्यय प्रसङ्गः । प्र०** તેથી લાગે છે કે નાગનાથ એ કદાચ પતંજલિનું નામ હોઈ શકે. જો કે પ્ર. કે ઉ. માં તેની સ્પષ્ટતા કરવામાં નથી આવી.

[154] જુઓઃ તેમાં **गोनर्दीयो भार्याधिकारम् , गोणिकापुत्रः पारदारिकम्** એમ ભિન્ન કૃતિઓના કર્તા તરીકે કામસૂત્રમાં ગણાવ્યા છે તેથી તે બે એક ન હોઈ શકે.(ચૌખં.ભા.૧ પ્રસ્તાવના,પૃ.૧૪)

[155] (જુઓ : **न वेति विभाषा ॥** ની **न यदि विभाषा साकांक्षे ॥ वा०** ૫૨ **अभिजानासि देवदत्त यत्कश्मीरेषु वत्स्यामः यत्कश्मीरेष्व - वसाम ० । भा०** (કિ.પૃ.૧૦૯), **विभाषा साकांक्षे ॥**(૩-૨-૧૧૪) **अभिजानासि देवदत्त काश्मीरान् गमिष्यामः तत्र सक्तून् पास्यामः** વગેરે તથા તેની **विभाषा साकाङ्क्षे सर्वत्र ॥वा ॥** ૫૨ **क्व सर्वत्र । यदि चायदि च । यदि तावत् अभिजानासि देवदत्त यत्कश्मीरान् गमिष्यामः यत्कश्मीरानगच्छाम । अयदि--अभिजानासि देवदत्त कश्मीरान् गमिष्यामः कश्मीरानगच्छाम । तत्रौदनं भोक्ष्यामहे । तत्रौदनमभुञ्जमहि ॥** વગેરે **भा०** (ચૌખં.ભા.૩,પૃ.૧૮૮--૧૮૯).

[156] **पतञ्जलिः अञ्जलेः पतित इति ।- -गोनर्ददेशे कस्यचिदृषेरञ्जलेः सन्ध्यासमये पतित इत्यैतिह्यात् ।**-Thieme : Panini and The Veda (p.99.fn. 1) અન્ય એક કિંવદન્તી પ્રમાણે પતંજલિ અને પાણિનિ સમકાલીન હતા. (જે સત્ય નથી). તેમનો આ રીતે સંવાદ થયોઃ પા. -- **कोर्भवान् ।** (તમે કોણ છો? અહીં પા. એ રેફ વધારાનો પ્રયોજ્યો છે ).પતં.-- **सर्पोऽहम् ।**( હું સર્પ છું. અહીં પતં.એ રેફ ન પ્રયોજ્યો) પા.--**क्व गतो रेफः ?** (રેફ ક્યાં ગયો?) પતં.-- **त्वन्मुखे ।** ( તમારા મોંમાં).પા.-**यन्मयोक्तं तत्त्वया न वक्तव्यं यच्च मया नोक्तं तत्त्वया वक्तव्यम् ।** (જે મેં કહ્યું છે તે તારે ન કહેવું અને મેં જે ન કહ્યું હોય તે તારે કહેવું.). આ વાત યુ.મી.ની નવાહ્નિકની પ્રકાશકીયમાં પણ છે.

[157] જુઓઃ **योगेन चित्तस्य पदेन वाचां मलं शरीरस्य तु वैद्यकेन योऽपाकरोत् तं प्रवरं मुनीनां पतञ्जलिं प्राञ्जलिरानतोऽस्मि ॥** આ શ્લોક ભોજરાજ કૃત શબ્દાનુશાસનનો હશે તેમ નિ.સા. આવૃત્તિના સંપાદક માને છે કારણ કે એ રાજમાર્તંડમાંના મંગળ શ્લોક -ના જેવો છે. અને **पातञ्जल-महाभाष्य-चरकप्रतिसंस्कृतैः । मनोवाक्कायदोषाणां हर्त्रेऽहिपतये नमः ॥** તથા **शब्दानामनुशासनं विदधता पातञ्जले कुर्वता वृत्तिं राजमृगाङ्कसंज्ञकमपि व्यातन्वता वैद्यके । वाक्चेतोवपुषां मलं फणभृतां भर्त्रेव येनोद्धृतस्तस्य श्रीरणरङ्ग -मल्लनृपतेर्वाचो ज्वलन्त्युज्ज्वलाः ॥** આ ભોજરાજના શબ્દાનુશાસનનો મંગલ શ્લોક છે તે કોઈએ પોતાની મહાભાષ્યની આવૃત્તિમાં પતંજલિની નમસ્કૃતિ રૂપે મૂકી દીધો છે.(નિ.સા. ભા.૧, પાઠાન્તરની યાદી પૃ. ૧).

[158] Woods James Haughton : The Yoga of Patanjali (1966). Introduction (pp.xiii ff.)

[159] યોગસૂત્ર (૩/૪૪) ના ભાષ્યમાં **अयुतसिद्धावयवभेदानुगतः समूहो द्रव्यमिति पतञ्जलिः ।** આ સંદર્ભમાં જુઓઃ **स्त्रियाम् ॥** (૪-૧-૩) ૫૨ **यदि तावद् गुणसमुदायो द्रव्यम् । भा०.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૫૯) પરની ટીકામાં મેધાતિથિ સૂચવે છે કે ભાષ્ય પ્રમાણે **अनेक** શબ્દ એક વચનમાં પ્રયોજાય છે[160] (જુઓ **नञ्॥** સૂત્ર ઉપરનું ભાષ્ય), પણ યોગસૂત્ર **प्रवृत्तिभेदे प्रयोजकं चित्तमनेकेषाम्॥** (અ. ૪ સૂ. ૫) માં **अनेकेषाम्** એમ બહુવચન પ્રયોજ્યું છે. જો કે ભાષ્યમાં પાતંજલ યોગ અનુસાર ગુણની વ્યાખ્યા તથા ચર્ચા **स्त्रियाम्॥ ४।१।३॥** સૂત્રના ભાષ્યમાં આવે છે. તદુપરાંત અવયવો કાર્ય નિષ્પન્ન કરવાની ક્ષમતા ન ધરાવતા હોય તો પણ તેમનો સમુદાય કાર્યક્ષમ હોય છે, જેમ કે રથનાં ચક્ર વગેરે સ્વયં ગમન રૂપી કાર્ય નથી કરી શકતાં છતાં તેમનો સમુદાય ગમન કરી શકે છે એમ પણ કહ્યું છે.[161] **णेरणौ यत्कर्म०** (૧-૩-૬૭) અને **कर्मवत्कर्मणा ०** (૩-૧-૮૭) ના ભાષ્યમાં અન્તરાત્મા અને શરીરાત્મા વિશે પણ વિચારણા છે.[162] વળી **लिट्** ના પ્રયોગની ચર્ચામાં કહે છે કે સ્વપ્નમાં કે મત્ત અવસ્થામાં માણસ બોલતો હોય તે સિવાય પણ **लिट्** નો પ્રયોગ થાય છે, જેમ કે રથના માર્ગમાં બેઠેલા હતા અને પોતે મત્ત ન હતા છતાં વૈયાકરણ શાકટાયને તે માર્ગેથી પસાર થતા ગાડાના કાફલાને ન જોયો, કારણ કે મન પ્રેરે ત્યારે ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન થાય છે, પરંતુ મનનું સાન્નિધ્ય ન હોય ત્યારે વ્યક્તિ જાગતી હોય તો પણ નજર સમક્ષ રહેલ વસ્તુને પામી શકતો નથી. નાગેશ કહે છે કે પાતંજલ યોગ પ્રમાણે અન્તઃકરણ વ્યાપક છે એટલે કે તેનું સાન્નિધ્ય સર્વદા હોય, પરંતુ તેના વિશિષ્ટ પરિણામભૂત મન જ્ઞાનનું કારણ છે. તે ચિરસ્થાયી, મધ્યમપરિમાણ, સંકોચ વિકાસશીલ છે તેથી તે સદાય જ્ઞાનની સાથે જ હોય તેમ નથી ક્વચિત્ તેનું જ્ઞાન કાળે સાન્નિધ્ય ન પણ હોય.[163] આ સર્વ મુદ્દાને જોતાં એમ લાગે છે મહાભાષ્ય અને યોગસૂત્રના કર્તા એક હશે કે કેમ તે વિશે નિશ્ચયપૂર્વક કહેવું કઠિન છે.

<u>મહાભાષ્ય</u> : આ ભાષ્ય સામાન્ય ભાષ્યોથી એ રીતે જુદું પડે છે કે તેમાં પાણિનિનાં સૂત્રો, તેમાંનાં પદોની ઉપયોગિતાની છણાવટ, સૂત્રો ઉપર કાત્યાયન તેમ જ અન્ય વાર્તિકકારોની ટીકાત્મક તેમ જ સમર્થનાત્મક વાર્તિકો અને તે સર્વ પર ભાષ્ય-કારનું સદૃષ્ટાન્ત, સિદ્ધાન્તનું સમર્થન કરતું અને ક્વચિત્ ખંડનાત્મક વિસ્તૃત વિવેચનાત્મક વિવરણ છે. તેમ જ પોતાના સ્વતંત્ર અભિપ્રાય દર્શાવતાં વાક્યો પણ છે. તે **इष्यते** એમ કહીને ભાષ્યકારે મૂકેલાં છે તેથી તે **इष्टि** તરીકે ઓળખાય છે. વળી આગળ જોઈશું તેમ ક્વચિત્ શ્લોકવાર્તિક અને ભાષ્યવાર્તિક પણ પતંજલિએ રચી છે તેમ ટીકાકારો જણાવે છે. આમ અનેક-

---

[160] જુઓ: **नञ्॥** (૨-૨-૬) પર इदं खल्वपि भूय उत्तरप्राधान्ये सति संगृहीतम्। किम् ? अनेकम्। किमत्र संगृहीतम् ? एक-वचनम्॥ कथं पुनरेकस्य प्रतिषेधे बहूनां संप्रत्ययः स्यात्। प्रसज्यायं क्रियागुणौ ततः पश्चान्निवृत्तिं करोति। तद्यथा आसय शायय भोजय अनेकमिति॥ भा० (एवं चानेके इति बहुवचनमसाध्वेवेति बोध्यमिति मञ्जूषायां विस्तरः। उ०) તથા यद्यपि तावच्छक्यते वक्तुं यत्र क्रियागुणौ प्रसज्येते। यत्र तु खलु पुनर्न प्रसज्येते तत्र कथम् अनेकं तिष्ठतीति॥ भा० अनेक શબ્દ એકવચનમાં પ્રયોજાય છે તેમ ભાષ્યમાં કહ્યું છે. સર. पातञ्जयोगसूत्रम् भोजकृतराजमार्तण्डवृत्तिसमेतम् સંપાદક રામશંકર ભટ્ટાચાર્ય (૧૯૭૯).

[161] જુઓ: **संधातार्थवत्त्वाच्च ॥वा०॥** (ચો.ખં.ભા.૧,પૃ.૧૩૩), તથા **अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम्॥** (૧-૨-૪૫) પર संधातार्थत्वाच्चेति चेद् दृष्टोह्यतदर्थेन गुणेन गुणिनोऽर्थभावः ॥वा०॥ संधातार्थत्वाच्चेति चेद् दृश्यते हि पुनस्तदर्थेन गुणेन गुणिनो-र्थभावः। तद्यथा-एकस्तन्तुस्त्वक्त्राणेऽसमर्थः तत्समुदायश्च कम्बलः समर्थः। - - -यथा तर्हि रथाङ्गानि विहृतानि प्रत्येकं व्रजि-क्रियायां प्रत्यसमर्थानि भवन्ति तत्समुदायश्च रथः समर्थः। भा० (અંજન ભા. ૨.પૃ.૪૯).

[162] જુઓ: **स्त्रियाम्॥** (૪-૧-૩) પર कस्य पुनः संस्त्यानं स्त्री प्रवृत्तिर्वा पुमान्। गुणानाम्। केषाम् ? शद्वस्पर्शरूपरसगन्धानाम्। सर्वाश्च पुनर्मूर्तय एवमात्मिकाः--संस्त्यान- प्रसवगुणाः, शद्वस्पर्शरूपरसगन्धवत्यः॥ भा० सत्त्वरजस्तमांसि गुणाः तत्परिणाम-रूपाश्च तदात्मका एव पञ्च गुणाः। तत्संघातरूपं च घटादि न तु तद्यतिरिक्तमवयविद्रव्यमस्तीति सांख्यानां सिद्धान्तः॥ प्र० सांख्यानामिति। सेश्वरसांख्यानामाचार्यस्य पतञ्जलेरित्यर्थः। गुणसमूहो द्रव्यमिति पतञ्जलिः इति योगभाष्ये स्पष्टम्। उ० અને द्वावात्मानौ। अन्तरात्मा शरीरात्मा च। વગેરે તે પર अन्तरात्मेति। सांख्यपक्षेऽन्तःकरणमन्तरात्मा तस्यैव कर्तृत्वसंभवात्पुरुष-स्याकर्तृत्वात्। प्र०

[163] (ચો.ખં.ભા. ૩,પૃ.૧૯૧): अथवा भवति वै कश्चिज्जाग्रदपि वर्तमानं कालं नोपलभते। तद्यथा वैयाकरणानां शाकटायनो रथमार्गे आसीनः शकटसार्थं यान्तं नोपलभते। किं पुनः कारणं कश्चिज्जाग्रदपि वर्तमानकालं नोपलभते। मनसा प्रयुक्तानीद्रियाण्युपलब्धौ कारणानि भवन्ति। मनसोऽसांनिध्यात्। भा० यद्यपि पातञ्जलानामन्तःकरणं व्यापकं तथापि तत्परिमाणविशेषो मनश्चिरस्थायि मध्यमपरिमाणं संकोचविकाशशालि ज्ञानकारणम्। अत एव सदा न ज्ञानयौगपद्यं कदाचिद्यौगपद्यमपि इति दिक्॥ उ०



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિધ ચર્ચાને આવરી લેતું આ ભાષ્ય સાચે જ મહાભાષ્ય છે. (व्याख्यातृत्वेऽप्यस्येष्ट्यादिकथनेनान्वाख्यानादितरभाष्यवैलक्ष्येण महत्त्वम्। ઉ૦ ચોખં.ભા.૧,પૃ.૪). પસ્પશામાં કહે છે કે आत् ऐच् એમ પદોને છૂટાં પાડવાં એ વ્યાખ્યાન નથી પરંતુ ઉદાહરણ, પ્રત્યુદાહરણ,વાક્યમાં ખૂટતા શબ્દો ઉમેરવા એ બધું કર્યું હોય તેને વ્યાખ્યાન કહેવાય. જેથી અલ્પ બુદ્ધિ વાળો પણ સમજી શકે. ભાષ્યકારે એ પ્રકારે સ્પષ્ટતા કરી છે.[164]

પતંજલિએ અષ્ટાધ્યાયીના દરેક પાદને અમુક આહ્નિકોમાં વહેંચ્યા છે. દરેક આહ્નિકમાં કેટલાંક સૂત્રો છે. જો કે બીજા અધ્યાયના પ્રથમ પાદના પ્રથમ આહ્નિક (समर्थाह्निक) માં માત્ર એક જ સૂત્ર છે. અધ્યાય ૪,૫,૬,૭ અને ૮ના અંતિમ પાદમાં એક જ આહ્નિક છે. પ્રથમ અધ્યાયના પ્રથમ પાદના નવ આહ્નિક છે. પારંપરિક વ્યાખ્યા પ્રમાણે ભાષ્ય એટલે અન્યે કરેલ આક્ષેપનું સમાધાન કરનાર ગ્રન્થ (आक्षेपसमाधानपरो ग्रन्थो भाष्यम्।પદ.ભા.૧,પૃ. ૪). અન્ય વ્યાખ્યા મુજબ ભાષ્ય એટલે જેમાં સૂત્રના શબ્દોને અનુસરીને સૂત્રના અર્થનું વિવરણ કરવામાં આવે તથા પોતાના શબ્દોની પણ જેમાં સ્પષ્ટતા કરવામાં આવે તે ભાષ્ય. (सूत्रार्थो वर्ण्यते यत्र शद्बैः सूत्रानुसारिभिः। स्वपदानि वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः॥). કાત્યાયન તેમ જ અન્ય વૈયાકરણોએ પાણિનિના સૂત્રો ઉપર વાર્તિકો રચી. તેમના ઉપર પતંજલિએ જે વિવરણ કર્યું તે ભાષ્ય એમ ન્યાસ અને પદ. માં કહ્યું છે[165] આમ મહાભાષ્ય વાર્તિકો ઉપરનું વિવરણ છે, પરંતુ તેથી જે સૂત્રો ઉપર વાર્તિકો છે તે જ સૂત્રો ઉપર પતંજલિએ ભાષ્ય કર્યું છે તેમ નથી. જેના પર વાર્તિક ન હોય તેવાં ઘણાં સૂત્રો પર પતંજલિનું ભાષ્ય છે.[166] તેમણે વાર્તિકકાર કાત્યાયનના પાણિનિ ઉપરના આક્ષેપોનો બચાવ કરવા માટે ભાષ્ય રચ્યું છે અને તેઓ કાત્યાયનનો હંમેશા વિરોધ કરે છે તેમ કહેવું અનુચિત છે. તેમણે અનેક સ્થળે વાર્તિકનું ખંડન કર્યું છે તેમ સમર્થન પણ કર્યું છે અને વાર્તિકકારને આધાર રૂપે ઉદ્ધર્યા છે.[167] મહાભાષ્યની ભાષા, વિવેચન પદ્ધતિ, તેનાં દૃષ્ટાન્ત, તેમાંની દલીલો વગેરે મહદંશે અત્યંત સરળ ભાષામાં રજૂકરવામાં આવ્યાં છે.

જેમ વાર્તિકકારની મર્યાદા કૈયટ અને નાગેશે બતાવી છે તેમ न धातुलोप आर्धधातुके ॥ સૂત્રના ભાષ્યપ્રદીપ પર કૈયટ -નાગેશ ભાષ્યકારની પણ મર્યાદા બતાવતા કહે છે કે સૂત્રમાંના પદના પ્રયોજનનો વિચાર વૃત્તિકારે કરવાનો હોય ભાષ્યકારે નહીં, પરંતુ સૂત્રના પ્રત્યાખ્યાન માટે એ સૂત્રમાં પદનો વિચાર કર્યો છે.( ननु पदप्रयोजनचिन्ता वृत्तिकारस्योचिता न भाष्यकारस्ये -त्यत आह। क्रमेणेति ॥ ઉ૦ ચોખં.ભા.૧,પૃ.૨૦૧). अचः परस्मिन्पूर्वविधौ ॥ ના ભાષ્ય પર પણ એ બે કહે છે કે પ્રત્યુદાહરણ આપવું એ તો વૃત્તિકારનું કામ છે તેથી વૃત્તિમાં તે હોય (वार्त्तानि) તેથી તેનો વિચાર કરવો એ ભાષ્યકાર માટે યોગ્ય નથી.[168]

---

[164] જુઓ. न केवलं चर्चापदानि व्याख्यानम्-- वृद्धिः आत् ऐच् इति। किं तर्हि। उदाहरणं प्रत्युदाहरणं वाक्याध्याहारः इत्येतत्समुदितं व्याख्यानं भवति ॥भा० ॥ (ચોખંભા.૧,પે.૭૭).

[165] भाष्यं कात्यायनप्रणीतानां वाक्यानां विवरणं पतञ्जलिप्रणीतम्। न्यास०(પૃ.૪).

[166] જુઓ:(૧-૧-૧૪,૨૫,૩૦,૩૨,૩૫,૩૭,૭૪,૭૫,(૧-૪-૨૫,૨૬),(૨-૪-૬૬),(૫-૩-૧૪,૧૭),(૬-૧-૧૮,૩૯), ૬-૩-૭૨,૭૪,૭૬,૭૮,૭૯,૧૧૧,૧૧૨,૧૨૧,૧૨૪,૧૩૮),(૭-૧-૩૪,૫૦,૫૨,૫૩,૫૪,૫૬,૬૨,૭૮,૮૧),(૮-૧-૪૭),(૮-૨-૧૧--૪૬),(૮-૩-૩૩--૩૪) વગેરે.

[167] ईदूदेत्० (૧-૧-૧૧) પર अप्लुतवदुपस्थिते। इत्यत्र पठिष्यति ह्याचार्यः वद्वचनं प्लुतकार्यप्रतिषेधार्थम्। भा० [એ(૬-૧-૧૨૯) સૂત્ર પરની વાર્તિક], प्रत्ययलोपे ०(૧-૧-૬૨) પર वक्षत्येतत् शास ईत्त्वे आशासः क्वौ इति। भा०, विप्रतिषेधे परम्० (૧-૪-૨) પર पठिष्यति ह्याचार्यः सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेव इति। पुनश्च पठिष्यति पनः प्रसङ्गविज्ञानात्सिद्धम् इति। भा० (भाष्ये आचार्यो वार्तिककारः। उ०), स्त्रियाम् ॥ (૧-૪-૩) पठिष्यति ह्याचार्य लिङ्गमशिष्यं लोकाश्रयत्वाल्लिङ्गस्येति। पुनः पठिष्यति एकार्थे शद्बान्यत्वात् दृष्टं लिङ्गान्यत्वम् अवयवान्यत्वाच्च इति। भा० , समर्थः पदविधिः ॥ (૨-૧-૧)પર न ब्रूमो वृत्तिवचनप्रामाण्या -दिति । किं तर्हि ? वार्त्तिकवचनप्रामाण्यादिति ॥ વગેરે भा०

[168] જુઓ: अच इति किमर्थम्। भा० वार्त्तानि प्रत्युदाहरणानि कानिचिच्छक्यप्रतिविधानानीति प्रश्नः।- - प्र० प्रत्युदाहरणादिचिन्ता वृत्तिकाराणामुचिता , न तु भाष्यकृतोऽत आह--वार्त्तानीति। वृत्त्युदाहृतानि ॥ उ०



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાભાષ્યના ગ્રન્થ વિશે કહેવાય છે કે તે ત્રણ વાખત લુપ્ત થઈ ગયો હતો. ભાષ્યમાં અનેક સ્થળે પાઠભેદ છે કે પાઠ નષ્ટ થયા છે તેમ વ્યાખ્યાકારો કહે છે. વળી કેટલાંક સૂત્રો પર ભાષ્ય નથી તે ઉપરથી લાગે છે કે મહાભાષ્યનો ગ્રન્થ અથ થી ઇતિ સુધી મૂળ સ્વરૂપમાં ન જળવાયો હોય તેથી તે મેળવવા માટે પ્રયાસ કરવો જોઈએ.[169]

**<u>પતંજલિની ઇષ્ટિઓ</u>:** મહાભાષ્યમાં જ **इष्टि** શબ્દ પ્રયોજ્યામાં આવ્યો છે.[170] **इष्यते** એમ કહીને જે વાક્ય મૂકવામાં આવ્યાં છે તે ભાષ્યકારની ઇષ્ટિ કહેવાય છે. ઇષ્ટિ એટલે **भाष्यकारस्य इच्छा ।** એમ બા.મ. સમજાવે છે. સર્વ પ્રથમ **छन्दोवत् सूत्राणि भवन्ति ।** એ વાક્ય ને ઇષ્ટિ તરીકે ગણાવ્યું છે., જો કે તે બાબતમાં મતભેદ છે.[171] નાગેશ કહે છે કે વ્યાકરણ આર્ષ છે માટે તેને છન્દસ્ સમાન ગણવામાં નથી આવતું પરંતુ તે વેદાંગ છે માટે તેને છંદસ્ની સમાન ગણવામાં આવ્યું છે, પરંતુ વૈશેષિક સૂત્રો છન્દોવત્ ન ગણાય. તેથી જ આગળ ભાષ્યકારે **छन्दोवत्कवयः कुर्वन्ति ।** એ વાક્ય ઇષ્ટિ નથી એમ કહ્યું છે. વ્યાયલીક ઇષ્ટિને વાર્તિક કહે છે (જુઓ પાણિનિ. પૃ.૧૦૧), તેનું કારણ કદાચ એ હોઈ શકે કે અનેક સ્થળે શ્લોક વાર્તિકોમાંના અંશોને ઉદ્ધૃત જેવા એ ઇષ્ટિ ગણાવ્યા છે[172] ભાષ્યકારે વાર્તિકો, શ્લોકો અને કેટલેક સ્થળે શ્લોકવાર્તિક પણ રચ્યાં છે તેમ ટીકાકારો નોંધે છે. (૪-૧-૭૮) પરના શ્લોકો ભાષ્યકારના છે તેમ નાગેશ કહે છે.[173] ભાષ્યમાં અન્વર્થ થાય તે માટે લાંબી સંજ્ઞા કરી છે એમ વારંવાર ઉલ્લેખ આવે છે (**अन्वर्थसंज्ञा यथा विज्ञायेत ।**). પરંતુ પાણિનિએ તો પૂર્વાચાર્યોની સંજ્ઞાઓ પણ

---

[169] જુઓ: **सं०व्या०शा०इ०** (પૃ. ૨૪૯ ).

[170] જુઓ: (૨-૧-૬૮) પર **एवं तर्हि नेदं तस्य योगस्योदाहरणं विप्रतिषेधे परम् इति । किं तर्हि ? <u>इष्टिरियं</u> पठिता समानाधिकरण -समासाद्बहुव्रीहिरिष्टः । भा०** તથા (૩-૧-૬૨) પર **न तर्हि इदानीमिदं भवति इच्छाम्यहं काशकटीकारमिति । इष्टमेवैत- द्गोनर्दीयस्य ॥ भा० काशान् कटीकरोतीत्यत्र <u>त्विष्टयाण्</u> प्रत्ययो भवति । प्र०**

[171] જુઓ: (ચૌખં.ભા.૧,પૃ.૧૫૩-૧૫૪, પા.ટી.૨). વાસ્તવમાં **छन्दोवत्कवयः कुर्वन्ति ।** એ વાક્ય ઇષ્ટિ નથી તેમ કૈયટ કહ્યું છે. જુઓ: **ननु छन्दसि विहितस्य सूत्रे कथं प्रवृत्तिरत आह- इष्टिरिति । तथा च भाष्यकारीयातिदेशात्सूत्रेषु च्छन्दःकार्यप्रवृत्तिरिति भावः ॥** એમ નાગેશ કહે છે. તેમના પ્રમાણે એ ભાષ્યકારનું અતિદેશ વાક્ય છે. (૭-૨-૧૦૨) પર **द्विपर्यन्तानां त्यदादीनामत्वमि -ष्यते । का०** માંનું વાક્ય **इष्टिरेवेयम् ।** ઇષ્ટિ જ છે તેમ પદ.માં ભારપૂર્વક કહ્યું છે. સિ.કૌ.માં **द्विपर्यन्तानामेवेष्टिः ।** ને વાર્તિક તરીકે મૂક્યું છે. બા.મ. તેને **भाष्यकारस्य इच्छा** એમ સમજાવે છે પરંતુ ભાષ્યમાં **त्यदादीनां द्विपर्यन्तानामकारवचनम् ॥** એમ વાર્તિક છે. એ જ રીતે (૫-૩-૨૮) પર ભાષ્યકારનું **सर्वनाम्नो वृत्तिमात्रे पुंवद्भावो वक्तव्यः ।** એ વાક્ય સિ.કૌ.માં **तद्धितार्थोत्तरपद समाहारे च ॥** (૨-૧-૫૧), **तसिलादिष्वाकृत्वसुचः ॥** (૬-૩-૩૫) અને **प्रकारगुणवचनस्य ॥** (૮-૧-૧૨) એ ત્રણ સૂત્રોમાં આવે છે તેમાં બે જગાએ વા. તરીકે આપ્યું છે અને (૬-૩-૩૫) પર **सर्वनाम्नो वृत्तिमात्रे पुंवद्भावः इति भाष्यकारेष्ट्या गतार्थत्वात् ।** (સિ.કૌ.) માં ઇષ્ટિ કહ્યું છે. તે પર **भाष्यकारेष्ट्या । भाष्यकारवचनेन इति यावत् । बा०म०**

[172] **सर्वत्र लोहितादिकतन्तेभ्यः ॥** ની ભાષ્ય વા. **कण्वात्तु शकलः पूर्वः कतादुत्तर इष्यते ॥वा०** ને પદ.માં ઇષ્ટિ કહી છે. **त्यदादीनामः ॥** પર **त्यदादीनां द्विपर्यन्तानामकारवचनम् ॥ वा०** છે ત્યાં ભાષ્યમાં અન્તે **तस्माद्द्विपर्यन्तानामत्वं वक्तव्यम् ।** એમ છે, કા.માં એ સૂત્ર પર **द्विपर्यंतानां त्यदादीनामत्वमिष्यते ।** એમ છે પણ તેને ઇષ્ટિ કહી નથી., પરંતુ એ સૂત્ર પર સિ.કૌ.માં **द्विपर्यन्तानामेवेष्टिः । वा०** છે. ત્યાં **सर्वादिगणे ये त्यदादयः पठिताः तेषामिह द्विपर्यन्तानामेव ग्रहणे भाष्यकारस्य इच्छेत्यर्थः ।** બા.મ..ભાષ્યમાં **इष्यते** એ શબ્દ છે. સિ.કૌમાં **इष्टि** શબ્દ છે પણ મુદ્રિત આવૃત્તિમાં તેને વા. ગણી છે, બા.મ."ભાષ્યકારની ઇચ્છા."એમ અર્થ કરે છે.

[173] જેમ કે (૫-૪-૬૭) પર **भद्राच्चेति वक्तव्यम् ॥वा० ॥** એ ભાષ્યવાર્તિક છે. તેમ **प्रकर्षे चेत्तमं कृत्वा दाक्ष्या नोपोत्तमं गुरु ०** વગેરે ચાર શ્લોકો ભાષ્યકારના છે તેમ ના. કહે છે. **एते श्लोकाः भाष्यकृत एव न वार्तिककृतः संपुटीकरणाभावात् । उ०** તથા **चितः ॥** (૬-૧-૧૬૩) પર **चिति प्रत्यये प्रकृतिप्रत्ययसमुदायस्यान्त उदात्त इष्यते ।** એ ઇષ્ટિ છે. **वर्णो वर्णेन ॥** (૨-૧-૬૮) ના ભાષ્યમાં જ **इष्टि** ના નામ સાથે ઉલ્લેખ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લીધાં છે તે સમયે કદાચ લાઘવ ગૌરવનો વિચાર ન કર્યો હોય. તેથી જ આ ખ્યાલ ભાષ્યકારનો છે સૂત્રકારનો નથી એમ કૈયટને ઉદ્ધરીને નાગેશ કહે છે કે સંજ્ઞા અન્વર્થ હોય છે તેવું તારણ ભાષ્યકારનું છે સૂત્રકારનું નથી.[174]

<u>**મહાભાષ્યનાં ત્રણ આવર્તન**</u>: મહાભાષ્યના ગ્રન્થ વિશે કહેવાય છે કે તે ત્રણવાર લુપ્ત થઈ ગયો હતો.[175] તેમાં અનેક સ્થળે પાઠભેદ છે કે પાઠ નષ્ટ થયા છે તેમ પ્રદીપકાર તેમ જ અન્ય ટીકાકારો કહે છે. વળી કેટલાંક સૂત્રો ભાષ્યમાં ઉપલબ્ધ નથી તેથી આ ગ્રન્થ સંપૂર્ણ રીતે જળવાયો ન પણ હોય. જો તેમ હોય તો તે મેળવવા માટે પ્રયાસ કરવો જોઈએ.

<u>**ભાષ્યકારની રજૂઆત**</u> : મહાભાષ્યમાં સૂત્ર અને વાર્તિક બન્નેને આવરી લીધાં છે તેથી સૂત્ર વિશે ચર્ચા તેમ જ વાર્તિક પર વિવેચન છે. તેમાં શંકાકારના પ્રશ્ન અને ભાષ્યકાર દ્વારા તેનું નિરાકરણ આવે છે. વાર્તિકકાર સૂત્ર વિશે જે કંઈ કહે તે સ્વીકારીને કોઈ વાર ભાષ્યકાર સ્પષ્ટતા કરે, કોઈવાર તે ન સ્વીકારીને સૂત્રકારનો બચાવ કરે છે. તેમાં અનેક સદૃષ્ટાન્ત દલીલ કરે છે. તેઓ અન્ય વૈયાકરણોના મત પણ ઉદ્ધરે છે[176] કેટલાંક દૃષ્ટાન્ત ભાષ્યમાં વારંવાર છે. તેમની દલીલો પણ લોકવ્યવહાર પર આધારિત, અત્યંત સરળ તેમ જ પ્રતીતિકર હોય છે.[177] ભાષ્યકાર ક્વચિત્ સંવાદ રૂપે, ક્વચિત્ કથા રૂપે,[178] ક્વચિત્ વિનોદમિશ્ર વાણીમાં, ક્વચિત્ મીમાંસામાંથી ઉદાહરણ લઈને, ક્વચિત્ પ્રાસાદવાસિન્યાય, તક્રકૌણ્ડિન્યન્યાય, નષ્ટાશ્વદગ્ધરથન્યાય, કૂપખાનકન્યાય વગેરે લૌકિક ન્યાયનો આધાર લઈને વિષયની રજૂઆત કરે છે.[179] પ્રયોજન, મોટી સંજ્ઞા વગેરે કેટલીક દલીલો વારંવાર કરે છે[180] મહાભાષ્યમાં भाष्य નો ઉલ્લેખ છે. તે પતંજલિએ પોતે કરેલ છે કે શંકાકાર સિવાયના કોઈ છાત્રે કર્યો છે એમ નાગેશ કહે છે. વાસ્તવમાં सार्वधातुके यक् ॥ (૩-૧-૬૭) ના ભાષ્યમાં तिङ् દ્વારા વ્યક્ત થતા (સાધ્યાવસ્થામાં રહેલ) અને कृत् દ્વારા વ્યક્ત થતા (સિદ્ધાવસ્થામાં રહેલ) भाव ના ભેદની ચર્ચા છે.[181]

---

[174] જુઓ: संज्ञाया अन्वर्थत्वमपि भाष्यकृदूहितमेव न सूत्रकृदूहितमिति विभाषादिग्गिति सूत्रे कैयटे स्पष्टम्।" न बहुव्रीहौ। ઉપર लघु० श०शे० (પૃ. ૨૪૪). જો કે विभाषा दिक्० પરના પ્રદીપમાં આ નથી.

[175] જુઓ: संस्कृत व्याकरण शास्त्र का इतिहास पृ० २४९ और आगे० .

[176] આપિશલિ ભારદ્વાજી, સૌનાગ વગેરે વિશે જોવું. તદુપરાંત अन्य આચાર્યોનો પણ મત ઉદ્ધર્યા છે દા.ત. अन्येषामाचार्याणां मतेन विति। (કિ.પૃ. ૭૨).

[177] જુઓ:(૧) समानमीहमानानां चाधीयानानां च केचिदर्थैर्युज्यन्ते अपरे न ॥ (ચૌખં.ભા.૧,પૃ.૧૩૫, ૩૬૯ ભા.૨,પૃ.૪૨૪,ભા.૩, પૃ.૧૯૯). (૨) न हि दोषाः सन्तीति परिभाषा न वक्तव्या- -न हि भिक्षुकाः सन्तीति स्थाल्यो नाधिश्रियन्ते। न च मृगाः सन्तीति यवा नोप्यन्ते। (ઓજન ભા૧, પૃ.૩૬૬,ભા.૫,પૃ.૩૬ વગેરે), अभिजानासि देवदत्त यत्कश्मीरिषुवत्स्यामः० (ચૌખં.ભા.૧, ૩૯૧, ભા.૩પૃ.૧૮૮-૮૯), मातरि वर्तितव्यम्० (કિ.પૃ.૬૨,૧૮૨) गर्गाः शतं दण्ड्यन्ताम्। (કિ.પૃ..૪૧,૫૭, ચૌખં ભા.૬, ખંડ.૨.પૃ.૨૧૩) વગેરે, खट्वा इन्द्रः વગેરે (કિ.પૃ.૨૩,૪૨,૧૨), एकशेषनिर्देश (કિ.પૃ.૮૮, ચૌખં. ભા.૬,પૃ.૨૩૪, ) વગેરે.

[178] मातुल અને उपाध्याय નું દૃષ્ટાન્ત (ચૌખં.ભા.૩,પૃ.૨૨૮)

[179] ભાષ્યકાર કહે છે: नेश्वर आज्ञापयति. नापि धर्मसूत्रकाराः पठन्ति - -लौकिकोऽयं दृष्टान्तः। लोके हि सत्यपि सम्भवे बाधनं भवति। तद्यथा--दधि ब्राह्मणेभ्यो दीयतां तक्रं कौण्डिन्याय इति। (કિ.પૃ.૧૧૪-૫).

[180] જેમ કે प्रयोजनं नाम तद्वक्तव्यम्, यन्नियोगतः स्यात्।, महतीयं संज्ञा क्रियते। संज्ञा च नाम यतो न लघीयः।- -लघ्वर्थं संज्ञाकरणम्।०, नावश्यं द्विकार्ययोग एव विप्रतिषेधः। किं तर्हि। असंभवोऽपि। भा०, तच्चान्तरेण यत्नं न सिध्यति (કિ.પૃ.૧૬૧, ૧૭૨,૧૭૮). नैष तकारः। कस्तर्हि। दकारः।- - यद्यसंदेहार्थस्तकारो दकारोऽपि। अथ मुखसुखार्थस्तकारो दकारोऽपि ॥ भा० (ચૌખંભા.૧.પૃ.૪૨૨,ભા.૫.પૃ.૯૬) પરિભાષા: જેમ કે विप्रतिषेधे परम्। માં पर એટલે ઇષ્ટ એમ અર્થ કરે છે (કિ.પૃ.૪૬).

[181] જુઓ: अकर्तरि च कारके संज्ञायाम् ॥ (૩-૩-૧૯) પર उक्तो भावभेदो भाष्ये ॥ भा० सार्वधातुके यगित्यत्र प्रतिपादितः। प्र० शङ्कित्रतिरिक्तस्य छात्रस्य वाक्यमित्येके। भगवत एवेत्यन्ये। उ०



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂત્રનો યોગ્ય અર્થ થઈ શકે તે માટે તેઓ અનેક રીત અપનાવે છે. કોઈ વાર યોગવિભાગનો, કોઈ વાર જ્ઞાપકનો (કારણ કે જે તે પ્રયોગને લક્ષમાં રાખીને જ્ઞાપન કરવામાં આવે છે),[182] કોઈ વાર પરિભાષાનો આશ્રય લઈને અથવા તેનો અથવા પ્રત્યાહારનો અન્ય અર્થ કરીને, પ્રશ્લિષ્ટ નિર્દેશ લઈને, ક્વચિત્ કોઈ શબ્દનો અન્ય ગણમાં પાઠ કરવાનું સૂચવીને સૂત્રનું સમર્થન કરે છે.[183] તેઓ ઉત્સર્ગને થાય છે તે કાર્ય, **अण्** પર થતાં જે થાય છે તે કાર્ય વગેરે સૂચવવા માટે **उत्सर्गकृतम्** , **अणिकृतम्** જેવા પ્રયોગ કરે છે.[184] ભાષ્યકાર **इहार्थं चापि मृज्यर्थम्** , **इहार्थं तर्हि सिजर्थम्** (કિ. પૃ. ૪ અને ૪૮) વગેરે. તેઓ **आतश्च (आतश्चार्थात् प्रकरणाद्वा ।भा० आतश्च = इतश्च । प्र०** ચોખં.ભા.૧.પૃ.૩૦૫, તથા **आतश्चाभिज्ञाः । भा०** કિ.પૃ. ૯૫, **आतश्चैष्यते । भा०** કિ.પૃ. ૯૬ વગેરે) એ શબ્દોનો પણ અનેક વાર પ્રયોગ કરે છે. (કિ.૯, ૮૧ વગેરે).

વૈદિક પ્રયોગો માટે ભાષ્યકાર વારંવાર **छान्दसमेतत् । दृष्टानुविधिश्च छन्दसि भवन्ति । भा०** એમ કહે છે (તે પર **सर्वे विधयश्छन्दसि विकल्पन्ते । प्र०** ચોખં. ભા.૫,પૃ.૭૮) તથા **न हि च्छन्दांसि क्रियन्ते नित्यानि च्छन्दांसि ॥ भा०** (તે પર **कर्तुरस्मरणात् । प्र०** અજ્ઞન ભા.૬,પૃ.૨૧૩).

કેટલાંક સૂત્રો પર ભાષ્ય નથી. જ્યારે કેટલાંક સૂત્ર પર વાર્તિક નથી છતાં ભાષ્ય છે જે બતાવે છે કે ભાષ્યકારે માત્ર વાર્તિકો પર જ ભાષ્ય કર્યું નથી. ક્વચિત્ ભાષ્યકારના ચિન્ત્ય પ્રયોગ ટીકાકાર બતાવે છે છતાં તેમના પ્રત્યેના અહોભાવને કારણે ભાષ્યકારનો પ્રયોગ છે તેથી સાધુ છે તેમ કહે છે. **अवेः मांसम् आविकम्** એ પ્રયોગમાં પ્રત્યય **अविक** શબ્દને લાગે છે, **अवि** શબ્દને નહીં કારણ કે તે બન્નેનો અર્થ એક જ છે. આમ સમાનાર્થવાળા બેમાંના એકથી વિગ્રહ થાય અને બીજાને પ્રત્યય લાગે તેને ભાષ્યકાર **अव्यविकन्याय** (અથવા **अविरविकन्याय**) કહે છે. એ પ્રયોગને જુદી જુદી રીતે સમજાવતાં છતાં તે ભાષ્યકારનો પ્રયોગ છે તેથી સ્વીકાર્ય ગણ્યો છે. તે પ્રમાણે સાતમા આહ્નિકમાં **हस्तदक्षिणः** સમાસમાં '**सर्वनामसंख्योरुपसंख्यानम् ।** પ્રમાણે **दक्षिण** નો પૂર્વનિપાત થવો જોઈએ. પરંતુ ભાષ્યકારનું વચન છે તેથી સર્વનામનો પણ પરનિપાત કર્યો છે તેમ કે. કહે છે.[185] **अजेर्व्यघञपोः ॥** (૨-૪-૫૬) ના ભાષ્યમાં સૂત અને વૈયાકરણનો સંવાદ મૂકીને જ્ઞાન સાથે ગમ્મત કરી છે. વૈયાકરણ પૂછે છે ," આ રથનો ચાલક (**प्रवेता**) કોણ છે?" સૂત." આયુષ્મન્ ! આ રથનો ચાલક (**प्राजिता**) હું છું." વૈયાકરણ કહે છે કે (**प्राजिता**) એ તો અપશબ્દ છે. સૂત." આપ સૂત્રથી થતી સિદ્ધિ વિશે જાણો છો, ઇષ્ટિ દ્વારા થતીને નથી જાણતા." વૈયાકરણ." અરે આ દુષ્ટ સૂત (**दुरुतेन**) તો અમને હેરાન કરે છે." સૂત." ખરેખર તો સૂત શબ્દ **वेञ्** ધાતુ ઉપરથી નથી થયો,

---

[182] **योगापेक्षं ज्ञापकम् । भा० प्रयोगापेक्षमित्यर्थः । उ० बहुगण०** (૧-૧-૨૨) પર.

[183] જેમ કે **विप्रतिषेधे परम् ।** માં **पर** એટલે ઇષ્ટ એમ અર્થ કરે છે. (કિ.પૃ.૪૬) વગેરે, પ્રત્યાહારઃ જેમ કે **मायच्च्** (કિ.પૃ.    ), પ્રશ્લિષ્ટનિર્દેશ દા.ત. **ऋच्छेरपि प्रश्लिष्ट- निर्देशोऽयम् । ऋच्छति । ऋ ऋ ऋताम् ऋच्छत्यृतामिति ॥** (કિ.પૃ.૪૬), **प्रश्लिष्ट-निर्देशो ऽयम्--अनुपसर्जन-अ-अ-अत् इति ।** (ચોખં ભા.૧,પૃ.૩૨૬) તથા **स्त्रियां च ॥** (૭-૧-૯૬) પર **प्रश्लिष्टनिर्देशोऽयं--स्त्री ई स्त्री स्त्रियामिति । भा०** વગેરે. અન્ય ગણમાં પાઠ દા.ત. જે સર્વ પદોની અન્તે હોય તે સમાસમાં ઉત્તરપદ કહેવાય છે તેથી **अलाबुकर्कन्धुदन्भुफकम्** એ એથી વધારે પદ યુક્ત સમાસમાં **अलाबू** , **कर्कन्धू** વગેરેમાં ઉત્તરપદ પર થતાં **इको ह्रस्वो०** થી ऊ-કાર હ્રસ્વ થઈ શકે તે માટે જુદી રીતે વિગ્રહ કરવા છતાં કાર્ય સિદ્ધ નહીં થાય તે દલીલ સામે ભાષ્યકાર એમ કહે છે કે **राजदन्तादि** ગણમાં પાઠ કરવામાં આવશે (**राजदन्तादिषु पठिष्यते । भा०**).(ચોખં.ભા.૫.પૃ.૨૪૭).

[184] જેમ કે **आतोऽनुपसर्गे कः । इति केऽप्यणिकृतं प्राप्नोति ।** તથા **नापवाद उत्सर्गकृतं भवति०** (બન્ને કિ.પૃ.૧૩૮). વર્ણો અર્થયુક્ત હોય તો અર્થયુક્તને જે પ્રાતિપદિક સંજ્ઞા, **सुप्** પ્રત્યય વગેરે થવાનો પ્રસંગ આવે (**यदि तर्हीमे वर्णा अर्थवन्तो-ऽर्थवत्कृतानि प्राप्नुवन्ति ।भा०** --કિ.પૃ.૩૧) વગેરે.

[185] જુઓ **द्विगोर्लुगनपत्ये ॥** (૪-૧-૮૮) **तत्र द्वयोः शब्दयोः समानार्थकयोरेकेन विग्रहः अपरस्मादुत्पत्तिर्भविष्यत्यव्यविकन्यायेन । तद्यथा--अवेर्मांसमिति विगृह्याविकशब्दादुत्पत्तिर्भवति--आविकमिति ॥ भा० अव्यविकशब्दयोर्यो न्यायस्तेनेत्यर्थः । क्वचित् अविर-विकन्याय इति पाठः ।-- अथवा भाष्यवचनप्रामाण्यादस्य साधुत्वम् ॥ प्र० अयं हि भाष्यकारस्य प्रयोगः तद्वचनप्रामाण्यान्मयूर-व्यंसकादित्वात्पूर्वपदस्य रेफ आगम इत्याशयः । उ०** તથા જુઓ (૫-૧-૭) પરનું ભાષ્ય. વળી જુઓ **हस्तो दक्षिणो यस्येति बहुव्रीहिः । भाष्यकारवचनात्सर्वनाम्नोऽपि परनिपातः । प्र०** (ચોખં ભા.૧.પૃ.૪૧૦).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सुवति (षू प्रेरणे)** ધાતુ ઉપરથી થયો છે. જો તમારે નિન્દા દર્શાવવી હોય તો **दुःसूतेन** એમ કહેવું જોઈએ." [186] આ સંવાદ ભાષ્યકારની દૃષ્ટિઓની અગત્ય સૂચવે છે. કારણ કે જે દૃષ્ટિને જાણતો નથી તે અધુરો વૈયાકરણ છે તેમ સમજાય છે. **वृद्धिरादैच्** ॥ સૂત્રમાં **वृद्धि** શબ્દનો પૂર્વનિપાત કર્યો છે તેનો વાંધો લેનારને સમજમાં ભાષ્યકાર કહે છે કે મંગળ માટે આચાર્યે આ જ કર્યું છે તે માટે ક્ષમા કરો અથવા ચલાવી લ્યો. એ તેમની વિનોદવૃત્તિનો નિર્દેશ કરે છે. [187] ભાષ્યકારે અનેક વાર બે ત્રણ કે વધારે સૂત્રો ભેગાં લઈને, ક્વચિત્ ક્રમની દૃષ્ટિએ એક બીજાથી દૂરનાં હોય તો પણ, તેમના ઉપર ભાષ્ય કર્યું છે [188]

પસ્પશામાં તેમ જ અન્યત્ર જે સંદર્ભ તેમણે આપ્યા છે તે ઉપરથી સમજાય છે કે વિવિધ દેશોમાં શબ્દોના જુદા અર્થમાં થતા પ્રયોગ વિશે ભાષ્યકારનું જ્ઞાન અતિવ્યાપક છે. ભારતના જુદા જુદા પ્રદેશો વિશે પણ તેમને સારી માહિતી હતી તેમ પણ જણાય છે. [189]

<u>ભાષ્યકાર અને વાર્તિકકાર</u>: ભાષ્યકાર ઘણીવાર **अत्यल्पमिदमुच्यते ।** એમ કહીને વાર્તિકની ઊણપ બતાવે છે [190] શ. કૌ.માં કહ્યું છે કે વાર્તિક અને ભાષ્યનો કેવળ સૂત્રકાર સાથે વિરોધ છે તેમ નથી પરંતુ તેમનો પરસ્પર પણ વિરોધ છે.જેમ કે **प्रणि-दीयते , प्रणिदीनः** જેવામાં ભાષ્ય પ્રમાણે **न्** નો **ण्** **(णत्व)** નિત્ય છે, વાર્તિક પ્રમાણે વૈકલ્પિક છે, પરંતુ સૂત્ર પ્રમાણે **णत्व** નથી થતું એ સ્પષ્ટ છે. આમ **प्रणिदाता** માં વાર્તિક અને ભાષ્યનો સૂત્રકાર સાથે વિરોધ છે અને **प्रणिदीनः** માં ભાષ્યકાર સાથે બાકીના બેનો વિરોધ છે. આમ મતભેદ છે પરંતુ તેથી તેઓ પરસ્પર વિરોધી છે એમ કહેવું ઉચિત નથી. દીક્ષિત પણ કહે છે **यथोत्तरं मुनीनां प्रामाण्यम् ।** એ સિદ્ધાન્ત છે તેથી **शेषे विभाषा ॥** એ વ્યવસ્થિતવિભાષા લઈને ભાષ્ય સાથેનો વિરોધ દૂર કરીને સૂત્રકાર, વાર્તિકકાર અને ભાષ્યકાર એ ત્રણેની એકવાક્યતા સાધી શકાય (જુઓ **यथोत्तरं मुनीनां प्रामाण्यम् ।** એ ખંડ). [191] **आद्यन्त-**

---

[186] જુઓ: एवं हि कश्चिद्वैयाकरण आह--कोऽस्य रथस्य प्रवेतेति । सूत आह--अहमायुष्मन्नस्य रथस्य प्राजिता । वैयाकरण आह --अपशब्द इति । सूत आह--प्राप्तिज्ञो देवानांप्रियः न त्विष्टिज्ञ इष्यत एतद्रूपमिति । वैयाकरण आह--अहो नु खल्वनेन दुरुतेन बाध्यामह इति । सूत आह--न खलु वेञः सूतः सुवतेरेव सूतः । यदि सुवतेः कुत्सा प्रयोक्तव्या दुःसूतेनेति वक्तव्यम् ॥ भा० (ચોખં.ભા. ૨, પૃ ૫૫૭).

[187] જુઓ: कथं वृद्धिरादैज् इति ? एतदेकमाचार्यस्य मृष्यताम् । भा० (ચોખં.ભા.૧,પૃ ૧૬૪).

[188] જુઓ: આવાં ઘણાં સૂત્રો છે, પરંતુ દૃષ્ટાન્ત રૂપે: **समः समि ॥ नहिवृत्तिवृषि०** (૬-૩-૯૩ અને ૧૧૬) તે પર **विचारस्य समानत्वात् नहि आदिग्रहणं कृतम् । प्र० देशान्तरस्थनहिवृत्ति इत्यनेनास्य कथमत आह विचारस्येति । उ०, दीर्घात् ॥** અને **पदान्ताद्वा ॥** (૫-૩-૮૫ અને ૮૬) પર વા. અને ભાષ્ય ભેગાં છે: **दीर्घात्पदान्ताद्वा विश्वजनीनादीनां छन्दसि । वा०** , (૪-૨-૬૭ થી ૭૦) એ ચાર સૂત્રો એક યોગ છે કે ભિન્ન સૂત્રો છે તે વિશે ભાષ્યમાં પ્રશ્ન કરવામાં આવ્યો છે. તે ચારે પર સાથે જ ભાષ્ય છે.

[189] જુઓ: सर्वे देशान्तरे ॥वा० ॥ सर्वे खल्वप्येते देशान्तरे प्रयुज्यन्ते । भा० तथा एतस्मिंश्चातिमहति शब्दस्य प्रयोगविषये ते ते शब्दाः तत्र तत्र नियतविषया दृश्यन्ते । तद्यथा शवतिर्गतिकर्मा कम्बोजेष्वेव भाषितो भवति । विकार एनमार्या भाषन्ते शव इति । हम्मतिः सुराष्ट्रेषु , रंहतिः प्राच्यमध्येषु , गमिमेव त्वार्याः प्रयुञ्जते । दातिर्लवनार्थे प्राच्येषु , दात्रमुदीच्येषु ॥ भा० तथा (કિ.પૃ. ૯ -- ૧૦), अस्ति च लोके सरसीशब्दस्य प्रवृत्तिः । कथम् । दक्षिणापथे हि महान्ति सरांसि सरस्य इत्युच्यन्ते ॥ भा० (એજન.પૃ. ૭૩) તદુપરાંત **अव्ययात्त्यप् ॥** ની વાર્તિકોના ભાષ્યમાં **जिह्नव , इक्ष्वाकव** વગેરે વાહીક જનપદ અને **दारूप्य , पातानप्रस्थ** વગેરે ગ્રામોનાં નામ ઉદાહરણ છે.

[190] જુઓ: नासिकानाडीमुष्ट्योश्च ॥नी नासिकायां ध्मश्च धेटश्च । वा० ५२ अत्यल्पमिदमुच्यते । भा० वार्तिकस्याप्यव्याप्तिमुद्भावयन् भाष्यकार आह अत्यल्पमिति । प्र० वार्तिकस्यापीति । अपिना नाडीमुष्ट्योश्चेति सूत्रस्यापि । उ०

[191] જુઓ: (सूत्रमते तु न भाव्यं णत्वेनेति स्पष्टमेव ।) किञ्च भाष्यवार्त्तिकयोर्न केवलं सूत्रकृता सह विरोधः किन्तु परस्परेणापि । तथा हि भाष्यमते प्रणिदीयते प्रणिदीनः इत्यादावपि नित्यं णत्वं णत्वविधौ प्रकृतिग्रहणात् । वार्त्तिकमते तु वैकल्पिकम् - -तदेवं प्रणिदाता इत्यादौ सूत्रकृता सह द्वयोर्विरोधः । प्रणिदीनः इत्यादौ तु भाष्यकृता सहेतरयोर्विरोधो दुष्परिहर इति ॥ (શ.કૌ.પૃ.૧૪૪).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वदेकस्मिन्। સૂત્રનું વાર્તિકકાર પ્રત્યાખ્યાન કરે છે, પરંતુ ભાષ્યકાર તે સ્વીકારતા નથી.[192] द्वन्द्वश्च प्राणितूर्यसेनाङ्गानाम् ॥ માં પૂર્વપદ અને ઉત્તરપદનું ગ્રહણ કરવું અથવા યોગવિભાગ કરવો એમ વાર્તિકકારના સૂચનનો અસ્વીકાર કરે છે.[193] ભાષ્ય-કારશ્રી સૂત્રકાર પ્રત્યે જે પૂજ્ય ભાવ છે તેનો ઉલ્લેખ આગળ પાણિનિના મહત્વની ચર્ચામાં થઈ ગયો છે. અનેક સ્થળે ભાષ્ય-કાર વાર્તિકોનું સમર્થન કરે છે અને આધાર તરીકે ઉદ્ધરે છે,[194] કારણ કે બન્નેનો હેતુ ઉપલબ્ધ શબ્દોનું સ્પષ્ટીકરણ કરવાનો હતો. તેથી જ વાર્તિકમાં કહે છે सदन्वाख्यानाच्छास्त्रस्य। ભાષ્યકાર તેનો સ્વીકાર કરે છે.[195] પ્રથમ વાર્તિકમાંના सिद्ध શબ્દના ઔચિત્યને સમજાવતાં ભાષ્યકાર કહે છે કે સમગ્ર શાસ્ત્રના કલ્યાણને ઇચ્છતા આચાર્યે અર્થાત્ આચાર્ય કાત્યાયને सिद्ध શબ્દને આદિમાં મૂક્યો છે.[196] " આચાર્ય મિત્રભાવે અમુક કહે છે, " એમ ભાષ્યકાર અનેક સ્થળે કહે છે.[197] જેમ કે तस्यादित उदात्तमर्धह्रस्वम् ॥ (૧-૨-૩૨) સૂત્ર પર શંકાકાર પ્રશ્ન કરે છે કે આચાર્ય મિત્રભાવે કહેતા હોય કે સ્વરિતનો અમુક ભાગ ઉદાત્ત અને અમુક અનુદાત્ત છે એટલું કહ્યું તો પછી બીજું પણ અર્થાત્ કંઠ વગેરે (स्थान), આભ્યંતર પ્રયત્ન (करण) અને બાહ્ય પ્રયત્ન (अनुप्रदान) વિશે, કેમ નથી કહેતા ?[198] ભાષ્યમાં વાર્તિકકારે જેનું પ્રત્યાખ્યાન કર્યું છે તે अनुपसर्जनात्। સૂત્રનો ભાષ્યકારે પરિભાષા રૂપે આધાર લીધો છે.[199] ક્વચિત્ ભાષ્યકાર વાર્તિકકારની ઠેકડી ઉડાવે છે.[200] ક્વચિત્ દોષ પણ બતાવે છે

---

[192] જુઓ: वार्त्तिककारस्तु- -असमहार्तेऽपि मुख्ययोरेवाद्यन्तयोः सम्भव इति मन्वानः सूत्रमेतत्प्रत्याचख्यौ। आह च अपूर्वानुत्तर -लक्षणत्वादाद्यन्तयोः सिद्धमेकस्मिन् इति। भाष्यकारस्तु नैतन्मेने। (શ.કૌ.પૃ.૧૪૬).બીજાં અનેક દૃષ્ટાન્ત આપી શકાય.

[193] જુઓ: प्राणितूर्यसेनाङ्गानां तत्पूर्वपदोत्तरपदग्रहणम् ॥वा० ॥- -तत्तर्हि वक्तव्यम्। न वक्तव्यम्। योगविभागात्सिद्धम् ॥वा० ॥-स तर्हि योगविभागः कर्तव्यः। न कर्तव्यः। प्रत्येकमङ्गशद्धः परिसमाप्यते। भा०(=अङ्ग શબ્દ प्राणि,વગેરે ત્રણેની સાથે લેવાનો છે).

[194] જુઓ: (૨-૧-૧) પર न ब्रूमो वृत्तिसूत्रवचनप्रामाण्यादिति। किं तर्हि। वार्त्तिकवचनप्रामाण्यादिति। सिद्धं तु क्वाङ्स्वतिदुर्गति-वचनात् ॥ प्रादयः क्तार्थे ॥ इति ॥ भा० અહીં कुगतिप्रादयः ॥ એ वृत्तिसूत्र (=પાણિનિના સૂત્ર) નો આધાર નથી લીધો પરંતુ તે પરની सिद्धं तु क्वाङ्स्वतिदुर्गतिवचनात् ॥ (वा० ३) અને प्रादयः क्तार्थे ॥ (वा० ४) નો આધારનો લીધો છે એમ ભાષ્યમાં કહે છે. તથા (૩-૧-૧૩) માંના आदि શબ્દનું વાર્તિકારે लोहितडाज्भ्यः क्यष्वचनम् ॥वा ॥ દ્વારા તેનું પ્રત્યાખ્યાન કર્યું છે. ભાષ્યકાર लोहितडाज्भ्यः क्यष् वक्तव्यः। लोहितायते० भा० દ્વારા તેનો સ્વીકાર કરે છે. आदिशद्वस्य प्रत्याख्यानमेतत्। अपठित संग्रहार्थो -प्यादिशद्वो न भवति तस्य वार्तिककारेणदूषितत्वात्। प्र० તથા તથા (૪-૧-૩) પર पठिष्यति ह्याचार्यः (= वार्त्तिककृत्। उ०) लिङ्गमशिष्यं लोकाश्रयत्वाल्लिङ्गस्येति ॥ भा० ત્યાં જ पुनः पठिष्यति ह--एकार्थे शद्वान्यत्वात् ॥वा० ॥ अवयवान्यत्वात् ॥वा० ॥ આ બે तस्यापत्यम् ॥ (૪-૧-૯૨) પરનાં વાર્તિકો છે અને वार्तिककारश्च पठति जश्भावादितिचेदुत्तरत्राभावादपवादप्रसंङ्ग इति। भा० (કિ.પૃ.૯૩).

[195] જુઓ: (૧-૧-૬૧) પર प्रत्ययलोपे प्रत्ययलक्षणवचनं सदन्वाख्यानाच्छास्त्रस्य ॥वा ॥ प्रत्ययलोपे प्रत्ययलक्षणमित्युच्यते। सदन्वाख्यानाच्छास्त्रस्य। सच् शास्त्रेणान्वाख्यायते सतो वा शास्त्रमन्वाख्यापकं भवति। भा० सच्छास्त्रेणेति। शास्त्रेण करणेनाचार्यः स्मर्ता सद्विद्यमानं वस्तु निमित्तत्वेनान्वाचष्टे। सतो वेति। शास्त्रस्यैवाविच्छेदेन प्रवर्तमानस्य स्वतन्त्रत्वमन्वाख्यान इति ० प्र०

[196] જુઓ: माङ्गलिक आचार्यः महतः शास्त्रौघस्य मङ्गलार्थं सिद्धशद्बमादितः प्रयुङ्क्ते। भा० (ચોખં ભા.૧, પૃ.૬૧) न चेदानीमाचार्याः सूत्राणि कृत्वा निवर्तयन्ति। भा० (નિ.સા.પૃ.૭૦, ચોખં.ભા.૬,પૃ.૯૪). આમ ભાષ્યકાર વાર્તિકાર પ્રત્યે આદર બતાવે છે.

[197] દા.ત.समर्थः पदविधिः ॥ (૨-૧-૧) ની योगे प्रतिषेधश्चादिभिः ।वा० પર ભાષ્યમાં કહે છે तदाचार्यः सुहृद्भूत्वाचष्टे चादिभि र्योगे यथान्यासमेव भवतीति। भा०, अर्धर्चाः पुंसि च ॥ (૨-૪-૩૧) પર अन्वादेशश्च कथितानुकथनमात्रम्। वा० तदाचार्यः सुहृद् भूत्वान्वाचष्टे कथितानुकथनमात्रमिति। भा० વગેરે.

[198] તે પર तदाचार्यः सुहृद्भूत्वान्वाचष्टे इयदुदात्तमियदनुदात्तम्- -यद्ययमेवं सुहृत्किमन्यान्यप्येवंजातीयकानि नोपदिशति ॥ भा०

[199] જુઓ: अनुपसर्जनात् इत्येष योगः प्रत्याख्यायते। तमेवमभिसंभन्त्स्यामः० ।भा० स्त्रीप्रत्ययप्रकरणस्थमपि सूत्रं तत्रानुपयुज्यमानं कार्यान्तरार्थं परिभाषारूपं ज्ञातव्यमिति भावः।- - परं तु- -प्रत्याख्यायते इत्यस्य वार्तिककृतेति शेषः। उ० (કિ.પૃ.૨૧).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હા.ત. तदेतदत्यन्तं संदिग्धमाचार्याणां विभाषाऽनुवर्तते नवेति । भा० ઘણી વાર ભાષ્યકાર સૂત્રકારનો બચાવ પણ કરે છે. (૮-૧-૮) સૂત્રમાં असूया (અદેખાઈ) અને कुत्सन (નિન્દા) નો તથા कोप અને भर्त्सन (શબ્દદ્વારા ભય પમાડવો) નો એક અર્થ હોવાથી તેમનો અલગ નિર્દેશ અનર્થક છે. વાર્તિકકારના એ આક્ષેપના બચાવમાં ભાષ્યકાર કહે છે કે અસૂયા વિના પણ કુત્સના હોય છે અને ગુસ્સે થયા વિના પણ ભર્ત્સના હોય છે તેથી તેમનો પૃથક્ ઉલ્લેખ યોગ્ય છે.[201] वृद्धिरादैच् । સૂત્રમાં वृद्धि એ સંજ્ઞાવાચક શબ્દનો પૂર્વનિપાત કર્યો છે તેનો વાંધો લેનારને ભાષ્યકાર કહે છે કે મંગળ માટે આચાર્યે આ જ કર્યું છે તે માટે ક્ષમા કરો અથવા ચલાવી લ્યો.[202]

<u>ભાષ્ય (નવાન્હિક) માં પ્રત્યાખ્યાન કરેલ સૂત્રો</u>: न धातुलोप आर्धधातुके ॥ (૧-૧-૪) આ સૂત્રનો ભાષ્યકારે અનેક સ્થળે આધાર લીધો છે [જુઓ: (૧-૧-૩૯) वा० ६ અને ૧-૧-૫૭) वा १९ વગેરે] , दीधीवेवीटाम् ॥ (૧-૧-૬), बहुगणवतुडति संख्या ॥ (૧-૧-૨૩), ष्णान्ता षट् ॥ (૧-૧-૨૪), न बहुव्रीहौ ॥ (૧-૧-૨૯), न वेति विभाषा ॥ (૧-૧-૪૪), एच इग्घ्रस्वादेशे ॥ (૧-૧-૪૮), स्थानेऽन्तरतमः ॥ (૧-૧-૫૦) અને स्वरादिनिपातमव्ययम् ॥ तद्धितश्चासर्वविभक्तिः ॥ कृन्मेजन्तः ॥ क्त्वातोसुन्कसुनः ॥ અને अव्ययीभावश्च ॥ (૧-૧-૩૭ થી ૪૧) એ પાંચ સૂત્રોનું પણ પ્રત્યાખ્યાન કર્યું છે. અંતિમ સૂત્ર માટે કહે છે કે જો પરિગણન કરવાનું હોય તો સૂત્ર કરવાની જરૂર નથી.(यदि परिगणनं क्रियेत नार्थोऽव्ययीभावस्याव्ययसंज्ञया । भा० )

यथोत्तरं मुनीनां प्रामाण्यम् -- ભાષા આ પરિવર્તનશીલ સંસારનો ભાગ છે તેથી તે પણ પ્રવાહની જેમ વહેતી રહે છે. તેમાં થોડે થોડે સમયે ફેરફાર થાય છે. કોઈ શબ્દો પૂર્વે પ્રચારમાં હોય તે પાછળના સમયમાં પ્રયોગમાંથી જતા રહે છે.[203] પૂર્વે જેમનો પ્રયોગ ન થતો હોય તેવા નવા શબ્દો પ્રચારમાં આવે છે.[204] क्वचित् કાળાન્તરે શબ્દનો અર્થ બદલાઈ જાય છે. ભાષામાં આવતા આ પ્રકારના ફેરફારોને વ્યાકરણશાસ્ત્રના ફલકમાં આવરી લેવા માટે તે તે કાળના વૈયાકરણ પ્રયાસ કરે તે સ્વાભાવિક છે. પાણિનીય વ્યાકરણની બાબતમાં પણ આમ જ બન્યું છે. એટલે કે વૃત્તિઓ, વાર્તિકો, મહાભાષ્ય વગેરેમાં એ ફેરફારોની નોંધ લેવામાં આવી. આ પ્રકારના ભાષાકીય પરિવર્તનને આવરી લેવા માટે उपसंख्यानम् , वक्तव्यम् , वाच्यम् , इष्यते , इष्टम् કે इष्टः વગેરે શબ્દોનો પ્રયોગ જુદા જુદા આચાર્યો દ્વારા કરવામાં આવે છે. કા.ન્યાસ. અનેક સ્થળે उपसंख्यान નો અર્થ પ્રતિપાદન અને वक्तव्यम् એટલે વ્યાખ્યા કરવી અર્થાત્ સમજવું જોઈએ એમ કરે છે. જો કે તે બાબતમાં હરદત્ત સ્પષ્ટતા કરે છે કે સૂત્રથી જ સિદ્ધ ન થયું હોય તેને ઉપસંખ્યાન દ્વારા સિદ્ધ કરવું જોઈએ, પરંતુ ઉપસંખ્યાનનો આધાર લઈને સૂત્રનું પ્રત્યાખ્યાન ન કરવું જોઈએ.[205] न बहुव्रीहौ ॥ માં ગોનર્દીય અર્થાત્ પતંજલિએ अकच् स्वरौ तु कर्तव्यौ० વગેરે વિધાન દ્વારા

---

[200] જુઓ: स एष सूत्रभेदेन लकारोपदेशः प्लुत्यर्थः सन् प्रत्याख्यायते सैषा महतो वंशस्तन्वाल्लट्वानुकृष्यते ।भा० (ચૌખં.ભા.૧,પૃ. ૧૦૯)

[201] જુઓ: अजेर्व्यघञपोः ॥ (૨-૪-૫૬) પર वाक्यादेरामन्त्रितस्याऽसूयासंमतिकोपकुत्सनभर्त्सनेषु ॥ भा० તે પર असूयाकुत्सनयोः कोपभर्त्सनयोश्चैकार्थत्वात्पृथक्त्वनिर्देशानर्थक्यम् ॥वा ॥ તે પર सामृतैः पाणिभिर्घ्नन्ति गुरवो न विषोक्षितैः । लालनाश्रयिणो दोषा स्ताडनाश्रयिणो गुणाः ॥ भा० गुरवो हि - -अकुप्यन्तोऽपि भर्त्सनं कुर्वते ।- - विनाऽप्यसूयया कुत्सां कुर्वन्तीति पृथक्तयोः । निर्देशः सूत्रकारेण विहितः सूक्ष्मबुद्धिना । प्र० सामृतैरिति अतोऽसूयाकुत्सनयोः पृथग्ग्रहणं कर्तव्यमित्यर्थः । उ०

[202] જુઓ: कथं वृद्धिरादैज् इति ? एतदेकमाचार्यस्य मृष्यताम् । (કિ.પૃ.૪૦).

[203] अस्त्यप्रयुक्त इति चेन् नार्थे शद्वप्रयोगात् ॥वा० ॥ अर्थे शद्वाः प्रयुज्यन्ते ॥ सन्ति चैषां शद्वनामर्था येष्वर्थेषु प्रयुज्यन्ते ॥ भा० (ચૌખં.ભા ૧, પૃ. ૬૯).

[204] अप्रयोगः प्रयोगान्यत्वात् ॥वा० ॥ यदेषामर्थेऽन्याञ्छद्वान्प्रयुञ्जते । भा० (અંજન પૃ. ૬૯).

[205] उपसंख्यान (હા.ત.૧-૧-૩૫ માં) નો અર્થ પ્રતિપાદન અને वक्तव्यम् એટલે વ્યાખ્યા કરવી અર્થાત્ સમજવું જોઈએ. (હા.ત.૬-૩-૬૧ પર) भ्रूकुंसादीनामकारो भवतीति वक्तव्यम् । का० वक्तव्यम् व्याख्येयमित्यर्थः । तत्रेदं व्याख्यानम् - भ्रूकुंसादीनामकारो भविष्यतीति । न्या०



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૂત્રનું ખંડન કર્યું છે તે પર કે. કહે છે કે પાણિનિ, કાત્યાયન અને પતંજલિ એ ત્રણમાં જેમ જેમ પછીના મુનિ તેમ તેમ તે વધારે પ્રમાણભૂત. નાગેશ ઉમેરે છે કે પાછળ પાછળ આવતા મુનિએ વધારે લક્ષ્ય જોયાં હોય છે તેથી તે વધુ પ્રમાણભૂત છે.[206] આમ જેમ જેમ સમય વીતતો ગયો અને ભાષામાં પરિવર્તન થવા લાગ્યાં તેમ તેમ તે તે કાળના આચાર્યોએ એ નવાં અને બદલાયેલાં લક્ષ્યો અનુસાર વ્યાકરણનાં સૂત્રોમાં સુધારા, વધારા, પૂર્તિઓ કરવી પડી, કારણ કે વ્યાકરણ પણ સ્મૃતિ છે અને સ્મૃતિનો અમલ નિયત સમય સુધી જ રહે છે. કાળક્રમે તેમાં ફેરફાર કરવા પડે અથવા તેનું સ્થાન અન્ય સ્મૃતિ લઈ લે.[207] પૂર્વે **गौरनुबन्ध्यः ।** એ શાસ્ત્ર પ્રમાણે ગોનું આલમ્ભન કરવામાં આવતું, **सौत्रामण्यां सुरा पानम् ।** પ્રમાણે સુરાપાનની છૂટ અપાતી પરંતુ અત્યારે તે પાપ ગણાય છે.[208] આમ સ્મૃતિ હોવાથી વ્યાકરણ શાસ્ત્ર પણ નિયતકાલ છે, અમુક સમય સુધી અમલમાં રહે છે તેથી તેમાં પરિવર્તન થાય તે સ્વાભાવિક છે. કાત્યાયન વગેરે વાર્તિકકારોએ તેમ જ ભાષ્યકારે જે નવા નવા પ્રયોગો અને પરિવર્તન જોયાં તેને લક્ષમાં રાખીને સુધારા, વધારા વગેરે સૂચવ્યા. ક્વચિત્ ત્યાર પછીના વૈયાકરણ દ્વારા પણ સૂચન થયાં હશે. **संपर्युपेभ्यः करोतौ भूषणे ।** સૂત્ર પર કાશિકા નોંધે છે કે ક્વચિત્ **संस्कृतमन्नम्** જેવામાં ભૂષણનો અર્થ ન હોય ત્યાં પણ **कृ** પૂર્વે **सुट्** થાય છે.[209] આમ કાશિકામાં પણ ભાષા પ્રયોગમાં થતા ફેર પ્રમાણે સુધારો સૂચવ્યો છે. **रङ्कोरमनुष्ये -ऽण्च ॥** (૪-૨-૧૦૦) નાં વાર્તિક અને ભાષ્યમાં **अण्** ના ગ્રહણનું ખંડન કર્યું છે, પરંતુ કાશિકામાં તેનું સમર્થન કર્યું છે તે વિશે કૈયટ કહે છે કે તેમ કહેવું અયોગ્ય છે, કારણ કે શબ્દની બાબતમાં ભાષ્યકાર અને વાર્તિકકારથી વધુ જાણકાર બીજો કોઈ જ નથી. નાગેશ નોંધે છે કે આથી સમજાય છે કે ભાષ્યને સ્વીકાર્ય છે તે જ લક્ષ્ય છે અને સૂત્રમાં **अण्** નું ગ્રહણ તો સ્પષ્ટ બોધ થાય તે માટે કર્યું છે.[210] પૂર્વે સૂત્રકાર, વાર્તિકકાર અને ભાષ્યકારના પરસ્પર વિરોધનો ઉલ્લેખ કર્યો તેમાં ભાષ્યકારનું મહત્ત્વ દર્શાવતાં દીક્ષિત કહે છે કે 'જેમ જેમ પાછળના મુનિ તેમ તેમ તે વધારે પ્રમાણભૂત ગણાય', એ સિદ્ધાન્ત છે તેથી ભાષ્ય પ્રમાણે **दीङ्** પર હોય ત્યારે **नेर्गद॰** થી **नि** ના **न** નો નિત્ય **ण** થાય છે તે બાબતમાં સૂત્રકાર, વાર્તિકકાર અને ભાષ્યકારના મતભેદ છે તે દૂર થઈ શકે તે માટે સૂત્ર અને વાર્તિક પ્રમાણે પણ **शेषे विभाषाकखादावषान्त उपदेशे ॥** સૂત્રથી વિકલ્પે **णत्व** થાય છે તેમ સમજીને ભાષ્ય સાથેના વિરોધને દૂર કરવો જોઈએ. આમ એકવાક્યતા થવાથી બધું બરાબર થતું હોય તો મતભેદની

---

[206] **न बहुव्रीहौ ॥** (૧-૧-૨૮) પર **गोनर्दीयस्त्वाहेति । सूत्रप्रत्याख्यानमेतद् । यथोत्तरं मुनित्रयस्य प्रामाण्यात् । प्र॰ यथोत्तरमिति । उत्तरोत्तरस्य बहुलक्ष्यदर्शित्वात् स्पष्टं चेदं धिन्विकृण्व्योरिति सूत्रे भाष्ये ।** उ॰ (એ સૂત્રના ભાષ્યમાં **न धातुलोपे** ॰ નો આધાર લીધો છે ત્યાં **अपि च प्रत्याख्यायते स योगः ।** ભા॰ પર ના. કહે છે : **अपि च प्रत्याख्यायत इति । अनेन सूत्रमतापेक्षया प्रत्याख्यान -वादिमतं प्रबलमिति ध्वनितम् । एतन्मूलमेव पठ्यते यथोत्तरं मुनीनां प्रामाण्यमिति ।** उ॰) તથા **अथ वा कस्यचित्केचिदपरस्यापरे तथा । अन्यस्यान्ये तथा शब्दाः सन्ति दर्शनगोचराः ॥** (પદ.પૃ૯ પર ઉદ્ધર્યો છે).**इह त्रिमुनिव्याकरणम् , यथोत्तरं मुनीनां प्रमाण्यमि -ति दर्शनस्थितिस्तेन सूत्रकारेणानुक्तं वार्त्तिककार आह , तदुक्तं च दूषयति, एवं भाष्यकारो वात्तिककारेण ।** (પદ.પૃ. ૮૬).

[207] **व्यर्था द्वयेषामपि मेदिनीभृताम् ।** (શિશુ.) માં **द्वय** ને સર્વનામ ગણીને **आमि सर्वनाम्नः सुट् ।** પ્રમાણે **सुट्** કર્યો છે તેનો દોષ કાઢતાં કહે છે કે ચાક્રવર્માના વ્યાકરણ પ્રમાણે **द्वय** ને સર્વનામ ગણે છે તે યોગ્ય દલીલ નથી કારણ કે મુનિત્રય મત પ્રમાણે સાધુ અસાધુનો નિર્ણય થાય છે, કારણ કે શિષ્ટોએ ત્રિમુનિ વ્યાકરણને વેદાંગ ગણ્યું છે તેથી તે સ્મૃતિ છે અને સ્મૃતિઓ તો અમુક સમય સુધી જ અમલી રહી શકે : **चाक्रवर्मणव्याकरणे द्वयस्यापि सर्वनामताऽभ्युपगमात्तद्रीत्याऽयं प्रयोग इति तदपि न मुनित्रयमतेनेदानी साध्वसाधुविभागस्तस्यैवेदानीतनशिष्टैर्वेदाङ्गतया परिगृहीतत्वात् । दृश्यन्ते हि नियतकाला स्मृतयः । यथा कलौ पाराशरस्मृतिः** ॰ (શ.કૌ.પૃ.૧૬૫)

[208] **नियतकाला हि स्मृतय इष्टास्तच्छ्रुतयश्च यथा गवालम्भो मद्यपानं च । - - अद्यत्वे एतत् पापम् । दी॰** (પૃ.૧૦૮)

[209] **संपर्युपेभ्यः करोतौ भूषणे ॥** (૬-૧-૧૩૭) (સિ.કૌ.માં **संपरिभ्यां करोतौ भूषणे ।** એમ પાઠ છે. ભાષ્યમાં આ સૂત્ર નથી.) તે પર **संपूर्वस्य क्वचिदभूषणेऽपि सुडिष्यते संस्कृतमन्नमिति ॥ का॰.** આ દૃષ્ટાન્ત અન્ય સંદર્ભમાં ભાષ્યમાં છે. જુઓ : **गुणशब्दोऽयं बह्वर्थः ।- - - अस्ति संस्कारे । तद्यथा-संस्कृतमन्नं गुणवदित्युच्यते । भा॰** (ચૌખં ભા.૪.પૃ.૨૯૯)

[210] (૪-૨-૧૦૦) પર **अविशेषविहितेन च ष्फकाऽणो बाधा मा भूदित्यण्ग्रहणमपि क्रियते । का॰** અને **अण्ग्रहणं च कृच्छ्रादिभ्यो-ऽण्वचनात् ॥ वा॰ अण्ग्रहणं चानर्थकम् । भा॰** પર **न हि भाष्यकारवार्तिककाराभ्यामभियुक्ततरः शब्दविषये कश्चिदस्ति ।प्र॰ एवं च भाष्यसंमतमेव लक्ष्यम् सूत्रे तु स्पष्टप्रतिपत्त्यर्थं ग्रहणमिति भावः । उ॰**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલ્પના કરવાની જરૂર નહીં રહે. આમ કહીને તેમણે ત્રણ મુનિઓમાં સૌથી પછી થએલા ભાષ્યકારનું પ્રાધાન્ય સૂચવ્યું છે. **न क्वादेः** ॥ (૭-૩-૫૯) પર કૈયટ કહે છે કે વાર્તિકકાર પ્રમાણે એ **निष्ठायामनिट इति वक्तव्यम्** ॥ **वा०** ॥ પ્રમાણે **ग्लुच्**, **ग्लुञ्च्**, **कुज्** વગેરેમાં **कुत्व** થાય છે. સૂત્રકાર પ્રમાણે **न क्वादेः** । થી પ્રતિષેધ થાય છે.પરંતુ સૂત્રકાર કરતાં વાર્તિકકાર વધુ પ્રમાણભૂત હોવાથી તેમના મત પ્રમાણે જ **कुत्व** થશે કે નહીં તે જાણવું જોઈએ. નાગેશ કહે છે કે ભાષ્યકારે તેમનું પ્રત્યાખ્યાન નથી કર્યું તે તેમના અજ્ઞાનને કારણે નહીં પરંતુ સૂત્રકારે તેમના સમયે ઓછાં લક્ષ્ય જોયાં હતાં તેથી. અને વાર્તિકકારનું તો કામ જ સૂત્રમાં કહ્યું હોય, ન કહ્યું હોય અથવા બરાબર ન કહ્યું હોય તેનો વિચાર કરવાનું છે.[211] **ब्रह्मभ्रूणवृत्रेषु क्विप्** ॥ સૂત્રમાં **ब्रह्म** વગેરે ઉપપદ હોય તો જ **हन्** ધાતુને ભૂતકાળના અર્થમાં **क्विप्** લાગે છે અને તેમાંથી કોઈ ઉપપદ હોય ત્યારે **हन्** ધાતુને **क्विप्** પ્રત્યય જ થાય છે અન્ય કોઈ પ્રત્યય નહીં એમ દ્વિવિધ નિયમનું વિધાન છે. પરંતુ કાશિકાકાર વગેરે બીજા અહીં ચાર પ્રકારના નિયમ છે તેમ કહે છે. નાગેશ કહે છે કે એ ભાષ્યથી વિરુદ્ધ છે તેથી સ્વીકારવો ન જોઈએ, કારણ કે સૂત્રકાર જે ભૂલી ગયા હોય અથવા જે તેમના ખ્યાલમાં ન આવ્યું હોય તે વાર્તિકકાર કહે અને તેમના ખ્યાલમાં ન આવ્યું હોય તે ભાષ્યકાર કહે છે. તેથી જ આ પાણિનીય વ્યાકરણને ત્રિમુનિ વ્યાકરણ કહે છે.[212] આ બતાવે છે કે નાગેશ વગેરે ભાષ્યકારને આપ્તતમ ગણે છે. પરંતુ જેમ જેમ પછીના મુનિ તેમ તેમ વધુ પ્રમાણભૂત એ બાબતમાં પં. યુધિષ્ઠિર મીમાંસક કહે છે કે આધુનિક વિદ્વાનોની **यथोत्तरं मुनीनां प्रामाण्यम्** । એ કથન પ્રમાણહીન છે અને તે પ્રમાણે સ્વીકારીએ તો ભાષ્યકારની અપેક્ષાએ વાર્તિકકાર અને સૂત્રકારને અને વાર્તિકકારની અપેક્ષાએ સૂત્રકારને મૂર્ખ માનવા પડશે વગેરે[213] વાસ્તવમાં **यथोत्तरं** વગેરે વૈયાકરણોની પરંપરાગત માન્યતા છે[214] અને તે દ્વારા સૂત્રકારના પૂરક વૈયાકરણોની શ્રદ્ધેયતા બતાવવામાં આવે છે. સૂત્રકાર તેમનાથી ઉતરતા છે કે અશ્રદ્ધેય કે અલ્પશ્રદ્ધેય છે એમ સૂચવવામાં નથી આવતું તેથી જ આ પાણિનીય વ્યાકરણ **त्रिमुनिव्याकरण** કહેવાય છે. અર્થાત્ આ વ્યાકરણ એ ત્રણે મુનિઓના ઉપદેશરૂપ, ઉચ્ચારણરૂપ છે તથા વહેતા જતા સમય સાથે ભાષાને સુસંગત બનાવવાનાં અને વ્યાકરણમહાલયમાં ચઢવાનાં આ સર્વ સોપાન છે એ કોઈએ કદાપિ ભૂલવું ન જોઈએ.

इति शम्।

---

[211] ત. સૂત્ર. ૫૨ : ननु - - कुत्वं वार्तिककारमतेन प्राप्नोति सूत्रकारमतेन तु न क्वादेरिति प्रतिषेधप्रसङ्गः ।- - कुत्वाऽप्रसङ्गः । उच्यते । वार्तिककारस्य सूत्रकारात्प्रमाणभूतत्वात्तन्मतेन तु कुत्वस्य भावाभावगन्तव्यौ । प्र० वार्तिककारस्येति । तस्य भाष्यकृता तदप्रत्याख्यानात् । भाष्यकारस्य चाज्ञानकल्पनापेक्षयैकस्य सूत्रकृतस्तत्काले तावन्मात्रलक्ष्यस्मरणकल्पना युक्तेति भावः । उक्तानुक्तदुरुक्तचिन्ताकरत्वं हि वार्तिककारत्वम् उ० તથા. वार्तिककारस्तु चजोः इति सूत्रे निष्ठायामनिटः इति पूरयित्वा न क्वादेः इत्यादि प्रत्याचख्यौ । तेन अर्जितर्जिप्रभृतीनां न कुत्वम् । निष्ठायां सेट्त्वात् । ग्रुचुग्लुग्लुञ्चुप्रभृतीनां तु क्वादित्वेऽपि कुत्वं स्यादेव । सूत्रकारमते तु यद्यपि विपरीतं प्राप्तम् । तथापि यथोत्तरं मुनीनां प्रामाण्यम् । न क्वादेः ॥ સૂત્ર. ૫૨ સિ. કૌ.

[212] જુઓ: એ. સૂત્ર. ૫૨ उभयतो नियमोयम् । ब्रह्मादिष्वेव हन्तेर्भूते क्विब्भवति । क्विबेव हन्तेर्भूते ब्रह्मादिष्विति ॥ भा० अन्यै-स्त्वाहोपुरुषिकया चतुर्विधो नियमो व्याख्यातः । स भाष्यविरोधान्नादरणीयः । उ० , તથા. જુઓ: यद्विस्मृतमदृष्टं वा सूत्रकारेण तत्स्फुटम् । वाक्यकारो ब्रवीत्येवं तेनादृष्टं च भाष्यकृत् ॥ अत एव च पाणिनीयमेतत् त्रिमुनिव्याकरणं वदन्ति सन्तः ॥ ૫૬.(પૃ.૯)

[213] યુમી. મહાભાષ્યમ્ ભા. ૧(પૃ. ૨૧૫, ૨૮૭--૮૮, ૪૭૬).

[214] यथोत्तरमिति । अयं वैयाकरणसमयः । (न क्वादेः ॥ ની. સિ. કૌ. ૫૨ બા.મ).

पूर्वाचार्यान् नमस्कृत्य नामं नामं गुरूंस्तथा । प्रारब्धो मेऽनुवादोऽयं सटीकः पूर्णतां गतः ॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## નવાહ્નિકનો સાર[215]

**આહ્નિક ૧ :** મહાભાષ્ય તેમ જ વ્યાકરણશાસ્ત્રની, એટલે કે શબ્દાનુશાસનની, પૂર્વભૂમિકાભૂત આ આહ્નિકને **પસ્પશાહ્નિક** કહે છે.[216] શબ્દાનુશાસન અર્થાત્ શબ્દોનું (વૈદિક અને લૌકિક શબ્દોનું) અનુશાસન (અર્થાત્ સાધુ અને અસાધુ શબ્દોને છૂટા પાડીને સાધુ શબ્દની વ્યુત્પત્તિ કરવી) એ જ વ્યાકરણનો વિષય છે.
પરંતુ શબ્દ એટલે શું ? જ્યારે **गौ** એમ કહેવામાં આવે છે ત્યારે ગળે ગોદડી, શીંગ વગેરે જે દેખાય છે તે તો જાતિ છે, શ્વેત વગેરે છે તે ગુણ છે, હલનચલન છે તે ક્રિયા છે. તેથી શબ્દ એટલે ધ્વનિ.

**પ્રયોજન :** શબ્દાનુશાસન એ નામ વ્યાકરણના મુખ્ય પ્રયોજનનો નિર્દેશ કરે છે, કારણ કે લૌકિક અને વૈદિક શબ્દોની વ્યુત્પત્તિ કરીને (અર્થાત્ પ્રકૃતિ-પ્રત્યયનો વિભાગ કરીને) આ સાધુ શબ્દો છે એમ બતાવવું તે આ શાસ્ત્રનું સાક્ષાત્ પ્રયોજન છે. તદુપરાંત આ પ્રયોજનો પણ છે:
(૧) **रक्षा**– વેદની રક્ષા, (૨) **ऊह**–વિભક્તિ, વચન વગેરેમાં જરૂરી ફેરફાર કરવો તે, (૩) **आगम**–વેદનું અધ્યયન, (૪) **लाघव**–સરળતાપૂર્વક, અલ્પ સમયમાં શબ્દોનું જ્ઞાન થાય તે, (૫) **असंदेह**–સંદેહ દૂર કરવો તે. આ સિવાય વધારાનાં પ્રયોજન પણ ભાષ્યકારે બતાવ્યાં છે –
૧ અસુરોની જેમ મ્લેચ્છ (નિંદ્ય) ન થઈએ. ૨ દુષ્ટ શબ્દનો પ્રયોગ ન કરીએ. ૩ વેદાભ્યાસ કરી શકીએ. ૪ સાધુ શબ્દનો પ્રયોગ કરીએ અપશબ્દનો ન કરીએ. ૫ અવિદ્વાન્ ન ગણાઈએ. ૬ યજ્ઞમાં મંત્રોચ્ચાર કરતી વખતે વિભક્તિમાં જરૂરી ફેરફાર કરી શકીએ. ૭ યજ્ઞ કરવા અને કરાવવા માટે યોગ્ય થઈએ. ૮ વાણી સાથે તાદાત્મ્ય કરી શકીએ. ૯ વાણીનું સ્વરૂપ સ્પષ્ટ થઈ શકે. ૧૦ અપશબ્દોને છૂટા પાડીને શુદ્ધ શબ્દપ્રયોગ કરીને તેજસ્વી બનીએ. ૧૧ યજ્ઞક્રિયા દરમ્યાન દુષ્ટ શબ્દ પ્રયોજીને પ્રાયશ્ચિત્તને પાત્ર ન થઈએ. ૧૨ પુત્રનું શાસ્ત્રાનુસાર નામ પાડી શકીએ. ૧૩ વરુણની જેમ સાચવાળા થઈએ.

**શબ્દાનુશાસન કેવી રીતે કરવું ?** પ્રત્યેક શબ્દ ઉચ્ચારીને અનુશાસન ન થઈ શકે, કારણ કે શબ્દો અનન્ત છે તેથી સામાન્ય-વિશેષ (**उत्सर्ग-अपवाद**) ને આધારે તે કરવું જોઈએ. તેમાં પણ શબ્દનો ઉપદેશ કરવો જોઈએ અપશબ્દોનો નહીં, કારણ કે એક એક શબ્દના અનેક અપશબ્દ હોય છે. તેથી શબ્દોપદેશ એ જ સરળ માર્ગ છે.

શબ્દનો અર્થ શું છે, દ્રવ્ય (=વ્યક્તિ) કે આકૃતિ (=જાતિ)? બન્ને, કારણ કે આચાર્ય પાણિનિએ પોતાનાં સૂત્રોમાં બન્ને અર્થ સ્વીકાર્યા છે.

---

[215] **अह्ना निर्वृतं आह्निकम्। तेन निर्वृतम्।** પ્રમાણે ઠञ् । **सामान्यनिर्देशात् नपुंसकम्।** ભ.દી. એક દિવસમાં પુરું થઈ શકે તે આહ્નિક.

[216] **पस्पश स्पश्** [ **स्पर्शने** = સ્પર્શ કરવો] એ ધાતુ ૧ લા અને ૪ થા ગણનો છે.। કે. કહે છે કે **स्पश्** ધાતુનો પાઠ નથી છતાં (૭-૩-૮૭) પર વાર્તિકકારે **अभ्यस्तनामुपधाह्रस्वत्वमचि पिति स्पशाते चाकशीमि वावशीतीरिति दर्शनात्॥वा० ॥** માં કહ્યું છે તેથી **लेट्** અને પદ ફેરફાર થઈને આત્મનેપદ થયું છે. (**स्पशिवार्तिककारवचनादपठितोऽपि धातुस्तस्माल्लेट् व्यत्ययेनात्मनेपदम्। प्र०**) |. જે પ્રકરણ શબ્દવિદ્યાની અત્યંત અગત્યની અને પાયાની બાબતોને સ્પર્શે, તેની ચર્ચા વિચારણા કરે, તે પસ્પશ. આ પ્રકરણ વ્યાકરણ શાસ્ત્ર અને મહાભાષ્યના પ્રારંભ માટે અનિવાર્ય છે. ક્વચિત્ **पस्पशा** એમ નામ જોવામાં આવે છે {(**तितउ परिपवं भवति इति पस्पशायां भाष्यम्। तत्त्व०बो० उणादि** (૭૩૦ ઉપર) }[ K.Ray, Paspashhnik, appendix p.ii ] ૨૨. **शद्बविद्येव नो भाति राजनीतिरपस्पशा ॥ शिशु०** |૨.૧૧૨| **अविद्यमानः पस्पशः शास्त्रारम्भसमर्थकः उपोद्घातसन्दर्भः यस्याः सा। मल्लि०**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શબ્દ નિત્ય છે કે અનિત્ય? શાસ્ત્ર બન્ને રીતે પ્રવૃત્ત થએલું છે. શબ્દ નિત્ય છે, કારણ કે ઘટ વગેરેની જરૂર હોય તો કુંભારને ત્યાં જઈને માણસ કહે છે ' મારે ઘડાની જરૂર છે તો ઘડો બનાવ' પણ શબ્દનો પ્રયોગ કરવો હોય તો તે વૈયાકરણને ત્યાં જઈને કહેતો નથી કે શબ્દો બનાવ મારે પ્રયોજવા છે. આમ શબ્દો બનાવવા નથી પડતા તેથી તે નિત્ય છે. વાસ્તવમાં સ્ફોટ એ નિત્ય છે જ્યારે બોલાતા શબ્દો અનિત્ય છે.

**આહ્નિક ૨:**

અહીં **अइउण्** । વગેરે પ્રત્યાહાર સૂત્રોમાંનાં આઠ સૂત્રો વિશે ચર્ચા છે.

(૧)**अइउण्** --- **अ**-કારના વિવૃતોપદેશનાં પ્રયોજનની ચર્ચા. સૂત્રોમાં જ્યાં જ્યાં **अ**-કારનું ગ્રહણ છે ત્યાં ત્યાં વિવૃતનું જ ગ્રહણ કરવામાં આવ્યું છે તેમ સ્વીકારીને **अण्** પ્રત્યાહાર સિદ્ધ કર્યો છે અને તેમાં જે દોષો ઉદ્ભવે છે તેનું વ્યક્તિપક્ષ પ્રમાણે **अ**-કાર વ્યક્તિ ભિન્ન હોવા છતાં આકૃતિપક્ષમાં **अ**-કાર એક જ છે તેમ કહીને સમાધાન કરવામાં આવ્યું છે. તેથી શાસ્ત્રના અન્તે **अ अ** । સૂત્રદ્વારા સૂત્રકારે વિવૃત **अ**-કાર સંવૃત થાય છે એમ કહ્યું છે.

(૨) **ऋऌक्** । અહીં **ऌ**-કારનો ઉપદેશ શા માટે છે? યદૃચ્છા શબ્દ [કોઈનું નામ **ऌतक** હોય તે] ને આવરી લેવા અથવા અનાપ્તજનને કારણે **ऋ** ને બદલે **ऌ** ઉચ્ચારનારનું કોઈ અનુકરણ કરે તેને આવરી લેવા માટે **ऌ**-કારનો ઉપદેશ જરૂરી છે તેમ કહેવું બરાબર નથી, કારણ કે આ સર્વ સ્થળે મૂળ **ऋ**-કાર જ છે તેથી **ऋ**-કારના ઉપદેશથી **ऌ**-કારનું ગ્રહણ થશે. વળી **ऌ**-કાર **क्लृप्** ધાતુમાં છે અને તેને ખાતર **ऌ**-કારનો ઉપદેશ જરૂરી છે તેમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે **कृपो रो लः** । (૮- ૨- ૧૮ ) પ્રમાણે **कृप्** ધાતુમાં જ **ऌ** આદેશ થાય છે તે અસિદ્ધ છે. પ્લુતિ માટે પણ **ऌ**-કારનો ઉપદેશ જરૂરી નથી, કારણ કે **गुरोरनृतः०** એ સૂત્રનો **गुरोरवतो ह्रस्वस्य ०** એમ પાઠ કરતાં **ऌ**- કારનો ઉપદેશ નિરર્થક થાય છે તેમ વાર્તિકકારનો મત છે. પરંતુ ભાષ્યકાર માને છે કે આમ **ऌ**- કાર ગ્રહણનું પ્રત્યાખ્યાન કરવા માટે મૂળ સૂત્રને બદલવું તે તો બિનજરૂરી આયાસ માત્ર છે.

(૩) **एओङ्** । (૪) **ऐऔच्** । અહીં **ए ओ ऐ औ** એ સન્ધ્યક્ષરોને **एत् ओत् ऐत्** અને **औत्** એમ **तपर** કર્યા વિના નિર્દેશ્યા છે તે યોગ્ય છે કે કેમ તેની ચર્ચા છે. જો સન્ધ્યક્ષરોને **तपर** કર્યા હોય તો પ્લુત વગેરેમાં **अच्** કાર્ય નહીં થઈ શકે અને પ્લુત સંજ્ઞા પણ સિદ્ધ નહીં થાય. જો **तपर** ન કરવામાં આવે તો જે દોષ બતાવ્યા છે તેનું ખંડન કરીને **तपर** નથી કર્યા તે યોગ્ય છે તેમ કહ્યું છે.

(૫) **हयवरट्** । અક્ષરસમામ્નાયમાં **ह**-કારનો પૂર્વે અને પર એમ બે વાર ઉપદેશ કેમ કરવામાં આવ્યો છે તે વિશે ચર્ચા. **अट्** વગેરે પ્રત્યાહારમાં **ह**-કારને સમાવી શકાય તે માટે પૂર્વોપદેશ જરૂરી છે અને **वलादि** જેવામાં તેનું ગ્રહણ થઈ શકે તે માટે તેનો પર ઉપદેશ જરૂરી છે. **अयोगवाह** (અર્થાત્ અનુસ્વાર, જિહ્વામૂલીય,ઉપધ્માનીય, યમ અને અનુનાસિક્ય) નો ઉપદેશ જરૂરી છે. તે ક્યાં કરવો ? **अट्** પ્રત્યાહારના વર્ણોમાં કે **शर्** પ્રત્યાહારના વર્ણોમાં કે પછી અવિશિષ્ટ રીતે, એટલે કે કોઈ વિશિષ્ટ સ્થળે નહીં પરંતુ ગમે ત્યાં, તેની ચર્ચા. અવિશિષ્ટ રીતે કરી શકાશે એમ સમાધાન કર્યું છે.

આ જે વર્ણો છે તે અર્થયુક્ત છે કે નહીં તેની ચર્ચા. વર્ણો અર્થયુક્ત છે, કારણ કે—

(૧) ધાતુ, નિપાત, પ્રત્યય વગેરે એક વર્ણના હોવા છતાં અર્થયુક્ત હોય છે.

(૨) વર્ણમાં ફેરફાર થાય તો અર્થ પણ બદલાય છે, જેમ કે **कूपः भूपः सूपः** માં **क्** વગેરે બદલાતાં અર્થ બદલાય છે.

(૩) એક વર્ણના અભાવ હોય ત્યાં અર્થભેદ થાય છે, જેમ કે **वृक्षः ऋक्षः**(રીંછ), અહીં **व्** ના અભાવથી ભેદ થયો છે.

(૪) વર્ણસંઘાત અર્થયુક્ત હોય છે તેથી પ્રત્યેક વર્ણ અર્થયુક્ત હોવો જોઈએ, કારણ કે જેમ પ્રત્યેક તલમાં તેલ રહેલું હોવાથી તલના સંઘાતમાંથી તેલ ઉપલબ્ધ થાય છે અને રેતીના એક પણ કણમાં તેલ નથી રહેલું તેથી તેના સમુદાયમાંથી તેલ ઉપલબ્ધ નથી થતું, તેમ વર્ણસંઘાતમાં અર્થ હોય છે તે ઉપરથી સમજાય છે કે પ્રત્યેક વર્ણ પણ અર્થયુક્ત હોવો જોઈએ.

અન્ય પક્ષ મુજબ વર્ણો અનર્થક હોય છે, કારણ કે—

(૧) પ્રત્યેક વર્ણનો અર્થ પ્રાપ્ત થતો નથી.

(૨) વર્ણના ક્રમમાં ફેર (**वर्णव्यत्यय** ) થાય તો પણ અર્થ એ જ રહે છે. જેમ કે **कृत्** (કાપવું) - **तर्कुः** (છરી, ત્રાક) વગેરે.

(૩) વર્ણનો લોપ થાય (**वर्णापाय**) થાય તો પણ અર્થ એ જ રહે છે.જેમ કે **हन्** – **घ्नन्ति** વગેરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) એક વર્ણનો વધારો (**वर्णोपजन**) થાય તો પણ અર્થ એ જ રહે છે, **लू - लविता** વગેરે.

(૫) એક વર્ણને બદલે બીજો વર્ણ મૂકવામાં આવે (**वर्णविकार**) તો પણ અર્થ એ જ રહે છે. જેમ કે **हन् -घातयति** આમ વર્ણના વ્યત્યય વગેરે થવા છતાં અર્થમાં ફેર પડતો નથી તેથી સમજાય છે કે વર્ણ અનર્થક છે.

(૬) વર્ણસંઘાત જ અર્થ દર્શાવવા સમર્થ છે પ્રત્યેક વર્ણ નથી., તે રથના દૃષ્ટાન્ત ઉપરથી સમજાય છે, જેમ રથનો કોઇ એક અવયવ ગમન કરવાને સમર્થ નથી હોતા પરંતુ એ અવયવોનો સમુદાય ગમન કરવા સમર્થ છે.

અહીં ફલિતાર્થ એ જ છે કે એક વર્ણરૂપ ધાતુ વગેરેમાં વર્ણ અર્થયુક્ત છે તે સિવાયનાં સ્થળે વર્ણ અનર્થક છે.

अच् વગેરે પ્રત્યાહારમાં અનુબન્ધનું ગ્રહણ કેમ નથી કરવામાં આવતું તેની ચર્ચા:

(૧) આચાર્યોનો વ્યવહાર સૂચવે છે તેથી (**आचारात्**), (૨) અનુબન્ધ ગૌણ હોય છે તેથી (**अप्रधानत्वात्**) અને (૩) લોપ વધુ બળવાન હોય છે (**लोपश्च बलवत्तरः**) તેથી પ્રત્યાહારમાં અનુબન્ધનું ગ્રહણ કરવામાં આવતું નથી.

(૬) **लण्** । અક્ષરસમામ્નાયમાં **ण**-કારને બે વાર અનુબન્ધ તરીકે મૂક્યો છે તેથી સંદેહ થાય છે કે ક્યાં પૂર્વ **ण**-કાર લેવો અને ક્યાં પર **ण**-કાર લેવો. **अणुदित्सवर्णस्य चाप्रत्ययः** । માંનો **अण्** પર **ण**-કાર સાથે, તે સિવાયનાં **अण्** ગ્રહણમાં પૂર્વ **ण**-કાર સાથે અને **इण्** ગ્રહણ હોય ત્યાં પર **ण**-કાર સાથે પ્રત્યાહાર લેવો એમ સમાધાન છે, કારણ કે **व्याख्यानतो विशेषप्रतिपत्तिः न संदेहादलक्षणम्** । (પૂર્વાચાર્યોએ કરેલ સ્પષ્ટતાથી વિશિષ્ટ અર્થનો બોધ થાય છે, સંદેહ થાય તેથી સૂત્ર નિરર્થક થતું નથી).

(૭)**ञमङणनम्** । (૮) **झभञ्** । અહીં અનુબન્ધ તરીકે **म**-કાર અને **ञ**-કાર એ બે અનુનાસિકોનો પ્રયોગ કર્યો છે તેને બદલે માત્ર **ञ**-કારને જ મૂક્યો હોત તો પણ કાર્ય સિદ્ધ થઇ શકત અર્થાત્ **म**-કાર ગ્રહણનું પ્રત્યાખ્યાન કરવું જોઇએ એમ ભાવ છે. **ङमो-ह्रस्वादचि ङमुण्नित्यम्** । એ સૂત્રનો **ङञो ह्रस्वादचि ङञुण्नित्यम्** । એમ પાઠ કરવાથી કાર્ય સિદ્ધિમાં કોઇ વાંધો નહીં આવે, કારણ કે પ્રત્યાહારમાંના **झ**-કાર અને **भ**-કાર પદાન્તે હોતા નથી તેથી જે જે આગમોને આગમી હોય તેને જ આગમ થશે, તેથી આગમ ત્રણ અને આગમી પાંચ એ સ્થિતિ નહીં રહે, પરંતુ તેમ કરવા જતાં **झ**-કાર અને **भ**-કારને આગમ ન હોવાથી સરળતાથી બોધ નહીં થાય તેથી બે સૂત્ર કરવાં એ સૂત્રકારને ઇષ્ટ છે.

અક્ષર એટલે શું ? જેનો ક્ષય નથી થતો તે અક્ષર (**अक्षरं न क्षरं विद्यात्**), અર્થાત્ જેમાં વ્યવહારનિત્યતા છે, જે આકાશ વગેરેની જેમ સૃષ્ટિના પ્રારંભમાં ઉત્પન્ન થાય અને તેનો પ્રલય થતાં નાશ પામે છે તે અક્ષર.

આ અક્ષરસમામ્નાયનો ઉપદેશ શા માટે ? જેમાં વેદરૂપી બ્રહ્મ રહેલ છે તે વાણીનો વિષય વર્ણજ્ઞાન છે અને તે માટે એટલે કે ઇષ્ટ વર્ણનું જ્ઞાન થાય તે માટે તથા લાઘવ સિદ્ધ થાય અર્થાત્ સહેલાઇથી અને અલ્પ સમયમાં જ્ઞાન પ્રાપ્ત થાય તે ખાતર આ અક્ષરસમામ્નાયનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

**આહ્નિક ૩ જો :**

**वृद्धिरादैच् ॥१।१।१॥**

આ સૂત્રમાં **आ**, **ऐ** અને **औ** નો વૃદ્ધિ સંજ્ઞા કરવામાં આવી છે. અહીં આ પ્રશ્નોની ચર્ચા છે —

(૧) અહીં તદ્ભાવિત (અર્થાત્ સૂત્રમાં કહ્યા છે તે **आ** , **ऐ** , **औ** ) નો જ સંજ્ઞા કરવામાં આવી છે કે કોઇ પણ **आ**- કાર , **ऐ**- કાર અને **औ**-કારની સંજ્ઞા કરવામાં આવી છે તેની ચર્ચા કરીને કોઇ પણ **आ**- કાર વગેરેની **वृद्धि** સંજ્ઞા કરી છે એમ નિર્ણય કર્યો છે.

(૨) અહીં સંજ્ઞાધિકાર કરવો જોઇએ, એટલે કે હવે **સંજ્ઞા શરૂ** થાય છે (**अथ संज्ञाः** ।) તેમ કહેવું જોઇએ જેથી **वृद्धि** એ સંજ્ઞા છે અને આ **आत्** , **ऐच्** એ સંજ્ઞી છે એમ **ખ્યાલ આવે છે, એટલે કે સંજ્ઞા-સંજ્ઞી** વિશે સંદેહ ન રહે અને સૂત્ર નિરર્થક ન થાય.

(૩) આચાર્યના વ્યવહાર ઉપરથી સંજ્ઞા-સંજ્ઞી **વિશેનો સંદેહ દૂર થાય છે.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) અથવા જેને આકાર (**आकृति**) હોય તે સંજ્ઞી અને જેને આકાર ન હોય તે સંજ્ઞા. લોકવ્યવહારમાં પણ આકૃતિયુક્ત પિંડને દેવદત્ત વગેરે સંજ્ઞા આપવામાં આવે છે. તેમ સંજ્ઞી આકારયુક્ત હોય છે જ્યારે સંજ્ઞા તેવી નથી હોતી માટે **आ**, **ऐ** અને **औ** એ સંજ્ઞી છે પરંતુ વૃદ્ધિ એ સંજ્ઞા છે.

(૫) અથવા કોઈ ચિહ્ન લગાડીને સંજ્ઞા સૂચવાશે એમ દલીલ છે.

**आदैच्** અને **वृद्धि** એ આગમ-આગમી કે વિશેષણ-વિશેષ્ય નથી, પરંતુ **आदैच्** સંજ્ઞી છે અને **वृद्धि** સંજ્ઞા છે એમ સમજવાનું છે, કારણ કે સંજ્ઞા લઘુ હોય છે અને તે વારંવાર આવ્યા કરે છે.

(૬) વ્યાકરણ શાસ્ત્રમાં **अदेङ् गुणः । ष्णान्ता षट् ।** ઇત્યાદિ સંજ્ઞા સૂત્રોમાં સંજ્ઞી પહેલાં મૂકવામાં આવે છે અને સંજ્ઞા પછી, છતાં **वृद्धिरादैच् ।** માં સંજ્ઞા પહેલી મૂકીને મંગળવાચી **वृद्धि** શબ્દ દ્વારા સૂત્રકાર ગ્રન્થનો મંગળથી પ્રારંભ કરવા માગે છે.

(૭) અહીં સંજ્ઞાને કારણે સંજ્ઞીનો બોધ થાય અને સંજ્ઞીને કારણે સંજ્ઞાનો બોધ થાય છે એમ નથી. અર્થાત્ આ સૂત્રમાં ઇતરેતરાશ્રય દોષ નથી આવતો, કારણ કે શબ્દ નિત્ય છે તેથી સંજ્ઞાદ્વારા **आदैच्** ને ઉત્પન્ન કરવામાં આવતા નથી પરંતુ વિદ્યમાન **आदैच्** ની જ **वृद्धि** એમ સંજ્ઞા કરવામાં આવી છે.

(૮) સૂત્રમાં **आ**-કારને **तपर** (**तः परः यस्मात्**) એટલા માટે કર્યો છે કે તેથી ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત દીર્ઘ **आ**- કારની પણ સંજ્ઞા થાય. તે રીતે **ऐ** , **औ** પણ **तपर** (**ताद् परः**) હોવાથી જ બે માત્રાવાળા (=દીર્ઘ) **ऐ** , **औ** છે તેની જ **वृद्धि** સંજ્ઞા થશે.

(૯) આ સૂત્રથી **ऐच्** એ સમુદાયની જ **वृद्धि** સંજ્ઞા થશે એમ કહેવું ઉચિત નથી કારણ કે જ્યાં સમુદાયની સંજ્ઞા કરવાની હોય ત્યાં સૂત્રમાં **सह** શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.પરંતુ અહીં સમુદાયના પ્રત્યેક અવયવને લઈને વાક્યસમાપ્તિ થાય છે, જેમ **देवदत्तयज्ञदत्तविष्णुगुप्ता भोज्यन्ताम् ।** એમ કહેવામાં આવે ત્યારે ત્રણે જણને ભોજન કરાવવામાં આવે છે, એટલે કે **भुजि** ક્રિયા (ભોજન કરવા) સાથે પ્રત્યેકનો સંબંધ છે તેમ આ સૂત્રમાં પણ **वृद्धि** શબ્દનો **आ**-કાર, **ऐ**-કાર અને **औ**-કાર એ ત્રણે સાથે સંબંધ થતો પ્રત્યેકની **वृद्धि** સંજ્ઞા થશે.

**इको गुणवृद्धी ॥१।१।३॥**

(૧) સૂત્રમાં **इक्** નું ગ્રહણ શા માટે કર્યું છે તેની ચર્ચા. **आ**-કાર, સંધ્યક્ષર અને વ્યંજનની નિવૃત્તિ થાય તે માટે **इक्** નું ગ્રહણ કરવામાં આવ્યું છે તે દલીલનું ખંડન કરીને વ્યંજન નિવૃત્તિ માટે **इक्** શબ્દ સૂત્રમાં મૂક્યો છે એમ અન્તે નિર્ણય કરે છે.

(૨) આગળનાં બે સૂત્રોમાંથી **गुण** અને **वृद्धि** એ શબ્દોની અનુવૃત્તિ થાય છે છતાં પ્રસ્તુત સૂત્રમાં **गुणवृद्धी** નું ગ્રહણ શા માટે કર્યું છે એ પ્રશ્નનો ખુલાસો કરતાં કહે છે કે આગળનાં સૂત્રોદ્વારા જેની સંજ્ઞા કરવામાં આવી છે તે **गुण** અને **वृद्धि** , માત્ર **इक्** નાં જ થાય છે એ સૂચવવા માટે ગ્રહણ કર્યું છે.

(૩) પ્રસ્તુત સૂત્ર **अलोऽन्त्यस्य ।** એ સૂત્રનું પૂરક (**शेष**) છે એટલે કે **इको गुणवृद्धी अलोऽन्त्यस्य ।** એમ એક વાક્ય છે કે પછી આ સૂત્ર **अलोऽन्त्यस्य ।** એ સૂત્રનો અપવાદ છે ? જો પૂરક હોય તો **मिदेर्गुणः ।** જેવામાં **इकः** નું ગ્રહણ કરવું પડશે અને જ્યાં અન્તે **इक्** ન હોય તેનો સર્વાદેશ થવાનો પ્રસંગ આવશે.

(૪) અપવાદ હોય તો **इक्** માત્રનો ગુણ થતાં, અન્તે ન હોય તેવા **इक्** નો પણ **जुसि च । सार्वधातुकार्धधातुकयोः । ह्रस्वस्य गुणः ।** વગેરે સૂત્રો પ્રમાણે **गुण** થવાનો પ્રસંગ આવશે. તેથી પ્રસ્તુત સૂત્ર **अलोऽन्त्यस्य ।** નું પૂરક પણ નથી કે તેનો અપવાદ પણ નથી.પરંતુ સ્વતંત્ર પરિભાષા છે અને તે સૂત્રોમાં જેમનું ગ્રહણ કરવામાં આવ્યું છે તેમને **इक्** નાં વિશેષણ તરીકે લઈશું તેથી સમજાશે કે **जुस्** વગેરે પર થતાં **इगन्त** અંગના **इक्** નો ગુણ થાય છે, પરિણામે અન્ત્ય **इक्** નો જ ગુણ થશે.

(૫) અથવા તો અહીં **मिदेर्गुणः ।** વગેરેમાં જે **गुण** કે **वृद्धि** નું વિધાન છે ત્યાં ત્યાં જેનો **गुण** કે **वृद्धि** કરવાનો હોય તે સ્થાનીનો નિર્દેશ છે તેથી દોષ નહીં આવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સૂત્રમાં **वृद्धि** શબ્દ શા માટે મૂક્યો છે ? અહીં **वृद्धि** નું ગ્રહણ કર્યું છે તે વિશે પ્રશ્ન કર્યો છે, પરંતુ **गुण** શબ્દનું ગ્રહણ કર્યું છે તે વિશે પ્રશ્ન નથી કર્યો તેનું કારણ એ છે કે **मृजेर्वृद्धिः । अचो ञ्णिति ।** વગેરેમાં જ્યાં જ્યાં **वृद्धि** નું વિધાન છે ત્યાં ત્યાં સ્થાનીનો નિર્દેશ છે, જ્યારે **गुण** વિધિમાં સ્થાનીનો નિર્દેશ નથી.

**वृद्धि** શબ્દનું ગ્રહણ ઉત્તર સૂત્ર **क्ङिति ।** માટે કર્યું છે. આ સૂત્ર નિયમાર્થક છે. જ્યાં જ્યાં **गुण** અને **वृद्धि** નું વિધાન હોય ત્યાં **इकः** ની ઉપસ્થિતિ થાય છે તેથી સમજાય છે કે **गुण** અને **वृद्धि** , **इक्** ના જ થાય છે

**આહ્નિક ૪ થો :**

**न धातुलोप आर्धधातुके ॥१।१।४॥**

(૧) આ સૂત્રમાં **धातु** ગ્રહણ કર્યું છે તેથી **लविता** વગેરેમાં **लूञ्** ધાતુના **ञ**-કારનો લોપ થયો છે છતાં ગુણ થયો છે, કારણ કે અનુબન્ધ (**ञ्**) ધાતુનો અવયવ નથી. સૂત્રમાં **आर्धधातुक** ગ્રહણ કર્યું છે તેથી **रोरवीति** માં ગુણ નિષેધ નથી થયો.

(૨) અહીં આર્ધધાતુકને કારણે લોપ થયો હોય ત્યાં ગુણવૃદ્ધિ નથી થતાં એમ સમજવાનું છે કે પછી ધાતુલોપ થયો હોય ત્યાં આર્ધધાતુક નિમિત્તક ગુણવૃદ્ધિ થતાં નથી એમ સમજવાનું છે ? તેની ચર્ચા. આ સૂત્ર જૂજ સ્થળોએ લાગુ પડે છે અને ક્વચિત્ જ્યાં ગુણવૃદ્ધિ થવાં જોઈએ ત્યાં ન થવાનો પ્રસંગ આવે છે, વળી નિપાતનથી કાર્ય સિદ્ધિ થાય છે તેથી આ સૂત્ર જરૂરી નથી તેમ વાર્તિકકાર અને ભાષ્યકાર માને છે, તેથી કહે છે,'અથવા આ સૂત્ર ન કરવું (**अनारम्भो वा ।**)'

**क्ङिति ॥१।१।५॥**

જેમાં **ग**-કાર, **क**-કાર અને **ङ**-કાર **इत्** હોય તે પ્રત્યયો પર થતાં ગુણવૃદ્ધિ થતાં નથી એમ કહ્યું છે તેમાં **कित्** , **गित्** વગેરેને કારણે જ ગુણવૃદ્ધિ થાય છે એમ કહેવું જોઈએ જેથી ઉપધાનો **गुण** થતો અટકે અને **रोरवीति** માં નિષેધ લાગુ ન પડતાં **गुण** થાય. વાસ્તવમાં **रोरवीति** એ વૈદિક રૂપ છે તેથી દૃષ્ટાનુવિધિ થાય છે અર્થાત્ જે જોવામાં આવે છે તે પ્રમાણે જ કાર્ય સમજવાનું છે તેથી ત્યાં ગુણ થશે. **भिन्नः** વગેરેમાં ઉપધા **कित्** વગેરેની અવ્યવહિત રીતે પૂર્વે ન હોવાથી ગુણ થવાનો પ્રસંગ આવશે તેમ કહેવું ઉચિત નથી, કારણ કે સૂત્રનો અર્થ આ પ્રમાણે થાય છે –ધાતુને અનુલક્ષીને જેનું વિધાન કરવામાં આવ્યું હોય તેવા **कित्** , **ङित्** પ્રત્યય જેની પછી આવે તેનાં **गुण** કે **वृद्धि** થતાં નથી. આમ અર્થ થવાથી ઉપધાનો ગુણ કે વૃદ્ધિ નહીં થાય અથવા **कार्यकालं संज्ञापरिभाषम् ।** એ પરિભાષા પ્રમાણે જ્યાં **पुगन्त** કે **लघूपध** નો ગુણ થવાનો હોય ત્યાં **क्ङिति च ।** ઉપસ્થિત થશે તેથી નિષેધ થશે. અહીં **इको गुणवृद्धी ।** પ્રમાણે થતા ગુણવૃદ્ધિનો નિષેધ છે તેથી તદ્ધિત પ્રત્યય પર થતાં **अत उपधायाः । किति च ।** વગેરે પ્રમાણે જે ગુણ કે વૃદ્ધિ થાય છે તે **इक्** ને અનુલક્ષીને કહેલાં નથી તેથી ત્યાં નિષેધ નહીં લાગુ પડે.

**दीधीवेवीटाम् ॥१।१।६॥**

**दीधी** અને **वेवी** ની વૃદ્ધિ થતી નથી એમ જે કહ્યું છે તેની જરૂર નથી કારણ કે એ બે ધાતુ છાંદસ છે અને વેદમાં તો જેમ હોય તે પ્રમાણે કાર્ય સમજાશે (**दृष्टानुविधि** ). વળી **अदीधेत्** , **अदीधयुः** માં ગુણ થયો છે તેથી પ્રતિષેધ નિરર્થક છે. તે રીતે **इट्** આગમ -ના **इ** નો ગુણ પણ નહીં થાય કારણ કે **नेड्वशि कृति ।** માંથી **इट्** ની અનુવૃત્તિ થતી હોવા છતાં સૂત્રકારે **आर्धधातुकस्येड्वलादेः ।** માં **इट्** નું પુનર્ગ્રહણ કર્યું છે તે ઉપરથી સમજાય છે કે **इट्** (અર્થાત્ તેનો **इ**-કાર ) હ્રસ્વ જ રહેશે, તેને સ્થાને ગુણ નહીં થાય. આમ આ સૂત્ર બિનજરૂરી છે.

**हलोऽनन्तराः संयोगः ॥१।१।७॥**

(૧) અહીં **अनन्तराः** એટલે જેમની વચ્ચે અંતર નથી તે (વ્યંજનો) એમ સમજાય છે કે જેમની વચ્ચે ખાલી જગા નથી તે (વ્યંજનો) એમ સમજાય છે ? ગમે તે રીતે અર્થ લેવામાં આવે તો કોઈ ફેર પડતો નથી .

(૨) **सह सुपा । उभेऽभ्यस्तं सह ।** વગેરેની જેમ આ સૂત્રમાં **सह** એમ કહેવું જરૂરી છે જેથી વ્યંજન સમુદાયની સંયોગ સંજ્ઞા થાય , પ્રત્યેકની ન થાય. પ્રત્યેકની સંજ્ઞા થાય તો અનેક દોષ થાય છે એમ કહ્યું છે છતાં જે સૂત્રોમાં **संयोगादि** કે **संयोगान्त** એ શબ્દોનું ગ્રહણ કર્યું હોય ત્યાં **संयोगादि** વગેરેને અન્ય રીતે સમજતાં દોષ નહીં આવે. જો કે ગુણ અને વૃદ્ધિ એ પ્રત્યેકની સંજ્ઞા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય છે છતાં **गर्गाः शतं दण्ड्यन्ताम्।** માં જેમ સમુદાયનો દંડ કરવામાં આવે છે તેમ અહીં સમુદાયની સંયોગ સંજ્ઞા થાય તો પણ દોષ આવે છે અને બબ્બેની સંજ્ઞા થાય તો પણ દોષ આવે છે. તેથી અવિશિષ્ટ રીતે અર્થાત્ બેની તેમ જ સમુદાયની સંયોગ સંજ્ઞા થશે એમ સિદ્ધ થયું.

(૩) **अच्** ના વ્યવધાન વિનાના વ્યંજનની **संयोग** સંજ્ઞા થાય છે એમ કહેવું જોઈએ, જેથી **पचति पनसम्।** જેવામાં સંયોગ સંજ્ઞા ન થાય. જો કે **अनन्तर** એમ કહ્યું છે પણ બે ગામ પાસે પાસે હોય તે**अनन्तर** છે એમ કહેવાય છે છતાં તેમની વચ્ચે પર્વત, નદી વગેરે હોય છે. આમ બે ગામ લગોલગ નથી હોતાં, જ્યારે સંયોગમાં બે **हल्** વર્ણો લગોલગ હોય છે, પરંતુ તેમની વચ્ચે વિજાતીયનું (અર્થાત્ **अच्** નું ) વ્યવધાન હોય તો **संयोग** સંજ્ઞા થતી નથી. જેમ કે બે બ્રાહ્મણોનાં ઘરની વચ્ચે વૃષલનું ઘર આવેલું હોય તો તે બ્રાહ્મણનાં ઘર અનન્તર ન કહેવાય. તેમ બે **हल्** વર્ણો વચ્ચે **अच्** નું વ્યવધાન હોય તો તે **हल्** વર્ણો અનન્તર ન હોવાથી તેમની **संयोग** સંજ્ઞા ન થાય.

**मुखनासिकावचनोऽनुनासिकः ॥१।१।७॥**

(૧) **मुखनासिकावचनः** એ સમાસને વિવિધ રીતે સમજાવ્યો છે.

(૨) **नासिका** શબ્દનું ગ્રહણ ન કરવામાં આવે તો **कचटतप** ની અનુનાસિક સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે, પરંતુ **नासिका** શબ્દનું ગ્રહણ કરવાથી દોષ નહીં આવે.

(૩) અહીં **मुख** શબ્દનું ગ્રહણ ન હોય તો પણ પ્રાસાદવાસિન્યાયે જે નાસિકા અને મુખ બન્ને વડે ઉચ્ચારવામાં આવે છે તે **अच्** વર્ણો અને વ્યંજનોની અનુનાસિક સંજ્ઞા થઈ શકશે.

(૪) સૂત્રમાં **मुख** શબ્દનું ગ્રહણ ન કરવામાં આવ્યું હોય તો **यम** અને અનુસ્વારની અનુનાસિક સંજ્ઞા થવાનો પ્રસંગ આવે તો પણ તેથી કોઈ લાભ કે હાનિ નથી.

(૫) અહીં ઉચ્ચારણમાં જે અનુનાસિક છે તેની આ સૂત્ર દ્વારા **अनुनासिक** સંજ્ઞા કરવામાં આવે છે અને **अनुनासिक** સંજ્ઞા દ્વારા તેને અનુનાસિક કહેવામાં આવે છે તેથી ઈતરેતરાશ્રય દોષ આવે છે. એમ કહેવું ઉચિત નથી. કારણ કે શબ્દ નિત્ય છે તેથી એ દોષ આવતો નથી.

**तुल्यास्यप्रयत्नं सवर्णम् ॥१।१।९॥**

(૧) અહીં **आस्य** એટલે મુખ અને તેમાં રહેલ એ અર્થમાં **शरीरावयवाद्यत्।** પ્રમાણે **यत्** લાગીને **आस्ये भवम् आस्यम्।** અર્થાત્ મુખમાં રહેલ તાલુ વગેરે સ્થાન અને જિહ્વાગ્ર વગેરે કરણ. **प्रयत्न** એટલે **यत्नस्य प्रारम्भः** અર્થાત્ સ્પર્શ વગેરે આભ્યન્તર પ્રયત્ન તેથી વિવાર વગેરે બાહ્ય પ્રયત્નનું ગ્રહણ નહીં થાય.

(૨) આમ છતાં **अ** વર્ણનું સ્થાન મુખમાં ન હોવાથી તેની સવર્ણ સંજ્ઞા નહીં થાય એમ કહેવું યોગ્ય નથી. સમગ્રમુખ તેનું ઉચ્ચારણ સ્થાન છે. વળી **अ** વર્ણ અને **ऐच्** વર્ણોના પ્રયત્ન ભિન્ન હોવાથી તેઓ પરસ્પર સવર્ણ નહીં થાય.

(૩) કયો વર્ણ કોનો સવર્ણ થાય છે તેની સ્પષ્ટતા કરવા માટે આ સૂત્રમાં **तस्य** (તેનો) એમ કહેવાની જરૂર નથી, કારણ કે સવર્ણ એ સંબંધી શબ્દ છે તેથી સમજાશે કે જેના જેના આસ્ય અને પ્રયત્ન તુલ્ય હોય તે તે તેના સવર્ણ કહેવાય.

(૪) **ऋ**-કાર અને **ऌ**-કારનું સાવર્ણ્ય કહેવું પડશે, જેથી **अकः सवर्णे दीर्घः।** પ્રમાણે **होतृ ऌकारः→ होतॄकारः** એમ દીર્ઘ થઈ શકે. એ પ્રયોજન નથી કારણ કે વાર્તિકકાર તે સૂત્ર ઉપર **सवर्णदीर्घत्वे ऋति ॠ वा वचनम् ऌति ॡ वा वचनम्।** એમ કહેશે. તેથી સવર્ણસંજ્ઞા કરવી જરૂરી નથી એમ કહેવું યોગ્ય નથી. અન્તે સાવર્ણ્ય વચન કરવું વધારે સારૂં એમ સ્વીકાર્યું છે.

**नाज्झलौ ॥१।१।१०॥**

**अच्** અને **हल्** સવર્ણ નથી થતા એમ કહ્યું છે. તેમાં **श**-કારનું **इ**-કાર સાથે જ સાવર્ણ્ય થાય છે તેનો પ્રતિષેધ કરવો જોઈએ. કારણ કે **श**-કાર **अच्** પણ છે અને **हल्** પણ છે. તે એ રીતે કે **इ**-કાર જ્યારે સવર્ણનું ગ્રહણ કરે ત્યારે **श**-કારનું પણ ગ્રહણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરશે. તેથી તે **अच्** છે અને **हल्** વર્ણોમાં તેનો ઉપદેશ છે તેથી તે **हल्** પણ છે. પરંતુ **श**-કારનો પ્રયત્ન **ईषत्** વિવૃત છે તેથી તે **अच्** નહીં થાય અથવા વર્ણોપદેશથી લઈને **अणुदित्सवर्णस्य चाप्रत्ययः ।** એ સૂત્ર સુધીના સમગ્ર મહાવાક્યમાં સવર્ણગ્રહણ અનન્ત છે. તેથી સવર્ણસંજ્ઞાના અપવાદ રૂપ **नाज्झलौ ।** નો અર્થ સમજાય તે વખતે **इ**-કાર એ **श**-કારનો સવર્ણ છે તે ખ્યાલ નથી આવતો તેથી તે **श**-કારનું ગ્રહણ નહીં કરે તેમ થતાં **श**-કાર **अच्** નહીં થાય. તેથી **परश्शतानि कार्याणि ।** માં યોગ્ય રૂપ સિદ્ધ થશે.

**આહ્નિક ૫ :** અહીં **प्रगृह्य , घु , संख्या** વગેરે સંજ્ઞાની ચર્ચા છે.

**ईदूदेद्द्विवचनं प्रगृह्यम् ॥१ ।१ ।११ - १९ ॥**

(૧) જેને અન્તે દીર્ઘ **ई , ऊ** અને **ए** હોય તેવા દ્વિવચનવાચક પ્રત્યયની **प्रगृह्य** સંજ્ઞા કરી છે.,

(૨) **अदस्** માં **अदसोऽसेर्दादुदोमः ।** પ્રમાણે **द्**-કારનો **म**-કાર થાય છે તેની પછી **ई , ऊ , ए** આવતાં તેની **प्रगृह्य** સંજ્ઞા થાય છે (**अदसो मात् । १२ ॥**)

(૩) **शे** એ પ્રત્યય જેને અન્તે હોય તેની **प्रगृह्य** સંજ્ઞા છે, અહીં **शे** અર્થયુક્ત છે તેથી જેમાં અર્થહીન **शे** હોય તેવા **काशे** વગેરેની સંજ્ઞા નહીં થાય.(**शे ॥१३ ॥**)

(૪) એક સ્વરવાળા, **आङ्** સિવાયના, નિપાતની તેમ જ **ओ** અને **उ** ની **प्रगृह्य** સંજ્ઞા છે (**निपात एकाजनाङ् ॥१४ ॥ ओत् ॥ १५ ॥ उञः ऊँ ॥१ ॥ १७-१८ ॥**)

(૫) જો કે **ईदूतौ सप्तम्यर्थे ॥१९ ॥** પ્રમાણે સપ્તમીના અર્થમાં રહેલ **ई**-કારાન્ત અને **ऊ**-કારાન્તની **सोमो गौरी अधिश्रितः ।** જેવામાં **प्रगृह्य** સંજ્ઞા થાય છે પરંતુ આ પ્રયોગો છાન્દસ છે , લૌકિક નથી.

**दाधाघ्वदाप् ॥१ ।१ ।२० ॥**

(૧) **दा** અને **धा** ધાતુની **घु** સંજ્ઞા કરી છે, પરંતુ **दाप्** ની નથી થતી.

(૨) તદુપરાંત જે ધાતુઓના અન્ત્ય **ए** તથા **ऐ** નો **आ** આદેશ થઈને તેમનું **दा** અથવા **धा** એ સ્વરૂપ થતું હોય તેની પણ **घु** સંજ્ઞા થશે.

(૩) પરંતુ પ્રેરકમાં વૃદ્ધિ થઈને (**दृ** નું ) **दार्** અને (**धृ** નું) **धार्** એ સ્વરૂપ થયું છે ત્યાં અર્થરહિત **दा , धा** છે તેથી **घु** સંજ્ઞા નહીં થાય.

**आद्यन्तवदेकस्मिन् ॥१ ।१ ।२१ ॥**

(૧) એક જ વર્ણ હોય છતાં તેને **तदादि** અને **तदन्त** કહી શકાશે, જેમ કે **इ** ધાતુ **इ**-કારાદિ તેમ જ **इ**-કારાન્ત છે તેમ કહી શકાશે., એટલે કે જેમ એક જ પુત્ર હોવા છતાં તેને વિશે મોટો અથવા નાનો એમ વ્યવહાર કરવામાં આવે છે તેમ જે એક જ હોય તેથી વાસ્તવમાં આદિ કે અન્ત નથી છતાં તેને વિશે **तदादि** અને **तदन्त** એમ વ્યપદેશ કરવામાં આવે છે.

(૨) જેની પૂર્વે અન્ય કંઈ નથી તે આદિ અને જેની પછી અન્ય કંઈ નથી તે અન્ત એમ સમજવામાં આવે તો પ્રકૃત સૂત્ર કરવાની જરૂર નથી એમ કહેવું બરાબર નથી એમ ભાષ્યકાર કહે છે. વાર્તિકકારે સૂત્રનાં પ્રયોજન બતાવ્યાં છે. ભાષ્યકાર કહે છે કે પ્રાતિપદિક, ધાતુ વગેરે એક વર્ણયુક્ત હોય તો પણ તેને આદિ કે એટલે કે વ્યપદેશિવદ્ભાવથી કાર્ય થાય છે.

(3) તેથી એક વર્ણયુક્ત **इ** ધાતુમાં **एकाचो द्वे प्रथमस्य ।** પ્રમાણે દ્વિર્વચન થઈને **इयाय** વગેરેની સિદ્ધિ થશે.

(૪) તે રીતે **वक्षत्** માં **सिब्बहुलं लेटि ।** પ્રમાણે થએલ **स्** (**सिप्**) એ પ્રત્યય છે, પ્રત્યયનો અવયવ નથી અને **आदेशप्रत्यययोः ।** માં (આદેશના અને પ્રત્યયના એમ જ ) ષષ્ઠી છે તે અવયવ ષષ્ઠી છે, છતાં **स्** નો **ष्** થયો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तरप्तमपौ घः ॥१।१।२२॥**

(૧) **तरप्** અને **तमप्** ની घ સંજ્ઞા છે.

(૨) અહીં **पित्** કરવાથી સમજાય છે કે घ એ ઔપદેશિક (અર્થાત્ સૂત્રદ્વારા જેનો ઉપદેશ કરવામાં આવ્યો હોય તેવા) **तर** , **तम** ની જ સંજ્ઞા છે. પરિણામે ગમે તે કોઈ **तर** **तम** (જેમ કે **नदीतर** માંના **तर** ) ની घ સંજ્ઞા નહીં થાય.

**बहुगणवतुडति संख्या ॥१।१।२३॥**

(૧) સંખ્યા સૂત્રમાં બીજો **संख्या** શબ્દ મૂકવો જોઈએ જેથી **एक** વગેરે સંખ્યાનો પણ બોધ થઈ શકે.

(૨) ઉત્તર સૂત્રમાં અનુવૃત્તિ થાય તે માટે પણ અહીં બીજો **संख्या** શબ્દ મૂકવો જોઈએ.

(૩) આ બાબતમાં ભાષ્યકાર કહે છે કે લોકમાં જેમ અર્થ અને સંદર્ભને કારણે ઈષ્ટ બોધ થાય છે તેમ શાસ્ત્રમાં કૃત્રિમ તથા અકૃત્રિમ બન્ને અર્થમાં સંખ્યા શબ્દ પ્રયોજવામાં આવ્યો છે તેથી સંદર્ભ ઉપરથી યોગ્ય અર્થ સમજાશે.

(૪) અથવા તો **संख्यायतेऽनया ।** (જેનાથી ગણી શકાય તે) સંખ્યા એમ **संख्या** એ અન્વર્થ સંજ્ઞા છે અને **एक**, **द्वि** વગેરે અકૃત્રિમ સંખ્યાથી પણ ગણી શકાય છે તેથી તેને સંજ્ઞા લાગુ પડશે. પરિણામે બીજો સંખ્યા શબ્દ મૂકવાની જરૂર નથી.

(૫) ઉત્તર સૂત્ર માટે પણ દ્વિતીય **संख्या** ગ્રહણ જરૂરી નથી. આ સૂત્રમાં સંજ્ઞા તરીકે અને પછીના સૂત્રમાં સંજ્ઞી (**ष्णान्ता** ) ના વિશેષણ તરીકે કેવી રીતે લેવાય એ શંકા યોગ્ય નથી, કારણ કે જેમ ડાંગર માટેના ઢાળિયામાંથી પાણી પીવાય, આચમન કરાય અને ડાંગરને પણ પવાય તેમ એક કાર્ય માટેની વસ્તુ બીજા કાર્ય માટે લઈ શકાય.

(૬) સમાસ અને **कन्** વિધિ થઈ શકે તે માટે સૂત્રમાં **अध्यर्ध** નું ગ્રહણ કરવું જોઈએ. **अर्ध** પૂર્વપદયુક્ત અને પૂરણપ્રત્યયાન્તની **संख्या** સંજ્ઞા કરવી જોઈએ.

(૭) **लुक्** સિવાયનાં કાર્યમાં સમાસ માટે તેમ જ ઉત્તરપદવૃદ્ધિ થઈ શકે તે માટે **अधिक** નું સૂત્રમાં ગ્રહણ કરવું જોઈએ.

(૮) પ્રસ્તુત સૂત્રમાં **बहु** નું ગ્રહણ ન હોય તો પણ **वतोरिड्वा ।** એ જ્ઞાપક સૂત્રથી સમજાય છે કે તે પણ સંખ્યા છે.

**ष्णान्ता षट् ॥१।१।२४॥**

(૧) **षट्** સંજ્ઞા સૂત્રમાં ઉપદેશમાં **ष**-કારાન્ત અને **न**-કારાન્ત સંખ્યાની **षट्** સંજ્ઞા છે તેમ કહેવું જોઈએ. જેથી **शत, सहस्र** ને **नुम्** આગમ થયા પછી **षट्** સંજ્ઞા લાગુ ન પડે અને **अष्टन्** નું **अष्टा** થવા છતાં લાગુ પડે. **संन्निपात लक्षणो विधिः०** એ પરિભાષા છે તેથી **शत, सहस्र** ને સંજ્ઞા નહીં થાય. **अष्टन्** માં પણ **अष्टनो दीर्घात् ।** એમ દીર્ઘ ગ્રહણ કર્યું છે તેથી સંજ્ઞા થશે.

**डति च ॥१।१।२५॥**

**संख्या** સંજ્ઞા સૂત્ર (અર્થાત્ **बहुगणवतुडति०**) તેમ જ **षट्** સંજ્ઞા સૂત્ર (અર્થાત્ પ્રસ્તુત **डति च ।**) એ બન્ને (સૂત્ર) માં **डति** નું ગ્રહણ કર્યું છે તેમાંથી એક ન કર્યું હોય તો ચાલે, કારણ કે **ष्णान्ता षट् ।** માં [**ष्णान्ता च षट् ।** એમ પાઠ લેવાથી (**ना०**)] પૂર્વ સૂત્રમાં -થી **डति** ની અનુવૃત્તિ થશે અથવા અહીં **षट्** સંજ્ઞામાં **डति** ગ્રહણ કર્યું હોય તો **संख्या** ની પૂર્વ સૂત્રમાંથી અનુવૃત્તિ થશે.

**क्तक्तवत् निष्ठा ॥१।१।२६॥**

{**क्त (त)** અને **क्तवत् (तवत्)** પ્રત્યયોની **निष्ठा** સંજ્ઞા છે} પરંતુ

(૧) **निष्ठा** સંજ્ઞામાં **लोतः गर्तः** જેવા સમાન (**निष्ठान्त** જેવા) શબ્દોને સંજ્ઞા નથી થતી તેમ કહેવાની જરૂર નથી કારણ કે અનુબન્ધને કારણે ભેદ જણાશે અને તેથી સંજ્ઞા નહીં થાય.

(૨) કાગડો ઊડી જવા છતાં દેવદત્તનું ઘર આ જ છે એમ સમજી શકાય છે તેમ અનુબન્ધનો લોપ થવા છતાં અનુબન્ધયુક્તની **निष्ठा** સંજ્ઞા છે તે સિવાયનાની નથી એમ સમજાશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩) **निष्ठा त**-કાર ભૂતકાળના અર્થમાં કે કર્તા, કર્મ, ભાવ વગેરે વિશિષ્ટ કારકના અર્થમાં છે તેમ વિચારવાથી કોઈ સંદેહ નહીં રહે.

**આહ્નિક ૬ :** અહીં **सर्वनाम** , **अव्यय** , **सर्वनामस्थान** અને **विभाषा** એ સંજ્ઞાઓની ચર્ચા છે.

**सर्वादीनि सर्वनामानि** ॥૧।૧।૨૭॥ **सर्वादीनि** એ બહુવ્રીહિ સમાસમાં **सर्व** નો સમાવેશ થાય છે કે નહીં એ ચર્ચા. આ **सर्वादीनि** એ **चित्रवाससम्** ની જેમ તદ્‌ગુણસંવિજ્ઞાન સમાસ છે તેથી **सर्व** ની પણ સંજ્ઞા થશે. **सर्वनाम** એ નિપાતનને લીધે **पूर्वपदात्संज्ञायां०** પ્રમાણે **सर्वणाम** એમ નથી થયું. **सर्वनाम** સંજ્ઞામાં સંજ્ઞા અને ઉપસર્જનનો પ્રતિષેધ કરવો જોઈએ. જેથી કોઈ વ્યક્તિનું નામ **सर्व** હોય ત્યાં **सर्वस्मै** ન થતાં **सर्वाय** એમ થાય અને **अतिसर्व** માં **सर्व** ઉપસર્જન છે ત્યાં **अतिसर्वस्मै** ન થતાં **अतिसर्वाय** થાય. ભાષ્યકાર પ્રમાણે પ્રતિષેધની જરૂર નથી. કારણ કે પાછળ આવતા **पूर्वापर०** સૂત્રમાં **असंज्ञायाम्** એમ યોગવિભાગ કરવાથી સંજ્ઞાનો પ્રતિષેધ થઈ જશે અને **अनुपर्सजनात्** ॥૪।૧।૧૪॥ સૂત્ર (આ સૂત્રનું ચોથા અધ્યાયમાં પ્રત્યાખ્યાન કર્યું છે) માં **अनुपसर्जन अ अत्** એમ છેદ કરવાથી ઉપસર્જન પ્રતિષેધ સિદ્ધ થશે. વળી **सर्वनाम** એ અન્વર્થ સંજ્ઞા છે તેથી સર્વનાં નામ હોય તે સર્વનામ. જ્યારે સંજ્ઞા કે ઉપસર્જન વિશેષને સૂચવે છે તેથી તેમની **सर्वनाम** સંજ્ઞા નહીં થાય.

**उभ** ને સર્વનામ તરીકે મૂક્યો છે તે **अकच्** લગાડીને **उभकौ** થઈ શકે તે માટે. બાકીનાં સર્વનામ કાર્યો તેને થતાં નથી. કારણ કે તે કાર્યો એકવચન અને બહુવચનમાં થાય છે જ્યારે **उभ** તો દ્વિવચનમાં જ પ્રયોજાય છે અને સ્ત્રીલિંગમાં તેને **टाप्** લાગે છે. તે સિવાય **उभ** ને સ્થાને **उभय** પ્રયોજાય છે.

**भवत्** નો **सर्वादि** ગણમાં એ માટે પાઠ કર્યો છે કે તેથી તેને **अकच्** લાગીને **भवकान्** થઈ શકે , **स च भवांश्च भवन्तौ** એમ એકશેષ થઈ શકે અને **आ सर्वनाम्नः** । પ્રમાણે **आत्व** થઈને **भवादृक्** થઈ શકે.

**विभाषा दिक्समासे बहुव्रीहौ** ॥૧।૧।૨૮॥

**न बहुव्रीहौ** ॥ એ પ્રતિષેધ કર્યો છે ત્યાં સ્પષ્ટતા થાય કે **दिक्** નું ઉચ્ચારણ કરીને જ્યાં બહુવ્રીહિ કહ્યો હોય ત્યાં વિકલ્પે સર્વનામ સંજ્ઞા થશે, અન્યત્ર પ્રતિષેધ થશે. સૂત્રમાં સમાસ શબ્દ મૂક્યો છે તેથી મુખ્યાર્થમાં જ બહુવ્રીહિ હોય ત્યાં જ વિકલ્પ થશે. વ્યપદેશિવદ્‌ભાવથી જે બહુવ્રીહિ હોય ત્યાં તેમ જ અવયવભૂત બહુવ્રીહિ હોય ત્યાં વિભાષા નહીં થાય. સૂત્રમાં **बहुव्रीहि** શબ્દનું ગ્રહણ કર્યું છે તેથી **दक्षिणोत्तरपूर्वाणाम्** જેવા દ્વંદ્વ સમાસમાં સંજ્ઞા નહીં થાય.

**न बहुव्रीहौ** ॥૧।૧।૨૯॥

બહુવ્રીહિ સમાસમાં **सर्व** વગેરેને **सर्वनाम** સંજ્ઞા થતી નથી. આ સમાસમાં **संख्या** અને **सर्वनाम** નો પૂર્વનિપાત થાય છે તેથી તે બે સમાસને અંતે આવે તેવો સંભવ નથી અને કદાચિત્ હોય તો પણ સર્વનામ ઉપસર્જન હોવાથી તેને સર્વનામને લગતું કાર્ય નહીં થાય. બહુવ્રીહિ સમાસ માટેના પ્રક્રિયા વાક્યને બહુવ્રીહિ સમાસ ગણવામાં આવે છે તેથી તેમાંના સર્વનામોને સર્વનામ-કાર્ય (અર્થાત્ સર્વનામને થતાં **स्वर्** , **अकच्** પ્રત્યય વગેરે કાર્ય) થાય છે, તેમ ગોનર્દીયનો મત છે તેથી તે કાર્યોના **न बहुव्रीहौ** એમ કહીને પ્રતિષેધ કરવાનો કોઈ અર્થ નથી. આમ આ સૂત્ર કરવાની જરૂર નથી.

**तृतीयासमासे** ॥૧।૧।૩૦॥ (તૃતીયા સમાસમાં **सर्व** વગેરેને **सर्वनाम** સંજ્ઞા થતી નથી.)

તૃતીયા સમાસ મુખ્ય પણ છે અને તૃતીયા સમાસનું વિગ્રહ વાક્ય પણ તાદર્થ્યને (એટલે કે તૃતીયા સમાસ બનાવવા માટે હોય તે) કારણે તૃતીયા સમાસ કહેવાય પરંતુ તેને પ્રસ્તુત સૂત્ર લાગુ ન પડે તે માટે સૂત્રમાં **समास** શબ્દ મૂક્યો છે. અથવા **समासे** નો અનુવૃત્તિ થતી હોવા છતાં **समासे** નું ગ્રહણ કર્યું છે તેથી સમજાશે કે તૃતીયા સમાસમાં **सर्वादि** ની સર્વનામ સંજ્ઞા થતી નથી. પછી **असमासे** એમ છેદ કરતાં સમાસ ન હોય ત્યારે પણ સંજ્ઞા થતી નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**विभाषा जसि ॥१।१।३१ --३२॥ पूर्वापरदक्षिणोत्तर० ॥३४॥ स्वमज्ञातिधनाख्यायाम्॥ ३५॥ अन्तरं बहिर्योग ०॥३६॥**

દ્વન્દ્વ સમાસમાં **सर्व** વગેરેને **सर्वनाम** સંજ્ઞા થતી નથી પરંતુ **जस्** પર થતાં વિકલ્પે થાય છે. **पूर्व** વગેરેને વ્યવસ્થાના અર્થમાં, **स्व**, **अन्तर** ને વિશિષ્ટ અર્થમાં **सर्वनाम** સંજ્ઞા થાય છે.

**અવ્યય સંજ્ઞા:-**

**स्वरादिनिपातमव्ययम्॥ तद्धितश्चासर्वविभक्तिः॥ ॥१।१।३७—४१॥**

**स्वर्** વગેરે નિપાત, જેને બધી વિભક્તિ ન લાગતી હોય તેવા તદ્ધિતાન્ત, જેમાં **त्रल्** અને **तस्** અન્ત હોય તેવા **तत्र** અને **ततः** ને **अव्यय** સંજ્ઞા થાય છે. સૂત્રમાં અવિભક્તિ એમ કહ્યું છે તેથી જેને લિંગ અને સંખ્યા નથી તે **अव्यय** એમ સંજ્ઞા કરવા છતાં અન્યોન્યાશ્રય દોષ થતો હોય તો પણ પાઠ દ્વારા સંજ્ઞા સિદ્ધ થશે. અવ્યયોમાં **यत्र, तत्र** જેવામાં વિભક્તિનો અર્થ પ્રધાન હોય છે. જ્યારે **नाना, विना** જેવામાં ક્રિયાનો અર્થ પ્રધાન હોય છે. **परमोच्चैः** જેવામાં ઉપસર્જનભૂતને તદન્તવિધિથી અવ્યય સંજ્ઞા થતી નથી. ત્યાર પછી સંનિપાત પરિભાષાનાં પ્રયોજનની ચર્ચા છે.

**कृन्मेजन्तः॥ अव्ययीभावश्च ॥१।१।३९ અને ४१॥**

**म** કારાન્ત અને આદેશ ન હોય તેવા **एजन्त** (**ए, ऐ, ओ** કે **औ** વર્ણો જેને અન્તે હોય તેવા) કૃદન્તની **अव्यय** સંજ્ઞા થાય છે. અવ્યયીભાવ સમાસ ની પણ **अव्यय** સંજ્ઞા થાય છે તેનાં કારણો ચર્ચીને અંતે તેનું પ્રત્યાખ્યાન કર્યું છે.

**शि सर्वनामस्थानम्॥ सुडनपुंसकम्॥१।१।४१ અને ४२॥**

પ્રથમા અને દ્વિતીયા બહુવચનના **जस्** અને **शस्** પ્રત્યયો (**शि**) ની **सर्वनामस्थान** સંજ્ઞા છે તથા **सुट्** (અર્થાત્ પ્રથમાના **सु औ जस्** અને દ્વિતીયાના **अम्** અને **औ**) પ્રત્યયોની **सर्वनामस्थान** સંજ્ઞા છે, પરંતુ નપુંસકમાં નથી થતી.

**नवेति विभाषा ॥१।१।४४॥**

અહીં **विभाषा** એ અર્થની સંજ્ઞા છે તેમ કહેવું પડશે કારણ કે શબ્દની સંજ્ઞા થાય તો **दाधाघ्वदाप्॥** માં થાય છે તેમ અર્થનો ખ્યાલ નહીં આવે એમ કહેવું યોગ્ય નથી, કારણ કે સૂત્રમાં **इति** નું ગ્રહણ કર્યું છે તેથી લોકમાં **गवित्ययमाह** એમ કોઈ કહે ત્યારે જેમ **गृ औ** એ વર્ણસમુદાયભૂત **गो** શબ્દનો ખ્યાલ આવે છે તેમ શાસ્ત્રમાં તેથી વિપરીત હોવાથી **नवेति** દ્વારા **न वा** ના અર્થનો ખ્યાલ આવશે તેથી **विभाषा** એ અર્થની સંજ્ઞા છે તેમ સમજાશે. વળી **नवा** જેવા (જેમ કે **नवा कुण्डिका**) સમાન શબ્દોને **विभाषा** સંજ્ઞા નથી થતી એમ પ્રતિષેધ કરવાની જરૂર નથી, કારણ કે કોઈક વિધાન કર્યા પછી **नवा** એમ કહીને તેનો પ્રતિષેધ કરવામાં આવે છે તેથી **नवा** એ પ્રતિષેધવાચીનો જ ખ્યાલ આવશે. આ વ્યાકરણ શાસ્ત્ર સાધુત્વને વિશે નિયમો કરે છે તેથી જ્યાં વિભાષા હોય ત્યાં વિકલ્પે સાધુત્વ થશે. અંતે વિવિધ પ્રકારની **विभाषा** (એટલે કે પ્રાપ્ત, અપ્રાપ્ત અને પ્રાપ્તાપ્રાપ્ત વિભાષા) ક્યાં થાય છે તેની ઉદાહરણ સહિત ચર્ચા છે.

**આહ્નિક ૭ : સમ્પ્રસારણ :**

**इग्यणः सम्प્રसारणम्॥१।१।४५॥**

સંપ્રસારણ એ '**यण्** વર્ણને સ્થાને થતો **इक्** વર્ણ સંપ્રસારણ કહેવાય છે' એમ વર્ણની સંજ્ઞા છે કે પછી '**यण्** ને સ્થાને **इक्** થાય છે' એ વાક્યની સંજ્ઞા છે, તેની ચર્ચા. જો વાક્યની સંજ્ઞા હોય તો વર્ણને લગતો દીર્ઘ વિધિ શક્ય નથી. જો વર્ણની સંજ્ઞા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરવામાં આવે તો કાર્ય સિદ્ધિ નહીં થાય, કારણ કે જેની સંજ્ઞા કરવામાં આવે છે તે વર્ણનું અસ્તિત્વ જ નથી અને સંજ્ઞાને કારણે તે અન્ય વર્ણને સ્થાને થાય. તેથી અન્યોન્યાશ્રય દોષ આવે છે.પરંતુ સૂત્રકારે **ष्यङः सम्प्रसारणम् ॥ सम्प्रसारणाच्च ॥ सम्प्रसारणस्य ॥** વગેરે સૂત્રોમાં પ્રથમા, પંચમી, ષષ્ઠી વગેરે વિવિધ વિભક્તિ દ્વારા નિર્દેશ કર્યો. તેથી સમજાય છે કે આ સંજ્ઞા વાક્ય અને વર્ણ બન્નેની છે. વળી **शाटकं वय ।** એ પ્રયોગની જેમ **संप्रसारण** એ ભાવિ સંજ્ઞા છે એમ સમજ્યાથી દોષ નહીં આવે. વગેરે દલીલ કરીને દોષ નિવારણ કર્યું છે.

**आद्यन्तौ टकितौ ॥१।१।४६॥**

આગમઃ સંખ્યાતાનુદેશથી (એટલે કે સૂત્રમાં તેમનો જે ક્રમમાં ઉપદેશ કર્યો છે તે ક્રમથી લેતાં) સમજાશે કે કોણ આદિ છે અને કોણ અંત છે. નિત્ય શબ્દને આગમ ન હોય તે દલીલના ઉત્તરમાં કહે છે કે જે આગમ રહિત છે તેના **ट्** અને **क्** આગમયુક્ત આદેશ છે. આ સૂત્ર પરિભાષા છે અથવા '**ट्** અને **क्** એ **इत्** વર્ણો અનુક્રમે આદિ અને અન્ત્યની સંજ્ઞા છે' એ અર્થનું સંજ્ઞા સૂત્ર છે. **ट्** અને **क्** નું આદિ અને અંત તરીકે વિધાન કરતા આ સૂત્રમાં પ્રત્યયનો પ્રતિષેધ કરવાની જરૂર નથી. કારણ કે પ્રત્યય પર હોય છે તેમ કહ્યું છે. વળી ષષ્ઠ્યધિકારમાં આ સૂત્રને લેવાથી '**टित्** અને **कित्** આગમ જેને અનુલક્ષીને કહેવામાં આવ્યા હોય તેના આદિ અને અંતમાં અનુક્રમે થશે' એમ સમજાશે અને કાર્ય સિદ્ધ થશે. આદિ અને અંત એ ષષ્ઠી (એટલે કે અવયવ ષષ્ઠી) નો અર્થ છે તેથી જ્યાં સૂત્રમાં ષષ્ઠી ન હોય ત્યાં આ પરિભાષા ઉપસ્થિત નહીં થાય.

**मिदचोऽन्त्यात्परः ॥१।१।४७॥**

આ સૂત્ર સ્થાનેયોગત્વ (જેમ કે **कुण्डानि**) અને પ્રત્યયપરત્વનો (જેમ કે **भिनत्ति**) નો અપવાદ છે .અન્ત્યની પછી આવે અને સ્થાને પણ થાય તેવા **यशांसि** જેવામાં સંભવ હોવા છતાં તે યોગ્ય અપવાદનું ઉદાહરણ છે, કારણ કે **तक्रकौण्डिन्य** ન્યાયે સંભવ હોય ત્યાં અપવાદ થઈ શકે. **मस्ज्** ને જે **नुम्** એ **मित्** આગમ લાગે છે તે અન્ત્ય વર્ણ પછી થાય છે એમ કહેવું જોઈએ જેથી અનુષંગ (ઉપધા **न**-કાર) નો લોપ થઈ શકે.

આ જે **मित्** આગમ થાય છે તે પૂર્વનો અંત છે, પરનો આદિ છે, કે કોઈનો અંશ નથી ? તેની ચર્ચા. દરેક સ્થિતિમાં દોષ બતાવીને અંતે પૂર્વનો અંત છે એ પક્ષ નિર્દોષ છે એમ સિદ્ધ કર્યું છે.

**एच इग्घ्रस्वादेशे ॥१।१।४८॥**

આદેશઃ ૪૮ થી ૫૧ સૂત્રો સુધી આદેશની ચર્ચા છે. સવર્ણ અર્ધ **ए**-કાર, અર્ધ **ओ**-કાર અને **अ**-કારની નિવૃત્તિ થાય તે માટે **एच्** નો હ્રસ્વાદેશ **इक्** થાય છે તેમ કહ્યું છે. અન્તરતમ હોવાથી દીર્ઘ **इक्** થવાનો પ્રસંગ આવશે પરંતુ હ્રસ્વાદેશ કહ્યો છે તેથી દીર્ઘ આદેશ નહીં થાય. તે જ રીતે અર્ધ અર્થાત્ હ્રસ્વ **ए** કે હ્રસ્વ **ओ** નથી તેથી નહીં થાય પણ સમાન સ્થાનવાળા હોવાથી હ્રસ્વ **इ** અને હ્રસ્વ **उ** થશે, **अ** નહીં થાય, કારણ કે **एच्** વર્ણમાં **इ** અને **उ** ની માત્રા(=પ્રમાણ) વધારે છે.જ્યારે **अ** વર્ણની માત્રા (=પ્રમાણ) અલ્પ છે.

**षष्ठी स्थानेयोगा ॥१।१।४९॥**

જેને સ્થાન સાથે યોગ છે, સંબંધ છે તે **षष्ठी स्थानेयोगा** . ષષ્ઠી વિભક્તિના એક સો અર્થ છે (**एकशतं षष्ठ्यर्थाः ।**) છતાં શબ્દનો અન્ય શબ્દ સાથે સ્થાન સિવાય અન્ય કોઈ સંબંધ નથી હોતો તેથી વ્યાકરણ શાસ્ત્રમાં મોટે ભાગે સ્થાન ષષ્ઠી લેવામાં આવે છે, કારણ કે આ સૂત્ર અસંદિગ્ધ છે. ક્વચિત્ **अस्तेर्भूः ।** જેવામાં સંદેહ હોય ત્યાં વ્યાખ્યાનને આધારે જ અર્થ સમજાશે છે (**व्याख्यानतो विशेषप्रतिपत्तिः न संदेहादलक्षणम् ॥**). હવે સૂત્રમાં જે સ્થાનીની પછી ષષ્ઠી ઉચ્ચારવામાં આવી હોય, જેનો સૂત્રમાં સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તેનો જ આદેશ થાય છે, અન્ય કોઈનો નહીં.

**स्थानेऽन्तरतमः ॥१।१।५०॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अकः सवर्णे दीर्घः ।** જ્યાંમાં યથાસંખ્યન્યાયથી સિદ્ધિ નથી થતી તેથી પ્રસ્તુત સૂત્ર જરૂરી છે. સૂત્રમાં **स्थान** શબ્દનું ફરીથી ગ્રહણ કરીને સૂચવ્યું છે કે જ્યાં અનેકવિધ આન્તર્ય હોય ત્યાં સ્થાનને કારણે થતું આન્તર્ય વધુ બળવાન છે. સૂત્રમાં **तमप्** મૂકીને સૂચવ્યું છે કે જેનાં સ્થાન અને પ્રયત્ન સમાન હોય તે અન્તરતમ થશે. જ્યાં સ્થાની એક હોય અને આદેશ અનેક હોય ત્યાં સર્વના પ્રસંગ નિવારવા માટે આ સૂત્ર કરવામાં આવ્યું છે. આ સૂત્રનો **स्थानेऽन्तरतम उरण्रपरः** । એમ સંહિતાપાઠ લેવામાં આવે તો **स्थानेऽन्तरतमे** અથવા **स्थानेऽन्तरतमः** એમ છેદ કરતાં સ્થાનીઓમાંથી જે વધારે સમાન હોય તે સ્થાનીના આદેશ કરવો જોઈએ અથવા આદેશોમાંથી જે સૌથી સમાન હોય તે કરવો જોઈએ એમ સમજાશે. જો કે વ્યવહારમાં જે જેના સમાન હોય તે તેની સાથે જાય છે તેમ સ્થાની- આદેશનું થશે. ऋ વર્ણના ગુણ કે વૃદ્ધિ કરવાનાં હોય ત્યાં સર્વાદેશ નહીં થાય તે ચર્ચીને **नष्टाश्वदग्धरथ** ન્યાયે તેનું સમર્થન કર્યું છે. **एच्** વર્ણો અને अ-કારનો આદેશ મૂકવાનો હોય ત્યાં अ વર્ણ આદેશ થાય છે.

**उरण्रपरः ॥१।१।५१॥**

આ સૂત્ર દ્વારા **ऋ-** કારનો **अण्** આદેશ થાય છે અને તે **रपर** થાય છે એમ કહેવામાં આવે છે કે **ऋ-** કારના **अण्** તેમ જ **अण्** ને હોય તેવા આદેશ થાય છે, પરંતુ **अण्** આદેશ **रपर** થાય છે એમ કહેવામાં આવે છે ? બન્ને પક્ષે દોષ આવે છે. ऋ વર્ણને સ્થાને થતા આદેશને **र्** લગાડવો જોઈએ અને **गुण** કરવો હોય તો **स्थानेऽन्तरतमः** । થી **अर्** જ થશે એમ ભાષ્યકારનો મત છે. હવે આ જે **रेफ** લાગે છે તે પૂર્વનો અવયવ થશે, પરનો અવયવ થશે કે પછી કોઈનો પણ અવયવ નહીં થાય તેની ચર્ચા કરીને દરેકના દોષ બતાવીને અંતે રેફ અંત્યનો અવયવ છે એમ ભાષ્યકાર કહે છે.

**अलोऽन्त्यस्य ॥१।१।५२॥**

પષ્ઠીનો પ્રત્યય લગાડીને જે આદેશનું વિધાન કરવામાં આવ્યું હોય તે જેને અનુલક્ષીને કહ્યો હોય તેના અન્ત્ય વર્ણ (**अल्**) ને સ્થાને થાય છે.

**ङिच्च ॥१।१।५४॥**

જે **ङित्** આદેશ હોય તે અનેક વર્ણ (**अल्**) યુક્ત હોય તો પણ અંત્યને સ્થાને જ થાય છે.

**आदेः परस्य ॥१।१।५३॥**

પરને અનુલક્ષીને કહેવામાં આવેલું કાર્ય આદિ વર્ણને થાય છે.

**अनेकाल्शित्सर्वस्य ॥१।१।५५॥**

અનેક **अल्** યુક્ત આદેશ તેમ જ **शित्** આદેશ સમગ્ર સ્થાનીને સ્થાને થાય છે. આ પરિભાષા સૂત્ર છે તેમાં પ્રથમ સૂત્ર સામાન્ય નિયમ કરે છે જ્યારે છેલ્લાં બે તેનો અપવાદ છે.

## આહ્નિક ૮:

**स्थानिवदादेशोऽनल्विधौ ॥१।१।५६॥**

આદેશની જ સ્થાની સંજ્ઞા ન થાય તે માટે આ સૂત્રમાં **वत्** પ્રયોજીને અતિદેશ કર્યો છે અને **आदेश** શબ્દનું ગ્રહણ કર્યું છે તેથી કોઈ પણ આદેશ સ્થાની જેવો ગણાશે. ગુરૂપુત્ર ગુરુથી ભિન્ન હોવા છતાં **गुरुवत् गुरुपुत्रे** એમ કહેવામાં આવતાં ગુરૂપુત્રને ગુરૂ જેવા ગણવામાં આવે છે તેમ આદેશ સ્થાનીથી ભિન્ન હોવા છતાં **स्थानिवदादेशः** એમ કહ્યું હોય તો આદેશ વિશે સ્થાનિભાવ-નો અતિદેશ કરવામાં આવે છે તેથી જે કાર્ય સ્થાનીને થાય તે આદેશને પણ થશે. જો કે એક **अल्** ઉચ્ચારીને તેને લગતો વિધિ કર્યો હોય ત્યાં આદેશ સ્થાનિવત્ નહીં થાય. અતિદેશ સામાન્યનો કે વિશેષનો થાય એમ બેમાંથી એક પક્ષ સ્વીકારવાથી આવતા દોષ બતાવ્યા પછી બન્ને પક્ષ સ્વીકારવા એમ નિર્ણય કરે છે. સૂત્રમાં **अनल्विधौ** એમ કહ્યું છે તેથી જ્યારે વિશેષનો અતિદેશ હોય ત્યારે સ્થાની **अल्** વર્ણ હોય તો તે કારણે થતા વિધિનો નિષેધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**युष्मदस्मदोरनादेशे** ॥ માં જરૂર ન હોવા છતાં **अनादेशे** નું ગ્રહણ કરીને અને **अदो जग्धिर्ल्यप्तिकिति** ॥ માં જરૂર ન હોવા છતાં **ल्यप्** નું ગ્રહણ કરીને સૂત્રકારે જ્ઞાપન કર્યું છે કે આદેશ સ્થાનીની જેવો જ હોય છે. છતાં સ્પષ્ટતા ખાતર આ સૂત્ર કર્યું છે. વાર્તિકકારે જે દોષ બતાવ્યા છે તેનો ભાષ્યકારે પરિહાર કર્યો છે. સ્થાનિવદ્‌ભાવ સ્વીકારવા છતાં શબ્દ નિત્ય છે એ વાતને કોઈ વાંધો આવતો નથી, કારણ કે અહીં જે ફેર થાય છે તે શબ્દના સ્વરૂપમાં નહીં પરંતુ બુદ્ધિમાં, મનમાં જ ફેર સમજવાનો છે, વાસ્તવિક ફેર નથી.

**अचः परस्मिन्पूर्वविधौ** ॥१।१।५७॥

પ્રસ્તુત સૂત્ર પૂર્વ સૂત્રનો અપવાદ છે. પર રહેલ નિમિત્તથી થએલ **अच्** નો આદેશ તેની પૂર્વે રહેલને કાર્ય કરવાનું હોય ત્યારે अल् વિધિમાં પણ સ્થાનિવત્ થાય છે. સૂત્રમાં **अचः** શા માટે?-- **आगत्य** જેવામાં **वा ल्यपि** પ્રમાણે થએલ **मलुक्** સ્થાનિવદ્ થાય તો **तुक्** ન થવાનો પ્રસંગ આવે. પરંતુ **अचः** એમ કહ્યું છે તેથી સ્થાનિવદ્‌ભાવ નહીં થાય અને **तुक्** થશે.

**परस्मिन्** શા માટે?-- **आर्दीच्ये** વગેરેમાં **इ**-કારનો **ए**-કાર થવો છે તે પરનિમિત્તક નથી. તેનો સ્થાનિવદ્‌ભાવ થાય તો **यीवर्णयोः दीधीवेव्योः** ॥ (૭-૪-૫૩) થી **ई** લોપ થવાનો પ્રસંગ આવે પણ સૂત્રમાં **परस्मिन्** એમ કહ્યું છે તેથી લોપ નહીં થાય.

**पूर्वविधौ** શા માટે ?-- **नैधेयः** માં **नि धा** ના **आ**-કાર લોપ પરનિમિત્તક છે તે સ્થાનિવત્ થાય તો **द्व्यच्** હોવાથી **ठक्** ન થવાનો પ્રસંગ આવે પણ સૂત્રમાં **पूर्वविधौ** એમ કહ્યું છે તેથી આદેશ સ્થાનિવત્ નહીં થાય અને **ठक्** થશે. **पूर्वविधौ** એમ કહ્યું છે તેથી આદેશથી પૂર્વે રહેલ અથવા આદેશના નિમિત્તથી પૂર્વે રહેલને કાર્ય કરવાનું હોય તો પણ સ્થાનિવદ્‌ભાવ થશે. સ્થાનિવદ્‌ભાવ થવાથી આદેશ સ્થાનીની જેવો થઈ જતો નથી તેથી આદેશને અસિદ્ધ ન માનતાં શાસ્ત્રનું અસિદ્ધત્વ છે તેમ માનવું પડશે. આમ એકાદેશ વિધાયક શાસ્ત્રને અસિદ્ધ કહેવાથી સ્થાની જતો રહેતો નથી અને આદેશ આવતો નથી એમ સમજાશે તેથી આદેશને કારણે થતું કાર્ય સ્થાનીને પ્રાપ્ત નહીં થાય. આમ વાર્તિકકારે સૂચવેલ શાસ્ત્રાતિદેશ ભાષ્યકારે સ્વીકાર્યો છે. ત્યાર પછી સૂત્રનાં પ્રયોજનોની ચર્ચા છે.

**न पदान्तद्विर्वचनवरेयलोपस्वरसवर्णानुस्वारदीर्घजश्चर्विधिषु** ॥१।१।५८॥

આ સૂત્રમાં બતાવેલ પદાન્તવિધિ, દ્વિર્વચનવિધિ વગેરે વિધિ કરવાના હોય ત્યારે સ્થાનિવદ્‌ભાવ થતો નથી. અહીં વિધિ એટલે જેનું વિધાન કરવામાં આવ્યું છે તે કાર્ય એમ સમજવાનું નથી, પરંતુ વિધિ એટલે વિધાન એમ સમજવાનું છે.આમ રીતે અર્થ કરતાં દોષ આવે છે, ભાવના અર્થમાં હોય તો **वाच्यिकः** સિદ્ધ નથી થતો અને કર્મના અર્થમાં હોય તો **षाडिकः** સિદ્ધ નથી થતા તેથી ખાસ પ્રયત્ન કરીને સિદ્ધિ કરવી પડશે એમ ભાષ્યકાર કહે છે. **अच्** નો લોપ સ્થાનિવત્ નથી થતો એમ ન કહ્યું હોય તો પણ કાર્ય સિદ્ધ થઈ શકે છે. **पूर्वत्रासिद्धे च (न)** । અર્થાત્ ત્રિપાદીમાં સ્થાનિવદ્‌ભાવ થતો નથી. આ વાર્તિકને કારણે અસિદ્ધ કાંડમાં સ્થાનિવદ્‌ભાવ ન થવાથી કેટલાક દોષ આવે છે, જેમ કે **स्कोः संयोगाद्योः** ॥ થી થતા સંયોગાદિલોપમાં, **अचि विभाषा** ॥ થી વિકલ્પે થતા **लत्व** માં તેમ જ **प्रातिपदिकान्तनुम्विभक्तिषु च** ॥ થી વિકલ્પે થતા **णत्व** માં દોષ બતાવ્યા છતાં સ્થાનિવદ્‌ભાવ જરૂરી છે તેથી ભાષ્યકાર તે મતને સ્વીકારે છે.

**द्विर्वचनेऽचि** ॥१।१।५९॥

અહીં રૂપાતિદેશ કરવામાં આવે છે તેથી આદેશ સ્થાનીનું રૂપ પ્રાપ્ત કરે છે એમ સમજાશે, પરંતુ પ્રેરકમાં (**णि** પ્રત્યય લાગે ત્યારે) **सन्** લાગતાં દોષ આવે છે તેનું નિવારણ કરવા માટે **ओः पुयण्ज्यपरे** ॥ સૂત્રથી સામાન્ય સ્થાનિવદ્‌ભાવ પણ સ્વીકારવો જોઈએ એમ કહીને આ સૂત્ર દ્વારા સામાન્ય તેમ જ રૂપાતિદેશનું પ્રતિપાદન કર્યું છે. જો **द्विर्वचनं यणयवा०** એ વાર્તિકને સ્વીકારવામાં આવે તો આ સૂત્ર ન કરવું પડે એ દલીલ ભાષ્યકાર સ્વીકારતા નથી અને સ્થાનિવદ્‌ભાવ સ્વીકારવો એ જ વધારે સારું એમ કહે છે.

**આહ્નિક ૯ :**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

### अदर्शनं लोपः ॥१।१।६०॥

લોપ એ **अदर्शन** [57] શબ્દની સંજ્ઞા નથી પરંતુ તેના અર્થની છે. અહીં અન્યોન્યાશ્રય દોષ નથી આવતો. જેનો અવકાશ હોય (એટલે કે જે જગ્યાએ ઉચ્ચારવા જોઈએ ત્યાં) તેનું અનુચ્ચારણ અથવા અભાવ થાય તે લોપ થયો કહેવાય. એ પ્રમાણે અર્થ કરવાથી અતિવ્યાપ્તિ દોષ નહીં આવે કારણ કે જેનો પ્રસંગ જ ન હોય તેનું ઉચ્ચારણ ન જ કરવાનું હોય તેને સંજ્ઞા લાગુ નહીં પડે. તેથી દોષ નહીં આવે.

### प्रत्ययस्य लुक्श्लुलुपः ॥१।१।६१॥

પ્રત્યયના અદર્શનને **लुक्** , **श्लु** , **लुप्** કહે છે. સૂત્રમાં **प्रत्यय** શબ્દનું ગ્રહણ શા માટે? **लुक्** **तद्धितलुकि** । જેવામાં તદ્ધિત પ્રત્યયનો લોપ થતાં સાથે સાથે પ્રકૃતિનો પણ લોપ ન થાય તે માટે. ષષ્ઠીનો અર્થ દર્શાવવા પ્રત્યયગ્રહણ કરવાની જરૂર નથી કારણ કે **०लुगणिञोः** , **तद्राजस्य०** એમ સર્વત્ર ષષ્ઠી ઉચ્ચારવામાં આવે છે. આચાર્યે **लुग्वा दुहदिहलिह०** એમ કહ્યું છે તે ઉપરથી સમજાય છે કે સર્વાદેશ માટે પણ **प्रत्यय** શબ્દનું ગ્રહણ કરવાની જરૂર નથી. ઉત્તર સૂત્ર માટે સૂત્રમાં **प्रत्यय** શબ્દનું ગ્રહણ કરવાથી સમગ્ર પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે જ પ્રત્યયલક્ષણ થાય અન્યથા ન થાય .

### प्रत्ययलोपे प्रत्ययलक्षणम् ॥११।१।६२॥

અહીં લક્ષણ શબ્દ પ્રાદુર્ભાવના અર્થમાં નથી એટલે કે પ્રત્યયનો લોપ થયા પછી પ્રત્યયનો પ્રાદુર્ભાવ થાય છે એમ સમજવાનું નથી. પરંતુ પ્રત્યયને કારણે જે કાર્ય થતું હોય તે કાર્ય પ્રત્યયનો લોપ થયા પછી પણ પ્રત્યયલક્ષણથી થાય છે. પરંતુ પ્રત્યય -નો લોપ થયા પછી જે કાર્ય પ્રાપ્ત થતું હોય તે પ્રત્યયલક્ષણથી ન થાય. બેમાંથી એક **प्रत्यय** શબ્દનું ગ્રહણ ન કર્યું હોય તો ચાલે એમ દર્શાવેલ છે. પ્રત્યયલક્ષણથી પ્રત્યયનિમિત્તક કાર્ય થાય પરંતુ **गवे हितम् गोहितम्** જેવામાં થતાં વર્ણનિમિત્તકકાર્ય ન થાય.

સૂત્રનો પ્રયોજન- **लोप** થયો હોય કે **लुक्** થયો હોય ત્યાં બધે જ પ્રત્યયલક્ષણ થશે, કારણ કે એ બધાં અદર્શન જ છે અને ભિન્ન સંજ્ઞાઓ કરી છે તેથી **लुक्** માં **श्लु** વિધિ થવાનો પ્રસંગ નહીં આવે અને **लुमत्** સંજ્ઞાઓમાં જે કહ્યું છે તે પ્રત્યેક **लोप** માં નહીં થાય. સૂત્રકારે **न लुमताङ्गस्य** । એમ કહ્યું છે તેથી સમજાય છે કે **लुमत्** દ્વારા અદર્શન થાય ત્યારે પણ પ્રત્યયલક્ષણ થાય છે, પરંતુ અંગને લગતું કાર્ય હોય ત્યાં પ્રત્યયલક્ષણ થતું નથી. **स्थानिवत्** સૂત્ર અને **प्रत्ययलोपे०** સૂત્ર ન કરીને **स्थानि-संज्ञान्यभूतस्यानल्विधौ** । એમ સૂત્ર કરવામાં આવે તો **भ** સંજ્ઞા સિદ્ધ થાય, પરંતુ **आर्द्रे चर्मन्** વગેરેમાં **भ** સંજ્ઞા નહીં થાય અને સૂત્ર પણ બદલાઈ જાય એ દોષ આવશે. ભાષ્યકાર કહે છે કે લોપ પણ આદેશ જ છે તેથી સ્થાનિવદ્ભાવથી આ સર્વ પ્રયોજન સિદ્ધ થઈ શકે છે. સંજ્ઞા માટે પણ આ સૂત્ર કરવું જરૂરી નથી કારણ કે આચાર્યે સૂચવ્યું છે કે પ્રત્યયલક્ષણથી સંજ્ઞા થતી નથી. એ જ રીતે અન્ય દોષોનું પણ નિવારણ જે તે સૂત્રનો યોગ્ય અર્થ કરવાથી થાય છે. પરંતુ તેથી આ સૂત્ર ન કરવું એમ નથી કારણ કે આ સૂત્ર વિધ્યર્થક નથી નિયમાર્થક છે એટલે કે એમ સમજાય છે કે સૂત્રમાં કોઈ પણ પ્રત્યયનું ગ્રહણ કરીને કાર્યનું વિધાન કાર્ય કર્યું હોય તો તે કાર્ય પ્રત્યયલક્ષણથી થશે પરંતુ કોઈ શબ્દનું સૂત્રમાં ગ્રહણ કરીને કાર્યનું વિધાન કર્યું હોય તો તે કાર્ય પ્રત્યયલક્ષણથી નહીં થાય,જેમ કે **शोभना दृषदोऽस्य सुदृषद्** (ब्राह्मणः) અહીં **सु** લોપ થયો છે તેથી **सोर्मनसी०** પ્રમાણે પ્રત્યયલક્ષણથી આદિ સ્વર ઉદાત્ત નહીં થાય.

### न लुमताङ्गस्य ॥१।१।६३॥

આગળના સૂત્રથી પ્રત્યયલક્ષણ કાર્યનું ક્ષેત્ર જરૂર કરતાં વધુ વ્યાપક થાય છે તેથી તે નિવારવા માટે આ સૂત્ર દ્વારા કહે છે કે **लुमत्** અર્થાત્ **लुक्** , **श्लु** અને **लुप्** સંજ્ઞા દ્વારા પ્રત્યયનું અદર્શન થયું હોય તેની પૂર્વેના અંગને પ્રત્યયલક્ષણનિમિત્ત કાર્ય થતું નથી. પરંતુ સાથે સાથે એમ પણ કહેવું પડશે કે **सर्व** , **आमन्त्रितस्वर** અને **सिज्लुक्** સ્વર સિવાયના એકપદ સ્વરમાં પ્રત્યય - લક્ષણ થાય છે.

---

[57] જુઓ: **दर्शनमुच्चारणम्** । શા.ભા. **नित्यस्तु स्याद्दर्शनस्य परार्थत्वात्** ॥ (પુ.મી.સૂ.૧-૧-૧૮) પર .



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રયોજન-- **ञित्** , **कित्** વગેરે પ્રત્યયોનો લોપ થયા પછી તે પ્રમાણે થતા ઉદાત્ત વગેરે સ્વર ન થાય તે પ્રયોજન છે. **पथिन्** , **मथिन्** પર થતા સર્વનામસ્થાન પ્રત્યયનો **लुक्** થવા છતાં **पथिमथोः सर्वनामस्थाने** । પ્રમાણે આદિ ઉદાત્ત થાય છે તે પ્રત્યય-લક્ષણથી ન થાય તે પ્રયોજન. (**अहर्ददाति** જેવામાં) **अहन्** ના **न्** નો રેફ કરવાનો હોય ત્યાં પ્રત્યયલક્ષણ ન થાય તે પ્રયોજન. ટૂંકમાં અહીં અંગાધિકારમાં **ञित्** , **कित्** સ્વર જેવાં કેટલાંક કાર્ય પ્રત્યયલક્ષણથી થાય છે અને અન્યત્ર (જેમ કે **रोऽसुपि** । જેવાંમાં) કોઈક કાર્ય નથી થતું.

**अलोऽन्त्यात्पूर्व उपधा ॥१।१।६५॥**

અન્ત્ય વર્ણની પૂર્વે રહેલ વર્ણની **उपधा** સંજ્ઞા છે.

**तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य ॥१।१।६६॥** **तस्मादित्युत्तरस्य ॥१।१।६७॥**

આ બન્ને સૂત્ર નિયમાર્થે છે. જ્યારે સપ્તમીનું ઉચ્ચારણ કરીને કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યારે જે અવ્યવહિત પૂર્વ હોય તેને જ કાર્ય થાય છે તે રીતે સૂત્રમાં પંચમ્યન્તનું ઉચ્ચારણ કરીને કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તો જે અવ્યવહિત રીતે ઉચ્ચારવામાં આવેલ પર હોય તેને જ કાર્ય થાય છે. પરંતુ સૂત્રમાં પંચમી અને સપ્તમી બન્નેનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હોય તો વિપ્રતિષેધથી **तस्मादित्युत्तरस्य** ॥ પ્રમાણે કાર્ય થાય છે.

**स्वं रूपं शद्बस्याशद्बसंज्ञा ॥१।१।६८॥**

સૂત્ર (જેમ કે **अग्नेर्ढक्** ।) માં જે શબ્દ (જેમ કે **अग्नि**) નું ગ્રહણ કરીને કોઈ કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે તેના પર્યાયવાચી (જેમ કે **वह्नि**) ને અથવા તેના અર્થ (જેમ કે અંગારા) ને તે કાર્ય ન થાય તે માટે આ સૂત્ર રચવામાં આવ્યું છે. ભાષ્યમાં આનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે. કારણ કે આ સૂત્ર કરવામાં આવે તો પણ **पशुः अपत्यम्** , **देवता** વગેરેનું તો લૌકિક અર્થમાં જ લેવાના છે. **अग्नेर्ढक्** । જેવામાં તો શબ્દ જ લેવાશે અર્થ નહીં, કારણ કે પૌર્વાપર્ય ન થઈ શકવાને લીધે અર્થને **ढक्** ન થઈ શકે. એટલે કે અર્થની પાછળ **ढक्** ન આવી શકે. વળી **ङ्याप्प्रातिपदिकात्** । એ અધિકાર સૂત્ર પણ સૂચવે છે કે પ્રત્યય પ્રાતિપદિક - ની પછી આવે છે તેના અર્થની પછી નહીં.

મંત્ર વગેરેમાં **ऋचि, यजुषि** એમ કહેવામાં આવે ત્યારે **ऋक्** વગેરે શબ્દનો બોધ નહીં થાય પણ શાસ્ત્રના સામર્થ્યને કારણે તે તે શબ્દનો અર્થ સમજાશે.

**अणुदित्सवर्णस्य चाप्रत्ययस्य ॥१।१।६९॥**

**अण्** પ્રત્યાહારમાંના સ્વર તેમ જ **य्** , **व्** , **र्** અને **ल्** એ વ્યંજનો પોતાના સવર્ણને સૂચવે છે. પરંતુ **अस्य च्वौ** । જેવામાંના અનુવૃત્તિનિર્દેશ રૂપ **अ**- કાર વગેરે સવર્ણનું ગ્રહણ નહીં કરે. વળી **अ** **साम्प्रतिके** । **सनाशंसभिक्ष उः** । જેવાં સૂત્રમાં જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે **अ**- કાર વગેરે પોતાના સવર્ણનો નિર્દેશ નહીં કરે. જો એ રીતે સર્વ પ્રકારના સવર્ણને સૂચવે તો અતિવ્યાપ્તિ થાય તે નિવારવા સૂત્રકારે **तपरस्तत्कालस्य ॥१।१।७०॥** એ સૂત્ર કર્યું છે તેથી જે **अच्** ની પછી **त्** લગાડવામાં આવ્યો હોય તે છ પ્રકારના પોતાના સવર્ણને જ સૂચવશે બધા જ સવર્ણને નહીં.

**आदिरन्त्येन सहेता ॥१।१।७१॥**

આ સૂત્ર પ્રત્યાહાર કેમ બને છે તેનો નિર્દેશ કરે છે.

**येन विधिस्तदन्तस्य ॥१।१।७२॥**

સૂત્રમાં જે વિશેષણનું ગ્રહણ કરીને વિધાન કરવામાં આવ્યું હોય તે જેને અન્તે હોય તે વિશેષ્યને પણ જે તે સૂત્ર લાગુ પડી શકે તે માટે આ સંજ્ઞા સૂત્ર કરવામાં આવ્યું છે. જેમ કે **अचो यत्** । **अत इञ्** । અહીં **अच्** અને **अत्** એ વિશેષણો દ્વારા અનુક્રમે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यत् અને इञ् પ્રત્યયોનું વિધાન કર્યું છે તેથી પ્રસ્તુત સૂત્ર મુજબ अजन्त અને अदन्त ને પણ જે તે પ્રત્યય થશે.પરંતુ સમાસ અને પ્રત્યયવિધિ હોય ત્યાં તદન્તગ્રહણ નથી થતું છતાં उगित् પ્રત્યય હોય કે એક વર્ણભૂત પ્રત્યય હોય ત્યાં તદન્તવિધિ થશે એમ કહ્યું છે. સર્વનામ, અવ્યય વગેરેને अकच् , श्रम् વગેરે પ્રત્યય टि પૂર્વે થાય છે અને તે જેને લાગ્યા હોય તેને પણ સર્વનામ, અવ્યય વગેરે સંજ્ઞા થશે. ત્યાર પછી यस्मिन्विधिस्तदादावल्ग्रहणे ॥ એ પરિભાષાનાં પ્રયોજનની ચર્ચા.

वृद्धिर्यस्याचामादिमादिस्तवृद्धम् ॥१।१।७३॥

આ સૂત્ર દ્વારા वृद्ध સંજ્ઞા કરી છે. જે શબ્દના अच् વર્ણોમાં વૃદ્ધિ સંજ્ઞક आ , ऐ કે औ આદિ હોય તેની આ સૂત્રથી वृद्ध સંજ્ઞા કરવામાં આવે છે. ઉપરાંત મનુષ્યે આપેલ નામની પણ વિકલ્પે वृद्ध સંજ્ઞા થાય છે. તે રીતે ગોત્રવાચી શબ્દ ઉત્તરપદ હોય , જેમ કે ओदनपाणिनीयाः તેની પણ वृद्ध સંજ્ઞા થાય છે.

त्यदादीनि च ॥१।१।७४॥

त्यद् વગેરેની પણ वृद्ध સંજ્ઞા થાય છે.

एङ् प्राचां देशे ॥१।१।७५॥

ए , ओ થી શરૂ થતા દેશવાચી શબ્દ પણ वृद्ध સંજ્ઞક છે.

॥ નવાહ્નિકીસાર સમાપ્ત ॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## प्रथमाह्निकम् (पस्पशाह्निकम्) ॥

अथ शब्दानुशासनम्।

अथेत्ययं शब्दोऽधिकारार्थः प्रयुज्यते। शब्दानुशासनं नाम शास्त्रमधिकृतं वेदितव्यम्। केषां शब्दानाम्। लौकिकानां वैदिकानां च। तत्र लौकिकास्तावत् गौः अश्वः पुरुषो हस्ती शकुनिर्मृगो ब्राह्मण इति। वैदिकाः खल्वपि--शं नो देवीरभिष्टये। इषे त्वोर्जे त्वा। अग्निमीळे पुरोहितम्। अग्न आ याहि वीतये। इति।

प्रथमआह्निक (पस्पशाह्निक)

હવે [1] શબ્દાનુશાસનનો[2] પ્રારંભ થાય છે.

હવે (अथ) શબ્દ પ્રારંભના અર્થમાં પ્રયોજવામાં આવે છે. શબ્દાનુશાસન નામના શાસ્ત્રનો[3] પ્રારંભ થાય છે એમ સમજવું. કયા શબ્દોનું [4] અનુશાસન કરવામાં આવે છે ? વ્યવહારમાં પ્રયોજાતા (લૌકિક) અને વેદમાં પ્રયોજાતા (વૈદિક) શબ્દોનું.[5] તેમાં વ્યવહારમાં પ્રયોજાતા શબ્દો તો गौः, अश्वः, पुरुषः, हस्ती, शकुनिः, मृगः, ब्राह्मणः વગેરે [6] છે. જ્યારે વૈદિક શબ્દો પણ शं नो देवीरभिष्टये। (અથર્વ ૦ ૧-૧-૧) इषे त्वोर्जे त्वा। (યજુ ૦ ૧-૧-૧), अग्निमीळे पुरोहितम्। (ઋ૦ ૧-૧-૧), अग्न आ याहि वीतये। (સામ ૦ ૧-૧-૧) એમ છે.

---

श्रीगणेशाय नमः।

[1] अथ શબ્દ અધિકાર અર્થાત્ પ્રસ્તાવના અર્થમાં છે. એટલે કે જેનું વ્યાખ્યાન કરવાનું છે તેનો પ્રારંભ થાય છે. अथ નિપાત ક્રિયાના પ્રારંભનો દ્યોતક હોવા છતાં માત્ર ઉચ્ચારણને બળે માંગલ્ય સૂચક છે. મહર્ષિ દયાનંદ આ વાક્યને પાણિનિનું સૂત્ર ગણે છે (इदं पाणिनीयं सूत्रम्। અષ્ટા.ભાષ્ય.ભા.૧,પૃ.૧) બ્યોથ.ની આવૃત્તિમાં પણ આ પ્રથમ સૂત્ર છે.

[2] વેદાધ્યયનની જેમ વ્યાકરણનું અધ્યયન નિત્ય કર્મ છે તેથી ભગવાન પાણિનિએ અષ્ટાધ્યાયીનું પ્રયોજન દર્શાવ્યું નથી. પ્રત્યવાયના પરિહાર માટે જેમ સંધ્યાવંદનાદિ કર્મ કરવામાં આવે છે તેમ ' ફળની અપેક્ષા રાખ્યા વિના બ્રાહ્મણે ધર્મ- છ વેદાંગો સહિત વેદ-નો અભ્યાસ કરવો જોઇએ અને તે જાણવો જોઇએ,' એ વચન અનુસાર વ્યાકરણનું અધ્યયન કરવામાં આવે છે. ટીકાકારો માને છે કે अथ शब्दानुशासनम्। એ શબ્દો દ્વારા ભાષ્યકાર વ્યાકરણનું સાક્ષાત્ પ્રયોજન અને વિષય સૂચવે છે. દયા.અનુસાર સૂત્રકારે જ પ્રયોજન દર્શાવ્યું છે તેમ સમજાશે. વિવેકપૂર્વક બોધ કરાવવો એ અર્થના अनु शास् ધાતુને કરણના અર્થમાં ल्युट् (अन) લાગીને अनुशिष्यन्तेऽसाधुभ्यो विविच्य ज्ञाप्यन्ते साधुशब्दा अनेन इति। અશુદ્ધ શબ્દોથી છૂટા પાડીને શુદ્ધ શબ્દોનો જેના દ્વારા બોધ કરાવવામાં આવે છે તે (शब्दानामनुशासनम्). આમ શબ્દાનુશાસન એ વ્યાકરણનું યથાર્થ નામ છે.

[3] શુદ્ધ શબ્દોનો બોધ કરાવવો તે વ્યાકરણનું પ્રયોજન છે અને તેમાં ઉપદેશેલા 'સાધુ શબ્દોનો પ્રયોગ કરવો પણ અસાધુ શબ્દોનો પ્રયોગ ન કરવો' એમ સૂચન કરીને પ્રવૃત્તિ તેમ જ નિવૃત્તિ બન્નેનો ઉપદેશ કરે છે તેથી વ્યાકરણ એ શાસ્ત્ર છે.

[4] શબ્દાનુશાસન એ સમાસમાં સામાન્ય અર્થમાં પ્રયોજાતા 'શબ્દ' એ શબ્દનો પ્રયોગ કર્યો છે તેથી વીણાનું ક્વણન, કાગડાનો કર્કશ ધ્વનિ, અપભ્રંશ વગેરેને પણ તે લાગુ પડે છે. તે નિવારવા માટે 'કયા શબ્દોનું ?' એ પ્રશ્ન કરે છે.

[5] લૌકિક અને વૈદિક શબ્દો આ શબ્દાનુશાસનનો વિષય છે. તેમાં વેદમાં મળી આવે તે વૈદિક અને લોકવ્યવહારમાં મળતા અથવા જાણીતા તે લૌકિક શબ્દો. તેથી પ્રાતિશાખ્યમાં જેમ કેટલાક વૈદિક શબ્દો જ વિષયભૂત છે તેમ અહીં નથી. તે જ રીતે શાકટાયન વગેરેના વ્યાકરણ ગ્રન્થોની જેમ અહીં વૈદિક શબ્દોનો પરિત્યાગ પણ નથી કરવામાં આવ્યો એમ સૂચવાય છે.

[6] ભાષ્યમાંનો इति શબ્દ પ્રકાર દર્શાવે છે, એટલે કે લૌકિક શબ્દો गौः, अश्वः વગેરે પ્રકારના છે. લૌકિક શબ્દોમાં પૌર્વાપર્ય નિશ્ચિત હોતું નથી તેથી છૂટાં પદો ઉદાહરણ રૂપે આપ્યાં છે. જ્યારે વેદ અપૌરુષેય છે. તેમાં પદોનું પૌર્વાપર્ય નિયત હોય છે તેથી શબ્દોનાં ઉદાહરણ માટે આખાં વાક્યોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેમ છતાં આ વ્યાકરણ શાસ્ત્રમાં તો તેમાંના શબ્દોનું જ અનુશાસન કરવામાં આવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथ गौरित्यत्र कः शब्दः। किं यत्सास्नालाङ्गूलककुदखुरविषाण्यर्थरूपं स शब्दः। नेत्याह। द्रव्यं नाम तत्। यत्तर्हि तदिङ्गितं चेष्टितं निमिषितं स शब्दः। नेत्याह क्रिया नाम सा। यत्तर्हि तच्छुक्लो नीलः कृष्णः कपिलः कपोत इति स शब्दः। नेत्याह। गुणो नाम सः। यत्तर्हि तद्भिन्नेष्वभिन्नं छिन्नेष्वच्छिन्नं सामान्यभूतं स शब्दः। नेत्याह। आकृतिर्नाम सा। कस्तर्हि शब्दः। येनोच्चारितेन सास्नालाङ्गूलककुदखुरविषाणिनां संप्रत्ययो भवति स शब्दः। अथवा प्रतीतपदार्थको लोके ध्वनिः शब्द इत्युच्यते। तद्यथा - शब्दं कुरु। मा शब्दं कार्षीः। शब्दकार्ययं माणवकः। इति ध्वनिं कुर्वन्नेवमुच्यते। तस्माद् ध्वनिः शब्दः॥

कानि पुनः शब्दानुशासनस्य प्रयोजनानि। रक्षोहागमलध्वसंदेहाः प्रयोजनम्।

હવે गौः [7] માં 'શબ્દ' કયો છે? (અર્થાત્ શબ્દ કોને કહેશો?) ગળે ગોદડી, પૂંછડી, ખૂંધ, ખરી, શીંગડાં વગેરેવાળો પદાર્થ તે શબ્દ છે ? (વૈયાકરણ) કહે છે, ના એ તો દ્રવ્ય થયું. તો પછી તેનાં જે ચેષ્ટા, હલનચલન, આંખો પટપટાવવી, વગેરે છે તે શબ્દ છે? (વૈયાકરણ) કહે છે, ના તે તો ક્રિયા છે. તો પછી જે ધોળો, કાળો, કપિલ વર્ણો કે ભૂખરો છે તે શબ્દ છે? (વૈયાકરણ) કહે છે, ના તે તો ગુણ કહેવાય. તો પછી જૂદી જૂદી વ્યક્તિઓમાં એકરૂપે રહેલું, તેમનો નાશ થતાં પણ જે નાશ પામતું નથી એવું સામાન્ય સ્વરૂપ તે શબ્દ છે? (વૈયાકરણ) કહે છે, ના તે તો જાતિ[8] છે.

તો પછી શબ્દ કયો? (અર્થાત્ શબ્દ કોને કહીશું?) જે ઉચ્ચારવામાં આવતાં, ગળે ગોદડી, પૂંછડી, ખૂંધ, ખરી અને શીંગડાવાળી વ્યક્તિઓનું જ્ઞાન(શ્રોતાને) થાય તે "શબ્દ" છે, અથવા તો વ્યવહારમાં જેનો પ્રસિધ્ધ અર્થ અવાજ (ધ્વનિ) છે તેને શબ્દ કહેવામાં આવે છે. જેમ કે કોઇ અવાજ કરતું હોય તો આ પ્રમાણે કહેવામાં આવે છે, "અવાજ કર," [9] "અવાજ કરીશ નહીં", "આ છોકરો તો અવાજ કરે છે". આમ અવાજ (ધ્વનિ) એ જ શબ્દ છે.

તો પછી[10] શબ્દાનુશાસનના ફાયદા કયા છે?

(વેદની) રક્ષા, ઊહ (વૈદિક મન્ત્રોની વિભક્તિઓમાં અનુરૂપ ફેરફાર કરવાની આવડત), વેદાધ્યયન, લાઘવ, સરળતા અને સંદેહનો નિરાસ એ લાભ છે.

रक्षार्थं वेदानामध्येयं व्याकरणम्। लोपागमवर्णविकारज्ञो हि सम्यग्वेदान्परिपालयिष्यति। ऊहः खल्वपि। न सर्वैर्लिङ्गैर्न च सर्वाभि-र्विभक्तिभिर्वेदे मन्त्रा निगदिताः। ते चावश्यं यथायथं विपरिणमयितव्याः। तान्नावैयाकरणः शक्नोति विपरिणमयितुम्। तस्माद-ध्येयं व्याकरणम्। आगमः खल्वपि। ब्राह्मणेन

---

[7] गौः એ શબ્દ અને તેનો અર્થ વ્યવહારમાં અભિન્ન રીતે પ્રયોજાય છે. તેમાં શબ્દ સ્વરૂપ નક્કી કરવાના હેતુથી આ પ્રશ્ન કરવામાં આવ્યો છે . गौः એમ જે કહ્યું તેમાં જેને શબ્દ તરીકે ઓળખવામાં આવે છે તે કયો છે ? अयं गौः। એમ જ્યારે કહેવામાં આવે ત્યારે ધ્વનિ, જાતિ, વ્યક્તિ, ગુણ, ક્રિયા વગેરે અનેક વસ્તુનું ભાન થાય છે. તેમાં શબ્દ કયો ? જે गोत्व નું ભાન થાય છે તે જાતિ છે, અર્થક્રિયાકારી* ગોપિંડનું ભાન થાય છે તે દ્રવ્ય અથવા વ્યક્તિ છે. જે શુક્લ, કૃષ્ણ વગેરેનું ભાન થાય છે તે ગુણ છે. જે હલન, ચલન વગેરેનું ભાન થાય છે તે ક્રિયા છે.તેથી એ સર્વ શબ્દ નથી.પણ જે દ્વારા પદાર્થનો બોધ થાય છે તે વર્ણ રૂપ ધ્વનિસમુદાય એ જ શબ્દ. લોકવ્યવહારમાં પણ વાણીનો પ્રયોગ કરનાર લોકોમાં ધ્વનિ જ પદાર્થનો બોધ કરાવનાર તરીકે પ્રસિદ્ધ છે. તેથી શબ્દ એટલે ધ્વનિ.(જુઓઃ श्रोत्रग्राह्यो ह्यर्थे लोके शब्दशब्दः प्रसिद्धः। ते च श्रोत्रग्रहणाः गकारौकार-विसर्जनीयाः॥ ની.સૂ.૧-૧-૫ અને ૮.શા.ભા. પૃ. ૪૫ અને ૭૪).

* गां दोग्धि। (ગાય દોહ) એમ કહેવામાં આવે ત્યારે દોહન રૂપી અર્થ સિદ્ધ કરવા માટે गो વ્યક્તિ ઉપયોગી છે गोत्व જાતિ નહીં, કારણ કે ગોત્વનું દોહન ન થઇ શકે. તેથી વ્યક્તિ અર્થક્રિયાકારી છે.

[8] आकृति એટલે આકાર નહીં પણ જાતિ જ થાય છે (ભર્તૃ.પૃ.૪) નાગેશ પ્રમાણે આકૃતિ એટલે જાતિ અને આકાર.

[9] शब्दं कुरु। એવું કાકુમિશ્ર વાક્ય વધુ પડતો ઘોંઘાટ કરનારને અવાજ કરતો અટકાવવા માટે, અતિશય અવાજ કરનારને અનુલક્ષીને 'આ છોકરો તો અવાજ કરે છે' ,અવાજ કરનારને રોકવા માટે 'અવાજ કર મા' એમ પ્રયોજવામાં આવે છે (ભર્તૃ.પૃ.૫).

[10] पुनः - (તો પછી), એટલે કે શબ્દજ્ઞાન એ વ્યાકરણના અધ્યયનનું ફળ થયું પરંતુ તે જ્ઞાન મેળવ્યાથી અન્ય કોઇ ફાયદો છે કે કેમ એમ અહીં પૂછવા માગે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રક્ષા[11] વેદોની રક્ષા માટે વ્યાકરણનું અધ્યયન કરવું જોઇએ, કારણ કે જે વ્યક્તિ લોપ, આગમ અને વર્ણવિકારને વિશે[12] જાણે છે તે જ વેદોનું બરોબર રક્ષણ કરી શકશે. ઊહ[13] (અર્થાત્ વિભક્તિ, લિંગ અને વચનમાં પ્રકરણાનુરૂપ ફેરફાર કરવો તે) પણ વ્યાકરણના અધ્યયનનું પ્રયોજન છે. વેદમન્ત્રો ત્રણે લિંગમાં અને બધી વિભક્તિઓમાં ઊચ્ચારવામાં આવ્યા નથી. યજ્ઞમાં રહેલા ઋત્વિજે તે મન્ત્રોમાં જરૂરીઆત પ્રમાણે અવશ્ય ફેરફાર કરવો પડે છે. તેથી જે વ્યાકરણ જાણતો ન હોય તેવો ઋત્વિજ તેમાં અર્થ પ્રમાણે ફેરફાર કરી શકતો નથી. તેટલા માટે વ્યાકરણનો અભ્યાસ કરવો જરૂરી છે. આગમ[14] પણ (વ્યાકરણના અધ્યયનનું પ્રયોજક છે. બ્રાહ્મણે

**निष्कारणो धर्मः षडङ्गो वेदोऽध्येयो ज्ञेय इति। प्रधानं च षट्सस्वङ्गेषु व्याकरणम्। प्रधाने च कृतो यत्नः फलवान्भवति। लघ्वर्थं चाध्येयं व्याकरणम्। ब्राह्मणेनावश्यं शब्दा ज्ञेया इति। न चान्तरेण व्याकरणं लघूपायेन शब्दाः शक्या ज्ञातुम्। याज्ञिकाः पठन्ति**

---

[11] અસ્તિત્વ ધરાવનાર પદાર્થનો નાશ થતો અટકાવવો તે રક્ષા, વેદનું રક્ષણ તે રક્ષા, ભાષામાં સામાન્યતઃ ન જોવામાં આવતા લોપ, આગમ, વર્ણવિકાર વગેરે વેદમાં મળી આવે છે. જે માણસ વ્યાકરણ ન જાણતો હોય અને માત્ર પ્રયોગ ઉપર જ આધાર રાખતો હોય તે લોપ વગેરેને પ્રામાદિક ગણે અને ભ્રમનો માર્યો પાઠાન્તર પણ કલ્પે તે સંભવિત છે. જ્યારે વૈયાકરણ વૈદિક વ્યાકરણના નિયમો જાણતો હોવાથી ભૂલાવામાં પડતો નથી અને વેદનું યથાવત્ રૂપ જાળવી રાખે છે , છતાં વેદાર્થ સમજી શકે છે. મન્ત્રોના યથાયોગ્ય પ્રયોગપૂર્વક કર્મોનું અનુષ્ઠાન કરીને સ્વર્ગ, અને ઉપનિષદ વગેરેના અર્થજ્ઞાન વ્દારા મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આમ પરોક્ષ રીતે વ્યાકરણ સ્વર્ગાદિ અને મોક્ષ રૂપ પુરુષાર્થનું સાધન બને છે.

[12] લોપ-- **त्मना देवेषु विविदे मित्रद्रुः।** **त्मना** એટલે **आत्मना** .અહીં **मन्त्रेष्वाङ्यात्मनः।** પ્રમાણે તૃ.એ.વ. પૂર્વે आ- કારનો લોપ થયો છે. આગમ-- **देवाः** ને બદલે **देवासः** અહીં **आज्जसेरसुक्।** પ્રમાણે **जस्** પ્રત્યયને **असुक्** આગમ લાગ્યો છે. **देवा अदुह।** એ દૃષ્ટાન્તમાં **दुह्** ધાતુના **लुङ्** ત્રી.પુ.બ.વ. માં **लोपस्त आत्मनेपदेषु।** પ્રમાણે **त** નો લોપ થયો છે અને **बहुलं छन्दसि।** પ્રમાણે **रुट्** આગમ લાગ્યો છે. આમ આ દૃષ્ટાન્તમાં લોપ અને આગમ બન્ને છે. **વર્ણવિકાર**-- અર્થાત્ વર્ણમાં ફેરફાર. **गृभ्णामि ते सौभगत्वाय।** અહીં **ग्रह्** ધાતુના **ह्** નો **हृग्रहोर्भश्छन्दसि।** અને **हस्येति वक्तव्यम्।** પ્રમાણે **भ्** થયો છે.

[13] જે યાગની ઇતિકર્તવ્યતા સંપૂર્ણ અંગોના નિર્દેશપૂર્વક ઉપદેશવામાં આવી હોય તેને પ્રકૃતિ કહેવામાં આવે છે.જ્યાં અંગ--વિધિનો ઉપદેશ કરવામાં ન આવ્યો હોય તે યાગને વિકૃતિ કહેવામાં આવે છે.**प्रकृतिवद्विकृतिः कर्तव्या।** એ ન્યાય અનુસાર મીમાંસકો વિકૃતિ યાગમાં પ્રકૃતિ પ્રમાણે ઇતિકર્તવ્યતા સ્વીકારે છે. દા.ત.આગ્નેય યાગમાં ઇતિકર્તવ્યતાનો સાંગોપાંગ ઉપદેશ છે તેથી તે પ્રકૃતિ છે, પણ સૌર્ય યાગમાં ઇતિકર્તવ્યતાનો ઉપદેશ નથી હોતો તેથી એ વિકૃતિ યાગમાં પ્રકૃતિભૂત આગ્નેય યાગની ઇતિકર્તવ્યતાનો આધાર લઇને અંગોનો નિર્વાહ કરવો પડે છે. હવે આગ્નેય યાગમાં **अग्नये त्वां जुष्टं निर्वपामि।** એ મન્ત્રમાં આવતો **अग्नये** શબ્દ સાર્થક ગણાય, પરંતુ **सौर्यं चरुं निर्वपेत्।** એ વિધિ અનુસારના વિકૃતિભૂત સૌર્ય યાગમાં દેવતા સૂર્ય છે તેથી **अग्नये** એ શબ્દ સમર્થ નથી. તેથી **सूर्याय** એમ પ્રયોગ કરવો પડે અને **सूर्याय त्वां जुष्टं निर्वपामि।** એમ મન્ત્ર ઉચ્ચારવામાં આવે તેને **ऊह** કહેવામાં આવે છે. આ પ્રકૃતિનો **ऊह** થયો. તે જ રીતે જરૂરીઆત પ્રમાણે આશ્રય, લિંગ અને વચનમાં ફેરફાર કરીને મન્ત્રનો **ऊह** કરવામાં આવે છે, જેમ કે **देवीरापः शुद्धा यूयम्।** જળને લગતા આ મન્ત્રનો ઘીને અનુલક્ષીને પ્રયોગ કરતાં **आपः** ને બદલે **आज्य** એમ આશ્રયનો ઊહ કરવો પડશે. **देवीः** નું **देव** કરીને સ્ત્રીલિંગને બદલે નપુંસકલિંગ મૂકીને લિંગનો ઊહ કરવો પડશે અને **यूयम्** નું **त्वम्** કરીને બહુવચનનું એકવચન પ્રયોજીને વચનનો ઊહ કરીને **देव आज्य शुद्धं त्वम्।** એમ મન્ત્ર થશે. એ જ રીતે **सोमक्रयणी** (સોમ ખરીદવા માટેની ગાય) લાવવા માટેના **वस्व्यसि रुद्रास्यदितिरस्यादित्यासि चन्द्रासि।** વગેરે આનયન મન્ત્રમાં **वस्वी** , **रुद्रा** વગેરે સ્ત્રીલિંગી પદો છે. તે મન્ત્રનો (ક્રયણને દિવસે જ કરવામાં આવતા) **साद्यस्क** વિકૃતિ યાગમાં **वसुरसि रुद्रोऽस्यदितिरस्यादित्योऽसि चन्द्रोऽसि।** એમ ઊહ કરવામાં આવે છે. આમ કોનો ઊહ કરવો તેનો ન્યાયને આધારે નિર્ણય કર્યા પછી લિંગ, વચન, વિભક્તિ વગેરેના યથાયોગ્ય પ્રયોગમાં વ્યાકરણ ઉપયોગી છે.

[14] પરંપરાથી અવિચ્છિન્ન રીતે ચાલી આવતો શ્રુતિ અને સ્મૃતિ રૂપ ઉપદેશ તે આગમ. રક્ષા વગેરે ચાર વ્યાકરણના અભ્યાસનાં ફળ છે, જ્યારે આગમ ફળ નથી પણ પ્રવર્તક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

। स्थूलपृषतीमाग्निवारुणीमनड्वाहीमालभेतेति। तस्यां संदेहः स्थूला चासौ पृषती स्थूलपृषती स्थूलानि पृषन्ति यस्याः सा स्थूल -पृषतीति। तां नावैयाकरणः स्वरतोऽध्यवस्यति। यदि पूर्वपदप्रकृतिस्वरत्वं ततो बहुव्रीहिः। अथान्तोदात्तत्वं ततस्तत्पुरुष इति।

કોઇ પણ ફળની અપેક્ષા રાખ્યા વિના[15] છ અંગ સહિત વેદનું અધ્યયન કરવું જોઇએ અને તેનો અર્થ સમજવો જોઇએ. વળી છ અંગોમાં વ્યાકરણ મુખ્ય છે અને મુખ્ય માટે કરેલો પ્રયત્ન લાભદાયી થાય છે. વ્યાકરણનો અભ્યાસ કરવો જરૂરી છે.

આગમ[16] પણ (વ્યાકરણના અધ્યયનનું પ્રયોજક છે. લાઘવ[17] (સરળતા) (लघु અર્થાત્ શબ્દોનું જ્ઞાન સરળતાથી થાય તે) માટે વ્યાકરણનું અધ્યયન કરવું જોઇએ (કારણ કે) બ્રાહ્મણે શબ્દો અવશ્ય જાણવા જોઇએ અને વ્યાકરણ સિવાય બીજા કોઇ ઉપાયથી શબ્દોનું જ્ઞાન સરળતાથી મેળવી શકાય નહીં. અસંદેહ[18] (અર્થાત્ શંકાનો નિરાસ થાય તે) માટે પણ વ્યાકરણનો અભ્યાસ કરવો જોઇએ. યજ્ઞમાં ઋત્વિજો આ રીતે મન્ત્રપાઠ કરે છે. **स्थूलपृषतीमाग्निवारुएीमनड्वाहीमालभेत।** (જાડી અને ટપકાંવાળી ગાયને અગ્નિ અને વરુણને અનુલક્ષીને હોમવી) તેમાં આ રીતની શંકા રહે છે. **स्थूल** (જાડી) અને **पृषती** (ટપકાં -વાળી) તે **स्थूलपृषती**, કે **स्थूलानि** (જાડાં) **पृषन्ति** (ટપકાં) જેને **यस्याः** છે તે **स्थूलपृषती** ? જે વ્યાકરણનો અભ્યાસી નથી તે (ઋત્વિજ) સ્વર ઉપરથી આ વિશે નિર્ણય કરી શકતો નથી કે જો પૂર્વપદનો મૂળ સ્વર કાયમ રહે તો બહુવ્રીહિ (સમાસ) થાય, પરંતુ સમાસનો અંત્ય સ્વર ઉદાત્ત હોય તો તત્પુરુષ (એટલે કે કર્મધારય) સમાસ થાય.

**इमानि च भूयः शब्दानुशासनस्य प्रयोजनानि। तेऽसुराः। दुष्टः शब्दः। यदधीतम्। यस्तु प्रयुङ्क्ते। अविद्वांसः। विभक्तिं कुर्वन्ति।**

---

[15] **कार्यतेऽनुष्ठाप्यतेऽनेन इति कारणम्।** જેને માટે અનુષ્ઠાન કરવામાં આવે છે તે કારણ અર્થાત્ ફળ. તેથી નિષ્કારણ એટલે કારણને- પ્રયોજનને-ફળને અનુલક્ષીને કરેલું ન હોય તે.જેમ કે નિત્ય કર્મ.. નિત્ય કર્મો અવશ્ય કરવાં જોઇએ એમ હોવાથી જો તે ન કરવામાં આવે તો પ્રત્યવાય (વિઘ્ન, પાપ) થાય.પરંતુ **पुत्रकामो यजेत।** જેવાં જે અનિત્ય કર્મો છે તે કામ્ય કર્મો ન કરવાથી પ્રત્યવાય થતો નથી, કારણ કે ઇચ્છા હોય તો જ તેમાં પ્રવૃત્ત થવાનું છે. જ્યારે વ્યાકરણનો અભ્યાસ એ તો નિત્ય કર્મ છે તેથી ઉપનયન વગેરેની જેમ અવશ્ય કર્તવ્ય છે.

[16] પરંપરાથી અવિચ્છિન્ન રીતે ચાલી આવતો શ્રુતિ અને સ્મૃતિ રૂપ ઉપદેશ તે આગમ.રક્ષા વગેરે ચાર વ્યાકરણના અભ્યાસનાં ફળ છે, જ્યારે આગમ ફળ નથી પણ પ્રવર્તક છે.

[17] લાઘવ (સરળતા) પણ વ્યાકરણના અભ્યાસનું પ્રયોજન છે. અધ્યાપન બ્રાહ્મણનો વ્યવસાય છે અને તે ચલાવવા માટે વિદ્વત્તાની જરૂર છે. વિદ્વત્તા એટલે સાચા અને ખોટા શબ્દોનો વિવેક. જેને સાધુ શબ્દનું પણ જ્ઞાન ન હોય તેને વાક્યનું જ્ઞાન પણ ન હોય તેથી તેની પાસે કોઇ વ્યક્તિ અભ્યાસાર્થે જાય નહીં. આમ સાધુ શબ્દોનું જ્ઞાન અનિવાર્ય છે.પરંતુ પ્રત્યેક શબ્દનો પાઠ કર્યાથી તેવું જ્ઞાન પ્રાપ્ત ન થઇ શકે, કારણ કે શબ્દો અનંત છે. તે માટે સામાન્ય નિયમ અને અપવાદ રૂપ વ્યાકરણ શાસ્ત્રનો આશ્રય લેવામાં લાઘવ રહે છે, તે વિના તો ગૌરવ જ થાય.

[18] અસંદેહ--અહીં **स्थूलपृषतीम्** એ કર્મધારય છે કે બહુવ્રીહિ એ સંદેહ થાય છે, પરંતુ **स्थूल** ના અન્ત્ય अ-કારને ઉદાત્ત જોઇને પૂર્વપદ પ્રકૃતિસ્વરને આધારે એ બહુવ્રીહિ સમાસ છે તેમ વૈયાકરણ જ નક્કી કરી શકે, કારણ કે સ્વરભેદથી અર્થભેદ થાય છે તેમ વૈયાકરણ સ્વીકારે છે. તેથી તેને સંદેહ થાય જ નહીં. જ્યારે વ્યાકરણ ન જાણનારને સંદેહ થશે જ. અહીં **याज्ञिकाः** એટલે યજ્ઞકાંડમાં ઉદ્‌ભવતા-વૈદિક શબ્દો . **पठन्ति** એટલે જણાવે છે. અહીં લક્ષણા લેવાની છે. (છા) આ **ऋषिः (वेदः)पठति। श्रृणोत ग्रावाणः।** જેવો પ્રયોગ છે. અહીં શંકા કરવામાં આવે છે કે **असंदेहः** એમ કહીને ભાષ્યકાર સંદેહ રૂપી અર્થનો અભાવ દર્શાવવા માગતા હોય તો **नञ्** તત્પુરુષને બદલે તેમણે **अव्ययं विभक्ति०** પ્રમાણે **अर्थाभाव** ના અર્થમાં **असंदेहम्** એમ અવ્યયીભાવ સમાસ કેમ નથી પ્રયોજ્યો ? પરંતુ **अद्भुतायामसंहितम्।** અને **अथासंहितया** જેવા બન્ને પ્રકારના પ્રયોગ ઉપલબ્ધ છે તેથી **नञ्** તત્પુરુષનો પ્રયોગ ચિન્ત્ય નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**यो वा इमाम्। चत्वारि। उतत्वः। सक्तुमिव। सारस्वतीम्। दशम्यां पुत्रस्य। सुदेवोऽसि वरुणेति। तेऽसुराः - तेऽसुरा हेलयो हेलय इति कुर्वन्तः पराबभूवुः। तस्माद् ब्राह्मणेन न म्लेच्छितवै नापभाषितवै। म्लेच्छो ह वा एष यदपशब्दः। म्लेच्छा मा भूमेत्यध्येयं व्याकरणम्। तेऽसुराः॥ दुष्टः शब्दः - दुष्टः शब्दः स्वरतो वर्णतो वा मिथ्या प्रयुक्तो न तमर्थमाह। स वाग्वज्रो यजमानं हिनस्ति यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात्॥ दुष्टाञ्शब्दान्मा प्रयुक्ष्महीत्यध्येयं व्याकरणम्॥ दुष्टः शब्दः॥ यदधीतम्- यदधीतमविज्ञातं निगदेनैव शब्द्यते।**

વળી આ પણ શબ્દાનુશાસન નાં વધારાનાં પ્રયોજન છે : **तेऽसुराः** (તે અસુરો)- **दुष्टः शब्दः** (દોષયુક્ત શબ્દ), **यदधीतम्** (જેનું અધ્યયન કરવામાં આવ્યું છે તે), **यस्तु प्रयुंक्ते** (પરંતુ જે પ્રયોજે છે), **अविद्वांसः** (અજ્ઞાનીઓ), **विभक्तिं कुर्वन्ति** (યોગ્ય વિભક્તિઓ પ્રયોજે છે), **यो वा इमाम्** [જે આ (વાણી) ને], **चत्वारि** (ચાર ), **उत त्वः** (જો કે એક) , **सक्तुमिव** (જવના લોટની જેમ), **सारस्वतीम्** (સારસ્વતી ઇષ્ટિ), **दशम्यां पुत्रस्य** (નવજાત પુત્રનું દસમા દિવસ પછી) , **सुदेवो असि** (હે વરુણ! તું સાચો દેવ છે). **तेऽसुराः** --પેલા અસુરો '**हेलयः हेलयः**।' એમ કરતા કરતા હારી ગયા[19]. તેથી બ્રાહ્મણે દુષ્ટ ભાષાપ્રયોગ ન કરવો જોઇએ, ખોટું ઉચ્ચારણ કરવું ન જોઇએ. આ જે અપશબ્દ છે તે દુષ્ટ ભાષાપ્રયોગ[20] છે. આપણે મ્લેચ્છ (નિંદ્ય) ન થઇ જઇએ તે માટે વ્યાકરણનો અભ્યાસ કરવો જોઇએ. **तेऽसुराः** (ની ચર્ચા પૂરી). **दुष्टः शब्दः** - જ્યારે સ્વર કે વર્ણની દૃષ્ટિએ કોઇ શબ્દનું અશુદ્ધ ઉચ્ચારણ થયું હોય ત્યારે શબ્દપ્રયોગ ખોટો થયો હોવાથી તે યોગ્ય અર્થ તો દર્શાવી શકતો નથી,પણસ્વરના ઉચ્ચારણમાં દોષ થવાને કારણે **इन्द्रशत्रुः**[21] શબ્દની જેમ તે વાણીરૂપી વજ્ર બનીને યજમાનને હણે છે. આથી આપણે દુષ્ટ શબ્દોનો પ્રયોગ ન કરી બેસીએ તે ખાતર વ્યાકરણનો અભ્યાસ કરવો જરૂરી છે. **दुष्टः शब्दः** (ની ચર્ચા પૂરી). **यदधीतम्**-(અર્થ)સમજ્યા વિના[22] જેનું અધ્યયન કરવામાં આવે છે (અર્થાત્) જેનો માત્ર બોલીને પાઠ કરવામાં આવે છે,

**अनग्नाविव शुष्कैधो न ज्वलति कर्हिचित्॥ तस्मादनर्थकं माधिगीष्महीत्यध्येयं व्याकरणम्॥ यदधीतम्॥ यस्तु प्रयुङ्क्ते - यस्तु प्रयुङ्क्ते कुशलो विशेषे शब्दान्यथावद् व्यवहारकाले। सोऽनन्तमाप्नोति जयं परत्र वाग्योगविद् दुष्यति चापशब्दैः॥ कः।**

---

[19] તે અસુરોનો પરાભવ (તિરસ્કાર) રીતે થયો ? તેમને મુસીબત આવી તે પરાભવ. તેને કારણે હજી સુધી તેઓ ઊભા થઇ શકતા નથી. વળી તેમના પુત્ર પૌત્રોએ અપશબ્દનો પ્રયોગ કર્યો ન હતો છતાં તેઓ પણ પરાભૂત થયા. આમ અસુરોની જેમ આપણે પરાભૂત ન થઇએ તે માટે આપણે વ્યાકરણનો અભ્યાસ કરવો જોઇએ. અહીં અસુરોની નિંદા કરીને આપણે અપ -ભાષણ કરીને પરાભવ ન પામીએ તે માટે વ્યાકરણનું અધ્યયન કરવું જોઇએ એમ **निन्दार्थवाद** દ્વારા સૂચવ્યું છે.

[20] અહીં અસુરોએ શું મ્લેચ્છન (અપભાષણ) કર્યુ તે વિશે મતભેદ છે : ૧) **हैहेप्रयोगे हैहयोः**। પ્રમાણે પ્લુત નથી કર્યો તે. ૨) પ્લુત કર્યો પણ પ્રકૃતિભાવ ન કરતાં સંધિ કરી છે તે.૩) **हेलयो हेलयः** એ દ્વિર્વચનમાં **र्** અને **ल्** ઉચ્ચાર કર્યો તે, ૪) અથવા **हेलवो हेलवः** (એ પાઠ પ્રમાણે **य्** ને સ્થાને **व्** ઉચ્ચાર્યો તે (છાયા) અપભાષણ થશે. શત. બ્રા.માં **हेलवः** પાઠ છે.

[21] પૂર્વે ત્વષ્ટાના વિશ્વરૂપ નામના પુત્રને ઇન્દ્રે હણ્યો. તેથી ક્રુદ્ધ થએલા ત્વષ્ટાએ ઇન્દ્રને હણે તેવો પુત્ર ઉત્પન્ન કરવાની ઇચ્છાથી અભિચાર માટે યજ્ઞ કર્યો ત્યારે 'ઇન્દ્રનો હણનાર થઇને વૃદ્ધિ પામ' એમ કહેતાં **इन्द्रशत्रुर्वर्धस्व**। એવો પ્રયોગ કર્યો. (અહીં **शत्रु** શબ્દ દુશ્મન એ રૂઢ અર્થમાં નથી પણ શમાવનાર, હણનાર એ યૌગિક અર્થમાં પ્રયોજાયો છે તે ધ્યાનમાં રાખવાનું છે, કારણ કે **अमित्र** ના અર્થમાં પ્રયોગ હોય તો તત્પુરુષ અને બહુવ્રીહિનો અર્થભેદ રહેતો નથી). **इन्द्रस्य शत्रुः** એ અર્થનો **इन्द्रशत्रुः** એ તત્પરુષ સમાસ અન્તોદાત્ત છે, પરંતુ ઋત્વિજે પ્રમાદને કારણે આદ્યુદાત્તનો પ્રયોગ કર્યો તેથી **इन्द्रशत्रुः** એ બહુવ્રીહિ થઇ જતાં 'ઇન્દ્ર જેનો હણનાર છે તે' એમ અર્થ થઇ ગયો. એથી ઇન્દ્ર જ વૃત્રનો હણનાર બન્યો. અહીં જે અર્થ દર્શાવવા માટે પ્રયોગ કરવામાં આવ્યો હતો તેથી જુદો જ અર્થ સ્વરદોષને કારણે દર્શાવાય છે. આમ ઇષ્ટ અર્થનો બોધ ન થવાથી પ્રયોગ મિથ્યા થયો તેટલું જ નહીં પણ પ્રત્યવાય થવાથી ઘાતક બન્યો.

[22] **अविज्ञातम्** એટલે **अर्थापरिज्ञानाद्वा** એમ કૈયટે અર્થ કર્યો છે તેથી 'અથવા તો અર્થ જાણ્યા વિના' એમ અનુવાદ કર્યો છે, કારણ કે **अनर्थकम्** એટલં નિષ્પ્રયોજન, નિરર્થક એમ કૈયટ સમજાવે છે. પ્રકાશતું નથી એટલે નિષ્ફળ જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वाग्योगविदेव। कुत एतत्। यो हि शब्दा - ञ्जानात्यपशब्दानप्यसौ जानाति। यथैव हि शब्दज्ञाने धर्म एवमपशब्दज्ञानेऽप्य -धर्मः। अथवा भूयानधर्मः प्राप्नोति। भूयांसो ऽपशब्दा अल्पीयांसः शब्दाः। तद्यथा गौरित्यस्य शब्दस्य गावी गोणी गोता गोपोतलिकेत्येवमादयोऽपभ्रंशाः। अथ योऽ- वाग्योगवित् अज्ञानं तस्य शरणम्। विषम उपन्यासः। नात्यन्तायाज्ञानं शरणं भ वितुमर्हति। यो ह्यजानन् वै ब्राह्मणं हन्यात् सुरां वा पिबेत् सोऽपि मन्ये पतितः स्यात्। एवं तर्हि सोऽनन्तमाप्नोति जयं परत्र वाग्योगविद् दुष्यति चापशब्दैः। कः। अवाग्योग- विदेव। अथ यो वाग्योगवित्। विज्ञानं तस्य शरणम्। क्व पुनरिदं पठितम्। भ्राजा नाम श्लोकाः। किं च भोः श्लोका अपि प्रमाणम्। किं चातः। यदि श्लोकः प्रमाणमयमपि श्लोकः प्रमाणं भवितुमर्हति।

તે (અધ્યયન) અગ્નિ વિનાના બળતણની જેમ કદાપિ પ્રકાશતું નથી. તેથી અર્થ જાણ્યા વિના આપણે અધ્યયન ન કરીએ તે માટે વ્યાકરણનો અભ્યાસ કરવો જોઇએ. यदधीतम् (ની ચર્ચા પૂરી). यस्तु प्रयुंक्ते-વાણીના પ્રયોગનો જાણકાર જે કુશળ (વૈયાકરણ) શબ્દોનો વિશિષ્ટ અર્થમાં[23] પ્રયોગ કરતી વખતે યથાયોગ્ય રીતે શબ્દોને પ્રયોજે છે તે સ્વર્ગમાં અપાર સિદ્ધિ મેળવે છે પરંતુ અશુદ્ધ શબ્દોના પ્રયોગથી દોષિત થાય છે. કોણ ? વાણીના પ્રયોગને જાણનારો જ (દોષને પાત્ર થાય છે). એ કેવી રીતે? કારણકે જે (શુદ્ધ) શબ્દોને જાણે છે તે અશુદ્ધ શબ્દને પણ જાણે છે અને જેમ (દોષરહિત) શબ્દોને જાણવાથી ધર્મ થાય છે તેમ દોષયુક્ત શબ્દોને જાણવાથી અધર્મ થાય છે. અથવા તો અધર્મ વધારે થાય છે, કારણકે અપશબ્દો વધારે છે જ્યારે (દોષરહિત) શબ્દો થોડા છે, તે એટલા માટે કે (ભાષામાં) એક એક શબ્દના અનેક અપભ્રંશ હોય છે, જેમકે गौः એ શબ્દના गावी, गोणी, गोता, गोपोतलिका, વગેરે અનેક અપભ્રંશો છે. તો પછી જે વાણીનો પ્રયોગ જાણતો નથી તેનું શું? અજ્ઞાન તેનું શરણું છે.[24] આ દલીલ બંધ બેસતી છે નથી. કેવળ અજ્ઞાન કોઇને બચાવી શકતું નથી કારણકે જે અજાણતાં બ્રાહ્મણનો વધ કરે અથવા મદ્યપાન કરે તે મને લાગે છે કે પતિત થાય. એમ હોય તો પછી જે વાણીપ્રયોગનો જાણકાર છે તે સ્વર્ગમાં અપાર ફત્તેહ મેળવે છે, પરંતુ અપશબ્દો (ના પ્રયોગ) થી દોષને પાત્ર થાય છે. કોણ? વાણીના પ્રયોગને જાણતો નથી તે જ. તો પછી વાણીપ્રયોગ જાણનારનું શું? વિશિષ્ટ જ્ઞાન તેનો બચાવ કરે છે.[25] એ વળી કઇ જગ્યાએ કહેલું છે ? ભ્રાજ નામના[26] શ્લોકો છે (તેમાં). તો શું શ્લોકો પણ પ્રમાણભૂત હોય છે ? તો શો વાંધો? જો શ્લોકો પ્રમાણભૂત હોય તો આ શ્લોકને પણ પ્રમાણભૂત ગણવો જોઇએ :-

यदुम्बरवर्णानां घटीनां मण्डलं महत्।

पीतं न गमयेत्स्वर्गं किं तत् क्रतुगतं नयेदिति॥

---

[23] એક જ શબ્દ કોઇ ખાસ અર્થમાં અસાધુ હોય પરંતુ બીજા અર્થમાં સાધુ હોઇ શકે .જેમ કે गोणी શબ્દ ગળે ગોદડીવાળું પ્રાણી (गौ) એ અર્થમાં અસાધુ છે પણ ગોણી (કોથળા) જેવી હોય તે गोणी એમ કોઇ ખાસ કારણને લીધે ગાયના અર્થમાં પ્રયોજાય તો સાધુ છે. તે જ રીતે अश्व શબ્દ ડાબલા, કેશવાળીવાળું પ્રાણી એ અર્થમાં સાધુ છે પરંતુ નિર્ધનના અર્થમાં અસાધુ છે. જ્યારે अस्व શબ્દ નિર્ધનના અર્થમાં સાધુ છે પરંતુ ડાબલાવાળા પ્રાણીના અર્થમાં નથી. તેમ છતાં વિસાત વિનાનો , નકામો અશ્વ એ અર્થ દર્શાવવા માટે अस्व શબ્દ પ્રયોજવામાં આવે તો સાધુ થશે.

[24] તેનો આશરો અજ્ઞાન છે (વાણીનોપ્રયોગ તે નથી જાણતો તેથી તેને અજ્ઞાન જ બચાવે છે). અપભાષણને કારણે તેને પુણ્ય નથી મળતું પણ તેને પાપ પણ નથી લાગતું. જેમ પશુપક્ષીઓ અજ્ઞાનપૂર્વક વર્તતાં હોવાથી તેમને પાપ નથી લાગતું તેમ સાધુ શબ્દના પ્રયોગને ન જાણનારને પાપ લાગતું નથી એ દલીલ અયોગ્ય છે, પશુપક્ષી નિષેધને પાત્ર નથી તેથી તેમને માટે અજ્ઞાન શરણભૂત થઇ શકે પણ મ્લેચ્છો માટે નહીં. મનુષ્યે તો નિષિદ્ધ કર્મનો ત્યાગ કરવો જોઇએ અને તે માટે શાસ્ત્રને જાણવું જોઇએ.તેથી અજ્ઞાન તેનું શરણ ન થઇ શકે. અજાણતાં ઝેર ખવાઇ જાય તેથી મરી ન જવાય એમ નથી.

[25] જે વાગ્યોગવિદ્ છે, વાણીના ઉપયોગને, પ્રયોગને જાણે છે, તે શબ્દો અને અપશબ્દો બન્નેને જાણે છે, છતાં શબ્દો પ્રયોજે છે અપશબ્દો નહીં. આમ જ્ઞાનપૂર્વક શબ્દપ્રયોગ કરવાને કારણે તેને અભ્યુદય પ્રાપ્ત થાય છે. પાપ કે પુણ્ય આચરણ કરવાથી પ્રાપ્ત થાય છે, જ્ઞાનથી નહીં. આમ અપશબ્દનો પ્રયોગ પાપપ્રદ છે, તેનું જ્ઞાન નહીં.

[26] આ શ્લોક નું સમર્થન કરનાર શ્રુતિ પણ છે. एकः शब्दः सम्यग्ज्ञातः शास्त्रान्वितः सुप्रयुक्तः स्वर्गे लोके कामधुग्भवति। ભ્રાજ નામના શ્લોકો કાત્યાયને રચ્યા હતા તેમ કહેવાય છે તેનું સમર્થન ઋક્સર્વાનુક્રમણીની વૃત્તિમાં છે. તેમાં કાત્યાયનને 'સ્મૃતિના રચનાર અને ભ્રાજ નામક શ્લોકના કર્તા કહ્યા છે (स्मृतेश्च कर्ता श्लोकानां भ्राजनाम्नां च कारकः।).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रमत्तगीत एव तत्रभवतः। यस्त्वप्रमत्तगीतस्तत्प्रमाणम्॥ यस्तु प्रयुङ्क्ते॥ अविद्वांसः-अविद्वांसः प्रत्यभिवादे नाम्नो ये न प्लुतिं विदुः। कामं तेषु तु विप्रोष्य स्त्रीष्विवायमहं वदेत्॥ अभिवादे स्त्रीवन्मा भूमेत्यध्येयं व्याकरणम्। अविद्वांसः॥ विभक्तिं कुर्वन्ति - याज्ञिकाः पठन्ति- प्रयाजाः सविभक्तिकाः कार्याः इति। न चान्तरेण व्याकरणं प्रयाजाः सविभक्तिकाः शक्याः कर्तुम्। विभक्तिं कुर्वन्ति॥

*તામ્રવર્ણી દારૂના ઘડે ઘડા પીવા છતાં તે સ્વર્ગે ન લઈ જાય તો (સૌત્રામણિ)[27] યજ્ઞમાં કરેલું (સ્વલ્પ) મદ્યપાન કેવી રીતે લઈ જાય?*

આપ નામદારનો આ (શ્લોક) તો કોઇ પ્રમત્તનો ઉચ્ચારેલો છે અને જે સ્વસ્થ ચિત્તવાળાએ ઉચ્ચારેલો હોય તે જ પ્રમાણભૂત (ગણાય). यस्तु प्रयुंक्ते (ની ચર્ચા પૂરી).

अविद्वांसः - આશીર્વાદ ઉચ્ચારતી વખતે (નામમાં) પ્લુત ઉચ્ચારણ[28] કરવાનું જે નથી જાણતા તે અજ્ઞાનીઓને પ્રવાસેથી પાછા ફરેલા શિષ્યે જેમ સ્ત્રીઓને પ્રણામ કરવામાં આવે છે તેમ “આ હું (આવ્યો) છું” એટલું જ કહીને (અર્થાત્ પોતાનું નામ ઉચ્ચાર્યા વિના) પ્રણામ કરવા જોઇએ. આમ પ્રણામ કરતી વખતે આપણને સ્ત્રી જેવા ન ગણે તે માટે પણ વ્યાકરણનું અધ્યયન કરવું જોઇએ. अविद्वांसः (ની ચર્ચા પૂરી).

विभक्तिं कुर्वन्ति--યાજ્ઞિકો કહે છે “પ્રયાજોને[29] લગતા મન્ત્રો યોગ્ય વિભક્તિ સાથે ઉચ્ચારવા જોઇએ.” પરંતુ વ્યાકરણના જ્ઞાન વિના પ્રયાજ મન્ત્રોને યોગ્ય વિભક્તિઓ સહિત ઉચ્ચારી શકાય નહી. विभक्तिं कुर्वन्ति (ની ચર્ચા પૂરી).

यो वा इमाम्-- यो वा इमां पदशः स्वरशोऽक्षरशश्च वाचं विदधाति स आर्त्विजीनः। आर्त्विजीनाः स्यामेत्यध्येयं व्याकरणम्। यो इमाम्॥ चत्वारि शृङ्गा त्रयो अस्य पादा द्वे शीर्षे सप्त हस्तासो अस्य। त्रिधा बद्धो वृषभो रोरवीति महो देवो मर्त्याँ आ विवेश॥ चत्वारि शृङ्गाणि चत्वारि पदजातानि नामाख्यातोपसर्गनिपाताश्च। त्रयोऽस्य पादाः त्रयः काला भूतभविष्यद्वर्तमानाः। द्वे शीर्षे द्वौ

---

[27] કારણ કે सौत्रामण्यां सुरापानम्। એમ કહેલું છે.

[28] પ્રવાસેથી પાછા આવેલ શિષ્યાદિ જ્યારે વડીલને અભિવાદન કરે ત્યારે अभिवादये भारद्वाजगोत्रदेवदत्तशर्माऽहम्। એ રીતે પોતાના નામ અને ગોત્રનો નિર્દેશ કરીને વડીલના પગ પકડીને પ્રણામ કરે છે અને વડીલ પ્રત્યભિવાદન કરતાં- આશીર્વાદ- ઉચ્ચારતાં आयुष्मान् एधि देवदत्त ३ એમ પ્લુત ઉચ્ચારણ કરે છે.પણ વ્યાકરણનું જ્ઞાન ન હોય તો પ્લુત ઉચ્ચાર ન આવડે તેથી એ પ્રકારના વ્યાકરણ ન જાણનાર વડીલને પ્રણામ કરતાં પ્રવાસેથી પાછા આવેલ વ્યક્તિએ अयमहं नमामि। એટલું જ કહેવું. પાદગ્રહણ, ગોત્ર, નામ વગેરેનું ગ્રહણ કરવું નહીં. સ્ત્રીઓને પણ એ જ રીતે પ્રણામ કરવામાં આવે છે. આમ વ્યાકરણ ન જાણનારને સ્ત્રી જેવો ગણવામાં આવે છે.(જુઓ મનુ. અ ૨શ્લો.૧૨૫-૧૨૬)

[29] प्रयाजाः कर्तव्याः। એ વિધિમાં પ્રયાજનું વિધાન કરવામાં આવ્યું છે. વળી આ समिधो यजति। तनूनपातं यजति। इडो यजति। बर्हिर्यजति। स्वाहाकारं यजति। એ વાક્ય દ્વારા તેનો અનુવાદ કરવામાં આવ્યો છે, પ્રધાન યાગની પૂર્વે આ યાગ કરવામાં આવે છે. ઇષ્ટિઓમાં પાંચ અને પશુ યાગમાં અગિયાર પ્રયાજ હોય છે. અહીં પ્રયાજ શબ્દ પ્રયાજયાગમાં પ્રયોજાતા મન્ત્રો માટે છે, કારણ કે યાગના સંદર્ભમાં सविभक्तिकाः એ વિશેષણ બંધબેસતું નથી. પ્રકૃતિમાં પ્રયાજ મન્ત્રો વિભક્તિસહિત મૂકવામાં આવે છે, પરંતુ અગ્નિનું આધાન કર્યા પછી યજમાનને પેટમાં દુખાવો થાય અથવા તો વર્ષની અંદર જ તેને કોઇ મોટી આપત્તિ આવે તો તે નિમિત્તે જૂનો અગ્નિ દૂર કરીને ફરી અગ્નિનું આધાન આધેયેષ્ટિ દ્વારા કરવાનું કહેવામાં આવ્યું છે. તેમાં प्रयाजाः सविभक्तिकाः कार्याः। માત્ર વિભક્તિનો પ્રયોગ શક્ય નથી તેથી પ્રકૃતિનું અનુમાન થઇ શકે. એ પ્રકૃતિ, અગ્નિ છે , કારણ કે अथ किं देवताः प्रयाजानुयाजाः ? એ પ્રશ્નના ઉત્તરરૂપે મન્ત્રવર્ણનું ઉદાહરણ આપીને નિરુક્તકાર ઉપસંહાર કરે છે : आग्नेया इति तु स्थितिः। (મન્ત્રવર્ણમાં પણ त्वमग्ने प्रयाजानुयाजानां पुरस्तात्त्वं पश्चात्। એમ કહીને અગ્નિ શબ્દ જ પ્રકૃતિ છે તેમ સૂચવ્યું છે) અહીં પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ષષ્ઠી અને સપ્તમી એ વિભક્તિઓ પ્રયોજવાની છે તેમ શ્રૌત સંપ્રદાય છે. કાશિકામાં પાંચ પ્રયાજ કહ્યા છે તે ઉપર હરદત્ત નોંધે છે : દર્શપૂર્ણમાસ યાગમાં ત્રણ, ચાતુર્માસ્યમાં નવ અને પશુયાગમાં અગિયાર પ્રયાજ હોય છે.પાંચ ક્યાંય નથી હોતા માટે ત્રણ પ્રયાજો એમ પાઠ હોવો જોઇએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

शब्दात्मानौ नित्यः कार्यश्च। सप्तहस्तासो अस्य सप्तविभक्तयः। त्रिधा बद्धो त्रिषु स्थानेषु उरसि कण्ठे शिरसीति। वृषभो वर्षणात्। रोरवीति शब्दं करोति। कुत एतत्। रौतिः शब्दकर्मा। महो देवो मर्त्यां आविवेशेति। महान्देवः शब्दः। मर्त्यां मरण- धर्माणो मनुष्याः तानाविवेश। महता देवेन नः साम्यं यथा स्यादित्यध्येयं व्याकरणम्। अपर आह- चत्वारि वाक्परिमिता पदानि तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः। गुहा त्रीणि निहिता नेङ्गयन्ति तुरीयं वाचो मनुष्या वदन्ति॥ चत्वारि वाक्परिमिता पदानि। चत्वारि पदजातानि नामाख्यातोपसर्गनिपाताश्च। तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः। गुहा त्रीणि निहिता नेङ्गयन्ति गुहायां त्रीणि निहितानि नेङ्गयन्ति न चेष्टन्ते न निमिषन्तीत्यर्थः। तुरीयं वाचो मनुष्या वदन्ति। तुरीयं ह वा एतद्वाचो यन्मनुष्येषु वर्तते चतुर्थ- मित्यर्थः। चत्वारि॥ उत त्वः - उत त्वः पश्यन्न ददर्श वाचमुत त्वः शृण्वन्न शृणोत्येनाम्। उतो त्वस्मै तन्वं वि सस्रे जायेव पत्य उशती सुवासाः॥

**यो वा इमाम्-** આ વાણીને જે પ્રત્યેક પદ પ્રમાણે, પ્રત્યેક સ્વર પ્રમાણે.અને પ્રત્યેક અક્ષર પ્રમાણે સ્પષ્ટ ઉચ્ચારી શકે છે તે યજ્ઞનો અધિકારી (અર્થાત્ ઉત્તમ ઋત્વિજ કે યજમાન) [30] થઇ શકે છે. આપણે પણ યજ્ઞના અધિકારી થઇ શકીએ તે માટે વ્યાકરણનું અધ્યયન કરવું જોઇએ. **यो वा इमाम्** (ની ચર્ચા પૂરી) **चत्वारि**--ચાર શીંગડાં, ત્રણ પગ, બે માથાં, અને સાત હાથ વાળો તેમ જ ત્રણ જગ્યાએથી બાંધેલો વૃષભ મોટેથી અવાજ કરે છે , મહાન દેવ મનુષ્યમાં પ્રવેશ્યો. ચાર શીંગડાં તે નામ, ક્રિયાપદ, ઉપસર્ગ, અને નિપાત એ ચાર પ્રકારના પદોનો સમુહ, ત્રણ પગ તે ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળ, બે માથાં તે નિત્ય અને અનિત્ય શબ્દસ્વરૂપો, એના સાત હાથ તે સાત વિભક્તિઓ, ત્રણ પ્રકારે બાંધેલો અર્થાત્ છાતી, કંઠ, માથું એ ત્રણ (ઉચ્ચારણ) સ્થાનોમાં બાંધેલો, વૃષ્ટિ (વર્ષણ અર્થાત્ ઇચ્છાઓને પૂર્ણ) કરતો હોવાથી વૃષભ, ગર્જે છે અર્થાત્ શબ્દ કરે છે. એ કેવી રીતે? रु ધાતુનો અર્થ 'અવાજ કરવો' એમ છે. 'મહાન દેવ મર્ત્યો'માં પ્રવેશ્યો' અર્થાત્ મહાન દેવ એટલે શબ્દ, મર્ત્યો અર્થાત્ (મરણ જેનો ધર્મ છે તે) મનુષ્યો. તેમનામાં પ્રવેશ્યો. મહાન દેવ સાથે આપણું તાદાત્મ્ય થાય તે માટે વ્યાકરણનું અધ્યયન કરવું જોઇએ. બીજા (આ પ્રમાણે) કહે છે. વાણી ચાર (પ્રકારનાં) પદોમાં સમાએલી છે. જેમણે પોતાના મન ઉપર સંયમ કેળવ્યો છે, તેઓ તે (સ્વરૂપ) ને જાણે છે. (તેમાનાં) ત્રણ ગુફામાં રહેલાં હોઇ સ્ફુરતાં નથી જ્યારે મનુષ્યો જે બોલે છે તે વાણીનો ચોથો પ્રકાર છે.[31] વાણી નામ, ક્રિયાપદ, ઉપસર્ગ અને નિપાત એ ચાર પદોમાં સમાએલી છે. 'મનીષી બ્રાહ્મણો તેનું જ્ઞાન ધરાવે છે'. (અહીં) મનીષી અર્થાત્ જેમનો મન ઉપર કાબુ હોય તે. 'ગુફામાં રહેલા ત્રણ (પ્રકાર) સ્ફુરતા નથી' અર્થાત્ ફરકતા નથી એટલે કે ચમકતા (દેખાતા) નથી. વાણીનો જે ચોથો પ્રકાર છે તે મનુષ્યોમાં રહેલો છે. **चत्वारि** (ની ચર્ચા પૂરી) .

उत त्वः - એક વળી વાણીને જોવા છતાં નથી જોતો, ત્યારે બીજો વાણીને સાંભળે છે છતાં તેને નથી સાંભળતો. જ્યારે ત્રીજા આગળ વાણી સુવાસિની અને સકામા સ્ત્રી પતિ માટે કરે છે તેમ પોતાના દેહને ખુલ્લો કરે છે.

अपि खल्वेकः पश्यन्नपि न पश्यति वाचम्। अपि खल्वेकः शृण्वन्नपि न शृणोत्येनामिति। अविद्वांसमाहार्धम्। उतो त्वस्मै तन्वं विसस्रे तनुं विवृणुते। जायेव पत्य उशती सुवासाः। तद्यथा जाया पत्ये कामयमाना सुवासाः स्वमात्मानं विवृणुते एवं वाग्वाग्विदे स्वात्मानं विवृणुते । वाङ् नो विवृणुयादात्मानमित्यध्येयं व्याकरणम्॥ उत त्वः॥ **सक्तुमिव** - सक्तुमिव तितउना पुनन्तो यत्र

---

[30] જે ઋત્વિજને યોગ્ય છે તે, અર્થાત્ યજમાન અને જે ઋત્વિજના કર્મને યોગ્ય છે તે, અર્થાત્ યાજક. એ બન્ને આર્ત્વિજીન કહેવાય છે. [**यज्ञर्त्विग्भ्यां घखञौ**। એ સૂત્ર પ્રમાણે **ऋत्विजमर्हति** એ અર્થમાં खञ् (ईन) લાગીને યજમાનના અર્થમાં, અને **यज्ञर्त्विग्भ्यां तत्कर्मार्हतीति चोपसंख्यानम्**। એ વાર્તિક પ્રમાણે યાજકના અર્થમાં खञ् લાગીને, **आर्त्विजीन** શબ્દ બન્યો છે ] જે વિદ્વાન હોય તે જ યજ્ઞ કરાવી શકે અવિદ્વાનને તેનો અધિકાર નથી. આમ બ્રાહ્મણને વ્યાકરણ સિવાય યજન કે યાજન કર્મ સંભવી ન શકે.

[31] પરા, પશ્યન્તી,મધ્યમા અને વૈખરી એ વાણીના ચાર પ્રકાર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

धीरा मनसा वाचमक्रत। अत्रा सखायः सख्यानि जानते भद्रैषां लक्ष्मीर्निहिताधि वाचि॥ सक्तुः सचतेर्दुर्धावो भवति कसतेर्वा विपरीताद्विकसितो भवति। तितउ परिपवनं भवति ततवद्वा तुन्नवद्वा। धीरा ध्यानवन्तो मनसा प्रज्ञानेन वाचमक्रत वाचमकृषत। अत्रा सखायः सख्यानि जानते। अत्र सखायः सन्तः सख्यानि जानते सायुज्यानि जानते। क्व। य एष दुर्गो मार्गः एकगम्यो वाग्विषयः। के पुनस्ते। वैयाकरणाः। कुत एतत्। भद्रैषां लक्ष्मीर्निहिताऽधि वाचि। एषां वाचि भद्रा लक्ष्मीर्निहिता भवति। लक्ष्मीर्लक्षणाद्भासनात्परिवृढा भवति। सक्तुमिव॥ सारस्वतीम् - याज्ञिकाः पठन्ति- आहिताग्निरपशब्द प्रयुज्य प्रायश्चित्तीयां सारस्वतीमिष्टिं निर्वपेत् इति। प्रायश्चित्तीया मा भूमेत्यध्येयं व्याकरणम्। सारस्वतीम्॥

'એક વળી વાણીને જોવા છતાં નથી જોતો, ત્યારે બીજો તેને સાંભળવા છતાં નથી સાંભળતો'. એ અડધી ઋચા દ્વારા (વ્યાકરણ) ન જાણનાર વિશે કહ્યું. 'જ્યારે બીજાને માટે શરીર ખુલ્લું કરે છે અર્થાત્ પોતાનું સ્વરૂપ ઉઘાડું કરે છે. 'સકામા અને સ્વચ્છ વસ્ત્રોવાળી સ્ત્રી પતિ માટે કરે છે તેમ' જેમ સકામા અને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરતી (અર્થાત્ ઋતુસ્નાતા) પત્ની પતિની સમક્ષ પોતાની જાતને ખુલ્લી કરે છે તે જ રીતે વાણીના પ્રયોગને યથાવત્ જાણનાર વ્યક્તિ સમક્ષ વાણી પોતાનું સ્વરૂપ ખુલ્લું કરે છે. વાણી આપણી સમક્ષ પોતાનું સ્વરૂપ ખુલ્લું કરે તે માટે પણ વ્યાકરણનું અધ્યયન કરવું જોઇએ. उत त्वः (ની ચર્ચા પૂરી).

सक्तुमिव--ચાળણીથી સાતુ[32] સાફ કરવામાં આવે તેમ વિદ્વાનો પોતાના પ્રકૃષ્ટ જ્ઞાનથી જ્યાં વાણીને શુદ્ધ કરે છે ત્યાં સમાન વિદ્યાવાળા મિત્રો પરસ્પર એકતા અનુભવે છે કારણકે તેમની વાણીમાં કલ્યાણકારી લક્ષ્મી રહેલી હોય છે. सक्तु શબ્દ सच् (षच समवाये-ચોંટી રહેવું) એ ધાતુ ઉપરથી નિષ્પન્ન થાય છે અર્થાત્ જેને સાફ કરવું મુશ્કેલ છે તે અથવા कस् (વિકસવું) એ ધાતુ ઉપરથી બન્યો છે અને વર્ણવિપર્યય થી (कस् નો सक्) થઇને બન્યો છે. અર્થાત્ જે વિકસેલું (ફેલાયેલું) છે તે. तितउ એટલે ચાળણી અર્થાત્ જે વિસ્તરેલી છે અથવા છિદ્રોથી યુક્ત છે તે. धीराः અર્થાત્ ધ્યાનયુક્ત પંડિતો, मनसा એટલે પ્રકૃષ્ટ જ્ઞાન દ્વારા, वाचमक्रत એટલે વાણીને શુદ્ધ કરી અર્થાત્ તેમાંથી અપશબ્દો ચાળી નાંખીને શબ્દોને છૂટા પાડયા. અહીં મિત્રો પરસ્પર મૈત્રી સમજે છે અર્થાત્ એકતા અનુભવે છે. (અહીં એટલે ) ક્યાં ? એક (જણ) થી જ જઇ શકાય તેવો આ જે દુર્ગમ વાણીનો માર્ગ છે ત્યાં. પરંતુ તેઓ કોણ છે? વૈયાકરણો. એ કેવી રીતે? भद्रैषां लक्ष्मीः० અર્થાત્ તેમની વાણીમાં કલ્યાણકારી લક્ષ્મી રહેલી છે. લખલખવાને અર્થાત્ ચમકવાને કારણે સમર્થ[33] બને છે તે (લક્ષ્મી). सक्तुमिव (ની ચર્ચા પૂરી). सारस्वतीम् -- યાજ્ઞિકો કહે છે, "જેણે અગ્ન્યાધાન કર્યુ છે[34] તેવા અગ્નિહોત્રીએ દોષયુક્ત શબ્દનો પ્રયોગ કર્યા પછી પ્રાયશ્ચિત્ત માટેની સારસ્વતી નામની ઈષ્ટિ કરવી." આપણે પ્રાયશ્ચિત્તને પાત્ર ન થઇએ તે માટે વ્યાકરણનું અધ્યયન કરવું જોઇએ. सारस्वतीम् (ની ચર્ચા પૂરી).

दशम्यां पुत्रस्य जातस्य-याज्ञिकाः पठन्ति दशम्युत्तरकालं पुत्रस्य जातस्य नाम विदध्याद् घोषवदाद्यन्तरन्तःस्थमवृद्धं त्रिपुरुषानूकमनरिप्रतिष्ठितम्। तद्धि प्रतिष्ठिततमं भवति। द्व्यक्षरं चतुरक्षरं वा नाम कृतं कुर्यान्न तद्धितमिति। न चान्तरेण व्याकरणं कृतस्तद्धिता वा शक्या विज्ञातुम्। दशम्यां पुत्रस्य॥ सुदेवो असि - सुदेवो असि वरुण यस्य त सप्त सिन्धवः। अनुक्षरन्ति काकुदं सूर्म्यं सुषिरामिव॥ सुदेवो असि वरुण सत्यदेवोऽसि। यस्य ते सप्त सिन्धवः सप्तविभक्तयः अनुक्षरन्ति काकुदम्। काकुदं

---

[32] सक्तु એટલે શેકેલો જવનો લોટ (भृष्टा यवा पुनर्धाना धानाचूर्णं तु सक्तवः।हेम०) અહીં સક્તુ શબ્દ મુશ્કેલીથી સાફ કરી શકાય (दुर्धावः) તેવા દ્રવ્યનો સૂચક છે. વૈયાકરણ પોતાની પ્રજ્ઞાને બળે અપશબ્દોને છૂટા પાડીને વાણીને શુદ્ધ કરે છે

[33] ભાષ્યમાં परिवृढा અર્થાત્ અજ્ઞાનને દૂર કરવામાં શક્તિશાળી બને છે.

[34] જેમ અગ્નિનું આધાન કરનાર યજમાન પત્નીને અવશ્ય સાથે રાખે છે , (કારણ કે તેના વિના અગ્ન્યાધાન થઇ શકતું નથી) તેમ અગ્ન્યાધાન કરનારે (અપશબ્દ પ્રયોગથી બચવા માટે) વ્યાકરણનું અધ્યયન અવશ્ય કરવું જોઇએ એમ સૂચવાય છે. આમ વ્યાકરણનું અધ્યયન નિત્યકર્મ છે તેનું અહીં સમર્થન થાય છે.(ભર્તૃ.).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तालुः काकुर्जिह्वा साऽस्मिन्नुद्यत इति काकुदम्। सूर्म्यं सुषिरामिव तद्यथा शोभनामूर्मिं सुषिरामग्निरन्तः प्रविश्य दहति एवं ते सप्त सिन्धवः सप्त विभक्तयस्ताल्वनुक्षरन्ति। तेनासि सत्यदेवः। सत्यदेवाः स्यामेत्यध्येयं व्याकरणम्। सुदेवो असि॥ किं पुनरिदं व्याकरणमधिजिगांसमानेभ्यः प्रयोजनमन्वाख्यायते न पुनरन्यदपि किञ्चित् । ओमित्युक्त्वा वृत्तान्तशः शमित्येवमादीन् शब्दान्पठन्ति।

**दशम्यां पुत्रस्य**--યાજ્ઞિકો કહે છે, 'પુત્ર જન્મે તેના દસમાં દિવસ પછી તેનું[35] નામ પાડવું.' તેની શરૂઆતમાં ઘોષ વર્ણ અને મધ્યમાં અન્તઃસ્થ વર્ણ હોવો જોઇએ પણ પ્રારંભમાં વૃદ્ધિ સ્વર ન હોવો જોઇએ.[36] એ (પિતાના) ત્રણ પૂર્વજોના નામ ઉપરથી હોવું જોઇએ કારણ કે તેવું જ નામ અત્યંત પ્રતિષ્ઠિત થાય છે. નામ બે કે ચાર અક્ષરનું અને કૃત્ પ્રત્યયવાળું રાખવું પણ તદ્ધિત પ્રત્યયવાળું ન કરવું પરંતુ વ્યાકરણના જ્ઞાન વિના કૃત્ કે તદ્ધિત પ્રત્યયો જાણી શકાય નહીં. **दशम्यां पुत्रस्य** (ની ચર્ચા પૂરી).

**सुदेवो असि** 'હે વરુણ, તું સાચો દેવ છે. જેમ પોલી મૂર્તિને[37] (અગ્નિ) અંદર પ્રવેશીને બાળે છે તેમ સાત પ્રવાહો તારા તાળવા તરફ વહે છે. 'સાચો દેવ છે વરુણ' અર્થાત્ તું સાચવાળો દેવ છે, 'તારા (તાળવા) તરફ સાત પ્રવાહો અર્થાત્ સાત વિભક્તિઓ. 'તાળવા તરફ વહે છે' **काकुदम्** અર્થાત્ તાળવું, **काकु** અર્થાત્ જીભ. તેને જ્યાં ફેરવવામાં આવે તે તાળવું 'જેમ પોલી મૂર્તિને અર્થાત્ જેવી રીતે પોલી અને સુંદર મૂર્તિને અંદર પ્રવેશીને અગ્નિ બાળે છે તેમ સાત પ્રવાહો અર્થાત્ સાત વિભક્તિઓ તાળવા તરફ વહે છે તેથી તું સાચવાળો દેવ છે. આપણે પણ સત્યદેવ થઇએ તે માટે વ્યાકરણનું અધ્યયન કરવું જોઇએ. **सुदेवो असि** (ની ચર્ચા પૂરી).

વ્યાકરણનો અભ્યાસ કરવા ઇચ્છતો હોય તેને જ પ્રયોજન દર્શાવવામાં આવે છે પરન્તુ બીજા કોઇ (વિષયો) નો અભ્યાસ કરનાર (અને) ' વારુ '[38] એમ કહીને **शम्** વગેરે શબ્દોથી શરૂ કરીને એક પછી એક પ્રપાઠકનો પાઠ કરે છે.(તેને પ્રયોજન વિશે કેમ કહેવામાં આવતું) નથી?

---

[35] **दशम्याम्** માં સપ્તમી ઔપશ્લેષિક અધિકરણ સૂચવે છે અર્થાત્ તેમાં સપ્તમી સામીપ્યનો અર્થ દર્શાવે છે. તેથી ભાષ્યકારે **दशम्युत्तरकालम्** (દસ દિવસ પછી) એમ અર્થ કર્યો છે. દસ દિવસ સુધી વૃદ્ધિ સૂતક હોવાથી ત્યાર બાદ નામકરણ કરવું એમ ગૃહ્યસૂત્રકારો કહે છે. આ ઉપરથી સમજાય છે કે નામકરણ સંસ્કારથી માંડીને જ વ્યાકરણ ઉપયોગી છે.

[36] **अन्तरन्तःस्थम्** જેની વચમાં **य् र् ल् व्** હોય તેવું. **अवृद्धम्** જેમાં વૃદ્ધિસંજ્ઞક વર્ણ (**आ ऐ औ**) ન હોય તેવું. **त्रिपुरुषानुकम्-त्रयः पुरुषान् अनुकायते अभिधत्ते इति**। નામ પાડવાનો અધિકાર પિતાને છે તેથી પિતાના ત્રણ પૂર્વજો (તેના પિતા, પિતામહ અને પ્રપિતામહ) માંથી ગમે તે એકના નામ ઉપરથી પુત્રનું નામ પાડવું જોઇએ. **अनरि** અર્થાત્ મનુષ્યોમાં (**नरि**) નહીં પણ દેવોમાં પ્રચલિત અથવા શત્રુ (**अरि**) સિવાયનાનું હોવું જોઇએ.

[37] **सूर्म्यम्** અહીં **अमि पूर्वः**। પ્રમાણે **सूर्मिम्** થવું જોઇએ, પરંતુ પૂર્વ સૂત્ર **वा छन्दसि**। ની અનુવૃત્તિ થવાથી **यण्** આદેશ થયો છે. તે છાંદસ છે. **सूर्मि** લોહની સુંદર પોલી પ્રતિમા. **सूर्मिं ज्वलन्तीमालिंगेन्मृत्यवे गुरुतल्पगः**। એ સ્મૃતિ વાક્ય પ્રમાણે પ્રાચીન કાળમાં વ્યભિચાર કરનારને તપાવેલી લોહ મૂર્તિ કે સ્તંભને ભેટવાની સજા કરવામાં આવતી. જેવી રીતે અગ્નિની જ્વાળાઓ છિદ્રોવાળી પોલી લોહ પ્રતિમામાં પ્રવેશીને અશુદ્ધિનો નાશ કરે છે તેમ વિભક્તિઓ શરીરમાંના પાપને દૂર કરે છે

[38] સ્મૃતિમાં કહ્યું છે કે વેદાભ્યાસના પ્રારંભમાં તેમ જ અન્તે હમેશાં ॐ-કારનું ઉચ્ચારણ કરવું જોઇએ. જો તે પ્રમાણે કરવામાં ન આવે તો અર્થાત્ પ્રારંભમાં ઉચ્ચારવામાં ન આવે તો વિદ્યા મોઢે ન ચઢે અને અંતમાં ઉચ્ચારવામાં ન આવે તો ભણેલી વિદ્યાની વિસ્મૃતિ થાય (જુઓ મનુ.અ.૨શ્લો.૭૪). તેથી અહીં કેટલાક **ओमित्युक्त्वा** નો અર્થ **ओम्**-કારનું ઉચ્ચારણ કરીને એમ લે છે (ચેટર્જી પૃ.૩૩). વા.શા.(હિ.પૃ.૧૭, મ.પૃ.૧૦) માં ॐ નો અનુવાદ નથી જ્યારે ભર્તૃ. સ્પષ્ટ કહે છે : **न ओंकारमुच्चार्य इत्यवगन्तव्यम्। किं तर्हि ? ओमित्यभ्युपगच्छन्ति**। (પૃ.૧૮) અર્થાત્ **ओम्**-કારનું ઉચ્ચારણ કરીને એમ નહીં, પરંતુ 'વારૂ' એમ કહીને સ્વીકાર કરે છે એમ લેવાનો છે. કૈ. અને ના. ભર્તૃ.ને અનુસરે છે. ગુરુ દ્વારા કહેવામાં આવે , **अधीष्व** (વેદનો અભ્યાસ કર) ત્યારે તેમની આજ્ઞા 'ભલે' એમ કહીને સ્વીકારી લઇને શિષ્ય એક પછી એક પ્રપાઠકનો અભ્યાસ કરે છે, પરંતુ વેદાધ્યયનનું પ્રયોજન પૂછતો નથી, કારણ કે જે અવસ્થામાં તેને વ્યાકરણનો અભ્યાસ કરાવવામાં આવતો તે બાલ્યાવસ્થામાં તે પ્રશ્ન પૂછવા જેટલી ગુંજાશ ન ધરાવતો હોય , તો પછી પ્રયોજનને લગતો પ્રશ્ન કેવી રીતે પૂછી શકે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**पुराकल्प एतदासीत् - संस्कारोत्तरकालं ब्राह्मणा व्याकरणं स्माधीयते। तेभ्यस्तत्तत्स्थानकरणानुप्रदानज्ञेभ्यो वैदिका शब्दा उपदिश्यन्ते। तदद्यत्वे न तथा। वेदमधीत्य त्वरिता वक्तारो भवन्ति- वेदान्नो वैदिकाः शब्दाः सिद्धा लोकाच्च लौकिकाः। अनर्थकं व्याकरणम् इति। तेभ्य एवं विप्रतिपन्नबुद्धिभ्योऽध्येतृभ्यः सुहृद् भूत्वा आचार्य इदं शास्त्रमन्वाचष्टे- इमानि प्रयोजनान्यध्येयं व्याकरणमिति ॥**

**उक्तः शब्दः। स्वरूपमप्युक्तम्। प्रयोजनान्यप्युक्तानि। शब्दानुशासनमिदानीं कर्तव्यम्। तत्कथं कर्तव्यम्। किं शब्दोपदेशः आहो -स्विदपशब्दोपदेश आहोस्विदुभयोपदेश इति। अन्यतरोपदेशेन कृतं स्यात्। तद्यथा भक्ष्यनियमेनाभक्ष्यप्रतिषेधो गम्यते। पञ्च पञ्चनखा भक्ष्याः इत्युक्ते गम्यत एतद् - अतोऽन्ये अभक्ष्या इति।**

પ્રાચીન કાળમાં આ પ્રમાણે હતું -- ઉપનયન સંસ્કાર પછી બ્રાહ્મણો વ્યાકરણનો અભ્યાસ કરતા, વિવિધ પ્રકારનાં (કંઠ વગેરે) સ્થાન, કરણ (અર્થાત્ વિવિધ પ્રકારના આભ્યંતર પ્રયત્ન), અનુપ્રદાન, (નાદ વગેરે બાહ્ય પ્રયત્ન) ના જાણકાર તે (બ્રાહ્મણો) ને વૈદિક શબ્દો ઉપદેશવામાં આવતા. અત્યારના સમયમાં તે પ્રમાણે નથી. હવે તો વેદનો અભ્યાસ કરીને અધીરા[39] બનીને લોકો કહે છે, " અમને વૈદિક શબ્દોનું જ્ઞાન વેદમાંથી અને લૌકિક શબ્દોનું જ્ઞાન લોક વ્યવહારમાંથી થાય છે, તેથી વ્યાકરણ નિરર્થક છે". તેવા પ્રકારના અવળબુદ્ધિના વિદ્યાર્થીઓને આચાર્ય મિત્રભાવે આ શાસ્ત્રનું નિરૂપણ કરે છે. આ પ્રયોજનો છે તેથી વ્યાકરણનું અધ્યયન કરવું જોઈએ.

શબ્દ વિશે કહ્યું , તેનું સ્વરૂપ પણ જણાવ્યું અને તેના પ્રયોજન પણ કહ્યાં. હવે શબ્દાનુશાસન કરવાનું છે. તે કેવી રીતે કરવું? શબ્દોનો ઉપદેશ કરવો કે પછી અપશબ્દો (દુષ્ટ શબ્દો) નો કે પછી બન્નેનો ઉપદેશ કરવો? બેમાંથી એકનો ઉપદેશ કર્યો હોય તો ચાલે. જેમ ભક્ષ્યને લગતા નિયમ દ્વારા અભક્ષ્યનો પ્રતિષેધ સમજાય છે તેમ (એકના ઉપદેશથી બીજાનો ખ્યાલ આવી શકે). "પાંચ નખવાળાં પાંચ પ્રાણીઓ ખાઈ શકાય" એમ જ્યારે કહેવામાં આવે[40] ત્યારે "આ સિવાયના અભક્ષ્ય છે

---

જ્યારે હવે તો માણસ અલ્પાયુષી બન્યો હોવાથી પ્રથમ મુખ્યભૂત વેદનું અધ્યયન કરાવવામાં આવે છે પછી વ્યાકરણનો અભ્યાસ કરે છે તેથી પ્રયોજન વિશે પૂછે છે, માટે પ્રયોજન કહેવું જોઈએ. અહીં **वृत्तान्तशः** ને બદલે **वृत्तान्ततः** પાઠ છો. નોંધે છે. અર્થ એ જ છે. **पठन्ति** પછી **तेभ्योऽपि** એમ અધ્યાહાર્ય છે અર્થાત્ એક પછી એક **प्रपाठक** નો પાઠ કરે છે તેમને પણ પ્રયોજન કેમ નથી કહેવામાં આવતું ? એમ ભાવ છે.

[39] ધનપ્રાપ્તિ કે સાંસારિક ભોગોના ઉપભોગ માટે ઉતાવળા કે પછી અન્ય પ્રકારના અધ્યયનમાં રોકી રાખે એવી ગુરુની આજ્ઞા ન થાય તે માટે અધીરા થાય છે.

[40] **पञ्च पञ्चनखा भक्ष्या ब्रह्मक्षत्रेण राघव।(शल्यकः श्वाविधो गोधा शशः कूर्मश्च पञ्चमः॥**વા.રા.કિ૧૭.૩૯) એ પરિસંખ્યાનું ઉદાહરણ છે. અન્યતઃ જ્ઞાત ન હોય તે વસ્તુનું જ્ઞાપન કરાવનાર વેદભાગને મીમાંસકો વિધિ કહેછે (**अज्ञातार्थज्ञापको वेदभागो विधिः। अर्थसं॰** પૃ. ૨૮) તેનું અમુક દૃષ્ટિએ વિભાજન કરીને ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે : અપૂર્વવિધિ, નિયમ વિધિ અને પરિસંખ્યાવિધિ. અન્ય પ્રમાણ દ્વારા તદ્દન અપ્રાપ્ત અર્થનું વિધાન કરે તે અપૂર્વવિધિ.(**विधिरत्यन्तमप्राप्तौ।** તંત્ર.વા. ૨.૩.૪૨) જેમ કે **ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत।** અન્યત્ર અપ્રાપ્ત એવા યાગનું અહીં વિધાન કરવામાં આવ્યું છે તેથી અપૂર્વવિધિ થયો. નિયમ (**नियमः पाक्षिके सति।**એજન) વૈતુષ્યકરણ (=ડાંગર વગેરેનાં છોડાં કાઢીનાંખવાની ક્રિયા) નખનો ઉપયોગ કરીને (**नखविदलन**), છડીને(**अवहनन**), પત્થરથી કૂટીને (**अश्मकुट्टन**) તેમ જ અન્ય કોઈ રીતથઈ શકે છે, ત્યાં બધા વિકલ્પો એક સાથે પ્રાપ્ત થતા નથી તેથી નખ વિદલનનો આશ્રય લેવામાં આવે તો અવહનનનો વિકલ્પ પ્રાપ્ત નહીં થાય, તેમાં **व्रीहिन् अवहन्ति।** એ વિધિ દ્વારા અન્ય સર્વ વિકલ્પોનો નિષેધ કરીને જે અવહનન પક્ષે પ્રાપ્ત હતું છે તેનું વિધાન કરીને વૈતુષ્યકરણ અવહનનથી જ કરવું અન્ય રીતે નહીં એમ નિયમ કરે છે. તેથી એ નિયમ વિધિ થયો.પરિસંખ્યા વિધિ- જ્યારે બે વિકલ્પો એકી સાથે પ્રાપ્ત થતા હોય ત્યારે બેમાંથી એક વિકલ્પને વ્યાવૃત્ત કરનાર વિધિ તે પરિસંખ્યા વિધિ (**तत्र चान्यत्र च प्राप्तौ परिसंख्येति गीयते।**એજન) જેમ કે **पञ्च पञ्चनखा भक्ष्याः।** પાંચ નખવાળાં પાંચ પ્રાણીઓ અથવા તે સિવાયના પ્રાણીનું ભક્ષણ કરીને ક્ષુધાનું નિવારણ થઈ શકે .આમ વિકલ્પો એકી સાથે પ્રાપ્ત થાય છે તેમાં **पञ्च पञ्च नखाः॰** થી અન્ય વિકલ્પોનો નિષેધ કરે છે. તેથી જો માંસ ભક્ષણ કરવાનું જ હોય તો પાંચ પંચનખ પ્રાણીના માંસનું જ કરવું અન્યનાનું નહીં. ક્ષુધાનું નિવારણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इति। अभक्ष्यप्रतिषेधेन वा भक्ष्यनियमः। तद्यथा अभक्ष्यो ग्रामकुक्कुटः अभक्ष्यो ग्रामसूकर इत्युक्ते गम्यत एतद् -आरण्यो भक्ष्यः इति। एवमिहापि यदि तावच्छब्दोपदेशः क्रियते गौरित्येतस्मिनुपदिष्टे गम्यत एतद् - गाव्यादयोऽपशब्दा इति। अथाप्य-पशब्दोपदेशः क्रियेत गाव्यादिषूपदिष्टेषु गम्यत एतद्- गौरित्येष शब्दः इति।

किं पुनरत्र ज्यायः। लघुत्वाच्छब्दोपदेशः। लघीयाञ्छब्दोपदेशः गरीयानपशब्दोपदेशः। एकैकस्य शब्दस्य बहवोऽपभ्रंशाः। तद्यथा गौरित्यस्य गावीगोणीगोतागोपोतलिकेत्येवमादयोऽपभ्रंशाः। इष्टान्वाख्यानं खल्वपि भवति॥

अथैतस्मिञ्शब्दोपदेशे सति किं शब्दानां प्रतिपत्तौ प्रतिपदपाठः कर्तव्यः गौरश्वः पुरुषो हस्ती शकुनिर्मृगो ब्राह्मणः इत्येवमादयः शब्दाः पठितव्याः। नेत्याह। अनभ्युपाय एष शब्दानां प्रतिपत्तौ प्रतिपदपाठः। एवं हि श्रूयते- बृहस्पतिरिन्द्राय --

એમ (સમજાય છે) અથવા અભક્ષ્યના પ્રતિષેધ દ્વારા ભક્ષ્યને લગતો નિયમ (સમજાય છે). જેમ કે 'ગ્રામ્ય (પાળેલો) કુકડો ન ખાવો', 'પાળેલો સૂવર ન ખાવો' એમ કહેવામાં આવતાં,'તે સિવાયનાં,જંગલી (કુકડો અને સૂવર) ભક્ષ્ય છે' એમ સમજાય છે. એ જ રીતે અહીં પણ છે. તેમ અહીં પણ જો (અદુષ્ટ) શબ્દોનો ઉપદેશ કરવામાં આવે , **गौः** એ શબ્દનો ઉપદેશ કરવામાં આવતાં એ સમજાય છે કે **गावी** વગેરે અપશબ્દો છે, પરંતુ જો દુષ્ટ શબ્દોનો ઉપદેશ કરવામાં આવે, **गावी** વગેરેનો ઉપદેશ કરવામાં આવતાં એ સમજાય છે કે **गौः** એ શબ્દ (અદુષ્ટ) છે.

(શબ્દોપદેશ અને અપશબ્દોપદેશ) એ બેમાં વધારે સારું શું? સરળ હોવાથી શબ્દોપદેશ (વધારે સારો) , કારણ કે શુદ્ધ શબ્દો ગણાવવા વધારે સરળ છે, જ્યારે અપશબ્દ બતાવવા એ મુશ્કેલ કામ છે. (કારણ કે ) એક એક શબ્દના અપભ્રંશ ઘણા હોય છે. જેમકે **गौः** એ શબ્દના **गावी, गोणी, गोता, गोपोतलिका**, વગેરે અપભ્રંશો છે. વળી (શબ્દોનો ઉપદેશ કરવામાં) જે ઇષ્ટ છે તે (શબ્દો) જ બતાવી શકાય છે, (તે પણ એક ફાયદો છે) .

હવે જો (સાધુ) શબ્દોનો ઉપદેશ કરીએ તો (સાધુ) શબ્દોનું જ્ઞાન થાય પરંતુ તે માટે પ્રત્યેક (દુષ્ટ) શબ્દ ઉચ્ચારવો પડશે, (અર્થાત્ ) **गौरश्वः पुरुषो हस्ती शकुनिः ब्राह्मणः** ઇત્યાદિ પ્રત્યેક શબ્દનું પઠન કરવું પડશે? તો (વૈયાકરણ) કહે છે "ના".શબ્દોનું જ્ઞાન થાય માટે પ્રત્યેક શબ્દનું ઉચ્ચારણ કરવું તે સાચી યુકિત નથી. એમ કહેવાય છે[41] કે બૃહસ્પતિએ ઇન્દ્રને दिव्यं वर्षसहस्रं प्रतिपदोक्तानां शब्दानां शब्दपारायणं प्रोवाच नान्तं जगाम। बृहस्पतिश्च वक्ता इन्द्रश्चाध्येता दिव्यं वर्षसहस्रम -ध्ययनकालो न चान्तं जगाम। किं पुनरद्यत्वे । यः सर्वथा चिरं जीवति वर्षशतं जीवति। चतुर्भिश्च प्रकारैर्विद्योपयुक्ता આ મ

---

અપ્રાપ્ત નથી ,સ્વાભાવિક છે, રાગપ્રાપ્ત છે તેથી ભક્ષ્યનું વિધાન કરતું **पञ्च पञ्चनखाः०** એ વાક્ય અપૂર્વ વિધિ નથી, તેમ નિયમ વિધિ પણ નથી, કારણ કે અહીં પંચ પંચનખ ભક્ષણની પાક્ષિક અપ્રાપ્તિ નથી, છતાં ભાષ્યકારે **भक्ष्यनियमेन अभक्ष्यप्रतिषेधः।** એમ કહ્યું છે. મીમાંસકની દૃષ્ટિએ નિયમ અને પરિસંખ્યા એ બેમાં ફેર છે. બન્નેમાં અન્ય વિકલ્પનો નિષેધ હોય છે પરંતુ નિયમમાં પાક્ષિક અપ્રાપ્તિ હોય તેવા વિકલ્પની પ્રાપ્તિ એ ફળ છે જ્યારે પરિસંખ્યામાં યુગપત્પ્રાપ્ત હોય તેવા બે વિકલ્પોમાંથી અન્યતરની નિવૃત્તિ એ ફળ છે. છતાં છેવટે તો નિયમમાં પણ અન્ય સર્વ વિકલ્પોની નિષેધ દ્વારા વ્યાવૃત્તિ જ થાય છે તેથી નિયમ અને પરિસંખ્યા એ બેનો તે દૃષ્ટિએ અભેદ ગણીને ભાષ્યકારે **भक्ष्यनियमेन०** એમ કહ્યું છે.વળી આ વ્યાકરણ શાસ્ત્રમાં પરિસંખ્યાને નિયમ શબ્દ દ્વારા જ ઓળખવામાં આવે છે તેથી ભાષ્યકારે જે કહ્યું છે તેમાં કોઇ બાધ આવતો નથી.

[41] ' આવો સમર્થ વક્તા, આ પ્રકારનો ઉત્તમ શ્રોતા અને એક હજાર દિવ્ય વર્ષ (= ૩૬૫૦૦૦ માનવ વર્ષ) જેટલો દીર્ઘ સમય ગાળવા છતાં પાર ન પામ્યા' એ મતલબનો આ અર્થવાદ પ્રતિપદ પાઠની નિવૃત્તિ કરવા મૂક્યો છે. અહીં **शब्दानां शब्द-पारायणम्** એમ કહ્યું છે તે **शिरो रोगः शिरः बाधते। कुक्षिरोगः कुक्षिं बाधते।** જેવો પ્રયોગ છે ત્યાં શિરોરોગ અને કુક્ષિરોગ એ શબ્દો રૂઢિમૂલક છે તેથી કોઇ વિશિષ્ટ રોગને સૂચવે છે. શિરોરોગ સમગ્ર શિરને પીડા કરતો ન હોય અને કુક્ષિરોગ સમગ્ર કુક્ષિને પીડા કરતો ન હોય તો પણ **शिरः बाधते। कुक्षिं बाधते।** એમ પ્રયોગ થાય છે તેમ **शब्दानां शब्दपारायणम्** એ પ્રયોગમાંના **शब्दपारायणम्** શબ્દને રૂઢિમૂલક ગણવાનો છે અને કોઇ ગ્રન્થનું નામ દર્શાવે છે. ભાષ્યકારે **नान्तं जगाम** (પાર ન પામ્યા) એમ કહ્યું છે છતાં **शब्दपारायणम्** એ રૂઢિમૂલક પ્રયોગ કર્યો છે તેથી તે ગ્રન્થવિશેષ તરીકે લેવાનો છે. **पारस्य अयनम्** (પાર પામવું) એ યૌગિક અર્થમાં લેવાનો નથી, કારણ કે શબ્દશાસ્ત્રનો પાર પામી શકાતો નથી.(**अनन्तपारं किल शब्दशास्त्रम्।भर्तृ०**) .



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-कालेन स्वाध्यायकालेन प्रवचनकालेन व्यवहारकालेनेति। तत्र चास्यागमकालेनैवायुः कृत्स्नं पर्युपयुक्तं स्यात्। तस्माद-नभ्युपायः शब्दानां प्रतिपत्तौ प्रतिपदपाठः। कथं तर्हीमे शब्दाः प्रतिपत्तव्याः। किंचित्सामान्यविशेषवल्लक्षणं प्रवर्त्यम्। येनाल्पेन यत्नेन महतो महतः शब्दौघान्प्रतिपद्येरन्। किः पुनस्तत्। उत्सर्गापवादौ। कश्चिदुत्सर्गः कर्तव्यः कश्चिदपवादः। कथंजातीयकः पुनरुत्सर्गः कर्तव्यः कथंजातीयकोऽपवादः। सामान्येनोत्सर्गः कर्तव्यः। तद्यथा- कर्मण्यण्। तस्य विशेषेणापवादः। तद्यथा - आतोऽनुपसर्गे कः॥ किं पुनराकृतिः पदार्थः आहोस्वित् द्रव्यम्। उभयमित्याह। कथं ज्ञायते।

એક શબ્દ ઉચ્ચારીને દેવોનાં એક હજાર વર્ષ સુધી 'શબ્દશાસ્ત્રનું પ્રવચન કર્યું પરંતુ પાર પામ્યા નહી. બૃહસ્પતિ પોતે પ્રવક્તા ઈન્દ્ર જેવો અધ્યેતા હતો, અધ્યયનનો સમય (પણ) એક હજાર દિવ્ય વર્ષનો હતો છતાં પાર પામ્યા નહી, તો પછી આજના જમાનાનું શું કહેવું? કારણ કે વધારેમાં વધારે લાંબુ જીવે તે પણ સો વર્ષ જીવે છે. વળી વિદ્યા ચાર રીતે[42] ઉપયોગમાં આવે છે, ગુરુ પાસેથી ગ્રહણ કરતી વખતે, ત્યાર બાદ તેનું પુનરાવર્તન કરતી વખતે, પછી શિષ્યોને અભ્યાસ કરાવતી વખતે અને યજન યાજન વગેરે વ્યવહારમાં. તેમાં (પ્રત્યેક પદનો પાઠ કરે તો) અભ્યાસ કાળમાં જ સમગ્ર આયુષ્ય ખપી જાય. આથી શબ્દોના જ્ઞાન માટે શબ્દે શબ્દનો અભ્યાસ કરવો તે યોગ્ય ઉપાય નથી. તો પછી આ શબ્દોનું જ્ઞાન કેવી રીતે મેળવવું ? કોઈક સામાન્ય અને વિશેષ ધર્મોથી યુકત લક્ષણ કરી શકાય, જેથી થોડા પ્રયત્ને મોટા મોટા શબ્દસમૂહોનો બોધ થઇ શકે. પરંતુ એ સામાન્ય વિશેષ ધર્મો યુકત લક્ષણ શું છે ? ઉત્સર્ગ (સામાન્ય નિયમ ) અને અપવાદ (એ નિયમનો અપવાદ) અર્થાત્ કોઇ નિયમ આપવો અને પછી તેનો કોઇ અપવાદ દર્શાવવો. પરંતુ સામાન્ય નિયમ કેવા પ્રકારનો કરવો અને તેનો અપવાદ કેવી જાતનો કરવો? સામાન્ય રૂપે અર્થાત્ અનેક સ્થળે લાગુ પડે તે રીતેસામાન્ય નિયમ બનાવવો જેમકે **कर्मण्यण्**।[43](૩-૨-૧), અને વિશેષ કથન દ્વારા તેનો અપવાદ કરવો, જેમકે **आतोऽनुपसर्गे कः**।(૩-૨-૩) .પદનો અર્થ તે જાતિ (આકૃતિ) કે વ્યકિત ?[44] તો (વૈયાકરણ) કહે છે, "બન્ને". તે કેવી રીતે સમજાય છે ?

---

[42] પ્રથમ બે કાળ-- આગમ અને સ્વાધ્યાય કાળ--દરમ્યાન ' આ વિદ્યાર્થી છે, બુદ્ધિશાળી છે' એ કારણે રાજા વગેરે તરફથી આદરપૂર્વક અન્નવસ્ત્રાદિ મળે છે તે ફળ, ત્રીજા તબક્કામાં પ્રતિષ્ઠા, સારો શિષ્ય મળવાથી અર્થપ્રાપ્તિ અને વિશિષ્ટ માનપાન મળે તે ફળ, જ્યારે ચોથા તબક્કામાં યજ્ઞ વગેરેનું અનુષ્ઠાન કરતી વખતે અપશબ્દનો પ્રયોગ કરવાથી આવી પડતું પ્રાયશ્ચિત ન કરવું પડે, યજ્ઞકર્મ સાંગોપાંગ થઇ શકે, દક્ષિણા મળે તેમ જ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય તે ફળ.

[43] આ સૂત્ર **धातोः**। એ અધિકાર નીચે છે તેથી તેની અહીં અનુવૃત્તિ થાય છે. કર્મ ઉપપદ હોય ત્યારે ધાતુને **अण्** પ્રત્યય લાગે છે. જેમ કે **कुम्भकारः**, **काण्डलावः** વગેરે. આ ઉત્સર્ગ સૂત્ર થયું. **आतोऽनुपसर्गे कः**। એ સૂત્રમાં **आतः** એ વિશેષણનો ઉપયોગ કર્યો છે તેથી તે અપવાદ સૂત્ર છે, કારણ કે તે **आ**-કારાન્ત ધાતુને જ (**आतः धातोः**) લાગુ પડશે. તેથી ઉપસર્ગરહિત **आ**-કારાન્ત ધાતુને કર્મ ઉપપદ હોય ત્યારે **क** પ્રત્યય લાગે છે જેમ કે **गोदः**,**धर्मज्ञः** વગેરે .

[44] આચાર્યોમાં મતભેદ છે તેથી આ પ્રકારનો સંદેહ થયો છે. વાજપ્યાયન આકૃતિને પદાર્થ માને છે , જ્યારે વ્યાડિ દ્રવ્યને પદાર્થ માને છે. [આ બે મતની ચર્ચા માટે જુઓ: ભર્તૃ.પૃ.૨૨ અને અષ્ટા.સૂ. (૧-૨-૬૪) ઉપર મહા.ભા.] પરંતુ આચાર્ય પાણિનિ-એ જાતિ અને દ્રવ્ય બન્ને અર્થ સ્વીકારીને સૂત્ર રચ્યાં છે. જાતિવાચક નામનો પ્રયોગ કર્યો હોય ત્યાં દ્રવ્ય એક હોવા છતાં **जात्याख्यायाम्०** વગેરે પ્રમાણે વિકલ્પે બહુવચનનો પ્રયોગ થાય છે.જેમ કે **सम्पन्नः यवः**। અને **सम्पन्नाः यवाः**। આ સૂત્રમાં જાતિ પદાર્થ છે એમ સૂત્રકારે સ્વીકાર્યું છે.(**जातिर्नामायमेकोऽर्थः तदभिधाने एकत्वमेव प्राप्तमतः इदमुच्यते**।(કા.ભા.૧ . પૃ.૩૬૫). જો પદનો અર્થ વ્યક્તિ લેવામાં આવતો હોય તો યવ ઘણા હોવાથી **बहुषु बहुवचनम्**। પ્રમાણે બહુવચન થશે જ અને પ્રસ્તુત સૂત્ર નિરર્થક જશે. તેથી આ સૂત્રનો સૂત્રકારે આરંભ કર્યો છે. તેના આધારે જ સમજાય છે કે પદનો અર્થ જાતિ છે એમ તેમણે તે સ્વીકાર્યું છે. જાતિ એટલે આકૃતિ જે દ્વારા વ્યક્તિનું નિરૂપણ થાય છે (જુઓ: **जातिमेवाकृतिं प्राहुर्व्यक्तिराक्रियते यया**। શ્લો. વા.આ. વા.૩), કારણ કે યવમાં જે યવત્વ છે તે એક છે તે જ એક યવત્વ અહીં વિવક્ષિત છે અને તે એક હોવાથી એકવચન પ્રાપ્ત થાય છે. અહીં બહુવચન થાય તે ઈષ્ટ છે તેથી સૂત્રદ્વારા યત્ન કરીને તે સિદ્ધ કર્યુ છે, કારણ કે ખાસ યત્ન વિના બહુવચન સિદ્ધ ન થઇ શકે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उभयथा ह्याचार्येण सूत्राणि पठितानि। आकृतिं पदार्थं मत्वा-जात्याख्यायामेकस्मिन्बहुवचनमन्यतरस्याम्॥ इत्युच्यते। द्रव्यं पदार्थं मत्वा सरूपाणाम्०॥ इत्येकशेष आरभ्यते।

किं पुनर्नित्यः शब्दः आहोस्वित्कार्यः। संग्रह एतत्प्राधान्येन परीक्षितम्- नित्यो वा स्यात्कार्यो वेति। तत्रोक्ता दोषाः प्रयोजनान्यप्युक्तानि। तत्र त्वेष निर्णयः- यद्येव नित्योऽथापि कार्यः उभयथापि लक्षणं प्रवर्त्यमिति।

કારણ છે (પાણિનિ) એ બન્ને રીતે સૂત્રોનો પાઠ કર્યો છે. જાતિને પદનો અર્થ માનીને जात्याख्यायामेकस्मिन्बहुवचनमन्यतरस्याम्। એમ કહ્યું છે. જ્યારે વ્યકિત (દ્રવ્ય) ને અર્થ માનીને सरूपाणामेकशेषः।[45] એ સૂત્ર દ્વારા એકશેષનો પ્રસ્તાવ કર્યો છે.

પણ શબ્દ નિત્ય છે કે અનિત્ય (કાર્ય) ?[46] શબ્દ નિત્ય છે કે કાર્ય એ બાબત અગત્યપૂર્વક વિચારણા (વ્યાડિના) સંગ્રહમાં[47] કરવામાં આવી છે. ત્યાં (બન્નેપક્ષે આવતા) દોષો નિરૂપ્યા છે અને તે (સ્વીકારવા)નાં પ્રયોજન પણ કહ્યાં છે અને તેમાં આ પ્રમાણે નિર્ણય કર્યો કે શબ્દ નિત્ય હોય કે અનિત્ય પણ, બન્ને રીતે લક્ષણ (શાસ્ત્રનો) આરંભ કરવો જ જોઇએ.

कथं पुनरिदं भगवतः पाणिनेराचार्यस्य लक्षणं प्रवृत्तम्।

सिद्धे शब्दार्थसम्बन्धे॥१॥

सिद्धे शब्देऽर्थे सम्बन्धे चेति। अथ सिद्धशब्दस्य कः पदार्थः। नित्यपर्यायवाची सिद्धशब्दः। कथं ज्ञायते। यत्कूटस्थेष्वविचालिषु भावेषु वर्तते। तद्यथा सिद्धा द्यौः सिद्धा पृथिवी सिद्धमाकाशमिति। ननु च भोः कार्येष्वपि वर्तते। तथा- सिद्ध ओदनः सिद्धः सूपः सिद्धा यवागूरिति। यावता कार्येष्वपि वर्तते तत्र कुत एतन्नित्यपर्यायवाचिनो ग्रहणं न पुनः कार्ये यः सिद्धशब्द इति।

---

[45] સમાન સ્વરૂપવાળા શબ્દો પછી એક જ વિભક્તિ આવેલી હોય તો તેમાંથી એક જ બાકી રહે છે અને બાકીનાની નિવૃત્તિ થાય છે,જેમ કે वृक्षश्च वृक्षश्च वृक्षश्च वृक्षाः। અહીં વ્યક્તિ અથવા દવ્ય પદાર્થ છે તે વાતને લક્ષમાં રાખીને સૂત્રકારે નિયમ કર્યો છે.(द्रव्यं पदार्थ इत्येतद्दर्शनमाश्रीत्याह- प्रत्यर्थं शब्दनिवेशान्नैकेनानेकस्याभिधानम्। (કા.ન્યા.ભા.૧ પૃ.૩૩૭) જો વ્યક્તિ જ પદાર્થ હોત તો સૂત્રકારે जात्याख्या० એ સૂત્ર ન કર્યુ હોત અને જો જાતિ જ પદાર્થ હોત તો તેઓ सरूप० સૂત્રનો આરંભ ન કરત. પરંતુ પાણિનિએ બન્ને સૂત્રો રચ્યાં છે તેથી સમજાય છે કે તેમને મતે પદના , જાતિ અને વ્યક્તિ, એ ઉભય અર્થ સ્વીકાર્ય છે. તેથી જ सरूप० સૂત્ર ઉપર પતંજલિ કહે છે न ह्याकृतिपदार्थकस्य द्रव्यं न पदार्थः। ટૂંકમાં કેટલાક જાતિને પદાર્થમાને છે, તો કેટલાક વ્યક્તિને ,પરંતુ સૂત્રકાર તો ઉપલબ્ધ પ્રયોગોને ધ્યાનમાં રાખીને આ બન્ને પક્ષ સ્વીકારે છે (क्वचिज्जातिः क्वचिद्व्यक्तिः पाणिनेस्तूभयं मतम्।) કારણ કે વ્યાકરણ તો સર્વ શાસ્ત્રોનું સહાયક હોવાથી બન્ને મત સ્વીકારે તેમાં કોઇ બાધ નથી (व्याकरणस्य तु सर्वपार्षदत्वान्मतद्वयाभ्युपगमे न कश्चिद्विरोधः। ભર્તૃ.પૃ. ૨૨-૨૩)

[46] કાર્ય એટલે કૃતક, જે ઉત્પન્ન થયું છે તે અને જે ઉત્પન્ન થાય તે અનિત્ય જ હોય. તેથી કાર્ય એટલે અનિત્ય. શબ્દ નિત્ય છે કે કાર્ય તે બાબતમાં પણ મતભેદ છે. મીમાંસકો શબ્દને નિત્ય માને છે પણ ન્યાય-વૈશેષિક પ્રમાણે તે અનિત્ય છે. [જુઓ ભર્તૃ. પૃ. ૨૪ , મી.સૂ.૧-૧-૬અધિ,૬, (અહીં શબ્દનું નિત્યત્વ દલીલ કરીને સ્થાપિત કર્યુ છે) તથા ૧-૧-૧૮] શબ્દ નિત્ય છે કે અનિત્ય એ પ્રશ્ન પૂછવાની પાછળ હેતુ એ છે શબ્દ નિત્ય હોય તો પછી વ્યાકરણ શાસ્ત્ર નિરર્થક બને. તેથી નાગેશ કહે છે કે નિત્યાનિત્યની ચર્ચા નિષ્ફળ છે , કારણ કે શબ્દના સાધુત્વના જ્ઞાન માટે બન્ને રીતે, તે નિત્ય હોય કે અનિત્ય, શબ્દાનુશાસન કરનાર વ્યાકરણશાસ્ત્ર આવશ્યક છે.

[47] પ્રાચીન વૈયાકરણ વ્યાડિરચિત ગ્રન્થનો અહીં ઉલ્લેખ છે. એક લાખ શ્લોક સંખ્યાવળા આ ગ્રન્થમાં ચૌદ હજાર વસ્તુઓની ચર્ચા કરેલી હતી . શાસ્ત્રાનુસાર શબ્દપ્રયોગથી કલ્યાણ થાય છે તેમ આમાં કહ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

संग्रहे तावत्कार्यप्रतिद्वन्द्विभावान्मन्यामहे नित्यपर्यायवाचिनो ग्रहणमिति। इहापि तदेव॥ अथवा सन्त्येकपदान्यप्यवधारणानि। तद्यथा अब्भक्षो वायुभक्ष इति। अप एव भक्षयति वायुमेव भक्षयतीति गम्यते। एवमिहापि सिद्ध एव न साध्यः इति।

ભગવાન પાણિનિએ આ વ્યાકરણ શાસ્ત્રનો પ્રારંભ કેવી રીતે[48] કર્યો?
શબ્દાર્થસંબંધ સિદ્ધ થતાં. ॥ ૧ ॥[49]
શબ્દ, અર્થ અને (તેમનો) સંબંધ સિદ્ધ થતાં. પણ સિદ્ધ શબ્દનો અર્થ શો છે ? સિદ્ધ શબ્દ નિત્યનો સમાનાર્થક છે. તે કેમ જાણ્યું ? કારણકે (સિદ્ધ શબ્દ) ફૂટસ્થ (નિત્ય) અર્થાત્ અચલ (વિચલિત ન થનાર)[50] પદાર્થો માટે વપરાય છે. જેમ કે સ્વર્ગ સિદ્ધ છે, પૃથ્વી સિદ્ધ છે, આકાશ સિદ્ધ છે. અરે પણ અમે કહીએ છીએ કે સિદ્ધ શબ્દ તો અનિત્ય (કાર્ય) પદાર્થો માટે પણ પ્રયોજાય છે. જેમ કે **सिद्ध ओदनः**। (ભાત તૈયાર થયો) , **असिद्धः सूपः**। (દાળ તૈયાર થઇ), **सिद्धा यवागूः**। (ઘેંશ તૈયાર થઇ) . આમ સિદ્ધ શબ્દ કાર્ય (અનિત્ય) ના અર્થમાં પણ છે. તો પછી નિત્યના પર્યાયવાચીને લેવામાં આવે છે પણ અનિત્યના અર્થમાં જે સિદ્ધ શબ્દ છે તેનું ગ્રહણ કરવામાં આવતું નથી એ કેવી રીતે ?
(વ્યાડિના) સંગ્રહમાં તો સિદ્ધ શબ્દ અનિત્ય (કાર્ય) ના વિરોધી રૂપે[51] હોવાથી અમને લાગે છે કે નિત્યનો પર્યાયવાચી (સિદ્ધ શબ્દ) લેવામાં આવ્યો છે. એમ અહીં પણ (નિત્ય પર્યાયવાચી સિદ્ધ શબ્દનું ગ્રહણ કરવું જોઇએ).અથવા તો એક પદ વ્દારા પણ નિશ્ચિત (અર્થનું) જ્ઞાન થઇ શકે છે. જેમ કે **अब्भक्षः वायुभक्षः** (અહીં )[52] માત્ર પાણી જ લે છે ,માત્ર વાયુ જ લે છે, એમ સમજાય છે. તેમ અહીં પણ છે. તેથી સિદ્ધ એટલે માત્ર નિત્ય, જે સાધ્ય (અનિત્ય) છે તે નહીં.

अथवा पूर्वपदलोपोऽत्र द्रष्टव्यः-अत्यन्तसिद्धः सिद्धः इति। तद्यथा- देवदत्तो दत्तः सत्यभामा भामेति। अथवा व्याख्यानतो विशेष प्रतिपत्तिर्न हि संदेहादलक्षणम्।इति नित्यपर्यायवाचिनो ग्रहणमिति व्याख्यास्यामः। किं पुनरनेन वर्ण्येन। किं न महता कण्ठेन नित्यशब्द एवोपात्त यस्मिन्नुपादीयमानेऽसंदेहः स्यात्। मङ्गलार्थम्। माङ्गलिक आचार्यो महतः शास्त्रौघस्य मङ्गलार्थं सिद्धशब्दमादितः प्रयुङ्क्ते। मङ्गलादीनि हि शास्त्राणि प्रथन्ते वीरपुरुषकाणि च भवन्ति आयुष्मत्पुरुषकाणि चाध्येतारश्च सिद्धार्थाः यथा स्युरिति। अयं खल्वपि नित्यशब्दो नावश्यं कूटस्थेष्वविचालिषु भावेषु वर्तते। किं तर्हि। आभीक्ष्ण्येऽपि वर्तते। तद्यथा-

---

[48] પાણિનિ શબ્દાર્થસંબંધના સર્જક છે કે માત્ર તેના સ્મર્તા છે એટલે કે તેમનું શાસ્ત્ર અપૂર્વ શબ્દોને ઉત્પન્ન કરી તેમનો વિશિષ્ટ અર્થ સાથે સંબંધ જોડે છે કે પૂર્વે સિદ્ધ થએલા શબ્દ અને અર્થના સંબંધ માત્રનો બોધ કરાવે છે ?

[49] કાત્યાયનની વાર્તિકનો આરંભ અહીંથી થાય છે. **अथ शब्दानुशासनम्**। થી લઇને પ્રયોજન પ્રદર્શન વગેરે બધો જ ગ્રન્થ ભાષ્યકારનો છે. તેના ઉપરનું સ્વપદવ્યાખ્યાન પણ તેમનું જ છે. તેથી જ **मङ्गलार्थम्** । એમ કહીને સૂચવ્યું છે કે **सिद्ध** શબ્દ મંગળ માટે મૂક્યો છે . (જુઓ : **नित्याः शब्दार्थसम्बन्धास्तत्राम्नाता महर्षिभिः॥ सूत्राणामनुतन्त्राणां भाष्याणां च प्रणेतृभिः॥** વા.પ.બ્ર.૨૩)

[50] ત્રણે કાળમાં એક રૂપ રહે તે ફૂટસ્થ (**एकरूपतया तु यः। कालव्यापी**।) . ફૂટ એટલે નિશ્ચળ રાશિ-ભંડોળ, (**कूटोऽस्त्री निश्चले राशौ**। મે.) જેમાંથી વ્યય ન કરવાનો હોય તે, જેમકે **कूटस्थं राशिं कुरु**। અર્થાત્ તે ભંડોળમાંથી વ્યય કરવાનો નથી. ફૂટ એટલે લોખંડનો ઘણ અથવા એરણ. તેમની સાથે જે વસ્તુઓનો સંસર્ગ થાય છે તેમનો નાશ થવા છતાં ઘણ કે એરણ નષ્ટ થતાં નથી તેમ જે નષ્ટ ન થાય તે ફૂટસ્થ. તેની સ્પષ્ટતા કરતાં ભાષ્યકારે **अविचाली** શબ્દ પ્રયોજ્યો છે. **विचाल** એટલે અન્ય સ્થળે જવું અથવા તો વિપરિણામ- દૂધમાંથી દહીં થાય તેમ રૂપાન્તર પામવું. તેથી જેમાં ફેરફાર ન થાય તે ફૂટસ્થ. .

[51] કાર્યને પ્રાગભાવ (=ઉત્પત્તિ પૂર્વેનો અભાવ ) અને પ્રધ્વંસાભાવ (=નાશ થયા પછીનો અભાવ) હોય છે. તેથી કાર્ય એટલે અનિત્ય, પરંતુ જે કાર્યનું વિરોધી (પ્રતિદ્વન્દ્વી) છે એટલે કે જેને પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવની અવસ્થા નથી તે નિત્ય.

[52] **अप एव (भक्षयति)**। **वायुमेव (भक्षयति)** । એમ અવધારણવાચક **एव** નો પ્રયોગ ન કરતાં માત્ર **अब्भक्षः वायुभक्षः** એમ કહ્યું છે તેમાં **अप्** અને **वायु** એ એક જ પદથી અવધારણ થાય છે. (જુઓ : **अब्भक्षान्वायुभक्षांश्च शीर्णपर्णाशनान्मुनीन्**। મહા.આદિ. ૭૪)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**नित्यप्रहसितो नित्यजल्पित इति। यावताभीक्ष्ण्येऽपि वर्तते तत्राप्यनेनैवार्थः स्यात्- व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि सन्देहादलक्षणम्। इति।**

અથવા તો જેમ **देवदत्त** ને બદલે **दत्त**, **सत्यभामा** ને બદલે **भामा** (કહેવામાં આવે છે)[53] તેમ અહીં પૂર્વપદનો લોપ જાણવો તેથી સિદ્ધ એટલે અત્યંત સિદ્ધ અથવા તો 'અહીં નિત્યના પર્યાયવાચીનું ગ્રહણ કરવાનું છે' એમ અમે સ્પષ્ટ કરવાના છીએ. કારણકે વ્યાખ્યાન વ્દારા જ[54] વિશિષ્ટ અર્થનો બોધ થાય છે. (નિશ્ચિત અર્થ વિશે) સંશય થાય તેથી (વ્યાકરણ) શાસ્ત્ર નિરર્થક બનતું નથી. આમ પ્રયત્નપૂર્વક વ્યાખ્યાન કર્યાનો શો અર્થ છે? (વાર્તિકકારે) સ્પષ્ટરીતે[55] નિત્ય શબ્દ જ કેમ ન મૂક્યો, કે જે મૂકવાથી સંદેહ રહે જ નહીં. મંગળ (કલ્યાણ) માટે. મંગળની કામનાવાળા[56] આચાર્ય વ્યાકરણશાસ્ત્રના મહાન ગ્રંથના પ્રારંભમાં જ સિદ્ધ શબ્દનો ઉપયોગ કરે છે, કારણકે જે શાસ્ત્રનો પ્રારંભ મંગળથી જ થાય છે તે પ્રસિદ્ધ થાય છે, પુરુષને વીર બનાવે છે, દીર્ઘાયુષી બનાવે છે અને તેથી અધ્યયન કરનારાઓની સર્વ કામના પૂર્ણ થાય છે. પણ હકિકતમાં તો આ નિત્ય શબ્દ પણ કૂટસ્થ (વિકારરહિત) એવા અચલ પદાર્થોના અર્થમાં હંમેશા (પ્રયોજાતો) નથી. તો પછી બીજા કયા અર્થમાં છે? 'ફરી ફરીને' એ અર્થમાં[57] પણ (નિત્ય શબ્દ) છે. જેમ કે **नित्यप्रहसितः** (વારંવાર હસતો) , **नित्यप्रजल्पितः** (વારંવાર બકવાદ કરતો) વગેરે. આમ નિત્ય શબ્દ આભીક્ષ્ણ્યના અર્થમાં પણ પ્રયોજાય છે તેથી તેનો અર્થ પણ "વ્યાખ્યાન દ્વારા વિશિષ્ટાર્થનો બોધ થાય છે. સંદેહ થાય તેથી શાસ્ત્ર નિરર્થક બનતું નથી" એ ન્યાયને આધારે જ થશે.

**पश्यति त्वाचार्यो मङ्गलार्थश्चैव सिद्धशब्द आदित प्रयुक्तो भविष्यति शक्ष्यामि चैनं नित्यपर्यायवाचिनं वर्णयितुमिति। अतः सिद्धशब्द एवोपात्तो न नित्यशब्दः। अथ कं पुनः पदार्थं मत्वैष विग्रहः क्रियते- सिद्धे शब्देऽर्थे सम्बन्धे चेति। आकृतिमित्याह। कुत एतत्। आकृतिर्हि नित्या द्रव्यमनित्यम्। अथ द्रव्ये पदार्थे कथं विग्रहः कर्तव्यः। सिद्धे शब्देऽर्थसम्बन्धे चेति। नित्यो ह्यर्थवतामर्थैरभिसम्बन्धः। अथवा द्रव्य एव पदार्थे एष विग्रहो न्याय्यः- सिद्धे शब्दे अर्थे सम्बन्धे चेति। द्रव्यं हि नित्यमाकृतिरनित्या। कथं ज्ञायते। एवं हि दृश्यते लोके मृत् कयाचिदाकृत्या युक्ता पिण्डो भवति। पिण्डाकृतिमुपमृद्य घटिकाः क्रियन्ते। घटिकाकृतिमुमृद्य कुण्डिकाः क्रियन्ते। तथा सुवर्णं कयाचिदाकृत्या युक्तं पिण्डो भवति। पिण्डाकृतिमुपमृद्य रुचकाः क्रियन्ते। रुचकाकृतिमुमृद्य कटकाः क्रियन्ते। कटकाकृतिमुपमृद्य स्वस्तिकाः क्रियन्ते। पुनरावृत्तः सुवर्णपिण्डः पुनरपरयाकृत्या युक्तः खदिराङ्गारसवर्णे कुण्डले भवतः। आकृतिरन्या चान्या च भवति द्रव्यं पुनस्तदेव। आकृत्युपमर्देन द्रव्यमेवावशिष्यते॥ आकृतावपि**

---

[53] · **नामग्रहणे नामैकग्रहणम्।** આખું નામ લેવાને બદલે તેના એક ભાગનું ઉચ્ચારણ કરવું' એ ન્યાયે કોઇ વાર માત્ર શરૂઆતનો ભાગ (જેમ કે ભીમસેનને બદલે ભીમ ), કોઈ વાર માત્ર પાછળનો ભાગ (જેમ કે દેવદત્તને ન કહેતાં દત્ત અથવા સત્યભામા ન કહેતાં ભામા) કહેવામાં આવે છે.તેમ અહીં અત્યન્તસિદ્ધને બદલે સિદ્ધ શબ્દ મૂક્યો છે.

[54] **व्याख्यान** એટલે શાસ્ત્રકારેએ કરેલ સ્પષ્ટીકરણ.વ્યાડિના સંગ્રહમાં શબ્દાર્થસંબંધના નિત્યત્વનો નિર્ણય વૃદ્ધવ્યવહાર ઉપરથી કરવામાં આવ્યો છે તેથી જ વ્યાખ્યાનને આધારે સિદ્ધ શબ્દને નિત્યનો પર્યાય જ ગણવો જોઇએ. આમ સિદ્ધ એટલે સર્વકાલ સિદ્ધ એમ સમજાશે.

[55] **महता कण्ठेन** અર્થાત્ ગળું ફાડીને, માટે અવાજે, સ્પષ્ટ રીતે. એ વ્દારા સૂચવાય છે કે કોઈ દોષરહિત વાક્યો બોલે તો મોટેથી બોલે , પણ દોષયુક્ત વાક્ય ધીમેથી, દબાયેલા અવાજે બોલે છે.

[56] **माङ्गलिकः**=નિન્દાને પાત્ર ન હોય તેવું વાંછિત કાર્ય તે મંગળ. એવા મંગળની કામનાવાળા,અર્થાત્ અધ્યયન કરનાર અને કરાવનારનું સાર્વત્રિક કલ્યાણ એટલે કે તેમનું અધ્યયન- અધ્યાપનનું કાર્ય અવિચ્છિન્ન રીતે ચાલે અને નિર્વિઘ્ને પાર પડે તેમ જ શ્રોતાઓ અન્ય કોઇથી પરાજય ન પામે તેમ ઇચ્છતા આચાર્ય કાત્યાયન (વરરુચિ). **महतो शास्त्रौघस्य** એ શબ્દોવ્દારા આ વ્યાકરણ શાસ્ત્ર કેવું દુસ્તર છે તે સૂચવાય છે.

[57] ક્રિયાપદના પ્રયોગ વિના પણ **नित्य** શબ્દ આભીક્ષ્ણના ('ફરી ફરીને' એ) અર્થમાં પ્રયોજાય છે.**आश्चर्यमनित्ये।** એ સૂત્રમાં **अनित्य** શબ્દ 'વારંવાર ન થનાર' એ અર્થમાં છે. **नित्यवीप्सयोः।** એ સૂત્રમાં **नित्य** શબ્દ વારંવારના અર્થમાં છે (જુઓ : **आभीक्ष्ण्यमिह नित्यता।** (કા.પૃ. ૬૯૪)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**पदार्थ एष विग्रहो न्याय्यः - सिद्धे शब्दे अर्थे सम्बन्धे चेति। ननु चोक्तमाकृतिरनित्येति। नैतदस्ति नित्याकृतिः। कथम्। न क्वचिदुपरतेति कृत्वा सर्वत्रोपरता भवति द्रव्यान्तरस्था तूपलभ्यते॥ अथवा नेदमेव नित्यलक्षणम् - ध्रुवं कूटस्थमविचाल्यनपायोपजनविकार्यनुत्पत्त्यवृद्ध्यव्ययोगि तन्नित्यमिति। तदपि नित्यं यस्मिंस्तत्त्वं न विहन्यते।**

પરંતુ આચાર્યને ખ્યાલ છે કે માંગલ્યના અર્થવાળો સિદ્ધ શબ્દ શરૂઆતમાં પ્રયોજાશે તો જ હું તેને નિત્યના પર્યાયવાચી તરીકે સમજાવી શકીશ. આથી જ તેમણે **नित्य** શબ્દ ન મૂકતાં **सिद्ध** શબ્દ મૂક્યો છે.

(જાતિ અને વ્યક્તિ એ બેમાંથી) પદનો કયો અર્થ લઇને **'सिद्धे शब्देऽर्थे सम्बन्धे च'** એમ વિગ્રહ કર્યો છે? તો (વૈયાકરણ) કહે છે, "(પદનો અર્થ) જાતિ (લઇને વિગ્રહ કર્યો છે). "એ શા ઉપરથી?" કારણકે જાતિ નિત્ય છે જયારે વ્યક્તિ (દ્રવ્ય) અનિત્ય છે. પરન્તુ જો વ્યક્તિ (દ્રવ્ય) પદાર્થ હોય તો વિગ્રહ કેવી રીતે કરવો? **सिद्धे शब्देऽर्थसम्बन्धे च** એમ (વિગ્રહ) થશે, કારણકે અર્થયુક્ત (શબ્દો) નો (તેમના) અર્થ સાથેનો પરસ્પર સંબંધ નિત્ય[58] છે; અથવા વ્યક્તિ (દ્રવ્ય) જ પદનો અર્થ હોય તો પણ **'सिद्धे शब्देऽर्थे सम्बन्धे च'** એ વિગ્રહ યોગ્ય છે કારણ કે દ્રવ્ય નિત્ય છે અને જાતિ અનિત્ય છે. તે કેવી રીતે સમજાય છે? કારણ કે સંસારમાં આ પ્રમાણે જ જોવામાં આવે છે કે અમુક આકૃતિથી[59] યુક્ત મૃત્તિકા જ પિંડરૂપ બને છે. પિંડની આકૃતિ ભાગીને નાના ઘડા બનાવવામાં આવે છે અને નાના ઘડાની આકૃતિ ભાગીને કુંડીઓ બનાવવામાં આવે છે. તે જ રીતે અમુક આકૃતિવાળું બનતાં સુવર્ણ પિંડરૂપ બને છે. પિંડની આકૃતિ ભાગીને હાંસડી બનાવવામાં આવે છે અને હાંસડીનો આકાર ભાગીને કંકણ બનાવવામાં આવે છે. કંકણનો આકાર તોડીને સ્વસ્તિક બનાવવામાં આવે છે. ફરી પાછો પિંડરૂપ બનેલો સુવર્ણનો ગોળો જુદા આકાર ધારણ કરીને ખેરના અંગારા જેવાં બે રક્તવર્ણાં કુંડળ (રૂપ) બને છે. (આમ) આકાર જુદા જુદા થાય છે પણ દ્રવ્ય તો એ જ રહે છે. આકૃતિનો નાશ થયા પછી દ્રવ્ય જ બાકી રહે છે. પદનો અર્થ આકૃતિને ગણો તો પણ **'सिद्धे शब्देऽर्थे सम्बन्धे च'** (અર્થાત્ શબ્દ, અર્થ અને સંબંધ સિદ્ધ એટલે કે નિત્ય હોય તો) એ વિગ્રહ જ યોગ્ય છે. (શંકા) પણ 'આકૃતિ અનિત્ય છે.'એમ તમે કહ્યું ને! (જ.) તેમ નથી.આકૃતિ નિત્ય છે. કેવી રીતે? (એ રીતે કે) કોઇ એક સ્થળે આકૃતિ અદૃશ્ય થાય માટે સર્વત્ર અદૃશ્ય બનતી નથી કારણ કે તે અન્ય દ્રવ્યમાં રહેલી જોવામાં આવે છે. અથવા' ધ્રુવ (અર્થાત્ સ્થિર), કૂટસ્થ અર્થાત્ ફેરફાર રહિત, અચળ,નાશ, વૃદ્ધિ વગેરે વિકારરહિત એટલે કે જેને ઉત્પત્તિ, વૃદ્ધિ કે નાશનો પ્રસંગ નથી તે નિત્ય' એ નિત્યનું લક્ષણ નથી.[60] જેમાં તત્ત્વનો સાવ નાશ ન થાય તે પણ નિત્ય છે.

**किं पुनस्तत्त्वम्। तस्य भावः तत्त्वम्। आकृतावपि तत्त्वं न विहन्यते॥ अथवा किं न एतेन- इदं नित्यमिदमनित्यम् इति। यन्नित्यं तं पदार्थं मत्वैष विग्रहः क्रियते - सिद्धे शब्देऽर्थे सम्बन्धे चेति॥**

**कथं पुनर्ज्ञायते- सिद्धः शब्दोऽर्थः सम्बन्धश्चेति। लोकतः। यल्लोकेऽर्थमर्थमुपादाय शब्दान्प्रयुञ्जते नैषां निर्वृतौ यत्नं कुर्वन्ति। ये पुनः कार्या भावा निर्वृतौ तावत्तेषां यत्नः क्रियते। तद्यथा। घटेन कार्यं करिष्यन्कुम्भकारकुलं गत्वाऽऽह-कुरु घटं कार्यमनेन**

---

[58] **શબ્દ** નિત્ય છે પણ અર્થ અનિત્ય છે તો પછી તે બેનો સંબંધ કેવી રીતે હોઇ શકે તેવી શંકા થઇ શકે.પરંતુ સમવાયી (જેમની વચ્ચે સમવાય સંબંધ હોય તે, જેમ કે તંતુ અને પટ) નિત્ય હોય કે અનિત્ય હોય પણ તેમની વચ્ચેનો સમવાય એ સંબંધ નિત્ય છે. તેમ આ સંબંધ પણ નિત્ય હોઇ શકે.

[59] અહીં **आकृतिः संस्थानम्।प्र०** એટલે કે આકાર.

[60] નિત્ય બે કારણે હોઇ શકે: (૧) ત્રણ પ્રકારની અનિત્યતારહિત હોય તે નિત્ય, અને (૨) છ પ્રકારના ભાવવિકારશૂન્ય હોય તે પણ નિત્ય.સંસર્ગાનિત્યતા, પરિણામાનિત્યતા અને પ્રધ્વંસાનિત્યતા એ અનિત્યતાના ત્રણ પ્રકાર છે. ભાષ્યકારે ધ્રુવ શબ્દનો પ્રયોગ કરીને સંસર્ગાનિત્યતાનો પરિહાર કર્યો છે. સ્ફટિકને લાખમાં જડવામાં આવે ત્યારે તેમાં લાખની લાલાશનો આભાસ થાય છે અને લાખ દૂર કરતાં લાલાશ જતી રહે છે અને તેનો મૂળ રંગ પ્રકાશે છે તે સંસર્ગાનિત્યતા. અવિચાલી એમ કહીને પરિણામાનિત્યતાનો નિરાસ કર્યો છે. શ્યામવર્ણું કાચું બોર પાકી જતાં રક્તવર્ણું બને છે તે પરિણામાનિત્યતા. અનપાય શબ્દ દ્વારા પ્રધ્વંસાભાવનો નિરાસ કર્યો છે.સંપૂર્ણ વિનાશ તે પ્રધ્વંસાનિત્યતા. જન્મ, સત્તા, વૃદ્ધિ, પરિણામ, અપચય અને વિનાશ એ છ ભાવવિકારો નિરુક્તકારે ગણાવ્યા છે તેમનો પણ અહીં નિષેધ કરવામાં આવ્યો છે. તેમાં અનુત્પત્તિ દ્વારા જન્મ અને સત્તાનો, અવૃદ્ધિ દ્વારા વૃદ્ધિનો, અનુપજન દ્વારા પરિણામનો,અનપાય દ્વારા અપચયનો અને અવ્યય દ્વારા વિનાશનો પરિહાર કર્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

करिष्यामीति। न तद्वच्छब्दान् प्रयोक्ष्यमाणो वैयाकरणकुलं गत्वाऽऽह- कुरु शब्दान् प्रयोक्ष्य इति। तावत्येवार्थमुपादाय शब्दान्प्रयुञ्जते। यदि तर्हि लोक एषु प्रमाणं किं शास्त्रेण।

**लोकतोऽर्थप्रयुक्ते शब्दप्रयोगे शास्त्रेण धर्मनियमः॥**

આ તત્ત્વ વળી શું છે ? વસ્તુનું પોતાનું સ્વરૂપ એટલે તત્ત્વ. વિવિધ આકૃતિમાં પણ તત્ત્વનો અર્થાત્ સ્વભાવ કે સ્વરૂપનો સમૂળગો નાશ થતો નથી. અથવા એક નિત્ય છે અને બીજું અનિત્ય છે એવી ચર્ચાનો શો અર્થ છે ? જે નિત્ય છે તેને જ પદનો અર્થ[61] માનીને '**सिद्धे शब्देऽर्थे सम्बन्धे च**' એ વિગ્રહ કરવામાં આવે છે.

શબ્દ,અર્થ, અને તેમનો સંબંધ નિત્ય છે એમ શા ઉપરથી સમજાય છે? (ઉ) લોકવ્યવહાર ઉપરથી. જગતમાં (લોકો)જુદા જુદા અર્થનો ખ્યાલ રાખીને શબ્દો પ્રયોજે છે ત્યારે તે શબ્દોને બનાવવા માટે પ્રયત્ન કરતા નથી, પરંતુ જે અનિત્ય (કાર્ય) પદાર્થો[62] છે તેમને ઉત્પન્ન કરવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. દા.ત. જેને ઘડાનું કામ પડ્યું હોય તે કુંભારવાડે જઇને કહે છે," ઘડો બનાવ. મારે તેને કામમાં લેવો છે." તે રીતે શબ્દોનો પ્રયોગ કરનાર માણસ વૈયાકરણને ઘેર જઇને કહેતો નથી, "શબ્દો બનાવ, હું તેમનો પ્રયોગ કરીશ". (પરન્તુ) તેમ કર્યા વિના જ તે તે અર્થ મનમાંરાખીને શબ્દો પ્રયોજે છે. જો આ (શબ્દોની) બાબતમાં લોકવ્યવહાર પ્રમાણભૂત હોય તો (પછી) વ્યાકરણ શાસ્ત્ર શું કરે છે?[63]

લોકવ્યવહાર ઉપરથી વિશિષ્ટ અર્થ પ્રમાણે[64] શબ્દનો પ્રયોગ થાય છે તેમાં (વ્યાકરણ) શાસ્ત્ર ધર્મનિયમ કરે છે.

लोकतोऽर्थप्रयुक्ते शब्दप्रयोगे शास्त्रेण धर्मनियमः क्रियते। किमिदं धर्मनियम इति। धर्माय नियमो धर्मनियमः। धर्मार्थो वा नियमो धर्मनियमः। धर्मप्रयोजनो वा नियमो धर्मनियमः॥

**यथा लौकिकवैदिकेषु॥१॥**

प्रियतद्धिता दाक्षिणात्या लोके वेदे च इति प्रयोक्तव्ये यथा लौकिकवैदिकेषु इति प्रयुञ्जते। अथवा युक्त एवात्र तद्धितार्थः। यथा लौकिकेषु वैदिकेषु च कृतान्तेषु। लोके तावद् अभक्ष्यो ग्रामकुक्कुटोऽभक्ष्यो ग्रामशूकरः इत्युच्यते। भक्ष्यं च नाम क्षुत्प्रतीघातार्थमुपादीयते। शक्यं चानेन श्वमांसादिभिरपि क्षुत्प्रतिहन्तुम्। तत्र नियमः क्रियते- इदं भक्ष्यमिदमभक्ष्यम् इति। तथा खेदात् स्त्रीषु

---

[61] વ્યક્તિ, જાતિ અને આકૃતિમાં જે નિત્ય હોય તે જ પદાર્થ. જ્યારે જ્યારે શબ્દ ઉચ્ચારવામાં આવે છે ત્યારે ત્યારે અર્થના આકારનો ખ્યાલ આવે છે. આમ પ્રવાહનિત્યતાને કારણે અર્થ નિત્ય છે તેમ કહી શકાય

[62] અનિત્ય વસ્તુઓની બાબતમાં લોકોનો જેવો વ્યવહાર હોય છે તેવો નિત્ય વસ્તુઓની બાબતમાં નથી હોતો. શબ્દને લગતો વ્યવહાર અનાદિ-- વૃદ્ધ વ્યવહાર- પરંપરાપૂર્વકનો છે તેથી શબ્દ નિત્ય છે. જ્યારે ઘટ વગેરે અનિત્ય પદાર્થો તો તેમનો જેમણે ઉપયોગ કરવાનો હોય તેઓ બીજેથી ઘટ વગેરે લઇ આવે છે અને તે ઘટ વગેરેને ઉત્પત્તિ તેમ જ નાશ હોય છે તે દેખીતું છે જ્યારે શબ્દ વગેરે તે રીતે અન્ય સ્થળેથી લઇ આવવામાં આવતા નથી અને તે ઉત્પત્તિ-વિનાશ યુક્ત નથી.

[63] જે અન્ય સ્રોતથી પ્રાપ્ત ન હોય તેવી બાબતમાં શાસ્ત્ર સાર્થક થાય છે (**अप्राप्ते शास्त्रमर्थवत्।**) એ ન્યાયે લોક વ્દારા શબ્દજ્ઞાન થતું હોય તો શાસ્ત્ર નિરર્થક થશે તેથી પૂછે છે,'વ્યાકરણ શાસ્ત્રનું શું કામ છે ?'

[64] **अर्थप्रयुक्त** એટલે અર્થવ્દારા પ્રેરાયલો અર્થાત્ અર્થજ્ઞાન થાય તે માટે પ્રયોજાયલો. અન્ય વ્યક્તિને વિશિષ્ટ અર્થનું જ્ઞાન થાય તે માટે શબ્દપ્રયોગ કરવામાં આવે છે, કારણ કે પ્રયોગવ્દારા શબ્દનો આવિર્ભાવ થાય છે અને તે વ્દારા અર્થજ્ઞાન થાય છે. પરંતુ લોકવ્યવહારમાં સાધુ અને અસાધુ બધાય શબ્દો આવે. આથી અર્થ પોતાની પ્રતીતિ થાય તે માટે જેમ **गौः** એ સાધુ શબ્દની પ્રેરણા કરે તેમ **गावी** એ અસાધુ શબ્દની પણ પ્રેરણા કરે. એ સ્થિતિમાં શાસ્ત્ર અસાધુ શબ્દોની નિવૃત્તિ કરે છે, તેમ જ આ પ્રકૃતિ છે અને આ પ્રત્યય છે એમ ભેદ દર્શાવીને '**गो** વગેરે શબ્દો પ્રયોજવાથી ધર્મ થાય છે, **गावी** વગેરે પ્રયોજવાથી નહીં' એમ નિયમ કરે છે,કારણ કે ધર્મ એ નિયમનું ફળ છે. **धर्मनियमः धर्माय नियमः** એ માત્ર સ્પષ્ટીકરણ છે. તે વ્દારા તાદર્થ્ય સૂચવાય છે. અહીં **अश्वघासः** ની જેમ ષષ્ઠી તત્પુરુષ સમાસ લઇને વિગ્રહ કરવાનો છે, કારણ કે ભાષ્યમાં કહ્યું છે કે **अश्वघासादयः षष्ठीसमासाः।** (૨-૧-૩૬). વળી ચતુર્થી સમાસનું જ્યાં (**यूपाय दारु यूपदारु** ની જેમ) પ્રકૃતિ-વિકારભાવ હોય ત્યાં જ વિધાન કરવામાં આવ્યું છે. (જુઓ પા.૬-૨-૪૩--૪૪ ઉપર કાશિકા)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रवृत्तिर्भवति। समानश्च खेदविगमो गम्यायां चागम्यायां च। तत्र नियमः क्रियते इयं गम्येयमगम्येति॥ वेदे खल्वपि पयोव्रतो ब्राह्मणः यवागूव्रतो राजन्यः आमिक्षाव्रतो वैश्यः इत्युच्यते। व्रतं च नामाभ्यवहारार्थमुपादीयते। शक्यं चानेन शालिमांसादीन्यपि व्रतयितुम्। तत्र नियमः क्रियते। तथा बैल्वः खादिरो वा यूपः स्यात् इत्युच्यते। यूपश्च नाम पश्वनुबन्धनार्थमुपादीयते।शक्यं चानेनयत्किंचित्काष्ठमुच्छ्रित्यानुच्छ्रित्य वा पशुरनुबन्धुम्। तत्र नियमः क्रियते।

જે તે અર્થ પ્રમાણે શબ્દનો પ્રયોગ તો લોકવ્યવહાર ઉપરથી થાય છે, પરન્તુ વ્યાકરણ તેમાં ધર્મનિયમ કરે છે. આ ધર્મનિયમ તે શું છે? ધર્મ માટેનો નિયમ અથવા ધર્મના અર્થે નિયમ અથવા ધર્મ જેનું પ્રયોજન છે તેવો નિયમ.

જેમ લોકમાં અને વેદમાં[65] (નિયમ કરવામાં આવે છે તેમ) (१)

દક્ષિણના લોકોને તદ્ધિતયુક્ત પ્રયોગો ઘણા ગમે છે (દા.ત.) 'જેમ લોકોમાં અને વેદમાં એમ કહેવાને બદલે ' જેમ લૌકિકમાં અને વૈદિકમાં' એમ પ્રયોગ કરે છે. અથવા અહીં 'જેમ લૌકિક અને વૈદિક બાબતોમાં (હોય છે તેમ)', એવો અર્થ દર્શાવતો તદ્ધિત પ્રત્યય યોગ્ય જ છે. લોકવ્યવહારમાં તો 'ગ્રામ્ય કુકડો અભક્ષ્ય છે', 'ગ્રામ્ય સૂવર અભક્ષ્ય છે', એમ કહેવાય છે; પણ ખોરાક તો ભૂખને નિવારવા માટે લેવામાં આવે છે; અને કૂતરાના માંસ વગેરેથી પણ કોઈ ભૂખને દૂર કરી શકે તેમાં નિયમ કર્યો કે 'અમુક ખવાય' અને 'અમુક ન ખવાય'. તે જ રીતે કામવાસનાને[66] કારણે સ્ત્રીઓ વિશે (પુરુષ) પ્રવૃત્તિ કરે છે તેમાં સ્ત્રી ગમન કરવા યોગ્ય હોય કે ગમન કરવા યોગ્ય ન હોય પણ કામનિવૃત્તિ તો સરખી જ થાય છે. તેમાં નિયમ કરવામાં આવે છે કે 'અમુક ગમન કરવા યોગ્ય છે' અને 'અમુક ગમન કરવા યોગ્ય નથી.' વેદમાં પણ 'બ્રાહ્મણે પયોવ્રતી થવું[67] (અર્થાત્ દૂધનો આહાર લેવો)', ક્ષત્રિયે યવાગૂવ્રતી થવું (અર્થાત્ ચોખા કે જવની ઘેંશનો આહાર લેવો)', વૈશ્યે આમિક્ષાવ્રતી થવું (અર્થાત્ ગરમ દૂધમાં મેળવેલા દહીંનો આહાર લેવો), એમ કહેવામાં આવ્યું છે અને વ્રત તો ખોરાક માટે લેવામાં આવે છે અને માણસ ચોખા, માંસ વગેરે ખાઈને પણ વ્રત કરી શકે. તેમાં (એ રીતે) નિયમ કરવામાં આવે છે. તે જ રીતે યજ્ઞસ્તંભ બીલી અથવા ખેરનો હોવો જોઇએ એમ કહેવામાં આવે છે [68] અને એ સ્તંભ (યજ્ઞના) પશુને બાંધવાના ઉપયોગમાં લેવામાં આવે છે. આથી ગમે તે કોઇ લાકડું ઘડીને કે ઘડ્યા વગર (અથવા ખોડીને કે ખોડ્યા વગર) માણસ પશુને બાંધી શકે છે. તેમાં એ નિયમ કરવામાં આવે છે.

तथाऽग्नौ कपालान्यधिश्रित्याभिमन्त्रयते भृगूणामङ्गिरसां घर्मस्य तपसा तप्यध्वम् इति। अन्तरेणापि मन्त्रमग्निर्दहनकर्मा कपालानि सन्तापयति। तत्र नियमः क्रियते। एवमिहापि समानायामर्थगतौ शब्देनापशब्देन च धर्मनियमः क्रियते शब्देनैवार्थोऽभिधेयो नापशब्देनेति। एवं क्रियमाणमभ्युदयकारि भवति॥

अस्त्यप्रयुक्तः। सन्ति वै शब्दा अप्रयुक्ताः। तद्यथा ऊष तेर चक्र पेच इति। किमतो यत्सन्त्यप्रयुक्ताः। प्रयोगाद्धि भवाञ्छब्दानां साधुत्वमध्यवस्यति। य इदानीमप्रयुक्ता नामी साधवः स्युः। इदं तावद्विप्रतिषिद्धम् यदुच्यते सन्ति वै शब्दाः अप्रयुक्ताः इति। यदि सन्ति नाप्रयुक्ताः अथाऽप्रयुक्ताः न सन्ति सन्ति चाप्रयुक्ताश्चेति विप्रतिषिद्धम्। प्रयुञ्जान एव खलु भवानाह सन्ति शब्दा अप्रयुक्ताः इति। कश्चेदनीमन्यो भवज्जातीयकः पुरुषः शब्दानां प्रयोगे साधुः स्यात्। नैतद्विप्रतिषिद्धम्। सन्तीति तावद् ब्रूमः यदेतान्शास्त्रविदः शास्त्रेणानुविदधते। अप्रयुक्ता इति ब्रूमः यल्लोकेऽप्रयुक्ता इति। यदप्युच्यते। कश्चेदानी भवज्जातीयकः पुरुषः शब्दानां प्रयोगे साधुः स्यात् इति। न ब्रूमोऽस्माभिरप्रयुक्ता इति। किं तर्हि।

---

[65] **लौकिक** અને **वैदिक** એમ ન કહેતાં **लोके वेदे च** એમ પ્રયોગ થઇ શકત પરંતુ દક્ષિણના લોકોને તદ્ધિતનો પ્રયોગ ગમે છે તેથી આ પ્રમાણે કહ્યું છે. વાર્તિકકાર દાક્ષિણાત્ય હશે તેમ એથી સૂચવાય છે.

[66] ભાષ્યમાં **खेद** શબ્દ પ્રયોજ્યો છે. પોતાના વિષયમાં પ્રવર્તમાન થતી ઇન્દ્રિયોને રોકવાની શક્તિનો અભાવ તે ખેદ, અથવા ખેદ કરાવે - થકવે તે ખેદ અર્થાત્ રાગ. વાસ્તવમાં તો ઇન્દ્રિયનિગ્રહ કરવાની અશક્તિને કારણે થતું દુઃખ તે ખેદ.

[67] પયોવ્રત એ યજ્ઞ માટે કરવામાં આવતું નથી, કારણ કે **कृष्णविषाणया कण्डूयति**। એ વાક્ય વ્દારા , કાળિયારના શિંગડાથી ખંજવાળવાનું કહ્યું છે તે ખંજવાળવાની જરૂર હોય તો જ કરવાનું કહ્યું છે તેમ જરૂર હોય તો જ દીક્ષિતે દૂધનો આહાર લેવો એમ કહેવામાં આવ્યું છે.તેથી એ વિધિ નથી પણ નિયમ છે.

[68] પશુને છૂટું ન રાખવા, એટલે કે બાંધવા, માટે યૂપનો ઉપયોગ થાય છે. જો ચશાલ (લાકડાની કડી) વાળા અષ્ટકોણવાળા લાકડા સાથે પશુને બાંધવામાં આવે તો ફલ પ્રાપ્તિ થાય. યૂપ ઘડેલો હોઇ શકે અને ખોડેલો કે આડો પાડેલો હોઇ શકે તેમાં **बैल्वः खादिरो वा०** વગેરેથી નિયમ કરવામાં આવે છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે જ રીતે અગ્નિમાં કપાલ મૂકીને, 'ભૃગુઓ અને અંગિરાઓના કઠોર તપથી તપો', એ મંત્ર ભણે છે. અગ્નિનું કાર્ય બાળવાનું છે તેથી મંત્ર વિના પણ કપાલને તપાવે જ છે. અને તેમાં નિયમ કરવામાં આવે છે કે આ પ્રમાણે કરવાથી પુણ્ય મળે છે.[69]એ જ રીતે આ (વ્યાકરણ શાસ્ત્ર) માં પણ શુદ્ધ શબ્દો તેમ જ અપશબ્દો (દોષયુક્ત શબ્દો) માંથી સરખી રીતે જ અર્થ સમજાતો હોવા છતાં ધર્મને ખાતર નિયમ કરવામાં આવે છે[70] કે "(શુદ્ધ) શબ્દ દ્વારા જ અર્થ વ્યક્ત કરવો અપશબ્દ (દોષયુક્ત શબ્દો) દ્વારા નહીં." આ પ્રમાણે કરવામાં આવે તો તે કલ્યાણકારી થાય છે.

અપ્રયુક્ત (શબ્દ પણ) હોય છે. સાચે જ પ્રયોગમાં ન હોય તેવા પણ શબ્દો હોય છે, જેમ કે **उष, तेर, चक्र, पेच** વગેરે. એ પ્રયોજાતા ન હોય તેથી શું ? કારણ કે આપ તો પ્રયોગને કારણે જ શબ્દ શુદ્ધ છે કે નહી તેનો નિર્ણય કરો છો. તો પછી જે પ્રયોજવામાં ન આવતા હોય તે શબ્દ શુદ્ધ (દોષરહિત) ન હોઇ શકે. 'શબ્દો તો છે પણ પ્રયોજાતા નથી' એમ જે કહ્યું તે વિરોધાભાસી છે, કારણ કે જો શબ્દો હોય તો અપ્રયુક્ત ન હોય અને પ્રયોજાતા ન હોય તો હોય જ નહીં. આમ '(શબ્દો) છે અને છતાં પ્રયોજાતા નથી' એમ કહેવું તે વિરોધાભાસી છે. આપ ( उष, तेर, વગેરે શબ્દોનો) પ્રયોગ કરતાં કરતાં જ કહો છો કે (કેટલાક) શબ્દો છે છતાં અપ્રયુક્ત છે, તો તો પછી શબ્દોના પ્રયોગમાં આપના જેવો નિપુણ બીજો કોઇ હોઇ શકે ?[71] આ પરસ્પર વિરુદ્ધ નથી. શબ્દો છે એમ તો અમે એટલા માટે કહીએ છીએ કે વૈયાકરણો તેમને શાસ્ત્ર અનુસાર સિદ્ધ કરે છે.[72] અપ્રયુક્ત છે એમ જે કહ્યું તે એટલા માટે કે લોકમાં અપ્રયુક્ત છે. વળી તમે કહ્યું, 'તો તો પછી શબ્દોના પ્રયોગમાં તમારા જેવો ચતુર બીજો કોણ હોઇ શકે?' (તે બાબતમાં કહેવાનું કે) 'અમે એમ નથી કહેતા કે અમારાથી ન પ્રયોજાયેલા.' તો પછી શું? (અર્થાત્ કોના વડે ન પ્રયોજાતા?)

**लोकेऽप्रयुक्ता इति। ननु च भवानप्यभ्यन्तरो लोके। अभ्यन्तरोऽहं लोके न त्वहं लोकः॥**

**अस्त्यप्रयुक्त इति चेत् नार्थे शब्दप्रयोगात् ॥२॥**

**अस्त्यप्रयुक्त इति चेत् तन्न। किं कारणम्। अर्थे शब्दप्रयोगात्। अर्थे शब्दाः प्रयुज्यन्ते॥**

**अप्रयोगः प्रयोगान्यत्वात् ॥३॥**

**अप्रयोगः खल्वप्येषां शब्दानां न्याय्यः। कुतः। प्रयोगान्यत्वात्। यदेषां शब्दानामर्थेऽन्याञ्छब्दान्प्रयुञ्जते। तद्यथा उष इत्यस्यार्थे क्वयूयमुषिताः। तेर इत्यस्यार्थे क्व यूयं तीर्णाः। चक्रेत्यस्यार्थे क्व यूयं कृतवन्तः। पेचेत्यस्यार्थे क्व यूयं पक्ववन्तः इति।**

**अप्रयुक्ते दीर्घसत्रवत् ॥४॥**

**यद्यप्यप्रयुक्ताः अवश्यं दीर्घसत्रवल्लक्षणेनानुविधेयाः। तद्यथा दीर्घसत्राणि वार्षशतिकानि वार्षसहस्रिकाणि च न अद्यत्वे कश्चिद्-प्याहरति। केवलमृषिसंप्रदायो धर्म इति कृत्वा याज्ञिकाः शास्त्रेणानुविदधते॥**

---

[70] સાધુ શબ્દની જેમ અપશબ્દ પણ ઇષ્ટાર્થનો વાચક છે તેથી અર્થનો બોધ થવા રૂપી દૃષ્ટ ફળ બન્નેના પ્રયોગમાં સમાન છે એમ કહી શકાય છતાં સાધુ શબ્દના પ્રયોગથી અભ્યુદય થવા રૂપી અદૃષ્ટ ફળ પણ છે,(જુઓ : **शिष्टेभ्य आगमात्सिद्धाः साधवो धर्मसाधनम्। अर्थप्रत्ययनाभेदे विपरीतास्त्वसाधवः॥** વા.પ.બ્ર.૨૭). ભર્તૃ.(પૃ૩૮) અહીં **अभ्युदयकारि च।** એમ પાઠ લે છે અને કહે છે કે ભાષ્યકાર અહીં **च** નો પ્રયોગ કરે છે તેથી સ્વીકારે છે કે વિહિતનો પરિત્યાગ કરવાથી ધર્મ નાશ પામે છે પણ બીજાઓનું માનવું છે કે વિહિતનો પરિત્યાગ કરવાથી પૂરો અધર્મ થાય છે. ભર્તૃ.ના પાઠ પ્રમાણે અહીં એટલો જ લાભ કે પાપ લાગતું નથી એટલે કે અપશબ્દનો પ્રયોગ કરવાથી પાપ લાગે પરંતુ શુદ્ધ શબ્દોનો પ્રયોગ કરવાથી પાપ ન લાગે એ ફાયદો.

[71] તમારાથી વધુ વિદ્વાન કોણ હોઇ શકે ? એ ઉપહાસપૂર્વક વિધાન છે, કારણ કે શબ્દના અસ્તિત્વનો ખ્યાલ તેના પ્રયોગ ઉપરથી આવે છે અને તમે શબ્દનો પ્રયોગ કરો છો (તે બતાવે છે કે તેવો શબ્દ છે), છતાં તમે કહો છો કે એ શબ્દનો પ્રયોગ થતો નથી.

[72] અનુવિધાન એટલે સંસ્કાર, તેથી **अनुविदधते** એટલે શુદ્ધ કરે છે, સિદ્ધ કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોકમાં ન પ્રયોજાતા. પણ આપ પણ લોકમાં આવી જાઓ છો. હું લોકમાં (જરૂર) આવી જઉં છું પરંતુ હું જ લોક નથી.

'અપ્રયુક્ત શબ્દ હોય છે' એમ ન કહેવાય,[73] કારણકે શબ્દનો પ્રયોગ અમુક અર્થમાં થાય છે ॥૨॥

'પ્રયોજાતો ન હોય તેવો શબ્દ હોય છે' એમ જો કોઇ કહે તો તેમ કહેવું બરોબર નથી. શા માટે? કારણ કે શબ્દ અમુક અર્થમાં પ્રયોજાય છે એટલે કે શબ્દોનો પ્રયોગ અમુક અર્થ દર્શાવવા માટે કરવામાં આવે છે અને આ શબ્દોને જે અર્થોમાં પ્રયોજવામાં આવે છે તે તેમના અર્થ હોય છે.

અન્ય (શબ્દો) નો પ્રયોગ[74] થતો હોવાથી ( એ શબ્દોનો) પ્રયોગ નથી (થતો)॥૩॥

આ ( **उष**, **तेर**, વગેરે) શબ્દોનો પ્રયોગ નથી થતો તે યોગ્ય છે. શાથી ? (તેમને બદલે) અન્ય (શબ્દો)નો પ્રયોગ થતો હોવાથી એટલે કે એ શબ્દોના અર્થમાં લોકો બીજા શબ્દોનો પ્રયોગ કરે છે, જેમ કે **उष** શબ્દના અર્થમાં **क्व यूयमुषिताः** (તમે ક્યાં રહ્યા હતા) ? **तेर** ના અર્થમાં **क्व यूयं तीर्णाः** (તમે શું પાર ઉતર્યા) ? **चक्र** ના અર્થમાં **क्व यूयं कृतवन्तः** (તમે ક્યાં કર્યું) ? **पेच** ના અર્થમાં **क्व यूयं पक्ववन्तः** (તમે ક્યાં રાંધ્યું) ?[75] (વગેરે પ્રયોજાય છે).

(જો કે એ શબ્દો) અપ્રયુક્ત (છે છતાં તેમ) ને દીર્ઘસત્ર જેવા (ગણવા) ॥૪॥

જો કે (આ પ્રકારના શબ્દો) અપ્રયુક્ત હોય છે તો પણ વ્યાકરણમાં સૂત્ર વ્દારા તેમને દીર્ઘસત્રની જેમ સિદ્ધ કરવા જોઇએ. દા.ત. દીર્ઘસત્રો સો વર્ષ કે હજાર વર્ષ*સુધી ચાલતા યજ્ઞો છે, પરંતુ અત્યારના જમાનામાં તેમનું અનુષ્ઠાન કોઇ કરતું નથી,[76] તો પણ માત્ર 'ઋષિઓની પરંપરા એ જ ધર્મ છે,' એમ માનીને યાજ્ઞિકો શાસ્ત્રમાં તે યજ્ઞોને વર્ણવે છે.

**सर्वे देशान्तरे ॥५॥**

**सर्वे खल्वप्येते देशान्तरेषु प्रयुज्यन्ते। न चैवोपलभ्यन्ते। उपलब्धौ यत्नः क्रियताम्। महान् शब्दप्रयोगविषयः। सप्तद्वीपा वसुमती त्रयो लोकाः चत्वारो वेदाः साङ्गाः सरहस्या बहुधाभिन्नाः एकशतमध्वर्युशाखाः सहस्रवर्त्मा सामवेदः एकविंशतिधा बाह्वृच्यं नवधाऽऽथर्वणो वेदः वाकोवाक्यमितिहासः पुराणं वैद्यकमित्येतावाञ्छब्दस्य प्रयोगविषयः। एतावन्तं शब्दस्य प्रयोग-विषयमननुनिशम्य सन्त्यप्रयुक्ताः इति वचनं केवलं साहसमात्रमेव॥ एतस्मिंश्चातिमहति शब्दस्य प्रयोगविषये ते ते शब्दास्तत्र तत्र नियतविषया दृश्यन्ते। तद्यथा शवतिर्गतिकर्मा कम्बोजेष्वेव भाषितो भवति विकार एनमार्या भाषन्ते शव इति। हम्मतिः सुराष्ट्रेषु रंहतिः प्राच्यमध्येषु गमिमेव त्वार्याः प्रयुञ्जते। दातिर्लवनार्थे प्राच्येषु दात्रमित्युदीच्येषु॥ ये चाप्येते भवतोऽप्रयुक्ता अभिमताः शब्दा एतेषामपि प्रयोगो दृश्यते। क्व। वेदे। यद्वो रेवतीरेवत्यं तदूष। यन्मे नरः श्रुत्यं ब्रह्म चक्र। यत्रा नश्चक्रा जरसं तनूनामिति ॥ किं पुनः शब्दस्य ज्ञाने धर्म आहोस्वित्प्रयोगे । कश्चात्र विशेषः।**

---

[73] અહીં अस्त्यप्रयुक्त इति चेत्० વગેરે છે તે ઉપરથી લાગે છે કે આગળ अस्त्यप्रयुक्तः। એ વાર્તિક હશે.

[74] प्रयुज्यते इति प्रयोगः। (જેનો પ્રયોગ કરવામાં આવે તે પ્રયોગ અર્થાત્) શબ્દ.(ના.)

[75] નિ.સા.(પૃ.૬૩) માં અહીં ત્રણ દૃષ્ટાન્તમાં क्व ને સ્થાને किम् પાઠ છે.(જુઓઃ ચેટર્જી પૃ.૭૮,પા.ટી.૧)

* અહીં वर्ष શબ્દ દિવસના પૃ.૬૪ અર્થમાં છે.

[76] (નિ.સા.પૃ.૬૪) માં व्यवहरंति ને સ્થાને आहरंति એમ પાઠ છે અર્થાત્ સામગ્રી ન મળવાથી કરતા નથી..



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ज्ञाने धर्म इति चेत्तथाऽधर्मः ॥६॥

ज्ञाने धर्म इति चेत्तोऽधर्मः प्राप्नोति। यो हि शब्दाञ्जानाति अपशब्दानप्यसौ जानाति। यथैव शब्दज्ञाने धर्मः एवमपशब्दज्ञानेऽप्यधर्मः। अथवा भूयानधर्मः प्राप्नोति। भूयांसो ह्यपशब्दाः अल्पीयांसः शब्दाः। एकैकस्य शब्दस्य बहवोऽपभ्रंशाः तद्यथा –

એ બધા ( શબ્દો)અન્ય દેશોમાં (પ્રયોજાય છે) ॥૫॥

આ બધા જ શબ્દો વાસ્તવમાં અન્ય દેશોમાં પ્રયોજાય છે અને છતાં તે ઉપલબ્ધ થતા નથી . તેમની ઉપલબ્ધિ માટે પ્રયત્ન કરો, કારણ કે શબ્દોના પ્રયોગનો વિસ્તાર અતિવિશાળ છે. સાત વ્દીપવાળી પૃથ્વી , ત્રણ લોક, અનેક પ્રભેદોથી યુકત તેમજ વેદાંગો અને ઉપનિષદો સહિત ચાર વેદ, યજુર્વેદની સો શાખા, સામવેદની એક હજાર શાખા, ઋગ્વેદની એકવીસ શાખા, અથર્વવેદની નવ શાખા, પ્રશ્નોત્તરી રૂપ ગ્રન્થ[77] , ઇતિહાસ,પુરાણ,વૈદક આટલો શબ્દપ્રયોગનો પ્રદેશ છે. શબ્દપ્રયોગના આટલા વિશાળ ક્ષેત્રનું શ્રવણ કર્યા વિના'અપ્રયુક્ત શબ્દો છે' એમ કહેવું માત્ર સાહસ છે.

શબ્દપ્રયોગના આ અત્યંત વિશાળ ક્ષેત્રમાં જુદા જુદા શબ્દો અમુક અમુક પ્રદેશમાં પ્રયોજાતા જોવામાં આવે છે. જેમકે शव ધાતુ માત્ર કમ્બોજ દેશમાં 'જવું' એ અર્થમાં બોલવામાં પ્રયોજાય છે. જ્યારે આર્યપ્રજા 'વિકાર (ફેરફાર થવો અર્થાત્ મરી જવું)' એ અર્થમાં (તેના ઉપરથી થયેલો) शव શબ્દ ભાષામાં પ્રયોજે છે. हम्म ધાતુ સૌરાષ્ટ્રમાં, પૂર્વ અને મધ્ય પ્રદેશમાં रह ધાતુ 'જવું' એ અર્થમાં પ્રયોજાય છે, જ્યારે આર્યો गम् ધાતુનો જ પ્રયોગ કરે છે. दा ધાતુ પૂર્વમાં કાપવાના અર્થમાં અને ઉત્તરમાં [ दा (કાપવું) ઉપરથી બનેલો ] दात्र શબ્દ પ્રયોજાય છે. વળી તમારે મતે જે અપ્રયુક્ત છે તે (શબ્દો) નો પણ પ્રયોગ જોવામાં આવે છે. ક્યાં? વેદમાં, सप्तास्येरेवतीरेवदूष (ઋ. ૪-૫૧-૧) यद्वोरेवतीरेवत्यं तमुष। यन्मे नरः श्रुत्यं ब्रह्म चक्र (ઋ. ૧-૧૬૫-૧૧) यत्रा नश्चक्रा जरसं तनूनाम् (ઋ. ૧-૮૯-૯).

તો પછી શબ્દના જ્ઞાનથી ધર્મ થાય છે કે તેના પ્રયોગથી ? એમાં શો ફેર છે ?

જો જ્ઞાનથી ધર્મ થાય છે એમ કહો તો તે જ રીતે અધર્મ પણ થાય છે ॥૬॥

જ્ઞાનથી ધર્મ થાય છે એમ કહેશો તો અધર્મ પણ પ્રાપ્ત થશે, કારણકે જે (દોષરહિત) શબ્દોને જાણે છે તે અપશબ્દો ને પણ જાણે છે અને જેમ શબ્દોના જ્ઞાનથી ધર્મ થાય તેમ અપશબ્દોના જ્ઞાનથી અધર્મ પણ થાય;અથવા તો વધારે અધર્મ થાય, કારણ કે અપશબ્દો વધારે છે. જ્યારે સાધુ શબ્દો પ્રમાણમાં થોડા છે. એક સાધુ શબ્દના ઘણા અપભ્રંશ હોય છે, જેમ કે

गौरित्यस्य गावीगोणीगोतागोपोतलिकेत्येवमादयोऽपभ्रंशाः ॥

आचारे नियमः ॥७॥

आचारे पुनर्ऋषिर्नियमं वेदयते- तेऽसुरा हेलयो हेलय इति कुर्वन्तः पराबभूवुरिति॥ अस्तु तर्हि प्रयोगे।

प्रयोगे सर्वलोकस्य ॥८॥

यदि प्रयोगे धर्मः सर्वो लोकोऽभ्युदयेन युज्येत। कश्चेदानीं भवतो मत्सरः यदि सर्वो लोकोऽभ्युदयेन युज्येत। न खलु कश्चिन्मत्सरः। प्रयत्नानर्थक्यं तु भवति। फलवता च यत्नेन नाम भवितव्यम्। न च प्रयत्नः फलाद्व्यतिरेच्यः। ननु च ये कृतप्रयत्नास्ते साधीयः शब्दान्प्रयोक्ष्यन्ते अत एव साधीयोऽभ्युदयेन योक्ष्यन्ते। व्यतिरेकोऽपि वै लक्ष्यते। दृश्यन्ते हि कृतप्रयत्नाश्चाप्रवीणाः अकृतप्रयत्नाश्च प्रवीणाः। तत्र फलव्यतिरेकोऽपि स्यात्। एवं तर्हि नापि ज्ञाने एव धर्म नापि प्रयोग एव। किं तर्हि॥

शास्त्रपूर्वके प्रयोगेऽभ्युदयस्तत्तुल्यः वेदशब्देन ॥९॥

---

[77] वाकोवाक्यम् એટલે પ્રશ્નોત્તરી રૂપ ગ્રન્થ, જેમ કે किंस्विदावपनं महत् ? (મોટું પાત્ર કયું છે ? એ પ્રશ્નનો) भूमिरावपनं महत् (પૃથ્વી એ મોટું પાત્ર છે એ ઉત્તર છે) આમ સમગ્ર પ્રશ્નોત્તર રૂપ ગ્રન્થ તે વાકોવાક્ય. અંગ્રેજીમાં જેને Catechism કહે છે તે પ્રકારનું લખાણ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

गौः એ શબ્દના गावी, गोणी, गोता, गोपोतलिका વગેરે (અનેક) અપભ્રંશ છે.

પ્રયોગની બાબતમાં નિયમ છે ॥ ૭ ॥

तेऽसुराः हेऽलयः हेऽलयः (તે અસુરો हेऽरयः हेऽरयः ને બદલે हेऽलयः हेऽलयः) એમ કરતા કરતા પરાજય પામ્યા' એમ કહીને પ્રયોગની બાબતમાં ઋષિ (વેદ) આ પ્રમાણે નિયમ છે એમ જણાવે છે. તો પછી પ્રયોગ દ્વારા (ધર્મ થાય છે તેમ કહીશ).

જો પ્રયોગથી ધર્મ થાય તો સમગ્ર લોકનો અભ્યુદય થશે ॥ ૮ ॥

જો શબ્દના પ્રયોગને કારણે ધર્મ થતો હોય તો સારી દુનિયાનો અભ્યુદય થશે (બધાને કલ્યાણ પ્રાપ્ત થશે). જો સમગ્ર સંસારનું કલ્યાણ થતું હોય તો તમને કેમ અદેખાઇ આવે છે ? અદેખાઇ તો જરા પણ નથી થતી, પરન્તુ વ્યાકરણ શીખવાની મહેનત નકામી જશે, કારણકે પ્રયત્ન હમેશાં સફળ જ હોવો જોઇએ. પ્રયત્નને ફળથી છૂટો પાડી ન શકાય.પરંતુ અમે કહીએ છીએ કે જે પ્રયત્ન કરે છે તે શબ્દોનો સાચી રીતે પ્રયોગ કરી શકશે અને તેઓ જ સારી રીતે કલ્યાણને પ્રાપ્ત કરશે. આથી અવળું પણ જોવામાં આવે છે, કારણ કે પ્રયત્ન કર્યો હોય છતાં શબ્દપ્રયોગમાં પ્રવીણ ન હોય તેવા (લોકો) પણ જોવામાં આવે છે અને પ્રયત્ન ન કર્યો હોય છતાં (શબ્દપ્રયોગમાં) પ્રવીણ હોય. આવાં સ્થળે પ્રયત્નથી ફળ જુદું પણ હોઇ શકે. આમ હોવાથી કેવળ (શબ્દના) જ્ઞાનથી કે કેવળ (શબ્દ) પ્રયોગથી ધર્મ પ્રાપ્ત થતો નથી. તો પછી શું ?

(વ્યાકરણ) શાસ્ત્ર પ્રમાણેના પ્રયોગથી કલ્યાણ પ્રાપ્તિ (થાય છે). એ વેદ શબ્દ[78] ના જેવું છે ॥ ૯ ॥

शास्त्रपूर्वकं यः शब्दान्प्रयुङ्क्ते सोऽभ्युदयेन युज्यते। तत्तुल्यं वेदशब्देन। वेदशब्दा अप्येवमभिवदन्ति- योऽग्निष्टोमेन यजते य उ चैनमेवं वेद॥ अपर आह- तत्तुल्यं वेदशब्देन इति। यथा वेदशब्दा नियमपूर्वमधीताः फलवन्तो भवन्त्येवं यः शास्त्रपूर्वकं शब्दान्प्रयुङ्क्ते सोऽभ्युदयेन युज्यते॥ अथ वा पुनरस्तु - ज्ञान एव धर्म इति। ननु चोक्तम्- ज्ञाने धर्म इति चेत्तथाऽधर्म इति। नैष दोषः। शब्दप्रमाणका वयम् । यच्छब्द आह तदस्माकं प्रमाणम्। शब्दश्च शब्दज्ञाने धर्ममाह नापशब्दज्ञानेऽधर्मम्। यच्च पुन-रशिष्टाप्रतिषिद्धं नैव तद्दोषाय भवति नाभ्युदयाय॥ तद्यथा हिक्कितहसितकण्डूयितानि नैव दोषाय भवन्ति नाभ्युदयाय। अथवाऽ-भ्युपाय एवापशब्दज्ञानं शब्दज्ञाने। योऽपशब्दाञ्जानाति शब्दानप्यसौ जानाति। तदेवं ज्ञाने धर्मः इति ब्रुवतोऽर्थादापन्नं भवति अपशब्दज्ञानपूर्वके शब्दज्ञाने धर्मः इति॥ अथवा कूपखानकवदेतद्भविष्यति। तद्यथा कूपखानकः कूपं खनन्यद्यपि मृदा पांसुभि-श्चावकीर्णो भवति सोऽप्सु संजातासु तत एव तं गुणमासादयति येन स च दोषो निर्हण्यते भूयसा चाभ्युदयेन योगो भविष्यति। एवमिहापि यद्यपशब्दज्ञानेऽधर्मः तथापि यस्त्वसौ शब्दज्ञाने धर्मस्तेन स च दोषो निर्घानिष्यते भूयसा चाभ्युदयेन योगो भविष्यति॥

---

[78] वेदशब्दः वेदः शब्दः (बोधकः) यस्य (अर्थस्य) જે અર્થનો વેદ બોધ કરાવે છે તે, જેમ કે य उ चैनं वेद। એ ગ્રન્થદ્વારા વેદમાંથી જાણીને અગ્નિષ્ટોમાદિ યાગનું અનુષ્ઠાન કરવામાં આવે તો ફળ આપે છે,. તે જ રીતે શબ્દોનો પ્રયોગ પણ પ્રકૃતિ-પ્રત્યયાદિ વિભાગના જ્ઞાનપૂર્વક હોય તો ફળ આપે છે, અર્થાત્ શાસ્ત્રજ્ઞાનપૂર્વકનો શબ્દપ્રયોગ ફળદાયી છે. તેથી જ કહ્યું છે एकः शब्दः सम्यक् ज्ञातः० વગેરે. કેટલાક वेदश्चासौ शब्दश्च वेदशब्दः। એમ કર્મધારય પણ લે છે. તે પ્રમાણે વેદ શબ્દ અર્થાત્ વેદ રૂપી શબ્દો- વાક્યો એમ અર્થ થશે. તેથી જ ભર્તૃ. કહે છે संप्रति वदवाक्यान्यवोदाहरणानि।



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે વ્યાકરણ શાસ્ત્ર અનુસાર શબ્દનો પ્રયોગ કરે તેને કલ્યાણનો યોગ થાય છે અને તે વેદશબ્દના જેવું છે. વેદવાકય પણ એ પ્રમાણે જ કહે છે, 'જે અગ્નિષ્ટોમ યાગ કરે છે અને એ યાગને યથાર્થ રીતે જાણે છે.' જે નાચિકેત અગ્નિનું ચયન કરે છે અને તેને યથાર્થ રીતે જાણે છે (તેને પુણ્ય મળે છે).

બીજાનું કહેવું છે કે **तत्तुल्यं वेदशब्देन** (તે વેદના શબ્દ જેવું છે), એટલે જેમ વેદના શબ્દોનું નિયમપૂર્વક કરેલું અધ્યયન ફલદાયી બને છે તેમ જે વ્યાકરણશાસ્ત્રને અનુસરીને શબ્દોનો પ્રયોગ કરે છે તેનું કલ્યાણ થાય છે અથવા તો (શબ્દના) જ્ઞાન દ્વારા જ ધર્મ થાય છે એમ કહેવામાં વાંધો નથી.પણ અમે શંકા કરી હતી કે જ્ઞાનથી ધર્મ થાય તો અધર્મ પણ થાય.એ દોષ નહી આવે. અમારે માટે શબ્દ જ પ્રમાણ છે.શબ્દ જે કંઇ કહે તે અમારે માટે પ્રમાણભૂત છે અને શબ્દ અર્થાત્ વેદ તો "શબ્દના જ્ઞાનથી ધર્મ થાય છે," એમ કહે છે, "અપશબ્દના જ્ઞાનથી અધર્મ થાય છે ," એમ નથી કહેતો. વળી જેને લાગતો વિધિ કે નિષેધ કરવામાં ન આવ્યો હોય તે (વસ્તુ) કરવાથી પુણ્ય કે પાપ લાગતું નથી. જેમકે હેડકી ખાવી, હસવું, ખંજવાળવું વગેરે (ને લગતો વિધિ કે નિષેધ કરવામાં આવ્યો નથી તેથી તે કરવા) થી પુણ્ય કે પાપ થતું નથી.અથવા તો દોષયુક્ત શબ્દોનું જ્ઞાન (સાધુ) શબ્દના જ્ઞાન માટેનો વિશિષ્ટ ઉપાય છે,[79] કારણ કે જે દોષયુક્ત શબ્દોને જાણે છે તે દોષરહિત શબ્દો ને પણ જાણે છે.તેથી આ રીતે જ્ઞાનથી ધર્મ થાય છે એમ કહેવાનો મતલબ એ છે કે અપશબ્દના જ્ઞાન પછી થએલા (શુધ્ધ) શબ્દના જ્ઞાનથી ધર્મ થાય છે. અથવા તો એ કૂવો ખોદનાર જેવું થશે.[80] જેવી રીતે કૂવો ખોદનાર કૂવો ખોદતી વખતે માટી અને ધૂળથી ખરડાઇ જાય છે છતાં પાણી નીકળતાં તેમાંથી તેને એ લાભ થાય છે કે મલિનતા રૂપી દોષ નિર્મૂળ થાય છે અને બીજો પણ પુષ્કળ ફાયદો થાય છે. તે જ રીતે અહીં પણ જો કે અપશબ્દના જ્ઞાનથી અધર્મ થાય છે છતાં શબ્દના જ્ઞાનથી જે ધર્મ થાય છે તે વ્દારા તે અધર્મનો સંપૂર્ણ નાશ થાય છે,[81] તદુપરાંત અતિશય ઉત્કર્ષ પ્રાપ્ત થશે.--------

**यदप्युच्यते आचारे नियमः इति। याज्ञे कर्मणि स नियमः। एवं हि श्रूयते - यर्वाणस्तर्वाणो नाम ऋषयो बभूवुः प्रत्यक्षधर्माणः परावरज्ञा विदितवेदितव्या अधिगतयाथातथ्याः। ते तत्रभवन्तः यद्वा नः तद्वा नः इति प्रयोक्तव्ये यर्वाणः तर्वाणः इति प्रयुञ्जते। याज्ञे पुनः कर्मणि नापभाषन्ते तैः पुनरसुरैर्याज्ञे कर्मण्यपभाषितम् ततस्ते पराभूताः॥**

**अथ व्याकरणमित्यस्य शब्दस्य कः पदार्थः। सूत्रम्।**

(પૂર્વે) જે કહ્યું કે પ્રયોગની બાબતમાં (ધર્મનો) નિયમ છે તે યજ્ઞવિષયક કાર્યોમાં નિયમ ખરો (પણ તે સિવાય બીજે નિયમ નથી),[82] કારણ કે આ પ્રમાણે કહેવાય છે, **यर्वन्** અને **तर्वन्** નામના ઋષિઓ થઇ ગયા.તેઓ (યોગવ્દારા) ધર્મના (સ્વરૂપને)

---

[79] અશ્વમેધ વગેરે યજ્ઞોમાં હિંસા ધર્મનો વિશિષ્ટ ઉપાય છે, કારણ કે યજ્ઞના વિશિષ્ટ સહકારિરૂપ -- અંગભૂત હિંસા ન કરવામાં આવે તો ધર્મપ્રાપ્તિ ન થાય.તે રીતે શબ્દનું જ્ઞાન અપશબ્દના જ્ઞાન સાથે જડાએલું છે, કારણ કે અપશબ્દજ્ઞાન એ જ માત્ર (સાધુ) શબ્દના જ્ઞાનનો વિશિષ્ટ ઉપાય છે. તેથી અપશબ્દ જ્ઞાનનો અધર્મ સાથે સંબંધ ન હોઇ શકે. આમ શબ્દ જ્ઞાનનું ફળ હોય તેથી ભિન્ન અપશબ્દજ્ઞાનનું ફળ નથી હોતું.

[80] પ્રચુર પ્રમાણમાં ધર્મનું ફળ પ્રાપ્ત થતું હોય ત્યારે થોડુંક અધર્મનું ફળ પ્રાપ્ત થયું હોય તો તો તે ન થયા બરોબર છે, એમ સમજવાનું છે. અપશબ્દ જ્ઞાન શબ્દજ્ઞાનથી વિપરીત છે તેથી તે અધર્મનું સાધન થઇ શકે એ વાત **तुष्यतु दुर्जनः।** ન્યાયે સ્વીકારીને પ્રસ્તુત- **कूपखानकन्याय** ની દલીલ કરી છે. અહીં **खानक (खन् ण्वुल्)** 'ગમે તે ખોદનાર' એ અર્થ અભિપ્રેત છે. ખોદવાનો વ્યવસાય કરનાર ખાણિયો (**खानकः**) ,એ અર્થ અભિપ્રેત નથી.

[81] **निर्घानिष्यते--निर् हन्** નું **लृट्** નું કર્મણિ ૩ જો.પુ.એ.વ.નું રૂપ છે.**स्यसिच्सीयुट्तासिषु भावकर्मणोरुपदेशेऽज्झनग्रहदृशां वा चिणवदिट्।** એ સૂત્ર પ્રમાણે **लृट्**માં લાગતા **स्य** પૂર્વે વિકલ્પે **चिण्वद्भाव** થઇને **इट्** લાગીને કર્મણિનું રૂપ થયું છે.ક્વચિત્

**निर्घातिष्यते** એ પાઠ છે,પરંતુ ચૌખં.(પૃ.૭૫, પા.ટી.૮.) માં સંપાદક નોંધે છે કે અહીં સ્વાર્થે પ્રેરક કલ્પવાથી પ્રક્રમભંગ થાય છે અને **दोषः** ને કર્મણિ પ્રથમા લેવી શક્ય નથી.

[82] **अन्यत्रानियमः।** (અર્થાત્ તે સિવાય બીજે નિયમ નથી), એટલો પાઠ કિલ્હોર્ન (પૃ.૧૧),વા.શા.(મ.પૃ. ૨૪) હિ.પૃ.૩૬. માં નથી. છતાં વા.શા.માંઅનુવાદ આપ્યો છે.) પરંતુ નિ.સા.પૃ.૬૮, સુ.શા.પૃ૩૧, શા.રે.પૃ.૧૧૫, ચેટર્જી પૃ.૯૭, ચારુ પૃ.૪૦ માં એ પાઠ છે. ચેટર્જી નોંધે છે કે આ વાક્યખંડ સંભવતઃ વાચકની નોંધ હોઇ શકે. પરંતુ નાગેશ એને ભાષ્યના ભાગ રૂપ ગણે છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રત્યક્ષ કરનાર તથા પરા અને અપરા વિદ્યાઓના જાણકાર હતા, જાણવાયોગ્ય સર્વ તેમણે જાણ્યું હતું અને તેમને સત્ય લાધ્યું હતું. તે પૂજ્ય ઋષિઓ 'यद्वा नः । तद्वा नः ।' એમ પ્રયોગ કરવાને બદલે 'यर्वाणः । तर्वाणः ।' એમ પ્રયોગ કરતા,[83] પરંતુ યજ્ઞકર્મમાં દોષયુક્ત પ્રયોગ કરતા ન હતા. જ્યારે પેલા અસુરોએ તો યજ્ઞકર્મમાં જ દુષ્ટ પ્રયોગ કર્યો તેથી તે પરાસ્ત થયા.
હવે 'વ્યાકરણ ' એ શબ્દનો અર્થ [84] શો છે? ( વ્યાકરણ એટલે) સૂત્ર.

**सूत्रे व्याकरणे षष्ठ्यर्थोऽनुपपन्नः ॥१०॥**

**सूत्रे व्याकरणे षष्ठ्यर्थो नोपपद्यते - व्याकरणस्य सूत्रम् इति । किं हि तदन्यत्सूत्रात् व्याकरणं यस्यादः सूत्रं स्यात् ।**

**शब्दाप्रतिपत्तिः ॥११॥**

**शब्दानां चाप्रतिपत्तिः प्राप्नोति - व्याकरणाच्छब्दान्प्रतिपद्यामहे इति । न हि सूत्रत एव शब्दान्प्रतिपद्यन्ते । किं तर्हि । व्याख्यानतश्च । ननु च तदेव सूत्रं विगृहीतं व्याख्यानं भवति । न केवलं चर्चापदानि व्याख्यानम् वृद्धिः आत् ऐच् इति । किं तर्हि । उदाहरणं प्रत्युदाहरणं वाक्याध्याहारः इत्येतत्समुदितं व्याख्यानं भवति । एवं तर्हि शब्दः ।**

સૂત્ર જો વ્યાકરણ હોય તો ષષ્ઠી વિભક્તિનો અર્થ બંધ બેસતો નથી.॥ ૧૦॥ [85]

---

(જુઓ : **भाष्येऽन्यत्रानियम इति** ।), ભર્તૃ. એ પાઠ લેતા હોય તેમ લાગે છે.જુઓ : **याज्ञे कर्मणि स नियमो नाऽन्यत्र** ० વગેરે પૃ.૪૫)

[83] આ યોગીઓ અતિશય વૈરાગ્યને કારણે લૌકિક બાબતોમાં તદ્દન નિરપેક્ષ હોવાથી 'અમારૂં જે થવાનું હોય તે થાય' એમ કહેવા માટે **यद्वा नस्तद्वा नः** । એમ કહેવાને બદલે **यर्वाणस्तर्वाणः** । એમ કહેતા. તે કારણે એ જ નામે તે ઋષિઓ ઓળખાવા લાગ્યા. **यद्वानः** વગેરેનો અર્થ આમ પણ કરવામાં આવે છે : **यद्वा यद्वस्तु तद्वा तद्वस्तु वर्ततां नोऽस्माकं किम्** ? જે વસ્તુ જે હોય તે હોય તેમાં અમારે શું ? **परावरज्ञाः** વિદ્યા અને અવિદ્યાના ભેદ જાણનારં. **याथातथ्याः**-- **तथ्यमनतिक्रम्य (यथा स्यात् तथा) याथातथ्यम्** । અથવા **तथा** (= સત્ય) **वा तथ्यमनतिक्रम्य (यथा स्यात्तथा) यथातथम्** । સત્ય રીતે (અવ્યયીભાવ). તેના ઉપરથી ભાવવાચી **ष्यञ्** લાગીને **याथातथ्यम्** એ ભાવવાચક નામ બન્યું છે. (જુઓ :કુ.રે.પૃ.૧૧૭).

[84] અર્થાત્ વ્યાકરણ શબ્દ કયા અર્થનો વાચક છે-- કયા અર્થમાં રૂઢ થયો છે ? અહીં જે **पदार्थ** શબ્દ પ્રયોજ્યો છે તે વ્દારા ગ્રન્થકાર પૂછવા માગે છે કે શબ્દ તો સમાન રૂપવાળા હોય છતાં ભિન્ન પ્રવૃત્તિનિમિત્તને લીધે, ભિન્ન અર્થમાં પ્રયોજાય છે, જેમ કે **अश्वः** શબ્દ **सुबन्त** તરીકે 'ઘોડો' એ અર્થમાં અને **अश्वति** એ સ્વરૂપમાં **तिङन्त** તરીકે ('ઘોડાની જેમ વર્તે છે') એ અર્થમાં છે. કેટલીક વાર સમાન નિમિત્તને કારણે ભિન્ન અર્થમાં પ્રયોજાય છે, જેમ કે **अप्** શબ્દ સમાન જાતિરૂપી નિમિત્તને લીધે સમુદ્રના તેમ જ જળબિન્દુના અર્થમાં પ્રયોજાય છે. કેટલીક વાર જાતિ ભેદ હોવા છતાં રૂઢિગત ક્રિયા એક હોવાથી શબ્દ ભિન્ન અર્થમાં પ્રયોજાય છે, જેમ કે **अश्** (= વ્યાપવું) એ સમાન ક્રિયા ઉપરથી **अक्षः** એ શબ્દ પાસો, ધરી, બીબું વગેરે અર્થમાં પ્રયોજાય છે. **पद्** (=જવું) એ સમાન ક્રિયા ઉપરથી **पादः** એ શબ્દ , પગ, કિરણ,પાભાગ વગેરે અર્થમાં પ્રયોજાય છે. તે પ્રમાણે **मा** (=માપવું ) એ સમાન ક્રિયા ઉપરથી **माषः** એ શબ્દ એક પ્રકારનું વજન (માસો), અડદ વગેરે અર્થમાં પ્રયોજાય છે. કેટલીક વાર સ્વૈચ્છિક આરોપને કારણે શબ્દ ભિન્ન અર્થમાં પ્રયોજાય છે, જેમ કે વાહીકના અર્થમાં **गौ** શબ્દ. કેટલીક વાર ભ્રમમૂલક આરોપને કારણે ભિન્ન અર્થમાં પ્રયોજાય છે જેમ કે **सर्प** શબ્દ રજ્જુના અર્થમાં પ્રયોજાય તે ભ્રમમૂલક આરોપને લીધે. આમ હોવાથી આ 'વ્યાકરણ' શબ્દ કેવા સ્વરૂપે લેવામાં આવે છે અર્થાત્ તેનું પ્રવૃત્તિનિમિત્ત શું છે ? એ પ્રશ્નનો અહીં ઉત્તર આપવા ગ્રન્થકાર ઇચ્છે છે. (જુઓ પા.૧-૨-૬૪ ઉપર મહા.ભા વા.૫૯).

[85] વ્યાકરણ અને સૂત્ર એ બન્ને શબ્દો અષ્ટાધ્યાયીના વાચક હોય તો તેમની વચ્ચે ભેદ ન રહેવાથી તે બે શબ્દોનો **व्याकरणं सूत्रम्** એમ એક સાથે પ્રયોગ ન થઇ શકે, પરંતુ તેમની વચ્ચે **वृक्षः शिंशपा** ની જેમ સામાન્ય-વિશેષભાવ સંબંધ ગણીને તેમનો એક સાથે પ્રયોગ કરવામાં આવે તો કોઇ વાંધો નથી, કારણ કે એ ઉદાહરણમાં **वृक्षः** એ સામાન્ય તરીકે ઉલ્લેખ છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો સૂત્ર એ જ વ્યાકરણ હોય તો 'વ્યાકરણનું સૂત્ર' એ (પ્રયોગ) માં ષષ્ઠી વિભક્તિનો અર્થ બંધ બેસતો નથી, કારણ કે વ્યાકરણ ક્યાં જુદી વસ્તુ છે કે સૂત્ર તેનો (એક) ભાગ થાય?

( તેથી) શબ્દનો બોધ નથી થતો ॥ ૧૧ ॥

(વ્યાકરણનો અર્થ 'સૂત્ર' લઇએ) તો શબ્દોનું જ્ઞાન નહી થાય અને 'આપણે વ્યાકરણ વ્દારા શબ્દોનું જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ' એમ નહીં કહેવાય, કારણ કે માત્ર સૂત્રદ્વારા કોઇને શબ્દોનું જ્ઞાન થતું નથી.[86] તો પછી કેવી રીતે થાય છે? (સૂત્રોના) વ્યાખ્યાન ઉપરથી (શબ્દજ્ઞાન થાય છે). અમે કહીએ છીએ કે એ જ સૂત્રના પદોનો વિગ્રહ કરવાથી તે વ્યાખ્યાન થાય છે. એમ સૂત્રના મૂળ શબ્દોને માત્ર છૂટા પાડીને બોલવાથી વ્યાખ્યાન બની જતું નથી. તો પછી (વ્યાખ્યાન) એટલે શું? ઉદાહરણ, પ્રત્યુદાહરણ, વાકયમાં ખૂટતા ભાગ પૂરવા-આ બધું મળીને વ્યાખ્યાન [87] બને છે. એમ હોય તો પછી વ્યાકરણનો અર્થ 'શબ્દ' કરીશું.

**शब्दे ल्युडर्थः ॥१२॥**

**यदि शब्दो व्याकरणं ल्युडर्थो नोपपद्यते व्याक्रियन्ते शब्दा अनेनेति। केन तर्हि। सूत्रेण।**

**भवे**

**भवे च तद्धितो नोपपद्यते। व्याकरणे भवो योगो वैयाकरणः इति। क्व तर्हि। सूत्रे।**

**प्रोक्तादयश्च तद्धिता ॥१३॥**

**प्रोक्तादयश्च तद्धिता नोपपद्यन्ते। पाणिनिना प्रोक्तं पाणिनीयम् आपिशलं काशकृत्सनमिति। न हि पाणिनिना शब्दाः प्रोक्ताः। किं तर्हि। सूत्रम्।**

---

જ્યારે **शिंशपा** એ વિશિષ્ટ ઉલ્લેખ છે તેથી સહપ્રયોગ શક્ય છે તેમ **व्याकरणं सूत्रम्** એ પ્રયોગમાં પણ **सूत्र** એ સામાન્ય નિર્દેશ છે અને **व्याकरणम्** એ વિશિષ્ટ નિર્દેશ છે તેથી તેમનો સહપ્રયોગ કરવામાં કોઇ દોષ નથી.સૂત્ર શબ્દ (**वृद्धिरादैच्।** જેવા) અષ્ટાધ્યાયીના એકદેશનો વાચક હોય તો **व्याकरणस्य सूत्रम्** એ પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિનો (અવયવ-અવયવિભાવ સંબંધ રૂપ) અર્થ બંધ બેસશે નહીં (જુઓ ભર્તૃ.પૃ.૪૬ તથા૪૯ ; પ્ર.ઉ. પૃ.૬૯).પ્ર.સામે ના.કહે છે કે ભાષ્યમાં **सूत्राणि चाप्यधीयानः।** અર્થાત્ સૂત્રોનો અભ્યાસ કરનાર પણ વૈયાકરણ તરીકે સ્વીકારાય છે) એમ કહ્યું છે તેથી અષ્ટાધ્યાયીનો એકદેશ હોવા છતાં સાક્ષાત્ કે પરંપરયા તે વ્યાકરણ જ છે તેથી ષષ્ઠીનો અર્થ બંધ નહીં બેસે. [ એકદેશ માટે **योग** શબ્દ પ્રયોજાય છે. (ના)]

[86] સૂત્ર વ્દારા શબ્દનું જ્ઞાન નથી થતું જેમ કે **वृद्धिरादैच्।** એ સૂત્ર વ્દારા શબ્દનું જ્ઞાન થતું નથી. સૂત્રના અર્થને અભિવ્યક્ત કરવાનો ઉપાય તે વ્યાખ્યા. **वटवृक्षस्थितो दंष्ट्री।** એ વાક્યના અર્થની આ રીતે વ્યાખ્યા કરી શકાય: **वटे वृक्षे स्थितो दंष्ट्री।**

[87] સૂત્રમાંનો નિયમ જ્યાં લાગુ પડતો હોય તેનું નિદર્શન તે ઉદાહરણ, જેમ કે **अपवर्गे तृतीया।** એ સૂત્રનું ઉદાહરણ **मासेन अनुवाकोऽधीतः।** છે, કારણ કે ફલપ્રાપ્તિ થઇ છે તેમ અહીં અભિપ્રેત છે , પરંતુ સૂત્ર લાગુ ન પડતું હોય તેનું ઉદાહરણ આપવામાં આવે તે પ્રત્યુદાહરણ થાય, જેમ કે **मासमधीतोऽनुवाको नायातः।** અહીં **अपवर्ग** (અર્થાત્ ક્રિયાની ફલપ્રાપ્તિ) ન હોવાથી તૃતીયા નથી થઇ,પરંતુ **कालाध्वनोः** વગેરે પ્રમાણે દ્વિતીયા થઇ છે એમ દર્શાવ્યું છે. અધ્યાહાર એટલે સૂત્રમાં ન આવતાં પણ અન્ય સૂત્રોમાં આવેલાં હોય તે પદોની (**स्वरितेनाधिकारः।** એ સૂત્રવ્દારા કરેલી સ્વરિત પ્રતિજ્ઞા વગેરેને કારણે અધિકાર સૂત્રમાંથી ) વાક્ય પૂર્ણ કરવા માટે કલ્પના કરવામાં આવે તે અધ્યાહાર, જેમ કે **आतः।** એ સૂત્રને **सिज्लुकि आदन्तादेव झेर्जुस् स्यात्।** એમ વૃત્તિ કરતાં પૂર્વ સૂત્રોમાંથી વાક્યશેષની અનુવૃત્તિ કરવી પડી છે તે વાક્યાધ્યાહાર [વળી જુઓ : **आदैच् वृद्धिसंज्ञो भवतीति वाक्यशेषाध्याहारः।** અ.ગ્રંભ.(ચેટર્જી પૃ.૯૬).]

---



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(જો 'વ્યાકરણ' એટલે) 'શબ્દ' હોય તો ल्युट् નો અર્થ[88] (લાગુ નહીં પડે) ॥ ૧૨ ॥

જો 'વ્યાકરણ' નો અર્થ 'શબ્દ' એમ કરીએ તો વ્યાકરણ શબ્દમાં ( वि+ आ+ कृ ધાતુને લાગેલા) ल्युट् (अन) પ્રત્યયનો .(કરણ અર્થાત્ સાધન એ) અર્થ બંધ બેસતો નથી, કારણ કે જેના વડે શબ્દોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે તે વ્યાકરણ, પરંતુ શબ્દ વડે કંઇ જ સ્પષ્ટ કરવામાં આવતું નથી. તો પછી શેના વડે (શબ્દોનું સ્પષ્ટીકરણકરવામાં આવે છે) ? સૂત્ર વડે.

(તો પછી) **'માં રહેલું'** એ અર્થમાં થતા તદ્ધિતનું શું?

તો[89] વ્યાકરણમાં રહેલું સૂત્ર તે **वैयाकरण** (એ ઉદાહરણ)માં વ્યાકરણ શબ્દને 'માં રહેલું' એ અર્થમાં લાગેલો તદ્ધિત પ્રત્યય ( अण् ) બંધ બેસતો નથી, કારણ કે સૂત્ર શબ્દમાં રહેલું નથી. ત્યારે કયાં રહેલું છે ? સૂત્રમાં (અર્થાત્ સૂત્રપાઠમાં રહેલું છે).

'એ કહેલું' વગેરે અર્થના તદ્ધિત પ્રત્યયો પણ બંધ બેસતા નથી ॥૧૩॥

'પાણિનિએ ઉચ્ચારેલું તે **पाणिनीयम्**[90] (તે જ પ્રમાણે) **आपिशलम्** । **काशकृत्स्नम्** । (વગેરે ઉદાહરણો) માં 'એ કહેલું' એ અર્થના તદ્ધિત પ્રત્યયો બંધ બેસશે નહીં, કારણ કે શબ્દો પાણિનિએ સર્વ પ્રથમ ઉચ્ચારેલા નથી. તો પછી (તેમણે શું ઉચ્ચાર્યું છે) ? સૂત્રો ( ઉચ્ચાર્યા છે).

**किमर्थमिदमुभयमुच्यते भवे प्रोक्तादयश्चतद्धिताः इति। न प्रोक्तादयश्च तद्धिता इत्येव भवेऽपि तद्धितश्चोदितः स्यात्। पुरस्तादिदमाचार्येण दृष्टं भवे च तद्धितः इति तत्पठितम्। तत उत्तरकालमिदं दृष्टं प्रोक्तादयश्च तद्धिताः इति तदपि पठितम्। न चेदानीमाचार्याः सूत्राणि कृत्वा निवर्तयन्ति॥ अयं तावददोषः यदुच्यते शब्दे ल्युडर्थः इति। नावश्यं करणाधिकरणयोरेव ल्युड् विधीयते। किं तर्हि। अन्येष्वपि कारकेषु कृत्यलुटो बहुलम् इति। तद्यथा प्रस्कन्दनं प्रपतनमिति। अथवा शब्दैरपि शब्दा**

**भवे च तद्धितः**। ('માં રહેલું') એ અર્થમાં તદ્ધિત અને **प्रोक्तादयश्च तद्धिताः**। ('એ કહેલું') એ અર્થમાં તદ્ધિત' એમ બે ભિન્ન (વાર્તિકો) નું વિધાન શા માટે કર્યું ? અને **प्रोक्तादयश्च तद्धिताः**। એટલું જ કહેવાથી **भवे** (એ અર્થમાં કહેલ) તદ્ધિતનો પણ સમાવેશ ન થાત ? આચાર્યે પહેલાં **भवे** (એ અર્થમાં ) તદ્ધિત જોયો અને તેનો **भवे च तद्धिताः**। એ (વાર્તિક રૂપે ) પાઠ કર્યો.

---

[88] **ल्युट्** નું વિધાન (**करणाधिकरणयोश्च**। એ સૂત્રથી) કરણના અર્થમાં કરેલું છે પણ શબ્દનું તો પોતાનું સ્પષ્ટીકરણ કરવાનું છે તેથી તે કર્મ છે, કરણ નથી પરિણામે **ल्युट्** નો (કરણ એ) અર્થ બંધ નહીં બેસે.

[89] એટલે કે 'વ્યાકરણ' નો અર્થ 'શબ્દ' લઇએ તો.

[90] ' પાણિનિએ ઉચ્ચારેલું તે પાણિનીય ' એમ **तेन प्रोक्तम्**। એ અર્થ બતાવવા માટે લગાડવામાં આવતા **अण्** વગેરે પ્રત્યયો સાર્થક નહીં થાય, કારણ કે વ્યાકરણનો અર્થ શબ્દ લઇએ તો **पाणिनीयम्** નો અર્થ 'પાણિનિએ ઉચ્ચારેલો શબ્દ' એમ થશે, પરંતુ શબ્દો સર્વ પ્રથમ પાણિનિએ ઉચ્ચાર્યા નથી તેથી **तेन प्रोक्तम्** એ અર્થમાં લાગેલો **अण्** નિરર્થક થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે પછી **तेन प्रोक्तम्।** એ અર્થમાં તદ્ધિત પ્રત્યયો જોયા એટલે **प्रोक्तादयश्च तद्धिताः।** એ (વાર્તિક) નો પાઠ કર્યો,[91] કારણ કે આચાર્ય એક વાર સૂત્રો બનાવીને (તમને) ફેંક કરતા નથી.

જો 'વ્યાકરણ' નો અર્થ શબ્દ લઇએ તો ( 'કરણ' ના અર્થમાં) **ल्युट्** બંધ બેસતો નથી'. એ દોષ આવતો નથી, કારણ કે **ल्युट्** -નું વિધાન હમેશાં કરણ અને અધિકરણના અર્થમાં જ કરવામાં આવતું નથી.[92] તો પછી બીજા કયા અર્થમાં (કરવામાં આવે છે) ? બીજાં કારકોના અર્થમાં પણ **ल्युट्** (નું વિધાન કરવામાંઆવ્યું છે, જેમકે **कृत्यल्युटो बहुलम्** । (**कृत्य** અને **ल्युट्** વિવિધ કારકોના અર્થમાં લાગે છે) દા.ત. **प्रस्कन्दनम्** , **प्रपतनम्** ( વગેરેમાં અપાદાનના અર્થમાં છે.) અથવા તો શબ્દો વ્દારા પણ શબ્દોની

**व्याक्रियन्ते। तद्यथा गौरित्युक्ते सर्वसंदेहा निवर्तन्ते नाश्वो न गर्दभ इति॥**

**अयं तर्हि दोषः भवे प्रोक्तादयश्च तद्धिताः इति। एवं तर्हि--**

**लक्ष्यलक्षणे व्याकरणम्॥१४॥**

**लक्ष्यं लक्षणं चैतत्समुदितं व्याकरणं भवति। किं पुनर्लक्ष्यं किं लक्षणम्। शब्दो लक्ष्यं सूत्रं लक्षणम्। एवमप्ययं दोषः समुदाये व्याकरणशब्दः प्रवृत्तोऽवयवे नोपपद्यते। सूत्राणि चाप्यधीयान इष्यते वैयाकरण इति। नैष दोषः। समुदायेष्वपि शब्दाः प्रवृत्ता अवयवेष्वपि वर्तन्ते। तद्यथा पूर्वे पाञ्चालाः उत्तरे पाञ्चालाः। तैलं भुक्तम् घृतं भुक्तम् शुक्लो नीलः कृष्ण इति। एवमयं समुदाये व्याकरणशब्दः प्रवृत्तोऽवयवेऽपि वर्तते॥ अथवा पुनरस्तु सूत्रम्। ननु चोक्तं सूत्रे व्याकरणे षष्ठ्यर्थो ऽनुपपन्न इति। नैष दोषः। व्यपदेशिवद्भावेन भविष्यति॥**

સમજૂતી આપી શકાય છે.[93] ( અર્થાત્ 'સાધન' ના અર્થમાં **ल्युट्** યોગ્ય ઠરી શકશે) જેમકે '**गौः** અર્થાત્ 'બળદ' એમ કહેવામાં આવે ત્યારે સર્વ સંદેહ દૂર થાય છે (અને સમજાય છે કે) આ ઘોડો નથી, ગધેડો નથી;' તો પછી "**भवे** ('માં રહેલું') ના અર્થમાં અને **प्रोक्तादयश्च तद्धिताः।** ('એ કહેલું' એ અર્થમાં)તદ્ધિતો બંધ બેસતા નથી" એ દોષ ઊભો રહેશે. એમ હોય તો--

---

[91] વાર્તિકકારે પહેલાં **तत्र भवः।** એ સૂત્રનો ખ્યાલ કરીને **भवे च तद्धितः।** એ વાર્તિકની રચના કરી ત્યાર પછી તેમને **तेन प्रोक्तम्।** એ સૂત્ર પ્રમાણેના તદ્ધિતનો વિચાર આવ્યો એટલે તેમણે **प्रोक्तादयश्च तद्धिताः।** એ વાર્તિક રચી. તેના કરતાં **प्रोक्तादयश्च तद्धिताः।** એમ એક જ વાર્તિક કેમ ન કરી, કારણ કે **प्रोक्तादि** માં **भवार्थ** નો સમાવેશ થઇ જાય છે તેથી પુનરુક્તિ ટાળી શકાત, એમ શંકા છે. પરંતુ એકવાર વાર્તિક રચ્યા પછી તેઓ તેને રદ કરતા નથી.તેથી પુનરુક્તિ થવા દીધી છે. અહીં **न-** --**निवर्तयन्ति** ના અર્થની બાબતમાં કંઇક મતભેદ જોવામાં આવે છે : ૧) 'He has not desisted yet' તેઓ (વાર્તિક કર્યા પછી) અટક્યા નથી --કુ.રે.(પૃ. ૧૨૩), ૨) સુ.શા.માં મુદ્રણ ક્ષતિ જણાય છે. 'Acaryas do not stop after writing the sutras without revising them.' (ભા.૧,પૃ.૭૫). વાસ્તવમાં આચાર્યોનો આશય વ્યુત્પત્તિ કરવાનો હોય છે તેથી જેનું સ્પષ્ટીકરણ કરવાનું હોય તે વિશે તત્પર હોય છે. તેમ કરવામાં કોઇ ભારે દોષનો સંભવ ન હોવાથી તેઓ લાઘવ માટે અત્યાદર રાખતા નથી. તેથી બે ભિન્ન વાર્તિક કરી અને એકમાં જ બેનો સમાવેશ ન કર્યો.. [જુઓઃ પ્ર.ઉ.અને છા.(પા.ટી.૧) પૃ.૭૦]

[92] **करणाधिकरणयोश्च।** એ સૂત્ર પ્રમાણે **ल्युट्** લાગીને **इध्मव्रश्चनः** [(બળતણ કાપનું સાધન) એ કરણના અર્થમાં] **गोदोहनी** [(દોણી ) એ અધિકરણના અર્થમાં] , પરંતુ **कृत्यल्युटो बहुलम्।** એ સૂત્ર પ્રમાણે અન્યત્ર પણ **ल्युट्** લાગે છે. જેમ કે **राजभोजनाः शालयः।** એમ કર્મના અર્થમાં, **प्रस्कन्दनम्** (**प्रस्कन्दति अस्मात्**), **प्रपतनम्** એ શબ્દો અપાદાનના અર્થમાં **ल्युट्** લાગીને થયા છે. (જુઓઃ કા.ન્યા. ભા.૩.પૃ.૮૫). નાગેશ કહે છે કે **प्रस्कन्दन** વગેરે **भीमादि** ગણના છે (તેથી અપાદાનના અર્થમાં તે અનિયમિત રીતે થાય છે), છતાં **भीमादयोऽपादने।** એ સૂત્ર **कृत्यल्युटो बहुलम्।** એ સૂત્રનો સ્પષ્ટીકરણ છે. કા.માં **प्रपतनः** નો **भीमादि** માં પાઠ છે, પરંતુ **प्रस्कन्दनः** નો પાઠ નથી.. સિ.કૌ.માં ગણપાઠમાં તે છે, વળી **भीमादि** એ આકૃતિગણ છે.

[93] અર્થાત્ 'સાધન' ના અર્થમાં **ल्युट्** યોગ્ય ઠરી શકશે, કારણ કે શબ્દવ્દારા જ શબ્દના અર્થનું સ્પષ્ટીકરણ થાય છે એટલે કે તેનાથી જે વિપરીત હોય તેની વ્યાવૃત્તિ થાય છે અને સદૃશ હોય તેનું ગ્રહણ થાય છે. જેમ કે ગળે ગોદડીવાળા પદાર્થને વિશે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લક્ષ્ય અને લક્ષણ (બન્ને) વ્યાકરણ થશે॥૧૪॥
લક્ષ્ય અને લક્ષણ બન્ને મળીને વ્યાકરણ થશે.પણ લક્ષ્ય એટલે શું અને લક્ષણ એટલે શું? 'શબ્દ' એ લક્ષ્ય છે, જ્યારે 'સૂત્ર' એ લક્ષણ છે. આમ હોવા છતાં આ દોષ આવશે, કારણ કે સમુદાય (અર્થાત્ વ્યાકરણ) ના અર્થમાં પ્રયોજાતો શબ્દ અવયવ (અર્થાત્ સૂત્ર) ને લાગુ નહીં પડે, જો કે સૂત્રોનો અભ્યાસ કરનારને પણ વૈયાકરણ ગણવો જોઇએ. એ દોષ નહીં આવે, કારણકે સમુદાયના અર્થમાં પ્રયોજાતા શબ્દો અવયવ માટે પણ પ્રયોજાય છે, જેમ કે **पूर्वे पाञ्चालाः**[૯૪] (પૂર્વનો પાંચાલ દેશ) **उत्तरे पाञ्चालाः** (ઉત્તરનો પાંચાલ દેશ), **तैलं भुक्तम्** (તેલ ખાધું), **घृतं भुक्तम्** (ઘી ખાધું), **शुक्लः नीलः कृष्णः** (શ્વેત,નીલ,કાળો વગેરે) એ જ રીતે સમુદાયના અર્થમાં વપરાતો 'વ્યાકરણ' શબ્દ અવયવ (અર્થાત્ સૂત્ર તેમ જ શબ્દ)નો અર્થ પણ બતાવે છે. અથવા તો 'વ્યાકરણ'નો અર્થ સૂત્ર લેવામાં પણ વાંધો નથી.પણ અમે કહ્યું તો ખરું કે 'વ્યાકરણ'નો અર્થ 'સૂત્ર' લઈએ તો ('વ્યાકરણનુ સૂત્ર' એ પ્રયોગમાં) ષષ્ઠી વિભક્તિનો અર્થ બંધબેસતો નથી. એ દોષ નહીં આવે.વ્યપદેશિવદ્ભાવથી[૯૫] (ષષ્ઠીનો **यदप्युच्यते शब्दाप्रतिपत्तिरिति न हि सूत्रत एव शब्दान्प्रतिपद्यन्ते। किं तर्हि। व्याख्यानतश्चेति। परिहृतमेतत्तदेव सूत्रं विगृहितं व्याख्यानं भवतीति। ननु चोक्तं न केवलानि चर्चापदानि व्याख्यानं वृद्धिः आत् ऐजिति। किं तर्हि। उदाहरणं प्रत्युदाहरणं वाक्याध्याहारः इत्येतत्समुदितं व्याख्यानं भवतीति। अविजानत एतदेवं भवति। सूत्रत एव हि शब्दान् प्रतिपद्यन्ते। आतश्च सूत्रत एव। यो ह्युत्सूत्रं कथयेन्नादो गृह्येत॥**

---

'**अयं गौः**' એમ કહેવામાં આવે ત્યારે અન્ય વાચક શબ્દોની નિવૃત્તિ થાય છે અને આમ એક ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે તે ઉપરથી તેના જેવા અન્ય સર્વ શબ્દોની પ્રતીતિ થાય છે. એ જ રીતે ' જેના વડે સ્પષ્ટીકરણ થાય તે વ્યાકરણ' એમ વ્યુત્પત્તિ કરીએ તો પણ શબ્દ વ્દારા શબ્દનું સ્પષ્ટીકરણ થાય છે માટે વ્યાકરણનો અર્થ શબ્દ કરીએ તો પણ તે સ્પષ્ટીકરણનું સાધન હોવાથી સાધનવાચી **ल्युट्** બંધ બેસે છે.

[૯૪] **पाञ्चालाः** શબ્દ સમગ્ર પાંચાલ દેશ માટે પ્રયોજાય છે,પરંતુ **पूर्वे पाञ्चालाः। उत्तरे पाञ्चालाः** વગેરેમાં સમગ્ર દેશ માટે ન વપરાતાં માત્ર પૂર્વ કે ઉત્તર ભાગ માટે પ્રયોજાયો છે. અહીં એકદેશ ઉપર સમુદાયનો આરોપ કર્યો છે. તે જ રીતે **तैलं भुक्तम्। घृतं भुक्तम्।** વગેરેમાં તેલ કે ઘી ઔષધ તરીકે થાડી માત્રામાં લેવામાં આવ્યાં હોય અથવા તેલ કે ઘીવાળો પદાર્થ ખધો હોય, એકલું તેલ કે ઘી ન ખાધું હોય તો પણ **तैलम्, घृतम्** વગેરે શબ્દો પ્રયોજાય છે. તે પ્રમાણે **शुक्लः। नीलः** વગેરે પ્રયોગોમાં પણ સમગ્ર વસ્તુ શ્વેત કે નીલ ન હોય, તેનો થોડો ભાગ અન્ય વર્ણનો હોય, તો પણ તે વસ્તુ વિશે **शुक्लः। नीलः** વગેરે પ્રયોગ કરવામાં આવે છે. જેમ વનનો એક ભાગ જ પુષ્પિત થયો હોય છતાં '**पुष्पितं वनम्**' એમ પ્રયોગ થાય છે .આ સર્વ પ્રયોગોમાં એકદેશ ઉપર સમુદાયનો આરોપ થયો છે તેમ વ્યાકરણ શબ્દ સમુદાયના અર્થમાં છે તેમ તેના અવયવના અર્થમાં પણ છે.

[૯૫] અર્થાત્ પ્રધાનને 'અનુલક્ષીને જે વ્યવહાર થાય છે તે ગૌણને પણ થઈ શકે' એ ન્યાયે અર્થાત્ પ્રધાનભૂત (અવયવી= વ્યાકરણ) ને વિશે થતો વ્યવહાર ગૌણભૂત (અવયવ=સૂત્ર) ને વિશે પણ થઇ શકશે.સામાન્યતઃ કોઇ પદાર્થને માટે વિશિષ્ટ નામ (**व्यपदेश**) આપવામાં આવે ત્યારે તે માટે ખાસ કારણ હોય છે. આ રીતે કારણવશાત્ મુખ્યાર્થમાં જેને માટે વ્યપદેશ કરવામાં આવે તે પદાર્થ વ્યપદેશી કહેવાય. કેટલીક વાર કોઇ પદાર્થને અનુલક્ષીને આ પ્રકારનો વ્યપદેશ કરવા માટે કંઇ કારણ ન હોય તેમ છતાં તેને વિશે એ પ્રકારનો વ્યપદેશ કરવામાં આવે છે. આવા પ્રસંગે જે વ્યપદેશી નથી તેને વ્યપદેશી જેવો ગણીને જે પ્રયોગ કરવામાં આવે છે તે વ્યપદેશિવદ્ભાવ. જેમ કે રાહુ અને તેનું માથું એ એક જ વસ્તુ છે (કારણ કે માથાવાળા ભાગને જ રાહુ કહેવામાંઆવે છે). છતાં **राहोः शिरः।** એમ પ્રયોગ થાય છે. અહીં **राहुः** એ શબ્દ સમુદાયવાચી તરીકે અને **शिरः** એ શબ્દ અવયવવાચી તરીકે લઇને પ્રયોગ કરવામાં આવ્યો છે તેથી જ બન્ને એક હોવા છતાં ભેદ હોય તેવો વ્યવહાર થયો છે. તે રીતે **व्याकरणस्य सूत्रम्** એ પ્રયોગમાં પણ વ્યાકરણ શબ્દ વડે સ્પષ્ટીકરણના કાર્યમાં શાસ્ત્ર કરણ છે તેમ સૂચવાય છે. જ્યારે સૂત્રવ્દારા શાસ્ત્રનું સમુદાય સ્વરૂપ બતાવાય છે. સંસારમાં પણ કોઇ વ્યક્તિને અનેક પુત્ર હોય તો ગમે તે પુત્રને જયેષ્ઠ કે કનિષ્ઠ કહી ન શકાય પણ જે સૌથી મોટો હોય તેને જયેષ્ઠ અને સૌથી નાનો હોય તેને કનિષ્ઠ કહે છે.પરંતુ કોઇને એક જ પુત્ર હોય તો તેને જયેષ્ઠ કે કનિષ્ઠ એમ ક્વચિત્ કહે છે, કારણ કે ત્યાં જયેષ્ઠ વગેરે વ્યપદેશ કરવા માટે કોઇ કારણ નથી માત્ર વ્યપદેશિવદ્ભાવને આધારે તેવો વ્યવહાર કરવામાં આવે છે.(જુઓઃ ભર્તૃ.પૃ.૪૮; પ.શે.વા. પૃ.૧૦૯ ; મદા પૃ.૫૯ ; પ્ર.ઉ.પૃ.૭૨).

---



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथ किमर्थो वर्णानामुपदेशः।

અર્થ) બંધ બેસશે.વળી જે કહ્યું કે શબ્દનો બોધ નહીં થાય (એ બાબતમાં) કહેવાનું કે સૂત્ર વ્દારા જ શબ્દોનું જ્ઞાન થાય તેમ નથી . તો શાથી થાય છે? વ્યાખ્યાન દ્વારા પણ થાય છે." પરન્તુ 'સૂત્રના શબ્દોને છૂટા પાડવામાં આવે તે વ્યાખ્યાન થાય' એમ કહીને અમે તેનું ખંડન કર્યું હતું. અમે પણ (પ્રત્યુતરમાં) કહ્યું હતું કે કેવળ છૂટાં પાડેલાં પદો એ વ્યાખ્યાન નથી. તો પછી વ્યાખ્યાન એટલે શું? ઉદાહરણ, પ્રત્યુદાહરણ, વાકયમાં ખૂટતા શબ્દો પૂરવા એ સર્વ મળીને વ્યાખ્યાન થાય છે. આ પ્રમાણે તો જે અજ્ઞાની છે તેને માટે જરૂરી છે.[96] ખરૂં જોતાં શબ્દોનું જ્ઞાન તો સૂત્રો વ્દારા જ થાય છે. તેથી સૂત્રને અવગણીને કોઇ (બીજું જ) કહે તે સ્વીકારાશે નહીં.

તો હવે આ ( શિવસૂત્રોમાંના) વર્ણોનો ઉપદેશ શા માટે કરવામાં આવે છે ?[97]

**वृत्तिसमवायार्थ उपदेशः ॥१५॥**

**वृत्तिसमवायार्थो वर्णानामुपदेशः कर्तव्यः। किमिदं वृत्तिसमवायार्थ इति। वृत्तये समवायः वृत्तिसमवायः। वृत्यर्थो वा समवायः वृत्तिसमवायः। वृत्तिप्रयोजनो वा समवायः वृत्तिसमवायः। का पुनर्वृत्तिः। वर्णानामानुपूर्व्येण सन्निवेशः। अथ क उपदेशः। उच्चारणम्। कुत एतत्। दिशिरुच्चारणक्रियः। उच्चार्य हि वर्णानाह उपदिष्टा इमे वर्णा इति।**

**अनुबन्धकरणार्थश्च ॥१६॥**

**अनुबन्धकरणार्थश्च वर्णानामुपदेशः कर्तव्यः। अनुबन्धानासङ्क्ष्यामीति। न ह्यनुपदिश्य वर्णाननुबन्धाः शक्या आसङ्क्तुम्। स एष वर्णानामुपदेशो वृत्तिसमवायार्थश्चानुबन्धकरणार्थश्च। वृत्तिसमवायश्चानुबन्धकरणं च प्रत्याहारार्थम्।**

વૃત્તિ સમવાય માટે ઉપદેશ છે ॥ ૧૫ ॥[98]

---

[96] એ ઉદાહરણ, પ્રત્યુદાહરણ વગેરે તો જે કશું ન જાણતો હોય અર્થાત્ કોઇ પણ પ્રકારની ભૂમિકા વગરનો હોય તેને માટે છે. વાસ્તવિક રીતે તો શબ્દનું જ્ઞાન સૂત્ર વ્દારા જ થાય છે.તે માટે વ્યતિરેક દૃષ્ટાન્ત આપતાં કહે છે કે જે સૂત્રથી વિપરીત કહે તેને કોઇ સ્વીકારતું નથી. તે કારણે પણ સિદ્ધ થાય છે કે સૂત્ર વ્દારા જ શબ્દોનો બોધ થાય છે. **आतश्च** = **अतश्च हेतोः**। અર્થાત્ એટલા માટે. શા.રે માને છે કે અહીં શ્લેષ વ્દારા **आतश्च**। એ સૂત્રનો ઉલ્લેખ કરીને સૂચવે છે કે કેવળ સૂત્ર વ્દારા મૂળ વ્યાખ્યાનનો બોધ થાય છે.(પૃ.૧૨૯). વાસ્તવમાં ભાષ્યકાર આ પ્રકારનો પ્રયોગ અનેક વાર કરે છે (જુઓ : **आतश्चेप्सितं यत्तद्भक्षयति**। (૧-૪-૫૦ ઉપરનું મહા.ભા.). **नादः न अदः** તે (કથન) નથી સ્વીકારાતું. **न तत् (गृह्यते)** (ભર્તૃ.) અર્થાત્ એવા ઉત્સૂત્ર કથનનો કોઇ સ્વીકાર કરતું નથી. **नादः गृह्यते**। અન્ય રીતે પણ સમજાવવામાં આવે છે : ઉત્સૂત્ર કથન અર્થ રહિત હોવાથી તે માત્ર ઘોષ રૂપ જ છે ( **नादः** = ઘોઘાટ સમું જ છે.) (પ્ર.પૃ. ૭૨)

[97] લોક વ્યવહારમાં ક, ખ, ગ વગેરે મૂળાક્ષરો રૂપ કક્ક ાના પાઠ વ્દારા પણ વર્ણોનું જ્ઞાન મળી શકે છે પછી માહેશ્વર વર્ણસમામ્નાયનું શું પ્રયોજન છે ? વળી વર્ણોના ઉપદેશ વ્દારા કોઇ સાધુ શબ્દનું અનુશાસન થતું નથી તો પછી મહાદેવે પાણિનિને આ વર્ણસમામ્નાયનો ઉપદેશ શા માટે કર્યો ? એ પૂછવા માગે છે.

[98] વર્ણોનું પોતાનું સ્વરૂપ નિશ્ચિત કરવા માટે તેમનો ઉપદેશ કરવામાં આવતો નથી, પરંતુ વિશિષ્ટ આનુપૂર્વી--નિયતક્રમ-- માટે તે જરૂરી છે. આ ક્રમને કારણે શાસ્ત્રમાં વર્ણો ઉપયોગી થાય તે માટે તેમનો ઉપદેશ કરવામાં આવ્યો છે એથી લાઘવપૂર્વક, સરળતાપૂર્વક શાસ્ત્રપ્રવૃત્તિ થઇ શકે.અહીં **किमिदं वृत्तिसमवाय इति** ? એમ પાઠ લઇશું ? એમ ચેટર્જી પ્રશ્ન કરે છે. (પૃ.૧૦૫). **वृत्तये समवायः** એ માત્ર સ્પષ્ટીકરણ છે, વિગ્રહ નથી, કારણ કે **वृत्तिसमवायः** એ **अश्वघासः** ની જેમ ષષ્ઠી-સમાસ છે. **वृत्त्यर्थः समवायः**। એ શાકપાર્થિવાદિ (મધ્યમપદલોપી) પ્રમાણેનો વિગ્રહ છે. અહીં વૃત્તિ એટલે શાસ્ત્રની પ્રવૃત્તિ. તે માટે સમવાય અર્થાત્ વર્ણોનો વિશિષ્ટ ક્રમ નિમિત્તભૂત છે. વિશિષ્ટ સન્નિવેશને પ્રતાપે જ **इग्यणः**। જેવામાં યથાસંખ્ય પ્રવૃત્ત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૃત્તિસમવાય માટે વર્ણોનો ઉપદેશ કરવો જરૂરી છે. 'વૃત્તિસમવાય માટે 'એ વળી શું છે? વૃત્તિ માટે નો સમવાય, વૃત્તિ અર્થેનો સમવાય, અથવા વૃત્તિ જેનું પ્રયોજન છે તે સમવાય. પરન્તુ 'વૃત્તિ' એટલે શું ? વ્યાકરણ શાસ્ત્રની પ્રવૃત્તિ તે' વૃત્તિ'. તો પછી 'સમવાય' એટલે શું? વર્ણોને અમુક ક્રમપૂર્વક ગોઠવવા તે સમવાય. તો પછી 'ઉપદેશ' એટલે શું?[99] ઉપદેશ એટલે ઉચ્ચારણ. તે કેવી રીતે ? '**दिश्**' ધાતુ 'ઉચ્ચારવું' એ અર્થનો છે. વર્ણો નું ઉચ્ચારણ કરીને (ઉચ્ચારનાર) કહે છે", આ વર્ણોનો ઉપદેશ કર્યો (અર્થાત્ ઉચ્ચારવામાં આવ્યા)".

અનુબન્ધ રચવા માટે પણ[100] (વર્ણો નો ઉપદેશ કરવામાં આવે છે) ॥ ૧૬॥

'હું અનુબન્ધો લગાડી શકું' એમ વિચારીને અનુબંધ લગાડવા માટે વર્ણોનો ઉપદેશ કરવો પડ્યો , કારણ કે વર્ણોનો ઉપદેશકર્યા વિના અનુબન્ધ લગાડી ન શકાય.આમ આ વર્ણોનો ઉપદેશ વૃત્તિસમવાય (અર્થાત્ શાસ્ત્રની પ્રવૃત્તિ થઇ શકે તે દૃષ્ટિથી વર્ણોને વિશિષ્ટ ક્રમપૂર્વક ગોઠવવા) માટે તેમ જ અનુબન્ધ કરવા માટે છે અને વિશિષ્ટ ક્રમમાં વર્ણોને ગોઠવવા તેમજ અનુબન્ધ રચવા એ પ્રત્યાહાર[101] (બની શકે તે) માટે છે.

**प्रत्याहारो वृत्यर्थः ॥ इष्टबुद्ध्यर्थश्च वर्णानामुपदेशः । इष्टान्वर्णान्भोत्स्य इति । न ह्यनुपदिश्य वर्णानिष्टवर्णाः शक्या विज्ञातुम् ॥**

**इष्टबुद्ध्यर्थश्चेति चेदुदात्तानुदात्तस्वरितानुनासिकदीर्घप्लुतानामप्युपदेशः ॥१७ ॥**

**इष्टबुद्ध्यर्थश्चेति चेदुदात्तानुदात्तस्वरितानुनासिकदीर्घप्लुतानामप्युपदेशः कर्तव्यः । एवंगुणा अपि हि वर्णा इष्यन्ते ॥आकृत्युपदेशात्सिद्धम् ॥ आकृत्युपदेशात्सिद्धमेतत् । अवर्णाकृतिरुपदिष्टा सर्वमवर्णकुलं ग्रहीष्यति । तथेवर्णाकृतिः । तथोवर्णाकृतिः ।**

પ્રત્યાહાર શાસ્ત્રની પ્રવૃત્તિ થઇ શકે તે માટે છે. ઇષ્ટ વર્ણોનું જ્ઞાન થાય તે માટે પણ[102] વર્ણોનો ઉપદેશ જરૂરી છે, જેથી હું ઇષ્ટ વર્ણોનો બોધ કરાવી શકું, કારણ કે વર્ણોનો ઉપદેશ કર્યા વિના ઇષ્ટ વર્ણો જાણી શકાય નહીં.

---

થઇ શકે છે.અથવા **वृत्तिप्रयोजनः समवायः ।** અર્થાત્ શાસ્ત્રપ્રવૃત્તિ એ જેનું પ્રયોજન છે તે સમવાય, કારણ કે સમવાય શાસ્ત્રપ્રવૃત્તિનું પરંપરયા નિમિત્ત છે.દા.ત. **अकः सवर्णे दीर्घः ।** જેવા શાસ્ત્રની પ્રવૃત્તિ **अक्** પ્રત્યાહાર ઉપર અવલંબે છે, પ્રત્યાહાર **आदिरन्त्येन** ० ઉપર આધાર રાખે છે અને તેનો આધાર સમવાય-- વર્ણોના વિશિષ્ટ ક્રમ ઉપર છે. આમ સમવાય પ્રત્યક્ષ નહીં પણ પરોક્ષ રીતે શાસ્ત્રપ્રવૃત્તિનું નિમિત્ત છે.

[99] કોઇ ક્રિયા પૂર્ણ થાય તે પછી તેને અનુલક્ષીને કોઇ શબ્દ પ્રયોગ કરવામાં આવે તો તે શબ્દ તે ક્રિયાનો વાચક છે તેમ સમજાય છે.બ્રાહ્મણો ના જમ્યા પછી કે પ્રવેશ્યા પછી કહેવામાં આવે કે બ્રાહ્મણો જમ્યા અથવા બ્રાહ્મણો પ્રવેશ્યા, તો તે ઉપરથી જમવું અને પ્રવેશવું એ ધાતુઓનો અર્થ ચોક્કસ સમજાય છે. તેમ અહીં પણ વર્ણોનું ઉચ્ચારણ કરવામાં આવે તે પછી તરત જ કોઇ પૂછે કે વર્ણોનો ઉપદેશ શા માટે, તો તે ઉપરથી સમજાય છે કે **दिश्** ધાતુ 'ઉચ્ચારણ કરવું' એ અર્થનો છે.

[100] અનુબન્ધકરણ (અર્થાત્ અનુબન્ધ લગાડવો તે) વ્યાકરણશાસ્ત્રની પ્રવૃત્તિનું આવશ્યક અંગ છે તેથી અનુબન્ધ જરૂર લગાડવો જોઇએ, પરંતુ ઉપદેશ વિના તે થઇ શકે નહીં.

[101] વિસ્તૃતનો સંક્ષેપ એટલે પ્રત્યાહાર (**प्रत्याह्रियन्ते वर्णा एषु**), વિશિષ્ટ પ્રકારના વર્ણસન્નિવેશ અને અનુબન્ધો વિના **आदिरन्त्येन** ० એ સૂત્ર પ્રમાણે **अण्** વગેરે પ્રત્યાહાર થઇ શકે નહીં, તેથી જ ભાષ્યકાર કહે છે : **वृत्तिसमवायार्थानुबन्धकरणं च प्रत्याहारार्थम् ।**

[102] **इष्टबुद्ध्यर्थश्च वर्णानामुपदेशः ।** એ વાક્યને કેટલીક આવૃત્તિઓમાં ભિન્ન વાર્તિક તરીકે આપ્યું છે. (જુઓ : નિ.સા. પૃ.૭૩ ; શા.રે.પૃ.૧૩૫; કે.વી.અં.પૃ.૪૭; ચારુ.પૃ.૪૬; સુ.શા.પૃ.૮૦; ગો.શા.પૃ.૩૮).જ્યારે અન્ય (જુઓ : કિ.પૃ.૧૩ વા.શા.મ. પૃ. ૨૯ , હિ.૪૩ ચેટર્જી પૃ. ૧૦૭ ચૌખં.પૃ.૮૧) માં વાર્તિક તરીકે લીધું નથી પણ ભાષ્યકારનું વિધાન ગણ્યું છે.કદાચ **अनुबन्ध-करणार्थश्च ।** ની જેમ **इष्टबुद्ध्यर्थश्च ।** એટલી જ વાર્તિક હશે તેમ **इष्टबुद्ध्यर्थश्चेति चेदुदात्त** ० એ આક્ષેપ વાર્તિક ઉપરથી લાગે છે, કારણ કે તેમાં એટલો જ ભાગ લીધો છે.અને **इष्टबु- - - वर्णानामुपदशः ।** એ તે લુપ્ત વાર્તિક ઉપરનું ભાષ્ય છે. વર્ણોનો ઉપદેશ આવશ્યક છે તે ઉપરથી સમજાય છે કે તે ઉપદેશમાં જે (કલ વગેરે દોષરહિત) રીતે વર્ણો ઉચ્ચારવામાં આવ્યા હોય તે પ્રકારના વર્ણો જ સાધુ અને તેથી વિપરીત હોય તે અસાધુ છે અને તેથી ઉપદેશમાં નિર્દેશ્યા પ્રમાણે જ વર્ણો પ્રયોજવા જોઇએ. ઉપરાંત અક્ષરસમામ્નાયના ઉપદેશદ્વારા અભ્યાસ કરનારને ઇષ્ટ વર્ણોનો બોધ થઇ જાય છે તેથી તેને કક્કા (**मातृका**) નો અભ્યાસ કરવાની જરૂર રહેતી નથી. અહીં **भोत्स्ये** (કિ.પૃ.૧૩; વા.શા.મ.પૃ.૨૯ , હિ.પૃ.૪૩; કે.વી.અં.પૃ.૪૭ ;



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇષ્ટ વર્ણોના જ્ઞાન માટે (ઉપદેશ જરૂરી હોય) તો ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, અનુનાસિક, દીર્ઘ, પ્લુત વગેરેનો પણ ઉપદેશ(કરવો જોઇએ) ॥ ૧૭ ॥ [103]

ઇષ્ટ વર્ણોના જ્ઞાન થાય તે માટે વર્ણોનો ઉપદેશ કરવામાં આવે છે એમ જો કહો તો પછી ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, અનુનાસિક, દીર્ઘ, પ્લુત વગેરે ગુણો વાળા વર્ણો પણ ઇષ્ટછે માટે તેઓનું પણ ઉચ્ચારણ કરવું જરૂરી છે. જાતિ સૂચવતા વર્ણોનો ઉપદેશ કર્યો હોવાથી (ઉદાત્ત વગેરે) સિદ્ધ થાય છે. જાતિ સૂચવતા વર્ણોનો ઉપદેશ કરવામાં આવ્યો છે તેથી એ (ઉદાત્ત વગેરે પણ) સિદ્ધ થાય છે. **अ** વર્ણની મૂળ જાતિનો ઉપદેશ કરવામાં આવ્યો છે તે દ્વારા **अ** (વર્ણ)ના સમગ્ર કુળનું કુળનું (અર્થાત્ હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, અનુનાસિક વગેરેનું ) ગ્રહણ થાય છે. તે જ રીતે **इ** વર્ણ અને **उ** વર્ણની જાતિ (નો ઉપદેશ કર્યો છે તે ઉપરથી તેમના સમગ્ર કુળનું ગ્રહણ થાય છે).

**आकृत्युपदेशात्सिद्धमिति चेत् संवृतादीनां प्रतिषेधः ॥१८ ॥**

**आकृत्युपदेशात्सिद्धमिति चेत् संवृतादीनां प्रतिषेधः वक्तव्यः। के पुनः संवृतादयः। संवृतः कलः ध्मातः एणीकृतः अम्बूकृतः अर्धकः ग्रस्तः निरस्तः प्रगीतः उपगीतः क्ष्विण्णः रोमशः इति ॥**

**अपर आह – ग्रस्तं निरस्तमवलम्बितं निर्हतमम्बूकृतं ध्मातमथो विकम्पितम्। संदष्टमेणीकृतमर्धकं द्रुतं विकीर्णमेताः स्वरदोष- भावनाः इति ॥ अतोऽन्ये व्यञ्जनदोषाः ॥ नैव दोषः। गर्गादिबिदादिपाठात्संवृतादीनां निवृत्तिर्भविष्यति ॥**

જો (વર્ણની) જાતિના ઉચ્ચારણથી (સમગ્ર કુળની ) સિદ્ધિ થાય છે એમ કહેશો તો **संवृत** વગેરેનો પ્રતિષેધ કરવો પડશે ॥૧૮॥ [104]

(ઇષ્ટ વર્ણની ) જાતિનો ઉપદેશ કર્યો છે તેથી (તે વર્ણનું સમગ્ર કુળ) સિદ્ધ થાય છે એમ કહો તો (સંવૃત વગેરે દોષોનું પણ ગ્રહણ થશે અને તે ન થાય માટે) **संवृत** વગેરેનો પ્રતિષેધ કરવો પડશે.સંવૃત વગેરે[105]કયા છે?સંવૃત,કલ, ધ્માત, એણીકૃત, અમ્બૂકૃત, અર્ધક, ગ્રસ્ત, નિરસ્ત, પ્રગીત,ઉપગીત, ક્ષ્વિણ્ણ અને રોમશ.

---

ચેટર્જી પૃ.૧૦૭) તેમ જ **मोत्स्यामहे** (નિ.સા.પૃ.૪૩ ; સુ.શા.પૃ.૮૦; ચારૂ.પૃ.૪૬; શા.રે.પૃ. ૧૩૫ અને ગો.શા. પૃ.૩૮) એ બે પાઠ ઉપલબ્ધ છે.નાગેશ આમાંનો બીજો પાઠ લે છે. તે **मोत्स्यामहे** અને **विज्ञातुम्** એ બન્નેને અન્તર્ભાવિતણ્યર્થ માને છે (અર્થાત્ અનુક્રમે **बोधयिष्यामहे** અને **ज्ञापयितुम्** એમ પ્રેરકના અર્થમાં લે છે.).જો કે આગળની વાર્તિક (૧૯) માં **आसङ्क्ष्यामि** એમ એક વચન પ્રયોજ્યું છે તે ઉપરથી અહીં **मोत्स्ये** એમ એવચનાન્ત પાઠ હોય તે ઠીક જણાય છે. (ચેટર્જી પૃ.૧૦૭)

[103] વર્ણોની પ્રતીતિ તો લોક વ્યવહાર ઉપરથી પણ થઇ શકે પરંતુ જો ઉપદેશ કરવામાં આવે તો પછી ઉદાત્ત વગેરેનો પણ ઉપદેશ કરવો પડશે એ આશયથી અહીં કહે છે કે એકશ્રુતિથી સૂત્રોનો પાઠ કર્યો હોય તો ઉદાત્ત વગેરે બધા સ્વરોનો ઉપદેશ કરવો પડશે. अ-કાર વગેરે વર્ણોનું માત્ર શ્રવણ થાય, પરંતુ ઉદાત્ત વગેરે સ્વરોના વિભાગ ઉપલબ્ધ ન થાય ત્યારે **एकश्रुति** થઇ કહેવાય, કારણ કે ત્યારે ઉદાત્ત વગેરે સ્વરોના ભેદનું તિરોધાન થાય છે (જુઓ :કા. તેમ જ ન્યા.ભા.૧,પૃ.૩૧૫). માહેશ્વર સૂત્રોમાં अ , इ વગેરે વર્ણોનો એકશ્રુતિથી પાઠ કરેલો છે, ત્રૈસ્વર્યથી(અર્થાત્ ઉદાત્ત વગેરે પૂર્વક ભેદને અનુસરીને) નથી કર્યો. તેથી જો ત્રૈસ્વર્યથી ઉપદેશ કર્યો હોય તો પણ ત્રણમાંથી એકનું જ ઉચ્ચારણ કર્યુ હોય તેથી બાકીના બે સ્વરોનું ઉચ્ચારણ કરવું આવશ્યક છે. આમ અનભિજ્ઞ વ્યક્તિ પણ ઉદાત્ત વગેરે કેવા હોય તે સમજી શકે તે માટે ઉપદેશ કરવો જરૂરી છે

[104]વર્ણોનો ઉપદેશ મુખ્યતયા આકૃતિ અર્થાત્ જાતિને અનુલક્ષીને કર્યો હોય તો પણ વ્યક્તિ વિશેષનો નિર્દેશ થશે જ, કારણ કે વ્યક્તિ વિના જાતિનું ઉચ્ચારણ કરવું અશક્ય છે. તેમ છતાં પ્રધાનતયા વિવક્ષા જાતિની છે વ્યક્તિની નથી તેથી અન્ય વ્યક્તિઓનું પણ ગ્રહણ અવશ્ય થશે. **आकृत्युपदेशात्सिद्धम्।** એ કિ.(પૃ.૧૩) વગેરેમાં વાર્તિક તરીકે નથી આપી ,પણ નિ.સા.(પૃ.૭૩) વગેરેમાં વાર્તિક ગણી છે. તે યોગ્ય જણાય છે, કારણ કે તેના ઉપર ભાષ્ય છે અને પછીની વાર્તિકમાં એટલો ભાગ આક્ષેપ કરવા માટે લઇને કહ્યું છે કે આકૃતિનું ગ્રહણ કરવાથી સંવૃત, કલ વગેરે દોષયુક્ત વર્ણોનું પણ ગ્રહણ થવાનો પ્રસંગ આવે. તેમ ન થાય તે માટે તેનો નિષેધ કરવો પડશે.

[105]આ દોષો વિશે શ.કૌ.(પૃ.૨૮) અને પ્ર.ઉ.(પૃ.૭૪) માં નીચે પ્રમાણે સમજુતી આપી છે :



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજો (વૈયાકરણ)કહે છે-ગ્રસ્ત, નિરસ્ત, અવલંબિત, નિર્હત, અમ્બૂકૃત, ધ્માત,વિકંપિત, સંદષ્ટ, એણીકૃત, અર્ધક, દ્રુત અને વિકીર્ણ એ સ્વરના દોષો છે. તેથી ભિન્ન વ્યંજનના દોષો છે. (સંવૃતાદિ દોષયુક્ત વર્ણોનું ગ્રહણ થાય) એ દોષ નહીં આવે. (પાણિનિએ) **गर्गादि** અને **बिदादि** ગણમાં (શુદ્ધનો) પાઠ કર્યો છે તેથી[106] સંવૃતાદિ દોષો આવતા અટકશે.

**अस्त्यन्यत् गर्गादिबिदादिपाठे प्रयोजनम्। किम्। समुदायानां साधुत्वं यथा स्यादिति। एवं तर्ह्यष्टादशधा भिन्नां निवृत्तकलादि -कामवर्णस्य प्रत्यापत्तिं वक्ष्यामि। सा तर्हि वक्तव्या॥**

**लिङ्गार्था प्रत्यापत्तिः॥**

**लिङ्गार्था सा तर्हि भवति। तत्तर्हि वक्तव्यम्। यद्यप्येतदुच्यते अथवैतर्हि अनेकमनुबन्धशतं नोच्चार्यमित्संज्ञा च न वक्तव्या लोपश्च न वक्तव्यः। यदनुबन्धैः क्रियते तत्कलादिभिः करिष्यते॥ सिद्धत्येवम्।**

પરન્તુ **गर्गादि** ગણ અને **बिदादि** ગણના પાઠનું બીજું પ્રયોજન પણ છે.[107] શું (પ્રયોજન) છે ? (એ પ્રયોજન છે કે) તેથી ( **गार्ग्य** જેવા) વર્ણ સમુદાયનું સાધુત્વ સિદ્ધ થાય.[108] 'જો એમ હોય તો **कल** વગેરે દોષનું નિવારણ કરતી અઢાર પ્રકારની **अ** વર્ણની પ્રત્યાપત્તિ[109] થાય છે' એમ કહીશું. તો પછી ' તે (પ્રત્યાપત્તિ થાય) છે' એમ કહેવું જોઇએ.

---

**कल**-પોતાને યોગ્ય ઉચ્ચારણમાંથી ભ્રષ્ટ થઇને અન્ય સ્થાનમાંથી ઉદ્‌ભવેલા વર્ણને કલ દોષથી યુક્ત ગણવામાં આવે છે . **ध्मात**- વધારે પડતા શ્વાસને કારણે જ્યારે હ્રસ્વ વર્ણ પણ દીર્ઘ જેવો લાગે ત્યારે ધ્માત દોષ બને. **एणीकृत**- અવ્યક્ત (ભર્તૃ. પૃ.૫૨), વિશેષ રહિત (અર્થાત્ સંદિગ્ધ) જે અસ્પષ્ટ હોવાથી સંશય થાય કે આ તે **ओ**-કાર છે કે **औ**- કાર છે. **अम्बूकृत**- વ્યક્ત થયો હોવા છતાં મુખના અંદરના ભાગમાં રહેલો હોય તેવો સંભળાય. **अर्धक**- દીર્ઘ હોવા છતાં હ્રસ્વ જેવો સંભળાય. **ग्रस्त**- જીભના મૂળમાં પકડાઇ ગયેલો , કેટલાકના મત પ્રમાણે ગ્રસ્ત એટલે અવ્યક્ત, જે અસ્પષ્ટ હોય તે. **निरस्त**- કઠોર, ત્વરિત. **प्रगीत**- સામની માફક જાણે ગાતા હોય તેમ ઉચ્ચારેલો. **उपगीत**-ગાન કરતા હોય તેમ નજીકના વર્ણની જેમ ઉચ્ચારેલો. **क्ष्विण्ण**-કમ્પયુક્ત.**रोमश**- ગંભીર.**अवलम्बित**- અન્ય વર્ણથી મિશ્રિત.**निर्हत**-રૂક્ષ. **संदष्ट**- દીર્ઘની જેમ લંબાવીને ઉચ્ચારેલો. **विकीर्ण**-નજીકના બીજા વર્ણો સુધી ફેલાએલો, કેટલાકના મત પ્રમાણે વિકીર્ણ એટલે એક હોવા છતાં અનેક હોય તેમ લાગતો, ચેટર્જી સૂચવે છે કે પ્રસિદ્ધ આવૃત્તિઓમાં **निर्हत** પાઠ છે, છતાં **हतम्** એવો પાઠ છંદની દૃષ્ટિએ ઉચિત છે (પૃ.૧૦૯)

[106] **गर्गादिभ्यो यञ्**। એ સૂત્રમાં ઉલ્લેખેલા **गर्गादि** ના ગણપાઠમાં સો જેટલા શબ્દોનું પરિગણન કરેલું છે. તેમાં **अ** , **इ** , **उ** વગેરેનું કલ વગેરે દોષરહિત રીતે ઉચ્ચારણ કરેલું છે.(જેમ કે **गर्ग** માં **अ**-કારનું, **जिगीषु** માં **इ**-કાર, **ई**-કારનું અને **उ**- કારનું) આ ગણમાં **औ** કે **ऐ** યુક્ત શબ્દ નથી . તે જ પ્રમાણે **अनृष्यानन्तर्ये बिदादिभ्योऽञ्**। એ સૂત્રમાં ઉલ્લેખેલા **बिदादि** ગણના પાઠમાં ૪૫ કરતાં વધારે શબ્દોનું પરિગણન કરેલું છે. તેમાં પણ દોષરહિત ઉચ્ચારણ કર્યુ છે. એમ માનવામાં આવે છે કે ઉચ્ચારણ વર્ણોનું નહીં પણ શબ્દરૂપ વર્ણસમુદાયનું જ કરવામાં આવે છે અને શબ્દસમુદાય વર્ણોનો બનેલો હોય છે. આ સમુદાય કલ વગેરે દોષો ન આવે તે રીતે જ ઉચ્ચારવામાં આવે છે, તેથી (ગર્ગાદિ--બિદાદિ રૂપ સમુદાયના પાઠદ્વારા) સંવૃત વગેરે દોષોનું નિવારણ થઇ જાય છે

[107] અહીં પ્ર.અને ઉ.માં મતભેદ છે : **गर्ग** વગેરે શબ્દસંનિવેશ કરવાથી **गर्ग** વગેરે સાધુ (= કલ વગેરે દોષરહિત) બને છે, પરંતુ **गार्ग्य** વગેરેનું સાધુત્વ સિદ્ધ નથી થતું. આમ હોવાથી **गर्गादि** પાઠને પ્રતાપે **गर्ग** વગેરે શબ્દોમાંના **अ**-કાર વગેરેના દોષની નિવૃત્તિ થાય, પરંતુ તેના ઉપરથી **गार्ग्य** વગેરે જે શબ્દસમુદાય નિષ્પન્ન થાય છે તેમાંના **अ**-કારાદિના દોષની નિવૃત્તિ ન થાય. **गर्गादि** પાઠ હકિકતમાં તો પ્રત્યયવિધિ માટે છે છતાં પ્રસંગવશાત્ સમુદાયની દોષ નિવૃત્તિ પણ કરે છે (પ્ર.). કેટલાક પ્રમાણે સમુદાય એટલે **गर्ग** વગેરે ઉપરથી **यञ्** પ્રત્યય લાગીને બનેલા (**गार्ग्य** વગેરે) સમુદાયનું સાધુત્વ સિદ્ધ થાય તે માટે **गर्गादि** પાઠ ઉપયોગી છે તેથી તે કલ વગેરે દોષનું નિવારણ ન કરી શકે (ઉ.).

---



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રત્યાપત્તિ તો ચિન્હ માટે ઉપયોગી થશે.[110]

(કલ વગેરે દોષ રૂપી) ચિન્હનું નિવારણ કરવા માટે પ્રત્યાપત્તિ ઉપયોગી છે. તો પછી તે કહેવું જરૂરી છે જો. એ પ્રમાણે કહેવામાં આવે તો પણ આ જુદાજુદા સેંકડો અનુબન્ધો કહેવાની જરૂર નથી. **इत्** સંજ્ઞા પણ કહેવાની જરૂર નથી તેમજ તેના લોપનું પણ વિધાન ન કરવું જોઇએ. (કારણ કે) અનુબન્ધો જે કાર્ય કરે છે તે કલ વગેરે દ્વારા થશે. આ રીતે કામ સિદ્ધ થશે **अपाणिनीयं तु भवति॥ यथान्यासमेवास्तु॥ ननु चोक्तम्- आकृत्युपदेशात्सिद्धमिति चेत्संवृतादीनां प्रतिषेधः इति। परिहृतमेतत् गर्गादिबिदादिपाठात् संवृतादीनां निवृत्तिर्भविष्यति इति॥ ननु चान्यत् गर्गादिबिदादिपाठे प्रयोजनमुक्तम्॥ किम्। समुदायानां साधुत्वं यथा स्यादिति। एवं तर्ह्युभयमनेन क्रियते पाठश्चैव विशेष्यते कलादयश्च निवर्त्यन्ते। कथं पुनरेकेन यत्नेनोभयं लभ्यम्। लभ्यमित्याह। कथम्। द्विगता अपि हेतवो भवन्ति। तद्यथा॥ आम्राश्च सिक्ताः पितरश्च प्रीणिता इति। तथा वाक्यान्यपि द्विष्ठानि भवन्ति - श्वेतो धावति। अलम्बुसानां यातेति। अथवेदं तावदयं प्रष्टव्यः क्वेमे संवृतादयः श्रूयेरन्निति। आगमेषु आगमाः शुद्धा पठ्यन्ते। विकारेषु तर्हि। विकाराः शुद्धाः पठ्यन्ते। प्रत्ययेषु तर्हि। प्रत्ययाः शुद्धाः पठ्यन्ते। धातुषु तर्हि। धातवोऽपि शुद्धाः पठ्यन्ते। प्रातिपदिकेषु तर्हि। प्रातिपदिकान्यपि शुद्धानि पठ्यन्ते। यानि तर्ह्यग्रहणानि प्रातिपदिकानि।**

ખરું પણ પાણિનિની પદ્ધતિથી વિરુધ્ધ થશે.[111] તેથી જે પ્રમાણે સૂત્રો રચવામાં આવ્યાં છે તેમ જ છો રહ્યાં. પણ અમે (વાંધો ઊઠાવતાં) કહ્યું કે " જાતિસૂચક વર્ણોના ઉપદેશથી (ઉદાત્તાદિ) સિધ્ધ થાય છે." એમ કહેશો તો સંવૃત વગેરેનો પ્રતિષેધ કરવો પડશે. **गर्गादि बिदादि** પાઠ દ્વારા **संवृत** વગેરેની નિવૃત્તિ થશે (એમ કહીને અમે) તેનો પરિહાર કર્યો છે. પણ અમે કહ્યું તો ખરૂં કે **गर्गादि बिदादि** નું અન્ય પ્રયોજન છે (તેથી તેનો પરિહાર થયો ગણાય નહીં). (તમે) શું (પ્રયોજન) કહ્યું ? શબ્દ સમુદાયો શુદ્ધ ઠરે તે માટે (**गर्गादि** નો પાઠ કર્યો છે). તો પછી આ (**गर्गादि बिदादि** પાઠ) વડે સમુદાયનું સાધુત્વ તેમજ કલ વગેરે દોષનું નિવારણ એમ બન્ને સિદ્ધ થાય છે. પણ એક જ યત્ન દ્વારા બે કાર્ય કેવી રીતે થઇ શકે? તો કહે છે " થઇ શકશે". "કેવી

---

[108] પં..ગુરુપ્રસાદ શાસ્ત્રી માને છે કે અહીં **प्रत्यापत्तिवचनम्।** અથવા **प्रत्यापत्तिवचनात्सिद्धम्।** એમ વાર્તિક હોવું જોઇએ, ઉત્તર પક્ષની **लिङ्गार्था तु प्रत्यापत्तिः।** એ વાર્તિક ઉપરથી જણાય છે કે આ પ્રકારની પૂર્વ પક્ષની વાર્તિક હશે. (જુઓઃ ચેટર્જી પૃ.૧૧૧,પા.ટી.+).

[109] પોતાના સ્વરૂપમાંથી પ્રચ્યુત થયો હોય તે ફરીથી મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરે તે પ્રત્યાપત્તિ (**स्वरूपाद्धि प्रच्युतस्य पुनस्तत्प्राप्तिः प्रत्यापत्तिः।** ન્યા.ભા.૧,પૃ.૨૫) અર્થાત્ દોષયુક્તને સ્થાને દોષરહિતનો આદેશ થાય છે.જેમ અષ્ટાધ્યાયીના અન્તિમ સૂત્ર **अ अ।** ।માં **अ**-કારની પ્રત્યાપત્તિ કરીને વિવૃત **अ**-કાર સંવૃત થાય છે તેમ કહ્યું છે, અને અહીં **अ**- કાર માત્ર દૃષ્ટાન્ત રૂપે આપ્યો છે તેથી એ રીતે **इ इ। उ उ।** એમ દરેકની પ્રત્યાપત્તિ કરવામાં આવશે એમ ભાવ છે .(છા.) પ્રમાણે વર્ણ માત્રની પ્રત્યાપત્તિ વચન કહેવું પડશે.

[110] પાણિનિએ આત્મનેપદ વગેરે સૂચવવા માટે ધાતુઓ સાથે **ङ्**, **ञ्** વગેરે ચિહ્નોનો પ્રયોગ કર્યો છે, તેને સ્થાને જો કલ વગેરેને આ પ્રકારનાં ચિહ્ન તરીકે પ્રયોજવામાં આવે (એટલે કે **अनुदात्तङित आत्मनेपदम्।** એમ ન કહેતાં **कलात्मनेपदम्।**, **स्वरितञितः कर्त्रभिप्राये क्रियाफले।** એમ ન કહેતાં **ध्मातात्कर्त्रभिप्राये क्रियाफले।** અને **आद्यन्तौ टकितौ।** એમ ન કહેતાં **आद्यन्तौ ध्मातौ।** એમ કહેવામાં આવે ) તો જ્યાં કલ, ધ્માત વગેરે ચિહ્નો લગાડવામાં આવ્યાં હોય (જેમ કે **शीङ्** ને **ङ**-કાર **इत्** લગાડવાને બદલે તેના **ई**-કારનો કલ દોષયુક્ત પાઠ કર્યો હોય) ત્યાં તે તે ધાતુ દોષયુક્ત સ્વરૂપ ત્યજીને મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરે છે એ દર્શાવવા માટે પ્રત્યાપત્તિ કરવી પડશે. આમ વર્ણો પ્રક્રિયા દશામાં કલ વગેરે દોષયુક્ત રહેશે, પરંતુ પ્રયોગમાં તો શુદ્ધ રહેશે, કારણ કે શાસ્ત્રાન્તે કરેલી પ્રત્યાપત્તિ સર્વ શાસ્ત્રીય કાર્યો માટે અસિદ્ધ બનશે અને તે રીતે પ્રક્રિયાદશામાં દોષનો આશ્રય લેવા છતાં સંપૂર્ણ થએલા રૂપમાં કોઇ દોષ નહીં રહે.(શ.કૌ.પૃ.૨૫)

[111] વર્ણસમામ્નાયનું સમર્થન કરતાં એક દોષનો પરિહાર કરવા જતાં સમગ્ર શાસ્ત્રનું જુદી જ રીતે વ્યાખ્યાન કરવા રૂપ ભારે પ્રયત્ન કરીને તેને બદલવું એ તો વિંછીથી ડરેલો નાસતાં નાસતાં ઝેરી નાગના મુખમાં પડે તેવી ગત છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રીતે?" (કારણ કે ) કાર્યો (કેટલીક વાર) બે પ્રયોજનવાળાં પણ હોય છે.[112] જેમ કે 'આંબા પાયા અને પિતૃઓને તૃપ્ત કર્યા," તે જ રીતે વાકયો પણ બે અર્થવાળાં હોય છે. જેમ કે[113] **श्वेतो धावति।' अलंबुसानां याता।** અથવા તો આ શંકાકારને એ પૂછવું જોઇએ કે આ સંવૃત વગેરે (દોષયુકત વર્ણો) નું શ્રવણ કયાં થવું જોઇએ? આગમોમાં. આગમોનો શુદ્ધ પાઠ કરવામાં આવે છે. તો પછી વિકારોમાં (કરવામાં આવે છે). વિકારોનો (પણ) શુદ્ધ પાઠ કરવામાં આવે છે. તો પછી પ્રત્યયોમાં (કરવામાં આવે છે). પ્રત્યયોનો (પણ) શુદ્ધ પાઠ કરવામાં આવે છે. તો પછી ધાતુઓમાં (કરવામાં આવે છે). ધાતુઓનો પણ શુદ્ધ પાઠ કરવામાં આવે છે. તો પછી પ્રાતિપદિકોમાં (શ્રવણ થાયછે) .પ્રાતિપદિકોનો પણ શુદ્ધ પાઠ કરવામાં આવે છે. તો પછી ( **डित्थ** વગેરે) જે [114](પ્રાતિપદિકો)નું (સૂત્ર વગેરેમાં) ગ્રહણ કરવામાં ન આવ્યું હોય તેમાં (સંવૃત વગેરે દોષયુક્ત સ્વરોનું શ્રવણ થાય છે).

**एतेषामपि स्वरवर्णानुपूर्वीज्ञानार्थ उपदेशः कर्तव्यः। शशः षष इति मा भूत्। पलाशः पलाष इति मा भूत्। मञ्चको मञ्जक इति मा भूत्॥**

**आगमाश्च विकाराश्च प्रत्ययाः सह धातुभिः।**
**उच्चार्यन्ते ततस्तेषु नेमे प्राप्ता कलादयः॥१॥**

---

[112] ભાષ્યમાં **द्विगताः - द्वौ अर्थौ गताः।** બે પ્રયોજનમાં રહેલા. કેટલાક હેતુઓ બે પ્રયોજન સિદ્ધ કરી શકે છે. જેમ કે આંબાને સિંચેલું પાણી પિતૃઓનું તર્પણ પણ કરે એટલે કે વૃક્ષસિંચન રૂપી દૃષ્ટ અને પિતૃતર્પણ રૂપી અદૃષ્ટ પ્રયોજન સિદ્ધ કરે. તે પ્રમાણે **गर्गादि** અને **बिदादि** પાઠ અવયવભૂત તેમ જ સમુદાયભૂત શબ્દો એમ બન્નેને લગતું કાર્ય સિદ્ધ કરી શકે.

[113] **श्वेतो धावति -श्वेतः (गौः) धावति।** ધોળિયો (બળદ) દોડે છે. અને **श्वा इतः धावति।** કૂતરો અહીંથી દોડે છે (ભર્તૃ.પૃ.૫૪). કોઇ પૂછે કે કોણ અને કેવો દોડે છે ? તો તેનો **श्वेतः धावति।** એમ ઉત્તર મળતાં કોણનો ઉત્તર અને **श्वा इतः** એમ છેદ કરતાં **श्वेतः** વ્દારા કેવો એનો ઉત્તર મળે છે. **अलंबुसानां याता- अलं बुसानां याता।** કયા દેશમાં જનાર છે અને કોણ સમર્થ છે ? એ પ્રશ્નના ઉત્તરમાં **अलंबुसानां याता।** અલંબુસ દેશ તરફ જનાર છે. એ ઉત્તર છે અને પુષ્કળ ભૂસું મેળવનાર અથવા પાણી તરફ જવાને સમર્થ એમ પણ અર્થ થશે, કારણ કે **बुस** એ જળવાચી શબ્દ છેઃ નિરુક્ત ૫.૧) (ચેટર્જી પૃ.૧૧૫). **क्वचित् पाता** એમ પાઠ છે (ના.). તેથી **बुस** એટલે જળ લઇએ તો એ પાઠ યોગ્ય છે.

[114] જે શબ્દોનું સૂત્રમાં ગ્રહણ ન કરવામાં આવ્યું હોય તેવા શબ્દોનું સામાન્ય રીતે **उणादयो बहुलम्।** એ સૂત્ર વ્દારા પાણિનિએ પ્રતિપાદન કર્યું જ છે અને **प्रत्ययतः प्रकृतेश्च तदूह्यम्।** એમ કહીને વાર્તિકકારે પણ સૂચવ્યું છે કે શિષ્ટોના પ્રયોગને લક્ષમાં રાખીને આ પ્રકારના શબ્દોમાં પ્રત્યય અને પ્રકૃતિનું અનુમાન કરવું જોઇએ. તેથી **डित्थ** એ સાધુ છે પણ **डुत्थ** સાધુ નથી એમ શિષ્ટોએ સ્વીકારેલ પ્રયોગ ઉપરથી સમજાય છે, તે સિવાય નથી સમજાતું. માટે **डित्थ** વગેરે યદૃચ્છા શબ્દોના ઉચ્ચારણ માટે સૂત્ર વ્દારા કોઇ વિશિષ્ટ પ્રયત્ન કરવાની જરૂર નથી, કારણ કે શિષ્ટોનો પ્રયોગ અહીં પ્રમાણભૂત છે. આમ આકૃતિ ગ્રહણને લીધે સંવૃત, કલ વગેરે દોષ આવશે એ દલીલનું પણ પ્રત્યાખ્યાન થાય છે. તેથી જ અન્તે કહે છે : **आगमाश्च विकाराश्च** વગેરે.

**इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां प्रथममाह्निकम्॥१॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां प्रथममाह्निकम् ॥१ ॥

આ(પ્રાતિપદિકો)નો પણ સ્વર, વર્ણ, વગેરેના અનુક્રમપૂર્વક જ ઉપદેશ કરવો જોઇએ. જેથી शशः નો षषः।पलाशः નો पलाषः। અને मञ्चकः નો मञ्जकः ઉચ્ચાર ન થઇ જાય.

આગમો, વિકારો,પ્રત્યયો તેમ જ ધાતુઓનો (સાક્ષાત્) ઉચ્ચાર કરવામાં આવ્યો છે તેથી તેમાં કલ વગેરે દોષો આવતા નથી.

**શ્રી ભગવાન પતંજલિરચિત વ્યાકરણમહાભાષ્યના (ગુજરાતી અનુવાદમાં) પ્રથમ અધ્યાયનાપ્રથમપાદનું પ્રથમ આહ્નિક સમાપ્ત ॥૧॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# દ્વિતીય આહ્નિક -- પ્રત્યાહારાહ્નિક[1]

**अ इ उ ण् ॥ १॥**[2]

**अकारस्य विंवृतोपदेश आकारग्रहणा लर्थः ॥१॥**

**अकारस्य विवृतोपदेशः कर्तव्यः। किं प्रयोजनम्। आकारग्रहणार्थः। अकारः सवर्णग्रहणेनाकारमपि यथा गृह्णीयात्। किं च कारणं न गृह्णीयात्।**

(માહેશ્વર સૂત્રમાં) आ-કાર નું ગ્રહણ થઇ શકે તે માટે अ કારનું વિવૃત[3] ઉચ્ચારણ કરવું જોઇએ ॥ ૧ ॥

अ-કારને[4] (માહેશ્વર સૂત્રમાં) વિવૃત તરીકે ઉચ્ચારવો જરૂરી છે.[5] શા માટે? आ-કારનું ગ્રહણ થઇ શકે તે માટે અર્થાત્ તેથી (વિવૃત) अ-કાર પોતાના સવર્ણ તરીકે आ-કારનું પણ ગ્રહણ કરી શકે. आ-કારનું ગ્રહણ શા કારણે[6] ન કરી શકે ?

---

[1] પ્રથમ આહ્નિકમાં અક્ષરસમામ્નાયના ઉપદેશને લગતી ચર્ચામાં બધા વર્ણોનો અવિશિષ્ટ રીતે વિચાર કર્યો. હવે વર્ણોના વિશિષ્ટ સ્વરૂપની દૃષ્ટિએ ચર્ચા કરવામાં આવશે.

[2] **अइउण्।** વગેરેમાં अ, इ ઇત્યાદિ સ્વર નજીક નજીક આવેલા છે છતાં સંધિ કરી નથી તેનું શું કારણ છે તે વિશે.શ.કૌ.(પૃ.૩૦) માં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. સૂત્રો છંદસ્ જેવાં જ ગણાય છે (**छन्दोवत् सूत्राणि भवन्ति।**), તેથી સંધિ નથી કરી અથવા આ માહેશ્વરસૂત્રો **आदिरन्त्येन सहेता।** સાથે એક વાક્ય બનાવે છે અને વાક્યમાં સંધિ વિવક્ષા ઉપર આધાર રાખે છે (**वाक्ये तु सा विवक्षामपेक्षते।**), તેથી સંધિ નથી કરી.

[3] વિવૃતોપદેશ એટલે વિવૃતગુણનો ઉપદેશ. અહીં ગુણ अ-કાર રૂપ સ્વરની અપેક્ષા રાખે છે છતાં **देवदत्तस्य गुरुकुलम्।** ની માફક સમાસ થઇ શક્યો છે, કારણ કે ગુણ નિત્ય સાપેક્ષ હોય છે તેથી તેના ગુણી अ-કારનો ખ્યાલ આવી શકે છે (**सापेक्षत्वे गमकत्वात् समासः।**) અને જેમ શુક્લ ગુણના સંબંધથી પટ શુક્લ કહેવાય છે તેમ વિવૃત ગુણને કારણે अ-કાર પણ વિવૃત કહેવાય છે.

[4] अ-કાર એ શબ્દમાં **वर्णात्कारः।** એ વાર્તિક પ્રમાણે अ ની પછી સ્વાર્થે વર્ણવાચી **कार** પ્રત્યય લગાડ્યો છે પરંતુ **अइउण्।** સૂત્રમાં अ, इ , વગેરે વર્ણ જ છે છતાં **कार** લગાડ્યો નથી , કારણ કે તેમાં अ વગેરે વર્ણવાચી નથી અર્થાત્ અર્થવત્ નથી, અથવા સૂત્રમાં વિશિષ્ટ પ્રયોગ માટે વર્ણોનો નિર્દેશ નથી માટે **कार** પ્રત્યય નહીં લાગે. અહીં તો માત્ર ક્રમ દર્શાવવનો જ હેતુ છે અથવા **वर्णात्०** વગેરે વાર્તિકમાં **रोगाख्यायां ण्वुल् बहुलम्।** એ સૂત્રમાંથી **बहुलम्** ની અનુવૃત્તિ થાય છે તેથી તે પ્રત્યય અનિત્ય છે.

[5] સ્પૃષ્ટ, ઈષત્સ્પૃષ્ટ, વિવૃત અને સંવૃત એ ચાર આભ્યન્તર પ્રયત્નો વર્ણોને સવર્ણ સંજ્ઞા થાય કે ન થાય તે નક્કી કરવામાં ઉપયોગી છે. તેમાં अ-કારનો પ્રયત્ન સંવૃત છે પણ आ-કારનો પ્રયત્ન વિવૃત છે. બન્ને કંઠ્ય હોવા છતાં પ્રયત્ન ભેદને કારણે સવર્ણ ન હોવાથી **दण्ड आढकम्** જેવામાં **अकः सवर्णे दीर्घः।** પ્રમાણે દીર્ઘ એકાદેશ ન થવાનો પ્રસંગ આવશે. તે ન આવે માટે વિવૃત ઉપદેશ કરવાનું કહે છે. જો કે જાતિ પક્ષની દૃષ્ટિએ आ-કાર પણ **अत्व** જાતિયુક્ત હોવાથી તેનું अ-કાર વ્દારા ગ્રહણ થશે, કારણ કે માત્ર કંઠમાંથી ઉદ્દભવેલો હોવા ઉપરાંત તે સ્વર છે, જ્યારે વ્યક્તિ પક્ષમાં વ્યક્તિઓમાં પારસ્પરિક ભેદ હોવાને કારણે સૂત્રમાંના अ-કાર વ્દારા અન્યનું ગ્રહણ થઇ શકશે નહીં. આમ अ- કાર વ્દારા પોતાના સવર્ણ आ-કારનું ગ્રહણ થઇ શકે એટલે કે **तुल्यास्यप्रयत्नं सवर्णम्।** પ્રમાણે જેની સવર્ણ સંજ્ઞા થઇ શકતી હોય તેનું સવર્ણગ્રહણ સૂત્ર એટલે કે **अणुदित्सवर्णस्य चाप्रत्ययः।** એ ગ્રહણક શાસ્ત્રવ્દારા ગ્રહણ થઇ શકે તે માટે વિવૃતોપદેશ કરવો જરૂરી છે..

[6] અહીં ' **किं कारणम्** ' માં પ્રાતિપદિકમાત્રના અર્થમાં પ્રથમા નથી, પરંતુ 'નિમિત્ત, કારણ, હેતુ વગેરેનો સર્વનામ સાથે પ્રયોગ થયો હોય તો મોટે ભાગે બધી જ વિભક્તિઓ આવી શકે છે ' (**निमित्तकारणहेतुषु सर्वासां प्रायदर्शनम्।**) એ વાર્તિક પ્રમાણે ' **कस्मात् कारणात्** ' એ અર્થમાં પ્રથમાનો પ્રયોગ કરેલો છે.

વ્યક્તિપક્ષે **दण्ड आढकम्** જેવામાં દોષ આવશે, કારણ કે ગ્રહણકશાસ્ત્ર હોવા છતાં **अण्** પ્રત્યાહારમાંના સંવૃત अ-કાર વ્દારા વિવૃત પ્રયત્નવાળા आ-કારનું ગ્રહણ નહીં થઇ શકે. જાતિપક્ષમાં ગ્રહણકશાસ્ત્રની જરૂર નથી તેથી તેનું પ્રત્યાખ્યાન કરેલું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**विवारभेदात्। किमुच्यते विवारभेदादिति न पुनः कालभेदादपि। यथैव ह्ययं विवारभिन्न एवं कालभिन्नोऽपि। सत्यमेतत्। वक्ष्यति तुल्यास्यप्रयत्नं सवर्णम्। इत्यत्रास्यग्रहणस्य प्रयोजनमास्ये येषां तुल्यो देशः प्रयत्नश्च ते सवर्णसंज्ञका भवन्तीति। बाह्यश्च पुनरास्यात्कालः तेन स्यादेव कालभिन्नस्य ग्रहणं न पुनर्विवारभिन्नस्य॥ किं पुनरिदं विवृतस्योपदिश्यमानस्य प्रयोजनमन्वाख्यायत आहोस्वित् संवृतस्योपदिश्यमानस्य विवृतोपदेशश्चोद्यते। विवृतस्योपदिश्यमानस्य प्रयोजनमन्वाख्यायते। कथं ज्ञायते। यदयम् अ अ इत्यकारस्य विवृतस्य संवृतताप्रत्यापत्तिं शास्ति। नैतदस्ति ज्ञापकम्।**

કારણ કે (आ-કારનો આભ્યન્તર પ્રયત્ન) વિવાર હોવાથી (સંવાર પ્રયત્નવાળા अ-કારથી ) જુદો પડે છે. વિવાર રૂપી આભ્યન્તર પ્રયત્નમાં જુદો છે એમ કહ્યું અને (ઉચ્ચારણ) કાળમાં[7] પણ જુદો છે તેમ કેમ ન કહ્યું ? કારણ કે જેમ आ-કાર (આભ્યન્તર પ્રયત્ન) વિવારને કારણે (अ-કારથી) જુદો પડે છે તેમ (તેના દીર્ઘ ઉચ્ચારણ) કાળને લીધે પણ (હ્રસ્વ ઉચ્ચારણ કાળવાળા अ- કારથી) જુદો પડે છે. એ ખરું છે. (વાર્તિકકાર) કહેવાનાં છે કે '**तुल्यास्यप्रयत्नं सवर्णम्**। એ સૂત્રમાં **आस्य** (મુખ) શબ્દનું ગ્રહણ કરવાનું કારણ એ છે કે મુખમાં જેમનાં સ્થાન અને પ્રયત્ન સમાન હોય તેમને એકબીજાના સવર્ણ કહેવામાં આવે છે. પરન્તુ (ઉચ્ચારણ) કાળ એ આસ્યની અપેક્ષાએ બાહ્ય છે,[8] તેથી જેનો ઉચ્ચારણ કાળ જુદો હોય તેનું સવર્ણ તરીકે ગ્રહણ થઇ શકે, પરન્તુ વિવાર (જેવા આભ્યન્તર પ્રયત્ન) માં ભિન્ન હોય તેનું સવર્ણ તરીકે ગ્રહણ થઇ શકે નહીં. પરન્તુ માહેશ્વર સૂત્રમાં જે વિવૃત अ-કારનો ઉપદેશ કરવામાં આવ્યો છે તેનું પ્રયોજન અહીં જણાવવામાં આવે છે કે પછી એ સૂત્રમાં ઉપદેશેલા સંવૃત अ-કાર નું વિવૃત ઉચ્ચારણ કરવું જોઇએ એવી દલીલ કરવામાં આવે છે ?[9] વિવૃત (अ- કાર) નો ઉપદેશ કરવામાં આવે છે તેનું અહીં પ્રયોજન જણાવવામાં આવે છે. તે કેવી રીતે જાણી શકાય ? કારણ કે સૂત્રકારે अ अ। એ સૂત્રમાં વિવૃત अ-કાર મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરીને સંવૃત થઇ જાય છે તેમ વિધાન કર્યું છે.[10] એ (સૂત્ર) જ્ઞાપક નથી

---

[7] વ્યક્તિપક્ષમાં તો અન્ય પ્રકારના ભેદ પણ સંભવિત છે, જેમ કે કાલભેદ. જેવી રીતે अ-કાર અને आ-કાર વચ્ચે આભ્યન્તર પ્રયત્નની બાબતમાં ભેદ છે તેમ બન્નેના ઉચ્ચારણકાલમાં પણ ફેર છે. अ-કારનો ઉચ્ચારણ કાલ એક માત્રા જેટલો છે, જ્યારે आ-કાર દ્વિમાત્રિક છે એટલે કે કાળની દૃષ્ટિએ अ- કાર હ્રસ્વ છે પણ आ-કાર દીર્ઘ છે તેથી કાલ ભેદનો ઉલ્લેખ કરવો જોઇએ એમ અહીં દલીલ છે.

[8] જેઓ કાળને ક્રિયાથી ભિન્ન નથી માનતા તેમની દૃષ્ટિએ કાળ પણ પ્રયત્ન થશે. કાળ કોઇ પ્રસિદ્ધ પરિમાણવાળા વિશિષ્ટ દ્રવ્યની ક્રિયા ઉપર આધાર રાખે છે. કૂકડો જે રીતે બોલે છે તે ક્રિયાના પ્રસિદ્ધ પરિમાણને આધારે એક માત્રિક, દ્વિમાત્રિક વગેરેને હ્રસ્વ, દીર્ઘ વગેરે સંજ્ઞા મળે છે. આમ ઉચ્ચારણ કાળ આસ્યની દૃષ્ટિએ બાહ્ય છે, જ્યારે વિવૃત વગેરે પ્રયત્ન તો આસ્યમાં જ ઉત્પન્ન થાય છે તેથી આભ્યન્તર છે એટલા માટે સવર્ણ સંજ્ઞામાં કાળનું ગ્રહણ નથી કર્યુ .જેઓ કાળને ક્રિયાથી ભિન્ન માને છે તેમની દૃષ્ટિએ નાભિ પ્રદેશમાં વિશિષ્ટ પ્રકારનો પ્રયત્ન કરવાથી ઓછાવત્તા વાયુને કારણે હ્રસ્વ, દીર્ઘ રૂપી કાળ નિષ્પન્ન થાય છે અને નાભિ આસ્યથી બાહ્ય છે તેથી કાળ પણ બાહ્ય છે પરંતુ વિવૃત વગેરે આસ્યવર્તી પ્રયત્ન વ્દારા નીપજે છે તેથી આભ્યન્તર છે.

[9] અહીં 'સૂત્રકારે વિવૃતનો ઉપદેશ કર્યો છે અને વાર્તિકકાર તો માત્ર તેનું પ્રયોજન કહે છે એમ સમજવું કે પછી સૂત્રકારે વિવૃત ઉપદેશ કર્યો નથી તેથી વાર્તિકકાર વાંધો ઊઠાવે છે એમ સમજવું એ પ્રશ્ન છે, એટલે કે સૂત્રકારે વિવૃત अ-કારનો પાઠ કર્યો છે તેનું પ્રયોજન સમજાવવા માટે પ્રસ્તુત વાર્તિક છે કે તેમણે સંવૃત अ-કારનો ઉપદેશ કર્યો છે તે વિવૃત હોવો જોઇએ,જેથી आ-કારનું ગ્રહણ કરી શકે એમ કહેવામાં આવ્યું છે ? अ-કારનું પ્રત્યક્ષ શ્રવણ થાય છે છતાં વિવૃતનો નિશ્ચય કરવો કઠિન છે તેથી વિવૃત ઉપદેશ કર્યો હોય તો પણ તે શ્રોત્રેન્દ્રિયથી ગ્રાહ્ય ન હોવાથી વ્યાખ્યાન (અર્થાત્ આચાર્યોએ કરેલ સ્પષ્ટીકરણ) વિના તે સમજવો શક્ય નથી.સૂત્રકારે એટલે પાણિનિએ એમ ભર્તૃહરિ લે છે ,જ્યારે ઉદ્દ્યોત પ્રમાણે ઐતિહ્યને આધારે સૂત્રકાર તે મહેશ્વર અથવા વેદપુરુષ.

[10] જો અક્ષરસમામ્નાયમાં अ-કારનું સંવૃત ઉચ્ચારણ ન કરવામાં આવ્યું હોય તો શાસ્ત્રાન્તે સૂત્રકારે अ अ। સૂત્રવ્દારા જે પ્રત્યાપત્તિ કરી છે (એટલે કે વિવૃત अ- કાર સંવૃત થઇ જાય છે તેમ કહ્યું છે) તે નિરર્થક બનત, કારણ કે જે પોતાના સ્વરૂપમાંથી પ્રચ્યુત થયો જ નથી તે 'મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરે છે ' એમ કહેવું અર્થહીન છે. આમ પ્રત્યાપત્તિવચન ઉપરથી નક્કી થાય છે કે માહેશ્વર સૂત્રોમાં તથા તે ઉપરથી **अस्य च्वौ**। વગેરે સૂત્રોમાં अ-કારના અનુકરણ રૂપ જં નિર્દેશો છે તેમાં , તેમ જ **अश्व, अर्क, अर्थ** વગેરે જે શબ્દો પ્રયોજવામાં આવે છે તેમાં अ-કારનું વિવૃત ઉચ્ચારણ કરવામાં આવ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अस्ति ह्यन्यदेतस्य वचने प्रयोजनम्। किम्। अतिखट्वः अतिमाल इत्यत्रान्तर्यतो विवृतस्य विवृतः प्राप्नोति संवृतः स्यादित्येवमर्थां प्रत्यापत्तिः। नैतदस्ति। नैव लोके न च वेदेऽकारो विवृतोऽस्ति। कस्तर्हि। संवृतः। योऽस्ति स भविष्यति। तदेतत्प्रत्यापत्तिवचनं ज्ञापकमेव भविष्यति विवृतस्योपदिश्यमानस्य प्रयोजनमन्वाख्यायत इति। कः पुनरत्र विशेषो विवृतस्योपदिश्यमानस्य प्रयोजनमन्वाख्यायेत संवृतस्योपदिश्यमानस्य वा विवृतोपदेशश्चोद्येतेति।

કારણ કે તે સૂત્ર ઉચ્ચારવાનું બીજું પ્રયોજન છે. શું પ્રયોજન છે? अतिखट्वः अतिमालः (જેવાં)-માં, અન્તરતમ હોવાથી વિવૃત (आ-કાર)ને સ્થાને વિવૃત (अ) પ્રાપ્ત થાય છે તેનો સંવૃત अ-કાર થાય તે પ્રત્યાપત્તિનું પ્રયોજન છે.[11] આ પ્રમાણે નથી . લોકમાં કે વેદમાં अ- કાર વિવૃત છે જ નહીં. તો પછી કયો (अ- કાર લોકભાષા અને વેદમાં) છે ? સંવૃત છે. અને જે હોય તે થાય.[12] આમ 'સંવૃત થઇ જાય છે', એમ કહેવાથી સૂચવાય છે કે अ इ उ ण् । એ સૂત્રમાં જે (अ-કાર) નો વિવૃત ઉપદેશ કરવામાં આવે છે તેનું (આ વાર્તિકમાં ) પ્રયોજન ગણાવવામાં આવે છે. તો પછી (અહીં ) अ-કારનો વિવૃત ઉપદેશ કરવાનું પ્રયોજન કહેવામાં આવે, કે 'જેનો ઉપદેશ કરવામાં આવ્યો છે તે સંવૃત अ-કારનું વિવૃત ઉચ્ચારણ કરવું જોઇએ' એવી દલીલ કરવામાં આવે, એ બેમાં ફેર શો છે?[13]

न खलु कश्चिद्विशेषः। आहोपुरुषिकामात्रं तु भवानाह संवृतस्योपदिश्यमानस्य विवृतोपदेशश्चोद्यत इति। वयं तु ब्रूमो विवृतस्योपदिश्यमानस्य प्रयोजनमन्वाख्यायत इति ॥

तस्य विवृतोपदेशादन्यत्रापि विवृतोपदेशः सवर्णग्रहणार्थः ॥२॥

---

[11] (अति खट्वा , अति माला ઉપરથી થતા) अतिखट्वः , अतिमालः વગેરે પ્રયોગોમાં गोस्त्रियोरुपसर्जनस्य । પ્રમાણે आ નો હ્રસ્વ થાય છે ત્યાં आ-કાર વિવૃત હોવાથી તેને સ્થાને અંતરતમ હોવાથી स्थानेऽन्तरतमः । પ્રમાણે વિવૃત હ્રસ્વ अ-કાર આદેશ તરીકે પ્રાપ્ત થાય છે. તેનો પ્રયોગમાં સંવૃત જ થાય છે તે સૂચવવા માટે अ अ । સૂત્ર વ્દારા પ્રત્યાપત્તિ કરવામાં આવી છે. આથી પ્રત્યાપત્તિવચન માહેશ્વરસૂત્રમાં अ-કારના વિવૃતોપદેશ છે તે વાતનું જ્ઞાપક ન થઇ શકે.

[12] વ્યાકરણ શાસ્ત્ર તો જે પ્રયોજ્યામાં આવે છે તેનું અનુશાસન કરે છે અને ભાષા પ્રયોગમાં વિવૃત अ-કાર અસંભવિત છે તેથી (શાસ્ત્રમાં જે વિવૃત अ-કાર ઉપદેશ્યો છે તેનો) સંવૃત જ થશે એમ કહીને જે પ્રત્યાપત્તિ કરી છે તે વચન વિવૃતોપદેશનું જ્ઞાપન અવશ્ય કરશે. ભર્તૃહરિ અહીં જુદી રીતે સ્પષ્ટતા કરે છેઃ મે કહેલા દોષ બોલનારની બેદરકારીને લીધે થાય છે. તેટલા દોષોના નિવારણ માટે પ્રત્યાપત્તિ કરવી જરૂરી છે. कल વગેરે દોષો છે તેને અનુલક્ષીને પ્રત્યાપત્તિ કરવામાં નથી આવી, કારણ કે તેમનું નિવારણ તો गर्गादि बिदादि પાઠથી જ થાય છે. તે જ રીતે પ્રયોગમાં अ-કારના વિવૃતત્વની પણ गर्गादि बिदादि પાઠ વ્દારા જ નિવૃત્તિ થાય છે. તેથી પ્રત્યાપત્તિવચન અવશ્ય સૂચવે છે કે પાણિનિએ જ વિવૃતની પ્રતિજ્ઞા કરી છે.

[13] જો કે પ્રથમ પક્ષે માત્ર પ્રયોજન કહેવામાં આવે છે, જ્યારે બીજામાં વિવૃતોપદેશ વિશે કહેવામાં આવે છે તે રીતે સ્પષ્ટ દેખાય છે છતાં વાસ્તવમાં કોઇ ખાસ ફેર નથી પડતો, કારણ કે विवृतोपदेशः એ શબ્દ પછી कृतः એ વાક્યશેષ અધ્યાહાર લઇએ કે कर्तव्यः એ શબ્દ અધ્યાહાર લઇને વાક્ય પૂરું કરીએ તો તેથી શો ફેર પડશે ? એટલે કે વિવૃતનો ઉપદેશ કર્યો છે એમ કહીએ કે કરવો જોઇએ એમ કહીએ તો કશો ફેર પડતો નથી. તેથી કહે છે કે તે માત્ર आहोपुरुषिका છે. (अहो એ अहम् ના અર્થમાં છે. अहो पुरुषः નો मयूरव्यंसकादयश्च । પ્રમાણે ('હું ઉત્કૃષ્ટ પુરુષ છું , એમ જેને અહંકાર થાય તે, અર્થાત્ બીજા કરતાં પોતાની જાતને ઉત્કૃષ્ટ માનનાર અહંકારી' એ અર્થમાં) સમાસ થયો છે. તે ઉપરથી द्वन्द्वमनोज्ञादिभ्यश्च । પ્રમાણે ભાવવાચી वुञ् પ્રત્યય લાગીને आहोपुरुषिका (અહંકારીપણું) એ ભાવવાચક નામ બને છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तस्यैतस्याक्षरसमाम्नायिकस्य विवृतोपदेशादन्यत्रापि विवृतोपदेशः कर्तव्यः। क्वान्यत्र। धातुप्रातिपदिकप्रत्ययनिपातस्थस्य। किं प्रयोजनम्। सवर्णग्रहणार्थः। आक्षरसमाम्नायिकस्य ग्रहणं यथा स्यात्। किं च कारणं न स्यात्। विवारभेदादेव। आचार्यप्रवृत्तिर्ज्ञापयति भवत्याक्षरसमाम्नायिकेन धात्वादिस्थस्य ग्रहणमिति यदयमकः सवर्णे दीर्घ इति प्रत्याहारेऽको ग्रहणं करोति। कथं कृत्वा ज्ञापकम्। न हि द्वयोराक्षरसमाम्नायिकयोर्युगपत्समवस्थानमस्ति। नैतदस्ति ज्ञापकम्। अस्ति ह्यन्यदेतस्य वचने प्रयोजनम्। किम्।**

ફેર તો કોઇ નથી. માત્ર અહંકાર જ છે. આપ કહો છો કે ઉપદેશવામાં આવતા સંવૃત (अ- કાર) નું વિવૃત ઉચ્ચારણ કરવું જોઇએ એમ આ વાર્તિકમાં દલીલ કરવામાં આવે છે,[14] જ્યારે અમે કહીએ છીએ કે વિવૃત (अ-કાર) નો જે ઉપદેશ કર્યો છે તેનું કારણ આ વાર્તિકમાં કહેવામાં આવે છે.

તે ( अ- કાર ) નો[15] (માહેશ્વર સૂત્રમાં ) વિવૃતોપદેશ કર્યો છે તેથી બીજે પણ સવર્ણનુંગ્રહણ થઇ શકે માટે વિવૃતનો ઉપદેશ (કરવો જોઇએ )॥ ૨ ॥

અક્ષર સમામ્નાયમાં( **अइउण्**। એ શિવસૂત્રમાં) अ-કારનો વિવૃત તરીકે ઉપદેશ કર્યો છે તે ઉપરાન્ત બીજાં સ્થળોએ આવતા (अ -કાર) નો પણ વિવૃત તરીકે જ ઉપદેશ કરવો જરૂરી છે. બીજે કયાં ? ધાતુ, પ્રાતિપદિક, પ્રત્યય અને નિપાતમાં રહેલા (अ-કાર)નો (વિવૃતોપદેશ કેવો જરૂરી છે. શા માટે ? સવર્ણનું ગ્રહણ થઇ શકે માટે અર્થાત્ જેથી અક્ષરસમામ્નાયમાંના अ-કાર વડે અન્યત્ર (અર્થાત્ ધાતુ વગેરેમાં) રહેલા अ વર્ણનું ગ્રહણ થઇ શકે. (તે સિવાય) શા માટે ન થઇ શકે ? વિવારરૂપ આભ્યન્તર પ્રયત્નમાં ભેદ હોવાથી જ ન થઇ શકે. આચાર્યની પદ્ધતિ સૂચવે છે કે અક્ષરસમામ્નાયમાંના अ-કાર વડે જ ધાતુ વગેરેમાં રહેલા अ-કારનું ગ્રહણ થઇ શકે છે, કારણ કે તેમણે **अकः सवर्णे दीर्घः**। એ સૂત્રમાં **अक्** પ્રત્યાહારનું ગ્રહણ કર્યું છે. (નહીં તો **अक्** ને બદલે **इक्** પ્રત્યાહાર પ્રયોજત).[16] (સૂત્રકારની એ પદ્ધતિ) કેવી રીતે સૂચન કરે છે ? એ રીતે કે અક્ષરસમામ્નાયમાં બે अ-કાર કદાપિ સાથે આવતા નથી. એ જ્ઞાપક નથી, કારણ કે આ પ્રમાણે કહેવાનું બીજું કારણ છે. શું (કારણ) છે ?

---

[14] આ બાબતમાં ઉદ્યોત નોંધે છે કે સૂત્રકારે શાસ્ત્રાન્તે પ્રત્યાપત્તિ કરી છે તેથી અહીં વિવૃતોદેશનું પ્રયોજન કહેવામાં આવે છે એમ સ્વીકારવું વધારે સારૂં છે, કારણ કે જો સંવૃત રૂપી (ઉદ્દેશ્ય) કર્તા જ ન હોય તો તેનો સંવૃત થાય છે એમ વિધાન કરવું બરોબર નથી અર્થાત્ પાણિનિએ પ્રારંભમાં વિવૃતોપદેશ કર્યો છે માટે જ અન્તે પ્રત્યાપત્તિવચન કહ્યું છે.

[15] આગળ કહ્યું કે પ્રત્યાપત્તિ ઉપરથી સૂચવાય છે કે **अइउण्**। સૂત્રની જેમ પ્રક્રિયા દશામાં સર્વત્ર अ-કાર વિવૃત છે એ વાતને ન જાણનાર વ્યક્તિ આ રીતે શંકા કરે છે. તેના કહેવા પ્રમાણે પ્રત્યાહારમાંનો अ-કાર ભિન્ન પ્રયત્નનો હોવાથી તેના વ્દારા સંવૃત अ-કારનું ગ્રહણ નહીં થાય. તેથી **अच्** ને લગતાં દીર્ઘ વગેરે કાર્યો નહીં થઇ શકે. આથી તેનું પણ ગ્રહણ થઇ શકે તે માટે સર્વે अ-કારનું વિવૃત ઉચ્ચારણ કરવું જોઇએ જેથી **शाम्यति** વગેરેમાં **शमामष्टानां दीर्घः श्यनि**। પ્રમાણે દીર્ઘ સિદ્ધ થઇ શકે.

[16] **अकः** એ પ્રત્યાહારમાંના **क्** રૂપી ચિહ્નથી જાણી શકાય છે કે આ अ-કાર અક્ષરસમામ્નાયમાંનો છે. જો ધાતુ વગેરેમાં રહેલા अ-કારનું તે વ્દારા ગ્રહણ ન થતું હોત તો સૂત્રકાર **अकः** ને બદલે **इकः** મૂકીને **इकः सवर्णे दीर्घः**। એમ સૂત્ર કરત. વળી દરેક ઉચ્ચારણ વખતે વર્ણ ભિન્ન હોય છે તે મત પ્રમાણે અક્ષરસમામ્નાયમાંનો એક વિવૃત अ-કાર પણ પ્રયોગમાં ન આવી શકે તેથી બે अ-કાર સાથે આવવાનો કોઇ પ્રશ્ન જ નથી, છતાં દીર્ઘાદેશ બે ઉપર આધાર રાખે છે માટે ભાષ્યકારે અહીં બે अ-કાર એમ કહ્યું છે. આમ **अक्** પ્રત્યાહારમાંનો अ-કાર અક્ષરસમામ્નામાંના अ-કારથી ભિન્ન હોવાથી પ્રયોગમાં તેનું વિવૃત ઉચ્ચારણ શક્ય નથી. આમ છતાં બધા જ ધર્મોમાં તે અક્ષરસમામ્નાયમાંના अ-કારના સમાન છે તેથી મૂળ अ-કારની જેમ વિવૃત લેવાનો છે. એ રીતે દીર્ઘ સંધિ સિદ્ધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यस्याक्षरसमाम्नायिकेन ग्रहणमस्ति तदर्थमेतत्स्यात्। खट्वाढकम् मालाढकमिति। सति प्रयोजने न ज्ञापकं भवति। तस्माद्विवृतोपदेशः कर्तव्यः॥ क एष यत्नश्चोद्यते विवृतोपदेशो नाम। विवृतो वोपदिश्येत संवृतो वा कोन्वत्र विशेषः। स एष सर्व एवमर्थो यत्नो यान्येतानि प्रातिपदिकान्यग्रहणानि तेषामेतेनाभ्युपायेनोपदेशश्चोद्यते। तद् गुरु भवति। तस्माद्वक्तव्यं धात्वादिस्थश्च विवृत इति॥

दीर्घप्लुतवचने च संवृतनिवृत्त्यर्थः ॥३॥

दीर्घप्लुतवचने च संवृतनिवृत्त्यर्थो विवृतोपदेशः कर्तव्यः। दीर्घप्लुतौ संवृतौ मा भूतामिति। वृक्षाभ्याम् देवदत्ता ३ इति। नैव लोके न च वेदे दीर्घप्लुतौ संवृतौ स्तः। कौ तर्हि। विवृतौ। यौ स्तस्तौ भविष्यतः॥

અક્ષરસમામ્નાયમાંના ( अ-કાર વ્દારા જેનું ગ્રહણ થાય છે તે (आ-કાર) ને માટે अकः सवर्णे० એ સૂત્રમાં अक् પ્રત્યાહારનું ગ્રહણ કર્યું છે,[17] જેથી खट्वाढकम्, मालाढकम् (જેવાં ઉદાહરણોમાં સવર્ણ દીર્ઘ થઇ શકે) અને જેને પ્રયોજન હોય તે જ્ઞાપક ન થાય. આથી (ધાતુ વગેરેમાં આવતા (अ-કારનો) વિવૃતોપદેશ કરવો જરૂરી છે.

(ધાતુ વગેરેના अ-કારનો) વિવૃતોપદેશ કરવો જોઇએ' એમ કહીને (વાર્તિકકાર) શું કહેવા માગે છે? [18] વિવૃતનો ઉપદેશ કરવામાં આવે કે સંવૃતનો એમાં શો ફેર છે ? એ પ્રયાસનો હેતુ આ પ્રમાણે છે : સૂત્રવ્દારા જે પ્રાતિપદિકોનું ગ્રહણ ન કરવામાં આવ્યું હોય તેમના (अ-કારનું) એ ઉપાયવ્દારા વિવૃત ઉચ્ચારણ કરવાનું કહેવામાં આવે[19] છે. પણ જો પ્રત્યેક પદનું ઉચ્ચારણ કરવામાં આવે તો ગૌરવ થાય). તેથી ધાતુ વગેરેમાં રહેલો (अ-કાર) પણ વિવૃત છે તેમ કહેવું પડશે.

દીર્ઘ અને પ્લુત (આદેશ)માં પણ સંવૃત થતો અટકાવવા માટે (વિવૃતોપદેશ જરૂરી છે) ॥3॥

હ્રસ્વ સંવૃત अ-કારને સ્થાને કરવામાં આવતા દીર્ઘ અને પ્લુત (આદેશ) સંવૃત થતા અટકે તે માટે વિવૃતનો ઉપદેશ કરવો જોઇએ, જેથી वृक्षाभ्याम्। देवदत्ता ३। (જેવાં) માં અનુક્રમે દીર્ઘ અને પ્લુત (આદેશો) સંવૃત ન થાય[20] પણ લોકમાં કે વેદમાં દીર્ઘ અને પ્લુત સંવૃત નથી. તો પછી કેવા છે ? વિવૃત છે અને જેવા હોય તેવા જ થાય.

स्थानी प्रकल्पयेदेतावनुस्वारो यथा यणम्।

संवृतः स्थानी संवृतौ दीर्घप्लुतौ प्रकल्पयेत्। अनुस्वारो यथा यणम्। तद्यथा। सय्यँता सँवत्सरः यँल्लोकम् तँल्लोकमिति। अनुस्वारः स्थानी यणमनुनासिकं प्रकल्पयति॥ विषम उपन्यासः। युक्तं यत्सतस्तत्र प्रक्लृप्तिर्भवति सन्ति हि यणः सानुनासिकाः निरनुनासिकाश्च। दीर्घप्लुतौ पुनर्नैव लोके न च वेदे संवृतौ स्तः। कौ तर्हि। विवृतौ। यौ स्तस्तौ भविष्यतः॥ एवमपि कुत एतत्तुल्यस्थानौ प्रयत्नभिन्नौ

---

[17] પૂર્વપક્ષી જ્ઞાપન નથી થતું તે દર્શાવવા દલીલ કરે છે કે अक् એ પ્રત્યાહારમાંના अ-કાર વડે દીર્ઘ વિવૃત अ-કાર (અર્થાત્ आ-કાર) નું ગ્રહણ થાય છે તેથી अक् પ્રત્યાહારનું સૂત્રમાં ગ્રહણ કર્યું છે તે જ્ઞાપક નથી

[18] આ દલીલ એકદેશીની છે. ધાતુ વગેરેનો પાઠ કર્યો છે ત્યાં अ-કારનો વિવૃત પાઠ કરવાથી ગૌરવ થતું નથી. તો પછી બીજે વિવૃતોપદેશ કરવો જોઇએ એવી દલીલ શા માટે કરવામાં આવે છે ?

[19] પ્રત્યેક પદનો પાઠ કરવો અશક્ય છે તેથી બીજે પણ વિવૃતોપદેશ કરવો જોઇએ એમ કહીને બધા જ अ-કારનો વિવૃતોપદેશ કરવો જોઇએ એમ પૂર્વપક્ષી સૂચવે છે. પ્રાતિપદિકો એ શબ્દ અહીં ધાતુ, પ્રત્યય વગેરેને સૂચવે છે. આથી જે પ્રાતિપદિક, ધાતુ વગેરેનું સૂત્રવ્દારા ગ્રહણ કરવામાં ન આવ્યું હોય તે સંવૃત अ-કારયુક્ત છે તેમ કહેવું જરૂરી છે

[20] वृक्षाभ्याम् માં सुपि च। પ્રમાણે હ્રસ્વ अ-કારને સ્થાને દીર્ઘ થતો હોય અથવા देवदत्ता ३ જેવામાં दूराद्धूते च। પ્રમાણે હ્રસ્વ अ-કારને સ્થાને પ્લુત થતો હોય ત્યાં સ્થાનીભૂત अ-કાર સંવૃત હોવાથી તેનો આદેશ અનુક્રમે દીર્ઘ કે પ્લુત સંવૃત જ થવો જોઇએ, કારણ કે સંવૃત અન્તરતમ છે. આ દોષ નિવારવા માટે વિવૃતોપદેશ કરવા જોઇએ એમ અહીં દલીલ છે. તેથી આગળ કહે છે કે સંવૃત अ-કાર અને તેને સ્થાને થનાર વિવૃત દીર્ઘ કે પ્લુત अ-કાર વચ્ચે આન્તરતમ્ય રૂપ સાવર્ણ્ય નથી છતાં अतो दीर्घो यञि। અને अतो रोरप्लुतादप्लुते। વગેરે સૂત્રો રચીને સૂત્રકારે જ્ઞાપન કર્યું છે કે સંવૃત अ- કારને સ્થાને જે દીર્ઘ કે પ્લુત अ-કાર આદેશ કરવામાં આવે છે તે વિવૃત થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भविष्यतः न पुनस्तुल्यप्रयत्नौ स्थानभिन्नौ स्यातामीकार ऊकारो वेति। वक्ष्यति स्थानेऽन्तरतमः इत्यत्र स्थान इति वर्तमाने पुनः स्थाने -ग्रहणस्य प्रयोजनं यत्रानेकविधमान्तर्यं तत्र स्थानत एवान्तर्यं बलीयो यथा स्यात्॥

तत्रानुवृत्तिनिर्देशे सवर्णाग्रहणमनण्त्वात् ॥४॥

तत्रानुवृत्तिनिर्देशे सवर्णानां ग्रहणं न प्राप्नोति। अस्य च्वौ। यस्येति च। किं कारणम्। अनण्त्वात्।

જેમ અનુસ્વારને સ્થાને (અનુનાસિક) यण् (य् व् र् ल्) થાય છે[21] તેમ સંવૃત (अ-કાર) ને સ્થાને (સંવૃત દીર્ઘ અને પ્લુત) થાય. સ્થાની સંવૃત હોવાથી (આદેશ) સંવૃત દીર્ઘ અને પ્લુત થાય, જેવી રીતે અનુસ્વાર (સ્થાની) હોવાથી (આદેશ) यण् અનુનાસિક થાય છે તેમ. અર્થાત્ જેમ सय्यँता,सव्वँत्सरः, यल्ँलोकम् , तल्ँलोकम् વગેરેમાં અનુસ્વારને સ્થાને અનુનાસિક यण् (य् ,व् ,र् ,ल् ) મૂકવામાં આવે છે. તે જ રીતે સંવૃત अ-કારને સ્થાને મૂકવામાં આવતા દીર્ઘ અને પ્લુત આદેશ સંવૃત થશે. આ દૃષ્ટાન્ત બરોબર નથી, કારણ કે જે અસ્તિત્વમાં હોય તે બીજાને સ્થાને આવી શકે य् व् र् ल् તો અનુનાસિક પણ છે અને અનનુનાસિક પણ છે, જ્યારે દીર્ઘ અને પ્લુત તો લોકમાં કે વેદમાં સંવૃત છે જ નહીં (પછી તે કેવી રીતે સંવૃતને સ્થાને આવી શકે? તો પછી તે બે કેવા છે? વિવૃત છે અને જે છે તે જ થાય.(અર્થાત્ વિવૃત જ છે, સંવૃત નથી માટે આદેશમાં વિવૃત જ થાય સંવૃત નહીં). આમ છતાં (સંવૃત अ-કારને સ્થાને) તુલ્યસ્થાનવાળા પણ ભિન્ન પ્રયત્નવાળા (દીર્ઘ અને પ્લુત आ ) થશે પરંતુ ભિન્ન સ્થાનવાળા પણ સમાન પ્રયત્નવાળા (દીર્ઘ અને પ્લુત) ई અથવા ऊ ન થાય એ કેવી રીતે?[22] (કારણ કે ) स्थानेऽन्तरतमः। એ સૂત્રના ભાષ્યમાં કહેવામાં આવશે કે અહીં स्थाने એ શબ્દ અનુવૃત્તિથી પ્રાપ્ત થતો હોવા છતાં સૂત્રમાં ફરીથી स्थाने શબ્દ મૂકયો છે તેનું કારણ એ છે કે તેથી જ્યાં અનેક પ્રકારનું સાદૃશ્ય હોય ત્યાં સ્થાનને કારણે થતું સાદૃશ્ય સૌથી બળવાન થઇ શકે.

તેમાં પણ જ્યાં અનુવૃત્તિ (અર્થાત અનુકરણ) દ્વારા નિર્દેશ કર્યો હોય ત્યાં સવર્ણનું ગ્રહણ નહીં થાય, કારણ કે તે अण् નથી ॥ ४ ॥

તેમાં જ્યારે વર્ણસમામ્નાય કે પ્રત્યાહારમાં આવતા अ-કાર સિવાયના अ-કાર વગેરેનો સૂત્રમાં નિર્દેશ કરવામાં આવ્યો હોય ત્યારે તે (अ-કાર) अण् ન હોવાથી તેના દ્વારા સવર્ણનું ગ્રહણ થતું નથી. अस्य च्वौ। यस्येति च। જેવાં સૂત્રોમાં વર્ણસમામ્નાય કે પ્રત્યાહારમાંના अ-કાર જેવા अ-કારનો નિર્દેશ છે છતાં તે દ્વારા સવર્ણનું ગ્રહણ થતું નથી. શા માટે ? કારણ કે તે अण् નથી.[23]

---

[21] अनुस्वारस्य ययि परसवर्णः। પ્રમાણે અનુસ્વાર પછી यय् પ્રત્યાહારનો વર્ણ આવે તો અનુસ્વારને સ્થાને જે પરસવર્ણ આદેશ થાય છે તે સ્થાની અનુસ્વાર જેવો અનુનાસિક થશે. જેમ કે सम् यन्ता → मोऽनुस्वारः। (પ્રમાણે અનુસ્વાર થઇને वा पदान्तस्य। પ્રમાણે અનુસ્વારને સ્થાને વિકલ્પે પરસવર્ણ અનુનાસિક થતાં) सँयन्ता થશે. તે પ્રમાણે અન્ય દૃષ્ટાન્તોમાં પણ અનુસ્વારને કારણે यण् આદેશ અનુનાસિક થઇને सँवत्सरः અને तँल्लोकम् વગેરે સંધિ થશે.

[22] ઋભુઓને લગતા સામ સિવાય બીજે ई , ऊ અને ऋ સંવૃત હોય છે (य्वृतः संवृता अन्यत्रार्भवसाम्नाम्।) એમ કેટલાક સામવેદના

અભ્યાસીઓ માને છે. તે શાખા પ્રમાણે ई-કાર અને ऊ-કારને સંવૃત ગણવામાં આવે તો સંવૃત अ-કાર અને તેમનો પ્રયત્ન સમાન થાય તેથી તે પણ अ-કારના આદેશ તરીકે કેમ ન આવી શકે ?' એમ પૂર્વપક્ષીની દલીલ છે. અહી य्वतः संवृताः વગેરે પણ પાઠ નાગેશ નોંધે છે. તદનુસાર इ-કાર, ऊ-કાર અને अ- કાર સંવૃત છે એમ અર્થ થશે.

[23] અર્થાત્ એ વર્ણ મૂળના અનુકરણ રૂપ છે તેથી તેના જેવા છે, પરંતુ તે જ નથી. વર્ણસમામ્નાયમાંના अ-કાર અને તેના અનુકરણ રૂપ अ-કાર વચ્ચે સાવર્ણ્ય ન હોય અર્થાત્ અનુકરણ રૂપ अ-કાર પણ વિવૃત ન હોય તો તે દ્વારા દીર્ઘનું ગ્રહણ નહીં થાય. તેથી अस्य च्वौ। પ્રમાણે शुक्ल ઉપરથી (અન્ત્ય अ નો ई થઇને) शुक्लीभवति જેવું च्वि રૂપ સિદ્ધ થઇ શકશે, પરંતુ माला (એ आ- કારાન્ત) શબ્દના आ નો ई ન થવાથી मालीभवति એ રૂપ સિદ્ધ નહીં થઇ શકે, કારણ કે સૂત્રમાંના અનુકરણરૂપ अ-કાર દ્વારા माला શબ્દના અન્ત્ય વિવૃત आ-કારનું ગ્રહણ નથી થતું. તે જ રીતે यस्येति च। પ્રમાણે दक्ष , प्लक्ष ના अ-કારનો લોપ થઇને दाक्षिः , प्लाक्षिः જેવાં રૂપો સિદ્ધ નહીં થાય.અનુવૃત્તિનિર્દેશ શબ્દમાં અનુવૃત્તિ એટલે અક્ષરસમામ્નાયમાં આવતા (अ-કાર વગેરેના) જેવો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न ह्येतेऽणो येऽनुवृत्तौ। के तर्हि। येऽक्षरसमाम्नाय उपदिश्यन्ते॥

एकत्वादकारस्य सिद्धम् ॥५॥

एकोऽयमकारो यश्चाक्षरसमाम्नाये यश्चानुवृत्तौ यश्च धात्वादिस्थः॥

अनुबन्धसंकरस्तु ॥ ६॥

अनुबन्धसंकरस्तु प्राप्नोति। कर्मण्यण्। आतोऽनुपसर्गे कः। इति केऽपि णित्कृतं प्राप्नोति॥

एकाजनेकाज्ग्रहणेषु चानुपपत्तिः ॥७॥

एकाजनेकाज्ग्रहणेषु चानुपपत्तिर्भविष्यति। तत्र को दोषः।

સૂત્રમાં જેમનો નિર્દેશ હોય છે તે વર્ણ (મૂળના અનુકરણ રૂપ છે તેથી તેના જેવા છે), પરંતુ તે **अण्** નથી. તો પછી **अण्** કયા છે? જેમનું અક્ષરસમામ્નાયમાં (સાક્ષાત્) ઉચ્ચારણ કરવામાં આવ્યું છે તે **अण्** છે.

अ-કાર એક જ હોવાથી સિદ્ધ થાય છે ॥૫॥

અક્ષરસમામ્નાયમાં જે अ-કાર છે, જે **अस्य च्वौ।** જેવાં સૂત્રોમાં મૂળ अ-કારના અનુકરણ રૂપે પ્રાપ્ત થાય છે, તેમ જ જે ધાતુ વગેરેમાં છે તે अ-કાર એક જ છે.

અનુબંધની બાબતમાં ગોટાળો થશે ॥૬॥

**कर्मण्यण्। आतोऽनुपसर्गे कः।** જેવાં સૂત્રોમાં (**अण्** અને **क** પ્રત્યયોમાંનો अ-કાર એક જ હોવાથી તેમાં) ગોટાળો થઇને જ્યાં **क** લાગે છે ત્યાં **णित्** ને થતું કાર્ય પણ થશે.[24]

જે સૂત્રોમાં **एकाच्** અને **अनेकाच्** શબ્દો મૂકવામાં આવ્યા હોય ત્યાં પણ અવ્યવસ્થા થશે ॥૭॥

જે સૂત્રોમાં એક સ્વર અને અનેક સ્વરને લગતું કાર્ય કરવાનું હોય તે કાર્ય થઇ શકશે નહીં. તેમાં શો વાંધો છે?

**किरिणा गिरिणेत्येकाल्लक्षणमन्तोदात्तत्वं प्राप्नोति। इह च घटेन तरति घटिक इति द्यज्लक्षणष्ठन्न प्राप्नोति॥**

द्रव्यवच्चोपचाराः ॥ ८॥

द्रव्यवच्चोपचाराः प्राप्नुवन्ति। तद्यथा। द्रव्येषु नैकेन घटेनानेको युगपत्कार्यं करोति। एवमिमकारं नानेको युगपदुच्चारयेत्॥

विषयेण तु नानालिङ्गकरणात्सिद्धम् ॥९॥

---

નિર્દેશ અર્થાત્ ઉચ્ચારણ અને વૃત્તિ એટલે અક્ષરસમામ્નાય. તેથી અક્ષરસમામ્નાયમાં આવતા (अ- કાર વગેરે વર્ણોના) જેવા (અન્ય अ-કાર વગેરે) નું યથાસ્વરૂપ ઉચ્ચારણ તે **अनुवृत्तिनिर्देश** . આમ **अइउण्।** માં જે अ-કાર, इ-કારનું ઉચ્ચારણ છે તે **वृत्ति-निर्देश** અને તેને અનુસરતો **अस्य च्वौ। यस्येति च।** વગેરે સૂત્રોમાં જે अ-કાર, इ-કારનો નિર્દેશ (ઉચ્ચારણ) છે તે **अनुवृत्तिनिर्देश** .

[24] બધા अ-કાર એક જ હોય તો **क** , **अण्** , **ट** વગેરે પ્રત્યયોમાં ભિન્ન ભિન્ન અનુબન્ધ હોવા છતાં તે પ્રત્યયો એકરૂપ થશે અને તેથી ભિન્ન અનુબન્ધોને કારણે થતાં કાર્યમાં ગોટળો થશે. જેમ કે **गोदः** માં **आतोऽनुपसर्गे कः।** પ્રમાણે **क** પ્રત્યય છે તેથી **अजाद्यतष्टाप्।** પ્રમાણે **टाप्** લાગીને તેનું સ્ત્રીલિંગનું રૂપ **गोदा** બનશે, પરંતુ **क** , **अण्** વગેરે પ્રત્યયોમાનો अ-કાર એક જ છે તેમ ગણવામાં આવે તો **टिड्ढाणञ्०** પ્રમાણે **ङीप्** લાગીને **गोदी** જેવું અશુદ્ધ રૂપ થવાનો પ્રસંગ આવે. વળી **कित्** , **णित्** વગેરેને લગતાં કાર્ય વારાફરતી થવાનો પ્રસંગ પણ આવે, તેટલું જ નહીં પણ **अ साम्प्रतिके।** જેવાં સૂત્રમાં અનુબન્ધરહિત अ-કારનો નિર્દેશ કર્યો હોય ત્યાં પણ વિવિધ અનુબન્ધને લગતાં કાર્ય થશે અને પરિણામે ગોટાળો થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यदयं विषये विषये नानालिङ्गमकारं करोति कर्मण्यण्। आतोऽनुपसर्गे कः। इति तेन ज्ञायते नानुबन्धसंकरोऽस्तीति। यदि हि स्यान्नानालिङ्गकरणमनर्थकं स्यात्। एकमेवायं सर्वगुणमुच्चारयेत्॥ नैतदस्ति ज्ञापकम्। इत्संज्ञाप्रक्लृप्त्यर्थमेतत्स्यात्। न ह्ययमनुबन्धैः शल्यकवच्छक्य उपचेतुम्। इत्संज्ञायां हि दोषः स्यात्। आयम्य हि द्वयोरित्संज्ञा स्यात्। कयोः। आद्यन्तयोः॥ एवं तर्हि विषयेण तु पुनर्लिङ्गकरणात्सिद्धम्। यदयं विषये विषये पुनर्लिङ्गमकारं करोति प्राग्दीव्यतोऽण्। शिवादिभ्योऽण्।

**किरिणा गिरिणा** જેવાં રૂપોમાં એક સ્વરયુક્ત (અંગ) હોવાને કારણે[25] અન્ત્ય સ્વર ઉદાત્ત થવાનો પ્રસંગ આવશે. અને **घटेन तरति घटिकः। नौद्व्यचष्ठन्** । (ઘડાની મદદથી પાર ઉતરનાર) માં બે **अच्** યુક્ત હોવાને કારણે થતો **ठन् (इक्)** પ્રત્યય ન થવાનો પ્રસંગ આવશે.

દ્રવ્યની જેમ વ્યવહાર (કરવામાં આવે છે) ॥ ૮ ॥

જેમ પદાર્થની બાબતમાં વ્યવહાર કરવાનું બને છે (તેમ अ-કારની બાબતમાં કરવું પડશે). જેમ દ્રવ્યોમાં પણ એક જ ઘડાથી એકી સાથે અનેક જણા કાર્ય કરી શકતા નથી તે જ રીતે આ अ-કાર એક જ હોવાથી અનેક જણા તેનું એકીસાથે ઉચ્ચારણ ન કરી શકે.

જુદે જુદે સ્થળે ભિન્ન ભિન્ન ચિહ્નો મૂક્યાં છે તેથી કાર્ય સિદ્ધ થાય છે ॥ ૯ ॥

(સૂત્રકારે) ભિન્ન ભિન્ન સ્થળે વિવિધ (**इत्** વગેરે સૂચક) ચિહ્નયુકત अ-કાર મૂકયો છે.જેમ કે **कर्मण्यण्** । (એસૂત્રમાંण्) **आतोऽनुपसर्गे कः**। ( સૂત્રમાં **क्** ) તેથી જાણી શકાય છે કે અનુબન્ધની બાબતમાં ગોટાળો થતો નથી. કારણ કે જો (ગોટાળો) થતો હોત તો (અનુબન્ધ રૂપ) વિવિધ લિંગ મૂકવાનો કોઇ અર્થ ન રહેત અને (જો એમ હોત તો) એક જ अ-કારને એકી સાથે બધા જ **इत्**-વર્ણો લગાડી ને (સૂત્રકારે) ઉચ્ચાર્યા હોત. (જુદા જુદા સ્થળે ભિન્ન ભિન્ન **इत्** મૂકવા) એ (અનુબન્ધોમાં ગોટાળો નથી થતો તેનું) જ્ઞાપક નથી. પરંતુ તેમને **इत्** સંજ્ઞા મળે (અને તેમનો લોપ થાય) એ જ તેનું પ્રયોજન છે. કારણ કે શાહુડીને અનેક સીસોળીઆં હોય છે તેમ આ (अ-કાર) ને એકી સાથે અનેક અનુબન્ધોથી ભરી દેવો શકય નથી. તેમ કરવાથી તો તેમની **इत्** સંજ્ઞા થવામાં વાંધો આવશે, કારણ કે વધારેમાં વધારે બે (વર્ણ)ની જ **इत्** સંજ્ઞા થઇ શકે. કયા બેની? આદિ અને અન્ત્ય ( વર્ણો)ની.[26] જો આમ હોય તો પછી જુદે જુદે સ્થાને એક એક જ ( **इत्** રૂપી) ચિહ્ન ફરી ફરીને મૂકવાને કારણે (ગોટાળો ટાળવાનું) કાર્ય સિદ્ધ થાય છે , કારણ કે આ (સૂત્રકાર) સ્થળે સ્થળે એક જ **इत्** થી યુકત अ-કારને વારં વાર મૂકે છે, જેમ કે **प्राग्दीव्यतोऽण्** । **शिवादिभ्योऽण्**।(અહીં બન્ને સ્થળે **ण्** ને જ **इत्** રાખ્યો છે).

**इति तेन ज्ञायते नानुबन्धसंकरोऽस्तीति। यदि हि स्यात्पुनर्लिङ्गकरणमनर्थकं स्यात्॥ अथवा पुनरस्तु विषयेण तु नानालिङ्गकरणात्सिद्ध-मित्येव। ननु चोक्तमित्संज्ञाप्रक्लृप्त्यर्थमेतत्स्यादिति। नैष दोषः। लोकत एतत्सिद्धम्। तद्यथा। लोके कश्चिद्देवदत्तमाह। इह मुण्डो भव।**

---

[25]અહીં **किरिणा** વગેરેમાં इ-કાર એક હોવાથી તે સપ્તમીના **सु** પૂર્વે **एकाच्** ગણાય તો **सावेकाचस्तृतीयादिर्विभक्तिः**।સૂત્ર પ્રમાણે અન્ત્ય સ્વર ઉદાત્ત સ્વર થવાનો પ્રસંગ આવશે તેમ જ **घट** શબ્દમાં બે अ-કાર છે પરંતુ એક જ છે એમ માનવાથી **घट** શબ્દ **द्व्यच्** ન રહેતાં **एकाच्** થશે તેથી **नौद्व्यचष्ठन्॥** પ્રમાણે **ठन्** પ્રત્યય લાગીને **घटेन तरति** એ અર્થમાં **घटिकः** રૂપ નહીં થઇ શકે.

[26] ધાતુ વગેરેની શરૂઆતમાં આવતા **ञि** , **टु** અને **डु** એ વર્ણસમુદાય, પ્રત્યયની શરૂઆતમાં આવતા **ष**-કાર , **च** વર્ગનો વર્ણ તેમ જ **ट** વર્ગના વર્ણની **इत्** સંજ્ઞા થાય છે. તે પ્રમાણે ધાતુ વગેરેની શરૂઆતમાં આવતા વ્યંજનની **इत्** સંજ્ઞા થાય છે.સૂત્રપાઠ વગરેમાં અન્ત્ય **हल्** ની પણ **इत्** સંજ્ઞા થાય છે,પરંતુ વિભક્તિને અન્તે આવતા **त** વર્ગના વર્ણ, **स**-કાર અને **म**-કારની **इत्** સંજ્ઞા થતી નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह जटी भव। इह शिखी भवेति। यल्लिङ्गो यत्रोच्यते तल्लिङ्गस्तत्रोपतिष्ठते। एवमयमकारो यल्लिङ्गो यत्रोच्यते तल्लिङ्गस्तत्रोपस्थास्यते॥ यदप्युच्यत एकानेकाज्ग्रहणेषु चानुपपत्तिरिति।

एकाजनेकाज्ग्रहणेषु चावृत्तिसंख्यानात् ॥१०॥

एकाजनेकाज्ग्रहणेषु चावृत्तेः संख्यानादनेकाच्त्वं भविष्यति। तद्यथा। सप्तदश सामिधेन्यो भवन्तीति त्रिः प्रथमामन्वाह त्रिरुत्तमामित्यावृत्तितः सप्तदशत्वं भवति। एवमिहाप्यावृत्तितोऽनेकाच्त्वं भविष्यति। भवेदावृत्तितः कार्यं परिहृतम्। इह तु खलु किरिणा गिरिणेत्येकाज्लक्षणमन्तोदात्तत्वं प्राप्नोत्येव। एतदपि सिद्धम्। कथम्। लोकतः। तद्यथा। लोक ऋषिसहस्रमेकां कपिलामेकैकशः सहस्रकृत्वो दत्त्वा तया सर्वे सहस्रदक्षिणाः संपन्नाः। एवमिहाप्यनेकाच्त्वं भविष्यति॥

આ ઉપરથી જણાય છે કે અનુબન્ધો (લગતાં કાર્ય) માં ગોટાળો થતો નથી, કારણ કે જો થતો હોત તો ફરી ફરીને તે જ અનુબન્ધ મૂકવાનો કોઇ અર્થ ન રહેત.[27] અથવા તો 'જુદા જુદા સ્થળે જુદા જુદા **इत्** વર્ણો મૂકયા છે તેથી સિદ્ધ થાય છે.' એમ જ (વાર્તિક) ભલે રહે. પણ ' અનુબન્ધને **इत्** સંજ્ઞા થઇ શકે તે માટે એ પ્રમાણે કર્યું છે.' એમ અમે વાંધો ન ઉઠાવ્યો ? તે દોષ નહીં આવે. લોકવ્યવહાર ઉપરથી જ એ સિદ્ધ થાય છે. તે આ રીતે કે સંસારમાં દેવદત્તને કોઇ કહે,"અહીં મુંડો કરાવ,' ' અહીં જટાધારી બન,' ' અહીં શિખા ધારણ કર', તો જે સ્થળે જેવા બનવાનું કહ્યું હોય તેવો જ બનીને તે ઉપસ્થિત થાય છે. તે પ્રમાણે આ अ-કાર પણ જૂદે જૂદે સ્થાને સૂત્રકારે જે જે અનુબંધ સહિત ઉચ્ચાર્યો હોય તે તે સ્થાને તે તે અનુબંધ સાથે ઉપસ્થિત થશે. વળી 'એક સ્વરવાળા(**एकाच्**) અને અનેક સ્વરવાળા (**अनेकाच्**) શબ્દોનું સૂત્રોમાં ગ્રહણ કર્યું હોય ત્યાં કાર્ય થઇ શકશે નહીં ' એમ જે કહ્યું (તેના જવાબમાં કહેવાનું કે) :

एकाच् અને **अनेकाच्** નું જે સૂત્રોમાં ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં अच् ની પુનરાવૃત્તિ કરીને **अनेकाच्** ગણવાથી (દોષ દૂર થશે) ॥ ૧૦ ॥

સૂત્રોમાં જયાં **एकाच्** અને **अनेकाच्** શબ્દોનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં એક જ **अच्** નું વારંવાર ઉચ્ચારણ કરીને અનેક **अच्** થઇ શકશે. જેમ કે ' **सप्तदश सामिधेन्यो भवन्ति** (સમિધ મૂકતી વખતે ઉચ્ચારવાની ઋચાઓ સત્તર છે)', એમાં પ્રથમ અને અન્તિમ ઋચાને ત્રણ ત્રણ વાર ઉચ્ચારવાથી (મૂળ તેર ઋચાને બદલે) સત્તર થાય છે. તેમ અહીં પણ (**अच्**) વારંવાર ઉચ્ચારવાથી (**किरि** , **गिरि** વગેરે શબ્દો) અનેક સ્વરવાળા થશે. ફરી ફરીને ઉચ્ચારણ કરવાથી કાર્ય સિદ્ધ થશે' એમ કહીને દોષનો પરિહાર કર્યો, પરંતુ આ **किरिणा** , **गिरिणा** વગેરેમાં તો એક **अच्** હોવાને કારણે તેનો અન્ત્ય **अच्** ઉદાત્ત થવાનો પ્રસંગ આવે છે,( કારણ કે તેમાં એક જ પ્રકારનો **अच्** અર્થાત્ **इ** આવે છે) . એ પણ સિદ્ધ થશે. કેવી રીતે ? લોકવ્યવહાર ઉપરથી . તે આ પ્રમાણે : એક હજાર ઋષિઓ એક જ કપિલા ગાયને વારા ફરતી હજાર વાર દાનમાં આપીને દરેક જણ સહસ્રનું દાન આપનાર બને છે એમ અહીં પણ ( **किरिणा** વગેરે) અનેક સ્વરયુક્ત થઇ શકશે.[28]

---

[27] આથી अ-કાર એક જ હોવા છતાં જુદા જુદા અનુબન્ધને લગતું કાર્ય થશે. **कर्मण्यण्**। માં **णित्** ને લગતું કાર્ય થશે, **चरेष्टः**। માં **टित्** ને લગતું કાર્ય થશે, **गापोष्टक्**। માં **टित्** અને **कित्** બન્નેને લગતું કાર્ય થશે, જયારે **अ साम्प्रतिके**। માં નિરનુબન્ધ अ- કાર મૂક્યો છે તેથી કોઇ પણ અનુબન્ધને લગતું કાર્ય નહીં થાય. આ ઉપરથી જણાય છે કે **प्राग्दिव्यतोऽण्**। **शिवादिभ्योऽण्**। વગેરે સૂત્રોમાં વારંવાર એક જ અનુબન્ધ મૂક્યો છે તે સાર્થક છે.

[28] એક હજાર ઋષિઓ એક બીજા પાસેથી દ્રવ્ય વડે ગાય ખરીદીને હજારવાર દાનમાં આપે છે તેથી દરેક ઋષિ સહસ્રદક્ષિણ બને છે. અહીં વાસ્તવિક રીતે ગાય એક જ છે છતાં વારાફરતી હજારવાર દાનમાં આપી છે તેથી ઋષિઓ એકદક્ષિણ નહીં પણ સહસ્રદક્ષિણ બન્યા કારણ કે લોકવ્યવહારમાં પર સંખ્યા મુખ્ય હોય કે ગૌણ છતાં તે પૂર્વ સંખ્યાનો બાધ કરે છે. જેમ ત્રણ પુત્રવાળો માણસ દ્વિપુત્ર ન કહેવાય તેમ. એ ન્યાયે પ્રસ્તુત દૃષ્ટાન્તમાં પણ **किरिणा** વગેરે માં વસ્તુતઃ **इ**-કાર એક જ હોવા છતાં આવૃત્તિને આધારે અનેક ગણાશે અને તેથી **किरिणा** વગેરે **अनेकाच्** થશે. પરિણામે અન્તોદાત્ત થવાનો પ્રસંગ નહીં આવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यदप्युच्यते द्रव्यवदुपचाराः प्राप्नुवन्तीति भवेद्यदसंभवि कार्यं तन्नानेको युगत्कुर्याद्यत्तु खलु संभवि कार्यमनेकोऽपि तद्युगपत्करोति। तद्यथा। घटस्य दर्शनं स्पर्शनं वा। संभवि चेदं कार्यमकारस्योच्चारणं नामानेकोऽपि तद्युगपत्करिष्यति ॥

आन्यभाव्यं तु कालशब्दव्यवायात् ॥११॥

आन्यभाव्यं त्वकारस्य। कुतः। कालशब्दव्यवायात्। कालव्यवायाच्छब्दव्यवायाच्च। कालव्यवायात्। दण्ड अग्रम्। शब्दव्यवायात् दण्डः। न चैकस्यात्मनो व्यवायेन भवितव्यम्। भवति चेद्भवत्यान्यभाव्यमकारस्य ॥

युगपच्च देशपृथक्त्वदर्शनात् ॥१२॥

વળી કહેવામાં આવ્યું કે જે અસંભવિત કાર્ય હોય તે અનેક જણ એકી સાથે ન કરી શકે પરંતુ જે કાર્ય થઇ શકે તે અનેક જણ એકી સાથે કરી શકે છે, જેમ કે ઘડાને જોવાનું કે સ્પર્શવાનું કાર્ય. આ अ-કારનું ઉચ્ચારણ કરવું એ કાર્ય પણ થઇ શકે તેવું છે તેથી અનેક જણ પણ એકી સાથે કરી શકશે.

પરંતુ કાળ અને શબ્દના વ્યવધાનને કારણે (अ-કારમાં) [29] ભિન્નતા છે ॥ ૧૧ ॥

अ-કાર ભિન્ન ભિન્ન છે. કેવી રીતે? કાળ અને શબ્દના વ્યવધાનને કારણે એટલે કે કાળ તેમ જ શબ્દના વ્યવધાનને લીધે, જેમ કે दण्ड अग्रम् , અહીં કાળનું વ્યવધાન છે. दण्ड અહીં શબ્દનું વ્યવધાન છે એક જ વર્ણમાં વ્યવધાન હોઇ શકે નહીં. જો હોય તો अ-કારમાં ભિન્નતા થશે જ.[30]

વળી એકી સાથે જુદા જુદા સ્થાને જોવામાં આવે છે તેથી ( પણ अ-કારમાં ભિન્નતા છે) [31] ॥ ૧૨ ॥

युगपच्च देशपृथक्त्वदर्शनान्मन्यामह आन्यभाव्यमकारस्येति। यदयं युगपद्देशपृथक्त्वेषूपलभ्यते। अश्वः अर्कः अर्थ इति। न ह्येको देवदत्तो युगपत्स्रुघ्ने च भवति मथुरायां च॥ यदि पुनरिमे वर्णाः शकुनिवत्स्युः। तद्यथा। शकुनय आशुगामित्वात्पुरस्तादुत्पतिताः

---

[29] મૂળ आन्यभाव्यम् છે.(૧) अन्यस्य भावः अन्यभावः (स्वार्थे ष्यञ्) અન્યભાવ, ભિન્નતા (૨) अन्यः भावः અન્ય ભાવ, અન્ય વસ્તુ. તે ઉપરથી ભાવવાચી ष्यञ् લાગીને आन्यभावम् (અર્થાત્ અન્યપણું, ભિન્નતા) એ રૂપ બન્યું છે.

[30] અર્થાત્ જો વર્ણમાં વ્યવધાન હોય તો તે अ વર્ણ એક નહી પણ ભિન્ન ભિન્ન છે એમ સિદ્ધ થાય છે. આમ કાળ અને શબ્દનું વ્યવધાન વર્ણના જુદાપણાનું સૂચક છે. ભિન્ન વર્ણો વચ્ચે કાળ અને શબ્દનું વ્યવધાનઃ- દા.ત. दति શબ્દમાં ऋ-કાર અને इ-કાર વચ્ચે त-કારનું વ્યવધાન છે અને दण्ड માં द ના अ- કાર અને ड ના अ-કાર વચ્ચે ण् અને ड् નું વ્યવધાન તે શબ્દનું વ્યવધાન છે, પરંતુ अ इ उ વગેરે વર્ણો વચ્ચે કાળનું વ્યવધાન છે. दण्ड अग्रम् માં પણ दण्ड ના અન્ત્ય अ અને अग्रम् ના આદિ अ વચ્ચે કાળનું વ્યવધાન છે. તે દર્શાવે છે કે अ-કાર ભિન્ન છે, ભિન્ન ન હોય તો આ રીતે કાળ કે શબ્દનું વ્યવધાન હોઇ ન શકે. જ્યારે કેવળ अ-કારનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે કાળ કે શબ્દનું વ્યવધાન શક્ય નથી. વસ્તુતઃ શબ્દનું વ્યવધાન પણ કાળવ્યવધાન જ છે તેથી કાળવ્યવાય (કાળનું વ્યવધાન) ના બે પ્રકાર છે : શબ્દશૂન્ય વ્યવધાન અને શબ્દવાન્ વ્યવધાન. આમ अ-કારમાં થતું વ્યવધાન તેનું અનેકત્વ સૂચવે છે.

[31] ભર્તૃહરિના મત પ્રમાણે अ-કારના નાનાત્વને સિદ્ધ કરવા માટે બે હેતુ આપેલા છે : કાલશબ્દ વ્યવાય અને યુગપદ્ ભિન્ન દેશમાં દર્શન. નાગેશ પ્રમાણે પૂર્વ દલીલમાં अ-કારના એકત્વનું ખંડન કર્યુ છે અને બીજી દલીલમાં વિભુત્વનું ખંડન કર્યુ છે. अर्क , अश्व , अर्थ વગેરે ભિન્ન સ્થળોમાં अ-કાર એકીસાથે જોવામાં આવે છે તેથી अ-કાર અનેક છે, કારણ કે એક સાથે અનેક સ્થળે દેખાવું એ એકત્વ વિરોધી ધર્મ છે. એક જ દેવદત્ત એકીસાથે સ્રુઘ્ન અને મથુરા જેવાં ભિન્ન સ્થળે ઉપલબ્ધ થતો નથી, કારણ કે તે એક જ છે. જ્યારે अ-કાર તો એક સાથે અનેક સ્થળે ઉપલબ્ધ થાય છે તેથી જ તે અનેક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**पश्चाद्दृश्यन्ते। एवमकारो द इत्यत्र दृष्टो ण्ड इत्यत्र दृश्यते॥ नैवं शक्यम्। अनित्यत्वमेवं स्यात्। नित्याश्च शब्दाः। नित्येषु च शब्देषु कूटस्थैरविचालिभिर्वर्णैर्भवितव्यमनपायोपजनविकारिभिः। यदि वायं द इत्यत्र दृष्टो ण्ड इत्यत्र दृश्येत नायं कूटस्थः स्यात्॥ यदि पुनरिमे वर्णा आदित्यवत्स्युः। तद्यथा। एक आदित्योऽनेकाधिकरणस्थो युगपद्देशपृथक्त्वेषूपलभ्यते। विषम उपन्यासः। नैको द्रष्टा -दत्यमनेकाधिकरणस्थं युगपद्देशपृथक्त्वेषूपलभतेऽकारं पुनरुपलभते। अकारमपि नोपलभते। किं कारणम्। श्रोत्रोपलब्धिर्बुद्धिनिर्ग्राह्यः प्रयोगेणाभिज्वलित आकाशदेशः शब्द एकं च पुनराकाशम्।**

(अ-કાર) એકીસાથે **अश्वः अर्कः अर्थः** વગેરે ભિન્ન ભિન્ન સ્થળોએ જોવામાં આવે છે તેથી અમે માનીએ છીએ કે अ-કાર ભિન્ન છે, કારણ કે એક જ દેવદત્ત એકીસાથે સ્રુઘ્નમાં અને મથુરામાં ન હોઇ શકે. જો આ વર્ણો પક્ષીઓની માફક હોય[32] તે એ રીતે કે જેમ પક્ષીઓ ઝડપથી જતાં હોવાથી આગળ (ભાગમાં બેઠાં હોય ત્યાં) થી ઊડી જઇને પાછળ (ના ભાગમાંબેઠેલાં) દેખાય છે તેમ (**दण्डः** શબ્દના) **द्** માં ઉપલબ્ધ થતો આ **अ**-કાર **ण्ड** માં ઉપલબ્ધ થાય છે. આ પણ શક્ય નથી કારણ કે એ રીતે શબ્દો અનિત્ય થશે[33], પણ શબ્દો તો નિત્ય છે અને નિત્ય શબ્દોમાં વર્ણો કૂટસ્થ, ફેરફાર વિનાના, નાશઅને આગમ (અર્થાત્ વૃદ્ધિ) રહિત હોવા જોઇએ. હવે જો આ **द** માં ઉપલબ્ધ થતો ( अ-કાર) **ण्ड** માં ઉપલબ્ધ થાય તો તે કૂટસ્થ ન ગણાય.વળી આ વર્ણો આદિત્ય[34] જેવા હોય (અર્થાત્) જેવી રીતે એક જ સૂર્ય અનેક સ્થળોએ રહેલાને એકીસાથે અનેક સ્થળોએ ઉપલબ્ધ થાય છે (તેરીતે अ-કાર પણ ઉપલબ્ધ થશે). આ દૃષ્ટાન્ત યોગ્ય નથી,[35] (કારણ કે) એક જ દ્રષ્ટાને અનેક આશ્રયોમાં રહેલો સૂર્ય એકી સાથે દેખાતો નથી, પરંતુ (અનેક સ્થળે રહેલા) अ-કારને તો જોઇ શકે છે. अ-કારને પણ ઉપલબ્ધ કરી શકાતો નથી[36]. શા માટે? શબ્દ શ્રોત્ર દ્વારા ઉપલબ્ધ થાય છે, બુદ્ધિ વડે તેનું ગ્રહણ થઇ શકે છે[37] અને ધ્વનિ દ્વારા તે પ્રકાશમાન થાય છે. તેનો આધાર આકાશ છે અને આકાશ તો એક જ છે. (તેથી ભિન્ન ભિન્ન સ્થળે રહેલો શબ્દ ઉપલબ્ધ ન થઇ શકે).

**आकाशदेशा अपि बहवः। यावता बहवस्तस्मादान्यभाव्यमकारस्य॥**

**आकृतिग्रहणात्सिद्धम् ॥१३॥**

---

[32] સ્ફોટરૂપ વસ્તુમાં કાળ અને શબ્દનું વ્યવધાન શક્ય નથી, માત્ર વ્યંજક ધ્વનિઓની ઉપલબ્ધિ અને અનુપલબ્ધિને કારણે વ્યવધાન જણાય છે, પરંતુ વર્ણની ભિન્નતાને કારણે નહીં. જેમ પાંજરામાંનું પક્ષી ઝડપી ગતિને કારણે અન્ય સ્થળે ઊડી જાય તો પાંજરામાં હતું તે એક પક્ષી અને અન્ય સ્થળે રહેલું તે બીજું પક્ષી છે તેમ ન કહેવાય અને તેમની વચ્ચે અન્ય પક્ષીનું વ્યવધાન છે એમ પણ કહી શકાતું નથી માત્ર એટલું જ કહી શકાય કે પક્ષી પહેલાં ન દેખાયું અને હવે દેખાયું. તે જ રીતે આ अ-કારે પણ **द** માં ઉપલબ્ધ થયો અને પછી **ण्ड** માં ઉપલબ્ધ થયો. અહીં વ્યક્તિસ્ફોટવાદી વર્ણની એકતા સિદ્ધ કરવા માટે દલીલ કરે છે.

[33] આ દલીલ જાતિસ્ફોટવાદીની છે. શબ્દવ્યક્તિ એક અને નિત્ય છે એમ વ્યક્તિસ્ફોટવાદી માને છે, પરંતુ अ-કાર વગેરેનું એકત્વ અને નિત્યત્વ શક્ય નથી. **दण्डः** જેવાં સ્થળે ઉદાત્ત,અનુદાત્ત વગેરે સ્વરભેદને કારણે अ-કારમાં ભિન્નતા જોવામાં આવે છે. પરંતુ જે એક હોય તે ઉદાત્ત મટીને અનુદાત્ત થાય તે યોગ્ય નથી, કારણ કે રૂપાન્તર થાય તો તે અનિત્ય થાય. આમ अ-કાર ભિન્ન અને અનિત્ય છે પરંતુ જાતિના કારણે જ अ- કારની પ્રત્યભિજ્ઞા થાય છે.

[34] સૂર્ય એક જ છે એ તો સર્વસંમત છે અને તેની ઉપલબ્ધિ સર્વત્ર થાય છે તે પણ નિર્વિવાદ છે. તેમ એક જ अ-કાર **अर्क, अश्व** જેવાં અનેક સ્થળે ઉપલબ્ધ થાય છે તેથી अ-કાર વ્યક્તિ એક જ છે. એમ ન હોય તો સૂર્ય પણ અનેક અને અનિત્ય છે એમ સ્વીકારવાનો પ્રસંગ આવશે. (સરખાવોઃ **आदित्यवद्यौगपद्यम्॥** (જૈ.સૂ.૧.૧.૧૫) ઉપર શાબર.ભા. :**आदित्यं पश्य देवानांप्रिय। एकः सन्ननेकदेशा -वस्थित इव लक्ष्यते।**) અહીં પણ જે નિત્ય અને એક છે તે એકી સાથે અનેક સ્થળે ઉપલબ્ધ ન થઇ શકે તે દલીલનું ખંડન કરવા માટે આદિત્યનું દૃષ્ટાન્ત આપ્યું છે. **सरूपाणामेकशेषः।** (૧-૧-૬૪) ઉપરના મહાભાષ્યમાં પણ આ દૃષ્ટાન્ત આપેલું છે.

[35] આ દલીલ નાનાત્વવાદીની છે.

[36] વ્યક્તિસ્ફોટવાદીનો ઉત્તર છે.

[37] પૂર્વોચ્ચારિત વર્ણના સંસ્કાર સાથેના અન્ત્ય વર્ણના જ્ઞાનથી જેનું ગ્રહણ થઇ શકે તેવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अवर्णाकृतिरुपदिष्टा सर्वमवर्णकुलं ग्रहीष्यति। तथेवर्णाकृतिः। तथोवर्णाकृतिः॥**

**तद्वच्च तपरकरणम् ॥१४॥**

**एवं च कृत्वा तपराः क्रियन्ते। आकृतिग्रहणेनातिप्रसक्तामिति। ननु च सवर्णग्रहणेनातिप्रसक्तमिति कृत्वा तपराः क्रियेरन्। प्रत्याख्यायते तत्सवर्णेऽण्ग्रहणमपरिभाष्यमाकृतिग्रहणा-**

આકાશના પ્રદેશ પણ ઘણા છે અને તે ઘણા છે માટે અ-કારમાં ભિન્નતા છે.[38]

જાતિનું ગ્રહણ કર્યું છે તેથી (કાર્ય) સિદ્ધ થાય છે॥૧૩॥

(**अ इ उ ण्** । સૂત્રમાં) **अ** ની જાતિ[39] (સૂચવનાર અ-કાર) નું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે તેથી તે **अ** વર્ણની સમગ્ર જાતિનું ગ્રહણ કરી શકશે. તે જ રીતે **इ** વર્ણની જાતિ, **उ** વર્ણની જાતિ ( સર્વ પ્રકારના **इ** વર્ણ અને **उ** વર્ણનું અનુક્રમે ગ્રહણ કરી શકશે)

વળી તે[40] પ્રમાણે (જાતિપક્ષને અનુસરીને જ **अच्** ની) પછી **त्** મૂકવામાં આવ્યો છે॥૧૪॥

એટલા માટે જ (અર્થાત્ માં જાતિનો ઉપદેશ કરવામાં આવે છે માટે જ) **अच्** ની પાછળ **त्** મૂકવામાં આવે છે, કારણ કે જાતિનું ગ્રહણ કર્યું છે તેથી અતિવ્યાપ્તિ થાય છે. (તે નિવારવા માટે **त्** મૂકવામાં આવે છે). પરંતુ (અમે કહીએ છીએ કે **अणुदित्सवर्णस्य चाप्रत्ययः** । એ સૂત્રથી) સર્વ સવર્ણનું ગ્રહણ થતું નિવારવા માટે ( **अच्** ની) પાછળ **त्** મૂકવામાં આવતો હોય તેમ (પણ) હોઇ શકે.[41] સવર્ણ નો નિર્દેશ કરનાર એ સૂત્રમાં **अण्** નું ગ્રહણ જરૂરી નથી, કારણ કે (**अइउण्** । સૂત્રમાં) આકૃતિ (અર્થાત્ જાતિ) નું ગ્રહણ કરવામાં આવ્યું છે.

**-दनन्यत्वाच्चेति॥ किम्।**

**हल्ग्रहणेषु च ॥१५॥**

**आकृतिग्रहणात्सिद्धमित्येव। झलो झलि। अवात्ताम् अवात्तम् अवात्त। यत्रैतन्नास्त्यण्सवर्णान्गृह्णातीति॥**

---

[38] આ અનેકત્વવાદીની દલીલ છે. જેમ પૃથ્વી એક હોવા છતાં સ્નુઘ્ન, મથુરા વગેરે પ્રદેશને કારણે તેને વિશે ભેદવ્યવહાર કરવામાં આવે છે તેમ ઘટ વગેરે ઉપાધિભેદને કારણે આકાશ ભિન્ન છે એમ કહેવાય.નોંધઃ ચૌખં. (પૃ.૯૮.પાટી.૮) માં ૧૩થી ૧૫ વાર્તિક નથી તેમ ભાષ્યકારની શૈલી અને ઉદ્યોતને આધારે કહ્યું છે.

[39] આમ વ્યક્તિસ્ફોટનું ખંડન કર્યું. હવે 'જાતિ એક છે, નિત્ય અને વિભુ છે, જ્યારે વ્યક્તિઓ ભિન્ન છે' એ પક્ષનું સમર્થન કરે છે. આ મત અનુસાર પ્રત્યાહાર તેમ જ **अस्य च्वौ**। વગેરે નિર્દેશોમાં અ-કાર જાતિનો જ નિર્દેશ કરવામાં આવે છે અને વ્યક્તિ તો અનિવાર્ય રીતે નિર્દેશાય છે. પ્રત્યાહારમાં અ-કાર જાતિનો વિવૃત તરીકે નિર્દેશ છે તેથી શાસ્ત્રાન્તે તેની પ્રત્યાપત્તિનું વિધાન કર્યું છે આમ જાતિનો નિર્દેશ કર્યો હોવાથી **वृत्ति** (અક્ષરસમામ્નાય) ના અનુકરણ રૂપ અ-કાર વ્દારા આ-કારનું ગ્રહણ થઇ શકશે. વર્ણસમામ્નાયમાંનો અ-કાર વિવૃત હોય તો પણ ધાતુ વગેરેમાં રહેલા અ-કારનો પણ વિવૃતોપદેશ કરવો જોઇએ એવી દલીલ વાર્તિકકારે અ-કાર વ્યક્તિ અનંત છે તે મતને આધારે કરી. આ સર્વ સિદ્ધ કરવા માટે ભાષ્યકારે અ-કારની વિવૃત જાતિનો નિર્દેશ કર્યો છે, કારણ કે પ્રત્યાહારમાંના અ-કાર વ્દારા પ્રયોગમાં આવતા અ-કારનું ગ્રહણ થઇ શકે તે માટે જાતિનો નિર્દેશ જરૂરી છે. **अस्य च्वौ**। વગેરે સૂત્રોમાંનો અ-કાર વિવૃત હોવા છતાં તે વ્દારા બધા જ **अ** વર્ણનું ગ્રહણ ન થઇ શકે, કારણ કે તે **अण्** નથી પરિણામે **शुक्लीभवति** માં દીર્ઘ થશે પરંતુ **मालीभवति** માં ન થવાનો પ્રસંગ આવે. એ જે દોષ આવે છે તેનો પણ પરિહાર ભાષ્યકારે જાતિનિર્દેશના આધારે જ કર્યો છે. આથી **अणुदित्सवर्णस्य** ० સૂત્રમાં **अण्** પ્રત્યાહારનું ગ્રહણ કરવું જરૂરી નથી એમ તેમનો આશય છે. (જુઓ ૧-૧-૬૯ ઉપર નોંધ ૨૮)

[40] મૂળમાં **तद्वत्** શબ્દ છે. તેને બે રીતે ઘટાવી શકાય : **सः** (અર્થાત્ તે- આકૃતિપક્ષ) **यत्र अस्ति** (જ્યાં છે તે) **तद्वत्** અથવા તો **तद्** એટલે તે (અર્થાત્ **अस्य च्वौ**।) **वत्** (ના જેવાં). આ પ્રકારનાં સૂત્રોમાં આકૃતિપક્ષનું ગ્રહણ કરવાને કારણે થતી અતિવ્યાપ્તિ નિવારવા સ્થળે સ્થળે અ-કાર વગેરેની પાછળ **त्** મૂક્યો છે. **तपरकरण** જાતિપક્ષનું સમર્થન કરે છે, એમ અહીં દલીલ છે. આગળ **अणुदित्सवर्ण** ० ઉપર વાર્તિકકાર કહેશે **तस्मात्तत्र तपरनिर्देशात्सिद्धम्**। (વા.૧૩)

[41] આ દલીલ પૂર્વપક્ષીની છે **तपर** કરણનું અન્ય પ્રયોજન હોવાથી તે જાતિપક્ષનું સમર્થન ન કરી શકે તેમ તેનું કહેવું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

रूपसामान्याद्वा ॥ १६ ॥

रूपसामान्याद्वा सिद्धमेतत्। तद्यथा। तानेव शाटकानाच्छादयामो ये मथुरायाम्। तानेव शालीन्भुञ्ज्महे ये मगधेषु। तदेवेदं भवतः कार्षापणं यन्मथुरायां गृहीतम्। अन्यस्मिंश्च रूपसामान्यात्तदेवेदमिति भवति। एवमिहापि रूपसामान्यात्सिद्धम्॥

ऋ ऌ क् ॥२॥

વળી (હ્રસ્વ अ-કાર અને દીર્ઘ તેમ જ પ્લુત ) अ-કાર જુદા નથી, એમ (કહીને) તે મતનું ખંડન કરવામાં આવ્યું છે. જે સૂત્રો માં हल्(વ્યંજન) નું ગ્રહણ કરવામાં આવ્યું છે ત્યાં પણ (જાતિપક્ષનો આશ્રય લેવાથી કાર્ય સિદ્ધ થશે) ॥ ૧૫ ॥

(ત્યાં) શું ? જે સૂત્રોમાં વ્યંજનોનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં પણ જાતિનું ગ્રહણ કરવાથી કાર્ય સિદ્ધ થશે જ. झलो झलि०। પ્રમાણે अवात्ताम् । अवात्ताम् । अवात्त । એ રૂપો (જાતિપક્ષનો આશ્રય લેવાથી)[42] સિદ્ધ થાય છે. જ્યાં अणुदित्०। પ્રમાણે अण् સવર્ણોનું ગ્રહણ કરે છે એમ ન કહી શકાય ત્યાં આકૃતિ ગ્રહણ જ કરવું પડશે.

અથવા સમાન રૂપ[43] હોવાથી (સિદ્ધ થશે) ॥ ૧૬ ॥

(સર્વ अ-વર્ણ )સમાન રૂપવાળા હોવાથી (કોઇ પણ अ-કારનું ગ્રહણ) થઇ શકશે(અર્થાત્ अ વર્ણનાસામાન્ય સ્વરૂપનું ઉચ્ચારણ કરવાથી સર્વ अ-કારનું ગ્રહણ થઇ શકશે). જેમ કે "મથુરામાં ઓઢતા હતા તે જ ઓછાડ આપણે અત્યારે ઓઢીએ છીએ', "મગધદેશમાં ખાતા હતા તે જ ચોખા આપણે અત્યારે ખાઇએ છીએ", "આ આપનો કાર્ષાપણ જે મે મથુરામાં લીધો હતો". આમ પદાર્થ જુદા જુદા હોય તો પણ રૂપની સમાનતાને કારણે 'તે આ જ છે' એમ સમજાય છે. તે જ રીતે અહીં પણ (સર્વ अ-કારના) રૂપની સમાનતાને કારણે (કોઇ પણ अ-કારનું ગ્રહણ) સિદ્ધ થશે.

ऋ ऌ क् ॥२॥

ऌकारस्योपदेशः किमर्थः। किं विशेषेण ऌकारोपदेशश्चोद्यते न पुनरन्येषामपि वर्णानामुपदेशश्चोद्यते। यदि किंचिदन्येषामपि वर्णानामुपदेशे प्रयोजनमस्त्यॢकारस्यापि भवितुमर्हति। को वा विशेषः। अयमस्ति विशेषः। अस्य ह्यॢकारस्याल्पीयांश्चैव प्रयोगविषयो यश्चापि

---

[42] આકૃતિપક્ષનો આધાર અવશ્ય લેવો જોઇએ તેમ બતાવે છે. વ્યક્તિપક્ષમાં खफछठथचटतव्। માં જે त् છે તે એક જ त-કારનું અનુકરણ થશે. તેથી માત્ર એક त-કારની झल् સંજ્ઞા થશે, બેની નહી થાય. આથી वस् ધાતુના लुङ् ના ત્રી.પુ. દ્વિવચનનું રૂપ કરતાં अवस् सिच् ताम्-- अवस् स् ताम् (सः स्यार्द्ध०। થી त्) अवत् स् ताम् (वदव्रज० થી વૃદ્ધિ) अवात् स् ताम् - એ સ્થિતિમાં अवात्ताम् સિદ્ધ નહીં થાય, કારણ કે स-કારની પૂર્વેનો त-કાર झल् થશે પરંતુ તેની પછી આવેલો त् વ્યક્તિપક્ષે झल् નહીં થઇ શકે તેથી झलो झलि। થી स् નો લોપ નહી થઇ શકે. આથી જાતિપક્ષનો આશ્રય લેવો જરૂરી છે. अवात्ताम् માં વ્યક્તિપક્ષે झलो झलि। લાગુ ન થઇ શકે છતાં તે સૂત્ર નિરવકાશ નથી બનતું , કારણ કે अभित्थाः (अभिद् स् थाः) વગેરેમાં તે સાવકાશ છે, ત્યાં પૂર્વ અને પર झल् ભિન્ન છે તેથી स-કાર લોપ થશે.પરંતુ જાતિપક્ષ પ્રમાણે त-કારની આકૃતિનો નિર્દેશ હોવાથી (अवात्ताम् માં) લોપ થશે.

[43] આકૃતિપક્ષનો આશ્રય ન લેતાં માત્ર વ્યક્તિનો જ નિર્દેશ કરવામાં આવે છે એમ સ્વીકારવામાં આવે તો પણ અભેદવ્યવહાર શક્ય છે. જેવી રીત गो , घट વગેરે પદાર્થો તે નાના હોય કે મોટા, કૃશ હોય કે સ્થૂળ, ટૂંકા હોય કે લાંબા છતાં તેમને વિશે 'આ गो છે' અને 'આ घट છે' એમ પ્રયોગ થાય છે તેમ એ अ-કાર વ્યક્તિઓ અભિન્ન તરીકે ઓળખી શકાશે, કારણ કે તેમની વચ્ચે પણ સમાન ધ્વનિ રૂપ સાદૃશ્ય છે. ભર્તૃહરિ અહીં કેટલાક મતભેદોની નોંધ લઇને અન્તે સ્પષ્ટ કરે છે કે આ વાર્તિકમાં આકૃતિને બદલે વ્યક્તિનો નિર્દેશકરવામાં આવ્યો હોય તો પણ અભેદ-વ્યવહાર સિદ્ધ થઇ શકે છે એમ દર્શાવવામાં આવ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रयोगविषयः सोऽपि क्लृपिस्थस्य क्लृपेश्च लत्वमसिद्धम्। तस्यासिद्धत्वादृकारस्यैव कार्याणि भविष्यन्ति नार्थ लकारोपदेशेन॥ अत उत्तरं पठति।

लकारोपदेशो यदृच्छाशक्तिजानुकरणप्लुत्याद्यर्थः ॥१॥

लकारोपदेशः क्रियते यदृच्छाशक्तिजानुकरणार्थः प्लुत्याद्यर्थश्च। यदृच्छया कश्चिद्‌लृतको नाम तस्मिन्नच्कार्याणि यथा स्युः। दध्यॢतकाय देहि। मध्वॢतकाय देहि। उदङ्ङ्लृतकोऽगमत्। प्रत्यङ्ङ्लृतकोऽगमत्। चतुष्टयी शद्बानां प्रवृत्तिः। जातिशद्बा गुणशद्बाः क्रियाशद्बा यदृच्छा शद्बाश्चतुर्थाः॥ अशक्तिजानुकरणार्थः। अशक्त्या कयाचिद्‌ब्राह्मण्या ऋतक इति प्रयोक्तव्य लृतक इति प्रयुक्तम्। तस्यानुकरणं ब्राह्मण्यॢतकमाह कुमार्यॢतकमाहेति। प्लुत्याद्यर्थश्च लकारोपदेशः कर्तव्यः। के पुनः प्लुतादयः।

(આ સૂત્રમાં) ऌ-કારનું ઉચ્ચારણ શા માટે કર્યુ છે? ऌ-કારનું ઉચ્ચારણ કર્યુ છે તે વિશે જ કેમ ખાસ કરીને પ્રશ્ન કરવામાં આવે છે, અન્ય વર્ણોના ઉચ્ચારણની બાબતમાં પણ કેમ પૂછવામાં નથી આવતું ? જો બીજા વર્ણોના ઉચ્ચારણનું કંઇ પ્રયોજન હોય તો ऌ -કારના ઉચ્ચારણનું પણ પ્રયોજન હોવું જોઇએ. તેમાં વળી શો ફેર છે ? ફેર એ છે કે આ ऌ-કારનો પ્રયોગ તો અતિશય અલ્પ[44] સ્થળે થાય છે અને જે પ્રયોગનો વિષય છે તે માત્ર क्लृप् ધાતુમાં રહેલો ऌ જ છે, જ્યારે कृप् ધાતુના ऋ નો ऌ થાય છે તે पूर्वत्रासिद्धम् । પ્રમાણે અસિદ્ધ છે તેથી તેને અનુલક્ષીને થતાં अच् કાર્ય ऋ ને થશે(અસિદ્ધ ऌ ને નહીં). તેથી ऌ -કારનો ઉપદેશ નિરર્થક છે. (આ પ્રમાણે શંકા થવા) થી ઉત્તરમાં કહે છે-

ऌ નો ઉપદેશ યદૃચ્છા શબ્દો,[45] આવડત ન હોવાથી કરેલા ઉચ્ચારણના[46] અનુકરણ અને પ્લુત વગેરે કાર્ય એ સર્વ માટે કર્યો છે॥૧॥

ऌ-કારનો ઉપદેશ યદૃચ્છા શબ્દો માટે, અનાવડતને કારણે થએલા (ઉચ્ચારણના) અનુકરણ માટે તેમ જ પ્લુત વગેરે થઇ શકે તેમાટે કરવામાં આવે છે. યદૃચ્છા શબ્દને માટે તો એ ખાતર કે કોઇને लृतक એ નામ આપેલું છે કે જેથી તે(ऌ )ને વિશે अच् કાર્યો થઇ શકે. दध्यॢतकाय देहि। मध्वॢतकाय देहि। उदङ्ङ्लृताकोऽगमत्। प्रत्यङ्ङ्लृतकोऽगमत्, (ભાષામાં) ચાર પ્રકારના શબ્દો પ્રયોજાય છે : જાતિવાચક શબ્દો, ગુણવાચક શબ્દો, ક્રિયાવાચક શબ્દો અને યદૃચ્છા શબ્દો એ ચોથો પ્રકાર. અનાવડતને કારણે ઉચ્ચારવામાં આવેલા ऌના અનુકરણ માટે ऌ-કારનો ઉપદેશ આ રીતે : કોઇક બ્રાહ્મણીએ અનાવડતને કારણે ऋतक એમ પ્રયોગ કરવાનો હતો ત્યારે 'लृतक ' એમ પ્રયોગ કર્યો . તેનું અનુકરણ' ब्राह्मण्यॢतक इत्याह। कुमार्यॢतक इत्याह। એ પ્રમાણે થશે. વળી પ્લુતિ વગેરેની ખાતર પણ ऋ-કારનો ઉપદેશ કરવો જોઇએ.પ્લુતિ વગેરે વળી કયાં ?

प्लुतिद्विर्वचनस्वरिताः। क्लृ ३ प्तशिख। क्लृप्तः। प्रक्लृप्तः। प्लुत्यादिषु कार्येषु क्लृपेर्लत्वं सिद्धं तस्य सिद्धत्वादच्कार्याणि न सिध्यन्ति। तस्मादॢकारोपदेशः क्रियते॥ नैतानि सन्ति प्रयोजनानि।

न्याय्यभावात्कल्पनं संज्ञादिषु ॥२॥

---

[44] જેનો અલ્પ પ્રયોગ હોય તેનો ઉપદેશ પણ मुद्रादण्। જેવાં સૂત્રો વ્દારા કરવો પડે. તે રીતે ऌ-કારનો ઉપદેશ પણ જરૂરી છે એમ દલીલ કરી શકાય. પરંતુ ऌ નો જે અલ્પ પ્રયોગ છે તે પણ क्लृप् ધાતુમાં રહેલા ऌ-કારનો છે અને તે ऌ ઔપદેશિક નથી પરંતુ कृपो रो लः। (૮-૨-૧૮) એ સૂત્રથી થયો છે. એ ત્રિપાદીમાંનું સૂત્ર છે તેથી कृप् માંથી થએલા क्लृप् નો ऌ અસિદ્ધ છે. તેથી अच् ને લગતાં કાર્યો ,જેમ કે कल्पते માં धातोः। પ્રમાણે અન્તોદાત્ત, क्लृप्तम् માં બાકીનાનો નિઘાત, कल्पनम् મં ગુણ વગેરે કાર્યો, ऋ ને થશે ऌ ને નહીં .આમ ऌ-કારનો ઉપદેશ નિરર્થક છે એમ આક્ષેપ છે.

[45] સ્વેચ્છા પ્રમાણે એક જ વ્યક્તિને વિશે જે શબ્દનો સંકેત કરવામાં આવે તે યદૃચ્છા શબ્દ. ડિત્થ વગેરે શબ્દોનો કોઇ વ્યક્તિને અનુલક્ષીને સંકેત કરવામાં આવે ત્યારે એ પ્રકારનાં નામ આપનાર વ્યક્તિ તે શબ્દના અર્થને લક્ષમાં રાખ્યા વિના સ્વેચ્છા પ્રમાણે તેમનો પ્રયોગ કરે છે. આમ યદૃચ્છા ઉપર આધાર રાખતા હોવાથી આ શબ્દો યદૃચ્છા શબ્દો કહેવાયછે. એ રીતે लृतक પણ યદૃચ્છા શબ્દ છે.

[46] સાધુ શબ્દનું ઉચ્ચારણ કરવાની શક્તિથી ભિન્ન શક્તિ તે અશક્તિ, અર્થાત્ સાધુ શબ્દનું ઉચ્ચારણ કરવાની શક્તિનો અભાવ. તેને કારણે ઉદ્‌ભવે તે अशक्तिज . આમ लृतक એ અશક્તિજ ઉચ્ચારણ છે તેનું અનુકરણ કરીને ઉચ્ચારેલાં ब्राह्मणी लृतक इत्याह। कुमारी लृतक इत्याह। જેવામાં अच् કાર્ય થઇ શકે તે માટે ऌ-કારનું ગ્રહણ કરવું જરૂરી છે. એમ અહીં દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न्याय्यस्य ऋतकशब्दस्य भावात्कल्पनं संज्ञादिषु साधु मन्यते। ऋतक एवासौ न लतक इति॥ अपर आह न्याय्य ऋतकशब्दः शास्त्रान्वितोऽस्ति स कल्पयितव्यः साधुः संज्ञादिषु। ऋतक एवासौ न लतकः॥ अयं तर्हि यदृच्छाशब्दोऽपरिहार्यः। लफिडः लफिड्डः। एषोऽप्यृफिडः ---

પ્લુતિ[47], દ્વિત્વ [48] અને સ્વરિત[49], (જેમ કે) क्लृ ३ प्तशिखः (માં પ્લુતિ), क्लृप्तः(માં દ્વિત્વ), प्रक्लृप्तः( માં સ્વરિત ). આ પ્લુતિ વગેરે કાર્યોની દૃષ્ટિએ कृप् ના ऋ નો लृ આદેશ થાય છે તે સિદ્ધ છે અને તે સિદ્ધ (છે છતાં अच् ન) હોવાથી સ્વર ( अच् )ને લગતાં કાર્યો સિદ્ધ થશે નહીં .તે માટે लृ-કારનું (ऋ लृ क्। સૂત્રમાં ) ઉચ્ચારણ કરવામાં આવે છે. (પણ लृ-કારોપદેશનાં) એ પ્રયોજનો નથી.

યોગ્ય હોવાથી (ऋतक શબ્દ) નામ વગેરેમાં પ્રયોજી શકાય[50]॥ २ ॥

(સંજ્ઞા તરીકે) ऋतक એ યોગ્ય શબ્દ અસ્તિત્વ ધરાવે છે તેથી વિશેષનામ વગેરેમાં તેને સાધુ માને છે. તે ऋतक જ છે लतक નથી - અન્ય કોઇ કહે છે કે ऋतक શબ્દ શાસ્ત્રાનુસાર અને યોગ્ય છે.[51] તે વિશેષનામ વગેરે આપવા માટે સારો છે, પરંતુ તે ऋतक જ છે लतक નથી. તો પછી ( लृ-કાર યુક્ત) लफिडः, लफिड्डः એ યદૃચ્છા શબ્દ અવગણી શકાય તેમ નથી. એ પણ ऋफिडः

ऋफिड्डश्च। कथम्। आर्तिप्रवृत्तिश्चैव हि लोके लक्ष्यते फिडफिड्डावौणादिकौ प्रत्ययौ। त्रयी च शब्दानां प्रवृत्तिः। जातिशब्दा गुणशब्दाः क्रियाशब्दा इति। न सन्ति यदृच्छाशब्दाः॥ अन्यथा कृत्वा प्रयोजनमुक्तमन्यथा कृत्वा परिहारः। सन्ति यदृच्छाशब्दा इति कृत्वा प्रयोजन

---

[47] गुरोरनृतोऽनन्त्यस्याप्येकैकस्य प्राचाम्। પ્રમાણે (कृप्ता शिखा यस्य सः) कृप्तशिखः માં પ્લુતનું વિધાન કરવામાં આવ્યું છે. આ પ્લુત अचश्च। એ પરિભાષા સૂત્ર અનુસાર સ્થાનીભૂત अच् ની અપેક્ષા રાખે છે. જો लृ-કારનો अच् માં (એટલે કે ऋलृक्। એ સૂત્રમાં) ઉપદેશ હોય તો તેને પ્લુતિ રૂપ अच् કાર્ય નહીં થાય, તેથી क्लृ३ प्तशिखः જેવો પ્રયોગ થઇ નહીં શકે. તે થઇ શકે માટે लृ-કારનો ઉપદેશ કરવો જરૂરી છે. गुरोरनृतो० ની દૃષ્ટિએ लृ-કાર અસિદ્ધ નથી તે નોંધવું જોઇએ.

[48] જો लृ-કારનો અક્ષરસમામ્નાયમાં ઉપદેશ કરવામાં ન આવે તો તે अच् નહીં થાય તેથી क्लृप्त , क्लृप्तवान् જેવાં રૂપોમાં अनचि च। પ્રમાણે प-કાર વિકલ્પે બેવડાશે નહીં અને क्लृप्प्तः, क्लृप्प्तवान् જેવા પ્રયોગો નહીં થઇ શકે .

[49] प्रक्लृप्तः માં प्र ઉપસર્ગમાંનો अ-કાર (निपाता आद्युदात्ताः। उपसर्गाश्चाभिवर्जम्। પ્રમાણે) ઉદાત્ત છે, क्लृप् ધાતુનો क्लृ-કાર (धातोः। પ્રમાણે) ઉદાત્ત થશે અને क्त નો પ્રત્યય સ્વર થયા પછી कुगतिप्रादयः। પ્રમાણે સમાસ થતાં प्रक्लृप्तः માં અન્તોદાત્ત થવાનો પ્રસંગ આવતાં गतिरनन्तरः। પ્રમાણે प्र નો પ્રકૃતિસ્વર થવાથી अनुदात्तं पदमेकवर्जम्। પ્રમાણે બાકીનાનો નિઘાત થશે તેથી उदात्तानुदात्तयोः स्वरितः। પ્રમાણે क्लृप् ના लृ નો સ્વરિત થઇ શકે તે માટે लृ-કાર નો ઉપદેશ જરૂરી છે. प्रक्लृप्तः પ્રેરકના અર્થમાં છે (प्र क्लृप् ધાતુનું અન્તર્ભાવિત णि અર્થમાં કર્મણિ ભૂતકૃદન્ત છે) એમ સમજવાનું છે. આમ ऋलृक्। માં लृ-કારનું ગ્રહણ ન કર્યું હોય તો તે अच् નહીં થાય અને તેથી તેને અનુલક્ષીને अच् ને લગતાં કાર્યો નહીં થાય.

[50] સ્મૃતિમાં કહ્યું છે કે કૃત્પ્રત્યય અન્તે હોય તેવું નામ હોવું જોઇએ (कृदन्तं नाम कुर्यात्।) ऋत् એ સૌત્ર ધાતુને ઉણાદિ પ્રત્યય क्वुन् લાગીને થએલો ऋतक શબ્દ કૃદન્ત છે. તેથી સંજ્ઞા તરીકે તેનો પ્રયોગ શાસ્ત્રસંમત છે, કારણ કે પ્રકૃતિ-પ્રત્યય એમ વિભાગ દર્શાવીને તેને સિદ્ધ કરી શકાય છે. આમ ऋतक શબ્દ ન્યાય્ય છે. વળી સૂચવાય છે કે જાતિ, ગુણ અને ક્રિયાવાચી શબ્દો પણ શાસ્ત્રને અનુસરીને પ્રયોજવા જોઇએ. જાતિવાચક શબ્દોમાં જેમ गो વગેરે શબ્દો गावी વગેરે અસાધુ શબ્દોના બાધક થાય છે તેમ ऋतक વગેરે સંજ્ઞા શબ્દો પણ लतक વગેરે અસાધુ શબ્દોના નિવર્તક થશે. આમ लतक શબ્દ વ્યક્તિનો બોધક થશે છતાં તેને આધારે શાસ્ત્રીય કાર્ય નહીં થાય.

[51] ऋतक શબ્દ સાધુ છે માટે પ્રયોજવો જોઇએ એમ પહેલાં કહ્યું, હવે लतक એ ऋतक નો અશક્તિને કારણે ઉદ્ભવેલો (એટલે કે જીભ ની ચપળતાના અભાવને કારણે થએલો) અપભ્રંશ છે એમ કહે છે. તેથી નામ તરીકે ऋतक નો જ પ્રયોગ થઇ શકે लतक નો નહીં અર્થાત્ અનાવડતને કારણે ઉચ્ચારેલો लतक શબ્દ શાસ્ત્રનો વિષય ન થઇ શકે .



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-मुक्तं न सन्तीति परिहारः। समाने चार्थे शास्त्रान्वितोऽशास्त्रान्वितस्य निवर्तको भवति। तद्यथा। देवदत्तशब्दो देवदिण्णशब्दं निवर्तयति न गाव्यादीन्। नैष दोषः। पक्षान्तरैरपि परिहारा भवन्ति॥

અને **ऋफिड्डः** જ છે. કેવી રીતે? કારણકે વ્યવહારમાં **ऋ** ધાતુ પરથી[52] થયેલા શબ્દોનો પ્રયોગ જોવામાં આવે છે. **फिड** અને **फिड्ड** એ બે **उणादि** પ્રત્યયો છે. શબ્દોનો ઉપયોગ ત્રિવિધ છે: જાતિવાચી શબ્દો, ગુણવાચી શબ્દો અને ક્રિયાવાચી શબ્દો. યદૃચ્છા શબ્દો છે જ નહી.[53] એક પક્ષ પ્રમાણે પ્રયોજન કહીને બીજી જ રીને પરિહાર[54] કર્યો. 'યદૃચ્છા શબ્દો હોય છે ' એમ કહીને ( **ऌ**-કાર ગ્રહણનું) પ્રયોજન જણાવ્યું અને 'યદૃચ્છા શબ્દો નથી' તેમ કહીને તેનો પરિહાર કર્યો. બે શબ્દોનો અર્થ સમાન હોય ત્યારે જે શાસ્ત્રશુદ્ધ હોય તે શબ્દ , શાસ્ત્રની દૃષ્ટિએ અશુદ્ધ હોય તેનો, બાધક થાય છે,[55] જેમ કે **देवदत्त** એ વ્યાકરણશુદ્ધ શબ્દ **देवदिण्ण** (એ અશુદ્ધ) શબ્દનો બાધ કરે છે, પરંતુ **गावी** વગેરે શબ્દોનો બાધ ન કરી શકે. આમાં કોઇ દોષ નથી કારણ કે ભિન્ન મતને આધારે પણ પરિહાર થઇ શકે છે.[56] (હવે **ऌ** -કારનું ગ્રહણ અનુકરણાર્થે છે તેનું ખંડન કરે છે.)

---

[52] **ऋ** ધાતુ લોકમાં પ્રયોજાય છે અને **ऋफिड** વગેરે શબ્દો તે ધાતુ ઉપરથી જ બન્યા છે તેથી **ऌ** જેવો કોઇ ધાતુ કલ્પવાની જરૂર નથી. આમ યદૃચ્છા શબ્દોને સ્વીકારીને શિષ્ટોએ કોઇક સ્થળે પ્રયોજેલા શાસ્ત્રાનુસાર શબ્દો જ નામ તરીકે પ્રયોજ્યામાં આવે છે, બીજા શબ્દો નહીં એમ સ્વીકારવાથી **ऌफिड** વગેરે શાસ્ત્રનો વિષય નથી માટે તેમને ખાતર **ऌ**-કારનો ઉપદેશ કરવો જરૂરી નથી.

[53] હાલના જમાનામાં જ્યારે **डित्थ** વગેરે નામ પાડવામાં આવે છે ત્યારે તે નામ દ્વારા અત્યંત પ્રશંસનીય ક્રિયા કે ગુણનો વ્યક્તિ ઉપર આરોપ કરવામાં આવે છે. અથવા તો પૂર્વે થઇ ગયેલ **डित्थ** વગેરેના પ્રશંસનીય ગુણ, ક્રિયા વગેરેનો આરોપ કરીને **डित्थ** વગેરે નામ અત્યારે આપવામાં આવે છે. આથી યદૃચ્છા શબ્દોનો ક્રિયા શબ્દોમાં અન્તર્ભાવ થશે કારણ કે તે બધા જ વ્યુત્પન્ન શબ્દો છે.

[54] સંજ્ઞાશબ્દો અવ્યુત્પન્ન છે, એમ સ્વીકારીને અર્થાત્ અવ્યુત્પત્તિ પક્ષનો આશ્રય લઇને આચાર્યે **ऌ**-કારનો ઉપદેશ કર્યો, જ્યારે વાર્તિકકાર યદૃચ્છા શબ્દોનો અસ્વીકાર કરીને અર્થાત્ વ્યુત્પત્તિ પક્ષના આધારે તેનું પ્રત્યાખ્યાન કરે છે. આમ યદૃચ્છા શબ્દોના અસ્તિત્વને સ્વીકારીને પ્રયોજન કહ્યું હોય ત્યારે તેમનો અસ્વીકાર કરીને પ્રયોજનનું નિરાકરણ કરવું યોગ્ય નથી.

[55] **देवदत्त** એ શુદ્ધ શબ્દ **देवदिण्ण** જેવા અસાધુ શબ્દનો બાધ કરી શકશે, કારણ કે બન્નેનું પ્રવૃત્તિનિમિત્ત એક જ છે, બન્ને એક જ વ્યક્તિને લાગુ પડે છે.પરંતુ **देवदत्त** શબ્દ સાધુ હોવા છતાં **गावी** એ અસાધુ શબ્દનો નિવર્તક નથી, કારણ કે તે બન્નેનું પ્રવૃત્તિનિમિત્ત ભિન્ન છે. તે જ રીતે **ऋतक** અને **ऌतक** એ બે શબ્દોનાં પ્રવૃત્તિનિમિત્ત ભિન્ન છે, કારણ કે **ऌतक** શબ્દ જ્યારે કોઇ વ્યક્તિના નામ તરીકે પ્રયોજાય છે ત્યારે વ્યક્તિનું સ્વરૂપ તેનું પ્રવૃત્તિનિમિત્ત હોય છે, પરંતુ **ऋतक** શબ્દની બાબતમાં તેમ નથી, કારણ કે ત્યાં ક્રિયા પ્રવૃત્તિનિમિત્ત છે. આથી **ऋतक** શબ્દ **ऌतक** શબ્દનો બાધ નહી કરી શકે. બન્ને શબ્દોનું પ્રવૃત્તિનિમિત્ત વ્યક્તિ ગણવામાં આવે તો પણ જે વ્યક્તિ **ऋतक** નું પ્રવૃત્તિનિમિત્ત છે તેથી ભિન્ન વ્યક્તિ **ऌतक** નું પ્રવૃત્તિનિમિત્ત છે. આમ તે બે શબ્દોનું પ્રવૃત્તિનિમિત્ત ભિન્ન હોવાથી **ऋतक** એ શબ્દ **ऌतक** નો નિવર્તક નહીં થઇ શકે.

[56] અન્ય મતને આધારે **सरूपाणामेकशेष एकाविभक्तौ।** એ સૂત્ર દ્રવ્યપક્ષ અર્થાત્ વ્યક્તિપક્ષનો આશ્રય લઇને કરેલું છે, પરંતુ તેનું પ્રત્યાખ્યાન જાતિપક્ષને આધારે કરવામાં આવ્યું છે. તે રીતે અહીં પણ ચતુષ્ટયીશબ્દપ્રવૃત્તિ મતનો આધાર લઇને સૂત્રનો પ્રારંભ કર્યો છે અને યદૃચ્છા શબ્દનો અસ્વીકાર કરીને અર્થાત્ અન્ય મતનો આશ્રય લઇને **ऌ**-કાર ગ્રહણનું ખંડન કર્યુ છે. તેમાં કોઇ દોષ નથી એમ ભાષ્યકારનું કહેવું છે. આમ હોવાથી સંજ્ઞા શબ્દોને અવ્યુત્પન્ન માનીએ તો પણ પરંપરાગત અર્થાત્ શિષ્ટોએ પ્રયોજેલ સંજ્ઞાઓનો પ્રયોગ કરવો જોઇએ. આથી શિષ્ટોએ જેનો પ્રયોગ ન કર્યો હોય તેવા યદૃચ્છા શબ્દો અસાધુ હોવાને કારણે શાસ્ત્રનો વિષય થઇ ન શકે. એવો ભાષ્યકારનો અભિપ્રાય છે તેમ નાગેશ માને છે.

ભ. દી.ના મતે ભાષ્યનું આ વિધાન સૂચવે છે કે જાતિ, ગુણ, ક્રિયા અને યદૃચ્છા એ ચાર પ્રકારના શબ્દો સ્વીકારવામાં આવે તો **ऌतक** વગેરે શબ્દો **टि** , **घु** , **म** વગેરે સંજ્ઞાઓની જેમ શાસ્ત્રનો વિષય થશે(શ.કૌ.પૃ.૪૧). પરંતુ નાગેશ આ મતનું ખંડન કરે છે. એક જ વસ્તુ એક પક્ષ પ્રમાણે શાસ્ત્રનો વિષય થઇ શકે અને અન્ય મત પ્રમાણે ન થઇ શકે એમ સ્વીકારવું તે **न वेति विभाषा।** સૂત્ર ઉપરના ભાષ્યથી વિરુદ્ધ છે. વળી **टि** ,**घु** ,**म** વગેરે સંજ્ઞાઓ પાણિનિ વગેરે શિષ્ટોએ પ્રયોજી છે તેથી સાધુ છે અને તેથી શાસ્ત્રનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अनुकरणं शिष्टाशिष्टाप्रतिषिद्धेषु यथा लौकिकवैदिकेषु ॥३॥

अनुकरणं हि शिष्टस्य साधु भवति। अशिष्टाप्रतिषिद्धस्य वा नैव तद्दोषाय भवति नाभ्युदयाय। यथा लौकिकवैदिकेषु। यथा लौकिकेषु वैदिकेषु च कृतान्तेषु। लोके तावत्। य एवमसौ ददाति य एवमसौ यजते य एवमसावधीत इति तस्यानुकुर्वन्दद्याच्च यजेत चाधीयीत च सोऽप्यभ्युदयेन युज्यते। वेदेऽपि। य एवं विश्वसृजः सत्त्राण्यध्यासत इति तेषामनुकुर्वंस्तद्वत्सत्त्रण्यध्यासीत सोऽप्यभ्युदयेन युज्यते॥ अशिष्टाप्रतिषिद्धम्। य एवमसौ हिक्कति य एवमसौ हसति य एवमसौ कण्डूयतीति तस्यानुकुर्वन्हिक्केच्च हसेच्च कण्डूयेच्च नैव दोषाय स्यान्नाभ्युदयाय॥ यस्तु खल्वेवमसौ ब्राह्मणं हन्त्येवमसौ सुरां पिबतीति तस्यानुकुर्वन्ब्राह्मणं हन्यात्सुरां वा पिबेत्सोऽपि मन्ये पतितः स्यात्। विषम उपन्यासः। यश्चैवं हन्ति यश्चानुहन्त्युभौ तौ हतः। यश्च पिबति यश्चानुपिबत्युभौ तौ पिबतः। यस्तु खल्वेवमसौ ब्राह्मणं हन्त्येवमसौ सुरां पिबतीति तस्यानुकुर्वन्स्नातानुलिप्तो

અનુકરણ શિષ્ટ શબ્દોનું તેમજ પ્રતિષિદ્ધ ન હોય તેવા અશિષ્ટ શબ્દોનું હોય,[57] લૌકિક અને વૈદિક (દૃષ્ટાન્તો) માં પણ એમ જ (હોય છે) ॥ ૩ ॥

શાસ્ત્રવિહિત શબ્દોનું અનુકરણ હોય તે સાધુ હોય છે, જ્યારે શાસ્ત્રવિહિત ન હોય તેમ પ્રતિષિદ્ધ પણ ન હોય તેવાનું અનુકરણ દોષ કે લાભ (કંઇ જ) આપતું નથી. જેમ લૌકિક અને વૈદિકમાં (હોય છે), અર્થાત્ લૌકિક અને વૈદિક દૃષ્ટાન્તોમાં હોય છે તેમ. લોકમાં તો, (કોઇ વ્યક્તિને અનુલક્ષીને)"એ આ રીતે દાન આપે છે"," એ આ રીતે યાગ કરે છે," "એ આમ અધ્યયન કરે છે." એમ (કહીને ) જે (માણસ) તેનું અનુકરણ કરીને દાન આપે , યાગ કરે , અથવા અધ્યયન કરે તેને પણ લાભ થાય છે. વેદમાં[58] પણ ' (લોકો) આ પ્રમાણે વિશ્વસૃજ્ સત્રો કરે છે,' એમ ( વિચારીને) જે તેમનું અનુકરણ કરીને તેમની જેમ સત્રો કરે છે તેનો પણ અભ્યુદય થાય છે. અશિષ્ટ છતાં પ્રતિષિદ્ધ ન હોય તે : (કોઇ માણસ બીજાને જોઇને) 'તે આ રીતે હેડકી ખાય છે', 'તે આ રીતે હસે છે', 'તે આ રીતે ખંજવાળે છે', એમ (કહીને) તેનું અનુકરણ કરીને હેડકી ખાય, હસે, અથવા ખંજવાળે તો તેથી દોષ કે લાભ થતો નથી. પરંતુ'એ આ રીતે બ્રાહ્મણને હણે છે', 'એ આમ દારૂ પીએ છે', એમ (કહીને) તેનું અનુકરણ કરીને જે બ્રાહ્મણને હણે અથવા દારૂ પીએ તે પણ પતિત થાય તેમ હું માનું છું. આ દૃષ્ટાન્ત બંધબેસતું નથી. (કારણ કે) આ રીતે જે હણે છે અને જે તેનું અનુકરણ કરે છે તે બન્ને હત્યા જ કરે છે. અને વળી જે દારૂ પીએ છે અને જે તેનું અનુકરણ કરીને પીએ છે તે બન્ને મદ્યપાન જ કરે છે.પરંતુ ' એ આ રીતે બ્રાહ્મણને હણે છે', 'એ આ રીતે દારૂ પીએ છે' એમ કહીને તેની નકલ કરવા માટે સ્નાન કરી,ચન્દન વગેરેનું વિલેપન કરી,

माल्यगुणकण्ठः कदलीस्तम्भं छिन्द्यात्पयो वा पिबेन्न स मन्ये पतितः स्यात्। एवमिहापि य एवमसावपशब्दं प्रयुङ्क्त इति तस्यानुकुर्वन्नपशब्दं प्रयुञ्जीत सोऽप्यपशब्दभाक्स्यात्। अयं त्वन्योऽपशब्दपदार्थकः शब्दो यदर्थ उपदेशः कर्तव्यः। न चापशब्दपदार्थकः शब्दोऽपशब्दो भवति। अवश्यं चैतदेवं विज्ञेयम्। यो हि मन्यतेऽपशब्दपदार्थकः शब्दोऽपशब्दो भवतीत्यपशब्द इत्येव तस्यापशब्दः स्यात्। न

---

વિષય થઇ શકે પરંતુ તે કારણે लतक જેવી અન્ય સંજ્ઞાઓ શાસ્ત્રનો વિષયથઇ શકે તેમ માનવા માટે કોઇ પ્રમાણ નથી. ઉપરાંત સાધુ તેમ જ અસાધુથી બહિર્ભૂત હોય તે શબ્દો પણ શાસ્ત્રનો વિષય થાય તે વાત साध्वनुशासनेऽस्मिन् शास्त्रे। એમ ભાષ્યમાંજે અનેક વાર કહેવામાં આવ્યું છે તેની સાથે સંગત નથી

[57] વાર્તિકકાર ऌ-કારોપદેશના બીજા પ્રયોજનનું ખંડન કરે છે : સુરાપાનની જેમ જે પ્રતિષિદ્ધ હોય તેવા અશિષ્ટનું અનુકરણ સાધુ અનુકરણ ન હોઇ શકે, કારણ કે અનુકાર્ય દુષ્ટ હોય તો અનુકરણ પણ દુષ્ટ જ હોય.

[58] विश्वसृजः सत्राणि अध्यासते। અહીં કેટલાક विश्वसृजः ને પ્રથમા બહુવચન લઇને अध्यासते નો કર્તા ગણે છે. એ પ્રમાણે 'વિશ્વસૃજો યજ્ઞ કરે છે (તેમનું અનુકરણ કરીને)' અર્થ કરે છે.[જુઓ સુ.શા.(ભા.૧ પૃ.૧૦૯), ચારુ.(પૃ.૭૨)] વા.શાविश्वसृजः એ ષષ્ઠી લઇને विश्वसृज् सत्र करतात (વિશ્વસૃજ્ યજ્ઞ કરે છે (મ.પૃ.૪૮).એમ અર્થ કરે છે. ષષ્ઠી લેવી એ વધુ યોગ્ય જણાય છે, કારણ કે ભાષ્યમાં પછી થી तद्वतात्सत्राण्यध्यासीत। એમ કહ્યું છે તેમાં तत् सत्राणि તે વાતનું સમર્થન કરે છે. મહા.દી.(વી.સ્વા.આ.પૃ ૭૩) માં विश्वजितः એમ પાઠાન્તર છે, જ્યારે (પ્રો.અભયં.આ.પૃ. ૬૨) માં विश्वसृजः જ પાઠ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**चैषोऽपशब्दः॥ अयं खल्वपि भूयोऽनुकरणशब्दोऽपरिहार्यो यदर्थ उपदेशः कर्तव्यः। साध्वॢकारमधीते। मध्वॢकारमधीत इति। क्वस्थ-स्य पुनरेतदनुकरणम्। क्ॢपिस्थस्य। यदि क्ॢपिस्थस्य क्ॢपेश्च लत्वमसिद्धं तस्यासिद्धत्वादृकार एवाच्कार्याणि भविष्यन्ति। भवेत्तदर्थेन नार्थः स्यात्। अयं त्वन्यः क्ॢपिस्थपदार्थकः शब्दो यदर्थ उपदेशः कर्तव्यः। न कर्तव्यः। इदमवश्यं वक्तव्यं प्रकृतिवदनुकरणं भवतीति। किं प्रयोजनम्। द्विः पचन्त्वित्याह। तिङ्ङतिङः। इति निघातो यथा स्यात्। अग्नी इत्याह।**

ગળામાં માળા પહેરીને કોઇ (વ્યક્તિ) કેળના થડને કાપે અથવા તો દૂધ પીએ તો મને લાગે છે કે તે પતિત ન થાય.[59] તે જ રીતે અહીં પણ[60] 'એ (માણસ) આ રીતે અપશબ્દનો પ્રયોગ કરે છે ' એમ (કહીને) જે (કોઇ) તેનું અનુકરણ કરતાં અપશબ્દોનો પ્રયોગ કરે તે પણ અપશબ્દ પ્રયોગ (ના દોષ ) ને પાત્ર થાય,પરંતુ જેને ખાતર ( ॡ નું સૂત્રમાં) ઉચ્ચારણ કરવું જરૂરી છે તે આ (**ॡतक**) શબ્દ (પોતે અપશબ્દ નથી, તે) તો અપશબ્દનો વાચક છે અને જે અપશબ્દનો વાચક હોય તે પોતે અપશબ્દ ન થાય. અને અવશ્ય આમ જ સમજવું જોઇએ. જે વ્યકિત એમ માને છે કે અપશબ્દનો વાચક પણ અપશબ્દ છે તેની દૃષ્ટિએ 'અપશબ્દ' એ શબ્દ પણ અપશબ્દ થશે[61],પરંતુ એ અપશબ્દ નથી જ. વળી '**साध्वॢकारमधीते। मध्वॢकारमधीते।** જેવાં ઉદાહરણોમાં ॡ-કારનું[62] અનુકરણ અવગણી શકાય એવું નથી. તેને ખાતર **ॠॡक्।** સૂત્રમાં ॡ-કારનું ઉચ્ચારણ કરવું જરૂરી છે. ક્યાં રહેલા ( ॡ નું) આ અનુકરણ કરવામાં આવે છે ? **क्ॢप्** ધાતુમાં રહેલાનું. જો **क्ॢप्** ધાતુમાંના (ॡ નું અનુકરણ હોય તો) એ ધાતુનો જે ॡ થાય છે તે અસિદ્ધ છે અને અસિદ્ધ છે તેથી સ્વરને લગતાં **चण्** વગેરે કાર્યો ॡ ને બદલે **ऋ** ને જ થશે. તે (**क्ॢप्** માંના ॡ-કાર) માટે (ઉચ્ચારણ) કરવાની જરૂર ભલે ન હોય,પણ આ તો **क्ॢप्** ધાતુમાંના ॡ -કારનો વાચક જે અન્ય (અનુકરણરૂપ ) ॡ શબ્દ છે તે (ને લગતું **अच्** કાર્ય થઇ શકે તે) માટે ઉચ્ચારણ કરવું પડશે. નહીં કરવું પડે. (તેને બદલે) આ પ્રમાણે અવશ્ય કહેવું જોઇએ કે 'અનુકરણ મૂળના જેવું જ હોય છે.' તેમ કરવાનું શું પ્રયોજન છે ? જેથી **पचन्त्वित्याह।** જેવાં સ્થળે **तिङ्ङतिङः।** એ સૂત્ર પ્રમાણે નિઘાત થઇ શકે. **अग्नी इत्याह।**
(અગ્નિ એમ કહ્યું).

**ईदूदेद्द्विवचनं प्रगृह्यम्। इति प्रगृह्यसंज्ञा यथा स्यात्। यदि प्रकृतिवदनुकरणं भवतीत्युच्यतेऽपशब्द एवासौ भवति कुमार्यॢतक इत्याह ब्राह्मण्यॢतक इत्याह। अपशब्दो ह्यस्य प्रकृतिः। न चापशब्दः प्रकृतिः। न ह्यपशब्दा उपदिश्यन्ते न चानुपदिष्टा प्रकृतिरस्ति॥**
**एकदेशविकृतस्यानन्यत्वात्प्लुत्यादयः ॥४॥**

---

[59] અનુકાર્યનો દોષ હોવાથી અનુકરણ દુષ્ટ થતું નથી તેથી **ॡतक** શબ્દ **ऋतक** ના અર્થમાં પ્રયોજવામાં આવે ત્યારે તે અપશબ્દ થશે,પરંતુ જ્યારે અનુકાર્યનો બોધ કરાવે એટલે કે કોઇએ અનાવડતને કારણે (**ऋतक** ને બદલે) ઉચ્ચારેલા **ॡतक** શબ્દનો બોધ કરાવે ત્યારે તે સાધુ શબ્દ જ છે, કારણ કે તેનો અર્થ જુદો છે (અર્થાત્ **ऋतक** નથી). તેથી **अस्व , गावी** વગેરે શબ્દો **अश्व,गो** વગેરેથી જુદા જ અર્થમાં અર્થાત્ અનુક્રમે પારકું અને કોથળો કે દોણ જેટલું માપ એ અર્થમાં પ્રયોજાયા હોય ત્યારે સાધુ છે, અપશબ્દ નથી. તેમ **ॡतक** શબ્દ પણ અનુકાર્યના અર્થમાં અપશબ્દ નથી. આમ અસાધુ શબ્દનું અનુકરણ પણ શાસ્ત્રનો વિષય બને છે, તેથી ભાષ્યકાર ॡ-કારનો ઉપદેશ અનુકરણ માટે છે એ દલીલનું સમર્થન કરે છે.

[60] નાગેશ આ વાક્યને પ્રયોજનનું ખંડન કરનારની શંકારૂપ ગણે છે.વાસ્તવમાં **एवमिह** થી લઇને **अवश्यं चैतदेवं विज्ञेयम्** સુધીની પ્રયોજનવાદીની જ દલીલ છે તેમ જણાય છે. તેનું કહેવું એમ છે કે બ્રાહ્મણનું હનન કરનારનું અનુકરણ કરીને હનન કરનાર અને સુરાપાન કરનારનું અનુકરણ કરીને સુરાપાન કરનાર જેમ દોષને પાત્ર થાય છે તેમ અપશબ્દનું અનુકરણ કરનાર પણ પતિત થાય છે જ, પરંતુ જેને કારણે ॡ-કારનો ઉપદેશ જરૂરી છે તે આ **ॡतक** શબ્દ પોતે અપશબ્દ નથી, કારણ કે તે તો અન્યે કરેલ અપશબ્દ પ્રયોગનું માત્ર અનુકરણ છે.

[61] કારણ કે અપશબ્દ એ શબ્દનો અર્થ અપશબ્દ છે અને અપશબ્દનો વાચક જ અપશબ્દ થતો હોય તો અપશબ્દ શબ્દ પોતે પણ અપશબ્દ થવાનો પ્રસંગ આવે.પરંતુ અપશબ્દ શબ્દ શાસ્ત્રસંમત છે તેથી અપશબ્દ નથી.

[62] જો કે અર્થરહિત વર્ણ સાધુ ન હોવા છતાં **वर्णात्कारः।** એ વાર્તિકથી **कार** નું વિધાન કર્યું છે તેથી તેવો વર્ણ સાધુ ગણાશે. **मध्वॢकार-मधीते।** માં **मधु** (મનોહર રીતે) ક્રિયાવિશેષણ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एकदेशविकृतमनन्यवद्भवतीति प्लुत्यादयोऽपि भविष्यन्ति। यद्येकदेशविकृतमनन्यवद्भवतीत्युच्यते राज्ञः क च। राजकीयम् अल्लोपोऽनः। इति लोपः प्राप्नोति। एकदेशविकृतमनन्यवत्षष्ठीनिर्दिष्टस्येति वक्ष्यामि।

જેમાં **ईदूदेद् द्विवचनम्०** પ્રમાણે પ્રગૃહ્ય સંજ્ઞા થાય.[63] 'પ્રકૃતિ પ્રમાણે જ અનુકરણ હોય છે', એમ જો કહેવામાં[64] આવે તો '**कुमार्य्लतक इत्याह। ब्राह्मण्य्लतक इत्याह।** દૃષ્ટાંતોમાં '**लतक**' એમ અનુકરણ, અપશબ્દ જ થશે, કારણ કે તેનો મૂળ શબ્દ અપશબ્દ જ છે,પરંતુ અપશબ્દ કદાપિ પ્રકૃતિ ન હોઇ શકે, કારણ કે અપશબ્દોનો ઉપદેશ કરવામાં આવતો નથી.[65] અને શાસ્ત્રકારોએ જેનું ઉચ્ચારણ નથી કર્યુ તેવી પ્રકૃતિ પણ ન હોય.

એકદેશમાં વિકૃત થવાથી શબ્દ મૂળથી ભિન્ન થતો નથી તેથી પ્લુતિ વગેરે (સિદ્ધ થઇ શકશે) ॥ ૪ ॥

'જેનો એક અંશ વિકૃત થયો હોય તે શબ્દ મૂળ કરતાં જુદો નથી' એ ન્યાયે[66] પ્લુતિ વગેરે સિદ્ધ થઇ શકશે. જો એક ભાગ વિકૃત થવા છતાં શબ્દ મૂળ અવિકૃત શબ્દના જેવો જ રહે છે એમ કહેવામાં આવે તો **राज्ञः क च।** પ્રમાણે થતા **राजकीयम्** શબ્દમાં (**अक्** એ **अन्** છે એમ ગણતાં),' **ल्लोपोऽनः।** પ્રમાણે ( **अ**નો) લોપ થવાનો પ્રસંગ આવશે.[67] (પરંતુ) હું કહીશ કે **एकदेशविकृतिन्याय** જેનો એક અંશ બદલાઇ ગયો હોય તે ષષ્ઠીનિર્દિષ્ટના જેવું જ ગણાય છે.'

---

[63] કોઇ વ્યક્તિએ **पचन्तु पचन्तु** એમ બે વાર કહ્યું, તેનું અનુકરણ કરતાં કોઇ અન્ય વ્યક્તિ કહે ' **द्विः पचन्तु इत्याह।**' તો આ અનુકરણ રૂપ વાક્યમાં **पचन्तु** એ ક્રિયાવાચી ન હોવાથી **तिङन्त** નહીં થાય તેથી **तिङतिङः।** પ્રમાણે નિઘાત નહીં થાય અને **अग्नी इत्याह।** માં **अग्नी** શબ્દ બે પદાર્થનો વાચક નથી તેથી દ્વિવચન નહીં ગણાય, પરિણામે **ईदन्त** હોવા છતાં તેની પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય. એ દોષ નિવારવા માટે **प्रकृतिवत्** વગેરે ન્યાયનો આશ્રય લઇને અતિદેશ કરવાની જરૂર છે.

[64] 'સાધુ શબ્દના અનુકરણ માટે **ऌ**-કારનો ઉપદેશ જરૂરી છે' એ મતનું **प्रकृतिवत्०** એ ન્યાયનો આશ્રય લઇને ખંડન કર્યુ. હવે તે જ ન્યાયને આધારે 'અશક્તિને કારણે ઉચ્ચારેલા અનુકરણરૂપ **ऌ**-કાર માટે ઉપદેશ કરવો જરૂરી છે' તે મતનું ખંડન કરવા આ દલીલ કરે છે.

[65] અપશબ્દ શાસ્ત્રીય પ્રકૃતિ નથી, કારણ કે તેનો ઉપદેશ કરવામાં આવ્યો નથી. આમ હોવાથી તેનો અતિદેશ પણ થઇ ન શકે, અર્થાત્ જ્યાં પ્રકૃતિભૂત શબ્દ જ નથી ત્યાં **प्रकृतिवदनुकरणम्** એમ કહીને અતિદેશ કરવાનો કોઇ પ્રસંગ જ નથી. તે પ્રમાણે અશક્તિને કારણે ઉચ્ચારેલો **लतक** શબ્દ અપશબ્દ હોવાથી શાસ્ત્રીય પ્રકૃતિ નથી તેથી તેનું અનુકરણ કર્યુ હોય ત્યાં **प्रकृवदनुकरणम्०** એ ન્યાય પ્રમાણે અતિદેશ લાગુ નહીં પડે. પરિણામે અશક્તિને કારણે ઉચ્ચારેલો **लतक** એ અપશબ્દ અનુપદિષ્ટ છે, તેથી શાસ્ત્રીય પ્રકૃતિ નથી. તેથી તેના અનુકરણ વિશે અતિદેશ પ્રવૃત્ત નહીં થાય તેથી તે અપશબ્દ નહીં થાય. આમ **ऌ**-કારનો ઉપદેશ અશક્તિને કારણે ઉચ્ચારેલા **ऌ**-કારને **अच्** કાર્ય થઇ શકે તે માટે છે એમ ભાષ્યકારે સ્થાપિત કર્યુ..

[66] યદ્યપિ **ऋ**-કાર અખંડ છે છતાં '**वर्णग्रहणे वर्णैकदेशग्रहणम्।**' એ ન્યાયે **ऋ**-કારમાંના રેફ અંશનો **ल्** કરવામાં આવે ત્યારે તેને મૂળ **ऋ**-કાર તરીકે ઓળખી શકાય છે, **र्** નો **ल्** થાય એ **अल्विधि** છે તેથી સ્થાનિવદ્ભાવ નહીં થાય છતાં **एकदेशविकृति** ન્યાય પ્રમાણે અર્થાત્ કૂતરાની પૂંછડી કપાઇ ગઇ હોય તો પણ 'આ તે જ કૂતરો છે ' એમ પ્રત્યભિજ્ઞા થાય છે તેવી રીતે રેફ અંશનો **ऌ**-કાર થવા છતાં આ તે જ **ऋ**-કાર છે' તેમ ભાન થશે, તેથી **ऌ**-કારનું **ऋऌक्।** સૂત્રમાં ગ્રહણ કરવાની જરૂર નથી. **अनन्यवत्** એટલે **अन्यवत् न** અર્થાત્ જે અન્ય જેવું નથી- જુદું નથી, એમ કહીને અન્યસાદૃશ્યનો પણ નિષેધ કરીને દૃઢ રીતે 'તે જ છે' એમ સ્પષ્ટ કર્યુ છે.

[67] **राजन्** શબ્દને **वृद्धाच्छः।** પ્રમાણે **छ** (**ईय्** ) લાગે ત્યારે અન્ત્ય **न्** નો **राज्ञः क च।** પ્રમાણે **क्** આદેશ થઇને **राजक्** થતાં એકદેશવિકૃતિન્યાયથી તે **राजन्** છે એમ સમજાય તો **अल्लोपोऽनः।** એ સૂત્ર પ્રમાણે **अ** નો લોપ થવાનો પ્રસંગ આવે પરંતુ એ સૂત્રમાં **राजन्** શબ્દનો નિર્દેશ નથી અને **राज्ञः क च।** માં **राजन्**નો ષષ્ઠીમાં નિર્દેશ છે પણ **अन्**નો ષષ્ઠીમાં નિર્દેશ નથી તેથી **राजक्** માંનો **अक्** એ **अन्** છે એમ નહીં સમજાય અને **राजकीयम्**માં **अ**-કારનો લોપ નહીં થાય, કારણ કે પૂંછડી કપાયા પછી જેમ કૂતરો પૂંછડીવાળો નથી રહેતો તેમ **राज्ञः क च।** પ્રમાણે **क्** આદેશ થયા પછી **राजक्** શબ્દ **न**-કારાન્ત (એટલે કે **राजन्** ) નથી રહેતો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यदि षष्ठीनिर्दिष्टस्येत्युच्यते क्लृ३ प्तशिख इति प्लुतो न प्राप्नोति। न ह्यत्र ऋकारः षष्ठीनिर्दिष्टः। कस्तर्हि। रेफः। ऋकारोऽप्यत्र षष्ठीनिर्दिष्टः। कथम्। अविभक्तिको निर्देशः। कृप उः लः कृपो रो लः इति। अथवा पुनरस्त्वविशेषेण। ननु चोक्तं राज्ञः क च राजकीयम् अल्लोपोऽन इति लोपः प्राप्नोतीति। नैष दोषः। वक्ष्यत्येतत्। श्वादीनां प्रसारणे नकारान्तग्रहणमनकारान्तप्रतिषेधार्थमिति। तत्प्रकृतमनुवर्तिष्यते। अल्लोपोऽनो नकारान्तस्येति॥ इह तर्हि क्लृ३ प्तशिख इत्यनृत इति प्रतिषेधः प्राप्नोति। रवत्प्रतिषेधाच्च ॥५॥

'જેનો ષષ્ઠીમાં નિર્દેશ કરવામાં આવ્યો હોય તેને જ (આ ન્યાય) લાગુ પડે છે,' એમ કહેશો તો क्लृ३प्तशिखः માં પ્લુત સ્વર નહીં થાય,[68] કારણ કે અહીં (कृपो रो लः ।માં) ऋ -કારનો ષષ્ઠીમાં નિર્દેશ નથી કર્યો. તો પછી કોનો (ષષ્ઠીમાં નિર્દેશ) છે ? રેફનો. ऋ -કારનો પણ ષષ્ઠીમાં નિર્દેશછે. તે કેવી રીતે? કારણ કે સૂત્રમાં कृप उः रः लः । એમ વિભકિતરહિત નિર્દેશ છે.[69] પણ અમે કહ્યું કે राज्ञः क च। પ્રમાણે राजकीयम् શબ્દમાં अल्लोपोऽनः। પ્રમાણે (અનો) લોપ થવાનો પ્રસંગ આવશે.[70] તેમાં વાંધો નથી, કારણ કે (વાર્તિકકાર) કહેશે કે श्वन् વગેરે શબ્દોમાં સમ્પ્રસારણ થાય છે. તેમાં न-કારાન્ત (श्वन् , युवन् અને मघवन् એ શબ્દો) નું ગ્રહણ न-કારાન્ત ન હોય તેનો પ્રતિષેધ કરવા માટે કર્યું છે . તે વાર્તિકની પાછળના સૂત્ર ( अल्लोपोऽनः ।) માં અનુવૃત્તિ થશે.[71] તો પછી क्लृ३प्तशिखः માં अनृतः( ऋ સિવાયના વર્ણનો) એમ ( गुरोरनृतः० ઇત્યાદિ થી) પ્લુતનો નિષેધ પ્રાપ્ત થાય છે.[72]

અને જેમાં र् હોય તેનો નિષેધ કરવાથી (ઇષ્ટ પ્લુતિ થઇ શકશે)॥ ૫॥

रवत्प्रतिषेधाच्चैतत्सिध्यति। गुरोररवत इति वक्ष्यामि। यद्यरवत इत्युच्यते होतृ ऋकार होतॄ३ कार अत्र न प्राप्नोति। गुरोररवतो ह्रस्वस्येति वक्ष्यामि॥ स एष सूत्रभेदेन लकारोपदेशः प्लुताद्यर्थः सन्प्रत्याख्याये सैषा महतो वंशस्तम्बाल्लट्वानुकृष्यते॥

ए ओ ङ् ॥ ३ ॥ ऐ औ च् ॥ ४ ॥

---

[68] कृपो रो लः । માં ऋ-કારનો ષષ્ઠીમાં નિર્દેશ નથી र् નો છે તેથી તે એકદેશવિકૃતિન્યાય અનુસાર અનન્ય નહીં થઇ શકે, અર્થાત् ऌ એ ऋ છે એમ નહીં ગણી શકાય. તેથી क्लृ ३ प्तशिखः માં गुरोरनृतः० પ્રમાણે પ્લુત નહીં થઇ શકે. આ રીતે દ્વિર્વચન, સ્વરિત વગેરે પણ નહીં થાય.

[69] कृप એ વિભક્તિરહિત નિર્દેશ થશે, उः એ ऋ નું ષષ્ઠી એકવચન થશે, તેથી ऋ નો ષષ્ઠીનિર્દેશ થશે.તેથી कृपो रो लः । = कृप उ रः लः । એમ થશે,( તેમાં कृपोः ના रु (વિસર્ગ) પછી र् આવ્યો છે તેથી रो रि। પ્રમાણે લોપ થયો છે.) અને कृप् ધાતુના ऋ- કાર ના र् નો ल् આદેશ થાય છે એમ સૂત્રાર્થ સમજાશે.

[70] જુઓ ઉપર (નોંધ ૬૮)

[71] એ વાર્તિકની अल्लोपोऽनः। એ સૂત્રમાં અનુવૃત્તિ થવાથી 'જેને અન્તે न् હોય તેવાં अन्- અન્ત અંગના अन् ના अ નો લોપ થાય છે' એમ સૂત્રાર્થ થશે.( अनो नकारान्तस्यायं लोप इष्यते। (કા.)

[72] गुरोरनृतः० વગેરે સૂત્રમાં अनृतः શબ્દ મૂકીને ऋ-કારના પ્લુતનો નિષેધ કર્યો છે તેથી कृष्णमित्र જેવામાં कृष्णमि ३ त्र અથવા कृष्णमित्र ३ એમ ગરુ ઈ-કાર કે અન્ત્ય અ-કારનો પ્લુત થશે પણ ऋ-કારનો નહીં થાય, અર્થાત् कृ ३ ष्णमित्र એમ પ્લુતિ નહીં થાય. તે રીતે ऌ ને એકદેશવિકૃતિન્યાયે ऋ ગણતાં क्लृ ३ प्तशिखः માં પ્લુતિ નહીં થાય, કારણ કે अनृतः દ્વારા કરેલો નિષેધ ऌ ને પણ લાગુ પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इदं विचार्यते। इमानि संध्यक्षराणि तपराणि वोपदिश्येरन्। एत् ओतङ्। ऐत् औतच् इति। अतपराणि वा यथान्यासमिति। कश्चात्र विशेषः।

**संध्यक्षरेषु तपरोपदेशश्चेत्तपरोच्चारणम् ॥ १ ॥**

**संध्यक्षरेषु तपरोपदेशश्चेत्तपरोच्चारणं कर्तव्यम् ॥**

**रवत्प्रतिषेधाच्च** જેમાં **र्** હોય તેનો નિષેધ કરવાથી આ (ઇષ્ટ પ્લુતની સિદ્ધિ) થશે. તેથી એ સૂત્ર **गुरोरवतः०** ઇત્યાદિ છે એમ હું કહીશ. જો **अरवतः** (જેમાં **र** નથી તેવાનો)[73] એમ કહેવામાં આવે તો પછી , **होतृ ऋकारः** (એ શબ્દોની સંધિ થઇને) **होतृ ३ ऋकारः** એમ પ્લુત થશે નહીં. તો પછી હું કહીશ કે સૂત્ર **गुरोरवतो ह्रस्वस्य ०**[74] એમ છે. **ऌ**- કારનું પ્લુતિ વગેરે માટે (**ऋऌक्**।સૂત્રમાં) ગ્રહણ કરવામાં આવ્યું હોવા છતાં સૂત્ર બદલવું પડે તો બદલી નાખીને પણ તેનો પ્ર તિષેધ કરવામાં આવે તે તો લાંબા મોટા વાંસ પર ચઢીને નાનકડું ફળ ઉતારવા જેવી વાત છે.

ऐ ओङ् ॥३॥ ऐ औच् ॥४॥

' આ જે **ए ,ओ ,ऐ ,औ** એ ચાર સન્ધ્યક્ષરો છે તેમની પાછળ **त्** મૂકીને **एत् ओत् ङ्। ऐत् औत् च् ।**' એ રીતે તેમનું ઉચ્ચારણ કરવું જોઇએ કે પછી **त्** લગાડયા વિના માહેશ્વર સૂત્રમાં જેમ મૂકવામાં આવ્યા છે તે પ્રમાણે જ ઉચ્ચારણ કરવું જોઇએ એ બાબતનો અહીં વિચાર કરવામાં આવ્યો છે. તેમાં શો ફેર પડશે ?[75]

જો પાછળ **त्** મૂકીને સન્ધ્યક્ષરોનં ઉચ્ચારણ કરવામાં કોઇ લાભ હોય તો તેમનું ઉચ્ચારણ **त्** મૂકીને કરવું જોઇએ **॥ १ ॥** સન્ધ્યક્ષરની [76] પાછળ સૂત્રમાં **त्** મૂકવાનો કોઇ ફાયદો હોય તો અક્ષરસમામ્નાયમાં તેમની પાછળ **त्** મૂકીને જ તેમનું ઉચ્ચારણ કરવું જોઇએ.

**प्लुत्यादिष्वज्विधिः ॥२ ॥**

**प्लुत्यादिष्वजाश्रयो विधिर्न सिध्यति। गोश्त्रात नौश्त्रात इत्यत्रानचि च। इत्यच उत्तरस्य यरो द्वे भवत इति द्विर्वचनं न प्राप्नोति। इह च प्रत्यङ्ङैश्तिकायन उदङ्ङौश्पगव इत्याचि इति ङमुण्न प्राप्नोति॥**

**प्लुतसंज्ञा च ॥३॥**

---

[73] **रवत्** ० અહીં **वत्** (**मतुप्**) નિત્યયોગના અર્થમાં છે તેથી **रवान्** એટલે જેમાં હંમેશાં **र्** રહેલો છે તે. તેથી **ऋ**-કાર **रवान्** થશે.જેમાં આ રીતે **र्** નથી તે **अरवान्** તેનું ષષ્ઠી એકવચન **अरवतः** ,પરંતુ **अरवतः** એમ કહેવામાં આવે તો પણ **होतृ ऋकारः** માં બે **ऋ**- કાર મળીને જે દીર્ઘ એકાદેશ થાય છે તે **रवत्** છે અર્થાત્ તેમાં રેફ હમેશાં રહેલો છે તેથી પ્લુત નિષેધ થતાં **होतृ ३ कारः** એમ અનન્ત્ય **ऋ**-કારનો પ્લુત નહીં થાય.

[74] એ પ્રમાણે સૂત્ર કરવાથી હ્રસ્વ **रवत्** ને જ નિષેધ લાગુ પડશે, દીર્ઘને નહીં તેથી **होतृ ३ कारः** માં પ્લુત થઇ શકશે.પરંતુ ઉપર (૭૪) માં જણાવેલ દોષ ટાળવા માટે સૂત્રમાં ફેરફાર કરી નાંખીને **गुरोरनृतो०** ને સ્થાને **गुरोरवतो ह्रस्वस्य** વગેરે પાઠ લઇને **ऌ**-કારોપદેશનું પ્રત્યાખ્યાન કરવાનો વાર્તિકકારનો પ્રયત્ન કેટલો નિરર્થક અને હાસ્યાસ્પદ છે તે ભાષ્યકારે આગળ લાંબા વાંસ વડે નાનકડું ફળ ઊતારવાના હાસ્યાસ્પદ પ્રયાસ સાથે સરખાવ્યું છે.

[75] **तपर** કર્યા હોય તો દેખીતી રીતે ફેર પડે છે છતાં શો ફેર પડશે એ પ્રશ્નકર્તા જાણવા માગે છે. તેમ કર્યાથી કાર્યમાં કોઇ ફેર પડશે ?

[76] **अ इ उ ण्।** એમ જેનો ઉપદેશ કરવામાં આવ્યો છે તે વર્ણો જેવા અવયવો જોડાઇને બનેલા હોવાથી તે સન્ધ્યક્ષર કહેવાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्लुतसंज्ञा च न सिध्यति। ऐ३तिकायन औ३पगव। ऊकालोऽज्झ्रस्वदीर्घप्लुतः। इति प्लुतसंज्ञा न प्राप्नोति॥ सन्तु तर्ह्यतपराणि।

अतपर एच इग्घ्रस्वादेशे ॥४॥

यद्यतपराण्येच इग्घ्रस्वादेशे इति वक्तव्यम्। किं प्रयोजनम्। एचो ह्रस्वादेशशासनेष्वर्ध एकारोऽर्ध ओकारो वा मा भूदिति। ननु च यस्यापि तपराणि तेनाप्येतद्वक्तव्यम्। इमावैचौ समाहारवर्णौ मात्रावर्णस्य मात्रेवर्णोवर्णयोस्तयोर्ह्रस्वादेशशासनेषु कदाचिदवर्णः स्यात्कदाचिदिवर्णोवर्णौ मा कदाचिदवर्ण भूदिति। प्रत्याख्यायत एतत्। ऐचोश्चोत्तरभूयस्त्वादिति। यदि प्रत्याख्यानपक्ष इदमपि प्रत्याख्यायते। सिद्धमेङः सस्थानत्वादिति। ननु चैङः सस्थानतरावर्ध एकारोऽर्ध ओकारश्च। न तौ स्तः। यदि हि तौ स्यातां तावेवायमुपदिशेत्। ननु च भोश्छन्दोगानां सात्यमुग्रिराणायनीया अर्धमेकारमर्धमोकारं चाधीयते। सुजाते ए अश्वसूनृते। अध्वर्यो ओ अद्रिभिः सुतम्। शुक्रं ते ए अन्यद्यजतं ते ए अन्यदिति। पार्षदकृतिरेषा तत्रभवतां नैव हि लोके नान्यस्मिन्वेदेऽर्ध एकारोऽर्ध ओकारो वास्ति॥

પ્લુત (**ए ओ**) વગેરે માં સ્વરને લગતું કાર્ય (થશે નહીં) ॥ २ ॥

પ્લુત **ए** ,**ओ** ,**ऐ** કે **औ** વગેરેમાં સ્વરને અનુલક્ષીને થતું કાર્ય સિદ્ધ નહીં થાય. (જેમ કે ) **गो ३ त्रात। नौ २ त्रात।** માં **अनचि च।** પ્રમાણે સ્વરની પાછળ આવેલો **यर् ( तु )** બેવડાશે નહીં અને **प्रत्यङ्ङै३ तिकायन। उदङ्ङौ३ पगव** માં (સ્વર પર થતાં) (**ङमो ह्रस्वाद् ) अचि (ङमुण्नित्यम् )।** પ્રમાણે **ङमुट्** આગમ નહીં લાગે.

પ્લુત સંજ્ઞા પણ નહીં થાય ॥ ३ ॥

**ऐ३तिकायनः।औ३पगव** માં '**ऊकालोऽज्झ्रस्वदीर्घप्लुतः।**પ્રમાણે થતી પ્લુતસંજ્ઞા પ્રાપ્ત નહીં થાય. તો પછી (**ए** ,**ओ**, વગેરે સન્ધ્યક્ષરો) પછી **त्** ભલે ન આવે.

જો પાછળ **त्** ન આવે તો **एच इग्घ्रस्वादेशे** ।( એમ કહેવું પડશે) ॥ ४ ॥

જો સંયુક્તાક્ષરની પાછળ **त्** (મૂકીને ઉચ્ચારણ કરવામાં) ન આવે તો '**एच इक्०** ઇત્યાદિ। એમ કહેવું પડશે. શા માટે ? એ માટે કે જ્યારે **ए** ,**ओ** ,**ऐ** અને **औ** નો હ્રસ્વ આદેશ મૂકવો હોય ત્યારે હ્રસ્વ **ए** અને હ્રસ્વ **ओ** ન થાય. અમે કહીએ છીએ કે જેના મત **एच्** ની પાછળ **त्** મૂકવો જોઇએ તેણે પણ આ (**एच इक्०** ) સૂત્રનો પાઠ કરવો પડશે. આ **ऐच्** પ્રત્યાહારમાં આવતા વર્ણો સંયુક્ત વર્ણો છેઃ (આગળ ની) એક માત્રા **अ** વર્ણની અને (પાછળ ની) એક માત્રા **इ** કે **उ**- વર્ણ ની હોય છે. તેમનો હ્રસ્વાદેશ કરવાનું કહ્યું હોય ત્યાં કોઇવાર **अ**- વર્ણ થાય અને કોઇવાર **इ** કે **उ** વર્ણ થાય. આથી **अ** વર્ણ કદાપિ ન થાય તે માટે **एच इक्०** સૂત્ર અવશ્ય કરવું જોઇએ. **ऐच्** પ્રત્યાહારના વર્ણો માં પાછળના વર્ણો નો (અર્થાત્ **इ** કે **उ** નો) અંશ અધિક છે (**ऐचोश्चोत्तरभूयस्त्वात्।**) એ વાર્તિક વડે આનું ખંડન કરવામાં આવે છે. જો પ્રત્યાખ્યાન કરવું એ જ મત સ્વીકારવામાં આવે તો આ ( **एङ्** અર્થાત્ **ए**, **ओ**) ના હ્રસ્વાદેશની દૃષ્ટિએ) પણ (**ए** અને **ओ** ને સ્થાને, ઉચ્ચારણસ્થાનની સમાનતાને કારણે, હ્રસ્વાદેશ અનુક્રમે **इ**-કાર અને **उ**-કાર થશે (**सिद्धमेङः सस्थानत्वात्।**) એ વાર્તિક વડે ( આ સૂત્રનું) પ્રત્યાખ્યાન કરવામાં આવે છે. પણ હ્રસ્વ **ए**-કાર અને હ્રસ્વ **ओ**-કાર ઉચ્ચારણ સ્થાનની દૃષ્ટિએ વધારે નજીક નથી ? અર્ધ **ए** અને અર્ધ **ओ** છે જ નહીં, જો હોત તો તેમનો આ (સૂત્રકારે) ઉપદેશ કર્યો હોત.પરન્તુ સામવેદીઓની સાત્યમુગ્રિ અને રાણાયણીય શાખામાં હ્રસ્વ **ए** અને હ્રસ્વ **ओ** નો આ રીતે પાઠ કરવામાં આવે છે. **सुजाते ए अश्वसूनृते। अध्वर्यो ओ अद्रिभिः सुतम्। शुक्रं ते ए अन्यद्यजतं ते ए अन्यत्।** આ તો તે મહાનુભાવોની પરિષદોમાં પ્રયોજાતી કૃતિ છે પણ વ્યવહારની ભાષામાં કે બીજા કોઇ વેદમાં હ્રસ્વ **ए**-કાર કે હ્રસ્વ **ओ**-કાર નથી.

एकादेशे दीर्घग्रहणम् ॥ ५॥

एकादेशे दीर्घग्रहणं कर्तव्यम्। आद्गुणो दीर्घः। वृद्धिरेचि दीर्घ इति। किं प्रयोजनम्। आन्तर्यतस्त्रिमात्राणां स्थानिनां त्रिमात्रचतुर्मात्रा आदेशा मा भूवन्निति। खट्वा इन्द्रः -खट्वेन्द्रः। खट्वा उदकम्-खट्वोदकम् । खट्वा ईषा खट्वेषा। खट्वा ऊढा- खट्वोढा। खट्वा एलका - खट्वैलका। खट्वा ओदनः खट्वौदनः। खट्वा ऐतिकायनः- खट्वैतिकायनः। खट्वा औपगवः- खट्वौपगवः। तर्त्तार्हि दीर्घग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। उपरिष्टाद्योगविभागः करिष्यते। अकः सवर्ण एको भवति। ततो दीर्घः। दीर्घश्च स भवति यः स



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एकः पूर्वापरयोरित्येवं निर्दिष्ट इति। इहापि तर्हि प्राप्नोति। पशुम् विद्धम् पचन्तीति। नैष दोषः। इह तावत्पशुमित्यम्येक इतीयता सिद्धम्। सोऽयमेवं सिद्धे सति यत्पूर्वग्रहणं करोति तस्यैतत्प्रयोजनं यथाजातीयकः पूर्वस्तथाजातीयक उभयोर्यथा स्यादिति। विद्धमिति पूर्व इत्येवानुवर्तते। अथवाचार्यप्रवृत्तिर्ज्ञापयति नानेन संप्रसारणस्य दीर्घो भवतीति यदयं हल उत्तरस्य संप्रसारणस्य दीर्घत्वं शास्ति। पचन्तीत्यतो गुणे पर इतीयता सिद्धम्। सोऽयमेवं सिद्ध सति यद्रूपग्रहणं करोति तस्यैतत्प्रयोजनं यथाजातीयकं परस्य रूपं तथाजातीयकमुभयोर्यथा स्यादिति॥ इह तर्हि खट्वर्श्यः मालर्श्य इति दीर्घवचनादकारो नानान्तर्यादिकारौकारौ न।

એકાદેશ કરવાનો હોય ત્યાં દીર્ઘ શબ્દનું ગ્રહણ (કરવું પડશે) ॥ ૫ ॥

જ્યારે સૂત્રમાં એકાદેશનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યારે દીર્ઘ શબ્દ પણ આ રીતે મૂકવો જોઇએ :आद् गुणो दीर्घः। वृद्धिरेचि दीर्घः। શા માટે? જેથી આન્તર્યને કારણે ત્રણ અને ચાર માત્રાવાળા સ્થાનીને સ્થાને ત્રણ કે ચાર માત્રાવાળા આદેશ ન થાય. જેમકે खट्वा इन्द्रः -खट्वेन्द्रः। खट्वा उदकम्-खट्वोदकम् । खट्वा ईषा खट्वेषा। खट्वा ऊढा- खट्वोढा। खट्वा एलका - खट्वैलका। खट्वा ओदनः खट्वौदनः। खट्वा ऐतिकायनः- खट्वैतिकायनः। खट्वा औपगवः- खट्वौपगवः। તો પછી દીર્ઘગ્રહણ કરવું જોઇએ ? ન કરવું જોઇએ, કારણ કે આગળ ઉપર આવનાર अकः सवर्णे दीर्घः। એ સૂત્રના બે ભાગ કરીશું. अकः सवर्णे (एकः भवति।) પછી दीर्घः। અર્થાત્ अक् ની પાછળ સવર્ણ આવે તો એક વર્ણ થઇ જાય છે અને તે પૂર્વ પર વર્ણનો જે એકાદેશ થાય છે (एकः पूर्वपरयोः।) તે દીર્ઘ થાય છે એમ નિર્દેશ કર્યો છે. તો પછી पशुम्, विद्धम्,पचन्ति ,માં પણ દીર્ઘ થવાનો પ્રસંગ આવશે. તેમાં કંઇ વાંધો નથી. પહેલાં તો पशुम् એ ઉદાહરણમાં [अमि पूर्वः। (૬-૧-૧૦૭) ને બદલે)] अमि एकः। એટલાથી જ સિદ્ધ થાય છે. આમ સિદ્ધ થાય છે છતાં એ (સૂત્રકાર) पूर्व શબ્દ મૂકે છે તેનું એ પ્રયોજન છે કે તેથી 'જે જાતિનો પૂર્વ હોય તે જાતિનો બંન્નેનો એકાદેશ થાય' विद्धम् માં પણ પૂર્વ રૂપ થશે, કારણ કે पूर्व ની [(सम्प्रसारणाच्च।(૬-૧-૧૦૮) માં ] અનુવૃત્તિ થાય છે તેથી પૂર્વરૂપ થાય છે. અથવા આચાર્ય પાણિનિએ વ્યંજનની પછી આવતા સમ્પ્રસારણના હ્રસ્વનો દીર્ઘ થાય છે એ મતલબનું हलः। એ સૂત્ર રચીને સૂચવ્યું છે કે આ (सम्प्रसारणाच्च।) પ્રમાણે પૂર્વવર્ણના સમ્પ્રસારણ રૂપ જે એકાદેશ મૂકાય છે તે દીર્ઘ નથી. पचन्ति એ રૂપ अतो गुणे परः। એટલાથી (અર્થાત્ એ સૂત્રમાં एङि पररूपम्। માંથી परः ની અનુવૃત્તિ કરવાથી) જ સિદ્ધ થાય છે. આમ સિદ્ધ થાય છે છતાં સૂત્રકારે रूप શબ્દનું ગ્રહણ કર્યુ છે તે સૂચવે છે કે બંન્ને વર્ણોનો આદેશ પર વર્ણની જાતિનો થશે.[77] (એકાદેશનું વિધાન કરનાર) સૂત્રમાં દીર્ઘ શબ્દનું ગ્રહણ કરવામાં આવે (એટલે કે જે એકાદેશ થાય તે દીર્ઘ હોય છે એમ કહેવામાં આવે) તો (खट्वा ऋश्यः)-खट्वर्श्यः, (माला ऋश्यः)--मालर्श्यः એ ઉદાહરણોમાં (आ અને ऋ નો ગુણરૂપી એકાદેશ) अ નહીં થાય (કારણ કે તે હ્રસ્વ છે), ए અને ओ (દીર્ઘ છે છતાં) પણ નહીં થાય,[78] અન્તરતમ ન હોવાથી ए કાર કે ओ -કાર નહીં થાય.

तत्र को दोषः। विगृहीतस्य श्रवणं प्रसज्येत। न ब्रूमो यत्र क्रियमाणे दोषस्तत्र कर्तव्यमिति। किं तर्हि। यत्र क्रियमाणे न दोषस्तत्र कर्तव्यमिति। क्व च क्रियमाणे न दोषः। संज्ञाविधौ। वृद्धिरादैच् दीर्घः। अदेङ्गुणो दीर्घ इति॥ तत्तर्हि दीर्घग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। कस्मादेवान्तर्यतस्त्रिमात्रचतुर्मात्राणां स्थानिनां त्रिमात्रचतुर्मात्रा आदेशा न भवन्ति। तपरे गुणवृद्धी। ननु च तः परो यस्मात्सोऽयं तपरः। नेत्याह। तादपि परस्तपर इति। यदि तादपि परस्तपर ऋदोरप्। इतीहैव स्यात्। यव॥ स्तवः। लवः पव इत्यत्र न स्यात्। नैष तकारः। कस्तर्हि। दकारः। किं दकारे प्रयोजनम्। अथ किं तकारे। यद्यसंदेहार्थस्तकारो दकारोऽपि। अथ मुखसुखार्थस्तकारो दकारोऽपि॥ इदं विचार्यते। य एते वर्णेषु वर्णैकदेशा वर्णान्तरसमानाकृतय एतेषामवयवग्रहणेन ग्रहणं स्याद्वा न वेति। कुतः

---

[77] અર્થાત્ પરસવર્ણ જેટલી માત્રાવાળો હોય તેટલી જ માત્રાવાળો પરરૂપ એકાદેશ થશે.

[78] એકાદેશને લગતાં સૂત્રમાં દીર્ઘનું ગ્રહણ કરવામાં આવે તો એકાદેશ અવશ્ય દીર્ઘ થાય, खट्वा ऋश्यः માં आद्गुणः। પ્રમાણે ગુણ એકાદેશથશે. હવે अदेङ्गुणः। પ્રમાણે अ , ए અને ओ એ ગુણ છે. खट्वा ऋश्यः માં સ્થાનની દૃષ્ટિએ સમાન હોવા છતાં अ એકાદેશ નહીં થઇ શકે, કારણ કે દીર્ઘગ્રહણ કરીએ તો હ્રસ્વ એકાદેશ ન થઇ શકે. તે જ રીતે દીર્ઘ હોવા છતાં महा ईशः કે महा उदधिः જેવામાં ए કે ओ પણ ગુણ એકાદેશથઇ શકે નહીં, કારણ કે સ્થાનની દૃષ્ટિએ તે બન્ને आ થી ભિન્ન છે. તેથી સંધિ ન થવાનો પ્રસંગ આવે..



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पुनरियं विचारणा। इह समुदाया अप्युपदिश्यन्तेऽवयवा अपि। अभ्यन्तरश्च समुदायेऽवयवः। तद्यथा। वृक्षःप्रचलन्सहावयवैः प्रचलति। तत्र समुदायस्थस्यावयवस्यावयवग्रहणेन ग्रहणं स्याद्वा न वेति विचारणा। कश्च विशेषः।

**वर्णैकदेशा वर्णग्रहणेन चेत्संध्यक्षरे समानाक्षरविधिप्रतिषेधः ॥६॥**

તેમાં શો વાંધો ? (સંધિ કર્યા વિનાના (खट्वा ऋश्यः એમ) છૂટા છૂટાનું શ્રવણ થવાનો પ્રસંગ આવશે. અમે એમ નથી કહેતા કે જ્યાં (એકાદેશ) દીર્ઘ કરવાથી દોષ આવે ત્યાં પણ ( દીર્ઘ એકાદેશ) કરવો. તો પછી શું (કહો છો) ? (એકાદેશને લગતાં સૂત્રોમાં) દીર્ઘગ્રહણ કરવાથી જ્યાં દોષ ન આવે ત્યાં કરવું એમ (અમે કહીએ છીએ). પણ દીર્ઘગ્રહણ કરવાથી ક્યાં દોષ નથી આવતો ? સંજ્ઞા વિધિ (સૂત્રો) માં, જેમ કે (वृद्धिरादैच्। अदेङ् गुणः। તો પછી દીર્ઘગ્રહણ કરવું જોઇએ ? ન કરવું જોઇએ. અન્તરતમ હોવાથી ત્રણ કે ચાર માત્રાવાળા સ્થાનીને બદલે ત્રણ કે ચાર માત્રાવાળા આદેશ કેમ નહીં થાય ? (કારણ કે એ સૂત્રોમાં) ગુણ અને વૃદ્ધિ तपर (અર્થાત્ ગુણ અને વૃદ્ધિભૂત સ્વરોને त-કાર લગાડીને) ઉચ્ચારવામાં આવ્યા છે. પણ त् જેની પાછળ છે તે तपर નહીં ? તો કહે છે 'ના', त् ની પછી હોય તે પણ तपर .જો त् ની પછી આવનાર પણ तपर હોય તો ऋदोरप्। પ્રમાણે यवः,स्तवः માં જ अप् પ્રત્યય લાગશે[79],પણ लवः,पवः માં લાગશેનહીં. આ (ऋदोरप्। સૂત્રમાં ) त-કાર નથી. તો પછી કયો (વર્ણ) છે ? द-કાર છે. द- કાર લગાડવાનું શું પ્રયોજન છે ? તો त- કાર લગાડવાનું પણ શું કારણ છે ? જો त- કાર સંદેહ નિવારવા માટે હોય[80] તો द- કાર પણ તે માટે છે. જો त- કાર ઉચ્ચારણની સરળતા માટે હોય તો द-કાર પણ તે માટે છે.

હવે એ વિચારવાનું કે આ (ए,ओ વગેરે સંયુક્ત) વર્ણોમાં અન્ય સ્વતંત્ર (अ,इ,उ વગેરે) વર્ણોના સમાન સ્વરૂપવાળા વર્ણો અવયવરૂપે રહેલા છે તેમનું ગ્રહણ આ સંયુક્ત વર્ણોનું ગ્રહણ કરવાથી થાય કે ન થાય ? આ વિચારણા શાથી કરવી પડી ? એ માટે કે અહીં સમુદાય (રૂપ ए,ओ વગેરે) નો પણ ઉપદેશ કરવામાં આવ્યો છે અને (તેમના) અવયવો (જેવા સ્વતંત્ર अ,इ,उ) નો પણ. અને અવયવોનો સમુદાયમાં સમાવેશ થઇ જાય છે, જેમ કે વૃક્ષ હાલે છે ત્યારે તેના (ડાળીઓ, પાંદડાં રૂપી) અવયવો પણ હાલે છે. તેથી જ્યારે અવયવ (જેવા સ્વતંત્ર अ,इ,उ) નું જ ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે આ સમુદાયમાં રહેલ અવયવનું પણ ગ્રહણ થાય કે નહીં તે બાબત વિચારવાની છે. આમાં શો ફેર છે ?

જો વર્ણનું ગ્રહણ કરવાથી વર્ણના એક ભાગનું પણ ગ્રહણ થતું હોય તો સમાન[81] (સ્વરૂપવાળા સ્વતંત્ર) વર્ણોને અનુલક્ષીને કહેવામાં આવેલ કાર્યોનો સન્ધ્યક્ષરની બાબતમાં પ્રતિષેધ કરવો જોઇએ ॥૬॥

वर्णैकदेशा वर्णग्रहणेन चेत्संध्यक्षरे समानाक्षराश्रयो विधिः प्राप्नोति स प्रतिषेध्यः। अग्ने इन्द्रम्। वायो उदकम्। अकः सवर्णे दीर्घः इति दीर्घत्वं प्राप्नोति॥

**दीर्घे ह्रस्वविधिप्रतिषेधः ॥७॥**

दीर्घे ह्रस्वाश्रयो विधिः प्राप्नोति स प्रतिषेध्यः। ग्रामणीः। आलूय। प्रलूय। ह्रस्वस्य पिति कृति तुग्भवतीति तुक्प्राप्नोति। नैष दोषः। आचार्यप्रवृत्तिर्ज्ञापयति न दीर्घे ह्रस्वाश्रयोविधिर्भवतीति यदयं दीर्घाच्छे तुकं शास्ति। नैतदस्ति ज्ञापकम्। अस्ति ह्यन्यदेतस्य वचने प्रयोजनम्। किम्। पदान्ताद्वा। इति विभाषां वक्ष्यामीति। यत्तर्हि योगविभागं करोति।

---

[79] ऋत् ओः अप् એમ વિગ્રહ છે તેમાં ऋ-કારને तपर કર્યો હોય તો तात्परः तपरः એમ સમજતાં સૂત્રમાંનો उ-કાર હ્રસ્વનું જ ગ્રહણ કરશે તેથી હ્રસ્વ उ-કારાન્ત यु , स्तु ને જ अप् થઇને यवः , स्तवः બનશે પરંતુ દીર્ઘ ऊ-કારાન્ત लू , पू ને નહીં લાગે તેથી लवः, पवः વગેરે રૂપો નહીં થાય.

[80] સૂત્રમાં त-કાર મૂકવામાં ન આવે તો ત્યાં જે હ્રસ્વ ऋ-કાર લીધો છે કે દીર્ઘ તે વિશે સંશય રહે, પરંતુ तपर કરવાથી સંદેહ રહેતો નથી એમ અહીં દલીલ છે.

[81] समानाक्षर-- પૂર્વાચાર્યોએ अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ એ अक् વર્ણોનો समान તરીકે નિર્દેશ કર્યો છે (કૈયટ-નાગેશ).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો વર્ણનું ગ્રહણ કરવાથી વર્ણના એક ભાગનું પણ ગ્રહણ થતું હોય તો (ए,ओ વગેરે ) સન્ધ્યક્ષરમાં (અવયવ રૂપે રહેલા अ,इ,उ વગેરે) ને તેમના સમાન સ્વરૂપવાળા (સ્વતંત્ર) વર્ણોને અનુલક્ષીને કહેવામાં આવેલું કાર્ય થવાનો પ્રસંગ આવે છે તેનો પ્રતિષેધ કરવો જોઇએ. જેમ કે **अग्ने इन्द्रः। वायो उदकम्।** માં **अकः सवर्णे दीर्घः।** પ્રમાણે સવર્ણદીર્ઘ થવાનો પ્રસંગ આવે છે.[82]

હ્રસ્વને થતા કાર્યનો દીર્ઘની બાબતમાં પ્રતિષેધ (કરવો જોઇએ) ॥૭॥

હ્રસ્વ સ્વરને લગતું કાર્ય દીર્ઘ સ્વરમાં (ના હ્રસ્વ ભાગને) થવાનો પ્રસંગ આવે છે.તેનો પ્રતિષેધ કરવો જોઇએ.જેમ કે **ग्रामणीः। आलूय। प्रलूय** માં **ह्रस्वस्य पिति कृति तुक्।** પ્રમાણે **तुक्** આગમ થવાનો પ્રસંગ આવે છે.[83] એ દોષ નથી (આવતો), કારણ કે આચાર્ય **दीर्घात्।** એ સૂત્ર વ્દારા દીર્ઘ સ્વર પછી **छ्** આવતાં **तुक्** આગમનું વિધાન કરે છે, તેમ કરીને જ્ઞાપન કરે છે કે હ્રસ્વને અનુલક્ષીને કહેવામાં આવેલો વિધિ દીર્ઘને લાગુ પડતો નથી.[84] એ (સૂત્ર) જ્ઞાપક નથી, કારણ કે તે ઉચ્ચારવાનું અન્ય પ્રયોજન છે. શું

(પ્રયોજન છે ) ? **पदान्ताद्वा।** એ સૂત્ર દ્વારા[85] હું (સૂત્રકાર) વિકલ્પ કરવાનો છું તે માટે. તો પછી (સૂત્રકાર) બે જુદાં સૂત્રો કરે છે તે (જ્ઞાપક છે),

**इतरथा हि दीर्घात्पदान्ताद्वेत्येव ब्रूयात्॥ इह तर्हि खट्वाभिः मालाभिः अतो भिस ऐस्। इत्यैस्भावः प्राप्नोति। तपरकरणसामर्थ्यान्न भविष्यति॥ इह तर्हि याता वाता अतो लोप आर्धधातुके । इत्यकारलोपः प्राप्नोति। ननु चात्रापि तपरकरणसामर्थ्यादेव न भविष्यति। अस्ति ह्यन्यत्तपरकरणे प्रयोजनम्। किम्। सर्वस्य लोपो मा भूदिति। अथ क्रियमाणेऽपि तपरे परस्य लोपे कृते पूर्वस्य कस्मान्न भवति। परलोपस्य स्थानिवद्भावादसिद्धत्वाच्च। एवं तर्ह्याचार्यप्रवृत्तिर्ज्ञापयति नाकारस्थस्याकारस्य लोपो भवतीति यदयमातोऽनुपसर्गे कः। इति ककारमनुबन्धं करोति। कथं कृत्वा ज्ञापकम्। कित्करण एतत्प्रयोजनं कितीत्याकारलोपो यथा स्यादिति। यदि चाकारस्थस्या -कारस्य लोपः स्यात्कित्करणमनर्थकं स्यात्। परस्याकारस्य लोपे कृते द्वयोरकारयोः**

નહીં તો **दीर्घात्पदान्ताद्वा।** એમ જ કહેત.[86] પરંતુ (તમે કહો છો તે પ્રમાણે સ્વીકારવાથી) તો આ **खट्वाभिः। मालाभिः।** વગેરેમાં **अतो भिस ऐस्।** પ્રમાણે **भिस्** ને સ્થાને **ऐस्** થવાનો પ્રસંગ આવે છે.[87] (अ-કારને) **तपर** કર્યો છે તેને પ્રતાપે (**भिस्** નો **ऐस्**) નહીં

---

[82] આ શાસ્ત્રમાં अ-કાર વગેરે વર્ણો ભિન્ન ભિન્ન અંશોવાળા હોય છે. તેથી જ સૂત્રકારે **तस्यादित उदात्तमर्धह्रस्वम्।** એમ કહ્યું છે. **एच्** અર્થાત્ **ए ऐ ओ औ** માં પૂર્વાર્ધમાં **अत्** (હ્રસ્વ अ- કાર) છે. જ્યારે ઉત્તરાર્ધમાં **इत्** અને **उत्** છે. વાર્તિકકારે પણ કહ્યું છે કે **ऐचोश्चोत्तर-भूयस्त्वात्।** અહીં કેટલાક અંશ સ્વતંત્ર વર્ણ **समानसक्षर** જેવા હોય છે. જેમ કે **ऐच्** પૂર્વ ભાગ अ-કાર જેવો હોય છે અને ઉત્તરભાગ इ-કાર કે उ-કાર જેવો હોય છે. પરંતુ સ્વતંત્ર વર્ણને અનુલક્ષીને કહેવામાં આવેલું કાર્ય તેમના જેવા આ પ્રકારના અંશભૂત વર્ણોને લાગુ ન પડી શકે, કારણ કે આ અંશભૂત વર્ણો મૂળ (**अक्**) વર્ણોના જેવા છે પરંતુ તે જ વર્ણો નથી. જેમ નરસિંહ સ્વરૂપમાં નરનો અને સિંહનો અંશ હોવા છતાં તે નર પણ નથી અને સિંહ પણ નથી પરંતુ અન્ય જાતિયુક્ત છે, તેમ આ અંશભૂત વર્ણો પણ મૂળ વર્ણો જેવા હોવા છતાં અન્ય જાતિના છે. **गोण्यचोष्ठन्।** અને **नौव्द्यचष्ठन्।** એ સૂત્રોમાં **व्द्यच्** શબ્દ મૂક્યો હોવા છતાં સૂત્રકારે **गो** અને **नौ** શબ્દો મૂક્યા છે તે ઉપરથી સૂચવાય છે કે અંશભૂત વર્ણો મૂળ જેવા નથી, નહીં તો **गो** અને **नौ** પણ **व्द्यच्** ગણાત. આમ હોવાથી **अग्ने इन्द्र , वायो उदकम्** વગેરેમાં સવર્ણ દીર્ઘ નહીં થાય.

[83] **ग्रामणी** માં **क्विप्** અને **आलूय , प्रलूय** માં **ल्यप्** છે તે બન્ને **पित्** પ્રત્યયો છે તેથી દીર્ઘની બાબતમાં પ્રતિષેધ ન કરવામાં આવે તો **ह्रस्वस्य पिति॰** પ્રમાણે **तुक्** આગમ લાગીને **ग्रामणीत्**, **आलूत्य** , **प्रलूत्य** જેવાં અસાધુ રૂપો થવાનો પ્રસંગ આવે.

[84] જો હ્રસ્વને લગતું કાર્ય દીર્ઘમાંના હ્રસ્વ અંશને લાગુ પડતું હોત તો **छे च।** પ્રમાણે **तुक्** આગમ લાગીને **ह्रीच्छति म्लेच्छति** જેવાં રૂપો સિદ્ધ થઇ શકત અને **दीर्घात्।** એ સૂત્ર નિરર્થક બનત. છતાં સૂત્રકારે એ સૂત્ર રચ્યું છે તેથી જ્ઞાપન થાય છે કે હ્રસ્વને લગતું કાર્ય અવયવભૂત હ્રસ્વને થતું નથી.

[85] ઉત્તર સૂત્ર **पदान्ताद्वा।** (અર્થાત્ પદને અન્તે આવેલા દીર્ઘ સ્વર પછી **छ्** આવે તો **तुक्** આગમ થાય છે) વ્દારા સૂત્રકાર વિકલ્પ કરવાના છે તેથી એ સૂત્રમાં અનુવૃત્તિ થાય તે માટે **दीर्घात्।** એ સૂત્ર જરૂરી છે. નહીં તો **कुड्यच्छाया** જેવામાં વિકલ્પ થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય. તો પછી याता । वाता વગેરેમાં अतो लोप आर्धधातुके । (આર્ધધાતુક પ્રત્યય પાછળ આવે ત્યારે अ નો લોપ થાય છે) એ સૂત્ર પ્રમાણે (आ-કારમાં રહેલા) अ-કારનો લોપ થવાનો પ્રસંગ આવશે. અહીં પણ (अतः એમ ) तपर કર્યો છે તેથી જ નહીં થાય. પણ અહીં પાછળ त् મૂકવાનું બીજું પ્રયોજન છે. શું (પ્રયોજન) છે ? સમગ્ર ( आ-રૂપ) સ્વરનો લોપ ન થાય એ પ્રયોજન છે.[88] પરંતુ પાછળ त् મૂકવામાં આવ્યો હોય તો પણ પર વર્ણનો લોપ થયા પછી પૂર્વવર્ણનો લોપ કેમ નથી થતો ? પર વર્ણનો (અર્થાત્ પાછળના अ ) લોપનો સ્થાનિવદ્ભાવ થાય છે અને તે (असिद्धवदत्राभात् । પ્રમાણે) અસિદ્ધ છે (તેથી आ-કારમાંના પૂર્વ अ-કારનો લોપ નહીં થાય).[89] એમ હોય તો પછી आतोऽनुपसर्गे कः । એ સૂત્રમાં क् ને અનુબન્ધ તરીકે સૂત્રકારે મૂક્યો છે તે ઉપરથી સૂચવાય છે કે आ-કારમાં રહેલા अ-કારનો લોપ થતો નથી. કેવી રીતે જ્ઞાપક છે ? अ-કારને क् (અનુબન્ધ) લગાડવાનું પ્રયોજન એ છે કે તેમ કરવાથી कित् પ્રત્યય પાછળ આવતાં आतो लोप इटि च । પ્રમાણે (અંગના) आ-કારનો લોપ થઇ શકે. જો आ માં રહેલા (પાછળના) अ નો જ લોપ કરવાનો હોય તો क् ને અનુબન્ધ તરીકે મૂકવાનું કોઇ પ્રયોજન રહેતું નથી, કારણ કે आ ના પાછળના अ નો લોપ કર્યા પછી (क પ્રત્યયનો अ-કાર અને પૂર્વે રહેલો अ- કાર એ) બે अ-કારનું

**पररूपे हि सिद्धं रूपं स्यात् गोदः कम्बलद इति। पश्यति त्वाचार्यो नाकारस्थस्याकारस्य लोपो भवतीत्यतः ककारमनुबन्धं करोति। नैतदस्ति ज्ञापकम्। उत्तरार्थमेतत्स्यात्। तुन्दशोकयोः परिमृजापनुदोः इति। यत्तर्हि गापोष्टक्। इत्यनन्यार्थं ककारमनुबन्धं करोति॥**

**एकवर्णवच्च ॥८॥**

**एकवर्णवच्च दीर्घो भवतीति वक्तव्यम्। किं प्रयोजनम्। वाचा तरतीति व्यज्लक्षणष्ठन्मा भूदिति। इह च वाचो निमित्तं तस्य निमित्तं संयोगोत्पात्तौ। इति व्यज्लक्षणो यन्मा भूदिति। अत्रापि गोनौग्रहणं ज्ञापकं दीर्घाद् व्यज्लक्षणो विधिर्न भवतीति॥ अयं तु सर्वेषामेव परिहारः।**

**नाव्यपवृक्तस्यावयवे तद्विधिर्यथा द्रव्येषु ॥९॥**

---

[86] અહીં दीर्घात् । એ સૂત્ર જ્ઞાપક છે તે દર્શાવવા બીજું કારણ આપે છે. હ્રસ્વને લગતું કાર્ય દીર્ઘ સ્વરમાંના અંશભૂત હ્રસ્વને થતું નથી એ સૂચવવાનો સૂત્રકારનો આશય ન હોત તો તેમણે दीर्घात् । એ ભિન્ન સૂત્ર ન રચતાં दीर्घात्पदान्ताद्वा । એમ એક જ સૂત્ર રચ્યું હોત.

[87] खट्वाभिः । मालाभिः વગેરેમાં खट्वा । माला ના અન્ત્ય आ-કારનો પાછળનો અંશ હ્રસ્વ अ-કાર છે. તેથી अतो भिस ऐस् । પ્રમાણે હ્રસ્વ अ-કાર પછી આવતા भिस् નો ऐस् થઇને खट्वैः । मालैः વગેરે અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવે.

[88] अतो लोपः । એ સૂત્રમા अ-કારની પછી त् મૂક્યો છે. તે ન મૂકતાં માત્ર अ-કાર ને રાખીને अस्य लोपः । એમ સૂત્ર કર્યું હોત તો अणुदित्सवर्णसय ० એ ગ્રહણકશાસ્ત્ર પ્રમાણે તે अ-કાર વ્દારા आ નું પણ ગ્રહણ થશે, તેથી याता , वाता જેવામાં આર્ધધાતુક પ્રત્યય પર થતાં સમગ્ર आ- કારનો લોપ થવાનો પ્રસંગ આવશે. તે ન આવે અને માત્ર પાછળના अ નો જ લોપ થાય તે માટે अ- કારને तपर કર્યો છે.

[89] आ-કારના અંશભૂત પર अ-કારનો લોપ થયા પછી પૂર્વ अ-કારનો લોપ નહીં થાય, કારણ કે સ્થાનિવદ્ભાવને લીધે પર अ-કાર છે જ એમ સમજાશે અને अतो लोपः । એ આભીય સૂત્રોમાંનું છે અર્થાત્ असिद्धवदत्राभात् । એ અધિકાર નીચેનું સૂત્ર છે તેથી લોપને અસિદ્ધ ગણતાં અર્થાત્ લોપ થયો જ નથી તેમ ગણતાં પૂર્વ अ-કારના લોપનો પ્રસંગ નહીં આવે. નાગેશ અહીં चिण्लुक् ન્યાયનો ઉલ્લેખ કરે છે : चिणो लुक् । પ્રમાણે चिण् પછીના પ્રત્યયનો લોપ થાય છે. જેમ કે अकारि , अहारि , પરંતુ अकारितराम् , अहारितराम् જેવાં રૂપોમાં चिण् પછી આવતા तराम् , तमाम् નો લોપ નથી થતો, કારણ કે अकारि વગેરેમાં चिण् પછી આવતા त નો જે લોપ થયો છે તે असिद्धवदत्राभात् । પ્રમાણે અસિદ્ધ છે. તે જ રીતે અહીં પણ पर अ- કાર લોપ અસિદ્ધ હોવાથી તેનું વ્યવધાન રહેશે તેથી પૂર્વ अ-કારનો લોપ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नाव्यपवृक्तस्यावयवाश्रयो विधिर्भवति यथा द्रव्येषु। तद्यथा द्रव्येषु। सप्तदश सामिधेन्यो भवन्तीति न सप्तदशारत्निमात्रं काष्ठमग्नावभ्याधीयते। विषम उपन्यासः।

પરરૂપ કરવાથી गोदः। कम्बलदः જેવાં ઇષ્ટ રૂપો સિદ્ધ થાય છે. પરંતુ આ-કારમાં રહેલા अ-કારનો લોપ થતો નથી તે આચાર્ય જાણે છે તેથી તેમણે क् ને અનુબન્ધ કર્યો છે. એ જ્ઞાપક નથી. તે તો પાછળ આવતા तुन्दशोकयोःपरिमृजापनुदयोः। એ સૂત્ર માટે છે.[90] તો પછી गापोष्टक्। એ સૂત્રમાં (टक् પ્રત્યયમાં) क-કારને અનુબન્ધ તરીકે મૂક્યો છે તેનું બીજું કોઇ પ્રયોજન નથી.[91] (તેથી જ્ઞાપક થશે).

વળી (દીર્ઘ પણ) એક વર્ણ જેવો જ (હોય છે એમ કહેવું જોઇએ) ॥૮॥

દીર્ઘ સ્વર પણ એક વર્ણ જેવો જ હોય છે તેમ કહેવું જોઇએ. શા માટે ? તેમ કહેવાથી वाचा तरति इति ( वाचिकः)। માં वाक् શબ્દમાં બે સ્વર હોવાને કારણે (नौद्व्यचष्ठन्। પ્રમાણે) ठन् પ્રત્યય નહીં થાય. અહીં वाचो निमित्तम् (વાણીનું નિમિત્ત) એ અર્થમાં (वाक् શબ્દ) द्व्यच् (બે સ્વરવાળો) હોવાને કારણે तस्य निमित्तं संयोगोत्पातौ। એ[92] સૂત્રથી થતો यत् ન લાગે. આ ( गोद्व्यचोऽ संख्या० અને नौद्व्यचष्ठन्। એ સૂત્રો) માં પણ नौ અને गो (શબ્દોનું) ગ્રહણ કર્યુ છે તે જ્ઞાપન કરે છે કે द्व्यच् (શબ્દ) ને થનાર કાર્ય દીર્ઘને વિશે કરવામાં આવતું નથી.

આ (હવે પછીનો પરિહાર) તો સર્વ દોષોનો નિરાસ કરી દેશે.

સમુદાય સાથે એક રૂપ થવાથી જે અવયવ ભિન્ન રૂપે જણાતો નથી તેને (સ્વતંત્ર અવયવને અનુલક્ષીને કહેલો વિધિ) લાગુ પડતો નથી , જેમ દ્રવ્યોની બાબતમાં (હોય છે તેમ) ॥૯॥

જે અવયવ સમુદાય સાથે એકરૂપ બની જઇને તેનાથી ભિન્ન અને સ્વતંત્ર અવયવ તરીકે જણાતો નથી તેને, સ્વતંત્ર અવયવ ને અનુલક્ષીને કહેવામાં આવેલો વિધિ લાગુ પડતો નથી. જેમ દ્રવ્યોની બાબતમાં બને છે તેમ. જેમ કે સમિધ હોમની વખતે ઉચ્ચારવામાં આવતી સામેધિની ઋચા સત્તર હોય છે. છતાં સત્તર હાથ લાંબુ લાકડું અગ્નિમાં નાખવામાં આવતું નથી.[93] આ દૃષ્ટાંત બંધબેસતું નથી.

मत्यृचं चैव हि तत्कर्म चोद्यतेऽसंभवश्चाग्नौ वेद्यां च॥ यथा तर्हि सप्तदश प्रदेशमात्रीराश्वत्थीः समिधोऽभ्यादधीतेति न सप्तदशप्रदेशमात्रं काष्ठमभ्याधीयते। अत्रापि प्रतिप्रणवं चैतत्कर्म चोद्यते तुल्यश्चासंभवोऽग्नौ वेद्यां च॥ यथा तर्हि तैलं न विक्रेतव्यं मांसं न विक्रेतव्यमिति व्यपवृक्तं च न विक्रीयतेऽव्यपवृक्तं च गावश्च सर्षपाश्च विक्रीयन्ते। तथा लोमनखं स्पृष्ट्वा शौचं कर्तव्यमिति व्यपवृक्तं स्पृष्ट्वा नियोगतः कर्तव्यमव्यपवृक्ते कामचारः।॥ यत्र तर्हि व्यपवर्गोऽस्ति। क्व च व्यपवर्गोऽस्ति। संध्यक्षरेषु। विवृतत्वात् ॥१०॥

यदत्रावर्णं विवृततरं तदन्यस्मादवर्णाद्ये अपीवर्णोवर्णे ते अन्याभ्यामिवर्णोवर्णाभ्याम्॥

अथवा पुनर्न गृह्यन्ते।

---

[90] तुन्दपरिमृजः એ ઉદાહરણમાં मृजेर्वृद्धिः। પ્રમાણે मृज् ના ऋ- કારની વૃદ્ધિ થઇને तुन्दपरिमार्जः રૂપ થવાનો પ્રસંગ આવે છે. અને शोकापनुदः માં पुगन्तलघूपधस्य० પ્રમાણે नुद् ની ઉપધાનો ગુણ થઇને शोकोपनोदः થવાનો પ્રસંગ આવે છે.પરંતુ तुन्दशोकयोः परिमृजापनुदयोः। (અને आलस्यसुखाहरणयोरिति वक्तव्यम्।) પ્રમાણે 'આળસુ' અને 'સુખ આપનાર'। એ અર્થમાં क પ્રત્યય લાગે છે તેથી क्ङिति च। પ્રમાણે વૃદ્ધિ અને ગુણનો નિષેધ થશે. તેથી तुन्दपरिमृजः (આળસુ), शोकापनुदः (સુખ અર્પનાર) જેવાં રૂપો પ્રાપ્ત થાય છે.

[91] અર્થાત્ टक् પ્રત્યયને कित् કર્યો છે તેનું પ્રયોજન માત્ર आ- કારનો લોપ થાય તે જ છે. टक् પ્રત્યય क નો અપવાદ છે. તેમાં ट् ને અનુબન્ધ તરીકે टिड्ढाणञ्० પ્રમાણે ङीप् થાય તે માટે મૂક્યો છે .

[92] યુ.મી.(પૃ.૧૪૦) માં इत्यनुवर्तमाने गोव्द्यचः० એમ અધિક પાઠ છે, જે અન્યત્ર જોવામાં આવતો નથી.

[93] સામેધિની શબ્દ ઋચાનો વાચક છે અને સમિધનો હોમ કરતી વખતે ઋચાઓ ઉચ્ચારવામાં આવે છે તેથી સમિધભૂત કાષ્ઠને માટે પણ સામેધિની શબ્દ પ્રયોજાય છે.જો કે એક એક સમિધ એક હાથ જેટલી જ હોય છે પણ બધી સમિધ ભેગી મળીને સત્તર હાથ થાય છે. એક લાકડું પણ તેવડું હોય છે, છતાં અભિન્ન સમુદાયનો અવયવ હોવાથી તેને ભિન્ન અવયવ ઉપર આધારિત કાર્ય થવાનો પ્રસંગ નથી. એ જ રીતે સમુદાયના અવયવભૂત अ-કાર વગેરેને સ્વતંત્ર अक् વર્ણને થતું કાર્ય ન થઇ શકે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક એક ઋચા ઉચ્ચારીને હોમક્રિયા કરવાનું કહ્યું છે (તેથી સત્તર હાથ લાંબુ લાકડું જુદી જુદી ઋચા ઉચ્ચારીને હોમી શકાય નહીં). વળી અગ્નિમાં તેમ જ વેદીમાં (સત્તર હાથ લાંબુ લાકડું સમાવું પણ) અસંભવિત છે. તો પછી જેમ " સત્તર વહેંત જેટલી લાંબી પીપળાની સમિધ અગ્નિમાં હોમવી", અહીં સત્તર હાથ લાંબુ લાકડું મૂકવામાં આવતું નથી. અહીં પણ દરેક વખતે પ્રણવનું ઉચ્ચારણ કરીને હોમ કરવો જોઇએ એમ કહ્યું છે. તેવડી સમિધ અગ્નિમાં કે વેદીમાં (સમાવી) અસં ભવિત છે. તો પછી 'તેલ ન વેચવું', 'માંસ ન વેચવું' એ વિધિ અનુસાર છૂટું તેલ કે માંસ વેચવામાં આવતાં નથી પરંતુ જેમાં તેલ કે માંસ ભિન્નરૂપમાં રહેલાં નથી તેવાં ગાય અને સર્ષપને વેચવામાં આવે છે. તે જ રીતે 'રુવાં અને નખને સ્પર્શ કરીને સ્નાન કરવું જોઇએ' એવો વિધિ છે. તેથી શરીર સાથે ન જોડાએલા રુવાં કે નખને સ્પર્શીને નિયમ અનુસાર સ્નાન કરવું જોઇએ પણ શરીર સાથે જોડાએલા હોય તે રુવાં કે નખ ને સ્પર્શ કરીને ઇચ્છાનુસાર વર્તી શકાય છે, (તે પ્રમાણે અહીં સ્વતંત્રને અનુલક્ષીને કહેલું કાર્ય અવયવભૂતને નહીં થાય). તો પછી જયાં (વર્ણો સમુદાય કરતાં) જુદા જણાતા હોય ત્યાં શું કરવું ? (સમુદાયથી વર્ણો) જુદા ક્યાં જણાય છે? સન્ધ્યક્ષરો (ऐ, औ)માં. સન્ધ્યક્ષરોમાં વિવૃત પ્રયત્ન છે તેથી (ગ્રહણ નહીં થાય) ॥૧૦॥

(સન્ધ્યક્ષરોમાંના अ-કાર વગેરેનું સ્વતંત્ર अ-કાર વ્દારા ગ્રહણ નહીં થાય કારણ કે) આ (સન્ધ્યક્ષરોમાંના) अ-વર્ણનો સ્વતંત્ર अ વર્ણ કરતાં) વિવૃતતર[94] પ્રયત્ન છે. તે જ રીતે इ તેમ જ उ વર્ણો પણ (સ્વતંત્ર इ ,उ કરતાં) વિવૃતતર છે.

અથવા તો (વર્ણના એકદેશભૂત अ,इ વગેરેનું) ગ્રહણ થતું નથી[95]

**अग्रहणं चेन्नुड्विधिलादेशविनामेष्वृकारग्रहणम् ॥११॥**

**अग्रहणं चेन्नुड्विधिलादेशविनामेष्वृकारस्य ग्रहणं कर्तव्यम्। तस्मान्नुड् द्विहलः। ऋकारे चेति वक्तव्यम्। इहापि यथा स्यात्। आनृधतुः आनृधुरिति। यस्य पुनर्गृह्यन्ते द्विहल इत्येव तस्य सिद्धम्। यस्यापि न गृह्यन्ते तस्याप्येष न दोषः। द्विहल्ग्रहणं न करिष्यते। तस्मान्नुड् भवतीत्येव। यदि न क्रियत आटतुः आटुरित्यत्रापि प्राप्नोति। अश्नोतिग्रहणं नियमार्थं भविष्यति। अश्नोतेरेवावर्णोपधस्य नान्यस्यावर्णोपधस्येति॥ लादेशे च ऋकारग्रहणं कर्तव्यम्। कृपो रो लः। ऋकारस्य चेति वक्तव्यम्। इहापि यथा स्यात्। क्लृप्तः क्लृप्तवानिति। यस्य पुनर्गृह्यन्ते र इत्येव तस्य सिद्धम्। यस्यापि न गृह्यन्ते तस्याप्येष न दोषः। ऋकारोऽप्यत्र निर्दिश्यते। कथम्। अविभक्तिको निर्देशः। कृप उः रः लः कृपो रो ल इति। अथवोभयतः स्फोटमात्रं निर्दिश्यते। रश्रुतेर्लश्रुतिर्भवतीति॥**

જો ગ્રહણ ન થતું હોય તો **नुट्** આગમ, ल-કાર આદેશ અને **विनाम** (નું વિધાન કરતાં સૂત્રો) માં **ऋ**-કારનું ગ્રહણ (કરવું જોઇએ) **॥૧૧॥**

---

[94] અક્ષર સમામ્નાયમાં अ- કારનો વિવૃતોપદેશ છે, પરંતુ સન્ધ્યક્ષરોમાંનો अ-કાર વધારે વિવૃત છે. આમ ભિન્ન પ્રયત્નને કારણે સાવર્ણ્ય ન હોવાથી અક્ષરસમામ્નાયમાંના अ-કાર વ્દારા સન્ધ્યક્ષરના અવયવભૂત अ-કારનું ગ્રહણ નથી થતું. આ રીતે आ-કાર વગેરે માં રહેલો અવયવભૂત अ-કાર સ્વતંત્ર अ-કારથી ભિન્ન છે માટે તેમનું ગ્રહણ થતું નથી અને સન્ધ્યક્ષરમાં રહેલાનું તેમની વચ્ચે સાવર્ણ્ય ન હોવાથી ગ્રહણ નથી થતું. **एङ्** વર્ણો અને **ऐच्** વર્ણો પરસ્પર સવર્ણ નથી કારણ કે **एङ्** વર્ણો વિવૃતતર હોય છે જ્યારે **ऐच्** વર્ણો વિવૃતતમ હોય છે.પરંતુ **ऋ**-કારમાં રહેલ રેફનું ભિન્ન હોય તેમ ગ્રહણ થાય છે તેથી **आनृजे** માં **नुट्**, **चक्लृपे** માં लत्व અને **मातॄणाम्** માં णत्व સિદ્ધ થાય છે.

[95] એ अ-કાર વગેરે અન્ય વર્ણો છે છતાં **अक्** પ્રત્યાહારમાંના વર્ણોના જેવા હોય છે તેથી ભ્રાન્તિને કારણે સન્ધ્યક્ષર રૂપ સમુદયમાં તેમનું પ્રત્યભિજ્ઞાન થાય છે. પરંતુ નરસિંહમાં જેમ સાદૃશ્યને કારણે સિંહ અને નરનું પ્રત્યભિજ્ઞાન થાય છે છતાં તે બન્ને નરસિંહથી જૂદા જ છે તેમ પૃથક્ પ્રાપ્ત થતા अ-કારાદિ સમુદાયમાં હોતા જ નથી છતાં ભ્રાન્તિવશાત્ સન્ધ્યક્ષર સમુદાય રૂપ જણાય છે. ટૂંકમાં જેમ ગવય **गो** જેવું હોવા છતાં તેમાં **गोत्व** નથી હોતું તેમ સન્ધ્યક્ષરોમાં अत्व વગેરે જાતિનો અભાવ હોવાથી अ-કાર વગેરેનું ગ્રહણ થાય ત્યારે તેમનું ગ્રહણ થતું નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો (સૂત્રમાંના સ્વતંત્ર अ-કાર વગેરે વ્દારા એકદેશભૂત अ-કાર વગેરેનું ) ગ્રહણ ન થતું હોય તો જ્યાં नुट् નું, ऌ-કાર રૂપી આદેશનું અને विनाम (न् નો મૂર્ધન્ય આદેશ-ण्) નું વિધાન હોય તે (સૂત્રો) માં ऋ-કારનું ગ્રહણ કરવું પડશે. તેથી જ तस्मान्नुड्द्विहलः। માં[96] ऋकारे च। એમ ઉમેરવું પડશે, જેથી आनृधतुः आनृधुः માં પણ (नुट्) થાય. સ્વતંત્ર વર્ણવ્દારા એકદેશનું ગ્રહણ થાય છે એ મત પ્રમાણે द्विहलः એટલાથી જ (आनृधतुः વગેરે) સિદ્ધ થાય છે. (એકદેશનું ) ગ્રહણ નથી થતું એ મત પ્રમાણે પણ આ દોષ નથી આવતો, (કારણ કે ) द्विहलः નું ગ્રહણ ન કરવામાં આવે. તેથી नुट् અવશ્ય થશે. જો ગ્રહણ ન કરવામાં આવે તો आट आटतुः[97] आटुः માં પણ (અંગ द्विहल् ન હોવા છતાં नुट्) થવાનો પ્રસંગ આવશે. (તો પછી) अश्नोतेश्च। માં अश्(ધાતુ) નું ગ્રહણ કર્યું છે તે ' ઉપાન્ત્ય अ-કારવાળા अश् ધાતુને જ (नुट् આગમ) થશે ઉપાન્ત્ય अ-કારવાળા અન્ય ધાતુઓને નહીં થાય' એ નિયમાર્થે થશે.

ऌ-કાર રૂપી આદેશ મૂકવાનો હોય ત્યાં પણ ऋ-કારનું ગ્રહણ કરવું પડશે. (એથી) कृपो रो लः। માં ऋकारे च। એમ ઉમેરવું પડશે. જેથી क्लृप्तः क्लृप्तवान् માં પણ (ऌ-કાર આદેશ) થઇ શકે. (સ્વતંત્ર વર્ણવ્દારા એકદેશનું ) ગ્રહણ થાય છે એ મત પ્રમાણે रः એટલાથી જ (क्लृप्तः વગેરે સિદ્ધ થાય છે. (એકદેશનું ) ગ્રહણ નથી થતું એ મત પ્રમાણે પણ આ દોષ નથી આવતો ,કારણ કે અહીં ऋ-કારનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. કેવી રીતે ? कृपो रो लः। એ कृप उः रः लः। એમ વિભકિત રહિત નિર્દેશ છે[98] અથવા આ (र અને ल ) બન્નેમાં र- શ્રુતિની ल-શ્રુતિ થાય છે એમ માત્ર સ્ફોટનો જ નિર્દેશ છે (એમ સમજીશું ).

**विनाम ऋकारग्रहणं कर्तव्यम्। रषाभ्यां नो णः समानपदे। ऋकाराच्चेति वक्तव्यम्। इहापि यथा स्यात्। मातृणाम् पितृणामिति। यस्य पुनर्गृह्यन्ते रषाभ्यामित्येव तस्य सिद्धम्। न सिध्यति। यत्तद्रेफात्परं भक्तेस्तेन व्यवहितत्वान्न प्राप्नोति। मा भूदेवम्। अड्व्यवाय इत्येव सिद्धम्। न सिध्यति। वर्णैकदेशाः के वर्णग्रहणेन गृह्यन्ते। ये व्यपवृक्ता अपि वर्णा भवन्ति। यच्चापि रेफात्परं भक्तेर्न तत्क्वचिदपि व्यपवृक्तं दृश्यते। एवं तर्हि योगविभागः करिष्यते। रषाभ्यां नो णः समानपदे। ततो व्यवाये। व्यवाये च रषाभ्यां नो णो भवतीति। ततोऽट्कुप्वाड्नुम्भिरिति। इदमिदानीं किमर्थम्। नियमार्थम्। एतैरेवाक्षरसमाम्नायिकैर्व्यवाये नान्यैरिति॥**

विनाम[99] (न् ના णत्व નું વિધાન કરતા સૂત્ર) માં ऋ-કારનું ગ્રહણ કરવું પડશે; (એટલે કે ) रषाभ्यां नो णः। માં ऋकाराच्च। એમ કહેવું પડશે. જેથી मातृणाम् पितृणाम् માં પણ (न् નો ण्) થઇ શકે. (સ્વતંત્ર વર્ણવ્દારા એકદેશનું ) ગ્રહણ થાય છે એ મત પ્રમાણે रषाभ्याम् એટલાથી જ (मातृणाम् વગેરે) સિદ્ધ થાય છે. સિદ્ધ નહીં થાય, કારણ કે (ऋ-કારના અવયવભૂત) રેફપછી[100] (अच् નો) અંશ

---

[96] आनृधतुः ની માફક आटतुः માં नुट् ગ્રહણનો પ્રસંગ નહીં આવે કારણ કે अश्नोतेश्च। એ સૂત્ર વ્દારા નિયમ કરવામાં આવે છે અને નિયમ હમેશાં સામાન્યને લક્ષમાં રાખીને કરવામાં આવે છે તેથી ઉપાન્ત્ય अ-કાર વાળા ધાતુઓમાં જો नुट् થાય તો માત્ર अश् ધાતુને થાય, अट् જેવા અન્ય ધાતુને નહીં. જો માત્ર નવમા ગણના अश् ને નથી થતો એમ જ કહેવાનું હોત તો સૂત્રકાર नाश्नः। એમ જ સૂત્ર કરત. સૂત્રમાં વિકરણનું ગ્રહણ કરીને પાંચમા ગણના अश् ને नुट् થશે, નવમા ગણનાને નહીં થાય એમ પણ સૂચવે છે.

[97] आटतुः માં नुट् ગ્રહણનો પ્રસંગ નહીં આવે, કારણ કે अश्नोतेश्च। એ સૂત્ર વ્દારા નિયમ કરવામાં આવે છે તેથી ઉપાન્ત્ય अ-કારવાળા ધાતુઓમાં नुट् જો થાય તો માત્ર अश् ધાતુને થાય છે, अट् જેવા ધાતુઓને નહીં.

[98] कृप् ધાતુમાં જે રેફ છે તેનો ऌ- કાર થાય છે 'એમ અર્થ પ્રથમ વિગ્રહ પ્રમાણે થશે. બીજા વિગ્રહ પ્રમાણે कृप् ધાતુમાં જે ऋ-કાર છે તેના રેફનો ल् થાય છે એમ અર્થ થશે.તેથી कृप् ધાતુના र् ધ્વનિને સ્થાને ल् થઇ જાય છે, અર્થાત્ कृप् નો क्लृप् થાય છે એમ અર્થ સમજવો.

[99] विनामो नतिः। પ્રાતિશાખ્ય પ્રમાણે नतिः दन्त्यमूर्द्धन्यभावः। દન્ત્ય વર્ણનો મૂર્ધન્ય વર્ણ થાય તેને नति અર્થાત્ विनाम કહે છે.

[100] વૈયાકરણો માને છે કે ऋ-કારમાં र् રૂપી વ્યંજનનો અંશ આવેલો છે અને ऌ-કારમાં ल् રૂપી વ્યંજનનો અંશ આવેલો છે. આ વ્યંજનાંશ અગત્યનો ભાગ હોવા છતાં તેનું સ્વતંત્ર વ્યંજન તરીકે ભાન થતું નથી. વૈયાકરણો સ્વીકારે છે કે આ વ્યંજનાંશ ऋ-કાર કે ऌ-કારની અર્ધમાત્રા જેટલો હોય છે તેની પછી अच् નો અંશ (भक्ति ) આવે છે અને ऋ- કાર અને ऌ-કારની બાકીની અર્ધમાત્રા આ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવેલો છે. તે (र् અને न् ની) વચ્ચે હોવાથી (न् નો ण्) ન થવાનો પ્રસંગ આવે છે. ભલે તે પ્રમાણે ન થાય, (પરંતુ) 'अद् નું વ્યવધાન હોય તો પણ[101] ( अट्कुप्वाङ्नुम्व्यवायेऽपि । )' એ (મ કહ્યું છે તે) થી જ સિદ્ધ થાય છે. સિદ્ધ નથી થતું. (સૂત્રમાં) વર્ણનું ગ્રહણ કર્યું હોય ત્યારે તે દ્વારા વર્ણના અવયવભૂત હોય તેવા કયા વર્ણોનું ગ્રહણ થાય છે ? જે (સમુદાયથી) ભિન્ન (સ્વતંત્ર) વર્ણ તરીકે રહેતા હોય તે.પરંતુ (ऋ-કારના) અંશભૂત (રેફ) ની પછી છે તે (અંશ) કયાંય પણ ભિન્ન (સ્વતંત્ર) વર્ણ તરીકે જોવામાં આવતો નથી.[102] એમ હોય તો સૂત્રના ભાગ પાડવામાં આવશે.પહેલાં रषाभ्यां नो णः समानपदे । પછી व्यवाये (અર્થાત્) વ્યવધાન હોય તો પણ સમાન પદમાં न् નો ण् નો થાય છે (એ ભાગ), ત્યાર બાદ अट्कुप्वाङ्नुम्भिः । એમ. તો હવે આ રીતે શાને માટે (કરવાનું) ? અક્ષરસમામ્નાયમાંના આટલા (अट् , कु ,पु, आ અને नुम् એ) વર્ણોનું વ્યવધાન હોય તો ( न् નો ण् થાય અને તે સિવાયના (વર્ણોનું વ્યવધાન) હોય તો ન થાય (એ ) નિયમ માટે એ (સૂત્ર કરવું જરૂરી)[103] છે .

**यस्यापि न गृह्यन्ते तस्याप्येष न दोषः। आचार्यप्रवृत्तिर्ज्ञापयति भवत्यृकारान्नो णत्वमिति यदयं क्षुभ्नादिषु नृनमनशद्वं पठति। नैतदस्ति ज्ञापकम्। वृद्ध्यर्थमेतत्स्यात्। नार्नमनिः। यत्तर्हि तृनोतिशद्वं पठति। यच्चापि नृनमनशद्वं पठति। ननु चोक्तं वृद्ध्यर्थमेतत्स्यादिति। बहि - रङ्गा वृद्धिरन्तरङ्गं णत्वम्। असिद्धं बहिरङ्गमन्तरङ्गे॥ अथवोपरिष्टाद्योगविभागः करिष्यते। ऋतो नो णो भवति। ततश्छन्दस्यवग्रहात्। ऋत इत्येव॥**

**प्लुतावैच इदुतौ ॥१२॥**

---

अज्भक्ति (अच् રૂપી ભાગ) ની હોય છે. रेफात्परं भक्तेः० ને ભર્તૃહરિ બે રીતે સ્પષ્ટ કરે છેઃ (૧) **रेफेण चास्याः समानाधिकरण्यम्। भक्तिः रेफस्तस्या यत्परमिति।** અર્થાત્ ભક્તિ અને રેફનું સામાનાધિકરણ્ય છે એટલે કે ભક્તિ એ જ રેફ છે, તેની પછી જે આવે (અર્થાત્ ભક્તિ પછી જે अच् નો અંશ આવે તે (નું વ્યવધાન છે). આ અર્થ પ્રમાણે ભક્તિ એટલે રેફ એ વ્યંજન, अच् નહીં. (૨) અથવા **अकारभक्तिरिकारभक्तिर्वा। तस्या यत्परमिति।** અર્થાત્ ભક્તિ એટલે अ- કાર ભક્તિ કે इ-કાર ભક્તિ, એટલે કે વ્યંજનાંશની પછી આવતો (अ- કાર કે इ- કાર એ) अच् નો અંશ.તેને અનુસરીને કૈયટ કહે છેઃ **रेफाद्भक्तेरिति समानाधिकरणे पञ्चम्यौ।** અર્થાત્ रेफात् અને भक्तेः એ બન્નેમાં પ્રયોજેલી પંચમી વિભક્તિ સમાનાધિકરણ્ય (રેફ એ જ ભક્તિ એમ) બતાવે છે.

[101] ऋलक्। માંના ऋ-કાર દ્વારા જેમ દીર્ઘ ऋ-કારનું ગ્રહણ થાય છે તેમ ऋ-કારના અવયવ (र्) નું પણ ગ્રહણ થશે અને તેનું (हयवरट् માંના) રેફ દ્વારા ગ્રહણ થતું હોવાથી તે अट् થશે. તે રીતે ऋ-કારમાંનો જે अच् અંશ છે તેનું પણ अ-કાર વગેરે કોઇ अच् દ્વારા ગ્રહણ થશે તેથી તે પણ अट् થઇ શકશે અને अट् નું વ્યવધાન આવે તો પણ न् નો ण् થશે. એમ પૂર્વપક્ષની દલીલ છે.

[102] ભક્તિ રૂપ રેફની પછી જે अच् નો અંશ આવે છે તે કોઇ પણ સ્થળે ભિન્ન રૂપે જોવામાં આવતો નથી, કારણ કે તે ભાગનું સ્ફુટ રીતે ભાન થતું નથી. તેથી તે अत्व વગેરે જાતિને અભિવ્યક્ત કરી શકતો નથી.

[103] અક્ષરસમામ્નાયમાંના अ-કાર વગેરે દ્વારા आ-કાર વગેરેનો બોધ થાય (પ્રત્યાય્ય) છે , પરંતુ અક્ષરસમામ્નાયમાંના વર્ણ સાથે ભક્તિનો સવર્ણ સંબંધ ન હોવાથી તેમના દ્વારા તેનો બોધ નથી થતો. તેનો અક્ષરસમામ્નાયમાં ઉપદેશપણ નથી. આમ ભક્તિ પ્રત્યાય્ય કે પ્રત્યાયિકા ન હોવાથી આક્ષરસમામ્નાયિક નથી તેથી યોગ વિભાગ કરવો પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(સ્વતંત્ર વર્ણદ્વારા એકદેશનું ) ગ્રહણ નથી થતું એ મત પ્રમાણે પણ આ દોષ નથી આવતો , કારણ કે આચાર્ય **क्षुभ्नादि** ગણમાં **नृनमन** શબ્દ મૂકે છે તે રીતે જ્ઞાપન[104] કરે છે કે **ऋ**-કાર પછી આવતા **न्** નો **ण्** થાય છે. એ જ્ઞાપક નથી,[105] કારણ કે એ તો (આદિ સ્વરની) વૃદ્ધિ થાય તે માટે છે (જેથી) **नार्नमनिः** (રૂપ થઇ શકે). તો પછી તેઓ **तृप्नोति** શબ્દનો (એ ગણમાં પાઠ કરે છે અને **नृनमन** શબ્દનો પણ પાઠ કરે છે ( તે જ્ઞાપક છે). અરે અમે કહ્યું તો ખરૂં કે એ વૃદ્ધિ માટે છે. વૃદ્ધિ બહિરંગ છે,[106] જ્યારે **णत्व** અંતરંગ છે અને અંતરંગ કરવાનું હોય ત્યારે બહિરંગ કાર્ય અસિદ્ધ છે.

અથવા આગળ ઉપર,[107] **ऋतः ।** (અર્થાત્ ) **ऋ**-કાર પછી આવતા **न्** નો **ण्** થાય છે. પછી **छन्दस्यवग्रहात् ।** એમ સૂત્રનો વિભાગ કરવામાં આવશે.અહીં **ऋतः** (ની અનુવૃત્તિ થાય) છે.

**ऐ , औ** ના જે પ્લુત થાય છે તે **इ** અને **उ** ના (થાય છે એમ કહેવું જોઇએ) **॥ १ २॥**

**एतच्च वक्तव्यम् । यस्य पुनर्गृह्यन्ते गुरोष्टेरित्येव प्लुत्या तस्य सिद्धम् । यस्यापि न गृह्यन्ते तस्याप्येष न दोषः । क्रियत एतन्न्यास एव ॥**

**तुल्यरूपे संयोगे द्विव्यञ्जनविधिः ॥१३॥**

**तुल्यरूपे संयोगे द्विव्यञ्जनाश्रयो विधिर्न सिध्यति । कुक्कुटः पिप्पलः पित्तमिति । यस्य पुनर्गृह्यन्ते तस्य द्वौ ककारौ द्वौ पकारौ द्वौ तकारौ । यस्यापि न गृह्यन्ते तस्यापि द्वौ ककारौ द्वौ पकारौ द्वौ तकारौ । कथम् । मात्राकालोऽत्र गम्यते न च मात्रिकं व्यञ्जनमस्ति ।**

એ પણ કહેવું પડશે.[108] પરંતુ (સ્વતંત્ર વર્ણવદારા એકદેશનું ) ગ્રહણ થાય છે એ મત પ્રમાણે **गुरोः टेः ।** એટલાથી (ગુરુના અવયવ ભૂત **टि** નો[109] પ્લુત થઇને કાર્ય સિદ્ધ થાય છે. (સ્વતંત્ર વર્ણદ્વારા એકદેશનું ) ગ્રહણ નથી થતું એ મત પ્રમાણે પણ આ દોષ નથી આવતો, કારણ કે (**प्लुतावैच इदुतौ ।**એ સૂત્રમાં) જ મૂકવામાં આવે છે.[110]

---

[104] **नृनमनः** એ સંજ્ઞા છે (જો તેમ ન હોત તો **न्** નો **ण्** થઇને **नार्णमनः** થાત) અને પૂર્વપદમાં અવગ્રહને યોગ્ય (અર્થાત્ પદપાઠમાં જેને અવગ્રહથી જૂદો પાડી શકાયતેવો) **ऋ**-કાર આવેલો છે તેથી તેમાં **पूर्वपदात्०** અને **छन्दस्यृत्०** પ્રમાણે **न्** નો **ण्** થવાનો પ્રસંગ આવશે, પરંતુ **क्षुभ्नादि** માં તેનો પાઠ છે તેથી **ण**-કાર નહીં થાય. આમ **क्षुभ्नादि** માં **नृनमन** શબ્દનો પાઠ કરીને પાણિનિ સૂચવે છે કે **ऋ**-કાર પછી આવતા **न्** નો **ण्** થાય છે.

[105] **नृनमनः** માં વૃદ્ધિ થાય તો **नार्नमनिः** થશે. તેમાં **न्** રેફની પછી આવે છે, **ऋ**-કાર પછી નહીં તેથી **नृनमन** એ સંજ્ઞા શબ્દને **क्षुभ्नादि** ગણમાં મૂકયો છે તે હકિકત **ऋ**-કાર પછી આવતા **न्** નો **ण्** થાય છે તેનું જ્ઞાપક ન બની શકે.

[106] અંતરંગ **र्** ને કારણે **ण्** થશે, જ્યારે બહિર્ભૂત તદ્ધિતને કારણે વૃદ્ધિ થશે. આમ **न्** નો **ण्** થવા રૂપી અન્તરંગ કાર્યની દૃષ્ટિએ બહિરંગ વૃદ્ધિ અસિદ્ધ છે તેથી **न्** નો **ण्** કરતી વખતે **नार्नमनिः** એ શબ્દ સ્વરૂપને બદલે **नृनमन** એ શબ્દ સ્વરૂપ છે એમ સમજાશે. આથી સ્વતંત્ર વર્ણ વ્દારા અવયવનું ગ્રહણ નથી થતું તે મત પ્રમાણે **नृनमन** નો **क्षुभ्नादि** માં કરેલો પાઠ વ્યર્થ થઇને, **ऋ**-કાર પછીના **न्** નો **ण्** થાય છે તેનું જ્ઞાપન કરે છે, એમ સિદ્ધ થયું. ભાષ્યકાર **तृप्नोति** શબ્દનો પાઠ જ્ઞાપક છે તેમ માને છે.

[107] મૂળ સૂત્ર **छन्दस्यृदवग्रहात् ।** માં સૂત્રકારે **ऋत्** શબ્દ પ્રયોજયો છે. ભાષ્યકાર તેને લુપ્તવિભક્તિક રૂપ તરીકે લે છે,એટલે કે **ऋतः** એમ પંચમ્યન્ત લે છે, તેમાં **सुपां सुलुक्०** પ્રમાણે વિભક્તિ લોપ થયો છે. તેથી **ऋतः अवग्रहात्** એમ સમજાય છે અર્થાત્ પદપાઠમાં અવગ્રહને યોગ્ય પદાન્ત **ऋ** પછી આવતા **न्** નો **ण्** થશે. હવે યોગવિભાગ કરીને **ऋतः ।** એમ જૂદું લેવામાં આવે તો **ऋतः (नो णः)** અર્થાત્ **ऋ**-કાર પછી આવતા **न्** નો **ण्** થાય છે એ નિયમ થવાથી પૂર્વે સૂચવ્યું છે તે જ્ઞાપન લેવાની જરૂર નહીં રહે

[108] સ્વતંત્ર વર્ણ વ્દારા અવયવનું ગ્રહણ નથી થતું એ પક્ષે **ऐ , औ** નો પ્લુત થવાનો પ્રસંગ આવે ત્યારે તેમના અવયવભૂત **इ** કે **उ** નો પ્લુત થાય છે તેમ દર્શાવતું **प्लुतावैच इदुतौ ।** એ વધારાનું સૂત્ર કરવું પડશે અને તેથી ગૌરવ થશે, પરંતુ અવયવનું ગ્રહણ થાય છે તે પક્ષે તો ગુરુ એવા **ऐ , औ** ના અવયવભૂત **टि** (અર્થાત્ **इ**-કાર અને **उ**-કાર) નો પ્લુત તો **प्लुतावैच०** સૂત્ર ન હોય તો પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાન રૂપવાળા વ્યંજનનો સંયોગ હોય ત્યાં બે વ્યંજન (ના સંયોગ) ને લગતો વિધિ (નહીં થાય) ॥૧૩॥

(સ્વતંત્ર વર્ણદ્વારા એકદેશનું ગ્રહણ નથી થતું, એ મત પ્રમાણે) **कुक्कुटः पिप्पलः पित्तम्** માં એક જ વ્યંજન બેવડાયો હોય ત્યાં બે વ્યંજનને અનુલક્ષીને કહેવામાં આવેલું કાર્ય સિદ્ધ નહીં થાય.[111] પરંતુ (સ્વતંત્ર વર્ણદ્વારા એકદેશનું ) ગ્રહણ થાય છે એ મત પ્રમાણે (આ ઉદાહરણોમાં) બે **क**-કાર, બે **प**-કાર અને બે **त**-કાર (છે). જેને મતે એક દેશનું ગ્રહણ નથી થતું તેની દૃષ્ટિએ પણ (આ ઉદાહરણોમાં) બે **क**-કાર, બે **प**-કાર અને બે **त**-કાર (છે). કેવી રીતે ? અહીં (બેવડાયલા **क्क् प्प् त्त्** નો (ઉચ્ચારણ) કાળ એક માત્રા જેટલો જણાય છે,પરંતુ એક માત્રા જેટલા ઉચ્ચારણ કાળવાળો વ્યંજન નથી હોતો.

**अनुपदिष्टं सत्कथं शक्यं विज्ञातुम्। यद्यपि तावदत्रैतच्छक्यते वक्तुं यत्रैतन्नास्त्यण्सवर्णान्गृह्णातीतीह तु कथं सय्यँन्ता सव्वँत्सरः यल्ँलोकम् तल्ँलोकमिति यत्रैतदस्त्यण्सवर्णान्गृह्णातीति। अत्रापि मात्राकालो गृह्यते न च मात्रिकं व्यञ्जनमस्ति। अनुपदिष्टं सत्कथं शक्यं विज्ञातुमसच्च कथं शक्यं प्रतिपत्तुम्॥**

**हयवरट्** ॥५॥

**सर्वे वर्णाः सकृदुपदिष्टाः। अयं हकारो द्विरुपदिश्यते पूर्वश्च परश्च। यदि पुनः पूर्व एवोपदिश्येत पर एव वा। कश्चात्र विशेषः। हकारस्य परोपदेशेऽड्ग्रहणेषु हग्रहणम् ॥१॥**

**हकारस्य परोपदेशेऽड्ग्रहणेषु हग्रहणं कर्तव्यम्। आतोऽटि नित्यम्। शश्छोऽटि। दीर्घादटि समानपदे। हकारे चेति वक्तव्यम्। इहापि यथा स्यात्। महाँ हि सः॥**

જો (અક્ષરસમામ્નાયમાં) ઉપદેશવામાં ન આવ્યો હોય તો [112] (એક માત્રિક વ્યંજન છે તે) કેવી રીતે જાણી શકાય અને જો હોય જ નહીં તો સમજાય કેવી રીતે ? જ્યાં **अण्** સવર્ણનું ગ્રહણ કરે છે એ (સૂત્ર) લાગુ પડે છે ત્યાં તો એમ કહી શકાય (કે **क्क्** વગેરે દ્વારા

---

**गुरोरनृत०** વગેરે સૂત્રદ્વારા જ સિદ્ધ થશે, કારણ કે તે સૂત્રમાં **वाक्यस्य टेः ०** માંથી **टेः** ની અનુવૃત્તિ થાય છે અને તેથી **ऐ** , **औ** જે ગુરુ વર્ણો છે તેના અવયવભૂત **टि** નો પ્લુત થાય છે એમ અર્થ થશે. અહીં **गुरोः** એ સ્થાન ષષ્ઠી તેમ જ અવયવ ષષ્ઠી લેવામાં આવી છે તેથી ગુરુની તેમ જ તેના અવયવની પ્લુતિ થાય છે. આ પક્ષે સ્પષ્ટ રીતે લાઘવ છે.

[109] ગુરુનો અવયવભૂત **टि** માત્ર **ऐच्** માં જ સંભવી શકે, **आ**-કાર વગેરે અન્ય વર્ણોમાં નહીં , કારણ કે તેમના અવયવ ભિન્ન રૂપે સ્ફુટ થતા નથી.

[110] અવયવભૂત **इ** અને **उ** નું ભિન્ન રૂપે ભાન થતું હોવા છતાં તેઓ વધારે વિવૃત છે તેથી સ્વતંત્ર **इ** કે **उ** કરતાં તેમનો પ્રયત્ન ભિન્ન છે. પરિણામે સ્વતંત્ર **इ** કે **उ** દ્વારા તેમનું ગ્રહણ નહીં થાય. તેથી તેઓ **अच्** નહીં ગણાય અને તેમ થવાથી **अच्त्व** ઉપર આધારિત **टित्व** પણ નહીં થાય (કારણ કે **अचोऽन्त्यादि टि।** એ **टि** નું લક્ષણ છે), તેથી **गुरोरनृत०** પ્રમાણે પ્લુત નહીં થાય. તે થઇ શકે તે માટે જ **प्लुतावै०** એ સૂત્ર અવશ્ય કરવું પડશે. અને તે કરેલું જ છે તેથી **ऐ ३ तिकायन, औ ३ पगव** જેવામાં પ્લુત થઇ શકે.

[111] **कुक्कुटः** , **पिप्पलः** વગેરેમાં **क्क्** , **प्प्** વગેરે વર્ણોના અવયવો સમાન રૂપવાળા છે તેથી તેમનો સંયોગ પણ તુલ્યરૂપ થશે અને તેથી તે એક જ વર્ણ ગણાશે., કારણ કે અહીં એક જ વર્ણ બેવડાયો છે અને તેનો ઉચ્ચારણકાળ એક માત્રા જેટલો છે તેથી સંયોગ સંજ્ઞા પણ નહીં થઇ શકે, એમ પૂર્વપક્ષી માને છે. જ્યારે સિદ્ધાન્તીના મત પ્રમાણે તુલ્યરૂપવાળા વર્ણોનો સંયોગ બે વર્ણવાળો ગણાશે. ઝડપથી ઉચ્ચારણ કરવાને કારણે એક વર્ણ છે તેવું જ્ઞાન થાય છે તે ભ્રાન્તિ છે. એ રીતે શિષ્ટો સ્વીકારે છે.વળી વ્યંજનનો ઉચ્ચારણ કાળ એક માત્રા જેટલો નહીં પણ અર્ધી માત્રા જેટલો છે..

[112] **अनुपदिष्टम्** જેનો અક્ષરસમામ્નાયમાં પાઠ ન હોય તે તથા ગ્રહણકશાસ્ત્ર દ્વારા જેનું ગ્રહણ ન થતું હોય તે અનુપદિષ્ટ(ઉ.) કેટલીક પ્રતોમાં **असच्च कथं शक्यं प्रतिपत्तुम्।** એટલું વધારે છે (ચૌખં.પૃ.૧૨૩ પા.ટી.૩).પછી આવતા વિધાન પરથી જણાય છે કે તે હોવું જોઇએ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ह्व् વગેરેનું ગ્રહણ ન થઇ શકે) પરંતુ આ सय्यँन्ता[113]सव्वँत्सरः यल्ँलोकम् तल्ँलोकम् માં જ્યાં अण् સવર્ણનું ગ્રહણ કરે છે તે સૂત્ર લાગુ પડે છે ત્યાં કેવી રીતે (કહી શકાશે) ? અહીં (य्य् व्व् વગેરેમાં) પણ માત્રિક વ્યંજન જણાય છે.[114] પરંતુ એક માત્રા જેટલા ઉચ્ચારણ કાળવાળો વ્યંજન હોતો નથી. જો (અક્ષરસમામ્નાયમાં) ઉપદેશવામાં ન આવ્યો હોય તો (એક માત્રિક વ્યંજન છે તે) કેવી રીતે જાણી શકાય અને જો હોય જ નહીં તો (તે છે એમ ) કેવી રીતે સમજાય?

हयवरट् ॥५॥

(અક્ષરસમામ્નાયમાં) બધા વર્ણોનો એક વાર ઉપદેશ કરવામાં આવ્યો છે (પણ) આ ह-કારનો આગળ (हयवरट्। સૂત્રમાં) અને પાછળ (हल्। સૂત્રમાં), એમ બે વાર ઉપદેશ કરવામાં આવ્યો છે. જો તેનો માત્ર આગળ ઉપદેશ કરવામાં આવ્યો હોય અથવા તો માત્ર પાછળ ઉપદેશ કરવામાં આવ્યો હોય તો એમાં શો ફેર પડે છે ?

ह-કાર નો પાછળ ઉપદેશ કરવામાં આવે તો જ્યાં જ્યાં अट् નું ગ્રહણ કર્યુ હોય ત્યાં ત્યાં ह-કારનું જુદું ગ્રહણ કરવું પડશે[115] ॥ १॥

ह-કારનો પાછળ ( हल् સૂત્રમાં જ ) ઉપદેશ કરવાથી જે જે સૂત્રમાં अट् (પ્રત્યાહાર) નું ગ્રહણ કરવામાં આવ્યું હોય તે તે સૂત્રમાં ह-કારનું જુદું ગ્રહણ કરવું પડશે. એટલે કે आतोऽटि नित्यम्। शश्छोऽटि। दीर्घादटि समानपदे। વગેરે સૂત્રોમાં ' हकारे च।' એમ કહેવું પડશે જેથી કરીને महाँ हि सः। માં પણ અનુનાસિક થઇ શકે.

उत्त्वे च ॥२॥

उत्त्वे च हकारग्रहणं कर्तव्यम्। अतो रोरप्लुतादप्लुते। हशि च। हकारे चेति वक्तव्यम्। इहापि यथा स्यात्। पुरुषो हसति। ब्राह्मणो हसतीति॥ अस्तु तर्हि पूर्वोपदेशः।

पूर्वोपदेशे कित्त्वक्सेड्विधयो झल्ग्रहणानि च ॥३॥

यदि पूर्वोपदेशः कित्त्वं विधेयम्। स्निहित्वा स्नेहित्वा। सिस्निहिषति सिस्नेहिषति। रलो व्युपधाद्धलादेः। इति कित्त्वं न प्राप्नोति॥ क्सविधिः। क्सश्च विधेयः। अधुक्षत् अलिक्षत्। शल इगुपधादनिटः क्सः। इति क्सो न प्राप्नोति॥ इड्विधिः। इट् च विधेयः। रुदिहि स्वपिहि। वलादिलक्षण इण्न प्राप्नोति॥ झल्ग्रहणानि च। किम्। अहकाराणि स्युः। तत्र को दोषः।

'उत्व નું વિધાન હોય ત્યાં પણ (કહેવું પડશે) ॥२॥

તે પ્રમાણે ઉ-કાર આદેશનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં પણ ह-કારનું ગ્રહણ કરવું પડશે. (ह-કારનો પૂર્વોપદેશ ન કરવામાં આવે તો) अतो रोरप्लुतादप्लुते। हशि च। વગેરે (उत्व નું વિધાન કરનારાં સૂત્રો) માં (ह-કારનું ગ્રહણ થઇ શકે તે માટે) हकारे च। એમ કહેવું પડશે,[116] જેથી पुरुषो हसति। ब्राह्मणो हसति। વગેરેમાં (रु નો ઉ-કાર આદેશ થઇ શકે).

---

[113] તો પછી सय्यँन्ता વગેરેમાં જે બેવડા य् વગેરે જોવામાં આવે છે તે એક જ हल् થશે, કારણ કે हलोऽनन्तराः० સૂત્રમાંના हल् પ્રત્યાહારમાંના य-કાર વ્દારા તેમનું ગ્રહણ થશે તેથી બે વ્યંજન નહીં ગણાય. વળી य-કારને ગ્રહણકશાસ્ત્ર લાગુ પડે છે . આમ य्य વગેરે બે हल् ન થવાથી તેમની સંયોગ સંજ્ઞા નહીં થાય તેથી તેમની પૂર્વેનો સ્વર ગુરુ નહીં થાય અને તેથી પ્લુત નહીં થઇ શકે. આ આક્ષેપનો ઉત્તર ઉપરની નોંધ ૧૧૦ માં આવી જાય છે.

[114] અર્થાત્ અહીં અર્ધમાત્રિક વ્યંજન જ લેવાનો છે. વળી વર્ણો અનુનાસિક અને અનનુનાસિક એમ બે પ્રકારના છે, કારણ કે अणुदित्० એ ગ્રહણકશાસ્ત્ર જે (નું અસ્તિત્વ ) હોય અને જે લોકમાં ઉપલબ્ધ થાય છે તેવા સવર્ણનું ગ્રહણ કરાવે છે. ગ્રહણકશાસ્ત્ર કંઇ અપ્રસિદ્ધ સવર્ણને ઉત્પન્ન કરતું નથી.

[115] કારણ કે ह् નું માત્ર पर (અર્થાત् हल्। એ માહેશ્વર સૂત્રમાં જ) ઉચ્ચારણ કરવામાં આવે તો हयवरट्। સૂત્રમાં ह् ન રહેવાથી अट् પ્રત્યાહાર વ્દારા ह-કારનું ગ્રહણ ન થઇ શકે, તેથી ह-કાર પાછળ આવતાં જે સંધિ વગેરે કાર્ય થઇ શકે તે માટે જે જે સૂત્રમાં अट् નું ગ્રહણ કર્યું હોય ત્યાં ત્યાં हकारे च। (અર્થાત્ ह-કાર પર હોય ત્યારે પણ) એમ ઉમેરવું પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો પછી ह-કાર નો ઉપદેશ ભલે આગળ (हयवरट्। એ સૂત્રમાં જ) થાય.

જો પૂર્વોપદેશ (જ) કરવામાં આવે તો **कित्त्व , क्स , इट्** આગમ વગેરેનું વિધાન હોય ત્યાં, તેમજ જ્યાં **झल्** (પ્રત્યાહાર) નું ગ્રહણ હોય ત્યાં (ह-કારનું ગ્રહણ કરવું પડશે) ॥૩॥

જો ह- કારનો માત્ર પૂર્વોપદેશ કરવામાં આવે તો **स्निहित्वा स्नेहित्वा । सिस्निहिषति सिस्नेहिषति ।** વગેરેમાં **रलो व्युपधाद्धलादेः संश्च ।** પ્રમાણે **कित्त्व** (થાય છે તે) ન થવાનો પ્રસંગ આવે છે, (કારણ કે **रल्** પ્રત્યાહારમાં ह-કારનો સમાવેશ નથી થતો.[117] **क्स –अधुक्षत् अलिक्षत्** વગેરેમાં **क्स** નું ખાસ વિધાન કરવું પડશે, (કારણ કે **शल्** પ્રત્યાહારમાં ह-કારનો સમાવેશ થતો નથી[118] તેથી) **शल इगुपधादनिटः क्सः ।** પ્રમાણે (થતો ) **क्स** ન થવાનો પ્રસંગ આવે છે. **इड्विधिः–इट्** નું પણ વિધાન કરવું પડશે,[119] કારણ કે (**वल्** પ્રત્યાહારમાં ह-કારનો સમાવેશ ન થતો હોવાથી) **रुदिहि स्वपिहि** વગેરેમાં **वलादि** પ્રત્યય પૂર્વે થતો **इट्** આગમ ન થવાનો પ્રસંગ આવશે. જે (સૂત્રો)માં **झल्** (પ્રત્યાહાર) નું ગ્રહણ કરવામાં આવ્યું હોય તે (સૂત્રો) પણ. શું? ह-કાર વિનાનાં થશે. (કારણ કે ह-કારનું માત્ર પૂર્વગ્રહણ કરવામાં આવે તો **झल्** પ્રત્યાહારમાં તેનો સમાવેશ થતો નથી). તેમાં શો દોષ (આવે) છે ?

**झलो झलि। इतीह न स्यात्। अदाग्धाम् अदाग्धम्॥ तस्मात्पूर्वश्चैवोपदेष्टव्यः परश्च। यदि च किंचिदन्यत्राप्युपदेशे प्रयोजनमस्ति तत्राप्युपदेशः कर्तव्यः॥**

**इदं विचार्यते। अयं रेफो यकारवकाराभ्यां पूर्व एवोपदिश्येत ह र य व डिति पर एव वा यथान्यासमिति। कश्चात्र विशेषः।**

**रेफस्य परोपदेशेऽनुनासिकद्विर्वचनपरसवर्णप्रतिषेधः ॥४॥**

**रेफस्य परोपदेशेऽनुनासिकद्विर्वचनपरसवर्णानां प्रतिषेधो वक्तव्यः। अनुनासिकस्य। स्वर्नयति प्रातर्नतीति यरोऽनुनासिकेऽनुनासिको वा। इत्यनुनासिकः प्राप्नोति॥ द्विर्वचनस्य। भद्रह्रदः मद्रह्रद इति यर इति द्विर्वचनं प्राप्नोति॥ परसवर्णस्य। कुण्डं रथेन। वनं रथेन। अनुस्वारस्य ययि। इति परसवर्णः प्राप्नोति॥ अस्तु तर्हि पूर्वोपदेशः।**

**पूर्वोपदेशे कित्त्वप्रतिषेधो व्यलोपवचनं च ॥५॥**

**अदाग्धाम् अदाग्धम्** વગેરેમાં **झलो झलि।** એ (સૂત્ર લાગુ) નહીં થાય[120] તેથી ह-કાર નો ઉપદેશ પૂર્વે (हयवरट्। સૂત્રમાં) કરવો પડશે અને પાછળ (हल्। સૂત્રમાં) પણ કરવો પડશે અને જો બીજે પણ તેનો ઉપદેશ કરવાથી કોઇ પ્રયોજન સિદ્ધ થતું હોય તો ત્યાં

---

[116] કારણ કે ह् નું પર (અર્થાત્ માત્ર ૧૪ મા માહેશ્વર સૂત્રમાં) ઉચ્ચારણ કરવામાં આવે તો **हशि च।** સૂત્રમાં પ્રયોજાયલો **हश्** પ્રત્યાહાર **यश्** બની જશે અને તે વ્દારા **ह**-કારનું ગ્રહણ નહીં થઇ શકે. તેથી **पुरुषः हसति।** જેવાં ઉદાહરણોમાં **रु** નો ઉ-કાર આદેશ થઇને **पुरुषो हसति।** જેવી સંધિ થઇ શકે તે માટે **हकारे च।** એમ ઉમેરવું પડશે.

[117] **रलो व्युपधाद्धलादेः संश्च।** એ સૂત્રમાં **रल्** પ્રત્યાહારનું ગ્રહણ કર્યુ છે. હવે જો ह् નું માત્ર પૂર્વે (हयवरट्। સૂત્રમાં) જ ગ્રહણ કરવામાં આવે તો **रल्** પ્રત્યાહાર ન રહેતાં **रर्** થઇ જશે અને તેમાં ह-કારનો સમાવેશ નહીં થાય તેથી વિકલ્પે **कित्त्व** પ્રાપ્ત નહીં થાય. પરિણામે **स्निह्** ધાતુ ઉપરથી **स्निहित्वा , सिस्निहिषति** જેવાં રૂપો પ્રાપ્ત નહી થાય.

[118] કારણ કે અહીં પ્રત્યાહાર **शल्** ન રહેતાં **शर्** થઇ જશે તેથી તે વ્દારા ह-કારનુંગ્રહણ ન થતાં **दुह् , लिह्** વગેરે અનિટ્ ધાતુઓને **लुङ्** માં **च्लि** ને સ્થાને **रलो व्युपधात्०** પ્રમાણે **क्स** નહીં લાગે પરિણામે **अधुक्षत् , अलिक्षत्** જેવાં રૂપો સિદ્ધ નહીં થાય.

[119] કારણ કે ह-કારનો માત્રપૂર્વે ઉપદેશ કરવામાં આવે તો **वल्** પ્રત્યાહારમાં તેનો સમાવેશ ન થવાથી **रुद् ,स्वप् ,श्वस् , अन्** અને **जक्ष्** એ ધાતુઓની પાછળ **वलादि** સાર્વધાતુક પ્રત્યય (અહીં **हि** ) આવતાં **रुदादिभ्यः सार्वधातुके।** પ્રમાણે **इट्** આગમ થાય છે તે **रुद् हि** વગેરેમાં ન થવાનો પ્રસંગ આવશે પરિણામે **रुदिहि , स्वपिहि** જેવાં રૂપો સિદ્ધ નહીં થાય.

[120] ह-કારનો માત્ર પૂર્વોપદેશ કરવામાં આવે તો **झल्** પ્રત્યાહાર **झर्** થઇ જાય અને તેમાં ह-કારનો સમાવેશ ન થવાથી **दह्** ધાતુ **झलन्त** નહીં થાય પરિણામે **अदाह् स्ताम्** જેવાંમાં **झलो झलि।** પ્રમાણે स-કારનો લોપ નહીં થાય અને **अदाग्धाम् अदाग्धम्** વગેરે રૂપો સિદ્ધ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ (ह-કારનો ) ઉપદેશ કરવો જોઇએ. હવે (**हयवरट्**। માં) આ રેફ છે તેનો **य्** અને **व्** ની પૂર્વે **ह र य व ट्**। એમ ઉપદેશ કરવો કે પછી (**हयवरट्**।સૂત્રમાં ) જેમ મૂક્યો છે તે જ રીતે ? તેનો વિચાર કરવામાં આવે છે. એમાં શો ફેર (પડે છે)?

રેફનો પાછળ ઉપદેશ કરવામાં આવે તો અનુનાસિક, દ્વિર્ભાવ, અને પરસવર્ણનો નિષેધ કરવો પડશે ॥ ૪॥

જો રેફનો પાછળ (અર્થાત્ **य्** અને **व्** ની પછી) ઉપદેશ કરવામાં આવે તો અનુનાસિક, દ્વિર્ભાવ, અને પરસવર્ણ નહીં થાય એમ કહેવું પડશે. **अनुनासिक-स्वर्नयति प्रातर्नयति** વગેરેમાં **यरोऽनुनासिकेऽनुनासिको वा**।પ્રમાણે અનુનાસિક[121] થવાનો પ્રસંગ આવે છે (તેથી અનુનાસિક નહી થાય તેમ કહેવું પડશે).**द्विर्वचन- भद्रह्रदः मद्रह्रदः** વગેરેમાં (**अचो रहाभ्यां द्वे**। માં પૂર્વ સૂત્રમાંથી) **यरः** ની અનુવૃત્તિ થતી હોવાથી (અને **र्** નો **यर्** પ્રત્યાહારમાં સમાવેશ થાય છે તેથી) **र्** નું દ્વિત્વ[122] થવાનો પ્રસંગ આવે છે. (તેથી તે બેવડાશે નહીં એમ કહેવું પડશે).**परसवर्ण- कुण्डं रथेन**। **वनं रथेन**। વગેરેમાં[123] **अनुस्वारस्य ययि परसवर्णः**। પ્રમાણે પરસવર્ણ થવાનો પ્રસંગ આવશે. તો પછી (**य्** અને **व्** ની) પૂર્વે જ( રેફ નું) ઉચ્ચારણ ભલે થાય.

પૂર્વોપદેશ કરવામાં આવે તો **कित्त्व** નો પ્રતિષેધ કરવો પડશે,[124] તેમજ **व्** અને **य्** નો લોપ થાય છે તેમ કહેવું પડશે ॥૫॥

**यदि पूर्वोपदेशः कित्त्वं प्रतिषेध्यम्। देवित्वा दिदेविषति। रलो व्युपधात्। इति कित्त्वं प्राप्नोति। नैष दोषः। नैवं विज्ञायते रलः व्युपधादिति। किं तर्हि। रलः अव्व्युपधादिति। किमिदमव्व्युपधादिति। अवकारान्ताद्युपधादव्व्युपधादिति॥ व्यलोपवचनं च। व्योश्च लोपो वक्तव्यः। गौधेरः। पचेरन् यजेरन्। जीवे रदानुक् जीरदानुः। वलीति लोपो न प्राप्नोति। नैष दोषः। रेफोऽप्यत्र निर्दिश्यते। लोपो व्योर्वलीति रेफे च वली चेति॥ अथवा पुनरस्तु परोपदेशः। ननु चोक्तं परोपदेशेऽनुनासिकद्विर्वचनपरसवर्णप्रतिषेध इति। अनुनासिक परसवर्णयोस्तावत्प्रतिषेधो न वक्तव्यः। रेफोष्मणां सवर्णा न सन्ति। द्विर्वचनेऽपि नेमौ रहौ कार्यिणौ द्विर्वचनस्य। किं तर्हि। निमित्तमिमौ रहौ द्विर्वचनस्य। तद्यथा। ब्राह्मणा भोज्यन्तां माठरकौण्डिन्यौ परिवेविष्टामिति नेदानीं तौ भुञ्जाते॥**

જો (**र्** નો **य्** અને **व्** ની) પૂર્વે ઉપદેશ કરવામાં આવે તો **कित्त्व** નો પ્રતિષેધ કરવો જોઇએ, કારણ કે (**र्** નો **रल्** પ્રત્યાહારમાં સમાવેશ થશે તેથી) **देवित्वा दिदेविषति** વગેરેમાં **रलो व्युपधाद्धलादेः संश्च**। પ્રમાણે **कित्त्व** થવાનો પ્રસંગ આવશે. એમાં કોઇ દોષ નહીં આવે , કારણ કે એ સૂત્ર **रलः व्युपधात्**। એ રીતે (છેદ કરીને) સમજવાનું નથી. તો પછી કેમ (સમજવાનું છે) ? **रलः अव्व्युपधात्**। એમ સમજવાનું છે. આ **अव्व्युपधात्** એ વળી શું છે ? જે **व**-કારાન્ત ન હોય અને જેમાં **इ** કે **उ** ઉપાન્ત્ય હોય તેવા (ધાતુ પછી એટલે ) **अव्व्युपधात्** એમ (એમ સમજાશે). **व्य्** નો લોપ થશે તે પણ, અર્થાત્ (**वल्** પ્રત્યાહારમાંનો વર્ણપાછળ આવતાં) **व्** અને **य्** નો લોપ થાય છે તેમ કહેવું પડશે.(નહીં તો) **गौधेरः**[125]। **पचेरन् यजेरन्** તેમ જ **जीवे रदानुक्**। પ્રમાણે થતા

---

[121] **प्रातर्नयति** વગેરેમાં **र्** ને સ્થાને વિકલ્પે અનુનાસિક થવાનો પ્રસંગ આવશે. અહીં સવર્ણગ્રહણ નથી, એટલે કે **र्** ને સવર્ણ નથી તેથી **र्** નો અન્તરતમ હોવાથી તેને સ્થાને **ण्** થવાનો પ્રસંગ આવશે.(જુઓ ભર્તૃ.પૃ ૯૨). તેથી તેનો પ્રતિષેધ કરવો પડશે.

[122] **मद्रह्रदः** વગેરેમાં **ह्**-કાર પછી જે રેફ છે તે બેવડાવાનો પ્રસંગ આવશે. અને ત્રિપાદી માંના સૂત્રથી વિધાન થએલ હોવાથી દ્વિર્વચન અસિદ્ધ છે તેથી **रो रि**। થી લોપ નહીં થાય અને **हलो यमां यमि**। પ્રમાણનો લોપ વૈકલ્પિક છે તેથી બે રેફનું શ્રવણ થશે.

[123] **कुण्डम् रथेन** અહીં **मोऽनुस्वारः**। પ્રમાણે **म्** નો અનુસ્વાર થાય છે, પરંતુ **अनुस्वारस्य ययि** ० પ્રમાણે પરસવર્ણ થઇને રેફ થવાનો પ્રસંગ આવશે એમ દલીલ છે, કારણ કે પરસવર્ણ અનુનાસિક હોવો જોઇએ તેવો નિયમ નથી. તે રેફ અસિદ્ધ હોવાથી **रो रि**। થી લોપ નહીં થાય. તે દોષ આવશે.

[124] તો **य्** અને **व्** નો **रल्** પ્રત્યાહારમાં સમાવેશ થશે તેથી **दिव्** ધાતુ **रलन्त** થશે અને તેમાં **इ** ઉપધા છે તેથી તેની પછી આવતો **क्त्वा** પ્રત્યય **सेट्** હોવા છતાં **रलोव्युपधात्** ० પ્રમાણે વિકલ્પે **कित्** થશે અને **देवित्वा** , **दिदेविषति** રૂપ થાય છે તેમ વિકલ્પે **दिवित्वा** , **दिदिविषति** જેવાં અસાધુ રૂપો પણ થવાનો પ્રસંગ આવશે. એ અહીં દોષ છે.

[125] રેફને **य्** , **व्** ની પૂર્વે મૂક્યો હોય તો **वल्** પ્રત્યાહારમાં તે ન આવવાથી **लोपो व्योर्वलि**। પ્રમાણે **य्** અને **व्** નો જે લોપ થાય છે તે નહીં થાય તેથી **गौधेरः** વગેરેમાં તે થાય છે તેમ કહેવું પડશે. **गोधा** શબ્દને **गोधाया ढ्रक्**। પ્રમાણે **ढ्रक्** લાગે તો (તેમાં **क्** એ **इत्** છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

जीरदानुः માં वल् પર થતાં (र् નો) લોપ ન થવાનો પ્રસંગ આવે છે .એ દોષ (આવતો) નથી,કારણ કે અહીં (लोपो व्योर्वलि । માં) र् અને वल् પાછળ આવતાં લોપ (થાય છે) એમ र् નો નિર્દેશ કર્યો છે.[126] અથવા તો ( र् નું ) ઉચ્ચારણ (य् અને व् ની પછી ભલે થાય.પણ અમે કહ્યું કે જો र् નો પછી થી ઉપદેશ કરવામાં આવે તો અનુનાસિક, દ્વિત્વ, અને પરસવર્ણનો પ્રતિષેધ કરવો પડશે.[127] અનુનાસિક અને પરસવર્ણનો નિષેધ તો નહીં કરવો પડે, કારણ કે र् અને ઉષ્માક્ષરોને સવર્ણ નથી હોતા. દ્વિર્વચનની બાબતમાં પણ એમ છે કે र् અને ह् ને દ્વિત્વ રૂપ કાર્ય થતું નથી. (જો તેમના ઉપર દ્વિત્વ રૂપી કાર્ય ન થતું હોય (એટલે કે) દ્વિત્વના એ કાર્યી ન હોય) તો શું છે ? र् અને ह् એ બે દ્વિત્વ ના નિમિત્ત છે.[128] જેમ કે ‘બ્રાહ્મણોને જમાડો’ ‘માઠર અને કૌણ્ડિન્ય (તમે) પીરસો’ એ ઉદાહરણમાં એ બે જણા જમતા નથી (પણ પીરસે છે).

**इदं विचार्यते। इमेऽयोगवाहा न क्वचिदुपदिश्यन्ते श्रूयन्ते च तेषां कार्यार्थमुपदेशः कर्तव्यः। के पुनरयोगवाहाः। विसर्जनीय-जिह्वामूलीयोपध्मानीयानुस्वारानुनासिक्ययमाः। कथं पुनरयोगवाहाः। यदयुक्ता वहन्त्यनुपदिष्टाश्च श्रूयन्ते॥ क्व पुनरेषामुपदेशः कर्तव्यः।**

**अयोगवाहानामदसु णत्वम् ॥६॥**

**अयोगवाहानामदसूपदेशः कर्तव्यः। किं प्रयोजनम्। णत्वम्। उरःकेण उरःपेण। अड्व्यवाय इति णत्वं सिद्धं भवति।**

હવે આ વિચારવામાં આવે છે[129] કે આ જે **अयोगवाह** છે તેમનો કોઇ સ્થળે ઉપદેશ કરવામાં આવ્યો નથી છતાં પ્રયોજાતા મળી આવે છે[130] આથી શાસ્ત્રનિર્દિષ્ટ કાર્ય થઇ શકે તે સારુ તેમનો ઉપદેશ કરવો જરૂરી છે. **अयोगवाह** તે કયા છે ?

વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય, અનુસ્વાર અને યમ.પણ તે અયોગવાહ કેવી રીતે? કારણ કે અયોગવાહો[131] શિવસૂત્રમાં ઉચ્ચારવામાં આવ્યા નથી તો પણ તે પ્રયોગમાં અને[132] શાસ્ત્રમાં મળી આવે છે.

---

બાકી द् અર્થાત् एय् અને र છે તેથી **द्रक्**) એટલે **एयूर** . અહીં **लोपो व्यो०** પ્રમાણે य् નો લોપ થતાં **द्रक्** એટલે **एर** થતાં **गौधेर** રૂપ પ્રાપ્ત થશે.જો र् ને ઉપર કહ્યું તેમ પૂર્વે મૂકવામાં આવે તો તે वल् ન રહે, તો પછી य-કારનો લોપ ન થઇ શકે અને ઇષ્ટ રૂપ પ્રાપ્ત ન થતાં **गौधेय्रः** જેવું અસાધુ રૂપ થાય. **पचेरन्** માં पच् નું लिङ् તૃતીય પુરુષ બહુવચનના રૂપમાં **पच् -कर्तरि शप्- अ झि - लिङः सीयुट्।- लिङः सलोपोऽनन्त्यस्य। झस्य रन्।- पचे ईय् रन्- पचेय् रन्** એ સ્થિતિમાં य् લોપ ન થવાનો પ્રસંગ આવે છે કારણ કે र् નો वल् પ્રત્યાહારમાં સમાવેશ થતો નથી. **जीरदानुः** માં પણ **जीव् रैदानुक्- जीव् रदानु** અહીં પણ તે જ કારણે र् લોપ ન થવાનો પ્રસંગ આવે છે.

[126] એટલે કે સૂત્ર **लोपोव्योर्वलि।** એમ બે રેફવાળું છે, પરંતુ પૂર્વ र् નો **रो रि।** થી લોપ થયો છે.

[127] અનુનાસિક અને પરસવર્ણ વિધાન કરવામાં આવ્યું છે ત્યાં **स्थानेऽन्तरतमः।** એ પરિભાષાની ઉપસ્થિત થાય છે તેથી દોષ નહીં આવે, કારણ કે ण-કાર રેફનો અન્તરતમ નથી તેમ જ રેફ અનુસ્વારનો અન્તરતમ નથી.(જુઓ ઉપર નોંધ ૧૨૦) નાગેશ ને આ ખુલાસો સ્વીકાર્ય નથી.

[128] र् અને ह् ને ઉદ્દેશીને દ્વિર્વચનનું વિધાન કરવામાં આવ્યું નથી તેથી તે દ્વિર્વચનના સાક્ષાત્ કાર્યી નથી એટલે કે તેમનું દ્વિર્વચન થતું નથી. તેથી તેનો પ્રતિષેધ કરવાની જરૂર નથી. ભાષ્યકાર ઉદાહરણ દ્વારા સમજાવે છેઃ ‘બ્રાહ્મણોને જમાડો’, ‘માઠર અને કૌણ્ડિન્ય પીરસે’ એમ કહેવામાં આવે ત્યારે પીરસવાની ક્રિયાને કારણે માઠર અને કૌણ્ડિન્યના ભોજનનો બાધ થાય છે તેથી તે બે જણા ભોજનના કાર્યી નથી બનતા, અર્થાત્ તે બે જમતા નથી, કારણ કે તેમને ઉદ્દેશીને ભોજનનું વિધાન કરવામાં આવ્યું નથી . તેથી ‘તમે બે હમણાં ન જમશો’ એમ ભોજનનો પ્રતિષેધ કરવાની જરૂર નથી તેમ અહીં પણ र् અને ह् ના દ્વિર્વચનનો પ્રતિષેધ કરવાની જરૂર નથી.

[129] છાયા અહીં નોંધે છે કે **इदं विचार्यते** એટલા ભાગનો પાઠ ન હોવો જોઇએ, કારણ કે ભાષ્યકારની શૈલી પ્રમાણે જ્યાં સંશય હોય ત્યાં જ આવો પ્રયોગ જોવામાં આવે છે.રત્નાકર આ પાઠ સ્વીકારે છે, ચૌખં. માંસમ્પાદક નોંધે છે કે વાસ્તવમાં જ્યાં સૂત્ર સાથે અસંબંદ્ધ જેવા વિચારનો પ્રસ્તાવ હોય ત્યાં આ પ્રમાણે વ્યવહાર કરવામાં આવે છે તેથી અહીં પણ યોગ્ય છે (છા.પૃ.૧૨૭, પા.ટી.૯)

[130] પ્રયોગમાં મળી આવે છે તેમ જ **विसर्जनीयस्य सः।** વગેરે સૂત્રોમાં પણ મળી આવે છે. **के पुनरयोगवाहाः** એમ કહીને તેમનું સ્વરૂપ કેવું છે તેમ પૂછ્યું છે. આગળ **कथं पुनः** વગેરે કહીને તેમનું પ્રવૃત્તિનિમિત્ત શું છે એ પૂછ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ તેમનો (વર્ણસમામ્નાયમાં) ક્યાં ઉપદેશ કરવો જોઇએ ?

**णत्व** (થઇ શકે તે) માટે અયોગવાહોનો ઉપદેશ **अट्** (પ્રત્યાહારના વર્ણો) માં કરવો જોઇએ ॥ ૬ ॥

અયોગવાહોનો **अट्** પ્રત્યાહારના વર્ણોમાં ઉપદેશ કરવો જોઇએ. તે શા માટે ? **न्** નો **ण्** (થઇ શકે તે માટે) **उरः केण**[133] **उरःपेण** વગેરેમાં **अट्** નું વ્યવધાન હોવા છતાં **न्** નો **ण्** થાય છે

**शर्षु जश्भावषत्वे ॥७॥**

**शर्षूपदेशः कर्तव्यः। किं प्रयोजनम्। जश्भावषत्वे। अयमुब्जिरुपध्मानीयोपधः पठ्यते तस्य जश्त्वे कृत उब्जिता उब्जितुमित्येतद्रूपं यथा स्यात्॥ यद्युब्जिरुपध्मानीयोपधः पठ्यत उब्जिजिषतीत्युपध्मानीयादेरेव द्विर्वचनं प्राप्नोति। दकारोपधे पुनर्न न्द्राः संयोगादय इति प्रतिषेधः सिद्धो भवति। यदि दकारोपधः पठ्यते का रूपसिद्धिः उब्जिता उब्जितुमिति। असिद्धे भ उद्जेः। इदमस्ति स्तोः श्चुना श्चुः इति। ततो वक्ष्यामि। भ उद्जेः। उद्जेश्चुना संनिपाते भो भवतीति। तत्तर्हि वक्तव्यम्। न वक्तव्यम्। निपातनादेव सिद्धम्। किं निपातनम्। भुजन्युब्जौ पाण्युपतापयोः इति। इहापि तर्हि प्राप्नोति। अभ्युद्गः समुद्ग इति। अकुत्वविषये तन्निपातनम्। अथवा नैतदुब्जे रूपं गमेरेतद् ड्युपसर्गाड्डो विधीयते। अभ्युद्गतोऽभ्युद्गः इति॥**

**जश्** વર્ણો મૂકી શકાય અને **ष्** થઇ શકે તે માટે **शर्** વર્ણોમાં[134] ઉપદેશ કરવો જોઇએ ॥ ૭ ॥

(અયોગવાહોનો ઉપદેશ) **शर्** પ્રત્યાહાર (ના વર્ણો) માં ઉપદેશ કરવો જોઇએ. શા માટે ? **झलां जश् झशि।** એ સૂત્ર પ્રમાણે **झल्** વર્ણનો **जश्** વર્ણ આદેશ થઇ શકે તથા **ष्** થઇ શકે તે માટે. **उब्ज्** એ ધાતુનો ઉપાન્ત્ય ઉપધ્માનીય સાથેનો **उ᳴ज** એ મૂળ પાઠ છે. એ ઉપધ્માનીયનું **शर्** પ્રત્યાહારમાં ઉચ્ચારણ કરવામાં આવે તો **झलां जश् झशि।** પ્રમાણે ઉપધ્માનીયનું **जशत्व** કરવાથી **उब्जिता उब्जितुम्** એ રૂપો થઇ શકે. જો **उब्ज** ધાતુને ઉપાન્ત્ય ઉપધ્માનીય[135] ગણીને પાઠ કરવામાં આવે તો **उब्जिजिषति** વગેરેમાં

---

[131] **न विद्यते योगः (सम्बन्धः) येषां (समाम्नाये) ते अयोगाः। वहन्ति ते वाहाः।** અથવા **वाहयन्ति निर्वाहयन्ति प्रयोगमिति वाहाः।** અર્થાત્ જેમને અક્ષરસમામ્નાયમાં (ઉપદેશ રૂપી) સંબંધ નથી તે **अयोग** , કારણ કે તેમનું **अ**-કાર વગેરેની જેમ શ્રવણ નથી થતું. આમ શ્રવણનો અયોગ છે છતાં પ્રયોગમાં મળી આવે છે તેથી (**अयोगाश्च ते वाहाश्च**) **अयोगवाहाः** કહેવાય છે. ઉપદેશ બે પ્રકારે થાય છે : પ્રત્યક્ષ પાઠદ્વારા અથવા ગ્રહણકશાસ્ત્રદ્વારા. આ **अयोगवाह** નો બેમાંથી એક પણ રીતે ઉપદેશ નથી મળતો. આમ તેઓ અનુપદિષ્ટ છે તેથી જ ભાષ્યકાર તેમને **अयुक्ताः** તરીકે સમજાવે છે, અર્થાત્ તેઓ ઉપદિષ્ટ પણ નથી તેમ જ જે ઉપદિષ્ટ છે તે દ્વારા પણ તેમનું ગ્રહણ નથી થતું (છતાં તેમનું શ્રવણ થાય છે). :

[132] ભાષ્યમાં **यदयुक्ता वहन्ति अनुपदिष्टाश्च श्रूयन्ते।** છે અહીં **च** હેતુ સૂચવે છે અર્થાત્ અનુપદિષ્ટ છે તેથી **अयुक्त** છે. કેટલેક સ્થળે **च** શબ્દનો પાઠ નથી (પ્ર.)

[133] **उरः कायति उरःकः। उरः पाति उरःपः।** અહીં **कै** (અવાજ કરવો) , **पा** (રક્ષણ કરવું) એ બે ધાતુઓને **आतोऽनुपसर्गे कः।** પ્રમાણે **क** પ્રત્યય લાગીને ઉપપદ સમાસ થયો છે, તેમાં **उरस्** ના **स**-કારનો **ससजुषोरुः।** પ્રમાણે **रु** થઇને **खरवसानयोः** ૦ થી વિસર્ગ થયો છે. **उरᳵकेण , उर᳴पेण** એમ યથાયોગ વિકલ્પે જિહ્વામૂલીય તેમ જ ઉપધ્માનીય પણ થશે, કારણ કે **कुप्वोᳵकᳲपौ च।** એમ **च** મૂકીને વિકલ્પ કર્યો છે. આમ અહીં વિસર્ગ, જિહ્વામૂલીય કે ઉપધ્માનીયનું વ્યવધાન હોવા છતાં **न्** નો **ण्** થયો છે તેથી અયોગવાહનું **अट्** પ્રત્યાહારમાં ગ્રહણ કરવું જોઇએ, કારણ કે **अट्** નું વ્યવધાન હોય તો પણ (**अट्कुप्वाङ्नुम्व्यवायेऽपि।**) **ण्** થાય છે એમ દલીલ છે.

[134] **ह**-કારની જેમ આ અયોગવાહની અન્ય સ્થળોએ પણ આવૃત્તિ કરવી જોઇએ એમ સૂચવવા માટે આ પ્રમાણે કહે છે.

[135] વાર્તિક અનુસાર **उ᳴ज आर्जवे** (**तु०प०**) એ ધાતુનો ઉપાન્ત્ય ઉપધ્માનીય યુક્ત પાઠ છે, **झलां जश्०** પ્રમાણે **जश्** ભાવ થતાં અન્તરતમ હોવાથી **ब**-કાર આદેશ થાય છે. તેથી **उब्जिता , उब्जितुम्** સિદ્ધ થશે. અયોગવાહનો **शर्** પ્રત્યાહારમાંના વર્ણોમાં ઉપદેશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપધ્માનીય સહિતના આદિ ભાગનો જ દ્વિર્ભાવ થવાનો (પ્રસંગ આવે છે), પરંતુ જો द् ને ઉપાન્ત્ય ગણવામાં આવે તો न न्द्राः संयोगस्य । પ્રમાણે પ્રતિષેધ સિદ્ધ થાય છે. જો उब्ज् ને ઉપાન્ત્ય द् વાળો હોય તેમ લેવામાં આવે તો उब्जिता उब्जितुम् વગેરે કેવી રીતે સિદ્ધ થશે ? અસિદ્ધકાંડમાં भ उद्जेः । (એમ કહેવું જોઇએ). પ્રથમ स्तोःश्चुना श्चुः । એ સૂત્ર છે ત્યાર બાદ भ उब्जेः । (અર્થાત્) उब्ज् ને च વર્ગનો વર્ણ સાથે આવવાથી (ब् નો) भ् (આદેશ) થાયછે' એમ કહીશ. તો પછી તે કહેવું જોઇએ . કહેવું જરૂરી નથી , કારણ કે નિપાતન દ્વારા જ (રૂપ) સિદ્ધ થાય છે. કયું નિપાતન ? भुजन्युब्जौ पाण्युपतापयो ः । એ નિપાતન સૂત્ર છે. તો પછી આ अभ्युद्ग ः समुद्गः વગેરેમાં પણ નિપાતન લાગુ પડશે. એ નિપાતન તો જ્યાં कुत्व ન થયું હોય (જ્યાં च् - ज् નો क વર્ગ ન થયો હોય) ત્યાં લાગુ પડે છે.[136] અથવા તો આ (अभ्युद्गः । समुद्ग ः) उब्ज् ધાતુનાં રૂપો નથી પરન્તુ ( अभि उद् અને सम् उद् એમ) બે ઉપસર્ગ વાળા गम् ધાતુને ड પ્રત્યયનું વિધાન કરવામાં આવે છે , ઊંચે ગએલો (એ અર્થમાં) अभ्युद्ग ः , નજીક ગએલો (તે અર્થમાં) समुद्गः .[137]

**षत्वं च प्रयोजनम्। सर्पिःषु धनुःषु। शर्व्यव्याय इति षत्वं सिद्धं भवति। नुम्विसर्जनीय शर्व्यवायेऽपि। इति विसर्जनीयग्रहणं न कर्तव्यं भवति। नुमश्चापि ग्रहणं शक्यमकर्तुम्। कथं सर्पींषि धनूंषि। अनुस्वारे कृते शर्व्यवाय इत्येव सिद्धम्। अवश्यं नुमो ग्रहणं कर्तव्यम्। अनुस्वारविशेषणं नुम्ग्रहणं नुमो योऽनुस्वारस्तत्र यथा स्यादिह मा भूत्। पुंस्विति॥ अथवाविशेषणोपदेशः कर्तव्यः। किं प्रयोजनम्। अविशेषेण संयोगोपधासंज्ञालोऽन्त्यद्विर्वचनस्थानिवद्भावप्रतिषेधाः ॥८॥**

**अविशेषेण संयोगसंज्ञा प्रयोजनम्। ऊ ३ ब्जक। हलोऽनन्तराः संयोगः। इति संयोगसंज्ञा संयोगे गुरु। इति गुरुसंज्ञा। गुरोरिति प्लुतो भवति । उपधासंज्ञा च प्रयोजनम्। दुष्कृतम् निष्कृतम्। निष्पीतम् दुष्पीतम्। इदुपधस्य**

स् નો ष् થઇ શકે તે પણ ( અયોગવાહોને शर् વર્ણો માં મૂકવા માટેનું ) પ્રયોજન છે.[138] शर् (અહીં વિસર્ગ) નું વ્યવધાન હોય તો પણ सर्पिषु , धनुःषु વગેરેમાં षत्व સિદ્ધ થઇ શકે છે અને नुम्विसर्जनीयशर्व्यवायेऽपि। એ સૂત્રમાં વિસર્ગનું ગ્રહણ કરવું નહી પડે. તો પછી એ સૂત્રમાં नुम् નું ગ્રહણ ન કરે તો પણ ચાલી શકે. પરન્તુ सर्पींषि , धनूंषि વગેરે કેવી રીતે (થશે) ? અનુસ્વાર કરવામાં આવે તો (અનુસ્વારનો शर् માં જ સમાવેશ થતો હોવાથી ) 'शर् નું વ્યવધાન હોય તો (પણ)' એટલું જ કહેવાથી રૂપ સિદ્ધ થઇ શકશે. नुम् નું ગ્રહણ અવશ્ય કરવું પડશે. नुम् ગ્રહણ તો અનુસ્વારનું વિશેષણ થશે. તેથી नुम् નો જે અનુસ્વાર થયો હોય (તેનું વ્યવધાન હોય તો પણ षत्व) થાય, (પણ) અહીં पुंसु માં षत्व ન થાય.[139] અથવા તો અવિશિષ્ટ રીતે ઉપદેશ કરવો જોઇએ.[140] શા માટે ?

---

કરવાથી તે અનિવાર્ય રીતે झल् પણ થાય છે. પરંતુ ભાષ્યકાર આ પ્રમાણે માનતા નથી. તેમને મતે અહીં द-કાર ઉપાન્ત્ય છે. જ્યારે उब्जिता વગેરે રૂપો भुजन्युब्जौ पाण्युपतापयोः। એ સૂત્રમાં નિપાતન કર્યું છે અને તેમાં ब- કારનું ઉચ્ચારણ કર્યું છે તેથી સિદ્ધ થશે, કારણ કે તે ઉપરથી સૂચવાય છે કે उब्ज् ના द् નો भ् કે ब् થાય છે (भ उद्जेः।).

[136] એ સૂત્રમાં चजोः कु घिण्यतोः। (૭-૩-૫૨) માંથી चजोः અને न क्वादेः। (૭-૩-૫૯) માંથી न ની અનુવૃત્તિ થાય છે તેથી નિપાતન વ્દારા સૂચવાય છે કે उब्ज आर्जवे ધાતુને उपनिपात (રોગ) ના અર્થમાં (न्युब्जिताः शेरतेऽस्मिन्निति न्युब्जः।) ઘઞ્ લાગે ત્યારે कुत्व થતું નથી. પરંતુ તે સિવાયના અર્થમાં થશે, જેમ કે समुद्गः અહીં ઘઞ્ પર થતાં चजोः कु० પ્રમાણે ज् નો ग् થયો છે.

[137] सम् उद् गम् ધાતુને अन्येष्वपि दृश्यते। પ્રમાણે ड લાગે છે અને टेः। પ્રમાણે टि (अम्) નો લોપ થઇને समुद्गः થાય છે તે પ્રમાણે अभ्युद्गः થાય છે.

[138] પ્રયોજન વાર્તિક (૭) માંના जश्भाव એ પદને સ્પષ્ટ કર્યું. હવે षत्व એ પદનું વ્યાખ્યાન કરે છે.

[139] અનુસ્વારનો शर् પ્રત્યાહારમાં સમાવેશ થવાથી તેનું વ્યવધાન હોય તો પણ षत्व થશે તેથી સૂત્રમાં જે नुम् શબ્દ મૂક્યો છે તે વ્દારા નિયમ સૂચવાય છે કે नुम् નો અનુસ્વાર થયો હોય તેનું વ્યવધાન હોય તો પણ (नुम्व्यवायेऽपि।) स् નો ष् થાય ,જેમ કે सर्पींषि . અહીં नपुंसकस्य झलचः। પ્રમાણે થએલ नुम् આગમનો અનુસ્વાર થયો છે તેથી षत्व થઇને ઇષ્ટ રૂપ પ્રાપ્ત થયું છે, પરંતુ બીજે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવિશિષ્ટ રીતે ઉપદેશ કરવાથી સંયોગસંજ્ઞા, ઉપધાસંજ્ઞા **अलोऽन्त्य** વિધિ અને દ્વિર્વચન વિધિ સિદ્ધ થઇ શકશે, તેમજ સ્થાનિવદ્-ભાવનો પ્રતિષેધ થઇ શકે ॥ ૮ ॥

સંયોગસંજ્ઞા થઇ શકે એ અવિશિષ્ટ રીતે ઉપદેશ કરવાનું પ્રયોજન છે. જેમ કે ऊ ३ ब्जक માં **हलोऽनन्तराःसंयोगः** એ સૂત્ર દ્વારા સંયોગ સંજ્ઞા થશે.'**संयोगे गुरुः** । એ સૂત્ર દ્વારા ગુરુ સંજ્ઞા થશે. ' **गुरोरनृतः** . વગેરે પ્રમાણે પ્લુત થશે.[141]ઉપધા સંજ્ઞા થઇ શકે તે પણ પ્રયોજન છે. दुष्कृतम् निष्कृतम् । दुष्पीतम् , निष्पीतम् , વગેરેમાં दुः ના ઉ-કારને અને निः ના इ-કાર ને ઉપધા સંજ્ઞા થતાં

**चाप्रत्ययस्य । इति षत्वं सिद्धं भवति । नैतदस्ति प्रयोजनम् । नेदुदुपधग्रहणेन विसर्जनीयो विशेष्यते । किं तर्हि । सकारो विशेष्यते । इदुपधस्य सकारस्य यो विसर्जनीय इति । अथवोपधाग्रहणं न करिष्यत इदुद्भ्यां तु परं विसर्जनीयं विशेषयिष्यामः । इदेद्भ्यामुत्तरस्य विसर्जनीयस्येति ॥ अलोऽन्त्यविधिः प्रयोजनम् । वृक्षस्तरति प्लक्षस्तरति । अलोऽन्त्यस्य विधयो भवन्तीत्यलोऽन्त्यस्य सत्वं भवति । एतदपि नास्ति प्रयोजनम् । निर्दिश्यमानस्यादेशा भवन्तीति विसर्जनीयस्यैव भविष्यति ॥ द्विर्वचनं प्रयोजनम् । उरःकः उरःपः । अनचि च । अच उत्तरस्य यरो द्वे भवत इति द्विर्वचनं सिद्धं भवति ॥ स्थानिवद्भावप्रतिषेधश्च प्रयोजनम् । यथेह भवत्युरःकेण उरःपेणेत्यड्-व्यवाय इति णत्वमेवमिहापि स्थानिवद्भावात्प्राप्नोति व्यूढोरस्केन महोरस्केनेति । तत्रानल्विधाविति प्रतिषेधः सिद्धो भवति ॥**

**इदुदुपधस्य चाप्रत्ययस्य** । પ્રમાણે स् નો ष् સિદ્ધ થાય છે.[142] એ પ્રયોજન નથી, કારણ કે (સૂત્રમાં) હ્રસ્વ इ-કાર અને હ્રસ્વ उ-કારનું ગ્રહણ કર્યુ છે તે વિસર્ગનાં વિશેષણ નથી. તો પછી કોનાં છે ? स-કારનાં વિશેષણ છે. (તેથી) હ્રસ્વ इ અને હ્રસ્વ उ જેમાં ઉપાન્ત્ય હોય તેવા શબ્દના स-કારનો જે વિસર્ગ એમ (સમજાશે) અથવા (એ સૂત્રમાં) ઉપધાનું ગ્રહણ નહીં કરવામાં આવે. હ્રસ્વ इ અને હ્રસ્વ उ ને તેમની પછી આવતા વિસર્ગનું વિશેષણ ગણીશું, (તેથી) હ્રસ્વ इ અને હ્રસ્વ उ ની પછી આવતા વિસર્ગનો એમ (સમજાશે). अलोऽन्त्यविधि- અન્ત્ય વર્ણને કાર્ય થાય એ પણ (અવિશિષ્ટ રીતે અયોગવાહનો ઉપદેશ કરવાનું) પ્રયોજન છે.[143] એક વર્ણ (अल् )ને અનુલક્ષીને કહેવામાં આવેલું કાર્ય અન્ત્ય વર્ણને જ થાય છે એ વિધિ પ્રમાણે **वृक्षस्तरति । प्लक्षस्तरति** । માં

---

જ્યાં **नुम्** નો અનુસ્વાર થયો હોય તેનું વ્યવધાન થતાં **षत्व** નહીં થાય, જેમ કે **पुंसु** અહીં **मोऽनुस्वारः** । પ્રમાણે म् નો અનુસ્વાર થયો છે **नुम्** નો અનુસ્વાર નથી થયો, તેથી **षत्व** નથી થયું.

[140] અર્થાત્ વિશિષ્ટ પ્રયોજનને લક્ષમાં ન રાખતાં કોઇ ખાસ જગાએ નહીં પણ જરૂર હોય ત્યાં અયોગવાહનો ઉપદેશ કરવો જોઇએ.

[141] વાર્તિકકારના મતે उब्जू માં ઉપધ્માનીય છે તેની જો हल् સંજ્ઞા ન થાય તો ૠજ ની સંયોગ સંજ્ઞા ન થઇ શકે. **जश्त्व** થયા પછી પણ સંયોગ સંજ્ઞા ન થઇ શકે કારણ કે **जश्त्व** અસિદ્ધ છે. આથી **संयोगे गुरु** । પ્રમાણે ગુરુ સંજ્ઞા પણ ન થઇ શકે તેથી **गुरोरनृतः०** પ્રમાણે પ્લુત થઇને उ ३ ब्जक જેવા પ્રયોગ પ્રાપ્ત ન થઇ શકે. તેથી हल् સંજ્ઞા અવિશિષ્ટ રીતે અયોગવાહોને મૂકવા માટેનું પ્રયોજન છે.

[142] **इदुदुपधस्य चाप्रत्यस्य** । इ કે उ જેમાં ઉપધા હોય તેવો શબ્દ જો પ્રત્યય ન હોય તો તેના स् નો જે વિસર્ગ થાય છે તેનો **क** વર્ગ અને **प** વર્ગના વર્ણ પૂર્વે ष् થાય છે, જેમ કે **दुस्** कृतम् - दुष्कृतम् । **निष्कृतम्** વગેરે અહીં **दुस्** વગેરેમાં स-કાર अल् હોવાથી उ , इ વગેરેની ઉપધા સંજ્ઞા થઇ શકે, કારણ કે અન્ત્ય अल् પૂર્વેનો વર્ણ उपधा કહેવાય છે.

[143] **अलोऽन्त्यस्य** । પ્રમાણે સૂત્રમાં ષષ્ઠી નિર્દેશ કરીને જે આદેશ કહ્યો હોય તે અન્ત્ય વર્ણને સ્થાને થાય છે એ નિયમ પ્રમાણે કાર્ય થઇ શકે તે માટે અયોગવાહનો ગમે ત્યાં ઉપદેશ કરવો જરૂરી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અન્ત્ય अल् (અયોગવાહ વિસર્ગ) નો स् આદેશ સિદ્ધ થાય છે.[144] એ પણ પ્રયોજન નથી, કારણ કે સૂત્રમાં જેનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તેના જ આદેશ થાય છે એ ન્યાયે વિસર્ગનો જ स् થશે, (કારણ કે **विसर्जनीयस्य सः।** એ સૂત્રમાં **विसर्जनीयस्य** એમ વિસર્ગનો સ્પષ્ટ નિર્દેશ છે). **द्विर्वचन-** દ્વિર્ભાવ પ્રયોજન છે. उरः कः। उरःपः માં **अनचि च।** પ્રમાણે સ્વરની પછી આવતા **यर्** (પ્રત્યાહારમાંના) વર્ણો બેવડાય છે એ પ્રમાણે દ્વિત્વ સિદ્ધ થાય છે.[145] સ્થાનિવદ્ભાવનો પ્રતિષેધ–એ પણ પ્રયોજન છે. જેથી **उरःकेण उरःपेण** માં (વિસર્ગરૂપી) **अट्** નું વ્યવધાન હોવા છતાં न् નો ण् થાય છે તેમ **व्यूढोरस्केन महोरस्केन** માં[146] સ્થાનિવદ્ભાવથી **णत्व** થવાનો પ્રસંગ આવે છે, ત્યાં **अनल्विधौ** (अल् ને અનુલક્ષીને કહેલા કાર્યમાં સ્થાનિવદ્ભાવ થતો નથી) એ નિયમ પ્રમાણે પ્રતિષેધ સિદ્ધ થાય છે.

**किं पुनरिमे वर्णा अर्थवन्त आहोस्विदनर्थकाः।**

**अर्थवन्तो वर्णा धातुप्रातिपदिकप्रत्ययनिपातानामेकवर्णानामर्थदर्शनात् ॥९॥**

**धातव एकवर्णा अर्थवन्तो दृश्यन्ते। एति अध्येति अधीत इति। प्रातिपदिकान्येकवर्णान्यर्थवन्ति। आभ्याम् एभिः एषु। प्रत्यया एकवर्णा अर्थवन्तः। औपगवः कापटवः। निपाता एकवर्णा अर्थवन्तः। अ अपेहि। इ इन्द्रं पश्य। उ उत्तिष्ठ। धातुप्रातिपदिकप्रत्यय-निपातनामेकवर्णानामर्थदर्शनान्मन्यामहेऽर्थवन्तो वर्णा इति॥**

**वर्णव्यत्यये चार्थान्तरगमनात् ॥१०॥**

**वर्णव्यत्यये चार्थान्तरगमनान्मन्यामहेऽर्थवन्तो वर्णा इति। कूपः सूपः यूप इति। कूप इति सककारेण कश्चिदर्थो गम्यते। सूप इति ककारापाये सकारोपजने चार्थान्तरं गम्यते। यूप इति ककारसकारापाये यकारोपजने चार्थान्तरं गम्यते। ते मन्यामहे यः कूपे कूपार्थः स ककारस्य यः सूपे सूपार्थः स सकारस्य यो यूपे यूपार्थः स यकारस्येति॥**

**वर्णानुपलब्धौ चानर्थगतेः ॥११॥**

તો હવે આ વર્ણો અર્થયુક્ત છે કે અર્થરહિત છે ?

વર્ણો અર્થયુક્ત છે, કારણ કે એક વર્ણવાળા હોવા છતાં ધાતુ, પ્રાતિપદિક, પ્રત્યય અને નિપાત અર્થયુક્ત જોવામાં આવે છે ॥૯॥

---

[144] અયોગવાહોનું માહેશ્વર સૂત્રોમાં ગમે ત્યાં ગ્રહણ કરવામાં આવે તો વિસર્ગનું **अल्** પ્રત્યાહાર દ્વારા ગ્રહણ થઈ શકે અને તેમ થાય તો **अलोऽन्त्य०** થી કરેલો નિયમ વિસર્ગને પણ લાગુ પડી શકે અને અન્ત્ય **अल्**-રૂપ વિસર્ગનો **स्** થઈને **वृक्षस्तरति** જેવાં ઉદાહરણ સિદ્ધ થઈ શકે. આમ અયોગવાહનો ગમે ત્યાં ઉપદેશ કરવો જરૂરી છે.

[145] અર્થાત્ વિસર્ગનો **यर्** માં સમાવેશ થાય તો તેનું દ્વિત્વ શક્ય બને. પરંતુ વિસર્ગ, જિહ્વામૂલીય વગેરેનું બે વાર ઉચ્ચારણ કરવામાં આવે તો પણ કોઈ ફેર પડતો નથી, વળી તે પ્રકારનું ઉચ્ચારણ કરવું પણ અશક્ય છે. તેથી વિસર્ગ વગેરેને આ સૂત્ર લાગુ પડી શકે તેટલા પૂરતો સંતોષ લઈ શકાય તે સિવાય કોઈ લાભ નથી.

[146] **अल्** પ્રત્યાહારમાંનો દરેક સભ્ય **अल्** તો છે જ. તેથી **अल्** માં ઉપદેશવામાં આવે તો વિસર્ગ પણ **अल्** થાય. **अट्** નું વ્યવધાન હોય તો પણ **न्** નો **ण्** થાય છે તે વિધિ **अल्** ને અનુલક્ષીને છે, કારણ કે **अट्** વર્ણો **अल्** છે. પરિણામે **अल्विधि** હોવાથી સ્થાનિવદ્-ભાવ નહીં થાય. તેથી **व्यूढोरस्केन** જેવાં ઉદાહરણોમાં **स्** એ સ્થાનિવદ્ભાવથી વિસર્ગ છે અને તેથી તેને **अट्** ગણીએ તો **अट्** નું વ્યવધાન હોવા છતાં **न्** નો **ण्** થવો જોઈએ છતાં નહીં થાય, કારણ કે અયોગવાહનો **अल्** માં સમાવેશ થાય તો **णत्व** એ **अल्विधि** થશે તેથી **अनल्विधौ।** એ પ્રતિષેધ લાગુ પડશે, જ્યારે **उरःकेण** વગેરેમાં વિસર્ગ પોતે જ છે (તેનો આદેશ નથી) તેથી **ण्** થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[147] एति अध्येति अधीते વગેરેમાં એક વર્ણવાળા (**इण् इक् इङ्** વગેરે) ધાતુઓ અર્થયુક્ત જોવામાં આવે છે, **आभ्याम् एभिः एषु** માં (**इदम्** ને સ્થાને થએલા **आ ए** વગેરે ) એક વર્ણના પ્રાતિપદિક અર્થયુક્ત (જોવામાં આવે છે ). **औपगवः कापटवः** વગેરેમાં (અપત્યાર્થક **अण्** જેવા) પ્રત્યયો અર્થયુક્ત (જોવામાં આવે છે). **अ अपेहि। इ इन्द्रं पश्य। उ उत्तिष्ठ।** વગેરેમાં એક વર્ણના નિપાત ( **अ इ उ** વગેરે) અર્થયુક્ત (છે , કારણ કે તે સંબોધનાર્થક છે).આમ એક વર્ણવાળા ધાતુ, પ્રાતિપદિક, પ્રત્યય અને નિપાત અર્થયુક્ત છે એ જોઇને અમે માનીએ છીએ કે વર્ણો અર્થયુક્ત છે.

વર્ણમાં અદલાબદલી થવાથી બીજો અર્થ સમજાય છે (તેથી વર્ણો અર્થયુક્ત છે) ॥૧૦॥

વળી વર્ણો અદલબદલ થવાથી જુદો અર્થ સમજાય છે તેથી વર્ણો અર્થયુક્ત છે તેમ અમે માનીએ છીએ.જેમ કે **कूपः सूपः यूपः।** **कूपः** એમ **क**-કાર સાથેના શબ્દમાંથી કોઇક અર્થ સમજાય છે, **सूपः** માં **क**-કાર કાઢી નાંખીને **स**-કાર ઉમેરવાથી જુદો અર્થ સમજાય છે, **यूपः** માં **क**-કાર અને **स**- કાર દૂર કરીને **य**-કાર ઉમેરવાથી જુદો જ અર્થ સમજાય છે, તેથી અમે માનીએ છીએ કે **कूप** શબ્દમાં જે કૂવો એ અર્થ છે તે **क**-કારનો છે, **सूप** શબ્દમાં જે સૂપ એ અર્થ છે તે **स**-કારનો છે અને **यूप** શબ્દમાં જે યૂપ (યજ્ઞસ્તંભ)નો અર્થ છે તે **य**-કારનો છે.

એક વર્ણની ઉપલબ્ધિ ન થાય તો મૂળ અર્થ સમજાતો નથી[148] તેથી વર્ણો અર્થયુક્ત છે ॥૧૧॥

**वर्णानुपलब्धौ चानर्थगतेर्मन्यामहेऽर्थवन्तो वर्णा इति। वृक्षः ऋक्षः। काण्डीरः आण्डीरः। वृक्ष इति सवकारेण कश्चिदर्थो गम्यत ऋक्ष इति वकारापाये सोऽर्थो न गम्यते। काण्डीर इति सककारेण कश्चिदर्थो गम्यत आण्डीर इति ककारापाये सोऽर्थो न गम्यते। किं तर्ह्युच्यतेऽनर्थगतेरिति॥ न साधीयो ह्यर्थस्य गतिर्भवति। एवं तर्हीदं पठितव्यं स्यात्। वर्णानुपलब्धौ चातदर्थगतेरिति। किमिदमतदर्थगतेरिति। तस्यार्थस्तदर्थः। तदर्थस्य गतिस्तदर्थगतिः। न तदर्थगतिरतदर्थगतिः। अतदर्थगतेरिति। अथवा सोऽर्थस्तदर्थः। तदर्थस्य गतिस्तदर्थगतिः। न तदर्थगतिरतदर्थगतिः। अतदर्थगतेरिति। स तर्हि तथा निर्देशः कर्तव्यः। न कर्तव्यः। उतरपदलोकेऽत्रद्रष्टव्य तद्यथा। उष्ट्रमुखमिव मुखमस्य। उष्ट्रमुखः। खरमुखमिव मुखमस्य। खरमुखः। एवमतदर्थगतेरनर्थगतेरिति॥**

એક વર્ણની ઉપલબ્ધિ નથાય (અર્થાત્ એક વર્ણ પણ ઓછો હોય) તો પણ અર્થ સમજાતો નથી તેથી વર્ણો અર્થયુક્ત છે એમ અમે માનીએ છીએ. **वृक्षः ऋक्षः काण्डीरः आण्डीरः** વગેરેમાં **वृक्षः** એ **व**-કાર સાથેના શબ્દથી અમુક અર્થ સમજાય છે પણ **ऋक्षः** એ શબ્દમાં **व**-કાર જતો રહેતાં એ અર્થ સમજાતો નથી. **काण्डीरः** એ **क**-કાર સાથેના શબ્દદ્વારા અમુક અર્થ સમજાય છે પણ **आण्डीरः** એ શબ્દમાં **क**-કારને દૂર કરતાં એ અર્થ સમજાતો નથી.તો પછી અર્થ નથી સમજાતો એમ કેમ કહ્યું ? કારણ કે અર્થ સારી રીતે સમજાતો નથી.[149] તો પછી **वर्णानुलब्धौ चातदर्थगतेः।** (અર્થાત્ એક વર્ણ ઉપલબ્ધ ન થાય તો તેનો અર્થ સમજાતો

---

[147] નિ.સા.(પૃ.૧૧૭) માં અહીં **अर्थवन्तो वर्णाः। कुतः ? धातुप्रातिपदिकप्रत्ययनिपातानामेकवर्णानामर्थदर्शनात्।** એટલો અધિક પાઠ છે.

[148] વાર્તિકકારે **अनर्थगतेः** શબ્દ પ્રયોજ્યો છે તેથી તો અર્થનો સંપૂર્ણ અભાવ સૂચવાય છે, એટલે કે ' **वृक्ष** જેવા શબ્દમાંથી **व**-કારને દૂર કરતાં કોઇ પણ પ્રકારનો અર્થ નથી સમજાતો' એમ અર્થ થાય છે.પરંતુ વાસ્તવમાં **वृक्ष** માંથી **व**-કાર દૂર કરવા છતાં બાકી રહેતા **ऋक्ष** શબ્દમાંથી રીંછ એ અર્થનો અવશ્ય બોધ થાય છે તેથી પ્રસ્તુત વાર્તિકમાં **अनर्थगतेः** એમ કહેવાને બદલે **अतदर्थावगतेः** એમ કહેવું જોઇએ, જેથી કોઇ પણ પ્રકારની ગેરસમજ ન થાય .વાસ્તવમાં વર્ણ જતો રહેતાં મૂળ અર્થ સમજાતો નથી એમ વાર્તિકકાર કહેવા માગે છે.

[149] અમુક અગત્યના કામ માટે દેવદત્તને મોકલનારને કોઇ કહે, ' દેવદત્તને મોકલ્યાનો કોઇ અર્થ નથી, કારણ કે એ કામ કરી નહી શકે.' ત્યારે જવાબમાં સાંભળનાર વ્યક્તિ કહે,' દેવદત્ત જ ભલે જાય તે સારી રીતે કામ કરશે.' તો અહીં 'કામ નહીં કરી શકે' નો અર્થ 'બરોબર નહીં કરી શકે' એમ થયો. તે જ રીતે **अनर्थगतेः** અર્થાત્ અર્થ નથી સમજાતો એ શબ્દોનો અર્થ, 'અર્થ બરોબર નથી સમજાતો' એમ કરી શકાશે. ભર્તૃ. સૂચવે છે કે આવો પ્રયોગ ઉપર જણાવેલ દૃષ્ટાન્ત સમી વાચોયુક્તિ છે, ભાષાનો વિશિષ્ટ પ્રયોગ છે. અહીં (ઉ.) નોંધે છે **अनर्थगतेः** માં જે **नञ्** છે તેના ઉપર કાકુ છે. એ કાકુનું **न साधीयः** વગેરે શબ્દો વ્દારા સ્પષ્ટીકરણ કર્યુ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી)' એમ પાઠ કરવો જોઇએ. પણ **अतदर्थगतेः** (તેનો અર્થ સમજાતો નથી) એટલે શું ? તેનો અર્થ તે **तदर्थः**[150] તેના અર્થનું જ્ઞાન થવું તે **तदर्थगतिः** તેથી જે વિરુદ્ધ તે **अतदर्थगतिः**, તેથી **अतदर्थगतेः** એટલે કે તેનો અર્થ સમજાતો નથી તેથી. અથવા તો **सः अर्थः** (તે અર્થ એટલે) **तदर्थः। तदर्थस्य गतिः** (તે અર્થનું જ્ઞાન થવું તે) **तदर्थगतिः** (તેથી વિરુદ્ધ) **न तदर्थगतिः** (એટલે તે અર્થ ન સમજાવો) તે **अतदर्थगतिः** તેથી **अतदर्थगतेः** અર્થાત્ તે અર્થ ન સમજાવાથી. તો પછી તેનો નિર્દેશ કરવો જોઇએ. કરવાની જરૂર નથી.(કારણ કે)

અહીં ઉત્તરપદનો લોપ થાય છે તેમ જાણવું, જેમ કે ઊંટના મુખ જેવું મુખ જેનું હોય તે **उष्ट्रमुखः**,[151] ગધેડાના મુખ જેવું મુખ જેનું હોય તે **खरमुखः** તે રીતે **अतदर्थगतेः (अतस्य अर्थगतेः)** એટલે **अनर्थगतेः** (એમ ઉત્તરપદનો લોપ થયો છે તેમ જાણવું).

**संघातार्थत्त्वाच्च ॥१२॥**

**संघातार्थत्त्वाच्च मन्यामहेऽर्थन्तो वर्णा इति। येषां संघाता अर्थवन्तोऽवयवा अपि तेषामर्थवन्तः। येषां पुनरवयवा अनर्थकाः समुदाया अपि तेषामनर्थकाः। तद्यथा। एकश्चक्षष्मिान्दर्शने समर्थस्तत्समुदायश्च शतमपि समर्थम्। एकश्च तिलस्तैलदाने समर्थस्तत्समुदायश्च खार्यपि समर्था। येषां पुनरवयवा अनर्थकाः समुदाया अपि तेषामनर्थकाः। तद्यथा। एकोऽन्धो दर्शनेऽसमर्थस्तत्समुदायश्च शतमप्यसमर्थम्। एका च सिकता तैलदानेऽसमर्था तत्समुदायश्च खारीशतमप्यसमर्थम्॥ यदि तर्हीमे वार्णा अर्थवन्तोऽर्थवत्कृतानि प्राप्नुवन्ति। कानि। अर्थवत्प्रातिपदिम्। इति प्रातिपदिकसंज्ञा। प्रातिपदिकात् इति। स्वाद्युत्पत्तिः। सुबन्तं पदम्। इति पदसंज्ञा। तत्र को दोषः। पदस्येति नलोपादीनि प्राप्नुवन्ति। धनम् वनमिति।**

**संघातस्यैकार्थ्यात्सुबभावो वर्णात् ॥१३॥**

વર્ણસમૂહ અર્થયુક્ત હોય છે તેથી (વર્ણો અર્થયુક્ત છે **॥૧૨॥**

વર્ણોના સમૂહ અર્થયુક્ત હોય છે તેથી અમે માનીએ છીએ કે વર્ણો અર્થયુક્ત છે. જેમનો સમૂહ અર્થયુક્ત હોય તેમના અવયવો પણ અર્થયુક્ત હોય પરંતુ જેમના અવયવ અર્થયુક્ત ન હોય તેમનો સમૂહ પણ અર્થયુક્ત હોતા નથી. જેવી રીતે એક દેખતો માણસ જોવાને શક્તિમાન હોય તેમ તેવા સો જણાનો સમૂહ પણ જોઇ શકવાને સમર્થ હોય છે. વળી એક તલ તેલ આપવાની શક્તિવાળો હોય તો તેના સમૂહભૂત એક ખાંડી તલ પણ તેલ આપવાને શક્તિમાન હોય છે. પરંતુ જેમના અવયવ અર્થરહિત હોય તેમનો સમુદાય પણ અર્થહીન હોય. જેવી રીતે એક અંધ જોવાને શક્તિમાન ન હોય તેમ તેમનો સોનો સમૂહ પણ જોવા શક્તિમાન હોતો નથી.વળી રેતીનો એક કણ તેલ આપવા શક્તિમાન નથી હોતો તેમ તેમના સમુદાયભૂત સો ખાંડી રેતી પણ તેલ આપવા શક્તિ-

---

[150] **तदर्थः** માં જે **तद्** સર્વનામ છે તે કોને બદલે પ્રયોજાયું છે તે અહીં બે રીતે સ્પષ્ટ કર્યુ છે : (૧) **तद्** એટલે **सः (शब्दः)**, જેમ કે **वृक्षः** અથવા (૨) **तद्** એટલે **सः (अर्थः)**, જેમ કે **वृक्ष** શબ્દનો અર્થ (એટલે કે ઝાડ). પ્રથમ ખુલાસા પ્રમાણે **तदर्थः** એ [**तस्य (शब्दस्य) अर्थः।**] એમ ષષ્ઠી સમાસ થશે જ્યારે બીજા સ્પષ્ટીકરણ પ્રમાણે તે (**सः अर्थः।**) એમ કર્મધારય સમાસ થશે. આથી **अतदर्थगतेः** નો બે રીતે અર્થ થશે: (૧) તે (વૃક્ષાદિ) શબ્દના અર્થનો બોધ નથી થતો તેથી, અથવા (૨) તે (ઝાડ વગેરે) અર્થનો બોધ થતો નથી તેથી.

[151] **उष्ट्रमुखः** સમાસ **उष्ट्रमिव मुखमस्य।** એ અર્થમાં પ્રયોજાય છે. અહીં **उष्ट्रः मुखमस्य** એમ વિગ્રહ થશે.પરંતુ એક પ્રાણી બીજા પ્રાણીનું મુખ ન લેઇ શકે તેથી બીજો **मुख** શબ્દ પ્રયોજ્યો નથી છતાં સંદર્ભ ઉપરથી સમજાય છે કે વિશિષ્ટ અવયવના અર્થમાં પ્રયોજાયલો **उष्ट्र** શબ્દ સાદૃશ્યને કારણે **मुख** નું વિશેષણ થશે (એટલે કે **उष्ट्र** શબ્દ **उष्ट्रस्य मुखम्** એ અર્થ દર્શાવશે), તેથી **उष्ट्रमुखः** એ સમાસનો **उष्ट्रमुखमिव मुखमस्य।** એમ થઇ શકશે. તે જ પ્રમાણે અહીં **अनर्थगतेः** માં પણ **अर्थ** શબ્દ સામાન્ય રીતે અર્થ નહીં પણ વિશિષ્ટ (વૃક્ષાદિ) અર્થ બતાવે છે, તેથી **अनर्थगतेः** એટલે કોઇ પણ અર્થ નથી સમજાતો એમ ન લેતાં , ઝાડ વગેરે પ્રકૃત અર્થ નથી સમજાતો એમ સમજવાનું છે. અહીં **उष्ट्रमुखः** સમાસમાં **सप्तम्युमानपूर्वपदस्योत्तरपदलोपश्च वक्तव्यः।** એ વાર્તિક પ્રમાણે ઉપમાનભૂત પૂર્વપદમાંથી ઉત્તરપદ **मुख** નો લોપ થયો છે, પરંતુ **तदर्थः** માં **तद्** શબ્દ ઉત્તરપદ નથી તેથી તેનો લોપ કેવી રીતે થઇ શકે એ પ્રશ્ન છે. વળી કેટલાક **तद्** નો **नञ्** સમાસ કરીને **न सः असः। असश्चासावर्थश्चेति अनर्थः।** વગેરે વિગ્રહ કરે છે તેથી અહીં લક્ષણાનો આધાર લેવાનો છે (ઉ.). કેટલાકના મતે ભાષ્યમાં **अतदर्थगतेः** એ અર્થકથન રૂપ છે વિગ્રહરૂપે નથી (છા.).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માન નથી. જો આ વર્ણો અર્થયુક્ત હોય તો પછી અર્થયુક્ત હોય તેવાને લાગુ પડતા નિયમો પણ તેમને લાગુ પડશે.કયા (નિયમો)? **अर्थवत्प्रातिपदिकम्** । પ્રમાણે પ્રાતિપદિક સંજ્ઞા, **प्रातिपदिकात्** । પ્રમાણે વિભક્તિના પ્રત્યયો અને **सुबन्तं पदम्** । પ્રમાણે **पद** સંજ્ઞા લાગુ પડશે.[152] તેમાં શો વાંધો છે ? **धनम्** ,**वनम्** વગેરેમાં[153] **(प्रातिपदिकस्य) पदस्य** ।પ્રમાણે **न्** નો લોપ થવાના પ્રસંગ આવશે.

(વર્ણ) સમુદાયનો એક અર્થ હોય છે તેથી વર્ણ પછી વિભક્તિના પ્રત્યયો નહીં લાગે[154] ॥૧૩।
**संघातस्यैकत्वमर्थस्तेन वर्णात्सुबुत्पत्तिर्न भविष्यति ॥**

**अनर्थकास्तु प्रतिवर्णमर्थानुपलब्धेः ॥१४॥**

**अनर्थकास्तु वर्णाः । कुतः । प्रतिवर्णमर्थानुपलब्धेः । न हि प्रतिवर्णमर्था उपलभ्यन्ते । किमिदं प्रतिवर्णमिति । वर्णं वर्णं प्रति प्रतिवर्णम् ॥**

**वर्णव्यत्ययापायोपजनविकारेष्वर्थदर्शनात् ॥१५॥**

**वर्णव्यत्ययापायोपजनविकारेष्वर्थदर्शनान्मन्यामहेऽनर्थका वर्णा इति । वर्णव्यत्ये । कृतेस्तर्कुः । कसेः सिकता । हिंसेः सिंहः । वर्णव्यत्ययो नार्थव्यत्ययः ॥ अपायो लोपः । हतः घ्नन्ति घ्नन्तु अघ्नन् । वर्णापाय नार्थापायः ॥ उपजन**

વર્ણસમુદાયનો એક અર્થ હોય છે તેથી (પ્રત્યેક) વર્ણની વિભક્તિના પ્રત્યયો લાગશે નહીં.
(વર્ણો) તો અર્થરહિત (હોય છે), [155] કારણ કે દરેક વર્ણનો અર્થ થતો નથી ॥૧૪॥

---

[152] અર્થયુક્ત હોય (**भू** , **कृ** વગેરેની જેમ ધાતુ ન હોય, (**सु** , **ति** વગેરેની જેમ) પ્રત્યય ન હોય તથા (**रामः**, **भवति** વગેરેની જેમ) પ્રત્યયાન્ત પણ ન હોય તેને પ્રાતિપદિક કહેવામાં આવે છે. હવે જો વર્ણ અર્થયુક્ત હોય તો તે ધાતુ, પ્રત્યય કે પ્રત્યયાન્ત નથી તેથી **अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम्** । એ વ્યાખ્યા પ્રમાણે પ્રાતિપદિક થવાનો પ્રસંગ આવશે. વર્ણો પ્રાતિપદિક છે તેમ સ્વીકારવામાં આવે તો તેને **ङ्याप्प्रातिपदिकात्** । પ્રમાણે **सु** વગેરે પ્રત્યય લાગવાનો પ્રસંગ આવશે અને તેમ થાય તો તે **सुबन्त** થવાથી તેને **सुप्तिङन्तं पदम्** । પ્રમાણે **पद** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. એમ અહીં દલીલ છે.

[153] ઉપર કહ્યા પ્રમાણે **पद** સંજ્ઞા થાય તો **नलोपः प्रातिपदिकान्तस्य** । પ્રમાણે 'પ્રાતિપદિક પદનો જે અન્ત્ય **न्** હોય તેનો લોપ થાય છે' એ નિયમ અનુસાર જેમ **राजन्** ના અન્ત્ય **न**-કારનો લોપ થઇને **राजभ्याम्** વગેરે રૂપો થાય છે તેમ **धनम्** , **वनम्** વગેરેમાંના **न**-કારની પદ સંજ્ઞા થવાથી તેનો લોપ થવાનો પ્રસંગ આવશે. **नलोपः प्राति०** । (૮-૧-૭) એ સૂત્ર **पदस्य** । (૮-૧-૧૬)એ અધિકાર નીચેનું છે તેથી ભાષ્યમાં માત્ર **पदस्य** । એમ કહ્યું છે કારણ કે તેમાં **पदस्य** ની અનુવૃત્તિ થાય છે.

[154] સંખ્યા પ્રકૃતિના અર્થમાં જ રહેલી છે અને તેનો બોધ પ્રકૃતિ દ્વારા જ થાય છે. વિભક્તિ તો માત્ર પ્રકૃતિમાં રહેલ સંખ્યાની દ્યોતક છે. જેમ પ્રદીપ પદાર્થનો દ્યોતક છે, પરંતુ પદાર્થ તેમાં રહેલો નથી હોતો તે રીતે વિભક્તિ સંખ્યાની માત્ર દ્યોતક છે તેમાં સંખ્યાનો અર્થ રહેલો નથી. વળી સંખ્યા વર્ણસમુદાયનો અર્થ છે, વર્ણોનો અર્થ નથી તેથી વર્ણોને વિભક્તિના પ્રત્યય લાગતા નથી. આથી વર્ણોની પદ સંજ્ઞા થવાનો પ્રસંગ પણ નહીં આવે. અર્થનો બોધ થાય તે માટે જે (વર્ણસમુદાયભૂત પ્રાતિપદિક) ને વિભક્તિ લાગે તેની પદ સંજ્ઞા થાય છે, પરંતુ વર્ણોની પદ સંજ્ઞા નહીં થાય. દા.ત.**कमल** શબ્દનો પુષ્પવિશેષ એમ જે અર્થ થાય છે તે તેમાંના વ્યક્તિગત વર્ણોનો અર્થ નથી પણ તેમના સંઘાતનો છે અને તે અર્થ **सु** વગેરે પ્રત્યયોને કારણે નથી થતો. તેથી અવયવભૂત વર્ણોને **सु** વગેરે પ્રત્યયો લગાડવાની જરૂર નથી.

[155] અનુમાનનો આધાર લઇને વર્ણોની અર્થવત્તા સિદ્ધ કરી, હવે તે મતનો પ્રત્યક્ષને આધારે દોષ બતાવે છે. અનુમાન દ્વારા પણ વર્ણોની અર્થવત્તા સિદ્ધ થતી નથી, કારણ કે **क्ष** એ વર્ણમાં ઝાડનો અર્થ જોવામાં આવતો નથી. **दश दाडिमानि षडपूपाः** વગેરે શબ્દ સમૂહની જેમ પ્રત્યક્ષ અને અનુમાન દ્વારા સિદ્ધ થાય છે કે વર્ણો અનર્થક છે. અહીં એકાક્ષરી ધાતુ, પ્રાતિપદિક, પ્રત્યય વગેરેમાં રહેલ વર્ણો સિવાયના વર્ણોને લક્ષમાં રાખીને વર્ણો અનર્થક છે તેમ કહ્યું છે. જો બધા જ વર્ણો અર્થરહિત છે એમ અવિશિષ્ટ રીતે કહેવામાં આવે તો હેતુ તેટલે અંશે અસિદ્ધ થશે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરંતુ વર્ણો અર્થરહિત છે. શાથી ? કારણ કે દરેક વર્ણનો (**प्रतिवर्णम्**) અર્થ થતો નથી અર્થાત્ દરેક વર્ણનો ભિન્ન અર્થપ્રાપ્ત થતો નથી. આ **प्रतिवर्णम्** એ વળી શું છે ? પ્રત્યેક વર્ણનો એટલે પ્રતિવર્ણ.

વર્ણોનો વ્યત્યય,[156] લોપ, આગમ અને આદેશ થવા છતાં એ જ અર્થ સમજાય છે તેથી (વર્ણો નિરર્થક છે) **॥૧૫॥**

વર્ણોનો ક્રમ બદલવામાં આવે (વર્ણવ્યત્યય), વર્ણનો લોપ થાય (વર્ણલોપ), વર્ણ ઉમેરવામાં આવ્યો હોય (વર્ણોપજન) અથવા એક વર્ણને સ્થાને બીજો વર્ણ (વર્ણવિકાર એટલે કે આદેશ) મૂકવામાં આવ્યો હોય (છતાં મૂળ અર્થ સમજાય છે તેથી વર્ણો (પોતે) અર્થ-રહિત છે, એમ અમે માનીએ છીએ.**વર્ણવ્યત્યય--कृत्** ધાતુ ઉપરથી **तर्कुः** (કાતર), **कस्** ધાતુ ઉપરથી **सिकताः** (રેતી), **हिंस्** ધાતુ ઉપરથી **सिंहः** (સિંહ), વગેરેમાં વર્ણવ્યત્યય થયો છે છતાં અર્થનો વ્યત્યય (ફેર) થયો નથી.[157] **અપાય** અર્થાત્ લોપ -**हतः घ्नन्ति घ्नन्तु अघ्नन्** વગેરેમાં (પ્રથમમાં **न्** નો અને બાકીનામાં વર્ણનો લોપ થયો છે, પરંતુ અર્થલોપ નથી થયો..**ઉપજન**

**आगमः। लविता लवितुम्। वर्णोपजनः नार्थोपजनः॥ विकार आदेशः। घातयति घातकः। वर्णविकारो नार्थविकारः॥ यथैव हि वर्णव्यत्ययापायोपजनविकारा भवन्ति तद्वदर्थव्यत्ययापायोपजनविकारैर्भवितव्यम्। न चेह तद्वत्। अतो मन्यामहेऽनर्थका वर्णा इति॥ उभयमिदं वर्णेषूक्तम्। अर्थवन्तोऽनर्थका इति च। किमत्र न्याय्यम्। उभयमित्याह। कुतः। स्वभावतः। तद्यथा। समानमीहमानानाम -धीयानानां च केचिदर्थैर्युज्यन्तेऽपरे न। न चेदानी कश्चिदर्थवानिति कृत्वा सर्वैरर्थवद्भिः शक्यं भवितुं कश्चिद्वानर्थक इति कृत्वा सर्वैरन-र्थकैः। तत्र किमस्माभिः शक्यं कर्तुम्। यद्धातुप्रत्ययप्रातिपदिकनिपाता एकवर्णा अर्थवन्तोऽतोऽन्येऽनर्थका इति स्वााविकमेतत्॥ कथं य एष भवता वर्णानामर्थवत्तायां हेतुरुपदिष्टोऽर्थवन्तो वर्णा धातुप्रातिपदिकप्रत्ययनिपातानामेकवर्णानामर्थदर्शनाद्वर्णव्यत्यये चार्थान्त -रगमनाद्वर्णानुपलब्धौ चानर्थगतेः संघातार्थत्त्वाच्चेति संघातान्तराण्येवंजातीयकान्यर्थान्तरषु वर्तन्ते। कूपः सूपः यूप इति। यदि हि वर्णव्यत्ययकृतमर्थान्तरगमनं स्याद्भूयिष्ठः कूपार्थः सूपे स्यात्सूपार्थश्च कूपे कूपार्थश्च यूपे यूपार्थश्च कूपे सूपार्थश्च यूपे यूपार्थश्च सूपे। यतस्तु खलु न कश्चित्कूपस्य वा सूपे सूपस्य वा कूपे कूपस्य वा यूपे यूपस्य वा कूपे सूपस्य वा यूपे यूपस्य वा सूपे ऽतो मन्यामहे संघातान्तराण्यवैतान्येवंजातीयकान्यर्थान्तरेषु वर्तन्त इति।**

અર્થાત્ આગમ--**लविता लवितुम्** વગેરેમાં (**इट्**) આગમ થયો છે પણ અર્થમાં વધારો થયો નથી.**વર્ણવિકાર** અર્થાત્ આદેશ વગેરેમાં (મૂળ **हन्- ह् अ न्**) ને સ્થાને બીજા (**घात- घ् आ त् अ**) વર્ણો મૂકવામાં આવ્યા છે પરંતુ અર્થમાં ફેર નથી થયો.જેવી રીતે વર્ણ વ્યત્યય, લોપ, આગમ અને આદેશ થાય છે તેમ અર્થમાં પણ વ્યત્યય, લોપ, વધારો અને ફેરફાર થવા જોઇએ પણ તેમ થતું નથી, તેથી અમે માનીએ છીએ કે વર્ણો અર્થરહિત છે.વર્ણો અર્થયુક્ત છે તેમ જ અર્થરહિત છે એમ બન્ને વાત વર્ણ વિશે કહી તો તેમાં યોગ્ય શું છે ? તો કહે છે બન્ને.[158] (તે) કેવી રીતે ? સ્વાભાવિક રીતે. જેવી રીતે સમાન વસ્તુની ઇચ્છા રાખીને અભ્યાસ કરનારામાંના

---

[156] પૂર્વે દલીલ કરી કે **वर्णव्यत्यये चार्थान्तरगमनात्। वर्णानुपलब्धौ चानर्थगतेः।** (વા.૧૦ -૧૧) વર્ણવ્યત્યય થાય તો બીજો અર્થ સમજાય છે તેથી (અને) વર્ણ ઉપલબ્ધ ન થાય તો અર્થ બોધ થતો નથી તેથી (વર્ણો અર્થવાન છે એ જે હેતુ દર્શાવ્યા તે વ્યભિચારી છે. આમ અર્થવત્તાને સિદ્ધ કરવા માટે દર્શાવેલ હેતુ ઉલટનો વર્ણોની અનર્થકતાને સિદ્ધ કરે છે.

[157] **कपिः पिकः, साक्षराः राक्षसाः** જેવામાં વર્ણયત્યય થતાં અર્થવ્યત્યય થાય છે પણ સર્વત્ર તેમ થતું નથી છતાં **तर्कु** વગેરેમાં અર્થવ્યત્યય નથી થતો તેથી ઉપર કહેલા હેતુનો વ્યભિચાર તો છે જ અને અહીં એક કે બે વર્ણનો વ્યત્યય છે એમ સમજવાનું છે. **अपाय** શબ્દનો શાસ્ત્રમાં પ્રસિદ્ધ અર્થ **लोप** છે. **उपजन - उप (समीपे) जायते (प्रादुर्भवति) इति** જે નજીકમાં ઉદ્ભવે તે અર્થાત્ આગમ.. **विकार** એટલે અન્યભાવ - બીજા સ્વરૂપમાં પરિણમવું. આમ વિકાર ભાવરૂપ છે તેથી **विकार** નો અર્થ આદેશ કર્યો છે. **सिंहः, घ्नन्ति , लविता , घातयति** એ સર્વમાં વ્યત્યયાદિ થવા છતાં મૂળ અર્થ સમજાય છે તેનાં ઉદાહરણ છે, કારણ કે તેમાં અર્થનો વ્યત્યય નથી થતો.

[158] વર્ણો અર્થયુક્ત છે અને અર્થરહિત છે એ બન્ને મત જો ન્યાય્ય હોય તો તેમાં વિષય વિભાગ કરવો જરૂરી છે.**एति , इत** વગેરેમાં જ્યાં અન્વય અને વ્યતિરેક દ્વારા વર્ણોની અર્થવત્તા સિદ્ધ કરી શકાય ત્યાં તેમને અર્થવાન ગણવા, પરંતુ જ્યાં તે રીતે તેમને અર્થયુક્ત કલ્પી ન શકાય, જેમ કે **कूप** વગેરેમાં. ત્યાં વર્ણોને નિરર્થક ગણવા, કારણ કે **कूप** વગેરેમાં સમુદાયમાં રહેલા વર્ણો અર્થ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેટલાકને અર્થસિદ્ધિ [159] થાય છે બીજાને નથી થતી તેમ હવે કોઇ એક (વર્ણ) અર્થયુક્ત હોય તેથી કરીને બધા જ (વર્ણો) અર્થવાળા હોય તે શક્ય નથી અથવા કોઇ એક (વર્ણ) અર્થહીન હોય માટે બધા જ (વર્ણો) અર્થહીન હોય (તે પણ શક્ય નથી). તેમાં આપણે શું કરી શકીએ? એ તો સ્વાભાવિક છે કે જે ધાતુ, પ્રાતિપદિક, પ્રત્યય અને નિપાત એક વર્ણના હોય તે અર્થયુક્ત છે તે સિવાયના (વર્ણ) અર્થરહિત . તો પછી વર્ણો અર્થયુક્ત હોવાની બાબતમાં આપે, ધાતુ, પ્રાતિપદિક, પ્રત્યય અને નિપાત એક વર્ણના હોય તો પણ અર્થયુક્ત જોવામાં આવે છે, વર્ણવ્યત્યય થાય ત્યારે જુદો અર્થ સમજાય છે, વર્ણલોપ થાય તો (મૂળ) અર્થ સમજાતો નથી, તેમ જ વર્ણસમુદાય અર્થયુક્ત હોય છે એમ કારણ દર્શાવ્યાં તે કેવી રીતે? **कूपः सूपः यूपः** એ તો ભિન્ન ભિન્ન અર્થ દર્શાવતા જુદા જુદા વર્ણસમુદાયો છે,[160] કારણ કે જો વર્ણના ફેરફારને કારણે જુદો અર્થ સમજાતો હોય તો **कूप** શબ્દનો મોટા ભાગનો અર્થ **सूप** માં હોત અને **सूप** નો અર્થ **कूप** માં, **कूप** નો અર્થ **यूप** માં અને **यूप** નો અર્થ **कूप** માં, **सूप** નો અર્થ **यूप** માં અને **यूप** નો અર્થ **सूप** માં હોત. પરંતુ **कूप** માં **सूप** નું કે **सूप** માં **कूप** નું , અથવા **कूप** નું **यूप** માં કે **यूप** નું **कूप** માં અથવા **सूप** નું **यूप** માં કે **सूप** નું માં કંઇ પણ નથી તેથી અમે માનીએ છીએ કે એ જુદા જુદા અર્થ બતાવનારા ભિન્ન ભિન્ન વર્ણસમુદાયો હોય છે.

**इदं खल्वपि भवता वर्णानामर्थवत्तां ब्रुवता साधीयोऽनर्थकत्वं द्योतितम्। यो हि मन्यते यः कूपे कूपार्थः स ककारस्य यः सूपे सूपार्थः स सकारस्य यो यूपे यूपार्थः स यकारस्येत्यूपशब्दस्तस्यानर्थकः स्यात्॥ तत्रेदमपरिहृतं संघातार्थत्त्वाच्चेति। एतस्यापि प्रातिपदिकसंज्ञायां परिहारं वक्ष्यति॥**

**अ इ उण् ऋ लृक् ए ओङ् ऐ औच्।**

**प्रत्याहारेऽनुबन्धानां कथमज्ग्रहणेषु न।**

**य एतेऽक्षु प्रत्याहारार्था अनुबन्धाः क्रियन्त एतेषामज्ग्रहणेषु ग्रहणं कस्मान्न भवति। किं च स्यात्। दधि णकारीयति मधु णकारीयतीतीको यणचि। इति यण् प्रसज्येत॥**

**आचारात्**

**किमिदमाचारादिति। आचार्याणामुपचारात् नैतेष्वाचार्या अच्कार्याणि कृतवन्तः॥**

વળી વર્ણો અર્થવાન છે એમ કહેતાં કહેતાં આપે વર્ણો અનર્થક છે એમ પણ સરસ રીતે સૂચવ્યું છે, કારણ કે જે માને છે કે **कूप** શબ્દમાં કૂવા રૂપી અર્થ છે તે **क**-કારનો છે, **सूप** માં સૂપ રૂપી અર્થ છે તે **स**-કારનો છે અને **यूप** માં સ્તંભ રૂપી અર્થ છે તે **य**-કારનો છે તેની દૃષ્ટિએ **ऊप** શબ્દ અર્થહીન થાય.

તેમ હોવા છતાં વર્ણસમુદાય અર્થવાન હોય છે તેથી (વર્ણો અર્થયુક્ત છે) એ હેતુનો પરિહાર કરવામાં આવ્યો નથી. એનો પરિહાર પણ પ્રાતિપદિક સંજ્ઞા[161] (ની ચર્ચા) માં (વાર્તિકકાર) કરશે.

**अइउण्। ऋलृक्। एओङ्। ऐऔच्।**

---

દર્શાવે છે અને તેમનું કાર્ય સિદ્ધ થાય છે તેથી ત્યાં **फलवत्सन्निधौ ०** એ ન્યાય અનુસાર તેમનો જુદો અર્થ કલ્પવાની જરૂર નથી.(**न कूपसूपयूपानामन्वयोऽर्थस्य विद्यते। ततोऽर्थान्तरवाचित्वं संघातस्यैव गम्यते॥** (વા.પ.બ્ર.કા.)

[159] અહીં **अर्थ** ઉપર શ્લેષ છે. **समानमिहमानानाम्** સાથે **अर्थ** એટલે સંપત્તિ, ધન અને **वर्ण** સાથે **अर्थ** એટલે માયનો, મતલબ.

[160] **कूपः , सूपः , यूपः** વગેરેમાં **ऊप** શબ્દ સમાન છે . જો વર્ણો અર્થયુક્ત હોય તો **ऊप** એ વર્ણસમુદાયનો અર્થ આ ત્રણે શબ્દોમાં ઊતરી આવે. પરંતુ તેમ જોવામાં આવતું નથી. તેથી **कूप , सूप** વગેરેમાં એક જ અર્થનો બોધ ન થતાં જે ભિન્ન અર્થ જોવામાં આવે છે તે વર્ણવ્યત્યય વગેરેને કારણે નહીં પરંતુ ભિન્ન વર્ણસમુદાયને પરિણામે થાય છે. એથી તો **ऊप** શબ્દનો કોઇ અર્થ નથી થતો એમ સ્વીકારવા બરોબર થાય છે.

[161] **अर्थवदधातु०** એ સૂત્ર ઉપરના ભાષ્યમાં **संघातार्थत्त्वात्।** એ દલીલનું ભાષ્યકારે આ રીતે ખંડન કર્યુ છે : **संघातार्थत्त्वाच्चेति चेद् दृष्टो ह्यतदर्थेन गुणेन गुणिनोऽर्थभावः।** અર્થાત્ જે કાર્યમાં અવયવ ઉપયોગી નથી થતો ત્યાં તેમનો સમુદાય ઉપયોગી થાય છે એમ જોવામાં આવે છે, દા.ત. ચક્ર, ધરી, ધૂંસરી જેવા રથના ભિન્ન ભિન્ન અવયવો સ્વતઃ ગમનક્રિયા કરવાને સમર્થ નથી, પરંતુ તેમના સમુદાય રૂપ રથ ગમનક્રિયા કરી શકે છે. તે જ રીતે સુરાના અંગભૂત વિવિધ ઘટકો માદક નથી હોતા પણ તેમનો સમુદાય મદજનક હોય છે. એ પ્રમાણે વર્ણસમુદાય પણ અર્થવાન છે, પરંતુ તેમાંનો પ્રત્યેક વર્ણ અનર્થક છે એમ જરૂર માની શકાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**(સૂત્રમાં) अच् પ્રત્યાહારનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે (તે સાથે ण्, क् વગેરે) અનુબન્ધોનું (ગ્રહણ કેમ નહીં) ?**

પ્રત્યાહાર બનાવવા માટે अच् (વર્ણો) ની વચમાં (ण् क् વગેરે) અનુબન્ધો કરવામાં આવ્યા છે તેમનું अच् (પ્રત્યાહાર જે સૂત્રમાં લેવામાં આવ્યો હોય ત્યારે કેમ ગ્રહણ નથી થતું ?[162] (ગ્રહણ કરવામાં આવે) તો શું થાય ? (તો) **दधि णकारयति । मधु णकारयति** વગેરેમાં **इको यणचि ।** પ્રમાણે (दधि ના इ નો અને मधु ના उ નો ) **यण्** (અનુક્રમે य् અને व्) થવાનો પ્રસંગ આવે.

**આચારને કારણે** (ગ્રહણ નહીં થાય).

આચારને કારણે એ વળી શું ? (આચારને કારણે એટલે) આચાર્યના વ્યવહાર ઉપરથી,[163] કારણ કે આચાર્યો अच् ને અનુલક્ષીને કરવાનાં કાર્યો અનુબન્ધોને કરતા નથી.

**अप्रधानत्वात्**

**अप्रधानत्वाच्च । न खल्वेतेषामक्षु प्राधान्येनोपदेशः क्रियते । क्व तर्हि । हल्षु । कुत एतत् । एषा ह्याचार्यस्य शैली लक्ष्यते यत्तुल्यजातीयांस्तुल्यजातीयेषूपदिशति । अचोऽक्षु हलो हल्षु ॥**

**लोपश्च बलवत्तरः ॥**

**અપ્રધાન છે[164] માટે (અનુબન્ધને ગણવામાં આવતા નથી).**

---

[162] સૂત્રોમાં **अच्** વગેરે પ્રત્યાહારનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે અનુબન્ધોનું ગ્રહણ કેમ નથી થતું અર્થાત્ **आदिरन्त्येन०** સૂત્ર અનુસાર **अच्** પ્રત્યાહાર બન્યો છે તેથી **अ**-કારથી માંડીને **च**-કાર સુધીના વર્ણોની **अच्** સંજ્ઞા થશે. તેમાં વચ્ચે **ण्**, **क्** , **ङ्** વગેરે અનુબન્ધો પણ આવેલા છે તેથી **इ, उ,** વગેરેની જેમ તેમની પણ **अच्** સંજ્ઞા થવી જોઇએ અને તેમ થાય તો **दधि णकारीयति** (दधि **ककारः** ) વગેરેમાં **इको यणचि ।** પ્રમાણે **यण्** થશે. તે જ રીતે : **अट्** પ્રત્યાહારમાં **च**-કારનું ગ્રહણ થવાથી **रुचीनाम्** વગેરેમાં **अट्** નું વ્યવધાન હોવા છતાં (**अड्कुप्वाङ्नुम्व्यवायेऽपि ।**) **न्** નો **ण्** થઇને **रुचीणाम्** જેવું અશુદ્ધ રૂપ થશે : **इण्** પ્રત્યાહારમાં **च**- કારનું ગ્રહણ થાય તો **रुचिध्वे** વગેરે રૂપોમાં **विभाषेटः ।** પ્રમાણે ध- કારનો મૂર્દ્ધન્યાદેશ ढ-કાર થઇને **रुचिढ्वे** રૂપ થવાનો પ્રસંગ આવશે.

[163] અહીં **आचार** એટલે સૂત્રકારે કરેલા નિર્દેશ. જેમ કે **उणादयो बहुलम् । तृषिमृषिकृशेः । ङसिङसोश्च ।** વગેરે સૂત્રો સૂત્રકારે કરેલા નિર્દેશો છે. તેમાં **उ, इ** અને **इ** પછી અનુક્રમે **ण्, क्** અને **ङ्** આવેલા છે છતાં સૂત્રકારે **यण्** કાર્ય કર્યું નથી તેથી સૂચવાય છે કે **ण्, क्** વગેરે અનુબન્ધો મધ્યમાં રહેલા હોવા છતાં તેમની **अच्** વગેરે સંજ્ઞા થતી નથી. ભર્તૃ.(પૃ.૧૦પં.૧૪) માં અહીં **यदेतेष्वच्कार्याणि न कृतवन्तः ।** એ પ્રમાણે પાઠ છે.

[164] **अण्** વગેરે સંજ્ઞાઓને પોતપોતાના વિશિષ્ટ સ્વરૂપમાં રજુ કરી શકાય તે માટે માહેશ્વર સૂત્રોમાં અનુબન્ધોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે. આમ અનુબન્ધો પરાર્થે છે, બીજાને માટે સ્વીકારવામાં આવ્યા છે તેથી અપ્રધાન- ગૌણ છે, પરંતુ **अ , इ** વગેરેનું ઉચ્ચારણ સ્વાર્થે છે - તે તે વર્ણનું ગ્રહણ થઇ શકે તે ખાતર કરવામાં આવ્યું છે માટે તે ગૌણ નથી, પ્રધાન છે. તેથી પ્રધાનતયા જેનું ઉપાદાન કરવામાં આવ્યું છે તે **अ**-કાર વગેરેને **अच्** સંજ્ઞા પ્રાપ્ત થશે, પરંતુ જેમનું ગૌણરીતે- અપ્રધાનતયા- અંગભૂત તરીકે ઉચ્ચારણ કરવામાં આવ્યું છે તે **ण्** વગેરે અનુબન્ધોની **अच्** સંજ્ઞા નહી થાય, કારણ કે જ્યારે સૂત્રમાં નિર્દેશેલું કાર્ય પ્રધાન અને અપ્રધાન બન્નેને લાગુ પડતું હોય ત્યારે તે કાર્ય પ્રધાનને જ થાય છે.(**प्रधाने कार्यसम्प्रत्ययः ।**) અહીં એક શંકા થઇ શકેઃ જેમ **च**-કાર **अच्** પ્રત્યાહારને સિદ્ધ કરવા માટે પ્રયોજાયો છે તેમ **अ**-કાર પણ તે માટે પ્રયોજાયો છે તેથી **अ**-કારની પણ **अच्** સંજ્ઞા ન થવી જોઇએ. પરંતુ **स्वं रूपं शब्दस्य०** એ સૂત્રમાંથી **स्वं रूपम्** એ શબ્દોની **आदिरन्त्येन०** સૂત્રમાં અનુવૃત્તિ થાય છે તેથી આદિ વર્ણની **अच्** સંજ્ઞા થશે, કારણ કે સર્વનામ (અહીં **स्व** ) પ્રધાનનો નિર્દેશ કરે છે, એવો નિયમ છે.(જુઓઃ **प्रधानाप्रधानसन्निधौ प्रधानमेव कार्याणां प्रयोजकम् ।प्र०)** વળી **आदिरन्त्येन सहेता ।** માં **इता** એમ જે તૃતીયામાં નિર્દેશ કર્યો છે તેથી **इत्** (અર્થાત્ અનુબન્ધ) અપ્રધાન સિદ્ધ થાય છે [જુઓ : **सहयुक्तेऽप्रधाने (तृतीया) ।**]. આથી પ્રત્યાહારમાં પ્રત્યક્ષ પ્રયોજાતા આદિ વર્ણ (**अ**- કાર) ની **अच्** સંજ્ઞા થશે પણ અનુબન્ધભૂત **च**-કારની નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વળી અપ્રધાન અર્થાત્ ગૌણ છે તેથી પણ તેમનો अच् (વર્ણો) સાથે મુખ્યતયા ઉપદેશ કરવામાં આવ્યો નથી. તો પછી (તેમનો મુખ્યતયા) ક્યાં (ઉપદેશ કરવામાં આવ્યો છે) ? हल् વર્ણો (અર્થાત્ વ્યંજનો) માં. એ શા ઉપરથી ? આચાર્યની આ વિશિષ્ટ શૈલી[165] જણાય છે કે તેઓ સમાન જાતના (વર્ણો) નો સમાન જાતવાળા (વર્ણો) માં ઉપદેશ કરે છે.–સ્વરોનો સ્વરો સાથે ,વ્યંજનોનો વ્યંજનો સાથે.

**ઉપરાંત લોપ[166] વધુ બળવાન છે.**

लोपः खल्वपि तावद्भवति ॥

**ऊकालोऽजिति वा योगस्तत्कालानां यथा भवेत्।**

**अचां ग्रहणमच्कार्यं तेनैषां न भविष्यति ॥**

अथवा योगविभागः करिष्यते। ऊकालोऽच्। उ ऊ ऊ३ इत्येवंकालोऽज्भवति। ततो ह्रस्वदीर्घप्लुतः। ह्रस्वदीर्घप्लुतसंज्ञश्चभ वत्यूकालोऽच् एवमपि कुक्कुट इत्यत्रापि प्राप्नोति। तस्मात्पूर्वोक्त एव परिहारः॥ एष एवार्थः। अपर आह।

**ह्रस्वादीनां वचनात्प्राग्यावत्तावदेव योगोऽस्तु।**

**अच्कार्याणि यथा स्युस्तत्कालेष्वक्षु कार्याणि ॥**

વળી (અનુબન્ધોનો) તો લોપ થાય છે.

**અથવા ऊकालोऽच्। એટલું જ સૂત્ર હોય તો તેના જેટલા (ઉચ્ચારણ) કાળવાળા अच् વર્ણોનું ગ્રહણ થાય તેથી अच् ને લગતું કાર્ય તેમને થશે એ (અનુબન્ધો) ને નહીં થાય.**

અથવા ऊकालोऽज्ह्रस्वदीर्घप्लुतः। એ સૂત્રના બે ભાગ કરવામાં આવશે. ऊकालोऽच्। અર્થાત્ उ , ऊ અને ऊ ३ ના ઉચ્ચારણ કાળ જેટલો ઉચ્ચારણ કાળ જેનો હોય તે સ્વર (अच्), પછી ह्रस्वदीर्घप्लुतः। એ ભાગ, અર્થાત્ उ , ऊ અને ऊ ३ ના ઉચ્ચારણ કાળ

---

[165] સૂત્રકારની શૈલી જ એવી છે, અર્થાત્ એકાગ્રતાપૂર્વકની પ્રવૃત્તિ એવી છે કે સમાન પ્રકારની વસ્તુને સાથે મૂકે છે. જેવી રીતે બ્રાહ્મણોને બ્રાહ્મણો સાથે જમાડવામાં આવે અને ક્ષત્રિયોને ક્ષત્રિયો સાથે, તેમ સૂત્રકાર अच् ને બધા अच् ની સાથે મૂકે છે, हल् ને બધા हल् ની સાથે મૂકે છે. તેથી अच् ની સાથે મૂકેલા ण-કારાદિ हल् પ્રધાન રૂપે મૂકવામાં નથી આવ્યા તેથી તેમને अच् સંજ્ઞા નહીં થાય. અહીં ભાષ્યકારે જે आचार्य શબ્દ પ્રયોજ્યો છે તે અનાદિ પુરુષ માટે પ્રયોજ્યો છે તેમ નાગેશ કહે છે, કારણ કે તેના મતે માહેશ્વર સૂત્રોના કર્તા પાણિનિ નથી.

[166] हलन्त्यम्। (૧-૧-૩) પ્રમાણે પહેલાં इत् સંજ્ઞા થાય છે પછી आदिरन्त्येन ०। પ્રમાણે ण-કાર વગેરેને अच् સંજ્ઞા તેમ જ तस्य लोपः। (૧-૧-૯) પ્રમાણે લોપ થવાનો પ્રસંગ આવે તેમાં લોપ પર છે, નિત્ય છે અને અન્તરંગ છે તેથી પૂર્વે થશે. પરિણામે ण-કાર વગેરે અનુબન્ધની अच् સંજ્ઞા થવાનો પ્રસંગ નહીં આવે, કારણ કે સંજ્ઞા થતાં પૂર્વે જ તેમનો લોપ થશે. પરંતુ अच् સંજ્ઞા થાય ત્યારે च-કાર તો હશે જ. તો તેની સંજ્ઞા કેમ ન થાય ? એમ શંકા થઇ શકે. अच् પ્રત્યાહારને સિદ્ધ કરવા માટે च-કાર જરૂરી છે, પરંતુ પ્રત્યાહાર સિદ્ધ થતાં જ તેનો લોપ થતો હોવાથી તેની પણ अच् સંજ્ઞા નહીં થાય. અથવા તો પૂર્વે च् અનુબન્ધનો લોપ થાય છે અને એ ભૂતપૂર્વ च-કાર સાથે आदिरन्त्येन० પ્રમાણે સંજ્ઞા સિદ્ધિ થશે. આમ અનુબન્ધને अच् વગેરે સંજ્ઞા નહીં થાય, કારણ કે સંજ્ઞા કરતાં લોપ બળવાન છે. અહીં बलवत्तरः માં तरप् પ્રત્યય સ્વાર્થે પ્રયોજ્યો છે, अल्पाच्तर ની જેમ. ભાષ્યકારે अलोपः खल्वपि तावद्भवति। એમ કહીને સૂચવ્યું છે કે સર્વ સંજ્ઞાઓની પૂર્વે સૌથી પહેલો લોપ થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેટલો ઉચ્ચારણ કાળ જેનો હોય તે સ્વર ( **अच्** ) અનુક્રમે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત હોય છે.[167] એમ (યોગવિભાગ કરવા) છતાં પણ **कुक्कुटः** માં **क्क्** ને **अच्** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે.[168] તેથી આગળ (**आचारात्** વગેરે જે) કહ્યો એ જ તેનો પરિહાર [169] છે.

એ જ વસ્તુ અન્ય વૈયાકરણ (આ રીતે) કહે છે—

પહેલાંનો જેટલો ભાગ છે તેટલું જ (અર્થાત્ **ऊकालोऽच्** એટલું જ) સૂત્ર ભલે થાય તેથી **अच्** ને લગતાં જે જે કાર્ય હોય તે તે તેટલા જ ઉચ્ચારણકાળવાળા (અર્થાત્ उ , ऊ અને ऊ ३ ના જેટલા ઉચ્ચારણકાળવાળા હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત) સ્વરો ( **अच्** ) ને થાય.

**अथ किमर्थमन्तःस्थानामण्सूपदेशः क्रियते। इह सय्ँयन्ता सव्ँवत्सरः यल्ँलोकम् तल्ँलोकमिति परसवर्णस्यासिद्धत्वादनुस्वारस्यैव द्विर्वचनम्। तत्र परस्य परसवर्णे कृते तस्य यय्ग्रहणेन ग्रहणात्पूर्वस्यापि सवर्णो यथा स्यात्। नैतदस्ति प्रयोजनम्। वक्ष्यत्येतत्। द्विर्वचने परसवर्णत्वं सिद्धं वक्तव्यम्। यावता सिद्धत्वमुच्यते परसवर्ण एव तावद्भवति। परसवर्णे कृते तस्य यर्ग्रहणेन ग्रहणाद्विर्वचनं यथा स्यात्। मा भूद्द्विर्वचनम्। ननु च भेदो भवति। सति द्विर्वचने त्रियकारमसति द्विर्वचने द्वियकारम्। नास्ति भेदः।**

હવે અન્તઃસ્થ વર્ણો (य् र् व् અને ल्) નો **अण्** પ્રત્યાહારના વર્ણો ભેગો ઉપદેશ શા માટે કરવામાં આવ્યો છે ?[170] **सय्ँयन्ता सव्ँवत्सरः यल्ँलोकम् तल्ँलोकम्** વગેરેમાં પરસવર્ણ અસિદ્ધ છે તેથી (પૂર્વે થનાર) અનુસ્વારનો જ દ્વિર્ભાવ થાય છે. તે સ્થિતિમાં પાછળના (વર્ણ અનુસ્વાર) નો પરસવર્ણ કર્યા પછી તેનું **यय्** પ્રત્યાહાર દ્વારા ગ્રહણ થઇ શકે છે તેથી પૂર્વ (વર્ણ અર્થાત્ અનુસ્વાર) નો પણ પરસવર્ણ થઇ શકે તે માટે[171] (અન્તઃસ્થ વર્ણોને **अण्** પ્રત્યાહારના વર્ણો સાથે ઉચ્ચારવામાં આવ્યા છે). એ પ્રયોજન નથી.

---

[167] અહીં એવી દલીલ કરવામાં આવી છે કે उ , ऊ અને उ ३ ના ઉચ્ચારણકાળ જેટલો જે વર્ણનો ઉચ્ચારણ કાળ હોય તે વર્ણને **अच्** કહેવાય. આમ થવાથી અનુબન્ધોની **अच्** સંજ્ઞા નહીં થાય, કારણ કે તેમનો ઉચ્ચારણકાળ અર્ધમાત્રા જેટલો છે. **ऊकाल** જેટલો નથી. આમ યોગવિભાગ દ્વારા અનુબન્ધને **अच्** સંજ્ઞા થતી અટકાવી શકાશે.

[168] જો એ પ્રમાણે હોય તો પણ **कुक्कुटः** માં જે **क्क्** છે તેને **अच्** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે, કારણ કે સંયુક્ત **क्क्** નો ઉચ્ચારણ કાળ એક માત્રા જેટલો છે. અહીં **क्क्** નું પ્રત્યાહાર સૂત્રોમાં ગ્રહણ નથી કર્યુ પછી તેની **अच्** સંજ્ઞા કેવી રીતે થઇ શકે ? એ પ્રકારની શંકા થઇ શકે, પરંતુ આકૃતિ પક્ષે તે શક્ય છે. **अच्** પ્રત્યાહારમાં **क्** નો પાઠ છે તે તેની અર્ધમાત્રા છે અને તે ઉપરથી **क्क्** નું પણ ગ્રહણ થશે, કારણ કે આકૃતિ પક્ષે ગ્રહણકશાસ્ત્રનો સ્વીકાર કરવામાં આવતો નથી.

[169] **क्क्** ની **अच्** સંજ્ઞા થતી અટકાવવા માટે એમ દલીલ કરી શકાય કે અહીં બે **क**-કાર છે અને બે વર્ણ દ્વારા એક જાતિને વ્યક્ત ન કરી શકાય. પરંતુ **एओङ्।** સૂત્રની વ્યાખ્યામાં કહ્યું છે કે અહીં ( **क्क्**, **प्प्** ,**त्त्** વગેરેમાં) એક માત્રા જેટલો ઉચ્ચારણકાળ જણાય છે, પરંતુ એક માત્રિક વ્યંજન હોતો નથી અને જે નો અક્ષરસમામ્નાયમાં ઉપદેશ કરવામાં ન આવ્યો હોય તેમ જ ગ્રહણકશાસ્ત્ર દ્વારા જેનું ગ્રહણ ન થતું હોય તે છે એમ કેવી રીતે જાણી શકાય ? તેથી **क्क्** ની **अच्** સંજ્ઞા થતી અટકાવવા માટે નવી દલીલ કરી નથી. **पूर्वोक्त एव परिहारः।** એ શબ્દો પૂર્વે કહેલી **आचारात्** , **अप्रधानत्वात्** અને **लोपश्च बलवत्तरः** એ ત્રણ દલીલોને અનુલક્ષીને પ્રયોજ્યા છે એમ કેટલાકનું માનવું છે. તે યોગ્ય નથી , કારણ કે **परिहारः** એમ એક વચન પ્રયોજયું છે. તે બાબતમાંજુઓ છા.(પા.ટી.૧, પૃ.૧૩૯)

[170] અર્થાત્ ગ્રહણકશાસ્ત્રમાં **अण्** નું ઉચ્ચારણ કરીને અંતઃસ્થોને સાથે કેમ લીધા છે ? અહીં પ્રશ્ન આ પ્રમાણે છે : **अणुदित्सवर्ण०** માં **ण**-કાર સાથે પ્રત્યાહાર કર્યો છે, **च**-કાર સાથે કરીને **अजुदित्सवर्णस्य ०** એમ સૂત્ર કેમ ન કર્યુ ? એટલે કે અહીં અંતઃસ્થોને કેમ આવરી લીધા છે ? જો અંતઃસ્થોનો અન્તર્ભાવ ન કરવામાં આવે તો જયારે સૂત્રમાં **इण्** પ્રત્યાહારનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે તેમાં અન્તઃસ્થોનો સમાવેશ નહીં થાય, જેમ કે **इण्कोः।** માં અન્તઃસ્થોનો સમાવેશ ન થાય તો **गीर्षु** , **हल्षु** જેવામાં **स्** નો **ष्** નહીં થાય. આમ મૂર્ધન્ય થઇ શકે તે માટે અંતઃસ્થ વર્ણોનું ગ્રહણ કરવું જરૂરી છે. **अण्सूपदेशः** સમાસનો અર્થ (**अणः सुष्ठूपदेशः। अणशब्दोच्चारणम्।**) **अण्** શબ્દનું ઉચ્ચારણ એમ છે , **अण्** વર્ણોમાં ઉપદેશ એમ નથી કરવાનો એમ (ઉ.).

[171] **सय्ँयन्ता** વગેરેમાં (**अनुस्वारस्य ययि परसवर्णः।**) **वा पदान्तस्य।** (૮-૪-૫૯) અને **अनचि च।** (૮-૪-૫૭) એ બે સૂત્રો લાગુ પડે છે. તેમાંના પ્રથમ સૂત્ર પ્રમાણે પદાન્તે રહેલા અનુસ્વાર પછી **यय्** પ્રત્યાહારમાંનો વર્ણ આવતાં વિકલ્પે પરસવર્ણ થાય, પરંતુ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(વાર્તિકકાર) કહેશે કે દ્વિર્ભાવ કરવાનો હોય ત્યાં પરસવર્ણ થાય તે સિદ્ધ છે[172] એમ કહેવું જોઇએ. પરસવર્ણ થાય તે સિદ્ધ છે એમ કહેવામાં આવે તો તો દ્વિર્ભાવ ન થતાં પરસવર્ણ જ થશે.જો પરસવર્ણ કરવામાં આવે તો **यर्** પ્રત્યાહાર વ્દારા તેનું ગ્રહણ થતું હોવાથી દ્વિર્ભાવ થશે. દ્વિર્ભાવ ભલે ન થાય પણ તેથી ફેર પડી જાય છે, કારણ કે દ્વિર્ભાવ થાય તો ત્રણ **य**-કાર થાય છે અને દ્વિર્ભાવ ન થાય તો બે **य**-કાર થશે. એમાં કોઇ ફેર નથી પડતો, કારણ કે દ્વિર્ભાવ થાય તો પણ બે જ **य**-કાર થશે. કેવી રીતે ? **हलो यमां यमि लोपः।** પ્રમાણે એક **य्** નો લોપ થશે. તો પણ ફેર પડશે. દ્વિર્ભાવ થાય તો કોઇવાર બે **य**-કારવાળું રૂપ થશે અને કોઇવાર ત્રણ **य**-કારવાળું રૂપ થશે. પણ જો દ્વિર્ભાવ ન થાય તો બે **य**-કારવાળું જ રૂપ થશે. ફેર પડતો નથી.

**सत्यपि द्विर्वचने द्वियकारमेव। कथम्। हलो यमां यमि लोपः। इत्येवमेकस्य लोपेन भवितव्यम्। एवमपि भेदः। सति द्विर्वचने कदाचिद् द्वियकारं कदाचित्त्रियकारम्। असति द्वियकारमेव। स एष कथं भेदो न स्यात्। यदि नित्यो लोपः स्यात्। विभाषा स लोपः। यथाभेदस्तथास्तु।**

**अनुवर्तते विभाषा शरोऽचि यद्वारयत्ययं द्वित्वम्।**

**यदयं शरोऽचि। इति द्विर्वचनप्रतिषेधं शास्ति तज्ज्ञापयत्याचार्यो विभाषेति। कथं कृत्वा ज्ञापकम्।**

**नित्ये हि तस्य लोपे प्रतिषेधार्थो न कश्चित्स्यात्॥**

**यदि नित्यो लोपः स्यात्प्रतिषेधवचनमनर्थकं स्यात्। अस्त्वत्र द्विर्वचनम्। झरो झरि सवर्णे। इति लोपो भविष्यति। पश्यति त्वाचार्यो विभाषा स लोप इति ततो द्विर्वचनप्रतिषेधं शास्ति। नैतदस्ति ज्ञापकम्। नित्येऽपि तस्य लोपे स प्रतिषेधोऽवश्यं वक्तव्यः। यदेतदचो रहाभ्याम्। इति द्विर्वचनं लोपापवादः स विज्ञायते। कथम्। यर इत्युच्यत**

વિર્વચન થાય તો પણ બે **य** કાર યુકત જ થશે કેવી રીતે ? **हलो यमां यमि लोपः।** થી એકનો લોપ થવો જોઇએ. એમ છતાં ભેદ રહેશે. વિર્વચન થાય તો કોઈવાર બે **य** કાર યુકત પ૦ અને કોઈવાર ત્રણ **य** કાર યુકત થશે ( વિર્વચન) ન થાય તો બે **य** કાર યુકત જ થશે. તો એ ભેદ કેવી રીતે ન થાય ? જો લોપ નિત્ય હોય તો (ફેર નપડે), પણ લોપ તો વિકલ્પે થાય છે.[173] જેમાં ફેર ન પડે તેમ ભલે થાય (એટલે કે વિભાષાગ્રહણની અનુવૃત્તિ ભલે ન થાય)

---

અસિદ્ધ કાંડમાંનાં આ બે સૂત્રોમાં **वा पदान्त०** એ પર સૂત્ર છે તેથી પૂર્વ સૂત્રની દૃષ્ટિએ પરસવર્ણ અસિદ્ધ થશે. પરિણામે **अनचि च।** પ્રમાણે અનુસ્વાર બેવડાશે. ત્યાર પછી પાછળના અનુસ્વારનો જે પરસવર્ણ (**यँ**) થશે તે પોતાના સ્થાનીની જેમ અનુનાસિક થશે. એ અનુનાસિક પરસવર્ણ **यँ** નું **अणुदित्०** એ ગ્રહણકશાસ્ત્ર વ્દારા ગ્રહણ થઇ શકશે. વળી આ સાનુનાસિક સ્થાનીભૂત **यँ**-કાર **यय्** પ્રત્યાહારમાં આવી શકશે, કારણ કે ગ્રહણકશાસ્ત્ર પ્રમાણે **यय्** પ્રત્યાહારમાંનો **य**-કાર સાનુનાસિક (**यँ**) ને પણ સૂચવશે. આમ થવાથી પૂર્વે આવેલા અનુસ્વારનો પણ **अनुस्वारस्य ययि०** પ્રમાણે પરસવર્ણ થઇ શકશે અને **सयँयँयन्ता** એમ રૂપ પ્રાપ્ત થઇ શકશે. [ કાશિકા તેમ જ ન્યાસ-પદ.(ભા,૧.પૃ. પ૨) માંપ્રથમ પરસવર્ણ થશે, પછી **अनचि च।** પ્રમાણે દ્વિર્વચન થઇ શકે તે માટે **अण्** માં ગ્રહણ કરવું જોઇએ એમ કહ્યું છે.] આ **सयँयता** વગેરે જે ભાષ્યનો ભાગ છે તે **भेदका गुणाः** અર્થાત્ ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત્ , અનુનાસિક વગેરે ગુણોને કારણે શબ્દના સ્વરૂપમાં ફેર (**भेद**) પડે છે એ મત પ્રમાણે છે, પરંતુ **अभेदका गुणा** અર્થાત્ તે ગુણોને કારણે શબ્દસ્વરૂપમાં ફેર નથી પડતો એ મત પ્રમાણે આ ચર્ચા બિનજરૂરી છે, કારણ કે **अणुदित्०** માં જે **अण्** નું ગ્રહણ કર્યુ છે તે **भेदका गुणाः।** એ પક્ષનો આધારસ્તંભ છે, જ્યારે **अभेदका गुणाः।** પ્રમાણે જાતિ પક્ષનો આધાર લેવામાં આવે છે તેથી તેમાં **अण्** ગ્રહણનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે.

[172] આ વિધાન **पूर्वत्रासिद्धीयमद्वित्वे।** એ પરિભાષાનું સૂચક છે.

[173] લોપ વૈકલ્પિક છે, કારણ કે **हलोयमां०** (૮-૪-૬૪) અને **झरो झरि सवर्णे।** માં(૮-૪-૬૫) એ લોપ વિધાયક સૂત્રોમાં પૂર્વ સૂત્ર **झयो होऽन्यतरस्याम्।** (૮-૪-૬૨) માંથી **अन्यतरस्याम्** ની અનુવૃત્તિ થતી હોવાથી તે સૂત્રો પ્રમાણેનો લોપ પણ વૈકલ્પિક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(हलो यमां यमि लोपः। અને झरो झरि सवर्णे। એ સૂત્રોમાં) **વિભાષાની અનુવૃત્તિ થાય છે, કારણ કે એ સૂત્રદ્વારા દ્વિર્ભાવનો સૂત્રકાર નિષેધ (કરે છે )॥** શ્લો.વા.

સૂત્રકારે **शरोऽचि।** એ સૂત્રદ્વારા દ્વિર્ભાવનો પ્રતિષેધ કર્યો છે તે ઉપરથી આચાર્ય જ્ઞાપન કરે છે કે એ સૂત્રોમાં વિકલ્પની અનુવૃત્તિ થાય છે.[174] કેવી રીતે તે જ્ઞાપક (છે)?

**કારણ કે તેનો લોપ નિત્ય હોય તો પ્રતિષેધનો કોઇ અર્થ ન રહે.**

જો લોપ નિત્ય હોય તો પ્રતિષેધ કરનો સૂત્રવચન અર્થહીન થાય. અહીં દ્વિર્ભાવ ભલે થાય, (પણ) **झरो झरि सवर्णे।** એ સૂત્રથી લોપ થશે. લોપ વિકલ્પે થાય છે તે આચાર્ય જાણે છે તેથી તેઓ દ્વિર્ભાવનો પ્રતિષેધ કરે છે. એ જ્ઞાપક નથી. લોપ નિત્ય હોય તો પણ નિષેધ અવશ્ય કરવો જ પડશે, કારણ કે **अचो रहाभ्याम्०** થી થતો દ્વિર્ભાવ એ લોપનો અપવાદ છે એમ સમજાય છે.[175] કેવી રીતે ? **यर्** વર્ણોનું દ્વિત્વ

**एतावन्तश्च यरो यदुत झरो वा यमो वा। यदि चात्र नित्यो लोपः स्याद् द्विर्वचनमनर्थकं स्यात्। किं तर्हि तयोर्योगयोरुदाहरणम्। यदकृते द्विर्वचने त्रिव्यञ्जनः संयोगः। प्रत्तम् अवत्तम् आदित्यः॥ इहेदानीं कर्त्ता हर्त्तेति द्विर्वचनसामर्थ्याल्लोपो न भवति। एवमिहापि लोपो न स्यात्कर्षति वर्षतीति। तस्मान्नित्येऽपि लोपेऽवश्यं स प्रतिषेधो वक्तव्यः॥ तदेतदत्यन्तं संदिग्धं वर्तत आचार्याणां विभाषानुवर्तते न वेति॥**

**लण् ॥६॥**

**अयं णकारो द्विरनुबध्यते पूर्वश्च परश्च। तत्राण्ग्रहणेष्विण्ग्रहणेषु च संदेहो भवति पूर्वेण वा स्युः परेण वेति। कतरस्मिंस्तावदण्ग्रहणे संदेहः। ढ्लोपे पूर्वस्य दीर्घोऽणः इति। असंदिग्धं पूर्वेण न परेण। कुत एतत्। पराभावात्। न हि ढ्लोपे परेऽणः सन्ति।**

થાય છે એમ કહ્યું છે અને **झर्** તેમ જ **चर्** વર્ણો **यर्** વર્ણો જ છે. જો અહીં નિત્ય લોપ થતો હોય તો દ્વિર્ભાવ અર્થહીન થશે. તો પછી તે બન્ને સૂત્રોનાં ઉદાહરણ કયાં છે ? **प्रत्तम् अवत्तम् आदित्यः**[176] (અહીં) દ્વિર્ભાવ ન કર્યો હોય ત્યારે ત્રણ વ્યંજનના સંયોગનાં

---

[174] **शरोऽचि।** (અહીં પૂર્વસૂત્રમાંથી **न** ની અનુવૃત્તિ થાય છે) **अचो रहाभ्यां०** પ્રમાણે પ્રાપ્ત થતું દ્વિત્વ **शर्** પછી **अच्** આવે તો નથી થતું. અહીં જે પ્રતિષેધ કર્યો છે તે સૂચવે છે કે **हलो यमां०** તેમ જ **झरो झरि०** સૂત્રમાં વિકલ્પનો અનુવૃત્તિ દ્વારા બોધ થાય છે.દા.ત. **कर्षति** માં **अचो रहा०** પ્રમાણે **अ**-કાર પછી આવેલા રેફ પછીના **ष्**(એ **यर्**) વર્ણનું દ્વિત્વ થાય તો **कर्ष्षति** એમ રૂપ પ્રાપ્ત થાય. હવે જો **झरो झरि०** પ્રમાણે થતો પ્રતિષેધ નિત્ય હોય તો **क र् ष् ष ति** માં પૂર્વે આવેલા **ष्**(**झर्**) વર્ણનો પાછળ સવર્ણ **ष्**( **झर्** વર્ણ) આવવાથી લોપ અવશ્ય થશે, પછી **शरोऽचि।** એ પ્રતિષેધ સૂત્ર કરવાની કોઇ જરૂર રહેતી નથી છતાં સૂત્રકારે તે સૂત્ર રચ્યું છે તેથી જ્ઞાપન થાય છે કે **झरो झरि०** અનુસાર થતો લોપ વૈકલ્પિક છે (એટલે કે પૂર્વ સૂત્રમાંથી **अन्यतरस्याम्** ની અનુવૃત્તિ **झरो झरि ०** માં થાય છે ).

[175] **शरोऽचि।** જ્ઞાપન કરતું નથી તેમ અહીં દર્શાવ્યું છે. **अचो रहा०** દ્વારા સ્વર પછી આવતા **र्** અને **ह्** પછી આવતા **यर्** પ્રત્યાહાર-માંના વર્ણોનું દ્વિત્વ થાય છે એમ કહ્યું , પરંતુ **यर्** વર્ણોમાં **यम्** અને **झर्** વર્ણોનો સમાવેશ થાય છે. હવે તે બન્નેના લોપને લગતાં **हलो यमां०** અને **झरो झरि०** એ સૂત્રો અનુક્રમે આપ્યાં છે તે ઉપરથી દ્વિત્વ એ આ સૂત્રો પ્રમાણે થતા લોપનો અપવાદ સિદ્ધ થાય છે અને જ્યાં અપવાદને અવકાશ હોય ત્યાં ઉત્સર્ગને અવકાશ હોઇ ન શકે, નહીં તો અપવાદ તદ્દન નિરવકાશ થઇ જાય, અર્થાત્ લોપ જો નિત્ય હોય તો દ્વિર્વચનને લગતું સૂત્ર નિરર્થક બને. તેથી જ્યાં દ્વિત્વ થશે ત્યાં ઉપરનાં સૂત્ર પ્રમાણેનો લોપ નહીં થાય. તેથી **चतुर्षु , कर्षति** વગેરેમાં **अचो रहा०** પ્રમાણે **ष**-કાર બેવડાશે, ત્યાં લોપવિધાયક સૂત્રો લાગુ ન પડતાં **चतुर्ष्षु , कर्ष्षति** જેવાં દુષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવશે. તે ન થાય માટે સૂત્રકારે **शरोऽचि।** સૂત્ર દ્વારા દ્વિત્વનો પ્ર તિષેધ કર્યો છે. આમ **शरोऽचि।** નું ખાસ પ્રયોજન હોવાથી તે જ્ઞાપક સૂત્ર ન થઇ શકે.

[176] અહીં ત્રિવિધ દૃષ્ટાન્ત આપ્યાં છે :૧.**प्रत्तम्** , **अवत्तम्** અને **आदित्यः** આ ત્રણેમાં દ્વિત્વ થયા વિના ત્રણ વ્યંજન સાથે આવ્યા છે. **प्र दा क्त (त)-- अच उपसर्गात्तः।** પ્રમાણે **दा** ના **आ** નો **त् -- प्र द् त् तम्--खरि च।** પ્રમાણે**द्** ને **त्** થતાં **प्र त् त् तम् --प्रत्तम्** એમ ત્રણ **त**-કાર સાથે આવતાં વચ્ચેના **त**-કાર **झरो झरि।**થી લોપ થતાં **प्रत्तम्** રૂપ સિદ્ધ થશે. **आदित्यः** માં **आदित्ये भवम्** એ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉદાહરણ છે, પણ આ **कर्त्ता हर्त्ता** માં દ્વિર્વચનને કારણે લોપ થતો નથી . એ રીતે **कर्षति वर्षति** માં પણ લોપ ન થાત[177] તેથી લોપ નિત્ય હોય તો પણ પ્રતિષેધ તો અવશ્ય કરવો પડશે. તેથી વિકલ્પની અનુવૃત્તિ થાય છે કે નહી [178] તે બાબતમાં આચાર્યનું વલણ અત્યન્ત સંદિગ્ધ છે.

लण् ॥६॥

આ **ण**-કાર આગળ (**अइउण्**। સૂત્રમાં) અને પાછળ (**लण्**। સૂત્રમાં) એમ બે વાર અનુબન્ધ તરીકે મૂકવામાં આવ્યો છે. તેમાં જ્યાં સૂત્રમાં **अण्** નું ગ્રહણ કર્યુ હોય ત્યાં અને **इण्** નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં આગળના **ण्** નું ગ્રહણ કરવું કે પાછળના **ण्** નું એ વિશે સંદેહ થાય છે. **अण्** નું ગ્રહણ કર્યુ હોય તેવા કયા સૂત્રમાં સંદેહ થાય છે ? **ढ्लोपे पूर्वस्य दीर्घोऽणः**। એ સૂત્રમાં (સંદેહ થાય છે). અહીં (**अण्** પ્રત્યાહાર) નિઃશંક રીતે પૂર્વ **ण**-કાર સાથે લેવાનો છે ,પાછળના સાથે નહીં. તે શા ઉપરથી ? કારણ કે પાછળનો (**ण**-કાર) નથી હોતો એટલે કે **ढ्** કે **र्** નો લોપ થાય ત્યારે પાછળના **ण**-કાર સાથેના **अण्** પ્રત્યાહારમાંના વર્ણ નથી આવતા.

**ननु चायमस्ति। आतृढम् आवृढमिति। एवं तर्हि सामर्थ्यात्पूर्वेण न परेण। यदि हि परेण स्यादण्ग्रहणमनर्थकं स्यात्। ढ्लोपे पूर्वस्य दीर्घोऽच इत्येव ब्रूयात्। अथवैतदपि न ब्रूयात्। अचो ह्येतद्भवति ह्रस्वो दीर्घः प्लुत इति॥ अस्मिंस्तर्ह्यण्ग्रहणे संदेहः केऽणः इति। असंदिग्धं पूर्वेण न परेण। कुत एतत्। पराभावात्। न हि के परेऽणः सन्ति। ननु चायमस्ति। गोका नौकेति। एवं तर्हि सामर्थ्यात्पूर्वेण न परेण। यदि हि परेण स्यादण्ग्रहणमनर्थकं स्यात्। केऽच इत्येव ब्रूयात्। अथवैतदपि न ब्रूयात्। अचो ह्येतद्भवति ह्रस्वो दीर्घः प्लुत इति॥ अस्मिंस्तर्ह्यण्ग्रहणे संदेहः। अणोऽप्रगृह्यस्यानुनासिकः इति। असंदिग्धं पूर्वेण न परेण। कुत एतत्। पराभावात्। न हि पदान्ता परेऽणः सन्ति। ननु चायमस्ति। कर्तृ हर्तृ इति। एवं तर्हि सामर्थ्यात्पूर्वेण न परेण। यदि हि परेण**

અમે કહીએ છીએ કે આ **आतृढम्**[179] **आवृढम्** માં છે. એમ હોય તો પછી (સૂત્રમાં ઉચ્ચારેલ **अण्** ને ) પ્રતાપે પાછળના નહીં પણ પૂર્વ **ण**-કાર સાથે (પ્રત્યાહાર) લેવાનો છે. જો પાછળના **ण**-કાર સાથે (**अण्** પ્રત્યાહાર લેવાનો હોત તો સૂત્રમાં જે **अण्** મૂક્યો છે તે નિરર્થક થાત. (અને સૂત્રકાર) **ढ्लोपे पूर्वस्य दीर्घोऽचः**। એમ જ કહેત. અથવા **अचः** એમ પણ ન કહેત (અર્થાત્ **ढ्लोपे पूर्वस्य दीर्घः**।

---

અર્થમાં **आदित्य** શબ્દને **दित्यदित्यादित्य०** થી **ण्य** થતાં **आदित्य ण्य** એમ તદ્ધિત પર થતાં **यस्येति च**। થી અન્ત્ય **अ**-કારનો લોપ થતાં **आदित्य्य** એ સ્થિતિમાં **हल्** (**त्**) પછી આવતા **य्** નો **हलो यमां०** થી લોપ થતાં **आदित्यः** થાય છે. ૨.**कर्त्ता** , **हर्त्ता** માં **कृ तृ**-- **सार्वधातुकार्धधातुकयोः**। થી ગુણ થતાં **कर् तृ**--**अचो रहा०** પ્રમાણે રેફ પછીના **त**- કારનું દ્વિર્વચન થતાં **कर् त् तृ स्**- **कर्त्ता** એ દ્વિર્વચનયુક્ત રૂપ થશે.અહીં દ્વિર્વચન કર્યુ છે તેથી **झरो झरि ०** પ્રમાણે લોપ થતો નથી.૩.**कर्षति** , **वर्षति** વગેરેમાં દ્વિર્વચન થઇને **कर्ष्षति**, **वर्ष्षति** વગેરે અશુદ્ધ રૂપો થાય, કારણ કે જેમ **कर्त्ता** માં લોપ ન થયો તેમ અહીં પણ **झरो झरि ०** પ્રમાણે લોપ નહીં થાય. આમ લોપ નિત્ય હોય તો પણ **कर्षति** વગેરે શુદ્ધ રૂપો થઇ શકે તે માટે **शरोऽचि**। દ્વારા પ્રતિષેધ કરવો પડશે એમ સિદ્ધ થયું.

[177] લોપ ન થયો હોત તો શું થાત તે ઉપર સ્પષ્ટ કર્યુ છે. આમ **ष**-કારનો **शरोऽचि**। પ્રમાણે લોપ થાય તો જ શુદ્ધ રૂપો પ્રાપ્ત થાય, અન્યથા નહીં.

[178] જ્ઞાપક અનૈકાન્તિક હેતુ છે તેથી તેના આધારે વિકલ્પની અનુવૃત્તિનું અનુમાન થઇ ન શકે. આમ અનુવૃત્તિ સિદ્ધ કરવી શક્ય નથી છતાં આચાર્ય પરંપરા દ્વારા જાણી શકાય છે કે વિકલ્પની અનુવૃત્તિ થાય છે, કારણ કે **लण्** સૂત્રના ભાષ્યમાં **कर्त्रर्थम्** , **हर्त्रर्थम्** એ પ્રયોગોની ચર્ચા કરતાં કહ્યું છે કે **विभाषा स लोपः**। અર્થાત્ **हलो यमां०** પ્રમાણે થતો લોપ વિકલ્પે થાય છે.

[179] **आतृह् क्त** --**होढः**। પ્રમાણે **झल्** (त) પર થતાં **ह्** નો **ढ्** થતાં-- **आतृढ् घ**-- **झषस्तथोर्धोऽधः**। પ્રમાણે **झष्** (**ढ्**) પછી આવતા **त्** નો **ध्** થતાં--**आतृढ् ध** એ સ્થિતિમાં--**ष्टुना ष्टुः**।પ્રમાણે **ढ्** નો **ढ्** થતાં-- **आतृढ् ढ** -- એમ થતાં--**ढो ढे लोपः**। થી પૂર્વ **ढ**-કાર-નો લોપ થતાં **आतृढ** રૂપ સિદ્ધ થશે. અહીં લુપ્ત થએલા **ढ्** ની પૂર્વેનો **ऋ**-કાર પર **ण**-કાર સાથેના **अण्** પ્રત્યાહારમાંનો વર્ણ છે તેથી પૂર્વપક્ષી શંકા કરે છે કે જો **ढ्लोपे पूर्वस्य दीर्घोऽणः**। પ્રમાણે દીર્ઘ **ॠ**-કાર થઇને **आतॄढ** એમ અશુદ્ધ રૂપ થવાનો પ્રસંગ આવે.(પરંતુ **ॠ**-કાર પૂર્વ **ण**-કાર સાથેના **अण्** પ્રત્યાહારમાં નથી આવતો તેથી દીર્ઘ થવાનો અવકાશ નથી).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલું જ કહેત), કારણ કે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત (એ પ્રકાર) તો अच् ના (અર્થાત્ સ્વરોના) જ હોય છે. તો પછી આ केऽणः । માં મૂકવામાં આવેલ अण् વિશે સંદેહ થાય છે. અહીં પણ નિ:સંદેહ રીતે આગળના (ण-કાર) સાથે જ લેવાનો છે પાછળના સાથે નહીં. કેવી રીતે ? કારણ કે પાછળના સાથેના નથી હોતા, એટલે કે क પ્રત્યય પૂર્વે પાછળના (ण-કાર) સાથેના अण् વર્ણો હોતા નથી. અરે પણ આ गोका [180] नौका માં છે ને. એમ હોય તો પછી (સૂત્રમાં अण् નું ગ્રહણ કર્યું છે) તેને પ્રતાપે આગળના સાથે (પ્રત્યાહાર લેવાનો છે) પાછળના સાથે નહીં, કારણ કે જો પાછળના સાથે (પ્રત્યાહાર) લેવાનો હોય તો (સૂત્રમાં) अण् નું ગ્રહણ કરવાનો અર્થ ન રહે. (તેથી સૂત્રકાર) केऽचः । એટલું જ કહેત અથવા એ પણ ન કહેત, કારણ કે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત (એ પ્રકાર) તો अच् (અર્થાત્ સ્વરો) ના જ હોય છે. તો પછી આ अणोऽप्रगृह्यस्यानुनासिकः । માં મૂકવામાં આવેલ अण् વિશે સંદેહ થાય છે. અહીં પણ નિ:સંદેહ રીતે આગળના (ण-કાર) સાથે જ લેવાનો છે પાછળના સાથે નહીં. એ કેવી રીતે? કારણ કે પાછળના સાથેના નથી હોતા, એટલે કે પદને અન્તે પાછળના (ण-કાર) સાથેના अण् પ્રત્યાહારમાંના વર્ણો હોતા નથી. અરે પણ આ कर्तृ[181] हर्तृ માં છે ને. એમ હોય તો પછી (સૂત્રમાં अण् નું ગ્રહણ કર્યું છે) તેને પ્રતાપે આગળના સાથે (પ્રત્યાહાર લેવાનો છે) પાછળના સાથે નહીં, કારણ કે જો પાછળના

**स्यादण्ग्रहणमनर्थकं स्यात्। अचोऽप्रगृह्यस्यानुनासिक इत्येव ब्रूयात्। अथवैतदपि न ब्रूयात्। अच एव हि प्रगृह्या भवन्ति॥ अस्मिंस्तर्ह्यण्ग्रहणे संदेहः। उरण्रपरः इति। असंदिग्धं पूर्वेण न परेण। कुत एतत्। पराभावात्। न ह्युः स्थाने परेऽणः सन्ति। ननु चायमस्ति। कर्त्रर्थम् हर्त्रर्थमिति। किं च स्यात्। यद्यत्र रपरत्वं स्याद् द्वयो रेफयोः श्रवणं प्रसज्येत। हलो यमां यमि लोपः इत्येवमेकस्यात्र लोपो भवति। विभाषा स लोपः। विभाषा श्रवणं प्रसज्येत। अयं तर्हि नित्यो लोपो रो रि इति। पदान्तस्येत्येवं सः। न शक्यः स पदान्तस्य विज्ञातुम्। इह हि लोपो न स्यात्। जर्गृधेर्लङ् अजर्धाः। पास्पर्धेरपास्पा इति॥ इह तर्हि मातृणाम् पितृणामिति रपरत्वं प्रसज्येत।**

સાથે (પ્રત્યાહાર) લેવાનો હોય તો (સૂત્રમાં) अण् નું ગ્રહણ કરવાનો અર્થ ન રહે. (તેથી સૂત્રકાર) अचोऽप्रगृह्यस्यानुनासिकः । એમ જ કહેત અથવા એ પણ ન કહેત, કારણ કે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત (એ પ્રકાર) તો अच् (અર્થાત્ સ્વરો) ના જ હોય છે. તો પછી આ उरण् रपरः । માં મૂકવામાં આવેલ अण् વિશે સંદેહ થાય છે. અહીં પણ નિ:સંદેહ રીતે આગળના (ण-કાર) સાથે જ લેવાનો છે પાછળના સાથે નહીં. કેવી રીતે? કારણ કે પાછળના સાથેના નથી હોતા, કારણ કે ऋ ને સ્થાને પાછળના (ण-કાર સાથેના) अण् (વર્ણો) હોતા નથી. અરે પણ આ कर्त्रर्थम् [182] हर्त्रर्थम् માં છે ને ! (હોય) તેથી શું થાય? જો અહીં (र्) પાછળ આવે તો તો બે રેફનું

---

[180] गोका, नौका વગેરેમાં ओ અને औ પૂર્વ ण-કાર સાથેના अण् પ્રત્યાહારમાંના છે. केऽणः । અનુસાર क् પર થતાં अण् (अ इ उ) વર્ણનો હ્રસ્વ થાય છે, જેમ કે कुमारी का--कुमारिका. તે પછી આ गोका , नौका માં હ્રસ્વ કેમ નથી થતો ? એમ આક્ષેપકારની શંકા છે, કારણ કે ओ અને औ વર્ણો अण् પ્રત્યાહારમાં જ આવે છે. પરંતુ પર ण-કાર સાથેના अण् માં આવતા હોવાથી હ્રસ્વ નહીં થાય, કારણ કે केऽणः । માં પૂર્વ ण-કાર સાથેના अण् નું ગ્રહણ છે.

[181] कर्तृ , हर्तृ વગેરેમાં અન્તે આવેલો ऋ-કાર પૂર્વ ण-કાર સાથેના अण् પ્રત્યાહારમાંનો વર્ણ નથી પણ પર ण- કાર સાથેના अण् માંનો છે. શંકાકારના કહેવા પ્રમાણે कर्तृ વગેરેમાં અન્ત્ય ऋ-કાર પ્રગૃહ્ય ન હોવાથી अणोऽप्रगृह्यस्यानुनासिकः । પ્રમાણે તેનો વિકલ્પે અનુનાસિક થવો જોઇએ. વાસ્તવમાં અન્ત્ય ऋ-કાર અનુનાસિક થવાનો કોઇ અવકાશ જ નથી, કારણ કે अणोऽप्रगृह्य० સૂત્રમાં अण् પ્રત્યાહાર પૂર્વ ण-કાર સાથેનો પ્રયોજ્યો છે.

[182] कर्त्रर्थम् - कर्तृ अर्थम्--અહીં ऋ ની પછી अ આવ્યો છે તેથી इको यणचि । પ્રમાણે र् થતાં कर्तर् अर्थम् એમ થશે, પરંતુ રેફ પર ण-કાર સાથેના अण् પ્રત્યાહારમાંનો વર્ણ છે અને જો उरण् रपरः । માં अण् પ્રત્યાહાર પર ण-કાર સાથે લેવામાં આવે તો રેફ रपर થશે તેથી कर्तर्र् अर्थम् એમ થતાં બે રેફનું શ્રવણ થાય છે. हलो यमां० પ્રમાણે લોપ થવાથી कर्त्रर्थम् થશે, પરંતુ એ સૂત્ર પ્રમાણે થતો લોપ વૈકલ્પિક છે તેથી જ્યારે લોપ ન થાય ત્યારે બે રેફનું શ્રવણ થતાં कर्त्र्रर्थम् એમ અશુદ્ધ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રવણ થવાનો પ્રસંગ આવે. **हलो यमां यमि लोपः।** પ્રમાણે એકનો લોપ થાય છે. તે લોપ (તો) વિકલ્પે થાય છે, તેથી વિકલ્પે (બે **र्** નું ) શ્રવણ થવાનો પ્રસંગ આવે. તો પછી આ **रो रि।** પ્રમાણે થતો લોપ નિત્ય છે, એ લોપ તો પદને અન્તે રહેલા (**र्**) નો (થાય) એમ (કહ્યું) છે.એ (લોપ) પદને અન્તે આવેલાનો (કહ્યો) છે તે જાણી શકાતું નથી,[183] કારણ કે (નહીં તો) આ **जर्गृध्** અને **पास्पर्ध्** નાં **लङ्** નાં રૂપો **अजर्घाः** , **अपास्पाः** માં (**र्** નો) લોપ નહીં થઇ શકે . (જો પૂર્વ **ण**-કાર સાથે **अण्** પ્રત્યાહાર ન લેવામાં આવે) તો પછી **मातृणाम्** , **पितृणाम्** માં (**ऋ**-કાર) **रपर** થવાનો પ્રસંગ આવશે.[184]

**आचार्यप्रवृत्तिर्ज्ञापयति नात्र रपरत्वं भवतीति यदयमृत इद्धातोः इति धातुग्रहणं करोति। कथं कृत्वा ज्ञापकम्। धातुग्रहणस्यैतत्प्रयोजनम्। इह मा भूत्। मातृणाम् पितृणामिति। यदि चात्र रपरत्वं स्याद्धातुग्रहणमनर्थकं स्यात्। रपरत्वे कृतेऽनन्त्यत्वादित्त्वं न भविष्यति। पश्यति त्वाचार्यो नात्र रपरत्वं भवतीति ततो धातुग्रहणं करोति। इहापि तर्हीत्त्व न प्राप्नोति। चिकीर्षति जिहीर्षतीति। मा भूदेवम्। उपधायाश्च। इत्येवं भविष्यति। इहापि तर्हि प्राप्नोति। मातृणाम् पितृणामिति। तस्मात्तत्र धातुग्रहणं कर्तव्यम् । एवं तर्ह्यण्ग्रहणसामर्थ्यात्पूर्वेण न परेण। यदि हि परेण स्यादण्ग्रहणमनर्थकं स्यात्। उरऋपर इत्येव ब्रूयात्॥ अस्मिंस्तह्यण्ग्रहणे संदेहः। अणुदित्सवर्णस्य चाप्रत्ययः इति। असंदिग्धं परेण न पूर्वेण। कुत एतत्।**

**सवर्णेऽण् तपरं ह्युर्ऋत्।**

**ऋत इद्धातोः।** માં આચાર્ય પાણિનિએ ધાતુ શબ્દનું ગ્રહણ કર્યું છે તે વ્યવહાર ઉપરથી જ્ઞાપન થાય છે કે આ (ઉદાહરણો )માં (**ऋ**-કાર) **रपर** થતો નથી.[185] (એ) કેમ કરીને જ્ઞાપક (છે) ? **मातृणाम् पितृणाम्** માં (**ऋ**-કારને) **रपर** ન થાય એ સૂત્રમાં **धातु** શબ્દ મૂકવાનું પ્રયોજન છે. જો અહીં થાય તો સૂત્રમાં **धातु** શબ્દ મૂકવાનો કોઇ અર્થ ન રહે.જો પાછળ **र्** મૂકવામાં આવે તો અન્તે (**ऋ**-કાર) ન હોવાથી **इ**-કાર આદેશ નહીં થાય.પરંતુ આચાર્ય સમજે છે કે આ (**मातृणाम्** , **पितृणाम्**) માં પાછળ **र्** મૂકવાનો નથી તેથી તેમણે

---

જો કે **रो रि।** પ્રમાણે નિત્ય લોપ સ્વીકારતાં બે રેફનું શ્રવણ નહીં થાય. વાસ્તવમાં **उरण्।** સૂત્રમાંનો **अण्** પૂર્વ **ण**-કાર સાથે છે તેથી રેફ **रपर** થવાનો પ્રસંગ જ નથી.

[183] **रो रि।** પ્રમાણેનો રેફ લોપ પદાન્તે રહેલા રેફને જ લાગુ પડે છે તેમ કહેવું ખોટું છે એ સ્પષ્ટ કરવા માટે આ બે દૃષ્ટાન્ત આપ્યાં છે : **अजर्घाः** અને **अपास्पाः** . **अजर्घाः**-- **गृध्** ધાતુના **यङ्लुगन्त** અંગ **जर्गृध्** નું **लङ्** નું બીજો પુરુષ એકવચનનું રૂપ છે : **जर्गृध्--अनद्यतने लङ्।--जर्गृध् लङ्--(तिप्तस्झि०** થી **सिप्** આદેશ, **लुङ्लङ्०** થી **अट्** આગમ, **पुगन्तलघू०** થી લઘુ ઉપધા **ऋ** નો ગુણ-- **उरण्०** થી **रपर** થતાં)-- **अजर्गर्ध् सिप् (तस्य लोपः। , इतश्च। हल्ङ्याब्०** થી અનુક્રમે **प्** , **इ** અને **स्** નો લોપ ) **अजर्गर्ध्--एकाचो बशो०** થી **ग्** નો **घ्--अजर्घर्ध्--झलां जशो०--ध्** નો **द्** થતાં-- **अजर्घर्द्-- दश्च।** થી **द्** નો **र्** -- **अजर्घर्र्--रो रि। ढ्रलोपे०** થી **र्** નો લોપ અને પૂર્વનો દીર્ઘ થતાં-- **अजर्घार्--खरवसानयोः०** થી વિસર્ગ થઇને **अजर्घाः** સિદ્ધ થાય છે. **अपास्पाः** પણ એજ રીતે સિદ્ધ થાય છે.

[184] **उरण् रपरः।** પ્રમાણે **ऋ**- કારને સ્થાને થતો **अण्** પ્રત્યાહારમાંનો (**अ, इ** અને **उ** ) વર્ણ **रपर** થાય છે અર્થાત્ તેની પછી **र्** કે **ल्** મૂકવામાં આવે છે . હવે **मातृ नाम्** એ સ્થિતિમાં **नामि।** પ્રમાણે અંગનો **ऋ** દીર્ઘ થશે, એટલે કે **ऋ** ને સ્થાને **ॠ** આદેશ થશે. હવે હ્રસ્વ **ऋ** નો દીર્ઘ **ॠ** થયો તેને **उरण्०** સૂત્ર લાગુ પડશે એમ શંકાકારનું કહેવું છે, કારણ કે **ॠ** એ **अण्** પ્રત્યાહારમાંનો વર્ણ છે. તેથી તેને સ્થાને મૂકવામાં આવતા **ॠ** ને **रपर** કરવો પડશે અને તેથી **मातॄर्णाम्** એમ અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવશે. આમ ન થાય તે માટે આ સૂત્રમાં **अण्** પૂર્વ **ण**-કાર સાથે લેવો જોઇએ એમ અહીં દલીલ છે.

[185] **ऋत इद्धातोः।** માં સૂત્રકારે **धातु** શબ્દ મૂક્યો છે તે ઉપરથી સૂચવાય છે કે **मातृणाम्** વગેરેમાં **रपर** નહીં થાય. જો **मातृणाम्** માં **ऋ** ની પછી **र्** મૂકવાનો હોય તો **मातृर्** શબ્દમાં **ऋ**-કાર અન્તે નહીં રહે, તેથી **ऋत इद्धातोः।** પ્રમાણે **इ** લાગવાનોપ્રશ્ન નથી રહેતો. આથી એ સૂત્રમાં **धातोः** શબ્દ મૂક્યો હોય કે ન મૂક્યો હોય તો પણ **इ** તો થવાનો જ નથી તેથી **धातु** શબ્દ નિરર્થક થઇને જ્ઞાપન કરે છે કે **मातृणाम्** વગેરેમાં **ऋ**-કાર **रपर** થતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(સૂત્રમાં) **धातु** શબ્દ મૂક્યો છે. તો પછી આ **चिकीर्षति जिहीर्षति** માં[186] પણ **इ**-કાર આદેશ ન થવાનો પ્રસંગ આવશે.ભલે એમ ન થાય , પરંતુ **उपधायाश्च ।** પ્રમાણે થશે. તો પછી આ **मातॄणाम् पितॄणाम्** માં પણ થવાનો પ્રસંગ આવે છે. તેથી (**ऋत इद्धातोः ।** માં) **धातु** શબ્દ મૂકવો જોઇએ. તો પછી આમ (**उरण् रपरः** ।સૂત્રમાં) **अण्** નું ગ્રહણ કર્યું છે તેને પ્રતાપે સમજાય છે કે (અહીં **अण्** પ્રત્યાહારને) પૂર્વ (**ण**-કાર) સાથે લેવાનો છે પાછળના (**लण्** સૂત્રના **ण**-કાર) સાથે નહીં. જો (અહીં ) પાછળના સાથે લેવાનો હોય તો (**उरण् रपरः ।** માં) **अण्** મૂકવાનો કોઇ અર્થ ન રહેત , (સૂત્રકાર) **उरन्नपरः ।** એમ જ કહેત. તો પછી આ **अणुदित्सवर्णस्य चाप्रत्ययः ।** માં (ના **अण्**) વિશે સંદેહ (થાય છે). અહીં નિશંક રીતે પાછળના (**ण**-કાર) સાથે લેવાનો છે, આગળના સાથે નહીં.તે શા ઉપરથી ?

સવર્ણ (સંજ્ઞા સૂત્ર) માં **अण्** (પર **ण**-કાર સાથે છે).

**કારણ કે उर्ऋत् । (સૂત્રમાં ऋ-કારને)[187] तपर (કર્યો છે).**

**यदयमुर्ऋत् । इत्यृकारं तपरं करोति तज्ज्ञापयत्याचार्यः परेण न पूर्वेण ॥ इण्ग्रहणेषु तर्हि संदेहः । असंदिग्धं परेण न पूर्वेण । कुत एतत् । य्वोरन्यत्र परेणेण् स्यात् ।**

**यत्रेच्छति पूर्वेण संमृद्य ग्रहणं तत्र करोति य्वोरिति । तच्च गुरु भवति । कथं कृत्वा ज्ञापकम् । तत्र विभक्तिनिर्देशे संमृद्य ग्रहणेऽर्धचतस्रो मात्राः । प्रत्याहारग्रहणे पुनस्तिस्रो मात्राः । सोऽयमेवं लघीयसा न्यासेन सिद्धे सति यद्गरीयांसं यत्नमारभते तज्ज्ञापयत्याचार्यः परेण न पूर्वेणेति ॥ किं पुनर्वर्णोत्सत्ताविव णकारो द्विरनुबध्यते । एतज्ज्ञापयत्याचार्यो**

**उर्ऋत् ।**[188] (સૂત્રમાં) **ऋ**-કારને **तपर** કરે છે તેથી આચાર્ય જ્ઞાપન કરે છે કે (**अणुदित्सवर्णस्य** ० એસવર્ણ સંજ્ઞા સૂત્રમાં **अण्** ) પર (**ण**-કાર) સાથે લેવાનો છે પૂર્વ સાથે નહીં. તો પછી (સૂત્રોમાં) જ્યાં **इण्** નું ગ્રહણ કર્યું હોય ત્યાં સંદેહ થાય છે. (ત્યાં)અવશ્ય પર

---

[186] જો **मातॄणाम्** વગેરેમાં **इ** ન થાય તો **चिकीर्षति** વગેરેમાં પણ ન થવાનો પ્રસંગ આવશે એમ દલીલ છે. **कृ** ધાતુને **धातोः कर्मणः**० પ્રમાણે **सन्** લાગતાં **अज्झनगमां सनि ।** પ્રમાણે **कॄ सन्** થશે. અહીં પણ જો પર **ण**- કાર સાથે **अण्** પ્રત્યાહાર લેવામાં આવે તો હ્રસ્વ **ऋ** ને સ્થાને મૂકવામાં આવેલો દીર્ઘ **ॠ**-કાર **उरण्**० પ્રમાણે **रपर** થાય તો-- **कॄर् सन्** એ સ્થિતિમાં અન્તે **ऋ** ન હોવાથી **ऋत इद्धातोः ।** લાગુ ન પડતાં **ॠ** નો **इ** ન થવાનો પ્રસંગ આવે છે. તેના જ્વાબમાં એમ કહેવામાં આવે છે કે **उपधायाश्च ।** પ્રમાણે ઉપધા **ॠ** નો **इ** થશે. પરંતુ તેમ થાય તો પછી **मातॄणाम्** માં પણ (**मातॄर् णाम्** એ સ્થિતિમાં) ઉપધાભૂત **ॠ**-કારનો **इ** થવાનો પ્રસંગ આવશે. આ પ્રમાણે ન થાય તે માટે જ સૂત્રકારે **ऋत इत्**० માં **धातु** શબ્દનું ગ્રહણ કર્યું છે. આમ **उरण्**० સૂત્રમાં **अण्** મૂક્યો છે તે ઉપરથી સમજાય છે કે ત્યાં **अण्** પૂર્વ **ण**-કાર સાથે જ લેવાનો છે.

[187] **उर्ऋत् ।** સૂત્ર પ્રમાણે **णिजन्त** માં **लुङ्** ના **चङ्** પૂર્વે ધાતુના ઉપધાભૂત **ऋ** કે **ॠ** ને સ્થાને હ્રસ્વ **ऋ** (**ऋत्**) મૂકવામાં આવે છે. અહીં સૂત્રમાં **ऋत्** એમ **ऋ** ને **तपर** કર્યો છે. જો **अणुदित्**० સૂત્રમાંનો **अण्** પ્રત્યાહાર પૂર્વ **ण**-કાર સાથે લેવાનો હોય તો **उर्ऋत्** માં **ऋ** ને **तपर** કર્યો છે તે નિરર્થક થશે, કારણ કે તેમ ન કર્યું હોય તો પણ **ऋ** કે **ॠ** ને સ્થાને હ્રસ્વ **ऋ** જ થશે. તે એટલા માટે કે પૂર્વ **ण**-કાર સાથેના **अण्** પ્રત્યાહારમાં **ऋ** નથી આવતો તેથી તે **अणुदित्**० પ્રમાણે પોતાના સવર્ણ દીર્ઘનું ગ્રહણ નહીં કરાવે.. પરિણામે **अचीकृतत्** એ દૃષ્ટાન્તમાં **उर्ऋत् ।** પ્રમાણે **कृत्** ધાતુના **ऋ**-કારને સ્થાને હ્રસ્વ **ऋ**-કાર જ થશે. તેથી તે સૂત્રમાં **ऋ** ને **तपर** કર્યો છે તે વ્યર્થ થઇને જ્ઞાપન કરે છે કે **अणुदि**० એ ગ્રહણકશાસ્ત્રમાંનો **अण्** પર **ण**-કાર સાથે લેવાનો છે, કારણ કે સૂત્રમાં **उर्ऋत् ।** માં **ऋ** ને **तपर** કરીને સૂત્રકારે સૂચવ્યું છે કે **ऋ** ને સ્થાને સવર્ણ દીર્ઘ આદેશ નહીં થાય અને **अणुदित्**० માંનો **अण्** પ્રત્યાહાર પર **ण**- કાર સાથે લેવામાં આવે તો જ તે સૂત્ર **उर्ऋत् ।** ના હ્રસ્વ **ऋ**-કારને લાગુ પડી શકે. આમ સિદ્ધ થાય છે કે **अणुदित्**० સૂત્રમાં **अण्** પર **ण**- કાર સાથે લેવાનો છે. અહીં **सवर्णेऽण् तु परं ह्युर्ऋत् ।** એમ પાઠાન્તર છે (જુઓ સુ.શા.ભા.૧ પૃ.૧૬૯ પા.ટી.*)

[188] અહીં ०**ऋकारे तपरकरणम् ।** એમ પાઠાન્તર છે (જુઓ એજન પૃ૧૬૯)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ण-કાર) સાથે (લેવાનો છે),પૂર્વ સાથે નહીં. (સૂત્રકાર इण् ને બદલે) य्वोः (એમ મૂકે છે તે) સિવાય (જ્યાં જ્યાં) इण् (પ્રત્યાહારનું ગ્રહણ હોય ત્યાં ત્યાં ) પાછળના (ण्) સાથે (લેવો) જ્યાં પૂર્વ (ण-કાર) સાથેના (इण् પ્રત્યાહારના વર્ણોને સૂચવવા) ઇચ્છે છે ત્યાં ( इ-કાર અને उ-કાર સૂચવવા માટે સૂત્રમાં इण् ને બદલે ) य्वोः એમ ભેગા કરીને મૂકે છે અને તેમાં ગૌરવ થાય છે. (એ) કેમ કરીને જ્ઞાપક (થશે) ? તેમાં વિભક્તિના નિર્દેશપૂર્વક (इ અને उ ને ભેગા કરીને અર્થાત્ તેમનો સમાસ કરીને સૂત્રમાં) મૂકવામાં આવતાં સાડા ત્રણ માત્રા થશે[189] જ્યારે પ્રત્યાહારનું ગ્રહણ કરવામાં આવે તો ત્રણ માત્રાથાય. આમ ઓછા વર્ણો મૂકીને સિદ્ધ થાય છે છતાં વધારે મોટો પ્રયત્ન કરીને આચાર્ય જ્ઞાપન કરે છે કે (સૂત્રમાં इण् નું ગ્રહણ હોય ત્યારે તેને) પર (ण-કાર) સાથે લેવો, પૂર્વ સાથે નહીં. તો પછી વર્ણોની ખોટ પડી હોય[190] તેમ (અન્ય વર્ણ વાપરવાને બદલે) ण-કારને બે વાર અનુબન્ધ તરીકે લેવામાં આવ્યો છે. (તે ઉપરથી ) આચાર્ય[191] જ્ઞાપન કરે છે કે

**भवत्येषा परिभाषा व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणमिति। अणुदित्सवर्णं परिहाय पूर्वेणाण्ग्रहणं परेणेण्ग्रहणमिति व्याख्यास्यामः ॥**

**ञ म ङ ण न म् ॥७॥ झ भ ञ् ॥८॥**

**किमर्थमिमौ मुखनासिकावचनौ वर्णावुभावप्यनुबध्येते न ञकार एवानुबध्येत। कथं यानि मकारेण ग्रहणानि हलो यमां यमि लोपः इति। सन्तु ञकारेण हलो यञां यञि लोप इति। नैवं शक्यम्। झकारभकारपरयोरपि हि झकारभकारयोर्लोपः प्रसज्येत। न झकारभकारौ झकारभकारयोस्तः॥ कथं पुमः खय्यम्परे इति। एतदप्यस्तु ञकारेण पुमः खय्यञ्पर इति। नैवं शक्यम्। झकारभकारपरे हि खयि रुः प्रसज्येत। न झकारभकारपरः खयस्ति॥**

'(સૂત્રના અર્થ વિશે) સંદેહ થાય ત્યારે તે (સૂત્ર) નકામું નથી થતું પરંતુ (શિષ્ટોએ કરેલા) સ્પષ્ટીકરણથી વિશિષ્ટ અર્થનો બોધ થાય છે' એ પરિભાષા છે. અમે સ્પષ્ટીકરણ કરીશું [192] કે **अणुदित्सवर्णस्य चाप्रत्ययः।** સિવાય બધે अण् નું ગ્રહણ હોય તે પૂર્વ (ण-કાર) સાથે અને इण् નું ગ્રહણ હોય તે પર ण-કાર સાથે (લેવું).

**ञ म ङ ण न म्॥७॥ झ भ ञ्॥८॥**

આ બન્ને અનુનાસિક વર્ણોને અનુબન્ધ તરીકે કેમ મૂક્યા છે, એકલા ञ् ને જ કેમ અનુબન્ધ ન કરી શકાય?[193] (જો એમ કરવામાં આવે તો) **हलो यमां यमि लोपः।** જેમાં म् અનુબન્ધ સાથેના પ્રત્યાહારનું ગ્રહણ કરવામાં આવ્યું છે તે (સૂત્રો) નું શું? તો પછી **हलो**

---

[189] **अर्धचतस्रः मात्राः** સાડા ત્રણ માત્રા. **य्वोः** અથવા **य्वोर्** માં य् व् અને ओ ની અનુક્રમે અર્ધ +અર્ધ +બે માત્રા +વિસર્ગ કે र् ની અર્ધ= સાડા ત્રણ માત્રા થાય. જો **इणः** એમ પ્રત્યાહારનો પ્રયોગ કર્યો હોય તો इ , ण्, अ અને વિસર્ગની અનુક્રમે એક+ અર્ધ+એક +અર્ધ = ત્રણ માત્રાથશે એટલે કે અડધી માત્રા ઓછી થશે, પરંતુ વિભક્તિનિર્દેશ ન કર્યો હોય, એટલે કે સંધિ કરીને **इण** એમ કહ્યું હોય તો અઢીમાત્રા જ થશે.

[190] આક્ષેપકારનું કહેવું એમ છે કે अण् વગેરે પ્રત્યાહારોનો સૂત્રમાં પ્રયોગ કર્યો હોય ત્યારે સંદેહનું નિવારણ કરવા માટે અનેક પ્રકારના પ્રયત્ન કરવા પડે છે અને તેથી બોધ થવામાં વધુ શ્રમ પડે છે તો પછી લાઘવ ખાતે સૂત્રકારે અન્ય વર્ણને અનુબન્ધ તરીકે પ્રયોજ્યો હોત તો શું વાંધો આવત ?

[191] અહીં આચાર્ય એટલે શિવ એમ નાગેશસ્પષ્ટ કરે છે.

[192] **व्याख्यान** અર્થાત્ જ્ઞાપક અથવા સામર્થ્ય રૂપી ન્યાય તેમ જ આગમ એટલે કે ઉપદેશ પરંપરા. જ્ઞાપક વગેરે મહાભાષ્યકારે દર્શાવ્યાં છે. ઉપદેશપરંપરાનાં ઉદાહરણ રૂપે છાયામાં આ કારિકા આપી છેઃ

**परेणैवेण्ग्रहाः सर्वे पूर्वेणैवाण्ग्रहा मताः। ऋतेऽणुदित्सवर्णस्येत्येतदेकं परेण तु॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यञां यञि लोपः। એમ ञ-કારને અનુબન્ધ લઇને એ (સૂત્રો) ભલે થાય. પરંતુ એમ શક્ય નથી, કારણ કે झ-કાર અથવા भ-કાર નો પણ झ-કાર કે भ-કાર પર થતાં લોપ થવાનો પ્રસંગ આવે. પણ झ-કાર અથવા भ-કાર , झ-કાર કે भ-કાર પછી આવતા નથી.[194]

તો પછી पुमः खय्यम्परे। માં (म-કાર સાથે अम् પ્રત્યાહાર છે) તેનું શું ? એ પણ पुमः खय्यञ्परे। એમ ञ-કાર (અનુબન્ધ) સાથે ભલે થાય. એ પ્રમાણે શક્ય નથી, કારણ કે झ-કાર અથવા भ-કાર જેની પાછળ આવ્યો હોય તેવો खय् પ્રત્યાહારમાંનો વર્ણ પાછળ આવતાં (पुम् ના म् નો ) रु થવાનો પ્રસંગ આવે. પણ झ-કાર અથવા भ-કાર જેની પાછળ આવ્યો હોય તેવા खय् વર્ણ હોતો નથી.[195]

**कथं ङमो ह्रस्वादचि ङमुण्नित्यम् इति। एतदप्यस्तु ञकारेण ङञो ह्रस्वादचि ङञुण्नित्यमिति। नैवं शक्यम्। झकारभकारयोरपि हि पदान्तयोर्झकारभकारावागमौ स्याताम्। न झकारभकारौ पदान्तौ स्तः। एवमपि पञ्चागमास्त्रय आगमिनो वैषम्यात्संख्यातानुदेशो न प्राप्नोति।**

**अथ किमिदमक्षरमिति।**

**अक्षरं न क्षरं विद्यात्**
**न क्षीयते न क्षरतीति वाक्षरम्॥**

**अश्नोतेर्वा सरोऽक्षरम्।**
**अश्नोतेर्वा पुनरयमौणादिकः सरन्प्रत्ययः॥**

પછી ङमोह्रस्वादचि ङमुण्नित्यम्। માં म-કાર સાથે ङम् પ્રત્યાહાર છે) તેનું શું ? એ પણ ङमोह्रस्वादचि ङञुण्नित्यम् । એમ ञ-કારને (અનુબન્ધ) લઇને (સૂત્ર) ભલે થાય. એ પ્રમાણે શક્ય નથી, કારણ કે झ-કાર અથવા भ-કાર પણ પદાન્તે આવેલા હોય તો झ-કાર અને भ-કાર આગમ થવાનો પ્રસંગ આવે. પણ झ-કાર અને भ-કાર પદને અન્તે નથી હોતા. એમ છતાં પણ આગમ પાંચ છે અને જેને આગમ થવાનો છે તે (આગમી) ત્રણ જ છે. આમ બન્ને સરખા નથી તેથી સંખ્યાપ્રમાણે તે તે આગમીને આગમ લાગી શકે નહીં,[196] (અર્થાત્ યથાસંખ્યન્યાય લાગુ પડી ન શકે). તો જે આગમોને આગમી હોય તે (આગમો) ભલે થાય, પરંતુ झ-કાર અને भ-કાર પદને અન્તે આવતા નથી એ કારણે તેમને આગમ નહીં લાગે.

---

[193] એટલે કે ञमङणनम्। અને झभञ्। એમ બેને બદલે ञमङणनझभञ्। એમ એક જ સૂત્ર બનાવ્યું હોત તો શો વાંધો આવત ?

[194] झ-કાર કે भ-કાર પદને અન્તે હોઇ ન શકે, કારણ કે પદાન્તે આવેલા झ् અને भ् નો झलां जशोऽन्ते। પ્રમાણે અનુક્રમે ज् અને ब् થાય છે.

[195] अम् પ્રત્યાહારમાંનો વર્ણ જેની પાછળ આવતો હો તેવો खय् વર્ણ पुम् ની પાછળ આવતાં તેના म् નો रु થાય છે (અને उ નો उँ કે उं થાય છે). અહીં अम् ને સ્થાને अञ् પ્રત્યાહાર કરવામાં આવે તો પણ કોઇ વાંધો નહીં આવે, કારણ કે झ- કાર અને भ-કાર પછી खय् વર્ણ આવતો નથી.

[196] प्रत्यङ् आस्ते। सुगण् आस्ते। कुर्वन् अवोचत् જેવાં ઉદાહરણોમાં હ્રસ્વ પછી આવેલા ङम् પ્રત્યાહારના વર્ણ પછી अच् આવ્યો છે તેથી ङमो ह्रस्वादचि ङमुण् नित्यम्। પ્રમાણે ङमुट् આગમ લાગીને प्रत्यङ्ङास्ते। सुगण्णास्ते। कुर्वन्नवोचत्। એમ સંધિ થશે. માહેશ્વર સૂત્રમાં ञमङणनझभञ्। એમ એક જ સૂત્ર કરવામાં ङमो ह्रस्वाद० સૂત્રમાં ङम् ને બદલે ङञ् પ્રત્યાહાર મૂકવો પડશે. અને તેથી આગમ ङमुट् ન થતાં ङञुट् થશે તેમાંથી (ङुट् ,णुट् , नुट् , झुट् અને भुट् એ) પાંચ આગમો થશે, પરંતુ જેને આગમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે આ અક્ષર[197] તે શું છે ?

**જેનો નાશ ન થાય (न क्षरम्) તેને अक्षर જાણવો**

જે ક્ષીણ ન થાય અથવા જે નષ્ટ ન થાય તે **અક્ષર**.

**અથવા अश् ને सरन् લાગીને[198] अक्षर ।**

અથવા अश् (વ્યાપવું) એ ધાતુને सरन् એ ઉણાદિ પ્રત્યય લાગીને (જે વ્યાપે છે તે अक्षर એ અર્થમાં થયો છે)

**वर्णं वाहुः पूर्वसूत्रे**

**अथवा पूर्वसूत्रे वर्णस्याक्षरमिति संज्ञा क्रियते ।**

**किमर्थमुपदिश्यते ॥**

**अथ किमर्थमुपदिश्यते ॥**

**वर्णज्ञानं वाग्विषयो यत्र च ब्रह्म वर्तते ।**

**तदर्थमिष्टबुद्ध्यर्थं लघ्वर्थं चोपदिश्यते ॥**

**सोऽयमक्षरसमाम्नायो वाक्समाम्नायः पुष्पितः फलितश्चन्द्रतारकवत्प्रतिमण्डितो वेदितव्यो ब्रह्मराशिः । सर्ववेदपुण्यफलावाप्तिश्चास्य ज्ञाने भवति । मातापितरौ चास्य स्वर्गे लोके महीयेते ॥**

**इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां द्वितीयमाह्निकम् ॥२ ॥**

**અથવા તો પૂર્વે વર્ણને अक्षर [199] કહેતા હતા.**

અથવા પૂર્વનાં સૂત્રોમાં વર્ણ ને અક્ષર એ સંજ્ઞા કરવામાં આવી છે .

(વર્ણોનો) ઉપદેશ શા માટે કરવામાં આવે છે ?

તો પછી (વર્ણોનો ) ઉપદેશ શા માટે કરવામાં આવે છે ?[200]

જેમાં શબ્દબ્રહ્મ રહેલું છે તેવી વાણીના વિષયભૂત વર્ણજ્ઞાન કરાવનાર શાસ્ત્ર છે તે (શાસ્ત્ર) માટે, ઈષ્ટ (અર્થાત્ દુષ્ટ નહોય-જે દોષરહિત હોય તેવા, વર્ણ) સમજાય તે માટે તેમ જ લાઘવને ખાતર (માહેશ્વર સૂત્રોનો ) ઉપદેશ કરવામાં આવે છે.

---

લાગવાના છે તે આગમી (**ङ्, ण्** અને **न्** એમ માત્ર ત્રણ છે. આથી આગમ અને આગમીઓની સંખ્યામાં ફેર હોવાથી ઉદ્દેશ અને વિધેયનો યથાસંખ્ય મેળ નહીં ખાય.

[197] માહેશ્વર સૂત્રોને **अक्षरसमाम्नाय** કહેવામાં આવે છે અથવા પૂર્વે કહ્યું કે **यो वा इमां पदशः स्वरशोऽक्षरशश्च वाचं विदधाति** વગેરે તેથી **अक्षर** શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે. ભાષ્યકાર **अइउण्** । સૂત્રના ભાષ્યમાં પણ માહેશ્વર સૂત્રોમાંના **अ**-કારને આક્ષરસમામ્નાયિક કહે છે.

[198] **अश्नोतेर्वा सरोऽक्षरम्** । એ પાદમાં **सरः** શબ્દ ઔણાદિક પ્રત્યય **सरन्** માટે પ્રયોજ્યો છે અને છંદને અનુલક્ષીને અનુબન્ધનો લોપ કરીને મૂળ પ્રત્યયના અનુકરણ રૂપે મૂક્યો છે. આમ **अक्षर** શબ્દ **अश्** (વ્યાપવું) એ ધાતુ ઉપરથી બન્યો છે. જે પદ કે વાક્યને વ્યાપે તે **अक्षर** . અર્થને વ્યાપે તે **अक्षर** એમ ન કહી શકાય, કારણ કે વર્ણ અર્થહીન હોય છે.

[199] અહીં કેટલીક પ્રતોમાં **वर्णंचाहुः** । એમ પાઠ છે. તે પ્રામાદિક છે, કારણ કે ભાષ્યમાં **अथवा** શબ્દ પ્રયોજ્યો છે. તે **वा** નો અર્થ છે. વર્ણને અક્ષર કહેવાની રૂઢિ છે.**पूर्वसूत्र** નો ઉલ્લેખ ભાષ્યકાર અનેક સ્થળે કરે છે. પૂર્વસૂત્રમાં એટલે અન્ય વ્યાકરણમાં. વર્ણો એ જ અક્ષરો. અક્ષર શબ્દના ત્રણ અર્થ ભાષ્યકારે દર્શાવ્યા :૧) નિત્ય, ૨) વ્યાપક અને ૩)વર્ણ , પરંતુ પ્રથમ બે અર્થ વ્યાકરણ શાસ્ત્રમાં ઉપયોગી ન હોવાથી ત્રીજો અર્થ અહીં લેવો જોઇએ અને પ્રથમ બે અર્થ વર્ણના વિશેષણ તરીકે લેતાં નિત્ય અને વ્યાપક વર્ણોનો સમામ્નાય તે અક્ષરસમામ્નાય એમ સિદ્ધ થયું. આમ અક્ષરસમામ્નાય એટલે શ્રુતિરૂપ વર્ણસંઘાત.

[200] વર્ણોના સાધુત્વનું પ્રતિપાદન થઇ શકતું નથી. માત્ર પદોનું સાધુત્વ વ્યાકરણ વ્દારા સિદ્ધ કરી શકાય છે તેથી અહીં પ્રશ્ન કર્યો છે કે આ અક્ષરસમામ્નાયનો ઉપદેશ શા માટે કરવામાં આવ્યો છે ? અગાઉ આને લગતો વિચાર કરવામાં આવ્યો છે, પરંતુ કંઇક વિશેષ કરવાના હેતુથી ફરી વિચારણા કરવામાં આવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અક્ષર સમામ્નાયરૂપી આ જે વાણીનો સંગ્રહ છે [201] તે (દૃષ્ટ ફલરૂપ ઐહિક કલ્યાણથી), (અદૃષ્ટ ફલરૂપ મોક્ષથી) ફલિત છે તેમ જ ચન્દ અને તારાની જેમ[202] સુશોભિત એવો વેદરાશિ જ જાણવો. તેનું જ્ઞાન થવાથી બધા જ વેદોના જ્ઞાનનું પુણ્ય મળે છે અને તે (જાણનાર) નાં માતાપિતા સ્વર્ગ લોકમાં પૂજાને પાત્ર થાય છે.

અહીં શ્રી ભગવાન પતંજલિવિરચિત વ્યાકરણ મહાભાષ્યના પ્રથમ અધ્યાયના પ્રથમ પાદનો દ્વિતીય આહ્નિકનો ગુજરાતી અનુવાદ સમાપ્ત ॥ ૨॥

---

[201] **वाक्समाम्नायः** - વાણીનો સંગ્રહ , અર્થાત્ વાણીને સંક્ષેપમાં મૂકવાનો ઉપાય. આટલા વર્ણો દ્વારા જ વાણીનો વ્યવહાર થઇ શકે છે એમ સૂચવાય છે.

[202] **चन्द्रतारकवत्** એ શબ્દો વાગ્વ્યવહારનું અનાદિત્વ અને નિત્યત્વ સૂચવે છે. અહીં કૈયટે પ્રયોજેલો વાગ્વ્યવહાર શબ્દ સંક્ષેપમાં રજુ કરનાર ચતુર્દશસૂત્રીને સૂચવે છે, કારણ કે ભાષ્યમાં અહીં માહેશ્વર સૂત્રો પ્રસ્તુત છે તેથી સર્વ વિશેષણો તેને અનુલક્ષીને ઘટાવવાં જોઇએ નહીં તો ભાષ્યનો વિરોધ થશે. એમ નાગેશ સૂચવે છે. આધારરૂપે ભર્તૃહરિના શબ્દો ઉદ્ધર્યા છે.

અહીં ભગવાન પતંજલિવિરચિત વ્યાકરણ મહાભાષ્યના પ્રથમ અધ્યાયના દ્વિતીય આહ્નિકના ગુજરાતી અનુવાદની તરલા નામનની ટીકા સમાપ્ત ॥૨॥

**इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां द्वितीयमाह्निकम् ॥२॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આહ્નિક ત્રીજો

वृद्धिरादैच् ।१।१।१॥[1]

कुत्वं कस्मान्न भवति चोः कुः पदस्य इति। भत्वात्। कथं भसंज्ञा। अयस्मयादीनि च्छन्दसि इति। छन्दसीत्युच्यते न चेदं छन्दः। छन्दोवत्सूत्राणि भवन्ति। यदि भसंज्ञा वृद्धिरादैजदेङ्गुण इति जश्त्वमपि न प्राप्नोति। उभयसंज्ञान्यपि च्छन्दांसि दृश्यन्ते। तद्यथा। सुष्टुभा स ऋक्वता गणेन।

आ , ऐ અને औ ની વૃદ્ધિ સંજ્ઞા છે ॥ ૧।૧।૧॥

(આસૂત્રમાં) चोः कुः । (અર્થાત્ 'પદને અન્તે આવેલા च વર્ગના વર્ણનો क વર્ગનો વર્ણ થાય છે) પ્રમાણે कुत्व[2] કેમ નથી થતું ? કારણ કે (ऐच् શબ્દને અહીં) भ (સંજ્ઞા[3] થાય) છે, (પદ સંજ્ઞા થતી નથી). भ સંજ્ઞા કેવી રીતે (થાય છે )? अयस्मयादीनि च्छन्दसि । પ્રમાણે.[4] (પરંતુ એ સૂત્રમાં તો) 'વેદમાં (छन्दसि)', એમ કહેલું છે અને આ (સૂત્ર) વેદ નથી. સૂત્રો[5] વેદ ના જેવાં હોય છે (એમ જાણવું). જો भ સંજ્ઞા થાય તો वृद्धिरादैजदेङ्गुणः । (એમ સંહિતા પાઠ કરતાં) जश्त्व[6] પણ ન થાય. વેદોમાં તો पद અને भ બન્ને સંજ્ઞાઓ જોવામાં આવે છે. જેમકે स सुष्टुभा स ऋक्वता गणेन ।

---

[1] પદચ્છેદ વ્યાખ્યાનનું અંગ છે (पदच्छेदः पदार्थोक्तिः विग्रहो वाक्ययोजना। आक्षेपश्च समाधानं व्याख्यानं षड्विधं मतम्॥) તેથી પદચ્છેદ કરતાં वृद्धिरादैच्। સૂત્રમાં वृद्धिः અને आदैच् એમ બે પદ થશે કે પછી वृद्धिः, आत् અને ऐच् એમ ત્રણ ? ભાષ્યકારે પસ્પશામાં ત્રણ લીધાં છે : न केवलं चर्चापदानि व्याख्यानं वृद्धिः आत् ऐच् इति। હરદત્ત ત્રણ પદ લે છે, પરંતુ ભાષ્યકારે આગળ कृतमनयोः साधुत्वम् (કિ.પૃ. ૩૯). એમ કહીને સૂત્રનાં પદ માટે દ્વિવચનનો પ્રયોગ કર્યો છે તેથી वृद्धिः અને आदैच् એ બે પદ છે તેમ પણ કહી શકાય. ન્યા. સૂત્રને બન્ને રીતે સમજાવે છે.ત્રણ પદ લેવામાં આવે ત્યારે ઉદ્દેશ્યભૂત आत् અને ऐच् બે હોવાથી વિધેય वृद्धिः ની પુનરુક્તિ કરીને યોજના કરતાં आत् वृद्धिः। ऐच् वृद्धिः। એમ થવાથી અર્થબોધ નિઃસંદિગ્ધ રીતે થશે. જો બે પદ લેવામાં આવે તો आच्च ऐच्च आदैच्। એમ સમાહાર દ્વન્દ્વ લઇ શકાશે. આગળ કૈ. કહેશે કે आदैच् એ દ્વન્દ્વ સમાસ છે તેથી अनयोः એમ દ્વિવચન પ્રયોજ્યું છે. ના.ઉમેરે છે કે पदयोः એ અધ્યાહાર્ય છે તેથી બે પદનું એમ સમજાશે. જ્યારે ત્રણ પદ લેવામાં આવે ત્યારે ભાષ્યકારે જે દ્વિવચનનો પ્રયોગ કર્યો છે તેનો अनयोः खण्डयोः (અર્થાત્ वृद्धिरादैच्। એ સૂત્રના ઉદ્દેશ્ય અને વિધેય એ) બે ભાગનું એમ અર્થ કરીને દ્વિવચનનું સમર્થન કરી શકાશે.

[2] कुत्व- चोः कुः। પ્રમાણે च् નો क् કેમ નથી થતો એ પ્રશ્ન દ્વારા ભાષ્યકાર દર્શાવવા માગે છે કે પાણિનિએ સાધુ શબ્દનો પ્રયોગ કર્યો છે અસાધુનો નહીં અને તેથી તેમણે રચેલું શાસ્ત્ર શ્રદ્ધેય છે. હવે જો સૂત્રકારે પોતે જ અસાધુ શબ્દપ્રયોગ કર્યો હોય તો તેઓ શ્રદ્ધેય ન રહે અને તેમનું રચેલું વ્યાકરણ પણ ઉપાદેય ન રહે.

[3] यचि भम्। પ્રમાણે થતી भ સંજ્ઞા स्वादिष्वसर्वनामस्थाने। પ્રમાણે થતી पद સંજ્ઞાનો અપવાદ છે. वृद्धिरादैच्। માં भ સંજ્ઞા થાય છે તેથી आदैच् ને पद સંજ્ઞા નહીં થાય. પરિણામે च-કાર પદાન્તે નથી તેથી चोः कुः। લાગુ નહીં પડે અને कुत्व નહીં થાય, એટલે કે आदैक् નહીં થાય.

[4] એ સૂત્ર પ્રમાણે વેદમાં अयस्मय વગેરે શબ્દોની भ સંજ્ઞા થાય છે. अयस्मयादि એ શબ્દમાં आदि શબ્દ પ્રકારવાચી છે માટે તેમાં ऐच् નો સમાવેશ કરી શકાશે તેથી आदैच् ને भ સંજ્ઞા થતાં कुत्व નહીં થાય.

[5] छन्दोवत्सूत्राणि भवन्ति। એ ભાષ્યકારની ઇષ્ટિ છે. અહીં સૂત્રો એટલે વૈશેષિક સૂત્ર વગેરે નહીં પણ વ્યાકરણ સૂત્રો, કારણ કે પદ, પદાર્થ વગેરેનો બોધ કરાવીને વેદને ઉપકારક થાય છે તેથી વ્યાકરણ વેદનું અંગ છે. વળી मुखं व्याकरणम् વગેરે કહીને વ્યાકરણને અંગ તરીકે નિરૂપ્યું છે અને પસ્પશામાં કહ્યું છે કે છ વેદાંગોમાં વ્યાકરણ પ્રધાન છે. આમ અંગ હોવાથી વ્યાકરણ સૂત્રો વેદ સમાન છે. તેથી वृद्धिरादैच्। ને भ સંજ્ઞા થશે.

[6] भ સંજ્ઞા થાય તો સંહિતા પાઠમાં झलां जशोऽन्ते। પ્રમાણે ऐच् ના च् નો ज् થાય છે તે નહીં થાય, કારણ કે તે સંજ્ઞા पद સંજ્ઞાનો અપવાદ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**पदत्वात्कुत्वं भत्वाज्जश्त्वं न भवति। एवमिहापि पदत्वाज्जश्त्वं भत्वात्कुत्वं न भविष्यति॥ किं पुनरिदं तद्भावितग्रहणं वृद्धिरित्येवं य आकारैकारौकारा भाव्यन्ते तेषां ग्रहणमाहोस्विदादैज्मात्रस्य। किं चातः। यदि तद्भावितग्रहणं शालीयः मालीय इति वृद्धलक्षणश्छो न प्राप्नोति। आम्रमयम् शालमयम् वृद्धलक्षणो मयण्न प्राप्नोति। आम्रगुप्तायनिः शालगुप्तायनिः वृद्धलक्षणः फिञ्न प्राप्नोति॥ अथादैज्मात्रस्य ग्रहणं सर्वो भासः सर्वभास इत्युत्तरपदवृद्धौ सर्वं च इत्येष विधिः प्राप्नोति।**

(**ऋक्वंता** માં) પદ સંજ્ઞાને કારણે **च्** નો **क्** (**कुत्व**) થાય છે અને भ સંજ્ઞાને કારણે **च्** નો **ज्** (**जश्त्व**) નથી થતો. તેમ અહીં પણ પદ હોવાથી **जश्त्व** થાય છે અને भ હોવાથી **च्** નો **क्** નહી થાય. તો હવે આ (સૂત્રમાં) તદ્‌ભાવિતનું[7] ગ્રહણ છે, એટલે કે **वृद्धि** એ શબ્દ દ્વારા (જેમનું વિધાન) કરવામાં આવ્યું છે તે **आ**,**ऐ** અને **औ** નું જ ગ્રહણ કરવાનું છે કે પછી ગમે તે **आ** , **ऐ** અને **औ** નું ?[8] તેથી શો ફેર પડે છે ? જો તદ્‌ભાવિતનું ગ્રહણ કરવાનું હોય તો **शालीयः मालीयः** માં[9] **वृद्ध** સંજ્ઞાને કારણે લાગતો **छ** પ્રત્યય નહીં લાગે. **आम्रमयम्** । **शालमयम्** માં[10] **वृद्ध** * સંજ્ઞાને કારણે લાગતો **मयट्** પ્રત્યય નહીં લાગે. **आम्रगुप्तायनिः शालगुप्तायनिः** માં[11] **वृद्ध** સંજ્ઞાને કારણે થતો **फिञ्** પ્રત્યય નહીં લાગે. હવે જો (સૂત્રમાંના **आदैच्** દ્વારા) ગમે તે **आ**, **ऐ** અને **औ** નું ગ્રહણ થતું હોય તો **सर्वो भासः सर्वभासः**[12] (એ કર્મધારય સમાસ) માં **उत्तरपदवृद्धौ सर्वं च**। પ્રમાણે કાર્ય (અર્થાત્ પૂર્વપદનો અન્તોદાત્ત) થવાનો પ્રસંગ આવશે.

---

[7] **तद्भावितानां [=तेन (वृद्धिशब्देन) भावितानां (विहितानाम्)] ग्रहणम्**। વૃદ્ધિ શબ્દ દ્વારા જેનું વિધાન કરવામાં આવ્યું છે તે **तद्भावित**. આમ વૃદ્ધિ શબ્દ દ્વારા જે ઉત્પન્ન થયા હોય તે તદ્‌ભાવિત, તેનાથી ભિન્ન તે અતદ્‌ભાવિત, અર્થાત્ વ્યાકરણના નિયમવશાત્ થએલી વૃદ્ધિ તે તદ્‌ભાવિત ,જેમકે **मृजेर्वृद्धिः**। એ સૂત્રથી **मृज्** ઉપરથી **मार्ज्** થાય છે તેમાં **आ** એ તદ્‌ભાવિત છે, પરંતુ ધાતુ વગેરેમાં મળી આવતા **आ, ऐ, औ** અતદ્‌ભાવિત છે.

[8] શાસ્ત્રમાં તદ્‌ભાવિત અને અતદ્‌ભાવિત બન્નેનું ગ્રહણ કરેલું જોવામાં આવે છે અને બન્ને પક્ષે દોષનો સંભવ છે તેથી પ્રશ્ન કર્યો છે. **लुक्** સંજ્ઞામાં તદ્‌ભાવિતનું ગ્રહણ કરવાનું છે, જ્યારે **लोप** સંજ્ઞામાં કોઇ પણ અદર્શન એ લોપ છે તેથી અતદ્‌ભાવિતનું ગ્રહણ કરવામાં આવે છે .જો કે **टि** , **घु** , **भ** વગેરે સંજ્ઞાઓમાં તદ્‌ભાવિતનો સંભવ જ નથી તેથી અતદ્‌ભાવિતનું ગ્રહણ કરવામાં આવે છે પરંતુ સર્વત્ર અતદ્‌ભાવિતનું ગ્રહણ કરવું જોઇએ એમ કહેવું યોગ્ય નથી, કારણ કે આ **वृद्धि** સંજ્ઞામાં તદ્‌ભાવિત તેમ જ અતદ્‌ભાવિત બન્નેની શક્યતા છે.

[9] જે શબ્દના **अच्** વર્ણોમાં **वृद्धि** સંજ્ઞક વર્ણ પ્રથમ હોય તેને **वृद्ध** કહેવામાં આવે છે (**वृद्धिर्यस्याचामादिस्तद् वृद्धम्**।).જેમ કે **शाला** વગેરે. હવે જો તદ્‌-ભાવિતની જ **वृद्धि** સંજ્ઞા કરવામાં આવે તો **शाला** , **माला** વગેરે શબ્દોની **वृद्ध** સંજ્ઞા નહીં થાય, પરિણામે તેમને **वृद्धाच्छः**। પ્રમાણે **छ** પ્રત્યય લાગી શકશે નહીં, તેથી **शालीयः**। **मालीयः** વગેરે રૂપો નહીં બને.

[10] તદ્‌ભાવિત **आ**-કાર વગેરેની જ વૃદ્ધિ સંજ્ઞા કરવામાં આવે તો **आम्र** વગેરેમાંના આદિ **आ**-કારની વૃદ્ધિ સંજ્ઞા નહી થાય તેથી સમુદાયને **वृद्ध** સંજ્ઞા નહીં થાય પરિણામે (વૃદ્ધસંજ્ઞાને કારણે **नित्यं वृद्धशरादिभ्यः**। પ્રમાણે થતો ) **मयट्** નહીં થાય તેથી **आम्रीयम्** વગેરે સિદ્ધ નહીં થાય.

* અહીં ઉ.માં **वृद्धिलक्षणः मयण्न** ० એમ પાઠાન્તર છે. **नित्यं वृद्धशरादिभ्यः**।એ સૂત્ર **वृद्ध** સંજ્ઞા દ્વારા વૃદ્ધિનું નિમિત્ત થાય છે. (ઉ.)

[11] **आम्रगुप्त** વગેરે શબ્દોમાંપણ **आ**-કાર તદ્‌ભાવિત ન હોવાથી તેમને પણ વૃદ્ધ સંજ્ઞા ન થતાં **उदीचां वृद्धादगोत्रात्**। પ્રમાણે **फिञ्** (**आयनि**) નહી થાય તેથી **आम्रगुप्तायनिः** વગેરે સિદ્ધ નહીં થાય.

[12] **भास्** (**भासृ दीप्तौ**) પ્રકાશવું, એ ધાતુ ઉપરથી **भासते इति** (જે પ્રકાશે છે તે) એ અર્થમાં **अच्** લાગીને **भासः** શબ્દ થયો છે તેમાંનો આદિ **आ**-કાર મૂળ ધાતુનો જ છે, વૃદ્ધિ-સંજ્ઞક નથી. પરંતુ જો વૃદ્ધિ સંજ્ઞા દ્વારા અતદ્‌ભાવિતનું ગ્રહણ કરવામાં આવે , એટલે કે કોઇ પણ **आदैच्** ની (**आदैज्मात्र-स्य**) વૃદ્ધિ સંજ્ઞા કરવામાં આવે તો **भासः** ના **आ**-કારની વૃદ્ધિ સંજ્ઞા થતાં **उत्तरपदवृद्धौ**० પ્રમાણે **सर्वभासः** માં પૂર્વપદ અન્તોદાત્ત થવાનો પ્રસંગ આવશે. એમ અહીં દલીલ છે. આ સમાસ બહુવ્રીહિ નથી પરંતુ કર્મધારય છે, એમ સૂચવવા માટે ભાષ્યકારે **सर्वः भासः** એ વિગ્રહ કર્યો છે. તેથી તે અન્તોદાત્ત થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह च तावती भार्यास्य तावद्भार्यः वृद्धिनिमित्तस्य इति पुंवद्भावप्रतिषेधः प्राप्नोति॥ अस्तु तर्ह्यादैज्मात्रस्य ग्रहणम्। ननु चोक्तं सर्वो भासः सर्वभास इत्युत्तरपदवृद्धौ सर्वं च इत्येष विधिः प्राप्नोतीति। नैष दोषः। नैवं विज्ञायत उत्तरपदस्य वृद्धिरुत्तरपदवृद्धिरुत्तरपदवृद्धाविति। कथं तर्हि। उत्तरपदस्य इत्येवं प्रकृत्य या वृद्धिस्तद्वत्युत्तरपद इत्येवमेतद्विज्ञायते। अवश्यं चैतदेवं विज्ञेयम्। तद्भावितग्रहणे सत्यपीह प्रसज्येत सर्वः कारकः सर्वकारक इति। यदप्युच्यत इह च तावती भार्यास्य तावद्भार्यः वृद्धिनिमित्तस्य इति पुंवद्भावप्रतिषेधः प्राप्नोतीति नैष दोषः। नैवं विज्ञायते वृद्धेर्निमित्तं यस्मिन्सोऽयं वृद्धिनिमित्तो वृद्धनिमित्तस्येति। कथं तर्हि। वृद्धेर्निमित्तं यस्मिन्सोऽयं वृद्धिनिमित्तो वृद्धिनिमित्तस्येति। किं च वृद्धेर्निमित्तम्। योऽसौ ककारो णकारो ञकारो वा। अथवा यः कृत्स्नाया वृद्धेर्निमित्तम्। कश्च कृत्स्नाया वृद्धे र्निमित्तम्। यस्त्रयाणामाकारैकारौकाराणाम्॥

આ **तावती भार्या अस्य तावद्भार्यः यावद्भार्यः** માં પણ[13] **वृद्धिनिमित्तस्य च तद्धितस्यारक्तविकारे ( न )** । પ્રમાણે પુંવદ્‌ભાવનો પ્રતિષેધ થવાનો પ્રસંગ આવશે. તો પછી ગમે તે **आ, ऐ** અને **औ** નું ગ્રહણ ભલે થાય.[14] પણ અમે કહ્યું કે **सर्वो भासः सर्वभासः**। માં **उत्तरपदवृद्धौ सर्वं च**। પ્રમાણે કાર્ય (અર્થાત્ પૂર્વપદનો અન્તોદાત્ત) આવી પડશે. એ દોષ નહીં આવે, (કારણ કે) **उत्तरपदवृद्धौ** માં **उत्तरपदवृद्धिः** એ સમાસ **उत्तरपदस्य वृद्धिः** એમ સમજવાનો નથી. તો પછી કેમ (સમજવાનો છે) ? '**उत्तरपदस्य**। (એ અધિકાર ) નીચે થએલી વૃદ્ધિયુક્ત ઉત્તરપદ પર હોય ત્યારે', એમ સમજાય છે [15] અને તે અવશ્ય એ રીતે જ સમજવો જોઇએ. તેમ ન કરવામાં આવે તો તદ્‌ભાવિતનું ગ્રહણ કરવા છતાં **सर्वः कारकः सर्वकारकः** માં[16] (અંતોદાત્ત થવા રૂપી) દોષનો પ્રસંગ આવશે. વળી જે કહ્યું કે **तावती भार्या अस्य तावद्भार्यः, यावद्भार्यः** માં **वृद्धिनिमित्तस्य०** પ્રમાણે પુંવદ્‌ભાવનો પ્રતિષેધ થવાનો પ્રસંગ આવશે, તે પણ દોષ નથી. **वृद्धिनिमित्तस्य** ને **वृद्धेःनिमित्तं वृद्धिनिमित्तम्** એમ ('વૃદ્ધિનું નિમિત્ત'એ અર્થમાં) સમજવાનો નથી. તો પછી કેમ (સમજવાનો) છે ? **वृद्धेः निमित्तं यस्मिन्** (એટલે કે જેમાં વૃદ્ધિનું નિમિત્ત છે તે) **वृद्धिनिमित्त.**[17] તો પછી વૃદ્ધિનું નિમિત્ત શું છે ? આ જે **क्**કાર, **ञ्**કાર અથવા **ण्**કાર (હોય છે તે) અથવા જે બધી જ વૃદ્ધિનું નિમિત્ત હોય તે. તો બધી જ વૃદ્ધિનું નિમિત્ત કોણ છે ? જે **आ, ऐ** અને **औ** એ ત્રણે (વૃદ્ધિ સંજ્ઞક) નું નિમિત્ત હોય તે.

---

[13] **तद्** સર્વનામને પરિમાણના અર્થમાં **यत्तदेतेभ्यः परिमाणे वतुप्**। પ્રમાણે **वतुप्** લાગતાં આ **सर्वनाम्नः**। પ્રમાણે **वत्**પ્રત્યય પૂર્વે **तद्**ના **द्**નો **आ** આદેશ થઇને **तावद्, तावती** વગેરે થાય છે. જો અતદ્‌ભાવિતનું ગ્રહણ કરવામાં આવે તો **तावती** નો **आ**-કાર વૃદ્ધિ-સંજ્ઞક થશે અને **मतुप्** એ તદ્ધિત પ્રત્યય વૃદ્ધિનિમિત્ત થશે. હવે **तावती भार्या अस्य**। નો બહુવ્રીહિ સમાસ કરતાં **वृद्धिनिमित्तस्य०** પ્રમાણે **तावती** ના પુંવદ્‌ભાવનો નિષેધ થવાથી **तावतीभार्यः** એમ સમાસ થવાનો પ્રસંગ આવશે એમ પૂર્વપક્ષીની દલીલ છે.[કર્મધારય, બહુવ્રીહિ સમાસ, તેમ જ **तसिल्** જેવા કેટલાક પ્રત્યયો પૂર્વે સ્ત્રીલિંગ રૂપને સ્થાને પુંલ્લિગ જેવું (**पुंवत्**) રૂપ થાય તે પુંવદ્‌ભાવ, જેમ કે **तावती** ને સ્થાને **तावत्** મૂકવામાં આવે તે]

[14] જો તદ્‌ભાવિત પક્ષમાં નિવારી ન શકાય તેવા દોષ આવતા હોય તો પછી અતદ્‌ભાવિત પક્ષ સ્વીકારીશું. તેથી **सर्वभासः**। **तावद्भार्यः** વગેરેમાં આવતા દોષનું નિરાકરણ થશે.

[15] એ અધિકાર નીચેના સૂત્રથી ઉત્તરપદના પ્રથમ સ્વરની વૃદ્ધિ થઇ હોય તો જ **उत्तरपदवृद्धौ सर्वं च**। એ સૂત્ર લાગુ પડે, પરંતુ **सर्वभासः** માંના **भास** એ ઉત્તરપદનો **आ**-કાર મૂળ ધાતુનો જ છે અને **वृद्धिरादैच्**। એ સૂત્રથી તેને વૃદ્ધિ સંજ્ઞા થાય છે, પરંતુ ઉત્તરપદ અધિકાર નીચેના સૂત્રથી થએલ વૃદ્ધિ રૂપ ન હોવાથી **उत्तरपदवृद्धौ०** સૂત્ર ત્યાં લાગુ નહીં પડે તેથી પૂર્વપદનો અન્તોદાત્ત ન થતાં સમાસ અન્તોદાત્ત થશે અને દોષ નહીં આવે.

[16] **करोति इति**। એ અર્થમાં **कृ** ધાતુને **ण्वुल्तृचौ**। પ્રમાણે **ण्वुल्** લાગીને **कारकः** શબ્દ બન્યો છે. જો **उत्तरपदवृद्धौ०** એ સૂત્રનો એ પ્રમાણે અર્થ ન કરવામાં આવે તો **सर्वः कारकः सर्वकारकः** એ કર્મધારય સમાસમાં પૂર્વપદ **सर्व** એ સૂત્ર પ્રમાણે અન્તોદાત્ત થવાનો પ્રસંગ આવશે, કારણ કે **कारकः** માં **अचोञ्णिति**। પ્રમાણ વૃદ્ધિ થઇ છે. પરંતુ **अचोञ्णिति**। સૂત્ર **उत्तरपदस्य**। એ અધિકાર નીચેનું નથી તેથી **सर्वकारकः** માં **उत्तपदवृद्धौ०** લાગુ નહી પડે અને સમાસ અન્તોદાત્ત થશે.[**उत्तरपदस्य**।(૭-૩-૧૦) થી **यथातथयथापुरयोः पर्यायेण**।-૩૧) સુધી વિસ્તરે છે]

[17] એટલે કે જે પ્રત્યયમાં વૃદ્ધિના નિમિત્તભૂત **इत्** વર્ણો રહેલા હોય તે (**अचोञ्णिति**। **किति च**। એ સૂત્રો પ્રમાણે) **ञित्, णित्** અને **कित्** તદ્ધિત પ્રત્યયો પર થતાં અંગના આદિ સ્વરની વૃદ્ધિ થાય છે તેથી **क्,ण्** અને **ञ्** જે પ્રત્યયોમાં **इत्** હોય તેઓ જ સર્વ વૃદ્ધિના નિમિત્ત થાય, પરંતુ **तावती** માં **वतुप्** એ તદ્ધિત પ્રત્યય **आ**-કારનું નિમિત્ત છે. તેની પૂર્વે **ऐ** કે **औ** કદાપિ આવતા નથી. તેથી **वतुप्** વૃદ્ધિનું નિમિત્ત હોવા છતાં સર્વ વૃદ્ધિનું નિમિત્ત નથી. તેથી પ્રસ્તુત સમાસમાં પુંવદ્‌ભાવ થઇને **तावद्भार्यः** થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

संज्ञाधिकारः संज्ञासंप्रत्ययार्थः ॥१॥

अथ संज्ञेति प्रकृत्य वृद्ध्यादयः शब्दाः पठितव्याः। किं प्रयोजनम्। संज्ञासंप्रत्ययार्थः। वृद्ध्यादीनां शब्दानां संज्ञेत्येष संप्रत्ययो यथा स्यात्॥

इतरथा ह्यसंप्रत्ययो यथा लोके ॥२॥

अक्रियमाणे हि संज्ञाधिकारे वृद्ध्यादीनां संज्ञेत्येष संप्रत्ययो न स्यात्। इदमिदानीं बहुसूत्रमनर्थकं स्यात्। अनर्थकमित्याह। कथम्। यथा लोके। लोके ह्यर्थवन्ति चानर्थकानि च वाक्यानि दृश्यन्ते। अर्थवन्ति तावत्। देवदत्त गामभ्याज शुक्लां दण्डेन देवदत्त गामभ्याज कृष्णामिति। अनर्थकानि। दश दाडिमानि षडपूपाः कुण्डमजाजिनं पललपिण्डः अधरोरुकमेतत्कुमार्याः स्फैयकृतस्य पिता प्रतिशीन इति॥

संज्ञासंज्ञ्यसंदेहश्च ॥३॥

क्रियमाणे संज्ञाधिकारे संज्ञासंज्ञिनोरसंदेहो वक्तव्यः। कुतो ह्येतद्वृद्धिशब्दः संज्ञादैचः संज्ञिन इति न पुनरादैचः संज्ञा वृद्धिशब्दः संज्ञीति॥ यत्तावदुच्यते संज्ञाधिकारः कर्तव्यः संज्ञासंप्रत्ययार्थ इति न कर्तव्यः।

( वृद्धि વગેરે) સંજ્ઞા છે એ ખ્યાલ આવે તે માટે સંજ્ઞાવિષયક અધિકાર (સૂત્ર) [18] કરવું જોઇએ ॥૧॥

'अथ संज्ञा અર્થાત્ હવે સંજ્ઞા (કહેવામાં આવે છે )',એ પ્રમાણે પ્રસ્તાવ કરીને वृद्धि વગેરે શબ્દોનો પાઠ કરવો જોઇએ. શા માટે ? સંજ્ઞાનો ખ્યાલ આપવા માટે, જેથી કરીને વૃદ્ધિ વગેરે શબ્દો સંજ્ઞાઓ છે એમ બરોબર ખ્યાલ આવે.

નહીં તો વ્યવહારમાં બને છે તેમ (અહીં પણ) સાચો ખ્યાલ નહીં (આવે) ॥૨॥

જો સંજ્ઞાને લગતો અધિકાર ન કરવામાં આવે તો 'वृद्धि વગેરે સંજ્ઞા છે' એમ ખાત્રીપૂર્વક સમજાશે નહીં. તો પછી ઘણાં સૂત્રો અર્થહીન થશે.[19] (તો) કહે છે 'અર્થહીન (જ થશે). કેવી રીતે ? જેમ લોકવ્યવહારમાં (બને છે તેમ). લોકમાં પણ અર્થયુક્ત તેમ જ અર્થહીન વાક્યો જોવામાં આવે છે.[20] તેમાં અર્થયુક્ત વાક્યો તો देवदत्त गामभ्याज शुक्लां दण्डेन । (દેવદત્ત ! ધોળી ગાયને લાકડી વડે હાંકી લાવ), देवदत्त गामभ्याज कृष्णां दण्डेन । (દેવદત્ત! કાળી ગાયને લાકડી વડે હાંકી લાવ).અર્થહીન (આ છે ): दश दडिमानि षडपूपाः कुण्डमजाजीनं पललपिण्डः अर्धोरुकमेत-त्कन्यायाः स्फैयकृतस्य पिता प्रतिशीनः (દસ દાડમ, છ અપૂપ, કુંડું , બકરાનું ચામડું, કોરમાનો પિંડ, કન્યાનો એ ચણિયો, સ્ફૈયકૃતનો પિતા[21] સૂકાઇ ગયો'

સંજ્ઞા અને સંજ્ઞીને વિશે (થતો) સંદેહ પણ (દૂર થવો જોઇએ) ॥૩॥

સંજ્ઞાને લગતો અધિકાર કરવામાં આવે તો પણ સંજ્ઞા અને સંજ્ઞી વિશેનો સંદેહ ન રહે[22] તેમ વિધાન કરવું જોઇએ.'આ वृद्धि શબ્દ સંજ્ઞા છે અને આ , ए અને औ એ સંજ્ઞી છે,' એમ કેમ ? અને તેથી ઉલટ આ , ए અને औ એ સંજ્ઞા છે અને वृद्धि શબ્દ સંજ્ઞી છે,' એમ કેમ નહીં ? સંજ્ઞાનો ચોક્કસ ખ્યાલ આપવા માટે સંજ્ઞાધિકાર કરવો જરૂરી છે એમ જે કહેવામાં આવે છે તે (અધિકાર) ન કરવો જોઇએ.

---

[18] अथ संज्ञा। એ શબ્દો વ્દારા વાર્તિકમાંના संज्ञाधिकारः શબ્દની વ્યાખ્યા કરી છે. તેમાં अथ શબ્દ પ્રસ્તાવ સૂચવે છે. अथ संज्ञा એ અધિકાર સૂત્ર કરીને વૃદ્ધિ વગેરે પદયુક્ત સૂત્રોનો પાઠ કરવાથી વૃદ્ધિ વગેરે સંજ્ઞાઓ છે એમ પ્રતીતિ થઇ શકશે.

[19] बहूनि सूत्राणि यस्मिन् तद् (प्रकरणम्) बहुसूत्रम्। જેમાં અનેક સૂત્રો છે તે (સંદર્ભ). બહુવ્રીહિ, અથવા बहूनां सूत्राणां समाहारः। એમ દ્વિગુ (પ્ર.) બહુસૂત્રનો સમૂહ.ના. દ્વિગુ અથવા बहु च तत्सूत्रं च। એમ કર્મધારય લે છે (છા.)

[20] અર્થયુક્ત પદ સમૂહને વાક્ય કહેવામાં આવે છે તેથી 'अनर्थकानि वाक्यानि' એ પ્રયોગ વિરોધાભાસી લાગે, પરંતુ ભાષ્યકારે અહીં વાક્ય શબ્દ માત્ર પદસમૂહના અર્થમાં જ પ્રયોજ્યો છે તેથી અર્થહીન વાક્યો એમ કહેવામાં વિરોધ નથી.

[21] दश दाडिमानि- - कुण्डमजाजिनम्। એ પદોનો પરસ્પર સમન્વય થતો નથી તેથી અનર્થક છે. अर्धोरुकं कन्याः- -प्रतिशीनः। માં અસંગતિ છે તેથી અર્થહીન છે. स्फ्य એ યજ્ઞમાં વપરાતું સાધન છે. ખદિર (ખેર) ના લાકડામાંથી બનાવેલું તલવારના આકારનું આ સપાટ સાધન રાંધેલા ભાતને હલાવવા માટે અથવા તો વેદીની માટીને સરખી કરવા માટે ઉપયોગમાં લેવાય છે. स्फ्य બનાવે તે स्फ्यकृत् અને તેનું સંતાન (स्फ्यकृतः अपत्यम्) स्फैयकृत . अप्रतिशीनः એ प्रति श्यै નું ક.ભૂ.કૃદન્ત છે.

[22] એટલે કે वृद्धिरादैच्। માં સંજ્ઞા કઇ અને સંજ્ઞી કયો છે એ વિશેની શંકા દૂર કરવી જોઇએ. જેથી वृद्धि ની आदैच् સંજ્ઞા કરવામાં આવે છે કે आदैच् ની वृद्धि સંજ્ઞા કરવામાં આવે છે ? એપ્રકારનો સંદેહ રહે નહીં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आचार्याचारात्संज्ञासिद्धिः ॥४।अ॥ .

आचार्याचारात्संज्ञासिद्धिर्भविष्यति। किमिदमाचार्याचारादिति। आचार्याणामुपचारात्।

यथा लौकिकवैदिकेषु ॥४॥

तद्यथा लौकिकेषु वैदिकेषु च कृतान्तेषु। लोके तावन्मातापितौ पुत्रस्य जातस्य संवृतेऽवकाशे नाम कुर्वाते देवदत्तो यज्ञदत्त इति। तयोरुपचारादन्येऽपि जानन्तीयमस्य संज्ञेति। वेदे याज्ञिकाः संज्ञां कुर्वन्ति स्फ्यो यूपश्चषाल इति। तत्रभवतामुपचारादन्येऽपि जानन्तीयमस्य संज्ञेति। एवमिहापि। इहैव तावत्केचिद्व्याचक्षाणा आहुः। वृद्धिशब्दः संज्ञादैचः संज्ञिन इति। अपरे पुनः सिचि वृद्धिः इत्युक्त्वाकारैकारौकारनुदाहरन्ति। ते मन्यामहे यया प्रत्याय्यन्ते सा संज्ञा ये प्रतीयन्ते ते संज्ञिन इति॥ यदप्युच्यते क्रियमाणेऽपि संज्ञाधिकारे संज्ञासंज्ञिनोरसंदेहो वक्तव्य इति।

संज्ञासंज्ञ्यसंदेहश्च ॥५॥

संज्ञासंज्ञिनोश्चासंदेहः सिद्धः। कुतः। आचार्याचारादेव। उक्त आचार्याचारः॥

अनाकृतिः ॥६॥

આચાર્યોના આચાર ઉપરથી સંજ્ઞાની સિદ્ધિ (થાય છે)॥ ૪ /અ॥

(અર્થાત્ ) આચાર્યોના વ્યવહાર ઉપરથી[23] સંજ્ઞાની સિદ્ધિ થશે.'આચાર્યોના આચાર ઉપરથી', એ વળી શું ? (આચાર ઉપરથી એટલે ) આચાર્યોના વ્યવહાર ઉપરથી.

જેમ લૌકિક અને વૈદિક (બાબતોમાં[24] હોય છે તેમ) ॥૪॥

જેમ લૌકિક અને વૈદિક બાબતોમાં હોય છે તેમ એ (છે). લોક વ્યવહરમાં તો પુત્રનો જન્મ થતાં ઘરખૂણે જ તેનું દેવદત્ત, યજ્ઞદત્ત એમ નામ પાડે છે. તેમના વ્યવહાર ઉપરથી બીજા પણ જાણે છે કે તેનું નામ એ પ્રમાણે છે. વેદમાં પણ યજ્ઞ કરનારા સ્ફ્ય, યૂપ, ચષાલ એમ સાધનોનાં નામ આપે છે. તે મહાનુભાવોના વ્યવહાર ઉપરથી બીજા પણ જાણે છે કે તેમનાં (તે સાધનો) નાં નામ એ પ્રમાણે છે. એ રીતે અહીં પણ (છે). અહીં (આ સૂત્રના સંદર્ભમાં) જ કેટલાક તો વ્યાખ્યા કરતાં કહે છે," વૃદ્ધિ શબ્દ સંજ્ઞા છે અને आ , ए અને औ એ સંજ્ઞી છે." જ્યારે બીજા ' सिचि-वृद्धिः० એ (સૂત્ર) ઉચ્ચારીને आ , ऐ અને औ ને (તેના) ઉદાહરણ રૂપે આપે છે. આથી અમે માનીએ છીએ કે જે (શબ્દ) થી (आ , ऐ , औ ) ઓળખાય છે તે (વૃદ્ધિ શબ્દ) સંજ્ઞા અને જે (તે સંજ્ઞા વડે) ઓળખાય છે તે (आ,ऐ ,औ) સંજ્ઞીઓ છે.વળી જે કહેવામાં આવે છે કે સંજ્ઞા અધિકાર કરવામાં આવે તો પણ સંજ્ઞા અને સંજ્ઞી વિશે સંદેહ ન રહે તેમ વિધાન કરવું જોઇએ. (તેના જ્વાબમાં કહેવાનું કે)-

સંજ્ઞા અને સંજ્ઞીને લગતી શંકા તો દૂર થાય છે ॥૫॥

સંજ્ઞા અને સંજ્ઞી ની બાબતમાં અસંદિગ્ધપણું સિદ્ધ થાય છે. કેવી રીતે ? આચાર્યોના વ્યવહાર ઉપરથી જ (સિદ્ધ થાય છે) અને આચાર્યોનો વ્યવહાર શું તે તો કહ્યું.

(જેને) આકૃતિ [25] ન હોય (તે સંજ્ઞા) ॥૬॥

---

[23] आचारः શબ્દનો અર્થ ભાષ્યકારે उपचारः કર્યો છે, પરંતુ તે શબ્દ ગૌણીવૃત્તિના અર્થમાં નથી એ દર્શાવવા માટે કૈયટે उपचार એટલે વ્યવહાર એમ કર્યો છે. આચાર્યો એટલે વૃત્તિકારો. તેમના આચાર અર્થાત્ વ્યવહાર ઉપરથી ચોક્કસ સમજાશે કે આ સંજ્ઞા સૂત્રો છે. તેથી अथ संज्ञा। અધિકાર સૂત્ર કરવાની જરૂર નહીં રહે, કારણ કે વ્યવહાર ઉપરથી જ શબ્દની શક્તિનું ગ્રહણ થઇ શકે છે. તેથી સૂત્રમાંનું એક પદ સંજ્ઞા છે અને અન્ય પદ સંજ્ઞી છે એમ નક્કી થયા પછી કઇ સંજ્ઞા અને સંજ્ઞી કયો એવો સંદેહ નષ્ટ થશે.

[24] ભાષ્યમાં कृतान्तेषु એમ છે. कृतान्त એટલે બાબત, અથવા નિર્ણય.

[25] आकृति શબ્દ સૂચક છે, કારણ કે જ્યાં જ્યાં આકાર હોય ત્યાં ત્યાં ભેદ . જેમાં ભેદ હોય તે સંજ્ઞી અને જેમાં ભેદ ન હોય તે સંજ્ઞા. वृद्धि શબ્દ સ્વરૂપમાં એક જ છે તેથી તે સંજ્ઞા થશે, પરંતુ જેમની वृद्धि સંજ્ઞા કરવામાં આવે છે તે आ ऐ औ પરસ્પર ભિન્ન છે તેથી તેઓ સંજ્ઞીઓ છે. આમ લાઘવ ખાતર સંજ્ઞા કરવામાં આવે છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवानाकृतिः संज्ञा। आकृतिमन्तः संज्ञिनः। लोकेऽपि ह्याकृतिमतो मांसपिण्डस्य देवदत्त इति संज्ञा क्रियते॥

लिङ्गेन वा ॥७॥

अथवा किंचिल्लिङ्गमासज्य वक्ष्यामीत्थंलिङ्गा संज्ञेति। वृद्धिशब्दे च तल्लिङ्गं करिष्यते नादैच्छब्दे॥ इदं तावदयुक्तं यदुच्यत आचार्याचारादिति। किमत्रायुक्तम्। तमेवोपालभ्यागमकं ते सूत्रमिति तस्यैव पुनः प्रमाणीकरणमित्येतदयुक्तम्। अपरितुष्यन्खल्वपि भवाननेन परिहारेणानाकृतिर्लिङ्गेन वेत्याह। तच्चापि वक्तव्यम्। यद्यप्येतदुच्यतेऽथवैतर्हीत्संज्ञा न वक्तव्या लोपश्च न वक्तव्यः। संज्ञालिङ्गमनुबन्धेषु करिष्यते। न च संज्ञाया निवृत्तिरुच्यते। स्वभावतः संज्ञाः सञ्ज्ञिनः प्रत्याय्य निवर्तन्ते। तेनानुबन्धानामपि निवृत्तिर्भविष्यति। सिध्यत्येवमपाणिनीयं तु भवति॥ यथान्यासमेवास्तु। ननु चोक्तं संज्ञा-धिकारः संज्ञासंप्रत्ययार्थ इतरथा ह्यसंप्रत्ययो यथा लोक इति। न यथा लाके तथा व्याकरणे॥ प्रमाणभूत आचार्यो दर्भपवित्रपाणिः शुचाववकाशे प्राङ्मुख उपविश्य महता यत्नेन सूत्रं प्रणयति स्म तत्राशक्यं वर्णेनाप्यनर्थकेन भवितुं किं पुनरियता सूत्रेण। किमतो यदशक्यम्। अतः संज्ञासंज्ञिनावेव॥ कुतो नु खल्वेतत्संज्ञासंज्ञिनावेवेति न पुनः साध्वनुशासनेऽस्मिञ्शास्त्रे साधुत्वमनेन क्रियते। कृतमनयोः साधुत्वम्। कथम्। वृधिरस्मा अविशेषेणोपदिष्टः प्रकृतिपाठे तस्मात् क्तिन्प्रत्ययः। आदैचोऽप्यक्षरसमाम्नाय उपदिष्टाः॥ प्रयोगनिमार्थं तर्हीदं स्यात्। वृद्धिशब्दात्पर आदैचः प्रयोक्तव्या इति। नेह प्रयोगनियम आरभ्यते। किं तर्हि। संस्कृत्य संस्कृत्य पदान्युत्सृज्यन्ते तेषां यथेष्टमभिसंबन्धो भवति। तद्यथा। आहर पात्रम् पात्रमाहरेति॥

અથવા(જેને) આકૃતિ (એટલે કે આકાર) ન હોય તે સંજ્ઞા અને જેમને આકૃતિ હોય તે સંજ્ઞીઓ. વ્યવહારમાં પણ આકૃતિયુક્ત માંસ પિંડને 'દેવદત્ત' એવું નામ આપવામાં આવે છે.

અથવા ચિહ્ન દ્વારા [26] (સંજ્ઞા-સંજ્ઞીની સ્પષ્ટતા થશે) ॥૭॥

અથવા કોઇ ચિહ્ન લગાડીને કહીશ કે આ પ્રમાણે ચિહ્નવાળી હોય તે સંજ્ઞા (છે), અને તે ચિહ્ન **वृद्धि** શબ્દને લગાડવામાં આવશે , **आदैच्** શબ્દને નહીં. તો પછી આચાર્યોના વ્યવહાર ઉપરથી (સંજ્ઞા અને સંજ્ઞી ની બાબતમાં અસંદિગ્ધપણું સિદ્ધ થાય છે) એમ જે કહ્યું તે યોગ્ય નથી. તેમાં શું અયોગ્ય છે ? 'તમારૂં સૂત્ર સમજાય તેવું નથી', એમ (સૂત્રકારને) દોષ દઇને તેમનો જ પ્રમાણ રૂપે ઉલ્લેખ કરવો તે તો અયોગ્ય છે.[27] આ ખુલાસાથી સંતુષ્ટ ન થયા ત્યારે આપે પણ "(જેને) આકૃતિ ન હોય(**अनाकृतिः**) (તે સંજ્ઞા). ચિહ્નદ્વારા (સંજ્ઞા-સંજ્ઞીની સ્પષ્ટતા થશે) (**लिङ्गेन वा**।),"એમ કહ્યું. (અને એમ હોવાથી" આ પ્રમાણે ચિહ્નવાળી હોય તે સંજ્ઞા" ) એ પણ કહેવું પડશે. અને જો એ પ્રમાણે કહેવામાં આવે તો પછી **इत्** સંજ્ઞા કરવી નહીં પડે અને **लोप** પણ કહેવાની જરૂર નહીં રહે. સંજ્ઞાનું ચિહ્ન અનુબંધોને કરવામાં આવશે.વળી સંજ્ઞાની નિવૃત્તિ થાય છે એમ કહેવું પડતું નથી, કારણ કે સંજ્ઞીનો બોધ કરાવીને સંજ્ઞા સ્વાભાવિક રીતે નિવૃત્ત થાય છે, તેથી અનુબંધોની પણ નિવૃત્તિ થશે. એ રીતે કામ થઇ શકશે પણ તે પાણિનિ અનુસાર નહીં થાય .(તેથી સૂત્ર ) જેમ મૂકેલું છે તેમ જ ભલે રહે. પરંતુ (અમે આગળ) કહ્યું તો ખરૂં કે સંજ્ઞાનો ચોક્કસ ખ્યાલ આપવા માટે સંજ્ઞાધિકાર કરવો જરૂરી છે, નહીં તો વ્યવહારમાં બને છે તેમ (અહીં પણ) સાચો ખ્યાલ નહીં આવે. (પરંતુ) જેમ લોક વ્યવહારમાં હોય છે તેમ વ્યાકરણમાં નથી હોતું પ્રમાણભૂત આચાર્ય પાણિનિએ હાથમાં દર્ભનો પવિત્ર[28] રાખીને સ્વચ્છ સ્થળે પૂર્વાભિમુખ બેસીને ભારે પ્રયત્નપૂર્વક સૂત્રોની રચના કરી છે, તેમાં એક વર્ણ પણ અર્થહીન હોય તે શક્ય નથી તો પછી આટલું (મોટું) સૂત્ર તો ક્યાંથી હોય ! જો (સૂત્ર સમજવું ) અશક્ય હોય તો પછી (વર્ણ પણ અનર્થક ન હોય એમ જે કહ્યું) એથી શું? એથી (એમ સમજાય છે કે **वृद्धि** અને **आदैच्** એ) બે સંજ્ઞા અને સંજ્ઞી જ છે. (આ સૂત્રમાં) સંજ્ઞા અને સંજ્ઞી જ (દર્શાવ્યાં) છે પરંતુ શુદ્ધ (શબ્દો)ને વિશે નિયમ કરનાર આ શાસ્ત્રમાં (**वृद्धि** અને **आदैच्** એ શબ્દોની) શુદ્ધતાનો નિર્ણય કરવામાં આવ્યો છે એમ કેમ ન કહેવાય ? એ બે શુદ્ધ છે તે સિદ્ધ થયું છે. કેવી રીતે? એ રીતે કે ધાતુપાઠમાં **वृध्** ધાતુ આ (શિષ્ય)ને ખાતર બીજા ધાતુઓના જેવો જ દર્શાવ્યો છે અને તેને **क्तिन्** પ્રત્યય (લગાડીને **वृद्धि** શબ્દ નિષ્પન્ન કર્યો છે, **आत्** અને **ऐच्** પણ અક્ષરસમામ્નાયમાં ઉપદેશેલા છે તો પછી '**वृद्धि** શબ્દની પછી **आदैच्** ને મૂકવા' એમ પ્રયોગને લગતો નિયમ કરવા માટે આ(સૂત્ર કર્યું) હોય. અહીં (અર્થાત્ આ વ્યાકરણ શાસ્ત્રમાં) પ્રયોગને લગતો નિયમ કરવામાં આવતો નથી.. તો પછીશું (કરવામાં આવે છે) ? (આ શાસ્ત્રમાં તો) પદોને સિદ્ધ કરી કરીને મૂકી દેવામાં આવે છે, તેમનો પરસ્પર સંબંધ તો (બોલનારની) ઇચ્છાનુસાર થાય છે.જેમ કે **आहर पात्रम्** ॥ (પાત્ર લાવ), **पात्रमाहर**. (પાત્ર લાવ),

[26] પસ્પશામાં આ પ્રમાણે દલીલ કરેલી છે, પરંતુ ભાષ્યકારને તે સ્વીકાર્ય નથી (જુઓ : નોંધ ૧/૧૦૭)

[27] 'તમારૂં સૂત્ર સમજાય તેવું નથી' એમ કહીને જે સૂત્રકારની નિંદા કરે છે તે જ વાર્તિકકારને અર્થાત્ તે આચાર્યને પ્રમાણભૂત ગણી શકે ! (પ્ર.)

[28] આંગળી ઉપર પવિત્ર અર્થાત્ દર્ભની વીંટી પહેરીને અર્થાત્ પિશાચ વગેરેના સંબંધથી થતા પ્રમાદ વગેરે દોષથી રહિત બનીને.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आदेशास्तर्हीमे स्युः। वृद्धिशब्दस्यादैचः। षष्ठीनिर्दिष्टस्यादेशा उच्यन्ते न चात्र षष्ठी पश्यामः॥ आगमास्तर्हीमे स्युः। वृद्धिशब्दस्यादैच आगमाः। आगमा अपि षष्ठीनिर्दिष्टस्यैवोच्यन्ते। लिङ्गेन च। न चात्र षष्ठी न खल्वप्यागमलिङ्गं पश्यामः॥ इदं खल्वपि भूयः समानाधिकरण्यमेकविभक्तित्वं च द्वयोश्चैतद्भवति। कयोः। विशेषणविशेष्ययोर्वा संज्ञासंज्ञिनोर्वा। तत्रैतत्स्याद्विशेषणविशेष्ये इति। तच्च न। द्वयोर्हि प्रतीतपदार्थकयोर्लोके विशेषणविशेष्यभावो भवति न चादैच्छब्दः प्रतीतपदार्थकः। तस्मात्संज्ञासंज्ञिनावेव॥ तत्र त्वेतावान्संदेहः कः संज्ञी का संज्ञेति। स चापि क्व संदेहः। यत्रोभे समानाक्षरे। यत्र त्वन्यतरल्लघु यल्लघु सा संज्ञा। कुत एतत्। लघ्वर्थं हि संज्ञाकरणम्। तत्राप्ययं नावश्यं गुरुलघुतामेवोपलक्षयितुमर्हति। किं तर्हि। अनाकृतितामपि। अनाकृतिः संज्ञा। आकृतिमन्तः संज्ञिनः। लोके ह्याकृतिमतो मांसपिण्डस्य देवदत्त इति संज्ञा क्रियते॥ अथवावर्तिन्यः संज्ञा भवन्ति। वृद्धि-शब्दश्चावर्तते नादैच्छब्दः। तद्यथा। इतरत्रापि देवदत्तशब्द आवर्तते न मांसपिण्डः। अथवा पूर्वोच्चारितः संज्ञी परोच्चारिता संज्ञा। कुत एतत्। सतो हि कार्यिणः कार्येण भवितव्यम्। तद्यथा। इतरत्रापि सतो मांसपिण्डस्य देवदत्त इति संज्ञा क्रियते। कथं वृद्धिरादैजिति। एतदेकमाचार्यस्य मङ्गलार्थं मृष्यताम्।

તો પછી આ **आदैच्** એ **वृद्धि** શબ્દના આદેશો હોવા જોઇએ. (સૂત્રમાં) જેનો ષષ્ઠી વિભક્તિદ્વારા નિર્દેશકરવામાં આવ્યો હોય તેના આદેશ થાય છે, જ્યારે અહીં ષષ્ઠી જોવામાં આવતી નથી. તો પછી આ **आदैच्** એ **वृद्धि** શબ્દના આગમો હોવા જોઇએ.આગમો પણ (સૂત્રમાં) જેનો ષષ્ઠી વિભક્તિ દ્વારા નિર્દેશકરવામાં આવ્યો હોય તેના જ કહેવામાં આવે છે.વળી (આગમનો કોઇ ) ચિહ્ન(લગાડીને તે) દ્વારા (નિર્દેશ કરવામાં આવે છે). અહીં તો અમને ષષ્ઠી એ નથી દેખાતી કે નથી આગમનું કોઇ ( **ट्** કે **क्** જેવું) ચિહ્ન દેખાતું. વળી (અહીં) સામાનાધિકરણ્ય અને બંનેની એક વિભક્તિ હોવી એટલું વધારાનું છે [29] અને એવું તો બેમાં જ હોય છે. કયા બેમાં ? વિશેષણ અને વિશેષ્યમાં તેમ જ સંજ્ઞા અને સંજ્ઞીમાં. તેમાં (આ **वृद्धि** અને **आदैच्** એ બેનો) વિશેષણ અને વિશેષ્ય હોઇ શકે. પરંતુ તેમ નથી, કારણ કે લોકમાં વિશેષણ અને વિશેષ્ય તરીકેનો સંબંધ જાણીતા અર્થવાળા બે શબ્દો વચ્ચે હોય છે, જ્યારે **आदैच्** શબ્દનો અર્થ પ્રસિદ્ધ નથી.[30] તેથી (આ **वृद्धि** અને **आदैच्** એ) સંજ્ઞા અને સંજ્ઞી જ છે. છતાં તેમાં આટલો સંદેહ થાય છે કે (તે બેમાં) સંજ્ઞા કઇ અને સંજ્ઞી કયો અને એ સંદેહ ક્યાં હોય? જ્યાં (સંજ્ઞા અને સંજ્ઞી) બન્ને સમાન અક્ષરો -વાળા હોય ત્યાં. પરંતુ જ્યાં બેમાંથી એક ટૂંકું હોય ત્યાં જે ટૂંકુ (અર્થાત્ ઓછા અક્ષરવાળું) હોય તે સંજ્ઞા. તે શા ઉપરથી ? કારણ કે સંજ્ઞા સરળતા માટે કરવામાં આવે છે. તે (સંજ્ઞા-સંજ્ઞીની બાબત) માં પણ આ[31] (સંજ્ઞા-સંજ્ઞીનો સંબંધ) હંમેશાં ગૌરવ અને લાઘવ ને જ સૂચવે તે બરોબર નથી.તો પછી (બીજું) શું ? 'આકાર વિનાના હોવું તે (બાબત) ને પણ (લક્ષમાં રાખવી જોઇએ), કારણ કે સંજ્ઞા આકાર વિનાની હોય છે. સંજ્ઞીઓ આકારવાળા (હોય છે), કારણ કે લોકમાં પણ આકારવાળા માંસપિંડને દેવદત્ત એમ નામ આપવામાં આવે છે અથવા સંજ્ઞાઓ વારંવાર આવ્યા કરે છે અને **वृद्धि** શબ્દ જ વારંવાર આવ્યા કરે છે, **आदैच्** શબ્દ નહી. તે એ રીતે કે બીજે પણ દેવદત્ત શબ્દ વારંવાર આવ્યા કરે છે, માંસ પિંડ (વારંવાર આવ્યા કરતો ) નથી. અથવા જેનું પૂર્વે ઉચ્ચારણ કરવામાં આવે તે સંજ્ઞી અને જેનું પછી ઉચ્ચારણ કરવામાં આવે તે સંજ્ઞા.એ કેવી રીતે? એ રીતે કે જેનું અસ્તિત્વ હોય તેવા કાર્યીને[32] અનુલક્ષીને કાર્ય કરવામાં આવે છે જેમ બીજે પણ અસ્તિત્વ ધરાવતા માંસપિંડને દેવદત્ત એ નામ આપવામાં આવે છે. (જો એમ હોય) તો **वृद्धिरादैच्** (અર્થાત્ પહેલાં સંજ્ઞા અને પછી સંજ્ઞી) એમ કેવી રીતે ? આ એક [33] (સૂત્ર) આચાર્ય (પાણિનિ) એ મંગળ માટે કર્યું છે તે સહી લ્યો.

---

[29] **वृद्धि** અને **आदैच्** વચ્ચે વિશેષણ-વિશેષ્યનો સંબંધ નથી પરંતુ સંજ્ઞા-સંજ્ઞીનો સંબંધ છે તે પ્રસ્થાપિત કરવા માટે આ દલીલ કરી છે. **देवदत्तः पचति।** માં સામાનાધિકરણ્ય છે છતાં એક વિભક્તિ નથી, જ્યારે **गौरश्वः।** માં એક વિભક્તિ છે છતાં સામાનાધિકરણ્ય નથી. તેથી વિશેષણ-વિશેષ્યના અથવા તો સંજ્ઞા-સંજ્ઞીના સંબંધને સૂચવે તેવી શરતો, સામાનાધિકરણ્ય અને એકવિભક્તિત્વ એ બન્ને ભાષ્યકારે લીધી છે.

[30] કારણ કે **आदैच्** શબ્દનો કોઇ લૌકિક અર્થ જાણીતો નથી. આથી જો **वृद्धि** અને **आदैच्** વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ હોઇ ન શકે તો તેમની વચ્ચે સંજ્ઞા-સંજ્ઞી સંબંધ હોવો જ જોઇએ, કારણ કે તે બેમાં સામાનાધિકરણ્ય અને એકવિભક્તિત્વ છે.

[31] ભાષ્યમાં **अयम्** છે તેનો અર્થ છા.(પૃ.૧૬૫) અધ્યેતા, સૂત્રકાર, અથવા સંજ્ઞા-સંજ્ઞી સંબંધ એમ કરે છે. અહીં સંજ્ઞા-સંજ્ઞી ભાવ એ જ અર્થ ઉચિત છે, કારણ કે સંજ્ઞા હંમેશાં ગૌરવ-લાઘવને લક્ષમાં રાખીને કરવામાં આવતી નથી જેમ કે **सर्वनाम** , **सम्प्रसारण**, **सर्वनामस्थान**, **कर्मप्रवचनीय** વગેરે.

[32] જેના ઉપર કાર્ય કરવામાં આવે તે કાર્યી. દા.ત. માંસપિંડભૂત દેહને દેવદત્ત એવું નામ આપવામાં આવે તો દેહ કાર્યી કહેવાય, કારણ કે નામકરણરૂપ કાર્ય દેહને અનુલક્ષીને કરવામાં આવે છે, પરંતુ દેવદત્ત સંજ્ઞાએ કાર્ય છે, કારણ કે દેહને અનુલક્ષીને તે કરવામાં આવે છે. તે જ રીતે **आत्**, **ऐच्** એ અસ્તિત્વ ધરાવનારા વર્ણો છે. તેમને વૃદ્ધિ સંજ્ઞા આપવામાં આવે છે, તેથી વૃદ્ધિ કાર્ય છે અને **आदैच्** કાર્યી છે, કારણ કે તેમને અનુલક્ષીને વૃદ્ધિ સંજ્ઞા કરવામાં આવે છે.

[33] અહીં મંગળને ખાતર જ સંજ્ઞા અને સંજ્ઞીનો ક્રમ ફેરવીને પાઠ કર્યો છે. અર્થની દૃષ્ટિએ તો જુદો જ ક્રમ છે, અર્થાત્ પ્રથમ સંજ્ઞી અને પછી સંજ્ઞા એમ લેવાનું છે. આમ ક્રમમાં ફેરફાર કરવાને કારણે અર્થ બોધ થતાં વાર થાય તે રીતે **वृद्धि** અને **आदैच्** શબ્દોનું ઉચ્ચારણ આચાર્ય પાણિનિએ


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

माङ्गलिक आचार्यो महतः शास्त्रौघस्य मङ्गलार्थं वृद्धिशब्दमादितः प्रयुङ्क्ते। मङ्गलादीनि हि शास्त्राणि प्रथन्ते वीरपुरुषकाणि च भवन्त्यायुष्मत्पुरुषकाणि चाध्येतारश्च वृद्धियुक्ता यथा स्युरिति। सर्वत्रैव हि व्याकरणे पूर्वोच्चारितः संज्ञी परोच्चरिता संज्ञा। अदेङ्गुणः इति यथा। दोषवान्खल्वपि संज्ञाधिकारः। अष्टमेऽपि संज्ञा क्रियते तस्य परमाम्रेडितम् इति। तत्रापीदमनुवर्त्यं स्यात्॥ अथवास्थानेऽयं यत्नः क्रियते न हीदं लोकाद्भिद्यते। यदीदं लोकाद्भिद्यते ततो यत्नार्हं स्यात्। तद्यथा। अगोज्ञाय कश्चिद्गां सक्थनि कर्णे वा गृहीत्वोपदिशत्ययं गौरिति। न चास्मा आचष्ट इयमस्य संज्ञेति भवति चास्य संप्रत्ययः। तत्रैतत्स्यात्कृतः पूर्वैरभिसंबन्ध इति। इहापि कृतः पूर्वैरभिसंबन्धः। कैः आचार्यैः। तत्रैतत्स्यात्। यस्मै तर्हि संप्रत्युपदिशति तस्याकृत इति। लोकेऽपि हि यस्मै संप्रत्युपदिशति तस्याकृत इति। अथ तत्र कृत इहापि कृतो द्रष्टव्यः॥

**सतो वृद्ध्यादिषु संज्ञाभावात्तदाश्रय इतरेतराश्रयत्वादप्रसिद्धिः ॥८॥**

सतो संज्ञिनः संज्ञाभावात्तदाश्रये संज्ञिनि वृद्ध्यादिष्वितरेतराश्रयत्वादप्रसिद्धिः। केतराश्रयता। सतामादैचां संज्ञया भवितव्यं संज्ञया चादैचो भाव्यन्ते तदितरेतराश्रयं भवति। इतरेतरश्रयाणि च कार्याणि न प्रकल्पन्ते। तद्यथा। नौर्नावि बद्धा नेतरेतरत्राणाय भवति। ननु च भो इतरेतराश्रयाण्यपि

મંગળના આગ્રહી આચાર્ય આ વિશાળ શાસ્ત્રસમૂહના કલ્યાણ માટે **वृद्धि** શબ્દને પ્રારંભમાં પ્રયોજે છે, કારણ કે મંગળથી શરૂ થતાં શાસ્ત્રો પ્રસિદ્ધ થાય છે, તેના કર્તાના વંશમાં વીર પુરુષો તથા દીર્ઘાયુષી વંશજો થાય છે અને તેનો અભ્યાસ કરનારા સમૃદ્ધ બને છે. વ્યાકરણમાં તો બધે જ જેનું ઉચ્ચારણ પહેલાં કરવામાં આવે તે સંજ્ઞી અને પછીથી જેનું ઉચ્ચારણ કરવામાં આવે તે સંજ્ઞા (એમ જ છે) જેમ કે **अदेङ्गुणः**। વળી સંજ્ઞાધિકાર કરવામાં આવે તો પણ તે દોષ તો રહેશે જ , કારણ કે આઠમા અધ્યાયમાં પણ સંજ્ઞા કરવામાં આવે છે, [34] જેમ કે **तस्य परमाम्रेडितम्**। ત્યાં પણ આ (સંજ્ઞાધિકાર) ની અનુવૃત્તિ કરવી પડશે (પણ તે શક્ય નથી). અથવા તો આ મહેનત અસ્થાને કરવામાં આવે છે કારણ કે આ (વ્યાકરણ) શાસ્ત્ર વ્યવહારથી જુદું નથી. જો આ (શાસ્ત્ર) સંસારવ્યવહારથી જુદું હોત તો તેને માટે આવી મહેનત કરવી યોગ્ય ગણાત, કારણ કે લોકમાં પણ **गो** (બળદ) એટલે શું તે ન જાણનારને (સંબોધીને) કોઇ બળદના સાથળ કે કાનને પકડીને આ બળદ છે', એમ સમજાવે છે, પરંતુ તેનું નામ **गो** છે એમ તેને નથી કહેતો છતાં તે (વ્યક્તિ) ને **गो** સંજ્ઞાનું બરોબર જ્ઞાન થાય છે. ત્યાં તો એ (રીતે જ્ઞાન) થઇ શકે કારણ કે પહેલાં લોકોએ (સંજ્ઞા-સંજ્ઞીનો) પરસ્પર સંબંધ નિર્ધારિત કર્યો છે. અહીં પણ પહેલાંના લોકોએ (સંજ્ઞા-સંજ્ઞીનો) સંબંધ નક્કી કર્યો છે. કોણે કર્યો છે ? આચાર્યોએ. તેમાં સંભવિત છે કે જેને હમણાં જ ઉપદેશ કરે છે તેને માટે તો (આ સંજ્ઞા-સંજ્ઞી નો સંબંધ પૂર્વે) સિદ્ધ થએલો નથી[35] હોતો. લોકમાં પણ જેને જેને તાત્કાલિક ઉપદેશ કરે છે તેને (આ સંજ્ઞા-સંજ્ઞી નો સંબંધ પૂર્વે) સિદ્ધ થએલો નથી હોતો. હવે જો લોકમાં પૂર્વે સિદ્ધ થએલો હોય તો અહીં પણ સિદ્ધ થએલો જાણવો જોઇએ.

પૂર્વે અસ્તિત્વમાં હોય તેને સંજ્ઞા આપવામાં આવે છે અને તે (સંજ્ઞા)ને આધારે જો (સંજ્ઞી ) હોય તો વૃદ્ધિ વગેરેમાં ઇતરેતરાશ્રય થવાથી [36] અર્થનો નિર્ણય નહીં થાય ॥ ૮ ॥

પહેલાં જે હોય તે (आ, ऐ ,औ એ) સંજ્ઞીની જ (**वृद्धि** એ) સંજ્ઞા કરવામાં આવતી હોય અને તે (**वृद्धि** ) સંજ્ઞાને આધારે (आ, ऐ , औ) સંજ્ઞી થાય તો વૃદ્ધિ વગેરેમાં ઇતરેતરાશ્રય થવાથી ( તેના) અર્થનો નિર્ણય નહીં થઇ શકે. ઇતરેતરાશ્રયતા કેવી રીતે (થાય)? પૂર્વે અસ્તિત્વ ધરાવતા आ-કાર, ऐ-કાર અને औ-કાર ની **वृद्धि** સંજ્ઞા થાય છે અને તે (**वृद्धि** ) સંજ્ઞાદ્વારા आ-કાર, ऐ-કાર અને औ-કાર ઉદ્દભવે છે. એ રીતે ઇતરે - તરાશ્રય દોષ આવે છે અને એક બીજા પર આધારિત કાર્યો થતાં નથી જેમ કે એક નાવને બીજી નાવ સાથે બાંધી હોય તો તે એકબીજા ને રક્ષી શકતી નથી. પણ અમે કહીએ છીએ કે અન્યોન્યશ્રય હોય તેવાં પણ

---

કર્યું છે તે મંગળ માટે કર્યું છે તેમ સમજો (**मृष्यताम् = विमृष्यताम्** ). ભાષ્યમાં '**एतदेकमाचार्यस्य मङ्गलार्थं मृष्यताम्**।' એમ કહ્યું છે તેમાં **एकम्** એ પ્રથમના અર્થમાં છે : આ ફેરફાર આચાર્યે પ્રથમવાર મંગળ માટે કર્યો છે તેથી સહી લ્યો. કદાચ મહાભાષ્યકાર પૂર્વપક્ષીને કટાક્ષમાં કહે છે કે આટલી ભૂલ માટે આચાર્યને માફ કરો, તેમને જવા દો.

[34] અહીં નિ.સા.(પૃ.૧૪૭,પા.ટી.૧૨) માં **आष्टमे** અને **संज्ञाः क्रियन्ते**। એમ પાઠાન્તર નોંધે છે. આઠમા અધ્યાયમાં **तस्य परम्०** એ સંજ્ઞા સૂત્ર છે, પરંતુ **अथ संज्ञा**। એ સૂત્ર જો કરવામાં આવ્યું હોય તો તેની ત્યાં સુધી અનુવૃત્તિ ન થઇ શકે.ના. પ્રમાણે તેનાં બે કારણ છે : ૧) **व्यवायान्नानुषज्यते**। એ ન્યાયે વ્યવધાન થવાને કારણે અનુવૃત્તિ ન થઇ શકે. ૨) અસંબદ્ધ હોવાથી પણ અનુવૃત્તિ ન થઇ શકે.

[35] એટલે કે તે સંબંધ સિદ્ધ થએલો છે તેમ તે જાણતો નથી, લોક વ્યવહારમાં પણ તેમ જ છે.

[36] आ, ऐ અને औ વગેરે સંજ્ઞીભૂત વર્ણો પૂર્વે અસ્તિત્વ ધરાવે છે તેથી જ તેમની **वृद्धिरादैच्**। દ્વારા વૃદ્ધિ સંજ્ઞા કરવામાં આવે છે અને **मृजेर्वृद्धिः**। જેવાં સૂત્રોમાં વૃદ્ધિનું વિધાન કર્યું હોય ત્યાં आ, ऐ અને औ થવાનું કારણ વૃદ્ધિ સંજ્ઞા છે, એટલે કે **वृद्धिरादैच्**। માં વૃદ્ધિનો આધાર आ , ऐ અને औ છે. જયારે **मृजेर्वृद्धिः**। પ્રમાણે થતા **आदैच्** નો આધાર વૃદ્ધિ સંજ્ઞા છે. આમ સંજ્ઞા (વૃદ્ધિ) અને સંજ્ઞી (**आदैच्** ) પરસ્પર આધારિત હોવાથી અહીં અન્યોન્યાશ્રય દોષ આવશે, પરિણામે ઇષ્ટ કાર્ય થઇ નહીં શકે તેમ પૂર્વપક્ષીનું કહેવું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कार्याणि दृश्यन्ते। तद्यथा। नौः शकटं वहति शकटं च नावं वहति। अन्यदपि तत्र किंचिद्भवति जलं स्थलं वा। स्थले शकटं नावं वहति जले नौः शकटं वहति। यथा तर्हि त्रिविष्टब्धकम्। तत्राप्यन्ततः सूत्रकं भवति। इदं पुनरितरेतराश्रयमेव ॥

सिद्धं तु नित्यशब्दत्वात् ॥९॥

सिद्धमेतत्। कथम्। नित्यशब्दत्वात्। नित्याः शब्दाः। नित्येषु शब्देषु सतामादैचां संज्ञा क्रियते न संज्ञयादैचो भाव्यन्ते। यदि तर्हि नित्याः शब्दाः किमर्थं शास्त्रम्।

किमर्थं शास्त्रमिति चेन्निवर्तकत्वात्सिद्धम् ॥१०॥

निवर्तकं शास्त्रम्। कथम्। मृजिरस्मा अविशेषेणोपदिष्टः। तस्य सर्वत्र मृजिबुद्धिः प्रसक्ता। तत्रानेन निवृत्तिः क्रियते। मृजिरक्ङित्सु प्रत्ययेषु मृजिप्रसङ्गे मार्जिः साधुर्भवति ॥

प्रत्येकं वृद्धिगुणसंज्ञे भवत इति वक्तव्यम्। किं प्रयोजनम्। समुदाये मा भूतामिति।

अन्यत्र सहवचनात्समुदाये संज्ञाऽप्रसङ्गः ॥११॥

अन्यत्र सहवचनात्समुदाये वृद्धिगुणसंज्ञयोरप्रसङ्गः। यत्रेच्छति सहभूतानां कार्यं करोति तत्र सहग्रहणम्। तद्यथा। सह सुपा। उभेऽभ्यस्तं सहेति ॥

કાર્યો જોવામાં આવે છે. જેમ કે નાવ ગાડાને ખેંચે છે અને ગાડું નાવને ખેંચે છે, પણ અહીં જળ અથવા સ્થળ એમ બીજું કંઇક હોય છે, કારણ કે જમીન ઉપર ગાડું નાવને લઇ જાય છે અને પાણીમાં નાવ ગાડાને લઇ જાય છે. તો પછી ત્રિવિષ્ટબ્ધક[37] ત્યાં પણ દોરી તો છેવટે હોય છે.જ્યારે આ (वृद्धि સંજ્ઞામાં) તો અન્યોન્યાશ્રય જ છે.

પરંતુ શબ્દ નિત્ય હોવાથી કાર્ય સિદ્ધ થાય છે॥ ૯॥

આ (વૃદ્ધિવગેરે) કાર્ય સિદ્ધ થાય છે. કેવી રીતે ? શબ્દ નિત્ય છે તેથી, અર્થાત્ શબ્દો નિત્ય છે અને નિત્ય શબ્દોમાં જ રહેલા आदैच् ની સંજ્ઞા કરવામાં આવે છે, સંજ્ઞા દ્વારા आदैच् ને ઉત્પન્ન કરવામાં નથી આવતા. જો શબ્દો નિત્ય હોય તો (વ્યાકરણ)શાસ્ત્રનો શો અર્થ ?

'શાસ્ત્રનો શો અર્થ ?' એમ કહો તો (કહેવાનું કે) શાસ્ત્ર નિવર્તક હોવાથી (કાર્ય) સિદ્ધ (થાય છે) ॥૧૦॥.

શાસ્ત્ર નિવારક છે.[38] તે કેવી રીતે ? આ (શિષ્ય)ને मृज् ધાતુનો સામાન્ય રીતે ઉપદેશ કર્યો છે, તેથી બધાં સ્થળે તે ધાતુ मृज् એ સ્વરૂપનો છે એમ સતત ખ્યાલ રહેશે. તેમ હોવાથી આ ( मृजेर्वृद्धिः । એ સૂત્રરૂપ શાસ્ત્ર) દ્વારા (એ ખ્યાલનું) નિવારણ કરવામાં આવે છે કે मृज् ધાતુ પછી कित् અને ङित् સિવાયના પ્રત્યયો આવતાં मृज् ને બદલે मार्ज् એ સ્વરૂપ શુદ્ધ છે. (आदैच् એ સમુદાયમાં) પ્રત્યેકની वृद्धि સંજ્ઞા (અને अदेङ् સમુદાયમાંના) પ્રત્યેકની गुण સંજ્ઞા થાય છે એમ કહેવું જરૂરી છે.[39] શા માટે ? જેથી સમુદાયની જ (वृद्धि કે गुण) સંજ્ઞા ન થાય.[40]

અન્ય સ્થળોએ सह નું ઉચ્ચારણ કરેલું છે તેથી સમુદાયની સંજ્ઞા થવાનો પ્રસંગ નહીં આવે. ॥૧૧॥

(સૂત્રકારે) અન્ય (સૂત્રો) માં सह શબ્દનું ઉચ્ચારણ કર્યુ છે તેથી वृद्धि અને गुण એ બે સંજ્ઞાઓ સમુદાયને થવાનો સંભવ નથી.[41] જ્યાં સાથે રહેલાને કાર્ય થાય તેમ ઇચ્છે છે ત્યાં (તેઓ) सह (સાથે એ શબ્દ) ને (સૂત્રમાં) મૂકે છે. જેમ કે सह सुपा। उभे अभ्यस्तं सह।

---

[37] પરસ્પર જોડેલી વાંસની ત્રણ લાકડીઓની ઘોડી. આ પરસ્પર આશ્રય હોવા છતાંકાર્ય સિદ્ધ થાય છે તેનું બીજું ઉદાહરણ છે (છા.).

[38] પાણિનિએ કોઇ વિશિષ્ટ પ્રત્યયનો આશ્રય લીધા વિના ધાતુપાઠમાં मृजुष् शुद्धौ એ રીતે मृज् ધાતુનો ઉપદેશ કર્યો છે તેથી જે સાધુ શબ્દને જાણવા ઇચ્છતો હોય તેને બધા પ્રત્યયો પૂર્વે અર્થાત્ तिप् વગેરે પ્રત્યયો પૂર્વે પણ એ ધાતુનું मृज् એ (વૃદ્ધિરહિત) સ્વરૂપ જ છે એવો ખોટો ખ્યાલ ન રહે તે માટે સૂત્રકારે मृजेर्वृद्धिः। એ સૂત્ર રચ્યું છે, શાસ્ત્ર આ રીતે ભ્રમનું નિવારણ કરે છે. ભાષ્યમાં मृजिरस्मै એમ જે પ્રયોગ કર્યો છે તેમાં अस्मै એટલે સાધુ શબ્દને જાણવા ઇચ્છતા (શિષ્ય) માટે.

[39] અહીં નિ.સા.(પૃ. ૧૫૦) અને સુ.શા.માં કૌંસમાં આ પાઠ છે.: वृद्धिगुणसंज्ञयोः प्रत्येकं वचनम्। वृद्धिगुणयोः प्रत्येकं ग्रहणं कर्तव्यम्। સુ.શા. નોંધે છે, 'કેટલીક આવૃત્તિઓમાં એટલો પાઠ નથી' (ભા.૧,પૃ.૧૯૫). ચારુ.(પૃ.૧૩૩) આ પાઠ સ્વીકારે છે.

[40] સમુદાયની એટલે કે ऐच् (आ, ऐ અને औ એ સમગ્ર સમુદાય) ની વૃદ્ધિ સંજ્ઞા અને अदेङ् ( अ, ए અને ओ એ ત્રણના સમુદાય) ની ગુણ સંજ્ઞા ન થાય તે માટે પ્રત્યેકની વૃદ્ધિ કે ગુણ સંજ્ઞા થાય છે તેમ કહેવું જરૂરી છે. એમ શંકાકારનું કહેવું છે

[41] અહીં 'સમુદાયની વૃદ્ધિ કે ગુણ સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે' એ આક્ષેપનું જ્ઞાપક દ્વારા નિરાકરણ કર્યુ છે. પાણિનિએ सह सुपा। उभे ऽभ्यस्तं सह। વગેરે સૂત્રોમાં सह જેવા શબ્દો મૂકીને સૂચવ્યું છે કે ખાસ પ્રયાસ વિના સૂત્રમાં નિર્દેશેલું કાર્ય સમગ્ર સમુદાયને લાગુ ન પડે. सह सुपा। માં सह



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्यवयवं च वाक्यपरिसमाप्तेः ॥१२॥

प्रत्यवयवं च वाक्यपरिसमाप्तिर्दृश्यते। तद्यथा। देवदत्तयज्ञदत्तविष्णुमित्रा भोज्यन्तामिति। न चोच्यते प्रत्येकमिति। प्रत्येकं च भुजिः परिसमाप्यते। ननु चायमप्यस्ति दृष्टान्तः समुदाये वाक्यपरिसमाप्तिरिति। तद्यथा। गर्गाः शतं दण्ड्यन्तामिति। अर्थिनश्च राजानो हिरण्येन भवन्ति न च प्रत्येकं दण्डयन्ति। सत्येतस्मिन्दृष्टान्ते यदि तत्र सहग्रहणं क्रियते इहापि प्रत्येकमिति वक्तव्यम्। अथ तत्रान्तरेण सहग्रहणं सहभूतानां कार्यं भवतीहापि नार्थः प्रत्येकमिति वचनेन॥ अथ किमर्थमकारस्तपरः क्रियते।

પ્રત્યેક અવયવને વાક્યાર્થ લાગુ પડે છે તેથી પણ (સમુદાયની સંજ્ઞા નહીં થાય)॥૧૨॥

પ્રત્યેક અવયવને વાક્યાર્થ લાગુ પડતો હોય તેમ જોવામાં આવે છે. જેમ કે **देवदत्तयज्ञदत्तविष्णुमित्रा भोज्यन्ताम्।** (દેવદત્ત, યજ્ઞદત્ત અને વિષ્ણુમિત્રને ભોજન કરાવો). અહીં[42] જો કે પ્રત્યેકને ભોજન કરાવો એમ કહેવામાં આવતું નથી છતાં **भुज्** ધાતુ (અર્થાત્ જમવાની ક્રિયા) દરેકને લાગુ પડે છે. પરંતુ (અમે કહીએ છીએ કે) જે માંસમુદાયને વાક્યાર્થ લાગુ પડે એવું આ ઉદાહરણ છે જેમ કે **गर्गाः शतं दण्ड्यन्ताम्।** (ગર્ગોનો સો મુદ્રા દંડ કરો).[43] પરંતુ રાજાઓને સુવર્ણથી મતલબ હોય છે તેમ છતાં દરેક (ગર્ગ)ને દંડતા નથી. આ દૃષ્ટાન્ત તો છે તેમ છતાં પણ જો તેમાં **सह** શબ્દ મૂકવામાં આવે તો આ (સૂત્ર) માં પણ '**प्रत्येकम्** (દરેકની)' એમ કહેવું પડશે. પરંતુ જો ત્યાં **सह** શબ્દનું ગ્રહણ કર્યા વિના સાથે રહેલાને કાર્ય લાગુ પડે તો અહીં પણ '**प्रत्येकम्** (દરેકની)' એમ કહેવાની જરૂર નથી.

હવે **आ** કારની પાછળ **त्** શા માટે છે ?[44]

---

શબ્દનું ખાસ ગ્રહણ કર્યું છે તેથી પ્રત્યેક પદની **समास** સંજ્ઞા ન થતાં તેમના સમુદાયની જ સમાસ સંજ્ઞા થાય છે. અહીં નોંધવું જોઇએ કે મહાભાષ્ય, ન્યા. પદ. વગેરેમાં **सह सुपा।** માં **सह** મૂકવાના પ્રયોજન વિશે આ પ્રમાણે ચર્ચા છે : **सह** નું ગ્રહણ ન કર્યું હોય તો પણ **वृद्धो युना।** માં થાય છે તેમ તૃતીયા વ્દારા જ **सह** નો અર્થ સૂચવાશે, પરંતુ **पुत्रेण सह आगतः पिता।** એ વાક્યમાં જેમ પિતા અને પુત્ર બન્નેનો આગમન ક્રિયા સાથે સંબધ છે તેમ પ્રત્યેક પદની સમાસ સંજ્ઞા ન થતાં માત્ર સમુદાયની જ થાય તે માટે **सह** શબ્દ મૂક્યો છે. જો પ્રત્યેક પદની પણ સમાસ સંજ્ઞા થાય તો **ऋकपाद** જેવા સમાસમાં **ऋक्पूरब्ध०** પ્રમાણે અ-કારાન્ત સમાસ થઇને **ऋकपाद** એમ સમાસ થવાનો પ્રસંગ આવશે.આથી સમુદાયની સમાસ સંજ્ઞા થાય તે સૂત્રમાં **सह** લેવાનું પ્રયોજન છે. એ પછી ભાષ્યકાર કહે છે '**समास** શબ્દ જ સૂચવે છે કે સમાસ એટલે સંક્ષેપ અને સંક્ષેપ તો અનેક વસ્તુને લગતો હોય તેથી **सह** શબ્દ સૂત્રમાં ન હોય તો પણ સમુદાયનીજ સમાસ સંજ્ઞા થશે.' તો પછી **सह** શબ્દનું પ્રયોજન શું છે ? તે શંકાના ઉત્તરમાં કહે છે '**सहग्रहणं योगविभागार्थम्।**' અર્થાત્ **सह** શબ્દનું પ્રયોજન સૂત્રનો વિભાગ કરી શકાય તે માટે છે.જેથી કરીને **तिङन्त** સાથે પણ સમર્થ પદનો સમાસ થઇને **अनुव्यचलत् अनुप्रावर्षत्** જેવાં રૂપો થઇ શકે.(જુઓ પા. ૨-૧-૪ ઉપર મહા ભા., ન્યા.પદ.)

[42] અહીં વ્યાવહારિક દલીલ વ્દારા આક્ષેપનું નિરાકરણ કર્યુ છે : **देवदत्तयज्ञदत्तविष्णुमित्रा भोज्यन्ताम्।** એમ કહેવામાં આવતાં , ભોજન કરાવવાની ક્રિયા દેવદત્ત વગેરે પ્રત્યેકને અનુલક્ષીને કરવામાં આવે છે, પરંતુ દેવદત્ત પાદપ્રક્ષાલન કરે, યજ્ઞદત્ત આસન ઉપર બેસે અને વિષ્ણુમિત્ર આહાર લે એમ બનતું નથી, કારણ કે ભોજન ક્રિયા એટલે ખોરાક લેવો અને તે વ્દારા સંતૃપ્ત થવું, પણ તે તો ત્રણમાંની પ્રત્યેક વ્યક્તિને ભોજન કરાવવામાં આવે તો જ સિદ્ધ થઇ શકે.પરંતુ કેટલીક ક્રિયાઓ સમુદાય રૂપ હોય છે . જેમ કે નાટ્ય .આ ક્રિયા ગીત, નૃત્ત, વાદ્ય વગેરે અનેક ક્રિયાઓના સમુદાય રૂપ છે તેથી સમગ્ર સમુદાયની નાટ્ય સંજ્ઞા થશે, તે જ રીતે સંયોગ સંજ્ઞા પણ સમુદાયને જ લાગુ પડશે, કારણ કે જેમાં વર્ણોને જોડવામાં આવે તે સંયોગ એમ એ સંજ્ઞાનો અર્થ છે. પરંતુ **वृद्धिरादैच्।** માં વૃદ્ધિ સંજ્ઞા પ્રત્યેકની થશે, કારણ કે તેમાંનો વૃદ્ધિ શબ્દ **आत्** અને **ऐच्** બન્નેની સાથે યોજીને 'આ વૃદ્ધિ સંજ્ઞક છે, **ऐ** વૃદ્ધિ સંજ્ઞક છે તથા **औ** વૃદ્ધિસંજ્ઞક છે' એમ અર્થ કરવાનો છે.

[43] **गर्गाः शतं दण्ड्यन्ताम्।** એમ આજ્ઞા કરવામાં આવે ત્યારે ગર્ગોના સમુદાયનો સો નિષ્ક દંડ કરવામાં આવે છે, પ્રત્યેક ગર્ગનો નહીં, કારણ કે રાજાઓને પૈસા સાથે મતલબ છે કોણ કેટલું આપે છે તે સાથે નહીં. અહીં દંડ વ્દારા થતી ગ્રહણ ક્રિયામાં સૌથી ઇષ્ટ હોવાથી, **शतम्** નું પ્રાધાન્ય હોવાથી, તે પ્રધાન કર્મ છે પણ અપાદાનભૂત ગર્ગો અપ્રધાન છે તેથી તે ગૌણ (**अकथित** )કર્મ છે.

[44]પછીના વાક્યમાંના પાઠને આધારે છા.(પૃ.૧૫૧,પા.ટી.૧૦) નોંધે છે કે અહીં **आकारस्य तपरकरणम्** વગેરે પાઠ હોવો જોઇએ. અહીં આકૃતિ પક્ષનો આધાર લઇને ભિન્ન ઉચ્ચારણકાળવાળા વર્ણોની નિવૃત્તિ કરવા માટે **आ**-કારને **तपर** કર્યો છે કે પછી વ્યક્તિ પક્ષે ઉદાત્તાદિ અન્ય ગુણોથી યુક્ત **आ**-કારનું ગ્રહણ થાય તે માટે તેને **तपर** કર્યો છે, એમ **तपर** કરવાનાં બે નિમિત્તની શક્યતા છે તેથી તે વિશે પ્રશ્ન કરવામાં આવ્યો છે.પદનો અર્થ વ્યક્તિ છે અને ઉદાત્ત વગેરે ગુણો ભેદક છે એ મત સ્વીકારવામાં આવે તો જે ગુણયુક્ત **अच्** નું ઉચ્ચારણ કરવામાં આવ્યું હોય તે ગુણવાળા **अच्**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आकारस्य तपरकरणं सवर्णार्थम् ॥

आकारस्य तपरकरणं क्रियते। किं प्रयोजनम्। सवर्णार्थम्। तपरस्तत्कालस्य इति तत्कालानां सवर्णानां ग्रहणं यथा स्यात्। केषाम्। उदात्तानुदात्तस्वरितानाम्। किं च कारणं न स्यात्।

भेदकत्वात्स्वरस्य ॥१३॥

भेदका उदात्तादयः। कथं पुनर्ज्ञायते भेदका उदात्तादय इति। एवं हि दृश्यते लोके। य उदात्ते कर्तव्येऽनुदात्तं करोति खण्डिकोपाध्यायस्तस्मै चपेटां ददात्यन्यत्वं करोषीति। अस्ति प्रयोजनमेतत्। किं तर्हीति। भेदकत्वाद्गुणस्येति वक्तव्यम्। किं प्रयोजनम्। आनुनासिक्यं नाम गुणः। तद्भिन्नस्यापि यथा स्यात्। किं च कारणं न स्यात्। भेदकत्वाद्गुणस्य।

**સવર્ણનું ગ્રહણ થાય તે માટે આ કારની પાછળ त् (મૂક્યો છે).**

આ કારની પાછળ त् મૂકવામાં આવ્યો છે. તેનું શું પ્રયોજન છે ? સવર્ણને માટે. અર્થાત્ જેથી **तपरस्तत्कालस्य।** પ્રમાણે તેના સમાન ઉચ્ચારણકાળવાળા સવર્ણોનું ગ્રહણ થઇ શકે. કયા સવર્ણોનું ? ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત (आ-કાર) નું , પરંતુ (પાછળ त् ન મૂકે તો (ઉદાત્ત વગેરેનું) ગ્રહણ ન થવાનું શું કારણ ? [45]

(ઉદાત્ત વગેરે) સ્વર ભેદક છે તે કારણે ॥ ૧૩॥

ઉદાત્ત વગેરે (સ્વરો) ભેદક છે [46] અર્થાત્ अच् વર્ણોને ભિન્ન બનાવે છે. ઉદાત્ત વગેરે ભેદક છે તે કેવી રીતે જાણી શકાય ? કારણ કે લોકમાં પણ એ પ્રમાણે જોવામાં આવે છે. ઉદાત્ત ઉચ્ચારણ કરવાનું હોય ત્યાં જે અનુદાત્ત ઉચ્ચારણ કરે તેને ખંડિકોપાધ્યાય, 'તું અવળું ઉચ્ચારણ કરે છે,' એમ કહીને તમાચો મારે છે.[47] त् મૂકવાનું શું એ પ્રયોજન છે?[48] તો પછી કયું (છે) ? એમ કે[49] '( માત્ર સ્વર નહીં પણ ઉદાત્ત વગેરે ) ગુણ ભિન્ન બનાવે છે' એમ કહેવું જોઇએ.[50] શા માટે ? અનુનાસિક હોવું એ પણ ગુણ છે તેને કારણે ભિન્ન બનતા (अच्) નું પણ જેથી ગ્રહણ થઇ શકે તે માટે (પાછળ त् મૂક્યો છે). (પાછળ त् ન મૂક્યો હોય તો અનુનાસિકનું) ગ્રહણ શાથી ન થાય ? કારણ કે ( ઉદાત્ત, અનુનાસિક, વગેરે ) ગુણો (अच् વર્ણોને જુદા પાડે છે એટલે કે)

---

ની જ વૃદ્ધિ સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે. તેનાથી ભિન્ન ગુણવાળા आ-કારને પણ વૃદ્ધિ સંજ્ઞા થઇ શકે એ હેતુથી તેને **तपर** કરવામાં આવ્યો છે. અહીં **तपरकरणं क्रियते।** માં **करणम्** અને **क्रियते** એમ જે પ્રયોગ છે તે **पाकं पचति।** એ પ્રયોગની જેમ સામાન્ય-વિશેષભાવપૂર્વકનો છે, અંગ્રેજીમાં Cognate Object હોય છે તેમ.

[45] ' ઉદાત્તાદિ ગુણ ભેદક નથી હોતા' એમ વિચારીને આ પ્રશ્ન કર્યો છે, કારણ કે કોઇ બોડા માથાવાળાએ ચોરી કરી હોય અને પછી લાંબા વાળવાળો થઇ જાય તો પણ તેને વિશે 'આ ચોર છે' એમ કહેવાય છે. તે રીતે ગુણ ભેદથી अच् ભેદ નથી થતો.

[46] જે વિજાતીયનું (અર્થાત્ પોતાનાથી ભિન્ન પ્રકારના अच् નું) નિવર્તન કરે તે ભેદક. ઉદાત્ત વગેરે ગુણો ભેદક છે. એ ગુણ જે अच् માં ન હોય તેને જુદો પાડે છે તેથી તે ભેદક થશે.

[47] કોઇ પણ કૃતિના એક એક ખંડનો અભ્યાસ કરે છે ખંડિક. એ આથર્વણોની જ સંજ્ઞા છે. તેમને અભ્યાસ કરાવે તે ખંડિકોપાધ્યાય. ભગવાન પતંજલિ પણ ખંડિકોને અભ્યાસ કરાવતા હતા તેથી આ પ્રમાણે કહ્યું છે.(છા. નિ.સા.પૃ.૧૫૨, પા.ટી.૬).યુ.મી.(પૃ.૨૨૯) કહે કે એમ કહેવું તે ઐતિહ્યથી વિરુદ્ધ છે. વાસ્તવમાં યજુર્વેદની શુક્લ તેમ જ કૃષ્ણ બન્ને શાખાઓમાં ખંડિકા અથવા કંડિકા એમ વિભાગ ઉપલબ્ધ છે.તેથી પતંજલિએ પોતાની કઠ શાખાના અધ્યાપકનો સંકેત કરતા હોય. ખંડિકોપાધ્યાયનો અર્થ બાળકોના ઉપાધ્યાય એમ પણ કરવામાં આવે છે (**बालकोपाध्यायः।** વૈ.ભૂ.સા. ઉપર કાશિકા પૃ.૩૮૯ઃ પ્રભા.માં **क्षुद्रोपाध्यायः।** એમ અર્થ કર્યો છે.) પરંતુ પાણિનિએ **तित्तिरिवरतन्तुखण्डिकोखाच्छण्।** એ સૂત્રમાં **खण्डिक** નો ઉલ્લેખ કર્યો છે. ખંડિકે જેનું પ્રવચન કર્યું છે તેનો અભ્યાસ કરે તે **खाण्डिकीय** .

[48] અહીં કાકુ દ્વારા સૂચવે છે કે ઉદાત્તાદિનું ગ્રહણ થાય તે **तपरकरण** નું પ્રયોજન નથી.

[49] ભાષ્યમાં અહીં '**इति**' એમ છે. તેનો અર્થ **इदं वक्तव्यम्।** આ કહેવું જોઇએ' (ઉ.) '**इति** શબ્દ હવે પછી જે કહેવામાં આવશે તેને માટે મૂક્યો છે.

[50] ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત ઉપરાંત બધા જ ગુણોને આવરી શકાય તે માટે વાર્તિકમાં **गुण** શબ્દનું ગ્રહણ કરવું જરૂરી છે, જેથી અનુનાસિક ગુણનું પણ ગ્રહણ થાય. પરિણામે અનુનાસિક ગુણથી વિશિષ્ટ अच् નું પણ ગ્રહણ થઇ શકશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भेदका गुणाः। कथं पुनर्ज्ञायते भेदका गुणा इति। एवं हि दृश्यते लोके। एकोऽयमात्मोदकं नाम तस्य गुणभेदादन्यत्वं भवति। अन्यदिदं शीतमन्यदिदमुष्णमिति। ननु च भो अभेदका अपि गुणा दृश्यन्ते। तद्यथा। देवदत्तो मुण्ड्यपि जट्यपि शिख्यपि स्वामाख्यां न जहाति। तथा बालो युवा वृद्धः वत्सो दम्यो बलीवर्द इति॥ उभयमिदं गुणेषूक्तं भेदका अभेदका इति। किं पुनरत्र न्याय्यम्। अभेदका गुणा इत्येव न्याय्यम्। कुत एतत्। यदयमस्थिदधिसक्थ्यक्ष्णामनङुदात्तः। इत्युदात्तग्रहणं करोति। यदि भेदका गुणाः स्युरुदात्तमेवोच्चारयेत्। यदि तर्ह्यभेदका गुणा अनुदात्तादेरन्तोदात्ताच्च यदुच्यते तत्स्वरितादेः स्वरितान्ताच्च प्राप्नोति। नैष दोषः। आश्रीयमाणो गुणो भेदको भवति। तद्यथा। शुक्लमालभेत। कृष्णमालभेत। तत्र यः शुक्ल आलब्धव्ये कृष्णमालभते न हि तेन यथोक्तं कृतं भवति। असंदेहार्थस्तर्हि तकारः। ऐजित्युच्यमाने

ગુણો તેમને ભિન્ન બનાવે છે. હવે ગુણો ભેદક છે તે કેવી રીતે જાણી શકાય ? કારણ કે લોક માં તે પ્રમાણે જોવામાં આવે છે. આ જળ નામનું એક જ દ્રવ્ય[51] છે તે તેના ગુણના ભેદને કારણે ભિન્ન બને છે 'આ શીતલ (જળ) જુદું છે, આ ઉષ્ણ(જળ) જુદું છે ' એમ ( કહેવાય છે) .પરંતુ અમે કહીએ છીએ કે ગુણો ભેદક ન હોય તેમ પણ જોવામાં આવે છે.[52] જેમ કે દેવદત્ત નામનો માણસ, તેણે મુંડન કરાવ્યું હોય, કે તે જટાધારી હોય કે લટિયાંવાળો હોય તો પણ તેનું દેવદત્ત એ નામ નથી જતું. તે જ રીતે गो વ્યક્તિ બાલ્યાવસ્થામાં, યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં હોય ત્યારે અનુક્રમે વાછડો, દમ્ય (પળોટવાલાયક) અને બળદ તરીકે (ઓળખાય છે). ગુણોને વિશે' અભેદક છે તેમ જ ભેદક નથી' એમ બન્ને વાત કહી, પરંતુ તેમાં[53] યોગ્ય શું છે ? 'ગુણો ભેદક નથી,' એમ કહેવું જ યોગ્ય છે. એ કેવી રીતે ? કારણ કે (સૂત્રકાર) **अस्थिदधिसक्थ्यक्ष्णामनङुदात्तः।** માં ઉદાત્તનું ગ્રહણ કરે છે. જો ગુણો ભેદક હોય તો તે (ઉદાત્ત)નું જ[54] ઉચ્ચારણ કરત. જો ગુણ ભેદક ન હોય તો પછી જેના આદિમાં અનુદાત્ત હોય અને અન્તે ઉદાત્ત હોય તેવા શબ્દને અનુલક્ષીને જે કાર્ય કહેવામાં આવે છે તે કાર્ય જેના આરંભમાં સ્વરિત હોય તેવા શબ્દોને તથા જેના અન્તે સ્વરિત હોય તેવા શબ્દોને પણ લાગુ પડશે.[55] તેનો વાંધો નથી. જેનો આશ્રય લેવામાં આવ્યો હોય[56] તેવો (ઉદાત્તાદિ) ગુણ (સ્વરમાં) ફેરફાર લાવે છે, જેમકે **शुक्लमालभेत। कृष्णमालभेत।** અહીં શ્વેતને મારવાનું હોય ત્યારે જે કૃષ્ણને મારે તેણે કહ્યા પ્રમાણે કર્યુ ન કહેવાય . તો પછી त्-કાર સંદેહ દૂર કરવા માટે છે. ऐच् એમ કહેવામાં

---

[51] ભાષ્યમાં જે **आत्मा** શબ્દ પ્રયોજ્યો છે તે દ્રવ્યવાચી છે. દ્રવ્ય તરીકે જળ એક પદાર્થ હોવા છતાં જુદાં જુદાં પાત્રોમાંનું જળ ઉષ્ણ, શીત વગેરે ભિન્ન ગુણોના સંબંધને પરિણામે વ્યવહારમાં ભિન્ન ગણાય છે. તેથી સમજાય છે કે ગુણો ભેદક છે.

[52] વિવિધ સ્વરૂપે હોવા છતાં દેવદત્ત એ વ્યક્તિ તો દેવદત્ત તરીકે જ ઓળખાય છે અને વાછડો હોય, દમ્ય હોય કે બળદ હોય પણ તે બળદ એ નામે જ ઓળખાય છે. એ દૃષ્ટાન્ત ગુણો ભેદક નથી તેના પ્રમાણ રૂપે આપ્યું છે. **तपरस्तत्कालस्य।** એ સૂત્રમાં **तपर** એ (**तः परः यस्मात् सः।** એમ) બહુવ્રીહિ માનીને અને ગુણો ભેદક છે એમ સ્વીકારીને એકદેશીએ કહ્યું કે ગુણને કારણે ભિન્ન હોય તેવા સવર્ણોનું ગ્રહણ થઇ શકે તે માટે **वृद्धिरादैच्।** માં આ-કારને **तपर** કર્યો છે. તેથી સિદ્ધાન્તી 'ગુણો ભેદક નથી' એ પોતાનો મત રજુ કરે છે.

[53] ભાષ્યમાં **गुणेषु** એ વિષય સપ્તમી છે તેથી ગુણોને વિશે કે ગુણોની બાબતમાં એમ અર્થ થશે. ' બન્ને વાત કહી' એ શબ્દો લોકવ્યવહારને ઉદ્દેશીને છે, કારણ કે વેદમાં શબ્દોના સ્વરો નિશ્ચિત હોય છે, જેમ કે બહ્વૃચોના મત પ્રમાણે મન્ત્રમાં ત્રૈસ્વર્ય (ઉદાત્ત વગેરે ત્રણે સ્વરો) છે પણ બ્રાહ્મણમાં એકશ્રુતિ છે. તૈત્તિરીયોના મતે મન્ત્ર અને બ્રાહ્મણ બન્નેમાં ત્રૈસ્વર્ય છે. ટૂંકમાં વેદાદિમાં ગુણ (સ્વરો) ભેદક જ હોય છે, પરંતુ લોકવ્યવહારમાં ગુણ ભેદક તેમ જ અભેદક બન્ને હોય છે. જેમ કે વાછડો, દમ્ય (જેને પળોટવાનો હોય તે), બળદ વગેરે પ્રાણી **गोपिण्ड** ની દૃષ્ટિએ એક તરીકે જ ઓળખાય છે તેથી અભેદ થયો પણ તેને ખરીદવાનો કે વેચવાનો હોય તો વાછડાની કિંમત ઓછી, દમ્યની તેથી વધારે અને બળદની તેથી પણ વધારે એમ વય રૂપી ગુણને કારણે તેમાં ભેદ થાય છે. અહીં ભાષ્યમાં **तत्र** શબ્દ છે તેમાં સપ્તમીના અર્થમાં લાગેલો **त्रल्** પ્રત્યય નિર્ધારણ સૂચવતો નથી પણ આધાર સૂચવે છે. તેથી **तत्र** એટલે ગુણ 'ભેદક છે અને ગુણ અભેદક છે એ બે મતમાં (થી કયો મત વ્યાજબી છે,' એમ અર્થ ન કરતાં, **तत्र** એટલે 'તેમાં (= વ્યાકરણ) શાસ્ત્રમાં' એમ કરવાનો છે.

[54] તે ઉદાત્તાદિ ગુણરહિતનું ઉચ્ચારણ થઇ શકતું નથી, કારણ કે ઉદાત્ત વગેરે ગુણ ઉચ્ચારણમાં અનિવાર્ય રીતે રહેલા છે તેમ છતાં ઉદાત્ત, અનુદાત્ત વગેરે શબ્દોનું સૂત્રમાં સ્પષ્ટ ગ્રહણ ન કરવામાં આવ્યું હોય તો તેનું સૂચન માત્ર ઉદાત્ત ઉચ્ચારણથી થતું નથી તેથી જ સૂત્રકારે **अस्थिदधि०** માં **अनङ्** નું માત્ર ઉદાત્ત ઉચ્ચારણ ન કરતાં સૂત્રમાં **उदात्त** શબ્દનું સ્પષ્ટ ગ્રહણ કર્યુ છે.

[55] તે જ રીતે અનુદાત્તાદિને અનુલક્ષીને કહેલું કાર્ય (જેમ કે **अञ्** રૂપી કાર્ય) ઉદાત્તાદિને અને અન્તોદાત્તને અનુલક્ષીને કહેલું કાર્ય (જેમ કે **ठञ्** રૂપી) અન્તાનુદાત્તને લાગુ પડવાનો પ્રસંગ આવશે, અર્થાત્ અનુદાત્તાદિને લગતું કાર્ય તેને જ નહીં પણ સ્વરિતાદિ તેમ જ ઉદાત્તાદિ લાગુ પડે અને અન્તોદાત્તને લગતું કાર્ય અન્તે સ્વરિત હોય તેને તેમ જ અન્તાનુદાત્તને લાગુ પડવાનો પ્રસંગ આવશે તેથી અવ્યવસ્થા થશે.

[56] ભાષ્યમાં **आश्रीयमाणः गुणः** એમ છે. જે ગુણનું કાર્યની દૃષ્ટિએ સૂત્રમાં ઉપાદાન કરવામાં આવ્યું હોય તે **आश्रीयमाण** કહેવાય. આ ઉપાદાન બે રીતે થઇ શકે : ૧) સ્વશબ્દ દ્વારા અર્થાત્ ઉદાત્ત વગેરે શબ્દનું સૂત્રમાં સાક્ષાત્ ગ્રહણ કરીને અથવા તો ૨) નિપાતન દ્વારા..



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

संदेहः स्यात्किमिमावैचावेवाहोस्विदाकारोऽप्यत्र निर्दिश्यत इति। संदेहमात्रमेतद्भवति सर्वसंदेहेषु चेदमुपतिष्ठते व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न संदेहादलक्षणमिति। त्रयाणां ग्रहणमिति व्याख्यास्यामः। अन्यत्रापि ह्ययमेवंजातीयकेषु संदेहेषु न कंचिद्यत्नं करोति। तद्यथा। औतोऽम्शसोः इति॥ इदं तर्हि प्रयोजनम्। आन्तर्यतस्त्रिमात्रचतुर्मात्राणां स्थानिनां त्रिमात्रचतुर्मात्रा आदेशा मा भूवन्निति। खट्वा इन्द्रः खट्वेन्द्रः। खट्वा उदकं खट्वोदकम्। खट्वा ईषा खट्वेषा। खट्वा ऊढा खट्वोढा। खट्वा एलका खट्वैलका। खट्वा ओदनः खट्वौदनः। खट्वा ऐतिकायनः खट्वैतिकायनः। खट्वा औपगवः खट्वौपगवः। अथ क्रियमाणेऽपि तकारे कस्मादेव त्रिमात्रचतुर्मात्राणां स्थानिनां त्रिमात्रचतुर्मात्रा आदेशा न भवन्ति। तपरस्तत्कालस्येति नियमात्। ननु तः परो यस्मात्सोऽयं तपरः। नेत्याह। तादपि परस्तपरः। यदि तादपि परस्तपर ऋदोरप् इतीहैव स्यात् यवः स्तवः। लवः पव इत्यत्र न स्यात्।

આવે ત્યારે (પ્રત્યાહારમાંના ऐ અને औ એ બે વર્ણો) જ છે કે પછી आ- કારનો પણ અહીં નિર્દેશ છે?' એમ સંદેહ થાય.[57] આ તો કેવળ સંદેહ છે અને "વ્યાખ્યાનદ્વારા વિશેષ (અર્થ)નો બોધ થાયછે પરંતુ સંદેહને કારણે શાસ્ત્ર નિરર્થક બનતું નથી," એ ન્યાય સર્વ પ્રકારના સંદેહ પ્રસંગે ઉપસ્થિત થાય છે.'ત્રણેનું ગ્રહણ (થાય છે',એમ અમે વ્યાખ્યાન કરવાના છીએ, કારણ કે બીજાં સ્થળોએ પણ (સૂત્રકાર) આ જાતના સંદેહ ત્યારે (તેને દૂર કરવાનો) પ્રયત્ન કરતા નથી. જેમ કે औतोऽम्शसोः।[58] તો પછી ત્રણ માત્રાવાળા અને ચાર માત્રાવાળા સ્થાનીઓને બદલે અન્તરતમ હોવાથી ત્રણ માત્રાવાળા અને ચાર માત્રાવાળા આદેશો ન થાય એ પ્રયોજન[59] છે.જેમ કે खट्वा इन्द्रः- खट्वेन्द्रः। खट्वा उदकम्-खट्वोदकम्। खट्वा ईषा खट्वेषा। खट्वा ऊढा- खट्वोढा। खट्वा एलका- खट्वैलका। खट्वा ओदनः - खट्वौदनः। खट्वा ऐतिकायनः- खट्वैतिकायनः। खट्वा औपगवः- खट्वौपगः। હવે त-કાર પાછળ મૂકવા છતાં ત્રણ માત્રા અને ચાર માત્રાવાળા સ્થાનીઓના ત્રણ માત્રા અને ચાર માત્રાવાળા આદેશો કેમ નથી થતા ? तपरस्तत्कालस्य। એ નિયમને કારણે ( ત્રણમાત્રા અને ચારમાત્રાવાળા આદેશો ન થાય). અમે કહીએ છીએ કે त् જેની પાછળ આવે તે तपर. તો (ભાષ્યકાર) કહે છે કે त्‌ની પછી જે આવે તે પણ तपर . त्‌ની પછી આવનાર પણ तपर એમ અર્થ કરવામાં આવે તો પણ ऋदोरप्। પ્રમાણે આ यवः, स्तवः માં[60] જ ( अप् પ્રત્યય) લાગશે, लवः, पवः માં નહીં લાગે.

नैष तकारः। कस्तर्हि। दकारः। किं दकारे प्रयोजनम्।

अथ किं तकारे। यद्यसंदेहार्थस्तकारो दकारोऽपि। अथ मुखसुखार्थस्तकारो दकारोऽपि॥

---

[57] જો आ ને तपर ન કર્યો હોય તો સૂત્ર वृद्धिरैच्। એમ થાત, કારણ કે वृद्धिः આ ऐच् માં वृद्धिरेचि। પ્રમાણે આ ऐच् નો જ ऐच् થાત. તેથી आ-કારનું સૂત્રમાં ગ્રહણ કર્યુ છે કે નથી કર્યુ તે બાબતમાં સંદેહ જ થાત. તે સંદેહના નિરાસ માટે त-કારનું ગ્રહણ કર્યુ છે. બીજી રીતે કહીએ તો વૃદ્ધિ સંજ્ઞા (आ, ऐ અને औ) એ ત્રણ વર્ણની થાય છે કે પછી (ऐ औ એ) બે વર્ણની થાય છે એ પ્રકારનો સંદેહ થાય છે તેમ એકદેશીની દલીલ છે. પરંતુ व्याख्यानतो विशेषप्रतिपत्तिः० એ પરિભાષા અહીં લાગુ પડશે તેથી સંદેહનો નિરાસ આ રીતે ભાષ્યકાર કરે છે : प्रस्थेऽवृद्धमकर्क्यादीनाम्। થી प्रस्थ શબ્દની પૂર્વે આવતું वृद्ध પૂર્વપદ આદ્યુદાત્ત થાય છે. જો आ-કારનો વૃદ્ધિ સૂત્રમાં સમાવેશ ન હોય તો माला શબ્દ वृद्ध ન ગણાત, अवृद्ध ગણાત, તેથી मालाप्रस्थः જેવા સમાસમાં माला એ પૂર્વપદ આ प्रस्थेऽवृद्ध० પ્રમાણે જ આદ્યુદાત્ત થશે. તેથી मालादीनाञ्च। એ સૂત્ર કરવાની જરૂર ન રહેત. પરંતુ સૂત્રકારે એ સૂત્ર ર્ક્યુ છે તેથી ચોક્કસ સમજી શકાય છે કે माला શબ્દને સૂત્રકારે वृद्ध ગણ્યો છે અને તે ઉપરથી એ પણ સમજાય છે કે વૃદ્ધિસૂત્રમાં आ-કારનો પ્રશ્લેષ છે.

[58] આ સૂત્રમાં आ ओतोः એમ સમજ્વાનું છે. અહીં आ- કારનો પ્રશ્લેષ સૂચવવા માટે સૂત્રકારે તેને तपर કરીને મૂક્યો નથી, એટલે કે आदोतोऽम्शसोः। એમ સૂત્ર બનાવ્યું નથી છતાં વ્યાખ્યાનને આધારે સમજાય છે કે એ સૂત્રમાં औ નું ગ્રહણ નથી કર્યુ પણ आ અને ओ નું ગ્રહણ કર્યુ છે.

[59] खट्वा इन्द्रः । खट्वा उदकम् વગેરે ઉદાહરણોમાં आद्गुणः। પ્રમાણે એકાદેશ થાય ત્યાં સ્થાની आ इ અથવા आ उ ની ત્રણ માત્ર થાય છે તેથી આદેશ પણ ત્રણ માત્રાવાળો થવાનો પ્રસંગ આવે, તે જ રીતે खट्वा एलका। खट्वा ओदनः વગેરે ઉદાહરણોમાં સ્થાની आ અને ए, અથવા आ અને ओ ની કુલ ચાર માત્ર થાય છે ત્યાં वृद्धिरेचि। પ્રમાણે મૂકવામાં આવતો વૃદ્ધિ એકાદેશ પણ ચાર માત્રાવાળો થવાનો પ્રસંગ આવે છે. તેમ ન થાય, એટલે કે ગુણ રૂપી એકાદેશ (एङ्) અને વૃદ્ધિ રૂપી એકાદેશ (ऐच्) બે માત્રાવાળા જ થાય તે માટે વદ્ધિ અને ગુણ સૂત્રોમાં तपर કરણ કર્યુ છે. આ રીતે વૃદ્ધિસૂત્રમાં ऐच् ને માટે तपर કરણ કર્યુ છે એમ ફલિત થાય છે.

[60] तात् परः तपरः। એમ પંચમી સમાસ લેવામાં આવે તો ऋदोरप्। સૂત્રમાં (ऋत् ओः એમ છે તેથી) ओः (उ નું પંચમી એકવચન) त्‌ની પછી આવ્યું હોવાથી તે પણ तपर થશે. તેથી જ્યાં હ્રસ્વ उ અન્તે હોય તેવા यु, स्तु વગેરે ધાતુઓને अप् લાગીને यवः, स्तवः જેવાં રૂપો સિદ્ધ થશે, પરંતુ लू, पू વગેરે દીર્ઘ ऊ-કારાન્ત ધાતુઓને अप् લાગશે નહીં, તેથી लवः, पवः જેવાં રૂપો સિદ્ધ ન થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**इको गुणवृद्धी ।१।१।३ ॥**

**इग्ग्रहणं किमर्थम्।**

**इग्ग्रहणमात्संध्यक्षरव्यञ्जननिवृत्त्यर्थम् ॥१॥**

**इग्ग्रहणं क्रियते आकारनिवृत्त्यर्थं संध्यक्षरनिवृत्त्यर्थं व्यञ्जननिवृत्त्यर्थं च। आकारनिवृत्त्यर्थं तावत्। याता वाता। आकारस्य गुणः प्राप्नोति।**

આ त કાર નથી.[61] તો પછી શું છે ? द કાર છે. द કાર મૂકવાનું શું પ્રયોજન ?

તો પછી (અમે પૂછીએ છીએ કે) त કાર મૂકવાનું શું પ્રયોજન છે ?[62] જો त કાર સંદેહ દૂર કરવા માટે હોય તો द કાર પણ તે માટે છે. (ઉચ્ચારણમાં) મુખને સરળતા રહે તે માટે त કાર હોય તો द કાર પણ તે માટે છે.

ગુણ અને વૃદ્ધિ **इक्** (પ્રત્યાહારમાંના વર્ણો) નાં થાય છે ॥૧।૧।૩।

(આ સૂત્રમાં) **इक्** નું ગ્રહણ શા માટે કર્યું છે ?[63]

**इक्** નું ગ્રહણ आ-કાર, સન્ધ્યક્ષરો અને વ્યંજનની નિવૃત્તિ [64] માટે (કર્યું છે) ॥૧॥

(સૂત્રમાં) **इक्** છે તે आ-કારની નિવૃત્તિ માટે, સન્ધ્યક્ષર ( ए ऐ ओ અને औ ) ની નિવૃત્તિ માટે અને વ્યંજનની નિવૃત્તિ માટે મૂકવામાં આવ્યો છે. તેમાં आ-કારની નિવૃત્તિ માટે (નાં ઉદાહરણ) याता । वाता.[65] અહીં आ-કારનો ગુણ થવા જાય છે

---

[61] ઉપર દર્શાવેલી વિષમતાનો નિરાસ કરતાં સિદ્ધાન્તી આ પ્રમાણે કહે છે. **नैष तकारः। कस्तर्हि। दकारः। किं दकारे प्रयोजनम्। अथ किं तकारे। यद्यसंदेहार्थस्तकारो दकारोऽपि। अथ मुखसुखार्थस्तकारो दकारोऽपि ॥**

[62] **तादपि परस्तपरः।** એ અર્થ ન સ્વીકારનારનો આ પ્રશ્ન છે. અહી પ્રશ્ન એ છે કે વૃદ્ધિસૂત્રમાં आ-કારને માટે त-કાર મૂક્યો હોય તો તે બન્ને એકાર્થક (એક અર્થયુક્ત) થવાથી તેમની વચ્ચે શેષશેષિભાવ સંબંધ થશે તેથી **आत्** એ પદ થશે અને તેથી પદાન્ત **त्** નો **द्** થશે, પરંતુ સૂત્રમાં त-કાર તેની પછી આવતા **ऐच्** માટે મૂકવામાં આવ્યો હોય તો તેનો आ-કાર સાથે કોઇ પ્રકારનો સંબંધ રહેતો નથી, કારણ કે માત્ર આધાર-આધેય હોવાથી તેમની વચ્ચે શેષશેષિભાવ ન હોઇ શકે. જેમ રાજાના શણગાર માટેનું કંકુ હમેશાં ઊંટની ઉપર રહેતું હોવા છતાં તે કંકુ ઊંટ માટે છે તેમ ન કહેવાય (**तादर्थ्येन हि शेषत्वं नाश्रयाश्रयिभावतः। राजार्थौपयिकं नित्यमुष्ट्रो वहति कुङ्कुमम् ॥**), તેમ त-કાર आ-કારની જોડે હોવા છતાં તેમની વચ્ચે શેષશેષિ-ભાવ ન હોવાથી **आत्** એ પદ નહીં થાય તેથી **त्** નો **द्** ન થઇ શકે અને ત્યાં द-કાર છે એમ પણ ન કહી શકાય.પરંતુ વાસ્તવિક રીતે વૃદ્ધિસૂત્રમાંનો त-કાર **ऐच्** માટે મૂકવામાં આવ્યો હોવા છતાં **दैच्** એ પદ નથી. પૂર્વે રહેલ आ-કારને ગૌણ રીતે ઉપકારક હોવા છતાં લાઇલાજે તેનો आ-કાર સાથે સંબંધ સ્વીકારવો પડશે, કારણ કે त-કાર હોય તો જ आ-કારનો સ્પષ્ટ બોધ થઇ શકે છે. આમ त-કાર યુક્ત હોય તો જ आ- કારનું અસંદિગ્ધ રીતે પ્રતિપાદન થઇ શકે છે તેથી त-કાર आ-કાર માટે છે તેમ પણ કહી શકાય (એટલે કે त-કાર आ-કારને પણ ઉપકારક છે તેથી તેમની વચ્ચે શેષશેષિ-ભાવ થશે), તેથી **आत्** ને પદ ગણી શકાય અને તો જ '**वृद्धिः आत् ऐच्।**' એમ ભાષ્યકારે જે પદવિભાગ કર્યો તેની સંગતિ થઇ શકશે.

[63] आ-કાર, (ए , ऐ , ओ અને औ એ) સંધ્યક્ષરો તેમ જ વ્યંજનોનાં ગુણ કે વૃદ્ધિ થતાં નથી તેમ સૂત્રકારે જ્ઞાપકો દ્વારા સૂચવ્યું છે તેથી **इक्** વર્ણોનાં જ ગુણ કે વૃદ્ધિ થાય છે તેમ ફલિત થયું. છતાં સૂત્રકારે પ્રસ્તુત સૂત્રમાં **इक्** નું ગ્રહણ કર્યું છે તેનું પ્રયોજન જાણવા માટે આ પ્રશ્ન કરવામાં આવ્યો છે.

[64] સૂત્રમાં **इक्** નું ગ્રહણ કરવાથી आ-કાર વગેરેની નિવૃત્તિ કરવા માટે એટલે કે તેમને ગુણ કે વૃદ્ધિના સ્થાની થતા અટકાવા માટે છે. તેથી સમજાય છે કે आ-કાર વગેરેને સ્થાને ગુણ કે વૃદ્ધિ રૂપ આદેશ થતા નથી.

[65] અંગને અન્તે આવેલા आ-કારની **सिचिवृद्धिः परस्मैपदेषु।** પ્રમાણે થતી વૃદ્ધિ નહી થાય, કારણ કે आ-કારાન્ત ધાતુઓમાં **यमरमनमातां सक्च।** પ્રમાણે થતા **सक्** અને **इट्** દ્વારા તેનો બાધ થાય છે. **अचो ञ्णिति।** વગેરે પ્રમાણે જ્યાં વૃદ્ધિ થવાનો સંભવ છે ત્યાં પણ વદ્ધિ થાય કે ન થાય તો તેથી કોઇ ફેર પડતો નથી તેથી ભાષ્યકારે જ્યાં **सार्वधातुकार्धधातुकयोः।** પ્રમાણે आ-કારનો ગુણ થવાનો પ્રસંગ છે તે **याता। वाता** વગેરે ઉદાહરણ આપ્યાં છે. અન્ત્યનાં ગુણ-વૃદ્ધિનો પ્રસંગ આવતો નથી, કારણ કે **अतो लोपः।** પ્રમાણે થતો લોપ પૂર્વવિપ્રતિષેધ દ્વારા **ण्यल्लोपावियङ्यण्गुण०** વગેરે વાર્તિકથી થતા ગુણ-વૃદ્ધિનો બાધ કરે છે. જેમ કે **चिकीर्षिता। अचिकीर्षीत्। अवधीत्** વગેરેમાં અન્ત્ય अ નો સંભવ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इग्ग्रहणान्न भवति। संध्यक्षरनिवृत्त्यर्थम्। ग्लायति म्लायति। संध्यक्षरस्य गुणः प्राप्नोति। इग्ग्रहणान्न भवति॥ व्यञ्जननिवृत्त्यर्थम्। उम्भिता उम्भितुम् उम्भितव्यम्। व्यञ्जनस्य गुणः प्राप्नोति। इग्ग्रहणान्न भवति॥ आकारनिवृत्त्यर्थेन तावन्नार्थः। आचार्यप्रवृत्तिर्ज्ञापयति नाकारस्य गुणो भवतीति यदयमातोऽनुपसर्गे कः। इति ककारमनुबन्धं करोति। कथं कृत्वा ज्ञापकम्। कित्करण एतत्प्रयोजनं कितीत्याकारलोपो यथा स्यात्। यदि चाकारस्य गुणः स्यात्कित्करणमनर्थकं स्यात्। गुणे कृते द्वयोरकारयोः पररूपेण सिद्धं रूपं स्यात् गोदः कम्बलद इति। पश्यतित्वाचार्यो नाकारस्य गुणो भवतीति ततः ककारमनुबन्धं करोति॥ संध्यक्षरनिवृत्त्यर्थेनापि नार्थः। उपदेशसामर्थ्यात्संध्यक्षरस्य गुणो न भविष्यति॥ व्यञ्जननिवृत्त्यर्थेनापि नार्थः। आचार्यप्रवृत्तिर्ज्ञापयति न व्यञ्जनस्य गुणो भवतीति यदयं जनेर्डः शास्ति। कथं कृत्वा ज्ञापकम्। डित्करण एतत्प्रयोजनं डितीति टिलोपो यथा स्यात्। यदि व्यञ्जनस्य गुणः स्याड्डित्करणमनर्थकं स्यात्। गुणे कृते त्रयाणामकाराणां पररूपेण सिद्धं रूपं स्यात् उपसरजः मन्दुरज इति।

પણ (સૂત્રમાં) **इक्** મૂક્યો છે તેથી ગુણ થતો નથી. સન્ધ્યક્ષર ( ए ऐ ओ અને औ) ની નિવૃત્તિ માટે (નાં ઉદાહરણ) **ग्लायति, म्लायति.** અહીં (**ग्लै, म्लै** ના) સન્ધ્યક્ષર[66] (ऐ) નો ગુણ થવા જાય છે પણ સૂત્રમાં **इक्** મૂક્યો છે તેથી ગુણ થતો નથી. વ્યંજનની નિવૃત્તિ માટે (નાં ઉદાહરણ) **उम्भिता**।[67] **उम्भितुम्**। **उम्भितव्यम्**. અહીં વ્યંજનનો ગુણ થવા જાય છે પણ સૂત્રમાં **इक्** મૂક્યો છે તેથી થતો નથી. आ-કારનો ગુણ થતો અટકાવવા માટે **इक्** નું સૂત્રમાં ગ્રહણ કરવાનો તો કોઇ અર્થ નથી. આચાર્યનો વ્યવહાર સૂચવે છે કે **आ** નો ગુણ થતો નથી, કારણ કે **आतोऽनुपसर्गे कः**। માં **क्** ને અનુબંધ તરીકે મૂક્યો છે.[68] તે કેવી રીતે જ્ઞાપક છે ? **कित्** પ્રત્યય પાછળ આવતાં **आ** નો લોપ થઇ શકે. પણ જો **आ** નો ગુણ થતો હોય તો (अ પ્રત્યયને) **कित्** કર્યો છે તે નિરર્થક થાત, કારણ કે ગુણ કરવામાં આવે તો બે अ-કારનું (**अतो गुणे**। પ્રમાણે) પર રૂપ (અર્થાત્ अ ) થાય અને **गोदः कम्बलदः** એ સિદ્ધ થાત, પરંતુ આચાર્ય જાણે છે કે **आ** નો ગુણ થતો નથી તેથી તેમણે **क** ને અનુબંધ તરીકે મૂક્યો છે. સંધ્યક્ષરનો ગુણ થતો અટકાવવા માટે પણ (સૂત્રમાં **इक्** નું ગ્રહણ કરવાનો) કોઇ અર્થ નથી, કારણ કે (**ग्लै** વગેરે ધાતુમાં સૂત્રકારે સંધ્યક્ષરનું) ઉચ્ચારણ કર્યું છે[69] તેને પ્રતાપે જાણી શકાય છે કે સંધ્યક્ષરનો ગુણ થતો નથી. વ્યંજનનો ગુણ થતો અટકાવવા માટે પણ (સૂત્રમાં **इक्** ગ્રહણ કરવાનો) કોઇ અર્થ નથી. આચાર્યની પ્રવૃત્તિ સૂચવે છે કે વ્યંજનનો ગુણ થતો નથી, કારણ કે તેમણે (**सप्तम्यां जनेर्डः**। માં) **जन्** ધાતુને **ड** પ્રત્યય લાગે છે, એમ કહ્યું છે. તે કેવી રીતે જ્ઞાપક છે ? **डित्** કરવાનું પ્રયોજન એ છે કે તેથી **ड्** અનુબંધવાળો (**डित्**) પ્રત્યય પર થતાં (**टेः** પ્રમાણે) **टि** લોપ થઇ શકે.જો વ્યંજનનો ગુણ થતો હોય તો ( ड પ્રત્યય) ને **डित्** કર્યો છે તે નિરર્થક બનશે,[70] કારણ કે ગુણ કરવામાં આવે તો ત્રણે अ કારનું પરરૂપ થવાથી **उपसरजः**। **मन्दुरजः** જેવાં રૂપો સિદ્ધ થઇ શકે

---

[66] અહીં ऐ અને ए નો પ્રયત્ન સમાન છે, તેમ જ બન્નેની માત્રા પણ બે છે તેથી ऐ ને સ્થાને ए ગુણ થવાનો પ્રસંગ આવશે, પરંતુ સૂત્રમાં **इक्** નું ગ્રહણ કર્યું છે તેથી **ऐ** નો ગુણ નહીં થાય. પરિણામે **ग्लेयति** જેવું અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ નહીં આવે.

[67] જો વ્યંજનનો પણ ગુણ થતો હોય તો **उम्भिता** વગેરેમાં भ-કાર ઓષ્ઠસ્થાનીય હોવાથી તેને સ્થાને **ओ**-કાર ગુણ થઇને **उमविता** એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે. આમ તો વ્યંજનને સ્થાને એક માત્રાવાળો આદેશ થાય તે ઉચિત છે પણ સ્થાનને કારણે થતું આન્તર્ય વધુ પ્રબળ હોવાથી **ओ** જ ઉચિત છે પણ સૂત્રમાં **इक्** નું ગ્રહણ કર્યુ છે તેથી વ્યંજનનો ગુણ થવાનો કોઇ પ્રસંગ નથી.

[68] એ સૂત્ર પ્રમાણે **कित्** પ્રત્યય પૂર્વે आ-કારાન્ત અંગના **आ** નો લોપ થાય છે. તેથી **गां ददाति**। ઉપરથી **आतोऽनुपसर्गे कः**। પ્રમાણે ઉપપદ સમાસ કરતાં दा ધાતુના आ-કારનો **कित्** પ્રત્યય પૂર્વે લોપ થઇને **गोदः** રૂપ થાય છે પણ જો **आ** નો ગુણ अ થતો હોય તો **गोदा अ--गोद अ--गोदः** થઇ શકે, કારણ કે **अतो गुणे**। પ્રમાણે પરરૂપ એકાદેશ થવાથી ઇષ્ટ રૂપ સિદ્ધ થાય છે, પરંતુ સૂત્રકાર જાણે છે કે **आ** નો ગુણ થતો નથી તેથી તેમણે आतोऽनुप० સૂત્રમાં **क**-કાર **इत्** લગાડીને अ પ્રત્યયનું વિધાન કર્યુ છે જેથી **आतो लोप इटि च**। પ્રમાણે आ-કારનો લોપ થઇ શકે. જો ગુણ થતો હોત તો **कित्** કર્યો છે તે નિરર્થક થાત અને સૂત્રકાર **कः** ન કહેતાં अः એમ કહેત.

[69] કારણ કે **ऐ** જેવા સન્ધ્યક્ષરનો ગુણ થતો હોત તો ધાતુપાઠમાં **ग्लै** એમ ऐ-કારાન્ત પાઠ કરવાનું કોઇ પ્રયોજન ન રહેત અને તેથી સૂત્રકારે **ग्ले** એમ ए-કારાન્ત પાઠ કર્યો હોત, કારણ કે તેથી પ્રક્રિયામાં લાઘવ થાત. જો કે શ.કૌ.(ભા.૧, પૃ.૭૮) પ્રમાણે માત્રા લાઘવ અર્થાત્ પ્રયત્નનું લાઘવ ન થાય, છતાં પા.શિ. પ્રમાણે પ્રક્રિયા લાઘવ જરૂર થાય, કારણ કે **एङ्** વર્ણો કરતાં **ऐच्** વર્ણોનો પ્રયત્ન વધુ વિવૃત હોય છે (**तेभ्योऽपि विवृतावेङौ ताभ्यामैचौ तथैव च**।)

[70] **सप्तम्यां जनेर्डः**। પ્રમાણે સપ્તમ્યન્ત ઉપપદ હોય ત્યારે **जन्** ધાતુને ड લાગે છે, જેમ કે **उपसरे जातः उपसरजः**। **मन्दुरायां जातः मन्दुरजः**। અહીં ड પ્રત્યયને **डित्** કર્યો છે તેથી **जन्** ના **टि** નો લોપ થાય છે. જો વ્યંજનનો ગુણ થતો હોત તો **जन् अ** એ સ્થિતિમાં **न्** નો ગુણ થતાં --जअ अ એમ થશે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पश्यति त्वाचार्यो न व्यञ्जनस्य गुणो भवतीति ततो जनेर्ड शास्ति ॥ नैतानि सन्ति ज्ञापकानि। यत्तावदुच्यते कित्करणं ज्ञापकमाकारस्य गुणो न भवतीत्युत्त-रार्थमेतत्स्यात्। तुन्दशोकयोः परिमृजापनुदोः इति। यत्तर्हि गापोष्टक्। इत्यनन्यार्थं ककारमनुबन्धं करोति॥ यदप्युच्यत उपदेशसामर्थ्यात्संध्यक्षरस्य गुणो न भवतीति यदि यद्यत्संध्यक्षरस्य प्राप्नोति तत्तदुपदेशसामर्थ्याद्बाध्यत आयादयोऽपि तर्हि न प्राप्नुवन्ति। नैष दोषः। यं विधिं प्रत्युपदेशोऽनर्थकः स विधिर्बाध्यते यस्य तु विधेर्निमित्तमेव नासौ बाध्यते। गुणं च प्रत्युपदेशोऽनर्थक आयादीनां पुनर्निमित्तमेव॥ यदप्युच्यते जनेर्डवचनं ज्ञापकं न व्यञ्जनस्य गुणो भवतीति सिद्धे विधिराभ्यमाणो ज्ञापकार्थो भवति न च जनेर्गुणेन सिध्यति। कुतो ह्येतज्जनेर्गुण उच्यमानोऽकारो भवति

પરંતુ આચાર્ય જાણે છે કે વ્યંજનનો ગુણ નથી થતો તેથી તેમણે **जन्** ધાતુને **ड** પ્રત્યય લાગે છે તેમ કહ્યું છે. આ બધાં જ્ઞાપનો નથી.પહેલાં જે કહેવામાં આવ્યું કે (**आतोऽनुपसर्गे कः।** માં) પ્રત્યયને **कित्** કર્યો છે તેથી **आ** નો ગુણ નથી થતો તેનું સૂચન થાય છે, પરંતુ એ તો પાછળ આવતા **तुन्दशोकयोः परिमृजापनुदोः।** સૂત્ર[71]માટે કર્યો છે. તો પછી **गापोष्टक्।**[72] માં **क्** ને અનુબંધ કરે છે તે તો બીજા કોઇ હેતુ માટે નથી (પણ **आ** નો લોપ થઇ શકે તે માટે જ છે). વળી જે કહ્યું કે **ग्लै** વગેરેનું **ऐ** એ સંધ્યક્ષરયુક્ત ઉચ્ચારણ કર્યુ છે તેના પ્રતાપે સંધ્યક્ષરનો ગુણ થતો નથી. પણ જો એમ હોય તો સંધ્યક્ષરને જે જે કાર્ય પ્રાપ્ત થાય તે સર્વનો ઉચ્ચારણ(**उपदेश**) ને પ્રતાપે જ બાધ થશે, તેથી (**एचोऽयवायावः।** પ્રમાણે) **आय्** વગેરે પણ નહીં થાય.[73] એ દોષ નહીં આવે. જે વિધિ કરવાથી (**ऐ** વગેરેનો) ઉપદેશ નિરર્થક બને તેનો ઉપદેશ દ્વારા બાધ થાય છે પરંતુ ઉપદેશ જે વિધિનું નિમિત્ત હોય તેનો બાધ ઉપદેશ દ્વારા થતો નથી.[74] જો ગુણ કરવામાં આવે તો (**ऐ** એ સંધ્યક્ષરયુક્ત) ઉપદેશ નિરર્થક બને, પરંતુ **आय्** વગેરેનું તો (સંધ્યક્ષર) નિમિત્ત છે (તેથી ઉપદેશ દ્વારા **आय्** આદેશનો બાધ ન થઇ શકે). વળી જે કહ્યું કે **जन्** ધાતુને **ड** પ્રત્યય કહ્યો છે તે વ્યંજનનો ગુણ નથી થતો તેનું જ્ઞાપક છે. પરંતુ કોઇ કાર્ય અન્ય રીતે સિદ્ધ થયું હોય છતાં તેને લગતો વિધિ કરવામાં આવે તો તેવો (બિનજરૂરી) વિધિ જ્ઞાપક થઇ શકે છે જ્યારે (અહીં તો) **जन्** (ના **न्**) નો ગુણ કરવાથી ઇષ્ટ સિદ્ધિ થતી નથી. વળી જ્યારે **जन्** (ના **न्**) નો ગુણ કહેવામાં આવે ત્યારે તે **अ**-કાર જ થાય,

---

અને ત્રણે **अ**-કારને સ્થાને પરરૂપ એકાદેશ થતાં **ज** (એટલે કે **उपसरजः** એ રૂપ) સિદ્ધ થશે. તેથી **सप्तम्यां जनेर्ड।** માં **अ**-કારને ડિત્ ન કરતાં **सप्तम्यां जनेरः।** એમ સૂત્ર કર્યુ હોત તો ચાલી શકત, પરંતુ તેઓ જાણે છે કે વ્યંજનનો ગુણ થતો નથી તેથી તેમણે **अ**-કારને ડિત્ કર્યો છે.

[71] આ સૂત્ર પ્રમાણે **तुन्द** અને **शोक** કર્મ અનુક્રમે **परिमृज्** અને **अपनुद्** ધાતુઓનાં ઉપપદ હોય ત્યારે તે ધાતુઓને **क** પ્રત્યય લાગે છે. અહીં **परिमृज्** માં **मृजेर्वृद्धिः।** પ્રમાણે વૃદ્ધિ થવાનો અને **अपनुद्** માં **पुगन्तलघूपध॰** પ્રમાણે લઘુ ઉપધાનો ગુણ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ **आतोऽनुपसर्गे कः।** માંથી અનુવૃત્ત થએલો **क** એ પ્રત્યય **कित्** છે તેથી **क्ङिति च।** પ્રમાણે ગુણ-વૃદ્ધિનો નિષેધ થવાથી **तुन्दपरिमृजः** અને **शोकापनुदः** જેવાં ઇષ્ટ રૂપો સિદ્ધ થાય છે. જો તે પ્રત્યયને **कित्** ન કર્યો હોય તો **तुन्दपरिमार्जः** અને **शोकापनोद** જેવાં અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવત. આમ ગુણ અને વૃદ્ધિનો નિષેધ કરવા માટે **कित्** કર્યો હોવાથી, નિષેધ **आ**-કારનો ગુણ નથી થતો તેનો જ્ઞાપક નથી..

[72] એ સૂત્રમાં **टक्** પ્રત્યયને **कित्** કર્યો છે. અહીં **आ**-કારનો લોપ થાય તે હેતુથી પ્રત્યયને **कित्** કર્યા છે તે સિવાય તેનું અન્ય કોઇ પ્રયોજન નથી તેથી તે દ્વારા જ્ઞાપન થાય છે કે **आ**-કારનો ગુણ નથી થતો.

[73] તેથી **ग्लै शप् ति** એ સ્થિતિમાં **एचोऽयवायावः।** પ્રમાણે **ऐ** નો **आय्** ન થતાં **ग्लायति** રૂપ સિદ્ધ થઇ શકશે નહીં..

[74] ગુણ થતો હોય તો **ग्लै** એમ **ऐ**-કાર યુક્ત ઉપદેશ કર્યો છે તે નિરર્થક ગણાત, કારણ કે **ग्ले** એમ પાઠ હોય તો પ્રક્રિયા લાઘવ થાય પરંતુ **एचोऽयवायावः।** પ્રમાણે થતા **आय्** ની દૃષ્ટિએ **ग्लै** એ ધાતુપાઠ નિરર્થક નથી, કારણ કે **ऐ**-કાર **आय्** નું નિમિત્ત છે. આમ **ग्लै** એમ સન્ધ્યક્ષરયુક્ત ધાતુનો ઉપદેશ કર્યો છે તેના બળે જ્ઞાપન થાય છે કે સન્ધ્યક્ષરનો ગુણ થતો નથી.ધાતુપાઠમાં **ग्लै** ને બદલે **ग्लाय्** પાઠ કરવો પણ શક્ય નથી, કારણ કે તો પછી (**त्वया**) **ग्लायते। जग्लौ** જેવાં રૂપો સિદ્ધ નહીં થઇ શકે. **ग्लै** એમ **ऐ**-કારાન્ત પાઠથી **आदेचः।** પ્રમાણે **एजन्त** ધાતુઓનું **आत्व** થાય છે તેનો બાધ થશે એમ શંકા થઇ શકે, કારણ કે **ऐ**-કાર જ **आत्व** નું નિમિત્ત નથી **ग्ले** પાઠ હોય તો પણ **आत्व** થશે જ તેથી **ऐ**-કાર યુક્ત પાઠ જેમ ગુણનો અભાવ સૂચવે છે તેમ **आत्व** નો પણ અભાવ સૂચવે, પરંતુ આ પ્રકારની શંકાનો નિરાસ કરતાં સૂત્રકારે **न ध्याख्यापृमूर्च्छिमदाम्।** એ સૂત્રમાં **ध्यै** ધાતુને **आत्व** યુક્ત અર્થાત્ **ध्या** તરીકે ઉચ્ચારીને જ્ઞાપન કર્યુ છે કે **ऐ**-કાર યુક્ત ધાતુપાઠ ગુણનો બાધ કરે છે, પરંતુ **आत्व** નો બાધ કરતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न पुनरेकारो वा स्यादोकारो वेति। आन्तर्यतोऽर्धमात्रिकस्य व्यञ्जनस्य मात्रिकोऽकारो भविष्यति। एवमप्यनुनासिकः प्राप्नोति। पररूपेण शुद्धो भविष्यति । एवं तर्हि गमेरप्ययं डो वक्तव्यः। गमेश्च गुण उच्यमान आन्तर्यत ओकारो प्राप्नोति। तस्मादिग्ग्रहणं कर्तव्यम्॥ यदीग्ग्रहणं क्रियते द्यौः पन्थाः सः इममित्येतेऽपीकः प्राप्नुवन्ति।

संज्ञया विधाने नियमः ॥२॥

संज्ञया ये विधीयन्ते तेषु नियमः। किं वक्तव्यमेतत्। न हि। कथमनुच्यमानं गंस्यते। वृद्धिगुणग्रहणसामर्थ्यात्। कथं पुनरन्तरेण गुणवृद्धिग्रहणमिको गुणवृद्धी स्याताम्। प्रकृतं गुणवृद्धिग्रहणमनुवर्तते। क्व प्रकृतम्। वृद्धिरादैजदेङ्गुण इति। यदि तदनुवर्ततेऽदेङ्गुणवृद्धिश्चेत्यदेङां वृद्धिसंज्ञापि प्राप्नोति। संबन्धम-

પણ ए કે ओ ન થાય તે કેવી રીતે ? સૌથી નિકટનો હોવાથી અર્ધમાત્રાવાળા વ્યંજન (न्) નો એક માત્રાવાળો अ-કાર થશે.[75] એમ હોય તો પણ અનુનાસિક अ-કાર થશે. તો પણ (अतो गुणे। પ્રમાણે) પરરૂપ થવાથી શુદ્ધ (अ-કાર) થશે (અનુનાસિક નહીં થાય). એમ હોય તો (अन्येष्वपि दृश्यते। માં ड ની અનુવૃત્તિ થાય છે તેથી) गम् ધાતુને પણ ड પ્રત્યય લાગે છે એમ કહેવું જોઇએ,[76] અને गम् ના म् નો ગુણ થાય છે એમ કહેવામાં આવે તો સ્થાનગત નિકટતાને કારણે (म् ને સ્થાને) ओ થશે.(આમ डित् કરવાથી જ્ઞાપન થતું નથી) માટે इक् નું ગ્રહણ કરવું પડશે. જો इक् નું આ સૂત્રમાં ગ્રહણ કરવામાં આવે તો द्यौः (માં दिव औत्। પ્રમાણે થતો औ આદેશ व् નો ન થતાં इक् (અર્થાત् इ) નો થશે.पन्थाः (માં पथिमथ्यृभुक्षामात्। પ્રમાણે आ-કાર આદેશ न् નો ન થતાં इक् (અર્થાત् इ) નો થશે. सः (માં त्यदादीनामः। પ્રમાણે જે अ-કાર આદેશ થાય છે તે થશે જ નહીં). इमम् (માં त्यदादीनामः। પ્રમાણે જે अ આદેશ થાય છે તે म् નો ન થતાં इक् (અર્થાત् इ) નો થશે

સંજ્ઞા સાથે વિધાન (કરવામાં આવ્યું) હોય ત્યારે નિયમ (લાગુ પડે છે) ॥ २ ॥

(સૂત્રમાં) સંજ્ઞા ઉચ્ચારીને (ગુણ કે વૃદ્ધિનું) વિધાન હોય તેમને વિશે નિયમ (કરવામાં આવે) છે.[77] તો શું એ કહેવું પડશે ? ના રે. તો પછી કહ્યા વિના કેવી રીતે સમજાશે ? (સૂત્રમાં) ગુણ અને વૃદ્ધિ (એ શબ્દો) મૂકવામાં આવ્યા હોય તેને અધારે. પરંતુ સૂત્રમાં ગુણ અને વૃદ્ધિ એ બે પદોનું ગ્રહણ કર્યા વિના इक् નાં ગુણ અને વૃદ્ધિ કેવી રીતે થાય ? (પૂર્વ સૂત્રમાં જેનો) પ્રસ્તાવ કરવામાં આવ્યો છે તે ગુણ અને વૃદ્ધિની આ સૂત્રમાં અનુવૃત્તિ થાય છે. ક્યાં પ્રસ્તાવ કરવામાં આવ્યો છે ? वृद्धिरादैच्। અને अदेङ्गुणः। એ સૂત્રોમાં. જો તેની અનુવૃત્તિ થતી હોય તો પછી अदेङ्गुणः। એ ગુણ સંજ્ઞા સૂત્રમાં वृद्धिः પદની અનુવૃત્તિ થવાથી अ ए ओ ની (ગુણ સંજ્ઞા થાય છે તેમ) वृद्धि સંજ્ઞા પણ થશે.[78] (પૂર્વ સૂત્રમાંના आदैच् પદ સાથે) સંબંધયુક્ત (वृद्धि એ

---

[75] ए અને ओ ની બબ્બે માત્રા છે, अ ની એક માત્રા છે તેથી આ ત્રણમાં અર્ધી માત્રાવાળા વ્યંજનની સૌથી વધુ નિકટ अ-કાર છે અને અન્તરતમ હોવાથી તે જ થશે ए કે ओ નહીં થાય.

[76] કારણ કે ड પ્રત્યયને डित् કરવાથી गम् ના टि નો टेः। પ્રમાણે લોપ થઇ શકશે. આમ डित् કરવાનું ખાસ પ્રયોજન હોવાથી તે વ્યર્થ નથી તેથી डित् કર્યો છે તેથી વ્યંજનનો ગુણ નથી થતો તે બાબતનું જ્ઞાપન ન થઇ શકે. પરિણામે વ્યંજનને ગુણ કે વૃદ્ધિનો સ્થાની થતો અટકાવવા માટે સૂત્રમાં इक् નું ગ્રહણ કરવું પડશે.

[77] અહીં સંજ્ઞા એટલે ગુણ અને વૃદ્ધિ અને નિયમ એટલે પરિભાષા રૂપ इको० વગેરે પ્રસ્તુત સૂત્ર. वृद्धिरादैच्। અને अदेङ्गुणः। એ સૂત્રોમાંથી ગુણ તેમ જ વૃદ્ધિ શબ્દની અનુવૃત્તિ થાય છે છતાં પ્રસ્તુત સૂત્રમાં गुणवृद्धी એ સમાસ વ્દારા ગુણ અને વૃદ્ધિનું જે ફરીથી ગ્રહણ કર્યું છે તે પૂર્વસૂત્રોમાંના ગુણ અને વૃદ્ધિનો અર્થ સૂચવે છે. તેથી સૂત્રનો અર્થ આમ થશે : 'જ્યારે गुण કે वृद्धि એ સંજ્ઞાનો નિર્દેશ કરીને ગુણ કે વૃદ્ધિનું વિધાન કરવામાં આવે ત્યારે એ ગુણ કે વૃદ્ધિ इक् ને સ્થાને થાય છે'. આમ જ્યાં નિયમ ન હતો ત્યાં નિયમ કરવામાં આવે છે. પરંતુ જે સૂત્રોમાં ગુણ કે વૃદ્ધિ શબ્દનું ગ્રહણ કર્યા વિના आ કે औ રૂપી વૃદ્ધિ કે अ રૂપી ગુણનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં તે आ , औ કે अ , જે इक् વર્ણ ન હોય તેનાં પણ થાય છે, જેમ કે दिव् માં दिव औत्। પ્રમાણે જે औ થશે, पथिन् માં पथिमथ्यृभुक्षामात्। પ્રમાણે જે आ થશે અને इदम् માં त्यदादीनामः। પ્રમાણે જે अ થશે તે इक् વર્ણનાં ન થતાં અનુક્રમે व् , न् અને म् નાં થશે, કારણ કે આ સૂત્રોમાં વૃદ્ધિ કે ગુણ એ સંજ્ઞાનું ગ્રહણ કરવામાં આવ્યું નથી તેથી इको गुणवृद्धी। એ સૂત્ર પ્રમાણેનો નિયમ લાગુ પડતો નથી, (અહીં अलोऽन्त्यस्य। એ સૂત્ર લાગુ પડશે). અહીં संज्ञया એમ કહેવું નહીં પડે, કારણ કે પૂર્વ સૂત્રોમાંથી वृद्धि અને गुण એ સંજ્ઞાઓની અનુવૃત્તિ થાય છે.

[78] વૃદ્ધિસૂત્રમાં સંજ્ઞા અને સંજ્ઞીનો સંબંધ સૂચવવામાં આવ્યો છે, ત્યાં વૃદ્ધિ શબ્દ સૂત્રકારે સંજ્ઞા તરીકે પ્રયોજ્યો છે તેથી अदेङ्गुणः। સૂત્રમાં તેની સંજ્ઞા તરીકે જ અનુવૃત્તિ થાય છે, અર્થાત્ અનુવૃત્ત થએલો વૃદ્ધિ શબ્દ સંજ્ઞા દર્શાવે છે સંજ્ઞી आदैच् ને દર્શાવતો નથી.. તે કારણે જ आदैच् નો ગુણ સંજ્ઞા થવા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-नुवर्तिष्यते। वृद्धिरादैच्। अदेङ्गुणो वृद्धिरादैच्। तत इको गुणवृद्धी इति। गुणवृद्धिग्रहणमनुवर्तते। आदैजदेङ्ग्रहणं निवृत्तम्॥ अथवा मण्डुकगतयोऽ-धिकाराः। यथा मण्डुका उत्प्लुत्योत्प्लुत्य गच्छन्ति तद्वदधिकाराः॥ अथवैकयोगः करिष्यते। वृद्धिरादैजदेङ्गुणः। तत इको गुणवृद्धी इति। न चैक-योगेऽनुवृत्तिर्भवति॥ अथवान्यवचनाच्चकाराकरणात्प्रकृतापवादो विज्ञायते यथोत्सर्गेण प्रसक्तस्यापवादो बाधको भवति। अन्यस्याः संज्ञाया वचनाच्चकारस्य चानुकर्षणार्थस्याकरणात्प्रकृताया वृद्धिसंज्ञाया गुणसंज्ञा बाधिका भविष्यति यथोत्सर्गेण प्रसक्तस्यापवादो बाधको भवति। अथवा वक्ष्यत्येतत्। अनुवर्तन्ते च नाम विधयो न चानुवर्तनादेव भवन्ति। किं तर्हि। यत्नाद्भवन्तीति॥

૫૬) ની (**अदेङ्गुणः।** માં) અનુવૃત્તિ થશે, તેથી **वृद्धिरादैच्। अदेङ्गुणोवृद्धिरादैच्।** (એમ બે સૂત્રો થશે),[79] ત્યારબાદ **इको गुणवृद्धी।** (એ સૂત્ર તેમાં) **गुणः** અને **वृद्धिः** શબ્દોની અનુવૃત્તિ થાય છે પણ (તેમાંનાં) **आदैच्** અને **अदेङ्** એ પદોની અનુવૃત્તિ થતી અટકી જાય છે. અથવા અધિકાર (સૂત્ર) દેડકાં જેવી ગતિવાળા હોય છે. જેમ દેડકા કૂદી કૂદીને જાય છે તેમ અધિકારો પણ (એક સૂત્રમાં હોય ત્યાંથી કૂદીને વચમાં આવતાં કેટલાંક સૂત્રો છોડીને) પછીના સૂત્રમાં અનુવૃત્ત[80] થાય છે. અથવા **वृद्धिरादैजदेङ्गुणः।** એમ એક સૂત્ર કરવામાં આવશે.પછી **इको गुणवृद्धी।** એ સૂત્ર. અને એક જ સૂત્ર થવાથી ( **वृद्धि** પદની **अदेङ्गुणः।** માં) અનુવૃત્તિ નથી થતી. અથવા (જેમાં) અન્યને વિશે કહેવામાં આવ્યું હોય અને **च**-કારને મૂક્યો ન હોય તેથી સમજાય છે કે જેમ સામાન્ય નિયમ વ્દારા પ્રસ્તુત થતા (વિધાનનો) અપવાદ બાધક છે તેમ પ્રસ્તુત (સંજ્ઞા)નો (ગુણ સંજ્ઞા) અપવાદ છે, એટલે કે (**अदेङ्गुणः।** માં **गुण** એ) બીજી જ સંજ્ઞાનું વિધાન કરવામાં આવ્યું છે અને પૂર્વ સૂત્રમાંથી ઉત્તર સૂત્રમાં ખેંચી લાવવા માટેના (**अनुकर्षणार्थस्य** ) **च**-કારનું ગ્રહણ નથી કર્યુ તેથી અપવાદ સામાન્ય નિયમ વ્દારા પ્રસ્તુત થએલ વિધાનનો બાધક થાય છે તેમ **गुण** સંજ્ઞા અહી જે પ્રસ્તુત છે તે **वृद्धि** સંજ્ઞાની બાધક બનશે અથવા (સૂત્રકાર) કહેશે કે વિધિઓની અનુવૃત્તિ થાય છે જરૂર પરંતુ અનુવર્તનને કારણે જ તે થતા નથી.[81] તો પછી શું ? પ્રયત્નને કારણે થાય છે.

---

વિશે શંકા નથી કરવામાં આવી. આ વાતના સમર્થનમાં ના. કહે છે કે ' **आगन्तूनामन्ते सन्निवेशः।** બહારથી આવેલાને પાછળ મૂકવામાં આવે છે' એ ન્યાયે ગુણસૂત્રમાં અનુવૃત્ત થએલો વૃદ્ધિ શબ્દ સંજ્ઞાવાચી ગુણ શબ્દની પછી આવશે અને તેના સાન્નિધ્યને કારણે વૃદ્ધિ શબ્દ પણ સંજ્ઞાવાચી થશે, સંજ્ઞી (**आदैच्** ) નો વાચક નહીં થાય

[79] ગુણસૂત્રમાં અનુવૃત્તિથી આવેલું વૃદ્ધિ પદ **आदैच्** પદની સાથે સંબદ્ધ દશામાં ઊતરી આવ્યું છે તેથી વૃદ્ધિ પદનો **अदेङ्** સાથે સંબંધ નહીં થાય અને તેથી **अदेङ्** ની વૃદ્ધિ સંજ્ઞા થવાનો પ્રસંગ નહીં આવે. જેવી રીતે જંગલ પાર કરવા ઇચ્છતી વ્યક્તિ વણઝારનો સાથ લે છે અને પાર કર્યા પછી તેનાથી છૂટી પડી જાય છે તેમ **आदैच्** થી સંબદ્ધ વૃદ્ધિ શબ્દની ગુણસૂત્રમાં અનુવૃત્તિ થાય છે પરંતુ અનુવૃત્તિ થઇ ગયા પછી તેની સાથે તેનો સંબંધ નથી રહેતો. આમ અહીં **आदैच्** ની અનુવૃત્તિ વૃદ્ધિ શબ્દનો **अदेङ्** સાથે સંબંધ થતો અટકાવવા માટે છે. અહીં ભાષ્યમાંનાં **वृद्धिरादैच्। अदेङ्गुणः।** (**वृद्धिरादैच्।**) એ પ્રથમ બે સૂત્રોનો ક્રમ દર્શાવે છે, પછી જે **वृद्धिरादैच्।** છે તે **आदैच्** થી સંબદ્ધ વૃદ્ધિ શબ્દની ગુણસૂત્રમાં થતી અનુવૃત્તિ દર્શાવે છે. તે પછી આવતા **इकोगुणवृद्धी।** એ શબ્દો ક્રમાનુસાર આવતા ત્રીજા સૂત્રને દર્શાવે છે.

[80] સ્વરિત ઉચ્ચારણ નથી કર્યુ તેથી જેમ **अदेङ्** ની નિવૃત્તિ થાય છે તેમ **आदैच्** ની પણ નિવૃત્તિ થાય છે. અહીં **आदैच्ग्रहणं निवृत्तम्** એમ પાઠ કેટલીક હસ્તપ્રતોમાં મળી આવે છે (ઉ.) અહીં શંકા થાય કે દેડકાં તો ચેતન હોય છે તેથી તે એક સ્થળેથી કૂદીને અન્ય સ્થળે જઇ શકે, પરંતુ શબ્દ અચેતન હોય છે તેમાં આ પ્રકારની ગતિ શક્ય નથી. તે શંકા યોગ્ય નથી કારણ કે વૃદ્ધિ શબ્દ **इको गुणवृद्धी।** સૂત્રમાં આકાંક્ષાને કારણે અનુવૃત્ત થાય છે, પરંતુ વૃદ્ધિસૂત્રમાં તેનું સ્વરિત ઉચ્ચારણ કરેલું નથી તેથી **इकोगुणवृद्धी।** સૂત્રમાં તેની ઉપસ્થિતિ નથી થતી, કારણ કે **अदेङ्** ને માત્ર ગુણ સંજ્ઞાની આકાંક્ષા છે પરંતુ વૃદ્ધિ સંજ્ઞા વિશે તે નિરાકાંક્ષ છે તેથી ગુણસૂત્રમાં અનુવૃત્ત થતો હોવા છતાં વૃદ્ધિ શબ્દ **अदेङ्** સાથે સંબદ્ધ થતો નથી.

[81] **विभाषा तिलमाषोमाभङ्गाणुभ्यः।** સૂત્રમાં **तिल, माष, उमा, भङ्गा** અને **अणु** એ શબ્દોને 'એ ધાન્ય જ્યાં ઉત્પન્ન થાય તે ક્ષેત્ર' ના અર્થમાં **यत्** પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે. આ સૂત્રમાં **धान्यानाम्** ની અનુવૃત્તિ થાય છે તેથી ધાન્ય હોય તેને જ **यत्** અને **खञ्** એ બે પ્રત્યયો વિકલ્પે લાગુ પડી શકે, પરંતુ **उमा** અને **भङ्गा** એ બે ધાન્ય નથી તેથી તેમને **खञ्** લાગી ન શકે, કારણ કે **धान्यानां भवने क्षेत्रे खञ्।** એમ ધાન્યને અનુલક્ષીને જ **खञ्** નું વિધાન કર્યુ છે. આ શંકાનો ઉત્તર આ રીતે આપ્યો છે : **व्रीहिशाल्योर्ढक्।** એ સૂત્રમાં પણ **धान्यानाम्०** વગેરે સૂત્રમાંથી **खञ्** ની અનુવૃત્તિ થતી હોવા છતાં **व्रीहि** અને **शालि** નાં ક્ષેત્રનો અર્થ દર્શાવવા **खञ्** લાગતો નથી, પરંતુ **विभाषा तिल०** વગેરે સૂત્રમાં અનુવૃત્ત થએલો **खञ्** , **तिल** વગેરેને લાગી શકે તે માટે સૂત્રકારે **विभाषा** શબ્દનો પ્રયોગ કરીને પ્રત્યક્ષ પ્રયત્ન કર્યો છે તેથી **तिल** વગેરેને **खञ्** લાગશે. તે જ રીતે **अदेङ्गुणः।** એ સૂત્રમાં અનુવૃત્ત થતો વૃદ્ધિ શબ્દ **अदेङ्** સાથે સંબદ્ધ નહીં થાય, કારણ કે તે માટે સૂત્રકારે કોઇ વિશિષ્ટ પ્રયત્ન કર્યો નથી.ન્યા. અને ૫૬.(ભા. ૪,પૃ.૧૨૭) માં'**शणसप्तदशमुद्गानि धान्यानि।** એ સ્મૃતિ વાક્ય ઉદ્ધરીને કહ્યું છે કે **शण** વગેરે ૧૭ ધાન્યમાં **उमा** અને **भङ्गा** નો સમાવેશ કર્યો છે તેથી તેમને પણ ધાન્ય ગણી શકાય.**तिलाश्च मे यवाश्च** જેવામાં જેનો ઉલ્લેખ છે તે જ ધાન્ય એમ કહેવું યોગ્ય નથી, કારણ કે વેદ વાક્યોમાં **अश्म** (પત્થર) વગેરે અધાન્યનો પણ પાઠ છે.અને **कोद्रवाः**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवोभयं निवृत्तं तदपेक्षिष्यामहे ॥ किं पुनरयमलोऽन्त्यशेष आहोस्विदलोऽन्त्यापवादः। कथं चायं तच्छेषः स्यात्कथं वा तदपवादः। यद्येकं वाक्यं तच्चेदं च अलोऽन्त्यस्य विधयो भवन्ति इको गुणवृद्धी अलोऽन्त्यस्येति ततोऽयं तच्छेषः। अथ नाना वाक्यम् अलोऽन्त्यस्य विधयो भवन्ति इकोगुणवृद्धी अन्त्यस्य वानन्त्यस्य चेति ततोऽयं तदपवादः। कश्चात्र विशेषः।

वृद्धिगुणावलोऽन्त्यस्येति चेन्मिदि♣पुगन्तलघूपधर्च्छिदृशिक्षिप्रक्षुद्रेष्विग्ग्रहणम् ॥३॥

वृद्धिगुणावलोऽन्त्यस्येति चेन्मिदि♣पुगन्तलघूपधर्च्छिदृशिक्षिप्रक्षुद्रेष्विग्ग्रहणं कर्तव्यम्। मिदेर्गुणः। इक इति वक्तव्यम्। अनन्त्यत्वाद्धि न प्राप्नोति॥

અથવા (**गुणः** અને **वृद्धिः** એ) બંને[82] (પદો) ની અનુવૃત્તિ અટકી જાય છે, તેમને (સૂત્રમાં) અધ્યાહાર રાખીશું.આ (સૂત્ર) **अलोऽन्त्यस्य।** (એ સૂત્રનું) પૂરક (**शेष**) છે કે પછી તેનો અપવાદ છે ? એ પૂરક કેવી રીતે થાય અથવા તેનો અપવાદ કેવી રીતે (થશે) ? જો (તે સૂત્ર અને પ્રસ્તુત સૂત્ર એ) બન્નેનું 'अलः એમ ષષ્ઠી દ્વારા સૂચવાતું કાર્ય અન્ત્ય (વર્ણ)ને કરવામાં આવે છે અને વૃદ્ધિ અને ગુણ અન્ત્ય **इक्** ના કરવામાં આવે છે,'એમ એક જ વાક્ય થતું હોય તો આ (સૂત્ર) તેનું પૂરક થશે.પરંતુ अलः એમ ષષ્ઠી દ્વારા સૂચવાતું કાર્ય અન્ત્ય (વર્ણ) ને કરવામાં આવે છે.' 'વૃદ્ધિ અને ગુણ અન્ત્ય હોય કે અન્ત્ય ન હોય તેવા **इक्** ના કરવામાં આવે છે,' એમ બે ભિન્ન વાક્ય હોય તો આ (સૂત્ર) તેનો અપવાદ થશે. તેમાં ફેર શો છે ?

વૃદ્ધિ અને ગુણ અન્ત્ય **इक्** નાં થાય તો, **मिद्**,[83] ♣(**मृजि**), **पुगन्तलघूपध** , **ऋच्छ्**, **दृश्** ,**क्षिप्र** અને **क्षुद्र** ને અનુલક્ષીને (ગુણ કે વૃદ્ધિ નુંવિધાન કરતાં સૂત્રોમાં) **इक्** નું ગ્રહણ (કરવું પડશે)॥ ૩ ॥

(આ સૂત્ર **अलोऽन्त्यस्य।** નું પૂરક છે અર્થાત્) 'વૃદ્ધિ અને ગુણ અન્ત્ય **इक्** નાં થાય છે' એમ જો હોય તો, **मिद्**,♣ **पुगन्तलघूपध** (**पुक्** જેને અંતે હોય તે તથા લઘુ ઉપાન્ત્યવાળા ધાતુઓ), **ऋच्छ्**,**दृश्**, (તેમ જ) **क्षिप्र** અને **क्षुद्र** (એ પ્રાતિપદિકો) ને અનુલક્ષીને (ગુણ કે વૃદ્ધિ નું વિધાન કરતાં સૂત્રોમાં) **इक्** નું ગ્રહણ (કરવું પડશે). તેથી **मिदेर्गुणः।** માં **इक्** નો (**इकः**) એમ કહેવું પડશે, કારણ કે (**मिद्** નો **इ** ) અન્ત્ય નથી તેથી (**इको गुणवृद्धी**।એ પરિભાષા) પ્રાપ્ત નહીં થાય (અર્થાત્ ગુણ ન થવાનો પ્રસંગ આવશે). **पुगन्तलघूपधस्य च।** માં **इक्** નો ( **इकः**) એમ કહેવું પડશે, કારણ કે અન્ત્ય ન હોવાથી (**इको गुणवृद्धी**। એ પરિભાષા) પ્રાપ્ત નહીં થાય ( અર્થાત્ **पुगन्त** અંગમાં અને લઘુ ઉપાન્ત્યવાળા ધાતુઓમાં ગુણ નહીં થાય).

---

(કોદરા) વગેરે કેટલાંક ધાન્યનો પાઠ નથી. વૈદિક કર્મમાં જે ઉપયોગી છે તેનો ત્યાં સમાવેશ કરવામાં આવ્યો છે. આથી વેદવાક્યોને આધારે ધાન્યાધાન્યનો નિશ્ચય ન કરતાં ઉપર જણાવેલ સ્મૃતિનો આધાર લેવાથી શંકાનો નિરાસ થાય છે.

[82] **उभयम् = आदैच्** અને **अदेङ्** (છા.), પરંતુ અહીં **वृद्धि** અને **गुण** માટે તેનો પ્રયોગ થએલો છે. તેથી જ તેને અધ્યાહાર રાખવાનું કહ્યું છે. જ્યારે કોઈની અપેક્ષા હોય ત્યારે **अनन्तरस्य विधिर्वा प्रतिषेधो वा।** એ પરિભાષા અનુસાર જે અનન્તર અર્થાત્ તદ્દન નજીકનું હોય તે (અર્થાત્ **गुण**) ને અધ્યાહાર રાખવો જોઈએ. પરંતુ અહીં વૃદ્ધિ અને ગુણ બન્નેને અધ્યાહાર રાખવાનાં છે, કારણ કે તે સૂચવવા માટે ભાષ્યકારે **उभयम्** એમ કહ્યું છે. વળી સમુદાયની અપેક્ષા હોય ત્યારે ક્રમનો પ્રશ્ન નથી રહેતો તેથી **अनन्तरस्य विधिः०** વગેરે ન્યાય અહીં લાગુ નહીં પડે અને **इको गुणवृद्धी।** સૂત્રમાં વૃદ્ધિ તેમ જ ગુણ બન્નેનાં બોધ થવા છતાં દોષ આવશે નહીં.

[83] ગુણ વગેરેનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં **इको गुणवृद्धी।** અને **अलोऽन्त्यस्य।** એ બન્ને પરિભાષા પરસ્પર સંબદ્ધ થઈને ઉપસ્થિત થાય તો પ્રથમ પરિભાષા બીજી પરિભાષાની શેષ કહેવાય. તેથી જો બેમાંથી એકનો સંભવ ન હોય તો બીજી પણ લાગુ પડી શકે નહીં. આથી **मिदेर्गुणः।** વગેરેમાં **अलोऽन्त्यस्य।** લાગુ નહીં પડે, કારણ કે ત્યાં **इक्** અન્ત્ય નથી અને તેથી **इको गुणवृद्धी।** પણ લાગુ નહીં પડે અને ગુણ નહીં થાય.
♣ નિ.સા.(પૃ.૧૬૩), ચૌખ, .(પૃ.૧૮૨),મુમી.(પૃ. ૨૪૫) માં વા.(૩) માં **मृजि** અને ભાષ્યમાં **मृजेर्वृद्धिः। इक इति वक्तव्यम्। अनन्त्यत्वाद्धि न प्राप्नोति।** એટલો અધિક પાઠ છે. કિ.,વા. શા.માં નથી. વાસ્તવ માં **वृद्धि** નું કોઈ દૃષ્ટાન્ત હોય તે જરૂરી છે..પ્ર.ઉ. માંથી કોઈ આધાર મળતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पुगन्तलघूपधस्य गुण इक इति वक्तव्यम्। अनन्त्यत्वाद्धि न प्राप्नोति॥ ऋच्छेर्लिटि गुण इक इति वक्तव्यम्। अनन्त्यत्वाद्धि न प्राप्नोति॥ ऋदृशोऽङि गुणः। इक इति वक्तव्यम्। अनन्त्यत्वाद्धि न प्राप्नोति॥ क्षिप्रक्षुद्रयोर्गुण इक इति वक्तव्यम्। अनन्त्यत्वाद्धि न प्राप्नोति॥

सर्वादेशप्रसङ्गश्चानिगन्तस्य ॥४॥

सर्वादेशश्च गुणोऽनिगन्तस्य प्राप्नोति। याता वाता। किं कारणम्। अलोऽन्त्यस्येति षष्ठी चैव ह्यन्त्यमिकमुपसंक्रान्ता। अङ्गस्येति च स्थानषष्ठी। तद्यदिदानीमनिगन्तमङ्गं तस्य गुणः सर्वादेशः प्राप्नोति। नैष दोषः। यथैव ह्यलोऽन्त्यस्येति षष्ठ्यन्त्यमिकमुपसंक्रान्तैवमङ्गस्येत्यपि स्थानषष्ठी। तद्यदिदानीमनिगन्तमङ्गं तत्र षष्ठ्येव नास्ति कुतो गुणः कुतः सर्वादेशः॥ एवं तर्हि नायं दोषसमुच्चयः। किं तर्हि। पूर्वापेक्षोऽयं दोषः। मिदिपुगन्त-लघूपधर्च्छिदृशिक्षिप्रक्षुद्रेष्विग्ग्रहणं सर्वादेशप्रसङ्गो ह्यनिगन्तस्येति। मिदेर्गुण इक इति वचनादन्त्यस्य न। अन्त्यस्येति वचनादिको न। उच्यते च गुणः। सर्वादेशः प्राप्नोति। एवं सर्वत्र॥ अस्तु तर्हि तदपवादः।

इग्मात्रस्येति चेज्जुसिसार्वधातुकार्धधातुकह्रस्वाद्योर्गुणेष्वनन्त्यप्रतिषेधः ॥५॥

(**ऋच्छत्यृताम्**। પ્રમાણે ) **लिट्** નો પ્રત્યય પર થતાં **ऋच्छ्** (ધાતુના અંગ) નો ગુણ થાયછે ત્યાં **इक्** નો ( **इकः**) એમ કહેવું પડશે, કારણ કે અન્ત્ય ન હોવાથી (**इको गुणवृद्धी**।એ પરિભાષા પ્રાપ્ત નહીં થાય (અર્થાત્ **ऋ** કાર અન્તે નથી તેથી ગુણ નહી થાય). **ऋदृशोऽङि गुणः**। માં **इक्** નો (**इकः**) એમ કહેવું પડશે, કારણ કે અન્ત્ય ન હોવાથી (**इको गुणवृद्धी**। એ પરિભાષા પ્રાપ્ત નહીં થાય (અર્થાત્ **दृश्** ધાતુના **ऋ** કારનો **लुङ्** નો **अ** પર થતાં ગુણ નહીં થાય).(**स्थूलदूरयुवह्रस्वक्षिप्रक्षुद्राणां यणादिपरं पूर्वस्य च गुणः**। પ્રમાણે) **क्षिप्र** અને **क्षुद्र** નો ગુણ થાય છે ત્યાં પણ **इक्** નો ( **इकः**) એમ કહેવું પડશે, કારણ કે અન્ત્ય ન હોવાથી (**इको गुणवृद्धी**। એ પરિભાષા પ્રાપ્ત નહીં થાય (અર્થાત્ એ સૂત્ર પ્રમાણે ગુણ નહીં થાય).

(જેને અન્તે **इक्** ન હોય તેવા ) **अनिगन्त** અંગનો સર્વાદેશ (થવાનો પ્રસંગ આવશે) ॥४॥

જે (અંગને) અન્તે **इक्** ન હોય તેનો સર્વાદેશ થવાનો પ્રસંગ આવશે (જેમ કે) **याता** , **वाता** (માં **सार्वधातुकार्धधातुकयोः**। પ્રમાણે થતો ગુણ) સમગ્ર (ધાતુ) ને સ્થાને મૂકવાનો પ્રસંગ આવશે. (તેનું) શું કારણ ? કારણ કે **अलोऽन्त्यस्य**। માં જે ષષ્ઠી છે તે **इक्** ની સાથે જાય છે, જ્યારે **अङ्गस्य** એ સ્થાનષષ્ઠી છે (અર્થાત્ અંગને સ્થાને એમ સમજાશે). એ વાંધો નહીં આવે, કારણ કે જેમ **अलोऽन्त्यस्य**। માં જે ષષ્ઠી છે તે અન્ત્ય **इक्** ની સાથે જાય છે તે જ રીતે **अङ्गस्य** એ સ્થાનષષ્ઠી પણ અન્ત્ય **इक्** ની સાથે જ જાય છે તેથી હવે જે **अनिगन्त** અંગ હોય ત્યાં ષષ્ઠી જ ન હોય તો પછી ગુણ ક્યાંથી થશે અને સર્વાદેશ પણ ક્યાંથી થવાનો ? એમ હોય તો પછી આ (પ્રસ્તુત વાર્તિકમાં બતાવ્યો છે) તે વધારાનો દોષ નથી. તો પછી શું છે ? આ દોષ પૂર્વ (દોષ) ઉપર આધારિત છે.[84] અને અહીં જે **च** નો પ્રયોગ કરવામાં આવ્યો છે તે **हि** 'કારણ કે' ના અર્થમાં છે, (એટલે કે ) **मिद्** , **मृज्** ,**पुगन्तलघूपध**, **ऋच्छ्** , **दृश्** , **क्षिप्र** અને **क्षुद्र** ને અનુલક્ષીને (ગુણ કે વૃદ્ધિનું વિધાન કરતાં સૂત્રોમાં) **इक्** નું ગ્રહણ (કરવું પડશે), કારણ કે (**इक्** નું ગ્રહણ ન કરવામાં આવે તો) **इगन्त** ન હોય તે (અંગ) નો સર્વાદેશ થવાનો પ્રસંગ આવશે.'**मिद्** ના **इक्** નો ગુણ કરવો,' એમ કહેવાથી અન્ત્યનો (અર્થાત્ અન્તે આવેલા **द्** નો) ગુણ નહી થાય. (**अलोऽन्त्यस्य**।માં) 'અન્ત્ય **अल्** નો (**अन्त्यस्य**)' એમ કહ્યું છે તેથી **इक्** નો (ગુણ) નહીં થાય અને છતાં (સૂત્રમાં) ગુણનું વિધાન તો કરવામાં આવ્યું છે. તે (ગુણ) સમગ્ર ધાતુને સ્થાને આદેશ થશે. આમ બધે (થવાનો પ્રસંગ આવશે). તો પછી (**इको गुणवृद्धी**।એ **अलोऽन्त्यस्य**।નો) અપવાદ ભલે થાય.

જો **इक्** માત્રનો[85] (ગુણ થાય છે) એમ (કહો) તો **जुस्** પ્રત્યય પૂર્વે થતા,[86] આર્ધધાતુક પ્રત્યયો પૂર્વે થતા ગુણની બાબતમાં, તેમ જ હ્રસ્વ વગેરેના જે ગુણ કહ્યા છે ત્યાં અન્ત્ય ન હોય તેવા (**इक्**)નો પ્રતિષેધ (કરવો પડશે) ॥ ५ ॥

---

[84] સર્વાદેશ થવાનો પ્રસંગ જ ન હોય તો વાર્તિક અસંગત બને છે તે અસંગતિ દૂર કરવા પૂર્વપક્ષી કહે છે કે **सर्वादेशप्रसङ्गश्चानिगन्तस्य**। એ સ્વતંત્ર વાર્તિક નથી પણ પૂર્વવાર્તિકની પૂરક છે, કારણ કે **मिद्** વગેરેને લગતાં સૂત્રોમાં '**इक्** નું ગ્રહણ શા માટે કરવું જોઇએ તેનું કારણ આ વાર્તિકમાં આપ્યું છે તેથી જ **पूर्वापेक्षः** એમ કહ્યું છે

[85] **मात्र** શબ્દ **कृत्स्न** અર્થાત્ સર્વના અર્થમાં છે તેથી **मात्र** કહેવાથી **अलोऽन्त्यस्य**। એ પરિભાષાનો વ્યવચ્છેદ થઇ જાય છે, તે લાગુ પડતી અટકી જાય છે, તેથી અન્ત્ય હોય કે ન હોય છતાં કોઇ પણ **इक्** નો ગુણ થાય છે.

[86] **जुसि च**। અહી **निज् उस्**--**निनिज् उस्**--**अनिनिज् उस्** એ સ્થિતિમાં **जुस्** પ્રત્યય પર થતાં **जुसि च**। પ્રમાણે ગુણ થશે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इग्मात्रस्येति चेज्जुसिसार्वधातुकार्धधातुकह्रस्वाद्योर्गुणेष्वनन्त्यस्य प्रतिषेधो वक्तव्यः। जुसि गुणः। स यथेह भवति अजुहवुः अबिभयुरिति एवमनेनिजुः पर्यवेविषुः अत्रापि प्राप्नोति॥ सार्वधातुकार्धधातुकयोर्गुणः। स यथेह भवति कर्ता हर्ता नयति तरति भवति एवमीहिता ईहितुमित्यत्रापि प्राप्नोति॥ ह्रस्वस्य गुणः। स यथेह भवति हेऽग्ने हे वायो इति एवं हेऽग्निचित् हे सोमसुदित्यत्रापि प्राप्नोति॥ जसि गुणः। स यथेह भवति अग्नयः वायव इति एवमग्निचितः सोमदुत इत्यत्रापि प्राप्नोति॥ ऋतो ङिसर्वनामस्थानयोर्गुणः। स यथेह भवति कर्तरि कर्तारौ कर्तार इति एवं सुकृति सुकृतौ सुकृत इत्यत्रापि प्राप्नोति॥ घेर्ङिति गुणः। स यथेह भवति अग्नये वायवे एवमग्निचिते सोमसुत इत्यत्रापि प्राप्नोति॥ ओर्गुणः। स यथेह भवति बाभ्रव्यः माण्डव्य इति एवं सुश्रुत् सौश्रुत इत्यत्रापि प्राप्नोति। नैष दोषः।

पुगन्तलघूपधग्रहणमनन्त्यनियमार्थम् ॥६॥

જો **इक्** માત્રનો (ગુણ થાય છે) એમ (કહો) તો **जुस्** પ્રત્યય પર થતાં અને આર્ધધાતુક પ્રત્યયો પર થતાં જે ગુણ થાય છે તેમાં, તેમ જ **ह्रस्व** વગેરેના[87] જે ગુણ કહ્યા છે ત્યાં અન્ત્ય ન હોય તેવા (**इक्**)નો પ્રતિષેધ (કરવો પડશે). **जुसि च**। પ્રમાણે **जुस्** પ્રત્યય પર થતાં અંગને અન્તે આવેલા **इक्** નો ગુણ જેમ **अजुहवुः** , **अबिभयु** માં થાય છે તેમ **अनेनिजुः**, **पर्यवेविषुः** માં પણ થવાનો પ્રસંગ આવશે. (**सार्वधातुकार्धधातुकयोः**। પ્રમાણે) સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયો પર થતાં જેમ **कर्ता, हर्ता , नयति, तरति, भवति** માં ગુણ થાય છે તેમ **ईहिता, ईहितुम्** માં પણ થવાનો પ્રસંગ આવશે. **ह्रस्वस्य गुणः**।[88] પ્રમાણે (સંબોધન એકવચનમાં) **हेऽग्ने, हे वायो** માં ગુણ થાય છે તેમ **हेऽग्निचित्** , **हे सोमसुत्** માં પણ થવાનો પ્રસંગ આવશે.**जसि च**। પ્રમાણે[89] ગુણ થાયછે , તે જેમ **अग्नयः** , **वायवः** માં થાય છે તેમ **अग्निचितः,सोमसुतः** માં પણ થવાનો પ્રસંગ આવશે. **ऋतो ङिसर्वनामस्थानयोः**। પ્રમાણે જેમ **कर्तरि, कर्तारौ, कर्तारः** માં ગુણ થાય છે તેમ **सुकृति, सुकृतौ, सुकृतः** માં [90] પણ થવાનો પ્રસંગ આવશે. **घेर्ङिति**।[91] પ્રમાણે જેમ **अग्नये** , **वायवे** માં ગુણ થાય છે તેમ **अग्निचिते ,सोमसुते** માં પણ થવાનો પ્રસંગ આવશે. **ओर्गुणः**। પ્રમાણે [92] જેમ **बाभ्रव्यः, माण्डव्यः** માં ગુણ થાય છે તેમ **सुश्रुत्** , **सौश्रुतः** માં પણ થવાનો પ્રસંગ આવશે. એ દોષ નથી.

**पुगन्त** અને **लघूपध**નું (સૂત્રમાં) ગ્રહણ કર્યું છે તે અન્ત્ય ન હોય તેને લગતો નિયમ કરવા માટે છે ।६॥

---

[87] હ્રસ્વ વગેરે દ્વારા **ह्रस्वस्य गुणः**। **जसि च**। **ऋतोऽङिः सर्वनामस्थानयोः**। અને **घेर्ङिति**। એ ચાર સૂત્રોનું ગ્રહણ થશે.

[88] એ સૂત્ર પ્રમાણે સંબુદ્ધિ અર્થાત્ સંબોધન એ.વ.નો પ્રત્યય પર થતાં હ્રસ્વ સ્વરાન્ત અંગનો ગુણ થાય છે, જેમ કે **हे अग्ने**। **हे वायो**। વગેરે. પરંતુ **इक्** માત્રનો ગુણ થતો હોય તો **हे अग्निचित्** । **हे सोमसुत्** વગેરેમાં અન્તે ન હોય તેવા **इक्**નો પણ ગુણ થવાનો પ્રસંગ આવશે એમ દલીલ છે.

[89] **जस्** પ્રત્યય પર થતાં હ્રસ્વ અંગનો ગુણ થાય છે, જેમ કે **अग्नयः**। **वायवः**। વગેરે .પરંતુ જો **इक्** માત્રનો ગુણ થાય છે એમ કહેવામાં આવે તો **अग्निचितः**। **सोमसुतः**। વગેરેમાં અન્તે ન હોય તેવા **इक्** નો પણ ગુણ થવાનો પ્રસંગ આવશે.

[90] એ સૂત્ર પ્રમાણે **ऋ** કારાન્ત અંગનો ङि અને સર્વનામસ્થાન પ્રત્યય પર થતાં ગુણ થાય છે, જેમ કે **कर्तरि**। **कर्तारः** વગેરે. પરંતુ જો **इक्** માત્રનો ગુણ થતો હોય તો **सुकृति**। **सुकृतौ** વગેરેમાં **इक्** (અહીં **ऋ** ) અન્તે નથી છતાં ગુણ થવાનો પ્રસંગ આવશે.

[91] એ સૂત્ર પ્રમાણે ઘિ સંજ્ઞક નો **ङित्** પ્રત્યયો પર થતાં ગુણ થાય છે, હવે જો **इक्** માત્રનો ગુણ થતો હોય તો જેમ **अग्नये**। **वायवे** માં થાય છે તેમ **अग्निचिते**। **सोमसुते** વગેરેમાં અન્તે **इक्** નથી છતાં ગુણ થવાનો પ્રસંગ આવશે.

[92] એ સૂત્ર પમાણે ઉ-કારાન્ત ભ નો તદ્ધિત પર થતાં ગુણ થાય છે, જેમ કે **बाभ्रव्यः**। **माण्डव्यः** વગેરે, પરંતુ જો **इक्** માત્રનો ગુણ થતો હોય તો **सुश्रुत्**। **सौश्रुत्** વગેરેમાં અન્તે **इक्** નથી, તે **हलन्त** છે છતાં, ગુણ થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पुगन्तलघूपधग्रहणमनन्त्यनियमार्थं भविष्यति। पुगन्तलघूपधस्यैवानन्त्यस्य नान्यस्यानन्त्यस्येति॥ प्रकृतस्यैष नियमः स्यात्। किं च प्रकृतम्। सार्वधातुकार्धधातुकयोरिति। तेन भवेदिह नियमान्न स्यात् ईहिता ईहितुम् ईहितव्यमिति। ह्रस्वाद्योर्गुणस्त्वनियतः सोऽनन्त्यस्यापि प्राप्नोति। अथाप्येवं नियमः स्यात्। पुगन्तलघूपधस्य सार्वधातुकार्धधातुकयोरेवेति। एवमपि सार्वधातुकार्धधातुकयोर्गुणोऽनियतः सोऽनन्त्यस्यापि प्राप्नोति। ईहिता ईहितुम् ईहितव्यमिति। अथाप्युभयतो नियमः स्यात्। पुगन्तलघूपधस्यैव सार्वधातुकार्धधातुकयोः सार्वधातुकार्धधातुकयोरेव पुगन्तलघूपधस्येति। एवमप्ययं जुसि गुणोऽनियतः सोऽनन्त्यस्यापि प्राप्नोति। अनेनिजुः, पर्यवेविषुरिति॥ एवं तर्हि नायं तच्छेषो नापि तदपवादः। अन्यदेवेदं परिभाषान्तरमसंबद्धमनया परिभाषया। परिभाषान्तरमिति मत्वा क्रोष्ट्रीयाः पठन्ति। नियमादिको गुणवृद्धी भवतो विप्रतिषेधेनेति। यदिचायं तच्छेषः स्यात्तेनैव तस्यायुक्तो विप्रतिषेधः। अथा

**पुगन्त** (**पुक्** જેને અન્તે હોય તે) અને **लघूपध** (જેમાં લઘુ ઉપાન્ત્ય હોય તે) નું (સૂત્રમાં) ગ્રહણ (સાર્વધાતુક પ્રત્યય પર થતાં પ્રત્યેક **इगन्त** અંગનો ગુણ થાય છે તેમાં) અન્તે ન હોય તેવા **इक्** ને લગતો નિયમ કરવા[93] માટે છે તેથી અન્તે ન આવેલો હોય તેવા માત્ર **पुगन्त** અને **लघूपध** અંગના **इक्** નો જ ગુણ થશે, અન્ય અંગના (**इक्**) નો નહીં થાય. (અહી) જે પ્રસ્તુત[94] છે તેને લગતો આ નિયમ છે. તો અહીં શું પ્રસ્તુત છે ? સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયો પર થતાં (થનારો ગુણ પ્રસ્તુત છે). તેથી **ईहिता, ईहितुम्** માં (**सार्वधातुकार्ध०** પ્રમાણે ગુણ) થઇ શકે છતાં અહી ( **पुगन्तलघूपध०** દ્વારા) નિયમન કર્યુ હોવાથી નહી થાય.જ્યારે હ્રસ્વ વગેરેના ગુણની બાબતમાં તો નિયમ ન હોવાથી અન્ત્ય ન હોય તેવા **इक्** નો પણ થશે. હવે જો [95] એ નિયમ આ પ્રમાણે લેવામાં આવે કે **पुगन्त** અંગ અને **लघूपध** ધાતુનો સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયો પર થતાં જ ગુણ થાય છે, તો પણ સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયો પર હોય ત્યારે અનિયત રીતે ગુણ થતાં અન્ત્ય ન હોય તેવા (**इक्**) નો પણ થશે. જેમકે **ईहिता** , **ईहितुम्** , **ईहितव्यम्** . હવે જો બન્ને રીતે નિયમ લેવામાં આવે એટલે કે **पुगन्त** અંગ અને **लघूपध** ધાતુનો જ સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયો પર થતાં ગુણ થાય છે અને સાર્વધાતુક અને અર્ધધાતુક પ્રત્યયો પર હોય ત્યારે જ **पुगन्त** અંગ અને **लघूपध** ધાતુનો ગુણ થાય છે, તો પણ **जुस्** પ્રત્યય પર હોય ત્યારે (**जुसि च**। પ્રમાણે) જે ગુણ થાય છે તે અનિયત રીતે થતાં **अनेनिजु** , **पर्यवेविषुः** (જેવા) માં અન્ત્ય ન હોય ત્યાં પણ ગુણ થવા જશે. એમ હોય તો પછી આ (**इको गुणवृद्धी**। એ) **अलोऽन्त्यस्य**। નું પૂરક પણ નથી કે તેનો અપવાદ પણ નથી. આ ( **इको गुणवृद्धी**। એ (સૂત્ર) **अलोऽन्त्यस्य**। એ પરિભાષાથી અસંબદ્ધ એવી ભિન્ન પરિભાષા છે અને એને ભિન્ન પરિભાષા માનીને 'નિયમ[96] (અર્થાત્ **अलोऽन्त्यस्य**। પરિભાષા) લાગુ ન પડતાં વિપ્રતિષેધથી **इक्** નાં ગુણ અને વૃદ્ધિ થાય છે' એમ ક્રોષ્ટ્રીય વૈયાકરણો પાઠ કરે છે. પરંતુ જો આ (**इको गुणवृद्धी**।) તે (**अलोऽन्त्यस्य**।) નું પૂરક સૂત્ર હોય તો (બન્ને મળીને એક પરિભાષા બને છે તેથી) તે (**इको गुणवृद्धी**। સૂત્ર) થી જ **अलोऽन्त्यस्य**। નો[97] બાધ થાય તે યોગ્ય નથી. હવે જો (**गुणवृद्धी**।)

---

[93] **भेत्ता** જેવાં સ્થળે **सार्वधातुकार्धधातुकयोः**। પ્રમાણે ગુણ સિદ્ધ થતો હોવા છતાં **पूगन्तलघूपध०** દ્વારા ગુણનું જે ફરીથી વિધાન કરવામાં આવ્યું છે તે નિયમ માટે કરવામાં આવ્યું છે, જેથી **ईहिता**। **ईहितुम्** જેવાં સ્થળોએ ઉપધા ગુરુ હોવાથી ગુણ ન થાય.

[94] ભાષ્યમાં **प्रकृतस्य =अनन्तरस्य** જે તરત જ પૂર્વે આવેલું હોય તે, કારણ કે **अनन्तरस्य विधिर्वा प्रतिषेधो वा**। એ પરિભાષા છે. અહીં **पुगन्त०** વગેરે સૂત્રની અનન્તર પૂર્વે **सार्वधातुकार्ध०** એ સૂત્ર છે તેથી તે જ પ્રકૃત છે, તેથી તેને લગતો નિયમ કરવામાં આવે છે અને તેથી **ईहिता** માં **ईह्** ના ઉપધાભૂત **ई** નો **सार्वधातुक०** પ્રમાણે ગુણ પ્રાપ્ત થાય છે પરંતુ તે **ई**-કાર ઉપધા હોવા છતાં લઘુ નથી તેથી **पुगन्त०** વગેરે પર સૂત્રમાંના નિયમનને કારણે નહી થાય.

[95] એટલે કે **अनन्तरस्य विधिर्वा०** એ પરિભાષાનો આશ્રય ન લેવામાં આવે તો. નહીં તો આ પ્રમાણે અર્થ કરવો તે એ ન્યાય વિરુદ્ધ છે

[96] **अलोऽन्त्यस्य**। એ પરિભાષા સૂત્રને પ્રાચીન વૈયાકરણોએ **नियम** એમ નામ આપ્યું છે. **भवतः विप्रतिषेधेन**। અહીં વિપ્રતિષેધ એટલે પૂર્વવિપ્રતિષેધ. ભર્તૃ.(પૃ.૧૨૦) **भवतः** એમ પાઠ લે છે.પી.શા. અહીં નોંધે છે **भवति** ને બદલે **भवतः** એમ મળી આવે તો સારૂં. **गुणवृद्धी** એ દ્વિવચનાન્ત ઇતરેતરદ્વન્દ્વ સમાસ સાથે **भवतः** એ પાઠ બરોબર છે. છા.(પૃ.૧૬૬,પા.ટી.૪) નોંધે છે કે વિધેય **गुणवृद्धी** દ્વિવચન હોવાથી સૂત્ર સાથે વાર્તિકકારે દ્વિવચન પ્રયોજ્યું છે. (**विधेयगतद्वित्वस्य सूत्रे आरोपेण भवत इत्युक्तम्**। ભાષ્યકારે **इको गुणवृद्धी इत्येतद्भवति** એમ જે કહ્યું છે તેમાં **भवति** અર્થાત્ **सूत्रं भवति**। એમ અર્થ છે તે તદ્દન સ્પષ્ટ છે.

[97] એટલે કે પોતાના અંગથી જ પોતાનો બાધ થાય તે ઉચિત નથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-पि तदपवाद उत्सर्गापवादयोरप्ययुक्तो विप्रतिषेधः। तत्र नियमस्यावकाशः। राज्ञः क च। राजकीयम्। इको गुणवृद्धी इत्यस्यावकाशः। चयनम् चायकः लवनम् लावक इति। इहोभयं प्राप्नोति। मेद्यति मार्ष्टीति। इको गुणवृद्धी इत्येतद्भवति विप्रतिषेधेन। नैष युक्तो विप्रतिषेधः। विप्रतिषेधे हि परमित्युच्यते। पूर्वश्चायं योगः परो नियमः। इष्टवाची परशद्बः। विप्रतिषेधे परं यदिष्टं तद्भवतीति। एवमप्युक्तो विप्रतिषेधः। द्विकार्ययोगो हि विप्रतिषेधो न चात्रैको द्विकार्ययुक्तः। नावश्यं द्विकार्ययोग एव विप्रतिषेधः। किं तर्हि। असंभवोऽपि। स चास्त्यत्रासंभवः। कोऽसावसंभवः। इह तावद्वृक्षेभ्यः प्लक्षेभ्य इत्येकः स्थानी द्वावादेशौ। न चास्ति संभवो यदेकस्य स्थानिनो द्वावादेशौ स्याताम्। इहेदानी मेद्यति मेद्यतः मेद्यन्तीति द्वौ स्थानिनावेक आदेशः। न चास्ति संभवो यद् द्वयोः स्थानिनोरेक आदेशः स्यादित्येषोऽसंभवः। सत्येतस्मिन्नसंभवे युक्तो विप्रतिषेधः। एवमप्ययुक्तो विप्रतिषेधः। द्वयोर्हि सावकाशयोः समवस्थितयो-र्विप्रतिषेधो भवत्यनवकाशश्चायं योगः। ननु चेदानी

તેનો અપવાદ હોય તો પણ સામાન્ય નિયમ રૂપ अलोऽन्त्यस्य। અને અપવાદભૂત इको गुणवृद्धी। સૂત્ર એ બે વચ્ચે વિરોધ હોય તે યોગ્ય નથી.[98] તે બે પરિભાષામાંથી નિયમ (અર્થાત્ अलोऽन्त्यस्य।) ને राज्ञःक च। પ્રમાણે થતા राजकीयम् માં અવકાશછે .જ્યારે चयनम् , चायकः , लवनम् , लावकः માં इको गुणवृद्धी। ને સ્વતંત્ર અવકાશ છે.[99] આ मेद्यति , मार्ष्टि માં બન્નેને અવકાશ છે અને વિપ્રતિષેધથી इकोगुणवृद्धी। એ પરિભાષા લાગુ પડે છે. આ વિપ્રતિષેધ યોગ્ય નથી,[100] કારણ કે બે તુલ્યબલ સૂત્રોમાં વિરોધ હોય ત્યારે જે પર હોય તે લાગુ પડે છે જ્યારે અહીં તો જે લાગુ પડે છે તે સૂત્ર પૂર્વે આવેલું છે અને નિયમ (અર્થાત્ अलोऽन्त्यस्य।) પર સૂત્ર છે. અહીં पर શબ્દ ઈષ્ટવાચી છે.[101] તેથી विप्रतिषेधे परम्। નો અર્થ આમ થશે.જ્યારે તુલ્ય-બલ સૂત્રો વચ્ચે પરસ્પર વિરોધ હોય ત્યારે જે ઈષ્ટ હોય તે લાગુ પડે છે. એમ (અર્થ કરવા) છતાં પણ વિરોધ અયોગ્ય છે, કારણ કે એક જ સ્થાનીને બે કાર્ય થવાનો પ્રસંગ હોય ત્યારે વિપ્રતિષેધ થાય છે પણ અહીં (मेद्यति માં) તો એક (જ સ્થાની) ને બે કાર્ય થતાં નથી. બે કાર્યને એક સ્થાને અવકાશ હોય ત્યારે જ વિપ્રતિષેધ થાય એમ હમેશાં હોતું નથી. તો પછી શું છે ? અસંભવ પણ વિપ્રતિષેધ છે અને તે અસંભવ અહીં છે. કયો અસંભવ ? આ वृक्षेभ्यः, प्लक्षेभ्यः માં [102] તો એક સ્થાની છે અને બે આદેશ છે, અને એક જ સ્થાનીને બદલે એકી સાથે બે આદેશ થાય તે અસંભવ છે. હવે આ मेद्यति, मेद्यतः, मेद्यन्ति માં બે સ્થાની છે અને એક આદેશ છે, અને બે સ્થાનીને એક જ આદેશ હોય તે અસંભવ છે. આ પ્રકારનો અસંભવ પ્રસ્તુત સ્થળે છે તેથી વિપ્રતિષેધ થાય તે યોગ્ય છે. એ રીતે પણ વિપ્રતિષેધ ઉચિત નથી, કારણ કે જ્યારે બે કાર્યો (સ્વતંત્ર રીતે) સાવકાશ હોય અને એકીસાથે એક સ્થળે લાગુ પડતાં હોય ત્યારે જ વિપ્રતિષેધ આવે છે જ્યારે આ (इकोगुणवृद्धी।) એ સૂત્ર તો સ્વતંત્ર અવકાશવાળું નથી. અમે કહીએ છીએ કે હમણાં

---

[98] કારણ કે બન્નેની એક સ્થાને પ્રાપ્તિ થતી નથી અને પરસ્પરના વિષયમાં અવકાશ નથી તેથી બન્ને તુલ્યબલ નથી પરિણામે વિપ્રતિષેધ થઇ ન શકે.

[99] અહીં राज्ञः क च। એ સૂત્રમાં ગુણ કે વૃદ્ધિનો ઉલ્લેખ નથી તેથી इको गुण० ને અવકાશ જ નથી. राजन्--वृद्धाच्छः। પ્રમાણે छ (ईय) અને राज्ञः क च। થી જે क થાય છે ત્યાં अलोऽन्त्य० પ્રમાણે અન્ત્ય न् નો क થઇને राजकीयम् થશે, કારણ કે અહીં એપરિભાષાને અવકાશ છે. પરંતુ चि અને लू ને नन्दिग्रहिपचादि० પ્રમાણે ल्युट् અને अच् લાગીને થતા चयनं लवनं चायकः लावकः માં सार्वधातुकार्ध० પ્રમાણે જે ગુણ થાય છે ત્યાં अलोन्त्यस्य। એ પરિભાષાનું કોઇ પ્રયોજન નથી તેથી તે ઉપસ્થિત નથી થતી. આમ બન્નને ભિન્ન ભિન્ન સ્થળોએ અવકાશ છે. તેથી તેમની વચ્ચે વિપ્રતિષેધ ન હોઇ શકે.

[100] વિપ્રતિષેધ એટલે પૂર્વવિપ્રતિષેધ.मेद्यति- मिद् ને मिदेर्गुणः। પ્રમાણે ગુણ થાય છે અને मार्ष्टि-मृज् નો मृजेर्वृद्धिः। પ્રમાણે વૃદ્ધિ થાય છે. અહીં उभयं प्राप्नोति। એટલે કે इको गुण० એમ કહ્યું છે તેથી इ-કારને કાર્ય પ્રાપ્ત થશે અને अलोऽन्त्यस्य। એમ કહ્યું છે તેથી અન્ત્ય द-કારને કાર્ય પ્રાપ્ત થશે.આમ અહીં બન્ને સૂત્રોને અવકાશ છે તેમાં પરસૂત્ર પૂર્વનો બાધ કરશે એટલે કે પૂર્વવિપ્રતિષેધ થઇને ઉપધાનાં ગુણ અને વૃદ્ધિ થશે. જો કે સિદ્ધાન્તી વિપ્રતિષેધ સ્વીકારવામાં રહેલો દોષ દર્શાવે છે. અહીં मेद्यति मार्ष्टि इति। એમ જે इति નો પ્રયોગ કર્યો છે તે બિનજરૂરી છે (સંપાદક ચૌખં.પૃ.૧૮૭,પા.ટી.૨) તેમ કહેવું યોગ્ય નથી , કારણ કે इहोभयं प्राप्नोति मेद्यति मार्ष्टि इति। અહીં इति થી વાક્ય પૂરું થઇ જાય છે. પછીનું ભિન્ન વાક્ય જ છે અથવા વચ્ચે મૂકેલો इति કારણ બતાવે છે તેથી “એ કારણે વિપ્રતિષેધથી इकोगुणवृद्धी। એ સૂત્ર અમલી થશે”.

[101] એટલે કે‘પાછળ આવેલું’ એ અર્થમાં નથી પ્રયોજાયો, પરંતુ ‘ ઈષ્ટ હોય તે’ એ અર્થ બતાવે છે. છા.(પૃ.૧૮૭,પા.ટી.૧૫) આમ અર્થ કેવી રીતે થયો તે વિશેમાત્ર એટલું જ કહે છે કે अत्र चेदं भाष्यमेव प्रमाणम्।

[102] वृक्ष भ्यः। प्लक्ष भ्यः એ સ્થિતિમાં સ્થાની अ (अत्) એક જ છે , પરંતુ अतो दीर्घो यञि। પ્રમાણે यञ् (भ) પર થતાં દીર્ઘ આદેશ થાય અને भ्यस् એ બહુવચન પ્રત્યય હોવાથી बहुवचने झल्येत्। પ્રમાણે ए (एत्) આદેશ થાય. આમ આદેશ બે છે. એ અસંભવ છે. मेद्यति માં ગુણ થાય છે. मिदेर्गुणः। માં मिदेः એ અવયવ ષષ્ઠી લેતાં इकोगुण० પ્રમાણે इ નો ગુણ થશે, પરંતુ સ્થાન ષષ્ઠી લેવામાં આવે તો अलोऽन्त्यस्य। પ્રમાણે અન્ત્ય द् નો ગુણ થવા જશે. આમ આદેશભૂત ગુણ એક છે જ્યારે તેના સ્થાની इ અને द् બે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**मेवास्यावकाशः प्रक्लृप्तः। चयनम् चायकः लवनम् लावक इति। अत्रापि नियमः प्राप्नोति। यावता नाप्राप्ते नियमेऽयं योग आरभ्यतेऽतस्तदपवादोऽयं योगो भवति। उत्सर्गापवादयोश्चायुक्तो विप्रतिषेधः। अथापि कथंचिदिको गुणवृद्धी इत्यस्यावकाशः स्यादेवमपि यथेह विप्रतिषेधादिको गुणो भवति मेद्यति मेद्यतः मेद्यन्ति एवमिहापि स्यात् अनेनिजुः पर्यवेविषुरिति॥ एवं तर्हि वृद्धिर्भवति गुणो भवतीति यत्र ब्रूयादिक इत्येतत्तत्रोपस्थितं द्रष्टव्यम्। किं कृतं भवति। द्वितीया षष्ठी प्रादुर्भाव्यते। तत्र कामचारो गृह्यमाणेन वेकं विशेषयितुमिका वा गृह्यमाणम्। यावता कामचार इह तावन्मिदिपुगन्तलघूपधर्च्छिदृशिक्षिप्रक्षुद्रेषु गृह्यमाणेनेकं विशेषयिष्यामः। एतेषां य इगिति। इहेदानीं जुसिसार्वधातुकार्धधातुकह्रस्वाद्योर्गुणेष्विका गृह्यमाणं विशेषयिष्यामः। एतेषां गुणो भवतीकः। इगन्तानामिति॥ अथवा सवत्रैव स्थानी निर्दिश्यते। इह तावन्मिदेरित्यविभक्तिको निर्देशः॥ मिद एः मिदेः मिदेरिति। अथवा षष्ठीसमासो भविष्यति। मिद इः मिदिः मिदेरिति। पुगन्तलघूपधस्येति नैवं विज्ञायते पुगन्तस्याङ्गस्य लघूपधस्य चेति। कथं तर्हि। पुक्यन्तः पुगन्तः। लघ्वी उपधा लघूपधा। पुगन्तश्च लघूपधा च पुगलघूपधं पुगन्तलघूपधस्येति। अवश्यं चैतदेवं विज्ञेयम्। अङ्गविशेषणे हि सतीह प्रसज्येत भिनत्ति छिनत्तीति॥ ऋच्छेरपि प्रश्लिष्टनिर्देशोऽयम्। ऋच्छति ॠ ऋ ॠताम् ऋच्छत्यृतामिति।**

જ **चयनम्**, **चायकः**, **लवनम्** , **लावकः** માં આ સૂત્રને સ્વતંત્ર અવકાશ છે તે સિદ્ધ કર્યું. અહીં પણ નિયમ લાગુ પડે જ છે . નિયમ જ્યાં પ્રાપ્ત થાય છે ત્યાં જ આ (**इको गुणवृद्धी।**) સૂત્રની રચના કરી છે. તેથી આ સૂત્ર તેનો અપવાદ બને છે અને સામાન્ય નિયમ અને તેના અપવાદ વચ્ચે વિપ્રતિષેધ હોય યોગ્ય નથી. હવે **इको गुणवृद्धी।** એ સૂત્રને સ્વતંત્ર રીતે અવકાશ હોય એમ ગમે તેરીતે સ્વીકારીએ તો પણ **मेद्यति** , **मेद्यतः** ,**मेद्यन्ति** માં જેમ વિપ્રતિષેધને કારણે **इक्** નો ગુણ થાયછે તે જ રીતે અહીં **अनेनिजु** , **पर्यवेविषुः** (જેવા) માં પણ ગુણ થવાનો પ્રસંગ આવશે. તો પછી 'વૃદ્ધિ થાય છે', 'ગુણ થાય છે' એમ જ્યાં કહેવામાં આવે છે ત્યાં **इकः** (અર્થાત્ **इक्** નો-) એ શબ્દ ઉપસ્થિત થાય છે, એમ જાણવું. તેથી શું થશે? તેથી (ગુણ અને વૃદ્ધિ નું વિધાન કરતાં સૂત્રમાં) બીજો ષષ્ઠ્યન્ત[103] શબ્દ બતાવી શકાશે.તેમ થતાં (સૂત્રમાં જે નું) ગ્રહણ કરવામાં આવ્યું હોય તે (ષષ્ઠ્યન્ત) ને ઇચ્છાનુસાર **इक्** નું વિશેષણ બનાવવાની અથવા **इक्** ને (સૂત્રમાં) જે નું ગ્રહણ કરવામાં આવ્યું હોય તેનું વિશેષણ બનાવવાની છૂટ (રહેશે).હવે જ્યારે ઇચ્છાનુસાર કરવાનું છે ત્યારે **मिद्**, **मृज्**, **पुगन्त लघूपध** (લઘુ ઉપાન્ત્યવાળા ધાતુઓ), **ऋच्छ्** ,**दृश्** , (તેમ જ) **क्षिप्र** અને **क्षुद्र** (એ પ્રાતિપદિકો ને અનુલક્ષીને (ગુણ કે વૃદ્ધિ નું વિધાન કરતાં સૂત્રોમાં ) જે ષષ્ઠ્યન્ત હોય (અર્થાત્ જેનાં ગુણ કે વૃદ્ધિ કરવાનાં હોય) તે(શબ્દ)ને **इकः** (અર્થાત્ **इक्** નો-) નું વિશેષણ કરીશું. તેથી 'તેમના **इक्** નાં (ગુણ કે વૃદ્ધિ થશે)' એમ (સમજાશે).

જ્યારે આ **जुस्** પ્રત્યય પૂર્વે થતા અને આર્ધધાતુક પ્રત્યયો પૂર્વે થતા ગુણની બાબતમાં, તેમ જ હ્રસ્વ વગેરેના જે ગુણ કહ્યાછે તે (સૂત્રો )માં જે( ષષ્ઠ્યન્ત શબ્દો )નું ગ્રહણ કરવામાં આવ્યું હોય (અર્થાત્ જેમનો ગુણ કહેવામાં આવ્યો હોય) તેમના વિશેષણ તરીકે **इक्** ને લઇશું. અર્થાત્ એમના **इक्** નો ગુણ થાય છે (એમ સમજાશે). અથવા[104] અહીં બધે જ સ્થાનીનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ (**मिदेर्गुणः।**) તો **मिदे** એ **मिदः एः** **मिदेः** એમ વિભક્તિરહિત નિર્દેશ છે અથવા આ **मिदः इः मिदिः** (તેનો) **मिदेः** એમ ષષ્ઠી સમાસ છે (એટલે કે '**मिद्** ના **इ** કારનો' સમજાશે). **पुगन्तलघुपधस्य** (**च।**) એ (સૂત્ર) ને પણ '**पुगन्त** અંગ અને **लघूपध** નો' એમ નથી સમજવાનું. તો પછી કેમ (સમજવાનું છે ? ' **पुक्** (આગમ) પર થતાં જે અન્ત્ય (હોય) તે **पुगन्त**[105] અને લઘુ ઉપધા (ઉપાન્ત્ય) તે **लघूपधा**.' (તેથી) **पुगन्त** અને **लघुपध** નો (સમાહાર દ્વન્દ્વ સમાસ કરતાં) **पुगन्तलघूपधस्य** (અર્થાત્ **पुगन्त** અને **लघूपध** અંગનો સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યય પર થતાં ગુણ થાય છે) અને એ અવશ્ય એ રીતે જ સમજવું જોઇએ, કારણ કે જો તે અંગનું વિશેષણ હોય તો આ **भिनत्ति**, **छिनत्ति** માં પણ (ગુણ) થવાનો પ્રસંગ આવશે. (**ऋच्छत्यृताम्।** માં) **ऋच्छ्** નો (**ॠ ऋ ॠताम्** એમ **ॠ** કારનો) પ્રશ્લેષપૂર્વક[106] નિર્દેશ છે તેથી **ॠ ऋ ॠताम् ऋच्छत्यृताम्** એમ (સમજાશે).

---

[103] એટલે કે ગુણ કે વૃદ્ધિ વિધાયક સૂત્રમાં એક ષષ્ઠ્યન્ત શબ્દ તો સૂત્રકારે મૂકેલો જ છે. તદુપરાંત **इकः** એમ વધારાનો ષષ્ઠ્યન્ત શબ્દ જે તે સૂત્રમાં પ્રકટ થશે અર્થાત્ જે તે ગુણ વૃદ્ધિ વિધાયક સૂત્રમાં **इकः** એ ષષ્ઠ્યન્ત શબ્દની ઉપસ્થિતિ થશે.

[104] કૈયટ પ્રમાણે અહીં **तच्छेशपक्ष** (**इको गुण०** એ સૂત્ર **अलोऽन्त्य०** નું પૂરક છે એ મત) ને લગતા દોષોનો પરિહાર કરવામાં આવ્યો છે.જ્યારે છાયા પ્રમાણે વાર્તિક અયોગ્ય જ છે એમ સૂચવવા માટે અને ગર્ભિત રીતે પદોપસ્થિતિપક્ષનું સમર્થન કરવા માટે આ એકદેશીનો ભિન્ન પક્ષ છે.

[105] **पुगन्त = पुकि अन्तः।** એ સુપ્સુપ્સમાસ છે. **पुक्** આગમ પર થતાં તેની પૂર્વે રહેલ અંગનો જે અન્ત્ય ( હોય) તે **पुगन्त**.

[106] **ऋच्छतेः ॠः ऋच्छत्यॄः।** એમ ષષ્ઠી સમાસ કરીને **ऋच्छत्यॄः च ऋश्च ॠत् च ऋच्छत्यृतः।** એમ દ્વન્દ્વ સમાસ લેવાનો છે.એટલે કે **ॠ** નો પ્રશ્લિષ્ટ નિર્દેશ છે એમ સમજવાનું છે તેથી **ऋच्छ्**, **ऋ** ધાતુ તેમ જ **ॠ**-કારાન્ત ધાતુનો **लिट्** પર થતાં ગુણ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

दृशेरपि योगविभागः करिष्यते। उरङि गुणो भवति। ततो दृशेः। दृशेश्चाङि गुणो भवति। उरित्येव॥ क्षिप्रक्षुद्रयोरपि यणादिपरं गुण इतीयता सिद्धम्। सोऽयमेवं सिद्धे सति यत्पूर्वग्रहणं करोति तस्यैतत्प्रयोजनमिको यथा स्यादनिको मा भूदिति॥ अथ वृद्धिग्रहणं किमर्थम्। किं विशेषेण वृद्धिग्रहणं चोद्यते न पुनर्गुणग्रहणमपि। यदि किञ्चिद्गुणग्रहणस्य प्रयोजनमस्ति वृद्धिग्रहणस्यापि तद्भवितुमर्हति। को वा विशेषः। अयमस्ति विशेषः। गुणविधौ न क्वचित्स्थानी निर्दिश्यते। तत्रावश्यं स्थानिनिर्देशार्थं गुणग्रहणं कर्तव्यम्। वृद्धिविधौ पुनः सर्वत्र स्थानी निदिश्यते॥ अचोऽञ्णिति। अत उपधायाः। तद्धितेष्वचामादेः इति॥ अत उत्तरं पठति।

वृद्धिग्रहणमुत्तरार्थम् ॥७॥

(अङ् પર થતાં) दृश् (ધાતુ) નો (ગુણથઈ શકે તે માટે) ऋदृशोरङि गुणः। એસૂત્રનો યોગવિભાગ કરવામાં આવશે. उरङि गुणः। (અર્થાત્ अङ् પર થતાં ऋ કારાન્ત ધાતુનો ગુણ) થાય છે. પછી दृशेः। એ (સૂત્ર) એટલે કે दृश् ધાતુનો अङ् પર થતાં ગુણ થાય છે. અહીં उः ની અનુવૃત્તિ છે (એટલેકે તેના ऋ-કારનો જ ગુણ થાય છે). क्षिप्र અને क्षुद्र એ બેનો પણ स्थूलदूरयुवह्रस्व० માં यणादि परं गुणः એમ કહ્યું છે[107] એટલાથી જ ગુણ સિદ્ધ થશે. આમ સિદ્ધ થતો હોવા છતાં (સૂત્રકાર પ્રસ્તુત સૂત્રમાં) જે पूर्व શબ્દનું ગ્રહણ કરે છે તેનું પ્રયોજન એ છે કે ગુણ इक् નો થાય अनिक् (અર્થાત્ इक् સિવાયનાનો ન થાય). હવે (સૂત્રમાં) वृद्धि (શબ્દ) શા માટે મૂક્યો છે ? (इको गुणवृद्धी। એ સૂત્રમાં મૂકેલા) वृद्धि। એ શબ્દ વિશે ખાસ પૂછવામાં આવે છે, પરંતુ गुण વિશે પણ કેમ પૂછવામાં નથી આવતું ? જો गुण શબ્દ મૂકવાનું કંઇ પ્રયોજન હોય તો वृद्धि શબ્દ મૂકવાનું પણ તે જ પ્રયોજન હોય તે યોગ્ય છે.એમાં શો ફેર છે ? ફેર એ છે કે ગુણનું વિધાન કરતાં સૂત્રોમાં કેટલીક વાર સ્થાનીનો નિર્દેશ કરવામાં આવતો નથી.[108] તેથી ત્યાં સ્થાનીનો નિર્દેશ થઇ શકે તે માટે (અર્થાત્ इक् ને સ્થાને गुण આદેશ થાય છે તે દર્શાવવા માટે પ્રસ્તુત સૂત્રમાં) गुण શબ્દ મૂકવો જોઇએ, જયારે वृद्धि નું વિધાન કરતાં સૂત્રોમાં સર્વત્ર[109] સ્થાનીનો નિર્દેશ કરવામાં આવે છે. જેમ કે अचो ञ्णिति । (અહીં અંગનો અન્ત્ય अच् સ્થાની છે), अत उपधाया (અહીં ઉપધાભૂત अ-કાર સ્થાની છે), तद्धितेष्वचामादेः। (અહીં પદના अच् વર્ણોમાં જે આદિ अच् હોય તે સ્થાની છે). આ પ્રમાણે છે તેથી (વાર્તિકકાર) ઉત્તર રજુ કરે છે.

वृद्धि નું ગ્રહણ પાછળ આવતા સૂત્ર માટે છે ॥૭॥

---

[107] કે. સૂચવે છે કે स्थूलदूरयुवह्रस्वक्षिप्रक्षुद्राणां यणादिपरः पूर्वस्य च गुणः। એ સૂત્રમાં स्थूल- -यणादिपरं (लुप्यते)। અને पूर्वस्य च गुणः। એ રીતે યોગ વિભાગ કરીને पूर्वस्य च गुणः। માં क्षिप्र અને क्षुद्र ની અનુવૃત્તિ કરવાથી क्षेपिष्ठः। क्षेपीयान्। क्षोदिष्ठः। क्षोदीयान् વગેરે સિદ્ધ થશે.(અહીં क्षिप्र , क्षुद्र મૂળ સૂત્રમાં સ્વરિત છે તેમ લેવાથી તેમની જ पूर्वस्य च गुणः। માં અનુવૃત્તિ થશે. બાકીના स्थूल વગેરે નિવૃત્ત થશે.) स्थूल વગેરેના यणादिपर નો લોપ થયા પછી ओर्गुणः। પ્રમાણે ગુણ થવાથી स्थविष्ठः। स्थवीयान् વગેરે સિદ્ધ થશે.આ સૂત્રમાં यणादिपरम् એ પંચમી સમાસ છે અને તેનો વિગ્રહ, यणः आदिः यणादिः। यणादेः परं यणादिपरम्। क्षिप्र અને क्षुद्र માંનો र् એ यण् વર્ણ છે. તે (यण्) થી પૂર્વે રહેલ प् અને द् એ यणादि અને તેનો प् કે द् પછી આવતો ભાગ તે यणादिपर. આમ क्षिप्र માં यणादि (प्)ની પછી આવતા ભાગ रअ અને क्षुद्र માં दुअ એ ભાગનો इष्ठ, ईयस् વગેરે પૂર્વે લોપ થાય છે. સૂત્રમાં पूर्वस्य (च गुणः) એમ કહ્યું છે તે इक् નો જ ગુણ થાય તે માટે છે એમ ભાષ્યકારે ખુલાસો કર્યો છે. કાશિકા(પૃ.૬૦૨) पूर्वग्रहणं विस्पष्टार्थम्। અર્થાત્ पूर्व શબ્દ મૂક્યો છે તેથી ગુણ इक् નો થાય છે તેમ સ્પષ્ટ થાય છે.

[108] जुसि च। પ્રમાણે जुस् પર થતાં ગુણ થાય છે તેમ કહ્યું છે પણ કોનો થાય છે તેનો, અર્થાત્ સ્થાનીનો નિર્દેશ કર્યો નથી. તે જ રીતે सार्वधातुकार्धधातुकयोः। એ સૂત્રમાં પણ સાર્વધાતુક વગેરે પ્રત્યયો પૂર્વે જેનો ગુણ થાય છે તે સ્થાનીનો નિર્દેશ નથી કર્યો.જયારે અન્ય સ્થળે નિર્દેશ હોય છે, જેમ કે ओर्गुणः।

[109] સર્વત્ર અર્થાત્ ઘણે ખરે સ્થળે, કારણ કે ક્વચિત્ , જેમ કે सिचि वृद्धिः परस्मैपदेषु। સ્થાનીનો નિર્દેશ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वृद्धिग्रहणं क्रियत उत्तरार्थम्। क्ङिति इति प्रतिषेधं वक्ष्यति स वृद्धेरपि यथा स्यात्। कश्चेदानीं क्ङित्प्रत्ययेषु वृद्धेः प्रसङ्गो यावता ञ्णितीत्युच्यते। तच्च मृज्यर्थम्। मृजेर्वृद्धिरविशेषेणोच्यते सा क्ङिति मा भूत्। मृष्टः मृष्टवानिति। इहार्थं चापि मृज्यर्थं वृद्धिग्रहणं कर्तव्यम्। मृजेर्वृद्धिरविशेषेणोच्यते सेको यथा स्यादनिको माभूदिति।

मृज्यर्थमिति चेद्योगविभागात्सिद्धम् ॥८॥

मृज्यर्थमिति चेद्योगविभागः करिष्यते। मृजेर्वृद्धिरचः। ञ्णिति णिति च वृद्धिर्भवति। अच इत्येव। यद्यचो वृद्धिरुच्यते न्यमार्ट् अटोऽपि वृद्धिः प्राप्नोति।

अटि चोक्तम् ॥९॥

(આ સૂત્રમાં ) वृद्धि નું ગ્રહણ પાછળ આવતા સૂત્ર માટે કરવામાં આવે છે, જેથી क्ङिति। એ (સૂત્રથી) જે પ્રતિષેધ કહેશે તે वृद्धि ને પણ લાગુ પડી શકે. (સૂત્રકારે अचो ञ्णिति। માં) ञित् અને णित् પ્રત્યયો પર થતાં अजन्त અંગની वृद्धि થાય છે એમ કહ્યું છે તો પછી कित् અને ङित् પ્રત્યયો પર થતાં वृद्धि ને પ્રસંગ જ ક્યાં છે ? તે (વૃદ્ધિગ્રહણ) તો मृज् ધાતુને માટે છે.[110] मृजे र्वृद्धिः। એ સૂત્રમાં मृज् ધાતુના અંગના इक् ની वृद्धि અવિશિષ્ટ રીતે[111] કહેવામાં આવી છે, તે कित् અને ङित् પ્રત્યયો પર થતાં ન થાય (તે માટે છે જેથી ) मृष्टः,मृष्टवान् (માં ન થાય). આ ( मृजे र्वृद्धिः। સૂત્ર) ને ખાતર પણ[112] वृद्धि નું ગ્રહણ કરવું જરૂરી છે, કારણ કે એ સૂત્રમાં मृज् ધાતુના અંગની वृद्धि અવિશિષ્ટ રીતે કહેવામાં આવી છે, તેથી वृद्धि, इक् ની પણ થાય અને इक् ન હોય તેની ન થાય તે માટે (वृद्धि નું ગ્રહણ કરવું જોઇએ).

मृज् ધાતુને માટે (वृद्धि નું ગ્રહણ જરૂરી છે) એમ કહેવામાં આવે તો (એ) યોગવિભાગથી સિદ્ધ થશે ॥૮॥

मृज् ધાતુને માટે (इकोगुणवृद्धी। એ સૂત્રમાં वृद्धि શબ્દનું ગ્રહણ જરૂરી છે) એમ કહેવામાં આવે તો (સૂત્રોના આ રીતે) વિભાગ કરવામાં આવશે.પહેલાં मृजेर्वृद्धिरचः। (અર્થાત્ मृज् 'ધાતુના अच् ની વૃદ્ધિ થાય છે' એ સૂત્ર) પછી ञ्णिति। (અહીં) अच् ની અનુવૃત્તિ છે (તેથી ञित् અને णित् પ્રત્યયો પર થતાં अच् ની વૃદ્ધિ થાય છે' એમ સમજાશે).જો 'अच् ની વૃદ્ધિ થાય છે' એમ કહેશો તો न्यमार्ट्[113] માં अट् (આગમ) ની પણ વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે.

अट् ની બાબતમાં કહ્યું છે[114] ॥૯॥

---

[110] तच्च मृज्यर्थम्। એ વાક્ય ઉદ્યોતમાં સ્વતંત્ર વાર્તિક તરીકે લીધું છે. કેટલાક તેને પૂર્વ વાર્તિક वृद्धिग्रहणमुत्तरार्थम्। ના ભાગ તરીકે લે છે, જ્યારે કેટલાક તેને ભાષ્યકારના વચન તરીકે સ્વીકારે છે (છા.પા.ટી.૧૬,પૃ.૧૭૦).

[111] अविशेषेण અર્થાત્ સમાન્ય રીતે, સૂત્રમાં કોઇ વિશિષ્ટ પ્રત્યયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી પરંતુ ધાતુનો જ પ્રસ્તાવ છે તે ઉપરથી કોઇક પ્રત્યય પર થતાં એમ સામાન્ય રીતે પ્રત્યયનું અનુમાન થાય છે તેથી અવિશિષ્ટ રીતે એમ કહ્યું છે.

[112] इहार्थं चापि। એ વાક્ય નિ.સા.(પૃ.૧૭૧),ચૌખં(પૃ.૧૯૨) માં સ્વતંત્ર વાર્તિક તરીકે આપ્યું છે. વૃદ્ધિ શબ્દનું ગ્રહણ આ (मृजेर्वृद्धिः। એ) સૂત્ર માટે પણ જરૂરી છે, જેથી इक् ની જ વૃદ્ધિ થાય, જે इक् ન હોય તે (अनिक्)ની ન થાય, કારણ કે સૂત્રમાં ઇષ્ટ સ્થાનીનો નિર્દેશ કર્યો નથી તેથી પદોપસ્થિતિપક્ષ અને તચ્છેષ પક્ષ પ્રમાણે अलोऽन्त्यस्य। પરિભાષાથી इक् ન હોય તેવા વર્ણની જ વૃદ્ધિ થાય. વાર્તિકમાં अपि સમુચ્ચયાર્થે છે તેથી આગળનાં પ્રયોજનનો પણ સમાવેશ થાય છે.

[113] न्यमार्ट् માં लुङ्लङ्लृङ्क्ष्वडुदात्तः। પ્રમાણે જે अट् આગમ લાગે છે તે ल નો આદેશ થાય તે પૂર્વે જ લાગે છે. તેથી न्यमृज् (नि अमृज्)એ સ્થિતિમાં यदागम० પરિભાષા પ્રમાણે अमृज् એ मृज् જ છે એમ ગણાશે તેથી अ (अट्) આગમની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે.

[114] આ સ્વતંત્ર વાર્તિક છે, પણ પી.શા. તેને ભાષ્યકારના વાક્ય તરીકે આપીને નોંધે છે,' કેટલીક આવૃત્તિઓમાં આ વાક્ય વાર્તિક તરીકે જોવામાં આવે છે પરંતુ મને તે વિશે ખાત્રી નથી'(પૃ.૨૨૫). આ એકદેશીની દલીલ છે. સિદ્ધાન્ત મુજબ વૃદ્ધિગ્રહણ मृजि માટે નથી. ભાષ્યમાં अनन्त्यविकारे એમ કહ્યું છે તે ष्यङः सम्प्रसारणं पुत्रपत्योस्तत्पुरुषे। (૬-૧-૧૩) ઉપરની વાર્તિક છે. 'અન્ત્યનો ફેરફાર ન થઇ શકે તેમ હોય ત્યારે અન્ત્યની નજીકનાનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किमुक्तम्। अनन्त्यविकारेऽन्त्यसदेशस्य कार्यं भवतीति ॥

वृद्धिप्रतिषेधानुपपत्तिस्त्विक्प्रकरणात् ॥ १० ॥

वृद्धेस्तु प्रतिषेधो नोपपद्यते। किं कारणम्। इक्प्रकरणात्। इग्लक्षणयोर्गुणवृद्ध्योः प्रतिषेधो न चैवं सति मृजेरिग्लक्षणा वृद्धिर्भवति। तस्मान्मृजेरिग्लक्षणा वृद्धिरेषितव्या॥ एवं तर्हीहान्ये वैयाकरणा मृजेरजादौ संक्रमे विभाषा वृद्धिमारभन्ते। परिमृजन्ति परिमार्जन्ति। परिमृजन्तु परिमार्जन्तु। परिममृजतुः परिममार्जतुरित्याद्यर्थम्। तदिहापि साध्यम्। तस्मिन्साध्ये योगविभागः करिष्यते। मृजेर्वृद्धिरचो भवति। ततोऽचि क्ङिति। अजादौ च क्ङिति मृजेर्वृद्धिर्भवति। परिमार्जन्ति परिमार्जन्तु। किमर्थमिदम्। नियमार्थम्। अजादावेव क्ङिति नान्यत्र। क्वान्यत्र मा भूत्। मृष्टः मृष्टवानिति। ततो वा। वाचि क्ङिति मृजेर्वृद्धिर्भवति। परिमृजन्ति परिमार्जन्ति। परिममृजतुः परिममार्जतुरिति ॥

શું કહ્યું છે ? એ (કહ્યું છે) કે અન્તે ન હોય તેવા વર્ણને કોઇ કાર્ય કરવાનું હોય ત્યારે તે કાર્ય અન્ત્યની નજીકના વર્ણને થાય છે.

(**क्ङिति च।** માં) **इक्** નો વિષય પ્રસ્તુત છે તેથી (**मृज्** ની વૃદ્ધિનો) પ્રતિષેધ (કરવો) શક્ય નથી [115] **॥१०॥**

**वृद्धि** નો પ્રતિષેધ તો થઇ શકે તેમ નથી. શા કારણે ? **इक्** નો વિષય પ્રસ્તુત છે તેથી. (**क्ङिति च।** વગેરેમાં) **इक्** ને અનુલક્ષીને કહેલાં[116] ગુણ અને વૃદ્ધિનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે અને એમ હોવાથી (અર્થાત્) **मृज्** ની **वृद्धि** (**अच्** ને અનુલક્ષીને કહેવામાં આવી હોવાથી તે) **इक्** ને સ્થાને નહી થાય, (પ્રતિષેધ થાય તેમાટે) **मृज्** ને થતી વૃદ્ધિ, **इक** ને સ્થાને થાય એ ઇષ્ટ છે.[117]

એમ હોય તો અન્ય વૈયાકરણો સ્વરથી શરૂ થતા (**अजादि**) **कित्** અથવા **ङित्** પ્રત્યયો પર થતાં (**संक्रमे**) **मृज्** ની વૃદ્ધિ વિકલ્પે કરે છે. જેથી **परिमृजन्तु** , **परिमार्जन्तु। परिममृजतुः, परिममार्जजतुः** એ આ (પાણિનીય મત) માં પણ સિદ્ધ કરવું જોઇએ. તે સિદ્ધ કરવા માટે યોગ વિભાગ કરવામાં આવશે. પહેલાં **मृजेर्वृद्धिरचः।** એમ સૂત્ર કરીશું (અર્થાત્ **मृज्** માં થતી વૃદ્ધિ **अच्** ની થાય છે) પછી **अचि क्ङिति।** (એમ બીજું સૂત્ર કરીને)'સ્વરથી શરૂ થતા (**अजादि**) **कित्** અથવા **ङित्** પ્રત્યયો પર થતાં (**संक्रमे**) **मृज्** ની વૃદ્ધિ થાય છે,' એમ (અર્થ કરીશું). (જેથી) **परिमार्जन्ति** ,**परिमार्जन्तु** (થઇ શકે). આ (બીજું સૂત્ર) શા માટે ? 'સ્વરથી શરૂ થતા (**अजादि** ) **कित्** અને **ङित्** પ્રત્યયો પર થાય ત્યારે જ (**मृज्** ની વૃદ્ધિ) થાય તે સિવાયના (**कित्** અને **ङित्** પ્રત્યયો ) પર હોય ત્યારે ન થાય,' એ નિયમ (કરવા) માટે. બીજે (વૃદ્ધિ ) ન થાય તે કયાં? **मृष्टः** , **मृष्टवान्** એ (રૂપો)માં. (**अचि क्ङिति।** એ સૂત્ર કર્યા) પછી **वा।** (એ સૂત્ર લઇશું), એટલે કે, સ્વરથી શરૂ થતા (**अजादि** ) **कित्** અથવા **ङित्** પ્રત્યયો પર થતાં (**संक्रमे**) **मृज्**ની વૃદ્ધિ વિકલ્પે થાય છે.(જેથી) **परिमृजन्तु** ,**परिमार्जन्तु,परिममृजतुः,परिममार्जतुः** એ ( રૂપો) સિદ્ધ થાય.

---

વિકાર થાય છે' તેથી **मृज्** ના અન્ત્ય **ज्** નજીક **ऋ**-કાર છે તેની જ વૃદ્ધિ થશે **अट्** ની નહી થાય. ભાષ્યકાર કહે છે કે **इको गुणवृद्धी।** એમ કહ્યું છે તેથી **इक्** (**ऋ**-કાર) ની જ વૃદ્ધિ થશે, **अट्** ની ન જ થાય.

[115] કેટલીક આવૃત્તિઓમાં આ વાર્તિકમાં **प्रकरणात्** થી આગળ **तस्मादिग्लक्षणा वृद्धिः।** એટલો વધારાનો પાઠ આપેલો છે.જુઓ [નિ.સા.(પૃ.૧૭૧ પા. ટી.૧), ચારુ.(પૃ.૧૭૭) માં કૌંસમાં છે,અનુવાદ નથી)]

[116] **इग्लक्षणयोः= इक् लक्षणं (स्थानी ) ययोः ते।** **इक्** જેનો સ્થાની છે તે, એટલે કે (જે ગુણ અને વૃદ્ધિ ) **इक्** સ્થાની હોવાને કારણે થાય તે. હવે **क्ङिति।** એ સૂત્ર વ્દારા કરવામાં આવેલો ગુણ-વૃદ્ધિ નિષેધ **इक्** ને સ્થાને જે ગુણ વૃદ્ધિ થતાં હોય તેને લાગુ પડે છે, નહી તો **लैगवायनः। कामयते** જેવામાં વૃદ્ધિ નો પ્રતિષેધ થશે અને ઇષ્ટ રૂપ પ્રાપ્ત નહી થાય.**लिगु** શબ્દને **नडादिभ्यः फक्।** પ્રમાણે **फक्** લાગીને **आयनेयि०** પ્રમાણે **आयन** થશે પછી **तद्धितेष्वचामादेः।** પ્રમાણે **इ** ની વૃદ્ધિ થઇને **लैगवायनः** થાય છે. **कामयते** માં પણ **कमेर्णिङ्।** પ્રમાણે **णिङ्** થતાં **अत उपधायाः।** પ્રમાણે ઉપધાની વૃદ્ધિ થાય છે તેનો પ્રતિષેધ નહીં થાય, કારણ કે સૂત્રમાં **अत्** એ સ્થાનીનો સ્પષ્ટ નિર્દેશ છે. તે જ રીતે **मृजेर्वृद्धिः।** અને **तद्धिष्वचामादेः।** એ સૂત્રોનો **मृजेर्वृद्धिरचः।** એમ યોગવિભાગ કરવામાં આવે તો **मृज्** ની વૃદ્ધિ પણ **इक्** ને સ્થાને નહી પણ **अच्** સ્થાને થતી હોવાથી **अज्लक्षणा** થશે, તેથી પ્રતિષેધ નહીં થાય, પરંતુ તે થઇ શકે તે માટે યોગવિભાગનો આશ્રય ન લેતાં **मृजेर्वृद्धिः।** માં પણ સ્થાની દર્શાવવા માટે **इको गुणवृद्धी।** એ પરિભાષા ઉપસ્થિત થાય તે ઇષ્ટ છે તેથી તેમાં વૃદ્ધિ શબ્દનું ગ્રહણ કરવું પડશે.

[117] **संक्रमः** એ **कित्** અને **ङित्** પ્રત્યયોને પ્રાચીન વૈયાકરણોએ આપેલી સંજ્ઞા છે. આ પ્રત્યયો પર થતાં ગુણ અને વૃદ્ધિનો પ્રતિષેધ થાય છે. જેનાથી ગુણ અને વૃદ્ધિ દૂર જતાં રહે અર્થાત્ જે તેમનો પ્રતિષેધ કરે તે **संक्रम .(संक्रामतोऽपक्रमतो गुणवृद्धी अस्मादिति कृत्वा।** પ્દ.ભા. ૧,પૃ.૮૭),(**संक्रामतः गुणवृद्धी अस्मादिति व्युत्पत्त्या गुणवृद्धिप्रतिषेधनिमित्तभूतः क्ङित्प्रत्ययोऽत्र संक्रमशब्देनोच्यते योगरूढेः।** શ.કૌ. પૃ.૧૦૩)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**इहार्थमेव तर्हि सिजर्थं वृद्धिग्रहणं कर्तव्यम्। सिचि वृद्धिरविशेषेणोच्यते सेको यथा स्यादनिको मा भूदिति। कस्य पुनरनिकः प्राप्नोति। अकारस्य। अचिकीर्षीत् अजिहीर्षीत्। नैतदस्ति। लोपोऽत्र बाधको भविष्यति॥ आकारस्य तर्हि प्राप्नोति। अयासीत् अवासीत्। नास्त्यत्र विशेषः वृद्धौ सत्यां वृद्धावसत्यां वा॥ संन्ध्यक्षरस्य तर्हि प्राप्नोति। नैव संध्यक्षरमन्त्यमस्ति। ननु चेदमस्ति ढलोपे कृत उदवोढाम् उदवोढम् उदवोढेति। नैतदस्ति। असिद्धो ढलोपस्तस्यासिद्धत्वान्नैतदन्त्यं भवति। व्यञ्जनस्य तर्हि प्राप्नोति। अभैत्सीत् अच्छैत्सीत्। हलन्तलक्षणा वृद्धिर्बाधिका भविष्यति॥ यत्र तर्हि सा प्रतिषिध्यते। अकार्षीत् अमोषीत्। सिचि वृद्धेरप्येष प्रतिषेधः। कथम्। लक्षणं नाम**

તો પછી આ **सिच्** (અર્થાત્ **सिचि वृद्धिः परस्मैपदेषु ।** એ સૂત્ર) ને ખાતર (પ્રસ્તુત સૂત્રમાં) **वृद्धि** શબ્દ મૂકવો પડશે, કારણ કે **सिच्** પર થતાં વૃદ્ધિ થાય છે તે સામાન્ય રીતે કહી છે,[118] તે (વૃદ્ધિ) **इक्** ની જ થાય **इक्** સિવાયનાની ન થાય. **इक्** ન હોય તેવા કોની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે ? **अचिकीर्षीत्**, **अजिहीर्षीत्** માં **अ**-કારની (વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે ).એ (સંભવિત) નથી,[119] (કારણ કે **अ**-કાર) લોપ અહીં (વૃદ્ધિ) નો બાધ કરશે. તો પછી **अयासीत्** , **अवासीत्** માં **आ**-કારની (વૃદ્ધિ ) થવાનો પ્રસંગ આવે છે. અહીં વૃદ્ધિ થાય કે ન થાય તેમાં ફેર પડતો નથી. તો પછી સન્ધ્યક્ષરને (વૃદ્ધિ ) થવાનો પ્રસંગ આવશે.(**सिच्** પર થતાં) સંધ્યક્ષર કદાપિ અન્તે હોતો નથી. પણ અમે કહીએ છીએ કે **ढ्** નો લોપ કરવામાં આવે ત્યારે **उदवोढाम्** , **उदवोढम्** ,**उदवोढा** માં[120] સંધ્યક્ષર (**ओ**) અન્તે આવે છે. એમ નથી, કારણ કે **ढ्** નો લોપ અસિદ્ધ છે અને તે અસિદ્ધ છે તેથી (**ओ**) એ સન્ધ્યક્ષર અન્ત્ય નથી રહેતો. તો પછી **अभैत्सीत्** , **अच्छैत्सीत्** માં વ્યંજનની વૃદ્ધિ પ્રાપ્ત થાય છે. (**वदव्रजहलन्तस्याचः ।** પ્રમાણે) વ્યંજનાન્તના (**अच्** ને )સ્થાને કહેલી વૃદ્ધિ[121] તેનો બાધ કરશે.પરંતુ **अकोषीत्** , **अमोषीत्** (જેવામાં), જ્યાં (**नेटि ।** થી) તે (વૃદ્ધિ) નો નિષેધ કરવામાં આવે છે (ત્યાં **ष्** ની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે). ( **इट्** યુક્ત) **सिच्** પર થતાં જે વૃદ્ધિ થાય છે તેને પણ આ (**नेटि ।** એ) પ્રતિષેધ લાગુ પડે છે.[122] કેવી રીતે ? કારણ કે શાસ્ત્ર ( નિષેધક સૂત્ર ) તો

---

[118] **सिचि वृद्धिः परस्मैपदेषु ।** એ સૂત્ર પ્રમાણે જે વૃદ્ધિનું વિધાન કરવામાં આવ્યું છે તે સામાન્ય (=અવિશિષ્ટ) રીતે કહેવામાં આવી છે, કારણ કે તેમાં વિશિષ્ટ સ્થાનીનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. તેથી **सिच्** પર થતાં **इगन्त** અંગની જ વૃદ્ધિ થાય તે માટે **इकोगुण॰** સૂત્રમાં વૃદ્ધિ શબ્દ મૂકવો પડશે.

[119] કારણ કે પૂર્વવિપ્રતિષેધથી **अतो लोपः ।** પ્રમાણે થતો **अ**-કાર લોપ વૃદ્ધિનો બાધ કરશે (**वृद्धिदीर्घाभ्यामतो लोपः पूर्वविप्रतिषेधेन ।** કા.પૃ.૫૮૪) તેથી **चिकीर्षकः । जिहीर्षकः** વગેરે સિદ્ધ થશે. જો પૂર્વવિપ્રતિષેધ ન લેવામાં આવે અને **इक्** લક્ષણા વૃદ્ધિ જ સ્વીકારવામાં આવે તો વૃદ્ધિ સૂત્ર પર હોવાથી **ण्वुल्** પૂર્વે વૃદ્ધિ થશે અને **चिकीर्षा अक** એ સ્થિતિમાં **आतो युक् चिण्कृतोः ।**પ્રમાણે **युक्** લાગીને **चिकीर्षायकः** એવું ખોટું રૂપ થવાનો પ્રસંગ આવશે.

[120] **उदवोढाम्-** એ **उद् वह्** નું **लुङ्** ત્રી.પુ.દ્વિ.વ.નું રૂપ છે. અહીં **उद् वह् लुङ्**--(**तिप्तस्झि॰** થી **तस्** ) **उद् वह् तस्**--(**तस्थस्थमिपाम्॰** થી **तस्** નો **ताम्** ) **उद् वह् ताम्**--(**च्लि लुङि ।** થી **च्लि** ) **उद् वह् च्लि ताम्**--(**च्लेः सिच् ।** થી **च्लि** નો **सिच्** ) **उद् वह् स् ताम्**-- (**लुङ्लङ्॰** થી **अट्** ) **उद् अवह् स् ताम्**-- [**सिच्** પૂર્વે **वदव्रजहलन्तस्याचः ।** થી **हलन्त** , **वह्** ના **अच्** ની હલન્તલક્ષણા વૃદ્ધિ (= **आ**)] **उदवाह् स् ताम्**--(**हो ढः ।** થી **ह्** નો **ढ्** ) **उदवाढ् ताम्**--(**झषस्तथोर्धोऽधः ।** થી **त्** નો **ध्** ) **उदवाढ् धाम्**--(**ष्टुना ष्टुः ।**પ્રમાણે **ध्** નો **ढ्**) **उदवाढ् ढाम्**--(**ढो ढे लोपः ।** થી પ્રથમ **ढ्** નો લોપ) **उदवा ढाम्**--(**सहिवहोरोदवर्णस्य ।** પ્રમાણ **आ** નો **ओ** ) **उदवोढाम्** થાય છે. અહીં જે **ओ**-કાર થયો છે તે સન્ધ્યક્ષરની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે એમ શંકાકારની દલીલ છે. પરંતુ **ढो ढे लोपः ।** (૮-૩-૧૩) એ ત્રિપાદીમાંના સૂત્રથી **ढ्** લોપ થયો છે તેથી અસિદ્ધ છે. પરિણામે હલન્તલક્ષણા વૃદ્ધિ નહીં થાય. કા. અને ન્યા. મુજબ **ढ्** લોપ અસિદ્ધ છે તેમ કહેવું પર્યાપ્ત નથી. વાસ્તવમાં **वदव्रज॰** પ્રમાણે વૃદ્ધિ થઇને **आ** થયો છે તેનો જ **सहिवहो॰** પ્રમાણે **ओ** થયો છે તેથી ફરીથી વૃદ્ધિ ન થાય. (**एकं वृद्धिशास्त्रम्। तेन च प्रागेव कृता वृद्धिरिति कृतकार्यत्वाद् वृद्धिशास्त्रस्य पुनस्तन्न व्याप्रियते इति न भवति पुनर्वृद्धिः ।** (ન્યા.ભા. ૫, પૃ.૬૫૮)

[121] **इकोगुण॰** એ સૂત્રમાં વૃદ્ધિ શબ્દનું ગ્રહણ કરવામાં ન આવે તો **सिचिवृद्धि॰** એ સૂત્રમાં **इक्** ની ઉપસ્થિત નહીં થાય તેથી **अभैत्सीत्** વગેરેમાં અન્ત્યની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે. એમ દલીલ છે, પરંતુ **वदव्रजहलन्त॰** પ્રમાણે **वद्** , **व्रज्** અને હલન્ત ધાતુઓના **हल्** ની નહીં પણ **अच्** ની વૃદ્ધિ થાય છે તેમ કહ્યું છે, તે હલન્તની વૃદ્ધિનો બાધ કરશે.

[122] **नेटि ।** સૂત્ર દ્વારા **सेट् सिच्** આગમ પર થતાં વ્યંજનાન્ત અંગની વૃદ્ધિનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે. એમ કહ્યું પણ તે સૂત્ર તો અવિશિષ્ટ રીતે કોઇ પણ વૃદ્ધિના નિષેધનું કથન કરે છે. તેથી ભાષ્યકારે,'**ध्वनति** ' અર્થાત્અવાજ કરે છે એમ જે કહ્યું તે દ્વારા સમજવાનું કે લક્ષણ તો અસ્પષ્ટ રીતે કહે છે, કારણ કે અસ્પષ્ટ રીતે કોઇ બોલે તો તે અવાજ કરે છે તેમ કહેવાય છે. આમ અહીં અવ્યક્ત રીતે, કોઇ ફોડ પાડ્યા વિના જ, વૃદ્ધિનો નિષેધ કરે છે તેથી **सिच्** પૂર્વે થતી વૃદ્ધિનો પણ આ સૂત્ર દ્વારા નિષેધ થઇ શકશે. પરંતુ એક સ્થળે નિષેધ કરીને ચરિતાર્થ થયા પછી અન્યનો નિષેધ કેવી રીતે કરી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ध्वनति भ्रमति मुहूर्तमपि नावतिष्ठते। अथवा सिचि वृद्धिपरस्मैपदेष्विति सिचि वृद्धिः प्राप्नोति। तस्या हलन्तलक्षणा वृद्धिर्बाधिका। तस्या अपि नेटीति प्रतिषेधः। अस्ति पुनः क्वचिदन्यत्राप्यपवादे प्रतिषिद्ध उत्सर्गोऽपि न भवति। अस्तीत्याह। सुजाते अश्वसूनृते। अध्वर्यो अद्रिभिः सुतम्। शुक्रं ते अन्यदिति। पूर्वरूपत्वे प्रतिषिद्धेऽयादयोऽपि न भवन्ति॥ उत्तरार्थं तर्हि सिजर्थं वृद्धिग्रहणं कर्तव्यम्। सिचि वृद्धिरविशेषेणोच्यते सा क्ङिति मा भूत्। न्यनुवीत् न्यधुवीत्। नैतदस्ति प्रयोजनम्। अन्तरङ्गत्वादत्रोवङादेशे कृतेऽनन्त्यत्वाद्वृद्धिर्न भविष्यति॥ यदि तर्हि सिच्यन्तरङ्गं भवति अकार्षीत् अहार्षीत् गुणे कृते

અવાજ કરતું કરતું ફર્યા જ કરે છે, એક ક્ષણ પણ સ્થિર ઊભું રહેતું નથી. અથવા તો **सिचि वृद्धिः परस्मैपदेषु** । પ્રમાણે **सिच्** પર થતાં વૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ( **वदव्रज०** પ્રમાણે) વ્યંજનાન્ત (ના **अच्**) ને અનુલક્ષીને કહેલી વૃદ્ધિ તેનો બાધ કરે છે અને તેનો પણ **नेटि** । (એ પ્રતિષેધ) બાધ કરે છે. પણ અપવાદનો પ્રતિષેધ કરવામાં આવે ત્યારે ઉત્સર્ગ પણ લાગુ ન પડે એવું બીજે ક્યાંય જોયું છે? તો કહે છે કે હા. **सुजाते अश्वसूनृते** । **अध्वर्यो अद्रिभिः सुतम्**। **शुक्रं ते अन्यत्**। માં[123] પૂર્વરૂપનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે છતાં **अय्** વગેરે આદેશો પણ થતા નથી.

તો પછી અહીંને માટે એટલે કે **सिच्** પર થતાં (વૃદ્ધિ થઇ શકે તે) માટે તો (પ્રસ્તુત સૂત્રમાં) વૃદ્ધિ શબ્દ મૂકવો જરૂરી છે, જેથી **सिच्** પર હોય ત્યારે થતી વૃદ્ધિ સામાન્ય રીતે[124] કહી છે, તે **कित्** અને **ङित्** પ્રત્યયો) પર હોય ત્યારે ન થાય, જેમ કે **न्यनुवीत्**। **न्यधुवीत्**। (પ્રસ્તુત સૂત્રમાં વૃદ્ધિ શબ્દ મૂકવાનું) એ પ્રયોજન નથી , કારણ કે અહીં **उवङ्** આદેશ અન્તરંગ[125] હોવાથી તે પહેલાં કરવામાં આવશે અને તે કર્યા પછી (**उ**-કાર) અન્તે ન હોવાથી વૃદ્ધિ નહીં થાય.[126] જો **सिच्** પર હોય ત્યારે અંતરંગ ન્યાય લાગુ પડે તો પછી **अकार्षीत्**। **अहार्षीत्** માં[127] અંતરંગ હોવાથી ગુણ કર્યા પછી (**उरण्**

---

શકે એ શંકા ઉચિત નથી, કારણ કે લક્ષણ તો બને ફર્યા કરે છે, બધે ફરી વળે છે, લાગુ પડે છે, એક ક્ષણ પણ સ્થિર રહેતું નથી, તેથી તે અકી સાથે અનેક સ્થળે પ્રવૃત્ત થઇ શકે છે.

[123] **सुजाते अश्वसूनृते**। **अध्वर्यो अद्रिभिः**। જેમાં **एचोऽयवायावः**। પ્રમાણે **अय्** કે **अव्** થવાનો પ્રસંગ આવે છે, ત્યાં **एङः पदान्तादति**। પ્રમાણે પૂર્વ રૂપ એકાદેશ થવાની પણ શક્યતા છે. એ સૂત્ર **एचोऽयवा०** નો અપવાદ છે. ત્યાર પછી ઋક્પાદના અંદરના ભાગને માટે વિશિષ્ટ વ્યવસ્થા કરતું (**प्रकृत्या**) **नान्तःपादमव्यपरे**। એ સૂત્ર આવે છે, તે વ્દારા જે પ્રતિષેધ કરવામાં આવે છે તેને લીધે **एचोऽवा०** એ ઉત્સર્ગ સૂત્ર તેમ જ **एङःपदाद०** એ અપવાદ સૂત્ર બન્નેની પ્રવૃત્તિ અહીં અટકી જાય છે.અહીં ભાષ્યકારે **नान्तः पादमव्यपरे**। એમ પાઠ લીધો છે એમ ભર્તૃ.(પૃ.૧૨૮) નોંધે છે.કા.(પૃ.૪૧૯) માં **प्रकृत्यान्तः-पादमव्यपरे**। એમ છે. અન્ય પાઠનો ઉલ્લેખ **केचित्** ના મત તરીકે છે. આ પ્રમાણે અપવાદનો પ્રતિષેધ કરવાથી ઉત્સર્ગનો પણ નિષેધ થયો હોય તો **वृक्ष औ** એ સ્થિતિમાં **वृद्धिरेचि**। પ્રમાણે વૃદ્ધિ એકાદેશ નહીં થાય કારણ કે **प्रथमयोः पूर्वसवर्णः**। થી થતા પૂર્વસવર્ણનો **नादिचि**। થી નિષેધ કરવામાં આવે છે અને **प्रथमयोः०** એ અપવાદ સૂત્ર છે, તેનું ઉત્સર્ગ સૂત્ર **वृद्धिरेचि**। છે. જો અપવાદનો નિષેધ કરવાથી ઉત્સર્ગનો પણ નિષેધ થતો હોય તો **वृद्धिरेचि**। નો નિષેધ થવાથી **वृक्ष औ** નું **वृक्षौ** એમ રૂપ નહીં થઇ શકે. આ પ્રકારની શંકા ઉલ્લેખ ભર્તૃ.એ કર્યો છે. પરંતુ આ પ્રતિષેધ છે એમ સમજવાનું નથી અને તેથી વૃદ્ધિનો પ્રતિષેધ નહી થાય અને **वृक्षौ** એ રૂપ સિદ્ધ થશે, એમ તેમણે ખુલાસો કર્યો છે.(એજન).

[124] એટલે કે કોઇ સ્પષ્ટતા કર્યા વિના કહી છે, કારણ કે **सिचि वृद्धिः०** માં કોઇ વિશિષ્ટ પ્રકારનો **सिच्** આવે તો વૃદ્ધિ થાય એમ કહેવામાં નથી આવ્યું તેથી **कित्** કે **ङित्** પૂર્વે ન થાય તે માટે **इकोगुण०** એ સૂત્રમાં વૃદ્ધિ શબ્દનું ગ્રહણ કરવું જરૂરી છે. **गाङ्कुटादिभ्योऽञ्णिन्ङित्**। પ્રમાણે **ञित्** અને **णित्** સિવાયના પ્રત્યયોનો **ङिद्वत्** ભાવ થાય છે, એટલે કે તે **ङित्** છે એમ ગણવાના છે. તેથી **सिच्** પ્રત્યય **ङित्** થશે અને તેથી **क्ङिति**। સૂત્રમાંના નિષેધને લીધે **न्यनुवीत्** વગેરેમાં વૃદ્ધિ થતી નથી.[કા.,ન્યા.,પદ.ભા.૫(પૃ.૬૫૨)]

[125] અહીં **अचि श्नुधातुभ्रुवां य्वोरियङुवङौ**। પ્રમાણે **इस्** પર થતાં જે **उवङ्** આદેશથાય છે તેનું નિમિત્ત (**इट्** આગમ યુક્ત **सिच्**) આન્તરિક છે, તેથી **उवङ्** આદેશ અંતરંગ છે, જ્યારે બહિર્ભૂત પરસ્મૈપદ અને **ईत्** પ્રત્યયને કારણે થતી હોવાથી વૃદ્ધિ બહિરંગ છે.[**उवङादेशः(सिचं) सिचपरस्मैपदे आश्रित्य वृद्धि-रिति**। તેથી અંતરંગ **उवङ्** બહિરંગ વૃદ્ધિનો બાધ કરશે.અંતરંગ અને બહિરંગમાંનો અંગ શબ્દ કારણ અર્થાત્ નિમિત્ત દર્શાવે છે. ભર્તૃ.પૃ.(૧૧૦)]

[126] ઉ-કારનો **उवङ्** આદેશ થયા પછી અંતે **उ** નહીં રહે તેથી અંગ **इगन्त** ન હોવાથી પરસ્મૈપદમાં **सिच्** પૂર્વે **सिचि वृद्धिः०** પ્રમાણે વૃદ્ધિ નહીં થાય. કા.ન્યા.મુજબ **णू स्तवने** અને **धू विधूनने** એ **कुटादि** ગણના ધાતુઓ હોવાથી તેની પછીનો **सिच्** પ્રત્યયનો **गाङ्कुटादि०** પ્રમાણે **ङिद्वत्** ભાવ થાય છે. તે **ङित्** જેવો થવાથી **क्ङिति**। પ્રમાણે નિષેધ થવાથી વૃદ્ધિ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**रपरत्वे चानन्त्यत्वाद्वृद्धिर्न प्राप्नोति हलन्तलक्षणायाश्च नेटीति प्रतिषेधः। मा भूदेवम्। लून्तस्य इत्येवं भविष्यति॥ इह तर्हि अलावीत् अपावीत् गुणे कृतेऽवादेशे चानन्त्यत्वाद्वृद्धिर्न प्राप्नोति हलन्तलक्षणायाश्च नेटीति प्रतिषेधः। मा भूदेवम्। लून्तस्येत्येवं भविष्यति। लून्तस्येत्युच्यते न चेदं लून्तम्। लून्तस्येत्यत्र वकारोऽपि निर्दिश्यते। किं वकारो न श्रूयते। लुप्तनिर्दिष्टो वकारः॥ यद्येवं मा भवानवीत् अत्रापि प्राप्नोति। अविमव्योर्नेति वक्ष्यामि। तद्वक्तव्यम्।**

**णिश्विभ्यां तौ निमातव्यौ।**

**रपरः**।પ્રમાણે) પાછળ **र्** મૂકવામાં આવતાં अ-કાર અન્તે ન હોવાથી (**सिचि वृद्धिः०** પ્રમાણે) વૃદ્ધિ નહીં થાય. એ રીતે વૃદ્ધિ ભલે ન થાય, પણ ( **वदव्रजहलन्त०**। પ્રમાણે ) વ્યંજનાન્ત (ના **अच्** ) ને અનુલક્ષીને કહેલી વૃદ્ધિ થશે. તો પછી આ **न्यस्तारीत्** , **न्यदारीत्** માં ગુણ કર્યા પછી ( **उरण् रपरः**।પ્રમાણે) પાછળ **र्** મૂકવામાં આવતાં अ-કાર અન્તે ન હોવાથી ( **सिचि वृद्धिः परस्मैपदेषु** । એ સૂત્ર પ્રમાણે ) વૃદ્ધિ નહીં થાય અને વ્યંજનાન્ત (ના **अच्** ) ને અનુલક્ષીને કહેલી વૃદ્ધિનો **नेटि**। એ સૂત્ર પ્રમાણે પ્રતિષેધ થાય છે. એ રીતે (વૃદ્ધિ) ભલે ન થાય,પણ **अतो लून्तस्य**। અનુસાર થશે.તો પછી **अलावीत्** , **अपावीत्** માં[128] તો ગુણ કર્યા પછી (**एचोऽयवा०** પ્રમાણે) **अव्** આદેશ થવાથી અન્તે સ્વર નથી રહેતો તેથી વૃદ્ધિ પ્રાપ્ત થતી નથી અને વ્યંજનાન્ત (ના **अच्** ) ને અનુલક્ષીને કહેલી વૃદ્ધિનો **नेटि**। એ સૂત્ર પ્રમાણે પ્રતિષેધ થાય છે. એ રીતે (વૃદ્ધિ ) ભલે ન થાય, પણ **अतो लून्तस्य**। અનુસાર થશે.( સૂત્રકારે) **लून्तस्य** (અર્થાત્ **ल** કાર જેને અન્તે હોય અને **रेफ** જેને અન્તે હોય તેની વૃદ્ધિ થાય છે ' એમ કહ્યું છે, જ્યારે અહીં તો અન્તે **ल्** પણ નથી કે **र्** પણ નથી (**व्** છે). (સૂત્રકારે) **लून्तस्य** એમ કહ્યું છે તેમાં **व**-કારનો પણ નિર્દેશ કર્યો છે તો પછી **व**-કારનું શ્રવણ કેમ નથી થતું ? (કારણ કે) **व** કાર પૂર્વે નિર્દિષ્ટ હતો પછી તેનો લોપ થયો છે. એમ હોય તો પછી **मा भवानवीत्**। **मा भवान्मवीत्** માં[129] પણ વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે. પણ હું કહેવાનો છું કે **अव्** અને **मव्** ધાતુઓની (વૃદ્ધિ) થતી નથી. (તો) તે કહેવું જોઇએ ?[130]

**णि અને श्वि ને બદલે[131] એ બે ( अव् અને मव् ) ને લેવા જોઇએ।**

**यद्यप्येतदुच्यतेऽथवैतर्हि णिश्व्योः प्रतिषेधो न वक्तव्यो भवति। गुणे कृतेऽयादेशे च यान्तानां नेत्येव प्रतिषेधो भविष्यति॥ एवं तर्ह्याचार्यप्रवृत्तिर्ज्ञापयति न सिच्यन्तरङ्गं भवतीति यदयमतो हलादेर्लघोः इत्यकारग्रहणं करोति। कथं कृत्वा ज्ञापकम्। अकारग्रहणस्यैतत्प्रयोजनमिह मा भूत् अकोषीत् अमोषीत्। यदि सिच्यन्तरङ्गं स्यादकारग्रहणमनर्थकं स्यात्। गुणे कृतेऽलघूत्वाद्वृद्धिर्न भविष्यति। पश्यति त्वाचार्यो न सिच्यतरङ्गं भवतीति ततोऽकारग्रहणं करोति। नैतदस्ति**

---

[128] અહીં **लू** અને **पू** નો **सार्वधातुकार्ध०** પ્રમાણે ગુણ થઇને **एचाऽयवा०** થી **अव्** થતાં અંતે **अ**-કાર નહીં રહે. તેથી **सिचि वृद्धिः०** પ્રમાણે **अ**-કારની વૃદ્ધિ નહીં થાય. એ રીતે ન થાય તો પણ **अतो लून्तस्य**। પ્રમાણે વૃદ્ધિ થશે, કારણ કે એ સૂત્રમાં **व**-કારનો પૂર્વે નિર્દેશ હોવા છતાં પછીથી તેનો લોપ થયો છે, **लुप्तनिर्दिष्टः** એ **पूर्वं निर्दिष्टः पश्चाल्लुप्तः**। એમ **मयूरव्यंसकादि** જેવો સમાસ છે. ભર્તૃ. કહે છે કે નિર્દિષ્ટ હોય અને લુપ્ત હોય તે શક્ય નથી, કારણ કે જેનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તે લોપ સાથે સંબંદ્ધ ન હોઇ શકે, પરંતુ **यस्येति च**। માં જેમ ન જણાતા **इ**-કારનો બાધ ગ્રહી શકીએ છીએ તેમ **व**-કારનું પણ ગ્રહણ કરી શકીએ અને **लोपो व्योर्वलि**। પ્રમાણે તેનો લોપ થયો છે. કા.(પૃ.૬૨૬) પ્રમાણે **सिचि वृद्धिः०** એમ જે ખાસ કહેવામાં આવ્યું છે તેને કારણે બહિરંગ વૃદ્ધિ અંતરંગ ગુણનો બાધ કરશે તેથી વૃદ્ધિ થઇને **अलावीत्** વગેરે થશે.

[129] આ ઉદાહરણમાં **अव्** ધાતુને **आडजादीनाम्**। પ્રમાણે **आट्** આગમ લાગવાથી **आटश्च**। પ્રમાણે વૃદ્ધિ થવાથી ધાતુના **अ**-કારની વૃદ્ધિ થાય કે ન થાય તેથી કોઇ ફેર પડતો નથી તેથી **न माङ्योगे**। પ્રમાણે **आट्** ને દૂર કરવા માટે દૃષ્ટાન્તમાં **माङ्** નો પ્રયોગ કર્યો છે.પરંતુ **माङ्** અને ધાતુના **अ**-કારનો એકાદેશ થવાથી ફરી પાછો કોઇ ફેર નહીં પડે. તે સ્થિતિ ટાળવા માટે દૃષ્ટાન્તમાં **भवान्** શબ્દ પ્રયોજ્યો છે.

[130] અહીં કેટલીક આવૃત્તિઓમાં **न वक्तव्यम्**। એમ અધિક પાઠ છે. **अव्** અને **मव्** ધાતુનું **ह्म्यन्तक्षणश्वसजागृणिश्व्येदिताम्**। એ સૂત્રમાં ગ્રહણ કરવું જોઇએ અને તેમ કરવાથી ગૌરવ થશે એમ અહીં દલીલ છે.

[131] ભાષ્યમાં **निमातव्यौ = परिवर्तनीयौ** (પ્ર.) ને બદલે મૂકવા જોઇએ. ઉપર (નોંધ૧૩૦માં) ઉદ્ધરેલ સૂત્રમાંથી **णि** અને **श्वि** ધાતુઓ છે તેને કાઢી નાંખીને તેમને બદલે **अव्** અને **मव्** ધાતુઓ મૂકવા જોઇએ. વળી **णि** અને **श्वि** નો વૃદ્ધિ નિષેધ કરવાની જરૂર નથી, કારણ કે **सार्वधातुकार्ध०** પ્રમાણે ગુણ થયા પછી **एचोऽयवाया०** પ્રમાણે **अय्** આદેશ થવાથી અંતે **य्** રહેવાથી **ह्म्यन्तक्षणश्वस०** પ્રમાણે થતો વૃદ્ધિ નિષેધ લાગુ પડશે. તેથી તે સૂત્રમાં એ ધાતુઓનું ગ્રહણ ન કરતાં **अव्**, **मव्** નું ગ્રહણ કરવાથી ગૌરવ નહીં થાય, કારણ કે તેમ કર્યા પછી **अविमव्योर्न**। એમ જુદો નિષેધ નહીં કરવો પડે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रयोजनम्। किम्। यत्र गुणः प्रतिषिध्यते तदर्थमेतत्स्यात् न्यकुटीत् न्यपुटीदिति। यत्तर्हि णिश्व्योः प्रतिषेधं शास्ति तेन नेहान्तरङ्गमस्तीति दर्शयति। यच्च करोत्यकारग्रहणं लघोरिति कृतेऽपि॥

तस्मादिग्लक्षणा वृद्धिः ॥११॥

तस्मादिग्लक्षणा वृद्धिरास्थेया॥

જો કે એમ કહ્યું છે તેમ છતાં णि અને श्वि નો (ह्म्यन्तक्षणश्वसजागृणिश्व्येदिताम् । એ સૂત્રમાં) પ્રતિષેધ કરવાની જરૂર નથી, કારણ કે ગુણ કર્યા પછી (एचोऽयवायावः । પ્રમાણે) अय् આદેશ થતાં,' य કારાન્ત અંગોની વૃદ્ધિ થતી નથી,' એ જે પ્રતિષેધ કર્યો છે તે લાગુ પડશે. તો પછી अतो हलादेर्लघोः । એ સૂત્રમાં अ-કાર મૂકીને સૂત્રકાર સૂચવે છે કે सिच् પ્રત્યય પર થતાં (જે કાર્ય કરવાનું હોય ત્યાં) અંતરંગ શાસ્ત્ર લાગુ પડતું નથી.[132] કેવી રીતે જ્ઞાપક છે? સૂત્રમાં अ-કાર મૂકવાનું પ્રયોજન એ છે કે તેથી अकोषीत्, अमोषीत् (જેવામાં) વૃદ્ધિ ન થાય सिच् પ્રત્યય પર થતાં ( જે કાર્ય કરવાનું હોય ત્યાં) જો અંતરંગ શાસ્ત્ર લાગુ પડતું હોય તો अतो हलादेर्लघोः । એ સૂત્રમાં अ-કારનું ગ્રહણ નિરર્થક થાય.પરંતુ આચાર્ય જાણે છે કે सिच् પ્રત્યય પર હોય ત્યારે અંતરંગ શાસ્ત્ર લાગુ પડતું નથી, તેથી अतो हलादेर्लघोः । એ સૂત્રમાં अ-કારનું ગ્રહણ કરે છે. એ જ્ઞાપક નથી. તે (अ-કાર) ઉચ્ચારવાની પાછળ બીજું પ્રયોજન છે. શું છે? જ્યાં ગુણનો નિષેધ કર્યો છે તે માટે (અર્થાત્ ત્યાં વૃદ્ધિ ન થાય તે માટે अ-કારનું ગ્રહણ હોઇ શકે. જેમકે न्यकुटीत्, न्यपुटीत्.[133] તો પછી (ह्म्यन्तक्षणश्वसजागृ० માં) णि અનેश्वि નો જે પ્રતિષેધ કરે છે તે દ્વારા એમ બતાવે છે કે અહીં (અર્થાત્ सिच् પ્રત્યય પર હોય ત્યારે) અંતરંગ શાસ્ત્ર લાગુ પડતું નથી. વળી अतो हलादेर्लघोः । માં'લઘુનો (लघोः)' એમ કહેવા છતાં પણ अ-કારનું ગ્રહણ કર્યું છે તેથી પણ (તે સૂચવાય છે.).[134]

તેથી વૃદ્ધિ इक् ને સ્થાને (થાય) છે ॥૧૧॥ [135]

તેથી વૃદ્ધિ इक् ને સ્થાને (થાય) છે, એમ સ્વીકારવું જોઇએ.

षष्ठ्याः स्थानेयोगत्वादिग्निवृत्तिः ॥१२॥

षष्ठ्याः स्थानेयोगत्वात्सर्वेषामिकां निवृत्तिः प्राप्नोति। अस्यापि प्राप्नोति। दधि मधु। पुनर्वचनमिदानीं किमर्थं स्यात्।

अन्यतरार्थं पुनर्वचनम् ॥१३॥

---

[132] એટલે કે અંતરંગ-બહિરંગનો પ્રશ્ન ત્યાં વિચારવાનો નથી રહેતો. अतो हलादेर्लघोः । સૂત્રમાં लघु શબ્દ મૂક્યો છે છતાં સૂત્રકારે તેમાં अत् (अ-કાર) નું ગ્રહણ કર્યું છે તે સૂચક છે. જો सिच् ની બાબતમાં અંતરંગનો સ્વીકાર થતો હોય તો मुष् વગેરેનાં अमोषीत् વગેરે રૂપોમાં વૃદ્ધિ થવાનો પ્રસંગ જ નથી, કારણ કે ગુણ અંતરંગ હોવાથી પહેલાં થશે અને ગુણ થયા પછી मोष्, कोष् વગેરે થવાથી ઉપધા લઘુ રહેતી નથી તેથી તેની વૃદ્ધિ થવાનો પ્રશ્ન રહેતો જ નથી તેથી कुष्, मुष् વગેરેના उ-કારની વૃદ્ધિ ન થાય તે માટે સૂત્રમાં अतः એમ કહેવાની જરૂર જ નથી. તેમ છતાં સૂત્રકારે अ-કારનું ગ્રહણ કર્યું છે તેથી જ્ઞાપન થાય છે કે सिच्ની બાબતમાં અંતરંગ-બહિરંગનો વિચાર કરવાની જરૂર નથી

[133] न्यकुटित्, न्यपटीत् એ लुङ्નાં ઉદાહરણોમાં कुट् અને पुट् એ ધાતુઓ कुटादि ગણના છે તેથી ङित् જેવા થશે અને क्ङिति । એ પ્રતિષેધને કારણે सार्वधातुकार्ध ० પ્રમાણે ગુણ ન થતાં हलादेः० થી તેમની લઘુ ઉપધાની વિકલ્પે વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે. તે ન આવે માટે પ્રસ્તુત સૂત્રમાં अतः નું ગ્રહણ કર્યું છે. તેથી न्यकुटीत् વગેરેમાં ગુણ નિષેધ થયો છે ત્યાં વૃદ્ધિ નહીં થાય. માત્ર ઉપાન્ત્ય લઘુ अ- કાર હશે ત્યાં જ વિકલ્પે વદ્ધિ થશે, જેમ કે अकणीत्। अकाणीत् વગેરે. જો સૂત્રમાં अतः નું ગ્રહણ ન કર્યું હોય તો कुट्ના उ નો सिच् પર થતાં ગુણ નથી થતો છતાં તેના ઉપાન્ત્ય લઘુ उ-કારની વૃદ્ધિ જ રૂર થશે, કારણ કે સૂત્રમાં 'हलादेः लघोः' એટલું જ કહ્યું છે તે પ્રમાણે જે વૈકલ્પિક વૃદ્ધિ થશે તે इक् ને સ્થાને (इक्लक्षणा) નહીં થાય પરંતુ अच् ને સ્થાને (अज्लक्षणा) થશે, કારણ કે इक् પરિભાષાની ત્યાં ઉપસ્થિતિ નથી થતી. આમ થવાથી क्ङिति । એ નિષેધ પણ લાગુ નહીં પડે, કારણ કે નિષેધ इक्लक्षणा વૃદ્ધિનો છે, अज्लक्षणा નો નથી. આ પ્રકારની વૃદ્ધિ થતી અટકાવવા માટે સૂત્રમાં अतः શબ્દનું ગ્રહણ કર્યું છે.

[134] એકદેશીએ દર્શાવેલી રીતે જ્ઞાપક થાય છે તેમ જ येनाप्राप्ति० ન્યાયથી પણ અંતરંગ ગુણનો વૃદ્ધિ દ્વારા બાધ થાય છે, કારણ કે ગુણ અવશ્ય પ્રાપ્ત (नाप्राप्त) છે ત્યાં જ વૃદ્ધિ પ્રાપ્ત થાય છે. તેમાં ગુણ વ્યાપક છે, વૃદ્ધિ વ્યાપ્ય છે, ગુણ સામાન્ય શાસ્ત્રદ્વારા પ્રાપ્ત થાય છે, વૃદ્ધિ વિશેષ શાસ્ત્ર દ્વારા પ્રાપ્ત થાય છે તેથી અપવાદભૂત વૃદ્ધિ ગુણનો બાધ કરશે.

[135] સુ.શા.(પૃ.૨૩૩) માં આ વાક્યને વાર્તિક તરીકે નથી આપ્યું. ત્યાર પછીનો आस्थेया સુધીનું ભાષ્ય પણ તેમણે લીધું નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्यतरार्थमेतत्स्यात्। सार्वधातुकार्धधातुकयोर्गुण एवेति ॥

**प्रसारणे च ॥ १४ ॥**

प्रसारणे च सर्वेषा यणां निवृत्तिः प्राप्नोति। याता वाता। पुनर्वचनमिदानीं किमर्थं स्यात्।

**विषयार्थं पुनर्वचनम् ॥१५॥**

विषयार्थमेतत्स्यात्। वचिस्वपियजादीनां कित्येवेति ॥

**उरण्रपरे च ॥ १६ ॥**

उरण्रपरे च सर्वकाराणां निवृत्तिः प्राप्नोति। अस्यापि प्राप्नोति। कर्तृ हर्तृ।

ષષ્ઠી[136] સ્થાનના અર્થમાં પ્રયોજી છે તેથી **इक्** ની નિવૃત્તિ થશે ॥૧૨॥

(**इकोगुणवृद्धी**। એ સૂત્રમાં **इक्** એમ જે) ષષ્ઠી વિભક્તિ છે તે 'સ્થાન' ના અર્થમાં પ્રયોજી છે તેથી બધા **इक्** ની નિવૃત્તિ થશે. **दधि मधु** એ (ઉદાહરણ) માં પણ (ગુણ કે વૃદ્ધિ થઇને **इक्** ની નિવૃત્તિ થવાનો ) પ્રસંગ આવશે. હવે આ (ગુણ થશે, વૃદ્ધિ થશે એમ) ફરી ફરીને[137] શામાટે કહેવામાં આવ્યું છે ?

વારંવાર કહેવાનું પ્રયોજન એ કે (ગુણ કે વૃદ્ધિ) બેમાંથી એક થાય છે તેમ સૂચવી શકાય ॥૧૩॥

આ (વારંવાર કહેવામાં આવ્યું છે તે ગુણ કે વૃદ્ધિ એ) બેમાંથી એક જ થશે તે સૂચવવા[138] માટે હોઇ શકે. જેમકે સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયો પર હોય ત્યારે ગુણ જ થશે.

સંપ્રસારણમાં પણ ॥૧૪॥[139]

સંપ્રસારણમાં પણ બધા જ **यण्** (ય, વ, ર, લ )ની નિવૃત્તિ થવાનો પ્રસંગ આવશે. આ **याता** , **वाता** માં પણ (**यण्** ની નિવૃત્તિ થઇને **इक्**) થવાનો પ્રસંગ આવશે.તો હવે (સંપ્રસારણ) ફરી ફરીને[140] શા માટે કહેવામાં આવ્યું છે ?

વિષય દર્શાવવા માટે વારંવાર કહેવામાં આવ્યું છે ॥૧૫॥

સંપ્રસારણનો વિષય (અર્થાત્ તે ક્યારે ક્યારે લાગુ પડે છે તે ) જણાવવા માટે એ (પુનર્વચન) છે જેમ કે **वच्** ,**स्वप्** , **यज्** વગેરે નું **कित्** પ્રત્યયો પર હોય ત્યારે જ (સંપ્રસારણ થાય છે).

**उरण् रपरः**। એ સૂત્રમાં પણ (સ્થાન ષષ્ઠી લેવાથી સર્વ **ऋ** કારની નિવૃત્તિ થશે) ॥૧૬॥

**उरण् रपरः**। એ સૂત્રમાં પણ (ઉઃની સ્થાન ષષ્ઠી લેવાથી) બધા જ **ऋ** કારની નિવૃત્તિ થશે.[141] (અર્થાત્ **ऋ** કાર નહીં રહે), જેમ કે **कर्तृ** , **हर्तृ** .

**सिद्धं तु षष्ठ्यधिकारे वचनात् ॥१७॥**

---

[136] **ષષ્ઠી અર્થાત् इकः गुण०** એ સૂત્રમાં જે ષષ્ઠી છે તે.પૂર્વપક્ષી માને છે કે આ સૂત્ર સ્વતંત્ર રીતે ગુણ અને વૃદ્ધિનું વિધાન કરે છે. તેની દૃષ્ટિએ આ સૂત્ર વ્દારા જેનું વિધાન કરવામાં આવે છે તે ગુણ અને વૃદ્ધિ રૂપી આદેશ થવાને કારણે બધા **इक्** ની નિવૃત્તિ, એટલે કે નાશ થાય છે તેથી **दधि** , **मधु** જેવાં સ્થળોએ પણ ગુણ કે વૃદ્ધિ આદેશ થઇને **इक्** ની નિવૃત્તિ થશે.

[137] **मिदेर्गुणः**। **मृजेर्वृद्धिः**। **सिचि वृद्धिः परस्मैपदेषु**। વગેરે સૂત્રોમાં વારંવાર ગુણ થશે, વૃદ્ધિ થશે એમ કહેવામાં આવ્યું છે અને આમ આ સૂત્રોમાં વિશિષ્ટ રીતે ગુણ યા વૃદ્ધિનું વિધાન કરવામાં આવ્યું છે તેથી **इको गुणवृद्धी**। ને પરિભાષા સૂત્ર તરીકે લેવું ઉચિત છે એમ શંકાકાર કહેવા માગે છે.

[138] ગુણ અને વૃદ્ધિ વારા ફરતી જ્યાં જ્યાં પ્રાપ્ત થાય છે ત્યાં ત્યાં ગુણ કે વૃદ્ધિનું વિશિષ્ટ નિમિત્ત દર્શાવીને વારંવાર ગુણ કે વૃદ્ધિ શબ્દનો પ્રયોગ કર્યો છે તેથી બેમાંથી એક જ થાય છે એમ સમજાય છે અને બીજાની નિવૃત્તિ થાય છે. જેમ કે **मिदेर्गुणः**। એમ કહેવાથી સમજાય છે કે **मिद्** ના **इक्** નો ગુણ થશે, વૃદ્ધિ નહીં. **मृजेर्वृद्धिः**। માં **मृज्** ના **इक्** ની વૃદ્ધિ થશે, ગુણ નહીં થાય. આમ બેમાંથી એકની નિવૃત્તિ થઇ શકે તે માટે વારંવાર ગુણ વૃદ્ધિ શબ્દો જે તે સૂત્રોમાં મૂકવામાં આવ્યા છે. તેથી **इक्** નાં જ ગુણ કે વૃદ્ધિ થશે **अनिक्** --(= **इक्** ન હોય તે) નાં નહીં થાય, કારણ કે જ્યાં જ્યાં ગુણ કે વૃદ્ધિ કહ્યાં છે ત્યાં ત્યાં **इको गुणवृद्धी**। માંનો **इकः** ઉપસ્થિત થશે.

[139] જેમ **इकः** ષષ્ઠી છે તેમ **इग्यणःसम्प्रसारणम्**। માં **यणः** પણ ષષ્ઠી છે એ સમાનતાને કારણે આ વાંધો ઉઠાવવામાં આવ્યો છે.

[140] **ष्यङः सम्प्रसारणम्**। **वचिस्वपियजादीनां किति**। **विभाषा श्वेः**। વગેરે સૂત્રો વ્દારા વારંવાર કહેવામાં આવ્યું છે. તેનું શું પ્રયોજન છે ? એમ શંકા છે.

[141] કારણ કે ઉઃ એ **ऋ** નું ષષ્ઠી એકવચનનું રૂપ છે અને તે સ્થાન ષષ્ઠી લેવામાં આવે તો બધા જ **ऋ**-કારની નિવૃત્તિ થતાં **कर्तृ**। **हर्तृ** જેવામાંનો **ऋ**-કાર પણ જતો રહેશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धमेतत्। कथम्। षष्ठ्यधिकार इमे योगाः कर्तव्याः। एकस्तावत्क्रियते तत्रैव। इमावपि योगौ षष्ठ्यधिकारमनुवर्तिष्येते॥ अथवेदं तावदयं प्रष्टव्यः। सार्वधातुकार्धधातुकयोर्गुणो भवतीतीह कस्मान्न भवति। याता वाता। इदं तत्रापेक्षिष्यत इको गुणवृद्धी इति। यथैव तर्हीदं तत्रापेक्षिष्यत एवमिहापि तदपेक्षिष्यामहे। सार्वधातुकार्धधातुकयोरिको गुणवृद्धी इति॥

इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां तृतीयमाह्निकम्॥३॥

(આ બધાં સૂત્રો ) ષષ્ઠ્યધિકારમાં લેવાથી (સર્વ કાર્ય) સિદ્ધ થાય છે.॥૧૭॥

એ સિદ્ધ થાય છે, કેવી રીતે ? આ બધાં જ સૂત્રોને (**षष्ठी स्थानेयोगा।** એ સૂત્રથી શરૂ થતા) ષષ્ઠ્યધિકારમાં મૂકવા જોઇએ.[142] એક (અર્થાત્ **उरण् रपरः।** એ સૂત્ર) તો તે ( ષષ્ઠ્યધિકાર) માં જ છે. આ (**इकोगुणवृद्धी।** અને **इग्यणः सम्प्रसारणम्।** એ) બે સૂત્રોની (ષષ્ઠ્યધિકારમાં) અનુવૃત્તિ કરવામાં આવશે. અથવા ષષ્ઠ્યધિકારમાં એ બે સૂત્રોનો સંબંધ જોડીશું. [143] અથવા તો આ (શંકાકાર) ને એ પૂછવું જોઇએ કે સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યય પર થતાં ગુણ થાય છે તે આ **याता , वाता** માં કેમ નથી થતો ? ત્યાં **इकोगुणवृद्धी।** એ (સૂત્ર)ની અપેક્ષા રહેશે (અર્થાત્ ગુણ અને વૃદ્ધિ **इक्** નાં જ થાય એમ સમજીશું). તે પછી જેમ આ (**इकोगुणवृद्धी।**) ને ત્યાં લેવામાં આવે છે તેમ અહીં (**सार्वधातुकार्धधातुकयोः।** માં) પણ લઇશું ,[144] એટલે કે સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યયો પર હોય ત્યારે **इक्** નાં ગુણ વૃદ્ધિ થાય છે.

**અહીં શ્રીભગવાન્ પતંજલિ વિરચિત વ્યાકરણમહાભાષ્યના પ્રથમ અધ્યાયના પ્રથમ પાદનું તૃતીય આહ્નિક સમાપ્ત ॥**

---

[142] **इको गुणवृद्धी।** અને **इग्यणः सम्प्रसारणम्।** એ બે સૂત્રોને સ્વરિત કલ્પીને શાસ્ત્રીય અધિકારનો આશ્રય લઇને તેમની ષષ્ઠ્યધિકારમાં અનુવૃત્તિ કરી શકાશે. લક્ષ્યની દૃષ્ટિએ પણ અનુવૃત્તિ જરૂરી છે. વચમાં આવતાં સૂત્રોને તેમની સાથે કોઇ સંબંધ ન હોવાથી ત્યાં તેમની અનુવૃત્તિ થાય તે યોગ્ય નથી માટે મંડૂકપ્લુતિથી અનુવૃત્તિ થશે. તે જ રીતે જ્યાં સ્થાન ષષ્ઠી વ્દારા નિર્દેશ કરીને સંપ્રસારણનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં **इग्यणः** ની ઉપસ્થિતિ થશે. **उरण्रपरः।** એ સૂત્ર તો ષષ્ઠ્યધિકારમાં છે જ તેથી જ્યાં સ્થાનષષ્ઠી વ્દારા નિર્દેશ કરીને ' **ऋ** ને સ્થાને **अण्** થાય છે' એમ વિધાન કર્યું હોય ત્યાં **रपरः** એ પદ ઉપસ્થિત થશે.

[143] **षष्ठी स्थानेयोगा।** એ સૂત્રનો યોગવિભાગ કરીને **षष्ठी।** અને **स्थानेयोगा।** એ બે નવાં સૂત્રો કરવામાં આવશે અને **स्थानेयोगा।** એ સૂત્રમાં **षष्ठी।** ની અનુવૃત્તિ થશે. અહીં **षष्ठी।** એ સૂત્ર સાપેક્ષ છે. તેનો અર્થ, ક્રમપૂર્વક જે કહેવામાં આવ્યું છે તે જ્યાં ષષ્ઠી હોય ત્યાં ઉપસ્થિત થાય છે. આમ **षष्ठी।** એ સૂત્રને જે અપેક્ષા છે તે **इको गुणवृद्धी।** અને **इग्यणः सम्प्रसारणम्।** એ બે સૂત્રોની જ છે તેમ શિષ્ટોનાં વ્યાખ્યાન ઉપરથી તેમ જ યોગ્ય દૃષ્ટિથી જોતાં સમજાય છે. (ભર્તૃ.પૃ.૧૩૦).

[144] ફરી ફરીને ગુણ, વૃદ્ધિ વગેરે શબ્દોના પ્રયોગનું સમર્થન શંકાકારે '**अन्यतरार्थं वचनम्।**' એમ કહીને કર્યુ , તેથી 'જ્યાં ગુણ કે વૃદ્ધિનું વિધાન કરવામાં આવે ત્યાં **इक्** ની ઉપસ્થિતિ થાય છે' એમ સંબંધ યોજ્યો છે. એ રીતે **याता।** **वाता।** વગેરેમાં સંપ્રસારણ અટકાવી શકાય. હવે **इको गुणवृद्धी।** તેમ જ **मिदेर्गुणः।** કે **मृजेर्वृद्धिः।** વગેરે વચ્ચે અપેક્ષા સ્વીકારવામાં આવે તે વધુ સ્વાભાવિક અને ઇષ્ટ છે, કારણ કે જેમ વિધિને સ્થાનીની અપેક્ષા હોય છે તેમ સ્થાનીને પોતાને અનુલક્ષીને કરેલા વિધેયબોધક વાક્ય (અર્થાત્ વિધિ વાક્ય) ની અપેક્ષા હોય છે તેથી એકવાક્યતા થાય તે જરૂરી છે. આમ **इको गुणवृद्धी।** એ સ્વતંત્ર વિધિવાક્ય નથી તેમ સ્વીકારવું રહ્યું. (ભર્તૃ.પૃ.૧૩૦). આથી યોગવિભાગ કરવાની કોઇ જરૂર રહેતી નથી. છતાં સમજાશે કે ગુણ વૃદ્ધિ જે કહ્યાં છે તે **इक्** નાં જ થાય છે.

**॥ અહીં શ્રી ભગવાન પતંજલિ વિરચિત વ્યાકરણમહાભાષ્યના પ્રથમ અધ્યાયના પ્રથમ પાદના તૃતીય આહ્નિકની ટીકાસમાપ્ત ॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આહ્નિક ચોથો

**न धातुलोप आर्धधातुके ।१।१।४॥**

धातुग्रहणं किमर्थम्। इह मा भूत्। लूञ् लविता लवितुम्। पूञ् पविता पवितुम्। आर्धधातुक इति किमर्थम्। त्रिधा बद्धो वृषभो रोरवीति। किं पुनरिदमार्धधातुकग्रहणं लोपविशेषणम्।

ધાતુના એકદેશના[1] લોપનું કારણ હોય તેવો આર્ધધાતુક પ્રત્યય પર થતાં (**इक्** ને સ્થાને પ્રાપ્ત થનાર ગુણ કે વૃદ્ધિ થતાં) નથી ॥૧।૧।૪॥

(આ સૂત્રમાં) ધાતુ (શબ્દ)[2] શા માટે મૂક્યો છે ? **लूञ्** (ઉપરથી થતાં) **लविता। लवितुम्।** **पूञ्** (ઉપરથી થતાં) **पविता। पवितुम्** માં (પ્રતિષેધ) ન થાય તે માટે.[3] (સૂત્રમાં) **आर्धधातुके** એમ શા માટે (કહ્યું છે) ? **त्रिधा बद्धो वृषभो रोरवीति।** (માં નિષેધ ન થાય તે માટે).[4] આ જે **आर्धधातुक** (શબ્દ) મૂકયો છે તે તે લોપનું વિશેષણ છે? એટલે કે

---

[1] આ સૂત્રમાં ધાતુ શબ્દ ધાતુના અવયવ માટે પ્રયોજ્વામાં આવ્યો છે, કારણ કે સમગ્ર ધાતુનો લોપ થાય તો ગુણ કે વૃદ્ધિ થવાનો પ્રશ્ન જ રહેતો નથી. દા.ત. **दुरीणो लोपश्च।** (ઉણાદિ સૂત્ર) અનુસાર **दुस्** શબ્દ ઉપપદ થતાં **इण्(इ)** ધાતુને **दुःखेन ईयते (इति दूरम्)।** એ અર્થમાં **रक्(र)** પ્રત્યય લાગે છે અને સમગ્ર ધાતુનો લોપ થાય છે. અહીં ગુણ કે વૃદ્ધિ પ્રાપ્ત થતાં નથી તેથી પ્રસ્તુત સૂત્રમાં ધાતુ શબ્દ તેના એકદેશ માટે પ્રયોજ્વામાં આવ્યો છે તેમ સમજાય છે. જેમ વસ્ત્રનો થોડો ભાગ દાઝી ગયો હોય તો પણ **पटो दग्धः।** એમ કહેવામાં આવે છે અને દેવદત્તના એક જ અવયવને અલંકૃત કરવામાં આવ્યો હોય તો પણ **अलंकृतो देवदत्तः।** એમ કહેવામાં આવે છે તે રીતે ધાતુના એકદેશનો લોપ તે ધાતુલોપ કહેવાય.

[2] કેટલાક વૃત્તિકારો '**धातुलोप इति किमर्थम्।**' એમ પાઠ લે છે.(ભર્તૃ.પૃ.૧૩૧)

[3] **लूञ्** , **पूञ्** વગેરેમાં **ञ्** એ **इत्** છે તે ધાતુના ભાગ રૂપ નથી, કારણ કે ઉપદેશમાં જ **इत्** નો પ્રયોગ કરેલો છે પણ ભાષામાં પ્રયોગ કરવાનો હોય ત્યારે **लू** શબ્દ જ પ્રયોજાય છે અને તેની ધાતુ સંજ્ઞા થાય છે, ફેર માત્ર એટલો જ કે તેને **ञित्** ને થતાં કાર્યો પ્રાપ્ત થાય છે. પરંતુ ક્રિયાવાચી તો **लू** શબ્દ જ છે તેથી તેને ધાતુ સંજ્ઞા પ્રાપ્ત થાય તે યોગ્ય છે. જો કે ધાતુ સંજ્ઞા અને **इत्** સંજ્ઞા એકી સાથે થવા જાય છે છતાં ધાતુ સંજ્ઞા થાય તે પૂર્વે જ '**सर्वविधिभ्यो लोपविधिर्बलीयान्।** (સર્વ વિધિઓમાં લોપ વિધિ બળવાન છે)' એ ન્યાયે **ञ्** નો લોપ થશે, ત્યાર બાદ **लू** કે **पू** ને ધાતુ સંજ્ઞા થશે.તેથી **ञ्** લોપ ધાતુલોપ થતો નથી. પરિણામે અહીં ગુણનો નિષેધ નથી થતો. જો સૂત્રમાં ધાતુ શબ્દનું ગ્રહણ ન કર્યું હોય અને **न लोप आर्धधातुके।** એટલું જ સૂત્ર લેવામાં આવે તો આર્ધ - ધાતુક **तृच्** પ્રત્યય પર થતાં **लूञ्** કે **पूञ्** ના **ञ्** નો લોપ થયા પછી ગુણનો નિષેધ થશે તેથી **लविता। पविता** વગેરે રૂપો સિદ્ધ નહીં થાય. પરંતુ સૂત્રમાં ધાતુ ગ્રહણ કર્યું છે તેથી ગુણ થાય છે.(ભર્તૃ.પૃ.૧૩૨.ન્યા.પદ.પૃ.૮૦)

[4] **धातुलोपे** એ **धातोः लोपः।** એમ તત્પુરુષ હોય તો **रोरवीति** માં **यङ्लुक्** નું આર્ધધાતુક રૂપી નિમિત્ત ન રહેવાથી (= **अनैमित्तिक** થવાથી), **यङ्** નો લોપ ધાતુના અવયવનો લોપ થવાથી **न धातुलोपे।** થી ગુણનિષેધ થશે, પરંતુ સૂત્રમાં **आर्धधातुक** શબ્દનું ગ્રહણ કર્યું છે તેથી **धातोः लोपः यस्मिन्।** એ અર્થનો અન્યપદાર્થપ્રધાન બહુવ્રીહિ થઇ શકશે. તેથી **यङ्लुक्** નું નિમિત્ત આર્ધધાતુક થવાથી **गुणो यङ्लुकोः।** થી થતા ગુણનો નિષેધ થશે. આમ **त्रिधा बद्धो०** એ પ્રત્યુદાહરણ આપીને આર્ધધાતુક ગ્રહણનું પ્રયોજન સૂચવ્યું છે. **रु शब्दे** એ ધાતુને **धातोरेकाचो०** થી **रु यङ्--यङोऽचि।** તથા **बहुलं छन्दसि।** થી **यङ्** નો લોપ, છતાં **प्रत्ययलोपे प्रत्ययलक्षणम्।** પ્રમાણે (**यङ्** ને કારણે) **सन्यङोः।** પ્રમાણે દ્વિત્વ-- **रुरु--पूर्वोऽभ्यासः।** થી અભ્યાસ સંજ્ઞા --**गुणो यङ्लुकोः।** થી અભ્યાસનો ગુણ --**रो रु --सनाद्यन्ता धातवः।** થી **रोरु** ને ધાતુ સંજ્ઞા થવાથી **वर्तमाने लट्। लः परस्मैपदम्।**--**ल** નો **ति** --**रोरु ति--कर्तरि शप्।** થી **शप्- अदिप्रभृतिभ्यः शपः।** થી **शप्** લોપ --**यङो वा।** થી **ईट्** આગમ **रोरु ईति--**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आर्धधातुकनिमित्ते लोपे सति ये गुणवृद्धी प्राप्नुतस्ते न भवत इति। आहोस्विद्गुणवृद्धिविशेषणमार्धधातुकग्रहणम्। धातुलोपे सत्यार्धधातुकनिमित्ते ये गुणवृद्धी प्राप्नुतस्ते न भवत इति।। किं चातः। यदि लोपविशेषणम् उपेद्धः प्रेद्धः अत्रापि प्राप्नोति। अथ गुणवृद्धिविशेषणं क्नोपयति इत्यत्रापि प्राप्नोति। यथेच्छसि तथास्तु। अस्तु तर्हि लोप-विशेषणम्। कथम् उपेद्धः प्रेद्ध इति। बहिरङ्गो गुणोऽन्तरङ्गः प्रतिषेधः। असिद्धं बहिरङ्गमन्तरङ्गे। यद्येवं

આર્ધધાતુક પ્રત્યયને કારણે ધાતુલોપ થતાં જે ગુણ અને વૃદ્ધિ પ્રાપ્ત થાય છે, તે થતાં નથી,' એમ (સમજવું)? કે પછી' આર્ધધાતુકને ગુણ અને વૃદ્ધિના વિશેષણ તરીકે (સૂત્રમાં) મૂક્યો છે ? એટલે કે ધાતુલોપ થતાં આર્ધધાતુક પ્રત્યયને કારણે જે ગુણ અને વૃદ્ધિ પ્રાપ્ત થાય છે તે થતાં નથી' એમ (સમજવું)? આથી શો ફેર પડે છે ? જો લોપનું વિશેષણ હોય તો આ उपेद्धः। प्रेद्धः ને[5] પણ (સૂત્ર) લાગુ પડશે. હવે જો (આર્ધધાતુક એ) ગુણવૃદ્ધિનું વિશેષણ હોય તો આ क्नोपयति ને[6] પણ (સૂત્ર) લાગુ પડશે. તારી ઇચ્છા હોય તેમ ભલે થાય. તો (આર્ધધાતુક એ) ભલે લોપનું વિશેષણ થાય. તો પછી उपेद्धः। प्रेद्धः એ કેવી રીતે (સિદ્ધ થશે)? ગુણ બહિરંગ છે, જ્યારે પ્રતિષેધ અંતરંગ છે,[7] અને અંતરંગની દૃષ્ટિએ બહિરંગ અસિદ્ધ હોય છે. જો એમ હોય તો (સૂત્રમાં)

---

सार्वधातुकार्ध० પ્રમાણે ગુણ--एचोऽयवायावः। થી अव् થઇને रोरवीति સિદ્ધ થાય છે. અહીં સૂત્રમાં आर्धधातुके એમ ન મૂકયું હોત અને न धातुलोपे। એટલું જ કહીને ગુણવૃદ્ધિનો નિષેધ કરવામાં આવ્યો હોત તો સાર્વધાતુક પ્રત્યય तिप् ને કારણે થતા ગુણનો નિષેધ થવાથી रोरवीति એ યોગ્ય રૂપ ન થતાં रोर्वीति એમ અશુદ્ધ રૂપ થવાનો પ્રસંગ આવત.

[5] उपेद्धः (उप इन्ध्), प्रेद्धः (प्र इन्ध्) માં મૂળ ञिइन्धि दीप्तौ ધાતુને निष्ठा। પ્રમાણે इन्ध् क्त--लशक्वतद्धिते--तस्य लोपः।--इन्ध् त --अनिदितां हल उपधायाः क्ङिति। થી અનુનાસિક લોપ --इध् त--झषस्तथोर्धोऽधः। થી त् નો ध्--इध् ध--झलां जश् झशि। થી ध् નો द् થતાં इद्ध--कृदतिङ्। થી कृत् સંજ્ઞા--कृत्तद्धितसमासाश्च।થી પ્રાતિપદિક સંજ્ઞા--प्रातिपदिकार्थमात्रे प्रथमा। થી પ્રાતિપદિકના અર્થમાં પ્રથમાનો सु--इद्धः--प्र इद्धः। उप इद्धः--आद्गुणः। થી ગુણ--प्रेद्धः। उपेद्धः થાય છે. आर्धधातुक ને જો લોપના વિશેષણ તરીકે લેવામાં આવે તો प्रेद्धः વગેરેમાં આર્ધ-ધાતુક પ્રત્યય क्त ને કારણે अनिदिताम्० થી અનુનાસિક લોપ થયો છે તેથી ગુણ ન થવાનો પ્રસંગ આવશે, પરંતુ જો आर्धधातुक ને ગુણવૃદ્ધિનું વિશેષણ ગણવામાં આવે તો ગુણ ન થવા રૂપી દોષ નહીં આવે, કારણ કે અહીં આર્ધધાતુકને કારણે ગુણ થતો નથી પરંતુ आद्गुणः। પ્રમાણે થયો છે.

[6] क्नूय् (क्नूयी शब्दे उन्दने च।)--हेतुमति च। થી णिच्--क्नूय् णिच् (इ)अर्तिह्रीव्लीरी० થી पुक् આગમ થતાં क्नूय्प् इ--लोपो व्योर्वलि। થી य् લોપ--क्नूप् इ--पुगन्तलघू० થી ગુણ--क्नोपि ति--क्नोपि शप् ति--सार्वधातुकार्ध० પ્રમાણે ગુણ क्नोपे अ ति--एचोऽयवा०--अय्--क्नोपयति થશે.क्नोपि માં ગુણ આર્ધધાતુક णिच् ને લીધે થયો છે. હવે પ્રસ્તુત સૂત્રમાં આર્ધધાતુકને ગુણનું વિશેષણ ગણતાં ગુણનો નિષેધ પ્રાપ્ત થાય છે, કારણ કે અહીં ધાતુના અવયવ य् નો લોપ થયો છે, પરંતુ आर्धधातुके ને લોપનું વિશેષણ ગણતાં આ નિષેધ પ્રાપ્ત થતો નથી, કારણ કે અહીં क्नूय् ના य् નો જે લોપ થયો છે તે આર્ધધાતુક પ્રત્યય णिच् ને કારણે નથી થયો પણ य् પછી प् (वल्) આવવાથી થયો છે.

[7] प्रेद्धः। उपेद्धः માં પ્રથમ ધાતુનો પ્રત્યય સાથે યોગ થાય છે અને ત્યાર બાદ ઉપસર્ગ સાથે યોગ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો નિષેધ અંતરંગ થશે અને ગુણ બહિરંગ થશે, પરંતુ પ્રથમ ધાતુનો ઉપસર્ગ સાથે યોગ થાય છે અને ત્યારબાદ પ્રત્યય સાથે યોગ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો ગુણ અંતરંગ થશે અને નિષેધ બહિરંગ થશે, કારણ કે ધાતુ અને ઉપસર્ગનો યોગ થતાં જ आद्गुणः। પ્રમાણે ગુણ થઇ જશે. ત્યાર પછી क्त પ્રત્યય લાગતાં अनिदितां हलः० થી न् લોપ થશે.પરંતુ ગુણ બહિરંગ હોય અને નિષેધ અંતરંગ હોય કે ગુણ અંતરંગ હોય અને નિષેધ બહિરંગ હોય, બન્ને કિસ્સામાં असिद्धं बहिरङ्गमन्तरङ्गे। એ પરિભાષા પ્રાપ્ત થતી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नार्धोधातुग्रहणेन। इह कस्मान्न भवति । लुञ् लविता लवितुम्। आर्धधातुकनिमित्ते लोपे प्रतिषेधो न चैष आर्धधातुकनिमित्तो लोपः। अथवा पुनरस्तु गुणवृद्धिविशेषणम्। ननु चोक्तं क्नोपयति इत्यत्रापि प्राप्नोतीति। नैष दोषः। निपातनात्सिद्धम्। किं निपातनम्। चेलेक्नोपेः इति॥ परिगणनं कर्तव्यम्।

ધાતુ (શબ્દ)મૂકવાનો કોઇ અર્થ નથી.[8] તો પછી लूञ् નાં लविता। लवितुम् માં[9] (ગુણ નિષેધ) કેમ નથી થતો ? (એટલા માટે કે) આર્ધધાતુક પ્રત્યયને કારણે લોપ થતો હોય તો ગુણવૃદ્ધિનો પ્રતિષેધ કર્યો છે,પણ આ( लूञ् ના ञ् નો) લોપ તો આર્ધધાતુક પ્રત્યયને કારણે થતો નથી. અથવા તો[10] आर्धधातुके એ ગુણવૃદ્ધિનું વિશેષણ ભલે થાય. પરંતુ (અમે) કહ્યું છે કે क्नोपयति માં પણ આ (સૂત્ર) લાગુ પડશે (અને ગુણનિષેધ થવાનો પ્રસંગ આવશે). તેમાં કોઇ વાંધો નથી, કારણ કે (સૂત્રકારે તેને) નિપાતન દ્વારા સિદ્ધ કર્યું છે. કયું નિપાતન ? चेले क्नोपेः। માં નિપાતન[11] કર્યું છે. તો પછી પરિગણન[12] કરવું પડશે:-

---

હોવાથી प्रेद्ध।उपेद्धः સિદ્ધ થઇ શકશે. प्रेद्धः વગેરેમાં नाजानन्तर्ये बहिष्ट्वप्रक्लृप्तिः। એ પરિભાષા લાગુ પડતી નથી, કારણ કે અહીં જે બે अच् નું આનન્તર્ય છે તે સૂત્રનિર્મિત નથી તેથી અંતરંગ પરિભાષા લાગુ પડશે. વાસ્તવમાં उपेद्धः વગેરેમાં જે ગુણ થાય છે તે इग्लक्षण ગુણ નથી તેથી न धातु लोपे० એ સૂત્ર લાગુ પડતું જ નથી .

[8] પ્રસ્તુત સૂત્રમાં आर्धधातुके એમ જે છે તેને લોપનું વિશેષણ લેવામાં આવે તો આર્ધધાતુક પ્રત્યયો ધાતુ પછી આવતા હોવાથી સૂત્રમાં धातु શબ્દનું ગ્રહણ ન કર્યું હોય તો પણ આર્ધધાતુક પ્રત્યયને કારણે થએલો લોપ, ધાતુના અવયવનો જ છે તેમ સમજી શકાય છે તેથી સૂત્રમાં धातु શબ્દ મૂકવાની જરૂર નહીં રહે અને એમ થવાથી લાઘવ થશે એ વધારાનો લાભ છે.

[9] (નોધ ૩ માંની) શંકાનાં નિરાસ કરતાં ભાષ્યકાર કહે છે કે છે ञ् નો લોપ આર્ધધાતુક પ્રત્યયને કારણે નથી થયો, પરંતુ हलन्त्यम्। થી તેની इत् સંજ્ઞા થતાં तस्य लोपः। પ્રમાણે તેનો લોપ થયો છે. તેથી प्रेद्धः વગેરે સિદ્ધ થવામાં કોઇ બાધ નહીં આવે, કારણ કે न लोप आर्धधातुके। (એમ ધાતુગ્રહણ વિનાના) સૂત્રમાં કરવામાં આવેલ નિષેધ પ્રસ્તુત સ્થળે પ્રાપ્ત થતો નથી. અહીં કેટલેક સ્થળે लूञ् लविता लवितुम् પછી पूञ् पविता पवितुम् એટલો અધિક પાઠ છે (જુઓઃ ચારુ. પૃ.૧૭૫, સુ.શા.ભા.૨,પૃ.૩).

[10] પહેલાં यथेच्छसि तथा भवतु। એમ કહ્યું છે તેથી અહીં બીજા વિકલ્પનો આશ્રય લઇને દોષ દૂર કરે છે.અહીં નારાયણ વગેરે વિવરણ કર્તાઓ પ્રમાણે આ પ્રમાણે પાઠ છેઃ अथवा पुनरस्तु गुणवृद्धिविशेषणम्। कथं क्नोपयति परिगणनं कर्तव्यम्। (છા.પૃ. ૨૦૨ પા.ટી.૮) છાયાકારે જે પ્રચુર પ્રમાણમાં ઉપલબ્ધ છે તે પાઠ સ્વીકાર્યો છે.

[11] કોઇ શબ્દનો પ્રયોગ શાસ્ત્રના નિયમ અનુસાર અમુક જ રીતે થઇ શકે તેમ હોય છતાં સૂત્રમાં તેનો અન્ય રીતે પ્રયોગ કરવામાં આવ્યો હોય તો તેને નિપાતન કહે છે. (જુઓ ઃ निपातनं नामान्यादृशो प्रयोगे प्राप्तेऽन्यादृशप्रयोग-करणम्। (ઉ.પૃ. ૧૫૩) દા.ત. क्नूय् ધાતુનો ગુણ લક્ષણ દ્વારા સિદ્ધ થઇ શકતો નથી છતાં સૂત્રકારે चेले क्नोपेः। એ સૂત્રદ્વારા ખાસ ગુણ સહિતના क्नूय् નું ઉચ્ચારણ કર્યું છે તે નિપાતન છે. તે દ્વારા સમજાય છે કે क्नूय् ને ગુણ થશે અને क्नोपयति રૂપ સિદ્ધ થઇ શકશે.

[12] જેનો જેનો લોપ થતાં ગુણવૃદ્ધિ ન થતાં હોય તેની યાદી બનાવવી પડશે, અર્થાત્ સૂત્રમાં धातु શબ્દનું ગ્રહણ ન કરતાં न यङ्यक्क्यवलोप आर्धधातुके। એમ સૂત્ર કરવું પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यङ्यक्क्यवलोपे प्रतिषेधः ॥१॥

यङ्यक्क्यवलोपे प्रतिषेधो वक्तव्यः। यङ्--बेभिदिता मरीमृजकः। यक्--कुषुभिता मगधकः। क्य--समिधिता दृषदकः। वलोपे--जीरदानुः। किं प्रयोजनम्।

नुम्लोपस्त्रिव्यनुबन्धलोपेऽप्रतिषेधार्थम् ॥२॥

यङ्, यक्, क्य અને व् નો લોપ થયો હોય ત્યારે ગુણવૃદ્ધિનો પ્રતિષેધ થાય છે ॥૧॥

(ધાતુના એક દેશભૂત यङ्, यक्, क्य અને व् નો જ્યારે લોપ થાય છે ત્યારે (ગુણવૃદ્ધિ નો) પ્રતિષેધ થાય છે' એમ કહેવું જોઇએ. यङ् (નો લોપ થતાં પ્રતિષેધનાં ઉદાહરણ) बेभिदिता, [13] मरीमृजः, यक् (નો લોપ થતાં પ્રતિષેધનાં ઉદાહરણ) कुषुभिता, मगधकः,[14] क्य (નો લોપ થતાં પ્રતિષેધનાં ઉદાહરણ) समिधिता, दृषदकः અને व् (નો લોપ થતાં પ્રતિષેધનું ઉદાહરણ) આ जीरदानुः (વગેરેનું પરિગણન કરવાનું) પ્રયોજન શું છે ?

नुम् નો લોપ થાય ત્યારે,[15] स्रिव् (ધાતુ)માં (અવયવનો લોપ થાય ત્યારે ) અને અનુબન્ધનો લોપ થાય ત્યારે પ્રતિષેધ લાગુ ન પડે તે માટે ॥૨॥

---

[13] भिद् ધાતુ ઉપરથી बेभिद्य એ यङन्त થશે. તેને तृच् પ્રત્યય અને इट् આગમ લાગતાં यस्य हलः। પ્રમાણે हल् (द्)ની પાછળ આવતા य् નો લોપ થઇને बेभिदिता રૂપ સિદ્ધ થશે.मृज् ધાતુને यङ् લાગતાં नन्दिग्रहिपचादिभ्यो ल्युणिन्यचः। પ્રમાણે अच्--मृज् यङ् अच्--यङोऽचि च। થી यङ् નો લોપ થવા છતાં प्रत्ययलक्षण ને કારણે सन्यङोः। થી અભ્યાસ સંજ્ઞા --उरत्। થી અભ્યાસના ऋ નો अ--उरण् रपरः।--मर् मृज् अ-- हलादिः शेषः।--म मृज् अ--रीगृपधस्य च। થી અભ્યાસને रीक् આગમ, कित् હોવાથી અન્તે લાગતાં--मरीक् मृज् अ-- અંગ સંજ્ઞા--मृजेर्वृद्धिः। થી થતી વૃદ્ધિનો न धातुलोपे० થી પ્રતિષેધ--कृदतिङ्। થી कृत् સંજ્ઞા--कृत्तद्धित० થી પ્રાતિપદિક સંજ્ઞા--ङ्याप्प्रातिपदिकात्। स्वौजस्० થી सु થતાં मरीमृज सु--मरीमृज स्--खरवसानयोः० થી વિસર્ગ થઇને मरीमृजः થશે.અહીં છાયા નોંધે છે કે વાસ્તવિક પાઠ मरीमृजकः છે, કારણ કે अनारम्भो वा। એ વા(૮) માં ભાષ્યકારે मरीमृजकः પાઠ છે. જો કે કિ.(પૃ.૫૨) માં मरीमृजः એમ જ પાઠ છે.

[14] कुषुभ અને मगध એ कण्ड्वादि ગણમાંના ધાતુઓ છે તેમને कण्ड्वादिभ्यो यक्। થી यक्--ण्वुल्तृचौ। અને आर्धधातुकस्य० થી तृच् અને इट् થતાં कुषुभ्य इट् तृच्। मगध्य ण्वुल् --यस्य हलः। થી य् નો લોપ--पुगन्तलघू० થી ગુણ અને अत उपधायाः। પ્રમાણે થતી વૃદ્ધિનો न धातु० થી નિષેધ થતાં कुषुभितृ ને ઉપર (નોંધ૧૩) પ્રમાણે कृत्,પ્રાતિપદિક વગેરે સંજ્ઞા થઇને सु થતાં--कुषुभितृ स्--ऋदुशनस्पुरुदंसोऽनेहसां च। થી ऋ નો अनङ् થતાં कुषुभितन् स्--अप्तृन्० થી ઉપધા દીર્ઘ થતાં कुषुभितान् स्--हल्ङ्याब्भ्यो दीर्घात्० થી स् લોપ --कुषुभितान्--नलोपःप्राति० થી न् લોપ થઇને कुषुभिता સિદ્ધ થાય છે. मगध्य अक માં य् લોપ--मगध् अक--मगधक--कृत् પ્રાતિપદિક વગેરે સંજ્ઞા થઇને सु (નોંધ૧૩) मगधक सु-- इत् લોપ--मगधक स्-- ससजुषोः। થી रु--खरवसानयोः० થી વિસર્ગ થઇને मगधकः। समिध् અને दृषद् ને અનુક્રમે (सुप आत्मनः० પ્રમાણે) क्यच् અને (कर्तुःक्यङ्० પ્રમાણે) क्यङ् લાગીને समिध्य, दृषद्य થતાં ण्वुल्तृचौ। થી અનુક્રમે तृच् અને ण्वुल्(अक)--क्यस्य विभाषा। થી વિકલ્પે य् લોપ થઇને समिधिता। दृषदकः સિદ્ધ થશે.અહીં य् લોપને કારણે લઘુ ઉપધાનો ગુણ અને ण्वुल् પર થતાં अत उपधायाः। પ્રમાણે થતી વૃદ્ધિનો न धातुलोप० થી નિષેધ થયો છે.जीरदानुः (આ.૨,નોંધ ૧૨૬).

[15] नुम् એ न् ની પૂર્વાચાર્યોએ કરેલી સંજ્ઞા છે.તેથી नुम् લોપ એટલે न् નો લોપ. भञ्ज्। रञ्ज् માં ઔપદેશિક न-કારનો લોપ છે, જ્યારે बृंह् માં જે લોપ થાય છે તે नुम्, इदितो नुम्धातोः। પ્રમાણે હ્રસ્વ इ-કાર इत् યુક્ત बृहि ધાતુને લાગેલો આગમ છે. ધાતુપાઠમાં ઉપદેશેલો नुम् નથી. આમ नुम् એટલે न-કાર એમ સમજ્વાથી કોઇ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नुम्लोपे स्त्रिव्यनुबन्धलोपे च प्रतिषेधो मा भूदिति। नुम्लोपे। अभाजिरागः उपबर्हणम्। स्त्रिवेः आस्त्रेमाणम्। अनुबन्धलोपे लूञ् लविता लवितुम्॥ यदि परिगणनं क्रियते स्यदः प्रश्रथः हिमश्रथः इत्यत्रापि प्राप्नोति। वक्ष्यत्येतत् निपातनात्स्यदादिष्विति। तर्हिपरिगणनं कर्तव्यम्। न कर्तव्यम्। नुम्लोपे कस्मान्न भवति।

नुम् नो લોપ થાય ત્યારે, स्त्रिव् (ધાતુ)માં (અવયવભૂત व् નો લોપ થાય ત્યારે ) અને અનુબન્ધનો લોપ થાય ત્યારે न धातुलोप आर्धधातुके । પ્રમાણે પ્રાપ્તથતો ) પ્રતિષેધ લાગુ ન પડે ( તે માટે પરિગણન કરવું જરૂરી છે). नुम् લોપ થયો હોય ત્યારે (પ્રતિષેધ લાગુ નથી પડતો તેનાં ઉદાહરણ) अभाजि। रागः। उपबर्हणम् । स्त्रिव् (ધાતુ)માં व् નો લોપ થાય ત્યારે (પ્રતિષેધ લાગુ નથી પડતો તેનાં ઉદાહરણ) आस्त्रेमाणम् .[16] અનુબન્ધનો લોપ થયો હોય ત્યારે (પ્રતિષેધ લાગુ નથી પડતો તેનાં ઉદાહરણ)[17] लूञ् (નાં) लविता। लवितुम् .જો (આ રીતે नुम् વગેરે માટે પરિગણન કરવામાં આવે તો આ स्यदः। प्रश्रथः। हिमश्रथः। (વગેરેમાં)[18] પણ (વૃદ્ધિ) પ્રાપ્ત થશે.(એ બાબતમાં વાર્તિકકાર) કહેશે કે નિપાતનને કારણે स्यदः વગેરેમાં (ઇષ્ટ સિદ્ધિ થાય છે). તો પછી પરિગણન કરવું પડશે. નહીં કરવું પડે.(તો) नुम् નો લોપ થાય ત્યારે [19] (न धातुलोप० માં કહેલો પ્રતિષેધ) કેમ નથી થતો ?

---

અસંગતિ રહેતી નથી. अभाजि- भञ्ज् નું लुङ् નું રૂપ છે.च्लि लुङि।-च्लि-चिण् भावकर्मणोः।-चिण्--चिणो लुक्। થી त-કાર લોપ થઇને अभाजि થયું છે. અહીં भञ्जेश्चिणि। પ્રમાણે વિકલ્પે અનુનાસિક લોપ થયો છે તેમ થતાં अत उपधायाः। થી ઉપધાની વૃદ્ધિ થઇ છે. रागः-रञ्ज् ધાતુને ભાવવાચક घञ् થવાથી घञि च भावकर्मणोः। થી न् લોપ થવા છતાં अत उपधा० થી વૃદ્ધિ થશે કારણ કે તે વૃદ્ધિ इक्लक्षणा નથી. उपबर्हणम्--उप बृह् (बृहि) ઉપર પ્રમાણે नुम्--उपबृंह्--बृहेरच्यनिटि। એ વાર્તિકથી ल्युट् પર થતાં તેનો લોપ થશે. અહીં नुम् લોપ થયો છે છતાં ऋ નો ગુણ થયો છે તેથી પરિગણન કરવું જરૂરી છે તેમ પરિગણનવાદીનું કહેવું છે, પરંતુ આગળ ઉપર ભાષ્ય- કાર કહેશે કે बृंह् (बृहि ) અને बृह् એ બે ભિન્ન ધાતુઓ છે (નોંધ ૨૫).

[16] વેદમાં अस्त्रेमाणम् એમ પણ પાઠ મળે છે (જુઓ ઋ .૩-૨૯-૧૩). स्त्रिव् (स्त्रिवु गतिशोषणयोः) ને ઉણાદિ मनिन् પ્રત્યય થતાં लोपो व्यो ०--व् લોપ થતાં नञ् સમાસ अस्त्रेमाणम्। आस्त्रेमाणम् થાય.અહીં લોપ વર્ણને કારણે થયો છે પ્રત્યયને કારણે નથી થયો તેથી ગુણ પ્રતિષેધ નહીં થાય.

[17] પરિગણન ન કરવામાં આવે તો પણ સૂત્રમાં धातु શબ્દ મૂક્યો છે તેથી જ ( અનુબન્ધ લોપ થતાં) ગુણવૃદ્ધિ પ્રતિષેધ સિદ્ધ થાય તો પછી પરિગણનના પ્રયોજન તરીકે અનુબન્ધ લોપને વાર્તિકકારે શા માટે મૂક્યો છે ? એવી શંકા થઇ શકે , પરંતુ પરિગણન કરવાથી સૂત્રમાં ધાતુ શબ્દનું ગ્રહણ કરવાની જરૂર નહીં રહે તેથી અનુબન્ધલોપ પણ સાર્થક પ્રયોજન બને છે. लूञ् ના અનુબન્ધનો લોપ થવા છતાં ગુણ થયો છે, એટલે કે પ્રતિષેધ લાગુ નથી પડ્યો.

[18] આ સર્વ નિપાતન દ્વારા સિદ્ધ થાય છે. स्यदो जवे। થી स्यदः અને अवोदैधौद्मप्रश्रथहिमश्रथाः। માંના નિપાતનથી प्रश्रथः हिमश्रथः સિદ્ધ થાય છે.આ શબ્દોનો પરિગણનમાં સમાવેશ નથી તેથી ત્યાં વૃદ્ધિ થશે, એમ શંકા કરવામાં આવી છે. ભાષ્યમાં इत्यत्रापि प्राप्नोति। એમ પાઠ છે. અન્ય પાઠ ઉલ્લેખતાં નાગેશ નોંધે છે : न प्राप्नोतीति पाठे निषेध इति शेषः।

[19] नुम् લોપ થાય ત્યારે ગુણવૃદ્ધિનો નિષેધ કરવા માટે પરિગણન કરવું જોઇએ તેમ કહેવામાં આવ્યું તેથી પરિગણન ન કરવું તેમ સિદ્ધાન્તીએ કહ્યું માટે અહીંપૂછે છે કે પરિગણન ન કરવું એમ જો કહો તો नुम् લોપ થાય છે ત્યારે નિષેધ કેમ લાગુ નથી પડતો ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इग्लक्षणान्नुम्लोपे वृद्धिः ॥३॥

इग्लक्षणगुणवृद्ध्योः प्रतिषेधः क्रियते स्यदः प्रश्रथः हिमश्रथः इत्यत्र न प्राप्नोति। इह च प्राप्नोति। अवोदः एधः ओद्म इति।

निपातनात्स्यदादिषु ॥४॥

निपातनात् स्यदादिषु प्रतिषेधो भविष्यति न च भविष्यति॥ यदीग्लक्षणयोर्गुणवृद्ध्योः प्रतिषेध स्त्रिव्यनुबन्धलोपे कथम्। स्त्रिवेः आस्त्रेमाणम्। लुञ् लविता।

प्रत्ययाश्रयत्वादन्यत्र सिद्धम् ॥५॥

आर्धधातुकनिमित्ते लोपे प्रतिषेधः। न चैष आर्धधातुकनिमित्तो लोपः॥

इक् નો સંદર્ભ ચાલતો હોવાથી न् નો લોપ થાય ત્યાં વૃદ્ધિ થશે ॥3॥ [20]

इक् (પરિભાષા)ને અનુલક્ષીને (કહેલાં) ગુણવૃદ્ધિ નો (પ્રસ્તુત સૂત્રમાં) પ્રતિષેધ કર્યો છે પરંતુ (न् નો લોપ થાય છે ત્યારે થતી) વૃદ્ધિ इक् ને અનુલક્ષીને નથી. (તેથી પ્રતિષેધ લાગુ ન પડતાં વૃદ્ધિ થશે).જો इक् ને સ્થાને થતાં ગુણવૃદ્ધિનો (પ્રસ્તુત સૂત્રમાં) પ્રતિષેધ કરવામાં આવતો હોય તો આ स्यदः प्रश्रथः[21] हिमश्रथः માં ગુણવૃદ્ધિનો પ્રતિષેધ નહીં થાય અને अवोदः । एधः । ओद्मः વગેરેમાં થશે.

स्यदः વગેરેમાં નિપાતનને કારણે (પ્રતિષેધ સિદ્ધ થશે) ॥४॥

स्यदः વગેરેમાં (વિવિધ) નિપાતનને કારણે પ્રતિષેધ થશે અને (अवोदः। एधः। ओद्मः) વગેરેમાં નહીં થાય. જો इक् ને સ્થાને થતાં ગુણવૃદ્ધિનો (આ સૂત્ર દ્વારા) પ્રતિષેધ કરવામાં આવ્યો હોય તો स्त्रिव् (ધાતુમાં व् નો ) લોપ (કરવામાં આવે ત્યારે) અને (लूञ् ના) અનુબંધ (ञ् ) નો લોપ (કરવામાં આવે ત્યારે), અર્થાત્ ( स्त्रिव् નું आस्त्रेमाणम् અને लूञ् નું लविता (થાય છે તેમાં ગુણ) કેવી રીતે થાય છે ?

(પ્રતિષેધ આર્ધધાતુક) પ્રત્યય પર આધારિત હોવાથી અન્ય સ્થળે કાર્ય સિદ્ધ થાય છે ॥૫॥

(પ્રસ્તુત સૂત્રમાં) આર્ધધાતુક પ્રત્યયને કારણે થતા લોપનો પ્રતિષેધ કર્યો છે, જ્યારે આ (स्त्रिव् ધાતુમાં व् નો અને लूञ् ના ञ् નો) લોપ આર્ધધાતુક પ્રત્યયને કારણે થતા નથી [22]

---

[20] ચૌ(પૃ.૨૦૪ પા. ટી. ૧૫) માં સમ્પાદક નોંધે છે કે વાર્તિક (૪) અને (૫) કાત્યાયનની નથી, ભાષ્યવાર્તિક છે..

[21] स्यन्द् અને श्रन्थ् ને घञ् લાગીને અનુક્રમે स्यदः અને श्रथः થયાં છે તેમાં न् લોપ જરૂર થયો છે, પરંતુ અહીં વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે એમ જે કહ્યું તે इक् ને સ્થાને નહીં થાય તેથી न धातु० એ સૂત્ર લાગુ નથી પડતું. જ્યારે अव उन्द् અને इन्ध् ને घञ् લાગીને અનુક્રમે अवोदः અને एधः થાય છે ત્યાં થતો ગુણ इक् ને સ્થાને થાય છે તેથી તેનો न लोपे ० થી પ્રતિષેધ થશે.

[22] स्त्रिव् ના व् નો લોપ પાછળ આવતા उणादि પ્રત્યય मनिन् ને કારણે लोपो व्योर्वलि। પ્રમાણે થયો છે , આર્ધધાતુક પ્રત્યયને કારણે થયો નથી. लूञ् ના ञ-કારનો લોપ પણ આર્ધધાતુક પ્રત્યયને કારણે નથી થયો પરંતુ ञ् ને हलन्त्यम्। થી इत् સંજ્ઞા થઇને तस्य लोपः। થી લોપ થયો છે તેથી પ્રસ્તુત સૂત્રથી કરેલ નિષેધ લાગુ નહીં પડે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यद्यार्धधातुकनिमित्ते लोपे प्रतिषेधः जीरदानुः अत्र न प्राप्नोति।

रकि ज्यः संप्रसारणम् ॥६॥

नैतज्जीवे रूपं रक्येतज्ज्यः संप्रसारणं भवति। यावता चेदानीं रकि जीवेरपि सिद्धं भवति। कथमुपबर्हणम्। बृहिः प्रकृत्यन्तरम्। कथं ज्ञायते बृहिः प्रकृत्यन्तरमिति। अचीति हि लोप उच्यते अनजादावपि दृश्यते निबृह्यते। अनिटीति चोच्यते इदादावपि दृश्यते निबर्हिता निबर्हितुमिति। अजादावपि न दृश्यते बृंहयति बृंहकः। तस्मान्नार्थः परिगणनेन।

(આસૂત્રમાં) આર્ધધાતુક પ્રત્યયને કારણે લોપ થતો હોય ત્યારે ગુણવૃદ્ધિનો પ્રતિષેધ કરવામાં આવ્યો હોય તો આ जीरदानुः માં (પ્રતિષેધ) થશે નહીં [23]

(તેમાં ) रक् પ્રત્યય પાછળ આવતાં ज्या ધાતુ (ના य् નું) સંપ્રસારણ[24] થાયછે ॥ ६॥

આ (जीरदानुः એ) जीव् (ધાતુ)નું રૂપ નથી, પણ रक् પ્રત્યય પાછળ આવતાં ज्या ધાતુ (ના य् નું ) સંપ્રસારણ થઇને બનેલું છે. હવે જો (रक् પ્રત્યય લગાડીને जीरदानुः એ રૂપ) સિદ્ધ થાય તો जीव् (ધાતુ) ને પણ रक् પ્રત્યય લગાડીને સિદ્ધ થઇ શકશે. તો પછી उपबर्हणम् કેવી રીતે (સિદ્ધ થશે)? बृहि એ તો (उपबर्हणम् માંના बृह् ધાતુથી) જૂદો સ્વતંત્ર ધાતુ છે[25] बृहि સ્વતંત્ર અને જૂદો જ ધાતુ છે તે કેવી રીતે જાણી શકાય છે ? કારણ કે તેમાં (बृहेः) अचि (अनिटि । એ વાર્તિક પ્રમાણે अजादि પ્રત્યય પાછળ આવતાં न् નો) લોપ થાય છે એમ કહેવામાં આવ્યું છે. (આમ છતાં) જે अजादि ન હોય (अनजादि હોય) તેવો પ્રત્યય પાછળ આવે ત્યારે પણ (न् લોપ થએલો) જોવામાં આવે છે. જેમ કે निबृह्यते. વળી अनिट् પ્રત્યય પાછળ આવે ત્યારે (अनिटि લોપ થાય છે) એમ કહ્યું છે છતાં सेट् (પ્રત્યય) પર હોય તો પણ (લોપ થયેલો) જોવામાં આવે છે. (જેમ કે) निबर्हिता, निबर्हितुम् ( તે જ રીતે જ્યારે) अच् થી શરૂ થતો પ્રત્યય પર હોય ત્યારે (न् લોપ) ન થયો હોય તેમ પણ જોવામાં આવે છે. (જેમ કે ) बृंहयति, बृंहकः. તેથી પરિગણન કરવાનો કોઇ અર્થ નથી.

---

[23] કારણ કે, जीव् ધાતુને रदानु પ્રત્યય લગાડીને जीरदानुः શબ્દ નિષ્પન્ન થતો હોય તો તેમાં થતો व-કાર લોપ પાછળ આવતા वल् પ્રત્યાહારમાંના રેફને કારણે लोपो व्योर् ० પ્રમાણે થાય છે, रदानु પ્રત્યયને કારણે નહીં. તેથી न धातुलोपो ० લાગુ ની પડે. (ઉપર નોંધ ૧૪)

[24] ઉપરનો દોષ નિવારવા માટે વાર્તિક (૬) માં सम्प्रसारणम् નો આધાર લીધો છે. ज्या ધાતુના य् નું कित् પ્રત્યય रक् પૂર્વે ग्रहिज्या ० પ્રમાણે સંપ્રસારણ થશે તેથી व् લોપનો પ્રશ્ન નહીં રહે. जीव् ધાતુને रक् લગાડીને પણ રૂપ સિદ્ધ થઇ શકે , કારણ કે लोपो व्योर् ० થી व् લોપ અને क्ङिति । થી ગુણ નિષેધ થશે. પરંતુ વાર્તિકમાં જે व् લોપનું ગ્રહણ કર્યું છે તેનું પ્રત્યાખ્યાન કરવા માટે તો रकि ज्यः । એમ લઇને સમ્પ્રસારણ જ કરવું પડશે.

[25] उपबर्हणम् (જુઓ ઉપર નોંધ ૧૫) बृंहेरच्यनिटि । એ વાર્તિક પ્રમાણે अच् પ્રત્યય તેમ જ अनिट् પ્રત્યય પર થતાં न्-લોપ થાય છે એમ કહેવામાં આવ્યું છે છતાં अच् ન હોય તે પ્રત્યય પર થતાં (જેમ કે निबृह्यते) તેમ જ अनिट् ન હોય તે (અર્થાત् सेट् હોય ) તેવા પ્રત્યય પર થતાં પણ (જેમ કે निबर्हिता , निबर्हितुम् ) न् લોપ થાય છે. તે જ રીતે अच् પ્રત્યય પૂર્વે લોપ ન થયો હોય તેમ પણ જોવામાં આવે છે, જેમ કે बृंहयति , बृंहकः । આમ આ વાર્તિક અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિના દોષથી ગ્રસ્ત છે તેથી આશ્રયણીય નથી તેમ સમજાય છે. આમ હોવાથી बृह् એ ભિન્ન ધાતુ છે તેમ સ્વીકારવું ઉચિત છે. વળી बृह् बृहि वृद्धौ । એમ પણ પાઠ છે. તેથી बृहि અને बृह એ બે ભિન્ન ધાતુઓ છે અને बृहि એ इदित् (એટલે કે તેમાં इ-કાર इत् ) હોવાથી नुम् થશે અને बृह् માં નહીં થાય. તેથી પરિગણનની જરૂર નથી તેમ કહી શકાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यदि परिगणनं न क्रियते भेद्यते छेद्यते अत्रापि प्राप्नोति॥ नैष दोषः। धातुलोपे इति नैवं विज्ञायते धातोर्लोपो धातुलोपो धातुलोप इति। कथं तर्हि। धातोर्लोपो यस्मिंस्तदिदं धातुलोपं धातुलोप इति। तस्मादिक्लक्षणा वृद्धिः॥ यदि तर्हीग्लक्षणयोर्गुणवृद्ध्योः प्रतिषेधः पापचकः पापठकः मगधकः दृषदकः अत्र न प्राप्नोति।

જો પરિગણન ન કરવામાં આવે તો भेद्यते। छेद्यते માં ગુણનિષેધ પ્રાપ્ત થશે.[26] તેમાં વાંધો નથી કારણ કે (સૂત્રમાંના) धातुलोपे (એ સમાસને) धातोः लोपः धातुलोपः। (तस्मिन्) धातुलोपे એમ સમજવાનો નથી, (અર્થાત્ 'ધાતુનો લોપ થતાં', એમ અર્થ કરવાનો નથી) તો પછી કેમ સમજવાનો છે? धातोः लोपः यस्मिन् तद् धातुलोपम् तस्मिन् धातुलोपे [27] (અર્થાત્ ધાતુનો લોપ જે પર થતાં થયો હોય તે ધાતુલોપ') એમ (સમજવાનું છે). તેથી [28] इक् (પરિભાષા)ને અનુલક્ષીને થનાર ગુણ અને વૃદ્ધિનો (સૂત્રમાં) પ્રતિષેધ કર્યો છે (એમ સમજાય છે). હવે જો इक् (પરિભાષા) ને અનુલક્ષીને થનાર ગુણ અને વૃદ્ધિનો પ્રતિષેધ કરવામાં આવ્યો હોય તો पापचकः, पापठकः, मगधकः, दृषदकः માં (પ્રતિષેધ) પ્રાપ્ત ન થાય.[29]

---

[26] भेद्यते વગેરેમાં ગુણ અને णि-લોપ બન્ને આર્ધધાતુક પ્રત્યય નિમિત્તે થયા છે. णि પ્રત્યય પર હોવાથી पुगन्तलघू० થી લઘુ ઉપધાનો ગુણ અને कर्मणि यक्। પ્રમાણે થએલા આર્ધધાતુક પ્રત્યય यक् ને કારણે णेरनिटि। પ્રમાણે णि લોપ થશે. भिद् ના પ્રેરક કર્મણિ વર્તમાન કાળ ત્રી.પુ.એ.વ.માં भिद् इ य ते એ સ્થિતિમાં આર્ધધાતુક પ્રત્યયને કારણે થતો લોપ નિત્ય હોવાથી यक् પ્રત્યયને કારણે પ્રથમ णि લોપ થશે અને પછી પ્રત્યલક્ષણથી (અર્થાત્ णि લોપ થયો હોવા છતાં તે છે જ એમ માનીને) લઘુ ઉપધાનો ગુણ થશે તેથી આ સૂત્ર વ્દારા નિષેધ પ્રાપ્ત થવાનો પ્રસંગ આવશે, કારણ કે णि લોપ તેમ જ ગુણ બન્ને આર્ધધાતુક પ્રત્યયને કારણે જ થાય છે તેથી भिद्यते એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવે. એ દોષ નિવારવા માટે પરિગણન કરવું જોઇએ એમ આક્ષેપકારનો આશય છે

[27] બહુવ્રીહિ સમાસ લેવામાં આવે તો धातुलोपे અન્યપદાર્થભૂત आर्धधातुके નું વિશેષણ થશે, તેથી એક જ આર્ધધાતુક પ્રત્યય જ્યાં લોપનું અને ગુણવૃદ્ધિનું નિમિત્ત હોય ત્યાં જ નિષેધ લાગુ પડશે,પરંતુ भेद्यते , छेद्यते જેવામાં લાગુ નહીં પડે, કારણ કે લોપનું નિમિત્ત यक् એ એક આર્ધધાતુક પ્રત્યય છે પણ ગુણનું નિમિત્ત णिच् એ અન્ય આર્ધધાતુક પ્રત્યય છે. આમ બન્નેનાં નિમિત્ત ભિન્ન આર્ધધાતુક પ્રત્યયો છે તેથી નિષેધ નથી થયો.

[28] એટલે કે બધા દોષોનો નિરાસ થયો છે તેથી પરિગણન ન કરીએ તો ? અહીં इग्लक्षणा વૃદ્ધિનો જ પ્રતિષેધ થાય છે તેથી જ अभाजि જેવાં રૂપો સિદ્ધ થઇ શકે છે, કારણ કે બહુવ્રીહિનો સ્વીકાર કરો તો પણ न-લોપ અને વૃદ્ધિનું નિમિત્ત એક જ હોવાથી પ્રતિષેધ નિવારી શકાશે નહી.

[29] पापचकः ,पापठकः--पच् અને पठ् ને यङ् થતાં पच् य- વ્દિત્વ--पच् पच् य- हलादिः शेषः।-- पपच् य -- दीर्घो ऽकितः। થી અભ્યાસનો દીર્ઘ થઇને पापच् य -- ण्वुल्तृचौ। થી ण्वुल् --अतो लोपः। થી अ લોપ થઇને पापच् य् अक-- यस्य च हलः। થી य् લોપ થતાં पापचकः થશે. તે જ રીતે पापठकः થશે. लुक् એ अत् લોપનો અપવાદ છે તેથી પછી થશે. अत उपधायाः। પ્રમાણે જે વૃદ્ધિ થાય છે તે इग्लक्षणा વૃદ્ધિ નથી તેથી અહીં નિષેધ પ્રાપ્ત નહીં થાય. અહીં य् લોપ પછી આર્ધધાતુક अक ને કારણે જે अ લોપ થયો છે તેની પૂર્વે રહેલા ઉપધાભૂત अ-કારની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ अचः परस्मिन् पूर्वविधौ। પ્રમાણે સ્થાનિવદ્ભાવ થવાથી તે લોપ થયો નથી (એટલે કે લોપ એ જ अ-કાર છે તેમ સમજાશે તેથી कित् પ્રત્યય अक પર થતાં अतो वृद्धिः। પ્રમાણે વૃદ્ધિ નહીં થાય).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अल्लोपस्य स्थानिवत्त्वात् ॥७॥

अकारलोपे कृते तस्य स्थानिवत्त्वात् गुणवृद्धी न भविष्यतः।

अनारम्भो वा ॥८॥

अनारम्भो वा पुनरस्य योगस्य न्याय्यः। कथं बेभिदिता मरीमृजकः कुषुभिता समिधिता इति। अत्राप्यकारलोपे कृते स्थानिवद्भावाद् गुणवृद्धी न भविष्यतः। यत्र तर्हि स्थानिवद्भावो नास्ति तदर्थमयंयोगो वक्तव्यः। क्व च स्थानिवद्भावो नास्ति। यत्र हलचोरादेशः लोलुवः पोपुवः मरीमृजः सरीसृप इति। अत्राप्यकारलोपे कृते तस्य स्थानिवद्भावाद् गुण-वृद्धी न भविष्यतः। लुकि कृते न प्राप्नोति। इदमिह संप्रधार्यं लुक् क्रियतामल्लोप इति किमत्र कर्तव्यम्। परत्वाद-ल्लोपः। नित्यो लुक्। कृतेऽप्यल्लोपे प्राप्नोति अकृतेऽपि प्राप्नोति। लुगप्यनित्यः। कथम्। अन्यस्य कृतेऽल्लोपे प्राप्नोति अन्यस्याऽकृते। शब्दान्तरस्य च प्राप्नुव-

अ- લોપનો સ્થાનિવદ્ભાવ થવાથી (ગુણ અને વૃદ્ધિ નહીં થાય) ॥૭॥

(अतो लोपः। પ્રમાણે) अ નો લોપ કર્યા પછી તે(લોપ) સ્થાની (अ) જ છે એમ ગણવામાં આવે છે તેથી ગુણ અને વૃદ્ધિ થશે નહીં.

અથવા (આ સૂત્ર જ) ન કરવું જોઇએ ॥૭॥

અથવા તો આ સૂત્ર ન કરવું એ જ યોગ્ય છે. (તો પછી ) बेभिदिता । मरीमृजकः। कुषुभिता। समिधिता। એ કેવી રીતે (સિદ્ધ થશે) ? અહીં પણ अ નો લોપ કર્યા પછી સ્થાનિવદ્ભાવને કારણે ગુણ અને વૃદ્ધિ થશે નહી.[30] તો પછી જ્યાં સ્થાનિવદ્ભાવ ન થતો હોય તે માટે એ સૂત્ર કરવું જરૂરી છે. તો સ્થાનિવદ્ભાવ ક્યાં નથી થતો ? જ્યારે अच् અને हल् બન્નેનો આદેશ થાય ત્યારે (સ્થાનિવદ્ભાવ થતો નથી) [31] જેમ કે लोलुवः। पोपुवः। मरीमृजकः। सरीसृपः। આ (ઉદાહરણો) માં પણ अ નો લોપ કરવામાં આવે તો તેનો સ્થાનિવદ્ભાવ થવાથી ગુણવૃદ્ધિ થશે નહીં.[32] જો પહેલાં (यङ् નો) लुक् કરવામાં આવે તો (अ લોપ) પ્રાપ્ત નહીં થાય.અહીં એ વિચારવાનું કે પહેલાં શું કરવું, य् નો લોપ કરવો કે अ નો લોપ કરવો? પર હોવાથી अनो લોપ (પહેલાં કરવો). (यङ् નો) लुक् નિત્ય છે, કારણ કે अ લોપ કરો તો પણ તે પ્રાપ્ત થાય છે અને ન કરો તો પણ પ્રાપ્ત થાય છે. (यङ् નો) लुक् પણ અનિત્ય છે. કેવી રીતે? કોઇમાં अ નો લોપ કર્યા પછી (लुक् )પ્રાપ્ત થાય છે,જ્યારે કોઇમાં (अनो લોપ) કર્યા વિના (लुक् પ્રાપ્ત થાય છે), અને જે વિધિ એક વાર શબ્દના એક વિશિષ્ટ સ્વરૂપને લાગુ પડે

---

[30] આ રૂપોમાં ધાતુના इ અને ऋ નાં ગુણવૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે તે નિવારવા માટે આ સૂત્ર જરૂરી છે, એમ શંકાકારનો આશય છે, પરંતુ ઉપર નોંધ (૩૦) માં કહ્યું તેમ यङ् વગેરેના अ-કાર લોપનો સ્થાનિવદ્ભાવ થવાથી ગુણ વૃદ્ધિ નહીં થાય.

[31] જ્યાં સ્વર-વ્યંજન (अच् અને हल्) સમુદાય રૂપ સમગ્ર यङ् ને સ્થાને લોપ આદેશ થાય ત્યાં अचः परस्मिन् ० સૂત્ર લાગુ પડતું નથી તેથી ત્યાં સ્થાનિવદ્ભાવ નહીં થાય. लू पू વગેરેને यङ् પ્રત્યય થતાં અભ્યાસ વગેરે થઇને लोलूय। पोपूय વગેરે જ यङन्त ધાતુ થાય છે તેમને नन्दिग्रहिपचादि ० થી अच् લાગતાં यङोऽचि। પ્રમાણે य સમુદાયનો લોપ થાય છે. આમ અહીં સ્વર-વ્યંજનના સમુદાયભૂત य નો લોપ થયો હોવાથી अचः परस्मिन् ० પ્રમાણે સ્થાનિવદ્ભાવ નહીં થાય, તેથી ગુણ થવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે.

[32] य ના अ- કારનો લોપ કરવામાં આવે તો પણ एकदेशविकृति ન્યાયે य- કારની પ્રત્યય સંજ્ઞા અવશ્ય થશે તેથી यङोऽचि च। એ लुक् વિધાયક શાસ્ત્ર વ્યર્થ નહીં થાય, કારણ કે તે દ્વારા માત્ર य् નો લોપ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-न्विधिरनित्यो भवति। अनवकाशस्तर्हि लुक्। सावकाशो लुक्। कोऽवकाशः। अवशिष्टः। अथापि कथंचिदन-वकाशो लुक् स्यादेवमपि न दोषः। अल्लोपे योगविभागः करिष्यते। अतो लोपः। ततो यस्य। यस्य च लोपो भवति। अत इत्येव। किमर्थमिदम्। लुकं वक्ष्यति तद्बाधनार्थम्। ततो हलः। हल उत्तरस्य यस्य च लोपो भवतीति। इहापि तर्हि परत्वाद्योगविभागाद्वा लोपो लुकं बाधेत। कृष्णो नौनाव वृषभो यदीदम्। नोनूयतेर्नोनाव। समानाश्रयो लुग्लोपेन बाध्यते। कश्च समानाश्रयः। यः प्रत्ययाश्रयः।

અને અન્ય સમયે તેથી ભિન્ન સ્વરૂપને લાગુ પડે તે વિધિ અનિત્ય હોય છે.[33] તો પછી लुक् ને અવકાશ જ નથી. लुक् ને અવકાશ છે.[34] (लुक् ને) ક્યાં અવકાશ છે? જે ભાગ બાકી રહ્યો ત્યાં (અર્થાત् यङ् ના अ નો લોપ થયા પછી જે य् બાકી રહે છે ત્યાં लुक् ને અવકાશ છે). છતાં પણ કોઇ રીતે लुक् અનવકાશઅ થાય તો પણ કોઇ દોષ આવતો નથી.अ ના લોપ માટે [35] (यस्य हलः ।એ) સૂત્રના વિભાગ કરવામાં આવશે.પહેલાં अतो लोपः। (એ સૂત્ર) પછી यस्य हलः એ સૂત્રમાંથી માત્ર यस्य (એટલું લઇને) अतः ની અનુવૃત્તિ કરીને य ના अ નો લોપ થાય છે (એમ અર્થ કરી શું). આ (યોગવિભાગ) શા માટે (કરવાનો) ? (સૂત્રકાર) પછીથી (यङोऽचि च। એ સૂત્રદ્વારા) लुक् નું વિધાન કરશે. તેનો બાધ ન થાય તે માટે. ત્યાર બાદ हलः એ ભિન્ન સૂત્ર લઇશું, (તેથી)'हल् પછી આવતા य् નો લોપ થાય છે' એમ (અર્થ થશે). તો પછી પર હોવાને કારણે અથવા યોગવિભાગને કારણે,'कृष्णो नोनाव वृषभो यदीदम् ।'(ઋ.સં.૧-૭૯-૨) માં नोनूय (ધાતુ)નું नोनाव (થયું છે) ત્યાં લોપ लुक् નો બાધ કરી શકે[36] (પરંતુ) જ્યારે लुक् અને લોપ સમાન આશ્રયવાળા હોય તો જ લોપ તે लुक् નો બાધ કરી શકે.પણ સમાના-શ્રયવાળો એટલે શું?[37] જે પ્રત્યયને આશ્રયે રહેલો હોય (અર્થાત્ પ્રત્યય ઉપર આધાર રાખતો હોય) તે.

---

[33] अतो लोपः। પ્રમાણે अ નો લોપ થાય તે પછી लुक् થાય તો यङ् ના य् એ-વ્યંજનમય- સ્વરૂપને लुक् પ્રાપ્ત થશે પરંતુ अ-કારનો લોપ કર્યા વિના જ સમગ્ર સ્વરવ્યંજનં સમુદાયભૂતનો લોપ થાય તો તેના य એ સ્વર-વ્યંજન યુક્ત સ્વરૂપને અર્થાત્ પ્રથમ કહ્યું તેથી ભિન્ન સ્વરૂપને लुक् લાગુપડે છે. આમ માત્ર વ્યંજન રૂપ य् શબ્દને તેમ જ તેનાથી ભિન્ન સ્વરવ્યંજન સમુદાયભૂત य એ શબ્દને લાગુ પડતો હોવાથી लुक् અનિત્ય છે

[34] લોપ અવશ્ય પ્રાપ્ત છે છતાં लुक् અને लोप બન્નેનો વિષય ભિન્ન છે, એટલે કે લોપ अ નો થાય છે પરંતુ लुक् य् નો થાય છે તેથી लुक् ને જરૂર અવકાશ રહે છે. પરિણામે येन नाप्राप्ति॰ ન્યાય અહીં લાગુ પડતો નથી, એટલે કે लुक् એ अल्लोप નો અપવાદ નથી.

[35] ' अत् ના લોપની બાબતમાં' એમ અર્થ થશે. છાયાકાર અહીં वटे गावः। ની જેમ સામીપ્યના અર્થમાં સપ્તમી લઇને अल्लोप જેમાં કહ્યો છે તે સૂત્ર अतो लोपः। (૬-૪-૪૮) ની સમીપમાં અર્થાત્ यस्य हलः। (૬-૪-૪૯) એ સૂત્રમાં (યોગવિભાગ કરવામાં આવશે).

[36] સ્તુત્યર્થક नु (णु स्तुतौ) ધાતુને પૌનઃપુન્યાર્થક यङ्--सन्यङोः। થી દ્વિત્વ- અભ્યાસ સંજ્ઞા-અભ્યાસનો ગુણ-यङोऽचि च। પ્રમાણે यङ् નો लुक् થશે(પરંતુ कास्प्रत्ययादाममन्त्रे लिटि। એ સૂત્રમાં अमन्त्रे એમ કહ્યું હોવાથી आम् નહીં થાય). અહીં य् અને अ ના સમુદાયનો લોપ ન થતાં કેવળ अ નો જુદો લોપ થતો હોય તો अ સ્થાની થશે અને अचः परस्मिन्॰ થી સ્થાનિવદ્ભાવ થતાં ધાતુના उ અને પ્રત્યય णल् વચ્ચે તેનું વ્યવધાન થવાથી વૃદ્ધિ ન થવાનો પ્રસંગ આવશે.

[37] જે लुक् નો આશ્રય लोप ના આશ્રય સમાન હોય તે સમાનાશ્રય, એટલે કે જે તુલ્યકાલ હોય તે -- જે लुक् (लोप પ્રાપ્ત થતો હોય) તે જ સમયે પ્રાપ્ત થાય તેનો लोप દ્વારા બાધ થાય છે, એટલે કે જે लुक् પ્રત્યય ઉપર આધારિત હોય તે સમાનાશ્રય કહેવાય यङोऽचि च। દ્વારા यङ् નો બે રીતે लुक् કરવામાં આવે છે : ૧. यङोऽचि એ સૂત્રાંશ દ્વારા अच् ને કારણે થતા (अच् निमित्तक) लुक् નું વિધાન કરવામાં આવ્યું છે. તે પ્રમાણે यङन्त ની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अत्र च प्रागेव प्रत्ययोत्पत्तेर्लुग्भवति। कथं स्यदः प्रश्रथः हिमश्रथः जीरदानुः निकुचित इति।

उक्तं शेषे ॥९॥

किमुक्तम्। निपातनात्स्यदादिषु। प्रत्ययाश्रयत्वादन्यत्र सिद्धम्। रकिज्यः संप्रसारणमिति। निकुचितेप्युक्तम्। सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येति ॥

क्ङितिच ॥१।१।५॥

क्ङिति प्रतिषेधे तन्निमित्तग्रहणं कर्तव्यम् ॥१॥

અહીં તો પ્રત્યય લાગે તે પહેલાં જ **लुक्** થાય છે. તો પછી **स्यदः**[38], **प्रश्रथः**, **हिमश्रथः**, **जीरदानुः**, **निकुचितः**. (વગેરે) કેવી રીતે (સિદ્ધ) થશે?

બાકીના (રૂપો) વિશે તો કહ્યું છે ॥૮॥

શું કહ્યું છે ? **स्यदः** વગેરેમાં તો નિપાતન દ્વારા (સિદ્ધ) થશે. બીજે (**आस्नेमाणम्** જેવાં) સ્થળે પ્રત્યય પર (નિષેધ) આધારિત હોવાથી સિદ્ધ થશે. વળી, (**जीरदानुः**) **रक्** પ્રત્યય પાછળ આવતાં **ज्या** ના **य्** નું સંપ્રસારણ (કરીને સિદ્ધ થાય છે).**निकुचितः** ની[39] બાબતમાં પણ કહ્યું છે કે બેના સંબંધથી થયેલું કાર્ય તે જ સંબંધના નાશનું કારણ થઇ શકે નહીં.

**कित्। गित्। ङित्** પ્રત્યય પર થતાં પણ ગુણ કે વૃદ્ધિ નથી થતાં ॥૧।૧।૫॥

**कित्। गित्। ङित्** પ્રત્યયો પાછળ આવતાં (ગુણવૃદ્ધિનો) જે પ્રતિષેધ કરવામાં આવ્યો છે તેમાં 'તેને કારણે' એમ કહેવું જોઇએ ॥૧॥

---

પછી **पचाद्यच्** આવતાં **यङ्** નો લોપ થાય છે. તે જ સમયે **अतो लोपः**। એ સૂત્ર પણ પ્રાપ્ત થાય છે તેથી **लुक्** અને **लोप** સમાનકાલિક છે. ૨. **यङोऽचि च**। એ સૂત્રમાં જે **च** છે તે દ્વારા **यङ्लुक्** નું વિધાન કરવામાં આવ્યું છે તેનું કોઇ વિશિષ્ટ કારણ નથી જણાવ્યું. અહીં પૂર્વ સૂત્રમાંથી **बहुलम्** ની અનુવૃત્તિ થાય છે તેથી તે અનૈમિત્તિક **लुक्** છે. આ **लुक्** જ્યારે **यङ्** પ્રત્યયનો 'પૌનઃપુન્ય' એ અર્થ વિવક્ષિત હોય ત્યારે જ થાય છે. આ પ્રકારનો **लुक्** અનૈમિત્તિક છે તેથી તે વખતે અન્ય કોઇ આર્ધધાતુક પ્રત્યય પ્રાપ્ત નથી થતો કે જેને કારણે **लुक्** થાય. આમ **नुनाव** માં જે **यङ्लुक्** થયો છે તેને કોઇ બાહ્ય કારણ ન હોવાથી અનૈમિત્તિક અને અંતરંગ છે તેથી તે પહેલાં થશે અને અ-કાર લોપ પછી થશે. આમ અહીં લોપ અને **लुक्** સમાનકાલિક અર્થાત્ સમાનાશ્રય નથી. તેથી કહે છે કે અહીં **नुनाव** માં તો પ્રત્યય લાગે તે પૂર્વે જ **लुक्** થયો છે.

[38] **स्यदः** વગેરેમાં તો घञ् વગેરે પ્રત્યયો પાછળ આવતાં ધાતુના **नुम् (न्)** નો લોપ થયો છે તેથી **न धातुलोपे** ० એ સૂત્ર કરવામાં ન આવે તો ગુણ વૃદ્ધિ થતાં કોઇ રીતે નિવારી શકાશે નહીં એમ શંકાકારનો આશય છે.

[39] **निकुचितः** **नि+कुञ्च्** ધાતુને ભાવવાચી **क्त** -- **निकुञ्च् इ क्त** (એ **कित्** પ્રત્યય પર થતાં) ઉપધા **न**-કારનો લોપ થતાં **निकुच् इ क्त** -- ધાતુમાં **उत्** ઉપધા છે તેથી **उदुपधाद्भावादिकर्मणोऽन्यतरस्याम्**। થી સેટ **क्त** વિકલ્પે **अकित्** થવાનો પ્રસંગ આવે છે, પરંતુ **कित्** પ્રત્યયને કારણે જ **न्** લોપ થાય છે અને **न्** લોપ થવાથી **कुच्** ધાતુ લઘૂપધ બને છે તેથી ધાતુનું **लघूपधत्व** પ્રત્યયના **कित्त्व**ના નાશનું કારણ નહીં બને. તેથી **क्ङिति च**। પ્રમાણે ગુણ નિષેધ થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

क्ङिन्निमित्ते ये गुणवृद्धी प्राप्नुतस्ते न भवत इति वक्तव्यम्। किं प्रयोजनम्।

उपधारोरवीत्यर्थम् ॥२॥

उपधार्थं रोरवीत्यर्थं च। उपधार्थं तावत्। भिन्नः भिन्नवानिति। क्ङितीत्युच्यते। यत्र क्ङित्यनन्तरो गुणभावीगस्ति तत्रैव स्यात्। चितम् स्तुतम्। इह तु न स्यात्। भिन्नः भिन्नवानिति। किं पुनः कारणं न सिध्यति। क्ङितीत्युच्यते। यत्र क्ङित्यनन्तरो गुणभावीगस्ति तत्रैव स्यात्। चितम् स्तुतम्। इह तु न स्यात्। भिन्नः, भिन्नवानिति।

कित्, गित् અને ङित् પ્રત્યય પાછળ આવતાં (ધાતુના इक् ની ગુણવૃદ્ધિનો પ્રતિષેધ કરતા આ સૂત્રમાં) तन्निमित्त શબ્દ[40] મૂકવો જોઇએ અર્થાત્ 'कित् गित् અને ङित् પ્રત્યયને કારણે જે ગુણવૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે તે નથી થતાં,' એમ કહેવું જોઇએ. શા માટે?

उपधा અને रोरवीति માટે[41] ॥२॥

उपधा (-ભૂતવર્ણ) ને (પ્રતિષેધ લાગુ પડે તે) માટે અને रोरवीति ને (પ્રતિષેધ લાગુ ન પડે તે) માટે પણ. उपधा (ભૂત इक् વર્ણ) માટેનું ઉદાહરણ તો भिन्नः भिन्नवान्. પણ અહીં ગુણનો નિષેધ સિદ્ધ થતો નથી તેનું શું કારણ? કારણ એ કે (સૂત્રમાં)'कित् અને ङित् પ્રત્યય પર હોય ત્યારે', એટલું જ કહેવામાં આવ્યું છે તેથી જ્યાં कित् અને ङित् પ્રત્યયોની અવ્યવહિત પૂર્વે, જેનો ગુણ થઇ શકે તેવો इक् આવ્યો હોય, ત્યાં જ નિષેધ લાગુ પડશે. જેમ કે चितम्, स्तुतम् પરંતુ भिन्नः, भिन्नवान् માં લાગુ નહીં પડે (કારણ કે ધાતુના इक् ની તરત જ

---

[40] क्ङिति એ પર સપ્તમી અથવા તો સત્સપ્તમી હોઇ શકે તેથી 'कित् વગેરે પ્રત્યયો પર થતાં' એમ, અથવા 'कित् વગેરે પ્રત્યયો જ્યારે હોય ત્યારે ' એમ અર્થ થાય.પરસપ્તમી લેવામાં આવે તો चितम्, स्तुतम् વગેરેમાં જ ગુણ નિષેધ લાગુ પડશે, કારણ કે તેમાં कित् પ્રત્યય (क्त) ધાતુના इक् ની પાછળ તરત જ (अनन्तर) આવે છે. પરંતુ भिन्नः, भिन्नवान् વગેરેમાં ગુણનિષેધ નહીં થાય, કારણ કે ત્યાં क्त પ્રત્યય અનન્તર નથી આવતો. ટૂંકમાં પરસપ્તમી લેવાથી ઉપધાભૂત इक् ને પ્રસ્તુત સૂત્રદ્વારા કરવામાં આવેલો નિષેધ લાગુ પડતો નથી તેથી સૂત્રમાં तन्निमित्त શબ્દ મૂકવો જરૂરી છે એમ વાર્તિકકારનું કહેવું છે.

[41] रोरवीति-- रू ધાતુને (धातोरेकाचो ० થી) यङ्-- सन्यङोः। થી દ્વિર્ભાવ-- गुणो यङ्लुकोः। થી અભ્યાસનો ગુણ થતાં रोरूय તેને વર્તમાનકાળનો तिप् લગતાં रोरूय ति--यङो वा। થી ईट् થતાં रोरूय ई ति--यङोऽचि च। પ્રમાણે બાહુલ્યથી यङ् નો લોપ થતાં रोरू ई ति--सार्वधातुकार्ध० થી ગુણ થતાં रोरवीति રૂપ સિદ્ધ થાય છે. क्ङिति च। અંગાધિકારમાંનું સૂત્ર ન હોવાથી न लुमताङ्गस्य। એ પ્રત્યલક્ષણનો નિષેધ લાગુ નહીં પડે તેથી यङ् પ્રત્યયનો લોપ થવા છતાં તે છે જ એમ સ્વીકારતાં ગુણનિષેધ થવાનો પ્રસંગ આવશે, કારણ કે यङ् એ ङित् પ્રત્યય છે પરંતુ સૂત્રમાં तन्निमित्त શબ્દનું ગ્રહણ કરવામાં આવે તો ગુણ નિષેધ લાગુ નહીં પડે, કારણ કે रोरवीति એ રૂપમાં उ-નો ગુણ यङ् ને કારણે નથી થતો પરંતુ સાર્વધાતુક પ્રત્યય ति પર થવાથી सार्वधातुकार्ध० પ્રમાણે થાય છે. વાસ્તવમાં ભાષ્યકારે तन्निमित्त ગ્રહણ સ્વીકાર્યું નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ननु च यस्य गुण उच्यते तं क्ङित्परत्वेन विशेषयिष्यामः। पुगन्तलघूपधस्य चाङ्गस्य गुण उच्यते तच्चात्र क्ङित्परम् । पुगन्तलघूपधस्य इति नैवं विज्ञायते पुगन्तस्याङ्गस्य लघूपधस्य च इति।। कथं तर्हि। पुकि अन्तः पुगन्तः लघ्व्युपधा लघूपधा। पुगन्तश्च लघूपधा च पुगन्तलघूपधं पुगन्तलघूपधस्येति। अवश्यं चैतदेवं विज्ञेयम्। अङ्ग-विशेषणे हि सतीहापि प्रसज्येत। भिनत्ति छिनत्तीति। रोरवीत्यर्थं च। त्रिधा बद्धो वृषभो रोरवीति॥ यदि तन्निमित्त-ग्रहणं क्रियते शच्ङन्ते दोषः। रियति पियति धियति। प्रादुद्रुवत् प्रासुस्रुवत्।**

પાછળ **कित्** પ્રત્યય નથી.) પણ જેનો ગુણ કહેવામાં આવ્યો છે તેને '**कित् ङित्** પ્રત્યયો પાછળ હોય ત્યારે' એમ પાછળ હોય ત્યારે' એમ વિશેષણ લગાડીશું અને ગુણ તો **पुगन्त** અને **लघूपध** અંગનો કહેવામાં આવ્યો છે અને તે (અંગ) તો આ (ઉદાહરણો) માં **कित् ङित्** પ્રત્યયો પૂર્વે આવેલું જ છે.**पुगन्तलघूपधस्य** નો અર્થ **पुक्** જેને અંતે હોય તેવા અંગનો અને જેમાં લઘુ **उपधा** હોય તે અંગનો' એમ સમજવાનો નથી. તો પછી કેમ સમજવાનો છે ? **पुकि अन्तः** (અર્થાત્ **पुक्** આગમ પાછળ આવે ત્યારે જે અન્ત્ય વર્ણ હોય તે) અને **लघ्वी उपधा लघूपधा** (લઘુ ઉપાન્ત્ય વર્ણ ) **पुगन्तश्च लघूपधा च पुगन्तलघूपधम् तस्य पुगन्तलघूपधस्य।** ' **पुक्** આગમ પર થતાં જે અન્ત્ય વર્ણ હોય તેનો અને લઘુ ઉપાન્ત્ય વર્ણનો' એમ અર્થ છે. અને તે અવશ્ય એ પ્રમાણે સમજવું જોઇએ. જો અંગનું વિશેષણ કરવામાં આવે તો **भिनत्ति छिनत्ति** માં[42] પણ (ગુણ) પ્રાપ્ત થશે. અને **रोरवीति** ને (પ્રતિષેધ લાગુ ન પડે તે) માટે, (જેમ કે) ? **त्रिधा बद्धो वृषभो रोरवीति।** જો સૂત્રમાં **तन्निमित्त** શબ્દનું ગ્રહણ કરવામાં આવે તો **श** પ્રત્યાયન્ત અને **चङ्** પ્રત્યાયન્ત (રૂપો) માં દોષ આવશે[43] (એટલે કે) **रियति पियति धियति** (એ **श** પ્રત્યાયન્ત રૂપો તેમ જ) આ **प्रादुद्रुवत् प्रासुस्रुवत्** (એ **चङन्त** રૂપોમાં ગુણ થવાનો)

---

[42] **भिनत्ति--भिद्** ને **रुधादिभ्यः श्नम्।** અને **मिदचोऽन्त्यात्०** પ્રમાણે **श्नम्** લાગીને **अभिनद्** થતાં **न्** પછી **अ** આવે છે તેથી **भिनद्** અંગ **लघूपध** થતાં વર્તમાનના **ति** પૂર્વે **भि** ના **इ** નો **पुगन्तलघू०** થી ગુણ થવાનો પ્રસંગ આવશે. તેથી એ સૂત્રમાં **पुगन्त** અને **लघूपध** ને અંગનાં વિશેષણ તરીકે ન લેતાં **लघ्वी उपधा** અને **पुगि अन्तः** એમ સમજવામાં આવે તો તેથી સમુદાયનો નિર્દેશ નહીં થાય પણ અવયવ **इ** નો જ નિર્દેશ થશે. તેથી **भिनत्ति** માં ગુણ નહીં થાય, કારણ કે **इक्** અહીં **न्** થી વ્યવહિત છે

[43] **श-**અન્ત--**तुदादिभ्यः शः।** પ્રમાણે **तुदादि** ગણના ગત્યર્થક **रि, पि** અને ધારણાર્થક **धि** એ ધાતુઓને સાર્વધાતુક પ્રત્યય **श** લાગ્યો છે, પરંતુ તે **अपित्** પ્રત્યય છે તેથી **सार्वधातुकमपित्।** પ્રમાણે તેનો **ङित्-वत्-भाव** થશે એટલે કે તે **ङित्** છે તેમ તેને ગણવાનો છે. તેથી **क्ङिति च।** પ્રમાણે **श** પૂર્વે ગુણ નહીં થાય. તેથી **रि अ ति -अचि श्नुधातुभ्रुवां य्वोरियङुवङौ।** પ્રમાણે **इ** ના **इयङ्** (**इय**) આદેશ થતાં **रियति** રૂપ સિદ્ધ થશે. આમ **सार्वधातु-कार्ध०** પ્રમાણે સાર્વધાતુક પ્રત્યયને કારણે થતા ગુણનો નિષેધ પ્રસ્તુત સૂત્રથી થઇ શક્યો છતાં **पुगन्तलघू०** પ્રમાણે થતા ગુણનો નિષેધ નહીં થઇ શકે એ દોષ ઊભો જ રહે છે. **रि श ति--रि अ ति** અહીં **रिअ** એ અંગમાં હ્રસ્વ **इ** ઉપધા હોવાથી અંગ **लघूपध** થતાં **ति** પૂર્વે તેનો ગુણ થવાનો પ્રસંગ આવશે.આમ **तन्निमित्त** શબ્દનું ગ્રહણ કરવામાં આવે તો પણ **श-**પ્રત્યયાન્તમાં દોષ આવે છે. **चङन्त--लुङ्** પૂર્વે ધાતુને **च्लि** લાગે છે ( **च्लि लुङि।**), પણ પ્રેરકમાં તેમ જ **श्रि , द्रु** તથા **स्रु** ધાતુ પૂર્વે **च्लि** નો **चङ्** આદેશ થાય છે. (**णिश्रिद्रुस्रुभ्यः कर्तरि चङ्।**) અહીં **द्रु चङ् ति-- द्रु अ ति** એમ થતાં **द्रु** ના **उ** નો **सार्वधातुकार्ध०** પ્રમાણે જે ગુણ પ્રાપ્ત થાય છે તે,**चङ् ङित्** છે તેથી **क्ङिति च।** એ નિષેધને કારણે, નહીં થાય. હવે **द्रु अ ति** એ સ્થિતિમાં **ति** પ્રત્યયની દૃષ્ટિએ **द्रुअ** અંગ છે અને તેમાં હ્રસ્વ **उ-** ઉપધા છે તેથી **ति** પ્રત્યય પૂર્વે **लघूपधा** નો ગુણ થવાનો પ્રસંગ આવશે અને તેને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अत्र प्राप्नोति ॥

शच्चङन्तस्यान्तरङ्गलक्षणत्वात् ॥३॥

अन्तरङ्गलक्षणत्वादत्रेयङुवङोः कृतयोरनुपधात्वाद् गुणो न भविष्यति। एवं क्रियते चेदं तन्निमित्तग्रहणं न च कश्चिद्दोषो भवति। इमानि च भूयस्तन्निमित्तग्रहणस्य प्रयोजनानि हतो हथः उपोयते औयत लौयमानिः पौयमानिः नेनिक्त इति। नैतानि सन्ति प्रयोजनानि।

પ્રસંગ આવે છે.[44]

श પ્રત્યાયન્ત અને चङ् પ્રત્યાયન્તમાં અંતરંગને કારણે (દોષ નહી આવે) ॥ ૩॥

અંતરંગ હોવાથી (अचिश्नुधातु० પ્રમાણે) इयङ् અને उवङ् કર્યા પછી (इक्) ઉપાન્ત્ય રહેતા નથી તેથી ગુણ નહીં થાય.[45] આમ तन्निमित्त નું ગ્રહણ કરવામાં આવે છે તેમ છતાં કોઇ દોષ આવતો નથી.વળી तन्निमित्त ના ગ્રહણ-નાં આ વધારાનાં પ્રયોજનો છે કે हतः। हथः । उपोयते । औयत । लौयमानिः पौयमानिः, नेनिक्ते (માં દોષ ન આવે).[46] એ બધાં (तन्निमित्त નું ગ્રહણ કરવાનાં) પ્રયોજનો નથી.

---

क्ङिति च। એ નિષેધ દ્વારા નિવારી નહીં શકાય, કારણ કે એ ગુણ ति ને કારણે થાય છે ङित् પ્રત્યય चङ् ને કારણે નથી થતો. આમ પ્રસ્તુત સૂત્રમાં तन्निमित्त શબ્દ મૂકવામાં આવે તો પણ चङन्त માં દોષ ઊભો રહે છે.

44 અહીં ક્વચિત् अत्र न प्राप्नोति। એમ પાઠ છે [જુઓઃ નિ.સા.(પૃ.૧૯૦ ), ચૌ.(પૃ ૨૧૨),ચારુ.(પૃ. ૧૮૭), સુ.શા.(પૃ ૨૦, ભા.૨), યુ.મી.(પૃ.૨૯૧)] એ પાઠ સ્વીકારવામાં આવે તો ‘ અહીં (નિષેધ) પ્રાપ્ત થતો નથી’ એમ અર્થ થશે.

45 रि श ति, दु चङ् ति→रि अ ति, दुद्रुव् अ ति વગેરેમાં इयङ्, उवङ् આદેશ કર્યા પછી ધાતુના इक् વર્ણ (इ , उ) ઉપધા રહેતાં નથી તેથી लघूपध ગુણનો પ્રસંગ જ નથી રહેતો. વળી इक् વર્ણ( इ , उ) ના જે इयङ्, उवङ् આદેશ થાય છે તે પાછળ આવતા अ ને કારણે થાય છે તેથી અંતરંગ છે જ્યારે ગુણનું કારણ બહિર્ભૂત ति છે તેથી તે બહિરંગ છે, પરિણામે असिद्धं बहिरङ्गमन्तरङ्गे। અનુસાર અંતરંગ इयङ्, उवङ् આદેશ પૂર્વે થશે તેથી ગુણ થવાનો પ્રસંગ જ નહીં આવે.

46 हतः, हथः--हन् शप् तस् / थस्--अदिप्रभृतिभ्यः शपः। થી शप् લોપ हन् .અહીં तस् / थस् એ બન્ને પ્રત્યયો अपित् છે. તેથી सार्वधातुकमपित्। પ્રમાણે તેનો ङित्-वत्-भाव થતાં क्ङिति च। થી ગુણ નિષેધ થતાં हन् ધાતુના ગુણસંજ્ઞક अ-કારનો લોપ થવાનો પ્રસંગ આવશે, કારણ કે સૂત્રમાં तन्निमित्त શબ્દનું ગ્રહણ ન કરવામાં આવે તો क्ङित् ‘પ્રત્યય પર થતાં ગુણ વૃદ્ધિનો પ્રયોગ ન કરવો જોઇએ’ એમ પ્રસ્તુત સૂત્રનો અર્થ થશે. પ્રયોગ થતો બે રીતે અટકાવી શકાય : ૧.વૃદ્ધિ અને ગુણ હોય તેની નિવૃત્તિ કરવાથી અને ૨.ગુણ વૃદ્ધિ ન હોય તો તેમના પ્રાગભાવને જાળવી રાખીને. જેમ કે चितम् એ પ્રયોગમાં ગુણનું અસ્તિત્વ હતું જ નહીં અને क्ङिति च। દ્વારા ગુણના આ પ્રાગભાવને જાળવી રાખવામાં આવે છે. પરંતુ हतः માં कर्तरि शप्। દ્વારા પ્રાપ્ત થતા शप्ની अदिप्रभृतिभ्यः० દ્વારા જેમ નિવૃત્તિ થાય છે તેમ અંગમાં રહેલાં ગુણવૃદ્ધિની (सतोऽद्वयोः) પણ क्ङिति च। દ્વારા નિવૃત્તિ થઇ શકે. પરિણામે અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવે. પરંતુ સૂત્રમાં तन्निमित्त નું ગ્રહણ કરવામાં આવે તો ઉપર કહ્યો તે દોષ નિવારી શકાશે,કારણ કે हन् तस् / थस् માં જે ગુણસંજ્ઞક अ-કાર છે તે तस् કે थस् પ્રત્યયને કારણે થએલો નથી. उपोयते , औयत-અહીં उप वेञ् ને વર્તમાનના કર્મણિમાં यक् લાગીને वचिस्वपि० થી સંપ્રસારણ- सम्प्रसारणाच्च। થી એકાદેશ થઇને उप ऊयते થયું છે , તેનું आद्गुणः। થી उपोयते થશે. અહીં यक् એ कित् પ્રત્યય છે તેથી क्ङिति च। પ્રમાણે ગુણ નિષેધ થવાનો પ્રસંગ આવશે. તેથી સૂત્રમાં तन्निमित्त નુંગ્રહણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**इह तावत् हतः हथ इति प्रसक्तस्यानभिनिर्वृत्तस्य प्रतिषेधेन निर्वृत्तिः शक्या कर्तुमत्र च धातूपदेशावस्थायामेवाकारः॥ इह चोपोयते औयत लौयमानिः पौयमानिरिति बहिरङ्गे गुणवृद्धी अन्तरङ्गः प्रतिषेधः। असिद्धबहिरङ्गमन्तरङ्गे॥ नेनिक्त इति परेण रूपेण व्यहितत्वान्न भविष्यति॥**

આ **हतः हथः** માં[47] તો (**हन्**) ધાતુનો ઉપદેશ (પ્રથમ ઉચ્ચારણ) કરવામાં આવ્યો ત્યારનો જ **अ**-કાર છે (તેથી એ પ્રયોજન નથી) કારણ કે જેનો પ્રસંગ હોય પરંતુ જે હજી લાગુ ન પડયું હોય તેની પ્રતિષેધ વ્દારા નિવૃત્તિ કરી શકાય છે. વળી આ **उपोयते। औयत। लौयमानिः पौयमानिः**, (એ પણ **तन्निमित्त** ગ્રહણનું પ્રયોજન નથી કારણ કે ) તેમાં ગુણ વૃદ્ધિ બહિરંગ છે જ્યારે પ્રતિષેધ અંતરંગ છે અને અંતરંગની દૃષ્ટિએ બહિરંગ (કાર્ય) અસિદ્ધ છે (તેથી ગુણ-- વૃદ્ધિ નો નિષેધ નથી થયો) . **नेनिक्ते** (પણ પ્રયોજન નથી કારણ કે તે)માં ઉત્તરભાગનું વ્યવધાન હોવાથી (અભ્યાસ - નો ગુણ થશે ) પ્રતિષેધ નહીં થાય.

---

જરૂરી છે. **वेञ्** ધાતુના **लुङ्** ના કર્મણિ રૂપ **औयत** માં પણ **यक्** એ **कित्** પ્રત્યય લાગ્યો છે. અહીં **व्** નું **वचिस्वपि०** પ્રમાણે સંપ્રસારણ- દીર્ઘ-- **आडजादीनाम्** થી **आट्** આગમ લાગતાં આ **ऊयत**-- **आटश्च।** પ્રમાણે વૃદ્ધિ એકાદેશ થતાં **औयत** રૂપ સિદ્ધ થાય છે.અહીં **क्ङिति च।** પ્રમાણે વૃદ્ધિ નિષેધ થવાનો પ્રસંગ આવે છે તેથી પ્રસ્તુત સૂત્રમાં **तन्निमित्त** નું ગ્રહણ જરૂરી છે, કારણ કે આ વૃદ્ધિ **यक्** ને કારણે થતી નથી તેથી દોષ નિવારણ થઇ શકશે. **लूयमानस्य अपत्यम्** એ અર્થમાં **लूयमान** ને **अत इञ्।** થી અપત્યવાચક **इञ्** લાગતાં આદિ સ્વરની **तद्धिष्वचामादेः।** થી વૃદ્ધિ થઇને **लौयमानिः , पौयमानिः** થાય, પરંતુ **लूयमान, पूयमान** એ **लू** અને **पू** ધાતુઓનાં કર્મણિ વર્તમાન કૃદન્તો છે તેથી **सार्वधातुकेभ्यः०** થી **यक्** એ **कित्** પ્રત્યય થયો છે તેથી **क्ङिति च।** પ્રમાણે વૃદ્ધિ નિષેધ થવાનો પ્રસંગ આવે છે. તેથી સૂત્રમાં **तन्निमित्त** નું ગ્રહણ કરવાથી પ્રસ્તુત દોષ નિવારી શકાશે.કારણ કે અહીં જે વૃદ્ધિ થાય છે તે **यक्** ને કારણે નહીં પરંતુ **इञ्** તદ્ધિતને કારણે થાય છે. **नेनिक्ते**--**निज्** ને વર્તમાન કાળ -ના આત્મનેપદી **त** પૂર્વે **जहोत्यादिभ्यः श्लुः।** થી **शप्** નો **श्लु**--**श्लौ।** થી વ્દિર્વચન -- **निजां त्रयाणाम्०** થી અભ્યાસનો ગુણ-- **टित आत्मनेपदानाम्०** થી **त** નો **ते** થઇને **नेनिक्ते** સિદ્ધ થાય છે.અહીં **त** એ **ङित्** પ્રત્યય છે તેથી **क्ङिति०** પ્રમાણે અભ્યાસના ગુણનો નિષેધ થવાનો પ્રસંગ આવે છે પરંતુ પ્રસ્તુત સૂત્રમાં **तन्निमित्त** નું ગ્રહણ કરવામાં આવ્યું છે તેથી એ દોષ નહીં આવે, એમ પ્રયોજનવાદીની દલીલ છે.

[47] **हतः , हथः** માંનો **अ**-કાર કોઇ સામાન્ય શાસ્ત્ર વ્દારા પ્રાપ્ત નથી પરંતુ '**हन हिंसागत्योः**' એમ ગણપાઠમાં જ ઉચ્ચારેલો છે, તેથી તેનો નિષેધ થઇ ન શકે,કારણ કે નિષેધ તો તેનો જ થાય જે સામાન્યશાસ્ત્ર વ્દારા પ્રાપ્ત હોય છતાં વિશેષ શાસ્ત્રની દૃષ્ટિએ જે વિધિ લાગુ પડી ન શકે. (પ્ર.પૃ.૧૯૧) **उपोयते** માં ધાતુનું સંપ્રસારણ કર્યા પછી **उप** અને **ऊयते** એ બે પદ ઉપર ગુણ આધાર રાખે છે તેથી તે બહિરંગ છે, પરંતુ ગુણ નિષેધ **ऊयते** માંના **यक्** ઉપર આધાર રાખે છે તેથી અંતરંગ છે. આમ ગુણ અસિદ્ધ થશે, તેથી **यक्** વ્દારા તેનો નિષેધ ન થઇ શકે. **औयत** માં વૃદ્ધિ **आ** અને **ऊ** ઉપર આધારિત છે પરંતુ નિષેધ **ऊयते** માંના **यक्** ઉપર આધારિત છે તેથી અંતરંગ છે અને તેની દૃષ્ટિએ વૃદ્ધિ અસિદ્ધ છે. **नेनिक्ते** માં **ङित्** પ્રત્યય **त** ને કારણે અંગના અભ્યાસસંજ્ઞક ભાગનો ગુણ ન થઇ શકે એમ દલીલ હતી. સિદ્ધાન્તી કહે છે કે **ङित्** પ્રત્યય પર થતાં જે ગુણ નિષેધ થાય છે તે જેનો ગુણ થવાનો હોય તેને અનુલક્ષીને કરવામાં આવ્યો છે. અહીં અભ્યાસનો ગુણ થાય છે તેથી **क्ङिति०** પ્રમાણે થતો નિષેધ પણ અભ્યાસને જ લાગુ પડે, પરંતુ અભ્યાસ **नि** અને **ङित्** પ્રત્યય **त** ની વચ્ચે અંગનો પાછળનો ભાગ **निज्** આવેલો છે.આમ પ્રત્યય પર નથી પણ વ્યવહિત છે તેથી નિષેધ પ્રાપ્ત નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उपधार्थेन तावन्नार्थः। धातोरिति वर्तते। धातुं क्ङित्परत्वेन विशेषयिष्यामः। यदि धातुर्विशेष्यते विकरणस्य न प्राप्नोति। चिनुतः सुनुतः लुनीतः पुनीत इति। नैष दोषः। विहितविशेषणं धातुग्रहणम्। धातुर्यो विहित इति। धातोरेव तर्हि न प्राप्नोति। नैवं विज्ञायते धातोर्विहितस्य क्ङितीति। कथं तर्हि। धातोर्विहिते क्ङितीति॥ अथवा कार्यकालं संज्ञा-परिभाषं यत्र कार्यं तत्र द्रष्टव्यम्।

ઉપધા ને ખાતર તો (तन्निमित्त નું ગ્રહણ કરવાનો કોઇ) અર્થ નથી[48] , (કારણ કે) धातोः ની (પૂર્વ સૂત્રમાંથી અનુવૃત્તિથી પ્રાપ્ત) થાય છે. ધાતુને 'कित् કે ङित् પ્રત્યય જેની પાછળ આવે તે' એ વિશેષણ લગાડીશું, (તેથી જ ' कित् કે ङित् પ્રત્યય જેની પાછળ આવ્યા હોય તેવા ધાતુના इक् નાં ગુણવૃદ્ધિ થતાં નથી ' એમ અર્થ થશે.) જો ' कित् , ङित् પ્રત્યયો જેની પાછળ આવ્યા હોય તે' એમ ધાતુનું વિશેષણ કરશો તો चिनुतः ,[49] सुनुतः, लुनीतः માં વિકરણને પ્રતિષેધ લાગુ નહીં પડે. એ દોષ નહીં આવે. (સૂત્રમાં જે) धातु શબ્દ છે તેને વિહિતના વિશેષણ તરીકે લઇશું તેથી 'ધાતુને અનુલક્ષીને જેનું વિધાન કરવામાં આવ્યું છે તે' એમ (અર્થ થશે). એમ હોય તો પછી ધાતુને જ (પ્રતિષેધ) લાગુ નહીં પડે.[50] कित् , ङित् પ્રત્યયો પર હોય ત્યારે ધાતુને અનુલક્ષીને જેનું વિધાન કરવામાં આવ્યું છે તે (પ્રત્યય)નાં' એમ સમજવાનું નથી. તો પછી કેમ સમજવાનું છે? 'ધાતુને અનુલક્ષીને જેનું વિધાન કરવામાં આવ્યું હોય તેવા कित् કે ङित् (પ્રત્યયો) પર થતાં' એમ (સમજાય છે).[51] અથવા 'સંજ્ઞા અને પરિભાષા કાર્યના સમયે ઉપસ્થિત થાય છે' [52] એ ન્યાયે જ્યાં કાર્ય કરવાનું હોય ત્યાં ઉપસ્થિત થાય છે તેમ જાણવું જોઇએ.

---

[48] उपधा વગેરે ખાતર तन्निमित्त નું ગ્રહણ કરવાનાં જે પ્રયોજન દર્શાવવામાં આવ્યાં તે ઉચિત નથી એમ કહ્યાપછી तन्निमित्त ગ્રહણ કરવું અનાવશ્યક છે તેમ હવે ભાષ્યકાર બતાવે છે. न धातुलोपे० સૂત્રમાં धातु એ પદ ઉપસર્જનભૂત છે તેને ષષ્ઠ્યન્ત અને સ્વરિતયુક્ત લેવાથી શબ્દાધિકારમાં થાય છે તેમ धातोः ની પ્રસ્તુત સૂત્રમાં અનુવૃત્તિ થશે તેથી 'ધાતુને અનુલક્ષીને જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે कित् , गित् અને ङित् પ્રત્યયો જેની પર હોય તેના અવયવભૂત इक् વર્ણનો ગુણ નથી થતો.' એમ સૂત્રનો અર્થ થશે. क्ङित्परत्व એ ધાતુનું વિશેષણ થશે.

[49] 'कित् વગેરે પ્રત્યયો પર હોય ત્યારે જે અનન્તર પૂર્વે રહેલો ધાતુ હોય તેનાં ગુણ વૃદ્ધિ નથી થતાં' એમ સૂત્રનો અર્થ કરનારનો આ પ્રશ્ન છે કારણ કે જો ધાતુના અવયવનાં ગુણવૃદ્ધિ નહીં થાય એમ સ્વીકારવામાં આવે તો चिनुतः જેવામાં દોષ આવશે चिञ् चयने--लट् ના तस् પર થતાં स्वादिभ्यःश्नुः। થી श्नु વિકરણ લાગતાં चिनु तस् એમ થશે. હવે सार्वधातुकमपित्। પ્રમાણે अपित् સાર્વધાતુક પ્રત્યય तस् એ ङित् છે પરંતુ चिनु અંગની પછી ङित् આવવા છતાં नु ના उ નો ગુણ નિવારી નહીં શકાય કારણ કે તે વિકરણ श्नु નો ઉ-કાર છે, ધાતુનો નથી તેથી શંકાકારે કરેલા સૂત્રાર્થ પ્રમાણે क्ङिति० સૂત્ર પ્રસ્તુત ઉદાહરણમાં લાગુ નહીં પડે.પરિણામે चिनोतः लुनेतः જેવાં અશુદ્ધ રૂપો થવાનો પ્રસંગ આવશે એમ તેનું કહેવું છે.

[50] 'क्ङित् પ્રત્યય પર હોય ત્યારે ધાતુને અનુલક્ષીને જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે વિકરણ વગેરેના इक् નાં ગુણવૃદ્ધિ થતાં નથી' એમ અર્થ માની લઇને શંકાકારે પ્રશ્ન કર્યો છે. चिनुतः માં श्नु એ વિકરણ પ્રત્યય (स्वादि) ધાતુને અનુલક્ષીને કહેવામાં આવેલો છે તેથી શંકાકારે કરેલા સૂત્રાર્થ અનુસાર तस् એ ङित् પ્રત્યય પર થતાં नु ના उ નો ગુણ નહીં થાય પરંતુ ધાતુના इ ના ગુણનો નિષેધ નહીં થઇ શકે તેથી चितम् જેવામાં ગુણ થવા જશે, એમ તેનું કહેવું છે.

[51] એટલે કે ધાતુને અનુલક્ષીને જેનું વિધાન કરવામાં આવ્યું હોય તેવા कित् , गित् , ङित् પ્રત્યયની અનંતર પૂર્વે આવેલ હોય તેવા ધાતુ કે વિકરણના ગુણવૃદ્ધિનો પ્રતિષેધ કરવામાં આવે છે. અહીં धातु ને विहित ના વિશેષણ તરીકે લીધો છે.

[52] એટલે કે જ્યાં જ્યાં ગુણવૃદ્ધિનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં ત્યાં क्ङिति० ઉપસ્થિત થાય છે. એ રીતે આ પરિભાષા સૂત્ર બને છે અને पुगन्तलघू० સૂત્ર આગળ પણ આ પરિભાષા ઉપસ્થિત થતાં येनाव्यवधानं तेन



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पुगन्तलघूपधस्य गुणो भवतीत्युपस्थितमिदं भवति क्ङिति नेति॥ अथवा यदेतस्मिन्योगे क्ङिद्ग्रहणं तदनवकाशं तस्यानवकाशत्वाद्गुणवृद्धी न भविष्यतः॥ अथवाचार्यप्रवृत्तिर्ज्ञापयति भवत्युपधालक्षणस्य गुणस्य प्रतिषेध इति यदयं त्रसिगृधिधृषिक्षिपेः क्नुः। इको झल्हलन्ताच्च। इति क्नुसनौ कितौ करोति। कथं कृत्वा ज्ञापकम्। कित्करण एतत्प्रयोजनं गुणः कथं न स्यादिति। यदि चात्र गुणप्रतिषेधो न स्यात्कित्करणमनर्थकं स्यात्।पश्यति त्वाचार्य भवत्युपधालक्षणस्य

છે, એમ જાણવું ( पुगन्तलघूपधस्य ० પ્રમાણે) पुक् આગમ જેને અંતે હોય તેવા (અંગ)નો અને લઘુ ઉપાન્ત્ય જેમાં હોય તેનો ગુણ થાય છે' એ (સૂત્રને) જ્યાં (પ્રસંગ) હોય ત્યાં ' कित् અને ङित् પ્રત્યય પર થતાં (ગુણ)નથી થતો' એ ઉપસ્થિત થાય છે. અથવા તો આ સૂત્રમાં જે 'कित् અને ङित् નું ગ્રહણ કરવામાં આવ્યું છે તેને અવકાશ નથી[53] અને અવકાશ નથી તેથી ગુણ કે વૃદ્ધિ નહીં થાય. અથવા તો આચાર્ય પાણિનિએ त्रसिगृधिधृषिक्षिपे क्नु। इको झल्। हलन्ताच्च। એ (સૂત્રો)માં क्नु અને सन् એ બે (પ્રત્યયો) ને कित् કર્યા છે[54] તે ઉપરથી જ્ઞાપન થાય છે કે ઉપાન્ત્યને કારણે થતા ગુણનો પ્રતિષેધ કરવામાં આવે છે. કેવી રીતે જ્ઞાપન કરે છે ? (એ પ્રત્યયોને) कित् કરવાનું પ્રયોજન એ છે કે કોઈ પણ રીતે ગુણ ન થાય.[55] જો અહીં ગુણનો પ્રતિષેધ ન થાય તો कित् કરવાનો કોઈ અર્થ ન રહે.પરંતુ આચાર્ય જાણે છે કે ઉપાન્ત્યને અનુલક્ષીને થતા ગુણનો પણ (क्ङिति च।

---

व्यवहितेऽपि वचनप्रामाण्यात्। (અર્થાત્ 'કોઈ વિધિમાં જેનું વ્યવધાન અનિવાર્ય હોય તેનું ત્યાં વ્યવધાન હોવા છતાં વિધિના ઉચ્ચારણને બળે કાર્ય સિદ્ધ થાય છે'). એ ન્યાયે भिन्न જેવામાં द-કારનું વ્યવધાન અનિવાર્ય છે તેથી નિષેધ રૂપી કાર્ય થશે.

[53] અથવા તો આ સૂત્ર પરિભાષા ન હોય તો પણ પ્રતિષેધ હંમેશાં પ્રતિષેધ્ય (=જેનો પ્રતિષેધ કરવાનો હોય તે)ની અપેક્ષા રાખે છે તેથી જેટલાં અને જ્યાં પ્રતિષેધ્ય તેટલાં જ પ્રતિષેધ સૂત્રો થશે.એમ હોવાથી पुगन्तलघू० પ્રમાણે થતા ગુણનો પ્રતિષેધ કરવાનો હોય ત્યારે તેના પ્રતિષેધક क्ङिति० સૂત્રને અવકાશ નથી, કારણ કે इक् ની અનંતર અર્થાત્ અવ્યવહિત રીતે પર क्ङित् પ્રત્યય આવતો નથી. આમ અનવકાશ થવાથી વ્યવહિત હોવા છતાં નિષેધ પ્રવૃત્ત થાય છે. અહીં ઉપધાભૂત इक् કદાપિ क्ङित् પ્રત્યયની અવ્યવહિત પૂર્વે નથી મળતો તેથી નિષેધ ઉપધાની બાબતમાં નિરર્થક બને છે. भिन्न વગેરેમાં भिद् ધાતુનો હ્રસ્વ इ-કાર क्ङित् પ્રત્યય क्त ની અવ્યવહિત પૂર્વે મળવો અશક્ય છે તેથી વ્યવહિત इ-કારનો પણ क्ङिति० પ્રમાણે નિષેધ થશે. ભર્તૃ.(પૃ.૧૪૨) નોંધે છે કે કેટલાકને મતે અહીં યથોદ્દેશ પક્ષ પ્રમાણે પરિહાર કર્યો, કારણ કે પૂર્વે કાર્યકાલ પક્ષ અનુસાર પરિહાર કર્યો છે. તે પ્રમાણે ગુણવિધાયક પ્રધાન સૂત્રો અનેક છે અને क्ङिति० એ નિષેધસૂત્ર પાસે ઉપસ્થિત થાય છે.પ્રતિષેધક સૂત્ર क्ङिति० પણ પ્રધાન સૂત્ર પ્રમાણે અનેક સ્વરૂપ ધારણ કરે છે. भिन्न વગેરેમાં ઉપધા અવ્યવહિત પૂર્વે ન હોવાથી पुगन्तलघु० વગેરેના સાન્નિધ્યવાળું क्ङिति० સૂત્ર નિરર્થક જવાનો પ્રસંગ આવે છે તેથી ત્યાં (भिन्न વગેરેમાં) कित् પ્રત્યય અવ્યવહિત રીતે પર નથી તો પણ વ્યવહિત ઉપધાભૂત इ-કારના ગુણનો પ્રતિષેધ કરી શકશે.

[54] त्रस्, गृध्, धृष् અને क्षिप् એ ધાતુઓને त्रसगृधि० વગેરે પ્રમાણે લાગતા क्नु પ્રત્યયને સૂત્રકારે कित् કર્યો છે. વળી सन् એ झलादि પ્રત્યય इक् પછી અથવા તો हलन्त પછી આવે તો તે इको झल्। અને हलन्ताच्च। પ્રમાણે कित् બને છે તેથી चिचीषति, तुष्टूषति, चिकीर्षति તેમ જ बिभित्सति, बुभूत्सते જેવામાં ગુણ થતો નથી. આમ આ कित्करण ઉપરથી સમજાય છે કે क्ङिति० દ્વારા ઉપધાના ગુણનો પ્રતિષેધ થાય છે. જો તેમ ન થતું હોય તો સૂત્રકાર આ પ્રત્યયોને कित् ન કરત.

[55] મૂળમાં गुणः कथं न स्यात्। એમ છે. શબ્દશઃ અનુવાદ 'ગુણ કેમ કરીને ન થાય (એ વિચારીને પ્રત્યયને कित् કર્યો છે.)' એમ થશે.છા.માં कथम् = कथमपि એમ અર્થ છે. અહીં गुणप्रतिषेधः कथं स्यात्। એમ પાઠાન્તર છે (ચૌ.પૃ.૨૧૫,પા.ટી.૯).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रतिषेध इति ततः क्नुसनौ कितौ करोति॥ रोरवीत्यर्थेनापि नार्थः। क्ङितीत्युच्यते न चात्र क्ङितं पश्यामः। प्रत्यय-लक्षणेन प्राप्नोति। न लुमता तस्मिन्निति प्रत्ययलक्षणप्रतिषेधः। अथापि न लुमताङ्गस्येत्युच्यते। एवमपि न दोषः। कथम्। न लुमता लुप्तेऽङ्गाधिकारः प्रतिनिर्दिश्यते। किं तर्हि। योऽसौ लुमता लुप्यते तस्मिन्यदङ्गं तस्य यत्कार्यं तन्न भवतीति। अथाप्यङ्गाधिकारः प्रतिनिर्दिश्यते एवमपि न दोषः। कथम्। कार्यकालं संज्ञापरिभाषं यत्र कार्यं तत्र द्रष्टव्यम्।

પ્રમાણે) પ્રતિષેધ થાય છે તેથી તેમણે क्नु અને सन् એ બે (પ્રત્યયો)ને कित् કર્યા છે. रोरवीति ને ખાતર પણ तन्निमित्त નું ગ્રહણ) જરૂરી નથી, કારણ કે સૂત્રમાં 'कित् અને ङित् પ્રત્યય પર થતાં' એમ કહ્યું છે, જ્યારે અહીં તો कित् કે ङित् પ્રત્યય જોવામાં આવતા નથી.[56] 'પ્રત્યયનો લોપ કરવામાં આવ્યો હોય ત્યારે પ્રત્યયલક્ષણ કાર્ય થાય છે' એ ન્યાયે (નિષેધ) પ્રાપ્ત થાય છે.પ્રત્યયનો લોપ જ્યારે लुमत् (અર્થાત् लु જેમાં આવતો હોય તે लुक् , श्लु, लुप् એ લોપસૂચક શબ્દો) વ્દારા થયો હોય ત્યારે પ્રત્યયલક્ષણનો નિષેધ કરવામાં આવ્યો છે .[57] હવે न लुमताङ्गस्य। એમ સૂત્રપાઠ લેવામાં આવે તો દોષ નથી આવતો. કેવી રીતે? કારણ કે लुमत् એ શબ્દ વ્દારા લોપ કરવામાંઆવ્યો હોય ત્યારે અંગાધિકારને અનુલક્ષીને નિર્દેશ કરવામાં આવ્યો નથી.[58] તો પછી શેનો નિર્દેશ કરવામાં આવ્યો છે ? लुमत् વ્દારા જે પ્રત્યયનો લોપ થયો હોય તેની પૂર્વે જે અંગ હોય તેને જે કાર્ય (તે પ્રત્યયને કારણે) થવું જોઇએ તે થતું નથી. અથવા તો (તે સૂત્રમાં) અંગાધિકાર નો નિર્દેશ કરવામાં આવ્યો છે તેમ લઇએ તો પણ કઇ વાંધો નથી. કેવી રીતે? સંજ્ઞા અને પરિભાષા જ્યાં કાર્ય થવાનું હોય ત્યાં ઉપસ્થિત થાય છે. એટલે કે

---

[56] रोरवीति માં यङ् નો લોપ થયો છે તેથી ङित् દેખાતો નથી છતાં લુપ્ત यङ् ને કારણે પ્રત્યયલક્ષણથી ગુણનિષેધ પ્રાપ્ત થશે એમ અહીં દલીલ છે.

[57] ભાષ્યમાં न लुमता तस्मिन्। એમ જે કહ્યું છે તે ઉપર ભર્તૃ.નોંધે છેઃ पाठान्तरं गृहीत्वोच्यते। अथापि यथान्यासमेवमपि लुमतेति इत्थम्भूतलक्षणेति तृतीया। આથી લાગે છે કે न लुमताऽङ्गस्य। એ સૂત્રમાં ભાષ્યકાર પાઠાન્તર સ્વીકારે છે તેમ ભર્તૃ. માને છે. વાસ્તવમાં આ न लुमताऽङ्गस्य। એ સૂત્ર ઉપરની વાર્તિક(૧૩) છે.પ્રત્યયનો લોપ થયો હોય તો પણ प्रत्ययलोपे प्रत्ययलक्षणम्। પ્રમાણે તે પ્રત્યયને કારણે થતું કાર્ય થાય છે,પરંતુ न लुमता तस्मिन्। થી लुमत् (અર્થાત् लु જેમાં આવતો હોય તે लुक् , श्लु, लुप् એ લોપવાચી શબ્દ) વ્દારા લોપ કરવામાં આવ્યો હોય ત્યાં પ્રત્યયલક્ષણનો નિષેધ કરવામાં આવ્યો છે. रोरवीति માં यङ् નો લોપ लुक् થી થયો છે (કારણ કે यङोऽचि च। માં ण्यक्षत्रिया० માંથી लुक् ની અનુવૃત્તિ થાય છે.) તેથી ત્યાં પ્રત્યયલક્ષણ નહીં થાય તેથી क्ङिति० પ્રમાણે ङित् પ્રત્યયને કારણે થતું ગુણ નિષેધ રૂપી કાર્ય નહીં થાય.પરિણામે रु ના उ નો જે ગુણ થાય છે તે નહીં થાય.અહીં न लुमताऽङ्गस्य। એમ યથાન્યાસ પાઠ લેતાં અને अङ्गस्य ને સ્વરિતચિહ્નયુક્ત ગણતાં અંગાધિકારમાં આવતાં કાર્યમાં જ પ્રત્યયલક્ષણનો નિષેધ થશે.પરંતુ क्ङिति० અંગાધિકારમાંનું સૂત્ર નથી તેથી પ્રસ્તુત સૂત્ર વ્દારા કરવામાં આવતો પ્રત્યયલક્ષણનિષેધ તેને લાગુ નહીં પડે તેથી ગુણનો નિષેધ થવાનો પ્રસંગ આવશે એ શંકાને લક્ષમાં રાખીને આ વિધાન કરેલું છે.

[58] સિદ્ધાન્તી પ્રમાણે એ સૂત્રમાં અંગાધિકારનો નિર્દેશ નથી કરવામાં આવ્યો, એટલે કે તે સૂત્રમાંના अङ्गस्य શબ્દને સૂત્રકારે સ્વરિતચિહ્નયુક્ત ઉચ્ચાર્યો નથી તેથી અંગાધિકારનો નિર્દેશ નથી થતો.પરિણામે અંગને લગતું કાર્ય હોય કે ન હોય તેવા કોઇ પણ કાર્યને વિશે થતા પ્રત્યયલક્ષણનો न लुमताऽङ्गस्य। વ્દારા નિષેધ કરવામાં આવે છે તેથી रोरु ई ति એ સ્થિતિમાં सार्वधातुकार्ध० પ્રમાણે થતા उ- કારના ગુણનો क्ङिति० પ્રમાણે નિષેધ નહીં થાય.આગળ કહેશે કે અંગાધિકારનો નિર્દેશ છે એમ સ્વીકારવા છતાં कार्यकालं संज्ञापरिभाषम्। એ ન્યાયનો આધાર લઇને रोरवीति સિદ્ધ થઇ શકશે, કારણ કે નિષેધ પણ પરિભાષા જેવો હોવાથી જ્યાં જ્યાં નિષેધ રૂપી અંગ કાર્ય હોય ત્યાં ત્યાં ઉપસ્થિત થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सार्वधातुकार्धधातुकयोर्गुणो भवतीत्युपस्थितमिदं भवति क्ङिति नेति॥ अथवा छान्दसमेतद् दृष्टानुविधिश्छन्दसि भवति॥ अथवा बहिरङ्गो गुणोऽन्तरङ्गः प्रतिषेधः। असिद्धं बहिरङ्गमन्तरङ्गे॥ अथवा पूर्वस्मिन्योगे यदार्धधातुकग्रहणं तदनवकाशं तस्यानवकाशत्वाद्गुणो भविष्यति॥ इह कस्मान्न भवति। लैगवायनः। कामयते।

'सार्वधातुकार्ध०। પ્રમાણે સાર્વધાતુક અને આર્ધધાતુક (પ્રત્યયો) પાછળ આવ્યા હોય ત્યારે ગુણ થાય છે,' એમ કહેવામાં આવતાં ત્યાં (क्ङिति च । એ સૂત્ર) ઉપસ્થિત થાય છે. (તેથી कित् ङित् પ્રત્યયો પર હોય ત્યાં ગુણનો નિષેધ થાય છે.)

અથવા આ (रोरवीति એ રૂપ) વૈદિક છે અને વેદમાં તો જેવું રૂપ જોવામાં આવે તે પ્રમાણે નિયમ કરવાનો હોય છે. અથવા ગુણ બહિરંગ છે જ્યારે પ્રતિષેધ અંતરંગ છે અને અંતરંગની દૃષ્ટિએ બહિરંગ અસિદ્ધ (ન હોવા બરોબર) છે.[59] અથવા પૂર્વસૂત્રમાં आर्धधातुक શબ્દનું ગ્રહણ છે તે નિરવકાશ છે (કારણ કે તેનો કોઇ ઉપયોગ નથી) અને તે અવકાશરહિત છે તેથી (रोरवीति માં નિષેધ ન થતાં) ગુણ થશે.[60] (તો પછી) આ लैगवायनः , कामयते માં [61] (નિષેધ) કેમ નથી થતો?

---

[59] स्थितस्य गतिश्चिन्तनीया। એ ન્યાયે વેદમાં ઉપલબ્ધ શબ્દોની લક્ષ્યાનુસાર સિદ્ધિ કરવાની હોય છે. रोरवीति એ વૈદિક રૂપ છે તેથી दृष्टानुविधिः० પ્રમાણે તેમાં ગુણ થએલો છે તેથી ગુણ જ થશે નિષેધ નહીં થાય. यङोऽचि च । માંના च-કારને કારણે પૂર્વ સૂત્રમાંથી बहुलम् ની અનુકર્ષણ થાય છે તેથી क्वचित्प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः। એમ बाहुलक થી यङ्लुक् અનૈમિત્તિક રીતે થશે અને રૂપ સિદ્ધ થશે.[નાગેશ પ્રમાણે बहुलम् અને छन्दसि બન્નેનું અનુકર્ષણ થાય છે.ન્યાસ. મુજબ માત્ર बहुलम् નું જ થાય છે (चकारेण बहुलग्रहणमनुकृष्यते न तु छन्दसीति। तेन छन्दसि भाषायां च यङ्लुग्भवति।) કૈયટ પણ તેમ જ માને છે. ભાષ્યને આધારે નાગેશ સૂચવે છે કે यङ्लुक् ના પ્રયોગનો ભાષામાં અભાવ છે (वस्तुतस्तु भाष्यप्रामाण्यादेषां प्रयोगाणां लोकेऽभाव इत्येवाश्रयणीयम्। )]. બીજી રીતે જોતાં અહીં નિષેધનું નિમિત્ત यङ् છે તેની દૃષ્ટિએ ગુણનું નિમિત્ત સાર્વધાતુક પ્રત્યય ति બહિર્ભૂત છે તેમ હોવાથી નિષેધની દૃષ્ટિએ ગુણ અસિદ્ધ થશે તેથી क्ङिति० પ્રમાણે ગુણનો નિષેધ નહીં થાય.

[60] લોપ અને ગુણવૃદ્ધિ એ બન્નેનું વિશેષણ થઇ શકે તેમાટે પૂર્વ સૂત્રમાં आर्धधातुक શબ્દ મૂકવો જરૂરી છે તેથી તે અનવકાશ છે તેમ કેવી રીતે કહી શકાય? એ પ્રકારની શંકા થઇ શકે. પરંતુ एकाचो द्वे प्रथमस्य। એ સૂત્રમાં અન્ય પદાર્થ મૂક્યો નથી છતાં एकाचः એ બહુવ્રીહિ સમાસ થઇ શકે છે તેમ અહીં પણ आर्धधातुके એમ કહ્યા સિવાય धातुलोपे એ બહુવ્રીહિ સમાસ થઇ શકશે અને અન્યપદાર્થ તરીકે आर्धधातुके જ પ્રાપ્ત થશે. આમ સૂત્રમાં आर्धधातुक ગ્રહણ ન કરવામાં આવ્યું હોય તો પણ કાર્ય સિદ્ધ થાય છે તેથી आर्धधातुक અહીં અનવકાશ થશે. रोरवीति માં यङ् લોપ આર્ધધાતુક કે સાર્વધાતુક પ્રત્યયને કારણે નથી થયો તેથી न धातुलोपे० લાગુ નહીં પડે અને ગુણ નિષેધ નહીં થાય. વળી સૂત્રમાં જે आर्धधातुक શબ્દ મૂક્યો છે તેને પ્રતાપે क्ङिति० પ્રમાણે ङित् પ્રત્યય यङ् ને કારણે થતો ગુણ નિષેધ નહીં થાય અને रोरवीति એ રૂપ સિદ્ધ થશે.

[61] लैगवायनः --नडादि ગણના लिगु શબ્દને लिगोः गोत्रापत्यम्। એ અર્થમાં नडादिभ्यः फक्। પ્રમાણે फक् લાગતાં किति च। થી कित् પ્રત્યય फक् પૂર્વે આદિસ્વરની વૃદ્ધિ થઇને ओर्गुणः। થી उ નો ગુણ-- अव् આદેશ થઇને लैगवायनः સિદ્ધ થાય છે.અહીં જે વૃદ્ધિ થઇ છે તેનો क्ङिति० થી નિષેધ કેમ નથી થતો એમ શંકા કરવામાં આવી છે. તેનો ઉત્તર એ કે અહીં लिगु ના लि ના इ-કાર અને ગોત્રાપત્યવાચી कित् પ્રત્યય फक् વચ્ચે गु ના ग-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तद्धितकाम्योरिक्प्रकरणात् ॥४॥

इग्लक्षणयोर्गुणवृद्ध्योः प्रतिषेधो न चैते इग्लक्षणे। लकारस्य ङित्त्वादादेशेषु स्थानिवद्भावप्रसङ्गः। ♣ लकारस्य ङित्त्वादा-देशेषु स्थानिवद्भावःप्राप्नोति। अचिनवम्। असुनवम्। अकरवम्।

लकारस्य ङित्त्वादादेशेषु स्थानिवद्भावप्रसङ्ग इति चेद्यासुटो ङिद्वचनात्सिद्धम् ॥५॥

તદ્ધિત્ પર થતાં અને कम् ધાતુમાં જે વૃદ્ધિ થાય છે તે इक् પ્રકરણમાં (કહેલી) છે (તેથી નિષેધ લાગુ પડે છે) ॥૪॥

જ્યાં इकः (इक् ના) એ પદની ઉપસ્થિતિ થતી હોય તેવાં ગુણવૃદ્ધિનો (આ સૂત્રમાં) નિષેધ કરવામાં આવ્યો છે. જ્યારે આ (लैगवायनः, कामयते ) માં થયેલી વૃદ્ધિમાં इकः પદની ઉપસ્થિતિ થતી નથી. (તેથી નિષેધ લાગુ પડશે નહીં)[62] ल-કાર ङित् હોવાથી તેના આદેશનો સ્થાનિવદ્દભાવ થવાનો પ્રસંગ આવશે.♣ ल-કાર ङित् હોવાથી તેના (કાલવાચી પ્રત્યયો રૂપી) આદેશનો સ્થાનિવદ્દભાવ થવાનો પ્રસંગ આવે છે.[63] તેથી अचिनवम् असुनवम् अकरवम् (માં ગુણ ન થવાનો પ્રસંગ આવશે).

જો એમ કહેવામાં આવે કે ल-કાર ङित् છે તેથી તેના આદેશસ્થાની જેવા (અર્થાત્ ङित् ) છે એમ માનવાનો પ્રસંગ આવશે. તો અમે કહીશું કે यासुट् ને ङित् કહ્યો છે તે ઉપરથી (ઈષ્ટ કાર્ય) સિદ્ધ થશે. ॥૫॥

---

કાર અને ઉ-કારનું વ્યવધાન છે તેથી નિષેધ ન થતાં ગુણ થાય છે. પરંતુ જો પરસપ્તમી લેવામાં આવે તો દોષ નહીં આવે. कामयते--कम् ધાતુને कमेर्णिङ्। થી णिङ् થતાં कम् णिङ् ते --अत उपधायाः। થી ઉપધા વૃદ્ધિ થઇને થાય છે. અહીં णिङ् એ ङित् પ્રત્યય પર હોવા છતાં વૃદ્ધિનો નિષેધ થતો નથી, કારણ કે म-કારનું વ્યવધાન છે.અહીં પણ तन्निमित्त નું ગ્રહણ કરવામાં આવે તો નિષેધ થવા રૂપી દોષ આવશે..

[62] कामयते માંજે વૃદ્ધિ થઇ છે તે इग्लक्षणा વૃદ્ધિ નથી ,પરંતુ लैगवायनમાં જે ગુણ થાય છે તે इक् નો જ આદેશ છે તેથી ત્યાં નિષેધ થવો જોઇએ,કારણ કે क्ङिति० થી થતો નિષેધ इक् ને થતાં ગુણવૃદ્ધિનો નિષેધ છે.એમ શંકાકારનું કહેવું છે. તેનો ઉત્તર એ કે ओर्गुणः। માં સૂત્રકારે ઉ-કારનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે તેથી ત્યાં इकःની ઉપસ્થિતિ નહીં થાય અને તેમ થવાથી નિષેધ લાગુ નહીં પડે.

♣ કેટલીક આવૃત્તિમાં આ વાક્ય (વા) તરીકે આપ્યું છે. વા.શા. માં મૂળમાં નહીં પણ અનુવાદમાં (વા) રૂપે તરીકે લીધું આપ્યું છે.

[63] लङ् , लिङ् , लुङ् અને लृङ् એ ચાર ल-કાર ङित् છે તેથી તેમના मिप् , सिप् વગેરે આદેશો પણ સ્થાનિવદ્-ભાવથી ङित् થવાનો પ્રસંગ આવશે, એટલે કે પ્રત્યયો એ જ ल-કાર છે અને તેથી ङित् છે એમ સમજ્વાનો પ્રસંગ આવશે.પરિણામે अचिनवम् માં ગુણ નિષેધ થવાનો પ્રસંગ આવશે. अल्विधि માં સ્થાનિવદ્દભાવનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે છતાં इत् સંજ્ઞાને કારણે અનુબન્ધનો લોપ થતો હોવાથી અનુબન્ધનું સ્થાની સાથે સાન્નિધ્ય રહેતું નથી, પરિણામે अनल्विधौ એ પ્રતિષેધ અનુબન્ધની બાબતમાં લાગુ પડતો નથી. તેથી लङ् એ ङित् ल-કાર -માં સ્થાનિવદ્દભાવ થાય તો अचिनु अम् --सार्वधातुकार्ध० થી ગુણ પ્રાપ્ત થાય છે તેનો નિષેધ થવાનો પ્રસંગ આવે અને अचिनवम् ,असुनवम् અને अकरवम् જેવાં રૂપો સિદ્ધ ન થાય. વાસ્તવમાં ભાષ્યકાર सार्वधातुकमपित्। એ સૂત્રનો વિભાગ કરીને अपित् એ સૂત્ર વ્દારા થતા પ્રસજ્યપ્રતિષેધથી ङित् ના तिप् વગેરે આદેશોને વિશે સ્થાનિવદ્ -ભાવ વ્દારા કે અન્ય કોઇ પણ રીતે થતા ङित्त्व નો નિષેધ કરે છે. તે રીતે ' पित् પ્રત્યયો ङित् નથી હોતા અને ङित् પ્રત્યયો पित् નથી હોતા' એમ ભાષ્યકાર કલ્પે છે, પરંતુ વાર્તિકકારને તે સ્વીકાર્ય નથી તેથી તેમણે શંકા કરી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यदयं यासुटो ङिद्वचनं शास्ति तज्ज्ञापयत्याचार्यो न ङिदादेशा ङितो भवन्तीति। यद्येतज्ज्ञाप्यते कथं नित्यं ङितः। इतश्च। इति। ङितो यत्कार्यं तद्भवति ङिति यत्कार्यं तन्न भवतीति। किं वक्तव्यमेतत्। न हि। कथमनुच्यमानं गंस्यते। यासुट एव ङिद्वचनात्। अपर्याप्तश्चैव हि यासुट् समुदायस्य ङित्त्वे ङित्तं चैनं करोति। तस्यैतत्प्रयोजनं ङितो यत्कार्यं तद्यथा स्यात्। ङिति यत्कार्यं तन्मा भूदिति॥

दीधीवेवीटाम् ॥१।१।६॥

એમણે **यासुट्** (**यासुट् परस्मैपदेषूदात्तो ङिच्च** । ને એ સૂત્ર વ્દારા **लिङ्** ને થતા **यासुट्** આગમને ) **ङित्** કહ્યો છે તે ઉપરથી આચાર્ય સૂચવે છે કે **ङित्** ના આદેશો **ङित्** હોતા નથી.[64] જો આ રીતે સૂચવવામાં આવતું હોય તો **नित्यं ङितः** । (પ્રમાણે **अपचाम पचेम** ) અને **इतश्च** । પ્રમાણે **अपचत्** અને **पचेत्** કેવી રીતે થશે?[65] (તેનો અર્થ એટલો જ કે) **ङित्** ને જે કાર્ય થાય છે તે તેના આદેશને પણ થાય છે પરંતુ **ङित्** પાછળ આવ્યો હોય ત્યારે જે કાર્ય થવું જોઇએ તે કાર્ય (આદેશ પાછળ આવતાં) નથી થતું.[66] તો એ કહેવું પડશે? ના રે. તો પછી કહ્યા વિના શી રીતે સમજાશે? **यासुट्** ને જ **ङित्** કહ્યો છે તે ઉપરથી (સમજાશે). **यासुट्** તો સમગ્ર સમુદાયને **ङित्** કરવાને સમર્થ નથી જ[67] છતાં તેને **ङित्** કર્યો છે તેનું પ્રયોજન એટલું જ કે **ङित्** ને જે કાર્ય થાય તે **यासुट्** ને પણ થઇ શકે, પરંતુ **ङित्** પાછળ આવ્યો હોય ત્યારે જે કાર્ય થાય તે **यासुट्** પાછળ આવ્યો હોય ત્યારે ન થાય.

(**दीधी** ધાતુને, **वेवी** ધાતુને અને **इट्** આગમને ગુણવૃદ્ધિ થતાં નથી ॥૧।૧।૬॥

---

[64] **लिङ्** લ-કારમાં પરસ્મૈપદમાં લાગતો **यासुट्** એ **टित्** આગમ આદ્યાવયવ થવાથી **यदागमाः०** એ ન્યાયે **ङित्** થઇ જાય છે તેથી **यासुट् परस्मैपदेषु ङिच्च** । માં તેને **ङित्** કહ્યો છે તે નિરર્થક થઇને જ્ઞાપન કરે છે કે **ङित्** ના આદેશ **ङित्** હોતા નથી. વાસ્તવમાં **यासुट्** ને **ङित्** કર્યો છે તો પણ આગમના **ङित्त्व** નો કશો ઉપયોગ નથી તેથી આગમ યુક્ત **लिङादेश** રૂપ સમગ્ર સમુદાય **ङित्** થાય છે, **ङित्** ના આદેશ **ङित्** થતા હોત તો આ સૂત્રમાં કરેલું **ङित्त्व** નિરર્થક થઇને ઉપર કહ્યા પ્રમાણે જ્ઞાપન કરે છે એમ સ્વીકારી શકાય. બીજી રીતે કહીએ તો **यासुट् लिङ्** નો આગમ હોવાથી તેના ભાગરૂપ છે તેથી સ્થાનિવદ્દ્ભાવથી તેનું **ङित्त्व** સિદ્ધ થશે પરંતુ આચાર્ય જાણે છે કે સ્થાનિવદ્દ્ભાવથી **ङित्त्व** સિદ્ધ થતું નથી તેથી તેમણે **यासुट्** ને **ङित्** કર્યો છે

[65] શંકાકારની દલીલ આ પ્રમાણેછે : સૂત્રકારે **यासुट्** આગમને **ङित्** કહ્યો છે તે વ્દારા **ङित्** ના આદેશ **ङित्** નથી હોતા એમ જ્ઞાપન થતું હોય તો **ङित्** લ-કાર **लिङ्** ના આદેશો **वस्** , **मस्** , **ति** વગેરે **ङित्** નહી થાય પરિણામે **भवेम** એ રૂપમાં **नित्यं ङितः** । પ્રમાણે **स**-કાર લોપ નહી થઇ શકે તેથી **नित्यं ङितः** । વગેરે સૂત્રો અનવકાશ થશે.

[66] **यासुट्** ને **ङित्** કર્યો છે તેને કારણે સ્થાનીનું પોતાનું **ङित्त्व** નષ્ટ થતું નથી તેથી તો માત્ર એટલું જ સૂચવાય છે કે **ङित्** પૂર્વે જે કાર્ય પ્રાપ્ત થાય છે તે સ્થાનિવદ્દ્ભાવથી **ङित्** થએલા **ल**-કારના આદેશ પૂર્વે નથી થતું. દા.ત. **लङ्** એ **ङित्** લ-કાર છે તેનો આદેશ **मिप्** (**अम्**) **पित्** હોવા છતાં સ્થાનિવદ્દ્ભાવથી **ङित्** થશે. તેથી **चि** ધાતુના પ્ર.પુ. એ.વ.માં **अचिनु मिप्-अचिनु अम्** એ સ્થિતિમાં **सार्वधातुकार्ध०** પ્રમાણે ગુણ પ્રાપ્ત થાય છે તેનો **क्ङिति०** થી નિષેધ થવાનો પ્રસંગ આવશે, કારણ કે **मिप्** એ **पित्** હોવા છતાં સ્થાનિવદ્દ્ભાવથી **ङित्** થવા જશે. પરંતુ **ङित्** પૂર્વે જો કોઇ કાર્ય પ્રાપ્ત થાય તો તે **ङित्** ના આદેશ પૂર્વે થતું નથી માટે ગુણનો નિષેધ ન થતાં **अचिनवम्** એ રૂપ સિદ્ધ થશે.

[67] કૈ. અહી **सुपर्याप्तश्चैव हि यासुट्०** વગેરે પાઠાન્તર નોંધે છે. તદનુસાર અનુવાદ આમ થશે : સમગ્ર સમુદાયને **ङित्** બનાવવા માટે તદ્દન પૂરતો છે (અર્થાત્ અવયવભૂત **यासुट्** ને **ङित्** કરવાથી તેનાથી વિશિષ્ટ સમુદાય પણ **ङित्** થશે).અહીં **ङित्तं चैनं करोति** । વ્દારા સમુદાયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમ કૈ. સૂચવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किमर्थमिदमुच्यते। गुणवृद्धी मा भूतामिति। आदीध्यनम् आदीध्यकः। आवेव्यनम् आवेव्यक इति॥ अयं योगः शक्योऽकर्तुम्। कथम्। दीधीवेव्योश्छन्दोविषयत्वाद्दृष्टानुविधित्वाच्च च्छन्दसोऽदीधेददीधयुरिति च

गुणदर्शनादप्रतिषेधः ॥१॥

दीधीवेव्योश्छन्दोविषयत्वात्। दीधीवेव्यौ छन्दोविषयौ। दृष्टानुविधित्वाच्चच्छन्दसः। दृष्टानुविधिश्च च्छन्दसि भवति। अदीधेददीधयुरिति च गुणस्य दर्शनादप्रतिषेधः। अनर्थकः प्रतिषेधोऽप्रतिषेधः। प्रजापतिर्वै यत्किंचन मनसादीधेत्। होत्रार्य वृतः कृपयन्नदीधेत्। अदीधयुर्दाशराज्ञे वृतासः। भवेदिदं युक्तमुदाहरणम् अदीधेदिति। इदं त्वयुक्तम् अदीधयुरिति। अयं जुसि गुणः प्रतिषेधविषय आरभ्यते। स यथैव क्ङिति नेत्येतं प्रतिषेधं बाधत एवमिममपि बाधते। नैष दोषः। जुसि गुणः प्रतिषेधविषय आरभ्यमाणस्तुल्यजातीयं प्रतिषेधं बाधते। कश्च तुल्यजातीयः प्रतिषेधः। यः प्रत्ययाश्रयः। प्रकृत्याश्रयश्चायम्।

આ (સૂત્ર) શા માટે કહેવામાં આવ્યું છે ? आदीध्यनम् , आदीध्यकः , आवेव्यनम् ,आवेव्यकः માં ગુણ અને વૃદ્ધિ ન થાય તે માટે. આ સૂત્ર કરવામાં ન આવ્યું હોય તો ચાલે. કેવી રીતે? दीधी वेवी એ બે ધાતુ વેદમાં પ્રયોજાય છે અને વેદમાં તો જે જોવામાં આવે તે (રૂપો) ને અનુરૂપ થાય તેમ નિયમ લગાડવાનો હોય છે.વળી વેદમાં अदीधेत् , अदीधयुः માં ગુણ (થએલો જોવામાં આવે છે તેથી પ્રતિષેધ નિરર્થક છે ॥૧॥

दीधी , वेवी એ બે ધાતુ વેદમાં પ્રયોજાય છે અને વેદમાં ઉપલબ્ધ થતાં રૂપો (જેમ હોય તે) પ્રમાણે તેનો ખુલાસો (શાસ્ત્રે) કરવાનો હોય છે, એટલે કે આ બે दीधी અને वेवी ધાતુઓ વેદમાં જ જોવામાં આવે છે તેમ જ વેદમાં ઉપલબ્ધ થતાં રૂપો જેમ હોય તે રીતે તેમનો ખુલાસો (શાસ્ત્રે) આપવાનો હોય છે તેથી તેમ જ अदीधेत् , अदीधयुः માં ગુણ થએલો જોવામાં આવે છે તેથી પ્રતિષેધ નિરર્થક બને છે. જેમ કે प्रजापतिर्वै यत्किञ्चन मनसादीधेत्। होत्रार्य वृतः कृपयन्नदीधेत् । अदीधयुर्दाशराज्ञे वृतासः। અહીં अदीधेत् એ યોગ્ય ઉદાહરણ છે,[68] પરંતુ अदीधयुः એ અયોગ્ય ઉદાહરણ છે, કારણ કે जुस् પ્રત્યય પાછળ આવતાં (जुसि च ।પ્રમાણે) જે ગુણ થાય છે તે (ગુણ) પ્રતિષેધને જયાં અવકાશ છે ત્યાં જ કહેવામાં આવ્યો છે અને તે જેમ (क्ङिति न। થી થતા પ્રતિષેધનો બાધ કરે છે તેમ આ (સૂત્રથી થતા) પ્રતિષેધનો પણ બાધ કરે છે. તેમાં વાંધો નથી, કારણ કે जुस् પર થતાં જે ગુણ થાય છે તે જ્યાં પ્રતિષેધને અવકાશ છે ત્યાં જ કરવામાં આવ્યો છે (તેથી) તે પોતાની જાતના પ્રતિષેધનો બાધ કરશે.તુલ્ય જાતનો પ્રતિષેધ તે કયો ? જે પ્રત્યય પર આધારિત હોય તે. [69] જયારે આ(પ્રકૃત સૂત્ર દ્વારા થતો પ્રતિષેધ પ્રકૃતિ પર આધારિત છે.

---

[68] अदीधेत् એ दीधीङ् दीप्तिदेवनयोः। એ ધાતુનું लङ् ૩જો પુ .એ.વ.નું રૂપ છે. दीधी--अदिप्रभृति० થી शप् નો લોપ व्यत्ययो बहुलम्।-૫૬ વ્યત્યય થતાં પરસ્મૈપદના पित्-- પ્રત્યય तिप् પૂર્વે सार्वधातुकार्ध० થી ગુણ दीधीवेवीटाम्। દ્વારા નિષેધ પ્રાપ્ત થવા છતાં અહીં ગુણ થયો છે તેથી શંકાકારે પ્રસ્તુત ઉદાહરણને યોગ્ય ગણ્યું છે. अदीधयुः પણ दीधीङ् નું लङ् ૩જો પુ.બ.વ.માં પદવ્યત્યયથી પરસ્મૈ. થતાં झि, जक्षित्यादयः०--અભ્યસ્ત સંજ્ઞા--सिजभ्यस्त०--झि નો जुस्--सार्वधातुकमपित्। પ્રમાણે जुस् ङित् થતાં सार्वधातुकार्ध० થી થતા ગુણનો નિષેધ થતાં जुसि च। આ પ્રતિષેધનો બાધ થવાથી નિષેધ ન થતાં ગુણ થશે. શંકાકાર પ્રમાણે दीधीवे० દ્વારા જે પ્રતિષેધ કરવામાં આવ્યો છે તેનો जुसि च। થી બાધ થશે તેથી अदीधयुः એ ગુણયુક્ત રૂપ નિયમાનુસાર છે તેથી તેને શંકાકારે અયોગ્ય ઉદાહરણ કહ્યું છે. સિદ્ધાન્તી પ્રમાણે जुसि च। એ दीधीवे० દ્વારા થતા નિષેધનો બાધ કરી શકતું નથી તેથી તે સૂત્રથી ગુણ નિષેધ થશે. આથી अदीधयुः એ વૈદિક રૂપનું ઉચિત ઉદાહરણ છે.

[69] सार्वधातुकार्ध० થી સાર્વધાતુક અને આર્ધધાતુક પ્રત્યય પૂર્વે થતા ગુણનો क्ङिति ० થી कित् અને ङित् પ્રત્યય પૂર્વે નિષેધ કરવામાં આવ્યો છે, પરંતુ जुसि च। થી जुस् પ્રત્યય પૂર્વે થતો ગુણ એ નિષેધનો બાધ કરે છે.અહીં સાર્વધાતુક વગેરે પ્રત્યય પૂર્વે થતો ગુણ, कित् વગેરે પ્રત્યયો પૂર્વે થતો ગુણ નિષેધ, તેમ જ जुसि च। થી जुस्



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवा येन नाप्राप्ते तस्य बाधनं भवति। न चाप्राप्ते क्ङिति नेत्येतस्मिन्प्रतिषेधे जुसि गुण आरभ्यते। अस्मिन्पुनः प्राप्ते चाप्राप्ते च ॥ यदि तर्ह्ययं योगो नारभ्यते कथं दीध्यदिति।

**दीध्यदिति श्यन्व्यत्ययेन ॥२॥**

**दीध्यदिति श्यन्व्यत्ययेन भविष्यति ॥ इटश्चापि ग्रहणं शक्यमकर्तुम्। कथमकणिषम् अरणिषम् कणिता श्वः रणिता श्व इति। आर्धधातुकस्येड्वलादेः। इत्यत्रेडिति वर्तमाने**

અથવા તો જ્યાં એક વિધિ (એટલે કે ઉત્સર્ગ)ની અવશ્ય પ્રાપ્તિ થતી હોય ત્યાં બીજો વિધિ (એટલે કે અપવાદ) કરવામાં આવે તો તે વિધિ વ્દારા એ (અવશ્ય પ્રાપ્ત થતા) વિધિનો બાધ થાય છે અને આ ( **जुसि च**। પ્રમાણે) જ્યાં જ્યાં ગુણ પ્રાપ્ત થાય છે ત્યાં ત્યાં **क्ङिति च**। પ્રમાણે પ્રતિષેધ અવશ્ય પ્રાપ્ત થાય છે, જ્યારે આ (**दीधीवेवी -टाम्**।પ્રમાણે જે પ્રતિષેધ કરવામાં આવે છે તે) તો ( **जुसि च** ।પ્રમાણે ગુણ) પ્રાપ્ત થાય ત્યાં તેમ જ પ્રાપ્ત ન થાય ત્યાં (લાગુ પડે છે તેથી ગુણ તેનો બાધ નહીં કરી શકે).[70] હવે જો આ સૂત્ર ન કરવામાં આવે તો **दीध्यत्** ( એ રૂપ) કેવી રીતે (સિ દ્ધ થશે)?[71]

**दीध्यत्** એ તો **श्यन्** (વિકરણનો) વ્યત્યય થઇને (પ્રાપ્ત થયું છે) ॥२॥

**दीध्यत्** એ (રૂપમાં) તો વ્યત્યયથી (એટલે કે **लुक्** ને બદલે) **श्यन्** થશે. (સૂત્રમાં) **इट्** નું ગ્રહણ ન કર્યું હોય તો ચાલે. તો પછી **अकणिषम्** [72] **अरणिषम् कणिता श्वः रणिता श्वः** કેવીરીતે (સિદ્ધ થશે) ? (**नेड्वशिकृति**માંથી) **इट्**ની અનુવૃત્તિ થાય છે

---

પ્રત્યય પૂર્વે થતો ગુણનિષેધનો બાધ એ સર્વે પ્રત્યય ઉપર આધારિત (**प्रत्ययाश्रय** ) છે તેથી સમાનજાતીય છે, જ્યારે **दीधीवे०** વ્દારા કરવામાં આવતો નિષેધ પ્રત્યયાશ્રય નથી પરંતુ **दीधीङ्** અને **वेवीङ्** વગેરે પ્રકૃતિ પર આધારિત (**प्रकृत्याश्रय**) છે અને તેનાથી પ્રત્યયાશ્રય ગુણવિધિ ભિન્ન પ્રકારનો છે. આમ **जुसि च**। પ્રમાણે થતો ગુણનિષેધ બાધ, પોતાના સજાતીય પ્રત્યયાશ્રિત **क्ङिति ०** થી ગુણ નિષેધનો બાધ કરશે પરંતુ **दीधीवे०** વ્દારા થતા પ્રકૃત્યાશ્રય ગુણનિષેધનો બાધ નહીં કરે. તેથી **अदीधयुः** એ વૈદિક રૂપનું ઉચિત ઉદાહરણ છે.

[70] **जुस्** એ **ङित्** પ્રત્યય છે તેથી **जुसि च**। થી જ્યાં જ્યાં ગુણ પ્રાપ્ત થાય ત્યાં ત્યાં **क्ङिति ०** પ્રમાણે થતો નિષેધ પ્રાપ્ત થાય છે. આમ અવશ્ય પ્રાપ્ત થતા નિષેધનો **जुसि च**। એ અપવાદ સૂત્ર બાધ કરશે. પરંતુ **दीधीवे०** વ્દારા થતો ગુણનિષેધ **जुसि च**। થી જ્યાં જ્યાં ગુણ પ્રાપ્ત થાય ત્યાં ત્યાં ઉપસ્થિત થતો નથી જેમ કે છે **अबिभरुः** વગેરે. પરંતુ જ્યાં **दीधीङ्** વગેરે સૂત્રનિર્દિષ્ટ પ્રકૃતિ પછી **जुस्** આવતો હોય ત્યાં જ **जुसि च**। વ્દારા થતો ગુણ પ્રાપ્ત થશે આમ અવશ્ય પ્રાપ્ત ન હોવાથી ગુણનિષેધનો બાધ નહીં થાય અર્થાત્ **दीधीवे०** પ્રમાણે ગુણનિષેધ થશે.

[71] **दीध्यत्--दीधीङ् अदादि** છે તેથી **शप्** લોપ થાય, પરંતુ અહી તેમ ન થતાં **व्यत्ययो बहुलम्**। થી વિકરણ વ્યત્યય થઇને **श्यन्** લાગ્યો છે. એ પ્રત્યય **अपित्** હોવાથી **ङित्** છે તેથી ગુણ નહીં થાય. **यीवर्णयोर्दीधीवेव्योः**। થી **इ**-કાર લોપ થશે. **व्यत्यय** સુબન્ત, તિઙન્ત, ઉપગ્રહ અર્થાત્ પરસ્મૈ અને આત્મનેપદ, લિંગ, પુરુષ, વિભક્તિ એમ અનેક પ્રકારનો હોય છે તેને **बहुलक** થી સિદ્ધ કરવામાં આવે છે (**सुप्तिङुपग्रहलिङ्गनराणां कालहलच्स्वरकर्तृयङाञ्च। व्यत्ययमिच्छति शास्त्रकृदेषां सोऽपि च सिद्धयति बाहुलकेन ॥**)

72 **अकणिषम्--कण्** નું **लङ्** ના ૫.પુ.એ.વ.નું રૂપ સિદ્ધ કરતાં**अकणिष् अम्** એ સ્થિતિમાં **पित्** પ્રત્યય **अम्** પૂર્વે ઉપધાનો **पुगन्तलघु०** પ્રમાણે ગુણ થવાનો પ્રસંગ આવે છે. પરંતુ **दीधीवे०** માં **इट्** નું ગ્રહણ કર્યુ છે તેથી ગુણનો નિષેધ થશે અને **अकणिषम्** એ સાધુ પ્રયોગ સિદ્ધ થશે, એમ શંકાકારની દલીલ છે. **कणिता** એ **तृजन्त** નથી , **लृट्** નું રૂપ છે તેમ દૃષ્ટાન્તમાં **श्वः** મૂકીને સૂચવ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पुनरिड्ग्रहणस्य प्रयोजनमिडेव यथा स्याद्यदन्यत्प्राप्नोति तन्मा भूदिति। किं चान्यत्प्राप्नोति। गुणः। यदि नियमः क्रियते पिपपठषतेरप्रत्ययः पिपठीः दीर्घत्वं न प्राप्नोति। नैष दोषः। आङ्गं यत्कार्यं तन्नियम्यते न चैतदाङ्गम्। अथवा ऽसिद्धं दीर्घत्वं तस्यासिद्धत्वान्नियमो न भवति॥

हलोऽनन्तराःसंयोगः ॥१।१।७॥

(છતાં आर्धधातुकस्येड्वलादेः।એસૂત્રમાં) ફરીથી इट્નું ગ્રહણ કરવાનું પ્રયોજન એટલું જ કે इट् એ इट् જ રહે અને બીજું કોઇ કાર્ય પ્રાપ્ત થતું હોય તો ન થાય.[73] બીજું કયું (કાર્ય) પ્રાપ્ત થાય છે ? ગુણ (પ્રાપ્ત થાય છે.જો એવો નિયમ કરવામાં આવે (કે इट् એ इट् જ રહે તેમાં ફેરફાર થાય નહીં) તો पिपठिष (એ सन् પ્રત્યયાન્ત) ધાતુને क्विप् થઇને [74] पिपठीः થાય છે તેમાં (र्वोरुपधाया दीर्घ इकः। પ્રમાણે) દીર્ઘ નહીં થાય.[75] એમાં વાંધો નથી, કારણ કે (इट् ને લગતો) નિયમ અંગને લગતા કાર્ય માટે કરવામાં આવે છે, જ્યારે આ (र्वोरुपधायाः० પ્રમાણે થતું દીર્ઘ) કાર્ય અંગાધિકારમાં કહેવામાં આવેલું નથી. અથવા દીર્ઘત્વ (અસિદ્ધ કાંડમાંના સૂત્ર દ્વારાકહેલું હોવાથી) અસિદ્ધ છે અને તે અસિદ્ધ છે તેથી નિયમ લાગુ નહીં પડે (અને દીર્ઘ થશે).

સ્વરનું વ્યવધાન ન હોય તે રીતે સાથે સાથે અનેક વ્યંજન આવે તેને સંયોગ કહે છે॥ ૧।૧।૭॥

---

[73] આ બાબતમાં સિદ્ધાન્તી કહે છે કે अकणिषम् માં ગુણ થતો નિવારવા માટે પ્રસ્તુત સૂત્રમાં इट् નું ગ્રહણ કરવાની જરૂર નથી आर्धधातुकस्येड्वलादेः। માં नेड्वशि कृति। માંથી इट् ની અનુવૃત્તિ થાય છે તેથી आर्धधातुकस्येड्० માં इट् નું પુનઃ ગ્રહણ કરવાની જરૂર નથી તેમ છતાં તે સૂત્રમાં इट् નું ગ્રહણ કરીને સૂત્રકારે સૂચવ્યું છે કે इट् એ પોતાના મૂળ સ્વરૂપમાં જ રહે છે તેમાં ગુણ વગેરે કાર્ય પ્રાપ્ત થતાં નથી અને તેમાં ફેરફાર થતો નથી (तच्चेटो विकाराभावा -र्थम्, इट् इडेव न तु विकृत इति व्याख्यानात्। શ.કૌ.પૃ.૧૦૮)

[74] મૂળમાં अप्रत्ययः છે, અર્થાત્ क्विप् પ્રત્યય. अप्रत्ययः इत्यस्य अश्रूयमाणः प्रत्यय इत्यर्थः। (ઉ.પૃ.૨૦૦) અર્થાત્ જેનું શ્રવણ નથી તેવો क्विप् પ્રત્યય. આ પ્રત્યયમાં क-કારની लशक्वतद्धिते। થી અને प-કારની हलन्त्यम्। થી इत् સંજ્ઞા થાય છે. તેમનો तस्य लोपः। થી અને इ-કાર ઉચ્ચારણાર્થે હોવાથી લોપ થતાં શેષ રહેલા व-કારનો वेरपृक्तस्य। થી લોપ થતાં પ્રત્યયમાંથી કઇ શેષ ન નથી રહેતું તેથી ભાષ્યકારે તેને अप्रत्ययः કહ્યો છે.અહીં पिपठिष એ पठ् ધાતુ ઉપરથી બનેલો सन्नन्त ધાતુ છે તેને क्विप् આર્ધધાતુક પ્રત્યય થતાં अतो लोपः। થી अ-કાર લોપ पिपठिष्। सन् ના स् નો आदेशप्रत्यययोः। થી ष् થયો છે તે पूर्वत्रासिद्धम्। થી અસિદ્ધ થતાં તે स् જ છે તેમ સમજાશે તેથી ससजुषो रुः। થી रु થતાં र्वोरुपधायाः। થી ઉપધા દીર્ઘ --खरवसानयोः૦થી વિસર્ગ થતાં पिपठीः સિદ્ધ થાય છે.

[75] इट् એ इट् જ રહે છે તેમાં ફેરફાર થતો નથી એમ કહ્યું તેથી पिपठी : માં आर्धधातुस्येड्० થી થએલ इट् દીર્ઘ થયો છે તે ન થઇ શકે, એમ શંકા છે. પરંતુ એ નિયમ અંગાધિકારમાં કહેલા કાર્ય માટે છે. જ્યારે र्वोरुपधायाः। માં કહેવામાં આવેલું દીર્ઘત્વ અંગાધિકારમાંનું નથી તેથી દીર્ઘ થશે. અથવા र्वोरुपधायाः। થી થતું દીર્ઘત્વ ત્રિપાદીનું હોવાથી અસિદ્ધ છે તેથી इट् ને લગતો નિયમ ત્યાં નહીં લાગુ પડે. તેથી શાસ્ત્રની દૃષ્ટિએ इट् અવિકૃત, હ્રસ્વ રહેશે પરંતુ પ્રયોગમાં વિકૃત, દીર્ઘ થશે એમ આગળ કહેશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अनन्तरा इति कथमिदं विज्ञायते। अविद्यमानमन्तरमेषामिति। आहोस्विदविद्यमाना अन्तरैषामिति। किं चातः। यदि विज्ञायतेऽविद्यमानमन्तरमेषामित्यवग्रहे संज्ञा न प्राप्नोति। अप्स्वित्यप्स्विति। विद्यते ह्यत्रान्तरम्। अथ विज्ञायतेऽविद्यमाना अन्तरैषामिति न दोषो भवति। यथा न दोषस्तथाऽस्तु। अथवा पुनरस्त्वविद्यमानामन्तरमेषामिति। ननु चोक्तमवग्रहे संयोग-संज्ञा न प्राप्नोति अप्स्वित्यप्स्विति। विद्यते ह्यत्रान्तरमिति। नैव दोषो न प्रयोजनम्॥

**संयोगसंज्ञायां सहवचनं यथान्यत्र ॥१॥**

संयोगसंज्ञायां सहवचनं कर्तव्यम्। हलोऽनन्तराः संयोगः सहेति वक्तव्यम्। किं प्रयोजनम्। सहभूतानां संयोगसंज्ञा यथा स्यादेकैकस्य मा भूदिति। यथान्यत्र। तद्यथान्यत्रापि यत्रेच्छति सहभूतानां कार्यं करोति तत्र सहग्रहणम्। तद्यथा। सह सुपा। उभेऽभ्यस्तं सहेति। किं च स्याद्येकैकस्य हलः संयोगसंज्ञा स्यात्। इह निर्यायात् निर्वायात् --

(અહીં) **अनन्तराः** એ શબ્દ કેવી રીતે સમજવાનો છે?[76] **अविद्यमानम् अन्तरम् येषाम्** (અર્થાત્ જેમની વચ્ચે અંતર નથી તેવા) કે પછી **अविद्यमाना अन्तरा एषाम्** (અર્થાત્ જેમની વચમાં બીજા વર્ણો નથી તેવા) ? એથી શો ફેર પડે છે ? જો **अविद्यमानम् अन्तरम् येषाम्** એમ સમજાય તો **अप्सु इति अप्ऽसु** જેવામાં અવગ્રહ મૂકવામાં આવે છે ત્યાં સંયોગ સંજ્ઞા લાગુ પડશે નહીં, કારણ કે એમાં અંતર છે જ. પણ **अविद्यमाना अन्तरा एषाम्** એમ સમજવામાં આવે તો કોઇ વાંધો આવતો નથી. જે રીતે દોષ ન આવે તેમ થવાદો. અથવા તો 'જેમનીવચ્ચે અંતર નથી તેવા' એમ ભલે સમજાય.પણ (અમે) કહ્યું તો ખરૂં કે (પદપાઠમાં) **अप्सु इति अप्ऽसु** જેવાં ઉદાહરણોમાં જ્યારે વચ્ચે અવગ્રહ [77] આવતો હોય ત્યારે સંયોગ સંજ્ઞા થશે નહીં, કારણ કે ત્યાં અંતર અવશ્ય છે. (ત્યાં સંયોગસંજ્ઞા નહીં થાય તો) તેમાં કોઇ દોષ પણ નથી કે ફાયદો પણ નથી.[78]

જેમ બીજે હોય છે તેમ સંયોગ સંજ્ઞા(સૂત્રમાં) **सह** શબ્દ મૂકવો જરૂરી છે **॥१॥**

સંયોગસંજ્ઞા(સૂત્રમાં) **सह** શબ્દ મૂકવો જરૂરી છે એટલે કે **हलोऽनन्तराः संयोगः सह।** એમ કહેવું જોઇએ. શા માટે? જેથી કરીને બધા વર્ણોની ભેગી સંયોગ સંજ્ઞા થાય અને દરેકની અલગ અલગ ન થાય.[79] જેમ બીજે હોય છે. જેમ બીજે પણ જ્યારે સાથે રહેલાને કોઇ કાર્ય લાગુ પડે તેમ (સૂત્રકાર) ઇચ્છે છે ત્યાં **सह** શબ્દનું (સૂત્રમાં) ગ્રહણ કરે છે, જેમકે **सह सुपा। उभेऽभ्यस्तं सह।** જો દરેક **हल्** ની સંયોગ સંજ્ઞા થાય તો શું થાય? આ **निर्यायात् निर्वायात्**

---

[76] અહીં નઞ-બહુવ્રીહિ **अन्तर** શબ્દ સાથે લેવાનો છે કે **अन्तरा** શબ્દ સાથે એમ પૂછવા માગે છે **अन्तर** શબ્દના અનેક અર્થ છે તેથી સ્પષ્ટતા ખાતર કૈ. કહે છે **अन्तरम् विवरम् वर्णशून्यकालः।** તેથી અંતર એટલે વર્ણોચ્ચારમાં વર્ણશૂન્ય ગાળો (gap)

[77] અવગ્રહનો અર્ધમાત્રા જેટલો ગાળો હોય છે તેથી પદપાઠમાં**अप्ऽसु इति।** કરવામાં આવે ત્યારે **प**-કાર અને **स**-કાર વચ્ચે અર્ધમાત્રા જેટલો ગાળો રહે છે અને તેમ થવાથી **प्स** ને સંયોગ સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે તેમ શંકાકારનું કહેવું છે. ના. નોંધે છે કે એક વર્ણ ઉચ્ચારીને બીજો વર્ણ ઉચ્ચારતાં અર્ધમાત્રા જેટલો સમયગાળો રહે છે અને ઉપરાંત અવગ્રહનો અર્ધમાત્રા જેટલો ગાળો ગણતાં કેટલાંક પ્રાતિશાખ્યોમાં **मात्राकालोऽवग्रहः।** એમ જે કહ્યું છે તેમાં કોઇ વિરોધ થતો નથી.

[78] કારણ કે સંજ્ઞા બે હેતુ માટે કરવામાં આવે છે, દોષ દૂર કરવા માટે અથવા કોઇ હેતુને સિદ્ધ કરવામાટે.અહીં **अप्ऽसु** માં લાભ કે દોષ કંઇ નથી તેથી સંયોગ સંજ્ઞા લાગુ નહીં પડે તો વાંધો નહીં આવે.

[79] સંયોગ સંજ્ઞા સૂત્રમાં **सह** શબ્દ ઉમેરવાની હિમાયત આક્ષેપકાર એટલા માટે કરે છે કે તેમ કરવાથી અનન્તર રહેલા **हल्** વર્ણોની સમુહિક સંયોગ સંજ્ઞા થઇ શકે. નહીં તો વૃદ્ધિ સંજ્ઞાની જેમ પ્રત્યેકની સંયોગ સંજ્ઞા થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. જો તેમ થાય તો **संयोगे गुरु।** પ્રમાણે પૂર્વ વર્ણ ગુરુ થવાનો પ્રસંગ આવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वान्यस्य संयोगादेः इत्येत्वं प्रसज्येत। इह च संह्वषीष्टेत्यृतश्च संयोगादेः इतीट् प्रसज्येत। इह च संह्वियेत इति गुणो-ऽर्तिसंयोगाद्योः इति गुणः प्रसज्येत। इह च दृषत्करोति समित्करोतीति संयोगान्तस्य लोपः प्रसज्येत। इह च शक्ता वस्तेति स्कोःसंयोगाद्योः इति लोपः प्रसज्येत। इह च निर्यातः निर्वातः संयोगादेरातो धातोर्यण्वतः। इति निष्ठानत्वं प्रसज्येत॥ नैष दोषः। यत्तावदुच्यत इह तावन्निर्यायात् निर्वायात् वान्यस्य संयोगादेरित्येत्वं प्रसज्येतेति नैवं विज्ञायते संयोग आदिर्यस्य सोऽयं संयोगादिः संयोगादेरिति। कथं तर्हि।

માં **वान्यस्य संयोगादेः**। (એસૂત્ર) પ્રમાણે (आ નો વિકલ્પે) ए થવાનો પ્રસંગ આવશે.[80] વળી **संह्वषीष्ट** માં **ऋतश्च-संयोगादेः**। પ્રમાણે (વિકલ્પે) **इट्** આગમ થવાનો પ્રસંગઆવશે[81] **संह्वियते** માં **गुणोऽर्तिसंयोगाद्योः**।પ્રમાણે ગુણ થવાનો પ્રસંગ આવશે.[82] વળી **दृषत्करोति, समित्करोति** માં **संयोगान्तस्य लोपः**। પ્રમાણે (**दृषत्** , **समित्** ના અન્ત્ય **त्** નો) લોપ થવાનો પ્રસંગ આવશે. [83] આ **शक्ता वस्ता** માં પણ **स्कोः संयोगाद्योः** ० પ્રમાણે લોપ થવાનો પ્રસંગ આવશે.[84] આ **निर्यातः, निर्वातः** માં પણ **संयोगादेरातो धातोर्यण्वतः**। પ્રમાણે નિષ્ઠા (त-કાર)નો **न्** થવાનો પ્રસંગ આવશે. [85] એમાં કોઇ વાંધો નથી. વળી જે કહેવામાં આવે છે કે આ **निर्यायात्** । **निर्वायात्** માં **वान्यस्य संयोगादेः**। પ્રમાણે ए થવાનો પ્રસંગ આવશે. તેમાં **संयोग आदिर्यस्य सोऽयं** (એક સંયોગ જેમાં આદિ છે તે) **संयोगादिः**, તેની **संयोगादेः**। એમ સમજવાનું નથી . તો પછી કેમ (સમજવાનું ) છે ?

---

[80] એટલે કે **विधिलिङ्** ના પ્રત્યયો પૂર્વે ધાતુના आ નો વિકલ્પે ए થવાનો પ્રસંગ આવશે કારણ કે રેફ તેમ જ य-કારની સંયોગ સંજ્ઞા થશે.

[81] પ્રત્યેકની સંયોગ સંજ્ઞા થવાથી ह-કારની સંયોગ સંજ્ઞા થશે, તેથી **संह्व** સંયોગાદિ **ऋदन्त** ધાતુ થશે, તેથી તેને **लिङ्** અને **सिच्** પૂર્વે વિકલ્પે **इट्** આગમ થઇને **संहरिषीष्ट** એમ રૂપ થવાનો પ્રસંગ આવશે.

[82] પ્રત્યેકની સંયોગ સંજ્ઞા થવાથી **संह्व** સંયોગાદિ **ऋदन्त** ધાતુ થશે તેથી **संह्वियते** માં **रिङ्शयग्लिङ्क्षु**। પ્રમાણે ऋ-કારનો रि (रिङ्) થાય છે તે ન થતાં **गुणोऽर्तिसंयोगाद्योः**। થી ऋ-કારનો ગુણ થઇને **संह्वर्यते** એમ રૂપ થવાનો પ્રસંગ આવશે.

[83] પ્રત્યેકની સંયોગ સંજ્ઞા થવાથી **दृषत्करोति** માં क-કારના સન્નિધ્યને કારણે **दृषत्** ના द-કારની સંયોગ સંજ્ઞા થશે, તેથી **दृषत्** એ પદ સંયોગાન્ત [સંયોગ જેને અંતે છે તે(પદ) , એમ બહુવ્રીહિ છે] તેથી **संयोगान्तस्य लोपः**। પ્રમાણે લોપ થવાનો પ્રસંગ આવશે તે લોપ **अलोऽन्त्य०** થી અન્ત્ય द-કારનો થતાં **दृषकरोति** એમ થવાનો પ્રસંગ આવશે.

[84] **शक्ता** , **वस्ता** વગેરેમાં સંયોગાન્ત પદોમાં **क्ता** , **स्ता** એ સંયોગ છે. તેમાં **क्** અને **स्** સંયોગાદિ છે. હવે પ્રત્યેકની સંયોગ સંજ્ઞા કરવામાં આવે તો **क्** અને **स्** સંયોગ પણ થશે અને આદિ વર્ણ પણ થશેતેથી **झल्** વર્ણ त-કાર પર થતાં **स्कोः संयोगाद्योः०** પ્રમાણે તેમનો લોપ થઇને **शता** ,**वता** એમ રૂપો થવાનો પ્રસંગ આવશે. અહીં નોધવું જોઇએ કે **क्** અને **स्** પ્રત્યેકની સંયોગ સંજ્ઞા થવાથી તે સંયોગના અવયવ હોઇ ન શકે તેથી અહીં **संयोगाद्योः** એ ષષ્ઠી તત્પુરુષ ન લેતાં કર્મધારય સમાસ લઇને અર્થ કર્યો છે.

[85] સંયોગાદિ **यण्** યુક્ત (**यण्वान्**) आ-કારાન્ત ધાતુની પછી આવતા નિષ્ઠા त-કારનો **न्** થાય છે . હવે **निर्यातः** વગેરેમાં **र्या** કે **र्वा** માં પ્રત્યેકની સંયોગ સંજ્ઞા થાય તો य-કાર અને व-કાર પણ સંયોગ થશે. બન્ને **यण्वान्** ધાતુઓ છે અને आ-કારાન્ત છે તેથી **ग्लानः** , **म्लानः** માં થાય છે તેમ નિષ્ઠા त-કારનો **न्** થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**संयोगावादी यस्य सोऽयं संयोगादिः संयोगादेरिति। एवं तावत्सर्वमाङ्गं परिहृतम्॥ यदप्युच्यत इह च दृषत्करोति समित्करोतीति संयोगान्तस्य लोपः प्रसज्येतेति नैवं विज्ञायते संयोगोऽन्तो यस्य तदिदं संयोगान्तं संयोगान्तस्येति। कथं तर्हि। संयोगावन्तावस्य तदिदं संयोगान्तं संयोगन्तरयेति॥ यदप्युच्यत इह शक्तावस्तेति स्कोःसंयोगाद्योरन्ते चेति लोपः प्रसज्यतेति नैवं विज्ञायते संयोगावादी संयोगादी संयोगाद्योःरिति। कथं तर्हि। संयोगयोरादी संयोगादी संयोगाद्यो रिति॥ यदप्युच्यत इह च निर्यातः निर्वातः संयोगादेरातो धातोर्यण्वतः इति निष्ठानत्वं प्रसज्येतेति नैवं विज्ञायते संयोग आदिर्यस्य सोऽयं संयोगादिः संयोगादेरिति। कथं तर्हि। संयोगावादी यस्य सोऽयं संयोगादिः संयोगादेरिति॥ कथं कृत्वैकैकस्य संयोगसंज्ञा प्राप्नोति।**

**संयोगौ आदी यस्य सः**।(જેની શરૂઆતમાં સંયોગ છે તે), તેની **संयोगादेः**। એમ સમજ્વાનું છે.આમ (**संहृषीष्ट** અને **संह्रियते** માં પ્રાપ્ત થતાં) અંગને લગતાં સર્વ કાર્યનો પરિહાર થઇ ગયો.[86] વળી જે કહેવામાં આવ્યું કે **दृषत्करोति। समित्करोति**।એ (ઉદાહરણો )માં **संयोगान्तस्य लोपः**। પ્રમાણે (**त्** નો) લોપ થવાનો પ્રસંગ આવશે, તેમાં પણ **संयोगोऽन्तो यस्य** (એક સંયોગ જેને અન્તે છે તે) **संयोगान्तम्** અને તેની **संयोगान्तस्य** એમ સમજ્વાનું નથી. તો પછી કેમ સમજ્વાનું છે ? **संयोगौ** (સંયુક્ત થએલ બે વર્ણો) **अन्तौ अस्य** (જેને અન્તે છે તે) **संयोगन्तम्** તેની **संयोगान्तस्य** (એમ સમજ્વાનું છે).[87] વળી જે કહ્યું કે **शक्ता , वस्ता** વગેરેમાં **स्कोःसंयोगाद्योः**। પ્રમાણે (**क्** અને **स्** ના લોપ નો પ્રસંગ આવશે, તેમાં પણ **संयोगौ आदी संयोगादी** (જેની **संयोग** સંજ્ઞા છે અને જે આદિમાં છે તે (**स्** અને **क्** )ની **संयोगाद्योः** એમ સમજ્વાનું નથી. તો પછી કેમ સમજાય છે ? (બે સંયોગમાં જે આદિ હોય તેની) **संयोगाद्योः** એમ (સમજ્વાનું છે). [88] વળી જે કહ્યું કે **निर्यातः। निर्वातः** વગેરેમાં પણ **संयोगादेरातो धातोर्यण्वतः**। પ્રમાણે નિષ્ઠા-(त-કાર)નો **न्** થવાનો પ્રસંગ આવશે. તેમાં પણ **संयोग आदिर्यस्य** (એક સંયોગ જ્યાં આદિ છે તે **संयोगादिः** (ધાતુ) તેથી **संयोगादेः** એમ સમજ્વાનું નથી.તો પછી કેમ? **संयोगौ** (સંયુક્ત થએલ બે વર્ણો) **अन्तौ अस्य** (જેને અન્તે છે તે) **संयोगादि** તેની **संयोगादेः**.(તો હવે) પ્રત્યેકની સંયોગ સંજ્ઞા કેમ કરીને પ્રાપ્ત થાય છે? [89]

---

[86] 'બે સંયોગ જેના આદિમાં છે' એમ અર્થ કરવામાં આવે તો **निर्यातः** વગેરેમાં **या** ધાતુમાં એકલો **य**-કાર રૂપ સંયોગ આદિમાં છે બે સંયોગ નથી તેથી **वाऽन्यस्य संयोगादेः**। પ્રમાણે आ-કારનો ए-કાર થવાનો પ્રસંગ નહીં આવે તેમ જ **संयोगादेर्यण्वतः**। પ્રમાણે નિષ્ઠા त-કારનો **न्** નહીં થાય (જુઓ ઉપર નોંધ ૮૫) અને **संह्रियते** માં પણ **संहृ** ધાતુમાં **हृ** નો **ह्** અને ઉપસર્ગનો **म्** એ પ્રત્યેકને સંયોગ ગણવામાં આવે તો પણ તેના આદિમાં બે સંયોગ નથી તેથી **संहृषीष्ट** માં વિકલ્પે **इट्** આગમ અને **संह्रियते** માં ગુણ થવાનો પ્રસંગ નહીં આવે.

[87] પ્રત્યેકની સંયોગ સંજ્ઞા સ્વીકારતાં **दृषत्करोति** વગેરેમાં **दृषत्** ના त-કારની સંયોગ સંજ્ઞા થવા છતાં અંતે એક જ સંયોગ છે તેથી તેનો લોપ થવાનો પ્રસંગ નહીં આવે .

[88] અર્થાત્ **संयोगौ आदी** એમ કર્મધારય અનુસાર વિગ્રહ નથી પરંતુ ષષ્ઠી તત્પુરુષ છે અને ષષ્ઠી નિર્ધારણવાચી લેવાની છે. હવે **शक्ता , वस्ता** માં **झल्** પ્રત્યય त પૂર્વે બે સંયોગ છે જ નહીં તેથી **क्** અને **स्** ના લોપનો પ્રસંગ નહીં આવે.

[89] સંયોગ સંજ્ઞામાંના પ્રત્યેક ઘટક **हल्** ની સંયોગ સંજ્ઞા થાય તેમ સ્વીકારવા છતાં ઉપરનાં ઉદાહરણોમાં કોઇ દોષ નહીં આવે તેમ સિદ્ધ કર્યું. હવે **संयोग** એ સંજ્ઞાનો અર્થ જોતાં પણ સૂત્રમાં **सह** નું ગ્રહણ જરૂરી નથી તે દર્શાવે છે. **संयोग** એ અન્વર્થસંજ્ઞા છે.**संयुज्यन्तेऽस्मिन्वर्णा इति समुदायः संयोगः**। અર્થાત્ જેમાં વર્ણો જોડવામાં આવે છે તે સમુદાય તે **संयोग**. એ અર્થને આધારે આ **संयोग** સંજ્ઞા કરવામાં આવે છે તેથી સૂત્રમાં **सह** શબ્દ મૂકવાની જરૂર જ નથી. આમ સૂત્રમાંથી પ્રત્યેકની સંયોગ સંજ્ઞા થઇ શકે તેવો અર્થ નીકળતો નથી અને અન્વર્થસંજ્ઞાના પ્રત્યેક અવયવને સંજ્ઞા કરવી ઉચિત નથી. (પ્ર.ઉ.પૃ.૨૦૪ )



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्येकं वाक्यसमाप्तिर्दृष्टेति। तद्यथा। वृद्धिगुणसंज्ञे प्रत्येकं भवतः। ननु चायमप्यस्ति दृष्टान्त समुदाये वाक्यपरिसमाप्तिरिति। तद्यथा। गर्गाः शतं दण्ड्यन्तामिति। अर्थिनश्च राजानो हिरण्येन भवन्ति न च प्रत्येकं दण्डयन्ति। सत्येतस्मिन्दृष्टान्ते यदि तत्र प्रत्येकमित्युच्यत इहापि सहग्रहणं कर्तव्यम्। अथ तत्रान्तरेण प्रत्येकमिति वचनं प्रत्येकं वृद्धिगुणसंज्ञे भवत इहापि नार्थः सहग्रहणेन॥ अथ यत्र बहूनामानन्तर्यं किं तत्र द्वयोर्द्वयोःसंज्ञा भवत्याहोस्विदविशेषेण। कश्चात्र विशेषः।

समुदाये संयोगादिलोपो मस्जेः॥२॥

समुदाये संयोगादिलोपो मस्जेर्न सिध्यति। मङ्क्ता मङ्क्तुम्॥

તે એ રીતે કે જેમ ગુણ અને વૃદ્ધિ સંજ્ઞા પ્રત્યેકને લાગુ પડે છે તેમ પ્રત્યેકને ઉદ્દેશીને વાક્યમાં વિધેય રહેલું છે તેથી (પ્રત્યેકને संयोग संज्ञा લાગુ પડશે)પણ અમે કહીએ છીએ કે આ गर्गा शतं दण्ड्यन्ताम्। (ગર્ગોનો સો દંડ કરો) એ દૃષ્ટાન્ત પણ છે કે જ્યાં સમુદાયને વાક્યનું વિધેય લાગુ પડે છે.[90] રાજાઓને સુવર્ણની જરૂર હોય છે છતાં દરેક (ગર્ગ)નો દંડ કરતા નથી (ગર્ગોના સમુદાયનો જ કરવામાં આવે છે).આ (ગર્ગોનું) દૃષ્ટાન્ત છે તેમ છતાં જો તે (ગુણ વૃદ્ધિ સંજ્ઞા સૂત્ર)માં प्रत्येकम्(દરેકની) એમ કહેવામાં આવે તો આ (संयोग સંજ્ઞા.સૂત્ર) માં પણ सह શબ્દ મૂકવો પડશે. હવે જો ત્યાં प्रत्येकम् એમ કહ્યા વિના પણ જો દરેકની ગુણ અને વૃદ્ધિ એ સંજ્ઞાઓ થતી હોય તો અહીં પણ सह શબ્દ મૂકવાનો કોઇ અર્થ નથી.

હવે જ્યાં ઘણા (વ્યંજનો ) જોડાજોડ આવ્યા હોય ત્યાં બબ્બેની संयोग સંજ્ઞા થશે કે બધાની ભેગી થશે?[91] એમાં શો ફેર છે ?

જો સમુદયની (संयोग સંજ્ઞા) થાય તો मस्ज् માં संयोग ના આદિનો લોપ (નહીં થાય) ॥२॥

જો સમુદાયને (संयोग સંજ્ઞા) થાય તો मङ्क्ता, मङ्क्तुम् માં मस्ज् ધાતુમાં સંયોગના આદિ વર્ણ (स-કાર)નો લોપ સિદ્ધ નહીં થાય.[92]

---

[90] આક્ષેપકાર પ્રત્યેકને સંજ્ઞા થાય તે માટે આધાર રજૂ કરે છે. प्रत्येकं वाक्यपरिसमाप्तिः। થી વિરુદ્ધ મત દર્શાવતાં સિદ્ધાન્તી गर्गाः शतं दण्डयन्ताम्। ઉદાહરણ આપીને समुदाये वाक्यपरिसमाप्तिः। એ મત રજૂ કરે છે. જેમ ગર્ગોના સમગ્ર સમુદાયનો સામૂહિક રીતે ૧૦૦ સુવર્ણ મુદ્રા દંડ કરવામાં આવે છે તેમ સંયોગના અવયવભૂત સમુદાયની સામૂહિક રીતે संयोग સંજ્ઞા કરવામાં આવી છે.

[91] મૂળમાં अविशेषेण એમ છે , એટલે કે અવિશિષ્ટ રીતે. અહીં શંકાકાર એમ પૂછવા માગે છે કે અનેક વ્યંજનો જોડાજોડ આવ્યા હોય ત્યાં બેની (द्वयोः) એ વિશેષણનો આધાર ન લીધો હોય તો જોડાજોડ આવેલા બહુ हल् વર્ણોની જ સંયોગ સંજ્ઞા થશે કે તેમાંના બે અનન્તર हल् ની પણ સંયોગ સંજ્ઞા થશે ? मस्ज् ધાતુનાં मङ्क्ता વગેરે ઉદાહરણ આપ્યાં છે તે ઉપરથી સમજાય છે કે આક્ષેપકાર પ્રમાણે અનન્તર આવેલા બહુ વ્યંજનોમાંના બેની સંયોગ સંજ્ઞા થતી નથી (પ્ર.ઉ.પૃ.૨૦૫).

[92] समुदाये અર્થાત્ બહુ हल् ના સમુદાયને વિશે સંયોગ સંજ્ઞા કરવામાં આવે તો मस्ज् ને हलादि तृच् પ્રત્યય પૂર્વે मस्जिनशोर्झलि। પ્રમાણે થતો नुम् આગમ मित् હોવાથી मिदचोऽन्त्यात्परः। પ્રમાણે અન્ત્ય अच् પૂર્વે થતાં मन्स्ज् तृच् માં न्, स् અને ज् એ हल् સમુદાયની સંયોગ સંજ્ઞા થાય છે પણ स् અને ज् એ બેની નથી થતી તેથી स् નો स्कोः संयोगाद्योः। પ્રમાણે લોપ થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह च निर्ग्लेयात् निर्ग्लायात् निर्म्लेयात् निर्माम्लायात् वान्यस्यसंयोगादेरित्येत्वं न प्राप्नोति। इह च संस्वरिषीषटेत्यृतश्च संयागादेरितीण्न प्राप्नोति। इह च संस्वर्यत इति गुणोऽर्तिसंयोगाद्योरिति गुणो न प्राप्नोति। इह च गोमान्करोति यवमान्करोतीति संयोगान्तस्य लोप इति लोपो न प्राप्नोति। इह च निर्ग्लानः निर्म्लान इति संयोगादेरातो धातोर्यण्वत इति निष्ठानत्वं न प्राप्नोति॥ अस्तु तर्हि द्वयोर्द्वयोः संयोगः।

द्वयोर्हलोः संयोग इति चेद् द्विर्वचनम्॥३॥

द्वयोर्हलोः संयोग इति चेद् द्विर्वचनं न सिध्यति। इन्द्रमिच्छति इन्द्रीयति। इन्द्रीयतेः सन् इन्दिद्रीयिषति। न न्द्राः संयोगादयः इति

વળી निर्ग्लेयात् , निर्ग्लायात् , निर्म्लेयात् ,निर्म्लायात् માં वान्यस्य संयोगादेः। પ્રમાણે વિકલ્પે ए થશે નહીં,[93] આ संस्वरिषीष्ट માં પણ ऋतश्च संयोगादेः। પ્રમાણે इट् લાગશે નહીં,[94] વળી संस्वर्यते માં પણ गुणोऽर्तिसंयोगाद्योः। પ્રમાણે ગુણ નહીં થાય[95] અને આ गोमान्करोति , यवमान्करोति માં संयोगान्तस्य लोपः। પ્રમાણે (त-કારનો) લોપ નહીં થાય[96] અને આ निर्ग्लानः, निर्म्लानः માં संयोगादातो धातोर्यण्वतः। પ્રમાણે નિષ્ઠા (त-કાર)નો न् નહીં થાય.[97]

તો પછી બબ્બેની જ संयोग સંજ્ઞા ભલે થાય.

જોડાજોડ આવેલા બે વ્યંજનોની संयोग સંજ્ઞા કરવામાં આવે તો દ્વિર્ભાવ નહીં થાય ॥૩॥

જો (જોડાજોડ આવેલા વ્યંજનોમાંથી) બેને संयोग એ સંજ્ઞા આપીશું તો દ્વિર્ભાવ થઇ શકશે નહીં, જેમ કે 'ઇન્દ્રને ઇચ્છે છે' એ અર્થમાં (इन्द्र શબ્દને सुप आत्मनः क्यच्। પ્રમાણે क्यच् લાગીને બનેલા) इन्द्रीय ધાતુને सन् લગાડીને इन्दिद्रीयिषति (એ રૂપ બને છે તેમાં) न न्द्राः संयोगादयः। (એ સૂત્રમાંના નિષેધને કારણે)

---

[93] निर्ग्लेयात् માં र् , ग् અને ल् ના સમુદાય રૂપ જે સંયોગ છે તે અંગમાં આદીભૂત નથી અને જે આદીભૂત છે તે ग् અને ल् નો સમુદાય આક્ષેપકાર અનુસાર સંયોગ નથી તેથી वाऽन्यस्य संयोगादेः। પ્રમાણે વિકલ્પે ए થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે.

[94] संस्वरिषीष्ट માં પણ म् , स् , અને व् એ हल् સમુદાય ની સંજ્ઞા થવા છતાં स् , व् એ બેના સમુદાયની સંયોગ સંજ્ઞા ન થવાથી ऋतः संयोगादेः। પ્રમાણે વિકલ્પે इट् આગમ લાગે છે તે ન લાગવાનો પ્રસંગ આવશે.

[95] અહીં પણ स् , व् એ બેના સમુદાયની સંયોગ સંજ્ઞા ન થવાથી ધાતુ સંયોગાદિ નથી થતો પરિણામે गुणोऽर्तिसंयोगाद्योः। અનુસાર જે ગુણ થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે.

[96] गोमान् करोति--गोमत् सु--गोमान् स्--उगिदचां सर्वनाम० થી नुम् આગમ પ્રાપ્ત થાય છે, પરંતુ તેનો બાધ કરીને પ્રથમ अत्वसन्तस्य चाधातोः। પ્રમાણે ઉપધા દીર્ઘ થાય છે તેથી गोमात् स्-- उगिदचाम्० પ્રમાણે नुम् આગમ થતાં गोमान्त् स्--हल्ङ्याब्भ्यो० થી त् લોપ થવાનો પ્રસંગ આવતાં શંકાકાર કહે છે गोमान्त् करोति એ સ્થિતિમાં न् , त् અને क् એ અનન્તર हल् સમુદાય ની સંજ્ઞા થાય તો त् એ સંયોગાન્તનો લોપ થવાનો પ્રસંગ આવશે. પ્રથમ ધાતુનો ઉપસર્ગ સાથે સંબંધ થાય છે અને ત્યાર પછી સાધન સાથે એમ સ્વીકારવામાં આવે તો જ निर्ग्लेयात् ,संस्वरिषीष्ट , संस्वर्यते અને निर्ग्लानः વગેરેમાં દોષ આવવાની દલીલ થઇ શકે, પરંતુ પ્રથમ ધાતુનો સાધન સાથે યોગ સ્વીકારતાં દોષનો પ્રશ્ન નથી રહેતો. તે જ રીતે गोमानन्करोति માં વાક્યસંસ્કર પક્ષ સ્વીકારીને દોષ દર્શાવવા પ્રયત્ન કર્યો છે. પદ સંસ્કારપક્ષમાં દોષને અવકાશ નથી.

[97] અહીં પણ र् , म् અને ल् એ हल् સમુદાયની સંયોગ સંજ્ઞા થવાથી म् અને ल् એ અનન્તર हल् ની સંયોગ સંજ્ઞા નહીં થાય તેથી ધાતુ संयोगादि ન રહેવાથી નિષ્ઠા त-કારનો न् નહીં થઇ શકે.એમ શંકાકારની દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

दकारस्य द्विर्वचनं न प्राप्नोति।

न वाज्विधेः ॥४॥

न वैष दोषः। किं कारणम्। अज्विधेः। न न्द्राः संयोगादयो न द्विरुच्यन्ते। अजादेरिति वर्तते॥ अथ यद्येव बहूनां संयोगसंज्ञाथापि द्वयोर्द्वयो किं गतमेतदियता सूत्रेणाहोस्विदन्यतरस्मिन्पक्षे भूयः सूत्रं कर्तव्यम्। गतमित्याह। कथम्। यदा तावद्बहूनां संयोगसंज्ञा तदैवं विग्रहः करिष्यते। अविद्यमानमन्तरमेषामिति। यदा द्वयोर्द्वयो--

द्‌નો દ્વિર્ભાવ નહીં થાય.[98]

અથવા તો अच् ને (અનુલક્ષીને) વિધાન કરેલું છે તેથી (દોષ નહીં આવે) ॥૪॥

અથવા એ દોષ નહીં આવે. શા માટે ? કારણ કે (દ્વિર્ભાવનો નિષેધ) अच् ઉપર આધાર રાખે છે, કારણ કે न न्द्राः संयोगादयः। (એ સૂત્રમાં ) अजादेः શબ્દની (પૂર્વસૂત્રમાંથી) અનુવૃત્તિ થાય છે, તેથી ધાતુના આદિ अच् ની પછી આવેલા અને संयोग ના આદિમાં આવેલા न्, द् અને र् નો દ્વિર્ભાવ થતો નથી' (એમ અર્થ થતાં દોષ નહીં આવે). હવે જો આમ[99] જોડાજોડ આવેલા ઘણા વ્યંજનોની સંયોગ સંજ્ઞા થાય કે પછી બબ્બેની સંયોગ સંજ્ઞા થાય પણ તે हलोऽनन्तराः संयोगः। એટલા સૂત્રથી જ સમજાય છે કે પછી બેમાંથી એક વિકલ્પ માટે સૂત્રને વધારવું પડશે ?[100] તો કહે છે કે (એટલા સૂત્રથી જ) સમજાય છે. કેવી રીતે ? જો ઘણા વ્યંજનોની સંજ્ઞા કરવામાં આવે તો આ પ્રમાણે વિગ્રહ કરીશું: अविद्यमानम् अन्तरम् एषाम्।(જેમની વચ્ચે જગ્યા નથી તેવા વ્યંજનો).[101] જયારે બબ્બે --स्तदैवं

---

[98] इन्द्रमिच्छति એ અર્થમાં इन्द्र શબ્દને सुप आत्मनः क्यच्। પ્રમાણે क्यच् લાગીને બનેલા નામ ધાતુ इन्द्रीय ને धातोःकर्मणः० પ્રમાણે सन् લગાડતાં सन्यङोः। થી દ્વિર્ભાવ થતાં सनाद्यन्ता धातवः। થી ધાતુ સંજ્ઞા-- लट् ૩જો પુ.એ.વ માં इन्दिद्रीयषति થશે. જો બે અનન્તર हल् ની સંયોગ સંજ્ઞા કરવામાંઆવે તો इन्द्रीय એ નામધાતુના द् નો દ્વિર્ભાવ નહીં થઇ શકે. એમ અહીં દલીલ છે. इन्द्रीय શબ્દમાં બે સંયોગ છે, न्द् અને द्र् એકમાં न् આદિ છે , બીજામાં द् આદિ છે. તેથી न न्द्राः संयोगादयः। પ્રમાણે જેમ આદિ न-કારના દ્વિર્ભાવનો નિષેધ છે તેમ द-કારના દ્વિર્ભાવનો પણ નિષેધ થવાનો પ્રસંગ આવશે. પરંતુ अजादेर्द्वितीयस्य। એ પૂર્વસૂત્રમાંથી अजादेः ની न न्द्राः ० માં અનુવૃત્તિ થાય છે. अजादेः અહીં પંચમ્યન્ત કર્મધારય છે તેથી तस्मादित्युत्तरस्य। એ પરિભાષા પ્રમાણે સૂત્ર આ રીતે સમજાશે: ધાતુના આદિ સ્વરની પાછળ આવેલા અને સંયોગના આદિમાં આવેલા न्, द् અને र् નો દ્વિર્ભાવ થતો નથી. इन्द्र માં द- કાર અને આદિ अच् इ-કાર વચ્ચે न-કારનું વ્યવધાન છે, એટલે કે द् વર્ણ અને इ અનન્તર નથી તેથી દ્વિરુક્તિ થશે.

[99] અહીં ક્વચિત્ यद्येवम् ને સ્થાને यद्येव એમ પાઠ છે [ચારુ (પૃ.૨૦૬), સુ.શા. ભા.૨(પૃ. ),ચૌ.(પૃ.૨૨૯) વા.શા.હિ (પૃ.૨૨૯) માં यद्येव છે પરંતુ અનુવાદ यद्येवम् પાઠ પ્રમાણે છે.નિ.સા.(પૃ.૨૦૬) માં यद्येवम् પાઠ છે]

[100] અર્થાત્ સૂત્રનો જે રીતે પાઠ છે તે ઉપરથી જ બન્ને પ્રકારનો અર્થ સમજાય છે કે બેમાંથી એક જ અર્થ સમજાય છે અને બીજો અર્થ વધારાનાં પદ મૂક્યા પછી સમજાય છે ?

[101] एकाच् ધાતુના દ્વિર્ભાવ માટે જે ન્યાય કહ્યો છે તદનુસાર પ્રસ્તુત સૂત્રમાંથી પણ બન્ને પ્રકારનો અર્થ સમજી શકાશે, એટલે કે સમુદાયનો દ્વિર્ભાવ થાય એટલે અવયવનો પણ દ્વિર્ભાવ થયો કહેવાય.જેમ વૃક્ષ હાલે એટલે તેના અવયવ પણ હાલ્યા જ કહેવાય, તેમ અહીં પણ સંયોગ સંજ્ઞા બે हल् તેમ જ બહુ हल् ની થશે, એમ દલીલ છે પરંતુ एकाच् ને લગતો ન્યાય અહીં લાગુ પડતો નથી, કારણ કે બન્નેમાં વૈષમ્ય છે. દ્વિરુક્તિમાં एकाच् સમુદાયની દ્વિરુક્તિ કરવાથી एकाच् અવયવની પણ દ્વિરુક્તિ થાય છે, પરંતુ અહીં તો સમુદાયની સંયોગ સંજ્ઞા થવાથી અવયવની સંયોગ સંજ્ઞા થતી નથી. સૂત્રકારે संयुज्यन्तेऽस्मिन्वर्णा इति। અર્થાત્ જે સમુદાયમાં વર્ણોને જોડવામાં આવે તે', એ અર્થની મોટી (महती) સંજ્ઞાકરી છે તેથી સમુદાયને પણ संयोग સંજ્ઞા લાગુ પડશે. વળી સૂત્રકારે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

स्तदैवं विग्रहः करिष्यते। अविद्यमाना अन्तरैषामिति। द्वयोश्चैवान्तरा कश्चिद्विद्यते वा न वा। एवमपि बहूनामेव प्राप्नोति। यान्हि भवानत्र षष्ठ्या प्रतिनिर्दिशत्येतेषामन्येन व्यवाये न भवितव्यम्। अस्तु तर्हि समुदाये संज्ञा। ननु चोक्तं समुदाये संयोगादिलोपो मस्जेरिति। नैष दोषः। वक्ष्यत्येतत्। अन्त्यात्पूर्वो मस्जेर्मिदनुषङ्गसंयोगादिलोपार्थमिति॥ अथवाविशेषेण संयोगसंज्ञा विज्ञास्यते द्वयोरपि बहूनामपि। तत्र द्वयोर्या संयोगसंज्ञा तदाश्रयो लोपो भविष्यति॥

(વ્યંજનનીસંજ્ઞા કરવામાં આવે) ત્યારે આ પ્રમાણે વિગ્રહ કરીશું: **अविद्यमाना अन्तरा एषाम्**। ( અર્થાત્ જેમની વચમાં ભિન્ન પ્રકારનો વર્ણ (સ્વર) આવેલો નથી તેવા બેવ્યંજનોની), (કારણ કે) કોઇક વચ્ચે રહેલ હોય તો (તે) બેની જ વચ્ચે હોય કે ન હોય.[102] એમ છતાં પણ બહુ (વ્યંજનો) ની જ **संयोग** સંજ્ઞા થાય છે, કારણ કે જેમનો આપ અહીં ષષ્ઠીવ્દારા નિર્દેશ કરો છો તેમની વચ્ચે અન્ય પ્રકારનો વર્ણ (અર્થાત્ સ્વર) આવે તો (તેમની **संयोग** સંજ્ઞા) નહીં થાય.[103] તો પછી (**हल्**) સમુદાયની જ (**संयोग** )સંજ્ઞા ભલે થાય.પણ અમે કહ્યુંને કે સમુદાયની **संयोग** સંજ્ઞા કરવામાં આવે તો **मस्ज्** ધાતુમાં સંયોગના આદિ (**स**-કાર) નો લોપ નહીં થાય. એ વાંધો નહીં આવે, કારણ કે (વાર્તિકકાર) કહેશે કે **मस्ज्** ધાતુના અન્ત્ય વર્ણ પૂર્વે **नुम्** આગમ લાગે છે, તેથી **स**-કારનો સંયોગાદિ તરીકે લોપ થશે.[104] અથવા (ઘણા વ્યંજનો જોડાજોડ આવ્યા હોય ત્યારે) ઘણાની તેમ જ તેમાંના બબ્બે વ્યંજનોની અવિશિષ્ટ રીતે **संयोग** સંજ્ઞા છે એમ સમજીશું.[105] તેમાં બે વ્યંજનની જે **संयोग** સંજ્ઞાછે તેને આધારે (**स्**) લોપ થઇ શકશે.

---

**जात्याख्यायामेकस्मिन्**। એમ કહ્યું છે તેથી **हलोऽनन्तराः** માં **हलः** એ જે બહુવચન છે તે જાતિના અર્થમાં લઇ શકાશે તેથી બે અનન્તર **हल्** ની પણ **संयोग** સંજ્ઞા થઇ શકશે. તેથી જ **गुरोश्च हलः**। પ્રમાણે **शिक्ष्** એ ગુરુયુક્ત વ્યંજનાન્ત ધાતુને **अ** પ્રત્યય લાગીને **शिक्षा** શબ્દ સિદ્ધ થઇ શકશે.આમ અનન્તર આવેલા બે અથવા વધારે **हल्** ની **संयोग** સંજ્ઞા થાય છે એમ ઠર્યું.ના. **हलः** ને **जातौ बहुवचनम्** ન ગણતાં **हलौ हलः च**। એ અર્થનો **एकशेष** લે છે. એ રીતે **अविद्यमाना अन्तरा एषाम्**। માં જે બહુવચન પ્રયોજ્યું છે તેથી દોષનું નિવારણ થશે.

[102] એક હારમાં ગોઠવેલ બહુ વસ્તુના સમુદાયમાં વચ્ચે એકાદ વિજાતીય વસ્તુનું વ્યવધાન હોય તો તે વિજાતીય વસ્તુ સમુદાયમાંની કોઇ પણ બે વસ્તુની વચ્ચે હોઇ શકે કે ન હોઇ શકે .તે જ રીતે બહુ **हल्** ના સમુદાયમાં પણ વચ્ચે ભિન્ન વર્ણ (**अच्**) હોય તો તે કોઇ પણ બે **हल्** ની વચ્ચે જ હોઇ શકે અથવા ન હોય.જો વિજાતીય વર્ણ વચ્ચે ન હોય તો **हल्** સમુદાયની સંયોગ સંજ્ઞા થાય અને હોય તો સંજ્ઞા ન થાય.

[103] જેમ કે **स्रष्टा** વગેરેમાં રેફ અને **ष**-કાર વચ્ચે ભિન્ન વર્ણ **अ**-કારનું વ્યવધાન છે છતાં **स्** અને રેફ તેમ જ રેફ અને **ष्** એ બે વર્ણ સમુદાયોમાં વચ્ચે કોઇ વિજાતીય વર્ણ નથી તેથી તેમની સંયોગ સંજ્ઞા થવી જોઇએ એમ કહેવું યોગ્ય નથી કારણ કે અહીં **र्** અને **ष्** એ બે વર્ણો અનન્તર નથી.

[104] **मस्ज्** **तुम्** માં **झलादि** પ્રત્યય **तुम्** પૂર્વે **मस्जिनशोर्झलि**। થી થતો **नुम्** આગમ **मिदचोऽन्त्यात्०** પ્રમાણે અન્ત્ય **अ**-કાર પૂર્વે થતાં **म न् स् ज् तुम्** એ સ્થિતિમાં **स्** અને **ज्** એ બે **हल्** ના સમુદાયની સંયોગ સંજ્ઞા થવાથી **स**-કાર લોપ થઇ શકશે, કારણ કે તે સંયોગાદિ થશે.

[105] માત્ર બે **हल्** ની અથવા માત્ર બહુ **हल्** ની સંયોગ સંજ્ઞા થાય એમ નિશ્ચિત રીતે કહેવા માટે કોઇ આધાર નથી તેથી અવિશિષ્ટ રીતે સંયોગ સંજ્ઞા કરીશું, એટલે કે અનન્તર આવેલ બહુ **हल्** ના સમુદાયમાં બહુની તેમ જ બબ્બે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यदप्युच्यत इह च निर्ग्लेयात् निर्म्लेयात् वान्यस्य संयोगादेरित्येत्वं न प्राप्नोतीत्यङ्गेन संयोगादिं विशेषयिष्यामः। अङ्गस्य संयोगादेरिति। एवं तावत्सर्वमाङ्गं परिहृतम्॥ इह च गोमान्करोति यवमान्करोतीति संयोगान्तस्य लोप इति लोपो न प्राप्नोतीति पदेन संयोगान्तं विशेषयिष्यामः। पदस्य संयोगान्तस्येति। यदप्युच्यत इह च निर्ग्लानः निर्म्लान इति संयोगादेरातो धातोर्यण्वत इति निष्ठानत्वं न प्राप्नोतीति धातुना संयोगादिं विशेषयिष्यामः। धातोः संयोगादेरिति॥

स्वरानन्तर्हितवचनम् ॥५॥

स्वरैरनन्तर्हिता हलः संयोगसंज्ञा भवन्तीति वक्तव्यम्। किं प्रयोजनम्। व्यवहितानां मा भूत्। पचति पनसम्॥ ननु चानन्तरा इत्युच्यते तेन व्यवहितानां न भविष्यति।

दृष्टमानन्तर्यं व्यवहितेऽपि॥६॥

વળી જે કહ્યું કે **निर्ग्लेयात्** , **निर्ग्लायात्** , **निर्म्लेयात्** ,**निर्म्लायात्** માં **वान्यस्य संयोगादेः।** પ્રમાણે (આ નો વિકલ્પે) ए નહી થઇ શકે, તેમાં અમે **अंग** ને (તેસૂત્રમાંના) **संयोगादि** નું વિશેષણ બનાવીને 'અંગનો જે સંયોગરૂપ આદિ તેનો' (એમ અર્થ કરીશું.એ રીતે તો અંગાધિકારને લગતા સર્વ દોષનો પરિહાર થઇ જશે.[106] વળી જે કહ્યું કે **गोमान्करोति, यवमान्करोति** માં **संयोगान्तस्य लोपः।** પ્રમાણે (त-કારનો) લોપ નહી થઇ શકે, તેમાં પણ **पद** શબ્દને **संयोगान्त**નું વિશેષણ બનાવીશું અને 'પદનો જે સંયોગરૂપી અન્ત્ય અવયવ તેનો' એમ અર્થ કરીશું (તેથી સંયોગાન્તનો લોપ થઇ શકશે).[107] વળી જે કહેવામાં આવ્યું કે આ निर्ग्लानः, निर्म्लानः માં **संयोगादातो धातोर्यण्वतः।** પ્રમાણે નિષ્ઠા (त-કાર)નો न् નહી થઇ શકે , તેમાં **धातु** શબ્દને **संयोगादेः** નું વિશેષણ બનાવીશું અને 'ધાતુના આદિમાં રહેલ સંયોગના' એમ અર્થ કરીશું, (તેથી નિષ્ઠા त-કારનો न-કાર થઇ શકશે.)[108]

'સ્વર (પણ) વચમાં ન આવતા હોય' એમ કહેવું જોઇએ ॥૫॥

સ્વર જેની વચ્ચે આવેલા ન હોય તે વ્યંજનોની **संयोग** સંજ્ઞા થાય છે એમ કહેવું જોઇએ. શા માટે ? જે (સ્વર) થી વ્યવહિત હોય તેવા વ્યંજનોની **संयोग** સંજ્ઞા ન થાય. જેમ કે **पचति पनसम्।**[109]. પણ સૂત્રમાં अनन्तराः એમ કહ્યું જ છે તેથી જે (વ્યંજનો)ની વચમાં (સ્વર) હોય તેમની **संयोग** સંજ્ઞા નહીં થાય.

જેમની વચ્ચે વ્યવધાન હોય તે પણ અનન્તર ગણાય છે ॥૬॥

---

**हल्** ની જરૂર પ્રમાણે સંયોગ સંજ્ઞા કરીશું અર્થાત્ જ્યાં જેની સંયોગ સંજ્ઞા કરવી જરૂરી હોય ત્યાં તે પ્રમાણે સંજ્ઞા કરીશું.

[106] **निर्ग्लेयात्** માં રેફ અંગનો અવયવ ન હોવાથી અને ग् , ल् એ બે **हल्** ના સમુદાયની સંયોગ સંજ્ઞા થવાથી વિકલ્પે ए થઇ શકશે. આમ કરવાથી અંગાધિકારને લગતા બધા જ દોષોનું નિવારણ થઇ જશે તેથી **संस्वरिषीष्ट** , **संस्वर्यते** વગેરે રૂપો સિદ્ધ થઇ શકશે.

[107] **गोमान्करोति** માં **गोमानृत्** એ પદમાં અન્ત્ય **न्त्** ની સંયોગ સંજ્ઞા થતાં **त्** લોપ થઇ શકશે.

[108] **निर्ग्लानः** વગેરેમાં પણ 'ધાતુના સંયોગાદિ' એમ સૂત્રાર્થ લેતાં નિષ્ઠા **त**-કારનો **न**-કાર થઇ શકશે, કારણ કે રેફ ધાતુનો અવયવ નથી.

[109] **पचति पनसम्।** એ પ્રત્યુદાહરણ છે. ભર્તૃ.ન્યાસકાર તેમ જ હરદત્ત **पचति** ને રૂપ પ્રત્યુદાહરણ અને **पनसम्।** ને કાર્ય ઉદાહરણ માને છે. પરંતુ દીપિકામાં અન્ય બે મતોની ચર્ચા છે.એક પ્રમાણે **पचति पनसम्।** એ અયોગ્ય--ખોટો પાઠ છે. બીજા પ્રમાણે **पचति पनसम्।** એ સમગ્ર વાક્ય છે. તેમાં **पनसम्** એ દૃષ્ટાન્ત છે. **अच्** નું વ્યવધાન હોવા છતાં બે **हल्** ને સંયોગ સંજ્ઞા થતી હોય તો **पनसम्** માં **स**-કાર અને અન્ત્ય **म**-કારની વચ્ચે **अ**-કારનું વ્યવધાન હોવા છતાં સંજ્ઞા થશે તેમાં **स**-કાર આદિમાં છે તેથી **स्स्कोः संयोगाद्योः।** પ્રમાણે તેના લોપ રૂપી કાર્ય થવાનો પ્રસંગ આવશે એમ શંકાકારની દલીલ છે, તેથી જ સૂત્રમાં (**हलः**) **अनन्तराः** એમ કહ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

व्यवहितेऽपि अनन्तरशब्दो दृश्यते। तद्यथा। अनन्तराविमौ ग्रामावित्युच्यते तयोश्चैवान्तरा नद्यश्च पर्वताश्च भवन्ति॥
यदि तर्हि व्यवहितेऽप्यनन्तरशब्दो वर्त्यानन्तर्यवचनमिदानीं किमर्थं स्यात्।
आनन्तर्यवचनं किमर्थमितिचेदेकप्रतिषेधार्थम्॥७॥
एकस्य हलः संयोगसंज्ञा मा भूदिति। किं च स्याद्यद्येकस्य हलः संयोगसंज्ञा स्यात्। इयेष उवोष। इजादेश्च गुरुमतोऽनृच्छः। इत्याम्त्वं प्रसज्येत॥
न वातज्जातीयव्यवायात्॥८॥
न वैष दोषः। किं कारणम्। अतज्जातीयस्य व्यवायात्। अतज्जातीयकं हि लोके व्यवधायकं भवति। कथं पुनर्ज्ञायते ऽतज्जातीयकं लोके व्यवधायकं भवतीति। एवं हि कंचित्कश्चित्पृच्छति। अनन्तरे एते ब्राह्मणकुल इति। स आह। नानन्तरे वृषलकुलमप्यन्योरन्तरेति। किं पुनः कारणं क्वचिदतज्जातीयकं व्यवधायकं भवति क्वचिन्न। सर्वत्रैव ह्यतज्जातीयकं व्यवधायकं भवति। कथमनन्तराविमौ ग्रामाविति। ग्रामशब्दोऽयं बह्वर्थः। अस्त्येव शालासमुदाये वर्तते। तद्यथा। ग्रामो दग्ध इति। अस्ति वाटपरिक्षेपे वर्तते। तद्यथा। ग्रामं प्रविष्ट इति। अस्ति मनुष्येषु।

જ્યાં વ્યવધાન હોય ત્યાં પણ **अनन्तर** શબ્દ (વ્યવહારમાં) પ્રયોજાતો જોવામાં આવે છે. જેમ કે 'આ બે ગામ જોડાજોડ છે' એમ કહેવાય છે છતાં તેમની વચ્ચે નદીઓ અને પર્વતો હોય છે.
જો આમ વ્યવધાન યુક્ત હોય ત્યાં પણ **अनन्तर** શબ્દ પ્રયોજાય તો પછી (સૂત્રમાં) જે આનન્તર્યને લગતું કહેવામાં આવ્યું છે તે શા કામનું ?

'આનન્તર્યને લગતું વિધાન શા માટે કરવામાં આવ્યું છે' એમ જો પૂછવામાં આવે તો કહેવાનું કે એકનો પ્રતિષેધ કરવા માટે છે ॥૭॥

એક વ્યંજનની સંજ્ઞા ન થાય તે માટે (સૂત્રમાં **अनन्तर** એ શબ્દ મૂક્યો છે).અને જો એક વ્યંજનની **संयोग** સંજ્ઞા થાય તો શું થાય ? તો **इयेष , उवोष** માં **इजादेश्च गुरुमतोऽनृच्छः।** પ્રમાણે **आम्** (આગમ) થવાનો પ્રસંગ આવશે.[110]

અથવા તો તેનાથી જુદી જાતના (વર્ણ)નું વ્યવધાન છે તેથી દોષ નહીં આવે ॥ ૮॥
અથવા તો એ દોષ નહીં આવે. શા માટે ? એટલા માટે કે (વ્યવધાન તો) અન્ય જાતિનો (વર્ણ) વચમાં આવે તો જ થાય, કારણ કે સંસારમાં પણ અન્ય જાતિનો પદાર્થ વચ્ચે આવે તો વ્યવધાન છે એમ કહેવાય છે.પણ અન્ય જાતિનો પદાર્થ વચ્ચે આવે તો જ તે વ્યવહારમાં વ્યવધાન કરનાર થાય છે એમ શા ઉપરથી સમજાય છે ? કારણ કે જ્યારે કોઇ વ્યક્તિ અન્યને પૂછે છે,"આ બે બ્રાહ્મણોનાં ઘર જોડાજોડ છે?" ત્યારે તે કહે છે,"જોડાજોડ નથી, બેની વચ્ચે શૂદ્રનું ઘર છે." તો પછી અન્ય જાતનો (પદાર્થ) કોઇવાર વ્યવધાયક થાય છે અને કોઇ વાર થતો નથી તેનું શું કારણ? અન્ય જાતનો (પદાર્થ) બધે જ વ્યવધાયક થાય છે.તો પછી બે ગામ જોડાજોડ આવેલાં છે એમ કેવી રીતે (કહેવાય) ? ભાષામાં ગ્રામ શબ્દ અનેક અર્થવાળો છે. મકાનોના સમુદાયના અર્થ અવશ્ય છે. (જેમકે)ગામ બળી ગયું. ચારે બાજુ રહેલ વાડના અર્થમાં પણ જરૂર વપરાય છે. (જેમ કે) ગામમાં પ્રવેશ્યો. માણસોના અર્થમાં પણ છે,

---

[110] જો એક **हल्** ની સંયોગ સંજ્ઞા થતી હોય તો **इष्** , **उष्** વગેરેમાં ष-કારની સંયોગ સંજ્ઞા થવાથી **संयोगे गुरु।** થી इ-કાર અને उ-કાર ગુરુ થશે. પરિણામે **इजादेश्च गुरु०** પ્રમાણે **लिट्** માં **आम्** આગમ થવાનો પ્રસંગ આવશે, કારણ કે **इष्** અને **उष्** ધાતુઓ **इजादि** છે તેમ જ **गुरुमत्** (ગુરુસ્વર યુક્ત) થાય છે . ભાષ્યકારે અહીં **उष्** ધાતુનું ઉચ્ચારણ કર્યું છે, પરંતુ તેમાં તો **उषविदजागृभ्यः०** પ્રમાણે વિકલ્પે **आम्** થઇને **औषाञ्चकार** રૂપ થાય છે. ના. **उवोष** ને પ્રાસંગિક રીતે ઉચ્ચારેલું ગણીને **उवोख** એમ પાઠાન્તર સૂચવે છે (**उवोखेति कवर्गाद्द्वितीयान्तो** वा पाठः। ઉ.પૃ.૨૦૯)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तद्यथा। ग्रामो गतो ग्राम आगत इति। अस्ति सारण्यके ससीमके सस्थण्डिलके वर्तते। तद्यथा। ग्रामो लब्ध इति। तद्यः सारण्यके ससीमके सस्थण्डिलके वर्तते तमभिसमीक्ष्यैतत्प्रयुज्यतेऽनन्तराविमौ ग्रामाविति। सर्वत्रैव ह्यतज्जातीयकं व्यवधायकं भवति॥

मुखनासिकावचनोऽनुनासिकः ॥१।१।८॥

किमिदं मुखनासिकावचन इति। मुखं च नासिका च मुखनासिकम्। मुखनासिकं वचनमस्य सोऽयं मुखनासिकावचनः। यद्येवं मुखनासिकवचन इति प्राप्नोति। निपातनाद्दीर्घत्वं भविष्यति॥ अथवा मुखनासिकमावचनमस्य सोऽयं मुखनासिकावचनः। अथ किमिदमावचनमिति। ईषद्वचनमावचनं किंचिन्मुखवचनं किंचिन्नासिकावचनम्॥ मुखद्वितीया वा नासिका वचनमस्य सोऽयं मुखनासिकावचनः। मुखोपसंहिता वा नासिका वचनमस्य सोऽयं मुखनासिकावचनः॥

(જેમકે) ગામ ગયું, ગામ આવ્યું. વળી જંગલ તેમ જ સીમ અને મેદાન સહિતગામના અર્થમાં પણ (ગ્રામ) શબ્દ છે. તેમાં જંગલ તેમ જ સીમ અને મેદાન સહિત જે ગામ તેને લક્ષમાં રાખીને 'બે ગામ જોડાજોડ છે' એવો પ્રયોગ કરવામાં આવે છે. આમ અન્ય જાતિનું હોય તે બધે જ વ્યવધાન રૂપ થાય છે.

મુખ અને નાસિકા એ બન્નેની સહાયથી ઉચ્ચારવામાં આવેલ વર્ણ તે અનુનાસિક ॥૧।૧।૮॥

આ મુખનાસિકાવચન (**मुखनासिकावचनः**) એમ (કહ્યું) તે શું (છે)?[111] **मुखं च नासिका च मुखनासिकम्** અને **मुखनासिकम्** (મુખ અને નાસિકા) **वचनम् अस्य** (જેનું ઉચ્ચારણ સ્થાન છે તે) **मुखनासिकावचनः** .જો એમ હોય તો **मुखनासिकवचनः** એમ થવું જોઈએ. નિપાતનને કારણે (०**नासिका** એમ) દીર્ઘ થશે.અથવા **मुखनासिकम् आवचनम् अस्य सोऽयम्** (અર્થાત્ મુખ અને નાસિકા જેના અંશતઃ ઉચ્ચારણ સ્થાન છે તે) એ (વિગ્રહ) વાક્યનો **मुखनासिकावचनः** એમ (સમાસ કરીશું). પણ **आवचनम्** તે વળી શું છે ? અંશતઃ ઉચ્ચારણનું સાધન તે **आवचनम्** અર્થાત્ થોડે અંશે[112] જેના ઉચ્ચારણનું સાધન મુખ છે અને થોડે અંશે નાસિકા જેના ઉચ્ચારણનું સાધન છે તે **मुखनासिकावचनः** અથવા **मुखद्वितीया** (મુખ જેનું સહાયક છે )[113] **नासिका** (તેવી નાસિકા) **वचनम् अस्य** (જેના ઉચ્ચારણનું સાધન છે તે) **मुखनासिकावचनः** અથવા **मुखोपसंहिता नासिका वचनम् अस्य** (મુખથી સંલગ્ન[114] નાસિકા જેના ઉચ્ચારણનું સાધનછે તે) **मुखनासिकावचनः** .

---

[111] **मुख** અને **नासिका** એ પ્રાણીનાં અંગ હોવાથી **प्राणितूर्यसेना०** પ્રમાણે સમાહાર દ્વંદ્વ સમાસ થશે. તેથી **स नपुंसकम्।** પ્રમાણે નપુંસક લિંગ અને **ह्रस्वो नपुंसके०** થી હ્રસ્વ થવાથી **मुखनासिकवचनम्** એમ સમાસ થશે. જો **मुखनासिकावचनम्** એ સમાસને ગમે તે રીતે ઘટાવવા માટે **आवचनम्** એમ છેદ કરવામાંઆવે તો સૂત્રકારને અભિષ્ટ અર્થ ('મુખ અને નાસિકા વડે ઉચ્ચારવામાં આવતો વર્ણ અનુનાસિક' એમ અર્થ) નીકળી નહીં શકે એવી શંકાને લક્ષમાં રાખીને પૂર્વપક્ષીએ આ પ્રશ્ન કર્યો છે.

[112] જેનું થોડે અંશે ઉચ્ચારણ થાય તે પણ ઉચ્ચાર્યું જ કહેવાય. જેમ સાધારણ શ્વેત વસ્તુને પણ શ્વેત કહેવામાં આવે છે તેમ જેનું ઉચ્ચારણ સહેજ મુખ દ્વારા કરવામાં આવે તેનું ઉચ્ચારણ સાધન મુખ થશે અને સહેજ નાસિકા દ્વારા ઉચ્ચારવામાં આવતા વર્ણનું ઉચ્ચારણસાધન નાસિકા થશે.

[113] અહીં **द्वितीय** શબ્દ 'બીજો' એમ ક્રમવાચી અર્થમાં નથી. આ તો સહાયવાચક અવ્યુત્પન્ન **द्वितीय** શબ્દ છે. **असिद्वितीयो ऽनुससार पाण्डवम्।** માં છે તેમ.

[114] ભાષ્યમાં **मुखोपसंहिता** એમ છે. તેથી મુખ અને નાસિકાનો અંતરાલ પ્રદેશ જેનું ઉચ્ચારણ સ્થાન છે તે અનુનાસિક થશે. આ મત પ્રમાણે અનુનાસિકનું ઉચ્ચારણ સ્થાન મુખ અને નાસિકા એ બન્નેથી ભિન્ન અર્થાત્ તેમની વચ્ચે રહેલ પ્રદેશ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथ मुखग्रहणं किमर्थम्। नासिकावचनोऽनुनासिक इतीयत्युच्यमाने यमानुस्वाराणामेव प्रसज्येत। मुखग्रहणे पुनः क्रियमाणे न दोषो भवति॥ अथ नासिकाग्रहणं किमर्थम्। मुखवचनोऽनुनासिक इतीयत्युच्यमाने कचटतपानामेव प्रसज्येत। नासिकाग्रहणे पुनः क्रियमाणे न दोषो भवति ॥ मुखग्रहणं शक्यमकर्तुम्। केनेदानीमुभयवचनानां भविष्यति। प्रासादवासिन्यायेन। तद्यथा। केचित्प्रासादवासिनः केचि--

હવે (સૂત્રમાં) મુખ શબ્દ શા માટે લેવામાં આવ્યો છે? **नासिकावचनोऽनुनासिकः**। (નાસિકા જેનું ઉચ્ચારણ સ્થાન છે તે અનુનાસિક એમ જો કહેવામાં આવે તો યમ અને અનુસ્વારની જ અનુનાસિક સંજ્ઞા થશે,[115] પરંતુ મુખ શબ્દનું ગ્રહણ કરવાથી એ દોષ આવશેનહીં. હવે (સૂત્રમાં) નાસિકા શબ્દ કેમ મૂક્યો છે? **मुखवचनोऽनुनासिकः**। (મુખ જેના ઉચ્ચારણનું સાધન તે અનુનાસિક એમ કહેવાથી **क् च् ट् त् प्** (એ વર્ણો) ની જ અનુનાસિક સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે,[116] પરંતુ નાસિકા શબ્દને સૂત્રમાં મૂકવાથી આ દોષ આવતો નથી સૂત્રમાં **मुख** શબ્દ ન મૂક્યો હોય તો ચાલી શકે. તો પછી જે વર્ણોનાં ઉચ્ચારણનાં સાધન (મુખ અને નાસિકા) બન્ને હોય તેમની સંજ્ઞા કેવી રીતે થશે? પ્રાસાદવાસિન્યાયે[117] (તેમની સંજ્ઞાથશે).તે આ રીતે- કેટલાક (લોકો) ઉપલે માળે રહેતા હોય, કેટલાક

---

[115] અનુસ્વારનું ઉચ્ચારણ કરવામાં નાસિકાનો ઉપયોગ થાય છે, મુખનો નહીં. તેથી **मुख** શબ્દનું ગ્રહણ ન કરવામાં આવ્યું હોય તો અનુસ્વારની સંજ્ઞા થાય પરંતુ **ञ् म् ङ् ण् न्** ની નહીં થાય. તે પ્રમાણે **अँ आँ अँ** વગેરેમાં જે અર્ધચંદ્રાકાર વર્ણ છે તેની પણ અનુનાસિક સંજ્ઞા નહીં થાય, કારણ કે તેના ઉચ્ચારણમાં મુખનો ઉપયોગ થાય છે. પરિણામે **यरोऽनुनासिकेऽनुनासिको** वा। પ્રમાણે કાર્ય કરવાનું હોય ત્યારે માત્ર અનુસ્વારનું જ ગ્રહણ થશે, ङ-કાર વગેરેનું નહીં થાય.(ન્યા.ભા.૧૫.૯૩).

[116] આ **क् च्** વગેરે વર્ણોનું ઉચ્ચારણ મુખ વડે જ થાય છે , નાસિકા વડે નહીં તેથી સૂત્રમાં જો **नासिका** શબ્દ મૂક્યો ન હોય તો તેમની જ અનુનાસિક સંજ્ઞા થશે.એમ થવાથી **शक्तः, सुप्तम्, पक्वम्** વગેરેમાં અનુક્રમે **क्, प्** અને **च्** નો લોપ થવાનો પ્રસંગ આવશે, કારણ કે **क्, प्, च्** વગેરેની અનુનાસિક સંજ્ઞા થશે અને તેની પછી **झलादि कित्** પ્રત્યય **क्त** આવ્યો છે તેથી **अनुदात्तोपदेशवनतितनोत्यादीनामनुनासिकलोपो झलि क्ङिति**। પ્રમાણે અનુનાસિક લોપ થશે. **पक्वम्** માં **पचो वः**। પ્રમાણે નિષ્ઠાનો व-કાર થાય છે તે અને **चोः कुः**। પ્રમાણે જે **च्** નો **क्** થાય છે તે અસિદ્ધ હોવાથી **अनुदात्तोपदेश०** અનુસાર લોપ થવાનો પ્રસંગ આવશે. તે જ પ્રમાણે **ओदनं पचति इति ओदनपक्** એ ઉદાહરણમાં **क्विप्** પ્રત્યય પૂર્વે **अनुनासिकस्य क्विझलोः**। પ્રમાણે ઉપધા દીર્ઘ થઇને **ओदनपाक्** થવાનો પ્રસંગ આવશે.

[117] 'પ્રાસાદવાસીઓને લઇ આવો' એમ કહેવામાં આવતાં જે પ્રાસાદવાસી હોય તેને તેમ જ જે ભૂમિ અને પ્રાસાદ બન્નેમાં રહેતા હોય તેમને લઇ આવવામાં આવે છે. ટૂંકમાં પ્રાસાદવાસી શબ્દ પ્રાસાદવાસી તેમ જ ઉભય-વાસી એમ બન્નેનું સૂચન કરે છે. તે જ રીતે અહીં **मुख** શબ્દનું ગ્રહણ ન કર્યું હોય તો પણ **नासिकावचनः** એ શબ્દ માત્ર નાસિકાદ્વારા ઉચ્ચારવામાં આવતા અનુસ્વારનું તેમ જ મુખ અને નાસિકાદ્વારા ઉચ્ચારાતા ङ-કાર વગેરેનું સૂચન કરશે, માત્ર અનુસ્વારનું નહીં. અહીં નોંધવું જોઇએ કે આ અનુનાસિકની બાબતમાં ત્રણ મત ઉપલબ્ધ થાય છે. કેટલાક માને છે કે સમસ્ત અનુનાસિક વર્ણનું નાસિકા વડે તેમ જ મુખ વડે ઉચ્ચારણ થાય છે. બીજા માને છે કે અનુનાસિક વર્ણના પૂર્વભાગનું મુખ વડે ઉચ્ચારણ થાય છે અને પાછળના ભાગનું નાસિકા વડે થાય છે. જ્યારે ત્રીજા મત અનુસાર અનુનાસિકના ઉત્તર ભાગનું મુખ વડે ઉચ્ચારણ થાય છે અને પૂર્વ ભાગનું નાસિકા વડે. આ ત્રણમાંથી પાછળના બે મતમાંથી ગમે તે મત પાણિનિએ સ્વીકાર્યો હશે અને બેમાંથી કોઇ પણ મતમાં પ્રાસાદ-વાસિન્યાય લાગુ પડતો નથી.જો ङ-કાર વગેરે સમગ્ર વર્ણોનું પણ નાસિકા તેમ જ મુખ વડે ઉચ્ચારણ થતું હોત તો તે ન્યાય લાગુ પડી શકત અને તેથી '**नासिकावचनः**' એમ કહેતાં ङ-કાર વગેરે વર્ણોનું પણ ગ્રહણ થાત.પરંતુ તેમ થતું નથી . તેમના ભિન્ન ભિન્ન અંશોનું જ મુખ અને નાસિકા દ્વારા ઉચ્ચારણ થાય છે તેથી સૂત્રમાં **मुख** શબ્દ મૂકવો ન હોય તો ङ-કાર વગેરેનું સૂત્ર દ્વારા ગ્રહણ ન થઇ શકે, પરિણામે તેમની અનુનાસિક સંજ્ઞા પણ ન થાય.કૈ. નોં ઘે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-द्भूमिवासिनः केचिदुभयवासिनः। ये प्रासादवासिनो गृह्यन्ते ते प्रसादवासिग्रहणेन। ये भूमिवासिनो गृह्यन्ते ते भूमिवासिग्रहणेन। य उभयवासिनो गृह्यन्ते ते प्रासादवासिग्रहणेन भूमिवासिग्रहणेन च। एवमिहापि केचिन्मुखवचना केचिन्नासिकावचनाः केचिदुभयवचनाः। तत्र ये मुखवचना गृह्यन्ते ते मुखग्रहणेन। ये नासिकावचनाः गृह्यन्ते ते नासिकाग्रहणेन। य उभयवचना गृह्यन्त एव ते मुखग्रहणेन नासिकाग्रहणेन च। भवेदुभयवचनानां सिद्धं यमानुस्वाराणा -मपि प्राप्नोति। नैव दोषो न प्रयोजनम्॥ इतरेतराश्रयं तु भवति। केतरेतरश्रयता। सतोऽनुनासिकस्य संज्ञया भवितव्यं संज्ञया च नामानुनासिको भाव्यते तदितरेतराश्रयं भवति। इतरेतराश्रयाणि च कार्याणि न प्रकल्पन्ते। अनुनासिकसंज्ञायामितरेतराश्रय उक्तम् ॥१॥

ભોંયતળિયે રહેતા હોય (અને) કેટલાક બન્ને માળમાં રહેતા હોય ત્યારે જે ઉપલે માળે રહે તેનું પ્રાસાદવાસી (ઉપરવાળા) એ શબ્દ દ્વારાગ્રહણ થાય છે, જે ભોંયતળિયે રહે છે તેમનું ભૂમિવાસી (નીચેવાળા) શબ્દ દ્વારાગ્રહણ થાય છે, પરંતુ જે બન્ને માળે રહેતા હોય તેમનું પ્રાસાદવાસી તેમ જ ભૂમિવાસી એ બન્ને શબ્દો દ્વારા ગ્રહણ થાય છે, એ જ રીતે અહીં પણ કેટલાક (વર્ણો) નાં ઉચ્ચારણનું સાધન મુખ છે અર્થાત્ તે મુખવચન છે, કેટલાક (વર્ણો) ના ઉચ્ચારણનું સાધન નાસિકા છે અર્થાત્ તે નાસિકાવચન છે, જ્યારે કેટલાક (વર્ણો) ના ઉચ્ચારણનાં સાધન મુખ અને નાસિકા બન્ને છે, અર્થાત્ તેઓ ઉભયવચન (**मुखनासिकावचन**) છે. તેમાં જે મુખવચન છે તેમનું ગ્રહણ સૂત્રમાં મુખ શબ્દ મૂકવાથી થાય છે. જે નાસિકાવચન છે તેમનું ગ્રહણ સૂત્રમાં નાસિકા શબ્દ મૂકવાથી થાય છે. જ્યારે જે ઉભયવચન છે તેમનું તો સૂત્રમાંના મુખ શબ્દ દ્વારા તેમ જ નાસિકા શબ્દ દ્વારા (મુખનાસિકાદ્વારા) થાય છે.(આથી) જે ઉભયવચન છે તેમની (અનુનાસિક સંજ્ઞા) સિદ્ધ થશે,[118] પરંતુ યમ અને અનુસ્વારને પણ (અનુનાસિક સંજ્ઞા) થવાનો પ્રસંગ આવશે.(તેમ થાય તો) કોઇ વાંધો એ નથી અને (ન થાય તો) કોઇ ફાયદો એ નથી.[119] પરંતુ તેથી ઇતરેતરાશ્રય દોષ આવશે.(એમાં) કેવી રીતે ઇતરેતરાશ્રય દોષ થશે ? (આ રીતે કે) અનુનાસિક વર્ણ હોય તો તેને (અનુનાસિક) સંજ્ઞા થશે અને સંજ્ઞાને કારણે તો (વર્ણ) અનુનાસિક બને છે, તેથી ઇતરેતરાશ્રય દોષ આવે છે[120] અને એક બીજા પર આધાર રાખતાં કાર્યો સિદ્ધ થઇ શકતાં નથી.
અનુનાસિક સંજ્ઞામાં આવતા ઇતરેતરાશ્રયની બાબતમાં (પૂર્વે)કહ્યું છે ॥૧॥ [121]

---

છે કે પ્રસાદવાસિન્યાય માત્ર ક્રિયા શબ્દોને લાગુ પડે છે રૂઢિ શબ્દોને લાગુ પડતો નથી. **अनुनासिक** પણ રૂઢિ શબ્દ છે, કારણ કે **अनु पश्चात् नासिका व्याप्रियते यस्मिन्**। એ પ્રમાણેની વ્યુત્પત્તિ ञ् , म् , ङ् ,ण् અને न् ની બાબતમાં દર્શાવી શકાય તેમ નથી, કારણ કે તે માટે કોઇ આધાર નથી.તેથી પ્રથમ મતમાં પ્રાસાદવાસિન્યાય લાગુ પડશે, પરંતુ પાછળના બે મતમાં એ ન્યાય લાગુ પડતો નથી . વાસ્તવમાં ભાષ્યકારે લાઘવનો ત્યાગ કરીને **अनुनासिकः** એમ જે મોટી સંજ્ઞા (**महती संज्ञा**) કરી છે તેની પાછળ એ જ આશય છે કે અન્વર્થ સંજ્ઞા થઇ શકે તેથી 'જેમાં મુખ પછી નાસિકાનો ઉપયોગ થાય છે અથવા જેમાં નાસિકા પછી મુખનો ઉપયોગ થાય છે તે **अनुनासिक**. (ન્યા.ભા.૧. પૃ.૯૪, શ.કૌ.પૃ.૧૧૫, પ્ર.ઉ. પૃ.૨૧૩)

[118] પ્રથમ મત પ્રમાણે પ્રાસાદવાસિન્યાય લાગુ પડી શકે છે તેથી સૂત્રમાં **मुख** શબ્દનું ગ્રહણ ન કર્યું હોય, એટલે કે **नासिकावचनोऽनुनासिकः**। એટલું જ કહ્યું હોય તો પણ ञ् , म् , ङ् ,ण् અને न् નું તેમ જ **औँ** જેવા અનુનાસિક સ્વરોનું ગ્રહણ થશે

[119] કારણ કે **यम** અને અનુસ્વારને અનુનાસિક સંજ્ઞા થાય તો તેથી કોઇ દોષ થતો નથી અને તેમને અનુનાસિક સંજ્ઞા થતી અટકાવવાથી કોઇ લાભ થતો નથી.

[120] જે વર્ણ અનુનાસિક સિદ્ધ થયો હોય તેને **अनुनासिक** સંજ્ઞા આપવામાં આવે છે અર્થાત્ સંજ્ઞાનો આધાર અનુનાસિક વર્ણ બને છે અને જો સંજ્ઞા આપવામાં આવે તો વર્ણ અનુનાસિક ગણાય છે, એટલે કે સંજ્ઞાને આધારે વર્ણ અનુનાસિક બને છે. આમ સંજ્ઞાનો આધાર અનુનાસિક વર્ણ પર છે અને અનુનાસિક વર્ણનો આધાર સંજ્ઞા ઉપર છે તેથી **इतरेतराश्रय** દોષ આવે છે, એમ અહીં દલીલ છે.

[121] પૂર્વે આવેલા વૃદ્ધિ સૂત્રમાં કહ્યું છે. અહીં માત્ર પુનરુચ્ચારણ કરવામાં આવે છે (ભર્તૃ. પૃ.૧૬૩).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किमुक्तम्। सिद्धं तु नित्यशद्धत्वादिति। नित्याः शद्धा नित्येषु च शद्धेषु सतोऽनुनासिकस्य संज्ञा क्रियते न संज्ञयानुनासिकोभाव्यते। यदि तर्हि नित्याः शद्धाः किमर्थं शास्त्रम्। किमर्थं शास्त्रमितिचेन्निवर्तत्वात्सिद्धम्। निवर्तकं शास्त्रम्। कथम्। आङस्मा अविशेषेणोपदिष्टोऽननुनासिकः। तस्य सर्वत्राननुनासिकबुद्धिः प्रसक्ता। तत्रानेन निवृत्तिः क्रियते। छन्दस्यचि परत आङोऽननुनासिकस्य प्रसङ्गेऽनुनासिकः साधुर्भवतीति॥

तुल्यास्यप्रयत्नं सवर्णम्। ॥ १।१।९॥

तुलया संमितं तुल्यम्। आस्यं च प्रयत्नश्चास्यप्रयत्नम्। तुल्यास्यं तुल्यप्रयत्नं च सवर्णसंज्ञं भवति॥ किं पुनरास्यम्। लौकिकमास्यमोष्ठात्प्रभृतिप्राक्काकलात्।

શું કહ્યું છે ? (એમ કહ્યું છે કે) શબ્દ નિત્ય હોવાથી (સિદ્ધ થશે). શબ્દો નિત્ય છે, અને નિત્ય શબ્દોમાં જ રહેલા અનુનાસિકને સંજ્ઞાઆપવામાં આવે છે પણ સંજ્ઞા દ્વારાઅનુનાસિકને પેદા કરવામાં નથી આવતો. જો શબ્દો નિત્ય હોય તો પછી (અનુનાસિકને લગતું આ) સૂત્રશા માટે ?' (અનુનાસિકને લગતું આ) સૂત્રશા માટે?' એમ જો પૂછવામાં આવે તો (અમે કહીશું કે) શાસ્ત્ર નિવર્તક હોવાથી ઇષ્ટ સિદ્ધિ થાય છે.શાસ્ત્ર નિવર્તક છે તે કેવી રીતે ? (આચાર્ય પાણિનિએ) આ ને અવિશિષ્ટ રીતે (કોઇ સ્પષ્ટ ચિહ્ન લગાડ્યા વિના) અનનુનાસિક ઉપદેશ્યો છે, તેથી આ બધે જ અનનુનાસિક છે તેવો ખ્યાલ રહેવાનો પ્રસંગ આવશે .તે (સ્થિતિ) માં (आङोऽननुनासिकश्छन्दसि। )એ (સૂત્ર)દ્વારા નિવૃત્તિ કરવામાં આવી છે કે વેદમાં સંહિતામાં અનુનાસિક ન હોય તેવા આ ની પછી अच् આવે તો તેનો અનુનાસિક આદેશ થાય છે.

જે વર્ણોમાં મુખમાનાં સ્થાન અને આભ્યન્તર પ્રયત્ન સમાન હોય તેમને સવર્ણ કહેવામાં આવે છે ॥૧।૧।૯॥

તુલાથી તોળેલું તે तुल्य [122].तुल्यम् आस्यं च प्रयत्नश्च आस्यप्रत्नम् (એમ आस्य અને प्रयत्न નો સમાહાર દ્વંદ્વ થશે).[123] જે વર્ણોના आस्य સમાન હોય અને જેમના प्रयत्न પણ સમાન હોય તેમની सवर्ण સંજ્ઞા થાય છે.પરંતુ आस्य એટલે શું? [124] લોકમાં જાણીતું (મુખ) તે आस्य અર્થાત્ ઓષ્ઠથી માંડીને કંઠમણિની ઉપર સુધીનો પ્રદેશ.

---

[122] तुलया संमितं तुल्यम्। એ પંક્તિની પૂર્વે [किमिदं तुल्यास्यप्रयत्नमिति।] અર્થાત્ આ तुल्यास्यप्रयत्न એ શું છે ? એટલો વધારાનો પાઠ નિ.સા.(પૃ. ૨૧૪), યુ.મી.(પૃ.૩૩૪) માં આપેલો છે, જે સર્વત્ર ઉપલબ્ધ નથી अयं कोष्ठान्तर्गतः पाठो नैव सर्वत्रोपलभ्यते। એમ નિ.સા.ના સંપાદક નોંધે છે.ચૌ.(પૃ૨૩૯, પા.ટી.૩)ના સંપાદક કારણ સહ તેનો અસ્વીકાર કરે છે. માત્ર વ્યુત્પત્તિ દર્શાવવા માટે અહીં तुला શબ્દ લીધો છે. तुल्य શબ્દ તો प्रवीणः, कुशलः, प्रतिलोमः, अनुलोमः ની માફક રૂઢિ શબ્દ છે તેથી અવયવનો અર્થ કરવાનો નથી. આમ અહીં तुल्य શબ્દનો સમાન, સદૃશ એ અર્થમાં લાક્ષણિક પ્રયોગ છે.

[123] तुल्यास्यप्रयत्नम् ને ભિન્ન ભિન્ન રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે :૧)કોઇ દ્વન્દ્વગર્ભ બહુવ્રીહિ લે છેઃ आस्यं च प्रयत्नश्च (जातिरप्राणिनाम्। થી एकवद्भाव થવાથી એકવચન થતાં) आस्यप्रयत्नम्। तुल्यम् आस्यप्रयत्नम् यस्य तद्। ૨) કોઇ तुल्यः आस्ये प्रयत्नः यस्य એમ વ્યધિકરણ બહુવ્રીહિ --ત્રણ પદવાળો બહુવ્રીહિ લે છે ,૩) કોઇ तुल्य અને आस्य નો तुल्यः आस्ये तुल्यास्यः। એમ मयूरव्यंसकादयश्च। પ્રમાણે તત્પુરુષ સમાસ કરીને પછી तुल्यास्यः प्रयत्नो यस्य तद् तुल्यास्यप्रयत्नम्। એમ બહુવ્રીહિ સમાસ કરે છે, ૪) કોઇ आस्य અને प्रयत्न નો आस्ये प्रयत्नः आस्यप्रयत्नः। એમ તત્પુરુષ કરીને आस्यप्रयत्नः तुल्यः यस्य तद् तुल्यास्यप्रयत्नम्। એમ બહુવ્રીહિ કરે છે.

[124] आस्य એટલે મુખ કે પછી મુખમાં રહેલ તાલુ વગેરે સ્થાન? એ શંકા મનમાં રાખીને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે.શંકાકાર પૂછવા માગે છે કે અહીં आस्य શબ્દ તદ્ધિત પ્રત્યયરહિત ' મુખ' એ અર્થમાં પ્રયોજાયો છે કે 'आस्ये भवम् आस्यम् મુખમાં રહેલ (તાલુ વગેરે )' એ તદ્ધિતાન્તના અર્થમાં પ્રયોજાયો છે ? ઉત્તરમાં કહે છે કે જેમ पशुः,अपत्यम् , देवता વગેરે શબ્દો લોકવ્યવહારમાં જાણીતા છે તે જ રીતે ઓઠથી માંડીને કંઠમણિ (काकलक) ની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कथं पुनरास्यम्। अस्यन्त्यनेन वर्णानित्यास्यम्। अन्नमेतदास्यन्दत इति वास्यम्॥ अथ कः प्रयत्नः। प्रयतनं प्रयत्नः। प्रपूर्वाद्यतेर्भावसाधनो नङ्प्रत्ययः॥ यदि लौकिकमास्यं किमास्योपादाने प्रयोजनं सर्वेषां हि तत्तुल्यं भवति। वक्ष्यत्येतत्। प्रयत्नविशेषणमास्योपादानमिति॥

सवर्णसंज्ञायां भिन्नदेशेष्वतिप्रसङ्गः प्रयत्नसामान्यात् ॥१॥

सवर्णसंज्ञायां भिन्नदेशेष्वतिप्रसङ्गो भवति। जबगडदशाम्। किं कारणम्। प्रयत्नसामान्यात्। एतेषां हि समानः प्रयत्नः॥

પણ **आस्य** કેવી રીતે? જેના વડે વર્ણને ફેંકવામાં આવે છે તે અથવા અન્ન જેને દ્રવિત કરે છે તે (आस्य).[125] હવે પ્રયત્ન એટલે શું ? પ્રયાસ કરવો તે **प्रयत्न** તેમાં **प्र यत्** ધાતુને ભાવવાચક **नङ्** પ્રત્યય લાગ્યો છે. જો પ્રસિદ્ધ મુખ તે જ **आस्य** હોય તો સૂત્રમાં એને મૂકવાનું શું પ્રયોજન છે ? કારણ કે બધા (વર્ણોના ઉચ્ચારણ) માટે (મુખ) તો સમાન (રીતે ઉપયોગી) છે. કહેશે કે (સૂત્રમાં) **आस्य** શબ્દ પ્રયત્નના વિશેષણ તરીકે મૂક્યો છે.[126]

સવર્ણસંજ્ઞા કરવામાં જે વર્ણોનું સ્થાન ભિન્ન હોય, પરંતુ પ્રયત્ન સમાન હોય તેમને પણ સવર્ણ સંજ્ઞા લાગુ પડવાનો પ્રસંગ આવશે ॥૧॥

સવર્ણ કરવામાં જુદા જુદા (ઉચ્ચારણ) સ્થાનવાળા **ज् ब् ग् ड् द्** જેવા વર્ણો સવર્ણ થવાનો પ્રસંગ આવશે.[127] શા માટે ? પ્રયત્નમાં સામ્ય છે માટે. (એટલે કે) એ કારણે કે એમનો પ્રયત્ન સમાન છે.

---

ઉપર સુધીનો ભાગ મુખ તરીકે સંસારમાં પ્રસિદ્ધ છે. તાલુ વગેરે પણ વૈદિક શબ્દો નથી લૌકિક જ છે તેમ છતાં **आस्य** શબ્દનો 'મુખ' એ અર્થ ઉપસ્થિત થાય છે , આસ્યમાં રહેલ તાલુ વગેરે સ્થાન એ અર્થ ઉપસ્થિત નથી થતો તેથી ભાષ્યકારે **ओष्ठात्प्रभृति प्राक् काकलात्।** એમ કહ્યું છે. (ભર્તૃ. પૃ.૧૬૪,પ્ર.૫૨૧૫) **काकलक** ગળામાં જે બહાર જણાઇ આવતો ઉંચો ભાગ,હૈડિયો (Adam's apple).

[125] **स्नानीयं चूर्णाम्** ની જેમ **आस्य** માં કરણના અર્થમાં **ण्यत्** કૃત્ય પ્રત્યય લાગ્યો છે તેથી જેના વડે બહાર ફેંકવાની ક્રિયા કરવામાં આવે તે **आस्य** .જાતિ સ્ફોટની દૃષ્ટિએ 'ફેંકવું' (**असन**) અભિવ્યક્ત કરવું એ અર્થમાં પ્રયોજાયો છે, પણ વ્યક્તિ સ્ફોટ પ્રમાણે ફેંકવું એટલે ઉત્પન્ન કરવું અથવા **आस्यन्दते इति आस्यम्।** [જે (અન્નને) દ્રવિત કરે તે] એ અર્થમાં આ **स्यन्द्** ધાતુને **अन्येष्वपि दृश्यते।** પ્રમાણે કર્તાના અર્થમાં **ड** પ્રત્યય લાગીને **आस्य** શબ્દ થયો છે.

[126] આગળ [વાર્તિક(૨) ના ભાષ્યમાં] ભાષ્યકાર પોતે કહેવાના છે **प्रयत्नविशेषणमास्योपादानम्।** **आस्य** શબ્દ **प्रयत्न** ના વિશેષણ તરીકે લીધો છે.અહીં ભાષ્યકારે પોતાને માટે **वक्ष्यति** એમ ત્રીજા પુરુષનો પ્રયોગ કર્યો છે. **गोनर्दीयस्त्वाह।** માં છે તે પ્રકારનો આ પ્રયોગ છે .

[127] જો **आस्य** એ માત્ર લૌકિક આસ્ય--મુખ--હોય તો **जश्** પ્રત્યાહારમાંના **ज्,ब , ग्,ड् , द्** ની સવર્ણ સંજ્ઞા થશે, કારણ કે એ સર્વ વર્ણો મુખમાંથી ઉત્પન્ન થાય છે તેમ જ તેમના **स्पृष्ट , घोष , संवृत , नाद ,अल्पप्राण** વગેરે આભ્યંતર તેમ જ બાહ્ય પ્રયત્ન સમાન છે. અહીં પ્રયત્નનું વિશેષણ **आस्य** નથી તેથી આભ્યંતર તેમ જ બાહ્ય પ્રયત્નો સવર્ણ સંજ્ઞામાં લક્ષમાં લેવામાં આવશે. આમ **ज्,ब , ग्,ड् , द्** વગેરે સવર્ણ થવાથી **ऊर्ग्जः** જેવામાં **ज्** પર થતાં **झरो झरि सवर्णे।** પ્રમાણે **ग्** એ **झर्** વર્ણનો લોપ થવાનો પ્રસંગ આવશે. [**उर्ग् अन्नम्। तस्माज्जातः उर्ग्जः।**] ભર્તૃ.અને કૈ. સૂચવે છે કે **आस्यप्रयत्नौ** એ દ્વંદ્વ સમાસ લેવામાં આવે તો (**आस्य** અને **प्रयत्न** બન્ને પદો સમાન પ્રાધાન્યવાળાં હોવાથી) **आस्य** એ પદ **प्रयत्न** નું વિશેષણ નહીં થઇ શકે. પરિણામે સ્પૃષ્ટ વગેરે પ્રયત્ન સમાન હોવાથી, તેમ જ **आस्य** એટલે મુખ એમ જ અર્થ લેવામાં આવે તો, **ज् ब्** વગેરે પાંચ વર્ણ પરસ્પર સવર્ણ થવાનો પ્રસંગ આવશે.ના. આ વિધાનની ઉપયોગિતા વિશે શંકા કરી છે તે યોગ્ય જણાતી નથી,'કારણ કે **आस्य** અને બાહ્ય તેમ જ આભ્યંતર **प्रयत्न** સમાન હોવાથી **ज् ब्** વગેરે સવર્ણ થવાનો પ્રસંગ આવશે જ. છાયા માં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सिद्धं त्वास्ये तुल्यदेशप्रयत्नं सवर्णम् ॥२॥**

**सिद्धमेतत्। कथम्। आस्ये येषां तुल्यो देशः प्रयत्नश्च ते सवर्णसंज्ञा भवन्तीति वक्तव्यम्। एवमपि किमास्योपादाने प्रयोजनं सर्वेषां हि तत्तुल्यम्। प्रयत्नविशेषणमास्योपादानम्। सन्ति ह्यास्याद्बाह्याः प्रयत्नाः। ते हापिता भवन्ति। तेषु सत्स्वसत्स्वपि सवर्णसंज्ञा सिध्यति। के पुनस्ते। विवारसंवारौ। श्वासनादौ। घोषवदघोषता। अल्पप्राणता महाप्राणतेति। तत्र वर्गाणां प्रथमद्वितीयाः विवृतकण्ठाः श्वासानुप्रदाना अघोषाः। एकेऽल्पप्राणा अपरे महाप्राणाः। तृतीयचतुर्थाः संवृतकण्ठा नादानुप्रदाना घोषवन्तः। एकेऽल्पप्राणा अपरे महाप्राणाः। यथा तृतीयास्तथा पञ्चमा आनुनासिक्यवर्जम्। आनुनासिक्यं तेषामधिको गुणः॥ एवमप्यवर्णस्य सवर्णसंज्ञा न प्राप्नोति। किं कारणम्। बाह्यं ह्यास्यात्स्थानमवर्णस्य। सर्वमुखस्थानमवर्णमेक इच्छन्ति। एवमपि व्यपदेशो न प्रकल्पत आस्ये येषां तुल्यो देश इति। व्यपदेशिवद्भावेन व्यपदेशो भविष्यति। सिध्यति।**

પરંતુ ' મુખમાં જેમના ઉચ્ચારણનું સ્થાન અને પ્રયત્ન સમાન હોય તે સવર્ણ,'(થાય છે) (**आस्ये तुल्यदेशप्रयत्नं सवर्णम्।**) એમ કહેવાથી ઇષ્ટ સિદ્ધિ થાય છે. ॥૨॥

એ સિદ્ધ થાય છે. કેવી રીતે? મુખમાં જેમનાં ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન સમાન છે તેમને સવર્ણ સંજ્ઞા થાય છે એમ કહેવું પડશે. એમ છતાં પણ બધા (વર્ણો) માટે **आस्य** તો સમાન છે તો) પછી (સૂત્રમાં **आस्य** શબ્દ) મૂકવાનો શો હેતુ છે ? **आस्य** ને **प्रयत्न** ના વિશેષણ તરીકે (સૂત્રમાં) લીધો છે, કારણ કે મુખથી બાહ્ય એવા પણ પ્રયત્નો છે (સૂત્ર માં **आस्य** શબ્દ મૂકવાથી) તેમની વ્યાવૃત્તિ થાય છે.તે (બાહ્ય પ્રયત્ન સમાન) હોય કે ન હોય તો પણ સવર્ણ સંજ્ઞા સિદ્ધ થાય છે. તો એ (બાહ્ય પ્રયત્ન) કયા છે ? વિવાર અને સંવાર, શ્વાસ અને નાદ, ઘોષ અને અઘોષ, અલ્પપ્રાણ અને મહાપ્રાણ. તેમાં દરેક વર્ગના પ્રથમ અને દ્વિતીય વર્ણના બાહ્યપ્રયત્ન વિવાર, શ્વાસ અને અઘોષ છે.તેમાં વર્ગના પ્રથમ (વર્ણો) અલ્પપ્રાણ છે અને બીજા મહાપ્રાણ છે. દરેક વર્ગના ત્રીજા અને ચોથા વર્ણનો (બાહ્ય પ્રયત્ન) સંવૃત, નાદ અને ઘોષ છે.તેમાં ત્રીજા વર્ણો અલ્પપ્રાણ છે અને ચોથા વર્ણો મહાપ્રાણ છે. દરેક વર્ગના પાંચમા વર્ણો અનુનાસિક છે બાકી તો વર્ગના ત્રીજા જેવા છે. અનુનાસિક હોવું તે તેમનો વધારાનો ગુણ છે. આમ છતાં **अ** વર્ણને સવર્ણ સંજ્ઞા લાગુ નહીં પડે.[128] શાથી (લાગુનહીં પડે) ?કારણ કે **अ**-કારનું (ઉચ્ચારણ)સ્થાન મુખ-થી બાહ્ય છે. કેટલાક સમગ્ર મુખને **अ** વર્ણનું (ઉચ્ચારણ) સ્થાન માને છે.[129] એમ છતાં પણ 'મુખમાં જેનું સમાન સ્થાન છે' એમ કહેવું શક્ય નહીં બને.[130] વ્યપદેશિવદ્ભાવથી એ પ્રમાણે કહેવું શક્ય બનશે.સિદ્ધ થાય છે,

---

પ્રયત્નનો અર્થ આભ્યંતર પ્રયત્ન કર્યો છે તે અયોગ્ય છે. કૈ. વગેરે એમ કહેવા માગે છે કે **आस्य** પદ **प्रयत्न** નું વિશેષણ ન થઇ શકે તો પ્રયત્ન શબ્દ આભ્યંતર તેમ જ બાહ્ય બન્ને પ્રયત્નો સૂચવશે અને **जश्** પ્રત્યાહારમાંના વર્ણોના એ બન્ને પ્રયત્નો સમાન હોવાથી તથા તે સર્વ વર્ણ મુખમાંથી ઉત્પન્ન થતા હોવાથી તેઓ સવર્ણ થવા જશે. **जश्** પ્રત્યાહારના વર્ણોનું ઉદાહરણ આપવા પાછળ ભાષ્યકારનો આશય આભ્યંતર અને બાહ્ય બન્ને પ્રયત્નોને આવરી લેવાનો છે તે સ્પષ્ટ છે.

[128] **अ**-કાર કંઠમણિની નીચેના ભાગમાંથી ઉત્પન્ન થાય છે, તેથી **अ** વર્ણનું ઉત્પત્તિ સ્થાન મુખથી બાહ્ય થશે એમ કેટલાક માને છે, જો **आस्य** પદને **देश** નું વિશેષણ કરવામાં આવે તો તેથી તેના અઢારે પ્રકારની સવર્ણ સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે એમ આક્ષેપકારની દલીલ છે.

[129] **अ** વર્ણનું ઉચ્ચારણ કરવામાં આવે છે ત્યારે સમગ્ર મુખનો ઉપયોગ થાય છે તેથી તેનું ઉત્પત્તિ સ્થાન મુખની બાહ્ય નથી

[130] કારણ કે **अ** વર્ણનું સ્થાન 'મુખમાં (**आस्ये**)' નથી પરંતુ મુખ પોતે જ (**आस्यमेव**) છે, તેથી 'મુખમાં સ્થાન' એમ તેને વિશે કહી ન શકાય.અન્ય વર્ણોના ઉચ્ચારણમાં **आस्य** ના અવયવ ઉપયોગી થાય છે, પરંતુ **अ** વર્ણના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सूत्रं तर्हि भिद्यते॥ यथान्यासमेवास्तु। ननु चोक्तं सवर्णसंज्ञायां भिन्नदेशेष्वतिप्रसङ्गः प्रयत्नसामान्यादिति। नैष दोषः। न हि लौकिकमास्यम्। किं तर्हि। तद्धितान्तमास्यम्। आस्ये भवमास्यम्। शरीरावयवाच्च। किं पुनरास्ये भवम्। स्थानं करणं च। एवमपि प्रयत्नोऽविशेषितो भवति। प्रयत्नश्च विशेषितः। कथम्। न हि प्रयतनं प्रयत्नः। किं तर्हि। प्रारम्भो यत्नस्य प्रयत्नः। यदि प्रारम्भो यत्नस्य प्रयत्न एवमप्यवर्णस्य एङोश्च सवर्णसंज्ञा प्राप्नोति। प्रश्लिष्टावर्णावेतौ। अवर्णस्य तर्ह्यैचोश्च सवर्णसंज्ञा प्राप्नोति।

તો તો (મૂળ) સૂત્ર બદલાઇ જાય છે.[131] (તો પછી) જે રીતે (સૂત્રકારે) મૂકેલું છે તેમ જ ભલે રહે.પણ (અમે કહ્યુંને કે સવર્ણ સંજ્ઞામાં જે જુદાં જુદાં (ઉચ્ચારણ) સ્થાનવાળા (વર્ણો) છે તેમને વિશે (સંજ્ઞાની) અતિવ્યાપ્તિ થશે, કારણ કે તેમનો પ્રયત્ન સમાન છે. એ દોષ નથી આવતો, કારણ કે અહીં आस्य (એટલે) લોકમાં જેને મુખ કહેવામાં આવે છે તે નથી તો પછી શું છે ? અહીં आस्य (શબ્દ)ને आस्ये भवम् आस्यम् (અર્થાત્ મુખમાં રહેલું તે आस्य એ અર્થમાં) शरीरावयवाच्च। પ્રમાણે यत् તદ્ધિત પ્રત્યય લાગ્યો છે. (પરંતુ) મુખમાં રહેલું તે શું ? સ્થાન અને કરણ.[132] એમ છતાં પણ (સૂત્રમાંનો) प्रयत्न (શબ્દ) વિશેષણ રહિત બનશે.[133] એમ છતાં પણ प्रयत्न પણ વિશેષણ યુક્ત છે. કેવી રીતે? કારણ કે પ્રયત્ન કરવો તે प्रयत्न નથી તો પછી શું (प्रयत्न) છે ? प्रयत्न એટલે યત્નનો આરંભ.[134] જો પ્રારંભ એ જ પ્રયત્ન હોય તો એ રીતે પણ अ વર્ણ અને ए તથા ओ ની સવર્ણ સંજ્ઞા થવા જશે.[135] (ए અને ओ ) એ બેમાં अ વર્ણ ભળી ગએલો છે.[136] તો પછી अ વર્ણ અને ऐ તથા औ ની સવર્ણ સંજ્ઞા થવા જશે. [137]

---

ઉચ્ચારણમાં તે અવયવોના સમુદાય રૂપ સમગ્ર आस्य ઉપયોગમાં લેવાય છે.અહીં देश શબ્દ જ ભેદસૂચક છે.અન્ય વર્ણોમાં आस्य માંનો વિશિષ્ટ દેશ-ભાગ-સૂચવાય છે, જ્યારે अ વર્ણમાં देश શબ્દ સામાન્ય રીતે મુખ સૂચવે છે તેથી મુખ વિશે દેશ શબ્દનો ગૌણાર્થમાં પ્રયોગ થઇ શકશે.પરિણામે કોઇ દોષને અવકાશ નહીં રહે.

[131] એટલે કે तुल्यास्यप्रयत्नं सवर्णम्। એમ સૂત્ર ન રહેતાં आस्ये तुल्यदेशप्रयत्नं सवर्णम्। એમ થશે,એમ પૂર્વપક્ષીનું કહેવું છે.

[132] સ્થાન એટલે તાલુ, દન્ત વગેરે અને કરણ એટલે સ્પૃષ્ટત્વ વગેરે અથવા જીભનો અગ્રભાગ, તેની નજીકનો ભાગ , મધ્ય ભાગ તેમ જ જીભનું મૂળ. आस्य માં રહેલ કરણ જ જો સ્પૃષ્ટત્વ વગેરે હોય તો પ્રસ્તુત સૂત્રમાં प्रयत्न શબ્દ મૂકવાની જરૂર નથી એમ દલીલ થઇ શકે, પરંતુ માત્ર સ્થાનના સામ્ય કે માત્ર કરણના સામ્યને કારણે સવર્ણ સંજ્ઞા થતી નથી એ સૂચવવા માટે प्रयत्न શબ્દ સૂત્રમાં મૂક્યો છે.

[133] તદ્ધિતાન્ત आस्य શબ્દ લેવામાં આવે તો પણ દ્વંદ્વ સમાસને કારણે आस्य પદ प्रयत्न નું વિશેષણ નહીં થઇ શકે કારણ કે બધાં જ પદ પ્રધાન હોય છે.તેથી બાહ્યપ્રયત્નનો નિરાસ નહીં થઇ શકે.

[134] વર્ણોચ્ચારણ પૂર્વે થએલો સ્પૃષ્ટ વગેરે પ્રયત્ન તે યત્નનો આરંભ થશે. તેથી તે આભ્યન્તર છે, ટૂંકમાં સૂત્રમાંનો પ્રયત્ન શબ્દ એ રીતે આભ્યન્તર પ્રયત્નને જ સૂચવશે, બાહ્યપ્રયત્નને નહીં.

[135] ए અને ओ માં પ્રારંભમાં अ-કાર હોવાથી સંવૃત પ્રયત્નયુક્ત બનશે અને તેથી अ-કારના સવર્ણ થશે એમ દલીલ છે.

[136] ભળી ગયેલાં પાણી અને ધૂળમાં જેમ જુદા જુદા ભાગ નક્કી કરી શકાતા નથી તેમ અહીં પણ આટલો ભાગ अ-કારનો અને બાકીનો इ-કારનો અથવા उ-કારનો તેમ નક્કી થઇ શકતું નથી.ભેદ હોવા છતાં બન્ને વર્ણ અતિશય ભળી ગયેલા (प्रश्लिष्टौ) હોવાથી તે ભેદ અનુભવી શકાતો નથી.

[137] પૂર્વ ભાગનું ઉચ્ચારણ अ-કારના ઉચ્ચારણ જેવું હોવાથી તેમાં વિભાગ સરળતાથી લક્ષમાં આવે તેવો છે તેથી अ-કાર અને ऐच् વર્ણો સવર્ણ થશે તેમ પૂર્વપક્ષીની દલીલ છે, પરંતુ ऐच् વર્ણોમાં જે अ-કાર છે તેનો પ્રયત્ન વિવૃતતર છે તેથી તે બન્નેનું હ્રસ્વ अ-કાર સાથે સાવર્ણ્ય ભલે ન હોય પરંતુ ऐ-કાર અને औ-કાર પરસ્પર સવર્ણ થશે એમ આક્ષેપકારનું કહેવું છે,પરંતુ બન્નેનાં સ્થાન (અનુક્રમે કંઠતાલુ અને કંઠૌષ્ઠ) ભિન્ન છે તેથી તે બે સવર્ણ ન થઇ શકે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विवृततरावर्णवेतौ। एतयोरेव तर्हि मिथः सवर्णसंज्ञा प्राप्नोति। नैतौ तुल्यस्थानौ। उदात्तादीनां तर्हि सवर्णसंज्ञा न प्राप्नोति। अभेदका उदात्तादयः॥ अथवा किं न एतेन प्रारम्भो यत्नस्य प्रयत्न इति। प्रयतनमेव प्रयत्नस्तदेव च तद्धितान्तमास्यम्। यत्समानं तदाश्रयिष्यामः। किं सति भेदे। सतीत्याह। सत्येव हि भेदे सवर्णसंज्ञया भवितव्यम्। कुत एतत्। भेदाधिष्ठाना हि सवर्णसंज्ञा। यदि हि यत्र सर्वं समानं तत्र स्यात्सवर्णसंज्ञावचनमनर्थकं स्यात्। यदि तर्हि सति भेदे किंचित्समानमिति कृत्वासवर्णसंज्ञा भविष्यति शकारछकारयोः षकारठकारयोः सकारथकारयोः सवर्णसंज्ञा प्राप्नोति। एतेषां हि सर्वमन्यत् समानं करणवर्जम्॥ एवं तर्हि प्रयतनमेव प्रयत्नस्तदेव च तद्धतान्तमास्यं नत्वयं द्वन्द्व आस्यं च प्रयत्नश्चास्यप्रयत्नमिति। किं तर्हि। त्रिपदोऽयं बहुव्रीहिः। तुल्य आस्ये प्रयत्न एषामिति॥ अथवा पूर्वस्तत्पुरुष -स्ततो बहुव्रीहिः। तुल्य आस्ये तुल्यास्य। तुल्यास्यः प्रयत्न एषामिति॥ अथवा परस्तत्पुरुषस्ततो बहुव्रीहिः। आस्ये प्रयत्न आस्यप्रयत्नः। तुल्य आस्यप्रयत्न एषामिति॥ तस्य। तस्येति तु वक्तव्यम्। किं प्रयोजनम्। यो यस्य तुल्यास्य-प्रयत्नः स तस्य सवर्णसंज्ञो यथा स्यात्।

આ બે (ऐ તથા औ ) માં તો अ વર્ણ વિવૃતતર પ્રયત્નવાળા છે. તો પછી એ બેની જ પરસ્પર સવર્ણસંજ્ઞા થશે. તે બેનાં સ્થાન સમાન નથી. તો પછી उदात्त વગેરેની સવર્ણ સંજ્ઞા થશે નહીં. उदात्त વગેરે ગુણોને કારણે વર્ણોમાં ભેદ ઉત્પન્ન થતો નથી.અથવા તો 'યત્નનો પ્રારંભ તે પ્રયત્ન' એમ લેવાની આપણને શી જરૂર છે ? યત્ન કરવો તે જ प्रयत्न અને आस्य (શબ્દ)ને પણ તદ્ધિતાન્ત તરીકે જ લઇશું (એમાં) જે સમાન હશે તેના આધારે (સવર્ણ સંજ્ઞા) કરીશું. ભેદ હોય ત્યાં પણ (સવર્ણ સંજ્ઞા) થશે ? તો કહે છે,'હા. (ભેદ) હોય ત્યાં (પણ થશે), કારણ કે જ્યાં ભેદ હોય છે ત્યાં જ સવર્ણ સંજ્ઞા થવી જોઇએ. એ કેવી રીતે? એ રીતે કે સવર્ણ સંજ્ઞા ભેદ ઉપર આધારિત છે, કારણ કે જ્યાં બધું જ સમાન હોય ત્યાં સવર્ણ સંજ્ઞા કરવી નિરર્થક થાય. જો આમ ભેદ હોવા છતાં કંઇક સમાન છે એ કારણે સવર્ણ સંજ્ઞા થાય, તો श-કાર અને छ-કારની,ष-કાર અને ढ-કારની, स-કાર અને थ-કારની સવર્ણ સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે, કારણ કે તેમની વચ્ચે કરણ સિવાય બધું જ સમાન છે.[138] એમ હોય તો પછી યત્ન કરવો તે જ प्रयत्न અને ('મુખમાં રહેલ' એ અર્થવાળો) તે તદ્ધિતાન્ત જ आस्य (લઇશું),પરંતુ આ आस्यं च प्रयत्नश्च (એ વિગ્રહ વાક્યનો) आस्यप्रत्नम् (એ) દ્વંદ્વ સમાસ નથી. તો પછી શું છે ? આ તો तुल्यः आस्ये प्रयत्न एषाम् (જેમના ઉચ્ચારણમાં મુખમાં સ્થાન અને પ્રયત્ન સમાન છે તે) એમ ત્રણ પદવાળો બહુવ્રીહિ છે [139] અથવા પહેલાં तुल्यः आस्ये तुल्यास्यः એમ તત્પુરુષ અને પછી तुल्यास्यः प्रयत्नः एषाम् એમ બહુવ્રીહિ લઇશું. અથવા आस्ये प्रयत्नः आस्यप्रयत्नः એમ પાછળ (નાં બે પદો) નો તત્પુરુષ લઇશું અને પછી तुल्य आस्यप्रयत्नः एषाम् એમ બહુવ્રીહિ લઇશું.'તેનો' (સવર્ણ થાય) (એટલે કે અહીં) 'તેનો' એમ કહેવું જરૂરી છે. શા માટે? એટલા માટે કે તેથી જે કોઇ વર્ણ બીજા જે વર્ણના સમાન ઉચ્ચારણ ,સ્થાન અને પ્રયત્નવાળો હોય તે (વર્ણ) તેનો જ સવર્ણ થઇ શકે.

---

[138] પ્રથમ અને દ્વિતીય વર્ગ્ય વર્ણો અને ઉષ્માક્ષરો વચ્ચે કરણ સિવાય બધું જ સમાન છે એટલે કે અઘોષ, શ્વાસ, વિવાર વગેરે બાહ્યપ્રયત્ન સમાન છે, પરંતુ કરણ અર્થાત્ આભ્યંતર પ્રયત્ન સમાન નથી, કારણ કે વર્ગ્ય વર્ણોનો પ્રયત્ન સ્પૃષ્ટ છે જ્યારે ઉષ્માક્ષરોનો વિવૃત છે.

[139] અહીં અસમાનાધિકરણ (ભિન્ન વિભક્તિયુક્ત) પદોનો (વ્યધિકરણ) બહુવ્રીહિ સમાસ છે તેમ છતાં तुल्य શબ્દ आस्य નું વિશેષણ થઇ શકશે. જ્યારે देवदत्तयज्ञदत्तयोः मधुरायां तुल्यं भोजनम्। એમ કહેવામાં આવે ત્યારે દેવદત્ત અને યજ્ઞદત્ત માટે જેમ ભોજન તુલ્ય છે તેમ જ્યાં ભોજન લેવાનું છે, અર્થાત્ જે ભોજન ક્રિયાના અધિકરણ (આધાર) ભૂત છે તે મધુરા પણ તુલ્ય છે. તેમ વર્ણોનો પ્રયત્ન તુલ્ય છે અને તે પ્રયત્નના અધિકરણભૂત અર્થાત્ જ્યાં પ્રયત્ન થાય છે તે आस्य પણ તુલ્ય થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अन्यस्य तुल्यास्यप्रयत्नोऽन्यस्य सवर्णसंज्ञो मा भूत्।**

**तस्यावचनं वचनप्रामाण्यात्॥३॥**

**तस्येति न वक्तव्यम्। अन्यस्य तुल्यास्यप्रयत्नोऽन्यस्य सवर्णसंज्ञः कस्मान्न भवति। वचनप्रामाण्यात्। सवर्णवचनसामर्थ्यात्। यदि ह्यन्यस्य तुल्यास्यप्रयत्नोऽन्यस्य सवर्णसंज्ञः स्यात्सवर्णवचनमनर्थकं स्यात्॥**

**संबन्धिशद्वैर्वा तुल्यम् ॥४॥**

**संबन्धिशद्वैर्वा पुनस्तुल्यमेतत्। तद्यथा। मातरि वर्तितव्यं पितरि शुश्रूषितव्यमिति। न चोच्यते स्वस्यां मातरि स्व-स्मिन्वा पितरीति संबन्धाच्चैतद्गम्यते या यस्य माता**

પણ જે વર્ણ એકના સમાન ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્નવાળો હોય તે કોઇ બીજા જ વર્ણનો સવર્ણ ન થાય.[140]

'તેનો' એમ કહેવાની જરૂર નથી,[141] કારણ કે (સૂત્રમાં સવર્ણસંજ્ઞા એમ) કહ્યું છે ॥૩॥

'તેનો'એમ કહેવાની જરૂર નથી. (તો પછી) એક વર્ણના સમાન ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્નવાળો વર્ણ બીજા જ વર્ણનો સવર્ણ કેમ ન થઇ શકે ? (સૂત્રમાં) કહ્યું છે તેના આધારે, (એટલે ક સૂત્રમાં) સવર્ણસંજ્ઞા કરવામાં આવી છે તેને બળે નહીં થાય,કારણ કે જો એક વર્ણના સમાન ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્નવાળો વર્ણ બીજા જ વર્ણનો સવર્ણ થાય તો સવર્ણસંજ્ઞા કરનાર સૂત્ર નિરર્થક થાય.

અથવા તો (આ) સંબંધી શબ્દોના જેવું છે ॥૪॥

અથવા તો આ સંબંધી શબ્દોના જેવું છે.જેમ કે **मातरि वर्तितव्यम्** (અર્થાત્ માતા પ્રત્યે સારૂં વર્તન કરવું જોઇએ) **पितरि शुश्रूषितव्यम्** (પિતાન સેવા કરવી જોઇએ) એમાં (**मातरि , पितरि** એ) સંબંધીં શબ્દો છે.અહીં 'પોતાની માતા પ્રત્યે' કે 'પોતાના પિતા પ્રત્યે' એમ કહેવામાં નથી આવતું છતાં સંબંધને કારણે સમજાય છે કે 'જે જેની માતા હોય

[140] એટલે કે જે વર્ણના આસ્યપ્રયત્ન જે બીજા વર્ણના આસ્યપ્રયત્નના તુલ્ય હોય તે વર્ણ તે બીજા વર્ણનો સવર્ણ થાય તે સિવાયના કોઇ અન્યવર્ણનો સવર્ણ ન થાય તેમ સૂત્ર ઉપરથી સ્પષ્ટ થતું નથી તેથી મુખમાં કંઠ અને પ્રયત્ન (સ્પૃષ્ટ) એ બન્નેમાં તુલ્ય હોવાથી અર્થાત્ તુલ્યાસ્યપ્રયત્ન હોવાથી **क**-કાર જેમ **अ**-કારનો સવર્ણ થશે તેમ **च**-કારનો પણ સવર્ણ થવાનો પ્રસંગ આવશે એમ શંકાકારની દલીલ બિનપાયાદાર છે, છતાં તે કહે છે કે એ પ્રસંગ નિવારવા માટે સૂત્રમાં **तस्य** એમ કહેવાની જરૂર છે.ભર્તૃ. નોંધે છે : **तस्य। तस्येति (तु) वक्तव्यम्। अर्थदर्शनमेतत् न तु पाठः। पाठस्तु तथाभूतः कर्तव्यो यथाऽयमर्थो लभ्यते इति।**(પૃ.૧૪૬) તેથી લાગે છે કે અહીં વાર્તિક કે મહાભાષ્ય -ના પાઠ વિશે મતભેદ હશે.

[141] **तस्यावचनम्** અર્થાત્ તે કહેવાની જરૂર નથી. આ શબ્દો ભર્તૃ. બે રીતે સમજાવે છે:૧) **तस्य अवचनम्** એમ ભિન્ન પદ લઇને (**समासोऽयम्**). અહીં **तस्य** એ, પૂર્વે વાર્તિકકારે '**तस्य** ' એમ જે કહ્યું છે તેનો નિર્દેશ કરતું ષષ્ઠ્યન્ત સર્વનામ થશે, એટલે કે **तस्य** એમ જે કહ્યું છે તે (વાર્તિક) કરવાની જરૂર નથી એમ અર્થ થશે.ના. આ અર્થ સ્વીકારે છે. ૨) **तस्यावचनम्** માં **तस्य** એ પૂર્વોક્ત વાર્તિકના અનુકરણ રૂપ શબ્દ છે અને તેનો **अवचनम्** સાથે સમાસ લેતાં **तस्य (इति अ) स्य अवचनम्** એટલે કે **तस्य** (એ વાર્તિક) ન કહેવી જોઇએ. કૈ આ અર્થ સ્વીકારે છે અને નોંધે છે કે **तस्य** એ માત્ર અનુકરણ રૂપ શબ્દ છે, તેમાંનો **स्य** વિભક્તિ નથી તેથી **सुपो धातुप्रातिपदिकयोः।** પ્રમાણે લોપ થયો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यश्च यस्य पितेति। एवमिहापि तुल्यास्यप्रयत्नं सवर्णमित्यत्र संबन्धिशद्वावेतौ। तत्र संबन्धादेतद्गन्तव्यं यत्प्रति यत्तुल्या-स्यप्रयत्नं तत्प्रति तत्सवर्णसंज्ञं भवतीति॥ तत्र संबन्धादेतद्गन्तव्यं यत्प्रति यत्तुल्यास्यप्रयत्नं तत्प्रति तत्सवर्णसंज्ञं भवती-ति॥

ऋकारऌकारयोः सवर्णविधिः॥५॥

ऋकारऌकारयोः सवर्णसंज्ञा विधेया। होतृ ऌकारः होतॄकारः। किं प्रयोजनम्। अकः सवर्णे दीर्घः। इति दीर्घत्वं यथा स्यात्। नैतदस्ति प्रयोजनम्। वक्ष्यत्येतत्। सवर्णदीर्घत्वे ऋति ऋ्वावचनम् ऌतिऌ्वावचनमिति। तत्सवर्णे तेना प्रत्ये' અને જે જેનો પિતા હોય તેની'.[142] એ રીતે આ तुल्यास्यप्रयत्नं सवर्णम् । (સૂત્ર)માં(तुल्यास्यप्रयत्नम् અને सवर्णम् ) એ બે સંબંધી શબ્દો છે. ત્યાં સંબંધના કારણે એ સમજવાનું છે કે જે વર્ણનાં ઉચ્ચારણ સ્થાન અને પ્રયત્ન જેના સ્થાન અને પ્રયત્નના સમાન હોય તે વર્ણનો જ તે સવર્ણ થાય છે (બીજા કોઇનો નહીં).

ऋ-કાર અને ऌ-કારને સવર્ણ કહેવા જોઇએ ॥૫॥ [143]

ऋ કાર અને ऌ કાર ની પરસ્પર સવર્ણ સંજ્ઞા કરવી જોઇએ, જેથી होतृ ऌकारः(નું) होतॄकारः થાય.[144] શા માટે? તેથી अकः सवर्णे दीर्घः। પ્રમાણે દીર્ઘ થાય. એ પ્રયોજન નથી, કારણ કે (એ સૂત્ર પ્રમાણે)સવર્ણ દીર્ઘ થવાનો હોય ત્યારે (વાર્તિકકાર) કહેશે' ऋति ऋ्वावचनम् ॥( ऌति ऌ्वा वचनम्। એટલે કે સવર્ણ પર હોય ત્યારે વિકલ્પે

---

[142] मातरि वर्तितव्यम् । पितरि शुश्रूषितव्यम्। એ વાક્યોમાં માતા, પિતા એ શબ્દો સ્ત્રી વંધ્યા નથી અને પુરુષ નપંસક નથી એ સૂચવવા માટે નથી પ્રયોજાયા, પરંતુ સ્વાભાવિક રીતે જ તેઓ તેમનાથી સંબદ્ધ તેમની પ્રજાની અપેક્ષાએ,એટલે કે જેમનાં તેઓ માતા પિતા છે તેની અપેક્ષાએ પ્રયોજાયાં છે તેથી स्वस्याम् કે स्वस्य એ શબ્દોના પ્રયોગ વિના જ 'પોતાની માતા પ્રત્યે' કે 'પોતાના પિતાની' એમ અર્થ સમજાય છે. તેથી જ 'माता पूज्या ' એમ કહેવામાં આવે ત્યારે કોઇ પોતાના પુત્રની માતા એટલે કે પત્નીની પૂજા કરતું નથી પણ પોતાની માતાની પૂજા કરે છે. તે રીતે तुल्यास्यप्रयत्नम् માં પણ तुल्य એ સંબંધી શબ્દ છે તેથી જે વર્ણ જે (બીજા) વર્ણના તુલ્ય આસ્ય અને તુલ્ય પ્રયત્નવાળો હોય તે વર્ણ તે (બીજા) વર્ણનો સવર્ણ થાય, તે સિવાય કોઇ (ત્રીજા જ) વર્ણનો સવર્ણ ન થાય. તેથી ઉપર દર્શાવી તે શંકા નિર્મૂળ છે. क-કાર ख-કારનો સવર્ણ થાય, પરંતુ च-કાર વગેરે કોઇ ત્રીજા જ વર્ણનો સવર્ણ ન થાય. तुल्याय कन्या दातव्या। એમ કહેવામાં આવે ત્યારે બ્રાહ્મણ પોતાના તુલ્ય વર્ણના હોય તેને એટલે કે બ્રાહ્મણને જ કન્યા આપે છે, શૂદ્રને નથી આપતો. તે પ્રમાણે सवर्णे दीर्घः। એમ કહેવામાં આવે ત્યારે પોતાનો સવર્ણ પર હોય એટલે કે પોતાના આસ્ય અને પ્રયત્ન જેવા જ આસ્ય અને પ્રયત્ન જેના હોય તેવો વર્ણ પર થાય, ત્યારે જ દીર્ઘ થાય અન્યથા નહીં. વાસ્તવમાં સૂત્રમાંનો तुल्य શબ્દ જેમ સંબંધી શબ્દ છે તેમ सवर्ण શબ્દ પણ સંબંધી શબ્દ છે (જો કે सवर्ण સંજ્ઞા સંબંધી શબ્દ નથી) તે અન્વર્થ છે, તેથી પોતાનો સવર્ણ પર થાય ત્યારે દીર્ઘ થશે. ટૂંકમાં પ્રસ્તુત સંજ્ઞા સૂત્રમાં तस्य એમ કહેવાની જરૂર નથી એમ દલીલ છે.(ભર્તૃ. પૃ.૧૪૭, શ.કૌ.પૃ. ન્યા. પૃ.૯૭)

[143] तुल्यास्यप्रयत्नं सवर्णम्। દ્વારા ऋ-કાર અને ऌ-કારને સવર્ણ સંજ્ઞા થતી નથી, કારણ કે તેમનાં સ્થાન ભિન્ન છે. પ્રસ્તુત વાર્તિકનો હેતુ તે બે વર્ણોની સવર્ણ સંજ્ઞા કરવાનો છે. વાર્તિકમાં ऋ- કાર અને ऌ-કારનો સ્પષ્ટ નિર્દેશ છે તેથી તે બન્નેની સવર્ણ સંજ્ઞા થશે તેમ સમજાય છે. આથી ऋ- કાર અને ऌ-કારની કોઇ અન્ય વર્ણ સાથે તો સવર્ણ સંજ્ઞા નહી થાયને ! એ પ્રકારની શંકાને કોઇ અવકાશ નથી રહેતો.

[144] होतुः ऌकारः [(शोभनः।) હોતાનું ऌ-કારનું ઉચ્ચારણ સુંદર છે] એમ સંબંધષષ્ઠી સૂચક વિગ્રહ વાક્યનો સમાસ બનાવતાં होतृ ऌकारः એ સ્થિતિમાં સમાસમાં સંધિ નિત્ય હોવાથી होतॄकारः થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यथा स्यात्। इह माभूत् दध्यृल्कारः मध्वृल्कार इति। यदेतत्सवर्णदीर्घत्व ऋतीत्येतदृत इति वक्ष्यामि। तत ऌति। ऌकारे च वा ॡ भवति। ऋत इत्येव। तन्न वक्तव्यं भवति। अवश्यं तद्वक्तव्यम्।
(વાર્તિકો પ્રમાણે બે માત્રાવાળા ॠ કે ॡ ) થાય (પરંતુ સવર્ણ પર ન હોય ત્યાં ,જેમ કે) આ दध्यृकारः मध्वृ ऌकारः માં ન થાય.[145] સવર્ણ દીર્ઘને લગતી વાર્તિકમાં 'ऋति' એમ છે તેનો ऋतः (એમ પંચમ્યન્ત) પાઠ કરીશ અને પછી ऌति (એ વાર્તિક) મકીશ.[146] અર્થાત્ ऌ-કાર પાછળ આવ્યો હોય તો વિકલ્પે ॡ-કાર થાય છે.અહીં ऋतः ની અનુવૃત્તિ છે જ અર્થાત્ ऌ-કારની પછી ॡ-કાર આવ્યો હોય તો જ થાય.) એ કહેવાની જરૂર નથી.[147] તે અવશ્ય કહેવું જોઇએ.

---

[145] अकः सवर्णे० સૂત્ર ઉપર ऋति ॠ वा वचनम्। અને ऌति ॡ वा वचनम्। એમ બે વાર્તિક આપવામાં આવી છે. अक् વર્ણની પછી સવર્ણ હ્રસ્વ ऋ-કાર આવ્યો હોય ત્યારે પૂર્વ અને પરને સ્થાને ॠ આદેશ થાય છે. આ ॠ વર્ણ બે રેફવાળો અને દ્વિમાત્રિક છે તેનો આભ્યન્તર પ્રયત્ન વિવૃત નથી પણ ईषत्स्पृष्ट છે તેથી ऋऌक् માંના ऋ-કાર દ્વારા તેનું ગ્રહણ નહી થાય. તે કારણે તે अच् નથી તેથી તેની દીર્ઘ સંજ્ઞા નહી થાય તે થઇ શકે તે માટે વાર્તિકકારે ऋति ॠ वा। વાર્તિક રચી છે. ત્યાર પછી ऌति ॡ वा। એ વાર્તિક આવે છે. તેમાં सवर्ण ની અનુવૃત્તિ થતી નથી, પરંતુ દીર્ઘઃ ની થાય છે તેથી ऋ-કાર પછી અસવર્ણ ऌ આવતાં ઉભયને સ્થાને બે લ-કારવાળો ईषत्स्पृष्ट દ્વિમાત્રિક ऌ-કાર થશે અને વિકલ્પે દીર્ઘ થશે, પરંતુ ऋ અને ऌ બન્નેને આવરી લે તેવો રેફ અને લ-કાર યુક્ત એટલે કે મૂર્ધન્ય અને દન્ત્ય દીર્ઘ નથી. તે જ રીતે ऌ-કારનો પણ દીર્ઘ ऌ-કાર નથી તેથી પૂર્વ ऋ અને પર ऌ એ બન્નેને સ્થાને અંતરતમ હોવાથી દીર્ઘ ऋ-કાર થશે તેથી સવર્ણસંજ્ઞા કરવાની જરૂર નથી એમ આક્ષેપકારની દલીલ છે. होतृ ऌकारः માં होत्ॡकारः અને होतॄकारः એમ બન્ને સન્ધિ સિદ્ધ થઇ શકે એમ તેનું માનવું છે. ઉપરની દલીલ સામે સાવર્ણ્ય સિદ્ધિ જરૂરી છે તે દર્શાવવા માટે આ પ્રમાણે કહે છેઃ જો સવર્ણ સંજ્ઞા કર્યા વિના જ 'अक् ની પછી ऋ આવે કે ऌ આવે' એમ કહેવામાં આવે તો કોઇ પણ अक् ની પછી ऌ આવે તો દ્વિમાત્રિક ऌ-કાર અથવા દીર્ઘ ऋ-કાર થવાનો પ્રસંગ આવશે. પરિણામે જેમ होतृ ऌकारः માં થાય છે તેમ दधि ऌकारः। मधु ऌकारः। વગેરેમાં પણ દ્વિમાત્રિક ऌ અથવા દીર્ઘ ऋ થવાનો પ્રસંગ આવશે.તેમ થતું અટકાવવા માટે ऋ અને ऌ ની સવર્ણ સંજ્ઞા કરવી જરૂરી છે.

[146] ઉપરની દલીલના જ્વાબમાં આક્ષેપકાર ऋति ऋ वा। એ વાર્તિકમાં ऋति એમ સપ્તમ્યન્ત છે તેને બદલે ऋतः એમ પંચમ્યન્ત પાઠ લઇને સાવર્ણ્યની જરૂર નથી તેમ સિદ્ધ કરે છે. ऋतः એમ પાઠ લેતાં 'ऋ ની પછી ऋ આવે તો દ્વિમાત્રિક ॠ થશે' એમ અર્થ થશે. અહીં પાછળ ऋ આવે તો જ થાય છે તેથી સવર્ણ મૂકવાની જરૂર નથી. પછી ऌति ऌ वा। માં ऋतः ની અનુવૃત્તિ થશે.આ વાર્તિક અસવર્ણની સન્ધિ માટે જ કરવામાં આવશે. તેનો અર્થ આ પ્રમાણે કરીશુંઃ ऋ પછી ऌ આવે તો દ્વિમાત્રિક ॡ થશે અથવા પક્ષે દીર્ઘ થશે. આ રીતે અર્થ કરવાથી અન્ય अक् પૂર્વે આવ્યો હોય ત્યારે દીર્ઘ ऋ થવાનો પ્રસંગ જ નથી આવતો. તેથી ऋ અને ऌ ની સવર્ણ સંજ્ઞા કરવી જરૂરી નથી. એમ તેનું કહેવું છે.પરિણામે સવર્ણ સંજ્ઞા વિના બન્ને રીતે ત્રણ ત્રણ રૂપો થશે. સન્ધિ ન થાય તો होतृ ऋकारः અને होतृऌकारः. શાકલ્યનો મત ન સ્વીકારતાં સન્ધિ કરવામાં આવે તો होतॄकारः , होतॄकारः તથા होत्ॡकारः અને होतॄकारः થશે. આમાં होत्ॡकारः એ ईषत्स्पृष्ट યુક્ત રૂપ છે, અને होतॄकारः એ વિવૃત દીર્ઘયુક્ત રૂપ છે.ના. होतृ ऋकारः અને होतृऌकारः ને ચિન્ત્ય ગણે છે, કારણ કે સમાસમાં સંધિ નિત્ય છે અને સમાસ ન હોય તો વિભક્તિ રહિત होतृ શક્ય નથી અને ऋत्यकः। પ્રાપ્ત ન થવાથી શાકલ્ય પ્રમાણે होतृऌकारः પણ શક્ય નથી.

[147] આ બે વાર્તિક કરવાની જરૂર નથી, કારણ કે આ જે ॠ અને ॡ એકાદેશ થાય છે તે બન્ને દીર્ઘ છે તેથી ऋ-કાર પર હોય ત્યારે દ્વિમાત્રિક ॡ અથવા ॠ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ऊकालोऽज्झ्रस्वदीर्घप्लुतसंज्ञो भवतीत्युच्यते। न च ऌ्रकार ऌकारो वाजस्ति। ऌ्रकारस्य ऌलकारस्य चाच्त्वं वक्ष्यामि। तच्चावश्यं वक्तव्यं प्लुतो यथा स्यात्। होतृ ऋकारः होतृकारः होतृ३कारः होतृ ऌकारः होत्लृकारः होत्लृ३ कारः। किं पुनरत्र ज्यायः। सवर्णसंज्ञा वचनमेव ज्यायः। दीर्घत्वं चैव हि सिद्धं भवति। अपि च ऋकारग्रहण ऌकार-ग्रहणं संनिहितं भवति। यथेह। ऋत्यकः। खट्व ऋश्यः माल ऋश्यः। इदमपि संगृहीतं भवति। खट्वलकारः माल लकार इति। वा सुप्यापिशलेः। उपर्कारीयति उपार्कारीयति। इदमपि सिद्धं भवति। उपल्कारीयति उपाल्कारीयति॥ यदि तर्ह्युकारग्रहणं संनिहितं भवत्युरण्रपरः ऌकारस्यापि रपरत्वं प्राप्नोति।

'उ, ऊ અને ऊ३ ઉચ્ચારણવાળો સ્વર અનુક્રમે હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞાવાળો થાય છે' એમ કહેવાય છે પણ (ઈષત્ વિવૃત) ऌ्र અને ऌ्ल વર્ણો अच् નથી.[148] ऌ्र કાર અને ऌ्ल કાર નો अच् માં સમાવેશ થાય તેમ કહીશ.[149] તે અવશ્ય કહેવું પડશે જેથી होतृऋ कारः→ होतृकारः होतृ३कारः અને होतृलकारः→ होत्लकारः होत्ल३कारः એમ પ્લુત થઇ શકે.[150] પણ આમાં વધારે સારું શું છે? [151] સવર્ણ સંજ્ઞાનું વિધાન કરવું તે જ સારું છે, કારણ કે દીર્ઘ તો સિદ્ધ થાય છે જ. વળી ऋ-કારનું ગ્રહણ થયું એટલે ऌ-કારનું પણ જોડાજોડ ગ્રહણ થાય છે. જેમ કે ऋत्यकः। પ્રમાણે खट्व ऋश्यः। माल ऋश्यः એ( ઉદાહરણો) માં(પ્રકૃતિભાવ) થાય છે તેમ[152] આ खट्व लकारः। माल लकारः। (એ ઉદાહરણો) પણ આવરી લેવાશે. वा सुप्यापिशलेः। પ્રમાણે उप ऋकारीयति ના उपर्कारीयति અને उपार्कारीयति એમ વૈકલ્પિક રૂપો થાય છે તેમ उप ऌकारीयति ના उपल्कारीयति અને उपाल्कारीयति એમ વૈકલ્પિક રૂપો થઇ શકે. જો ऋ કાર નું ગ્રહણ થયું એટલે ऌ કારનું પણજોડાજોડ ગ્રહણ થતું જ હોય તો उरण् रपरः। પ્રમાણે ऌ ને સ્થાને પણ अल् ને બદલે अर् થવાનો પ્રસંગ આવશે.

---

[148] ઉપરની દલીલ ના ઉત્તરમાં કહે છેઃ આ બે વાર્તિક કરવાની જરૂર છે. તે બે પ્રમાણે થતા દ્વિમાત્રિક ऌ्र અને ऌ्ल દીર્ઘ ન થઇ શકે, કારણ કે તેઓ अच् નથી. આ બેની અઢી માત્રા છે તેથી તે अच् નથી અથવા કેટલાક કહે છે કે આ બેનો પ્રયત્ન ऋऌक् માંના ऋ અને ऌ ના વિવૃત પ્રયત્નથી જૂદો છે, ईषत्स्पृष्ट છે તેથી તેઓ अच् પ્રત્યાહારમાં -ના વર્ણો દ્વારા સૂચવાતા નથી માટે તે બે अच् નથી તેથી દીર્ઘ પણ નથી, કારણ કે સૂત્રકારે ऊकालः अच् એમ કહ્યું છે.

[149] કારણ કે જો ऌ्र-કાર વગેરે अच् બને તો તેમને દીર્ઘ સંજ્ઞા પણ થઇ શકે, પરંતુ જે આ ऌ्र- કાર અને ऌ्ल-કાર અઢી માત્રા વાળા છે તેની દૃષ્ટિએ એ વર્ણોને अच् સંજ્ઞા થવા છતાં દીર્ઘસંજ્ઞા નહીં થાય તેથી આ બે સ્વરો દ્વિમાત્રિક છે તેમ સ્વીકારવું જ વધારે સારૂં છે.

[150] અર્થાત્ ऋति ऌ्र वा वचनम्। અને ऌति ऌ वा वचनम्। એ વાર્તિક સ્વીકારે છે તેણે પણ આ દ્વિમાત્રિક ऌ्र અને ऌ्ल ની अच् સંજ્ઞા કરવી પડશે, જેથી પ્લુતકાર્ય થઇ શકે અને होतृ३ कारःતથા होत्लृ३ कारः જેવાંમાં પ્લુત સંજ્ઞા થઇ શકે. જો अच् સંજ્ઞા ન હોય તો પ્લુત સંજ્ઞા પણ દુર્લભ થશે.ભાષ્યકારે કહ્યું છે 'તેમને अच् કરીશ' એનો અર્થ એ કે अयोगवाह માં આ દ્વિમાત્રિક ऌ्र-કાર અને ऌ्ल-કારનો પાઠ કરીને તેઓ તેમને अच् સંજ્ઞા કરશે.

[151] એટલે કે સવર્ણ સંજ્ઞા કરવી તે સારૂં છે કે ऋति ऌ्र वा० અને ऌति ऌ्ल वा० એમ કહેવું વધારે સારૂં ? આ બન્ને વિકલ્પમાં બબ્બે રૂપો સિદ્ધ થઇ શકે છે. સવર્ણ સંજ્ઞા ન કરવામાં આવે તો કેવી રીતે બન્ને રૂપ સિદ્ધ થાય તે જોયું. સવર્ણ સંજ્ઞા સ્વીકારવામાં આવે તો પણ બન્ને રૂપ સિદ્ધ થશે.બે ऋ-કારને સ્થાને બે રેફવાળો દ્વિમાત્રિક ऌ्र-કાર અથવા દીર્ઘ થશે. ऌ-કારમાં પણ તે જ રીતે અંતરતમ ऋ-કાર થશે અથવા અંતરતમ ऌ्ल-કાર થશે. આમ બન્ને પક્ષે સામ્ય છે તેથી બેમાં વધારે સારો કયો વિકલ્પ છે તેમ અહીં પ્રશ્ન છે.

[152] અહીં નિ.સા.(પૃ.૨૨૬) ,ચૌ.(પૃ.૨૫૦), યુ.મી.(પૃ.૩૫૦) માં इदमपि सिद्धं भवति। એમ પાઠ છે.કિ. પૃ. વા.શા.(પૃ. ૨૪૯ ) માં इदमपि संगृहीतं भवति। એમ છે. અનુવાદ એ રીતે આપ્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लकारस्य लपरत्वं वक्ष्यामि। तच्चावश्यं वक्तव्यमसत्यां सवर्णसंज्ञायां विध्यर्थम्। तदेव सत्यां रेफबाधनार्थं भविष्यति॥ इह तर्हि रषाभ्यां नो णः समानपदे। इत्यृकारग्रहणं चोदितं मातृणाम् पितृणामित्येवमर्थम्। तदिहापि प्राप्नोति। क्लृप्यमानं पश्येति। अथास -त्या मपि सवर्णसंज्ञायामिह कस्मान्न भवति। प्रक्लृप्यमानं पश्येति। चुटुतुलशर्व्यवाये नेति वक्ष्यामि। अपर आह।

त्रिभिश्च मध्यमैर्वर्गैर्लशसैश्च व्यवाये न इति वक्ष्यामीति।

वर्णैकदेशाश्च वर्णग्रहणेन गृह्यन्त इति योऽसाव्लृकारे लकारस्तदाश्रयः प्रतिषेधो भविष्यति। यद्येवं नार्थो रषाभ्यां णत्व ऋकारग्रहणेन।

(તો પછી) હું કહીશ કે ऌ (ને સ્થાને अ આદેશ થાય છે તે) ની પછી ल् મૂકવો જોઇએ. [153] તે અવશ્ય કહેવું પડશે, કારણ કે (ऋ-કાર અને ऌ-કારની ) સવર્ણ સંજ્ઞા થઇ ન હોય તો (ऌને સ્થાને ल् આદેશનો) વિધિ કરવા માટે જરૂરી છે અને (એ બેની સવર્ણ સંજ્ઞા) હોય તો રેફનો બાધ કરવા માટે ઉપયોગી થશે. તો પછી रषाभ्यां नो णः समानपदे । એ સૂત્રમાં ('ऋवर्णाच्चेति वक्तव्यम्' એમ કહીને ) ऋ-કારનું ગ્રહણ કરવા વિશે જે ખાસ દલીલ કરી છે તે मातृणाम् पितृणाम् (માં न्‌નો ण् થાય તે) માટે છે. (પરંતુ ) તે (णत्व) क्लृप्यमानं पश्य। માં પણ થવાનો પ્રસંગ આવશે. ધારો કે ( ऋ કાર અને ऌ કારની ) સવર્ણસંજ્ઞા થઇ ન હોય ત્યારે પણ प्रक्लृप्यमानं पश्य માં (न्‌નો ण् ) કેમ નથી થતો? [154] 'च વર્ગ , ट વર્ગ , त વર્ગ , ल् , श् કે स् નું વ્યવધાન હોય તો ( न्‌નો ण् ) નહીં (થાય)' એમ હું કહેવાનો છું. બીજો (વૈયાકરણ) કહે છે કે મધ્યમાં આવેલા ત્રણ વર્ગો (અર્થાત્ च , ट અને त વર્ગ) ल् श् કે स् નું વ્યવધાન હોય તો (न् નો ण् ) નહીં થાય, એમ હું કહેવાનો છું.[155] '(સૂત્રમાં) વર્ણનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તો તે વ્દારા વર્ણના એકદેશનું ગ્રહણ થાય છે' એથી ऌ કાર માં જે , ल् છે તેને આધારે ( न्‌નો ण् ) થતો અટકશે.[156] જો એમ હોય તો (रषाभ्यां नो णः० પ્રમાણે) र् અને ष् પછી આવતા ( न्‌નો) ण् થાય છે ત્યાં ऋ-કારને મૂકવાનો કોઇ અર્થ નથી,

[153] અર્થાત્ વ્યાખ્યાન વ્દારા ऌ ના આદેશને लपर કરીશ. लण् સૂત્રના अ-કારને અનુનાસિક ગણીને हयवरट्। ના રેફને તેની આગળ મૂકીને र પ્રત્યહાર બનાવાશે તેથી उरण् रपरः। પ્રમાણે ऋ ને સ્થાને થએલો अण् આંતરતમ્યને કારણે रपर થશે અને ऌ ને સ્થાને થએલો अण् लपर થશે, એટલે કે રેફયુક્તનો આદેશ રેફવાન્ થશે અને ल-કાર યુક્તનો આદેશ ल-કારવાન્ થશે.

[154] અહી कृत्यचः। પ્રમાણે न्‌નો ण् થવાનો પ્રસંગ આવે છે, કારણ કે प्रक्लृप्यमानम्‌માં कृत् પ્રત્યયના न-કાર પૂર્વે अच् છે અને ઉપસર્ગમાં णत्व નું નિમિત્ત રેફ છે. क्लृप्यमानम्‌માં ऋवर्णाच्चेति वक्तव्यम्। થી णत्व થવા જશે, કારણ કે ऋ અને ऌ સવર્ણ છે.

[155] चुटुतुलशर्व्यवाये न। એ વાર્તિક કરતાં અહીં એ ફેર છે કે તેમાં ष-કાર शर् વર્ણોમાંનો એક હોવા છતાં તેનું વ્યવધાન णत्व નું બાધક નથી, કારણ કે रषाभ्यां नो णः। એ સૂત્રમાં णत्व ના નિમિત્ત તરીકે ष-કારનું સાક્ષાત્ ઉપાદાન કર્યું છે. જ્યારે त्रिभिश्च मध्यमैः० માં ष-કારનું ઉપાદાન જ નથી.

[156] જો કે प्रक्लृप्यमामं पश्य। માં ल-કારનો વ્યવાય નહીં થાય અને णत्व થવાનો પ્રસંગ આવશે, એ દલીલ લક્ષમાં રાખીને કહે છે કે ऌ-કારમાં જે ल-કાર છે તેનું वर्णग्रहणे वर्णैकदेशग्रहणम्। એ ન્યાયે ०लशसैश्च व्यवाये न। માંના ल-કાર વ્દારા ગ્રહણ થશે અને તેથી ल-કારનું જ વ્યવધાન છે તેમ સમજાશે. પરિણામે णत्व નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**वर्णैकदेशाश्च वर्णग्रहणेन गृह्यन्त इति योऽसावृकारे रेफस्तदाश्रयं णत्वं भविष्यति ॥**

**नाज्झलौ ॥१।१।१० ॥**

**अज्झलोः प्रतिषेधे शकारप्रतिषेधोऽज्झल्त्वात् ॥१ ॥**

**अज्झलोः प्रतिषेधे शकारस्य शकारेण सवर्णसंज्ञायाः प्रतिषेधः प्राप्नोति। किं कारणम्। अज्झल्त्वात्। अचैव हि शकारो हल्च। कथं तावदच्त्वम्। इकारः सवर्णग्रहणेन शकारमपि गृह्णातीत्यच्त्वम्। हल्षूपदेशाद्धल्त्वम्॥ तत्र को दोषः।**

**तत्र सवर्णलोपे दोषः ॥२ ॥**

કારણ કે વર્ણનું ગ્રહણ કરવામાં આવે ત્યારે વર્ણના એકદેશનું પણ તે વ્દારાગ્રહણ થાય છે, માટે **ऋ**-કારમાં જે **र्** છે તેને આધારે (**न्**નો) **ण्** થશે.[157]

સ્વર અને વ્યંજન પરસ્પર સવર્ણ નથી થતા ॥ ૧।૧ ।૧ ૦ ॥[158]

જો **अच्** (સ્વર) અને **हल्** (વ્યંજન) વચ્ચે (સાવર્ણ્યનો) નિષેધ કરવામાં આવે તો **श** (સાથે) ના સાવર્ણ્યનો નિષેધ કરવો પડશે. કારણ કે (તે) **अच्** અને **हल्** (બન્ને) છે. ॥૧॥

સ્વર અને વ્યંજન (ની સવર્ણ સંજ્ઞા)નો નિષેધ કરવામાં આવે તો (એક) **श**-કાર અને (બીજા) **श**-કાર (વચ્ચેના સાવર્ણ્યનો) નિષેધ કરવાનો પ્રસંગ આવશે. શા માટે ? સ્વર અને વ્યંજન છે તેથી, કારણ કે **श**-કાર સ્વર પણ છે અને વ્યંજન પણ છે. (**श**-કાર) કેવી રીતે સ્વર થશે? **इ**-કાર (ગ્રહણકશાસ્ત્રને આધારે ) સવર્ણનું ગ્રહણ કરે છે[159] તેથી **श**-કારનું પણ ગ્રહણ કરશે અને તેથી તે સ્વર થશે. વળી વ્યંજનોમાં તેનો (માહેશ્વર સૂત્રોમાં ) ઉપદેશ કરવામાં આવ્યો છે તેથી તે **हल्** થશે. તેમાં શો વાંધો છે?

તેમાં સવર્ણલોપમાં વાંધો છે ॥૨॥

---

[157] સંજ્ઞા કરવાથી લાઘવ દર્શાવતાં સંજ્ઞાવાદી કહે છે : **ऌ**-કારની બાબતમાં **वर्णग्रहणे०** લાગુ પડે તો **ऋ**-કારને પણ લાગુ પડશે તેથી તેમાંના રેફથી જ **णत्व** થશે. આથી **रषाभ्याम्०** સૂત્રમાં **ऋ**-કારનું ગ્રહણ નહી કરવું પડે. તેથી **ऌ**-કાર નું ગ્રહણ થઇ શકે તે માટે **ऋ** , **ऌ** ની સવર્ણ સંજ્ઞા કરવી પડશે. પરંતુ સંજ્ઞા કરવામાં આવે તો અક્ષરસમામ્નાય - માં **ऌ**-કારનું ગ્રહણ કરવું જરૂરી નથી તેમ કહેવું બરોબર નથી, કારણ કે સૂત્રકારે ધાતુપાઠમાં **ओणृ** , **गम्ऌ** એમ **ऋदित्** અને **ऌदित्** નું ભિન્ન ભિન્ન અનુબંધ લઇને ગ્રહણ કર્યુ છે, **नाग्लोपिशास्वृदिताम्। पुषादिद्युताद्यॢदितः परस्मैपदेषु।** વગેરે સૂત્રોમાં પણ **ऋदित्** અને **ऌदित्** નું ગ્રહણ કર્યુ છે. હવે જો **ऋदित्** થી જ **ऌदित्** નું ગ્રહણ થતું હોત તો સૂત્રાદિમાં **ऌदित्** નું ગ્રહણ નિરર્થક થાત. તેથી **ऌ**-કારને પ્રત્યાહારમાં મૂકવો જરૂરી છે, જેથી **ऋदित्** ને લગતું કાર્ય **ऌदित्** ને થવાનો પ્રસંગ ન આવે અને ગોટાળો ન થાય.આમ સવર્ણ સંજ્ઞા પક્ષનું ભાષ્યકાર સમર્થન કરે છે.

[158] **अ**-કાર અને **ह**-કાર, **इ**-કાર અને **श**-કાર, **ऋ**-કાર અને **ष**-કાર તથા **ऌ**-કાર અને **स**-કારનાં સ્થાન અને પ્રયત્ન તુલ્ય છે તેથી પૂર્વ સૂત્ર પ્રમાણે તેમની સવર્ણ સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે, તેથી આ સૂત્ર વ્દારા તેનો નિષેધ કર્યો છે.પરંતુ સ્પષ્ટ નિર્દેશ કર્યો હોવાથી **अच्** ના **अच्** સાથેના અને **हल्** ના **हल्** સાથેના સાવર્ણ્યનો નિષેધ થતો નથી. તેથી **अकः सवर्णे०** તથા **झरो झरि०** વગેરે પ્રમાણે કાર્યો થશે.

[159] પ્રસ્તુત સૂત્રમાં **अच्** પ્રત્યાહારનું ગ્રહણ કરવામાં આવ્યું છે તે વ્દારા **इ**-કારનું ગ્રહણ થાય છે તેમ **श**-કારનું પણ ગ્રહણ થશે, કારણ કે તેમનાં સ્થાન અને કરણ સમાન છે તેથી **तुल्यास्य०** પ્રમાણે તે બે સવર્ણ થશે. તેથી **अकः सवर्णे दीर्घः।** જેવાં સૂત્રો પ્રમાણે કાર્ય કરવાનું હોય ત્યારે **इ** અને **श्** અનન્તર આવ્યા હોય ત્યારે **दधि शीतलम्** જેવામાં સવર્ણદીર્ઘ થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तत्र सवर्णलोपे दोषो भवति। परश्शतानि कार्याणि। झरो झरि सवर्णे। इति लोपो न प्राप्नोति॥
सिद्धमनच्त्वात्॥३॥
सिद्धमेतत्। कथम्। अनच्त्वात्। कथमनच्त्वम्। स्पृष्टं स्पर्शानां करणम्। ईषत्स्पृष्टमन्तःस्थानाम्। विवृतमूष्मणाम् ईषदित्येवानुवर्तते। स्वराणां विवृतम् ईषदिति निवृत्तम्॥
वाक्यापरिसमाप्तेर्वा॥४॥

તેમાં સવર્ણલોપ થવામાં વાંધો આવશે. (જેમ કે) **परश्शतानि कार्याणि** માં[160] **झरोझरि सवर्णे**, પ્રમાણે લોપ થશે નહીં.

अच् ન હોવાને કારણે સિદ્ધ થાય છે ॥૩॥ [161]

(**श** નો લોપ ) સિદ્ધ થાય છે. કેવી રીતે? કારણ કે (**श**) સ્વર નથી. સ્વર કેમ નથી? સ્પર્શવર્ણોનો આભ્યંતર પ્રયત્ન **स्पृष्ट** છે, અન્તઃસ્થ વર્ણોનો **ईषत्स्पृष्ट** છે. ઉષ્માક્ષરોનો વિવૃત છે. અહીં પણ **ईषत्** ની અનુવૃત્તિ થાય છે. (જ્યારે) સ્વરોનો પ્રયત્ન વિવૃત છે. અહીં **ईषत्** શબ્દની અનુવૃત્તિ અટકી જાય છે.

અથવા વાક્યની સમાપ્તિ નથી થતી તેથી (સિદ્ધ થાય છે) ॥૪॥

---

[160] **परःशतानि** [शतात्पराणि शतादतिक्रान्तानि शतादधिकानि। ભર્તૃ.(પૃ.૧૭૫)]'સો કરતાં વધારે' એ અર્થમાં **पञ्चमी भयेन**। એ સૂત્રનો યોગવિભાગ કરીને પંચમી તત્પુરુષ સમાસ થશે અથવા **साधनं कृता**। એ વાર્તિક પ્રમાણે સમાસ થશે. **राजदन्तादि** ગણનો ગણીને **शत** શબ્દનો પરનિપાત કર્યો છે અથવા **पारस्कादि** ગણનો ગણીને **सुट्** આગમ લાગીને **पर** શબ્દનો સમાસ કરવામાં આવ્યો છે તેમ સમજવું. કે. ભર્તૃ. ને અનુસરે છે.નાગેશ **मयूरव्यंसकादि०** પ્રમાણે અથવા **सुप्सुपा**। પ્રમાણે કર્મધારય સમાસ ગણે છે.

[161] પ્રથમ વાર્તિકનો આશય **नाज्झलौ**। એ સૂત્રનું પ્રત્યાખ્યાન કરવાનો છે. શૌનક પ્રાતિશાખ્યને આધારે **विवृतमुष्मणाम्**। માં **ईषद्विवृतम् उष्मणाम्** એમ સમજીને ઉષ્માક્ષરોનો આભ્યન્તર પ્રયત્ન **ईषद्विवृत** સ્વીકારવાથી અને સ્વરોનો **विवृत** પ્રયત્ન લેવાથી **शर्** વર્ણો અને સ્વરોના સાવર્ણ્યનો પ્રશ્ન રહેતો નથી, કારણ કે બન્નેના પ્રયત્ન ભિન્ન છે. આમ **शर्** વર્ણો **अच्** ન હોવાથી જ સૂત્રનો હેતુ સર થઇ જાય છે તેથી આ સૂત્રની કોઇ જરૂર રહેતી નથી.જો ઉપર સૂચવ્યા પ્રમાણે **ईषत्** ની અનુવૃત્તિ ન સ્વીકારવામાં આવે અને **शर्** વર્ણો અને **अच्** વર્ણોનો પ્રયત્ન સમાન છે એમ સ્વીકારવામાં આવે તો પણ **शर्** અને **अच्** સવર્ણ નહીં થાય, કારણ કે વાક્યનો અર્થ પૂર્ણ થતો નથી (**वाक्या -परिसमाप्तेः**) ,એટલે સવર્ણ શું છે તે સમજાય નહીં ત્યાંસુધી સવર્ણગ્રહણ શું છે તે નથી સમજાતું તેથી વાક્ય અપૂર્ણ છે એમ કહ્યું છે. પ્રથમ માહેશ્વર સૂત્રો વ્દારા વર્ણોનો ઉપદેશ કરવામાં આવે છે, ત્યાર પછી **इत्** સંજ્ઞા કરવામાં આવે છે, ત્યાર બાદ **आदिरन्त्येन०** વ્દારા પ્રત્યાહારની સિદ્ધિ થાય છે. તે પછી **नाज्झलौ**। થી પૂર્ણ વાક્યનો બોધ થાય છે. તેને આધારે અપવાદ રૂપ ભાગ જુદો તારવીને સવર્ણ સંજ્ઞા નક્કી થયા પછી ગ્રહણકશાસ્ત્ર પ્રવૃત્ત થાય છે, પરંતુ **नाज्झलौ**। સૂત્ર નિષ્પન્ન થતું હોય ત્યારે ગ્રહણકશાસ્ત્ર અમલી બનતું નથી. જો બનતું હોય તો તે વ્દારા જ **श**-કાર અને **इ**-કાર વગેરેના સાવર્ણ્યનો નિષેધ થાય છે તેથી **इ**-કાર વ્દારા **श**-કારનું ગ્રહણ જ નહીં થાય.પરિણામે **अज्झल्त्वात्** એ જે હેતુ દર્શાવ્યો છે તે અસિદ્ધ હોવાથી પૂર્વપક્ષ સંભવિત જ નથી. ભર્તૃ.નોંધે છે કે અહીં જે સૂત્રો આપ્યાં છે તે તેમની પ્રવૃત્તિના ક્રમમાં , અર્થાત્ જે રીતે લાગુ પડે છે તે ક્રમમાં આપ્યાં છે. પાઠક્રમ પ્રમાણે નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वाक्यापरिसमाप्तेर्वा पुनः सिद्धमेतत्। किमिदं वाक्यापरिसमाप्तेरिति। वर्णानामुपदेशस्तावत्। उपदेशोत्तरकालेत्संज्ञा। इत्संज्ञोत्तरकाल आदिरन्त्येन सहेता इति प्रत्याहारः। प्रत्याहारोत्तरकाला सवर्णसंज्ञा। सवर्णसंज्ञोत्तरकालमणुदित्सवर्णस्य चाप्रत्यय इति सवर्णग्रहणम्। एतेन सर्वेण समुदितेन वाक्येनान्यत्र सवर्णानां ग्रहणं भवति। न चात्रेकारः शकारं गृह्णाति॥ यथैव तर्हीकारः शकारं न गृह्णात्येवमीकारमपि न गृह्णीयात्। तत्र को दोषः। कुमारी ईहते कुमारीहते। अकः सवर्णदीर्घत्वं न प्राप्नोति। नैष दोषः। यदेतदकः सवर्णे दीर्घ इति प्रत्याहारग्रहणं तत्रेकार ईकारं गृह्णाति शकारं न गृह्णाति॥ अपर आह। अज्झलोः प्रतिषेधे शकारप्रतिषेधोऽज्झल्त्वात्॥ अज्झलोः प्रतिषेधे शकारस्य शकारेण सवर्णसंज्ञायाः प्रतिषेधः प्राप्नोति। किं कारणम्। अज्झल्त्वात्। अचैव हि शकारो हल्च। कथं तावदच्त्वम्। इकारः सवर्णग्रहणेन शकारमपि गृह्णातीत्यच्त्वम्। हल्षूपदेशाद्धल्त्वम्॥ तत्र को दोषः। तत्र सवर्णलोपे दोषः॥ तत्र सवर्णलोपे दोषो भवति। परश्शतानि कार्याणि। झरो झरि सवर्णे। इति लोपो न प्राप्नोति॥ सिद्धमनच्त्वात्॥ सिद्धमेतत्। कथम्। अनच्त्वात्।

અથવા તો વાક્ય પૂર્ણ થતું નથી તેથી આ સિદ્ધ થાય છે. પહેલાં તો વર્ણોનો ઉપદેશ કરવામાં આવ્યો. ઉપદેશ કર્યા પછી **इत्** સંજ્ઞા કરવામાં આવી. **इत्** સંજ્ઞા પછી **आदिरन्त्येन सहेता** । પ્રમાણે પ્રત્યાહાર બનાવવામાં આવ્યો. પ્રત્યાહાર બનાવ્યા પછી સવર્ણસંજ્ઞા કરવામાં આવી. સવર્ણ સંજ્ઞા પછી **अणुदित्सवर्णस्य चाप्रत्ययः** । એ સૂત્ર દ્વારા સવર્ણનું ગ્રહણ થાય. આમ આ સમગ્ર સમુદાયરૂપ વાક્યને આધારે અન્ય સ્થળોએ સવર્ણનું ગ્રહણ થાય છે. પણ અહીં **इ**-કાર, **श**-કારનું ગ્રહણ કરાવી શકતો નથી.[162] તો પછી જેવી રીતે **इ**-કાર, **श**-કારનું ગ્રહણ કરાવી શકે નહીં તેમ (દીર્ઘ) **ई** કાર નું પણ ગ્રહણ નહીં કરાવી શકે. તેમાં શો વાંધો છે ? **कुमारी ईहते** નું -**अकः सवर्णे दीर्घः**। પ્રમાણે દીર્ઘ (થઇને) **कुमारीहते** નહી થાય.એમાં વાંધો નથી, કારણ કે આ **अकः सवर्णे दीर्घः**। માં **अक्** પ્રત્યાહારનું ગ્રહણ છે તેમાંનો **इ** વર્ણ (દીર્ઘ) **ई**-કાર નું ગ્રહણ કરાવે છે પણ **श**-કારનું ગ્રહણ નથી કરાવતો.[163]

બીજો (વૈયાકરણ) કહે છે :- **अच्** અને **हल्** વચ્ચે સાવર્ણ્યનો પ્રતિષેધ કરવામાં આવે તો **श**-કારના (**श**-કાર સાથેના) સાવર્ણ્યનો પ્રતિષેધ કરવો પડશે, કારણ કે **श्** એ વર્ણ **अच्** પણ છે અને **हल्** પણ છે. સ્વર અને વ્યંજનની પરસ્પર સવર્ણ સંજ્ઞાનો પ્રતિષેધ કરવામાં આવે તો એક **श**-કાર અને બીજા **श**-કાર વચ્ચેના સાવર્ણ્યનો પ્રતિષેધ કરવો પડશે. (અર્થાત્ એક **श्** બીજા **श्** નો સવર્ણ નથી તેમ કહેવું પડશે.) શું કારણ ? **अच्** અને **हल्** છે તેથી. એટલે કે **श**-કાર સ્વર પણ છે અને વ્યંજન પણ. તે **अच्** કેવી રીતે છે, **इ**-કાર (**अणुदित्सवर्णस्य** પ્રમાણે) સવર્ણનું ગ્રહણ કરીને **श**-કારનું ગ્રહણ કરે છે, તે રીતે સ્વર થશે. અને **हल्** પ્રત્યાહારના વર્ણોમાં તેનું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે માટે તે **हल्** છે. તેમાં શો વાંધો છે ? સવર્ણલોપમાં વાંધો આવે છે. તેમાં સવર્ણ લોપ થવામાં દોષ આવે છે. **परश्शतानि कार्याणि**। માં **झरो झरि सवर्णे**। પ્રમાણે (**श्** નો) લોપ નહીં થાય.(**श**-કાર)સ્વર ન હોવાને કારણે (લોપ) સિદ્ધ થશે. એ (**श्** નો લોપ) સિદ્ધ થાય છે. કેવી રીતે? (**श**-કાર)સ્વર નથી તેથી.

---

[162] ગ્રહણકશાસ્ત્ર ક્યાં લાગુ પડે છે અને ક્યાં નથી પડતું તે દર્શાવવા માટે આ શંકા ઉદ્ભાવી છે. શંકાકારનું માનવું છે કે **नाज्झलौ**। સૂત્ર નિષ્પન્ન થતું હોય તે સ્થિતિમાં **अणुदित्०** અમલી ન હોવાથી **इ**-કાર દ્વારા **श**-કારનું ગ્રહણ નહીં થાય.તે રીતે **अकः सवर्णे०** માંના **इ**-કાર દ્વારા દીર્ઘ **ई**-કારનું પણ ગ્રહણ નહીં થઇ શકે. પરિણામે **कुमारी ईहते** જેવામાં તે સૂત્ર પ્રમાણે દીર્ઘ નહીં થઇ શકે.

[163] **अकः सवर्णे०** નું જ્ઞાન થાય ત્યારે વાક્યપરિસમાપ્તિ થઇ હોય તેથી હ્રસ્વ **इ**-કાર દીર્ઘ **ई**-કારનું ગ્રહણ કરી શકશે પરંતુ **श**-કારનું ગ્રહણ નહીં કરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कथमनच्त्वम्।वाक्यापरिसमाप्तेर्वा॥ उक्ता वाक्यापरिसमाप्तिः॥ अस्मिन्पक्षे वेत्येतदसमर्थितं भवति। एतच्च समर्थितम्। कथम्। अस्तु शकारस्य शकारेण सवर्णसंज्ञा मा वा भूत् ननु चोक्तं परश्शतानि कार्याणि। झरो झरि सवर्णे। इति लोपो न प्राप्नोतीति। मा भूल्लोपः। ननु च भेदो भवति। सति लोपे द्विशकारमसति लोपे त्रिशकारम्। नास्ति भेदः। असत्यपि लोपे द्विशकारमेव। कथम्। विभाषा द्विर्वचनम्। एवमपि भेदः। असति लोपे कदाचिद् द्विशकारं कदाचित् त्रिशकारम् सति लोपे द्विशकारमेव। स एष कथं भेदो न स्यात्। यदि नित्यो लोपः स्यात्। विभाषा तु स लोपः यथा ऽभेदस्तथास्तु॥

इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां चतुर्थमाह्निकम्॥४॥

સ્વર કેમ નથી ? અથવા વાક્ય પરિપૂર્ણ થતું નથી તેથી. વાક્યનું પરિપૂર્ણ ન થવું (અપરિસમાપ્તિ) એ શું તે (આગળ) કહ્યું છે.આ પક્ષે (વાર્તિક માં જે) वा શબ્દ છે તેનું સમર્થન થતું નથી.[164] (અર્થાત્ તેનો ખુલાસો થઇ શકતો નથી.) એનો મેળ ખાય છે. કેવી રીતે? श-કાર ની श-કાર સાથે સવર્ણ સંજ્ઞાથાય કે ન થાય (એ રીતે वा શબ્દ સમજાવી શકાય છે ).પણ અમે કહ્યુંને કે परश्शतानि कार्याणि। માં झरो झरि सवर्णे। પ્રમાણે લોપ પ્રાપ્ત થતો નથી. ભલે લોપ ન થાય. અરે પણ રૂપમાં ફેર પડશે, (કારણ કે) લોપ થાય તો બે श-કારવાળું (રૂપ ) અને ન થાય તો ત્રણ श-કારવાળું (રૂપ ) જ થશે. કેવી રીતે? (अनचि च। પ્રમાણે) દ્વિર્ભાવ વિકલ્પે થાય છે . એમ છતાં પણ ફેર રહેશે.[165] લોપ ન થાય ત્યારે કોઇવાર બે श-કારવાળું (રૂપ ) અને કોઇ વાર ત્રણ श-કારવાળું (રૂપ ) થશે.જ્યારે લોપ થાય ત્યારે તો બે श-કારવાળું જ (રૂપ ) થશે. તો પછી આ ફેર નથી એમ કેવી રીતે (કહી શકાય)? જો લોપ નિત્ય હોત તો ફેર જરૂર થાત પણ તે લોપ તો વિકલ્પે થાય છે. અને જે રીતે ફેર ન પડે તેમ થવા દો.

**અહીં ભગવાન પતંજલિવિરચિત વ્યાકરણ મહાભાષ્યનાપ્રથમ અધ્યાયનું ચોથઆહ્નિકનો ગુજરાતી અનુવાદ સમાપ્ત॥ ૪ ॥**

---

[164] પ્રથમ મત પ્રમાણે श-કાર લોપ બે રીતે સિદ્ધ થાય છે ૧) अनच्त्वात् અર્થાત् श् એ अच् નથી તેથી, અથવા ૨) वाक्यापरिसमाप्तेः અર્થાત્ વાક્ય પૂર્ણ થતું નથી તેથી. આમ અહીં श् લોપ સિદ્ધિના બે વૈકલ્પિક હેતુઓ છે. બીજા મત પ્રમાણે લોપ સિદ્ધિનો હેતુ अनच्त्व છે અને अनच्त्व નો હેતુ वाक्यापरिसमाप्ति છે. આમ અહીં સિદ્ધિના બે વૈકલ્પિક હેતુ નથી પણ બે સાધ્ય છે. એક સાધ્ય श-કાર લોપ જેનો હેતુ अनच्त्व છે અને બીજું સાધ્ય अनच्त्व છે જેનો હેતુ अवाक्यापरिसमाप्ति છે. આમ આ બીજા મતમાં वा નિરર્થક (असमर्थित) છે, કારણ કે वाक्यापरिसमाप्तेर्वा એમ જે वा મૂક્યો છે તે બિનજરૂરી છે. તેનું સમર્થન થઇ શકે તેમ નથી, કારણ કે तुल्या(एका)र्थास्तु विकल्पेरन्। એમ જૈમિનિએ કહ્યું છે તે પ્રમાણે તુલ્ય વસ્તુઓ વચ્ચે વિકલ્પ હોય. અહીં તો લોપસિદ્ધિના બે હેતુ જ નથી પછી वा ની જરૂર જ રહેતી નથી, કારણ કે સિદ્ધિનો હેતુ अच् ન હોવું તે છે અને તેનો હેતુ વાક્ય પરિસમાપ્તિનો અભાવ છે.

[165] असति लोपे त्रिशकारम् એટલે કે 'झरो झरि० પ્રમાણે લોપ ન થાય તો ત્રણ श-કાર થાય,' એમ કહેનારને પૂછવાનું કે द्विशकार ન થાય કે પછી त्रिशकार થાય ? કારણ કે त्रिशकार થાય તો પણ द्विशकार તો થશે જ. વિભાષા દ્વિર્વચન થાય તો પણ ભેદ રહેશે જ. અન્ય મત પ્રમાણે લોપ નિત્ય હોય તો પણ ભેદ થશે, પરંતુ લોપ નિત્ય નથી, વૈકલ્પિક છે તેથી ભેદ નથી. દ્વિર્વચન પણ વિકલ્પે થાય છે, કારણ કે यरोऽनुनासिकेभनुनासिको वा। માંથી वा ની अनचि च। માં અનુવૃત્તિ થાય છે અને લોપ વિભાષા જ થાય છે, કારણ કે झयो होऽन्यतरस्याम्। માંથી अन्यतरस्याम् ની झरो झरि० માં અનુવૃત્તિ થાય છે.

इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां चतुर्थमाह्निकम्॥४॥



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ईदूदेद्द्विवचनं प्रगृह्यम् ॥१।१।११॥ '

किमर्थमीदादीनां तपराणां प्रगृह्यसंज्ञोच्यते। तपरस्तत्कालस्य इति तत्कालानां सवर्णसंज्ञा यथा स्यात्। केषाम्। उदात्तानुदात्तस्वरितानाम्। अस्ति प्रयोजनमेतत्। किं तर्हीति। प्लुतानां तु प्रगृह्यसंज्ञा न प्राप्नोति। किं कारणम्। अतत्कालत्वात्। न हि प्लुतास्तत्कालाः। असिद्धः प्लुत-

દીર્ઘ ई-કારાન્ત, દીર્ઘ ऊ-કારાન્ત અને ए-કારાન્ત દ્વિવચન શબ્દ સ્વરૂપને પ્રગૃહ્ય કહેવામાં આવે છે ॥૧।૧।૧૧॥

(આ સૂત્રમાં) દીર્ઘ ई વગેરેને શા માટે त् લગાડીને તેમની પ્રગૃહ્ય સંજ્ઞા કહેવામાં આવે છે ? तपरस्तत्कालस्य । પ્રમાણે સમાન ઉચ્ચારણ કાળવાળા સવર્ણનું ગ્રહણ થઇ શકે[2] તે માટે.કયા (વર્ણો) નું (ગ્રહણ કરવા માટે) ? ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિતનું.[3] (त् લગાડવાનું ) શું એ પ્રયોજન છે ? તો પછી કયું છે ?[4] તો (ईत् વગેરે) પ્લુત વર્ણોની પ્રગૃહ્ય સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવે છે.[5] તેનું કારણ શું ? કારણ કે તેમનો તેટલો (ઉચ્ચારણ) કાળ નથી, (અર્થાત્) પ્લુત વર્ણોનો (ઉચ્ચારણ) કાળ તે (ई વગેરે વર્ણો) ના સમાન નથી.[6] પ્લુત અસિદ્ધ છે

---

[1] પ્રસ્તુત સૂત્રમાં ई અને ऊ ને तपर કર્યા છે તેનો હેતુ વ્યક્તિપક્ષ પ્રમાણે દ્વિવિધ હોઇ શકે.૧.તેમ કરવાથી ભિન્ન કાળવાળા હ્રસ્વ અને પ્લુતની નિવૃત્તિ થઇ શકે, અથવા ૨.ઉદાત્ત વગેરે ગુણયુક્ત સમાનકાળવાળા સવર્ણનું ગ્રહણ થઇ શકે. પરંતુ ई અને ऊ એ अण् વર્ણો ન હોવાથી તેમને अणुदित्० સૂત્ર પણ લાગુ ન પડી શકે તેથી ભિન્ન કાળવાળા इ-કાર, उ-કારની નિવૃત્તિ માટે તેમને तपर કર્યા છે તેમ કહેવું યોગ્ય નથી. વળી ઉદાત્ત વગેરે ગુણો ભેદક નથી (अभेदका गुणाः।) તેથી બીજો વિકલ્પ પણ શક્ય નથી. જાતિ પક્ષ પ્રમાણે જોતાં સૂત્રમાં ई એમ દીર્ઘ મૂકીને અધિકતર પ્રયત્નપૂર્વક ઉચ્ચારણ કર્યું છે તેથી तपर ન હોય તો પણ તે દ્વારા હ્રસ્વનું ગ્રહણ નહીં થાય, પરંતુ પ્લુતની પ્રગૃહ્ય સંજ્ઞા થાય તે ઇષ્ટ છે તેથી तपर કરવાથી પ્લુતનું ગ્રહણ ન થવાથી ઇષ્ટહાનિ થશે. આમ तपर કરવાથી કોઇ પ્રયોજન સિદ્ધ થતું જણાતું નથી એમ વિચારીને અહીં પ્રશ્ન કરવામાં આવ્યો છે. જો ई વગેરેને तपर ન કર્યા હોય તો સમાહાર દ્વન્દ્વમાં यण् કાર્ય થઇને य्, व् વગેરે થવાથી શંકા થાય કે અહીં સૂત્રમાં य्,व् ની પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવી છે, કે પછી હ્રસ્વ इ અને उ નું ગ્રહણ કર્યું છે કે દીર્ઘ ई , ऊ નું ? આ શંકાના નિરાસાર્થે (असन्देहार्थम्। કા.) સૂત્રકારે ई વગેરેને तपर કર્યા છે.(ન્યા. ભા.૧ પૃ.૧૦૭)

[2] વ્યક્તિ પક્ષનો આશ્રય લઇને તેમ જ ગુણો ભેદક છે તેમ સ્વીકારીને આ ખુલાસો કર્યો છે.

[3] કેટલેક સ્થળે अनुनासिक નું પણ ગ્રહણ કરેલું જોવામાં આવે છે. પરંતુ તે તો માત્ર ગુણનો પ્રસ્તાવ છે માટે મૂક્યું છે. કારણ કે સૂત્રકારે अणोऽप्रगृह्यस्यानुनासिकः। એમ કહીને નિષેધ કર્યો છે તેથી પ્રગૃહ્ય અનુનાસિક હોતો નથી.(પ્ર.)

[4] અર્થાત્ એ જ પ્રયોજન છે. નિ.સા.માં અહીં [प्लुतानां तु प्रगृह्यत्वाप्रसङ्गोऽतत्कालत्वात्। ] એ વાર્તિક કૌંસમાં આપી છે.તે ઉપર इदं वार्तिकं क्वापि नोपलभ्यते। परंतु व्याख्यानभाष्यात्त्रुटितमनुमीयते। એમ દાધિ.નોંધે છે.સુ.શા. વાર્તિક આપીને નોંધ્યું છે કે કેટલીક આવૃત્તિઓમાં આ વાર્તિક જોવામાં આવતી નથી.(પૃ.૭૯,પા.ટી.૧).ચારુ.વા.શા. માં એ આપી નથી.

[5] વ્યક્તિ પક્ષની દૃષ્ટિએ આ દોષ આવશે, પરંતુ तपर કરવાથી નથી આવતો, કારણ કે તે પક્ષ પ્રમાણે ई અને ऊ માત્ર દીર્ઘનું જ ગ્રહણ કરશે તેથી પ્લુતની નિવૃત્તિ થશે.પરંતુ જાતિ પક્ષમાં તો સંધ્યક્ષરોની જેમ દીર્ઘ અને પ્લુતની જાતિ સાધારણ છે એમ સ્વીકારવામાં આવે છે તેથી પ્લુતની પ્રગૃહ્ય સંજ્ઞા થશે, કારણ કે સૂત્રમાંના દીર્ઘ ई-કાર અને ऊ-કાર દ્વારા પ્લુતનું પણ ગ્રહણ થશે.જો કે एत् માં ए-કારને तपर કર્યો છે તેથી પ્લુતનું ગ્રહણ ન થવા રૂપી દોષ આવશે કારણ કે ए-કાર अण् છે.

[6] કારણ કે દીર્ઘ વર્ણોનો ઉચ્ચારણ કાળ બે માત્રા જેટલો છે, જયારે પ્લુતનો ઉચ્ચારણ કાળ ત્રણ માત્રા જેટલો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-स्तस्यासिद्धत्वात्तत्काला एव भवन्ति। सिद्धः प्लुतः स्वरसंन्धिषु। कथं ज्ञायते सिद्धः प्लुतः स्वर संन्धिष्विति। यदयं प्लुतप्रगृह्या अचि इति प्लुतस्य प्रकृतिभावं शास्ति। कथं कृत्वा ज्ञापकम्। सतो हि कार्यिणः कार्येण भवितव्यम्। किमेतस्य ज्ञापने प्रयोजनम्। अप्लुतादप्लुत इत्येतन्न वक्तव्यम् भवति। किमतो यत्सिद्धः प्लुतः स्वरसंधिषु। संज्ञाविधावसिद्धस्तस्यासिद्धत्वात्तत्काला एव भवन्ति। संज्ञाविधौ च सिद्धः। कथम्। कार्यकालं हि संज्ञापरिभाषम्। यत्र कार्यं तत्रोपस्थितं द्रष्टव्यम्। प्रगृह्यः प्रकृत्येत्युप स्थितमिदं भवति ईदूदेद्द्विचनं प्रगृह्यमिति॥ किं पुनः प्लुतस्य प्रगृह्यसंज्ञावचने प्रयोजनम्। प्रगृह्याश्रयः प्रकृतिभावो यथा स्यात्। मा भूदेवम्। प्लुतः प्रकृत्येत्येवं

(અને) તે અસિદ્ધ છે [7] તેથી તે (દીર્ઘ વર્ણો)ના જેટલા જ (ઉચ્ચારણ) કાળવાળા થાય છે. સ્વર સંધિઓમાં પ્લુત સિદ્ધ છે.પ્લુત વર્ણ સ્વર સંધિઓમાં સિદ્ધ છે તે કેવી રીતે સમજાય છે ? કારણ કે આ (સૂત્રકારે) **प्लुतप्रगृह्या०** માં 'પ્લુતનો પ્રકૃતિભાવ થાય છે' એમ કહ્યું છે[8] એ કેવી રીતે જ્ઞાપક છે ? કારણ કે કાર્યી હોય તો જ કાર્ય સંભવી શકે.એ જ્ઞાપન કરવાનું શું પ્રયોજન છે ? એ જ્ઞાપનને કારણે **अप्लुतात्** અને **अप्लुते** એટલું નહીં કહેવું પડે.[9] સ્વર સંધિઓમાં પ્લુત સિદ્ધ હોય તેથી શો ફાયદો ? [10] (કારણ કે પ્રગૃહ્ય) સંજ્ઞા કરતી વખતે (પ્લુત) અસિદ્ધ છે અને તે અસિદ્ધ હોવાથી તે (પ્લુત વર્ણો દીર્ઘ) ના જેટલા જ ઉચ્ચારણકાળવાળા થશે. (પ્રગૃહ્ય)સંજ્ઞા કરવાની હોય ત્યારે પણ પ્લુત સિદ્ધ છે.કેવી રીતે ? કારણ કે સંજ્ઞા અને પરિભાષા એ બે, કાર્ય કરવાનું તે સમયે અમલમાં આવે છે, [11] (અર્થાત્) જ્યાં કાર્ય હોય ત્યાં ઉપસ્થિત થાય છે, એમ સમજવું.' પ્રગૃહ્યનો પ્રકૃતિભાવ થાય છે' એ (પ્રમાણે કાર્યકરવાનું હોય) ત્યાં **ईदूदेद्द्विवचनं प्रगृह्यम्।** એ (સૂત્ર પ્રગૃહ્ય સંજ્ઞાનો અર્થ દર્શાવવા માટે કાર્યકાલ પક્ષ પ્રમાણે) ઉપસ્થિત થાય છે. પરંતુ પ્લુતની પ્રગૃહ્ય સંજ્ઞા કહેવાનું પ્રયોજન શું છે ? એ કે પ્રગૃહ્યને કારણે થતો પ્રકૃતિભાવ પ્લુતની બાબતમાં થઇ શકે. તે ભલે ન થાય, કારણ કે **प्लुतप्रगृह्याः०** પ્રમાણે પ્લુતને અનુલક્ષીને કહેવામાં આવેલો

---

[7] કારણ કે પ્લુતનું વિધાન કરનાર **दूराद्धूते।** એ શાસ્ત્ર **पूर्वत्रासिद्धम्।** એ અધિકાર નીચેના અસિદ્ધ કાંડમાં આવેલું છે. તેથી **अग्नी ३ इति** જેવામાં પદપાઠમાં **इति** પર આવતાં **अकः सवर्णे०** પ્રમાણે દીર્ઘ ન થતાં **प्लुतप्रगृह्या अचि।** પ્રમાણે જે પ્રકૃતિભાવ થવો જોઇએ તેનો **अप्लुतवदुपस्थिते।** દ્વારા નિષેધ થાય છે. આમ છતાં ત્રિમાત્રિક પ્લુત **ई३** અસિદ્ધ હોવાથી તે દ્વિમાત્રિક જ છે તેમ સમજાશે પરિણામે પ્રગૃહ્યને કારણે **प्लुतप्रगृह्या०** પ્રમાણે પ્રકૃતિભાવ થતાં **अग्नी ३ इति** એમ પ્રયોગ થશે.

[8] પ્લુત સ્વરસંધિમાં અસિદ્ધ હોત તો સૂત્રકારે **प्लुतः प्रकृत्या०** એમ જે કહ્યું છે તે નિરર્થક થાત. પરંતુ સૂત્રકારે **प्लुतप्रगृह्या अचि।** માં પ્લુતને કાર્યી તરીકે લીધો એટલે કે અહીં પ્લુતને લગતું કાર્ય કરવાનું છે અને કાર્યી વિના કાર્ય સંભવી ન શકે તેથી સમજાય છે કે સ્વરસંધિમાં પ્લુત અસિદ્ધ નથી પણ સિદ્ધ છે.

[9] અર્થાત્ **अतो रोरप्लुतादप्लुते।** એ સૂત્રમાં **अप्लुतात् अप्लुते** એમ ન મૂકવામાં આવે તો પણ **अतः, अति** એમ **अ**-કારને **तपर** કરવાથી પ્લુતની નિવૃત્તિ થશે જ, કારણ કે સ્વર સંધિમાં પ્લુતને સિદ્ધ ગણ્યો છે. આથી લાઘવ પણ થશે.

[10] **यथोद्देशं संज्ञापरिभाषम्।** એ પરિભાષાની દૃષ્ટિએ સ્વરસંધિને લગતાં સૂત્રોના સમુદાય રૂપ સંદર્ભમાં પ્રગૃહ્ય સંજ્ઞા આવતી નથી તેથી સ્વરસંધિમાં સિદ્ધ થવા છતાં સંજ્ઞાવિધિમાં તો પ્લુત અસિદ્ધ જ રહેશે, એમ સ્વીકારીને આ પ્રશ્ન કરવામાં આવ્યો છે.

[11] સંજ્ઞાસૂત્ર અંગભૂત હોય છે અને જે કાર્ય કરવાનું હોય તે પ્રધાન હોય છે. તેથી જ્યાં અને જ્યારે કાર્ય કરવાનું હોય ત્યાં અને ત્યારે કાર્યવિધાયક સૂત્રની સાથે અંગભૂત સંજ્ઞાદિ શાસ્ત્રની એકવાક્યતા થાય છે તેથી **प्रगृह्यः प्रकृत्या।** અનુસાર કાર્ય કરવાનું હોય ત્યાં અને ત્યારે **प्रगृह्य** સંજ્ઞાનો અર્થ દર્શાવવા માટે **ईदूदेद्द्विवचनं प्रगृह्यम्।** એ સંજ્ઞા સૂત્ર ઉપસ્થિત થશે અને તેથી સંજ્ઞા વિધિમાં પણ પ્લુત સિદ્ધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भविष्यति। नैवं शक्यम्। उपस्थिते हि दोषः स्यात्। अप्लुतवदुपस्थिते इत्यत्र पठिष्यति ह्याचार्यः। वद्वचनं प्लुतकार्य-प्रतिषेधार्थं प्लुतप्रतिषेधे हि प्रगृह्यप्लुतप्रतिषेधप्रसङ्गोऽन्येन विहितत्वादिति। तस्मात्प्लुतसंज्ञैषितव्या प्रगृह्याश्रयः प्रकृतिभावो यथा स्यात्॥ यदि पुनर्दीर्घाणामतपराणां प्रगृह्यसंज्ञोच्येत। एवमप्येकार ऐवैकः सवर्णान्गृह्णीयादीकारोकारौ न गृह्णीयाताम्। किं कारणम्। अनण्त्वात्॥ यदि पुनर्ह्रस्वानामतपराणां प्रगृह्यसंज्ञोच्येत। नैवं शक्यम्।

(પ્રકૃતિભાવ, પ્લુતની પ્રગૃહ્ય સંજ્ઞા ન હોય તો પણ) થશે. એ પ્રમાણે શક્ય નથી, કારણ કે (સંહિતા પાઠનો પદપાઠ કરતી વખતે જે ) इति મૂકવામાં આવે છે[12] તેમાં દોષ આવશે. अप्लुतवदुपस्थिते એ સૂત્ર ઉપર (વાર્તિકકાર) કહેશે કે એ સૂત્રમાં वत् એમ કહ્યું છે તે પ્લુતકાર્યનો પ્રતિષેધ કરવા માટે છે[13] કારણ કે પ્લુતનો પ્રતિષેધ કરવામાં આવે તો પ્રગૃહ્ય થવાનો હોય તેવા પ્લુતનો પણ પ્રતિષેધ કરવાનો પ્રસંગ આવે, કારણ કે તેનું અન્ય (સૂત્ર प्लुतः प्रकृत्या०) વ્દારા વિધાન કરવામાં આવ્યું છે.તેથી પ્લુતને પ્રગૃહ્ય સંજ્ઞા થાય તે ઇષ્ટ છે, જેથી પ્રગૃહ્યને કારણે થતો પ્રકૃતિભાવ થઇ શકે.જો સૂત્રમાં त् લગાડયા વિના જ દીર્ઘ વર્ણોની પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવે તો પણ ए વર્ણ પોતાના સવર્ણનું ગ્રહણ કરી શકે, પરંતુ ई-કાર અને ऊ-કાર પોતાના સવર્ણનું ગ્રહણ ન કરી શકે.[14] શા માટે ? કારણ કે તે अण् (પ્રત્યાહારમાં આવેલા વર્ણો ) નથી.પણ પાછળ त् મૂક્યા વિના હ્રસ્વ વર્ણોની પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવે તો (શો વાંધો) ?[15] એમ (કરવું) શક્ય નથી,

---

[12] उपस्थित :-- વૈદિક સંહિતા પાઠનો પદપાઠ કરતી વખતે અમુક સ્થળે (જેમ કે પ્રગૃહ્ય વગેરે આવે ત્યાં) इति મૂકવામાં આવે છે. તેને उपस्थित કહે છે.(उपस्थितं नाम आर्षं इतिकरणः।).યુ.મી. નોંધે છે કે શુક્લયજુર્વેદના પ્રાતિશાખ્ય ઉપરના ભાષ્યમાં ઉવ્વટ અને અનન્ત ભટ્ટે उपस्थितं सेतिकरणं केवलं तु पदं स्थितम्। એમ ઉદ્ધર્યું છે. તેથી द्वे इति द्वे। એમ પદપાઠ થતાં द्वे इति એ इति-કરણ યુક્ત द्वे उपस्थित થશે, જ્યારે इति ની પછી આવેલ द्वे એ स्थित થશે.अप्लुतवदुपस्थिते। ઉપર ભાષ્યકારે आगच्छन्तमग्नी ३ નો પદ પાઠ કરતાં अग्नी इति। એ દૃષ્ટાન્ત આપ્યું છે. अग्नी ३ इति એ સ્થિતિમાં પ્લુતને આધારે થતા પ્રકૃતિભાવ (અહીં अकः सवर्णे० પ્રમાણે થતી દીર્ઘ સંધિનો અભાવ) નો પ્રતિષેધ થવા છતાં પ્રગૃહ્યને આધારે પ્રકૃતિભાવ થાય તે ઇષ્ટ છે.જો પ્લુતની પ્રગૃહ્ય સંજ્ઞા ન કરવામાં આવે તો अग्नी ३ इति માં પ્રકૃતિભાવ ન થવા રૂપી દોષ આવશે.

[13] અર્થાત્ જ્યાં પ્રગૃહ્ય સંજ્ઞા ન હોય અને પ્લુતને આધારે પ્રકૃતિભાવ થતો હોય ત્યાં अप्लुतवदुस्थिते। વ્દારા કરવામાં આવતો પ્રતિષેધ લાગુ પડશે, તેથી देवदत्ता ३ इति। માં પ્લુત आ પ્રગૃહ્ય નથી તેથી प्लुतप्रगृह्याः० પ્રમાણે પ્લુતનો પ્રકૃતિભાવ થાય છે ત્યાં પ્લુતને अप्लुतवद् ગણતાં आद्गुणः। પ્રમાણે ગુણ થઇને देवदत्तेति થશે.પરંતુ अग्नी ३ इति। માં તો પ્રકૃતિભાવ વાસ્તવમાં બે રીતે પ્રાપ્ત થાય છેઃ ૧.પ્લુતને આધારે, કારણ કે ई પ્લુત છે અને ૨.પ્રગૃહ્યને કારણે, કારણ કે अग्नी એ દ્વિવચનાન્ત હોવાથી પ્રગૃહ્ય છે. તેમાં પ્લુતને આધારે થતા પ્રકૃતિભાવનો પ્રતિષેધ કરવામાં આવે તો પણ પ્રગૃહ્યને આધારે થતો પ્રકૃતિભાવ થશે.તેથી ત્યાં પ્લુતનું શ્રવણ અવશ્ય થશે, પરંતુ પ્લુતનો જ નિષેધ કરવામાં આવે તો તેનું શ્રવણ નહીં થાય અર્થાત્ ત્રણ માત્રાનું શ્રવણ નહીં થાય.તેથી કહે છે કે अप्लुतवत् માં वत् એમ કહ્યું છે તે પ્લુતના પ્રતિષેધ માટે નહીં પરંતુ પ્લુતને આધારે થતા કાર્યના પ્રતિષેધ માટે કહ્યું છે.તેથી अग्नी ३ इति। वायू ३ इति। માં સ્વર સંધિ નહીં થાય એટલે કે પ્લુતને આધારે થતા પ્રકૃતિભાવ રૂપી કાર્યનો પ્રતિષેધ નહીં થાય, કારણ કે પ્રકૃતિભાવનું प्रगृह्याः प्रकृत्या। એ ભિન્ન સૂત્ર વ્દારા વિધાન કરવામાં આવ્યું છે (अन्येन विहितत्वात्। ભર્તૃ. પૃ. ૧૫૮).

[14] આકૃતિપક્ષનો આશ્રય લેવામાં આવે તો હ્રસ્વ इ કે उ ના ઉચ્ચારણમાં જે લાઘવ છે તે ત્યજીને ई અને ऊ ના દીર્ઘ ઉચ્ચારણ વ્દારા જે અધિક પ્રયત્ન કર્યો છે તેને કારણે જ હ્રસ્વનું ગ્રહણ નહીં થાય. વળી ई વગેરે દીર્ઘ વ્યક્તિભૂત વર્ણોમાં રહેલ વિશિષ્ટ इत्व જાતિનું ગ્રહણ થાય છે તેથી तपर ન કરવામાં આવ્યા હોય તો પણ ई , ऊ વ્દારા માત્ર દીર્ઘ ई-કાર અને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इहापि प्रसज्येत। अकुर्वहि अत्र अकुर्वह्यत्र॥ तस्मादीर्घाणामेव तपराणां प्रगृह्यसंज्ञा वक्तव्या। दीर्घाणां चोच्यमाना प्लुतानां न प्राप्नोति॥ एवं तर्हि किं एतेन यत्नेन यत्सिद्धः प्लुतः स्वरसंधिष्विति। असिद्धःप्लुतस्तस्यासिद्धत्वात्तत्काला एव भवन्तीति। कथं यत्तज्ज्ञापकमुक्तं प्लुतप्रगृह्या अचीति। प्लुतभावी प्रकृत्येत्येवमेतद्विज्ञायते। कथं यत्तत्प्रयोजनमुक्तम्। क्रियते तन्न्यास एवाप्लुता-दप्लुत इति॥ एवमपि यत्सिद्धे प्रगृह्यकार्यं तत्प्लुतस्य न प्राप्नोति। अणोऽप्रगृह्यस्यानुनासिक इति।

કારણ કે તેમ કરવાથી આ **अकुर्वहि अत्र**-**अकुर्वह्यत्र** માંપણ પ્રગૃહ્ય સંજ્ઞા પ્રાપ્ત થશે[16] તેથી દીર્ઘ (વર્ણો) ને જ **त्** લગાડીને પ્રગૃહ્ય સંજ્ઞા કરવી જોઇએ[17] અને દીર્ઘને અનુલક્ષીને કહેવામાં આવેલી પ્રગૃહ્ય સંજ્ઞા પ્લુતને લાગુ નહીંપડે. એમ હોય તો પછી 'સ્વર સંધિઓમાં પ્લુત સિદ્ધ છે' એ (જ્ઞાપન કાઢવાની) મહેનત આપણે શા માટે કરવી જોઇએ ? પ્લુત તો અસિદ્ધ છે અને તે અસિદ્ધ છે તેથી દીર્ઘ જેટલા જ ઉચ્ચારણ કાળવાળા બને છે.તો પછી પ્લુત સિદ્ધ છે તેનું જ્ઞાપન કરનાર **प्लुतप्रगृह्या अचि।** એ સૂત્રનું શું ? તેનો અર્થ એમ કરીશું કે જેનો પ્લુત થાય છે[18] તેનો પ્રકૃતિભાવ થાય છે. તો પછી જ્ઞાપકનું જે પ્રયોજન બતાવ્યું હતું તેનું શું ?[19] (**अतोरोः०** માં સૂત્રકારે) **अप्लुतात् अप्लुते** એમ મૂકેલું જ છે. આમ હોવા છતાં સિદ્ધકાંડમાં પ્રગૃહ્યને લગતાં જે કાર્યો છે તે પ્લુતને લાગુ નહીં પડે, તેથી **अणोऽप्रगृह्यस्यानुनासिकः।** પ્રમાણે (**अग्नी ३** માં પ્રગૃહ્ય સંજ્ઞા ન થતાં ) અનુનાસિક થવા જશે.[20]

---

દીર્ઘ **ऊ**-કારનું ગ્રહણ થશે, પ્લુતનું નહીં થાય. જેમ '**स्थूलं गामानय।**-- તગડો બળદ લઇ આવ' એમ કહેવામાં આવતાં દુબળા બળદને કોઇ લાવતું નથી, કારણ કે વિશિષ્ટ **गो** ને લાવવાનું કહ્યું છે, તેમ આકૃતિ પક્ષમાં સૂત્રમાંનો **ई**-કાર **इत्व** વિશિષ્ટ દીર્ઘ વ્યક્તિ એટલે કે દીર્ઘ **ई**-કારનું જ ગ્રહણ કરશે, હ્રસ્વ કે પ્લુતનું નહીં કરે.

[15] **तपर** હ્રસ્વની સંજ્ઞા થાય તો **इ**-કાર અને **उ**-કાર બે જ વર્ણો છે તેથી **ह्रस्वयोः** એમ કહેવાને બદલે **ह्रस्वानाम्** એમ કહ્યું છે તેનો ખુલાસો આપતાં કૈ. કહે છે હ્રસ્વના સાહચર્યને કારણે **ए**-કાર, જે હ્રસ્વ નથી તેને હ્રસ્વ કહ્યો છે તેથી બહુવચનનો પ્રયોગ કર્યો છે. કેટલાક **ह्रस्वानाम्** ને વિરૂપ એકશેષ કહે છે , જ્યારે કેટલાક કહે છે કે ઉદાહરણમાં ભેદ હોવાથી ભેદ ગણીને બહુવચન પ્રયોજ્યું છે.કૈ. પ્રમાણે **तपर** કર્યા વિનાના હ્રસ્વની પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવે તો તે **अण्** હોવાથી ભિન્નકાળ સવર્ણનું ગ્રહણ કરી શકશે અને આકૃતિ પક્ષની દૃષ્ટિએ પણ અધિક પ્રયત્નં કર્યો ન હોવાથી ભિન્ન કાળનું ગ્રહણ કરી શકશે. એમ અહીં દલીલ છે,પરંતુ **तपर** હોય તો **अग्नी** , **वायू** સિદ્ધ નહીં થાય.

[16] જો હ્રસ્વની પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવે તો જે હ્રસ્વ **इ**-કારાન્ત દ્વિવચન હોય ત્યાં પ્રગૃહ્ય સંજ્ઞા થવાથી **अकुर्वहि अत्र** માં **यण्** કાર્ય ન થતાં પ્રકૃતિભાવ થશે તેથી **अकुर्वह्यत्र** સિદ્ધ નહીં થાય.

[17] નોંધ (૧).

[18] **प्लुतभावी** (જેનો પ્લુત થવાનો છે) શબ્દ છે. તેથી જેને સ્થાને પ્લુત આદેશ મૂકવાનો છે તે સ્થાની (**प्लुतो भावी यस्य सः स्थानी**). **प्लुतभावी** એ બહુવ્રીહિ છે કર્મધારય નથી.અહીં એમ કહેવા માગે છે કે **प्लुतप्रगृह्या अचि।** માં **प्लुत** શબ્દ છે તેનો અર્થ, 'જેને સ્થાને પ્લુત થવાનો છે તે સ્થાની' એમ કરીશું. 'આ પ્લુત પછી કોઇ સ્વર આવતાં પ્રકૃતિભાવ થાય છે. સંધિ કાર્ય થતું નથી.' એમ સૂત્રાર્થ થશે.એટલે કે સૂત્રમાં જે પ્લુત શબ્દ છે તે આદેશ માટે નહીં પણ સ્થાની માટે પ્રયોજાયો છે, કારણ કે આદેશભૂત પ્લુત અસિદ્ધ છે.અહીં એવી શંકા થઇ શકે કે જ્યારે આદેશભૂત પ્લુત અસિદ્ધ કાંડમાં હોવાથી અસિદ્ધ થાય છે ત્યારે તેના સ્થાનીને વિશે પ્લુત શબ્દ કેવી રીતે પ્રયોજી શકાય? પરંતુ શાસ્ત્રીય કાર્ય કરવાનું હોય ત્યારે પ્લુત જરૂર અસિદ્ધ છે પણ તેથી મનમાં પણ તેની કલ્પના ન થઇ શકે એવું થોડું છે? જો એમ જ હોય તો તો 'પ્લુત અસિદ્ધ છે' એવો શબ્દ પ્રયોગ પણ ન થઇ શકે.

[19]નોંધ(૯), પરંતુ સૂત્રકારે **अतो रोरप्लुतादप्लुते।** માં એ શબ્દોનું ગ્રહણ કર્યુ જ છે઼ તે દર્શાવે છે કે તેમ કરવું આવશ્યક છે અને તેથી લાઘવનો પ્રશ્ન જ રહેતો નથી. આમ આક્ષેપકારે જ્ઞાપનનું પ્રયોજન દર્શાવ્યું તે બિનજરૂરી છે, કારણ કે **प्लुतः प्रकृत्या।** એ દ્વારા પ્લુત સિદ્ધ છે એમ સૂચવાતું નથી.

[20] પૂર્વપક્ષીએ જ્ઞાપનનું લાઘવ રૂપી પ્રયોજન બતાવ્યું તેનો અસ્વીકાર કરવા છતાં પ્રગૃહ્યને લગતાં કાર્યો પ્લુતને ન થવાથી **अग्नी ३** માં પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય તેથી **अणोऽप्रगृह्यस्या०** પ્રમાણે અનુનાસિક થવાનો પ્રસંગ આવશે, કારણ કે કાર્યકાલપક્ષ પ્રમાણે સંજ્ઞા અને પરિભાષા જ્યાં કાર્ય કરવાનું હોય ત્યાં ઉપસ્થિત થાય છે પ્રગૃહ્ય સંજ્ઞા સૂત્ર જો અસિદ્ધ કાંડમાં ઉપસ્થિત થાય તો પ્લુત અસિદ્ધ ન થવાથી અનુનાસિક થશે એમ અહીં દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एवं तर्हि किं न एतेन कार्यकालं संज्ञा परिभाषमिति। यथोद्देशमेव संज्ञापरिभाषम्। तत्र चासावसिद्धस्तस्यासिद्धत्वात्तत्काला एव भवन्ति॥ कथं पुनरिदं विज्ञायते। ईदादयो यद् द्विवचनमिति। आहोस्विदीदाद्यन्तं यद् द्विवचनमिति। कश्चात्र विशेषः।

ईदादयो द्विवचनं प्रगृह्या इति चेदन्त्यस्य विधिः॥१॥

ईदादयो द्विवचनं प्रगृह्या इति चेदन्त्यस्य प्रगृह्यसंज्ञा विधेया। पचेते इति। पचेथे इति। वचनाद्भविष्यति। अस्ति वचने प्रयोजनम्। किम्। खट्वे इति। माले इति। अस्तु तर्हीदाद्यन्तं यद् द्विवचनमिति।

આમ હોય તો 'પછી સંજ્ઞા અને પરિભાષા, કાર્ય કરવાનું હોય તે સમયે અમલમાં આવે છે,' એમ જે કહ્યું તેનો શો અર્થ ?[21] 'જ્યાં ઉચ્ચારવામાં આવ્યાં હોય ત્યાં જ સંજ્ઞા અને પરિભાષા રહે છે' (એમ અમે કહીશું) [22] અને તેમાં (સંજ્ઞાની બાબતમાં) તે અસિદ્ધ છે અને અસિદ્ધ છે તેથી દીર્ઘ જેટલા જ ઉચ્ચારણકાળવાળા બને છે (તેથી પ્રગૃહ્ય સંજ્ઞા થશે). આ સૂત્ર કેવી રીતે સમજવાનું છે ?[23] 'ईत् વગેરે જે દ્વિવચન હોય તે' એમ, કે પછી 'ईत् વગેરે જેને અન્તે હોય તેવું દ્વિવચન ?' આમાં શો ફેર છે ?

ईत् વગેરે દ્વિવચન (પ્રત્યયો) ની પ્રગૃહ્ય સંજ્ઞા થતી હોય તો અન્ત્ય (ईत् વગેરે) ની પ્રગૃહ્ય સંજ્ઞા કરવી પડશે ॥૧॥

ईत् વગેરે દ્વિવચન (પ્રત્યયો)ની પ્રગૃહ્ય સંજ્ઞા થતી હોય તો અન્ત્ય (અર્થાત્ પદના અન્ત્યાવયવભૂત ई વગેરે) ની પ્રગૃહ્ય સંજ્ઞા કરવી પડશે, (જેમ કે) पचेते इति । पचेथे इति । (સૂત્રમાં एत् એમ) કહ્યું છે તેથી (અહીં પણ પ્રગૃહ્યસંજ્ઞા) થશે.[24] ( एत् એમ) કહેવાનું (અન્ય) પ્રયોજન છે. શું (પ્રયોજન છે) ? खट्वे इति । माले इति। (માં પ્રગૃહ્ય સંજ્ઞા થાય એ પ્રયોજન).[25] તો પછી ભલે ईत् વગેરે જેને અન્તે હોય તેવા દ્વિવચનની (પ્રગૃહ્ય સંજ્ઞા થશે) એમ સમજાય.

---

[21] અહીં નિ.સા.(પૃ.૨૩૫),ચૌખં (પૃ.૨૫૯)યુ.મી.(પૃ. ૩૬૪), ચારુ.(પૃ.૨૪૧) માં एवं तर्हि किं न एतेन यत्नेन એમ પાઠ છે.

[22] ઉપર જોયું તેમ કાર્યકાલપક્ષ સ્વીકારતાં દોષ આવે છે તેનું નિવારણ કરવા માટે ભાષ્યકાર અહીં યથોદ્દેશપક્ષનો આશ્રય લે છે. આ મત પ્રમાણે સંજ્ઞા અને પરિભાષા સ્વસ્થાને જ રહે છે. આમ હોવાથી दूराद्धूते च।(૮-૨-૮૪) અનુસાર થતો પ્લુત, ईदूदेतद्० પ્રમાણે થતી પ્રગૃહ્ય સંજ્ઞાની દૃષ્ટિએ અસિદ્ધ છે, છતાં अणोऽप्रगृह्यस्य० (૮-૪-૫૮) ની દૃષ્ટિએ અસિદ્ધ નથી. પરિણામે अग्नी ३ માંનો પ્લુત ई ३ અસિદ્ધ છે તેથી તે દીર્ઘ ई-કાર જ છે તેમ સમજાશે. તેથી તેને પ્રગૃહ્ય સંજ્ઞા થશે અને તેથી અનુનાસિક થવાનો પ્રસંગ નહીં આવે.

[23] આ સૂત્રમાં ईदूदेद्द्विवचनम् એમ કહ્યું છે તેને, ईत् વગેરે જે દ્વિવચન છે તેની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે એમ સમજવાનું છે કે પછી ईत् વગેરે જેને અંતે છે તેવા દ્વિવચનની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે એમ ? પ્રથમ પક્ષમાં पचेते इति જેવામાં પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય, (કારણ કે पच् अ आते-पच् आते-आतो ङितः। થી आ નો इय् થતાં -पच इय् ते-लोपो व्यो० થી य् લોપ -पच इते- आद्गुणः। થી ગુણ થતાં-पचेते ) તેમાં ए- કાર દ્વિવચન નથી પરંતુ દ્વિવચન પ્રત્યય आते નો અંત્ય અવયવ છે. બીજા વિકલ્પમાં अग्नी इति। જેવામાં પ્રગૃહ્ય સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે એમાં ईत् વગેરે દ્વિવચન છે પણ એ ईदन्त નથી (કારણ કે अग्नि औ-प्रथमयोःपूर्व०- થી પૂર્વસવર્ણ દીર્ઘ થતાં अग्नी થયું છે). પરંતુ आद्यन्तवदेकस्मिन्। પ્રમાણે અંતવદ્ભાવ થવાથી દોષ નહીં આવે અને अग्नी વગેરે ईदन्त દ્વિવચન ગણાશે.

[24] સૂત્રમાં ए-કારનું ગ્રહણ કર્યું છે તેથી અવયવી રૂપ દ્વિવચનને થતી પ્રગૃહ્ય સંજ્ઞા તેના અવયવભૂત ए-કાર વગેરેને થશે, કારણ કે સૂત્રમાં જે દ્વિવચન શબ્દ છે તે અવયવને પણ લાગુ પડશે, એટલે કે દ્વિવચનાન્તને પણ લક્ષણાથી લાગુ પડશે.

[25] खट्वे વગેરેમાં પ્રગૃહ્ય સંજ્ઞા થાય તે પ્રયોજન હોવાથી દ્વિવચન શબ્દ અન્ય અર્થ સૂચવી ન શકે તેથી જ્યારે મુખ્યાર્થમાં દ્વિવચન શક્ય છે ત્યારે ગૌણાર્થમાં લેવાની જરૂર નથી. खट्वे વગેરેમાં खट्वा औ-औङ आपः। થી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ईदाद्यन्तमिति चेदेकस्य विधिः ॥२॥**

**ईदाद्यन्तमिति चेदेकस्य प्रगृह्यसंज्ञा विधेया। खट्वे इति। माले इति॥**

**न वाद्यन्तवत्त्वात् ॥३॥**

**न वैष दोषः। किं कारणम्। आद्यन्तवत्त्वात्। आद्यन्तवदेकस्मिन्कार्यं भवतीत्येकस्यापि भविष्यति॥**

**ईदाद्यन्तं यद् द्विवचनान्तमिति।**

**ईदाद्यन्तं यद् द्विवचनान्तमिति चेल्लुकि प्रतिषेधः ॥४॥**

**ईत्** વગેરે જેને અન્તે હોય તે (દ્વિવચન પ્રત્યય) ની (સંજ્ઞા થાય છે) એમ કહેવામાં આવે તો (તેમાં) એક જ ई વગેરે વર્ણ ) હોય તેની પ્રગૃહ્ય સંજ્ઞા કરવી પડશે **॥२॥**

**ईत्** વગેરે જેને અન્તે હોય તે (દ્વિવચન પ્રત્યય) ની (સંજ્ઞા થાય છે) એમ કહેવામાં આવે તો ( તેમાં) એક જ **ईत्** વગેરે (વર્ણ ) હોય તેની પ્રગૃહ્ય સંજ્ઞા કરવી પડશે,[26] જેમ કે **खट्वे इति । माले इति।**

અથવા (એ કહેવાની જરૂર ) નથી, કારણ કે એકને જ આદિ તેમ જ અન્ત જેવો ગણી શકાશે **॥૩॥**

અથવા એ દોષ નહીં આવે.શા માટે ? કારણ કે એક જ આદિ તેમ જ અંત જેવો (ગણાય) છે, અર્થાત્ જ્યારે એક જ વર્ણને કાર્ય કરવાનું હોય ત્યારે તે આદિ તેમ જ અંત જેવો ગણાય છે'[27] એ ન્યાયે એકને કાર્ય થશે. અથવા **ईत्** વગેરે જેને અંતે છે તેવા દ્વિવચનાન્ત (ની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે) '[28] એમ કહીશ.

**ईदूतौ सप्तम्यर्थे।** (એ સૂત્ર)માં **ईत्** ,**ऊत्** જેને અંતે છે તેવું દ્વિવચનાન્ત,' એમ કહો તો, **लुक्** થતો હોય ત્યાં પ્રતિષેધ કરવો પડશે **॥४॥**

---

શી-**खट्वा ई-आद्गुणः। -खट्वे** થાય છે.અહીં ए-કાર **अन्तादिवच्च।** પ્રમાણે આદિવદ્ભાવ થવાથી દ્વિવચન થઇ શકશે.પરંતુ **पचेते** માં જે **ए** છે તે મુખ્યાર્થમાં દ્વિવચન નથી , **आते** ના અવયવ રૂપ છે તેથી તે ગૌણ રીતે જ દ્વિવચન કહી શકાય. પરંતુ મુખ્યાર્થમાં દ્વિવચન ઉપલબ્ધ છે ત્યારે ગૌણાર્થમાં તેને લાગુ પાડવું ઉચિત નથી તેથી **पचेते** વગેરેમાંનો અંત્ય ए-કાર દ્વિવચન ન થવાથી **पचेते इति।** માં પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય તેથી પ્રકૃતિભાવ ન થતાં **पचतयिति** કે **पचत इति** એમ સંધિ થવાનો પ્રસંગ આવશે.

[26] સૂત્રમાં **ईत्** , **ऊत्** નું ગ્રહણ કર્યું છે તેથી દીર્ઘ **ई**-કાર અને દીર્ઘ **ऊ**-કાર એકલા જ અંતે આવતા હોય તેવાં **अग्नी** , **वायू** જેવાં દ્વિવચન રૂપોને પ્રગૃહ્ય સંજ્ઞા થઇ શકશે. વળી ए-કાર જેમને અંતે હોય તેવાં **पचेते** વગેરે જેવાં દ્વિવચનાન્ત રૂપો ઉપલબ્ધ થાય છે તેમને તો પ્રગૃહ્ય સંજ્ઞા થાય, પણ કેવળ એક જ અસહાય ए-કાર અંતે આવેલો હોય ત્યાં પ્રગૃહ્ય સંજ્ઞા થઇ શકે તે માટે સૂત્રમાં સ્પષ્ટ વિધાન કરવું પડશે, આ દલીલ **येन विधिस्तदन्तस्य।** એ સૂત્રમાં **स्वं रूपं शब्दस्य०** માંથી **स्वं रूपम्** ની અનુવૃત્તિ ન સ્વીકારનાર એકદેશીની છે.

[27] **आद्यन्तवदेकस्मिन्।** એ સૂત્રથી વ્યપદેશિવદ્ભાવ થવાથી એક, અસહાય વર્ણને પણ અંત્ય કહી શકાશે. તેથી **खट्वे** માં ए- કાર અંત્ય થઇ શકશે અને તે દ્વિવચન છે તેથી પ્રગૃહ્ય સંજ્ઞા થશે, એટલે કે **आते** જેવા દ્વિવચનાન્ત પ્રત્યય જેને અંતે હોય તે **पचेते** જેવાં રૂપોની જેમ **खट्वे** જેવાં ए-કારાન્ત દ્વિવચનયુક્ત રૂપોને પ્રગૃહ્ય સંજ્ઞા થશે.

[28] **प्रत्ययग्रहणे च यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य च ग्रहणम्।** એ ન્યાયે સૂત્રમાંના **द्विवचनम्** નો અર્થ **द्विवचनान्तम्** લઇને પછી **ईदाद्यन्तम्** ને તેનું વિશેષણ કરવાથી **ईदाद्यन्तं यद्विवचनान्तम्** અર્થાત્ દીર્ઘ **ई**-કાર વગેરે જેને અંતે હોય તેવા દ્વિવચનાન્તની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે એમ સૂત્રાર્થ સમજાશે.વ્યપદેશિવદ્ભાવ ન સ્વીકારવાને કારણે આ પ્રમાણે અર્થ કરવામાં આવ્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ईदाद्यन्तं यद् द्विवचनान्तमिति चेल्लुकि प्रतिषेधो वक्तव्यः। कुमार्योरगारं कुमार्यगारम्। वध्वोरगारं वध्वगारम्। एतद्धीदाद्यन्तं च श्रूयते द्विवचनान्तं च भवति प्रत्ययलक्षणेन॥

सप्तम्यामर्थग्रहणं ज्ञापकं प्रत्ययलक्षणप्रतिषेधस्य ॥५॥

यदयमीदूतौ च सप्तम्यर्थे इत्यर्थग्रहणं करोति तज्ज्ञापयत्याचार्यो न प्रगृह्यसंज्ञायां प्रत्ययलक्षणं भवतीति॥ तत्तर्हि ज्ञापकार्थमर्थग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। ईदादिभिर्द्विवचनं विशेषयिष्याम ईदादिविशिष्टेन च द्विवचनेन तदन्तविधिर्भविष्यति। ईदाद्यन्तं यद् द्विवचनं तदन्तमीदाद्यन्तमिति। एवमप्यशुक्ले वस्त्रे शुक्ले सम्पद्येतां शुक्लयास्तां वस्त्रे इत्यत्र प्राप्नोति। अत्र हीदादि द्विवचनं तदन्तं च भवति प्रत्ययलक्षणेन। अत्राप्यकृते शीभावे लुग्भविष्यति।

ईत् વગેરે જેને અંતે છે તેવું દ્વિવચનાન્ત (રૂપ પ્રગૃહ્ય સંજ્ઞક થશે),' એમ અર્થ કરશો તો, लुक् થતો હોય ત્યાં સંજ્ઞાનો પ્રતિષેધ કરવો પડશે. कुमार्योरगारं कुमार्यगारम्। वध्वोरगारं वध्वगारम् કારણ કે અહીં (कुमारी અને वधू માં) ईत् વગેરેનું શ્રવણ થાય છે અને પ્રત્યયલક્ષણથી તે દ્વિવચનાન્ત પણ છે.[29]

ईदूतौ सप्तम्यर्थे। (એ સૂત્ર) માં अर्थ શબ્દનું ગ્રહણ પ્રત્યયલક્ષણના પ્રતિષેધનું જ્ઞાપક છે ॥૫॥

ईदूतौ सप्तम्यर्थे। (એ સૂત્ર)માં अर्थ શબ્દ મૂક્યો છે તે ઉપરથી આચાર્ય (પાણિનિ) જ્ઞાપન કરે છે કે પ્રગૃહ્ય સંજ્ઞા થતી હોય ત્યાં પ્રત્યયલક્ષણ લાગુ પડતું નથી.[30] તો પછી જ્ઞાપક થઇ શકે તે માટે (એ સૂત્રમાં) अर्थ શબ્દ મૂકવો જરૂરી છે ? મૂકવાની જરૂર નથી. ईत् વગેરેને દ્વિવચનનાં વિશેષણ બનાવીશું અને ईत् વગેરેથી વિશિષ્ટ એવા દ્વિવચનનો તદન્ત-વિધિ થશે એટલે કે ईत् વગેરે જેને અન્તે હોય તેવું દ્વિવચન જેને અન્તે હોય તે (ईदाद्यन्त દ્વિવચનાન્ત શબ્દ સ્વરૂપની પ્રગૃહ્ય સંજ્ઞા થશે).[31] એમ (અર્થ કરવા) છતાં अशुक्ले वस्त्रे शुक्ले सम्पद्येतां शुक्लयास्ताम् (शुक्ली आस्ताम् ) वस्त्रे માં (પ્રગૃહ્ય સંજ્ઞા) થવાનો પ્રસંગ આવે છે, કારણ કે અહીં ईत् વગેરે દ્વિવચન છે અને પ્રત્યયલક્ષણથી (शुक्ली એ) દ્વિવચનપ્રત્યયાન્ત છે.[32] અહીં પણ (शुक्ल औ માં औ નો) शी આદેશ થાય તે પૂર્વે જ તેનો लुक् થશે (તેથી દોષ નહીં

---

[29] कुमार्योः अगारम् વગેરેનો સમાસ કરતાં(कुमारी अगारम् =) कुमार्यगारम् થશે. અહીં कुमारी એ (कुमार्योः ના ષષ્ઠી દ્વિવચનના પ્રત્યયનો सुपोधातु० પ્રમાણે લોપ થવા છતાં) प्रत्ययलोपे प्रत्ययलक्षणम्। પ્રમાણે દ્વિવચનાન્ત જ થશે. વળી તે ईदन्त પણ છે તેથી તેને પ્રગૃહ્ય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. તે ન થાય તે માટે પ્રતિષેધ કરવો પડશે.અહીં कुमारी એ સમાસમાં પૂર્વપદ છે અને સમાસમાં સંખ્યાનો અર્થ દર્શાવાતો નથી પછી તે દ્વિવચનાન્ત કેવી રીતેથઇ શકે એમ શંકા થઇ શકે, પરંતુ જેમ तावकीनः માં युष्मद् નો આદેશ तवक એક વચનનો અર્થ સૂચવે છે તેમ અહીં પણ પ્રગૃહ્ય સંજ્ઞા થતાં પ્રકૃતિભાવ વ્દારા સંખ્યાનો અર્થ સૂચવાશે તેથી કોઇ દોષ નહીં આવે.

[30] सोमो गौरी अधिश्रितः। જેવાં વૈદિક ઉદાહરણમાં गौरी એ લુપ્ત સપ્તમી રૂપ છે.ત્યાં सुपां सुलुक्० પ્રમાણે સપ્તમીના પ્રત્યયનો લોપ થયો છે. અહીં ईत् અંતે છે અને गौरी એ સપ્તમ્યર્થક ईदन्त છે તેથી ईदूतौ सप्तम्यर्थे। પ્રમાણે પ્રગૃહ્ય સંજ્ઞા થવાથી પ્રકૃતિભાવ થયો છે. જો અહીં प्रत्ययलोपे० લાગુ પડતું હોત તો सप्तम्यर्थे એમ કહેવાની જરૂર ન પડત, કારણ કે પ્રત્યયનો લોપ થવા છતાં તે છે જ એમ સ્વીકારવામાં આવે તો સપ્તમીનો અર્થ તેમાંથી સમજી શકાત, પરંતુ આ સૂત્ર પ્રગૃહ્ય સંજ્ઞાના સંદર્ભમાં લાગુ પડતું નથી તેથી સૂત્રકારને अर्थ શબ્દનું સૂત્રમાં ગ્રહણ કરવું પડયું છે.

[31] આ વિકલ્પ પ્રમાણે कुमार्यगारम् વગેરેમાં પ્રગૃહ્ય સંજ્ઞા થવા રૂપી દોષ નહીં આવે , કારણ કે તેમાં જે દ્વિવચન છે તે ईदन्त નથી પરંતુ ओस् યુક્ત એટલે કે स-કારાન્ત છે.અહીં ચૌ.(પૃ.૨૬૨) માં [न कर्तव्यम्। ]એમ કૌંસમાં આપ્યું છે.

[32] शुक्ल શબ્દને દ્વિવચનમાં औ પ્રત્યય લાગતાં नपुंसकाच्च। પ્રમાણે તેનો शी આદેશ કર્યા પછી જે શુક્લ નથી તે શુક્લ થાય છે એ અર્થમાં अभूततद्भावे० પ્રમાણે च्वि પ્રત્યય લાગતાં सुपो धातु० થી शी લોપ થતાં अस्य च्वौ। થી अ નો ई થતાં शुक्ली થશે.च्वि એ तद्धिताः। એ અધિકાર તળેનો પ્રત્યય હોવાથી कृत्तद्धितसमासा० થી शुक्ली પ્રાતિપદિક છે તેથી सुप्--अव्ययादाप्सुपः। થી લોપ. शुक्ली માનાં शी પ્રત્યય દીર્ઘ ई-કારાન્ત દ્વિવચન હતો અને પ્રત્યયલક્ષણથી સમગ્ર



Jain Education International . For Personal & Private Use Only www.jainelibrary.org

इदमिह संप्रधार्यं लुक् क्रियतां शीभाव इति किमत्र कर्तव्यम्। परत्वाच्छीभावः। नित्यो लुक्। कृतेऽपि शीभावे प्राप्नोत्यकृतेऽपि प्राप्नोति। अनित्यो लुक्। अन्यस्य कृते शीभावे प्राप्नोत्यन्यस्याकृते। शब्दान्तरस्य च प्राप्नुवन्विधिरनित्यो भवति। शीभावोऽप्यनित्यो न हि कृते लुकि प्राप्नोति। उभयोरनित्ययोःपरत्वाच्छीभावः शीभावे कृते लुक्। अथापि कथंचिन्नित्यो लुक्स्यादेवमपि दोषः। वक्ष्यत्येतत्। पदसंज्ञायामन्तवचनमन्यत्र संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तविधिप्रतिषेधार्थमिति।

આવે).[33] અહીં એ વિચારવું જોઇએ કે પહેલાં औ નો લોપ કરવો કે शी આદેશ કરવો, શું કરવું જોઇએ? પર હોવાને કારણે शी આદેશ (પહેલાં કરવો જોઇએ). लुक् નિત્ય છે (કારણ કે) शी આદેશ કર્યો હોય ત્યારે પણ પ્રાપ્ત થાય છે અને ન કર્યો હોય ત્યારે પણ પ્રાપ્ત થાય છે.[34] लुक् અનિત્ય છે, કારણ કે शी આદેશ કરવામાં આવે તો એકનો (અર્થાત્ ई નો) लुक् પ્રાપ્ત થાય છે પણ જો ન કરવામાં આવે તો અન્યનો જ (અર્થાત્ औ નો) लुक् પ્રાપ્ત થાય છે. અને બીજા જ શબ્દને (જુદા જુદા શબ્દોને) લાગુ પડતો વિધિ અનિત્ય હોય છે. शी આદેશ પણ અનિત્ય છે,[35] કારણ કે (औ નો) लुक् કરવામાં આવે તો शी આદેશ પ્રાપ્ત થતો નથી. આમ બન્ને અનિત્ય (વિધિઓ) માં પર હોવાથી शी આદેશ (પ્રથમ) થશે (અને) शी આદેશ કર્યા પછી लुक् થશે. હવે જો ગમે તે રીતે लुक् ને નિત્ય ગણવામાં આવે તો પણ દોષ આવશે,[36] કારણ કે (વાર્તિકકાર) કહેશે કે અન્ય સ્થળે જ્યાં સંજ્ઞાને લગતા વિધિમાં પ્રત્યયનું ગ્રહણ કર્યું હોય ત્યાં (તે પ્રત્યયદ્વારા) तदन्तનું ગ્રહણ થતું નિવારવા માટે (સૂત્રકારે सुप्तिङन्तं पदम्। માં अन्त શબ્દ મૂક્યો છે.

---

शुक्ली એ સમુદાય ईदन्त દ્વિવચનાન્ત છે. તેથી પ્રત્યયલક્ષણથી તેને પ્રગૃહ્ય સંજ્ઞા થશે.અહીં अत्र हि ईदादि द्विवचनं ०ને સ્થાને ईदाद्यन्तं च श्रूयते० પાઠાન્તર કૈયટ નોંધે છે (क्वचित्तु पाठ ईदाद्यन्तं च श्रूयते इति। प्र०) અહીં शुक्ली માં જે દીર્ઘ ई આદેશ થયો છે તે પ્રકૃતિના ભાગ રૂપ હોવાથી તેને દ્વિવચન સાથે કોઇ સંબંધ નથી તેથી ईदाद्यन्तं च श्रूयते। એ પાઠમાં श्रूयते નો અર્થ 'સૂત્રમાં જેનું શ્રવણ થાય છે તે' એમ થશે.

33 शुक्ली औ માં शी આદેશ થાય તે પૂર્વે જ औ નો લોપ થાય છે તેથી પ્રત્યયલક્ષણથી તે ईदन्त દ્વિવચન નહીં રહે (નોંધ ૩૨)

34 शुक्ली औ એ સ્થિતિમાં शी આદેશ કરવામાં આવે કે ન આવે તો પણ अव्ययादाप्० પ્રમાણે લોપ થશે, એટલે કે लुक् कृताकृतप्रसंगि છે તેથી लुक् નિત્ય છે (क्वचित्कृताकृतप्रसङ्गमात्रेण नित्यता।) એમ દલીલ છે.પરંતુ આદેશ કર્યા પૂર્વે औનો લોપ થાય છે અને કર્યા પછી शी નો લોપ થાય છે.આમ જુદા જુદા શબ્દને પ્રાપ્ત થતો लुग्विधि અનિત્ય થશે(शब्दान्तरस्य प्राप्नुवन्विधिरनित्यः भवति।).પરંતુ બહિરંગ लुक् અંતરંગ વિધિઓનો બાધ કરે છે (अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग्बाधते।) એ ન્યાયે लुक् નિત્ય થશે.

35 लुक् નિત્ય ન હોય અને शी આદેશ નિત્ય હોય તો लुक् અને शीभाव (= शी આદેશ થાય તે) તુલ્યબલ ન કહેવાય, તેથી विप्रतिषेधे परं कार्यम्। પ્રમાણે'परत्वात् शीभावः' એમ ન કહી શકાય તેથી ભાષ્યમાં આગળ કહે છે કે शीभाव પણ અનિત્ય છે, કારણ કે औ નો લોપ કરવામાં આવે તો (औङः) नपुंसकाच्च। પ્રમાણે शी આદેશ થવાનો પ્રસંગ નથી આવતો, કારણ કે औ નો લોપ થવાથી (औङः) એ ષષ્ઠીનો પ્રસંગ જ નથી.

36 કોઇ વિશિષ્ટ સ્થાનીની અપેક્ષા રાખ્યા વિના જ लुक् ને લગતું શાસ્ત્ર પ્રવૃત્ત થાય છે, એટલે કે कृताकृतप्रसङ्गि છે અથવા તો अन्तरङ्गानपि विधीन्० પ્રમાણે लुक् શાસ્ત્ર शीभाव નો બાધ કરે છે એમ સ્વીકારીએ તો પણ દોષ તો રહેશે જ, કારણ કે लुक् નિત્ય હોય તો ઉપર (નોંધ ૩૩ માં) દર્શાવ્યા પ્રમાણે પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય એમ કહી શકાય, પરંતુ એ પક્ષ જ વાસ્તવમાં શક્ય નથી, કારણ કે सुप्तिङन्तं पदम्। એ સૂત્રમાં अन्त શબ્દ મૂકીને સૂત્રકારે સૂચવ્યું છે કે સંજ્ઞા વિધિમાં તદન્તગ્રહણ થતું નથી. જો તદન્તગ્રહણ જ ન થાય તો આ તૃતીય પક્ષનું ઉત્થાન જ શક્ય નથી. આમ એ પક્ષનો અસંભવ એ જ દોષ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इदं चापि प्रत्ययग्रहणमयं चापि संज्ञाविधिः। अवश्यं खल्वस्मिन्नपि पक्ष आद्यन्तभाव एषितव्यः। तस्मादस्तु स एव मध्यमः पक्षः ॥

**अदसो मात् ।१।१।१२॥**

**मात्प्रगृह्यसंज्ञायां तस्यासिद्धत्वादयावेकादेशप्रतिषेधः ॥१॥**

**मात्प्रगृह्यसंज्ञायां तस्य ईत्वस्य ऊत्वस्य चासिद्धत्वादयावेकादेशाः प्राप्नुवन्ति तेषां प्रतिषेधो वक्तव्यः। अमी अत्र। अमी आसते। अमू अत्र अमू आसाते॥ ननु च प्रगृह्यसंज्ञावचनसामर्थ्यादयादयो न भविष्यन्ति।**

અને આ (**ईदूदेत्** ० સૂત્રમાં 'દ્વિવચન' એ) પણ પ્રત્યયગ્રહણ છે અને આ સંજ્ઞાવિધિ જ છે.આ મત પ્રમાણે પણ આદ્યન્તવદ્ભાવ તો અવશ્ય સ્વીકારવો પડશે. તેથી એ મધ્યમ પક્ષ જ બરોબર છે.[37]

**अदस्** શબ્દના **म्** ની પછી આવતા **ई** અને **ऊ** ની પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવે છે ॥ ૧। ૧।૧ ૨ ॥

(**अदस्** ના) **म्** ની પછી (આવતા **ई** વર્ણ અને **ऊ** વર્ણ) છે[38] તેની પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવે તો તે **ई** અને **ऊ** (ત્રૈપાદિક હોવાથી) અસિદ્ધ છે તેથી **अय्** અને **आव्** આદેશ તેમ જ પૂર્વરૂપ એકાદેશનો પ્રતિષેધ કરવો જોઇએ ॥૧॥

**अदस्** ના **म्** ની પછી આવતા **ई** અને **ऊ** વર્ણની પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવે તો તે **ई** અને **ऊ** (નું વિધાન ત્રિપાદીમાં કરવામાં આવેલું હોવાથી) અસિદ્ધ છે તેથી **अय्** અને **आव्** આદેશ તેમ જ પૂર્વરૂપ એકાદેશથવાનો પ્રસંગ આવે છે તેનો પ્રતિષેધ કરવો જોઇએ.(જેમ કે) **अमी अत्र। अमी आसते। अमू अत्र। अमू आसाते।** પ્રગૃહ્ય સંજ્ઞા કરવાને પ્રતાપે જ (**अमी अत्र** વગેરેમાં) **अय्** વગેરે નહીં થાય' એમ અમારૂં કહેવું છે.[39]

---

[37] બીજા વિકલ્પમાં **आद्यन्तवद्** ભાવનો આશ્રય લેવો પડ્યો તે ન લેવો પડે માટે આ તૃતીય પક્ષનો આધાર લીધો, પરંતુ જેની બ્હીકે આ મત સ્વીકાર્યો તે **आद्यन्तवद्** ભાવનો આ પક્ષમાં પણ આશ્રય લેવો જ પડે છે, કારણ કે **अग्नी इति** , વગેરેમાં જે અંત્ય દીર્ઘ **ई**-કાર છે તે પોતે જ દ્વિવચન છે, પરંતુ તે **ई**- કારાન્ત નથી અને તેને સંજ્ઞા લાગુ પડે તે માટે **आद्यन्तवद्** ભાવ અર્થાત્ વ્યપદેશિવદ્ ભાવનો આશ્રય લેવો જ પડશે. તેથી દ્વિતીય પક્ષ સ્વીકારવો સારો.

[38] પ્ર.દ્વિ.વ.નો પ્રત્યય પર થતાં **अदस्** શબ્દ(પું)ના **स्** નો **त्यदादीनामः।** થી **अ** થતાં **अदस् औ-अद अ औ-अतो गुणे।-अद औ-वृद्धिरेचि। -अदौ-अदसोऽसेर्दादुदो मः।** પ્રમાણે **औ** નો દીર્ઘ **ऊ**-કાર અને **द्** નો **म्** થઇને **अमू** સિદ્ધ થાય છે.આમ પ્રકૃત સૂત્રમાં **मात्** એમ કહ્યું છે તેથી સમજાય છે કે **अदस्** માં **अदसोऽसेः०** પ્રમાણે થતા **म**-કારની પછી **ईत्** (જેમ કે **अमी** ) કે **ऊत्** (જેમ કે **अमू** ) આવે તો તેની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે. **अमी--अदस् जस्-त्यदादी०** થી **अ**- ગુણએકાદેશ-- **अद जस्--जसः शी।--अद ई--अदे-- अदसोऽसेः०** થી **द्** નો **म्--अमे--एत ईब्दहुवचने।** થી **ए** નો **ई** થઇને **अमी** થશે. અહીં **अदसोऽसेः०** અને **एत ईद्०** એ બન્ને સૂત્રો અસિદ્ધ કાંડમાંનાં છે તેથી **ई**-કાર, **ऊ**-કાર અને **म**-કાર એ ત્રણે અસિદ્ધ થશે, પરિણામે અહીં સ્થાનીને અનુલક્ષીને કાર્ય થશે, આદેશને અનુલક્ષીને નહીં થાય તેથી **अमी अत्र।** અને **अमू अत्र।** જેવાં સ્થળે **अमी** એ **अदे** અને **अमू** એ **अदौ** છે એમ સમજાશે અને તેથી **अमी आसते** અને **अमू आसाते** વગેરેમાં **एचोऽयवायावः।** થી **अय्, आव्** વગેરે થવાનો અને **अमी अत्र** અને **अमू अत्र** માં **एङः पदान्तादति।** થી પૂર્વરૂપ એકાદેશ થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે.

[39] જો ઉપર કહ્યું તેમ **ई** , **ऊ** અને **म्** અસિદ્ધ થતા હોય તો પ્રગૃહ્ય સંજ્ઞા કરનાર **अदसो मात्।** વ્યર્થ થાત. આથી **अय्** વગેરે આદેશની દૃષ્ટિએ **ई** વગેરે સિદ્ધ થશે તેથી **अय्** વગેરે ન થતાં પ્રગૃહ્ય સંજ્ઞા થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वचनार्थो हि सिद्धे ॥२॥

नेदं वचनाल्लभ्यम्। अस्ति ह्यन्यदेतस्य वचने प्रयोजनम्। किम्। यत्सिद्धे प्रगृह्यसंज्ञाकार्यं तदर्थमेतत्स्यात्। अणोऽप्रगृह्यस्यानुनासिकः इति। नैकं प्रयोजनं योगारम्भं प्रयोजयति। यद्येतावत्प्रयोजनं स्यात्तत्रैवायं ब्रूयादणोऽप्रगृह्यस्यानुनासिकोऽदसोनेति ॥

विप्रतिषेधाद्वा ॥३॥

(આ સૂત્રમાં) કહેલી (સંજ્ઞા) જ્યારે (ई અને ऊ) સિદ્ધ હોય ત્યારે સાર્થક[40] છે. ॥૨॥

(માત્ર પ્રગૃહ્યસંજ્ઞા) કહેવાથી આ (अय् અને आव् નો પ્રતિષેધ) પ્રાપ્ત થતો નથી, કારણ કે એ (સંજ્ઞા)કરવાનું બીજું પ્રયોજન છે. શું (પ્રયોજન છે)? એ કે જ્યાં ई, ऊ અને अय् સિદ્ધ હોય ત્યાં પ્રગૃહ્ય સંજ્ઞાને લગતું કાર્ય કરવાનું હોય તે થઇ શકે, [41] (જેમ કે) अणोऽप्रगृह्यस्यानुनासिकः। માત્ર એક જ પ્રયોજનને કારણે (સૂત્રકાર) સૂત્રનો આરંભ કરતા નથી. જો માત્ર એટલું જ પ્રયોજન હોત તો પછી ત્યાં જ એ (સૂત્રકાર) કહેત કે अणोऽप्रगृह्यस्यानुनासिकः अदसः न।[42]

અથવા વિપ્રતિષેધ વ્દારા (પ્રગૃહ્યસંજ્ઞા अय्, आव् નો બાધ કરશે) ॥૩॥

---

[40] વા.(૨)માં वचनार्थः એમ છે,અર્થાત્ (સૂત્રવ્દારા કહેવાનું) પ્રયોજન છે.(वचनस्य प्रयोजनम्। પ્ર.). સિદ્ધકાંડમાં જે દીર્ઘ ई વગેરે થતાં હોય તેને માટે સંજ્ઞા (वचन) કરવામાં આવી છે, એટલે કે સંજ્ઞાવચન નું અન્ય પ્રયોજન છે. આ દલીલ કાર્યકાલ પક્ષની દૃષ્ટિએ કરી છે. પૂર્વ સૂત્રમાં ભાષ્યકારે યથોદ્દેશ પક્ષ સ્વીકાર્યો છે. તે સૂત્ર જ્યાં વ્દિવચન ન હોય ત્યાં લાગુ નથી પડતું, જ્યારે આ (अदसो मात्।) સૂત્ર જ્યાં વ્દિવચન ન હોય ત્યાં પણ લાગુ પડે છે.

[41] આઠમા અધ્યાયના ચોથા પાદમાંના अणोऽप्रगृह्यस्यानुनासिकः।(૮-૪-૫૭) એ સૂત્રની દૃષ્ટિએ अदसोऽसेर्दा० અને एत ईद् बहुवचने। (૮-૨-૮૦--૮૧) એ બે સૂત્રો અસિદ્ધ નથી, કારણ કે તેઆઠમાના બીજા પાદમાં છે. તેથી मात અર્થાત્ अदस् ના म-કાર પછી આવતાં ईत् અને ऊत् એ अणोऽप्रगृह्य० ની દૃષ્ટિએ અસિદ્ધ ન હોવાથી વિકલ્પે અનુનાસિક થવાનો પ્રસંગ આવશે, કારણ કે अमू નું मूत्व, ईदुदेद्० વગેરે પ્રગૃહ્ય સંજ્ઞા સૂત્રની દૃષ્ટિએ અસિદ્ધ છે. તેથી अमू ને પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય. આમ અનુનાસિક થતો નિવારવા માટે સૂત્રકારે अदसो मात्। એ સૂત્ર વ્દારા अमू અને अमी ની પ્રગૃહ્ય સંજ્ઞા કરી છે, એમ અહીં ભાવ છે.

[42] मुद्रादण्। જેવાં સૂત્રો એક જ કાર્ય માટે રચવામાં આવે છે, પરંતુ સંજ્ઞા સૂત્રોની બાબતમાં તેમ નથી, કારણ કે સંજ્ઞા સૂત્ર વ્દારા અનેક કાર્યો સિદ્ધ થઇ શકે તે માટે જ તેમને રચવામાં આવે છે. તેથી अदसो मात्। એ સંજ્ઞા સૂત્ર રચવાની પાછળ સૂત્રકારનો આશય માત્ર અનુનાસિક થતો અટકાવવાનો છે તેમ કહેવું ઉચિત નથી.કારણ કે જો તેટલું જ પ્રયોજન હોત તો अणोऽप्रगृह्यस्यानुनासिकः अदसो न। એમ કહેત તેથી એક જ પ્રયોજન માટે એક સ્વતંત્ર સૂત્ર કરવાની જરૂર ન પડત અને ईत्, ऊत् તેમ જ मात् નું ગ્રહણ ન કરવું પડત તેથી લાઘવ થાત. વળી अ પૂર્વ ण-કાર સાથે લેવાનો છે તેથી असौ માં અનુનાસિક થવાનો પ્રસંગ નહીં આવે.અને અંતે (अवसाने) અનુનાસિક થાય છે તેથી अमुके, अमुकाभ्याम् વગેરેમાં અનુનાસિકનો પ્રસંગ જ નથી.પરંતુ અનુનાસિક થતો નિવારવા રૂપી એક જ કાર્ય માટે પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવી નથી. પ્રગૃહ્યને લગતાં, પ્રકૃતિભાવ, અનુનાસિક પ્રતિષેધ વગેરે અનેક કાર્ય થઇ શકે તે માટે સૂત્રકારે લાઘવના ભોગે આ સંજ્ઞા સૂત્ર રચવાનો ગૌરવપૂર્ણ પ્રયાસ કર્યો છે, તેથી કાર્યકાલ પક્ષમાં પણ પ્રગૃહ્ય સંજ્ઞા અસિદ્ધત્વનો બાધ કરશે. પરિણામે अमू, अमी વગેરેમાં અનુનાસિક થવાનો પ્રસંગ નહીં આવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवा प्रगृह्यसंज्ञा क्रियतामयादयो वा प्रगृह्यसंज्ञा भविष्यति विप्रतिषेधेन। नैष युक्तो विप्रतिषेधः। विप्रतिषेधे परमित्युच्यते पूर्वा च प्रगृह्यसंज्ञा परेऽयादयः। परा प्रगृह्यसंज्ञा करिष्यते। सूत्रविपर्यासः कृतो भवति। एवं तर्हि परैव प्रगृह्यसंज्ञा। कथम्। कार्यकालं संज्ञापरिभाषम्। यत्र कार्यं तत्रोपस्थितं द्रष्टव्यम्। प्रगृह्यः प्रकृत्येत्युपस्थितमिदं भवति अदसो मादिति॥ एवमप्य-युक्तो विप्रतिषेधः। कथम्। द्विकार्ययोगो हि विप्रतिषेधो न चात्रैको द्विकार्ययुक्तः। एचामयादयः। ईदूतोः प्रगृह्यसंज्ञा। नावश्यं द्विकार्ययोग एव विप्रतिषेधः। किं तर्हि। असंभवोऽपि। स चास्त्यत्रासंभवः। कोऽसंभवः।

અથવા પ્રગૃહ્ય સંજ્ઞા કરવી કે[43] अय् વગેરે કરવા એ (સ્થિતિ ઉભી થતાં) પરસ્પર વિરોધ થાય છે તેથી (अय् વગેરેનો બાધ કરીને પર હોવાથી) પ્રગૃહ્ય સંજ્ઞા થશે. વિપ્રતિષેધ દ્વારા બાધ કરવો યોગ્ય નથી, કારણ કે विप्रतिषेधे परम्। (અર્થાત્ પરસ્પર વિરોધ હોય ત્યારે જે પાછળનો હોય તે વિધિ થાય છે), જ્યારે અહીં તો પ્રગૃહ્ય સંજ્ઞા પૂર્વ છે અને अय् વગેરે પર છે.[44] પ્રગૃહ્યસંજ્ઞાને પર બનાવવામાં આવશે. તે તો સૂત્રના પાઠક્રમમાં ફેર ફાર કરવા બરોબર છે. એમ ન કરવા છતાં પ્રગૃહ્ય સંજ્ઞા જ પર છે.[45] એ કેવી રીતે ?[46] સંજ્ઞા અને પરિભાષા કાર્યકાલ છે અર્થાત્ જ્યાં કાર્ય હોય ત્યાં તે ઉપસ્થિત થાય છે તેમ જાણવું. (તેથી प्लुतप्रगृह्या अचि ।६।१।१२५॥ એ પર સૂત્ર પ્રમાણે) પ્રગૃહ્યના પ્રકૃતિભાવ (કરવાનો હોય ત્યારે) अदसो मात् । એ પૂર્વ સૂત્ર ઉપસ્થિત થાય છે. એમ છતાં વિપ્રતિષેધ (નો આશ્રય લેવો) યોગ્ય નથી. કેમ (યોગ્ય નથી) ? કારણ કે વિપ્રતિષેધ તો જ્યાં એક ને અનુલક્ષી ને બે કાર્ય કરવામાં આવે ત્યાં થાય છે, જ્યારે અહીં (अमी अत्र વગેરેમાં) તો એકને અનુલક્ષીને બે કાર્ય થતાં જ નથી, (કારણ કે) अय् વગેરે ए , ओ વગેરેના થાય છે ,પ્રગૃહ્યસંજ્ઞા ईत् અને ऊत् ની થાય છે.એકને અનુલક્ષીને બે કાર્ય કરવાના હોય ત્યાં જ વિપ્રતિષેધ થાય છે એમ નથી. તો પછી શું છે ? (જ્યાં એકને અનુલક્ષીને બે કાર્ય થવાં) અસંભવિત (હોય તે) પણ( વિપ્રતિષેધ છે). અને આ (ઉદાહરણો) માં (બે કાર્યો એકી સાથે થવાં) સંભવિત નથી.અહીં (બે કાર્યો) કેવી રીતે અસંભવિત છે ?

---

[43] વા.(૩) માંનો वा શબ્દ આ રીતે વિકલ્પ સૂચવે છેઃ ‘अय् , अव् અને એકાદેશનો પ્રતિષેધ થાય છે’ તેમ કહેવું કે ‘ વિપ્રતિષેધ દ્વારા પ્રગૃહ્ય સંજ્ઞા થશે’ એમ કહેવું જોઇએ? કારણ કે જો मुत्व અસિદ્ધ હોય તો अमी आसते। માં अय् , अमू आसाते। માં પુંલ્લિંગમાં आव् થવાનો અને अमी अत्र। માં પૂર્વરૂપ એકાદેશ થવાનો પ્રસંગ આવશે. જુઓ નોંધ(૩૮).

[44] પ્રગૃહ્ય સંજ્ઞા अय् , अव् અને એકાદેશનો બાધ કરશે એમ કહ્યું, પરંતુ સૂત્રકારે विप्रतिषेधे परं (कार्यम्)। એમ કહ્યું છે. હવે અહીં एचोऽयवायावः। (૬-૧-૭૮) થી થતા अय् વગેરે પર છે અને પ્રગૃહ્ય સંજ્ઞા પૂર્વ છે. પછી પ્રગૃહ્યસંજ્ઞા કેવી રીતે થશે ? એમ અહીં શંકા છે.

[45] સૂત્રપાઠમાં ક્રમભેદ ન કરવામાં આવે તો પણ પ્રગૃહ્યસંજ્ઞા પર જ થશે, કારણ કે કાર્યકાલપક્ષમાં પૂર્વપાઠમાં વાક્યાર્થ બોધ થતો નથી. જુઓ (નીચેનોંધ ૪૬)

[46] સૂત્રપાઠને કારણે પ્રગૃહ્ય સંજ્ઞાનું પૂર્વત્વ તો રહે છે જ પછી તે કેવી રીતે પર થઇ શકે ? એમ શંકાકાર પૂછવા માગે છે. પરંતુ કાર્યકાલપક્ષ પ્રમાણે જે જે સૂત્રમાં સંજ્ઞાનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તે તે પ્રદેશ સૂત્રમાં સંજ્ઞા શાસ્ત્ર ઉપસ્થિત થાય છે અને ત્યાં જ તેનો અર્થબોધ થાય છે. ત્યાર પછી વિરોધ ઊભો થાય છે. તેથી કયું કાર્ય પ્રથમ કરવું તે પ્રશ્ન ઉદ્‌ભવે છે. દા.ત. प्लुतप्रगृह्याः० એપ્રદેશસૂત્રમાં अदसो मात्। એ સંજ્ઞા સૂત્ર ઉપસ્થિત થયા પછી સૂત્રના અર્થનો બોધ થાય છે, તે પછી પ્રશ્ન થાય છે કે અહીં પ્રગૃહ્ય સંજ્ઞા થશે કે अय् વગેરે થશે. હવે एचोऽय ० સૂત્રની દૃષ્ટિએ अदसो मात्। સૂત્રપાઠ પ્રમાણે પૂર્વ સૂત્ર છે છતાં કાર્યકાલ પક્ષમાં સંજ્ઞાસૂત્ર પ્રદેશસૂત્રોમાં ઉપસ્થિત થાય છે તેથી प्लुतप्रगृह्या० એ પ્રદેશ સૂત્ર પર હોવાથી ત્યાં ઉપસ્થિત થતું સંજ્ઞા સૂત્ર પણ પર થશે, પરિણામે પાઠક્રમ પ્રમાણે પર ન હોવા છતાં अदसो मात्। એ સંજ્ઞા સૂત્ર પર ગણાશે અને विप्रतिषेधे परं कार्यम्। પ્રમાણે પ્રગૃહ્ય સંજ્ઞા જ થશે, अय् વગેરે નહીં થાય.તેથી अमी अत्र। अमू अत्र। જેવામાં अय् વગેરેનો વિપ્રતિષેધ ન્યાય દ્વારા બાધ થશે અને પ્રગૃહ્ય સંજ્ઞા થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**प्रगृह्यसंज्ञाभिनिर्वर्तमानायादीन्बाधते। अयादयोऽभिनिर्वर्तमानाः प्रगृह्यसंज्ञानिमित्तं विघ्नन्तीत्येषोऽसंभवः। सत्यसंभवे युक्तो विप्रतिषेधः॥ एवमप्ययुक्तो विप्रतिषेधः। सतोर्हि विप्रतिषेधो भवति न चात्रेत्त्वोत्त्वे स्तो नापि मकारः। उभयमसिद्धम्।**

**आश्रयात्सिद्धत्वं च यथा रोरुत्वे ॥४॥**

**आश्रयात्सिद्धत्वं भविष्यति तद्यथा रुरुत्वे आश्रयात्सिद्धो भवति। किं कारणं रुरुत्वे आश्रयात्सिद्धो भवति न पुनर्यत्रैव रुः सिद्धस्तत्रैवोत्त्वमप्युच्यते। नैवं शक्यम्।**

પ્રગૃહ્યસંજ્ઞા થાય તો તે **अय्** વગેરે જે પ્રાપ્ત થાય છે તેનો બાધ થાય છે [47] પરંતુ જો **अय्** વગેરે કરવામાં આવે તો તે પ્રગૃહ્ય સંજ્ઞાના નિમિત્ત (**ईत्व** અને **ऊत्व** ) નો નાશ કરે છે. એ (અહી) અસંભવ અને જો અસંભવ હોય તો વિપ્રતિષેધ થાય તે ઉચિત છે. એ રીતે પણ વિરોધ ઉદ્દભવે તે બરોબર નથી, કારણ કે જે બે કાર્ય એક સાથે અસ્તિત્વમાં હોય તેનો વિરોધ થાય છે, જ્યારે અહીં (**अमी अमू** માં તો પ્રગૃહ્ય સંજ્ઞા રૂપી કાર્યના નિમિત્તભૂત) દીર્ધ **ई** કે દીર્ધ **ऊ** અસ્તિત્વ નથી ધરાવતા, તે જ રીતે **म्** નું પણ અસ્તિત્વ નથી , કારણ કે તે બન્ને અસિદ્ધ છે. [48]

જેમ **रु** નું ઉત્વ કરવાનું હોય ત્યાં સિદ્ધ છે તેમ (પ્રગૃહ્યસંજ્ઞાના) આશ્રય હોવાથી ( **ई** , **ऊ** , **म्** ) સિદ્ધ થશે ॥૪॥

(**अतो रोरप्लुतादप्लुते।** પ્રમાણે ) જ્યારે **रु** નું **उत्व** (અર્થાત્ **र्** નો **उ** ) થાય છે ત્યાં એ **उत्व** નો આશ્રય **रु** છે (એટલે કે **उ** થાય તે માટે **रु** હોવો જરૂરી છે) તેથી **उ** ની દૃષ્ટિએ **रु** સિદ્ધ થાય છે, તેમ (પ્રગૃહ્યસંજ્ઞાના) આશ્રય હોવાથી **ई** , **ऊ** વગેરે (પણ પ્રગૃહ્ય સંજ્ઞાની દૃષ્ટિએ) સિદ્ધ થશે.**उ** ત્વનો આશ્રય હોવાથી **रु** સિદ્ધ થાય છે [49] પરંતુ જ્યાં **रु** સિદ્ધ હોય ત્યાં જ **अतो रोरप्लुतादप्लुते।** પ્રમાણે) रु નો उ થાય છે એમ ન કહ્યું તેનું શું કારણ ? [50] એમ કરવું શક્ય નથી

---

[47] કારણ કે **प्लुतप्रगृ०** પ્રમાણે પ્રકૃતિભાવ થાય તો **अय्** વગેરે નહીં થાય. આમ પ્રકૃતિભાવ **अय्** વગેરેનો બાધ કરે છે.અને **अय्** વગરે થાય તો **ईत्व** , **ऊत्व** ન રહેતાં પ્રગૃહ્યસંજ્ઞા નહીં થાય, કારણ કે તે જ પ્રગૃહ્યસૃજ્ઞાનાં નિમિત્ત છે. આમ અહીં દ્વિકાર્યયોગ ન હોવા છતાં વિપ્રતિષેધ થશે. બે કાર્ય લાગુ પડે તો જ વિપ્રતિષેધ થાય તેમ નથી. **अदघात्** માં **घा** ને **अद्** અને દ્વિર્ભાવ બન્ને લાગુ પડે છે પણ વિપ્રતિષેધ થતો નથી અને **त्रपूणाम्** માં દ્વિકાર્યયોગ નથી છતાં **नुम्** , **नुट्** પરસ્પર નિમિત્તનો નાશ કરે છે.

[48] જે સૂત્રો (**अदसोऽसेर्दा०** અને **एत ईद्बहुवचने।**) પ્રમાણે **ऊ** , **ई** અને **म्** થાય છે તે બન્ને અસિદ્ધ કાંડમાં આવેલાં છે તેથી તે કાર્યો અસિદ્ધ છે,પરિણામે પ્રગૃહ્ય સંજ્ઞાનાં નિમિત્તભૂત **मूत्व** વગેરેનો પણ **अयादि** ની સાથે વિપ્રતિષેધ અયોગ્ય છે.

[49] **वृक्षस् अत्र।** જેવામાં **ससजुषो रुः।** (૮-૨-૬૬) પ્રમાણે **रुत्व** થયા પછી **अतो रोरप्लुतादप्लुते।**(૬-૧-૧૧૩) પ્રમાણે **रु** નો **उ** થઇને **आद्गुणः।** (૬-૧-૮૭) થી ગુણ **ओ** થયા પછી **एङःपदा०** પ્રમાણે **ओ** એકાદેશ થઇને **वृक्षोऽत्र** થાય છે. અહી અંત્ય **स्** નો **रु** થાય છે તે ત્રિપાદીમાંના સૂત્રથી થયો હોવાથી અસિદ્ધ છે, પરિણામે સિદ્ધકાંડમાંના સૂત્રથી ગુણ એકાદેશ કેવી રીતે થશે એમ શંકા થઇ શકે.પરંતુ જે સૂત્રથી **रु** નો **उ** આદેશ થાય છે તે સિદ્ધકાંડમાંનું છે અને **रुत्व** જ **उ** આદેશનો આશ્રય છે, એટલે કે કાર્યી છે, તેના ઉપર જ **उत्व** રૂપી કાર્ય થવાનું છે, તેથી અસિદ્ધકાંડમાં આવેલા સૂત્રથી થતું હોવા છતાં **रुत्व**, **उ** આદેશની દૃષ્ટિએ સિદ્ધ ગણાશે, પરિણામે સિદ્ધકાંડમાંના **आद्गुणः।** થી **ओ** આદેશ થવા વિશે શંકા રહેતી નથી.

[50] ઉપર **रुत्व** એ **उत्व** નો આશ્રય છે, કાર્યી છે, તેથી ત્રિપાદીમાં તેનું વિધાન કરવામાં આવ્યું છે તો પણ તે સિદ્ધ છે, એમ દલીલ કરી છે. અહીં કહે છે કે **रोःसुपि।** (૮-૩-૬) એ પર સૂત્ર હોવાથી ત્યાં **रु** સિદ્ધ છે. તેથી તે સૂત્રમાં જ '**अत उरति।**' એમ કહેવામાં આવ્યું હોય તો 'આશ્રય હોવાથી **रु** સિદ્ધ થશે' એમ દલીલ ન કંરવી પડે. વળી આ રીતે પાઠક્રમમાં **रु** અસિદ્ધ નથી અને **उत्व** કરવાનું હોય ત્યાં અર્થાત્ **रोः सुपि अत उरति।** એ પ્રમાણે કરવામાં આવેલ સૂત્રમાં પ્લુત સિદ્ધ છે, તેથી **अप्लुतादप्लुते** એમ પણ નહીં કહેવું પડે તેથી લાઘવ સિદ્ધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

असिद्धे ह्युत्त्व आद्गुणाप्रसिद्धिः ॥५॥

असिद्धे ह्युत्त्व आद्गुणस्याप्रसिद्धिः स्यात्। वृक्षोऽत्र। प्लक्षोऽत्र। तस्मात्तत्राश्रयात्सिद्धत्वमेषितव्यम्। तत्र यथाश्रयात्सिद्धत्वं भवत्येवमिहापि भविष्यति॥ अथवा प्रगृह्यसंज्ञावचनसामर्थ्यादयादयो न भविष्यन्ति॥ अथवा योगविभागः करिष्यते। अदसः। अदस ईदादयः प्रगृह्यसंज्ञा भवन्ति। ततो मात्। माच्च पर ईदादयः प्रगृह्यसंज्ञा भवन्ति। अदस इत्येव। किमर्थो योगविभागः। एको यत्तत्सिद्धे प्रगृह्यकार्यं तदर्थम्।

જો रुत्व અસિદ્ધ હોય તો (रु નો) उ થયા પછી आद् गुणः। (પ્રમાણે થતો) ગુણ સિદ્ધ નહીં થઇ શકે ॥૫॥

જો रुत्व અસિદ્ધ હોય તો वृक्षोऽत्र, प्लक्षोऽत्र જેવામાં[51] आद् गुणः। (પ્રમાણે) ગુણ નહીં સિદ્ધ થાય. તેથી ત્યાં उत्व નો આશ્રય હોવાને કારણે रु સિદ્ધ થાય તે ઇચ્છવા યોગ્ય છે. ત્યાં જેમ આશ્રય હોવાને કારણે સિદ્ધ થાય છે તેમ અહીં પણ (ई વગેરે પ્રગૃહ્યના આશ્રય હોવાથી) સિદ્ધ થશે.અથવા[52] (આ સૂત્ર પ્રમાણે જે ) પ્રગૃહ્ય સંજ્ઞા (કરી છે તે)ના પ્રતાપે अय् વગેરે નહીં થાય.અથવા યોગવિભાગ કરવામાં આવશે.[53] (પ્રથમ) अदसः અર્થાત્ अदस् ના ई વગેરેની પ્રગૃહ્યસંજ્ઞા થાય છે, પછી (બીજું સૂત્ર) मात्। (થશે) એટલે કે म् પછી આવતા ई વગેરેની પ્રગૃહ્યસંજ્ઞા થાય છે. (અહીં પણ) अदस् (ની અનુવૃત્તિ થાય) છે. યોગવિભાગ કરવાનું શું પ્રયોજન ? જે કાર્યની દૃષ્ટિએ ई વગેરે સિદ્ધ હોય તે કાર્યને અનુલક્ષીને એક [54] ભાગ (मात्) માં પ્રગૃહ્યસંજ્ઞા કરવામાં આવી છે,

---

[51] અસિદ્ધ કાંડમાં रोः सुपि। સૂત્ર સાથે જ अत उरति। એમ કહ્યું હોય તો, उत्वનું વિધાન પણ અસિદ્ધકાંડમાં જ થવાથી वृक्षस् अत्र--वृक्ष रु अत्र--वृक्ष उ अत्र--आद्गुणः। (૬-૧-૮૭) થી ગુણ એકાદેશ થઇને वृक्षो अत्र એમ નહીં થઇ શકે પરિણામે एङः पदान्त० પ્રમાણે પૂર્વરૂપ એકાદેશ થઇને वृक्षोऽत्र પણ સિદ્ધ નહીં થઇ શકે. તેથી रु એ उत्व નો આશ્રય છે તે કારણે સિદ્ધ છે તેમ કહેવું જ ઇષ્ટ છે. તે જ પ્રમાણે અહીં અર્થાત્ अदसो मात्। સૂત્રમાં ईत्व અને उत्व પણ પ્રગૃહ્ય સંજ્ઞામાં આશ્રય છે, કાર્યી છે -તેમની જ પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે તેથી સિદ્ધ છે તેમ સમજાશે. એમ અહીં દલીલ છે.

[52] નિ.સા.(પૃ. ૨૪૩-૨૪૪) ઉપર [वचनसामर्थ्याद्वा। ] [ योगविभागाद्वा।] અને [मार्थादीदाद्यर्थानां वा।] એ ત્રણ વાર્તિકો કૌંસમાં આપી છે, કારણ કે ભાષ્યની પ્રતોમાં તે મળી આવતી નથી પરંતુ ઉદ્યોત અને છાયા ઉપરથી લાગે છે કે આ વાર્તિકો હોવી જોઇએ તેથી સંપાદકે તે મૂકીને આ પ્રમાણે પા.ટી.માં નોંધ્યું છેઃ इतो वार्तिक -त्रयं क्वापि भाष्यपुस्तकेषु नोपलभ्यते तथापि उद्योतछायानुरोधेनास्माभिः कोष्ठकमध्ये दर्शितम्। તેના ઉપર રઘુનાથ શાસ્ત્રી નોંધે છેઃ वस्तुतस्तु एतद्वाक्यत्रयस्य वार्तिकत्वाभावोऽग्रे अन्ये तु इत्यादिना उद्योकृता एव दर्शितः। સરખાવો :अन्ये तु वचनसामर्थ्यात्। इत्यादि भाष्ये भाष्यकृत एवोक्तिः। अत एव साम्प्रतपुस्तकेषु वार्तिकापाठ इत्याहुः। (ઉ.પૃ.૨૪૪) આ ઉપરથી સમજાય છે કે આત્રણ વાક્યો ભાષ્યકારનાં છે કે વાર્તિકકારનાં તે વિશે મત ભેદ જરૂર હશે.નાગેશે साम्प्रतपुस्तकेषु કહ્યું છે તે આ વાતને સ્પષ્ટ કરે છે. જો કે એ વિધાન નાગેશનું હશે કે કેમ તે શંકાસ્પદ છે. યુ.મી.(પૃ.૩૭૮, ૩૮૦) માં નાગેશ ભટ્ટે એ સ્વીકારી છે એમ નોંધીને એ વાર્તિકો આપી છે.[સર.ચૌખં. પૃ. ૨૬૭ --૨૬૯ અને પા.ટી. (૫)]

[53] अदसः એ પંચમી વિભક્તિ ન લેતાં ષષ્ઠી લેવી ઉચિત છે, કારણ કે જો अदसो मात्। એ સૂત્રનો યોગ વિભાગ કરવામાં આવે તો अदसः એ પંચમી હોય તો પાછળના સૂત્ર मात् માં તે मात् નું વિશેષણ નહીં થઇ શકે. )

[54] અહીં एकः એ શબ્દ દ્વારા ક્રમ બદલીને યોગવિભાગથી થતા બીજા સૂત્ર मात् નો ઉલ્લેખ કર્યો છે. अणोऽप्रगृह्यस्य० પ્રમાણે અનુનાસિક થવા રૂપી જે કાર્ય કરવાનું છે તેની દૃષ્ટિએ ई , ऊ અને म् સિદ્ધ છે.તેથી પ્રગૃહ્ય સંજ્ઞા થશે. તેથી પ્રગૃહ્ય अण् નો અનુનાસિક નહીં થાય, પરંતુ प्लुतप्रगृह्याः० પ્રમાણે થતા પ્રકૃતિભાવ રૂપ કાર્યની દૃષ્ટિએ ई , ऊ અને म् અસિદ્ધ છે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अपरोऽसिद्धे। इहापि तर्हि प्राप्नोति। अमुया अमुयोरिति। किं स्याद्यदि प्रगृह्यसंज्ञा स्यात्। प्रकृतिभावः प्रसज्येत। नैष दोषः। पदान्तप्रकरणे प्रकृतिभावो न चैष पदान्तः। एवमप्यमुकेऽत्र अत्रापि प्राप्नोति। द्विवचनमिति वर्तते। यदि द्विवचनमिति वर्तते अमी अत्रेति न प्राप्नोति। एवं तर्ह्येदन्तमिति निवृत्तम्। अथवाहायमदसो मादिति।

(જ્યારે જે કાર્યની દૃષ્ટિએ ई વગેરે) અસિદ્ધ હોય તે (વા કાર્ય અનુલક્ષી)ને (अदसः।એ) બીજા ભાગમાં પ્રગૃહ્યસંજ્ઞા (કરવામાં આવી છે) તો પછી આ[55] अमुया, अमुयोः માં પણ (પ્રગૃહ્યસંજ્ઞા) થવાનો પ્રસંગ આવશે. જો (ત્યાં પણ)પ્રગૃહ્ય સંજ્ઞા થાય તો શું થશે? તો પ્રગૃહ્યને આધારે થતો પ્રકૃતિભાવ થવાનો પ્રસંગ આવશે. એમાં કોઇ વાંધો નથી, કારણ કે પ્રકૃતિભાવ તો જ્યાં પદને અંતે આવેલા વર્ણને કાર્ય કરવાનું હોય તેના સંદર્ભમાં કહેલો છે. જ્યારે આ (अमुया વગેરેમાં ए-કાર) પદને અંતે આવેલો નથી.એમ હોય તો પણ अमुके अत्र [56], માં પણ ( अदसः। એ સૂત્રથી પ્રગૃહ્ય સંજ્ઞા) પ્રાપ્ત થશે.द्विवचनम् એ શબ્દની અનુવૃત્તિ થાય છે (તેથી સંજ્ઞા નહીં થાય).જો द्विवचनम् એ શબ્દની અનુવૃત્તિ થતી હોય તો अमी अत्र માં (પ્રગૃહ્યસંજ્ઞા) લાગુ નહીં પડે.[57] એમ હોય તો (સૂત્રમાંથી) एदन्त (અર્થાત् एत् જેને અંતે છે તે) શબ્દની નિવૃત્તિ થશે, (તેથી દોષ નહીં આવે).[58] અથવા આ (આચાર્ય પાણિનિએ) अदसो मात्। એમ કહ્યું છે,

---

કારણ કે પ્રકૃતિભાવ સિદ્ધકાંડ (૬-૧-૧૨૫) માં ઉપદેશવામાં આવ્યો છે, જ્યારે ई , ऊ તેમ જ म् અસિદ્ધ કાંડ (૮-૨-૮૦-૮૧) માં ઉપદેશવામાં આવ્યા છે.

[55] अमुया--अदस् (સ્ત્રી.) તૃ.એ.વ.ના टा પૂર્વે त्यदादीनां० થી अ--अतो गुणे।-टाप्--अदा હવે आङि चापः।થી ए થતાંअदे टा એ સ્થિતિમાં अदया થતાં अ નો उ અને द् નો म् થતાંअमुया રૂપ સિદ્ધ થશે.શંકાકારનું કહેવું એમ છે કે अदे आ એ સ્થિતિમાં अदसः। એ યોગવિભાગથી થએલા સૂત્રને કારણે अदे ની પ્રગૃહ્ય સંજ્ઞા થશે, પરિણામે अदे आ માં સંધિ ન થતાં प्लुतप्रगृह्या०પ્રમાણે પ્રકૃતિભાવ થવાનો પ્રસંગ આવશે.આ શંકાનું ખંડન કરતાં સિદ્ધાન્તીએ આગળ ઉપર કહ્યું છે કે अदे आ (અર્થાત્ अमुया) માં જે ए-કાર છે તે પદાન્તે નથી તેથી પ્રગૃહ્ય સંજ્ઞા થતી નથી. अमुयोः માં ઉપર પ્રમાણે अदा ओस् થતાં ए-કાર આદેશ થવાથી अदे ओस् થશે. અહીં પ્રગૃહ્ય થવાનો પ્રસંગ આવશે તેથી પ્રકૃતિભાવ થતાં સંધિ નહીં થાય એમ દલીલ છે. ઉત્તર ઉપર પ્રમાણે જ છે.

[56] अमुके अत्र। માં अदसः। એ વિભક્ત સૂત્રને કારણે પ્રગૃહ્ય સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે. વાસ્તવમાં પૂર્વ સૂત્રમાંથી द्विवचनम् ની અનુવૃત્તિ થાય છે તેથી બ.વ.માં પ્રગૃહ્ય સંજ્ઞા નહી થાય.

[57] જો अदसो मात्। માં ઉપરના સૂત્રમાંથી द्विवचनम् ની અનુવૃત્તિ કરવામાં આવે તો अमी अत्र। માં પ્રગૃહ્ય સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે अमी એ પ્રથમા બ,વ.નું રૂપ છે.પરંતુ પૂર્વસૂત્રમાં સૂત્રકારે ईत् અને ऊत् એ બેનું સ્વરિતોચ્ચારણ કર્યુ છે પણ एत् ને સ્વરિત નથી ઉચ્ચાર્યો, તેથી ईत् અને ऊत् ની ઉત્તર સૂત્ર अदसो मात्। માં અનુવૃત્તિ થશે પણ एत् ની અનુવૃત્તિ નહીં થાય અને તેની અને द्विवचनम् ની નિવૃત્તિ થવાથી દોષ નહીં આવે. વાસ્તવમાં એકદેશ(=માત્ર ईत् અને ऊत् ) ની અનુવૃત્તિ થાય એ સમજાય તેમ નથી. मात् નું ગ્રહણ કર્યુ છે તેથી ए-કારની અનુવૃત્તિ નહીં થાય, કારણ કે अदस् ના म-કાર પછી ए-કાર આવે તે સંભવિત નથી, નહીં તો અનુવૃત્તિ થાત.(શ.કૌ.પૃ.૧૨૯) તેથી કાશિકામાં કહ્યું છે: एकारस्य नास्त्युदाहरणम्। (ભા.૧,પૃ.૧૧૦).

[58] અહીં નિ.સા.માં मार्थादीदाद्यर्थानां वा। એ વાર્તિક કૌંસમાં આપેલી છે [જુઓ ઉપર નોધ(૫૨) ]. ઉદ્યોત ઉપરથી લાગે છે કે ના.આ વા.સ્વીકારે છે , કારણ કે अथवाऽऽहायम्- એ ભાષ્યની અવતારિકા લઇને તે કહે છેઃ भाष्ये मार्थादीदाद्यर्थानां वा इति वार्तिकं व्याचष्टे। (ઉ.પૃ.૨૪૪).આ વાર્તિકમાંના मार्थः ને मः अर्थः आदेशत्वेन प्रयोजनमस्य। જેને સ્થાને આદેશ તરીકે म् મૂકવાનો છે તે સ્થાની (છા.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न चेत्त्वोत्त्वे स्तो नापि मकारः। त एवं विज्ञास्यामः। मार्थादीदाद्यर्थानामिति ॥--

उक्तं वा ॥६॥

किमुक्तम्। अदस ईत्त्वोत्त्वे स्वरे बहिष्पदलक्षणे प्रगृह्यसंज्ञायां च सिद्धे वक्तव्ये इति॥

तत्र सकि दोषः ॥७॥

तत्र सककारे दोषो भवति। अमुकेऽत्र॥

न वा ग्रहणविशेषणत्वात् ॥८॥

न वैष दोषः। किं कारणम्। ग्रहणविशेषणात्। न माद्ग्रहणेनेदाद्यन्तं विशेष्यते। किं तर्हि।

(तेनी दृष्टिએ त्रिपादीमां कहेलां) ईत्व अने ऊत्व (असिद्ध छे अर्थात्) नथी, म-कार पण (ते ज कारणे)नथी.[59]

એમ હોય તો (સૂત્ર) અમે આ પ્રમાણે સમજીશું, म કાર (થઇ શકે તે) માટે જે વર્ણ (અર્થાત્ મ-કારનો સ્થાની) છે

તેની પછી ई વગેરે (થઇ શકે તે) માટે જે સ્થાની છે તેમની પ્રગૃહ્યસંજ્ઞા થાય છે).

અથવા કહ્યું છે ॥૬॥ [60]

શું કહ્યું છે ? अदस् નાં ईत्व અને ऊत्व (અર્થાત્ अदस् શબ્દમાં જે દીર્ઘ ई અને દીર્ઘ ऊ થાય છે તે) પાછળ આવતા[61] પદમાં રહેલા સ્વરની દૃષ્ટિએ, તેમ જ પ્રગૃહ્યસંજ્ઞાની દૃષ્ટિએ, સિદ્ધ છે એમ કહ્યું છે.

ત્યાં क-કાર સહિતના (अदस्) માં દોષ (આવશે) ॥૭॥

(એ રીતે પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવે તો) अमुकेऽत्र ( જેવામાં) જ્યાં क-કાર સહિત (નો अदस् આવે) છે ત્યાં દોષ આવશે, [62](કારણ કે अमुके ની પ્રગૃહ્યસંજ્ઞા થવાનો પ્રસંગ આવશે).

અથવા (સૂત્રમાં જેનું) ગ્રહણ કરવામાં આવ્યું છે તે मात् પદ (અર્થાધિકાર વ્દારા પૂર્વસૂત્રમાંથી અનુવૃત્ત થતા) ईदाद्यन्त નું વિશેષણ છે તેથી (દોષ) નહીંઆવે ॥૮॥

અથવા તો દોષ નહીં આવે.[63] શા કારણે (નહીં આવે) ? એટલા માટે કે (સૂત્રમાં) જેનું ગ્રહણ કરવામાં આવ્યું છે તે (मात्) [64] પદ (પૂર્વ સૂત્રમાંથી અનુવૃત્ત થતા) ईदाद्यन्त (અર્થાત્ ईत् વગેરે જેના અન્તે છે તે) નું વિશેષણ નથી.તો પછી કોનું (વિશેષણ) છે ?

---

[59] ईत् અને ऊत् નું અસિદ્ધકાંડમાંનાં સૂત્રોથી વિધાન કરવામાં આવ્યું છે તેથી તે બે નથી (नस्तः) એમ કહ્યું છે, તે રીતે म् નું વિધાન પણ અસિદ્ધ કાંડમાંના સૂત્રથી થયું છે માટે કહ્યું છે કે म-કાર પણ નથી (नापि मकारः). જુઓ ઉપર નોંધ (૫૪)

[60] स्वरितो वाऽनुदात्ते पदादौ। એ સૂત્ર ઉપર વાર્તિકકારે કહ્યું છે (છા.)

[61] મૂળમાં बहिष्पदलक्षणे =બીજા અર્થાત્ બહારના પદમાં રહેલા (द्वितीयपदव्यवस्थिते) એટલે કે अदस् ની પાછળના પદમાં રહેલા સ્વરની દૃષ્ટિએ સિદ્ધ છે,પરંતુ એક જ પદમાં રહેલા સ્વરની દૃષ્ટિએ ईत्व અને ऊत्व અસિદ્ધ છે તેથી अमुया, अमुयोः વગેરે માં अय् આદેશ અવશ્ય થશે. ચારુ.(પૃ.૨૫૨) માં अदस ईत्वोत्वे स्वरे बहिष्पदलक्षणे सिद्धे वक्तव्ये। प्रगृह्यसंज्ञायां च। એ વાક્યને વાર્તિક તરીકે આપ્યું છે.

[62] अदस् એ સર્વનામને अव्ययसर्वनाम्नामकच्प्राक्टेः। પ્રમાણે अकच् લાગે છે તેથી अदस् अकच् --अद् अक अस् થતાં त्यदादी० થી અંત્યનો अ થઇ अतो गुणे।-- થી એકાદેશ થતાં अदक એ સ્થિતિમાં अदसोऽसेर्दा० થી द् પછીના अ નો उ અને द् નો म् થતાં अमुक થઇને પ્રથમા બ.વ.માં जस् નો शी થઇને अमुके રૂપ પ્રાપ્ત થાય છે.

[63] ચારુ.(પૃ.૨૫૨) માં नवैष दोषः થી લઇને ग्रहणविशेषणत्वात्। સુધીનો ભાગ નથી.

[64] स्वरितेनाधिकारः। એ સૂત્રવ્દારા અધિકારનો વિધિ કરવામાં આવ્યો છે તે બે પ્રકારનો છે : अर्थाधिकार અને शब्दाधिकार . જ્યારે પૂર્વસૂત્રમાંના સ્વરિત ઉચ્ચારણવાળા શબ્દના અર્થની ઉત્તર સૂત્રમાં અનુવૃત્તિ કરવામાં આવે ત્યારે अर्थाधिकार થાય છે , પરંતુ અનુવૃત્ત શબ્દનો અર્થ ઉત્તર સૂત્રમાં વિવક્ષિત ન હોય પણ માત્ર શબ્દની જ અનુવૃત્તિ થાય ત્યારે તે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ईदादयो विशेष्यन्ते। मात्परे य ईदादय इति ॥**

**शे ॥ १।१।१३॥**

**इह कस्मान्न भवति काशे कुशे वंशे इति ॥**

**शेऽर्थवद्ग्रहणात् ॥१॥**

**ईदादि** ( **ईत्** વગેરે) નું વિશેષણ છે,[65] એટલે કે **म**-કાર પછી જે **ईत्** વગેરે આવે છે (તેની પ્રગૃહ્યસંજ્ઞા થાય છે).

**शे** ની[66] પ્રગૃહ્યસંજ્ઞા છે **॥ ૧।૧।૧૩ ॥**

આ **काशे** , **कुशे** , **वंशे** માં [67] (**शे** ની પ્રગૃહ્યસંજ્ઞા) કેમ નથી થતી ?

કારણ કે (સૂત્રમાં) અર્થયુક્ત (**शे** નું)[68] ગ્રહણ કરવામાં આવ્યું છે **॥ ૧॥**

---

**शब्दाधिकार** કહેવાય છે. આમાં અનુવૃત્ત થયેલો શબ્દ પૂર્વ સૂત્રમાંનો તેનો અર્થ ન બતાવતાં ઉત્તર સૂત્રને અનુરૂપ અર્થ બતાવે છે.

[65] **मात्।** એ સૂત્રમાં અર્થાધિકાર લેવામાં આવે, એટલે કે પૂર્વ **ईदूदेद्द्विवचनं ०** સૂત્રમાંથી **ईदूदेत्** વગેરેની **ईदन्त** , **ऊदन्त** અને **एदन्त** એ અર્થમાં અનુવૃત્તિ કરવામાં આવે તો **मात्** , **एदन्त** વગેરેનું વિશેષણ થશે અને '**म**-કાર પછી આવતા **एत्** વગેરે' એમ અર્થ થવાથી **अमुकेऽत्र** માં પ્રગૃહ્યસંજ્ઞા થવાનો પ્રસંગ આવશે, કારણ **अमुके** માં **म**-કાર પછી **एदन्त** (**उके**) આવેલ છે.પરંતુ અહીં જો શબ્દાધિકાર લેવામાં આવે એટલે કે માત્ર **ईत्** , **ऊत्** અને **एत्** એ શબ્દોની જ અનુવૃત્તિ કરવામાં આવે તો અહીં કોઇ વિશેષ્ય ન હોવાથી **तदन्त** ગ્રહણ નહીં થાય અને **मात्** , **ईत्** વગેરેનું વિશેષણ થશે તેથી '**म**-કાર પછી આવતા **एत्** વગેરે' એમ અર્થ થતાં **अमुकेऽत्र।** માં પ્રગૃહ્ય સંજ્ઞા થવાનો પ્રસંગ નહીં આવે, કારણ કે **अमुके** માં **म्** પછી તરત **ए** નથી આવતો. તેથી જ કા.માં **अदसः सम्बन्धी यो मकारस्तस्मात्परे ईदूदेतःप्रगृह्यसंज्ञा भवन्ति।** એમ અર્થ કર્યો છે.પદ. માં **तस्मात्परे ईदूदेदन्ताः।** એ પાઠ (કા.પદ.ભા.૧,પૃ.૧૦૯) ચિન્ત્ય છે. **ईदूदेतः** એ જ પાઠ સ્વારસિક છે.

[66] ભવિષ્યમાં **सुपां सुलुक् ०** પ્રમાણે સ.બ.વ.ના **सुप्** નો **शे** આદેશ થાય છે તેને ખ્યાલમાં રાખીને તેના અનુકરણભૂત આ **शे** શબ્દ છે.

[67] મૂળમાં **इह** છે, તેનો અર્થ ના. **इह एव** એમ કરે છે. પ્રશ્નનો હેતુ એ છે કે **काशे** , **कुशे** વગેરેમાં **शे** શબ્દનું પ્રત્યક્ષ ઉચ્ચારણ કરવામાં આવેલું છે, જ્યારે **युष्मे** , **अस्मे** વગેરેમાં તો વિભક્તિ (પ્ર.બ.વ.)નો **सुपांसुलुक् ०** પ્રમાણે **शे** આદેશ થાય છે તેના અનુબન્ધભૂત **श्** નું સ્મરણ થાય છે તેથી **युष्मे** વગેરેમાં જે **शे** છે તે પ્રત્યક્ષ નથી પણ અનુમેય છે. આમ પ્રત્યક્ષ **शे** શ્રવણ થાય છે ત્યાં જ પ્રગૃહ્ય સંજ્ઞા થવાને બદલે અનુમેય **शे** જ્યાં આવે ત્યાં પ્રગૃહ્ય સંજ્ઞા કેમ થાય છે ? **काशे** , **हरिशे** વગેરેમાં **शे** સાક્ષાદુચ્ચારિત નથી, પરંતુ લક્ષણ એટલે કે સૂત્ર વ્દારા બનેલો છે, કારણ કે **काश** , **कुश** , **वंश** વગેરે શબ્દોને સપ્તમીનો **ङि** પ્રત્યય લાગીને ગુણ થવાથી **काशे** વગેરે રૂપો થાય છે. આમ **काशे** વગેરેમાં **शे** લાક્ષણિક છે પ્રતિપદોક્ત નથી તેથી પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય. પરંતુ **युष्मे** , **अस्मे** વગેરેમાંનો **शे** તેના અર્થયુક્ત સ્થાનીને કારણે અર્થવાન્ છે તેથી **न युष्मे वाजबान्धवः।** ના પદપાઠમાં પ્રગૃહ્ય સંજ્ઞા થવાથી **युष्मे इति।** એમ થશે. **अस्मे इन्द्राबृहस्पती ।** માં પણ પ્રગૃહ્ય સંજ્ઞા થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अर्थवतः शेशब्दस्य ग्रहणं न चायमर्थवान्। एवमपि हरिशे बभ्रुशे इत्यत्र प्राप्नोति। एवं तर्हि लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेत्येवं न भविष्यति। अथवा पुनरस्त्वर्थवद्ग्रहणे नानर्थकस्येति। कथं हरिशे बभ्रुशे इति। एकोऽत्र विभक्त्यर्थेनार्थवानपरस्तद्धितार्थेन समुदायोऽनर्थकः॥

निपात एकाजनाङ् ॥१।१।१४॥

निपात इति किमर्थम्।

(આ સૂત્રમાં ) અર્થયુક્ત **शे** શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું છે, જ્યારે આ (**काशे** વગેરેમાંનો **शे** ) અર્થવાન્ નથી (તેથી પ્રગૃહ્યસંજ્ઞા નહીં થાય).એમ છતાં **हरिशे, बभ्रुशे** માં (પ્રગૃહ્યસંજ્ઞા) થવાનો પ્રસંગ આવશે.[69] એમ હોય તો પછી **लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्** [સૂત્રમાં જેનો સાક્ષાત્ નિર્દેશ હોય અને જેનો સાક્ષાત્ નિર્દેશ ન હોય પણ લાક્ષણિક (સામાન્ય સૂત્ર દ્વારા નિષ્પન્ન થએલો હોય) તે બેમાંથી જેનો સૂત્રમાં સાક્ષાત્ નિર્દેશ હોય તેનું જ ગ્રહણ કરવું ] એ ન્યાયે (પ્રગૃહ્યસંજ્ઞા) નહીં થાય.[70] અથવા તો **अर्थवद्ग्रहणे नानर्थकस्य।** (સૂત્રમાં જ્યારે અર્થયુક્તનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે અર્થહીનને સૂત્ર લાગુ પડતું નથી) એ ન્યાય ભલે લાગુ પડે.[71] તો પછી **हरिशे** , **बभ्रुशे** (માં સંજ્ઞા) કેવી રીતે (નહીં થાય) ? કારણ કે આ (**हरिशे** વગેરે ) માંનો એક (અર્થાત્ **शे** માંનો **इ** કાર) વિભક્તિના અર્થ દ્વારા અર્થવાન્ છે જ્યારે બીજો (અર્થાત્ **शे** માંનો **श**) તદ્ધિત પ્રત્યય હોવાથી અર્થવાન્ છે પરંતુ એ બેનો સમુદાય (**शे**) અર્થયુક્ત નથી (તેથી પ્રગૃહ્યસંજ્ઞા નહીં થાય).

आङ् સિવાયના એક સ્વરરૂપ[72] નિપાતને પ્રગૃહ્યસંજ્ઞા થાય છે ॥ **૧।૧।૧૪** ॥

(આ સૂત્રમાં) **निपातः** (એમ) શા માટે (કહ્યું ) છે ?[73]

---

[68] **शेऽर्थवत्-- शेश्च अर्थवान् च।** (અર્થાત્ અર્થયુક્ત એવો **शे**) **काशे** વગેરેમાં જે **श** શબ્દ છે તે અર્થયુક્ત નથી, તેમાં જે સ.એ.વ નો પ્રત્યય છે તે જ અર્થયુક્ત છે અને તેમના સમુદાયભૂત **शे** શબ્દદ્વારા કોઇ બીજો અર્થ પ્રકટ નથી થતો તેથી તે અર્થરહિત છે.

[69] **गामानय।** એ વાક્યમાં જેમ **गाम्** અને **आनय** એ બે પદોનો સમુદાય અર્થવાન્ છે તેમ **हरिशे** વગેરેમાં **लोमादिपामादि ०** પ્રમાણે થતો તદ્ધિત પ્રત્યય **श** તેમ જ અધિકરણના અર્થમાં લાગેલો સપ્તમીનો **ङि** અર્થયુક્ત છે તેથી તે બેના સમુદાય -ભૂત **शे** શબ્દ પણ અર્થયુક્ત છે એમ એકદેશીની કલ્પના છે.

[70] જુઓ ઉપર નોંધ(૬૭)

[71] જ્યારે સિદ્ધાન્તીનું કહેવું છે કે અર્થયુક્ત પદોનો સમુદાય પણ ક્વચિત્ અનર્થક હોઇ શકે, જેમ કે **दश दाडिमानि** વગેરે વાક્ય, કારણ કે અહીં પદોનો પરસ્પર સમન્વય નથી. અહીં પણ સપ્તમીનો પ્રત્યય **हरिश** શબ્દના વાચ્યાર્થમાં રહેલ સંખ્યા, અધિકરણશક્તિ વગેરેને સૂચવે છે. તેનો **श** પ્રત્યય દ્વારા સૂચવાતા અર્થ સાથે મેળ બેસાડી શકાય નહીં તેથી **शे** ત્યાં અર્થરહિત છે. આમ **अर्थवद्ग्रहणे नानर्थकस्य।** એ ન્યાય પ્રમાણે **हरिशे** , **कपिशे** વગેરેમાં પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય.

[72] સૂત્રમાં **एकाच्** શબ્દ છે, તે બહુવ્રીહિ તેમ જ કર્મધારય થઇ શકે . પરંતુ અહીં **एकश्चासौ अच् च एकाच्।** એમ કર્મધારય લેવાનો છે. જો બહુવ્રીહિ લેવામાં આવે તો **प्र** , **वि** વગેરેની પણ પ્રગૃહ્ય સંજ્ઞા થવાથી **प्रोपाभ्यां समर्थाभ्याम्। व्याहरति मृगः। व्यवहृपणोः समर्थयोः।** વગેરે જે નિર્દેશો સૂત્રકારે કર્યા છે તે ઘટી ન શકે.(જુઓ ન્યા.ભા.૧,પૃ.૧૧૨) તે પ્રમાણે **प्राग्रयः** માં પણ પ્રકૃતિભાવ ન થતાં સવર્ણ દીર્ઘ થયો છે, કારણ કે **प्र** નિપાત છે પણ પ્રસ્તુત અર્થમાં **एकाच्** નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

चकारात्र । जहारात्र ॥

एकाजिति किमर्थम् । प्रेदं ब्रह्म । प्रेदं क्षत्रम् । एकाजित्यप्युच्यमानेऽत्रापि प्राप्नोति । एषोऽपि ह्येकाच् । एकाजिति नायं बहुव्रीहिः । एकोऽजस्मिन्सोऽयमेकाजिति । किं तर्हि । तत्पुरुषोऽय समानाधिकरणः ।एकोऽच् एकाजिति । यदि तत्पुरुषः नार्थ एकग्रहणेन । इह कस्मान्न भवति । प्रेदं ब्रह्म । प्रेदं क्षत्रम् । अजेव यो निपात इत्येवं विज्ञास्यते । किं वक्तव्यमेतत् । न हि । कथमनुच्यमानं गंस्यते । अज्ग्रहणसामर्थ्यात् । यदि हि यत्राचान्यच्च तत्र स्यादज्ग्रहणमनर्थकं स्यात् । किम् । अजन्तस्य यथा स्याद्धलन्तस्य मा भूत् ।

चकारात्र ।[74] जहारात्र (જેવામાં એક સ્વરવાળા પ્રત્યય अ ને પ્રગૃહ્યસંજ્ઞા ન થાય તે માટે). एकाच् એમ શા માટે (કહ્યું) છે ? કારણ કે एकाच् એમ કહેવાથી આ प्रेदं ब्रह्म । प्रेदं क्षत्रम्[75] (માં પ્રગૃહ્યસંજ્ઞા થશે કારણ કે એ (प्र) પણ एकाच् ( નિપાત) છે. एकाच् એ एकः अच् अस्मिन् सः एकाच् એમ બહુવ્રીહિ નથી. તો પછી કયો (સમાસ) છે ? આ તો एकः अच् एकाच् એમ જેમાં (एक અને अच् એ) બન્ને પદ સમાનાધિકરણ હોય તેવો તત્પુરુષ છે. જો (एकाच् એ) સમાનાધિકરણમાં રહેલાંપદોવાળો તત્પુરુષ હોય તો (સૂત્રમાં) एक (શબ્દ) મૂકવાનો કોઇ અર્થ નથી. તો પછી આ प्रेदं ब्रह्म । प्रेदं क्षत्रम् માં (પ્રગૃહ્યસંજ્ઞા) કેમ નથી થતી ? (એટલા માટે કે )'જે નિપાત સ્વર હોય તેને જ (સંજ્ઞા પ્રાપ્ત થાય છે' એમ સમજાશે (તેથી प्र નિપાતની નહીં થાય).એ કહેવાની જરૂર છે ? નથી જ. તો પછી કહ્યા વગર કેવી રીતે સમજાશે ? (સૂત્રમાં) अच् (શબ્દ) મૂક્યો છે તેને બળે (સમજાશે), કારણ કે જે (નિપાત) માં अच् તેમ જ તે સિવાયનો બીજો કોઇ વર્ણ હોય (છતાં) તેની સંજ્ઞા થાય તો (સૂત્રમાં) જે अच् શબ્દનું ગ્રહણ કર્યું છે તે નકામું થાય.પણ अच् મૂકવાનું બીજું પ્રયોજન છે. શું (પ્રયોજન) છે ? એ (પ્રયોજન) કે તેથી સ્વરાન્ત નિપાતની (પ્રગૃહ્યસંજ્ઞા) થાય, વ્યંજનાન્તની ન થાય.[76] (વ્યંજનાન્તની સંજ્ઞા ન થાય.

---

[73] एकाच् (અર્થાત્ એક સ્વરભૂત જે) નિપાત હોય તે જ અર્થયુક્ત હોઇ શકે તો પછી સૂત્રમાં निपात શબ્દ શા માટે મૂક્યો છે એમ શંકાકાર સૂચવવા માગે છે, કારણ કે પ્રત્યયનો એકલાનો પ્રયોગ થતો નથી. વળી પ્રત્યય અર્થયુક્ત નથી હોતો અને કલ્પિત હોય છે તેથી સૂત્રમાં निपात શબ્દ ન મૂક્યો હોત અને एकाच् એમ કહ્યું હોત તો પણ निपात ની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે તેમ સમજી શકાય છે.

[74] चकारात्र--(चकार अत्र ) એ ઉદાહરણમાં चकार માં लिट् નો णल् (अ) એ एकाच् છે, પરંતુ નિપાત નથી તેથી પ્રસ્તુત સૂત્ર પ્રમાણે તેને પ્રગૃહ્ય સંજ્ઞા થઇ ન શકે, પરિણામે चकार अत्र એ સ્થિતિમાં प्लुतप्रगृह्याः० પ્રમાણે પ્રકૃતિભાવ ન થતાં अकः सवर्णे० પ્રમાણે દીર્ઘ થઇને चकारात्र થાય છે.

[75] प्र વગેરે નિપાત છે છતાં સૂત્રમાં ઘટાવેલ અર્થમાં एकाच् નથી તેથી प्र વગેરેની પ્રગૃહ્ય સંજ્ઞા ન થવાથી प्रेदम् માં ए એકાદેશ થયો છે, પ્રકૃતિભાવ નથી થયો.

[76] हलन्त ની પ્રગૃહ્ય સંજ્ઞા ન થાય તે માટે સૂત્રમાં अच् શબ્દ મૂક્યો છે તે દલીલ અનુચિત છે તેમ ભાષ્યકાર સૂચવે છે, કારણ કે हलन्त ને પ્રગૃહ્ય સંજ્ઞા થાય કે ન થાય તો તેથી કોઇ ફેર પડતો નથી. पुरोऽहिः । पुरोऽस्ति । જેવાં સ્થળોએ पुरस् (पुरर्) જેવા हलन्त (રેફાન્ત) નિપાતની પ્રગૃહ્ય સંજ્ઞા થાય તો પ્રકૃતિભાવ થવાથી रु નો अतो रोरप्लुतादप्लुते । પ્રમાણે उ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**नैव दोषो न प्रयोजनम्॥ एवमपि कुत एतद् द्वयोः परिभाषयोः सावकाशयोः समवस्थितयोराद्यन्तवदेकस्मिन् इति च येन विधिस्तदन्तस्य इति चेयमिह परिभाषा भविष्यत्याद्यन्तवदेकस्मिन्नितीयं न भविष्यति येन विधिस्तदन्तस्येति। आचार्य प्रवृत्तिर्ज्ञापयतीयमिह परिभाषा भवत्याद्यन्तवदेकस्मिन्नितीयं न भवति येनविधिस्तदन्तस्येति यदयमनाङिति प्रतिषेधं शास्ति॥ एवं तर्हि सिद्धे सति यदज्ग्रहणे क्रियमाण एकग्रहणं करोति तज्ज्ञापयत्याचार्योऽन्यत्र वर्णग्रहणे**

તેમાં) કોઇ વાંધો નથી કે તેનો ફાયદો નથી.એમ હોય તો અહીં[77] પણ **आद्यन्तवदेकस्मिन्** । અને **येन विधिस्तद-न्तस्य**। એ પરિભાષાઓ[78] એકી સાથે પ્રાપ્ત થાય છે અને બન્નેને અવકાશ છે[79] છતાં **आद्यन्तवदेकस्मिन्**। લાગુ પડશે પણ **येन विधिस्तदन्तस्य**। લાગુ નહીં પડે.એ કેવી રીતે ? આચાર્ય (પાણિનિ પ્રકૃત સૂત્રમાં) **अनाङ्** એમ નિષેધ કરે છે,[80] તે કાર્ય વ્દારા જ્ઞાપન કરે છે કે અહીં **आद्यन्तवदेकस्मिन्**। પરિભાષા લાગુ પડે છે અને આ **येन विधिः स्तदन्तस्य**। લાગુ પડતી નથી. તો પછી આમ (**अच्** નું ગ્રહણ કરવાથી ઇષ્ટ) સિદ્ધિ થવા છતાં **अच्** નું ગ્રહણ કરવાની સાથે **एक** નું પણ ગ્રહણ કરે છે તેથી આચાર્ય સૂચવે છે કે (સૂત્રમાં) વર્ણનું ગ્રહણ કરવામાં

---

ન થવાનો પ્રસંગ આવશે એવી શંકા ખોટી છે, કારણ કે પ્રગૃહ્ય સંજ્ઞાની દૃષ્ટિએ અસિદ્ધકાંડમાંના સૂત્રથી થતું **रुत्व** અસિદ્ધ છે તેથી **आद्गुणः**। પ્રમાણે ગુણ એકાદેશ થઇને **एङः पदन्त०** પ્રમાણે **पुरोऽहिः**। વગેરે થઇ શકશે.

[77] પ્રકૃત સૂત્રમાં જે **निपात** શબ્દ છે તે **अच्** નું વિશેષણ હોઇ શકે અથવા તો વિશેષ્ય હોય. જો વિશેષણ હોય તો અહીં **तदन्त** શક્યનથી તેથી **येन विधिः०** એ સૂત્રને અહીં અવકાશ ન રહેતાં તે નિવૃત્ત થશે. જો **निपात** શબ્દને વિશેષ્ય ગણવામાં આવે તો **अच्** તેનું વિશેષણ થવાથી **येन विधिः०** પ્રમાણે તદન્તગ્રહણ થશે અને મુખ્યાર્થમાં જે **अजन्त** નિપાત હોય તેનું જ ગ્રહણ થશે. તે વ્દારા **एकाच्** (**अच्** માત્ર રૂપ) નિપાતનું ગ્રહણ થશે, તેથી **आद्यन्तवदेकस्मिन्**। સૂત્ર લાગુ નહીં પડે. આ સિવાયનો કોઇ વિકલ્પ શક્ય નથી એટલે કે નિપાતને વિશેષ્ય ગણીને **अजन्त** ગ્રહણ કરવું અને કેવળ **अच्** રૂપ નિપાતની નિવૃત્તિ કરવી તે શક્ય નથી, કારણ કે સૂત્રકારે અર્થયુક્ત કે અર્થરહિત કેવળ **अच्** રૂપ નિપાતની જ આ સૂત્ર વ્દારા પ્રગૃહ્ય સંજ્ઞા કરી છે. તેમણે **अनाङ्** એ નિષેધ વ્દારા આ વાતનું સૂચન કર્યુ છે. શંકાકારનું કહેવું એમ છે કે આ બન્ને સૂત્રોમાંથી ગમે તે એકની ઉપર દર્શાવ્યા પ્રમાણે નિવૃત્તિ થવા છતાં કેવળ **अच्** માત્ર રૂપ નિપાતની જ પ્રગૃહ્ય સંજ્ઞા થતી હોય તો પછી **आद्यन्तवद्०** વગેરે સૂત્ર લાગુ પાડવામાં આવે અને **येन विधिः०** વગેરે લાગુ પાડવામાં ન આવે તેનું કારણ શું ?

[78] **आद्यन्तवद्०** એ અતિદેશ સૂત્ર છે અને **येन विधिः०** એ સંજ્ઞા સૂત્ર છે, પરંતુ આ બન્ને સૂત્રો પરિભાષાની માફક અન્ય કાર્યો માટે જ ઉપયોગી છે તેથી તે પરિભાષા જેવાં હોવાથી ભાષ્યકારે તેમનો અહીં પરિભાષાઓ તરીકે નિર્દેશ કર્યો છે. પરિભાષાઓ પણ આ પ્રકારની જોવામાંઆવે છે. દા.ત. **प्रकृतिवदनुकरणं भवति**। એ પરિભાષા અતિદેશ રૂપ છે પણ **प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम्**। એ સંજ્ઞા જેવી છે.

[79] આ બન્ને સૂત્રો સ્વતંત્ર રીતે સાવકાશ છે. **येन विधिः०** ને **ओरावश्यके**। જેવામાં અવકાશ છે તેથી **उदन्त** ધાતુઓને લગતાં **लाव्यम्**। **पाव्यम्**। જેવાં કાર્યો સિદ્ધ થાય છે. **आद्यन्तवद्०** ને **मिदचोऽन्त्यात् ०** જેવામાં અવકાશ છે. તે વ્દારા **तानि**। **यानि**। વગેરે સિદ્ધ થાય છે. **मिदचो०** માં **अन्त्य** શબ્દનું સાક્ષાત્ ગ્રહણ કર્યુ છે તેથી **येन विधिः०** ને અહીં અવકાશ નથી. આમ આ બન્ને સૂત્રો સાવકાશ હોવાથી કોઇ કોઇનો બાધ કરે તેમ નથી અને એ બન્ને અહીં ઉપસ્થિત થાય છે છતાં **आद्यन्तवद्०** લાગુ પડશે અને **येन विधिः०** લાગુ નહીં પડે તેમ ભાષ્યકારનું કહે છે.

[80] **अनाङ्** એ નિષેધ વ્દારા સૂત્રકારે કેવળ **अच्** રૂપ **ङित्** નિપાતને પ્રગૃહ્ય સંજ્ઞા થતી અટકાવીને સૂચવ્યું છે કે પ્રસ્તુત સૂત્ર વ્દારા **अजन्त** ની પ્રગૃહ્ય સંજ્ઞા કરવામાં આવતી નથી પરંતુ કેવળ **अच्** ભૂત નિપાતની સંજ્ઞા કરવામાં આવે છે, કારણ કે વ્યપદેશિવદ્‌ભાવ ન સ્વીકારવામાં આવે તો **आ** એ **अजन्त** નિપાત નથી,પરંતુ **एकाच्** નિપાત છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

जातिग्रहणं भवतीति। किमेतस्य ज्ञापने प्रयोजनम्। दम्भेर्हल्ग्रहणस्य जातिवाचकत्वात्सिद्धमिति यदुक्तं तदुपपन्नं भवति। अनाङिति किमर्थम्। आ उदकान्तात् ओदकान्तात्। इह कस्मान्न भवति। आ एवं नु मन्यसे। आ एवं किल तदिति। सानुबन्धकस्येदमाकारस्य ग्रहणमननुबन्धकश्चात्राकारः। क्व पुनरयं सानुबन्धकः क्व निरनुबन्धकः। ईषदर्थे क्रियायोगे मर्यादाभिविधौ च यः। एतमातं ङितं विद्या--

આવ્યું હોય તે સિવાય બધે જાતિનું ગ્રહણ થાય છે. એનું સૂચન કરવાનું શું પ્રયોજન (છે)? (हलन्ताच्च। ઉપરની વાર્તિકમાં) दम्भेर्हल्ग्रहणस्य जातिवाचकत्वात्सिद्धम्। એમ જે કહ્યું છે તે યોગ્ય ઠરે છે.[૬] आङ् સિવાયનો (एकाच् નિપાત) એમ શા માટે ? आ उदकान्तात् -ओदकान्तात् માં {મર્યાદાવાચક आ (आङ्) નિપાત હોવાથી પ્રગૃહ્ય સંજ્ઞા ન થાય તે માટે સૂત્રમાં अनाङ् પદ મૂક્યું છે)}. તો પછી आ एवं नु मन्यसे। आ एवं किल तत्। એમાં (નિષેધ) કેમ નથી થતો ? (સૂત્રમાં ङ्) અનુબંધયુક્ત आ (आङ्) નું ગ્રહણ કર્યું છે, જ્યારે આ (ઉદાહરણો) માં તો અનુબંધરહિત आ નિપાત છે. आ-કાર અનુબંધસહિત ક્યાં હોય છે અને અનુબંધરહિત ક્યાં હોય છે ? आ નો અર્થ જ્યારે સ્હેજ (થોડું) એમ થતો હોય, જ્યારે તેનો ક્રિયાપદ સાથે (ઉપસર્ગ તરીકે) સંબંધ હોય અથવા મર્યાદા કે અભિવિધિના અર્થમાં પ્રયોજાયો હોય ત્યારે आ ને ङित् જાણવો (અને તેથી ત્યાં પ્રગૃહ્યસંજ્ઞા

---

[૬] हलन्ताच्च। એ સૂત્રમાં अन्त શબ્દને સમીપ, નજીક એ અર્થમાં લેવામાં આવે છે, પરંતુ તેથી दम्भ् ધાતુ પછી જે झलादि પ્રત્યય सन् આવે તે कित् ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે स-કારાદિ सन् પ્રત્યય પૂર્વે दम्भ इच्च। પ્રમાણે તેના अ નો ई થાય છે તેની નજીક न् એ हल् છે છતાં તેની પછી सन् પ્રત્યય નથી અને म् એ हल् પછી सन् પ્રત્યય છે તે इक् વર્ણની સમીપ રહેલો નથી. આ શંકાનું સમાધાન આ રીતે કરવામાં આવ્યું છેઃ हलन्ताच्च। એ સત્રમાંનો हल् શબ્દ વ્યક્તિનો સૂચક નથી, પરંતુ हलत्व જાતિનો નિર્દેશ કરે છે. પોતાનો પરસ્પર ભેદ જેમણે ત્યજી દીધો છે તે વ્યક્તિઓ જ જાતિ છે એ મત સ્વીકારવામાં આવે તો दम्भ् सन्--दम्भ इच्च। થી इत् અથવા ईत् થતાં दिम्भ् सन् અથવા दीम्भ् सन् એ સ્થિતિમાં (સૂત્રમાંના अन्त = સમીપ એમ સમજતાં) જે हल् (न-કાર) इक् ની સમીપ છે તેનાથી અવ્યવહિત રીતે પર सन् પ્રત્યય નથી એ ખરૂં પણ हल् વ્યક્તિમાં રહેલ हल्त्व જાતિ इक् ની સમીપ છે અને જેની પછી અવ્યવહિત રીતે सन् પ્રત્યય છે તે म-કારમાં हल्त्व જાતિ રહેલ છે તેથી दिम्भ् सन् માં (न् માં રહેલ) हल्त्व જાતિ इक् ની સમીપ છે અને (भ् માં રહેલ) हल्त्व ની જ પછી અવ્યવહિત રીતે सन् આવેલો છે તેમ કહી શકાશે. પરિણામે कित्त्व સિદ્ધ થશે.જો हल् ગ્રહણ વ્યક્તિને સૂચવે છે એમ સ્વીકારવામાં આવે તો दिम्भ् सन् માં इक् ની સમીપ જે हल् (न-કાર) છે તેની પછી सन् નથી અને જેની પછી सन् છે તે भ-કાર इक् ની સમીપ નથી તેથી कित्त्व સિદ્ધ નહીં થાય. પરંતુ તેમ નથી, કારણ કે જાતિ દરેક વ્યક્તિથી ભિન્ન છે,પરંતુ દરેક વ્યક્તિમાં સમાપ્ત થાય છે છતાં પોતે નિરવયવ છે એમ સ્વીકારવામાં આવે તો પણ दिम्भ् सन् માં कित्त्व સિદ્ધ થઇ શકશે, કારણ કે એક વ્યક્તિ બીજી વ્યક્તિને વ્યવધાન રૂપ થઇ શકે પરંતુ જાતિ નિરવયવ હોવાથી તેને વ્યક્તિ વ્યવધાન રૂપ થઇ શકતી નથી.આમ જે हल्त्व જાતિ इक् ની સમીપ રહેલી છે તેની જ પછી सन् આવેલો છે તેથી આ મત પ્રમાણે પણ कित्त्व સિદ્ધ થઇ શકશે. વાર્તિક આમ સમજ્વાની છેઃ दम्भेः सिद्धम्। અર્થાત્ दम्भ् ધાતુ પછી આવતા सन् નું कित्त्व સિદ્ધ થાય છે. તેનું કારણ એ કે हल्ग्रहणस्य जातिवाचकत्वात्। અર્થાત્ हलन्ताच्च। એ સૂત્રમાં મૂકેલો हल् શબ્દ જાતિવાચક છે એટલે કે વ્યક્તિને સૂચવતો નથી પરંતુ हल्त्व જાતિનો નિર્દેશ કરે છે.આમ न् અને म् ની જાતિ એક છે, કારણ કે બન્નેમાં हल्त्व રહેલું છે. વ્યક્તિ દ્વારા हल्त्व જાતિ इक् ની સમીપ છે અને વ્યક્તિ દ્વારા જ તેની પછી सन् આવેલો છે. તેથી हलन्ताच्च। એ સૂત્ર दम्भ् ને પણ લાગુ પડશે અને તેની પર રહેલ सन् પ્રત્યય कित् થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

--द्वाक्यस्मरणयोरङित् ॥

ओत् ॥१ ।१ ।१५ ॥

किमुदाहरणम् । आहो इति । उताहो इति । नैतदस्ति प्रयोजनम् । निपातसमाहारोऽयम् । आह उ आहो । उत आह उ उताहो इति । तत्र निपात एजाकनाङ् इत्येव सिद्धम् । एवं तर्ह्येकनिपाता इमे ॥ अथवा प्रतिषिद्धार्थोऽयमारम्भः । ओ षु यातं मरुतः । ओ षु यातं बृहती शक्वरी च । ओ चित्सखायं सख्या ववृत्याम् ॥

ओतश्च्विप्रतिषेधः ॥१ ॥

નહીં થાય). પણ જ્યારે વાક્યનો વિરુદ્ધાર્થ દર્શાવવા માટે અથવા સ્મરણ સૂચવવા માટે તેનો પ્રયોગ કરવામાં થયો હોય ત્યારે તેને अङित् જાણવો.(એટલે કે ત્યાં પ્રગૃહ્ય સંજ્ઞા થશે).[82]

ઓ-કારાન્તની પ્રગૃહ્યસંજ્ઞા થાય છે ॥૧।૧।૧૫॥

(આ સૂત્રનું ) ઉદાહરણ શું (છે)? आहो इति , उताहो इति એ સિદ્ધ થઇ શકે તે માટે આ સૂત્ર કર્યું છે. એ પ્રયોજન નથી, કારણ કે आहो એ आह उ તે आहो અને उताहो એ उत आहो તે उताहो એમ નિપાતોના સમુદાય છે અને તેથી निपात एकाजनाङ् । એ (સૂત્ર)થી જ (પ્રગૃહ્યસંજ્ઞા) સિદ્ધ થાય છે.[83] એમ હોય તો (आहो उताहो) એ દરેક એક નિપાત છે,(નિપાત સમુદાય નથી એમ કહીશું) અથવા (अनाङ् એમ કહીને)પ્રતિષેધ કર્યો છે તેથી ओ षु यातं मरुतः । ओ षु यातं बृहती शक्वरी च । ओ चित्सखायं सख्या ववृत्याम् । (માં પ્રગૃહ્યસંજ્ઞા થઇ શકે તે) માટે આ (સૂત્ર) આરંભ્યું છે

(પ્રગૃહ્યસંજ્ઞામાં) ओ કારાન્ત च्वि પ્રત્યયન્ત નિપાતનો પ્રતિષેધ કરવો જોઇએ ॥ ૧ ॥

---

[82] ईषदर्थे--आ उष्णम्--ओष्णम् (થોડું ગરમ) અહીં ईषद् થોડું એ અર્થમાં आ ङित् છે તેથી પ્રગૃહ્ય સંજ્ઞા ન થવાથી પ્રકૃતિભાવ ન થતાં ગુણ એકાદેશ થયો છે. क्रियायोगे--आङ् નો ક્રિયા સાથે સંબંધ હોય, જ્યાં તેનો ઉપસર્ગ તરીકે પ્રયોગ થયો હોય ત્યાં પણ તે ङित् છે. તેથી आ इहि--एहि અને आ अत्ति--आत्ति થશે, પ્રકૃતિભાવ નથી થતો. मर्यादाभिविधौ-- જ્યારે અવધિભૂતનો સમાવેશ ન થાય ત્યારે मर्यादा અને સમાવેશ થાય ત્યારે अभिविधि (विना तेन मर्यादा सह तेन इत्यभिविधिः ।) आङ् मर्यादाभिविध्योः । એ સૂત્રમાં आ નો ङित् પાઠ કર્યો છે. आ उदकान्तात् ओदकान्तात् એ મર્યાદાનું દૃષ્ટાન્ત છે, ઉદકાન્ત સુધી પણ ત્યાં નહીં, आ अहिच्छत्राद् वृष्टो देवः । અહિચ્છત્ર સુધી અર્થાત્ ત્યાં પણ, વર્ષા થઇ.એ અભિવિધિનું દૃષ્ટાન્ત છે.અહીં પણ अनाङ् એમ કહીને પ્રગૃહ્ય સંજ્ઞાનો નિષેધ કર્યો છે તેથી સ્વરસંધિ થઇને आहिच्छत्राद् वृष्टो देवः । એમ થશે. वाक्यस्मरणयोरङित्--वाक्य એટલે વાક્યાર્થ. आ एवं नु मन्यसे । અહીં પૂર્વે કોઇ વાક્યનો અર્થ પ્રસ્તુત છે તેની અપેક્ષાએ આ વિધાન કર્યું છે તેથી તેમાંના आ નિપાત વ્દારા વાક્યાર્થનો ખ્યાલ આવે છે અથવા પૂર્વે જે વાક્યાર્થ પ્રસ્તુત હોય તેનાથી જુદું દર્શાવવા માટે નિપાત आ નો પ્રયોગ છે એમ પણ બની શકે તેથી आ एवं नु मन्यसे । ઉપરથી સમજાય છે કે તું પહેલાં આ પ્રમાણે નહોતો માનતો પરંતુ હવે માને છે.અથવા મૂળમાંનો वाक्य શબ્દ વાક્યના અર્થમાં જ પ્રયોજાયો છે એમ સ્વીકારતાં आ નિપાતનો વાક્યમાં નિરર્થક પ્રયોગ કર્યો છે. અહીં आ નિપાત ङित् નથી તેથી પ્રગૃહ્ય સંજ્ઞા થશે અને સંધિ નહીં થાય. स्मरण એટલે સ્મૃતિ. જ્યારે आ એ નિપાત સ્મૃતિસૂચક હોય ત્યારે તે ङित् નથી તેથી પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે. જેમ કે आ एवं किल तत् । તે આમ હતું એમ યાદ આવે છે. અથવા આ વાક્યમાં જે आ છે તે સ્મર્તવ્ય વસ્તુને માટે જ પ્રયોજાય છે અને आ एवं किल तत् । એ તેનો અર્થ થશે. આ બન્ને દૃષ્ટાન્તમાં પ્રગૃહ્ય સંજ્ઞા થઇ છે તેથી પ્રકૃતિભાવ થયો છે.

[83] आ ह उ--आहो અને उत आ ह उ--उताहो એ બન્ને પ્રયોગોમાં અંતે આવેલો उ एकाच् નિપાત છે તેથી निपात एकाच्० થી જ પ્રગૃહ્ય સંજ્ઞા સિદ્ધ થશે તેથી પ્રસ્તુત સૂત્રનો પ્રારંભ કરવાની જરૂર નથી એમ અહીં દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ओदन्तो निपात इत्यत्र च्व्यन्तस्य प्रतिषेधो वक्तव्यः। अनदः अदः अभवत् अदोऽभवत्। तिरोऽभवत्॥ न वक्तव्यः। लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेत्येवं न भविष्यति। एवमप्यगौर्गौः सम्पद्यत गोऽभवत् अत्र प्राप्नोति। एवं तर्हि गौण-मुख्ययोर्मुख्ये कार्यसंप्रत्यय इति। तद्यथा। गौरनुबन्ध्योऽजोऽग्नीषोमीय इति न वाहीकोऽनुबध्यते। कथं तर्हि वाहीके वृद्ध्यात्वे भवतः। गौस्तिष्ठति। गामानयेति। अर्थाश्रय एतदेवं भवति। यद्धि शब्दाश्रयं शब्दमात्रे तद्भवति। शब्दाश्रये च वृद्ध्यात्वे॥

**[संबुद्धौ शाकल्यस्येतावनार्षे॥ १।१।१६॥]**

**ओत्** अर्थात् **ओ** (જેને અન્તે આવતો હોય તેવા નિપાત (ના પ્રગૃહ્યસંજ્ઞા કરી છે ) ત્યાં **च्वि** પ્રત્યયાન્તનો નિષેધ કરવો પડશે, (એટલે કે) **अनदः अदः अभवत् अदोऽभवत्।**[84] **तिरोऽभवत्।** (માં પ્રગૃહ્ય સંજ્ઞા નથી થતી એમ કહેવું પડશે). નહીં કહેવું પડે. 'જે શબ્દનું સૂત્રમાં સાક્ષાત્ ઉચ્ચારણ કરવામાં આવ્યું હોય અને જે શબ્દનું સાક્ષાત્ ઉચ્ચારણ કરવામાં ન આવ્યું હોય પણ લાક્ષણિક રીતે બન્યો હોય તે બેમાંથી સાક્ષાત્ ઉચ્ચારેલાનું ગ્રહણ થાય છે લાક્ષણિકનું નહીં' એ ન્યાયે પ્રતિપદોક્ત (એટલે કે સાક્ષાત્ ઉચ્ચારિત) **ओ**નું ગ્રહણ થશે (સન્ધિ જન્ય, લાક્ષણિક **ओ** નું નહીં થાય).એમ છતાં **अगौ गौः समपद्यत गोऽभवत्।** એ (**च्वि** પ્રત્યયાન્તની પ્રગૃહ્ય સંજ્ઞા) થવાનો પ્રસંગ આવશે.[85] એમ હોય તો **गौणमुख्ययोर्मुख्ये कार्यसम्प्रत्ययः।** (ગૌણ અર્થમાં પ્રયોજેલ શબ્દ અને મુખ્ય અર્થમા પ્રયોજેલ શબ્દ એમ બન્નેને શાસ્ત્ર લાગુ પડવાનો પ્રસંગ આવે તો મુખ્યને અનુલક્ષીને કાર્ય થાય છે ગૌણને નહીં) એમ (કહીશું). જેમ કે **गौरनुबन्ध्योऽजोऽग्नीषोमीयः।** માં અગ્નિ અને સોમ દેવતાને અનુલક્ષીને **गौः** (અર્થાત્ બળદ) નું અનુબન્ધન કરવામાં આવે છે.નહીં કે (**गो** શબ્દના ગૌણાર્થભૂત) વાહિકનું.[86] તો પછી (બળદ જેવો વાહિક એ અર્થ દર્શાવવા માટે ) **गौस्तिष्ठति।** માં **गो** શબ્દમાં વૃદ્ધિ અને **गामानय।** માં **आत्व** કેમ થાય છે ? જ્યારે (શબ્દના) અર્થને આધારે કાર્ય કરવાનું હોય ત્યારે એ પ્રમાણે (**गौणमुख्यन्याय** અમલી ) થાય છે, પણ જે કાર્ય શબ્દને આધારે કરવાનું હોય તે માત્ર શબ્દને જ થાય છે અને વૃદ્ધિ તથા **आत्व** નો આધાર શબ્દ છે.

[વેદ માંનો ન હોય તેવો **इति** પર થતાંસંબોધન એક વચનમાં થતો **ओ**-કાર શાકલ્યના મત પ્રમાણે પ્રગૃહ્યસંજ્ઞક થાય છે ॥૧।૧।૧૬॥]

---

[84] આથી **अदोऽभवत्।** માં જે **ओ** છે તેની પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય, કારણ કે તે **ओ**-કાર પ્રતિપદોક્ત નથી પરંતુ **अतो रोरप्लुता०** અને **आद्गुणः।** પ્રમાણે સન્ધિદ્વારા થયો હોવાથી લાક્ષણિક **ओ**-કાર છે.

[85] **गोऽभवत्।** માં જે **ओ** છે તે **गमेर्डो।** એ સૂત્રમાં સાક્ષાત્ ઉચ્ચારવામાં આવ્યો છે તેથી પ્રતિપદોક્ત છે, પરંતુ **आद्गुणः।** જેવા સામાન્ય લક્ષણથી નિષ્પન્ન થયો નથી તેથી તે લાક્ષણિક નથી .વળી **च्वि** રૂપને અંતે આવેલો છે તેથી **प्राग्रीश्वरा-न्निपाताः।** એ અધિકાર પ્રમાણે નિપાત છે તેથી **गौणमुख्यन्याय** પ્રમાણે પ્રગૃહ્ય નહીં થાય.

[86] જે ગુણ ઉપરથી આવેલો હોય તે **गौण**, જેમ કે કેટલીક વાર જડતા,મન્દતા વગેરે ગુણોને કારણે **गो** શબ્દનો વાહીક એમ જે અર્થ થાય છે તે ગૌણ અર્થ છે. જે પ્રધાન હોવાથી મુખ સમાન હોય તે **मुख्य** . હવે **स्वं रूपं शब्दस्य ०** માં **रूप** શબ્દ મૂક્યો છે તે વ્દારા સૂચવાય છે કે અર્થયુક્તનું ગ્રહણ કર્યુ હોય ત્યાં અર્થરહિતને કાર્ય થતું નથી. તેથી અહીં પણ જે મુખ્ય અર્થ છે તેને જ કાર્ય થશે, ગૌણને નહીં થાય, કારણ કે આ સંદર્ભમાં **गौणमुख्ययोर्मुख्यो कार्यसम्प्रत्ययः।** એ લૌકિક ન્યાય લાગુ પડશે તેથી **गोऽभवत्** માં પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય, કારણ કે ત્યાં જડતા, મંદતા વગેરે ગુણોને આધારે **गो** શબ્દ વાહીક માટે ગૌણાર્થમાં પ્રયોજાયો છે અર્થાત્ અહીં **गोत्व** નો આરોપ કરવામાં આવ્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह कस्मान्न भवति। आहो इति। उताहो इति। उञ इत्युच्यते न चात्रोञं पश्यामः। उञोऽयमन्येन सहैकादेश उञ्ग्रहणेन गृह्यत। आचार्यप्रवृत्तिर्ज्ञापयति नोञेकादेश उञ्ग्रहणेन गृह्यत इति यदयमोत् इत्योदन्तस्य निपातस्य प्रगृह्यसंज्ञां शास्ति। नैतदस्ति ज्ञापकम्। उक्तमेतत्। प्रतिषिद्धार्थोऽयमारम्भ इति। दोषः खल्वपि स्याद्यद्युञेकादेश उञ्ग्रहणे न गृह्येत। जानु उ अस्य रुजति जानू अस्य रुजति। जान्वस्य रुजति। मय उञो वो वा। इति वत्वं न स्यात्। एवं तर्ह्येकनिपाता इमे॥ अथवा द्वावुकाराविमौ। एकोऽननुबन्धकः अपरो सानुबन्धकः। तद्योऽननुबन्धकस्तस्यैष एकादेशः॥

उञ इति योगविभागः ॥१॥

उञ् નો इति પર થતાં ऊँ આદેશ થાય છે ॥१।१।१७--१८॥

आहो इति । उताहो इति ।માં (ऊ) શા માટે નથી થતો ? એટલા માટે કે (સૂત્રમાં)' उञः (એમ ञित् उ-કારનો)' એમ કહ્યું છે,જ્યારે આ (आहो વગેરે) માં उञ् જોવામાં આવતો નથી.(સૂત્રમાં) उञ्નું ગ્રહણ કર્યું છે તેથી અન્ય સ્વર (અર્થાત્ आह ના अ-કાર) સાથે એકાદેશ થએલા उञ् નું ગ્રહણ થશે.[88] આચાર્યની કાર્ય પદ્ધતિ ઉપરથી જ્ઞાપન થાય છે કે (સૂત્રમાં) મૂકેલા उञ् વડે उञ् ના એકાદેશનું ગ્રહણ થતું નથી, કારણ કે તેમણે ओत्। (એ સૂત્ર) માં ओदन्त (ओ જેને અન્તે હોય તેવા) નિપાતની પ્રગૃહ્યસંજ્ઞા કરી છે.એ જ્ઞાપક નથી, કારણ કે (અમે) એ કહ્યું છે કે (निपात एकाजनाङ् । માંના अनाङ् થી) પ્રતિષિદ્ધ હોય તેને (પ્રગૃહ્યસંજ્ઞા થઇ શકે તે માટે) આ (ओत्। એસૂત્ર) રચવામાં આવ્યું છે. વળી (સૂત્રમાંના) उञ् દ્વારા એકાદેશભૂત उञ् નું ગ્રહણ ન થાય તો जान्वस्य रुजति । માં मय उञो वो वा। પ્રમાણે उ નો व् ન થાય એ દોષ પણ ઉદ્‌ભવે છે.[89] એમ હોય તો આ (आहो उताहो) એ દરેક એક અખંડ નિપાત છે (નિપાત સમુદાય નથી) અથવા આ નિપાતભૂત उ-કાર બે છે, એક અનુબંધ વિનાનો અને બીજો અનુબંધવાળો. તેમાં જે અનુબંધ વિનાનો ( उ-કાર) છે તેનો આ એકાદેશ છે.

(उञः ऊँ। એ ) સૂત્રના उञः એમ વિભાગ (કરીશું ) ॥१॥

---

[87] સૂત્રકારે उञः ऊँ। એમ એક જ સૂત્ર કર્યું છે એમ હરદત્ત નોંધે છેઃ यद्ययमेको योगः स्याद्'उञ ऊँ।' इति यथा पठितं सूत्रकारेण- -अतो विभज्य व्याचष्टे। જો એક સૂત્ર ગણવામાં આવે તો उ इति અને ऊँ इति એમ બે પ્રયોગ સિદ્ધ થશે પણ विति એ ત્રીજો પ્રયોગ સિદ્ધ નહીં થાય. તે સિદ્ધ થઇ શકે માટે કાશિકામાં સૂત્રનો વિભાગ કરીને વ્યાખ્યા કરી છે

[88] अन्तादिवच्च। એ સૂત્ર પ્રમાણે ओ-કાર એકાદેશ તે આદિવદ્‌ભાવથી उञ् જ છે એમ સમજાશે.(સર.થીમે પાણિનિ અને વેદ પૃ.૬)

[89] मय उञो वो वा। એ સૂત્રમાં उञ् નો નિર્દેશ છે. જો ऊ માંના એકદેશભૂત उञ् ને તે ऊञ् છે તેમ સમજીએ તો જ जानू अस्य નું વિકલ્પે जान्वस्य થઇ શકે. આમ એકાદેશભૂત उञ् નું સૂત્રમાં મૂકેલા उञ् દ્વારા ગ્રહણ ન થાય તો દોષ આવશે, એટલે કે जानू अस्य વગેરેમાં દીર્ઘ થયા પછી એકદેશને પ્રગૃહ્ય સંજ્ઞા પ્રાપ્ત થાય તો પ્રસ્તુત સૂત્ર પ્રમાણે उ નો व् આદેશ નહીં થાય. પરિણામે जान्वस्य એમ પ્રાપ્ત નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उञ इति योगविभाग कर्तव्यः। उञः शाकल्यस्याचार्यस्य मतेन प्रगृह्यसंज्ञा भवति। उ इति विति॥ तत ऊँ। उञ ऊँ इत्ययमादेशो भवति। शाकल्यस्याचार्यस्य मतेन दीर्घोऽनुनासिकः प्रगृह्यसंज्ञकश्च ऊँ इति॥ किमर्थो योगविभागः।

ऊँ वा शाकल्यस्य॥२॥

शाकल्यस्याचार्यस्य मतेन ऊँ विभाषा यथा स्यात्। ऊँ इति उ इति। अन्यषामाचार्याणां मतेन विति॥

ईदूतौ सप्तम्यर्थे।१।१।१९॥

**ईदूतौ सप्तमीत्येव**

ईदूतौ सप्तमीत्येव सिद्धं नार्थोऽर्थग्रहणेन।

**लुप्तेऽर्थग्रहणाद्भवेत्।**

लुप्तायां सप्तम्यां प्रगृह्यसंज्ञा न प्राप्नोति। क्व। सोमौ गौरी अधि श्रितः। इष्यते चात्रापि स्यादिति तद्यत्नान्तरेण यत्नं न सिध्यतीत्येवमर्थमर्थग्रहणम्॥ नात्र सप्तमी लुप्यते। किं तर्हि।

उञः। એમ સૂત્રનો વિભાગ કરવો પડશે,અર્થાત્ આચાર્ય શાકલ્યના મત પ્રમાણે (**इति** પર થતાં) **उञ्**ની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છેઃ-उ इति विति તે પછી (બીજું સૂત્ર) **ऊँ**। અર્થાત્ આચાર્ય શાકલ્યના મત પ્રમાણે **इति** પર થતાં **उञ्** નો **ऊँ** એમ દીર્ઘ, અનુનાસિક અને પ્રગૃહ્યસંજ્ઞક આદેશ થાય છે, (જેમ કે) **ऊँ इति** .યોગવિભાગનો શો અર્થ છે?

શાકલ્ય પ્રમાણે વિકલ્પે **ऊँ** થઇ શકે તે॥૨॥

શાકલ્ય આચાર્યના મત પ્રમાણે વિકલ્પે **ऊँ** થઇ શકે તે માટે (યોગવિભાગ કરવો જરૂરી છે), જેમ કે **ऊँ इति उ इति**। અન્ય આચાર્યોના મત પ્રમાણે विति। એમ થાય.[90]

(સપ્તમીનો -આધાર એ- અર્થ બતાવતા દીર્ઘ **ई**-કારાન્ત અને દીર્ઘ **ऊ**-કારાન્ત શબ્દસ્વરૂપની પ્રગૃહ્યસંજ્ઞા થાય છે ॥ ૧।૧।૧૯॥

(સૂત્રમાં) **ईदूतौ सप्तमी** એટલું જ (હેવું જોઇએ)॥ **(શ્લોક વાર્તિક ૧-અ)**

**ईदूतौ सप्तमी** એટલું (સૂત્રકારે કહ્યું) હોત તો પણ (કાર્ય) સિદ્ધ થાત તેથી (સૂત્રમાં) **अर्थ** શબ્દ મૂકવાનો કોઇ અર્થ નથી.

(સૂત્રમાં) **अर्थ** શબ્દ મૂકવાથી (સપ્તમીનો) લોપ થયો હોય ત્યારે પણ (પ્રગૃહ્યસંજ્ઞા) થાય॥ **(શ્લો-વા)**॥૧-બ॥

(સૂત્રમાં **अर्थ** શબ્દ ન મૂકવામાં આવ્યો હોય તો ) જયારે સપ્તમીના પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે પ્રગૃહ્યસંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે. ક્યાં (આવશે )? **सोमौ गौरी अधिश्रितः**। માં.[91] આમાં (પ્રગૃહ્યસંજ્ઞા) થાય તે ઇષ્ટ છે અને ખાસ યત્ન વિના એ સિદ્ધ થતી નથી માટે (સૂત્રમાં) **अर्थ** શબ્દનું ગ્રહણ કર્યું છે.અહીં સપ્તમીનો લોપ નથી થતો. તો પછી શું (થાય છે)?

---

[90] **सम्बुद्धौ शाकल्यस्येतावनार्षे**। (૧-૧-૧૬) એ સૂત્રમાંથી **शाकल्यस्य** ની અનુવૃત્તિ કરવામાં આવે તો **उ इति**, **विति** અને **ऊँ इति** એમ ત્રણ રૂપો પ્રાપ્ત થશે., પરંતુ એક સૂત્રથી તે સિદ્ધ નહીં થાય.**उ इति** એમ શાકલ્યના મત પ્રમાણે થશે. અન્ય આચાર્યો પ્રમાણે પ્રગૃહ્ય સંજ્ઞા ન થતાં **विति** એમ થશે અને શાકલ્ય પ્રમાણે **उञ्** ને દીર્ઘ અનુનાસિક આદેશ થતાં **ऊँ इति** એમ થશે.

[91] અહીં **गौर्याम्** ને બદલે **गौरी** રૂપ મૂકેલું છે.તેમાં **सुपां सुलुक्**० પ્રમાણે વિભક્તિનો લોપ થયો છે છતાં **गौरी** શબ્દ સપ્તમી -નો 'અધિકરણ' એ અર્થ સૂચવે છે. તેથી પ્રગૃહ્ય સંજ્ઞા થવાથી સન્ધિ ન થતાં પ્રકૃતિભાવ થયો છે. પદપાઠમાં **गौरी इति**। એમ છે. જો સૂત્રમાં અર્થ શબ્દ ન મૂક્યો હોત તો **गौरी** શબ્દ સપ્તમ્યર્થક હોવા છતાં ત્યાં પ્રગૃહ્ય સંજ્ઞા ન થાત, કારણ કે અહીં પ્રગૃહ્ય સંજ્ઞાનું નિમિત્ત અર્થ છે, પ્રત્યય નિમિત્ત નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पूर्वसवर्णोऽत्र भवति।

**पूर्वस्य चेत्सवर्णोऽसावाडाम्भावः प्रसज्यते ॥१॥**

यदि पूर्वसवर्ण आट् आम्भावश्च प्राप्नोति॥ एवं तर्ह्याहायमीदूतौ सप्तमीति न चास्ति सप्तमीदूतौ तत्र वचनाद्भविष्यति।

**वचनाद्यत्र दीर्घत्वम्**

नेदं वचनाल्लभ्यम्। अस्ति ह्यन्यदेतस्य वचने प्रयोजनम्। किम्। यत्र सप्तम्या दीर्घत्वमुच्यते। दृतिं न शुष्कं सरसी शयानमिति।

અહીં પૂર્વસવર્ણ થાય છે.[92]

જો અહીં પૂર્વનો સવર્ણ થતો હોય તો **आट्**(આગમ) અને **आम्**(આદેશ) થવાનો પ્રસંગ આવશે ॥ **(શ્લો-વા)॥૧-કડા॥**

જો પૂર્વસવર્ણ થતો હોય **आट्** થવાનો અને **(ङि નો) आम्** આદેશ થવાનો પ્રસંગ આવશે.[93] એમ હોય તો પછી આ (સૂત્રકાર) કહે છે કે **ईदूतौ सप्तमी।** (અર્થાત્ **ईत्** અને **ऊत्** સપ્તમીના અર્થમાં હોય ત્યારે),પરંતુ **ईत्** અને **ऊत्** સપ્તમી વિભક્તિના પ્રત્યયો નથી. તેમ હોવા છતાં (સૂત્રમાં) કહેવામાં આવ્યું છે તે કારણે (પ્રગૃહ્યસંજ્ઞા) થશે.[94]

(સૂત્રમાં) કહેવામાં આવ્યું છે તેથી (તો) જ્યાં (સપ્તમીનો) દીર્ઘ થાય છે ત્યાં (પ્રગૃહ્યસંજ્ઞા) થશે. **(શ્લો-વા-૨અ)**

(સૂત્રમાં) કહેવામાં આવ્યું છે તેથી (અહીં) આ(પ્રગૃહ્યસંજ્ઞા) પ્રાપ્ત નહીં થઇ શકે, કારણ કે એ **(ईदूतौ)** ના ઉચ્ચારણનું અન્ય પ્રયોજન છે. શું (પ્રયોજન છે)? **दृतिं न शुष्कं सरसी शयानम्।** (જેવામાં), [95] જ્યાં (**इयाडियाजी०** એ વા. પ્રમાણે) 'સપ્તમીના પ્રત્યયનો દીર્ઘ થાય છે,' એમ કહ્યું છે ત્યાં (સંજ્ઞા થાય એ પ્રયોજન છે).

---

[92] સપ્તમીમાં **गौरी ङि** એ સ્થિતિમાં **ई+ इ** એટલે કે પ્રકૃતિના દીર્ઘ **ई** અને પ્રત્યયના હ્રસ્વ **इ** નો એકાદેશ થઇને **सुपां सुलुक्पूर्वसवर्ण०** પ્રમાણે પૂર્વસવર્ણ થયો છે, સપ્તમીના પ્રત્યયનો લોપ થયો નથી. તેથી **गौरी अधिश्रितः।** માં પ્રગૃહ્ય સંજ્ઞા ન થવાનો પ્રશ્ન જ નથી તેથી પ્રકૃતિભાવ થઇ શકશે, એમ અહીં દલીલ છે.

[93] **गौरी ङि** માં **गौरी** શબ્દ દીર્ઘ ઈ-કારાન્ત નિત્ય સ્ત્રીલિંગ હોવાથી **यूस्त्र्याख्यौ नदी।** પ્રમાણે **नदी** સંજ્ઞક છે તેથી **आण् नद्याः।** થી તેને **आट्** આગમ લાગશે અને **ङेराम्नद्याम्नीभ्यः।** અનુસાર **ङि** નો **आम्** આદેશ થશે. આ બન્ને પર સૂત્રો હોવાથી સવર્ણ દીર્ઘનો બાધ કરશે.

[94] **ईत्** અને **ऊत्** સપ્તમીના પ્રત્યયો નથી છતાં સૂત્રકારે **ईदूतौ च सप्तमी ०** એમ કહ્યું છે તેથી સપ્તમીગ્રહણ વ્યર્થ થઇને જ્ઞાપન કરે છે કે **गौरी** , **तनू** વગેરે દીર્ઘ ई-કારાન્ત અને દીર્ઘ ऊ-કારાન્ત શબ્દમાં સપ્તમીનો લોપ થયો છે તો પણ ત્યાં પ્રગૃહ્ય સંજ્ઞા થશે.

[95] **सुपां सुलुक्०** ઉપરની વાર્તિક **इयाडियाजीकाराणामुपसंख्यानम्।** પ્રમાણે તૃતીયાના પ્રત્યયને સ્થાને **इया** આદેશ થાય છે,જેમ કે **दारुणा** અને **उरुणा** ને સ્થાને **दार्विया** અને **उर्विया** રૂપો થશે. કેટલીક વાર **डियाज्** આદેશ થાય છે, જેમ કે **सुक्षेत्रिणा** ને બદલે **सुक्षेत्रिया** રૂપ મળે છે અને સપ્તમીના પ્રત્યયનો દીર્ઘ ई-કાર આદેશ થાય છે ,જેમ કે **सरस्याम्** ને બદલે **सरसी (शयानम्)**. ન્યાસ.ને અનુસરીને ભટ્ટોજી નોંધે છે, '**ङेरीकार इत्याहुः।**' અર્થાત્ **सरसी** માં **ङि** નો ई-કાર આદેશ થયો છે તેમ કેટલાક કહે છે.( તેમને તે સ્વીકાર્ય નથી તેથી કહે છેઃ **वस्तुतस्तु ङीषन्ताद् ङेर्लुक्। ईकारादेशस्य तूदाहरणान्तरं मृग्यम्।** અર્થાત્ ખરૂં જોતાં તો **सरसी** એ દૃષ્ટાન્ત **ङीषन्त** પછી સપ્તમીના લોપનું ઉદાહરણ છે.જ્યારે **ङि** નો ई-કાર આદેશ થાય છે તે દર્શાવતું કોઇ અન્ય ઉદાહરણ ખોળવું પડશે.) તત્ત્વ.માં કહે છે અન્ય શાખા અનુસાર આદ્યુદાત્ત પાઠ લઇને **सरसी** ને **ङि** ના ई-કાર આદેશના ઉદાહરણ તરીકે લઇ શકાશે.**(शाखान्तरे आद्युदात्तपाठादिदमेवेति भाष्यस्वरसः।)**, પરંતુ **सरसी** આદ્યુદાત્ત ન હોઇ શકે તેમ શ.કૌ. માં સ્પષ્ટ કહ્યું છે. (જુઓ કા.ન્યા.ભા.૧, પૃ૧૨૦, સિ.કૌ.૪,પૃ.૪૨૬, શ.કૌ.પૃ.૧૪૦)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सति प्रयोजन इह न प्राप्नोति। सोमौ गौरी अधि श्रित इति॥

तत्रापि सरसी यदि।

तत्रापि सिद्धम्। कथम्। यदि सरसीशब्दस्य प्रवृत्तिरस्ति। अस्ति च लोके सरसीशब्दस्य प्रवृत्तिः। कथम्। दक्षिणापथे हि महान्ति सरांसि सरस्य इत्युच्यन्ते॥

ज्ञापकं स्यात्तदन्तत्वे

एवं तर्हि ज्ञापयत्याचार्यो न प्रगृह्यसंज्ञायां प्रत्ययलक्षणं भवतीति। किमेतस्य ज्ञापने प्रयोजनम्। कुमार्योरगारं कुमार्यगारं वध्वोरगारं वध्वगारम्। प्रत्ययलक्षणेन प्रगृह्यसंज्ञा न भवति॥

मा वा पूर्वस्य भूत्॥२॥

अथवा पूर्वपदस्य मा भूदित्येवमर्थमर्थग्रहणम्। वाप्यामश्वो वाप्यश्वः नद्यामातिर्नद्यातिः। अथ क्रियमाणेऽप्यर्थग्रहणे कस्मादेवात्र न भवति। जहत्स्वार्थावृत्तिरिति।

જો આ પ્રમાણે પ્રયોજન હોય તો **सोमौ गौरी अधिश्रितः** । માં (સપ્તમીનો લોપ થયો હોવા છતાં સંજ્ઞા) થશે નહીં.

જો **सरसी** (જેવો શબ્દ) હોય તો તે (**सोमौ गौरी अधिश्रितः**।) માં પણ (સંજ્ઞા) સિદ્ધ થશે॥ **(શ્લો-વા-૨-બ)**

ત્યાં (અર્થાત્ **सोमौ गौरी** ० માં) પણ (પ્રગૃહ્યસંજ્ઞા) સિદ્ધ થશે. કેવી રીતે? જો **सरसी** (એમ દીર્ઘ **ई**-કારાન્ત શબ્દ) પ્રચારમાં હોય અને લોક વ્યવહારમાં (દીર્ઘ ई-કારાન્ત) **सरसी** (શબ્દ) પ્રચારમાં છે. કેવી રીતે ? કારણ કે દક્ષિણાપથમાં મોટાં સરોવરોને **सरसी** કહેવામાં આવે છે.

(તો પછી **अर्थ** નું ગ્રહણ કરીને આચાર્ય) જ્ઞાપન કરે છે કે (પ્રગહ્યસંજ્ઞામાં ) પ્રત્યયલક્ષણ થતું નથી.[96] ॥ **(શ્લો-વા)॥૨-ક॥**

એમ હોય તો પછી (સૂત્રમાં **अर्थ** શબ્દનું ગ્રહણ કરીને) આચાર્ય (પાણિનિ) જ્ઞાપન કરે છે કે પ્રગૃહ્યસંજ્ઞામાં પ્રત્યયલક્ષણ ન્યાય લાગુ પડતો નથી, (અર્થાત્ પ્રત્યયનો લોપ થયો હોય ત્યાં પ્રગૃહ્યસંજ્ઞા નહીં થાય).એ (પ્રત્યયલક્ષણના અભાવ)નું જ્ઞાપન કરવાનું શું પ્રયોજન ? **कुमार्योः अगारं कुमार्यगारम्**।[97] **वध्वोः अगारं वध्वागारम्** માં પ્રત્યયલક્ષણન્યાયથી પ્રગૃહ્ય સંજ્ઞાન થાય (તે પ્રયોજન).

અથવા પૂર્વપદની (પ્રગૃહ્યસંજ્ઞા) ન થાય (તે માટે સૂત્રમાં **अर्थ** શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું છે ॥ **(શ્લો-વા ॥ ૨-ડ**

અથવા તો **वाप्याम् अश्वः** (**वापी अश्वः**) **वाप्यश्वः**। **नद्याम् आतिः** (**नदी आतिः**) **नद्यातिः** (એસપ્તમી તત્પુરુષમાં દીર્ઘ ई-કારાન્ત કે દીર્ઘ ऊ-કારાન્ત) પૂર્વપદની (પ્રકૃત સૂત્રધ્દારા પ્રગૃહ્યસંજ્ઞા) ન થાય તે માટે (સૂત્રમાં) **अर्थ** શબ્દ મૂક્યો છે.[98] તો હવે (સૂત્રમાં) **अर्थ** (શબ્દ)નું ગ્રહણ કરવા છતાં આ (ઉદાહરણો) માં (પ્રગૃહ્યસંજ્ઞા) કેમ નથી જ થતી ? કારણ કે વૃત્તિ (સમાસ) કરવાથી પદો પોતાનો અર્થ ત્યજી દે છે.

---

[96] પ્રત્યયનો લોપ થયો હોય છતાં પ્રત્યયને કારણે જે કાર્ય થતું હોય તે કાર્ય **प्रत्ययलोपे प्रत्ययलक्षणम्**। એ સૂત્ર પ્રમાણે થઇ શકે છે, જેમ કે **अग्निचित्** અહીં **क्विप्** પ્રત્યયનો લોપ થયો હોવા છતાં પ્રત્યયલક્ષણથી **पित्** પ્રત્યય **क्विप्** પર થતાં **ह्रस्वस्य पिति कृति तुक्**। પ્રમાણે **तुक्** આગમ થયો છે.

[97] **कुमार्योः अगारम्**। **वध्वोः अगारम्**। એનો સમાસ કરતાં **सुपो धातुप्राति०** પ્રમાણે વિભક્તિનો લોપ થતાં **कुमारी** + **अगारम्**। વધૂ + **अगारम्** એમ થતાં **कुमारी** અને વધૂ એ પદો અનુક્રમે **ईदन्त** અને **उदन्त** દ્વિવચનો હોવાથી **ईदूदेद्विवचनं०** અનુસાર પ્રગૃહ્ય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે, પરંતુ પ્રત્યયનો લોપ થયો હોવાથી **कुमारी** અને વધૂ એ દ્વિવચનાન્ત નહીં ગણાય, કારણ કે પ્રગૃહ્ય સંજ્ઞામાં પ્રત્યયલક્ષણ લાગુ પડતું નથી.

[98] **वाप्यश्वः** અને **नद्यातिः** માં **वापी** અને **नदी** શબ્દો પોતાનો અર્થ (**स्वार्थ**) નથી દર્શાવતા એમ સ્વીકારતાં તે બન્ને સપ્તત્મ્યર્થ નહીં રહે તેથી પ્રસ્તુત સૂત્ર ત્યાં લાગુ નહીં પડે. પરિણામે પ્રગૃહ્ય સંજ્ઞા ન થતાં **यण्** સંધિ થઇને (**वापी+अश्वः=**) **वाप्यश्वः** અને (**नदी+आतिः=**) **नद्यातिः** સિદ્ધ થશે.[**आति** એટલે બગલી **शरारिरातिराटिश्च बलाका** ।**इत्यमरः**].



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथाजहत्स्वार्थायां वृत्तौ दोष एव। अजहत्स्वार्थायां च न दोषः। समुदायार्थोऽभिधीयते ॥

ईदूतौ सप्तमीत्येव लुप्तेऽर्थग्रहणाद्भवेत्। पूर्वस्य चेत्सवर्णोऽसावाडाम्भावः प्रसज्यते ॥ १ ॥

वचनाद्यत्र दीर्घत्वं तत्रापि सरसी यदि। ज्ञापकं स्यात्तदन्तत्वे मा वा पूर्वपदस्य भूत् ॥२ ॥

दाधाघ्वदाप् ॥१ ॥१ ॥१९ ॥

घुसंज्ञायां प्रकृतिग्रहणं शिदर्थम् ॥१ ॥

હવે જો સમાસ થતાં પદો પોતાનો અર્થ (સ્વ-અર્થ)ત્યજી નથી દેતાં (એમ માનવામાં આવે તો પણ) દોષ જ આવે છે. (સમાસ થતાં ઘટક પદો) પોતાનો અર્થ કાયમ રાખે (છે એમ માનવામાં આવે) તો તો દોષ નહીં આવે, કારણ કે (બધાં પદો) સમુદાયનો અર્થ બતાવે છે. [99]

**ईदूतौ सप्तमी**,'એમ જ (સૂત્ર કરવું જોઇએ), **अर्थ** (શબ્દ) મૂક્યો હોય તો (સપ્તમીનો) લોપ થયો હોય ત્યાં (પણ સંજ્ઞા) થઇ શકે. જો પૂર્વનો સવર્ણ (થયો) છે (એમ કહો તો પછી) **आट्** (આગમ) અને **आम्**(આદેશ) થવાનો પ્રસંગ આવશે ॥૧॥

(સૂત્રમાં) કહ્યું છે તેથી તો જ્યાં દીર્ઘ થાય ત્યાં (સંજ્ઞા) થશે, પરંતુ તેમાં પણ જો **सरसी** (શબ્દ) હોય તો (લુપ્ત સપ્તમીમાં સંજ્ઞા થશે). તેથી (સૂત્રમાં **अर्थ** મૂક્યો છે તે) પ્રત્યયલક્ષણના અભાવનું જ્ઞાપક થશે. અથવા તો (**अर्थ** શબ્દ મૂક્યો છે તે સમાસમાંના) પૂર્વપદને (પ્રગૃહ્યસંજ્ઞા) ન થાય (એમ જ્ઞાપન કરે છે) ॥૨॥ [100]

**दाप्** અને **दैप्** સિવાયના **दा** સ્વરૂપવાળા ધાતુઓની તેમ જ **धा** સ્વરૂપવાળા ધાતુઓની **घु** સંજ્ઞા કરવામાં આવે છે ॥ **૧।૧ ।૧૯ ॥**

---

[99] સમાસવૃત્તિમાં ઘટકપદો પોતાનો વ્યક્તિગત અર્થ ત્યજી દે છે તેમ સ્વીકારવું તે **जहत्स्वार्था वृत्तिः** મત અને ઘટક પદો પોતાનો વ્યક્તિગત અર્થ ત્યજી નથી દેતાં તેમ સ્વીકારવું તે **अजहत्स्वार्था वृत्तिः** મત. વાસ્તવમાં ઘટક પદો સમાસમાં સમુદાયનો અર્થ બતાવે છે.

[100] **ईदूतौ सप्तमीत्येव**। અર્થાત્ **ईदूतौ सप्तमी** એટલું જ સૂત્ર ભલે રહે. સૂત્રમાં **अर्थ** શબ્દ મૂકવાનું શું પ્રયોજન છે ? તેનો ઉત્તર શ્લોક વાર્તિકના બીજા ચરણમાં આપ્યો છે. **लुप्तेऽर्थग्रहणाद्भवेत्**। અર્થાત્ સૂત્રમાં **अर्थ** શબ્દ મૂકવાથી **सोमो गौरी अधिश्रितः**। જેવાં ઉદાહરણોમાં જ્યાં સપ્તમીનો લોપ થયો હોય ત્યાં પ્રગૃહ્ય સંજ્ઞા થશે અને તેથી **गौरी अधिश्रितः** માં પ્રકૃતિભાવ થશે, કારણ કે અહીં સપ્તમીનો અર્થ છે.જો **अर्थ** શબ્દ ન મૂક્યો હોય તો પ્રગૃહ્ય સંજ્ઞા ન થાય. આ દલીલનો જવાબ ત્રીજા ચરણમાં આપ્યો છે.**पूर्वस्य चेत्सवर्णोऽसौ**। ઉપરનો ખુલાસો શક્ય છે પરંતુ અહીં સપ્તમીનો લોપ નથી , પરંતુ **सुपां सुलुक्**૦ પ્રમાણે પૂર્વસવર્ણ **ई**-કાર-- **अकः सवर्णे** ૦ પ્રમાણે દીર્ઘ-- અન્તવદ્ભાવથી સૂત્રમાંના સપ્તમી શબ્દ દ્વારા સપ્તમીના પ્રત્યયનું ગ્રહણ થઇ શકશે તેથી સપ્તમીનો લોપ થયો જ નથી એમ સમજાશે. પરિણામે સૂત્રમાં **अर्थ** શબ્દનું ગ્રહણ કરવાનો કોઇ અર્થ નથી.પણ તેમ કહેવું યોગ્ય નથી, કારણ કે તેથી **आट्** અને **आम्** આદેશ થવાનો પ્રસંગ આવશે. આથી પૂર્વે કહ્યું તેમ પ્રત્યયનો **लुक्** જ કરવો જોઇએ ત્યાર પછી સપ્તમી ન હોવાથી પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય. તેથી જ્યાં દીર્ઘ હશે ત્યાં સૂત્રમાં કહ્યું છે તે કારણે સંજ્ઞા થશે જેમ કે **सरसी** અહીં સપ્તમીનું શ્રવણ થાય છે. અને અહીં સૂત્રનું વચન સાવકાશ હોવાથી **गौरी अधिश्रितः** માં સંજ્ઞા નહીં થાય. **तत्रापि सरसी यदि** પણ જો **सरसी** એમ સ્વતંત્ર શબ્દ હોય તો ત્યાં પણ સંજ્ઞાને અવકાશ નહીં રહે અને **सरसी** શબ્દ છે. આમ **वचनाद् भविष्यति**। એમ કહીને સૂત્રમાં મૂકેલ **अर्थ** શબ્દનું પ્રત્યખ્યાન કર્યું છે.પરંતુ **तदन्तत्वे ज्ञापकम्**। અર્થાત્ **अर्थ** ગ્રહણ કર્યું છે તેથી **कुमार्योरगारं कुमार्यगारम्** જેવામાં (**कुमारी** એ દ્વિવચનાન્ત ન હોવાનું , એટલે કે પ્રત્યયલક્ષણથી તેને દ્વિવચનાન્ત ન ગણી શકાય તેનું જ્ઞાપક છે. ટૂંકમાં) પ્રત્યયલક્ષણથી પ્રગૃહ્ય સંજ્ઞા નથી થતી તેનું જ્ઞાપક છે અથવા **मा वा पूर्वपदस्य भूत्**। પૂર્વપદની (અર્થાત્ **वाप्यश्वः** વગેરે) સમાસમાં પૂર્વપદની પ્રગૃહ્ય સંજ્ઞા ન થાય તે માટે **अर्थ** શબ્દનું સૂત્રમાં ગ્રહણ કરવું જરૂરી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**शित्** (પ્રત્યયો) ની ખાતર **घु** સંજ્ઞા-(સૂત્ર)માં **प्रकृति** (શબ્દ)મૂકવાની જરૂર છે ॥ ૧ ॥

घुसंज्ञायां प्रकृतिग्रहणं कर्तव्यम्। दाधाप्रकृतयो घुसंज्ञा भवन्तीति। किं प्रयोजनम्। आत्त्वभूतानामियं संज्ञा क्रियते सात्त्वभूता-नामेव स्यादनात्त्वभूतानां न स्यात्। ननु च भूयिष्ठानि घुसंज्ञाकार्याण्यार्धधातुके तत्र चैत आत्त्वभूता दृश्यन्ते। शिदर्थम्। शिदर्थं प्रकृतिग्रहणं कर्तव्यम्॥ शित्यात्त्वं प्रतिषिध्यते तदर्थम्। प्रणिदयते प्रणिधयतीति॥

घु-સંજ્ઞા (જેમાં કરવામાં આવી છે તે સૂત્ર) માં **प्रकृति** (અર્થાત્ મૂળસ્વરૂપ એ શબ્દ) મૂકવાની જરૂર છે,[101] (અર્થાત્)' **दा**, **धा** ધાતુઓનાં મૂળસ્વરૂપો घु-સંજ્ઞક બને છે,' એમ કહેવું જોઇએ.[102] શા માટે ? જેમને અંતે **आ** હોય તે (ધાતુઓ) ની [103] આ સંજ્ઞા કરવામાં આવે છે (જેથી) **आ** અન્તે હોય તેમની જ સંજ્ઞા થાય, અન્તે **आ** ન હોય તેવા (ધાતુઓ) ની ન થાય. પણ घु સંજ્ઞાને લગતાં મોટા ભાગનાં કાર્યો આર્ધધાતુક પ્રત્યય લાગે ત્યારે (થાય છે) ત્યાં એ (**दा**,**धा** ) પણ **आ**-કારાન્ત સ્વરૂપવાળા જોવામાં આવે છે.[104] **शित्** માટે. જેમાં **श**-કાર **इत्** હોય તેમને ખાતર સૂત્રમાં **प्रकृति** શબ્દ મૂકવો પડશે, કારણ કે **शित्** પ્રત્યય પૂર્વે (**एजन्त** ના) **आ**-કાર નો પ્રતિષેધ કરવામાં આવ્યો છે, તે માટે (સૂત્રમાં **प्रकृति** શબ્દ મૂકવો જોઇએ જેથી) **प्रणिदयते** , **प्रणिद्यति** , **प्रणिधयति** (સિદ્ધ થાય).[105]

---

[101] આ સૂત્રમાં જે **दा** અને **धा** શબ્દો મૂક્યા છે તે પ્રયોગમાં મળી આવે છે તે **दा** અને **धा**-રૂપ શબ્દોને સૂચવે છે કે ધાતુ-પાઠમાં રહેલા જે જે ધાતુઓ **दा** અને **धा** રૂપ ધારણ કરે છે તેમનું સૂચન કરે છે એ પ્રકારનો સંશય અહીં રહે છે. જો પ્રયોગમાં ઉપલબ્ધ **दा** અને **धा** શબ્દોને જ સૂત્રમાંના **दा** , **धा** સૂચવતા હોય તો **दो** , **देङ्**, **धेट्** વગેરેનું ગ્રહણ ન થવાથી તેમની घु સંજ્ઞા નહીં થાય. આથી આ ધાતુઓને પણ પ્રસ્તુત સંજ્ઞા થઇ શકે તે માટે સૂત્રમાં **प्रकृति** શબ્દનું ગ્રહણ કરવું જરૂરી છે એમ આક્ષેપકારનું કહેવું છે.

[102] **दाधाप्रकृतयः--दाश्च धाश्च प्रकृतयश्च।** એમ દ્વંદ્વ સમાસ છે. સૂત્રમાં જે **दा धा** નું ગ્રહણ કર્યુ છે તેમાં **दा** એ **दा** સ્વરૂપ જે **डुदाञ्** (૩.ઉ), **दाण्** (૧.૫.) **दो** (૨.૫) અને **देङ्** (૨.આ.) એ ધાતુઓનો એકશેષ સમાસ છે અને **धा** એ **डुधाञ्** (૩.ઉ.) અને **धेट्** (૧.૫.) એ બે ધાતુઓનો એકશેષ છે.તેમનો દ્વંદ્વ સમાસ કરીને **दाधा** એમ મૂક્યું છે.(જુઓ ન્યા.ભા. ૧, પૃ.૧૨૧) **ततश्चतुर्णां दारूपाणां द्वयोश्च धारूपयोरेकशेषं कृत्वा द्वन्द्वः कर्तव्यः।** (શ.કૌ.પૃ.૧૪૧)

[103] મૂળમાં **आत्वभूतानाम्** [અર્થાત્ **कृतात्वानाम्** (પ્ર.), **प्राप्तात्वाना** (ઉ.)] છે.**आत्वं भूताः** અથવા **आत्वेन भूताः।** એટલે કે **आ**-કારાન્ત **दाधा** નું ગ્રહણ કર્યુ છે તેથી જે મૂળ **आ**-કારાન્ત નથી(**अनात्वभूताः**), પરંતુ **लक्षण** દ્વારા અર્થાત્ **आदेच उपदेशेऽ०** જેવાં સૂત્ર દ્વારા **आ**-કારાન્ત થયા હોય તે **दो** , **देङ्**, **धेट्** વગેરેની घु સંજ્ઞા નહીં થઇ શકે .

[104] **आदेच उपदेशेऽशिति।** પ્રમાણે ધાતુમાંના **एच्** નો **आ** થાય છે તેથી આર્ધધાતુક પ્રત્યયો પૂર્વે **दो** , **दे** વગેરેનું **दा** એમ **आ**-કારાન્ત સ્વરૂપ થાય છે, પરંતુ **शित्** પ્રત્યય પૂર્વે **आ** થતો નથી (**अशिति**).

[105] **नेर्गदनदपतघुमास्यतिहन्ति** ० અનુસાર **गद्**, **नद्**, **पत्**, **घु** વગેરે ધાતુઓ **नि** ઉપસર્ગ પછી આવે ત્યારે ઉપસર્ગમાં રહેલ કારણ વશાત્ તેના **न्** નો **ण्** થાય છે, જેમ કે **प्रणिदयते** , **प्रणिद्यति** , **प्रणिधयति** .અહીં **प्र** ઉપસર્ગમાં રહેલ રેફ રૂપી કારણને લીધે **नि** નો **णि** થાય છે તે **देङ्** , **दो** , **धेट्** વગેરેની **घु** સંજ્ઞા થાય તો જ સંભવી શકે. સૂત્રમાં **प्रकृति** શબ્દનું ગ્રહણ કરવાથી **देङ्** વગેરે જે **दा** ના પ્રકૃતિભૂત છે તેને **घु** સંજ્ઞા થઇ શકશે. જેથી **आत्व** ન થયું હોય ત્યાં (**शित्** પ્રત્યય પૂર્વે) **घु** ને લગતાં કાર્ય થઇ શકશે. જેમ કે **प्रणिद्यति** એ **दो** (૪.૫.) (**अवखण्डने** તોડવું) ધાતુનું રૂપ છે. **अशित्** પ્રત્યયો પૂર્વે તેનું **आत्व** થવાથી **घु** સંજ્ઞા થાય છે. સૂત્રમાં **प्रकृति** શબ્દનું ગ્રહણ કર્યુ હોય તો **दो** એ **आत्वभूत दा** ની પ્રકૃતિ હોવાથી **शित्** પ્રત્યયો પૂર્વે પણ તેની **घु** સંજ્ઞા થશે. આમ **श्यन्** એ **शित्** પ્રત્યય પૂર્વે **ओतः श्यनि।** અનુસાર **ओ** નો લોપ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भारद्वाजीयाः पठन्ति। घुसंज्ञायां प्रकृतिग्रहणं शिद्विकृतार्थम्। घुसंज्ञायां प्रकृतिग्रहणं क्रियते। किं प्रयोजनम्। शिदर्थं विकृतार्थं च। शित्युदाहृतम्। विकृतार्थं खल्वपि। प्रणिदाता प्रणिधाता। किं पुनः कारणं न सिध्यति। लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेति प्रतिपदं य आत्त्वभूतास्तेषामेव स्याल्लक्षणेन य आत्त्वभूतास्तेषां न स्यात्॥ अथ क्रियमाणेऽपि प्रकृति-ग्रहणे कथमिदं विज्ञायते। दाधाः प्रकृतय इति। आहोस्विद्दाधां प्रकृतय इति। किं चातः। यदि विज्ञायते दाधाः प्रकृतय इति स एव दोषः। आत्त्वभूतानामेव स्यादनात्त्वभूतानां न स्यात्। अथ विज्ञायते दाधां प्रकृतय इत्यनात्त्वभूतानां न स्यात्। एवं तर्हि

ભારદ્વાજના અનુયાયીઓ (આ વાર્તિકનો) આ પ્રમાણે પાઠ લે છેઃ **घुसंज्ञा** (સૂત્ર) માં પ્રત્યય માટે તેમ જ વિકૃત સ્વરૂપને ખાતર **प्रकृति** (શબ્દ)નું ગ્રહણ કરવું જરૂરી છે.[106] घु સંજ્ઞા (માટેના સૂત્ર) માં **प्रकृति** શબ્દ મૂકવામાં આવે છે. શા માટે ? **शित्** પ્રત્યયને ખાતર તેમ જ વિકૃત (થએલા घु-સંજ્ઞક ધાતુઓ) માટે. **शित्** પ્રત્યય પર થાય તેનું ઉદાહરણ (ઉપર) આપ્યું.[107] વિકૃત માટેનું પણ **प्रणिदाता**, **प्रणिधाता** (છે ). (સૂત્રમાં **प्रकृति** શબ્દ ન મૂક્યો હોય) તો (આ રૂપો ) સિદ્ધ કેમ ન થઇ શકે ? સૂત્રમાં જેનો સાક્ષાત્ નિર્દેશ કરવામાં આવ્યો હોય તે અને (સૂત્રમાં જેનો સક્ષાત્ નિર્દેશ ન હોય પણ) સામાન્ય સૂત્ર વ્દારા જે નિષ્પન્ન થએલો હોય તે બેમાંથી જેનો સૂત્રમાં સાક્ષાત્ નિર્દેશ હોય તેનું જ ગ્રહણ થાય છે' એ ન્યાયે જેમનો आ-કારાન્ત (ધાતુઓ તરીકે ) ઉપદેશ કરવામાં આવ્યો હોય તે (અર્થાત् डुदाञ्, दाण् અને धाञ्) ની જ घु સંજ્ઞા થશે, પરંતુ લાક્ષણિક રીતે (અર્થાત્ સૂત્રવ્દારા) જે आ-કારાન્ત બને છે તેમની સંજ્ઞા નહીં થાય.[108] હવે ધારો કે **प्रकृति** શબ્દ સૂત્રમાં મૂકવામાં આવે તો પણ એનો કઇ રીતે અર્થ કરીશું ? **दाधाः प्रकृतयः** (અર્થાત્ दा, धा જે પ્રકૃતિ છે તે કે પછી) કે પછી (दा અને धा નાં જે મૂળ સ્વરૂપ છે તે)?[109] તેથી શો ફેર પડે છે ? જો **दाधाः प्रकृतयः**। એમ કર્મધારય લેવામાં આવે તો તેનો તે જ દોષ ઊભો રહેશે, એટલે કે आ-કારાન્ત હોય તે (ધાતુઓ)ની જ (घु સંજ્ઞા) થશે, आ-કારાન્ત ન હોય તેમની નહીં થાય. હવે જો **दाधां प्रकृतयः**। એમ (ષષ્ઠીસમાસ) લેવામાં આવે તો જે आ-કારાન્ત ન હોય તે (ધાતુઓ) ની જ घु સંજ્ઞા થશે પણ જે आ-કારાન્ત છે તેમની નહીં થાય.[110]જો એમ હોય તો

---

થઇને **नेर्गदनद॰** પ્રમાણે **प्र नि दो श्यन् ति--प्र नि द् य ति --नि** ની પછી घु સંજ્ઞક **द्**(**दो**) આવવાથી ઉપસર્ગ **प्र** માં રહેલ રેફ રૂપી નિમિત્તને લીધે **नि** ના **न्**નો **ण्** થઇને **प्रणिद्यति** રૂપ સિદ્ધ થાય છે.

[106] **दो दद्घोः**। એ સૂત્રમાં **घेद्** ની નિવૃત્તિ માટે **दा** હોવાથી સૂચવે છે કે **घेद्** એ વિકૃત ધાતુને પણ घु સંજ્ઞા પ્રાપ્ત થાય છે તેથી घु સંજ્ઞા સૂત્રમાં **प्रकृति** શબ્દ મૂકવાનું પ્રયોજન કાત્યાયને **शिदर्थम्** એમ કહ્યું.,પરંતુ આ પ્રકારે વિવેક ન કરી શકે તેને લક્ષમાં રાખીને ભારદ્વાજની વાર્તિકમાં **विकृतार्थम्** એમ સ્પષ્ટતા કરી છે.

[107] એટલે કે **प्रणिदयते** , **प्रणिद्यति** , **प्रणिधयति** વગેરે.

[108] **डुदाञ्** , **दाण्** અને **डुधाञ्** એ ત્રણ ધાતુઓનો ધાતુપાઠમાં आ-કારાન્ત ઉપદેશ છે, જ્યારે **दो** , **देङ्** અને **घेद्** એ ત્રણ ધાતુઓ લક્ષણ વ્દારા અર્થાત્ સૂત્રવ્દારા , લાક્ષણિક રીતે आ-કારાન્ત બને છે તેથી તેમની घु સંજ્ઞા નહીં થાય તેમ અહીં દલીલ છે.કાત્યાયન **गामादा॰** પરિભાષાનો આધાર લઇને આનું સમર્થન કરે છે **(कात्यायनस्तु गामादाग्रहणेष्वविशेष इत्यनेन समर्थयन्नेतदुक्तवान्॥ भर्तृ॰ दी॰पृ॰ १८१)**

[109] **दाधाप्रकृतयः** એ કર્મધારય લેવામાં આવે કે ષષ્ઠી તત્પુરુષ બન્ને રીતે અવ્યાપ્તિ થાય છે તેથી પ્રશ્ન કર્યો છે.

[110] **दाञ्** , **दाण्** અને **धाञ्** એ ધાતુઓને **आत्वभूत** કહ્યા છે, કારણ કે ધાતુ પાઠમાં आ-કારાન્ત ઉચ્ચરવામાં આવ્યા છે. જ્યારે તેમનાથી ભિન્ન **दो** , **देङ्** અને **घेद्** ધાતુઓનું ધાતુ आ-કારાન્ત તરીકે ઉચ્ચારણ કરવામાં આવેલું નથી તેથી તેમને **अनात्वभूत** તરીકે નિર્દેશ્યા છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नैवं विज्ञायते दाधाः प्रकृतय इति नापि दाधां प्रकृतय इति। कथं तर्हि। दाधा घुसंज्ञा भवन्ति प्रकृतयश्चैषामिति॥ तत्तर्हि प्रकृतिग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। इदं प्रकृतमर्थग्रहणमनुवर्तते। क्व प्रकृतम्। ईदूतौ च सप्तम्यर्थे इति। ततो वक्ष्यामि। दाधा घ्वदाप् अर्थे इति। नैवं शक्यम्। ददातिना समानार्थान् रातिरासतिदाशतिमंहतिप्रीणातिप्रभृतीनाहुः। एतेषामपि घुसंज्ञा प्राप्नोति। तस्मान्नैवं शक्यम्। न चेदेवं प्रकृतिग्रहणं कर्तव्यमेव॥ शिदर्थेन तावन्नार्थः प्रकृतिग्रहणेन। अवश्यं तत्र मार्थं प्रकृतिग्रहणं कर्तव्यं प्रणिमयते प्रण्यमयतेत्येवमर्थम्। तत्पुरस्तादपकक्ष्यते। घुप्रकृतौ माप्रकृतौ चेति। यदि प्रकृतिग्रहणं क्रियते

પછી **दाधाः प्रकृतयः** એમ (કર્મધારય) પણ નહીં સમજાય કે **दाधां प्रकृतयः।** એમ (ષષ્ઠી સમાસ) પણ નહીં સમજાય.તો કઇ રીતે સમજાશે? **दा,धा** ની **घु** સંજ્ઞા થાય છે અને તેમની પ્રકૃતિ (મૂળસ્વરૂપ)ની પણ સંજ્ઞા થાય છે એમ (સમજાશે).[111] તો પછી (સૂત્રમાં) **प्रकृति** શબ્દનું ગ્રહણ કરવું જોઇએ? ન કરવું જોઇએ. જે પ્રસ્તુત છે તે(પૂર્વ સૂત્રમાંના) **अर्थ** શબ્દની અનુવૃત્તિ થાય છે. ક્યાં પ્રસ્તુત છે **ईदूतौ सप्तम्यर्थे।** એ સૂત્રમાં છે. પછી **दाधाघ्वदाप् अर्थे।** એમ કહીશ.[112] એ પ્રમાણે શક્ય નથી, કારણ કે **रा, रास्, दाश्, मंह्, प्री** વગેરેને **दा** ધાતુના સમાન અર્થવાળા કહ્યા છે. તેમની પણ **घु** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. તેથી એ પ્રમાણે (**अर्थ** શબ્દની અનુવૃત્તિ કરવી) શક્ય નથી. જો એમ (શક્ય) ન હોય તો (સૂત્રમાં) **प्रकृति** (શબ્દ)નું ગ્રહણ અવશ્ય કરવું જોઇએ.[113] **शित् प्रत्ययो** માટે તો **प्रकृति** (શબ્દ)નું ગ્રહણ કરવું જરૂરી નથી. ત્યાં **मा** ધાતુને ખાતર એટલે કે **प्रणिमयते, प्रण्यमयत** (માં **न्** નો **ण्** થઇ શકે) તે માટે **प्रकृति** (શબ્દ)નું ગ્રહણ અવશ્ય કરવું જોઇએ.[114] અને તે (**प्रकृति** શબ્દ) આગળ ખેંચી (ને **घु**-સંજ્ઞક ધાતુને લગાડી) શકાશે, એટલે કે **घु**-સંજ્ઞકની પ્રકૃતિ પર થતાં અને **मा** ની પ્રકૃતિ પર થતાં (**नि** ઉપસર્ગના **न्** નો **ण्** થશે). જો **प्रकृति** શબ્દનું (**नेर्गदनदपतपद०** એ સૂત્રમાં) ગ્રહણ કરવામાં આવે તો

---

[111] **दा**, **धा** અને પ્રકૃતિભૂત (**दाधाःप्रकृतयः**) એમ જે કહ્યું છે તેમાં કોનાં પ્રકૃતિભૂત ? એ પ્રશ્નના ઉત્તરમાં સાન્નિધ્યને કારણે **दा**, **धा** જ ઉપસ્થિત થાય છે તેથી **दा**, **धा** જ પ્રકૃતિભૂત છે તેમ સમજાય છે. આથી ભાષ્યકારે '**दा**, **धा** ની **घु** સંજ્ઞા થાય છે તેમ જ તેમના પ્રકૃતિભૂત (**दो**, **देङ्** અને **धेट्**) ની પણ(**घु** સંજ્ઞા થાય છે)', એમ કહ્યું છે.

[112] પૂર્વ સૂત્રમાંથી **अर्थ** શબ્દની અનુવૃત્તિ કર્યા પછી સૂત્રનો આ પ્રમાણે અર્થ થશેઃ (**दाप्** સિવાયના) **दा**, **धा** એ ધાતુની તેમ જ તેમના સમાન અર્થવાળા ધાતુઓની **घु** સંજ્ઞા થાય છે, તેમ જ **धेट्** જે **धा** ધાતુના સમાન અર્થવાળો છે તે **दा** અને **धा** સ્વરૂપવાળા અર્થાત્ **आ**-કારાન્ત નથી છતાં તેમની **घु** સંજ્ઞા થશે.

[113] નિ.સા.(પૃ.૨૯૦), ચૌ.(પૃ.૨૮૭), યુ.મી. .(પૃ.૪૦૭) માં અહીં **न कर्तव्यम्।** એમ અધિક પાઠ છે.વા.શા.(મ. પૃ. ૧૯૩) ( હિ.પૃ.૨૯૩) માં મૂળમાં એ વાક્ય નથી પરંતુ અનુવાદ **प्रकृति हा शब्द घालावयास नको।** કૌસમાં આપ્યો છે.

[114] અર્થાત્ **नेर्गदनदपतघुमा०** સૂત્રમાં **प्रकृति** શબ્દ મૂકવો જરૂરી છે.આમ તે સૂત્ર **नेर्गदनदपतघुप्रकृतिमा ०** એમ થશે.તેમાં **घु** અને **मा** એ બે શબ્દોની વચ્ચે રહેલ **प्रकृति** શબ્દનો **घु** તેમ જ **मा** એ બન્ને સાથે યોગ થઇ શકશે.આમ **प्रकृति** શબ્દનું પુનરાવર્તન કર્યા વિના જ **घुप्रकृति** અને **माप्रकृति** એમ સમજાશે. તેથી **दो**, **देङ्** અને **मेङ्** ધાતુઓનું ગ્રહણ થઇ શકશે તેથી **प्रणिदयते** તેમ જ **प्रणिमयते** એ બન્નેમાં **णत्व** સિદ્ધ થઇ શકશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रनिमिनोति प्रनिमीनाति अत्रापि प्राप्नोति। अथाक्रियमाणेऽपि प्रकृतिग्रहण इह कस्मान्न भवति प्रनिमाता प्रनिमातुम् प्रनिमातव्यमिति। आकारान्तस्य ङितो ग्रहणं विज्ञास्यते। यथैव तर्ह्यक्रियमाणे प्रकृतिग्रहणे आकारान्तस्य ङितो ग्रहणं विज्ञायत एवं क्रियमाणे ऽपि प्रकृतिग्रहण आकारान्तस्य ङितो ग्रहणं विज्ञास्यते॥ विकृतार्थेन चापि नार्थः। दोष एवैतस्याः परिभाषाया लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेति गामादाग्रहणेष्वविशेष इति॥

समानशब्दप्रतिषेधः ॥२॥

**प्रनिमिनोति। प्रनिमीनाति** વગેરેમાં (**न्** નો **ण्**) કેમ નથી થતો ?[115] તો પછી **प्रकृति** શબ્દનું ગ્રહણ ન કરવામાં આવે તો પછી આ **प्रनिमाता।**[116] **प्रनिमातुम्। प्रनिमातव्यम्** વગેરેમાં **णत्व** કેમ નથી થતું ? જેને અન્તે **ङित् आ**-કાર આવ્યો હોય તેવા (**मा** એટલે કે **माङ्** ધાતુનું સૂત્રમાં) ગ્રહણ (કરવામાં આવ્યું) છે તેમ સમજાશે. તો પછી **प्रकृति** શબ્દ (સૂત્રમાં) ન મૂકવામાં આવ્યો હોય ત્યારે જેમ **ङित्** આકાર જેને અન્તેઆવ્યો હોય તેવા (**मा** એટલે કે **माङ्** ધાતુનું સૂત્રમાં) ગ્રહણ (કરવામાં આવ્યું) છે તેમ સમજાય છે તેમ **प्रकृति** શબ્દ (સૂત્રમાં) ન મૂકવામાં આવ્યો હોય તો પણ **ङित् आ**-કાર જેને અન્તે આવ્યો હોય તેવા (**मा** એટલે કે **माङ्** ધાતુનું સૂત્રમાં) ગ્રહણ(કરવામાં આવ્યું) છે તેમ સમજાશે. વિકૃતને માટે પણ (સૂત્રમાં **प्रकृति** શબ્દનું ગ્રહણ કરવાનો) અર્થ નથી, કારણ કે **लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव।** એ (પરિભાષા)માં દોષ આવે છે તેથી **गामादाग्रहणेष्वविशेषः।**એ (પરિભાષા કરવામાં આવી) છે.[117]

સમાન શબ્દોનો પ્રતિષેધ (કરવો જોઇએ) ॥૨॥

---

[115] **प्रनिमिनोति** માં **डुमिञ् प्रक्षेपणे** અર્થાત્ ફેંકવું એ અર્થનો **मि** (પ.ઉ.) ધાતુ છે અને **प्रनिमीनाति** માં **मीञ् हिंसायाम्** અર્થાત્ હિંસાર્થક **मी** (૮.ઉ.) ધાતુ છે. આ ધાતુઓમાં **मीनातिमिनोतिदीङां ल्यपि च।** એ સૂત્ર પ્રમાણે **आत्व** નું વિધાન કરવામાં આવ્યું છે તેથી જ્યાં ગુણ કે વૃદ્ધિ થતાં હોય તેવા **अशित्** પ્રત્યય પૂર્વે **एच्** નો **आ** થાય છે. આમ **मी** અને **मि** એ ધાતુ **माप्रकृति** થાય છે તેથી **नेर्गदनद०** સૂત્રમાં **प्रकृति** શબ્દ મૂકવામાં આવે તો એ રૂપોમાં **न्** નો **ण्** થઇને **प्रणिमिनोति** અને **प्रणिमीनाति** જેવાં અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવશે.

[116] **प्रनिमाता** વગેરેમાં **मा माने** અર્થાત્ માવું,સમાવું એ અર્થનો **मा** ધાતુ છે. **नेर्गदनद०** માં જે **मा** ધાતુનું ગ્રહણ કર્યુ છે તે **ङित्** છે અને તે વ્દારા **माङ् माने** અને **मेङ् प्रणिदाने** એ ધાતુઓ સૂચવાય છે **लक्षणप्रतिपदोक्तयोः०** એ પરિભાષાને લીધે **मीञ्** અને **मिञ्** ના આદેશોનું ગ્રહણ અટકાવી શકાય છે, પરંતુ એ પરિભાષાના અપવાદભૂત **गामादाग्रहणेष्वविशेषः।** એ પરિભાષાને કારણે **मा माने** નું ગ્રહણ થતું અટકાવી શકાતું નથી તેથી પ્રસ્તુત સૂત્રમાં જે **मा** નું ગ્રહણ કર્યુ છે તેને **ङित्** લેવાથી તે અટકાવી શકાશે. આ સૂત્રમાં મૂકેલ **मा** વ્દારા **माङ्** અને **मेङ्** નું જ ગ્રહણ થાય છે, પરંતુ **मिञ्** , **मीञ्** કે **मा** (**माने**) એ ધાતુઓનું ગ્રહણ ન થાય એમ સૂત્રકાર ઇચ્છે છે, કારણ કે **द्वन्द्वे च।** અને **अल्पाच्तरम्।** એ બે સૂત્રની ઉપેક્ષા કરીને પ્રસ્તુત સૂત્રમાં તેમણે **घु** નો પરનિપાત કરીને સૂચવ્યું છે કે આ સૂત્રને લાગે વળગે છે ત્યાં સુધી ઇચ્છાનુસાર વર્તવું શાસ્ત્રવચન પ્રમાણે નહીં. તેથી જેની ઇચ્છા હોય તેનું જ ગ્રહણ થાય છે. આમ ઇચ્છા અને લક્ષ્યને ધ્યાનમાં રાખીને **माङ्** અને **मेङ्** નું ગ્રહણ થશે અન્યનું નહી (**नात्र वचनानुरोधेन प्रवर्तितव्यम्, अपि तु इच्छयेति सूचितम्। तेन लक्ष्यानुरोधान्माङ्मेङोर्ग्रहणं भवतीति युक्तम्।** તેથી જ ભાષ્યકારે ઇષ્ટિ કરી છેઃ **मा इति माङ्मेङोर्ग्रहणमिष्यते।** ન્યાસ.ભા.૬,પૃ.૬૨૬).

[117] **लक्षणप्रतिपदोक्त०** પરિભાષા પ્રમાણે લક્ષણવ્દારા આ-કારાન્ત બનતા **दो** , **देङ्** અને **धेट्** ધાતુઓનું સૂત્રવ્દારા ગ્રહણ થતું નથી. પરંતુ તેના અપવાદ **गामादाग्रहणे ०** ને પ્રતાપે સૂત્રમાંનો **दा** અવિશિષ્ટ રીતે પ્રતિપદોક્ત તેમ જ લાક્ષણિક બન્નેનું ગ્રહણ કરે છે અને બન્નેનું ગ્રહણ થાય તો અહીં **निरनुबन्धकग्रहणे न सानुबन्धकस्य।** અને **लक्षणप्रतिपदोक्त०** એ બે પરિભાષા ઉપસ્થિત થતી નથી. તેથી **दो** અને **धेट्** બન્નેનું ગ્રહણ થઇ શકે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**समानशब्दानां प्रतिषेधः वक्तव्यः। प्रनिदारयति प्रनिधारयति। दाधा घुसंज्ञा भवन्तीति घुसंज्ञा प्राप्नोति।**
**समानशब्दाप्रतिषेधोऽर्थवद्ग्रहणात् ॥३॥**
**समानशब्दानामप्रतिषेधः। अनर्थकः प्रतिषेधोऽप्रतिषेधः। घुसंज्ञा कस्मान्न भवति। अर्थवद्ग्रहणात्। अर्थवतोर्दाधोर्ग्रहणं न चैतावर्थवन्तौ।**
**अनुपसर्गाद्वा ॥४॥**
**अथवा यत्क्रियायुक्ताः प्रादयस्तं प्रति गत्युपसर्गसंज्ञे भवतः। न चैतो दाधो प्रति क्रियायोगः॥ यद्येवमिहापि तर्हि न प्राप्नोति। प्रणिदापयति प्रणिधापयति।**

સમાન શબ્દોનો [118] પ્રતિષેધ કરવો જરૂરી છે, (કારણ કે) **प्रनिदारयति।**[119] **प्रनिधारयति** (માં **दृङ्** અને **धृङ्** ધાતુ પ્રેરકમાં **दा**.**धा** થતાં તેમને) **घु** સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે, કારણ કે **दा** અને **धा** ની **घु** સંજ્ઞા થાય છે. (સૂત્રમાં ધાતુના) અર્થયુક્ત (સ્વરૂપનું )ગ્રહણ કરવામાં આવે છે તેથી સમાન શબ્દોનો પ્રતિષેધ કરવાની જરૂર નથી ॥૩॥
સમાન શબ્દોનો પ્રતિષેધ બિનજરૂરી છે. જરૂર વિનાનો પ્રતિષેધ તે અપ્રતિષેધ.(તો પછી) **घु** સંજ્ઞા કેમ નથી થતી ? અર્થયુક્તનું ગ્રહણ કર્યું છે તેથી, અર્થાત્ (**घु** સંજ્ઞાસૂત્રમાં) અર્થયુક્ત **दा** અને **धा** લેવામાં આવ્યા છે, જ્યારે આ(**दृङ्** અને **धृङ्** ના જે **दा** અને **धा** થયા છે તે) તો અર્થયુક્ત નથી.[120]
અથવા (આ **प्र**, **णि** ઉપસર્ગ નથી તેથી (**णत्व** નથી થતું) ॥૪॥
અથવા **प्र** વગેરે જે (ધાતુ) ની ક્રિયા સાથે સંબદ્ધ હોય તે (ધાતુ) ની દૃષ્ટિએ તેમની **गति** અને **उपसर्ग** સંજ્ઞા થાય છે. જ્યારે આ **दा** અને **धा** નો (**दार्** અને **धार्** ની) ક્રિયા સાથે સંબંધ નથી.[121] જો એમ હોય તો **प्रणिदापयति** , **प्रणिधापयति** માં[122] પણ (સંજ્ઞા) ન થવાનો પ્રસંગ આવશે,

---

[118] સમાન શબ્દોનો એટલે કે સમાન શ્રુતિવાળા, જેમનું ઉચ્ચારણ **घु** સંજ્ઞામાં આવતા ધાતુઓના જેવું હોય (**समान -श्रुतीनाम्** ) અર્થાત્ તેમના જેવા સ્વરૂપ વાળા બીજા જે ધાતુઓ હોય તેમને સંજ્ઞા નહીં થાય અમે પ્રતિષેધ કરવો જોઇએ.

[119] **दृङ्** (આદર કરવો) અને **धृङ्** (રહેવું) એ ધાતુઓને પ્રેરકમાં **णिच्** લાગતાં **अचोऽञ्णिति**।--**ऋ**-કારની વૃદ્ધિ થતાં **दा** અને **धा**--**उरण्**०-- **दार्** અને **धार्** થતાં એ આગમયુક્ત **दार्** અને **धार्** એ **दा** અને **धा** જ છે તેમ સમજાશે તેથી **दाधा-घ्वदाप्**। થી તેમની **घु** સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે, કારણ કે સૂત્રમાં નિર્દેશેલા **दा** અને **धा** ના સમાન તેમનું સ્વરૂપ છે. અને તેમ થાય તો **नेर्गदनद**० અનુસાર **प्रनिदारयति** અને **प्रनिधारयति** એ રૂપોમાં **न्** નો **ण्** થઇને **प्रणिदारयति** અને **प्रणिधारयति** જેવાં અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવશે.

[120] **अर्थवद्ग्रहणे नानर्थकस्य**। (સૂત્રમાં અર્થયુક્તનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે તે દ્વારા અર્થરહિતનું ગ્રહણ નથી થતું) તેથી **दाधाघ्वदाप्**। માં જે **दा** અને **धा** નું ગ્રહણ કરવામાં આવ્યું છે તે અર્થયુક્ત છે તેથી તે દ્વારા **प्रनिदारयति** અને **प्रनिधारयति** માંના **दा** અને **धा** (નોંધ ૧૨૨) જે અર્થરહિત છે તેમનું ગ્રહણ ન થઇ શકે, આમ સૂત્ર દ્વારા તેમનું ગ્રહણ નથી થતું તેથી તેમની **घु** સંજ્ઞા નહીં થાય.

[121] **घु** સંજ્ઞક ધાતુને જે ઉપસર્ગ લાગ્યો હોય તેની પછી આવતા **न्** નો **नेर्गदनद**० પ્રમાણે **ण्** થાય છે.**प्रनिदारयति** અને **प्रनिधारयति** માં **प्र** ઉપસર્ગ **दा** અને **धा** નો નથી પરંતુ ક્રિયાવાચી **दार्** અને **धार्** ને લાગેલો છે, તેમાંના **दा** અને **धा** તો નિરર્થક છે. તેથી **णत्व** નહીં થાય.

[122] આ રૂપોમાં મૂળ **दा** અને **धा** ધાતુઓને પ્રેરકના **णिच्** પૂર્વે **अर्तिह्रीव्ली**० પ્રમાણે **पुक्** (**प्**) આગમ લાગીને જે **दाप्** અને **धाप्** થાય છે તે **प**-કારાન્ત સ્વરૂપો અર્થયુક્ત પણ છે અને તેમનો ક્રિયા સાથે સંબંધ પણ છે, પરંતુ તેમના અવયવ રૂપ જે **दा** અને **धा** છે તે અર્થયુક્ત પણ નથી અને તેમને ક્રિયા સાથે સંબંધ પણ નથી. તેથી તેમની **घु** સંજ્ઞા થવા છતાં **प्र**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अत्रापि नैतौ दाधावर्थवन्तौ नाप्येतौ दाधौ प्रति क्रियायोगः ॥

न वार्थवतो ह्यागमस्तद्गुणीभूतस्तद्ग्रहणेन गृह्यते यथान्यत्र ॥५॥

**न वैष दोषः। किं कारणम्। अर्थवत आगमोऽर्थवद्ग्रहणेन गृह्यते। यथाऽन्यत्र। तद्यथा। अन्यत्राप्यर्थवत आगमोऽर्थवद्ग्रहणेन गृह्यते। क्वान्यत्र। लविता चिकीर्षितेति॥ युक्तं पुनर्यन्नित्येषु नाम शद्बेष्वागमशासनं स्यान्न नित्येषु नाम शद्बेषु कूटस्थैरविचालिभिर्वर्णैर्भवितव्यमनपायोपजनविकारिभिः। आगमश्च नामापूर्वः शद्बोपजनः। अथ युक्तं यन्नित्येषु शद्बेष्वादेशाः स्युः। बाढं युक्तम्। शद्बान्तरैरिह भवितव्यम्। तत्र शद्बान्तराच्छद्बान्तरस्य प्रतिपत्तिर्युक्ता। आदेशास्तर्हीमे भविष्यन्त्यनागमकानां सागमकाः। तत्कथम्।**

**सर्वे सर्वपदादेशा दाक्षीपुत्रस्य पाणिनेः। एकदेशविकारे हि नित्यत्वं नोपपद्यते॥**

दीङः प्रतिषेधः स्थाघ्वोरित्त्वे ॥६॥

**दीङः प्रतिषेधः स्थाघ्वोरित्त्वे वक्तव्यः। उपादास्तास्य स्वरः शिक्षकस्येति। मीनातिमिनोति इत्यात्त्वे कृते**

કારણ કે અહીં પણ **दा** અને **धा** એ બે અર્થયુક્ત નથી કે નથી **दा** , **धा** એ બેને ક્રિયા સાથે સંબંધ. અથવા અર્થયુક્ત શબ્દને થએલો આગમ તેનો અવયવ બને છે તેથી જેમ અન્યત્ર બને છે તેમ (સૂત્રમાં) આગમરહિતનું ગ્રહણ કર્યું હોય તો તે વ્દારા આગમયુક્તનું પણ ગ્રહણ થાય છે તેથી (દોષ) નહીં આવે.॥૫॥

અથવા એ દોષ નહીં (આવે). શા માટે? કારણ કે જેમ બીજે બને છે તેમ, અર્થયુક્તને થએલો આગમ તેના અવયવરૂપ હોય છે અને તે (અર્થયુક્ત)નું ગ્રહણ થાય ત્યારે તે વ્દારા આગમનું પણ ગ્રહણ થાય છે. તે આ રીતે કે બીજે પણ અર્થયુક્તનું ગ્રહણ કરવામાં આવે ત્યારે તે અર્થયુક્તના આગમનું પણ ગ્રહણ થાય છે.[123] બીજે ક્યાં (બને છે)? **लविता, चिकीर्षिता** (એ ઉદાહરણોમાં).પરંતુ શબ્દો નિત્ય છે તેમને વિશે આગમનું વિધાન કરવું તે યોગ્ય છે ? નિત્ય એવા શબ્દોમાં વર્ણો કૂટસ્થ, વિચલિત ન થાય એવા, નાશ ન પામે તેવા, જેમાં કંઇ ઉમેરી ન શકાય તેવા અને જેમાં ફેરફાર ન થઇ શકે તેવા ન હોવું જોઇએ ? જ્યારે આગમ એ તો (શબ્દમાં) પૂર્વે જે નથી તેવો વધારો છે. હવે શબ્દ નિત્ય હોય તો પછી તેના આદેશ થાય તે યોગ્ય છે ? જરૂર યોગ્ય છે, કારણ કે આ (સંદર્ભ) માં (તે) અન્ય શબ્દો થશે અને તેમ હોવાથી એક શબ્દ ઉપરથી અન્ય શબ્દનો બોધ થાય તે યોગ્ય છે. તો પછી આ જે આગમયુક્ત છે તે આગમરહિતના આદેશો થશે. તે કેવી રીતે?

દાક્ષીપુત્ર પાણિનિને મતે બધા (શબ્દો) બધાના આદેશ છે, કારણ કે (શબ્દના) કોઇ ભાગમાં (લોપ,આગમ વગેરેને લીધે) ફેર પડે તો શબ્દનું નિત્યત્વ શક્ય ન બને.

**स्था** અને **घु** નો **इ-कार** આદેશ થાય છે તેમાં **दीङ्** નો પ્રતિષેધ (કરવો જોઇએ) ॥૬॥

(**स्थाघ्वोरिच्च**। થી) **स्था** અને **घु** (ધાતુનાआ)નો **इ** કરવાનો હોય ત્યારે **दीङ्** (ધાતુને થતી **घु** સંજ્ઞા) નો પ્રતિષેધ કરવો પડશે, (કારણ કે) **उपादास्त**[124]**अस्य स्वरः शिक्षकस्य**। માં **मीनातिमिनोतिदीङां ल्यपि** ।પ્રમાણે આ આદેશ કર્યા પછી

---

ઉપસર્ગ તેમને નથી લાગ્યો, **दाप्** અને **धाप्** ને લાગ્યો છે તે કારણે ત્યાં **णत्व** ન થવાનો પ્રસંગ આવશે.એટલે કે **प्रनिदापयति** અને **प्रनिधापयति** જેવાં અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવશે.

[123] **दाधाघ्व०** સિવાય બીજે **लविता** , **चिकीर्षिता** જેવામાં પણ કર્તૃવાચક **तृच्** પ્રત્યયને **इट्** આગમ લાગ્યો છે.ત્યાં આગમરહિત **तृ** નો જે અર્થ છે તે જ અર્થ આગમસહિત **इतृ** નો છે તેમ **दा** અને **धा** એ અર્થયુક્ત શબ્દોને થતી **घु** સંજ્ઞા **पुक्** અર્થયુક્ત અને આગમસહિત **दाप्** અને **धाप्** શબ્દોને પણ થશે.આમ આગમ લાગવા છતાં **घु** સંજ્ઞા જતી રહેતી નથી. હવે **दाप्** અને **धाप्** વ્દારા નિર્દેશાતી ક્રિયા સાથે **प्र** ને સંબંધ છે તેથી **प्र** એ નિપાત **पुगन्त** (**पुक्** આગમ સહિત) **दा** , **धा** નો ઉપસર્ગ થશે.તેથી **णत्व** થઇને **प्रणिदापयति** તથા **प्रणिधापयति** એ રૂપો સિદ્ધ થશે.

[124] **उपादास्त** એ **उप** +**दीङ् क्षये** [નાશ પામવું (૪.પ.)] નું **लुङ्** त्री.પુ.એ.વ.નું રૂપ છે. **उप अ दा सिच् त** એ સ્થિતિમાં **मीनातिमीनोतिदीङाः ल्यपि च**। પ્રમાણે **सिच्** પ્રત્યય **कित्** થશે અને **दी** નો **दा** થવાથી **घु** સંજ્ઞા થશે. તેથી **स्थाघ्वोरिच्च**। પ્રમાણે **दा** નો **दि** થવાનો પ્રસંગ આવશે એમ શંકાકારનું કહેવું છે. જો આ પ્રમાણે **इत्त्व** થાય તો **उपादि** એ અંગ હ્રસ્વાન્ત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

स्थाघ्वारिच्च इतीत्त्वं प्राप्नोति। कुतः पुनरयं दोषो जायते किं प्रकृतिग्रहणादाहोस्विद्रूपग्रहणाद्दोषो जायते । रूपग्रहणादित्याह। इह खलु प्रकृतिग्रहणाद्दोषो जायते। उपदिदीषते। सनि मीमाघुरभलभ इति। नैष दोषः। दाप्रकृतिरित्युच्यते न चेयं दाप्रकृतिः। आकारान्तानामेजन्ताः प्रकृतय एजन्तानामपीकारान्ता न च प्रकृतिप्रकृतिः प्रकृतिग्रहणेन गृह्यते॥ स तर्हि प्रतिषेधो वक्तव्यः। न वक्तव्यः। घुसंज्ञा कस्मान्न भवति।

**स्थाघ्वोरिच्च**। પ્રમાણે **इ**-કાર આદેશ થવાનો પ્રસંગ આવે છે. પણ આ દોષ કેવી રીતે ઉદ્ભવે છે, (સૂત્રમાં) **પ્રકૃતિ** શબ્દ મૂકવાને કારણે કે પછી (दा, धा એ) મૂળ સ્વરૂપનું (સૂત્રમાં) ગ્રહણ કર્યું છે તેથી ?[125] તો કહે છે, '(दा, धा એ) સ્વરૂપનું (સૂત્રમાં) ગ્રહણ કર્યુ છે તે કારણે (દોષ આવે છે).આ **उपदीदिषते** માં તો (સૂત્રમાં) **प्रकृति** શબ્દ મૂકવાને કારણે **सनि मीमा घुरभलभ०**। પ્રમાણે (**इस्** થવા રૂપી) દોષ ઉદ્ભવે છે.[126] એ દોષ નથી (આવતો), કારણ કે **दा** ની પ્રકૃતિની (સંજ્ઞા છે), એમ કહેવામાં આવ્યું છે, જ્યારે આ (**उपदिदीषते** ) માં **दी** એ **दा** ની પ્રકૃતિ નથી. (અહીં) **आ**-કારાન્તની **एजन्त** પ્રકૃતિ છે અને **एजन्त** ની પ્રકૃતિ **इ**-કારાન્ત છે અને (સૂત્રમાં) મૂકેલા **प्रकृति** શબ્દ વ્દારા પ્રકૃતિની પ્રકૃતિનું ગ્રહણ ન થઇ શકે.[127]તો પછી પેલો (**दीङ्** ને લગતો) પ્રતિષેધ કરવો પડશે?[128] નહીં કરવો પડે. તો પછી (**दीङ्** ધાતુને) **घु** સંજ્ઞા કેમ નથી થતી?

---

થવાથી **ह्रस्वादङ्गात्**। પ્રમાણે **स्** (**सिच्** ) ની પછી **त्** એ **हल्** વર્ણ આવવાથી તેનો લોપ થશે અને ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થઇ શકે. એમ શંકાકાર કહેવા માગે છે.

[125] એટલે કે **प्रकृति** ને **घु** ગણવાથી દોષ આવે છે કે વિશિષ્ટ સ્વરૂપને **घु** ગણવાથી દોષ આવે છે ? આ સાકૂત પ્રશ્ન છે. **उपादास्त** માં **दा** રૂપને કારણે **दीङ्** માંથી થએલા **दा** ને **घु** સંજ્ઞા કરવી શક્ય નથી, કારણ કે **उपादी सिच् त** એ સ્થિતિમાં **मीनाति०** વગેરે વગેરે (નોધ ૧૨૭) થઇને **उपा दि स् त** થતાં **दा** અને **सिच्** નો જે સંયોગ છે તેનો જ નાશ થવાનો પ્રસંગ આવે તે **सन्निपातलक्षणो विधिः अनिमित्तं तद्विघातस्य**। (બેના સંબંધને કારણે ઉદ્ભવેલું કાર્ય તે સંબંધના નાશનું કારણ થઇ શકે નહી) એ પરિભાષા ને લીધે શક્ય નથી. આમ **दा** સ્વરૂપને કારણે **घु** સંજ્ઞા થઇ નહીં શકે. સૂત્રમાં **प्रकृति** શબ્દ મૂકવો જોઇએ એ દલીલનું આગળ ઉપર ખંડન કરવામાં આવશે.આ રીતે દોષને કોઇ અવકાશ નથી તેમ પ્રશ્નકર્તા સૂચવવા માગે છે.

[126] **उपदिदीषते** માં **दी** (**दीङ्** ) ધાતુમાં **मीनाति०** થી **आत्व** થતાં **दी** નો **दा** તેથી **दी** ને **दा** ની પ્રકૃતિ થશે .હવે જો **घु** સંજ્ઞા સૂત્રમાં **प्रकृति** શબ્દનું ગ્રહણ કરવામાં આવે તો **दी** ની **घु** સંજ્ઞા થશે કારણ કે તે **दाप्रकृति** છે. અને જો સંજ્ઞા થાય તો **मीमाघुरभलभ०** પ્રમાણે અન્ત્યનો **इस्** આદેશ થવાનો પ્રસંગ આવશે તેથી ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય તેમ આક્ષેપકારનું કહેવું છે.

[127] ઉપર જે દલીલ કરી તે બરોબર નથી. જો **दी** એ **दा** ની પ્રકૃતિ હોય તો જુદી વાત છે, પરંતુ તેમ નથી.**मीनातिमी ०** પ્રમાણે જે **आत्त्व** થાય છે તે **दी** ના **ई**-કારનું નથી થતું પરંતુ **सिच्** એ **अकित्** પ્રત્યય પૂર્વે **ई** નો ગુણ થઇને જે **ए** થાય છે તેનો **मीनाति०** પ્રમાણે **आ** થાય છે. આમ **आ** ની પ્રકૃતિ **ई**-કાર નહીં પણ **एच्** છે એટલે કે **दा** ની પ્રકૃતિ **दी** નથી પરંતુ **द**-કાર પછી આવતો **ए** છે અને **ए** ની પ્રકૃતિ **द**-કાર પછી આવતો **ई**-કાર છે.બીજી રીતે કહીએ તો **दी** એ **दा** ની પ્રકૃતિની પણ પ્રકૃતિ છે. હવે સૂત્રમાં **प्रकृति** શબ્દ મૂકવામાં આવ્યો હોય તો તે વ્દારા પ્રકૃતિની પ્રકૃતિનું ગ્રહણ ન થઇ શકે તેથી **दा** ની **घु** સંજ્ઞા નહીં થાય અને આગળ જણાવ્યો તે દોષ નહીં આવે.

[128] અર્થાત્ **स्थाघ्वो०** પ્રમાણે **स्था** અને **घु** ના અંત્યનો **इ** આદેશથાય છે (**सिच्** **कित्** થાય છે) તેમાં **दीङ्** નું **इत्त्व** થતું નથી એમ કહેવું પડશે.જેથી **उपादास्त** એ ઇષ્ટ રૂપ થઇ શકે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येत्येवं न भविष्यति ॥

दाप्प्रतिषेधे न दैप्यनेजन्तत्वात् ॥७॥

दाप्प्रतिषेधे दैपि प्रतिषेधो न प्राप्नोति। अवदातं मुखम्। ननु चात्त्वे कृते भविष्यति। तद्‌ध्यात्त्वं न प्राप्नोति। कथम्। अनेजन्तत्वात्॥

सिद्धमनुबन्धस्यानेकान्तत्त्वात् ॥८॥

सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य। (બે વસ્તુના સંબંધને પરિણામે ઉદ્‌ભવેલું કાર્ય તે સંબંધના નાશનું કારણ થઇ શકે નહીં)[129] એ ન્યાયે (घु સંજ્ઞા) નહી થાય.

(સૂત્રમાં) दाप् નો પ્રતિષેધ કરવાથી दैप् નો પ્રતિષેધ થતો નથી,[130] કારણકે તે एजन्त નથી ॥૭॥

(સૂત્રમાં अदाप् શબ્દ મૂકીને) दाप् (ને થતી સંજ્ઞા)નો પ્રતિષેધ કર્યો છે તે પ્રતિષેધ दैप् ને પ્રાપ્ત થતો નથી. જેમ કે अवदातं मुखम्। અરે પણ અમે કહીએ છીએ કે ऐ નો आ કર્યા પછી घु સંજ્ઞા થશે. પણ તે आ આદેશ થવાનો પ્રસંગ નથી આવતો, કારણ કે दैप् ધાતુ एजन्त નથી (प-કારાન્ત છે તેથી आदेच० પ્રમાણે आत्व નહીં થાય).

અનુબન્ધ (ધાતુ વગેરેના) અવયવભૂત નથી હોતા[131] તેથી (आत्व) સિદ્ધ થાય છે ॥૮॥

---

[129] ઉપર નોંધ (૧૨૭ અને ૧૨૮). આ સન્નિપાત પરિભાષા અહીં કેવી રીતે લાગુ પડશે તે બાબતના વિવિધ મત કૈયટે ચર્ચ્યા છેઃ ૧) सिच् પ્રત્યય अकित् છે. જો उपादास्त માં दा ની घु સંજ્ઞા થાય તો स्थाघ्वोः० પ્રમાણે सिच् પ્રત્યય कित् થાય એટલે કે જે अकित्त्व ને કારણે आत्त्व થયું તે જ आत्त्व घु સંજ્ઞાનું કારણ થવાથી कित्त्व નો વિઘાત કરશે. ૨) કેટલાકના મતે उपादास्त માં घु સંજ્ઞા નથી થતી, પરંતુ અન્યત્ર (જેમ કે प्रणिदाता જેવામાં) અવશ્ય થાય છે. सन्निपात० પરિભાષાને કારણે उपादास्त માં घु નથી થતી. આમાં પ્રથમ પક્ષ ભાષ્યકારનો છે અને બીજો પક્ષ વાર્તિકકારનો છે.બીજે घु સંજ્ઞા થાય છે તે માટે જ વાર્તિકકારે दीङः प्रतिषेधः। એમ કહેવાને બદલે स्थाघ्वोरित्त्वे એટલું ઉમેર્યું છે.સૂત્રકારના મતે प्रणिदाता વગેરેમાં णत्व ન થવું જોઇએ.આમ સૂત્રકાર અને ભાષ્યકાર તેમ જ વાર્તિકકાર વચ્ચે મતભેદ છે અને ભાષ્યકાર અને વાર્તિકકારનો પણ પરસ્પર વિરોધ છે.(પ્ર.પૃ.૨૬૫, શ.કૌ.પૃ.૧૪૪)

[130] दैप् ધાતુને અંતે प-કાર છે તેથી તેને एजन्त (ऐ-કારાન્ત) ન કહી શકાય. પરિણામે घु સંજ્ઞા સૂત્રમાં अदाप् એમ કહીને જે પ્રતિષેધ કર્યો છે તે दैप् ને લાગુ નહીં પડે એમ અહીં દલીલ છે. તેથી નિષેધ दाप् (लवने કાપવું) ને લાગુ પડશે दैप् નહી, કારણ કે તેમાં प-કારનું શ્રવણ થાય છે તેથી आत्व થઇ શકશે નહી.

[131] મૂળમાં अनेकान्तत्वात् છે. એમાં एकान्त = અવયવ अनेकान्ता अनवयवाः। एकान्तशब्दो ऽवयववाची। [(પરિ. ૪) પર ભૈરવી] અવયવ તેના અવયવીમાં રહેલ હોય છે, જેમ કે વૃક્ષનો અવયવ શાખા વૃક્ષમાં જ હોય છે, પરંતુ કાગડો વૃક્ષનો અવયવ નથી તેમનો સંબંધ સમવાય નહીં પણ સંયોગ છે. તે રીતે અનુબન્ધનો પણ તે જેને લગાડ્યો હોય તેની સાથે સંયોગ સંબંધ છે. તેથી दैप् માં प् એ અનુબંધ અવયવભૂત ન હોવાથી ऐ નો आ થઇ શકશે અને अदाप् દ્વારા કરેલો નિષેધ दैप् ને પણ લાગુ પડશે, કારણ કે प् અનુબન્ધ લાગ્યો હોવા છતાં ધાતુ एजन्त થાય છે (ના.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धमेतत्। कथम्। अनुबन्धस्यानेकान्तत्त्वात्। अनेकान्ता अनुबन्धाः॥

पित्प्रतिषेधाद्वा॥९॥

अथवा दाधा घ्वपिदिति वक्ष्यामि। तच्चावश्यं वक्तव्यम्। अदाबिति ह्युच्यमाने इहापि प्रसज्येत। प्रणिदापयतीति। शक्यं तावदनेनादाबिति ब्रुवता वान्तस्य प्रतिषेधो विज्ञातुम्। सूत्रं तर्हि भिद्यते। यथान्यासमेवास्तु। ननु चोक्तं दाप्प्रतिषेधे न दैपीति। परिहृतमेतत्सिद्धमनुबन्धस्यानेकान्तत्वादिति। एकान्तेषु च न दोषः। आत्त्वे कृते भविष्यति। ननु चोक्तं तद्ध्यात्त्वं न प्राप्नोति। किं कारणम्। अनेजन्तत्वादिति। पकारलोपे कृते भविष्यति। न ह्ययं तदा दाब्भवति। भूतपूर्वगत्या भविष्यति।

એ (दैप् ના ऐ નો आ) સિદ્ધ (થઇ શકે) છે. કેવી રીતે ? અનુબન્ધ (प् ધાતુનો) અવયવ નથી તેથી, કારણ કે અનુબન્ધ (તરીકે લગાડવામાં આવેલા इत् વર્ણો ધાતુ વગેરેના) અવયવ સમા (ગણાતા) નથી.

અથવા पित् (અર્થાત् प-કાર જેમાં इत् છે તે) ના પ્રતિષેધથી (घु સંજ્ઞાનો નિષેધ કરીશું) ॥૯॥

અથવા दाधा घ्वपित्। એમ કહીશ અને તે અવશ્ય કહેવું જોઇએ, કારણ કે अदाप् એમ કહેવામાં આવે તો આ प्रणिदापयति માં પણ (घु સંજ્ઞાનો પ્રતિષેધ) થવાનો પ્રસંગ આવશે.[132] (અહીં) એમણે अदाब् એમ કહીને ब् જેને અંતે હોય[133] તેને (સૂત્રકારે) घु સંજ્ઞાનો નિષેધ કર્યો છે એમ સમજી શકાય. તો પછી સૂત્ર બદલાઇ જાય છે.[134] (તો સૂત્રકારે) જેમ મૂક્યું છે તેમ જ (સૂત્ર) ભલે રહે. પણ અમે કહ્યુંને કે दाप् (ને થતી घु સંજ્ઞા) નો પ્રતિષેધ दैप् ને (લાગુ પડતો) નથી. (પરંતુ) 'અનુબન્ધ અવયવભૂત નથી તેથી સિદ્ધ થાય છે' એમ કહીને (અમે) તેનો પરિહાર કર્યો છે. પણ જો (અનુબન્ધ) અવયવભૂત હોય તો દોષ (આવશે) જ. અવયવભૂત હોય તો પણ દોષ નથી (આવતો) [135] आत्व કર્યા પછી (દોષ) થશે.પણ અમે કહ્યું કે आत्व થવાનો પ્રસંગ જ આવતો નથી. શા માટે ?

કારણ કે दैप् ધાતુ एजन्त નથી (પણ प-કારાન્ત છે). प-કારનો લોપ કર્યા પછી (दै એ एजन्त થશે અને તેથી आत्व ) થશે.પણ ત્યારે એ दाप् નહીં રહે. પહેલાં જે (प्) હતો તેનો ખ્યાલ રહેવાથી (दाप्) થશે. (સૂત્રમાં)

---

[132] घु સંજ્ઞા સૂત્રમાં अदाप् એમ કહીને પ્રતિષેધ કર્યો છે. હવે प्रणिदापयति માં મૂળ ધાતુ दा તેનો दाप् થયો છે.(નોંધ ૧૨૫). તેથી સૂત્રમાં अदाप् વ્દારા કરવામાં આવેલો નિષેધ તેને લાગુ પડવાનો પ્રસંગ આવશે. घु સંજ્ઞા ન થવાથી नेर्गदनद० સૂત્ર લાગુ નહીં પડે તેથી ઉપસર્ગ प्र માંના રેફને કારણે दाप् પૂર્વે આવતા नि નો णि નહીં થાય અને प्रनिदापयति એવું અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે. તેથી पित् નો પ્રતિષેધ કરવો જરૂરી છે, એમ અહીં દલીલ છે. पुक् આગમનો प् इत् નથી તેથી અહીં નિષેધ લાગુ નહીં પડે.

[133] ઉપર નોંધ (૧૨૫) માં જણાવેલ દોષ દૂર કરવા માટે વૈકલ્પિક ઉપાય એ છે કે સૂત્રમાં अदाप् કહીને નિષેધ કર્યો નથી પણ अदाब् એમ ब-કારાન્ત પાઠ લેવાથી સૂત્રકારે दाब् નો નિષેધ કર્યો છે તેમ સમજાશે તેથી दाप् ને નિષેધ લાગુ નહી પડે. તેથી प्रणिदापयति માં દોષને અવકાશ નહીં રહે અને આ નિષેધ પ્રસ્તુત ધાતુઓને લાગુ પડે તે માટે તેમનો दाब्, दैब् એમ ब-કારાન્ત પાઠ કરવો પડશે.

[134] સૂત્રમાં बा-न्त પાઠ કરવામાં આવે તો સૂત્ર બદલાઇને दाधाघ्वदाब्। એમ થઇ જશેએમ અહીં આક્ષેપ છે, પરંતુ बा-न्त પાઠ લેવામાં આવે તો પણ वाऽवसाने। પ્રમાણે चर्त्व થવાથી વિકલ્પે दाधाघ्वदाप्। એ પાઠ પ્રાપ્ત થશે જ. તેથી સૂત્ર બદલાઇ નહીં જાય.

[135] एकान्त અર્થાત્ અવયવભૂત.અનુબન્ધ જેને લગાડવામાં આવ્યો હોય તેનો તે અવયવ છે તેમ સ્વીકારતાં પણ દોષ નહીં આવે, કારણ કે અનુબન્ધ લોપ થયા પછી શ્રવણ दा નું થવા છતાં ભૂતપૂર્વ ગતિથી અર્થાત્ પહેલાં તે दाप् હતો તેથી તે प-કાર વિશિષ્ટ જ ગણાશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एतच्चात्र युक्तं यत्सर्वेष्वेव सानुबन्धकग्रहणेषु भूतपूर्वगतिर्विज्ञायते। अनैमित्तिको ह्यनुबन्धलोपस्तावत्येव भवति॥ अथवाचार्यप्रवृत्तिर्ज्ञापयति नानुबन्धकृतमनेजन्तत्वमिति यदयमुदीचां माङो व्यतीहारे इति मेङः सानुबन्धकस्यात्त्व-भूतस्य ग्रहणं करोति॥ अथवा दाबेवायं न दैबस्ति॥ कथमवदायतीति। श्यन्विकरणो भविष्यति॥

**आद्यन्तवदेकस्मिन् ॥१।१।२१॥**

**किमर्थमिदमुच्यते।**

અનુબન્ધયુક્ત (ધાતુ વગેરે) નું ગ્રહણ કર્યું હોય ત્યારે (પ્રક્રિયા વખતે) પૂર્વે લાગેલા **इत्**નો ખ્યાલ આવે એ જ અહીં યોગ્ય છે, કારણ કે અનુબન્ધનો લોપ કોઇ નિમિત્તને લીધે નથી થતો, પણ (ધાતુ વગેરેના) ઉચ્ચારણ (પછી **इत्** સંજ્ઞા) થતાંની સાથે જ થાય છે.[136] અથવા **उदीचां माङो व्यतिहारे**। (એ સૂત્ર) માં આચાર્ય (પાણિનિ) **मेङ्** ધાતુના **आत्व** યુક્ત સ્વરૂપનું અનુબન્ધ સહિત ગ્રહણ કરે છે તેમ કરીને તેઓ જ્ઞાપન કરે છે કે અનુબન્ધને કારણે **एजन्त** ધાતુ **अनेजन्त** બની જતો નથી.[137] અથવા તો આ ધાતુ **दैप्** નથી **दाप्** પણ છે. તો પછી **अवदायति** કેવી રીતે થશે? (ત્યાં) **श्यन्** વિકરણ થશે.[138]

**આદિ કે અન્તને અનુલક્ષીને કહેલું કાર્ય એકને[139] પણ લાગુ પડે છે ॥૧।૧।૨૧॥**

આ સૂત્ર કરવાની શી જરૂર છે ?[140]

---

[136] **दाव्** વગેરેમાં **व**-કારનો ઉપદેશ, પછી **हलन्त्यम्**। પ્રમાણે **इत्** સંજ્ઞા થઇને **तस्य लोपः**। અનુસાર તેનો લોપ થયા પછી પ્રયોગમાં એ **दा** શબ્દ છે છતાં તેને **पित्** ને લગતું કાર્ય પ્રાપ્ત થાય છે.

[137] અનુબન્ધને અવયવભૂત ગણવામાં આવે તો ઉપદેશ કાળે જે **एजन्त** હોય તેમને વિશે કહેવામાં આવેલું **आत्व** રૂપી કાર્ય **दैप्** ને પ્રાપ્ત થતું નથી, કારણ કે તે **प**-કારાન્ત છે, **एजन्त** નથી. તેથી ભાષ્યકાર જ્ઞાપક સૂત્રનો પ્રસ્તાવ કરે છે. **उदीचां माङो व्यतीहारे**। એ સૂત્રમાં જે **माङ्** નું ગ્રહણ કર્યુ છે તે ઉપરથી જ્ઞાપન થાય છે કે અનુબન્ધને કારણે ધાતુ **एजन्त** મટી જતો નથી. **मेङ्** ધાતુને **ङ्** અનુબન્ધ લાગેલો છે. એ ધાતુને **एजन्त** ગણાય કે નહીં તેનું આ પરિભાષા વ્દારા નિરાકરણ કરવામાં આવ્યું છે. આ **ङित्** ધાતુને પ્રસ્તુત સૂત્રમાં **उदीचां मेङ्०** એમ ન કહેતાં તેને **एजन्त** ગણીને **माङ्** એ **आत्व** યુક્ત સ્વરૂપમાં મૂક્યો છે, છતાં તેનું **ङित्** સ્વરૂપ ચાલુ રાખ્યું છે. તે વ્દારા સૂત્રકાર સૂચવે કે અનુબન્ધને કારણે **एजन्त** ધાતુ **एजन्त** મટી જતો નથી. તેથી **मेङ्** એ ધાતુ **ए**-કારાન્ત જ છે એમ સમજાય છે

[138] અર્થાત્ ધાતુને **दैप्** ન ગણતાં **दिवादि** ગણનો **दाप्** ધાતુ જ ગણીશું, જેથી વિકરણ **श्यन्** લાગીને **अवदायति** વગેરે સિદ્ધ થઇ શકે.

[139] સૂત્રમાંનો **एक** શબ્દ સંખ્યાવાચક નથી, પરંતુ એકલો, અસહાય એ અર્થમાં છે. આદિમાં રહેલાને અને અંતે રહેલાને જે કાર્ય થાય છે તે એકને, અસહાયને અર્થાત્ જેની પૂર્વે કે પછી અન્ય કોઇ વર્ણ ન હોય તેને પણ થાય એમ અહીં કહેવામાં આવ્યું છે. આમ અહીં કાર્યાતિદેશ છે. **मथुरावत् पाटलिपुत्रे प्रासादः**। માં જેમ **मथुरायाम्** એ સપ્તમ્યન્તને **वत्** લાગ્યો છે તેમ **एकस्मिन्** એ ઉપમેય સપ્તમ્યન્ત છે તેથી ઉપમાન **आद्यन्त** માં પણ **आद्यन्तयोः** એ સપ્તમ્યન્તને **वत्** લાગ્યો છે તેમ સમજ્વાનું છે, નહી તો તે બે વચ્ચે ઉપમાન-ઉપમેયભાવ ન થઇ શકે.

[140] વ્યવહારમાં વ્યપદેશિવદ્ભાવથી જ કાર્ય સિદ્ધ થાય છે તેમ શાસ્ત્રમાં પણ થઇ શકે. તો પછી આ સૂત્ર કરવાનું શું પ્રયોજન ? એમ પ્રશ્નકર્તા કહેવા માગે છે.લોક વ્યવહારમાં એક જ પુત્ર હોય તો પણ 'આ મારો મોટો' અથવા 'આ મારો નાનો' એમ લોકો કહેતા હોય છે તેમ એક હોય તેને વિશે પણ આદિ કે અંત એ પ્રયોગ થઇ શકે. તેથી આ સૂત્ર કરવાની જરૂર નથી રહેતી એમ ભાવ છે. તેથી વાર્તિક (૧) માં પ્રયોજન દર્શાવે છે. **आद्यन्तवद्भावात्--आद्यन्तौ विद्येते यस्मिन् शास्त्रे** (જે શાસ્ત્ર, સૂત્રમાં આદિ અને અન્ત શબ્દ હોય તે સૂત્ર) **आद्यन्तवत्**। **तस्य भावात्** અર્થાત્ તે સૂત્રની પ્રવૃત્તિ થાય છે તેથી. એટલે કે આગળ કે પાછળ અન્ય (વર્ણ) હોય ત્યારે **आदि** અને **अन्त्य** પદો જે સૂત્રમાં હોય ત્યાં તે લાગુ પડે છે, તેમ જ્યાં આગળ કે પાછળ અન્ય વર્ણ ન હોય ત્યારે પણ તે સૂત્ર લાગુ પડે તે હેતુથી આ સૂત્ર કરવામાં આવ્યું છે.કે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सत्यन्यस्मिन्नाद्यन्तवद्भावादेकस्मिन्नद्यन्तवद्ववनम् ॥१॥

सत्यन्यस्मिन्यस्मात्पूर्वं नास्ति परमस्ति स आदिरित्युच्यते। सत्यन्यस्मिन्यस्मात्परं नास्ति पूर्वमस्ति सोऽन्त इत्युच्यते। सत्यन्यस्मिन्नाद्यन्तवद्भावादेतस्मात्कारणादेकस्मिन्नाद्यन्तापदिष्टानि कार्याणि न सिध्यन्ति। इष्यन्ते च स्युरिति। तान्यन्तरेण यत्नं न सिध्यन्तीत्येकस्मिन्नाद्यन्तवद्वचनम्। एवमर्थमिदमुच्यते॥ अस्ति प्रयोजनमेतत्। किं तर्हीति।

तत्र व्यपदेशिवद्वचनम् ॥२॥

तत्र व्यपदेशिवद्भावो वक्तव्यः। व्यपदेशिवदेकस्मिन्कार्यं भवतीति वक्तव्यम्। किं प्रयोजनम्।

एकाचो द्वे प्रथमार्थम् ॥३॥

બીજો (વર્ણ સાથે) હોય ત્યારે જ 'આદિ કે અન્ત' એ (વ્યવહાર) સંભવિત છે. તે રીતે માત્ર એક (વર્ણ) હોય (ત્યારે પણ તેને વિશે 'આદિ કે અન્ત' એ વ્યવહાર થઇ શકે) તે માટે **आद्यन्तवद्** (**एकस्मिन्**।) એમ કહ્યું છે ॥૧॥

અન્ય (વર્ણ જોડે) હોવા છતાં જેની પૂર્વે કોઇ (વર્ણ) હોય પરંતુ પાછળ હોય તે આદિ કહેવાય છે. અન્ય (વર્ણ જોડે) હોવા છતાં જેની પાછળ કોઇ(વર્ણ)હોય પણ પૂર્વે હોય તે અન્ત કહેવાય.(આમ) અન્ય મોજુદ હોય ત્યારે જ આદિ અને અન્ત રૂપ સંબંધ શક્ય છે તેથી આદિ અને અન્તાને અનુલક્ષીને એકને વિશે કહેવામાં આવેલાં કાર્યો સિદ્ધ થઇ શકતાં નથી પરંતુ (એકને પણ તે કાર્યો) થાય તે ઇષ્ટ છે. અને તે ખાસ પ્રયત્ન વિના સિદ્ધ ન થઇ શકે તેથી જ્યારે એક જ (વર્ણ) હોય ત્યારે તે(એક વર્ણ) જ આદિભૂત અને અન્તભૂત સમજાય તે માટે આ(સૂત્ર) કરવામાં આવ્યું છે.શું એ પ્રયોજન છે ? તો પછી શું(પ્રયોજન) છે?

ત્યાં ( ને **आद्यन्तवद्** ને બદલે)' વ્યપદેશીની જેમ (**व्यपदेशिवद्**)' એમ કહેવું જોઇએ ॥૨॥

ત્યાં વ્યપદેશિવદ્ભાવ કહેવો જોઇએ, એટલે કે વ્યપદેશિવદ્ભાવદ્વારા[141] (અર્થાત્ મુખ્યાર્થમાં જે આદિ કે અંત નથી તેવા) એકને (મુખ્યની જેમ) કાર્ય થાય છે એમ કહેવું જોઇએ. શા માટે?

**एकाचो द्वे प्रथमस्य**। (પ્રમાણે કાર્ય થઇ શકે તે) માટે॥૩॥ [142]

---

અહીં **आद्यन्तभावत्** એમપાઠાન્તર નોંધે છે, અર્થાત્ 'આદિ અને અન્ત' એમ વ્યવહાર થાય છે. એટલે કે આગળ પાછળ અન્ય કંઇ હોય ત્યારે 'આ આદિ છે' અથવા 'આ અન્ત્ય છે' એમ પ્રયોગ થઇ શકે છે પણ જ્યારે કોઇ વર્ણ એકલો જ હોય , આગળ કે પાછળ અન્ય વર્ણ ન હોય ત્યારે પણ **आद्यन्तभाव** થાય એ આ સૂત્રનું પ્રયોજન છે. છાયા આપાઠને યોગ્ય ગણે છે.

[141] જ્યારે કોઇ પણ વર્ણની પછી એક અથવા વધુ વર્ણ હોય પણ તેની પૂર્વે એક પણ વર્ણ ન હોય ત્યારે તે વર્ણને વિશે **आदि** એમ વ્યવહાર, શબ્દ પ્રયોગ, વ્યપદેશ કરી શકાય, તે જ રીતે જ્યારે કોઇ વર્ણની પૂર્વે એક અથવા વધુ વર્ણ હોય પરંતુ તેની પછી એક પણ વર્ણ ન હોય ત્યારે તે વર્ણને વિશે **अन्त** એમ વ્યપદેશ કરી શકાય અને તે આદિ કે અંત્ય વર્ણને વ્યપદેશી કહેવાય. પરંતુ જ્યારે એક જ વર્ણ હોય અને તેની આગળ કે પાછળ બીજો કોઇ વર્ણ ન હોય તેવા એક અર્થાત્ અસહાય વર્ણને વિશે આદિ કે અંત એવો વ્યવહાર થઇ ન શકે છતાં આદિ અને અંતને અનુલક્ષીને કહેલું કાર્ય એક વર્ણને પણ થઇ શકે તે માટે તેવો વર્ણ સાચા અર્થમાં આદિ કે અંત નથી છતાં તેને આદિ કે અંત જેવો વ્યપદેશી જેવો (**व्यपदेशिवत्**) ગણીને કાર્ય કરી શકાય એમ કહેવું જરૂરી છે એમ અહીં દલીલ છે.

[142] **एकाचो द्वे प्रथमस्य**। પ્રમાણે જેમાં અભ્યાસ નથી થયો તેવા ધાતુના પ્રથમ **एकाच्** (એક **अच्**-યુક્ત ભાગનો) અભ્યાસ થાય છે. તેથી **पत्** , **पठ्** , **जागृ** જેવા ધાતુઓમાં અભ્યાસ થઇ શકશે, પરંતુ **इ** ,**ऋ** જેવા એક વર્ણવાળા ધાતુઓમાં કયા ભાગનો દ્વિર્ભાવ થશે અથવા થશે કે નહી એ પ્રકારની શંકા થાય છે તેનું પ્રસ્તુત સૂત્ર દ્વારા નિરાકરણ થાય છે, એમ ભાવ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वक्ष्यत्येकाचो द्वे प्रथमस्येति बहुव्रीहिनिर्देश इति। तस्मिन्क्रियमाण इहैव स्यात् पपाच पपाठ। इयाय आरेत्यत्र न स्यात्। व्यपदेशिवदेकस्मिन्कार्यं भवतीत्यत्रापि सिद्धं भवति॥

षत्वे चादेशसंप्रत्ययार्थम् ॥४॥

वक्ष्यत्यादेशप्रत्यययोरित्यवयवषष्ठ्येवेति। एतस्मिन्क्रियमाण इहैव स्यात् करिष्यति भविष्यति। इह न स्यात्। इन्द्रो मा वक्षत्। स देवान्यक्षत्। व्यपदेशिवदेकस्मिन्कार्यं भवतीत्यत्रापि सिद्धं भवति॥ स तर्हि व्यपदेशिवद्भावो वक्तव्यः। न वक्तव्यः।

अवचनाल्लोकविज्ञानात्सिद्धम् ॥५॥

अन्तरेणैव वचनं लोकविज्ञानात्सिद्धमेतत्। तद्यथा। लोके शालासमुदायो ग्राम इत्युच्यते। भवति चैतदेकस्मिन्नप्येकशालो ग्राम इति। विषम उपन्यासः। ग्रामशब्दोऽयं बह्वर्थः। अस्त्येव शालासमुदाये वर्तते। तद्यथा। ग्रामो दग्ध इति। अस्ति वाटपरिक्षेपे वर्तते। तद्यथा। ग्रामं प्रविष्ट इति। अस्ति मनुष्येषु वर्तते। तद्यथा। ग्रामो गतो ग्राम आगत इति।

(આગળ ઉપર વાર્તિકકાર) કહેશે કે **एकाचो द्वे प्रथमस्य**। (માં **एकाच्**) એમ જે કહ્યું છે તે બહુવ્રીહિ દ્વારા નિર્દેશ કર્યો છે અને જો તેમ કરવામાં આવે તો આ **पपाच , पपाठ** માં અભ્યાસ થશે, પણ **इयाय, आर** (જેમાં એક એક વર્ણ છે તે) માં નહીં થાય.પરંતુ 'મુખ્યને જે કાર્ય લાગુ પડે છે તે એકને પણ લાગુ પડે છે' એ ન્યાયે એમાં પણ સિદ્ધ થશે.

આદેશ અને પ્રત્યયના (**स्**નો) **ष्** આદેશ (થઇ શકે તે) માટે॥૪॥

(વાર્તિકકાર) કહેશે કે **आदेशप्रत्यययोः**। એ અવયવ ષષ્ઠી જ છે, એ (પ્રમાણે) લેવામાં આવે તો આ **करिष्यति , हरिष्यति** માં જ (**ष्** આદેશ) થશે, જ્યારે **इन्द्रो मा वक्षत्। स देवान्यक्षत्।** માં નહીં થાય,[143] પરંતુ 'મુખ્યને જે કાર્ય થાય છે તે એકને પણ થાય છે' એ ન્યાયે અહીં (**वक्षत् ,यक्षत्** માં)પણ સિદ્ધ થશે. તો પછી વ્યપદેશિવદ્ભાવ (આ સૂત્રમાં) કહેવો પડશે? નહીં કહેવો પડે.

ન કહેવા છતાં[144] વ્યાવહારિક જ્ઞાનથી સિદ્ધ થાય છે ॥૫॥

કહ્યા વિના પણ લોક વ્યવહાર ઉપરથી એ સિદ્ધ થાય છે. તે એ રીતે કે લોકમાં ઘરોના સમૂહને ગામ (**ग्राम** )કહેવામાં આવે છે અને એક (ઘર) હોય તો પણ 'એક ઘરનું ગામ' એવો પ્રયોગ થાય છે. (આ) દૃષ્ટાન્ત બરોબર નથી, કારણ કે **ग्राम** શબ્દના અનેક અર્થ છે. ઘરોના સમૂહના અર્થમાં તો છે જ, જેમ કે ગામ બળી ગયું, ચોતરફ કરેલી વાડના અર્થમાં પણ છે, જેમ કે 'ગામમાં પ્રવેશ્યો', માણસોના અર્થમાં પણ છે, જેમ કે 'ગામ ગયું', 'ગામ આવ્યું'.

---

[143] **आदेशप्रत्यययोः** એ અવયવ ષષ્ઠી છે.**करिष्यति , हरिष्यति** માં **स**-કાર **स्य** પ્રત્યયનો અવયવ છે તેથી તેનો મૂર્ધન્ય થવામાં કોઇ તકલીફ નથી, પરંતુ **वक्षत्** અને **यक्षत्** એ અનુક્રમે **वच्** અને **यज्** ધાતુનાં **लेट्** નાં રૂપોમાં આ પ્રમાણે વાંધો આવશે: અહીં પ્રત્યયના **इ**-કારનો **इतश्च लोपः परस्मैपदेषु**। પ્રમાણે લોપ થયો છે, ધાતુને **लेटोऽडाटौ**। થી **अट्** અને **सिब्बहुलं लेटि**। થી **सिप् (स)** લાગ્યો છે.પરંતુ **स्** તો પ્રત્યય છે તેનો અવયવ નથી તેથી **आदेशप्रत्यययोः**। (માં અવયવ ષષ્ઠી લેવામાં આવે તો તે) પ્રમાણે **स्** નો મૂર્ધન્ય નહીં થઇ શકે.પરંતુ પ્રસ્તુત સૂત્ર દ્વારા તેને અમુખ્ય રીતે, વ્યપદેશિવદ્ -ભાવથી પ્રત્યયનો અવયવ ગણવામાં આવે તો મૂર્ધન્ય થઇ શકશે.તેથી **वच् स् अ त्** એ સ્થિતિમાં **चोः कुः**। થી **वच्** ના **च्** નો **क्** અને **यज्** ના **ज्** નો **ग्** થતાં **खर्** વર્ણ **स्** પર થતાં **ज्** નો **क्** થતાં **वक् स् त्** અને **यक् स् त्** નએ સ્થિતિમાં **आदेशप्रत्यययोः**। પ્રમાણે **स्** નો **ष्** થઇને **वक्ष् अत्**→ **वक्षत्** અને **यक्ष् अत्**→ **यक्षत्** એ રૂપો સિદ્ધ થશે.

[144] મૂળ વાર્તિકમાં **अवचनात्** એમ છે, એટલે કે વચન રહિત જે લોક વિજ્ઞાન અર્થાત્ લોકવ્યવહાર છે તેના ઉપરથી (સિદ્ધ થશે).જેવી રીતે લોકવ્યવહાર કોઇના કહ્યા વિના જ આપોઆપ રૂઢિને પ્રતાપે સિદ્ધ થાય છે તેમ સિદ્ધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अस्ति सारण्यके ससीमके सस्थण्डिलके वर्तते। तद्यथा। ग्रामो लब्ध इति। तद्यः सारण्यके ससीमके सस्थण्डिलके वर्तते तमभिसमीक्ष्यैतत्प्रयुज्यत एकशालो ग्राम इति। यथा तर्हि वर्णसमुदायः पदं पदसमुदाय ऋगृक्समुदायो सूक्तमित्युच्यते। भवति चैतदेकस्मिन्नप्येकवर्णं पदमेकपदर्गेकर्चं सूक्तमिति। अत्राप्यर्थेन युक्तो व्यपदेशः। पदं नामार्थं ऋक् नामार्थः सूक्तं नामार्थः॥ यथा तर्हि बहुषु पुत्रेष्वेतदुपपन्नं भवत्ययं मे ज्येष्ठोऽयं मे मध्यमोऽयं मे कनीयानिति। भवति चैतदेकस्मिन्नप्ययं मे ज्येष्ठोऽयं मे मध्यमोऽयं मे कनीयानिति। तथाऽसूतायामसोष्यमाणायां च भवति प्रथमगर्भेण हतेति। तथानेत्यानाजिगमिषु -राहेदं मे प्रथममागमनमिति॥ आद्यन्तवद्भावश्च शक्योऽवक्तुम्। कथम्।

अपूर्वानुत्तरलक्षणत्वादाद्यन्तयोः सिद्धमेकस्मिन् ॥६॥

अपूर्वलक्षण आदिरनुत्तरलक्षणोऽन्तः। एतच्चैकस्मिन्नपि भवति। अपूर्वानुत्तरलक्षणत्वादेतस्मात्कारणादेकस्मिन्न--

વળી અરણ્ય, સીમ ,મેદાન સહિત વિસ્તારના અર્થમાં પણ છે, જેમ કે 'ગામ મળ્યું' . તેમાં આ જે અરણ્ય, સીમ,મેદાન વગેરે યુક્ત વિસ્તારના અર્થમાં (**ग्राम** શબ્દ) છે તેને અનુલક્ષીને આ **एकशालो ग्रामः** ।એ પ્રયોગ થાય છે.

તો પછી જેમ વર્ણોનો સમુદાય તે પદ, પદોનો સમુદાય તે ઋક્ , ઋચાઓનો સમુદાય તે સૂક્ત કહેવાય છે. તે રીતે એક હોય તો પણ એક વર્ણવાળું પદ, એ પદવાળી ઋક્ ,[145] એક ઋક્‌વાળું સૂક્ત એમ કહેવાય છે, (પરંતુ) અહીં પણ અર્થથી સંબદ્ધ (પદ વગેરે) ને (પદ, ઋક્ વગેરે) કહેવામાં આવે છે.[146] તેથી પદ એટલે અર્થયુક્ત પદ, ઋક્ એટલે અર્થયુક્ત ઋક્, સૂક્ત એટલે અર્થયુક્ત સૂક્ત (એમ સમજાય છે તેથી આ દૃષ્ટાન્ત પણ યોગ્ય નથી).

તો પછી ઘણા પુત્રો હોય ત્યારે 'આ મારો સૌથી મોટો', 'આમારો વચેટ' , આ'મારો સૌથી નાનો' એ પ્રકારનો વ્યવહાર કરવો ઉચિત છે તેજ રીતે એક પુત્ર હોય તો પણ (તેને વિશે) 'આ જ મારો મોટો છે', 'આજમારો વચેટ છે,' 'આજમારો નાનો છે' એમ વ્યવહાર થાય છે. તે રીતે પ્રસવ ન થયો હોય અને થવાનો પણ ન હોય તેને માટે 'પહેલા ગર્ભથી મરી ગઈ' એવો પ્રયોગ થાય છે.[147] તે પ્રમાણે (પૂર્વે બિલકુલ) આવ્યા વિના અથવા ભવિષ્યમાં આવનાર પણ ન હોય તો પણ (માણસ)'આ મારૂં' પ્રથમ આગમન છે' એમ કહે છે.[148] આ **आद्यन्तवद्भाव** પણ ન કહ્યો હોય તો ચાલે . કેવી રીતે?

પૂર્વે કંઇ ન હોવું તે આદિનું લક્ષણ છે અને પાછળ કંઇ ન હોવું એ અન્તનું લક્ષણ છે તેથી ('આદિ અને અન્ત' એ વ્યવહાર) એકને વિશે સિદ્ધ થાય છે ॥૬॥

જેની આગળ કંઇ ન હોય તે આદિ કહેવાય છે અને જેની પાછળ કંઇ ન હોય તે અન્ત કહેવાય છે , એ તો એક ની બાબતમાં પણ થાય છે,[149] કારણ કે પૂર્વે કંઇ ન હોય તે આદિનું સ્વરૂપ છે અને પાછળ કંઇ ન હોવું તે અન્તનું સ્વરૂપ છે તે કારણે

---

[145] અહીં **पद** શબ્દ પાદના અર્થમાં છે (**पादपर्यायः पदशब्दः ।**), કારણ કે કોઇ પણ ઋચામાં એક જ પદ હોતું નથી. જો કે 'વર્ણસમુદાય તે **पद**' એ પ્રયોગમાં **पद** શબ્દ પદના અર્થમાં જ છે.

[146] એટલે કે 'પદ વગેરે' એમ કહેતાં તેનો અર્થ પણ સાથે આવી જાય છે, કારણ કે **एकः वर्णः यस्मिन् तद् एकवर्णम्** । એમ બહુવ્રીહિ થશે તેથી વર્ણ તેમ જ અર્થ બન્ને મળીને **पद** થશે.

[147] **प्रथमगर्भेण मृता** । વ્દારા ભાષ્યકાર કહેવા માગે છે કે જે સ્ત્રી પ્રસૂતિ થાય તે પૂર્વે જ મરી જવાથી ફરી ગર્ભવતી થવાની નથી તે સ્ત્રી 'પ્રથમ ગર્ભને કારણે મરી ગઇ' એમ ન કહી શકાય, કારણ કે પ્રથમ શબ્દ સાપેક્ષ છે. છતાં આ પ્રકારનો પ્રયોગ થાય છે. તે રીતે એકને અનુલક્ષીને આદિ કે અંત શબ્દ પ્રયોજી શકાય. ભાષ્યકારે આ સૂત્રનું પ્રત્યાખ્યાન કર્યુ છે.

[148] કોઇ માણસ પૂર્વે અમુક સ્થળે ગયો ન હોય અને ભવિષ્યમાં પછી જવાનો પણ ન હોય તો પણ તે સ્થળે જતાં 'આ મારૂં પ્રથમ આગમન છે' એમ કહે છે. વાસ્તવમાં ભવિષ્યમાં બીજી વાર ન જનાર આ પ્રમાણે કહે તે અનુચિત છે. છતાં આ પ્રકારના પ્રયોગ બે ધડક કરવામાં આવે છે, કારણ કે તે રૂઢ થઇ ગયા છે. તેમ એક વર્ણ હોય તેને વિશે આદિ કે અંત શબ્દ પ્રયોજી શકાશે. તેથી જ કહે છે કે આદ્યન્તભાવ પણ ન હોય તો ચાલે એટલે કે વ્યપદેશિવદ્‌ભાવ પણ ન હોય તો ચાલે.

[149] એટલે કે જેની પછી કંઇ ન હોય તે અંત. તેની પૂર્વે કંઇ હોવું જ જોઇએ એવી અપેક્ષા નથી. આમ હોવાથી માત્ર એક જ હોય તે પણ અંત થઇ શકે. તેમ સમજતાં માત્ર એક હોય તે આદિ પણ થઇ શકે. જેમ કે **इ** ધાતુમાં **इ** ની પૂર્વે કંઇ જ નથી તેથી તેને આદિ ગણી શકાય અને તેની પછી પણ કંઇ નથી તેથી તેને અંત પણ ગણી શકાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-प्याद्यन्तोपदिष्टानि कार्याणि भविष्यन्ति। नार्थ आद्यन्तभावेन ॥ गोनर्दीयस्त्वाह। सत्यमेतत्सति त्वन्यस्मिन्निति ॥ कानि पुनरस्य योगस्य प्रयोजनानि।

आदिवत्त्वे प्रयोजनं प्रत्ययञ्निदाद्युदात्तत्वे ॥७॥

प्रत्ययस्यादिरुदात्तो भवतीतीहैव स्यात् कर्तव्यम् तैत्तिरीयः। औपगवः कापटव इत्यत्र न स्यात्॥ ञ्नित्यादिर्नित्यम् इतीहैव स्यात् अहिंचुम्बकायनिः आग्निवेश्यः। गार्ग्यः कृतिरित्यत्र न स्यात्॥

वलादेरार्धधातुकस्येट् ॥८॥

वलादेरार्धधातुकस्येट् प्रयोजनम्। आर्धधातुकस्येट् वलादेः । इहैव स्यात् करिष्यति हरिष्यति। ज्योषिषत् मन्दिषदित्यत्र न स्यात्॥

આદિ અને અંત (વર્ણ) ને અનુલક્ષીને ઉપદેશેલાં કાર્યો એક (અસહાય વર્ણ) ને થઇ શકે છે તેથી आद्यन्तवद्भाव (થાય છે એમ કહેવા) નો કોઇ અર્થ નથી.[150] ગોનર્દીય તો કહે છે કે ' અન્ય (વર્ણ) પણ હોય (ત્યારે આદિ કે અન્ત)' એમ (કહેવું) સાચું છે.

આ સૂત્રનાં પ્રયોજન કયાં છે ?

(એક વર્ણને)આદિ ગણવાનું (आदिवत्त्वे ) પ્રયોજન, પ્રત્યયનો સ્વર તેમ જ ञित् અને नित् નો આદિ સ્વર ઉદાત્ત થાય એ ॥૭॥

'પ્રત્યયનો આદિ ઉદાત્ત હોય છે' એ સૂત્ર પ્રમાણે માત્ર कर्तव्यम् , तैत्तिरीयःમાં (ઉદાત્ત) થાય, औपगवः,कापटवः માં નહી થાય.[151] તેમ ञ्नित्यादिर्नित्यम्। પ્રમાણે[152] अहिंचुम्बकायनिः, आग्निवेश्यः માં જ (ઉદાત્ત) થશે, गार्ग्यः, कृतिः માં નહીં થાય.

वलादि આર્ધધાતુક ને લાગતો इट् આગમ પ્રયોજન છે ॥૮॥

आर्धधातुकस्येड्वलादेः। પ્રમાણે वल् (પ્રત્યાહારમાં આવતા વર્ણો) થી શરૂ થતા આર્ધધાતુક પ્રત્યયને इट् આગમ લાગી શકે તે પ્રયોજન છે. (તે સૂત્રથી) करिष्यति, हरिष्यति માં જ इट् આગમ થશે પણ जोषिषत् , मन्दिषत् માં[153] નહીં થાય.

---

[150] એટલે કે સૂત્રમાં आद्यन्तवद्भाव કહ્યો છે તેનો કોઇ અર્થ નથી, સૂત્ર નિરર્થક છે.(तच्चैकस्मिन्नप्यस्तीति नार्थः सूत्रेण। પ્ર.)

[151] (प्रत्ययः।) आद्युदात्तः। અનુસાર પ્રત્યય આદ્યુદાત્ત હોય છે.આ રીતે અનેક વર્ણવાળા तव्य ,छ (ईय) વગેરે પ્રત્યય તો આદ્યુદાત્ત થવાથી कर्तव्यम्। तैत्तिरीयः। જેવામાં त અને इ ઉદાત્ત થાય છે, પરંતુ પ્રત્યય એક વર્ણનો જ હોય ત્યારે પણ તે ઉદાત્ત થઇ શકે તે આ સૂત્રનું પ્રયોજન છે. उपगु નો પુત્ર औपगवः। અહીં અપત્યાર્થે अ(अण्) થયો છે. अ એ એક માત્ર વર્ણ છે તેથી ત્યાં આ સૂત્ર વ્દારા કરેલ અતિદેશથી આદ્યુદાત્તત્વ થશે અને औपगवः। कापटवः। વગેરે સિદ્ધ થશે.

[152] પ્રત્યય સ્વરના અપવાદભૂત સૂત્ર ञ्नित्यादिर्नित्यम्। પ્રમાણે ञित् અને नित् પ્રત્યય પૂર્વે આદિ ઉદાત્ત થાય છે તેથી પ્રત્યય આદ્યુદાત્ત થવાને બદલે ञित् અને नित् પૂર્વે તદન્તનો આદિ ઉદાત્ત થાય છે. આમ अहिंचुम्बकायनिः માં फिन् એ नित् પ્રત્યય પૂર્વે अ ઉદાત્ત થયો છે તેથી हि નો इ-કાર સ્વરિત થતાં બાકીનામાં પ્રચય થયો છે. गार्ग्यः માં यञ् એ ञित् પ્રત્યય પૂર્વે गा નો आ-કાર ઉદાત્ત થયો છે તેથી અંત્ય अ-કાર સ્વરિત થયો છે.

[153] કારણ કે जोषिषत् વગેરેમાં सिब्बहुलं लेटि। પ્રમાણે થતો स् (सिप्) वल् પ્રત્યાહારમાંનો વર્ણ છે. પરંતુ स् વિકરણ તો એક જ વર્ણ છે તેથી તેને वलादि ન કહી શકાય અને તેથી इड् આગમ ન થતાં ઇષ્ટ રૂપ સિદ્ધ ન થઇ શકે, પરંતુ પ્રસ્તુત સૂત્રને પ્રતાપે અસહાય હોવા છતાં स् પ્રત્યય वलादि ગણાશે અને इट् આગમ થઇને जोषिषत् , मन्दिषत् જેવાં રૂપો સિદ્ધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यस्मिन्विधिस्तदादित्वे ॥९॥

यस्मिन्विधितदादित्वे प्रयोजमम्। वक्ष्यति यस्मिन्विधिस्तदादावल्ग्रहण इति। तस्मिन्क्रियमाणेऽचि श्नुधातुभ्रुवां य्वोरियङुवङौ इहैव स्यात् श्रियः भ्रुवः। श्रियौ भ्रुवौ इत्यत्र न स्यात्॥

अजाद्यादत्वे ॥ १० ॥

अजाद्यादत्वे प्रयोजनम्। आडजादीनाम्। इहैव स्यात् ऐहिष्ट ऐक्षिष्ट। ऐत् अध्यैष्टेत्यत्र न स्यात्॥

अथान्तवत्त्वे कानि प्रयोजनानि।

अन्तवद्द्विवचनान्तप्रगृह्यत्वे ॥ ११ ॥

अन्तवद्द्विवचनान्तप्रगृह्यत्वे प्रयोजनम्। ईदूदेद्द्विवचनं प्रगृह्यम्। इहैव स्यात् पचेते इति पचेथे इति। खट्वे इति माले इतीत्यत्र न स्यात्॥

यस्मिन्विधिस्तदादि ०।(એ વાર્તિક પ્રમાણે) વિધિ (થઇ શકે તે પણ પ્રયોજન છે) ॥૯॥

(વાર્તિકકાર) કહેશે,' यस्मिन् विधिस्तदादावल्ग्रहणे।' એ પ્રમાણે तदादि વિધિ થઇ શકે તે (પ્રકૃત સૂત્રનું )પ્રયોજન છે. એ (વાર્તિક પ્રમાણે तदादि વિધિ) કરતાં अचिश्नुधातुभ्रुवां य्वोरियङुवङौ। અનુસાર આ श्रियः,भ्रुवः માં જ (इयङ्, उवङ्) થશે, પણ श्रियौ, भ्रुवौ માં નહીં થાય.[154]

अजादि (ધાતુ)ને आट् લાગી શકે તે (પણ પ્રકૃત સૂત્રનું પ્રયોજન છે) ॥૧૦॥

आडजादीनाम्।પ્રમાણે સ્વરથી શરૂ થતા ધાતુને (अट्‌ને બદલે) आट् આગમ લાગે તે પ્રયોજન છે.તે आट् (આગમ) આ ऐहिष्ट , ऐक्षिष्ट માં જ થશે, પણ ऐत् , अध्यैष्ट માં નહીં થાય.[155]

હવે अन्तवत् (એમ જે કહ્યું તે) નાં કયાં પ્રયોજન છે ?

દ્વિવચનાન્તને થતી પ્રગૃહ્યસંજ્ઞા (अन्तवद् ગણવાનું પ્રયોજન છે) ॥૧૧॥

દ્વિવચનાન્તને થતી પ્રગૃહ્ય સંજ્ઞા અન્તવદ્‌ભાવનું પ્રયોજન છે. ईदूदेद्द्विवचनं प्रगृह्यम्। પ્રમાણે पचेते इति। पचेथे इति। માં (પ્રગૃહ્ય) થશે, પરંતુ खट्वे इति। माले इति। માં નહીં થાય.[156]

---

[154] अचिश्नु० પ્રમાણે श्री अस्। भ्रू अस्। વગેરેમાં इयङ्, उवङ् થઇને श्रियः। भ्रुवः। વગેરે સિદ્ધ થશે, કારણ કે તેમાં પ્રત્યય અનેક વર્ણનો હોવાથી यस्मिन् विधिस्तदादावल्ग्रहणे। પ્રમાણે अ-કાર तदादि થશે. પરંતુ श्री औ। भ्रू औ। માં પ્રત્યય औ એ એક જ વર્ણ છે તેથી यस्मिन् विधिः० પ્રમાણે તે तदादि થઇ શકશે નહીં, પરંતુ પ્રસ્તુત સૂત્રને પ્રતાપે औ પ્રત્યય तदादि થવાથી श्रियौ। भ्रुवौ। વગેરે સિદ્ધ થશે.

[155] ईक्ष् , इह् , इष् એ ધાતુઓમાં ई અથવા इ એ अच् વર્ણ મુખ્યતયા આદિમાં છે (એટલે કે તે ધાતુઓ अजादि છે) તેથી आडजादीनाम्। પ્રમાણે आट् આગમ થઇને ऐक्षिष्ट, ऐहिष्ट વગેરે સિદ્ધ થશે, પરંતુ अध्यैष्ट માં अधि इ ધાતુ છે તે એક અસહાય વર્ણ હોવાથી તેને अजादि ન ગણી શકાય. પરંતુ પ્રસ્તુત સૂત્રને લીધે તે એક વર્ણ હોવા છતાં તે अजादि થશે. તેથી आट् લાગીને अध्यैष्ट , ऐत् વગેરે સિદ્ધ થશે.

[156] पचेते વગેરે દ્વિવચનાન્ત इते ની પ્રગૃહ્ય સંજ્ઞા થશે, પરંતુ खट्वे इति માં खट्वा औ-- औङ् आपः। થી शी થતાં खट्वा शी (ई) એ સ્થિતિમાં ई એક અને અસહાય વર્ણ હોવાથી, એટલે કે દ્વિવચનનો પ્રત્યય માત્ર એક વર્ણનો છે તેથી તેને અંત ન ગણી શકાય. પરિણામે પ્રગૃહ્ય સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવે, પરંતુ પ્રસ્તુત સૂત્રથી અંતવદ્‌ભાવ થવાથી खट्वे इति। माले इति। માં પણ પ્રગૃહ્ય સંજ્ઞા સિદ્ધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मिदचोऽन्त्यात्परः ॥ १२ ॥

मिदचोऽन्त्यात्परः प्रयोजनम्। इहैव स्यात् कुण्डानि वनानि। तानि यानीत्यत्र न स्यात्॥

अचोऽन्त्यादि टि ॥ १३ ॥

अचोऽन्त्यादि टि प्रयोजनम्। टित आत्मनेपदानां टेरे। इर्तीहैव स्यात् कुर्वाते कुर्वाथे। कुरुते कुर्वे इत्यत्र न स्यात्॥

अलोऽन्त्यस्य ॥१४॥

अलोऽन्त्यस्य प्रयोजनम्। अतो दीर्घो यञि। सुपि च। इहैव स्यात् घटाभ्याम् पटाभ्याम्। आभ्यामित्यत्र न स्यात्॥

मिदचोऽन्त्यात्परः। (પ્રયોજન છે) ॥૧૨॥

'(मित् પ્રત્યય अच् વર્ણોમાં જે અન્ત્ય હોય તેની પછી આવે છે' (એસૂત્ર પ્રમાણે આગમ થઇ શકે એ અન્તવદ્ભાવનું) પ્રયોજન છે. (નહીં તો) कुण्डानि। वनानि। માં થશે, यानि। तानि। માં નહીં થાય.[157]

अचोऽन्त्यादि टि। (પ્રયોજન છે) ॥૧૩॥

अचोऽन्त्यादि टि। પ્રમાણે (અન્ત્ય अच् થી શરૂ થતા ભાગને टि સંજ્ઞા થઇ શકે તે પ્રયોજન છે (નહીં તો) टित आत्मनेपदानां टेरे। પ્રમાણે टित् ल-કારના આત્મનેપદ પ્રત્યયોના टिનો ए થાય છે તે कुर्वाते। कुर्वाथे। માં થશે, પણ कुरुते। कुर्वे। માં નહીં થાય.[158]

अलोऽन्त्यस्य। (પ્રયોજન છે) ॥૧૪॥

अलोऽन्त्यस्य। (પ્રમાણે અન્ત્ય अल् ને લગતું કાર્ય અસહાયને પણ થઇ શકે તે) પ્રયોજન છે, (નહીં તો) अतो दीर्घो यञि। અને सुपि च। પ્રમાણે घटाभ्याम्। पटाभ्याम्। માં (દીર્ઘ) થશે,પણ आभ्याम्માં નહીં થાય.[159]

---

[157] वनानि વગેરેમાં वन जस्--जश्शसोः शि।--वन शि (इ)--नपुंसकस्य झलचः। થી अजादि સર્વનામસ્થાન પ્રત્યય પર થતાં नुम् આગમ તે-- मित् હોવાથી मिदचो ० થી वन ના અંત્ય अच् (अ) ની પછી લાગશે. અહીં वन શબ્દ અનેક अच् યુક્ત શબ્દ હોવાથી અંત્ય अच् લઇ શકાશે. તેથી वनन् इ એમ થતાં सर्वनामस्थाने चासम्बुद्धौ। પ્રમાણે नान्त અંગની ઉપધાનો દીર્ઘ થઇને वनानि સિદ્ધ થશે,પરંતુ यानि વગેરેમાં यद् जस्--त्यदादीनामः।--अतो गुणे।--य जस्--जश्शसोः शि।--य शि(इ)--ઉપર પ્રમાણે અંત્ય अच् પછી नुम् થવાનો પ્રસંગ આવતાં य માંના એક જ अच् ને અંત્ય ન ગણી શકાય, પણ પ્રસ્તુત સૂત્રથી તેને અન્ત્યવદ્ ગણતાં नुम् થશે અને यानि , तानि વગેરે સિદ્ધ થશે.

[158] कुरु आताम् એ સ્થિતિમાં आताम् અનેક વર્ણ યુક્ત પ્રત્યય છે તેથી टित आत्मने० પ્રમાણે અંત્ય જેમાં આદિ છે તે ભાગ (टि) નો ए થતાં कुरु आते--कुर्वाते થશે.कुरु त માં પ્રત્યય એક अच् (अ) યુક્ત છે તેથી તે અંત્ય ન કહેવાય પરંતુ પ્રસ્તુત સૂત્ર પ્રમાણે અંતવદ્ભાવ કરવાથી अ- કારને अचोऽन्त्यादि टि। એ સૂત્ર લાગુ પડશે તેથી તેનો आत्मनेपदानां ० અનુસાર ए થઇને कुरुते , कुर्वे વગેરે રૂપો સિદ્ધ થઇ શકશે.

[159] घट भ्याम्--यञादि सुप् પ્રત્યય भ्याम् પર થતાં सुपि च। પૂર્વે अ-કારાન્ત અંગના અન્ત્ય अल् નો દીર્ઘ થઇને घटाभ्याम् ,पटाभ्याम् સિદ્ધ થશે, કારણ કે घट , पट વગેરેમાં અનેક अच् છે તેથી ट નો अ-કાર વાસ્તવમાં અન્ત્ય છે. પરંતુ इदम् भ्याम् એ સ્થિતિમાં त्यदादी ० अतो गुणे।--इद भ्याम्--हलि लोपः। થી સંપૂર્ણ इद् નો લોપ થઇને अ भ्याम् થતાં પ્રત્યય પૂર્વે એક માત્ર अच् , अ-કાર રહે છે તેથી તેને અન્ત્ય નહીં ગણી શકાય પરિણામે सुपि च। પ્રમાણે દીર્ઘ ન થવાનો પ્રસંગ આવશે, પરંતુ પ્રસ્તુત સૂત્રથી આદ્યન્તવદ્ભાવ થતાં अ- કારનો દીર્ઘ થઇને आभ्याम् રૂપ મળશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

येन विधिस्तदन्तत्वे ॥१५॥

येन विधिस्तदन्तत्वे प्रयोजनम्। अचो यत्। इहैव स्यात् चेयम् जेयम्। एयम् अध्येयमित्यत्र न स्यात्॥

आद्यन्तवदेकस्मिन्कार्यं भवतीत्यत्रापि सिद्धं भवति॥

तरप्तमपौ घः॥ १। १।२२॥

घसंज्ञायां नदीतरे प्रतिषेधः ॥१॥

घसंज्ञायां नदीतरे प्रतिषेधः वक्तव्यः। नद्यास्तरो नदीतर इति॥

घसंज्ञायां नदीतरेऽप्रतिषेधः ॥२॥

अनर्थकः प्रतिषेधोऽप्रतिषेधः। घसंज्ञा कस्मान्न भवति।

तरब्ग्रहणं ह्यौपदेशिकम् ॥३॥

**येन विधिस्तदन्तस्य**।પ્રમાણે તદન્તવિધિ થઇ શકે (તે પ્રયોજન છે)॥૧૫॥

**येन विधिस्तदन्तस्य**। પ્રમાણે થતો તદન્તવિધિ અસહાયને પણ થઇ શકે તે પ્રયોજન છે, (નહીં તો) **अचो यत्**। પ્રમાણે **चेयम्**। **जेयम्**। માં (**यत्**) થશે, પરંતુ **एयम्**। **अध्येयम्**। માં નહીં થાય. [160]

(એક--અસહાય વર્ણ હોય તો પણ તેને આદિ જેવો અને અંત જેવો ગણીને કાર્ય થઇ શકે છે) એ સૂત્ર પ્રમાણે અહીં પણ (કાર્ય )સિદ્ધ થશે.

**तरप्** અને **तमप्** પ્રત્યયોની **घ** સંજ્ઞા છે.॥૧।૧।૨૨॥

घ-સંજ્ઞા(સૂત્ર) માં **नदीतर** ને અનુલક્ષીને પ્રતિષેધ (કરવો જોઇએ)॥૧॥ [161]

આ સૂત્રથી **तरप्** (**तर** ) અને **तमप्** (**तम** ) ને થતી **घ**-સંજ્ઞામાં **नदीतर** ને અનુલક્ષીને પ્રતિષેધ કરવો પડશે(કારણ કે તે) **नद्यास्तरः नदीतरः**। એમ (છે).

घ-સંજ્ઞા(સૂત્ર) માં **नदीतर** ને અનુલક્ષીને પ્રતિષેધ બિનજરૂરી છે॥૨॥ [162]

અર્થવગરનો પ્રતિષેધ તે અપ્રતિષેધ. (તો) घ-સંજ્ઞા શાથી નથી થતી ?

કારણ કે (સૂત્રમાં) ઔપદેશિક **तरप्** નું ગ્રહણ છે॥૩॥

---

[160] **चेयम्**। **जेयम्** માં **चि** વગેરે ધાતુને અંતે **अच्** હોવાથી **अचो यत्**। પ્રમાણે **यत्** (**य**) પ્રત્યય લાગ્યો છે, કારણ કે અહી **येन विधिः०** અમલી થાય છે અને **चेयम्**, **जेयम्** જેવાં રૂપો મળી શકે છે, પરંતુ એક જ વર્ણના **इ** અથવા **अधि इ** ને **अजन्त** ન કહી શકાય, તેમાં **येन विधिः०** પણ લાગુ નહી પડે. તેથી **अचो यत्**। પ્રમાણે **यत्** ન થવાથી **एयम्**, **अध्येयम्** વગેરે રૂપો સિદ્ધ ન થઇ શકે.પરંતુ **आद्यन्तवद्०** એ પ્રસ્તુત સૂત્રને બળે **इ** ધાતુ **अजन्त** ગણાશે અને ઇષ્ટ રૂપો સિદ્ધ થશે.

[161] **नद्याः तरः नदीतरः** માં જે **तर** છે તે **तॄ** (તરવું) ધાતુને **ऋदोरप्**। પ્રમાણે **अप्** પ્રત્યય લાગીને થયો છે. કોઇ પણ (દા,ત, घ સંજ્ઞાને લગતું) કાર્ય કરવાનું હોય ત્યારે અનુબન્ધનું સ્મરણ થાય છે. તેથી અહીં પણ જે **अप्** પ્રત્યય લાગ્યો છે તેના લુપ્ત અનુબન્ધ **प्** નું સ્મરણ થતાં **तर** એ **तरप्** છે તેમ સમજાશે. પરિણામે **तरप्तमपौ घः**। દ્વારા કરવામાં આવેલી घ સંજ્ઞા **नदीतर** શબ્દને લાગુ પડવાનો પ્રસંગ આવશે. જો એમ થાય તો **नद्याः शेषस्यान्यतरस्याम्**। પ્રમાણે **હ્રસ્વ** થતાં **नदितरः** એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે.આમ 'घ સંજ્ઞાનો **नदीतर** ની બાબતમાં નિષેધ કરવો જરૂરી છે' એમ આ વાર્તિકનો આશય છે.

[162] મૂળમાં **अप्रतिषेधः** એમ છે. **न प्रतिषेधः अप्रतिषेधः**। એમ **नञ्** સમાસ દ્વારા પ્રતિષેધ ક્રિયાનો નિષેધ કર્યો છે અર્થાત્ એ સમાસ પ્રતિષેધનો અભાવ સૂચવે છે. ભાષ્યકારે તેનો તાત્પર્યાર્થ સ્પષ્ટ કરતાં '**निरर्थकः प्रतिषेधः अप्रतिषेधः**।' એમ કહ્યું તે સમાસનો વિગ્રહ નથી અર્થાત્ **अप्रतिषेधः** એ મધ્યમપદલોપી સમાસ છે એવો ભ્રમ અહીં કોઇએ કરવો ન જોઇએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**औपदेशिकं तरपो ग्रहणं न चैष तरप्शब्दः। किं वक्तव्यमेतत्। न हि। कथमनुच्यमानं गंस्यते। इह व्याकरणे सर्वेष्वेव सानुबन्धग्रहणेषु रूपमाश्रियते यत्रास्यैतद्रूपमिति। रूपनिर्ग्रहश्च शब्दस्य नान्तरेण लौकिकं प्रयोगम्। लौकिके प्रयोगे सानुबन्धकानां प्रयोगो नास्तीति कृत्वा द्वितीयः प्रयोग उपास्यते। कोऽसौ। उपदेशो नाम। न चैष उपदेशे तरप्शब्दः॥ अथवास्त्वस्य घसंज्ञा को दोषः। घादिषु नद्या ह्रस्वो भवतीति ह्रस्वत्वं प्रसज्येत। समानाधिकरणेषु घादिष्वित्येवं तत्। यदा तर्हि सैव नदी स एव तरस्तदा प्राप्नोति। स्त्रीलिङ्गेषु घादिष्वित्येवं तत्। अवश्यं चैतदेवं विज्ञेयम्। समानाधिकरणेषु घादिष्वित्युच्यमान इह प्रसज्येत। महिषी रूपमिव ब्राह्मणी रूपमिवेति॥**

(સૂત્રમાં) વિધિસૂત્રમાં જેનો ઉપદેશ કરવામાં આવ્યો હોય તે **तरप्** નું સંજ્ઞા સૂત્રમાં ગ્રહણ છે, જ્યારે આ (**नदीतर** માંનો **तर** શબ્દ ઉપદેશમાંનો નથી. (ઔપદેશિક **तरप्** ની **घ** સંજ્ઞા થાય છે) તે કહેવું જોઇએ? ના રે . કહ્યા વિના કેવી રીતે સમજાશે? કારણ કે આ વ્યાકરણ શાસ્ત્રમાં શબ્દોનું અનુબન્ધ સહિત ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં બધે (તે જ) સ્વરૂપનો આધાર લેવામાં આવે છે (જેથી) તેનું એ (સાનુબન્ધ) રૂપ હોય ત્યાં (સંજ્ઞા થાય).[163] અને શબ્દના એ સ્વરૂપનો નિશ્ચય તેનો વ્યાવહારિક પ્રયોગ જોયા વિના ન થઇ શકે અને એ વ્યાવહારિક પ્રયોગમાં અનુબન્ધયુક્ત (શબ્દો) વપરાતા નથી તેથી (એનો નિર્ણય કરવા માટે) બીજા(જ) પ્રયોગનો આધાર લેવામાં આવે છે. તે (બીજો પ્રયોગ) કયો? (એ બીજો પ્રયોગ) તે ઉપદેશ,અને આ (**नदीतर** માંનો **तर**) ઉપદેશમાંનો **तरप्** શબ્દ નથી.[164] અથવા એ (**नदीतर** માંના **तर** )ને घ-સંજ્ઞા ભલે થાય. તેમાં શો વાંધો છે ? **घ** વગેરે પ્રત્યયો પર થતાં **नदी**-સંજ્ઞકનો હ્રસ્વ થવાનો પ્રસંગ આવશે.[165]

તે હ્રસ્વ આદેશ તો સમાનાધિકરણ **घ** વગેરે પર થતાં થાય છે તેથી જે **नदी** છે તે જ **तर** હોય તો હ્રસ્વ આદેશ થવાનો પ્રસંગ આવે. તે હ્રસ્વત્વ સ્ત્રીલિંગી **घ** વગેરે પર થાય ત્યારે થાય છે અને અવશ્ય એમ જ સમજવું જોઇએ. 'સમાનાધિકરણ घ વગેરે પાછળ આવતાં' એમ જો કહેવામાં આવે તો અહીં **महीषी रूपमिव। ब्राह्मणी रूपमिव।** માં પણ (હ્રસ્વ) થવાનો પ્રસંગ આવશે.[166]

---

[163] સૂત્રમાં અનુબન્ધયુક્ત સ્વરૂપનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં સાનુબન્ધને જ સંજ્ઞા થાય. અહીં **प्** અનુબન્ધયુક્ત **तर (तरप्)** નો જ સૂત્રમાં ઉપદેશ છે તેથી તે ઔપદેશિક **तरप्** ને જ **घ** સંજ્ઞા થાય.

[164] સૂત્રમાં **तमप्** સાથે **तमप्** નું ગ્રહણ કર્યું છે તેથી તે પ્રત્યય છે. **नदीतर** માં **घ** સંજ્ઞા થવાની દલીલ કરી છે તે કાલ્પનિક છે, કારણ કે **ऋदोरप्।** એ સૂત્રનો ખ્યાલ આવ્યા પછી **तॄ** ને **अप्** લાગવાથી અનુબન્ધયુક્ત સ્વરૂપ **तरप्** થઇ શકે એ કલ્પના ઉપર તેનો આધાર છે. વાસ્તવિક રીતે તે **तरप्** નથી તેથી **घ** સંજ્ઞાનો પ્રસંગ જ નથી.વળી **तरप्** એ રૂપ તો સંજ્ઞા કરવામાં જ પ્રયોજાયું છે. તે સિદ્ધ પ્રયોગમાં કયાંય હોતું નથી તેથી ઓપદેશિકનું જ અહીં ગ્રહણ થશે. તે માત્ર **तरप्** પ્રત્યયનું જ છે.(**तरबिति रूपं संज्ञाप्रवृत्तावाश्रितं तच्च परिनिष्ठिते प्रयोगे क्वापि न नास्तीत्यौपदेशिकं गृह्यते। तच्च तरप्प्रत्यय- स्यैवास्ति। श०कौ०** પૃ.૧૪૮ )

[165] **नदी** સંજ્ઞકની પછી **घ** વગેરે પ્રત્યય આવતાં અંત્યનો **नद्याःशेषस्यान्यतरस्याम्।** પ્રમાણે વિકલ્પે હ્રસ્વ થવાનો પ્રસંગ આવશે.પરંતુ **नदीतर** માંના **तर** ને **घ** સંજ્ઞા થાય તો પણ વિકલ્પે હ્રસ્વ નહીં થાય, કારણ કે घ વગેરે પ્રત્યયો તેમની પ્રકૃતિના સમાન અર્થ દર્શાવતા હોય ત્યાં હ્રસ્વ થાય છે. જેમ કે **ब्राह्मणीतरा** માં પ્રકૃતિ અને પ્રત્યય એક જ વસ્તુનો બોધ કરાવે છે તેથી ત્યાં **ब्राह्मणितरा** એમ વિકલ્પે હ્રસ્વ થશે. જ્યારે **नदीतर** માં **नदी** અને **तर** ભિન્ન વસ્તુ દર્શાવે છે, તેમની વચ્ચે સામાન્યાધિકરણ્ય નથી તેથી હ્રસ્વ નહી થાય.વળી તેમાંનો **तर** એ પ્રત્યય પણ નથી.

[166] જ્યારે **घ** એ સ્ત્રીલિંગી પ્રત્યય હોય ત્યારે જ સમાનાધિકરણ હોવાથી હ્રસ્વ થશે.જો સ્ત્રીલિંગનો ઉલ્લેખ ન હોય તો **महिषी रूपमिव। ब्राह्मणी रूपमिव।**(**महिषी इव रूपम् आकृतिः। ब्राह्मणी इव रूपम् आकृतिः।**) એ દૃષ્ટાન્તોમાં **महिषी** અને **ब्राह्मणी** પછી **रूप** શબ્દ આવ્યો છે તેથી **घरूपकल्प०** પ્રમાણે હ્રસ્વ થવાનો પ્રસંગ આવશે. અહીં **रूप** શબ્દ પ્રત્યય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**बहुगणवतुडति संख्या** ॥१।१।२३॥

**संख्यासंज्ञायां संख्याग्रहणम्** ॥१॥

**संख्यासंज्ञायां संख्याग्रहणम् कर्तव्यम्। बहुगणवतुडतयः संख्यासंज्ञा भवन्ति। संख्या च संख्यासंज्ञा भवतीति वक्तव्यम्। किं प्रयोजनम्।**

**संख्यासंप्रत्ययार्थम्** ॥२॥

**एकादिकायाः संख्यायाः संख्याप्रदेशेषु संख्येत्येष संप्रत्ययो यथा स्यात्॥ ननु चैकादिका संख्या लोके संख्येति प्रतीता तेनास्याः संख्याप्रदेशेषु संख्यासंप्रत्ययो भविष्यति। एवमपि कर्तव्यम्।**

**इतरथा ह्यसंप्रत्ययोऽकृत्रिमत्वाद्यथा लोके** ॥३॥

**अक्रियमाणे हि संख्याग्रहण एकादिकायाः संख्येत्येष संप्रत्ययो न स्यात्। किं कारणम्। अकृत्रिमत्वात्।**

**बहु** શબ્દની, **गण** શબ્દની તેમ જ **वत्** અને **डति** (એ પ્રત્યયો જેને અન્તે હોય તેમની) **संख्या** (સંજ્ઞા છે) ॥૧।૧। ૨૩॥

**संख्या** સંજ્ઞામાં **संख्या** (શબ્દ)નું ગ્રહણ કરવું જોઇએ ॥૧॥

**संख्या** સંજ્ઞામાં **संख्या** (શબ્દ) નું ગ્રહણ કરવું (જોઇએ). **बहु** અને **गण** શબ્દોની તેમ જ **वत्** (પ્રત્યયાન્ત) અને **डति** (પ્રત્યયાન્ત) શબ્દોની **संख्या** સંજ્ઞા થાય છે અને (એક, બે વગેરે) સંખ્યાની પણ **संख्या** સંજ્ઞા છે એમ કહેવું જોઇએ.[167] (તેનું) શું પ્રયોજન?

(તે સંખ્યાઓ પણ) **संख्या** સંજ્ઞાથી જાણી શકાય તે માટે ॥૨॥

**संख्या** ને લગતાં સૂત્રો પ્રમાણે કાર્ય કરવાનું હોય ત્યારે એક વગેરે સંખ્યાનો '(આ) સંખ્યા (છે)'એમ બોધ થઇ શકે તે માટે.[168] અરે પણ એક વગેરે સંખ્યા તો લોક વ્યવહારમાં સંખ્યા તરીકે જાણીતી છે, તેથી **संख्या** ને લગતાં સૂત્રોમાં એને સંખ્યા તરીકે ઓળખી શકાશે. એમ છતાં પણ (**संख्या** નું ગ્રહણ) કરવું પડશે.

નહીં તો એ કૃત્રિમ નથી તેથી વ્યવહારમાં બને છે તેમ તે ઓળખી નહીં શકાય ॥૩॥

જો (સૂત્રમાં) **संख्या** શબ્દ મૂકવામાં ન આવે તો એક વગેરે સંખ્યાને વિશે એ સંખ્યાછે એમ જ્ઞાન નહીં થાય. (તેનું) શું કારણ ? એ (સંખ્યાઓ) કૃત્રિમ નથી માટે.[169]

---

નથી આકૃતિના અર્થમાં છે છતાં જેમ પ્રત્યય ન હોય તેવા **तर** વગેરેનું પણ **घ** સંજ્ઞા વ્દારા ગ્રહણ થતું હોય તો **घरूपकल्प०** સૂત્રમાં **घ** ની સાથે જ રહેલા **रूप** પ્રત્યય વ્દારા પણ સાહચર્યને કારણે પ્રત્યય ન હોય તેવા **रूप** શબ્દનું ગ્રહણ થશે. પરિણામે **महिषिरूपम्** । **ब्राह्मणिरूपम्**। વગેરે અનિષ્ટ પ્રયોગો થવાનો પ્રસંગ આવશે.

[167] એટલે કે **बहुगणवतुडतिसंख्याः संख्या**। એમ અથવા **बहुगणवतुडति संख्या**। **संख्या च**। એમપાઠ કરવો જોઇએ.

[168] એટલે કે સૂત્રમાં જો **संख्या** શબ્દ મૂકવામાં આવે તો પ્રદેશ સૂત્રો અનુસાર કાર્ય કરવાનું હોય ત્યારે એક વગેરે લૌકિક સંખ્યાનો પણ બોધ થાય અને તેને સૂત્રાનુસાર કાર્ય થઇ શકે . જેવી રીતે **पशुः**, **अपत्यम्**, **देवता** વગેરે શબ્દો વ્દારા તેમનો લોકવ્યવહારમાં પ્રસિદ્ધ અર્થ સમજાય છે તે રીતે સૂત્રમાં જ્યાં જ્યાં **संख्या** શબ્દ મૂકવામાં આવ્યો હોય ત્યાં ત્યાં **एक** વગેરે સંખ્યાઓનું પણ ગ્રહણ થશે.**एक** વગેરે જે પ્રચલિત સંખ્યાઓ છે તે ઉપરાંતનું **संख्या** સંજ્ઞા વ્દારા ગ્રહણ થઇ શકે તે માટે આ સંજ્ઞા સૂત્ર છે. નિ.સા.(પૃ .૨૭૪) , ચૌખં.(પૃ.૩૦૨), યુ.મી.(પૃ.૪૩૪) માં વા.(૧) અને (૨) ને એક વાર્તિક તરીકે લીધેલ છે. નિ.સ્વ.માં વા (૨) કૌંસમાં છે.ભર્તૃ.બેને ભિન્ન ગણતા હોય તેમ લાગે છે, જો કે વા(૨)નું પ્રતીક નથી.(પૃ.૧૮૬).

[169] લૌકિક સંખ્યાવાચક શબ્દો પૂર્વે કરેલા સંકેતને પ્રતાપે લોકવ્યવહારમાં પ્રયોજાય છે અને તેમનો સંકેતિક અર્થ સમજાય છે, પરંતુ પ્રસ્તુત સૂત્ર વ્દારા ખાસ પ્રયત્ન કરીને સૂત્રકારે જે **संख्या** સંજ્ઞા કરી છે તે કૃત્રિમ છે તેથી તે આ સંકેતજન્ય સંખ્યા શબ્દોને લાગુ નહીં પડે, કારણ કે એ લૌકિક સંખ્યાઓ કૃત્રિમ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

बह्वादीनां कृत्रिमा संज्ञा। कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे संप्रत्ययो भवति यथा लोके। तद्यथा। लोके गोपालकमानय कटजकमानयेति यस्यैषा संज्ञा भवति स आनीयते न यो गाः पालयति यो वा कटे जातः। यदि तर्हि कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे संप्रत्ययो भवति नदीपौर्णमास्याग्रहायणीभ्यः अत्रापि प्रसज्येत। पौर्णमास्याग्रहायणीग्रहणसामर्थ्यान्न भविष्यति। तद्विशेषेभ्यस्तर्हि प्राप्नोति गङ्गा यमुनेति। एवं तर्ह्याचार्यप्रवृत्तिर्ज्ञापयति। न तद्विशेषेभ्यो भवतीति यदयं विपाट्शब्दं शरत्प्रभृतिषु पठति॥ इह तर्हि प्राप्नोति नदीभिश्च इति।

જ્યારે **बहु** વગેરેની (**संख्या**)સંજ્ઞા કૃત્રિમ છે.(અને) કૃત્રિમ અને અકૃત્રિમ એ બેમાંથી શાસ્ત્ર નિર્દિષ્ટ કાર્ય કૃત્રિમને થાય છે. લોકમાં બને છે તેમ. જેમ કે લોકવ્યવહારમાં 'ગોપાલકને લઇ આવ', 'કટજકને લઇ આવ' એમ કહેવામાં આવતાં જેની ગોપાલક અને કટજક સંજ્ઞા હોય તેને બોલાવવામાં આવે છે, પરંતુ 'જે ગાયોને રક્ષે છે' કે 'જે સાદડી ઉપર જન્મ્યો હોય' તેને નહીં.જો કૃત્રિમ અને અકૃત્રિમ એ બેમાંથી કૃત્રિમને વિશે (કાર્ય થાય) એમ સમજાતું હોય તો **नदीपौर्णमास्याग्रहायणीभ्यः** । એ (સૂત્ર)પણ (કૃત્રિમ **नदी** શબ્દને) લાગુ પડવાનો પ્રસંગ આવશે.[170] (એ સૂત્રમાં) **पौर्णमासी** અને **आग्रहायणी** એ (દીર્ઘ **ई**-કારન્ત સ્ત્રીલિંગી શબ્દો) મૂક્યા છે તેને પ્રતાપે (કૃત્રિમ શબ્દનું ગ્રહણ) નહીં થાય.[171] તો પછી તેમાંની **गङ्गा, यमुना** એ વિશેષ (નદીવાચક)ને (એ સૂત્ર) લાગુ પડવાનો પ્રસંગ આવશે.એમ હોય તો (**अव्ययीभावे शरत्प्रभृतिभ्यः**। એ સૂત્રમાંના) **शरत्प्रभृति** ગણમાં **विपाश्** શબ્દ મૂકીને આચાર્ય જ્ઞાપન કરે છે કે (**नदीपौर्णमासी ०** સૂત્ર) વિશિષ્ટ નદીવાચક શબ્દને લાગુ નહીં પડે.[172] તો પછી **नदीभिश्च** । (એ સૂત્ર) માં (**कृत्रिमाकृत्रिम** ન્યાય) લાગુ પડવાનો પ્રસંગ આવે છે.[173]

---

[170] અહીં વા.શા.હિ.(પૃ.૩૧૪), વા.શા.મ.(પૃ.૨૦૭) અને ચૌખં.(પૃ.૩૦૩) માં **कृत्रिमे सम्प्रत्ययो भवति**। એમ પાઠ છે.જો **कृत्रिमाकृत्रिमयोः०** ન્યાય લાગુ પાડવામાં આવે તો **नदीपौर्णमासी ०** માંનો **नदी** શબ્દ **यूस्त्र्याख्यौ नदी** । એ સૂત્ર દ્વારા કરવામાં આવેલ કૃત્રિમ **नदी** એ સંજ્ઞીને સૂચવશે.**नदी** શબ્દ પોતાના સ્વરૂપને નહીં દર્શાવે, કારણ કે **स्वं रूपं शब्दस्य ०** એ સૂત્રમાં સૂત્રકારે **अशब्दसंज्ञा** એમ કહીને નિષેધ કર્યો છે.એમ અહીં દલીલ છે. પરિણામે **उपनदम्** એ અવ્યયીભાવમાં **नदीपौर्णमासी ०** પ્રમાણે થતો વૈકલ્પિક **टच्** થવાનો પ્રસંગ આવશે.

[171] **नदीपौर्णमास्या०** એ સૂત્રમાંના **पौर्णमासी** અને **आग्रहायणी** એ સ્ત્રીલિંગી અને દીર્ઘ **ई**-કારાન્ત નામો છે તેથી **यूस्त्र्याख्यौ०** દ્વારા કરવામાં આવેલી **नदी** સંજ્ઞાથી તેમનો નિર્દેશ થઇ શકે છતાં સૂત્રકારે તે બે શબ્દોને સૂત્રમાં મૂક્યા છે તેથી સૂચવાય છે કે સૂત્રમાંનો **नदी** શબ્દ સ્વરૂપને બતાવે છે, **नदी** સંજ્ઞા દર્શાવતો નથી. જો **नदी** શબ્દ નદીનો જ સૂચક હોય તો તે દ્વારા ગંગા, યમુના જેવી વિશિષ્ટ નદીઓનું પણ સૂચન થશે તેથી **अपगङ्गम् , परियमुनम्** જેવા સમાસોમાં **टच्** થવાથી અંતોદાત્ત થશે. જો **टच्** ન થયો હોય તો **परिप्रत्युपापा वर्ज्य०** અનુસાર પૂર્વપદ પ્રકૃતિ સ્વર થવાથી આદ્યુદાત્ત થશે.

[172] **अव्ययीभावे शरत्प्रभृतिभ्यः**। એ સૂત્રમાં **शरत्प्रभृति** ગણનો ઉલ્લેખ છે તેમાં સૂત્રકારે **विपाश्** (એ નદી નામ) નો સમાવેશ કર્યો છે. તે ઉપરથી સમજાય છે કે **नदीपौर्णमासी०** સૂત્રમાં **नदी** શબ્દ વિશિષ્ટ નદીઓને સૂચવતો નથી. જો સૂચવતો હોત તો તે દ્વારા જ **विपाश्** એ વિશિષ્ટ નદીવાચકને અવ્યયીભાવમાં **टच्** લાગત અને તેમ હોત તો **शरत्प्रभृति** ગણમાં તેનો ઉલ્લેખ ન કરત.

[173] જો કૃત્રિમનું ગ્રહણ થાય તો **नदीभिश्च** । એ સૂત્રમાંનો **नदी** શબ્દ વિશિષ્ટ નદીઓને નહીં દર્શાવે. પરિણામે સંખ્યાવાચક શબ્દો સાથે વિશિષ્ટ નદીવાચક શબ્દોનો અવ્યયીભાવ થાય છે તે નહીં થાય. આથી **सप्तगङ्गम्**। **द्वियमुनम्** જેવા સમાસ સિદ્ધ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**बहुवचननिर्देशान्न भविष्यति। स्वरूपविधिस्तर्हि प्राप्नोति। बहुवचननिर्देशादेव न भविष्यति॥ एवं न चेदमकृतं भवति कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे संप्रत्यय इति न च कश्चिद्दोषो भवति॥**

**उत्तरार्थं च॥४॥**

**उत्तरार्थं च संख्याग्रहणम् कर्तव्यम्। ष्णान्ता षट्। षकारनकारान्तायाः संख्यायाः षट्संज्ञा यथा स्यात्। इह मा भूत्। पामानः विप्रुष इति॥ इहार्थेन तावन्नार्थः संख्याग्रहणेन। ननु चोक्तमितरथा ह्यसंप्रत्ययोऽकृत्रिमत्वाद्यथा लोके। नैष दोषः। अर्थात्प्रकरणाद्वा लोके कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे संप्रत्ययो भवति।**

બહુવચનમાં નિર્દેશ કર્યો છે તેથી નહીં આવે[174] તો પછી અહીં (**स्वं रूपं** ० પ્રમાણે થતો શબ્દ) સ્વરૂપ વિધિ થવાનો પ્રસંગ આવશે.[175] (**नदीभिः** એમ) બહુવચનમાં નિર્દેશ કર્યો છે તેથી જ એમ નહીં થાય અને આમ 'કૃત્રિમ અને અકૃત્રિમમાંથી કૃત્રિમને વિશે (કાર્ય થાય) એમ સમજાય છે' એ(ન્યાયનો) આધાર નથી લેવાયો એમ નથી અને છતાં કોઇ દોષ પણ નથી થતો. [176]

ઉત્તર (સૂત્ર) માટે પણ (**संख्या** શબ્દનું ગ્રહણ જરૂરી છે) ॥૪॥

પાછળ આવતા માટે પણ (સંખ્યાસંજ્ઞાસૂત્રમાં) **संख्या** (શબ્દ)નું ગ્રહણ કરવું જોઇએ,જેથી **ष्णान्ता षट्।** એ (ઉત્તરસૂત્ર) થી **ष**-કારાન્ત અને **न**-કારાન્ત સંખ્યાને **षट्** સંજ્ઞા થાય પરંતુ અહીં **पामानः। विपृषः** ને ન થાય. [177] આ (**बहुगण०** સૂત્ર) માટે તો **संख्या** શબ્દ મૂકવાનો કોઇ અર્થ નથી.પણ (અમે) કહ્યું કે તે સિવાય જેમ લોકમાં બને છે તેમ **संख्या** વ્દારા (એક વગેરે નો) બોધ નહીં થાય, કારણ કે તે કૃત્રિમ નથી.એ વાંધો નથી, કારણ કે લોક વ્યવહારમાં અર્થને કારણે અથવા સંદર્ભને કારણે કૃત્રિમ અને અકૃત્રિમમાંથી કૃત્રિમને (કાર્ય થશે) એમ સમજાય છે.[178]

---

[174] જેવી રીતે **आण्नद्याः।** જેવાં સૂત્રોમાં કૃત્રિમ અર્થ દર્શાવવા માટે **नदी** શબ્દ સૂત્રકારે એક વચનમાં પ્રયોજ્યો છે તેમ અહીં પણ **नदीभिः च।** એમ બહુવચનનો પ્રયોગ ન કરતાં **नद्या च।** એમ એકવચનનો પ્રયોગ કરત.

[175] એટલે કે પ્રસ્તુત સૂત્રમાં **यूस्त्र्याख्यौ०** પ્રમાણે કરવામાં આવતી કૃત્રિમ **नदी** સંજ્ઞા લાગુ ન પડે તો પણ **स्वं रूपं शब्दस्य०** પ્રમાણે સ્વરૂપ વિધિ થવાનો પ્રસંગ આવશે.પરિણામે વિશિષ્ટ નદીવાચક શબ્દો સાથે અવ્યયીભાવ **न** થવાનો પ્રસંગ આવશે, પરંતુ **नदीभिः** એમ જે બહુવચન વ્દારા નિર્દેશ કર્યો છે તેને પ્રતાપે સ્વરૂપવિધિ નહીં થાય.નાગેશ કહે છે **नदीभिश्च।** વગેરે સૂત્રોમાં લક્ષ્યોને અનુસરીને જ અર્થનું ગ્રહણ કરવાથી નદીવાચક ગંગા વગેરે શબ્દોનું ગ્રહણ થઇ શકે છે.

[176] મૂળમાં **अकृतम्** શબ્દ છે.કૈ. **अनाश्रितम्** એમ અર્થ કરે છે. અર્થાત્ **कृत्रिमाकृत्रिम** ન્યાયનો આશ્રય નથી લેવામાં આવ્યો એમ નથી.એટલે કે જ્ઞાપક વગેરે વ્દારા દોષનું નિવારણ કર્યું છે તેથી આ ન્યાયનો આશ્રય લેવાતો એમ નથી(**न अनाश्रितम्**) જરૂર લેવાય છે અને તેમ છતાં દોષ આવતો નથી.

[177] **ष्णान्ता षट्।** એ સૂત્ર વ્દારા **ष**-કારાન્ત અને **न**-કારાન્ત સંખ્યાઓની **षट्** સંજ્ઞા કરવામાં આવી છે. હવે **विपृष्** એ **ष**-કારાન્ત શબ્દ છે અને **पामन्** શબ્દ **न**-કારાન્ત છે તેથી તેમની પણ **षट्** સંજ્ઞા થવાનો પ્રસંગ આવે, પરંતુ એ સૂત્રમાં **ष्णान्ता** એ સ્ત્રીલિંગ વ્દારા જે નિર્દેશ કર્યો છે તેને પ્રતાપે પૂર્વ સૂત્રમાંથી સ્ત્રીલિંગી **संख्या** શબ્દની અહીં અનુવૃત્તિ થાય છે. એમ સ્વીકારતાં આ પ્રસંગ નહીં આવે કારણ કે **विपृष्** અને **पामन्** એ શબ્દો સંખ્યાવાચક નથી.અહીં નોંધવું જોઇએ કે પૂર્વ સૂત્રમાં **संख्या** શબ્દ સ્વરૂપ દર્શાવે છે, સંજ્ઞા છે, જ્યારે **ष्णान्ता षट्।** એ ઉત્તર સૂત્રમાં તે પાંચ વગેરે સંખ્યા બતાવે છે તેથી સંજ્ઞી છે.

[178] લોકવ્યવહારમાં જ્યારે કૃત્રિમનું ગ્રહણ થાય છે ત્યારે તેનું કૃત્રિમપણું કારણભૂત નથી હોતું પરંતુ અર્થ અથવા સંદર્ભને કારણે જ કૃત્રિમ અથવા અકૃત્રિમનું યથાયોગ ગ્રહણ થાય છે. દા,ત, **गोपालकम् आनय माणवकम् अध्यापयिष्यति।** એમ કહેવામાં આવે ત્યારે હાથમાં લાકડી લઇને ગાયોનું રક્ષણ કરનાર વ્યક્તિ (**गाः पालयति इति।** તે ગોવાળ) નું સૂચન નથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अर्थो वास्यैवंसंज्ञकेन भवति प्रकृतं वा तत्र भवतीदमेवंसंज्ञकेन कर्तव्यमिति। आतश्चार्थात्प्रकरणाद्वा। अङ्ग हि भवान्ग्राम्यं पांसुरपादमप्रकरणज्ञमागतं ब्रवीतु गोपालकमानय कटजकमानयेति। उभयगतिस्तस्य भवति साधीयो वा यष्टिहस्तं गमिष्यति॥ यथैव तर्ह्यर्थात्प्रकरणाद्वा लोके कृत्रिमाकृत्रिमयोः जानाति ह्यसौ बह्वादीनामियं संज्ञा कृतेति॥ न यथा लोके तथा व्याकरणे। उभयगतिः पुनरिह भवति। अन्यत्रापि नावश्यमिहैव। तद्यथा। कर्तुरीप्सिततमं कर्म। इति कृत्रिमा कर्मसंज्ञा। कर्मप्रदेशेषु चोभयगतिर्भवति। कर्मणि द्वितीया। इति कृत्रिमस्य ग्रहणं कर्तरि कर्मव्यतिहारे। इत्यकृत्रिमस्य। तथा साधकतमं करणम्। इति कृत्रिमा करणसंज्ञा। करणप्रदेशेषु चोभयगतिर्भवति। कर्तृकरणयोस्तृतीया। इति कृत्रिमस्य ग्रहणं-

(ત્યાં) એ(કહેનાર) ને એ (કૃત્રિમ) નામવાળાનું કામ હોય છે અથવા ત્યાં 'આ (કાર્ય) (કૃત્રિમ નામવાળાએ કરવું' એમ સંદર્ભ હોય છે. અને તેથી જ [179] અર્થ અને પ્રકરણને કારણે (કૃત્રિમને કાર્ય કરવામાં આવે છે).અરે પણ આપ ધૂળભર્યા પગવાળા, સંદર્ભ ન જાણનાર અને (હમણાં જ) આવેલા ગામડિયાને[180] કહેશો કે 'ગોપાલકને લઇ આવ', 'કટજકને લઇ આવ' તો તે બન્ને સમજશે[181] અથવા ભલું હશે તો હાથમાં લાકડીવાળો (ગોવાળ) એમ સમજશે. તેથી જ જેમ લોક વ્યવહારમાં અર્થને કારણે કે સંદર્ભને કારણે કૃત્રિમ અને અકૃત્રિમ એ બેમાંથી કૃત્રિમને (વિશે કાર્ય થાય છે) એમ સમજાય છે તેમ અહીં પણ થશે, કારણ કે એ (વૈયાકરણ) જાણે છે કે **बहु** વગેરેની આ **संख्या** સંજ્ઞા કરવામાં આવી છે. જેમ લોક વ્યવહારમાં હોય છે તેમ વ્યાકરણમાં નથી હોતું, કારણ કે અહીં તો બે રીતે (અર્થ)સમજી શકાય છે. માત્ર અહીં (સંખ્યાની બાબતમાં) જ નહીં પરંતુ બીજે પણ (બે રીતે અર્થ સમજાય છે). જેમ કે **कर्तुरीप्सिततमं कर्म।** એ **कर्म** ની કૃત્રિમ સંજ્ઞા છે અને કર્મને લગતાં પ્રદેશસૂત્રોમાં બન્ને અર્થમાં છે. (જેમ કે) **कर्मणि द्वितीया।** માં કૃત્રિમ (કર્મ)નું ગ્રહણ છે, **कर्तरि कर्म - व्यतिहारे।** માં અકૃત્રિમનું[182] તે રીતે **साधकतमं करणम्।** એ કરણની કૃત્રિમ સંજ્ઞા છે, પરંતુ કરણને લગતાં પ્રદેશ સૂત્રોમાં બન્ને અર્થમાં છે.(જેમ કે) **कर्तृकरणयोस्तृतीया।** માં કૃત્રિમનું ગ્રહણ કરવાનું છે.

---

થતું, પરંતુ અહીં તો અધ્યાપન રૂપી કાર્યને સિદ્ધ કરી શકે તે ગોપાલક નામની વ્યક્તિ સૂચવાય છે. તે જ રીતે ભોજન સમયે **सैन्धवम् आनय।** એમ કહેવામાં આવે ત્યારે **सैन्धव** શબ્દ દ્વારા 'મીઠું' એ અર્થ સમજાય છે,' ઘોડો' એ અર્થ સમજાતો નથી,પરંતુ બહાર જવાનું હોય ત્યારે 'ઘોડો'એ અર્થ સમજાય છે, 'મીઠું' એ અર્થ સમજાતો નથી.આમ વિશિષ્ટ સંદર્ભ (**प्रकरण**) ઉપરથી પણ અર્થ નિર્ણય થાય છે, કારણ કે ખારાશ લાવવાનું અથવા ઝડપથી ગમન કરવાનું કાર્ય કયા **सैन्धव** થી થશે તે સાંભળનારે સંદર્ભ ઉપરથી નક્કી કરવાનું છે.

[179] ભાષ્યમાં **आतश्च** એટલે **इतश्च** (પ્ર.).

[180] અર્થાત્ બુદ્ધિપૂર્વક કલ્પના ન કરી શકે તેવો (**ऊहितुमसमर्थः।** પ્ર.)

[181] આ વક્તા તે કોઇના નામનો ઉલ્લેખ કરે છે કે પછી હાથમાં લાકડીવાળો ગોવાળ એમ કહેવા માગે છે ? એ પ્રકારનો સંદેહ સાંભળનારને વક્તાના ઇરાદા વિશે થાય છે. અહીં **साधीयः** ક્રિયાવિશેષણ છે. **गमिष्यति** એટલે (ગોપાળ તરફ) જશે અથવા તો (ગોપાળ એમ) સમજશે.

[182] અહીં **कर्म** શબ્દ ક્રિયાના અર્થમાં છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**शब्दवैरकलहाभ्रकण्वमेघेभ्यः करणे** इत्यत्राकृत्रिमस्य। तथाधारोऽधिकरणम् इति कृत्रिमाधिकरणसंज्ञा। अधिकरणप्रदेशेषु चोभयगतिर्भवति। सप्तम्यधिकरणे च। इति कृत्रिमस्य ग्रहणं विप्रतिषिद्धं चानधिकरणवाचि इत्यकृत्रिमस्य॥ अथवा नेदं संज्ञाकरणं तद्वदतिदेशोऽयम्। बहुगणवतुडतयः संख्यावद्भवन्तीति। स तर्हि वतिनिर्देशः कर्तव्यो न ह्यन्तरेण वतिमतिदेशो गम्यते। अन्तरेणापि वतिमतिदेशो गम्यते। तद्यथा। एष ब्रह्मदत्तः। अब्रह्मदत्तं ब्रह्मदत्त इत्याह ते मन्यामहे ब्रह्मदत्तवदयं भवतीति। एवमिहाप्यसंख्या संख्येत्याह संख्यावदिति गम्यते॥ अथवाचार्यप्रवृत्तिर्ज्ञापयति भवत्येकादिकायाः संख्यायाः संख्याप्रदेशेषु संख्यासंप्रत्यय इति यदयं संख्याया अतिशदन्तायाः कन्। इति तिशदन्तायाः प्रतिषेधं शास्ति। कथं कृत्वा ज्ञापकम्।

**शब्दवैरकलहाभ्रकण्वमेघेभ्यः करणे**। માં અકૃત્રિમનું ગ્રહણ છે.[183] તે રીતે **आधारोऽधिकरणम्**। એ સૂત્રમાં કૃત્રિમ **अधिकरण** સંજ્ઞા છે. પણ **अधिकरण** ના પ્રદેશ સૂત્રોમાં બન્ને અર્થમાં ગ્રહણ છે.(જેમ કે) **सप्तम्यधिकरणे**। માં કૃત્રિમ (અધિકરણ)નું ગ્રહણ છે. **विप्रतिषिद्धं चानधिकरणवाचि**। માં અકૃત્રિમનું.[184] અથવા તો આ(સૂત્રથી) સંજ્ઞા કરવામાં આવતી નથી, આ તો (**बहु** ,**गण** વગેરે) તે(**संख्या**)નાં જેવાં છે એમ (દર્શાવતો) અતિદેશ છે.[185] તો પછી (સૂત્રમાં) **वत्** (એટલે કે **संख्यावत्** અર્થાત્ સંખ્યા જેવા)એમ નિર્દેશ કરવો જોઇએ, કારણ કે **वति** (**वत्** પ્રત્યયના પ્રયોગ) વિના અતિદેશ સમજાતો નથી. **वत्** ના પ્રયોગ વિના પણ અતિદેશ સમજાય છે, જેમ કે જે બ્રહ્મદત્ત નથી તેને વિશે 'એ બ્રહ્મદત્ત છે' એમ કોઇ કહે તો અમે તો માનીએ છીએ કે 'એ બ્રહ્મદત્ત જેવો છે'.એમ અહીં પણ જે સંખ્યા નથી તેને (સૂત્રકાર) સંખ્યા કહે છે તેથી તે સંખ્યા જેવી છે એમ સમજાય છે.અથવા **संख्याया अतिशदन्तायाः कन्**। માં જેને અન્તે **ति** હોય અને જેને અન્તે **शद्** હોય તેવી તેવી સંખ્યાને (**कन्** તદ્ધિતનો )પ્રતિષેધ કર્યો છે તે ઉપરથી આચાર્ય જ્ઞાપન કરે છે કે[186] સંખ્યાપ્રદેશોમાં એક વગેરે સંખ્યાનો પણ સંખ્યા તરીકે બોધ થાય છે. (એ) કેવી રીતે જ્ઞાપક છે ?

---

[183] **अभ्र** , **कण्व** , **मेघ** વગેરેને 'કરવું' એ અર્થમાં **क्यङ्** લાગે છે અને **सनाद्यन्ताः०** થી ધાતુ સંજ્ઞા થાય છે તેથી તેમને **तव्य** વગેરે પ્રત્યયો થઇ શકે. હવે આ ક્રિયાવાચી પ્રત્યયો સાધન અર્થાત્ **करण** ના અર્થમાં લાગતા નથી તેથી ક્રિયાનો અર્થ લેવાથી પ્રયોજન સિદ્ધ થશે તેમ સમજી શકાય છે. આથી અહીં **करण** શબ્દ **कारक** ના અર્થમાં નથી, ક્રિયાના અર્થમાં છે.

[184] **अधिकरण** શબ્દ આ સૂત્રમાં દ્રવ્યના અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે. દ્વંદ્વ સમાસનાં અવયવભૂત પરસ્પર વિરોધી અર્થવાળાં પદો આધારનો અર્થ નથી દર્શાવતાં, કારણ કે 'આધાર' એ તો વિભક્તિનો અર્થ છે. તેથી અહીં **अधिकरण** શબ્દ દ્રવ્યના અર્થમાં છે તેમ સમજાય છે (**एतेनाधिकरणशब्दोऽत्र द्रव्ये वर्तते नाधार इति दर्शयति। न हि विप्रतिषिद्धानां-- द्वन्द्वा -वयवानाम्--शब्दानामाधारे शक्तिरस्ति। विभक्त्यर्थत्वादाधारशक्तेः।** ન્યા.પ૬.ભા.૨. પૃ.૨૫૮). વળી (**द्वन्द्वावयवानां शक्त्य -नभिधायित्वादधिकरणं द्रव्यं गृह्यते।** પ્ર. પૃ.૨૭૮)

[185] મૂળમાં **तद्वत्** શબ્દ છે. **तद्** , તે અર્થાત્ એક વગેરે સંખ્યા, અને **वत्** પ્રત્યય કાર્યનો સૂચક છે. તેથી **तद्वदतिदेशः** એટલે સંખ્યાના કાર્યનો આ અતિદેશ છે. કે. કહે છે કે જો આ સૂત્ર દ્વારા સંજ્ઞા કરવામાં આવતી હોત તો **टि** , **घु** , **भ** વગેરે સંખ્યાઓની જેમ સૂત્રકાર અહીં પણ એકાક્ષરી સંજ્ઞા કરત. તેથી આ સૂત્રમાં લૌકિક અર્થ દર્શાવતા સંખ્યા શબ્દ લેવામાં આવ્યો છે. તે સૂચવે છે કે આ સૂત્ર અતિદેશ માટે છે.પરિણામે સૂત્ર દ્વારા સમજાશે કે એક વગેરે લૌકિકસંખ્યાની જેમ **बहु** , **गण** વગેરે સંખ્યાઓ છે. આ રીતે **बहु** વગેરે અતિદેશ દ્વારા લૌકિક સંખ્યા જેવી ગણાશે તેથી કૃત્રિમ નહીં રહે.

[186] **संख्याया अतिशदन्तायाः कन्**। એ સૂત્રમાં **अ-ति-शद्-अन्तायाः** એમ કહીને સૂત્રકારે **ति-अन्त** અને **शद्-अन्त** સંખ્યાઓની બાબતમાં **कन्** નો નિષેધ કર્યો છે તે ઉપરથી સમજાય છે કે **कन्** ને લગતા વિધિમાં કૃત્રિમ તેમ જ લૌકિક બન્ને સંખ્યાનું ગ્રહણ થાય છે, કારણ કે **विंशति** જેવી **त्यन्त** અને **त्रिंशत्** જેવી **शदन्त** સંખ્યાઓ કૃત્રિમ નથી. આમ સૂત્રમાંના **संख्या** શબ્દ દ્વારા કૃત્રિમ અને અકૃત્રિમ બન્નેનું ગ્રહણ થાય છે તેમ જ્ઞાપન થયું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**न हि कृत्रिमा त्यन्ता शदन्ता वा संख्यास्ति। ननु चेयमस्ति डतिः। यत्तर्हि शदन्तायाः प्रतिषेधं शास्ति। यच्चापि त्यन्तायां प्रतिषेधं शास्ति। ननु चोक्तं डत्यर्थमेतत्स्यादिति। अर्थवद्ग्रहणे नानर्थकस्येत्यर्थवतस्तिशब्दस्य ग्रहणं न च डतेस्तिशब्दोऽर्थवान्॥ अथवा महतीयं संज्ञा क्रियते संज्ञा च नाम यतो न लघीयः। कुत एतत्। लघ्वर्थं हि संज्ञाकरणम्। तत्र महत्याः संज्ञायाः करण एतत्प्रयोजनमन्वर्थसंज्ञा यथा विज्ञायेत। संख्यायतेऽनया संख्येति। एकादिकया चापि संख्यायते॥ उत्तरार्थेन चापि नार्थः संख्याग्रहणेन। इदं प्रकृतमुत्तरत्रानुवर्तिष्यते॥ इदं वै संज्ञार्थमुत्तरत्र च संज्ञिविशेषणेनार्थः। न चान्यार्थं प्रकृतम - न्यार्थं भवति। न खल्वप्यन्यत्प्रकृतमनुवर्तनादन्यद्भवति न हि गोधा सर्पन्ती सर्पणादहिर्भवति॥**

એ રીતે કે જેને અન્ને **ति** હોય તેવી કે જેને અન્તે **शद्** હોય તેવી સંખ્યા કૃત્રિમ હોતી જ નથી.અરે પણ આ **डति** (એટલે કે **डति** જેને અન્તે છે તે કૃત્રિમ સંખ્યા) તો છે.તો પછી **शदन्त** સંખ્યાનો જે પ્રતિષેધ કરે છે (તેથી જ્ઞાપન થશે).વળી જે **ति**-અન્ત(સંખ્યા)નો પ્રતિષેધ કરે છે (તેથી પણ જ્ઞાપન થશે). પણ (અમે) કહ્યું તો ખરૂં કે એ (પ્રતિષેધ) **डति** ને ખાતર હોઇ શકે. '**अर्थवद्ग्रहणे नानर्थकस्य।** (અર્થયુક્તનું ગ્રહણ કરવું શક્ય હોય ત્યાં અર્થરહિતનું ગ્રહણ ન થાય)' એ ન્યાયે અર્થયુક્ત **ति** શબ્દનું ગ્રહણ કરવું જોઇએ પરંતુ **डति** માં આવતો **ति** શબ્દ અર્થયુક્ત નથી.[187] અથવા આ ઘણી લાંબી સંજ્ઞા કરવામાં આવે છે, જ્યારે સંજ્ઞા તો એ કે જેનાથી કંઇ ટૂંકું ન હોય. એ કેવી રીતે? કારણ કે સંજ્ઞા લાઘવ ખાતર કરવામાં આવે છે. એમ હોવાથી લાંબી સંજ્ઞા કરવાનું પ્રયોજન એ કે જેથી સંજ્ઞા અન્વર્થ થાય અર્થાત્ જેનાથી ગણના થઇ શકે તે **संख्या** એમ જાણી શકાય અને **एक** વગેરે વડે પણ ગણી શકાય છે (તેથી તેમને પણ **संख्या** સંજ્ઞા લાગુ પડશે).[188] પાછળ આવતા (**ष्णान्ता षट्।** એ સૂત્ર) માટે પણ (પ્રસ્તુત સૂત્રમાં બીજા) **संख्या** (શબ્દ) નું ગ્રહણ કરવાની જરૂર નથી. આ (સૂત્રમાં) જે (**संख्या** શબ્દ) પ્રકૃત છે તેની પાછળ (નાં સૂત્રમાં) અનુવૃત્તિ થશે. પરંતુ આ (**संख्या** શબ્દનું ગ્રહણ ) છે તે તો સંજ્ઞા માટે છે જ્યારે પાછળના સૂત્રમાં **संख्या** શબ્દ) સંજ્ઞી(**ष्णान्त**) ના વિશેષણ તરીકે ઉપયોગી છે,[189] પરંતુ એકના ઉપયોગ માટે પ્રસ્તુત હોય તે બીજાના ઉપયોગ માટે ન હોઇ શકે. એ તો દેખીતું છે કે એક સ્થળે પ્રસ્તુત હોય તે (વસ્તુ) અનુવૃત્તિ થવાથી અન્ય બનતી નથી. ઘો (એક સ્થાનથી અન્ય સ્થાન તરફ) સરકતી હોય તો સરકવાને કારણે કઇ સર્પ થઇ જતી નથી.[190]

---

[187] શંકાકારનું કહેવું 'જ્યાં કૃત્રિમ અને અકૃત્રિમ બન્નેનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં જ આ પરિભાષા ઉપસ્થિત થાય છે.**डति** અંતે હોય તેવી સંખ્યાઓ કૃત્રિમ છે અને **डति** માં જે **ति** છે તે તો અર્થહીન છે અને તેનો જ અહીં **अतिशदन्तायाः** વ્દારા નિષેધ કરવામાં આવ્યો છે. તેથી એ નિષેધ જ્ઞાપક થતો નથી'.પરંતુ શંકાકારે દર્શાવેલ દોષ સંભવતો નથી, કારણ કે **अतिशदन्तायाः** એમ જે ઉચ્ચારણ કર્યુ તે સમયે તો અર્થયુક્ત **ति** શબ્દનું ગ્રહણ કર્યુ છે તેમ પ્રતીતિ થાય છે. તેથી **अतिशद-न्तायाः** એ પ્રતિષેધ જ્ઞાપક થશે.

[188] આ રીતે મોટી સંજ્ઞા કરવાથી **एक** વગેરે અકૃત્રિમ સંખ્યાઓને પણ **संख्या** સંજ્ઞા લાગુ પડશે અને તેથી આ સૂત્રમાં વધારાનો **संख्या** શબ્દ મૂકવાની જરૂર નહીં પડે.પાછળના સૂત્ર માટે પણ વધારાના **संख्या** શબ્દનું ગ્રહણ કરવું જરૂરી છે એમ જે બીજું પ્રયોજન દર્શાવે છે તેનો સૂત્રકાર નિરાસ કરશે.

[189] શંકાકારનું કહેવું છે કે સૂત્રમાં વધારાનો **संख्या** શબ્દ સંજ્ઞા માટે મૂકવાનો હતો, પરંતુ **बहुगण॰** માં તે મૂકવાની જરૂર ન હોય તો પણ **ष्णान्ता षट्।** એ સૂત્ર માટે જરૂરી છે. પૂર્વ સૂત્રમાંનો અન્વર્થક **संख्या** શબ્દ ઉત્તર સૂત્રમાં અનુવૃત્ત થાય તે યોગ્ય નથી, કારણ કે પૂર્વ સૂત્રમાં તે સંજ્ઞા તરીકે છે જ્યારે **ष्णान्ता॰** માં જે **संख्या** શબ્દની જરૂર છે તે સંજ્ઞીના વિશેષણ તરીકે ઉપયોગી છે, એટલે કે **षट्** સંજ્ઞા નો જે સંજ્ઞી હોય અર્થાત્ **षट्** એ સંજ્ઞા વ્દારા જે સંજ્ઞીનું સૂચન થાય છે તેના અર્થમાં વધારો કરવા માટે ઉપયોગી છે. તેથી **ष्णान्ता संख्या षट्।** એમ સૂત્રની યોજના થતાં આ પ્રમાણે અર્થ સમજાશેઃ જે **ष्** અને **न्** અંતવાળી સંખ્યાઓ છે તેમની **षट्** સંજ્ઞા થાય છે. અહીં પૂર્વ સૂત્રમાં વધારાનો મૂકવામાં આવેલો અને આ સૂત્રમાં અનુવૃત્તિથી ઉતરી આવતો **संख्या** શબ્દ '**ष**-કારાન્ત કે **न**-કારાન્ત સંખ્યાઓ' એમ અર્થ (સંજ્ઞી) દર્શાવે છે .

[190] એટલે કે સ્થળાન્તર થવાથી ઘોનું ઘોપણું જતું રહેતું નથી.તેમ શબ્દની અનુવૃત્તિ થવાથી તેનો અર્થ બદલાતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यत्तावदुच्यते न चान्यार्थं प्रकृतमन्यार्थं भवतीत्यन्यार्थमपि प्रकृतमन्यार्थं भवति। तद्यथा। शाल्यर्थं कुल्याः प्रणीयन्ते ताभ्यश्च पानीयं पीयत उपस्पृश्यते च शालयश्च भाव्यन्ते। यदप्युच्यते न खल्वप्यन्यत्प्रकृतमनुवर्तनादन्यद्भवति न गोधा सर्पन्ती सर्प -णादहिर्भवतीति भवेद् द्रव्येष्वेतदेवं स्यात्। शब्दस्तु खलु येन विशेषणेनाभिसंबध्यते तस्य तस्य विशेषको भवति॥ अथवा सापेक्षोऽयं निर्देशः क्रियते न चान्यत्किंचिदपेक्ष्यमस्ति ते संख्यामेवापेक्षिष्यामहे॥

**अध्यर्धग्रहणं च समासकन्विध्यर्थम् ॥५॥**

अध्यर्धग्रहणं च कर्तव्यम्। किं प्रयोजनम्। समासकन्विध्यर्थम्। समासविध्यर्थं कन्विध्यर्थं च। समासविध्यर्थं तावत्। अध्यर्धशूर्पम्। कन्विध्यर्थम्। अध्यर्धकम्॥

'એકને માટે પ્રસ્તુત હોય તેનો બીજા માટે ઉપયોગ ન થઇ શકે' એમ જે કહ્યું (તેમાં કહેવાનું કે) એકને માટે આરંભેલું હોય તો પણ તે બીજાને ઉપયોગી થઇ શકે છે.[191] જેમ કે ડાંગર માટે ઢાળિયા બાંધવામાં આવે છે પણ તેમાંથી પાણી પી શકાય છે, કોગળા કરી શકાય છે અને સાથે સાથે ડાંગર પણ ઊગાડાય છે. વળી જે કહ્યું કે અંક વસ્તુ અન્યત્ર જવાથી અન્ય બનતી નથી, કારણ કે ઘો સરકતી હોવા છતાં સર્પ બનતી નથી (તેમાં કહેવાનું કે) દ્રવ્યની બાબતમાં એમ હોય તે શક્ય છે, પરંતુ શબ્દ તો જે જે વિશેષ્ય[192] સાથે જોડાય છે તેનું તેનું વિશેષણ બને છે.અથવા આ (ष्णान्ता એ સ્ત્રીલિંગી)[193] સાપેક્ષ નિર્દેશ કરવામાં આવે છે અને અહીં અપેક્ષા રાખવા જેવું બીજું કંઇ નથી તેથી આ (ष्णान्ता षट्। સૂત્ર) માં संख्या (શબ્દ) જ અપેક્ષિત છે એમ આપણે લઇશું.[194]

સમાસ અને कन् (પ્રત્યયને લગતા) વિધિ માટે (સૂત્રમાં) अध्यर्ध (શબ્દ)નું ગ્રહણ (કરવું જોઇએ) ॥૫॥

(પ્રકૃત સૂત્રમાં) अध्यर्ध શબ્દ મૂક્યો જોઇએ.(તેમ કરવાનું) શું પ્રયોજન ? સમાસ વિધિ અને कन् વિધિ માટે.સમાસને લગતાં કાર્ય તો (જેવાં કે) अध्यर्धशूर्पम् અને कन् પ્રત્યયને લગતાં કાર્ય (જેવાં કે) अध्यर्धकम् (સિદ્ધ થાય તે માટે अध्यर्ध શબ્દનું ગ્રહણ કરવું જોઇએ).[195]

---

[191] પદોના અર્થની વિવિધ પ્રકારની શક્તિ હોય છે તેથી એક શક્તિ વ્દારા પૂર્વ સૂત્રમાં સ્વરૂપ (સંજ્ઞા) નો અર્થ દર્શાવે છે અને અન્ય શક્તિ વ્દારા ઉત્તર સૂત્રમાં સંદર્ભમાં બંધ બેસે છે તેથી તે સંજ્ઞીનો અર્થ દર્શાવે છે.

[192] મૂળમાં विशेषेण છે તે વિશેષ્યનો અર્થ બતાવે છે (विशेष्यते इति विशेषः।)

[193] નિ.સા. (પૃ.૨૮૦) , માં સંપાદકની कोष्ठान्तर्गतः पाठो बहुत्र नोपलभ्यते। એ નોંધ સાથે કૌંસમાં [ष्णान्ता इति] એમ અધિક પાઠ છે. યુ.મી. (પૃ.૪૪૩) માં પણ કૌંસમાં એ પાઠ આપ્યો છે. એ સૂત્રમાંष्णान्ता એ સ્ત્રીલિંગમાં નિર્દેશ કર્યો છે તેમાં પ્રકૃત હોવાથી સંદર્ભ અનુસાર અન્યપદાર્થ તરીકે, અર્થાત્ ष्णान्ता ના વિશેષ્ય તરીકે, संख्या એ શબ્દની અપેક્ષા રાખવામાં આવે છે. આમ बहुगण० એ પ્રકૃત સૂત્રમાં संख्या શબ્દને સ્વરિત કર્યો નથી તેથી स्वरितेनाधिकारः। અનુસાર તે અધિકૃત ન હોવાથી તેની ઉત્તર સૂત્રમાં અનુવૃત્તિ શક્ય નથી છતાં સંદર્ભની વ્યાવહારિક દૃષ્ટિએ તે શબ્દ અપેક્ષિત છે તેથી તેની અનુવૃત્તિ થઇ શકશે,એમ અહીં દલીલ છે.

[194] અહી મૂળમાં ते- - - अपेक्षिष्यामहे। માં ते ને બદલે तेन એમ પાઠાન્તર નિ.સા.(પૃ.૨૮૦,પા.ટી.૯) માં સંપાદક નોંધે છે.

[195] अर्धेन अधिकम् અર્થાત્ અડધા જેટલું વધારે-દોઢ. અહી अर्ध શબ્દ સંખ્યાવાચી નથી, પરંતુ ત્રણ ભાગ, ચાર ભાગ વગેરે શબ્દોની જેમ એકદેશ એટલે કે ભાગ દર્શાવે છે. अर्ध શબ્દનો अधिक શબ્દ સાથે સમાસ કરવાથી પણ યૌગિક અર્થ 'દોઢ' એમ સમજાય છે,પરંતુ સંખ્યાનો અર્થ સમજાતો નથી.જેમ કે अध्यर्धेन शूर्पेण क्रीतम्। [દોઢ સૂપડા (જેટલા અનાજ) વડે ખરીદેલું] એ વાક્યનો तद्धितार्थोत्तरसमाहारे च। એ સૂત્ર પ્રમાણે સમાસ થશે, (કારણ કે તે સૂત્રમાં પૂર્વ સૂત્ર दिक्संख्ये संज्ञायाम्। માંથી दिक्संख्ये ની અનુવૃત્તિ થાય છે).ત્યાર બાદ शूर्पादञन्यतरस्याम्।પ્રમાણે થતા अञ् કે ठञ् નો अध्यर्धपूर्व-द्विगोर्लुगसंज्ञायाम्। થી लुक् થાય છે.આમ સમાસ કાર્ય થઇ શકે તે માટે अध्यर्ध શબ્દનું પ્રકૃત સૂત્રમાં ગ્રહણ કરવું જોઇએ. अध्यर्धेन क्रीतम्। એ અર્થમાં संख्याया अतिशदन्तायाः कन्। પ્રમાણે कन् લાગીને अध्यर्धकम् થઇ શકે તે માટે પણ अध्यर्ध શબ્દનું સૂત્રમાં ગ્રહણ કરવું જોઇએ એમ દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लुकि चाग्रहणम् ॥६॥

लुकि चाध्यर्धग्रहणं न कर्तव्यम्। अध्यर्धग्रहणपूर्वाद्विगोर्लुगसंज्ञायाम् इति। द्विगोरित्येव सिद्धम्॥

अर्धपूर्वपदश्च पूरणप्रत्ययान्तः ॥७॥

अर्धपूर्वपदश्च पूरणप्रत्ययान्तः संख्यासंज्ञो भवतीति वक्तव्यम्। किं प्रयोजनम्। समासकन्विध्यर्थमेव। समासविध्यर्थं कन्विध्यर्थं च। समासविध्यर्थं तावद्। अर्धपञ्चमशूर्पम्। कन्विध्यर्थम्। अर्धपञ्चमकम्॥

પરન્તુ **लुक्** માં (अध्यर्ध શબ્દનું) ગ્રહણ ન (કરવું જોઇએ) ॥६॥

પરન્તુ **लुक्** (નું વિધાન કરનાર) **अध्यर्धपूर्वाद्विगोर्लुगसंज्ञायाम्**। (એસૂત્ર)માં **अध्यर्ध** (શબ્દનું) ગ્રહણ ન કરવું જોઇએ, (કારણ કે) '**द्विगोः**' એમ કહ્યું છે તેથી જ (**लुक्**) સિદ્ધ થાય છે.[196]

**अर्ध શબ્દ પૂર્વપદ હોય અને पूरण** પ્રત્યયાન્ત (ઉત્તરપદ જેમાં હોય તેની **संख्या** સંજ્ઞા થાય છે) ॥७॥

જેમાં **अर्ध** પૂર્વપદ હોય અને **पूरण** (ક્રમવાચી)પ્રત્યયાન્ત[197] જેમાં ઉત્તરપદ હોય તે **संख्या**-સંજ્ઞક થાય છે એમ કહેવું પડશે. (તેમ કરવાનું) શું પ્રયોજન ? સમાસ અને **कन्** વિધિ માટે,એટલે કે સમાસને લગતું કાર્ય અને **कन्** પ્રત્યયને લગતાં કાર્ય થઇ શકે તે માટે. સમાસ વિધિ માટે (નું ઉદાહરણ) તો **अर्धपञ्चमशूर्पम्** (છે), **कन्** પ્રત્યયને લગતા વિધિ (નું ઉદાહરણ) **अर्धपञ्चमकम्** (છે).[198]

---

[196] **समासविध्यर्थम्** નો અહીં આ પ્રમાણે અર્થ છેઃ સમાસનું વિધાન કરવામાં આવ્યું હોય અથવા સમાસને કારણે થતા (લોપ જેવા) અન્ય કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યારે. એમ અર્થ થવાથી દ્વિગુને કારણે જે લોપ થાય છે તે થઇ શકશે. પૂર્વ કથન અનુસાર **अध्यर्ध** શબ્દ સંખ્યાવાચી નથી માટે તેનું સમાસવિધિ અને **कन्** પ્રત્યય થઇ શકે માટે સંખ્યા સૂત્રમાં ગ્રહણ કરવું જોઇએ.અન્ય મત પ્રમાણે ૧) **अध्यर्ध** શબ્દ સંખ્યાવાચી છે, કારણ કે આપણે એક, દોઢ, બે, અઢી (**एक,अध्यर्ध,द्वौ, अर्द्धत्रय**) એમ ગણીએ છીએ. તેથી **अध्यर्ध** શબ્દની **संख्या** સંજ્ઞા થાય તે માટે નહીં, પરંતુ **अध्यर्ध** ની **संख्या** થાય પણ **सार्ध** વગેરેની ન થાય તે નિયમ માટે સૂત્રમાં તેનું ગ્રહણ કરવાનું કહ્યું છે. ત્યાર પછી વાક્યના ભાગ કરવાથી આમ સમજાશેઃ ૨) **अध्यर्ध** શબ્દને **संख्या** સંજ્ઞા કરવામાં આવે છે તે સમાસવિધિ અને **कन्** વિધિ પૂરતી જ કરવામાં આવે છે. તે સિવાયનાં અન્ય કાર્યો માટે એ સંજ્ઞા કરવામાં આવતી નથી. એમાં સમાસવિધિ માટેની સંજ્ઞા દ્વિગુસમાસ માટે થાય છે તેથી દ્વિગુને કારણે લોપ સિદ્ધ થશે.[પ્ર.(પૃ.૨૮૧)]

[197] મૂળમાં '**पूरणप्रत्ययान्तः**' એમ છે.**पूरण** એટલે સંખ્યાને પૂર્ણ થવા માટેની સંખ્યા.દા.ત. પાંચ (**पञ्चम**) એ સંખ્યાને પૂર્ણ થવા માટે પાંચમો અંક જરૂરી છે તેથી **पञ्चम** એ તેની **पूरणी** સંખ્યા થઇ.આ **पूरण** નો અર્થ દર્શાવવા માટે જે **डट्** વગેરે પ્રત્યય લાગે છે તે **पूरणप्रत्यय** અને જેને આ પ્રકારનો પ્રત્યય લાગ્યો હોય તે **पूरणप्रत्ययन्तः** થાય.**पञ्चन्** એ **न**-કારાન્ત સંખ્યાને **तस्य पूरणे डट्**। પ્રમાણે પૂરણ અર્થાત્ પૂર્ણ કરવાના અર્થમાં જે **डट्** પ્રત્યય થાય તેને **नान्तादसंख्यादेर्मट्**। પ્રમાણે **मट्** આગમ લાગીને **पञ्चम** એ પૂરણી સંખ્યાવાચક બને છે. પરંતુ વાર્તિકમાં **पूरणप्रत्ययान्तः** શબ્દ 'પૂરણ પ્રત્યય જેને અંતે હોય તેવું ઉત્તર પદ' એ અર્થમાં છે (**पूरणप्रत्ययान्तोत्तरपद इत्यर्थः**। શ. કૌ.પૃ.૧૫૦) તેથી **अर्धपञ्चमः** એ પ્રસ્તુત વાર્તિક અનુસાર **पूरणप्रत्ययान्त** શબ્દ થશે.તેને **संख्या** સંજ્ઞા થવી જોઇએ એમ અહીં દલીલ છે જેથી સમાસ વિધિ અને **कन्** વિધિ થઇ શકે.

[198] **अर्धपञ्चमशूर्पम्--अर्ध पञ्चमं येषाम् तैः शूर्पैः क्रीतम् अर्धपञ्चमशूर्पम्** [સાડા ચાર સૂપડાં-(અનાજ) થી ખરીદેલું] .અહીં **अञ्** અથવા વિકલ્પે લાગતા **ठञ्** નો લોપ થયો છે. **अर्धपञ्चमेन क्रीतम् अर्धपञ्चमकम्** (સાડા ચારમાં ખરીદેલું) અહીં **कन्** લાગ્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अधिकग्रहणं चालुकि समासोत्तरपदवृद्ध्यर्थम् ॥८॥

अधिकग्रहणं चालुकि कर्तव्यम्। किं प्रयोजनम्। समासोत्तरपदवृद्ध्यर्थम्। समासविध्यर्थमुत्तरपदवृद्ध्यर्थं च। समासविध्यर्थं तावत्। अधिकषाष्टिकः। अधिकसाप्ततिकः। उत्तरपदवृद्ध्यर्थम्। अधिकसाप्ततिकः। अलुकीति किमर्थम्। अधिकषाष्टिकः अधिकसाप्ततिकः॥

बहुव्रीहौ चाग्रहणम् ॥९॥

बहुव्रीहौ चाधिकशब्दस्य ग्रहणं न कर्तव्यं भवति। संख्ययाव्ययासन्नादूराधिकसंख्याः संख्येये इति। संख्येत्येव सिद्धम्॥

बह्वादीनामग्रहणम् ॥१०॥

लुक् સિવાય (નાં કાર્ય કરવાનાં હોય ત્યારે) સમાસ માટે અને ઉત્તરપદવૃદ્ધિ માટે (પ્રકૃત સૂત્રમાં) अधिक નું ગ્રહણ (કરવું જોઇએ) ॥૮॥

लुक् સિવાયનાં કાર્ય માટે (સૂત્રમાં) अधिक શબ્દનું ગ્રહણ કરવું જરૂરી છે.(તેનું) શું પ્રયોજન ? સમાસ અને ઉત્તરપદવૃદ્ધિ માટે

એટલે કે સમાસને લગતાં કાર્ય થઇ શકે તે માટે તેમ જ ઉત્તરપદની વૃદ્ધિ થઇ શકે તે માટે. સમાસવિધિ માટે (નાં ઉદાહરણ) તો अधिकषाष्टिकः। अधिकसाप्ततिकः (છે), ઉત્તરપદવૃદ્ધિ માટે (નાં ઉદાહરણ)अधिकषाष्टिकः। अधिकसाप्ततिकः (છે).[199]

लुक् સિવાયનાં કાર્યોમાં એમ શા માટે (કહ્યું છે)? अधिकषाष्टिकः। अधिकसाप्ततिक (માં लुक् ન થાય તે માટે).[200]

બહુવ્રીહિમાં શબ્દનું ગ્રહણ ન (કરવું) ॥૯॥

બહુવ્રીહિ સમાસને લગતા સૂત્રમાં अधिक શબ્દનું ગ્રહણ કરવાનું નથી, કારણ કે संख्ययाऽव्ययासन्नादूराधिकसंख्याः संख्येये (એ સૂત્રમાં) संख्या એમ (કહ્યું) છે તેથી જ સિદ્ધ થાય છે.[201]

बहु વગેરેનું ગ્રહણ ન (કરવું જોઇએ) ॥૧૦॥

---

[199] अधिकषाष्टिकः अधिकया षष्ट्या क्रीतः। અર્થાત્ સાઠ વધારે આપીને ખરીદેલો. અહીં अधिक શબ્દ સંખ્યાવાચી નથી, પરંતુ 'સાઠ' એ સંખ્યાનું વિશેષણ છે. तद्धितार्थोत्तरपदसमाहारे च। એ સૂત્ર પ્રમાણે अधिक શબ્દનો ષષ્ઠી સમાસ થઇને प्राग्वतेष्ठञ्। થી ठञ् થતાં વાર્તિકમાં 'अलुकि' એમ કહ્યું છે તેથી જ્યાં લોપ કરવાનો હોય ત્યાં अधिक શબ્દની સંજ્ઞા થતી નથી પરિણામે સમાસને દ્વિગુ સંજ્ઞા ન થતાં તેને લાગેલા ठञ् ને अध्यर्द्धपूर्वद्विगोर्लुगसंज्ञायाम्। પ્રમાણે લોપ નહીં થાય તેથી ञित् પ્રત્યય ठञ् પૂર્વે ઉત્તરપદભૂત षष्टी એ સંખ્યાસંજ્ઞક શબ્દના સર્વપ્રથમ સ્વર અ-કારની संख्यायाः संवत्सर - संख्यस्य च। એ સૂત્ર પ્રમાણે વૃદ્ધિ થતાં अधिकषाष्टिकः થશે.(શ.કૌ.પૃ.૧૫૦)

[200] 'उत्तरपदवृद्ध्यर्थम् અર્થાત્ ઉત્તરપદના પ્રથમ સ્વરની વૃદ્ધિ થાય તે માટે' એમ કહ્યું છે તેથી लुक् નથી જ થવાનો પછી વાર્તિકમાં अलुकि એમ કહેવાની ક્યાં જરૂર છે ? એ પ્રકારની શંકા કરવી યોગ્ય નથી, કારણ કે तदर्हति એ અર્થમાં લાગતા પ્રત્યયો પછી तमधीष्टःभृतः० (માનપૂર્વક નિમેલો , ભાડૂતી રાખેલો) વગેરે અર્થમાં થતા પ્રત્યયોનો લોપ નથી થતો તેથી ત્યાં ઉત્તરપદ વૃદ્ધિ થશે જેમ કે वर्षमधीष्टः वार्षिकः (अध्यापकः), पक्षं भृतः पाक्षिकः(कर्मकरः) થાય છે તે પ્રમાણે अधिकवार्षिकः થશે. અહીં ઉત્તરપદના પ્રથમ સ્વરની વૃદ્ધિ થઇ છે.

[201] अधिक શબ્દને संख्या-સંજ્ઞા સૂત્રમાં મૂકવામાં આવે તો બહુવ્રીહિ સમાસને લગતા કાર્યમાં પણ તેની संख्या સંજ્ઞા થશે જ પરંતુ સૂત્રકારે संख्ययाऽव्यय० એ સૂત્રમાં संख्या શબ્દ મૂક્યો હોવા છતાં अधिक શબ્દનું સાક્ષાત્ ગ્રહણ કર્યું છે તે ઉપર - થી સૂચવાય છે કે બહુવ્રીહિ સમાસની દૃષ્ટિએ તેમણે अधिक ને સંખ્યાસંજ્ઞક નથી ગણ્યો, કારણ કે સૂત્રમાં મૂકેલા संख्या શબ્દ દ્વારા જ કાર્ય સિદ્ધ થાય છે તેથી अधिक ને ખાસ મૂકવાની જરૂર ન પડત.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

बह्वादीनां ग्रहणं शक्यमकर्तुम्। केनेदानीं संख्याप्रदेशेषु संख्यासंप्रत्ययो भविष्यति। ज्ञापकात्सिद्धम्। किं ज्ञापकम्। यदयं वतोरिड् वा इति संख्याया विहितस्य कनो वत्वन्तादिटं शास्ति। वतोरेव तज्ज्ञापकं स्यात्। नेत्याह। योगापेक्षं ज्ञापकम्॥

ष्णान्ता षट्॥ १। १। २४॥

षट्संख्यायामुपदेशवचनम् ॥१॥

षट्संख्यायामुपदेशग्रहणं कर्तव्यम्। उपदेशे षकारनकारान्ता संख्या षट्संज्ञा भवतीति वक्तव्यम्। किं प्रयोजनम्। शताद्यष्टनोर्नुड्थर्म् ॥२॥

(પ્રકૃત સૂત્રમાં) बहु વગેરેનું ગ્રહણ કર્યું તે રદ કરી શકાય. તો પછી સંખ્યાને લગતાં સૂત્રોમાં તેમનો संख्या તરીકે બોધ કેવી રીતે થશે? જ્ઞાપકથી સિદ્ધ થશે.[202] એ જ્ઞાપક કયું (છે) ? સંખ્યાને અનુલક્ષીને કહેલો कन् પ્રત્યય જ્યારે वतु- પ્રત્યયાન્ત (શબ્દ) ને લાગે ત્યારે તેને इट् આગમ લાગે છે તેમ એ (આચાર્ય પાણિનિ) वतोरिड् वा। એ સૂત્રમાં નિર્દેશ કરે છે.[203] તે તો वतु-પ્રત્યયાન્તને संख्या સંજ્ઞા થાય તેનું જ્ઞાપન કરે છે. તો (સિદ્ધાન્તી) કહે છે કે ના (તેમ નથી), કારણ કે જ્ઞાપક પ્રયોગની અપેક્ષાએ સમજાય છે.[204]

ष-કારાન્ત અને न-કારાન્ત સંખ્યાવાચક શબ્દોની षट् સંજ્ઞા છે॥૧।૧।૨૪॥

षट्-સંજ્ઞા સૂત્રમાં उपदेश (શબ્દ મૂકવો પડશે)॥૧॥

षट्-સંજ્ઞા સૂત્રમાં उपदेश શબ્દનું ગ્રહણ કરવું જોઇએ, (એટલે કે) ઉપદેશમાં જે ष-કારાન્ત અને न-કારાન્ત સંખ્યા હોય તેની षट् સંજ્ઞા થાય છે એમ કહેવું જોઇએ.(તેમ કરવાનું )શું પ્રયોજન?

शत વગેરેને नुम् અને अष्टन् વગેરેને नुट् આગમ થાય તે માટે॥૨॥[205]

---

[202] एक વગેરે શબ્દ જેમ અમુક ચોક્કસ સંખ્યાનો અર્થ બતાવે છે તેમ बहु વગેરે શબ્દ ચોક્કસ સંખ્યા દર્શાવતા નથી છતાં તેમને પ્રસ્તુત સૂત્ર દ્વારા संख्या સંજ્ઞા ન કરવામાં આવે તો પણ वतोरिड्वा। એ સૂત્ર દ્વારા થતા જ્ઞાપનને આધારે તે શબ્દો संख्या સંજ્ઞક છે તેમ સમજાશે.તેથી बहुकः, गणकः વગેરે સિદ્ધ થશે.

[203] संख्याया अति० એ સૂત્ર દ્વારા સંખ્યાવાચી શબ્દને અનુલક્ષીને कन् નું વિધાન કર્યું છે. ત્યાર પછી वतोरिड्वा। એમ કહીને સૂત્રકારે यावत्, तावत् જેવા वतु અંતે આવતો હોય તેવા શબ્દો પછી આવતા कन् ને વિકલ્પે इट् આગમનું વિધાન કર્યું છે તે ઉપરથી સમજાય છે કે वत्वन्त ને कन् પ્રત્યય થશે જ, કારણ કે સૂત્રકારે તેને संख्या તરીકે સ્વીકારી લીધા છે.

[204] આ જ્ઞાપન માત્ર वत्वन्त ને લાગુ પડશે તેમ નથી, પરંતુ અન્યત્ર પણ પ્રયોગાનુસાર જ્યાં જરૂર હશે ત્યાં લાગુ પડશે (लक्ष्यानुरोधेन क्वचित्सामान्यापेक्षं ज्ञापकं क्वचिद्विशेषापेक्षं ज्ञापकम्० શ.કૌ.ભા.૧,પૃ. ૧૫૦) તેથી જ ભાષ્યકાર કહે છે योगापेक्षं ज्ञापकम्। અર્થાત્ જ્ઞાપક પ્રયોગ ની અપેક્ષા રાખે છે, પ્રયોગને લક્ષ્યમાં રાખીને જ્ઞાપક લેવાનું છે.કૈ.'योगान् अपेक्षते इति। અર્થાત્ જે અન્ય યોગો- સૂત્રોની અપેક્ષા રાખે તે योगापक्षम् ' એમ સમજાવે છે, કારણ કે સૂત્રકારે षट्कतिकतिपयचतुरां थुक्। बहुपूगगणसंघस्य तिथुक्। वतोरिथुक्। વગેરે સૂત્રોમાં इट् ને थुक्, तिथुक्, इथुक् વગેરે આગમ લાગે છે તેમ વિધાન કર્યું છે તેથી જ્ઞાપન થાય છે કે નિયત સંખ્યાવાચી ન હોવા છતાં એ શબ્દોને संख्या ને લગતું કાર્ય થાય છે. ટૂંકમાં ભાષ્યકાર આ સૂત્ર બિનજરૂરી છે તેમ માને છે.

[205] નિ.સા.(પૃ. ૨૮૨) માં વા.(૨)ને વા.(૧) ની સાથે કૌંસમાં આપી છે, યુ.મી.(પૃ. ૪૪૮) માં વા.(૧) અને (૨) ને એક તરીકે આપેલ છે,ચૌખં.(પૃ.૩૧૧) અને ચારુ.(પૃ. ) માં વા.(૨)ને ભાષ્ય તરીકે આપી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

शतानि सहस्राणि। नुमि कृते ष्णान्ता षडिति षट्संज्ञा प्राप्नोति। उपदेशग्रहणान्न भवति॥ अष्टानामित्यत्रात्वे कृते षट्संज्ञा न प्राप्नोति। उपदेशग्रहणाद्भवति॥

उक्तं वा॥३॥

किमुक्तम्। इह तावच्छतानि सहस्राणीति संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येति। अष्टनोऽप्युक्तम्। किमुक्तम्। अष्टनो दीर्घग्रहणं षट्संख्याज्ञापकमाकारान्तस्य नुडर्थमिति॥ अथवाकारोऽप्यत्र निर्दिश्यते। षकारान्ता नकारान्ताकारान्ता च संख्या

शतानि। सहस्राणि માં नुम् આગમ લાગતાં (તે न-કારાન્ત થશે તેથી) ष्णान्ता षट्। પ્રમાણે षट् સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે, પરંતુ (સૂત્રમાં) उपदेश શબ્દનું ગ્રહણ કરવાથી નહીં થાય.[206] अष्टानाम् માં आ આદેશ કર્યા પછી षट् સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવે છે, પરંતુ (સૂત્રમાં) उपदेश શબ્દનું ગ્રહણ કરવાથી (अष्टा ને) સંજ્ઞા થશે.[207]

અથવા કહ્યું છે ॥૩॥

શું કહ્યું છે ? આ शतानि। सहस्राणि માં તો 'सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य। (બેના સંબંધને કારણે થએલું કાર્ય તે સંબંધના નાશનું કારણ ન બની શકે' એમ (કહ્યું છે).[208] अष्टन् ની બાબતમાં પણ કહ્યું છે. શું કહ્યું છે? (अष्टनो दी० માં) મૂકેલો दीर्घ શબ્દ જ્ઞાપન કરે છે કે आ-કારાન્ત (अष्टन् )ને षट् પણ સંજ્ઞા થાય છે, જેથી (आम् પૂર્વે) नुट् આગમ થાય.[209] અથવા આ (षट् સૂત્ર)માં आ-કારનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે (તેથી) ष-કારાન્ત, न-કારાન્ત અને आ-કારન્ત સંખ્યા

---

[206] शत વગેરે નપુંસકલિંગ હોવાથી પ્ર.બ.વ.ના इ (शि) પર થતાં नपुंसकस्य० પ્રમાણે नुम् આગમ લાગશે.તેથી शत નું शतन् એ नान्त સ્વરૂપ થતાં તેને પ્રકૃત સૂત્રથી षट् થાય તો षड्भ्यो लुक्। પ્રમાણે इ પ્રત્યયનો लुक् થવાનો પ્રસંગ આવશે અને शतानि વગેરે ઇષ્ટ રૂપ પ્રાપ્ત નહીં થાય. પરંતુ જે શબ્દો ઉપદેશ કાળે नान्त હોય તેની પર થતા जस् , शस् નો लुक् થાય છે જ્યારે शत વગેરે ઉપદેશ કાળે न-કારાન્ત નથી તેથી તેમની પછી આવતા जस् વગેરેનો લોપ નહીં થાય અને ઇષ્ટ રૂપો સિદ્ધ થશે.

[207] अष्टन् आम् એ સ્થિતિમાં अष्टन आ विभक्तौ। પ્રમાણે ષષ્ઠીનો आम् પર થતાં अष्टन् નું अष्टा થવાથી તે नान्त નહીં રહે તેથી તેને षट् સંજ્ઞા પ્રાપ્ત નહીં થાય.પરિણામે अष्टा ને षड्चतुर्भ्यश्च। પ્રમાણે नुट् આગમ નહીં થાય તેથી अष्टानाम् એ ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય.પરંતુ अष्टन् શબ્દ ઉપદેશ કાળે જ नान्त છે તેથી अष्टा પણ नान्त ગણાશે તેથી नुट् આગમ થઇને अष्टानाम् એ રૂપ સિદ્ધ થશે.આથી સૂત્રમાં उपदेश શબ્દનું ગ્રહણ કરવું જોઇએ એમ અહીં તેમ જ ઉપર નોંધ (૨૧૦) માં દલીલ છે.

[208] शत કે सहस्र ने इ પર થતાં नुम् આગમ [જુઓ ઉપર નોંધ (૨૦૬)] થવાથી તે न-કારાન્ત થાય છે અને તેથી इ પ્રત્યયનો લોપ પ્રાપ્ત થાય છે. એટલે કે शत કે सहस्र અને તેની પછી આવતા પ્રત્યય इ ના સંબંધને લીધે नुम् આગમ થયો છે. તે જ नुम् આગમ इ ના લોપનું એટલે કે शत કે सहस्र અને इ ના સંબંધના વિઘાતનું નિમિત્ત થાય છે, પરંતુ सन्निपात પરિભાષા પ્રમાણે તે યોગ્ય નથી. પરિણામે शतन् કે सहस्रन् ને षट् સંજ્ઞા નહીં થાય તેથી षड्भ्यो लुक्। થી લોપ નહીં થાય.

[209] अष्टनो दीर्घात्। એ સૂત્ર વ્દારા अष्टा સ્વરૂપવાળા अष्टन् ની પછી આવતા शस् વગેરે વિભક્તિ પ્રત્યયો ઉદાત્ત થાય છે તેમ કહેવામાં આવ્યું છે. સપ્તમીનો પ્રત્યય પર થતાં अष्टन् નું अष्टा થતું નથી તેથી सु ઉદાત્ત થતો નથી. હવે જો अष्टा એ દીર્ઘાન્ત સ્વરૂપની षट् સંજ્ઞા ન થતી હોય તો સૂત્રમાં दीर्घ શબ્દ મૂકવાની કોઇ જરૂર નથી, કારણ કે अष्टसु એ રૂપમાં झल्युपोत्तमम्। એ સૂત્ર પ્રમાણે सु ઉદાત્ત ન થતાં ઉપાન્ત્ય સ્વર ઉદાત્ત થશે. આમ આ સૂત્રમાં સૂત્રમાં दीर्घात् શબ્દ મૂકીને સૂત્રકાર જ્ઞાપન કરે છે કે आ-કારાન્ત अष्टा શબ્દની પણ षट् સંજ્ઞા થાય છે.પરિણામે षट्चतुर्भ्यश्च। પ્રમાણે आम् પર થતાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

षट्संज्ञा भवतीति। इहापि प्राप्नोति। सधमादो द्युम्न एकास्ता एका इति। नैष दोषः। एकशब्दोऽयं बह्वर्थ अस्त्येव संख्यापदम्। तद्यथा। एको द्वौ बहव इति। अस्त्यसहायवाची। तद्यथा। एकाग्नयः एकहलानि एकाकिभिः क्षुद्रकैर्जितमिति। असहायैरित्यर्थः। अस्त्यन्यार्थे वर्तते। तद्यथा। प्रजामेका रक्षत्यूर्जमेकेति। अन्येत्यर्थः। सधमादो द्युम्न एकास्ताः। अन्या इत्यर्थः। तद्योऽन्यार्थे वर्तते तस्यैष प्रयोगः॥ इह तर्हि प्राप्नोति। द्वाभ्यामिष्टये विंशत्या चेति॥ एवं तर्हि सप्तमे योगविभागः करिष्यते। अष्टाभ्य औश्। ततः षड्भ्य इति॥ षड्भ्यश्च यदुक्तमष्टाभ्योऽपि तद्भवति। ततो लुक्। लुक् च भवति षड्भ्य इति॥ अथवोपरिष्टाद्योगविभागः करिष्यते।

षट् संज्ञक थाय छे एम (समजाशे).तो पछी आ सधमादो द्युम्न एकस्ता एकाः। मां(नाएका ने षट् संज्ञा) थवानो प्रसंग आवशे.[210] ए दोष नहीं आवे, (कारण के) आ एक शब्द घणा अर्थवाळो छे. एकः द्वौ बहवः एम संख्यावाचक तो छे ज. 'असहाय (अर्थात् एकलो)' ए अर्थ पण दर्शावे छे, जेम के एकाग्नयः एकहलानि एकाकिभिः क्षुद्रकैर्जितम्। अर्थात् एकलाए, वळी अन्यना अर्थमां पण छे जेम के प्रजामेका रक्षत्यूर्जमेका। अहीं 'अन्य' एम अर्थ छे, सधमादो द्युम्न एकास्ताः अहीं'अन्य'ए अर्थ छे.तेमां जे अन्यना अर्थमां (एक शब्द) छे तेनो ए प्रयोग छे.तो पछी द्वाभ्यामिष्टये विंशत्या च। एमां षट् संज्ञा थवानो प्रसंग आवशे.[211] एम होय तो सातमामांना (षड्भ्यो लुक्। ए) सूत्रना विभाग करवामां आवशे.[212] (पहेलां) अष्टाभ्य औश्। (ए सूत्र) पछी षड्भ्यः। (ए सूत्र) अर्थात् षट् संज्ञकने विशे जे कार्य कहेवामां आव्युं छे ते अष्टा ने पण थशे. पछी लुक्। (ए विभक्त सूत्र आवशे) अर्थात् षट् संज्ञक पछी (आवता जस् अने शस् नो) लुक् थाय छे. अथवा तेनी आगळना (रायो हलि।ए ) सूत्रना विभाग करवामां आवशे.[213]

---

नुट् आगम थशे.भाष्य मां अष्टनो दीर्घग्रहणं षट्संज्ञाज्ञापकमाकारान्तस्य नुडर्थम्। एम कह्युं छे ते अष्टनो दीर्घात्। (६-१-१७२) उपरनी वार्तिक छे.

[210] एक शब्द संख्यावाची छे एम स्वीकारीने वचनमां फेरफार करीने आ उदाहरण आप्युं छे.वास्तवमां संख्यावाची एक शब्दनुं बहुवचन न होइ शके, परंतु अहीं एक नो अर्थ अन्य छे एटले के ते संख्यावाची नथी तेथी षट् संज्ञा थवानो प्रश्न ज नथी तेथी षड्भ्यो लुक्। प्रमाणे विभक्तिना प्रत्ययनो लोप पण नहीं थाय.

[211] जो ष्णान्ता षट्। सूत्रमां ष् ण् आ अन्ता षट्। (एटले के ष-कारान्त, न-कारान्तअने आ- कारान्त संख्यानी षट् संज्ञा छे) एम आ-कारनो प्रश्लेष करवामां आवे तो द्वाभ्याम् मां द्वा ए आ-कारान्त होवाथी तेनी षट् संज्ञा थशे तेथी षट्त्रिचतुर्भ्यो हलादिः। प्रमाणे भ्याम् ए हलादि विभक्ति प्रत्यय उदात्त थवानो प्रसंग आवशे,एम अहीं दलील छे.

[212] अष्टाभ्य औश्। अने षड्भ्यो लुक्। ए सातमा अध्यायमांनां(७-१-२१अने २२) सूत्रो छे. अष्टाभ्यः ए आत्व करेल अष्टन् ना अनुकरण रूप छे तेथी कार्यकालपक्षमां षट् संज्ञा न थवा छतां अतिदेशने कारणे नुट् थशे अने औश् आदेशनुं विधान कर्युं छे तेथी षट् संज्ञा थाय तो पण लोप नहीं थाय. ते पछीना सूत्र षड्भ्यो लुक्। ना विभाग करवामां आवशे षड्भ्यः। एम एक सूत्र.अहीं अष्टाभ्यः नी अनुवृत्ति थशे तेथी षट् संज्ञकने विशे कहेवामां आवेल कार्य अष्टा ने पण थाय छे एम समजाशे.अहीं जश्शसोः नी अनुवृत्ति थती नथी. तेथी लुक् नो प्रश्न नथी रहेतो. त्यार पछी बीजो भाग लुक्। अहीं षड्भ्यः अने जश्शसोः नी अनुवृत्ति थाय छे तेथी षट् संज्ञकनी पछी आवता जस् अने शस् नो लोप थाय छे तेम समजाशे.

[213] उपरिष्टात् एटले आगळ उपर, हवे पछी (ततोऽप्यग्रे। छा.पृ.२८४पा.टी.७) तेथी अष्टन आ विभक्तौ। (७-२-८४) पछी आवता रायो हलि। (७-२-८५) नो रायः। अने हलि। एम योगविभाग थशे. तेथी हलादि पूर्वे आत्व थशे एम सूत्रार्थ थवाथी अष्टानाम् ए रूपमां षट्त्रिचतुर्भ्यश्च। प्रमाणे षष्ठी ब.व.नो आम् पर थतां नुट् आगम थवा छतां आत्व थशे अर्थात् अष्टानाम् एम रूप थशे. जस् , शस् प्रत्यय अजादि छे छतां ते पर थतां आत्व थशे, कारण के अष्टाभ्य



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अष्टन आ विभक्तौ। ततो रायः। रायश्च विभक्तावाकारादेशो भवति। हलीत्युभयोः शेषः॥ यद्येव प्रियाष्टौ प्रियाष्टा इति न सिध्यति प्रियाष्टानौ प्रियाष्टान इति च प्राप्नोति। यथालक्षणमप्रयुक्ते॥

डति च॥ १। १। २५॥

इदं डतिग्रहणं द्विः क्रियते संख्यासंज्ञायां षट्संज्ञायां च। एकं शक्यमकर्तुम्। कथम्। यदि तावत्संज्ञासंज्ञायां क्रियते षट्संज्ञायां न करिष्यते। कथम्। ष्णान्ता षडित्यत्र डतीत्यनुवर्तते। अथ षट्संज्ञायां क्रियते संख्यासंज्ञायां न करिष्यते डति चेत्यत्र संख्या –संज्ञाप्यनुवर्तिष्यते॥

क्तक्तवतू निष्ठा ॥१।१।२६॥

**अष्टन आ विभक्तौ।** એ પછી **रायः।** એ (વિભક્ત) સૂત્ર આવશે (એટલે કે) **रै** શબ્દની પાછળ વિભક્તિ પ્રત્યય આવતાં તે (ના **ऐ** ) નો **आ** થાય છે, પછી **हलि।** એ સૂત્ર બન્નેના શેષ રૂપ રહેશે.જો એમ હોય તો **प्रियाष्टौ। प्रियाष्टाः।** એ સિદ્ધ નહી થાય અને (તેને બદલે) **प्रियाष्टानौ। प्रियाष्टानः।** એ રૂપો થવાનો પ્રસંગ આવશે.[214] જે અપ્રયુક્ત રૂપો હોય તે શાસ્ત્રના નિયમ પ્રમાણે છે (એમ સમજવું જોઇએ).[215]

**डति** પ્રત્યય જેને અન્તે આવ્યો હોય તે)ની પણ (**षट्** સંજ્ઞા થાય છે) **॥१।१।२५॥**

આ **डति** શબ્દનું **संख्या** સંજ્ઞામાં અને **षट्** સંજ્ઞામાં એમ બે વાર ગ્રહણ કરવામાં આવે છે તેમાંથી એક રદ કરી શકાય. કેવી રીતે? જો **संख्या** સંજ્ઞામાં (ગ્રહણ)કરવામાં આવે તો **षट्** સંજ્ઞામાં ન કરાય. [216] કેવી રીતે? **ष्णान्ता षट्।** એ સૂત્રમાં **डति** નીઅનુવૃત્તિ થાય છે. હવે જો સંજ્ઞામાં કરવામાં આવે તો સંજ્ઞામાં નહી કરવામાં આવે, કારણ કે માં સંખ્યા સંજ્ઞાની અનુવૃત્તિ થશે.

**क्त** અને **क्तवत्** ની **निष्ठा** સંજ્ઞા થાય છે **॥१।१।२६॥**

---

**औश्।** માં સૂત્રકારે '**अष्ट**' એમ ન પ્રયોજતાં **अष्टा** નો પ્રયોગ કર્યો છે તેથી સૂચવાય છે કે **जस्** , **शस्** પર થતાં**आत्व** થશે. સૂત્રકારે **अष्टा** નો પ્રયોગ કર્યો છે તેનું એ પ્રયોજન કે જ્યાં **आत्व** થયું હોય ત્યાં **जस्** , **शस्** નો **औश्** આદેશ થાય છે અર્થાત્ **आत्व** વિકલ્પે થાય છે, જો આ પ્રયોજન અભિપ્રેત ન હોત તો સૂત્રકારે **अष्टभ्य औश्।** એમ સૂત્ર કરીને લાઘવ સાધ્યું હોત .

[214] **हलि।** એ વિભક્ત સૂત્ર ઉપરથી **हलादि** પર થતાં **आत्व** થાય છે એમ સ્વીકારવામાં આવે તો **औ** અને **जस्** એ **अजादि** પ્રત્યયો પર થતાં **आत्व** નહી થાય તેથી ત્યાં **अष्टन्** શબ્દનો પ્રધાન અર્થ હોય ત્યાં **औश्** થશે તેથી **आत्व** પણ થયું હશે એમ અનુમાન થઇ શકે છે.તેથી **प्रियाष्टानौ, प्रियाष्टानः** વગેરેમાં **आत्व** નહી થાય, કારણ કે **अष्टन्** તેમાં પ્રધાન નથી ગૌણ છે. અહીં **औश्** નથી થયો તે ઉપરથી **आत्व** નથી થયું તેમ અનુમાન થઇ શકે.

[215] જેનો વિશિષ્ટ પ્રયોગ કોઇની યાદમાં ન હોય તેમ જ જે પ્રયોગનો નિષેધ કરવામાં આવ્યો હોય તે પણ કોઇની યાદમાં ન હોય તે શબ્દો લક્ષણ અનુસાર સમજાવવા જોઇએ. તેથી પ્રસ્તુત **प्रियाष्टानौ , प्रियाष्टानः** વગેરે પ્રયોગોમાં **आत्व** નહી થાય. સૂત્રનિર્દિષ્ટ નિયમો પ્રયોગમાં હોય તેવા શબ્દોની સમીક્ષા કરે છે. જેમનો પ્રયોગ જ નથી તેવા શબ્દોને તે નિયમો લાગુ પડતા નથી.તેથી જ કૈયટ કહે છે કે અહીં **आत्व** નહીં થાય.[વિશેષ ચર્ચા માટે જુઓ શ.કૌ.(પૃ.૧૫૨-૧૫૪)].

[216] આ સૂત્રમાં જે **डति** શબ્દ છે તે તદ્ધિત પ્રત્યય છે કે ઉણાદિ પ્રત્યય છે ? **किमः संख्यापरिमाणे डति च।** એ સૂત્રમાં તદ્ધિત **डति** નું વિધાન કરવામાં આવ્યું છે.**पातेर्डतिः।** એ ઉણાદિ સૂત્રમાં **पति** શબ્દની વ્યુત્પત્તિ સમજાવતાં **पा** ધાતુને અનુલક્ષીને ઉણાદિ **डति** પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે. છતાં **बहुगणवतुडति** વગેરે **संख्या** સંજ્ઞા સૂત્રમાં **वतु** એ તદ્ધિત પ્રત્યયની સાથે **डति** નું ગ્રહણ કર્યું છે તેથી સમજાય છે કે પ્રસ્તુત સૂત્રમાંનો **डति** પણ તદ્ધિત પ્રત્યય છે, ઉણાદિ નથી. વળી **संख्या** એ મોટી અને અન્વર્થ સંજ્ઞા છે તેને પ્રતાપે સમજાશે કે અહીં સંખ્યાને લગતા **प्रश्नविषयक डति** નું ગ્રહણ કરવામાં આવ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

निष्ठासंज्ञायां समानशद्वप्रतिषेधः ॥१॥

निष्ठासंज्ञायां समानशद्वप्रतिषेधो वक्तव्यः। लोतः गर्त इति॥

निष्ठासंज्ञायां समानशद्वाप्रतिषेधः ॥२॥

निष्ठासंज्ञायां समानशद्वानामप्रतिषेधः। अनर्थकः प्रतिषेधोऽप्रतिषेधः। निष्ठासंज्ञा कस्मान्न भवति। अनुबन्धोऽन्यत्वकरः अनुबन्धः क्रियते सोऽन्यत्वं करिष्यति।

अनुबन्धोऽन्यत्वकर इति चेन्न लोपात् ॥३॥

अनुबन्धोऽन्यत्वकर इति चेन्न। किं कारणम्। लोपात्। लुप्यतेऽत्रानुबन्धः। लुप्तेऽत्रानुबन्धे नान्यत्वं भविष्यति। तद्यथा। कतरद्देवदत्तस्य गृहम्। अदो यत्रासौ काक इति। उत्पतिते काके नष्टं तद् गृहं भवति। एवमिहापि लुप्तेऽनुबन्धे नष्टः प्रत्ययो भवति॥ यद्यपि लुप्यते जानाति त्वसौ सानुबन्धस्यैयं संज्ञा कृतेति। तद्यथा। इतरत्रापि कतरद्देवदत्तस्य गृहम्। अदो यत्रासौ काक इति। उत्पतिते काके नष्टं तद् गृहं भवत्यन्ततस्तमुद्देशं जानाति॥

सिद्धविपर्यासश्च ॥४॥

निष्ठा संज्ञामां समान शब्दोनो प्रतिषेध ॥१॥

निष्ठा संज्ञा (सूत्र)मां लोतः। गर्तः। (वगेरेमां आवेल त जेवा) समान शब्दोनो प्रतिषेध करवो जोईए.

निष्ठा संज्ञामां समान शब्दोनो प्रतिषेध करवो निरर्थक छे ॥२॥

निष्ठा संज्ञा(सूत्र)मां समान शब्दोनो प्रतिषेध करवो निरर्थक छे. अप्रतिषेध एटले बिनजरूरी प्रतिषेध.(समान शब्दोने) निष्ठा संज्ञा शाथी नथी थती? (कारण के क् जेवो) अनुबन्ध (निष्ठा अने समान शब्दोने) जुदा पाडनार छे.[217] (निष्ठा त-कारने क् अनुबन्ध लगाडवामां आव्यो छे ते (ए बेने) जुदा पाडशे.

अनुबन्ध जुदा पाडनार छे एम कहो तो तेम नथी, कारण के तेनो लोप (थाय छे) ॥३॥

जो एम कहो के अनुबन्ध निष्ठाने (समान शब्दोथी) जुदी पाडे छे तो ते बरोबर नथी. (तेनुं) शुं कारण? लोपने कारणे. अहीं अनुबन्धनो लोप थाय छे.अनुबन्धनो लोप थया पछी जुदापणुं रहेशे नहीं जेम के 'बेमांथी देवदत्तनुं घर कयुं?' (एम पूछवामां आवतां)'जेना उपर पेलो कागडो छे ते'(एम उत्तर मळे त्यारे) कागडो ऊडी जतां ते घर पण गूम थई जाय छे (अर्थात् ओळखी शकातुं नथी), तेम अहीं पण अनुबन्धनो लोप थतां तेने कारणे थतो प्रत्यय पण जतो रहे छे.[218] जो के अनुबन्धनो लोप थाय छे तेम छतां एने खबर होय छे के अनुबन्ध सहितनी आ प्रमाणे(निष्ठा)संज्ञा करी छे. बीजे पण 'बेमांथी देवदत्तनुं घर कयुं ?' (एम पूछतां)'ज्यां पेलो कागडो छे ते' एम (उत्तर मळतां) कागडो ऊडी जतां जो के (काकयुक्त) घर गूम थई जाय छे, छतां छेवटे ते स्थळ[219] (माणस) ओळखे छे.

(छतां) संशय रहेशे ॥४॥

---

[217] नि.सा.(पृ.२८६) ,चौखं.(पृ.३१५) मां आ अनुबन्धोऽन्यत्त्वकरः। ए वाक्य वार्तिक तरीके आप्युं छे.कि., वा.शा. यु.मी. मां तेम नथी. परंतु त्यार पछी तेनी स्पष्टता आवे छे अने अनुबन्धोऽन्यत्वकर इति चेन्न लोपात्। कि. वा.(३) मां तेनुं खंडन कर्युं छे. ते विचारवा जेवुं छे.

[218] जेम कागडो घरना उपरना भागमां बेठो होय अने पछी ऊडी जाय तो 'कागडो बेठो हतो ते घर आ छे के आ छे' एम शंका थाय छे. तेम अनुबन्ध लोप थतां मात्र त शेष रहे छे. तेथी लोतः , गर्तः, लूनः,गीर्णः वगेरेमां मूळ प्रत्यय कयो छे, क्त छे के तन् एम शंका थाय छे, कारण के तेनो अनुबन्ध जणातो नथी. विपर्यासः नो अर्थ भ्रमात्मक निर्णय छे परंतु अहीं संशय अर्थ कर्यो छे .

[219] भाष्यमां उद्देश (स्थान, स्थळ) 'ऊर्ध्वं देशम् अर्थात् ऊंचुं स्थळ' (उ.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धश्च विपर्यासः। यद्यपि जानाति संदेहस्तस्य भवत्ययं स तशद्वो लोतः गर्त इत्ययं स तशद्वो लूनः गीर्ण इति। तद्यथा। इतरत्रापि कतरद्देवदत्तस्य गृहम्। अदो यत्रासौ काक इति। उत्पतिते काके यद्यपि तमुद्देशं जानाति संदेहस्तस्य भवतीदं तद् गृहमिदं तद् गृहमिति॥ एवं तर्हि

कारककालविशेषात्सिद्धम् ॥५॥

कारककालविशेषावुपादेयौ। भूते यस्तशद्धः कर्तरि कर्मणि भावे चेति। तद्यथा। इतरत्रापि य एष मनुष्यः प्रेक्षापूर्वकारी भवति सोऽध्रुवेण निमित्तेन ध्रुवं निमित्तमुपादत्ते वेदिकां पुण्डरीकं वा॥ एवमपि प्रकीर्ष्टेत्यत्र प्राप्नोति।

लुङि सिजादिदर्शनात् ॥६॥

(આમ છતાં) શંકા તો રહેશે જ . જો કે માણસ જાણે છે છતાં તેને શંકા થાય છે કે लोतः। गर्तः। વગેરેમાં છે તે (નિષ્ઠા) त શબ્દ છે કે लूनः। गीर्णः। વગેરેમાં છે તે (નિષ્ઠા) त છે ? જેમ કે અન્યત્ર (લોક વ્યવહારમાં) પણ 'બેમાંથી દેવદત્તનું ઘર કયું?'(એમ પૂછવામાં આવતાં)'જેના ઉપર પેલો કાગડો બેઠો છે તે'(એમ ઉત્તર મળે ત્યારે) કાગડો ઊડી જતાં જો કે તે એ સ્થળને જાણે છે છતાં તેને સંદેહ થાય છે કે 'તે ઘર આ હશે કે આ?' [220] એમ હોય તો પછી

વિશિષ્ટ કારક અને કાળને કારણે (ભેદ) સિદ્ધ (થાય છે) ॥૫॥

વિશિષ્ટ કારક અને વિશિષ્ટ કાળને ધ્યાનમાં લેવા જોઇએ. ભૂતકાળના અર્થમાં જે त શબ્દ છે તે કર્તા, કર્મ કે ભાવનો અર્થ દર્શાવે છે. અન્યત્ર પણ જે વિચારીને કામ કરનાર હોય છે તે ચંચળ નિશાનીને આધારે વેદિકા અથવા પુંડરીક જેવી સ્થિર નિશાની ગ્રહણ કરી લે છે (અને તે વ્દારા મૂળ સ્થાનને ગોતી કાઢે છે). [221]

એમ છતાં પણ प्राकीर्ष्ट માં (નિષ્ઠા સંજ્ઞા) થવાનો પ્રસંગ આવશે. [222]

लुङ्‌માં सिच् વગેરે જોવામાં આવે છે તેથી (प्राकीर्ष्ट માં નિષ્ઠા સંજ્ઞા થવાનો પ્રસંગ નહીં આવે) ॥૬॥

---

[220] વિચક્ષણ માણસ કાક ઊડે તે પૂર્વે તે અસ્થિર નિશાની ઉપરથી વેદી કે દોરેલા પુંડરીક જેવી સ્થિર નિશાની ખ્યાલમાં રાખે છે અને તેને આધારે કાક ઊડી ગયા પછી પણ 'એ જ દેવદત્તનું ઘર છે' તેમ સમજી શકે છે. તે રીતે પૂર્વે જેને क् અનુબન્ધ લાગ્યો હતો તે અનુબન્ધયુક્ત क्त અને क्तवत् ની निष्ठा સંજ્ઞા કરવામાં આવી છે એમ સમજી શકાય છે.પરંતુ અનુબન્ધ લોપ થયા પછી શેષ રહેલ त એ क्त છે કે तन् તેનો ખ્યાલ આવી ન શકે, કારણ કે અનુબન્ધનો લોપ થતાં મૂળ સાનુબન્ધ પ્રત્યયનો ખ્યાલ આવે તેવું કોઇ ચિહ્‌ન રહેતું નથી

[221] અનુબન્ધની બાબતમાં વિશિષ્ટ કાળ, કારક વગેરે પુંડરીક અને વેદિકાનું કાર્ય કરશે, કારણ કે તે જોઇને અનુબન્ધનું સ્મરણ થશે અને તે ઉપરથી તેને કારણે થએલ કાર્ય બરોબર જાણી શકાશે.દા.ત. लूनः शालिः। એમ કોઇ પ્રયોજે તો સૂત્રો જાણતો હોય તેને કાલનો કર્મના અર્થમાં પ્રયોગ જોઇને ચોક્કસ ખ્યાલ આવે છે કે लूनः માં क्त પ્રત્યય છે.તે રીતે लोतम् आलभेत। એ પ્રયોગ ઉપરથી આ ઘેટું એ અર્થનો लोत શબ્દ છે જેને ઉણાદિ तन् પ્રત્યય લાગ્યો છે એમ સમજાય છે. (लोतः स्यादश्वमेषयोः। )

[222] प्राकीर्ष्ट માં ભૂતકાળ (लुङ्) છે.એ यन्मा प्राकीर्ष्ट। નું સૂચક છે, કારણ કે प्राकीर्ष्ट માં तिङ्ङतिङः। પ્રમાણે નિઘાત થાય છે.માત્ર प्रकीर्ष्ट કદાચ નિષ્ઠાન્ત હોય તો પણ નિઘાત થવાથી સ્વરમાં કોઇ ફેર પડતો નથી .પરંતુ यन्मा प्राकीर्ष्ट। માં ( मा ને કારણે न माङ्योगे। થી अट् લોપ થયો છે) यत् નો પ્રયોગ છે તેથી निपातैर्यद्यदिहन्तकुविन्नेच्चेवण्कच्चिद्यत्रयुक्तम्। પ્રમાણે નિઘાત નહીં થાય અને कीर्ष्ट એ द्व्यच् છે તેથી निष्ठा च द्व्यजनात्। અનુસાર આદ્યુદાત્ત થશે એમ દલીલ કરવામાં આવે છે પણ એ સૂત્રમાં પૂર્વ સૂત્ર संज्ञायामुपमानम्। માંથી संज्ञायाम् ની અનુવૃત્તિ થાય છે તેથી પ્રસ્તુત દૃષ્ટાન્તમાં તે સૂત્ર લાગુ નહીં પડે, કારણ કે प्राकीर्ष्ट એ સંજ્ઞા નથી.પરંતુ એ सिजन्त રૂપ છે તેથી आदिः सिचोऽन्यतरस्याम्।પ્રમાણે यन्मा प्राकीर्ष्ट। માં વિકલ્પે આદિ ઉદાત્ત થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लुङि सिजादिदर्शनान्न भविष्यति। यत्र तर्हि सिजादयो न दृश्यन्ते प्राभित्तेति। दृश्यन्तेऽत्रापि सिजादयः। किं वक्तव्यमेतत्। न हि। कथमनुच्यमानं गंस्यते। यथैवायमनुपदिष्टान्कारककालविशेषानवगच्छत्येवमेतदप्यवगन्तुमर्हति यत्र सिजादयो नेति॥

**અહીં ભગવાન શ્રીપતંજલિપ્રણીત વ્યાકરણમહાભાષ્યના પ્રથમ અધ્યાયના પ્રથમ પાદમાંપાંચમા આહ્નિનની તરલા નામની ટીકા સમાપ્ત॥૫॥**

**लुङ्** (નાં રૂપો) માં **सिच्** વગેરે (પ્રત્યય)જોવામાં આવે છે તેથી (સંજ્ઞા) નહી થાય.તો પછી **प्राभित्त** જેવામાં [223] **सिच्** વગેરે દેખાતા હોય ત્યાં (નિષ્ઠા સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે).અહીં પણ **सिच्** વગેરે જોવામાં આવે છે. તો શું (અહીં **सिच्** લાગ્યો છે) તે કહેવું પડશે? ના. નહીં (કહેવું પડે). તો પછી કહ્યા વિના (**सिच्** અહીં છે તે) કેવી રીતે સમજાશે? જેવી રીતે વગર કહ્યે કોઇ વિશિષ્ટ કારક અને વિશિષ્ટ કાળને સમજી શકે છે તે જ રીતે જ્યાં **सिच्** વગેરે પ્રત્યયો ન હોય ત્યાં પણ તે સમજી શકે તે ઉચિત છે.[224]

**અહીં શ્રીભગવાનપતંજલિ વિરચિત વ્યાકરણમહાભાષ્યના પ્રથમ અધ્યાયના પ્રથમ પાદના પાંચમા આહ્નિકનો ગુજરાતી અનુવાદ સમાપ્ત॥**

**--આહ્નિક પાંચમો પૂર્ણ---**

---

[223] **प्राभित्त घटं देवदत्तः।** માં **प्राभित्त** ઉપરથી કર્તા, કારક, એકવચન, ભૂતકાળ વગેરનો ખ્યાલ આવે છે તેથી તેમાં **त** પ્રત્યય છે તે **लुङ्** નો છે નિષ્ઠા **त**-કાર નથી તેમ જાણી શકાય છે. અહીં **सिच्** દેખાતો નથી કારણ કે **स्** (**सिच्**) પછી **झलादि** પ્રત્યય **त** આવ્યો છે તેથી **झलो झलि।** પ્રમાણે **सिच्** નો લોપ થયો છે તેમ છતાં ત્યાં નિષ્ઠા **त**-કાર હશે તેવી શંકા થતી નથી.

[224] એટલે કે 'જ્યાં **सिच्** વગેરે પ્રત્યયો જોવામાં ન આવતા હોય ત્યાં **क्त** અને **क्तवत्** ને **निष्ठा** સંજ્ઞા થાય છે તેમ ન કહેવા છતાં કાળ, કારક વગેરેને પ્રતાપે અમુક પ્રયોગ **निष्ठान्त** નો છે કે નથી તે વિચક્ષણ વ્યક્તિ સમજી શકે તે જ યોગ્ય છે.જો કે **अक्तम्**,**घृतम्**, **सितम्** વગેરેમાં **अञ्जिघृसिभ्यः क्तः।** એ **उणादि** સૂત્ર પ્રમાણે **उणादि** પ્રત્યય **क्त** લાગે છે છતાં ત્યાં **निष्ठा** સંજ્ઞા નહીં થાય, કારણ કે ક્વચિત્ **उणादि** પ્રત્યયો થયા હોય ત્યાં વ્યુત્પત્તિને લગતાં કાર્ય થતાં નથી એમ **अतः कृकमि ०** સૂત્રમાં **कमि** નું ગ્રહણ કરીને સૂત્રકારે સૂચવ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सर्वादीनि सर्वनामानि ॥१।१।२७॥

सर्वादीनीति कोऽयं समासः। बहुव्रीहिरित्याह। कोऽस्य विग्रहः। सर्वशब्द आदिर्येषां तानीमानीति। यद्येवं सर्वशब्दस्य सर्वनामसंज्ञा न प्राप्नोति। किं कारणम्। अन्यपदार्थत्वाद् बहुव्रीहेः। बहुव्रीहिरयमन्यपदार्थे वर्तते। तेन यदन्यत्सर्वशब्दात्तस्य सर्वनामसंज्ञा प्राप्नोति। तद्यथा। चित्रगुरानीयतामित्युक्ते यस्य ता गावो भवन्ति स आनीयते न गावः।

**सर्व** વગેરેને સર્વનામ (કહેવામાં આવે) છે ॥૧।૧।૨૭॥

**सर्वादीनि** એ કયો સમાસ છે?[1] (તો) કહે છે કે બહુવ્રીહિ. એનો વિગ્રહ શો છે ?[2] **सर्वशब्दः आदिर्येषां तानि सर्वादीनि** (એટલે કે **सर्व** શબ્દ જેમાં આદિ છે તે **सर्वादीनि**)[3]. જો એમ હોય તો **सर्व** શબ્દને સર્વનામ સંજ્ઞા પ્રાપ્ત થતી નથી. શા માટે ? કારણ કે બહુવ્રીહિ સમાસ અન્યપદાર્થ સૂચવે છે એટલે કે આ જે બહુવ્રીહિ સમાસ હોય છે તે (પોતાનાથી ભિન્ન એવા) અન્ય પદાર્થને સૂચવે છે. તેથી **सर्व** શબ્દથી જે ભિન્ન હોય તેને **सर्वनाम** સંજ્ઞા પ્રાપ્ત થાય છે. જેમ કે **चित्रगुः** (જેની ગાયો કાબરી છે તે) ને લાવો,' એમ કહેવામાં આવે ત્યારે તે કાબરી) ગાયો જેની હોય તે (માણસ) ને લાવવામાં આવે છે, (તેની) ગાયોને નહીં[4].

---

[1] **सर्वादीनि** એ નપુંસકલિંગ-બહુવચનાન્ત સમાસ કયો છે ? **सर्वश्च असौ आदिश्च** એ વિગ્રહવાળો તત્પુરુષ કે **सर्वश्च आदिश्च** એ વિગ્રહવાળો દ્વંદ્વસમાસ છે કે પછી **सर्वः** (એટલે કે **सर्व** શબ્દ) **आदिः येषां तानि** એ વિગ્રહવાળો બહુવ્રીહિ સમાસ છે ?' એમ શંકાકાર પૂછવા માગે છે. **आदि** શબ્દ હંમેશાં પુંલિંગ છે તેથી કર્મધારય અને દ્વંદ્વમાં અન્તે નપુંસકલિંગ ન થતાં પુંલિંગ થાય કારણ કે એ બે પ્રકારના સમાસમાં ઉત્તરપદના લિંગ પ્રમાણે સમાસનું લિંગ થાય છે. વળી તત્પુરુષમાં અન્તે એકવચન આવશે અને દ્વંદ્વમાં (ઘટક પદ બે હોવાથી) દ્વિવચન આવશે પરંતુ **सर्वादीनि** એ તો બહુવચનાન્ત સમાસ છે તેથી કર્મધારય કે દ્વંદ્વ ત્યાં સંભવિત નથી. આમ આ સમાસ બહુવ્રીહિ જ છે.

[2] બહુવ્રીહિ એ અન્યપદ પ્રધાન સમાસ છે એટલે કે દ્વંદ્વમાં જેમ પ્રત્યેક ઘટક પદનું સમાન પ્રાધાન્ય હોય છે અને તત્પુરુષમાં જેમ ઉત્તરપદનું પ્રાધાન્ય હોય છે તેમ બહુવ્રીહિમાં ઘટક પદોમાંથી કોઇનું પ્રાધાન્ય હોતું નથી પરંતુ તેમનાથી ભિન્ન પદ (**अन्यपद**) પ્રધાન હોય છે.તેથી **सर्वः** (અર્થાત્ **सर्व** શબ્દ) **आदिः येषां तानि इमानि** (એટલે કે **सर्व** શબ્દ જેમાં આદિ છે તે) એ અર્થના સમાસમાં **सर्व** શબ્દથી ભિન્ન જે **विश्व** વગેરે શબ્દો છે તેમની **सर्वनाम** સંજ્ઞા થશે, પરંતુ **सर्व** શબ્દની પોતાની એ સંજ્ઞા નહીં થઇ શકે તેમ અહીં પ્રશ્ન પૂછનારનો આશય છે.

[3] મૂળમાં ભાષ્યકારે **तानि इमानि** એમ કહ્યું છે. તે દ્વારા અન્ય પદાર્થનું પ્રાધાન્ય સૂચવવામાં આવ્યું છે.નહીં તો જેમ **चित्राः गावःअस्य** એ વિગ્રહ વાક્યમાં **गावः** વિશેષ્ય છે અને ગાયોવાળો વિશેષણ છે એમ સમજાય છે (કારણ કે **अस्य** એ ષષ્ઠીયુક્ત પદ **गावः**નું વિશેષણ છે) તેમ **सर्वः आदिः एषाम्** (**सर्व** તેમનામાં આદિ છે) એ વાક્યમાં **सर्व** પદનું પ્રાધાન્ય સમજાત, અન્ય પદાર્થનું નહી.તેથી તે અર્થમાં બહુવ્રીહિ સમાસ નહી થાય, પરંતુ જ્યારે અન્ય પદાર્થનું (સ્વામીનું) પ્રાધાન્ય હોય અને ગાયો (સ્વ) વિશેષણભૂત હોય ત્યારે બહુવ્રીહિ સમાસ થાય છે. તેથી **चित्राः गावो यस्य स चित्रगुः** એ બહુવ્રીહિમાં સ્વામીનું પ્રાધાન્ય દર્શાવાય છે અને ગાયો વિશેષણભૂત અથવા ઉપલક્ષણભૂત છે.

[4] **चित्रगुरानीयताम्**। એમ જ્યારે કહેવામાં આવે ત્યારે ગાયો રૂપી ધન (**स्व**) થી વિશિષ્ટ એવા સ્વામીને જ લાવવામાં આવે છે, પરંતુ ગાયોને લાવવામાં આવતી નથી, કારણ કે વિગ્રહ વાક્યમાં જે ષષ્ઠી છે તે **स्वस्वामिभाव** સંબંધ દર્શાવે છે તેથી અહીં ગૌણ બનેલ ગાયોનો આનયન ક્રિયા સાથે સંબંધ નહીં થાય. પરિણામે ગાયો વગડામાં ચરતી હોય તો પણ **चित्रगु** નું આનયન થઇ શકશે. તેમ અહીં પણ **सर्व** સિવાયના (શબ્દો) ને સર્વનામ સંજ્ઞા થશે, **सर्व** શબ્દને નહીં થાય, તેમ અહીં દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**नैष दोषः। भवति बहुव्रीहौ तद्गुणसंविज्ञानमपि। तद्यथा। चित्रवाससमानय। लोहितोष्णिषा ऋत्विजः प्रचरन्ति। तद्गुण आनीयते तद्गुणाश्च प्रचरन्ति॥**

એમાં વાંધો નથી,[5] કારણ કે બહુવ્રીહિમાં તદ્‌ગુણસંવિજ્ઞાન[6] પણ થાય છે (અર્થાત્ વિશેષણભૂત એ સમાસ વિશેષ્યભૂત અન્યપદાર્થના ગુણનો પણ બોધ કરાવે છે) ,જેમ કે '**चित्रवाससमानय**।(સુંદર-રંગબેરંગી વસ્ત્રવાળા) ને લઇ આવ.' અથવા **लोहितोष्णिषा ऋत्विजः प्रचरन्ति**। લાલ પાઘડીવાળા ઋત્વિજો ફરે છે,' (એમ કહેવામાં આવે ત્યારે) તે ગુણથી યુક્ત (અર્થાત્ રંગબેરંગી વસ્ત્ર ધારણ કરનાર) ને લાવવામાં આવે છે અને તે ગુણવાળા (અર્થાત્ લાલપાઘડીવાળા ઋત્વિજો) ફરે છે (એમ સમજાય છે).

---

[5] બહુવ્રીહિ **मत्वन्त** ના અર્થમાં પ્રયોજાય છે (**मत्वर्थे बहुव्रीहिः**।). હવે **गोमन्तमानय**। એમ કહેવામાં આવે તો અહીં **मतुप्** -પ્રત્યાન્તનું પ્રવૃત્તિનિમિત્ત સ્વસ્વામિભાવ વગેરે સંબંધ જ છે. તેથી ગાયો સાથે ન હોય તો પણ **गोमान्** ને લાવી શકાશે, પરંતુ **दण्डिनमानय**। **विषाणिनमानय**। જેવાં દૃષ્ટાન્તોમાં અનુક્રમે સંયોગ અને સમવાય સંબંધ પ્રવૃત્તિનિમિત્ત છે તેથી દંડ ઘેર હોય તો પુરુષ દંડ વિનાનો હોવાથી તેને વિશે **दण्डी** એ પ્રયોગ નહીં થાય. અને **विषाण** વિનાનો **विषाणी** પણ ન હોય. તે જ રીતે બહુવ્રીહિ સમાસમાં પણ **चित्रगुः** માં સ્વસ્વામિભાવ સંબંધ જ પ્રવૃત્તિનિમિત્ત છે તેથી ગાયોરૂપી **स्व** વિનાનો સ્વામીભૂત પુરુષ આનયન ક્રિયાનો વિષય થશે, પરંતુ **शुक्लवासाः** અને **लम्बकर्णः** જેવા બહુવ્રીહિ સમાસમાં અનુક્રમે સંયોગ અને સમવાય સંબંધ પ્રવૃત્તિનિમિત્ત છે તેથી **शुक्लवाससमानय**। **लम्बकर्णमानय**। જેવાં દૃષ્ટાન્તોમાં શ્વેત વસ્ત્ર વિનાનો પુરુષ કે લાંબા કાન વિનાનો પુરુષ આનયન ક્રિયાનો વિષય થઇ શકતો નથી.અહીં **सर्वादि** માં **आदि** શબ્દ સમુદાયવાચી હોવાથી **सर्वादीनि** એ બહુવ્રીહિ સમાસ અવયવયુક્ત સમુદાયને સૂચવે છે તેથી જ બહુવચનમાં છે. પરંતુ ભાષામાં ઉપલબ્ધ પ્રયોગોમાં તેસમગ્ર સમુદાય એકી સાથે પ્રયોજેલો જોવામાં આવતો નથી પરંતુ તે સમુદાયમાંના પ્રત્યેક ઘટક પદનો અલગ અલગ પ્રયોગ થાય છે તેથી **सर्वनाम** સંજ્ઞા તે ( **सर्वादि**) માં રહેલ **विश्व** વગેરે શબ્દોને જેમ થાય છે તેમ **सर्व** શબ્દને પણ થશે.

[6] **तद्गुसंविज्ञानम्--तस्य ( अन्यपदार्थस्य ) गुणाः ( उपलक्षणानि ) तेषामपि कार्ये संविज्ञानं तद्गुणसंविज्ञानम्**। અર્થાત્ અન્યપદાર્થના ગુણો એટલે કે તેના અવયવભૂત પદાર્થોનો પણ કાર્ય સમયે બોધ (**संविज्ञान** ) થાય તે તદ્‌ગુણસંવિજ્ઞાન. આ સંવિજ્ઞાન બે રીતે થાય છેઃ કોઇ વાર વિશેષણનું ક્રિયા નિષ્પત્તિ દરમ્યાન માત્ર સાન્નિધ્ય હોય છે પણ ક્રિયા સાથે તેનો કોઇ સંબંધ નથી હોતો, જેમકે **शुक्लवाससं भोजय**। એ દૃષ્ટાન્તમાં ભોજન ક્રિયાની નિષ્પત્તિ દરમ્યાન શ્વેતવસ્ત્રનું સાન્નિધ્ય છે પણ ક્રિયા સાથે તેનો કોઇ યોગ નથી. ક્રિયા સાથે સંબંધ તો અન્યપદાર્થભૂત (શ્વેતવસ્ત્રધારી) પુરુષનો જ છે. કેટલીક વાર વિશિષ્ટ અન્યપદાર્થભૂત પુરુષની જેમ વિશેષણનો પણ ક્રિયા સાથે સંબંધ હોય છે.જેમ કે **शुक्लवाससं पश्य**। અહીં દર્શન ક્રિયાનો સંબંધ માત્ર પુરુષ સાથે જ નથી પરંતુ શ્વેતવસ્ત્રો સાથે પણ છે. આમ જ્યારે વિશેષણની હાજરી હોય ત્યાં જ કાર્ય નિષ્પત્તિ થઇ શકે ત્યાં તદ્‌ગુણ થશે, પરંતુ જ્યારે વિશેષણ મોજૂદ ન હોય છતાં કાર્ય નિષ્પત્તિ થઇ શકે ત્યાં અતદ્- ગુણ થશે. આમ તદ્‌ગુણસંવિજ્ઞાનમાં શ્વેતવસ્ત્રાદિ વિશેષણથી વિશિષ્ટ અન્યપદાર્થભૂત પુરુષનો સંબંધ સમજાય છે, જ્યારે અતદ્‌ગુણ- સંવિજ્ઞાનમાં વિશેષણ મોજૂદ નથી હોતું પરંતુ તેનાથી ઉપલક્ષિત અર્થાત્ સૂચવાતા અન્યપદાર્થનું ગ્રહણ થાય છે. જેમ કે **चित्रगुमानय**। માં કાબરી ગાયોરૂપી ધન ( **स्व** ) થી સૂચવાતા પુરુષ (**स्वामी** ) નું જ્ઞાન થાય છે અને તેને જ લાવવામાં આવે છે, કાબરી ગાયો ભલે વગડામાં ચરતી હોય, કારણ કે તેમનો આનયન ક્રિયા સાથે કોઇ સંબંધ નથી.બીજી રીતે જોતાં તદ્‌ગુણમાં વિશેષણ કાં તો કાર્યી હોય છે અર્થાત્ તેનો ક્રિયા સાથે યોગ હોય છે, જેમ કે **शुक्लवाससं पश्य**। અથવા તો વિશેષણનું ક્રિયા નિષ્પત્તિ સમયે સાન્નિધ્ય હોય છે, જેમ કે **शुक्लवाससं भोजय**। ટૂંકમાં વિશેષણ અને અન્યપદાર્થનો સંયોગજન્ય (દા.ત.**शुक्लवाससम्** ) અથવા સમવાયજન્ય (દા.ત.**लम्बकर्णः**) સંબંધ હોય ત્યારે તદ્‌ગુણ થશે, તે સિવાયના સ્વસ્વામિભાવ વગેરે સંબંધ હોય (દા.ત. **चित्रगुः**) ત્યારે અતદ્‌ગુણ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह सर्वनामानीति पूर्वपदात्संज्ञायामगः। इति णत्वं प्राप्नोति तस्य प्रतिषेधो वक्तव्यः।

सर्वनामसंज्ञायां निपातनाण्णत्वाभावः ॥१॥

सर्वनामसंज्ञायां निपातनाण्णत्वं न भविष्यति। किमेतन्निपातनं नाम। अथ कः प्रतिषेधो नाम। अविशेषेण किंचिदुक्त्वा विशेषेण नेत्युच्यते। तत्र व्यक्तमाचार्यस्याभिप्रायो गम्यत इदं न भवतीति। निपातनमप्येवंजातीयकमेव। अविशेषेण णत्वमुक्त्वा विशेषेण निपातनं क्रियते। तत्र व्यक्तमाचार्यस्याभिप्रायो गम्यत इदं न भवतीति॥ ननु च निपातनाच्चाणत्वं स्याद्यथाप्राप्तं च णत्वम्। किमन्येऽप्येवं

આ સર્વાનામાનિ (શબ્દ)માં पूर्वपदात्संज्ञायामगः। પ્રમાણે न् નો ण् થવા જાય છે તેનો પ્રતિષેધ કરવો જોઇએ.[7]

સર્વનામ સંજ્ઞામાં નિપાતનને કારણે न् નો ण् નથી થતો ॥ १ ॥

સર્વનામ સંજ્ઞામાં નિપાતન[8] કરેલું છે તેથી न् નો ण् નહીં થાય. પણ આ નિપાતન વળી શું છે ? તો આ પ્રતિષેધ[9] એ શું છે ? સામાન્ય રીતે કંઇક કહીને વિશિષ્ટ બાબતમાં ' न (નહીં થાય),' એમ કહેવામાં આવે (તેને પ્રતિષેધ કહે છે). ત્યાં 'આ નહીં થાય,' એમ આચાર્યનો અભિપ્રાય સ્પષ્ટ રીતે સમજાય છે. નિપાતન પણ એ જ જાતનું છે.'(रषाभ्यां नो णः। એ સૂત્ર પ્રમાણે न् નો) ण् થાય છે,' એમ સામાન્ય રીતે કહીને વિશિષ્ટ રીતે (सर्वनाम એમ ઉચ્ચારીને) નિપાતન કર્યું છે. તેમ હોવાથી આચાર્યનો અભિપ્રાય સ્પષ્ટ સમજાય છે કે (सर्वनाम શબ્દમાં) એ ( न् નો ण् ) નથી થતો[10] પણ (અમે કહીએ છીએ કે ) નિપાતનને કારણે (सर्वनाम શબ્દના) न् નો ण् ન થાય તેમ છતાં (पूर्वपदात्संज्ञायामगः। એ સામાન્ય નિયમ અનુસાર) તો (न् નો ण् ) પ્રાપ્ત થશે[11] શું આપ્રકારના બીજા

---

[7] सर्वनामानि એ સમાસમાં પૂર્વપદ सर्व માં રહેલા રેફરૂપી કારણને લીધે पूर्वपदात्संज्ञायामगः। પ્રમાણે न् નો ण् થવાનો પ્રસંગ આવશે એટલે કે सर्वणाम એમ સંજ્ઞા થશે. તેથી 'તેમ નહીં થાય એમ કહેવાની જરૂર છે' એમ અહીં દલીલ કરવામાં આવી છે.

[8] निपातनम् – વ્યાકરણના નિયમ મુજબ અમુક પ્રકારનો પ્રયોગ ઉપલબ્ધ હોય ત્યારે તેથી ભિન્ન પ્રયોગ કરવો તે निपातन . જે કાર્ય વ્યાકરણ- ના નિયમ અનુસાર નિષ્પન્ન ન થયું હોય તેને નિપાતન વ્દારા સિદ્ધ કરવામાં આવે છે. અહીં सर्वनाम એ સંજ્ઞા છે તેથી પૂર્વપદમાં રહેલા રેફને કારણે न-કારનો पूर्वपदात्संज्ञायामगः। પ્રમાણે ण-કાર થઇને सर्वणाम એ લાક્ષણિક (અર્થાત્ સૂત્ર અનુસારનો) પ્રયોગ થાય પરંતુ सर्वनाम એ પ્રયોગ લક્ષણવ્દારા ઘટાવી શકાતો નથી તેથી સૂત્રકારે सर्वनामानि એમ न-કાર યુક્ત પ્રયોગ કરીને નિપાતન કર્યુ છે અને તેથી सर्वनाम એ સાધુપ્રયોગ ગણાશે.

[9] આક્ષેપકારે णत्व નો પ્રતિષેધ કરવો જોઇએ તેવી દલીલ કરી તેના જવાબમાં વાર્તિકકારે નિપાતન વ્દારા णत्व ના અભાવને સિદ્ધ કર્યો. તેથી આક્ષેપકાર આ પ્રશ્ન પૂછે છે. તેના જવાબમાં अथ कः प्रतिषेधो नाम ? એ પ્રતિપ્રશ્ન પૂછવામાં આવ્યો છે. તે વ્દારા નિપાતન અને પ્રતિષેધ વચ્ચેનું સામ્ય સૂચવવાનો હેતુ છે.

[10] પ્રતિષેધ (બાધ)માં 'न' એમ કહેવામાં આવે છે ત્યારે અમુક નહીં થાય એમ સમજાય છે, નિપાતનમાં પણ વિશિષ્ટ, ભિન્ન પ્રયોગને કારણે 'અમુક નહીં થાય' એમ સમજાય છે. આમ 'અમુક નહીં થાય' અથવા 'નિયમ લાગુ નહીં પડે' એમ જે અનુમાન થાય છે તેને જ બાધ કહે છે અને सर्वनाम એ નિપાતન પણ णत्व નહીં થાય' એવું અનુમાન જ છે, તેથી તે વ્દારા णत्व નો બાધ જ સૂચવાય છે. કારણ કે તેમ ન થાય એ તો પરસ્પર વિરોધ છે.

[11] નિવૃત્તિ કરવી (થતું અટકાવવું) એ જ પ્રતિષેધનો હેતુ છે,પરંતુ નિપાતન તો અમુક રૂપના સાધુત્વનું પ્રતિપાદન કરે છે.અન્ય પ્રકારના રૂપને થતું અટકાવવું એ તેનું ધ્યેય નથી હોતું. આમ એક પ્રયોગ णत्व યુક્ત અને એક પ્રયોગ न-કાર યુક્ત એમ ભિન્ન પ્રયોગ થતા હોવાથી એક જ સ્થાને વિરોધ થવાનો પણ પ્રશ્ન નહીં રહે' એમ શંકાકાર સૂચવવા માગે છે. આગળ ભાષ્યકાર કહેશે કે જ્યાં णत्व અવશ્ય પ્રાપ્ત થાય છે ત્યાં જ નિપાતન કરવામાં આવે છે તેથી તે णत्व નું બાધક થશે, પરિણામે વિકલ્પ થવાનો પ્રશ્ન જ નથી રહેતો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विधयो भवन्ति। इहेको यणचि इति वचनाच्च यण् स्याद्यथाप्राप्तश्चेक् श्रूयेत। नैष दोषः। अस्त्यत्र विशेषः। षष्ठ्यत्र निर्देशः क्रियते षष्ठी च पुनः स्थानिनं निवर्तयति॥ इह तर्हि कर्तरि शप्। दिवादिभ्यः श्यन्। इति वचनाच्च श्यन्स्याद्यथाप्राप्तश्च शप् श्रूयेत।

વિધિઓ પણ હોય છે ? [12] (હોય છે) (જો હોય તો પછી) આ **इको यणचि**। એમ કહેવાને કારણે **यण्** થશે અને મૂળ **इक्** (**इ,उ,ऋ,ऌ**) નું શ્રવણ થવાનો સંભવ રહેશે.[13] તેમાં વાંધો નથી, કારણ કે આ (**इको यणचि**।) માં તેથી જુદું છે. અહીં (**इकः** એમ) ષષ્ઠીદ્વારા નિર્દેશ કરેલો છે અને ષષ્ઠી તો સ્થાની (**इक्**) ને દૂર કરે છે.[14] તો પછી આ **कर्तरि शप्**। અને **दिवादिभ्यः श्यन्**। એમ કહ્યું છે તેથી **श्यन्** થશે અને (કર્તરિમાં)પ્રાપ્ત થતા **शप्** નું પણ શ્રવણ થવાનો સંભવ રહેશે.[15]

---

[12] મૂળમાં અહીં નિ.સા.માં આ પ્રમાણે પાઠ છે- **किमन्येऽप्येवं विधयो (भवन्ति)** .આ પછી **भवन्ति** એમ જુદો પાઠ છે. પ્રથમ **भवन्ति** પ્રશ્ન છે. બીજો તેના ઉત્તર રૂપે છે. નાગેશ ભટ્ટ પણ આ **भवन्ति** ની અવતારિકામાં કહે છે - **आशयानभिज्ञ उत्तरयति-भवन्तीति** વગેરે (પૃ.૨૯૧). અહીં દાધિમથ નોંધે છે કે પૂર્વે લાઘવ ખાતર શબ્દને બે વાર લખવાને બદલે તેની પછી બેનો અંક લખવામાં આવતો દા. ત. **भवन्ति २** . પરંતુ કોઇ લહિયાની બેદરકારીને લીધે આ અંક લખવાનો રહી ગયો હશે અને તે જ પાઠ પ્રચારમાં આવ્યો.નાગેશ ભટ્ટને એ વાતનો ખ્યાલ આવ્યો હશે. આ પ્રમાણે ઉમેરવામાં દાધિએ ઉદ્દ્યોતનો આધાર લીધો જણાય છે, કારણ કે ના. તે વાક્યની ટીકામાં કહે છે '**इको यणीति, अस्य यदि भवन्तीत्यादि,**' (પૃ. ૨૯૧) .ના. એટલું જ સૂચવવા માગે છે કે આ વાક્યમાં' **यदि भवन्ति** ' એટલું અધ્યાહાર લેવાનું છે. છાયાકાર **इह इको यणचि** વગેરે ઉપરની અવતારિકામાં ના. પ્રયોજેલ **शङ्कते** શબ્દનો ખુલાસો કરતાં કહે છે **इहार्थमाह -शङ्कते इति**।(પા.ટી.૬) અહીં **इहार्थम्** એટલે **इह** શબ્દ (જે મહાભાષ્યકારે પ્રયોજ્યો છે તે) નું પ્રયોજન (ના.)કહે છે.'એમ સમજવાનું છે. તેથી નિ.સા.ના ટિપ્પણીકાર રઘુનાથ શાસ્ત્રી તે વિશે **इहशब्दस्य शङ्कार्थत्वं चिन्त्यम्**। (ટિ,૧) એમ જે શંકા કરે છે તે યોગ્ય લાગતી નથી. વા. શા. હિ, (પૃ.૩૩૭) અને કિલ્હોર્ન (પૃ.૮૬) માં **भवन्ति** બે વાર મૂકવામાં નથી આવ્યો. યુ.મી.(પૃ.૪૫૮)માં **भवन्ति** બે વાર લીધો છે. ચૌખં. (પૃ.૩૨૦)માં ' **किमन्येऽप्येवं विधयः**।' એમ પ્રશ્ન આપીને **भवन्ति** એમ ઉત્તરરૂપે આપ્યું છે, અર્થાત્ તેમાં એક **भवन्ति** યુક્ત પાઠ છે. ચારુ. (પૃ.૩૧૩) માં **भवन्ति** એક વાર આપીને કૌંસમાં ( **यदि भवन्ति तदा** ) એમ છે. ટૂંકમાં ગમે તે પાઠ સ્વીકારવામાં આવે છતાં સંદર્ભ ઉપરથી સમજવાનું છે કે **इह** શબ્દથી આક્ષેપકારની શંકા શરૂ થાય છે.

[13] **इको यणचि**। દ્વારા **इक्**ને સ્થાને થતા **यण्** નું સાધુત્વ સિદ્ધ થાય છે, પરંતુ તેથી **इक्** ની નિવૃત્તિ કરવામાં આવતી નથી. તે પ્રમાણે નિપાતન દ્વારા **न**-કાર યુક્ત **सर्वनाम** શબ્દની સિદ્ધિ થવા છતાં **पूर्वपदात्०** વગેરે પ્રમાણે **ण**-કાર યુક્ત **सर्वणाम** શબ્દની નિવૃત્તિ થતી નથી' એમ આક્ષેપકારનું માનવું છે. આમ આક્ષેપકાર પ્રમાણે **यण्** પણ થશે અને **इक्**નું પણ શ્રવણ થઇ શકે.

[14] સૂત્રમાં **इकः** એ ષષ્ઠી છે તેથી સંહિતામાં સ્વાભાવિક રીતે **इक्** નો પ્રયોગ નથી થતો તેમ પ્રતિપાદન કરવામાં આવે છે. પરિણામે સ્થાનીભૂત **इक्** ની નિવૃત્તિ, એટલે 'સંહિતામાં **इक्** સાધુ છે,' તે વિચારની જ નિવૃત્તિ ગણાય.પરિણામે સંહિતા કાળે **इक्** રહે તો શુદ્ધરૂપ પ્રાપ્ત ન થાય. દા.ત.શતપથ બ્રાહ્મણમાં વેદી ઉપર **बर्हिस्तृणीहि**। એમ કહીને દર્ભ પાથરવાનું કહ્યું છે. હવે **शरमयं बर्हिर्भवति**। દ્વારા મીમાંસા સૂત્રકારે વિશિષ્ટ યજ્ઞમાં બરૂ રૂપ બર્હિ ગણ્યું છે, તેથી દર્ભને સ્થાને શર પાથરવા જોઇએ (**दर्भाणां स्थाने शरैः प्रस्तरितव्यम्**।). અહીં દર્ભનો જ્યાં પ્રસંગ છે (અર્થાત્ પાથરવા જોઇએ ) ત્યાં તેને બદલે જ શર પાથરવામાં આવે છે. બન્ને એક પછી એક પાથરવામાં આવતા નથી, તેમ પ્રસ્તુત સ્થળે પણ **इक्** નો જ્યાં પ્રસંગ છે ત્યાં **यण्** જ મૂકવામાં આવે છે.આમ ષષ્ઠી દ્વારા **इक्** ની નિવૃત્તિ તેમ જ **यण्** નું વિધાન એ બંને કરવામાં આવે છે, અર્થાત્ અહીં વિકલ્પ થતો નથી.

[15] એટલે કે અહીં વિકલ્પ પ્રાપ્ત થાય છે. અહીં સ્થાન ષષ્ઠી નથી તેથી એકની નિવૃત્તિ અને બીજાનું પ્રતિપાદન એમ બન્ને નહી થઇ શકે. પરિણામે **दिवादिभ्यः०**।થી **श्यन्** થશે છતાં કર્તરિમાં જે **शप्** લાગે છે તે તો થશે જ એમ આક્ષેપકારની દલીલ છે .



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**नैष दोषः। शबादेशाः श्यनादयः करिष्यन्ते। तत्तर्हि शपो ग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। प्रकृतमनुवर्तते। क्व प्रकृतम्। कर्तरि शबिति। तद्वैप्रथमानिर्दिष्टं षष्ठीनिर्दिष्टेन चेहार्थः। दिवादिभ्य इत्येषा पञ्चमी शबिति प्रथमायाः षष्ठीं प्रकल्पयिष्यति तस्मादित्युत्तरस्य इति। प्रत्ययविधिरयं न च प्रत्ययविधौ पञ्चम्यः प्रकल्पिका भवन्ति। नायं प्रत्ययविधिः। विहितः प्रत्ययः प्रकृतश्चानुवर्तते॥ इह तर्ह्यव्ययसर्वनाम्ना-मकच्प्राक्टेः इति वचनाच्चाकच्स्याद्यथाप्राप्तश्च कः श्रूयेत। नैष दोषः। नाप्राप्ते हि केऽकजारभ्यते स बाधको भविष्यति। निपातनमप्येवं जातीयकमेव। नाप्राप्ते णत्वे निपातनमारभ्यते तद्बाधकं भविष्यति॥ इहान्ये वैयाकरणाः समस्तते विभाषा लोपमारभन्ते समो हिततततयो-र्वेति। सततम् संततम् सहितम् संहितमिति। इह पुनर्भवान्निपातनाच्च मलोपमिच्छत्यपरस्पराः क्रियासातत्ये। इति यथाप्राप्तं**

એમાં વાંધો નથી, કારણ કે **श्यन्** વગેરેને **शप्** ના આદેશ તરીકે લેવામાં આવશે[16].તો પછી (**दिवादिभ्यः श्यन्।** માં) **शप्** નું ગ્રહણ કરવું પડશે ? નહીં કરવું પડે, (કારણ કે **शप्**) પ્રસ્તુત હોવાથી અનુવૃત્તિથી પ્રાપ્ત થશે. ક્યાં પ્રસ્તુત છે ? **कर्तरि शप्।** માં (પ્રસ્તુત છે). પરંતુ તે તો ( **शप्** એમ) પ્રથમામાં નિર્દેશ કરેલો છે, જ્યારે અહીં તો (**शपः**એમ) ષષ્ઠી વ્દારા જેનો નિર્દશ કર્યો હોય તેની જરૂર છે. **दिवादिभ्यः०** એ પંચમી **तस्मादित्युत्तरस्य।** એ સૂત્રના પ્રતાપે એ પ્રથમાને ષષ્ઠી માં ફેરવી નાંખશે. પરંતુ આ (**दिवादिभ्यः०**) તો પ્રત્યયવિધિ છે અને પ્રત્યયવિધિમાં (પ્રયોજાયલી) પંચમી (પ્રથમાને ષષ્ઠીમાં) ફેરવતી નથી.આ ( **दिवादिभ्यः ०**) પ્રત્યયને લગતો વિધિ નથી, પ્રત્યયનું વિધાન તો ( **कर्तरि शप्।** વ્દારા) કરવામાં આવેલું જ છે અને જે પ્રસ્તુત છે તે (**शप्**) ની અનુવૃત્તિ થાય છે. તો પછી આ **अव्ययसर्वनाम्नामकच्प्राक्टेः।** એમ કહ્યું છે તેથી **अकच्** અને (પૂર્વસૂત્ર **प्रागिवात्कः।** થી) પ્રાપ્ત થતા **क** નું શ્રવણ થશે. એમાં વાંધો નથી, કારણ કે જ્યાં જ્યાં **क** અવશ્ય પ્રાપ્ત છે ત્યાં **अकच्** નું વિધાન કરવામાં આવ્યું છે[17]. તેથી તે (**अकच्** પ્રત્યય **क** નો) બાધ કરશે. નિપાતન પણ એ જાતનું જ છે.[18] જ્યાં **णत्व** અવશ્ય પ્રાપ્ત થાય છે ત્યાં (**णत्व** ન કરીને **सर्वनामानि** એમ) ખાસ નિપાતન કર્યું છે તેથી તે (**णत्व** નું) બાધક થશે. જો નિપાતન પણ આ પ્રકારનાં (એટલે કે બાધક) હોય તો **सम्**(ઉપસર્ગ) ની પછી **तत** શબ્દ આવે ત્યારે દોષ આવશે. અહીં બીજા વૈયાકરણો **समो हिततततयोर्वा।** એમ પાઠ લઈને **सम्** ની પછી **तत** (કે **हित** ) આવે તો (**म्**નો) વિકલ્પે લોપ કરીને **सततम्** , **संततम्** , **सहितम्** , **संहितम्** (એમ રૂપો)[19] કરે છે. આપ એક બાજુથી **अपरस्पराः क्रियासातत्ये।** માંના નિપાતનને આધારે **म्** નો લોપ ઇચ્છો છો અને સાથોસાથ મૂળ

**चालोपं संततमित्यतन्न सिध्यति। कर्तव्यो यत्नः। बाधकान्येव हि निपातनानि भवन्ति॥**

---

[16] છાયા નોંધે છે કે **नाप्राप्ते०** વગેરે વ્દારા પરિહાર કરી શકાય તેમ છતાં **यक्षानुरूपो बलिः।** એ ન્યાયે આ પરિહાર રજુ કર્યો છે. જ્યાં જ્યાં **श्यन्** પ્રાપ્ત છે ત્યાં ત્યાં **शप्** અવશ્ય પ્રાપ્ત છે તેથી **शप्** ને સ્થાને **श्यन्** થશે એ પ્રકારનો પરિહાર કરી શકાય.

[17] જ્યાં **प्रागिवात्कः।** થી **क** અવશ્ય પ્રાપ્ત છે ત્યાં જ **अव्ययसर्वनाम्नामकच्प्राक्टेः।** થી **अकच्** નું વિધાન કરવામાં આવ્યું છે તેથી **अकच्** એ **क** નો અપવાદ થશે. આમ અહીં પણ વિકલ્પ નથી.

[18] જેવી રીતે **नाप्राप्ति** ન્યાયથી (જુઓ. પરિ.૫૦) **अकच्** , **श्यन्** વગેરે **क** , **शप्** વગેરે નો બાધ કરે છે તેમ નિપાતન પણ બાધક જ છે, એમ સિદ્ધાન્તી પ્રતિપાદન કરે છે.

[19] **समो हिततततयोर्वा।** પ્રમાણે કેટલાક વૈયાકરણો **सततम्** , **सन्ततम्** , **सहितम्** , **संहितम्** એમ બેવડાં રૂપો સિદ્ધ કરે છે, પરંતુ **अपरस्पराः क्रियासातत्ये।** એ સૂત્રમાં પાણિનિએ **सातत्ये** એમ જે **म**-કાર રહિત પ્રયોગ કર્યો છે તેને નિપાતન તરીકે લેવાથી **सततम्** એ પ્રયોગ સિદ્ધ થાય છે. એમ સ્વીકારવામાં આવે તો પણ **म**-કાર યુક્ત **सन्ततम्** એ રૂપ સિદ્ધ થતું નથી, કારણ કે **म**-કાર રહિત (**सातत्ये** એ) નિપાતન **म**-કાર યુક્ત **सन्ततम्** નો બાધ કરશે. આમ નિપાતન બાધક હોવાથી નિપાતન વ્દારા **सततम्** તેમ જ **संततम्** એ બન્ને રૂપો સિદ્ધ નહીં થઇ શકે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**संज्ञोपसर्जनप्रतिषेधः ॥२॥**

**संज्ञोपसर्जनीभूतानां सर्वादीनां प्रतिषेधो वक्तव्यः। सर्वो नाम कश्चित्तस्मै सर्वाय देहि।**

નિયમાનુસાર લોપ ન કરીને **संततम्** (એમ રૂપ) કરો છો, તે થઇ ન શકે. આ બાબતમાં પ્રયત્ન કરવો જોઇએ,[20] કારણ કે નિપાતન તો બાધક જ હોય છે.

સંજ્ઞા અને ઉપસર્જન (તરીકે પ્રયોજાએલ) **सर्व** વગેરેનો પ્રતિષેધ (કરવો જોઇએ)[21] ॥**२**॥

સંજ્ઞા (અર્થાત્ કોઇના નામ) તરીકે અથવા ગૌણ રીતે[22] **सर्व** વગેરેનો પ્રયોગ થયો હોય ત્યારે ( **सर्वनाम** સંજ્ઞાનો) પ્રતિષેધ કરવો જોઇએ. **सर्व** નામનો કોઇ છે, તેને (આપો એમ કહેતાં ) **तस्मै सर्वाय** [23] **देहि**। (એમ પ્રયોગ થશે). એ **सर्व** નામના માણસ કરતાં ચઢિયાતાને આપો એમ કહેતાં),

**अतिसर्वाय देहि ॥ स कथं कर्तव्यः।**

**पाठात्पर्युदासः पठितानां संज्ञाकरणम् ॥३॥**

---

[20] અર્થાત્ એ અન્ય રૂપને ખાતર શ્લોકનું ઉચ્ચારણ કરવું પડશેઃ- **लुम्पेदवश्यमः कृत्ये तुं काममनसोरपि। समो वा हिततयोः मांसस्य पचि युड्घञोः॥** આ શ્લોકને કારણે જ **सततम्** અને **सन्ततम्** બન્ને સિદ્ધ થઇ શકે છે, પણ નિપાતનને કારણે સિદ્ધ થતાં નથી.જો **सातत्यम्** ને નિપાતન ગણવામાં ન આવે અને **लुम्पेदश्य०** વગેરેને કારણે જ બન્ને રૂપો સિદ્ધ થાય છે એમ સ્વીકારવામાં આવે તો **सततम्** ઉપરથી **सातत्यम्** થાય છે તે રીતે **सन्ततम्** ને ष्यञ् લાગીને **सान्तत्यम्** કેમ નથી થતું એ શંકાને અવકાશ નથી, કારણ કે ભાષ્યકારે **सान्तत्यम्** એમ કહ્યું નથી તેથી સૂચવાય છે કે તેનો પ્રયોગ થતો નથી તેથી તો ભાષ્યકારે ' **सान्तत्यमिति न सिध्यति** ' એમ ન કહેતાં '**सन्ततमिति एतन्न सिध्यति** ' એમ કહ્યું છે.આ વાતને વધુ સ્પષ્ટ કરવા માટે કૈયટે **पुराण** અને **पुरातन** શબ્દનું દૃષ્ટાન્ત આપ્યું છે **पुराणप्रोक्तेषु ब्राह्मणकल्पेषु**। એ સૂત્રમાં પાણિનિએ **पुराण** શબ્દનો પ્રયોગ કર્યો છે તેને જો નિપાતન ગણવામાં આવે તો તે નિપાતન **पुरातन** શબ્દનો બાધ કરશે. પરિણામે **पुरातन** શબ્દ સિદ્ધ નહીં થઇ શકે. આથી **पुराण** શબ્દને ઉક્ત સૂત્રદ્વારા કરવામાં આવેલ નિપાતન દ્વારા સિદ્ધ ન કરતાં **पृषोदरादीनि यथोपदिष्टम्**। અનુસાર સિદ્ધ કરવાથી **पुराण** તેમ જ **पुरातन** બન્ને પ્રયોગો મેળવી શકાય છે

[21] **सर्व, विश्व** વગેરે શબ્દોનો વ્યવહારમાં સર્વનામ તરીકે નહીં પણ કોઇના વિશિષ્ટ નામ તરીકે પ્રયોગ થયો હોય ત્યારે તેમને **सर्वनाम** સંજ્ઞા નથી થતી. તે જ રીતે **सर्व** વગેરે શબ્દો જ્યારે સમાસમાં ઉપસર્જન હોય, એટલે કે તેમનો ગૌણ રીતે પ્રયોગ થયો હોય ત્યારે પણ તેમને **सर्वनाम** સંજ્ઞા નથી થતી. તેથી એ સ્પષ્ટતા કરવી જરૂરી છે એમ આક્ષેપકાર આ વાર્તિકમાં કહેવા માગે છે.

[22] મૂળમાં **संज्ञोपसर्जनीभूताः** એમ **च्वि** નો પ્રયોગ કર્યો છે તે દ્વારા ભાષ્યકાર સૂચવે છે કે **सर्व** વગેરે શબ્દો **सर्वनाम** તરીકે નહીં પણ અન્ય અર્થમાં, વ્યક્તિના નામ તરીકે અથવા સમાસમાં, ગૌણ રીતે પ્રયોજવામાં આવ્યા હોય છે. વાસ્તવમાં જે સંજ્ઞારૂપે અને ઉપસર્જન તરીકે **सर्व** વગેરે શબ્દો છે તે ગણપાઠમાં પઠિત શબ્દોથી ભિન્ન છે, કારણ કે અર્થ બદલાતાં શબ્દ પણ બદલાય છે (**अर्थभेदाच्छब्दभेदः**।). તેથી તેમને **सर्वनाम** સંજ્ઞા થતી જ નથી એ પ્રકારની શંકાનો નિરાસ કરવા ભાષ્યકારે **च्वि** નો પ્રયોગ કર્યો છે તેથી સૂચવાય છે કે અર્થ ભિન્ન હોવાથી શબ્દ ભિન્ન થાય છે છતાં સર્વનામ રૂપ **सर्व** શબ્દનો **अतिसर्वः** માંના **सर्व** શબ્દ ઉપર આરોપ કરવામાં આવે છે તેમ અર્થનો પણ આરોપ થઇ શકે છે. આમ ઉપસર્જન ન હોય છતાં ઉપસર્જન થાય છે એમ સૂચવવા સારૂ ભાષ્યકારે **च्वि** નો પ્રયોગ કર્યો છે.

[23] સર્વનામ પછી આવતા ચતુર્થી એક વચનના **ङे** નો **सर्वनाम्नः स्मै**। પ્રમાણે **स्मै** આદેશ થાય છે, પરંતુ અહીં **सर्व** વિશેષ નામ છે તેથી **सर्वनाम** સંજ્ઞા ન થવાથી **सर्वस्मै** એમ રૂપ ન થતાં **सर्वाय** થયું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**पाठादेव पर्युदासः कर्तव्यः। शुद्धानां पठितानां संज्ञा कर्तव्या॥ सर्वादीनि सर्वनामसंज्ञानि भवन्ति। संज्ञोपसर्जनीभूतानि न सर्वादीनि। किमविशेषेण। नेत्याह। विशेषेण च। किं प्रयोजनम्।**

अतिसर्वाय [24] देहि। (એમ પ્રયોગ થશે). એ (પ્રતિષેધ)[25] કેવી રીતે કરવો જોઇએ ?
(ગણ)પાઠમાંથી દૂર કરવા (અને બાકીના) જેનો પાઠ હોય તેની સંજ્ઞા કરવી ॥૩॥
(**सर्वादि** ગણના ) પાઠમાંથી[26] (સંજ્ઞા અને ઉપસર્જનભૂત **सर्वादि** ને) દૂર કરીને (સંજ્ઞા અને ઉપસર્જન ન હોય તેવા) જે શુદ્ધ (**सर्व** વગેરે)નો પાઠ કરવામાં આવ્યો હોય તેમની (**सर्वनाम** ) સંજ્ઞા કરવી જોઇએ (તેથી સમજાશે કે) **सर्व** વગેરેની **सर्वनाम** સંજ્ઞા કરવામાં આવે છે, પરંતુ સંજ્ઞા કે ઉપસર્જન તરીકે પ્રયોજ્વામાં આવ્યા હોય તે **सर्व** વગેરેની નહીં. શું તેમને અવિશિષ્ટ[27] રીતે (દૂર કરવાં પડશે) ? તો કહે છે કે ના, વિશિષ્ટ[28] રીતે પણ[29] (દૂર કરવાં પડશે). (તે) શા માટે ?[30]
**सर्वाद्यानन्तर्यकार्यार्थम् ॥४॥**
**सर्वादीनामानन्तर्येण यदुच्यते कार्यं तदपि संज्ञोपसर्जनीभूतानां मा भूदिति। किं प्रयोजनम्।**

---

[24] **सर्वम् अतिक्रान्तः** એ અર્થના **अतिसर्वः** એ પ્રાદિસમાસમાં **सर्व** શબ્દ **अतिक्रान्तः**નું વિશેષણ હોઇને ગૌણ છે (ઉપસર્જન છે) તેથી તેને **सर्वनाम** સંજ્ઞા ન થતાં, **ङे** નો **स्मै** આદેશ નથી થયો. પરિણામે **अतिसर्वस्मै** એ રૂપ ન થતાં **अतिसर्वाय** થયું છે

[25] પ્રતિષેધ બે રીતે થઇ શકે, કાં તો સંજ્ઞા અને ઉપસર્જન ભૂત **सर्व** વગેરેને **सर्वनाम** સંજ્ઞા નથી થતી એમ કહેવામાં આવે અથવા તો સંજ્ઞા અને ઉપસર્જનભૂત **सर्व** વગેરે **सर्वादि** ગણના નથી તેમ કહેવું પડે. તેથી અહીં પ્રશ્ન કર્યો છે.

[26] મૂળમાં **पाठात्पर्युदासः।** એમ પાઠ છે. તેમાં **पठ्यते अस्मिन् इति पाठः** એ અર્થમાં અધિકરણવાચી **घञ्** પ્રત્યય લાગીને **पाठ** શબ્દ બન્યો છે અને તે ગણપાઠને સૂચવે છે.

[27] ગણપાઠમાં જે **सर्व** વગેરે શબ્દોનું પરિગણન કરવામાં આવ્યું છે તેમાંથી સંજ્ઞા અને ઉપસર્જનભૂત **सर्व** વગેરેની પર્યુદાસ વ્દારા વ્યાવૃત્તિ કરીને એટલે કે **सर्वादि** ગણમાંથી તેમને બાકાત કરીને કહીશું કે **असंज्ञोपसर्जनानि सर्वादीनि सर्वनामानि।** આથી સંજ્ઞા અને ઉપસર્જનભૂત ન હોય તે **सर्व** વગેરેની (એટલે કે જેમનો **सर्वादि** ગણમાં પાઠ કર્યો છે તેવા શુદ્ધ **सर्वादि** શબ્દોની) **सर्वनाम** સંજ્ઞા થશે.આ વાત સ્પષ્ટ કરવા માટે કૈયટે ઉદાહરણ રૂપે **तिङो गोत्रादीनि कुत्सनाभीक्ष्ण्ययोः।** એ સૂત્ર આપ્યું છે. અહીં જે **कुत्सनाभीक्ष्ण्ययोः** મૂક્યું છે તે **गोत्रादि** ગણનું વિશેષણ છે તેથી (નિન્દા) અથવા **आभीक्ष्ण्य** (પુનરાવૃત્તિ) ના અર્થમાં હોય ત્યારે જ **तिङन्त** પછી આવતાં **गोत्रादि** અનુદાત્ત થાય છે. તે રીતે અહીં પણ **असंज्ञोपसर्जनानि** એ પર્યુદાસ **सर्वादि** ના સમૂહનું વિશેષણ થશે તેથી **सर्वादि** ગણમાં પઠિત શુદ્ધ **सर्व** વગેરેની જ **सर्वनाम** સંજ્ઞા થશે તે સિવાયનાની નહીં થાય.

[28] **सर्वनाम** સંજ્ઞા લાગુ પડવાને કારણે **सर्वादि** ગણમાંના કોઇ પણ શબ્દને જે કાર્ય થાય તેને માટે નિષેધ કરવામાં આવે છે ? એમ આ પૂછનારનો આશય છે.

[29] એટલે કે **सर्वादि** ગણના અમુક સભ્યોને લગતા કાર્ય માટે પણ આ નિષેધ કરવો જરૂરી છે. **त्यदादीनामः। अतड्डतरादिभ्यः।** વગેરે પ્રમાણે **सर्वादि** ગણના અમુક સભ્યોને અનુલક્ષીને જે વિશિષ્ટ કાર્યો કહેવામાં આવ્યાં છે તેમને ખાતર પણ સંજ્ઞા અને ઉપસર્જનભૂતને **सर्वनाम** સંજ્ઞા નહીં થાય તે કહેવું પડશે.અહીં 'વિશિષ્ટ રીતે પણ (च )' એમ જે કહ્યું છે તેથી વિશિષ્ટ તેમ જ અવિશિષ્ટ રીતે **सर्वादि** ગણને થતાં કાર્યો માટે સંજ્ઞા અને ઉપસર્જન તરીકે પ્રયોજાતા **सर्वादि** ને **सर्वनाम** સંજ્ઞા નથી થતી તેમ કહેવું પડશે.**सर्वनाम्नः स्मै।** એ સૂત્ર પ્રમાણેનું કાર્ય અવિશિષ્ટ રીતે કહેવામાં આવ્યું છે. આ સૂત્રમાં કોઇ વિશિષ્ટ અન્તર્ગણ (પેટાગણ)નો ઉલ્લેખ નથી પરંતુ સામાન્યતઃ **सर्वनाम** શબ્દ પ્રયોજીને કાર્યનું વિધાન કરવામાં આવ્યું છે તેથી **उभ** , **भवत्** જેવાં સર્વનામની પછી આવતા **ङे** નો આ સૂત્ર પ્રમાણે **स्मै** થતો નથી છતાં તે અવિશિષ્ટ કાર્ય છે તેમ કહી શકાશે. તેને માટે સંજ્ઞા અને ઉપસર્જનભૂતને થતી સંજ્ઞાનો નિષેધ કરવો પડશે.

[30] એટલે કે સૂત્રમાં સામાન્ય તેમ જ વિશિષ્ટ રીતે નિર્દેશ કરવામાં આવ્યો હોય ત્યારે સંજ્ઞા અને ઉપસર્જનભૂતને **सर्वनाम** સંજ્ઞાનો પ્રતિષેધ કેમ કરવામાં આવે છે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रयोजनं डतरादीनामद्भावे ॥५॥

डतरादीनामद्भावे प्रयोजनम्। अतिक्रान्तमिदं ब्राह्मणकुलं कतरत् अतिकतरं ब्राह्मणकुलमिति ॥

त्यदादिविधौ च ॥६॥

त्यदादिविधौ च प्रयोजनम्। अतिकान्तोऽयं ब्राह्मणस्तम् अतितद्ब्राह्मण इति॥ संज्ञाप्रतिषेधस्तावन्न वक्तव्यः। उपरिष्टाद्योगविभागः करिष्यते। पूर्वपरावरदक्षिणोत्तरापराधराणि व्यवस्थायाम्। ततोऽसंज्ञायामिति। सर्वादीनीत्येवं यान्यनुक्रान्तान्यसंज्ञायां ता

सर्वादि (ની અંદર રહેલા त्यद् વગેરે ) ને પછીથી (થતાં) કાર્યો માટે ॥४॥

सर्वादि ને પછીથી જે કોઇ કાર્ય કહેવામાં આવે છે તે પણ સંજ્ઞાભૂત અને ઉપસર્જનભૂત (सर्व વગેરે) ને ન થાય તે[31] માટે (બંન્ને રીતે પ્રતિષેધ કરવો જોઇએ). (તેનો ) શો ફાયદો ?

डतर વગેરેને અનુલક્ષીને જે अद् (अद्ड्) આદેશ થાય છે તેમાં ફાયદો છે ॥५॥

डतर વગેરે (પાંચ)[32] પછી આવતા ( सु અને अम् પ્રત્યયોનો ) अद्ड् આદેશ થાય ત્યારે (સંજ્ઞા અને ઉપસર્જનને સર્વાદિ ગણમાંથી દૂર કરવાથી) इदं ब्राह्मणकुलं कतरत् अतिकान्तम्। (બેમાંથી કોના કરતાંઆ બ્રાહ્મણ કુળ ચડિયાતું છે? એ અર્થમાં) अतिकतर [33] ब्राह्मणकुलम्। (એ પ્રયોગ સિદ્ધ થાય) તે ફાયદો.

त्यद् વગેરેને લગતા વિધિમાં પણ (આ પ્રતિષેધથી લાભ છે) ॥ ६ ॥

(त्यदादीनामः। એ સૂત્ર વ્દારા) त्यद् વગેરેને અનુલક્ષીને જે (अत्व ) વિધિ છે તેમાં પણ (આ પ્રતિષેધથી) એ લાભ છે કે (તેથી) अतिक्रान्तोऽयं ब्राह्मणस्तम्। (આ બ્રાહ્મણ તેનાથી ચડિયાતો છે એ અર્થમાં ) अतितद्[34] ब्राह्मणः। (એ પ્રયોગ સિદ્ધ થશે).

સંજ્ઞા(-ભૂત सर्व વગેરે) નો તો પ્રતિષેધ ન કરવો જોઇએ.આગળ (જે पूर्वपरावरदक्षिणोत्तरापराधराणि व्यवस्थायामसंज्ञायाम्।) સૂત્ર (છે તે) માં पूर्वपरावरदक्षिणोत्तराधरापराणि व्यवस्थायाम्। (અને )પછી असंज्ञायाम्। એમ વિભાગ કરવામાં આવશે (અર્થાત્) सर्वादीनि (सर्वनामानि।) એમ ક્રમપૂર્વક [35] જે આપવામાં આવેલાં (सर्व વગેરે) સંજ્ઞા (કોઇના નામ તરીકે પ્રયોજાયાં) ન હોય ત્યારે તેમને (सर्वनाम) द्रष्टव्यानि॥ उपसर्जनप्रतिषेधश्च न कर्तव्यः। अनुपसर्जनात्। इत्येष योगः प्रत्याख्यायते तमेवमभिसंभन्त्स्यामः। अनुपसर्जनात् अ अदिति। किमिदं अ अदिति। अकारात्कारौ शिष्यमाणवनुपसर्जनस्य द्रष्टव्यौ। यद्येवमतियुष्मत् अत्यस्मदिति न सिध्यति। प्रश्लिष्ट -निर्देशोऽयम्। अनुपसर्जन अ अ अदिति।

---

[31] મૂળમાં જે आनन्तर्य શબ્દ છે તેને ના. આ પ્રમાણે સમજાવે છેઃ-आनन्तर्येण आनन्तर्योपलक्षितत्यदादीनामित्यादिरूपेण। અર્થાત્ જે અનન્તર (એટલે કે તરત પછી) આવે છે તે અર્થાત્ આગળ ઉપર त्यदादीनाम्। अद्ड् डतरादिभ्यःपञ्चभ्यः। વગેરે અન્તર્ગણને લગતાં કાર્યો કરવાનાં હોય ત્યાં પણ સંજ્ઞા અને ઉપસર્જનને લગતો પ્રતિષેધ લાગુ પડે તે માટે પ્રતિષેધ વિશિષ્ટ તેમ જ અવિશિષ્ટ રીતે કરવો પડશે.

[32] ( डतर અને डतम જેને અન્તે હોય તે) कतर , कतम, अन्य , अन्यतर અને इतर એ પાંચ.

[33] અહીં कतर ગૌણ છે, એટલે કે अति નું ઉપસર્જન છે. તેથી તેનું अतिकतरत् ન થતાં अतिकतरम् થયું છે.

[34] અહીં પણ तद् એ अति નું ઉપસર્જન છે.

[35] सर्व વગેરે એટલે सर्व, विश्व વગેરે જે ૩૫ શબ્દો અનુક્રમે આપેલા છે તે. આ યોગવિભાગ ગણસૂત્રમાં થશે અષ્ટાધ્યાયીના સૂત્રમાં નહીં, કારણ કે તે (સૂત્ર) जस् પર થતાં વિકલ્પનું વિધાન કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાણવાં.[36] ઉપસર્જન (- ભૂત **सर्व** વગેરે) નો પણ પ્રતિષેધ કરવાની જરૂર નથી. ( કારણ કે )

**अनुपसर्जनात्**। એ સૂત્રનું પ્રત્યાખ્યાન[37] કરવામાં આવે છે તેના અમે **अनुपसर्जन** अ **अत्**। એમ વિભાગ [38] કરીશું. આ अ **अत्** એ વળી શું ? (**त्यदादीनामः**। માં) अ -કાર અને (**अद्ड्डतरादिभ्यः**। માં) **अत्** (**अद्ड्** એ આદેશોનો) ઉપદેશ કરવામાં આવ્યો છે તે ઉપસર્જનભૂત ન હોય તે (**त्यदादि** અને **डतरादि**) ના જાણવા. જો એમ હોય તો **अतियुष्मत्** [39], **अत्यस्मत्** સિદ્ધ નથી થતાં. ( તો અમે કહીશું કે) આ (**अनुपसर्जनात्** એ) **अनुपसर्जन** अ अ **अत्** એમ પ્રશ્લિષ્ટ [40] निर्देश છે, (એટલે કે)

---

[36] અર્થાત્ **सर्वादि** ગણમાં જેમનો સમાવેશ કરવામાં આવ્યો છે તે **सर्व** વગેરે જ્યારે કોઇની સંજ્ઞા ન હોય ત્યારે જ તેમની **सर्वनाम** સંજ્ઞા થાય છે તેમ જાણવું

[37] સ્ત્રીપ્રત્યય પ્રકરણમાંના **अनुपसर्जनात्**। એ સૂત્રનું વાર્તિકકારે **अनुपसर्जनग्रहणमनर्थकं प्रातिपदिकेन तदन्तविधिप्रतिषेधात्**। એ વાર્તિકથી પ્રત્યાખ્યાન કર્યું છે, છતાં **कौम्भकारेयः** જેવાં રૂપોને સિદ્ધ કરવા માટે ભાષ્યકાર એ સૂત્રને પરિભાષા રૂપે સમજે છે. **कुम्भकार** માંનો **कार** શબ્દ **अण्** પ્રત્યયાન્ત છે તેને **ङीप्** લાગીને જે **कारी** શબ્દ થશે તેને **स्त्रिभ्यो ढक्**। પ્રમાણે **ढक्** પ્રત્યય લાગે ત્યારે અંગ **कारी** હોવાથી તેની વૃદ્ધિ થશે, **कुम्भ** શબ્દમાં વૃદ્ધિ નહીં થાય પરિણામે **कौम्भकारेयः** સિદ્ધ ન થઇ શકે, પરન્તુ અહીં તદન્તવિધિ કરવામાં આવે તો **कुम्भ कार** એ સમગ્ર સમુદાયને **ङीप्** લાગતાં જે શબ્દ થશે તે સમુદાયભૂત શબ્દ **ढक्** પૂર્વે અંગ થવાથી **कुम्भ** માં જ વૃદ્ધિ થતાં **कौम्भकारेयः** થશે. આ સૂત્ર ઉપર **शूद्रा चामहत्पूर्वा**। એ (વા૦) માં **अमहत्पूर्व** શબ્દનું ગ્રહણ કરીને વાર્તિકકારે સૂચવ્યું છે કે અહીં તદન્તવિધિ થાય છે.

[38] **अनुपसर्जन** अ **अत्** માં **अनुपसर्जन** એ લુપ્તષષ્ઠીક રૂપ છે, એટલે કે **अनुपसर्जनस्य** એમ સમજવાનું છે. પરંતુ **सुपां सुलुक्पूर्व०** ઇત્યાદિ પ્રમાણે તેના ષષ્ઠીના પ્રત્યયનો લોપ થયો છે.ત્યાર પછીનો अ એ **त्यदादीनामः**। થી જે अ નું વિધાન કરવામાં આવ્યું છે તે છે અને **अत्** એ **अद्ड् डतरादिभ्यःपञ्चभ्यः**। પ્રમાણે વિહિત **अत्**(**अद्ड्**)ને સૂચવે છે.

[39] **अतियुष्मत्** વગેરેમાં **युष्मद्** , **अस्मद्** એअति નાં ઉપસર્જન છે તેથી **पञ्चम्या अत्**। પ્રમાણે **अत्** નહીં થઇ શકે એટલે કે એને **अनुपसर्जनात्** પરિભાષા લાગુ પડતી હોવાથી ઉપસર્જનભૂત **युष्मद्** પૂર્વે **भ्यस्** નો **अत्** નહીં થઇ શકે પરિણામે **अतियुष्मद्** અને **अत्यस्मद्** એ રૂપો સિદ્ધ નહીં થાય.

[40] એટલે કે **अनुपसर्जनात्** માં **अनुपसर्जन** अ अ **अत्** એમ એક સાથે ચાર अ-કારનો પ્રશ્લેષ કરીને निर्देश કર્યો છે. તેમાં **अनुपसर्जन** એ લુપ્તષષ્ઠીક निर्देश છે, એટલે કે **अनुपसर्जनस्य** એમ સમજવાનું છે. તે પછીનો જે अ-કાર છે તે લુપ્તપંચમીક છે એટલે કે **आत्** એમ સમજવાનું છે. પરિણામે ' **अकारात् परौ यौ अकार-अत्कारौ तौ अनुपसर्जनस्य**। (અર્થાત્ अ-કાર પછી [ **त्यदादीनामः**।પ્રમાણે)જે अ થાય છે અને (**अद्ड् दतरादिभ्यः०** પ્રમાણે) જે **अत्** થાય છે તે ઉપસર્જન ન હોય ત્યાં જ થાય છે]' એમ અર્થ સમજાશે. હવે **अनुपसर्जनात्** એ પરિભાષાને એ રીતે લેવાથી **अतियुष्मत्** , **अत्यस्मत्** જેવામાં **युष्मद्** અને **अस्मद्** ગૌણ હોવા છતાં તેમની પછી આવતા પંચમીના **भ्यस्** નો **पञ्चम्या अत्**। પ્રમાણે જે **अत्** આદેશ થાય છે તે થઇ શકશે, કારણ કે એ **अत्** નું વિધાન अ- કારન્ત **युष्मद्** , **अस्मद्** પછી કરવામાં નથી આવ્યું. તેથી આ પરિભાષા અહીં ઉપસ્થિત નથી થતી.પરંતુ **त्यदादीनामः**। અનુસાર જે अ થાય છે તે अ-કારની પછી આવતા વ્યંજનને સ્થાને થાય છે તેથી આ પરિભાષા ઉપસ્થિત થશે અને **अतितद्** જેવામાં अ નહીં થાય, કારણ કે ત્યાં **त्यद्** ઉપસર્જન છે.અહીં શંકા થઇ શકે કે **त्यदादीनामः**। માં જે अ નું વિધાન કર્યું છે તે अ-કારાન્તને વિશે નથી કરવામાં આવ્યું તેથી **प्रियौ द्वौ अस्य**। એ અર્થનો બહુવ્રીહિ કરતાં अ-કારાન્ત થવાનો પ્રસંગ આવશે તે જ રીતે **तदोः सः सावनन्त्ययोः**। અનુસાર જે **स**-કારનું વિધાન કર્યું છે તે અવિશિષ્ટ રીતે કર્યું છે તેથી ઉપસર્જનને પણ થવાનો પ્રસંગ આવશે. કે. આ રીતે સમાધાન કરે છે **त्यदादीनामः**। માં **त्यद्** વગેરેની બાબતમાં **अनुपसर्जनात्**। એ પરિભાષાની ઉપસ્થિતિ થશે તેથી જેઓ ઉપસર્જન તરીકે પ્રયોજાયા ન હોય તેવાનું જ સૂત્ર વડે ગ્રહણ થશે એટલે કે ઉપસર્જન ન હોય તેવા **त्यद्** વગેરેને જ સૂત્ર લાગુ પડશે, તેમની સાથે આવેલા હોવાથી **द्वि** શબ્દ પણ તેવો જ અર્થાત્ ઉપસર્જનભૂત ન હોય તેવો જ લેવાશે. **तदोः सः०** પ્રમાણે જે **स**-કારને લગતો વિધિ છે તેમાં પણ **त्यद्**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अकारन्तादकारात्कारौ शिष्यमाणवतुपसर्जनस्य द्रष्टव्यौ। अथवाङ्गाधिकारे यदुच्यते गृह्यमाणविभक्तेस्तद्भवति। यद्येवं परमपञ्च परमसप्त षड्भ्यो लुक् इति लुग्न प्राप्नोति। नैष दोषः।**

अ-કારાન્તને વિશે[41] જેનો ઉપદેશ કરવામાં આવ્યો છે તે अ અને अत् આદેશ ઉપસર્જનભૂત ન હોય તે (त्यदादि અને डतरादि ) ના જાણવા.અથવા **अङ्गस्य**। એ અધિકારમાં જે (કાર્ય) કહેવામાં આવેલ છે તે (સૂત્રમાં ) જેનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તે (શબ્દ) ને જ વિભક્તિ લાગે ત્યારે થાય છે.[42] જો એમ હોય તો **परमपञ्च** , **परमसप्त** માં **षड्भ्यो लुक्**। પ્રમાણે (जस् , शस् નો ) **लुक्** ન થવાનો[43] પ્રસંગ આવશે. એ વાંધો નહીં આવે ,

**षट्प्रधान एष समासः॥ इह तर्हि प्रियसक्थ्ना ब्राह्मणेनानङ् न प्राप्नोति। सप्तमीनिर्दिष्टे यदुच्यते प्रकृतविभक्तौ तद्भवति। यद्येवमतित् अतितदौ अतितद इत्यत्वं प्राप्नोति। तच्चापि वक्तव्यम्। न वक्तव्यम्। इह तावदड् डतरादिभ्यः पञ्चभ्यः इति पञ्चम्यङ्गस्येति षष्ठी तत्राशक्यं विविभक्तित्वाड्डतरादिभ्य इति पञ्चम्यङ्ग**

---

વગેરેની અનુવૃત્તિ થશે તેથી ઉપસર્જનભૂત ન હોય તેવા જ **त्यद्** , **तद्** , **एतद्** વગેરેના અનન્ત્ય **त्** કે **द्** નો स-કાર આદેશ થશે. પરિણામે તેમાં પણ દોષ નહીં આવે. આમ છતાં **अतिसर्वाय** જેવા પ્રયોગોનો પરિહાર તો થતો જ નથી એમ અન્તે કૈ. નોંધે છે. આ પ્રયોગની સિદ્ધિઃ-**सर्वनाम** એ મોટી સંજ્ઞા અન્વર્થ છે અર્થાત્ જે બધાની સંજ્ઞા હોય તે **सर्वनाम** એમ અર્થ સમજતાં કોઇ વિશિષ્ટ વ્યક્તિની **सर्व** એમ સંજ્ઞા(નામ) હોય તો તે બધા (**सर्व**)ની સંજ્ઞા ન હોવાથી **सर्वनाम**-સંજ્ઞક નથી પરિણામે **सर्वनाम्नः स्मै**। ને ત્યાં અવકાશ ન હોવાથી **ङेर्यः**।પ્રમાણે य આદેશ થઇને એ રૂપ સિદ્ધ થશે. તે જ રીતે **सर्व** કરતાં ચઢિયાતો હોય તે **अतिसर्व** 'એ **अतिसर्व** ને આપો' એમ કહેતાં **अतिसर्वाय (देहि)** એમ થશે. અહીં **अतिसर्व** શબ્દમાં **सर्व** ઉપસર્જન છે, કારણ કે તે વિશિષ્ટ વ્યક્તિ સૂચવે છે તેથી **सर्वनाम** નથી પરિણામે **अतिसर्वाय** એ શુદ્ધ પ્રયોગ થશે. (જુઓ :-**सर्वो नाम कश्चित् तस्मै सर्वाय देहि। अतिक्रान्तः सर्वमतिसर्वः। तस्मा अतिसर्वाय देहीति। नह्येवंप्रकाराणि सर्वेषां नामानि विशिष्टवस्तुविषयत्वात्**। (ન્યા સ. ૫૬.ભા.૧-પૃ.૧૩૪)

[41] નિ.સા.(પૃ.૨૯૫) માં '**अकाराद् अकारात्कारौ**' એમ પાઠ છે.તે સિવાયની મુદ્રિત આવૃત્તિઓમાં '**अकारान्ताद् अकारात्कारौ**' એમ પાઠ છે. જુઓ ચૌખં.(પૃ.૩૨૬), યુમી.(પૃ.૪૬૩),શાસ્ત્રી.ભા.૨.(પૃ.૧૭૯),વા.શા.મ.(પૃ.૮૮),વા.શા.હિ.(પૃ.૩૮૨), ચારુ.(પૃ.૩૨૦). ના. **अकारात्** એમ પાઠ લઇને નોંધે છે '**अकारान्ताद्**' એ પ્રયોગ તદન્તવિધિ સૂચવવા માટે છે એમ ભૂલ ખાવી ન જોઇએ, એ તો તેમાંથી ફલિત થતો અર્થ દર્શાવવા માટે ભાષ્યકારે ખુલાસા રૂપે કહ્યું છે (**अकारान्तादिति भाष्येऽन्तग्रहणं तु फलितार्थपरं यथाकथञ्चित्** , **न तु तदन्तविधिरिति भ्रमितव्यम्**। ) ના. સ્પષ્ટ નોંધે છે કે અહીં મોટે ભાગે ભાષ્યમાં પણ '**अकाराद् अकारात्कारौ**' એમ જ પાઠ છે.પ્રદીપમાં પણ **अकाराद्** જ પાઠ છે તેમ ના. પ્રયોજેલા **अपि** ઉપરથી સૂચવાય છે (**प्रायेण भाष्येऽपि अकारदकारात्काराविव्येव पाठः**।) નોધઃ- જેવી રીતે **वषट्कार** શબ્દ પ્રયોજાય છે તેમ **अत्कार** પ્રયોજ્યો છે. સૂત્રકારે **उच्चैस्तरां वषट्कारः**। દ્વારા સૂચવ્યું છે કે વર્ણને લાગે છે તેમ વર્ણ સમુદાયને પણ **कार** પ્રત્યય લાગે છે. તેથી જેમ **अकार** તેમ **अत्कार** પણ થઇ શકે છે.

[42] **गृह्यमाणानाम्** = (સૂત્રમાં) જેમનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તે **त्यदादि**, **डतरादि** વગેરેની સાથે સંબદ્ધ વિભક્તિ (**संबन्धिनी या विभक्तिः**। તે) ને અનુલક્ષીને થાય છે). અહીં **विभक्तेः** એ ષષ્ઠી સામાન્ય સંબંધ દર્શાવે છે તેથી તે વિભક્તિ પર હોય ત્યારે **त्यदादीनामः**। જેવાં સૂત્રમાં નિર્દેશેલાં કાર્ય પણ થઇ શકશે.

[43] **षड्भ्यो लुक्**। સૂત્રમાં **षट्** એમ સ્પષ્ટ નિર્દેશ કર્યો હોવાથી **षट्**-સંજ્ઞક **पञ्चन्** ,**षष्** , **सप्तन्** વગેરે શબ્દો પછી **जस्** , **शस्** રૂપી વિભક્તિનો **लुक्** થશે.પરંતુ **परमपञ्च** , **परमसप्त** , (**परमषट्**) જેવા પ્રયોગોમાં એ સૂત્ર પ્રમાણે **लुक्** પ્રાપ્ત નહીં થાય, કારણ કે ત્યાં **पञ्चन्** વગેરે **षट्**-સંજ્ઞક શબ્દ પછી એ વિભક્તિ નથી આવતી પરંતુ **परमपञ्चन्** વગેરેની પછી આવે છે એમ શંકાકારનું કહેવું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણ કે આ સમાસ (માં) **षद्** (-સંજ્ઞક શબ્દો) પ્રધાન છે.[44] તો પછી આ **प्रियसक्थ्ना ब्राह्मणेन** માં[45] (**अस्थि-दधि ०** પ્રમાણે **इ** નો) **अनङ्** નહીં થાય. (કારણ કે સૂત્રમાં **सक्थि** શબ્દનું ગ્રહણ છે, **प्रिय** યુક્ત **सक्थि**નું નથી). સપ્તમીદ્વારા નિર્દેશ કરીને જે કાર્ય કહેલું છે,[46] તે (કાર્ય) પ્રકૃત અંગની (સાથે અર્થદ્વારા સંબદ્ધ) વિભક્તિ પર થતાં થાય છે. જો એમ હોય તો **अतितत्** , **अतितदौ**, **अतितदः** માં (**त्यदादीनां ०** થી) **अ** આદેશ[47] થવાનો પ્રસંગ આવે છે. તો તે પણ કહેવું પડશે ?[48] નહીં કહેવું પડે. તો પછી **अदूङ् डतरादिभ्यः पञ्चभ्यः।** માં પંચમી છે, (જ્યારે) **अङ्गस्य** એ ષષ્ઠી છે, આમ ભિન્ન વિભક્તિ હોવાથી **डतरादिभ्यः** એ પંચમીને **अङ्ग** (અર્થાત્ **अङ्गस्य** એ ષષ્ઠ્યન્ત) નું

**विशेषयितुम्। तत्र किमन्यच्छक्यं विशेषयितुमन्यदतो विहितात्प्रत्ययात्। डतरादिभ्यो यो विहित इति। इहेदानीमस्थिदधिसक्थ्यक्ष्णाम-नङुदात्त इति त्यदादीनामो भवतीत्यस्थ्यादीनामित्येषा षष्ठ्यङ्गस्येत्यपि त्यदादीनामित्यपि षष्ठ्यङ्गस्येत्यपि। तत्र कामचारो गृह्यमाणेन वा विभक्तिं विशेषयितुमङ्गेन वा। यावता कामचार इह तावदस्थिदधिसक्थ्युदात्त इत्यङ्गेन विभक्तिं विशेषयिष्यामोऽस्थ्यादिभिरनङ्म्। अङ्गस्य विभ**

---

[44] જ્યારે **षद्**નો અર્થ પ્રધાન હોય ત્યારે **लुक्** થાય છે.**परमपञ्च** ,**परमसप्त** એ કર્મધારય સમાસોમાં **पञ्चन्** , **सप्तन्** વગેરે **षद्-संज्ञक** શબ્દો પ્રધાન છે તેથી '**प्रधाने कार्यसम्प्रत्ययः।**' એ ન્યાયે **लुक्** રૂપી કાર્ય થઇને **परमपञ्च** ,**परमसप्त** વગેરે પ્રયોગો સિદ્ધ થશે પરંતુ જ્યાં **षद्-**સંજ્ઞક શબ્દ પ્રધાન ન હોય ત્યાં **लुक्** નહીં થાય, જેમ કે **प्रियषषः** (**प्रिया षड् एषाम्**) એ બહુવ્રીહિ સમાસમાં અન્યપદાર્થ પ્રધાન છે પણ **षड्** શબ્દ ગૌણ છે તેથી **षड्भ्यो लुक्।** એસૂત્ર લાગુ નહીં પડે. પરિણામે વિભક્તિનો **लुक्** નથી થયો.

[45] **प्रियसक्थ्ना ब्राह्मणेन** માં **प्रियसक्थि** એ બહુવ્રીહિ સમાસમાં **सक्थि** પ્રધાન નથી પણ અન્યપદાર્થ **ब्राह्मण** પ્રધાન છે તેથી **अस्थि-दधि-सक्थि-अक्ष्णामनङुदात्तः।** પ્રમાણે અન્ત્ય **इ** નો **अनङ्** આદેશ નહીં થઇ શકે એમ શંકાકારની દલીલ છે.

[46] જો સૂત્રમાં સપ્તમીદ્વારા નિર્દેશ કરીને કોઇ કાર્ય કહેવામાં આવ્યું હોય તો પ્રસ્તુત અંગના અર્થ સાથે સંબંધ ધરાવતી વિભક્તિ પાછળ આવે ત્યારે પણ તે કાર્ય થાય છે **प्रियसक्थि टा** માં **ब्राह्मणेन** એ અન્યપદાર્થના વિશેષણભૂત અર્થાત્ તેના અર્થમાં વધારો કરનાર જે **प्रियसक्थि** રૂપ અંગ છે તેની સાથે સંબંદ્ધ **टा** એ તૃતીયા વિભક્તિ પાછળ આવી છે તેથી **सक्थि** શબ્દ પછી કરણ, એકવચન વગેરે અર્થ દ્વારા તે અંગ સાથે સંબદ્ધ **अजादि** તૃતીયા વિભક્તિ આવતાં જેમ **अस्थि-दधि-सक्थि०** પ્રમાણે **अनङ्** આદેશ થાય છે તેમ **प्रियसक्थि टा** એ સ્થિતિમાં પણ **अनङ्** અન્ત્યાદેશ થઇને **अल्लोपोऽनः।** પ્રમાણે **अ**-કારનો લોપ થતાં **प्रियसक्थ्ना** એ રૂપ સિદ્ધ થશે.નોંધઃ **अस्थिदधि०** વગેરે સૂત્રમાં જો કે સપ્તમીનો પ્રયોગ નથી છતાં તેના પૂર્વવર્તી બે સૂત્રો (**इकोऽचि विभक्तौ।** અને **तृतीयादिषु भाषितपुंस्कं पुंवद् गालवस्य।**) માંથી **विभक्तौ** (વચન વિપરિણામ -થી **विभक्तिषु**) અને **तृतीयादिषु** એ સપ્તમ્યન્તોની અનુવૃત્તિ થાય છે અને એ રીતે પ્રસ્તુત સૂત્રમાં સપ્તમીદ્વારા કાર્યનો નિર્દેશ થયો છે તેમ કહી શકાય.

[47] **अतितद् सु** એ સ્થિતિમાં **अतितद्** અંગ પછી વિભક્તિ (**सु**) આવી છે તેથી **त्यदादीनामः।** પ્રમાણે **अ** અંત્યાદેશ થવાનો પ્રસંગ આવશે એમ અહીં શંકા કરવામાં આવી છે. **त्यदादीनामः।** સૂત્રથી વિહિત અન્ત્યાદેશ સપ્તમી દ્વારા નિર્દેશવામાં આવ્યો છે કારણ કે તે સૂત્રમાં **अष्टनः आ विभक्तौ।** એ પૂર્વવર્તી સૂત્રમાંથી **विभक्तौ** એ સપ્તમ્યન્તની અનુવૃત્તિ થાય છે. **अतितद् सु** એ સ્થિતિમાં પણ **सु** એ વિભક્તિ પ્રકૃત અંગ સાથે સંબદ્ધ છે. પરિણામે ત્યાં **अ**-કાર અન્ત્યાદેશ થવાનો પ્રસંગ આવશે. તેથી **अतितत्** **अतितदौ** **अतितदः** જેવાં રૂપો સિદ્ધ નહીં થાય તેમ શંકાકારનું કહેવા માગે છે.

[48] મૂળમાં **तच्चापि वक्तव्यम्।** (તેપણ કહેવું જોઇએ) છે. તે એટલે આગળ જે એકદેશીનું વિધાન આવે છે **अङ्गाधिकारे गृह्यमाणविभक्ते-स्तद् भवति।** તે અને તે પછી **सप्तमीनिर्दिष्टे यदुच्यते प्रकृतविभक्तौ तद्भवति।** એ વિધાન આવે છે તે બન્ને કરવાં પડશે.ના. સૂચવે છે કે **तद्** દ્વારા આગળ કરેલા વિધાનનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને **अपि** શબ્દ દ્વારા અવ્યવહિત રીતે કરેલાપાછળના **सप्तमीनिर्दिष्टे०** વગેરે વિધાનનો નિર્દેશ ભાષ્યકાર કરે છે . આમ માત્ર **अङ्गाधिकारे** વગેરેનો સ્વીકાર કરવામાં આવે તો **प्रियसक्थ्ना** માં **अनङ् न** થવાનો પ્રસંગ આવે છે, **सप्तमीनिर्दिष्टे** વગેરે જો લેવામાં આવે તો **अतितद्** વગેરેમાં અન્ત્યાદેશ **अ**-કાર થવાનો પ્રસંગ આવશે. અને જો બન્ને સ્વીકારવામાં આવે તો ગૌરવ થશે એટલું જ નહીં પરન્તુ અનિશ્ચિતતા ઊભી થશે અર્થાત્ બેમાંથી કોને અનુસરવું અને કોને નહીં તે બાબતનો નિર્ણય લઇ નહીં શકાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

त्कावनङ् भवत्यस्थ्यादीनामिति। इहेदानी त्यदादीनामो भवतीति गृह्यमाणेन विभक्तिं विशेषयिष्यामोऽङ्गेनाकारम्। त्यदादीनां विभक्तावो भवत्यङ्गस्येति॥ यद्येवमतिसः अत्वं न प्राप्नोति। नैष दोषः। त्यदादिप्रधान एष समासः॥ अथवा नेदं संज्ञाकरणं पाठविशेषणमिदम्। सर्वेषां यानि नामानि तानि सर्वादीनि ।

વિશેષણ બનાવવું શક્ય નથી. તે (સ્થિતિ) માં, 'તેને અનુલક્ષીને જે (सु, अम् વગેરે ) નું વિધાન કરવામાં આવ્યું છે તે (પ્રત્યય) સિવાય (डतरादिभ्यः એ પંચમ્યન્તને) બીજા કોનું વિશેષણ[49] બનાવી શકાય ? અર્થાત્ डतर વગેરેને વિશે જેનું વિધાન છે તે (પ્રત્યય).

હવે આ **अस्थि-दधि-सक्थि-अक्ष्णामनङुदात्तः** ।એ સૂત્રમાં **अस्थ्यादीनाम्** એ ષષ્ઠી છે અને **अङ्गस्य** એ પણ ષષ્ઠી છે, **त्यदादि** ના अ આદેશ થાય છે ( **त्यदादीनामः** । તેમાં ) **त्यदादीनाम्** એ ષષ્ઠી છે અને **अङ्गस्य** એ પણ ષષ્ઠી છે. તે (સૂત્ર)માં જેનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તે ( **अस्थ्यादि** કે **त्यदादि** ) ને વિભક્તિનું વિશેષણ બનાવી શકાય અથવા **अङ्ग** ને (વિભક્તિનું વિશેષણ બનાવી શકાય) એમ છૂટ છે. જ્યારે છૂટ છે ત્યારે આ **अस्थि-दधि-सक्थि-अक्ष्णामनङुदात्तः** । માં અમે **अङ्ग** ને વિભક્તિનું વિશેષણ બનાવીશું અને **अस्थि** વગેરેને **अनङ्** નું વિશેષણ ગણીશું. (તેથી) અંગને અનુલક્ષીને કહેલી વિભક્તિ પર થતાં **अस्थि** વગેરે (ના इ-કાર)નો **अनङ्** આદેશ થાય છે' એમ (સમજાશે). હવે આ **त्यदादीनामः** ।(સૂત્ર) માં જેનું ગ્રહણ કરવામાં આવ્યું છે તે (**त्यदादि** ) ને વિભક્તિનું વિશેષણ બનાવીશું અને **अङ्ग** ને अ- કારનું વિશેષણ બનાવીશું. (તેથી) '**त्यद्** વગેરેને વિભક્તિ પર થતાં **अङ्ग** નો अ આદેશ થાય છે ' એમ(સમજાશે). જો એમ હોય તો **अतिसः** માં[50] અન્તે अ નહીં થાય. એ વાંધો નહીં આવે, કારણ કે આ (**अतिसः** એ) સમાસમાં[51] **त्यद्** વગેરે પ્રધાન છે (ઉપસર્જન નથી) . અથવા આ (**सर्वादीनि सर्वनामानि** । એ સૂત્રમાં **सर्वनामानि** શબ્દ દ્વારા) સંજ્ઞા કરવામાં આવી નથી. (**सर्वनामानि**) એ (**सर्वादि** ગણ) પાઠનું વિશેષણ છે.સર્વનાં જે નામ[52] તે **सर्वादि** .

---

[49] એટલે કે **डतर** , **डतम** (જેને અન્તે હોય તે)ને અનુલક્ષીને જે **सु** અને **अम्** પ્રત્યયોનું વિધાન કરવામાં આવ્યું છે તેનું વિશેષણ **डतरादिभ्यः** એ પંચમ્યન્ત થશે.**डतर, डतम, अन्य, अन्यतर** અને **इतर** એપાંચનો આસૂત્રમાં **डतरादिभ्यः** દ્વારા નિર્દેશ છે. તેમાં **डतर, डतम** એ બે પ્રત્યયો છે. બાકીનાં ત્રણ પ્રાતિપદિકો છે. **अन्यतर** એ **डतरान्त** નથી પરન્તુ અવ્યુત્પન્ન પ્રાતિપદિક છે અને **डतर, डतम** દ્વારા પ્રત્યયાન્તનું ગ્રહણ થશે.

[50] **शोभनः सः अतिसः** ।એ **कुगतिप्रादयः** । પ્રમાણે થતા પ્રાદિસમાસમાં **अति** પૂજા (સ્તુતિ) ના અર્થમાં છે. **अतितद् स्** એ સ્થિતિમાં અંગનો अ-કાર અન્ત્યાદેશ નહીં થઇ શકે, કારણ કે અહીં વિભક્તિ **त्यदादि॰** સૂત્રમાં ગૃહ્યમાણ **तद्** શબ્દ પછી નથી આવી પરન્તુ **अतितद्** પછી આવી છે. આ પ્રમાણે અહીં શંકા છે.

[51] **अतिसः** એસમાસમાં ઉત્તરપદ **तद्** પ્રધાન છે, ઉપસર્જન નથી. તેથી **त्यदादीनामः** । સૂત્ર લાગુ પડીને अ-કાર અન્ત્યાદેશ થશે.

[52] **पूर्व** વગેરે જે શબ્દો સર્વાદિગણમાં છે તે 'બધા(**सर्व** )'નો અર્થ નથી બતાવતા તેથી તેમને **सर्वनाम** નહીં ગણી શકાય. પરિણામે '**सर्वेषां नामानि**' એમ કહીને **सर्वनाम** એ અન્વર્થ સંજ્ઞા છે તેમ દર્શાવવાનો જે પ્રયત્ન કર્યો તે નિરર્થક જશે.એવી શંકા કલ્પીને પ્રદીપ અને ઉદ્દ્યોતમાં આ રીતે તેનો નિરાસ કરવામાં આવ્યો છેઃ- આ શંકા યોગ્ય નથી, કારણ કે દરેક શબ્દ પોતાના વિષયની દૃષ્ટિએ સર્વનામ છે. લોકમાં સારી રીતે રૂઢ થએલ પ્રવૃત્તિનિમિત્તને કારણે જે વ્યક્તિઓ શબ્દનું અભિધેય હોય તે જ તેનો વિષય છે. જેમ **गो** શબ્દના અભિધેય **गो** વ્યક્તિઓ છે તેથી તે તેનો વિષય છે. **गो** શબ્દ પ્રત્યેક **गो** વ્યક્તિનો વાચક છે તેથી તે સર્વ (વ્યક્તિ) ગત છે. આમ પૃથ્વી ઉપર રહેલ સર્વ વસ્તુના વાચક હોય તે **सर्वनाम** થશે.પરન્તુ ઉપરની શંકા અનુચિત છે, કારણ કે **स्मै** વગેરેને લગતાં શાસ્ત્રોમાં **सर्वनाम** શબ્દનું પ્રત્યક્ષ ઉચ્ચારણ કરવામાં આવ્યું છે. તેને લીધે એકવાર **सर्वनाम** શબ્દનો અર્થ સમજાયો હોય તો જે શબ્દો પોતાના પ્રવૃત્તિનિમિત્તને આધારે વિરુદ્ધ અને અનેક જાતના અર્થના બોધક હોય તેમનું જ **सर्वनाम** પદ દ્વારા ગ્રહણ થશે.પરિણામે **घट** વગેરે શબ્દો જે વિરુદ્ધ કે અનેક જાતના અર્થના બોધક નથી તેમનું **सर्वनाम** પદ દ્વારા ગ્રહણ નહીં થાય.તેથી **स्मै** થવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. આ વસ્તુ સૂચવવા માટે જ ભાષ્યકારે વિગ્રહ વાક્યમાં પૂર્વપદને **सर्वेषाम्** એમ બહુવચનાન્ત નિર્દેશ કર્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**संज्ञोपसर्जने च विशेषेऽवतिष्ठेते। यद्येवं संज्ञाश्रयं यत्कार्यं तन्न सिध्यति। सर्वनाम्नः स्मै। आमि सर्वनाम्नः सुट् इति। अन्वर्थग्रहणं तत्र विज्ञास्यते। सर्वेषां यन्नाम तत्सर्वनाम सर्वनाम्न उत्तरस्य ङेः स्मै भवति सर्वनाम्न उत्तरस्यामः सुड् भवति। यद्येवं सकलं कृत्स्नं जगदित्यत्रापि प्राप्नोति। एतेषां चापि शद्बानामेकैकस्य स स विषयस्तस्मिंस्तस्मिन्विषये यो यः शद्बो वर्तते तस्य तस्य तस्मिंस्तस्मिन्वर्तमानस्य सर्वनामकार्यं प्राप्नोति॥**

પણ **सर्व** વગેરે સંજ્ઞા કે ઉપસર્જન હોય ત્યારે તો ('બધા' એ અર્થ ન દર્શાવતાં માત્ર) વિશિષ્ટ[53] અર્થને જ સૂચવે છે (તેથી તે **सर्वनाम** ગણાશેનહીં).જો એમ હોય[54] તો **सर्वनाम्नः स्मै। आमि सर्वनाम्नः सुट्।** માં **सर्वनाम** સંજ્ઞાને આધારે કહેવામાં આવેલાં કાર્યો સિદ્ધ નહીં થાય. 'સર્વ (પદાર્થ)નું જે નામ તે **सर्वनाम**' એમ અન્વર્થ (**सर्वनाम** શબ્દ)નું ગ્રહણ કર્યું છે તેમ સમજાશે. ('બધા' એ અર્થવાળા) **सर्वनाम** (શબ્દ) પછી આવતા ङि નો **स्मै** આદેશ થાય છે, ( 'બધા' એ અર્થવાળા) **सर्वनाम** (શબ્દ) પછી આવતા **आम्** પ્રત્યયને **सुट्** આગમ લાગે છે (એમ સમજાશે). (સર્વ પદાર્થનું નામ તે **सर्वनाम**) એમ[55] જો (સમજવાનું )હોય તો **सकलम् , कृत्स्नम् ,जगत्** વગેરેને પણ (એ સૂત્રો ) લાગુ પડવાનો પ્રસંગ આવશે[56]. વળી આમાંથી પણ[57] દરેક (શબ્દ) ભિન્ન ભિન્ન વિષય દર્શાવે છે. તે તે વિષય (ના અર્થ) માં જે જે શબ્દ પ્રયોજાયો હોય તે દરેક (શબ્દ પણ) તે તે અર્થ દર્શાવતો હોય ત્યારે ત્યારે તેને **सर्वनाम** (ને થતું) કાર્ય થવાનો પ્રસંગ આવે છે.

---

[53] સંજ્ઞા તો વિશિષ્ટ દ્રવ્યને સૂચવે છે . આમ સર્વનું નામ ન હોવાથી તે **सर्वनाम** નથી.જે **सर्वादि** ઉપસર્જન તરીકે પ્રયોજાયો હોય તેનો અર્થ અન્યપદના અર્થ સાથે સંબદ્ધ હોવાથી તે પ્રધાનતયા સર્વને સૂચવતો નથી તેથી તેને પણ **सर्वनाम** ન કહેવાય.મૂળમાં જે **विशेषे** એમ કહ્યું છે તેમાં સંજ્ઞાના સંદર્ભમાં **विशेष** શબ્દ વિશિષ્ટ(દ્રવ્ય)ના અર્થમાં છે, પરન્તુ ઉપસર્જનના સંદર્ભમાં તેનો અર્થ વિશેષણ થશે.

[54] એટલે કે **सर्वादीनि सर्वनामानि।** સૂત્ર **सर्वनाम** સંજ્ઞાનું વિધાન ન કરતું હોય અને **सर्वनाम** એ શબ્દ માત્ર **सर्वादि** નું વિશેષણ હોય તો સંજ્ઞા ન થવાને કારણે સંજ્ઞાને અનુલક્ષીને **सर्वनाम्नः स्मै।** વગેરે જે કાર્યોનું વિધાન કરવામાં આવ્યું છે તે સિદ્ધ નહીં શકે.

[55] એટલે કે જે સર્વનાં નામ તે **सर्वादि** એમ અર્થાનુરૂપ સંજ્ઞા સ્વીકારવામાં આવે તો. છાયા.માં કહ્યું છે કે પૂર્વે જે **यद्येवम्** છે તેમાં અન્વર્થ સંજ્ઞાનો પણ ઉલ્લેખ કર્યો છે તે ઉચિત જણાતું નથી.ખરૂં જોતાં પૂર્વે **सर्वेषां यानि नामानि तानि सर्वादीनि** એ વાક્યને અનુલક્ષીને **यद्येवम्** કહ્યું છે અને ત્યાં **सर्वादि** ગણના વિશેષણ તરીકે શબ્દનો ખુલાસો કર્યો છે. જ્યારે અહીં **सर्वेषां यन्नाम तत्सर्वनाम** એ અન્વર્થગ્રહણને લક્ષમાં રાખીને શંકાકાર **यद्येवम्** દ્વારા વાંધો પ્રસ્તુત કરે છે.

[56] કારણ કે એ શબ્દો પણ સર્વનો અર્થ જ દર્શાવે છે.

[57] મૂળમાં **एतेषां चापि** વગેરે શબ્દોથી એક વધારાનો દોષ ભાષ્યકારે દર્શાવ્યો છે.**एतेषाम्** એટલે ઘટ વગેરે શબ્દો પણ સર્વ વગેરેના અર્થમાં પ્રયોજાયા હોય ત્યારે તે (સર્વના) અર્થમાં રહેલ ઘટ વગેરે શબ્દને સર્વનામને લગતું કાર્ય પ્રાપ્ત થવાનો પ્રસંગ આવશે, કારણ કે તે સમયે ઘટ વગેરે સર્વનાં નામ હોવાથી એ અર્થમાં સર્વનામ થશે.દાખલા તરીકે **सर्वस्मिन् ओदने।** એમ કહેવાને બદલે માત્ર **ओदने** એમ કહેવામાં આવે છતાં **सर्वस्मिन् ओदने** (બધા ભાતમાં) એમ અર્થ સમજાય છે ત્યારે **ओदन** શબ્દ બધા **ओदन** (ભાત)નું સૂચન કરે છે તેથી તેને 'બધાનું નામ તે સર્વનામ' એ ન્યાયે **सर्वनाम** ગણીએ તો **ओदन** ङि એ સ્થિતિમાં ङि નો **स्मिन्** થવાનો પ્રસંગ આવશે. કૈ. એ **सर्वस्मिन् ओदने।** એ દૃષ્ટાન્ત માનીને ચર્ચા કરી છે તેનો નાગેશે સ્વીકાર કર્યો નથી. કૈ. કહે છે કે આ ઉદાહરણમાં **सर्व** અને **ओदन**નું સામાનાધિકરણ્ય છે. તેથી અહીં **ओदन** શબ્દ **सर्व** ના અર્થને સ્વીકારીને પ્રવૃત્ત થયો છે. પરિણામે જો એકને (અર્થાત્ **सर्व** શબ્દને) સર્વનામ કાર્ય થાય તો બીજાને (અર્થાત્ **ओदन** શબ્દને )પણ સર્વનામ કાર્ય ન થવા માટે કોઇ પ્રમાણ નથી.સાંભળનાર તો માત્ર **सर्व** શબ્દમાંથી (કે માત્ર **ओदन** શબ્દમાંથી) વિશિષ્ટ અર્થ સમજી શકતો નથી તે માટે જ **सर्व** અને **ओदन** બન્ને શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.વાસ્તવમાં ના.જે દલીલ કરે છે તે જ ભાષ્યકારને સંમત હોય તેમ જણાય છે. સમગ્ર પદનો પ્રયોગ કરવાનો હોય ત્યાં પદના એક ભાગનો પ્રયોગ કરવામાં આવે છે (જેમ કે **सत्यभामा**ને બદલે **भामा**) તેમ જ્યારે **सर्वस्मिन् ओदने।** એ વાક્યપ્રયોગ કરવાને બદલે **ओदने** એટલો વાક્યાંશ જ પ્રયોજવામાં આવે છે છતાં સંદર્ભ ઉપરથી તેટલા જ પદના (પ્રયોગમાં) થી વાક્યનો અર્થ સમજાય છે એમ ભાષ્યકારનો કહેવાનો આશય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एवं तर्ह्युभयमनेन क्रियते पाठश्चैव विशेष्यते संज्ञा च। कथं पुनरेकेन यत्नेनोभयं लभ्यम्। लभ्यमित्याह। कथम्। एकशेषनिर्देशात्। एकशेष निर्देशोऽयम्। सर्वादीनि च सर्वादीनि च सर्वादीनि। सर्वनामानि च सर्वनामानि च सर्वनामानि। सर्वादीनि सर्वनामसंज्ञानि भवन्ति सर्वेषां यानि च नामानि तानि सर्वादीनि। संज्ञोपसर्जने च विशेषेऽवतिष्ठेते॥ अथवा महतीयं संज्ञा क्रियते संज्ञा च नाम यतो न लघीयः। कुत एतत्। लघ्वर्थं संज्ञाकरणम् । तत्र महत्याः संज्ञायाः करण एतत्प्रयोजनमन्वर्थसंज्ञा यथा विज्ञायेत।

જો એમ હોય તો આ (**सर्वादीनि सर्वनामानि।** સૂત્ર) બે કાર્ય કરે છે : (**सर्वादि** ગણ) પાઠનું વિશેષણ પણ[58] બને છે અને સંજ્ઞા પણ કરે છે. પણ એક જ પ્રયત્નમાં બન્ને કેવી રીતે મેળવી શકાય ? તો કહે છે કે મેળવી શકાય.કેવી રીતે[59] (મેળવી શકાય) ? આ એકશેષવૃત્તિદ્વારા કરેલો નિર્દેશ છે (એમ ગણીને). (એટલે કે) આ' (**सर्वादीनि सर्वनामानि।** એ) **सर्वादीनि च सर्वादीनि च सर्वादीनि** અને **सर्वनामानि च सर्वनामानि च सर्वनामानि**'એમ એકશેષવૃત્તિ વ્દારા કરેલો નિર્દેશ છે, (તેથી સમજાશે કે) **सर्व** વગેરેની **सर्वनाम** સંજ્ઞા થાય છે અને સર્વ (પદાર્થ)નાં નામ હોય તેમનો **सर्वादि** ગણમાં સમાવેશ થાય છે, જ્યારે સંજ્ઞાભૂત અને ઉપસર્જનભૂત (**सर्व** વગેરે) વિશિષ્ટ અર્થમાં રહેલા છે.[60] અથવા આ (**सर्वनाम** એ) લાંબી સંજ્ઞા[61] કરવામાં આવે છે, પરંતુ સંજ્ઞા તો[62] એવી હોવી જોઇએ કે જેનાથી ટૂંકુ કંઇ ન હોય. તે શા ઉપરથી ? કારણ કે સંજ્ઞા લાઘવ[63] માટે કરવામાં આવે છે. (તેમ છતાં) લાંબી સંજ્ઞા કરવાનું પ્રયોજન એ છે કે તે અન્વર્થ છે એમ સમજી શકાય.

**सर्वादीनि सर्वनामसंज्ञानि भवन्ति सर्वेषां नामानीति चातः सर्वनामानि। संज्ञोपसर्जने च विशेषेऽवतिष्ठेते॥**

**अथोभस्य सर्वनामत्वे कोऽर्थः।**

**उभस्य सर्वनामत्वेऽकजर्थः॥७॥**

---

[58] (ગણ)પાઠનું વિશેષણ બને છે (તે એક કાર્ય) અને તેથી 'સર્વનો અર્થ' દર્શાવતાં હોય તે **सर्वादि** એમ સમજાશે. પરન્તુ સંજ્ઞા અને ઉપસર્જન, જે વિશેષ અર્થ બતાવે છે તેમનો તેમાં સમાવેશ નહીં થાય. બીજું કાર્ય **सर्वनाम** સંજ્ઞા કરવી તે. પરિણામે જે સર્વનો અર્થ બતાવતાં હોય તે **सर्वादि** ની જ **सर्वनाम** સંજ્ઞા થશે અને એ અર્થમાં સંજ્ઞા અને ઉપસર્જનનો **सर्वादि** માં સમાવેશ ન થતો હોવાથી તેમની **सर्वनाम** સંજ્ઞા નહીં થાય .આમ **सर्वनाम** સંજ્ઞા કરવી અને સાથેસાથ સંજ્ઞા અને ઉપસર્જનની નિવૃત્તિ કરવી એ બે કાર્ય આ સૂત્ર કરે છે.

[59] મૂળમાં '**कथम्**' એમ પાઠ છે તે ચૌખં.(પૃ.૩૩૦) માં નથી આપ્યો. નિ.સા.(પૃ.૨૯૯) માં[**कथम्**] એમ કૌંસમાં આપીને સંપાદક નોંધે છેઃ- કૌંસમાંનો પાઠ સર્વત્ર મળતો નથી.

[60] **सर्व** શબ્દ જ્યારે સંજ્ઞા તરીકે પ્રયોજાય ત્યારે તે પોતાના (**सर्वनाम** તરીકેના) પ્રવૃત્તિનિમિત્તને ત્યજી દે છે અને માત્ર પોતાનું વિશિષ્ટ સ્વરૂપ જ સૂચવે છે. જો **सर्व** શબ્દ ઉપસર્જન તરીકે વપરાયો હોય તો કાં તો તે પોતાનો મૂળ અર્થ બતાવતો નથી (કારણ કે તેનો ત્યાગ કરે છે ) અથવા તો મૂળ અર્થ ન ત્યજે તો પણ **अतिसर्वः** જેવાં દૃષ્ટાન્તોમાં તે અર્થ **अतिक्रान्तः** (ચડિયાતો) એ અર્થના વિશેષણ રૂપ બને છે. તેથી મૂળ અર્થ પ્રધાનપણે દર્શાવતો નથી.

[61] અભિધેયને ટૂંકમાં રજુ કરવું તે શબ્દ વ્યવહારનો હેતુ છે અને સંજ્ઞા અર્થાત્ નામ તો અભિધેયને તેથી પણ ટૂંકમાં રજુ કરવા માટે પ્રયોજાય છે. આમ હોવાથી સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે સૂત્રકારે **सर्वनाम** એમ દીર્ઘ સંજ્ઞા શા માટે કરી ? અને સૂત્રકારે દીર્ઘ સંજ્ઞા કરી છે તેથી એવું અનુમાન થાય છે કે આ (**सर्वादि** ગણમાં પરિગણિત સર્વનામો) માં સર્વનામત્વ અવશ્ય રહેલું છે, જેને કારણે **सर्वनाम** શબ્દ એ અર્થમાં પ્રચારમાં આવ્યો છે.આથી જ તે (શબ્દો) ને અનુરૂપ એવી **सर्वनाम** સંજ્ઞા એમને કરવામાં આવી. તેથી જે સર્વનામત્વ યુક્ત હોય તે (**सर्वादि** ) શબ્દોને જ અનુલક્ષીને **सर्वनाम** ને લગતું કાર્ય થાય છે અને અન્તર્ગણને લગતું કાર્ય પણ થાય છે.તે સિવાયના જે કોઇની સંજ્ઞા તરીકે પ્રયોજાયા હોય અથવા ઉપસર્જન તરીકે પ્રયોજ્યામાં આવ્યા હોય તે **सर्व** વગેરે શબ્દોને આ પ્રકારનાં કાર્યો થતાં નથી, કારણ કે તે (શબ્દો) માં સર્વનામત્વ નથી.

[62] ભાષ્યમાં **संज्ञा च नाम** એમ છે.ત્યાં **नाम** એ શબ્દ સંજ્ઞાના પર્યાય તરીકે પણ લઇ શકાય. તેથી(કૈ.) કહે છે : **ततोऽपि लघीयो नाम।**

[63] લાઘવ માટે અર્થાત્ લાઘવપૂર્વક--સરળ અને સંક્ષિપ્ત રીતે,શાસ્ત્રની પ્રવૃત્તિ થઇ શકે તે માટે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उभस्य सर्वनामत्वेऽकजर्थः पाठः क्रियते। उभकौ। किमुच्यतेऽकजर्थ इति न पुनरन्यान्यपि सर्वनामकार्याणि।

अन्याभावो द्विवचनटाब्विषयत्वात् ॥८॥

अन्येषां सर्वनामकार्याणामभावः। किं कारणम्। द्विवचनटाब्विषयत्वात्। उभशद्बोऽयं द्विवचनटाब्विषयोऽन्यानि च सर्वनामकार्याण्येकवचनवहुवचनेषूच्यन्ते॥ यदा पुनरयमुभशद्बो द्विवचनटाब्विषयः क इदानीमस्यान्यत्र भवति।

એટલે કે **सर्व** વગેરેની **सर्वनाम** સંજ્ઞા છે અને તે (**सर्वादि** ) સર્વ (પદાર્થ) નાં નામ છે તેથી તે **सर्वनाम** (કહેવાય) છે. પરંતુ સંજ્ઞાભૂત અને ઉપસર્જનભૂત (**सर्व** વગેરે) વિશિષ્ટ અર્થમાં રહેલાં છે

હવે **उभ** (શબ્દ)ને[64] **सर्वनाम** ગણવાનું શું પ્રયોજન છે ?

**अकच्** ને માટે **उभ** ને **सर्वनाम** ગણવામાં આવે છે ॥૭॥

**उभ** (શબ્દ)ને (**अव्ययसर्वनाम्नाकच्प्राक्टेः**।પ્રમાણે ) **अकच्** લગાડી શકાય તે માટે તેનો (**सर्वादि** ગણમાં) પાઠ કરવામાં આવ્યો છે,(જેથી) **उभकौ** (થઇ શકે). **अकच्** માટે (પાઠ કરવામાં આવ્યો છે એમ કહ્યું પરંતુ **सर्वनाम** ને કહેલાં અન્ય કાર્યો (થઇ શકે તે) માટે એમ કેમ ન કહ્યું ?

(સર્વનામનાં) અન્ય (કાર્યો **उभ** ને) છે જ નહીં, કારણ કે તે દ્વિવચન અને **टाप्** નો વિષય છે ॥૮॥

(**उभ** ને માટે **सर्वनाम**ને લગતાં) અન્ય કાર્યો અસ્તિત્વ ધરાવતાં નથી, કારણ કે **उभ** માત્ર દ્વિવચનો જ વિષય છે (અને સ્ત્રી લિંગમાં તેને) **टाप्** લાગે છે, અર્થાત્ આ શબ્દને દ્વિવચનના જ પ્રત્યયો લાગે છે અને (સ્ત્રીલિંગમાં) **टाप्** લાગે છે, જ્યારે સર્વનામને લગતાં અન્ય કાર્યો તો એક -વચન અને બહુવચન (પ્રત્યયો ) પર[65] હોય ત્યારે કહેવામાં આવ્યાં છે. જો આ **उभ** શબ્દ દ્વિવચન અને **टाप्** નો વિષય હોય તો હવે તે સિવાય બીજાં (**तसिल्** વગેરે)[66] સ્થળે એને બદલે કયો (શબ્દ) થાય છે ?

उभयोऽन्यत्र ॥९॥

उभयशद्बोऽस्यान्यत्र भवति। उभये देवमनुष्याः। उभयो मणिरिति॥ किं च स्याद्यद्यत्राकज्न स्यात्। कः प्रसज्येत। कश्च ककचोर्विशेषः।

---

[64] આ પ્રશ્ન પૂછનાર એ કહેવા માગે છે કે **उभयतः** વગેરે શબ્દોની સિદ્ધિ **उभय** શબ્દનો પાઠ કરવાથી જ થઇ શકે છે , તેથી **उभ** શબ્દને **सर्वादि** ગણમાં મૂકવાનો કોઇ અર્થ નથી .

[65] **सर्वनाम्नः स्मै। ङसिङ्योः स्मात्स्मिनौ।** એ સૂત્રો અનુસાર સર્વનામ પછી આવતા ચતુર્થી, પંચમી અને સપ્તમી એકવચનના પ્રત્યયો ના અનુક્રમે **स्मै, स्मात्** અને **स्मिन्** આદેશ થાય છે.**जसः शी।** અને **आमि सर्वनाम्नः सुट्।** પ્રમાણે પ્રથમા બહુવચન અને ષષ્ઠી બહુવચનમાં સર્વનામ પૂર્વે ફેરફાર થાય છે, પરન્તુ દ્વિવચનમાં કોઇ ફેર નથી. સર્વનામને સ્ત્રીલિંગ બનાવવા માટે દ્વિવચનમાં પણ **टाप्** થાય છે. જેમકે **सर्व टाप् →सर्वा शी** (**औङ् आपः** ।पा०).

[66] જેમ કે **उभ+तसिल्→**અહીં દ્વિવચનનો પ્રત્યય નથી તેમ જ **टाप्** પણ નથી. તેથી એ પ્રત્યય **उभ**ને ન લાગે તો તેને બદલે કયો શબ્દ છે કે જેને એ (**तसिल्** વગેરે) પ્રત્યયો લાગશે ? એમ પ્રશ્નકર્તા કહેવા માગે છે. અહીં **उभ** નો (**उभादुदात्तो नित्यम्।** પ્રમાણે **अयच्** લાગીને) **उभय** થશે અને **तस्** (**तसिल्** ) લાગીને **उभयतः** રૂપ પ્રાપ્ત થશે.તેથી જ વાર્તિકકાર કહેશે કે જ્યારે દ્વિવચનનો સંભવ ન હોય ત્યારે **उभय** થાય છે (**उभयोऽन्यत्र** ।).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उभशब्दोऽयं द्विवचनटाब्विषय इत्युक्तम्। तत्राकचि सत्यकचस्तन्मध्यपतितत्वाच्छक्यत एतद्वक्तुं द्विवचनपरोऽयमिति। के पुनः सति नायं द्विवचनपरः स्यात्। तत्र द्विवचनपरता वक्तव्या। यथैव तर्हि के सति नायं द्विवचनपर एवमाप्य--

અન્યત્ર उभय (થાય છે)॥૯॥

(દ્વિવચન અને टाप् સિવાયના) અન્ય (વિષય) માં આ (उभ ) નો उभय શબ્દ થાય છે. (જેમ કે) उभये देवमनुष्याः। उभयो मणिः।[67] જો આ (उभ )ને अकच् ન લાગે તો વળી શું થાય ? (તેને) क લાગવાનો પ્રસંગ આવે.[68] તો પછી क અને अकच् માં ફેર શો છે ? [69] उभ શબ્દ દ્વિવચન અને टाप् નો વિષય છે[70] એમ કહ્યું. ત્યાં જો अकच् લાગે તો તે (उभ શબ્દની) વચમાં (અર્થાત् टि પૂર્વે) રહેલો હોવાથી આ (उभ) ની પછી દ્વિવચન પ્રત્યય છે તેમ કહી શકાય, પરંતુ જો क (પ્રત્યય લાગ્યો) હોય તો એ (उभ શબ્દ) દ્વિવચન પર ન થઇ શકે. (તેથી) ત્યાં (उभ શબ્દ) દ્વિવચન પર છે તેમ કહેવું પડશે.[71] તો પછી જેમ क લાગે ત્યારે આ (उभ) દ્વિવચનપર નથી તેમ आप् (टाप्) -पि सति नायं द्विवचनपरः स्यात्। तत्रापि द्विवचनपरता वक्तव्या। अवचनादपि तत्परविज्ञानम्। अन्तरेणापि वचनमापि

---

[67] उभये देवमनुष्याः। उभयो मणिः। उभ શબ્દને અવયવના અર્થમાં अयच् લાગીને उभय શબ્દ બન્યો છે જેમાં બન્ને અવયવ (અર્થાત્ દેવો અને મનુષ્યો) છે (उभौ अवयवौ येषाम्) તે उभये અર્થાત્ એક સમૂહ દેવોનો અને એક સમૂહ મનુષ્યોનો છે તે उभये देवमनुष्याः। થશે.તે જ રીતે उभयो मणिः। માં उभौ अवयवौ यस्य (જેના બે અવયવ છે તે) એટલે કે જેમાં (પીળા અને લાલ એમ) બે ભાગ છે તેવો મણિ (उभौ पीतलोहितौ अवयवौ अस्य ).કૈ. નોંધે છે કે સૂત્રકારે उभादुदात्तो नित्यम्। એ સૂત્રમાં नित्यम् શબ્દ મૂકીને સૂચવ્યું છે કે સમાસમાં उभ શબ્દને સ્થાને उभय નો પ્રયોગ થાય છે. उभावाहु જેવા સમાસ द्विदण्डद्व्यादिभ्यश्च। સૂત્રથી નિપાતિત હોવાથી સાધુ છે.

[68] જો उभ શબ્દને सर्वनाम સંજ્ઞા ન થાય તો अव्ययसर्वनाम्नामकच्प्राक्टेः। પ્રમાણે તેને अकच् પ્રાપ્ત ન થાય .પરિણામે प्रागिवात्कः। એ સૂત્ર પ્રમાણે क લાગવાનો પ્રસંગ આવશે, કારણ કે अकच् નું વિધાન કરનાર સૂત્ર प्रागिवात्कः। નો અપવાદ છે.

[69] अकच् અને क એ બે પ્રત્યયોમાં તેમના સ્વરની બાબતમાં કોઇ ફેર પડતો નથી, કારણ કે अकच् એ चित् પ્રત્યય હોવાથી उभ ને अकच् લાગીને થતો उभक એ શબ્દ चितः। (૬-૧-૧૬૩) અને चिति प्रत्यये प्रकृतिप्रत्ययसमुदायस्यान्त उदात्त इष्यते। એ ઇષ્ટિ પ્રમાણે उभक શબ્દ અન્તોદાત્ત થશે. उभ ને क પ્રત્યય લાગ્યો હોય તો પણ (प्रत्ययः।)आद्युदात्तश्च। પ્રમાણે પ્રત્યય સ્વરને કારણે उभक અન્તોદાત્ત જ થશે. તે જ રીતે उभને अकच् લાગ્યો હોય કે क લાગ્યો હોય તો પણ સ્વરૂપ તો उभक જ રહે છે.વળી પદકારો પદપાઠમાં क ને અવગ્રહથી (उभऽक એમ) જુદો પાડતા નથી.એ સર્વને લક્ષમાં રાખીને આ પ્રશ્ન કરવામાં આવ્યો છે.

[70] उभ શબ્દ દ્વિવચન અને टाप् નો વિષય છે, તે સિવાય उभय શબ્દ પ્રયોજાય છે એમ કહ્યું. પરન્તુ अकच् પ્રત્યય લાગે ત્યારે उभकौ માં પાછળ દ્વિવચનનો પ્રત્યય છે તેમ, કહી શકાશે કારણ કે अकच् પ્રત્યય टि પૂર્વે થાય છે તેથી उभ अकच्→ उभ् अक अ औ →उभकौ થવાથી उभ ની પછી દ્વિવચન પ્રત્યય છે તેમ तन्मध्यपतितः तद्ग्रहणेन गृह्यते। (પરિ.) પ્રમાણે કહી શકાશે.પરન્તુ उभ ને क લાગ્યો હોય ત્યારે उभ क औ એમ થવાથી उभक औ એ સ્થિતિમાં उभની પછી દ્વિવચન પ્રત્યય (औ) આવ્યો ન કહેવાય.પરિણામે उभને સ્થાને उभय પ્રયોજવાનો પ્રસંગ આવશે. તેથી उभ શબ્દની પછી દ્વિવચન પ્રત્યયનો લોપ થયો હોય અથવા તો क પ્રત્યયનું વ્યવધાન હોય તો પણ उभ નો પ્રયોગ સાધુ છે તેમ કહેવું પડશે.

[71] પરન્તુ क પર હોય ત્યારે (के पुनः सति ) उभ ની પછી કોઇ વ્યવધાન વિના દ્વિવચન પ્રત્યય છે તેમ ન કહી શકાય.તે રીતે उभघटौ જેવાં સ્થળે क લાગ્યો નથી પરન્તુ દ્વિવચન અને उभ ની વચ્ચે क નું વ્યવધાન છે તેથી उभ નો પ્રયોગ અસાધુ થશે, કારણ કે દ્વિવચન પ્રત્યયનું અવ્યવહિત રીતે શ્રવણ થતું હોય તો જ उभनो પ્રયોગ સાધુ બને છે. પરન્તુ સમાસમાં થાય છે તેમ દ્વિવચનના પ્રત્યયનો લોપ થયો હોય અથવા उभ અને દ્વિવચન વચ્ચે ( क જેવાનું) વ્યવધાન હોય તો उभ નો પ્રયોગ સાધુ નથી.

નોંધ:—નિ.સા.(उद्योत-પૃ.૩૦૨)માં એમ પાઠ છે અને સંપાદક નોંધે છે: उभकघटाविति क्वचित्पाठः।( જુઓ પા.ટી.૬) નાગેશે उभघटौ ને જ અસાધુ પ્રયોગના ઉદાહરણ રૂપે ટાંક્યું છે તેથી તે પાઠ જ સ્વારસિક જણાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**द्विवचनपरोऽयं भविष्यति । किं वक्तव्यमेतत्। न हि। कथमनुच्यमानं गंस्यते। एकादेशद कृते द्विवचनपरोऽयमन्तादिवद्भावेन। अवचनादापि तत्परविज्ञानमिति चेत्केऽपि तुल्यम्॥१०॥**

દ્વિવચનપર નથી તેમ **आप्**(**टाप्**) લાગે[72] ત્યારે પણ તે દ્વિવચનપર નહીં થાય, તેથી ત્યાં પણ કહેવું પડશે કે (**उभ** શબ્દ) દ્વિવચનપર છે. કહ્યા વિના પણ **आप्** પર થતાં તે (**उभ**) (દ્વિવચન)નો વિષય છે તે સમજાશે, [(એટલે કે **टाप्** ની બાબતમાં તો ખાસ કહ્યા વિના પણ (**उभ** શબ્દ) દ્વિવચનપર થશે][73].તો શું એ કહેવું પડશે ?[74] ના રે. (તો પછી) કહ્યા વિના કેવી રીતે સમજાશે (કે **आप्** લાગે ત્યારે **उभ** શબ્દ દ્વિવચન પર છે) ? {**टाप्** (**आ**) અને **उभ** નો **अ** એ બેનો } એકાદેશ (**आ**) કર્યા પછી અન્તાદિવદ્ભાવથી **आ** અને **अ** નો એકાદેશ[75] (**उभा** એ **उभ** શબ્દ જ છે એમ સમજવાથી) તે દ્વિવચન પર છે (એમ સમજાશે).

**आप्** લાગ્યા પછી ન કહેવા છતાં (**उभ** શબ્દ) દ્વિવચનપર હોવાનું જ્ઞાન થાય છે એમ જો કહો તો **क** લાગતાં પણ તેના જેવું જ થશે ॥૧૦॥[76]

---

[72] મૂળમાં **चापि** એટલે કે (**अजाद्यतष्टाप्।** પ્રમાણે થતો ) **आप्**(**टाप्**) પ્રત્યય પર હોય ત્યારે (પણ) દ્વિવચન પ્રત્યય પાછળ નથી આવતો. વાસ્તવમાં તો '**उभ** શબ્દ દ્વિવચન પ્રત્યય પર હોય ત્યારે અને **टाप्** પર હોય ત્યારે સાધુ છે' એમ સ્પષ્ટ વિધાન કરવામાં આવ્યું છે. તેથી **टाप्** પર હોય ત્યારે શબ્દ દ્વિવચન પર છે' એમ કહેવું પડશે, એ દલીલને અવકાશ જ નથી છતાં **टाप्** માત્ર દ્વિવચનમાં જ **उभ** ને લાગે, એકવચન કે બહુવચનમાં ન લાગે તે માટે 'તે દ્વિવચન પર છે' એમ કહેવું જરૂરી છે.

[73] **टाप्** પ્રત્યય સ્વાર્થે લાગે છે તેથી **उभ** નો અર્થ કાયમ રહે છે. વળી **टाप्** લગાડીને દીર્ઘ કર્યા પછી પણ અન્તવદ્ભાવથી **उभा** એ **उभ** જ છે એમ સમજાય છે અને સ્વાર્થે લાગે છે તેથી **उभा** એમ થયાપછી એકવચન થવાનો પ્રસંગ નહીં આવે. નોંધ:—**अवचनादापि तत्परविज्ञानम्।** એ વાક્ય નિ.સા.(પૃ.૩૦૨), ચૌખં. (પૃ.૩૩૩),યુ.મી.(પૃ.૪૬૯), ચારુ.(પૃ ૩૨૮)માં વાર્તિક તરીકે આપેલું છે. જ્યારે કિ.(પૃ.૮૯),વા.શા.(મ)(પૃ.૨૨૯), વા.શા.(હિ)(પૃ.૩૪૮)અને સુ.શા.(ભા.૨, પૃ.૧૮૭)માં તેને ભાષ્યકારના વચન તરીકે આપ્યું છે. સુ.શા.નોંધે છે કે કેટલાક આને વાર્તિક ગણે છે.

[74] મૂળમાં **किं वक्तव्यमेतत्** થી માંડીને **अन्तादिवद्भावेन** સુધીનો જે ભાષ્યગ્રન્થ છે તે યોગ્ય પાઠ નથી તેમ ના. નોંધે છે. (**किं वक्तव्यमेतदित्या- दिरन्तादिवद्भावेनेत्यन्तोऽपाठः।उ०पृ०३३३**) **अवचनादापि०** વગેરે વાર્તિકમાં સ્પષ્ટ કહ્યું છે કે 'ન કહ્યું હોય તો પણ' વગેરે.પછી **किं वक्तव्यमेतत्**? એ પ્રશ્ન અસંગત છે.ના. ઉમેરે છે કે અથવા આ પ્રશ્ન ભ્રમમૂલક હોઇ શકે. સુ.શા. **किं न वक्तव्यमेतत्** એમ અહીં **न**-કાર સહિતપાઠ કલ્પે છે. (ભાગ.૨,પૃ.૧૮૭).

[75] અન્તવદ્ભાવ–**उभ+टाप्+शी→उभ+आ+शी→उभा+शी** અહીં **उभ** ના **अ** અને **टाप्** ના **आ** નો એકાદેશ **आ** થયો તે **आ** એ **अ** જ છે એમ સમજવાથી (**अन्तादिवच्च।पा०**)→**उभा+शी** એ સ્થિતિમાં દ્વિવચનના પ્રત્યય પૂર્વે **उभ** જ છે તેમ કહી શકાય.

[76] **अवचनादापि तत्परविज्ञानमिति चेत्केऽपि तुल्यम्।** એ વાક્ય કિ.(પૃ૮૯),વા.શા.(મ.પૃ.૨૨૯),વા.શા.(હિ.પૃ.૩૪૯),નિ.સા.(પૃ.૩૦૩) ,ચૌખં.(પૃ.૩૩૩),યુમી.(પૃ.૪૬૯)માં વાર્તિક તરીકે આપ્યું છે.સુ.શા.તેને વાર્તિક નથી ગણતા.(ભા.૨.પૃ.૧૮૮). તે નોંધે છે : પ્રૌ.મ.માં **भाष्ये प्रत्याख्यानं प्रौढिवादमात्रम्।** એમ કહ્યું છે તે ઉપરથી જણાય છે કે **अवचनादपि०** વગેરે ભાષ્યકારનું પોતાનું વચન છે, વા.નથી.જે લોકો **अवचनादापि तत्पर विज्ञानम्।** (કિ.પૃ.૮૯) એ વાક્યને મહાભાષ્યકારનું વિધાન ગણે છે તેઓ આ વાક્યને વા. તરીકે કેમ ગણે છે તે સમજવું અઘરૂં છે.પ્રૌઢ.માં આ પ્રમાણે છે: **यद्यपि भाष्ये कप्रत्ययस्यापि स्वार्थिकत्वेनोभशब्दात् परस्य द्विवचनत्वमस्तीत्याश्रित्योभ-शद्बपाठः प्रत्याख्यातः तथाऽपि प्रौढिवादमात्रं तत्।** પ્રૌઢ.(ચૌખં.૧૯૩૪આવૃત્તિ- પૃ.૨૫૨).વાસ્તવમાં આગળનું વાક્ય **अवचनादापि तत्परविज्ञानम्।** અને આ **अवचनादापि केऽपि तुल्यम्।** એ બન્ને વિધાનો વાર્તિકકારનાં જણાય છે. તેથી તે બન્ને પછી ભાષ્યકારનું ભાષ્ય છે. **अन्तरेणापि वचनं द्विवचनपरोऽयं भविष्यति।**એ વા.(૧)ના શબ્દો લઇને કરેલું ભાષ્ય છે અને **अवचनादापि तत्परविज्ञानमिति चेत् केऽपि अन्तरेण वचनं द्विवचनपरो भविष्यति।** એ વા.(૨) ઉપરનું ભાષ્ય છે એમ ભાષ્યકારની શૈલી ઉપરથી સમજાય શકાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अवचनादापि तत्परविज्ञानमिति चेत्केऽप्यन्तरेण वचनं द्विवचनपरो भविष्यति। कथम्। स्वार्थिकाः प्रत्ययाः प्रकृतितोऽविशिष्टा भवन्तीति प्रकृतिग्रहणेन स्वार्थिकानामपि ग्रहणं भवति ॥ अथ भवतः सर्वनामत्वे कानि प्रयोजनानि।

**भवतोऽकच्छेषात्वानि ॥११॥**

**भवतोऽकच्छेषात्वानि प्रयोजनानि। अकच्। भवकान्। शेषः।स च भवांश्च भवन्तौ। आत्वम्। भवादृगिति॥ किं पुनरिदं परिगणन माहोस्विदु- दाहरणमात्रम्। उदाहरणमात्रमित्याह।**

જો (**उभ** શબ્દને સ્ત્રીલિંગમાં **टाप्** લાગે ત્યારે સ્પષ્ટ કહેવામાં ન આવે તો પણ તે દ્વિવચનપર છે તેમ સમજાય છે એમ કહો તો (**उभ** ની પછી ) **क** આવ્યો હોય ત્યારે પણ સ્પષ્ટ રીતે કહેવામાં ન આવ્યું હોય તો પણ તે દ્વિવચનપર થશે. તે કેવીરીતે ? (કારણ કે) સ્વાર્થે લગાડવામાં આવતા પ્રત્યયો પોતાની પ્રકૃતિથી ભિન્ન અર્થ દર્શાવતા નથી તેથી પ્રકૃતિનું ગ્રહણ થવાથી[77] સ્વાર્થિક પ્રત્યયનું પણ ગ્રહણ થાય છે

તો હવે **भवत्** શબ્દને **सर्वनाम** ગણવાનાં પ્રયોજન કયાં છે ?[78]

**भवत्** શબ્દને **अकच्** , **एकशेष** અને **आत्व** થઇ શકે તે પ્રયોજન (છે) ॥૧૧॥

**भवत्** શબ્દને **अकच्** લાગીને **भवकान्** (થાય), **स च भवांश्च** નો **एकशेष भवन्तौ** (થાય) અને **आत्व** થઇને **भवादृक्** (થાય) એ (તેને સર્વનામ ગણવાનાં ) પ્રયોજનો છે. આ વળી (જે પ્રયોજનો કહ્યાં તે) પરિગણન[79] છે કે માત્ર ઉદાહરણ રૂપે છે ? તો કહે છે કે માત્ર ઉદાહરણ રૂપે જ છે,

**तृतीयादयोऽपि हीष्यन्ते। सर्वनाम्नस्तृतीया।भवता हेतुना। भवतो हेतोरिति॥**

**विभाषा दिक्समासे बहुव्रीहौ ॥१।१।२८॥**

---

[77] સ્વાર્થિક પ્રત્યય પોતાની પ્રકૃતિથી જુદા નથી હોતા અને પ્રકૃતિ સિવાય બીજા અર્થનો બોધ કરાવતા નથી. તેથી અહીં **प्रकृतिग्रहणेन** એમ ભાષ્યમાં કહ્યું છે, તેનો અર્થ પ્રકૃતિરૂપ **उभ** શબ્દનું ગ્રહણ કરાવનાર દ્વિવચન (એટલે કે 'બે' એમ અર્થ દર્શાવી શકનાર) શબ્દ એમ કરીશું, કારણ કે **उभ** એ દ્વિવચનવાચી શબ્દ છે અને તે (**उभ**) જેની પ્રકૃતિ છે તેવા **क** વગેરે પ્રત્યયોનું પણ તેના દ્વારા ગ્રહણ થશે. આમ થવાથી **क** પ્રત્યય પણ દ્વિવચન છે એમ કહી શકાશે, પરિણામે **उभ + क** એ સ્થિતિમાં **उभ** નો (**उभयोऽन्यत्र**। એ વાર્તિક પ્રમાણે) **उभय** થવાનો પ્રસંગ નહીં આવે.વળી **उभयतः, उभयत्र** અવ્યય હોવાથી તે દ્વિવચનનો અર્થ બતાવી ન શકે તેથી અભેદ દર્શાવવાનો હોય ત્યાં **उभय** નો પ્રયોગ થાય છે, **उभ** નો નહીં. એથી **अकच्** માટે **उभ** શબ્દનું **सर्वनाम** ની યાદીમાં ગ્રહણ કર્યું છે તેમ કહેવું યોગ્ય નથી. ભાષ્યકાર આ રીતે સર્વનામોની યાદી -માં **उभ** શબ્દનાપાઠનું ખંડન કરે છે. **अकच्** માટે ગણપાઠમાં **उभ** શબ્દનો સમાવેશ કરવાની કશી જરૂર નથી, કારણ કે **उभाव्ययसर्वनाम्नामकच्प्राक्टेः**। એવો સૂત્રપાઠ કરવાથી **उभ** ને **अकच्** પ્રાપ્ત થઇ શકત (ઉ.)

[78] **भवत्** શબ્દ **अ**-કારાન્ત નથી તેથી તેને **स्मै** વગેરે થવાનો પ્રસંગ આવતો નથી એ કારણે આ પ્રશ્ન કરવામાં આવ્યો છે.પરંતુ **भवतु** નો **सर्वादि** ગણમાં સમાવેશ કરવામાં આવ્યો છે તેથી**अव्ययसर्वनाम्नामकच्प्राक्टेः**। પ્રમાણે **अकच्** લાગીને **भवक** થઇ શકે અને **स च भवांश्च** એ સ્થિતિમાં **त्यदादीनि सर्वैर्नित्यम्**। પ્રમાણે એકશેષ થઇને **भवन्तौ** થઇ શકે તેમ જ **भवत् दृक्** એ સ્થિતિમાં **आ सर्वनाम्नः**। પ્રમાણે **आ**-કાર અન્તાદેશ થઇને **भवादृक्** થઇ શકે.

[79] પરિગણન એટલે સંપૂર્ણ યાદી. જ્યારે યાદીમાં સમાવેશ કરવાને યોગ્ય બધી જ બાબતોને તેમાં મૂકવામાં આવે ત્યારે તેને પરિગણન (exhaustive list) કહે છે પરંતુ જ્યારે સમાવેશ કરવા યોગ્ય બાબતોમાંથી કેટલીકનું નમુનારૂપે ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે તે યાદી ઉદાહરણરૂપ-આકૃતિગણ (illustrative list ) થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

दिग्ग्रहणं किमर्थम्। न बहुव्रीहौ इति प्रतिषेधं वक्ष्यति। तत्र न ज्ञायते क्व विभाषा क्व प्रतिषेध इति। दिग्ग्रहणे पुनः क्रियमाणे न दोषो भवति। तृतीयादयोऽपि हीष्यन्ते। सर्वनाम्नस्तृतीया च। भवता हेतुना। भवतो हेतोरिति ॥दिगुपदिष्टे विभाषान्यत्र प्रतिषेधः॥ अथ समासग्रहणं किमर्थम्। समास एव यो बहुव्रीहिस्तत्र यथा स्याद्बहुव्रीहिवद्भावेन यो बहुव्रीहिस्तत्र मा भूदिति। दक्षिणदक्षिणस्यै देहीति ॥

કારણ કે सर्वनाम्नस्तृतीया च। પ્રમાણે તૃતીયા વગેરે વિભક્તિ પણ (भवत् ને) થાય તે ઇષ્ટ છે (જેથી) भवता हेतुना। भवतो हेतोः। (વગેરે શક્ય બને).[80]દિશાવાચક શબ્દોનો बहुव्रीहि સમાસ કરવામાં આવે ત્યારે सर्वनाम સંજ્ઞા વિકલ્પે થાય છે ॥૧।૧।૨૮॥

(આ સૂત્રમાં) दिक् શબ્દ શા માટે મૂક્યો છે ?[81] न बहुव्रीहौ। માં (સૂત્રકાર सर्वनाम સંજ્ઞાનો ) નિષેધ કરવાના છે. ત્યારે ક્યાં વિભાષા છે અને ક્યાં નિષેધ છે એ સમજાતું નથી, પરંતુ (સૂત્રમાં) दिक् શબ્દ મૂકવામાં આવે તો દોષ નથી આવતો, (કારણ કે તેથી) दिक्-શબ્દ ઉચ્ચારીને કહેલા (બહુવ્રીહિમાં વિકલ્પ અને તે સિવાયનામાં નિષેધ (એમ સમજાય છે)[82] હવે (આ સૂત્રમાં) समास શબ્દ[83] શા માટે મૂક્યો છે ? (એ માટે મૂક્યો છે કે) તેથી જે મુખ્ય બહુવ્રીહિ સમાસ[84] હોય ત્યાં (વિકલ્પ પ્રાપ્ત) થાય પરન્તુ જે બહુવ્રીહિ જેવો હોવાથી બહુવ્રીહિ ગણાતો હોય તેમાં (વિકલ્પ) ન થાય , જેમ કે दक्षिणदक्षिणस्यै देहि।

---

[80] भवत् ને સર્વનામ ગણવામાં આવે તો सर्वनाम्नस्तृतीया च। પ્રમાણે हेतु શબ્દ પ્રયોજાયો હોય ત્યારે ષષ્ઠી તેમ જ તૃતીયા થઇ શકે. જો કે (निमित्तकारणहेतुषु ) सर्वासां प्रायदर्शनम्। એ વાર્તિક પ્રમાણે મોટે ભાગે બધી વિભક્તિ થાય છે, પરંતુ એ વાર્તિકને લક્ષમાં રાખ્યા વિના માત્ર સૂત્રને જ ધ્યાનમાં રાખીને આ દલીલ કરી છે. આ જ દલીલ भवत् ના સમાવેશ માટે કૈયટે નોધેલી છે निमित्तकारणहेतुषु सर्वासां प्रायदर्शनम्। એમ કહ્યું છે તેથી भवत् નો પાઠ ન કરવો તેમ અન્યનો અભિપ્રાય છે એમ તે કહે છે. વાસ્તવમાં જો भवत् શબ્દનો सर्वादि ગણમાં પાઠ હોય તો त्यदादीनि च। પ્રમાણે તેને वृद्ध સંજ્ઞા થતાં उदीचां वृद्धात्। પ્રમાણે फिञ् લાગીને भावतायनिः વગેરે થઇ શકે. भवन्मित्रम् જેવામાં बहुव्रीहौ सर्वनामसंख्ययोः। પ્રમાણે પૂર્વનિપાત થઇ શકે.

[81] न बहुव्रीहौ। એ સૂત્ર દ્વારા બહુવ્રીહિ સમાસમાં સર્વનામ સંજ્ઞાનો નિષેધ કરવામાં આવ્યો છે, જ્યારે विभाषा दिक्समासे बहुव्रीहौ। એ સૂત્રમાં સર્વનામ સંજ્ઞાનું વિકલ્પે વિધાન છે.આમ પ્રતિષેધ અને વિકલ્પ જોડાજોડ આવે છે, પરંતુ વિકલ્પ અને પ્રતિષેધનો વિષય ભિન્ન છે. એક જ સ્થળે બન્ને સંભવિત નથી. જ્યાં જ્યાં બે સમબલ નિયમ લાગુ પડતા હોય ત્યાં ત્યાં પર દ્વારા પૂર્વનો અવશ્ય પ્રતિષેધ થાય છે તેથી વિકલ્પને અવકાશ રહેતો નથી.તે પ્રમાણે જો વિકલ્પ હોય તો તે દ્વારા જ એકનો ભાવ અને બીજાનો અભાવ સિદ્ધ થઇ જાય છે તેથી ત્યાં પ્રતિષેધને અવકાશ નથી રહેતો. આ કારણે જ બન્નેનો વિષય ભિન્ન છે તેમ સમજાય છે.આમ હોવાથી પ્રસ્તુત સૂત્રમાં दिक् શબ્દ મૂકવાની જરૂર નથી એમ સૂચવવા માટે શંકાકારે પ્રશ્ન કર્યો છે.

[82] ક્યાં વિકલ્પનો વિષય છે અને ક્યાં પ્રતિષેધનો એ વાત સ્પષ્ટ કહ્યા વિના સમજાતી નથી.તેથી સૂત્રકારે दिक् શબ્દનું ગ્રહણ કરીને સૂચવ્યું છે કે दिक् શબ્દનું ઉચ્ચારણ કરીને જેનું વિધાન કરવામાં આવ્યું હોય તેવા બહુવ્રીહિમાં (જેમ કે दिङ्नामान्यन्तराले। માં) સર્વનામ સંજ્ઞા વિકલ્પે થાય છે અન્યત્ર न बहुव्रीहौ। પ્રમાણે સર્વનામ સંજ્ઞાનો પ્રતિષેધ થશે.

[83] પ્રસ્તુત સૂત્રમાં बहुव्रीहौ એ શબ્દ દ્વારા સમાસનો અર્થ સમજાય છે પછી અહીં समास શબ્દનું ગ્રહણ કરવાની જરૂર નથી એમ શંકાકારનો ભાવ છે.

[84] ભાષ્યમાં समास एव,'(જે) સમાસ હોય તે (બહુવ્રીહિ) માં જ' એમ છે, એટલે કે જે મુખ્યતયા બહુવ્રીહિ હોય હોય ત્યાં જ વિભાષા પ્રાપ્ત થાય, પરંતુ જે બહુવ્રીહિ સમાસ ન હોય છતાં બહુવ્રીહિને લગતાં કાર્ય થઇ શકે તે માટે જેને બહુવ્રીહિ કહેવામાં આવ્યો હોય તેવા (અમુખ્ય અર્થાત્ ગૌણ) બહુવ્રીહિને વિભાષા પ્રાપ્ત ન થાય તે માટે समास શબ્દ સૂત્રકારે મૂક્યો છે. दक्षिणदक्षिणस्यै એ સમાસમાં आबाधे च। પ્રમાણે દ્વિર્વચન અને एकं बहुव्रीहिवत्। પ્રમાણે બહુવ્રીહિવત્ ભાવ થાય છે, એટલે કે તે બહુવ્રીહિ ન હોવા છતાં બહુવ્રીહિને થતાં કાર્યનો તેને વિશે અતિદેશ કરવામાં આવ્યો છે (સર. बहुव्रीहिवच्चास्य कार्यं भवति। का०),પરંતુ મુખ્યાર્થમાં બહુવ્રીહિ નથી તેથી પ્રસ્તુત સૂત્ર પ્રમાણે વિકલ્પ નહીં થાય, કારણ કે સર્વનામ સંજ્ઞાનો પ્રતિષેધ, સમાસ સ્વર, સમાસાન્ત વગેરે જે કાર્યોનું સમાસાધિકારમાં વિધાન કરવામાં આવ્યું છે તે બહુવ્રીહિ સમાસને જ થાય છે, આતિદેશિક, અતિદેશ દ્વારા, બહુવ્રીહિવદ્ભાવથી થએલા અમુખ્ય (=ગૌણ રીતે થએલા) બહુવ્રીહિને થતાં નથી. કારણ કે સમાસાધિકારમાં જેનું વિધાન કરવામાં આવ્યું છે તે જ બહુવ્રીહિ સમાસ છે તે સિવાયનો બીજો અતિદેશ દ્વારા થએલો બહુવ્રીહિ એ બહુવ્રીહિ સમાસ નથી.[જુઓ : एकं बहुव्रीहिवत्। (૮-૧-૯)સૂત્ર ઉપર :– सर्वनामसंज्ञाप्रतिषेध



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथ बहुव्रीहिग्रहणं किमर्थम्। द्वन्द्वे मा भूत्। दक्षिणोत्ततपूर्वाणामिति। नैतदस्ति प्रयोजनम्। द्वन्द्वे च इति प्रतिषेधो भविष्यति। नाप्राप्ते प्रतिषध इयं विभाषारभ्यते सा यथैव न बहुव्रीहावित्येतं प्रतिषेधं बाधत एवं द्वन्द्वे चेत्येतमपि बाधेत। किं कारणम्। येन नाप्राप्ते तस्य बाधनं भवति न चाप्राप्ते न बहुव्रीहावित्येतस्मिन्प्रतिषेध इयं विभाषारभ्यते द्वन्द्वे चेत्येतस्मिन्पुनः प्राप्ते चाप्राप्ते च॥ अथवा पुरस्तादपवादा अनन्तरा -न्विधीन्बाधन्त-

હવે (આ સૂત્રમાં) **बहुव्रीहि** શબ્દ[85] શા માટે મૂક્યો છે ? (એટલા માટે કે) તેથી **दक्षिणोत्तरपूर्वाणाम्** જેવા (દ્વંદ્વ સમાસ ) માં (સંજ્ઞા) ન થાય. એ પ્રયોજન નથી, કારણ કે **द्वन्द्वे च।** સૂત્રદ્વારા (**सर्वनाम** સંજ્ઞાનો) પ્રતિષેધ થવાનો છે. પ્રતિષેધ જ્યાં અવશ્ય પ્રાપ્ત થયો છે ત્યાં આ વિભાષા કરવામાં આવે છે, તેથી તે જેમ **न बहुव्रीहौ।** એ (સૂત્રદ્વારા કરવામાં આવતા ) પ્રતિષેધનો બાધ કરે છે તેમ **द्वन्द्वे च।** એ (સૂત્ર દ્વારા કરવામાં આવતા) પ્રતિષેધનો પણ બાધ કરશે.(વિભાષા) બાધ નથી કરતી. શા માટે (નથી કરતી) ? કારણ કે જે શાસ્ત્ર અવશ્ય પ્રાપ્ત થાય છે તેનો જ (ત્યાં કહેવામાં આવેલ અન્ય શાસ્ત્રદ્વારા) બાધ થાય છે.(બહુવ્રીહિ સમાસમાં) તો **न बहुव्रीहौ।** એ પ્રતિષેધ અવશ્ય પ્રાપ્ત થતો હોય ત્યાં જ વિભાષા કરવામાં આવી છે, જયારે (દ્વંદ્વ સમાસમાં) તો **द्वन्द्वे च।** એ પ્રતિષેધ પ્રાપ્ત થતો હોય તેમ જ ન થતો હોય ત્યાં ( વિભાષા કરવામાં આવી છે).[86] અથવા પૂર્વ નિર્દિષ્ટ અપવાદ તેની પછી તરત આવતા[87] વિધિનો બાધ કરે છે .'

इत्येवमियं विभाषा न बहुव्रीहावित्येतं प्रतिषेधं बाधिष्यते द्वन्द्वे चेत्येतं प्रतिषेधं न बाधिष्यते॥ अथवेदं तावदयं प्रष्टव्यः। इह कस्मान्न भवति। या पूर्वा सोत्तरास्योन्मुग्धस्य सोऽयं पूर्वोत्तर उन्मुग्धः। तस्मै पूर्वोत्तराय देहीति। लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेति। यद्येवं नार्थो

---

-स्वर- समासान्ताः समासाधिकारविहिते बहुव्रीहौ विज्ञायन्ते। तेन आतिदेशिके बहुव्रीहौ न भवन्ति। (का०) बहुव्रीहिरेव यो बहुव्रीहिस्तत्र प्रतिषेधो यथा स्यात् बहुव्रीहिवद्भावेन यो बहुव्रीहिस्तत्र मा भूत् ...न हि ततो (=समासाधिकारविहिताद्) ऽन्यो बहुव्रीहिरेवं बहुव्रीहिर्भवति। का०, વળી જુઓ (૧-૧-૨૮) ઉપર न्या० - यस्यातिदेशिकं बहुव्रीहित्वं स बहुव्रीहिवद्भावेन बहुव्रीहिः।]

[85] પ્રસ્તુત સૂત્રમાં **बहुव्रीहि** શબ્દ ન મૂક્યો હોય તો **दक्षिणोत्तरपूर्वाणाम** જેવા સમાસમાં પણ વિકલ્પ પ્રાપ્ત થઇને **दक्षिणोत्तरपूर्वासाम्** એવું દુષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવત, પરંતુ **बहुव्रीहि** નું ગ્રહણ કરવાથી તે નથી આવતો.

[86] **न बहुव्रीहौ।** એ નિષેધ સૂત્ર દિગ્બહુવ્રીહિના-સમગ્ર પ્રદેશમાં વ્યાપેલું છે, જયારે **द्वन्द्वे च।** એ નિષેધ સૂત્ર દિગ્દ્વંદ્વના સમગ્ર વિષયમાં વ્યાપેલું નથી કારણ કે **विभाषा जसि।** પ્રમાણે **जस्** પ્રત્યય પૂર્વે વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે.

[87] મૂળ પરિભાષામાં **अनन्तरान्विधीन् - - न उत्तरान्।** એમ કહ્યું છે. **अनन्तरान्** એટલે તરત જ, અવ્યવહિત રીતે, પાછળ આવનાર અને **उत्तरान्** એ શબ્દનો આ સંદર્ભમાં 'પાછળના એટલે કે અવ્યવહિત રીતે તેની પાછળ આવનાર, પછીનો વિધિ' એમ અર્થ થશે. સર્વનામ સંજ્ઞા સૂત્ર **सर्वादीनि सर्वनामानि।** પછી **विभाषा दिक्समासे बहुव्रीहौ।** એ વિભાષા સૂત્ર આવે છે. ત્યાર બાદ **न बहुव्रीहौ।** એ નિષેધ સૂત્ર આવે છે. ત્યાર પછી **तृतीयासमासे।** સૂત્ર છે અને તે પછી **द्वन्द्वे च।** એ સૂત્ર છે. તેથી તે બે સૂત્રો **उत्तर** વિધિ છે. અહીં **विभाषा दिक्समासे०** દ્વારા કરવામાં આવેલ વૈકલ્પિક સર્વનામ સંજ્ઞા અપવાદભૂત છે, જયારે **न बहुव्रीहौ।** દ્વારા કરવામાં આવેલો નિષેધ નિત્ય છે. બાકીનાં સૂત્રો પણ નિષેધવાચી છે, છતાં **द्वन्द्वे च।** એ સૂત્ર અપવાદની પછી તરત જ નથી આવતું એટલે કે અનન્તર નથી તેથી **विभाषा दिक्समासे०** એ સૂત્ર તેનો બાધ નહીં કરી શકે, પરંતુ **न बहुव्रीहौ।** એ સૂત્ર તેની તરત જ પછી આવે છે, અનન્તર છે માટે તેનો **विभाषा दिक्०** દ્વારા બાધ થશે. પરિણામે **सर्वादि** ગણના શબ્દો બહુવ્રીહિ સમાસમાં સર્વનામ સંજ્ઞા પ્રાપ્ત કરતા નથી છતાં જો તે બહુવ્રીહિ સમાસ દિશાને અનુલક્ષીને કરેલો હોય તો તે વિકલ્પે સંજ્ઞા પ્રાપ્ત કરે છે. એટલે કે **विभाषा दिक्०** માં ઉપદેશેલો અપવાદ **न बहुव्रीहौ।** માંના વિધિનો વિકલ્પે બાધ કરશે, તેથી **उत्तरपूर्वस्यै** , **उत्तरपूर्वायै** વગેરે રૂપો પ્રાપ્ત થશે, પરંતુ **प्रियविश्वाय** જેવામાં વિકલ્પે **प्रियविश्वस्मै** નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

बहुव्रीहिग्रहणेन। द्वन्द्वे कस्मान्न भवति। लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेति॥ उत्तरार्थं तर्हि बहुव्रीहिग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। क्रियते तत्रैव न बहुव्रीहाविति। द्वितीयं कर्तव्यम्। बहुव्रीहिरव यो बहुव्रीहिस्तत्र यथा स्याद्बहुव्रीहिवद्भावेन यो बहुव्रीहिस्तत्र मा भूत्। एकैकस्मै देहि। एतदपि नास्ति प्रयोजनम्। समास इति वर्तते तेन बहुव्रीहिं विशेषयिष्यामः। समासो यो बहुव्रीहिरिति॥

એ ન્યાયે આ (**विभाषा दिक्समासे बहुव्रीहौ**। એ) વિભાષા **न बहुव्रीहौ**। એ પ્રતિષેધનો બાધ કરશે, પરન્તુ **द्वन्द्वे च**। એ પ્રતિષેધનો બાધ નહીં કરે. અથવા તો આ (**बहुव्रीहि**ના ગ્રહણ વિશે પૂછનાર) ને જ પૂછવું જોઇએ કે જે મૂર્ખ પૂર્વ દિશાને ઉત્તર કહે છે તે**पूर्वोत्तर** મૂર્ખ. (તે પૂર્વોત્તરને આપો એમ કહેતાં) **तस्मै पूर्वोत्तराय देहि**। એમાં (**पूर्वोत्तरस्मै** એમ વિકલ્પ) કેમ નથી થતો ? કારણ કે **लाक्षणिक**[88] અને **प्रतिपदोक्त** બન્નેનું જ્યાં ગ્રહણ થઇ શકે તેમ હોય ત્યાં પ્રતિપદોક્તનું ગ્રહણ કરવું' એ ન્યાયે (નહીં થાય).જો એમ હોય તો આ સૂત્રમાં **बहुव्रीहि** શબ્દ મૂકવાનો કોઇ અર્થ નથી. તો દ્વંદ્વ સમાસમાં (વિકલ્પ) કેમ નથી થતો ?[89] '**लाक्षणिक**[90] અને **प्रतिपदोक्त** એ બન્નેનું જ્યાં ગ્રહણ હોય ત્યાં પ્રતિપદોક્તનું ગ્રહણ કરવું' એ ન્યાયે.તો પછી **बहुव्रीहि** શબ્દ પાછળના (સૂત્ર) માટે મૂકવો પડશે.નહીં મૂકવો પડે, કારણ કે તેમાં તો **न बहुव्रीहौ**। એમ કહીને **बहुव्रीहि** શબ્દનું ગ્રહણ કરવામાં આવેલ છે. **न बहुव्रीहौ**।માં બીજું (**बहुव्रीहि** શબ્દનું ગ્રહણ) કરવું પડશે, જેથી મુખ્ય રીતે જે **बहुव्रीहि** હોય ત્યાં જ પ્રતિષેધ લાગુ પડે પરંતુ **एकैकस्मै देहि**। (જેવામાં) જે બહુવ્રીહિ જેવો (જે ગૌણ રીતે બહુવ્રીહિ) હોય તેને (પ્રતિષેધ) લાગુ ન પડે.[91] એ પણ (**बहुव्रीहि** ગ્રહણનું) પ્રયોજન નથી, કારણ કે (પ્રસ્તુત સૂત્રમાંથી) **समासे** ની અનુવૃત્તિ થાય છે તેને **बहुव्रीहौ** ના વિશેષણ તરીકે લઇને , મુખ્યતયા જે **बहुव्रीहि** સમાસ છે (તેને જ નિષેધ લાગુ પડશે) એમ (અર્થ

इदं तर्हि प्रयोजनम्। अवयवभूतस्यापि बहुव्रीहेः प्रतिषेधो यथा स्यात्। इह मा भूत्। वस्त्रमन्तरमेषां त इमे वस्त्रान्तराः। वसन-
मन्तरमेषां त इमे वसनान्तराः। वस्त्रान्तराश्च वसनान्तराश्च वस्त्रान्तरवसनान्तराः।

बहुव्रीहौ ॥१।१।२९॥

---

[88] **लक्षण** એટલે પાણિનીય સૂત્ર અને તેના ઉપરથી તૈયાર થએલ શબ્દસ્વરૂપ તે **लाक्षणिक** , પરંતુ સૂત્રમાં જેનું પ્રત્યક્ષ-સાક્ષાત્-ઉચ્ચારણ કરવામાં આવ્યું હોય તે **प्रतिपदोक्त** . **दिङ्नामान्यन्तराले**। એ સૂત્રમાં **दिक्** શબ્દનું સાક્ષાત્ ઉચ્ચારણ કરીને દિક્સમાસનું વિધાન કરવામાં આવ્યું છે તે ઉપરથી **उत्तरपूर्वा, पूर्वदक्षिणा** વગેરે સમાસ થાય છે. આ પ્રતિપદોક્તનાં ઉદાહરણો છે.પરંતુ **शेषो बहुव्रीहिः**। **अनेकमन्यपदार्थे**। જેવાં સૂત્રો પ્રમાણે થએલ સમાસ જેમકે **पूर्वोत्तरः (उन्मुग्धः)** એ લાક્ષણિક છે, કારણ કે એ સૂત્રમાં **दिक्** શબ્દનું સાક્ષાત્ ગ્રહણ કરવામાં આવ્યું નથી. હવે 'સૂત્રમાં જેનો સ્પષ્ટ નિર્દેશ હોય (**प्रतिपदोक्त** ) અને જે કોઇ સૂત્ર ઉપરથી બનેલો હોય (**लाक्षणिक**)

[89] તે બેમાંથી સૂત્રમાં જેનો સ્પષ્ટ નિર્દેશ હોય તેનું (ગ્રહણ કરવું)' એ ન્યાયે **विभाषा दिक्** ० પ્રમાણે કહેવામાં આવેલી **विभाषा** પ્રતિપદોક્તને લાગુ પડશે, લાક્ષણિકને લાગુ નહીં પડે, કારણ કે દિશાને અનુલક્ષીને જે દિક્સમાસનું વિધાન કરવામાં આવ્યું છે તે જ સાચા **दिक्समास** છે, પરિણામે **उत्तरपूर्वा** જેવા સમાસમાં ચતુર્થીમાં **उत्तरपूर्वायै** થવા ઉપરાંત વિકલ્પે સર્વનામ સંજ્ઞા થવાથી **उत्तरपूर्वस्यै** રૂપ પણ ઉપલબ્ધ થશે, જ્યારે **पूर्वोत्तर** માં **पूर्वोत्तराय** રૂપ જ પ્રાપ્ત થશે, **पूर्वोत्तरस्मै** એવું વૈકલ્પિક રૂપ પ્રાપ્ત નહીં થાય, કારણ કે **पूर्वोत्तर** એ લાક્ષણિક સમાસને **विभाषा दिक्०** પ્રમાણે વિભાષા પ્રાપ્ત થતી નથી, પરંતુ **न बहुव्रीहौ**। પ્રમાણે સર્વનામ સંજ્ઞાનો નિષેધ પ્રાપ્ત થાય છે

[90] દ્વન્દ્વ સમાસમાં પણ એ પરિભાષાને પ્રતાપે જ સંજ્ઞા નથી થતી. તેથી પ્રસ્તુત સૂત્રમાં **बहुव्रीहि** શબ્દ ન મૂક્યો હોય તો દ્વન્દ્વને વિભાષા સર્વનામ સંજ્ઞા કેમ લાગુ નથી પડતી એ શંકા અનુચિત છે.

[91] **एकैकस्मै** એ સમાસ **एकं बहुव्रीहिवत्**। એ અતિદેશ સૂત્ર પ્રમાણે બનેલ આતિદેશિક અર્થાત્ બહુવ્રીહિવદ્ભાવથી બનેલ ગૌણ બહુવ્રીહિ છે તેથી **न बहुव्रीहौ**। એ સર્વનામ સંજ્ઞાનો પ્રતિષેધ લાગુ પડતો નથી (પા.ટી.૮૪).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**किमुदाहरणम्। प्रियविश्वाय। नैतदस्ति प्रयोजनम्। सर्वाद्यन्तस्य बहुव्रीहेः प्रतिषेधेन भवितव्यम्। वक्ष्यति चैतत्। बहुव्रीहौ सर्वनामसंख्ययो-रुपसंख्यानमिति। तत्र विश्वप्रियायेति भवितव्यम्॥ इदं तर्हि। द्व्यन्याय त्र्यन्याय।**

કરીશું). તો પછી (ઉત્તર સૂત્રમાં બીજીવાર **बहुव्रीहि** શબ્દનું ગ્રહણ કરવાનું ) એ કારણ છે કે તેથી અવયવભૂત બહુવ્રીહિને[92] પણ (**सर्वनाम** સંજ્ઞાનો નિષેધ લાગુ પડી શકે,(પણ) **वस्त्रम् अन्तरम् एषाम् ते इमे वस्त्रान्तराः** અને **वसनम् अन्तरम् एषाम् ते इमे वसनान्तराः**। આ (બહુવ્રીહિ સમાસો) **वस्त्रान्तराश्च वसनान्तराश्च वस्त्रान्तरवसनान्तराः** એ (દ્વન્દ્વ સમાસના અવયવ છે તેને **सर्वनाम** સંજ્ઞા) લાગુ ન પડે. **बहुव्रीहि** (સમાસ કરવાનો) હોય ત્યારે (**सर्वादि** ને **सर्वनाम** સંજ્ઞા) નથી થતી ॥ **१।१।२९** ॥

(આ સૂત્રનું ) ઉદાહરણ શું છે ?[93] **प्रियविश्वाय** (એ ઉદાહરણ). (આ સૂત્રમાં કરેલા પ્રતિષેધનું) એ પ્રયોજન નથી, કારણ કે **सर्वादि** (ગણનો શબ્દ) જેને અન્તે આવતો હોય તેવા બહુવ્રીહિનો પ્રતિષેધ થવો જોઇએ.આગળ ઉપર (વાર્તિકકાર) એ કહેશે કે 'બહુવ્રીહિમાં સર્વનામ સંજ્ઞક અને સંખ્યાવાચક (શબ્દ) નો પૂર્વનિપાત કરવો જોઇએ'[94] (તેથી) ત્યાં **विश्वप्रियाय** એમ થવું જોઇએ. તો પછી **द्व्यन्याय, त्र्यन्याय** એ

**ननु चात्रापि सर्वनाम्न एव पूर्वनिपातेन भवितव्यम्। नैष दोषः। वक्ष्यत्येतत्। संख्यासर्वनाम्नोर्यो बहुव्रीहिः परत्वात्तत्र संख्यायाः पूर्वनिपातो भवतीति॥ इदं चाप्युदाहरणम्। प्रियविश्वाय। ननु चोक्तं विश्वप्रियायेति भवितव्यमिति। वक्ष्यत्येतत्। वा प्रियस्येति॥ न खल्वप्यवश्यं सर्वा-द्यन्तस्यैव बहुव्रीहेः प्रतिषेधेन भवितव्यम्। किं तर्हि। असर्वाद्यन्तस्यापि भवितव्यम्। किं प्रयोजनम्। अकज्माभू दिति। किं च स्याद्यद्यत्रा**

---

[92] પ્રસ્તુત સૂત્રમાં **बहुव्रीहौ** એમ મૂકવાથી પાછળના **न बहुव्रीहौ।** સૂત્ર પ્રમાણે સર્વનામ સંજ્ઞાનિષેધ ઉપસર્જનભૂત બહુવ્રીહિને પણ લાગુ પડી શકે. શંકા- **वस्त्रान्तरवसनान्तराः** એ દ્વન્દ્વ સમાસના અવયવભૂત **वस्त्रान्तराः** અને **वसनान्तराः** એ બન્ને સમાસો બહુવ્રીહિ છે તેથી **न बहुव्रीहौ।** પ્રમાણે નિષેધ તેમને લાગુ પડે જ છે પછી પ્રસ્તુત સૂત્રમાં બહુવ્રીહિ શબ્દનું ગ્રહણ કરવાની જરૂર નથી. સમાધાન- **वस्त्रान्तराः** અને **वसनान्तराः** એ બન્ને સમાસો બહુવ્રીહિ છે તે ખરૂં, પરંતુ તેઓ **वस्त्रान्तरवसनान्तराः** એ દ્વન્દ્વ સમાસના અવયવભૂત છે તેથી સમૂહભૂત દ્વન્દ્વ સમાસની દૃષ્ટિએ ગૌણ છે, અપ્રધાન છે. અને **प्रधानाप्रधानयोः प्रधाने कार्यसम्प्रत्ययः।** એ પરિભાષા પ્રમાણે 'જ્યારે સૂત્રમાં ઉપદેશેલું કાર્ય પ્રધાન- મુખ્ય, અને અપ્રધાન- અમુખ્ય બન્નેને લાગુ પડે તેવી શક્યતા હોય ત્યાં તે કાર્ય પ્રધાનને જ લાગુ પડે છે (ગૌણને નહી)' તેથી **न बहुव्रीहौ।** એ નિષેધ મુખ્ય બહુવ્રીહિને જ લાગુ પડે, પરંતુ **वस्त्रान्तराः** અને **वसनान्तराः** તો અપ્રધાન છે. પરિણામે તેમને સર્વનામસંજ્ઞાનો નિષેધ લાગુ નહીં પડે. એ દોષ નિવારવા માટે સૂત્રકારે પ્રસ્તુત સૂત્રમાં **बहुव्रीहि** શબ્દનું ગ્રહણ કર્યું છે એમ વાર્તિકકારની દલીલ છે.(જુઓ- **उपसर्जनप्रतिषेधो वार्त्तिककारस्य न सूत्रकारस्य। न बहुव्रीहौ इत्यारम्भात्। तन्मतेनेदं प्रयोजन-मुक्तम्। प्र०** તથા જુઓઃ **वृत्तिकारस्य त्वेषोऽभिप्रायः – उत्तरार्थमवश्यकर्तव्यम्। तदुत्तरार्थमिहापि स्पष्टार्थं भविष्यति। न्यास० पद० ).** અહીં **वसन** શબ્દનો અર્થ 'ઘર' એમ લેવાનો છે.(उ०) **वसति अस्मिन् इति वसनम्। करणाधिकरणयोश्च। इति अधिकरणे ल्युट्।** જો **वसन** શબ્દ વસ્ત્રના અર્થમાં પ્રયોજાયો હોત તો **वसन** અને **वस्त्र** નો દ્વન્દ્વ સમાસ ન થતાં **विरूपाणामपि समानार्थानाम्।** એ વાર્તિક પ્રમાણે એકશેષ થાત.

[93] આ પ્રશ્ન બહુવ્રીહિને સર્વનામ સંજ્ઞાનો નિષેધ કરવાનો હેતુ જાણવા માટે કર્યો છે. **प्रियं विश्वं यस्य सः प्रियविश्वः।** એ બહુવ્રીહિ સમાસમાં ઉત્તરપદ **विश्व** સર્વાદિ ગણનો સભ્ય છે. આથી **प्रियविश्व** નું ચતુર્થી એકવચનમાં **प्रियविश्व ङि** એ સ્થિતિમાં ઉત્તરપદની સર્વનામ સંજ્ઞા થાય તો **ङि** નો (**ङेर्यः।** પ્રમાણે) **य** ન થતાં (**सर्वनाम्नः स्मै।** પ્રમાણે) **स्मै** થવાનો અને **प्रियविश्वस्मै** જેવું અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવે . આ અનિષ્ટનો નિરાસ કરવા માટે સૂત્રકારે **न बहुव्रीहौ।** સૂત્ર કર્યું છે એમ સૂચવવા માટે **प्रियविश्वाय** એ ઉદાહરણ આપ્યું છે. વાસ્તવમાં **प्रिय** એ **विश्व** નું વિશેષણ છે તેથી **सप्तमीविशेषणे बहुव्रीहौ।** પ્રમાણે તેનો પૂર્વનિપાત થશે.

[94] **सप्तमीविशेषणे बहुव्रीहौ।** એ સૂત્ર ઉપર **सर्वनामसंख्योरुपसंख्यानम्।** એ વાર્તિક છે. તે પ્રમાણે બહુવ્રીહિમાં ગુણવાચક શબ્દ અને સંખ્યા વાચક શબ્દનો પૂર્વનિપાત થાય છે. જેમ કે **सर्वश्वेतः, द्विशुक्लः** વગેરે. આ વાર્તિકને કારણે **प्रियं विश्वं यस्य सः** એ વિગ્રહવાક્યનો બહુવ્રીહિ સમાસ કરતાં **विश्वप्रियः** અને તેનું ચતુર્થી એકવચન **विश्वप्रियाय** થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-कच्स्यात्। को न स्यात्। कश्चेदानी काकचोर्विशेषः। व्यञ्जनान्तेषु विशेषः। अहकं पितास्य मकत्पितृकः त्वकं पितास्य त्वकत्पितृक इति प्राप्नोति। मत्कपितृकः त्वत्कपितृक इति चेष्यते।

(ઉદાહરણ છે).[95] પરંતુ આ (સમાસો) માં પણ (अन्य એ) સર્વનામનો જ પૂર્વનિપાત થવો જોઇએ.એ વાંધો નહીં આવે,[96] કારણ કે સંખ્યા(વાચક) અને સર્વનામ (સંજ્ઞક) નો જે બહુવ્રીહિ (હોય તે) માં પર હોવાને કારણે સંખ્યા (વાચક શબ્દ) નો પૂર્વ નિપાત થાય છે, એમ (વાર્તિકકાર) કહેવાના છે. આ प्रियविश्वाय એ ઉદાહરણ પણ (બરોબર) છે.અરે પણ (અમે)કહ્યું કે विश्वप्रियाय એમ થવું જોઇએ. (આગળ

ઉપર વાર્તિકકાર) એ કહેશે કે '(બહુવ્રીહિ સમાસમાં) प्रिय (શબ્દ)નો વિકલ્પે (પૂર્વનિપાત થાય છે)'.[97] વળી सर्वादि (ગણનો શબ્દ) જેને અન્તે હોય તેવા બહુવ્રીહિમાં જ (સર્વનામ સંજ્ઞાનો) પ્રતિષેધ થવો જોઇએ તેમ નથી. તો પછી શું છે ? सर्वादि (ગણનો શબ્દ) જેને અન્તે ન આવ્યો હોય તેવા (બહુવ્રીહિ)માં પણ (सर्वनाम સંજ્ઞાનો)પ્રતિષેધ થવો જોઇએ.(તેમ કરવાનું ) શું કારણ ? अकच् (પ્રત્યય) ન થાય તે.[98] જો अकच् લાગે તો શું થાય ? क (પ્રત્યય)ન થાય.તો હવે क અને अकच् (એ પ્રત્યયો) માં શો ફેર ? વ્યંજનાન્ત(શબ્દો)માં ફેર પડે છે- अहकं पिता अस्य (એ વિગ્રહ વાક્યનો) मकत्पितृकः અને त्वकं पिता अस्य (એ વિગ્રહ વાક્યનો) त्वकत्पितृकः એમ (અનિષ્ટ)સમાસ થશે[99] જ્યારે તેને બદલે मत्कपितृकः અને त्वत्कपितृकः થાય તે છે.

---

[95] द्वौ अन्यौ यस्य। એ વિગ્રહવાક્યનો બહુવ્રીહિ સમાસ द्व्यन्यः થશે. અહીં अन्य સંખ્યેય છે અને द्वि એ સંખ્યા છે. સંખ્યા સંખ્યેય ઉપર આધાર રાખે છે. તેથી ગૌણ છે, એટલે કે સંખ્યાવાચક द्वि અહીં વિશેષણ છે. પરિણામે सप्तमीविशेषणे० પ્રમાણે વિશેષણભૂત સંખ્યાવાચી द्वि શબ્દનો બહુવ્રીહિમાં પૂર્વનિપાત થતાં સર્વાદિગણનો अन्य શબ્દ સમાસને અન્તે આવે છે. તેને સર્વનામ સંજ્ઞાનો નિષેધ થાય તે પ્રસ્તુત સૂત્રનું પ્રયોજન છે એમ આ ઉદાહરણ આપનાર માને છે.

[96] द्वौ अन्यौ यस्य જેવા વિગ્રહ વાક્યનો સમાસ કરતાં द्वि એ સંખ્યાવાચક શબ્દ अन्य નું વિશેષણ હોવાથી તેનો પૂર્વનિપાત થાય છે (નોંધ ૯૩) અને सर्वनामसंख्योः० (નોંધ ૯૨) પ્રમાણે સંખ્યાનો પૂર્વનિપાત કરવાનો છે તેથી બહુવ્રીહિમાં સર્વનામ અને સંખ્યા બન્ને આવ્યાં હોય ત્યારે સર્વનામનો જ પૂર્વનિપાત થાય છે એમ નિયમ કરવો જરૂરી છે.એમ શંકાકારનું કહેવું છે. તેથી કહે છે કે એ દોષ નથી આવતો કારણ કે सर्वनामसंख्योः० વગેરે વાર્તિકમાં अल्पाच् (ઓછા સ્વરયુક્ત) હોવા છતાં संख्या શબ્દને પાછળ (पर) મૂક્યા છે તેથી શબ્દને લગતા પરવિપ્રતિષેધને કારણે पर હોવાથી संख्या શબ્દ આગળ રહેલા (पूर्व) સર્વનામ- વાચકનો બાધ કરશે,એટલે કે સંખ્યા-વાચકનો જ પૂર્વનિપાત થશે.એટલા માટે જ વાર્તિકકારે संख्यासर्वनाम्नोः उपसंख्यानम्। એમ ન કહેતાં सर्वनामसंख्योः० એમ કહ્યું છે. (સર. આ વાર્તિક ઉપર सि० कौ० मिथोऽनयोः समासे संख्या पूर्वं शब्दविप्रतिषेधात्। અને तत्त्व० विपरीतोच्चारणमेवात्र लिङ्गमिति भावः।)

[97] सप्तमीविशेषणे० એ સૂત્ર ઉપરની वा प्रियस्य। એ વાર્તિકથી બહુવ્રીહિમાં प्रिय શબ્દના પૂર્વનિપાતનું વિકલ્પે વિધાન કરવામાં આવ્યું છે તેથી गुडप्रियः, प्रियगुडः જેવા પ્રયોગો ઉપલબ્ધ થાય છે.પરિણામે विश्वप्रियाय તેમ જ प्रियविश्वाय એમ પ્રયોગ થઇ શકશે તેથી ઉદાહરણ ઉચિત જ છે એમ દલીલ છે.

[98] प्रागिवात्कः। પ્રમાણે क પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે.ત્યાર પછી अव्ययसर्वनाम्नामकच्प्राक्टेः। એ સૂત્ર દ્વારા સર્વનામ અને અવ્યયને अकच् નું વિધાન કર્યુ છે આમ अकच् એ क નો અપવાદ છે. આથી જો બહુવ્રીહિમાં સર્વનામ સંજ્ઞા થાય તો क ન થતાં अकच् થવાનો પ્રસંગ આવશે એમ દલીલ છે.

[99] अकच् અને क લાગતાં સ્વરાન્ત અવ્યય કે સર્વનામમાં તો કોઇ ફેર જણાતો નથી, પરંતુ વ્યંજનાન્ત માં ફેર જરૂર પડશે, કારણ કે क અન્તે લાગે છે, જ્યારે अकच् તેમના टि પૂર્વે થાય છે. જેમ કે अहकं पिता अस्य। એ લૌકિક વાક્યનો સમાસ થતાં सुपो धातुप्राति० પ્રમાણે सु નો लुक् થતાં → अस्मत् क पितृ થશે. હવે એકવચનના અર્થમાં त्वमावेकवचने। પ્રમાણે मपर्यन्त ભાગ (अस्म् )નો म આદેશ થતાં म अत् क पितृ (अतो गुणे। થી એકાદેશ- मत्कपितृ (नद्यृतश्च। થી कप् થઇને) मत्कपितृकः થાય, પરંતુ अकच् લાગે ત્યારે તે પ્રત્યય टि પૂર્વે થતો હોવાથી (ઉપર પ્રમાણેની પ્રક્રિયા પછી) म अक अत् पितृ क--मकत्पितृकः એમ થશે, જે વાર્તિકકારને ઇષ્ટ નથી.એ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कथं पुनरिच्छतापि भवता बहिरङ्गेण प्रतिषेधेनान्तरङ्गो विधिः शक्यो बाधितुम्। अन्तरङ्गानपि विधीन्बहिरङ्गो विधिर्बाधते गोमत्प्रिय इति यथा। क्रियते तत्र यत्नः प्रत्ययोत्तरपदयोश्च इति।

પરન્તુ બહિરંગ નિષેધ વડે અન્તરંગ (સંજ્ઞા) વિધિનો બાધ તમે ઇચ્છો તો પણ કેવી રીતે કરી શકશો ?[100] બહિરંગ વિધિ અન્તરંગ વિધિઓનો પણ બાધ કરે છે જેમ કે गोमत्प्रियः।[101] એ (દૃષ્ટાન્ત) માં તો (સૂત્રકારે) प्रत्ययोत्तरपदयोश्च। એ સૂત્રથી પ્રયત્ન કર્યો છે.[102]
ननु चेहापि क्रियते न बहुव्रीहाविति। अस्त्यन्यदेतस्य वचने प्रयोजनम्। किम्। प्रियविश्वाय। उपसर्जनप्रतिषेधेनाप्येतत्सिद्धम्॥ अयं खल्वपि

---

જે રીતે त्वत्कपितृकः અને त्वक- त्पितृकः એ રૂપો થશે.સ્વરાન્ત સર્વનામમાં ફેર નથી પડતો એમ કહ્યું છે તે ઉપલક્ષણાર્થે છે કારણ કે द्विकपुत्रः द्वकिपुत्रः જેવા સમાસમાં ફેર અવશ્ય પડે છે.

[100] જેમ કે मत्पितृकः એ સમાસ થયો તે પૂર્વે अस्मद् શબ્દની सर्वादीनि० પ્રમાણે સર્વનામ સંજ્ઞા થઇ, પરંતુ न बहुव्रीहौ। પ્રમાણે કરવામાં આવેલો નિષેધ અન્ય પદનું સાન્નિધ્ય થતાં બહુવ્રીહિ સમાસ કરતી વખતે અમલમાં આવે છે. આમ સર્વનામ સંજ્ઞા અન્તરંગ છે જ્યારે તેની અપેક્ષાએ બહુવ્રીહિ સમાસમાં સર્વનામ સંજ્ઞાનો નિષેધ બહિરંગ છે.શંકાકાર સૂચવવા માગે છે કે 'અન્તરંગ કાર્ય કરવાનું હોય ત્યારે બહિરંગ કાર્ય અસિદ્ધ બને છે' એ પરિભાષા પ્રમાણે સર્વનામ સંજ્ઞા વ્દારા નિષેધનો બાધ થશે, કારણ કે બહુવ્રીહિ સમાસમાં કરવામાં આવેલો નિષેધ એક પદ ઉપર આધાર રાખતી સર્વનામ સંજ્ઞાની દૃષ્ટિએ અસિદ્ધ છે. પરિણામે मकत्पितृकः , त्वकत्पितृकः એમ જ થશે.

[101] गोमान् प्रियः अस्य। એટલે કે गोमत् सु प्रिय सु એ સ્થિતિમાં सु નો धातुप्राति० પ્રમાણે लुक् થઇને गोमत्प्रियः એમ જે સમાસ થાય છે તે બે પદ ભેગાં થવાથી થાય છે તેથી તે બહિરંગ છે. અહીં પ્રશ્ન થાય છે કે गोमान् એ પદમાં गोमत् सु એ સ્થિતિમાં नुम् આગમ, દીર્ઘ વગેરે થયા પછી गोमान्त् स् એ સ્થિતિમાં हल्ङ्याब्भ्यो दीर्घात् ० પ્રમાણે જે सुलोप થાય છે તે વિભક્તિપ્રત્યયનિમિત્ત હોવાથી અંતરંગ છે તેથી તે બહિરંગ सुलुक् નો બાધ કરશે. પરિણામે प्रत्ययलोपे प्रत्ययलक्षणम्। પ્રમાણે પ્રત્યયનો લોપ થયા છતાં તેને કારણે થતું કાર્ય થશે. તેથી उगिदचां सर्वनामस्थानेऽधातोः। પ્રમાણે नुम् આગમ, अत्वसन्तस्य चाधातोः। પ્રમાણે ઉપધાનો દીર્ઘ, संयोगान्तस्य लोपः। પ્રમાણે સંયોગને અન્તે આવેલા त् નો લોપ થઇને गोमान्प्रियः એમ સમાસ થવાનો પ્રસંગ આવશે. એ અનિષ્ટ નિવારવા માટે જ સૂત્રકારે प्रत्ययोत्तरपदयोश्च। એ સૂત્ર વ્દારા જ્ઞાપન કર્યુ છે કે બહિરંગ लुक् અન્તરંગ લોપનો બાધ કરે છે. પરિણામે सुलुक् અન્તરંગ सुलोप નો બાધ કરશે તેથી પ્રત્યય લક્ષણ નહીં થાય અને गोमान्प्रियः જેવો અનિષ્ટ સમાસ થવાનો પ્રસંગ નહીં આવે. વાસ્તવમાં सु નો લોપ लुक् એ लुमत् સંજ્ઞકથી થયો છે તેથી ત્યાં न लुमताऽङ्गस्य। પ્રમાણે પ્રત્યલક્ષણનો પ્રતિષેધ થવાથી અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ જ નથી આવતો..

[102] प्रत्ययोत्तर० અર્થાત્ એકવચનમાં પ્રયોજાયલા युष्मद् અને अस्मद् પછી પ્રત્યય અથવા ઉત્તર પદ આવે તો તેના मपर्यन्त વિધિનો બાધ કરે છે.આ પરિભાષા હોવાથી त्वया कृतम् એ વિગ્રહ વાક્યનો સમાસ કરતાં युष्मद् टा कृतम् એ સ્થિતિમાં એટલે કે युष्मद् પછી તૃતીયા એકવચનનો टा આવતાં त्वमावेकवचने। પ્રમાણે युष्मद् ના मपर्यन्त ભાગનો त्व આદેશ મૂકતાં (युष्म् अद् टा कृतम् → त्व अद् आ कृतम् પર રૂપ એકાદેશ त्वद् आ कृतम् પ્રત્યય લોપ થઇને त्वत्कृतम् થાય છે. અહીં વિભક્તિને લગતું કાર્ય અન્તરંગ છે અને બે પદને કારણે થતો लुक् બહિરંગ છે તેથી અન્તરંગ પરિભાષા અનુસાર (અંતરંગ) त्व આદેશ બહિરંગ टा- लुक् નો બાધ કરશે.પરિણામે प्रत्ययोत्तरपदयोश्च। માં જે उत्तरपद શબ્દનું ગ્રહણ કર્યુ છે તે વ્યર્થ બનશે અને તેથી તે વ્દારા જ્ઞાપન થાય છે કે બહિરંગ लुक् અન્તરંગ વિધિનો બાધ કરે છે. પરિણામે त्वत्कृतम् એ દૃષ્ટાન્તમાં પણ બહિરંગ लुक् અન્તરંગ त्व આદેશનો બાધ કરશે તેથી लुक् પૂર્વે થશે. તેથી त्वया कृतम् →युष्मद् टा कृतम् → युष्मद् कृतम् અહીં युष्मद् પછી सुप् નથી રહ્યો તેથી त्वमावेकवचने। (૭-૨-૯૭) ને અવકાશ નથી રહેતો તેથી त्व આદેશ ન થઇ શકે, પરંતુ प्रत्ययोत्तरपदयोश्च। (૭-૨-૯૮) અમલી બનતાં त्व આદેશ થઇને त्व अत् कृतम् →त्वत्कृतम् થશે. આ રીતે प्रत्ययोत्तर० સૂત્ર આ પરિભાષાનું જ્ઞાપક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अन्तरङ्गानपि विधीन्बहिरङ्गो विधिर्बाधते गोमत्प्रिय इति यथा। क्रियते तत्र यत्नः प्रत्ययोत्तरपदयोश्च इति। बहुव्रीहिरस्त्येव प्राथम- कल्पिको यस्मिन्नेपद्यमैकस्वैर्यमेकविभक्तिकत्वं च। अस्ति तादर्थ्यात्ताच्छब्द्यं बहुव्रीह्यर्थानि पदानि बहुव्रीहिरिति। तद्यत्तादर्थ्यात्ताच्छब्द्यं**

(અમે કહીએ છીએ કે ) અહીં પણ **न बहुव्रीहौ।** વ્દારા પ્રયત્ન કરવામાં આવ્યો છે.[103] (**न बहुव्रीहौ।**) એમ કહેવાનું જુદું પ્રયોજન છે. કયું (પ્રયોજન છે) ? **प्रियविश्वाय** એ (રૂપ સિદ્ધ થઇ શકે તે).[104] (આગળ) ઉપસર્જનભૂત (**सर्वादि** ને **सर्वनाम** સંજ્ઞા) નો નિષેધ કર્યો તે વ્દારા પણ એ (**प्रियविश्वाय** રૂપ) સિદ્ધ થાય છે.[105] ખરેખર તો એવો પણ બહુવ્રીહિ છે કે જેમાં (અનેક પદો ભેગાં મળીને)[106] એક જ પદ થાય, જેમાં એક જ સ્વર હોય અને જેમાં એક જ વિભક્તિપ્રત્યય લાગ્યો હોય તે જ સર્વ પ્રસિદ્ધ અર્થમાં બહુવ્રીહિ છે. પરંતુ 'અન્ય કોઇને માટે અમુક વસ્તુ કરવામાં આવે ત્યારે તે અન્યને માટે પ્રયોજાતો શબ્દ તે વસ્તુને વિશે પણ પ્રયોજવામાં આવે છે',[107] એ ન્યાયે બહુવ્રીહિ સમાસ બનાવવા માટેના (વિગ્રહ વાક્યભૂત) પદોને માટે બહુવ્રીહિ શબ્દનો પ્રયોગ થઇ શકે. તેથી તે (બહુવ્રીહિ સમાસ) માટેનું (પ્રક્રિયા **तस्येदं ग्रहणम्। गोनर्दीय आह --**

**अकच्स्वरौ तु कर्तव्यौ प्रत्यङ्गं मुक्तसंशयौ।**

---

[103] **न बहुव्रीहौ।** વ્દારા બહુવ્રીહિ સમાસમાં **सर्वादि** ની સર્વનામ સંજ્ઞાનો નિષેધ કરવામાં આવ્યો છે. સર્વનામ સંજ્ઞા એક પદને અનુલક્ષીને કરવામાં આવી છે તેથી અંતરંગ કાર્ય છે, જ્યારે બહુવ્રીહિ સમાસ બે પદ ઉપર આધાર રાખે છે તેથી બહિરંગ છે.અહીં એમ દલીલ છે કે બહિરંગ નિષેધ અંતરંગ સંજ્ઞાનો બાધ કરે તે માટે જ સૂત્રકારે આ **न बहु०** સૂત્ર બનાવીને વિશિષ્ટ પ્રયત્ન કર્યો છે.(નોંધ ૯૮).

[104] (જુઓ ૯૧)

[105] **प्रियविश्वाय** માં ઉત્તરપદ **विश्व** શબ્દ સર્વાદિગણનો હોવા છતાં ઉપસર્જન છે તેથી તેને સર્વનામ સંજ્ઞા નહીં થાય (જુઓ ઉપર વાર્તિક ૨ અને નોંધ ૨૦) પરિણામે **सर्वनाम्नः स्मै।** પ્રમાણે **स्मै** ન થતાં **ङेर्यः।** પ્રમાણે **य** થઇને **प्रियविश्वाय** રૂપ જ થશે.

[106] **ऐकपद्यम्** - જેમાં (અનેક પદો ભેગાં મળીને) એક પદ (રૂપ) બન્યાં હોય તે સ્થિતિ **ऐकपद्य** , **ऐस्वर्यम्** જેમાં એક જ (એટલેકે ઉદાત્ત) સ્વર હોય અને **एकविभक्तित्व** જેમાં અન્તે એક જ વિભક્તિનો પ્રત્યય આવે તે. **प्राथमकल्पिकः प्रथमकल्पे भवः।** [(**अन्तःपूर्वपदाद् ठञ्।** એ સૂત્ર ઉપરની **अध्यात्मादिभ्यश्च।**(**वा०** ) પ્રમાણે **ठञ्** ] જે સર્વ પ્રથમ કલ્પનામાં આવે તે, અર્થાત્ જે મુખ્યાર્થમાં બહુવ્રીહિ તે સર્વપ્રસિદ્ધ બહુવ્રીહિ સમાસ..

[107] ઇન્દ્રને માટે ઊભો કરવામાં આવેલ સ્તંભ (**स्थूणा**) ને ઇન્દ્ર કહેવામાં આવે છે (**इन्द्रार्था स्थूणा इन्द्रः।**) એ ન્યાયે બહુવ્રીહિ સમાસ બનાવવા માટેનું જે પ્રક્રિયા વાક્ય તેને પણ બહુવ્રીહિ કહી શકાય. આમ જેને પ્રાથમકલ્પિક અર્થાત્ સર્વ પ્રસિદ્ધ બહુવ્રીહિ કહ્યો છે તે મુખ્યાર્થમાં બહુવ્રીહિ છે. જ્યારે તાદર્થ્યને કારણે જે વાક્યને બહુવ્રીહિ કહેવામાં આવે છે તે લક્ષણાને કારણે બહુવ્રીહિ હોવાથી ગૌણાર્થમાં બહુવ્રીહિ છે. ભાષ્યકારનું કહેવું એમ છે કે જે (પ્રક્રિયા) વાક્યનો ઉપમર્દ (અર્થાત્ સમાસમાં લય) થઇને બહુવ્રીહિ સમાસ બને છે તેમાં સર્વનામ સંજ્ઞાનો પ્રતિષેધ કરવા માટે સૂત્રકારે પ્રસ્તુત સૂત્રનો આરંભ કર્યો છે.આમ સૂત્રમાં જેનું ગહણ કરવામાં આવ્યું છે તે ગૌણ બહુવ્રીહિ છે મુખ્ય નહીં.અહીં એક પ્રશ્ન થાય છે કે જો પ્રક્રિયા વાક્યમાં સર્વનામ સંજ્ઞાનો નિષેધ કરવામાં આવતો હોય તો '**अहकं पिता**' એમ વાક્ય પ્રયોગ કેવી રીતે થઇ શકે ? કારણ કે નિષેધ થાય તો **अव्ययसर्वनाम्नाम् ०** પ્રમાણે **अकच्** ન થઇ શકે, તેથી **प्रागिवात्कः।** પ્રમાણે **क** થાય અને તેમ થવાથી **सु** અને **अस्मद्** વચ્ચે **क** નું વ્યવધાન હોવાથી **त्वाहौ सौ।** પ્રમાણે **अह** આદેશ ન થઇ શકે. આ શંકાને દૂર કરવા કૈયટ કહે છે કે પ્રયોગમાં, ભાષામાં જે ન વપરાતું હોય તેવા પ્રક્રિયા વાક્યનો અને જે પ્રક્રિયા વાક્ય માત્ર કલ્પનાનો વિષય છે તેને **बहुव्रीहि** સંજ્ઞા થવા જાય છે. તેનો આ સૂત્ર વ્દારા પ્રતિષેધ કરવામાં આવે છે, પરંતુ ભાષામાં પ્રયોગયોગ્ય લૌકિક વાક્યનો અહીં પ્રતિષેધ કરવામાં આવતો નથી, કારણ કે તેવું વાક્ય તો ઘટક પદોનો સમાસ કર્યા વિના છૂટું જ પ્રયોજવામાં આવે છે'. તેથી તે બહુવ્રીહિ સમાસ માટેનું પ્રક્રિયા વાક્ય નથી. આમ તાદર્થ્યનો અભાવ હોવાથી તેને બહુવ્રીહિ સંજ્ઞા ગૌણાર્થમાં લાગુ પડતી નથી તેથી **त्वकं पिताऽस्य। अहकं पिता अस्य।** જેવાં વાક્યનો પ્રયોગ અવશ્ય થઇ શકશે. અહીં (**उ०**) નોંધે છે કે ક્વચિત્ **तद्यत्र तादर्थ्याद्** (**ताच्छब्द्यम्** ) એમ પાઠ જોવામાં આવે છે.ના. કહે છે કે બહુવ્રીહિ સમાસ માટેના વાક્યને બહુવ્રીહિ સંજ્ઞા થતી નથી તેથી તે સમાસ માટેનાં પદો (- તે વાક્યમાં રહેલાં પદો) નું લક્ષણા વ્દારા ગ્રહણ કરવાનું છે અને તે પદોને બહુવ્રીહિ સંજ્ઞા ગૌણાર્થમાં થશે તે સૂચવવા માટે જ ભાષ્યકારે **बहुव्रीह्यर्थानि पदानि बहुव्रीहिरिति।**' એમ કહ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रतिषेधे भूतपूर्वस्योपसंख्यानम् ॥१॥

प्रतिषेधे भूतपूर्वस्योपसंख्यानं कर्तव्यम्। आद्यो भूतपूर्वः आद्यपूर्वः। आद्पूर्वाय देहीति॥

प्रतिषेधे भूतपूर्वस्योपसंख्यानानर्थक्यं पूर्वादीनां व्यवस्थायामिति वचनात् ॥२॥

વાક્ય કે) જેને અનુલક્ષીને તે (બહુવ્રીહિ) શબ્દનો પ્રયોગ થાય છે તે (વાક્ય) નું જ (આ સૂત્રમાં) ગ્રહણ (કરવામાં આવ્યું) છે. ગોનર્દીય[108] કહે છે કે अकच् પ્રત્યય અને सर्वनाम ને કહેલો સ્વર એ બે[109] તો (सर्व વગેરે શબ્દોને સમાસમાં) ગમે ત્યાં રહ્યા હોય તો પણ નિઃસંશય રીતે કરવા જોઇએ. તેથી त्वकत्पितृकः,मकत्पितृकः એમ જ થવું જોઇએ.

ભૂતપૂર્વ (ના અર્થમાં જે પૂર્વ શબ્દ છે તે) નો પ્રતિષેધમાં સમાવેશ કરવો જોઇએ ॥૧॥

'પૂર્વે થએલો' એ અર્થમાં જે पूर्व શબ્દ છે તેનો પ્રતિષેધ કરવો જોઇએ જેથી आद्यो भूतपूर्वः आद्यपूर्वः।[110] तस्मै आद्पूर्वाय देहि। (માં आद्यपूर्वस्मै ન થાય).

પ્રતિષેધમાં ભૂતપૂર્વ (ના અર્થમાં જે पूर्व શબ્દ છે તે) નો સમાવેશ નિરર્થક છે, કારણ કે पूर्व વગેરે (શબ્દો) ને 'વ્યવસ્થા'ના અર્થમાં (सर्वनाम સંજ્ઞા થાય છે) એમ કહ્યું છે ॥૨॥

प्रतिषेधे भूतपूर्वस्योपसंख्यानमनर्थकम्। किं कारणम्। पूर्वादीनां व्यवस्थायामिति वचनात्। पूर्वादीनां व्यवस्थायां सर्वनामसंज्ञोच्यते न चात्र व्यवस्था गम्यते॥

तृतीयासमासे।१।१।३०॥

समास इति वर्तमाने पुनः समासग्रहणं किमर्थम्। अयं तृतीयासमासोऽस्त्येव प्राथमकल्कि यस्मिन्नेपद्यमैकस्वैर्यमेकविभक्तिकत्वं च।

---

[108] गोनर्दः જ્યાં ગાયો ભાંભરે તે કોઇ વિશિષ્ટ પર્વત. તે સ્થળે થએલા, ભાષ્યકાર गोनर्दीयः [गावः नर्दन्ति यस्मिन्पर्वतविशेषे तत्र भवः गोनर्दीयः (छा०)]

[109] मकत्पितृकः એમ જ (इति एव) પ્રયોગ ઇષ્ટ છે, એટલે કે अकच् લાગશે જ તેમ માને છે. કે. નોંધે છે કે ભાષ્યકાર આ સૂત્રનું પ્રત્યાખ્યાન કરે છે (सूत्रं प्रत्याख्यातमेतत्।) અને ત્રણ મુનિઓમાં જેમ પછીના તેમનું પ્રામાણ્ય બલવત્તર માનતાં આ સૂત્ર જરૂરી નથી, કારણ કે સમાસ-- ભૂત સમુદાયમાં સર્વનામ સંજ્ઞાનો નિષેધ જરૂરી હોય ત્યાં સર્વનામ એ મહાસંજ્ઞા કરી છે તેને કારણે અથવા ઉપસર્જન-ભૂત सर्वादि ની સંજ્ઞા નથી થતી એમ કહ્યું છે તેથી નિષેધ થશે. સ્વરના ઉદાહરણ રૂપે ના. विश्वप्रियाय સમાસ ઉદ્ધરે છે. અહીં विश्व શબ્દની સર્વનામ સંજ્ઞાનો નિષેધ થયો હોય તો પણ, અર્થાત્ તે સર્વનામ તરીકે સમાસમાં પ્રયોજાયો ન હોવા છતાં તેનો સ્વર જે છે તે જ રહેશે. विश्व એ अ-કારાન્ત સર્વનામ છે. स्वाङ्गशिटामदन्तानाम्। એ फिट् સૂત્ર પ્રમાણે આદ્યુદાત્ત થશે અને बहुव्रीहौ प्रकृत्या पूर्वपदम्। પ્રમાણે બહુવ્રીહિમાં પૂર્વપદનો પ્રકૃતિભાવ થાય છે, એટલે કે પૂર્વપદનો જે સ્વર મૂળ હોય તે જ રહે છે. તેથી विश्वप्रियाय માં પૂર્વપદ विश्व નો પ્રકૃતિભાવ થઇને સમાસ આદ્યુદાત્ત સ્વરયુક્ત થશે.ભ. દી. સૂચવે છે કે अ-કારાન્ત ન હોય ત્યાં अकच् જ થશે અને अ-કારાન્તમાં ઉદાત્ત સ્વર થશે એમ અહીં વિષય વિભાગ જાણવો (श० कौ० પૃ.૧૭૧).

[110] आद्यपूर्वाय એ ઉદાહરણ બહુવ્રીહિ ન હોય તેવા સમાસને ખાતર આપ્યું છે જેથી ત્યાં સર્વનામ સંજ્ઞાનો પ્રતિષેધ થઇ શકે.'પૂર્વમાં છે' 'ઉત્તરમાં છે' એમ કહેવામાં આવે ત્યારે શેની પૂર્વે છે, શેની ઉત્તરે છે, એ જાણવાની આકાંક્ષા થાય છે, કારણ કે पूर्व, उत्तर વગેરે દિશા, કાળ ઇત્યાદિ) અવધિ (मर्यादा) ની અવશ્ય અપેક્ષા રાખે છે.જેમ કે પૂર્વ દેશનું પૂર્વત્વ પરની અપેક્ષા રાખે છે અને પર દેશનું પરત્વ પૂર્વની અપેક્ષા રાખે છે. બીજી રીતે કહીએ તો પૂર્વનું પૂર્વત્વ પર વિના શક્ય નથી અને પર દેશનું પરત્વ પૂર્વ વિના શક્ય નથી એટલે पूर्व એ पर રૂપી અવધિ- ની અવશ્ય અપેક્ષા રાખે છે અને पर એपूर्व રૂપી અવધિની અપેક્ષા રાખે છે. આમ અવધિને લગતી અપેક્ષાનું અવશ્ય હોવું તેનું નામ व्यवस्था. તેથી स्वाभिधेयापेक्षावधिनियमो व्यवस्था। અર્થાત્ પૂર્વ વગેરેનો જે અર્થ (स्वाभिधेय) છે તે કોઇ અવધિની અવશ્ય રીતે, નિયમપૂર્વક, અચૂક રીતે, અપેક્ષા રાખે છે. (स्वाभिधेयेन अपेक्ष्यमाणस्य अवधेः नियमो व्यवस्था। लघु श०शे० ઉપર चन्द्र० પૃ.૨૪૦) વ્યવસ્થાના અર્થમાં જ્યારે पूर्व વગેરેનો પ્રયોગ થયો હોય ત્યારે તેમને जस् પૂર્વે વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિષેધમાં **भूतपूर्व** નો સમાવેશ કરવાની જરૂર નથી. શા માટે ? કારણ કે '**पूर्व** વગેરે (શબ્દો) મર્યાદાના અર્થમાં (**सर्वनाम** સંજ્ઞક થાય છે)' એમ કહ્યું છે. **पूर्व** વગેરેની વ્યવસ્થાના અર્થમાં સર્વનામ સંજ્ઞા કહેવામાં આવી છે, પરંતુ આ (**भूतपूर्व** શબ્દ) માં વ્યવસ્થાનો અર્થ સમજાતો નથી[111]

તૃતીયા સમાસમાં **सर्व** વગેરેની સર્વનામ સંજ્ઞા નથી થતી ॥૧ ।૧ ।૩૦ ॥

**समास** એ પદની અનુવૃત્તિ થતી હોવા છતાં[112] (અહીં) ફરીથી **समास** શબ્દનું ગ્રહણ શા માટે કર્યુ છે ? જેમાં (અનેક પદો ભેગાં મળીને) એક જ બનતાં હોય, જેમાં એક જ સ્વર હોય અને જેમાં એક જ વિભક્તિપ્રત્યય લાગ્યો હોય તે સર્વ પ્રસિદ્ધ અર્થમાં **तृतीयासमास** તો છે જ.

**अस्ति तादर्थ्यात्ताच्छब्द्यं तृतीयासमासार्थानि पदानि तृतीयासमास इति। तद्यत्तादर्थ्यात्ताच्छब्द्यं तस्येदं ग्रहणम्॥ अथवा समास इति वर्तमाने पुनः समासग्रहणस्यैतत्प्रयोजनं योगाङ्गं यथोपजायेत। सति योगाङ्गे योगविभागः करिष्यते। तृतीया। तृतीयासमासे सर्वादीनि सर्वनामसंज्ञानि न भवन्ति। मासपूर्वाय देहि। संवत्सरपूर्वाय देहि। ततोऽसमासे। असमासे च तृतीयायां सर्वादीनि सर्वनामसंज्ञानि न भवन्ति। मासेन पूर्वाय देहि।**

---

[111] **आढ्यपूर्वः** એ સમાસમાં **पूर्व** શબ્દનો અર્થ અવધિને લગતી અપેક્ષા રાખતો નથી તેથી **पूर्व** શબ્દ અહીં **व्यवस्था** ના અર્થમાં પ્રયોજવામાં આવ્યો નથી એમ ભાષ્યકાર કહે છે. પરંતુ જે સમયે **आढ्यपूर्वः** (જે પહેલાં આઢ્ય- ધનિક હતો તે) એમ કહેવામાં આવે ત્યારે તે સમય (અર્થાત્ વર્તમાન કાળ) પૂર્વ શબ્દના અર્થનો અવધિ બને છે, એટલે બોલનાર એ શબ્દ જે સમયે બોલતો હોય તેની પૂર્વે (એમ અર્થ સમજાય છે).એ રીતે અહીં વ્યવસ્થાનો અર્થ આવે છે તો પછી **पूर्वापरावरदक्षिणोत्तरापराधराणि व्यवस्थायामसंज्ञायाम्।** પ્રમાણે **सर्वनाम** સંજ્ઞા કેમ ન થાય એવી શંકાનો નિરાસ કરતાં કૈ. કહે છે કે અહીં મુખ્યતયા વ્યવસ્થાનો અર્થ નથી. અહીં પૂર્વત્વ આઢ્યત્વનું વિશેષણ છે, કારણ કે **आढ्यपूर्वः** સમાસનો અર્થ **भूतपूर्वः आढ्यः।** (જે ભૂતકાળમાં પૈસાદાર - સંપન્ન હતો તે) એ શબ્દોમાં કર્યો છે , પરંતુ તેનો વિગ્રહ તો **पूर्वश्चासौ आढ्यश्च।** એમ થશે એ સૂચવવા માટે કૈયટે આ સમાસ **मयूरव्यंसकादयश्च।** પ્રમાણે થયો છે એમ કહ્યું છે. જેમ **अतिपूर्वाय** એ સમાસમાં **पूर्व** શબ્દનો અર્થ **अतिक्रान्त** નું વિશેષણ હોવાથી ગૌણ- ઉપસર્જન છે તેથી તેને સર્વનામ સંજ્ઞા થતી નથી અને **अतिक्रान्तपूर्वस्मै** એમ રૂપ થતું નથી તેમ અહીં **आढ्पूर्वः** માં પણ **पूर्व** નો અર્થ **आढ्य** ના અર્થનું વિશેષણ હોવાથી ઉપસર્જન છે તેથી સર્વનામ સંજ્ઞા થતી નથી.

[112] **विभाषा दिक्समासे बहुव्रीहौ।** માંથી **समासे** ની અનુવૃત્તિ થઇ શકે છે છતાં આ સૂત્રમાં ફરીથી **समास** શબ્દ કેમ મૂક્યો છે તેમ શંકાકારનું કહેવું છે.તેનો ખુલાસો આ પ્રમાણે કરવામાં આવ્યો છે :--તૃતીયા સમાસ , ગૌણ અને મુખ્ય એમ બે પ્રકારના છે.પ્રથમ વિચારે જેનો ખ્યાલ આવે, જે સમાસ ઉત્પન્ન થતાં **ऐकपद्य , ऐकस्वर्य** અને **एकविभक्तित्व** (નોંધ ૧૦૪) હોય તેવો મુખ્ય તૃતીયા સમાસ અને બીજો તૃતીયા સમાસ ન હોવા છતાં તાદર્થ્યને કારણે (નોંધ ૧૦૫) જેને તૃતીયા સમાસ કહેવામાં આવે તે (તૃતીયાસમાસ માટેનું વાક્ય). આ ગૌણ તૃતીયાસમાસ . હવે **गौणमुख्ययोर्मुख्ये कार्यसम्प्रत्ययः।** એ પરિભાષા પ્રમાણે આ સૂત્ર વ્દારા કરવામાં આવેલ સર્વનામ સંજ્ઞાનો નિષેધ મુખ્ય તૃતીયાસમાસને જ લાગુ પડશે, પરંતુ **मासेन पूर्वः** જેવાં સ્થળે લાગુ નહીં પડે, કારણ કે તે તૃતીયા સમાસ માટેનું (**तादर्थ्ये** ) વાક્ય હોવાથી ગૌણ રીતે તૃતીયા સમાસ થશે.પરંતુ આવાં સ્થળે પણ પ્રસ્તુત સૂત્ર વ્દારા કરવામાં આવેલ સર્વનામ સંજ્ઞા નિષેધ લાગુ પડી શકે તે માટે અહીં **समासे** શબ્દની અનુવૃત્તિ થતી હોવા છતાં સૂત્રકારે ફરીથી **समास** શબ્દ મૂક્યો છે. પરિણામે **मासेन पूर्वाय देहि।** જેવા પ્રયોગ થઇ શકશે પણ **मासेन पूर्वस्मै (देहि** ) એમ નહીં થાય. અહીં નોંધવું જોઇએ કે **न बहुव्रीहौ।** ની ચર્ચામાં પ્રાથમકલ્પિક અને તાદર્થ્યનું વિવરણ કર્યુ, પરંતુ તાદર્થ્યની બાબતમાં અહીં જરા ફેર છે. પરિનિષ્ઠિત એટલે કે સંપૂર્ણ ન હોવાથી જેનો ભાષામાં પ્રયોગ ન થઇ શકે તેવા અલૌકિક પ્રક્રિયા વાક્યને તાદર્થ્યને કારણે બહુવ્રીહિ સંજ્ઞા પ્રાપ્ત થાય છે એમ **न बहुव्रीहौ।** માં કહેવામાં આવ્યું. જ્યારે આ સૂત્રમાં પ્રયોગાર્હ લૌકિક વાક્યને જ તાદર્થ્યને કારણે તૃતીયાસમાસ કહેવાશે, તેમ કહ્યું છે, કારણ કે ભાષ્યકારે **मासेन पूर्वाय देहि।** એ વાક્ય જ ઉદાહરણ રૂપે આપ્યું છે .



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તદુપરાંત તૃતીયાસમાસ માટેનાં (જે વિગ્રહવાક્યભૂત) પદો હોય છે તે પણ તે સમાસને માટે હોવાથી તેમને પણ તૃતીયાસમાસ કહે છે. તેથી જે તૃતીયાસમાસ માટે હોવાથી તૃતીયાસમાસ કહેવાય છે તેનું આ સૂત્રમાં ગ્રહણ કરવામાં આવ્યું છે. અથવા (આ સૂત્રમાં) **समासे** (શબ્દ)ની અનુવૃત્તિ થતી હોવા છતાં ફરી સમાસ શબ્દ મૂકવાનું પ્રયોજન એ છે કે તેથી સમજી શકાય કે **समासे** શબ્દ આ સૂત્રના ભાગ-રૂપ છે[113] અને જો સૂત્રના ભાગરૂપ હોય તો આ રીતે યોગવિભાગ કરી શકાશેઃ **तृतीया।**[114] અર્થાત્ તૃતીયાસમાસમાં **सर्व** વગેરેને **सर्वनाम** સંજ્ઞા થતી નથી, (જેમ કે ) **मासपूर्वाय देहि। संवत्सरपूर्वाय देहि।** પછી (બીજું સૂત્ર) **असमासे।**[115] (એમ કરીશું) અર્થાત્ **समास** ન કર્યો હોય ત્યારે પણ તૃતીયાન્ત શબ્દ પછી આવતા[116] સર્વાદિને સર્વનામ સંજ્ઞા થતી નથી જેમ કે **मासेन पूर्वाय देहि।**

**विभाषा जसि ॥१।१।३२॥**

**जसः कार्यं प्रति विभाषाकज्झि न भवति॥**

**पूर्वापरावरदक्षिणोत्तरापराधाणि व्यवस्थायामसंज्ञायाम् ॥१।१।३४॥**

**अवरादीनां च पुनः सूत्रपाठे ग्रहणानर्थक्यं गणे पठितत्वात्॥१॥**

**अवरादीनां च पुनः सूत्रपाठे ग्रहणमनर्थकम्। किं कारणम्। गणे पठितत्वात्। गणे ह्येतानि पठ्यन्ते।**

---

[113] **योगाङ्गम्** - સૂત્રનો અવયવ બને તે માટે એટલે કે **समासे** એ શબ્દ **तृतीयासमासे।** એ સૂત્રનું અંગ બને અને તેથી તેયોગનો વિભાગ થઇ શકે. ન. **योगरूपमष्टाध्याय्याः अङ्गम्।** અર્થાત્ અષ્ટાધ્યાયીનું સૂત્રરૂપી અંગ એમ અર્થ કરે છે. સુ.શા.અહીં **विज्ञायेत** (અર્થાત્ સમજાય) એમ પાઠ લે છે અને **उपजायेत** એ પાઠની નોંધ લીધી છે (ભા.૨ પૃ.૧૯૯ પા.ટી ૧).(ચૌ.પૃ.૩૪૦,પા.ટી.૫ માં **विज्ञायेत** પાઠ આપ્યો છે).

[114] તૃતીયા સમાસમાં **सर्वादीनि** અર્થાત્ **सर्व** વગેરે જેને અન્તે આવતા હોય તેવા **तृतीयासमास** માં એમ અર્થ કરવાનો છે. આ પ્રમાણે અર્થ ન કરવામાં આવે તો **पूर्व** શબ્દને સર્વનામ સંજ્ઞાનો નિષેધ થવા છતાં **तृतीयासमास** માં સર્વનામ સંજ્ઞા નિષેધ નથી થતો તેથી પ્રસ્તુત ઉદાહરણ -માં **स्मै** લાગવાનો પ્રસંગ આવશે, કારણ કે **मासपूर्वाय** માં **पूर्व** રૂપી અવયવને સંજ્ઞા ન થતી હોવા છતાં વિભક્તિનું વિધાન સમાસને વિશે કરવામાં આવ્યું છે, અવયવ (-ભૂત **पूर्व** શબ્દ) ને વિશે નથી કરવામાં આવ્યું.

[115] **असमासे** એ પર્યુદાસ છે. તેથી 'જે સમાસ ન હોવા છતાં સમાસ જેવું છે તે', એમ અર્થ થશે.પ્રયોગાર્હ વાક્ય સમાસથી ભિન્ન હોય છે છતાં જેમ સમાસ પ્રયોગાર્હ હોય છે તેમ વાક્ય પણ પ્રયોગાર્હ હોય છે.સમાસના જેવો જ પદોનો પણ અર્થ હોય છે તેથી વાક્યને સમાસ સદૃશ કહી શકાશે. તેથી **असमासे** એટલે (સમાસથી ભિન્ન છતાં તેના સમાન) પ્રયોગાર્હ વાક્ય એમ સમજાશે.

[116] ભાષ્યકારે **तृतीयायाः सर्वादीनि** એમ કહીને જે પંચમી ગ્રહણ કર્યુ છે તેથી આ સૂત્ર ઉત્તરપદભૂત **सर्वादि** હોય ત્યાં જ લાગુ પડે છે, જ્યાં **सर्वादि** પૂર્વપદ હોય તેવા તૃતીયાસમાસને લાગુ નહીં પડે. અહીં શંકા થઇ શકે કે જો તૃતીયા સમાસ માટેના લૌકિક વાક્યને સર્વનામ સંજ્ઞા નિષેધ લાગુ પડે તો પછી કોઇ પણ તૃતીયા સમાસ માટેના વાક્યને નિષેધ લાગુ પડી શકે.પરિણામે **त्वयका कृतम्। मयका कृतम्।** વગેરે માં પણ સર્વનામ સંજ્ઞાનો નિષેધ થવાથી **अकच्** નહીં લાગે, એ જ રીતે **मासेन कृताय पूर्वस्मै।** એ વાક્ય પ્રયોગ નહીં થઇ શકે.આ શંકાનો નિરાસ (**का०** માં) પ્રતિપદોક્ત પરિભાષાથી કરવામાં આવ્યો છે.**पूर्वसदृशसमानार्थ०** વગેરે સૂત્ર દ્વારા એક એક પદનો નિર્દેશ કરીને જે પ્રતિપદોક્ત **तृतीयासमास** નું વિધાન કર્યુ છે તેમાં જ **तृतीयासमासे।** એ સૂત્ર દ્વારા કરવામાં આવેલ નિષેધ લાગુ પડશે.તેથી **मासेन पूर्वः** વગેરેમાં નિષેધ પ્રાપ્ત થતાં **मासेन पूर्वाय देहि।** એમ પ્રયોગ થશે, **पूर्वस्मै** નહીં થાય. પરંતુ જ્યારે **कर्तृकरणे कृता बहुलम्।** પ્રમાણે લાક્ષણિક સમાસ થયો હોય ત્યારે તે પ્રતિપદોક્ત સમાસ ન હોવાથી ત્યાં નિષેધ નહીં થાય. તેથી **त्वयका कृतं त्वत्कृतम्** અને **मासेन कृताय पूर्वस्मै** તેમ જ તે અર્થનો લાક્ષણિક તૃતીયા સમાસ (**मासपूर्वः**) થઇને **मासपूर्वस्मै देहि।** જેવા પ્રયોગ જરૂર થઇ શકશે, કારણ કે **लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्।** એ પરિભાષા અનુસાર પ્રતિપદોક્તનું જ ગ્રહણ કરવું જોઇએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

जस् પ્રત્યય પૂર્વે વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે ॥૧ ।૧ ।૩૩ ॥

(પ્રથમા બહુવચનના) जस् પ્રત્યયને લગતું[117] (जसः शी ।પ્રમાણે शी આદેશ થવારૂપી) કાર્ય કરવાનું હોય ત્યારે सर्व વગેરેને (દ્વન્દ્વ સમાસમાં) વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે, अकच् તો (દ્વન્દ્વને ) લાગતો જ નથી.[118]

पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर વ્યવસ્થાના અર્થમાં હોય અને તેઓ સંજ્ઞા ન હોય ત્યારે તેમને जस् પૂર્વે વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે ॥૧ ।૧ ।૩૪॥

अवर વગેરેનો ફરીથી સૂત્રમાં પાઠ કર્યો છે તે નિરર્થક છે, કારણ કે તેમનો (સર્વાદિ)ગણમાં પાઠ કરવામાં આવેલ છે ॥૧॥

अवर વગેરેને (ગણપાઠમાં મૂકેલા છે છતાં) ફરીથી સૂત્રપાઠમાં લીધા છે તે નિરર્થક છે[119] શા માટે? કારણ કે (सर्वादि)ગણમાં તેમનો પાઠ છે, એટલે કે ગણ (પાઠ)માં એમનો સમાવેશ કરવામાં આવે છે.

**कथं पुनर्ज्ञायते स पूर्वः पाठो ऽयं पुनः पाठ इति। तानि हि पूर्वादीनीमान्यवरादीनि। इमान्यपि पूर्वादीनि। एवं तर्ह्याचार्यप्रवृत्तिर्ज्ञापयति स पूर्वः पाठोऽयं पुनः पाठ इति यदयं पूर्वादिभ्यो नवभ्यो वा इति नवग्रहणं करोति। नवैव हि पूर्वादीनि। इदं तर्हि**

પણ એ (ગણમાંનો ) પાઠ પૂર્વે કર્યો છે અને આ (સૂત્રમાં જે છે વારનો પાઠ છે એમ કેવી રીતે જાણી શકાય ? [120] કારણ કે (ગણ પાઠમાં જે મૂકેલાં છે) તે પહેલાનાં છે જ્યારે આ (સૂત્રમાં છે તે) ફરી વારનો છે.[121] આ (સૂત્રપાઠમાંનાં) પણપહેલાંનાં જ છે.

---

[117] કેટલાકના મતે સૂત્રમાં હ્રસ્વ इ-કારનું ગ્રહણ કરીને સૂત્રકારે દીર્ઘ ई-કારનો નિર્દેશ કર્યો છે તેથી 'जस् નો જ્યારે દીર્ઘ ई-કાર (शी ) કરવાનો હોય ત્યારે' એમ અર્થ થશે. અન્યના મત પ્રમાણે પ્રસ્તુત સૂત્ર સંજ્ઞા સૂત્ર છે (કારણ કે તે વૈકલ્પિક રીતે સર્વનામ સંજ્ઞાનું વિધાન કરે છે) અને કાર્યકાલપક્ષ મુજબ जसः शी। સૂત્ર પ્રમાણે કાર્ય કરવાનો સમય આવે ત્યાં विभाषा जसि। ઉપસ્થિત થશે તેથી પ્રથમ દર્શાવેલ અર્થ કરવાની જરૂર નહીં રહે. (છા) આ અર્થનો અસ્વીકાર કરે છે.

[118] अकच् हि न भवति - કારણ કે अकच् થતો નથી, એટલે કે સમુદાયને લગતી નિન્દા (कुत्सा) દર્શાવવા માટે દ્વન્દ્વ સમાસને कुत्सिते। પ્રમાણે अकच् લાગતો નથી, કારણ કે द्वन्द्वे च। પ્રમાણે સંજ્ઞાનો નિત્ય નિષેધ કરવામાં આવ્યો છે તેથી क પ્રત્યય જ લાગશે.(દા.ત. वर्णाश्रमेतरकाः). પરંતુ જેને अकच् લાગ્યો હોય તેવા सर्वादि શબ્દનો સમાસ જરૂર થઇ શકે અને જ્યારે તે सर्वादि સમાસને અન્તે હોય ત્યારે अकच् લાગ્યો હોવા છતાં સર્વનામ સંજ્ઞા અવશ્ય થશે, કારણ કે अकच् પ્રત્યય टि પૂર્વે લાગે છે.પરંતુ સમગ્ર સમુદાય વિશે कुत्सा દર્શાવવાની હોય તો क પ્રત્યય અન્તે લાગશે અને તેથી सर्वादि અને जस् ની વચ્ચે क નું વ્યવધાન થવાથી सर्व વગેરે સમાસાન્તે ન હોવાથી जस् પ્રત્યય પૂર્વે વિકલ્પ પ્રાપ્ત નહીં થાય.અહીં મૂળમાં भवति પછી 'द्वन्द्वे च इति प्रतिषेधात्' એમ વધારાનો પાઠ કેટલેક સ્થળે મળીઆવે છે.નિ.સા.માં કૌંસમાં આપ્યો છે અને પા.ટી.માં નોધ્યું છે :[ कोष्ठान्तर्गतः पाठो न सार्वत्रिकः।].સુ.શા. (ભા.૨,પૃ.૧૯૯, પા.ટી.૨ માં) તેની નોધ લે છે.

[119] (વ્યવસ્થા વગેરે) વિશિષ્ટ અર્થમાં पूर्व વગેરેને નિત્ય સર્વનામ સંજ્ઞા થાય તે હેતુથી पूर्वपराऽवर० વગેરે ગણસૂત્રમાં પાઠ કરવામાં આવ્યો છે છતાં जस् પૂર્વે વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય તે માટે पूर्व વગેરેનો એક પછી એક (प्रतिपदम् ) ઉલ્લેખ કરીને પ્રસ્તુત સૂત્રમાં તેમને શા માટે મૂકવામાં આવ્યા છે ? તેને બદલે पूर्वादीनि नव। એમ જ કહ્યું હોત તો પણ ગણસૂત્રમાં જે पूर्व વગેરે (અર્થાત્ पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर અને स्वम् તથા अन्तर એ) નવનો પાઠ છે તે જ पूर्वादि અહીં સમજાશે અને પ્રાપ્તવિભાષા થશે.વળી આ (पूर्वादीनि नव। એ) પ્રકારનું સૂત્ર કર્યું હોય તેમાં વિશિષ્ટ અર્થનો નિર્દેશ નથી કર્યો છતાં જેમ तिङो गोत्रादीनि कुत्साभीक्ष्ण्ययोः। એ સૂત્રમાં કરેલ कुत्सा અને आभीक्ष्ण्य નું ગ્રહણ गोत्रादि ગણનું વિશેષણ બને છે તેમ ગણ સૂત્રોમાં જે (વ્યવસ્થા વગેરે) અર્થનો નિર્દેશ કર્યો છે તે पूर्वादि નું વિશેષણ થશે અને એમ સમજાશે કે पूर्व વગેરે ને (ગણસૂત્રમાં નિર્દિષ્ટ) વ્યવસ્થા વગેરે અર્થમાં जस् પૂર્વે વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે. મૂળ વા.માં पूर्वादीनाम् એમ ન કહેતાં अवरादीनाम् च વગેરે કહ્યું છે તે વિશે કૈ. કહે છે 'અહીં आदि શબ્દ પ્રકાર દર્શાવે છે, તેથી पूर्व અને पर શબ્દોનું પણ ગ્રહણ થાય છે.' આનો અસ્વીકાર કરતાં નાગેશ કહે છે 'વાસ્તવમાં અલ્પ अच् અક્ષરવાળો, अजादि અને अजन्त હોવાથી સૂત્રમાં अवर શબ્દનો પૂર્વનિપાત જ યોગ્ય છે તેથી વાર્તિકકારે अवरादीनाम् च વગેરે કહ્યું છે.'



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ હોય તો પછી **पूर्वादिभ्यो नवभ्यो वा।** એ સૂત્રમાં આચાર્ય પાણિનિએ **नव** શબ્દનું ગ્રહણ કરીને એ કાર્યદ્વારા જ્ઞાપન કર્યુ છે કે એ (ગણ પાઠ) પહેલાંનો પાઠ છે, જયારે આ (સૂત્રપાઠ) પછીનો છે, કારણ કે (સૂત્રપાઠમાં) **पूर्वादि** તો નવ જ છે.[122] તો પછી

**प्रयोजनं व्यवस्थायामसंज्ञायामिति वक्ष्यामीति। एतदपि नास्ति प्रयोजनम्। एवंविशिष्टान्येवैतानि गणे पठ्यन्ते। इदं तर्हि प्रयोजनं द्व्यादिपर्युदासेन पर्युदासो मा भूदिति। एतदपि नास्ति प्रयोजनम्।**

---

[120] પ્રશ્નનો હેતુ આ પ્રમાણે છે - પહેલાં નિયત સંનિવેશયુક્ત ગણપાઠની રચના થઇ ત્યાર બાદ સૂત્રપાઠ થયો એમ કહેવા માટે કોઇ પ્રમાણ નથી. સૂત્રકારે **सर्वादीनि** (**सर्व** જેમાં આદિ છે શરૂઆતમાં છે તે) એમ જે પ્રયોગ કર્યો છે તે ઉપરથી પણ ગણપાઠ પ્રથમ છે અને સૂત્રપાઠ )પાછળનો છે એમ કહી ન શકાય, કારણ કે **आदि** શબ્દ પ્રકાર, વ્યવસ્થા વગેરે અનેક અર્થમાં પ્રયોજાય છે. સૂત્રકારે **सर्वादीनि** એમ કહ્યું છે ત્યાં પણ **आदि** શબ્દ પ્રકારવાચી છે અને સૂચવે છે કે **सर्व** અને તે પ્રકારના (અર્થાત્ તેના જેવા જે સર્વનામનું કાર્ય કરતા હોય તેવા) બીજા શબ્દો (ની સર્વનામ સંજ્ઞા થાય છે).જેથી વિદ્વાનો ગણપાઠ કરી શકે.જેમ કહ્યું છે,'**श्रेण्यादयः पठ्यन्ते, कृतादिराकृतिगणः**' વગેરે. તેમાં **कृतादि** નો પાઠ વૃત્તિકારે માર્ગદર્શન માટે કર્યો છે. વેદમાં પણ **मध्यमस्याम्** , **अवमस्याम्** જેવા પ્રયોગો મળી આવે છે તેથી **सर्वादीनि** માં **आदि** શબ્દ પ્રકારવાચક હોઇ શકે. પરિણામે તેના પ્રયોગથી સૂત્રપાઠ પર છે તેમ નક્કી કરી ન શકાય.

[121] મૂળમાં **पूर्वादीनि** છે, અર્થાત્ **सर्व** વગેરેનો પૂર્વે પાઠ કરેલો છે તેથી અહીં **पूर्व** શબ્દ **सर्व** ને **દર્શાવે** છે. પરિણામે આ વાક્યનો અર્થ એ રીતે કરવો પડશે. **सर्वादीनि** માં **आदि** શબ્દ વ્યવસ્થાવાચી છે, કારણ કે જો તેને પ્રકારવાચી તરીકે લેવામાં આવે તો **कृत्स्न** (અર્થાત્ બધું) વગેરેની પણ સર્વનામ સંજ્ઞા થવાનો પ્રસંગ આવે. વળી **मध्यमस्याम्** , **अवमस्याम्** એ જે ઉદાહરણ આપ્યાં તે તો **व्यत्ययो बहुलम्।** દ્વારા આવરી લેવામાં આવેલ છાન્દસ પ્રયોગો છે. આમ **सर्वादीनि** એ પ્રયોગ ઉપરથી જ ગણપાઠ પહેલાંનો છે તેમ નક્કી થઇ શકે છે. મૂળમાં જે **अवरादीनि** છે તેમાં **अवर** શબ્દ દ્વારા **पूर्व** નો નિર્દેશ કરવામાં આવ્યો છે, કારણ કે **पूर्व** વગેરે શબ્દોનો પાઠ પાછળથી કરવામાં આવેલો છે . તેથી ગણપાઠ પહેલાંનો અને સૂત્રપાઠ ઉત્તરકાલિક છે તેમ સમજાય છે.ના. કહે છે કે સૂત્રકારે **सर्वादीनि** એમ પ્રયોગ કર્યો છે તે ઉપરથી ગણપાઠ પૂર્વકાલિક છે તેમ નિર્ણય થઇ શકે છે. તેમને કૈયટે કરેલ વિવરણ સ્વીકાર્ય નથી. જો કે. કહે છે તેમ અર્થ હોત તો **तानि पूर्वादीनि** એટલું જ કહેવાથી ગણપાઠનું પૂર્વકાલિકત્વ સિ દ્ધ થઇ શકે તેથી **इमानि अवरादीनि** કહેવાની જરૂર નથી, કારણ કે કૈ.ના મતે **अवरादीनि** એટલે **पूर्व** વગેરે અને તેથી સૂત્રપાઠ પછીથી રચાયો હશે તેમ સિદ્ધ થતું નથી. અને **इमानि अपि पूर्वादीनि** એમ જે શંકા પાછળથી કરવામાં આવી છે તે પણ અયોગ્ય છે કારણ કે તેનું કોઇ કારણ દર્શાવવામાં આવ્યું નથી. તેથી ના. સૂચવે છે કે **भीष्मादिश्च सुयोधनः।** માં **आदि** શબ્દ આશ્રયવાચી છે તેમ **पूर्वादीनि** અને **अवरादीनि** એ જે પ્રયોગો ભાષ્યકારે કર્યા છે તેમાં **आदि** શબ્દ આશ્રયના અર્થમાં છે. તેથી **तानि** એટલે ગણમાં જેનો પૂર્વકાળે પાઠ કરવામાં આવ્યો છે તે અને **इमानि** એટલે અષ્ટાધ્યાયીમાં જેનો પછીના સમયે પાઠ કરવામા આવ્યો છે તે. આમ તે તે સમયે કરવામાં આવેલ હોવાથી તેમને **पूर्वादि** અને **अवरादि** કહેવામાં આવ્યાં છે. જ્યારે **सर्वादि** વગેરેમાં જે **आदि** શબ્દ છે તે પ્રકારવાચી છે.

[122] **पूर्वपर॰** વગેરે સૂત્રમાં સાત અને તેપછીનાં બે સૂત્રોમાંના **स्व** અને **अन्तर** એમ બધાં મળીને નવ છે.ગણપાઠમાં અમુક ચાક્કસ ઘટક પદો સાથે મૂકવામાં આવ્યાં હોય છે (**नियतसन्निवेशः**) તેથી **त्यद्** વગેરે જે વધારાના શબ્દો છે તેને પ્રસ્તુત સૂત્ર લાગુ ન પડે તે માટે **नव** નું ગ્રહણ કરવું જરૂરી છે (કૈ.) આમ કૈ. પ્રમાણે ગણપાઠ પૂર્વનો છે તેથી ના.નોંધે છે કે જો અષ્ટાધ્યાયી પૂર્વકાલીન હોય તો **पूर्वादिभ्यः॰** દ્વારા અષ્ટાધ્યાયીનાં (૧-૧-૩૪ થી૩૬એ) ત્રણ સૂત્રોમાં જેનો પાઠ કરવામાં આવ્યો છે તે જ **पूर्व** વગેરે **नव** નું ગ્રહણ થશે અને સૂત્રમાં **नव** એમ કહેવાની જરૂર ન હતી તે સૂચવવા માટે જ ભાષ્યકારે **नवैव पूर्वादीनि** એમ કહ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(**पूर्वादि** નો આ સૂત્રમાં ફરીથી પાઠ કર્યો છે) તેનું આ પ્રયોજન છે : **पूर्व** વગેરે' વ્યવસ્થાના[123] અર્થમાં હોય' અને 'સંજ્ઞા ન હોય' ત્યારે (અર્થાત્ વિશિષ્ટ અર્થમાં વિકલ્પે **सर्वनाम** સંજ્ઞા થાય છે ) એમ (સૂત્રકાર ) પોતે કહેવાના છે તે માટે (એ પાઠ કર્યો છે). એ પણ પ્રયોજન નથી , કારણ કે એ વિશેષણોયુક્ત (**पूर्वादि**) નો જ ગણમાં પાઠ છે. તો પછી (**पूर्वादि** ના પુનઃ પાઠનું) એ પ્રયોજન છે કે ( **किं सर्वनामबहुभ्योऽद्व्यादिभ्यः**। એ સૂત્રમાં **अद्व्यादिभ्यः** એ શબ્દ દ્વારા જે ) **द्व्यादि** નો પ્રતિષેધ છે તેથી (**पूर्वादि** નો) પ્રતિષેધ ન થાય.[124] એ પણ પ્રયોજન નથી,

**आचार्यप्रवृत्तिर्ज्ञापयति नैषां द्व्यादिपर्युदासेन पर्युदासो भवतीति यदयं पूर्वत्रासिद्धम् इति निपातनं करोति। वार्त्तिककारश्च पठति जश्भावादिति चेदुत्तराभावादपवादप्रसङ्ग इति ॥ इदं तर्हि प्रयोजनं जसि विभाषां वक्ष्यामीति ॥**

**स्वमज्ञातिधनाख्यायाम् ॥१।१।३५॥**

**आख्याग्रहणं किमर्थम्। ज्ञातिधनपर्यायवाची यः स्वशब्द-**

---

[123]'વ્યવસ્થા' માટે જુઓ પા.ટી.૧૦૮). **पूर्व** વગેરેનો **सर्वादि** ગણમાં પાઠ છે જ તેથી તેમની નિત્ય સર્વનામ સંજ્ઞા થાય છે તેમ પ્રસ્તુત સૂત્ર દ્વારા કહેવામાં આવ્યું છે. અહીં મૂળમાં '**व्यवस्थायाम्**' એમ કહ્યું છે પરંતુ **पूर्व** વગેરે સાત જ્યારે વ્યવસ્થાના અર્થમાં હોય ત્યારે જ, **स्व** જ્ઞાતિ અને ધનના અર્થમાં ન હોય ત્યારે જ અને **अन्तर** શબ્દ 'બહારના, ખુલ્લો પ્રદેશ અથવા ઉપવસ્ત્ર' એ અર્થમાં હોય ત્યારે , એમ અહીં સમજવાનું છે તેથી સૂત્રકારે પ્રતિપદ પાઠ કરીને, જુદા જુદા શબ્દોનો વિશિષ્ટ અર્થ સાથે ઉલ્લેખ કર્યો છે. ગણપાઠમાં વિશિષ્ટ અર્થ સાથે નિર્દેશ કર્યો છે તેમાં અર્થનિર્દેશ **पूर्वादि** નું વિશેષણ બને તે જ હેતુ છે તેથી તે તે અર્થમાં તેમની વિકલ્પે સર્વનામ સંજ્ઞા થશે.

[124] **किं सर्वनामबहुभ्योऽद्व्यादिभ्यः**। એ સૂત્ર દ્વારા **तसिल्** , **त्रल्** વગેરે પ્રાગ્દિશીય પ્રત્યયોનું વિધાન કરવામાં આવ્યું છે, પરંતુ **अद्व्यादिभ्यः** એમ કહીને સૂત્રકારે **द्वि** વગેરેનો પર્યુદાસ કર્યો છે. તે પર્યુદાસ **पूर्व** વગેરેને લાગુ ન પડે તે માટે **पूर्वपरावर॰** વગેરે સૂત્રમાં **अवरादि** નો પાઠ કરવામાં આવ્યો છે એમ જે ભાષ્યમાં કહ્યું તે ઉપરથી જણાય છે કે ગણપાઠમાં ક્વચિત્ કેટલાક વિદ્વાનો દ્વારા **पूर्व** વગેરે શબ્દોનો **द्वि** વગેરે પછી પાઠ કરવામાં આવ્યો હશે. તેથી **पूर्व** વગેરેનો **द्वि** વગેરે (**द्व्यादि** ) માં સમાવેશ થઇ જતો હશે. પરિણામે **द्व्यादि** ને લગતો પર્યુદાસ તેમાં સમાઇ જતાં **पूर्वादि** ને પણ લાગુ પડે અને **तसिल्**, **त्रल्** જેવા પ્રાગ્દિશીય પ્રત્યયો તેમને ન લાગે અને તેથી **पूर्वतः**,**पूर्वत्र** જેવા શબ્દો સિદ્ધ ન થઇ શકે. આ અનિષ્ટને નિવારવા માટે સૂત્રકારે **पूर्वपरावर॰** સૂત્રમાં **अवर** વગેરેનો પાઠ કરીને તેમની પુનઃ સર્વનામ સંજ્ઞા કરી છે, તેથી **पूर्वतः** , **अवरतः** જેવાં રૂપો સિદ્ધ થઇ શકે. કૈ. કહે છે કે **लक्षणेत्थंभूताख्यान॰** પ્રમાણે **अनु** એ નિપાતની કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે છતાં સૂત્રકારે **अनुर्लक्षणे**। દ્વારા ફરી કર્મપ્રવચનીય સંજ્ઞા કરી છે તેથી **अनु** નો પ્રયોગ થયો હોય ત્યારે **हेतौ तृतीया**। પ્રમાણે તૃતીયા ન થતાં **कर्मप्रवचनीय -युक्ते द्वितीया**। પ્રમાણે દ્વિતીયા વિભક્તિ થાય છે . તેમ પુનઃ સંજ્ઞા કરવાથી **अवर** વગેરેને **तसिल्** , **त्रल्** વગેરે પ્રત્યયો લાગી શકશે.અહીં શંકા થઇ શકે કે જો આ પ્રમાણે હોય તો પૂર્વવર્તી **जसि विभाषा**। અનુસાર દ્વન્દ્વાન્તે આવતા **अवर** વગેરેને **जस्** પ્રત્યય પૂર્વે વિકલ્પ નહીં થાય, કારણ કે **पूर्वपरावर॰** વગેરે ઉત્તર સૂત્ર છે. આ શંકાના નિવારણ માટે કૈયટ સૂચવે છે કે જેમ **अमि पूर्वः**। અને **सम्प्रसारणाच्च**। એ સૂત્રોમાં બે ભિ ન્ન વાક્ય બનાવીને પૂર્વવતી' **वा छन्दसि**। એ સૂત્રનો સંબંધ થવાથી વેદમાં **इज्यमानौ** અને **यज्यमानौ** એમ વૈકલ્પિક રૂપો પ્રાપ્ત થાય છે તેમ અહીં પણ **विभाषा जसि**। એ સૂત્રની અનુવૃત્તિ કરીને વિકલ્પ પ્રાપ્ત થઇ શકાશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આચાર્ય પાણિનિ **पूर्वत्रासिद्धम्।** (માં **पूर्वत्र** એમ) નિપાતન[125] કરે છે તે દ્વારા સૂચવે છે કે **द्वि** વગેરેના પ્રતિષેધથી તે (**पूर्वादि**) નો પ્રતિષેધ થતો નથી. વાર્તિકકાર પણ **जश्भावादिति चेदुत्तरत्राभावादपवादप्रसंगः।** એ વાર્તિકનો પાઠ કરે છે (તેથી સૂચવાય છે કે **द्यादि** ના પ્રતિષેધથી **अवरादि** નો પ્રતિષેધ થતો નથી). તો પછી આ પ્રયોજન છે કે **जस्** પ્રત્યય પૂર્વે વિકલ્પે (**सर्वनाम** સંજ્ઞા) થાય છે એમ પોતે કહેવાના છે તે માટે (**पूर्वादि** નો આ સૂત્રમાં પાઠ કર્યો હોય).[126]

જ્યારે સગાં અને ધનવાચક ન હોય ત્યારે **स्व** શબ્દ[127] **जस्** પૂર્વે વિકલ્પે **सर्वनाम** સંજ્ઞક બને છે ॥ ૧।૧।૩૫ ॥

સૂત્રમાં **आख्या** શબ્દ શા માટે મૂકવામાં આવ્યો છે ?[128] એટલા માટે (મૂકવામાં આવ્યો છે) કે તેથી **स्व** શબ્દ સગાં અને ધનવાચી હોય **स्तस्य यथा स्यादिह मा भूत्। स्वे पुत्राः स्वाः पुत्राः। स्वे गावः स्वा गावः॥**

**अन्तरं बहिर्योगोपसंव्यानयोः ॥१।१।३६॥**

**उपसंव्यानग्रहणमनर्थकं बहिर्योगेण कृतत्वात् ॥१॥**

**उपसंव्यानग्रहणमनर्थकम्। किं कारणम्। बहिर्योगेण कृतत्वात्। बहिर्योग इत्येव सिद्धम्॥**

**न वा शाटकयुगाद्यर्थम् ॥२॥**

**न वानर्थकम्। किं कारणम्। शाटकयुगाद्यर्थम्।**

---

[125] **निपातन** નો અર્થ છા૦ નિર્દેશ કરે છે. વાસ્તવમાં ભાષ્યકાર સૂચવવા માગે છે કે કદાચ વ્યાકરણના નિયમ અનુસાર **तसिल्, त्रल्** વગેરે ન લાગતા હોય તો પણ સૂત્રકારે પોતે જેમ **सर्वादीनि सर्वनामानि।** માં **सर्वणाम** ન કહેતાં **सर्वनाम** એ નિપાતન કર્યું છે તેમ **पूर्वत्रासिद्धम्।** એ સૂત્રમાં **पूर्वत्र** શબ્દ મૂકીને નિપાતન કર્યું છે. **ढो ढे लोपः।** સૂત્ર ઉપર વાર્તિકકારે **जश्भावादिति चेदुत्तरत्राभावत्**૦ એ વાર્તિકમાં પ્રયોજેલ **उत्तरत्र** શબ્દપણ નિપાતન છે. (ઉ૦) નોંધે છે કે સૂત્રકાર અને વાર્તિકકારે કરેલા પ્રયોગો પરથી સમજાય છે કે ગણપાઠમાં **पूर्व** વગેરેનો **त्यदादि** ની પૂર્વે જ હશે. પરંતુ છાયાકાર નોંધે છે કે **पूर्वत्र** અને **उत्तरत्र** જેવા પ્રયોગોને અપૂર્વ ગણવાથી ગૌરવ થાય છે તેથી લાઘવ ખાતર જ નાગેશે ઉપર પ્રમાણે ભાવ તારવ્યો છે. આ ઉપરથી લાગે છે કે છાયાકાર **पूर्वत्र** અને **उत्तरत्र** ને નિપાતન જ ગણે છે અને સૂત્રકાર અને વાર્તિકકાર એ બન્ને શિષ્ટોના પ્રયોગ સૂચવે છે કે **पूर्व** અને **उत्तर** વગેરેને **तसिल्, त्रल्** વગેરે લાગે છે.

[126] **पूर्व** વગેરેનો ગણમાં પાઠ કરવામાં આવ્યો છે તેથી સર્વનામ સંજ્ઞા નિત્ય પ્રાપ્ત છે તેમાં અહીં **जस्** પૂર્વે વિશિષ્ટ અર્થમાં વિભાષા કરવામાં આવી છે. હવે **विभाषा जसि।** એ પૂર્વ સૂત્ર છે અને પ્રસ્તુત સૂત્ર પર છે છતાં અહીં ભાષ્યકારે **वक्ष्यामि** એમ સામાન્ય ભવિષ્યનો પ્રયોગ કર્યો છે તેથી છાયા નોંધે છે કે તે વર્તમાનના અર્થમાં છે. વાસ્તવમાં ભાષ્યકાર એમ કહેવા માગે છે કે '**पूर्व** વગેરેને પણ **जस्** પૂર્વે વિભાષા સર્વનામ સંજ્ઞા કરીશ' એમ વિચારીને સૂત્રકારે **पूर्व** વગેરેનો પુનઃ પાઠ કર્યો છે.

[127] **स्व** શબ્દ પોતે, પોતાનું, સગું, અને ધન એ અર્થોમાં પ્રયોજાય છે.

[128] **आख्यायते अनया इति आख्या।** જેના દ્વારા વસ્તુને નામ આપી શકાય તે **आख्या** (અર્થાત્ અર્થદર્શાવનાર, વાચક).તેથી **ज्ञातिधनाख्या** એટલે જ્ઞાતિ અને ધનનો વાચક. **स्व** શબ્દની નિત્ય સર્વનામ સંજ્ઞા થાય છે, પરંતુ જ્યારે તે સગાં અથવા ધનનો અર્થ ન દર્શાવતો હોય ત્યારે તેને **जस्** પ્રત્યય પૂર્વે વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે. તેથી **स्वे पुत्राः, स्वे गावः** જેવા પ્રયોગોમાં વિકલ્પે **स्वाः पुत्राः, स्वा गावः** જેવા સાધુ પ્રયોગ થશે. આમાં **पुत्राः** અને **गावः** એ શબ્દો દ્વારા અનુક્રમે સગપણ અને ધનનો અર્થ સમજાય છે, **स्व** શબ્દ તો માત્ર આત્મીય- પોતાનું એ અર્થ બતાવે છે, પરંતુ **प्रभूताः स्वाः न भूज्यन्ते।** માં ધન વાચી છે તેથી સંજ્ઞા નહીં થાય. ભાષ્યમાં **पर्याय** એટલે **तच्छब्दभिन्नत्वे सति तत्प्रवृत्तिनिमित्ताक्रान्तत्वम्।** એક શબ્દનું જે પ્રવૃત્તિનિમિત્ત હોય તે જ બીજા શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત હોવા છતાં જેનું સ્વરૂપ પ્રથમ શબ્દથી ભિન્ન હોય તે (તેનો) પર્યાય કહેવાય. **स्व** જ્ઞાતિ અથવા ધનના અર્થમાં હોય તો તે શબ્દ જ્ઞાતિ કે ધનના પર્યાય તરીકે (**ज्ञातिधनाख्यायाम्**) પ્રયોજાયો કહેવાય.પરંતુ **स्वामी** શબ્દમાં **स्व** ધનના અર્થમાં નથી, કારણ કે **स्वामिन्नैश्वर्ये।** એ સૂત્ર પ્રમાણે **स्वामिन्** શબ્દનું નિપાતન કરવામાં આવ્યું છે. ત્યાં ઐશ્વર્યના અર્થમાં **अमिनच्** પ્રત્યય લાગ્યો છે તેથી **स्वम्** (માલિકી) **अस्ति इति स्वामी।** આથી ધનવાન હોય કે ન હોય છતાં જે માલિક હોય તેને **स्वामी** કહેવાય, કારણ કે અહીં **स्व** એ ધનવાચી નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યારે જ તેને નિષેધ થાય,પરન્તુ આ **स्वे पुत्राः, स्वाःपुत्राः, स्वे गावः, स्वाः गावः,** માં (**स्व** 'પોતાનું' એ અર્થમાં છે ત્યાં નિષેધ) ન થાય.

**बहिर्योग** અને **उपसंव्यान** એ અર્થવાળા **अन्तर** [129] શબ્દની **जस्** પૂર્વે વિકલ્પે **सर्वनाम** સંજ્ઞા થાય છે ॥ ૧।૧ ।૩૬ ॥

(સૂત્રમાં) **उपसंव्यान** શબ્દ મૂક્યો છે તે બિનજરૂરી છે, કારણ કે (સૂત્રમાંનો) **बहिर्योग** (શબ્દ એ) કામ કરે છે ॥ ૧॥

(સૂત્રમાં) **उपसंव्यान** શબ્દ મૂક્યો છે તે બિનજરૂરી છે. શા માટે ? કારણ કે (સૂત્રમાંનો) **बहिर्योग** (શબ્દ એ) કામ કરે છે એટલે કે **बहिर्योग** એમ કહ્યાથી કાર્ય થાય છે.[130]

અથવા (નિરર્થક ) નથી, વસ્ત્રની જોડ વગેરે માટે (એ જરૂરી છે) ॥૨॥

અથવા (સૂત્રમાંનો **उपसंव्यान** શબ્દ) નિરર્થક નથી. શા માટે ? વસ્ત્રની જોડ[131] વગેરે માટે (એ જરૂરી છે),

**शाटकयुगार्थं तर्हीदं वक्तव्यं यत्रैतन्न ज्ञायते किमन्तरीयं किमुत्तरीयमिति ॥ अत्रापि य एष मनुष्यः प्रेक्षापूर्वकारी भवति निर्ज्ञातं तस्य भवतीदमन्तरीयमिदमुत्तरीयमिति ॥ अपुरीति वक्तव्यम् । इह मा भूत् । अन्तरायां पुरि वसतीति ॥**

**वाप्रकरणे तीयस्य ङित्सूपसंख्यानम् ॥३ ॥**

**वाप्रकरणे तीयस्य ङित्सूपसंख्यानं कर्तव्यम् । द्वितीयायै द्वितीयस्यै । तृतीयायै तृतीयस्यै ।**

---

[129] **अन्तर** શબ્દના બહાર,અંદર, વચમાં એમ ઘણા અર્થ છે, જેમ કે **अन्तरे गृहाः** (બહારના અર્થમાં), **अन्तरे शाटकाः** (અંદરના અર્થમાં), **अनयोः ग्रामयोरन्तरे तापसः प्रतिवसति ।** (વચ્ચેના અર્થમાં). તેમાં જ્યારે **बहिर्योग** અને **उपसंव्यान** ના અર્થમાં **अन्तर** શબ્દ પ્રયોજાયો હોય ત્યારે **जस्** પૂર્વે **जसि विभाषा ।** પ્રમાણે વિકલ્પે સર્વનામ સંજ્ઞાથાય છે. પૂર્વ સૂત્રની જેમ અહીં પણ પ્રાપ્તવિભાષા છે, કારણ કે નિત્ય પ્રાપ્ત થતી સર્વનામ સંજ્ઞામાં વિકલ્પે નિષેધ પ્રાપ્ત થાય છે. જેમ કે **अन्तरे गृहाः** (જે ગામની બહાર છે તેવાં ઘર) , પરંતુ **बहिः** શબ્દનો અર્થ બહારના પ્રદેશમાં રહેલ (**बाह्य**) એમ કરવામાં આવે તો **बहिः** સાથે જેનો સંબંધ (**योग** ) છે તે (**बाह्येन योगः**) **बहिर्योगः** અર્થાત્ નગરની અંદર રહેલ (ગૃહો) એમ અર્થ થશે.આ બન્ને અર્થમાં **अन्तर** શબ્દ પ્રયોજાય છે.

[130] **उपसंव्यान** શબ્દ **उपसंवीयते (परिधीयते) यद्** અર્થાત્ જે પહેરાય છે તે **उपसंव्यान** એટલે કે વસ્ત્ર એ અર્થમાં **कृत्यलुटो बहुलम् ।** થી કર્મના અર્થમાં **ल्युट्** લાગ્યો છે અથવા **करणाधिकरणयोश्च ।** થી (**संवीयते पिधीयतेऽनेन । संव्यानस्य समीपम् उपसंव्यानम्**) જેના વડે નજીકનું ઢંકાય તે(**उपसंव्यानं परिधानीयम् अनतर्वासः । न प्रावरणीयम् बहिर्वासः । पद०**) એમ કરણના અર્થમાં એમ બે રીતે લઇ શકાય છે. પરિણામે તેના બે ભિન્ન અર્થ થાય છે છતાં બન્ને અર્થમાં **बहिर्योग** ને કારણે **अन्तर** ને સર્વનામ સંજ્ઞા થઇ શકશે, કારણ કે **बहिः** એટલે બહાર, ખુલ્લા પ્રદેશ સાથે જેને સંબંધ (**योग** ) છે તે એમ વ્યાખ્યા કરવામાં આવે તો ઉપરના વસ્ત્ર (**प्रावरणीय**) ને સૂત્ર લાગુ પડશે, કારણ કે જેના વડે ઢાંકવામાં આવે તે **उपसंव्यान** એમ કરણનો અર્થ લેતાં બહારના વસ્ત્રને અનાવૃત અર્થાત્ ખુલ્લા પ્રદેશ સાથે સંબંધ હોવાથી તેને સૂત્રમાં પ્રયોજેલા **बहिर्योग** શબ્દને કારણે જ પ્રસ્તુત સંજ્ઞા લાગુ પડશે. હવે જો **बहिः** નો **बाह्य** (બહારનું) એમ અર્થ લેવામાં આવે તો **बहिर्योग** એટલે બહારના વસ્ત્ર સાથે જેનો યોગ, સંબંધ છે તે અર્થાત્ (જે ઢાંકવામાં આવે છે તે) અંદરનું વસ્ત્ર એમ કર્મનો અર્થ લેવામાં આવે તો પણ **अन्तर** ને **जस्** પૂર્વે વૈકલ્પિક સર્વનામ સંજ્ઞા પ્રાપ્ત થશે. ટૂંકમાં સૂત્રમાં **बहिर्योग** શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું છે તેને પ્રતાપે જ **अन्तर** શબ્દને અંદર કે બહારનું વસ્ત્ર એ અર્થમાં સર્વનામ સંજ્ઞા લાગુ પડે છે તો પછી **उपसंव्यान** શબ્દનું સૂત્રમાં જે ગ્રહણ કર્યું છે તે બિનજરૂરી છે એમ શંકાકાર કહેવા માગે છે.

[131] જ્યારે એક મોટું અને એક નાનું એમ બે વસ્ત્ર હોય ત્યાં બહારનું કયું અને અંદરનું કયું તે જાણી શકાય, પરંતુ જ્યારે પહેર્યા વિનાનાં બે સરખાં વસ્ત્રોને માટે **उपसंव्यान** શબ્દ પ્રયોજાયો હોય ત્યારે તેને હાથમાં લેતાં તેમાંથી અંદરનું કયું છે અને બહારનું કયું છે એ સમજાતું નથી.અહીં **शाटकयुगादि** એમ કહ્યું છે તેથી **शाटकयुग** (વસ્ત્રની જોડ) ઉપરાંત **शाटकत्रय शाटकचतुष्टय** વગેરેનું પણ ગ્રહણ થાય છે. તેથી ત્રણ ચાર વસ્ત્રો પહેરેલાં હોય ત્યારે ત્રીજા અને ચોથા વસ્ત્રને બહિર્યોગ થતો જ નથી તેથી સૂત્રમાં **उपसंव्यान** શબ્દનું ગ્રહણ કરવું જરૂરી છે એમ કેટલાકનું કહેવું છે. જ્યારે ના. નોંધે છે કે ભાષ્ય પ્રમાણે પ્રસ્તુત સૂત્રમાં **बहिर्योग** હોય ત્યારે સંજ્ઞા કહી છે અને અંદરનાં વસ્ત્ર પણ પરોક્ષ રીતે (**परंपरया**) બાહ્ય સાથે યોગ ધરાવે છે તેથી અંદરના વસ્ત્રની પણ **बहिर्योग** શબ્દને કારણે જ સંજ્ઞા થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલે કે જ્યાં (આ તે) અંતરીય (વસ્ત્ર) છે કે ઉત્તરીય (વસ્ત્ર) છે એ જાણી ન શકાય તેવે સ્થળે (એક સરખાં) વસ્ત્રની જોડ વગેરે માટે (આ સૂત્રમાં **उपसंव्यान** શબ્દનું) ગ્રહણ કરવું જરૂરી છે.અહીં પણ જે માણસ વિચારપૂર્વક વર્તે છે તેને 'આ અન્તરીય છે અને આ ઉત્તરીય છે' એમ બરોબર ખબર પડે છે.

(આ સૂત્રમાં) '**अपुरि**' એમ કહેવું જોઇએ.[132] જેથી **अन्तरायां पुरि वसति।** માં (સર્વનામ સંજ્ઞા) ન થાય.

જ્યાં વિકલ્પે (સર્વનામ સંજ્ઞા કરવામાં આવી) હોય[133] ત્યાં **ङित्** પ્રત્યયો જેની પછી આવતા હોય તેવા **तीय** જેને અન્તે હોય તે (શબ્દો)નો સમાવેશ કરવો જોઇએ ॥૩॥

વિકલ્પે (સર્વનામ સંજ્ઞા કરવામાં આવી) હોય ત્યાં **तीय** જેને અંતે હોય તેવા (**द्वितीय, तृतीय** ) શબ્દોને (**ङे,ङस् ,ङसि** અને **ङि** એ) **ङित्** પ્રત્યયો પર થતાં વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે એમ કહેવું જોઇએ, જેથી **द्वितीयायै, द्वितीयस्यै, तृतीयायै, तृतीयस्यै** [134] (જેવાંમાં વિકલ્પ થાય)

**विभाषा द्वितीयातृतीयाभ्याम्। इत्येतन्न वक्तव्यं भवति। किं पुनरत्रज्यायः। उपसंख्यानमेवात्र ज्यायः। इदमपि सिद्धं भवति। द्वितीयाय द्वितीयस्मै। तृतीयाय तृतीयस्मै ॥**

---

[132] ગણસૂત્રમાં **अन्तर** શબ્દ મૂક્યો છે, **अन्तरा** નથી , પરંતુ **प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणं भवति।** એ લિંગવિશિષ્ટ પરિભાષાને કારણે **अन्तरा** શબ્દને પણ પ્રસ્તુત વિભાષા લાગુ પડવાનો પ્રસંગ ન આવે તે માટે ગણસૂત્રમાં **अपुरि** એમ મૂકવું જરૂરી છે. જેથી **अन्तरायां पुरि।** જેવાં સ્થળે વિકલ્પે **अन्तरस्यां पुरि।** જેવો અસાધુ પ્રયોગ થવાનો પ્રસંગ ન આવે, કારણ કે કોઇવાર **अन्तरायां पुरि।** નો અર્થ કોટ (**प्राकार**) ની બહારનું નગર અને કોઇવાર કોટની અંદરનું નગર એમ બે પ્રકારે સમજવામાં આવે છે. પરિણામે 'પ્રાકારની બહાર' એમ અર્થ કરવામાં આવે ત્યારે **अन्तरा** શબ્દ બહિર્યોગના અર્થમાં પ્રયોજાયો હોવાથી ગણસૂત્ર લાગુ પડશે. ટૂંકમાં સર્વનામ સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. તે ન આવે માટે **अपुरि** શબ્દનું ગણસૂત્રમાં ગ્રહણ કરવું પડશે એમ અહીં દલીલ છે. અહીં શંકા થઇ શકે કે પ્રસ્તુત સૂત્રમાં **विभाषा जसि।** માંથી **जसि** ની અનુવૃત્તિ થાય છે તો પછી દ્વિતીયાને સ્થાને સપ્તમીનું ઉદાહરણ શા માટે આપ્યું છે ? વળી **जसः शी।** પ્રમાણે જે **शी** આદેશ થાય છે તે **अदन्त** પૂર્વે જ થાય છે કારણ કે તે સૂત્રમાં **अतो भिस ऐस्।** માંથી **अतः** ની અનુવૃત્તિ થાય છે. જ્યારે **पूः** એ સ્ત્રીલિંગ છે અને તે વિશેષ્ય હોય ત્યારે વિશેષણ તરીકે આવતો **अन्तरा** શબ્દ **आबन्त** (આ-કારાન્ત) છે તેથી તેને સર્વનામ સંજ્ઞા થવાનો પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી, વળી સૂત્રમાં **अन्तर** શબ્દનું ગ્રહણ કરેલું છે **अन्तरा** નું નહીં.આનું સમાધાન એટલું જ કે **लिङ्गविशिष्ट** પરિભાષાને કારણે અથવા તો એકાદેશને પૂર્વના અન્ત સમાન ગણવાને કારણે **अन्तरा** એ **आबन्त** શબ્દને સર્વનામ સંજ્ઞા લાગુ પડી શકે. તે નિવારવા '**अपुरि**' એમ ગણસૂત્રમાં કહેવું પડશે, કારણ કે **अनतरायां पुरि।** એ ગણસૂત્રનું પ્રત્યુદાહરણ છે (કાશિકા).

[133] ભાષ્યકાર **वाप्रकरणे तीयस्य०** વગેરે પાઠ લે છે, જ્યારે અન્યત્ર **तीयस्य ङित्सु वा।** એટલો જ પાઠ છે.**का०** માં **विभाषा प्रकरणे तीयस्य वा सर्वनामसंज्ञेत्युपसंख्यानम्।** છે. આ વાર્તિકને **विभाषा द्वितीया०** સૂત્રની ટીકામાં ઉદ્ધરતાં **न्या०** **वाप्रकरणे तीयस्य ङित्सूपसंख्यानम्।** એમ અને **पद०** **तीयस्य वस ङित्सूपसंख्यानम्।** એમ પાઠ લે છે. **बा०म०** માં **तीयस्य ङित्सु विभाषा।** એમ છે.મહાભાષ્યમાંના પાઠનું સમર્થન કરતાં છાયા નોંધે છે કે **विभाषा** શબ્દને સ્થાને **वा** શબ્દ પ્રયોજીને ભાષ્યકારે **पर्यायशब्दानां लाघवगौरवचर्चा नाद्रियते।** એ પરિ-ભાષાનું જ્ઞાપન કર્યું છે.

[134] **द्वेस्तीयः।** અને **त्रेः सम्प्रसारणं च।** પ્રમાણે **द्वि** અને **त्रि** ની પૂરક સંખ્યા બનાવવા માટે **तीय** પ્રત્યય લાગીને **द्वि** નું **द्वितीय** અને **त्रि** માં રેફ નું સંપ્રસારણ થઇ પૂર્વરૂપ એકાદેશ થતાં **तृतीय** થાય છે. પ્રસ્તુત વાર્તિક દ્વારા **ङित्** પ્રત્યયો પર થતાં **तीय** જેને અન્તે હોયતેની સર્વનામ સંજ્ઞા કરવામાં આવી છે , જેથી **द्वितीयायै , द्वितीयस्यै। तृतीयायै , तृतीयस्यै। द्वितीयायाः, द्वितीयस्याः। तृतीयायाः, तृतीयस्याः। द्वितीयायाम्, द्वितीयस्याम्। तृतीयायाम्, तृतीयस्याम्** એમ રૂપો શક્ય બનશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**स्वरादिनिपातमव्ययम् ॥१।१।३७॥**

**किमर्थं पृथग्ग्रहणं स्वरादीनां क्रियते न चादिष्वेव पठ्येरन्। चादीनां वा असत्त्ववचनानां निपातसंज्ञा स्वरादीनां पुनः सत्त्ववचनानामसत्त्ववचनानां च ॥ अथ किमर्थमुभे संज्ञे क्रियेते न निपातसंज्ञैव स्यात्। नैवं शक्यम्। निपात एकाजनाङ् इति प्रगृह्यसंज्ञोक्ता सा स्वरादीना-**

જો એમ (કહેવામાં આવે તો **विभाषा द्वितीयातृतीयाभ्याम्।** એ(સૂત્ર) નહીં કરવું પડે. અહીં (વાર્તિક કરવી અને સૂત્ર રચવું એ) બેમાંથી વધુ સારૂં શું છે ?[135] વાર્તિકદ્વારા સમાવેશ કરવો એ જ વધારે સારૂં, (કારણ કે તેથી સૂત્ર વિના પણ) **द्वितीयाय,द्वितीयस्मै, तृतीयाय, तृतीयस्मै** એ રૂપો પણ સિદ્ધ થાય છે.

**स्वर्** વગેરે શબ્દો અને **निपात** સંજ્ઞક શબ્દોની **अव्यय** સંજ્ઞા કરવામાં આવે છે **॥૧।૧।૩૭॥**

**स्वर्** વગેરે (શબ્દો) નું કેમ જુદું ગ્રહણ કરવામાં આવ્યું છે અને તેમનો **चादि** (ગણમાં) જ કેમ પાઠ ન થઇ શકે ?[136] **च** વગેરે (શબ્દો )તો દ્રવ્યવાચક ન હોય ત્યારે તેમની **अव्यय** સંજ્ઞા થાય છે, જ્યારે **स्वर्** વગેરે (શબ્દો)ની તો એ દ્રવ્યવાચક હોય ત્યારે અને દ્રવ્યવાચક ન હોય ત્યારે (એમ બન્ને રીતે[137] **अव्यय** સંજ્ઞા થાય છે). તો હવે (**निपात** અને **अव्यय** એમ) બે સંજ્ઞાઓ કેમ કરવામાં આવી છે ? માત્ર **निपात** સંજ્ઞા જ કેમ નહીં ?[138] એમ (કહેવું) શક્ય નથી, કારણ કે **निपात एकाजनाङ्।** એ સૂત્રદ્વારા જે પ્રગૃહ્ય સંજ્ઞા કરી છે તે **स्वर्** વગેરે

**-मप्येकाचां प्रसज्येत। एवं तर्ह्यव्ययसंज्ञैवास्तु। तच्चाशक्यम्। वक्ष्यत्येतत्। अवयये नञ्कुनिपातानामिति। तद्गरीयसान्यासेन परिगणनं कर्तव्यम्। उभे च संज्ञे कर्तव्ये ॥**

---

[135] **वाप्रकरणे०** વગેરે વાર્તિકથી **तीयान्त** ને **ङित्** પ્રત્યયો પૂર્વે વિકલ્પે સર્વનામ સંજ્ઞા કરવામાં આવી છે. તે જ પ્રમાણે **सर्वनाम्नः स्याड्ढ्रस्वश्च।** પ્રમાણે સર્વનામ પછી આવતા **ङित्** પ્રત્યયોને **स्याड्** આગમ લાગે છે તે **द्वितीया, तृतीया** એ શબ્દોને **विभाषा द्वितीया-तृतीयाभ्याम्।** પ્રમાણે વિકલ્પે લાગશે.

[136] **स्वरादयश्च निपाताश्च स्वरादिनिपातम्** એમ સમાહાર દ્વન્દ્વ સમાસ છે. **स्वर्** વગેરે **स्वरादि** ગણના ત્રણ સભ્યો છે. તે સર્વ તથા **प्राग्रीश्वरान्निपाताः।** થી જેની વ્યાખ્યા કરવામાં આવી છે તે નિપાતોની **अव्यय** સંજ્ઞા કરવામાં આવી છે. **स्वर्** વગેરેમાં કેટલાક, જેવા કે **हिरुक्**, ક્રિયાવિશેષણ હોવાથી ક્રિયાપ્રધાન છે અને **उच्चैः,नीचैः** જેવા કેટલાક સાધનપ્રધાન છે, એટલે કે વિભક્ત્યર્થપ્રધાન છે, કારણ કે તે અધિકરણવાચી છે, પરંતુ **असत्त्ववचन** (દ્રવ્યવાચી ન હોય તેવા) છે. તેથી તેમનો **चादि** (**च** વગેરે )ગણમાં જ સમાવેશ કરવો જોઇએ એમ માનીને આ પ્રશ્ન કરવામાં આવ્યો છે.

[137] **स्वस्ति वाचयति। स्वः पश्य। स्वस्तिष्ठ। स्वर् आगतः।** વગેરે ઉદાહરણોમાં **स्वस्ति, स्वर्** વગેરેનો ક્રિયા સાથે સંબંધ છે. પ્રથમ બેમાં કર્મ તરીકે, ત્રીજામાં કર્તા અને ચોથામાં અપાદાન કારક તરીકે ક્રિયા સાથે યોગ ધરાવે છે, તેથી તે સત્ત્વવાચી છે, કારણ કે અનેક કારકના અર્થમાં ક્રિયા સાથે સંબદ્ધ થવું તે જ દ્રવ્યનું લક્ષણ છે. કૈયટે **लोहितगङ्गम्** એ ઉદાહરણ મૂક્યું છે, પરંતુ **अव्ययीभावश्च।** એ સૂત્ર દ્વારા તેને આવરી લેવાય છે છતાં જેઓ તે સૂત્રનો **स्वरादि** માં પાઠ કરે છે તેમની દૃષ્ટિએ એ મૂક્યું છે. **हिरुक् उच्चैः** વગેરે અસત્ત્વવચન છે તે જોયું.

[138] જો **स्वरादि** નો **चादि** ગણમાં સમાવેશ કરવામાં આવે અને **तद्धितश्चासर्वविभक्तिः। कृन्मेजन्तः। क्त्वातोसुन्कसुनः।** અને **अव्ययीभावश्च।** એ ચાર સૂત્રોને **चादयोऽसत्त्वे।** એ સૂત્ર પછી મૂકવામાં આવે અને જ્યાં જ્યાં **अव्यय** સંજ્ઞા લાગુ પડતી હોય ત્યાં ત્યાં **निपात** સંજ્ઞા દ્વારા જ વ્યવહાર કરવામાં આવે તો બે સંજ્ઞા કરવાનો પ્રસંગ ન આવે અને **निपात** સંજ્ઞા દ્વારા જ કાર્ય થઇ શકે એમ અહીં દલીલ છે.આ દલીલ યોગ્ય નથી. ઉપર જોયું તેમ કેટલાક **स्वरादि** સત્ત્વવાચી છે, જેમ કે **स्वस्ति वाचयति।** વગેરે. અહીં **स्वस्ति** ને કર્મકારક તરીકે ક્રિયા સાથે સંબંધ છે, એટલે કે તે દ્રવ્યવાચક (**सत्त्ववाची**) તેથી તેને **निपात** સંજ્ઞા ન થઇ શકે, કારણ કે જે અસત્ત્વવાચી **चादि** હોય તેમની જ **निपात** સંજ્ઞા થાય. જ્યારે **स्वरादि** ની અવ્યય સંજ્ઞા થાય છે તે સત્ત્વવાચી તેમ જ અસત્ત્વવાચી બન્નેની થાય છે. આમ **निपात** સંજ્ઞાની બાબતમાં **चादि** અને **स्वरादि** ને લગતી વ્યવસ્થા છે તે પ્રાપ્ત નહીં થાય તેથી બે સંજ્ઞા કરવામાં આવી છે તે બરોબર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(શબ્દો) માં જે એક જ સ્વરવાળા છે તેમને લાગુ પડવાનો પ્રસંગ આવશે.[139] એમ હોય તો પછી માત્ર **अव्यय** સંજ્ઞા ભલે થાય.[140] તે પણ અશકય છે, કારણ કે (**तत्पुरुषे तुल्यार्थ०** વગેરે સૂત્ર ઉપર વાર્તિકકાર ) કહેશે **अव्यये नञ्कुनिपातानाम्**। તેથી અતિ વધારે શબ્દો મૂકીને (**च** વગેરેની) સંપૂર્ણ યાદી કરવી પડશે. તેથી (**अव्यय** અને **निपात** શબ્દોને) જુદા જુદા મૂકવા પડશે અને બન્ને સંજ્ઞાઓ પણ કરવી પડશે.

**तद्धितश्चासर्वविभक्तिः ॥१।१।३८॥**

**असर्वविभक्तावविभक्तिनिमित्तस्योपसंख्यानम् ॥१॥**

જેને બધી વિભક્તિના પ્રત્યય ન લાગતા હોય તેવા તદ્ધિતાન્તની[141] પણ **अव्यय** સંજ્ઞા થાય છે ॥૧।૧।૩૮।

---

[139] **स्वरादि** માત્ર અસત્ત્વવચન નથી, તેમનો **चादि** ગણમાં પાઠ પણ નથી તો પછી તેમને નિપાત કેવી રીતે ગણી શકાય એ શંકાને લક્ષમાં રાખીને કૈ. કહે છે કે **प्राग्रीश्वरान्निपाताः। स्वरादीनि। चादयोऽसत्त्वे।** એમ જો સૂત્રપાઠ કરવામાં આવે તો બે સંજ્ઞા ન કરતાં એક જ સંજ્ઞા થઇ શકે એમ આ દલીલ કરનારનું મન્તવ્ય છે, કારણ કે એ સૂત્રક્રમને કારણે સત્ત્વવાચી હોવા છતાં **स्वरादि** ની **निपात** સંજ્ઞા થઇ શકશે.તેથી ઉપર નોધ (૧૩૭)માં જણાવેલ વાંધો નહીં આવે.પરંતુ એમ કરવા જતાં **निपात एकजनाङ्**। અનુસાર એક સ્વરયુક્ત (**एकाच्**) **स्वरादि** ની પ્રગૃહ્ય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. વળી **किमोऽत्**। અને **दक्षिणादाच्**। વગેરે સૂત્રોમાં **एकाच्** તદ્ધિત પ્રત્યયો છે તેમનો **स्वरादि** માં સમાવેશ કરવામાં આવ્યો છે તેથી તેમની પણ પ્રગૃહ્ય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે, કારણ કે **तद्धितश्चासर्वविभक्तिः**। અને **कृन्मेजन्तः**। એ સૂત્રો વ્હારા અનુક્રમે તદ્ધિતાન્ત અને કૃદન્તની અવ્યય સંજ્ઞા કરવામાં આવી જ છે તેથી કેવળ **अत्**, **आच्** વગેરે **एकाच्** તદ્ધિત પ્રત્યયો અને **कन्** વગેરે કૃત્ પ્રત્યયોની જ પ્રગૃહ્ય સંજ્ઞા થવા જશે, કારણ કે સંજ્ઞા વિધિમાં તદન્તગ્રહણ થતું નથી. આમ ન બને તે માટે અવ્યય અને નિપાત એ બે સંજ્ઞા કરવી જરૂરી છે. નિ.સા.(૧૯૩૨) માં કૌંસમાં [**क्व इव क्वेव**।] એટલો અધિક પાઠ છે અને સંપાદક નોંધે છે :**कोष्ठान्तर्गतः पाठो न सार्वत्रिकः**। અહીં જે દૃષ્ટાન્ત આપ્યું છે તેનો હેતુ એ છે કે **क्व इव** માં જે **क्व** છે તેનો **स्वरादि** માં પાઠ છે. **किमोऽत्**। પ્રમાણે **अत्** લાગે છે તે પૂર્વે **क्वाति**। પ્રમાણે **किम्** ને **क्व** થાય છે. **स्वरादि** માં **अत्** નો પાઠ કરવામાં આવે છે એ મત પ્રમાણે **अत्** એ **एकाच्** નિપાતની પ્રગૃહ્ય સંજ્ઞા થશે તેથી **क्व इव** માં **क्वेव** ન થતાં **प्लुतप्रगृह्या अचि नित्यम्**। પ્રમાણે પ્રકૃતિભાવ થશે.

[140] એમ હોય તો ભલે અવ્યય સંજ્ઞા જ થાય, એટલે કે **प्राग्रीश्वरान्निपाताः। स्वरादीनि। चादयोऽसत्त्वे।** એમ સૂત્ર પાઠ કરવામાં આવે તેથી **निपात** સંજ્ઞા નહીં થાય માત્ર એક **अव्यय** સંજ્ઞા જ થશે.એમ અહીં દલીલ છે.પરંતુ એમ કરવાથી આ પ્રમાણે મુસીબત આવશેઃ **तत्पुरुषे तुल्यार्थतृतीयासप्तम्युपमानाव्ययद्वितीयाकृत्याः**। એ સૂત્ર પ્રમાણે **स्नात्वाकालकः** વગેરે સ્થળોએ પૂર્વપદનો પ્રકૃતિ સ્વર થવાનો પ્રસંગ આવે છે. તે ટાળવા માટે **अव्यये नञ्कुनिपातानामिति वक्तव्यम्**। એ વાર્તિક કરવામાં આવી છે. હવે જો **निपात** સંજ્ઞા ન કરવાની હોય તો **निपात** શબ્દને સ્થાને વાર્તિકમાં **च** વગેરે પ્રત્યેક નિપાતનું પરિગણન કરવું પડશે.પરિણામે ગૌરવ થશે.અશક્ય કેવી રીતે તે સ્પષ્ટ કરતાં કૈ. કહે છે : જો માત્ર**अव्यय** સં જ્ઞા કરવામાં આવે તો **अव्ययमेकाजनाङ्**। એમ સૂત્ર કરવું પડે. તેમ થવાથી **आत्** વગેરેની પણ પ્રગૃહ્ય સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે. હવે જો **चादय एकाजनाङ्**। એમ સૂત્ર કરવામાં આવે તો **चादि** નું અસત્ત્વવચન હોવું શક્ય નથી. ના. કહે છેકે જો **चादयः**। અને **असत्त्वे**। એમ યોગવિભાગ કરવામાં આવે અને **असत्त्वे** ને પાઠનું વિશેષણ કરવામાં આવે તો આ દોષ નહીં આવે. એ જ વાત હરદત્તે **तिङोगोत्रादीनाम्**। એ સૂત્રનો દાખલો આપીને કરી છે (**पद०** પૃ.૧૪૭).

[141] આ સંજ્ઞા સૂત્ર છે અને **अन्यत्र संज्ञाविधौ प्रत्ययग्रहणे तदन्तविधिर्नास्ति**। એ પરિભાષા પ્રમાણે સંજ્ઞા વિધિમાં તદન્તગ્રહણનો નિષેધ કરવામાં આવ્યો છે તેથી સૂત્રમાંના **तद्धित** પદનો તદન્ત અર્થાત્ **तद्धितान्त** એમ અર્થ ન થઇ શકે, પરંતુ કેવળ પ્રત્યયનો પ્રયોગ થતો નથી તેમ જ તેવા પ્રત્યયને સંજ્ઞા કરવાનું કોઇ પ્રયોજન ન હોઇ શકે તેથી તથા **प्रयोजनं सर्वनामाव्ययसंज्ञायाम्**। એ વાર્તિક પ્રમાણે પ્રસ્તુત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

असर्वविभक्तिः એમ જે કહ્યું તેમાં अविभक्तिनिमित्त નો[142]પણ સમાવેશ (કરવો જોઇએ)॥१॥

असर्वविभक्तावविभक्तिनिमित्तस्योपसंख्यानं कर्तव्यम्। नाना विना। किं पुनः कारणं न सिध्यति ॥

सर्वविभक्तिर्ह्यविशेषात् ॥२॥

सर्वविभक्तिर्ह्येष भवति। किं कारणम्। अविशेषेण विहितत्वात्॥

---

અવ્યય સંજ્ઞા સૂત્રમાં असर्वविभक्तिः એ વિશેષણ મૂક્યું છે અને કેવળ પ્રત્યયને કોઇ વિભક્તિ લાગતી નથી તેથી વાચનિક તદન્તવિધિ થશે. પરિણામે અવ્યય સંજ્ઞા તદ્ધિતની ન થતાં તદ્ધિતાન્તની થશે.

[142] सर्वान्नीनो भिक्षुः। (સર્વપ્રકારનું અન્ન લેનાર ભિક્ષુ) એ વિધાનની જેમ અહીં सर्व શબ્દ પ્રકારવાચી નથી તેથી असर्वविभक्तिः શબ્દનો અર્થ વૃત્તિકારે આમ કર્યો છે :- सर्वविभक्तिः એટલે સર્વ અવયવથી યુક્ત વિભક્તિ, કારણ કે જેમ सर्वः पटो दग्धः। એ વાક્યમાં सर्व શબ્દ પટના બધા જ અવયવને દર્શાવે છે તેમ અહીં પણ તે 'બધા જ અવયવ' એ અર્થમાં પ્રયોજાયો છે. તેથી सर्वविभक्तिः એટલે સર્વ (ત્રણે) વચન રૂપી અવયવ યુક્ત વિભક્તિ એમ થશે.તેથી असर्वा विभक्तिः यस्य सः असर्वविभक्तिः। અર્થાત્ જેને બધી વિભક્તિ લાગતી નથી તે. આમ 'જે તદ્ધિતાન્તને સર્વવિભક્તિના અવયવભૂત ત્રણે વચનના પ્રત્યય લગાડવામાં આવતા નથી તે असर्वविभक्तिः એમ અર્થ સમજવાનો છે.પરંતુ 'જે તદ્ધિત પ્રત્યયની ઉત્પત્તિ વખતે નિમિત્તરૂપે બધી વિભક્તિનો આધાર લેવામાં આવતો નથી તે असर्वविभक्तिः' એમ અર્થ પણ કરી શકાય. જેમ કે सर्वैकान्यकिंयत्तदः काले दा। એ સૂત્ર પ્રમાણે सर्व , एक , अन्य , किम् ,यद् ,तद् એ પ્રાતિપદિકોને જે दा તદ્ધિત લાગે છે તે પ્રત્યયની ઉત્પત્તિનું નિમિત્ત એક માત્ર સપ્તમી વિભક્તિ જ છે (કારણ કે તે સૂત્રમાં सप्तम्यास्त्रल्। માંથી सप्तम्याः ની અનુવૃત્તિ થાય છે). તે સિવાય અન્ય કોઇ વિભક્તિ નથી. તે પ્રમાણે (सर्वस्मिन्काले) सर्वदा વગેરે શબ્દ રૂપો બને છે.પરંતુ ઉપર પ્રમાણે અર્થ કરવાથી તો અવ્યાપ્તિ દોષ આવશે, કારણ કે विनञ्भ्यां नानाञौ नसह। અનુસાર वि અને ना ને પૃથક્ભાવ-જુદા જુદા (नसह) એ અર્થમાં અનુક્રમે ना અને नाञ् તદ્ધિત લાગીને विना અને नाना એ જે તદ્ધિતાન્ત બને છે તેમની નિષ્પત્તિમાં નિમિત્ત રૂપે કોઇ પણ વિભક્તિનો સૂત્રકારે નિર્દેશ કર્યો નથી.પરિણામે તેમને અવ્યય સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવતાં અવ્યાપ્તિ દોષ આવશે.વળી 'બધી વિભક્તિનો આધાર લેવામાં આવતો નથી' એમ અર્થ કરવાથી અતિવ્યાપ્તિ દોષ પણ આવશે, કારણ કે अत इञ्। પ્રમાણે નિષ્પન્ન થતા दाक्षिः વગેરે તદ્ધિતાન્તને અવ્યય સંજ્ઞા લાગુ પડવાનો પ્રસંગ આવે છે. अत इञ्। એ સૂત્રમાં બધી વિભક્તિ નિમિત્ત રૂપે નથી માત્ર એક ષષ્ઠી વિભક્તિ છે, કારણ કે તે સૂત્રમાં तस्यापत्यम्। માંથી तस्य નીઅનુવૃત્તિ થાય છે. તેથી दक्षस्य अपत्यं दाक्षिः એ તદ્ધિતાન્ત અસર્વવિભક્તિ થશે અને તેને અવ્યય સંજ્ઞા ન થવી જોઇએ છતાં ઉપર પ્રમાણે અર્થ કરવાથી થશે,પરિણામે अतिव्याप्ति દોષ આવશે. અહીં असर्वविभक्तिः નો 'જેને સર્વ અવયવયુક્ત વિભક્તિ લાગતી નથી' એમ કરવાથી અતિવ્યાપ્તિ દોષ ટાળી શકશે.(આ સંદર્ભમાં ન્યાસકાર કહે છે કે અહીં सर्व એટલે બધાં જ -એક પણ બાકી ન રહે તેમ ત્રણ વચનની વિભક્તિ સંજ્ઞા છે તેમ સમજવું) એ સર્વ વિભક્તિવચન જે તદ્ધિતાન્તને લાગતી નથી પરંતુ માત્ર એકવચન જ લાગે છે તે असर्वविभक्तिः। दाक्षिः એ તદ્ધિતાન્ત પછી ગમે તે વિભક્તિ આવી શકે તેથી તેને અવ્યય સંજ્ઞા નહીં થાય. આમ અતિવ્યાપ્તિ દોષ દૂર થશે.

પ્રથમ વ્યાખ્યાન પ્રમાણે અર્થ કરવાથી અવ્યાપ્તિ દોષ પણ ટળે છે, કારણ કે ततः ઇત્યાદિ ઉપર જણાવેલ સર્વે તદ્ધિતાન્ત અવ્યયો મુખ્યત્વે વિભક્તિનો અર્થ જ દર્શાવે છે અને તે અર્થ એટલે પ્રાતિપદિકાર્થ. તેથી પ્રતિપદિકાર્થ દર્શાવવા માટે પ્રથમા થશે. આ ततः વગેરે પદોને સંખ્યા હોતી નથી તેમને બધાં વચન થતાં નથી માત્ર એકવચન જ થશે, કારણ કે ભાષ્યકારે કહ્યું છે કે एकवचनमुत्सर्गतः करिष्यते। (એટલે કે એકવચન નિયમરૂપે કરવામાં આવશે) અને તે પ્રથમા એકવચનના પ્રત્યયનો પણ अव्ययादाप्सुपः। પ્રમાણે લોપ (लुक्) થશે विना , नाना વગેરેની ઉત્પત્તિના નિમિત્તરૂપે કોઇ પણ વિભક્તિનો સૂત્રકારે નિર્દેશ કર્યો નથી, એટલે કે તેને લગતા વિધિ સૂત્ર विनञ्भ्यां नानाञौ। માં કોઇ વિભક્તિનું શ્રવણ નથી થતું (अश्रूयमाणविभक्तिकमव्ययमविभक्ति इति उच्यते। પ્ર.), તો પણ એ તદ્ધિતાન્તોને પ્રાતિપદિકાર્થે પ્રથમા વિભક્તિના એકવચનનો પ્રત્યય લાગશે. આમ તે તદ્ધિતાન્તો પણ असर्वविभक्ति થાય છે,તેથી પ્રસ્તુત સૂત્ર પ્રમાણે અવ્યય સંજ્ઞા થવાથી અવ્યાપ્તિ દોષ દૂર થાય છે.અલબત્ત આ પ્રથમા એકવચનના પ્રત્યયનો પણ પછીથી अव्ययादाप्सुपः।પ્રમાણે લોપ થઇ જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

त्रलादीनां चोपसंख्यानम् ॥३॥

त्रलादीनां चोपसंख्यानं कर्तव्यम्। तत्र यत्र। ततः यतः। ननु च विशेषेणैते विधीयन्ते। पञ्चम्यास्तसिल्। सप्तम्यास्त्रल् इति। वक्षत्येतत्।। इतराभ्योऽपि दृश्यन्ते इति॥ यदि पुनरविभक्तिशब्दोऽव्ययसंज्ञो भवतीत्युच्येत॥

'વિભક્તિનાં બધાં (વચન)ના પ્રત્યયો જેની પછી ન આવતા હોય તેવો તદ્ધિતાન્ત શબ્દ' એમ જે કહ્યું તેમાં, જેની નિષ્પત્તિમાં વિભક્તિ નિમિત્ત ન હોય તેવા विना,नाना (જેવા શબ્દો )નો સમાવેશ કરવો જોઇએ. (આ શબ્દોને अव्यय સંજ્ઞા) થઇ શકતી નથી તેનું શું કારણ ? [143]

એ કારણ કે એ (ना અને नाञ् પ્રત્યયો ) અવિશિષ્ટ રીતે કોઇ પણ વિભક્ત્યન્તને લગાડવામાં આવે છે ॥ २॥

કારણ કે એ (ना અને नाञ् પ્રત્યયો) માં સ્પષ્ટતા નથી તેથી કોઇ પણ વિભક્તિ જેને અન્તે હોય તેવા (वि અને नञ्) ને લગાડવામાં આવે છે. શા માટે (એ રીતે લગાડવામાં આવે છે) ? કારણ કે કોઇ વિશિષ્ટ વિભક્તિને અનુલક્ષીને તે પ્રત્યયોનું વિધાન કરવામાં આવ્યું નથી.[144]

त्रल् જેવાનો પણ સમાવેશ (કરવો પડશે) ॥ ३॥

त्रल् જેવા (તદ્ધિત પ્રત્યયો જેને અન્તે હોય તે શબ્દો)નો પણ સમાવેશ કરવો પડશે, (જેથી) यत्र तत्र, यतः ततः(ને अव्यय સંજ્ઞા થઇ શકે).[145] અરે પણ (અમે કહીએ છીએ કે) पञ्चम्यास्तसिल्। અને सप्तम्यास्त्रल्। એમ (પંચમી અને સપ્તમી એ) વિશિષ્ટ વિભક્તિઓનો નિર્દેશ કરીને એ (પ્રત્યયો)નું વિધાન કરવામાં આવ્યું છે. (સપ્તમી અને પંચમી ઉપરાન્ત) અન્ય વિભક્તિ (જેને અન્તે હોય તે) ને પણ (तसिल्, त्रल् વગેરે) લાગેલા જોવામાં આવે છે.[146]તો પછી વિભક્તિરહિત શબ્દ હોય તેની અવયયસંજ્ઞા થાય છે એમ કહેવામાં આવે તો?

अविभक्ताावितरेतराश्रयत्वादप्रसिद्धिः ॥४॥

अविभक्तावितरेतराश्रयत्वादप्रसिद्धिः संज्ञायाः। केतरेतराश्रयता। सत्यविभक्तित्वे संज्ञया भवितव्यं संज्ञया चाविभक्तित्वं भाव्यते तदितरेतराश्रं भवति। इतरेतराणि च कार्याणि न प्रकल्पन्ते॥

अलिङ्गमसंख्यमिति वा ॥५॥

अथवालिङ्गमसंख्यमव्ययसंज्ञं भवतीति वक्तव्यम्। एवमपीतरेतराश्रयमेव भवति। केतरेतराश्रयता। सत्यलिङ्गासंख्यत्वे संज्ञया भवितव्यं -

(જો સૂત્ર) એમ (કરવામાં આવ્યું હોય) તો અન્યોન્યશ્રય થવાથી (अव्यय સંજ્ઞા) સિદ્ધ નહી થાય ॥ ४॥

---

[143] एकवचनमुत्सर्गतः। એમ કહ્યું,પરંતુ એકવચન તો બધી વિભક્તિને હોય તેથી એકવચન હોય તો પણ સર્વવિભક્તિ થવાનો પ્રસંગ આવશે એ પ્રકારની શંકાને લક્ષમાં રાખીને ભાષ્યને ટાંકતાં કહે છે કે क्रमव्यतिक्रमे कारणाभावात्। વિભક્તિના ક્રમનું ઉલ્લંઘન કરવાનું કોઇ કારણ ન હોવાથી ક્રમ પ્રમાણે આવતી પ્રથમા વિભક્તિનું એકવચન જ આ અવયયની ઉત્પત્તિનું નિમિત્ત છે તેમ સ્વીકારવાથી દોષ નહીં આવે, કારણ કે विना , नाना એ અવ્યયો પણ असर्वविभक्ति થશે.તેથી તેમને અવ્યયસંજ્ઞા લાગુ પડશે. પછી अविभक्तिनिमित्तस्य० વગેરે કહેવાની જરૂર નથી.

[144] सप्तम्यास्त्रल्। ની જેમ विना, नाना એ અવ્યયોની ઉત્પત્તિને લગતાં સૂત્રમાં કોઇ વિશિષ્ટ વિભક્તિનો સૂત્રકારે નિર્દેશ કર્યો નથી તેથી તે असर्वविभक्ति નથી , પરંતુ વિશેષ વિભક્તિનો આશ્રય નથી લીધો તેથી તે सर्वविभक्ति થશે એમ દલીલ છે .

[145] ભાષ્યકારે त्रलादि એમ કહ્યું છે છતાં ઉદાહરણ રૂપે ततः ,यतः એ तसिलन्त તદ્ધિતાન્તો પણ આપ્યા છે.હવે त्रल् વિધાયક सप्तम्यास्त्रल्। એ પર સૂત્ર છે જ્યારે तसिल् નું વિધાન કરતું पञ्चम्यास्तसिल्। એ પૂર્વ સૂત્ર છે તેથી त्रलादि શબ્દ વ્દારા तसिल् નું ગ્રહણ એ માટે થાય છે કે અહીં आदि શબ્દ પ્રકારવાચી છે તેથી त्रलादि એટલે त्रल् અને તે પ્રકારના (तसिल् વગેરે).

[146] સૂત્રકારે આગળ ઉપર इतराभ्योऽपि दृश्यन्ते। એમ સૂત્ર કર્યુ છે, અર્થાત્ પંચમી અને સપ્તમી સિવાયની (सप्तमीपञ्चम्यपेक्षमितरत्वम्। का०) વિભક્તિઓ પછી પણ तसिल् વગેરે જોવામાં આવે છે, જેમ કે स भवान्। ततो भवान्। तत्र भवान्। तं भवन्तम्। ततो भवन्तम्। तत्र भवन्तम्। વગેરે .તેથી તે સર્વવિભક્તિ થશે, પરિણામે अव्यय સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવે છે તે નિવારવા માટે આ વાર્તિક (૩) કરવી પડશે એમ અહીં ભાવ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો **अविभक्तिः शब्दः(अव्ययम्)** । (અર્થાત્ જેને વિભક્તિ ન લાગી હોય તે શબ્દ **अव्यय** ) એમ (સૂત્ર) કરવામાં આવે તો ?[147](જેને જેને ) અન્તે વિભક્તિ(ના પ્રત્યયનું શ્રવણ) ન (થતું) હોય તે (શબ્દ) **अव्यय** (એમ હોય) તો અન્યોન્યાશ્રય દોષ આવવાથી (**अव्यय** )સંજ્ઞા સિદ્ધ નહીં થાય.(અહીં ) અન્યોન્યાશ્રયતા કઇ છે ? વિભક્તિનું શ્રવણ ન થતું હોય તો **अव्यय** સંજ્ઞા થાય અને (**अव्यय**) સંજ્ઞા થવાથી વિભક્તિ (ના પ્રત્યય)નો અભાવ થાય છે તેથી એ અન્યોન્યાશ્રય બને છે [148] અને અન્યોન્યાશ્રય હોય તેવાં કાર્યો થઇ શકતાં નથી.

અથવા[149] જેને લિંગ અને સંખ્યા ન હોય તે (**अव्यय**)॥ **५** ॥

અથવા એમ કહેવું જોઇએ કે જેને લિંગ ન હોય અને સંખ્યા ન હોય તેની **अव्यय** સંજ્ઞા કરવામાં આવે છે.[150] એ રીતે પણ અન્યોન્યા - શ્રયતા જ થશે. (અહીં ) કઇ અન્યોન્યાશ્રયતા (છે) ? લિંગ અને સંખ્યા ન હોય તો (**अव्यय**) સંજ્ઞા થાય.

**संज्ञया चालिङ्गासङ्ख्यत्वं भाव्यते। तदितरेतराश्रं भवति। इतरेतराणि च कार्याणि न प्रकल्पन्ते॥ नेदं वाचनिकमलिङ्गता संख्यता च। किं तर्हि। स्वाभाविकमेतत्। तद्यथा। समानमीहमानानां चाधीयानानां च केचिदर्थै युज्यन्तेऽपरे न। तत्र किमस्माभिः कर्तुं शक्यम्॥ तत्तर्हि वक्तव्यमलिङ्गमसंख्यमिति। न वक्तव्यम्।**

**सिद्धं तु पाठात्॥६॥**

**पाठाद्वा सिद्धमेतत्। कथं पाठः कर्तव्यः। तसिलादयः प्राक्पाशपः। शस्प्रभृतयः प्राक्समासन्तेभ्यः। मान्तः।**

અને (**अव्यय**)સંજ્ઞા થાય તો લિંગ અને સંખ્યાનો અભાવ થાય છે, એ રીતે અન્યોન્યાશ્રયતા થાય છે અને અન્યોન્યાશ્રય હોય તેવાં કર્યો થઇ શકતાં નથી. (અવ્યયની બાબતમાં) આ લિંગ અને સંખ્યાનો અભાવ શાસ્ત્રવચનને કારણે થતો નથી.તો પછી (તેનું) શું કારણ (છે) ?

---

[147] આ બન્ને વાર્તિકમાં બતાવેલ દોષનું નિવારણ કરવા માટે એમ કહેવામાં આવે છે કે પ્રયોગમાં જે **अविभक्ति** શબ્દ હોય તેની **अव्यय** સંજ્ઞા થાય છે. **अविभक्ति** એટલે પ્રયોગ સમયે જેની પાછળ વિભક્તિનું શ્રવણ નથી થતું તેવો શબ્દ. અહીં **तद्धित** એ પદનો પ્રયોગ ન કરતાં **शद्ब** શબ્દનો પ્રયોગ કર્યો છે તેથી અવ્યય સિવાયનાં બાકીનાં બધાં પદોનો નિરાસ થશે, કારણ કે પ્રયોગમાં અવ્યય સિવાયનાં પદો પછી કોઇ ને કોઇ વિભક્તિનું શ્રવણ અવશ્ય થશે.જો કે **विना** વગેરે પણ પદ છે તેથી તેને વિભક્તિ લાગે તે જરૂરી છે . પણ પ્રયોગ કાળે તેનો લોપ થાય છે અને **प्रयोगे** એમ કહ્યું છે તેથી પ્રયોગ કાળે પ્રત્યેક પ્રયોગ સમયે જ્યાં વિભક્તિનો લોપ નથી થતો તેવા **दधि**, **मधु** જેવાં પદોને અવ્યય સંજ્ઞા લાગુ પડવાનો કોઇ અવકાશ નથી, કારણ કે તેમને **दध्नि** જેવા પ્રયોગોમાં અન્ય વિભક્તિ લાગે છે .પરંતુ જેના પ્રત્યેક પ્રયોગમાં કોઇ પણ વિભક્તિનું શ્રવણ થતું નથી તે જ અવ્યય ગણાય, તેથી **दधि** વગેરેની અવ્યય સંજ્ઞા નહીં થાય.

[148] અહીં પ્રયોગમાં વિભક્તિનું શ્રવણ ન થવું તે **अव्यय** એમ અવ્યયની વ્યાખ્યા કરી, પણ શબ્દ અવ્યય હોય તો જ પ્રયોગ કાળે **अव्ययादाप्सुपः**। પ્રમાણે વિભક્તિનો લોપ થવાથી તેનું શ્રવણ થતું નથી. આમ અવ્યય હોવાથી વિભક્તિનો અભાવ અને વિભક્તિના અભાવને કારણે તે શબ્દ અવ્યય કહેવાય એમ અવ્યયત્વ અને વિભક્ત્યભાવ એક બીજા પર આધાર રાખે છે તેથી અન્યોન્યાશ્રય દોષ આવે છે.

[149] અહીં **वा** શબ્દ વિકલ્પના અર્થમાં છે. કૈયટ અને નાગેશ પ્રમાણે **अलिङ्गमसङ्ख्यम्०** એ વ્યાખ્યામાં પણ ઇતરેતરાશ્રય થાય છે તે દર્શાવવા માટે **वा** છે, એટલે કે અહીં **वा** શબ્દ **अपि** ના અર્થમાં છે. આ વાત યોગ્ય નથી જણાતી કારણ કે વાર્તિકકારે આ વાર્તિકમાં અવ્યયનું વૈકલ્પિક લક્ષણ આપ્યું છે.ભાષ્યકારનું વ્યાખ્યાન **अथवाऽलिङ्गमसंख्यमव्ययं भवतीति वक्तव्यम्**। (અથવા તો જેને લિંગ કે વચન નહોય તે અવયય એમ કહેવું જોઇઅ) પણ એ જ વાતનું સૂચન કરે છે.

[150] પ્રસ્તુત વાર્તિકકાર પ્રમાણે લિંગ અને સંખ્યા લૌકિક છે, લોકવ્યવહાર ઉપર આધાર રાખે છે શાસ્ત્ર ઉપર નહીં, તેથી ઇતરેતરશ્રય દોષ નહીં આવે.પરંતુ તેમાં પણ દોષ આવશે, કારણ કે ક્વચિત્ અવ્યયને સૂચવનાર **अव्ययादाप्सुपः**। એ શાસ્ત્ર વ્દારા જ બોધ થાય છે, તેથી પ્રસ્તુત લક્ષણ કરવા છતાં અન્યોન્યાશ્રય દોષ આવે છે.એમ આગળ દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેવી રીતે સાથે અભ્યાસ કરનારા અને સમાન મહત્વાકાંક્ષા ધરાવનાર (માણસો)માંથી કેટલાકને ધનયોગ થાય છે બાકીનાને નથી થતો.તેમ એ (લિંગ અને સંખ્યાનો અભાવ) સ્વાભાવિક[151] છે. તેમાં આપણે શું કરી શકીએ? તો પછી જેને લિંગ અને સંખ્યા ન હોય તે( अव्यय) એમ કહેવું જોઇએ. (એ) કહેવાની જરૂર નથી.

(એ તો)[152] પાઠદ્વારા સિદ્ધ થાય છે ॥ ૬ ॥

અથવા (**स्वरादि** ગણમાં) પાઠ કરવાથી એ (अव्यय સંજ્ઞા) સિદ્ધ થશે.પણ એ પાઠ કેવી રીતે[153] કરવો જોઇએ ? **तसिल्** થી માંડીને **पाशप्** પૂર્વના પ્રત્યયો,[154] **शस्** થી માંડીને **समासान्ताः**। (એ સૂત્ર) પૂર્વના(પ્રત્યયો, (**अम्** અને **आम्** એ) **म**-કારાન્ત (પ્રત્યયો),

---

[151] સ્વાભાવિક છે.— એટલે કે લિંગ અને વચન શાસ્ત્રવચનને કારણે પ્રાપ્ત થતાં(**वाचनिक**) નથી, પરંતુ શબ્દના સ્વભાવને કારણે જ પ્રાપ્ત થાય છે. **घटादि** અને **स्वरादि** બન્ને શબ્દ ગણો પ્રાતિપદિકો છે તથા સત્ત્વવાચી છે છતાં **घट** વગેરેને સ્વાભાવિક રીતે જ લિંગ અને વચન લાગે છે અને **स्वर्** વગેરેને સ્વભાવિક રીતે જ લિંગ વચન નથી હોતાં.અહીં પ્રશ્ન થાય કે તો પછી **अव्ययादाप्सुपः**। એમ સૂત્રકારે શા માટે કહ્યું છે ? તેના ઉત્તર એ કે તે સૂત્ર તો પ્રત્યયલક્ષણ વગેરેને સિદ્ધ કરવા માટે તેના અનુવાદ રૂપે છે.

[152] એકદેશીની વાર્તિકમાંનો **तु** (તો પણ) શબ્દ સૂચવે છે કે ઇતરેતરાશ્રય દોષ તો છે જ પરંતુ ગણપાઠને કારણે અવ્યય સંજ્ઞા સિદ્ધ થશે, એટલે કે આ વાર્તિકમાં તેટલા પૂરતો વિશેષ છે, પરંતુ ભાષ્યકારે **तु** શબ્દનો અર્થ **वा** (અથવા) કર્યો છે, કારણ કે તેમણે **स्वाभाविकमेतत्** એમ કહીને ઉપરની વાર્તિકમાં આવતા ઇતરેતરાશ્રય દોષનો પરિહાર કર્યો છે.

[153] પાઠ કયાં કરવો તે વિશે સ્પષ્ટતા કરતાં નાગેશ નોંધે છે કે આ પ્રત્યયોનો **स्वरादि** ગણમાં પાઠ કરવો જોઇએ, કારણ કે **प्रशंसायां रूपप्**। અને **ईषदसमाप्तौ कल्पब्देश्यदेशीयरः**। એ સૂત્રોમાં **तिङश्च**। ની અનુવૃત્તિ થાય છે તેથી તે સૂત્ર પ્રમાણે (**रूपप्** અને **कल्पप्** પ્રત્યય લાગીને) નિષ્પન્ન થતાં **पचतिरूपम्** (સરસ રાંધે છે), **पचतिकल्पम्** (થોડું રાંધે છે) વગેરે રૂપો અસર્વવિભક્તિ તદ્ધિતાન્ત હોવાથી તેમને પણ અવ્યય સંજ્ઞા લાગુ પડવાનો પ્રસંગ આવે. આથી **पचतिकल्पम्** વગેરેની વ્યાવૃત્તિ થાય તે માટે પરિગણન કરવું જરૂરી છે અને પાઠ **तद्धित -श्चासर्वविभक्तिः**। એ સૂત્રની શરૂઆતમાં કરવો જોઇએ જેથી અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષ ટળશે અને તે તે તદ્ધિતાન્તની અવ્યય સંજ્ઞા થશે.

[154] **पञ्चम्यास्तसिल्**। દ્વારા જેનું વિધાન કરવામાં આવ્યું છે તે **तसिल्** થી લઇ **द्वित्र्योश्च (धमुञ्)**। સુધીમાં આવતા પ્રત્યયો, **बह्वल्पार्थाच्छस्कारकादन्यतरस्याम्**। માં કહેવામાં આવેલ **शस्** પ્રત્યયથી લઇને **अव्यक्तानुकरणात्**। સુધી આવતા પ્રત્યયો, (**किमेत्तिङव्ययघादाम्वद्रव्यप्रकर्षे**। એ સૂત્રદ્વારા જેનું વિધાન કરવામાં આવ્યું છે તે) **आम्** (**आमु**) અને (**अमुच्छन्दसि**। થી છંદસ્‌માં થતો **अम्** એ **म**-કારાન્ત પ્રત્યયો , **संख्यायाः क्रियाभ्यावृत्तिगणने कृत्वसुच्**। પ્રમાણે થતા **कृत्वः** (**कृत्वसुच्**) અને **द्वित्रिचतुर्भ्यः सुच्**। પ્રમાણે થતો **स्** (**सुच्**)પ્રત્યય તથા તે જ અર્થમાં **विभाषा बहोर्धाऽविप्रकृष्टकाले**। પ્રમાણે **बहु** શબ્દને વિકલ્પે લાગતો **धा** પ્રત્યય, **तेनैकादिक् तसिश्च**। દ્વારા જેનું વિધાન કરવામાં આવ્યું છે તે **तस्** પ્રત્યય, **तेन तुल्यं क्रियाचेद्वतिः**। અને **तत्र तस्येव**। સૂત્રો દ્વારા વિહિત **वत्** પ્રત્યય. આ સર્વ તદ્ધિત પ્રત્યયોનો **स्वरादि** ગણમાં પાઠ કરવાથી અવ્યય સંજ્ઞા સિદ્ધ થઇ જશે. અહીં નોંધવું જોઇએ કે **स्वरादि** ગણમાં **वत्** નું ગ્રહણ કર્યુ છે તે ચિન્ત્ય છે. **तसिलादयः प्राक्पाशपः** માં **प्रकारवचने थाल्**। થી **थाल्** નું ગ્રહણ થયું છે, છતાં વૈદિક યન્ત્રાલય પ્રકાશિત ગણપાઠ (**वेदाङ्गप्रकाश** ભા.૧ ૨ પૃ. ૨) માં **थाल्** નું જુદું ગ્રહણ કર્યુ છે. વાસ્તવમાં આ પ્રશ્ન કૈયટને પણ થએલો. તેમણે નોંધ્યું છે કે **प्रकारवचने थाल्**। પ્રમાણે જેનું વિધાન કરવામાં આવ્યું છે એ જ **थाल्** નું વિધાન **प्रत्नपूर्वविश्वेमान्थाल् छन्दसि**। દ્વારા (**प्रत्न** વગેરેને અનુલક્ષીને વેદ માટે ) કર્યુ છે તેથી **थाल्** ને **स्वरादि** માં નથી ગણ્યો. પરંતુ તેથી અવ્યય સંજ્ઞાની અવ્યાપ્તિ થશે એમ નથી, કારણ કે બન્ને **थाल्** એક જ હોવાથી સંજ્ઞા લાગુ પડશે. એનો અસ્વીકાર કરતાં નાગેશ કહે છે કે **प्रकार** ના બે અર્થ છે : સાદૃશ્ય અને વિશેષ. તેમાં **प्रत्न** વગેરેને લાગતો **थाल्** સાદૃશ્યવાચી (**इवार्थे** ) છે. તે વૈદિક પ્રયોગોમાં (**छन्दसि**) આવે છે અને ભાષામાં તેનો પ્રયોગ થતો નથી તેથી તે સૂત્ર વ્યર્થ છે. જ્યારે **प्रकारवचने०** પ્રમાણે **किम्** વગેરેને લાગતો **थाल्** વિશેષ બતાવે છે અને તેનું ગ્રહણ **स्वरादि** માં થએલું જ છે.વળી **प्रतियोगे पञ्चम्यास्तसिल्**। પ્રમાણે જે **तस्** નું વિધાન કરવામાં આવ્યું છે તેનો **शस्** માં સમાવેશ થાય છે તેથી કૈયટે તે સૂત્ર મૂક્યું છે તેને નાગેશ ચિન્ત્ય ગણે છે, કારણ કે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**कृत्वोऽर्थः। तसिवती। नानाञाविति॥ अथवा पुनरस्त्वविभक्तिः शब्दोऽव्ययसंज्ञो भवतीत्येव। ननु चोक्तमविभक्तावितरेतराश्रयत्वादप्रसिद्धिरिति। नैष दोषः। इदं तावदयं प्रष्टव्यः। यद्यपि तावद्वैयाकरणा विभक्तिलोपमारभमाणा अविभक्तिकाञ्शब्दान्प्रयुञ्जते ये त्वेते वैयाकरेभ्यो- ऽन्ये मनुष्याः कथं तेऽविभक्तिकाञ्शब्दान्प्रयुञ्जत इति। अभिज्ञाश्च पुनर्लौकिका एकत्वादीनामर्थानाम्। आतश्चाभिज्ञा**

कृत्व(-सुच् અને) તે અર્થના(सुच् અને धा (પ્રત્યયો), तस् અને वत् (પ્રત્યયો) તેમ જ ना અને नाञ् (પ્રત્યય)એ રી તે(પાઠ કરવો જોઇએ). અથવા[155] તો વિભકિતરહિત શબ્દની અવ્યય. સંજ્ઞા થાય છે એમ જ ( આ સૂત્ર) ભલે રહે. પણ અમે કહ્યુંને કે જે અવિભક્તિક (અર્થાત્ વિભક્તિ રહિત) હોય તે अव्यय એમ જો હોય તો અન્યોન્યાશ્રય થવાથી (अव्यय) સંજ્ઞા સિદ્ધ નહીં થાય.એ દોષ નહીં આવે. આ (અન્યો -ન્યાશ્રય દોષ બતાવનાર) ને પહેલાં તો પૂછવું જોઇએ કે જો કે વૈયાકરણો (શાસ્ત્રના આધારે) વિભક્તિનો લોપ[156] કરીને અવિભક્તિક -શબ્દોનો પ્રયોગ કરે છે પરંતુ જે વૈયાકરણો સિવાયના બીજા (સામાન્ય) માણસો છે તેઓ વિભક્તિરહિત શબ્દોનો પ્રયોગ કેવીરીતે કરે છે ? (વાસ્તવમાં) સામાન્ય લોકો પણ[157] એક વગેરેના અર્થથી સારી રીતે પરિચિત હોય છે. વળી આ ઉપરથી તેઓ જાણકાર છે.

**अन्येन वस्त्रेनैकं गां क्रीणन्त्यन्येन द्वावन्येन त्रीन्। अभिज्ञाश्च न च प्रयुञ्जते। तदेवं संदृश्यतामर्थरूपमेवैतदेवंजातीयकं येनात्र विभक्तिर्न भवतीति॥ तच्चाप्येतदेवमनुगम्यमानं दृश्यताम्। किंचिदव्ययं विभक्त्यर्थप्रधानं किंचित्क्रियाप्रधानम्। उच्चैर्नीचैरिति विभक्त्यर्थप्रधानम्। हिरुक्पृथगिति क्रियाप्रधानम्। तद्धितश्चापि कश्चिद्विभक्त्यर्थप्रधानः किंचित्क्रियाप्रधानः। तत्र यत्रेति विभक्त्यर्थप्रधानो नाना विनेति क्रियाप्रधानः। न चैतयोरर्थयोर्लिङ्गसंख्याभ्यां योगोऽस्ति॥ अथाप्यसर्वविभक्तिरित्युच्यत एवमपि न दोषः। कथम्।**

(એમ કહી શકાય), કારણ કે અમુક કિમતથી તેઓ એક બળદ ખરી દે છે, તેથી જુદી ( બમણી કિમત)થી બે બળદ, અને તેથી જુદી (ત્રણ ગણી કિમત) થી ત્રણ બળદ ખરીદે છે. આમ (એકત્વ વગેરેના અર્થના) જાણકાર હોવા છતાં (અવ્યયની પછી વિભક્તિનો) પ્રયોગ કરતા નથી.તેથી (अव्ययની બાબતમાં એમ જ સમજવું કે એ અર્થનું સ્વરૂપ જ એ જાતનું છે કે જેથી એને વિભક્તિ (ના પ્રત્યય) નહીં

---

ભાષ્યકારે તો तेनैकदिक्। સૂત્રથી પછી આવતા तसिश्च। સૂત્ર વ્દારા વિહિત तस् ને જ લક્ષમાં રાખેલ છે.અહીં वत् (वतिः) નું ગ્રહણ કર્યું છે તે વ્દારા तेन तुल्यं क्रिया० પ્રમાણેનો वति લેવાનો છે (છા.) ઉમેરે છે કે આ ઉપલક્ષણ છે તેથી तत्र तस्येव। થી વિહિત वति નું પણ ગ્રહણ થશે. પરંતુ उपसर्गाच्छन्दसि धात्वर्थे। એ સૂત્ર વ્દારા વિહિત वति નું ગ્રહણ કરવાનું નથી, કારણ કે उद्वतः निवतः વગેરેને લિંગ-સંખ્યા લાગેલ જોવામાં આવે છે (જુઓ : यदुद्वतो निवतो यासि वप्सद् उद्वतानि निगतानि च।का० ) જો કે આ સંદર્ભમાં (ન્યા.) કહે છે કે અહીં અવ્યય સંજ્ઞા થવાથી વિભક્તિનો लुक् થયો નથી, કારણ કે અવ્યય સંજ્ઞા અનિત્ય છે.જયારે (હર.) કહે છે કે સૂત્રમાંના साधन શબ્દનો અર્થ શક્તિયુક્ત દવ્ય છે માત્ર શક્તિ નથી અને દવ્ય- સત્ત્વ હોવાથી લિંગ અને સંખ્યાનો યોગ થયો છે- તેમાં વ્યય થયો છે તેથી અન્વર્થ સંજ્ઞા પ્રમાણે તે અવ્યય નહીં થાય.

[155] **अथवा** શબ્દનો પ્રયોગ કરીને ભાષ્યકાર સૂચવવા માગે છે કે લિંગ અને સંખ્યા રહિત (अलिङ्गसंख्य) શબ્દ અવ્યય છે એ લક્ષણ દોષરહિત છે.

[156] અહીં તાત્પર્ય આ પ્રમાણે છે : સમાન્ય રીતે મનુષ્યને શબ્દ અને અર્થના સંબંધનું જ્ઞાન વૃદ્ધવ્યવહાર ઉપરથી થાય છે અને તે રીતે घट , पट વગેરે દવ્યો એક છે, બે છે કે બહુ છે એમ સંખ્યાનું તેમ જ તેમનું લિંગ કયું છે તે પણ લૌકિક વ્યવહાર ઉપરથી જાણે છે. તેથી જ માણસ વૈયાકરણ ન હોય તો પણ આ બાબતમાં જાણકાર હોય છે છતાં અવયયનો પ્રયોગ ભાષામાં કરે છે ત્યારે તેને વિભક્તિ લગાડતો નથી. આમ સિદ્ધ થાય છે કે લિંગ-સંખ્યાનો અભાવ હોવાથી અવ્યય હોય તે શબ્દને વિભક્તિ લાગતી નથી.પરંતુ એમ જ હોય તો अव्ययादाप्सुपः। એ સૂત્ર નિરર્થક થશે, કારણ કે વિભક્તિ લાગે જ નહીં તો લોપનો પ્રશ્ન નથી રહેતો, એવી શંકાનો નિરાસ કરતાં (ના.) કહે છે કે એ સૂત્ર તો લિંગ વચન ન હોય તેને વિભક્તિ ન લાગે, એ ન્યાયથી પ્રાપ્ત થતા વિભક્તિના અભાવનું પુનરાવર્તન માત્ર કરે છે અને ત્યાં પ્રત્યયલક્ષણ સૂત્રની પ્રવૃત્તિ થશે જેથી પદત્વ વગેરે પ્રાપ્ત થશે. આમ એ સૂત્ર નિરર્થક નહીં બને.

[157] વૈયાકરણ અવિભક્તિક-- જેને વિભક્તિ લાગતી નથી તેવા શબ્દોને પોતાના જ્ઞાનને આધારે વિભક્તિનો લોપ કરીને પ્રયોજે છે, પરંતુ તેમનાથી ભિન્ન દુન્યવી મનુષ્યો ભલે વ્યાકરણનું જ્ઞાન નથી ધરાવતા છતાં એક, બે, બહુ વગેરેના અર્થના જાણકાર હોય છે તેથી ખરીદ- વેચાણમાં **गाम्** (એક બળદ), **गावौ** (બે બળદ), गाः (બહુ બળદ) જેવા પ્રયોગો વ્દારા તેમનું (એક, બે, બહુ વગેરે) સંખ્યાજ્ઞાન બતાવે છે. આમ વિભક્તિના પ્રયોગના જાણકાર હોય છે છતાં અવ્યયની પાછળ વિભક્તિ લગાડતા નથી તેથી સ્પષ્ટ સમજી શકાય છે કે આ અવ્યયનું સ્વરૂપ જ એવું છે કે તેની પછી વિભક્તિ થતી નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય.અને એ જે (અવ્યયનું સ્વરૂપ) છે તેને આ પ્રમાણે ઘટાવવામાં આવે છે એમ જાણવું.[158] :- કેટલાક અવ્યયમાં વિભક્તિનો અર્થ પ્રધાન હોય છે, (તો) કેટલાકમાં ક્રિયાનો અર્થ પ્રધાન હોય છે. **उच्चैः**, **नीचैः** એ વિભક્ત્યર્થ પ્રધાન (અવ્યયો ) છે , **हिरुक्**, **पृथक्** એ ક્રિયાપ્રધાન (અવ્યયો) છે. તદ્ધિત (પ્રત્યય જેને અન્તે હોય તે અવ્યયો) માં પણ **द्विभक्त्यर्थप्रधानः कश्चित्क्रियाप्रधानः। न** કોઈમાં વિભક્તિનો અર્થ પ્રધાન હોય છે (તો) કોઈ ક્રિયાપ્રધાન હોય છે : **तत्र, यत्र** માં વિભક્તિનો અર્થ પ્રધાન છે (જ્યારે ) **नाना, विना** માં ક્રિયાનો અર્થ પ્રધાન છે, પરંતુ આ બન્ને અર્થોને લિંગ અને સંખ્યા સાથે પરંતુ આ બન્ને અર્થોને લિંગ અને સંખ્યા સાથે સંબંધ નથી.[159] આમ છતાં (સૂત્રમાં) **असर्वविभक्तिः (अव्ययम्।)** એમ કહેવામાં આવે તો પણ વાંધો નથી. કેવી રીતે ?

**इदं चाप्यव्ययत्वेऽतिबहु क्रियत एकस्मिन्नेकवचनं द्वयोर्द्विवचनं बहुषु बहुवचनमिति। कथं तर्हि। एकवचनमुत्सर्गः करिष्यते तस्य द्विबह्वोरर्थयोर्द्विवचनबहुवचने बाधके भविष्यतः॥ न चाप्येवं विग्रहः करिष्यते। न सर्वा असर्वाः। असर्वा विभक्तयोऽस्मादिति। त्रिकं पुनर्विभक्तिसंज्ञम्।**

---

[158] **अनुगम्यमानम् = उपपद्यमानम्** (उ० ) સિદ્ધ કરવામાં આવે છે, ઘટાવવામાં આવે છે.

'લિંગ-સંખ્યા સહિત શબ્દ હોય તે અવ્યય' એ વિધાનને યુક્તિપૂર્વક સિદ્ધ કરવા માટે તેના વિભક્ત્યર્થપ્રધાન અને ક્રિયાપ્રધાન એમ બે પ્રકાર પાડવામાં આવ્યા છે (જુઓ ઉપર નોંધ ૧૩૫).અન્યલોકોના મતે ત્રણ પ્રકાર છે.જે ક્રિયાપ્રધાન કે સાધનપ્રધાન નથી હોતા તે દ્રવ્યપ્રધાન હોય છે, જેમ કે **स्वः पश्य। लोहितगङ्गम् / उन्मत्तगङ्गम् देशः।** વગેરે અહીં જે **स्वः** વગેરે અવ્યય છે તે દ્રવ્યપ્રધાન છે, કારણ કે **इदं स्वर्** એ જાતના પ્રયોગમાં સર્વનામ વ્દારા તેનો ઉલ્લેખ કરી શકાય છે.(**इदं तदिति सर्वनामपरामर्शयोग्यं वस्तु द्रव्यमित्युच्यते। उक्तञ्च-वस्तूपलक्षणं यत्र सर्वनाम प्रयुज्यते। द्रव्यमित्युच्यते सोऽर्थः भेद्यत्वेन विवक्षितः॥** (પદ૦ ભા.૧ પૃ. ૫૯૦ જેને વિશે વસ્તુનું સૂચન કરનાર સર્વનામ પ્રયોજાય છે અને જે વિશેષ્ય બને છે તેને દ્રવ્ય કહેવામાં આવે છે ) **लोहितगङ्गम्** અને **उन्मत्तगङ्गम्** એ બે દેશનાં નામ છે. અને એ બે **अन्यपदार्थे च संज्ञायाम्।** એ સૂત્ર પ્રમાણે થતા નિત્ય સમાસ છે, પરંતુ સૂત્રકારે **अव्ययीभाव** એમ મહાસંજ્ઞા કરીછે તેને લીધે તેમનું અવ્યયત્વ વાચનિક (અવ્યયીભાવ એ યથાર્થ - અન્વર્થ સંજ્ઞા વ્દારા એટલે કે શાસ્ત્રવચન વ્દારા થાય ) છે

**तेनैकदिक्।** અને **तसिश्च।** એ સૂત્રો એક જ અર્થમાં **अण्** અને **तस्** પ્રત્યયોનું વિધાન કરે છે છતાં શબ્દશક્તિના વિશિષ્ટ સ્વભાવને કારણે એ બે પ્રત્યયો ભિન્ન ધર્મ સૂચવે છે. **तेनैकदिक्।** પ્રમાણે થતા **पैलमूलम्** (પીલુમૂલની સમાન દિશામાં રહેલ) વસ્તુનું સૂચન કરે છે અર્થાત્ **अण्** દ્રવ્યનું અભિધાન કરે છે, જ્યારે **तसिश्च।** પ્રમાણે **पीलूमूलेन एकदिक्** એ વિગ્રહ વાક્ય ઉપરથી થતો **पीलुमूलतः** (પીલૂમૂલની સમાન દિશામાં) એ અર્થ દર્શાવે છે. એટલે કે **तस्** પ્રત્યય અધિકરણ (સપ્તમી) વિભક્તિનો અર્થ બતાવે છે. આમ **पैलमूलम्** એ દ્રવ્યપ્રધાન અવ્યય છે. જ્યારે **विना , नाना , हिरुक्, पृथक्** વગેરે ક્રિયાપ્રધાન છે.

[159] અહીં અવશ્ય પ્રશ્ન થાય કે અવ્યયો ક્રિયાપ્રધાન, વિભક્તિ(સાધન)પ્રધાન વગેરે પ્રકારના છે તો પછી તેમને વચન અને લિંગ સાથે સંબંધ નથી તેમ કેવી રીતે કહી શકાય ? તેથી ભાષ્યકારે કહ્યું છે : **न चैतयोरर्थयोर्लिङ्गसंख्याभ्यां योगोऽस्ति।** આ બે પ્રકારના અવ્યયાર્થોને (કૈયટે ત્રણ પ્રકારના અર્થ આપ્યા છે) લિંગ અને સંખ્યા સાથે સંબંધ નથી.

જો કે **प्रशंसायां रूपप्।** એ સૂત્રના ભાષ્યમાં કહ્યું છે કે **पचतिरूपम्** જેવા પ્રયોગોવ્દારા જે ક્રિયાનો અર્થ દર્શાવવામાં આવ્યો છે તેને એકત્વરૂપી સંખ્યા (એટલે કે એકવચન) અને નપુંસકલિંગ સાથે સંબંધ છે, કારણ કે ક્રિયા એક જ હોય છે તથા **एकवचनमुत्सर्गतः।** એમ કહેલું જ છે તેથી એકવચન થાય અને લિંગ તો શાસ્ત્રવચન ઉપર નહીં પણ લોકવ્યવહાર ઉપર આધાર રાખે છે તેથી તેને આધારે નપુંસકલિંગ થશે.(જુઓ **लिङ्गमशिष्यं लोकाश्रयत्वाल्लिङ्गस्य।**મહા૦ભા૦ અને તેના ઉપર કૈયટ **शास्त्रोपदेशेन विनाऽपि सिद्धिर्लिङ्गस्य लोकव्यवहारगम्या।** (જુઓઃ **नपुंसकलिङ्गं तु भवति लोकाश्रयत्वाल्लिङ्गस्य।**का० )

આમ છતાં આ બે કે ત્રણ પ્રકારના અર્થવાળા જે શબ્દો કહ્યા તેમને **अव्यय** કહેવામાં આવે છે, એટલે કે તેમને અન્વર્થ સંજ્ઞા કરવામાં આવેલ છે તેથી તેમને લિંગ અને સંખ્યા સાથે સંબંધ હોતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

( કારણ કે) એક (વસ્તુ) હોય ત્યાં એક વચન, બેમા દ્વિવચન અને બહુમાં બહુવચન એમ જે સૂત્રપાઠ કાળે[160](કહેવામાં આવ્યું છે તે) ઘણું વધારે પડતું કરવામાં આવ્યું છે. તો પછી કેમ (કરવું જોઇએ) ? 'એક વચન કરવું એમ સામાન્ય નિયમ કરવામાં આવશે(અને) બે અને બહુ એ અર્થમાં અનુક્રમે થતાં દ્વિવચન અને બહુવચન તે (એકવચન)નાં બાધક થશે.વળી (**असर्वविभक्तिः** એ સમાસનો) વિગ્રહ[161] **न सर्वा असर्वा। असर्वा विभक्तयोऽस्मात्** । એ રીતે પણ નહીં કરીએ. તો પછી કેવી રીતે (કરશો) ? **न सर्वा असर्वा। असर्वा विभक्तिः अस्मात्**। એ.રીતે[162] (કરીશું) અને ત્રણ (વચનના સમૂહ) ને જ વિભક્તિ કહેવામાં આવે છે.

---

[160] ભાષ્યમાં **अद्यत्वे** (અર્થાત્ અત્યારે, હમણાં) શબ્દ પ્રયોજ્યો છે. તેનો અર્થ સૂત્રારંભકાળે, આ સૂત્રપાઠ વખતે એમ કરવામાં આવ્યો છે. અ **द्यत्वे** એટલે અત્યારના જમાનામાં , સંભવતઃ પાણિનિ પછીના અને ભાષ્યકારના સમયમાં એમ ભાષ્યકારનો ભાવ છે. પહેલાં અન્ય પ્રકારે એટલે કે **एकस्मिन्नेकवचनम्। द्वयोर्द्विवचनम्। बहुषु बहुवचनम्।** એ પ્રમાણે સૂત્રન્યાસ કરીને પ્રસ્તુત સૂત્રનું પ્રત્યાખ્યાન કર્યું. હવે એ પ્રકારની યોજનાનો દોષ કાઢતાં ભાષ્યકાર કહે છે **एकस्मिन्नेकवचनम्।** વગેરે સૂત્રપાઠ કરીને બિનજરૂરી લંબાણ કર્યુ છે. વાસ્તવમાં **एकवचनम्।** એટલું જ સૂત્ર કરીને **द्विबहोर्द्विवचनबहुवचने।** એમ સૂત્રો કરવાથી બે અને બહુ નો અર્થ દર્શાવવો હોય ત્યારે દ્વિવચન અને બહુવચન થશે અને એકનો અર્થ બતાવવો હોય ત્યારે સામાન્ય નિયમ રૂપે (**उत्सर्गतः**) એકવચન થશે.તેથી એકનો અર્થ બતાવવો હોય ત્યાં, તેમ જ લિંગ અને સંખ્યારહિત અવ્યયોને પણ એકવચન થશે. જો કે **एकवचनम्** એ મહાસંજ્ઞા દ્વારા લિંગ-સંખ્યારહિત અવ્યયનો બોધ થતો નથી છતાં દ્વિવચન અને બહુવચનનું વિધાન કરનાર સૂત્રો બે અને બહુનું જ ગ્રહણ કરવાને સમર્થ છે તેથી અવ્યયને વિશે એકવચન પ્રવૃત્ત થશે.અહીં શંકા થઇ શકે કે **कर्मणि द्वितीया। कर्तृकर्मणोस्तृतीया।** વગેરે સૂત્રોને લીધે કર્મ, કરણ વગેરે કારકોનો અર્થ દર્શાવવા માટે દ્વિતીયા વગેરે વિભક્તિઓ નક્કી જ છે. પ્રથમાને લગતા (**प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा।** એ) સૂત્રમાં **मात्र** શબ્દ મૂક્યો છે તેથી માત્ર પ્રાતિપદિકનો અર્થ દર્શાવવો હોય, એટલે કે કર્મ વગેરે વધારાનો અર્થ બતાવવનો ન હોય, ત્યારે જ પ્રથમા થાય છે. તો પછી અવ્યયને એકવચન લાગશે તે કેમ બને ?આ શંકાનું સમાધાન કરતાં કૈ. કહે છે કે એ દોષ નહીં આવે, કારણ કે **एकवचनम्।** એ સૂત્ર એટલા માટે જ કરવામાં આવ્યું છે જેથી જેને પ્રથમા એકવચન અપ્રાપ્ત હોય , એટલે કે બિલકુલ લાગુ પડતું ન હોય , ત્યાં તે લાગુ પડે. અવ્યયને પ્રથમા એકવચન થશે, કારણ કે કર્મત્વ વગેરે તેને વિશે શક્ય નથી તેથી એકવચન તેને બિલકુલ પ્રાપ્ત નથી.

[161] સૂત્રમાંના **असर्वविभक्तिः** પદનું **न सर्वा विभक्तय उत्पत्तौ निमित्तमस्य** – જેની ઉત્પત્તિના નિમિત્ત રૂપે બધી વિભક્તિઓ નથી હોતી, એમ જે વૃત્તિકારે વ્યાખ્યાન કર્યું તેના મતને ઉપર અતિવ્યાપ્તિ (**दाक्षिः**) અને અવ્યાપ્તિ (**विना ,नाना**) ને કારણે દોષિત બતાવ્યો..

[162] હવે બીજી રીતે એક વચનમાં વિગ્રહ કરીને બીજા વૃત્તિકારનો મત રજુ કરવામાં આવ્યો છે, એટલે કે **न सर्वाः असर्वाः विभक्तयः यस्मात्** એને બદલે **न सर्वा असर्वा। असर्वा विभक्तिः अस्मात्।** એમ કરવો જોઇએ, કારણ કે બહુવચનાન્ત વિગ્રહ કરવાથી **सर्व** શબ્દ 'બધા જ પ્રકાર' (**प्रकारकात्स्न्र्य** ) એ અર્થ પણ બતાવે છે. તેથી માત્ર એક વચન થતું હોય તો પણ સર્વે (સાતે) વિભક્તિ અવ્યય પછી આવી શકે અને તેથી તે **असर्वविभक्ति** ન રહે.પરંતુ બીજા પ્રકારના વિગ્રહમાં **सर्व** શબ્દ સમગ્ર અવયવ (**द्रव्यकात्स्न्र्य** ) એ અર્થમાં છે તેથી માત્ર પ્રથમા એકવચનમાં જ લાગશે, પરંતુ સમગ્ર (સાતે) વિભક્તિને નહીં લાગે પરિણામે **असर्वविभक्ति** થઇ શકશે. તેથી ઉપર કહ્યા તે અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિના દોષ નહીં આવે. જો કે **प्रथमाऽतिक्रमे कारणाभावात्** એ ન્યાય સ્વીકારવામાં આવે તો **असर्वाः विभक्तयो यस्मात्।** એમ પ્રથમ પ્રકારનો વિગ્રહ સ્વીકારવા છતાં દોષ નહીં આવે, કારણ કે અવ્યય પછી પ્રથમાનું એકવચન જ થશે. પરંતુ **खलेकपोतिका०** ન્યાયે બધી જ વિભક્તિનાં એકવચન લાગે તો પછી ઉપર કહ્યો તે બીજા પ્રકારનો વિગ્રહ અપનાવીને દોષ ટાળી શકાશે.આ સંદર્ભમાં ના. નોંધે છે કે **स्वादि** સૂત્રમાં જો કે **स्वौजस्** એમ કહીને પ્રથમાનું પ્રથમ ગ્રહણ કર્યુ છે છતાં અષ્ટાધ્યાયીના ક્રમને લક્ષમાં લઇએ તો દ્વિતીયાનું ગ્રહણ પ્રથમ કરવામાં આવ્યું છે (**कर्मणि द्वितीया ॥२।२।२॥** છે, જ્યારે **स्वौजसमौ० ॥४।१।२॥**છે ), તેથી **प्रथमातिक्रमे०** વગેરે ન્યાય અસંગત છે, કારણ કે તે સ્વીકારવાથી **निर्जां त्रयाणां गुणः श्लौ।** એ સૂત્રમાં **त्रयाणाम्** નું ગ્રહણ કર્યુ છે તે, તેમ જ **आद्युदात्तश्च।** માં **आदि** નું ગ્રહણ કર્યુ છે તે વ્યર્થ ઠરશે.જો કે **त्रयाणाम्** માટે તો વૃત્તિકાર કહે છે તે પ્રમાણે **त्रि** નું ગ્રહણ ઉત્તર સૂત્ર માટે છે (**त्रिग्रहणमुत्तरार्थम्। का०** )



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एवं गते कृत्यपि तुल्यमेतन्मान्तस्य कार्यग्रहणं न तत्र।

ततः परे चाभिमता न कार्यास्त्रयः कृदर्था ग्रहणेन योगाः ॥१॥

कृत्तद्धितानां ग्रहणं तु कार्यं संख्याविशेषं ह्यभिनिश्चिता ये।

*આ પ્રમાણે (વિગ્રહ ) હોય[163] તો (असर्वभिक्तिः એ વિશેષણ) પ્રત્યયને પણ સમાન રીતે લાગુ પડશે તેથી તે (अव्यय સંજ્ઞા कृत्तद्धित વિધિ)માં*

*कृन्मेजन्तस्य।[164] એ(સૂત્ર)નું ગ્રહણ નહી કરવું પડે. તે પછીનાં પણ (अव्यय સંજ્ઞા માટે )જરૂરી માનેલાં ત્રણकृत्- પ્રત્યયને લગતાં સૂત્રો કરવાની જરૂર નથી.(૧).*

*નિશ્ચિત રીતે વિશિષ્ટ સંખ્યા દર્શાવનાર (एक,द्वि ,बहुજેવા) શબ્દોને (अव्यय સંજ્ઞા) ન થાય તે માટે कृत् અને तद्धित નું ગ્રહણ કરવું પડશે.[165]*

---

[163] ભાષ્યમાં **एवं गते** એમ છે, એટલે કે **असर्वा विभक्तिरस्मात्** એમ વિગ્રહ કરવામાં આવે તો તે **असर्वविभक्ति** થશે એટલે કે ત્રણ વચનનો સમૂહ (त्रिक) તે વિભક્તિ છે એમ સ્વીકારવા છતાં અવ્યયને સર્વ વિભક્તિ નહીં લાગે તેથી તે **असर्वविभक्ति** થશે, એમ નક્કી થયા પછી **असर्वविभक्त्यव्ययम्।** એટલું જ અવ્યયનું લક્ષણ થાય, એટલે કે પ્રકૃત સૂત્રમાં **तद्धित** શબ્દનું ગ્રહણ ન કરવું, તેથી **स्वरादिनिपातमव्ययम्।** થી લઈને **अव्ययीभावश्च।** સુધીનાં પાંચ સૂત્રો (**पञ्चसूत्री**) ન કરવાં જોઈએ, કારણ કે આ જે **असर्वविभक्तित्व** (બધી વિભક્તિ ન થવી તે) **कृन्मेजन्तः।** દ્વારા જેની અવ્યય સંજ્ઞા કરવામાં આવે છે તે **मेजन्त कृत्** પ્રત્યયને પણ સમાન રીતે લાગુ પડે છે.

[164] ભાષ્યમાં જે **मान्तस्य** શબ્દ પ્રયોજ્યો છે તે **कृन्मेजन्तस्य।** સૂત્રનું સૂચન કરે છે અને **तत्र** એટલે અવ્યય સંજ્ઞા વિધિમાં, અર્થાત્ તેને લગતા સૂત્ર સમુદાયમાં. **ग्रहणेन** એટલે **असर्वविभक्ति** એમ કહીને જે સ્પષ્ટ શબ્દોમાં ઉચ્ચારણ કર્યું છે તે. **योगाः** શ્લોકમાં બે સૂત્રોનો ઉલ્લેખ છે, **मान्तस्य** (અર્થાત્ **कृन्मेजन्तस्य।**) અને **त्रयः कृदर्थाः** (એટલે **क्त्वातोसुन्कसुनः।** એ સૂત્ર), તેમ છતાં **योगाः** એમ બહુવચનનો પ્રયોગ કર્યો છે તેથી કૈયટ ઉમેરે છે '(**स्वरादिनिपातमव्ययमित्येवमादयः**) **पञ्च इत्युपसंहारः।** એટલે કે કારિકામાં જે **योगाः** એમ કહ્યું છે તે પાંચ સૂત્રોને લક્ષમાં રાખીને કહ્યું છે. છાયા ઉમેરે છે કે **स्वरादिनिपातम्०** વગેરે થી લઈને પાંચ સૂત્રોનું પ્રત્યાખ્યાન કર્યું છે પરંતુ (**तद्धितश्चासर्वविभक्ति।**) એ પ્રકૃત સૂત્રમાંના **तद्धित** સિવાયના ભાગનું પ્રત્યાખ્યાન કર્યું છે. વાસ્તવમાં પછીના શ્લોકમાં **तद्धित , कृत्** વગેરેનું ગ્રહણ કરવું જરૂરી છે માટે તેમનો ગણપાઠમાં સમાવેશ કરવો તેમ કહ્યું છે.

[165] આ શ્લોકમાં કિ.(પૃ.૯૬) માં **अभिनिश्रिताः** પાઠ છે,(છા.) અને ચૌ.(પૃ.૩૫૪)માં **अभिनिश्चिताः**છે અને પા.ટી.૫ માં **अभिनिसृताः** પાઠ નોંધ્યો છે.અતિવ્યાપ્તિ દોષનો પરિહાર કરવા માટે **तद्धित** શબ્દનું ગ્રહણ કરવું જોઈએ એમ અહીં કહે છે.તેમ કરવા જતાં **कृन्मेजन्तः।** સૂત્ર પણ કરવું પડશે.જેથી **एकः, द्वौ, बहवः** જેવા વિશિષ્ટ સંખ્યાવાચક શબ્દોની નિવૃત્તિ થઈ શકે.**एकः** વગેરે અસર્વવિભક્તિ છે કારણ કે તેમને બધી વિભક્તિનાં બધાં વચનો લાગતાં નથી. **एक** ને માત્ર એકવચન, **द्वि** ને માત્ર દ્વિવચન અને **बहु** ને માત્ર બહુવચન લાગે છે. આમ અસર્વવિભક્તિ થવાથી તેઓ અવ્યય ન હોવા છતાં અવ્યય સંજ્ઞા સૂત્રમાં **तद्धित** શબ્દનું ગ્રહણ ન કરવામાં આવે તો તેમને અવ્યય સંજ્ઞા લાગુ પડવાનો પ્રસંગ આવે.તેથી અતિવ્યાપ્તિ દોષ થશે.**तद्धित** અને **कृत्** નું ગ્રહણ કર્યું હોય તો **स्वरादि** નું પણ ગ્રહણ કરવું પડશે, કારણ કે તે તદ્ધિતાન્ત નથી.પણ તેમ કરવા જતાં **उभय , गोदौ, वरणाः** એ પણ અસર્વવિભક્તિ હોવાથી અવ્યય ન હોવા છતાં અવ્યય સંજ્ઞાને પાત્ર બનશે. આ આપત્તિ નિવારવા અન્તે શ્લોકમાં કહ્યું છે '**ग्रहणं च पाठे**' અર્થાત્ **कृत् , तद्धित** વગેરેનો – જેને સંજ્ઞા ઇષ્ટ હોય તેનો – એક પછી એક પરિગણન કરીને પાઠ કરવો પડશે. સૂત્રો તો તેના સ્પષ્ટીકરણ માટે જ કરવામાં આવ્યાં છે. આમ સૂત્ર પણ કરવું અને પાઠ પણ કરવો એમ સૂચવાય છે.**उभय** ને અવ્યય સંજ્ઞા લાગશે તેમ કહ્યું તેમાં શંકાકાર કહેવા માગે છે કે **उभ** શબ્દની પછી એકવચન (**उभयो मणिः**) અને બહુવચન (**उभये देवमनुष्याः**) આવે છે (જુઓ ઉપર નોંધ ૬૫ અને ૬૬),પરંતુ **उभयौ उभाभ्याम् उभयोः** એમ દ્વિવચન આવતું નથી તેથી તે અસર્વવિભક્તિ થશે અને તેને અવ્યય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે.તે પ્રમાણે **गोदौ, वरणाः** વગેરેને પણ અવ્યય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. **गोदौ** એ બે ઝરાનાં નામ છે. 'તેનાથી દૂર નહી તેવું ગામ' એ અર્થમાં **अदूरभवश्च।** પ્રમાણે **अण्** તદ્ધિત લાગીને તથા **गोद** શબ્દ **वरणादि** ગણનો હોવાથી **वरणादिभ्यश्च।**પ્રમાણે તેનો લોપ થઈને ગ્રામવાચી અને માત્ર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तेषां प्रतिषेधो भवतीति वक्तव्यम्। इह मा भूत्। इको द्वौ बहव इति।

तस्मात्स्वरादिग्रहणं च कार्यं कृत्तद्धितानां ग्रहणं च पाठे॥२॥

पाठेनेयमव्ययसंज्ञा क्रियते सेह न प्राप्नोति। परमोच्चैः परमनीचैरिति। तदन्तविधिना भविष्यति।

તે (શબ્દોને વિશે अव्यय સંજ્ઞાનો) પ્રતિષેધ કરવામાં આવે છે એમ કહેવું જોઇએ, જેથી આ एकः,द्वौ અને बहवः માં (अव्यय સંજ્ઞા) ન થાય. *તેથી જ(સૂત્ર) પાઠમાં* **स्वर्** *વગેરે શબ્દોનું ગ્રહણ કરવું જોઇએ અને તેમ જ* **कृत्** *અને* **तद्धित** *પ્રત્યયોનું પણ ગ્રહણ કરવું જોઇએ.(૨)* (સૂત્રમાં પ્રત્યક્ષ) પાઠદ્વારા આ अव्यय સંજ્ઞા કરવામાં આવે છે તે અહીં **परमोच्चैः, परमनीचैः** માં ન થવાનો પ્રસંગ આવે છે. તદન્તવિધિ-નો આશ્રય લેવાથી (તેમને પણ સંજ્ઞા) થશે.[166]

इहापि तर्हि प्राप्नोति। अत्युच्चैः अत्युच्चसौ अत्युच्चैस इति। अव्यय उपसर्जनस्य नेति प्रतिषेधो भविष्यति। स तर्हि प्रतिषेधो वक्तव्यः। न वक्तव्यः। सर्वनामसंज्ञायां प्रकृतः प्रतिषेध इहानुवर्तिष्यते। स वै तत्र प्रत्याख्यायते। यथा स तत्र प्रत्याख्यायत इहापि तथा शक्यः प्रत्याख्यातुम्। कथं स तत्र प्रत्याख्यायते। महतीयं संज्ञा क्रियत इति । इयमपि महती संज्ञा क्रियते। संज्ञा च नाम यतो न लघीयः। कुत एतत्। लघ्वर्थं संज्ञाकरणम्। तत्र महत्याः संज्ञायाः करण एतत्प्रयोजनमन्वर्थसंज्ञा यथा विज्ञायेत। न व्येतीत्यव्ययमिति। क्व पुनर्न व्येति।

તો પછી અહીં अत्युच्चैः अत्युच्चैसौ अत्युच्चैसः ને[167] પણ સંજ્ઞા) થવાનો પ્રસંગ આવશે. ઉપસર્જનભૂત (स्वर् વગેરે) ને (अव्यय સંજ્ઞા) નથી થતી એમ કહ્યું છે તેથી પ્રતિષેધ થાય છે. તો પછી એ પ્રતિષેધ કરવોજોઇએ. કરવાની જરૂર નથી. સર્વનામ સંજ્ઞામાં (ઉપસર્જન ને

---

દ્વિવચનાન્ત **गोदौ** શબ્દ બન્યો છે. તેથી **गोदौ रमणीयौ बहन्नौ।** વગેરે દ્વિવચનાન્ત પ્રયોગ જ થશે.આમ માત્ર દ્વિવચનમાં જ પ્રયોગ થાય છે તેથી એ અસર્વવિભક્તિ છે અને તેથી અવ્યય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે.**वरणाः** એ બહુવચનાન્ત શબ્દ નગરનું નામ છે અને 'વરણા નામની નદીથી દૂર નહી તે નગર' એ અર્થમાં **वरणा** શબ્દને ઉપર પ્રમાણે **अण्** અને તેનો લોપ થઇને **वरणाः** શબ્દ બન્યો છે. **वरणाः** એ પ્રકૃતિભૂત શબ્દ સ્ત્રીલિંગી અને બહુવચનમાં પ્રયોજાતો શબ્દ નદીનું નામ છે. તેના ઉપરથી બનેલ **वरणाः** એ નગરવાચી પણ સ્ત્રી લિંગમાં અને માત્ર બહુવચનમાં જ પ્રયોજાય છે.તેથી તે અસર્વવિભક્તિ છે , પરિણામે તેને અવ્યય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે.આ **गोदौ** અને **वरणाः** ને અવ્યય સંજ્ઞા થતી નિવારવા માટે **कृत्** (અર્થાત્ **कृदन्त** ની અવ્યય સંજ્ઞા કરનાર બે સૂત્રોનો ) અને **तद्धित** નું ગ્રહણ કરવું પડશે અને જેની અવ્યય સંજ્ઞા ઇષ્ટ હોય તે શબ્દોનો એક પછી એક પાઠ કરવો જોઇએ. ટૂંકમાં ગણપાઠનો આશ્રય લેવો જોઇએ અને તેમાં **तद्धितश्चासर्वविभक्तिः। कृन्मेजन्तः। क्त्वातोसुन्कसुनौ।** અને **अव्ययीभावश्च।** એ ચાર સૂત્રોનો ગણપાઠમાં પાઠ કરવો જોઇએ. આમ અષ્ટાધ્યાયી સૂત્રપાઠનું ભાષ્યકારે પ્રત્યાખ્યાન કર્યુ છે.

[166] હવે **स्वरादिनिपातम्** એમ પાઠ કરીને જે **अव्यय** સંજ્ઞા કરવામાં આવી છે તે **परमोच्चैः** વગેરેને લાગુ નથી પડતી. તેથી આગળ કહેછે કે **तदन्त** વિધિનો આધાર લઇને તેમને પણ સંજ્ઞા લાગુ પાડી શકાશે. અહીં આપ્રમાણે દલીલ છે : **परमोच्चैः,परमनीचैः** માં **उच्चैः** અને **नीचैः** અન્તે છે. હવે **एरच्।** જેવાં સૂત્રોમાં **एः** એ વિશેષણને **धातोः** રૂપી વિશેષ્ય છે તેથી **येन विधिस्तदन्तस्य।** પ્રમાણે તદન્તવિધિ થશે, પરંતુ **परमोच्चैः** વગેરેમાં અન્તે જે **उच्चैः** છે તેનું કોઇ વિશેષ્ય નથી તેથી તે વિશેષણ નહીં થાય અને તેથી ત્યાં **येन विधिः०** સૂત્ર લાગુ નહી પડે. પરિણામે અવ્યય સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે. આ દલીલને લક્ષમાં રાખીને કૈયટ કહે છે કે અહીં તદન્તવિધિ **येन विधिः०** એ સૂત્રને આધારે કરવામાં આવતી નથી , પરંતુ હતે સૂત્ર ઉપરની **प्रयोजनं सर्वनामाव्ययसंज्ञायाम्।** વાર્તિકને આધારે કરવામાં આવે છે, તેથી **परमोच्चैः** વગેરેને અવ્યયસંજ્ઞા લાગુ પડશે. અથવા તો અવ્યય સંજ્ઞા સૂત્ર **स्वरादिनिपातम्०** વગેરેમાં કોઇ વિશેષ્યનું ગ્રહણ કર્યુ નથી તેથી **सर्वादीनि सर्वनामानि।** માં જે શબ્દસ્વરૂપને વિશેષ્ય માનીને તદન્તગ્રહણ થઇ શકે છે તેમ અહીં પણ વિશેષણરહિત શબ્દસ્વરૂપને વિશેષ્ય માનીને તદન્તવિધિ થઇ શકશે, પરિણામે **परमोच्चैः, परमनीचैः** વગેરેને અવ્યય સંજ્ઞા શક્ય બનતાં તેને લાગતા **सुप्** વગેરેનો **लुक्** થશે.

[167] જો **परमोच्चैः** વગેરેમાં તદન્તવિધિ થતી હોય તો **कुगतिप्रादयः।** ઉપરની વાર્તિક **अत्यादयः क्रान्त्याद्यर्थे।** પ્રમાણે જેમ **अतिक्रान्तः मालाम् अतिमालः** એમ સમાસ થાય છે તેમ **अत्युच्चैः** જેવા સમાસ થાય છે તે કેવી રીતે થઇ શકે અને થાય તો તેમને અવ્યય સંજ્ઞા કેમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુલક્ષીને) જે પ્રતિષેધ કરવામાં આવ્યો છે તેની અહીં અનુવૃત્તિ થશે. પણ તે (પ્રતિષેધ)નું તો ત્યાં પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે. જેવી રીતે ત્યાં પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે તેમ અહીં પણ પ્રત્યાખ્યાન કરી શકાશે.[168] ત્યાં તેનું પ્રત્યાખ્યાન કેવી રીતે કરવામાં આવ્યું છે ? આ (**सर्वनाम** એ) લાંબી સંજ્ઞા કરવામાં આવે છે, (એમ કહીને પ્રત્યાખ્યાન કર્યું છે). અને આ (**अव्यय** એ) પણ મોટી સંજ્ઞા કરવામાં આવી છે, પરંતુ સંજ્ઞા તો એવી હોવી જોઇએ કે જેનાથી ટૂંકુ કંઇ ન હોય. તે શા ઉપરથી ? કારણ કે સંજ્ઞા લાઘવ માટે કરવામાં આવે છે.(તેમ છતાં) લાંબીસંજ્ઞા કરવાનું પ્રયોજન એ છે કે તે અન્વર્થ છે ' એમ સમજી શકાય. (એ રીતે જોતાં) જે બદલાતો નથી તે **अव्यय** . પરંતુ તે શેમાં[169] બદલાતો નથી ?

**स्त्रीपुंनपुंसकानि सत्त्वगुणा एकत्वद्वित्व बहुत्वानि च। एतानर्थान्केचिद्वियन्ति केचिन्न वियन्ति। ये न वियन्ति तदव्ययम्॥ सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु॥ वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम्॥**

कृन्मेजन्तः ॥१।१।३९॥

**कथमिदं विज्ञायते। कृद्यो मान्त इति। आहोस्वित्कृदन्तं यन्मान्तमिति। किं चातः। यदि विज्ञायते कृद्यो मान्त इति-**

---

ન થાય ? **अत्यादयः०** પ્રમાણે દ્વિતીયાન્ત પદનો **अति** વગેરે સાથે સમાસ થાય છે પરંતુ **उच्चैः** એ અધિકરણ શક્તિપ્રધાન છે, સપ્તમીનો અર્થ સૂચવે છે, તેથી તેને માટે કર્મત્વ શક્ય નથી અને તે દ્વિતીયાન્ત નથી તેમ જ થઇ પણ ન શકે તો પછી તેનો **अति** સાથે **अत्युच्चैः** એમ પ્રાદિસમાસ કેવી રીતે થઇ શકે ? એમ શંકાકારનું કહેવું છે.સમાધાન કરતાં કે. કહે છે કે જો કે **उच्चैः** જેવા અવ્યય અધિકરણ શક્તિપ્રધાન છે અર્થાત્ સપ્તમી વિભક્તિનો અર્થ જ દર્શાવતા હોય છે છતાંસમાસની બાબતમાં છે એ શક્તિમત્પ્રધાન બને છે અર્થાત્ દ્રવ્યરૂપે પણ ભાગ ભજવી શકે, એટલે કે પ્રક્રિયા દશામાં **उच्चैः** એ **अतिक्रान्त** એ અર્થને બંધ બેસે તેવું દ્વિતીયાન્ત છે તેમ સમજાશે અને તેથી **अत्यादयः०** એ વાર્તિક પ્રમાણે **अत्युच्चैः** એ પ્રાદિસમાસ થશે. હવે **अत्युच्चैः** પછી આવતા **सुप्** નો લોપ કેમ નથી થતો ? તેનું કારણ એ છે કે **अत्युच्चैः** એ સમુદાયનો **स्वरादि** ગણમાં પાઠ નથી, માત્ર **उच्चैः** નો પાઠ છે તેથી **अत्युच्चैः** ને અવ્યય સંજ્ઞા થતી નથી, તેથી વિભક્તિનો લોપ પણ નથી થતો,પરંતુ તદન્તવિધિથી અવ્યય સંજ્ઞા થાય તો લોપ થશે એ શંકા અસ્થાને છે , કારણ કે આ સમાસમાં **अतिक्रान्तः** પ્રધાન છે અને **उच्चैः** એ અવ્યય ગૌણ છે, ઉપસર્જન છે અને જેમ ઉપસર્જનભૂત સર્વનામને સર્વનામ સંજ્ઞા થતી નથી તેમ ઉપસર્જનભૂત અવ્યયને પણ અવ્યય સંજ્ઞા થતી નથી તેથી તેની પછી આવતા **सुप्** નો **लुक्** નહીં થાય અને **अत्यच्चैः** **अत्युच्चैसौ** **अत्युच्चैसः** એ શબ્દ રૂપો થશે.

[168] સર્વનામ સંજ્ઞાની જેમ અવ્યય સંજ્ઞા પણ અન્વર્થ છે એટલે કે જે લિંગ, સંખ્યા વગેરે સત્ત્વના ધર્મો સ્વીકારતું નથી અને વિવિધ પ્રકારના ફેરફાર પામતું નથી (**न व्येति** ) તથા એક જ પ્રકારનું રહે છે તે અવ્યય એમ તેનો અર્થ છે તેથી ઉપસર્જનભૂત અવ્યયને (જેમ કે **अत्यच्चैः** માં **उच्चैः**ને) અવ્યય સંજ્ઞા થતી આપોઆપ અટકશે, કારણ કે તેમાં લિંગ, સંખ્યા વગેરે ને કારણે व्यय (ફેર) થાય છે.

[169] **क्व न व्येति ?** ક્યાં- શેની બાબતમાં ફેરફાર થતો નથી ,બદલાતું નથી અર્થાત્ એક સરખું જ રહે છે ? એમ અર્થ છે. શ્લોકમાં **सदृशं त्रिषु लिङ्गेषु** એમ સપ્તમી દ્વારા ઉલ્લેખ કર્યો છે તેથી આ પ્રશ્નમાં ભાષ્યકારે **क्व** - ક્યાં, કઇ બાબતમાં (**किं विषये**) એમ કહ્યું છે. નહીં તો **स्त्रीनपुंसकानि - - - एतानर्थान्केचिद्वियन्ति।** વગેરે દ્વારા જે ઉત્તર આપવામાં આવ્યો છે તે જોતાં પ્રશ્નમાં તેમણે **कान्** (**न वियन्ति** ) એમ પ્રશ્ન કર્યો હોત. આમ જે વિવિધ પ્રકારનું સ્વરૂપ લેતા નથી, જેમાં વિકાર થતો નથી તે **अव्यय** . **सर्वासु च विभक्तिषु** એમ જે કહ્યું છે તે એટલા માટે કે કોઇ પણ પ્રકારનો અવ્યય કોઇ પણ વિભક્તિમાં ફેરફાર પામતો નથી. આગળ ભાષ્યમાં સાધન (વિભક્ત્યર્થ)-પ્રધાન અને ક્રિયાપ્રધાન એમ બે પ્રકારના અવ્યય કહ્યા છે તેમાં જે સાધનપ્રધાન અવ્યયો છે તેમને અન્ય કારક સાથે સંબંધ હોતો નથી અને જે ક્રિયાપ્રધાન અવ્યયો છે તેમને કર્મત્વાદિ વિભક્તિના અર્થ સાથે સંબંધ નથી હોતો તેથી બધી જ વિભક્તિઓમાં અવ્યય સમાન સ્વરૂપ રહે છે.જે સત્ત્વ (દ્રવ્ય) નો અર્થ નથી બતાવતા તે અવ્યયોને લિંગ અને સંખ્યાનો સંબંધ હોતો નથી, કારણ કે લિંગ વગેરે તો દ્રવ્યના જ ધર્મો છે અને જેમ **युष्मद्** અને **अस्मद्** સર્વનામોને તેમની શક્તિને કારણે સ્વાભાવિક રીતે લિંગનો સંબંધ નથી હોતો તેમ જે અવ્યયો સત્ત્વનો અર્થ બતાવે છે તેમને પણ શબ્દશક્તિના સ્વભાવને કારણે લિંગ અને સંખ્યા સાથે સંબંધ નથી હોતો. આથી અવ્યય કોઇ પણ રીતે ફેરફાર પામતા નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગ તેમ જ એકત્વ, દ્વિત્વ, બહુત્વ એ અને પદાર્થના ગુણો છે. કેટલાક (પદાર્થ) એ (ગુણો)માં ફેરફાર પામે છે, કેટલાક ફેરફાર પામતા નથી. જે ફેરફાર પામતા નથી તે **अव्यय** છે.

ત્રણે લિંગમાં, બધી વિભક્તિઓમાં અને બધાં વચનોમાં જે વિવિધ સ્વરૂપ ધારણ કરતું નથી (અર્થાત્ જે બિલકુલ ફેરફાર પામતો નથી) તે (શબ્દ) અવ્યય.

**म**-કારાન્ત અને **एच्** જેને અન્તે હોય તેવા **कृदन्त** (**कृत** પ્રત્યય જેને અન્તેહોય તે શબ્દની) **अव्यय** સંજ્ઞાથાય છે' ॥૧।૧।૩૯ ॥ [170] આ (સૂત્ર) કઇ રીતે સમજવાનું છે ?[171] '**म**-કાર જેને અન્તે હોય તે **कृत्**[172](પ્રત્યયની સંજ્ઞા થાય છે)' એમ, કે પછી '**म**-કાર જેને અન્તે હોય તે **कृदन्त** (ની **अव्यय** સંજ્ઞા થાય છે)' એમ (સમજવાનું છે) ? (ગમે તે રીતે સમજીએ તો) તેથી શો ફેર પડે છે ? **म**-કારાન્ત જે **कृत्** (પ્રત્યય તે **अव्यय** ) એમ જો સમજવામાં આવે તો

**कारयांचकार हारयांचकारेत्यत्र न प्राप्नोति। अथ विज्ञायते कृदन्तं यन्मान्तमिति प्रतामौ प्रतामः अत्रापि प्राप्नोति। यथेच्छसि तथास्तु। अस्तु तावत्कृद्यो मान्त इति। कथं कारयांचकार हारयांचकारेति। किं पुनरत्राव्ययसंज्ञया प्रार्थ्यते। अव्ययात् इति लुग्यथा स्यात्। मा भूदेवम्। आमः। इत्येवं भविष्यति। न सिध्यति।**

**कारयांचकार** , **हारयांचकार** માં[173] થતી નથી. હવે જો **म**-કાર જેને અન્તે હોય તે **कृदन्त** (અવ્યય સંજ્ઞક થાય છે)[174] એમ સમજવામાં આવે તો **प्रतामौ** , **प्रतामः** માં પણ (**अव्यय** સંજ્ઞા) થવાનો પ્રસંગ આવે છે તું ઇચ્છે છે તે રીતે ભલે થાય.તો પછી **म**-કારાન્ત જે (પ્રત્યય) એમ

---

170 (પદચ્છેદ : **कृत् मेजन्तः।** વિગ્રહ **म् च एत् च मेचौ। तौ अन्ते यस्य।** બહુવ્રીહિ છે. સ્વામી દયાનન્દ આ સમાસને કર્મધારય તરીકે સમજાવે છે- **मच्च एच् च मेचौ। कृच्च असौ मेजन्तश्च कन्मेजन्तः।** અર્થાત્ **मकारान्त एजन्तश्च कृदन्तः शब्दोऽव्ययसंज्ञो भवति।**

171 અહીં **मेजन्त कृत्** પ્રત્યયની અવ્યય સંજ્ઞા કરવામાં આવે છે કે પછી **कृदन्त** ની અવ્યય સંજ્ઞા કરવામાં આવે છે એમ શંકાકાર પૂછવા માગતો નથી, તેનો આશય એ છે કે અહીં સૂત્રમાંના **मेजन्त** પદને પ્રથમ **कृत्** નું વિશેષણ કરીને પછી **कृत्** ની તદન્તવિધિ કરવાની છે કે પ્રથમ **कृत्** ની તદન્તવિધિ કરીને **मेजन्त** ને તે (**कृदन्त**)નું વિશેષણ બનાવવાનું છે ? એટલે કે આ સૂત્રમાં **मेजन्त** (અર્થાત્ **म्** અને **एच्** જેને અન્તે છે તેવો) **कृत्** જેને અન્તે હોય તે શબ્દની અવ્યય સંજ્ઞા કરવામાં આવે છે એટલે કે **कृद्यो मेजन्तः तदव्ययम्** એમ સમજવું કે પછી જે **कृदन्त** ને અન્તે **मेच्** આવતો હોય તેની અવ્યય સંજ્ઞા કરવામાં આવે છે, એટલે કે **मेजन्तं कृदन्तमव्ययम्** એમ સમજવું ?

172 સંજ્ઞાવિધિમાં પ્રત્યયનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તો તદન્તવિધિનો નિષેધ કરવામાં આવ્યો છે છતાં કેવળ પ્રત્યય (અહીં **कृत्** ) નો પ્રયોગ થઇ શકતો નથી તેથી **प्रयोजनं सर्वनामाव्ययसंज्ञायाम्।** પ્રમાણે તદન્તવિધિ થશે, એટલે કે **कृत्** ને **कृदन्त** સમજીશું. અથવા તો **अव्यय** એ મહાસંજ્ઞા સૂત્રકારે કરી છે તે અન્વર્થ છે તેથી જેમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર થતો નથી, પછી તે ગમે તે લિંગ, ગમે તે વિભક્તિ કે ગમે તે વચનયુક્ત પદો સાથે પ્રયોજાયો હોય તો પણ જે વ્યયરહિત-અફર રહે છે તે અવ્યય એમ સમજાય છે. તેથી **कृत्** એટલે માત્ર પ્રત્યય નહીં પણ **कृत्** જેને અન્તે છે તે **कृदन्त** એમ સમજાશે, કારણ કે કેવળ પ્રત્યય વિવિધ પ્રકારના ફેરફાર પામે તે શક્ય નથી તેમ જ એકલા પ્રત્યયનો પ્રયોગ પણ શક્ય નથી. વળી મહાસંજ્ઞા કરીને અવ્યયત્વ (કોઇ પણ ફેરફાર ન પામવો તે ) રૂપી જે અર્થ સૂત્રકાર સૂચવવા માગે છે તે કેવળ પ્રત્યયને વિશે શક્ય નથી તેથી તદન્તવિધિ અવશ્ય થશે.

173 **कारयाम्** - **कृ** ધાતુને **णिच्** લાગીને **अचोञ्णिति।** થી વૃદ્ધિ થતાં **कास्प्रत्ययादाममन्त्रे लिटि।** અને **कास्यनेकाच इति वक्तव्यम्।** (**वा०**) પ્રમાણે **लिट्** માં **आम्** થઇને **कारि आम्** એ સ્થિતિમાં **आम्** પર થતાં **अयामन्ताल्वाय्येत्न्विष्णुषु।** પ્રમાણે **णिच्** (**इ**) નો **अय्** થઇને **कारयाम्**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ ભલે થાય. (પણ એમ અર્થ કરવાથી) **कारयांचकार** , **हारयांचकार** માં (સંજ્ઞા) કેવી રીતે થશે ? પરંતુ અહીં અવ્યય સંજ્ઞા થાય તેમ ઇચ્છવાનું શું પ્રયોજન છે ? એ માટે કે તેથી **अव्ययादाप्सुपः।** અનુસાર (**आमन्त** પછી આવતા **सुप्** નો ) લોપ થાય[175] ભલે એ રીતે ન થાય, પણ **आमः।**એ(સૂત્ર)થી (લોપ) થશે. (**आमः।**થી લોપ) સિદ્ધ નથી થતો,

**लिग्रहणं तत्रानुवर्तते। लिग्रहणं निवर्तयिष्यते। यदि निवर्तते प्रत्ययमात्रस्य लुक्प्राप्नोति। इष्यते च प्रत्ययमात्रस्य। आतश्चेष्यत एवं ह्याह कृञ्चानुप्रयुज्यते लिटि इति। यदि च प्रत्ययमात्रस्य लुग्भवति तत एतदुपपन्नं भवति।**

કારણ કે (પૂર્વ સૂત્ર **मन्त्रेघसह्वरणशवृदहाद्वृचकृगमिजनिभ्यो लेः।** માંથી **लेः** ની અનુવૃત્તિ[176] થાય છે. લિની અનુવૃત્તિ અટકાવી શકાશે.જો (**आमः।** સૂત્રમાં) **लि** ની અનુવૃત્તિ ન થાય તો (**आमन्त** પછી આવતા) કોઇ પણ પ્રત્યય નો લોપ થશે.[177] (**आमन्त** પછી આવતા) બધા જ પ્રત્યયનો લોપ થાય તે ઇષ્ટ છે અને તે એ માટે ઇષ્ટ છે કે '**आमन्त** પછી **लिट्** પ્રત્યયો આવે ત્યારે **आमन्त** ની પછી

---

થયું છે. તે પ્રમાણે **हृ** નું **हारयाम्** થયું છે. અહીં **लिट्** એ **कृत्** પ્રત્યય છે પણ તે **मान्त** તેથી .જે **म**-કારાન્ત **कृत्** પ્રત્યય હોય તે **अव्यय** એમ અર્થ કરવામાં આવે તો **कारयाम्**, **हारयाम्** ને અવ્યય સંજ્ઞા નહીં થાય, કારણ કે તે **म**-કારાન્ત છે પણ **कृत्** નથી.

[174] હવે જો **मान्तं कृदन्तमव्ययम्।** અર્થાત્ **म्** જેને અન્તે હોય તે **कृदन्त** ની અવ્યય સંજ્ઞા થાય છે એમ વ્યાખ્યાન કરવામાં આવે તો **कारयाम्**, **हारयाम्** વગેરેની પાછળનો **कृत्** પ્રત્યય **आमः।** સૂત્રથી લુપ્ત થયો હોવા છતાં પ્રત્યયલક્ષણને કારણે **कृदन्त** ગણાશે અને તેને અન્તે **म्** પણ છે. વળી **कृदन्त** હોવાથી (**कृत्तद्धितसमासश्च।** પ્રમાણે) પ્રાતિપદિક સંજ્ઞા થશે અને તેથી **ङ्याप्प्रातिपदिकात्।** પ્રમાણે **सुप्** પ્રત્યય લાગશે પરંતુ **आमन्त** અવ્યય હોવાથી **अव्ययादाप्सुपः।** પ્રમાણે તેનો **लुक्** થશે. પરંતુ એ વ્યાખ્યાન પ્રમાણે **प्रतामौ** , **प्रतामः** એ શબ્દોને પણ અવ્યય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. **प्रतामौ** વગેરે **प्र** + **तम्** ને **क्विप् च।** પ્રમાણે **क्विप्** અને **अनुनासिकस्य क्विझलोः क्ङिति।** પ્રમાણે દીર્ઘ થઇને **प्रताम्** બને છે. **वेरपृक्तस्य।** પ્રમાણે **क्विप्** નો લોપ થવા છતાં પ્રત્યયલક્ષણને કારણે **प्रताम्** કૃદન્ત થશે અને તેનું **मान्त** શ્રવણ થાય છે તેથી **कृन्मेजन्तः।** ના ઉપર દર્શાવેલ વ્યાખ્યાન અનુસાર તે અવ્યય સંજ્ઞક થશે. પરિણામે **अव्ययादाप्सुपः।** પ્રમાણે **सुप्** નો લોપ થવાનો પ્રસંગ આવતાં **प्रतामौ प्रतामः** એ રૂપો ઉપલબ્ધ નહીં થાય.

[175] **कारयाम्** વગેરેને અવ્યય સંજ્ઞા કરીને કયો હેતુ સિદ્ધ કરવા માગે છે ? એ જાણવા માટે પ્રશ્ન કર્યો છે. તેથી કહે છે કે જો અવ્યય સંજ્ઞા થાય તો **अव्ययाद्०** પ્રમાણે **कारयाम्** અને **हारयाम्** પછી આવતા **सुप्** નો લોપ થઇ શકે. કૈયટ કહે છે **कारयाम्** વગેરેની પાછળ આવતા **सु** (**स्**) નો લોપ **हल्ङ्याब्०** પ્રમાણે થઇ શકે છે તેથી **अव्ययाद्०** વગેરેની મદદ લેવાની જરૂર નથી.આથી તે માટે **आमन्त** ને અવ્યય સંજ્ઞા કરવી બિનજરૂરી. લાગે છે, પરંતુ **कृञ्चानुप्रयुज्यते लिटि।** પ્રમાણે અનુપ્રયોગ (**लिट्** માં પાછળ પ્રયોજવામાં આવતા **कृ** , **भू** અને **अस्** નં રૂપો ને) કારણે તેમને દ્વિત્વ અને બહુત્વ હોય છે તેવો ખ્યાલ આવે છે તેથી દ્વિવચન અને બહુવચનના પ્રત્યય લાગે અને તેના લોપ માટે તેમને અવ્યય સંજ્ઞા થવી જોઇએ. આ દલીલ દોષિત ગણતાં(ના.) કહે છે કે સંખ્યા તો **कारयाम्** વગેરેની પછી જેનો અવ્યવહિત રીતે પ્રયોગ (**अनुप्रयोग** ) કરવામાં આવે છે તે **चक्रतुः चक्रुः** જેવાં **तिङ्** દ્વારા દર્શાવવામાં આવે છે તેથી **कारयाम्** વગેરેને વિશે દ્વિવચન વગેરેનો કોઇ પ્રસંગ નથી. પરંતુ અવ્યય પછી બધી વિભક્તિનાં એકવચન આવે છે એ મત પ્રમાણે દ્વિતીયાદિ વિભક્તિના **अम्** વગેરે પ્રત્યય આવે તો તેનો લોપ **हल्ङ्याब्०** દ્વારા થઇ શકશે નહીં તેથી **अव्ययादाप्०** થી લોપ થઇ શકે તે માટે તેમને અવ્યય સંજ્ઞા થાય તે જરૂરી છે.વળી **अव्ययसर्वनाम्नाम्०** પ્રમાણે **आमन्त** ને **अकच्** થવાનો સંભવ નથી કારણ કે તેનો સંખ્યા, કારક વગેરેને લગતી આકાંક્ષા રૂપ સંપૂર્ણ અર્થ વ્યક્ત થતો નથી (જુઓ **कृञ्चानुप्रयुज्यते लिटि।** ઉપરનું મ.ભા.: **आमन्तमव्यक्तपदार्थकं तेनापरिसमाप्तोऽर्थ इति कृत्वाऽनुप्रयोगो भविष्यति।**), તેથી તેને અન્ય અર્થ સાથે સંબંધ ન થઇ શકે, કારણ કે જેનો પૂરો અર્થ સમજાતો હોય તેનો જ અન્ય અર્થ સાથે સંબંધ સંભવી શકે. આથી **अकच्** લાગી શકે તે માટે **आमन्त** ને અવ્યયસંજ્ઞા થાય તે ઇષ્ટ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તરત જ कृ, भू , અને अस् નો પ્રયોગ થાય છે' એમ (સૂત્રકારે ) કહ્યું છે. અને आमन्त ની પછી આવતા બધા જ પ્રત્યયનો લોપ થતો હોય તો જ એ શક્ય છે.[178]

**अथवा पुनरस्तु कृदन्तं यन्मान्तमिति। कथं प्रतामौ प्रताम इति। आचार्यप्रवृत्तिर्ज्ञापयति न प्रत्ययलक्षणेनाव्ययसंज्ञा भवतीति यदयं प्रशान्शद्बं स्वरादिषु पठति॥**

અથવા તો પછી 'જે म-કારાન્ત **कृदन्त** (તે अव्यय) એમ ભલે સમજાય.[179]તો પછી **प्रतामौ** , **प्रतामः** નું શું ? આચાર્ય (પાણિનિ) **प्रशान्** શબ્દનો **स्वर्** આદિ ગણમાં પાઠ કરે છે, તે ઉપરથી જ્ઞાપન થાય છે કે પ્રત્યયલક્ષણથી अव्यय સંજ્ઞા થતી નથી.

---

[176] **अव्ययादाप्०** પ્રમાણે લોપ ન થાય તો કંઇ વાંધો નહીં કારણ કે **आमः।** પ્રમાણે **आम्** પછી આવતા પ્રત્યયનો **लुक्** થઇ શકશે.એ દલીલના જ્વાબમાં કહે છે કે **आमः।** એ સૂત્રમાં પૂર્વ સૂત્ર **मन्त्रेघसह्वरणशवृदहाद्वृच्कृगमिजनिभ्यो लेः।** માંથી **लेः** ની અનુવૃત્તિ થાય છે તેથી **लिट्** નો જ લોપ થશે, **सुप्** નો નહીં થાય.

[177] અહીં **लेः** ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો **सुप्** લોપ થઇ શકશે, એટલે કે કોઇ પ્રત્યય આવવાની શક્યતા હોય તો તે ન આવી શકે. જેમ કે **कारयाम्** જેવાં સ્થળે પ્રકર્ષ દર્શાવવાનો હોય તો **तरप्** વગેરે પ્રત્યય આવે, પરંતુ **आमः।** થી પ્રત્યેક પ્રત્યયનો લોપ થશે. અહીં પ્રશ્ન કરવામાં આવ્યો છે કે જો **तरप्** વગેરેનો લોપ થઇ જાય તો **कारयाम्** જેવાં સ્થળે પ્રકર્ષનો અર્થ કેવી રીતે દર્શાવી શકાય ? તે સંદર્ભમાં કૈયટ કહે છે કે **कारयाम्** જેવા પ્રયોગ અપરિસમાપ્ત અર્થવાળા છે તેથી તેમને **तरप्** નો યોગ ન થાય, પરંતુ **कृञ्** નો અનુપ્રયોગ થાય છે તેને **तरप्** લાગશે, કારણ કે જેનો અર્થ સંપૂર્ણ હોય તેને જ **तरप्** વગેરે લાગે. શિવરામેન્દ્ર સરસ્વતી કૈયટના ખુલાસાને ચિન્ત્ય ગણે છે તેમના મતે **कारयाम्** વગેરેમાં **आमन्त** ને લગતો પ્રકર્ષનો અર્થ દર્શાવવા તેની પછી **तरप्** લાગે છે, એટલે કે **कारयाम् तरप्** એમ થઇ શકે અને **आमः।** પ્રમાણે તેનો લોપ થાય છે એમ ભાષ્યકારનું કહેવું છે. અહીં નિ.સા.(પૃ.૩૨૪) તથા યુ.મી., (પૃ.૪૯૩) માં **लिग्रहणं [ तत्र ] निवर्तिष्यते।** એમ પાઠ છે, ચારુ.માં **तत्र** કીસમાં નથી ચૌખં, કિ., વ.શા. અને સુ.શા.માં **तत्र** નથી.

[178] **आमन्त** ની પછી **कृञ्** વગેરેનો અવ્યવહિત રીતે પ્રયોગ થાય છે (જુઓ ઉપર નોંધ ૧૭૪), પરંતુ **आमन्त** પછી આવતા પ્રત્યેક પ્રત્યયનો લોપ ન થાય ત્યાં સુધી અવ્યવહિત રીતે પ્રયોગ (**अनुप्रयोग** ) શક્ય નથી, કારણ કે **आमन्त** અને **कृ** વચ્ચે વ્યવધાન હોય તો તે અનુપ્રયોગ કહેવાય જ નહીં (**न हि व्यवधाने कृञनुप्रयुज्यमाने आम्प्रत्ययस्यैवानुप्रयुक्तो भवति। न्या०**) તેથી સૂત્રકારે **अनु** અને **प्र** એ બે ઉપસર્ગો પ્રયોજ્યા છે, જેથી સમજાય કે **कृ** વગેરેનો અવ્યવહિત રીતે પ્રયોગ થાય છે (**प्रशद्बादनुशद्बाच्चाव्यवहिताः पश्चात्प्रयुज्यन्त इत्यर्थः। बा०म०** ).તેથી ભાષ્યકાર અને વાર્તિકકારે '**अव्यवहितनिवृत्त्यर्थम्** ' એમ કહ્યું છે જેથી **ईहाञ्चक्रे** એમ પ્રયોજી શકાય પણ **ईहां देवदत्तश्चक्रे।** એમ વ્યવહિત પ્રયોગ ન થાય.(જો કે કલિદાસ, અશ્વઘોષ વગેરેમાં **तं पातयां प्रथममास पपात पश्चात्। प्रभ्रंशयां यो नहुषं चकार।** અને **दिव्यैर्विशेषैर्महयाञ्च चक्रुः।** જેવા વ્યવહિત પ્રયોગો જોવામાં આવે છે).

[179] હવે બીજો વિકલ્પ સ્વીકારતાં કહે છે. તે પ્રમાણે સૂત્રમાંના **कृत्** ની પહેલાં તદન્તવિધિ કરીને **मान्त** ને તેનું વિશેષણ બનાવીશું, તેથી **मान्त** कृदन्त એમ અર્થ સમજાશે. **प्रतामौ प्रतामः** ને અવ્યય સંજ્ઞા નહીં થાય તે દલીલ પહેલાં (જુઓ ઉપર નોંધ ૧૭૩) આવી ગઇ છે. ભાષ્યકાર કહે છે કે ગણપાઠમાં **प्रशान्** શબ્દનો સમાવેશ કરીને જ્ઞાપન કરવામાં આવ્યું છે કે પ્રત્યયલક્ષણનો આશ્રય લઇને અવ્યય સંજ્ઞા થઇ શકતી નથી. જો થતી હોત તો **स्वरादि** માં **प्रशान्** ને સૂત્રકાર મૂકત નહીં, કારણ કે તેની પણ પ્રત્યયલક્ષણથી અવ્યય સંજ્ઞા અવશ્ય થઇ શકત. **प्रशान्** શબ્દ **प्र शम्** ધાતુને **क्विप्** એ **कृत्** પ્રત્યય લાગીને થયો છે. **वेरपृक्तस्य।** પ્રમાણે અન્તે સમગ્ર **क्विप्** નો લોપ થવા છતાં તે **मान्त** कृदन्त છે. અહીં શંકા થાય કે **प्रशान्** એ તો नान्त છે **मान्त** નથી (એટલે કે તેને અન્તે **न्** છે **म्** નથી).તેનું સમધાન કરતાં કૈયટ કહે છે કે **प्रशान्** નો **न्** અસિદ્ધ છે, કારણ કે **मो नो धातोः।** (૮-૨-૬૪) એ ત્રિપાદીમાંના સૂત્રદ્વારા **शम्** ધાતુના **म्** નો **न्** થાય છે, જ્યારે અવ્યય સંજ્ઞા સૂત્ર પ્રથમ અધ્યાયના પ્રથમ પાદમાં છે અર્થાત્ સપાદસપ્તાધ્યાયીમાં છે. તેથી **पूर्वत्रासिद्धम्।** પ્રમાણે **मो नो ०** એ સૂત્ર અવ્યય સંજ્ઞા સૂત્રની દૃષ્ટિએ અસિદ્ધ થશે, એટલે કે અવ્યય સંજ્ઞા કરતી વખતે **प्रशान्** નો **न**-કાર એ **म**-કાર જ છે તેમ સમજાશે. તેથી **प्रशान्** એ **मान्त** ગણાશે અને પ્રત્યયલક્ષણથી कृदन्त ગણાશે. આમ **मान्त** कृदन्त થવાથી આ વૈકલ્પિક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कृन्मेजन्तश्चानिकारोकारप्रकृतिः ॥१॥

कृन्मेजन्तश्चानिकारोकारप्रकृतिरिति वक्तव्यम्। इह मा भूत्। आधये आधेः। चिकीर्षवे चिकीर्षोरिति॥

વળી **कृन्मेजन्तः** માં જે **एच्** છે તે **इ**-કાર કે **उ**-કારનો આદેશ ન હોવો જોઇએ ॥१

**कृन्मेजन्तः** એમ જે કહ્યું છે તેમાં જે **एच्** (ए, ऐ, ओ, औ) છે તે **इ**-કાર કે **उ**-કારના સ્થાન પર થએલા આદેશ ન હોવા જોઇએ.[180] એમ કહેવું જરૂરી છે, જેથી આ आधये, आधेः, चिकीर्षवे[181], चिकीर्षोः માં (अव्यय સંજ્ઞા) ન થાય

---

વ્યાખ્યાન પ્રમાણે તેને અવ્યય સંજ્ઞા થશે. આમ છતાં તેનો **स्वरादि** ગણમાં સમાવેશ કર્યો છે તેથી જ્ઞાપન થાય છે કે પ્રત્યયલક્ષણથી અવ્યય સંજ્ઞા થઇ શકતી નથી.(પ્ર.) નોંધે છે કે આ જ્ઞાપન દ્વારા વ્યાવૃત્તિ થાય છે તે તુલ્યજાતીયની થાય છે, એટલે કે જ્યાં જ્યાં ધાતુને **क्विप्** લાગીને તેનો સંપૂર્ણ લોપ થતાં પ્રત્યયલક્ષણનો આધાર લઇને **मान्त** કૃદન્તને અવ્યય સંજ્ઞા થતી હોય તે સર્વ સ્થાને સંજ્ઞા નહીં થાય. તે રીતે **प्रतामौ प्रतामः** માં નહીં થાય, પરંતુ **कारयाम्, हारयाम्** જેવાં વિજાતીય સ્થળે ધાતુ નથી તેથી અવ્યય સંજ્ઞા અવશ્ય થશે.(કૈ.) કહે છે કે **शान् तेजने** (તીક્ષ્ણ કરવું) એ ધાતુ ઉપરથી **प्रशान्** રૂપ બન્યું નથી, કારણ કે એ ધાતુના **क्विबन्त** પ્રયોગ જોવામાં આવતા નથી. ગણપાઠમાં જે **प्रशान्** નો પાઠ કર્યો છે તે શાન્તિનો અર્થ બતાવે છે, કારણ કે તેને સ્વાભાવિક રીતે લિંગવગેરે હોતાં નથી. નાગેશ કહે છે કે ખરૂં જોતાં ગણપાઠમાં **प्रशाम्** એમ **मान्त** પાઠ જ છે, પરંતુ જેમ **स्वर्** વગેરેનો રેફસહિતનો (**स्वर्** એમ) પાઠ છે ,પણ પ્રયોગમાં વિસર્ગયુક્ત (**स्वः** એમ) છે તેમ પ્રયોગમાં **प्रशाम्** નો **नान्त** (એટલે કે **प्रशान्** એમ) છે.(જુઓ : **प्रशानिति नान्तः पाठोऽसांप्रदायिकः। लघु० शब्द०** પૃ.૪૦૮) તે પ્રમાણે **एजन्त** કૃદન્તને ઉપર જણાવેલ જ્ઞાપકને કારણે પ્રત્યયલક્ષણથી અવ્યય સંજ્ઞા નહીં થાય. **लु** ધાતુને **णिच्** લાગીને **लावयति** એ અર્થમાં **क्विप्** લાગીને **णेरनिटि।** પ્રમાણે **णिच्** નો લોપ , **अचोञ्णिति।** પ્રમાણે વૃદ્ધિ, **क्विप्** નો સંપૂર્ણ લોપ થવા છતાં પ્રત્યય લક્ષણથી **लौ** એ **एजन्त** કૃદન્ત થશે છતાં તેને અવ્યય સંજ્ઞા નહીં થાય.કાશકૃત્સ્ન વ્યાકરણનો આધાર લઇને યુ.મી. સૂચવે છે કે **लौ** ના જેવાં **नौ** વગેરે ઉદાહરણ છે જ્યાં **क्विबन्त एजन्त** ને અવ્યય સંજ્ઞા થતી નથી અને **नौः नावौ नावः** એમ રૂપો થાય છે. તેથી **लौ , नौ** વગેરેને અવ્યય સંજ્ઞા ન થાય તે માટે કોઇ અન્ય આધાર શોધવો પડશે. આ સંદર્ભમાં શ.કૌ.માં કહ્યું છે કે **गौ, ग्लौ, नौ** એ **उणादि** પ્રત્યયાન્ત છે અને તેમને આ સૂત્ર લાગુ પડતું નથી (**गौर्ग्लौर्नौरित्यत्र नेदं सूत्रं प्रवर्तते उणादिनाम-व्युत्पन्नत्वात्।** પૃ.૧૮૨), કારણ કે **उणादि** એ અવ્યુત્પન્ન પ્રાતિપદિકો છે. તેઓ વ્યુત્પન્ન છે તેમ સ્વીકારવામાં આવે તો પણ **च्विरव्ययम् ।** એ **उणादि** સૂત્ર પ્રમાણે **एजन्त उणादि** પ્રત્યાન્ત જેને છેડે **च्वि** પ્રત્યય આવ્યો હોય તેની જ અવ્યય સંજ્ઞા થાય એમ નિયમ કરવામાં આવેલો છે (**अव्युत्पत्तिपक्षेऽपि च्विरव्ययमित्युणादिसूत्रेण एजन्तोणादिप्रत्ययान्तश्च्व्यन्त एवाव्ययसंज्ञ इति नियमस्य कृतत्वात्।** એજન પૃ. ૧૮૨), તેથી **ग्लौः, नौः** વગરે **डौ**-અન્ત અવ્યય નહીં થાય, પણ **ग्लौकरोति (अग्लौः ग्लौः सम्पद्यते तथा करोतीत्यर्थः।** બા.મ.) च्व्यन्त હોવાથી (**च्व्यन्त एव। दी०**).

[180] **अनिकारोकारप्रकृतिः** આ સમાસ સ્વાભાવિક રીતે જ **एच्** નું વિશેષણ છે, **म**-કાર નું વિશેષણ નથી, કારણ કે **म**-કારને કોઇ વ્યવચ્છેદ્ય નથી , તેને કોઇની વ્યાવૃત્તિ કરવાની નથી. તેથી તેને વિશેષણ પણ નહોય. **अनिकार०** વગેરે એટલે એવો **एच्** કે જેની પ્રકૃતિ **इ**-કાર કે **उ**-કાર ન હોય, અર્થાત્ જે **इ**-કાર કે **उ**-કારનો આદેશ ન હોય.આ પ્રકારનો **एच्** જેને અન્તે હોય તે **कृत्** ની અવ્યય સંજ્ઞા થાય છે એમ કહેવું જોઇએ. એ પ્રમાણે ન કહેવામાં આવે તો **आधये** વગેરે સ્થળે અવ્યય સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે, કારણ કે **आधये** શબ્દની નિષ્પત્તિ દરમ્યાન કૃત્ પ્રત્યય **इ** (**कि**) નો **घेर्ङिति।** પ્રમાણે જે ગુણ થાય છે તે **सुप्** પ્રત્યયની અપેક્ષા રાખ્યા વિના થાય છે, જ્યારે ચતુર્થીના પ્રત્યય **ङे**ને કારણે એ ગુણ (**ए**-કાર) નો **अय्** આદેશ થાય છે તે **सुप्** પ્રત્યયની અપેક્ષા રાખે છે, તેથી તે બહિરંગ છે, પરંતુ **ए** ને કારણે થતી અવ્યય સંજ્ઞા અંતરંગ છે તેથી અવ્યય સંજ્ઞા થશે અને **सुप्** (અર્થાત્ ચતુર્થીના પ્રત્યય)નો લોપ થવા જશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अनन्यप्रकृतिरिति वा ॥२ ॥**

**अनन्यप्रकृतिः कृदव्ययसंज्ञो भवतीति वक्तव्यम् ॥ किं पुनरत्र ज्यायः। अनन्यप्रकृतिवचनमेव ज्यायः। इदमपि सिद्धं भवति। कुम्भकारेभ्यः नगरकारेभ्यः इति ॥ तत्तर्हि वक्तव्यम्।**

**न वा संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य ॥३ ॥**

**न वा वक्तव्यम्। किं कोणम्। न वा संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येत्येषा परिभाषा कर्तव्या॥ कः पुनरत्र विशेष एषा वा परि- भाषा क्रियेतानन्यप्रकृतिरिति वोच्येत। अवश्यमेषा परिभाषा कर्तव्या। बह्न्येतस्याः परिभाषायाः प्रयोजनानि। कानि पुनस्तानि। प्रयोजनं ह्रस्वत्वं लुग्विधिर्ग्रामणिकुलम् ॥४ ॥**

અથવા તો બીજા કોઇનો પણ આદેશ ન હોય તેવો **एच्** એમ કહેવું જોઇએ[182] ॥२॥

અથવા અન્ય કોઇનો પણ આદેશ ન હોય તેવા (**एजन्त**) **कृत्** ની **अव्यय** સંજ્ઞા થાય છે એમ કહેવું જોઇએ. આ (બે) માં વધારે સારૂં શું છે ? અન્ય કોઇનો આદેશ ન હોય તેવો (**एच्** ) એમ કહેવું જ વધારે સારૂં છે, કારણ કે તેથી **कुम्भकारेभ्यः**, **नगरकारेभ्यः** એ (રૂપો) પણ સિદ્ધ થશે.તો પછી તે કહેવું જોઇએ ?

---

**आधये** - **आ+ धा** (એ **घु**- સંજ્ઞક ધાતુને **आ** ઉપસર્ગ લાગ્યો છે તેથી **उपसर्गे घोः किः।** પ્રમાણે **कि (इ)** કૃત્ પ્રત્યય લાગશે, **आतो लोप इटि च।** પ્રમાણે ધાતુના **आ**-કારનો લોપ થશે અને ચતુર્થી એકવચનનો **ङित्** પ્રત્યય **ङे** આવતાં **शेषो घ्यसखि।** પ્રમાણે **आधि** એ **घि** થવાથી **इ** , **घेर्ङिति।** પ્રમાણે **इ** નો ગુણ થતાં **आधे ए** - (**एचोऽयवायावः।** પ્રમાણે) **आधये** થશે. અહીં **कि** એ કૃત્ પ્રત્યય છે અને **आधे** એ **एजन्त** છે તેથી પ્રસ્તુત સૂત્રથી અવ્યય સંજ્ઞા થવાનો અને વિભક્તિનો લોપ થવાનો પ્રસંગ આવશે.**आधेः** માં પણ **ङस्** પૂર્વે અવ્યય સંજ્ઞા થવાથી વિભક્તિનો લોપ થવાનો પ્રસંગ આવશે.અહીં **ए** એ **इ** નોગુણ છે, **अनिकारप्रकृति** નથી તેથી સંજ્ઞા નહી થાય.

[181] **चिकीर्षवे** - **कृ** ધાતુને **धातोः समानर्कृकादिच्छायां वा।** પ્રમાણે ઇચ્છાદર્શકનો **सन्** → **अज्झनगमां सनि।** પ્રમાણે **ऋ**-કારનો દીર્ઘ થતાં **कृ→ ऋत इद्धातोः।→ कि → उरण्रपरः।→ किर्→ सन्यङोः। एकाचो द्वे प्रथमस्य।→किर् किर् →हलादिः शेषः।→किकिर् सन् →अभ्यासे चर्च। चिकिर्→हलि च।→चिकीर् सन् (अ)→ आदेशप्रत्यययोः।→चिकीर्ष→असनाशंसभिक्ष उः। →अतो लोप इटि च। → चिकीर्षु ङे→ घेर्ङिति।→चिकीर्षो ङे** એ સ્થિતિમાં **चिकीर्षो** એ **एजन्त** કૃદન્ત છે તેથી પ્રસ્તુત સૂત્ર પ્રમાણે અવ્યય સંજ્ઞા થવાનો (**इ**-કારનો ગુણ એ **ङे** પ્રત્યયને કારણે થતા **अय्** ની દૃષ્ટિએ અંતરંગ છે તેથી અવ્યય સંજ્ઞા અવશ્ય થશે) અને તેની પછી આવતા **ङे** નો **अव्ययादाप्सुपः।** પ્રમાણે લોપ થવાનો પ્રસંગ આવશે, પરંતુ **चिकीर्षो** નો **ओ**-કાર ગુણને કારણે થયો છે, એટલે કે તે **इकारप्रकृति** છે, **अनिकारप्रकृति** નથી તેથી અવ્યય સંજ્ઞા નહીં થાય અને **चिकीर्षो ए →एचोऽयवायावः।→ चिकीर्षवे** થશે.

[182] પૂર્વ વાર્તિકમાં '**अ** અથવા **उ** નો આદેશ ન હોય તેવો **एच्**' એમ કહ્યું, પરંતુ અહીં માત્ર **इ** કે **उ** નો નહીં પણ અન્ય કોઇનો પણ આદેશ ન હોય તેવો **एच्** એમ કહ્યું છે, કારણ કે તે સિવાય **कुम्भकारेभ्यः** , **नगरकारेभ्यः** જેવામાં અવ્યય સંજ્ઞા થવાનો પ્રસંગ આવે.

**कुम्भकारेभ्यः** માં **कुम्भकार** શબ્દમાં અન્તે **अण्** એ પ્રત્યયાન્ત કૃદન્ત છે. પંચમી બહુવચનના **भ्यस्** પૂર્વે **बहुवचने झल्येत्।** પ્રમાણે **ए** થતાં **कुम्भकारे भ्यः** એ સ્થિતિમાં **कुम्भकारे** એ **एजन्त** કૃદન્ત થવાથી પ્રસ્તુત સૂત્ર પ્રમાણે અવ્યય સંજ્ઞા થાય તો **भ्यस्** નો લોપ થવાનો પ્રસંગ આવશે અને ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અથવા ન (કહેવું જોઇએ , કારણ કે ) બે વસ્તુના સંબંધપર[183] આધારિત વિધિ તે સંબંધના નાશનું કારણ નથી થતો.॥૩॥
અથવા એ પ્રમાણે કહેવાની જરૂર નથી. શા માટે (જરૂર નથી) ? કારણ કે બે (વસ્તુ)ના સંબંધ ઉપર આધારિત વિધિ તે સંબંધના વિનાશનું કારણ થતો નથી' એવી પરિભાષા કરવી પડશે.આ પરિભાષા કરવામાં આવે કે અન્ય કોઇનો આદેશ ન હોય તેવો (**एच्**) એમ કહેવામાં આવે, તે બેમાં ફેર શો છે ? આ પરિભાષા અવશ્ય કરવી જોઇએ, કારણ કે એ પરિભાષાનાં ઘણાં પ્રયોજન છે. તે(પ્રયોજન)કયાંછે?[184]

(એક) પ્રયોજન એ કે હ્રસ્વવિધિ **तुक्** આગમનું નિમિત્ત ન થાય જેમ કે **ग्रामणिकुलम्** ॥૪॥ [185]

**ग्रामणिकुलं सेनानिकुलमित्यत्र ह्रस्वत्वे कृते ह्रस्वस्य पिति कृति तुग्भवतीति तुक्प्राप्नोति। न वा संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येति न दोषो भवति॥ नैतदस्ति प्रयोजनम्। बहिरङ्गं ह्रस्वत्वमन्तरङ्गस्तुक्। असिद्धं बहिरङ्गमन्तरङ्गे॥**

**नलोपो वृत्रहभिः** ॥५॥

**ग्रामणिकुलम्**।[186] **सेनानिकुलम्** (જેવા સમાસો) માં ઉત્તરપદ આવવાને કારણે (પૂર્વપદના **इक्** નો) હ્રસ્વ થયા પછી **ह्रस्वस्य पिति कृति तुक्**। પ્રમાણ **तुक्** આગમ થવાનો પ્રસંગ આવે છે પરંતુ બે (પદ) ના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનો હેતુ બનતો

---

[183] **सन्निपात** એટલે સંબંધ, બેના સંબંધને કારણે થએલું કાર્ય તે સંબંધનો નાશ કરનાર કાર્યનું નિમિત્ત થતું નથી.અહીં **तद्विघात** એટલે તે (સન્નિપાત- સંબંધ) નો નાશ (**तं सन्निपातः विहन्ति**। ).(ન્યા.) અથવા **सन्निपातः आनन्तर्यम्**। **तल्लक्षणं तन्निमित्तं यस्य स तथोक्तः**। અર્થાત્ બેના આનન્તર્યને - અવ્યવહિત રીતે આવવા-ને કારણે જે કાર્ય કરવામાં આવ્યું હોય તે (ન્યા.).તેથી **आधे ए** , **चिकीर्षो ए** માં **आधि** વગેરે ઘિ સંજ્ઞકની પછી ङे આવ્યો હોવાથી અર્થાત્ ઘિ અને ङे ના સંન્નિપાતને કારણે ગુણ રૂપી કાર્ય થયું છે તે કાર્ય જ (**आधे**,**चिकीर्षो** એ **एजन्त** કૃદન્ત છે તે કારણે) ङे ના લોપનું અર્થાત્ એ સંબંધના વિઘાતનું નિમિત્ત ન થઇ શકે, પરિણામે ઇષ્ટ રૂપ સિદ્ધ થઇ શકશે.તે રીતે **कुम्भकारेभ्यः** વગેરેમાં પણ **भ्यस्** ને કારણે જે **ए** થયો છે તે **भ्यस्** ના લોપનું નિમિત્ત ન થઇ શકે.

[184] અહીંથી સંનિપાત પરિભાષાનાં પ્રયોજનની ચર્ચા છે.

[185] અહીં યુ.મી.(પૃ.૪૯૬) અને નિ.સા.(પૃ.૩૨૬) માં કૌંસમાં [**ह्रस्वत्वं तुग्विधेरनिमित्तम्**। **क्व ? ग्रामणिकुलम्**।] એમ અધિક પાઠ છે. નિ.સા.(પા.ટી.૨) માં નોંધ્યું છે '**भाष्यग्रन्थोऽत्र त्रुटितो भवेत्** , **न्याय्य इति मत्वाऽस्माभिः स्थापितः**।ચૌ.ખં (પૃ.૩૫૯, પા.ટી.૩) માં તેનો અસ્વીકાર કરતાં કહ્યું છે કે તેવો પાઠ ઉપલબ્ધ થતો નથી તેથી આ વાર્તિક (૪) કાત્યાયનની નથી તેમ કલ્પવું વધારે સારૂં. આમ એ કલ્પિત પાઠ અપ્રામાણિક છે. સંપાદક વધારામાં કહે છે કે કદાચ **प्रयोजनं ह्रस्वत्वं तुग्विधेः** એટલો ભાગ ભાષ્યકારે કલ્પેલો હશે અને પ્રયોજન કહેતી વખતે ભગવાન કાત્યાયને **ग्रामणिकुलम्** એટલું જ કહ્યું હશે અને આગળ પણ **वृत्रहभिः** એટલી જ વાર્તિક હશે.

[186] **ग्रामणिकुलम्** - **ग्रामं नयति** એ અર્થમાં **सत्सूद्विषद्रुह॰** પ્રમાણે **क्विप्** , **अग्रग्रामाभ्यां नयतेः**। એ વાર્તિક પ્રમાણે (**अनेका॰** પ્રમાણે સૂત્રકારે **स एषां ग्रामणीः**। એ સૂત્ર દ્વારા નિપાતન કર્યું છે તેથી) **णत्व** થઇને **ग्रामणी** શબ્દ બન્યો છે. હવે 'ગ્રામને દોરનાર કુળ' એ અર્થમાં વાક્યરૂપે વ્યસ્ત પ્રયોગમાં **ग्रामणि कुलम्**। થશે. અહીં **कुलम्** નું વિશેષણ હોવાથી **ग्रामणि** એ **ह्रस्वो नपुंसके प्रातिपदिकस्य**। પ્રમાણે નપુંસક અને હ્રસ્વ થયો , પરંતુ **ग्रामण्यः कुलम्**। એ વિગ્રહ વાક્યનો ષષ્ઠી સમાસ કરતાં **ग्रामणिकुलम्** એ સમાસમાં **ग्रामणी** એ **ई**- કારાન્ત છે અને **ङ्यन्त** નથી અને તેની પછી ઉત્તરપદ આવ્યું છે તેથી **इको ह्रस्वोऽङ्यो गालवस्य**। પ્રમાણે હ્રસ્વ થશે.અહીં પ્રશ્ન થાય છે કે **ग्रामणी** એ **क्विबन्त** છે, તેને **पित्** **कृत्** પ્રત્યય લાગ્યો છે અને **ग्रामणिकुलम्** એ સમાસમાં હ્રસ્વ થયો છે તેથી **ह्रस्वस्य पिति कृति तुक्**। પ્રમાણે **तुक्** લાગીને **ग्रामणित्कुलम्** થવાનો પ્રસંગ આવશે.અહીં **तुक्** નો નિરાસ **का॰** વગેરે **असिद्धं बहिरङ्गमन्तरङ्गे**। એ પરિભાષાને આધારે કરે છે. **ग्रामणि** માં હ્રસ્વ નપુંસક અર્થના અન્ય પદ (ઉત્તરપદ) ની અપેક્ષા રાખે છે તેથી બહિરંગ છે જ્યારે **तुक्** આગમ તો માત્ર હ્રસ્વ વર્ણ ઉપર આધાર રાખે છે તેથી અંતરંગ છે. અને અંતરંગ કાર્ય કરવાનું હોય ત્યારે બહિરંગ અસિદ્ધ હોય છે તેથી **तुक्** આગમ કરતી વખતે **ग्रामणि** નો હ્રસ્વ અસિદ્ધ ઠરશેએટલે કે હ્રસ્વ થયો જ નથી તેમ સમજવાથી **तुक्** આગમ નહીં થઇ શકે.જો કે **नाजानन्तर्ये** । એ પરિભાષા પ્રમાણે જ્યારે **अच्** (અહીં **इ** ) ની પછી અવ્યવહિત રીતે આવેલા (અહીં **क्विप्** ) ને કારણે કાર્ય થતું હોય ત્યાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી' એ(પરિભાષાને) કારણે (तुक् આગમ થવા રૂપી) દોષ આવતો નથી એ પ્રયોજન નથી, કારણ કે હ્રસ્વ આદેશ બહિરંગ છે જ્યારે આગમ અન્તરંગ છે અને અન્તરંગ વિધિ કરવાનો હોય ત્યારે બહિરંગ વિધિ અસિદ્ધ થાય છે.

(આ પરિભાષાનું બીજું પ્રયોજન એ કે)[187] न-કારનો લોપ **वृत्रहभिः** (જેવામાં तुक् આગમનું નિમિત્ત નથી થતો ) ॥૫॥

**वृत्रहभिः भ्रूणहभिरित्यत्र नलोपे कृते ह्रस्वस्य पिति कृति तुग्भवतीति तुक्प्राप्नोति। संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येति न दोषो भवति॥ एतदपि नास्ति प्रयोजनम्। असिद्धो नलोपः। तस्यासिद्धत्वान्न भविष्यति॥**

**उदुपधत्वमकित्त्वस्य निकुचिते ॥६॥**

**वृत्रहभिः,भृणहभिः** માં (**वृत्रहन्** વગેરેના) **न्** નો લોપ કર્યાપછી **ह्रस्वस्य पिति कृति तुक्।** પ્રમાણે **तुक्** આગમ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ બેના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનો હેતુ બનતો નથી 'એ (પરિભાષાને) કારણે (**तुक्** આગમ થવા રૂપી) દોષ આવતો નથી . એ પણ પ્રયોજન નથી, (કારણ કે) न-લોપ **तुक्** આગમની દૃષ્ટિએ અસિદ્ધ છે[188] અને તે અસિદ્ધ હોવાથી (**तुक्** આગમ) નહીં થાય.

---

બહિરંગ પરિભાષા અમલી બનતી નથી. પરિણામે **तुक्** આગમનું નિવારણ બહિરંગ પરિભાષા વ્દારા નહીં થાય, પરંતુ સંન્નિપાત પરિ - ભાષા વ્દારા તેનો નિરાસ થાય તે એનું પ્રયોજન છે.**ग्रामणिकुलम्** માં **ग्रामणी** એ પૂર્વપદ અને **कुलम्** એ ઉત્તરપદ એ બેના સંન્નિપાતને કારણે **इको ह्रस्वः०** પ્રમાણે હ્રસ્વ થઇને **ग्रामणिकुलम्** એ સમાસ થયો છે અને એ બેના સંબંધને કારણે થએલું હ્રસ્વત્વ એ સન્નિપાતનો નાશ કરનાર **तुक्** આગમરૂપી કાર્યનું નિમિત્ત ન થઇ શકે, કારણ કે જો **तुक्** થાય તો પૂર્વપદ અને ઉત્તરપદના આનન્તર્યનો નાશ થશે.(ના.) પ્રમાણે અહીં આગમને કારણે બે રીતે સંનિપાતનો વિઘાત થશે. એક તો બે પદના અવ્યવહિતપણાનો અને બીજો પૂર્વપદ **ग्रामणित्** થવાથી તેનો અને તેના **इगन्तत्व** નો વિઘાત. આગળ બહિરંગ પરિભાષાનો આશ્રય લઇને **ग्रामणिकुलम्** , **सेनानिकुलम्** જેવામાં **तुग्विधि** નો નિરાસ કર્યો છે તે વેળા **नाजानन्तर्ये।** એ પરિભાષાનો આશ્રય લીધા વિના જ કર્યો છે.તે ઉપર જોયું.

[187] અહીં પણ નિ.સા.(પૃ.૩૨૭ ) માં કૌંસમાં કેટલોક ભાગ ત્રુટિત માનીને સંપાદકે પોતે મૂકેલો છે (જુઓ એજન પા.ટી.૧) (વળી જુઓ ઉપર નોંધ ૧૮૩). **वृत्रहभिः - वृत्रहन्** વૃત્રને હણનાર (ઇન્દ્ર), **वृत्रं हतवान्** એમ ભૂતકાળના અર્થમાં **ब्रह्मभ्रूणवृत्रेषु।** પ્રમાણે **क्विप्** લાગીને **वृत्रहन्** શબ્દ બન્યો છે . હવે તૃતીયા બહુવચનનો **भिस्** પર થતાં **वृत्रहन् भिस्** એ સ્થિતિમાં **न लोपः प्रातिपदिकान्तस्य।** પ્રમાણે न- કારનો લોપ થતાં **वृत्रह** એ હ્રસ્વ अ-કારાન્ત થશે તેથી **ह्रस्वस्य पिति ०** પ્રમાણે **तुक्** આગમ થવાનો , એટલે કે **वृत्रहत् भिस्** એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે.આમ **वृत्रह** અને વિભક્તિ **भिस्** વચ્ચેનું આનન્તર્ય, તેમનો સંનિપાત નષ્ટ થશે. પરંતુ સંનિપાત પરિભાષાને કારણે **नलोप** તે સંબંધના વિઘાતનું કારણ ન થઇ શકે તેથી **तुक्** આગમ નિવારી શકાશે.

[188] **तुक्** આગમની નિવૃત્તિ માટે સન્નિપાત પરિભાષા આવશ્યક છે તેમ કહ્યું, પરંતુ સૂત્રકારે **नलोपः सुप्स्वरसंज्ञातुग्विधिषु कृति।** એ ત્રિપાદિમાંના સૂત્ર વ્દારા **नलोप** ને અસિદ્ધ ઠરાવેલ છે. તેથી **वृत्रह भिः** એ સ્થિતિમાં અસિદ્ધ न-કાર લોપ **तुक्** આગમની દૃષ્ટિએ થયો જ નથી તેમ સમજાશે. પરિણામે **वृत्रह** એ હ્રસ્વાન્ત નહીં પણ **वृत्रहन्** એમ નાન્ત છે એમ સમજાતાં **तुक्** નહીં થાય, કારણ કે તે તો હ્રસ્વને જ થાય છે.અહીં કોઇ શંકા કરે કે **तुक्** આગમ **कित्** છે તેથી **आद्यन्तौ टकितौ।** પ્રમાણે **वृत्रह** ના અન્તે થયો હોવાથી તેનો અન્ત્ય અવયવ છે અને તેથી જ્યારે **नलोपः०** વગેરે સૂત્રમાં પ્રાતિપદિકનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે **तुक्** નું પણ ગ્રહણ થાય જ અને તો પછી સન્નિપાતનો વિઘાત કેવી રીતે થાય ? કારણ કે પોતાનો અવયવ પોતાને જ વ્યવધાન કર્તા બને તે ઘટતું નથી. પરિણામે સન્નિપાત પરિભાષા લાગુ નહીં પડે અને **तुक्** આગમ નિવારી નહીં શકાય.આ બાબતમાં (ન્યા.) કહે છે કે આ શંકા ઉચિત નથી, કારણ કે **तुक्** આગમ હ્રસ્વાન્ત **वृत्रह** શબ્દને નથી થતો પરંતુ તેને અન્તે આવેલ अ-કારને થાય છે. આમ **तुक्** એ **वृत्रह** નો અવયવ જ નથી તેથી **नलोपः प्रातिपदिकान्तस्य।** માંના પ્રાતિપદિક શબ્દથી તેનું ગ્રહણ નહીં થાય.પરિણામે **तुक्** આગમ પદ (**वृत्रह**) અને વિભક્તિ (**भिस्**) ના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હ્રસ્વ ઉ-કાર ઉપધા હોય તો તે **निकुचितः**[189] (જેવામાં) **कित्त्व** ના નિષેધનું નિમિત્ત નથી થતો ॥૬॥

**उदुपधत्वमकित्त्वस्यानिमित्तम्। क्व। निकुचिते। निकुचित इत्यत्र नलोपे कृत उदुपधाद्भावादिकर्मणोरन्यतरस्याम्। इत्यकित्त्वं प्राप्नोति। संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येति न दोषो भवति॥ एतदपि नास्ति प्रयोजनम्। अस्त्वत्राकित्त्वम्। न धातुलोप आर्धधातुके। इति प्रतिषेधो भविष्यति॥**

**नाभावो यञि दीर्घत्वस्यामुना॥७॥**

**नाभावो यञि दीर्घत्वस्यानिमित्तम्। क्व। अमुना। नाभावे कृतेऽतो दीर्घो यञि। सुपि च। इति दीर्घत्वं प्राप्नोति। संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येति न दोषो भवति॥ एतदपि नास्ति प्रयोजनम्। वक्ष्यत्येतत्। न मु टादेश इति॥**

હ્રસ્વ ઉ-કાર ઉપધા હોય તો તે (પ્રત્યયના) **कित्त्व** નિષેધનું નિમિત્ત નથી થતો. ક્યાં (નથી થતો)? **निकुचित** (શબ્દ)માં **कुञ्च्** ધાતુના **न्** નો લોપ કર્યા પછી **उदुपधाद्भावादिकर्मणोरन्यतरस्याम्।** પ્રમાણે (ધાતુની પછી આવતો **क्त** એ **कित्** પ્રત્યય) **अकित्** થવાનો પ્રસંગ આવે છે, પરંતુ બેના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનું કારણ થતો નથી, એ (પરિભાષાને) કારણે (**अकित्** થવા રૂપી) દોષ નહીં આવે. એ પણ પ્રયોજન નથી. અહીં **कित्त्व** નો અભાવ ભલે થાય, (પરંતુ) **न धातुलोप आर्धधातुके।** પ્રમાણે (ઉ-કારના ગુણનો) પ્રતિષેધ[190] થશે.

**ना** એ આદેશ **यञ्** (થી શરૂ થતા **सुप्** પ્રત્યય પર થતાં) જે દીર્ઘ થાય છે તેનું **अमुना** (જેવામાં નિમિત્ત થતો નથી) ॥૭॥

(**आङो नाऽस्त्रियाम्।** એ સૂત્ર પ્રમાણે તૃતીયાના **आ** નો) **ना** આદેશ **यञ्** (થી શરૂ થતા **सुप्** પ્રત્યય) પૂર્વે જે દીર્ઘ થાય છે તેનું નિમિત્ત બનતો નથી. કયાં (નથી બનતો)? **अमुना** માં. અહીં (તૃતીયા એકવચનના **आ** નો) **ना** આદેશ કર્યા પછી **अतो दीर्घो यञि।** અને **सुपि**

---

સન્નિપાતનો વિઘાતક જ થશે, તેથી સન્નિપાત પરિભાષા **तुगागम** નું નિવારણ કરવા માટે આવશ્યક છે. ભાષ્યમાં **तुगागम** ને અસિદ્ધ કહ્યો છે તે બે રીતે થઇ શકે : ઉપર કહ્યું તેમ **नलोपःसुप्०** એ સૂત્ર વ્દારા અથવા બહિરંગ પરિભાષા નો આશ્રય લઇને. વાસ્તવમાં (કા.) વગેરેમાં **नलोपः सुप्स्वर०** વગેરે સૂત્રમાં પાણિનિએ કરેલ **तुक्** ગ્રહણને બિનજરૂરી ગણ્યું છે, કારણ કે સંનિપાત પરિભાષા અથવા બહિરંગ પરિભાષા વ્દારા **तुग्विधि** માં **नलोप** ને અસિદ્ધ ઠરાવી શકાય છે. તો પછી સૂત્રકારે એ સૂત્રમાં શા માટે **तुक्** નું ગ્રહણ કર્યુ છે? શું સૂત્રનો તેટલો ભાગ નિરર્થક છે? તે શક્ય નથી કારણ કે મહાભાષ્યકારે પોતે કહ્યું છે '**तत्राशक्यं वर्णेनाप्यनर्थकेन भवितुं किं पुनरियता सूत्रेण।**' (કા.) પ્રમાણે એ સૂત્રમાં **तुक्** નું ગ્રહણ કરીને સૂત્રકારે જ્ઞાપન કર્યુ છે કે ઉપર્યુક્ત બન્ને પરિભાષાઓ અનિત્ય છે (**तत्तु क्रियते परिभाषाद्वयस्यानित्यत्वं ज्ञापयितुम्।**).

189 નિ.સા., ચૌખં., યુ.મી. વગેરેમાં **निकुचितम्** એમ પાઠ છે. **निकुचितः - नि+ कुञ्च्** ધાતુને **नपुंसके भावे क्तः।** પ્રમાણે **क्त** પ્રત્યય લાગતાં **निकुञ्च् क्त →अनिदितां हल उपधायाः क्ङिति।** પ્રમાણે **कुञ्च्** ની **हल्** ઉપધાનો લોપ થતાં→ **निकुच् क्त** થતાં હ્રસ્વ ઉ-કાર ઉપધા થવાથી **सेट् कुच्** ધાતુ **उदुपधाद्भावादिकर्मणोरन्यतरस्याम्।** પ્રમાણે વિકલ્પે **अकित्** થશે, તેથી **क्ङिति।** પ્રમાણે ગુણવૃદ્ધિનો નિષેધ ન થતાં **पुगन्तलघू०** પ્રમાણે ઉપધા ઉ-કારનો ગુણ થઇને **निकोचितः** એમ અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવશે. પરંતુ અહીં પ્રત્યય **कित्** હોવાથી ઉપધા લોપ થયો અને હ્રસ્વ ઉ-કાર ઉપધા બન્યો. આમ પ્રત્યયના **कित्त्व** ને કારણે ઉ-કાર ઉપધા થયો અને તે ઉ-કાર ઉપધા ધાતુને **अकित्** થવાનું નિમિત્ત થાય છે, પરંતુ સંનિપાત પરિભાષાને પ્રતાપે તેમ નહીં થઇ શકે અને અનિષ્ટ રૂપ થતું અટકશે. એ આ પરિભાષાનો ફાયદો છે.

190 સંનિપાત પરિભાષાનો આશ્રય લેવાની જરૂર નથી, કારણ કે ગુણનો નિષેધ અન્ય રીતે થાય છે, **निकुच् क्त** એ સ્થિતિમાં **न धातुलोप आर्धधातुके।** એ સૂત્રથી ઉ-કારનો ગુણ નિવારી શકાશે. તેથી **निकुचितः** એ સાધુ રૂપ પ્રાપ્ત થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

च। પ્રમાણે (उ-કાર) દીર્ઘ થવાનો પ્રસંગ આવે છે,[191] પરંતુ ' બેના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનું કારણ થતો નથી, એ(પરિભાષાને ) કારણે (દીર્ઘ થવા રૂપી) દોષ નહીં આવે. એ પણ (આ પરિભાષાનું ) પ્રયોજન નથી, કારણ કે (વાર્તિકકાર) न मु टादेशे ।[192] એમ કહેવાના છે

**आत्त्वं कित्त्वस्योपादास्त ॥८॥**

**आत्त्वं कित्त्वस्यानिमित्तम्। क्व। उपादास्तास्य स्वरः शिक्षकस्येति। आत्त्वे कृते स्थाघ्वोरिच्च इतीत्त्वं प्राप्नोति। संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येति न दोषो भवति॥ एतदपि नास्ति प्रयोजनम्। उक्तमेतत्। दीङः प्रतिषेधः स्थाघ्वोरित्त्व इति॥**

**तिसृचतसृत्वं ङीब्विधेः ॥९॥**

आत्त्व એ कित्त्व (નું નિમિત્ત બનતું) નથી જેમ કે उपादास्त ॥८॥

આ આદેશ થાય છે તે कित्त्वનું નિમિત્ત બનતો નથી. ક્યાં (નથી બનતું) ? **उपादास्तास्य स्वरः शिक्षकस्य**। માં (दीङ् ધાતુના इ નો આદેશ आ કર્યા.[193] પછી (घु સંજ્ઞા થવાનો અને તેથી) **स्थाघ्वोरिच्च**। પ્રમાણે હ્રસ્વ इ-કાર (અન્તાદેશ) થવાનો (અને सिच् પ્રત્યય कित् થવાનો)

---

[191] વાર્તિકમાં **यञि** એટલે यञ् પ્રત્યાહારમાંના વર્ણથી શરૂ થતો **सुप्** પર થતાં.તેને સ્પષ્ટ કરતાં ભાષ્યકારે **अतो दीर्घो यञि**। અને **सुपि च**। એ બંને સૂત્ર ઉદ્ધર્યા છે, કારણ કે દૃષ્ટાન્તમાં દીર્ઘ **सुपि च**।પ્રમાણે થવાનો પ્રસંગ આવે છે. **अमुना** - अदस् टा (त्यदादीनामः।) अद अ टा પરરૂપ થતાં→ [ अद आ (अदसोऽसेर्दादु दो मः। (૮-૨-૮૦)પ્રમાણે अ નો उ અને द् નો म् થઇને ] → अमु आ થતાં (**शेषो घ्यसखि**। થી घि સંજ્ઞા થતાં **आङो नाऽस्त्रियाम्**।(૭-૩-૧૨૦) પ્રમાણે તૃતીયા એકવચનના પ્રત્યય आङ् નો ना થઇને **अमुना** રૂપ સિદ્ધ થાય છે. અહીં શંકા કરે છે કે आङ् નો ना સપાદસપ્તાધ્યાયીમાંના સૂત્રથી થાય છે, જ્યારે म् અને उ આદેશ (**मुभाव**) ત્રિપાદીમાંના સૂત્રથી થયો છે.તેથી અસિદ્ધ છે, એટલે કે अमु आ એ સ્થિતિમાં आ નો ना કરતી વેળાએ **मुभाव** થયો જ નથી એમ સમજાશે. તેથી घि સંજ્ઞા નહીં થાય અને તેમ ન થાય તો ना આદેશ પણ ન થઇ શકે. પરંતુ ना આદેશ થાય છે **मुभाव** અસિદ્ધ હોવાથી ना પૂર્વેનું અંગ अ-કારાન્ત થવાથી **सुपि च**। પ્રમાણે દીર્ઘ થવાનો પ્રસંગ આવશે તેથી **अदसोऽसे०** પ્રમાણે જે उ-કાર આદેશ થશે તે आ-કારનો અંતરતમ દીર્ઘ ऊ-કાર થઇને **अमूना** એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે.પરંતુ હ્રસ્વ उ-કારના સંનિપાત- આનન્તર્યને કારણે आ નો ना થયો છે, તેથી તે उ-કાર જ **सुपि च**। પ્રમાણે થનાર દીર્ઘનું નિમિત્ત ન થઇ શકે. તેથી **अमुना** એ ઇષ્ટ રૂપ થશે.

[192] વાર્તિકકાર **न मु ने**। (૮-૨-૩) સૂત્રને **न मु टाऽऽदेशे** । (વા) સ્વરૂપે મૂકવાના છે.કૈયટ બે રીતે વિગ્રહ કરે છે : **टायाः आदेशः** અર્થાત્ જ્યારે टा નો (ना) આદેશ કરવાનો હોય ત્યારે, અને **टायाम् आदेशः** અર્થાત્ टा પર થતાં જે (અહીં ગુણ રૂપી) આદેશ કરવાનો હોય ત્યારે **मु न** અર્થાત્ **मुभाव** (અસિદ્ધ) નથી .આમ ना આદેશ થશે છતાં टा પર થતાં **मुभाव** અસિદ્ધ ન હોવાથી ગુણ નહી થાય અને ઇષ્ટ રૂપ સિદ્ધ થશે.કાશિકામાં તંત્રનો આશ્રય લઇને **अमुना** ની સિદ્ધિ કરી છે (**अथवा योगद्वयमिदमुभयार्थं तन्त्रेणोच्चारितम्**। **का०** અને **मुभावो ना- भावे कर्तव्ये नासिद्धो भवति इत्येष सूत्रार्थः।- - तत्र द्वितीयस्य योगस्य ने परतो यत् प्राप्नोति तस्मिन् कर्तव्ये मुभावो नासिद्धः इत्येष सूत्रार्थः। तेन दीर्घत्वं न भविष्यति। न्या०** )

[193] **उपादास्तास्य स्वरो शिक्षकस्य**। (આ શિક્ષકનો અવાજ બેસી ગયો). उपादास्त - उप+ दीङ् (क्षये ) નું लुङ् રૂપ છે. उप अ दी सिच् त →ની પછી अकित् सिच् પ્રત્યય આવ્યો છે તેથી **मीनातिमिनोतिदीङां ल्यपि च**। પ્રમાણે दी ના ई-કારનો आ-કાર થતાં →**उपादा स् त** એ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસંગ આવે છે,[194] પરંતુ 'બેના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનું કારણ થતો નથી, એ (પરિભાષાને કારણે) आનો इ થવા રૂપી અને તેથી सिच् પ્રત્યય कित् થવા રૂપી) દોષ નહીં આવે. એ પણ (આ પરિભાષાનું) પ્રયોજન નથી, કારણ કે (दाधाघ्वदाप्।સૂત્ર પર વાર્તિકકારે) કહ્યું છે 'दीङः प्रतिषेधः स्थाघ्वोरित्त्वे। [અર્થાત્ स्था અને घु સંજ્ઞક ધાતુઓનો इ અન્તાદેશ (તેમ જ कित्त्व )થાય છે ત્યારે दीङ् ને घु સંજ્ઞા નથી થતી ].

तिसृ ,चतसृ આદેશો ङीप् વિધિનાં[195] (નિમિત્ત થતા નથી) ॥૯॥

तिसृचतसृत्वं ङीब्विधेर्निमित्तम्। तिस्रस्तिष्ठन्ति। चतस्रस्तिष्ठन्ति। तिसृचतसृभावे कृत ऋन्नेभ्यो ङीप्। इति॥ ङीप्प्राप्नोति। संनिपात-लक्षणो विधिरनिमित्तं तद्विघातस्येति न दोषो भवति॥ एतदपि नास्ति प्रयोजनम्। आचार्य प्रवृत्तिर्ज्ञापयति न तिसृचतसृभावे ङीब्भवतीति यदयं न तिसृचतसृ। इति नामि दीर्घत्वप्रतिषेधं शास्ति॥ इमानि तर्हि प्रयोजनानि। शतानि सहस्राणि। नुमि कृते ष्णान्ता षट् इति षट्संज्ञा प्राप्नोति।

तिसृ અને चतसृ આદેશો થાય છે તે ङीप् પ્રત્યયનાં નિમિત્ત થતા નથી. ક્યાં(નથી થતા) ? तिस्रस्तिष्ठन्ति। चतस्रस्तिष्ठन्ति।માં (त्रि અને चतुर् ના સ્ત્રીલિંગમાં ) तिसृ અને चतसृ આદેશ થયા પછી ( ऋ-કારાન્ત બન્યા હોવાથી) તેમને ऋन्नेभ्यो ङीप्। પ્રમાણે ङीप् પ્રત્યયથવાનો પ્રસંગ આવે છે, પરંતુ ' બેના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનું કારણ થતો નથી, એ(પરિભાષાને ) કારણે (तिसृ ,चतसृ ને ङीप् થવા રૂપી અને તેથી ङीप् પ્રત્યય થવા રૂપી) દોષ નહીં આવે. એ પણ (આ પરિભાષાનું ) પ્રયોજન નથી,[196]

---

સ્થિતિમાં दा ને दाधाघ्वदाप्। થી घु સંજ્ઞા થવાથી स्थाघ्वोरिच्च। પ્રમાણે दा ના आ નો હ્રસ્વ इ અને सिच् પ્રત્યય कित् થવાનો પ્રસંગ આવશે.તેથી ह्रस्वादङ्गात्। પ્રમાણે सिच् નો લોપ થશે અને ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય.અહીં अकित् सिच् ના સંનિપાતથી दीङ् ના ई-કાર નો आ-કાર થયો છે, પરંતુ જો स्थाघ्वो० પ્રમાણે सिच् कित् થાય તો आ અને सिच् નો સંનિપાત નષ્ટ થાય, પરંતુ સંનિપાત પરિભાષા પ્રમાણે स्थाघ्वो० →સંનિપાતના વિઘાતનું નિમિત્ત ન બની શકે . આમ उपादास्त એ સાધુ રૂપ પ્રાપ્ત થાય તે આ પરિ-ભાષાનું પ્રયોજન છે.

[194] ભાષ્યમાં ' इतीत्वं प्राप्नोति ' એમ પાઠ છે.નાગેશ નોંધે છે ,' भाष्येऽपि स्थाघ्वोरिच्चेति कित्त्वं प्राप्नोति' इति पाठः।' પરંતુ કૈયટ તેમ જ બધી પ્રકાશિત આવૃત્તિઓમાં ' इतीत्वं प्राप्नोति ' એમ જ પાઠ છે. તે પાઠ હોય તો कित्त्व સહિતનું इत्व એમ અર્થ થશે, કારણ કે सिच् પ્રત્યય कित् થાય તો જ इत्व થશે.

[195] तिसृ ,चतसृ એ સ્ત્રીલિંગમાં વિભક્તિ પૂર્વે त्रि અને चतुर् ના त्रिचतुरोः स्त्रियां तिसृचतसृ। એ સૂત્ર પ્રમાણે થતા આદેશો છે.દા.ત. तिस्रः तिष्ठन्ति। चतस्रः तिष्ठन्ति। (ત્રણ સ્ત્રીઓ ઊભી છે,ચાર સ્ત્રીઓ ઊભી છે ) એ પ્રયોગમાં સ્ત્રીલિંગમાં तिसृ અને चतसृ ના ऋ-કારનો अचि र ऋतः। પ્રમાણે રેફ થાય છે.પરિભાષાના સમર્થકનું કહેવું છે કે त्रि , चतुर् ના આદેશ થતાં તે ऋ-કારાન્ત બને છે તેથી ऋन्नेभ्यो ङीप्। પ્રમાણે ङीप् (ई ) થવાનો પ્રસંગ આવશે અને ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય.એ અનિષ્ટાપત્તિ સંનિપાત પરિભાષા દ્વારા દૂર કરી શકાશે. त्रि जस् । चतुर् जस् (વિભક્તિ પર થતાં त्रिचतुरोः० પ્રમાણે)→ तिसृ जस्, चतसृ जस्. એ સ્થિતિમાં અંગને અંતે આવેલો ऋ-કાર ङीप् થવાનું નિમિત્ત બને તો વિભક્તિ અને त्रि, चतुर् નું આનન્તર્ય- તેમનો સંનિપાત નષ્ટ થાય, પરંતુ સંનિપાત પરિભાષા પ્રમાણે ङीप् એ સંનિપાતના વિઘાતનું કારણ ન થઇ શકે. તેથી ઇષ્ટ રૂપો પ્રાપ્ત થશે.

[196] સૂત્રકારે ષષ્ઠી બહુવચનના नाम् પૂર્વે तिसृ , चतसृ ને न तिसृचतसृ। દ્વારા દીર્ઘત્વનો નિષેધ કર્યો છે, તેથી तिसृ नाम् , चतसृ नाम् એ સ્થિતિમાં नामि। પ્રમાણે દીર્ઘ થવા જશે, પરંતુ न तिसृ० પ્રમાણે દીર્ઘનો નિષેધ કરવામાં આવ્યો છે તેથી દીર્ઘ નહીં થાય અને तिसृणाम्, चतसृणाम् એમ રૂપ થશે. હવે ङीप् થતો હોત તો સૂત્રકાર न तिसृ० એમ કહીને પ્રતિષેધ ન કરત, કારણ કે तिसृ ङीप् (ई ) नाम् એ સ્થિતિમાં नाम् પૂર્વે ऋ-કાર નથી રહેતો અને ङीप् (ई ) તો દીર્ઘ જ છે, તેથી न तिसृ० દ્વારા કરેલો નિષેધ વ્યર્થ થઇને જ્ઞાપન કરે છે કે तिसृ , चतसृ ને ङीप् થતો નથી.અહીં શંકા થાય કે જેમને ત્રણ સ્ત્રીઓ પ્રિય છે (તેવા બ્રાહ્મણ) એ અર્થવાળા વિગ્રહ વાક્ય प्रियाः तिस्रः येषां ते प्रियतिस्रः (ब्राह्मणाः) તેની ષષ્ઠી થતાં प्रियतिसृणां ब्राह्मणानाम्। એમ થશે. અહીં જે સમસ્ત પદ प्रियतिसृ છે તેની પછી ષષ્ઠી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણ કે **न तिसचृतसृ**। એ સૂત્રમાં આચાર્ય (ષષ્ઠી બહુવચનના) **नाम्** પૂર્વે દીર્ઘત્વનો પ્રતિષેધ કરે છે અને તે રીતે સૂચવે છે કે (**त्रि** અને **चतुर्** ના) **तिसृ** અને **चतसृ** આદેશ કર્યા પછી તેમને **ङीप्** લાગતો નથી તો પછી (સન્નિપાત પરિભાષાનાં) પ્રયોજન છેઃ **शतानि सहस्राणि** (જેવાં સ્થળોએ) **नुम्** આગમ થયા પછી[197] **ष्णान्ता षट्**। પ્રમાણે (**शतन् सहस्रन्** ને ) **षट्** સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે,

**संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विधातस्येति न दोषो भवति॥ शकटौ पद्धतौ। अत्त्वे कृतेऽतः। इति टाप्प्राप्नोति। संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विधातस्येति न दोषो भवति। इयेष उवोष।**

પરંતુ ' બેના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનું કારણ થતો નથી, એ(પરિભાષાને ) કારણે (**षट्** સંજ્ઞા થવા રૂપી) દોષ નહીં આવે(તે જ રીતે) **शकटौ ,पद्धतौ** (માં **ङि** પૂર્વે)[198](**शकटि** અને **पद्धति** એ શબ્દો)માં **इ** નો **अत्** કર્યા પછી **अ**-કારાન્તને (**अजाद्यतष्टाप्**।

---

આવતાં **प्रियतिसृ नाम्** એ સ્થિતિમાં અંગ પુલ્લિંગ છે તેથી તેને **ङीप्** થવાનો કોઇ પ્રસંગ જ નથી અને **न तिसृ०** પ્રમાણે દીર્ઘનો નિષેધ થશે. તેથી સંનિપાત પરિભાષાનો આશ્રય લેવાની જરૂર નથી અને સાવકાશ હોવાથી **न तिसृ०** એ જ્ઞાપક સૂત્ર છે તેમ પણ માનવાની જરૂર નથી. આ શંકા અનુચિત છે, **ऋन्नेभ्यो ङीप्**। એ અંગાધિકાર નીચેનું સૂત્ર નથી. તેથી **प्रियतिसृ** એ શબ્દ પુલ્લિંગ છે છતાં તે સમસ્ત પદનો અવયવ **त्रि** સ્ત્રી લિંગ છે,પરિણામે **प्रियतिसृ** ને **ङीप्** થતાં કોઇ રીતે અટકાવી શકાય તેમ નથી તેથી સિદ્ધ થાય છે કે **न तिसृचतसृ**। એ સૂત્ર **त्रि** , **चतुर्** ને **ङीप्** નથી થતો તેનું જ્ઞાપક જ છે.

[197] **शत** અને **सहस्र** એ સંખ્યાવાચક નપુંસક લિંગ શબ્દોને પ્રથમા બહુવચનમાં **शत जस्** । **सहस्र जस्** એ સ્થિતિમાં **जश्शसोःशि**। પ્રમાણે **जस्** નો **शि** (**इ** ) થતાં **शत शि**। **सहस्र शि** એમ થતાં **शि सर्वनामस्थानम्**। પ્રમાણે સર્વનામસ્થાન સંજ્ઞા થશે તેથી **अजन्त शत** , **सहस्र** ને **नपुंसकस्य झलचः**। પ્રમાણે **नुम्** (**न्** ) આગમ થશે.એ **मित्** આગમ (**मिदचोऽन्त्यात्परः**। પ્રમાણે) અન્ત્ય **अच्** ની પછી થતાં **शतन् शि**। **सहस्रन् शि** એમ થતાં **शतन्** અને **सहस्रन्** એ **नान्त** હોવાથી તેમને **ष्णान्ता षट्**। સૂત્રથી **षट्** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે અને જો તેમ થાય તો **षड्भ्यो लुक्**। પ્રમાણે **जस्** (**शि** ) નો લોપ થવાનો પ્રસંગ આવશે તેથી **शतानि** , **सहस्राणि** એ ઇષ્ટ રૂપો સિદ્ધ નહીં થાય. પરંતુ અહીં **अजन्त** નપુંસકલિંગ અંગ અને સર્વનામસ્થાન વિભક્તિના આનન્તર્યને કારણે **नुम्** આગમ થયો છે,તેથી તે આગમ એ સંનિપાતના નાશનું નિમિત્ત ન થઇ શકે, પરિણામે **नुम्** ને કારણે **षट्** સંજ્ઞા નહીં થાય તેથી વિભક્તિનો **लुक्** ન થતાં ઇષ્ટ રૂપો થઇ શકશે.અહીં દલીલ કરવામાં આવે છે કે **ष्णान्ताः षट्**। એ **षट्** સંજ્ઞા સૂત્રમાં જે **अन्त** શબ્દ મૂક્યો છે તે ઔપદેશિક એટલે કે ઉપદેશ કાળે જે અન્તે હોય તે **न**-કારનું ગ્રહણ કર્યુ છે, જ્યારે **शतन्** વગેરે તો **नुम्** આગમને કારણે **नान्त** થયા છે એટલે તેમનું **न**- કારાન્ત હોવું તે ઔપદેશિક નથી. પરિણામે તેમને **षट्** સંજ્ઞા થઇ જ ન શકે, તેથી વિભક્તિનો **लुक्** પણ નહીં થાય અને ઇષ્ટ રૂપો સિદ્ધ થશે.આમ સંનિપાત પરિભાષાનો આશ્રય લીધા વિના ઇષ્ટ કાર્ય થઇ શકે છે તેથી **शतानि** વગેરેની સિદ્ધિ સંનિપાત પરિભાષાનું પ્રયોજન નથી. કૈયટ કહે છે કે **ष्णान्ता षट्**। માં **अन्त** શબ્દનું ગ્રહણ બહુવ્રીહિમાં સંખ્યાના સંપ્રત્યય માટે છે તેથી સંનિપાત પરિભાષાનો આશ્રય લેવો પડશે, એટલે કે કૈયટ પ્રમાણે એ પરિભાષાનું આ સાચું પ્રયોજન છે.

[198] **शकटौ** , **पद्धतौ** - **शकटि** અને **पद्धति** એ બે સ્ત્રીલિંગી **घि** સંજ્ઞક શબ્દોને સપ્તમી એકવચનનો **ङि** લાગતાં **शकटि ङि** ,**पद्धति ङि** એ સ્થિતિમાં **अच्च घेः**। પ્રમાણે ઘિ સંજ્ઞક અંગની પછી **ङि** નો **औत्** (**औ**) થશેઅને ઘિ નો **अत्** (**अ**) થશે, એટલે કે **अलोऽन्त्यस्य**। પ્રમાણે **शकटि** અને **पद्धति** ના અન્ત્ય વર્ણ **इ**-કારનો **अ**-કાર થતાં **शकट औ**। **पद्धत औ** એમ થતાં **शकट** , **पद्धत** એ **अ**-કારાન્ત સ્ત્રીલંગ પ્રાતિપદિકોને **अजाद्यतष्टाप्**। પ્રમાણે **टाप्** (**आ**) થવાનો પ્રસંગ આવશે, તેથી **शकट आ औ**। **पद्धत आ औ** એ સ્થિતિમાં **अकःसवर्णे दीर्घः**। પ્રમાણે દીર્ઘ થતાં **शकटा औ**। **पद्धता औ** એમ થતાં બે કાર્યો થવાની શક્યતા છે. એક **ङित्** પ્રત્યય પૂર્વે **याडापः**। (૭-૩-૧૧૩) પ્રમાણે **याट्** અને **ङेराम्नद्याम्नीभ्यः**। (૭-૩-૧૧૬) પ્રમાણે **आम्** થવા રૂપી કાર્ય અને બીજું **वृद्धिरेचि**। (૬-૧-૮૮) પ્રમાણે વૃદ્ધિ રૂપી કાર્ય. પરંતુ **याट्** અને **आम्** નું વિધાન કરનારાં સૂત્રો પર છે જ્યારે વૃદ્ધિનું વિધાન કરનાર સૂત્ર પૂર્વ છે. તેથી **विप्रतिषेधे परम्०** પ્રમાણે **याट्** અને **आम्** થતાં **शकटायाम् पद्धतायाम्** જેવાં અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવશે તેમ ન થાય તે માટે સંનિપાત પરિ-ભાષાનો આધાર લેવો પડશે.તે પરિભાષા આ રીતે અમલી થશેઃ **शकटि ङि** । **पद्धति ङि** અહીં ઘિ-સંજ્ઞક અંગ અને વિભક્તિનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રમાણે થતાં સ્ત્રી પ્રત્યય) **टाप्** લાગવાનો પ્રસંગ આવે છે ,પરંતુ ' બેના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનું કારણ થતો નથી, એ(પરિભાષાને ) કારણે (**टाप्** થવા રૂપી) દોષ નહીં આવે.(તે જ રી તે ) **इयेष** , **उवोष** માં[197]( લઘુ ઉપધાનો)

---

સંનિપાત થયો છે તેથી **शकटि औ। पद्धति औ** એમ થતાં **टाप्** થાય તો **शकट टाप् औ** વગેરે થતાં **टाप्**ના વ્યવધાનને કારણે **घि** અને વિભક્તિનો સંનિપાત તૂટશે. પરંતુ **अच्च घेः।** પ્રમાણે થતાં **अत्** જો **टाप्** નું નિમિત્ત થાય તો સંનિપાતના નાશનું કારણ ન થઇ શકે. પરિણામે **टाप्** નહીં થાય અને ઇષ્ટ પ્રયોગ થશે.અહીં કદાચ દલીલ થઇ શકે કે **शकट** આ **औ** એ સ્થિતિમાં **आद्यन्तवदेकस्मिन्।** પ્રમાણે અન્તવદ્ભાવ થવાથી **टाप्** વ્યવધાન રૂપ નહીં બને. તેથી (કૈ.) કહે છે કે જ્યારે શાસ્ત્રીય કાર્ય કરવાનું હોય ત્યારે અન્તાદિવદ્-ભાવ થાય પણ આનન્તર્ય એ તો લૌકિક વસ્તુ છે તેમાં અન્તવદ્ભાવ નહીં થાય.કૈયટ કહે છે કે **अच्च घेः।** માં અ-કારને **तपर** કર્યો છે તેથી પણ **टाप्**ની નિવૃત્તિ થઇ શકશે, કારણ કે જો **टाप्** આવે તો જે હ્રસ્વ **अ**-કારનું વિધાન કર્યું છે તે **ङि** પૂર્વે ન રહે અને **तपर** કર્યો છે તે વ્યર્થ જાય તેથી **तपरकरण** જ્ઞાપન કરે છે કે કે **टाप्** નહીં થાય.(ના.) તે સાથે સંમત નથી તેમના મતે **शकट आ औ** એ સ્થિતિમાં વૃદ્ધિ સિદ્ધ ન થાય તો ઇષ્ટ રૂપ પ્રાપ્ત નહીં થાય. તેથી સંનિપાત પરિભાષાનો આશ્રય લેવો અનિવાર્ય છે તેમ ભાષ્યનો અભિપ્રાય જણાય છે.

[197] **इयेष । उवोष** એ **इष्** અને **उष्** ધાતુઓને **परोक्षे लिट्।** થી **लिट्, तिप्** (**परस्मैपदानां णलतु०** થી) **णल्- लिटि धातोरनभ्यासस्य।** (**एकाचो द्वे०।** અને **अजादेर्द्वितीयस्य।** થી દ્વિત્વ **हलादिः शेषः। लघूपधगुण। अचिश्व०** પ્રમાણે **इयङ्** આદેશ થઇને **इयेष** રૂપ થયું છે.અહીં **इष्** અને **उष्** ધાતુઓ હ્રસ્વ સ્વરયુક્ત છે, પરંતુ તેઓ (**इच्** પ્રત્યાહારમાંના **इ** અને **उ** વર્ણથી શરૂ થતા હોવાથી) **इजादि** છે તથા તેમના ઉપધાભૂત હ્રસ્વ **उ** અને **उ** નો **पुगन्तलघूपध०।** પ્રમાણે ગુણ થતાં તેઓ ગુરુ સ્વર યુક્ત (**गुरुमान्**) થશે તેથી **इजादेर्गुरुमतोऽनृच्छः।** પ્રમાણે **लिट्** માં તેમને **आम्** થવાનો પ્રસંગ આવશે.

પરંતુ લઘુ ઉપધાનો ગુણ **णल्** એ **पित्** પ્રત્ય ય પાછળ આવતાં થયો છે, એટલે કે તેના આનન્તર્યને કારણે ગુણ થયો છે. હવે જો **इजादेर्गुरुमतो०** વગેરેથી **आम्** થાય તો તેને કારણે પ્રકૃતિ અને પ્રત્યયના એ સંનિપાતનો નાશ થશે કારણ કે **आमश्च।** માં કહેલા **लुक्** પ્રમાણે **लिट्** (**णल्**) પ્રત્યયનો લોપ થશે તેથી ગુણ પોતે જ આ સંનિપાતના વિઘાતનું નિમિત્ત થશે, પરંતુ સંનિપાત પરિભાષાનો આશ્રય લેવાથી આ દોષ નિવારી શકાશે.નાગેશ કહે છે કે **लुक्** નો ઉલ્લેખ ન કર્યો હોય તો પણ માત્ર **आम्** થવાથી સંનિપાત નષ્ટ થાય છે. વળી **उवोष** માં બીજો દોષ આવશે. **उषविदजागृभ्योऽन्यतरस्याम्।** પ્રમાણે **उष्** ધાતુને **लिट्** માં વિકલ્પે **आम्** થાય છે, પરંતુ જો (લઘૂપધ) ગુણને કારણે એ **इजादि** ધાતુને ગરુ સ્વર યુક્ત ગણવામાં આવે તો **इजादेः०** પ્રમાણે **आम्** થાય. પરિણામે તેને વૈકલ્પિક **आम्** થવાને બદલે નિત્ય **आम्** થવાનો પ્રસંગ આવશે. આથી **ओषाञ्चकुः** અને **ऊषतुः** એ બે વૈકલ્પિક રૂપ પ્રાપ્ત નહીં થાય. માત્ર **ओषाञ्चकुः** એમ જ થશે અને વિકલ્પ નિરર્થક બનશે. કૈ. કહે છે કે **इजादेः०** (૩-૧-૩૬) એ પૂર્વ સૂત્ર છે જ્યારે **उषविद०।** (૩-૧-૩૮) એ પર સૂત્ર છે.વળી **उषविद०** એક એક ધાતુનું ગ્રહણ કરીને (**प्रतिपद**) વિધાન કર્યું છે, **इजादेः०** માં તેમ કર્યું નથી અને પ્રતિપદવિધિ બળવાન છે તેથી અને અહીં પર છે તેથી **लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्।** એ ન્યાયે તથા **विप्रतिषेधे परं कार्यम्।** એ સૂત્ર પ્રમાણે વિકલ્પ જ થશે.વળી કહે છે કે **इजादेः०** માં **गुरुमतः** એમ કહ્યું છે તે ખાસ હેતુથી કહ્યું છે, કારણ કે **इजादेः गुरोः** એટલું જ કહ્યું હોત તો પણ **अनृच्छः** એમ કહીને **ऋच्छ्** નો પ્રતિષેધ કર્યો છે તેથી **इजादेः गुरुमतः** નો અર્થ નીકળી શકશે, છતાં સૂત્રકારે **मतुप्** નું ગ્રહણ કર્યું છે તેથી અહીં **भूमनिन्दाप्रशंसासु नित्ययोगेऽतिशायने०** ઇત્યાદિમાંથી નિત્યયોગના અર્થમાં **मतुप्** સમજાશેઅને તેથી **इयेष** વગેરેમાં **आम्** થવાનો પ્રસંગ નહીં આવે, કારણ કે તેમાં જે ગુરુ થયો છે તે ગુણને કારણે થયો છે નિત્ય ગુરુ નથી એટલે કે ગુણ થયા પૂર્વે તે **गुरुमान्** ન હતા. આ રીતે **आम्** નિવારી શકાય તેથી સંનિપાત પરિભાષાનું આ પ્રયોજન નથી આ દલીલનો અસ્વીકાર કરતાં નાગેશ કહે છે કે નિત્યયોગના અર્થમાં **मतुप्** ગ્રહણ લઇએ તો **अनृच्छः** એમ કહીને જે નિષેધ કર્યો છે તે નિરર્થક થશે, કારણ કે **ऋच्छ्** ધાતુમાં પણ **छे च।** પ્રમાણે **तुक्** લાગીને **स्तोश्चुना श्चुः।** પ્રમાણે **चुत्व** થઇને **ऋच्छ्** બને છે, તેથી તેમાં **संयोगे गुरु।** પ્રમાણે ગુરુ થયો છે તે **तुक्** આગમ પછી જ થયો છે. આમ **ऋच्छ्** પણ નિત્ય ગુરુ યુક્ત નથી. તેથી તેને **आम्** થવાનો પ્રશ્ન જ નથી.આ રીતે નાગેશ પ્રમાણે **इयेष** વગેરેમાં **आम्** નિવારવા માટે સંનિપાત પરિભાષાનો આશ્રય અવશ્ય લેવો પડશે.તેથી તે પણ આ પરિભાષાનું સાચું પ્રયોજન છે એમ સિદ્ધ થયું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**गुणे कृते इजादेश्च गुरुमतोऽनृच्छः इत्याम्प्राप्नोति। संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्येति न दोषो भवति॥**

**तस्य दोषो वर्णाश्रयः प्रत्ययो वर्णविचालस्य ॥१० ॥**

**तस्यैतस्य लक्षणस्य दोषो वर्णाश्रयः प्रत्ययो वर्णविचालस्यानिमित्तं स्यात्। क्व। अत इञ्। दाक्षिः**

ગુણ થયા પછી **इजादेश्च गुरुमतोऽनृच्छः** ।પ્રમાણે **आम्** પ્રત્યય લાગવાનો પ્રસંગ આવે છે , પરંતુ ' બેના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનું કારણ થતો નથી' એ (પરિભાષાને ) કારણે (**आम्** થવા રૂપી) દોષ નહીં આવે. તે (પરિભાષા)નો દોષ એ કે વર્ણ પર આધારિત પ્રત્યય તે વર્ણના નાશનહીં કરે **॥૧૦॥**

આ જે નિયમ[200] (સન્નિપાત પરિભાષા) છે તેનો વાંધો એ છે કે વર્ણને આધારે લાગતો પ્રત્યય તે વર્ણના નાશનું કારણ નહીં થાય. ક્યાં (નહીં થાય) ? **अत इञ्।** પ્રમાણે (**दक्ष** અને **प्लक्ष** એ અ-કારન્ત શબ્દોનાં) **दाक्षिः,**

**प्लाक्षिः। न प्रत्ययः संनिपातलक्षणः। अङ्गसंज्ञा तदनिमित्तं स्यात्॥**

**आत्त्वं पुग्विधेः क्नापयति ॥११ ॥**

**आत्त्वं पुग्विधेरनिमित्तं स्यात्। क्व। क्नापयतीति॥**

ત્યાં (આ પરિભાષાને કારણે **इञ्**

---

[200] ભાષ્યમાં **लक्षणस्य** એટલે સંનિપાત પરિભાષા રૂપ નિયમનો. દોષ એટલે અતિવ્યાપ્તિ દોષ, **यस्येति च** । જેવા વિધિને લગતાં કાર્યમાં ન લાગુ પડવી જોઇએ ત્યાં પણ તે લાગુ પડવાનો પ્રસંગ આવશે. **वर्णविचाल** = વર્ણનો નાશ, વર્ણના સ્વરૂપમાં ફેરફાર.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्लाक्षिः[201] (થાય છે પ્રત્યય) यस्येति च । પ્રમાણે अ વર્ણના લોપનું કારણ નહીં બને ) [202] (અહીં જે इञ् ) પ્રત્યય (લાગ્યો છે તે दक्ष , प्लक्ष વગેરેના અ-કારના કોઈ સાથેના) સંબંધ પર આધારિત નથી. [203] તો પછી અંગ સંજ્ઞા (વર્ણનાશનું ) કારણ નહીં થાય (તે વાંધો આવશે). [204]

आ (આદેશ) पुक् આગમનું (નિમિત્ત નહીં બને) જેમ કે क्रापयति ॥११॥

(ધાતુના ઈનો आ આદેશ થાય છે તે(अर्तिह्री० પ્રમાણે થતા) पुक् આગમનું નિમિત્ત નહીં થાય. ક્યાં(નહીં થાય) क्रापयति માં. [205]

---

[201] दाक्षिः, प्लाक्षिः માં दक्ष અને प्लक्ष એ નામોને અપત્યવાચક પ્રત્યય લગાડવાનો હોય તો તે અ-કારાન્ત છે તેથી अत इञ् । પ્રમાણે इञ् થશે.પછી दक्ष इञ् (इ) , प्लक्ष इञ् (इ) એ સ્થિતિમાં ञित् પૂર્વે तद्धितेष्वचामादेः । થી વૃદ્ધિ થતાં दाक्ष इ , प्लाक्ष इ એ સ્થિતિમાં તદ્ધિત પર થતાં અન્ત્ય अ-કારનો यस्येति च । પ્રમાણે લોપ થઇને दाक्षिः, प्लाक्षिः એ ઇષ્ટ રૂપો થશે.

[202] અહીં શંકા એ પ્રકારની છે કે दाक्षिः વગેરેમાં अ-કાર એ અન્ત્ય વર્ણને કારણે इञ् તદ્ધિત પ્રત્યય થયો છે તે यस्येति च । પ્રમાણે થતા લોપનું કારણ કેવી રીતે થઇ શકે ?

[203] વાસ્તવમાં અહીં જે इञ् થાય છે તે કોઇ બે વસ્તુના સંબંધ ઉપર આધાર રાખતો નથી માત્ર अ વર્ણને કારણે થયો છે. આમ જ્યાં સંનિપાત જ થતો નથી ત્યાં તેનો નાશ થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આથી ઉપર દોષ દર્શાવ્યો તે ઉચિત નથી. આ શંકાના નિરાસ માટે કૈયટે કરેલી દલીલ કલ્પિત પ્રકૃતિ-પ્રત્યય સંબંધ ઉપર આધારિત છે તેથી (ના.) તે દલીલ સામાન્ય માણસોના સંતોષ માટે છે એમ કહીને તેનો અસ્વીકાર કરે છે.

[204] અહીં બીજી દલીલ કરવામાં આવી છે.પ્રત્યય ભલે अ-કાર લોપનું નિમિત્ત ન હોય પરંતુ અંગ સંજ્ઞા તો લોપ ન થવાનું કારણ થશે એ દોષ તો આવશે જ, કારણ કે इञ् પર થતાં दक्ष इञ् એ સ્થિતિમાં दक्ष એ अ-કારાન્તની અંગ સંજ્ઞા થશે અને તેમ થાય તો अ-કારનો લોપ થાય પરંતુ અંગસંજ્ઞા दक्ष ને અન્તે આવેલ अ-કારના લોપનું નિમિત્ત ન થઇ શકે, કારણ કે તેથી (अ- કારાન્ત પ્રકૃતિ दक्ष અને પ્રત્યય इञ् ના) સંનિપાતનો નાશ થશે, પરિણામે दाक्षिः,प्लाक्षिः રૂપો પ્રાપ્ત નહીં થાય.પ્રત્યય વર્ણના નાશનું કારણ અંગસંજ્ઞા વ્દારા થશે એમ કૈયટ વાર્તિકનો અર્થ કરે છે. હવે જો અંગસંજ્ઞા વર્ણના નાશનું નિમિત્ત નથી, એમ કહેવામાં આવે તો વાર્તિકમાં प्रत्ययः એમ શા માટે કહ્યું છે એવી શંકાને નિવારવા માટે કૈયટ, 'અંગ સંજ્ઞાવ્દારા (પ્રત્યય) વર્ણના વિચાલનું નિમિત્ત નહીં થાય.' એ રીતે વાર્તિક નો અર્થ કરે છે. આ વાર્તિક વિશેનો ભાષ્યનો મત નાગેશ પ્રમાણે આમ છેઃ જેમ નિમિત્ત (કારણ) અને નિમિત્તી (કાર્ય) નો સંબંધ સંનિપાત છે તેમ વિશેષણ અને વિશેષ્યનો સંબંધ પણ સંનિપાત છે, તેથી પ્રાતિપદિક अ-કારાન્ત હોવાને કારણે જ પ્રત્યય થાય છે તે સંનિપાતના વિઘાતનું કારણ પ્રત્યય ન થઇ શકે. એ હેતુ ન જાણવાને કારણે આગળ न प्रत्ययः संन्निपातलक्षणः । (એટલે કે પ્રત્યય તો સંનિપાતને કારણે ઉત્પન્ન થયો નથી) એમ દલીલ કરી છે.આ શંકાના ઉત્તરમાં એકદેશી એ ભાષ્યમાં अङ्गसंज्ञा લોપનું નિમિત્ત નહીં થઇ શકે એમ કહ્યું છે, કારણ કે પોતે જેના ઉપર આશ્રિત હોય (उपजीव्य) તેનો વિરોધ કરવો યોગ્ય નથી એ ન્યાય અહીં લાગુ પડે છે. અહીં અતિવ્યાપ્તિ દોષ આવતો હોય તો તમે જેમ પરિભાષા અનિત્ય છે એમ કહીને તે દોષનું નિવારણ કરી શકો તેમ હું પણ એમ કહીને તે દોષ સારી રીતે નિવારી શકીશ. એથી જ ग्रामणि कुलम् વગેરેમાં પ્રાતિપદિક નપુંસક લિંગ થવાને કારણે જે હ્રસ્વ થયો છે તેને આધારે तुक् નહીં થાય, કારણ કે તેમ થતાં એ तुक् ના ઉપજીવ્ય (આધાર ભૂત) ग्रामणी નું પ્રાતિપદિકત્વ અને તેનું સ્વરાન્ત હોવું (अजन्तत्व) એ રૂપી જે સંબંધ છે તેનો વિઘાત થશે.વળી બહિરંગ પરિભાષા નો આશ્રય લઇને तुक् દૃષ્ટિએ હ્રસ્વત્વને અસિદ્ધ પણ નહી ગણી શકાય, કારણ કે તે અસિદ્ધ નથી.(જુઓ ઉપર નોંધ ૧૮૬). 'તો પછી અંગસંજ્ઞા વર્ણ વિચાલનું નિમિત્ત નહીં થાય' એ એકદેશીનું કથન છે એ સૂચવતાં (ના.) કહે છે કે એમ હોય તો शैवः गाङ्गेयः વગેરેમાં પણ અંગસંજ્ઞા લોપનું નિમિત્ત ન થતાં વાર્તિકમાં वर्णाश्रयः એમ જે કહ્યું છે તે વ્યર્થ થશે.

[205] क्रापयति- क्री (ખરીદવું ) નું પ્રેરક કરતાં क्री णिच् એ સ્થિતિમાં अचो ञ्णिति । પ્રમાણે વૃદ્ધિ થતાં क्रै णिच् અને णिच् પર થતાં क्रीङ्जीनां णौ । પ્રમાણેक्री ના एच् (એટલે કે વૃદ્ધિ થયા પછી થએલા ऐ-કાર)નો आत् (आ) થતાં क्रा णिच् એ સ્થિતિમાં क्रा आ-કારાન્ત થયો હોવાથી अर्तिह्रीव्लीरीक्नूयीक्ष्माय्यातां पुग्णौ । પ્રમાણે णिच् પૂર્વે पुक् આગમ થશે પછી ગુણ અને अय् થઇને क्रापयति રૂપ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पुग्घ्रस्वत्वस्यादीदपत् ॥१२॥

पुग्घ्रस्वत्वस्यानिमित्तं स्यात्। क्व। अदीदपदिति॥

त्यदाद्यकारष्टाब्विधेः ॥१३॥

त्यदाद्यकारष्टाब्विधेरनिमित्तं स्यात्। क्व। या सा॥

पुक् (આગમ) હ્રસ્વનું (નિમિત્ત નહીં થાય) જેમ કે अदीदपत् ॥१२॥

(अर्तिह्रीव्ली० પ્રમાણે લાગતો) पुक् આગમ (આ પરિભાષાને કારણે) હ્રસ્વનું નિમિત્ત નહીં થઇ શકે. ક્યાં ? अदीदपत् માં.[206]

त्यद् વગેરેના (અન્ત્યનો) अ થાય છે તે टाप् લાગવાનું (નિમિત્ત નહીં થાય). જેમ કે या सा ॥१३॥

त्यद् વગેરેના (અન્ત્યનો त्यदादीनामः। થી) अ થાય છે તે (अजाद्यतष्टाप्। પ્રમાણે થતા) टाप्નું (આ પરિભાષાને કારણે) નિમિત્ત નહીં થઇ શકે. ક્યાં (નહીં થઇ શકે)? या। सा માં[207]

---

શંકાકાર કહે છે કે અહીં પ્રકૃતિભૂત क्री અને પ્રત્યય णिच् એ બેના પૂર્વ-પર રૂપ સંબંધ-સંનિપાતને કારણે आ-કાર આદેશ નિમિત્ત ન થઇ શકે.પરિણામે ઇષ્ટ રૂપ સિદ્ધ ન થઇ શકે એ આ પરિભાષાનો દોષ થશે.અહીં શંકા થાય કે पुक् આગમ कित् હોવાથી आद्यन्तौ टकितौ। પ્રમાણે અંગને અંતે થશે અને તેનો અવયવ હોવાથી તે-પોતાનો અવયવ-પોતાને જ વ્યવધાન રૂપ ન થઇ શકે એ ન્યાયે વ્યવધાનભૂત ન થાય. પરિણામે સંનિપાતનો નાશ કરનાર નહીં બને અને ઇષ્ટ રૂપ સિદ્ધ થશે.(કૈ.) કહે છે કે એ પ્રકારની શંકાને અવકાશ નથી, કારણ કે પરિભાષાનો દોષ બતાવનાર માને છે કે અહીં पुक् આગમ અંગનો જે आ-કાર છે તેનો અવયવ છે એનું કારણ એ કે अर्तिह्री० સૂત્રમાં શ્રવણ તો आ (आताम्) નું જ થાય છે. તેથી पुक् વ્યવધાન રૂપ થશે અને દોષ આવશે.નાગેશ માને છે કે पुक् અંગનો અવયવ હોય તો પણ દોષ આવશે અને સિદ્ધાન્તી એટલું જ સૂચવવા માગે છે કે આ સંનિપાત પરિભાષા અનિત્ય છે.

206 अदीदपत् - दा ધાતુનું પ્રેરકનું लुङ् કરતાં लुङ्लङ्लृङ्क्ष्वडुदात्तः।થી अट् થતાં अ दा णि त् એ સ્થિતિમાં णिश्रिद्रुस्रुभ्यः कर्तरि चङ्।પ્રમાણે ण्यन्त ને चङ् થતાં अ दा णि चङ् त् એ સ્થિતિમાં अर्तिह्री० પ્રમાણે पुक् થતાં अ दाप् णि चङ् त् → પ્રેરકમાં चङ् પર થતાં णौ चङ्युपधायाः ह्रस्वः। પ્રમાણે અંગની ઉપધા હ્રસ્વ થતાં अ दप् णि चङ् त् એ સ્થિતિમાં चङि। પ્રમાણે ધાતુના અભ્યાસ સંજ્ઞક ન હોય તેવા एकाच् નો દ્વિર્ભાવ અને हलादि शेषः। પ્રમાણે हलादि ભાગ શેષ રહેતાં अ ददप् णि चङ् त् → अ ददप् इ अ त् એ સ્થિતિમાં सन्वल्लघुनि चङ्परेऽनग्लोपे। પ્રમાણે सन्वद्भाव થતાં सन्यतः। પ્રમાણે અભ્યાસના अ-કારનો इ-કાર થતાં अ दिदप् इ अ त् એ સ્થિતિમાં दीर्घो लघोः। પ્રમાણે અભ્યાસના લઘુનો દીર્ઘ થતાં णेरनिटि। પ્રમાણે णि (इ) નો લોપ થઇને अदीदपत् રૂપ સિદ્ધ થાય છે. અહીં अ दाप् णिचङ् त् એ સ્થિતિમાં दाप् ની ઉપધાનો હ્રસ્વ થશે, પરંતુ पुक् આગમ आ-કારાન્ત ધાતુ અને णिच् એ બેના સંબંધને કારણે થયો છે અને पुक् આગમને કારણે दा નો आ-કાર ઉપધા થયો છે. તે જો હ્રસ્વ થાય તો જે સંનિપાતને કારણે पुक् થયો છે તે નષ્ટ થશે, કારણ કે હ્રસ્વ થતાં आ રહેશે નહીં.પરંતુ સંનિપાત પરિભાષા પ્રમાણે पुक् એ સંનિપાતના વિઘાતનું કારણ ન થઇ શકે. પરિણામે अदीदपत् એ ઇષ્ટ રૂપ સિદ્ધ ન થઇ શકે, પરંતુ આ પરિભાષા અનિત્ય છે તેથી રૂપ સિદ્ધ થશે.અહીં अ दाप् णि चङ् त् એ સ્થિતિમાં पुक् આગમ णिच् ને કારણે થાય છે તે જોયું, જ્યારે ઉપધા હ્રસ્વ णि ની પર રહેલ चङ् ને કારણે થાય છે. આમ આગમની અપેક્ષાએ હ્રસ્વ બહિરંગ છે તેથી હ્રસ્વ અસિદ્ધ ઠરશે અને તેની દૃષ્ટિએ आ-કાર હ્રસ્વ થયો જ નથી તેમ સમજાશે પરિણામે સંનિપાતનો વિઘાત નહીં થાય અને ઇષ્ટ રૂપ થઇ શકશે એવી દલીલ કલ્પીને (ના.) નોંધે છે કે સંનિપાત પરિભાષા અસિદ્ધની પણ નિવૃત્તિ કરે છે. અંતે આ પરિભાષા અનિત્ય છે એમ સમજાય છે અને ઇષ્ટ રૂપ થશે..

207 यद् सु / तद् सु →त्यदादीनामः। અંત્ય अल् (द्)નો अ થઇને अतो गुणे। થી પરરૂપ એકાદેશ થતાં य सु / त सु →(तदोः सः सावनन्त्ययोः। પ્રમાણે तद् ના त् નો स् થતાં) स सु એ સ્થિતિમાં સ્ત્રીલિંગ કરતાં, य અને स अदन्त છે તેથી अजाद्यतष्टाप्। પ્રમાણે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इड्विधिराकारलोपस्य ॥१४॥

इड्विधिराकारलोपस्यानिमित्तं स्यात्। क्व। पपिवान् तस्थिवानिति।

मतुब्विभक्त्युदात्तत्वं पूर्वनिघातस्य ॥१५॥

मतुब्विभक्त्युदात्तत्वं पूर्वनिघातस्यानिमित्तं स्यात्। क्व। अग्निमान् वायुमान्। परमवाचा परमवाचे।

(वस्वेकाचाद्घसाम्। પ્રમાણે જે) इट् આગમ લાગે છે તે આ-કાર લોપનું (નિમિત્ત નહીં થાય),જેમ કે पपिवान् ॥१४॥
પરોક્ષભૂત કૃદન્તના वस् પ્રત્યય પૂર્વે આ-કારાન્ત ધાતુને જે) इट् આગમ લાગે છે તે (ધાતુના) આ-કારના લોપનું નિમિત્ત (આ પરિભાષા -ને કારણે) નહીં થઇ શકે. ક્યાં (નહીં થઇ શકે) ? पपिवान्, तस्थिवान् માં. [208]

मतुप् પ્રત્યય અને વિભક્તિનો ઉદાત્ત સ્વર હોવા છતાં તે પૂર્વેના નિઘાતનું (નિમિત્ત નહીં થઇ શકે) ॥१५॥
પ્રત્યય અને વિભક્તિ પ્રત્યયો (ને વિશે કહેલ) ઉદાત્ત સ્વર પૂર્વે રહેલ (अच्) ના નિઘાતનું નિમિત્ત નહીં થઇ શકે.ક્યાં (નહીં થઇ શકે) ? अग्निमान्, वायुमान् (માં मतुप्- અંતમાં અને) परमवाचा, परमवाचे (એ તૃતીયા અને ચતુર્થી વિભક્તિનાં ઉદાહરણ)માં.[209]

---

टाप् → या स् / सा स् થઇને हल्ङ्याब्भ्यो दीर्घात्० પ્રમાણે स् લોપ થતાં या / सा રૂપો બને છે.અહીં य सु / स सु એ સ્થિતિમાં જો સ્ત્રીલિંગનો आ (टाप्) લાગે તો य आ सु / स आ सु એમ થતાં જે (यद् सु અને तद् सु ના) સંનિપાતને કારણે त्यदादी० પ્રમાણે अ થયો છે તેનો વિઘાત થશે, કારણ કે ઉપર જોયું તેમ हल्ङ्याब्० પ્રમાણે स् નો લોપ થશે. પરંતુ સંનિપાત પરિભાષા પ્રમાણે टाप् એ સંનિપાતના વિઘાતનું નિમિત્ત ન થઇ શકે તેથી या, सा જેવાં ઇષ્ટ રૂપો સિદ્ધ ન થાય, પરંતુ આ પરિભાષા અનિત્ય છે તેથી ઇષ્ટ સિદ્ધિ થશે.

[208] पपिवान् , तस्थिवान् અનુક્રમે पा અને स्था ધાતુનાં પરોક્ષભૂત કૃદન્તો છે. पा , स्था ને (लिटः कानज्वा।) क्वसुश्च। પ્રમાણે लिट् ને સ્થાને क्वसु લાગતાં पा क्वसु / स्था क्वसु એ સ્થિતિમાં वस्वेकाद्घसाम्। પ્રમાણે इट् અને इट् પર થવાથી आतो लोप इटि च। પ્રમાણે આ-કારનો લોપ થશે. પરંતુ સંનિપાત પરિભાષા પ્રમાણે इट् આ-કાર લોપનું નિમિત્ત ન થઇ શકે, કારણ કે તેમ થતાં જે સંનિપાતને કારણે इट् થયો છે તે आ અને क्वस् નો સંબંધ નાશ પામશે.પરંતુ સંનિપાત પરિભાષા અનિત્ય છે તેથી पा क्वसु / स्था क्वसु પછી દ્વિર્ભાવ, ह्रस्वः।- અભ્યાસ હ્રસ્વ -- पपा इट् क्वस् થતાં इट् ને કારણે આ-કારલોપ-- पपिवस् , (ययिवस्), तस्थिवस् જેવાં પ્રાતિપદિકો નિષ્પન્ન થશે.નોંધ :-અહીં કિ.,વા.શા.અને પરિ.શે.માં पपिवान् દૃષ્ટાન્ત છે, જ્યારે નિ.સા.,ચારુ.,યુ.મી. અને સુ.શા.માં ययिवान् છે.

[209] अग्निमान् અહીં अग्नि પ્રાતિપદિકને तदस्यास्त्यस्मिन्निति मतुप्। પ્રમાણે मतुप् લગતાં अग्नि मतुप् એ સ્થિતિમાં अग्नि એ પ્રાતિપદિક (फिट्) फिषोऽन्तः। પ્રમાણે અન્તોદાત્ત છે અને मतुप् એ पित् તદ્ધિત પ્રત્યય જો કે अनुदात्तौ सुप्पितौ। પ્રમાણે અનુદાત્ત છે છતાં अग्नि એ હ્રસ્વાન્ત અંતોદાત્ત પ્રાતિપદિકની પાછળ આવેલ છે તેથી ह्रस्वनुड्भ्यां मतुप्। પ્રમાણે ઉદાત્ત થશે તેથી अग्नि मत् એ સ્થિતિમાં પ્રકૃતિ અને પ્રત્યય બન્નેમાં ઉદાત્ત છે છતાં अनुदात्तं पदमेकवर्जम्। અનુસાર પદમાં એક જ ઉદાત્ત હોય છે તેથી मत् ઉદાત્ત રહેશે અને બાકીનો પૂર્વ ભાગ નિઘાત થશે, તેથી अग्निमान् એમ થશે.અહીં અંતોદાત્ત હ્રસ્વાંત પ્રકૃતિ અને मतुप् પ્રત્યયના સંનિપાતને કારણે પ્રત્યય ઉદાત્ત થયો છે. હવે તેને લીધે પ્રકૃતિ અનુદાત્ત થાય એટલે કે સંનિપાતનો નાશ થાય એ સંનિપાત પરિભાષા પ્રમાણે શક્ય નથી, કારણ કે मतुप् તે વિઘાતનું નિમિત્ત ન થઇ શકે. પરંતુ તે પરિભાષા અનિત્ય છે તેથી अग्निमत् એ અન્તોદાત્ત થઇ શકશે. એ જ રીતે वायुमत् માં वायु અંતોદાત્ત અને मत् અનુદાત્ત છતાં પ્રત્યય ઉપર પ્રમાણે ઉદાત્ત થઇને वायुमत् પણ શેષ નિઘાત થશે. परमवाचा માં परमवाच् टा /ङे એ સ્થિતિમાં वाच् એ ઉત્તરપદ એકસ્વરયુક્ત (एकाच्) તેમ જ અંતોદાત્ત છે તેથી તેની પછીનો વિભક્તિ પ્રત્યય अन्तोदात्तादुत्तरपदादन्यतरस्यामनित्यसमासे। પ્રમાણે વિકલ્પે ઉદાત્ત થશે અને તેથી परमवाचा અને परमवाचे માં પૂર્વ ભાગનો નિઘાત થશે. અહીં અન્તોદાત્ત ઉત્તરપદ અને તૃતીયા અથવા ચતુર્થીનો પ્રત્યય એ બેના સંનિપાતને કારણે પ્રત્યય ઉદાત્ત બન્યો છે તેથી તે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**नदीह्रस्वत्वं संबुद्धिलोपस्य ॥१६॥**

**नदीह्रस्वत्वं संबुद्धिलोपस्यानिमित्तं स्यात्। क्व। नदि कुमारि किशोरि ब्राह्मणि ब्रह्मबन्धु। ह्रस्वत्वे कृत एङ्ह्रस्वात्संबुद्धेरिति लोपो न प्राप्नोति मा भूदेवम्। ङ्यन्तादित्येवं भविष्यति। न सिध्यति। दीर्घादित्युच्यते ह्रस्वान्ताच्च**

**नदी**-સંજ્ઞક [210](શબ્દોનું) હ્રસ્વત્વ સંબુદ્ધિલોપનું (નિમિત્ત નહીં થાય) ॥૧૬॥

**नदी**-સંજ્ઞક શબ્દોનો (સંબોધન એકવચનમાં) હ્રસ્વ થાય છે તે સંબુદ્ધિના લોપનું નિમિત્ત નહીં થઇ શકે.ક્યાં (નહીં થઇ શકે) ? **नदि। कुमारि। ब्राह्मणि। ब्रह्मबन्धु** (વગેરે)માં [211] હ્રસ્વ થયા પછી સંબુદ્ધિના પ્રત્યયનો **एङ् ह्रस्वात्संबुद्धेः।** પ્રમાણે (જે) લોપ (થવો જોઇએ તે સન્નિપાત પરિભાષાને કારણે) નહીં થાય. એમ (લોપ) ભલે ન થાય,[212] પરન્તુ (**हल्ङ्याब्भ्यो दीर्घात् ०** માં) ङी નું ગ્રહણ છે તેથી લોપ થશે. સિદ્ધ નથી થતું.,[213] કારણ કે (એ સૂત્રમાં) **दीर्घात्** (અર્થાત્ દીર્ઘ **ङ्याबन्त** પછી આવતા) એમ કહેવામાં આવ્યું છે તેથી હ્રસ્વાન્ત

---

ઉદાત્ત એ સંનિપાતના વિઘાતરૂપ પૂર્વભાગના નિઘાતનું નિમિત્ત ન બની શકે, પરંતુ સંનિપાત પરિભાષા અનિત્ય છે તેથી **परमवाचा परमवाचे** સિદ્ધ થશે.

[210] **नदी**-સંજ્ઞક = પાણિનીએ**यूस्त्र्याख्यौ नदी।** થી દીર્ઘ **ई**-કારાન્ત અને દીર્ઘ **ऊ**-કારાન્ત નિત્ય સ્ત્રીલિંગ શબ્દોની **नदी संज्ञा** કરી છે.

[211] **नदी, कुमारी, ब्राह्मणी, ब्रह्मबन्धू** એ બધા **नदी** ,સંજ્ઞક શબ્દો છે.તેમનાં સંબોધનનાં રૂપ કરતાં **नदी सु , कुमारी सु** એ સ્થિતિમાં **अम्बार्थनद्योर्ह्रस्वः।** થી તેમના અન્ત્ય **अल्** (= **ई / ऊ**)નો હ્રસ્વ થશે,કારણ કે તે દીર્ઘ **ई**-કારાન્ત /**ऊ**-કારાન્ત નિત્ય સ્ત્રીલિંગ શબ્દો છે. તેથી **हे नदि सु , हे कुमारि सु** એ સ્થિતિમાં **एङ् ह्रस्वात्संबुद्धेः।** પ્રમાણે હ્રસ્વાન્ત અંગ પછી આવતા **संबुद्धि** [=સંબોધન એ.વ. (**एकवचनं संबुद्धिः।**)] **हल्** નો લોપ થશે. અહીં **नदी स्** એમ થતાં હ્રસ્વ થયો છે હવે તે જ હ્રસ્વ **ई**- કાર **स्** લોપનું નિમિત્ત થાય, એટલે કે હ્રસ્વ **इ** અને **स्** ના લોપનું (અર્થાત્ એ સંનિપાતના વિઘાતનું ) નિમિત્ત ન બની શકે તેથી **हे नदि** વગેરે **સિદ્ધ ન થઇ** શકે પણ સંનિપાત પરિ - ભાષા અનિત્ય છે તેથી **हे नदि , हे कुमारि** ઇત્યાદિ સિદ્ધ થાય છે.

[212] **एङ्ह्रस्वात्०** પ્રમાણે **नदी सु** વગેરેમાં **स्** નો લોપ સિદ્ધ ન થાય તો પણ **हल्ङ्याब्भ्यो०** પ્રમાણે **થશે**. એ સૂત્રમાં **ङी** (અર્થાત્ દીર્ઘ **ई**-કારાન્ત અંગ) એમ કહેલું જ છે, તેથી તેની પછી આવતા અપૃક્ત **हल्**(**स्**) નો લોપ અવશ્ય થશે અને ઇષ્ટ રૂપો થશે.આ દલીલ કરનારે સૂત્રમાંના **दीर्घात्** તરફ દુર્લક્ષ કર્યું છે. ના. કહે છે કે દલીલ કરનાર એમ કહેવા માગે છે કે દીર્ઘમાંથી હ્રસ્વ થવા છતાં **नदि स्** એ સ્થિતિમાં **स्थानिवदादेशोऽल्विधौ।** પ્રમાણે સ્થાનિવદ્‌ભાવ થવાથી આદેશભૂત હ્રસ્વ **इ**- કાર પોતાનો સ્થાની દીર્ઘ **ई**- કાર જ છે તેમ સમજાશે, તેથી **हल्ङ्याब्भ्यः०** વગેરેમાં દીર્ઘગ્રહણ કર્યું હોવા છતાં **स्** લોપ થશે.અહીં નોધવું જોઇએ કે આ દૃષ્ટાંતો પૈકી **हे ब्रह्मबन्धु** માં હ્રસ્વ उ- કાર પછી **स्** નો લોપ **हल्ङ्याब्भ्यः०** પ્રમાણે થઇ ન શકે, કારણ કે તે **ङ्यन्त** કે **आबन्त** નથી. તેમાં **ऊङ् उतः।** પ્રમાણે **ऊङ्** લાગીને સ્ત્રીલિંગ થયું છે.

[213] **हल्ङ्याब्भ्यः०** વગેરેમાં **दीर्घात्** એમ કહ્યું છે તેથી હ્રસ્વ પછીના **स्** નો લોપ નહી થાય. અહીં છાયા ઉમેરે છે કે **दीर्घात्** એમ કહ્યું છે તેથી દીર્ઘ એ લોપનું ભિન્ન નિમિત્ત નથી તે તો **हल्ङ्याब्भ्यः** નું વિશેષણ છે (**हल्** ને લાગુ નથી પડતું કારણ કે દીર્ઘત્વ એ **अच्** નો ગુણ છે **हल्** નો નથી). તેથી ' **आप्** અને **ङी** જેને અંતે હોય' એમ જ અર્થ થશે.જો દીર્ઘ પણ સ્વતંત્ર નિમિત્ત હોત તો સૂત્રકારે તેનો **हल्ङ्याब्भ्यः** એ દ્વંદ્વ સમાસમાં જ સમાવેશ કર્યો હોત, કારણ કે તેમ કરવું જ ઉચિત હતું તેથી **दीर्घ** ને સમાન પ્રાધાન્ય મળત અને લાઘવ પણ થાત, પરંતુ સૂત્રકારે તેમ નથી કર્યું તેથી **दीर्घ** એ પૃથક્ નિમિત્ત નથી.પરિણામે હ્રસ્વાન્ત પછીના **स्** નો લોપ સિદ્ધ નહીં થઇ શકે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**न प्राप्नोति। इदमिह संप्रधार्यम्। किं लोपः क्रियतां संबुद्धिलोप इति किमत्र कर्तव्यम्। परत्वाद् ह्रस्वत्वम्। नित्यः संबुद्धिलोपः। कृतेऽपि ह्रस्वत्वे प्राप्नोत्यकृतेऽपि। अनित्यः संबुद्धिलोपः। न हि कृते ह्रस्वत्वे प्राप्नोति। किं कारणम्। संनिपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्ये -ति न दोषो भवति॥ एते दोषाः समा वा भूयांसो वा तस्मान्नार्थोऽनया परिभाषया। न हि दोषाः सन्तीति परिभाषा न कर्तव्या लक्षणं वा न प्रणेयम्। न हि भिक्षुकाः सन्तीति स्थाल्यो नाधिश्रीयन्ते न च मृगाः सन्तीति यवा नोप्यन्ते। दोषाः खल्वपि साकल्येन परिगणिताः प्रयोजनानामुदाहरणमात्रम्। कुत एतत्। न हि दोषाणां --**

પછી આવતા (स्) નો લોપ ન થવાનો પ્રસંગ આવે છે. આ બાબતમાં એ વિચારવા જેવું છે કે અહીં શું કરવું, હ્રસ્વ કરવો કે સંબુદ્ધિનો લોપ કરવો ? પર હોવાથી હ્રસ્વ કરવો જોઇએ,[214] (પણ) સંબુદ્ધિલોપ નિત્ય છે,[215] કારણ કે હ્રસ્વ કરો તો પણ તે થાય છે અને હ્રસ્વ ન કરો તો પણ થાય છે.(અમે કહીએ છીએ કે) સંબુદ્ધિલોપ અનિત્ય છે,[216] કારણ કે હ્રસ્વ કર્યા પછી તે પ્રાપ્ત થતો નથી.શા કારણે (પ્રાપ્ત થતો નથી) ? (કારણ કે) બેના સંબંધ પર આધારિત વિધિ તે સંબંધના વિનાશનું કારણ થતો નથી. આ (પરિભાષા) ના જેટલા લાભ છે તેટલા જ ગેરલાભ છે[217] અથવા તો (ગેરલાભ વધારે[218] છે તેથી આ (પરિભાષા)કરવાનો કોઇ અર્થ નથી.પણ દોષ છે માટે પરિભાષા ન કરવી અથવા સૂત્ર ન રચવું એમ નથી , કારણ કે ભિખારીઓ (ઘણા) હોય છે માટે (લોકો) રાંધવાનું થોડું બંધ કરે છે ! અને (અનાજને નુકસાન કરનાર) પશુઓ હોય છે તેથી (લોકો) જવ (વગેરે) વાવવાનું ઓછું બંધ કરે છે ! (અહીં) દોષોની સંપૂર્ણ યાદી આપવામાં આવી છે[219] જ્યારે પ્રયોજનોનાં તો માત્ર ઉદાહરણ (આપવામાં આવ્યાં છે). એમ શા ઉપરથી કહી શકાય? કારણ કે દોષોનું

---

[214] હ્રસ્વત્વનો વિધિ કરનાર **अम्वार्थनद्योः०** (૭-૩-૧૦૭) પર સૂત્ર છે જ્યારે લોપને લગતું **हल्ङ्याब्भ्यः०** (૬-૧-૬૮) પૂર્વ સૂત્ર છે.આમ લોપ વિધિ કરતાં હ્રસ્વવિધિ પર છે તેથી **विप्रतिषेधे परं कार्यम्।** પ્રમાણે હ્રસ્વ થશે. એમ અહીં કહેવાનો આશય છે.

[215] સંબુદ્ધિનો લોપ નિત્ય છે કારણ કે હ્રસ્વત્વ ન કર્યુ હોય તો **हल्ङ्याब्भ्यः०।** થી લોપ થાય છે અને કર્યુ હોય તો **एङ्ह्रस्वात्०** થી થાય છે. આમ હ્રસ્વ હોય કે ન હોય તો પણ લોપ થાય છે તેથી લોપ નિત્ય છે એમ કહ્યું છે. અહીં શંકા થાય કે લોપ નિત્ય જ હોય તો, હ્રસ્વની અપેક્ષા જ તેને ન હોય તો પછી **एङ्ह्रस्वात्०** માં કરેલ હ્રસ્વ ગ્રહણ વ્યર્થ જશે, કારણ કે તેને કોઇ અવકાશ નહીં રહે અને તેથી તે સંનિપાત પરિભાષાનો બાધ કરશે,એટલે કે સંનિપાત પરિભાષા હોવા છતાં હ્રસ્વને કારણે લોપ થશે.આ પ્રકારની શંકાનો નિરાસ કરવા કૈયટે સંબુદ્ધિલોપ **हे देवदत्त** જેવાં સ્થળે સાવકાશ છે એમ કહ્યું છે.

[216] (જુઓ ઉપર નોંધ ૨૧૨) આમ કહીને સંનિપાત પરિભાષા નિરર્થક નથી પણ અનિત્ય છે તેમ સિદ્ધ કર્યુ છે.

[217] મૂળમાં **समाः** એમ છે.તેથી કૈયટ સ્પષ્ટતા કરે છે કે **सर्व** ના પર્યાય **सम** શબ્દનો સર્વાદિગણમાં પાઠ છે, જેમ કે **समराज्यं वर्तते।** (એટલે કે **सर्वेषां राज्यं वर्तते।कै०** ) તેથી તેને **सर्वनाम** સંજ્ઞા પ્રાપ્ત થાય છે. આથી **समाः** ન થતાં **समे** થવું જોઇએ. પરંતુ ભાષ્યકારે **सर्व** શબ્દનો પર્યાયરૂપ **सम** શબ્દ અહીં નથી પ્રયોજ્યો.અહીં તે તુલ્ય એટલેકે સમાન એ અર્થમાં છે તેથી **समाः** જ થશે.

[218] **भूयांसः** - વધારે (છે) એમ કહ્યું છે તે દોષો વધારે છે તે દર્શાવવા કહ્યું છે. નાગેશ કહે છે કે દોષ સમાન છે અર્થાત્ પ્રયોજન અને દોષ બન્ને સંખ્યામાં સમાન છે તે વાર્તિકકારે જે બધાં પ્રયોજન કહ્યાં છે તેની દૃષ્ટિએ કહ્યું છે. જો કે પ્રયોજન નવ છે અને દોષ આઠ છે છતાં બે વચ્ચે બહુ તફાવત નથી તેથી સમાન છે એમ કહ્યું છે, અથવા તો બીજી કોઇ જગાએ પણ દોષ સંભવી શકે એમ માનીને સમાન છે એમ કહ્યું છે.અથવા તો વધારે છે એમ કહ્યું તે પ્રયોજન કરતાં દોષ તો વધારે તો નથી ? એ શંકા નિવારવા અને દોષની અતિશયતા સૂચવવા એમ કહ્યું છે એમ કૈયટ માને છે.(ના.) કહે છે કે જે પ્રયોજન ઉપર ગણાવ્યાં તેમાંથી દોષયુક્ત પ્રયોજન કાઢી નાંખતાં બાકી ત્રણ પ્રયોજન રહે છે તેની અપેક્ષાએ દોષની સંખ્યા વધારે છે, માટે ભાષ્યકારે **भूयांसः** એમ કહ્યું છે.આમ દોષ વધારે અને પ્રયોજન ઓછાં એવી પરિસ્થિતિમાં આ પરિભાષા કરવાનો યત્ન ખાસ લાભદાયી નથી માટે તે ન કરવી જોઇએ એમ આગળ કહ્યું છે.

[219] **साकल्येन परिगणिताः।** એમ કહ્યું છે છતાં (કૈ.) **कष्टाय** એમ જ્ઞાપકનો નિર્દેશ કર્યો છે.તે **'यादेशो दीर्घत्वस्य'** એ દોષનો નિર્દેશ કરે છે અને તેનો સમાવેશ કરવામાં આવ્યો નથી. તો પછી ભાષ્યકારે **साकल्येन** એમ કેમ કહ્યું ? એનું સમાધાન કરતાં (ના.) કહે છે' **यादेशो दीर्घत्वस्येति ग्रन्थो भाष्यपुस्तकेषु भ्रष्टोऽतो न दोषः।** ભાષ્યની પ્રતોમાંથી તેટલો ભાગ જતો રહ્યો છે તેથી **साकल्येन** એમ કહ્યું છે તેમાં કોઇ વાંધો આવતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लक्षणमस्ति। तस्माद्यान्येतस्याः परिभाषायाः प्रयोजनानि तदर्थमेषा परिभाषा कर्तव्या प्रतिविधेयं दोषेषु॥

કંઇ (વિશિષ્ટ) લક્ષણ[220] નથી હોતું. તેથી આ પરિભાષાના જે ફાયદા છે તેને ખાતર એ પરિભાષા કરવી જોઇએ અને દોષોનું સમાધાન કરવું જોઇએ.[221]

---

[220] દોષ સૂચવી શકે તેવું તેનું કોઇ રૂપ નથી હોતું (उपलक्षकं रूपं नास्तीत्यर्थः। उ०)

[221] દોષનું સમાધાન આ પ્રમાણે કર્યું છે -- (૧) दाक्षिः વગેરે અહીં અંગ સંજ્ઞા વર્ણલોપ (अ-કાર લોપ)નું નિમિત્ત થઇ શકશે,કારણ કે સૂત્રકારે यस्येति च। એ સૂત્રવ્દારા અંગના અન્ત્ય अ-કારના લોપનું વિધાન કર્યું છે તેના પ્રતાપે दाक्षिः વગેરે સિદ્ધ થશે, કારણ કે જે પ્રકારના પ્રકૃતિ-પ્રત્યયના સંનિપાતથી અંગ સંજ્ઞા થઇ છે તેવા જ સંનિપાતના વિઘાત વિના यस्येति च। સૂત્ર ચરિતાર્થ નહીં થાય. (૨) या , सा એ રૂપો સિદ્ધ થશે.यद् , तद् માં त्यदादी० પ્રમાણે થયેલ अ સ્ત્રીલિંગમાં टाप् નું નિમિત્ત થઇ શકશે, કારણ કે સૂત્રકારે न यासयोः। એ સૂત્રમાં या , सा શબ્દ રૂપોનો પ્રયોગ કર્યો છે તેથી જ્ઞાપન થાય છે કે टाप् થશે.નાગેશ કહે છે કે તેમ ન થાય તો न यासयोः। એ સૂત્રમાં या અને सा ના आ ના इ-કારનો નિષેધ કર્યો છે તે વ્યર્થ થઇને જ્ઞાપન કરે છે કે आप् થશે.(૩) पपिवान् વગેરેમાં इट् પર થતાં वस्वेकाज्० પ્રમાણે इट् નું અપૂર્વ વિધાન નથી એટલે કે એ સૂત્ર સર્વ પ્રથમ વાર બિલકુલ અજ્ઞાત એવા इट् નું વિધાન કરતું નથી, કારણ કે इट् નું અપૂર્વ વિધાન તો તેના પૂરોગામી સૂત્ર आर्धधातुकस्येड्वलादेः। પ્રમાણે કરવામાં આવ્યું છે, वस्वेकाज्० તો इट् ને લગતો નિયમ રજુ કરે છે.(તેથી જ पपिवान् વગેરેને લગતો દોષ દર્શાવતી વાર્તિકની ટીકા કરતાં (ના.) કહે છે કે નિયમને લગતાં સૂત્રો પણ વિધિ સૂત્રો વ્દારા પ્રવૃત્ત થાય છે. અહીં (ના.)નો આશય એટલો જ છે કે वस्वेकाज्० સૂત્ર નિયમ દર્શાવે છે છતાં દોષ દર્શાવતી વખતે તેને વિધિ શાસ્ત્ર જેવું જ ગણ્યું છે.) આમ હોવાથી इट् થશે અને ઇષ્ટ રૂપ સિદ્ધ થશે.(૪) क्रापयति -क्रीड्जीनां णौ। પ્રમાણે થએલ आ-કાર अर्तिह्री० પ્રમાણે થતા पुक् આગમનું નિમિત્ત થઇ શકશે,કારણ કે पुक् અંગનો અવયવ છે અને 'પોતાનો જ અવયવ પોતાને વ્યવધાન રૂપ ન થાય' એ ન્યાયે पुक् વ્યવધાનરૂપ નથી તેથી आ-કાર पुक् નું નિમિત્ત થશે છતાં સંનિપાતનો નાશ નહીં થાય અને ઇષ્ટ રૂપ સિદ્ધ થશે.(૫) अदीदपत् - ધાતુપાઠમાં मारणतोषणनिशामनेषु ज्ञा। એમ કહીને ज्ञा ધાતુને मित् ગણાવ્યો છે . અને मितां ह्रस्वः। પ્રમાણે णि પર થતાં मित् ધાતુઓની ઉપધાનો હ્રસ્વ થાય છે. अदीदपत् માં अ दाप् णि चङ् એ સ્થિતિમાં पुक् થાય તો જ दा ધાતુનો आ ઉપધા બને. આમ मारण વગેરે અર્થમાં ज्ञा ધાતુને मित् ર્ક્યો છે તેથી જ્ઞાપન થાય છે કે હ્રસ્વ થશે, કારણ કે पुक् થયા વિના ज्ञा ધાતુને હ્રસ્વથાય તેવી ઉપધા નથી.એથી જ પાણિનિએ सनीवन्तर्धभ्रस्जदम्भुश्रिस्वृयूर्णुभरज्ञपिसनाम्। એ સૂત્રમાં ज्ञा ધાતુ માટે ज्ञपि નું ગ્રહણ કર્યું છે તે સંગત બને છે (ઉ.) अदीदपत् માં ઉપધા હ્રસ્વ થાય તે માટે अर्तिह्री० માંपुक् ને પૂર્વાન્ત કર્યો છે (पुकः पूर्वान्तकरणमदीदपदित्यत्रोपधाह्रस्वत्वं यथा स्यात्। કા.પૃ.૫૮) (૬) अग्निमान् અહીં मतुप् ઉદાત્ત છે તેથી પૂર્વભાગ નિઘાત થશે, કારણ કે अनुदात्तं पदम्० એ સૂત્ર સંનિપાત પરિભાષાનો બાધ કરે છે. તેથી अग्नि ના અન્ત્ય ઉદાત્તને કારણે થએલ मतुप् નું ઉદાત્તત્વ પૂર્વ નિઘાતનું નિમિત્ત થશે. परमवाचा વગેરેમાં પણ વિભક્તિ ઉદાત્ત થવાથી ઉપર જણાવેલ કારણસર પૂર્વભાગમાં નિઘાત થશે. (૭) नदि , कुमारि વગેરે માં પણ દોષ નહીં આવે, કારણ કે एङ्ह्रस्वात्० એ સૂત્રમાં ह्रस्व શબ્દનું ગ્રહણ કર્યું છે તેને પ્રતાપે એમ સમજાય છે કે સંનિપાત પરિભાષા અહીં લાગુ પડતી નથી અને તેથી વિભક્તિનો લોપ થઇ શકશે.એમ ન હોત તો સૂત્રકારે गुणात्सम्बुद्धेः। એમ કહ્યું હોત.(૮) ઉપરનાં દૃષ્ટાન્તો ભાષ્યમાં સંનિપાત પરિભાષા -ના દોષની ચર્ચામાં આવી ગયાં છે. પરંતુ (નોંધ ૨૨૦) માં જણાવ્યું છે તેમ यादेशो दीर्घत्वस्य। कष्टाय। એ દોષ વાર્તિક ભાષ્યમાં નથી.કૈયટે તેનો ઇશારો કર્યો છે અને નાગેશે વિસ્તાર કરીને વાર્તિક કલ્પીને મૂકી છે. અહીં પ્રશ્ન એ થાય છે કે ચતુર્થી વિભક્તિનો ङे अ-કારાન્ત અંગ પછી આવે છે તેનો ङेर्यः। પ્રમાણે य થાય છે, જેમ કે कष्ट ङे→कष्ट य એ સ્થિતિમાં य એ यञादि પ્રત્યય પર થતાં अतो दीर्घ० પ્રમાણે कष्ट ના અન્ત્ય अ-કારનો દીર્ઘ થઇને कष्टाय એમ રૂપ સિદ્ધ થશે. પરંતુ कष्ट એ अ-કારાન્ત અંગ અને ङे ના સંનિપાતથી ङे નો य આદેશ થયો છે. હવે જો अतो दीर्घो० પ્રમાણે દીર્ઘ થાય તો તે સંનિપાતનો વિઘાત થાય, પરંતુ એ પરિભાષા પ્રમાણે य વિઘાતનું નિમિત્ત ન થઇ શકે.છતાં પાણિનિએ कष्टाय क्रमणे। એ સૂત્રમાં દીર્ઘયુક્ત कष्टाय શબ્દનું ગ્રહણ કર્યું છે તેથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[क्त्वातोसुन्कसुनः ॥१।१।४०॥]

अव्ययीभावश्च ॥१।१।४१॥

अव्ययीभावस्याव्ययत्वे प्रयोजनं लुग्मुखस्वरोपचाराः ॥१॥

अव्ययीभावस्याव्ययत्वे प्रयोजनं किम्। लुग्मुखस्वरोपचाराः। लुक्। उपाग्नि प्रत्यग्नि। अव्ययात्० इति लुक्सिद्धो भवति। मुखस्वरः।उपाग्निमुखः प्रत्यग्निमुखः। नाव्ययदिक्शब्दगोमहत्स्थूलमुष्टिपृथुवत्सेभ्यः। इति प्रतिषेधः सिद्धो भवति॥

[क्त्वा, तोसुन् અને कसुन् પ્રત્યયાન્ત શબ્દો (अव्यय સંજ્ઞક છે)॥१।१।४०॥]

અવ્યયીભાવ સમાસ પણ (अव्यय સંજ્ઞક છે)॥१।१।४१॥

लुक्, મુખસ્વર, અને उपचार એ[222] અવ્યયીભાવ(સમાસ)ને અવ્યય ગણવાનાં પ્રયોજન છે।१॥

અવ્યયીભાવને અવ્યય ગણવાનો શો હેતુ છે? (વિભક્તિનો) लुक्, मुख (ના અન્તોદાત્ત) સ્વર (નો નિષેધ) અને વિસર્ગનો स् થાય તે (પ્રયોજન છે).लुक् (નાં ઉદાહરણ):- उपाग्नि प्रत्यग्नि। અહીં[223] अव्ययात्०। પ્રમાણે (વિભક્તિનો) लुक् સિદ્ધ થાય છે. मुख-સ્વર (અર્થાત્ વિસર્ગ નો स् થાય તેનાં ઉદાહરણ):-उपाग्निमुखः प्रत्यग्निमुखः એ [224] नाव्ययदिक्शब्दगोमहत्स्थूलमुष्टिपृथु वत्सेभ्यः। પ્રમાણે (શબ્દના અન્તોદાત્તનો) નિષેધ સિદ્ધ થાય છે.

---

સમજાય છે કે દીર્ઘ થશે. यादेशो दीर्घत्वस्य ઇત્યાદિ વાર્તિક કેટલાક સ્વીકારતા નથી, કારણ કે कष्टाय એ દૃષ્ટાન્ત वर्णाश्रयः प्रत्ययो वर्णविचालस्य વગેરે વાર્તિકના દૃષ્ટાન્તોમાં આવી જાય છે.

222 लुक् = अव्ययादाप्सुपः। પ્રમાણે વિભક્તિનો લોપ થાય તે. मुखस्वर ='પોતાનું અંગ' એ અર્થમાં मुख શબ્દ બહુવ્રીહિ સમાસમાં ઉત્તરપદ થાય ત્યારે તેને જે સ્વર થાય તે. उपचार = વિસર્ગનો स् થાય તે,જેમ કે पयः+ कारः→ पयस्कारः।

223 उपाग्नि અહીં अग्नेः એ ષષ્ઠ્યન્તનો अव्ययं विभीक्तसमीप० પ્રમાણે સમીપનો અર્થ દર્શાવતા उप અવ્યયની સાથે अग्नेः समीपम् એ અર્થમાં उपाग्नि એ અવ્યયીભાવ સમાસ થયો છે. તે રીતે प्रत्यग्नि માં प्रति એ અવ્યયનો अग्निम् એ સુબન્ત સાથે लक्षणेनाभिप्रती आभि मुख्ये। પ્રમાણે અવ્યયીભાવ સમાસ થયો છે.હવે અવ્યયીભાવ સમાસની અવ્યય સંજ્ઞા થાય તો उपाग्नि અને प्रत्यग्नि જેવા સમાસમાં अव्ययादाप्० પ્રમાણે વિભક્તિનો लुक् થઇ શકે. આમ लुक् એ અવ્યયીભાવને અવ્યય સંજ્ઞા થાય તે માટેનું પ્રયોજન છે.

224 (उपाग्नि मुखं यस्य) उपाग्निमुखः। (प्रत्यग्नि मुखं यस्य) प्रत्यग्निमुखः। અવ્યયીભાવગર્ભ બહુવ્રીહિ સમાસોમાં उपाग्नि અને प्रत्यग्नि પૂર્વપદ અને मुख ઉત્તરપદ છે. હવે मुख શબ્દ डित्खनेमुट् स चोदात्तः। એ ઉણાદિ સૂત્ર પ્રમાણે નિષ્પન્ન થાય છે અને તેમાં આગમ मुट् ઉદાત્ત છે તેથી मुख શબ્દ मुखम् એમ આદ્યોદાત્ત છે પરંતુ मुखं स्वागतम्। પ્રમાણે બહુવ્રીહિમાં અંતોદાત્ત થાય છે. તેમ છતાં नाव्यय-दिक्शब्दगोमहत्स्थूलमुष्टिपृथुवत्सेभ्यः। પ્રમાણે પોતાનું અંગ (स्वाङ्ग) એ અર્થમાં मुख શબ્દ જ્યારે સમાસમાં ઉત્તરપદ હોય અને અવ્યય પૂર્વપદ હોય ત્યારે તે અંતોદાત્ત થતો નથી. તેથી उपाग्निमुखः प्रत्यग्निमुखः માં मुख શબ્દ અંતોદાત્ત નહીં થાય અને बहुव्रीहौ प्रकृत्या पूर्वपदम्। પ્રમાણે પૂર્વપદ અન્તોદાત્ત થશે.પરંતુ પૂર્વપદભૂત અવ્યયીભાવ સમાસોની અવ્યય સંજ્ઞા થાય તો જ આ પ્રમાણે સ્વર વ્યવસ્થા થઇ શકે તેથી मुख શબ્દ બહુવ્રીહિ સમાસમાં ઉત્તરપદ હોય ત્યારે તે नाव्यय० પ્રમાણે અન્તોદાત્ત ન થાય તે માટે અવ્યયીભાવ -ની અવ્યય સંજ્ઞા થાય તે જરૂરી છે.આમ मुख ને લગતો સ્વરનિષેધ થઇ શકે તે અવ્યય સંજ્ઞાનું પ્રયોજન છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उपचारः। उपपयःकारः उपपयःकाम इति। अतः कृकमिकंसकुम्भपात्रकुशाकर्णीष्वनव्ययस्य। इति प्रतिषेधः सिद्धो भवति। किं पुनरिदं परिगणनमाहोस्विदुदाहरणमात्रम्। परिगणनमित्याह। अपि खल्वप्याहुः। यदन्यदव्ययीभावस्याव्ययकृतं प्राप्नोति तस्य प्रतिषेधो वक्तव्य इति। किं पुनस्तत्। पराङ्गवद्भावः। पराङ्गवद्भावेऽव्ययप्रतिषेधश्चोदित

उपचार ( નાં ઉદાહરણ):-उपपयःकारः उपपयःकामः અહીં[225] अतःकृकमिकंसकुम्भपात्रकुशाकर्णीष्वनव्ययस्य ।એ (સૂત્રમાં अनव्ययस्य દ્વારા કરેલ) પ્રતિષેધ સિદ્ધ થાય છે (અર્થાત્ अव्ययના વિસર્ગનો स् થતો નથી).આ જે લાભ ગણાવ્યા તે સંપૂર્ણ યાદી છે કે ઉદાહરણમાત્ર છે ? તો કહે છે કે ઉદાહરણ માત્ર છે. વળી (વૈયાકરણો તો) એમ પણ[226] કહે છે કે આ (ત્રણ) સિવાય અવ્યયને લગતું બીજું કાર્ય અવ્યયીભાવ સમાસને પ્રાપ્ત થવાનો પ્રસંગ.આવે તો તેનો પ્રતિષેધ કરવો જોઇએ.તે (કાર્ય) વળી કયું છે ?[227] પરાંગવદ્ભાવ (એ કાર્ય).[228] 'પરાંગવદ્ભાવ કરવામાં આવે ત્યારે अव्यय નો પ્રતિષેધ કરવો ' એમ દલીલ કરી તે

---

[225] उपपयःकारः,उपपयःकामः એ સમાસોમાં अतः कृकमिकंसकुम्भपात्रकुशाकर्णीष्वनव्ययस्य। પ્રમાણે વિસર્ગનો स् થઇ શકે, કારણ કે ઉત્તરપદ कार (कृ) અને काम (कमि ) છે, પરંતુ પૂર્વપદ અવ્યય છે અને अनव्ययस्य એમ કહીને પ્રતિષેધ કર્યો છે તેથી વિસર્ગનો स् નહીં થાય. આ પ્રતિષેધ શક્ય બને તે માટે અવ્યયીભાવ સમાસને અવ્યય સંજ્ઞા થવી જરૂરી છે. આમ उपचार ના નિષેધ માટે પણ અવ્યયી-ભાવને અવ્યય સંજ્ઞા કરવી એ પ્રયોજન છે. અહીં જે પ્રયોજન છે તે मशकार्थो धूमः। માં જેમ ધૂમાડો મશક માટે છે એટલે કે તેના નિવારણ માટે છે તેમ અહીં પણ અવ્યય સંજ્ઞા થાય તો વિભક્તિનો પ્રત્યય નિવારી શકાય, मुख ઉત્તરપદ હોય ત્યારે અન્તોદાત્તનું નિવારણ થશે અને વિસર્ગનો स् થતો નિવારી શકાશે. અથવા બીજી રીતે કહીએ તો लुक् ની પ્રવૃત્તિ થાય અને मुखस्वर તેમ જ उपचारની નિવૃત્તિ થાય તે અવ્યયીભાવને અવ્યય સંજ્ઞા કરવાનું પ્રયોજન છે.

[226] મૂળમાં अपि खल्वप्याहुः। એમ છે. (ના.) एवं खल्वित्यर्थः। એમ સ્પષ્ટ કરે છે, તેથી (છા.) નોંધે છે કે पूर्वोऽपिरेवमर्थः। અર્થાત્ અહીં જે પ્રથમ अपि છે તે एवम्(આ રીતે) એ અર્થમાં છે.અહીં અન્ય વૈયાકરણ પરિગણનનું સમર્થન કરે છે.

[227] અવ્યયને લગતું કોઇ અન્ય કાર્ય હોય તો તે કયું કાર્ય એમ અહીં પૂછવા માગે છે.

[228] पराङ्गवद्भाव - अङ्ग એટલે અવયવ અને पर એટલે અન્ય, બીજું. તેથી पराङ्गवत् - અન્યના અંગ, અવયવ જેવું,અર્થાત્ અન્યના એક ભાગરૂપ. पराङ्गवद्भाव એટલે અન્યના ભાગ સમાન થવું તે, અર્થાત્ તે અન્યની સાથે તાદાત્મ્ય થવું. અને તેથી તે અન્યનું ગ્રહણ થાય ત્યારે તેના અવયવ સમાન જે હોય તેનું પણ ગ્રહણ થાય છે.હવે आमन्त्रितस्य च। (૬-૧-૧૯૮) પ્રમાણે આમન્ત્રિત (સંબોધનના અર્થમાં પ્રયોજાયલી પ્રથમા વિભક્તિ) નો આદિ સ્વર ઉદાત્ત થાય છે, પરંતુ જો એ આમન્ત્રિત પૂર્વે સુબન્ત હોય અને સ્વરને લગતું કાર્ય કરવાનું હોય તો એ સુબન્ત પણ પર આવેલ આમન્ત્રિતનો અવયવ જ છે એમ સમજાશે (सुबामन्त्रिते पराङ्गवत्।) આમ થવાથી आमन्त्रितस्य च। એ ષાષ્ઠ સૂત્રથી થતો આદ્યુદાત્ત પ્રસ્તુત સૂત્ર પ્રમાણે પરાંગવદ્ભાવ થવાથી આમન્ત્રિતનો ન થતાં સુબન્તનો થશે. પરંતુ सुबामन्त्रित० ઉપરની વાર્તિક अव्ययानां न। અનુસાર અવ્યયોની બાબતમાંપરાંગવદ્ભાવ નહીં થાય, કારણ કે આ વાર્તિકમાં તેનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે.उच्चैरधीयान, नीचैरधीयान માં अधीयान એ આમન્ત્રિત છે અને તેની પૂર્વે उच्चैः, नीचैः એ સુબન્તો આવેલાં છે (प्रत्ययलोपे प्रत्ययलक्षणम्। થી તે સુબન્ત ગણાશે). તેથી सुबामन्त्रित० થી પરાંગવદ્ભાવ થાય તો उच्चैः, नीचैः આદ્યુદાત્ત થતાં अधीयान એ આમન્ત્રિત નિઘાત થવાનોપ્રસંગ આવે, પરંતુ अव्ययानां न। એમ કહીને પરાંગવદ્ભાવનો પ્રતિષેધ કર્યો છે તેથી તે પ્રમાણે ન થતાં अधीयान જ આદ્યુદાત્ત થશે અને स्वरादि ગણમાં उच्चैः। नीचैः નો અન્તોદાત્ત તરીકે પાઠ છે તેથી તે અન્તોદાત્ત થશે.પણ આ પ્રમાણે અવ્યયને અનુલક્ષીને કરેલો નિષેધ उपाग्न्यधीयान , प्रत्यग्न्यधीयान એ ઉદાહરણોમાં લાગુ પડશે, કારણ કે અવ્યયીભાવ સમાસને અવ્યય સંજ્ઞા કરવામાં આવી છે અને उपाग्नि તેમ જ प्रत्यग्नि એ અવ્યયીભાવ સમાસ છે. આમ પરાંગવદ્ભાવ ન થવાથી आमन्त्रितस्य च। પ્રમાણે આદ્યુદાત્ત નહીં થાય.પરંતુ लुक् , मुखस्वर અને उपचार એ પરિગણિત કાર્યો માટે જ અવ્યયીભાવ -ની અવ્યય સંજ્ઞા થાય છે તેથી તે સિવાયનાં (અન્ય પરાંગવદ્ભાવ જેવાં) કાર્યોમાં અવ્યયીભાવને અવ્યય સંજ્ઞા નહીં થાય. પરિણામે उपाग्न्यधीयान જેવાં દૃષ્ટાન્તોમાં પરાંગવદ્ભાવ થશે અને आमन्त्रितस्य च। પ્રમાણે પૂર્વપદનો આદ્યુદાત્ત થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उच्चैरधीयान नीचैरधीयानेत्येवमर्थम्। स इहापि प्राप्नोति। उपाग्न्यधीयान प्रत्यग्न्यधीयान॥ अकच्यव्ययग्रहणं क्रियत उच्चकैः नीचकैरित्येवमर्थम्। तदिहापि प्राप्नोति। उपाग्निकम् प्रत्यग्निकमिति॥ मुम्यव्ययप्रतिषेध इत्युच्यते दोषामन्यमहः दिवामन्या रात्रिरित्येवमर्थम्। स इहापि प्राप्नोति। उपकुम्भंमन्यः उपमणिकंमन्यः॥

उच्चैरधीयानः नीचैरधीयानः सिद्ध थई शके ते माटे. ज्यारे ते प्रतिषेध उपाग्न्यधीयानः प्रत्यग्न्यधीयानः मां पण प्राप्त थवानो प्रसंग आवे छे. आ अकच् (ने लगता अव्ययसर्वनाम्नामकच्प्राक्टेः। सूत्र) मां[229] उच्चकैः नीचकैः(सिद्ध थई शके ते) ते प्रतिषेध आ अकच् (ने लगता अव्ययसर्वनाम्नामकच्प्राक्टेः। सूत्र) मां[230] उच्चकैः नीचकैः (सिद्ध थई शके ते) माटे अव्यय नुं ग्रहण करवामां आव्युं छे, ते (अकच्) आ उपाग्निकम्, प्रत्यग्निकम् मां पण लागु पडवानो प्रसंग आवे छे.दिवामन्यमहः, दिवामन्या रात्रिः[231] (ए सिद्ध थई शके ते) माटे (अरुर्द्विषदजन्तस्य मुम्। प्रमाणे) मुम् आगम लागे छे त्यां अव्यय नो प्रतिषेध करवामां आवे छे, ते (प्रतिषेध) उपकुम्भंमन्यः, उपमणिकंमन्यः मां प्राप्त थवानो प्रसंग आवे छे.

---

229 अव्ययसर्वनाम्नाम्० प्रमाणे अव्ययने टि पूर्वे (प्राक्टेः) अकच् लागे छे ते उच्चैः, नीचैः थतां उच्च् अक (अकच्) ऐः। नीच् अक (अकच्) ऐः एम थतां उच्चकैः, नीचकैः एम शब्दरूपो थशे. हवे जो अव्ययीभावने अव्यय संज्ञा थाय तो उपाग्निकम्, प्रत्यग्निकम् जेवा अव्ययीभावमांपण टि पूर्वे अकच् थवानो प्रसंग आवशे. परंतु परिगणन कर्युं छे तेथी अन्य स्थळे अव्ययीभावने अव्यय संज्ञा थती नथी तेथी उपाग्नि अने प्रत्यग्नि ए अव्ययसंज्ञक न होवाथी तेमने अकच् न थतां प्रागिवात्कः। प्रमाणे क थईने उपाग्निकम्, प्रत्यग्निकम् एम ईष्ट रूपोप्राप्त थशे.

230 अव्ययसर्वनाम्नाम्० प्रमाणे अव्ययने टि पूर्वे (प्राक्टेः) अकच् लागे छे ते उच्चैः, नीचैः थतां उच्च् अक (अकच्) ऐः। नीच् अक (अकच्) ऐः एम थतां उच्चकैः, नीचकैः एम शब्दरूपो थशे. हवे जो अव्ययीभावने अव्यय संज्ञा थाय तो उपाग्निकम्, प्रत्यग्निकम् जेवा अव्ययीभावमांपण टि पूर्वे अकच् थवानो प्रसंग आवशे. परंतु परिगणन कर्युं छे तेथी अन्य स्थळे अव्ययीभावने अव्यय संज्ञा थती नथी तेथी उपाग्नि अने प्रत्यग्नि ए अव्ययसंज्ञक न होवाथी तेमने अकच् न थतां प्रागिवात्कः। प्रमाणे क थईने उपाग्निकम्, प्रत्यग्निकम् एम ईष्ट रूपोप्राप्त थशे.

231 दोषामन्यमहः, दिवामन्या रात्रिः वगेरेमां आत्मानं दोषा मन्यते। आत्मानं रात्रिः मन्यते। ए अर्थमां मन् धातुने आत्ममाने खश्च। प्रमाणे खश् प्रत्यय लाग्यो छे. खश् प्रत्ययने ख् ए इत् लागेलो छे एटले के ते खित् छे तेथी अरुर्द्विषदजन्तस्य मुम्। प्रमाणे मुम् आगम लागे छे, परंतु ए सूत्रमां खित्यनव्ययस्य। ए सूत्रमांथी अनव्ययस्य नी अनुवृत्ति थती होवाथी अव्ययने खश् (ए खित्) लाग्यो होय तो पण मुम् नो प्रतिषेध थाय छे. हवे अव्ययीभाव समासने पण अव्ययीभावश्च। थी अव्यय संज्ञा थाय तो उपकुम्भमन्यः उपमणिकंमन्यः जेवा प्रयोगोमां उपकुम्भम् अने उपमणिकम् ए अव्ययीभाव समास होवाथी अने तेमने अव्यय संज्ञा थाय तो त्यां मुम् आगमनो प्रतिषेध थवानो प्रसंग आवशे, परंतु अव्यय संज्ञा करवानां परिगणित प्रयोजनो सिवाय अन्य स्थळे अव्ययीभाव -ने अव्यय संज्ञा नथी थती तेथी मुम् आगम थशे.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अस्य च्वावव्ययप्रतिषेध उच्यते दोषाभूतमहः दिवाभूता रात्रिरित्येवमर्थम्। स इहापि प्राप्नोति। उपकुम्भीभूतम् उपमणिकीभूतम्॥ यदि परिगणनं क्रियते नार्थोऽव्ययीभावस्याव्ययसंज्ञया। कथं यान्यव्ययीभावस्याव्ययत्वे प्रयोजनानि। नैतानि सन्ति। यत्तवदुच्यते लुगित्याचार्यप्रवृत्तिर्ज्ञापयति भवत्यव्ययीभावाल्लुगिति यदयं नाव्ययीभावादतः इति प्रतिषेधं शास्ति। उपचारः। अनुत्तरपदस्थस्येति वर्तते॥

**दोषाभूतमहः**, **दिवाभूता रात्रिः**[232] (એ પ્રયોગો સિદ્ધ થઇ શકે તે) માટે **अस्य च्वौ**। (સૂત્ર)માં **अव्यय** નો પ્રતિષેધ કરવામાં આવ્યો છે તે **उपकुम्भीभूतम्** , **उपमणिकीभूतम्** માં પ્રાપ્ત થવાનો પ્રસંગ આવે છે. જો સંપૂર્ણ યાદી કરવાની હોય તો અવ્યયીભવને અવ્યય સંજ્ઞા કરવાની કોઇ જરૂર નથી.તો પછી અવ્યયીભાવને અવ્યય ગણવાનાં પ્રયોજનો કહ્યાં તેનું શું ? એ (પ્રયોજનો) છે જ નહીં. **लुक्** એ જે પ્રયોજન કહ્યું તે (બાબત) માં કહેવાનું કે **नाव्ययीभावादतः**।એમ[233] કહીને સૂત્રકારે જે પ્રતિષેધ કર્યો છે તે રીતે તેમણે સૂચવ્યું છે કે (અવ્યય સંજ્ઞા નથાય તોપણ અવ્યયીભાવ પછી (**सुप्** પ્રત્યયોનો) **लुक्** થાયછે. **उपचार** (એ જે પ્રયોજન કહ્યું તેમાં પણ अतः **कृकमिकंस**૦એ સૂત્રમાં પૂર્વ સૂત્રમાંથી) **अनुत्तरपदस्थस्य** ની[234] અનુવૃત્તિ થાય છે, (તેથી વિસર્ગનો **स्** નહીં થાય).

---

[232] **दोषाभूतमहः दिवाभूता रात्रिः** એ પ્રયોગોમાં જે રાત્રિ નથી તેવો દિવસ રાત્રિ થયો છે, જે દિવસ નથી તે રાત્રિ દિવસ થઇ છે એમ અભૂતતદ્ભાવના અર્થમાંચ્વિ થયો છે (**अदोषाभूतमहः बहुलमेघावरणान्धकाराद् दोषाभूतमित्यर्थः**। - - - **चन्द्रिकातिशयवशाद् अहर्भूता** (रात्रिः) इत्यर्थः।बाल०). હવે **अस्य च्वौ**। પ્રમાણે च्वि પૂર્વે अ વર્ણનો ई-કાર થાય છે, પરંતુ **अव्ययस्य च्वावीत्वं नेति वाच्यम्**। એ વાર્તિક પ્રમાણે અવ્યયના अ-કારનો ई-કાર નથી થતો તેથી **दोषा** , **दिवा** એ च्वि અંતવાળા અવ્યયોમાં ई-કાર નહીં થાય.પણ એ અવયયી--ભાવને અવ્યય સંજ્ઞા થાય તો **उपकुम्भीभूतम्** , **उपमणीकीभूतम्** એ च्वि રૂપોમાં પણ **उपकुम्भम्** અને **उपमणिकम्** એ અવ્યયીભાવ સમાસ હોવાથી, જો તેમને અવ્યય સંજ્ઞા તો, **अस्य च्वौ**। પ્રમાણે ई-કાર ન થવાનો પ્રસંગ આવશે, પરંતુ અવ્યયીભાવને અવ્યય સંજ્ઞા કરવા માટે પરિગણિત પ્રયોજનો સિવાયનાં સ્થળે અવ્યય સંજ્ઞા નહીં થાય તેથી એ રૂપોમાં ई-કાર થશે.અહીં નોંધવું જરૂરી છે કે ઉપર આપેલી વાર્તિક સિદ્ધાન્ત કૌમુદીમાં મળે છે પરંતુ કાશિકા કે મહાભાષ્યમાં પ્રાપ્ત થતી નથી. આ સંદર્ભમાં વાસુદેવ દીક્ષિત આ વાર્તિક નોંધે છે કે ભટ્ટોજી દીક્ષિતે આ વાર્તિક આપી છે તેથી કોઇ શંકા કરે કે આ પ્રકારની વાર્તિક **अस्य च्वौ**। એ સૂત્રના ભાષ્યમાં નથી તો પછી કેમ આપી છે ? તે શંકાના ઉત્તર રૂપે સિ.કૌ.માં જ કહ્યું છે '**एतच्च अव्ययीभावश्च इति सूत्रे भाष्ये उक्तम्**। આ **अव्ययीभावश्च**। એ સૂત્ર પરના ભાષ્યમાં કહ્યું છે. ભાષ્યમાં આ વાર્તિક નથી, માત્ર **अस्य च्वावव्ययप्रतिषेध उच्यते**। એટલું જ કહ્યું છે.

[233] **नाव्ययीभावादतः**। એસૂત્રથી પાણિનિએ, **अव्ययादाप्सुपः**। એસૂત્રધ્દારા અવ્યયીભાવને અનુલક્ષીને કરવામાં આવેલ **लुक्** નો પ્રતિષેધ કર્યો છે.પરિણામે જેને અન્તે હ્રસ્વ अ-કાર આવતો હોય તેવા અવ્યયીભાવવસમાસની પછી **सुप्** નો **लुक्** નહીં થાય.આ ઉપરથી સૂચવાય છે કે અવ્યયીભાવને અવ્યય સંજ્ઞા ન કરવામાં આવે તો પણ **लुक्** થાય છે. (ના.) કહે છે કે આ સૂત્રધ્દારા **सुप्** ના **लुक्** નો નિષેધ કરવામાં આવ્યો છે તે અનન્તર રહેલા **अव्ययादाप्**० એ સૂત્રધ્દારા થતા **लुक्** નો છે નહીં કે **सुपो धातुप्रातिपदिकयोः**। પ્રમાણે થતા **लुक्** નો..

[234] उपपयःकारः,उपपयःकामः માં વિસર્ગનો **स्** (उपचार) થાય તે માટે પણ અવ્યયીભાવ સમાસને અવ્યય સંજ્ઞા કરવાની જરૂર નથી, કારણ કે अतः **कृकमि**० સૂત્રમાં **नित्यं समासेऽनुत्तरपदस्थस्य**। એ પૂર્વ સૂત્રમાંથી **अनुत्तरपदस्थस्य** ની અનુવૃત્તિ થાય છે અને **उपपयः** માં पयः એ ઉત્તરપદ છે તેથી (જેમ **परमसर्पिः कुण्डिका** માં ઉત્તરપદના વિસર્ગનો **स्** નથી થતો તેમ) અહીં પણ અવ્યયીભાવ સમાસને અવ્યય સંજ્ઞા ન કરવામાં આવે તો પણ ઉત્તરપદના **स्** નો વિસર્ગ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तत्र मुखस्वर एकः प्रयोजयति न चैकं प्रयोजनं योगारम्भं प्रयोजयति। यद्येतावत्प्रयोजनं स्यात् तत्रैवायं ब्रूयान्नाव्ययादव्ययीभावाच्चेति ॥**

**शि सर्वनामस्थानम् ।१।१।४२॥**

**सुडनपुंसकस्य ।१।१।४३॥**

તે (સ્થિતિ)માં **मुखस्वर** એ માત્ર એક પ્રયોજન છે[235] અને એક પ્રયોજનને ખાતર (આખા) સૂત્રનો પ્રારંભ (સૂત્રકાર) ન કરે, કારણકે જો એટલું જ પ્રયોજન હોત તો તે (**अनाव्ययदिक्०** સૂત્ર) માં જ '**नाव्ययादव्ययीभावाच्च ।**'[236] એમ કહેત.

(**जस् शस्** નો જે) **शि** (આદેશ ધાય છે તે) ની સર્વનામસ્થાન સંજ્ઞા થાય છે ॥ **૧।૧।૪૨** ॥

નપુંસક લિંગ શબ્દ સિવાયનાની પછી આવતા **सुट्** પ્રત્યયોની સર્વનામસ્થાન સંજ્ઞા થાય છે ॥૧।૧।૪૩॥

**सर्वनामस्थानं सुडनपुंसकस्येति चेज्जसि प्रतिषेधः ॥१॥**

---

[235] સૂત્રના સમર્થનમાં **लुक्**,**मुखस्वर** અને **उपचार** એ ત્રણ પ્રયોજન બતાવ્યાં તેમાંથી પ્રથમ બે અવ્યયીભાવને અવ્યય સંજ્ઞા ન થાય તો પણ સિદ્ધ થાય છે તેમ બતાવ્યું. આમ માત્ર **मुखस्वर** એ જ પ્રયોજન બાકી રહે છે તેથી કહે છે કે એક જ હેતુ માટે એક સામાન્ય સૂત્ર કરવું તે બરોબર નથી. **मुद्रादण्।** જેવાં વિશેષ કારણસર કરેલાં સૂત્ર હોય છે પણ એક માત્ર પ્રયોજન ખાતર સામાન્ય લક્ષણનું વિધાન ન કરવું જોઇએ.જો **मुखस्वर** એ જ પ્રયોજન હોત તો સૂત્રકારે **नाव्ययदिक्शब्द०** એ સૂત્રમાં જ **अव्ययीभाव** એટલું ઉમેરી દેત અને ભિન્ન સૂત્ર ન કરત. પણ સૂત્રકારે તે પ્રમાણે વિશેષ વિધાન કર્યું નથી તેથી અવ્યયીભાવમાં **मुखस्वर** એટલે કે ઉત્તરપદ અન્તોદાત્ત થશેએમ કેટલાક કહે છે. નાગેશ કહે છે કે સૂત્રકારે તે સૂત્રમાં અવ્યયીભાવ વિશે કહેવું જોઇએ પરંતુ ભિન્ન- સ્વતંત્ર-સૂત્ર ન કરવું જોઇએ એમ સિદ્ધાન્તીનો મત છે. (કૈ.) બીજો એક મત આપે છે તે પ્રમાણે અવ્યયીભાવ એ **अनव्ययमव्ययं भवति इति अव्ययीभावः (भवतेर्ण उपसङ्ख्यानम्।** પ્રમાણે **ण** પ્રત્યય લાગીને) અન્વર્થ સંજ્ઞા થઇ છે, એટલે કે **च्वि** પ્રત્યયને કારણે જે અવ્યય નથી તેના ઉપર અવ્યયત્વનો આરોપ થયો છે તેથી તેમાં અનવ્યયત્વની પણ પ્રતીતિ થાય છે.એ કારણે અવ્યયીભાવને લક્ષ્ય પ્રમાણે અવ્યયને લગતાં કેટલાંક કાર્ય થાય છે અને કેટલાંક નથી થતાં (ઉ).(કૈ.)અન્ય એક મત આપે છે- **स्वरादि** ગણમાંઅવ્યયીભાવનો પાઠ કર્યો છે તેથી અવ્યય સંજ્ઞા સિદ્ધ થઇ જ છે તેમ છતાં **अव्ययीभावश्च ।** એ સૂત્રદ્વારા ફરી સંજ્ઞા કરીને અવ્યયીભાવને થતી અવ્યય સંજ્ઞા અનિત્યછે એમ સૂચવ્યું છે અને તેમ થવાથી અવ્યયને લગતાં કેટલાંક કાર્યો સિદ્ધ થાય છે તેથી પરિગણન કરવાની જરૂર નથી.(કૈ.) આ મતનો સ્વીકાર નથી કરતા.ભર્તૃ.ને ઉદ્ધરતાં (ના.) એક વધુ મત નોંધે છે. **मुखस्वर** ને લગતા **मुखं स्वाङ्गम्।** એ સૂત્રમાં **नाव्ययीभा- वात्** એમ સૂત્રકારે કહ્યું નથી અને આ સૂત્ર કર્યું છે એ પણ આ (**अव्ययीभावश्च ।** એ) સૂત્રનું અન્ય પ્રયોજન છે. જેમ કે **नद्याः उपकुलम्** જેવાં સ્થળે**पूरणगुणसुहितार्थसदव्ययतव्यसमानाधिकरणेन।** એ સૂત્ર દ્વારા અવ્યય સાથે ષષ્ઠી સમાસનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે તે અવ્યયીભાવને પણ લાગુ પડી શકે . પરંતુ ભાષ્યકારે પહેલાં **अपि खल्वप्याहुः।** એમ કહીને અવ્યયીભાવને અવ્યયને લગતાં જે કાર્ય થતાં હોય તેનો પ્રતિષેધ કરવા વિશે કહ્યું છે તેની સાથે સુસંગત નથી એમ કહીને (ના.) એ દલીલનો અસ્વીકાર કરે છે.

[236] આ દ્વારા એટલું જ સૂચવવા માગે છે કે સૂત્રમાં જેમ **अव्यय** શબ્દનું ગ્રહણ કર્યું છે તેમ **अव्ययीभाव** શબ્દ પણ સૂત્રકાર મૂકત અને **नाव्ययाव्ययीभावदिक्शब्दगोमहत्स्थूलमुष्टिपृथुवत्सेभ्यः।** એ પ્રમાણે સૂત્ર કરત.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

शि सर्वनामस्थानं सुडनपुंसकस्येति चेज्जसि प्रतिषेधः ॥१॥

शि सर्वनामस्थानं सुडनपुंसकस्येति चेज्जसि शेः प्रतिषेधः प्राप्नोति। कुण्डानि तिष्ठन्ति। वनानि तिष्ठन्ति॥ असमर्थसमास -श्चायं द्रष्टव्योऽनपुंसकस्येति। न हि नञो नपुंसकेन सामर्थ्यम्। केन तर्हि। भवतिना। न भवति नपुंसकस्येति॥

शि ને સર્વનામસ્થાન સંજ્ઞા થાય છે, सुट् ને[237] નપુંસક સિવાયનાં[238] લિંગમાં સર્વનામસ્થાન સંજ્ઞા થાય છે,એમ કહેવામાં આવે

તો जस्‌ने સ્થાને નપુંસકમાં થતા शि આદેશને સર્વનામસ્થાન સંજ્ઞાનો પ્રતિષેધ થશે ॥૧॥

शि ને સર્વનામસ્થાન સંજ્ઞા થાય છે ત્યાં જ सुट् પ્રત્યયોને સર્વનામસંજ્ઞા થાય તો નપુંસક લિંગમાં कुण्डानि तिष्ठन्ति। वनानि तिष्ठन्ति।(જેવામાં) [239] जस् સ્થાને થતા शि આદેશને સર્વનામસ્થાન સંજ્ઞાનો પ્રતિષેધ થશે. આ अनपुंसकस्य એ[240] પરસ્પર અન્વયરહિત પદોનો (असमर्थ) સમાસ જણાય છે, કારણ કે તેમાંના (પૂર્વપદ) नञ् (નાઅર્થ) નો नपुंसक (ના અર્થ) સાથે અન્વય શક્ય નથી.તો પછી કોની સાથે છે ? भवति સાથે, એટલે કે નપુંસકને (સંજ્ઞા) થતી નથી.

---

[237] सुट् એ પ્રત્યાહાર છે અને सु औ जस् अम् औट् એ પાંચ વિભક્તિ પ્રત્યયોને સૂચવે છે,એટલે કે सुट् પ્રત્યાહારમાં તૃતીયાના टा નો ट-કાર નથી.

[238] अनपुंसकस्य એ नञ् સમાસને પ્રસજ્યપ્રતિષેધના અર્થમાં લેવો કે પર્યુદાસના એ અહીં વિચારવાનું છે. વાસ્તવમાં અહીં नञ् ઉત્તરપદ સાથે આવેલ છે એટલે કે તે પૂર્વપદ છે તેથી पर्युदासः सविज्ञेयः यत्रोत्तरपदेन नञ्। પ્રમાણે પર્યુદાસ જ છે. જો ક્રિયાપદ સાથે नञ् જતો હોય તો प्रसज्यप्रतिषेधोऽसौ क्रियया सह यत्र नञ्। પ્રમાણે પ્રસજ્યપ્રતિષેધ થાય.અહીં अनपुंसकस्य માં પ્રસજ્યપ્રતિષેધ લઇએ તો नपुंसके न भवति। એમ અર્થ થશે.તેથી નપુંસકમાં સર્વનામ સંજ્ઞાનો પ્રતિષેધ થશે.

[239] 'सुट् ને સર્વનામસ્થાન સંજ્ઞા થશે પણ નપુંસકલિંગમાં નહીં થાય' એમ પ્રસજ્યપ્રતિષેધ લેતાં તેમાં પ્રતિષેધ પ્રધાન હોવાથી જે કોઇ સ્થળે सुट् ને સર્વનામસ્થાન સંજ્ઞા થતી હોય ત્યાં નપુંસકલિંગમાં પ્રતિષેધ થશે.તેથી कुण्ड जस् જેવામાં નપુંસકલિંગ અંગ પછી जस् અને शस् નો जश्शसोः शि। પ્રમાણે शि થાય છે, પરંતુ सुडनपुंसकस्य। પ્રમાણે सुट् ને નપુંસકલિંગમાં સર્વનામસ્થાન સંજ્ઞા ન થાય તો शि ને પણ સંજ્ઞા નહીં થાય તેમ થતાં कुण्ड शि એ સ્થિતિમાં પૂર્વસૂત્ર शि सर्वनामस्थानम्। થી પણ સર્વનામસ્થાન સંજ્ઞા ન થતાં એ સંજ્ઞાને કારણે થતાં કાર્યો નહીં થાય પરિણામે नपुंसकस्य झलचः। પ્રમાણે अजन्त નપુંસક લિંગ પછી સર્વનામસ્થાન આવતાં થતો नुम् આગમ તથા सर्वनामस्थाने चासम्बुद्धौ। પ્રમાણે ઉપધાનો દીર્ઘ નહીં થાય. પરિણામે ઇષ્ટ રૂપ સિ દ્ધ નહીં થઇ શકે.આમ થવાથી સર્વનામસ્થાન સંજ્ઞાને માત્ર शस् વિશે અવકાશ રહેશે.આ રીતે शि ને વિશે સંજ્ઞાનો પ્રતિષેધ થશે એ પ્રથમ દોષ છે. અહીં कुण्डानि એટલું જ ન કહેતાં कुण्डानि तिष्ठन्ति। વગેરે કહીને સૂચવ્યું છે કે कुण्डानि વગેરે પ્રથમા બહુવચન છે, અર્થાત્ जसन्त છે शसन्त નથી.

[240] अनपुंसकस्य એ સમાસનો नपुंसकस्य न भवति। એમ પ્રસજ્યપ્રતિષેધદર્શક અર્થ કરવામાં આવે તો તે અસમર્થ સમાસ થશે. समर्थः पदविधिः। પ્રમાણે સમર્થ પદોનો સમાસ થાય છે, એટલે કે પરસ્પર સંબદ્ધ હોય-જેમની વચ્ચે વ્યપેક્ષા રૂપી કે એકાર્થીભાવ રૂપી સામર્થ્ય હોય તે પદો સમર્થ કહેવાય. જેમ કે राज्ञः पुरुषः એ વાક્યમાં રાજા (આ માણસ મારો છે એમ) પુરુષની અપેક્ષા રાખે છે અને પુરુષ (હું રાજાનો છું એમ) અપેક્ષા રાખે છે તેથી તે પદો સમર્થ છે અને તેમનો राजपुरुषः એમ સમાસ થઇ શકે.પરંતુ पश्य देवदत्त कष्टम् श्रितो विष्णुमित्रो गुरुकुलम्। એ વાક્યમાં कष्टम् ને पश्य સાથે સંબંધ છે श्रित શબ્દ સાથે નથી, અર્થાત્ कष्ट નું श्रित સાથે વ્યપેક્ષા રૂપ સામર્થ્ય નથી તેથી અહીં द्वितीयाश्रितातीत० પ્રમાણે સમાસ નહીં થઇ શકે. એ રીતે नपुंसकस्य न भवति એ અર્થ કરતાં नपुंसक શબ્દનો नञ् સાથે સંબંધ ન થતાં भवति સાથે થશે. આમ વ્યપેક્ષા ન હોવાથી नञ् અને नपुंसक એ બે શબ્દોનો બનેલો अनपुंसकस्य એ સમાસ અસમર્થ છે એમ કહ્યું છે અને એ રીતે બીજો દોષ બતાવ્યો છે. મૂળમાં असमर्थसमासश्च। એમ કહ્યું છે તેથી (ના.) કહે છે કે અહીં च-કાર મૂકીને વાક્યભેદ નામના બીજા એક દોષને આવરી લીધો છે. सुडनपुंसकस्य। એ સૂત્રને બે વાક્યોમાં વહેચવાં પડશે. सुट् सर्वनामस्थानो भवति। એ એક વાક્ય અને नपुंसकस्य च न भवति। એ બીજું વાક્ય. આમ કરવાનું કારણ એટલું જ કે પરસ્પર વિરુદ્ધ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यत्तावदुच्यते शि सर्वनामस्थानं सुडनपुंसकस्येति चेज्जसि शेः प्रतिषेध इति। नाप्रतिषेधात्॥ नायं प्रसज्यप्रतिषेधो नपुंसकस्य नेति। किं तर्हि। पर्युदासोऽयं यदन्यन्नपुंसकादिति। नपुंसकेऽव्यापारः। यदि केनचित्प्राप्नोति तेन भविष्यति। पूर्वेण च प्राप्नोति॥ अप्राप्तेर्वा॥ अथवानन्तरा या

વળી જે કહ્યું કે **शि** ને સર્વનામસ્થાન સંજ્ઞા થાય છે, નપુંસક સિવાયના **सुट्** પ્રત્યયોને સર્વનામસ્થાન સંજ્ઞા થાય છે, તેથી **जस्** ને સ્થાને થતા **शि** આદેશને સર્વનામસ્થાન સંજ્ઞાનો નિષેધ થાય છે,[241] (તેમ નથી ),કારણ કે આ પ્રતિષેધ નથી. આ **अनपुंसकस्य** એ 'નપુંસક (શબ્દો પછી આવતા **सुट्**) ને સંજ્ઞા નથી થતી' એ અર્થનો પ્રસજ્યપ્રતિષેધ નથી.[242] તો પછી શું છે ? આ તો 'નપુંસક સિવાયના' એ અર્થનો પર્યુદાસ છે. તેથી નપુંસકમાં (આ સૂત્ર)[243] લાગુ પડતું નથી,પરંતુ જો કોઇ (સૂત્ર) વ્દારા (નપુંસકમાં પણ સર્વનામસ્થાન સંજ્ઞા) પ્રાપ્ત થતી હોય તો તે થશે અને (**शि सर्वनामस्थानम्**।એ) પૂર્વ સૂત્રથી (**शि**ને સંજ્ઞા) પ્રાપ્ત થાય છે. (સંજ્ઞાને પ્રતિષેધ) લાગુ પડતો નથી તેથી[244] (**शि** ને સંજ્ઞા થશે). અથવા જે અનન્તર એટલે કે

---

વસ્તુઓનું એક વાક્યવ્દારા વિધાન કરવું શક્ય નથી અને તેમ થવાથી પ્રતિષેધને લગતું કથન અસંબદ્ધ થતાં **शि सर्वनामस्थानम्**। એ પૂર્વ સૂત્ર વ્દારા થતી સંજ્ઞાની પ્રાપ્તિનો પણ પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે.

241 ઉપરની નોંધ (૨૩૯) માં તેની ચર્ચા છે. આ સંદર્ભમાં કૈયટ કહે છે કે **सुट् स्त्रीपुंसयोः**। એ પ્રમાણે સૂત્રની યોજના કરવામાં આવે તો દોષ ન આવે.

242 **अनपुंसकस्य** એ પ્રસજ્ય પ્રતિષેધ નથી , પરંતુ પર્યુદાસ છે. તેથી સૂત્રનો અર્થ આ રીતે થશેઃ નપુંસક સિવાયનાં **सुट्** પ્રત્યાહારમાં આવતાં પાંચ વચનોની સર્વનામસ્થાન સંજ્ઞા કરવામાં આવે છે. ઉપર જોયું તેમ પ્રસજ્યપ્રતિષેધમાં પ્રતિષેધ પ્રધાન હોય છે , જ્યારે પર્યુદાસ વિધિ પ્રધાન છે. પર્યુદાસ લેવાથી સમર્થ સમાસ થશે, કારણ કે અહીં **नञ्** નો નપુંસક સાથે સંબંધ થશે અને વાક્યભેદ કરવો નહીં પડે, પરંતુ એકવાક્યતા થશે, કારણ કે **नपुंकादन्यत्र सुट् सर्वनामसंज्ञं भवति**। એમ અર્થ થશે. તેમાં નપુંસકને અનુલક્ષીને વિધિ પણ નથી અને પ્રતિષેધ પણ નથી. ટૂંકમાં આ સૂત્ર નપુંસકને વિશે પ્રવૃત્ત થતું જ નથી અને એમ છે તેથી **जस्** નો જે **शि** આદેશ થશે તેને **शि सर्वनामस्थानम्**। એ પૂર્વ સૂત્રથી સર્વનામસ્થાન સંજ્ઞા થશે, કારણ કે પર્યુદાસ લેતાં કોઇ પ્રતિષેધ થતો નથી. કેટલાક માને છે કે પર્યુદાસ લેતાં પણ એક દોષ તો આવશે, કારણ કે **अनपुंसकस्य** એ સમાસને તેના મુખ્યાર્થમાં ન લેતાં લક્ષણા લેવી પડશે, એટલે કે નપુંસકનો જ્યાં અભાવ છે તે સ્ત્રીલિંગ અને પુંલિંગ એમ અર્થ કરવો પડશે છતાં એ એક દોષયુક્ત હોવાથી પ્રતિષેધ કરતાં વધુ ગ્રાહ્ય છે. ઉપર જોયું તેમ પ્રસજ્યપ્રતિષેધમાં અસમર્થસમાસ દોષ અને વાક્યભેદ એ બે દોષ આવે છે .પર્યુદાસમાં લક્ષણા એ દોષ કહ્યો તે પદ દોષ છે જ્યારે વાક્યભેદ એ વાક્ય દોષ છે તેથી તે વધુ ગંભીર છે. આથી પર્યુદાસ લેવો ઇષ્ટ છે. (ના.) માને છે કે લક્ષણા રૂપી દોષ થશે એમ કહેવું તે વજૂદ વિનાની વાત છે, કારણ કે **अनपुंसकस्य** એ સમાસમાં પૂર્વપદ **नञ्** એ નિપાત છે તેથી અનેકાર્થી છે (**तत्सादृश्यमभावश्च तदन्यत्वं तदल्पता। अप्राशस्त्यं विरोधश्च नञर्थाः षट्प्रकीर्तिताः**॥) અહીં **नञ्** નો અર્થ **तदन्यत्वम्** (તેના સિવાયનો) લેવાથી અને તે તેનો મુખ્યાર્થ હોવાથી લક્ષણા લેવી નહીં પડે. આમ પર્યુદાસ એ દોષરહિત લઘુ ઉપાય છે.

243 એટલે કે નપુંસકમાં આ સૂત્ર વ્દારા નિષેધ થતો નથી. તેથી જ આગળ કહે છે કે જો કોઇ એક સૂત્રથી (એટલે કે **शि सर्वनामस्थानम्**। થી) સંજ્ઞા પ્રાપ્ત થતી હોય તો તે થશે.અહીં ભાષ્યમાં પૂર્વે **नाप्रतिषेधात्**॥ છે તે નિ.સા., ચૌખં. વગેરેમાં વાર્તિક તરીકે આપેલ છે .(છા.) પણ તેને વાર્તિક ગણે છે (જુઓ : **नाप्रतिषेधादिति वार्तिकं न प्रतिषेधनिषेधकम्**।). કિ. વગેરેમાં તેને વાર્તિક તરીકે લેવામાં આવ્યું નથી.

244 **अप्राप्तेर्वा**। ને પણ ઉપર કહ્યા પ્રમાણે વાર્તિક તરીકે આપેલ છે પરંતુ કિ. વગેરેમાં તેમ નથી .નિષેધની પ્રાપ્તિ થતી નથી (**अप्राप्तेः**।) **अनन्तरस्य विधिर्वा प्रतिषेधो वा**। એ પરિભાષા પ્રમાણે કોઇ સૂત્રમાં વિધિ કે પ્રતિષેધ કરવામાં આવ્યો હોય તો તે તેની અવ્યવહિત રીતે પૂર્વે હોય તેને લાગુ પડે છે. એ ન્યાયે **अनपुंसकस्य** એ પ્રતિષેધ તેની અનન્તર રહેલ **सुट्** ને લાગુ પડશે. તેથી નપુંસકમાં **सुट्** પ્રત્યયોને સર્વનામસ્થાન સંજ્ઞાનો નિષેધ લાગુ પડશે,પરંતુ **शि सर्वनामस्थानम्**। એ સૂત્રને નહીં લાગુ પડે. તેથી આગળ ઉપર જે દોષ દર્શાવ્યો હતો તે નહીં આવે.આમ **अनपुंसकस्य** ને **नपुंसकस्य न भवति**। એ અર્થનો પ્રસજ્યપ્રતિષેધ લેવામાં આવે તો પણ કોઇ દોષ આવતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्राप्तिः सा प्रतिषिध्यते। कुत एतत्। अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वेति। पूर्वा प्राप्तिरप्रतिषिद्धा तया भविष्यति।
ननु चेयं प्राप्तिः पूर्वां प्राप्तिं बाधते। नोत्सहते प्रतिषिद्धा सती बाधितुम्॥ यदप्युच्यतेऽसमर्थसमासश्चायं द्रष्टव्य इति यद्यपि वक्तव्योऽथवैतर्हि बहूनि प्रयोजनानि। कानि। असूर्यंपश्यानि मुखानि। अपुनर्गेयाः श्लोकाः। अश्राद्धभोजी ब्राह्मण इति॥

અત્યન્ત નિકટ પ્રાપ્ત થાય છે તેનો (અર્થાત્ सुद्‌ને થતી સર્વનામસ્થાન સંજ્ઞાનો નપુંસકમાં) નિષેધ કરવામાં આવે છે. તે શા ઉપરથી ? કારણ કે વિધિ કે નિષેધ જે અત્યન્ત નિકટ હોય તેનો જ થતો હોવાથી પૂર્વ સૂત્રદ્વારા જે (સંજ્ઞા) કરી છે તેનો નિષેધ થતો નથી એટલે તે (સૂત્ર) થી (शि ને સર્વનામસ્થાનસંજ્ઞા) થશેઅરે પણ(અમે કહ્યું કે ) આ (સૂત્રદ્વારા) પ્રાપ્ત થતી (સંજ્ઞા)[245] પૂર્વ (સૂત્રદ્વારા) પ્રાપ્ત થતી (સંજ્ઞા) નો બાધ કરે છે. તે (સંજ્ઞા) નો પોતાનો (अनपुंसकस्य અંશ દ્વારા) પ્રતિષેધ થયા પછી (પૂર્વ સંજ્ઞા) નો બાધ[246] કરી શકતી નથી.

વળી જે કહ્યું કે આ (अनपुंसकस्य અંશ) અસમર્થ સમાસ (તે બાબતમાં કહેવાનું કે )એ (પ્રકારનો સમાસ થાય છે) કહેવું જોઇએ તેમ છતાં તેનાં ઘણાં પ્રયોજનો છે.[247] ક્યાં ? असूर्यंपश्यानि मुखानि ,[248] अपुनर्गेयाःश्लोकाः, अश्राद्धभोजी ब्राह्मणः માં.

---

(કૈ.) કહે છે કે सुडनपुं० થી થતી સંજ્ઞાની પ્રાપ્તિનો નિષેધ કરવામાં આવ્યો છે, शि सर्वनाम० થી થતી સંજ્ઞાની પ્રાપ્તિનો નહીં. આમ ન થાય તો એ સ[illegible]વકાશ થશે એમ જે કૈયટે કહ્યું છે તે ચિન્ત્ય છે એમ નાગેશ કહે છે, કારણ કે शस्‌નો જે शि થાય છે ત્યાં સંજ્ઞા અવશ્ય લાગુ પડશ. તેથી તેને અવકાશ છે જ.

[245] सुडनपुंसकस्य। અંશ પર સૂત્ર છે અને शि सर्वनाम० પૂર્વ સૂત્ર છે તેથી ત દ્વારા જે સર્વનામસ્થાન સંજ્ઞા થાય છે તેનો सुट् એટલા ભાગથી થએલ સંજ્ઞા બાધ કરશે અને सुट् થી થએલ સંજ્ઞાનો अनपुंसकस्य એ પ્રતિષેધ કરશે એમ અહીં દલીલ છે, તેથી कुण्डानि જેવાં રૂપો સિદ્ધ ન થઇ શકે.અહીં શંકા થઇ શકે કે પૂર્વ અને પર બન્ને સૂત્રો સર્વનામસ્થાન સંજ્ઞા વિશેનાં છે ,એટલે કે તેમનાં કાર્ય એક જ છે પછી તેમની વચ્ચે વિરોધ ન હોઇ શકે તેથી પર સંજ્ઞા બાધ કેવી રીતે કરે ? તેના ઉત્તર રૂપે કૈયટ કહે છે કે પૂર્વ સૂત્રમાં પ્રતિષેધ નથી પણ પર સૂત્રમાં છે તેથી બન્નેમાં વિરોધ સહેલો છે .એથી પર સંજ્ઞા સૂત્ર सुट्० પૂર્વ સૂત્રથી થતી સંજ્ઞાનો બાધ કરે. પછી પૂર્વ સૂત્ર દ્વારા થતી સંજ્ઞા सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेव। એ ન્યાયે ફરીથી અમલી ન થઇ શકે, એટલે કે તેનો બાધ જ થાય.

[246] सुट् એ સૂત્રાંશ દ્વારા થએલી સંજ્ઞાનો अनपुंस० એ સૂત્રાંશ દ્વારા પ્રતિષેધ થાય છે તેથી પોતે જ લાગુ પડતી ન હોય ત્યાં અન્યનો બાધ કેવી રીતે કરે ? આમ હોવાથી અહીં सकृद्गति ન્યાય લાગુ નહીં પડે અને सुट् પોતાના અપવાદનો જે પ્રદેશ છે તેને બાકાત રાખીને જ લાગુ પડશે, એટલે કે शि सर्वनामस्थानम्। માં લાગુ નહીં પડે. તેથી નપુંસકમાં जस्‌ નેસ્થાને થએલા शि આદેશને સર્વનામસ્થાન સંજ્ઞા થશે.

[247] यद्यपि वक्तव्यो - - बहूनि प्रयोजनानि।નો અર્થ બા.શા. આ રીતે કરે છે : 'અસમર્થ પદોનો नञ् સમાસ થાય છે એમ અપૂર્વ વિધાન કરવું જોઇએ (આથી અસમર્થસમાસનું વિધાન કરવા રૂપી દોષ આવે છે) છતાં અસમર્થ नञ् સમાસનાં બહુ ઉદાહરણો છે' યુ.મી.' यद्यपि (असमर्थसमास ) कहना पढता है तथापि इसके बहुत प्रयोजन है।' એમ અર્થ કરે છે.अथवैतर्हि ને इदानीमित्यर्थः અર્થાત્ હવે (કૈ.) (ના.) કહે છે तथापि એમ અર્થ કરવો ઉચિત છે, કારણ કે ભાષ્યકારે यद्यपि वक्तव्यः। એમ કહીને શરૂઆત કરી છે.(કૈ.) કહે છે કે सुट् स्त्रीपुंसयोः। એમ સૂત્ર ન્યાસ કરવો જોઇતો હતો, કારણ કે તેમ કરવાથી માત્રા વધવા છતાં વિધાનમાં સ્પષ્ટતા આવે,તેમ છતાં सुडनपुंसकस्य। એમ સૂત્ર કર્યુ છે તેથી જ્ઞાપન થાય છે કે પ્રસજ્યપ્રતિષેધમાં પણ नञ् સમાસ હોય છે. અહીં માત્રા વધવાની વાત કરી તે સંદર્ભમાં पुंस्त्रियोः એમ કહ્યું હોય તો ? એવી શંકા કલ્પીને નાગેશ કહે છે કે એ પ્રમાણે કહેવું અશક્ય છે, કારણ કે તેવો સમાસ અસાધુ થશે.

[248] असूर्यंपश्यानि मुखानि - असूर्यललाटयोः दृशितपोः। પ્રમાણે આ સમાસ થયો છે. આમાં असूर्यम् એ અસમર્થ સમાસ છે, કારણ કે सूर्यं न पश्यन्ति એમ અર્થ છે અને તેમાં પ્રતિષેધ સૂર્યનો નથી પણ દર્શનનો છે. આમ नञ् નો સંબંધ दृश् ધાતુ સાથે છે. જો સૂર્યનો પ્રતિષેધ કરવામાં આવ્યો હોય , એટલે કે સૂર્યના અભાવનું માત્ર દર્શન અથવા તો સૂર્ય સિવાયના ચંદ્ર વગેરેનું દર્શન એમ કહેવાનો હેતુ હોત તો खश् ન થાય, કારણ કે ઇષ્ટ અર્થનું અભિધાન થતું નથી.સામર્થ્ય ન હોવા છતાં આ સમાસ થયો છે , કારણ કે અર્થ સમજાય છે અથવા સૂત્રકારે આ પ્રમાણે કહ્યું છે તેથી. એ જ રીતે अपुनर्गेया श्लोकाः અને अश्राद्धभोजी ब्राह्मणः એ ઉદાહરણોમાં પણ અસમર્થ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न वेति विभाषा ।१।१।४४॥

न वेति विभाषायामर्थसंज्ञाकरणम् ॥१॥

न અને વા ની વિભાષા સંજ્ઞા છે ॥૧।૧।૪૪॥

न वेति विभाषा। (એ સૂત્ર)માં[249] (न અને वा ના) અર્થની સંજ્ઞા[250] કરવામાં આવે છે એમ કહેવું જોઇએ ॥૧॥

न वेति विभाषायामर्थस्य संज्ञा कर्तव्या। नवाशद्बस्य योऽर्थस्तस्य संज्ञा भवतीति वक्तव्यम्। किं प्रयोजनम्।

शद्बसंज्ञायां हि सत्यामर्थस्यासंप्रत्ययः स्याद्यथान्यत्र ॥२॥

शद्बसंज्ञायां हि सत्यामर्थसंप्रत्यः स्यात्। अन्यत्रापि शद्बसंज्ञायां शद्बस्य संप्रत्ययो भवति नार्थस्य। क्वान्यत्र॥ दाधा घ्वदाप्।

---

સમાસ છે. પ્રથમમાં नञ् ને गेय સાથે એટલે કે गै ધાતુ સાથે સંબંધ છે, જ્યારે બીજામાં नञ् ને भोजी એટલે કે भुज् ધાતુ સાથે સંબંધ છે.

[249] અહીં શંકા છે કે વાર્તિકકારે नवेतिविभाषायाम् એમ જે પ્રયોગ કર્યો છે તે ઉચિત નથી, કારણ કે नवेति विभाषा। એ સમાસ નથી પરંતુ શબ્દ સમુદાય છે તેથી તેને પ્રાતિપદિક સંજ્ઞા ન થઇ શકે. કૈયટ આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે વાર્તિકમાં नवेति વગેરે શબ્દ સમુદાય મૂળ સૂત્રનું અનુકરણ છે અને અનુકરણનો અર્થ તો જેનું અનુકરણ કરવામાં આવ્યું હોય તે (અનુકાર્ય) હોય છે તેથી તેને પ્રાતિપદિક સંજ્ઞા પ્રાપ્ત થશે અને વિભક્તિ પ્રત્યય પણ લાગશે. વળી શંકાકાર કહે છે કે नवेति એ સમુદાય प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य ग्रहणम्। એ પરિભાષા પ્રમાણે आवन्त નથી તેથી તેની પૂર્વે ङि ને याडापः। પ્રમાણે याट् આગમ નહીં થાય, કારણ કે आप् તો विभाषा ને થએલો છે.આ દલીલ ઠીક છે પરંતુ ष्यङः सम्प्रसारणम्। સૂત્રના ભાષ્યમાં કહ્યું છે स्त्रीप्रत्ययेऽनुपसर्गे न। આ પરિભાષાને લીધે સ્ત્રીપ્રત્યયાન્ત શબ્દ પ્રધાન (अनुपसर्जन) હોય ત્યારે तदादि નિયમ લાગુ પડતો નથી. પરિણામે नवेति વગેરે સમુદાય आबन्त ગણાશે, તેથી તેની પછી આવતા ङि ને याट् આગમ થશે અને વાર્તિકકારે કરેલ પ્રયોગ સાધુ થશે.(ના.) એક બીજી શંકા રજુ કરે છે કે नवेति० વગેરે અનુકરણ प्रकृतिवदनुकरणम्। એ ન્યાય પ્રમાણે आवन्त થાય, પરંતુ તે પ્રાતિપદિક કેવી રીતે થઇ શકે ? કારણ કે પ્રાતિપદિક પ્રત્યયાન્ત ન હોઇ શકે (अप्रत्ययः). તેનું સમાધાન કરતાં તે કહે છે કે प्रकृतिवदनुकरणम् એ પરિભાષા અનિત્ય છે તેથી नवेतिविभाषा એ અનુકરણભૂત પ્રત્યયાન્ત શબ્દસમુદાયના પ્રાતિપદિકત્વનો નિષેધ નહીં થાય.આ પ્રયોગનો વૈકલ્પિક ખુલાસો આપતાં કૈયટ કહે છે કે नवा इति उच्चार्य या विभाषा कृता तस्याम् इति व्याख्या। એટલે કે न वा એમ ઉચ્ચારીને જે વિભાષા કરી છે તેમાં એમ (नवेतिविभाषायाम्નું) વ્યાખ્યાન છે અને તેમ થતાં સમાસ ગણવામાં આવે તો (कृत्तद्धितसमासाश्च। પ્રમાણે) પ્રાતિપદિક થશે અને સમાસ ન ગણવામાં આવે તો પણ (असमासेऽपि) प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टग्रहणम्। એ પરિભાષા પ્રમાણે વિભક્તિ લાગશે.

[250] અહીં દલીલ આ પ્રમાણે છે : नवा એ એક શબ્દ છે અને તે પ્રતિષેધવાચી નિપાત છે. જેમ કે नवा वक्तव्यं मुक्तार्थत्वात्। અથવા તો नवोक्तार्थत्वात्। એમ ભાષ્યમાં કહ્યું છે તે નિપાતનું અહીં ગ્રહણ કરવાનું હોય તો विभाषा दिक्समासे बहुव्रीहौ। એમ સૂત્ર કરીને પછી જે न बहुव्रीहौ। એમ કહીને જે ફરીથી પ્રતિષેધ કર્યો છે તે નિરર્થક થશે.તેથી કૈયટ કહે છે કે नवा એ એક શબ્દ નથી પરંતુ न અને वा એ બે નિપાતોનો સમુદાય છે.

સૂત્રમાં नवेति એમ કહ્યું છે તેથી नव इति એ રીતે છેદ કલ્પીને કોઇ શંકા કરે કે नव એ नवन् એ સંખ્યાવાચીનું ગ્રહણ થશે તેથી પદમંજરીકારે કહ્યું છે કે સંખ્યાવાચી न-કારાન્તનું પણ અહીં ગ્રહણ કરવાનું નથી. તે જ રીતે પ્રત્યગ્ર (નવું) એ અર્થના સ્ત્રીલિંગી શબ્દ नवा નું પણ અહીં ગ્રહણ નથી કરવાનું. કારણ કે नवा એ શબ્દનો નામ સાથે પ્રયોગ કરવામાં આવે તો જેમ કે नवा शाटिका। नवा कुण्डिका। તો તેનો અર્થ નવી સાડી, નવી કુંડી એમ થાય અને विभाषा श्वेः। જેવા વિભાષાના પ્રદેશસૂત્રોમાં નવાપણું કે પુરાણાપણું અથવા સ્ત્રીલિંગ હોવું તે સંભવિત નથી. આમ नवा એ એક નિપાત સમુદાય છે. તેથી તે બાબતમાં સ્પષ્ટતા કરતાં કૈયટ કહે છે કે नवा એ નિપાતનો ક્રિયાપદ સાથે પ્રયોગ થતાં તેનો અર્થ પ્રતિષેધ (न) અને વિકલ્પ (वा) થશે.અને नवेति विभाषा। એ સંજ્ઞા સૂત્રમાં न वा એ સંજ્ઞી છે એટલે કે न वा એ અનુક્રમે પ્રતિષેધ અને વિકલ્પ સૂચવનાર શબ્દોની विभाषा સંજ્ઞા કરવામાં આવી છે એમ અર્થ છે. જો એમ ન હોય તો તો विभाषा श्वेः। જેવા વિભાષાના જે જે પ્રદેશો છે ત્યાં ત્યાં વિભાષાને સ્થાને नवा એ શબ્દો આદેશ થવાનો પ્રસંગ આવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तरप्तमपौ घः। इति घुग्रहणेषु घग्रहणेषु च शद्बस्य संप्रत्ययो भवति नार्थस्य॥ तत्तर्हि वक्तव्यम्॥ न वक्तव्यम्। इतिकरणोऽर्थनिर्देशार्थः ॥३॥**

**न वेति विभाषा।** (એ સૂત્ર) માં (**न** અને **वा** ના) અર્થની (**विभाषा** ) સંજ્ઞા કરવી જોઇએ, અર્થાત્ **न वा** એ શબ્દોના જે અર્થ છે તેની (**विभाषा** ) સંજ્ઞા કરવામાં આવે છે એમ કહેવું જોઇએ.શા માટે ?

જો શબ્દની સંજ્ઞા કરવામાં આવે તો જેમ બીજે થાય છે તેમ અર્થનો બોધ નહીં થાય[251] ॥૨॥

જો શબ્દની (**विभाषा** ) સંજ્ઞા થાય તો જેમ બીજે બને છે તેમ (અહીં પણ) અર્થનો બોધ નહીં થાય, કારણ કે બીજે પણ શબ્દ ની સંજ્ઞા (કરવામાં આવી) હોય ત્યારે શબ્દનો ખ્યાલ આવે છે અર્થનો નહીં.બીજે ક્યાં ? **दाधाघ्वदाप्। तरप्तमपौ घः।**(એ સૂત્રો માં). **घु** અને **घ** (સંજ્ઞાઓ) નું જે સૂત્રોમાં ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં[252] (**दा , धा** વગેરે અને **तरप् , तमप्** એ) શબ્દોનો જ બોધ થાય છે, તેમના અર્થનો નથી થતો.

તો (આ સૂત્રમાં **न वा** શબ્દના અર્થની **विभाषा** સંજ્ઞા કરવામાં આવે છે ) તે કહેવું પડશે ? નહીં કહેવું પડે.

(સૂત્રમાં) **इति** મૂકવામાં આવ્યો છે[253] તે અર્થના નિર્દેશ માટે છે ॥૩॥

---

[251] વ્યાકરણ શાસ્ત્રમાં સંજ્ઞા કરવામાં આવે ત્યારે જેની સંજ્ઞા કરવામાં આવી હોય તે શબ્દોનો જ ખ્યાલ આવે છે, અર્થનો નહીં , જેમ કે **दाधाघ्वदाप्।** એ સૂત્રથી **दा** અને **धा** વગેરેની **घु** સંજ્ઞા કરવામાં આવી છે.તે જ રીતે **तरप्तमपौ घः।** એ સૂત્રથી **तर** અને **तम** ની **घ** સંજ્ઞા કરવામાં આવી છે. હવે જ્યારે કાંઇ સૂત્રમાં **घु** નું ગ્રહણ કર્યું હોય (જેમ કે **घुमास्थागापाजहातिसां हलि।**) કે **घ** નું ગ્રહણ કર્યું હોય (જેમ કે **घरूपकल्पचेलड्०।**) ત્યારે અનુક્રમે **दा धा** વગેરે અને **तर तम** નો ખ્યાલ આવે છે, પરંતુ તે શબ્દોના અર્થનો બોધ થતોનથી .તેમ **नवेति०** સૂત્રમાં પણ **न वा** એ શબ્દોનો ખ્યાલ આવશે તેમના અર્થનો નહીં એમ અહીં દલીલ છે.

[252] ભાષ્યમાં **घुग्रहणेषु , घग्रहणेषु** એમ કહ્યું છે, એટલે જે જે સૂત્રમાં **घु** કે **घ** નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં ત્યાં.તે સૂત્રો **घु घ** સંજ્ઞાના પ્રદેશો કહેવાય તેથી (ના.) **घुप्रदेशेषु** એમ અર્થ કરે છે .

[253] **इतिकरणः** - જે કરવામાં આવે છે (**क्रियत इति** ) તે (**करणः**) (કર્મના અર્થમાં **ल्युट्** લાગ્યો છે) **इतिश्चासौ करणश्च इतिकरणः।** એ સમાસ થશે. અહીં **करणे ल्युट्** કરવામાં આવે તો અર્થ બંધ ન બેસે તેથી (કૈ.) પ્રમાણે **कर्मणि ल्युट्।** છે. **इतिकरणः क्रियते।** એ પ્રયોગ પુનરુક્તિ જેવો દેખાય છે તેથી તે કહે છે કે **इतिकरणः** માંનો **करणः (क्रियते इति** ) વિશેષ અર્થ દર્શાવે છે, કારણ કે તે **इति** સાથે જાય છે ), જ્યારે **क्रियते** એ ક્રિયાપદ સામાન્ય ક્રિયાવાચી છે. જેમ **पाकं पचति।** એ પ્રયોગમાં છે તેમ.અંગ્રેજીમાં આને cognate object કહે છે જેમ કે He sings a song.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इतिकरणः क्रियते सोऽर्थनिर्देशार्थो भविष्यति। किं गतमेतदितिनाहोस्विच्छद्वाधिक्यादर्थाधिक्यम्। गतमित्याह। कुतः। लोकतः। तद्यथा। लोके गौरित्ययमाहेति गोशद्वादितिकरणः परः प्रयुज्यमानो गोशद्वं स्वस्मात्पदार्थात् प्रच्यावयति। सोऽसौ स्वस्मात्पदार्थात्प्रच्युतो याऽसावर्थपदार्थकता तस्याः शद्वपदार्थकः संपद्यते। एवमिहापि नवाशद्वादितिकरणः परः प्रयुज्यमानो नवाशद्वं स्वस्मात्पदार्थात्प्रच्यावयति। सोऽसौ स्वस्मात्पदार्थात्प्रच्युतो यासावर्थपदार्थकता तस्याःऽ लौकिकमर्थं संप्रत्याययति। न वेति यद्गम्यते न वेति यत्प्रतीयत इति ॥

**समानशद्वप्रतिषेधः ॥४ ॥**

(સૂત્રમાં) જે **इति** શબ્દનો પ્રયોગ કર્યો છે તે (**नवा** શબ્દોના) અર્થનો નિર્દેશ કરનાર થશે.(એ અર્થ) **इति** વ્દારા જ સમજાય છે કે પછી વધારે શબ્દ મૂકવાથી વધારે અર્થ સમજાય છે ? તો કહે છે કે (**इति** ને કારણે જ એ અર્થ) સમજાય છે. શા ઉપરથી ? લોકવ્યવહાર ઉપરથી. તે આ રીતે :- લોક વ્યવહારમાં **गौः इति अयमाह** । (એ **गो** એમ બોલ્યો-- એ પ્રયોગમાં) **गो** શબ્દ પછી મૂકેલો **इति** ,**गो** શબ્દને તેના (વિશિષ્ટ પ્રાણી રૂપ) અર્થમાંથી પ્રચ્યુત કરે છે.[254] આમ પોતાના શબ્દાર્થમાંથી (અર્થાત્ વિશિષ્ટ પ્રાણીરૂપી અર્થ બતાવવાની તેની શક્તિમાંથી) પ્રચ્યુત થએલો તે (શબ્દ **गो** એ) શબ્દસ્વરૂપને દર્શાવનાર બને છે. તેમ અહીં પણ **नवा** એ શબ્દ પછી મૂકેલો **इति** શબ્દ **नवा** શબ્દને (**न् अ व् आ** એ) શબ્દસ્વરૂપ રૂપી તેના અર્થમાંથી પ્રચ્યુત કરે છે. આમ પોતાના પદાર્થમાંથી પ્રચ્યુત થએલો અર્થાત્ **न् व् आ** એ શબ્દસ્વરૂપ રૂપી અર્થને સૂચવવાની તેની શક્તિ માંથી (પ્રચ્યુત થએલો) તે (**नवा** શબ્દ) લૌકિક અર્થ એટલે કે શબ્દવ્દારા જે (નિષેધ-વિકલ્પ રૂપી) અર્થની પ્રતીતિ થાય છે તે (અર્થ) નો બોધ કરાવે છે.

સમાન શબ્દ (જેનો વાચક છે તેવા બીજા અર્થો )[255] નો પ્રતિષેધ કરવો પડશે ॥૪॥

---

[254] શબ્દને અર્થનો સંબંધ તો નિત્ય હોય છે તેથી જે તે શબ્દ પોતાનો અર્થ તજી દેતો નથી તેમ છતાં લોક પ્રસિદ્ધિને કારણે જ 'પોતાના અર્થનો ત્યાગ કરે છે ' એમ કહ્યું છે. અહીં **गौः इति** એમ જે શરૂઆતમાં કહ્યું છે તેમાં **गो** શબ્દ પોતાના **ग् ओ** એ શબ્દ સ્વરૂપના અર્થમાં જ , એટલે કે સાસ્નાદિમત્, ગળે ગોદડી યુક્ત પ્રાણીના અર્થમાં પ્રયોજ્યો છે પણ શબ્દસ્વરૂપ અને અર્થ એ બેના સાદૃશ્યને કારણે એ અર્થ સ્પષ્ટ નથી થતો તેને **इति** શબ્દ સ્પષ્ટ કરે છે અને તે કારણે **इति** શબ્દને પદના અર્થને ફેરવી નાંખનાર કહ્યો છે.આથી લોકમાં શબ્દના વિશેષ્યભૂત અર્થની પ્રતીતિ થાય છે. જ્યારે શાસ્ત્રમાં અર્થ જેનું વિશેષણ છે તેવા શબ્દની પ્રતીતિ થાય છે. બીજી રીતે કહીએ તો લોકવ્યવહારમાં **गो** શબ્દ ગાય એ અર્થનો બોધ કરાવે છે, જ્યારે તેની પછી **इति** મૂકવામાં આવે ત્યારે -- **गो इति** એમ કરતાં (**स्वं रूपं शब्दस्य०** એ ન્યાયે તે **गो** = **ग् ओ** એ શબ્દ સ્વરૂપ બતાવે છે. શાસ્ત્રમાં આથી વિપરીત છે. **न वा** એ શબ્દો પોતાના **न् अ** , **व् आ** એ શબ્દ સ્વરૂપને બતાવે છે પરંતુ તેમની પાછળ **इति** આવે તો તે પોતાના અર્થ એટલે કે અનુક્રમે નિષેધ અને વિકલ્પને દર્શાવે છે.અને નિષેધ તથા વિકલ્પ એ બે અર્થોની **विभाषा** સંજ્ઞા કરવામાં આવે છે , **न वा** એ બે શબ્દોની નહીં, એમ સમજવાનું છે.

[255] **समानशब्दानाम् -समानः शब्दो वाचको येषामर्थानां तेषामित्यर्थः** । (प्र०) સમાન શબ્દોનો પ્રતિષેધ કરવો જોઇએ એમ સમજીને કોઇ કહે કે **इति** મૂકવાથી અર્થ સમજાય છે પછી સમાન શબ્દોનો પ્રતિષેધ કરવાની ક્યાં જરૂર છે ? તે શંકાને લક્ષમાં રાખીને કૈયટે ઉપર પ્રમાણે સમજુતી આપી છે. સમાન શબ્દ જેનો વાચક છે તેવા શબ્દોનો (એટલે કે સમાનસ્વરૂપવાળા શબ્દોનો- homonyms જેવાનો) પ્રતિષેધ કરવો પડશે એટલે કે તેમને **विभाषा** સંજ્ઞા નહીં થાય તેમ કહેવું પડશે. જેથી **नवा कुण्डिका** જેવા પ્રયોગોમાં **नवा** એ શબ્દસ્વરૂપ સૂત્રમાંના **नवा** ની સમાન છે પરંતુ તેનો અર્થ (નવી) ભિન્ન છે, તેથી તે **नवा** શબ્દને **विभाषा** સંજ્ઞા ન થવી જોઇએ એમ અહીં વાર્તિકકારનો ભાવ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**समानशद्धानां प्रतिषेधो वक्तव्यः। नवा कुण्डिका। नवा घाटिकेति। किं च स्याद्यद्येतेषामपि विभाषासंज्ञा स्यात्। विभाषा दिक्समासे बहुव्रीहौ। दक्षिणपूर्वस्यां शालायाम्। अचिरकृतायां संप्रत्ययः स्यात्॥**

**न वा विधिपूर्वकत्वात्प्रतिषेधसंप्रत्ययो यथा लोके ॥५॥**

**न वैष दोषः। किं कारणम्। विधिपूर्वकत्वात्। विधाय किंचिन्न वेत्युच्यते। तेन प्रतिषेधवाचिनं संप्रत्ययो भवति। तद्यथा लोके। ग्रामो भवता गन्तव्यो न वा। नेति गम्यते॥ अस्ति कारणं येन लोके प्रतिषेधवाचिनः संप्रत्ययो भवति। किं कारण्। विलिङ्गं हि भवाँल्लोके निर्देशं करोति। अङ्ग हि समानलिङ्गो निर्देशः क्रियतां प्रत्यग्रवाचिनः संप्रत्ययो भविष्यति। यद्यथा। ग्रामो भवता गन्तव्यो नवः। प्रत्यग्र इति गम्यते॥ एतचैव न जानीमः**

(**नवा** એ) સમાન શબ્દ જેનો વાચક છે તેવા બીજા અર્થો (ને થતી વિભાષા સંજ્ઞા)નો પ્રતિષેધ કરવો પડશે.જેમ કે **नवा कुण्डिका। नवा घाटिका।** જો તેમની પણ વિભાષા સંજ્ઞા થાય તો શું થાય ? **दक्षिणपूर्वस्यां शालायाम्** એ ઉદાહરણમાં **विभाषा दिक्समासे०** એ[256] સૂત્ર અનુસાર થતા **दक्षिणपूर्वस्याम्** (એ સમાસ ) નો અર્થ 'તરતની બનાવેલી-નવી' એમ સમજાશે.

અથવા જરૂર નથી, કારણ કે જેમ વ્યવહારમાં બને છે તેમ પહેલાં વિધિ આવતો હોવાથી[257] પ્રતિષેધનો ખ્યાલ આવશે ॥૫॥

અથવા એ દોષ નહીં આવે. શા માટે ? કારણ કે પહેલાં વિધિ કરવામાં આવે છે. કોઇ (બાબત) નું વિધાન કરીને **नवा** એમ કહેવામાં આવે છે તેથી (વિભાષામાં) પ્રતિષેધવાચી (**नवा** શબ્દ)નો બોધ થાય છે.જેમ વ્યવહારમાં **ग्रामो भवता गन्तव्यो न वा।** (તમારે ગામ જવાનું છે કે નહીં ?) એમ કહેતાં **नवा** (કે નહીં)નો અર્થ નિષેધ છે એમ સમજાય છે.પણ વ્યવહારમાં (**नवा** એ) નિષેધવાચી શબ્દનો ખ્યાલ આવે છે તેનું કારણ છે. શું કારણ છે ? કારણ કે વ્યવહારમાં તો તમે ભિન્ન લિંગયુક્ત[258] (**नवा** નો) નો નિર્દેશ કરો છો.અરે પણ આપ સમાનલિંગવાળા (**नवा** શબ્દ) નો નિર્દેશ કરો તો 'નવું' એ અર્થ દર્શાવનાર (**नवा** શબ્દ)નો ખ્યાલ આવશે જેમ કે **ग्रामो भवता गन्तव्यो नवः।** અહીં 'નવું (ગામ)' એમ અર્થ સમજાય છે.અમે તો એ જ જાણતા નથી

---

[256] આ સૂત્રમાં **विभाषा** શબ્દનું ગ્રહણ છે. હવે જો સમાન શબ્દનો પ્રતિષેધ ન કર્યો હોય તો **विभाषा** શબ્દનો'(**अभिनव**) નવીન' એમ અર્થ થતાં, 'નવું એ અર્થ દર્શાવતો જે **दिक्समास** ' એમ સૂત્રાર્થ સમજાવાનો સંભવ છે .પરંતુ દિશાઓ તો નિત્ય છે તેથી તેમની બાબતમાં નવી અને પુરાણી એમ હોવું સંભવિત નથી. આથી તેને લીધે શાલાને અનુલક્ષીને **दक्षिणपूर्वा शाला सा च अभिनवा।** (અર્થાત્ એમ કહેવામાં આવે તો) નવી-હમણાં જ તૈયાર કરેલી (**अचिरकृता**) અગ્નિદિશામાં રહેલી શાલા' એમ અર્થ સમજાય તો **नवा** શબ્દની **विभाषा** સંજ્ઞા છે એમ બોધ થવાનો સંભવ છે, (તેથી પ્રતિષેધ કરવો જોઇએ)

[257] **विधिपूर्वकत्वात्** - વિભાષાનાં પ્રદેશ સૂત્રોમાં કોઇ વિધાન કરીને (**नवा** નો અર્થ દર્શાવતો) **विभाषा** શબ્દ ઉચ્ચારવામાં આવતાં **नवा** શબ્દ પ્રતિષેધનો અર્થ બતાવે છે એમ સમજાય છે , પરંતુ પ્રત્યગ્રનો અર્થ બતાવતો નથી. આમ પ્રદેશ વાક્યોમાં તે અર્થ બંધ બેસે છે માટે પ્રસ્તુત સૂત્રમાં **नवा** એ નિપાતસમુદાય પ્રત્યગ્ર (નવું) ના અર્થમાં લેવાનો નથી.

[258] ભાષ્યમાં **विलिङ्गम्** એમ છે. આગળ **समानलिङ्ग** એ શબ્દનો પ્રયોગ કર્યો છે તેથી **वि** શબ્દને ભિન્નના અર્થમાં લઇને **विलिङ्ग** નો ભિન્ન લિંગવાળો, વ્યધિકરણ એમ અર્થ (કૈ.) કરે છે. વાસ્તવમાં પ્રતિષેધવાચી નિપાત સમુદાય હોવાથી **नवा** શબ્દ ભિન્ન લિંગ ન હોઇ શકે, કારણ કે તે અવ્યય છે તેથી તેને લિંગ ન હોય. **ग्रामः** સાથે **नवः** એમ સમાનલિંગ પ્રયોગ છે પણ ત્યાં **नवा** નથી જ્યારે **ग्रामो गन्तव्यो नवा।** માં **ग्रामः** (પું.) અને **नवा** (અ.) એ બે વિલિંગ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**क्वचिद्व्याकरणे समानलिङ्गो निर्देशः क्रियत इति। अपि च कामचारः प्रयोक्तुः शद्धानामभिसंबन्धे। तद्यथा। यवागूर्भवता भोक्तव्या नवा । यदा यवागूशद्धो भुजिनाभिसंबध्यते भुजिर्नवाशद्धेन तदा प्रतिषेधवाचिनः संप्रत्ययो भवति। यवागूर्भवता भोक्तव्या नवा। नेति गम्यते। यदा यवागूशद्धो नवाशद्धेनाभिसंबध्यते न भुजिना तदा प्रत्यग्रवाचिनः संप्रत्ययो भवति। यवागूर्नवा भवता भोक्तव्या । प्रत्यग्रेति गम्यते। न चेह वयं विभाषाग्रहणेन सर्वादीन्यभिसंबध्नीमः। दिक्समासे बहुव्रीहौ सर्वादीनि विभाषा भवन्तीति। किं तर्हि। भवतिरभिसंबध्यते। दिक्समासे बहुव्रीहौ सर्वादीनि भवन्ति विभाषेति॥**

**विध्यनित्यत्वमनुपपन्नं प्रतिषेधकरणात्॥६॥**

જાણતા નથી[259] કે વ્યાકરણમાં કોઇ સ્થળે સમાન લિંગયુક્ત નિર્દેશ કરવામાં આવે છે.વળી શબ્દોની પરસ્પર યોજના કરવામાં બોલનારને છૂટ હોય છે.[260] જેમ કે **यवागूर्भवता भोक्तव्या नवा।** એ( વાક્ય)માં **यवागू** શબ્દને **भुज्** ધાતુ સાથે યોજ્યામાં આવે અને **भुज्** ધાતુને **नवा** શબ્દ સાથે લેવામાં આવે તો નિષેધવાચી (**नवा** શબ્દ) નો બોધ થશે.પરંતુ જ્યારે **यवागू** શબ્દને **भुज्** ધાતુ સાથે નહીં પણ **नवा** શબ્દ સાથે જોડવામાં આવે ત્યારે 'તાજી' એ અર્થવાચી (**नवा** શબ્દ)નો બોધ થાય છે. જેમ કે **यवागूर्नवा भवता भोक्तव्या।** અર્થાત્ તાજી (**यवागू**) એ અર્થ સમજાય છે.

પરંતુ આ (**विभाषा दिक्समासे०** )[261] સૂત્રમાંના વિભાષા શબ્દને અમે **सर्वादीनि** સાથે લેતા નથી કે જેથી 'દિશાવાચી શબ્દનો બહુવ્રીહિ સમાસ થાય તેમાં **सर्व** વગેરે વિકલ્પે (**सर्वनाम**-સંજ્ઞક) થાય છે' એમ અર્થ સમજાય. તો પછી કોની (સાથે લ્યો છો) ? **भवति** સાથે (**विभाषा** ને) લઇએ છીએ.તેથી દિશાવાચી બહુવ્રીહિમાં **सर्वादि** વિકલ્પે (**सर्वनाम** ) થાય છે' એમ(સમજાશે).

વિધિ અનિત્ય હોય[262] તે ઉચિત નથી, કારણ કે (**विभाषा** એ) પ્રતિષેધની સંજ્ઞા છે॥૬॥

---

[259] **एतचैव न जानीमः** – એટલે કે વ્યાકરણમાં સમાન લિંગ નિર્દેશ કોઇ પણ ઠેકાણે નથી. આમ કહીને પ્રત્યુદાહરણ તરીકે કૈયટે **विभाषा सेनासुराच्छायाशालानिशानाम्।** આપીને નોંધ્યું છે કે એ સૂત્રમાં જો કે સમાનલિંગ નિર્દેશ છે છતાં બન્નેની વિભક્તિ ભિન્ન હોવાથી સમાનાધિકરણ્ય નથી અર્થાત્ વ્યધિકરણ છે, કારણ કે **सेनासुरा०** ઇત્યાદિ સમાસ ષષ્ઠી બહુવચનાન્ત છે જ્યારે **विभाषा** તેમ નથી. આથી (ના.) કહે છે કે આમ સમાન લિંગ નિર્દેશ શાસ્ત્રમાં કોઇ જગાએ જોવામાં આવતો નથી તેથી **प्रत्यग्र** (નવું) એ અર્થનો બોધ નહીં થાય.

[260] અહીં બે રીતે અન્વય થઇ શકતો હોય ત્યાં બેમાંથી કોની સાથે લેવો તેનો નિર્ણય કેવી રીતે થઇ શકે , એ પ્રશ્નને લક્ષમાં રાખીને કૈયટ કહે છે કે સંદર્ભના પ્રતાપે વિશેષ અર્થ સમજાય છે. જેમ કે યવાગૂનું ભોજન ન કરવું જોઇએ એમ કોઇ સમજતું હોય ત્યાં **यवागूर्भवता भोक्तव्या नवा।** એ વાક્યમાં **नवा** એટલે તાજી એમ અર્થ થશે. પરંતુ કોઇ રોગપીડિતને ભારે ખોરાક ન ખાવાનું કહેવામાં આવે ત્યારે તે જ વાક્યમાંથી, તમારે યવાગૂ ન ખાવી જોઇએ, એમ નિષેધનો બોધ થશે.

[261] એ સૂત્ર પ્રમાણે જે દિક્બહુવ્રીહિ સમાસ થાય છે તેમાં **सर्वादि** ની વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે, જેથી **उत्तरपूर्वस्यै , उत्तरपूर्वायै** એમ બન્ને પ્રકારનાં રૂપો થઇ શકશે. આ માટે સૂત્રકારે **विभाषा दिक्समासे०** માં **विभाषा** શબ્દનું ગ્રહણ કર્યું છે અને દિક્બહુવ્રીહિમાં **सर्व** વગેરેની વિકલ્પે સર્વનામ સંજ્ઞા થાય છે એમ તેનો અર્થ થશે, કારણ કે અહીં **सर्वादीनि सर्वनामानि।** ની અનુવૃત્તિ થાય છે.અહીં **विभाषा** નો સંબંધ **सर्वादीनि** સાથે નથી (નહીં તો પ્રત્યગ્ર-તાજા **सर्वादि** એમ અર્થ થવાનો પ્રસંગ આવે), પરંતુ **भवन्ति** એ ક્રિયાપદ સાથે છે, કારણ કે અહીં ક્રિયા પ્રધાન છે. તેથી વિકલ્પે થશે એમ અર્થ થશે.

[262] વિધિનું અનિત્યત્વ એટલે વિધિ ક્વચિત્ લાગુ પડે અને ક્વચિત્ લાગુ ન પડે એ સ્થિતિ અર્થાત્ વિકલ્પ .જે સૂત્રોમાં **विभाषा** શબ્દનું ગ્રહણ હોય તે પ્રદેશ સૂત્રોમાં વિકલ્પ થાય તે ઘટતું નથી, કારણ કે **न वेति विभाषा।** એ સંજ્ઞા સૂત્રમાં **नवा** એ પ્રતિષેધવાચી શબ્દદ્વારા **विभाषा** સંજ્ઞા કરવામાં આવી છે તેથી વિભાષા પ્રદેશોમાં પ્રતિષેધનું જ ભાન થશે.પરિણામે **विभाषा श्वेः।** માં પણ પ્રતિષેધનો જ બોધ થશે, વિકલ્પનો નહીં. આથી **श्वि** ધાતુનાં **लिट्** નાં રૂપોમાં જે વૈકલ્પિક રૂપો **शिश्वाय शिश्वियतुः शिश्वियुः** અને **अशुशाव शुशुवतुः शुशुवुः** પ્રાપ્ત થાય છે તે નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**विधेरनित्यत्वं नोपपद्यते। शुशाव शुशुवतुः शुशुवुः। शिश्वाय शिश्वियतुः शिश्वियुः। किं कारणम्। प्रतिषेधसंज्ञाकरणात्। प्रतिषेधस्येयं संज्ञा क्रियते। तेन विभाषा प्रदेशेषु प्रतिषेधस्यैव संप्रत्ययः स्यात्॥**

**सिद्धं तु प्रसज्यप्रतिषेधात्॥७॥**

**सिद्धमेतत्। कथम्। प्रसज्यप्रतिषेधात्। प्रसज्य किंचिन्नवेत्युच्यते। तेनोभयं भविष्यति॥**

**विप्रतिषिद्धं तु॥८॥**

**विप्रतिषिद्धं तु भवति। अत्र न ज्ञायते केनाभिप्रायेण प्रसजति केन निवृत्तिं करोतीति॥**

**न वा प्रसङ्गसामर्थ्यादन्यत्र प्रतिषेधविषयत्वात्॥९॥**

વિધિ અનિત્ય હોય (એટલે કે વિકલ્પ થાય) તે યોગ્ય નથી, કારણ કે તેથી **शुशाव शुशुवतुः शुशुवुः। शिश्वाय शिश्वियतुः शिश्वियुः** । (એ વૈકલ્પિક રૂપો સિદ્ધ નહીં થાય).શા માટે ? પ્રતિષેધની સંજ્ઞા કરી છે તેથી (એટલે કે) આ (**विभाषा** એ) સંજ્ઞા તો પ્રતિષેધની કરવામાં આવે છે તેથી જ્યાં જ્યાં **विभाषा** કરવામાં આવી હોય ત્યાં ત્યાં પ્રતિષેધનું જ ભાન થાય છે.

પ્રસજ્યપ્રતિષેધ છે તેથી સિદ્ધ થશે[263] **॥૭॥**

એ (વિકલ્પ) સિદ્ધ થાય છે.કેવી રીતે ? પહેલાં વિધાન કરીને નિષેધ કર્યો છે તેથી,અર્થાત્ પહેલાં કંઇકને લગતો વિધિ કરીને પછી **नवा** એમ કહીને તેનો નિષેધ કર્યો છે. તેથી બન્ને (વિકલ્પે) થશે.

પરન્તુ એ તો પરસ્પર વિરુદ્ધ (થાય છે)[264] **॥૮॥**

પણ ( વિધિ કર્યા પછી તેનો નિષેધ કરવો) તે તો પરસ્પર વિરુદ્ધ છે અહીં વિધિ કરવામાં શો હેતુ છે અને તેનો નિષેધ કરવા પાછળ શો હેતુ છે તે સમજાતું નથી.

અથવા (દોષ) નથી, (કારણ કે) પ્રસંગને પ્રતાપે (વિધિ થશે) તે સિવાયનો પ્રતિષેધનો વિષય થશે**॥૯॥**

---

અહીં (ના.) એક શંકા રજુ કરે છે કે દિક્સમાસ માં પણ **न बहुव्रीहौ**। એસામાન્ય સૂત્રદ્વારા જ નિષેધ પ્રાપ્ત થાય છે. હવે જો વિભાષા દ્વારા પણ પ્રતિષેધ જ થતો હોય તો **विभाषा दिक्०** એ સૂત્ર વ્યર્થ થવાનો પ્રસંગ આવશે, પરંતુ ભાષ્યકાર અન્ય પરિહાર રજુ કરવાના છે તેથી તેમણે **न बहुव्रीहौ**। થી સિદ્ધ થાય છે તે કારણે **विभाषा दिक्०** દ્વારા કરેલ પ્રતિષેધ અસંગત છે એમ નથી કહ્યું.

[263] અહીં શંકાકાર કહે છે કે જે વસ્તુ સામાન્યતઃ પ્રાપ્ત હોય તેનો નિષેધ કરવામાં આવે તો તો તેનો અભાવ જ પરિણમે, વિકલ્પ નહીં. તેથી (કે.) કહે છે કે એ પ્રતિષેધ ઉપરથી વિધિનું અનુમાન થશે, તેથી વિકલ્પ સિદ્ધ થશે. જેમ કે **विभाषा श्वेः**। દ્વારા કરેલી વિભાષાથી **पित्** પ્રત્યયોને લગતા વિધિનું અનુમાન કરી શકાશે, કારણ કે જ્યારે નિષેધ કરવામાં આવ્યો હોય ત્યારે એ નિષેધ અન્ય રીતે ઘટાવી ન શકાય તેથી કલ્પી શકાય છે કે જેનો નિષેધ કરવામાં આવ્યો છે તેને લગતું વિધિ સૂત્ર હશે.આ છે **सिद्धं तु प्रसज्यप्रतिषेधात्**। એ વાર્તિકનો અર્થ.(**प्रसज्य** અર્થાત્ પૂર્વે સૂત્ર દ્વારા વિધાન કરીને પછી તેનો **प्रतिषेध** કરવામાં આવે છે).જેમ કે **अतिरात्रे षोडशिनं गृह्णाति**। અને **नातिरात्रे षोडशिनं गृह्णाति**। એ **षोडशी** ગ્રહને વિધિ શાસ્ત્રોમાં **षोडशीग्रह** ના ગ્રહણ કરવા અને ન કરવા રૂપી , વિધિ અને પ્રતિષેધ બન્નેનું શબ્દદ્વારા સૂચન કરે છે. આમ બન્નેનો વિષય **षोडशी** જ છે, તેથી વિકલ્પ થશે. જો વિકલ્પ ન કરવામાં આવે તો પ્રતિષેધ ઉપરથી કલ્પેલું વિધિ શાસ્ત્ર વ્યર્થ થાય.

[264] કારણ કે એક જ વિષયને અનુલક્ષીને અકી સાથે વિધિ અને પ્રતિષેધ કરનાર વાક્યો પરસ્પર વિરુદ્ધ હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न वैष दोषः। किं कारणम्। प्रसङ्गसामर्थ्यात्। प्रसङ्गसामर्थ्याच्च विधिर्भविष्यत्यन्यत्र प्रतिषेधविषयात्। प्रतिषेधसामर्थ्याच्च प्रतिषेधोर्भविष्यत्यन्यत्र विधिविषयात्॥ तदेतत्क्व सिद्धं भवति। याऽप्राप्ते विभाषा। या हि प्राप्ते कृतसामर्थ्यस्तत्र पूर्वेण विधिरिति कृत्वा प्रतिषेधस्यैव संप्रत्ययः स्यात्। कथम्। विभाषेति महती संज्ञा क्रियते। संज्ञा च नाम--

અથવા એ દોષ નહીં આવે.શા કારણે ? પ્રસંગને[265] પ્રતાપે એટલે કે વિધાન કરવામાં આવેલું હોવાથી વિધિ થશે, કારણ કે તે સિવાય(નાં સ્થળે) પ્રતિષેધનો અમલ થાય છે અને પ્રતિષેધને પ્રતાપે પ્રતિષેધ થશે, કારણ કે તે સિવાય (નાં સ્થળે) વિધિનો અમલ થાય છે.[266] એ (જે કહ્યું) તે ક્યાં સિદ્ધ થાય છે ? જે અપ્રાપ્ત વિભાષા[267] હોય તેમાં, પરંતુ જે પ્રાપ્ત વિભાષા છે તેમાં પૂર્વ સૂત્રને કારણે વિધિ અમલી બન્યો હોવાથી ત્યાં પ્રતિષેધનો જ બોધ થાય છે.[268] એ (સ્થળે) પણ (વિકલ્પ) સિદ્ધ થાય છે.કેવી રીતે ? આ **विभाषा** એ પણ મોટી સંજ્ઞા[269] કરવામાં આવી છે, પરંતુ એ સંજ્ઞા તો

---

[265] ભાષ્યમાં **प्रसङ्ग** શબ્દ છે તેને **प्रसज्यते इति प्रसङ्गः**। અર્થાત્ વિધિ એ રીતે નાગેશ સમજાવે છે. આમ જેનું વિધાન કરવામાં આવે તે વિધિ એ જ પ્રસંગ .

[266] તેથી અમુક સ્થળે એક સમયે વિધિના પ્રતાપે કાર્ય થશે એટલે કે વિધિ થશે. જ્યારે તે જ સ્થળે અન્ય સમયે અર્થાત્ જ્યારે વિધિ પ્રમાણે કાર્ય ન થતું હોય ત્યારે, પ્રતિષેધ પ્રમાણે કાર્ય થશે,એટલે કે વિધિ પ્રમાણે જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે કાર્ય નહી થાય. આમ વિધિ અને પ્રતિષેધ પર્યાયપૂર્વક (વારાફરતી) પ્રવૃત્ત થશે.

[267] ' વિધિ અને પ્રતિષેધ પર્યાયપૂર્વક થશે' એમ જે કહ્યું તે ક્યાં થશે એપ્રશ્નનો આ ઉત્તર છે . જ્યારે જ્યાં કાર્યને લગતો વિધિ ન હોવાથી કાર્ય થતું ન હોય, એટલે કે કાર્યની પ્રાપ્તિ ન હોય- અપ્રાપ્ત હોય, છતાં વિભાષા કરવામાં આવે ત્યારે એટલે કે અપ્રાપ્ત વિભાષામાં, ઉપર [નોંધ (૨૬૩) માં] કહ્યું તેમ નિષેધ ઉપરથી વિધિનું અનુમાન કરવામાં આવે છે, કારણ કે જો કાર્ય થતું જ ન હોય, એટલે કે તેને લગતો વિધિ હોય જ નહીં તો તેનો પ્રતિષેધ અર્થહીન છે. આથી અપ્રાપ્તવિભાષા હોય ત્યાં (જે કાર્યનો નિષેધ કરવામાં આવ્યો હોય તેને લગતો) વિધિ હોવો જોઇએ એમ અનુમાન કરવું પડશે. ત્યાર પછી વિધિ અને પ્રતિષેધ પર્યાયપૂર્વક -વારાફરતી થશે.

[268] **'या हि प्राप्ते विभाषा'** એમ જે કહ્યું છે તેમાં ભાષ્યકાર કેવળ પ્રાપ્તવિભાષા તેમ જ ઉભયત્રવિભાષા (એટલે કે પ્રાપ્તાપ્રાપ્તવિભાષા)ને અનુલક્ષીને કહ્યું છે (નાગેશ). આમ કહેવાનું કારણ એ છે કે પ્રાપ્તવિભાષામાં અર્થાત્ જ્યાં વિધિને કારણે કાર્ય પ્રાપ્ત થાય જ છે ત્યાં જો વિકલ્પ કરવાનો હોય તો પાક્ષિક પ્રતિષેધ કરવાથી વિકલ્પ થઇ શકશે.પરંતુ અપ્રાપ્તવિભાષામાં જો વિકલ્પ કરવાનો હોય તો સ્વાભાવિક રીતે જ કાર્યની પ્રાપ્તિ વિના પ્રતિષેધનો પ્રયોગ ન થઇ શકે તેથી તેવે સ્થળે પાક્ષિક વિધિ કરવાથી વિકલ્પ સિદ્ધ થઇ શકશે.આથી પ્રતિષેધ કરવાની જરૂર નથી (ન્યા.).આમ પ્રાપ્તમાં અને અપ્રાપ્તમાં જો વિકલ્પ કરવાનો હોય તો કેવળ **वा** શબ્દનું ગ્રહણ કરવાથી તે થઇ શકશે. આથી **विभाषा** સંજ્ઞા કરવાનો કોઇ અર્થ નહીં રહે. એ શંકાને લક્ષમાં રાખીને (ના.) કહે છે કે અહીં ઉભયત્ર વિભાષાનો ઉલ્લેખ છે, કારણ કે તેમાં કેટલાક ભાગમાં વિધિ પ્રાપ્ત હોય છે અને કેટલાકમાં તે અપ્રાપ્ત હોય છે.ઉપર જોયું કે કેવળ પ્રતિષેધ હોય ત્યાં તેને બળે વિધિનું અનુમાન થાય છે, પરંતુ જ્યારે સૂત્રદ્વારા વિધિ કરવામાં આવેલ હોય ત્યાં પ્રતિષેધની એ શક્તિ રહેતી નથી, કારણ કે ત્યાં વિધિ પ્રબળ છે. પરિણામે તેવે સ્થળે એટલે કે પ્રાપ્ત વિભાષામાં વિધિની કલ્પના કરવાની રહેતી જ નથી તેથી ત્યાં પ્રતિષેધનો જ બોધ થશે.

[269] **महती संज्ञा** – સૂત્રમાં **वा** (વિકલ્પ) અને **न** (પ્રતિષેધ) એ બન્ને **विभाषा** સંજ્ઞાના સંજ્ઞીઓ છે . આમ બન્નેની સંજ્ઞા હોવાથી **विभाषा** ને **महती संज्ञा** કહી છે.જો પ્રતિષેધ જ સંજ્ઞી હોત એટલે કે વિભાષા સંજ્ઞાદ્વારા માત્ર **न** શબ્દનો અર્થ (એટલે કે પ્રતિષેધ) જ સૂચવાતો હોય તો જ્યાં જ્યાં પ્રતિષેધ કરવાનો હોય ત્યાં ત્યાં સૂત્રકારે **न** એમ કહ્યું હોત. તેથી પ્રતિષેધનો અર્થ દર્શાવાઇ જાત. પરિણામે વિભાષા સંજ્ઞા કરવાનો કોઇ અર્થ ન રહેત.આમ થવાથી **नवा** એ નિપાત સમુદાય (ના અર્થ) ની વિભાષા સંજ્ઞા કરવામાં આવી છે. આથી પ્રાપ્ત વિભાષામાં વિકલ્પ અને પ્રતિષેધ બન્ને ઉપસ્થિત થશે,કારણ કે **न** એ નિષેધરૂપ ધર્મથી વિશિષ્ટ શબ્દ અને **वा** એ વિકલ્પરૂપ ધર્મથી વિશિષ્ટ શબ્દના સમુદાય **नवा** ના નિષેધ અને વિકલ્પ રૂપ અર્થની વિભાષા સંજ્ઞા કરવામાં આવી છે.પરંતુ માત્ર અપ્રાપ્ત વિભાષામાં કાર્ય પ્રાપ્ત નથી તેથી પ્રતિષેધની પ્રવૃત્તિ હોતી નથી. પરિણામે તે તે વિભાષા પ્રદેશોમાં માત્ર વિકલ્પ જ ઉપસ્થિત થશે, કારણ કે ત્યાં કાર્ય અપ્રાપ્ત હોવા છતાં વિભાષા કરી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यतो न लघीयः। कुत एतत्। लघ्वर्थं हि संज्ञाकरणम्। तत्र महत्याः संज्ञायाः करणे एतत्प्रयोजनमुभयोः संज्ञा यथा विज्ञायेत नेति च वेति च। तत्र या तावदप्राप्ते विभाषा तत्र प्रतिषेध्यं नास्तीति कृत्वा वेत्यनेन विकल्पो भविष्यति। या हि प्राप्ते विभाषा तत्रोभयमुप-स्थितं भवति नेति वेति। तत्र नेत्यनेन प्रतिषिद्धे वेत्यनेन विकल्पो भविष्यति॥ एवमपि—

**विधिप्रतिषेधयोर्युगपद्वचनानुपपत्तिः ॥१०॥**

विधिप्रतिषेधयोर्युगपद्वचनं नोपपद्यते। **शुशाव शुशुवतुः शुशुवुः। शिश्वाय शिश्वियतुः शिश्वियुः। किं कारणम्।**

**भवतीति चेन्न प्रतिषेधः ॥११॥**

**भवतीति चेत्प्रतिषेधो न प्राप्नोति।**

**नेति चेन्न विधिः ॥१२॥**

એવી હોવી જોઇએ કે જેનાથી ટૂંકું કંઇ ન હોય. તે શા ઉપરથી ? કારણ કે સંજ્ઞા લાઘવ માટે કરવામાં આવે છે.(તેમ છતાં) લાંબી સંજ્ઞા કરવાનું એ પ્રયોજન છે કે તેથી સમજાય કે '**न** (અર્થાત્ નિષેધ) અને **वा** (અર્થાત્ વિકલ્પ) ' એમ બન્નેની (વિભાષા) સંજ્ઞા થાય. તેમ હોવાથી જે અપ્રાપ્ત વિભાષા છે તેમાં પ્રતિષેધ કરવા યોગ્ય કંઇ નથી તે કારણે ત્યાં **वा** ના અર્થદ્વારા વિકલ્પ થશે.પણ જે પ્રાપ્ત વિભાષા છે ત્યાં **न** અર્થાત્ નિષેધ અને **वा** અર્થાત્ વિકલ્પ એ બન્ને ઉપસ્થિત થાય છે. ત્યાં **न** એ (શબ્દ) થી નિષેધ થયા પછી **वा** એ (શબ્દ) થી વિકલ્પ થશે.એમ છતાં પણ --

વિધિ અને પ્રતિષેધ એકીસાથે કહેવા તે યોગ્ય નથી[270] **॥૧૦॥**

વિધિ અને પ્રતિષેધ બન્નેને એક સાથે કહેવામાં આવે તે યોગ્ય નથી,(તેથી) **शुशाव शुशुवतुः शुशुवुः। शिश्वाय शिश्वियतुः शिश्वियुः** (સિદ્ધ નહીં થાય). શા માટે ?

'થાય છે' એમ કહો [271] તો **પ્રતિષેધ નહીં થાય ॥૧૧॥**
'( વિધિ પ્રમાણે કાર્ય) **થાય છે'** એમ કહેવામાં આવે તો પ્રતિષેધ લાગુ નહીં પડે. (અને)

'નથી થતું' એમ કહો [272] તો વિધિ (સિદ્ધ) **નહીં થાય॥૧૨॥**

**नेति चेद्विधिर्न सिध्यति ॥ सिद्धं तु पूर्वस्योत्तरेण बाधितत्वात् ॥१३॥**

---

270 **न** અને **वा** એ પરસ્પર વિરુદ્ધ અર્થના નિપાત છે છતાં તેમની **विभाषा** એમ એક જ સંજ્ઞા કરી છે તેથી આ પ્રમાણે દલીલ કરી છે.શંકાકારને ખ્યાલ નથી કે **विभाषा** એ સંજ્ઞાના **न** અને **वा** એ બે સંજ્ઞીઓની એક સાથે (**युगपत्**) ઉપસ્થિતિ થતી નથી પણ વારાફરતી (**क्रमोपस्थान**) થાય છે તેથી કહે છે કે આ બેની એક જ સંજ્ઞા કરી છે પણ વિભાષા પ્રદેશોમાં એ જ્યારે એકીસાથે આવે ત્યારે બન્ને પરસ્પર વિરુદ્ધ હોવાથી ભાવ (વિધિ) અને અભાવ (પ્રતિષેધ) નું સાથોસાથ વિધાન કરવું શક્ય નથી, તેથી **श्वि** નાં **लिट्**નાં વૈકલ્પિક રૂપો શક્ય નહીં બને, એટલે કે **पित्** અને **कित्** બન્નેમાં જે સંપ્રસારણયુક્ત અને સંપ્રસારણરહિત રૂપો પ્રાપ્ત થાય છે તે નહીં થાય.

271 'કાર્ય થાય છે' એમ જો કહેવામાં આવે તો તે નથી થતું એમ તો દેખીતી રીતે ન જ કહેવાય, કારણ કે એક જ શ્વાસે બન્ને વિરુદ્ધ વસ્તુઓ ન જ કહી શકાય. પરિણામે પ્રતિષેધ નહીં થાય. એમ શંકાકારની દલીલ છે.

272 'કાર્ય નથી થતું' એમ કહેવામાં આવે તો સાથોસાથ 'કાર્ય થાયછે' એમ કહેવું તે યોગ્ય નથી. એ તો વદતોવ્યાઘાત થયો. અને જો એમ હોય તો વિધિ નહીં થાય. એમ શંકાકારની દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'નહીં થાય ( न )' એમ કહેવામાં આવે તો વિધિ સિદ્ધ નહી થાય.

પરંતુ પૂર્વ (વિધાન) નો ઉત્તર (વિધાન) બાધ કરે છે[273] તેથી સિદ્ધ થશે ॥૧૩॥

---

[273] ' પૂર્વ વિધિનો ઉત્તર વિધિ બાધ કરશે' એમ જે કહ્યું છે તેમાં પૂર્વે આવેલ વિધાન(એટલે કે પ્રતિષેધ)નો ઉત્તરે આવેલ વિધાન (એટલે કે વિકલ્પ) બાધ કરશે. ટૂંકમાં, વિકલ્પ પ્રતિષેધનો બાધ કરશે એમ સમજવાનું છે. ભાષ્યકારે 'બાધ કરે છે' એમ કહ્યું તેથી કાર્યનો પ્રતિષેધ કરવા રૂપી નિષેધની પ્રવૃત્તિનો પ્રતિબંધ નથી થતો પરંતુ નિષેધના ફળરૂપ (કાર્યના) અભાવના સાર્વકાલિકત્વનો નિષેધ છે તેથી બાધદ્વારા નિષેધનો હમેશ માટે પ્રતિબંધ નથી થતો પણ વિકલ્પને કારણે જ્યારે કાર્ય થતું હોય તેટલા પુરતો જ પ્રતિષેધનો બાધ થશે એમ સમજવાનું છે.અહીં પ્રશ્ન થાય કે પ્રતિષેધ શા માટે પૂર્વે પ્રવૃત્ત થાય ? તે માટે કૈયટ બે કારણ આપે છે : જો વિકલ્પની પૂર્વે પ્રવૃત્તિ થાય અને પછી નિષેધ થાય તો વિકલ્પની પ્રવૃત્તિ નિરર્થક થશે, કારણ કે તો વિકલ્પ નહી રહે. પરંતુ જો પ્રતિષેધ પૂર્વે પ્રવૃત્ત થાય તો પ્રાપ્ત અને અપ્રાપ્ત બન્નેનો વિષય નિષેધને કારણે સમરૂપ થશે અને તે પછી વિકલ્પ થાય તેથી ઇષ્ટ રૂપો સિદ્ધ થઇ શકશે.વળી વિભાષા સંજ્ઞાસૂત્રમાં સૂત્રકારે **नवा** એમ કહીને પ્રતિષેધને પૂર્વે મૂક્યો છે અને વિકલ્પ પછી આવે છે. અને વિભાષાના પ્રદેશસૂત્રોમાં પણ એ જ ક્રમ (**आनुपूर्वी**) ને વળગી રહેવાનું છે તે કારણે પણ પ્રથમ પ્રતિષેધ પ્રવૃત્ત થશે અને ત્યારબાદ વિકલ્પ થશે. આ વિભાષા સંજ્ઞા માત્ર ઉભયત્ર એટલે કે પ્રાપ્તાપ્રાપ્ત વિભાષામાં ઉપયોગી છે અને તેને માટે જ સંજ્ઞા કરવામાં આવી છે, જ્યારે પ્રાપ્ત અને અપ્રાપ્ત વિભાષા માટે સંજ્ઞા કરવાનો કોઇ ઉપયોગ નથી, કારણ કે **उभयगतिरिह भवति** । એ પરિભાષા પ્રમાણે લોકવ્યવહારમાં પ્રચલિત વિકલ્પ (એ અકૃત્રિમ સંજ્ઞા) પ્રમાણે પણ કાર્યસિદ્ધિ થઇ શકશે.પ્રાપ્ત વિભાષામાં એ પ્રાપ્ત વિભાષા છે તેથી કાર્યની પ્રવૃત્તિ હોય છે જ પરંતુ તેમાં કાર્યની માત્ર પાક્ષિક નિવૃત્તિ કરવામાં આવે છે. જ્યારે અપ્રાપ્ત વિભાષામાં કાર્યની પાક્ષિક પ્રવૃત્તિ કરવામાં આવે છે પરંતુ અન્ય પક્ષે (તે અપ્રાપ્ત વિભાષા છે તેથી) કાર્યની પાક્ષિક અપ્રવૃત્તિ તો છે જ. આમ તે બે પ્રકારની વિભાષા માટે સંજ્ઞા કરવાનું કોઇ પ્રયોજન નથી.હવે જો **विभाषा श्वेः** । પ્રમાણેની વિભાષાને વિધિ રૂપે સમજવામાં આવે તો **श्वि** ધાતુનાં **लिट्** નાં રૂપોમાં માત્ર **पित्** પ્રત્યયો પૂર્વે વિકલ્પે સંપ્રસારણ થશે, પરંતુ **असंयोगाल्लिट् कित्** । પ્રમાણે સંયોગ જેને અન્તે ન હોય તેવા ધાતુઓ પૂર્વે **लिट्** ના **अपित्** પ્રત્યયો **कित्** થાય છે તેથી તેમની પૂર્વે **वचिस्वपियजादीनां किति** । પ્રમાણે સંપ્રસારણ નિત્ય થશે, કારણ કે **श्वि (टुओश्वि)** એ **यजादि** ગણનો ધાતુ છે.જો વિભાષાની પ્રતિષેધમુખે પ્રવૃત્તિ થાય તો **कित्** પ્રત્યયો પૂર્વે સંપ્રસારણ વિકલ્પે થશે, કારણ કે **यजादि** ગણનો ધાતુ હોવાથી **श्वि** ને સંપ્રસારણ નિત્ય પ્રાપ્ત થતું હતું તે પ્રતિષેધાર્થક વિભાષા લાગુ પડવાથી પક્ષે (વિકલ્પે) સંપ્રસારણ નહીં થાય. આમ વિકલ્પ પ્રાપ્ત થશે.પરંતુ **पित्** પ્રત્યયો પૂર્વે સંપ્રસારણ નહીં થાય, કારણ કે તે પ્રત્યયો **कित्** ગણાતા નથી માત્ર **अपित्** પ્રત્યયો જ **कित्** ગણાય છે તેથી તેમની પૂર્વે **श्वि** ધાતુ **यजादि** ગણનો હોવા છતાં સંપ્રસારણ નહીં થાય અને વિભાષાની પ્રવૃત્તિ નિષેધમુખે થઇ છે તેથી સંપ્રસારણ પ્રાપ્ત થઇ જ ન શકે.પરંતુ જો પ્રસ્તુતસૂત્ર પ્રમાણે **विभाषा** સંજ્ઞા કરવામાં આવે તો ઉપર જણાવ્યું તેમ વિભાષા પ્રથમ પ્રતિષેધના અર્થમાં લાગુ પડશે તેથી **अकित्** પ્રત્યયો પૂર્વે પહેલાં સંપ્રસારણનો પ્રતિષેધ થશે, એટલે કે **वचिस्वपि०** વગેરેથી જે સંપ્રસારણ વિધિ કરવામાં આવ્યો છે તેનો નિષેધ થશે.આમ થવાથી **पित्** અને **कित्** બન્નેનો એટલે કે અપ્રાપ્ત (જ્યાં સંપ્રસારણ પ્રાપ્ત ન હતું તે) **पित्** નો અને પ્રાપ્ત (જ્યાં સંપ્રસારણ પ્રાપ્ત હતું તે **कित्** )નો વિષય સમરૂપ બનશે- બન્ને સરખાં થઇ જશે, કારણ કે (**पित्** કે **कित्** ) કોઇ પણ પ્રત્યય પૂર્વે સંપ્રસારણ થતું નથી.આમ થયા પછી વિભાષાની વિધિમુખે પ્રવૃત્તિ થશે અર્થાત્ તેનો વિધિરૂપે અર્થ કરીને લાગુ પાડવાથી બધે જ ,**कित्** તેમ જ **पित्** બન્ને પ્રકારના પ્રત્યયો પૂર્વે સંપ્રસારણ થશે તેથી **शिश्वाय शिश्वियतुः शिश्वियुः** એ સંપ્રસારણરહિત અને **शुशाव शुशुवतुः शुशुवुः** એ સંપ્રસારણયુક્ત એમ બન્ને પ્રકારનાં રૂપો સિદ્ધ થઇ શકશે.નાગેશ કહે છે કે વિભાષા સંજ્ઞા ઉભયત્રવિભાષા માટે હોવા છતાં પ્રાપ્તવિભાષામાં પણ લાગુ પડવાથી ભાષ્યના પૂર્વના વિધાન **या हि प्राप्ते विभाषा तत्रोभयमुपस्थितम्** ।નો વિરોધ થતો નથી.પરંતુ વ્યક્તિપક્ષની દૃષ્ટિએ જોતાં એટલે કે જુદાં જુદાં વ્યક્તિગત લક્ષ્ય પ્રમાણે **लिट्** માં સંપ્રસારણ વગેરેના પ્રત્યેક સ્થાને સૂત્ર કોઇ વાર વિધિમુખે અને કોઇવાર પ્રતિષેધમુખે પ્રવૃત્ત થાય છે એમ સ્વીકારવામાં આવે તો આ સૂત્રદ્વારા સંજ્ઞા ન કરી હોય તો પણ ઇષ્ટ કાર્યની સિદ્ધિ થઇ શકશે.ઉભય પ્રકારનાં પરોક્ષભૂતકાળનાં રૂપો પ્રાપ્ત થશે. તેથી આગળ (૧૯મી વાર્તિકમાં) કહ્યું છે, **अशिष्यो वा विदितत्वात्** । અર્થાત્ 'અથવા તો (વિભાષાનો અર્થ) જાણીતો છે તેથી (આ સૂત્ર) કરવું ન જોઇએ'.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सिद्धमेतत्। कथम्। पूर्वविधिमुत्तरो विधिर्बाधते। इतिकरणोऽर्थनिर्देशार्थ इत्युक्तम्॥**

**साध्वनुशासनेऽस्मिन्यस्य विभाषा तस्य साधुत्वम्॥१४॥**

**साध्वनुशासनेऽस्मिन्यस्य विभाषा तस्य स विभाषा साधुः स्यात्। समासश्चैव हि विभाषा तेन समासस्यैव साधुत्वं स्यात्। अस्तु। यः साधुः स प्रयोक्ष्यतेऽसाधुर्न प्रयोक्ष्यते।**

એ સિદ્ધ થશે.કેવી રીતે ? પૂર્વે કહેલા વિધિનો પછીથી કહેલા વિધિ વ્દારા બાધ થાય છે. (આ સૂત્રમાં) જે **इति** શબ્દ મૂકવામાં આવ્યો છે તે ( **न** અને **वा** નો ) અર્થ સૂચવવા માટે છે,[274] એમ કહ્યું છે .

સાધુત્વનું અનુશાસન કરનારા આ (શાસ્ત્રમાં) જેની વિભાષા કરવામાં આવે છે તે (વિકલ્પે) સાધુ ગણાય[275] છે॥૧૪॥
(શબ્દોના) સાધુત્વનું પ્રતિપાદન કરતા આ (વ્યાકરણ) શાસ્ત્રમાં જેને વિશે વિભાષા કરવામાં આવે છે તે વિકલ્પે સાધુ થશે અને સમાસ (કરવામાં આવે) છે તે તો વિકલ્પે જ થાય છે તેથી સમાસ પોતે જ વિકલ્પે સાધુ થશે.ભલે (તેમ)થાય. જે સાધુ હશે તેનો પ્રયોગ થશે, અસાધુનો પ્રયોગ નહીં થાય.

---

[274] સૂત્રમાં **नवेति विभाषा** એમ કહ્યું છે તેથી વિભાષા પ્રદેશોમાં **न** શબ્દ જ આદેશ તરીકે મૂકવો જોઇએ અને તો પછી તેનો અર્થ કઇ રીતે લઇ શકાશે એ પ્રકારની શંકાને લક્ષમાં રાખીને ભાષ્યકારે **इतिकरणोऽर्थनिर्देशार्थः।** એમ કહ્યું છે. અહીં સૂત્રમાંનો **इति** શબ્દ **न** અને **वा** બન્નેની સાથે લેવાનો છે તેથી **न इति वा इति** એમ યોજના કરીને તે બન્નેના, પ્રતિષેધ (**न**) અને વિકલ્પ (**वा** ) એ બે અર્થોની વિભાષા સંજ્ઞા કરવામાં આવી છે તેમ સમજ્વાનું છે અને તે બે ભિન્ન વાક્યો (**वाक्यभेद** ) બનાવીને તેમનો અનુક્રમે અનવય કરવાનો છે. આથી કેવળ પ્રાપ્તવિભાષા તેમ જ ઉભયત્ર (પ્રાપ્તાપ્રાપ્ત) વિભાષા પ્રદેશોમાં નિષેધ અને વિકલ્પ એ બન્ને અર્થ અનુક્રમે ઉપસ્થિત થશે. જ્યારે શુદ્ધ અપ્રાપ્તવિભાષાના પ્રદેશોમાં નિષેધને અવકાશ નથી તેથી માત્ર વિકલ્પ જ ઉપસ્થિત થશે.આ સૂત્રના ઉદાહરણ રૂપે ) ભાષ્યમાં **विभाषा श्वेः।** એ સૂત્ર આપ્યું છે તેથી સમજાય છે કે આ સંજ્ઞા સૂત્રનો વિષય ઉભયત્ર વિભાષા છે. આમ વિભાષા માટે આ સૂત્ર આવશ્યક છે છતાં અન્યત્ર પણ જે તે સૂત્રમાં સંદર્ભ અનુસાર લેવામાં આવેલ અર્થ પ્રમાણે તે સંજ્ઞાનો બોધ થાય છે. માટે ભાષ્યકારે આગળ કહ્યું છે કે **या हि प्राप्ते विभाषा तत्रोभयमुपस्थितं भवति नेति वेति च।** તેથી કોઇ વિરોધ થતો નથી એમ કહ્યું છે તે અને કૈયટે માત્ર ઉભયત્ર વિભાષામાં આ સૂત્ર ઉપયોગી છે તેમ કહ્યું છે તેમાં કોઇ અસંગતિ નથી એમ નાગેશ નોંધે છે.

[275] વૈયાકરણો શબ્દને નિત્ય માને છે તેથી સ્પષ્ટ થાય છે કે વ્યાકરણ શાસ્ત્ર શબ્દોને ઉત્પન્ન કરનાર શાસ્ત્ર નથી. તેનો વિષય શબ્દના સાધુત્વનું પ્રતિપાદનં કરવું એ છે. એટલે કે આ શાસ્ત્રમાં જેને સિદ્ધ ગણવામાં આવ્યું હોય તે સાધુ એમ સમજાશે. આમ સાધુત્વ એ જ આ શાસ્ત્રનો મુખ્ય ઉદ્દશ્ય છે. તેથી જ્યારે વિભાષા એમ કહેવામાં આવ્યું હોય ત્યારે તે વ્દારા દર્શાવાતા વિકલ્પનો સંબંધ સાધુત્વ સાથે થશે એટલે કે વિભાષા શબ્દને સાધુત્વ સાથે યોજ્યો પડશે પણ તેના ઉદ્દેશ્યભૂત સમાસસંજ્ઞા વગેરેની જોડે નહીં. પરિણામે જેને અનુલક્ષીને વિભાષા કરવામાં આવે છે તે વિકલ્પે સાધુ છે એમ સમજાશે.સમાસ વિકલ્પે થાય છે (**समासः विभाषा** ) એમ કહ્યું છે તેમાં સાધુત્વનો જ વિકલ્પ થશે, એટલે કે સમાસ વિકલ્પે સાધુ છે તેમ સમજાશે.મહાભાષ્યકારે સમાસનું દૃષ્ટાન્ત આપ્યું છે પરંતુ ભાષ્ય -માં સમાસના સંદર્ભમાં વિભાષા અધિકારનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે તે વાતને લક્ષમાં રાખીને કૈયટે **श्वि** ધાતુને લગતી વિભાષા નું દૃષ્ટાન્ત આપ્યું છે. સૂત્રકારે **विभाषा श्वेः।** એમ કહ્યું છે તેથી **श्वि** ધાતુનાં રૂપોમાં કરેલું સંપ્રસારણ વિકલ્પે સાધુ થશે અને અન્ય પક્ષે અસાધુ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न चैव हि कदाचिद्राजपुरुष इत्यस्यामवस्थायामसाधुत्वमिष्यते। अपि च

द्वैधाप्रतिपत्ति ॥९५॥

द्वैधं शद्धानामप्रतिपत्तिः। इच्छामश्च पुनर्विभाषाप्रदशेषु द्वैधं शद्धानां प्रतिपत्तिः स्यादिति तच्च न सिध्यति॥ यस्य पुनः कार्याः शद्धा विभाषासौ समासं निर्वर्तयति। यस्यापि नित्याः शद्धास्तस्याप्येष न दोषः। कथम्। न विभाषाग्रहणेन साधुत्वमभिसंबध्यते। समास इत्येषा संज्ञा विभाषा भवति। तद्यथा। मेध्यः पशुर्विभाषितः।

[276]જે અસાધુ હશે તેનો પ્રયોગ નહીં થાય.અને **राजपुरुषः** એ (સમાસની) સ્થિતિમાં અસાધુ હોય તે તો કદાપિ કોઇને ઇષ્ટ નથી[277] વળી (શબ્દનાં) દ્વિવિધ (સ્વરૂપ) નો બોધ નહીં થાય॥૧૫॥

શબ્દોનાં બે પ્રકાર (નાં રૂપો)[278] પ્રાપ્ત નહીં થાય.પરંતુ વિભાષા (શબ્દ)નું જ્યાં જ્યાં ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં ત્યાં બે રીતે રૂપો પ્રાપ્ત થાય તેમ આપણે ઇચ્છીએ છીએ અને છતાં તે સિદ્ધ નહીં થાય. જેના મતે શબ્દ અનિત્ય (કાર્ય) છે[279] તે વિકલ્પે સમાસ કરે છે જેને મતે શબ્દ નિત્ય છે તેને પણ આ દોષ નહીં આવે.[280] કેવી રીતે (નહીં આવે) ? (સૂત્રમાં) મૂકેલા વિભાષા શબ્દનો સાધુત્વ સાથે સંબંધ નથી. તો પછી (કોની સાથે છે) ? સમાસ સંજ્ઞા સાથે[281] તેનો સંબંધ જોડવાનો છે.તેથી સમાસ એ સંજ્ઞા વિકલ્પે થાય છે તેમ સમજાય છે. તે આ રીતે છે :- **मेध्यः पशुर्विभाषितः**।[282] (અર્થાત્ મેધ્ય પશુની બાબતમાં વિકલ્પ કરવામાં આવ્યો છે)

---

276 આ સંદર્ભમાં કૈયટ કહે છે કે ભક્ષ્ય અને અભક્ષ્ય બન્ને હાજર હોય તો જે ભક્ષ્ય હોય તે જ લેવામાં આવે છે અભક્ષ્યને નથી લેવામાં આવતું તેમ જે સાધુ હોય તેનું જ ઉપાદાન થશે, અસાધુનું નહીં.

277 સમાસમાં વિકલ્પે સાધુ થશે એમ કહ્યું તેના ઉત્તરરૂપે કહે છે કે **राजपुरुषः** એપદ ષષ્ઠી સમાસની અવસ્થામાં કોઇ વાર એમ કહેવું ઇષ્ટ નથી.વાસ્તવમાં સાધુ અને અસાધુ સમાન હોવાથી અસાધુનો ત્યાગ કરીને સાધુને સ્વીકારવું તે શક્ય નથી તેથી સાધુત્વને લગતો વિકલ્પ કરવો ઉચિત નથી. **राजपरुषः** એ હમેશાં સાધુ છે એમ સ્વીકારવું જ ઉચિત છે.કોઇવાર સાધુ અને અન્ય પક્ષે અસાધુ એ બે પ્રકારનું સ્વરૂપ માનવું બરોબર નથી. (અહીં ચારુ.માં **कदाचित्** પછી **व्याकरणे** એમ અધિક પાઠ છે.)

278 સૂત્રમાંના વિભાષા શબ્દને આધારે જો સાધુત્વને વૈકલ્પિક માનવામાં આવે તો શબ્દનાં **शिश्विततुः शुशुवतुः** જેવાં જે વૈકલ્પિક રૂપો થાય છે તે સિદ્ધ નહીં થઇ શકે.

**साध्वनुशासने** વગેરે જે કહ્યું તે ઉપરથી આ દોષ દર્શાવ્યો તે જેઓ શબ્દને નિત્ય માને છે તેની દૃષ્ટિએ આવશે એટલે કે શબ્દનિત્યત્વવાદી માટે શબ્દોનાં બે પ્રકારનાં રૂપો સિદ્ધ નહીં થઇ શકે.

279 જેઓ શબ્દોને કાર્ય (એટલે કે અનિત્ય) માને છે, જે એમ સમજે છે કે વ્યાકરણ શાસ્ત્ર શબ્દોને ઉત્પન્ન કરે છે તેમના મતે **विभाषा श्वेः**। માં જે વિભાષા શબ્દનું ગ્રહણ કર્યું છે તે ઉપરથી જેનું પૂર્વે વિધાન કરવામાં ન હોતું આવ્યું તે સંપ્રસારણ જ વિધેય છે અને તેનો જ વિકલ્પ કરવામાં આવે છે, સાધુત્વનો નહીં એમ સમજાશે. પરિણામે સંપ્રસારણસહિત અને સંપ્રસરણરહિત એમ દ્વિવિધ રૂપો પ્રાપ્ત થશે.

280 શબ્દને નિત્ય માનનારને શબ્દનાં દ્વિવિધ રૂપો પ્રાપ્ત ન થવા રૂપી દોષ આવે છે એમ કહ્યું. હવે ભાષ્યકાર કહે છે કે જેમ શબ્દને કાર્ય માનનારને દોષ નથી આવતો તે જ રીતે નિત્ય માનનારને પણ દોષ નહીં આવે, કારણ કે નિત્ય શબ્દનું સાધુત્વ પુરુષને અધીન નથી, પુરુષ તેને ઉદ્‌ભાવવા કે દૂર કરવાને સમર્થ નથી. ટૂંકમાં શબ્દનું સાધુત્વ અપૌરુષેય છે તેથી તેમાં વિકલ્પ થઇ જ ન શકે .આમ હોવાથી વિકલ્પનો સંબંધ સાધુત્વ સાથે જોડી ન શકાય,પરિણામે વિભાષાનો સંબંધ સાધુત્વના ઉદ્દેશ્યભૂત સમાસ સંજ્ઞા વગેરેની સાથે થશે. તેથી સમાસ સંજ્ઞા વિકલ્પે થશે એમ સમજાશે. આથી જેઓ શબ્દને નિત્ય માને છે તેમને પણ દ્વિવિધ રૂપો પ્રાપ્ત થશે અને દોષ નહીં આવે.

281 સમાસ સંજ્ઞા સાથે વિભાષાને યોજવાનું કારણ દર્શાવતાં નાગેશ કહે છે કે સંજ્ઞા શ્રુત છે. શાસ્ત્રમાં સમાસ સંજ્ઞાનું સમાસ શબ્દના પ્રયોગને કારણે પ્રત્યક્ષ શ્રવણ થાય છે, પરંતુ સાધુત્વનું શ્રવણ થતું નથી. આથી જ્યારે સૂત્રમાં વિભાષા શ્રુત હોય,તેનું શ્રવણ થતું હોય, ત્યારે તેનો શ્રુત (સમાસ સંજ્ઞા) સાથે સંબંધ થાય તે જ યોગ્ય છે, અશ્રુત (સાધુત્વ) સાથે થાય તે યોગ્ય નથી. આમ વિભાષાનો સમાસ સંજ્ઞા સાથે સંબંધ થવાથી સમાસ સંજ્ઞામાં જ વિકલ્પ થશે.

282 ઉપરની વાતને સ્પષ્ટ કરવા માટે ભાષ્યકારે મીમાંસામાંથી ઉદાહરણ આપ્યું છેઃ **मेध्यः पशुर्विभाषितः। मेध्योऽनड्वान् विभाषितः।** અહીં **विभाषितः** શબ્દ વ્દારા સૂચવાતી વિભાષાનું **पशुः** અને **अनड्वान्** સાથે પ્રત્યક્ષ શ્રવણ થાય છે તેમ છતાં **पशु** અને **अनड्वान्** ને લગતો વિકલ્પ શક્ય નથી તેથી વિકલ્પનો તેની સાથે સંબંધ ન જોડતાં તેમને અનુલક્ષીને જે આલંભન ક્રિયા કહી છે તેને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मेध्योऽनड्वान्विभाषित इति। नैतद्विचार्यतेऽनड्वाननड्वानिति। किं तर्हि। आलब्धव्यो नालब्धव्य इति॥

**कार्ये युगपदन्वाचययौगपद्यम्॥१६॥**

કરવામાં આવે છે) **मेध्योऽनड्वान्विभाषितः।** (અર્થાત્ મેધ્ય બળદની બાબતમાં વિકલ્પ કરવામાં આવે છે). અહીં 'બળદ કે બળદ સિવાય અન્યકોઇ (પશુ)' એમ વિચારવામાં આવતું નથી. તો પછી શું (વિચારવામાં આવે છે) ? તેનું આલંભન (વધ) કરવું કે ન કરવું તે (વિકલ્પનો વિચાર કરવામાં આવે છે).

(શબ્દને) અનિત્ય માનવામાં આવે તો જેમનું એકીસથે સામુહિક રીતે વિધાન કરવામાં આવ્યું હોયતે બધા(શબ્દો)નું એકી સાથે (ઉચ્ચારણ કરવું પડશે)[283] ॥૧૬॥

---

વિશે વિકલ્પ સમજવાનો છે. તેથી ભાષ્યકાર કહે છે કે અહીં **अनड्वान्** કે **अननड्वान्** (બળદ કે જે બળદ ન હોય તે) એમ વિચારવામાં આવતું નથી, પરંતુ તેનું આલંભન કરવું કે ન કરવું એ વિચારવામાં આવે છે. આ ઉદાહરણ ઉપરથી સમજવાનું છે કે જ્યાં સાક્ષાત્ શ્રવણ થતું હોય ત્યાં પણ અયોગ્ય હોવાથી સંબંધ ન થઇ શકે તો જ્યાં શ્રવણ થતું ન હોય તેવાં (સમાસ સંજ્ઞા જેવાં) સ્થળે સંબંધ ન થઇ શકે તે દેખીતું છે.અહીં કૈ. શંકા રજુ કરે છે કે **समर्थः पदविधिः।** એ સૂત્રની વાર્તિક **वाक्चनानर्थक्यं स्वभावसिद्धत्वात्।**ના ભાષ્યમાં કહ્યું છે કે વૃત્તિ અર્થાત્ સમાસ અને અવૃત્તિ અર્થાત્ વાક્ય-સમાસનો અભાવ- એ બન્ને સ્વાભાવિક છે અને વૃત્તિ કરવામાં આવે ત્યારે એકાર્થીભાવ થાય છે. એ સ્થિતિમાં સંજ્ઞા અવશ્ય થાય છે, તેથી વિકલ્પ થાય છે તેમ કહેવું નિરર્થક છે. અહીં તો ભાષ્યકાર કહે છે કે વિભાષાનો અન્વય સમાસ સંજ્ઞા સાથે કરવાનો છે. આમ એક સ્થળે વિકલ્પ નિરર્થક છે એમ કહેવું અને અહીં સમાસ સંજ્ઞામાં વિકલ્પ થાય છે એમ કહેવું એ તો સ્પષ્ટ વિરોધાભાસ છે.

આ શંકાનું નિવારણ કરતાં કૈયટ-નાગેશ કહે છે કે સમર્થસૂત્રમાં સંજ્ઞાના ભાવ અને અભાવ અર્થાત્ સંજ્ઞા થાય પણ ખરી અને ન પણ થાય એમ જે કહ્યું છે તે વૃત્તિ અને વાક્યના મુખ્યાર્થના ભેદને આધારે કહ્યું છે. વાક્યમાં (અર્થાત્ સમાસ ન કર્યો હોય ત્યાં) **व्यपेक्षा** (પરસ્પરાકાંક્ષા) નો અર્થ છે. જેમ કે **राज्ञः पुरुषः।** એ વાક્યમાં **राजन्** શબ્દ રાજાનો અને **पुरुष** શબ્દ પુરુષનો એમ ભિન્ન અર્થ બતાવે છે અને તેમને પરસ્પર આકાંક્ષા રહે છે, એટલે કે રાજા પુરુષની અને પુરુષ રાજાની એમ પરસ્પર અપેક્ષા રાખે છે. પરંતુ જ્યારે તેમનો સમાસ (**वृत्ति**) થાય ત્યારે **राजपुरुषः** એ સમાસમાં **राजन्** શબ્દ માત્ર 'રાજાનો' અને **पुरुष** શબ્દ માત્ર'પુરુષનો' એમ ભિન્ન અર્થ ન દર્શાવતાં એક જ અર્થ (**पुरुषः**) બતાવે છે. આમ સમાસમાં **एकार्थीभाव** થાય છે. હવે સમાસ હોય તો જ એકાર્થીભાવ થાય છે તેથી ત્યાં સમાસ સંજ્ઞા થાય અથવા ન થાય એ પ્રકારના વિકલ્પને સ્થાન જ નથી તેથી ભાષ્યકારે **वावचन०** નો અર્થ નથી એમ કહ્યું છે. પરંતુ અહીં વૃત્તિ અને વાક્ય એ બન્નેના મુખ્યાર્થનો અભેદ છે એમ સ્વીકાર્યું છે. બન્નેનો એક જ અર્થ છે તેથી અહીં કહ્યું છે કે જેવિભાષા શબ્દ છે તેની યોજના (અન્વય) સમાસ સંજ્ઞા સાથે કરવાની છે . તેથી એક જ અર્થ દર્શાવતાં **राज्ञः पुरुषः।** એ વાક્ય અને **राजपुरुषः** એ સમાસ અર્થાત્ વૃત્તિમાં, જ્યારે વૃત્તિ હોય ત્યારે, સંજ્ઞા થાય અને ન હોય ત્યારે ન થાય, એ કારણે વિકલ્પ થશે.આથી ઉપર જે શંકા કરી કે વિરોધાભાસ થાય છે તે નિર્મૂળ છે.

વળી વૃત્તિ અને વાક્યના મુખ્યાર્થનો અભેદ સ્વીકારવાથી એ બન્ને સાધુ પ્રયોગ થઇ શકશે, કારણ કે વિકલ્પને પ્રતાપે જે સાધુ છે તે અન્યનો નિવર્તક નહીં થઇ શકે.જેમ કે વૃત્તિને સાધુ માનવાથી તેનો જ અર્થ દર્શાવતું વાક્ય અસાધુ થવાનો સંભવ છે અને તેથી વૃત્તિ વાક્યનું નિવર્તક થાય, પરંતુ વિકલ્પ છે તેથી અભિન્ન અર્થવાળાં વૃત્તિ અને વાક્ય બન્ને સાધુ થશે અને કોઇ પોતાનાથી ભિન્નનું નિવર્તક નહીં થાય.એ પણ બન્નેના અર્થને અભિન્ન ગણવાનો લાભ છે.

[283] શબ્દ કાર્ય છે એ મત પ્રમાણે આ દોષ આવશે એમ નિત્યશબ્દવાદી બતાવે છે.જ્યારે સૂત્રમાં એક સાથે કઇંક વિધાન કરવામાં આવ્યું હોય,જેમ કે **तव्यत्तव्यानीयरः।** પ્રમાણે **तव्यत्** , तव्य અને **अनीयर्** અહીં ધાતુને વિશે ત્રણ પ્રત્યયોનું એક સાથે (**युगपत्**) વિધાન કરવામાં આવ્યું છે. આ **युगपत्** નું ઉદાહરણ છે. જ્યારે સૂત્રમાં **च**-કારનું ગ્રહણ કરીને અન્યને આવરી લેવામાંઆવ્યાં હોય ત્યારે **अन्वाचय** થયો કહેવાય.જેમ કે **ढक् च मण्डूकात्।** (૪-૧-૧૧૯) પ્રમાણે અપત્યના અર્થમાં **मण्डूक** શબ્દને **ढक्** લાગે છે. અહીં **च** ને કારણે પૂર્વે રહેલા **शिवादिभ्योऽण्।** (૪-૧-૧૧૨) એ સૂત્રમાં જેનું ગ્રહણ છે તે **अण्** નું પણ અનુકર્ષણ થશે (આ સૂત્રમાં ખેંચી લવાશે). પરિણામે **मण्डूक** ને **ढक्** લાગીને **माण्डूकेयः** થશે અને **अण्** લાગીને **माण्डूकः** પણ થશે.અહીં નોંધવું જોઇએ કે **मण्डूक** શબ્દ **अ**- કારન્ત હોવાથી તેને **अत इञ्।** પ્રમાણે **इञ्** લગીને **माण्डूकिः** એમ ત્રીજું રૂપ પણ થશે.અહીં કૈ. નોંધે છે કે વાર્તિકમાં જે **अन्वाचय** શબ્દ પ્રયોજ્યો છે તે સમુચ્ચયના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कार्येषु शब्देषु युगपदन्वाचयेन च यदुच्यते तस्य युगपद्वचनता प्राप्नोति।तव्यत्तव्यानीयरः। ढक् च मण्डूकात्। इति॥ यस्य पुन र्नित्याः शब्दाः प्रयुक्तानामसौ साधुत्वमन्वाचष्टे। ननु च यस्यापि कार्यास्तस्यापि न दोषः। कथम्। प्रत्ययःपरो भवतीत्युच्यते न चैकस्यापि प्रकृतेरनेकस्य प्रत्ययस्य युगपत्परत्वेन संभवोऽस्ति। नापि ब्रूमः प्रत्ययमाला प्राप्नोतीति। किं तर्हि। कर्तव्यमिति

શબ્દો ને અનિત્ય માનવામાં આવે તો **तव्यत्तव्यानीयरः। ढक् च मण्डूकात्।** (જેવાં સૂત્રોમાં) જેમનું એકીસાથે સામુહિક રીતે વિધાન કરવામાં આવ્યું હોય તેવા (**तव्यत् तव्य अनीयर्** કે **ढक् ,अण्** )પ્રત્યયો એકીસાથે લગાડીને શબ્દોનું ઉચ્ચારણ કરવાનો પ્રસંગ આવશે.પરંતુ જેના મતે શબ્દો નિત્ય છે તે તો (શબ્દોનો) પ્રયોગ થયા પછી તેમના સાધુત્વ વિશે કહે છે.અરે પણ જેને મતે શબ્દો અનિત્ય છે તેને પણ આ દોષ નહીં આવે.કેવી રીતે (નહીં આવે) ?[284] કારણ કે એમ કહેવામાં આવ્યું છે કે પ્રત્યય (પ્રકૃતિની) પાછળ(**पर**) લગાડવામાં આવે છે પણ અનેક પ્રત્યય એક સાથે એક જ પ્રકૃતિની પાછળ આવે તે શક્ય નથી. પ્રત્યયોની માળા થાય છે એમ અમે કહેતા નથી[285] તો પછી શું (કહેવા માગો છો) ? **कर्तव्यम्** એમ (એક **तव्य** પ્રત્યાન્તનો)

---

અર્થમાં છે અને સૂત્રમાં **च**-કારનું ગ્રહણ કરીને અથવા સ્વરિત સ્વરધ્દારા તેનું વિધાન કરવામાં આવે છે. જેમ કે **काश्यादिभ्यष्ठञ्ञिठौ।** એ સૂત્રમાં **ठञ्** સ્વરિત છે.શંકાકારનું કહેવું છે કે જ્યાં અન્વાચય અને યુગપદ્ વિધાન કર્યુ હોય ત્યાં જે તે પ્રત્યયનો એક સાથે પ્રયોગ થવાનો પ્રસંગ આવશે.તેથી યુગપદ્ વિધાનના દૃષ્ટાન્ત રૂપે જે **तव्यत्** ,**तव्य** અને **अनीयर्** પ્રત્યયો કહ્યા તે એકી સાથે લાગુ પડવાનો પ્રસંગ આવશે અને અન્વાચય ધ્દારા વિધાન થયું હોય ત્યાં પણ એક સાથે પ્રત્યયો થવાનો પ્રસંગ આવશે. તેથી **मण्डूक** પછી **ढक्** , **अण्** વગેરે એક સાથે થવા જશે, કારણ કે જેઓ શબ્દને અનિત્ય માને છે તે પ્રયોગને લક્ષમાં લીધા વિના જ શબ્દોનું વ્યાખ્યાન કરે છે. પરંતુ જેઓ શબ્દને નિત્ય માને છે તે શબ્દના પ્રયોગને લક્ષમાં રાખીને પ્રયોગમાં શબ્દો જે રીતે જોવામાં આવતા હોય તેમને જ અનુલક્ષીને શાસ્ત્રમાં પ્રત્યય વગેરેની કલ્પના કરીને તેનું વિધાન કરે છે અને તે રીતે તેને સિદ્ધ કરે છે.આ બાબતને સ્પષ્ટ કરતાં નાગેશ રેખાગવયન્યાયનો ઉલ્લેખ કરે છે. જેવી રીતે રેખામાં દોરેલા ગવયના અવયવો સાચા ગવયના અવયવ જેવા જ હોય છે છતાં તે કલ્પિત હોય છે તેમ શાસ્ત્ર શબ્દનું વિશ્લેષણ કરે છે તે શબ્દ પણ નિત્ય અને અખંડ શબ્દ નથી પણ કલ્પિત, અનિત્ય અને સાવયવ છે એમ સમજાશે. આથી શબ્દની નિત્યતાને કોઇ હાનિ નહીં પહોંચે.

[284] પ્રત્યય પાછળ આવે છે એમ **प्रत्ययः। परश्च।** એ સૂત્રો ઉપરથી સમજાય છે તેથી **कृ तव्यत् तव्य अनीयर्** એમ થવાનો પ્રસંગ જ નથી, કારણ કે **तव्य** અને **अनीयर्** એ **कृ** ધાતુની પર નથી, કારણ કે બચ્ચે **तव्यत्** નું વ્યવધાન છે.અહીં શંકાકાર કહે છે કે લોકવ્યવહારમાં વ્યવહિત હોય છતાં તેને **पर** કહોમાં આવે છે તેમ અહીં પણ **अनीयर्** પર થઇ શકશે અને તેથી યુગપદ્ પ્રયોગનો પ્રસંગ ઊભો જ રહેશે. તેનું સમાધાન એટલું જ કે લોકવ્યવહારના આવા પ્રયોગોમાં વચમાં જર રહેલ હોયતેને લક્ષમાં લીધા વિના જ અવ્યવહિતપણાનો આરોપ કરવામાં આવે છે અને એ રીતે પર શબ્દનો ત્યાં ઔપચારિક પ્રયોગ થાય છે. પરંતુ શાસ્ત્રમાં **पर** વગેરે શબ્દો તો અવયવહિતના અર્થમાં જ પ્રયોજવામાં આવે છે અને તેથી જ **व्यवहिताश्च।** એ સૂત્ર સાર્થક થાય છે.વળી લોક વ્યવહારમાં અવયવહિત હોય છતાં **पर** શબ્દ કદાચ પ્રયોજાય પણ શાસ્ત્રમાં તો અવયવહિત રીતે પાછળ આવ્યો હોય તેને જ **पर** કહેવામાં ાાવે છે, કારણ કે ત્યાં તો અવયવહિતનો જ **पर** તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે.શાસ્ત્રમાં **छन्दसि परेऽपि। परश्च।** વગેરે સ્થળોએ પણ જે ઉત્તરાંગરહિત હોય એટલે કે અવયવહિત હોય તેને વિશે જ **तस्मादित्युत्तरस्य।** એ પરિભાષા પ્રવૃત્ત થાય છે.ભાષ્યકારે **सरूपाणामेकशेषः।** એ સૂત્રના ભાષ્યમાં 'પ્રકૃતિ એક છે અને **यञ्** પ્રત્યય અનેક છે (**एकाप्रकृतिर्बहवश्च यञः।**) એમ કહ્યું છે તેથી કોઇ શંકા કરે કે એક જ પ્રકૃતિની પાછળ અનેક **यञ्** આવી શકે તો **तव्यत्** વગેરે પણ એક પ્રકૃતિની પછી આવી શકે અને તો પછી દોષ ઊભો રહેશે. તેનો ખુલાસો કરતાં કૈયટ કહે છે કે **यञ्** ની જે (**य् अ ञ्** ) રૂપી આકૃતિ છે તે એક જ છે અને તે આકૃતિ પર થાય છે તેથી અવ્યવહિતતા જળવાઇ રહે છે અને દોષ આવતો નથી પરંતુ **तव्य** વગેરેની આકૃતિ એક નથી ભિન્ન છે તેથી વ્યવધાન થાય છે, પરિણામે દોષ થાય છે.

[285] શબ્દ કાર્ય છે એમ માનનારને દોષ આવશે એમ જે કહ્યું તેના જવાબમાં 'પ્રત્યય પર હોય છે અને અવ્યવહિત રીતે પર હોવા જોઇએ તેથી એકી સાથે અનેક પ્રત્યય આવવાનો પ્રસંગ નહીં આવે' તેમ કહીને બચાવ કર્યો. તેથી નિત્યશબ્દવાદી કહે છે કે એક જ પ્રકૃતિની પાછળ **तव्यत् तव्य अनीयर्** એક સાથે આવીને પ્રત્યયની માલા થશે એમ એ કહેવા માગતો નથી, પરંતુ એક પ્રત્યયયુક્ત શબ્દનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रयोक्तव्ये युगपद् द्वितीयस्य तृतीयस्य च प्रयोगः प्राप्नोति। नैष दोषः। अर्थगत्यर्थः शब्दप्रयोगः। अर्थं संप्रत्याययिष्यामीति शब्दः प्रयुज्यते। तत्रैकेनोक्तत्वात्तस्यार्थस्य द्वितीयस्य प्रयोगेण न भवितव्यमुक्तार्थानामप्रयोग इति॥

आचार्यदेशशीलने च तद्विषयता॥१७॥

आचार्यदेशशीलनेन यदुच्यते तस्य तद्विषयता प्राप्नोति। इको ह्रस्वोऽङ्यो गालवस्य। प्राचामवृद्धात्फिन्बहुलम्। इति गालवा एव ह्रस्वान्प्रयुञ्जीरन्प्राक्षु चैव हि फिन्स्यात्। तद्यथा। जमदग्निर्वा एतत्पञ्चममवदानमवाद्यत्तस्मान्नाजामदग्न्यः पञ्चावत्तं जुहोति॥

પ્રયોગ કરવાનો હોય ત્યાં એકી સાથે બીજા અને ત્રીજા પ્રત્યયયુક્ત શબ્દનો પ્રયોગ કરવાનો પ્રસંગ આવે છે.તેમાં વાંધો નથી. (કારણ કે) શબ્દનો પ્રયોગ અર્થ સમજાય તે માટે છે (એટલે કે) 'હું (અન્ય વ્યક્તિને) અર્થનો બોધ કરાવી શકીશ' એમ વિચારીને (માણસ) શબ્દનોપ્રયોગ કરે છે. એમ હોવાથી એક શબ્દ વ્દારા અર્થ કહેવાઇ ગયો હોય તેથી બીજા શબ્દોનો પ્રયોગ ન થવો જોઇએ, કારણ કે ( એક (શબ્દ) વ્દારા જે અર્થ વ્યક્ત થઇ ગયો છે તે માટે (ફરીથી) શબ્દપ્રયોગ કરવો ન જોઇએ.

જ્યારે આચાર્ય અથવા દેશનો ઉલ્લેખ[286] કરીને કંઇ કહેવામાં આવ્યું હોય ત્યારે તે કાર્ય તે(આચાર્ય કે દેશ) નો વિષય થશે ॥૧૭॥

જ્યારે આચાર્ય અથવા દેશનો ઉલ્લેખ કરીને કંઇ કહેવામાં આવ્યું હોય ત્યારે તે કાર્ય તે(આચાર્ય કે દેશ) પુરતું જ મર્યાદિત બને છે. જેમ કે **इको ह्रस्वोऽङ्यो गालवस्य। प्राचामवृद्धात्फिन्बहुलम्।** એ સૂત્રોમાં **गालव** એ આચાર્યનો અને **प्राचाम्** એ દેશનો સ્પષ્ટ ઉલ્લેખ છે તેથી **गालव** ના શિષ્યો હ્રસ્વનો પ્રયોગ કરે છે[287] અને પૂર્વના લોકો **फिञ्** પ્રત્યય લગાડે.[288] જેવી રીતે **'जमदग्निर्वा एतत्पञ्चममवदानमवाद्यत्तसमान्नाजामदग्न्यः पञ्चावत्तं जुहोति।** (જમદગ્નિએ જ એ પાંચમું અવદાન કર્યું છે તેથી જે જામદગ્ન્ય નથી તે પાંચમા અવદાનનું હવન કરતો નથી [289] ( તે રીતે અહીં પણ સમજવાનું છે).

---

પ્રયોગ કરવાની ઇચ્છા હોય મ, જેમ કે **तव्य** પ્રત્યયયુક્ત **कर्तव्यम्** , ત્યારે **करणीय कार्य इत्यादि** પણ પ્રયોગ માટે ઉપસ્થિત થવાનો પ્રસંગ આવશે.

[286] **शीलनम्** નો અહીં ઉલ્લેખ એમ અર્થ છે. વારંવાર ઉલ્લેખ કરવો એમ નથી, કારણ કે એક જ સૂત્રમાં એમ કરવું શક્ય નથી.

[287] ગાલવના મત પ્રમાણે જેને અન્તે **ङी** આવતો હોય તેવા **इगन्त** નો ઉત્તરપદ પર થતાં હ્રસ્વ થાય છે, જેમ કે **ग्रामणिकुलम्** . અહીં સૂત્રમાં ગાલવ આચાર્યનું નામ મૂક્યું છે તેથી સમજાય છે કે આ પ્રમાણે હ્રસ્વનો પ્રયોગ કરનાર તે આચાર્ય છે આમ સૂત્રમાં દર્શાવેલ વિધિની પ્રમાણભૂતતા દર્શાવવા માટે આચાર્યનું નામ મૂક્યું છે અને તેથી સૂત્રની સ્તુત્યતા (પૂજા) સૂચવાય છે

[288] પૂર્વના આચાર્યોના મતે જેના આદિમાં વૃદ્ધિયુક્ત વર્ણ ન હોય તેવા શબ્દસ્વરૂપને અપત્યના અર્થમાં **फिञ्** તદ્ધિત લાગે છે, જેમ કે **अहिचुम्बकायनिः** . અહીં પૂર્વના આચાર્યએમ કહીને દેશનો ઉલ્લેખ કર્યો છે તેથી દેશની કીર્તિ ઉદ્‌ભવવાથી તે દેશવાસીઓને દીર્ઘકાલપર્યન્ત સ્વર્ગનિવાસ પ્રાપ્ત થાય છે, એમ કૈયટ અને નાગેશે અર્થ ઘટાવ્યો છે, પરંતુ યુ.મી. ના મત પ્રમાણે દેશની કીર્તિ એટલે પ્રદેશના નામોલ્લેખથી સૂત્રકારનું બહુજ્ઞત્વ સૂચવાય છે.

[289] **अवत्त** એટલે **अवदान** અર્થાત્ કાપવું, પુરોડાશાદિના જરૂરી ભાગનું આહૂતિ માટે ગ્રહણ કરવું અને હવિર્ગ્રહણ કરવું તે પણ અવદાન.પ્રાચીન શ્રૌત યજ્ઞોમાં **वौषट्** શબ્દનું ઉચ્ચારણ કરીને આહૂતિ આપવામાં આવતી હતી તેમાં હવિનું ચાર પ્રકારે અવદાન કરીને **जुहू** (પલાશનું આહૂતિપાત્ર) વડે આહૂતિ આપવામાં આવતી .પરંતુ જમદગ્નિ મુનિએ ચારને દલે પાંચ અવદાન સ્વીકાર્યા છે, તેથી **'पञ्चावत्तं जमदग्नीनाम्।'** એમ આપસ્તમ્બે કહ્યું છે. આમ જમદગ્નિના વંશજ પાંચ અવદાન કરે છે. અહીં **अवाद्यत्** એટલે ગ્રહણ કરે(છા)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यस्य पुनर्नित्याः शद्बा गालवग्रहणं तस्य पूजार्थं देशग्रहणं च कीर्त्यर्थम्। ननु च यस्यापि कार्यास्तस्यापि पूजार्थं गालवग्रहणं स्याद्देशग्रहणं च कीर्त्यर्थम्॥

तत्कीर्तने च द्वैधाप्रतिपत्तिः॥१८॥

तत्कीर्तने च द्वैधं शद्बानामप्रतिपत्तिः स्यात्। इच्छामश्च पुनराचार्यग्रहणेषु देशग्रहणेषु च द्वैधं शद्बानां प्रतिपत्तिः स्यादिति तच्च न सिध्यति॥

अशिष्यो वा विदितत्वात्॥१९॥

अशिष्यो वा पुनरयं योगः। किं कारणम्। विदितत्वात्। यदनेन योगेन प्रार्थ्यते तस्यार्थस्य विदितत्वात्। येऽपि ह्येतां संज्ञां नारभन्ते तेऽपि विभाषेत्युक्तेऽनित्यत्वमवगच्छन्ति। याज्ञिकाः खल्वपि संज्ञामनामारभमाणा विभाषेत्युक्तेऽनित्यत्वमवगच्छन्ति। तद्यथा।

પરંતુ જે શબ્દોને નિત્ય માને છે તેને માટે (સૂત્રમાં જે) **गालव** (નામનું) ગ્રહણ કર્યું હોય તે સન્માનાર્થે છે અને **प्राचाम्** (એમ) દેશનું (સૂત્રમાં)ગ્રહણ હોય તે પ્રખ્યાતિ (સૂચવવા) માટે છે. અમે કહીએ છીએ કે જેના મત પ્રમાણે શબ્દો અનિત્ય છે તેની દૃષ્ટિએ પણ (સૂત્રમાં જે) **गालव** (નામનું) ગ્રહણ કર્યું હોય તે સન્માનાર્થે થાય અને **प्राचाम्** ( એમ) દેશનું (સૂત્રમાં)ગ્રહણ હોય તે પ્રખ્યાતિ (સૂચવવા) માટે હોઇ શકે.[290]

જો તેનો ઉલ્લેખ હોય તો (શબ્દોનાં) દ્વિવિધ રૂપ સિદ્ધ નહીં થઇ શકે ॥૧૮॥

જો(સૂત્રમાં )તે (આચાર્ય કે દેશ)નાં ઉલ્લેખ[291] કરવામાં આવ્યો હોય તો શબ્દનાં રૂપો બે પ્રકારે સિદ્ધ નહીં થઇ શકે. પરંતુ આચાર્ય અને દેશનો સૂત્રમાં ઉલ્લેખ કર્યો હોય ત્યાં પણ શબ્દોનાં રૂપો બે રીતે થાય તેમ આપણે ઇચ્છીએ છીએ છતાં તે સિદ્ધ થતાં નથી.[292]

અથવા (અર્થ) જાણીતો હોવાથી (સૂત્ર) ન કરવું જોઇએ[293] ॥૧૯॥

અથવા આ ( **नवेति॰** )સૂત્ર કરવાની જરૂર નથી. શા માટે (જરૂર નથી) ? કારણ કે તે (નો વિષય) જાણીતો છે. આ (**नवेति विभाषा** ।) સૂત્રદ્વારા જે ઇચ્છવામાં આવ્યું છે તે વાત જાણીતી છે , કારણ કે જેઓ આ ( વિભાષા એ) ખાસ સંજ્ઞા કરતા નથી તેઓને પણ વિભાષા એમ કહેવાથી અનિત્યત્વ (વિકલ્પ)નો અર્થ સમજાય છે. યજ્ઞકરનારાઓ તો વિભાષા એમ કહેવાથી વિકલ્પનો અર્થ સમજે છે જેમ કે

---

[290] આ વાક્યને ' ગાલવ આચાર્યે હ્રસ્વ થાય છે એમ કહ્યું છે તેથી તું પણ એ પ્રમાણે પ્રયોગ કર' એ પ્રકારનો સ્તુતિ દર્શક અર્થવાદ ગણી શકાય અને એ રીતે શબ્દને અનિત્ય માનનારને પણ સૂત્રમાં કરેલું ગાલવગ્રહણ પૂજાર્થે લઇ શકાય. એ પ્રકારની દલીલ અહીં છે.

[292] ગાલવ આચાર્યે હ્રસ્વત્વ કર્યું છે તેથી તેનો પ્રયોગ કરવો એમ અનિત્યવાદી પ્રમાણે અર્થ થશે.પરિણામે બે પ્રકારનાં વૈકલ્પિક રૂપો પ્રાપ્ત થાય છે તે નહીં થાય. પરંતુ એ પ્રકારનાં રૂપ થાય તે ઇષ્ટ છે. પરંતુ નિત્યશબ્દવાદી પ્રમાણે ગાલવ હ્રસ્વની હિમાયત કરનાર છે અને અન્ય આચાર્ય દીર્ઘને સ્વીકારે છે એમ ભિન્ન સ્મૃતિનો સ્વીકાર કરવાથી વિકલ્પ થઇ શકે છે તેથી ઉભયવિધ શબ્દ રૂપો સિદ્ધ થઇ શકશે.

[293] જાતિપક્ષમાં એટલે કે પદનો અર્થ જાતિ છે એમ સ્વીકારતાં **लिद्त्व** જાતિને વિશે સૂત્ર વિધિમુખે પ્રવૃત્ત થાય તો માત્ર **पित्** પ્રત્યયો પૂર્વે સંપ્રસારણ થશે અને પ્રતિષેધમુખે પ્રવૃત્ત થાય તો **कित्** પ્રત્યયો પૂર્વે જ સંપ્રસારણ થશે.ટૂંકામાં બન્ને રીતે અમુક જ પ્રત્યયો પૂર્વે કાર્ય થશે, સર્વત્ર નહીં થાય.તેથી આ સંજ્ઞા સૂત્ર કરવું પડશે, કારણ કે જો સૂત્ર કરવામાં ન આવ્યું હોય તો **लिद्त्व** જાતિને વિશે પ્રાપ્ત થતા કાર્યનો પ્રથમ નિષેધ થતાં તે (**लिद्त्व** જાતિને) અનુલક્ષીને જ વિકલ્પ કરવામાં આવ્યો છે તેથી સર્વત્ર કાર્ય સિદ્ધ થશે.
પરંતુ વ્યક્તિપક્ષમાં જેમ લક્ષ્ય ભિન્ન ભિન્ન હોય તેમ લક્ષણ પણ ભિન્ન થાય તથી કેટલેક સ્થળે થોડું લક્ષણ (સૂત્ર) વિધિમુખે પ્રવૃત્ત થશે અને કોઇ સ્થળે પ્રતિષેધમુખે પ્રવૃત્ત થશે અને તેમ થવાથી ઇષ્ટ રૂપો સિદ્ધ થઇ શકે છે તેથી આ સંજ્ઞા સૂત્ર કરવાની જરૂર નહીં રહે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मेध्यः पशुर्विभाषितः। मेध्योऽनड्वान्विभाषित इति। आलब्धव्यो नालब्धव्य इति गम्यते॥ आचार्यः खल्वपि संज्ञामारभ्यमाणो भूयिष्ठमन्यैरपि शद्बैरेतमर्थं संप्रत्याययति। बहुलम् अन्यतरस्याम् उभयथा वा एकेषामिति॥

अप्राप्तेत्रि संशयाः॥२०॥

इत उत्तरं या विभाषा अनुक्रमिष्यामोऽप्राप्ते ता द्रष्टव्याः। त्रसंशयास्तु भवन्ति प्राप्तेऽप्राप्त उभयथा वेति॥

द्वन्द्वे च। विभाषा जसि॥१।१।३१-३२॥

प्राप्तेऽप्राप्ते उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। उभयशद्बः सर्वादिषु पठ्यते तयपश्चायजादेशः क्रियते

मेध्यः पशुर्विभाषितः। मेध्योऽनड्वान्विभाषितः। એમ કહેવામાં આવતાં' આલંભન કરવાનું છે' અથવા 'આલંભન નથી કરવાનું' એમ સમજાય છે.[294]આચાર્ય(પાણિનિ) પણ (સૂત્ર વ્દારા) આ (विभाषा ) સંજ્ઞા કરે છે, છતાં મોટે ભાગે बहुलम् , अन्यतरस्याम् , उभयथा , वा , एकेषाम् જેવા અન્ય શબ્દો વ્દારા એ(વિકલ્પના)અર્થને સમજાવે છે.[295]

અપ્રાપ્ત (વિભાષા)માં ત્રણ સંશય[296] (થાય છે)॥૨૦॥

હવે પછી જેનો ક્રમપૂર્વક નિર્દેશ કરીશું તે અપ્રાપ્ત વિભાષા છે તેમ જાણવું. પણ અહીં ત્રણ પ્રકારના સંશય થાય છે કે એ પ્રાપ્તવિભાષા છે , અપ્રાપ્તવિભાષા છે કે પ્રાપ્તાપ્રાપ્તવિભાષા છે ?

द्वन्द्वे च। विभाषा जसि (સંશય થાય છે). ॥૧-૧-૩૧-૩૨॥

અહીં સંદેહ થાય છે કે પ્રાપ્ત હોય ત્યાં (આ વિભાષા થાય છે), કે અપ્રાપ્ત હોય છે ત્યાં( આ વિભાષા થાય છે) કે પછી પ્રાપ્ત અને અપ્રાપ્ત બન્ને હોય ત્યાં(આ વિભાષા કરવામાં આવે છે) ? (અહીં ) પ્રાપ્ત (વિભાષા)કેવી રીતે (થશે) ? અપ્રાપ્ત (વિભાષા) કેવી રીતે (થશે) ? અને (વિકલ્પ જ્યાં પ્રાપ્ત તેમ જ અપ્રાપ્ત હોય ત્યાં એટલે કે) ઉભયત્ર વિભાષા કેવી રીતે (થશે) ? उभय[297] શબ્દનો सर्वादि ગણમાં પાઠ કરવામાં આવ્યો છે અને तयप् નો अयच् આદેશ કરવામાં આવે છે.

---

[294] જુઓ ઉપર નોધ (૨૮૨)

[295] તેથી આસૂત્ર ઉપર કાશિકા કહે છે, 'उदीचां प्राचामन्यतरस्यां बहुलमिति सर्वविकल्पार्थास्तेषामेनैव सिध्यति। અર્થાત્ प्राचाम् ,उदीचाम् , अन्यतरस्याम् , बहुलम् વગેરે વિકલ્પ માટે મૂકવામાં આવે છે. તેમાંના ગમે તે એકના (પ્રયોગ) થી (વિકલ્પ) સિદ્ધ થાય છે.' દૃષ્ટાન્ત રૂપે हृक्रोरन्यतरस्याम्। એ સૂત્રવ્દારા જે ઉભયત્ર વિભાષા કરી છે ત્યાં વિભાષા સંજ્ઞાનો ઉલ્લેખ કર્યા વિના જ પ્રાપ્તાપ્રાપ્ત વિભાષા થઇને આ પ્રમાણે પ્રયોગો મળે છે. પ્રાપ્તવિભાષામાં अभ्यवहारयति सैन्धवान्। अभ्यवहारयति सैन्धवैः। , અપ્રાપ્તમાં (हरति भारं देव- दत्तः।નું પ્રેરક) हारयति भारं देवदत्तम्। हारयति भारं देवदत्तेन। આમ જેમ અહીં વૈકલ્પિક પ્રયોગો સિદ્ધ થાય છે તેમ જે સૂત્રેમાં विभाषा શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં પણ કાર્ય સિદ્ધ થઇ શકશે તેથી આ સંજ્ઞા સૂત્રનું ભાષ્યકાર ખંડન કરે છે તેમ મોટા ભાગના ટીકાકારો માને છે.

[296] त्रिसंशयाः એક સાથે ત્રણ સંશય કોઇ સ્થળે શક્ય નથી તેથી જેમાં ત્રણ અર્થમાં સંશય છે તે त्रिसंशयाः એમ કૈયટ સમજાવે છે, કારણ કે વિભાષાઓના ત્રણ અર્થમાં સંશય ઉદ્ભવે છે. તે એ કે આ તે પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે ?

[297] અહીં द्वन्द्वे च। विभाषा जसि। એમ કહ્યા પછી उभय શબ્દનું ઉદાહરણ કેમ આપ્યું છે ? એવો પ્રશ્ન થાય, પરંતુ એ સૂત્રો તો માત્ર વિષયનો સંદર્ભ સૂચવવા માટે છે, કારણ કે વ્દન્દ્વ સમાસમાં સર્વનામ સંજ્ઞાનો નિષેધ કરવામાં આવેલો છે તેથી विभाषा जसि। માં સર્વનામ સંજ્ઞાને લગતી અપ્રાપ્ત વિભાષા છે અથવા તો નિષેધની દૃષ્ટિએ , નિષેધ પ્રાપ્ત છે તેથી, પ્રાપ્ત વિભાષા છે એમ નક્કી થઇ શકે છે. આમ અહીં ત્રિસંશયનો અભાવ છે તેથી उभय નું દૃષ્ટાન્ત આપ્યું છે.[તે માટે જુઓ નીચે (નોધ ૨૯૯)].અહીં શંકાકાર કહે છે કે तय પ્રત્યયની બાબતમાં શંકા ઉપસ્થિત થવાનો કોઇ પ્રશ્ન જ નથી કારણ કે प्रथमचरम० વગેરે સૂત્રમાં तय એ પ્રત્યયમાત્રની સંજ્ઞા કરવામાં આવી છે, જ્યારે सर्वादि સૂત્ર વ્દારા उभय શબ્દની - સમુદાયની સંજ્ઞા કરવામાં આવી છે. આમ બન્નેના વિષય ભિન્ન છે તેથી અપ્રાપ્તવિભાષા છે તેમ અવશ્ય સમજાય છે તેથી સંશયને અવકાશ જ નથી. કૈ. કહે છે કે प्रथमचरम० વગેરેમાં જે तय પ્રત્યય છે તેમાં તદન્તવિધિ કરવો પડશે, કારણ કે येन विधिः० સૂત્રની વાર્તિકમાં તદન્તવિધિના પ્રયોજન રૂપે (તદન્તને) સર્વનામ સંજ્ઞા થાય (प्रयोजनं



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तेन वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। अयच्प्रत्ययान्तरम्। यदि प्रत्ययान्तरमुभयीतीकारो न प्राप्नोति। मा भूदेवम्।**

તેથી નિત્ય પ્રાપ્ત છે ત્યાં (પ્રાપ્ત) વિભાષા થાય છે કે અન્યત્ર અપ્રાપ્ત હોય ત્યાં (અપ્રાપ્ત) વિભાષા થાય છે કે (જ્યાં પ્રાપ્ત હોય ત્યાં તેમ જ જ્યાં અપ્રાપ્ત હોય ત્યાં એમ ) ઉભયત્ર વિભાષા છે ?[298] (એ પ્રકારનો સંદેહ થાય છે ) (પરંતુ અહીં) અપ્રાપ્ત (વિભાષા છે) **अयच्** કોઇ બીજો જ પ્રત્યય છે.[299] જો (**अयच्** એ **तयप्** નો આદેશ ન હોઇને) ભિન્ન પ્રત્યય જ હોય તો **उभयी** માં અન્તે ઈ-કાર થઇ શકશે નહીં.[300] ભલે એમ ન થાય,

---

**सर्वनामाव्ययसंज्ञायाम्।**) એમ કહ્યું છે, વળી સર્વનામ એ અન્વર્થ સંજ્ઞા છે. તે સંજ્ઞા **तय** પ્રત્યયને આપી ન શકાય , કારણ કે કેવળ પ્રત્યયનો પ્રયોગ થતો નથી આમ સૂત્રમાંના **तय** નો અર્થ **तयान्त** થશે.

[298] ઉપર જોયું તેમ **उभय** શબ્દ સ્થાનિવદ્ભાવથી **तयान्त** છે , કારણ કે લૌકિક સંખ્યા હોવાથી **उभ** શબ્દને **संख्याया अवयवे तयप्।** પ્રમાણે **तय (तयप्)** લાગશે. પરંતુ **उभादुदात्तो नित्यम्।** પ્રમાણે **तयप्** ને સ્થાને **अयच्** પ્રત્યય લાગીને **उभय** શબ્દ બન્યો છે. અહીં આ રીતે શંકા થાય છે :

(૧) **प्रथमचरम०** માં **सर्वादीनि०** ની અનુવૃત્તિ કરીને તેને **तयान्त**નું વિશેષણ ગણીએ તો **सर्व** વગેરેમાં આવતો (**तयान्त**) **उभय** એમ સમજાશે (**द्वितय त्रितय** વગેરે જે અન્ય **तयान्त** છે તેમનો સર્વાદિગણમાં સમાવેશ નથી).સર્વાદિગણમાં હોવાથી **उभय** ને સર્વનામ સંજ્ઞા નિત્ય પ્રાપ્ત છે અને **प्रथम०** વગેરેથી **जस्** પૂર્વે વિકલ્પે સંજ્ઞા થશે આમ સંજ્ઞા પ્રાપ્ત છે ત્યાં વિકલ્પ થવાથી પ્રાપ્તવિભાષા થશે. (૨) જો **प्रथमचरम०** માં **सर्वादीनि०** ની અનુવૃત્તિ ન કરીએ તો **उभय** શબ્દ **तयान्त** હોવા છતાં **सर्वादीनि०** પ્રમાણે તેને થએલી સર્વનામ સંજ્ઞા **प्रथम०** થી તેને થતી વૈકલ્પિક સંજ્ઞાનો પૂર્વપ્રતિષેધથી બાધ કરશે. તેથી **उभय** ને નિત્ય સર્વનામ સંજ્ઞા થશે, પરંતુ તે સિવાયના **द्वितय** વગેરે **तयान्त** ને સર્વનામ સંજ્ઞા બિલકુલ પ્રાપ્ત ન હતી તેમને **जस्** પૂર્વે વિકલ્પે સંજ્ઞા થશે, તેથી એ અપ્રાપ્તવિભાષા થશે.(૩) જો **प्रथमचरम०** થી **तयान्त** નેથતી સંજ્ઞા **सर्वादीनि०** પ્રમાણે **उभय** ને થતી સંજ્ઞાને પરપ્રતિષેધથી વૈકલ્પિક કરશે એમ સમજ્યામાં આવે તો **उभय** ને સંજ્ઞા પ્રાપ્ત હોવા છતાં વિકલ્પ થશે તેથી પ્રાપ્તવિભાષા અને **द्वितय** વગેરેને સંજ્ઞા પ્રાપ્ત ન હતી છતાં વિકલ્પે પ્રાપ્ત થવાથી અપ્રાપ્તવિભાષા થશે. આમ અહીં વિભાષા પ્રાપ્ત તેમ જ અપ્રાપ્તમાં થાય છે તેથી ઉભયત્ર વિભાષા થશે.અહીં પ્રાપ્ત, અપ્રાપ્ત કે ઉભયત્ર વિભાષા થશે એમ સંશય થાય છે. તેથી ભાષ્યકાર કહે છે,' **तेन वा नित्ये प्राप्ते अन्यत्र वाऽप्राप्ते उभयत्र वा।**' એટલે કે કોઇવાર (**प्रथम०** માં **सर्वादीनि** ની અનુવૃત્તિ કરતાં) પ્રાપ્ત વિભાષા,કોઇવાર (અનુવૃત્તિ ન કરતાં અને **द्वितय** જેવામાં પૂર્વપ્રતિષેધ લેતાં) અપ્રાપ્ત વિભાષા અને કોઇવાર (એટલે કે પરપ્રતિષેધ લેતાં) ઉભયત્રવિભાષા થશે.હકીકતમાં અહીં અપ્રાપ્ત વિભાષા છે.

[299] **उभादुदात्तः०** થી થતો **अयच्** બીજો જ પ્રત્યય છે, **तयप्** નો આદેશ નથી એમ ગણીશું , એટલે કે આગળના **द्वित्रिभ्याम्०** સૂત્રમાંથી માત્ર **अयच्** ને લઇશું તેથી **उभादुदात्तो०** વગેરેમાં **तयप्** થી ભિન્ન એવા **अयच्** નું વિધાન થતાં **अयच्** પ્રત્યય **तयप्** નો આદેશ નહીં ગણાય અને તેથી **उभय** શબ્દને જે સર્વનામ સંજ્ઞા થાય છે તે તેના સર્વાદિ ગણમાં કરેલા સમાવેશને કારણે થાય છે પરંતુ **प्रथम०** વગેરે પ્રમાણે તેને **जस्** પૂર્વે વૈકલ્પિક સંજ્ઞા નહીં થાય કારણ કે તે **तयान्त** નથી, પરંતુ **द्वितय** વગેરે જે અન્ય **तयान्त** છે તેમને **जस्** પૂર્વે વૈકલ્પિક સંજ્ઞા થશે. વાસ્તવમાં **तयान्त** શબ્દોને સર્વનામ સંજ્ઞા પ્રાપ્ત જ ન હતી તેથી **प्रथम०** વગેરેથી તેમને થતી સંજ્ઞા અપ્રાપ્ત વિભાષા થશે.

[300] **टिड्ढाणञ०** પ્રમાણે **टित्** વગેરે પ્રાતિપદિકનું સ્ત્રીલિંગ કરતાં **टाप्** સ્થાને **ङीप्** લાગે છે. આ સૂત્રમાં **तयप्** નું ગ્રહણ છે, **अयच्** નું નથી પરિણામે જો **अयच्** ને **तयप्** નો આદેશ ન ગણતાં સ્વતંત્ર પ્રત્યય ગણવામાં આવે તો **उभय** નું સ્ત્રીલિંગ કરતી વખતે **ङीप्** નહીં લાગે તેથી **उभयी** એ ઇષ્ટ શબ્દસ્વરૂપ પ્રાપ્ત નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मात्रच इत्येवं भविष्यति। कथम्। मात्रजिति नेदं प्रत्ययग्रहणम्। किं तर्हि। प्रत्याहारग्रहणम्। क्व संनिविष्टानां प्रत्याहारः। मात्रशब्दात्प्रभृत्याऽयचश्चकारात्। यदि प्रत्याहारग्रहणं कति तिष्ठन्ति अत्रापि प्राप्नोति। अत इति वर्तते। एवमपि तैलमात्रा घृतमात्रा अत्रापि प्राप्नोति। सदृशस्याप्यसंनिविष्टस्य न भविष्यति प्रत्याहारेण ग्रहणम्॥

(સૂત્રમાં) **मात्रचः** એમ (કહ્યું) છે તેથી થશે.[301] કેવી રીતે (થશે) ? (સૂત્રમાં) **मात्रच्** એમ જે કહ્યું છે તેમાં પ્રત્યયનું ગ્રહણ નથી. તો પછી શું છે ? પ્રત્યાહાર મૂક્યો છે. ક્યાં મૂકેલા (પ્રત્યયો)નો પ્રત્યાહાર છે ? **मात्र** શબ્દથી લઇને **च**-કાર સુધીમાં (મૂકેલા).જો પ્રત્યાહારનું ગ્રહણ કેવામાં આવ્યું હોય તો **कति तिष्ठन्ति**। માં પણ ( **ङीप्** )થવાનો[302] પ્રસંગ આવશે. **अतः** ની અનુવૃત્તિ થાય છે[303] (તેથી નહીં થાય).એમ છતાં આ **तैलमात्रा** [304], **घृतमात्रा** માં પણ (**ङीप्**) થવાનો પ્રસંગ આવે છે.સમાન (સ્વરૂપનો) હોવા છતાં (પ્રસ્તુત સ્થળે સૂત્રમાં) મૂકવામાં ન આવ્યો હોય તેવાનું પ્રત્યાહારદ્વારા ગ્રહણ થતું નથી.[305] (અહીં)

**ऊर्णोर्विभाषा ॥२०-२॥**

---

[301] અહીં દલીલ એમ છે કે **टिड्ढाणञ्** ० સૂત્રમાં **मात्रच्** નું ગ્રહણ કર્યું છે તેને સ્વતંત્ર પ્રત્યય ન ગણતાં પ્રત્યાહાર ગણીશું અને **प्रमाणे द्वयसज्दघ्नञ्मात्रचः**। માં જે **मात्र** છે ત્યાંથી લઇને **द्वित्रिभ्यां०** એ સૂત્રમાંના **अयच्** ના **च्** સુધીના ભાગને આવરી લેશે. તેથી **अयच्** નો **टिड्ढाणञ्०** સૂત્રમાં સમાવેશ થવાથી **उभय** શબ્દને પણ તે સૂત્ર પ્રમાણે **ङीप्** લાગીને **उभयी** એમ ઇષ્ટ રૂપ થઇ શકશે.

[302] શંકાકાર કહે છે કે પ્રત્યાહાર લેવાથી **कति तिष्ठन्ति**। જેવામાં પણ **ङीप्** થવાનો પ્રસંગ આવશે, કારણ કે **किम्** સર્વનામને સંખ્યાનું માપ બતાવવાનું હોય ત્યારે **किमः संख्यापरिमाणे डति च**।(૫-૨-૪૧) પ્રમાણે **डति** પ્રત્યય લાગે છે અને એ સૂત્ર **प्रमाणे०** (૫-૨-૩૭) અને **द्वित्रिभ्याम्०** (૫-૨-૪૩) એ બે સૂત્રોની વચમાં આવેલું છે તેથી **मात्रच्** પ્રત્યાહારમાં **डति** આવી જશે,પરિણામે **कति** માં **टिड्ढाणञ्** ० પ્રમાણે **ङीप्** લાગવાનો પ્રસંગ આવશે.

[303] શંકાનું નિવારણ કરતાં કહે છે કે **टिड्ढाणञ्** ० માં **अजाद्यतष्टाप्**। એ પૂર્વ સૂત્રમાંથી **अतः** ની અનુવૃત્તિ થાય છે તેથી **टित्** વગેરે જેને અન્તે હોય તેવા **अदन्त** ને **ङीप्** લાગે છે પરંતુ **डति** લાગીને બનેલ **कति** એ **अदन्त** નથી **इ**-કારાન્ત છે તેથી તેને **ङीप्** નહીં લાગે.

[304] જો **अतः** ની અનુવૃત્તિ થાય છે તેમ કહેશો તો **तैलमात्रा** જેવાં સ્થળે પણ **ङीप्** થવાનો પ્રસંગ આવશે એમ શંકાકારનું કહેવું છે. **मात्रा** શબ્દ **मा माने** એ ધાતુને **हुयामाश्रुभसिभ्यः०** થી ઉણાદિ પ્રત્યય **त्रन्** લાગીને થયો છે. **मात्रा** એટલે માપ, ભાગ. **तैलस्य मात्रा** । **घृतस्य मात्रा**। (તેલનો/ઘીનો અંશ). પ્રત્યાહાર કરવામાં આવે તો **मात्र** શબ્દ **च**-કારથી વિશિષ્ટ નહીં રહે, એટલે કે **प्रमाणे द्वयसज्०** વગેરેમાં આવતો **मात्रच्** પ્રત્યય પ્રત્યાહારનો આદિ ભાગ હોવાથી તે **मात्र** જ છે એમ સમજવો પડશે, કારણ કે જે વર્ણ સમુદાયનો અનુબન્ધ છે તે વર્ણ તેના અવયવનો અનુબન્ધ ન થઇ શકે. આમ થવાથી ઉપર દર્શાવ્યાં તે **त्रन्**- અન્ત **मात्र** શબ્દ છે તેને **ङीप्** લાગશે.

[305] પ્રમાણના અર્થમાં જે **मात्र (च्)** પ્રત્યય લાગે છે તે અને ઉણાદિ **त्रन्** લાગીને થએલ **मात्र** સરખા જણાય છે છતાં એ **मात्र** નું સૂત્રમાં ગ્રહણ કરવામાં નથી આવ્યું તેથી પ્રમેયને અનુલક્ષીને પ્રમાણના અર્થમાં જેનું વિધાન કરવામાં આવ્યું છે તે **मात्रच्** નું જ પ્રત્યાહાર દ્વારા ગ્રહણ થશે, કારણ કે **लक्षणप्रतिपदोक्त०** અને **सहचरितासहचरित०** પરિભાષા પ્રમાણે જે સમાનધર્મી હોય તેનો જ સૂત્રમાં સમાવેશ કરવામાં આવે છે. અહીં **मात्र** અને **मात्रच्** સ્વરૂપમાં સદૃશ હોવા છતાં તે સમાનધર્મી નથી, કારણ કે **मात्र** (જેમ કે **घृतमात्रा**) ભાગ કે અંશના અર્થરૂપી ધર્મયુક્ત છે, જ્યારે **मात्रच्** એ પ્રમાણ, પરિમાણના અર્થ રૂપી ધર્મથી યુક્ત છે. **प्रमाणे** ० સૂત્રમાંના **द्वयसज्**, **दघ्नच्** પ્રમાણવાચી હોવાથી એમાંનો **मात्रच्** પણ પ્રમાણવાચી છે, (એમ **सहचरित०** પરિભાષાથી સમજાય છે) તેથી ભાગ કે અંશનો અર્થ દર્શાવતા વિસદૃશધર્મી **त्रन्**-અન્ત **मात्र** નું પ્રત્યાહાર દ્વારા ગ્રહણ નહીં થાય.તેથી **तैलमात्रा** વગેરે સ્થળે **ङीप्** લાગવાનો પ્રસંગ જ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्राप्तेऽप्राप्ते उभयत्र वेति संदेहः । कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र । असंयोगाल्लिट् कित् । इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त-उभयत्र वेति । अप्राप्ते ॥ अन्यद्धि कित्त्वमन्यन्ङित्त्वम् ।

ऊर्णोर्विभाषा ॥२०-२ ॥

ऊर्णोर्विभाषा । માં [306] પણ પ્રાપ્ત, અપ્રાપ્ત કે ઉભયત્ર વિભાષા છે એ વિશે શંકા થાય છે ॥૨૦-૨૧ ॥

(આ સૂત્રમાં) પ્રાપ્ત વિભાષા કેવી રીતે થશે? અપ્રાપ્ત વિભાષા કેવી રીતે થશે અને ઉભયત્ર વિભાષા કેવી રીતે થશે? असंयोगाल्लिट्कि દ્વારા પ્રાપ્ત થતું कित्त्व નિત્ય પ્રાપ્ત થતું હોવાથી (विभाषोर्णोः । દ્વારા થતી વિભાષા) પ્રાપ્ત વિભાષા થશે.[307] તે સિવાય (નાં સ્થળે) અપ્રાપ્ત વિભાષા થશે[308]

(પ્રાપ્ત અને અપ્રાપ્તનો વિકલ્પ થવાથી ) ઉભયત્ર વિભાષા થશે ?[309] (આ) અપ્રાપ્ત (વિભાષા) છે, કારણ કે कित्त्व અને ङित्त्व તદ્દન ભિન્ન છે.

एकं चेन्ङित्कितौ ॥

---

[306] ऊर्णोर्विभाषा । એ સ્વરૂપમાં વાર્તિક છે તેથી એવી શંકા થાય કે ऊर्णु ધાતુ ઉ-કારાન્ત હોવાથી उतोवृद्धिर्लुकि हलि । પ્રમાણે વૃદ્ધિ નિત્ય પ્રાપ્ત છે અને તેના અપવાદ રૂપે ऊर्णोतेर्विभाषा । (૭-૩-૯૦) સૂત્ર છે તેથી વિભાષા થતાં વૃદ્ધિ વૈકલ્પિક થાય છે. આમ દેખીતી રીતે એ પ્રાપ્ત વિભાષાનું ઉદાહરણ છે પછી તેનો અપ્રાપ્ત વિભાષા કે ઉભયત્ર વિભાષાના સંદર્ભમાં શા માટે ઉલ્લેખ કર્યો છે ? આ પ્રશ્નનું નિરાકરણ કરતાં નાગેશ કહે છે કે ऊर्णोतेर्विभाषा । એટલે ऊर्णु ધાતુ પછી જે कित्त्व થાય છે તેને લગતી વિભાષા એમ સમજવાનું છે. અહીં જે વિભાષાનો ઉલ્લેખ છે તે विभाषोर्णोः । એ સૂત્રદ્વારા જેનું વિધાન કરવામાં આવ્યું છે તે છે.જો કે विभाषोर्णोः । એ ङित्त्व નું વિધાન કરે છે એટલે તે સૂત્ર પ્રમાણે ऊर्णु ધાતુ પછી આવતો इडादि પ્રત્યય વિકલ્પે ङित् થાય છે, પરંતુ असंयोगाल्लिट् कित् । (૧-૨-૫) कित्त्व નું વિધાન કરે છે. આમ આ સૂત્રો અનુક્રમે ङित् અને कित् નું વિધાન કરે છે. આમ એ બે પ્રકારના પ્રત્યયો પરસ્પર ભિન્ન છે છતાં શંકાકારે विभाषोर्णोः । ને લગતા ત્રિવિધ સંશયના ઉદાહરણરૂપે આપ્યું છે. તે આમ તો યોગ્ય નથી ,પરંતુ कित् અને ङित् ને કારણે ગુણ અને વૃદ્ધિનો क्ङिति च । થી પ્રતિષેધ થાય છે અને ऊर्णु ને कित् અને ङित् નું સમાન કાર્ય શક્ય છે. આમ સમાન કાર્યને આધારે કાર્યાતિદેશ કરીને એ બન્નેને એક ગણીને આ સૂત્રને ઉદાહરણ રૂપે આપ્યું છે.

[307] ऊर्णु સંયોગાન્ત ન હોવાથી असंयोगात्० પ્રમાણે તેની પર થતા लिट् ના अपित् પ્રત્યયો कित् થશે. विभाषोर्णोः । ની असंयोगात्० માં અનુવૃત્તિ કરવામાં આવે તો ऊर्णोः परः अपित् लिट् इडादिः विभाषा कित् એભિન્ન વાક્ય થતાં ऊर्णु ને कित्त्व નિત્ય પ્રાપ્ત છે તેમાં વિકલ્પ થતાં આ પ્રાપ્તવિભાષા થશે.

[308] असंयोगात्० સૂત્રમાં ઉપર પ્રમાણે અનુવૃત્તિ ન કરીએ તો ऊर्णुनुविव માં એ બન્ને સૂત્રો એક સાથે ઉપસ્થિત થશે. ऊर्णुविता માં विभाषोर्णोः । થી लुट् નો ता વિકલ્પે ङित् થતાં सार्वधातुकार्ध० થી થતા ગુણનો क्ङिति । થી નિષેધ થવાથી अचिश्नु० પ્રમાણે उवङ् થઈને ऊर्णुविता થાય છે. એ બે સૂત્રોનાં ક્ષેત્ર ભિન્ન છે,પરંતુ ऊर्णु ના लिट् ના બી.પુ.દ્વિ.માં ऊर्णु इ व માં અસંયોગાન્ત ધાતુ પછી આવેલો इट् આગમ યુક્ત अपित् પ્રત્યય असंयोगात्० થી कित् થશે. વળી व એ हलादि पित् પ્રત્યય છે તેથી विभाषोर्णोः । લાગુ પડશે. આમ બન્ને એક સાથે ઉપસ્થિત થવાથી विप्रतिषेधे परम्० થી પર સૂત્ર નિત્ય कित्त्व વિકલ્પનો બાધ થશે.આથી ऊर्णुविता માં વિકલ્પ પ્રાપ્ત થશેપણ लिट् માં અપ્રાપ્ત થશે. આમ ऊर्णु ને ङित्त्व પ્રાપ્ત નથી ત્યાં અપ્રાપ્ત વિભાષા થઈને ङित् ન હોય ત્યારે ऊर्णविता અને હોય ત્યારે उवङ् થઈને ऊर्णुविता એમ રૂપો થશે.

[309] અહીં પૂર્વવિપ્રતિષેધ લેવામાં આવે તો विभाषोर्णोः । થી વિકલ્પ થાય તે ઇષ્ટ છે તેથી ऊर्णुनुविव વગેરેમાં પ્રાપ્ત વિભાષા થશે, કારણ કે ત્યાં असंयोगात्० પ્રમાણે कित्त्व નિત્ય પ્રાપ્ત હતું તેમાં વિકલ્પ થયો, જ્યારે ऊर्णुविता જેવાંમાં ङित्त्व પ્રાપ્ત નથી છતાં વિકલ્પ થયો છે તેથી અપ્રાપ્ત વિભાષા થતાં ઉભયત્રવિભાષા થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यद्येकं ङित्कितौ ततोऽस्ति संदेहः। अथ हि नाना नास्ति संदेहः। यद्यपि नानैवमपि संदेहः। कथम्। प्रोर्णुवीति। सार्वधातुकमपित्।
इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते ॥

**જો कित् અને ङित् એક હોય[310] તો (સંશય થાય છે)॥**

જો कित् (પ્રત્યયો) અને ङित् (પ્રત્યયો) એક હોય તો સંદેહ થાય છે પણ હવે જો એ ભિન્ન હોય તો સંદેહ નથી થતો. જો કે તે જુદા હોય તો પણ સંદેહ (થશે). કેવી રીતે (થશે) ? प्रोर्णुवि માં[311] सार्वधातुकमपित्। (એ સૂત્ર)થી નિત્ય (ङित्त्व )પ્રાપ્ત થાય છે તેથી (विभाषोर्णोः। દ્વારા)પ્રાપ્તવિભાષા થશે, તે સિવાય (નાં સ્થળે ङित्त्व ) અપ્રાપ્ત હોવાથી ( विभाषोर्णोः। દ્વારા) અપ્રાપ્ત વિભાષા થશે અથવા (પ્રાપ્ત અને અપ્રાપ્ત બન્નેમાં વિકલ્પ થવાથી) ઉભયત્ર વિભાષા થશે.(એ પ્રકારનો સંદેહ થાય છે).
विभाषोपयमने। દ્વારા)પ્રાપ્તવિભાષા થશે, તે સિવાય (નાં સ્થળે ङित्त्व ) અપ્રાપ્ત હોવાથી ( विभोर्णोः। દ્વારા) અપ્રાપ્તવિભાષા થશે અથવા (પ્રાપ્ત અને અપ્રાપ્ત બન્નેમાં વિકલ્પ થવાથી) ઉભયત્ર વિભાષા થશે.(એ પ્રકારનો સંદેહ થાય છે). ( પરંતુ આ) અપ્રાપ્ત (વિભાષા છે).[312]

**विभाषोपयमने ॥२०-३ ॥**

---

[310] વાસ્તવમાં ङित् અને कित् એ પ્રત્યયો ભિન્ન છે તેમનાં કાર્યો પણ અનેક છે,પરંતુ क्ङिति च। પ્રમાણે જે ગુણવૃદ્ધિ નિષેધ રૂપી કાર્ય છે તે એ બન્નેને સમાન છે. વળી ऊर्णु ધાતુને વિશે એ નિષેધ રૂપ કાર્ય સિવાય અન્ય કોઇ કાર્ય સંભવિત નથી તેથી કાર્યાતિદેશ કરીને બન્નેને એક જ ગણીને ઉપર પ્રમાણે ત્રિસંશય દોષ ઉદ્ભાવ્યો છે (નિ.સા.માં અહીં अप्राप्ते એમ પાઠ છે છા. તેને પ્રામાદિક ગણે છે, સંપાદક તેને યોગ્ય માનીને સિદ્ધાન્તીનો મત ગણે છે.)

[311] આ ङित् અને कित् એ પ્રત્યયોને એક માનવામાં ન આવે તો પણ ત્રિવિધ સંશય ઉદ્ભવશે..જેમ કે प्र ऊर्णु ધાતુના लङ् પહેલો પુ.એ.વ.ના રૂપ प्रौर्णवि માં. અહીં प्र ऊर्णु इ (इट्) એ સ્થિતિમાં सार्वधातुकमपित्। (૧-૨-૪)પ્રમાણે આત્મનેપદનો इट् પ્રત્યય अपित् હોવાથી ङित् થશે. અહીં નિત્ય ङित्त्व નું વિધાન કરેલું છે, ત્યાં विभाषोर्णोः। (૧-૨-૩)ની અનુવૃત્તિ કરીએ તો વિકલ્પ થાય છે તેથી પ્રાપ્ત વિભાષા થશે. પરંતુ અનુવૃત્તિ ન કરવામાં આવે અને પરવિપ્રતિષેધનો આશ્રય લેવામાં આવે તો ङित्त्व નિત્ય પ્રાપ્ત થશે અને વિકલ્પ માત્ર प्रोर्णुविता જેવાં સ્થળે થશે, કારણ કે ત્યાં ता પ્રત્યય अपित् ન હોવાથી ङित्त्व પ્રાપ્ત ન હતું છતાં વિભાષા કરવાથી વિકલ્પ થશે તેથી અપ્રાપ્તવિભાષા થશે. અહીં પૂર્વપ્રતિષેધ લેવામાં આવે તો विभाषोर्णोः। પર સૂત્ર सार्वधातुक० નો બાધ કરશે અને વિકલ્પ ઇષ્ટ છે તેથી प्रौर्णुवि માં પ્રાપ્તવિભાષા થશે, પરંતુ ऊर्णुविता માં અપ્રાપ્તવિભાષા થશે એમ ઉભયત્રવિભાષા થશે.ઉપર प्रौर्णुवि માં જે इट् છે તે પ્રત્યય છે, ત્યાં પ્રાપ્તવિભાષા થઇ. प्रोर्णुविता માં इट् એ પૂર્વસૂત્ર विज इट्। (૧-૨-૨) માંથી અનુવૃત્ત કરેલ આગમ છે તેથી ત્યાં અપ્રાપ્તવિભાષા થશે. પરંતુ ऊर्णुविता માં इट् ને (इडादि) પ્રત્યય ગણતાં પ્રાપ્તવિભાષા અને તે (इट्) ને આગમ ગણતાં પ્રાપ્તાપ્રાપ્ત અર્થાત્ ઉભયત્રવિભાષા થઇ છે.

[312] અહીં विज इट्। માંથી જે इट् ની અનુવૃત્તિ કરવામાં આવી છે તે આગમ છે તેથી विभाषोर्णोः। માં પણ આગમનું ગ્રહણ કરવું જ ઉચિત છે, इडादि પ્રત્યયનું નહીં અને આગમને નિત્ય ङित्त्व પ્રાપ્ત નથી તેથી અહીં અપ્રાપ્તવિભાષા જ થશે એમ સિદ્ધાન્તીનો મત છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। गन्धने। इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। गन्धन इति निवृत्तम्॥

**विभाषोपयमने** ॥२०-३॥ (અહીં પણ) પ્રાપ્ત વિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે.[313] હવે પ્રાપ્ત વિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવીરીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે? (**यमो**) **गन्धने**। પ્રમાણે ('સૂચવવું' એ અર્થમાં પ્રયોજાએલા **यम्** ધાતુ પછી આવતા **सिच्** પ્રત્યયને **कित्त्व**) નિત્ય પ્રાપ્ત હોવાથી હોવાથી (**विभाषो - पयमने**।પ્રમાણે થતી વિભાષા) પ્રાપ્તવિભાષા થશે,અન્યત્ર (જ્યાં સૂચવવું એ અર્થ ન હોય ત્યાં **कित्त्व** અપ્રાપ્ત હોવાથી) અપ્રાપ્ત વિભાષા થશે,અથવા (પ્રાપ્ત અને અપ્રાપ્ત હોય તે બન્ને સ્થળે વિભાષા થતાં) ઉભયત્ર વિભાષા થશે,(એ પ્રકારનો સંદેહ થાય છે).(પરંતુ અહીં ) અપ્રાપ્ત વિભાષા છે, કારણ કે **गन्धने** ની અનુવૃત્તિ અટકી જાય છે.[314]

---

[313] **विभाषोपयमे**। (૧-૨-૧૬) પ્રમાણે **यम्** ધાતુ જો **उपयमन** (વિવાહ) ના અર્થમાં પ્રયોજાયો હોયતો તેની પછી આવતો **लुङ्** નો **सिच्** વિકલ્પે **कित्** થાય છે.અહીં પૂર્વસૂત્ર **यमो गन्धने**। (૧-૨-૧૫) ની અનુવૃત્તિ કરવામાં આવે તો જ્યારે **यम्** ગન્ધન અર્થાત્ સૂચન (અન્યનો દોષ ખુલ્લો પાડવો) એ અર્થમાં પ્રયોજાયો હોય ત્યારે તેની પછી આવતો **सिच्** પ્રત્યય નિત્ય **कित्** થાય છે. અને ગન્ધનના અંગભૂત ઉપયમનના અર્થમાં હોય ત્યાં પણ **कित्त्व** પ્રાપ્ત થશે. જો **यमो°** ની અનુવૃત્તિ ન કરવામાં આવે અને પૂર્વપ્રતિષેધનો આશ્રય લઈએ તો ગન્ધન અર્થ હોય ત્યાં **कित्त्व** નિત્ય પ્રાપ્ત હોવા છતાં વિભાષા કરી છે તેથી એ અપ્રાપ્તવિભાષા થશે.અહીં પરવિપ્રતિષેધ લેવામાં આવે તો પર સૂત્ર વિભાષાનું વિધાન કરે છે તેથી વિકલ્પ ઇષ્ટ છે, પરંતુ શુદ્ધ વિવાહના અર્થમાં **कित्त्व** પ્રાપ્ત નથી તેથી આ વિભાષા અપ્રાપ્ત વિભાષા થશે.પણ ગન્ધનયુક્ત વિવાહના અર્થમાં પૂર્વ સૂત્રથી **कित्त्व** નિત્ય પ્રાપ્ત છે ત્યાં અહીં વિકલ્પ કર્યો છે તેથી એ પ્રાપ્તવિભાષા થશે. આથી પ્રાપ્તાપ્રાપ્ત -ઉભયત્રવિભાષા થશે.

[314] સિદ્ધાન્તી **गन्धने** ની અનુવૃત્તિ સ્વીકારતા નથી .તેથી કહે છે '**गन्धन इति निवृत्तम्**।' પછી પૂર્વવિપ્રતિષેધ લઈને કહે છે આ **विभाषोप°** સૂત્રમાં અપ્રાપ્ત વિભાષા જ છે, અર્થાત્ ત્રિસંશય નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अनुपसर्गाद्वा ॥२०--४ ॥

प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। वृत्तिसर्गायतनेषु क्रमः। इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। वृत्यादिष्विति इति निवृत्तम्॥

विभाषा वृक्षमृगादीनाम्॥२०--५॥

प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। जातिरप्राणिनाम्। इति वा नित्ये प्राप्ते-

**अनुपसर्गाद्वा** ॥२०-४॥[315] અહીં પ્રાપ્ત વિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે.હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીત થશે? **वृत्तिसर्गतायनेषु क्रमः** ।એ સૂત્ર પ્રમાણે **क्रम्** ધાતુને **वृत्ति** વગેરે અર્થમાં આત્મનેપદ) નિત્ય પ્રાપ્ત થાય છે ત્યાં (**अनुपसर्गाद्वा** ।એ સૂત્રથી થતો વિકલ્પ) પ્રાપ્તવિભાષા થશે ,અન્યત્ર (જ્યાં **वृत्ति** વગેરે અર્થમાં **क्रम्** ધાતુ ન હોય ત્યાં આત્મનેપદ અપ્રાપ્ત હોવાથી) અપ્રાપ્તવિભાષા થશે અથવા પ્રાપ્ત અને અપ્રાપ્ત બન્ને સ્થળે વિભાષા થતાં ) એ પ્રકારનો સંદેહ થાય છે) (પરંતુ અહીં) અપ્રાપ્ત વિભાષા થશે કારણ કે **वृत्ति** વગેરેની અનુવૃત્તિ અટકી જાય છે.[316]

**विभाषा वृक्षमृगादीनाम्** ॥२०-५॥[317]અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્ત વિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? **जातिरप्राणिनाम्**। પ્રમાણે (દ્વન્દ્વમાં એકવદ્ભાવ) નિત્ય પ્રાપ્ત થાય છે ત્યાં (**विभाषा वृक्षमृगतृणधान्य०** એ સૂત્ર દ્વારા વિભાષા થાય છે તે) પ્રાપ્તવિભાષા થશે,

---

315 **अनुपसर्गाद्वा**। (૧-૩-૪૩) એ સૂત્ર **क्रम्** ધાતુને ઉપસર્ગ ન લાગ્યો હોય ત્યારે વિકલ્પે આત્મનેપદનું વિધાન કરે છે. શંકાકાર કહે છે કે આ વિભાષા સૂત્રમાં પણ ત્રિવિધ સંશય છે.જેમ કે પૂર્વવર્તી **वृत्तिसर्गतायनेषु क्रमः**। (૧-૩-૩૮) ની અહીં અનુવૃત્તિ કરવામાં આવે તો **वृत्ति** (અટક્યા વિના પહોંચવું કે ચાલવું. **ऋचि क्रमते बुद्धिः**। ઋચામાં બુદ્ધિ અપ્રતિહત રીતે ચાલે છે) **सर्ग** (ઉત્સાહ. **ध्ययनाय क्रमते**। અધ્યયનમાં ઉત્સાહિત છે.) અને **तायन** (સ્ફીત-ભરપૂર થવું **क्रमन्तेऽस्मिन् शास्त्राणि**। એનામાં શાસ્ત્રો ભરપૂર બને છે.) એ અર્થમાં **क्रम्** ને આત્મનેપદ પ્રાપ્ત હતું ત્યાં વિકલ્પ થવાથી પ્રાપ્ત વિભાષા થશે.પૂર્વસૂત્રની અનુવૃત્તિ ન કરવામાં આવે અને **क्रम्** વૃત્તિ વગેરે અર્થમાં હોય કે ન હોય તો પણ વિકલ્પે આત્મનેપદ થાય અને પૂર્વપ્રતિષેધ લેતાં **वृत्तिसर्ग०** એ સૂત્ર **अनुपसर्गा०** નો બાધ કરશે. હવે ઉપસર્ગયુક્ત **क्रम्** ધાતુને આત્મનેપદ થાય છે પરંતુ ઉપસર્ગ રહિતને **वृत्ति** વગેરે અર્થમાં ન હોય ત્યાં આત્મનેપદ પ્રાપ્ત ન હતું ત્યાં વિકલ્પ થવાથી અપ્રાપ્તવિભાષા થશે.પરંતુ જો પરવિપ્રતિષેધ લેવામાં આવે તો **वृत्ति** વગેરે અર્થમાં **क्रम्** હોય ત્યાં પ્રાપ્તવિભાષા, તે અર્થ ન હોય ત્યાં અપ્રાપ્તવિભાષા થવાથી ઉભયત્રવિભાષા થાય છે.

316 સિદ્ધાન્તી પ્રમાણે અહીં **वृत्तिसर्ग०** ની નિવૃત્તિ થાય છે અને પરવિપ્રતિષેધ લેતાં **वत्ति** વગેરે અર્થ ન હોય તેવો **क्रम्** ધાતુ વિકલ્પે આત્મનેપદ થાય છે તેથી અહીં અપ્રાપ્તવિભાષા જ છે તેમાં ત્રિવિધ સંશયને અવકાશ નથી.

317 આ સૂત્રથી વૃક્ષ, મૃગ વગેરે નો જે દ્વન્દ્વ સમાસ થાય તે વિકલ્પે **एकवत्** થાય છે. હવે જો **जातिरप्राणि०** ની અનુવૃત્તિ કરવામાં આવે તો તે સૂત્ર દ્વારા પ્રાણી સિવાયનાં જાતિવાચી વૃક્ષ વગેરેને જે નિત્ય **एकवद्भाव** પ્રાપ્ત થાય છે તેને **विभाषावृक्ष०** થી વિકલ્પે પ્રાપ્ત થશે. આમ પ્રાપ્તવિભાષા થશે.જો **जातिर०** ની અનુવૃત્તિ કરવામાં ન આવે અને પૂર્વવિપ્રતિષેધ લેવામાં આવે તો **जातिर०** એ સૂત્ર **वृक्षमृग०** નો બાધ કરશે તેથી **धानाशष्कुलि** જેવાં સ્થળે નિત્ય **एकवद्भाव** પ્રાપ્ત થાય છે તે તથા **रुरुपृषतम्** જેવાં સ્થળે પ્રાણી વગેરેમાં જેને અવકાશ છે તે વિભાષા ચર્મ વગેરેનાં બનેલાં મૃગ વગેરે જાતિમાં પ્રાપ્ત થશે ત્યારે પૂર્વપ્રતિષેધને કારણે **एकवद्भाव** થાય તે ઇષ્ટ છે તેથી પ્રાણીજાતિમાં અપ્રાપ્તવિભાષા થશે.જો પરવિપ્રતિષેધ લેવામાં આવે તો **विभाषा वृक्ष०** થી **जातिर०** નો બાધ થશે તેથી પ્રાણી સિવાયનાને **एकवद्भाव** પ્રાપ્ત થાય છે અને પ્રાણીને અપ્રાપ્ત છે તેથી વિભાષા થતાં પ્રાપ્ત તેમ જ અપ્રાપ્ત--ઉભયત્રવિભાષા થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। जातिरप्राणिनामिति निवृत्तम्॥

**उषविदजागृभ्योऽन्यतरस्याम्॥२०--६॥**

**प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। प्रत्ययान्तादिति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। प्रत्ययान्ता धात्वन्तराणि॥**

**दीपादीनां विभाषा॥२०--७॥**

**प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र।**

અન્યત્ર (જ્યાં એકવદ્ભાવ પ્રાપ્ત થતો નથી ત્યાં) અપ્રાપ્તવિભાષા થશે અથવા (જ્યાં પ્રાપ્ત અને અપ્રાપ્ત એમ બન્નેમાં વિકલ્પ થાય ત્યાં) ઉભયત્ર વિભાષા થશે (એ પ્રકારનો સંદેહ થાય છે).).(પરંતુ અહીં) અપ્રાપ્તવિભાષા થશે, કારણકે **जातिरप्राणिनाम्** ની અનુવૃત્તિ અટકી જાયછે.[318]

**उषविदजागृभ्योऽन्यतरस्याम्॥२०-६॥** [319] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે? (**कास्प्रत्ययादाम -मन्त्रे।** એ સૂત્રમાંથી અનુવૃત્ત થતા **प्रत्ययात्** અર્થાત્ ) **प्रत्ययान्तात्** ને કારણે(**आम्** પ્રત્યય નિત્ય પ્રાપ્ત થાય છે તેથી **उषविद-जागृ०** પ્રમાણે પ્રાપ્ત થતી વિભાષા) પ્રાપ્તવિભાષા થશે, અન્યત્ર (જ્યાં **आम्** પ્રત્યય પ્રાપ્ત થતો નથી ત્યાં) અપ્રાપ્તવિભાષા થશે અથવા (પ્રાપ્ત અને અપ્રાપ્ત એમ બન્નેમાં વિકલ્પ પ્રાપ્ત થાય ત્યારે) ઉભયત્રવિભાષા થશે( એમ સંદેહ થાય છે).( પરંતુ અહીં) અપ્રાપ્ત વિભાષા છે.[320] ( કારણ કે ) પ્રત્યયાન્ત ( ધાતુઓ ) બીજા જ ધાતુઓ (છે).

**दीपादीनां विभाषा॥२०-७॥**[321] આ (સૂત્રથી થતી વિભાષા) પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે?

---

[318] પરંતુ સિદ્ધાન્તી પ્રમાણે અહીં પૂર્વપ્રતિષેધ લેતાં અપ્રાપ્ત વિભાષા જ છે, તેથી સંશયને અવકાશ નથી અહીં **जातिर०** ની નિવૃત્તિ થાય છે તેથી ચર્મ વગેરેના બનેલા મૃગ વગેરેનું ગ્રહણ નહીં થાય.

[319] આ સૂત્ર પ્રમાણે **उष्** , **विद्** વગેરે ધાતુઓને **लिट्** માં વિકલ્પે **आम्** થાય છે. તેથી જેને **आम्** પ્રાપ્ત ન હતો તેને વિકલ્પે પ્રાપ્ત થઇને **ओषांचक्रे** , **उवोष** જેવાં રૂપો થાય છે તેથી સ્પષ્ટ રીતે આ અપ્રાપ્તવિભાષા છે. પરંતુ અહીં પૂર્વવર્તી સૂત્ર **कास्प्रत्ययादा०** માંથી **प्रत्ययात्** ની અનુવૃત્તિ કરવામાંઆવે તો જે પ્રત્યયાન્ત ધાતુઓ છે તેમને તો **कास्प्रत्ययादा०** થી નિત્ય **आम्** પ્રાપ્ત થાય છે અને પ્રત્યયાન્ત જે **उष्** વગેરે ધાતુઓને વિકલ્પે થશે તેથી પ્રાપ્તવિભાષા થશે.(અહીં **प्रत्ययात्** એટલે તદન્ત વિધિથી **प्रत्ययान्त** એ અર્થ થશે અને આ સૂત્ર ધાતુ અધિકારમાં હોવાથી પ્રત્યયાન્ત ધાતુ એમ સમજાશે તેથી **सन्** વગેરે જેને અન્તે હોય તે પ્રત્યાન્ત ધાતુ એમ સમજાશે). હવે જો **प्रत्ययात्** ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો **आम्** ને **कारयांचकार** જેવામાં અવકાશ છે.. ત્યાં જો પૂર્વપ્રતિષેધનો આશ્રય લઇએ તો પ્રત્યયાન્ત **उष्** વગેરે ધાતુને પણ **कास्प्रत्य०** થી નિત્ય **आम्** થાય તે ઇષ્ટ હોવાથી આ અપ્રાપ્તવિભાષા થશે, કારણ કે તેમને **आम्** પ્રાપ્ત ન હતો તે પૂર્વપ્રતિષેધને પ્રતાપે પ્રાપ્ત થઇને વિકલ્પ થાય છે.જો અહીં પરવિપ્રતિષેધ લેવામાં આવે તો પર સૂત્ર અનુસાર વિકલ્પ ઇષ્ટ થશે. ત્યાં શુદ્ધ ધાતુઓને (અર્થાત્ જે પ્રત્યયાન્ત ધાતુ ન હોય તેને) **आम्** પ્રાપ્ત ન હોવાથી અપ્રાપ્ત અને પ્રત્યયાન્ત ધાતુઓને **उषविद०** પ્રમાણે **आम्** પ્રાપ્ત થાય છે ત્યાં વિકલ્પ કર્યો છે તેથી પ્રાપ્તાપ્રાપ્ત- ઉભયત્રવિભાષા થશે.

[320] સિદ્ધન્તી **सन्** વગેરે પ્રત્યય જેને અન્તે આવ્યા હોય તેમને તદ્દન ભિન્ન ધાતુ ગણે છે , કારણ કે **सनाद्यन्ता धातवः।** એ સૂત્ર સંજ્ઞા-સંજ્ઞીનોનિર્દેશ કરે છે તેથી **प्रत्ययात्** ની અનુવૃત્તિ ન કરી હોય ત્યારે **उष्** વગેરેને **आम्** સાવ અપ્રાપ્ત હતો ત્યાં વિભાષા કરી છે તેથી આ સૂત્ર અપ્રાપ્તવિભાષાનું દૃષ્ટાન્ત છે. તેમાં ત્રિવિધ સંશયને અવકાશ નથી

[321] **दीपजनबुधपूरितायिप्यायिभ्यातऽन्यतरस्याम्।** (૩-૧-૬૧) એ સૂત્રથી **दीप्** વગેરે ધાતુઓ પછી **लुङ्** માં (**च्लि लुङि।** પ્રમાણે) જે **च्लि** થાય છે તેની પછી **त** શબ્દ (આત્મનેપદનો **ते** ) આવે ત્યારે **च्लि** નો **चिण् भावकर्मणोः।** (૩-૧-૬૬)પ્રમાણે વિકલ્પે **चिण्** આદેશ થાય છે.હવે આ સૂત્રની પાછળ આવતા **चिण् भाव०** માં અનુવૃત્તિ કરવામાં આવે તો એ સૂત્રથી ભાવ અને કર્મના અર્થમાં જે નિત્ય **चिण्** પ્રાપ્ત થાય છે તેમાં **दीप्** વગેરે ધાતુ પછી આવતા **च्लि** નો વિકલ્પે **चिण्** થશે.આમ જે પ્રાપ્ત છે ત્યાં વિભાષા થવાથી પ્રાપ્તવિભાષા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भावकर्मणोः। इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। कर्तरीति हि वर्तते। एवमपि संदेहो न्याय्ये वा कर्तरि कर्मकर्तरि वेति। नास्ति संदेहः। सकर्मकस्य कर्ता कर्मवद्भवत्यकर्मकाश्च दीपादयः। अकर्मकाश्च दीपादयः। अकर्मका अपि वै

चिणभावकर्मणोः।પ્રમાણે चिण् નિત્ય પ્રાપ્તથાય છે ત્યાં ( दीपजन० વગેરેની અનુવૃત્તિ કરવામાં આવે તો) પ્રાપ્તવિભાષા થશે, અન્યત્ર (અનુવૃત્તિ ન કરતાં પૂર્વપ્રતિષેધથી) અપ્રાપ્તવિભાષા થશે અથવા( પ્રાપ્ત હોય ત્યાં અને અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ થાય તો) ઉભયત્ર વિભાષા થશે.(પરંતુ અહીં ) અપ્રાપ્ત વિભાષા જ છે, કારણ કે कर्तरि શબ્દની (दीपजन० વગેરે સૂત્રમાં) અનુવૃત્તિ થાય છે.[322] તેમ છતાં પણ સંદેહ થાય છે કે (चिण्) મૂળ કર્તા[323] (ના અર્થમાં હોય ત્યારે લાગે છે) કે પછી कर्मकर्ता ( વગેરે ના અર્થમાં હોય ત્યારે પણ લાગે છે)? અહીં સંદેહ છે જ નહીં.સકર્મક ક્રિયાપદ હોય તેનો કર્તા કર્મવદ્ થાય છે, જ્યારે दीप् વગેરે તો અકર્મક છે.[324] અકર્મક ધાતુઓ પણ

---

થશે.જો दीपजन० વગેરેની चिण् भाव० માં અનુવૃત્તિ ન કરવામાં આવે તો अपाचि જેવ્યાંમાં જેને અવકાશ છે તે નિત્ય चिण् અને કર્તરિમાં दीप् વગેરે ધાતુઓ વિશે જેને અવકાશ છે તે વિકલ્પ એ બન્ને ભાવ અને કર્મના અર્થમાં दीप् વગેરે ધાતુઓને થવાનો પ્રસંગ આવતાં પરવિપ્રતિષેધનો આધાર લઇએ તો જ્યાં નિત્ય चिण् જ ઇષ્ટ છે ત્યાં કર્તાના અર્થમાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થશે, કારણ કે વિભાષા તો કર્તાના અર્થમાં જ સાવકાશ હતી. [નોંધઃ दीपजन० પ્રમાણે જે चिण् થાય છે તે માત્ર કર્તરિમાં જ થાય છે, કારણ કે તે સૂત્રમાં णिश्रीद्रुस्रुभ्यः कर्तरि चङ्। (૩-૧-૪૮) માંથી कर्तरि ની અનુવૃત્તિ થાય છે.] હવે चिण् भाव० ની दीप० વગેરેમાં અનુવૃત્તિ ન કરવામાં આવે અને પૂર્વપ્રતિષેધ લઇએ તો વિકલ્પ ઇષ્ટ થતાં કર્તરિમાં चिण् પ્રાપ્ત ન હતો (એટલે કે दीप० વગેરે સૂત્રથી વિધાન થયું તે પહેલાં અપ્રાપ્ત હતો) અને ભાવ અને કર્મના અર્થમાં चिण् भाव० થી પ્રાપ્ત હતો તેમાં વિકલ્પ થવાથી ઉભયત્રવિભાષા થશે.

[322] સિદ્ધાન્તી પ્રમાણે ઉપર જોયું તેમ णिश्रीद्रु० માંથી कर्तरि ની दीपजन० માં અનુવૃત્તિ થાય છે તેથી दीप्, जन् વગેરે ધાતુઓને કર્તરિમાં જ चिण् પ્રાપ્ત હતો, ભાવ અને કર્મના અર્થમાં પ્રાપ્ત ન હતો- અપ્રાપ્ત હતો, કારણ કે दीपजन० વગેરે સૂત્ર ભાવકર્મવિષયક છે જ નહીં. પરિણામે અહીં જે વિભાષા થાય છે તે અપ્રાપ્તવિભાષા જ છે.ત્રિવિધ સંશયને અવકાશ નથી.

[323] न्याय्ये कर्तरि શાસ્ત્રના નિયમ પ્રમાણેનો -કાયદેસરનો મૂળ કર્તા અને कर्मकर्ता એટલે कर्मवत्कर्मणा तुल्यक्रियः। એ સૂત્ર પ્રમાણેનો કર્તા-(કર્મમાં રહેલી ક્રિયાના જેવી ક્રિયા જેનામાં રહેલી હોય તેવો કર્તા) એ कर्मवत् कर्ता, દા.ત. पच्यते ओदनः स्वयमेव। भिद्यते कुसूलः स्वयमेव। અહીં पच् અને भिद् ધાતુઓના મૂળ કર્મ કર્તા તરીકે પ્રયોજાયાં છે. ओदनं पचति देवदत्तः। कुसूलं भिनत्ति જેવા પ્રયોગોમાં, બફાઇ જવું, ભેદાવું એ ક્રિયાઓ તેમના કર્મો અનુક્રમે ओदन અને कुसूल માં રહેલી છે તે જ ક્રિયાઓ पच्यते ओदनः स्वयमेव। भिद्यते कुसूलः स्वयमेव। એ પ્રયોગોમાં તે તે વાક્યના કર્તામાં રહેલ છે. તેથી ओदन અને कुसूल અહીં કર્મકર્તા થશે.શંકાકારની દલીલ એમ છે કે कर्तरि શબ્દની પૂર્વ સૂત્રમાંથી અનુવૃત્તિ કરવામાં આવે તો પણ એ શુદ્ધ કર્તાને સૂચવે છે કે કર્મકર્તાને એમ શંકા રહેછે જ.

[324] જે સકર્મક ધાતુઓ હોય તેનો મૂળ કર્તા कर्मवत् થઇ શકે છે. ઉપરનાં ઉદાહરણોમાં पच् અનર भिद् સકર્મક છે તેથી તે કર્મવત્ થયા છે પરંતુ दीप् વગેરે ધાતુઓ તો અકર્મક છે તેથી તેમને કર્મ નથી એટલે કર્મવત્ કર્તાનો અવકાશ નથી.. જો કે તે અકર્મક છે પણ તે સૂત્રમાં बुध् ધાતુનું પણ ગ્રહણ કરવામાં આવ્યું છે તે સકર્મક છે છતાં ભાષ્યકારે दीप् વગેરે અકર્મક છે એમ વ્યાપક વિધાન કર્યું છે તેનો હેતુ બધાને માટે એક જ પરિહાર કરવો એ છે. આ પરિહાર ધાતુ જે ફળ બતાવે છે તે કર્મમાં કદાપિ રહેલ નથી એમ સૂચવવા માટે છે.

ભાવ અને કર્મ એ બે શબ્દો સમાન અર્થમાં પ્રયોજેલા જોવામાં આવે છે. દા.ત. यस्य च भावेन भावलक्षणम्। અહીં ભાવ શબ્દ ક્રિયાના અર્થમાં છે (भावः क्रिया। કા.), તેમ लक्षणहेत्वोः क्रियायाः। અહીં ક્રિયાના અર્થમાં છે અહીં ભાવનું પણ ગ્રહણ થાય છે. આમ છતાં બન્નેમાં ભેદ છે. જે સિદ્ધ કરવામાં સાધનનું હલન ચલન નથી હોતું તે ભાવ અને જે સિદ્ધ કરવામાંસાધનનું હલનચલન હોય તે ક્રિયા. દા.ત. मासमास्ते देवदत्तः। અહીં ક્રિયા, आसिक्रिया (आसन) સાધનના હલનચલનની અપેક્ષા નથી રાખતી તેથી आसन એ ભાવ છે તેથી व्यापारोपरतौ आस्ते।એમ કહી શકાય (કામ પૂરૂં થયું ત્યારે બેસે છે), પરંતુ ग्रामं गच्छति देवदत्तः। માં પગે ચાલવા રૂપી હલન ચલન કરવામાં આવે છે તેથી એ ક્રિયા છે.આ બન્ને ઉદાહરણોમાં ક્રિયા કર્તામાં રહેલી (कर्तृस्थ) છે, બેસવાની ક્રિયા દેવદત્તમાં છે, જવાની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सोपसर्गाः सकर्मका भवन्ति। कर्मापदिष्टा विधयः कर्मस्थभावकानां कर्मस्थक्रियाणां वा भवन्ति कर्तृस्थभावकाश्च दीपादयः॥

ઉપસર્ગ લાગતાં સકર્મક થઇ જાય છે.[325] કર્મને અનુલક્ષીને કહેલ કાર્યો [326] જે ધાતુઓનાં ભાવ અને ક્રિયા કર્મમાં રહેલ હોય તેને વિશે જ થાય છે જ્યારે दीप् વગેરે (ધાતુઓ)નો ભાવ કર્તામાં રહેલ હોય છે.

---

ક્રિયા પણ તેનામાં છે ग्राम માં નથી. પરંતુ पचति ओदनं देवदत्तः। માં રંધાવાની ક્રિયા (पाकक्रिया- વિક્લિત્તિ--બફાઇ જવારૂપી ક્રિયા ओदन માં છે એટલે કે કર્મમાં રહેલી (कर्मस्था) ક્રિયા છે.

[325] ધાતુને ઉપસર્ગ લાગ્યો હોય ત્યારે તે સકર્મમક થાય છે,જેમ કે भू ધાતુ અકર્મક છે પણ તેને अनु ઉપસર્ગ લાગતાં अनुभवति એ સકર્મક થઇ જશે કારણ કે તેના અર્થમાં ફેરફાર થઇ ગયો છે अनुभवति सुखं देवदत्तः।

[326] એ કાર્યો તે : यक्, આત્મનેપદ, चिण्, चिण्वद्भाव . એ કાર્યો થઇ શકે તે માટે કર્તા કર્મનાં કાર્યો સ્વીકારે છે એમ કહ્યું છે. भिद्यते काष्ठं स्वयमेव। એ यक् ( નું ઉદાહરણ છે). अभेदि काष्ठं स्वयमेव (એ चिण्वद्भाव નું ઉદાહરણ) અને આત્મનેપદ તો તેમાં છે જ. જ્યાં ક્રિયાને કારણે ઉત્પન્ન થએલા ફળમાં (અર્થાત્ કર્મમાં વિશેષ- જોવામાં આવે છે, તેના રૂપમાં ફેર દેખાય છે તે कर्मस्था क्रिया (કર્મમાં રહેલ ક્રિયા) કહેવાય છે (विशेषदर्शनं यत्र क्रिया तत्र व्यवस्थिता।) જેમ કે पच् ધાતુથી સૂચવાતી ક્રિયાને કારણે , તેના ફળ રૂપે કર્મભૂત ओदन માં ફેર જોવામાં આવે છે તેથી પાકક્રિયા કર્મસ્થ ક્રિયા કહેવાય એ સિવાયની ક્રિયા , જેને કારણે કર્મમાં કોઇ ફેર જોવામાં ન આવે તે કર્તામાં રહેલી कर्तृस्थ क्रिया થશે, જેમ કે पश्यति घटम्। गच्छति ग्रामम्। અહીં ફળ કર્મ અને કર્તા બન્નેને સાધારણ છે અને કર્મ (घट અને ग्राम) માં કોઇ ફેરફાર થતો નથી. તેથી આ कर्तृस्थ क्रिया છે. જ્યારે कर्मस्थ क्रिया કર્મમાં રહેલી હોય છે અને તેમાં ફેરફાર થાય છે.તેથી હેલારાજ કહે છે કે જ્યાં ફળ કર્તામાં રહેલું નથી હોતું તે કર્મસ્થભાવક કહેવાય, જેમ કે भिनत्ति વગેરેમાં ટુકડાથવા વગેરે ક્રિયા કદાપિ કર્તામાં રહેલી નથી હોતી (न हि द्विधाभवनादिकं कथमपि कर्तृगतं भवति।)

આ જ વસ્તુ ભ.દી. બીજી રીતે કહી છે : કર્મના ત્રણ પ્રકાર છે, निर्वर्त्य (દા.ત. घटं करोति। ), विकार्य (દા.ત.सोमं सुनोति।) અને प्राप्य (દા.ત.घटं पश्यति। ग्रामं गच्छति।) અહીં પ્રથમ બેમાં कर्मवद्भाव થઇ શકે (એટલે કે घटः क्रियते स्वयमेव। सोमः सूयते स्वमेव। એમ પ્રયોગ થઇ શકશે.) પરંતુ प्राप्य કર્મમાં તે શક્ય નથી (निवर्त्ये च विकार्ये च कर्मवद्भाव इष्यते। न तु प्राप्ये कर्मणीति सिद्धान्तो हि व्यवस्थितः॥ વૈ.ભૂ. કા ૭) પ્રાપ્ય કર્મ એટલે જેમાં ક્રિયાએ કરેલ વિશેષ જોવા મળતો નથી તે (क्रियाकृतविशेषानुपलभ्यमानत्वम्। તે ઉપર કૌ.ભ.) તેથી જ दृश्यते घटः स्वयमेव। गम्यते ग्रामः स्वयमेव। જેવા પ્રયોગો શક્ય નથી.આમ છતાં अचः कर्तृयकि। એ સૂત્રના ઉદાહરણ રૂપે जायते स्वयमेव। એ આપ્યું છે. પરંતુ जन् ધાતુ અકર્મક છે તેથી શંકા થઇ શકે કે આમ વિરુદ્ધ ઉદાહરણ કેમ આપ્યું છે ? અહીં તે ધાતુ ગર્ભિત પ્રેરકના અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે તેથી અકર્મક ન રહેતાં સકર્મક થઇ ગયો છે તેથી કોઇ દોષ નથી તેમ ટીકાકારો સમજાવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विभाषाग्रेप्रथमपूर्वेषु ॥२०--८॥

प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। आभीक्ष्ण्ये। इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। आभीक्ष्ण्य इति निवृत्तम्॥

तृनादीनां विभाषा ॥२०--९॥

प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। आक्रोशे। इति

**विभाषाग्रे प्रथमपर्वेषु ॥२०--८॥** [327] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે? **आभीक्ष्ण्ये (णमुल् च)।** પ્રમાણે (**णमुल्**) નિત્ય પ્રાપ્ત થાય છે (તેની **विभाषाग्रे प्रथम०** માં અનુવૃત્તિ કરવામં આવે તો) પ્રાપ્ત વિભાષા થશે, અન્યત્ર ( અનુવૃત્તિ ન કરતાં પૂર્વપ્રતિષેધ સ્વીકારવામાં આવે તો) અપ્રાપ્તવિભાષા થશે, અથવા (જ્યારે પ્રાપ્ત હોય ત્યાં અને અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પથાય ત્યારે) ઉભયત્ર વિભાષા થશે. (અહીં) અપ્રાપ્ત વિભાષા (જ) છે, કારણ કે **आभीक्ष्ण्ये** ની અનુવૃત્તિ થતી અટકી જાય છે.

**तृनादीनां विभाषा ॥२०-९॥**[328] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે? **आक्रोशे च।** પ્રમાણે નિત્ય અન્તોદાત્ત પ્રાપ્ત થાય છે

---

[327] એ સૂત્ર પ્રમાણે જ્યારે **अग्रे , प्रथम** અને **पूर्व** ઉપપદ હોય ત્યારે સમાન કર્તાની બે ક્રિયાઓમાંથી પૂર્વે કહેલી ક્રિયાને **क्त्वा , णमुल्** લાગે છે, જેમ કે **अग्रे भोजं व्रजति।** અથવા **अग्रे भुक्त्वा व्रजति।** (પહેલાં જમીને જાય છે) વગેરે.જો આ સૂત્રમાં **आभीक्ष्ये णमुल् च।** ની અનુવૃત્તિ કરવામાં આવે તો એ સૂત્ર પ્રમાણે **णमुल्** ની નિત્ય પ્રાપ્તિ થાય છે ત્યાં વારંવાર એ અર્થમાં (**आभीक्ष्ण्ये**) **णमुल्** વિકલ્પે થશે. આમ **अग्रे** વગેરે ઉપપદ હોય ત્યારે જે નિત્ય પ્રાપ્ત હતો તે **णमुल्** માં વિભાષા થવાથી પ્રાપ્તવિભાષા થશે.પરંતુ જો અનુવૃત્તિ ન કરવામાં આવે તો, આભીક્ષ્ણ્યનો અર્થ હોય, પરંતુ **अग्रे** વગેરે નો પ્રયોગ ન હોય ત્યારે **णमुल्** નિત્ય થશે, આભીક્ષ્ણ્યનો અર્થ ન હોય પરંતુ **अग्रे** વગેરેનો પ્રયોગ હોય ત્યારે વિભાષા થશે.પરંતુ આભીક્ષ્ણ્યનો અર્થ પણ હોય અને **अग्रे** વગેરેનો પ્રયોગ પણ હોય ત્યારે બન્ને સૂત્રો ઉપસ્થિત થશે. એ સ્થિતિમાં પૂર્વપ્રતિષેધનો આધાર લેવામાં આવે તો નિત્ય **णमुल्** થાય તે ઇષ્ટ થશે તેથી આભીક્ષ્ણ્યનો અર્થ ન હોય પરંતુ **अग्रे** વગેરેનો પ્રયોગ હોય ત્યાં જ વિભાષા સૂત્ર પ્રવૃત્ત થતું હોવાથી જ્યાં પ્રાપ્ત નથી ત્યાં વિભાષા થાય છે તેથી અપ્રાપ્તવિભાષા થશે. બન્ને સૂત્રને એક સાથે અવકાશ હોવાને કારણે પરવિપ્રતિષેધ લેવામાં આવે તો વિકલ્પ ઇષ્ટ હોવાથી આભીક્ષ્ણ્યનો અર્થ હોય ત્યારે પ્રાપ્ત હોવાથી પરંતુ આભીક્ષ્ણ્યનો અર્થ ન હોય ત્યારે અપ્રાપ્ત હોવાથી ઉભયત્રવિભાષા થશે.

[328] મૂળ સૂત્ર **विभाषा तृन्नन्नतीक्ष्णशुचिषु।** (૬-૨-૧૬૧) પ્રમાણે **तृन्** જેને અન્તે હોય તે, **अन्न , तीक्ष्ण** અને **शुचि** એ શબ્દો જ્યારે **नञ्** ની પછી આવ્યા હોય (અર્થાત્ ઉત્તરપદ હોય) ત્યારે તે વિકલ્પે અન્તોદાત્ત થાય છે. આ સૂત્રમાં **आक्रोशे च।** (૬-૨-૧૫૮)ની અનુવૃત્તિ કરવામાં આવે તો **नञ्** પછી આવતું ઉત્તરપદ આક્રોશનો એટલે કે દોષ કાઢવો એ અર્થ હોય ત્યારે નિત્ય અન્તોદાત્ત થશે.તથા **नञ्** પછી આવતાં **तृन्नन्त , अन्न , तीक्ष्ण** અને **शुचि** એ ઉત્તરપદો આક્રોશનો અર્થ હોય ત્યારે વિભાષા અન્તોદાત્ત થશે.અહીં આક્રોશના અર્થમાં આવતાં બધાં ઉત્તરપદોને અન્તોદાત્ત પ્રાપ્ત હતો જ ત્યાં વિકલ્પ કરવાથી પ્રાપ્તવિભાષા થશે.જો **आक्रोशे०** ની અનુવૃત્તિ ન કરવામાં આવે અને આક્રોશનો અર્થ હોય પરંતુ **तृन्नन्त** વગેરે ઉત્તરપદ ન હોય ત્યારે **अपचः , अपठः ( अपचोऽयं जाल्मः। अपठोऽयं जाल्मः।)** વગેરેમાં અન્તોદાત્ત થવાનો અવકાશ છે. તે જ રીતે આક્રોશનો અર્થ ન હોય અને **तृन्नन्त , अन्न** વગેરે ઉત્તરપદ હોય ત્યારે **अकर्ता , अनन्नम्** જેવાંમાં વિકલ્પે અન્તોદાત્ત થવાનો અવકાશ છે. હવે જ્યારે આક્રોશનો અર્થ પણ હોય તેમ જ **तृन्नन्त , अन्न** વગેરે ઉત્તરપદ હોય ત્યારે **अकर्ता** જેવાં સ્થળે બન્ને સૂત્રો ઉપસ્થિત થાય ત્યારે પૂર્વવિપ્રતિષેધનો આશ્રય લેતાં નિત્ય અન્તોદાત્ત થાય છે ત્યાં **अविभाषा तृ०** સૂત્ર આક્રોશનો અર્થ ન હોય ત્યાં જ લાગુ પડશે તેથી આ વિભાષા સૂત્રમાં અપ્રાપ્તવિભાષા થશે.કે. નોંધ છે કે **आक्रोशे च।** સૂત્રમાં તેના પુરોગામી **अच्कावशक्तौ।** માંથી **अच्कौ** ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો સંશય થાય. જો અનુવૃત્તિ કરવામાં આવે તો અહીં નિઃશંક રીતે અપ્રાપ્તવિભાષા છે (ના). અહીં પરવિપ્રતિષેધ સ્વીકારવામાં આવે તો **विभाषा तृ०** એ પર સૂત્ર **आक्रोशे०** એ પર સૂત્રનો બાધ કરશે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। आक्रोश इति निवृत्तम्॥

**एकहलादौ पूरयितव्येऽन्यतरस्याम्॥२०--१०॥**

**प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। उदकस्योदः संज्ञाम्। इति वा नित्ये प्राप्तेऽन्यत्र** वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। संज्ञायामिति निवृत्तम्॥

(જો **विभाषातृन्नन्नतीक्ष्ण०** વગેરેસૂત્રમાં **आक्रोशे च।** ની અનુવૃત્તિ કરવામાં આવે તો) પ્રાપ્ત વિભાષા થશે, અન્યત્ર ( અનુવૃત્તિ ન કરતાં પૂર્વપ્રતિષેધ સ્વીકારવામાં આવે તો) અપ્રાપ્તવિભાષા થશે, અથવા (જ્યારે પ્રાપ્ત હોય ત્યાં અને અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ થાય ત્યારે) ઉભયત્ર વિભાષા થશે. (અહીં) અપ્રાપ્ત વિભાષા (જ) છે, કારણ કે **आक्रोशे**ની અનુવૃત્તિ થતી અટકી જાય છે.

**एकहलादौ पूरयितव्येऽन्यतरस्याम्॥२०-१०॥** [329] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે? **उदकस्योदः संज्ञायाम्।** પ્રમાણે (**उदक**નો **उद** આદેશ) નિત્ય પ્રાપ્ત થાય છે (જો **संज्ञायाम्**ની **एकहलादौ०** વગેરેમાં અનુવૃત્તિ કરવામાં આવે તો) પ્રાપ્ત વિભાષા થશે, અન્યત્ર ( **संज्ञायाम्**ની અનુવૃત્તિ ન કરતાં પૂર્વપ્રતિષેધ સ્વીકારવામાં આવે તો) અપ્રાપ્તવિભાષા થશે, અથવા (જ્યાં **उद** આદેશ પ્રાપ્ત હોય ત્યાં અને અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ થાય ત્યારે) ઉભયત્ર વિભાષા થશે. (અહીં) અપ્રાપ્ત વિભાષા (જ) છે, કારણ કે **संज्ञायाम्**ની અનુવૃત્તિ થતી અટકી જાય છે

---

અને વિકલ્પે અન્તોદાત્ત થાય તે ઇષ્ટ છે તેથી આક્રોશના અર્થમાં પ્રાપ્તવિભાષા થશે અને આક્રોશનો અર્થ ન હોય ત્યાં અપ્રાપ્ત વિભાષા થવાથી અહીં ઉભયત્રવિભાષા થશે.

[329] આ સૂત્ર પ્રમાણે જેના આરંભમાં સંયુક્ત **हल्** ન હોય અને જે 'પાણી વગેરે દ્રવ્ય ભરી શકાય તેવું સાધન' એ અર્થ દર્શાવતું હોય તેવું ઉત્તરપદ પાછળ આવે ત્યારે **उदक** શબ્દનો **उद** થાય છે. અહીં **उदकस्योदः संज्ञायाम्।** ની અનુવૃત્તિ કરવામાં આવે તો બે ભિન્ન વાક્યો આ રીતે થશે : સંજ્ઞામાં પૂર્વપદ **उदक** નો નિત્ય **उद** આદેશ થાય છે, જેમ કે **उदमेघः** (વ્યક્તિનું નામ છે). બીજું વાક્ય : અસંયુક્ત વ્યંજનથી શરૂ થતા અને '(પાણી) ભરવાનું સાધન' એ અર્થવાચી ઉત્તરપદ પાછળ આવ્યું હોય ત્યારે સંજ્ઞામાં **उदक** નો વિકલ્પે **उद** આદેશ થાય છે. આથી તે પ્રકારનું ઉત્તરપદ **उदक** પછી આવતું હોય અને તેથી થતો સમાસ કોઇનું નામ હોય તો તેનો વિકલ્પે **उद** આદેશ થશે, જેમ કે **उदपानम्**. અહીં સમાસ સંજ્ઞાને સૂચવે છે તેથી આદેશ થયો, **उदकपानम्** પણ થઇ શકે. આમ આદેશ પ્રાપ્ત હતો ત્યાં વિભાષા થવાથી પ્રાપ્તવિભાષા થઇ. પરંતુ આ સૂત્રમાં **संज्ञायाम्**ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો પૂર્વ સૂત્રથી આદેશને સંજ્ઞામાં નિત્ય અવકાશ છે તે અને સંજ્ઞા સિવાયના **उदकुम्भः** વગેરે સમાસમાં જેને અવકાશ છે તે વિકલ્પ, એ બન્ને **उदपानम्** જેવા સંજ્ઞા શબ્દમાં એકી સાથે પ્રાપ્ત થાય છે તેથી પૂર્વવિપ્રતિષેધનો આશ્રય લઇને સંજ્ઞા સિવાયનાં સ્થળે જ વિકલ્પ થશે એમ સ્વીકારવાથી સંજ્ઞા હોવાને કારણે થતો નિત્ય **उद** આદેશ ત્યાં અપ્રાપ્ત થશે. તેમાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થશે. અહીં પરવિપ્રતિષેધનો જ આધાર લેવામાં આવે અને વિકલ્પ પ્રવૃત્ત થાય છે એમ સ્વીકારીએ તો સંજ્ઞામાં જે પ્રાપ્ત છે અને સંજ્ઞા સિવાયનાં સ્થળે અપ્રાપ્ત છે તે **उद** આદેશને અનુલક્ષીને વિકલ્પ કરવામાં આવે તો ઉભયત્રવિભાષા થશે. સિદ્ધાન્તી પ્રમાણે અહીં **संज्ञायाम्** ની અનુવૃત્તિ નથી કરવાની અને પૂર્વવિપ્રતિષેધ સ્વીકારવાથી અપ્રાપ્તવિભાષા જ થશે. સંશયને કોઇ અવકાશ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्वादेरिञि पदान्तस्यान्यतरस्याम् ॥२०--११ ॥

प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। इञीति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। इञीति निवृत्तम् ॥

सपूर्वायाः प्रथमाया विभाषा ॥२०--१२ ॥ प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः।

**श्वादेरिञि पदान्तस्यान्यतरस्याम् ॥२०-११ ॥**[330] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્ત વિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે? અહીં (**श्वादेरिञि। સૂત્રમાંથી) इञि** ની (અનુવૃત્તિ કરવામાં આવે તો નિષેધ નિત્ય પ્રાપ્ત થાય છે ત્યાં ) પ્રાપ્ત વિભાષા થશે, અન્યત્ર (**इञ्** સિવાયના તદ્ધિત પ્રત્યયો પૂર્વે નિષેધ નિત્ય પ્રાપ્ત નથી થતો તેથી) અપ્રાપ્તવિભાષા થશે, અથવા (જ્યાં નિષેધ પ્રાપ્ત હોય ત્યાં અને અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ થાય ત્યારે) ઉભયત્ર વિભાષા થશે. (અહીં) અપ્રાપ્ત વિભાષા (જ) છે, કારણ કે **इञि** ની અનુવૃત્તિ થતી અટકી જાય છે.

**सपूर्वायाः प्रथमाया विभाषा ॥२०-१२ ॥**[331] અહીં પ્રાપ્તવિભાષા પ્રાપ્તવિભાષા છે કે ઉભયત્ર વિભાષા છે એમ સંદેહ થાય છે.

---

[330] આ બે સૂત્રો છે. **श्वादेरिञि।** (૭-૩-૮) પ્રમાણે **श्वा** ઉત્તરપદ હોય તેવા અંગના પદાન્ત **व्** નો **इञ्** પૂર્વે **ऐच्** (અહીં **औ**) આગમ લાગતો નથી. વાસ્તવમાં **अत इञ्।** પ્રમાણે **इञ्** થતાં **तद्धितेष्वाचामादेः।** થી વૃદ્ધિ થવી જોઇએ પરંતુ પદાન્તે **व्** હોય ત્યારે ન થતાં તેની પૂર્વે **न य्वाभ्यां पदान्ताभ्याम्०।** (૭-૩-૩) થી **औ (ऐच्)** આગમ થાય છે તેનો આ સૂત્ર દ્વારા પ્રતિષેધ કર્યો છે, જેમ કે **श्वाभस्त्रिः** પરંતુ **पदान्तस्य०।** (૭-૩-૯) પ્રમાણે જ્યારે **पद** શબ્દ અન્તે આવતો હોય ત્યારે **श्वन्** જેના આદિમાં હોય તે અંગને વિકલ્પે **ऐच्** આગમ થાય છે. જેમ કે (**श्वापदस्य इदम्**) **श्वापदम्** અથવા **शौवापदम्** (અહીં **औ** એ **ऐच्** આગમ થયો છે). હવે **पदान्तस्य०** એ સૂત્રમાં **श्वादेः०** ની અનુવૃત્તિ કરવામાં આવે તો **इञ्** પર થતાં **श्वन्** જેનું પૂર્વપદ હોય તેવા અંગના સ્વરોમાનાં આદિની વૃદ્ધિનો **ऐच्** બાધ નહીં કરે તેથી વૃદ્ધિ થશે આગમ નહીં થાય એમ સમજાશે.અહીં **श्वन्** શબ્દ **द्वारादि** ગણનો હોવાથી તેને **द्वारादीनां च।** પ્રમાણે (વૃદ્ધિનો પ્રતિષેધ થઇને) **ऐच्** આગમ પ્રાપ્ત થાય છે, તેનો **श्वादेः०** દ્વારા પ્રતિષેધ કરવામાં આવ્યો છે, (કારણ કે એ સૂત્રમાં **न कर्मव्यतिहारे।** માંથી ન ની અનુવૃત્તિ થાય છે). બીજું વાક્ય : **श्वन्** શબ્દ જેનું પૂર્વપદ હોય તેવા અને **पद** શબ્દ જેને અન્તે હોય તેવા અંગની પછી **इञ्** તદ્ધિત આવતાં **ऐच्** નો નિષેધ વિકલ્પે થશે.આથી (**शौवापदस्य अपत्यम्** એ અર્થમાં **शौवापद** ને **इञ्** લાગીને થતા) **शौवापदिः** ને વિકલ્પ લાગુ પડશે તેથી જ્યાં **ऐच्** પ્રાપ્ત હતો ત્યાં વિકલ્પ થવાથી પ્રાપ્તવિભાષા થશે. અહીં **इञ्** ની અનુવૃત્તિ નકરવામાં આવે તો વૃદ્ધિનિમિત્ત (=જે પર થતાં વૃદ્ધિ થાય તેવો) તદ્ધિત પાછળ આવતાં **श्वन्** શબ્દથી શરૂ થતા (=**श्वन्** જેમાં પૂર્વપદ હોય તેવા) અને **पद** જેને અન્તે હોય (=જેમાં ઉત્તરપદ હોય તેવા) સમાસ ને **ऐच्** નો નિષેધ વિકલ્પે થાય છે એમ અર્થ થશે.હવે વૃદ્ધિને સ્થાને જે **ऐच्** નો નિષેધ થાય છે તેને **श्वाभस्त्रिः** જેવાં સ્થળે નિત્ય અવકાશ છે (**श्वभस्त्रस्य अपत्यम्** એ અર્થમાં **अत इञ्।** પ્રમાણે **इञ्** લાગતાં **अचोञ्णिति।** થી વૃદ્ધિને અવકાશ છે, પણ **द्वारादीनाञ्च।** થી તેનો નિષેધ થતાં **ऐच्** થવાનો પ્રસંગ આવે છે પરંતુ **श्वादेः०** થી જે વૃદ્ધિ નિષેધ થાય છે તો નિત્ય છે, કારણ કે **श्वभस्त्र** ને અન્તે **पद** શબ્દ નથી.તે જ રીતે **शौवापदम्** અને **श्वापदम्** માં નિષેધના વિકલ્પને અવકાશ છે. આ બન્ને (=નિત્ય **ऐच्** નિષેધ અને વૈકલ્પિક નિષેધ)ને **शौवापदिः। श्वापदिः** માં અવકાશ છે. ત્યારે પૂર્વવિપ્રતિષેધનો આશ્રય લઇને નિત્ય નિષેધ સ્વીકારતાં **इञ्** સિવાયનાં સ્થળે જ વિકલ્પ થશે ત્યાં **ऐच्** વિધિ નિત્ય પ્રાપ્ત નથી તેથી અપ્રાપ્તવિભાષા થશે.અહીં **इञि** ની અનુવૃત્તિ ન કરીને પરવિપ્રતિષેધનો આશ્રય લેવામાં આવે તો **इञ्** પૂર્વે નિષેધ પ્રાપ્ત થાય છે ત્યાં વિકલ્પ થવાથી પ્રાપ્તવિભાષા અને તે સિવાયનાં સ્થળે નિષેધ અપ્રાપ્ત છે ત્યાં વિકલ્પ થવાથી અપ્રાપ્ત વિભાષા થતાં એ ઉભયત્રવિભાષા થશે.સિદ્ધાન્તી **इञि** ની અનુવૃત્તિ સ્વીકારતા નથી અને પૂર્વવિપ્રતિષેધ સ્વીકારીને અહીં અપ્રાપ્તવિભાષા જ છે એમ નિર્ણય કરે છે.

[331] આ સૂત્ર પ્રમાણે જેની પૂર્વે કોઇ શબ્દ હોય(=વાક્યની શરૂઆતમાં ન હોય ) તેવા પ્રથમાન્ત શબ્દની પછી આવતા **युष्मद्** અને **अस्मद्** ના વિકલ્પે **वाम्, नौ** વગેરે આદેશ થાય છે (જેમ કે **ग्रामे कम्बलस्ते स्वम्।** અથવા **ग्रामे कम्बलस्तव स्वम्।** પરંતુ **कम्बलस्ते स्वम्।** માં પ્રથમાન્તની પૂર્વે (**सपूर्वा**) કોઇ શબ્દ નથી તેથી વિકલ્પ નથી થયો).અહીં પૂર્વવર્તી **न चावाहाहै०** (૮-૧-૨૪) અને **पश्यार्थै०** (૮-૧-૨૫)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। चादिभिर्योग इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। चादिभिर्योग इति निवृत्तम्॥**

**ग्रो यङ्यचि विभाषा॥२०--१३॥**

**प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः।**

હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્ત વિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે? **च** વગેરેનો પ્રયોગ કરવામાં આવ્યો હોય તો (**न चवाहाहैवयुक्ते।** પ્રમાણે) નિષેધ નિત્યપ્રાપ્ત થાય છે ત્યાં (આ **सपूर्वायाः**०સૂત્રથી વિકલ્પ થતાં) પ્રાપ્ત વિભાષા થશે, અન્યત્ર (**च** વગેરે પાંચનો પ્રયોગ ન હોય ત્યાં **सपूर्वायाः**० થી નિષેધનો વિકલ્પ કરવામાં આવે તો) અપ્રાપ્તવિશાષા થશે અને (જ્યાં નિષેધ પ્રાપ્ત હોય ત્યાં અને જ્યાં પ્રાપ્ત ન થતો હોય ત્યાં વિકલ્પ થાય તો) ઉભયત્રવિભાષા થશે. અહીં અપ્રાપ્ત વિભાષા જ છે, કારણ કે '**च** વગેરેનો પ્રયોગ હોય ત્યાં' એની નિવૃત્તિ થાય છે .

**ग्रो यङि। अचि विभाषा॥२०-१३॥** [332]અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે.॥ એમ સંદેહ થાય છે.

---

ની અનુવૃત્તિ કરવામાં આવે તો **च, वा,ह, अह** અને **एव** એ પાંચનો પ્રયોગ હોય ત્યારે , તથા દર્શન એ અર્થના ધાતુઓ 'જોવું' એ સિવાયના અર્થમાં પ્રયોજાયા હોય ત્યારે જેની પૂર્વે અન્ય શબ્દ ન હોય તેવા પ્રથમાન્તની પછી આવતા **युष्मद्** અને **अस्मद्** ના **वाम्** અને **नौ** આદેશ થતા નથી [જેમ કે **ग्रामः तव वा / ह / अह / एव स्वम्।** અહીં **वा** વગેરેને કારણે આદેશ નહીં થાય, **ग्रामः तव समीक्ष्य आगतः।** (તારૂં ગામ છે સમજીને આવ્યો) અહીં **समीक्ष्** ધાતુ જોવું એ અર્થમાં નથી તેથી આદેશ થયો નથી] આમ નિત્ય નિષેધ પ્રાપ્ત થાય છે તે સ્થિતિમાં **सपूर्वायाः**० થી વિભાષા થતાં **च** વગેરે પાંચનો પ્રયોગ હોય અથવા **पश्यार्थक** (દર્શન એ અર્થના) ધાતુઓ 'જોવું ' એ સિવાયના અર્થમાં પ્રયોજાયા હોય તો નિષેધ પ્રાપ્ત હતો ત્યાં વિકલ્પ થાય છે તેથી અહીં પ્રાપ્ત વિભાષા થશે. જો એ બે પૂર્વ સૂત્રોની અનુવૃત્તિ ન કરવામાં આવે તો પ્રારંભમાં ન આવેલ હોય તેવા પ્રથમાન્ત શબ્દની પછી આવેલ **युष्मद्** , **अस्मद्** ના વિકલ્પે આદેશ નહીં થાય તેથી **सदा त्वां च मां च रक्षतु।** માં નિત્ય નિષેધ પ્રાપ્ત થાય છે અને **भक्तस्त्वमप्यहं तेन हरिस्त्वां त्रायते स माम्।** વગેરેમાં લાગુ પડતો નિષેધનો વિકલ્પ, એ બન્ને **भक्तस्त्वमप्यहं तेन हरिस्त्वां मां च त्रायते।** જેવામાં લાગુ પડવાનો પ્રસંગ આવતાં પૂર્વવિપ્રતિષેધનો આશ્રય લઇને નિત્ય નિષેધ લાગુ પડશે એમ સ્વીકારતાં **च** વગેરે પાંચ ન હોય ત્યાં નિષેધ વિકલ્પે લાગુ પડશે એમ સમજતાં ત્યાં નિત્ય નિષેધ અપ્રાપ્ત છે તેથી અપ્રાપ્ત વિભાષા થશે.હવે જો અનુવૃત્તિ નથી થતી એમ ગણીને પરવિપ્રતિષેધનો આશ્રય લઇને નિષેધનો વિકલ્પ થાય છે તેમ સ્વીકારતાં **च** વગેરે પાંચનો પ્રયોગ હોય ત્યાં પ્રાપ્તવિભાષા થતાં અને તેમનો પ્રયોગ ન હોય ત્યાં અપ્રાપ્તવિભાષા થતાં ઉભયત્રવિભાષા થશે.આ પ્રમાણે સંશયને લક્ષમાં રાખીને અનુવૃત્તિ ન કરતાં અને પૂર્વવિપ્રતિષેધનો આશ્રય લેવાથી અહીં અપ્રાપ્તવિભાષા જ છે તેમ સિદ્ધાન્તી કહે છે.

[332] **अचि विभाषा।** માં સમગ્ર પૂર્વની અનુવૃત્તિ કરવાથી **यङ्** નાં રૂપ કરતી વખતે **अजादि** પ્રત્યય પર થતાં **गृ** ધાતુના રેફનો વિકલ્પે **लृ** આદેશ થાય છે એમ અર્થ સમજાશે, પરંતુ **ग्रो यङि।** પ્રમાણે નિત્ય **लृ** આદેશ પ્રાપ્ત હતો જ ત્યાં વિકલ્પ થવાથી પ્રાપ્તવિભાષા થશે.અહીં શંકા થઇ શકે કે **यङ्** અને **अजादि** પ્રત્યય એ બન્ને એકી સાથે **गृ** ધાતુની અવ્યવહિત રીતે પર કેવી રીતે થઇ શકે ? આનું નિવારણ કરવાના હેતુથી **अचि** અને **यङि** એ બે સપ્તમ્યન્તોનો અર્થ ભેદ દર્શાવતાં નાગેશ કહે છે કે **अचि** એ પર સપ્તમી છે, જ્યારે **यङि** એ વિષય સપ્તમી છે તેથી **अचि** એટલે **अजादि** પ્રત્યય પર હોય ત્યારે અને **यङि** એટલે **यङ्** નો વિષય હોય (= તેનું રૂપ કરવાનું હોય) ત્યારે એમ અર્થ સમજાશે.કૈયટે **जेगिल** ઉદાહરણ આપ્યું છે : **गृ** નું **यङ्लुगन्त** નામ બનાવતાં તે **पचादि** ગણનો ધાતુ છે તેથી **नन्दिग्रहि**० થી **अच्** થતાં → **गृ यङ् अच्** (**अ**) એ સ્થિતિમાં **यङ्** ની પછી **अजादि** પ્રત્યય આવ્યો છે તેથી **यङोऽचि।** પ્રમાણે **यङ्** નો **लुक्** થશે અને તેથી **अजादि** પ્રત્યય પર થતાં રેફનો **लृ** આદેશ થઇને **जेगिल** એમ રૂપ સિદ્ધ થશે.અહીં **यङ्** નો **लुक्** થવા છતાં **प्रत्ययलोपे**० પ્રમાણે **सन्यङोः।** થી દ્વિત્વ થશે અને **गुणो यङ्लुकोः।** પ્રમાણે થશે જ. (અહીં ધ્યાનમાં રાખવું જોઇએ કે **यङ्** નો લોપ **लुक्** એ **लुमत्** શબ્દથી થયો છે તેથી **न लुमता**० થી પ્રત્યયલક્ષણનો નિષેધ થવા છતાં દ્વિત્વ **यङ्** ને કારણે (**यङ्निमित्तक** ) થતું નથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। यङीति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। अप्राप्ते। यङीतिनिवृत्तम्॥**

**प्राप्ते च॥२१॥**

**इत उत्तरं या विभाषा अनुक्रमिष्यामः प्राप्ते ता द्रष्टव्याः। त्रिसंशयास्तु भवन्ति प्राप्तेऽप्राप्त उभयत्र वेति॥**

પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે? **ग्रो यङि।**પ્રમાણે ( **र्** નો **ल्**) નિત્ય પ્રાપ્ત છે ત્યાં (**अचि विभाषा।** થી વિકલ્પ કરવામાં આવે તો) પ્રાપ્તવિભાષા થશે, અન્યત્ર (**यङ्** સિવાયનાં સ્થળોએ **र्** નો **ल्** પ્રાપ્ત નથી ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) અપ્રાપ્તવિભાષા થશે અથવા( **र्** નો **ल्** નિત્ય પ્રાપ્ત થાય છે ત્યાં તેમ જ જ્યાં **र्** નો **ल्** પ્રાપ્ત નથી ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) ઉભયત્રવિભાષા થશે. અહીં અપ્રાપ્તવિભાષા જ છે, કારણ કે **यङि** ની નિવૃત્તિ થાય છે.
પ્રાપ્ત (વિભાષા)માં ત્રણ સંશય (થાય છે)॥**૨૧**॥ [333]
હવે પછી જેનો ક્રમપૂર્વક નિર્દેશ કરીશું તે પ્રાપ્ત વિભાષા છે તેમ જાણવું. પણ અહીં ત્રણ પ્રકારના સંદેહ થાય છે કે એ પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે પ્રાપ્તાપ્રાપ્તવિભાષા છે ?

---

પરંતુ **यङन्त** ને થતું કાર્ય છે તેથી નિષેધ લાગુ નહીં પડે, પરિણામે પ્રત્યયલક્ષણ થશે). અહીં એક બીજી શંકા પણ થઇ શકે કે **यङ्** નો લોપ થયો તે **यङोऽचि।** થી થયો છે તે સૂત્રમાં **ण्यक्षत्रियार्ष०** એ પૂર્વ સૂત્રમાંથી **लुक्** ની અનુવૃત્તિ થાય છે . હવે **न लुमता०** એ સૂત્ર પ્રત્યયલક્ષણનો નિષેધ કરે છે **यङ्** નો લોપ થયા પછી તેનો વિષય નહીં રહે પરિણામે **यङ्** ને કારણે કાર્ય ન થઇ શકે તેથી **गृ** ના રેફનો **ल्** આદેશ ન થવાનો પ્રસંગ આવશે. પરંતુ **न लुमता०** દ્વારા કરવામાં આવેલ નિષેધ અનિત્ય છે એ કારણે અથવા **अतो लोपः।** પ્રમાણે **अत्** નો જુદો લોપ થાય છે તેમ સ્વીકારવાથી **अचः परस्मिन्०** પ્રમાણે સ્થાનિવદ્ભાવ માનવાથી **यङ्** નો વિષય રહેશે જ તેથી **ल्** આદેશ થઇ શકશે.) હવે જો **अचि विभाषा।** એ સૂત્ર માંથી **यङि** ની અનુવૃત્તિ ન કરતાં માત્ર **ग्रो** ની જ અનુવૃત્તિ કરીએ તો **अजादि** પ્રત્યયો પર થતાં **गृ** ધાતુના રેફનો વિકલ્પે **ल्** આદેશ થશે એમ અર્થ સમજાશે.. હવે **ग्रो यङि।** અને **अचि विभाषा।** એ બન્ને સૂત્રો ત્રિપાદીમાંનાં છે તેથી વિભાષા અસિદ્ધ હોવાથી **लत्व** નિત્ય થશે અને **य** (**ङ्**) એ સમુદાયનો લોપ થયો હોવા છતાં **न लुमता०** થી પ્રત્યયલક્ષણનો નિષેધ થાય છે એ કારણે **लत्व** અપ્રાપ્ત છે ત્યાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થશે.બીજી રીતે કહીએ તો અહીં પૂર્વવિપ્રતિષેધનો આધાર લઇને **यङ्** નું રૂપ કરતાં **लत्व** નિત્ય થાય તે જ ઇષ્ટ છે તેથી વિકલ્પ **यङ्** સિવાયનાં સ્થાને થશે. આમ નિત્ય **लत्व** જ્યાં પ્રાપ્ત નથી ત્યાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થશે. જેથી **निजेगिलः** જેવાં રૂપ સિદ્ધ થશે. હવે જો પરવિપ્રતિષેધ સ્વીકારવામાં આવે તો વિકલ્પ જ ઇષ્ટ થશે તેથી **निजेगिलः** માં પ્રાપ્તવિભાષા થશે, કારણ કે જ્યાં **लत्व** નિત્ય પ્રાપ્ત હતું ત્યાં વિકલ્પ થયો છે અને **गिरति**, **गिलति** જેવાંમાં નિત્ય **लत्व** અપ્રાપ્ત છે ત્યાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થઇને ઉભયત્રવિભાષા થશે.ઉપલબ્ધ લક્ષ્યોને ધ્યાનમાં રાખીને સિદ્ધાન્તી કહે છે કે અહીં **यङि** ની અનુવૃત્તિ ન કરીને પૂર્વવિપ્રતિષેધ સ્વીકારવાથી અપ્રાપ્તવિભાષા જ થશે.

[333] અત્યાર સુધી અપ્રાપ્તવિભાષા હોય ત્યાં ત્રિવિધ સંશય કેવી રીતે ઉદ્ભવે તેની સોદાહરણ ચર્ચા કરીને શંકાનો નિરાસ કર્યો. અહીંથી પ્રાપ્તવિભાષામાં પણ ત્રિવિધ સંશય ઉદ્ભવી શકે છે તેની ઉદાહરણ સહિત ચર્ચા કરીને અન્તે દરેકમાં સિદ્ધ કર્યું છે કે જે તે ઉદાહરણમાં પ્રાપ્તવિભાષા જ છે, સંશયને અવકાશ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विभाषा विप्रलापे ॥२१--१॥

प्राप्तेऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। व्यक्तवाचाम्। इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। प्राप्ते। व्यक्तवाचामिति हि वर्तते॥

विभाषोपपदेन प्रतीयमाने ॥२१--२॥

प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। स्वरितञितः।

**विभाषा विप्रलापे ॥२१-१॥**[334] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે? **व्यक्तावाचां (समुच्चारणे।)** એ સૂત્રથી નિત્ય (આત્મનેપદ) પ્રાપ્ત થાય છે ત્યાં ( **विभाषा०** થી વિકલ્પ કરવામાં આવે તો ) પ્રાપ્તવિભાષા થશે, અન્યત્ર (અસ્પષ્ટ વાણીવાળાંના એક સાથે બોલે તેમાં આત્મનેપદ પ્રાપ્ત નથી ત્યાં વિકલ્પ કરવામાં આવે તો ) અપ્રાપ્તવિભાષા થશે, અથવા (આત્મનેપદ નિત્ય પ્રાપ્ત છે ત્યાં અને જ્યાં પ્રાપ્ત નથી ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) ઉભયત્રવિભાષા થશે. અહીં પ્રાપ્તવિભાષા છે, કારણ કે **व्यक्तावाचाम्** ની અનુવૃત્તિ થાય છે.

**विभाषोपपदेन प्रतीयमाने ॥२१-२॥**[335] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? **स्वरितञितः०** । પ્રમાણે

---

[334] આ સૂત્ર પ્રમાણે 'વ્યક્ત (સ્પષ્ટ) વાણીવાળા (= મનુષ્યો)નું એકીસાથે પરસ્પર વિરુદ્ધ બોલવું' એ અર્થમાં **वद्** ધાતુ આત્મનેપદી થાય છે, જેમ કે **विप्रवदन्ते ब्राह्मणाः**। (બ્રાહ્મણો એકબીજાનો વિરોધ કરીને એકી સાથે બોલે છે). હવે અહીં **व्यक्तवाचां समुच्चारणे**। એ પૂર્વ સૂત્રની અનુવૃત્તિ કરવામાં આવે તો વ્યક્તવાણીવાળા એક સાથે બોલે ત્યારે નિત્ય આત્મનેપદ થાય છે, તેમાં પ્રસ્તુત સૂત્રથી વિકલ્પ કરવાથી જ્યાં આત્મનેપદ પ્રાપ્ત છે ત્યાં વિભાષા થવાથી પ્રાપ્તવિભાષા થશે. અહીં તે પૂર્વ સૂત્રની અનુવૃત્તિ ન કરવામાં આવે તો જ્યાં વ્યક્તવાણી બોલનાર ન હોય (જેમ કે **संप्रवदन्ति शकुनयः**।) ત્યાં પણ વિકલ્પ થવાનો પ્રસંગ આવે છે, જ્યારે **संप्रवदन्ते ब्राह्मणाः**। માં તો **व्यक्तवाचाम्०** પ્રમાણે આત્મનેપદ નિત્ય પ્રાપ્ત છે. પણ **विप्रवदन्ते ब्राह्मणाः**। જેવાં સ્થળે નિત્ય આત્મનેપદ તેમ જ વિકલ્પ એકીસાથે પ્રાપ્ત થશે, કારણ કે અહીં મનુષ્યો બોલનારા છે અને પરસ્પર પ્રતિષેધપૂર્વક વિરુદ્ધ બોલે છે. આથી પૂર્વવિપ્રતિષેધનો આશ્રય લઇને નિત્ય આત્મનેપદ થશે એમ સ્વીકારવાથી વિકલ્પ માત્ર અવ્યક્તવાક્ ને જ લાગુ પડશે અને અવયક્ત વાણીવાળાંને અનુલક્ષીને નિત્ય આત્મનેપદ થતું નથી તેથી ત્યાં અપ્રાપ્ત વિભાષા થશે.અથવા તો પરવિપ્રતિષેધ લઇને વિકલ્પ સ્વીકારવાથી વ્યક્તવાણીવાળાં એકી સાથે પરસ્પર વિરુદ્ધ બોલતાં હોય ત્યાં પ્રાપ્તવિભાષા થશે, જ્યારે અવ્યક્ત વાણીવાળાંની બાબતમાં આત્મનેપદ નિત્ય પ્રાપ્ત નથી તેથી અપ્રાપ્તવિભાષા થતાં ઉભયત્રવિભાષા થશે. સિદ્ધાન્તી અહીં પ્રાપ્તવિભાષા જ સ્વીકારે છે, કારણ કે ઉપલબ્ધ લક્ષ્યને જોતાં પૂર્વસૂત્રની અનુવૃત્તિ સ્વીકારવી જ પડે છે અને તેથી આત્મનેપદની પ્રાપ્તિ થાય છે ત્યાં જ વિકલ્પ થયો છે તેથી પ્રાપ્તવિભાષા જ થશે.

[335] અહીં પાંચ સૂત્રો પૂર્વે આવેલાં છે : **स्वरितञितः कर्त्रभिप्राये क्रियाफले**। (જે ધાતુઓ સ્વરિત **इत्** યુક્ત હોય અથવા જે ञित् હોય તેમને આત્મનેપદ લાગુ પડે છે, જો ક્રિયાનું ફળ કર્તાને પ્રાપ્ત થતું હોય તો) **अपाद्वदः**।(**अप वद्** ને પણ ઉપર જણાવેલ સંજોગોમાં આત્મનેપદ થાય છે.) **णिचश्च**। (**णिजन्त** - પ્રેરક અંગને પણ એ રીતે આત્મનેપદ થાય છે) **समुदाङ्भ्यो यमोऽग्रन्थे** (**सम् उद् आ यम्** ધાતુનું કર્મ ગ્રન્થ ન હોય તો તેને આત્મનેપદ થાય છે) **अनुपसर्गाज्ज्ञः**। (**ज्ञा** ધાતુને ઉપસર્ગ લાગ્યો ન હોય ત્યારે ઉપરના સંજોગોમાં આત્મનેપદ થાય છે) આ પંચસૂત્રીની પ્રસ્તુત સૂત્રમાં અનુવૃત્તિ થાય છે. હવે પૂર્વ સૂત્રોથી જે નિત્ય આત્મનેપદ પ્રાપ્ત થાય છે તેમાં વિકલ્પ કરવામાં આવે છે, તેથી જો કર્તાને ફલપ્રાપ્તિ થતી હોય પણ તે વસ્તુ ઉપપદ વ્હારા વ્યક્ત કરવામાં આવી હોય તો આત્મનેપદ પ્રાપ્ત થતું નથી તેમાં અહીં વિકલ્પે આત્મનેપદ થાય છે જેમ કે **स्वं यज्ञं यजति**। **स्वं यज्ञं यजते**। અહીં સમીપમાં પ્રયોજાયેલ સ્વ શબ્દ વ્હારા કર્તાને ફળ પ્રાપ્ત થાય છે તે સૂચવાય છે તેથી વિકલ્પ પ્રાપ્ત થાય છે) અહીં જે નિત્ય આત્મનેપદ પ્રાપ્ત હતું ત્યાં વિકલ્પ કરવામાં આવ્યો છે તેથી પ્રાપ્તવિભાષા થશે. જો પૂર્વ પંચસૂત્રીની અનુવૃત્તિ ન કરવામાં આવે કર્તાને ક્રિયાનું ફળ મળે ત્યારે **कुरुते यजते** વગેરેમાં જેને અવકાશ છે તે નિત્ય આત્મનેપદ અને **स्वं पाठं पठति**। વગેરેમાં જેને અવકાશ છે તે વિભાષા એ બન્ને **स्वं यज्ञं यजते**। વગેરેમાં પ્રાપ્ત થતાં પૂર્વવિપ્રતિષેધથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। प्राप्ते। स्वरितञित इति हि वर्तते॥

तिरोऽन्तर्धौ। विभाषा कृञि ॥२१--३॥

प्राप्तेऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। अन्तर्धाविति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। प्राप्ते। अन्तर्धाविति हि वर्तते॥

(આત્મનેપદ) નિત્ય પ્રાપ્ત થાય છે ત્યાં (**विभाषोपपदेन०** થી વિકલ્પ કરવામાં આવે તો)પ્રાપ્તવિભાષા થશે, અન્યત્ર (સ્વરિત **इत्** હોય અને **ञित्** હોય તે સિવાયનાં સ્થળે આત્મનેપદ અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) અપ્રાપ્ત વિભાષા થશે અથવા (આત્મનેપદ પ્રાપ્ત હોય ત્યાં અને અપ્રાપ્ત હોય ત્યાં એમ બન્ને સ્થળે વિકલ્પ કરવામાં આવે તો) ઉભયત્રવિભાષા થશે. અહીં પ્રાપ્ત વિભાષા જ છે, કારણ કે **स्वरितञितः** વગેરેની અનુવૃત્તિ થાય છે.

**तिरोऽन्तर्धौ। विभाषा कृञि ॥२१-३॥**[336] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? **अन्तर्धौ** (અર્થાત્ અંતર્ધાન થવું એ અર્થમાં હોય ત્યારે) ની અનુવૃત્તિ કરવામાં આવે તો **गति** સંજ્ઞા નિત્ય પ્રાપ્ત થશે ત્યાં વિકલ્પ કરવાથી) પ્રાપ્તવિભાષા થશે, અન્યત્ર (અંતર્ધાનનો અર્થ ન હોય ત્યાં **गति** સંજ્ઞા અપ્રાપ્ત છે ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) અપ્રાપ્તવિભાષા થશે અથવા (જ્યાં **गति** સંજ્ઞા નિત્ય પ્રાપ્ત હોય ત્યાં તેમ જ જ્યાં અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) ઉભયત્રવિભાષા થશે. અહીં પ્રાપ્તવિભાષા જ છે, કારણ કે **अन्तर्धौ** ની અનુવૃત્તિ થાયછે.

---

નિત્ય આત્મનેપદનું વિધાન થવાથી પૂર્વપંચ સૂત્રીના વિષય ન હોય ત્યારે જ વિભાષા પ્રવૃત્ત થતી હોવાથી ઉપર કહેલ પંચસૂત્રીની ત્યાં પ્રાપ્તિ ન થતી હોવાથી અપ્રાપ્તવિભાષા થશે. જો અનુવૃત્તિ ન કરવામાં આવે અને પરવિપ્રતિષેધનો આશ્રય લેવામાં આવે તો **कृञ्** વગેરે સ્થળે પ્રાપ્તવિભાષા થશે અને **कृञ्** વગેરે સિવાયનાં સ્થળે અપ્રાપ્તવિભાષા થતાં ઉભયત્રવિભાષા થશે.એમ ત્રિવિધ સંશય થાય છે પરંતુ સિદ્ધાન્તી પ્રમાણે અહીં પૂર્વપંચસૂત્રીની અનુવૃત્તિ થાય છે તેથી પ્રાપ્તવિભાષા જ છે અને સંશયને કોઇ અવકાશ નથી.

[336] **विभाषा कृञि।** (૧-૪-૭૨) પ્રમાણે **कृ** ધાતુ પર હોય ત્યારે **तिरस्** ની વિકલ્પે **गति** સંજ્ઞા થાય છે) આ સૂત્રમાં પૂર્વવર્તી સૂત્ર **तिरोऽन्तर्धौ** ।(૧-૪-૭૧) ની અનુવૃત્તિ થાય છે. હવે એ સૂત્ર પ્રમાણે વ્યવધાન (**अन्तर्धि**) નો અર્થ દર્શાવતો હોય ત્યારે ક્રિયા સાથે સંબદ્ધ **तिरस्** શબ્દની નિત્ય **गति** સંજ્ઞા થાય છે, પરંતુ **विभाषा कृञि।** થી તેમાં વિભાષા કરવામાં આવી છે તેથી પ્રાપ્તવિભાષા થશે.જો પૂર્વ સૂત્રમાંથી **अन्तर्धौ** ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો વ્યવધાનના અર્થમાં નિત્ય **गति** સંજ્ઞા થશે તે સિવાયના અર્થમાં પ્રસ્તુત સૂત્ર પ્રમાણે વિકલ્પ થશેતેથી **तिरोभूय** માં નિત્ય સંજ્ઞા થશે, કારણ કે ત્યાં **कृञ्** નો પ્રયોગ નથી અને અન્તર્ધાન- વ્યવધાનનો અર્થ છે, પરંતુ **तिरस्कृत्य** માં અન્તર્ધાનનો અર્થ નથી પણ **कृञ्** નો પ્રયોગ હોવાથી વિકલ્પે **गति** સંજ્ઞા થશે. છતાં **तिरस्कृत्य** શબ્દ વ્યવધાનના અર્થમાં હોય ત્યારે વ્યવધાનના અર્થ ને કારણે થતી નિત્ય **गति** સંજ્ઞા અને **कृ** ધાતુનો પ્રયોગ છે તેથી થતો વિકલ્પ એ બન્નેને અહીં અવકાશ છે ત્યાં પૂર્વવિપ્રતિષેધ લઇને નિત્ય **गति** સંજ્ઞા સ્વીકારવાથી અને અન્તર્ધાનનો અર્થ ન હોય ત્યાં વિભાષા સ્વીકારવાથી ત્યાં નિત્ય સંજ્ઞા પ્રાપ્ત નહીં થાય એ સ્થિતિમાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થશે.જો **अन्तर्धौ** ની અનુવૃત્તિ ન કરીને પરવિપ્રતિષેધ લઇએ અને વિભાષા સ્વીકારીએ તો અન્તર્ધાનના અર્થમાં પ્રાપ્તવિભાષા અને તે સિવાયના અર્થમાં અપ્રાપ્તવિભાષા થતાં ઉભયત્રવિભાષા થશે. સિદ્ધાન્તી પ્રમાણે **विभाषा कृञि।** માં પૂર્વ સૂત્રની અનુવૃત્તિ થાય છે જ તેથી જે નિત્ય સંજ્ઞા પ્રાપ્ત હતી તેમાં વિભાષા થવાથી અહીં પ્રાપ્તવિભાષા જ છે અને સંશયને કોઇ સ્થાન નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अधिरीश्वरे। विभाषा कृञि ॥२१--४॥

प्राप्तेऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। ईश्वर ति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति।अप्राप्ते। ईश्वर इति हि वर्तते॥

दिवस्तदर्थस्य। विभाषोपसर्गे॥२१-५॥

प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। तदर्थस्येति

**अधिरीश्वरे। विभाषा कृञि॥२१-४॥** [337]અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? (અહીં अधिः) **ईश्वरे**ની અનુવૃત્તિ કરવામાં આવે તો કર્મપ્રવચનીય સંજ્ઞા નિત્ય પ્રાપ્ત થશે, ત્યાં વિકલ્પ કરવાથી) પ્રાપ્ત વિભાષા થશે. અન્યત્ર ( જ્યાં **ईश्वर** નો અર્થ ન હોવાથી કર્મપ્રવચનીય સંજ્ઞા અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) અપ્રાપ્તવિભાષા થશે અથવા (કર્મપ્રવચનીય સંજ્ઞા પ્રાપ્ત હોય ત્યાં તેમ જ અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તો ) ઉભયત્રવિભાષા થશે. અહીં પ્રાપ્તવિભાષા જ છે, કારણ કે **ईश्वरे** ની અનુવૃત્તિ થાયછે

**दिवस्तदर्थस्य। विभाषोपसर्गे॥२१-५॥** [338] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્ત વિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? (અહીં) **तदर्थस्य**ની અનુવૃત્તિ

---

[337] **विभाषा कृञि**।(૧-૪-૯૮) ના પૂર્વવર્તી સૂત્ર **अधिरीश्वरे**। (૧-૪-૯૭) પ્રમાણે જ્યારે **अधि** [**ईश्वर** સ્વામી (અને સ્વામી હંમેશાં **स्व** ની- જેનો તે સ્વામી હોય તેની- અપેક્ષા રાખે છે) તેથી] સ્વસ્વામિભાવના અર્થમાં હોય ત્યારે કર્મપ્રવચનીય સંજ્ઞક બને છે. આમ નિત્ય કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે. જો **विभाषा कृञि**। માં પૂર્વસૂત્રની અનુવૃત્તિ કરવામાં આવે તો પરસૂત્રથી વિભાષા થતાં અહીં પ્રાપ્તવિભાષા થશે.પરંતુ પૂર્વસૂત્રમાંથી **ईश्वरे** અનુવૃત્તિ કરવામાં ન આવે તો જ્યાં સ્વસ્વામિભાવનો અર્થ હોય ત્યાં જ નિત્ય સંજ્ઞા થશે જેમ કે **अधि भुवि भूपः**। (રાજા પૃથ્વીનો સ્વામી છે) પરંતુ જ્યાં સ્વસ્વામિભાવ સંબંધ ન હોય, જેમ કે **अधि भुवि घटः**।(ઘડો પૃથ્વી પર છે) ત્યાં વિભાષાને અવકાશ છે તે બન્ને **भूपो भुवि अधिकरोति**। જેમાં પ્રાપ્ત થતાં પૂર્વવિપ્રતિષેધથી નિત્ય સંજ્ઞા પ્રાપ્ત થતાં વિભાષા બાકીના સ્વામી સિવાયના અર્થમાં થતી હોવાથી ત્યાં નિત્ય સંજ્ઞા અપ્રાપ્ત છે તેથી અપ્રાપ્તવિભાષા થશે. પરંતુ **ईश्वरे** ની અનુવૃત્તિ ન કરીને પરવિપ્રતિષેધ લેતાં વિભાષા જ થતી હોવાથી ઈશ્વરનો અર્થ હોય ત્યાં સંજ્ઞા નિત્ય પ્રાપ્ત છે ત્યાં પ્રાપ્તવિભાષા, ઈશ્વરનો અર્થમાં ન હોય ત્યાં સંજ્ઞા અપ્રાપ્ત છે ત્યાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થશે.એ રીતે ઉભયત્રવિભાષા થશે. આમ ત્રિવિધ સંશય છે. પરંતુ સિદ્ધાન્તી પ્રમાણે અહીં **अधिरीश्वरे**। ની અનુવૃત્તિ થાય છે જ તેથી નિત્ય કર્મપ્રવચનીય સંજ્ઞા પ્રાપ્ત હતી ત્યાં આ સૂત્રથી વિભાષા થતાં અહીં પ્રાપ્તવિભાષા જ છે, સંશયને કોઇ સ્થાન નથી.

[338] **दिवस्तदर्थस्य**। (૧-૩-૫૮)એ સૂત્ર પ્રમાણે **दिव्** ધાતુ જ્યારે દ્યુત અને વ્યવહાર (લે વેચ રૂપી વ્યવહાર કરવો) એ અર્થમાં પ્રયોજાયો હોય ત્યારે તેના કર્મની ષષ્ઠીવિભક્તિ થાય છે આમ નિત્યષષ્ઠીનું વિધાન કરવામાં આવ્યું છે ત્યાં **विभाषा सोपसर्गे**। (૧-૩-૫૯) થી **दिव्** ને ઉપસર્ગ લાગ્યો હોય ત્યારે એ અર્થોમાં વિકલ્પે ષષ્ઠી થાય છે . આમ નિત્ય ષષ્ઠી પ્રાપ્ત હતી ત્યાં વિભાષા કરવામાં આવી તેથી પ્રાપ્તવિભાષા થશે. હવે પૂર્વસૂત્રમાંથી **तदर्थस्य** ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો દ્યૂત વગેરે અર્થમાં **दिव्** નો પ્રયોગ હોય (જેમ કે **शतस्य दिव्यति**। ) ત્યાં નિત્ય ષષ્ઠી થશે, પરંતુ દ્યૂત વગેરેનો અર્થ ન હોય (**दिव्** એટલે સ્તુતિ કરવી એમ અર્થ હોય) ત્યાં (જેમ કે **ब्राह्मणं प्रतिदिव्यति**। માં) વિભાષા પ્રાપ્ત થશે. પરંતુ **शतस्य प्रतिदिव्यति**। માં ઉપસર્ગયુક્ત **दिव्** દ્યૂત વગેરે અર્થમાં પ્રયોજાયો છે તેથી નિત્ય ષષ્ઠી પ્રાપ્ત થશે તેથી ત્યાં **दिवस्तदर्थस्य**। ને અવકાશ છે અને સોપસર્ગ **दिव्** નો પ્રયોગ થયો છે તેથી વિભાષા પ્રાપ્ત થાય છે એટલે કે ત્યાં **विभाषोपसर्गे**। ને અવકાશ છે તેથી પૂર્વવિપ્રતિષેધ લઇને નિત્ય ષષ્ઠી સ્વીકારતાં જ્યાં દ્યૂતાદિનો અર્થ ન હોય ત્યાં ષષ્ઠી અપ્રાપ્ત થતાં તેથી અહીં અપ્રાપ્તવિભાષા થસે.**तदर्थस्य** ની અનુવૃત્તિ ન કરીને પરવિપ્રતિષેધ લઇએ તો વિભાષા જ સ્વીકારવી પડશે તેથી દ્યૂત વગેરેનો અર્થ હોય ત્યાં નિત્ય ષષ્ઠી પ્રાપ્ત છે તેથી પ્રાપ્તવિભાષા થશે અને તે અર્થ ન હોય ત્યાં ષષ્ઠી પ્રાપ્ત નથી થતી ત્યાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થશે અને એ રીતે ઉભયત્રવિભાષા થશે. સિદ્ધાન્તી પ્રમાણે **तदर्थस्य** ની અનુવૃત્તિ અવશ્ય થાય છે તેથી દ્યૂત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। प्राप्ते। तदर्थस्येति हि वर्तते॥

उभयत्र च॥२२॥

इत उत्तरं या विभाषा अनुक्रमिष्यामः प्राप्ते ता द्रष्टव्याः। त्रिसंशयास्तु भवन्ति प्राप्तेऽप्राप्त उभयत्र वेति॥ प्राप्तेऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। यडीति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति॥

हृक्रोरन्यतरस्याम्॥२२-१॥

प्राप्तेऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। गतिबुद्धिप्रत्यवसानार्थशब्दकर्माऽकर्मकाणाम्। इति वा नित्ये प्राप्तेऽन्यत्र

કરવામાં આવે તો (નિત્ય ષષ્ઠી પ્રાપ્ત થાય છે ત્યાં **विभाषोपसर्गे**। થી વિકલ્પ કરવામાં આવે તો ) પ્રાપ્ત વિભાષા થશે, અન્યત્ર (જ્યાં દ્યુત વગેરે અર્થ ન થતો હોવાથી ષષ્ઠી અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) અપ્રાપ્ત વિભાષા થશે, અથવા (ષષ્ઠી પ્રાપ્ત હોય ત્યાં તેમ જ અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે ત્યારે) ઉભયત્રવિભાષા થશે. અહીં પ્રાપ્તવિભાષા જ છે, કારણ કે **तदर्थस्य** ની અનુવૃત્તિ થાય છે.

ઉભયત્ર (વિભાષામાં )પણ (ત્રણ પ્રકારનો સંદેહ થાય છે)॥૨૨॥[339]

હવે પછી જેનો ક્રમપૂર્વક નિર્દેશ કરીશું તે ઉભયત્ર વિભાષા છે તેમ જાણવું. પણ અહીં ત્રણ પ્રકારના સંદેહ થાય છે કે એ પ્રાપ્તવિભાષા છે , અપ્રાપ્તવિભાષા છે કે પ્રાપ્તાપ્રાપ્તવિભાષા છે ?

**हृक्रोरन्यतरस्याम्**॥२२-१॥[340] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્ત વિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? **गतिबुद्धिप्रत्यवसानार्थशब्दकर्मा - कर्मकाणामणि कर्ता स णौ**। પ્રમાણે (ગત્યર્થક ધાતુઓના કર્તાને પ્રેરકમાં )નિત્ય (કર્મ સંજ્ઞા) પ્રાપ્ત થાય છે (ત્યાં **हृक्रोरन्यतर-स्याम्**। થી વિકલ્પ કરવામાં આવે છે) તેથી પ્રાપ્તવિભાષા થશે, અન્યત્ર ( ગત્યાદિ અર્થક ન હોય તેવા **हृ** અને **कृ** નો પ્રયોગ હોય वाऽप्राप्त उभयत्र वेति। उभयत्र। प्राप्ते तावत्। अभ्यवहारयति सैन्धवान् अभ्यवहारयति सैन्धवैः। विकारयति सैन्धवान् विकारयति सैन्धवैः।

---

વગેરે અર્થમાં ઉપસર્ગ યુક્ત **दिव्** નો પ્રયોગ હોય ત્યાં નિત્ય ષષ્ઠી થાય છે તેમાં વિકલ્પ થવાથી અહીં પ્રાપ્તવિભાષા જ છે અને સંશયને કોઈ સ્થાન નથી.

339 હવે જ્યાં ઉભયત્રવિભાષા હોય ત્યાં પણ ત્રિવિધ સંશય ઉદ્‌ભવે છે તે દર્શાવવા માટે કેટલાંક સૂત્રો ઉદાહરણ રૂપે આપ્યાં છે.

340 **गतिबुद्धिप्रत्यवसानार्थ०** (૧-૪-૫૨) પ્રમાણે ગતિ (જવું), બદ્ધિ (જાણવું), પ્રત્યવસાન(ખાવું) વગેરે અર્થના ધાતુઓનો મૂળ પ્રયોગમાં જે કર્તા (**अणिकर्ता**) હોય તેની પ્રેરકમાં (**णौ**) કર્મ સંજ્ઞા થાય છે. અહીં નિત્ય કર્મસંજ્ઞાનું વિધાન છે તેથી **भुङ्क्ते माणवकः ओदनम्**। માં જે કર્તા છે તે પ્રરકમાં કર્મ થશે.**भोजयति माणवकमोदनम्**। હવે **हृक्रोरन्यतरस्याम्**। (૧-૪-૫૩) પ્રમાણે **हृ** અને **कृ** એ બે ધાતુઓને અનુલક્ષીને વિભાષા કરવામાં આવી છે. તેમાં **हृ** ના અનેક અર્થમાં એક અર્થ 'ખાવું (**प्रत्यवसान**)' એમ પણ છે.(જેમ કે **अभ्यवहरन्ति सैन्धवाः**। ઘોડા ખાય છે.). **कृ** ધાતુ સકર્મક પણ છે (જેમ કે **कटं करोति देवदत्तः**।) અને અકર્મક પણ છે (જેમ કે **विकुर्वते सैन्धवाः**।) હવે **हृ** ધાતુ ગત્યર્થક અથવા અભ્યવહારાર્થક હોય ત્યારે આ સૂત્રમાં **गतिबुद्धि०** ની અનુવૃત્તિ થતાં તે પ્રમાણે નિત્ય કર્મ સંજ્ઞા થશે, જેમ કે **हारयति भारं माणवकः**। **अभ्यवहारयति सैन्धवान्**। અને **कृ** ધાતુ અકર્મક હોય ત્યાં પણ તે જ સૂત્રથી નિત્ય કર્મ સંજ્ઞા થશે, **विकारयति सैन्धवान्**। . આ બન્ને ઉદાહરણોમાં નિત્ય કર્મ સંજ્ઞા પ્રાપ્ત છે ત્યાં વિભાષા કરવામાં આવી છે તેથી પ્રાપ્તવિભાષા થશે.પરંતુ જ્યારે પૂર્વ સૂત્રની અનુવૃત્તિ ન કરવામાં આવે તેથી **हृ** ધાતુ ગત્યાદિનો અર્થ ન બતાવતો હોય, જેમ કે **हरति सुवर्णं चौरः**। (અહીં 'ચોરવું' એ અર્થ છે) ત્યાં નિત્ય કર્મ સંજ્ઞા અપ્રાપ્ત છે, કારણ કે સ્તેયના અર્થવાળો **हृ** ધાતુ **गतिबद्धि०** સૂત્રમાં આવરી લેવામાં આવ્યો નથી.તે જ કારણે સકર્મક **कृ** ધાતુ (**कटं करोति देवदत्तः**।) ના મૂળ કર્તાને પ્રેરકમાં કર્મ સંજ્ઞા અપ્રાપ્ત છે તેમાં વિકલ્પ કરવામાં આવ્યો છે તેથી અપ્રાપ્તવિભાષા થશે. આમ આ સૂત્રમાં ઉભયત્રવિભાષા છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अप्राप्ते। हरति भारं देवदत्तः हारयति भारं देवदत्तम् हारयति भारं देवदत्तेन। करोति कटं देवदत्तः कारयति कटं देवदत्तम् कारयति कटं देवदत्तेन ॥

**न यदि विभाषा साकाङ्क्षे ॥२२-२ ॥**

प्राप्तेऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। यदीति

ત્યાં પ્રેરકમાં કર્મસંજ્ઞા) અપ્રાપ્ત છે (ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) અપ્રાપ્તવિભાષા થશે અથવા ( કર્મસંજ્ઞાનિત્ય પ્રાપ્ત હોય ત્યાં તેમ જ અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ સ્વીકારવામાં આવે તો) ઉભયત્રવિભાષા થશે. અહીં ઉભયત્ર વિભાષા છે.[341] (કર્તાને કર્મસંજ્ઞા થતાં)પ્રાપ્ત વિભાષા(નાં ઉદાહરણ)તો :-**अभ्यवहारयति सैन्धवान्। अभ्यवहारयति सैन्धवैः ॥ विकारयति सैन्धवान् विकारयति सैन्धवैः।** (કર્તાને કર્મસંજ્ઞા ન થતાં) અપ્રાપ્તવિભાષા(નાં ઉદાહરણ):-**हरति भारं देवदत्तः। हारयति भारं देवदत्तम्। हारयति भारं देवदत्तेन ॥ करोति कटं देवदत्तः। कारयति कटं देवदत्तम्। कारयति कटं देवदत्तेन ॥**

**न यदि विभाषा साकाङ्क्षे ॥२२-२ ॥**[342] અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? **यदि** ની અનુવૃત્તિ

---

[341]અહીં પ્રાપ્ત અને અપ્રાપ્ત બન્ને વિભાષાનાં ઉદાહરણો આપ્યાં છે. ભાષ્યમાં **सैन्धवाः अभ्यवहरन्ति।** નું પ્રેરક કરવાથી જે પ્રયોજ્ય કર્તા - જેને પ્રેરવામાં આવે છે તે મૂળ કર્તા. અહીં **अभ्यवहारयति सैन्धवान्।** એ દૃષ્ટાન્તમાં **गतिबुद्धि०** પ્રમાણે કર્મ થયો છે. તેમાં **हृक्रोः०** પ્રમાણે વિભાષા થવાથી **अभ्यवहारयति सैन्धवैः।** એમ તૃતીયા પ્રાપ્ત થઇ. તે પ્રમાણે અકર્મક **कृ** ધાતુનાં **विकारयति सैन्धवान्** એ અથવા **सैन्धवैः।** એ દૃષ્ટાન્તમાં પણ પ્રાપ્તવિભાષા છે, કારણ કે **गतिबुद्धि- - अकर्मकाणामणिकर्ता स णौ।** પ્રમાણે કર્મત્વ પ્રાપ્ત છે ત્યાં વિભાષા થઇ છે. **हरति भारं देवदत्तः। करोति कटं देवदत्तः।** એ દૃષ્ટાન્તોમાં **हृ** ધાતુ અભ્યવહાર કે ગતિવાચક નથી અને **कृ** સકર્મક છે, અકર્મક નથી તેથી ત્યાં **गतिबुद्धि०** પ્રમાણે કર્મ સંજ્ઞા પ્રાપ્ત નથી. ત્યાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થશે. તેથી પ્રેરકમાં **हारयति भारं देवदत्तं देवदत्तेन वा। कारयति कटं देवदत्तं देवदत्तेन वा।** એમ થશે. અહીં નોંધવું જોઇએ કે **हरति भारं देवदत्तः।** એ દૃષ્ટાન્ત ભાષ્ય -કારે અપ્રાપ્તવિભાષા સમજાવવા માટે આપ્યું છે એટલે કે તેમના મતે અહીં **हृ** ધાતુ **गतिबुद्धि०** વ્દારા આવરી લેવાતો નથી અર્થાત્ એ ગત્યર્થક નથી તેથી જ કૈયટ કહે છે,' **तत्र (= हृ** અને **कृ** ધાતુઓમાં) **विपूर्वो हरतिर्गत्यर्थकः।** તે ઉપર નાગેશ નોંધે છે : **विहरति ग्रामम् इत्यादौ गच्छतीत्यर्थावगमादिति भावः।** (જુઓ બા.મ.ભા૧.પૃ.૫૩૨: **हृक्रोर्गत्यर्थादिष्वनन्तर्भावात् अप्राप्ते विभाषेयम्।** અને શિ.સ. : **अप्राप्तावुदाहरणमाह--हारयतीति।**. પરંતુ ન્યાસ અને પદ.આને પ્રાપ્તવિભાષા માને છે : **यदा हरतिर्गतौ वर्तते- -भवति तदा प्राप्ते।**ન્યા० **यदा हरतिर्गतौ वर्तते-हरति भारं देवदत्त इति- - -तदा पूर्वेण (= गतिबुद्धि०** એ સૂત્રથી) **प्राप्ते।** અને **गत्याद्यर्थत्वे तु नित्यवत् कर्मसंज्ञा प्राप्नोति।** (ન્યા-પદ.ભા.૧,પૃ૫૮૨) **न गतिहिंसार्थेभ्यः।** (૧-૩-૩૫) ઉપરની વાર્તિક **हरिवह्योरप्रतिषेधः।** (નાગેશ પ્રમાણે **हृवह्योः०** એમ પાઠ હોવો જોઇએ) ઉપર કૈયટ કહે છે :**हरतेर्हिंसार्थत्वात् वहतेर्गत्यर्थत्वात्प्राप्तिः।** જો **हृ** પણ ગત્યર્થક છે તેમ પ્રદીપકાર માનતા હોત તો **हरतिवहत्योर्गत्यर्थत्वात्प्राप्तिः।** એમ કહેત. વળી વાર્તિકમાંના **वह्** ગ્રહણનું **न वहिर्गत्यर्थः देशान्तरप्रापणक्रियोऽत्र वहिः।** (**वह्** ધાતુ ગત્યર્થક નથી, પરંતુ અહીં એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડવા રૂપી ક્રિયા દર્શાવે છે) એમ કહીને ભાષ્યકારે પ્રત્યાખ્યાન કર્યું છે.તે ઉપર : **तत्र गतिर्नान्तरीकत्वात्प्रतीयते न त्वसौ धात्वर्थः।** (પ્ર.) **भारं वहति।** જેવાં ઉદાહરણમાં એક સ્થાનેથી બીજે સ્થાને લઇ જવા રૂપી ક્રિયા ગતિ વિના શક્ય નથી તેમાં ગતિ અનિવાર્ય હોવાથી તેનો અર્થ સમજાય છે પરંતુ તે **हृ** ધાતુનો અર્થ નથી.

[342] સૂત્રમાં **साकाङ्क्षे** (= આકાંક્ષા યુક્ત હોય તો, એટલે કે વક્તા લક્ષ્ય અને લક્ષણના જ્ઞાનની અપેક્ષા રાખતો હોય ત્યારે . જેમ ધૂમ એ જાણીતી વસ્તુ લક્ષણ છે અને તે ઉપરથી જેનું જ્ઞાન થાય છે તે અગ્નિ લક્ષ્ય છે. તેમ વક્તા 'પરિચિત વસ્તુ ઉપરથી અપરિચિત વસ્તુની યાદ આપવા માગતો હોય ત્યારે ' એમ અર્થ સમજાશે.દા.ત. **स्मरसि कृष्ण वने अवसाम तत्र गाः च अचारयाम।** અહીં વક્તા વનમાં રહેવા રૂપી લક્ષણ વ્દારા ગાય ચરાવવા રૂપી લક્ષ્યની સ્મૃતિ કરાવવા માગે છે.આ સંજોગોમાં **अभिज्ञावचने लृट्।** (૩-૨-૧૧૨) પ્રમાણે વાક્યમાં સ્મૃતિવાચી પદનો પ્રયોગ હોય ત્યારે **लङ्** ન થતાં **लृट्** થાય છે જેમ કે **अभिजानासि / स्मरसि देवदत्त यत्कश्मीरेषु वत्स्यामः।** (દેવદત્ત તને યાદ છે કે આપણે કાશ્મીરમાં રહ્યા હતા ?). તે પછીના **न यदि।** (૩-૨-૧૧૩) સૂત્ર પ્રમાણે જો વાક્યમાં **यद्** ને પ્રયોગ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। उभयत्र। प्राप्ते तावत्। अभिजानासि देवदत्त यत्कश्मीरेषु वत्स्यामः। यत्कश्मीरेष्व -वसाम। यत्तत्रौदनान्भोक्ष्यामहे यत्तत्रौदनानभुञ्ज्महि। अप्राप्ते। अभिजानासि देवदत्त कश्मीरान्गमिष्यावः। कश्मीरानगच्छाम। तत्रौदनान्भोक्ष्यामहे। तत्रौदनानभुञ्ज्महि॥

કરવાથી यद् નો પ્રયોગ હોય ત્યાં( लृट् નો નિષેધ) નિત્ય પ્રાપ્ત થાય છે ત્યાં(આ विभाषा साकांक्षे।સૂત્રથી વિકલ્પ કરવામાં આવે તો ) પ્રાપ્તવિભાષા થશે, અન્યત્ર (यद् શબ્દનો પ્રયોગ ન કરવામાં આવ્યો હોવાથી નિષેધ અપ્રાપ્ત હોય ત્યાં) અપ્રાપ્તવિભાષા થશે. અથવા નિષેધ પ્રાપ્ત હોય ત્યાં તેમ જ તે અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) ઉભયત્રવિભાષા થશે. અહીં ઉભયત્ર વિભાષા છે.(लृट् નો નિષેધ પ્રાપ્ત થતાં)પ્રાપ્તવિભાષા(નાં ઉદાહરણ):-अभिजानासि देवदत्त यत्कश्मीरेषु वत्स्यामः। यत्कश्मीरेष्ववसाम। यत्तत्रौदनान्भोक्ष्यामहे यत्तत्रौदनानभुञ्ज्महि। (लृट् નો નિષેધ પ્રાપ્ત થતાં) અપ્રાપ્તવિભાષા (નાં ઉદાહરણ) :-अभिजानासि देवदत्त कश्मीरान्गमिष्यामः। कश्मीरानगच्छाम। तत्रौदनान्भोक्ष्यामहे। तत्रौदनानभुञ्ज्महि॥

विभाषा श्वेः॥२२-३॥

प्राप्तेऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। कितीति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। उभयत्र। प्राप्ते तावत्। शुशुवतुः, शुशुवुः। शिश्वियतुः शिश्वियुः। अप्राप्ते। शुशाव शुशुविथ । शिश्वाय शिश्वयिथ॥

विभाषा संघुषास्वनानाम्॥२२-४॥

---

કરવામાં આવ્યો હોય તો लृट् નો પ્રતિષેધ કરવામાં આવ્યો છે, જેમ કે अभिजानासि देवदत्त यत्कश्मीरेषु अवसाम ? અહીં यद् ને પ્રયોગ છે તેથી लृट् ન થયો. ત્યાર પછીના સૂત્ર विभाषा साकांक्षे। (૩-૨-૧૧૪) પ્રમાણે વક્તા જો એક વસ્તુની યાદ આપીને બીજી વસ્તુ સૂચવવાનો હોય અને સ્મૃતિવાચક શબ્દ ઉપપદ હોય તો लङ् ને સ્થાને लृट् નો પ્રયોગ વિભાષા થાય છે. તેથી अभिजानासि देवदत्त कश्मीरेषु वत्स्यामः / अवसाम तत्र ओदनं भोक्ष्यामहे / अभुञ्ज्महि। આ સૂત્રમાં વિભાષા કરવામાં આવી છે તે વિશે ત્રિવિધ સંશય થાય છે.જો તેમાં न यदि। ની અનુવૃત્તિ કરવામાં આવે તો જ્યારે यदि ઉપપદ હોય ત્યારે अभिज्ञावचने० પ્રમાણે થતા लृट् નો પ્રતિષેધ પ્રાપ્ત થાય છે ત્યાં વિકલ્પ થવાથી પ્રાપ્ત વિભાષા થશે.તેથી स्मरसि कृष्ण वने अवसाम तत्र गाः च अचारयाम। જ્યાં સ્થળે નિત્ય નિષેધ પ્રાપ્ત હતો ત્યાં વિભાષા થતાં स्मरसि कृष्ण यद् वने वत्स्यामः तत्र गाश्च चारयिष्यामः। એ પ્રયોગ શક્ય થશે.પરંતુ જો यदि ની અનુ-વૃત્તિ ન કરવામાં આવે તેથી તેનો પ્રયોગ ન હોય અને સ્મૃતિવાચી શબ્દ ઉપપદ હોય તથા પ્રયોક્તા સાકાંક્ષ હોય તો लृट् નિષેધ વિકલ્પે થશે એમ સમજાશે.તેથી यद् નો પ્રયોગ હોય ત્યાં નિત્ય નિષેધને અવકાશ રહેશે અને તે જ સંજોગોમાં જ્યાં यद् નો પ્રયોગ ન હોય ત્યાં નિષેધના વિકલ્પને અવકાશરહેશે.પરંતુ આ નિષેધ અને તેનો વિકલ્પ બન્ને જ્યાં સ્મૃતિવાચી ઉપપદ હોય, વક્તા સાકાંક્ષ હોય અને यद् નો પ્રયોગ પણ હોય ત્યાં લાગુ પડશે,જેમ કે स्मरसि कृष्ण वने अवसाम तत्र गाः च अचारयाम। (અહીં વક્તા સાકાંક્ષ છે, स्मरसि ઉપપદ છે અને यद् નો પ્રયોગ પણ છે). અહીં પૂર્વવિપ્રતિષેધ સ્વીકારવામાં આવે તો નિત્ય નિષેધનો અંગીકાર કરવો પડશે તેથી જ્યાં यद् નો પ્રયોગ ન હોય ત્યાં જ વિભાષા લાગુ પડશે અને નિત્ય નિષેધ ત્યાં પ્રાપ્ત નથી તેથી અપ્રાપ્તવિભાષા થશે.અહીં यदि ની અનુવૃત્તિ ન કરીને પરવિપ્રતિષેધ લઇએ તો વિભાષા સ્વીકારવી પડશે.તેથી यद् નો પ્રયોગ હોય ત્યાં નિત્ય નિષેધ પ્રાપ્ત થાય છે તેથી પ્રાપ્તવિભાષા થશે, જેમ કે अभिजानासि देवदत्त यत्कश्मीरेषु वत्स्यामः / अवसाम यत्तत्र ओदनं भोक्ष्यामहे / अभुञ्ज्महि। .જ્યાં यद् નો પ્રયોગ ન હોય ત્યાં નિત્ય નિષેધ અપ્રાપ્ત છે તેથી ત્યાં અપ્રાપ્તવિભાષા થશે, જેમ કે अभिजानासि देवदत्त कश्मीरान् गमिष्यामः / अगच्छाम तत्र ओदनं भोक्ष्यामहे / अभुञ्ज्महि। આમ ઉભયત્રવિભાષા થશે. એમ ત્રિવિધસંશય છે. પરંતુ સિદ્ધાન્તી પ્રમાણે અહીં ઉભયત્રવિભાષા જ છે.સંશયને કોઇ સ્થાન નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

संपूर्वाद् घुषेः प्राप्तऽप्राप्त उभयत्र वेति संदेहः। कथं च प्राप्ते कथं वाऽप्राप्ते

विभाषा श्वेः ॥२२-३॥[343]

અહીં પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્ત વિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? ( **वचिस्वपि०** પ્રમાણે)**कित्** પ્રત્યયો પૂર્વે સંપ્રસારણ નિત્ય પ્રાપ્ત થાય છે ત્યાં આ **विभाषा श्वेः**।થી વિકલ્પ કરવામાં આવતાં )પ્રાપ્ત વિભાષા થશે, અન્યત્ર (**कित्** સિવાયના પ્રત્યયો પૂર્વે સંપ્રસારણ અપ્રાપ્ત છે ત્યાં વિકલ્પ સ્વીકારવામાં આવે તો ) અપ્રાપ્તવિભાષા થશે અથવા જ્યાં સંપ્રસારણ નિત્ય પ્રાપ્ત છે ત્યાં તેમ જ જ્યાં અપ્રાપ્ત છે ત્યાં વિકલ્પ સ્વીકારવામાં આવે તો) ઉભયત્રવિભાષા થશે.

ઉભયત્ર વિભાષા છે. [344](સંપ્રસારણ પ્રાપ્ત થતાં) પ્રાપ્તવિભાષાનાં(ઉદાહરણ):- **शुशुवतुः, शुशुवुः। शिश्वियतुः शिश्वियुः**।(**कित्** સિવાયના પ્રત્યયો પૂર્વે સંપ્રસારણ અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ થતાં) અપ્રાપ્તવિભાષા(નાં ઉદાહરણ):-**शुशाव शुशुविथ । शिश्वाय शिश्वयिथ ।**

**विभाषा संघुषास्वनानाम्॥२२-४॥** [345] **सम्** ઊપસર્ગ યુકત **घुष्** ધાતુને (અનુલક્ષીને કહેલી વિભાષામાં) પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્રવિભાષા છે એમ સંદેહ થાય છે. હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા

---

[343] આ (૬-૧-૩૦) સૂત્રમાં **वचिस्वपियजादीनां किति**। (૬-૧-૧૫) ની અનુવૃત્તિ કરવામાં આવે તો **श्वि** ધાતુ **यजादि** ગણનો હોવાથી **वचिस्वपि०** પ્રમાણે **कित्** પ્રત્યયો પૂર્વે નિત્ય સંપ્રસારણ પ્રાપ્ત થશે.પરંતુ **विभाषा श्वेः**। પ્રમાણે **कित्** પ્રત્યયો પૂર્વે વિકલ્પે સંપ્રસારણ થશે. આમ જે નિત્ય પ્રાપ્ત હતું તેમાં વિભાષા થતાં આ પ્રાપ્તવિભાષા થશે.જો પૂર્વ સૂત્રમાંથી **किति** ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો **शुशुवतुः** જેવાં સ્થળે નિત્ય સંપ્રસારણ અને વિભાષા બન્ને પ્રાપ્ત થશે, કારણ કે **यजादि** હોવાથી નિત્ય સંપ્રસારણ અને **विभाषा श्वेः**।થી વિભાષા પ્રાપ્ત થાય છે તેથી અહીં પૂર્વવિપ્રતિષેધ લઇને નિત્ય સંપ્રસારણ સ્વીકારતાં વિભાષા **अकित्** પ્રત્યયો પૂર્વે જ થશે. ત્યાં નિત્ય સંપ્રસારણ અપ્રાપ્ત છે તેથી અપ્રાપ્તવિભાષા થશે.**किति** ની અનુવૃત્તિ ન કરતાં પરવિપ્રતિષેધ લેવામાં આવે અને વિભાષા જ સ્વીકારવામાં આવે તો **कित्** પ્રત્યયો પૂર્વે પ્રાપ્તવિભાષા અને **अकित्** પૂર્વે અપ્રાપ્તવિભાષા થશે.આમ ત્રિવિધ સંશય થાય છે .

[344] સિદ્ધાન્તી પ્રમાણે અહીં ઉભયત્રવિભાષા જ છે.સંશયને સ્થાન નથી.અહીં **शुशुवतुः। शुशुवुः** એ **कित्** પ્રત્યયો પર થતાં સંપ્રસારણનાં ઉદાહરણ છે, **शिश्वियतुः। शिश्वियुः** એ વિભાષા સંપ્રસારણ ન થવાનાં ઉદાહરણ છે. અહીં પ્રાપ્તવિભાષા છે, કારણ કે **कित्** પ્રત્યયો પૂર્વે નિત્ય પ્રાપ્ત સંપ્રસારણમાં વિભાષા થઇ છે. **शुशाव शुशविथ** એ **पित्** (=**अकित्**) પ્રત્યયો પૂર્વે સંપ્રસારણનાં ઉદાહરણ છે અને **शिश्वाय शिश्वयिथ** એ તેમની પૂર્વે સંપ્રસારણ ન થવાનાં ઉદાહરણ છે. એ પ્રત્યયો પૂર્વે સંપ્રસારણ બિલકુલ અપ્રાપ્ત હતું ત્યાં વિભાષા થવાથી અપ્રાપ્તવિભાષા થશે.

[345] અહીં મૂળ સૂત્ર **रुष्यमत्वरसंघुषास्वनाम्**। (૭-૩-૨૮) થી (**रुष्**, **अम्**, **त्वर्**), **संघुष्** અને **आस्वन्** ધાતોઓને **निष्ठा** પર થતાં વિકલ્પે **इट्** આગમ થતો નથી. આ સૂત્રમાં પૂર્વવર્તી **घुषिरविशब्दने**।(૭-૩-૨૩) એ સૂત્રની અનુવૃત્તિ કરવામાં આવે તો **विशब्दन** (મનનો ભાવ દર્શાવવો) અર્થ ન હોય ત્યારે **घुष्** ધાતુને થતા **निष्ठा** પ્રત્યયને **इट्** લાગતો નથી. એમ સમજાશે.તેથી **घुष्ट** એમ રૂપ થશે, જેમ કે **घुष्टा रज्जुः**। (દોરડી તૈયાર થઇ).આમ નિત્ય **अनिट्त्व** પ્રાપ્ત થાય છે , **रुष्य- -संघुषास्वनाम्**। થી **संघुष्** ને અનુલક્ષીને વિભાષા કરવામાં આવે છે, [(કારણ કે એ સૂત્રમાં **वा दान्तशान्तपूर्ण०**।(૭-૨-૨૭) માંથી **वा** ની અનુવૃત્તિ થાય છે.)], તેથી તેને વિકલ્પે **इट्** થતાં **संघुषिता** એમ રૂપ થશે.આમ **अनिट्त्व** નિત્ય પ્રાપ્ત હોય ત્યાં વિભાષા થવાથી પ્રાપ્તવિભાષા થશે. હવે જો પૂર્વ સૂત્રમાંથી

**अविशब्दने** ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો ઉપસર્ગ રહિત **घुष्** ધાતુ **विशब्दन** સિવાયના અર્થમાં પ્રયોજાયો હોય ત્યારે **निष्ठा** પર થતાં નિત્ય **अनिट्** ને અવકાશ રહેશે.પરંતુ **विशब्दन** ના અર્થમાં **सम्** ઉપસર્ગ યુક્ત **घुष्** ની પછી **निष्ठा** આવતાં વિભાષાને અવકાશ રહેશે.પરંતુ **संघुष्टा रज्जुः** જેવાં સ્થળે **विशब्दन** સિવાયના અર્થમાં પ્રયોજાયેલ **सम्** ઉપસર્ગ યુક્ત **घुष्** ની પછી **निष्ठा** આવે તો (**विशब्दन** ના અર્થમાં નથી તેથી) નિત્ય **इट्** નિષેધ અને (ઉપસર્ગ યુક્ત છે તેથી) વિભાષા એ બન્નેને અવકાશ છે. ત્યાં પૂર્વવિપ્રતિષેધ લેતાં નિત્ય **इट्** નિષેધ સ્વીકારવો પડશે અને વિભાષા માત્ર **विशब्दन** નો અર્થ હોય ત્યાં જ પ્રવૃત્ત થશે. ત્યાં નિત્ય **इट्** નિષેધ અપ્રાપ્ત છે તેથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**कथं वोभयत्र। घुषिरविशद्वने। इति वा नित्ये प्राप्तेऽन्यत्र वाप्राप्त उभयत्र वेति। उभयत्र। प्राप्ते तावत्। संघुष्टा रज्जुः संघुषिता रज्जुः। अप्राप्ते। संघुष्टं वाक्यम् संघुषितं वाक्यम्॥ आङ्पूर्वात्स्वनेः प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति संदेहः।**

ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? **घुषिरविशब्दने**। એ સૂત્રથી (**इट्** આગમનો નિષેધ) નિત્ય પ્રાપ્ત થાય છે ( ત્યાં **विभाषा संघुषास्वनानाम्**। એ સૂત્રથી વિકલ્પ કરવામાં આવે તો) પ્રાપ્ત વિભાષા થાય, અન્યત્ર (**विशब्दन** અર્થ હોય ત્યાં **घुष्** ધાતુને **इट्** આગમનો નિષેધ અપ્રાપ્ત છે ત્યાં વિકલ્પ કરવામાં આવેતો) અપ્રાપ્ત વિભાષા થશે અથવા(નિષેધ પ્રાપ્ત હોય ત્યાં તેમ જ અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તો ઉભયત્ર વિભાષા થશે. અહીં ઉભયત્રવિભાષા છે. (નિષેધ થાય ત્યાં) પ્રાપ્ત વિભાષાનાં ઉદાહરણ) તોઃ **संघुष्टा रज्जुः। संघुषिता रज्जुः।** અપ્રાપ્તવિભાષા(નાં ઉદાહરણ):-**संघुष्टं वाक्यम्। संघुषितं वाक्यम्।** **आ** ઉપસર્ગ યુક્ત **स्वन्** ધાતુને (અનુલક્ષીને કહેલી વિભાષામાં) પ્રાપ્તવિભાષા છે, અપ્રાપ્તવિભાષા છે કે ઉભયત્ર વિભાષા છે એમ સંદેહ થાય છે.[346]

---

અપ્રાપ્તવિભાષા થશે.એજ સંજોગોમાં પરવિપ્રતિષેધ લેવામાં આવે તો વિભાષાની જ પ્રવૃત્તિ થશે એમ સ્વીકારવું પડશે.તેથી જ્યાં **विशब्दन** નો અર્થ નથી તે **संघुष्टा रज्जुः**। જેવામાં પ્રાપ્તવિભાષા અને જ્યાં **विशब्दन** નો અર્થ હોય તે **संघुष्टः श्लोकः**। જેવામાં નિષેધ અપ્રાપ્ત છે ત્યાં વિભાષા થતાં અપ્રાપ્તવિભાષા થશે.આમ ઉભયત્રવિભાષા થાય છે. એ રીતે ત્રિવિધ સંશય થાય છે. પરંતુ સિદ્ધાન્તી અહીં ઉભયત્રવિભાષા જ સ્વીકારે છે તેથી **संघुष्टा रज्जुः**। (એ **इट्** નિષેધના ઉદાહરણમાં) અને **संघुषिता रज्जुः**। (એ વિકલ્પે થતા **इट्** ના ઉદાહરણમાં) પ્રાપ્તવિભાષા છે, (કારણ કે અહીં **विशब्दन** નો અર્થ નથી), પરંતુ **संघुष्टं वाक्यम् आह**। (એ **इट्** નિષેધના ઉદાહરણમાં) અને **संघुषितं वाक्यम्** आह। (એ વિકલ્પે થતા **इट्** ના ઉદાહરણમાં **संघुष्** ધાતુ **विशब्दन** ના અર્થમાં છે, ત્યાં નિષેધ અપ્રાપ્ત છે તેથી) અપ્રાપ્તવિભાષાનાં ઉદાહરણ છે.આમ સિદ્ધન્તી પ્રમાણે અહીં ઉભયત્રવિભાષા જ છે તેમાં કોઇ સંશય નથી

[346] **क्षुब्ध-स्वान्त-ध्वान्त- - मन्थ-मनः-तमः०**। (૭-૨-૧૮) સૂત્રથી કરવામાં આવેલ નિપાતનથી **स्वान्त** એટલે મન એમ અર્થ થતો હોય ત્યાં **आ स्वन्** ની પછી આવતા **निष्ठा** પ્રત્યયને **इट्** આગમ થતો નથી. હવે **रुष्यमत्वरसंघुषास्वनाम्**। પ્રમાણે વિભાષા કરવામાં આવી છે તેથી જ્યાં **इट्** નિષેધ નિત્ય પ્રાપ્ત હતો ત્યાં વિભાષા થવાથી તે પ્રાપ્તવિભાષા થશે.જો **क्षुब्ध०** માંથી **स्वांतं मनसि** ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો મન અર્થ હોય ત્યાં નિષેધને અવકાશ રહેશે તે સિવાયનો અર્થ હોય ત્યાં અને **आङ्** (**आ**) ઉપસર્ગ હોય ત્યાં (=**आस्वन्** નો પ્રયોગ હોય ત્યાં) વિભાષાને અવકાશ રહેશે, પરંતુ **आस्वान्तं मनः** એ સ્થળે મનનો અર્થ પણ છે અને **आ** ઉપસર્ગ પણ છે તેથી નિષેધ અને વિભાષા બન્ને પ્રાપ્ત થશે તેથી પૂર્વપ્રતિષેધનો લેતાં નિત્ય **इट्** નિષેધ સ્વીકારવો પડશે અને તો પછી મન સિવાયનો અર્થ હોય ત્યાં જ વિભાષા લાગુ પડશે તેથી એ સ્થળે નિત્ય **इट्** નિષેધ અપ્રાપ્ત છે તેથી ત્યાં અપ્રાપ્તવિભાષા થશે.જો એ સંજોગોમાં પરવિપ્રતિષેધ લેવામાં આવે તો વિભાષા જ સ્વીકારવી પડશે, તો પછી મનનો અર્થ હોય ત્યાં પ્રાપ્તવિભાષા અને એ અર્થ ન હોય તયાં અપ્રાપ્તવિભાષા થવાથી અહીં ઉભયત્રવિભાષા થશે. સિદ્ધાન્તી અહીં ઉભયત્રવિભાષા જ સ્વીકારે છે. તેમાં **आस्वान्तं मनः** (એ **इट्** નિષેધના ઉદાહરણમાંત) અને **आस्वनितं मनः** (એ વિભાષા થતા**इट्** ના ઉદાહરણમાં) પ્રાપ્તવિભાષા થશે, કારણ કે ત્યાં મન એ અર્થ હોવાથી **क्षुब्धमन्थ०** પ્રમાણે નિષેધ પ્રાપ્ત હતો ત્યાં વિભાષા થઇ છે તેથી તે પ્રાપ્તવિભાષા થશે. પરંતુ **आस्वान्तो देवदत्तः** (**इट्** નિષેધના ઉદાહરણમાં) અને **आस्वनितो देवदत्तः** (એ વિભાષાના ઉદાહરણમાં ) અપ્રાપ્તવિભાષા છે, કારણ કે તેમાં મન એ અર્થમાં **आस्वान्त** કે **आस्वनित** શબ્દો પ્રયોજાયા નથી. આમ અહીં ઉભયત્રવિભાષા થાય છે. અહીં કૈયટ ઉમેરે છે કે ભાષ્યકારે જે સૂત્રોની ચર્ચા કરી છે તે માત્ર દિશાસૂચન માટે જ છે, કારણ કે વિભાષાનાં અવાં અનયપણ ઉદાહરણો છે કે જ્યાં સંદેહની શક્યતા છે, જેમ કે **दैवयज्ञिशौचिवृक्षिसात्यमुग्रिकाण्डेविद्धिभ्योऽन्यतरस्याम्**।(૪-૧-૮૧). અહીં પૂર્વસૂત્ર **अणिञोरनार्षयोर्गुरूपोत्तमयोः ष्यङ् गोत्रे**। (૪-૧-૭૮) માંથી **अनार्षयोः** ની અનુવૃત્તિ કરવામાં આવે તો સંશય ઉદ્દભવી શકે છે, પરંતુ અહીં ઉભયત્રવિભાષા જ છે. નાગેશ નોંધે છે કે કૈયટે **दैवयज्ञीत्यादि** એમ કહ્યું છે તેથી **विभाषा पुरुषे**। (૬-૩-૧૦૬) જેવાં સૂત્રોનું **आदि** શબ્દદ્વારા ગ્રહણ કરી શકાય. અહીં પણ અપ્રાપ્ત વિભાષા છે.

**इति श्रीभगवत्पतञ्जलिकृतव्याकरणमहाभाष्यस्य वोराकुलोत्पन्नेन श्रीमतीरंगरायसूनुना प्रद्युम्नेन कृतायां तरला नाम टीकायां प्रथमाध्यायस्य प्रथमे पादे षष्ठमाह्निकम्॥६॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कथं च प्राप्ते कथं वाऽप्राप्ते कथं वोभयत्र। मनसीति वा नित्ये प्राप्तेऽन्यत्र वाऽप्राप्त उभयत्र वेति। उभयत्र। प्राप्ते तावत्। आस्वान्तं मनः आस्वनितं मनः। अप्राप्ते। आस्वान्तो देवदत्तः आस्वनितो देवदत्त इति॥

**इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य षष्ठमाह्निकम्॥६॥**

હવે પ્રાપ્તવિભાષા કેવી રીતે થશે, અપ્રાપ્તવિભાષા કેવી રીતે થશે અથવા ઉભયત્રવિભાષા કેવી રીતે થશે ? (**क्षुब्धस्वान्त०** વગેરે સૂત્ર પ્રમાણે**स्वान्त** શબ્દ) **मनस्** ના અર્થમાં હોય ત્યારે (**इट्** આગમનો નિષેધ) નિત્ય પ્રાપ્ત છે ત્યાં (આ સૂત્રથી વિકલ્પ કરવામાં આવે તો) પ્રાપ્તવિભાષા થશે, અન્યત્ર ( **मनस्** અર્થ ન હોવાથી નિષેધ અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) અપ્રાપ્તવિભાષા થશે અથવા ( **मनस्** અર્થ હોવાથી નિષેધ પ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તેમ જ **मनस्** અર્થ ન હોવાથી નિષેધ અપ્રાપ્ત હોય ત્યાં વિકલ્પ કરવામાં આવે તો) ઉભયત્ર વિભાષા થશે. અહીં ઉભયત્રવિભાષા છે (નિષેધ નિત્ય પ્રાપ્ત હોય ત્યાં) પ્રાપ્તવિભાષા(નું ઉદાહરણ)તો :-**आस्वान्तं मनः। आस्वनितं मनः।** (નિષેધ અપ્રાપ્ત હોય ત્યાં) અપ્રાપ્તવિભાષા(નું ઉદાહરણ :-**आस्वनितो देवदत्तः। आस्वान्तो देवदत्तः।**

**અહીં શ્રી ભગવાન પતંજલિ વિરચિત વ્યાકરણમહાભાષ્યમાં પ્રથમ અધ્યાયના પ્રથમપાદના અનુવાદમાં છઠ્ઠું આહ્નિક સમાપ્ત॥ ૬॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इग्यणः सम्प्रसारणम् ॥ १ । १ ।४५ ॥

किमियं वाक्यस्य संप्रसारणसंज्ञा क्रियते । इग्यण इत्येतद्वाक्यं संप्रसारणसंज्ञं भवतीति । आहोस्विद्वर्णस्य । इग्यो यणः स्थाने स संप्रसारणसंज्ञो भवतीति । कश्च विशेषः ।

संप्रसारणसंज्ञायां वाक्यसंज्ञा चेद्वर्णविधिः ॥१ ॥

संप्रसारणसंज्ञायां वाक्यसंज्ञा चेद्वर्णविधिर्न सिध्यति । संप्रसारणात्परः पूर्वो भवति संप्रसारणस्य दीर्घो भवतीति । न हि वाक्यस्य संप्रसारणसंज्ञायां सत्यामेष निर्देश उपपद्यते नाप्येतयोः कार्ययोः संभवोऽस्ति ॥ अस्तु तर्हि वर्णस्य ॥

यण् (य्,व्,र् અને ल्) ને સ્થાને (અનુક્રમે) મૂકવામાં આવતા (इ,उ,ऋ અને ऌ) એ સંપ્રસારણ છે ॥ ૧।૧ ।૪૫ ॥

સંપ્રસારણ એ સંજ્ઞા વાક્યની કરવામાં આવે છે' એટલે કે 'यण् ને સ્થાને इक् થાય છે,' એ વાક્યની સંપ્રસારણ સંજ્ઞા થાય છે, કે પછી વર્ણની એટલે કે यण् ને સ્થાને જે इक् વર્ણ મૂકવામાં આવે છે તે (વર્ણ) ની સંપ્રસારણ સંજ્ઞા થાય છે ? આ (બે) માં શો ફેર છે?

સંપ્રસારણ સંજ્ઞા (સૂત્ર) માં જો વાક્યની સંજ્ઞા કરવામાં આવતી હોય તો વર્ણવિધિ (નહીં થઇ શકે) ॥૧॥ [2]

જો સંપ્રસારણ સંજ્ઞા (સૂત્ર)વ્દારા વાક્યની (સંપ્રસારણ)સંજ્ઞા (કરવામાં આવતી) હોય તો 'સંપ્રસારણ અને તેની પછી આવતા (अच्) વર્ણને સ્થાને પૂર્વરૂપ એકાદેશ થાય છે' ,'સંપ્રસારણની પછી (ઉત્તરપદ આવતાં તે) નો દીર્ઘ થાય છે' (વગેરે) વર્ણને લગતાં કાર્યો સિદ્ધ થતાં નથી, કારણ કે વાક્યની સંપ્રસારણ સંજ્ઞા થાય તો આ નિર્દેશ ઘટતો નથી. તેમ જ આ બે કાર્યો સંભવિત પણ નથી. તો પછી વર્ણની (સંપ્રસારણ સંજ્ઞા) ભલે થાય.

---

[1] સંપ્રસારણને લગતાં સૂત્રો ઉપરથી વિવિધ ચિહ્નો મળી આવે છે. તેમાંનાં કેટલાંક ઉપરથી લાગે છે કે સંપ્રસારણ સંજ્ઞા વાક્ય--વાક્યાર્થની છે. ष्यङः सम्प्रसारणम् । અથવા वसोः सम्प्रसारणम् । વગેરે સૂત્રોમાં પ્રથમા વ્દારા નિર્દેશ છે તેથી સૂચવાય છે કે સંપ્રસારણ સંજ્ઞા વાક્ય--વાક્યાર્થ-ની જ કરવામાં આવી છે, પરંતુ જ્યારે सम्प्रसारणाच्च । અથવા सम्प्रसारणस्य । જેવાં પ્રદેશ સૂત્રોમાં પંચમી, ષષ્ઠી વગેરે અન્ય વિભક્તિ વ્દારા નિર્દેશ કરવામાં આવ્યો હોય છે ત્યાં વર્ણની સંપ્રસારણ સંજ્ઞા છે તેમ લાગે છે. ટૂંકમાં વિધિસૂત્રોમાં,સંપ્રસારણનું વિધાન કરે તે સૂત્રોમાં, વાક્યાર્થની સંજ્ઞા છે એમ સમજાય છે,પરંતુ તે વિધિસૂત્રોમાં નિર્દેશેલા સંપ્રસારણને અનુવાદ રૂપે ઉલ્લખે છે તે અનુવાદક સૂત્રોમાં વર્ણની સંપ્રસારણ સંજ્ઞા છે તેમ સમજાય છે.તેથી શંકાકાર પૂછે છે કે 'इग् यणः(भवति) ।' એ વાક્યની જ સંપ્રસારણ સંજ્ઞા કરવામાં આવી છે કે પછી यण् ને સ્થાને જે इक् વર્ણ થાય છે તે વર્ણની કરવામાં આવી છે ?

[2] જો વાક્યની સંપ્રસારણ સંજ્ઞા કરવામાં આવે તો વર્ણવિધિ સિદ્ધ નહીં થઇ શકે.वर्णविधिः--विधीयते इति विधिः । જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે વિધિ. અહીં वर्ण ઉપપદ છે તેથી घु સંજ્ઞક धा ધાતુને कर्मण्यधिकरणे च । પ્રમાણે कि (इ) લાગ્યો છે વર્ણને આશ્રયે થતા વિધિ, જેમ કે सम्प्रसारणाच्च । થી થતો પૂર્વરૂપ એકાદેશ, सम्प्रसारणस्य । પ્રમાણે થતો દીર્ઘ વગેરે વર્ણવિધિ વાક્યાર્થની સંજ્ઞા કરવામાં આવે તો સિદ્ધ નહીં થઇ શકે, કારણ કે તે કાર્યો પૌર્વાપર્યને આધારે થાય છે પરંતુ વાક્યાર્થની સંજ્ઞા થાય તો વાક્યાર્થ ક્રિયારૂપ છે સત્ત્વરૂપ નથી હોતો તેથી ત્યાં પૌર્વાપર્ય સંભવિત નથી અને જે સત્ત્વભૂત ન હોય તે સ્થાની ન થઇ શકે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**वर्णसंज्ञा चेन्निर्वृत्तिः ॥२॥**

**वर्णसंज्ञा चेन्निर्वृत्तिर्न सिध्यति ष्यङः संप्रसारणम् इति। स एव हि तावदिग्दुर्लभो यस्य संज्ञा क्रियते। अथापि कथंचिल्लभ्येत केनासौ यणः स्थाने स्यात्। अनेनैव ह्यसौ व्यवस्थाप्यते। तदेतदितरेतराश्रं भवति। इतरेतराश्रयाणि च कार्याणि न प्रकल्पन्ते।**

**विभक्तिविशेषनिर्देशस्तु ज्ञापक उभयसंज्ञात्वस्य ॥३॥**

**यदयं विभक्तिनिर्देशं करोति संप्रसारणात्परः पूर्वो भवति संप्रसारणस्य दीर्घो भवति ष्यङः संप्रसारणमिति तेन ज्ञायते उभयोः संज्ञा भवतीति ॥**

વર્ણની (સંપ્રસારણ)સંજ્ઞા હોય તો વર્ણની નિર્વૃત્તિ (સિદ્ધ નહી થાય) ॥૨॥ [3]

જો (સંપ્રસારણ એ)વર્ણની સંજ્ઞા હોય તો (સંપ્રસારણ-સંજ્ઞક) વર્ણ ઉદ્‌ભવી નહીં શકે, કારણ કે પહેલાં તો જેની સંજ્ઞા કરવામાં આવે છે તે **इक्** (વર્ણ) જ થવો મુશ્કેલ છે, અને છતાં કોઇ રીતે પ્રાપ્ત થાય તો પણ એ **यण्** ને સ્થાને કયા આધારે થાય?[4] કારણ કે આ (સંપ્રસારણ સંજ્ઞા સૂત્ર) વડે જ (**इक्** ને સ્થાને) એ (**यण्**)ની સિદ્ધિ થાય છે. (પણ) એ તો એક બીજા ઉપર આધારિત થાય છે અને ઇતરેતરાશ્રય કાર્ય સિદ્ધ થતાં નથી.

પરંતુ વિશિષ્ટ વિભક્તિઓનો પ્રયોગ જ્ઞાપન કરે છે કે (સંપ્રસારણ એ) બન્નેની સંજ્ઞા છે॥૩॥ [5]

આ (સૂત્રકાર) જુદી જુદી વિભક્તિઓ લગાડીને (સંપ્રસારણ શબ્દનો સૂત્રોમાં) નિર્દેશ કરે છે.જેમ કે સંપ્રસારણ પછીના (**अच्**)નો પૂર્વરૂપ એકાદેશ થાય છે (**सम्प्रसारणाच्च।**), સંપ્રસારણનો દીર્ઘ થાય છે (**सम्प्रसारणस्य।**), ष्यङ न्तनું સંપ્રસારણ થાય છે (**ष्यङः सम्प्रसारणम्।**) ; તે ઉપરથી સમજાય છે કે (વર્ણ અને વાક્ય) બન્નેની સંજ્ઞા થાય છે.

---

[3] નિર્વૃત્તિ નહીં થાય એટલે કે વર્ણની સંપ્રસારણ સંજ્ઞા થાય તો **यण्** વર્ણનો **इक्** વર્ણ થવા રૂપી કાર્ય થઇ શકશે નહીં.**ष्यङः सम्प्रसारणम्।** પ્રમાણે **ष्यङ्** (**य**) નું સંપ્રસારણ થાય છે ત્યાં જેની સંપ્રસારણ સંજ્ઞા કરવામાં આવી છે તે **इक्** વર્ણ, શબ્દને કાર્ય-અનિત્ય માનનારની દૃષ્ટિએ છે જ નહી. શબ્દને નિત્ય માનનારની દૃષ્ટિએ પણ શબ્દ નિત્ય છે તેથી **इक्** વર્ણ છે ખરો પણ દુર્લભ છે, કારણ કે **यण्** નો **इक्** થાય છે તે સંપ્રસારણ એમ કહ્યું, પરંતુ તેમાં **यण्** અતીત છે(એક વાર હતો) અને **इक्** અનાગત છે (હજી આવ્યો નથી).આમ તે બેનું અસ્તિત્વ જ નથી તેથી તેઓ એકબીજાની નજીક હોઇ ન શકે તેથી તેમને અનુલક્ષીને કરેલ સંકેત ઉપરથી અર્થ સમજવો મુશ્કેલ છે, એટલે કે **यण्** ને સ્થાને **इक्** થાય તે સંપ્રસારણ કહેવાય તે અર્થ સમજી ન શકાય.

[4] અથવા ગમે તે રીતે **इक्** મળે તો પણ તે **इक्**, **यण्** ને સ્થાને છે તેમ નક્કી ન કરી શકાય, કારણ કે **इष्टः**, **हुतः** જેવા લૌકિક પ્રયોગમાં જે **इक्** જોવામાં આવે છે તે **यण्** ને સ્થાને થયો છે તેમ ખાત્રીપૂર્વક તો શાસ્ત્રને આધારે જ જાણી શકાય છે તે સિવાય નહી. જેમ કે **सितः** એ **सो** પૂરૂં કરવું, નાશ કરવો (**षोऽन्तकर्मणि**) એ ધાતુનું નિષ્ઠાન્ત રૂપ છે તેમાં જે **इक्** દેખાય છે તે **यण्** ને સ્થાને નથી પણ પછી त-કારાદિ **कित्** પ્રત્યય **क्त** આવ્યો છે તેથી **द्यतिस्यतिमास्थामित्ति किति।** થી **ओ** ને સ્થાને **इ** થયો છે. ટૂંકમાં સંપ્રસારણ સંજ્ઞા હોય તો **यण्** ને સ્થાને **इक्** થયો છે તેમ જાણી શકાય છે અને **यण्** ને સ્થાને **इक्** થાય તો જ તેની સંપ્રસારણ સંજ્ઞા થાય એ સ્થિતિ છે તેથી અહી ઇતરેતરાશ્રય દોષ આવે છે અને પરસ્પર આશ્રિત કાર્યો સિદ્ધ થતાં નથી.

[5] આગળ નોંધ(૧) માં જુઓ.વિધિ સૂત્રો અને અનુવાદક સૂત્રોમાં, વિવિધ વિભક્તિ પ્રયોજીને નિર્દેશ કર્યા છે તે ઉપરથી વાક્ય તથા વર્ણ બન્નેની સંપ્રસારણ સંજ્ઞા છે તેમ જ્ઞાપન થાય છે. એમ અહીં દલીલ છે. પરંતુ **उभयसंज्ञात्वम्** નો અર્થ બે સંજ્ઞા થાય છે તેમ નથી લેવાનો, કારણ કે બે સંજ્ઞા થઇ ન શકે. સંજ્ઞા તો એક જ હોય. એટલા માટે જ ભાષ્યકારે **उभयोः संज्ञा** એમ કહીને સ્પષ્ટતા કરી છે. પરંતુ **इक् यणः।** એ વાક્ય તો એક છે તેથી બન્નેની સંજ્ઞા કેવી રીતે તારવી શકાય ? આ પ્રશ્નના ઉકેલ માટે કૈયટે તન્ત્ર, આવૃત્તિ અને એકશેષ એ ત્રણમાંથી એકનો આશ્રય લઇ શકાય તેમ સૂચવ્યું છે. નાગેશ મતભેદ દર્શાવતાં કહે છે કે અનેક વસ્તુઓને ઉદ્દેશીને એક જ સંજ્ઞા એકવાક્યતાપૂર્વક -એક જ વાક્યનો પ્રયોગ કરીને કરી શકાય.તેથી આવૃત્તિનો અહીં કંઇ ઉપયોગ નથી યુ.મી.અહીં તન્ત્રાવૃત્તિ અને એકશેષ એ બેનો આશ્રય લેવાનું કહ્યું છે પરંતુ કૈયટે **अन्यतमेन** ઘણામાંથી એક એમ કહ્યું છે **अन्यतरेण** બેમાંથી એક એમ નથી કહ્યું તેથી ત્રણમાંથી એકનો આધાર લેવાનો છે તેમ કૈયટ માને છે અર્થાત્ તન્ત્ર અને આવૃત્તિ એ ભિન્ન લેવાનાં છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यत्तावदाह संप्रसारणात्परः पूर्वो भवति संप्रसारणस्य दीर्घो भवतीति तेन ज्ञायते वर्णस्य भवतीति। यदप्याह ष्यङः संप्रसारणमिति तेन ज्ञायते वाक्यस्यापि भवतीति॥ अथवा पुनरस्तु वाक्यस्यैव। ननु चोक्तं संप्रसारणसंज्ञायां वाक्यसंज्ञा चेद्वर्णविधिरिति। नैष दोषः। यथा काकाज्जातः काकः श्येनाज्जातः श्येनः एवं संप्रसारणाज्जातं संप्रसारणम्। यत्तत्संप्रसारणाज्जातं संप्रसारणं तस्मात्परः पूर्वो भवतीति॥ अथवा दृश्यन्ते हि वाक्येषु वाक्यैकदेशान्प्रयुञ्जानाः पदेषु च पदैकदेशान्। वाक्येषु तावद्वाक्यैकदेशान्। प्रविश पीण्डीम् प्रविश तर्पणम्। पदेषु पदैकदेशान्। देवदत्तो दत्तः सत्यभामा भामेति।

પહેલાં તો 'સંપ્રસારણ પછીના સ્વરનું પૂર્વરૂપ થાય છે, સંપ્રસારણનો દીર્ઘ થાય છે' એમ જે (સૂત્રકારે) કહ્યું તેથી સમજાય છે કે (સંપ્રસારણ એ) વર્ણની (સંજ્ઞા) થાય છે. વળી જે (સૂત્રકારે) કહ્યું કે ષ્યङ-न्तનું સંપ્રસારણ થાય છે (ष्यङः सम्प्रसारणम्।) તે ઉપરથી સમજાય છે કે વાક્યની પણ (સંપ્રસારણ) સંજ્ઞા થાય છે. અથવા તો વાક્યની જ (સંપ્રસારણ) સંજ્ઞા ભલે થાય. પણ અમે કહ્યું તો ખરૂં કે સંપ્રસારણ સંજ્ઞા (સૂત્ર) માં જો વાક્યની સંજ્ઞા કરવામાં આવતી હોય તો વર્ણને લગતાં (પૂર્વ સવર્ણ અને દીર્ઘ જેવાં) કાર્યો સિદ્ધ નહીં થાય. એ દોષ નહીં આવે, કારણ કે જેમ કાગડાથી ઉત્પન્ન થાય તે કાગડો,[6] બાજથી ઉત્પન્ન થાય તે બાજ એ રીતે સંપ્રસારણથી ઉદ્ભવેલ હોય તે (વર્ણ) સંપ્રસારણ. તેથી ( सप्रसारणाच्च। सम्प्रसारणस्य। એ સૂત્રો આમ સમજાશે) : એ સંપ્રસારણમાંથી ઉદ્ભવેલ જે સંપ્રસારણ (વર્ણ) તેની પછી આવતા (अच् નો) પૂર્વરૂપ એકાદેશ થાય છે, (એ સંપ્રસારણ વર્ણનો) ઉત્તરપદ પૂર્વે દીર્ઘ થાય છે.અથવા તો વાક્ય પ્રયોજવાનું હોય ત્યાં વાક્યનો એક ભાગનો અને પદ પ્રયોજવાનું હોય ત્યાં પદના એક ભાગનો પ્રયોગ કરનારા જોવામાં આવે છે.[7] વાક્યોનો પ્રયોગ કરવાનો હોય ત્યારે વાક્ય -ના એક ભાગનો પ્રયોગ તે- प्रविश। पिण्डीम्। प्रविश। तर्पणम्। અને પદોનો પ્રયોગ કરવાનો હોય ત્યારે પદના એક ભાગનો પ્રયોગ તે- देवदत्त (ને બદલે) दत्त, सत्यभामा (ને બદલે) भामा.

---

[6] પક્ષીના બચ્ચાની કાકત્વ જાતિ વિશે ખબર ન હોય તો પણ એ કાકથી ઉત્પન્ન થયું છે માટે કાક છે એમ સમજાય છે. શંકાકાર કહે છે કે અમુક પક્ષિવિશેષ કાક છે તે તો કાકત્વ જાતિ સાથેના તેના સંબંધ ઉપરથી સમજાય છે. ભાષ્યકારે પણ एको गोत्रे। સૂત્રના ભાષ્યમાં કહ્યું છે,'જે કારણે એક કાક કાક છે તે જ કારણે બીજો પણ કાક છે(येनैव हेतुना एकः काकः तेनैव अपरोऽपि काकः।)'.આ શંકાનો નિરાસ આમ કર્યો છે : ભાષ્યકારે આ સંપ્રસારણ સૂત્રમાં કાકનું દૃષ્ટાન્ત આપ્યું છે તે પક્ષીના બચ્ચાની કાકજાતિ સૂચવનાર કોઇ વિશિષ્ટ આકાર વગેરે ઉદ્ભવ્યાં ન હોય એ સંજોગો માટે આપ્યું છે. આમ જ્યારે તેની કાકત્વ જાતિનું જ્ઞાન જ ન હોય ત્યારે એ કાકમાંથી જન્મ્યો છે તેટલા ઉપરથી તેને વિશે 'કાક' એ શબ્દનો પ્રયોગ થાય છે તેમ સંપ્રસારણને કારણે અસ્તિત્વમાં આવ્યો છે માટે વર્ણ ગૌણાર્થમાં સંપ્રસારણ કહેવાશે.

[7] અર્થ વ્યક્ત કરવા માટે વાક્યપ્રયોગ કરવામાં આવે છે ત્યારે ઘણી વાર એમ જોવામાં આવે છે કે આખા વાક્યને બદલે તેના એક ભાગનો જ પ્રયોગ કરવામાં આવે છે, જેમ કે प्रविश पिण्डीम्, प्रविश तर्पणम् વગેરે. અહીં प्रविश માંની પ્રવેશન ક્રિયા પોતાને યોગ્ય કર્મનું અનુમાન વ્દારા સૂચન કરે છે. પ્રવેશની ક્રિયાને पिण्डी સાથે જોડી ન શકાય તે દેખીતું છે, કારણ કે पिण्डी માં પ્રવેશી ન શકાય તેથી આક્ષેપ વ્દારા તે गृहम् રૂપી કર્મનું સૂચન કરશે. તે રીતે पिण्डी સંદર્ભને આધારે પોતાને યોગ્ય (भक्षय એમ) ભક્ષણ ક્રિયાનો આક્ષેપ કરશે. તે પ્રમાણે प्रविश तर्पणम् માં પણ गङ्गां (प्रविश।) અને (तर्पणं) कुरु। એમ અનુક્રમે કર્મ અને ક્રિયાનો આક્ષેપ થશે.વાક્યને સ્થાને વાક્યૈકદેશના પ્રયોગનાં આ ઉદાહરણ છે. ભાષ્યકારે પદૈકદેશનાં બે જ ઉદાહરણ આપ્યાં છે છતાં पदेषु पदैकदेशान् એમ બહુવચનનો પ્રયોગ કર્યો છે, કારણ કે देवदत्त ને બદલે दत्त અથવા देव અને सत्यभामा ને બદલે भामा અથવા सत्या એમ પદૈકદેશના પ્રયોગો થઇ શકે. તે જ રીતે सम्प्रसारणात् અને सम्प्रसारणस्य એ સૂત્રો પણ વાક્યને સ્થાને પ્રયોજેલ વાક્યૈકદેશ છે અને આક્ષેપ વ્દારા સમજી શકાય છે કે सम्प्रसारणात् એટલે सम्प्रसारण- निर्वृत्तात् [સંપ્રસારણને કારણે ઉદ્ભવેલ (વર્ણ)ની પછી)] અને सम्प्रसारणस्य એટલે सम्प्रसारणनिर्वृत्तस्य [સંપ્રસારણને કારણે ઉદ્ભવેલા (વર્ણનો)] .વાક્યની સંજ્ઞા કરવામાં આવે તો વર્ણવિધિ ન થઇ શકે એ જે દોષ દર્શાવ્યો તેનો બે પ્રકારે પરિહાર કર્યો છેઃ ૧) नैष दोषः यथा काकाज्जातः વગેરે દલીલ વ્દારા કર્યો. તે પ્રમાણે સંપ્રસારણને કારણે ઉદ્ભવેલા વર્ણના અર્થમાં તે સંપ્રસારણ શબ્દનો ગૌણ પ્રયોગ છે તેમ સ્વીકાર્યુ છે, જ્યારે ૨) અહીં अथवा दृश्यन्ते हि वाक्यषु वाक्यैकदेशान्० માં શબ્દ શક્તિ વ્દારા એકદેશના પ્રયોગ ઉપરથી પણ વાક્યાર્થની પ્રતીતિ થઇ શકે છે એમ કહ્યું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एवमिहापि संप्रसारणनिर्वृत्तात्संप्रसारणनिर्वृत्तस्य वाक्यस्यार्थे संप्रसारणात्संप्रसारणस्येत्येष वाक्यैकदेशः प्रयुज्यते। तेन निर्वृत्तस्य विधिं विज्ञास्यामः। संप्रसारणनिर्वृत्तात्संप्रसारणनिर्वृत्तस्येति॥ अथवाहायं संप्रसारणात्परः पूर्वो भवति संप्रसारणस्य दीर्घो भवतीति न च वाक्यस्य संप्रसारणसंज्ञायां सत्यामेष निर्देश उपपन्नो नाप्येतयोः कार्ययोः संभवोऽस्ति तत्र वचनाद्भविष्यति॥ अथवा पुनरस्तु वर्णस्य। ननु चोक्तं वर्णसंज्ञा चेन्निर्वृत्तिरिति। नैष दोषः। इतरेतराश्रयमात्रमेतच्चोदितम्। सर्वाणि चेतरेतरश्रयाण्येकत्वेन परिहृतानि सिद्धं तु नित्यशब्दत्वादिति। नेदं तुल्यमन्यैरितरेतरश्रयैः। न हि किंचिदुच्यतेऽस्य स्थाने य आकारैकारौकारा भाव्यन्ते ते वृद्धिसंज्ञका भवन्तीति। इह पुनरुच्यत इग्यो यणः स्थाने वर्णः स संप्रसारणसंज्ञो भवतीति॥ एवं भाविनीयं संज्ञा विज्ञास्यते। तद्यथा। कश्चित्कंचित्तन्तुवायमाह। अस्य सूत्रस्य शाटकं वयेति। स पश्यति यदि शाटको न वातव्योऽथ वातव्यो न शाटकः शाटको वातव्यश्चेति विप्रतिषिद्धम्। भाविनी खल्वस्य संज्ञाभिप्रेता

તે રીતે અહીં પણ 'સંપ્રસારણથી ઉત્પન્ન થએલા(વર્ણ)ની પછી' અને 'સંપ્રસારણથી ઉત્પન્ન થએલા (વર્ણ)નો' એ વાક્યોના અર્થમાં 'સંપ્રસારણ પછી' અને સંપ્રસારણનો' એમ વાક્યના અમુક ભાગનો પ્રયોગ કરવામાં આવ્યો છે.તે વ્દારા આપણે સમજીશું કે (સંપ્રસારણથી) ઉત્પન્ન થએલા( વર્ણ) ને તે તે કાર્ય થશે, એટલે કે 'સંપ્રસારણથી ઉત્પન્ન થએલાની પછી આવતા (વર્ણનો)' અને 'સંપ્રસારણથી ઉત્પન્ન થએલા (વર્ણ) નો' એમ સમજીશું.
અથવા 'સંપ્રસારણ પછી આવતા સ્વરનું પૂર્વરૂપ થાય છે', 'સંપ્રસારણનો દીર્ઘ થાય છે' એમ જે આ (સૂત્રકાર) કહે છે તે નિર્દેશ વાક્યની સંપ્રસારણ સંજ્ઞા થતી હોય તો ઘટતો નથી અને એ બે કાર્યો (વાક્યને થાય તેવો ) સંભવ પણ નથી. એમ હોવાથી (સૂત્રકારે) કહ્યું છે તેને પ્રતાપે (તે તે કાર્ય વર્ણને) થશે. [8]
અથવા તો પછી વર્ણની (સંપ્રસારણ સંજ્ઞા) ભલે થાય.પણ અમે કહ્યું તો ખરૂં કે વર્ણની સંજ્ઞા થાય તો (અન્યોન્યાશ્રયને કારણે **इक्**) વર્ણ ઉદ્દ્ભવી નહીં શકે. તે દોષ નહીં આવે, કારણ કે માત્ર ઇતરેતરાશ્રયનો વાંધો ઉઠાવ્યો હતો, પરંતુ 'શબ્દ નિત્ય છે તેથી સિદ્ધ થાય છે'(**सिद्धं तु नित्यशब्दत्वात्**।) એ(વાર્તિક) વ્દારા જ્યાં જ્યાં અન્યોન્યાશ્રય દોષ આવે છે તેનું નિરાકરણ કર્યુ છે. (પણ) અહીં અન્યત્ર આવતા ઇતરેતરાશ્રયના જેવું નથી, કારણ કે તે (વૃદ્ધિ સૂત્ર)માં 'અમુકને સ્થાને आ-કાર, ऐ-કાર અને औ-કારને ઉદ્દ્ભાવવામાં આવે છે અને તેમની વૃદ્ધિ સંજ્ઞા થાય છે' એમ કહેવામાં આવતું નથી. જ્યારે અહીં તો કહેવામાં આવે છે કે '**यण्** ને સ્થાને જે **इक्** વર્ણ થાય છે તેની સંપ્રસારણ સંજ્ઞા થાય છે'. [9]
જો એમ હોય તો આ (સૂત્રમાં) ભાવી સંજ્ઞા (નું વિધાન) છે તેમ સમજાશે. [10] કોઇ (વ્યક્તિ) કોઇ વણકરને કહે, 'આ સૂતરમાંથી ખેસ વણ', ત્યારે તે વિચારે છે કે જો ખેસ હોય તો વણવાનો ન હોય અને જો વણવાનો હોય તો ખેસ ન હોય, કારણ કે ખેસ અને તે વણવાનો હોય એ તો પરસ્પર વિરુદ્ધ છે.પણ આ (ઘરાક)ને ભાવી સંજ્ઞા અભિપ્રેત છે

---

[8] **ब्राह्मणशतं भोज्यन्ताम्**। એટલે કે **ब्राह्मणानां शतं भोज्यन्ताम्**। એમ કહેવામાં આવે ત્યારે કોને જમાડવામાં આવે છે, **शतम्** એ વિશેષ્યભૂત સંખ્યાને કે **ब्राह्मणानाम्** એ વિશેષણભૂત સંખ્યેયને ? પરંતુ સંખ્યાને ભોજન કરાવવું શક્ય નથી, જ્યારે બ્રાહ્મણોને માટે ભોજન ક્રિયા સંભવિત છે તેથી તેમને જ ભોજન કરાવવામાં આવે છે. તે પ્રમાણે અહીં **इक् यणः सम्प्रसारणम्** (**भवति**) । એ વાક્યમાં **इक्** વિશેષ્ય છે અને **यण्** વિશેષણ છે, પરંતુ **यण्** ને દીર્ઘ વગેરે કાર્યો ન થઇ શકે તેથી તેમાંથી ઉત્પન્ન થએલ **इक्** તે કાર્યો થશે, એટલે કે સંપ્રસારણ સંજ્ઞા વર્ણને જ સૂચવશે.

[9] જુઓ ઉપર નોંધ (૪) અહીં ભાષ્યકાર કહે છે કે જો કે પરસ્પરાશ્રય અનેક સ્થળે જોવામાં આવે છે છતાં તે સર્વે એક જ જાતના છે અને વૃદ્ધિ સૂત્રમાં **सिद्धं तु शब्दनित्यत्वात्**। એ વાર્તિક વ્દારા ખંડન કર્યુ છે.બધા એક જ પ્રકારના હોવાથી એકના ખંડનથી બધાનું ખંડન થઇ જસે.તેથી ઇતરેતરાશ્રય દોષનો પરિહાર થઇ ગયો.જુઓવૃદ્ધિ સૂત્ર વા.(૮ અને ૯).

[10] **ष्यङः सम्प्रसारणम्**। જેવા વિધિ પ્રદેશો છે ત્યાં **सम्प्रसारणम्** ને ભાવિ સંજ્ઞા ગણીશું એટલે કે જે **इक्** વગેરે ભવિષ્યમાં થનાર છે તેમને વિશે વિધિ પ્રદેશોમાં **सप्रसारण** એ સંજ્ઞાનો પ્રયોગ થાય છે તે લક્ષણા વ્દારા સમજાય છે, કારણ કે જે અસ્તિત્વમાં આવેલ નથી ,ભાવિ છે તેને વિશે મુખ્યાર્થમાં **सम्प्रसारण** શબ્દનો પ્રયોગ શક્ય નથી.જેમ **शाटक** માટેનું સૂતર આપતાં'**शाटक** ખેસ વણ' એમ કહે ત્યારે **शाटक** શબ્દનો લક્ષણામાં જ પ્રયોગ છે તેમ અહીં પણ ભાવિ સંજ્ઞા થશે. વૃદ્ધિ સૂત્રમાં પણ આ પ્રમાણે સમાધાન કર્યુ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

स मन्ये वातव्यो यस्मिन्नुते शाटक इत्येतद्भवतीति। एवमिहापि स यणः स्थाने भवति यस्याभिनिर्वृत्तस्य संप्रसारणमित्येषा संज्ञा भविष्यति॥ अथवेजादियजादिप्रवृत्तिश्चैव हि लोके लक्ष्यते यजाद्युपदेशात्त्विजादिनिवृत्तिः प्रसक्ता। प्रयुञ्जते च पुनर्लोका इष्टम् उप्तमिति। ते मन्यामहेऽस्य यणः स्थाने इममिकं प्रयुञ्जत इति। तत्र तस्यासाध्वभिमतस्य शास्त्रेण साधुत्वमवस्थाप्यते किति साधुर्भवति ङिति साधुर्भवतीति॥

आद्यन्तौ टकितौ ॥१।१।४६॥

समासनिर्देशोऽयं तत्र न ज्ञायते क आदिः कोऽन्त इति। तद्यथा। अजाविधनौ देवदत्तयज्ञदत्तावित्युक्ते तत्र न ज्ञायते कस्याजा धनं कस्यावयव इति। यद्यपि तावल्लोक एष दृष्टन्तो दृष्टान्तस्यापि पुरुषारम्भो निवर्तको भवति।

તેથી મને લાગે છે કે મારે એવું વણવાનું છે કે જે વણ્યા પછી ખેસ બને. એ પ્રમાણે અહીં પણ **यण्** ને સ્થાને તે (**इक्**) થાય છે કે ઉત્પન્ન થયા પછી જેની 'સંપ્રસારણ' એમ સંજ્ઞા થશે.

અથવા લોક વ્યવહારમાં **इज्** વગેરે તેમ જ **यज्** વગેરેનો ઉપયોગ થતો જોવામાં આવે છે, પરંતુ (ધાતુ પાઠમાં) **यज्** વગેરેનું ઉચ્ચારણ છે તેથી **इज्** વગેરેનો પ્રયોગ અટકી જાય તેવો પ્રસંગ આવ્યો, તેમ છતાં લોકો **इष्टम्। उप्तम्।** એમ પ્રયોગ કરે છે. તેથી અમે માનીએ છીએ કે તેઓ આ **यण्** ને સ્થાને એ **इक्** નો પ્રયોગ કરે છે. તે સ્થિતિમાં '**कित्** પ્રત્યય પાછળ આવે ત્યારે (**यण्** ને સ્થાને **इक्** નો પ્રયોગ) શુદ્ધ છે, **ङित्** પ્રત્યય પાછળ આવે ત્યારે (**यण्** ને સ્થાને **इक्** નો પ્રયોગ) શુદ્ધ છે' એમ કહીને એ અશુદ્ધ મનાતા પ્રયોગનું સાધુત્વ શાસ્ત્ર સિદ્ધ કરે છે.[11]

**टित्** અને **कित्** નું જેને અનુલક્ષીને વિધાન કરવામાં આવ્યું હોય તેના તેઓ અનુક્રમે આદિ અને અન્ત્ય અવયવ થાય છે ॥ **१ । १ ।४६** ॥

આ સમાસવ્દારા નિર્દેશ કર્યો છે તેમાં કયો આદિ અને કયો અન્ત એ સમજાતું નથી.[12] જેમ કે 'બકરાં અને ઘેટાં રૂપી ધનવાળા દેવદત્ત અને યજ્ઞદત્ત' એમ કહેવામાં આવે ત્યારે કોની પાસે બકરાં રૂપી ધન છે અને કોની પાસે ઘેટાં રૂપી ધન છે તે જાણી શકાતું નથી. જો કે લોક વ્યવહારમાં આ દૃષ્ટાન્ત છે છતાં મનુષ્યનો પ્રયત્ન એ દૃષ્ટાન્તને લાગુ પડતું અટકાવે છે.[13]

---

[11] **सिद्धं तु नित्यशब्दात्।** એ વિધાનનું સમર્થન કરવા માટે આ દલીલ કરી છે. નિત્ય શબ્દની દૃષ્ટિએ સ્થાની અને આદેશનો સંબંધ એ માત્ર બુદ્ધિગત ભેદ છે. જેને તમે સ્થાની માન્યો તે હવે આદેશ જણાશે. કોઇ નવો વર્ણ ઉત્પન્ન થતો નથી, કારણ કે શબ્દ કાર્ય નથી પણ નિત્ય છે. સંપ્રસારણ સૂત્ર વ્દારા પૂર્વે જેને અસાધુ માનવામાં આવતા હતા તેને શાસ્ત્ર સાધુ બનાવે છે, એટલે કે **कित्** અને **ङित्** પર થતાં **इष्टम्**,**उप्तम्** વગેરે પ્રયોગો સાધુ છે એમ સમર્થન કરે છે. તેથી સૂત્રનો આ રીતે અર્થ થશેઃ **यण्** નો પ્રયોગ કરવાનો હોય ત્યારે જે **इक्** પ્રયોજાય છે તેની સંપ્રસારણ સંજ્ઞા છે અને એ જ્ઞાન **यज्** ધાતુના ઉપદેશ વિશેના જ્ઞાન માત્રથી જ, **वचिस्वपियजादी ०** એ સૂત્રના જ્ઞાન વિના જ ઉદ્‌ભવે છે તેથી અન્યોન્યાશ્રય નહીં થાય અને **वचिस्वपि०** સૂત્રનો અર્થ પણ આ રીતે થશેઃ આ ધાતુઓને લગતા **यण्** નો પ્રયોગ કરવાનો હોય ત્યારે જો **इक्** નો પ્રયોગ કરવામાં આવ્યો હોય તો તે સાધુ છે.

[12] ક્રમ નક્કી કરવા માટે શાસ્ત્રનો આધાર લેવો પડે છે. લોક વ્યવહાર ઉપરથી ક્રમની વ્યવસ્થા કરી શકાતી નથી એ બતાવવા માટે અહીં પૂર્વપક્ષ રજુ કર્યા છે. **देवदत्तस्य यज्ञदत्तस्य च अजाश्च अवयश्च।** એ વાક્યમાં કોઇ ક્રમ વ્યવસ્થા નથી. પદો ભેગાં ભેગાં નથી છતાં કોનાં બકરાં કોનાં અને કોનાં ઘેટાં એ જાણી શકાતું નથી. આમ છે તો પછી ભિન્ન ભિન્ન પદોને સ્થાને જો સમાસનો પ્રયોગ કરવામાં આવે તો આ વાત જાણવી ઉલટાની વધુ મુશ્કેલ બને. જેમ કે **अजाविधनौ देवदत्तयज्ञदत्तौ।** આમ સમાસ તો સાથે જોડાએલી વસ્તુઓનું પ્રતિપાદન કરે છે તેથી ક્રમ જાણવો એ અનેકગણું અઘરૂં કામ છે એ બતાવવા માટે પૂર્વપક્ષી એ **समासनिर्देशोऽयम्।** એમ કહ્યું છે.

[13] **दृष्टान्त--दृष्टम् दर्शनम् तस्य अन्तः निर्णयः।** અર્થાત્ નિર્ણય. જો કે આ પ્રકારનું ઉદાહરણ સંસારમાં જોવામાં આવે છે છતાં યથાસંખ્ય ન્યાયની દૃષ્ટિએ આ પ્રકારનો **अजाविधनौ** વગેરે પ્રયોગ અસાધુ છે. પરંતુ મનુષ્ય પોતાના પ્રયત્ન વ્દારા સ્પષ્ટીકરણ કરીને એમાં થતી ગેરસમજને દૂર કરી શકે છે. જેથી ઘેટાં કોનાં અને કોની બકરીઓ એ સ્પષ્ટ સમજી શકાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अस्ति चेह कश्चित्पुरुषारम्भः। अस्तीत्याह। कः। संख्यातानुदेशो नाम॥ कौ पुनष्टकितावाद्यन्तौ भवतः। आगमावित्याह। युक्तं पुनर्यन्नित्येषु नाम शद्बेष्वागमशासनं स्यान्न नित्येषु नाम शद्बेषु कूटस्थैरविचालिभिर्वर्णैर्भवितव्यमनपायोपजनविकारिभिः। आगमश्च नामापूर्वः शद्बोपजनः। अथ युक्तं यन्नित्येषु शद्बेष्वादेशाः स्युः। बाढं युक्तम्। शद्बान्तरैरिह भवितव्यम्। तत्र शद्बान्तराच्छद्बान्तरस्य प्रतिपत्तिर्युक्ता। आदेशास्तर्हीमे भविष्यन्त्य-नागमकानां सागमकाः। तत्कथम्।

અહીં પણ એવો મનુષ્યે કરેલો પ્રયત્ન કોઇ છે ? તો કહે છે કે છે. કયો(પ્રયત્ન)? 'સમાન સંખ્યાવાળાનું અનુક્રમે ગ્રહણ થાય છે' એ (નિયમ) રૂપી (પ્રયત્ન).[14]પરંતુ टित् અને कित् હોય તેવા કોણ છે કે જે અનુક્રમે આદિ કે અન્તમાં આવે ?[15] તો કહે છે કે આગમો.[16] પરંતુ નિત્ય એવા શબ્દોને આગમ થાય છે તેમ કહેવું યોગ્ય છે ?[17] શું નિત્ય એવા શબ્દોમાં વર્ણો કૂટસ્થ (કાયમી સ્વરૂપવાળા) અને અચળ ન હોવા જોઇએ અને તે ઘટાડો, વધારો કે ફેરફાર વિનાના ન હોવા જોઇએ ? જ્યારે આગમ એ તો શબ્દમાં પહેલાં ન હોય તેવો ઉમેરો છે. તો પછી શબ્દો નિત્ય હોવા છતાં તેમનો આદેશ થાય તે યોગ્ય છે ?[18] અવશ્ય યોગ્ય છે. આ (આદેશ) માં તો બીજા શબ્દો જ થવાના.ત્યાં એક શબ્દ ઉપરથી (તેને સ્થાને)બીજા જ શબ્દનું જ્ઞાન થાય તે યોગ્ય જ છે.તો પછી આ પણ આગમયુક્ત (શબ્દો) આગમરહિત ના આદેશો જ થશે.[19] તે કેવી રીતે (થશે)?

---

[14] પ્રસ્તુત સૂત્રમાં સમાસ વ્દારા કરેલ નિર્દેશને કારણે ક્રમને લગતી અસ્પષ્ટતા અનુભવાય છે તે **संख्यातानुदेश** રૂપી પુરુષારંભ વ્દારા દૂર કરી શકાય છે.વાસ્તવમાં મીમાંસા શાસ્ત્રમાં જે શ્રુતિ,લિંગ,વાક્ય,પ્રકરણ, સ્થાન અને સમાખ્યા એ છ પ્રમાણો કહ્યાં છે (**श्रुतिलिङ्गवाक्यप्रकरणस्थान-समाख्यानां समवाये पारदौर्बल्यमर्थविप्रकर्षात्**।) તેમાંથી **स्थान** પ્રમાણવ્દારા ક્રમ સિદ્ધ થઇ શકે તેમ છે છતાં ભાષ્યમાં **यथासंख्यमनुदेशः समानाम्**। (જેનો અહીં **संख्यातानुदेशः** તરીકે ભાષ્યકારે ઉલ્લેખ કર્યો છે તે) સૂત્રનો આધાર લઇને કહ્યું છે કે સૂત્રમાંનાં પદોને અનુક્રમે લેવાથી ક્રમને લગતી અસપષ્ટતા દૂર થઇ જશે. આમ વ્યાકરણ શાસ્ત્રમાં પણ પુરુષારંભ થએલ છે.

[15] સૂત્રમાં જેમનું ગ્રહણ કરવામાં આવ્યું છે તથા આદિ અને અંતમાં જે આવે છે તે **टित्** અને **कित्** (**टकितौ**) એ બે આગમ છે કે આદેશએમ શંકાકાર પૂછવા માગે છે.

[16] સૂત્રમાં વિશિષ્ટ અવયવવાચી **आदि** અર્થાત્ શરૂઆતમાં આવતો ભાગ અને **अन्त** અર્થાત્ છેડે આવતો ભાગ એ પદો મૂક્યાં છે તેથી **टित्** અને **कित्** એ બે આગમો જ છે.

[17] અહીં ચૌખં.(પૃ.૩૯૬) માં **युक्तं पुनर्यन्नित्येषु नाम शव्देषु आगमशासनं स्यात्। न।** એમ न ને ઉત્તર રૂપે છૂટો આપ્યો છે. ક્રિ. વાશા. માં તેમ નથી. એમ લાગે છે કે **युक्तं पुनर्यन्नित्येषु- -विकारिभिः।** એ આખું વાક્ય દલીલ છે.ત્યાં **न नित्येषु- -विकारिभिः।** માં કાકુ છે અર્થાત્ નિત્ય શબ્દોમાં વર્ણો કૂટસ્થ,અચળ વગેરે ન હોવા જોઇએ ? એમ પૂછવા માગે છે. વર્ણો તથા તે ઉપરથી બનેલા અને પ્રયોગમાં વપરાતા શબ્દો વ્યાકરણશાસ્ત્ર વ્દારા ઉત્પન્ન કરવામાં આવતા નથી, તેઓ કાર્ય નથી પરંતુ આકાશની માફક નિત્ય છે તેમ માનનાર નિત્યશબ્દવાદીની દૃષ્ટિએ શબ્દ કૂટસ્થ વગેરે છે એમ કહ્યું છે.

[18] શબ્દ નિત્ય છે તેથી તેને આગમ ન લાગી શકે એમ જે માને છે તેને ઉદ્દેશીને આ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે.પ્રશ્નકર્તાનો હેતુ એ છે કે જો આગમ ન લાગી શકે તોપછી આદેશ થાય છે તેમ તમે માનો છો તે પણ કેવી રીતે શક્ય અને વ્યાજબી છે?

[19] આ માટે જુઓ **दाधाघ्वदाप्।** સૂત્રની (વા.૫) ઉપરનું ભાષ્ય.પાણિનિ પ્રમાણે બધાં આગમયુક્ત પદો આગમરહિતના આદેશો છે.આ આગમ અને આગમી તેમ જ સ્થાની અને આદેશનો જે સંબંધ છે તે માત્ર મનમાં કલ્પવાનો છે, એ દૃષ્ટિએ તેમને જોવાના છે. આદેશપક્ષનો આશ્રય શબ્દની નિત્યતાનું સમર્થન કરવા માટે જ છે. પ્રક્રિયાકાળે તો આગમ-આગમીનો સંબંધ જ છે, નહીં તો આગમ અને આદેશ ભિન્ન હોય તેમ જે વ્યવહાર થાય છે ને થઇ ન શકે **नित्यता समर्थनाय आदेशपक्ष आश्रितः। प्रक्रियायां तु कल्पितायाम् आगमागमिभावः।अन्यथा आगमादेशयोर्भेदेन व्यवहारो न स्यात्।** (પ્ર.) **आदेशव्यवहारो गौणो नित्यत्वरक्षणाय कल्प्यते।** (ઉ.) તેથી જ **आद्यन्तौ०** સૂત્ર સાથે એકવાક્યતા પામીને **आर्धधातुस्तेड्** ૦ એ સૂત્ર આમ સમજાશેઃ આર્ધધાતુકનો આદિ અવયવ **इट्** છે. તેથી દા.ત. **तव्य** પ્રત્યય ને બદલે **इतव्य** છે એમ શબ્દનિત્યત્વને જાળવઇ રહે તે ખાતર સમજવું એમ ભાવ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**संज्ञाधिकारोऽयम्। आद्यन्तौ चेह संकीर्त्येते टकारककारावितावुदाह्रियेते। तत्राद्यन्तयोष्टकारककारावितौ संज्ञे भविष्यतः। तत्रार्धधातुकस्ये-ड्वलादेः इत्युपस्थितमिदं भवत्यादिरिति। तेनेकारादिरादेशो भविष्यति। एतावदिह सूत्रमिडिति। कथं पुनरियता सूत्रेणेकारादिनिर्देशो लभ्यः। लभ्य इत्याह। कथम्। बहुव्रीहिनिर्देशात्। बहुव्रीहिनिर्देशोऽयम्। इकार आदिरस्येति। यद्यपि तावदत्रैतच्छक्यते वक्तुमिह कथं लुङ्लङ्लृङ्क्ष्व-डुदात्तः। इति यत्राशक्यमुदात्तग्रहणेनाकारो विशेषयितुम्। तत्र को दोषः। अङ्गस्योदात्तत्वं प्रसज्येत। नैष दोषः। त्रिपदोऽयं बहुव्रीहिः। तत्र वाक्य एवोदात्तग्रहणेनाकारो विशेष्यते। यत्र तर्ह्यनुवृत्त्यैतद्भवत्याडजादीनाम् इति।**

(કારણ કે) આ સંજ્ઞાધિકાર છે, અને તેમાં આદિ અને અન્તને પ્રથમ ઉચ્ચારીને **ट**-કાર અને **क**-કાર એ બે **इत्** વર્ણોનું (વિધેય રૂપે) ઉચ્ચારણ કરવામાં આવ્યું છે.[20] તેમ હોવાથી **टित्** અને **कित्** અનુક્રમે આદિ અને અન્તની સંજ્ઞા થશે.એમ થવાથી **आर्धधातुकस्येड् वलादेः।** એ (સૂત્ર) માં આ (પ્રસ્તુત સૂત્ર) ઉપસ્થિત થાય છે અને (**ट्** એટલે) આદિ એમ સમજાય છે, તેથી **इ**-કાર જેમાં આદિ હોય તેવો આદેશ થશે.અહીં [21] **इट्** એટલું જ સૂત્ર(માં) છે તો એટલા સૂત્રથી **इ**-કારાદિ આદેશ(નો અર્થ) કેવી રીતે મેળવી શકાય? તો કહે છે કે મેળવી શકાય. કેવી રીતે (મેળવી શકાય)? આ બહુવ્રીહિદ્વારા નિર્દેશછે[22] તેથી. આ( **इट्** એ),જેમાં **इकारः आदिः** (અર્થાત્ **ट्** ) છે એ અર્થનો બહુવ્રીહિ દ્વારા કરેલો ઉલ્લેખ છે.જો કે અહીં તો એ કહી શકાય પરંતુ **लुङ्लङ्लृङ्क्ष्वडुदात्तः।** (એ સૂત્ર) માં કેવી રીતે થઇ શકશે? કારણ કે ત્યાં (સૂત્રમાંના) ઉદાત્ત શબ્દને **अ**-કારના વિશેષણ તરીકે લઇ શકાય તેમ નથી.[23] તેમાં શો વાંધો છે? અંગ ઉદાત્ત થવાનો પ્રસંગ આવશે (તે વાંધો છે).[24] એ દોષ નહીં આવે, કારણ કે આ (**अडुदात्तः** એ શબ્દ) ત્રણ પદવાળો બહુવ્રીહિ છે.[25] તેમ હોવાથી 'ઉદાત્ત **अ**-કાર જેમાં આદિ છે તે' એ (વિગ્રહ) વાક્યમાં જ ઉદાત્ત મૂકીને તેને **अ**-કારનું વિશેષણ કરી શકાશે. તો પછી **आडजादीनाम्।** જેવામાં જ્યાં અનુવૃત્તિથી એ ( **आ**-કાર ઉદાત્ત) થાય છે ત્યાં (કેવી રીતે થશે)?[26]

---

[20] ભાષ્યમાં **आद्यन्तौ—संकीर्त्येते।** અને **टकारककारौ उदाह्रियेते।** છે. **संकीर्त्यते** એટલે (આદિ અને અંતનું) પહેલું ઉચ્ચારણ કર્યું છે જ્યારે **ट**-કાર ને **क**-કાર એ **इत्** વર્ણોનું પછીથી ઉચ્ચારણ કર્યુ છે તેથી આદિ અને અંત ઉદ્દેશ્ય છે અને **ट्** તેમ જ **क्** વિધેય છે. અર્થાત્ અહીં સૂત્રકારે આદિ અને અંત એ બેને ઉદ્દેશીને **ट्** અને **क्** (એ સંજ્ઞાઓ) નું વિધાન કર્યુ છે.

[21] એટલે કે આ **आर्धधातुकस्येड्** ० સૂત્રમાં મુખ્ય તો **इट्** એટલું જ કહેલું છે.છાયા.'અષ્ટાધ્યાયીમાં અથવા **आर्धधातुक**० એ સૂત્ર માં' એમ અર્થ કરે છે. સૂત્રમાં એ વધુ યોગ્ય અર્થ છે.

[22] અહીં '**इकारः ट्** (અર્થાત્ આદિ) **अस्य** એટલે **इ**-કાર જેમાં આદિ છે તે'એમ સમજાશે, કારણ કે **ट्** એ આદિની સંજ્ઞા છે અને સૂત્રમાં **ट्** છે ત્યાં આદિની ઉપસ્થિતિ થશે.

[23] **अकारः ट् आदिः अस्य।** એમ બહુવ્રીહિ સમાસ થયા પછી વિશેષણયુક્ત હોય તેનો સમાસ ન થઇ શકે અને જેનો સમાસ થયો હોય તેને બાહ્ય વિશેષણ સાથે સંબંધ ન થઇ શકે એમ કહેલું છે તેથી **अ** (**अट्** આગમ) નો **लुङ्लङ्लृङ्क्ष्वडुदात्तः।** એ સૂત્રમાંના **उदात्त** પદ સાથે સંબંધ ન થઇ શકે.

[24] **लुङ्लङ्लृङ्**० માંનો **उदात्त** શબ્દ **अट्** એ દ્વિપદ બહુવ્રીહિમાંના **अ** નું વિશેષણ ન થઇ શકે તો પ્રસ્તુત સૂત્ર અંગાધિકારમાંનું સૂત્ર છે તેથી અંગ ઉદાત્ત થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે અને તે ઉદાત્ત **अलोऽन्त्यस्य।** પ્રમાણે અંત્ય **अच्** નો થશે.

[25] **अडुदात्तः** માં **अकारः उदात्तः ट् (आदिः) अस्य।** એમ ત્રણ પદ છે. આ વિગ્રહ વાક્યમાં **उदात्त** શબ્દ **अ**-કારની જોડે મૂક્યો છે તેથી તે **अ**-કારનું વિશેષણ છે છતાં આ સૌત્ર નિર્દેશ છે તેથી તેને સમાસમાં પાછળ મૂક્યો (**परनिपात**) છે. તે ઉપરથી થતા **अडुदात्तः** એ સમાસમાં પણ તે **अ**-કારનું વિશેષણ થશે એ સૂચવવા ભાષ્યકારે **अकारः उदात्त** વગેરે કહ્યું છે. તેનો વિગ્રહ તો **अः ट् (आदिः) उदात्तश्च यस्य।** થશે (છા).

[26] **आडजादीनाम्।** (૬-૪-૭૨) માં પૂર્વવર્તી સૂત્ર **लुङ्लङ्**० (૬-૪-૭૧) માંથી **उदात्त** ની જ અનુવૃત્તિ થાય છે તેથી બહુવ્રીહિ લેવો શક્ય નથી એમ અહીં સૂચવવા માગે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वक्ष्यत्येतत्। अजादीनामटा सिद्धमिति॥ अथवा यत्तावदयं सामान्येन शक्नोत्युपदेष्टुं तत्तावदुपदिशति प्रकृतिं ततो वलाद्यार्धधातुकं ततः पश्चादिकारम्। तेनायं विशेषेण शद्वान्तरं समुदायं प्रतिपद्यते। तद्यथा। खदिरबुर्बुरयोः। खदिरबुर्बुरौ गौरकाण्डौ सूक्ष्मपर्णौ। ततः पश्चादाह कण्टकवान्खदिर इति। तेनासौ विशेषेण द्रव्यान्तरं समुदायं प्रतिपद्यते॥

(વાર્તિકકાર) એ કહેશે કે अजादि ધાતુઓનો (સ્વર) अट् વ્દારા સિદ્ધ થાય છે (अजादीनामटा सिद्धम्।)[27]અથવા (વાર્તિકકાર) એ કહેશે કે પહેલાં તો આ (સૂત્રકાર) જેનો સમાન્ય રીતે ઉપદેશ કરી શકાય તે પ્રકૃતિનો ઉપદેશ કરે છે, તે પછી वलादि આર્ધધાતુકનો અને ત્યાર બાદ इ-કારનો (ઉપદેશ કરે છે). તે વિશેષ (ઉપદેશ) ને પ્રતાપે (એ ત્રણનો) સમુદાય (ત્રણેથી જુદો) અન્ય શબ્દ છે એમ એ (અધ્યેતા) ને સમજાય છે.[28] જેવી રીતે ખેર અને બાવળની બાબતમાં બને છે તેમ, 'ખેર અને બાવળ બન્નેનાં થડ શ્વેત હોય છે અને પાંદડાં પણ ઝીણાં હોય છે' (એમ કહ્યા) પછી કોઇ કહે કે ખેર સૂકી છાલના કવચવાળો હોય છે તો તે વિશિષ્ટ ગુણને કારણે એ (શ્રોતા શ્વેત થડ,ઝીણાં પાંદડાંઅને સૂકીછાલ રૂપ ) સમુદાય જુદો જ પદાર્થ છે તેમ સમજે છે.

---

[27] न माङ्योगे। એ સૂત્ર ઉપર अजादीनामटा सिद्धम्। એ વાર્તિક છે. તે ઉપર ભાષ્યકાર કહે છે, ' अजादीनामटैव सिद्धमिति नार्थ आटा। અર્થાત્ अजादि ધાતુઓને लुङ् વગેરેમાં(आट् આગમ ન થતાં) अट् લાગે તો પણ કાર્ય સિદ્ધ થાય છે'તેથી आट् નું વિધાન કરવાની જરૂર નથી, એટલે કે आडजादीनाम्। એ સૂત્રનું પ્રત્યાખ્યાન કરી શકાય.વળી ધાતુના આદિ સ્વર અને आट् ને સ્થાને आटश्च। પ્રમાણે વૃદ્ધિ એકાદેશ થાય છે તે થવામાં પણ વાંધો નહીં આવે, કારણ કે आटश्च। ને સ્થાને अटश्च। એમ સૂત્ર કરાશે.તેથી अट् અને તેની પછી આવતા સ્વર એ બેને સ્થાને વૃદ્ધિ એકાદેશ થશે.(वृद्ध्यर्थमिति चेदटः। ભા.). आडजादी० એ સૂત્રનું પ્રત્યાખ્યાન કરીને દોષનું નિવારણ તો કર્યું પણ यासुट् परस्मैपदेषूदात्तो ङिच्च। પ્રમાણે विधिलिङ् માં પરસ્મૈપદમાં यासुट् આગમ લાગે છે તે ઉદાત્ત અને ङित् છે. અહીં બહુવ્રીહિ કરીએ તો પણ परस्मैपदेषु એ પદનું વ્યવધાન હોવાથી उदात्त નો સંબંધ એ બહુવ્રીહિ સાથે થઇ નહીં શકે.'અહીં પણ यासुट् उदात्तः परस्मैपदेषु। એમ સૂત્ર પાઠ કરવામાં આવે તો દોષ નહીં આવે.(ઉ).આગળ એકદેશીનો મત દર્શાવ્યો તે પ્રમાણે આગમસહિત ને આગમરહિતના આદેશ ગણીને પ્રસ્તુત સૂત્ર સમજાવ્યું. હવે अथवा થી સિદ્ધાન્તીનો મત ચર્ચે છે. તદનુસાર આ સૂત્ર ને टित् અને कित् આગમનો જ બોધ કરાવતી પરિભાષા તરીકે સ્વીકારવાથી પણ શબ્દ નિત્ય છે એ મતને વાંધો નહીં આવે. .

[28] સૂત્રકાર પ્રથમ સામાન્ય (प्रकृति) નો ઉપદેશ, પછી वलादि આર્ધધાતુક પ્રત્યય(જેમ કે तव्य ) નો ઉપદેશ, તે પછી इ- કાર(इट्) નો ઉપદેશ કરે છે. तव्यत्तव्यानीयरः। થી નિર્ણીત થએલ तव्य ને પછી થી इ-કાર લાગે છે તેમ સ્વીકારવામાં આવે તો તો શબ્દ નિત્ય છે, વ્યાકરણ વ્દારા નિષ્પન્ન કરવામાં આવતો નથી એ મતનો વિરોધ થશે.પરંતુ તેમ નથી. આ મત પ્રમાણે તો મૂળ तव्य પ્રત્યયથી ભિન્ન અને સમુદાયભૂત इतव्य એ અન્ય પ્રત્યયનો જ ખ્યાલ આવે છે. અને તેને વિશે આ तव्य છે એ ખ્યાલ જતો રહે છે.આમ પ્રથમ સામાન્ય અને પછી વિશેષ એમ ક્રમપૂર્વક અવયવનું પ્રતિપાદન થવાથી પૂર્વે જે અવયવરહિતનો ખ્યાલ હતો તે સાવયવ અને ભિન્ન છે તેમ ખ્યાલ આવે છે. આમ જેમ આદેશની બાબતમાં છે તેમ આગમમાં પણ માત્ર દૃષ્ટિમાં ફેર થાય છે તેમ સ્વીકારવાથી શબ્દનું નિત્યત્વ જળવાઇ રહેશે.આ વાત ભાષ્યકાર દૃષ્ટાન્ત વ્દારા સમજાવે છે : કોઇએ ઝીણાં પર્ણ, અંદરથી શ્વેત છાલ એમ કહીને ખેર અને બાવળનું સામાન્ય વર્ણન કર્યું હોય તે ઉપરથી અન્ય વ્યક્તિને ખેર વિશે તે બાવળ છે તેમ જે ખોટો ખ્યાલ બંધાય તેનું कङ्कटवान् खदीरः (ખેરને ઉપરના ભાગમાં સૂકી છાલનું કવચ હોય છે) એમ કહેવાથી ખેર એ બાવળ નથી પણ તેથી ભિન્ન પદાર્થ છે તેમ સમજાય છે. તે રીતે અહીં પણ સામાન્ય રીતે કરવામાં આવેલ ઉપદેશને લીધે જ્યાં तव्य હોવાનો ખ્યાલ આવતો હોય ત્યાં इतव्य નો ખ્યાલ આવે છે. કિ.,વા.શા.હિ., વા.શા.મ.માં कण्टकवान् खदिरः પાઠ છે.कङ्कटः सन्नाह उपरितनशुष्कत्वचः।(ઉ.) ઉપર કહ્યાં તે મતમાં વાચક શબ્દની વ્યુત્પત્તિ કરી છે. હવે अथवा एतयाऽनुपूर्व्या० વ્દારા જે મત દર્શાવ્યો છે તેમાં કલ્પિત શબ્દના સાક્ષાત્ બોધ વ્દારા અખંડ વાચક શબ્દ નો બોધ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवैतयानुपूर्व्यायं शद्बान्तरमुपदिशति प्रकृतिं ततो वलाद्यार्धधातुकं ततः पश्चादिकारं यस्मिंस्तस्यागमबुद्धिर्भवति ॥

टकितोराद्यन्तविधाने प्रत्ययप्रतिषेधः ॥१॥

टकितोराद्यन्तविधाने प्रत्ययस्य प्रतिषेधो वक्तव्यः प्रत्यय आदिरन्तो वा मा भूत्। चरेष्टः। आतोऽनुपसर्गे कः। इति॥ परवचनात्सिद्धम्। परवचनात्प्रत्यय आदिरन्तो वा न भविष्यति।

અથવા તો (પહેલાં )પ્રકૃતિ, તે પછી **वलादि** આર્ધધાતુક પ્રત્યય અને ત્યારબાદ **इ**-કાર એ ક્રમમાં આ(સૂત્રકાર )બીજા જ શબ્દનું ઉચ્ચારણ કરે છે અને તે (**इ**-કાર)ને વિશે એ આગમ છે એમ ખ્યાલ આવે છે. [29]

'**टित्** અને **कित्** અનુક્રમે આદિ અને અન્તમાં લાગે છે' એ વિધાનમાં પ્રત્યયનો પ્રતિષેધ કરવો જોઇએ ॥૧॥ [30]

'**टित्** અને **कित्** નું જેને અનુલક્ષીને વિધાન કરવામાં આવ્યું હોય તેના અનુક્રમે આદિ કે અન્ત્ય અવયવ થાય છે' એ વિધાનમાં પ્રત્યયનો પ્રતિષેધ કરવો જોઇએ, જેથી **चरेष्टः। आतोऽनुपसर्गे कः।** માં પ્રત્યય આદિ કે અન્ત્ય અવયવ ન થાય.'પાછળ (લાગે છે)' એમ કહ્યું છે તેથી સિદ્ધ (થાયછે) (અર્થાત્ **परश्च** ।એ સૂત્રમાં)પ્રત્યય પાછળ લગાડવામાં આવે છે એમ કહ્યું છે તેથી પ્રત્યય આદિ અવયવ કે અન્ત્ય અવયવ થશે નહીં.[31]

---

[29] વ્યાકરણશાસ્ત્રમાં જે સ્વરૂપે **अस्** એ સ્વરૂપવાળા ધાતુનો જે અર્થ બતાવ્યો છે તે જ સ્વરૂપમાં એ અર્થ દાર્શાવવા હમેશાં પ્રયોગમાં વાપરી શકાતો નથી, કારણ કે **स्तः, एधि** જેવાં સ્થળોએ **अस्** નું સ્વરૂપ જોવામાં આવતું નથી. તેમાં સ્પષ્ટ ફેર દેખાય છે આથી વ્યાકરણ શાસ્ત્ર કલ્પિત અને અસત્ય પ્રક્રિયાનો આશ્રય લઇને શબ્દના સત્ય સ્વરૂપને રેખાગવયન્યાયે સમજાવે છે. કોઇ વ્યક્તિને ગવય (=રોઝ) શું છે તેનો ખ્યાલ ન હોય ત્યારે અન્ય વ્યક્તિ તે પ્રાણીનું ચિત્ર દોરીને તેને ગવયનો ખ્યાલ આપે છે અહીં ચિતરેલું ગવય (રેખાગવય) કલ્પિત અને અસત્ય હોવા છતાં સામી વ્યક્તિને તે ઉપરથી સાચા ગવયનો ખ્યાલ આવી જાય છે તેમ વ્યાકરણ પણ પ્રકૃતિ અને પ્રત્યયના આધારે પ્રક્રિયા કરે છે તે કલ્પિત અને અસત્ય હોય છે. જેમ કે **स्तः** માં**श्नसोरल्लोपः।** પ્રમાણે ધાતુના **अ**-કારનો લોપ થયો છે તેમ કહ્યું છે.તે રીતે **एधि** માં **घ्वसोरेद्धावभ्यासलोपश्च।** પ્રમાણે **अस्** ના **स्** નો **ए** થયો તેમ છતાં **असिद्धवदत्राभात्।** પ્રમાણે તે **ए**-કારને અસિદ્ધ માનીને **हुझल्भ्यो हेर्धिः।** પ્રમાણે **हि** નો **धि** થઇને **श्नसोरल्लोपः।** થી **अ** નો લોપ થઇને **एधि** રૂપ થયું તેમ સમજાવ્યું છે.આમ રેખાગવય ન્યાયે શાસ્ત્ર કલ્પિત અને અનિત્ય પદને અનુલક્ષીને પ્રક્રિયાનું વિધાન કરે છે તેથી તેવા અસત્ય પદને આગમ થવાથી કોઇ દોષ નહીં આવે. તેનો પ્રયોગ વ્યવહારમાં થતો નથી,પરંતુ તે વ્દારા જેનો બોધ થાય છે તે જ પદ વ્યવહારમાં પ્રયોજાય છે તેથી શબ્દની નિત્યતાને પણ આંચ નહીં આવે, કારણ કે સૂત્રકાર બોધક શબ્દની અપેક્ષાએ તદ્દન ભિન્ન એવા શબ્દાન્તરનો ઉપદેશ કરે છે, એટલે કે તેવા અસત્ય રેખાગવય જેવા શબ્દનું જ પ્રતિપાદન કરે છે.(જુઓઃ **संक्षेपतः एतत् प्रदर्शयति--अनृतेन सत्यं प्रतिपद्यस्वेति।** ભર્તૃ. પૃ.૨૭૬)

[30] **आद्यन्तौ॰** સૂત્રને **इड्वलादेः॰** તથા **भियो हेतुभये षुक्।** માં અવકાશ છે.**परश्च।** ને **तव्यत्तव्यानीयरः।** માં અવકાશછે, પરંતુ **चरेष्टः।** માં **ट**, **टित्** છે અને **आतोऽनुपसर्गे कः।** માં **क**, **कित्** છે. તેથી **आद्यन्तौ॰** અને **परश्च** બન્નેને અવકાશ છે.પરંતુ આ બે આગમો નથી પ્રત્યયો છે.**परश्च।** પ્રમાણે પ્રત્યય પર થાય છે તેથી પ્રસ્તુત સૂત્ર તેમને લાગુ નથી પડતું નથી છતાં પ્રતિષેધ એટલા માટે કરવો જોઇએ કે તેથી આ સૂત્ર **परश्च।** નો અપવાદ ન થાય, એટલે કે પ્રત્યય તો પર જ થાય છે પરંતુ **टित्** અને **कित्** પ્રત્યય હોય તો તે આદિ કે અંત્ય અવયવ થશેએમ સમજાય તો **चरेष्टः।** પ્રમાણે થતો **ट** અને **आतोऽनुप॰** થી થતો **क** એ **टित्** અને **कित्** પ્રત્યય આદિ કે અંત્ય અવયવ થવાનો પ્રસંગ આવશે. તેથી **आद्यन्तौ टकितावप्रत्ययौ।** એમ સૂત્ર કરવું જોઇએ. એમ દલીલ છે.

[31] 'પ્રત્યય પર થાય છે (**प्रत्ययः। परश्च**)' એમ કહ્યું છે તેથી પ્રતિષેધની જરૂર નથી, કારણ કે **आद्यन्तौ॰** એ સૂત્ર પ્રત્યયના પરત્વનો બાધ નથી કરતું. જો કે **पुरस्तादपवादा अनन्तरान्विधीन्बाधन्ते नोत्तरान्।** (પૂર્વે રહેલા અપવાદ તેની પછી આવતા પ્રથમ સામાન્ય નિયમનો બાધ કરે છે પરંતુ તે બાધ કરેલ નિયમની પછી આવતા અન્ય સામાન્ય નિયમનો બાધ કરતા નથી) એ ન્યાયે પ્રકૃત સૂત્ર **षष्ठी स्थानेयोगा।** નો બાધ કરશે, કારણ કે તે અનન્તર આવતો પ્રથમ સામાન્ય નિયમ છે.પરંતુ **परश्च।** એ નિયમનો બાધ નહીં કરે. આમ પ્રતિષેધ કરવાની જરૂર નથી એમ ભાવ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**परवचनात्सिद्धमिति चेन्नापवादत्वात्॥२॥**

परवचनात्सिद्धमिति चेन्न। किं कारणम्। अपवादत्वात्। अपवादोऽयं योगः। तद्यथा। मिदचोऽन्त्यात्परः इत्येष योगः स्थानेयोगत्वस्य प्रत्यय-परत्वस्य चापवादः। विषम उपन्यासः। युक्तं तत्र यदनवकाशं मित्करणं स्थानेयोगत्वं प्रत्ययपरत्वं च बाधत इह पुनरुभयं सावकाशम्। कोऽ-वकाशः। टित्करणस्यावकाशः। टित इतीकारो यथा स्यात्। कित्करणस्यावकाशः। कितीत्याकारलोपो यथा स्यात्। प्रयोजनं नाम तद्वक्तव्यं यन्नियोगः स्यात्। यदि चायं नियोगतः परः स्यात्ततः एतत्प्रयोजनं स्यात्।

'પ્રત્યય પાછળ લગાડવામાં આવે છે તેથી સિદ્ધ થાય છે' એમ કહેવામાં આવે તો તે બરોબર નથી, કારણ કે (આ સૂત્ર) અપવાદ છે ॥૨॥ [32]

પ્રત્યય (નું જેને વિશે વિધાન કરવામાં આવ્યું હોય તેની) પાછળ લગાડવામાં આવે છે તેથી સિદ્ધ થાય છે એમ કહેવામાં આવે તો તે બરોબર નથી.શા માટે(નથી) ? કારણ કે (**आद्यन्तौ०** સૂત્ર) અપવાદ છે, એટલે કે જેમ **मिदचोऽन्त्यात्परः**। એ સૂત્ર **षष्ठी स्थानेयोगा**। તેમ જ **प्रत्ययः**। **परश्च**। એ સૂત્રોનો અપવાદ છે તેમ આ સૂત્ર (**परश्च**। નો) અપવાદ છે. આ દૃષ્ટાન્ત સમાન નથી, કારણ કે (પ્રત્યયને) **म**-કાર **इत्** તરીકે લગાડયો હોય ત્યારે તેને અન્યત્ર અવકાશ નથી હોતો [33] તેથી (**मिदचोऽन्त्यात्परः**। એ સૂત્ર ) **षष्ठी स्थानेयोगा**। તેમ જ **प्रत्ययः**। **परश्च**। એ સૂત્રોનો બાધ કરે તે યોગ્ય છે, પરંતુ અહીં તો (**टित्** અને **कित्**) બન્નેને અવકાશ છે. (આ **टित्** અને **कित्** ને) ક્યાં અવકાશ છે ? **टित्** કરવાનું પ્રયોજન એ કે તેથી **टित्** પ્રત્યયાન્તને (**टिड्ढाणञ्** ० પ્રમાણે સ્ત્રી પ્રત્યય) **ई** (**ङीप्**) થઇ શકે. **कित्** કરવાનું પ્રયોજન એ કે **कित्** પ્રત્યય પર થતાં **आ**- કારનો લોપ થઇ શકે. પ્રયોજન તો તેને કહેવાય કે જે નિયમ પ્રમાણે હોય, [34]જો કોઇ પ્રત્યય (**परश्च**। સૂત્રમાંના) વિધિ પ્રમાણે પાછળ લગાડવામાં આવે તો (તેને **टित्**) કરવાનું એ પ્રયોજન થાય.

---

[32] પ્રકૃત સૂત્ર **परश्च**। નો અપવાદ છે અને જ્યારે માત્ર બાધ્યની જ અપેક્ષા હોય ત્યારે ઉપર કહેલો **पुरस्तादपवाद०** ન્યાય લાગુ પડતો નથી . પરિણામે **परश्च**। એમ સૂત્રકારે કહ્યું છે તેથી પ્રતિષેધ નહીં કરવો પડે તેમ કહેવું ઉચિત નથી. તેથી જેમ **मिदचोऽन्त्यात्परः**। એ સૂત્ર **षष्ठी स्थाने-योगा**। તથા **प्रत्ययः**। **परश्च**। એ બન્નેનો અપવાદ છે તેમ આ સૂત્ર પણ બન્નેનો બાધ કરશે.

[33] **मिदचो०** સૂત્ર સાવકાશ થાય તે માટે **रुधादिभ्यः श्नम्**। **नपुंसकस्य झलचः**। વગેરે સૂત્રોમાં **श्नम्**, **नुम्** વગેરેને **मित्** કર્યા છે, કારણ કે એ **मित्** કર્યા છે તેને એ સૂત્ર સિવાય બીજે કોઇ સ્થળે અવકાશ નથી.આમ **मित्त्व** અનવકાશ હોવાથી **मिदचो०** સૂત્ર **षष्ठी स्थानेयोगा**। (થી થતા સ્થાન -યોગત્વ) અને **प्रत्ययः**। **परश्च**। (થી થતા પ્રત્યયપરત્વ ) એ બન્નેનો બાધ કરશે તેથી **श्नम्**, **नुम्** વગેરે અંત્યને સ્થાને અથવા તો પર ન થતાં અંત્ય **अच्** પછી થશે. પરંતુ **आद्यन्तौ०** સૂત્ર **टित्**, **कित्** પ્રત્યયોને લાગુ પડશે એવી શંકા કરીને પ્રત્યયપરત્વનો ત્યાં નિષેધ કરવો જોઇએ એમ કહેવું યોગ્ય નથી, કારણ કે તે પ્રત્યયોનું **टित्त्व** અને **कित्त्व** અનવકાશ નથી. જેમ કે **चरेष्टः**। પ્રમાણે **ट** એ **टित्** પ્રત્યય થાય છે તે **टिड्ढा- णञ्०** વગેરે સૂત્રને કારણે સ્ત્રીલિંગમાં **ङीप्** થાય તે રીતે સાવકાશ છે, જ્યારે **आतोऽनुप०** પ્રમાણે થતો **क** એ **कित्** પ્રત્યય **गोदः** જેવામાં **आतो लोपः इटि च**। પ્રમાણે અંગના આ-કારના લોપ વ્દારા સાવકાશ છે. આમ પ્રત્યયનું **टित्त्व** અને **कित्त्व** સાવકાશ છે તેથી **आद्यन्तौ०** સૂત્ર પ્રત્યય -પરત્વનો બાધ નહીં કરી શકે. પરંતુ આગમને લગતું **टित्त्व** અને **कित्त्व** અનવકાશ છે તેથી **येनाप्राप्ति०** (કોઇ સૂત્ર અવશ્ય પ્રાપ્ત હોય ત્યાં અન્ય કોઇ સૂત્ર કરવામાં આવ્યું હોય તો તે અવશ્ય પ્રાપ્ત થનાર સૂત્રનો બાધ કરે છે એ) ન્યાય પ્રમાણે પ્રકૃત સૂત્ર **षष्ठी स्थाने योगा**। નો જ અપવાદ થશે.

[34] આ દલીલ સર્વાપવાદીની છે.એ કહે છે કે **टित्** વગેરેના પરત્વને લગતો નિયમ હોય તો આ પ્રયોજન કાયદેસરનું ન ગણી શકાય,પરંતુ '**टित् परः भवति**' એમ કહ્યું નથી તેથી **ङीप्** લાગવો તે **टित्** કરવાનું અને **आ**-કાર લોપ થાય તે **कित्** કરવાનું પ્રયોજન છે તેમ કેવી રીતે કહી શકાય? એટલે કે પ્રત્યયનું **टित्त्व** બન્ને પ્રકારે સાવકાશ છે છતાં **परश्च**। એ સૂત્ર પર છે તેથી તેની પ્રવૃત્તિ થવાથી **टित्** પ્રત્યય પર થશે છતાં આ સૂત્ર **मिदचो०** ની સાથે આવેલું છે તેથી સામાન્યતઃ જે બાધ્ય હોય તેનો વિચાર કરવો ઉચિત છે. આમ આ સૂત્ર સ્થાનેયોગત્વ અને પ્રત્યયપરત્વ બન્નેનો અપવાદ થશે તેમ સમજી શકાય છે તેથી પ્રતિષેધ કરવો જરૂરી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कुतो नु खल्वेतट्टित्करणादयं परो भविष्यति न पुनरादिरिति कित्करणाच्च परो भविष्यति न पुनरन्त इति। टितः खल्वप्येष परिहारो यत्र नास्ति संभवो यत्परश्च स्यादादिश्च। कितस्त्वपरिहारः। अस्ति हि संभवो यत्परश्च स्यादन्तश्च। तत्र को दोषः। उपसर्गे घोः किः। आध्योः प्रध्योः। नोङ्धात्वोः। इति प्रतिषेधः प्रसज्येत। टितश्चाप्यपरिहारः। स्यादेव ह्ययं टित्करणादादिर्न पुनः परः। क्व तर्हीदानीमिदं स्याट्टित ईकारो भवतीति। य उभयवान्। गापोष्टक्॥ इति॥

પરંતુ टित् કરવા છતાં (પ્રત્યય) પાછળ આવે પણ ( आद्यन्तौ ० પ્રમાણે) આદિ અવયવ ન થાય અને कित् કરવામાં આવે ત્યારે (परश्च। સૂત્રમાંના) વિધિ અનુસાર પાછળ આવે છતાં ( आद्यन्तौ ० પ્રમાણે) અન્ત્ય અવયવ ન થાય એ વળી કેવી રીતે? એ પરિહાર टित् ની બાબતમાં તો છે,[35] કારણ કે ત્યાં (પ્રત્યય) પર પણ થાય અને આદિ અવયવ પણ થાય તેવો સંભવ જ નથી, પણ कित् ની બાબતમાં તો પરિહાર નહીં થઇ શકે, કારણ કે ત્યાં તો પર પણ થાય અને અન્ત્ય અવયવ પણ થાય તેવો સંભવ છે.[36] તેમાં શો વાંધો ? **उपसर्गे घोः किः।** પ્રમાણે થતા आध्योः। प्रध्योः।માં नोङ्धात्वोः। પ્રમાણે (ઉદાત્તનો) પ્રતિષેધ થવાનો પ્રસંગ આવશે.[37] टित् ની બાબતમાં પણ વાંધો દૂર થઇ શકે તેમ નથી, કારણ કે टित् કરવાથી (चरेष्टः। પ્રમાણે થતા ट જેવા) પ્રત્યય આદ્યાવયવ જ થશે પણ પર નહીં થાય.[38] તો હવે 'टित् (પ્રત્યય જેને અન્તે હોય તે) ને ई-કાર થાય છે' એમ જે કહ્યું તે ક્યાં થાય છે ? [39] જ્યાં गापोष्टक्। ની જેમ (પ્રત્યયને ट् અને क्) બન્ને (इत्) લાગ્યા હોય ત્યાં.

---

[35] પ્રયોજન નિયમપૂર્વકનું છે તેમ સ્વીકારીને આ કથન કર્યું છે. આગળ **युक्तं तत्र यदनवकाशं मित्कारणम्।** વગેરે દ્વારા જે પરિહાર કર્યો છે તે ગમે તે રીતે टित् ની બાબતમાં સંભવી શકશે, કારણ કે टित् નું પર થવું તેમ જ આદિ થવું સંભવિત નથી.

[36] પર હોવું (परत्व) અને અવયવ હોવું (अवयवत्व) એ બે તો પરસ્પર વિરુદ્ધ છે. છતાં ભાષ્યકારે કહ્યું છે,'**परश्च स्यादन्तश्च।**' તેમાં કોઇ દોષ નથી કારણ કે સમાસાન્તની બાબતમાં પર હોય તેને અન્તવત્ કાર્ય પ્રાપ્ત થાય છે તેથી એ અંતે છે તેમ કહેવાય છે (અહીં અંત શબ્દ અવયવવાચી છે તેથી શંકા થઇ હતી). **समासन्ताः।** એ અધિકાર સૂત્ર નીચે જે પ્રત્યયોનું વિધાન કરવામાં આવ્યું છે તે સમાસના અંત્યાવયવ રૂપ બને છે, તેના એકદેશ રૂપ છે તેથી कित् પ્રત્યય અંતે હોઇ શકે અને પર પણ હોઇ શકે. આથી તેને ઉપર જણાવેલ પરિહાર લાગુ નહીં પડે.

[37] ઉપસર્ગ લાગ્યો હોય ત્યારે ભાવ કે કર્તા સિવાયના કારકના અર્થમાં घु સંજ્ઞક ધાતુઓને कि પ્રત્યય લાગે છે. कि એ कित् પ્રત્યય છે તે ધાતુનો અંત્ય અવયવ થાય તો आध्योः→आधा कि ओस्→आधि ओस् , प्रध्योः→प्रधा कि ओस्→प्रधि ओस् માં आधि અને प्रधि એ कि પ્રત્યયાન્ત થશે તેથી घ् એ हल् ની પછી ઉદાત્ત इ ને સ્થાને જે यण् થયો છે તેની પછી આવતો ओस् એ अजादि અસર્વનામ વિભક્તિ **उदात्त-यणो हल्पूर्वात्।** પ્રમાણે ઉદાત્ત થવી જોઇએ તે ન થતાં नोङ्धात्वोः। પ્રમાણે ઉદાત્તનો નિષેધ થવાનો પ્રસંગ આવશે.પરંતુ कि ને ધાતુનો અંત્ય અવયવ ન ગણવામાં આવે તો आधि વગેરેમાં इ ધાતુનો અવયવ ન હોવાથી ओस् ઉદાત્ત થશે અને દોષ નહીં આવે તેમ અહીં ભાવ છે.

[38] પૂર્વે **कुतो नु खल्वेतत्।** એમ કહીને જે દલીલ કરી હતી તેનું અહીં સમર્થન કરીને વિશેષમાં એમ કહેવા માગે છે કે ङीप् અનવકાશ થશે એ પૂર્વપક્ષની દલીલ બરોબર નથી, કારણ કે પ્રત્યયને टित् કર્યો છે તેથી તે આદિમાં જ થાય પર નહીં થાય, એટલે કે આગળ કહ્યું તેમ બાધ્યનો સામાન્યતયા વિચાર કરવો તે જ યોગ્ય છે.

[39] પહેલાં કહ્યું હતું કે टित् કરવાથી **टिड्ढाणञ्०** પ્રમાણે ङीप् થાય તે टित् કરવાનું પ્રયોજન છે, પરંતુ टित् નો પણ પરિહાર નથી થતો એમ કહ્યું તેથી અહીં પ્રશ્ન કર્યો છે કે ङीप् (ई) ક્યાં થશે ? ઉત્તરમાં **गापोष्टक्।** સૂત્ર ઉદાહરણ રૂપે આપ્યું છે.તે સૂત્ર પ્રમાણે કર્મ ઉપપદ હોય ત્યારે ઉપસર્ગરહિત गै અને पा ધાતુને क ને બદલે टक् લાગે છે. જેમ કે **सामगः , सुरापः** .અહીં टक् એ टित् તેમ જ कित् પણ (उभयवान्) છે. તે टित् છે તેથી આદિ થાય અને कित् છે તેથી અંત્ય થાય.પરંતુ **आद्यन्तौ०** સૂત્રમાં એ कित् શબ્દ टित् શબ્દની પછી આવેલ છે તેથી શબ્દપર-પ્રતિષેધથી તે અંત્ય થશે. टित् છે તેથી ङीप् થશે.જેમ કે **सोमगी , सुरापी** . તેથી **चरेष्टः।** માં આદિ જ થશે. [જુઓ ઉપર નોંધ (૩૦)]



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धं तु षष्ठ्यधिकारे वचनात् ॥३॥

सिद्धमेतत्। कथम्। षष्ठ्यधिकारेऽयं योगः कर्तव्यः। आद्यन्तौ टकितौ षष्ठीनिर्दिष्टस्येति॥

आद्यन्तयोर्वा षष्ठ्यर्थत्वात्तदभावेऽसंप्रत्ययः ॥४॥

आद्यन्तयोर्वा षष्ठ्यर्थत्वात्तदभावे षष्ठ्या अभावेऽसंप्रत्ययः स्यात्। आदिरन्तो वा न भविष्यति॥ युक्तं पुनर्यच्छब्दनिमित्तको नामार्थः स्यान्नार्थनिमित्तकेन नाम शब्देन भवितव्यम्। अर्थ-

પરંતુ (આ સૂત્રનો) ષષ્ઠ્યધિકારમાં પાઠ કરવાથી સિદ્ધ થશે ॥૩॥

(પ્રત્યય પર થાય) તે સિદ્ધ થાય છે. કેવી રીતે (થાય છે) ? આ સૂત્રને आद्यन्तौ टकितौ षष्ठीनिर्दिष्टस्य। એમ ષષ્ઠ્યધિકારમાં મૂકવું જોઇએ તેથી ષષ્ઠી વિભક્તિનો નિર્દેશ કરીને (જેને टित् કે कित् પ્રત્યય કહેવામાં આવ્યા હોય) તેના એ टित् કે कित् પ્રત્યય અનુક્રમે આદિ કે અન્ત્ય અવયવ થાય છે એમ (સમજાશે).[40]

અને આદિ અને અન્ત્ય એ ષષ્ઠીના અર્થ હોવાથી, જો તે (ષષ્ઠી) ન હોય તો (આદિ અને અન્ત્યનો) બોધ નહીં થાય ॥૪॥[41]

આદિ અવયવ અને અન્ત્ય અવયવ એ ષષ્ઠી વિભક્તિના અર્થ છે તેથી જ્યાં તેનો અભાવ હોય અર્થાત્ ષષ્ઠી વિભક્તિ જ ન હોય ત્યાં (આદિ અને અન્ત્યનો) બોધ નહીં થાય. તેથી ત્યાં (પ્રત્યય)આદિ (અવયવ) કે અન્ત્ય (અવયવ) નહીં થાય.પણ શબ્દને ખાતર અર્થનો પ્રયોગ છે એ(મ કહેવું) યોગ્ય છે ?[42] અર્થને ખાતર શબ્દનો પ્રયોગ હોય એમ ન થવું જોઇએ?[43]અર્થને

---

[40] જેનો બાધ કરવાનો હોય તેનો સામાન્યતયા વિચાર કરવો એ પક્ષ પ્રમાણે પણ કોઇ દોષ નહીં આવે, કારણ કે જ્યાં સ્થાનષષ્ઠી થતી હોય ત્યાં આ પરિભાષા ઉપસ્થિત થશે,પરંતુ પ્રત્યયપરત્વનો બાધ કરવા માટે ઉપસ્થિત નહીં થાય, કારણ કે પ્રત્યય ષષ્ઠ્યન્તને સ્થાને નથી થતો.ના. કહે છે કે આ સૂત્રની ષષ્ઠ્યધિકારમાં અનુવૃત્તિ કરીને અથવા તો અહીં षष्ठी પદની અપકૃષ્ટિ કરીને અર્થાત્ નીચેના સૂત્રમાંથી ઉપર લાવીને आद्यन्तौ टकितौ षष्ठीनिर्दिष्टस्य। એમ અર્થ કરવાથી ઇષ્ટ કાર્ય સિદ્ધ થઇ શકશે.

[41] ષષ્ઠી શબ્દનો અહીં સંબંધ ન કરવામાં આવે, એટલે કે ઉપર કહ્યું તેમ પ્રકૃત સૂત્રમાં કોઇ પણ રીતે षष्ठी શબ્દ ન લાવવામાં આવે તો પણ આ રીતે સમાધાન થઇ શકશેઃ अर्थ શબ્દ અહીં પ્રયોજનના અર્થમાં છે.ષષ્ઠી અવયવનો અર્થ બતાવે છે અને ષષ્ઠીનો પ્રયોગ કોનો આદિ અને કોનો અંત એ નક્કી કરે છે તેથી आद्य અને अन्त्य એ શબ્દોનો અર્થ નક્કી કરવા માટે ષષ્ઠીનો પ્રયોગ કરવો પડે છે. અહીં અવયવભૂત આદિ કે અંત રૂપી અર્થ હોય તો તે કોનો આદિ કે અંત છે તે નક્કી કરનાર ષષ્ઠીની અપેક્ષા રહે, પરંતુ અવયવ રૂપ અર્થ પ્રત્યયવિધિમાં હોતો જ નથી .પરિણામે તેમાં આદિ કે અંત પણ હોતા નથી. આમ પ્રત્યયવિધિમાં ષષ્ઠીનો અર્થ હોતો નથી તેથી आद्यन्तौ० પરિભાષા સૂત્ર ઉપસ્થિત નથી થતું.પરિણામે 'टित्, कित् આદિ અને અંતમાં થાય છે,' એ વિધાનમાં પ્રત્યયનો પ્રતિષેધ કરવાની જરૂર નથી.એમ કહેવા માગે છે.

[42] ષષ્ઠીનો (અવયવ રૂપી) અર્થ ન હોય તો આદિ અને અંતનો પણ અભાવ હોય તેમ માનનારની આ શંકા છે.શબ્દનો પ્રયોગ હોય તો અર્થ હોય અને શબ્દનો અભાવ હોય તો અર્થનો પણ અભાવ હોય એમ કહેવું એ તો શબ્દ અર્થનું નિમિત્ત છે એમ કહેવા બરોબર થયું, પરંતુ તેમ કહેવું ઉચિત નથી, કારણ કે શબ્દ તો અર્થનો જ્ઞાપક છે, કારક નથી. ભાષ્યમાં नार्थनिमित्तकेन વગેરેમાં કાકુ છે. તેથી 'શબ્દનું નિમિત્ત અર્થ ન હોઇ શકે ?' એમ અર્થ થશે.

[43] શબ્દનો પ્રયોજક તો અર્થ જ છે કારણ કે અર્થનું પ્રતિપાદન કરાવવા માટે જ શબ્દનો પ્રયોગ થાય છે. કાર્ય(શબ્દ) ના અભાવ ઉપરથી કારણ(અર્થ) ના અભાવનું અનુમાન કરવામાં આવે છે. નદીમાં પુર ન આવ્યું હોય તો ઉપરવાસમાં વરસાદ નહીં થયો હોય તેમ અનુમાન કરવામાં આવે છે તે રીતે જ્યાં શબ્દનો પ્રયોગ ન કરવામાં આવ્યો હોય ત્યાં અનુમાન થઇ શકે કે નક્કી અહીં એવો કોઇ અર્થ દર્શાવવાનો નથી જેને કારણે શબ્દનો પ્રયોગ કરવો પડે. જેમ કાર્યના અભાવ ઉપરથી કારણનો અભાવ અનુમાનવામાં આવે છે તેમ કારણનો આભાવ હોય તો કાર્યનું અસ્તિત્વ ન હોય તેમ તારવી શકાય. તે ન્યાયે કહી શકાય કે પ્રત્યયવિધિમાં આદિ કે અંત રૂપી અર્થ નથી તેથી ષષ્ઠી પણ નથી. તેથી चरेष्टः। માં ષષ્ઠી નથી, કારણ કે તે સૂત્ર परश्च। એ અધિકાર નીચે આવેલ છે. તેમાં चरेः એ પંચમી હોય તે જ યોગ્ય છે. જ્યારે गापोष्टक्। અને व्रीहिशाल्योर्ढक्। વગેરે સૂત્રોમાં જે ષષ્ઠી છે તે અવયવ-અવયવિ-સંબંધ સૂચક નથી પરંતુ અનન્તર સંબંધના અર્થમાં છે. અહીં धातोः અને प्रतिपदिकात् એ અધિકાર પણ આવે છે તેથી 'ધાતુ વગેરેની પર गा વગેરેની પછી તરત આવનાર' એમ સૂત્રાર્થ થશે. વાસ્તવમાં પ્રત્યય વિધિમાં परश्च। એ અધિકાર પ્રત્યેક સૂત્રમાં હાજર હોય છે તેથી પ્રત્યય ક્યાં લાગશે એ પ્રકારની આકાંક્ષા રહેતી નથી તેથી આ आद्यन्तौ વગેરે અવયવસૂચક સૂત્ર ઉપસ્થિત થતું નથી. કૈ. માને છે કે ભાષ્યકાર पुरस्तादपवाद० ન્યાયને યથોદ્દેશ પક્ષમાં સ્વીકારે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

निमित्तक एव शब्दः। तत्कथम्। आद्यन्तौ षष्ठ्यर्थौ। न चात्र षष्ठीं पश्यामः। ते मन्यामहे आद्यन्तावेवात्र न स्तस्तयोरभावे षष्ठ्यपि न भवतीति ॥

मिदचोऽन्त्यात्परः ॥१।१।४७॥

किमर्थमिदमुच्यते।

मिदचोऽन्त्यात्पर इति स्थानपरप्रत्ययापवादः ॥१॥

मिदचोऽन्त्यात्पर इत्युच्यते स्थानेयोगत्वस्य प्रत्ययपरत्वस्य चापवादः। स्थानेयोगत्वस्य तावत्। कुण्डानि वनानि। पयांसि यशांसि।

ખાતર જ શબ્દનો પ્રયોગ હોય છે. તે કેવી રીતે? આદિ અને અન્ત એ ષષ્ઠીના અર્થ છે પણ (चरेष्टः। જેવાં સૂત્રોમાં) ષષ્ઠી જોવામાં આવતી નથી તેથી અમે માનીએ છીએ કે અહીં (પ્રત્યય) આદિ કે અન્ત્ય અવયવ હોતા જ નથી અને તે નથી થતા તેથી ષષ્ઠી પણ નથી હોતી.

मित् જેને થવાનો હોય તેનાસ્વરોમાં જે અન્ત્ય સ્વર હોય તેની પછી થાય છે ॥૧। ૧। ૪૭॥

આ (સૂત્ર) શા માટે ઉચ્ચારવામાં આવ્યું છે?

मिदचोऽन्त्यात्परः। (એ સૂત્ર) षष्ठी स्थानेयोगा। અને प्रत्ययः परश्च। (એ સૂત્રો)નો અપવાદ (છે)॥૧॥ [44]

मिदचोऽन्त्यात्परः। (એ સૂત્ર) ઉચ્ચારવામાં આવ્યું છે તે षष्ठी स्थानेयोगा।અને प्रत्ययः परश्च। (એ સૂત્રો)નો અપવાદ (છે). તેમાં 'સ્થાનીને બદલે આદેશ મૂકવામાં આવે છે' તે(ના અપવાદ)નાં (ઉદાહરણ) તો कुण्डानि वनानि। पयांसि यशांसि। છે[45] - - - - - - -

---

છે, પરંતુ કાર્યકાલ પક્ષમાં સ્વીકારતા નથી.ના. તેમાં સંમત નથી. તે કહે છે, 'वस्तुतस्तु आश्रित एव।' વાસ્તવમાં તો કાર્યકાલ પક્ષનો આધાર લીધો જ છે, કારણ કે परवचनात्सिद्धम्। એ સિદ્ધાન્તીની ઉક્તિ છે. જ્યારે नापवादत्वात् વગેરે જે વચન છે તે માત્ર પૂર્વપક્ષીમાંના કોઇકની છે અને સિદ્ધાન્તીમાંના કોઇકની દલીલો છે.

[44] અહીં स्थानपरप्रत्ययापवादः માં स्थान શબ્દ स्थानेयोगत्व ના એકદેશ તરીકે પ્રયોજાયો છે અને परप्रत्यय એ परश्चासौ प्रत्ययश्च। એ વિગ્રહવાળો કર્મધારય છે. पर પદને राजदन्तादिषु परम्। પ્રમાણે પૂર્વે મૂક્યો છે. આ સૂત્ર સ્થાનેયોગત્વ અને પ્રત્યયપરત્વનો અપવાદ છે.

[45] સ્થાનેયોગત્વના અપવાદ તરીકે कुण्डानि વગેરે ઉદાહરણ છે તેમાં બે अजन्त અને બે हलन्त નાં છે.कुण्डानि-जश्शसोः शि। થી जस् નો शि- नपुंसकस्य झलचः। થી नुम् થતાં कुण्डन् इ--એમ થતાં અંગ न- કારાન્ત થવાથી सर्वनामस्थाने चासंबुद्धौ। પ્રમાણે ઉપધા દીર્ઘ થઇને कुण्डानि સિદ્ધ થાય છે.અહીં नपुंसकस्य એ ષષ્ઠી છે અને झलचः નો તદન્તવિધિ કરતાં झलन्तस्य विशेषणस्य अजन्तस्य नपुंसकस्य। એમ સમજાશે. તેથી સ્થાન ષષ્ઠીને કારણે સ્થાનેયોગત્વ લાગુ પડે તો ઇષ્ટ રૂપ ન થવાનો પ્રસંગ આવે, પરંતુ એ સૂત્ર પ્રમાણે લાગતો नुम् આગમ मित् છે તેથી પ્રકૃત સૂત્ર અહીં ઉપસ્થિત થશે.नपुंसकस्य એ अंगस्य। એ અધિકાર નીચેનું સૂત્ર છે તેથી नपुंसकस्य अङ्गस्य એમ યોજના થતાં नपुंसकस्य એ અવયવ ષષ્ઠી થશે, સ્થાન ષષ્ઠી નહીં થાય. આમ मिदचो० એ સ્થાનેયોગત્વનો અપવાદ છે તેમ સિદ્ધ થયું. नपुंसकस्य झलचः। માં झलचः એ ષષ્ઠી નહીં પણ પંચમી છે તેથી સ્થાનેયોગને કોઇ અવકાશ નથી એમ કહેવું યોગ્ય નથી, કારણ કે झलचः એ પંચમી લેવામાં આવે તો એ સૂત્રમાં तस्मादित्यु० એ પરિભાષા ઉપસ્થિત થશે તેથી पयांसि જેવાં झलन्त, ज्ञानानि જેવાં अजन्त રૂપોની સિદ્ધિ દુર્લભ થશે(ના.), કારણ કે पयांसि માં पयस्-जस् નો शि-नपुंसकस्य० થી नुम् આગમ થતાં पयस् न् इ--पयस्न् इ એ સ્થિતિમાં અંગ સંયોગન્ત હોવા છતાં स-કાન્ત નથી તેથી सान्तमहतः० પ્રમાણે ઉપધા દીર્ઘ ન થતાં ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય.ज्ञानानि-पयांसि પ્રમાણે કાર્ય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्ययपरत्वस्य भिनत्ति छिनत्ति। भवेदिदं युक्तमुदाहरणं कुण्डानि वनानि यत्र नास्ति संभवो यदयमचोऽन्त्यात्परश्च स्यात्स्थाने चेति। इदं त्वयुक्तं पयांसि यशांसीति। अस्ति हि संभवो यदचोऽन्त्यात्परश्च स्यात्स्थाने च। एतदपि युक्तम्। कथम्। नैवेश्वर आज्ञापयति नापि धर्मसूत्राकाराः पठन्त्यपवादैरुत्सर्गा बाध्यन्तामिति। किं तर्हि। लौकिकोऽयं दृष्टान्तः। लोके हि सत्यपि

'પ્રત્યય પર થાય છે' તે (ના અપવાદ) નાં (ઉદાહરણ) **भिनत्ति छिनत्ति** છે.[46] **कुण्डानि वनानि**। એ ઉદાહરણ યોગ્ય છે, કારણ કે ત્યાં (**नुम्** ) એ (**मित्** આગમ) અન્ત્યસ્વરની પાછળ તેમ જ અન્ત્યનં સ્થાને થાય તે સંભવિત નથી.[47] પરંતુ **पयांसि यशांसि** એ (ઉદાહરણ) તો અયોગ્ય છે, કારણ કે તેમાં (**नुम्** આગમ ) અન્ત્ય સ્વરની પાછળ તેમ જ અન્ત્ય (**अल्** ) ને સ્થાને થવાનો સંભવ છે.[48] એ પણ યોગ્ય છે. કેવી રીતે (યોગ્ય છે)? કારણ કે ઈશ્વર [49] આજ્ઞા કરતો નથી કે ધર્મસૂત્રકારો પણ એમ કહેતા નથી કે 'સામાન્ય નિયમનો અપવાદ વ્દારા બાધ થાય' તો પછી શું (છે)? આ તો વ્યાવહારિક દૃષ્ટાન્ત છે, કારણ કે લોક વ્યવહારમાં

---

થઇને **ज्ञान न् इ** એમ થતાં **झलचः** એ પંચમી લેવાથી **न्** (**नुम्**) અંગનો અવયવ નથી તેથી અંગ **नान्त** ન થતાં **सर्वनाम स्थाने०** પ્રમાણે ઉપધા દીર્ઘ નહી થાય.પરિણામે ઇષ્ટ રૂપ પ્રાપ્ત નહી થઇ શકે.

[46] પ્રત્યયપરત્વના અપવાદનું ઉદાહરણઃ **भिनत्ति--भिद्** એ **रुधादि** ગણનો ધાતુ છે તેથી **रुधादिभ्यः श्नम्**। પ્રમાણે વિકરણ પ્રત્યય **श्नम्** લાગે છે તે **मित्** હોવાથી પ્રકૃત સૂત્ર અમલી થશે તેથી **परश्च** પ્રમાણે અંતે ન થતાં અંત્ય સ્વર **इ** ની પછી થશે. તેથી **भिद् ति--भि न द् ति--खरि च**। થી **द्** નો **त्** થઇને **भिनत्ति** સિદ્ધ થાય છે. આમ પ્રકૃત સૂત્ર **परश्च**। નો અપવાદ છે.

[47] **कुण्ड** ને **मित्** આગમ **नुम्** થતાં **मिदचो०** પ્રમાણે અંત્ય સ્વર **अ** ની પછી અને સાથે સાથે **अलोऽन्त्यस्य**। પ્રમાણે અંત્ય **अल्** ને સ્થાને થાય તે સંભવિત નથી કારણ કે અંત્ય **अल्** પણ **अ**-કાર જ છે.

[48] **पयस्** ને **नुम्** થતાં **मिदचो०** પ્રમાણે અંત્ય સ્વર **अ** ની પછી અને સાથે સાથે અંત્ય **अल्** એટલે કે **स**-કારને સ્થાને લાગે તે સંભવિત છે. તેથી શંકાકાર કહે છે કે તે સ્થાનેયોગત્વના અપવાદનાં યોગ્ય ઉદાહરણ નથી, કારણ કે તે માને છે કે **स**-કાર ને સ્થાને જ **नुम्** થશે. જો કે વાસ્તવમાં તેમ કરવાથી ઇષ્ટ રૂપો સિદ્ધ થતાં નથી. **मिदचो०** માં **अचः** એ ષષ્ઠી અને **जातौ एकवचनम्** છે. જો એ પંચમી લેવામાં આવે તો તેનું **अन्त्यात्** સાથે સામાનધિકરણ્ય થશે તેથી અંત્ય **अच्** ની પછી (**नुम्** લાગે) એમ સમજાશે.પરિણામે **नपुंसकस्य०** પ્રમાણે **नुम्** આગમ **कुण्डानि** જેવાં સ્થળે જ થશે, કારણ કે ત્યાં અંત્ય **अच्** (**अ**-કાર) પછી તે આવી શકે છે પરંતુ **पयांसि** જેવાં સ્થળે તેમ નથી, કારણ કે ત્યાં **स**-કાર અંત્ય છે. પરિણામે **अलोऽन्त्य०** પ્રમાણે **स**-કારને સ્થાને **नुम्** થવાનો પ્રસંગ આવશે. તેથી **अचः** એ નિર્ધારણના અર્થમાં ષષ્ઠી છે, પંચમી નથી.(ન્યા.પદ.ભા.૧,પૃ.૧૬૩ -૪).

[49] **ईश्वरः** નો અર્થ ના. વેદ કરે છે. કહેવાનો ભાવ એ છે કે સામાન્ય નિયમ લાગુ પડવાનો જ્યારે સંભવ ન હોય ત્યારે જ અપવાદ તેનો બાધ કરે એવું વેદ વચન નથી કે જેનું ઉલ્લંઘન જ ન થઇ શકે, અર્થાત્ સામાન્ય નિયમને અવકાશ હોય તો પણ ક્વચિત્ અપવાદ તેનો બાધ કરી શકે છે.જેમ કે **दधि ब्राह्मणेभ्यो दीयताम्। तक्रं कौण्डिन्याय**। અહી બ્રાહ્મણ હોવાથી દહીં કૌણ્ડિન્યને મળી શકે છે તેમ છતાં **तक्रं कौण्डिन्याय** એમ કહેવામાં આવ્યું છે તેથી તેને છાશ આપવામાં આવશે.અહીં ના. **भाष्ये अपवादैरित्यस्यासंभवे इत्यादिः**। અર્થાત્ **अपवादैः** ની આગળ **असंभवे** છે એ ખુલાસો કરીને **क्वचित्तथैव पाठः**। (કેટલેક સ્થળે તેવો જ પાઠ છે) એમ નોંધે છે.ચૌખં(પૃ.૪૦૧) માં એ જ પાઠ લીધો છે. સંદર્ભ ઉપરથી જણાય છે કે ભાષ્યકાર પણ એમ કહેવા માગે છે કે જ્યાં સંભવ ન હોય ત્યાં જ અપવાદ ઉત્સર્ગનો બાધ કરે એવો કોઇ નિયમ વેદે કે ધર્મશાસ્ત્રોએ ફરમાવ્યો નથી. તેથી સંભવ હોય કે ન હોય સામાન્ય નિયમને અવકાશ હોય કે ન હોય પણ અપવાદ તેનો બાધ કરી શકે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

संभवे बाधनं भवति। तद्यथा। दधि ब्राह्मणेभ्यो दीयतां तक्रं कौण्डिन्यायेति सत्यपि संभवे दधिदानस्य तक्रदानं निवर्तकं भवति । एवमिहापि सत्यपि संभवेऽचामन्त्यात्परत्वं षष्ठीस्थानेयोगत्वं बाधिष्यते ॥

अन्त्यात्पूर्वो मस्जेरनुषङ्गसंयोगादिलोपार्थम् ॥२ ॥

अन्त्यात्पूर्वो मस्जेर्मिद्वक्तव्यः। किं प्रयोजनम्। अनुषङ्गसंयोगादिलोपार्थम्। अनुषङ्गलोपार्थं संयोगलोपार्थं च। अनुषङ्गलोपार्थं तावत्। मग्नः मग्नवान्। संयोगलोपार्थम्। मङ्क्ता मङ्क्तुम् मङ्क्तव्यम् ॥

भर्जिमर्च्योश्च ॥३ ॥

તો બન્નેનો સંભવ હોય તો પણ (સામાન્ય નિયમનો) બાધ થાય છે. તે એ રીતે કે 'બ્રાહ્મણોને દહીં આપો'. 'કૌણ્ડિન્યને છાશ આપો' એ ઉદાહરણમાં (કૌણ્ડિન્યને) દધિદાનનો સંભવ હોવા છતાં તક્રદાન તેનો બાધ કરે છે. તે જ રીતે અહીં પણ ષષ્ઠીનો સ્થાન સાથે સંબંધ છે (षष्ठीस्थाने योगा। એ સૂત્ર)નો સંભવ હોવા છતાં 'અન્ત્ય સ્વરની પછી मित् આવે (मिदचोऽन्त्यात्परः।એ સૂત્ર)' તેનો બાધ કરશે.

मस्ज् ને અનુલક્ષીને કહેલો અનુષંગનો લોપ અને સંયોગના આદિનો લોપ (થઇ શકે તે) માટે અન્ત્ય વર્ણની પૂર્વે (એમ કહેવું જોઇએ)॥૨॥ [50]

मस्ज् ધાતુને થતો मित् (આગમ नुम्) અન્ત્ય વર્ણની પૂર્વે થાય છે તેમ કહેવું જોઇએ. શા માટે (કહેવું જોઇએ)? અનુષંગનો અને સંયોગના આદિનો લોપ થાય તે માટે, એટલે કે ઉપાન્ત્ય न-કારનો લોપ થાય તે માટે તેમ જ સંયોગના આદિમાં રહેલા (स् અને क् એ) બેનો લોપ થાય તે માટે. અનુષંગના લોપ માટે (નાં ઉદાહરણ) તો मग्नः मग्नवान् (છે), જ્યારે સંયોગના આદિ (વર્ણ)ના લોપનાં (ઉદાહરણ) मङ्क्ता, मङ्क्तुम् , मङ्क्तव्यम् (છે). [51]

भर्ज् અને मर्च् એ બે (ધાતુઓ)ને પણ (मित् આગમ થાય છે તેમ કહેવું જોઇએ॥૩॥

---

[50] मस्ज् (टुमस्जो शुद्धौ) નું કર્મણિ ભૂ.કૃ.નું રૂપ કરતાં मस्ज् क्त-मस्ज् त--मस्जिनशोर्झलि। થી नुम् થતાં मस् न् ज् त--कित् પ્રત્યય क्त પર થતાં अनिदितां हल इपधाया क्ङिति। પ્રમાણે न् લોપ--मस्ज् त--સંયોગાદિ स-કારનો स्कोः संयोगाद्योरन्ते। પ્રમાણે લોપ થતાં मज् त--चोः कुः। થી ज् નું कुत्व--मग् त એ સ્થિતિમાં टुमस्जो(मस्ज्) માં ओ इत् છે તેથી તેની પછી આવતા નિષ્ઠા પ્રત્યય त નો ओदितश्च। પ્રમાણે न થઇને मग्नः રૂપ સિદ્ધ થશે.અહીં જોયું કે मस्ज् ધાતુને नुम् આગમ અંત્ય अच् પૂર્વે ન લગાડતાં ज-કાર પૂર્વે લગાડ્યો છે અને ઉપધા न् (अनुषङ्ग) નો લોપ થાય તે આ વાર્તિકનો હેતુ છે. नुम् એ मित् આગમ मिदचो० પ્રમાણે અંત્ય अच् પછી લાગે તો मन्स्ज् એ વર્ણ સમુદાયમાં न्स्ज् ની સંયોગ સંજ્ઞા થવાથી स्कोः संयोग० પ્રમાણે स् નો લોપ નહીં થાય કારણ કે તે સંયોગમાં આદિ નથી. તે રીતે मन्स्ज् માં न् ઉપધા નથી તેથી क्त પર થવા છતાં अनिदिताम्० પ્રમાણે તેનો લોપ નહી થાય તેથી ઇષ્ટ રૂપ સિદ્ધ નહી થઇ શકે.વાર્તિકમાં अनुषङ्ग શબ્દ ઉપધાભૂત न् માટે મૂક્યો છે.नकारस्य उपधायाः अनुषंग इति पूर्वाचार्यैः संज्ञा कृता। ન્યા.ભા.૧, (પૃ ૧૬૫).

[51] मङ्क्ता એ કેવળ સંયોગ લોપના ઉદાહરણ રૂપે આપ્યું છે. मस्ज् ને કર્તાના અર્થમાં ण्वुल्तृचौ। પ્રમાણે तृच् થતાં मस्ज् तृ-- मस्जिनशो० થી नुम् તે मित् છે તેથી અંત્ય अच् પછી લાગતાં मन्स्ज् तृ એમ થતાં ઉપર નોંધ(૫૦) માં જોયું તેમ स् નો લોપ ન થતાં ઇષ્ટ સિદ્ધિ નહીં થાય.તેથી વાર્તિકમાં मित् આગમ અંત્ય अल् પૂર્વે કરવો જોઇએ એમ કહ્યું છે, જેથી मस्न्ज् એ વર્ણ સમુદાયમાં स् સંયોગાદિ થતાં તેનો લોપ થઇને मङ्क्ता એ રૂપ સિદ્ધ થઇ શકે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भर्जिमर्च्योश्चान्त्यात्पूर्वो मिद्वक्तव्यः। भरूजा मरीचय इति॥ स तर्हि वक्तव्यः। न वक्तव्यः। निपातनात्सिद्धम्। किं निपातनम्। भरूजाशद्धोऽ-ङ्गुल्यादिषु पठ्यते मरीचिशद्धो बाह्वादिषु॥ किं पुनरयं पूर्वान्त आहोस्वित्परादिराहोस्दिभक्तः। कथं चायं पूर्वान्तः स्यात्कथं वा परादिः कथं वाभक्तः। यद्यन्त इति वर्तते ततः पूर्वान्तः। अथादिरिति वर्तते परादिः। अथोभयं निवृत्तं ततोऽभक्तः। कश्चात्र विशेषः।

अभक्ते दीर्घनलोपस्वरणत्वानुस्वारशीभावाः ॥४॥

**भर्ज्** અને **मर्च्** એ બે (ધાતુઓ) ને [52] પણ **मित्** (આગમ) અન્ત્યની પૂર્વે થાય છે એ કહેવું જોઇએ, જેમ કે **भरूजाः, मरीचयः** . તો પછી તે કહેવું પડશે? નહી કહેવું પડે, કારણ કે નિપાતનવ્દારા (તે) સિદ્ધ થાય છે. કયું નિપાતન? **भरूजा** શબ્દનો **अङ्गुल्यादि** ગણમાં પાઠ કર્યો છે અને **मरीचि** શબ્દનો **बाह्वादि** ગણમાં (પાઠ કર્યો છે તે નિપાતન).[53] પણ આ (જે **मित्** આગમ છે તે) પૂર્વનો અન્ત્ય અવયવ છે કે પરનો આદિ અવયવ છે કે પછી (આદિ કે અન્ત્ય કોઇનો) અવયવ જ નથી ? (એ આગમ) પૂર્વનો અન્ત્ય અવયવ કેવી રીતે થાય, અથવા પરનો આદિ અવયવ કેવી રીતે થાય અથવા તો (કોઇનો પણ) અવયવ ન હોય તે કેવી રીતે ? જો (પૂર્વ સૂત્રમાંથી) **अन्तः** ની અનુવૃત્તિ થતી હોય તો પૂર્વ -નો અન્ત્ય અવયવ થાય. હવે જો **आदि** ની અનુવૃત્તિ થતી હોય તો પરનો આદિ અવયવ થાય. પરંતુ જો (એ) બન્નેની નિવૃત્તિ થાય તો ( **मित्** આગમ અન્ત્ય કે આદિ બેમાંથી) કોઇનો અવયવ નહીં થાય.આમાં ફેર શો છે [54]

જો (**नुम्** આગમ કોઇનો) અવયવ ન થાય તો દીર્ઘ, **न्** નો લોપ, (ઉદાત્ત)સ્વર, (**न्** નો) **ण्**, (**म्** નો) અનુસ્વાર અને (**औ** નો) **शी** આદેશ નહી થાય ॥૪॥

---

[52] **भृज्** ધાતુને ઉણાદિ પ્રત્યય **अच्** લાગતાં ગુણ થઇને **उरण् रपरः।** પ્રમાણે **रपर** થતાં **भरज** એમ થતાં ઉણાદિ પ્રત્યય **ऊम्** લાગશે, પરંતુ લક્ષ્યાનુસાર આ **मित्** પ્રત્યય અંત્ય **अच्** ની પછી નહીં પણ અંત્ય **अल्** ની પૂર્વે લગાડવો પડશે જેથી **भरूज** અને તેને **टाप्** લાગીને **भरूजा** સિદ્ધ થઇ શકે. **मर्च्** ધાતુને **सत्यपपाश०** પ્રમાણે ચૌરાદિક **णिच्**-- પછી **इ** એ ઉણાદિ **अच्** પ્રત્યય થતાં **मर्च् णि इ** એ સ્થિતિમાં **णेरनिटि।** પ્રમાણે **णि** લોપ-- ઉણાદિ પ્રત્યય **ईम्** લાગશે. તે **मित्** હોવા છતાં અંત્ય **अच्** પછી ન લાગતાં અંત્ય **अल्** પૂર્વે લાગશે તેથી **मर् ईच् इ** --**मरीचिः** એ ઇષ્ટ રૂપ પ્રાપ્ત થાય છે.(પ્ર.)

[53] **भरुजा** નો **अङ्गुल्यादि** ગણમાં અને **मरीचि** નો **बाह्वादि** ગણમાં સૂત્રકારે પાઠ કર્યો છે. આમ નિપાતન વ્દારા ઇષ્ટ શબ્દસ્વરૂપો પ્રાપ્ત થાય છે તેથી વાર્તિકની જરૂર નથી એમ ભાવ છે. ચૌખં.સિ.કૌ.(૧૯૬૭) ભા.૪ માંના ગણપાઠમાં હ્રસ્વ ઉ-કાર યુક્ત **भरुजा** શબ્દ **अङ्गुल्यादि** તેમ જ **बाह्वादि** ગણમાં આપ્યો છે પરંતુ દીર્ઘ **ऊ**-કાર યુક્ત **भरूजा** શબ્દ બેમાંથી કોઇ ગણમાં આપ્યો નથી. **मरीचि** શબ્દ **मृकणिभ्यामीचिः।** ઉણાદિ સૂત્ર પ્રમાણે **मृ** ને **ईचि** લગાડીને સિદ્ધ કર્યો છે.

[54] **आद्यन्तौ०** માંથી **अन्त** ની અનુવૃત્તિ થાય છે તેમ સ્વીકારીને તો **मित्** આગમ પૂર્વ વર્ણનો અંત્ય અવયવ થશે.જો **आदि** ની અનુવૃત્તિ થાય છે તેમ સ્વીકારીએ તો તે આગમ પર વર્ણનો આદિ અવયવ થાય.પરંતુ બન્નેની નિવૃત્તિ થાય છે,એટલે કે બેમાંથી કોઇની અનુવૃત્તિ થતી નથી તેમ સ્વીકારીએ તો **मित्** આગમ પૂર્વ કે પર કોઇનો પણ અવયવ નહી થાય (**अभक्त**). અહી પૂર્વનો અંત કહ્યો છે તેમાં **मित्** આગમ પૂર્વવર્તી અન્ય વર્ણનો અંત્યાવયવ થશે એમ સમજવાનું નથી, પરંતુ પૂર્વવર્તી વર્ણસંઘાતનો અવયવ થશે એમ સમજવાનું છે, કારણ કે જે અન્ત્ય **अच्** ની પર હોય તે વળી અન્ય વર્ણનો અવયવ છે તેમ કહેવું એ પરસ્પર વિરુદ્ધ છે, કારણ કે એક વર્ણ અન્ય વર્ણનો અવયવ કેવી રીતે હોઇ શકે ? હવે જો પરનો આદિ છે એમ કહીએ તો જે **मित्** આગમ અન્ત્ય **अच्** ની પર હોય તે પરવર્તી વર્ણસમુદયનો આદિ હોઇ શકે પણ પૂર્વવર્તી વર્ણ સમુદાયનો આદિ ન હોઇ શકે એ સ્પષ્ટ છે તેથી **परादिः** એમ કહ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यद्यभक्तो दीर्घत्वं न प्राप्नोति। कुण्डानि वनानि। नोपधायाः। सर्वनामस्थाने चासंबुद्धौ। इति दीर्घत्वं न प्राप्नोति। दीर्घ॥ नलोप। नलोपश्च न सिध्यति। अग्ने त्री ते वाजिना त्री षधस्था। ता ता पिण्डानाम्। नलोपः प्रातिपदिकान्तस्य। इति नलोपो न प्राप्नोति। नलोप॥ स्वर। स्वरश्च न सिध्यति। सर्वाणि ज्यातीषि। सर्वस्य सुपि। इत्याद्युदात्तत्वं न प्राप्नोति। स्वर॥ णत्व। णत्वं च न सिध्यति। माषवापाणि व्रीहिवापाणि। पूर्वान्ते प्रातिपदिकान्तनकारस्येति-

જો नुम् એ (मित् આગમ પૂર્વ કે પરનો ) અવયવ ન હોય તો कुण्डानि। वनानि માં नोपधायाः। सर्वनामस्थाने चासंबद्धौ। પ્રમાણે દીર્ઘ (થાય છે તે) ન થવાનો પ્રસંગ આવે છે.[55] दीर्घ (ની ચર્ચા પૂરી). नलोप-अग्ने त्री ते वाजिना त्री षधस्था। ता ता पिण्डानाम्। માં नलोपः प्रातिपदिकान्तस्य। પ્રમાણે (થતો) न्‌નો લોપ સિદ્ધ નહીં થાય.[56] नलोप (ની ચર્ચા પૂરી).स्वर-सर्वाणि ज्योतीषि। માં सर्वस्य सुपि। પ્રમાણે (થતો ઉદાત્ત) સ્વર સિદ્ધ નહીં થાય.[57] स्वर (ની ચર્ચા પૂરી). णत्व-माषवापाणि। व्रीहिवापाणि માં (नपुंसकस्य झलचः। પ્રમાણે થતા न् નો) ण् આદેશ સિદ્ધ નહીં થાય.[58] (પરંતુ) પૂર્વનો અન્ત્ય (અવયવ ) છે તેમ સ્વીકારવામાં આવે તો 'પ્રાતિપદિકને અન્તે રહેલા न् નો ण् થાય છે' એ (વિધિ)પ્રમાણે

---

[55] अभक्त (આગમ પૂર્વવર્તી કે પરવર્તી કોઇ પણ વર્ણસમુદાયનો અવયવ ન) હોય તો कुण्डानि વગેરેમાં જે ઉપધા દીર્ઘ થાય (જુઓ ઉપર નોંધ ૪૫) છે તે નહીં થાય, કારણ કે જો न् (नुम्) અવયવ જ ન હોય તો અંગ ન-કારાન્ત નહીં થાય અને દીર્ઘવિધિ અંગાધિકારમાં આવી છે તેથી नोपधायाः। सर्वनामस्थाने०। એ સૂત્રો કાર્યશીલ નહીં થઇ શકે. તેથી कुण्डानि , वनानि ને સ્થાને कुण्डनि , वननि એમ વિકૃત અને અસાધુ રૂપો થવાનો પ્રસંગ આવશે.આ अभक्त હોય તો પ્રથમ દોષ કહ્યો.

[56] अभक्त હોય તો न् લોપ નહીં થાય એ બીજો દોષ છે. अग्ने त्री वाजिना त्री षधस्था ता ता पिण्डानाम्। આ મન્ત્રમાં त्री , त्री , ता , ता , वाजिना, षधस्था એ નપું.પ્ર.બ.વ.નાં રૂપો છે.મૂળ त्रीणि, तानि, वाजिनानि, षधस्थानि એમ હોય પરંતુ વેદમાં शेश्छन्दसि बहुलम्। પ્રમાણે शि લોપ થાય છે.દા.ત.त्रि जस्-जश्शसोः शि।--त्रि शि (इ) --शेश्छन्दसि। થી शि પ્રત્યયનો લોપ થતાં त्रि રહે છે છતાં प्रत्ययलोपे० પ્રમાણે તેને લગતું કાર્ય થશે.તેથી नपुंसकस्य० પ્રમાણે नुम् લાગતાં त्रिन् એ नान्त અંગની ઉપધાનો सर्वनामस्थाने० પ્રમાણે દીર્ઘ થઇને त्रीन् થતાં नलोपः प्राति० પ્રમાણે પ્રાતિપદિકને અંતે આવેલા न् નો લોપ થઇને त्री એ વૈદિક રૂપ થશે.તે જ રીતે ता , वाजिना , षधस्था સિદ્ધ થઇ શકે. હવે त्रीन् , तान् , वाजिनान् , षधस्थान् એ સ્થિતિમાં જો न् એ પદનો અવયવ ન હોય , એટલે કે તેનો અંત ન હોય તો તે પ્રાતિપદિકનો અંત ન થવાથી તેનો नलोपः प्राति० પ્રમાણે લોપ ન થઇ શકે એમ અહીં દલીલ છે.

[57] अभक्त ન હોય તો ત્રીજો દોષ સ્વરને લગતો આવશેઃ सर्वाणि ज्योतीषि। અહીં सर्व जस्-जस् નો शि--सर्व इ--नपुंसकस्य० થી नुम्--सर्व न् इ--सर्वनामस्थान० થી ઉપધા દીર્ઘ--सर्वा न् इ--रषाभ्यां नो० થી न् નો ण् થઇને सर्वाणि થાય છે અહીં सर्व પછી सुप् આવ્યો છે તેથી सर्वस्य सुपि। પ્રમાણે આદિ ઉદાત્ત થશે, પરંતુ नुम् જો અભક્ત હોય-પૂર્વનો અવયવ ન હોય તો सर्व અને सुप् પ્રત્યય इ વચ્ચે અનવયવભૂત न-કારનું વ્યવધાન થતાં सुप् પર નહીં રહે, પરિણામે सर्वस्य सुपि। સૂત્ર કાર્યશીલ નહીં થાય તેથી सर्व નો આદિ ઉદાત્ત નહીં થાય.( વાસ્તવમાં તે જ કારણે ઉપધા પણ દીર્ઘ નહીં થાય).અહીં स्वरविधौ व्यञ्जनमविद्यमानवत्। એ પરિભાષા છે તેથી વ્યંજન न् છે જ નહી (अविद्यमानवत्) તેમ સ્વીકારવાથી सुप् પર થશે અને ઇષ્ટ સ્વર થઇ શકશે એમ શંકા થાય.પરંતુ हल् ને ઉદાત્તાદિ સ્વર થવાનો પ્રસંગ આવે ત્યાં વ્યંજન ન હોવા બરોબર (अविद्यमानवत्) છે.તેને સ્વરવિધિમાં ગણનામાં લેવાનો નથી.તે રીતે अच् ને ઉદ્દેશીને જે વિધિ પ્રાપ્ત થતો હોય ત્યાં આ પરિભાષા લાગુ પડે છે. તેથી અહીં न् વ્યવધાન રૂપ થશે એમ નાગેશ ખુલાસો કરે છે. અહીં स्वरविधौ० એ પરિભાષાને લક્ષમાં લીધા વિના ઉદાત્ત સ્વર નહીં થાય એમ દોષ બતાવ્યો છે એમ યુ.મી. માને છે (જુઓ નવાહ્નિક પૃ.૫૬૩).

[58] अभक्त હોય તો ચોથો દોષ : माषान् वपन्ति એ અર્થમાં कर्मण्यण्। પ્રમાણે अण् લાગીને उपपादमतिङ्। પ્રમાણે ઉપપદ સમાસ થયો છે. ત્યાર બાદ ઉપર દર્શાવ્યા મુજબ शि, नुम् , सर्वनामस्थाने० પ્રમાણે દીર્ઘ થઇને माषवापाणि , व्रीहिवापाणि વગેરે થાય છે આ બન્ને ઉદાહરણમાં પૂર્વપદમાં રહેલ (પ્રથમમાં ष् અને બીજામાં र्) નિમિત્તને લીધેप्रातिपदिकान्तनुम्विभक्तिषु च। પ્રમાણે ઉત્તરપદના न् નો ण् થયો છે.અહીં नपुंसकस्य० પ્રમાણે થએલ नुम् ને અભક્ત ગણવામાં આવે તો પૂર્વપદમાં રહેલ ष् અને र् રૂપી નિમિત્તને કારણે न् નો ण् નહીં થાય એમ દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सिद्धम्। परादौ विभक्तिनकारस्येति। अभक्ते नुमो ग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। क्रियते न्यास एव। प्रातिपदिकान्तनुम्विभक्तिषु इति। णत्व॥ अनुस्वार। अनुस्वारश्च न सिध्यति। द्विषंतपः परंतपः। मोऽनुस्वारो हलीत्यनुस्वारो न प्राप्नोति। मा भूदेवम्। नश्चापदान्तस्य झलि। इत्येवं भविष्यति। यस्तर्हि न झल्परः। वहंलिहो गौः। अभ्रंलिहो वायुः॥ अनुस्वार॥**

(**णत्व**) સિદ્ધ થશે. જો પરનો આદિ (છે એમ સ્વીકારવામાં આવતું) હોય તો 'વિભક્તિમાં રહેલ (**विभक्तिषु**) **न्** નો (**ण्** થાય છે)' એ વિધિ અનુસાર (**णत्व**) સિદ્ધ થશે. જો પૂર્વ કે પર કોઇનો અવયવ નથી (એમ સ્વીકારવામાં આવે) તો એ (**प्रातिपदिकान्त०** એ સૂત્ર)માં **नुम्** નું ગ્રહણ કરવું પડશે.નહીં કરવું પડે, કારણ કે **प्रातिपदिकान्त-नुम्-विभक्तिषु।** એ સૂત્રમાં (**नुम्** ને) મૂક્યો જ છે.[59] **णत्व** (ની ચર્ચા પૂરી). **अनुस्वार**- (જો **मित्** ને અવયવ ગણવામાં ન આવે તો **म्** નો) અનુસ્વાર પણ નહીં થઇ શકે.[60] **द्विषंतपः। परंतपः।** માં **म्** ની પછી **हल्** આવવાથી તે) નો **मोऽनुस्वारः।** પ્રમાણે અનુસ્વાર નહીં થઇ શકે. ભલે તેમ ન થાય પણ **नश्चापदान्तस्य झलि।** એ સૂત્ર અનુસાર થશે. પરંતુ **वहंलिहो गौः। अभ्रंलिहो वायुः।** જેવામાં (म-કાર) પછી **झल्** (પ્રત્યાહારમાંનો વર્ણ) ન આવ્યો હોય ત્યાં શું? **अनुस्वार** (ની ચર્ચા પૂરી)

---

[59] **प्रातिपदिकान्त०** સૂત્રમાં **नुम्** નું ગ્રહણ કર્યું જ છે. અહીં ઉત્તરપદભૂત પ્રાતિપદિકને અંતે **न**-કાર હોય તેનું ગ્રહણ કરવાનું છે. તેથી શંકા કરવામાં આવે છે કે જો એમ હોય તો **गर्गभगिनी, दक्षभगिनी** જેવામાં પણ પૂર્વપદમાં રહેલ રેફ અને **ष**-કારને કારણે **न्** નો **ण्** થવો જોઇએ. અહીં શંકા થાય કે **गर्गभगिनी** માં **गर्ग** શબ્દની પછી આવેલ ઉત્તરપદ **भगिन्** એ **नान्त** પ્રાતિપદિક છે તેથી **प्रातिपदिकान्तनुम्०** પ્રમાણે **णत्व** પ્રાપ્ત થઇને **गर्गभगिणी** એ રૂપ પ્રાપ્ત થવાનો પ્રસંગ આવશે,પરંતુ **भगिन्** (**नान्त**) ઉત્તરપદ નથી **भगिनी** એ **ङ्यन्त** ઉત્તરપદ છે તેથી **णत्व** થવાનો પ્રશ્ન જ નથી. **माषवापिणौ** જેવાં સ્થળે ઉત્તરપદ **वापिन्** એ પ્રાતિપદિક **नान्त** છે તેથી **नुम्** ગ્રહણ ન કર્યું હોય તો પણ **प्रातिपदिकान्त०** સૂત્ર પ્રમાણે **णत्व्** થશે.અહીં પ્રશ્ન થાય કે **प्रातिपदिकान्त०** એ સૂત્રમાં ઉત્તરપદ શબ્દનું ગ્રહણ નથી કરવામાં આવ્યું પરંતુ એ સૂત્ર **पूर्वपदात्संज्ञायामगः।** એ સૂત્રમાંના પૂર્વપદાધિકાર નીચે આવેલું છે અને પૂર્વપદ એ સંબંધી શબ્દ છે તેથી પ્રસ્તુત સૂત્રમાં ઉત્તરપદ શબ્દ આક્ષેપથી લઇ શકાય છે તેથી સમજાય છે કે ઉત્તરપદભૂત જે પ્રાતિપદિક હોય તેના અન્ત્ય **न**-કારનો **ण**-કાર આદેશ થશે. પરિણામે **गर्गभगिनी , दक्षभगिनी** જેવામાં **ण्** આદેશ નહીં થાય. તો પછી **माषवापाणि** વગેરેમાં પણ **न्** નો **ण्** નહીં થાય, કારણ કે એ દૃષ્ટાન્તોમાં **न**- કાર ઉત્તરપદનો અવયવ નથી પરંતુ **माषवापान्** એ વર્ણસમુદાયભૂત અંગનો અવયવ છે, કારણ કે **नपुंसकस्य झलचः।** એ **नुम्** વિધાયક સૂત્ર અંગાધિકારમાં આવેલું છે. આ દોષ નિવારવા માટે **प्रातिपदिकान्त०** સૂત્રમાં સૂત્રકારે **नुम्** નું ગ્રહણ કર્યું છે. તેથી **णत्व** થઇને ઇષ્ટ રૂપ સિદ્ધ થઇ શકશે.

[60] અહીં આ પ્રમાણે દલીલ છેઃ **द्विषन्तं तापयति** એ અર્થના વાક્યનો સમાસ કરતાં **द्विषत् ताप्--द्विषत्परयोस्तापेः।** પ્રમાણે **खच्** (**अ**) અને **खचि ह्रस्वः।** પ્રમાણે હ્રસ્વ થતાં-- **द्विषत् तपः--अरुर्द्विषदजन्तस्य मुम्।** પ્રમાણે **मुम्** (**म्**) આગમ--**द्विषमत् तपः--संयोगान्तस्य०** પ્રમાણે સંયોગાન્ત **त्** નો લોપ -- **द्विषतम् तपः** એ સ્થિતિમાં **मोऽनुस्वारः।** થી **म्** નો અનુસ્વાર થાય, પરંતુ જો **म**-કાર અભક્ત હોય-પૂર્વપદનો અવયવ ન હોય, તો તે પદાન્ત ન કહેવાય તેથી **हल्** (**त**-કાર) પર હોવા છતાં અનુસ્વાર ન થઇ શકે. જો એમ કહેવામાં આવે કે ભલે **मोऽनुस्वारः।** પ્રમાણે ન થાય, પરંતુ **नश्चापदान्तस्य झलि।** પ્રમાણે અનુસ્વાર જરૂર થશે, પછી ભલે પદાન્ત ન હોય, આમ છતાં જ્યાં **झल्** પર ન હોય ત્યાં અનુસ્વાર નહીં થઇ શકે, જેમ કે **वहाभ्रे लिहः।** પ્રમાણે **वहं लेढि। अभ्रं लेढि।** જેવાં સ્થળે **खश्** લાગીને થતાં **वहंलिहः** (**गौः**)। **अभ्रंलिहः** (**वायुः**)। જેવાં શબ્દરૂપોમાં **म्** નો અનુસ્વાર નહીં થઇ શકે કારણ કે ત્યાં પર રહેલ **ल**-કાર **झल्** વર્ણ નથી પરિણામે ત્યાં દોષ રહેશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

शीभाव। शीभावश्च न सिध्यति। त्रपुणि जतुनी तुम्बुरुणी। नपुंसकादुत्तरस्यौङः शीभावो भवतीति शीभावो न प्राप्नोति॥ एवं तर्हि परादिः करिष्यते।

परादौ गुणवृद्ध्यौत्वदीर्घनलोपानुस्वारशीभावेनकारप्रतिषेधः ॥५॥

यदि परादिः गुणः प्रतिषेध्यः। त्रपुणे जतुने तुम्बुरुणे। घेर्ङिति इति गुणः प्राप्नोति। गुण॥ वृद्धि। वृद्धिः प्रतिषेध्या। अतिसखीनि ब्राह्मणकुलानि। सख्युरसंबुद्धौ इति णित्वेऽचो ञ्णिति इति वृद्धिः प्राप्नोति। वृद्धि॥ औत्व। औत्वं च प्रतिषेध्यम्। त्रपुणि जतुनि तुम्बुरुणि। इदुद्भ्यामौदच्च घेः इत्यौत्वं प्राप्नोति। औत्व॥

शीभाव- (જો मित् ને અવયવ ન ગણવામાં આવે તો नपुंसकाच्च। પ્રમાણે औ નો) शी આદેશ નહીં થઇ શકે.[61] त्रपुणी। जतुनी। तुम्बुरुणी માં નપુંસકલિંગ શબ્દની પછી આવતા (પ્રથમા દ્વિતીયાના) औ પ્રત્યયનો शी આદેશ (થાય છે તે)ન થવાનો પ્રસંગ આવશે. એમ હોય તો પછી (मित् ને) પરનો આદિ અવયવ કરવામાં આવશે.[62]

પરનો આદિ (ગણવામાં આવે) તો ગુણ, વૃદ્ધિ , औ આદેશનો પ્રતિષેધ (કરવો પડશે), દીર્ઘ, न्- લોપ, અને અનુસ્વાર (સિદ્ધ નહીં થાય અને) शी આદેશ થાય ત્યાં न-કારનો પ્રતિષેધ (કરવો પડશે) ॥૫॥

જો પરનો આદિ હોય તો घेर्ङिति।પ્રમાણે त्रपुणे। जतुने। तुम्बुरुणे માં ગુણ થવાનો પ્રસંગ આવે છે[63] તેનો પ્રતિષેધ કરવો જોઇએ.गुण (ની ચર્ચા પૂરી).वृद्धि-વૃદ્ધિનો પ્રતિષેધ કરવો પડશે.[64] अतिसखीनि ब्राह्मणकुलानि। માં सख्युरसंबुद्धौ। પ્રમાણે સર્વનામસ્થાન પ્રત્યય णित् થવાથી अचोञ्णिति। પ્રમાણે વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે. (વૃદ્ધિની ચર્ચા પૂરી). औत्व- त्रपुणि। जतुनि। तुम्बुरुणि। માં इदुद्भ्यामौत्। अच्च घेः। પ્રમાણે (સપ્તમીના ङि નો) औ આદેશ થવાનો પ્રસંગ આવે છે[65] તેનો પ્રતિષેધ કરવો પડશે.औत्व (ની ચર્ચા પૂરી).

---

[61] જો અભક્ત હોય તો त्रपुणी વગેરેમાં नपुंसकाच्च। પ્રમાણે औङ् નો शी આદેશ થાય છે તે નહીં થાય. त्रपुणी--त्रपु औ અહીં इगन्त નપુંસકલિંગ અંગ પછી औ એ अजादि વિભક્તિ આવી હોવાથી इकोऽचि विभक्तौ। પ્રમાણે नुम् આગમ થતાં त्रपु न् औ એ સ્થિતિમાં नुम् ને અંગનો અવયવ ન ગણવામાં આવે તો त्रपु એ इगन्त અંગ અને अजादि વિભક્તિ औ વચ્ચે न-કારનું વ્યવધાન હોવાથી औङ् એ વિભક્તિ અંગની અવ્યવહિત રીતે પર નથી તેથી नपुंसकाच्च। પ્રમાણે औङ् નો शी નહીં થઇ શકે, કારણ કે नुम् કૃતાકૃતપ્રસંગી હોવાથી નિત્ય છે તેમ જ પર છે તેથી તેનું વ્યવધાન થશે જ..

[62] આમ અભક્ત ગણવાથી ઉદ્‌ભવતા દોષોનું પરિગણન કર્યુ તેથી હવે તે ટાળવા માટે पर નો આદિ અવયવ ગણવાનું સૂચવે છે. પરંતુ તેમ કરવા છતાં ગુણ, વૃદ્ધિ, औत्व વગેરે થવાનો પ્રસંગ આવશે એમ સદ્દષ્ટાન્ત દલીલ કરે છે

[63] ગુણ-- घि સંજ્ઞક અંગની પછી ङित् પ્રત્યય આવતાં તેનો ગુણ થાય છે તેથી त्रपु ङे એ સ્થિતિમાં અંગના ઉ-કારનો घेर्ङिति। પ્રમાણે ગુણ થવાનો પ્રસંગ આવશે.અહીં इकोऽचि विभक्तौ। પ્રમાણે नुम् થતાં त्रपु न् ङे એ સ્થિતિમાં न् આગમને પરનો આદિ અવયવ ગણવામાં આવે તો અંગ त्रपु અને ङि પ્રત્યય એ બેની વચ્ચે આગમ વ્યવધાન રૂપ નહીં બને તેથી ગુણ થતાં અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે તેથી ગુણનો પ્રતિષેધ કરવો પડશે એમ અહીં દલીલ છે.

[64] વૃદ્ધિ-- अतिसखिनी ब्राह्मणकुलानि। અહીં सखि એ અંગની પર થતાં સંબોધન એક વચન સિવાયનાં સર્વનામસ્થાન પ્રત્યય णिद्वत् થાય છે એટલે કે તે પ્રત્યયોને णित् જેવા ગણવાના છે તેથી जस् પ્રત્યય णित् ગણાશે તેથી अचोऽञ्णिति। પ્રમાણે વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે, કારણ કે नुम् આગમ પરનો અવયવ છે તેમ સ્વીકાર્યુ છે તેથી તે વ્યવધાન રૂપ નહીં થાય.આથી વૃદ્ધિ નહીં થાય તેમ કહેવું પડશે એમ અહીં દલીલ છે. આ દોષોનું નિવારણ ભટ્ટોજી દીક્ષિતે वृध्यौत्वतृज्वद्भावगुणेभ्यो नुम् पूर्वविप्रतिषेधेन। (વા.) એ વાર્તિકને આધારે કર્યુ છે. [જુઓ: इकोऽचि विभक्तौ। (૭-૧-૭૩) ઉપરની સિ.કૌ.]

[65] औत्व-- त्रपुणि , जतुनि વગેરે સપ્તમી એ.વ. નાં રૂપોમાં त्रपु વગેરે घि સંજ્ઞક અંગોની પર થતા ङि નો अच्च घेः। પ્રમાણે औ અને અંગના અંત્યનો अ-કાર આદેશ થવાનો પ્રસંગ આવશે તેથી તેનો પ્રતિષેધ કરવો પડશે એમ અહીં ભાવ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

दीर्घ। दीर्घत्वं च न सिध्यति। कुण्डानि वनानि। नोपधायाः सर्वनामस्थान इति दीर्घत्वं न प्राप्नोति। मा भूदेवम्। अतो दीर्घो यञि सुपि च इत्येवं भविष्यति। इह तर्हि। अस्थीनि दधीनि प्रियसखीनि ब्राह्मणकुलानि। दीर्घ॥ नलोप। नलोपश्च न सिध्यति। । अग्ने त्री ते वाजिन त्री षधस्था। ता ता पिण्डानाम्। नलोपः प्रातिपदिकान्तस्य इति नलोपो न प्राप्नोति। नलोप॥ अनुस्वार। अनुस्वारश्च न सिध्यति। द्विषंतपः परंतपः। मोऽनुस्वारो हलीत्यनुस्वारो न प्राप्नोति। मा भूदेवम्। नश्चापदान्तस्य झलि इत्येवं भविष्यति। यस्तर्हि न झल्परः। वहंलिहो गौः। अभ्रंलिहो वायुः॥ अनुस्वार॥

दीर्घ--(मित् ने પરનો આદિ અવયવ લેવામાં આવે તો) **कुण्डानि। वनानि।** માં **नोपधायाः। सर्वनामस्थाने (चासंबद्धौ।)**પ્રમાણે **न-** કારાન્તની ઉપધાનો દીર્ઘ ન થવાનો પ્રસંગ આવે છે. [66] ભલે એ રીતે (દીર્ઘ) ન થાય,[67] પરંતુ **अतो दीर्घो यञि। सुपि च।** પ્રમાણે થશે. તો પછી આ **अस्थीनि। दधीनि। प्रियसखीनि ब्राह्मणकुलानि** માં (નહીં થાય).[68] **दीर्घ** (ની ચર્ચા પૂરી). **नलोप-** (જો **मित्** ને પરનો આદિ અવયવ લેવામાં આવે તો) -**अग्ने त्री ते वाजिना त्री षधस्था। ता ता पिण्डानाम्।** માં **नलोपः प्रातिपदिकान्तस्य।** પ્રમાણે (થતો) **न्**નો લોપ સિદ્ધ નહીં થાય.[69] **नलोप** (ની ચર્ચા પૂરી).**अनुस्वार-** (જો **मित्** આગમને પરનો આદિ અવયવ ગણવામાં આવે તો) અનુસ્વાર સિદ્ધ નહીં થાય. **द्विषंतपः। परंतपः।** માં **हल्** પાછળ આવતાં **मोऽनुस्वारः।** પ્રમાણે **म्** નો અનુસ્વાર (થાય છે તે) ન થવાનો પ્રસંગ આવે છે. [70] ભલે તે રીતે ન થાય, પણ **नश्चापदान्तस्य झलि।** એ સૂત્ર પ્રમાણે (અનુસ્વાર) થશે. પરંતુ **वहंलिहो गौः। अभ्रंलिहो वायुः।** જેમાં (म-કાર) પછી **झल्** (પ્રત્યાહારમાંનો વર્ણ) ન આવ્યો હોય ત્યાં શું? **अनुस्वार** (ની ચર્ચા પૂરી).

---

[66] દીર્ઘત્વ--**नुम्** ને પરનો અવયવ ગણવામાં આવે તો **कुण्डानि** વગેરેમાં ઉપધા દીર્ઘ થાય છે (જુઓ ઉપર નોંધ ૪૫) તે ન થવાનો પ્રસંગ આવશે કારણ કે અંગ **न**-કારાન્ત નથી રહેતું.

[67] આ દોષ આવતો હશે તો પણ દીર્ઘ થઇ શકશે, કારણ કે **नुम्** ને પરનો અવયવ ગણવામાં આવે તો પણ **जस्**,**शस्** એ પ્રત્યયો **नुम्** ને કારણે **यञादि** થશે પરિણામે **अतो दीर्घो यञि। सुपि च।** પ્રમાણે દીર્ઘ થઇને **कुण्डानि** વગેરે સિદ્ધ થઇ શકશે.

[68] આમ છતાં **अस्थीनि, दधीनि** વગેરેમાં **अस्थि** વગેરે અંગ **अ**-કારાન્ત નથી તેથી **सुपि च।** પ્રમાણે દીર્ઘ નહીં થઇ શકે તથા **न**-કારાન્ત નથી તેથી **सर्वनामस्थाने०** પ્રમાણે દીર્ઘ નહીં થાય એ દોષ ઊભો રહે છે.એમ દલીલ છે.

[69] **नलोप--** [જુઓ ઉપર નોંધ(૫૬)] **अग्ने त्री** વગેરેમાં **त्रीणि , वाजिनानि , षधस्थानि** વગેરેમાં પ્રાતિપદિકને અંતે આવેલ ન હોવાથી **नलोपः प्रातिपदिक०** પ્રમાણે **न्** લોપ નહીં થાય, કારણ કે તે પરનો અવયવ છે તેમ અહીં સ્વીકાર્યું છે. અહીં **शेश्छन्दसि बहुलम्।** પ્રમાણે પણ લોપ નહીં થઇ શકે, કારણ કે **निर्दिश्यमानस्यादेशा भवन्ति।** અને **अलोऽन्त्यस्य।** એ પરિભાષા પ્રમાણે માત્ર **इ**-કારનો જ લોપ થશે, કારણ કે સૂત્રમાં **शि** નો નિર્દેશ કર્યો છે.

[70] અનુસ્વાર--[જુઓ ઉપર નોંધ (૬૦)] **मुम्** ને પદાદિ ગણવામાં આવે તો **द्विषंतपः** વગેરેમાં અનુસ્વાર નહીં થઇ શકે એ બાબતમાં બે પક્ષ છે : જો **म्** ને પરાદિ ગણવામાં આવે તો તો તે **त**-કારનો અવયવ થશે અને પદાન્તનો અવયવ હોવાથી તે પણ પદાન્ત ગણાશે, પરિણામે **मोऽनुस्वारः।** પ્રમાણે અનુસ્વાર થઇ શકશે.અન્ય પક્ષે એમ સ્વીકારવામાં આવ્યું છે કે **म् त**-કારનો અવયવ થશે તેથી **यदागमाः०** એ પરિભાષા પ્રમાણે જ્યારે **त**-કારનું ગ્રહણ થાય ત્યારે **म**-કારનું પણ ગ્રહણ થાય પણ **म**-કાર પદાન્ત તો ન જ ગણાય, કારણ કે **त**-કાર અને **म**-કાર બન્ને એકી સાથે કેવી રીતે પદાન્ત થઇ શકે ? આમ છતાં **संयोगान्तस्य०** પ્રમાણે સંયોગાન્ત **त**-કારનો લોપ થતાં **म**-કાર પદાન્ત થશે તેથી તેનો અનુસ્વાર પણ થશે. **नश्चापदान्तस्य।** વગેરેની ચર્ચા ઉપર નોંધ(૬૦) માં આવી ગઇ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**शीभावेनकारप्रतिषेधः। शीभावे नकारस्य प्रतिषेधो वक्तव्यः। त्रपुणी जतुनी तुम्बुरुणी। सनुम्कस्य शीभावः प्राप्नोति। नैष दोषः। निर्दिश्यमान-स्यादेशा भवन्तीत्येवं न भविष्यति। यस्तर्हि निर्दिश्यते तस्य न प्राप्नोति। कस्मात्। नुमा व्यवहितत्वात्। एवं तर्हि पूर्वान्तः करिष्यते।**

**पूर्वान्ते नपुंसकोपसर्जनह्रस्वत्वं द्विगुस्वरश्च ॥६॥**

यदि पूर्वान्तः क्रियते नपुंसकोपसर्जनह्रस्वत्वं द्विगुस्वरश्च न सिध्यति। आराशस्त्रिणी धानाशष्कुलिनी।

**शीभाव-शी** આદેશ મૂકવાનો હોય ત્યારે **न**-કારનો પ્રતિષેધ[71] અર્થાત્ જ્યારે (**औ**નો) **शी** આદેશ થાય ત્યારે **न**-કારનો પ્રતિષેધ કરવો જોઇએ, (નહીં તો) **त्रपुणी**। **जतुनी**। **तुम्बुरुणी**। માં **नुम्** (આગમ) સહિતના ( **औङ्** ) નો **शी** આદેશ થવાનો પ્રસંગ આવશે. એ વાંધો નહીં આવે, (કારણ કે)' સૂત્રમાં જેનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તેના જ આદેશ થાય છે' એ ન્યાયે ( **नुम्** આગમ સહિતના **औङ्** નો **शी** આદેશ) નહીં થાય.[72] તો પછી (સૂત્રમાં) જેનો નિર્દેશ કરવામાં આવ્યો છે તેના (**शी** આદેશ) ન થવાનો પ્રસંગ આવે છે.[73] શા માટે (આવે છે)? કારણ કે **नुम्**(આગમ)નું વ્યવધાન છે. જો એમ હોય તો પૂર્વનો અન્ત્ય અવયવ ગણીશું.

જો પૂર્વનો અન્ત્ય અવયવ (ગણશો) તો નપુંસકમાં હ્રસ્વ, (તેમ જ) ઉપસર્જનનો હ્રસ્વ (સિદ્ધ નહીં થાય) અને દ્વિગુમાં (સમાસ) સ્વર (સિદ્ધ નહીં થાય ॥૬॥

જો (**मित्** આગમને) પૂર્વનો અન્ત્ય અવયવ કરવામાં આવે તો નપુંસકલિંગ શબ્દનો હ્રસ્વ , ઉપસર્જનનો હ્રસ્વ[74] તેમ જ દ્વિગુસમાસમાં (પૂર્વપદનો પ્રકૃતિ) સ્વર સિદ્ધ નહીં થાય.(નપુંસકનો હ્રસ્વ) **आराशस्त्रिणी**। **धानाशष्कुलिनी** (માં),

---

[71] **शी**-ભાવ--[જુઓ ઉપર નોંધ(૬૧)] **त्रपुणी** અહીં નપુંસકમાં **औ** નો **शी** આદેશ થાય છે તેમાં જો **नुम्** ને પરાદિ ગણવામાં આવે તો **नौ** નો **शी** થવાનો પ્રસંગ આવે છે તે નિવારવા માટે **न**-કારનો પ્રતિષેધ કરવો પડશે એમ દલીલ છે.

[72] પરંતુ **निर्दिश्यमानस्य** ० અર્થાત્ જે સ્થાનીનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તેને જ સ્થાને આદેશ થાય છે એ પરિભાષા પ્રમાણે **शी** આદેશ અનુવૃત્તિ દ્વારા જેનો **नपुंसकाच्च**। એ સૂત્રમાં નિર્દેશ કરવામાં આવ્યો છે તે **औ** નો જ થશે **नुम्** સહિતના **औ** (**नौ**) નો નહીં. જેમ કે **द्विपाद्** - **पाद्** અંતે હોય તેવા **भ** સંજ્ઞક અંગનો **पादः पत्**। પ્રમાણે **पद्** આદેશ થાય છે તેથી **द्विपाद्** એ **भ** સંજ્ઞકમાં સમસ્ત **द्विपाद्** પદનો આદેશ નહીં થાય માત્ર **पाद्** નો જ આદેશ થશે એટલેકે **तदन्त** નો આદેશ નહીં થાય.

[73] સૂત્રમાં નિર્દિષ્ટનો જ આદેશ થાય છે છતાં અહીં **औ** નો **शी** નહીં થઇ શકે, કારણ કે પરનો આદિ અવયવ હોવા છતાં નપુંસક અંગ અને **औ** વચ્ચે **नुम्** નું વ્યવધાન છે.

[74] જો પૂર્વનો અંત ગણવામાં આવે તો નપુંસક અને ઉપસર્જન હ્રસ્વ નહીં થાય.સમાહાર દ્વન્દ્વ એટલે કે જ્યાં એકવદ્ભાવનું વિધાન કરવામાં આવ્યું હોય તે દ્વન્દ્વ અને દ્વિગુ સમાસ નપુંસકલિંગી થાય છે. **आराशस्त्रिणी , धानाशष्कुलिनी** એ સમાહાર દ્વન્દ્વ સમાસો છે, **आरा च शस्त्री च ते** એ વિગ્રહવાક્યનો **जातिरप्राणिनाम्**। પ્રમાણે સમાહાર દ્વન્દ્વ સમાસ કરતાં **स नपुंसके**। પ્રમાણે નપુંસકલિંગ, તેનું દ્વિવચન કરતાં - **नपुंसकाच्च**। પ્રમાણે પ્ર. દ્વિ.વ.ના **औ** નો **शी**--**इकोऽचि**० થી **नुम्**. હવે **नुम्** ને પૂર્વનો અવયવ માનવામાં આવે એટલે કે **आराशस्त्री** જેવામાં **ई** પછીના **न्** એના અંશભૂત છે તેમ સ્વીકારવાથી **आराशस्त्रीन् शी** એ સ્થિતિમાં અંગ **अजन्त** ન રહેવાથી **ह्रस्वो नपुंसके प्रातिपदिक** ० પ્રમાણે નપુંસકાર્થ પ્રાતિપદિકના અંત્ય **अच्** નો હ્રસ્વ થાય છે તે નહીં થાય. **निष्कौशाम्बिनी** વગેરેમાં **निष्क्रान्ते कौशाम्ब्याः ते**। એ અર્થના પ્રાદિ સમાસમાં **निरादयः क्रान्त्याद्यर्थे पञ्चम्या**। (वा०) પ્રમાણે **कौशाम्ब्याः** એ પંચમ્યન્ત **निष्क्रान्त** ની કોઇ પણ વિભક્તિ સાથે એક જ -પંચમી- વિભક્તિમાં રહે છે તેથી **एकविभक्ति चापूर्वनिपाते ॥** પ્રમાણે ઉપસર્જન થશે અને તેથી **गोस्त्रियोः**० પ્રમાણે **निष्कौशाम्बि** એમ હ્રસ્વ થશે. અહીં વિશેષ્ય **ब्राह्मणकुले** નપું. છે તેથી **निष्कौशाम्बि** પણ નપું. થશે તેથી પ્ર.દ્વિ.વ. નો **औ** પર થતાં **इकोऽचि** ० પ્રમાણે **नुम्** થતાં **निष्कौशाम्बिन्** એ સમાસ **अजन्त** નથી રહેતો તેથી **ह्रस्वो नपुंसके**० થી હ્રસ્વ નહીં થાય અને ઉપસર્જનભૂત સ્ત્રીપ્રત્યયાન્ત અંતે ન રહેવાથી **गोस्त्रियोः**० પ્રમાણે હ્રસ્વ પણ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

निष्कौशाम्बिनी निर्वाराणसिनी। द्विगुस्वरः। पञ्चारत्निनी दशारत्निनी। नुमि कृतेऽनन्त्यत्वादेते विधयो न प्राप्नुवन्ति॥
न वा बहिरङ्गत्वात्॥७॥
न वैष दोषः। किं कारणम्। बहिरङ्गो नुमन्तरङ्गा एते विधयः। असिद्धं बहिरङ्गमन्तरङ्गे॥ द्विगुस्वरे भूयान्परिहारः। संघातभक्तोऽसौ नोत्सहतेऽवयवस्येगन्ततां विहन्तुमिति कृत्वा द्विगुस्वरो भविष्यति॥
एच इग्घ्रस्वादेशे॥१।१।४८॥

किमर्थमिदमुच्यते।
एच इक्सवर्णाकारनिवृत्त्यर्थम्॥१॥
(ઉપસર્જનનો હ્રસ્વ) निष्कौशाम्बिनी। निर्वाराणसिनी। (માં),( દ્વિગુસ્વર) [75] पञ्चारत्निनी। दशारत्निनी (માં) नुम् (આગમ) કર્યા પછી અન્તે अच् ન હોવાથી એ સર્વ વિધિઓ ન થવાનો પ્રસંગ આવશે.
અથવા (नुम्) બહિરંગને કારણે થાય છે તેથી (દોષ) નહીં (આવે)॥७॥ [76]
અથવા એ દોષ નહીં આવે. શામાટે (નહીં આવે)? કારણ કે (नुम्) બહિરંગને કારણે થાય છે. नुम् બહિરંગ છે જ્યારે આ વિધિઓ [77] અન્તરંગ છે અને જ્યારે અન્તરંગ કાર્ય કરવાનું હોય ત્યારે બહિરંગ નથી થયું તેમ ગણાય છે.
દ્વિગુસ્વરની બાબતમાં (બતાવેલ દોષનો) વધારાનો પરિહાર એ છે [78] કે (આગમ) સમુદાયનો અવયવ થતો હોવાથી તે અવયવના इगन्त સ્વરૂપને મિટાવી શકતો નથી, એથી કરીને દ્વિગુ(સમાસમાં પ્રકૃતિ) સ્વર થશે.

एच् (એટલે કે ए, ओ, ऐ અને औ)નો હ્રસ્વ આદેશ કરવાનો હોય ત્યાં इक् (એટલે કે इ, उ, ऋ અને ऌ) થાય છે॥१।१।४८॥

આ (સૂત્ર) શા માટે કરવામાં આવ્યું છે? [79]
'एच्નો (આદેશ)થાય છે' એમ સવર્ણ અને अ-કારની નિવૃત્તિ માટે (કહ્યું છે)॥१॥ [80]

---

[75] દ્વિગુ સ્વર-- पञ्च अरत्नयः प्रमाणमनयोः ते। એ અર્થનો पञ्चारत्निनी એ દ્વિગુ સમાસમાં अरत्नि એ इगन्त ઉત્તરપદ છે તેથી इगन्तकाल-कपाल० પ્રમાણે પૂર્વપદ પ્રકૃતિસ્વર રહે છે પરંતુ અહીં इकोऽचि० પ્રમાણે नुम् થતાં આ સમાસ इगन्त નહીં રહે તેથી પૂર્વપદ પ્રકૃતિસ્વર નહીં થાય.

[76] આ દોષ નહીં આવે કારણ કે नुम् આગમ પર આવનાર વિભક્તિ ઉપર આધાર રાખે છે (अचि विभक्तौ) તેથી બહિરંગ છે જ્યારે હ્રસ્વ વિધિ અને સ્વરવિધિ તે રીતે વિભક્તિ ઉપર આધાર રાખતા નથી તેથી અંતરંગ છે અને असिद्धं बहिरङ्गमन्तरङ्गे। એ ન્યાયે नुम् નિત્ય હોવા છતાં હ્રસ્વને લગતું કાર્ય કરવાનું હોય ત્યારે તે છે જ નહીં તેમ ગણાશે તેથી હ્રસ્વ થઇ શકશે અને ઉપર બતાવેલ દોષ નહીં આવે. એ રીતે દ્વિગુમાં પૂર્વપદ પ્રકૃતિસ્વર થઇ શકશે.
[77] નપુંસકહ્રસ્વ, ઉપસર્જનહ્રસ્વ અને દ્વિગુસ્વર એ ત્રણ હોવાથી विधयः એમ બહુવચનનો પ્રયોગ કર્યો છે.
[78] नुम् આગમ पञ्चारत्निनी માં સંઘાતભૂત पञ्चारत्निनी સમાસ इगन्त નથી તેમ ઉદ્ભાવી શકે પરંતુ તેમાં અવયવ તરીકે રહેલ अरत्नि ની इगन्त-તાનો નાશ ન કરી શકે તેથી પૂર્વપદ પ્રકૃતિસ્વર થશે, કારણ કે અવયવભૂત अरत्नि કંઇ इगन्त મટી જતો નથી. આમ દોષરહિત હોવાથી અંતે તો नुम् પૂર્વનો અંત છે તે મત જ રહે છે. છાયા भूयान् નો અર્થ 'અનેક' કરે છે અને इयसुन् ને સ્વાર્થે લે છે.
[79] આગળ ઉપર ભાષ્યકાર આ સૂત્રનું પ્રત્યાખ્યાન કરવાના છે (જુઓ सिद्धमेङः सस्थानत्वात्। અને एचोश्चोत्तरभूयस्त्वात्।) કારણ કે આ સૂત્ર વિના પણ ઇષ્ટ સિદ્ધિ થઇ શકે છે તેથી શંકાકાર પૂછવા માગે છે કે આ સૂત્રની કોઇ જરૂર ખરી ?
[80] સવર્ણ નિવૃત્તિ અને अ-કાર નિવૃત્તિ એમ બે ભિન્ન વિષય ગણાશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एच इग्भवतीत्युच्यते सवर्णनिवृत्यर्थमकारनिवृत्यर्थं च। सवर्णनिवृत्यर्थं तावत्। एङो ह्रस्वशासनेष्वर्ध एकारोऽर्ध ओकारो वा मा भूदिति॥ अकारनिवृत्त्यर्थं च। इमावैचौ समाहारवर्णौ। मात्रावर्णस्य मात्रेवर्णोवर्णयोः। तयोर्ह्रस्वशासनेषु कदाचिदवर्णः स्यात्कदाचिदिवर्णोवर्णौ। मा कदाचिदवर्णं भूदित्येतदर्थमिदमुच्यते॥ अस्ति प्रयोजनमेतत्। किं तर्हीति। दीर्घप्रसंगः। दीर्घास्त्विकः प्राप्नुवन्ति। किं कारणम्। स्थानेऽन्तरतमो भवतीति।

एच् (એટલે કે ए, ओ, ऐ અને औ) નો इक् (અર્થાત્ इ, उ, ऋ અને ऌ ) થાય છે એમ સવર્ણની નિવૃત્તિ માટે તેમ જ अ-કારની નિવૃત્તિ માટે કહ્યું છે. સવર્ણની નિવૃત્તિ માટે તો એ માટે કે જ્યાં જ્યાં एङ् નો [81] ह्रस्व આદેશ કરવાનું કહ્યું હોય ત્યાં ત્યાં અર્ધ ए-કાર કે અર્ધ ओ-કાર ન થાય. अ-કારની નિવૃત્તિ માટે પણ એટલા સારૂ કે આ ऐच् (પ્રત્યાહારના ऐ અને औ ) વર્ણ [82] બે વર્ણો ભેગા થઇને બનેલા છે, તેમાં એક માત્રા अ વર્ણની છે અને (પાછળની) એક માત્રા इ કે उ વર્ણની છે.તેમાં તે બેનો ह्रस्व કરવાનું વિધાન હોય ત્યાં કોઇવાર अ વર્ણ થાય અને કોઇ વાર इ કે उ વર્ણ થાય. તેમાં अ-વર્ણ કદાપિ ન થાય તે માટે આ સૂત્ર ઉચ્ચારવામાં આવ્યું છે. શું (આ સૂત્રનું) એ પ્રયોજન છે? તો પછી શું છે ? દીર્ઘ થવાનો પ્રસંગ આવશે, કારણ કે (एच् ને સ્થાને) દીર્ઘ इक् વર્ણ( એટલે કે દીર્ઘ ई કે દીર્ઘ ऊ) થવાનો પ્રસંગ આવે છે.[83] (તેમ થવાનું) શું કારણ? स्थानेऽन्तरतमः। થી અંતરતમ આદેશ થાય છે એ કારણ.

---

[81] અહીં एच् ન કહેતાં एङ् એમ કહેવાનું કારણ એ છે કે एङ् વર્ણો રેત અને પાણીની જેમ પ્રશ્લિષ્ટ છે તેથી તેમને સ્થાને ह्रस्व કરવાનો હોય ત્યારે પ્રશ્લિષ્ટ अ- વર્ણ અને અર્ધ (=ह्रस्व) इ-કાર અને અર્ધ उ-કાર પ્રાપ્ત થાય છે, કારણ કે તે અંતરતમ છે. જો કે પ્રશિષ્ટ સંસ્કૃત તેમ જ મોટે ભાગે વેદાદિમાં ह्रस्व ए-કાર, ओ-કાર, સ્વીકારવામાં આવ્યા નથી છતાં આગળ ભાષ્યકાર કહેશે કે સામવેદની સાત્યમુગ્ર અને રાણાયણ -ની શાખાઓમાં અર્ધ એટલે કે ह्रस्व ए-કાર, ओ-કાર સ્વીકારવામાં આવ્યા છે. આમ ह्रस्व સવર્ણ ए , ओ ન થાય તે માટે આ સૂત્ર કરવામાં આવ્યું છે.

[82] ऐच् એ સમાહાર (વિશ્લિષ્ટ) વર્ણો છે, કારણ કે તેમાં વર્ણોના અંશો એકઠા કરવામાં આવ્યા છે [(समाह्रियमाणावयवत्वात्वात्।प्र० ) અર્થાત્ એ મધ્યમપદલોપી સમાસ છે. समाह्रियते इति समाहारः। કર્મના અર્થમાં घञ् લાગીને થએલ શબ્દરૂપનો वर्ण સાથેનો समाहारौ च ते वर्णौ च। એ વિગ્રહનો કર્મધારય નથી, કારણ કે વર્ણનો એક અંશ એ વર્ણ ન કહેવાય(ना. )] , કારણ કે ऐ માં अ અને इ તથા औ માં अ અને उ નો ભાસ થાય છે. તેમાં એક માત્રાકાલ જેટલો अ-કાર અને એક માત્રાકાલ જેટલો इ- કાર કે उ-કાર રહેલા છે.અહીં ऐच् ને સ્થાને ह्रस्व કરવાનો હોય તો કયો વર્ણ આવે, अ-કાર આવે કે इ-કાર અથવા उ-કાર આવે તે વિશે શંકા થઇ શકે તેથી સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે इ કે उ આવે. આમ अ-કારની નિવૃત્તિ એ પણ આ સૂત્રનું પ્રયોજન છે. દા.ત. गोः समीपम्। એ અર્થનો अव्ययं विभक्ति ० પ્રમાણે સામીપ્યના અર્થમાં અવ્યયીભાવ સમાસ કરતાં उप गो એ સ્થિતિમાં गो શબ્દ ઉપસર્જન હોવાથી गोस्त्रियो० પ્રમાણે ह्रस्व કરવાનો છે તે ओ ને સ્થાને अ ન થતાંउ થઇને उपगु એમ સમાસ થશે, કારણ કે કંઠૌષ્ઠ્ય ओ નો उ-કાર જ અંતરતમ છે. તે પ્રમાણે रायमतिक्रान्तं / नावमतिक्रान्तं (ब्राह्मणकुलम् ) એ વિગ્રહનો अत्यादयः० પ્રમાણે પ્રાદિ. સમાસ કરતાં વિશેષ્ય ब्राह्मणकुलम् નપું. હોવાથી ह्रस्वो नपु ० પ્રમાણે रै અને नौ ના અંત્ય ऐ અને औ ને સ્થાને ह्रस्वादेश કરવાનો હોવાથી અનુક્રમે इ અને उ થશે अ નહીં થાય તેથી अतिरि // अतिनु ब्राह्मणकुलम् એમ થશે.

[83] આ વિધિ સૂત્ર નથી પરંતુ નિયમ છે તેનો ઉદ્દેશ एच् ને સ્થાને પ્રાપ્ત થતા આદેશનું નિયમન કરવાનો છે. તેથી ચાર एच् વર્ણોના આદેશ इक् કહ્યા છે છતાં ऋ , ऌ અહીં પ્રાપ્ત થતા જ નથી તેથી યથાસંખ્ય પણ નથી લેવાનું , કારણ કે આ વિધિ સૂત્ર નથી તેથી જે અંતરતમ છે તે ह्रस्वादेश થશે. પરંતુ શંકાકાર અહીં કહે છે કે દીર્ઘ આદેશ પણ થઇ શકે.આ સૂત્ર સ્વતંત્ર રીતે જ इक् નું વિધાન કરે છે તેમ માનનારનું આ વિધાન છે. તેના સમર્થનમાં તેનું કહેવું છે કે अमूभ्याम् જેવામાં દીર્ઘાદેશ થાય છે (નોંધ ૫/૩૮). अदसोऽसे ० સૂત્રમાં ह्रस्व उ છે છતાં भाव्यमानोऽप्युकारः सवर्णान्गृह्णाति। એ પરિભાષા પ્રમાણે સૂત્રમાં વિધીયમાન ह्रस्व उ- કાર તેના સવર્ણભૂત દીર્ઘ ऊ-કારનું ગ્રહણ કરશે. પરિણામે आ-કારને સ્થાને અંતરતમ હોવાથી ऊ-કારનું ગ્રહણ થશે, કારણ કે દ્વિમાત્રિકનો આદેશ દ્વિમાત્રિક થાય.એ રીતે અહીં પણ इक् દીર્ઘ સવર્ણનું ગ્રહણ કરાવી શકે તેમ દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ननु च ह्रस्वादेश इत्युच्यते तेन दीर्घा न भविष्यन्ति। विषयार्थमेतत्स्यात्। एचो ह्रस्वप्रसङ्ग इग्भवतीति।
दीर्घाप्रसङ्गस्तु निवर्तकत्वात्॥२॥
दीर्घाणां त्विकामप्रसङ्गः। किं कारणम्। निवर्तकत्वात्। नानेनेको निर्वर्त्यन्ते। किं तर्हि। अनिको निवर्त्यन्ते। सिद्धा ह्यत्र ह्रस्वा इकश्चानिकश्च तत्रानेनानिको निवर्त्यन्ते॥ सवर्णनिवृत्त्यर्थेन तावन्नार्थः।
सिद्धमेङःसस्थानत्वात्॥३॥

પરંતુ અમે કહ્યું ને કે ' હ્રસ્વ આદેશ કરવાનો હોય ત્યારે'[84] તેથી દીર્ઘ (ई કે ऊ) નહીં થાય.એ તો ' एच् નો હ્રસ્વ કરવાનો હોય ત્યારે इक् થાય છે ' એમ માત્ર વિષય બતાવવા માટે[85] હોઇ શકે.

પરંતુ દીર્ઘ થવાનો પ્રસંગ નહીં આવે કારણ કે (આ સૂત્ર) નિવર્તક છે॥२॥

દીર્ઘ इक् (ई કે ऊ ) થવાનો તો પ્રસંગ નહીં આવે. શા માટે? કારણ કે (આ સૂત્ર) નિવર્તક છે.[86] (એટલે કે)આ (સૂત્ર)વ્દારા इक् ને ઉદ્‌ભાવ વામાં નથી આવતા. તો પછી શું (કરવામાં આવે છે)? इक् ન હોય તે (આદેશ) ને થતા અટકાવે છે, કારણ કે હ્રસ્વ (આદેશો) તો इक् હોય તે અને इक् ન હોય તે પ્રાપ્ત થાય જ છે તેમાં જે इक् નથી તેની આ (સૂત્ર)થી નિવૃત્તિ કરવામાં આવે છે. સવર્ણની નિવૃત્તિ માટે તો (આ સૂત્ર હોવું) જરૂરી નથી.[87]

एङ् ના સમાન સ્થાનવાળા( इ અને उ) હોવાથી સિદ્ધ થાય છે॥3॥

---

[84] પ્રસ્તુત સૂત્રમાં आदेशे એ નિર્ધારણ સપ્તમી છે, એકવચન સૌત્ર છે તેથી બહુવચનના અર્થમાં લેતાં સૂત્રનો અર્થ આમ થશેઃ હ્રસ્વ આદેશોમાં જે इक् છે તે જ एच् ને સ્થાને થાય છે તેથી एच् નો આદેશ હ્રસ્વ इक् જ થશે પરિણામે દીર્ઘ આદેશ થવાનો પ્રસંગ નહીં આવે એમ દલીલ છે.
[85] અહીં आदशे ને વિષય સપ્તમી લઇને કહે છે. હ્રસ્વનો પ્રસંગ હોય ત્યાં एच् નો इक् થાય છે એમ અર્થ થશે. તેથી જ્યાં હ્રસ્વનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં આ સૂત્ર ઉપસ્થિત થશે, પરંતુ दे३ वंदत्त એ પ્રકારના સંબોધનમાં ऋ-કાર સિવાયના (અહીં ए-કાર) અંતે હોય કે ન હોય તેવા સ્વરનો गुरोरनृतो ० પ્રમાણે જે પ્લુત થાય છે ત્યાં આ સૂત્ર ઉપસ્થિત નહીં થાય. ઉદાત્ત વિધિમાં પણ નહીં થાય, જેમ કે आमन्त्रितस्य च। પ્રમાણે दे ३ वंदत्त માં આદ્યુદાત્ત થશે. વિષય સપ્તમી લેવાથી જ્યાં एच् નો હ્રસ્વ કરવાનો હોય ત્યાં एच इक् ० સૂત્ર ઉપસ્થિત થશે. પછી ભિન્ન વાક્ય કરીને एच् ના જે इक् નું વિધાન કરવામાં આવ્યું છે તે અંતરતમ એવા દીર્ઘ જ થશે અને હ્રસ્વનો બાધ થતાં એક વાર દીર્ઘ કર્યા પછી ફરીથી આ જ સૂત્ર વ્દારા હ્રસ્વ इक् નહીં થાય, કારણ કે જ્યાં અપવાદ કાર્યશીલ હોય ત્યાં ઉત્સર્ગ પ્રવૃત્ત નથી થતો.
[86] હ્રસ્વવિધાયક સૂત્ર જેવાં કે ह्रस्वो नपुं ० અથવા गोस्त्रियो० અને પ્રસ્તુત एच इक् ० સૂત્રની એકવાક્યતા કરીને एच् નો હ્રસ્વ આદેશ इक् જ થાય છે અન્ય નહીં એમ વિધાન કરવામાં આવે છે અને એ રીતે જે इक् નથી अनिक् છે તેની નિવૃત્તિ કરવામાં આવે છે. જો એકવાક્યતા કરવામાં આવે તો પછી एच् સિવાય અન્ય કોઇનો હ્રસ્વ પ્રાપ્ત નહીં થાય એ શંકા અનુચિત છે કારણ કે પહેલાં હ્રસ્વ શ્રવણને કારણે (હ્રસ્વ તો अच् નો જ હોય છે તેથી) अच् ઉપસ્થિત થાય છે તેથી હ્રસ્વ કરવામાં આવે છે અને તેમાં एच् પણ આવી જાય છે તેથી જ્યારે હ્રસ્વ કરવામાં આવે છે ત્યારે एच इक् ० સૂત્ર ઉપસ્થિત થાય છે.
[87] આગળ સૂત્રનાં બે પ્રયોજન કહ્યાંઃ સવર્ણ નિવૃત્તિ અને अ-કાર નિવૃત્તિ. તેમાંથી પ્રથમ પ્રયોજન જરૂરી નથી એમ અહીં દર્શાવે છે અને અંતે બેમાંથી એક પણ પ્રયોજન માટે સૂત્ર કરવાની જરૂર નથી એમ સિદ્ધ કરશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धमेतत्। कथम्। एङः सस्थानत्वादिकारोकारौ भविष्यतोऽर्ध एकारोऽर्ध ओकारो वा न भविष्यति। ननु चैङः सस्थानतरावर्धैकारार्धौकारौ। न तौ स्तः। यदि हि तौ स्यातां तावेवायमुपदिशेत्। ननु च भोश्छन्दोगानां सात्यमुग्रिराणायनीया अर्धमेकारमर्धमोकारं चाधीयते। सुजाते ए अश्वसूनृते। अध्वर्यो ओ अद्रिभिः सुतम्। शुक्रं ते ए अन्यद्यजतं ते ए अन्यदिति। पार्षदकृतिरेषा तत्रभवतां नैव लोके नान्यस्मिन्वेदेऽर्ध एकारोऽर्ध ओकारो वास्ति॥ अकारनिवृत्त्यर्थेनापि नार्थः।

ऐचोश्चोत्तरभूयस्त्वात्॥४॥

**ऐचोश्चोत्तरभूयस्त्वादवर्णो न भविष्यति। भूयसी मात्रेवर्णोवर्णयोरल्पीयस्यवर्णस्य। भूयस एव ग्रहणानि भविष्यन्ति। तद्यथा। ब्राह्मणग्राम आनीयतामित्युच्यते तत्र चावरतः पञ्चकारुकी भवति॥**

એ સિદ્ધ થાય છે. કેવી રીતે? एङ् ના સમાન (ઉચ્ચારણ)સ્થાનવાળા[88] ( इ અને उ) હોવાથી તેમને સ્થાને इ-કાર અને उ-કાર થશે, પણ અર્ધ ए-કાર કે અર્ધ **ओ**-કાર નહીં થાય, પરંતુ અમે કહીએ છીએ કે હ્રસ્વ ए અને હ્રસ્વ ओ એ બે તો एङ् ના તેનાથી પણ વધારે સમાન (વર્ણો) છે.[89] તે બે છે જ નહીં, કારણ કે જો તે બે (વર્ણો) હોય તો આ (સૂત્રકાર) તે બેનો જ ઉપદેશ કરત. અરે પણ સામવેદનો અભ્યાસ કરનારાઓમાં સાત્યમુગ્રિ અને રાણાયનીય[90] શાખાવાળા **सुजाते ए अश्वसूनृते। अध्वर्यो ओ अद्रिभिः सुतम्। शुक्रं ते ए अन्यद्यजन्तं ते ए अन्यद्।** માં હ્રસ્વ ए અને હ્રસ્વ ओ ઉચ્ચારે છે. એ તો તે મહાનુભાવોની પરિષદ પુરતું કાર્ય છે. વાસ્તવમાં લોક વ્યવહારમાં કે અન્ય કોઇ વેદમાં હ્રસ્વ ए-કાર કે હ્રસ્વ ओ-કાર છે જ નહી. अ-કારની નિવૃત્તિ માટે પણ (આ સૂત્ર) હોવું જરૂરી નથી.

ऐच् (વર્ણો)માં ઉત્તર ભાગ વિશેષ પ્રમાણમાં છે તેથી ॥૪॥

ऐच् (ऐ અને औ એ વર્ણો) માં પાછળનો ભાગ પ્રમાણમાં વધારે છે તેથી (તેમને સ્થાને) अ વર્ણ આદેશ નહીં થાય. (ऐ અને औ એ વર્ણોમાં અનુક્રમે) इ અને उ નું પ્રમાણ વધારે છે,[91] જ્યારે अ-વર્ણનું પ્રમાણ (એ બેની) સરખામણીમાં ઓછું છે અને જેનું પ્રમાણ વધારે હોય તેનું જ ગ્રહણ થાય છે. જેમ કે 'બ્રાહ્મણોના ગામને લઇ આવો' એમ કહેવામાં આવે છે[92] પણ ત્યાં છેવટે પાંચ કારીગર (નાં ઘર ) તો હોય છે.

---

[88] અહીં જે સમાનસ્થાન કહ્યું છે તે પ્રાતિશાખ્ય અથવા અન્ય શિક્ષાને આધારે કહ્યું છે (જુઓ **इचशेयास्तालौ**--इ , च् , श् અને य् એ તાલુ સ્થાનમાંથી ઉદ્ભવે છે, **उवोपोध्मा ओष्ठे**--उ , व् , ओ, प् અને **उपध्मानीय** ઓષ્ઠમાંથી ઉદ્ભવે છે.) અર્ધ ए-કાર , ओ-કાર તો છે જ નહી તેથી નહીં થાય.

[89] ए અને ओ ના હ્રસ્વ ए , ओ આદેશ ન થવાનું કારણ તેઓ સમાનસ્થાનવાળા નથી એ છે. એમ સમજનાર દલીલ કરે છે કે **इक्** થી વધુ સમાન સ્થાનવાળા છે તેથી તે જ થવા જોઇએ પરંતુ ભાષ્યકારે તે શંકાનો નિરાસ કરતાં સ્પષ્ટ કહ્યું છે કે હ્રસ્વ ए- કાર અને હ્રસ્વ ओ - કાર છે જ નહીં , જો હોત તો પાણિનિએ તે ઉપદેશ્યા હોત.

[90] શંકાકાર સાત્યમુગ્રિ અને રાણાયણીય શાખાનું દૃષ્ટાન્ત આપીને હ્રસ્વ ए અને હ્રસ્વ ओ નું અસ્તિત્વ બતાવ્યું છે, પરંતુ તે **पार्षद** ની કૃતિ છે એટલે કે સામગાનને પરિણામે ઉદ્ભવેલ ઉચ્ચારણ છે. વેદ કે લોકમાં હ્રસ્વ ए કે ओ નું અસ્તિત્વ નથી. (વિશિષ્ટ શાસ્ત્રનો અભ્યાસ કરનારાનો સમુહ તે **परिषद्** અથવા **पर्षद्** અને તેમાં ઉદ્ભવેલ કૃતિ તે **पार्षत्कृतिः** એટલે કે અધ્યયન ક્રિયા વગેરે.)

[91] વધારે માત્રા છે એટલે કે દોઢ દોઢ માત્રા इ-કાર કે उ-કારની અને બન્નેમાં અડધી માત્રા अ-કારની .

[92] શંકાકાર કહે છે કે જે ગામમાં માત્ર બ્રાહ્મણો જ રહેતા હોય અન્ય કોઇ ન હોય તે ગામ વિશે જ બ્રાહ્મણગ્રામ એ પદનો પ્રયોગ થઇ શકે. તે સિવાય નહીં. તેમ માત્ર इ-કાર કે उ-કારની માત્રા હોય તો જ તેને તાલુ કે ઓષ્ઠ સ્થાનના કહેવાય પરંતુ અહીં તો अ-કાર પણ છે તેથી જે દૃષ્ટાન્ત આપ્યું છે તે વિષમ છે, સમાન નથી. તે શંકાનો નિરાસ કરતાં કહે છે કે બ્રાહ્મણગ્રામમાં પણ ઓછામાં ઓછા પાંચ કારીગર (**पञ्चकारुकी** કુંભાર, લુહાર, સુથાર,હજામ અને ધોબી) તો હોય જ. તે વિનાનું ગામ ન હોય. વાસ્તવમાં તો **प्राधान्येन व्यपदेशा भवन्ति।** એ ન્યાયે જેમાં બ્રાહ્મણ વધારે રહેતા હોય તે ગ્રામ બ્રાહ્મણગ્રામ, એ રીતે જેમાં તાલવ્યનું કે ઔષ્ઠ્યનું પ્રાચુર્ય હોય તે તાલવ્ય કે ઔષ્ઠ્ય છે તેમ સમજી શકાશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

षष्ठी स्थानेयोगा॥ १। १।४९॥

किमिद स्थानेयोगेति। स्थाने योगोऽस्या॥ सेयं स्थानेयोगा। सप्तम्यलोपो निपातनात्॥ तृतीयाया वैत्वम्। स्थानेन योगोऽस्याः सेयं स्थानेयोगा॥ किमर्थं पुनरिदमुच्यते।

षष्ठ्या स्थानयोगवचनं नियमार्थम्॥१॥

ષષ્ઠીનો સ્થાન સાથે સંબંધ હોય છે ॥૧।૧।૪૯॥

આ **स्थानेयोगा** એ શું છે?[93] જેનો સંબંધ સ્થાનમાં છે તે. **स्थानेयोगा** એ સમાસ હોવા છતાં નિપાતનને કારણે અહીં સપ્તમીનો લોપ નથી. અથવા તો (અહીં) તૃતીયાનો एકાર આદેશ કર્યો છે (તેથી) સ્થાન સાથે જેનો સંબંધ છે તે **स्थानेयोगा.**[94] આ (સૂત્ર) શા માટે ઉચ્ચારવામાં આવ્યું છે?[95]

ષષ્ઠીનો સ્થાન સાથે સંબંધ છે' એમ કહ્યું છે તે નિયમ (કરવા) માટે છે ॥૧॥

---

[93] પ્રશ્નકાર્તા જાણવા માગે છે કે **स्थानेयोगा** એ કઇ જાતનો પ્રયોગ છે. એ તે સમાસ છે કે સમાસરહિત ભિન્ન પદોનો પ્રયોગ છે? જો સમાસ હોય તો **सुपो धातु०** પ્રમાણે વિભક્તિનો લોપ થવો જોઇએ. વળી યોગ શબ્દ પુંલ્લિંગ છે તેનો સ્ત્રીલિંગી નિર્દેશ કેવી રીતે થઇ શકે અને **षष्ठी** એ સ્ત્રીલિંગી શબ્દ સાથે તેનું સામાનાધિકરણ્ય પણ શક્ય નથી અને સમાસ ન હોય તો **योगा** ને સ્થાને **युक्तिः** એમ થવું જોઇએ. ભાષ્યકાર તેને સમાસ કહે છે અને નિપાતનને કારણે વિભક્તિનો લોપ નથી થયો. **स्थानेयोगा** એ તત્પુરુષ નથી પરંતુ **स्थाने योगोऽस्याः।** અથવા **स्थानेन योगोऽस्याः।** એ વિગ્રહનો વ્યધિકરણ બહુવ્રીહિ છે.નિપાતનને કારણે સપ્તમીનો લોપ નથી કર્યો અથવા તૃતીયા લેવામાં આવે તો તૃતીયાના પ્રત્યયનો લોપ થઇને अ નો ए થયો છે એમ સમજવાનું છે.

[94] ઉપર જોયું કે **स्थाने** અથવા **स्थानेन योगोऽस्याः** અર્થાત્ સ્થાને અથવા સ્થાન સાથે જેનો યોગ, સંબંધ છે તે ષષ્ઠી સ્થાનષષ્ઠી એમ સમજાશે. **देवदत्तस्य यज्ञदत्तः।** એમ કહેવામાં આવે ત્યારે યજ્ઞદત્ત દેવદત્તનો શું? એમ આકાંક્ષા થતાં, પુત્રત્વ વગેરે સંબંધ સમજી શકાય છે તે જ રીતે આદેશોને લગતાં વિધિસૂત્રોમાં **स्थान** શબ્દનો પ્રયોગ ન હોવા છતાં **स्थान** પદ અધ્યાહાર્ય કરીને સ્થાનનિમિત્ત સંબંધનું ષષ્ઠીના પ્રયોગને કારણે જ્ઞાન થાય છે. જેમ કે **ब्रुवो वचिः।** અથવા **अस्तेर्भूः।** વગેરે આદેશ સૂત્રોમાં સ્થાન નું ગ્રહણ નથી કરવામાં આવ્યું છતાં આર્ધધાતુક પ્રત્યય પૂર્વે **ब्रू** ને સ્થાને **वच्** થાય છે અને **अस्** ને સ્થાને **भू** થાય છે એમ સમજાય છે.અહીં **स्थान** એટલે પ્રસંગ એમ અર્થ થશે. **भ्रस्जो रोपधयोरन्यतरस्याम्।** પ્રમાણે **भ्रस्ज्** ધાતુના રેફ અને ઉપધાને સ્થાને **रम्** આદેશ થાય છે અહીં સ્થાન શબ્દ પ્રસંગના અર્થમાં છે તેથી જ્યાં રેફ અને ઉપધાનો પ્રસંગ હોય ત્યાં **रम्** પ્રયોજાશે, રેફ અને ઉપધા નહીં પ્રયોજાય એમ અર્થ થશે. સ્થાન શબ્દ પ્રસંગના અર્થમાં અન્યત્ર પણ પ્રયોજાય છે, જેમ કે **दर्भाणां स्थाने शरैः प्रस्तरितव्यम्।** એમ કહેવામાં આવે ત્યારે **दर्भाणां प्रसंगे** અર્થાત્ દર્ભનો ઉપયોગ કરવાનો હોય ત્યાં, એમ અર્થ સમજાય છે. તે રીતે **अस्तेर्भूः।** માં પણ જ્યાં **अस्** પ્રાપ્ત થતો હોય ત્યાં **भू** પ્રયોજાય છે એટલે કે જે કોઇ **अस्** દ્વારા અર્થનું પ્રતિપાદન કરવા માગતો હોય તેણે આર્ધધાતુકની બાબતમાં **भू** દ્વારા તે અર્થનું પ્રતિપાદન કરવું એમ સરળ અર્થ થશે.

[95] અહીં કહેવા માગે છે કે આ સૂત્ર ન હોય તો પણ ઇષ્ટ વિધિ થઇ શકે છે પછી આ સૂત્ર શા માટે કર્યું છે? વસ્તુતઃ તો ષષ્ઠીના અનેક અર્થ હોવાથી જ્યાં આ સૂત્ર લાગુ ન પડવું જોઇએ ત્યાં પણ લાગુ પડતાં અતિપ્રસંગ નિવારવા માટે **व्याख्यानतः०** એ પરિભાષાનો આશ્રય લેવો પડે તેથી આ સૂત્ર બિનજરૂરી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नियामार्थोऽयमारम्भः। एकशतं षष्ठ्यर्था यावन्तो वा ते सर्वे षष्ठ्यामुच्चारितायां प्राप्नुवन्ति। इष्यते च व्याकरणे या षष्ठी सा स्थानेयोगैव स्यादिति तच्चान्तरेण यत्नं न सिध्यतीति षष्ठ्याः स्थानेयोगवचनं नियमार्थम्। एवमर्थमिदमुच्यते॥ अस्ति प्रयोजनमेतत्। किं तर्हीति।

अवयवषष्ठ्यादिष्वतिप्रसङ्गः शासो गोह इति ॥२॥

अवयवषष्ठ्यादयस्तु न सिध्यन्ति। तत्र को दोषः। शास इदङ्हलोः। इति शासेश्चान्त्यस्य स्यादुपधामात्रस्य च। ऊदुपधाया गोहः। इति गोहेश्चान्त्यस्य स्यादुधामात्रस्य च॥

अवयवषष्ठ्यादीनां चाप्राप्तिर्योगस्यासंदिग्धत्वात्॥३॥

આ (સૂત્ર) નિયમ માટે કરવામાં આવ્યું છે. ષષ્ઠીના એક સો અર્થ છે [96] અને જેટલા છે તે બધાય ષષ્ઠીનું ઉચ્ચારણ કરવામાં આવતાં ઉપસ્થિત થાય છે. પણ વ્યાકરણમાં તો જે સ્થાન સાથે સંબદ્ધ ષષ્ઠી હોય તે જ ઇષ્ટ છે અને તે ખાસ પ્રયત્ન વિના સિદ્ધ ન થઇ શકે તેથી 'ષષ્ઠીને સ્થાન સાથે સંબદ્ધ છે એમ' નિયમ ખાતર કહેવામાં આવ્યું છે.(અને) તે માટે આ(સૂત્ર) ઉચ્ચારવામાં આવ્યું છે.શું એ (આ સૂત્રનું) પ્રયોજન છે? તો પછી (બીજું) શું છે?

शासः, गोहः (માં) અવયવ ષષ્ઠી વગેરેમાં અતિવ્યાપ્તિ થશે ॥૨॥ [97]

અવયવ વગેરેના અર્થમાં ષષ્ઠીનો પ્રયોગ સિદ્ધ નહીં થાય. (સિદ્ધ ન થાય) તેમાં શો વાંધો? शास इदङ्हलोः। (એ સૂત્ર) માં ( शासः એ જે ષષ્ઠીનો પ્રયોગ છે તે સ્થાન ષષ્ઠી થવાથી) शास् ધાતુના અન્ત્યનો તેમ જ કોઇ પણ (ધાતુની) ઉપધાનો (इ-કાર આદેશ) થશે. ऊदुपधाया गोहः। (એ સૂત્ર)માં પણ ( गोहः એ સ્થાન ષષ્ઠી થતાં) गुह् ધાતુના અન્ત્યનો તેમ જ કોઇ પણ (ધાતુની) ઉપધાનો (ऊ-કાર આદેશ) થશે.

અવયવ ષષ્ઠી વગેરેને (આ)નિયમ લાગુ પડતો નથી, કારણ કે (તેને લગતાં) સૂત્રો અસંદિગ્ધ હોય છે ॥૩॥ [98]

---

[96] ષષ્ઠીદંડકપાઠ નામના ગ્રન્થમાં ષષ્ઠીના સો અર્થ બતાવ્યા છે. જેમ કે સામીપ્ય, આનન્તર્ય ઇત્યાદિ. એમાંથી વ્યાકરણ શાસ્ત્રમાં જે ષષ્ઠી પ્રયોજાઇ હોય તે સ્થાનેયોગા, સ્થાન સાથે સંબંધવાળી, જ ષષ્ઠી લેવાની છે. એમ ષષ્ઠીના અર્થને લગતો નિયમ છે તે પ્રયત્ન વિના તો ન જ સિદ્ધ થાય તેથી આ સૂત્રમાંએ નિયમ કરવામાં આવ્યો છે.

[97] આ પ્રમાણે નિયમ કરવામાં આવે તો તેને કારણે સ્થાન સિવાયના અવયવ-અવયવિભાવ જેવા ષષ્ઠીના જે અન્ય અર્થ છે એ સર્વનું નિવર્તન થશે.તેથી વ્યાકરણ શાસ્ત્રમાં જ્યાં અવયવ ષષ્ઠીનો પ્રયોગ હોય ત્યાં કાર્ય સિદ્ધ નહીં થઇ શકે. પરિણામે शास इदङ्हलोः। પ્રમાણે शास् ધાતુની ઉપધાનો लुङ् નો अङ् પર થતાં અને हलादि ( कित् અને ङित्) પ્રત્યય પર થતાં इत् (इ) થાય છે તે નહીં થઇ શઇ શકે, કારણ કે (અહીં अनिदितां हल उपधायाः। માંથી અનુવૃત્તિથી આવતા) उपधायाः શબ્દનો शासः સાથે વિશેષણ-વિશેષ્યભાવ સંબંધ નહીં થઇ શકે, પરંતુ પ્રસ્તુત સૂત્રમાંના નિયમ પ્રમાણે शासः એ સ્થાનષષ્ઠી લેતાં शास् ને સ્થાને જ (એટલે કે તેના અંત્ય अल्નો) इ થવાનો પ્રસંગ આવશે.પરિણામે उपधाया इत्। એમ સમજાતાં કોઇ પણ ધાતુ (જેમ કે पत् ) ની ઉપધાનો इ થવાનો પ્રસંગ આવશે. તે રીતે ऊदुधाया गोहः। પ્રમાણે अजादि પ્રત્યય પર થતાં गोह् (ગુણયુક્ત गुह् ) એ અંગની ઉપધાનો ऊ થાય છે ત્યાં આ નિયમને કારણે અવયવ વગેરે અર્થની નિવૃત્તિ થતાં गोह् ને એટલે કે તેના અંત્ય अल् ને સ્થાને ऊ થવાનો તેમ જ એ સ્થાન ષષ્ઠી હોય તો उपधायाः સાથે તેનો વિશેષણ-વિશેષ્યભાવ સંબંધ ન થઇ શકવાથી કોઇ પણ ધાતુની ઉપધાને સ્થાને ऊ થવાનો અનિષ્ટ પ્રસંગ આવે. આમ આ નિયમની અતિવ્યાપ્તિ થાય તે દોષ આવે છે.

[98] ષષ્ઠીના અર્થ વિશે સંદેહ હોય ત્યાં આ સૂત્ર વ્દારા નિયમ કરવામાં આવે છે પરંતુ અવયવષષ્ઠીવાળાં સૂત્રો અસંદિગ્ધ- સ્પષ્ટ હોય છે તેથી આ સૂત્ર અવયવષષ્ઠી વગેરે જે ઇષ્ટ અર્થની નિવૃત્તિ કરવા માટે ત્યાં ઉપસ્થિત નહીં થાય .



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अवयवषष्ठ्यादीनां च नियमस्याप्राप्तिः। किं कारणम्। योगस्यासंदिग्धत्वात्॥ संदेहे नियमो न चावयवषष्ठ्यादिषु संदेहः। किं वक्तव्यमेतत्। न हि। कथमनुच्यमानं गंस्यते। लौकिकोऽयं दृष्टन्तः। तद्यथा। लोके कंचित्कश्चिपृच्छति ग्रामान्तरं गमिष्यामि पन्थानं मे भवानुपदिशत्विति । स तस्मा आचष्टे। अमुष्मिन्नवकाशे हस्तदक्षिणो ग्रहीतव्योऽमुष्मिन्नवकाशे हस्तवाम इति। यस्तत्र तिर्यक्पथो भवति न तस्मिन्संदेह इति कृत्वा नासावुपदिश्यते। एवमिहापि संदेहे नियमो न चावयवषष्ठ्यादिषु संदेहः॥ अथवा स्थानेऽयोगा स्थानेयोगा। किमिदमयोगेति। अव्यक्तयोगायोगा । अथवा योगवती योगा। का पुनर्योगवती। यस्या बहवो योगाः। कुत एतत्। भूम्नि हि मतुब्भवति॥**

અવયવ વગેરેના અર્થમાં ષષ્ઠીનો પ્રયોગ હોય તેવાં (સૂત્રો)ને (**षष्ठी स्थानेयोगा।** એ) નિયમ લાગુ પડતો નથી. તેનું શું કારણ? એ કારણ કે તેને લગતું સૂત્ર અસંદિગ્ધ હોય છે.( **षष्ठी स्थानेयोगा।** એ) નિયમ તો જ્યારે સંદેહ હોય ત્યારે પ્રાપ્ત થાય છે, પરંતુ (સૂત્રમાં) અવયવ વગેરેના અર્થમાં ષષ્ઠીનો પ્રયોગ કરવામાં આવ્યો હોય ત્યારે સંદેહ રહેતો નથી. શું એ કહેવું પડશે?[99] ના રે. તો પછી કહ્યા વિના શી રીતે સમજાશે? આ એક વ્યાવહારિક દૃષ્ટાન્ત છે. તે એ કે જેમ કોઇ (માણસ) કોઇને પૂછે કે મારે બીજે ગામ જવું છે તો આપ મને રસ્તો બતાવો. ત્યારે તે (માણસ) પૂછનારને કહે છે' અમુક જગ્યાએ જમણે હાથ [100] જવાનું પછી અમુક જગ્યાએ ડાબે હાથ' તેમાં જે સીધો રસ્તો આવે છે તેમાં સંદેહ નથી થતો તેથી કરીને તે વિશે તેને ઉપદેશવામાં આવતો નથી.[101] તે રીતે અહીં પણ જ્યાં સંદેહ થાય ત્યાં (**षष्ठी स्थानेयोगा।** એ ) નિયમ છે, પરંતુ અવયવ ષષ્ઠી વગેરેમાં સંદેહ થતો નથી.

અથવા **स्थानेयोगा** એટલે **स्थाने अयोगा**[102]. આ **अयोगा** એ શું છે ? **अयोगा** અસ્પષ્ટ સંબંધવાળી અથવા **योगा** એટલે યોગવતી.[103] યોગવતી એટલે વળી શું ? જેને ઘણા યોગ (એટલે કે સંબંધો) હોય તે. તે શા ઉપરથી ? **मतुप्** પ્રત્યય 'બહુ'ના અર્થમાં પણ છે.

---

[99] એટલે કે આ સૂત્રની અવયવષષ્ઠીયુક્ત સૂત્રોમાં ઉપસ્થિતિ થતી અટકાવવા માટે ખાસ વિધાન કરવું પડશે કે અવયવષષ્ઠીવાળાં સૂત્રો અસંદિગ્ધ હોય છે તેથી ત્યાં સ્થાનષષ્ઠી સૂત્રનો નિયમ પ્રાપ્ત નહીં થાય.

[100] **हस्तदक्षिणः** જો કે **हस्तो दक्षिणो यस्य।** એ વિગ્રહનો બહુવ્રીહિ છે તેથી **सप्तमीविशेषणे बहुव्रीहौ।** સૂત્ર ઉપરની વા.**सर्वनामसंख्योरुपसंख्यानम् ।** પ્રમાણે **दक्षिण** એ સર્વનામનો પૂર્વનિપાત થવો જોઇએ છતાં અહીં પરનિપાત કર્યો છે .પરંતુ ભાષ્યકારનું વચન હોવાથી તે સાધુ પ્રયોગ છે (**भाष्यकारवचनात्सर्वनाम्नोऽपि परनिपातः।कै ०)**

[101] સં દેહ હોય ત્યાં જ સ્પષ્ટતા કરવી પડે. જેમ કે કોઇ અજાણી વ્યક્તિ રસ્તો પૂછે ત્યારે જ્યાં ડાબી જમણી બન્ને બાજુએ રસ્તો જતો હોય ત્યાં જમણે કે ડાબે હાથ વળજો એમ સ્પષ્ટ કરવું પડે, પરંતુ જ્યાં રસ્તો પોતે એક જ બાજુ, માત્ર ડાબી કે જમણી તરફ ફંટાતો હોય ત્યાં ત્યાં અજાણ્યો માણસ પણ વગર સૂચનાએ ડાબી કે જમણી, જે બાજુ રસ્તો જતો હોય તે પ્રમાણે વળશે.

[102] **अयोगा** જેને કોઇ વિશિષ્ટ- નક્કી સંબંધ નથી તે, સંબંધ વિનાની એમ અર્થ નથી કારણ કે સંબંધ વિના ષષ્ઠી પ્રયોગ હોઇ ન શકે. તેથી **अयोगा** એટલે **अव्यक्तयोगा** એમ **समानाधिकरणाधिकारे शाकपार्थिवादीनाम् ०** એ વાર્તિક પ્રમાણે મધ્યમપદલોપી સમાસ કહી શકાય (છા) આથી સૂત્રાર્થ આમ થશેઃ જે **अयोगा** અર્થાત્ નિશ્ચિત સંબંધ ન દર્શાવતી હોય તે ષષ્ઠી **स्थान** પદનો અર્થ બતાવશે. આથી **शास इदङ्हलोः। ऊदुपधाया गोहः।** જેવાં સ્થળે ષષ્ઠી અવયવ રૂપ ચોક્કસ અર્થ દર્શાવે છે : **शासः** એટલે **शास्** ધાતુની અવયવભૂત (ઉપધા)નો અને **गोहः** એટલે **गोह्** એ અંગની અવયવભૂત (ઉપધા) નો એમ નિશ્ચિત અર્થ સમજાય છે તેથી તે સૂત્રોમાં પ્રસ્તુત સૂત્ર ઉપસ્થિત નહીં થાય.પરંતુ **इको यणचि।** માં નિશ્ચિત અર્થયુક્ત ષષ્ઠી નથી તેથી ત્યાં આ સ્થાનષષ્ઠી સૂત્ર ઉપસ્થિત થશે અને ' **इक्** ને સ્થાને' એમ અર્થ સમજાશે.

[103] **योगाः सन्ति अस्याः इति योगा। अर्श आदिभ्यः ०** થી **अच्** અને **अजाद्यतः ०** થી **टाप्** લાગીને **योगा** એટલે **योगवती** થયું છે. અહીં **मतुप्** પુષ્કળ (**भूमा**) ના અર્થમાં છે, કારણ કે ઉપર જોયું તેમ ષષ્ઠીને સંબંધ તો હોય જ છે, પરંતુ જેમ **गोमान्** એટલે પુષ્કળ ગાયોવાળો તેમ અહીં **योगवती** એટલે ઘણા યોગ,સંબંધ યુક્ત એમ અર્થ સમજાશે, કારણ કે મત્વર્થીય પ્રત્યયો અનેક અર્થમાં પ્રયોજાય છે (**भूमनिन्दाप्रशंसासु नित्ययोगेऽतिशायने। संसर्गेऽस्तिविवक्षायां भवन्ति मतुबादयः॥)**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विशिष्टा वा षष्ठी स्थानेयोगा ॥४॥

अथवा किंचिल्लिङ्गमासज्य वक्ष्यामीत्थंलिङ्गा षष्ठी स्थानेयोगा भवतीति। न च तल्लिङ्गमवयवषष्ठ्यादिषु करिष्यते॥ यद्येवं शास इदङ्हलोः शा हौ। शासिग्रहणं कर्तव्यं स्थानेयोगार्थं लिङ्गमासङ्क्ष्यामीति। न कर्तव्यम्। यदेवादः पुरस्तादवयवषष्ठ्यर्थं प्रकृतमेतदुत्तरत्रानुवृत्तं सत् स्थानयोगार्थं भविष्यति। कथम्। अधिकारो नाम त्रिप्रकारः। कश्चिदेकदेशस्थः सर्वं शास्त्रमभिज्वलयति। यथा प्रदीपः सुप्रज्वलितः सर्वं वेश्माभिज्वलयति। अपरोऽधिकारो यथा रज्ज्वायसा वा बद्धं काष्ठमनुकृष्यते तद्वदनुकृष्यते चकारेण। अपरोऽधिकारः प्रतियोगं

અથવા (કોઇ) વિશિષ્ટ (ચિહ્નવાળી) ષષ્ઠી તે સ્થાનેયોગા ષષ્ઠી ॥૪॥ [104]

અથવા કોઇક ચિહ્ન લગાડીને કહીશ કે આ પ્રકારના ચિહ્નવાળી ષષ્ઠીને સ્થાન સાથે સંબંધ હોય છે, પણ અવયવ ષષ્ઠી વગેરેમાં તે ચિહ્ન કરવામાં નહીં આવે. જો એમ (કરવામાં આવે) તો[105] शास इदङ्हलोः। (પછીના) शा हौ।( સૂત્રમાં) शास्(ધાતુ)નું ગ્રહણ કરવું પડશે, કારણ કે (તમે કહ્યું કે)'સ્થાનષષ્ઠી (સૂચવવા) માટે હું ચિહ્ન લગાડીશ' (ધાતુનું ગ્રહણ) નહીં કરવું પડે, કારણ કે પૂર્વ સૂત્રમાં જે અવયવ ષષ્ઠીના અર્થમાં પ્રસ્તુત છે તે (शासः)ની પાછળના (સૂત્ર)માં અનુવૃત્તિ થતાં તે જ (शासः શબ્દ) સ્થાન સાથેનો સંબંધ બતાવવા માટે લેવાશે. કેવી રીતે? અધિકાર તો ત્રણ પ્રકારનો હોય છે.[106] જેમ સારી રીતે બળતો તેજસ્વી દીવો (એક સ્થળે રહીને) આખા ઘરને પ્રકાશિત કરે છે તેમ કોઇક (અધિકાર) એક સ્થળે રહીને સમગ્ર શાસ્ત્રને પ્રકાશિત કરે છે. જ્યારે બીજો (અધિકાર) દોરડાથી કે સાંકળથી બાંધેલું લાકડું આગળ ખેંચી જવામાં આવે છે તેમ च-કાર વ્દારા (શાસ્ત્રવચન) [107] નીચે લઇ જવામાં આવે છે. વળી બીજો (અધિકાર) પાછળના દરેક સૂત્રમાં તેનો

[104] विशिष्टा षष्ठी એટલે કલ વગેરે કોઇ ચિન્હથી વિશિષ્ટ. કલ વગેરે ચિન્હથી યુક્ત ષષ્ઠી તે સ્થાન ષષ્ઠી અને એવા ચિન્હ વિનાની ષષ્ઠી તે અવયવ વગેરેના અર્થમાં છે તેમ સમજાશે.પસ્પશાને અંતે કલ વગેરેની ચર્ચા આવી ગઇ છે.

[105] शास इद ०(૬-૪-૩૪) માં शासः એ અવયવ ષષ્ઠી છે અને તે પછીના સૂત્ર शा हौ। (૬-૪-૩૫) માં તેની અનુવૃત્તિ થાય છે તેથી ત્યાં પણ शासः એ અવયવ ષષ્ઠી જ થશે અને તેમ થાય તો हि પર થતાં शास् ધાતુની ઉપધાનો शा આદેશ થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. પરંતુ અહીં તો સર્વાદેશ એટલે કે शास् ને બદલે शा આદેશ થાય તે ઇષ્ટ છે અને તે માટે સ્થાન ષષ્ઠી થવી જરૂરી છે. તેથી शा हौ। માં शास् ની અનુવૃત્તિ ન કરતાં એ સૂત્રમાં તેનું પુનર્ગ્રહણ કરવું પડશે,એટલે કે शासः शा हौ। એમ સૂત્ર રચીને ત્યાં शासः એ અવયવ ષષ્ઠી નથી પરંતુ સ્થાન ષષ્ઠી છે તે સૂચવવા માટે તેને કલ વગેરે કોઇ ચિન્હ લગાડીશું એમ દલીલ છે.

[106] અધિકાર પરાર્થ હોય છે, તેનો ઉપયોગ અન્ય સૂત્રોમાં થાય તે હેતુ છે તેમ પરિભાષાનો પણ અન્યત્ર ઉપયોગ થાય છે. એ દૃષ્ટિએ બન્ને સમાન છે તેથી પરિભાષાને પણ અધિકાર ગણી છે.અધિકારના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે. ૧.પરિભાષારૂપ છે.પ્રદીપ જેમ એક જ સ્થાને રહીને, અન્યત્ર ગયા વિના સમગ્ર નિવાસને પ્રકાશિત કરે છે તેમ આ પ્રકારનો અધિકાર અન્યત્ર ગયા વિના સર્વ શાસ્ત્રને ઉપયોગી થાય છે.આ વાત યથોદ્દેશ પક્ષમાં સરળ રીતે સમજાય છે, પરંતુ કાર્યકાલ પક્ષમાં અર્થાત્ કાર્ય સમયે પરિભાષા ઉપસ્થિત થાય છે તેમ માનનાર પ્રમાણે પણ પ્રદીપ જેમ પ્રકાશ આપે છે તેમ આ અધિકાર કાર્ય સમયે બોદ્ધાના મનમાં પોતાને લગતો ખ્યાલ ઉત્પન્ન કરીને સૂત્રોને ઉપકારક થાય છે. અહીં પણ અચેતન એવું પરિભાષા અધિકાર રૂપી શાસ્ત્ર પોતાનું સ્થાન છોડીને જ્યાં લાગુ પડવાનું હોય તે ઉત્તર સૂત્ર પાસે જતું નથી તેથી જ ભાષ્યકારે एकदेशस्थ એમ કહ્યું છે.

[107] (૨) આ પ્રકારના અધિકારમાં ઉત્તર સૂત્રમાં પ્રયોજેલા च ને કારણે પૂર્વ સૂત્રમાંથી જરૂરી પદની અનુવૃત્ત થાય છે. જેમ કે वदः सुपि क्यप् च॥ (૩-૧-૧૦૬) અહીં પૂર્વ સૂત્ર अचो यत्॥(૩-૧-૯૭) માંથી अजर्यं संगतम्॥(૩-૧-૧૦૫) સુધી અનુવૃત્ત થએલ यत् પ્રત્યયનું च-કારને કારણે અનુકર્ષણ થાય છે તેથી ઉપસર્ગરહિત वद् ધાતુને સુબન્ત ઉપપદ હોય ત્યારે क्यप् તેમ જ यत् લાગશે. તેથી(क्यप् લાગીને) ब्रह्मोद्यम् અને (यत् લાગીને) ब्रह्मवद्यम् થશે.અહીં च ને કારણે અનુવૃત્તિ થઇ છે તેથી चानुकृष्टं नोत्तरत्र। એ પરિભાષાને કારણે यत् તે પછીનાં સૂત્રોમાં અનુવૃત્ત નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तस्यानिर्देशार्थ इति योगे योगे उपतिष्ठते। तद्यदैष पक्षोऽधिकार प्रतियोगं तस्यानिर्देशार्थ इति तदा हि यदेवादः पुरस्तादवयवषष्ठ्यर्थमेतदु-त्तरत्रानुवृत्तं सत् स्थानयोगार्थं भविष्यति। संप्रत्ययमात्रमेतद्भवति। न ह्यनुच्चार्य शब्दं लिङ्गं शक्यमासङ्क्तुम्। एवं तर्ह्यादेशे तल्लिङ्गं करिष्यते तत्प्रकृतिमास्कन्त्स्यति॥ यदि नियमः क्रियते यत्रैका षष्ठ्यनेकं च विशेष्यं तत्र न सिध्यति॥ अङ्गस्य हलः अणः संप्रसारणस्येति।

ઉલ્લેખ ન કરવો પડે તે માટે દરેક સૂત્રમાં ઉપસ્થિત થાય છે. તેથી જો આ છેલ્લો પક્ષ એટલે કે અધિકાર દરેક સૂત્રમાં ઉપસ્થિત થાય છે જેથી બધે તેનો ઉલ્લેખ ન કરવો પડે' (એ પક્ષ)[108] સ્વીકારવામાં આવે તો આ જે આગળ (ના **शास इदङ्हलोः।** એ સૂત્રમાં) અવયવષષ્ઠી માટે પ્રસ્તુત છે તે જ (**शासः** પદ) પાછળ (ના **शा हौ।** એ સૂત્રમાં) અનુવૃત્તિ પામીને સ્થાન સાથેનો સંબંધ દર્શાવશે. [109] (છતાં) એ તો (પાછળના સૂત્રમાં **शासः** શબ્દ છે) એટલું જ્ઞાન જ થાય છે, પરંતુ શબ્દનું ઉચ્ચારણ કર્યા વિના ચિહ્ન લગાડવું શક્ય નથી.'[110] એમ હોય તો અમે આદેશ (**शा**)ને ચિહ્ન લગાડીશું[111] જેથી તે (ચિહ્ન) તેના મૂળ (સ્થાની **शासः** )ની તરફ જતું રહેશે. જો નિયમ કરવામાં આવે તો જ્યાં (**अङ्गस्य** જેવી **વિશેષણભૂત) ષષ્ઠી એક જ હોય**[112] અને **हलः, अणः, सम्प्रसारणस्य** વગેરે તેનાં વિશેષ્ય અનેક હોય ત્યાં (કાર્ય) સિદ્ધ નહીં થાય.

---

[108] (૩) આ અધિકાર **स्वरितेनाधिकारः।** એ સૂત્ર પ્રમાણે થશે. પૂર્વ સૂત્રમાંના શબ્દનું ઉત્તર સૂત્રોમાં ફરી ફરીને ઉચ્ચારણ ન કરવું પડે તે માટે જેને અનુલક્ષીને અધિકાર કરવામાં આવ્યો હોય તે શબ્દને સ્વરિત ચિન્હ યુક્ત કરવામાં આવે છે એટલે કે અહીં શબ્દાધિકારનો આશ્રય લેવામાં આવે છે. જેમ કે **प्रत्ययः।** (૩-૧-૧) વગેરે સૂત્રોમાં **प्रत्ययः** ને સ્વરિત ચિન્હ લગાડવાથી તેની ઉત્તર સૂત્રોમાં છેક પાંચમા અધ્યાયના અંત સુધી અનુવૃત્તિ થાય છે અને તેનું વારંવાર, પ્રતિસૂત્ર ઉચ્ચારણ કરવું પડતું નથી.

[109] ત્રીજા પ્રકારના અધિકારના આધારે **शास इद ०** માંના **शासः** ને સ્વરિત ચિન્હ લગાડીશું. તેથી ઉત્તર સૂત્ર **शा हौ।** માં તેની અનુવૃત્તિ થશે. પરિણામે પૂર્વ સૂત્રમાં **शासः** અવયવ ષષ્ઠીયુક્ત છે તે ઉત્તર સૂત્રમાં માત્ર આ ત્રીજા પ્રકારના અધિકારને પ્રતાપે સ્થાનષષ્ઠીનો અર્થ દર્શાવાશે તેથી ત્યાં **शासः** નું ગ્રહણ કરવું નહીં પડે અને કોઇ ચિહ્ન કરવાનો પ્રશ્ન રહેતો નથી.એમ દલીલ છે.

[110] શંકાકાર કહે છે કે **शा हौ।** સૂત્રમાં પાણિનિએ **शासः** નું ઉચ્ચારણ જ નથી કર્યું પછી તેને ચિન્હ કેવી રીતે લગાડી શકાય ? જેનું સૂત્રકારે ઉચ્ચારણ જ નથી કર્યું તેને ચિન્હ કેવી રીતે લાગે ! આમ પૂર્વ સૂત્રમાંથી ઉત્તર સૂત્રમાં શબ્દની અનુવૃત્તિ થાય છે તેટલું જ સ્વરિત ચિન્હને કારણે સમજાય છે. પરિણામે **शा हौ।** માં અનુવૃત્ત થએલ **शासः** ને સ્વરિત ચિન્હ વ્દારા સ્થાનષષ્ઠીના અર્થમાં ફેરવી શકાશે નહીં.

[111] અહીં એમ કહે છે કે જો અનુચ્ચારિત **शासः** એ સ્થાનીને ચિન્હ ન લગાડી શકાય તો પછી આદેશ **शा** ને લગાડીશ અને તેમાં ષષ્ઠી નથી તેથી તે ચિન્હ તેના સ્થાની **शासः** ને લાગશે, એટલે કે આદેશને જે ચિન્હ લગાડ્યું તે સ્થાનીને ફળશે.

[112] **अङ्गस्य।** (૬-૪-૧ ) એ અધિકાર નીચેના **हलः।** (૬-૪-૨) માં **सम्प्रसारणस्य।** (૬-૩-૧૩૯) માંથી **सम्प्रसारणस्य** ની અનુવૃત્તિ થાય છે અને **ढ्रलोपे पूर्वस्य दीर्घोऽणः।** (૬-૩-૧૧૧) માંથી મંડૂકપ્લુતિથી **अणः** ની અનુવૃત્તિ થાય છે. આમ **हलः**, **सम्प्रसारणस्य** અને **अणः** એ ત્રણે **अङ्गस्य** નાં વિશેષ્ય છે. જો નિયમ કરવામાં આવે કે વ્યાકરણમાં ષષ્ઠી એ સ્થાન ષષ્ઠી જ હોય તો **अङ्गस्य** એ ષષ્ઠ્યન્ત વિશેષણનો આ ભિન્ન ભિન્ન વિશેષ્યો સાથે સંબંધ નહીં યોજી શકાય, કારણ કે **हलः** અને **संप्रसारणस्य** એ વિશેષ્યોનો **अङ्गस्य** સાથે અવયવ રૂપ સંબંધ છે તેથી તે ષષ્ઠીઓ સ્થાનના અર્થમાં લઇ નહીં શકાય.માત્ર **अणः** એ ષષ્ઠી સાથે નિયમ પ્રમાણે થતો સ્થાનનો અર્થ જોડી શકાશે. ટૂંકમાં જ્યાં એક વિશેષણ અને અનેક વિશેષ્ય હોય (જેમ કે **हलः।** એ સૂત્રમાં) ત્યાં આ નિયમને કારણે વિશેષણ-વિશેષ્યભાવ થઇ નહીં શકે. પરંતુ જો નિયમ ન હોય તો વિવિધ સંબંધ વાચક વિશેષ્યોનો વિશેષણ સાથે સંબંધ થઇ શકે, જેમ કે **देवदत्तस्य पुत्रः पाणिः कम्बलः।** માં **देवदत्तस्य** એ સામાન્ય સંબંધવાચી ષષ્ઠી છે તેથી તેનો **पुत्रः** વગેરે વિવિધ સંબંધ સૂચક વિશેષ્યો સાથે સંબંધ થઇ શકે. **पुत्रः** (જન્યજનકભાવ) , **पाणिः** (અવયવ-અવયવિભાવ) , **कम्बलः** (સ્વ-સ્વામિભાવ) એ ત્રણે સંબંધ દર્શાવતાં વિશેષ્યો **देवदत्तस्य** સાથે યોજી શકાશે. તે જ રીતે **हलः।** એ સૂત્ર સાથે એકવાક્યતા કરીને સૂત્રનો અર્થ આ રીતે કરી શકાશેઃ અંગના અવયવભૂત **हल्** ની પછી આવતા (અંગના અવયવભૂત) **अण्** રૂપી સંપ્રસારણનો દીર્ઘ થાય છે. આથી નિયમ કરવાની જરૂર નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**हलपि विशेष्योऽणपि विशेष्यः सम्प्रसारणमपि विशेष्यम्। असति पुनर्नियमे कामचार एकया षष्ठ्यानेकं विशेषयितुम्। तद्यथा। देवदत्तस्य पुत्रः पाणिः कम्बल इति। तस्मान्नार्थो नियमेन। ननु चोक्तमेकशतं षष्ठ्यर्था यावन्तो वा ते सर्वे षष्ठ्यामुच्चारितायां प्राप्नुवन्तीति। नैष दोषः। यद्यपि लोके बहवोऽभिसंबन्धा आर्था यौना मौखा स्रौवाश्च शब्दस्य तु शब्देन कोऽभिसंबधो भवितुमर्हत्यन्यदतः स्थानात्। शब्दस्यापि शब्देनानन्तरादयोऽभि संबन्धाः। अस्तेर्भूर्भवतीति संदेहः स्थानेऽनन्तरे समीप इति। संदेहमात्रमेतद्भवति सर्वसंदेहेषु चेदमुपतिष्ठते व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि संदेहादलक्षणमिति। स्थान इति व्याख्यास्यामः॥ न तर्हीदानीमयं योगो वक्तव्यः। वक्तव्यश्च। किं प्रयोजनम्। षष्ठ्यन्तं स्थानेन यथा युज्येत यतः षष्ठ्युच्चारिता। किं कृतं भवति।**

(કારણ કે ) અહીં **हल्** પણ વિશેષ્ય છે, **अण्** પણ વિશેષ્ય છે (અને) **संप्रसारण** પણ વિશેષ્ય છે. પરંતુ જો નિયમ ન હોય તો એક જ ષષ્ઠીને અનેક (વિશેષ્ય) ની વિશેષણ બનાવવાની છૂટ છે. જેમ કે **देवदत्तस्य पुत्रः पाणिः कम्बलः।** એ (ઉદાહરણ)માં. તેથી નિયમની કોઇ જરૂર નથી. પરંતુ અમે કહ્યું ને કે ષષ્ઠીના એક સો અર્થ છે અને ષષ્ઠી ઉચ્ચારવામાં આવતાં તે છે તેટલા બધા ઉપસ્થિત થાય છે. તેમાં વાંધો નથી.જો કે લોકવ્યવહારમાં તો અર્થજન્ય સંબંધ, યોનિજન્ય સંબંધ, મુખજન્ય સંબંધ, સ્રુવાજન્ય સંબંધ જેવા અનેક સંબંધો છે,[113] પરંતુ શબ્દને અન્ય શબ્દ સાથે આ સ્થાન સંબંધ સિવાય બીજો કયો સંબંધ હોઇ શકે? શબ્દને પણ અન્ય શબ્દ સાથે આનન્તર્ય વગેરે સંબંધો હોય છે.(**अस्तेर्भूः।** પ્રમાણે) **अस्** નો **भू** થાય છે તેમાં સંદેહ રહે છે કે (તે **अस्** ના) સ્થાને થાય છે કે તેની તરત પછી થાય છે કે તેની સમીપ [114] થાય છે ? આ તો માત્ર સંદેહ છે અને વ્યાખ્યાન વ્દારા વિશેષ (અર્થ)નો બોધ થાય છે, સંદેહ થાય તેથી સૂત્ર નિરર્થક નથી થતું,' એ પરિભાષા બધા સંદેહોમાં ઉપસ્થિત થાય છે. અમે વ્યાખ્યાન કરીશું કે (**अस्तेः** માં)ષષ્ઠી સ્થાનના અર્થમાં છે.[115]

તો પછી આ (**षष्ठी स्थानेयोगा।**એ) સૂત્ર કરવાની જરૂર નથી? કરવું પડશે ને . (પણ તેનું) પ્રયોજન શું? (પ્રયોજન એ કે) ત્યાં જેની પછીષષ્ઠીનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હોય તે ષષ્ઠ્યન્ત પદનો સ્થાન સાથે સંબંધ જોડી શકાય.[116] તેથી શું થશે ?

---

[113] **आर्थः** અર્થાત્અર્થજન્ય સ્વ-સ્વામિભાવ વગેરે, **यौन** અર્થાત્ યોનિજન્ય પિતા-પુત્રાદિ સંબંધ, **मौख्य** અર્થાત્ મુખને કારણે થએલા ગરુ-શિષ્યાદિ સંબંધ અને **स्रौव** અર્થાત્ હોમના સાધનભૂત સ્રુવાને કારણે થએલા ઋત્વિજ-યજમાનાદિ સંબંધ.

[114] **समीप** અને **अनन्तर** એ બે શબ્દો પર્યાય નથી **समीप** વ્યાપક અર્થવાળો છે. સમીપ હોય તે અવ્યવહિત રીતે નજીક હોય અને અવ્યવહિત રીતે નજીક ન પણ હોય પરંતુ અનન્તર એટલે અવ્યવહિત રીતે -- લગોલગ પાછળ આવતો હોય તે.

[115] સૂત્રના અર્થ વિશે સંદેહ હોય તેથી સૂત્ર નિરર્થક થતું નથી,પરંતુ આ પ્રકારનાં સ્થળે વ્યાખ્યાનનો--વાર્તિકકાર, ભાષ્યકારનાં સ્પષ્ટીકરણ -નો આધાર લેવો જોઇએ જેથી વિશિષ્ટ અર્થ સમજાતાં સંદેહનો નિરાસ થાય.આમ **अस्तेर्भूः।** માંપણ ભાષ્યકાર સ્પષ્ટતા કરશે કે **अस्तेः** એ ષષ્ઠી નો અર્થ **अस्तेः स्थाने** એમ કરવાનો છે.પરિણામે **अस्** ને સ્થાને **भू** થશે અને સંદેહ નહીં રહે.

[116] સૂત્રમાં જે વિશિષ્ટ પદને અંતે ષષ્ઠી પ્રયોજીને ઉચ્ચારવામાં આવ્યું હોય તે ષષ્ઠન્ત પદનો સ્થાન સાથે સંબંધ જોડી શકાય. જેમ કે **पादः पत्।** એ સૂત્રમાં**पाद्** શબ્દની પછી સૂત્રકારે ષષ્ઠીનું ઉચ્ચારણ કર્યુ છે તેથી તે **पाद्** શબ્દનો સ્થાન સાથે સંબંધ થશે અને તે જ તેનો આદેશ થશે. આથી **द्विपाद्** જેવામાં પણ **पाद्** નો જ **पद्** આદેશ થશે, કારણ કે સૂત્રમાં તેનો જ નિર્દેશ કરવામાં આવ્યો છે. નહીં તો **येन विधिः०** પ્રમાણે સમગ્ર **द्विपाद्** ને સ્થાને જ **पद्** આદેશ થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. તેથી જ **निर्दिश्यमानस्यादेशा भवन्ति।** એ પરિભાષા કરી છે, એથી સૂત્રમાં જેનો નિર્દેશ કર્યો હોય, જેનું સ્પષ્ટ ઉચ્ચારણ કર્યુ હોય તે ષષ્ઠ્યન્તને સ્થાને આદેશ થશે, પરંતુ જે ઉચ્ચારિત ન હોય પણ પ્રતીયમાન કે આનુમાનિક હોય એટલે કે **यदागम०** પરિભાષા કે **येन विधिः०** સૂત્ર વ્દારા જેને ઉચ્ચારિતના જેવો ગણવામાં આવ્યો હોય (જેમ કે **द्विपाद्**) તેને સ્થાને આદેશ નહીં થાય. આમ છતાં નિર્દિશ્યમાન-ઉચ્ચારિત-ના સમાન જાતીયને (જેમ કે **उदः स्थास्तम्भोः।** માં **स्था** ) નેસ્થાનં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

निर्दिश्यमानस्यादेशा भवन्तीत्येषा परिभाषा न कर्तव्या भवति ॥

स्थानेऽन्तरतमः ॥ १। १।५०॥

किमुदाहरणम्। इको यणचि। दध्यत्र। मध्वत्र। तालुस्थानस्य तालुस्थान ओष्ठस्थानस्यौष्ठस्थानो यथा स्यात्। नैतदस्ति। संख्यातानुदेशेनाप्येतत्सिद्धम्॥ इदं तर्हि। तस्थस्थमिपां तातंतामः। इत्येकार्थस्यैकार्थो द्व्यर्थस्य द्व्यर्थो

'**निर्दिश्यमानस्यादेशा भवन्ति।** (સૂત્રમાં જેનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો હોય તેના જ આદેશ થાય છે)' એ પરિભાષા નહીં કરવી પડે.

આદેશોમાં જે સૌથી વધારે સમાન હોય તે આદેશ સ્થાનીને બદલે મૂકાય છે **॥૧।૧૫૦॥**

(આ સૂત્રનું) ઉદાહરણ શું છે?[117] **इको यणचि।**[118] જેથી **दध्यत्र। मध्वत्र।** માં તાલુ સ્થાનના (સ્થાની) નો (આદેશ) તાલુસ્થાનનો જ (વર્ણ) થાય અને ઓષ્ઠસ્થાનના (સ્થાની) નો (આદેશ) ઓષ્ઠસ્થાનનો જ (વર્ણ) થાય.એ (ઉદાહરણ) નથી, કારણ કે સમાનસંખ્યાવાળાનું ક્રમ પ્રમાણે ઉચ્ચારણ કરવામાં આવ્યું છે [119] તેથી એ સિદ્ધ થાય છે.તો પછી આ **तस्थस्थमिपां ताम्तम्तामः।** (એ ઉદાહરણ છે) [120] જેથી એકવચન દર્શાવનાર (સ્થાની)નો એક વચન દર્શાવતો (આદેશ) થાય, દ્વિવચન દર્શાવનાર (સ્થાનીનો દ્વિવચન દર્શાવતો (આદેશ)થાય

---

આદેશ થશે.અથવા નિર્દિશ્યમાનના અવયવભૂતને સ્થાને આદેશ થશે જેમ કે **ईदासः।** જેવામાં **आदेः परस्य।** પ્રમાણે આદિ અવયવનો **ई** આદેશ થશે. **इद्गोण्याः।** માં **अलोऽन्त्यस्य।** પ્રમાણે અન્ત્યાવયવનો **इ** આદેશ થશે.

[117] આ પ્રશ્ન ઉદાહરણનો અભાવ નથી સૂચવતો પણ અયોગ્ય ઉદાહરણને દૂષિત કરવા અને ઉચિત ઉદાહરણ રજુ કરવા માટે પૂછવામાં આવ્યો છે.

[118] અહીં ઉદાહરણ પૂછ્યું છે ત્યાંસૂત્રનો ઉલ્લેખ શા માટે કરવો પડ્યો ? કારણ કે સામાન્ય રીતે જાણીતું હોય તેનું વિશિષ્ટ સ્વરૂપે જે દ્વારા જ્ઞાન થાય તે ઉદાહરણ.આ **इको यणचि।** સૂત્ર પોતે પણ ઉદાહરણ છે અને **दध्यत्र , मध्वत्र** જેવા પ્રયોગો પણ પ્રસ્તુત સૂત્રનાં ઉદાહરણ છે. અહીં તાલુ સ્થાન (**इ** ) નો અંતરતમ તાલુ સ્થાન (**य्**) આદેશ થયો છે અને ઓષ્ઠસ્થાન (**उ**) નો અંતરતમ ઓષ્ઠસ્થાન (**व्**) આદેશ થયો છે.

[119] ( કૈ.) કહે છે કે **इको यण्०** માં યથાસંખ્ય પ્રમાણે કાર્ય કરવું શક્ય નથી, કારણ કે હ્રસ્વ વગેરે ભેદ મળીને **इक्** ના છાસઠ ભેદ છે, જ્યારે અનુનાસિક સહિત **यण्** તો માત્ર સાત છે, કારણ કે રેફને અનુનાસિક હોતો નથી.આમ સંખ્યામાં અસમાનતા છે તેથી સંખ્યાતાનુદેશ નહીં થઇ શકે. પરંતુ **ऌ** વર્ણનો દીર્ઘ નથી હોતો, **ऋ** , દીર્ઘ **ॠ** અને પ્લુત **ऋ३** નો અનુનાસિક જોવામાં આવતો નથી તેથી ના.આને ચિન્ત્ય ગણેછે. જો કે **यथासंख्या०** સૂત્રના ભાષ્યમાં તે **इक्** ના ૬૬ ભેદોનો ઉલ્લેખ કરે છે. **इकः** માં **इ,उ,ऋ** અને **ऌ** એ ચાર સ્થાની છે[**ऌ** નો પણ **ऌ्** આદેશ થાય છે. જેમ કે **घस्ऌ** ધાતુના **ऌ** નો **ऌ्** થાય છે (**घस्लादेशः भवति। लिद्यन्यतरस्याम्॥** સૂત્ર ઉપર કા.) તેથી તે સ્થાની છે એમ સ્પષ્ટ સમજાય છે] એ રીતે **यण्** પણ **य्,व्,र्** અને **ल** એ ચાર છે તેથી સંખ્યાતાનુદેશ થતાં તે તે સ્થાનીના અનુક્રમે તે તે આદેશ થશે, કારણ કે અહીં શબ્દતઃ સામ્ય છે, કૈયટે **स्यतासी ऌलुटोः।** એ સૂત્ર ઉપરથી શબ્દતઃ સામ્ય છે એમ કહ્યું છે એમ લાગે છે.તે સૂત્રમાં **ऌलुटोः** માં **ऌ** અને **लुट्** એ શબ્દો છે અને **स्यतासी** માં **स्य** અને **तासि** એ બે શબ્દો છે. તેથી અહીં શબ્દતઃ સામ્ય છે, પરંતુ અહીં **ऌ** એ અનુબન્ધરહિત પ્રયોગ **ऌट्** અને **ऌङ्** બન્ને માટે પ્રયોજાયો છે તેથી અર્થની દૃષ્ટિએ **ऌट्**, **ऌङ्** અને **लुट्** એ ત્રણની અપેક્ષાએ **स्य** અને **तासि** બે જ હોવાથી વૈષમ્ય છે. વાસ્તવમાં તો સૂત્રની પ્રતિપત્તિ વખતે જે સંખ્યાનું સામ્ય હોય તે જ અહીં યથાસંખ્યન્યાય માટે નિયામક છે તેને લક્ષ્યમાં લાગુ પાડતી વખતે વૈષમ્ય જોવાનું નથી તેમ પ્રત્યહારાન્હિકમાં સ્પષ્ટ કહ્યું છે.(જુઓ ચૌખં,પૃ.૧૪૬).

[120] અન્ય ઉદાહરણમાં **तस्थस्थमिपाम्०** માં **तस्**, **थस्**,**थ** અને **मिप्** એ ચાર પ્રત્યયો, **लिङ्** સિવાયના, **ल**-કારોમાં અનુક્રમે **ताम्** , **तम्**, **त** અને **अम्** થાય છે. આ પ્રત્યયો જે વચનના એટલે કે એક, દ્વિ કે બહુવચનના હોય તે પ્રમાણે તે તે સ્થળે થાય છે. તે રીતે વક્તા પોતાની જાતને, સામાવાળાને કે અન્યને સૂચવતો હોય તે પ્રમાણે ઉત્તમ, મધ્યમ અને પ્રથમ પુરુષમાં થશે. આમ વચન તેમ જ પુરુષ બન્નેની દૃષ્ટિએ જોતાં **तस्** વગેરે, સૂત્રમાં અનુક્રમે આપેલ સ્થાનીના જ સ્થાને થશે. તેથી કોઇકને સ્થાને અન્ય કોઇ આદેશ થવાનો એટલે કે **तस्** ને સ્થાને **तम्** કે **थस्** ને સ્થાને **ताम्** વગેરે આદેશ થવાનો કોઇ અવકાશ નહીં રહે. તેથી આગળ કહેશે કે એ સૂત્રમાં ચાર સ્થાની અને ચાર આદેશ આપ્યા હોવાથી સંખ્યાતાનુદેશ થઇ શકશે તેથી એ પ્રસ્તુત સૂત્રનું ઉદાહરણ નથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

बह्वर्थस्य बह्वर्थो यथा स्यात्। ननु चैतदपि संख्यातानुदेशेनैव सिद्धम्। इदं तर्हि। अकः सवर्णे दीर्घः। इति दण्डाग्रम् क्षुपाग्रम् दधीन्द्रः मधूष्ट्र इति कण्ठस्थानयोः कण्ठस्थानस्तालुस्थानयोस्तालुस्थान ओष्ठस्थानयोरोष्ठस्थानो यथा स्यादिति॥ अथ स्थान इति वर्तमाने पुनः स्थानग्रहणं किमर्थम्। यत्रानेकविधमान्तर्यं तत्र स्थानत एवान्तर्यं बलीयो यथा स्यात्।

અને બહુવચન દર્શાવનાર (સ્થાની)નો બહુવચન દર્શાવનાર (આદેશ) થાય. અરે એ પણ સમાન સંખ્યાવાળાનું ક્રમ પ્રમાણે ઉચ્ચારણ કરવામાં આવ્યું છે તેથી સિદ્ધ થાય છે. તો પછી આ **अकः सवर्णे दीर्घः।** (એ ઉદાહરણ છે)[121] જેથી **दण्डाग्रम्। क्षुपाग्रम्। दधीन्द्रः। मधूष्ट्रः** જેવામાં કંઠસ્થાનના બે વર્ણોને સ્થાને કંઠસ્થાનનો (આદેશ), તાલુસ્થાનના બે વર્ણોને સ્થાને તાલુસ્થાનનો (આદેશ), અને ઓષ્ઠસ્થાનના બે વર્ણોને સ્થાને ઓષ્ઠસ્થાનનો (આદેશ) થઇ શકે. હવે (પૂર્વ સૂત્રમાંથી) **स्थान** શબ્દની અનુવૃત્તિ થતી હોવા છતાં (આ સૂત્રમાં) ફરીથી **स्थान** શબ્દ શા માટે મૂકવામાં આવ્યો છે ?[122] (એ માટે કે) તેથી જ્યાં અનેક પ્રકારનું આન્તર્ય હોય ત્યાં સ્થાનને કારણે થએલું આન્તર્ય વધુ પ્રબળ ગણાય.

---

[121] **अकःसवर्णे०** થી **दण्ड अग्र** ઈત્યાદિ દૃષ્ટાંતોમાં જે અંતરતમ આદેશ છે તે જ થાય છે તેથી **अ+अ→आ, इ+इ→ई** વગેરે થશે.

[122] પૂર્વ સૂત્રમાંથી **स्थाने** ની પ્રસ્તુત સૂત્રમાં અનુવૃત્તિ થાય છે છતાં અહીં તેનું પુનર્ગ્રહણ કર્યું છે. તે ચોક્કસ હેતુપૂર્વક છે તે હવે પછી સમજાશે.સૂત્રમાંનાં બે **स्थाने** પદમાંથી એક પ્રસંગવાચી છે અને બીજો તાલુ વગેરે સ્થાનવાચી છે. તેથી અહીં વાક્યભેદ કરવો પડશે -બે વાક્ય બનાવીશું.પ્રથમમાં પૂર્વ સૂત્રમાંથી અનુવૃત્ત થએલ **स्थाने** લઇ શું. તેથી સમજાશે કે જ્યાં આદેશનો પ્રસંગ હોય ત્યાં અંતરતમ, સર્વથી સદૃશ હોય, તે જ થાય. બીજા વાક્યમાં તાલ્વાદિ સ્થાનવાચી **स्थाने** લઇશું જેથી સમજાશે કે જ્યારે અનેક પ્રકારનું સાદૃશ્ય હોય (જેમ કે પ્રમાણમૂલક, ગુણમૂલક, અર્થમૂલક અને સ્થાનમૂલક) ત્યાં તાલુ, કંઠ વગેરે સ્થાનની સમાનતાને કારણે થયું હોય તે આન્તર્ય સ્વીકારવું. જેમ કે **चेता, स्तोता** વગેરે. **चि** ના **लुट्** પ્ર.પુ.એ.વ. કરતાં **चि लुट् तिप्** (**स्यतासि०** થી **तास्--लुटः प्रथमस्य डारौरसः।** થી **तिप्** નો **डा** થતાં) **चि तास् आ (डा) आर्धधातुकं शेषः।** થી આર્ધધાતુક સંજ્ઞા--**डा** એ ङित् પર આવવાથી **टेः।** પ્રમાણે **तास्** નો **टि** લોપ--**चि त् आ** એ સ્થિતિમાં **सार्वधातुकार्ध०** થી ગુણ કરવાનો થતાં **अदेङ् गुणः।** પ્રમાણે **अ, ए** અને **ओ** ની ગુણ સંજ્ઞા હોવાથી, અહીં **चि** ધાતુના **इ** નો ગુણ કરવાનો છે ત્યાં તે કયો થશે, **अ** થશે કે **ए** થશે, અથવા કોઈવાર **अ** થશે ને કોઈવાર **ए** થશે એવી શંકા થાય છે, કારણ કે **इ**-કાર અને ગુણભૂત **अ**-કાર વચ્ચે પ્રમાણ પર આધારિત આન્તર્ય--સાદૃશ્ય છે, કારણ કે બન્ને એકમાત્રિક છે. તે જ રીતે **इ**-કાર અને ગુણભૂત **ए**-કાર વચ્ચે માત્ર સ્થાન પર આધારિત આન્તર્ય છે, કારણ કે બન્ને તાલુસ્થાનીય છે. આ પરિભાષા સૂત્ર એ સ્થિતિમાં નિયમ કરે છે કે જ્યારે એક કરતાં વધારે પ્રકારનું આન્તર્ય હોય ત્યારે સ્થાન પર આધારિત આન્તર્ય હોય તે સર્વથી બલવત્તમ હોય છે. તેથી અહીં **चि** ના **इ** નો ગુણ સ્થાનના સાદૃશ્યને કારણે **ए**-કાર જ થશે **अ**-કાર કદાપિ નહીં થાય અને તેથી **चेता** રૂપ થશે.અહીં પ્રશ્ન થાય કે એક વાક્યથી કામ થઇ શકે એમ હોય તો વાક્યભેદ શા માટે કરવો પડે ? એક વાક્ય કરીએ તો અર્થ આ પ્રમાણે સમજાશેઃ જ્યાં અનેકવિધ આન્તર્ય હોય ત્યાં તાલુ વગેરે સ્થાનને કારણે જે આન્તર્ય છે તે બલવત્તમ છે અને સ્થાનગત આન્તર્ય થઇ શકે માટે તાલુવગેરે સ્થાનવાચી **स्थान** શબ્દ આ સૂત્રમાં લીધો છે.આમ માત્ર સ્થાનજન્ય વિશિષ્ટ આન્તર્યનું ગ્રહણ કરવામાં આવે અને પ્રમાણ વગેરેને કારણે થતાં અન્ય પ્રકારનાં સાદૃશ્યોને ગણનામાં ન લઇએ તો સૂત્રમાં **तम** મૂકવાનો કોઇ અર્થ નહીં રહે. તેમ ન થાય માટે બે વાક્ય કર્યા છે જેથી સાદૃશ્યનો પ્રકર્ષ હોય તે **तमप्** વ્દારા સૂચવાય. તેમાં પ્રથમ વાક્યથી સમજાય છે કે સ્થાને એટલે કે આદેશ મૂકવાનો પ્રસંગ આવે ત્યારે (**स्थाने = प्रसङ्गे** ) જે પ્રાપ્ત થતા હોય તેમાંથી અંતરતમ અર્થાત્ સૌથી સદૃશ હોય તે આદેશ થાય છે અને બીજા વાક્યથી સમજાશે કે તાલુ વગેરે સ્થાનને કારણે (**स्थाने = स्थानेन**) જે સદૃશતમ હોય તે આદેશ જ થાય છે. અહીં સૂત્રમાંના **स्थाने** એ સપ્તમીને તૃતીયાના અર્થમાં લેવાની છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किं पुनस्तत्। चेता स्तोता। प्रमाणतोऽकारो गुणः प्राप्नोति स्थानत एकारौकारौ। पुनः स्थानग्रहणादेकारोकारौ भवतः। अथ तमब्ग्रहणं किमर्थम्। झयो होऽन्यतरस्याम् इत्यत्र सोष्मणः सोष्माण इति द्वितीयाः प्रसक्ता नादवतो नादवन्त इति तृतीयाः। तमब्ग्रहणाद्ये सोष्माणो नादवन्तश्च ते भवन्ति चतुर्थाः। वाग्घसति त्रिष्टब्भसति ॥ किमर्थं पुनरिदमुच्यते।

स्थानिन एकत्वनिर्देशादनेकादेशनिर्देशाच्च सर्वप्रसङ्गस्तस्मात्स्थानेऽन्तरतमवचनम् ॥१॥

स्थान्येकत्वेन निर्दिश्यते। अक इति। अनेकश्च पुनरादेशः प्रतिनिर्दिश्यते दीर्घा इति। स्थानिन एकत्वनिर्देशादनेकादेशनिर्देशाच्च सर्वप्रसङ्गः। सर्वे सर्वत्र प्राप्नुवन्ति। इष्यते चान्तरतमा एव स्युरिति तच्चान्तरेण यत्नं न सिध्यति तस्मात्स्थानेऽन्तरतमवचनं नियमार्थम्।

તે વળી શું (છે)? चेता। स्तोता। માં પ્રમાણની દૃષ્ટિએ (ગુણ તરીક) अ-કાર થવાનો પ્રસંગ આવે છે, (પરંતુ આ સૂત્રમાં) ફરીથી स्थान (શબ્દ) મૂક્યો છે તે કારણે ए-કાર અને ओ-કાર એ બે (જ અનુક્રમે ગુણ) થશે. તો હવે तमप् કેમ લગાડયો છે ?[123]એટલા માટે કે झयो होऽ -न्यतरस्याम्। એ (સૂત્ર પ્રમાણે) वाग्घसति। त्रिष्टुब्भसति । માં ઉષ્માક્ષરને સ્થાને ઉષ્માક્ષર થાય તો (વર્ગનો) બીજો વર્ણ થવાનો પ્રસંગ આવે, અને નાદપ્રયત્નવાળાને સ્થાને નાદપ્રયત્ન યુક્ત વર્ણ થાય તો (વર્ગનો) ત્રીજો વર્ણ થાય, પરંતુ સૂત્રમાં तमप् મૂકવાને કારણે (વર્ગના) જે ઉષ્મ તેમ જ નાદ પ્રયત્ન યુક્ત છે તે ચતુર્થ (વર્ણ) થાય છે. આ (સૂત્ર) શા માટે ઉચ્ચારવામાં આવ્યું છે ?

સ્થાની એક જ દર્શાવ્યો છે પરંતુ આદેશ અનેક દર્શાવવામાં આવ્યા હોવાથી બધા (આદેશ) થવાનો પ્રસંગ આવે છે તેથી (નિયમ માટે) स्थानेऽन्तरतमः। (એ સૂત્ર) ઉચ્ચારવામાં આવ્યું છે ॥૧॥

સ્થાનીમાં માત્ર अकः એમ (કહીને) એકનો નિર્દેશ કર્યો છે[124] જ્યારે તેની સામે दीर्घाः એમ (કહીને) આદેશો અનેક નિર્દેશ્યા છે. આમ માત્ર એક જ સ્થાનીનો નિર્દેશ હોવાથી અને અનેક આદેશોનો નિર્દેશ કરવામાં આવ્યો છે તેથી બધા (આદેશ થવા) નો પ્રસંગ આવે છે.એટલે કે બધા આદેશ બધે જ પ્રાપ્ત થાય છે. પરંતુ સૌથી સમાન હોય તેવા આદેશ થાય તે ઇષ્ટ છે તેથી અને ખાસ પ્રયત્ન વિના તે સિદ્ધ ન થઇ શકે તેથી નિયમ માટે स्थानेऽन्तरतमः। (એ સૂત્ર ઉચ્ચારવામાં આવ્યું છે).

---

[123] वाक् हसति-- झलां जशोऽन्ते। થી वाग् हसति એ સ્થિતિમાં ह-કારની પૂર્વે ग-કાર એ झय् વર્ણ આવ્યો છે તેથી झयो हो० પ્રમાણે વિકલ્પે પૂર્વસવર્ણ આદેશ થશે.તો ग् ને સ્થાને કયો વર્ણ મૂકાશે ? ह् ઉષ્માક્ષર છે તેથી પૂર્વસવર્ણ પણ ઉષ્માક્ષર હોવો જોઇએ. તે રીતે કંઠસ્થાનનો દ્વિતીય વર્ણ ख् થાય,પરંતુ ह् નો બાહ્યપ્રયત્ન નાદ છે જ્યારે ख् નો બાહ્યપ્રયત્ન શ્વાસ છે. જો શ્વાસને લક્ષમાં લઇને પૂર્વસવર્ણ મૂકવાનો હોય તો કંઠસ્થાનનો તૃતીય વર્ણ ग् થાય પરંતુ તે ઉષ્માક્ષર નથી તેથી જે આન્તર તેમ જ બાહ્ય બન્ને પ્રયત્નની દૃષ્ટિએ ह-કાર જેવો હોય, સૌથી વધુ સદૃશ હોય એટલે કે અંતરતમ હોય તે વર્ણ થવો જોઇએ અને એવો વર્ણ તો કંઠસ્થાનનો ચતુર્થ વર્ણ घ् છે. આમ અંતરતમ હોવાથી घ् થતાં वाग्घसति એ ઇષ્ટ સન્ધિ થશે. ह् અને ख् વચ્ચે આન્તર્ય જરૂર છે પરંતુ घ् તો ह् નો અન્તરતમ છે તેથી તે થશે અને જે સ્હેજ સદૃશ હતા તે ન થયા.એ तमप् નું ગ્રહણ કરવાનું ફળ છે.

[124] अकः એમ કહીને સ્થાનીનો નિર્દેશ કર્યો છે તેમાં વાસ્તવમાં अ, इ , उ ઇત્યાદિ અનેક સ્થાની છે છતાં ઉપલબ્ધ પ્રયોગમાં તો એક એક સ્થાની જ હોય છે પણ તેના આદેશ ઘણા હોય છે અને તે બધા જ વારા ફરતી થવાનો પ્રસંગ આવે.એ સ્થિતિમાં સૂત્રમાં अन्तरतमः એમ तमप् નું ગ્રહણ કર્યું છે તે દ્વારા સૌથી સદૃશ હોય તે જ આદેશ થાય એમ નિયમન થશે.સ્થાની ભૂત છે, અસ્તિત્વમાં આવેલો છે તેથી अकः એમ એકવચનમાં નિર્દેશ કર્યો છે પણ આદેશ ભાવ્યમાન છે, હવે થવાનો છે તેથી दीर्घाः એમ બહુવચનમાં નિર્દેશ છે.. લોકમાં 'મૃત્પિંડમાંથી આકાર બનાવ' એમ કહે ત્યારે પિંડ એક હોય છે તેથી પિંડનો એક તરીકે નિર્દેશ કરવામાં આવે છે, અને તેના આકાર બનાવે ત્યારે તેના અનેકપણાનો ખ્યાલ આવે છે તે રીતે અહીં પણ દીર્ઘ ભાવ્યમાન છે અને એક એક अक् ના એક સવર્ણ દીર્ઘ એક પછી એક થવાનો પ્રસંગ આવે છે તેથી અનેક છે તેમ કહ્યું છે (ભર્તૃ.પૃ.૨૯૫)કારણ કે દીર્ઘ ઘણા છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**एवमर्थमिदमुच्यते॥ अस्ति प्रयोजनमेतत्। किं तर्हि। यथा पुनरियमन्तरतमनिर्वृत्तिः सा किं प्रकृतितो भवति। स्थानिन्यन्तरतमे षष्ठीति। आहोस्विदादेशतः। स्थाने प्राप्यमाणानामन्तरतम आदेशो भवतीति। कुतः पुनरियं विचारणा। उभयथापि तुल्या संहिता। स्थानेऽन्तरतम उरणरपर इति॥ किं चातः। यदि प्रकृतित इको यणचि यणां येऽन्तरतमा इकस्तत्र षष्ठी यत्र षष्ठी तत्रादेशा भवन्तीतीहैव स्यात्। दध्यत्र मध्वत्र। कुमार्यत्र ब्रह्मबन्ध्वर्थमित्यत्र न स्यात्। आदेशतः पुनरन्तरतमनिर्वृतौ सत्यां सर्वत्र षष्ठी यत्र षष्ठी तत्रादेशा भवन्तीति सर्वत्र सिद्धं भवति॥ तथेको गुणवृद्धी। गुणवृद्ध्योर्येऽन्तरतमा इकस्तत्र षष्ठी यत्र षष्ठी तत्रादेशा भवन्ती-**

શું એ પ્રયોજન છે? તો પછી શું (પ્રયોજન છે)? આ જે અન્તરતમની પ્રાપ્તિ થાય છે તે શું મૂળ સ્થાની (સૌથી સમાન હોવા)ને કારણે (થાય તે માટે આ સૂત્ર ઉચ્ચારવામાં આવ્યું છે) [125] એટલે કે અન્તરતમ સ્થાનીના અર્થમાં ષષ્ઠી છે કે પછી આદેશ (સૌથી સમાન હોવા)ને કારણે (થાય છે)? એટલે કે (સ્થાનીને) બદલે પ્રાપ્ત થતા આદેશોમાં જે સૌથી અન્તરતમ હોય તે આદેશ થાય છે એમ (સમજવાનું છે)? આ વિચારણા શાથી (કરવામાં આવે છે)? (એ માટે કે) **स्थानेऽन्तरतम उरण् रपरः**। એ સંહિતાપાઠ (**अन्तरतम** એ પ્રથમાન્ત હોય કે સપ્તમ્યન્ત હોય) બન્ને રીતે સમાન છે. તેથી શું ? [126] જો મૂળ (સ્થાની)ને કારણે અન્તરતમની પ્રાપ્તિ થતી હોય તો **इको यणचि**। એ (સૂત્ર) પ્રમાણે **यण्** વર્ણોના જે અન્તરતમ **इक्** હોય તેની ષષ્ઠી થશે અને જે (**इक्**)ની ષષ્ઠી થશે તેને સ્થાને (**यण्**) આદેશ થશે. તેમ થવાથી **दध्यत्र। मध्वत्र।** માં જ (આદેશ) થાય પણ **कुमार्यत्र। ब्रह्मबध्वत्र।** માં (**यण्** આદેશ) નહીં થાય. [127] પરંતુ જો આદેશ (સૌથી સમાન હોવા)ને કારણે અન્તરતમ આદેશ પ્રાપ્ત થતો હોય તો બધા (**इक्**)ની ષષ્ઠી થશે અને જ્યાં ષષ્ઠી થશે તેને સ્થાને આદેશ થશે તેથી બધા (**इक्**)ને આદેશ પ્રાપ્ત થશે.[128] તે રીતે **इको गुणवृद्धी** । (એ સૂત્ર) પ્રમાણે ગુણ અને વૃદ્ધિના જે સૌથી સમાન **इक्** હોય તેમને ષષ્ઠી થશે અને જેની ષષ્ઠી હોય તેના (સ્થાને) આદેશ થાય છે.

---

[125] **पदप्रकृतिः संहिता**। એ ન્યાયે અષ્ટાધ્યાયીનો મૂળ સંહિતા પાઠ હતો તે પ્રમાણે જો સૂત્રોનું પઠન કરવામાં આવે, એટલે કે **स्थानेऽन्तरतम उरणूरपरः**। એમ સંહિતા પાઠ લેતાં અહીં દર્શાવેલી શંકાને અવકાશ છે, કારણ કે **अन्तरतम** એ પદમાં વિસર્ગનો લોપ થયો હોય તો તે પ્રથમાન્ત હોય અને **लोपः शाकल्यस्य**। પ્રમાણે **य्** નો લોપ થયો હોય તો **अन्तरतमे** એમ સપ્તમી થાય. હવે જો પદપાઠ લેવામાં આવે એટલે કે તેમાંથી પદ છૂટાં પાડીને **अन्तरतमः** એમ પાઠ કરવામાં આવે તો શંકા રહેતી નથી.પરંતુ જો સપ્તમ્યન્ત લેવામાં આવે તો પૂર્વ સૂત્રમાંથી **षष्ठी** ની અનુવૃત્તિ થાય છે તેથી આદેશનો જે અન્તરતમ સ્થાની છે ત્યાં જ ષષ્ઠી થશે અને જ્યાં ષષ્ઠી છે ત્યાં જ આદેશ થશે.આમ પ્રકૃતિ અર્થાત્ સ્થાનીનું નિયમન કરવામાં આવ્યું છે.(અહીં સૂત્રમાંના **स्थाने** શબ્દનો અર્થ **स्थानिनि** કરવામાં આવ્યો છે, કારણ કે **तिष्ठन्ति आदेशाः अस्मिन्** એ રીતે અધિકરણનો અર્થ લીધો છે અને **अन्तरतम** એ સપ્તમી લેવાથી **अन्तरतमे स्थानिनि षष्ठी** એમ અર્થ કર્યો છે.) તેથી **अन्तरतम** એ સ્થાનીનું વિશેષણ થશે. પરંતુ પ્રથમાન્ત લેવામાં આવે તો **अन्तरतम** એ આદેશનું વિશેષણ થશે.અને સ્થાનીનો આદેશ કરવાનો હોય ત્યારે જે અન્તરતમ આદેશ હોય તે થાય છે એમ અર્થ સમજાશે. અહીં આદેશનું નિયમન થાય છે.

[126] આ બધી ચર્ચા કરી પણ તેથી શો ફરક પડે છે ? એમ પૂછવા માગે છે.

[127] **दधि अत्र , मधु अत्र** માં હ્રસ્વ **इ**-કાર અને હ્રસ્વ **उ**-કાર સ્થાની છે એ બે એકમાત્રિક **इक्** અર્ધમાત્રિક **यण्** (**य्** , **व्**) ના સહેજ નજીકના છે તેથી ષષ્ઠી પ્રાપ્ત થવાથી **यणादेश** થશે, પરંતુ **कुमारी अर्थम्** ,**ब्रह्मबन्धू अर्थम्** માં દીર્ઘ દ્વિમાત્રિક **ई**-કાર, **ऊ**-કાર તો અર્ધમાત્રિક **यण्** થી ઘણા દૂર છે તેથી **यणादेश** સિદ્ધ નહીં થાય.

[128] અંતરતમ નહીં પરંતુ કોઇ પણ **इक्** ને સ્થાને અંતરતમ આદેશ થાય છે એમ સમજતાં જ્યાં ષષ્ઠી ત્યાં આદેશ થવાથી **कुमार्यत्र** વગેરે સિદ્ધ થઇ શકશે. પૂર્વે આદેશના આન્તર્ય પક્ષે **नैतदस्ति। संख्यातानुदेशेनाप्येतत्सिद्धम्**। એમ કહીને આ ઉદાહરણને અયોગ્ય ગણવામાં આવ્યું હતું છતાં અહીં સ્થાની નિયમનની દૃષ્ટિએ દીર્ઘ **इक्** વર્ણોની વ્યાવૃત્તિ કરવા માટે આપ્યું છે, જેથી તેમની ષષ્ઠી ન થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-र्तीहैव स्यात्। नेता लविता नायकः लावकः। चेता स्तोता चायकः स्तावक इत्यत्र न स्यात्। आदेशात पुनरन्तरतमनिर्वृतौ सत्यां सर्वत्र षष्ठी यत्र षष्ठी तत्रादेशा भवन्तीति सर्वत्र सिद्धं भवति॥ तथा ऋवर्णस्य गुणवृद्धिप्रसङ्गे गुणवृद्ध्योर्यदन्तरतमम्रृवर्णं तत्र षष्ठी यत्र षष्ठी तत्रादेशा भवन्तीर्तीहैव स्यात्। कर्ता हर्ता आस्तारकः निपारकः। आस्तरिता निपरिता कारकः हारकः इत्यत्र न स्यात्। आदेशतः पुनरन्तरतमसत्यां सर्वत्र षष्ठी यत्र षष्ठी तत्रादेशा भवन्तीति सर्वत्र सिद्धं भवति॥ अथादेशतोऽन्तरतमनिर्वृतौ सत्यामयं दोषः। वान्तो यि प्रत्यये। स्थानिनिर्देशः कर्तव्यः। ओकारौकारयोरिति वक्तव्यम्। एकारैकारयोर्मा भूदिति। प्रकृतितः पुनरन्तरतमनिर्वृतौ सत्यां वान्तादेशस्यैक्षु यान्तरतमा प्रकृतिस्तत्र षष्ठी यत्र षष्ठी

તેથી **नेता। लविता। नायकः। लावकः** માં (ગુણ કે વૃદ્ધિ) થશે [129] પણ **चेता। स्तोता। चायकः। स्तावकः** માં નહીં થાય, [130] પરંતુ જો આદેશને કારણે સૌથી સમાન (આદેશ)ની પ્રાપ્તિ થતી હોય તો બધા (**इक्**) માં ષષ્ઠી થશે અને જ્યાં ષષ્ઠી હશે તે (**इक्**) નાં (ગુણ કે વૃદ્ધિ) આદેશ થશે તેથી બધા (**इक्** વર્ણ)ના (ગુણવૃદ્ધિ રૂપી આદેશ) સિદ્ધ થશે. તે રીતે **ऋ**-વર્ણનાં ગુણવૃદ્ધિ કરવાનાં હોય ત્યારે ગુણવૃદ્ધિનો જે સૌથી સમાન વર્ણ હોય તેની ષષ્ઠી થશે[131] અને જ્યાં ષષ્ઠી હોય તેના આદેશ થશે. તેથી **कर्ता। हर्ता। आस्तारकः। निपारकः** માં (ગુણ કે વૃદ્ધિ રૂપ આદેશ ) થશે, (પણ) **आस्तरिता। निपरिता। कारकः। हारकः** માં નહીં થાય.પરંતુ આદેશને કારણે સૌથી સમાન (આદેશ)ની પ્રાપ્તિ થતી હોય તો બધા (સ્થાની ભૂત **ऋ**-કાર) ની ષષ્ઠી થશે અને જ્યાં ષષ્ઠી હોય તેના આદેશ થાય તેથી બધા(**ऋ**-કાર) નાં (ગુણ વૃદ્ધિ) થશે. હવે આદેશ ઉપરથી સૌથી સમાનની પ્રાપ્તિ થતી હોય તો આ દોષ આવે છે: **वान्तो यि प्रत्यये**। એ સૂત્રમાં સ્થાનીનો નિર્દેશ કરવો પડશે, એટલે કે '**ओ**-કાર અને **औ**-કારનો' એમ કહેવું પડશે[132] જેથી **ए**-કાર અને **ऐ**-કારનો (આદેશ) ન થાય.પરંતુ સ્થાનીને કારણે સૌથી સમાનની પ્રાપ્તિ થાય તો **एच्** વર્ણોમાંથી **वान्त** આદેશના જે સૌથી સમાન સ્થાની હોય તેની ષષ્ઠી થશે અને જેની ષષ્ઠી હોય

---

[129] **अन्तरतम उरण्** વગેરેમાં **अन्तरतम** ને સપ્તમ્યન્ત ગણવાથી અન્ય પ્રશ્ન ઉપસ્થિત થાય છે.**इको गुणवृद्धी**। ગુણ (**ए ,ओ**) અને વૃદ્ધિ (**ऐ ,औ**) એ આદેશ જે અન્તરતમ **इक्** હોય તેનાં જ થાય છે.એમ ફલિતાર્થ થતાં જ્યાં દ્વિમાત્રિક **इक्** હશે ત્યાં દ્વિમાત્રિક આદેશ થશે તેથી **नेता , लविता, नायकः** વગેરેમાં **नी** અને **लू** ના દ્વિમાત્ર આદેશ **ए , आय्, ओ** થયા, પરંતુ **चेता , स्तोता** વગેરેમાં **चि , स्तु** એ એકમાત્રિક હ્રસ્વ **इगन्त** સ્થાની દીર્ઘ દ્વિમાત્રિક આદેશના અંતરતમ ન હોવાથી **चेता , स्तोता** વગેરે સિદ્ધ નહીં થાય.

[130] **चायकः** અહીં **चि + ण्वुल्** (કર્તરિ) એ **णित्** પ્રત્યય પર થતાં **अचोऽञ्णिति**। પ્રમાણે વૃદ્ધિ થઇને **चायकः** થયો છે. પરંતુ અહીં સ્થાનીનો સ્પષ્ટ નિર્દેશ છે તેથી **चायक** એ **इको गुण०** નું ઉચિત ઉદાહરણ નથી, કારણ કે તેમાં વૃદ્ધિ થઇ છે તે **इग्लक्षणा** નથી. અહીં પણ ઉપર જણાવેલ દોષ આવે છે કારણ કે **चि** નો **इ** એક માત્રિક છે જ્યારે વૃદ્ધિ દ્વિમાત્રિક છે તેથી તેમનું સાદૃશ્ય ન થઇ શકે. કોઇ કહે છે કે **इको गुण०** સૂત્રનો 'જ્યાં **इक्** નાં ગુણવૃદ્ધિ ઇષ્ટ હોય ત્યા' એમ ભાષ્યનો અર્થ લેવાથી દોષ નહીં આવે.

[131] **ऋ** વર્ણનો **इक्** માં સમાવેશ થાય છે છતાં તેનું જુદું ઉદાહરણ શા માટે ? પણ તેનું કારણ એ છે કે **अन्तरतम** ને સપ્તમ્યન્ત લઇને સૂત્રાર્થ કરતાં **ऋ**-કાર જ્યાં હ્રસ્વ હશે ત્યાં જ ગુણ થશે પણ વૃદ્ધિ નહીં થાય અને જ્યાં દીર્ઘ **ॠ** હશે ત્યાં જ વૃદ્ધિ થશે પણ ગુણ નહીં થાય, કારણ કે એકમાત્રિક આદેશ(**अ**) નો એકમાત્રિક સ્થાની જ અન્તરતમ છે અને દ્વિમાત્રિક આદેશ(**आ**) નો દ્વિમાત્રિક સ્થાની (દીર્ઘ**ॠ** ) જ અન્તરતમ છે. **ऋ**-કારમાં આ વિશિષ્ટતા છે તેથી ભિન્ન ગ્રહણ કર્યુ છે.પરંતુ સમગ્ર દૃષ્ટિએ જોતાં **अन्तरतमे** એમ સપ્તમ્યન્ત છેદ કરવામાં આવે તો લક્ષ્ય સિદ્ધિ ન થઇ શકે તેથી તે દોષયુક્ત છે એમ સમજાય છે.આથી **कर्ता , हर्ता** વગેરેમાં તેમ જ **आस्तरिता** વગેરેમાં બધે કાર્ય સિદ્ધ થશે.

[132] **वान्तो यि ०** માં પૂર્વ સૂત્રમાંથી **एचः** ની અનુવૃત્તિ થાય છે તેથી **अन्तरतमः** એમ પ્રથમાન્ત પાઠ લેવામાં આવે તો બધા **एच्** વર્ણોનો **वान्त** આદેશ થવાનો પ્રસંગ આવશે. તે ન આવે માટે એ સૂત્રમાં સ્થાની **ओ** અને **औ** નો નિર્દેશ કરવો પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तत्रादेशा भवन्तीत्यन्तरेण स्थानिनिर्देशं सिद्धं भवति। आदेशतोऽप्यन्तरतमनिर्वृतौ सत्यां न दोषः। कथम्। वान्तग्रहणं न करिष्यते। यि प्रत्यय एचोऽयादयो भवन्तीत्येव। यदि न क्रियते चेयम् जेयमित्यत्रापि प्राप्नोति। क्षय्यजय्यौ शक्यार्थे इत्येतन्नियमार्थं भविष्यति। क्षिज्योरेवैच इति। तयोस्तर्हि शक्यार्थादन्यत्रापि प्राप्नोति। क्षेयं पापम् जेयो वृषल इति। उभयतो नियमो विज्ञास्यते। क्षिज्योरेवैचः। अनयोश्च शक्यार्थ एवेति। इहापि तर्हि नियमान्न प्राप्नोति। लव्यम् पव्यम्। अवश्यलाव्यम् अवश्यपाव्यम् ।**

તેને સ્થાને આદેશ થશે તેથી સ્થાનીનો નિર્દેશ કર્યા વિના જ (**वान्त**) આદેશ થશે. [133] આદેશ ઉપરથી પણ સૌથી સમાનની પ્રાપ્તિ થતી હોય તો પણ દોષ નથી આવતો. કેવી રીતે? (સૂત્રમાં) **वान्त** નું ગ્રહણ નહીં કરવામાં આવે (અને) **यि प्रत्यये।** એટલું જ (સૂત્ર રહેશે તેથી **य**-કારાદિ પ્રત્યય પર થતાં) **एच्** ના **अय्** વગેરે (આદેશો) થાય છે એમ (સમજાશે). જો (**वान्त** નું ગ્રહણ) ન કરવામાં આવે તો **चेयम्। जेयम्** માં પણ (**य**- કારાન્ત આદેશ) થવાનો પ્રસંગ આવશે.[134] તો **क्षिय्यजय्यौ शक्यार्थे।**એ સૂત્રઅહીં નિયામક થશે અર્થાત્ **क्षि** અને **जि** ના (**एच्** નો) જ (શક્યાર્થમાં **यान्त** આદેશ થશે) એમ (સમજાશે).[135] તો પછી એ બે (ધાતુઓ)ને **क्षेयं पापम्। जेयो वृषलः।** જેવામાં જ્યાં શક્યાર્થ ન હોય ત્યાં પણ (**यान्त** આદેશ) થવાનો પ્રસંગ આવશે.[136] આ નિયમ, **क्षि** અને **जि** ના **एच्** નો જ (**यान्त** આદેશથાય છે) અને તે બે (ધાતુઓ) નો શક્યાર્થમાં જ (**एयू** થાય છે) એમ બે રીતે સમજાશે.[137] તો પછી નિયમને કારણે આ **लव्यम् , पव्यम् । अवश्यलाव्यम् अवश्यपाव्यम्** માં પણ **वान्त** આદેશ પ્રાપ્ત નહીં થાય.[138]

---

[133] કારણ કે **एच्** ના જે **अय्** , **अव्** ,**आय्** અને **आव्** આદેશ થાય છે તેમાંથી **अव्** અને **आव्** એ બે જ **वान्त** આદેશો છે એટલે કે તેમાં જ અન્તે ઓષ્ઠસ્થાનનો **व्** છે તેથી તેના અન્તરતમ સ્થાની **ओ** અને **औ** જ હોઇ શકે, **ए** અને **ऐ** નહીં. પરિણામે સૂત્રમાં સ્થાનીનો નિર્દેશ નહીં કરવો પડે, **ओदौतोः** એમ નહીં કહેવું પડે.

[134] **चेयम्** , **जेयम्** માં **चि** , **जि** ને **अचो यत्।** થી **यत्--सार्वधातुकार्ध०** થી ગુણ થઇને **चेयम्** ,**जेयम्** પ્રાપ્ત થાય છે.અહીં **ए**-કાર પછી **य** પ્રત્યય આવ્યો છે તેથી જો **वान्त** નું ગ્રહણ ન કરીને **यि प्रत्यये।** એટલું જ સૂત્ર કર્યુ હોય તો **ए**-કારનો **एय्** થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે.

[135] **क्षय्यजय्यौ०** પર ભાષ્યકારે ભાષ્ય નથી કર્યુ અને તેને નિપાતન સૂત્ર તરીકે ગણ્યું હશે તેમ લાગે છે (જુઓઃ **क्षि जि इत्येतयोर्धात्वोर्यति प्रत्यये परतः शक्यार्थे गम्यमाने एकारस्यायादेशो निपात्यते।** કા.ભા.૪૫.૫૪૧), પરંતુ ભાષ્યકારે **क्षिज्योः** એમ કહીને હ્રસ્વ **इ**-કાર યુક્ત **जि** નો નિર્દેશ કર્યો છે તેથી સમજવાનું છે કે આ સૂત્ર દીર્ઘ **ई**- કારાન્ત **क्षी** અને **जै जये** એ ધાતુઓનું નિપાતન કરતું નથી.(ના.) અહીં એમ દલીલ છે કે **जेयम्** વગેરેમાં **एय्** ન થાય તે માટે અમે **क्षय्यजय्यौ०** વગેરે સૂત્ર વ્દારા નિયમ કરીશું કે **एच्** નો **एय्** માત્ર **क्षि** અને **जि** માં જ થાય છે અન્યત્ર નહીં તેથી શક્યાર્થ ન હોય ત્યાં નહીં થાય, કારણ કે ત્યાં તો **यि प्रत्यये।** એટલાથી પણ **एय्** થઇ શકે છે છતાં સૂત્રકારે જુદું સૂત્ર કર્યુ છે તે ઉપરથી આ તારણ કાઢ્યું છે.

[136] ઉપરની દલીલનો દોષ બતાવતાં કહે છે કે **क्षेयम् पापम्। जेयो वृषलः।** માં **कृत्याश्च।** પ્રમાણે કૃત્ય પ્રત્યય આવશ્યકના અર્થમાં **यत्** લાગ્યો છે, શક્યાર્થ ('એ શક્ય છે' એ અર્થ) માં નથી છતાં **एय्** થશે, કારણ કે **क्षि** અને **जि** સિવાય બીજે **एय्** થતો નથી એમ કહ્યું છે.

[137] ઉપરનો દોષ દૂર કરવા માટે યોગવિભાગ વ્દારા બે બાજુનો નિયમ થશે. તેથી સમજાશે કે માત્ર **क्षि** અને **जि** ના **एच्** નો જ **एय्** થશે અને તે પણ શક્યાર્થ હોય ત્યાં જ થશે (કે.) **ब्रह्मभ्रूणवृत्रेषु क्विप्।** એ સૂત્રમાં યોગવિભાગનો આશ્રય લીધા વિના પણ **उभयतो नियमात्।** એમ કહીને ભાષ્યકારે **ब्रह्मादिष्वेव हन्तेर्भूते क्विब्भवति। क्विबेव हन्तेर्भूते ब्रह्मादिषु।** એમ કહીને ઉપપદ અને કાલ બન્નેમાં નિયમ દાર્શાવ્યો છે તેમ અહીં પણ ઉભયવિધ નિયમ થશે.૧).**क्षि** અને **जि** ના જ **एच्** નો **एय्** થશે અને ૨) તે બે ધાતુઓના **एच्** નો **एय्** શક્યાર્થ હોય ત્યાં જ થશે.(ના.)

[138] શંકાકાર કહે છે કે ઉપરના નિયમો સામાન્ય રીતે બધે લાગુ પડે તો **लव्यम्** વગેરેમાં **य**-કારાદિ પ્રત્યય પર થતાં **वान्त** આદેશ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तुल्यजातीयस्य नियमः। कश्च तुल्यजातीयः। यथाजातीयकः क्षिज्योरेच्। कथंजातीयकः क्षियोरेच्। एकारः। एवमपि रायमिच्छति रैयति अत्रापि प्राप्नोति। रायिश्छान्दसो दृष्टानुविधिश्च छन्दसि भवति॥ ऊदुपधाया गोहः। आदेशतोऽन्तरतमनिर्वृतौ सत्यामुपधाग्रहणं कर्तव्यम्। प्रकृतितः पुनरन्तरतमनिर्वृतौ सत्यामूकारस्य गोहो यान्तरतमा प्रकृतिस्तत्र षष्ठी यत्र षष्ठी तत्रादेशा भवन्तीत्यन्तरेणोपधाग्रहणं सिद्धं भवति। आदेशतोऽप्यन्तरतमनिर्वृतौ सत्यां न दोषः। क्रियत एतन्न्यास एव॥

આ નિયમ તુલ્યજાતીયને લાગુ પડશે.પણ તુલ્યજાતીય તે કયો? [139] क्षि અને जि ધાતુનો एच् જે જાતનો હોય તે જાતનો. क्षि અને जि ધાતુનો एच् કેવી જાતનો છે? (તે ધાતુઓનો एच्) ए-કાર છે. એમ હોય તો પણ रायमिच्छति रैयति। માં પણ (आय् થવાનો પ્રસંગ આવશે.[140] राय् એ તો છાન્દસ ધાતુ છે અને વેદમાં તો જે જોવામાં આવે છે તે પ્રમાણે કાર્યને લગતો વિધિ કરવામાં આવે છે.[141]આદેશને કારણે સૌથી સમાનની પ્રાપ્તિ થતી હોય તો ऊदुपधाया गोहः। (એ સૂત્ર) માં उपधा શબ્દ મૂકવો પડશે, [142] પરંતુ મૂળ સ્થાનીને કારણે સૌથી સમાન આદેશ પ્રાપ્ત થતો હોય તો गोह ના ऊ-કારનો જે સૌથી સમાન હોય તેની ષષ્ઠી થશે અને જ્યાં ષષ્ઠી હોય તેના આદેશ થાય છે. (પરંતુ) આદેશને કારણે સૌથી સમાનની પ્રાપ્તિ થતી હોય તો પણ કોઇ દોષ નથી આવતો, કારણ કે સૂત્રમાંજ (उपधा) એ (પદ) મૂકેલું છે.[143]

---

[139] તુલ્યજાતીયને લગતો એટલે क्षि અને जि ના एच् , ए ની જાતિ છે તે કંઠતાલુ જાતિને અનુલક્ષીને આ નિયમ છે તેથી કંઠ-ઓષ્ઠને લાગુ નહી પડે પરિણામે वान्त આદેશ થશે. એમ જો ન હોય તો પછી यि प्रत्यये। એ સૂત્ર નિરર્થક થાય. વળી અહીં જે ઉભયવિધ નિયમ કર્યો છે તે ए-કારને લગતો હોવા છતાં તે વ્દારા ऐ-કાર પણ સૂચવાય છે, કારણ કે ભાષ્યકારે તુલ્યજાતીય અર્થાત્ કંઠતાલવ્ય એમ કહ્યું છે.તેથી ऐ-કાર હોય ત્યાં आय् થશે એવી શંકા અસ્થાને છે.

[140] रायमिच्छति એ અર્થમાં रै ધાતુને सुप आत्मनः क्यच्। પ્રમાણે क्यच् થતાં रैय એ નામધાતુનું लट् પ્ર.પુ.એ.વ. रैयति થશે. શંકાકાર કહે છે કે આગળ ઉભયતઃ નિયમ કર્યો છે તે ए-કારને લગતો છે તેથી તે વ્દારા તેની વ્યાવૃત્તિ થશે પરંતુ ऐ-કારની નહી થાય. પરિણામે आय् થવાનો પ્રસંગ આવશે.વાસ્તવમાં ए-કાર માત્ર ઉપલક્ષણ રૂપે છે તેથી ऐ-કારને આવરી લેવાય છે

[141] અહીં વા.શા., યુમી.વગેરેમાં रायिश्छन्दसि એમ પાઠ છે. ચૌખં,નિ,સા, માં रा यि छान्दसः। (અર્થાત્ य-કારાદિ પ્રત્યય પર થતાં रै શબ્દ) એમ પાઠ છે.ભાષ્યકાર વિસર્ગરહિત પાઠ લે છે તેથી रयिश्छन्दसि। એપાઠ અયોગ્ય છે, કારણ કે क्यच् પર થતાં आत्व થવું શક્ય નથી.ભાષામાં क्यजन्त रै શબ્દનો પ્રયોગ થતો નથી પરંતુ ભાષ્યમાં रायमिच्छति। એમ જે વિધાન કર્યુ છે તેની સાથે એ સુસંગત નથી. જો क्यजन्त रै નો પ્રયોગ છાન્દસ જ હોય તો વેદમાં તો જે રૂપ ઉપલબ્ધ હોય , જોવામાં આવતું હોય, તેને અનુલક્ષીને નિયમો કરવાના હોય અને ભાષામાં તેનો પ્રયોગ જ નથી થતો તેથી आय् થવાનો પ્રશ્ન જ નથી રહેતો.

[142] પ્રથમાન્ત પક્ષ સ્વીકારતાં બીજો દોષ : ऊदुपधायाः० પ્રમાણે જે ऊत् થાય છે તે अलोऽन्त्यस्य। પ્રમાણે અંત્ય अल् (ह्) નો ન થતાં ऊत् આદેશ ओ-કારનો અંતરતમ છે તેથી તેનો થાય તે માટે સૂત્રમાં उपधायाः એ પદનું ગ્રહણ કરવું પડશે. પરંતુ સપ્તમ્યન્ત પક્ષ સ્વીકારતાં गोह् માં જે અંતરતમ સ્થાની હશે તેને સ્થાને ऊत् થશે. હવે ग् ओ ह् એ ત્રણમાંથી ऊ-કાર આદેશનો અંતરતમ ग् કે ह् ન હોય પરંતુ ओ-કાર જ હોઇ શકે તેથી સૂત્રમાં उपधायाः નું ગ્રહણ ન કર્યુ હોય તો પણ ऊत् આદેશओ- કારનો જ થશે અને તેથી લાઘવ થશે.

[143] સૂત્રમાં उपधायाः નું ગ્રહણ કરેલું જ છે, નહીં તો अलोऽन्त्यस्य। એ પર સૂત્ર હોવાથી गोहः એ ષષ્ઠીને કારણે અંત્યને સ્થાને આદેશ થાત. આથી પ્રથમાન્ત પક્ષ સ્વીકારવામાં આવે કે સપ્તમ્યન્ત બન્ને પક્ષે उपधा નું ગ્રહણ કરવું આવશ્યક છે તેથી લાઘવનો પ્રશ્ન નથી રહેતો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

रदाभ्यां निष्ठातो नः पूर्वस्य दः। आदेशतोऽप्यन्तरतमनिर्वृतौ सत्यां तकारग्रहणं कर्तव्यम्। प्रकृतितः पुनरन्तरतमनिर्वृतौ सत्यां नकारस्य निष्ठायां याऽन्तरतमा प्रकृतिस्तत्र षष्ठी यत्र षष्ठी तत्रादेशा भवन्तीत्यन्तरेण तकारग्रहणं सिद्धं भवति। आदेशतोऽप्यन्तरतमनिर्वृतौ सत्यां न दोषः। क्रियते एतन्न्यास एव ॥ किं पुनरिदं निर्वर्तकम्। अन्तरतमा अनेन निर्वर्त्यन्ते। आहोस्वित्प्रतिपादकम्। कश्च विशेषः।

स्थानेऽन्तरतमनिर्वर्तके स्थानिनिवृत्तिः ॥२॥

આદેશને કારણે સૌથી સમાનની પ્રાપ્તિ થતી હોય તો **रदाभ्यां निष्ठातो नः पूर्वस्य च दः।** એ (સૂત્ર)માં त-કાર મૂકવો પડશે[144] પરંતુ સ્થાનીને કારણે સૌથી સમાનની પ્રાપ્તિ થતી હોય તો [145] નિષ્ઠા (પ્રત્યય) માં न-કારનો જે સૌથી સમાન સ્થાની હોય તેની ષષ્ઠી થશે અને જ્યાં ષષ્ઠી હોય તેનો આદેશ થાય છે તેથી (સૂત્રમાં) त-કાર ન મૂક્યો હોય તો પણ કાર્ય સિદ્ધ થાય છે. આદેશને કારણે સૌથી સમાનની પ્રાપ્તિ થતી હોય તો પણ કોઇ દોષ નથી આવતો, કારણ કે સૂત્રમાં (**निष्ठातः** એમ કહીને त-કાર) મૂક્યો જ છે.[146] તો પછી આ (**स्थानेऽन्तरतमः।** એ) વિધાયક (સૂત્ર) છે,[147] એટલે કે આ(સૂત્ર)દ્વારા સૌથી સમાન હોય તે (આદેશ)નું વિધાન કરવામાં આવે છે? કે પછી તેનું પ્રતિપાદન કરવામાં આવે છે, એટલે કે અન્ય (સૂત્ર) દ્વારા જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે સૌથી સમાન (આદેશો)નું આ (સૂત્ર) દ્વારા સમર્થન કરવામાં આવે છે? (વિધાયક હોય કે અનુમોદક હોય ) એમાં શો ફેર છે ?

જો **स्थानेऽन्तरतमः।** એ વિધાયક (સૂત્ર) હોય તો સ્થાનીની નિવૃત્તિ થશે॥૨॥ [148]

---

[144] પ્રથમાન્ત પક્ષ સ્વીકારવાથી ઉદ્ભવતો અન્ય દોષ **रदाभ्यां०** દ્વારા ચર્ચ્યો છે. એ પક્ષ સ્વીકારીને અંતરતમનો વિચાર કરીએ તો જેનો न् આદેશ થવો જોઇએ તે त् નું સૂત્રમાં ગ્રહણ કરવું પડશે. તેમ ન કરીએ તો **रदाभ्याम्** એ निष्ठा નું વિશેષણ થવાથી **चरितम्**, **मुदितम्** માં **आर्धधातुकस्ये०** થી થએલ **इट्** નો જ **आदेः परस्य।** થી न् આદેશ થવાનો પ્રસંગ આવશે.

[145] જો સપ્તમ્યન્ત પક્ષ સ્વીકારવામાં આવે તો સ્થાનીભૂત નિષ્ઠા ( त અને तवत् ) માં त् अ અને त् अ व् अ त् વગેરેમાંથી न-કારનો અંતરતમ त-કાર જ છે તેથી સૂત્રમાં त-કારનું ગ્રહણ ન કર્યું હોય તો પણ તેને જ સ્થાને न् આદેશ થશે. તેથી લાઘવ થશે.પરંતુ त-કારનું ગ્રહણ ન કરવાથી **चरितम्** વગેરેમાં **इट्** નો **न्** થવાનો પ્રસંગ આવશે એમ જે કહ્યું તે તો રહેશે જ અને જો त-કારનું ગ્રહણ કરવામાં આવે તો त् અને રેફની વચ્ચે इ નું વ્યવધાન થવાથી न् આદેશ નહીં થાય.

[146] બન્ને પક્ષે દોષ થવાનો પૂરો સંભવ છે. તે દોષ સૂત્રમાં ગ્રહણ કરેલ त-કારને કારણે દૂર થશે અને લાઘવનો પણ પ્રશ્ન રહેતો નથી. જો ગૌરવ ટાળવા त-કારનું ગ્રહણ ન કર્યું હોય તો આ પરિભાષા સૂત્રને બળે **भिन्नवद्भ्याम्** માં द् નો न् થવાનો પ્રસંગ આવશે, કારણ કે न् અને द् સુસદૃશતમ છે તેથી '**यथा तृतीयास्तथा पञ्चमाः।** અર્થાત્ જેવા તૃતીય વર્ણ તેવા પંચમ વર્ણ' એ ન્યાયે द् નો न् થાય.(કે) આ સૂત્ર બન્ને પક્ષ પ્રમાણે **भिन्न** વગેરેમાં ચરિતાર્થ છે. વાસ્તવમાં **आदेः परस्य।** સૂત્રને કારણે અંત્યને આદેશ પ્રાપ્ત થતો નથી તેથી द् નો न् આદેશ નહીં જ થાય. તે સૂચવવા માટે જ **भिन्नवद्भ्याम्** એ કાશિકામાં આ પ્રત્યુદાહરણ આપ્યું છે. તેથી જ **रदाभ्याम्०** સૂત્રમાં બન્ને પક્ષે त-કારનું ગ્રહણ કરવું પડશે.

[147] **स्थानेऽन्तरतमः।** ૧) સ્વતંત્ર લક્ષણ સૂત્ર છે, ૨) અન્ય સૂત્ર દ્વારા **अन्तरतम** નું જે લક્ષણ કરવામાં આવ્યું છે તેને લગતો અહીં નિયમ કરવામાં આવ્યો છે,૩) કોઇ બીજા લક્ષણ સૂત્રનું આ પૂરક સૂત્ર છે ? એમ ભાવ છે. આ ત્રીજો પક્ષ સિદ્ધાન્ત છે.

[148] પ્રથમ પક્ષઃ જો આ સૂત્ર આદેશનું વિધાન કરતું હોય તો તે દ્વારા બધા શબ્દોને સ્થાને અંતરતમ આદેશનું પૂર્વે ન કરવામાં આવ્યું હોય તે રીતે વિધાન કરવામાં આવ્યું છે એમ અર્થસમજાશે. તેથી **दधि**, **मधु** વગેરેને પણ તે લાગુ પડશે પરિણામે **दधि** વગેરે સ્થાની થશે અને તેના સ્થાને આદેશ મૂકવાનો હોય તો સ્થાની જ નિવૃત્ત થઇ જશે, અર્થાત્ પ્રત્યેક શબ્દ તેના પ્રયોગમાંથી જતો રહેશે. જો **दधि** ને સ્થાને **दधि** જ આદેશ કરવામાં આવે તો કોઇ હેતુ સર થતો નથી અને અનવસ્થા થાય અને જો આદેશ ભિન્ન રૂપવાળો હોય તો સ્થાનીનો અર્થ દર્શાવી ન શકે. પરિણામે શબ્દવ્યવહાર જ નાશ પામે. જો કે પર્યાય ભિન્ન રૂપનો હોવા છતાં સ્થાનીનો અર્થ બતાવે છે છતાં એ બેમાં કોણ સ્થાની અને કોણ આદેશ એ નક્કી કરવાનું કોઇ ધોરણ ન હોવાથી બન્ને સ્થાની થાય અને બન્ને આદેશ થશે. તો તો સૂત્ર ન કરવા બરોબર જ થયું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**स्थानेऽन्तरतमनिर्वर्तके सर्वस्थानिनां निवृत्तिः प्राप्नोति। अस्यापि प्राप्नोति। दधि मधु। न कश्चिदन्य आदेशः प्रतिनिर्दिश्यते तत्रान्तर्यतो दधिशद्वस्य दधिशद्व एव मधुशद्वस्य मधुशद्व एवादेशो भविष्यति। यदि चैवं क्वचिद्वैरूप्यं तत्र दोषः स्यात्। बिसं बिसं मुसलं मुसलमिति। इण्कोरिति षत्वं प्राप्नोति॥ अपि चेष्टा व्यवस्था न प्रकल्पेत। तद्यथा भ्राष्ट्रे तिलाः क्षिप्ता मुहूर्तमपि नावतिष्ठन्त एवमिमे वर्णा मुहूर्तमपि नावतिष्ठेरन्॥ अस्तु तर्हि प्रतिपादकम्। अन्येन निर्वृत्तानामनेन प्रतिपत्तिः।**

જો **स्थानेऽन्तरतमः।** એ (સ્વતંત્ર રીતે આદેશનું) વિધાન કરનાર (સૂત્ર) હોય તો બધા સ્થાનીઓની નિવૃત્તિ થશે. આ **दधि। मधु** ની પણ (નિવૃત્તિ) થવાનો પ્રસંગ આવશે. ભલે(થાય). [149] (**दधि** વગેરેને અનુલક્ષીને) અન્ય કોઇ આદેશનો નિર્દેશ કરવામાં આવ્યો નથી અને તેમ હોવાથી આન્તર્યને કારણે **दधि** શબ્દનો **दधि** શબ્દ જ (આદેશ) થશે (અને) **मधु** શબ્દનો **मधु** શબ્દ જ (આદેશ)થશે.પણ જો એમ હોય તો રૂપમાં કોઈ વાર ફેર હોય તો દોષ આવશે.[150] જેમ કે **बिसं बिसम्। मुसलं मुसलम्।** માં **इण्कोः।** પ્રમાણે **स्** નો **ष्** થવાનો પ્રસંગ આવશે.વળી ઇષ્ટ વ્યવસ્થા પણ સિદ્ધ નહીં થઇ શકે.[151] જેવી રીતે ભાડમાં નાંખવામાં આવેલા તલ એક ક્ષણ પણ સ્થિર રહેતા નથી તે રીતે આ વર્ણોએ એક ક્ષણ પણ સ્થિર રહેતા નથી. તો પછી (આ સૂત્ર) ભલે પ્રતિપાદક થાય (એટલે કે) અન્ય (સૂત્ર) વ્દારા જેનું વિધાન કરવામાં આવ્યું હોય તેવા (સૌથી સમાન) નું આ (સૂત્ર) અનુમોદન કરે છે. [152]

---

[149] સૂત્રકારે સૂત્ર બનાવ્યું છે તેના આધારે કહે છે,'ભલે થાય'. **दधि** શબ્દનો **दधि** આદેશ થશે તેમાં વાંધો નથી, કારણ કે શબ્દ વ્યવહાર અનાદિ છે.

[150] અહીં **बिसम्** અને **मुसलम्** નાં એજ સ્વરૂપો આદેશ તરીકે ગણવામાં આવતાં **स्** ની પૂર્વે **इ , उ (इण्)** છે અને તે આદેશ છે તેથી **आदेशप्रत्यययोः।** પ્રમાણે **ष्** થતાં મૂળ સ્થાની વિરૂપ બનીને **बिषम् , मूषलम्** એમ આદેશો થશે. આમ સ્થાનીની અપેક્ષાએ આદેશ વિરૂપ બન્યો હોવાથી દોષ આવશે એમ દલીલ છે. સૂત્રમાં **आदेशप्रत्यययोः** એ ષષ્ઠીનો ભિન્ન રીતે સંબંધ યોજવાનો છે એટલે કે આદેશભૂત જે **स**-કાર હોય તેનો અને પ્રત્યયનો જે **स**-કાર હોય તેનો **ष्** થાય છે એમ લેવાનું છે (**आदेशप्रत्यययोरिति षष्ठी भेदेन सम्बध्यते। आदेशो यः सकारः प्रत्ययस्य च यः सकारः** વગેરે કા.). આથી સમજાય છે કે **बिसम्, मूसलम्** વગેરેમાંના **स्** નો મૂર્ધન્ય નહીં થાય.પરંતુ ભાષ્યકારે કોઇક સ્થળે વૈષમ્ય થશે એમ કહીને **बिसम्, मूसलम्** એ ઉદાહરણ તરીકે આપીને **इण्कोः।** (એ અધિકાર નીચેના **आदेशप्रत्यययोः।** એ) સૂત્ર પ્રમાણે **ष**-ત્વ થવાનો પ્રસંગ આવશે તેમ કહ્યું છે તેથી સ્પષ્ટ જણાય છે કે ભાષ્યકારના મનમાં **बिसम्** અને **मूसलम्** ના **स्** નો **ष्** થશે તેવો ભાવ છે અને **बिस्** વગેરેના પ્રત્યેક અવયવને આદેશ થવા રૂપી કાર્ય થાય છે એમ સમજતાં **ष**- ત્વ થશે પરંતુ સમુદાયને જ આદેશ થવા રૂપી કાર્ય થાય છે તેમ સમજતાં નહીં થાય. ભર્તૃ. (પૃ.૨૯૮) કેટલાક પ્રમાણે **द्वैरूप्य** એમ પાઠ બતાવીને નોંધે છે જ્યારે સમુદાયને આદેશ રૂપી કાર્ય થવાનું હોય ત્યારે વ્દૈરૂપ્ય થશે.જેમ કે **अस्तेर्भूः।** વગેરેમાં. કૈ. નોંધે છે કે **अस्तेर्भूः।** વગેરેમાં વિશિષ્ટ રીતે આદેશનું વિધાન કરવામાં આવ્યું છે તેથી આ **स्थानेऽन्तरतमः।** સૂત્રનાં બાધક છે

[151] જો વર્ણસમુદાયને કાર્ય થતું હોય એટલે કે જે અર્થ દર્શાવવા માટે વર્ણસમુદાયનો પ્રયોગ થતો હોય તે સમુદાયનો જ આદેશ થાય તો વૈરૂપ્ય નહીં થાય,પરંતુ એક સમુદાયનો અંતરતમ આદેશ મૂક્યા પછી તેનો પણ આદેશ અને તેનો પણ આદેશ એમ થવાથી અનવસ્થા થવાનો પ્રસંગ આવતાં શબ્દસિદ્ધિ રૂપ ઇષ્ટ વ્યવસ્થા નહીં થાય, કારણ કે પ્રયોજનપૂર્વક શાસ્ત્ર પ્રવૃત્ત ન થાય તો ફરી ફરીને શાસ્ત્ર અમલી બનવાથી શબ્દનું સાધુત્વ સિદ્ધ ન થઇ શકે.

[152] હવે બીજો પક્ષઃ અન્ય શાસ્ત્ર વ્દારા નિષ્પન્ન થએલ આદેશોને લગતું નિયમન આ સૂત્ર વ્દારા કરવામાં આવે છે કે જે અંતરતમ આદેશ હોય તે જ સાધુ હોવાથી પ્રયોજવો બીજો કોઇનો પ્રયોગ કરવો નહીં. આમ આ સૂત્ર અંતરતમ આદેશના સાધુત્વનું સમર્થન કરે છે.જેમ કે **छागा आनीयन्ताम्।** એમ કોઇ કહે અને બકરા લઇ આવ્યા પછી કહે **कृष्णमवस्थापय , अन्यानपनय।** ત્યારે કાળા બકરાને રાખીને તે સિવાયના બધાને દૂર કરે છે. એ જ રીતે આ સૂત્રમાં પણ છે તેથી તે નિરર્થક નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

निर्वृत्तप्रतिपत्तौ निर्वृत्तिः ॥३॥

निर्वृत्तप्रतिपत्तौ निर्वृत्तिर्न सिध्यति। सर्वे सर्वत्र प्राप्नुवन्ति। किं तर्ह्युच्यते निर्वृत्तिर्न सिध्यतीति। न साधीयो निर्वृतिः सिद्धा भवति। न ब्रूमो निर्वृत्तिर्न सिध्यतीति। किं तर्हि। इष्टा व्यवस्था न प्रकल्पेत न सर्वे सर्वत्रेष्यन्ते॥ इदमिदानीं किमर्थं स्यात्।

अनर्थकं च ॥४॥

अनर्थकमेतत्स्यात्। यो हि भुक्तवन्तं ब्रूयान्मा भुङ्क्था इति किं तेन कृतं स्यात्॥

उक्तं वा ॥५॥

किमुक्तम्। सिद्धं तु षष्ठ्यधिकारे वचनादिति। षष्ठ्यधिकारेऽयं योगः कर्तव्यः। स्थानेऽन्तरतमः षष्ठीनिर्दिष्टस्येति॥

प्रत्यात्मवचनं च ॥६॥

જો (અન્ય સૂત્ર વ્દારા) વિહિત (અન્તરતમ)નું (આસૂત્ર) પ્રતિપાદન કરનાર હોય તો (આદેશની સિદ્ધિ) નહીં થાય ॥૩॥

જો (અન્ય સૂત્ર વ્દારા) વિહિત (અન્તરતમ)નું (આસૂત્ર) સમર્થન કરતું હોય તો (આદેશની) સિદ્ધિ નહીં થાય, કારણ કે બધે બધા (આદેશો) થવાનો પ્રસંગ આવે છે.[153] તેમ છતાં (આદેશની) પ્રાપ્તિ નહીં થાય એમ કેમ કહો છો ?[154] આદેશની પ્રાપ્તિ યોગ્ય રીતે સિદ્ધ નહીં થાય, (પણ) અમે એમ નથી કહેતા કે (આદેશની) સિદ્ધિ જ નહીં થાય. તો પછી શું (કહો છો)? (સાધુ શબ્દને લગતી) ઇષ્ટ યોજના સિદ્ધ નહીં થાય, કારણ કે બધા જ (આદેશો) બધાં સ્થળે (થાય તે) ઇષ્ટ નથી. તો હવે આ (स्थानेऽन्तरतमः। સૂત્ર) શા માટે હશે ? [155]

તો (તે) નિરર્થક થાય ॥૪॥

એ (સૂત્ર) નિરર્થક થશે, કારણ કે કોઇ (માણસ) જમીને બેઠો હોય તેને (કોઇ) કહે 'તું ન જમીશ', તો તેથી શું વળે? [156]

અથવા તો કહેવામાં આવ્યું છે॥૫॥

શું કહેવામાં આવ્યું છે? [157] 'પરંતુ ષષ્ઠ્યધિકારમાં (આ સૂત્ર) ઉચ્ચારવાથી કાર્ય સિદ્ધ થશે' (એમ કહેવામાં આવ્યું છે).આ સૂત્ર ષષ્ઠ્યધિકારમાં મૂકવું જોઇએ અર્થાત્ જ્યાં ષષ્ઠીવિભક્તિપૂર્વકનો નિર્દેશ હોય ત્યાં स्थानेऽन्तरतमः।સૂત્ર ઉપસ્થિત થશે.

'પોતપોતાનો' એમ પણ (કહેવું પડશે)॥૬॥ [158]

---

[153] ઉપર પ્રમાણે સ્વીકારવાથી ઇષ્ટ શબ્દ સિદ્ધ નહીં થાય , કારણ કે બધા આદેશ બધે થવાનો પ્રસંગ આવશે.જેમ કે दैत्य अरिः વગેરેમાં अकः सवर्णे० પ્રમાણે દીર્ઘ આદેશ થાય છે ત્યાં જે અંતરતમ હોવાથી ઇષ્ટ છે તે આ અને જે ઇષ્ટ નથી તે ई ,ऊ એ સર્વ આદેશ પ્રાપ્ત થાય છે.

[154] સામાન્ય રીતે કોઇ પણ શબ્દની સિદ્ધિ નથી થઇ શકતી એમ અર્થ સમજીને આ પ્રશ્ન કર્યો છે. વાસ્તવમાં ઇષ્ટ શબ્દની સિદ્ધિ થતી નથી એમ અહીં કહેવા માગે છે. જેમકે अकः सवर्णे० ને આધારે ઉપર જોયું તેમ બધા જ દીર્ઘ આદેશો નિષ્પન્ન થતાં દીર્ઘના સાધુત્વનું જ્ઞાન જરૂર થાય છે, પરંતુ તે અસ્થાને હોવાથી જે દીર્ઘનું અસાધુત્વ જાણવું જોઇએ તે સૂત્ર વ્દારા જણાતું નથી, એટલે કે अकः सवर्णे० વ્દારા નિષ્પન્ન થએલ આદેશો જે સાધુ હતા તે પ્રસ્તુત સ્થળે અસાધુ છે એમ स्थानेऽन्तरतमः। સૂત્ર પ્રતિપાદન કરી શકતું નથી.આમ એક પ્રમાણે अकः सवर्णे० વ્દારા જેનું જ્ઞાન થાય છે તેનો અન્ય પ્રમાણ स्थानेऽऽन्तर० વ્દારા નિરાસ થઇ શકતો નથી કારણ કે તે બે સૂત્રોની વચ્ચે સામાન્ય-વિશેષ્યભાવ રૂપી સંબંધ નથી.

[155] અર્થાત્ શાસ્ત્રપ્રામાણ્યને આધારે આ બે સૂત્રને સાધુત્વની દૃષ્ટિએ જોતાં આ સૂત્ર વ્યર્થ બનતું હોય તો એનું શું પ્રયોજન છે ?

[156] જે માણસે ભોજન કર્યુ હોય તેને 'ભોજન કરીશ નહીં' એમ કહેવું અથવા બકરા લઇ આવ્યા પછી તે લાવવામાં આવ્યા નથી એમ કહેવું નિરર્થક છે તેમ બધા આદેશ બધે થતા હોય તો स्थानेऽन्तरतमः। એમ કહેવાનો પણ કોઇ અર્થ રહેતો નથી.

[157] આગળ તૃતીય આહ્નિકમાં इको गुणवृद्धी। એ સૂત્ર ઉપરની વા.(૧૭) માં કહ્યું છે,' सिद्धं तु षष्ठ्यधिकारे वचनात्। આ સૂત્રોનો ષષ્ઠ્યધિકાર નીચે પાઠ કરવાથી કાર્ય સિદ્ધ થશે.' ષષ્ઠ્યધિકાર એટલે षष्ठी स्थानेयोगा। એ સૂત્રમાંનો ષષ્ઠ્યધિકાર. તેથી જ્યાં જ્યાં ષષ્ઠી હશે ત્યાં ત્યાં આ સૂત્ર ઉપસ્થિત થશે અને તેની સાથે વિધિવાક્યોની એકવાક્યતા થવાથી વિધાન કાળે જ અંતરતમ આદેશ થશે.

[158] आत्मानमात्मनं प्रति। એમ સમાસ છે. જે જેવો સ્થાની હોય તેનો પોતાનો સદૃશતમ આદેશ હોય તે થાય એમ કહેવું પડશે. 'પોતપોતાનો' એટલે જેનો જે સદૃશતમ હોય તે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्यात्मवचनं च वक्तव्यम्। किं प्रयोजनम्। यो यस्यान्तरतमः स तस्य स्थाने यथा स्यादन्यस्यान्तरतमोऽन्यस्य स्थाने मा भूदिति॥

प्रत्यात्मवचनमशिष्यं स्वभावसिद्धत्वात्॥७॥

प्रत्यात्मवचनमशिष्यम्। किं कारणम्। स्वभावसिद्धत्वात्। स्वभावत एतत्सिद्धम्। तद्यथा। समाजेषु समाशेषु समवायेषु चास्यतामित्युक्ते न चोच्यते प्रत्यात्ममिति प्रत्यात्मं चासते॥

अन्तरतमवचनं च॥८॥

अन्तरतमवचनं चाशिष्यम्। योगश्चाप्ययमशिष्यः। कुतः। स्वभावसिद्धत्वादेव। तद्यथा। समाजेषु समाशेषु समवायेषु चास्यतामित्युक्ते नैव कृशा कृशैः सहासते न पाण्डवाः पाण्डुभिः। येषामेव किंचिदर्थकृतमान्तर्यं तैरेव सहासते॥ तथा गावो दिवसं चरितवत्यो यो यस्याः प्रसवो भवति तेन सह शेरते। तथा यान्येतानि गोयुक्तकानि संघुष्टकानि भवन्ति तान्यन्योमपश्यन्ति शब्दं कुर्वन्ति॥ एवं तावच्चेतनावत्सु। अचेतनेष्वपि। तद्यथा। लोष्टः क्षिप्तो बाहुवगं गत्वा नैव तिर्यग्गच्छति नोर्ध्वमारोहति पृथ्वीविकारः पृथ्वीमेव गच्छत्यान्तर्यतः। तथा या एता आन्तरिक्ष्यः सूक्ष्मा आपस्तासां विकारो धूमः स आकाशदेशे निवाते नैव तिर्यग्गच्छति नावागवरोहत्यब्विकारोऽप एव गच्छत्यान्तर्यतः।

(**स्थानेऽन्तरतमः**। એ સૂત્રમાં ) પોતપોતાનો (સૌથી સમાન હોય તે આદેશ થાય છે) તેમ કહેવું પડશે, તેથી જે જેનો સૌથી વધારે સમાન હોય તે તેને સ્થાને થાય, પણ અન્ય કોઇનો અન્તરતમ કોઇ અન્યને સ્થાને ન થાય.

'પોતપોતાનો' એમ કહેવાની જરૂર નથી, કારણ કે તે તો સ્વાભાવિક રીતે જ સિદ્ધ થાય છે ॥૭॥

પોતપોતાનો' એમ (ખાસ) કહેવાની જરૂર નથી.શામાટે (જરૂર) નથી? સ્વભાવસિદ્ધ છે એટલે કે તે સ્વાભાવિક રીતે જ [159]સિદ્ધ થાય છે. જેવી રીતે **समाजेषु समाशेषु समवायेषु च आस्यताम्**। ('મેળવડામાં, સહભોજનમાં અને સભામાં બેસો' એમ કહેવામાં આવે ત્યારે પોતપોતાના એમ કહેવામાં આવતું નથી છતાં પોતપોતાના (યોગ્ય) સ્થળે (જઇને) બેસે છે.

અન્તરતમ એમ કહેવાની પણ (જરૂર નથી) ॥૮॥

અન્તરતમ એમ કહેવું ન જોઇએ, અને આ( **स्थानेऽन्तरतमः**। એ)સૂત્ર પણ ન કરવું જોઇએ.શા માટે (ન કરવું જોઇએ)? કારણ કે (અન્તરતમ આદેશ તો) સ્વાભાવિક રીતે જ સિદ્ધ થાય છે. જેવી રીતે **समाजेषु समाशेषु समवायेषु च आस्यताम्**। (' મેળાવડામાં, સહ-ભોજનમાં અને સભામાં બેસો' એમ કહેવામાં આવે ત્યારે દુબળા દુબળાની સાથે નથી બેસતા કે ગોરા ગોરાની સાથે, પરંતુ જેમની સાથે કોઇ પ્રયોજનને કારણે અન્તરતમ સંબંધ હોય તેની સાથે બેસે છે. [160]તે રીતે (અન્તરતમ આદેશ પણ સ્વાભાવિક રીતે સિદ્ધ થશે).વળી ગાયો દ્વિવસભર ચર્યા પછી પોતપોતાના વાછરડા સાથે પડી રહે છે તથા એક ધૂંસરે જોડાતી બળદની જોડી એકબીજાને ન જોતાં ભાંભરે છે. આ પ્રમાણે ચેતનવંતમાં તો હોય છે [161]પણ અચેતનમાં એ હોય છે. જેમ માટીનું ઢેફું ફેકવામાં આવતાં બાહુના વેગ પ્રમાણે ગયા પછી આડું પણ જતું નથી કે ઊંચે પણ જતું નથી પણ પૃથ્વીનો વિકાર હોવાથી અન્તરતમતાને કારણે પૃથ્વી ઉપર જ જાય છે. તે રીતે અન્તરીક્ષમાં રહેલાં સૂક્ષ્મ જળના વિકાર સમો ધૂમ જ્યારે પવન ન હોય ત્યારે આકાશના વિસ્તારમાં આડો પણ જતો નથી કે નીચે ઉતરતો નથી પરંતુ જળનો વિકાર હોવાથી અન્તરતમતાને કારણે જળ તરફ જ જાય છે.

---

[159] સ્વાભાવિક રીતે એટલે જેમ ઉત્સવમાં મળેલ મંડળીમાં(**समाजे**) સહભોજન કરતા હોય ત્યાં (**समाशे**) કે કોઇ કાર્ય માટે ભેગા મળ્યા હોય ત્યાં (**समवाये**) વગર કહે દરેક જણ પોતપોતાની મંડળીમાં જ બેસે છે તેમ અહીં પણ 'જે જેનો સદૃશતમ હોય' એમ કહ્યા વિના જ જે જેનો અંતરતમ હશે તે જ આદેશ થશે. આગળ ઉપર સૂત્રનું પ્રત્યખ્યાન કરવા માટે સ્વભાવસિદ્ધ છે એમ કહ્યું છે.

[160] લોકમાં પણ ગુણ, પ્રમાણ વગેરેને કારણે થતી સમાનતાને બાજુએ રાખીને વિદ્યા, ઉત્સવ, પ્રયોજન, બ્રાહ્મણાદિ જાતિ વગેરેને કારણે જે આનન્તર્ય, સદૃશતા થાય છે તેનો આધાર લેવામાં આવે છે. તેમ અહીં પણ જેનો અર્થ જે વ્યક્તિ કરી શકે તે તેને સ્થાને થાય છે. ભાષ્યમાં દુબળાપણું પ્રમાણ અને પાંડુત્વ ગુણ સૂચવે છે.પશુઓમાં પણ એવો જ વ્યવહાર જોવામાં આવે છે કે ટોળામાં ભેગાં હોય છતાં છૂટાં હોય તેમ વર્તે છે. એ પ્રમાણે આદેશને લગતાં વિધિસૂત્રોમાં પરસ્પર ભળી ગએલા આદેશો છૂટા સ્વરૂપમાં પ્રવર્તશે. વિશેષ દૃષ્ટાન્ત આપતાં કહ્યું છે કે છૂટાં છવાયાં હોય તે પણ સહચારને કારણે અમુક વર્ગમાં ગોઠવાઇ જાય છે, જેમ કે ગાયો પોતપોતાના વત્સની સાથે જ ઊભી રહે છે. અથવા બળદની જોડ પણ એક બીજાને ન જોઇને ભાંભરે છે. એ પ્રમાણે સ્થાની અને આદેશનું સ્થાની સાથેના સાદૃશ્યને કારણે આપોઆપ વર્ગીકરણ થઇ જાય છે.

[161] આ સ્વભાવસિદ્ધતા માત્ર ચેતનમાં જ નહીં અચેતનમાં જોવામાં આવે છે, અતિવ્યાપક છે તે દર્શાવવા માટે આમ કહ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तथा ज्योतिषो विकारोऽर्चिराकाशदेशे निवाते सुप्रज्वलितो नैव तिर्यग्गच्छति नावागवरोहति ज्योतिषो विकारो ज्योतिरेव गच्छत्यान्तर्यतः ॥

व्यञ्जनस्वरव्यतिक्रमे च तत्कालप्रसङ्गः ॥९॥

व्यञ्जनस्वरव्यतिक्रमे च तत्कालता प्राप्नोति। व्यञ्जनव्यतिक्रमे। इष्टम् उप्तम्। आन्तर्यतोऽर्धमात्रिकस्य व्यञ्जनस्यार्धमात्रिक इक् प्राप्नोति॥ नैव लोके न च वेदेऽर्धमात्रिक इगस्ति। कस्तर्हि। मात्रिकः। योऽस्ति स भविष्यति॥ स्वरव्यतिक्रमे। दध्यत्र मध्वत्र कुमार्यत्र ब्रह्मबध्वर्थमिति। आन्तर्यतो मात्रिकस्य द्विमात्रिस्येको मात्रिको द्विमात्रिको वा यण् प्राप्नोति॥ नैव लोके न च वेदे मात्रिको द्विमात्रिको वा यणस्ति। कस्तर्हि। अर्धमात्रिकः। योऽस्ति स भविष्यति॥

अक्षु चानेकवर्णादेशेषु ॥१०॥

अक्षु चानेकवर्णादेशेषु तत्कालता प्राप्नोति। इदम इश्। आन्तर्यतोऽर्धतृतीयमात्रस्येदमः स्थानेऽर्धतृतीयमात्रमिवर्णं प्राप्नोति॥

તે પ્રમાણે તેજના વિકારસમી જ્વાળાઓ સારી રીતે પ્રજ્વલિત થઇને પવન ન હોય ત્યારે તેજનો વિકાર હોવાથી અન્તરમતાને કારણે તેજ તરફ જ જાય છે (તેમ અચેતન આદેશો પણ જેના સૌથી સમાન હશે તેના સ્વાભાવિક રીતે જ થશે).

વ્યંજન અને સ્વર નો પરસ્પર ફેરફાર (આદેશ) [162] થાય ત્યારે સમાન કાળવાળા (આદેશ) થવાનો પ્રસંગ (આવશે) ॥૯॥

જ્યારે વ્યંજનનો સ્વર રૂપે ફેરફાર (આદેશ) થાય અને સ્વરનો વ્યંજન રૂપે ફેરફાર (આદેશ) થાય ત્યારે સમાન ઉચ્ચારણકાળવાળો આદેશ મૂકવાનો પ્રસંગ આવે છે. इष्टम्। उप्तम् માં વ્યંજનનો (સ્વરમાં) ફેરફાર થાય છે ત્યાં અર્ધમાત્રાવાળા વ્યંજન (य्/ व्)નો અર્ધમાત્રાવાળા इक् (इ/उ) થવાનો પ્રસંગ આવશે.[163] પરંતુ લોક(ભાષા)માં કે વેદમાં અર્ધમાત્રાવાળો इक् હોતો નથી. તો કયો (इक्) હોય છે ? (ઓછામાં ઓછી) એક માત્રાવાળો હોય છે અને જે હોય તે જ થશે. સ્વરનો (વ્યંજનમાં) ફેરફાર (થતાં): दध्यत्र। मध्वत्र। कुमार्यत्र। ब्रह्मबन्वर्थम् માં સૌથી સમાન હોવાની દૃષ્ટિએ એક માત્રવાળા અને બે માત્રવાળા इक् નો એક માત્રાવાળો અને બે માત્રવાળો यण् થવાનો પ્રસંગ આવે છે. [164] પરંતુ લોક(ભાષા) માં કે વેદમાં એક માત્રાવાળો કે બે માત્રાવાળો यण् હોતા નથી. તો કયો (यण्) હોય છે ? અર્ધમાત્રાવાળો હોય છે અને જે હશે તે થશે.

સ્વરો અનેક વર્ણોના આદેશ હોય ત્યારે પણ ॥૧૦॥

સ્વરોમાં (પણ) જ્યારે અનેક વર્ણના આદેશ (તરીકે એક સ્વર મૂકવાનો) હોય ત્યારે (સમાન ઉચ્ચારણકાળવાળો આદેશ થવાનો પ્રસંગ આવશે इदम इश्। પ્રમાણે (इदम् ને इश् સ્થાને થાય છે ત્યારે) આન્તર્યની દૃષ્ટિએ અઢીમાત્રાવાળા[165] (इदम् શબ્દ)ને સ્થાને અઢીમાત્રા -વાળો इ વર્ણ આદેશ તરીકે થવાનો પ્રસંગ આવે છે.

---

[162] व्यतिक्रम--વ્યંજન કે સ્વર સ્થાની મટી જાય અને તેને સ્થાને આદેશ મૂકાય તે. જેમ કે इष्टम् , उप्तम् માં य् ને સ્થાને इ અથવા व् ને સ્થાને उ થાય તે વ્યંજન વ્યતિક્રમ. સ્વર સ્થાની મટી જાય અને તેને સ્થાને આદેશ મૂકાય તે સ્વરવ્યતિક્રમ જેમ કે दध्यत्र , मध्वत्र માં इ ને સ્થાને य् અથવા उ ને સ્થાને व् થાય તે સ્વરવ્યતિક્રમ.

[163] મંદ અને મધ્યમ બુદ્ધિની વ્યક્તિને ખાતર લોકવ્યવહારનો આશ્રય લઇને સૂત્રનું પ્રત્યાખ્યાન કર્યા પછી હવે સૂત્ર ન કર્યું હોય તો જે દોષ આવે છે તેની ચર્ચા કરે છે.જ્યારે વ્યંજન કે સ્વરવ્યતિક્રમ હોય ત્યારે વ્યંજનની અર્ધમાત્રા હોય છે અને સ્વરની એક, બે કે ત્રણ માત્રા હોય તો અર્ધમાત્રિક વ્યંજન જેમ કે यज् માં અર્ધમાત્રિક य् નો वचिस्वपियजां ० પ્રમાણે इ થાય ત્યારે અર્ધમાત્રિકનો અર્ધમાત્રિક જ આદેશ થવો જોઇએ એ સ્થિતિ ઊભી થાય છે, પરંતુ લોક કે વેદમાં અર્ધમાત્રિક इक् તો છે જ નહી, છતાં स्थानेऽन्तरतमः। એ શાસ્ત્ર જ (શબ્દ કાર્ય-અનિત્ય છે એ મત પ્રમાણે) તે તે અંતરતમ વર્ણને નિષ્પન્ન કરે છે.

[164] સ્વરવ્યતિક્રમનાં दध्यत्र, मध्वत्र એ દૃષ્ટાન્તોમાં એક માત્રિક इक् ને સ્થાને અને कुमार्यत्र , ब्रह्मबन्ध्वत्र માં દ્વિમાત્રિક इक् ને સ્થાને यण् થશે, પરંતુ વ્યંજન એક માત્રિક કે દ્વિમાત્રિક હોતો નથી તેથી જે હશે તે (અર્ધમાત્રિક) જ થશે. લોકમાં कुक्कुट જેવા શબ્દોમાં બે વ્યંજનો છે પણ એકમાત્રિક વ્યંજન નથી.

[165] अर्धतृतीयमात्रम् = અઢી માત્રા इदम् માં इ+ द् +अ+ म् = ૧+૧/૨ +૧ +૧/૨ =૩ માત્રા છે, છતાં ભાષ્યકારે અઢી માત્રા કહી છે.પર હોવાથી त्यदादीनामः। થી अत्व→ इद अ→ अतो गुणे। થી એકાદેશ→ इद = इ +द् +अ માં જો એમ પ્રક્રિયા હોય તો અઢી માત્રા થશે(પ્ર.ઉ.).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नैष दोषः। भाव्यमानेन सवर्णानां ग्रहणं नेत्येवं न भविष्यति ॥

**गुणवृद्ध्येज्भावेषु च ॥११॥**

गुणवृद्ध्येज्भावेषु च तत्कालता प्राप्नोति। खट्वा इन्द्रः→खट्वेन्द्रः। खट्वा उदकम्→खट्वोदकम्। खट्वा ईषा→खट्वेषा। खट्वा ऊढा→खट्वोढा। खट्वा एलका→खट्वैलका। खट्वा ओदनः→खट्वौदनः। खट्वा ऐतिकायनः→खट्वैतिकायनः। खट्वा औपगवः →खट्वौपगवः। आन्तर्यतस्त्रिमात्राणां स्थानिनां त्रिमात्रचतुर्मात्रा आदेशा प्राप्नुवन्ति॥ नैष दोषः। तपरे गुणवृद्धी। ननु च तः परो यस्मात्सोऽयं तपरः। नेत्याह। तादपि परस्तपरः। यदि तादपि परस्तपर ऋदोरप्। इहैव स्यात्। यवः स्तवः। लवः पव इत्यत्र न स्यात्। नैष तकारः। कस्तर्हि। दकारः। किं दकारे प्रयोजनम्। यद्यसंदेहार्थस्तकारो दकारोऽपि। अथ मुखसुखार्थस्तकारो दकारोऽपि॥ एज्भावे। कुर्वाति कुर्वाथे। आन्तर्यतोऽर्धतृतीयमात्रस्य टिसंज्ञकस्यार्धतृतीमात्र एच् प्राप्नोति॥ नैव लोके न च वेदेऽर्धतृतीय एजस्ति॥

**ऋवर्णस्य गुणवृद्धिप्रसङ्गेऽविशेषात् ॥१२॥**

એ દોષ નહીં આવે, (કારણ કે) **भाव्यमानेन सवर्णानां ग्रहणं न।** ('સૂત્રદ્વારા વિહિત હોય તેવા વર્ણદ્વારા સવર્ણનું ગ્રહણ થતું નથી' એમ હોવાથી (સવર્ણનું)ગ્રહણ નહીં થાય.[166]

ગુણ, વૃદ્ધિ અને **एच्** આદેશ થાય ત્યારે પણ ॥૧૧॥

ગુણ, વૃદ્ધિ અને एच् આદેશ થાય ત્યારે પણ સમાન ઉચ્ચારણકાળવાળા આદેશો થવાનો પ્રસંગ આવશે.(તેથી) **खट्वा इन्द्रः→खट्वेन्द्रः। खट्वा उदकम्→खट्वोदकम्। खट्वा ईषा→खट्वेषा। खट्वा ऊढा→खट्वोढा। खट्वा एलका→ खट्वैलका। खट्वा ओदनः→खट्वौदनः। खट्वा ऐतिकायनः→खट्वैतिकायनः। खट्वा औपगवः→खट्वौपगवः।** માં આન્તર્યને કારણે ત્રણ અને ચાર માત્રાવાળા **સ્થા**નીઓના ત્રણ અને ચાર માત્રાવાળા આદેશો થવાનો પ્રસંગ આવશે[167]

એ દોષ નથી (આવતો),(કારણ કે) ગુણ અને વૃદ્ધિ ને तपर કરવામાં આવ્યાં છે.[168] પરંતુ જેની પાછળ त-કાર હોય તે तपर. તો કહે છે કે ના, त-કારની પછી આવનાર પણ तपर થાય છે. જો त-કારની પછી આવનાર પણ तपर થાય તો **ऋदोरप्।** પ્રમાણે (જે अप् લાગે છે તે) **यवः। स्तवः** માં જ થશે, પરંતુ **लवः। पवः** માં નહીં થાય.પરંતુ આ (**ऋदोरप्।**) માં त-કાર નથી. તો પછી કયો (વર્ણ છે)? (તે તો) द-કાર (છે). (અહીં) द-કાર (મૂકવા) માં શું પ્રયોજન? તો પછી त-કાર (મૂકવા)માં શું પ્રયોજન ? જો સંદેહ નિવારવા માટે त-કાર (મૂકવામાં આવતો) હોય તો द-કાર પણ (તે માટે જ છે). હવે જો त-કાર ઉચ્ચારણની સરળતા માટે હોય તો द-કાર પણ (તે માટે છે).

**एच्** આદેશ થાય ત્યારે (પણ સમાન ઉચ્ચારણ કાળવાળા આદેશ થવાનો પ્રસંગ આવશે તેથી) **कुर्वाति। कुर्वाथे** માં અઢીમાત્રાવાળા टि-સંજ્ઞક સ્થાનીનો અઢી માત્રાવાળો **एच्** આદેશ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ લોકમાં કે વેદમાં અઢી માત્રાવાળો एच् હોતો નથી.

**ऋ** વર્ણનાં ગુણ કે વૃદ્ધિ થવાનાં હોય ત્યારે વિશેષ ન હોવાથી (સર્વનો પ્રસંગ આવશે) ॥૧૨॥

---

[166] **इश्** આદેશનું ખાસ વિધાન કર્યું છે તે **त्यदादी ०** થી થતા **अत्व** નો બાધ કરશે એમ સ્વીકારવામાં આવે તો ત્રણ માત્રાવાળાને સ્થાને ત્રણ માત્રાવાળો પ્લુત **इ३** થવાનો પ્રસંગ આવે પરંતુ ભાવ્યમાન **इ**-કાર દ્વારા સવર્ણનું ગ્રહણ નહીં થાય તેથી એક માત્રિક **इ**-કાર જ થશે.યુમી. (પૃ. ૫૯૪) કહે છે કે અઢી માત્રાવાળો **इ**-કાર થશે એમ આરોપ છે ત્યાં ત્રણ માત્રાવાળો નહીં થાય એમ બચાવ કરવો તે **आम्रान्पृष्टः कोविदारान् आचष्टे।** જેવું છે.

[167] **खट्वा इन्द्रः। खट्वा उदकम्** માં બે અને એક માત્રાવાળા સ્થાની છે ત્યાં ત્રણ માત્રાવાળા ગુણ એકાદેશ અને **खट्वा ईषा।** **खट्वा ओदनः** વગેરેમાં બે બે માત્રાવાળા સ્થાની છે ત્યાં ચાર માત્રાવાળા ગુણ કે વૃદ્ધિ એકાદેશ થવાનો પ્રસંગ આવશે. ગુણ અને વૃદ્ધિનું સંજ્ઞા દ્વારા વિધાન કરવામાં આવ્યું છે અને ભિન્ન ઉચ્ચારણ કાળવાળાની એક સંજ્ઞા હોઇ શકે તેથી ભાવ્યમાન પરિભાષા દ્વારા આ શંકાનો નિરાસ કરી શકાય તેમ નથી.

[168] (જુઓ વૃદ્ધિસૂત્રપૃ ૧૩ નો.૬૨ )



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ऋवर्णस्य गुणवृद्धिप्रसङ्गे सर्वप्रसङ्गः। सर्वे गुणवृद्धिसंज्ञका ऋवर्णस्य स्थाने प्राप्नुवन्ति। किं कारणम्। अविशेषात्। न हि कश्चिद्विशेष उपादीयत एवंजातीयको गुणवृद्धिसंज्ञक ऋवर्णस्य स्थाने भवतीति। अनुपादीयमाने विशेषे सर्वप्रसङ्गः॥**

**न वा ऋवर्णस्य स्थाने रपरप्रसङ्गादवर्णस्यान्तर्यम्॥१३॥**

**न वैष दोषः। किं कारणम्। ऋवर्णस्य स्थाने रपरप्रसङ्गात्। उः स्थानेऽण् प्रसज्यमान एव रपरो भवतीत्युच्यते तत्र ऋवर्णस्यान्तर्यतो रेफवतो रेफवानकार एवान्तरतमो भवति॥**

**सर्वादेशप्रसङ्गस्त्वनेकाल्त्वात्॥१४॥**

**सर्वादेशस्तु गुणवृद्धिसंज्ञक ऋवर्णस्य प्राप्नोति॥ किं कारणम्। अनेकाल्त्वात्। अनेकाल्शित्सर्वस्य इति॥**

**ऋ** વર્ણનાં ગુણ કે વૃદ્ધિ થવાનાં હોય ત્યારે બધા (આદેશ) થવાનો પ્રસંગ આવે છે [169] એટલે કે ગુણ વૃદ્ધિ સંજ્ઞક સર્વ (વર્ણો) **ऋ** વર્ણને સ્થાને (આદેશ તરીકે) મૂકવાનો પ્રસંગ આવે છે. (તેમ થવાનું) શું કારણ? વિશેષ નથી તેથી, કારણ કે આ પ્રકારનો ગુણ કે વૃદ્ધિ સંજ્ઞક (આદેશ) **ऋ** વર્ણને સ્થાને થશે એમ (કહીને) કોઇ વિશિષ્ટ વર્ણનું ગ્રહણ કરવામાં આવ્યું નથી (અને) જો વિશિષ્ટ વર્ણનું ગ્રહણ કરવામાં ન આવ્યું હોય તો પછી બધા (ગુણ વૃદ્ધિ સંજ્ઞક વર્ણ) થવાનો પ્રસંગ આવશે.

અથવા પાછળ રેફ લગાડેલો (**अण्** )વર્ણ **ऋ** વર્ણને સ્થાને થાય છે તેથી (એ દોષ) નહીં આવે કારણ કે (**ऋ** વર્ણનો) સૌથી સમાન **अ** વર્ણ (આદેશ થશે) ॥૧૩॥

અથવા તો એ દોષ નહીં આવે, કારણ કે **ऋ** વર્ણને સ્થાને રેફ યુક્ત આદેશ થવાનો છે.[170] '**ऋ** વર્ણને સ્થાને જે **अण्** મૂકવાનો પ્રસંગ આવે છે તે **रपर** થાય છે' એમ કહ્યું છે તેથી આન્તર્યને કારણે રેફયુક્ત **ऋ**-કારને સ્થાને રેફયુક્ત **अ**-કાર જ અન્તરતમ છે

પરંતુ (આદેશ) અનેક **अल्** યુક્ત હોવાથી સર્વાદેશ થવાનો પ્રસંગ આવશે ॥૧૪॥

**ऋ** વર્ણનો જે ગુણ વૃદ્ધિ સંજ્ઞક આદેશ છે તે સમગ્ર (**ऋ** વર્ણાન્ત)ને સ્થાને થશે. તેનું શું કારણ? (આદેશ) અનેક **अल्** યુક્ત છે તેથી, **अनेकाल्शित्सर्वस्य।** પ્રમાણે (સમગ્ર **ऋ**-વર્ણાન્તને સ્થાને આદેશ થવાનો પ્રસંગ આવશે).[171]

---

[169] **सर्वप्रसङ्गः** એ **ऋ** અને **ॠ** એ બેના સમુદાયની દૃષ્ટિએ કહ્યું છે.તેમાં હ્રસ્વ **ऋ** નો **अ** ગુણ થાય છે તે બરોબર છે પરંતુ દીર્ઘ **ॠ** જેટલી માત્રાવાળા હોવાથી **एङ्** (**ए** અને **ओ** ) થવા જોઇએ તથા હ્રસ્વ **ऋ** તેમ જ દીર્ઘ **ॠ** ની વૃદ્ધિ વખતે બધા જ વૃદ્ધિ સંજ્ઞક આદેશ થશે એમ સમજવાનું છે તેથી હ્રસ્વ **ऋ** ને સ્થાને **अ** સિવાય અન્યને અવકાશ જ નથી છતાં **सर्वप्रसङ्गः** એમ કેમ કહ્યું એવી શંકાને સ્થાન નથી રહેતું.

[170] ગુણ અને વૃદ્ધિને લગતા **इको गुणवृद्धी।** સૂત્રની **उरण् रपरः।** સાથે એકવાક્યતા કરવાથી સર્વનો આદેશ થવાનો પ્રસંગ નહીં આવે, કારણ કે ગુણવૃદ્ધિ સૂત્રમાં **अण्** વર્ણોમાંથી માત્ર **अ**-કારનું જ ગ્રહણ કરેલું છે તે **अ**-કાર તેમ જ **आ**-કાર **रपर** થવાથી **अर्** અને **आर्** થશે. હવે **ऋ**-કાર -માં **र**-શ્રુતિ છે તેથી રેફયુક્ત **अ**-કાર, **अर्** અને **आ**-કાર **आर्** એ બે જ **ऋ**-કાર ને સ્થાને ગુણ અને વૃદ્ધિ આદેશ તરીકે અનુક્રમે આવી શકે, કારણ કે **एङ्** અને **ऐच्** દીર્ઘ હોવાથી પ્રમાણમાં સદૃશ હોવા છતાં **र**-શ્રુતિ રહિત છે તેથી દીર્ઘ **ऋ**-કારને સ્થાને આવી ન શકે. વળી સ્થાનથી આંતર્ય **अर्** અને **आर्** નું જ તેથી સર્વપ્રસંગ થશે તેવી શંકા ઉચિત નથી.

[171] **ऋ** વર્ણાન્ત અંગને સ્થાને **अर्** અને **आर्** એ અનેકાલ્ આદેશ થવાના હોય તો **अलोऽन्त्यस्य।** પ્રમાણે અંત્ય વર્ણને સ્થાને ન થતાં **अनेकाल्शित्सर्वस्य।** પ્રમાણે સર્વાદેશ થવાનો પ્રસંગ આવશે, કારણ કે **अलोऽन्त्य०** ઉત્સર્ગ સૂત્ર છે જ્યારે **अनेकाल०** એ અપવાદ સૂત્ર છે. તેથી અપવાદ અમલી થતાં સર્વાદેશ થવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે.સર્વાદેશ થાય એટલે કે સમગ્ર **ऋ**-કારાન્ત અંગનો આદેશ થાય તો તે **ऋ**-કારનો આદેશ ન કહેવાય તેથી **उरण् ०** પ્રમાણે આદેશ **रपर** પણ ન થઇ શકે.પરંતુ **खट्वर्श्यः** માં **अ(र्)** રૂપી ગુણાદેશ થયો છે તે **आ**-કાર અને **ऋ**-કાર રૂપી ષષ્ઠ્યન્તોના સમુદાયનો આદેશ છે તેથી જેમ દેવદત્ત અને દેવદત્તાનો પુત્ર દેવદત્તનો પુત્ર છે તેમ દેવદત્તાનો પણ છે એ રીતે **अ(र्)** આદેશસમુદાયના અવયવ- ભૂત **ऋ**-કારનો પણ આદેશ છે તેમ કહી શકાય તેથી **रपर** થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न वानेकाल्त्वस्य तदाश्रयत्वादवर्णादेशस्याविघातः ॥ १५॥

अथवा न वैष दोषः। किं कारणम्। अनेकाल्त्वस्य तदाश्रयत्वात्। यदायमुः स्थाने तदाऽनेकाल्। अनेकाल्त्वस्य तदाश्रयत्वादवर्णादेशस्य विघातो न भविष्यति। अथवानान्तर्यमेवैतयोरान्तर्यम्। एकस्याप्यन्तरतमा प्रकृतिर्नास्त्यपरस्याप्यन्तरतम आदेशो नास्ति। एतदेवैतयोरान्तर्यम्॥

संप्रयोगो वा नष्टाश्वदग्धरथवत्॥१६॥

अथवा नष्टाश्वदग्धरथवत्संप्रयोगो भवति। तद्यथा। तवाश्वो नष्टो ममापि रथो दग्ध उभौ संयुज्यावहा इति। एवमिहापि तवाप्यन्तरतमा प्रकृतिर्नास्ति ममाप्यन्तरतम आदेशो नास्त्यस्तु

અથવા (તેમ) નહીં થાય, કારણ કે (આદેશ)નું અનેક अल् યુક્ત હોવું તે (તેના) સ્થાની (ऋ-કાર) ઉપર આધારિત છે તેથી ऋ વર્ણનો (આદેશ એક अल् યુક્ત છે તે વાત) નો વિઘાત નહીં (થાય) ॥૧૫॥

અથવા એ દોષ નથી (આવતો). કેમ નથી (આવતો) ? કારણ કે તે (ऋ) ને આધારે જ (આદેશ) અનેકાલ્ થાય છે. જ્યારે આ (अण् વર્ણ) ऋ-કાર ને સ્થાને થાય છે ત્યારે (તે) અનેકાલ્ બને છે.(આમ) તેનું અનેકાલ્પણું તે (ऋ વર્ણ) ઉપર આધાર રાખે છે તેથી ऋ વર્ણનો આદેશ (એકાલ્ જ રહેશે) બદલાશે નહી.[172] અથવા સમાનતાનો અભાવ તે જ તે બેનું આન્તર્ય છે. કારણ કે એકને (એટલે કે अ-કાર / आ-કારને) અન્તરતમ સ્થાની નથી અને બીજાને (એટલે કે ऋ-કારને) અન્તરતમ આદેશ નથી, એ જ આ બેનું આન્તર્ય છે. [173]

અથવા તો નષ્ટાશ્વદગ્ધરથની જેમ બન્નેનો પરસ્પર સંબંધ થશે ॥૧૬॥

અથવા (એકનો) ઘોડો મરી ગયો હોય અને (બીજાનો) રથ બળી ગયો હોય ત્યારે જેમ (તેમનો) પરસ્પર સંબંધ થઇ શકે તેમ (अ-કાર અને ऋ-કારનો સંબંધ થઇ શકશે). જેમ 'તારો ઘોડો મરી ગયો છે અને મારો રથ પણ બળી ગયો છે (તો) આપણે બે સાથે મળીને કામ કરીએ (એમ કરીને કાર્ય સિદ્ધિ મેળવે છે) તેમ અહીં પણ, 'તારે તો અન્તરતમ સ્થાની નથી અને મારે પણ અન્તરતમ આદેશ નથી તેથી આપણા બેનો

---

[172] ऋ-કાર સ્થાની ન હોય તો આદેશ रपर ન થાય. અહીં आ અને ऋ ના સમુદાયમાં રહેલ ऋ-કારને આધારે સ્થાની रपर નથી થયો, કારણ કે ऋ-કાર જ્યાં પ્રત્યક્ષ સ્થાની હોય ત્યાં આનુમાનિક સ્થાનીને કાર્ય થાય તે યોગ્ય નથી. તેથી अङ्गस्य એ ષષ્ઠી પ્રથમ અંત્ય इक् સાથે જાય છે તેમાંથી ऋ વર્ણ સ્થાની છે તેમ સમજાતાં उरण्रपरः। પ્રમાણે ક્રમાનુસાર रपरत्व સિદ્ધ હોવાથી, अनेकाल्शित् ० પૂર્વે પ્રવૃત્ત થએલ अलोऽन्त्यस्य। એ સૂત્રનો બાધ નહીં કરી શકે. આમ खट्वर्श्यः એ દૃષ્ટાન્ત પણ અહીં લાગુ નથી પડતું, કારણ કે ત્યાં पूर्वपरयोः० એ અધિકાર નીચે आ અને ऋ એ પ્રત્યક્ષ સ્થાનીનો અકાદેશ થયો છે તેથી તે रपर થયો છે.

[173] અથવા નિષ્પન્ન થએલ अण् रपर થાય છે એમ કહેવામાં પણ વાંધો નથી, કારણ કે આન્તર્ય માત્ર સ્થાન, અર્થ, ગુણ અને પ્રમાણને આધારે જ થાય છે એમ નથી. તે સિવાય અન્ય રીતે પણ સાદૃશ્ય સંભવી શકે છે. पद्दन्नोमा० સૂત્રમાં शस् વગેરે પ્રત્યયો પૂર્વે થતા पद , दत् વગેરે આદેશોનું પરિગણન કરેલું છે. તેમના સ્થાનીનું ગ્રહણ નથી, પરંતુ પ્રત્યય પ્રકૃતિ વિના ન હોઇ શકે તેથી તેમની પ્રકૃતિ આક્ષેપ વ્દારા જાણી શકાય છે. તે પ્રકૃતિ, અર્થાત્ સ્થાની, ગમે તે ન હોઇ શકે પરંતુ पद् વગેરે આદેશને અનુરૂપ જ હોવી જોઇએ અને વર્ણસામ્યને આધારે અનુમાન થઇ શકે છે કે તે સ્થાની पाद વગેરે છે. આમ સ્થાન, વર્ણ વગેરેથી જુદી રીતે પણ સાદૃશ્ય નક્કી કરી શકાય છે તે વાત સૂત્રકારે સ્વીકારેલી છે. તેથી સાદૃશ્યનો અભાવ હોવો એ પણ ऋ-કાર અને अ-કાર વચ્ચેનું સાદૃશ્ય છે એમ કહેવા માગે છે. સ્થાનીભૂત ऋ વર્ણને તેના સદૃશ આદેશ નથી અને આદેશભૂત अ વર્ણને તેના સદૃશ સ્થાની નથી. આમ બન્નેમાં તેમના સદૃશ સંબંધી ન હોવા રૂપ સાદૃશ્ય છે તેથી તેમની વચ્ચે સ્થાની-આદેશ સંબંધ થઇ શકશે એમ અહીં દલીલ છે. એકમાત્રિક ऋ વર્ણનો એકમાત્રિક अ વર્ણ પ્રમાણની દૃષ્ટિએ અંતરતમ છે પછી શા માટે આન્તર્યના અભાવ રૂપી સાદૃશ્યનો આધાર લેવો પડે એ શંકા અસ્થાને છે, કારણ કે એકમાત્રિક अ વર્ણને અનુલક્ષીને કોઇ યત્ન કરવામાં આવેલ નથી, એટલે કે ऋ વર્ણનો अ-કાર આદેશ થાય છે તેમ સૂત્રકારે સ્પષ્ટ રીતે કહેલું નથી અને હ્રસ્વ, દીર્ઘ વગેરે અવાન્તર ભેદને લક્ષમાં ન લેતાં ऋ વર્ણનું સ્થાનકૃત આન્તર્ય કોઇ વર્ણ સાથે નથી તેથી અનાન્તર્ય એ જ આન્તર્ય છે તેમ કહ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नौ संप्रयोग इति। विषम उपन्यासः। चेतनावत्स्वर्थात्प्रकरणाद्वा लोके संप्रयोगो भवति वर्णाश्च पुनरचेतनास्तत्र किंकृतः संप्रयोगः। यद्यपि वर्णा अचेतना यस्त्वसौ प्रयुङ्क्ते स चेतनावान्॥

एजवर्णयोरादेशेऽवर्णं स्थानिनोऽवर्णप्रधानत्वात्॥१७॥

एजवर्णयोरादेशेऽवर्णं प्राप्नोति। खट्वैलका मालौपगवः। किं कारणम्। स्थानिनोऽवर्णप्रधानत्वात्॥ स्थानी ह्यत्रावर्णप्रधानः॥

सिद्धं तूभयान्तर्यात्॥१८॥

सिद्धमेतत्। कथम्। उभयोर्योऽन्तरतमस्तेन भवितव्यं न चावर्णमुभयोरन्तरतमम्॥

उरण्रपरः॥१।१।५१॥

किमिदमुरण्रपरवचनमन्यनिवृत्त्यर्थम्। उः स्थानेऽणेव भवति रपरश्चेति। आहोस्विद्रपरत्वमनेनविधीयते।

સહકાર થવા દો'.[174] (એમ કરીને अ-કાર અને ऋ-કારનો સંબંધ થઇ શકશે).(આ) દૃષ્ટાન્ત સમાન નથી. જગતમાં ચેતનયુક્તોમાં તો પ્રયોજનને કારણે કે સંજોગવશાત્ સહકાર હોય છે પરંતુ વર્ણો તો અચેતન છે તેમનામાં પરસ્પર સહયોગ કયા હેતુથી હોઇ શકે ? જો કે વર્ણો અચેતન હોય છે તો પણ જે(કોઇ) તેમનો પ્રયોગ કરે છે તે ચેતન હોય છે (તેથી વાંધો નહી આવે).

एच् વર્ણ અને अ વર્ણનો એકાદેશ થાય ત્યારે अ વર્ણ આદેશ થશે કારણ કે સ્થાનીઓ अ વર્ણપ્રધાન છે ॥૧૭॥

खट्वैलका। मालौपगवः માં एच् વર્ણ અને अ વર્ણનો એકાદેશ થાય ત્યારે अ વર્ણ (આદેશ) થવાનો પ્રસંગ આવે છે. શા માટે (આવે છે)? સ્થાની अ વર્ણ પ્રધાન છે તેથી.[175] એટલે કે સ્થાની (आ અને एच्) માં જ अ વર્ણનો અંશ વધારે છે.

બન્નેમાં અન્તરતમ હોય તે (આદેશ) થવાથી (કાર્ય) સિદ્ધ થાય છે ॥૧૮॥

એ (ऐ અને औ) આદેશ સિદ્ધ થાય છે. કેવી રીતે (સિદ્ધ થાય છે) ? (એ રીતે કે પૂર્વ અને અપર) બન્ને સ્થાનીનો જે અન્તરતમ હોય તે (આદેશ) થાય પરંતુ अ વર્ણ એ બન્નેનો અન્તરતમ નથી.[176]

ऋ-કારનો જે अण् (આદેશ થાય છે) તેની પછી र् લાગે છે ॥૧।૧।૫૧॥

આ उरण् रपरः। એમ જે કહ્યું છે તે અન્ય (આદેશો) ને થતા અટકાવવા માટે છે ?[177] એટલે કે 'ऋ ને સ્થાને માત્ર अण् (આદેશ) થાય છે અને તે પાછળ र् લગાડયો હોય તેવો જ (अण्)' એમ સમજવાનું છે ? કે પછી આ (સૂત્ર) દ્વારા (अण्) रपर થવાનું સ્વતંત્ર વિધાન કરવામાં આવે છે ?

---

[174] स्थानेऽन्तर० નું જો પ્રત્યાખ્યાન કરવામાં આવે તો પણ નષ્ટાશ્વદગ્ધરથ ન્યાયે ऋ વર્ણને સ્થાની તરીકે અને अ વર્ણને આદેશ તરીકે લઇ શકાશે તેથી સાદૃશ્ય ન હોવા છતાં એ બે વચ્ચે સ્થાની- આદેશભાવ થઇ શકશે, કારણ કે નષ્ટ અશ્વ અને દગ્ધ રથમાં પણ અસદૃશ હોવા છતાં બન્નેનો સંપ્રયોગ, સહભાવ થઇ શકે છે.

[175] પ્રધાન એટલે વધારે ભાગ भूयस्त्व . खट्वा एलका અને माला औपगवः માં वृद्धिरेचि। પ્રમાણે વૃદ્ધિ એકાદેશ થશે હવે બન્નેમાં आ અર્થાત્ अ-કારનો અંશ વધારે છે, કારણ કે પૂર્વપદને અન્તે आ-કાર છે તથા ઉત્તરપદના આદિ વર્ણો ए અને औ માં પણ अ-કારની અર્ધમાત્રા છે એમ ચાર માત્રામાંથી અઢી માત્રા अ-કારની છે તેથી તેનું પ્રાધાન્ય છે, તેનું પ્રમાણ વધારે છે. આમ સ્થાની વર્ણોમાં તેનું પ્રમાણ વધારે છે તેથી આદેશ સ્થાની પણ अ-કારનો જ અંતરતમ હોય તે જ થાય. માટે आ આદેશ થશે એમ દલીલ છે. વળી એ ન્યાયને આધારે આગળ વાર્તિકમાં ' एचोश्चोत्तरभूयस्त्वात् ' એમ કહ્યું છે.

[176] भूयस्त्व ન્યાય અહીં લાગુ નહીં પડે, કારણ કે દીર્ઘ વર્ણોના સમુદાયનો જે વૃદ્ધિ આદેશ મૂકવાનો છે તેમાં સમુદાયના (अ અને इ કે उ) બન્ને વર્ણોનો અંતરતમ અંશ રહેલો છે. જ્યારે હ્રસ્વમાં સમુદાયનો અંતરતમ આદેશ શક્ય નથી તેથી एचोश्चोत्तरभूयस्त्वात् એમ કહ્યું છે.

[177] અહીં ષષ્ઠીનો સંદર્ભ છે તેથી જ્યાં ષષ્ઠી ત્યાં આ સૂત્ર ઉપસ્થિત થશે. તેમ હોવાથી પ્રશ્ન કરે છે કે આ સૂત્ર દ્વારા અન્ય આદેશનો બાધ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**उः स्थानेऽण्चानण्च अण्तु रपर इति। कश्चात्र विशेषः।**

**उरण्रपरवचनमन्यनिवृत्त्यर्थं चेदुदत्तादिषु दोषः ॥१॥**

**उरण्रपरवचनमन्यनिवृत्त्यर्थं चेदुदत्तादिषु दोषो भवति। के पुनरुदात्तादयः। उदात्तानुदात्तस्वरितानुनासिकाः। कॄर्तिः ह्रर्तिः। कॄतम् ह्रुतम्। प्रकॄतम् प्रह्रृतम्। नॄँः पाहि। अस्तु तर्ह्युः स्थानेऽण्चानण्च --**

એટલે કે '**ऋ** ને સ્થાને **अण्** તેમ જ **अण्** ન હોય તેવા (**अनण्** આદેશ) થાય છે પરંતુ **अण्** (આદેશ) ની પાછળ રેફ લગાડવામાં આવે છે' એમ (સમજવાનું છે)? આમાં શો ફેર છે

જો **उरण् रपरः**। (એ સૂત્ર) નું ઉચ્ચારણ અન્ય (આદેશો)ને થતા અટકાવવામાટે હોય તો ઉદાત્ત વગેરેમાં દોષ આવે છે ॥१॥

જો **उरण् रपरः**। (એ સૂત્ર) નું ઉચ્ચારણ (**अण्** સિવાયના) અન્ય (આદેશો) ને થતા અટકાવવા માટે હોય તો ઉદાત્ત વગેરેમાં દોષ આવે છે.[178] પણ ઉદાત્ત વગેરે તે કયા? ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત અને અનુનાસિક જેમ કે **कॄर्तिः। ह्रर्तिः॥** (માં ઉદાત્ત), **कॄतम्। ह्रुतम्॥** (માં અનુદાત્ત), **प्रकॄतम्। प्रह्रृतम्॥** (માં સ્વરિત), **नॄँः पाहि।** (માં અનુસ્વારમાં દોષ આવશે).તો પછી '**ऋ** ને સ્થાને **अण्** તેમ જ **अण्** ન હોય તેવા (**अनण्** આદેશ) ભલે થાય.

---

કરનાર **अण्** ની નિષ્પત્તિ કરીને ભિન્ન વાક્ય વ્દારા તે **रपर** થશે તેમ વિધાન કર્યું છે કે અન્ય સૂત્ર વ્દારા નિષ્પન્ન થએલ હોય તેવો **अण् रपर** થાય છે એમ કહીને માત્ર તેનું **रपर** ત્વ આ સૂત્ર વ્દારા કરવામાં આવ્યું છે ? આમ અહીં બે પક્ષ રજુ કર્યા છે. ન્યા.માં ત્રણ અને પદ.માં ચાર પક્ષની ચર્ચા કરી છે.અહીં **अण् भवति रपरश्च**। એમ પણ પાઠ છે. તે પ્રમાણે જે અપૂર્વ **अण्** નું અહીં વિધાન કરવામાં આવે છે તે અન્ય આદેશોનો બાધક થશે. પરંતુ એથી **ञ्नित्यादिर्नित्यम्।** પ્રમાણે **नित्**, **ञित्** પ્રત્યય પર થતાં પ્રકૃતિનો આદિ ઉદાત્ત થાય છે ત્યાં **स्त्रियां क्तिन्।** પ્રમાણે થતાં **कृति** વગેરેમાં **नित्** પ્રત્યય પર થતાં **ऋ**-કાર ઉદાત્ત થવો જોઇએ તે ન થતાં તેને સ્થાને **अण्** થવાનો અને તે **रपर** થવાનો પ્રસંગ આવશે. પરિણામે **कृति**, **हृति** વગેરે સિદ્ધ ન થઇ શકે.**अणेव भवति** એમ પાઠ લેવામાં આવે તો સામાન્ય નિયમનો વિશેષ નિયમ બાધ કરે તેથી **अण्** જ થાય અન્ય આદેશ ન થાય તેમ સમજાશે.

[178] **कृति** માં ઉદાત્તને લગતો દોષ આવે છે (ઉપર નોંધ ૧).**कृतम्**, **हृतम्** માં **आद्युदात्तश्च।** પ્રમાણે પ્રત્યય સ્વરથી અન્તોદાત્ત થવાથી **अनुदात्तं पदमेकवर्जम्।** પ્રમાણે શેષ નિઘાત થશે તેથી **ऋ**-કાર અનુદાત્ત નહીં થઇ શકે, કારણ કે **कृ** ધાતુનો **ऋ**-કાર **धातोः।** પ્રમાણે અંતોદાત્ત છે તેને સ્થાને અનુદાત્ત **ऋ** આદેશ ન થતાં **अण्** આદેશ થશે.**प्रकृतम्** માં ગતિ અવ્યવહિત છે તેથી તેનો **गतिरनन्तरः।** પ્રમાણે પ્રકૃતિસ્વર થતાં બાકીનો ભાગ **अनुदात्तम्** ० પ્રમાણે નિઘાત થશે તેથી **प्र** પછી આવતા **कृ** ના **ऋ**- કારને સ્થાને **उदात्तादनुदात्तस्य स्वरितः।** પ્રમાણે સ્વરિત **ऋ**-કાર આદેશ થવો જોઇએ તે ન થતાં **अण्** થશે.અહીં પ્રશ્ન થાય કે **ञ्निति**० માં **उरण्**० કેવી રીતે ઉપસ્થિત થઇ શકે. પરંતુ **उच्चैरुदात्तः।** માં પૂર્વ સૂત્ર **अचश्च।** માંથી **अचः** ની અનુવૃત્તિ સ્વીકારવામાં આવે અને **ञ्निति** ० માં પણ પૂર્વ સૂત્ર **अचः कर्तृयकि।** માંથી **अचः** ની અનુવૃત્તિ કરતાં એ સૂત્રમાં ષષ્ઠી ઉપલબ્ધ છે તેથી **उरण्**० ત્યાં ઉપસ્થિત થશે તેથી ઉપર દર્શાવેલ દોષ આવશે. **नॄँः पाहि।** માં **ऋ**-કારને સ્થાને **अण्** થાય છે તે પક્ષ સ્વીકારતાં **नृ शस्** એ સ્થિતિમાં **प्रथमयोः**० પ્રમાણે દીર્ઘ **ॠ** થવો જોઇએ તે નહીં થાય, કારણ કે **ऋ**-કાર **अण्** નથી પરિણામે **नॄन्** એ રૂપ જ નહીં થાય. છતાં **नॄन्** ના **न**-કારનું **रुत्व** કર્યા પછી **अत्रानुनासिकः पूर्वस्य तु वा।** એ સૂત્ર પ્રમાણે વિકલ્પે અનુનાસિકનું વિધાન કર્યું છે ત્યાં **ॠ**-કાર ન થતાં **अण्** જ થશે તે દોષ આવે છે. **उरण्**० એ નિયમ છે તેમ સ્વીકારવામાં આવે તો જ્યાં જ્યાં એક એક પદનો ઉલ્લેખ કરીને **ऋ** ને સ્થાને **इत्व**, **उत्व** વગેરેનું વિધાન કર્યું હોય ત્યાં ઉપર જણાવેલ ત્રણ દોષ ઉદ્ભવશે. તેથી **ॠत इद्धातोः।** પ્રમાણે **इत्** થાય છે અને **उदोष्ठपूर्वस्य।** પ્રમાણે જે **उत्** થાય છે ત્યાં પણ દોષ આવશે.અહીં સૂત્રોમાં **इ** અને **उ** નું વિધાન કર્યું છે તે જો કે **अण्** છે છતાં **उरण्**० પ્રમાણે જેનું વિધાન કરવામાં આવ્યું છે તે **अण्** તેઓ નથી માટે **रपरत्व** નહીં થાય, કારણ કે એક એક પદનો ઉલ્લેખ કરીને આ **इ** અને **उ** નું વિધાન કરવામાં આવ્યું છે તેથી તે **उरण्**० નો બાધ કરશે.પરિણામે **किरति, गिरति, आस्तीर्णम्** વગેરે તથા **पुपूर्षति**, **पूर्ताः** જેવાં રૂપો સિદ્ધ નહીં થાય તેમ શંકા કરવામાં આવી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अण्तु रपर इति।

य उः स्थाने स रपर इति चेद् गुणवृद्ध्योरवर्णाप्रतिपत्तिः ॥२॥

य उः स्थाने स रपर इति चेद् गुणवृद्ध्योरवर्णाप्रतिपत्तिः॥ कर्ता हर्ता वार्षगण्यः। किं साधीय ऋवर्णस्यासवर्णे यदवर्णं स्यान्न पुनरेङैचौ। पूर्वस्मिन्नपि पक्ष एष दोषः। किं हि साधीयस्तत्राप्यृवर्णस्यासवर्णे यदवर्णं स्यान्न पुनरिवर्णोवर्णौ। अथ मतमेतदुः स्थाने ऽणश्चानणश्च प्रसङ्गेऽणेव भवति रपरश्चेति सिद्धा पूर्वस्मिन्पक्षेऽवर्णस्य प्रतिपत्तिः। यत्तु तदुक्तमुदात्तादिषु दोषो भवतीह स दोषो जायते। न

પરંતુ अण् (આદેશ) ની પાછળ રેફ લગાડવામાં આવે છે' એમ (સમજીશું).[179]

'ऋ ને સ્થાને જે अण् (આદેશ) થાય છે તેની પાછળ રેફ લગાડવામાં આવે છે' એમ (સમજાય) તો ગુણ વૃદ્ધિ (આદેશ ) થાય છે ત્યાં अ વર્ણ (આદેશ તરીકે) પ્રાપ્ત નહીં થાય ॥૨॥

'ऋ ને સ્થાને જે अण् (આદેશ) થાય છે તેની પાછળ રેફ લગાડવામાં આવે છે' એમ (સમજાય) તો **कर्ता। हर्ता। वार्षगण्यः** માં જે ગુણ વૃદ્ધિ (આદેશ ) થાય છે ત્યાં अ વર્ણ (આદેશ તરીકે) પ્રાપ્ત નહીં થઇ શકે. ऋ વર્ણનો સવર્ણ ન હોવા છતાં अ વર્ણ (તેનો આદેશ) થાય પરંતુ एङ् અને एच् ન થાય એ શું વધારે સારૂં છે?[180] પૂર્વે જણાવેલ પક્ષમાં પણ એ જ દોષ આવે છે ત્યાં પણ ऋ વર્ણનો સવર્ણ ન હોવા છતાં अ વર્ણ (તેનો આદેશ) થાય પરંતુ इ અને उ એ બે વર્ણો ન થાય તે શું વધુ સારૂં છે ?[181] હવે જો 'ऋ ને સ્થાને अण् તેમ જ अण् ન હોય તેવા (अनण् આદેશ) થવાનો પ્રસંગ આવતાં अण् (આદેશ) જ થાય છે અને તેની પાછળ રેફ લગાડવામાં આવે છે' એમ માનવામાં આવે તો પૂર્વે જણાવેલ પક્ષમાં અ-વર્ણ (આદેશ તરીકે) પ્રાપ્ત થશે.[182] પરંતુ ઉદાત્ત વગેરેમાં દોષ આવે છે એમ જે કહ્યું તે દોષ અહીં પણ આવશે?[183] નહીં

---

[179] બીજો વિકલ્પ સ્વીકારીને દલીલ કરે છેઃ જો પૂર્વે નિષ્પન્ન अण् નું **रपरत्व** આ સૂત્ર વ્દારા કરવામાં આવતું હોય તો હ્રસ્વ ऋ નો ગુણ अ મળે છે છતાં દીર્ઘનો અ-કાર ગુણ પ્રાપ્ત નહીં થાય અને વૃદ્ધિમાં તો अण् પ્રાપ્ત નહીં જ થાય.જેમ કે **कर्ता , हर्ता** વગેરે . कृ ને **ण्वुल्तृचौ**। પ્રમાણે **तृच्** લાગતાં **सार्वधातुकार्ध०** પ્રમાણે ગુણ પ્રાપ્ત થાય છે પરંતુ બીજો પક્ષ સ્વીકારતાં અહીં ગુણ ઉપલબ્ધ નહીં થાય. **वृषगणस्य गोत्रापत्यं वार्षण्यः** માં તદ્ધિત यञ् પર થતાં **तद्धितेष्वचाम्०** પ્રમાણે વૃદ્ધિ નહીં થઇ શકે એટલે કે ऋ નો आ નહીં થાય.

[180] **किं हि साधीयः** ? કૈ.અહીં **कारणम्** ઉમેરીને ' વધારે સારૂં કારણ શું છે ?' એમ અર્થ કરે છે. વાસ્તવમાં તેમ ન કરીને (સદૃશ ન હોવા છતાં ऋ વર્ણને સ્થાને अ વર્ણ થાય एङ् અને ऐच् ન થાય) એ શું વધારે સારૂં છે ? એમ અર્થ થઇ શકે છે.ભાષ્યમાં **असवर्णे** નો **सदृशाभावे** સદૃશ ન હોવા છતાં એમ અર્થ છે (ના.) નિયામક ન હોવા છતાં ક્વચિત् अ વર્ણની પ્રાપ્તિ થઇ શકતી હોય અને एङ् તથા ऐच् પ્રાપ્ત ન થતા હોય તો તો अ વર્ણની જ અવશ્ય પ્રાપ્તિ ન થાય.

[181] પૂર્વે કહ્યો તે પક્ષમાં પણ આ પ્રકારનો દોષ અહીં દર્શાવે છે.વર્ણનો સદૃશ ન હોવા છતાં ત્યાં ગુણ-વૃદ્ધિમાં अ-કાર આવે અને अण् હોવા છતાં इ કે उ ન આવે તે કેમ ?

[182] આગળ આક્ષેપ વાર્તિકમાં **अन्यनिवृत्त्यर्थम्** એમ જે કહ્યું છે તે વ્દારા નિયમ સૂચવવાનો હેતુ છે એમ અર્થ કરીને પૂર્વપક્ષી તે મતને દૂષિત કરવા કહે છે કે આ સૂત્ર વ્દારા કોઇ અપૂર્વ અને અન્યનો બાધ કરતા अण् નું વિધાન કરવામાં આવતું નથી પરંતુ નિયમ કરવામાં આવે છે કે જ્યારે अण् અને अनण् (અર્થાત્ अण् ન હોય એ) બેનો પ્રસંગ હોય ત્યાં अण् જ થાય છે અને તે **रपर** થાય છે. **अथ मतमेतत्** અર્થાત્ હવે જો આ જેને વિશે કહેવાના છીએ તે--નિયમરૂપ અને અન્યની નિવૃત્તિ માટે આ સૂત્ર છે એમ જો માનતા હોય (**मतं संमतं विवक्षितम्**) તો અન્યનો બાધ કરવાનો હેતુ છે એ પક્ષ પ્રમાણે જ્યારે ગુણ-વૃદ્ધિ કરવાનાં હોય ત્યારે इ-કાર અને उ- કાર નહીં થાય, કારણ કે इ , उ ગુણ કે વૃદ્ધિ -સંજ્ઞક નથી.

[183] ચઅહીં ચૌખં.માં **स इह दोषः जायते न जायते।** (અર્થાત્ એ દોષ અહીં આવે છે કે નથી આવતો ?) એમ પાઠ છે, ચારુ. માં **वा** ઉમેરીને **जायते न वा जायत।** એમ છે. અર્થ એ જ છે. વાસ્તવમાં નિયમપક્ષવાદીને પૂર્વપક્ષવાદી પૂછે છે કે ઉપર કહ્યા તે ઉદાત્તાદિ દોષ તમારા પક્ષમાં આવે છે ? **न जायते।** એ વાક્ય નિયમપક્ષવાદીનો ઉત્તર છે. તેનો પ્રતિકાર કરતાં પૂર્વપક્ષવાદી કહે છે કે '**जायते स दोषः**। એ દોષ આવે જ છે.'



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

जायते। जायते स दोषः। कथम्। उदात्त इत्यनेनाणोऽपि प्रतिनिर्दिश्यन्तेऽनणोऽपि। यद्यपि प्रतिनिर्दिश्यन्ते न तु प्राप्नुवन्ति। किं कारणम्। स्थानेऽन्तरतमो भवतीति। कुतो नु खल्वेतद् द्वयोः परिभाषयोः सावकाशयोः समवस्थितयोः स्थानेऽन्तरतम इत्युरपरपर इति च स्थानेऽन्तरतम इत्यनया परिभाषया व्यवस्था भविष्यति न पुनरुरण्रपर इति। अतः किम्। अत एष दोषो जायत उदात्तादिषु दोष इति॥ ये चाप्येत ऋवर्णस्य स्थाने प्रतिपदमादेशा उच्यन्ते तेषु रपरत्वं न प्राप्नोति। ऋत इद्धातोः। उदोष्ठ्यपूर्वस्य च॥

**सिद्धं तु प्रसङ्गे रपरत्वात्॥३॥**

**सिद्धमेतत्। कथम्। प्रसङ्गे रपरत्वात्। उः स्थानेऽण् प्रसज्यमान एव रपरो भवतीति। किं वक्तव्यमेतत्। न हि। कथमनुच्यमानं गंस्यते। स्थान इति वर्तते स्थानशब्दश्च प्रसङ्गवाची। यद्येवमादेशोऽविशेषितो भवति।**

આવે. એ દોષ અવશ્ય આવે છે. કેવી રીતે (આવે છે)? 'ઉદાત્ત' (એમ જે કહ્યું તે) થી **अण्** વર્ણોને અનુલક્ષીને નિર્દેશ કરવામાં આવ્યો છે, તેમ જ **अण्** ન હોય તેવા (**अनण्**) વર્ણોને પણ (અનુલક્ષીને નિર્દેશ કરવામાં આવ્યો છે). જો કે (**अनण्** નો નિર્દેશ) કરવામાં આવ્યો છે ખરો પરંતુ તે થવાનો પ્રસંગ નથી આવતો. શા માટે (નથી આવતો) ? કારણ કે સ્થાનીને બદલે (જે) અન્તરતમ હોય તે (આદેશ) થાય છે. તો પછી એ વળી કેવું કે **स्थानेऽन्तरतमः**। અને **उरण् रपरः**। એ બન્ને પરિભાષાઓને સ્વતંત્ર અવકાશ હોવા છતાં અને બન્ને એક સાથે ઉપસ્થિત થાય છે છતાં **स्थानेऽन्तरतमः**। એ પરિભાષા પ્રમાણે કાર્યની વ્યવસ્થા થશે, પરંતુ **उरण् रपरः**। પ્રમાણે નહીં થાય ? [184] (ન થાય) તેથી શું ? તેથી ' ઉદાત્ત વગેરેમાં દોષ આવે છે' એમ (જે કહ્યું તે) દોષ આવે છે. **ऋत इद्धातोः। उदोष्ठ्यपूर्वस्य** ।(એ સૂત્રો) માં[185]એક એક પદનું ઉચ્ચારણ કરીને **ऋ** વર્ણને સ્થાને આ જે (**इ , उ** વગેરે) આદેશો કહેવામાં આવ્યા છે તે **रपर** ન થવાનો પ્રસંગ આવે છે.

પરંતુ (**अण्** આદેશ થવાનો) પ્રસંગ આવતાં (તે) **रपर** થાય છે તેથી (એ) સિદ્ધ થાય છે ॥૩॥

(આદેશનું **रपर** થવું) એ સિદ્ધ થાય છે. કેવી રીતે (સિદ્ધ થાય છે)? કારણ કે (આદેશ થવાનો) પ્રસંગ આવતાં તે) **रपर** થાય છે એટલે કે **ऋ** ને સ્થાને **अण्** આદેશ મૂકવાનો થાય ત્યારે જ તે **रपर** થાય છે.[186] તો શું એ કહેવું પડશે? ના રે. તો પછી કહ્યા વિના કેવી રીતે સમજાશે? (પ્રસ્તુત સૂત્રમાં) **स्थाने** ની અનુવૃત્તિ છે અને **स्थान** શબ્દ પ્રસંગનો વાચક છે. જો એમ (**स्थान** શબ્દનો અર્થ પ્રસંગ) હોય તો આદેશ વિશેષણરહિત થશે.[187]

---

[184] આ બન્ને પરિભાષા ભિન્ન ક્ષેત્રે સાવકાશ આ રીતે છેઃ અંતરતમ પરિભાષા **अकः सवर्णे०**। (નોંધ ૧૨૧), **झयो ह ०** (નોંધ ૧૨૩) ઇત્યાદિમાં અવકાશ છે. **उरण्०** ને **कर्ता , हर्ता** વગેરેમાં અવકાશ છે. જ્યારે **कृतिः** વગેરેમાં બન્નેને અવકાશ છે પરંતુ પર હોવાથી **उरण्०** પ્રાપ્ત થતાં દોષ આવશે.ગુણવિધિમાં **स्थानेऽन्त०** પરિભાષા ઉપસ્થિત નથી થતી, કારણ કે **ऋ** વર્ણનો અંતરતમ ગુણ **अदेङ्** સમુદાયમાં નથી.

[185] **ऋत इद्धातोः। उदोष्ठ्य०** માં **इत् , उत्** નું પ્રતિપદ વિધાન કર્યું છે ત્યાં પણ **ऋ** ને સ્થાને **अण्** નું જ વિધાન કરવામાં આવ્યું છે તેમ છતાં ત્યાં **रपर** ત્વ નથી થતું કારણ કે જે સ્થળે નિયમનો અભાવ હતો ત્યાં આ **उरण्०** સૂત્ર વ્દારા નિયમ કરવામાં આવ્યો છે તેથી ત્યાં **रपर** થાય છે પરંતુ જ્યાં પ્રતિપદોવિધિ હોય ત્યાં **रपर** ન થવા રૂપી દોષ આવશે એમ ભાવ છે. **ग्रो यङि।** પ્રમાણે **यङ्** પર થતાં **गॄ** ધાતુના રેફનો **ल**-કાર આદેશ થાય છે ત્યાં પણ **रपर** ન થવાનો પ્રસંગ આવશે તે શંકા બરોબર નથી, કારણ કે તે **ल**-કાર આદેશ **ऋ**-કારની અંદર રહેલ રેફનો થાય છે, **ऋ**-કારનો નહીં. ભાષ્યકારે **ये चाप्येते** એમ બહુવચનનો પ્રયોગ કરીને માત્ર બે જ સૂત્રો ઉદ્ધર્યાં છે તેથી **आप्ज्ञप्यृधामीत्**। એ સૂત્રમાં **सन्** પર થતાં **ऋध्** ધાતુના **ऋ** નો **ईत्** થાય છે એમ કહ્યું છે તે પણ આવી જાય છે.

[186] વિધિવાક્યો સાથે આ પરિભાષાની એકવાક્યતા કરવાથી 'જ્યારે **ऋ** ને સ્થાને **अण्** નું વિધાન કરવામાં આવ્યું હોય ત્યારે (આ પરિભાષા વ્દારા તેના) **रपर** ત્વનું વિધાન કરવામાં આવે છે.' તેમ સમજાશે.એટલે કે **ऋ** વર્ણને સ્થાને **अण्** કરવો એમ વિધાન કરનાર વાક્યો સાથે **उरणरपरः**। એ પરિભાષાને જોડી દેતાં એમ સમજાશે કે **ऋ** ને સ્થાને **अण्** થાય છે તે **रपर** થાય છે.

[187] **उः** એ ષષ્ઠી છે તેથી તેનો સ્થાન સાથે સંબંધ થશે અને **स्थान** શબ્દ પ્રસંગવાચી હોવાથી **ऋ** ને સ્થાને જેનો પ્રસંગ હોય તે **अण् रपर** થશે એમ અર્થ સમજાશે.એમ અહીં દલીલ છે.પરંતુ તે બરોબર નથી, કારણ કે આ સૂત્ર **ऋ** ને સ્થાને **अण्** નું વિધાન કરતું નથી પણ અન્ય સૂત્ર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**आदेशश्च विशेषितः। कथम्। द्वितीयं स्थानग्रहणं प्रकृतमनुवर्तते तत्रैवमभिसंबन्धः करिष्यते। उः स्थानेऽण्स्थान इति। उः प्रसङ्गेऽण्प्रसज्यमान एव रपरो भवति॥ अथाण्ग्रहणं किमर्थम् न ऊ रपर इतीयत्युच्यमाने क इदानीं रपरः स्यात्। य उः स्थाने भवति। कश्चोः स्थाने भवति। आदेशः। आदेशो रपर इति चेद्रीरिविधिषु रपरप्रतिषेधः ॥४॥**

**आदेशो रपर इति चेद्रीरिविधिषु रपरप्रतिषेधो वक्तव्यः। के पुना रीरिविधयः। अकङ्लोपानङनङ्रीङ्रिङादेशाः। अकङ्। सौधातकिः। लोपः। पैतृष्वसेयः। आनङ्। होतापोतारौ। अनङ्। कर्ता हर्ता। रीङ्। मात्रीयति पित्रीयति। रिङ्। क्रियते ह्रियते॥**

આદેશ તો વિશેષણ યુક્ત જ છે. કેવી રીતે (વિશિષ્ટ)છે ?[188] **स्थान** શબ્દનું બીજીવાર જે (**स्थानेऽन्तरतमः**। માં) ગ્રહણ કર્યુ છે તેની પ્રકૃત સૂત્રમાં અનુવૃત્તિ થાય છે અને ત્યાં આ પ્રમાણે પરસ્પર સંબંધ કરવામાં આવશે: उः **स्थाने अण् स्थाने**। એટલે કે **ऋ** નો **अण्** આદેશ કરવાનો પ્રસંગ આવે ત્યારે જે **अण्** થવાનો હોય તે જ **रपर** થશે. હવે (સૂત્રમાં) **अण्** નું ગ્રહણ શા માટે કર્યુ છે ? उः **रपरः**। એટલું જ કહી શકાત. उः **रपरः**। એટલું જ કહેવામાં આવે તો પછી **रपर** કોણ થશે ? જે **ऋ** ને સ્થાને થાય તે (**रपर** થશે).પણ **ऋ** ને સ્થાને કોણ થાય છે ? આદેશ (થાય છે). જો આદેશ **रपर** થાય છે એમ હોય તો **रीरि** વિધિમાં **रपर** નો પ્રતિષેધ (કરવો જોઇએ) ॥४॥

જો (**ऋ** નો)આદેશ **रपर** થાય છે એમ હોય તો[189] **रीरि** વિધિમાં (આદેશ) **रपर** નથી થતો તેમ કહેવું પડશે. પરંતુ **रीरि** વિધિઓ તે કયા? (**ऋ**-કારના) **अकङ्** , **लोप** , **आनङ्** , **अनङ्** , **रीङ्** અને **रिङ्** એમ જે આદેશો (થાય છે તે **रीरि** વિધિઓ છે). જેમ કે **सौधातकिः** માં **अकङ्** , **पैतृष्वसेयः** માં **लोप**, **होतापोतारौ** માં **आनङ्** , **कर्ता** , **हर्ता** માં **अनङ्** , **मात्रीयति** માં **रीङ्** અને **क्रियते** , **ह्रियते** માં **रिङ्** (આ સર્વ વિધિઓ છે).

---

દ્વારા જેનું વિધાન થએલું હોય તે **अण्** નો અનુવાદ કરે છે.આમ અહીં વિધિ સાથે**अण्** નો સાક્ષાત્ સંબંધ નથી તેથી **षष्ठी स्थाने०** ઉપસ્થિત નહીં થાય. એથી જ **उदिचामातः स्थाने यकपूर्वायाः**। માં સૂત્રકારે **स्थान** શબ્દનું ગ્રહણ કર્યુ છે. તેમ ન કર્યુ હોત તો ત્યાં પણ **आत्** એટલે 'आ-કારની નજીક જે **अ**-કાર છે તે' એમ માત્ર સંબંધનું જ જ્ઞાન થાત, કારણ કે ત્યાં પણ **आत्** શબ્દ **प्रत्ययस्थात्कात् पूर्वस्यातः०** માં જેનું વિધાન છે તેનો અનુવાદ જ છે તેથી **षष्ठी स्थाने०** પરિભાષા ઉપસ્થિત નહીં થાય. એ રીતે અહીં પણ '**ऋ**-કારની સમીપ જે **अण्** ' એમ સામીપ્ય સંબંધનું જ જ્ઞાન થવાથી **ऋ**-કારની સમીપનો **अण्** પણ **रपर** થવાનો પ્રસંગ આવત.પરંતુ **स्थाने** ની અનુવૃત્તિ કરવામાં આવે તો उः એ સંબંધી શબ્દ હોવાથી તેનો **स्थाने** સાથે સંબંધ થતાં '**ऋ** ને સ્થાને થતો આદેશ' એમ સમજાશે અને તેથી આદેશ વિશિષ્ટ થશે છતાં પ્રસજ્યમાન (જેનો પ્રસંગ છે તે) તરીકે તે વિશિષ્ટ ન હોવાથી અવિશેષિત જ રહે છે એમ ભાવ છે.ના.આને એકદેશીની ઉક્તિ ગણે છે, કારણ કે **उदात्तस्वरितयोर्यणः०** માં અનુવાદ હોવા છતાં **स्थानेऽन्तर०** પ્રવૃત્ત થાય છે. હરદત્ત **व्याख्यानात्**। એમ કહીને સમજાવે છે, પરંતુ ન્યાસકાર એ સૂત્રને વિધિ સૂત્ર તરીકે સ્વીકારતા હોય તેમ લાગે છે (**तस्मादयमेव यणस्वरोऽनेन सूत्रेण विधीयते। न्यास ०**) અથવા **षष्ठी स्थाने०** માંથી સ્થાન ની અનુવૃત્તિ કરવાથી પ્રસજ્યમાનનો અર્થ નિકળશે, પરંતુ સ્થાનનો અર્થ નહી નીકળે એટલે કે 'જે **अण्** નો પ્રસંગ છે' તેમ સમજાશે પરંતુ' **ऋ**- કારને સ્થાને **अण्** થાય છે' તેમ અર્થ નહી સમજાય, કારણ કે **स्थान** શબ્દનો મુખ્યતયા **रपरत्व** સાથે સંબંધ છે પણ તેનો અર્થ પ્રસજ્યમાન થવાથી તેના અન્ય અર્થ 'ને બદલે, ને સ્થાને' સાથે **अण्** શબ્દનો સંબંધ નહી થાય. પરિણામે **अण्** અન્ય આદેશોનો બાધક નહીં થાય. તેથી **अण्** જ આદેશ થાય અન્ય કોઇ નહીં એમ નિયમ પણ નહીં થઇ શકે અને પ્રસજ્યમાનનું વિશેષણ થવાથી જે આદશનું વિધાન કરવામાં આવ્યું હોય તે **रपर** પણ નહીં થાય તેથી તે તે વિધિવાક્યો સાથે આ પરિભાષાની એકવાક્યતા થાય છે તેટલું જ સમજાય છે.

[188] બીજા **स्थाने** ગ્રહણની અનુવૃત્તિ કરવાથી **ऋ**-કારને સ્થાને આદેશરૂપે થતો **अण्** જ **रपर** થાય છે એમ અર્થ સમજાશે.તેથી આગળ જણાવ્યા તે ઉદાત્ત વગેરેને લગતા દોષ નહીં આવે, કારણ કે **स्थानेऽन्तर०** પરિભાષાને લીધે **कृतिः** વગેરેમાં **ऋ**-કારને સ્થાને ઉદાત્ત **ऋ**-કાર જ થશે, કારણ કે સ્થાન, પ્રમાણ, સ્વરૂપ વગેરેની દૃષ્ટિએ **ऋ**-કાર તેનો સદૃશતમ છે. પરંતુ **ऋ**-કારનાં ગુણ વૃદ્ધિ કરવાનાં હોય ત્યારે અન્તરતમ હોવાથી **अर्**, **आर्** જ થશે.આમ પૂર્વે જે દોષ કહ્યો કે **अ** વર્ણ પ્રાપ્ત નહી થાય (**अप्रतिपत्तिः**) એ પણ નહી રહે.

[189] સૂત્રમાં **अण्** ગ્રહણ ન કરીને '**ऋ** ને સ્થાને આદેશ થાય છે' એમ સૂત્રાર્થ સમજીએ તો **ऋ** ને સ્થાને જે **अण्** સિવાયના આદેશો થાય છે તે પણ **रपर** થવાનો પ્રસંગ આવશે.પરિણામે **ऋ** ને સ્થાને **अकङ्** , **लोप** , **अनङ्**, **रीङ्** અને **रिङ्** એ જે આદેશો થાય છે તેમાં દોષ આવશે(જોકે **रीरि** વિધિમાં रि અને री એ બે જ આવે છે પરંતુ બહુવચનનો પ્રયોગ કર્યો છે તેથી **अकङ्** વગેરે પણ સૂચવાય છે.): **अकङ्**-- **सुधातुरकङ् च**।



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उदात्तादिषु च ॥५॥

किम्। रपरत्वत्वस्य प्रतिषेधो वक्तव्यः। कृर्तिः हृर्तिः। कृतम् हृतम्। प्रकृतम् प्रहृतम्। नॄः पाहि॥ तस्मादण्ग्रहणं कर्तव्यम्॥

एकादेशस्योपसंख्यानम्॥६॥

एकादेशस्योपसंख्यानं कर्तव्यम्। खट्वर्श्यः मालर्श्यः। किं पुनः कारणं न सिध्यति। उः स्थानेऽण्प्रसज्यमान एव रपरो भवतीत्युच्यते न चायमुरेव स्थानेऽण् शिष्यते। किं तर्हि। उश्चान्यस्य च॥

ઉદાત્ત વગેરેમાં પણ ( रपर નો પ્રતિષેધ (કરવો જોઇએ) ॥૫॥

(ઉદાત્ત વગેરેમાં પણ) શું ? (આદેશ) रपर થાય છે તેનો પ્રતિષેધ કરવો પડશે.[190] જેમ કે कृर्तिः। हृर्तिः॥ कृतम्। हृतम्॥ प्रकृतम्। प्रहृतम्॥ नॄः पाहि। માં (ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત કે અનુનાસિક આદેશ થાય છે તે रपर નથી થતા તેમ કહેવું ન પડે તે માટે (સૂત્રમાં) अण् શબ્દ મૂકવો જરૂરી છે.

(આદેશ रपर થાય છે તેમાં) એકાદેશનો પણ સમાવેશ (કરવો પડશે) ॥૬॥

(खट्वा ऋश्यः) खट्वर्श्यः। (माला ऋश्यः) मालर्श्यः માં[191] ऋ-કાર અને અન્ય સ્વરનો એકાદેશ થાય છે તે रपर થાય છે તેમ કહેવું પડશે. (કહ્યા વિના रपर ) ન થવાનું શું કારણ ? કારણ કે ' ऋ ને સ્થાને જે अण् થાય છે તે रपर થાય છે' એમ કહેવામાં આવ્યું છે, પરંતુ આ (એકાદેશ) તો માત્ર ऋ ને સ્થાને નથી થતો. તો પછી શું ? ऋ અને અન્ય (अच्)ને સ્થાને થાય છે.

---

પ્રમાણે सुधातृ ને અપત્યાર્થે તદ્ધિત પ્રત્ય इञ् લાગે છે અને તેના સાન્નિધ્યને કારણે પ્રકૃતિનો अकङ् (अक्) આદેશ થાય છે. તે ङित् હોવાથી અન્ત્ય ऋ નો क આદેશ થશે. तद्धितेष्वचा० પ્રમાણે વૃદ્ધિ થઇને सौधातकिः થયું છે ત્યાં अक् આદેશ रपर થવાનો પ્રસંગ આવશે. लोप--ढकि लोपः। પ્રમાણે पितृष्वसृ ને અપત્યાર્થે ढक् લાગે ત્યારે અન્ત્ય (ऋ) નો લોપ થાય છે. આમ ऋ નો જે લોપ આદેશ થયો છે તે रपर થવાનો પ્રસંગ આવતાં पैतृष्वसेयः રૂપ પ્રાપ્ત નહીં થાય. आनङ्--आनङ् ऋतो द्वन्द्वे। વિદ્યા અનેયોનિસંબંધવાચી ऋ-કારાન્ત શબ્દોના દ્વન્દ્વ સમાસમાં પૂર્વપદના ऋ-કારનો आनङ् આદેશ થાય છે.તેથી होतृ અને पोतृ એ વિદ્યાસંબંધવાચી શબ્દોનો દ્વન્દ્વ સમાસ થતાં પૂર્વપદ होतृ ના ऋ-કારનો आनङ् થશે તે रपर થવાનો પ્રસંગ આવશે.વાસ્તવમાં આદેશમાં न् નું ગ્રહણ કર્યું છે તેથી આદેશ अण् તેમ જ अनण् છે તેથી તે रपर નહીં થાય.તે કારણે सौधातकिः માંપણ रपर નહીં થાય. [જુઓઃ न हि यत्राण् अनण् चेति शिष्यते तत्र रपरत्वं भवति। (૬-૩-૨૫) ઉપર ન્યાસ]. अनङ्--ऋदुशनस्पुरु० પ્રમાણે ऋ-કારાન્ત અંગ વગેરે પછી સંબુદ્ધિ સિવાયનો सु આવતાં તેનો अनङ् આદેશ થાય છે તે ङित् છે તેથી અન્ત્યાદેશ થશે. તેથી कर्तृ सु- कर्तन् सु--सर्वनामस्थाने० થી દીર્ઘ થતાં--कर्तान् सु--हल्ङ्याब्भ्यो० થી सु લોપ, नलोपः प्रातिपदिका० થી न् લોપ થતાં कर्ता . અહીં પણ આદેશ रपर થાય તો રૂપ સિદ્ધ ન થઇ શકે. रीङ्--रीङ् ऋतः। પ્રમાણે कृत् અને સાર્વધાતુક ન હોય તેવો य-કાર કે च्वि પ્રત્યય પર થતાં ऋ-કારાન્ત અંગનો रीङ् આદેશ થાય છે. જેમ કે मात्रीयति--मातृ- सुप आत्मनः क्यच्।-मातृ क्यच्-रीङ् ऋतः। થી ऋ નો ई થઇને ઇષ્ટ રૂપ સિદ્ધ થશે, પરંતુ આદેશ रपर થાય તો દોષ આવે. रिङ्- तुदादिभ्यः० પ્રમાણે થતો श , यक् , અને य-કારાદિ અસાર્વધાતુક लिङ् પ્રત્યય પર થતાં ऋ-કારાન્ત અંગના અન્ત્યનો रिङ् शयग्लिङ्क्षु। પ્રમાણે रिङ् આદેશ થાય છે. क्रियते , ह्रियते માં कृ , हृ ને सार्वधातुके यक्। મુજબ કર્મવાચક સાર્વધાતુક પ્રત્યય यक् થતાં ऋ નો इ થયો છે. અહીં આદેશ रपर થાય તો ઇષ્ટ રૂપ સિદ્ધ ન થઇ શકે.

[190] સૂત્રમાં अण् ગ્રહણ ન કર્યું હોય તો ऋ-કારને સ્થાને कृर्तिः વગેરેમાં જે ઉદાત્ત થાય છે, कृतम् વગેરેમાં જે અનુદાત્ત થાય છે અને प्रकृतम् વગેરેમાં જે સ્વરિત થાય છે તે रपर થવાનો પ્રસંગ આવશે તેથી नॄःपाहि માં પણ દોષ આવશે(નોંધ૧૭૮) ચૌખં.(પૃ.૪૨૮,પા.ટી.૨) માં નોંધે છે કે આ ભાષ્ય વાર્તિક નથી પરંતુ કાત્યાયનની જ વાર્તિક છે તેમ મુદ્રિત પુસ્તકો પરથી જણાય છે અને તે માટે ભાષ્યવ્યાખ્યાન પણ કેટલાક કલ્પે છે, પરંતુ હસ્તપ્રતોમાં તેમ જોવામાં આવતું નથી.

[191] आद्गुणः। સૂત્ર एकः पूर्वपर० એ અધિકાર નીચે આવેલું છે તેથી खट्वर्श्यः વગેરેમાં ગુણાદેશ अर् થાય છે તે માત્ર ऋ ને સ્થાને નહીં પણ आ અને ऋ એ બેના સમુદાયને સ્થાને થાય છે અને તે ऋ વર્ણ રૂપ નથી તેથી रपरत्व નહીં થાય (નોંધ ૧૭૧).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अवयवग्रहणात्सिद्धम्। यदत्र ऋवर्णं तदाश्रयं रपरत्वं भविष्यति। तद्यथा। माषा न भोक्तव्या इत्युक्ते मिश्रा अपि न भुज्यन्ते॥

**अवयवग्रहणात्सिद्धमिति चेदादेशे रान्तप्रतिषेधः ॥७॥**

**अवयवग्रहणात्सिद्धमिति चेदादेशे रान्तस्य प्रतिषेधो वक्तव्यः। होतापोतारौ। यथैवोश्चान्यस्य च स्थानेऽणरपरो भवत्येवं य उः स्थानेऽण्चानण्च सोऽपि रपरः स्यात्॥ यदि पुनर्ऋवर्णान्तस्य स्थानिनो रपरत्वमुच्येत। खट्वृश्यः मालर्श्यः। नैवं शक्यम्। इह दोषः स्यात्। कर्ता हर्ता। किरति गिरति। ऋवर्णान्तस्येत्युच्यते न चैतद्वर्णान्तम्। ननु चैतदपि व्यपदेशिवद्भावेन ऋवर्णान्तम्। अर्थवता व्यपदेशिवद्भावो न चैषोऽर्थवान्।**

(**एकः पूर्वपरयोः**। એ સૂત્રમાં **पूर्व** અને **पर**) અવયવનું ગ્રહણ કર્યું છે તેથી (એકાદેશ **रपर**) સિદ્ધ થાય છે.[192] એટલે કે અહીં જે (અવયવભૂત) વર્ણ છે તેને આધારે (ગુણરૂપી એકાદેશ) **रपर** થશે, જેમ કે ' અડદ ન ખાવા' એમ કહેવામાં આવ્યું હોય તો અન્ય સાથે મિશ્ર કરેલા હોય તો પણ (અડદ) ખાવામાં આવતા નથી (તેમ અહીં પણ થશે).

અવયવગ્રહણને કારણે (**रपर**) થઇ શકશે એમ કહેવામાં આવે તો આદેશ **रपर** નથી થતો એમ કહેવું પડશે ॥૭॥

(**एकः पूर्वपरयोः**। એ સૂત્રમાં **पूर्व** અને **पर**) અવયવનું ગ્રહણ કર્યું છે તેથી (એકાદેશ **रपर**) સિદ્ધ થાય છે. એમ જો હોય તો **होतापोतारौ** (જેવા) માં (અવયવના સમુદાયભૂત) આદેશ **रपर** થતા નથી તેમ કહેવું પડશે.[193] જેવી રીતે **ऋ**-કાર અને અન્ય વર્ણને સ્થાને (એકાદેશ રૂપે થએલો **अण्** વર્ણ **रपर** થાય છે તે રીતે **ऋ** ને સ્થાને મૂકવામાં આવેલો **अण्** તેમ જ **अण्** ન હોય તેવા (**अनण्**) ના સમુદાયરૂપ આદેશ **रपर** થવાનો સંભવ છે. જો **खट्वृश्यः**। **मालर्श्यः** (ની જેમ) **ऋ**-વર્ણાન્ત સ્થાનીનો [194] (આદેશ) **रपर** થાય છે એમ કહેવામાં આવે તો ? તે શક્ય નથી, કારણ કે (એમ થાય તો) પછી **कर्ता हर्ता**। **किरति गिरति** માં દોષ આવશે,[195] કારણ કે **ऋ**-વર્ણાન્તનો (આદેશ **रपर** થાય છે) એમ કહ્યું છે, જ્યારે અહીં તો (માત્ર **ऋ** વર્ણ છે) **ऋ**-વર્ણાન્ત નથી. પણ અમે કહીએ છીએ કે વ્યપદેશિવદ્‌ભાવથી[196] એ પણ **ऋ**-વર્ણાન્ત થશે. (શબ્દ સ્વરૂપ) અર્થયુક્ત હોય[197] ત્યાં વ્યપદેશિવદ્‌ભાવ થાય છે, જ્યારે આ (**ऋ** વર્ણ) અર્થયુક્ત નથી

---

192 [**अवयवग्रहणात्सिद्धम्**। એ વાક્ય કિ. સિવાયની આવૃત્તિઓમાં વાર્તિક તરીકે આપ્યું છે. કિ. માં વા.૭ અને અન્ય આવૃત્તિઓ માં વા. ૮ જોતાં લાગે છે કે એ વાર્તિક હશે. જો કે તેના ઉપર ભાષ્ય નથી.] **एकः पूर्व०** માં **पूर्वपरयोः** એ ઇતરેતર દ્વન્દ્વ સમાસ છે તેમાં દ્વિવચનને લીધે બે અવયવોનું ગ્રહણ કર્યું છે તે સ્પષ્ટ જણાઇ આવે છે છતાં અવયવ અને સમુદાયનો અભેદ સમજાય છે તેથી પ્રત્યેક અવયવ સ્થાની થઇ શકે છે. (જુઓ: **यो ह्युभयोः स्थाने भवति लभतेऽसावन्यतरतो व्यपदेशम्**। **उरण्०** ઉપર ૫૬.)

193 'અવયવનું ગ્રહણ કર્યું છે' એમ જે કારણ દર્શાવ્યું છે તે અતિવ્યાપક છે.પરિણામે **होतापोतारौ** જેવામાં **ऋ** ને સ્થાને જે **आनङ्** આદેશ થાય છે તેમાં આ-કાર **अण्** છે તેથી **रपर** થવાનો અનિષ્ટપ્રસંગ આવશે. તેથી જ્યાં સાક્ષાત્ **ऋ** વર્ણને સ્થાને **अण्** નું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં જ આ સૂત્ર ઉપસ્થિત થાય છે, એટલે કે તેવો જ **अण् रपर** થાય છે એમ કહેવામાં આવે તો જ્યાં **ऋ** વર્ણ અને અન્ત્ય વર્ણનો એકાદેશ થતો હોય (જેમ કે **खट्वृश्यः**) ત્યાં **रपर** થશે એમ કહેવું પડશે.યુ.મી.(પૃ.૬૦૬) માં આને વા(૮) તરીકે આપી છે.

194 સૂત્રમાં **उः** એમ કહીને વર્ણનું જ ગ્રહણ કર્યું છે અને જ્યાં જ્યાં વર્ણગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં ત્યાં તદન્તનું ગ્રહણ કરવું જોઇએ **वर्णग्रहणे तदन्तग्रहणम्**। એ પરિભાષા મુજબ **ऋ** વર્ણાન્તનું ગ્રહણ થશે તેથી **खट्वा ऋश्यः** માં જે વર્ણ સમુદાય **आऋ** છે તે **ऋ** વર્ણાન્ત છે તેથી **खट्वृश्यः** સિદ્ધ થઇ શકે છે.

195 **कर्ता, हर्ता , किरति , गिरति** વગેરેમાં **ऋ** વર્ણ છે પરંતુ કેવળ **ऋ** કે **ॠ** ને **ऋ** વર્ણાન્ત કે **ॠ** વર્ણાન્ત ન કહી શકાય તેથી ત્યાં આદેશ **रपर** ન થવાનો પ્રસંગ આવશે.

196 વ્યપદેશિવદ્‌ભાવ (જુઓ ૧/૯૩) અંગને અન્તે **ऋ**-કાર હોય તેને વિશે **ऋ**-કારાન્ત એ પ્રયોગ થઇ શકે પરંતુ એક માત્ર **ऋ**-કાર હોય તેને જો કે મુખ્યાર્થમાં **ऋ**-કારાન્ત ન કહી શકાય છતાં વ્યપદેશિવદ્‌ભાવથી તેને પણ **ऋ**-કારાન્ત કહેવાય. તેથી **कर्ता** વગેરેમાં પણ જે તે આદેશ **रपर** થશે. તેથી દોષ નહીં આવે.

197 **अर्थवत्**- જેને અર્થ છે તે (કૈ.) તે દૃષ્ટાન્ત રૂપે **इयाय** આપે છે **इ** ધાતુમાં માત્ર **इ**- કાર એકલો **अच्** છે તેથી તેને **एकाच्** ન કહી શકાય. પરિણામે **एकाचो द्वे प्रथमस्य**। પ્રમાણે જેમાં એક **अच्** તેવા **एकाच्** સમુદાયના પ્રથમનો દ્વિર્ભાવ થાય છે તે અહીં દુર્લભ છે, કારણ કે **इ** માત્ર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तस्मान्नैवं शक्यम्॥ न चेदेवमुपसंख्यानं कर्तव्यम्। इह च रपरत्वस्य प्रतिषेधो वक्तव्यः। मातुः पितुरिति॥ उभयं न वक्तव्यम्। कथम्। इह यो द्वयोः षष्ठीनिर्दिष्टयोः प्रसङ्गे भवति लभतेऽसावन्यतरतो व्यपदेशम्। तद्यथा देवदत्तस्य पुत्रः देवदत्तायाः पुत्र इति॥ कथं मातुः पितुरिति। अस्त्वत्र रपरत्वम्। का रूपसिद्धिः। रात्सस्य इति सकारस्य लोपो रेफस्य विसर्जनीयः। नैवं शक्यम्। इह हि मातुः करोति पितुः करोतीत्यप्रत्ययविसर्जनीयस्येति षत्वं प्रसज्येत। अप्रत्ययविसर्जनीयस्येत्युच्यते--

તેથી એમ (અર્થાત્ તે रपर થાય તે) શક્ય નથી. જો એમ ન હોય તો ઉપસંખ્યાન કરવું પડશે અને આ मातुः, पितुः માં रपर નો પ્રતિષેધ કરવો પડશે.[198] એ બે કહેવાની જરૂર નથી.[199] કેમ નથી? અહીં ષષ્ઠીદ્વારા જેમનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે બેના સ્થાને જે (આદેશ) થાય છે તેને બેમાંથી એકનો આદેશ કહી શકાય. જેમ કે દેવદત્તનો પુત્ર (એજ) દેવદત્તાનો (પણ) પુત્ર (થાય તેમ). તો પછી मातुः, पितुः એ કેવી રીતે સિદ્ધ થશે ? અહીં (આદેશ) ભલે रपर થાય.[200] તો પછી રૂપ સિદ્ધિ કેવી રીતે થશે ? रात्सस्य। પ્રમાણે રેફ પછી આવતા स् નો લોપ થશે અને રેફનો વિસર્ગ થશે (તેથી मातुः, पितुः વગેરે રૂપો સિદ્ધ થશે). આ પ્રમાણે (સિદ્ધ થવું) શક્ય નથી, કારણ કે मातुः करोति। पितुः करोति। એ (દૃષ્ટાન્તો) માં પ્રત્યયનો ન હોય તેવા વિસર્જનીયનો ष् થવાનો પ્રસંગ આવશે.[201] (સૂત્રમાં) તો 'પ્રત્યયનો ન હોય તેવા વિસર્ગનો (થાય છે)' એમ કહ્યું છે,જ્યારે આ (मातुः વગેરેનો)

---

એક જ વર્ણ છે સમુદાય નથી. તેમ છતાં વ્યપદેશિવદ્‌ભાવથી તેને एकाच् કહી શકાશે, કારણ કે તે અર્થયુક્ત છે.આમ इ ને વર્ણ ગણતાં અર્થનો ત્યાગ અને ધાતુ તરીકે અર્થનું ઉપાદાન કરતાં ભેદ કલ્પી શકાશે તેથી વ્યપદેશિવદ્‌ભાવથી તેને एकाच् ગણી શકાશે.[ ભર્તૃ. (પૃ.૩૦૫), કૈ.] ના. કહે છે કે अर्थवत् દ્વારા અસહાયનું સૂચન થાય છે તેથી જ कुरुते વગેરેમાં અનર્થક હોય ત્યાં પણ વ્યપદેશિવદ્‌ભાવ થાય છે, કારણ કે ત્યાં कृ અસહાય છે. અહીં कृ उ त→सार्वधातुकार्ध०--कर् उ त--अत उतत्सार्व०→कुरु त →અહીં त માં નો अ અનર્થક- અસહાય છે, કારણ કે તેને टि સંજ્ઞા થઇ શકે તે માટે કોઇ સહાયક નથી છતાં आद्यन्तवदेक० પ્રમાણે તે આદિ ગણાશે તેથી टि સંજ્ઞા થવાથી--टित आत्मनेपदा०→ टि નો ए→ कुरुते થશે.

198 જો એમ ન હોય એટલે કે અસહાયનો વ્યપદેશિવદ્‌ભાવ થતો હોય તો આગળ કહ્યું તેમ એકદેશનું ઉપસંખ્યાન કરવું પડશે. એમ દલીલ છે ઉપસંખ્યાન કરવામાં આવે તો પછી તેને કારણે रपरत्व થાય છે તે અતિવ્યાપ્ત થશે. આથી જ્યાં ઇષ્ટ ન હોય ત્યાં લાગુ પડતો અટકાવવા માટે પ્રતિષેધ કરવો પડશે.જેથી मातुः , पितुः જેવાં સ્થળે रपरत्व ન થાય. અહીં मातृ ङस् --ऋत उत्। થી मातृ ના ऋ અને ङस् ના अ ને સ્થાને ઉ-કાર આદેશ થતાં તે अण् હોવાથી उरण्० પ્રમાણે रपर થશે.પરિણામે मातुरस् ससजुषोरुः। થી रुत्व થતાં मातुरर् એ સ્થિતિમાં रो रि। થી પૂર્વ રેફલોપ ढ्रलोपे दीर्घोऽणः। થી દીર્ઘ થઇને मातू એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે તે નિવારવા માટે रपर પ્રતિષેધ કરવો પડશે એમ દલીલ છે.

199 उभयम् અર્થાત્ એકદેશનું ઉપસંખ્યાન અને रपरत्व નો પ્રતિષેધ એ બે કહેવાની જરૂર નહીં પડે, કારણ કે ષષ્ઠી વિભક્તિ દ્વારા જે બેનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે બેમાંથી ગમે તે એકને લગતો વ્યપદેશ થઇ શકે, જેમ કે દેવદત્ત અને દેવદત્તાનો પુત્ર, દેવદત્તનો પુત્ર કહેવાય તેમ દેવદત્તાનો પુત્ર પણ કહેવાય તે રીતે અહીં બન્ને અવયવ સ્થાની છે તેથી આદેશપણ તે બે- પૂર્વ કે પર-માંથી એકનો છે એમ કહી શકાય.જો કે अकङ् વગેરેમાં સમુદાય જ આદેશ છે તેથી ત્યાં रपरत्व નથી થતું.

200 વાસ્તવમાં આદેશ रपर થાય જ છે અને થશે તો પણ मातुः વગેરે ઇષ્ટ રૂપ સિદ્ધ થઇ શકશે, કારણ કે रात्सस्य। પ્રમાણે જેને અંતે સંયોગ હોય તેવા પદના રેફ પછી આવતા स-કારનો લોપ થાય છે તેથી मातुरस् એ સ્થિતિમાં રેફ પછી આવતા स-કારનો લોપ થતાં मातुर्-- खरवसानयोः ०પ્રમાણે રેફનો વિસર્ગ થઇને मातुः વગેરે સિદ્ધ થઇ શકે છે.

201 मातुः करोति। માં अस् એ સમુદાય પ્રત્યય છે તેથી अ-કાર પ્રત્યય નથી તેથી તેનો આદેશ उस् પણ પ્રત્યય ન કહેવાય. તે કારણે વિસર્ગ પ્રત્યય ન કહેવાય, એટલે કે તે અપ્રત્યયવિસર્જનીય છે. હવે मातुः એ ઉ-કાર ઉપધાયુક્ત પદ છે તેને અંતે આવેલ અપ્રત્યય વિસર્ગ પછી करोति નો क् આવેલો છે તેથી इणुपधस्य चाप्रत्ययस्य॥ (૮-૩-૪૧) પ્રમાણે વિસર્ગનો ष् થવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्ययविसर्जनीयश्चायम्। लुप्यतेऽत्र प्रत्ययो रात्सस्येति। एवं तर्हि भ्रातुष्पुत्रग्रहणं ज्ञापकमेकादेशनिमित्तात्षत्वप्रतिषेधस्य। यदयं कस्कादिषु भ्रातुष्पुत्रशब्दं पठति तज्ज्ञापयत्याचार्यो नैकादेशनिमित्तात्षत्वं भवतीति॥ किं पुनरयं पूर्वान्त आहोस्त्विपरादिराहोस्विदभक्तः। कथं चायं पूर्वान्तः स्यात्कथं वा परादिः कथं वाभक्तः। यद्यन्त इति वर्तते ततः पूर्वान्तः। अथादिरिति वर्तते ततः परादिः। अथोभयं निवृत्तं ततोऽभक्तः। कश्चात्र विशेषः॥

तो (अस्)પ્રત્યયનો જ વિસર્ગ છે.[202] અહીં પ્રત્યયના स-કાર નો रात्सस्य। પ્રમાણે લોપ થયો છે.[203] એમ હોય તો भ्रातुष्पुत्र શબ્દનું ગ્રહણ કર્યું છે તે, એકાદેશ (દ્વારા થએલા વર્ણ) ને કારણે षत्व થતું નથી તેનું જ્ઞાપક છે. [204] તેઓ कस्कादि ગણમાં भ्रातुष्पुत्र શબ્દનો પાઠ કરે છે તેથી આચાર્ય (પાણિનિ) જ્ઞાપન કરે છે કે એકાદેશ (દ્વારા થએલા વર્ણ) ને કારણે षत्व થતું નથી . પરંતુ (अण् પછી) આ (જે રેફ છે તે) પૂર્વભાગનો અન્ત્યાવયવ છે કે ઉત્તરભાગનો આદિ અવયવ છે કે પછી બેમાંથી કોઇનો અવયવ નથી ? આ (રેફ) પૂર્વનો અન્ત્યાવયવ કેવી રીતે થાય ? અથવા ઉત્તરનો આદિ અવયવ કેવી રીતે થાય ? અથવા બેમાંથી કોઇનો પણ અવયવ ન હોય તે કેવી રીતે ? જો (પ્રસ્તુત સૂત્રમાં) अन्त ની અનુવૃત્તિ થતી હોય તો (રેફ) પૂર્વભાગનો અન્ત્ય (વર્ણ) થાય, [205] જો आदि ની અનુવૃત્તિ થતી હોય તો (રેફ) ઉત્તર ભાગનો આદિ અવયવ થાય, પરંતુ (अन्त અને आदि ) બન્નેની અનુવૃત્તિ અટકી જતી હોય તો (રેફ પૂર્વ કે ઉત્તર બેમાંથી) કોઇનો અવયવ ન થાય. એમાં શો ફેર છે ?

---

[202] સૂત્રમાં 'अप्रत्ययस्य ' એમ કહ્યું છે પરંતુ मातुः નો વિસર્ગ ऋ અને अ ને સ્થાને થએલ છે અને अ એ अस् પ્રત્યયનો અવયવ હોવાથી તે પણ પ્રત્યય થશે, કારણ કે સૂત્રમાંનો प्रत्यय શબ્દ લક્ષણાથી તેના અવયવને પણ આવરી લે છે. ટૂંકમાં मातुः નો વિસર્ગ પ્રત્યયનો વિસર્ગ છે તેથી તેનો ष् નહીં થાય, કારણ કે ष-કાર તો પ્રત્યય સિવાયના (अप्रत्ययस्य) વિસર્ગનો થાય છે.

[203] अस् પ્રત્યયમાં स-કાર જ્યાં સુધી अ-કારની સાથે હતો ત્યાં સુધી પ્રત્યય સંજ્ઞા अस् એ સમુદાયની હતી પણ अ-કારને પ્રાપ્ત ન હતી તો પછી તેના આદેશ उत् ને સંજ્ઞા ક્યાંથી પ્રાપ્ત થાય ! રેફ પણ આદેશ સાથે સંબદ્ધ નથી, કારણ કે તે उरण्० પ્રમાણે થએલ છે. તેથી તેનો ष् જરૂર થશે. બીજું એ કે उ આદેશ કર્યા પછી માત્ર स-કાર બાકી રહે છે અને તેને પ્રત્યય સંજ્ઞા થાય તો પણ તેનો તો रात्सस्य। પ્રમાણે લોપ થાય છે. જો એકાદેશ (અર્થાત् उर्स् ) ને आद्यन्तवद्० પ્રમાણે પ્રત્યય ગણીએ અને તેમાંથી પ્રત્યયલોપ થતાં બાકી રહેતા उर् ને एकदेशविकृत ન્યાયે પ્રત્યય ગણીએ તો વિસર્ગ તેનો અવયવ થશે એમ ન કહી શકાય, કારણ કે ત્રિપાદી અસિદ્ધ છે તેથી आद्यन्तवद्० થી થતો અન્તાદિવદ્-ભાવ ત્યાં લાગુ નહીં પડે. સ્થાનિવદ્ભાવથી પ્રત્યય પુરવાર કરી નહીં શકાય, કારણ કે અહીં જેને સ્થાની તરીકે લેવામાં આવ્યો છે તે अ-કાર પોતે પ્રત્યય નથી. હવે सर्वे सर्वपदादेशाः ० પ્રમાણે मातृ अस् ને જ સ્થાની ગણવામાં આવે તો પ્રત્યય अस् સ્થાની નહીં થાય તેથી સ્થાનિવદ્ભાવ દ્વારા વિસર્ગને પ્રત્યય કે પ્રત્યયનો અંશ ગણીને अप्रत्ययस्य એ અપવાદનો લાભ લઇને તેનું षत्व થતું અટકાવી શકાશે નહીં. અહીં ભર્તૃ. (પૃ.૩૦૫) लुप्यतेऽत्र प्रत्ययविसर्जनीयः। એ પાઠ લે છે.' તું જેને સ્થાનીભૂત પ્રત્યય રૂપે સ્વીકારે છે તે વિસર્ગનો તો લોપ થાય છે- તે દેખાતો નથી કારણ કે એ સ્થાની પ્રત્યયનો જ रात्सस्य। પ્રમાણે લોપ થાય છે.

[204] एकादेशनिमित्तात् એ બહુવ્રીહિ છે, કર્મધારય હોય તો निमित्त શબ્દ વ્યર્થ થાત.અહીં एकादेश શબ્દ એકાદેશને લગતા શાસ્ત્ર માટે લાક્ષણિક છે તેથી જ एकादेशशास्त्रं निमित्तं यस्य तस्मात् परस्य। તેથી 'એકાદેશને લગતું સૂત્ર જેનું નિમિત્ત છે તેનાથી પર રહેલ (વિસર્ગ) નો' એમ અર્થ સમજાવ્યો છે.અહીં मातुः માં ऋ-કાર અને પ્રત્યયના अ-કારનો એકાદેશ થયો છે. તે रपर થતાં જે उर् થયો છે તેનો ससजुषोः० થી रु અને खरवसानयोः० થી વિસર્ગ થયો છે તેથી તે मातुः નો વિસર્ગ एकादेशनिमित्त થશે પરિણામે मातुः करोति માં વિસર્ગનો ष् નહીં થાય. कस्कादिषु च। એ સૂત્રમાં ઉલ્લેખેલ कस्कादि ગણમાં भ्रातुष्पुत्र શબ્દનો સૂત્રકારે પાઠ કર્યો છે તેથી સૂચવાય છે કે એકાદેશ શાસ્ત્ર જેનું નિમિત્ત હોય તેવા એકાદેશ પછી આવતા વિસર્ગનો ष् થતો નથી.

[205] रपरः (रः परः अस्य। ) એ બહુવ્રીહિ છે તેથી અન્ય પદાર્થ તેમાં પ્રધાન હોય છતાં उरण्रपरः। દ્વારા રેફનું વિધાન કરવામાં આવ્યું છે તેથી તે મુખ્ય છે અને अन्तत्व (અન્તે હોવું તે) તેનું વિશેષણ થશે, એટલે કે અંતે હોવું એમ જે કહ્યું છે તે રેફને અનુલક્ષીને કહ્યું છે .તેથી જો आद्यन्तौ टकितौ। માંથી अन्त ની અનુવૃત્તિ કરવામાં આવે તો 'પૂર્વનો અન્તાવયવભૂત રેફ જેની પર છે તેવો अण् ' એમ અર્થ સમજાશે.અહીં ત્રણ પક્ષ ઉદ્ભવે છેઃ (૧) अन्त ની અનુવૃત્તિ હોય તો પૂર્વનો અન્તાવયવ(૨) आदि ની અનુવૃત્તિ થતી હોય તો પરનો આદિ અવયવ અને (૩) બેમાંથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अभक्ते दीर्घलत्वयगभ्यस्तस्वरहलादिशेषविसर्जनीयप्रतिषेधः प्रत्ययाव्यवस्था च ॥८ ॥

यद्यभक्तो दीर्घत्वं न प्राप्नोति। गीः पूः। रेफवकारान्तस्य धातोरिति दीर्घत्वं न प्राप्नोति। किं पुनः कारणं रेफवकाराभ्यां धातुर्विशेष्यते न पुनः पदं विशेष्यते रेफवकारान्तस्य पदस्येति। नैवं शक्यम्। इहापि प्रसज्येत। अग्निर्वायुरिति। एवं तर्हि रेफवकाराभ्यां पदं विशेषयिष्यामो धातुनेकं रेफवकारान्तस्य पदस्येको धातोरिति। एवमपि प्रियं ग्रामणि कुलमस्य प्रियग्रामणिः

જો કોઇનો અવયવ ન હોય તો દીર્ઘ, लू આદેશ, **यक्**(સ્વર), અભ્યસ્ત(સ્વર), **हलादि** શેષ (નહી થાય) , વિસર્જનીય (નો) પ્રતિષેધ (કરવો પડશે) અને પ્રત્યય(ની બાબતમાં) અવ્યવસ્થા (થશે) ॥૮॥

જો (વચ્ચે થતો રેફ) કોઇનો અવયવ ન હોય તો **गीः**, **पूः** માં દીર્ઘ (આદેશ) નહીં થાય,એટલે કે **र्वोरुपधायाः।** પ્રમાણે રેફાન્ત અને **व**-કારાન્ત ધાતુઓમાં ઉપધાભૂત **इक्** નો દીર્ઘનહીં થાય.[206] પરંતુ રેફ અને **व**-કાર ધાતુનાં વિશેષણ થાય પણ 'રેફાન્ત અને **व**-કારાન્ત **पद** નાં' એ અર્થમાં **पद** નાં વિશેષણ ન થાય તેનું શું કારણ ? [207] એ પ્રમાણે શક્ય નથી, કારણ કે (તેથી તો) **अग्निः**, **वायुः** માં પણ (દીર્ઘ) થવાનો પ્રસંગ આવે. [208] એમ હોય તો અમે રેફ અને **व**-કારને પદના વિશેષણો બનાવીશું અને ધાતુને **इक्** નું વિશેષણ કરીશું જેથી રેફ વકારાન્ત પદના અને ધાતુના **इक्** નો (દીર્ઘ થાય છે)' એમ (સમજીશું). એમ છતાં પણ આ **प्रियं ग्रामणि कुलमस्य।** એ અર્થના **प्रियग्रामणिः** (સમાસમાં) અને

---

અક્કેની અનુવૃત્તિ ન થતી હોય તો બેમાંથી કોઇનો પણ અવયવ ન થાય.જ્યાં પ્રસંગ હોય ત્યાં જ **अण् रपर** થાય છે એમ સૂત્રમાં કહ્યું છે છતાં **आनङ्** નું સાક્ષાત્ કથન કર્યુ નથી તેમ **अर्** , **आर्** એમ કહીને **ऋ**-કારનાં ગુણ વૃદ્ધિનું સાક્ષાત્ કથન નથી તેથી અભક્ત હોવા વિશેનો વિકલ્પ કરવો જરૂરી છે. **दध्ना जुहोति। अग्निहोत्रं जुहुयात्।** જેવાં વિધિવાક્યોમાં પ્રાપ્ત અને અપ્રાપ્તનો વિચાર કરીને **दध्ना०** એ અન્યતઃ પ્રાપ્ત હોવાથી ગુણવિધિ અને **अग्निहोत्र०** અન્યતઃ અપ્રાપ્ત હોવાથી ઉત્પત્તિવિધિ થાય છે. તેમ પ્રાપ્તાપ્રાપ્તનો વિચાર કરીને **उरण्०** સૂત્રને સમજતાં જણાય છે કે એ **रपर अण्** નું વિધાન કરનાર સૂત્ર નથી, કારણ કે **अण्** અન્ય સૂત્રદ્વારા પ્રાપ્ત છે. અહીં તો માત્ર અપ્રાપ્ત રેફનું વિધાન કરવામાં આવ્યું છે તેથી રેફની સ્થિતિ વિશે પ્રશ્ન થાય કે એ પૂર્વનો અન્તાવયવ છે કે પરનો આદિ અવયવ છે કે અભક્ત છે,એટલે કે કોઇનો પણ અવયવ નથી. આમ સ્વાભાવિક રીતે ત્રણ પક્ષની વિચારણા કરવી પડે છે

[206] **गॄ** ધાતુને **क्विप् च।** થી **क्विप्**--**ॠत इद्धातोः।**--**ॠ** નો **इ** થઇ **रपर** થતાં **गिर्**--**क्विप्** નો સર્વાપહાર લોપ થતાં **गिर् सु**-- **हल्ङ्याब्भ्यः०** થી **सु** લોપ અને **गिर्** માં રેફ અંતે છે તેથી **र्वोरुपधायाः०** પ્રમાણે દીર્ઘ **गीर्** અને **खरवसान०** થી વિસર્ગથઇને **गीः** રૂપ થાય છે. તે રીતે **पॄ क्विप् सु**--**पॄ** માં **ॠ** પૂર્વે ઓષ્ઠસ્થાનીય **प**-કાર છે તેથી **उदोष्ठ्यपूर्वस्य।** પ્રમાણે **ॠ** નો **उ** આદેશ--**रपर** થતાં **पुर् सु** ઉપર મુજબ દીર્ઘ અને વિસર્ગ થઇને **पूः** રૂપ થાય છે.પરંતુ રેફ અભક્ત હોય તો **गिर्** અને **पूर् रान्त** ન થઇ શકે તેથી **र्वोरुपधायाः०** પ્રમાણે દીર્ઘ ન થઇ શકે.

[207] **र्वोरुपधायाः०**(૮-૨-૭૬) એ **पदस्य।** (૮-૧-૧૬) થી **अपदान्तस्य मूर्धनि।** (૮-૩-૫૫) સુધી વિસ્તરતા પદાધિકાર નીચેનું સૂત્ર છે તેથી અહીં પ્રશ્ન કર્યો છે .

[208] **र्वोरुपधायाः०** એ સૂત્રનો ' રેફાન્ત અને **व**-કારાન્ત પદની ઉપધાનો દીર્ઘ થાય છે' એમ અર્થ કરીએ તો **अग्निः**,**वायुः** માં પણ દીર્ઘ થવાનો પ્રસંગ આવશે, કારણ કે **अग्नि स्। वायु स्** એ સ્થિતિમાં **ससजुषो०** થી **रुत्व** થતાં **अग्निर् वायुर्** એ રેફાન્ત પદોની ઉપધા દીર્ઘ અને **खरवसान०** થી વિસર્ગ થઇને **अग्नीः**,**वायूः** જેવાં અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવશે. એમ દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**प्रियसेनानिः अत्रापि प्राप्नोति। तस्माद्धातुरेव विशेष्यते धातौ च विशेष्यमाण इह दीर्घत्वं न प्राप्नोति। गीः पूः। दीर्घ॥ लत्व। लत्वं च न सिध्यति। निजेगिल्यते। ग्रो यङि। इति लत्वं न प्राप्नोति॥ नैष दोषः। ग्र इत्यनन्तरयोगैषा षष्ठी। एवमपि स्वर्जेगिल्यत इत्यत्रापि प्राप्नोति। एवं तर्हि यङानन्तर्यं विशेषयिष्यामः। अथवा ग्र इति पञ्चमी। लत्व॥ यक्स्वर। यक्स्वरश्च न सिध्यति। गीर्यते स्वयमेव। पूर्यते स्वयमेव। अचः कर्तृयकि। इत्येष स्वरो न प्राप्नोति रेफेण व्यवहितत्वात्॥ नैष दोषः। स्वरविधौ व्यञ्जनमविद्यमानवदिति नास्ति व्यवधानम्। यक्स्वर।**

**प्रियसेनानिः** માં પણ (દીર્ઘ) પ્રાપ્ત થાય છે,[209] તેથી (રેફ-વકારાન્ત એ) ધાતુનું જ વિશેષણ થાય છે.પણ જો ધાતુ (તેનાથી વિશિષ્ટ બનશે તો **गीः , पूः** માં દીર્ઘત્વ ન થવાનો પ્રસંગ આવશે. [210] દીર્ઘની ચર્ચા પૂરી. लत्व-(જો રેફ અભક્ત હોય તો) **र्** નો **ल्** સિદ્ધ નહીં થાય. **निजेगिल्यते** માં **ग्रो यङि।** પ્રમાણે (ધાતુના રેફનો) ल-કાર આદેશ થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે. એ દોષ નથી (આવતો), કારણ કે **ग्रः** માં જે ષષ્ઠી છે તે સામીપ્યના અર્થમાં છે.[211] તેમ છતાં પણ **स्वर्जेगिल्यते** માં ( **स्वर्** ના **र्** નો **ल्**) થવાનો પ્રસંગ આવે છે.એમ હોય તો પછી **यङ्** ને અમે અનન્તર રહેલા (રેફ)નું વિશેષણ બનાવીશું અથવા **ग्रः** એ પંચમી છે. लत्व (ની ચર્ચા પૂરી).

**यक्- સ્વર** : (જો રેફ અભક્ત હોય તો) **यक्** ને કારણે થતો (ઉદાત્ત) સ્વર સિદ્ધ નહીં થાય. **गीर्यते स्वयमेव। पूर्यते स्वयमेव।** (માં) રેફ વચમાં આવે[212] છે તેથી **अचः कर्तृयकि।** પ્રમાણે થતો (ઉદાત્ત) સ્વર ન થવાનો પ્રસંગ આવશે. [213] એ દોષ નથી (આવતો), કારણ કે સ્વરને લગતા વિધિમાં વ્યંજન ન હોવા બરોબર (ગણાય) છે.તેથી (રેફનું ) વ્યવધાન નહીં થાય.यक्-સ્વર (ની ચર્ચા પૂરી).

---

[209] રેફ અને **व**-કારને પદનાં વિશેષણ અને ધાતુને **इक्** નું વિશેષણ કરવામાં આવે તો **प्रियं ग्रामणिकुलमस्य** (જેને મુખીનું કુળ પ્રિય છે તે) અને **प्रियं सेनानि कुलमस्य** (જેને સેનાનીનું કુટુંબ પ્રિય છે તે) એ અર્થના **प्रियग्रामणिः** અને **प्रियसेनानिः** એ સમાસોમાં પણ દીર્ઘ થવાનો પ્રસંગ આવશે. **प्रियग्रामणि स्** , **प्रियसेनानि स्--ससजुषोः०** થી**रुत्व--प्रियग्रामणिर्** , **प्रियसेनानिर्** એમ એ સમાસો રાન્ત થશે. તેમાં જે **इक्** છે તે (ની) ધાતુનો છે તેથી ઉપર મુજબ અર્થ કરવામાં આવે તો દીર્ઘ થઇને **प्रियग्रामणीः** , **प्रियसेनानीः** એમ અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવશે.

[210] માત્ર ધાતુને જ રેફાન્ત અને व-કારાન્તથી વિશિષ્ટ કરવામાં આવે તો **गीः** અને **पूः** માં દીર્ઘ નહીં થાય, કારણ કે રેફ અભક્ત હોવાથી અન્તાવયવ નહીં થાય તેથી **र्वोरुपधायाः०** સૂત્ર લાગુ નહીં પડે, એટલે કે પૂર્વે કહેલો દોષ એમનો એમ જ રહે છે.

[211] **निजेगिल्यते--नि गॄ**--પૌનઃપુન્યાર્થમાં **धातोरेकाचो हलादेः०** થી **यङ्--नि गॄ यङ्--ॠत इद्धातोः।** અને **उरण्०** થી **ॠ** નો **इर्- सन्यङोः।** વગેરેથી દ્વિર્વચન, ગુણ, ચર્ત્વ,અભ્યાસ કાર્ય **ग्रो यङि।** થી રેફનો **ल्** થઇને **निजेगिल्यते** રૂપ થાય છે.અહીં રેફ **गॄ** નો અવયવ ન હોય એટલે કે અભક્ત હોય તો **ल्** નહીં થાય, શંકાકાર **ग्रः** એ ષષ્ઠી લે છે તેથી **गॄ** નો અવયવભૂત રેફ એમ અર્થ થવાથી રૂપ સિદ્ધ નહીં થાય. તેમ તેનું કહેવું છે. સિદ્ધાન્તી પ્રમાણે આ અવયવ ષષ્ઠી નહીં પણ અનન્તરયોગા ષષ્ઠી છે એટલે કે અવ્યવહિત સામીપ્ય દર્શાવતી ષષ્ઠી છે તેથી **गॄ** સાથે અવ્યવહિત રીતે સંબદ્ધ રેફ એમ અર્થ થશે પરિણામે **लत्व** થઇ શકશે.

[212] સિદ્ધાન્તીએ જે અર્થ કર્યો છે તે પ્રમાણે **स्वर्जेगिल्यते** માં પણ **गॄ** ને **स्वर्** ના રેફ સાથે અવ્યવહિત સામીપ્યનો સંબંધ છે તેથી ત્યાં પણ રેફનો **ल्** થવાનો પ્રસંગ આવશે એમ શંકાકાર કહે છે. તેથી સિદ્ધાન્તી અન્ય રીતે અર્થ કરે છે. **यङ्** સાથે અવ્યવહિત રીતે સમીપ હોય તે રેફનો **ल्** થશે એમ સમજ્વાથી **स्वर्जेगिल्यते** માં **स्वर्** ના રેફનો **ल्** નહીં થાય, કારણ કે વચ્ચે ધાતુનું વ્યવધાન છે તેથી તે **यङ्** સાથે અવ્યવહિત સામીપ્યયુક્ત નથી. અથવા તો **ग्रः** ને ષષ્ઠીન લેતાં પંચમી લેવાથી **तस्मादित्युत्तरस्य०** પ્રમાણે **गॄ** ની પછી આવતા રેફનું **लत्व** થશે, પૂર્વે રહેલનું નહીં થાય. એમ સિદ્ધાન્તીની દલીલ છે.

[213] **गीर्यते स्वयमेव।** વગેરેમાં **कर्मवत्कर्मणा तुल्यक्रियः।** પ્રમાણે **यक्** નો અતિદેશ કરીને સૌકર્યનો અર્થ બતાવવા કર્તાના અર્થમાં **यक्** લાગીને આત્મનેપદ થયું છે. **गॄ यक् ते--ॠत इत्०** અને **उरण्०** થી **इर्--हलि च।** થી દીર્ઘ થઇને **गीर्यते** રૂપ થયું છે. હવે **अचः कर्तृयकि।** થી ઉપદેશમાં **अजन्त** હોય તે ધાતુને કર્તાના અર્થમાં **यक्** પર હોય ત્યારે તેનો આદિ સ્વર વિકલ્પે ઉદાત્ત થાય છે પરંતુ જો રેફને અભક્ત ગણવામાં આવે તો ધાતુ અને કર્તૃ **यक्** વચ્ચે રેફનું વ્યવધાન થશે તેથી આદિ સ્વર ઉદાત્ત નહીં થાય એમ દલીલ છે.તેથી સિદ્ધાન્તી કહે છે **स्वरविधौ व्यञ्जनमविधमान -वत्।** એ પરિભાષા મુજબ સ્વરને લગતો વિધિ કરવાનો હોય ત્યારે વચ્ચે આવતો વ્યંજન ન હોય તેમ ગણવાનો છે. રેફનું વ્યવધાન ન રહેતાં ઉદાત્ત થશે.[જુઓ નોંધ (૭ / ૫૭) ]



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अभ्यस्तस्वर। अभ्यस्तस्वरश्च न सिध्यति। मा हि स्म ते पिपरुः। मा हि स्म ते बिभरुः। अभ्यस्तानामादिरुदात्तो भवत्यजादौ लसार्वधातुक इत्येष स्वरो न प्राप्नोति रेफेण व्यवहितत्वात्॥ नैष दोषः। स्वरविधौ व्यञ्जनमविद्यमानवदिति नास्ति व्यवधानम्। अभ्यस्तस्वर॥ हलादिशेष। हलादिशेषश्च न सिध्यति। ववृते ववृधे। अभ्यासस्येति हलादिशेषो न प्राप्नोति। हलादिशेष॥ विसर्जनीय। विसर्जनीयस्य च प्रतिषेधो वक्तव्यः। नार्कुटः नार्पत्यः। खरवसानयोर्विसर्जनीयः इति विसर्जनीयः प्राप्नोति। विसर्जनीय॥

અભ્યસ્તસ્વર--(જો રેફ અભક્ત હોય તો) અભ્યસ્તસ્વર સિદ્ધ નહીં થઇ શકે. સ્વરથી શરૂ થતા સાર્વધાતુક પ્રત્યય પૂર્વે અભ્યસ્તના આદિનો ઉદાત્ત થાય છે તે (પ્રમાણે) मा हि स्म ते पिपरुः। मा हि स्म ते बिभरुः। માં રેફનું વ્યવધાન હોવાથી (ઉદાત્ત) સ્વર સિદ્ધ ન થવાનો પ્રસંગ આવે છે.[214] એ દોષ નથી (આવતો), કારણ કે સ્વરને લગતા વિધિમાં વ્યંજન ન હોવા બરોબર (ગણાય) છે તેથી (રેફનું) વ્યવધાન નહીં થાય. અભ્યસ્તસ્વર (ની ચર્ચા પૂરી). હલાદિશેષ- हलादि ભાગ શેષ રહે તે પણ સિદ્ધ થતું નથી. ववृते। ववृधे માં हलादिः शेषः। પ્રમાણે અભ્યાસનો हलादि ભાગ શેષ રહેવો જોઇએ તે ન થવાનો પ્રસંગ આવે છે.[215] हलादि (ની ચર્ચા પૂરી). વિસર્જનીય- વિસર્જનીયનો પ્રતિષેધ કરવો જોઇએ. नार्कुटः। नार्पत्यः માં खरवसानयोर्विसर्जनीयः। પ્રમાણે વિસર્ગ થવાનો પ્રસંગ આવે છે.[216] વિસર્જનીય (ની ચર્ચા પૂરી)

---

[214] (अ) पिपरुः--पृ लङ्--कर्तरि शप्--जुहोत्यादिभ्यः०થી લોપ श्लौ।--દ્વિર્વચન--अर्तिपिपर्त्योश्च। થી અભ્યાસનો इ--सिजभ्यस्तविदिभ्यः। થી અભ્યસ્તની પર થતા झि નો जुस्-- इगन्त છે તેથી जुसि च। થી અન્ત્યનો ગુણ--(अ) पिपरुः,(अ) बिभरुः (અહીં भृञामित्। થી અભ્યાસનો इ થાય છે). मा નો પ્રયોગ છે તેથી न माङ्योगे। પ્રમાણે अट् નહીં લાગે તેથી पिपरुः,बिभरुः એમ જ થશે. हि નો અહીં અનુકૂળતા(अप्रातिकूल्य) ના અર્થમાં પ્રયોગ છે તેથી हि च। પ્રમાણે તેની સાથે રહેલ तिङन्त पिपरुः અને बिभरुः અનુદાત્ત નહીં થાય.વાક્યમાં स्म નો પ્રયોગ છે તેથી स्मोत्तरे लङ्। પ્રમાણે लङ् થયો છે. अभ्यस्तानामादिः। પ્રમાણે पिपरुः ,बिभरुः માં આદિ इ-કાર ઉદાત્ત નહીં થાય, કારણ કે અહીં અભક્ત રેફનું વ્યવધાન છે. આ દલીલનો ઉત્તર પણ स्वरविधौ० જ છે.

[215] ववृते વગેરેમાં वृत्--परोक्षे लिट्।--लिटि धातोः ०--वृत् वृत् ए--हलादिः शेषः।--वृवृत् ए--उरत्। થી ऋ નો अ--रपर થતાં वर्वृत् ए અહીં રેફને અભ્યાસનો અવયવ ગણવામાં ન આવે તો તેની નિવૃત્તિ નહીં થઇ શકે અને वर्वृते એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે, કારણ કે માતાના ઉદરમાં રહેલ હોવા છતાં ગર્ભ જેમ તેનો અવયવ નથી હોતો તેમ અભ્યાસની અંદર રહેલ હોવા છતાં અને અભ્યાસનું ગ્રહણ કરવામાં આવતાં तन्मध्यपतित ન્યાયે તેમાં રહેલ હોવાથી રેફનું પણ ગ્રહણ થવા છતાં રેફ અભ્યાસનો અવયવ ન હોવાથી તેની નિવૃત્તિ નહીં થઇ શકે. 'तन्मध्यपतित ન્યાય પ્રમાણે ગ્રહણ થવા છતાં રેફ અવયવ નથી તેમ કહેવું એ તો પરસ્પર વિરુદ્ધ કથન છે' એમ કહેવું ઉચિત નથી કારણ કે ऋ વર્ણાન્ત અભ્યાસમાં त् ની हलादिः शेषः। થી રેફ ની નિવૃત્તિ ન થઇ શકે કારણ કે તે અભક્ત છે, અનવયવ છે તેમ સ્વીકારવામાં આવ્યું છે.

[216] नृकुटी (नुः कुटी) અને नृपतिः (नृणां पतिः) એ ષષ્ઠી સમાસ છે. नृकुटौ भवः એ અર્થમાં तत्र भवः। પ્રમાણે अण् લાગીને नार्कुटः અને नृपतेः अपत्यम् એ અર્થમાં पति ઉત્તરપદ છે તેથી दित्यदित्यादित्यपत्युत्तरपदाण्ण्यः। પ્રમાણે ण्य લાગીને नार्पत्यः થયો છે. બન્નેમાં सुपो धातु० થી પૂર્વપદની વિભક્તિનો લોપ, णित् તદ્ધિત થતાં अचो ञ्णिति। થી વૃદ્ધિ --रपर થઇને नार् થયું છે તેની પછી એકમાં क् અને બીજામાં प् આવેલ છે તેથી खरवसानयोः० થી વિસર્ગ થવાનો પ્રસંગ આવે છે. તેનો પ્રતિષેધ કરવો જોઇએ એમ દલીલ છે. અહીં डस् નું વિધાન नार् ને વિશે નથી કરવામાં આવ્યું તેથી सुप्तिङन्तं० પ્રમાણે नार् એ पद નહીં થાય તેથી રેફ પદાન્તે ન હોવાથી વિસર્ગ નહીં થાય.પછી પ્રતિષેધ પણ નહીં કરવો પડે , એમ કહેવું યોગ્ય નથી, કારણ કે नृ ને વિશે डस् પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે અને તે આદિમાં છે તેથી રેફ અભક્ત હોય તો પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्ययाव्यवस्था च। प्रत्यये व्यवस्था न प्रकल्पते। किरतः गिरतः। रेफोऽप्यभक्तः प्रत्ययोऽपि तत्र व्यवस्था न प्रकल्पते॥ एवं तर्हि पूर्वान्तः करिष्यते।

पूर्वान्ते र्ववधारणं विसर्जनीयप्रतिषेधो यक्स्वरश्च ॥९॥

यदि पूर्वान्तो रोरवधारणं कर्तव्यम्। रोः सुपि। रोरेव सुपि नान्यस्य रेफस्य। सर्पिष्षु धनुष्षु। इह मा भूत्। गीर्षु पूर्षु॥ परादावपि सत्यवधारणं कर्तव्यं चतुर्ष्वित्येवमर्थम्॥ विसर्जनीयप्रतिषेधः। विसर्जनीयस्य च प्रतिषेधो वक्तव्यः। नार्कुटः नार्पत्यः। खरवसानयो-

અને પ્રત્યયાવ્યવસ્થા- (જો રેફ અભક્ત હોય તો) પ્રત્યયને લગતી વ્યવસ્થા નહીં રહે. किरतः। गिरतः માં રેફ પણ અભક્ત રહેશે અને પ્રત્યય પણ અભક્ત રહેશે. તેથી (પ્રત્યયને લગતી વ્યવસ્થા નહીં થઇ શકે.[217] એમ હોય તો (રેફને) પૂર્વનો અન્ત્ય અવયવ ગણવામાં આવશે.

જો પૂર્વનો અન્ત્ય (ગણવામાં આવે) रु ને લગતો નિયમ, વિસર્ગનો પ્રતિષેધ(કરવો પડશે અને यक् સ્વર (નહીં થાય) ॥૯॥

જો રેફને પૂર્વનો અન્ત્યાવયવ ગણવામાં આવે તો रु ને લગતો નિયમ કરવો પડશે (કે) सर्पिष्षु। धनुष्षु માં (થાય છે તેમ) रु ની પછી सुप् આવતાં रोः सुपि। પ્રમાણે रु નો જ વિસર્ગ થાય પણ અન્ય રેફનો ન થાય જેથી गीर्षु। पूर्षु માં (વિસર્ગ) ન થાય.[218] (રેફ) પર ભાગનો આદિ અવયવ હોય તો પણ चतुर्षु એ રૂપ માટે નિયમ કરવો પડશે, (જેથી ત્યાં વિસર્ગ ન થાય).[219] વિસર્જનીયનો પ્રતિષેધ -(રેફ પૂર્વનો અન્ત્ય અવયવ હોય તો) વિસર્ગ નહીં થાય તેમ પણ કહેવું જોઇએ, (નહીં તો) नार्कुटः। नार्पत्यः માં खरवसानयो-

---

સ્થાનિવદ્‌ભાવથી ना શબ્દ नृ છે તેમ સમજાશે અને પ્રત્યયલક્ષણથી नार् सुबन्त થતાં पद થશે તેથી વિસર્ગ થવાનો પ્રસંગ આવશે.તેથી પ્રતિષેધ કરવો પડશે.

[217] कृ / गृ लट्--शेषात्कर्तरि। થી પરસ્મૈપદ तुदादिभ्यः शः।(૩-૧-૧૭) થી श વિકરણ, ऋत इत्० (૭-૧-૧૦૦)થી इ થઇને किरतः/गिरतः થયાં છે. અહીં એ.વ.નું ઉદાહરણ નથી આપ્યું, કારણ કે ત્યાં વિકરણ લાગ્યો હોય તો इत्त्व થશે અને ન લાગ્યો હોય તો ગુણ થશે આમ અંગને લગતાં એ બે કાર્યો અનિત્ય છે જ્યારે વિકરણ તો ગુણ કરો કે ન કરો તો પણ પ્રાપ્ત થતો હોવાથી (कृताकृतप्रसङ्गी) નિત્ય છે તેથી પૂર્વે વિકરણ લાગશે અને इत्त्व જ થશે પરંતુ तिप् પ્રત્યય पित् હોવા છતાં ગુણ નહીં થાય.જ્યારે દ્વિ.વ.નો तस् પ્રત્યય ङित् છે તેથી क्ङिति च। પ્રમાણે નિષેધ હોવાથી ગુણ નહીં થાય અને इत्त्व થશે.અહીં વિકરણ અને ગુણ બન્ને નિત્ય હોવા છતાં इत् વિધાયક સૂત્ર પર છે તેથી इ થશેપછી रपर થતાં રેફને અભક્ત ગણ્યો છે તેથી ધાતુનો અવયવ ન હોવાથી ધાતુ અને વિકરણ વચ્ચે રેફનું વ્યવધાન થશે.પરિણામે વિકરણ અવ્યવહિત રીતે ધાતુની પર હોવો જોઇએ (परश्च ) એ વ્યવસ્થા જળવાશે નહીં. હવે જો વિકરણની પછી રેફ લગાડવામાં આવે તો ऋ ને સ્થાને इ થયો છે તે (अण् ) ને રેફ થયો તેમ ન કહેવાય. ટૂંકમાં 'अण् रपर થાય છે ' અને પ્રત્યય પર થાય છે' એમ उरण्रपरः। અને प्रत्ययः। परश्च। એ સૂત્રો દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા જાળવી નહીં શકાય.વળી વ્યવહિત હોય તે પણ પર કહેવાય તેમ સ્વીકારીએ તો પણ વિકરણ જ હમેશાં વ્યવહિત રીતે પર હોય છે એમ સિદ્ધ થતું નથી.

[218] ભાષ્યમાં र्ववधारणम्--रोः अवधारणम् ( છેદ रु अवधारणम् એમ છે ) એ ષષ્ઠી સમાસ છે.એટલે કે रु ના રેફનો જ વિસર્ગ થાય તે સિવાયના રેફનો ન થાય એમ નિયમન (अवधारणम् ) કરવું જરૂરી છે. જેથી सर्पिष्षु , धनुष्षु જેવામાં વિસર્ગ થાય પરંતુ गीर्षु , पूर्षु જેવામાં ન થાય. सर्पिस् सु એમ સ.બ.વ.પ્રત્યય આવતાં ससजुषोः ० થી પદાન્ત स् નો रु થતાં रोः सुपि। સ.બ.વ. નો सुप् પર થતાં स् નો વિસર્જનીય--सर्पिः सु--नुम्विसर्जनीय ० પ્રમાણે स् નો ष्--सर्पिःषु થશે અને वा शरि। પ્રમાણે વિકલ્પે स् થાય તો सर्पिस् सु--नुम्विसर्जनीय०--પ્રત્યયના स् નો ष्--ष्टुना ष्टुः।--ष्टुत्व--सर्पिष्षु એમ બે ष-કારયુક્ત રૂપ થશે, પરંતુ गिर् सु (નોંધ ૨૦૭) એ સ્થિતિમાં રેફ એ रु ન હોવાથી વિસર્ગ ન થતાં स् નો ष् અને र्वोरुपधायाः। થી ઉપધાનો દીર્ઘ થઇને गीर्षु સિદ્ધ થશે. અહીં रोः सुपि। લાગુ ન પડ્યું, પરંતુ જો અવધારણ ન કરવામાં આવે તો ત્યાં खरवसानयोः० લાગુ પડશે તેથી વિસર્ગ થવાનો પ્રસંગ આવશે.આમ આ સૂત્રથી નિયમ કરવામાં આવે છે કે रु હોય ત્યાં જ વિસર્ગ થશે અન્ય રેફ હોય ત્યાં નહીં.

[219] રેફને પૂર્વનો અન્ત ગણતાં गीर्षु વગેરેમાં દોષ આવે છે તેમ રેફને પરનો આદિ ગણતાં પણ चतुर्षु જેવામાં દોષ આવશે. चतुर् માં જે રેફ છે તે उरण्० પ્રમાણે થયો નથી પણ પ્રાતિપદિકનો જ અન્ત્યાવયવ છે, કારણ કે તે ઉણાદિ પ્રત્યય उरन् નો ભાગ છે.આથી તેને પરાદિ ન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-र्विसर्जनीयः इति विसर्जनीयः प्राप्नोति ॥ परादावपि विसर्जनीयस्य प्रतिषेधो वक्तव्यो नार्कल्पिरित्येवमर्थम्। कल्पिपदसंघातभक्तोऽसौ नोत्सहतेऽवयवस्य पदान्ततां विहन्तुमिति कृत्वा विसर्जनीयः प्राप्नोति ॥ यक्स्वरः। यक्स्वरश्च न सिध्यति। गीर्यते स्वयमेव। पूर्यते स्वयमेव। अचः कर्तृयकि इत्येष स्वरो न प्राप्नोति। उपदेश इति वर्तते ॥ अथवा पुनरस्तु परादिः।

**र्विसर्जनीयः** । પ્રમાણે (રેફનો) વિસર્ગ થવાનો પ્રસંગ આવે છે.[220] જો (રેફને) પર ભાગનો આદિ અવયવ ગણવામાં આવે તો પણ **नार्कल्पिः** એ પ્રયોગ ખાતર (રેફનો) વિસર્ગ નથી થતો એમ કહેવું જોઇએ, [221] કારણ કે **कल्पि** એ પ્રત્યય સમુદાયનો (આદિ) અવયવ (ગણવામાં આવ્યો) હોવા છતાં તે (રેફ એ પ્રત્યય) સંઘાતના અવયવ (ભૂત પોતાની જાત)ને પદાન્ત્ય થતો અટકાવી શકે તેમ નથી, એ કારણે (રેફનો) વિસર્ગ થવાનો પ્રસંગ આવે છે. **यक्**- સ્વર : (જો રેફને પૂર્વ ભાગનો અન્ત ગણવામાં આવે) તો **यक्** ને કારણે થતો (ઉદાત્ત) સ્વર સિદ્ધ નહીં થાય.[222] **गीर्यते स्वयमेव । पूर्यते स्वयमेव ।** (માં) રેફ વચમાં આવે છે તેથી **अचः कर्तृयकि ।** પ્રમાણે (अजन्त ધાતુનો) જે (ઉદાત્ત) સ્વર થાય છે તે ન થવાનો પ્રસંગ આવે છે. એ દોષ નહીં આવે, કારણ કે અહીં (આગળના સૂત્રમાંથી) **उपदेशे** ની અનુવૃત્તિ થાય છે. અથવા તો પછી (રેફ) પર ભાગનો આદિ અવયવ ભલે થાય.

---

ગણી શકાય.પરિણામે **चतुर् सु** માં **सुप्** પૂર્વાન્ત રેફની પર છે તેથી **चतुःषु** એમ વિસર્ગયુક્ત રૂપ થવાનો પ્રસંગ આવે, પરંતુ **रोः सुपि ।** વ્દારા અવધારણ કરવામાં આવ્યું છે તેથી તેમ નહીં થાય. ટૂંકમાં પરાદિ ગણવામાં આવે તો **गीर्षु** વગેરેમાં દોષ નિવારી શકાશે, પરંતુ **चतुर्षु** જેવાં માટે નિયમ કરવો જ પડશે.

220 **नार्कुटः, नार्पत्यः** આ રૂપોમાં **नार्** એમ થતાં(નોંધ ૨૧૭) રેફને પૂર્વાન્ત ગણવામાં આવે તો તે પદાન્ત થશે અને તેની પછી **क्** અને **प्** એ **खर्** વર્ણો આવવાથી **खरवसानयोः०** પ્રમાણે વિસર્ગ થવાનો પ્રસંગ આવશે, એમ દલીલ છે.પરંતુ અહીં વૃદ્ધિ થઇ છે તે भव, अपत्य વગેરે અર્થમાં લાગેલ બાહ્ય **णित्** પ્રત્યયોને કારણે થઇ છે તેથી બહિરંગ છે જ્યારે તેમાંના **खर्** વર્ણો **क्** અને **प्** ને આધારે થતો વિસર્ગ અંતરંગ છે તેથી તેની દૃષ્ટિએ બહિરંગ રેફ અસિદ્ધ હોવાથી વિસર્ગ નહીં થાય.(કા.).

221 'કંઇક અધુરો, ઓછો ( **ईषदसमाप्तः**)' એ અર્થમાં **नृ** ને **ईषदसमाप्तौ कल्पब्देश्यदे ०** પ્રમાણે **कल्पप्** પ્રત્યય લાગીને **नृकल्पः** થાય છે. પછી **अत इञ् ।** થી **नृकल्पस्य अपत्यम्** એમ અપત્યાર્થે **इञ्**--**तद्धितेष्व०** થી આદિ સ્વરની વૃદ્ધિ --**रपरत्व**-- **नार्कल्पिः** સિદ્ધ થાય છે.હવે આ વિકલ્પમાં રેફને પરાદિ ગણ્યો છે તેથી વૃદ્ધિ થયા પછી રેફ થાય છે તે **कल्पप्** અને **इञ्** એ બે પ્રત્યયના સમુદાયભૂત **कल्पि** શબ્દનો ભાગ થશે,પરંતુ તેના અવયવભૂત **कल्प** નો અવયવ નહીં થાય. તેથી **नृ कल्प इञ्**--**नार् कल्प इञ्** એ સ્થિતિમાં **नार्** ને **स्वादिष्वसर्व०** થી પદ સંજ્ઞા નહીં થાય, કારણ કે રેફ પરાદિ હોવાથી **कल्प** પ્રત્યય રેફની પર નહીં થઇ શકે, એટલે કે રેફ **कल्प** નો અવયવ બને તો **कल्प** રેફની પર ન થઇ શકે તેથી પદ સંજ્ઞા નહીં થાય.પરંતુ **स्वादिष्व०** સૂત્રમાં **यस्मात्प्रत्ययविधिः०** માંથી **तदादि** ની અનુવૃત્તિ થાય છે તેથી **नार्** ને પદ સંજ્ઞા થાય તે જ ઇષ્ટ છે અને રેફ **कल्प** નો અવયવ ન હોવાથી તે બે વચ્ચે પૌર્વાપર્ય શક્ય છે, એટલે કે રેફ પૂર્વે અને **कल्प** પ્રત્યય પર એમ થઇ શકશે તેથી રેફાન્ત **नार्** ની પદ સંજ્ઞા થશે અને **खरवसान०** પ્રમાણે રેફનો વિસર્ગ થવાનો પ્રસંગ આવશે. આમ **नार्कल्पि** માં વિસર્ગથાય તે પરાદિ પક્ષે પણ સંભવિત છે તેથી તેનો પ્રતિષેધ કરવો જોઇએ. ભાષ્યમાં **कल्पिपदसमुदायः** એટલે **कल्प** રૂપી પદસમુદાય (ના) અહીં કૈ. **कल्पपदसंघातः** એમ પાઠાન્તર નોંધે છે અને '**कल्प** પદ સાથે સંબદ્ધ જે **नार्कल्पि** પદ તેના અવયવભૂત **कल्पि** શબ્દ રૂપ પ્રત્યય સંઘાત તેનો અવયવ' એમ અર્થ કરે છે.

222 **यक्**-સ્વર [નોંધ(૨૧૪)] **गीर्यते स्वयमेव ।** અહીં રેફને પૂર્વાન્ત ગણવામાં આવે તો આદિ સ્વર ઉદાત્ત નહીં થાય, કારણ કે રેફ પૂર્વાન્ત થવાથી ધાતુ **अजन्त** નહીં રહે એ શંકા અનુચિત છે, કારણ કે **अचः कर्तृ यकि ।** (૬-૧-૧૯૬)માં **तास्यनुदात्तेन्ङिददुपदेशात्०** (૬-૧-૧૮૭) માંથી **उपदेश** પદની અનુવૃત્તિ થાય છે તેથી 'ઉપદેશમાં જે **अजन्त** હોય તે ધાતુનો **कर्तृ यक्** પૂર્વે આદિ વિકલ્પે ઉદાત્ત થાય છે' એમ અર્થ થશે. પરિણામે ઉપદેશમાં **अजन्त गॄ** ધાતુ ઉપરથી થએલ **गीर्यते** માં આદિ સ્વર વિકલ્પે ઉદાત્ત થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**परादावकारलोपौत्वपुक्प्रतिषेधश्चङ्युपधाह्रस्वत्वमिटोऽव्यवस्थाभ्यासलोपोऽभ्यस्ततादिस्वरो दीर्घत्वं च ॥१०॥**

**यदि परादिरकारलोपः प्रतिषेध्यः। कर्ता हर्ता। अतो लोप आर्धधातुक इत्यकारलोपः प्राप्नोति॥ नैष दोषः। उपदेशे इति वर्तते। यद्युपदेश इति वर्तते धिनुतः कृणुतः अत्र लोपो न प्राप्नोति। नोपदेशग्रहणेन प्रकृतिरभिसंबध्यते। किं तर्हि। आर्धधातुकमभिसंबध्यते। आर्धधातुकोपदेशे यदकारान्तमिति। अकारलोप॥**

જો (રેફ) પર ભાગનો આદિ અવયવ હોય તો[223] अ-કાર લોપનો, **औ** આદેશનો અને **पुक्** (આગમ)નો પ્રતિષેધ (કરવો પડશે) **चङ्** પર થતાં ઉપધાનો હ્રસ્વ (નહીં થાય), **इट्** (આગમની) વ્યવસ્થા નહીં થાય,અભ્યાસનો લોપ (થાય છે તેમ કહેવું પડશે), અભ્યસ્તનો સ્વર, તાદિ સ્વર અને દીર્ઘ સિદ્ધ (નહીં થાય) ॥૧૦॥

જો (રેફ) પરનો આદિ (અવયવ) હોય તો **कर्ता। हर्ता** માં अ-કાર લોપનો નિષેધ કરવો પડશે,[224] કારણ કે **अतो लोप (आर्धधातुके।)** પ્રમાણે અહીં अ-કારનો લોપ થવાનો પ્રસંગ આવે છે.એ દોષ નથી (આવતો), કારણ કે અહીં (પૂર્વ સૂત્રમાંથી) **उपदेशे** ની અનુવૃત્તિ થાય છે.[225] જો **उपदेशे** ની અનુવૃત્તિ થતી હોય તો **धिनुतः। कृणुतः** માં (अ-કાર) લોપ ન થવાનો પ્રસંગ આવશે. [226] (**अतो लोप।** માં અનુવૃત્તિ વ્દારા **उपदेशे** શબ્દ લેવામાં આવ્યો છે તેને પ્રકૃતિ (ભૂત ધાતુ) સાથે લેવાનો નથી. તો પછી કોની સાથે (લેવાનો છે)? આર્ધધાતુક સાથે લેવાનો છે,[227] તેથી 'આર્ધધાતુક (પ્રત્યય) નો ઉપદેશ હોય ત્યાં જે अ-કારન્ત' એમ (સમજાશે). अ-કાર લોપ (ની ચર્ચા પૂરી)

---

[223] 'પૂર્વાન્ત અને પરાદિ એ બન્ને પક્ષમાં **रु** ને લગતો નિયમ અને વિસર્જનીયનો પ્રતિષેધ એ સમાન છે તેથી રેફને પૂર્વાન્ત કે પરાદિ ગણવાથી કોઇ ફેર પડતો નથી એમ નથી' એ દર્શાવતાં હવે વાર્તિકકાર પરાદિપક્ષમાં જે દોષ આવે છે તે દર્શાવે છે.

[224] રેફને પરાદિ ગણવામાં આવે તો **कर्ता , हर्ता** વગેરેમાં દોષ આવશે. **कर्ता--कृ** ને **ण्वुल्तृचौ।** થી **तृच्--कृ तृ सु--सार्वधातुकार्ध०** થી ધાતુના **ऋ** નો ગુણ અને **रपर** થતાં--**कर् तृच् सु** એ સ્થિતિમાં રેફને પરાદિ ગણતાં **क** એ अ-કારાન્ત ધાતુ શેષ રહેતાં આર્ધધાતુક **तृच्** પર થતાં **अतो लोपः।** થી अ-કારનો લોપ થવાનો પ્રસંગ આવશે. તેથી ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય. આથી अ- કાર લોપનો પ્રતિષેધ કરવો પડશે એમ દલીલ છે.

[225] સિદ્ધાન્તી કહે છે કે તેની જરૂર નથી, કારણ કે **अतो लोपः।** (૬-૪-૪૮) માં પૂર્વ સૂત્ર **अनुदात्तोपदेशवनति०** (૬-૪-૩૭) માંથી ઉપદેશની અનુવૃત્તિ થાય છે તેથી ઉપદેશમાં જે अ-કારાન્ત હોય તેના अ-કારનો લોપ થશે, પરંતુ **कृ , हृ** તો ઉપદેશમાં **ऋ**-કારાન્ત છે अ- કારાન્ત નથી તેથી ત્યાં **अतो लोपः।** ની પ્રવૃત્ત નહીં થાય. તેથી કોઇ દોષ નહીં આવે.

[226] **धिनुतः , कृणुतः--धिन्व् / कृण्व् तस्--भ्वादि** ગણના ધાતુઓ હોવાથી **कर्तरि शप्।** પ્રમાણે **शप्** થવો જોઇએ પરંતુ **धिन्विकृण्व्योर च।** પ્રમાણે **उ** વિકરણ અને અન્ત્યનો **अ** થતાં **धिन / कृण उ तस्--अतो लोपः।** થી **अ** લોપ થઇને **धिनुतः, कृणुतः** રૂપો સિદ્ધ થાય છે.પરંતુ **अतो लोपः।** માં ઉપદેશની અનુવૃત્તિ કરીને ઉપદેશમાં જે अ-કારાન્ત હોય તેના अ-કારનો લોપ થશે એમ અર્થ કરવાથી **धिनुतः, कृणुतः** માં લોપ નહીં થાય કારણ કે તે ધાતુઓ માંનો अ-કાર ઉપદેશકાળનો નથી.તેથી **धिन उ तस् / कृण उ तस्** એ સ્થિતિમાં **आद्गुणः।** થી ગુણ થઇને **धिनोतः, कृणोतः** જેવાં અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવશે.ભાષ્યમાં **धिनुतः** વગેરે દ્વિ.વ.નાં રૂપો ઉદાહરણ રૂપે આપ્યાં છે એ.વ.નાં નથી આપ્યાં કારણ કે ત્યાં अ-કાર લોપ ન થાય તો પણ **धिन्व् उ ति--धिन उ ति-आद्गुणः।--धिनोति** સિદ્ધ થશે અથવા **धिन उ ति--अतो गुणे।** થી પરરૂપ એકાદેશ--**धिनुति --सार्वधातुकार्ध०** થી ગુણ થઇને પણ **धिनोति** સિદ્ધ થશે.

[227] **अतो लोपः।** માં ઉપદેશની અનુવૃત્તિ થાય છે તેમ **आर्धधातुके।** (૬-૪-૪૮) માંથી આર્ધધાતુકની પણ અનુવૃત્તિ થાય છે તેથી ઉપદેશનો અન્વય પ્રકૃતિ એટલે કે ધાતુ સાથે નહીં પણ આર્ધધાતુક સાથે થશે. આ **धिन्विकृण्व्यो०** સૂત્રમાં આર્ધધાતુક પ્રત્યય **उ** ની સાથોસાથ **अ** નું વિધાન કરવામાં આવ્યું છે તેથી અર્ધધાતુકનો બોધ થતાં अ-કારાન્તનો પણ બોધ થવાથી લોપ સિદ્ધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**औत्व। औत्वं च प्रतिषेध्यम्। चकार जहार। आत औ णलः इत्यौत्वं प्राप्नोति॥ नैष दोषः। निर्दिश्यमानस्यादेशा भवन्तीत्येवं न भविष्यति यस्तर्हि निर्दिश्यते तस्य कस्मान्न भवति। रेफेण व्यवहितत्वात्। औत्व॥ पुक्प्रतिषेधः। पुक् च प्रतिषेध्यः। कारयति हारयति। आतां पुगिति पुक्प्राप्नोति। पुक्प्रतिषेध॥ चङ्युपधाह्रस्वत्वम्। चङ्युपधाह्रस्वत्वं च न सिध्यति। अचीकरत् अजीहरत्। णौ चङ्युपधायाः ह्रस्वः। इति ह्रस्वत्वं न प्राप्नोति। चङ्युपधाह्रस्वत्वम्॥ इटोऽव्यवस्था। इटश्च व्यवस्था न प्रकल्पते। आस्तरिता निपरिता। इडपि परादी**

**औत्व**- (**आ** નો) **औ** થાય છે તેનો પ્રતિષેધ કરવો જોઇએ,[228]કારણ કે **चकार। जहार** માં **आत औ णलः।** પ્રમાણે (**आ** નો) **औ** (આદેશ) થવાનો પ્રસંગ આવે છે. એ દોષ નથી (આવતો), કારણ કે '**निर्दिश्यमानस्यादेशा भवन्ति।** (સૂત્રમાં જેનો પ્રત્યક્ષ નિર્દેશ કરવામાં આવ્યો હોય તેના જ આદેશ થાય છે' એ (ન્યાયને) કારણે (**औ** આદેશ) નહીં થાય.[229] તો પછી જેનો નિર્દેશ કરવામાં આવ્યો છે તેનો કેમ નથી થતો ? [230] એટલા માટે કે ત્યાં રેફનું વ્યવધાન છે. **औत्व** (ની ચર્ચા પૂરી). **पुक्** નો પ્રતિષેધ- **पुक्** નો પણ પ્રતિષેધ કરવો પડશે.[231] **कारयति। हारयति** માં **अर्तिह्री** ... **आतां पुक्।** પ્રમાણે આ-કારાન્ત ધાતુને **पुक्** આગમ લાગવાનો પ્રસંગ આવે છે. **पुक्** ના પ્રતિષેધ (ની ચર્ચા પૂરી). **चङ्** પર થતાં ઉપધાનો હ્રસ્વ--**चङ्** પ્રત્યય પર થતાં ઉપધાનો હ્રસ્વ સિદ્ધ નહીં થાય. **अचीकरत्। अजीहरत्** માં **णौ चङ्युपधाया ह्रस्वः।** પ્રમાણે થતો (ઉપધાનો) હ્રસ્વ સિદ્ધ નહીં થાય,[232] **चङ्** પર થતાં ઉપધાના હ્રસ્વ (ની ચર્ચા પૂરી). **इट्** ને લગતી અવ્યવસ્થા--**इट्** આગમને લગતી વ્યવસ્થા નહીં જળવાય. **आस्तरिता। निपरिता** માં[233] **इट्** પણ પર ભાગનો આદિ અવયવ થશે અને

---

[228] **चकार** વગેરેમાં **कृ अ (णल्)**--**एकाचो द्वे०**--**कृ कृ अ**--**पूर्वोऽभ्यासः।**--અભ્યાસ સંજ્ઞા **उरत्।**--**ऋ**-વર્ણાન્ત અભ્યાસનો **अ** થતાં **क कृ अ**--**रपर** થતાં **कर् कृ अ**--**हलादिः०** રેફ નિવૃત્ત થતાં **ककृ अ**--**कुहोश्चुः।** અને **अभ्यासे चर्च।** થી **क्** નો **च्**-- **अचोञ्णिति।** થથી વૃદ્ધિ થઇને **चकार् अ**--**चकार** થાય છે.અહીં **चकार् अ** એ સ્થિતિમાં રેફને પરાદિ ગણવામાં આવે તો **चका र्अ** એમ સમજાશે તેથી અંગ આ-કારાન્ત થશે પરિણામે **अ (णल्)** નો **आत औ णलः।** પ્રમાણે **औ** થવાનો પ્રસંગ આવતાં ઇષ્ટ રૂપ સિદ્ધ થઇ શકે તે માટે **औ** આદેશ નહીં થાય એમ તેનો પ્રતિષેધ કરવો પડશે.એમ દલીલ છે.

[229] ઉપરની દલીલ ઉચિત નથી,કારણ કે 'સૂત્રમાં જેનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તેનો જ આદેશ થાય છે' એ પરિભાષા છે અને **आत औ णलः।** માં **णल्** નો નિર્દેશ છે. જ્યારે **चका र्णल्** માં તો રેફયુક્ત **णल्** પર છે તેથી **औ** થવાનો પ્રશ્ન જ નથી રહેતો.

[230] અહીં કહે છે કે **चका र्णल्** એ સ્થિતિમાં **णल्** તો છે જ અને સૂત્રમાં તેનો નિર્દેશ પણ છે તો પછી તેને સ્થાને **औ** આદેશ કેમ નથી કરતા ? ઉત્તર એ જ કે ત્યાં રેફનું વ્યવધાન છે તેથી **णल्** આ ની અવ્યવહિત રીતે પર નથી તેથી **औ** આદેશ નહીં થાય.

[231] **कारयति**--**कृ णिच् शप् ति**--**अचोञ्णिति।** થી વૃદ્ધિ થઇને **रपर** થતાં--**कार् इ अति**--**सर्वधातुकार्ध०** થી ગુણ થતાં **कार् ए अ ति**--**का र्अय ति** થતાં અંગ આ-કારાન્ત થશે, કારણ કે રેફને પરાદિ ગણ્યો છે તેથી **णिच्** પર થતાં આ-કારાન્ત અંગને **अर्तिह्रीव्लीरीक्नूयी०** પ્રમાણે **पुक्** આગમ થવાનો પ્રસંગ આવશે એમ કહેવા માગે છે.

[232] **अचीकरत्**--**कृ** નું **लुङ् णिजन्त** ત્રી.પુ.એ,વ,નું રૂપ છે. **कृ** ને **हेतुमति च।** પ્રમાણે **णिच्**--**च्लि लुङि।**--**कृ णिच् च्लि लुङ्**--**णिश्रिद्रुस्रुभ्यः०** પ્રમાણે **चङ्**--**कृ णिच् चङ् लुङ्**--**णेरनिटि।** થી **णि** લોપ--**णौ चङ्युपधायाः०** થી ઉપધાનો હ્રસ્વ, કારણ કે દ્વિર્વચન અને ઉપધાને લગતા વિધિમાં ઉપધાવિધિ પર હોવાથી હ્રસ્વ પ્રથમ થશે પછી--**चङि।** થી દ્વિર્વચન-- અભ્યાસના **ऋ** નો **उरत्।** થી **अ** પછી **रपरत्व**--**हलादिः०** થી રેફ લોપ--**कुहोश्चुः।** થી અભ્યાસનો **च्**--**सन्वल्लघुनि०** પ્રમાણે **सन्वत्** ભાવ થતાં **अ**-કારાન્ત અભ્યાસનો **इ** અને **दीर्घोऽकितः।** થી દીર્ઘ--**लङ्लुङ्लृङ्-क्ष्वडुदात्तः।** થી **अट्** આગમ થઇને **अचीकरत्** થાય છે.અહીં (**णित्** પ્રત્યય) **णिच्** ને કારણે ધાતુના સ્વરની **अचोञ्णिति।** થી વૃદ્ધિ થઇને **कार णिच् चङ् लुङ्** એ સ્થિતિમાં રેફને પરનો આદિ ગણવામાં આવે તો અંગ **का** જ રહેશે તેથી તેને **अलोऽन्त्यात्परः०** પ્રમાણે ઉપધાસંજ્ઞા નહીં થાય તેથી પરિણામે **णौ चङि उपधायाः।** પ્રમાણે હ્રસ્વ ન થતાં **कार्** નો **कर्** નહીં થાય તેમ કહેવા માગે છે.

[233] **आस्तरिता**--**आ स्तृ तृच्**--**सार्वधातुकार्ध०** થી ગુણ, **तृच्** એ **वलादि** આર્ધધાતુક પ્રત્યય પર થતાં--**आर्धधातुकस्ये०** થી **इट्** આગમ થઇને **आस्तरिता** થયું છે. હવે ગુણ નિત્ય છે અને ગુણ કર્યા પછી **रपर** થતાં **आस्तर् तृच्** થશે. અહીં રેફ **वश्** પ્રત્યાહારમાંનો વર્ણ છે તેને પરાદિ ગણવામાં આવે તો **आस्त र्तृच्** એ સ્થિતિમાં **वशादि कृत्** પ્રત્યય પર થવાથી **इट्** નો નિષેધ થશે પરિણામે ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય.આમ **इट्** ન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

रेफोऽपि। तत्र व्यवस्था न प्रकल्पते। इटोऽव्यवस्था॥ अभ्यासलोपः। अभ्यासलोपश्च वक्तव्यः। ववृते ववृधे। अभ्यासस्येति हलादिशेषो न प्राप्नोति। अभ्यासलोपः॥ अभ्यस्तस्वर। अभ्यस्तस्वरश्च न सिध्यति। मा हि स्म ते पिपरुः। मा हि स्म ते बिभरुः। अभ्यस्तानामादिरुदात्तो भवत्यजादौ लसार्वधातुक इत्येष स्वरो न प्राप्नोति। अभ्यस्तस्वर॥ तादिस्वर। तादिस्वरश्च न सिध्यति। प्रकर्ता प्रकर्तुम्। प्रहर्ता प्रहर्तुम्। तादौ च निति कृत्यतौ। इत्येष स्वरो न प्राप्नोति॥ नैष दोषः। उक्तमेतत्। कृदुपदेशे वा ताद्यर्थमिडर्थमिति। तादिस्वर॥

રેફ પણ થશે. તેમાં (પહેલું કોણ તે) વ્યવસ્થા જાળવી નહીં શકાય. इट्‌ની વ્યવસ્થા (ની ચર્ચા પૂરી).અભ્યાસલોપ-- અભ્યાસનો લોપ થાય છે તેમ કહેવું પડશે. ववृते। ववृधे માં हलादिः शेषः। પ્રમાણે અભ્યાસના રેફનો લોપ થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે.[234] અભ્યાસના લોપ (ની ચર્ચા પૂરી). અભ્યસ્તસ્વર-- અભ્યસ્તસ્વર પણ સિદ્ધ થતો નથી. मा हि स्म ते पिपरुः। मा हि स्म ते बिभरुः। માં अभ्यस्ताना-मादिः। પ્રમાણે સ્વરથી શરૂ થતા અનિટ્ સાર્વધાતુક પ્રત્યયો પૂર્વે અભ્યસ્તનો આદિ ઉદાત્ત થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે.[235] અભ્યસ્ત સ્વર (ની ચર્ચા પૂરી).તાદિ સ્વર--તાદિસ્વર પણ સિદ્ધ નહીં થાય. प्रकर्ता। प्रकर्तुम्। प्रहर्ता। प्रहर्तुम् માં तादौ च निति कृत्यतौ। પ્રમાણે (तु સિવાયના त-કારથી શરૂ થતા नित् कृत्‌પ્રત્યયો પૂર્વે અનન્તર આવેલા ગતિનો પ્રકૃતિ સ્વર થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે.[236] એ દોષ નથી (આવતો, કારણ કે વાર્તિકકારે) કહ્યું છે કે સૂત્રમાં જે कृत् શબ્દ મૂક્યો છે તે ઉપદેશમાં જે तादि હોય તેને માટે છે.[237] तादि (ની ચર્ચા પૂરી)

---

થાય એટલે કે आर्धधातुकस्ये ० નું પાલન ન થવું, તે એક અવ્યવસ્થા અને (ધારો કે नेड्वशि० માં एकाच उपदेशेऽनुदात्तात्। માંથી उपदेशे ની અનુવૃત્તિ કરીને ઉપદેશમાં જે वशादि પ્રત્યય હોય તે પર થતાં જ नेड्वशि० લાગુ પડે એમ કહેવામાં આવે તો પણ અન્ય પ્રકારની) અવ્યવસ્થા તો રહેશે જ, કારણ કે પરાદિ પક્ષ પ્રમાણે રેફ પરાદિ થશે અને इट् આગમ टित् છે તેથી आद्यन्तौ० પ્રમાણે તે પણ પરાદિ થશે. આમ રેફ અને इट् બન્ને પરાદિ થવા જાય તે બીજી અવ્યવસ્થા ઊભી થશે.એમ અહીં કહેવા માગે છે.

[234] वृत्‌ના लिट्‌ના રૂપમાં वृत् वृत् ए એમ દ્વિત્વ, हलादिः०--व वृत् ए--उरत्। થી અભ્યાસના ऋ નો अ થઇને રપર થતાં वर् वृत् ए એ સ્થિતિમાં રેફને પરાદિ ગણવામાં આવે તો તે અભ્યાસનો અવયવ નહીં રહે તેથી તેનો हलादि० પ્રમાણે લોપ નહીં થઇ શકે એમ દલીલ છે.(નોંધ:૨૧૬)

[235] (નોંધ: ૨૧૫)

[236] प्रकर्ता-- प्र कृ પછી तृन् એ त-કારદિ (तादि) नित् પ્રત્યય આવ્યો છે. અહીં सार्वधातुकार्ध० પ્રમાણે ગુણ--રપર થતાં प्र क र्तृ એમ થતાં આ પક્ષ મુજબ રેફ પરાદિ હોવાથી પ્રત્યય तादि નહીં રહે અને तृन् અવ્યવહિત રીતે પર ન રહેવાથી ગતિ प्र નો तादौ च निति कृत्यतौ। પ્રમાણે પ્રકૃતિ સ્વર નહીં રહે એટલે કે ઉદાત્ત નહીં રહે એમ દલીલ છે. પરંતુ અહીં गतिकारकोपपदात्। થી થતા કૃત્સ્વરનો तादौ च निति० દ્વારા બાધ થઇને तादि नित् કૃત્ પ્રત્યય પર થતાં ગતિનો પ્રકૃતિ સ્વર જ થશે.

[237] कृदुपदेशे० એ तादौच० સૂત્ર ઉપરના ભાષ્યમાં આપેલ વા.છે. તેથી कृत्‌ના ઉપદેશ સમયના तादि પ્રત્યયનો બોધ થાય તે માટે तादौ च निति० સૂત્રમાં कृत् શબ્દનું ગ્રહણ કર્યું છે. તેથી ઉપદેશ કાળે જે तादि હોય તે એમ અર્થ થશે. (સર.: कृति इत्यनेन संज्ञासम्बन्धकालो लक्ष्यते तेन कृत्संज्ञा-वेलायां यस्तादिरित्येषोऽर्थः सम्पद्यत इति कृद्ग्रहणमुपदेशे ताद्यर्थं भवति। ન્યાસ.).અહીં प्रकर्ता વગેરેમાં प्र ને कृ ધાતુ દ્વારા વ્યક્ત થતી ક્રિયા સાથે સંબંધ છે તેથી તેને गतिश्च। પ્રમાણે ગતિ સંજ્ઞા થશે. હવે तिङन्त ને પૂર્વપદ નથી હોતું એટલે કે તેનો સમાસ નથી થતો તેથી સૂત્રમાં कृति એમ ન કહ્યું હોય તો પણ કૃદન્ત પર હોય ત્યારે એમ અર્થ સમજાય છે તો પછી સૂત્રમાં कृति એમ મૂકીને ગૌરવ કેમ કર્યું છે આ પ્રકારની શંકાનો ઉપર નિરાસ કર્યો છે. કહેવાનો ભાવ એમ છે કે જે સમયે कृत् સંજ્ઞાનો બોધ થાય તે સમય જ कृत् સંજ્ઞાનો ઉપદેશ કાળ છે અને તે સમયે જે तादि હોય તે પર થતાં એ સૂત્ર પ્રમાણે પ્રકૃતિ સ્વર થાય તેથી જ प्रकर्ता (तृन्--तादि नित्), प्रकर्तुम् (तुमुन्--तादि नित्) અને प्रकृतिः (तादि नित्) માં ગતિ प्र નો પ્રકૃતિ સ્વર (અર્થાત્ ઉદાત્ત) થશે.નોંધ: त-કારાદિ नित् પ્રત્યય कृत् સિવાય બીજો હોતો નથી તેમ જ ગતિ શબ્દ સૂત્રમાં અનુવૃત્તિથી આવેલ છે તેથી ધાતુનો આક્ષેપ થઇ શકે છે એથી ધાતુ રૂપ પ્રકૃતિને લગતા પ્રત્યયનું જ અહીં ગ્રહણ થાય છે. પરિણામે कृत् પ્રત્યયનો સંદર્ભ સમજાય છે છતાં સૂત્રમાં कृत् શબ્દનું ગ્રહણ કર્યું છે તેથી ખ્યાલ આવે છે કે कृत् સંજ્ઞાને પ્રવૃત્ત થવાના સમયે જે त-કારાદિ कृत् હોય તેનું સૂત્ર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

दीर्घत्वम्। दीर्घत्वं च न सिध्यति। गीः पूः। रेफवकारान्तस्य धातोरिति दीर्घत्वं न प्राप्नोति॥

अलोऽन्त्यस्य ॥ १। १।५२॥

किमिदमल्ग्रहणमन्त्यविशेषणमाहोस्विदादेशविशेषणम्। किं चातः। यद्यन्त्यविशेषणमादेशोऽविशेषितो भवति। तत्र को दोषः। अनेकालप्यादेशोऽन्तयस्य प्रसज्येत। यदि पुनरलन्त्यस्येत्युच्येत। तत्रायमप्यर्थोऽनेकाल्शित्सर्वस्य। इत्येतन्न वक्तव्यं भवति। इदं नियमार्थं भवष्यति। अलेवान्त्यस्य भवति नान्य इति। एवमप्यन्त्यो-

દીર્ઘત્વ- દીર્ઘ આદેશ પણ સિદ્ધ નથી થતો. गीः, पूः માં र्वोरुपधायाः। પ્રમાણે રેફાન્ત અને व-કારાન્ત ધાતુઓમાં (ઉપધાભૂત इक्)નો દીર્ઘ થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે.[238]નહીં થાય.

ષષ્ઠી વિભક્તિવ્દારા જેનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તે (આદેશ) અન્ત્ય अल् ને સ્થાને થાય છે॥૧।૧।૫૨॥

સૂત્રમાં) આ જે अल् નું ગ્રહણ કર્યું છે તે અન્ત્યનું વિશેષણ છે કે પછી આદેશનું? તેથી શું (ફેર પડે છે)?[239] જો (अलः) એ અન્ત્યનું વિશેષણ હોય તો આદેશને કોઇ વિશેષણ નહીં રહે. [240] તેમાં શો વાંધો છે? (જો આદેશને અવિશિષ્ટ રીતે લેવામાં આવે તો) अनेकाल्( જેમાં એક કરતાં વધારે अल् હોય તેવો) આદેશ પણ અન્ત્યને સ્થાને થવાનો પ્રસંગ આવશે.પરંતુ अल् अन्त्यस्य। એમ (સૂત્ર) ઉચ્ચારવામાં આવે તો अनेकाल्शित्सर्वस्य। એ (સૂત્ર) કરવું નહીં પડે તે પણ એમાં લાભ છે.[241] (અને) આ (अलोऽन्त्यस्य। એ સૂત્ર)'માત્ર अल् (આદેશ)જ અન્ત્યને સ્થાને થાય તે સિવાય બીજા (अनेकाल् આદેશ અન્ત્યને સ્થાને) ન થાય' એમ નિયમ માટે થશે.[242] એમ છતાં પણ અન્ત્ય

---

વ્દારાગ્રહણ થાય. પરિણામે प्रलपिता વગેરેમાં સ્વર સિદ્ધ થઇ શકે, કારણ કે અહીં પણ प्र लप् तृन्-- आर्धधातुकस्ये० પ્રમાણે इट् થશે, તે टित् હોવાથી तृन् ની પૂર્વે લાગશે તેથી प्रलप् इतृन् એમ થતાં कृत् પ્રત્યય नित् છે છતાં तादि નથી તેથી ગતિ प्र નો પ્રકૃતિ સ્વર ન થતાં गतिकारक० થી कृत् સ્વર થવાનો પ્રસંગ આવશે. (ના)

[238] गीः,पूः ( गिर् ની વ્યુત્પત્તિ માટેનોંધ ૨૧૧) અહીં गिर् / पुर् सु (પ્ર.એ.વ.) એ રેફાન્ત છે તેથી તેના ઉપધાભૂત इ / उ નો र्वोरुपधायाः दीर्घ इकः। થી દીર્ઘ થઇને गीः, पूः સિદ્ધ થાય છે. અહીં गृ क्विप् એ સ્થિતિમાં लशक्वतद्धिते। થી क् અને हलन्त्यम्। થી प् इत् થતાં तस्य लोपः। થી લોપ, इ- કાર ઉચ્ચારણ માટે છે અને કેવળ व् નો वेरपृक्तस्य। થી લોપ કર્યા પછી ऋत इद्धातोः। થી इ આદેશ કર્યા પછી રપર થતાં રેફ सु નો આદિ છે એમ કલ્પના કરતાં रात्सस्य। પ્રમાણે गि र्स् એ સંયોગાન્ત પદના રેફ પછીના स् નો લોપ થતાં गि र् માં इ-કાર ઉપધા ન હોવાથી र्वोरुपधायाः। પ્રમાણે દીર્ઘ નહીં થાય એમ ભાવ છે.

[239] अलः એ ષષ્ઠી છે કે પ્રથમા એ જાણવા માટે પ્રશ્ન કર્યો છે. अन्त्यस्य નું વિશેષણ હોય તો ષષ્ઠી થશે અને 'अन्त्यस्य अलः (आदेशः) અન્ત્ય अल् ને આદેશ' એમ અર્થ સમજાશે. પરંતુ એ પ્ર.એ.વ. હોય તો अलः એ આદેશનું વિશેષણ હોય તો अन्त्यस्य अल् (आदेशः) એમ સમજાશે. સૂત્રમાં अलः એ પ્ર.બ.વ. છે છતાં તે અહીં વિવક્ષિત ન હોવાથી એ.વ. લીધું છે.

[240] (નોંધ૧માંના) વિકલ્પમાંથી अलः ને ષષ્ઠી લઇને अन्त्यस्य નું વિશેષણ ગણી એ તો આદેશને વિશેષણ નહીં રહે. તેથી અન્ત્યને સ્થાને જે આદેશ થાય છે તેથી અન્ત્ય एकाल् પણ હોય અને अनेकाल् પણ હોઇ શકે. તેથી अनेकाल् આદેશ થવા રૂપી દોષ આવશે તે નિવારવા अनेकाल् सर्वस्य। એ સૂત્ર કરવું પડશે.એમ દલીલ છે.

[241] अलःને પ્રથમાન્ત ગણીને તેને આદેશના વિશેષણ તરીકે લઇએ તો આદેશ અવિશેષિત નહીં રહે અને अनेकाल्सर्वस्य। સૂત્ર નહીં કરવું પડે તેથી લાઘવ થશે એમ ભાષ્યકાર અહીં બતાવે છે. ઉપર જોયું તેમ अलः બ.વ. ન લેતાં अल् अन्त्यस्य એમ એ.વ. સાથે સમજવા છતાંસૂત્ર બદલાતું નથી.વળી अलः એ પ્ર.બ.વ. છે કે ષ.એ.વ. છે તેસંશયનું પણ નિવારણ થશે.

[242] अनेकाल् सर्वस्य। એમ નહીં કહેવું પડે, કારણ કે अन्त्यस्य आदेशाः भवन्ति। (અન્ત્યને સ્થાને આદેશ થાય છે) એમ સમજાતાં ત્યાં अल् નું અનુમાન થઇ શકે છે તેથી અન્ત્યને સ્થાને अल् આદેશ થાય છે એમ સમજાય છે છતાં સૂત્રમાં કરેલું अल् ગ્રહણ નિયમાર્થક બનશે. તેથી સમજાશે કે એક अल् વાળો આદેશ જ અન્ત્યને સ્થાને થાય છે તે સિવાય અન્ય એટલે કે એક કરતાં વધારે अल् વાળો (अनेकाल्) આદેશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ऽविशेषितो भवति। तत्र को दोषः। वाक्यस्यापि पदस्याप्यन्त्यस्य प्रसज्येत॥ यदि खल्वप्येषोऽभिप्रायस्तन्न क्रियेतेत्यन्त्यविशेषणेऽपि सति तन्न करिष्यते। कथम्। ङिच्चालोऽन्त्यस्येत्येतन्नियमार्थं भविष्यति। ङिदेवानेकालन्त्यस्य भवति नान्य इति॥
(શબ્દ)તો વિશેષણ રહિત જ રહે છે.[243] તેમાં શો દોષ છે? (દોષ એ કે) અન્ત્ય વાક્યનો તેમ જ અન્ત્ય પદનો પણ (આદેશ) થવાનો પ્રસંગ આવે.[244]સાચે જ તે (**अनेकाल्शित्सर्वस्य** ।સૂત્ર) ન કરવું પડે એ જો ઇરાદો હોય તો (अलः ને) અન્ત્યનું વિશેષણ ગણશો તો પણ તે સિદ્ધ થશે.[245] કેવી રીતે (સિદ્ધ થશે)? **ङिच्चालोऽन्त्यस्य** । એ સૂત્ર '**अनेकाल्** **ङित्** (આદેશ) હોય તે જ અન્ત્યને સ્થાને થશે, [246] તે સિવાયના (બીજા **अनेकाल्** આદેશ અન્ત્યને સ્થાને) નહી થાય' એ નિયમ માટે થશે.

---

અન્ત્યને સ્થાને નહીં થાય. કૈ નોંધે છેઃ **अरुर्मनश्चक्षुश्चेतोरहोरजसां लोपश्च** । પ્રમાણે **च्वि** પર થતાં **रहस्** ,**रजस्** વગેરેના અન્ત્યનો લોપ થાય છે,જેમ કે **विरहीभवति, विरहीकरोति** । **विरजीभवति, विरजीकरोति** વગેરે. અહીં અન્ત્ય **अल्** (**स्**) નો લોપ થયો છે તેને બદલે સર્વાદેશ થવાનો પ્રસંગ આવશે કારણ કે લોપ અભાવ રૂપ છે. **अल्** રૂપ નથી તેથી તેને ઉપર જણાવેલ નિયમ લાગુ નહીં પડે. પરિણામે આ પક્ષ પણ દોષ યુક્ત છે એમ દલીલ છે. દોષનું નિવારણ કરતાં ના. કહે છેઃ **लुग्वादुहदिहलिहगुहामात्मनेपदे दन्त्ये** । (૭-૩-૭૩) એ સૂત્ર પ્રમાણે **दुह्** ,**दिह्** વગેરે ધાતુઓના અંગ પછી આત્મનેપદમાં દન્ત્ય વર્ણથી શરૂ થતો પ્રત્યય આવે તો **लुङ्** માં **च्लि** ને સ્થાને **शल इगुपधादनिटः** । પ્રમાણે જે **क्स** થાય છે તેનો વિકલ્પે લોપ થાય છે.અહીં **लुग्वा०** માં પૂર્વ સૂત્રો **घोर्लोपो लेटि वा । क्सस्याचि** ।(૭-૩-૭૦અને૭૨) માંથી (**क्स** અને ) **लोपः** ની અનુવૃત્તિ થાય છે છતાં એ સૂત્રમાં **लुक्** ગ્રહણ કર્યુ છે તેથી અન્ત્ય વર્ણનો લોપ ન થતાં સમગ્ર **क्स** પ્રત્યયનો લોપ થાય છે તેથી જ્ઞાપન થાય છે કે **अलोऽन्त्यस्य** । એ સૂત્રમાં **अलः** ને પ્રથમાન્ત સ્વીકારતા પક્ષે પણ સૂત્રમાં કરેલ **अल्** ગ્રહણ **अनेकाल्** થી ભિન્ન એવા **अल्** ને સૂચવે છે. આમ **अल्** ગ્રહણને કારણે જે **एकाल्** નથી, **अनेकाल्** છે તેવા આદેશની વ્યાવૃત્તિ થાય છે તેથી ઉપર કહ્યો તે દોષ નહી આવે. ભાષ્યકારે **इदं नियमार्थं भविष्यति** । એમ કહ્યું છે તેમાં **इदम्** શબ્દ સૂત્રને અનુલક્ષીને નહી પરંતુ **अल्** ને અનુલક્ષીને પ્રયોજ્યો છે, કારણ કે આ સૂત્ર પૂર્વે પ્રાપ્ત ન હતો તે અન્ત્યાદેશનું વિધાન કરે છે.

[243] **अलः** ને આદેશનું વિશેષણ ગણવાથી લાઘવ થાય છે પરંતુ તેથી સૂત્રમાંનું **अन्त्य** પદ વિશેષણ વિનાનું (**अविशेषितः**) રહેશે તેથી અન્ત્ય **अल्** ને સ્થાને તેમ જ અન્ત્ય વાક્ય કે અન્ત્ય પદને સ્થાને આદેશ થવાનો પ્રસંગ આવશે. એમ ભાવ છે. કૈ.નોંધે છેઃ 'અન્ત્યને સ્થાને' એમ જે કહ્યું છે તે માત્ર દોષ બતાવવા પુરતું જ છે બાકી વાક્યનો ષષ્ઠી વ્દારા નિર્દેશ નથી હોતો તેથી વાક્યનું ઉદાહરણ ન આપતાં પદનું ઉદાહરણ આપ્યું છેઃ **परमानदुद्भ्याम्** અહી **वसुस्रंसुध्वंस्वनडुहां दः** । પ્રમાણે **अनडुह्** ના અન્ત્ય **ह्** નો **द्** થાય છે.

[244] હવે જો સૂત્રમાંનો **अन्त्य** શબ્દ અવિશેષિત રહે તો સમગ્ર અન્ત્ય પદને સ્થાને **द्** આદેશ થવાનો પ્રસંગ આવશે,એટલે કે **परमानडुह् भ्याम्** એ સ્થિતિમાં **वसुस्रंसु०** થી **ह्** નો **द्** થવો જોઇએ તેને બદલે સમગ્ર અન્ત્ય પદ **अनडुह्** ને સ્થાને **द्** આદેશ થવા જશે, કારણ કે **भ्याम्** પર થતાં **स्वादिष्वसर्वनामस्थाने०** પ્રમાણે **अनडुह्** ની પદ સંજ્ઞા થશે અને પ્રસ્તુત સૂત્ર પદાધિકાર નીચે આવેલું છે તેથી **वसु, अनडुह्** વગેરેથી પદ વિશિષ્ટ થશે. પરિણામે **अन्त्य** શબ્દ અવિશિષ્ટ હોવાથી અન્ત્ય પદને સ્થાને **द्** આદેશ થવાનો પ્રસંગ આવશે એમ અહી કહેવા માગે છે.

[245] **यदि खलु** વગેરે વ્દારા જે મત રજુ કર્યો તેથી ભિન્ન ભાષ્યકારનો મત છે એમ સૂચવીને કૈ. કહે છેઃ **अनेकाल् शित्०** એ સૂત્ર તો **आदेः परस्य** । જેવા અપવાદના પ્રતિષેધ માટે જ કરવું પડશે, જેથી अ-કારાન્ત અંગની પર થતાં **भिस्** નો **अतो भिसः०** થી **ऐस्** થાય છે ત્યાં સર્વાદેશ થઇ શકે. **राम भिस्** એ સ્થિતિમાં **अतो भिसः०** માં **अतः** એ પંચમી હોવાથી **तस्मादित्युत्तरस्य** । પ્રમાણે પંચમી વ્દારા નિર્દિષ્ટ કાર્ય ઉત્તર (અવ્યવહિત રીતે પર) ને થશે, પરંતુ **आदेः परस्य** । પ્રમાણે પરના આદિ વર્ણને થાય તો **भिस्** ને સ્થાને **ऐस्** ન થતાં આદિ **भ्** ને સ્થાને થવા જશે. તેથી ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય. તેથી **अनेकाल्०** સૂત્ર કરવું પડશે.અપવાદના પ્રતિષેધ માટે **अनेकाल्०** સૂત્ર કરવું પડશે એમ કહ્યા પછી **अन्त्यविशेषणेऽपि सति तन्न करिष्यते** । એમ કહીને ભાષ્યકાર સૂચવે છે કે **अलः** ને **अन्त्य** નું વિશેષણ કરીએ તો પણ સૂત્ર નહીં કરવું પડે તેથી શંકાકારને ઇષ્ટ છે તે લાઘવ સિદ્ધ થશે.

[246] **अलोऽन्त्यस्य०** માંના **अल्** એ પ્રથમાન્ત પદને આદેશનું વિશેષણ ગણીએ તો તેને **ङिच्च** । એ ઉત્તર સૂત્રમાં યોજી શકાશે નહીં, કારણ કે **ङित्** એ **अनेकाल्** આદેશ છે તેથી **अल्** ની ત્યાં અનુવૃત્તિ નથી થતી છતાં મંડુકપ્લુતિથી **आदेः परस्य** । એ ઉત્તર સૂત્રમાં તેની અનુવૃત્તિ કરીશું. તેથી પરના આદિને સ્થાને અનેકાલ્ આદેશ થાય પરંતુ **अतो भिसः०** માં **ऐस्** એ આદેશ એકાલ્ નથી અનેકાલ્ છે તેથી ત્યાં **आदेःपर०** લાગુ નહીં પડે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**किं पुनरिदमुच्यते।**

**अलोऽन्त्यस्येति स्थाने विज्ञातस्यानुसंहारः ॥१॥**

**अलोऽन्त्यस्येत्युच्यते स्थाने विज्ञातस्यानुसंहारः क्रियते स्थाने प्रसक्तस्य ॥**

**इतरथा ह्यनिष्टप्रसङ्गः ॥२॥**

**इतरथा ह्यनिष्टं प्रसज्येत। टित्किन्मितोऽप्यन्त्यस्य स्युः॥ यदि पुनरयं योगशेषो विज्ञायेत।**

તો પછી આ ( **अलोऽन्त्यस्य।** એ સૂત્ર) શા માટે ઉચ્ચારવામાં આવ્યું છે? [247]

'(સમુદાયને) સ્થાને થનાર તરીકે જે જાણીતો છે તે(આદેશ માત્ર) અન્ત્યનો જ (થાય) છે' એમ **अलोऽन्त्यस्य।** સૂત્ર જણાવે છે ॥૧॥

(સામાન્ય રીતે આદેશ સમુદાયને) સ્થાને થાય છે તે જાણીતું છે, એટલે કે જેનો (સમુદાયને) સ્થાને પ્રસંગ હોય, ત્યાં **अलोऽन्त्यस्य।** એમ કહીને (તેવો આદેશ) અન્ત્યનો થાય છે એમ જણાવવામાં આવે છે. [248]

કારણ કે તે સિવાય અનિષ્ટનો પ્રસંગ આવશે ॥૨॥

જો આ પ્રમાણે કરવામાં ન આવે તો અનિષ્ટનો પ્રસંગ આવે. (એટલે કે) **टित्**, **कित्** અને **मित्** પણ અન્ત્યને (સ્થાને) થાય. [249]

પરંતુ આ (**अलोऽन्त्यस्य।** સૂત્રને બીજા (**षष्ठी स्थानेयोगा।** એ) સૂત્રનું પૂરક ગણવામાં આવે તો ?

---

તેથી **अनेकाल् शित्०** પ્રમાણે સર્વાદેશ થતાં દોષ નહીં આવે(નોંધ ૨૪૬) **ङिच्चालो०** ઉપરથી ભાષ્યકારે **ङिदेवानेकाल् अन्त्यस्य** એમ અર્થ કર્યો છે તેમાં **अनेकाल्** એટલે સૂત્રમાં **ङ्** રૂપી **अल्** નું ગ્રહણ કર્યું છે તેનું કોઇ પ્રયોજન નથી તે ઉપરથી **अनेकाल्** એમ અર્થ પ્રાપ્ત થશે.(ના.).અહીં પ્રશ્ન થાય કે **लोट्** માં **तुह्योस्तातङ्०** પ્રમાણે **तु** , **हि** ને સ્થાને આશીર્વાદના અર્થમાં **तातङ्** થાય છે તે પણ **ङित्** આદેશ છે તો પછી તે અન્ત્યને સ્થાને કેમ નથી થતો ? કારણ કે જ્ઞાપકને કારણે ત્યાં સર્વાદેશ થાય છે. આમ આ **अलोऽन्त्यस्य।** સૂત્રની અનેકાલ્ આદેશ વિશે પ્રવૃત્તિ નથી થતી અને તેની સાથે હોવાથી **आदेः परस्य।** સૂત્ર પણ અનેકાલ્ વિશે પ્રવૃત્ત નથી થતું.

[247] **अलः अन्त्यस्य।** એ ષષ્ઠી વ્દારા નિર્દેશ સ્થાનષષ્ઠી વિષયક છે કે કોઇ પણ ષષ્ઠી વિષયક છે તે જાણવા માટે પ્રશ્ન કર્યો છે.

[248] પ્રકૃત સૂત્રમાં **षष्ठी स्थानेयोगा।** ની અનુવૃત્તિ થાય છે અને જે ષષ્ઠી તરીકે જાણીતી છે તેને અન્ત્ય **अल्** સાથે યોજવામાં આવે છે એટલે કે સ્થાનષષ્ઠીના સંબંધને કારણે આદેશ તરીકે જે નિશ્ચિત છે તે આદેશ અન્ત્યવર્ણને સ્થાને થાય છે એમ આ સૂત્ર જણાવે છે (કે.) **अलोऽ - न्त्यस्य** એમ કહ્યું છે તેથી વર્ણસમુદાયને સ્થાને જેનો પ્રસંગ હોય, જે થવાનો હોય તે, અન્ત્ય વર્ણને સ્થાને થાય છે, એટલે કે ષષ્ઠીનિર્દિષ્ટ આદેશનો સ્થાની અન્ત્ય **अल्** છે એટલું જ પ્રકૃત સૂત્રવ્દારા જણાવવામાં આવે છે.(ના)

[249] ષષ્ઠીમાત્ર એટલે કે સ્થાન ષષ્ઠી નહીં પણ અવયવ ષષ્ઠી વગેરે ગમે તે ષષ્ઠી એમ અર્થ કરવામાં આવે તો ષષ્ઠીનો નિર્દેશ કરીને જે કોઇ આદેશ કે આગમ રૂપી કાર્ય કહ્યું હોય તે દરેક કાર્ય જેનો ષષ્ઠી વ્દારા નિર્દેશ કર્યો હોય તેને અન્તે થવાનો પ્રસંગ આવશે, એટલે કે પ્રસ્તુત સૂત્રમાં **षष्ठी स्थानेयोगा।** એ સમગ્ર સૂત્રની અનુવૃત્તિ ન કરતાં માત્ર **षष्ठी** એ પદની અનુવૃત્તિ કરવામાં આવે તો (નોંધ ૨૪૮) ષષ્ઠીમાત્રનો સંબંધ થવાથી **टित्** ,**कित्** , **मित्** આગમો પણ અન્ત્યને અનુલક્ષીને થવાનો પ્રસંગ આવશે. **लविता** માં **आर्धधातुकस्य ०** પ્રમાણે **इट्** થાય છે તે, ષષ્ઠીનિર્દિષ્ટ **आर्धधातुकस्य** નો અન્ત્ય **अल्** સાથે સંબંધ થવાથી સાર્વધાતુક પ્રત્યય **तृच्** ના આદિમાં થવાનો પ્રસંગ આવશે, કારણ કે **इट्** આગમ **टित्** છે. તે પ્રમાણે **दापयति** માં **अर्तिह्री०** થી **णिच्** માં થતો **पुक्** એ **कित्** આગમ **दा** ધાતુને અંતે ન થતાં તેના **आ-**કારને અંતે થશે. તેથી તે **आ** નો અવયવ થવાથી **दाप्** ને **घु** સંજ્ઞા ન થતાં **प्रणिदापयति** માં **नेर्गद०** પ્રમાણે **णत्व** થાય છે તે નહીં થાય, કારણ કે **प्** એ **आ** નો અવયવ એટલે કે **दा** ના અવયવનો અવયવ છે તેથી તે **दा** એ અંગનો અવયવ ન ગણાય. **मित्** આગમ પણ અન્ત્યને અનુલક્ષીને થશે.આ સર્વ થવાનું કારણ એ કે **आद्यन्तौ टकितौ।** વગેરે સજાતીય સંબંધ સૂચવતા સ્થાન સાથે થતા સંબંધનો બાધ કરે છે, પરંતુ ષષ્ઠીનું રૂપ હોય તે તો અન્ત્ય **अल्** સાથે જ યોજાશે, કારણ કે તે સંબંધનો એ સૂત્રો બાધ નહીં કરી શકે. તેથી આ સૂત્રની **षष्ठी स्थानेयोगा।** સાથે એકવાક્યતા નહીં થઇ શકે એટલે કે તેનું પૂરક સૂત્ર પણ ગણી ન શકાય. **योगशेषः** એટલે **सार्वधातुकार्धधातुकयोः।** વગેરે વિધિના પૂરક એમ (છા) અર્થ કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**योगशेषे च ॥३॥**

**किम्। अनिष्टं प्रसज्येत। टित्किन्मितोऽप्यन्त्यस्य स्युः॥ तस्मात्सुष्ठूच्यते स्थाने विज्ञातस्यानुसंहार इतरथा ह्यनिष्टप्रसङ्ग इति॥**

**ङिच्च ॥१।१।५३॥**

**तातङन्त्यस्य स्थाने कस्मान्न भवति। ङिच्चालोऽन्त्यस्येति प्राप्नोति।**

**तातङि ङित्करणस्य सावकाशत्वाद्विप्रतिषेधात्सर्वादेशः ॥१॥**

**तातङि ङित्करणं सावकाशम्। कोऽवकाशः। गुणवृद्धिप्रतिषेधार्थो ङकारः।**

(જો પ્રસ્તુત સૂત્રને અન્ય સૂત્રનું ) પૂરક ગણવામાં આવે તો પણ ॥૩॥[250]

(તો પણ) શું ? **टित्**, **कित्** અને **मित्** (આગમો) પણ અન્ત્યને (સ્થાને) થાય, એ અનિષ્ટ થવાનો પ્રસંગ આવશે. તેથી (સમુદાયને) સ્થાને થનાર તરીકે જે જાણીતો છે તે(આદેશ માત્ર) અન્ત્યનો જ (થાય) છે એમ **अलोऽन्त्यस्य।** એ સૂત્ર જણાવે છે, તેમ ન થાય તો અનિષ્ટ થવાનો પ્રસંગ આવે' એમ જે કહેવામાં આવ્યું તે યોગ્ય છે.

(ષષ્ઠીવ્દારા નિર્દેશ કરીને જે) **ङित्**( આદેશ કહ્યા હોય તે) પણ (અન્ત્યને સ્થાને થાય છે) ॥૧।૧।૫૩॥

(**तुह्योस्तातङाशिष्यन्यतरस्याम्**। પ્રમાણે થતો) **तातङ्** અન્ત્યને સ્થાને કેમ નથી થતો? [251] કારણ કે ત્યાં **ङिच्च** અને **अलोऽन्त्यस्य।** એ બન્ને સૂત્રો લાગુ પડે છે. [252]

**तातङ्** માં **ङ्** ને **इत्** તરીકે મૂક્યો છે તેનું ખાસ પ્રયોજન છે ॥૧॥

**तातङ्** (પ્રત્યય)ને **ङित्** કર્યો છે તે કામનો છે [253] શા કામનો છે ? (અહીં) ગુણ અને વૃદ્ધિને થતાં અટકાવવા માટે **ङ्**-કાર મૂક્યો છે,

---

[250] ચૌખં(પૃ.૪૩૮,પા.ટી ૪) માં નોંધે છે કે આ કાત્યાયનની વાર્તિક છે એમ કલ્પીને (કોઇ) તેની પછી **योगशेषे च ॥** એમ ભાષ્યવ્યાખ્યાન કલ્પે છે [ નિ.સા.(પૃ.૩૯૯) , યુમી(પૃ.૬૧૯)] ,પરંતુ તેવો પાઠ જોવામાં આવતો નથી તેથીઅહીં તે મૂક્યો નથી તેના ઉપર વ્યાખ્યાન દેખાતું નથી તેથી એ ભાષ્ય વાર્તિક જ છે.પણ કિ.(પૃ.૧૩૦), વા.શા.હિ.(પૃ.૪૯૫), મ.(પૃ.૩૨૭) માં તે વાર્તિક તરીકે જ આપેલ છે,પરંતુ તે પર ભાષ્ય-વ્યાખ્યાન નથી.

[251] **लोट्** માં આશીર્વાદ સૂચવવા માટે **तु** અને **हि** ને સ્થાને **तुह्योस्तातङ्०** પ્રમાણે વિકલ્પે **तातङ्** આદેશ થાય છે .એ **ङित्** છે અને **तु** તથા **हि** નો **तुह्योः** એમ ષષ્ઠી વ્દારા નિર્દેશ છે અને **येनाप्राप्ति०** ન્યાયે પ્રકૃત સૂત્ર **अनेकाल्शित्** ૦ નો અપવાદ છે તેથી પ્રકૃત સૂત્ર પ્રમાણે **तातङ्**, **तु** અને **हि** ના અન્ત્યને સ્થાને કેમ નથી થતો એમ પ્રશ્નકર્તાનો ભાવ છે.

[252] **ङिच्चालो- - प्राप्नोति।** અર્થાત્ આ **ङिच्च।** એ સૂત્ર કોઇ અપૂર્વ કાર્યનું વિધાન કરતું નથી, પરંતુ વિવિધ સ્થળે સૂત્રકારે પ્રત્યયને **ङ्**- કાર લગાડીને (અર્થાત્ **ङित्** કરીને) તેનું વિધાન કર્યું છે તેથી તે અનેકાલ્ થવાથી ત્યાં **अनेकाल्०** સૂત્ર લાગુ પડે તો સર્વાદેશ થવાનો પ્રસંગ આવે છે. તેનો બાધ કરવા માટે પ્રકૃત સૂત્ર અપવાદ રૂપે છે. પૂર્વે જે કહ્યું છે તેનું અન્ય રીતે પુનરુચ્ચારણ કરે છે એમ પ્રશ્નકર્તાનું કહેવું છે.વળી અનુવાદ રૂપ હોવા છતાં આ સૂત્ર વ્યર્થ નથી, કારણ કે તેનું એક પ્રયોજન એ છે કે પ્રત્યયને **ङित्** કર્યો તેથી તે અન્ત્યને સ્થાને જ થાય એમ સમજાશે, પરંતુ **तातङ्** ને આ સૂત્ર લાગુ નહીં પડે, કારણ કે તેના **ङित्त्व** ને **क्ङिति।** થી થતો ગુણ-વૃદ્ધિનિષેધ, **ग्रहिज्यावयि०** થી થતું સંપ્રસારણ વગેરે અન્ય પ્રયોજન છે.

[253] **सावकाशम्** અર્થાત્ જેને અવકાશ હોય તે (=અન્યાર્થ) અને જેને બીજું કોઇ પ્રયોજન ન હોય તે નિરવકાશ(= અનન્યાર્થ). **अनङ्** ને **ङित्** એ માટે કર્યો છે કે તેથી તે અન્ત્યાદેશ થાય. તે અનેકાલ્ છે તેથી સર્વાદેશ કરવામાં આવે તો તેને **ङित्** કરવાનો કોઇ અર્થ રહેતો નથી,પરંતુ સૂત્ર-કાર ઇચ્છે છે કે **अनङ्** આદેશ અન્ત્ય **अल्** ને સ્થાને જ થાય તેથી તેમણે તેને **ङित्** કર્યો છે પરિણામે **अनेकाल्०** એ સૂત્રનો બાધ કરીને **ङिच्च।** એ સૂત્ર અમલી બનશે. જ્યારે **तातङ्** ની બાબતમાં તેમ નથી કારણ કે **अनङ्** ની માફક તે નિરવકાશ નથી. તેને અન્ય પ્રયોજન છે એટલે કે તે અન્યાર્થ છે તેથી તેને **ङिच्च।** સૂત્ર લાગુ નહીં પડે. તેને **ङित्** કરવા પાછળ સૂત્રકારનો એ હેતુ છે કે તેના **ङित्त्व** ને કારણે **चिनुतात्** જેવામાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तातङि ङित्करणस्य सावकाशत्वाद्विप्रतिषेधात्सर्वादिशो भविष्यति ॥ प्रयोजनं नाम तद्वक्तव्यं

**तातङ्** (પ્રત્યય)ને **ङित्** કર્યો છે તેનું કામ એ છે કે તેથી વિપ્રતિષેધ થઈને સર્વાદેશ થશે. [254]પ્રયોજન તો તેને જ કહેવાય કે

---

**सार्वधातुकार्ध०** થી થતા ગુણનો નિષેધ થાય, **द्विष्टात्** જેવામાં **पुगन्तलघू०** પ્રમાણે પ્રાપ્ત થતા લઘુ- ઉપધા ગુણનો નિષેધ થાય, **मृष्टात्** જેવામાં **मृजेर्वृद्धिः।** થી પ્રાપ્ત થતી વૃદ્ધિનો નિષેધ થાય, કારણ કે **ङित्** હોવાથી **तातङ्** ને **क्ङिति च।** લાગુ પડશે. ઉપરાંત **उष्टात्** જેવામાં **तातङ्** એ **ङित्** પ્રત્યય પર થતાં **ग्रहिज्या०** પ્રમાણે સંપ્રસારણ થઈ શકશે, **ब्रूयात्** માં **पित्** પ્રત્યય પર થતાં **ब्रुव ईट्।** પ્રમાણે **ब्रू** ધાતુને જે **इडागम** થાય છે તેનો **तातङ्** ના **ङित्त्व** ને કારણે નિષેધ થશે. આ રીતે જ્યાં અવકાશ હશે ત્યાં સર્વાદેશ થશે અને જ્યાં સર્વાદેશ કરવાથી **ङित्त्व** નિરવકાશ - નિરર્થક બનશે ત્યાં સર્વાદેશનો બાધ કરીને અન્ત્યાદેશ થશે, ત્યાં પ્રકૃત સૂત્ર **अनेकाल्०** નો બાધ કરશે.

[254] ભાષ્યમાંના **विप्रतिषेध** શબ્દને સ્પષ્ટ કરતાં કૈ. કહે છે કે **ङिच्च।** એ અપવાદ સૂત્ર છે અને **अनेकाल् शित्०** એ ઉત્સર્ગ સૂત્ર છે , પરંતુ ઉત્સર્ગ અને અપવાદ વચ્ચે વિપ્રતિષેધ થાય તે ઉચિત નથી એમ કહેવું યોગ્ય નથી, કારણ કે ગુણ-વૃદ્ધિનો નિષેધ થાય તે **तातङ** ને **ङित्** કરવાનો હેતુ છે તેથી **ङिच्च।** સૂત્ર **तातङ्** ને વિશે પ્રવૃત્ત થાય તો તે સૂત્રનું અનુવાદક સ્વરૂપ ન રહે પણ પરિભાષા તો જેનું પૂર્વે વિધાન કરવામાં આવ્યું હોય તેને વિશે નિયમ કરવાના હેતુથી માત્ર અનુવાદ જ કરે છે, એટલે કે જે પ્રાપ્ત હોય તેનો અનુવાદ કરીને નિયમ વ્દારા અન્યની નિવૃત્તિ કરે છે.અહીં **विप्रतिषेधे परम्।** પ્રમાણે વિપ્રતિષેધનો પ્રયોગ થયો નથી તેમ ના.માને છે, કારણ કે અવશ્ય પ્રાપ્તિ થવી તે બાધ્યત્વનું બીજ છે. બે સાવકાશ અને તુલ્યબલ શાસ્ત્ર એક સ્થળે એકી સાથે લાગુ પડવાનો પ્રસંગ આવે ત્યાં વિપ્રતિષેધ થાય. અહીં **ङिच्च।** સાવકાશ છે તથા સર્વાદેશ પ્રાપ્ત ન થાય તે બાબતમાં સૂત્ર લેશમાત્ર ચરિતાર્થ નથી . તેથી **विप्रतिषेध** એટલે વિરોધ (ના.). સમાન્ય રીતે અનુવાદ રૂપ હોવું તે ગૌરવ રૂપ દોષ ગણાય છે છતાં પ્રકૃત સૂત્ર નિયમ રૂપ હોવાથી તે પરિભાષાની બાબતમાં તે ગુણ થશે, કારણ કે પરિભાષા, અન્ય સૂત્ર વ્દારા જે પૂર્વે પ્રાપ્ત હોય તેનો અનુવાદ કરીને, જ્યાં અનેક વિકલ્પ પ્રાપ્ત થતા હોય ત્યાં એકને વિશે નિયમ કરીને બાકીના બધાની નિવૃત્તિ કરે છે. જેમ કે **व्रीहीनवहन्ति।** યજ્ઞવિધિમાં પુરોડાશ બનાવતાં પૂર્વે ડાંગરનું પ્રોક્ષણ કર્યા પછી તેનાં છોડાં કાઢવાનાં હોય છે, તે અનેક રીતે દૂર કરી શકાય છે, છડીને,નખ વડે , દાંત વડે. હવે **व्रीहीन्प्रोक्षति।** એ વિધિવ્દારા પ્રાપ્ત થતા **व्रीहि** રૂપ દ્રવ્યનો અનુવાદ કરીને **व्रीहीनवहन्ति।** એ વિધિ નિયમ કરે છે કે ડાંગરનાં છોડાં છડીને દૂર કરવાં. આથી નખવિદલન વગેરે અન્ય સર્વ વિકલ્પોની નિવૃત્તિ થાય છે.પરિભાષા પણ અન્ય વિકલ્પોની નિવૃત્ત કરે છે જેમ કે **तस्मिन्नि -ति निर्दिष्टे पूर्वस्य।** અન્ય સૂત્રો વ્દારા જે પ્રાપ્ત છે તેને વિશે નિયમ કરે છે કે સપ્તમી વ્દારા નિર્દેશ કર્યો હોય ત્યારે તે કાર્ય પૂર્વને અનુલક્ષીને થાય છે આથી પર વગેરેની નિવૃત્તિ થશે.આમ **ङिच्च।** અને **अनेकाल् ०** એ સૂત્રોની વચ્ચે અપવાદ-ઉત્સર્ગ સંબંધ નથી, કારણ કે **ङित्त्व** સાવકાશ હોય ત્યાં સર્વાદેશ અને નિરવકાશ હોય ત્યાં અન્ત્યાદેશ થાય એમ સમજાય છે. ટૂંકમાં પ્રકૃત સૂત્ર **तातङ्** ની બાબતમાં ઉપસ્થિત નથી થતું પછી અપવાદ હોવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. એમ ન હોય તો **कप् ,यप्, अप्** વગેરેને **पित्** કર્યા છે તે નિરવકાશ છે, અનુદાત્તત્વ સિવાય તેમના **पित्त्व** નું અન્ય પ્રયોજન નથી તેથી **अनुदात्तौ सुप्पितौ।** એ સૂત્ર સાર્થક છે છતાં **जित्वरी** વગેરેમાં **ह्रस्वस्य पिति कृति०** પ્રમાણે **तुक्** થતાં **क्वरप्** પ્રત્યયનું **पित्त्व** સાર્થક થતું હોવાથી એટલે કે તેનું **पित्त्व** અન્યાર્થ સિદ્ધ થવાથી અનુદાત્તત્વનો **प्रत्ययः। आद्युदात्तश्च।** પ્રમાણે થતા ઉદાત્ત વડે તેનો બાધ થવાનો પ્રસંગ આવશે, કારણ કે ઉદાત્ત અંતરંગ છે. સાવકાશ નિરવકાશ સ્થળે અપવાદ-ઉત્સર્ગભાવ ન સ્વીકારવામાં આવે તો જ આ પ્રસંગ ટળી શકે.**जित्वरी** માં તો **आद्युदात्तश्च।** એ ઉત્સર્ગ છે અને **अनुदात्तौ सुप्०** એ અપવાદ છે તેથી **येनाप्राप्ति०** ન્યાયે અનુદાત્ત જ થશે, જ્યારે **तातङ्** માં **ङित्त्व** ને કારણે અપવાદ થાય તે શક્ય નથી કારણ કે **ङित्त्व** તો સાવકાશ છે. તેથી ત્યાં **ङिच्च।** એ સૂત્ર ઉપસ્થિત થતું જ નથી અને તે અનેકાલ્ હોવાથી **अनेकाल्शित्०** પ્રમાણે સર્વાદેશ જ થશે.અહીં એક બીજી શંકાઃ **लोट्** માં **तुह्योस्तातङ्०** પ્રમાણે **तु** અને **हि** ને સ્થાને **तातङ्** થાય છે તેમાં **सेर्ह्यपिच्च।** પ્રમાણે થતો **हि** એ **अपित्** પ્રત્યય છે, પરંતુ **तु** તો **पित्** છે તેથી તેને સ્થાને થએલ **तातङ्** પર થતાં ગુણ-વૃદ્ધિ કેમ ન થાય ? ઉત્તર એ કે **तातङ्** અવશ્ય **पित्** થાય, પરંતુ સૂત્રકારે તેને **ङित्** કર્યો છે તેથી **येनाप्राप्ति०** ન્યાયે **ङित्त्व पित्त्व** નો બાધ કરશે.નોંધઃ **हुझल्भ्यो हेर्धिः।** (૬-૪-૧૦૧) માંથી **हि** ની અનુવૃત્તિ થાય છે છતાં સૂત્રકારે **अतो हेः।** (૬-૪-૧૦૫) માં **हि** નું ફરીથી ગ્રહણ કરીને જ્ઞાપન કર્યું છે કે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यन्नियोगतः स्यात्। यदि चायं नियोगतः सर्वादेशः स्यात्तत एतत्प्रयोजनं स्यात्। कुतो नु खल्वेतन्ङित्करणादयं सर्वादेशो भविष्यति न पुनरन्त्यस्य स्यादिति॥ एवं तर्ह्येतदेव ज्ञापयति न तातङन्त्यस्य स्थाने भवतीति यदेतं ङितं करोति। इतरथा हि लोट एरुप्रकरण एव ब्रूयात्तिह्योस्तादाशिष्यन्य-तरस्यामिति॥

आदेः परस्य॥ १। १। ५३॥

अलोऽन्त्यस्यादेः परस्यानेकाल्शित्सर्वस्येत्यपवादविप्रतिषेधात्सर्वादेशः॥१॥

अलोऽन्त्यस्येत्युत्सर्गः। तस्यादेः परस्यानेकाल्शित्सर्वस्येत्यपवादौ। अपवादविप्रतिषेधात्तु सर्वादेशो भविष्यति। आदेः परस्येत्यस्यावकाशः। द्व्यन्तरुपसर्गेभ्योऽप ईत्। । द्वीपम्

જે (સૂત્રનિર્દિષ્ટ) નિયમ[255] પ્રમાણે હોય. જો આ સર્વાદેશ (સૂત્રદ્વારા) નિર્દિષ્ટ હોય તો એ પ્રયોજન કહેવાય. ङित् કર્યો છે તેથી આ (तातङ्) સર્વાદેશ થશે પણ અન્ત્યને સ્થાને નહીં થાય તે વળી કેવી રીતે? એમ હોય તો (સૂત્રકાર) तातङ् ને ङित् કરે છે તે જ જ્ઞાપન કરે છે કે तातङ् અન્ત્યને સ્થાને નથી થતો, કારણ કે તેમ ન હોત તો लोट् ના एरुः। એ સૂત્રના સંદર્ભમાંજ तिह्योस्तादाशिष्यन्यतरस्याम्। એમ (સૂત્રકાર) કહેત.[256]

પંચમીનિર્દેશ દ્વારા પરને અનુલક્ષીને કહેવામાં આવેલું કાર્ય આદિને થાય છે॥ ૧।૧ ।૫૩ ॥[257]

अलोऽन्त्यस्य ।(નાં) आदेः परस्य। અને अनेकाल्शित्सर्वस्य। (એ બે) અપવાદમાં વિપ્રતિષેધથી (अनेकाल्शित्स्य। પ્રમાણે) સર્વાદેશ થશે॥૧॥ [258]

अलोऽन्त्यस्य। એ ઉત્સર્ગ (સૂત્ર છે અને) आदेः परस्य। અને अनेकाल्शित्स्य। એ બે તેના અપવાદ (છે).પરંતુ (તુલ્યબલ) અપવાદમાં વિપ્રતિષેધ (અર્થાત્ પરસ્પર વિરોધ થવા) થી (अनेकाल्शित्सर्वस्य। પ્રમાણે) સર્વાદેશ થશે. द्व्यन्तरूपसर्गेभ्यो ऽप ईत्। પ્રમાણે [259] થતાં द्वीपम्।

---

સ્થાનિવદ્ભાવથી થએલ हि વિશે લોપ રૂપી કાર્ય નથી થતું. તે રીતે तु ને સ્થાને થએલ तातङ् માં પણ સ્થાનિવદ્ભાવને આધારે पित्त्व નહીં થાય. તેથી ગુણ નહીં થાય.

[255] नियोग- એટલે નિયમ(ના.) અર્થાત્ સૂત્ર દ્વારા જે નિયમ, વિધિ કરવામાં આવ્યો હોય તે. તેથી જે પ્રયોજન સૂત્ર દ્વારા નિર્દેશવામાં આવ્યું હોય તે જ પ્રયોજન કહેવાય. ખરું જોતાં ङिच्च। એમ કહીને સૂત્રકારે ङित् કરવાના પ્રયોજનનો નિર્દેશ કર્યો છે, એટલે કે તેમણે સ્પષ્ટ વિધાન કર્યું છે કે ङित् આદેશ અન્ત્ય अल् ને સ્થાને થાય છે. એથી ભાષ્યમાં પ્રશ્ન કર્યો છે કે ङित् હોવાથી સર્વાદેશ થશે અને અન્ત્યાદેશ કેમ નહીં થાય ? તેનું કારણ એ કે સૂત્રકારે ङित् ને અનુલક્ષીને સર્વાદેશને લગતો નિયમ કર્યો જ નથી માટે ઉપર तातङ् ના ङित्त्व નું જે પ્રયોજન દર્શાવ્યું છે તે ન સ્વીકારી શકાય.એમ ભાવ છે.

[256] ઉપરની દલીલ સ્વીકારીને અન્ય કારણ આપે છે : સૂત્રકારે लोट् પ્રકરણમાં एरुः। (૩-૪-૮૬) સૂત્ર કર્યું છે તેથી लोट् માં इ-કારનો उ-કાર થઇને ति નો तु અને अन्ति નો अन्तु થાય છે.આ સૂત્ર પછી તરત જ તેમણે तुह्योस्तातङ० સૂત્ર કર્યું હોત તો અન્ત્યાદેશ થઇને ઇષ્ટ કાર્ય સિદ્ધ થઇ શકત, પણ સૂત્રકાર ઇચ્છે છે કે तातङ् પર થતાં ગુણ-વૃદ્ધિ ન થાય તેથી તેમણે તેને ङित् કર્યો છે. આમ तातङ् ના ङत्त्व નું સ્પષ્ટ પ્રયોજન છે અને જો સર્વાદેશ થાય તો જ ગુણ-વૃદ્ધિ નિષેધ વગેરે થઇ શકે. આમ સર્વાદેશત્વ દ્વારા તેનું ङित्त्व ગુણ-વૃદ્ધિનો બાધ કરી શકશે.

[257] पस्य એમ કહ્યું છે પણ અષ્ટાધ્યાયીમાં કોઇ પણ સ્થળે परस्य એમ ઉચ્ચારીને કાર્યનું વિધાન કરવામાં આવ્યું નથી, છતાં સૂત્રકારે तस्मादित्युत्तरस्य। માં પંચમી નિર્દેશ કર્યો છે તેથી જ્યાં જ્યાં પંચમીનું ઉચ્ચારણ કર્યું હોય ત્યાં ત્યાં પરને કાર્ય થાય છે .

[258] अलोऽन्त्यस्य। એ ઉત્સર્ગ સૂત્રના आदेः परस्य। અને अनेकाल्शित्० એ બે અપવાદ છે. તેમાં જ્યાં આ બન્ને તુલ્યબલ અપવાદ લાગુ પડવાનો પ્રસંગ આવે ત્યાં પર હોવાથી અપવાદ વિપ્રતિષેધથી अनेकाल्० લાગુ પડશે અને પરને કાર્ય ન થતાં સર્વાદેશ થશે.

[259] द्व्यन्तरूपसर्गे० પ્રમાણે द्वि, अन्तर् અને उपसर्ग પછી अप् આવતાં તેનો ई થાય છે . અહીં પંચમી નિર્દેશ છે તેથી द्वि વગેરેની પછી (પર) જે હોય તેનો ई થશે. અહીં પંચમી છે તેથી आदेः परस्य। લાગુ પડશે તેથી अप् ના આદિ (अ) નો ई થશે.આમ द्वयोः(पार्श्वयो)र्गता आपो यस्मिन्निति એ અર્થનો સમાસ કરતાં द्वि अप्--द्वि ईप्--द्वीपम् .એમ अन्तर्गता / संगताः आपः यस्मिन्निति अन्तरीपम् / समीपम् થશે.અહીં ऋक्पूरब्धूः० પ્રમાણે अ-કાર સમાસાન્ત થયો છે. આ आदेः परस्य। નું ઉદાહરણ થયું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्तरीपम्। अनेकाल्शित्सर्वस्येत्यस्यावकाशः अस्तेर्भूः। भविता भवितुम्। इहोभयं प्राप्नोति। अतो भिस ऐस्। अनेकाल्शित्सर्वस्येत्येतद्भवति विप्रतिषेधेन॥ शित्सर्वस्येत्यस्यावकाशः। इदम इश्। इतः इह। आदेः परस्येत्यस्यावकाशः। स एव। इहोभयं प्राप्नोति। अष्टाभ्य औश्। शित्सर्वस्येतद्भवति विप्रतिषेधेन॥

अनेकाल्शित्सर्वस्य॥ १। १। ५५॥

शित्सर्वस्येति किमुदाहरणम्। इदम इश्। इतः इह। नैतदस्ति प्रयोजनम्। शित्करणादेवात्र सर्वादेशो भविष्यति। इदं तर्हि।

अन्तरीपम् માં आदेः परस्य। ને અવકાશ છે, જ્યારે अस्तेर्भूः। પ્રમાણે થતાં भविता। भवितुम् માં[260] अनेकाल्शित्सर्वस्य।ને અવકાશ છે.(પરંતુ) इतः। इह માં (अनेकाल्)- शित्सर्वस्य। ને અવકાશ છે [261] (કારણ કે इश् એ शित् આદેશ છે ). आदेः परस्य। ને (આગળ કહ્યાં) તે(સ્થળોએ). अतो भिस ऐस्। એ લાગુ પડતું હોય ત્યાં બન્નેને અવકાશછે.[262] તેમાં વિપ્રતિષેધથી अनेकाल्शित्सर्वस्य। લાગુ પડશે.इदम इश्।પ્રમાણે થતાં इतः, इह માં (अनेकाल्) शित्सर्वस्य। ને અવકાશ છે (કારણ કે इश् એ शित् છે), ને (ઉપર કહ્યાં તે સ્થળોએ) અવકાશ છે. જ્યારે अष्टाभ्य औश्। એ સૂત્ર લાગુ પડતું હોય ત્યાં બન્નેને અવકાશ છે છતાં વિપ્રતિષેધથી शित् આદેશ (औश्) સર્વને બદલે થશે. [263]

જેમાં અનેક अल् હોય તે અને જેમાં श-કાર इत् હોય તે આદેશ સર્વને બદલે થાય છે ॥૧।૧।૫૫॥

शित् (આદેશ) સર્વને સ્થાને થાય છે તેનું ઉદાહરણ શું છે ? इदम इश्।પ્રમાણે થતાં इतः। इह એ (ઉદાહરણ છે).એ शित् કરવાનું પ્રયોજન નથી, કારણ કે श-કારને इत् તરીકે (વધારાનો) મૂકવાથી જ સર્વાદેશ થશે. [264] તો પછી આ

---

[260] अस्तेर्भूः। માં પંચમીનિર્દેશ નથી, ષષ્ઠીનિર્દેશ છે અને भू એ અનેકાલ્ આદેશ છે તેથી आदेः पर० લાગુ ન પડતાં अनेकाल् ० લાગુ પડીને સર્વાદેશ થશે તેથી સમગ્ર अस् ધાતુને સ્થાને भू આદેશ થશે.

[261] इदम इश्। માં इश् એ शित् આદેશ છે તેથી સર્વાદેશ થશે, કારણ કે श-કાર इत् હોવાથી अनेकाल्० એ સૂત્ર અમલી થશે.પરિણામે इदम् એ સમગ્ર સર્વનામને સ્થાને इ આદેશ થશે તેથી इतः, इह જેવાં શબ્દરૂપો બનશે.

[262] अतो भिस ऐस्। માં પંચમી નિર્દેશ છે તેથી आदेः० ને અવકાશ છે તથા ऐस् એ અનેકાલ્ આદેશ છે તેથી अनेकाल्० ને પણ અવકાશ છે. આમ અહીં તુલ્યબલ અપવાદને અવકાશ છે તેથી પર હોવાથી અપવાદવિપ્રતિષેધથી अनेकाल्० લાગુ પડતાં अ-કારાન્ત પછી આવતા भिस् નો ऐस् આદેશ થઇને रामैः, देवैः જેવાં રૂપ સિદ્ધ થશે.

[263] अष्टाभ्य औश्। માં પંચમી નિર્દેશને કારણે आदेः० લાગુ પડે છે તેથી પરના આદિનો औ થવાનો પ્રસંગ આવશે, પરંતુ औश् એ शित् આદેશ છે તેથી અહીં अनेकाल्० ને પણ અવકાશ છે. આમ તુલ્યબલ અપવાદ એક સ્થાને લાગુ પડતા હોવાથી વિપ્રતિષેધથી अनेकाल्० લાગુ પડીને अष्ट जस् / शस् એ સ્થિતિમાં સર્વાદેશ થતાં अस् / शस् નો औ આદેશ થઇને अष्टौ સિદ્ધ થશે.

[264] इदम इश्। એ સૂત્ર ઉદાહરણ તરીકે આપ્યું તેમાં शित् એ પદ નથી છતાં शित्करणादेवात्र सर्वादेशः० એમ કહેવાનો ભાવ એ છે કે આદેશને श् લગાડવાથી તે અનેકાલ્ થાય છે. આમ श् લગાડવાનું પ્રયોજન સિદ્ધ થયા પછી लशक्वतद्धिते। થી તેને इत् સંજ્ઞા થતાં तस्य लोपः। થી તેનો લોપ થશે.અહીં પ્રશ્ન થાય કે श् લોપ થયા પછી આદેશ અનેકાલ્ નથી રહેતો, એકાલ્ થાય છે.પછી સર્વાદેશ કેવી રીતે થાય ? પરંતુ शित्कारणादेव० વગેરે કહેવાનો આશય એ છે કે લોપ થયા પૂર્વે જે (ભૂતપૂર્વ અનેકાલ્ હતો) તેને આધારે શાસ્ત્ર પ્રવૃત્ત થશે(ના.), તેથી સર્વાદેશ થશે.આમ સૂત્રમાં इश् ને લગાડેલ इत्, श-કારનો લોપ થયો તે પૂર્વે અનેકાલ્ હતો તેથી अनेकाल्सर्वस्य। એટલું જ સૂત્ર હોત તો પણ સર્વાદેશ થાય જ છે તેથી સૂત્રમાં शित्- ગ્રહણ કરવાની જરૂર નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अष्टाभ्य औश्। ननु चात्रापि शित्करणादेव सर्वादेशो भविष्यति। इदं तर्हि। जसः शी। जश्शसोः शिः। ननु चात्रापि शित्करणादेव सर्वादेशो भविष्यति। अस्त्यन्यच्छित्करणे प्रयोजनम्। किम्। विशेषणार्थः। क्व विशेषणार्थेनार्थः। शि सर्वनामस्थानम्। विभाषा ङिश्योः। इति॥ शित्सर्वस्येति शक्यमकर्तुम्। कथम्। अन्त्यस्यायं स्थाने भवन्न प्रत्ययः स्यात्। असत्यां प्रत्ययसंज्ञायामित्संज्ञा न स्यात्। असत्यामित्संज्ञायां लोपो न स्यात्। असति लोपेऽनेकाल्। यदानेकाल् तदा सर्वादेशः। यदा सर्वादेशस्तदा प्रत्ययः। यदा प्रत्ययस्तदेत्संज्ञा। यदेत्संज्ञा तदा लोपः॥

**अष्टाभ्य औश्**। એ (ઉદાહરણ છે).[265] પણ અમે કહ્યું તેમ અહીં પણ **श**-કારને **इत्** તરીકે (વધારાનો) મૂકવાથી જ સર્વાદેશ થશે. તો પછી **जसः शी**। અને **जश्शसोः शि**। એ (સૂત્રો તેનાં ઉદાહરણ છે)[266] પરંતુ અમે કહ્યું તેમ અહીં પણ **श**-કારને **इत्** તરીકે (વધારાનો) મૂક્યો છે તેથી જ સર્વાદેશ થશે. અહીં **शित्** કરવાની પાછળ તો બીજો હેતુ છે.[267] શો હેતુ છે ? **श**-કાર વિશેષણ તરીકે ઉપયોગી છે. ક્યાં વિશેષણ તરીકે ઉપયોગી છે ? **शि सर्वनामस्थानम्**। **विभाषा ङिश्योः**। એ સૂત્રોમાં. (આ સૂત્રમાં જે) **शित्सर्वस्य** એમ (કહ્યું) છે તે ન કહ્યું હોય તો ચાલે. કેવી રીતે? (કારણ કે **शित्**) જો અન્ત્યને સ્થાને જ થાય તો તે પ્રત્યય ન બને અને (જો તેની) પ્રત્યય સંજ્ઞા ન હોય તો (**लशक्वतद्धिते**। પ્રમાણે) **इत्** સંજ્ઞા ન થાય અને જો **इत्** સંજ્ઞા ન થાય તો તેનો (**तस्य लोपः**। પ્રમાણે) લોપ ન થાય અને જો લોપ ન થાય તો તે ( **इश्** વગેરે) **अनेकाल्** (થશે) અને જ્યારે **अनेकाल्** હોય ત્યારે તો સર્વાદેશ (થશે). જ્યારે સર્વાદેશ થશે ત્યારે તે પ્રત્યય થશે, પ્રત્યય થશે તો **इत्** સંજ્ઞા થશે અને જ્યારે **इत्** સંજ્ઞા થશે ત્યારે લોપ થશે.[268]

---

[265] (નોંધ ૨૬૪) **इदम इश्**। સ્વીકાર્ય નથી તેથી **शित्** નું બીજું ઉદાહરણ છે **अष्टाभ्य औश्**। અહીં **औश्** એ આદેશ **शित्** છે તેથી (**अनेकाल्**) **शित्सर्वस्य**। પ્રમાણે સર્વાદેશ થઇ શકશે. એમ પુર્વ પક્ષીની દલીલ છે.

[266] હવે બીજું દૃષ્ટાન્ત આપે છેઃ **जसः शी**। **जश्शसोः शि**। એ બે સૂત્રોમાં પણ આદેશ **ई** , **इ** ને **शित्** કર્યા હોવાથી તે અનેકાલ્ થાય છે પરિણામે તે પણ યોગ્ત ઉદાહરણ નથી એમ શંકાકાર નું કહેવું છે.

[267] ભૂતપૂર્વગતિ (નોંધ ૨૬૫) થી અનેકલ્ થાય છે એમ કહેવા પાછળ કોઇ પ્રમાણ નથી. તેથી તેને કારણે આદેશ અનેકાલ્ થાય છે એમ ન કહી શકાય, છતાં સર્વાદેશ તો **शित्** કરવાને લીધે જ થયો છે તેથી સૂત્રમાં **शित्** નું ગ્રહણ કરવું જરૂરી છે એમ ભાવ છે.

[268] **शि** વગેરેનો સર્વાદેશ થાય તે પહેલાં તે પ્રત્યયનો આદિ ન કહેવાય તેથી **श**- કારને **इत्** સંજ્ઞા ન થાય તે વાત સિદ્ધ કરવા માટે ભાષ્યમાં **अन्त्यस्यायं भवन्** વગેરે કહ્યું છે,પરંતુ **सर्वनाम्नः** (**जसः शी**)। **नपुंसकात्**। વગેરેમાં પંચમી નિર્દેશ છે તેથી **आदेः०** પ્રમાણે આદિનો આદેશ થવો જોઇએ તો પછી 'જો **शित्** અન્ત્યનો આદેશ થાય તો વગેરે' એમ શા માટે કહ્યું એવી શંકા થાય તેનું નિવારણ કરવા માટે **सर्वनाम्नः** સંબંધ ષષ્ઠી લઇશું તેથી 'સર્વનામને અનુલક્ષીને થતા **जस्** નો **शी** થાય છે' એમ **जसः शी**। નો અર્થ સમજાશે અને **नपुंसकात्** ને વિહિતનું વિશેષણ ગણીશું તેથી નપુંસક પછી જેનું વિધાન કરવામાં આવ્યું છે તે ( **जस्**, **शस्** નો **शि** થાય છે) એમ સમજાશે. એમ થતાં **आदेः०** ને અવકાશ નથી રહેતો, કારણ કે એ સૂત્રમાં **पर** શબ્દ વ્દારા પરને લગતું વિધાન થતું નથી. આથી સૂત્રમાં **शित्** નું ગ્રહણ કર્યુ છે તે જ્ઞાપન કરે છે કે અનુબંધને કારણે આદેશ અનેકાલ્ થતો નથી.અથવા તો સૂત્રમાં **शित्** નું ગ્રહણ ન કર્યુ હોય તો પણ આ પ્રત્યયો અનેકાલ્ હોવાથી **आदेः०** નો બાધ કરીને સર્વાદેશ થશે. તેથી સૂત્રમાં જે **शित्** ગ્રહણ કર્યુ છે તેનું કોઇ પ્રયોજન નથી રહેતું છતાં સૂત્રકારે તેનું ગ્રહણ કર્યુ છે તેથી જ્ઞાપન થાય છે કે અનુબંધ અવયવભૂત નથી (**अनेकान्त** છે), તેથી તેને કારણે આદેશ વગેરે અનેકાલ્ થતા નથી. **शि** , **शी** વગેરે જ્યાં સુધી આદેશ નથી થતા ત્યાં સુધી **इत्** સંજ્ઞા નથી થતી તેથી લોપ પણ થતો નથી પરિણામે અનેકાલ્ હોવાથી **आदेः०** નો બાધ કરીને સર્વાદેશ થશે. આમ **शी** વગેરે **शित्** હોવાથી જ સર્વાદેશ થશ, કારણ કે તેમાંનો **श**-કાર પણ અનુબંધ છે અને જ્યારે તે **शी** વગેરે આદેશનું વિધાન કરવામાં આવ્યું તે કાળે, ભાષ્યમાં કહ્યું છે તેમ, તેને **श**-કાર અનુબંધ લાગેલો છે તે જ્ઞાન હતું જ , કારણ કે સર્વાદેશ કરવાનો હોય છે તેથી જ આદેશોને **शित्** કરવામાં આવે છે. તેમ ન હોય તો **आतोऽनुपसर्गे कः**। થી થતા **क** પ્રત્યય વગેરેમાંના **क्** વગેરે અનુબંધ છે તેનું જ્ઞાન **लशक्वतद्धिते**। એ વાક્યના જ્ઞાન પછી થાય, તેને **इत्** સંજ્ઞા થઇને લોપ થાય એમ હોય તો વિધાન કાળે **क्** અનુબંધ છે તેનું જ્ઞાન ન હોવાથી **नानुबन्धकृतमसारूप्यम्**। (અનુબંધને કારણે અસારૂપ્ય નથી થતું) એ પરિભાષા પ્રાપ્ત નહી થાય તેથી વિકલ્પ થવાનો પ્રસંગ આવશે.જેમ કે **कर्मण्यण्**। પ્રમાણે **अण्** થાય છે અને **आतोऽनुपसर्गे कः**।



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एवं तर्हि सिद्धे सति यच्छित्सर्वस्येत्याह तज्ज्ञापयत्याचार्योऽस्त्येषा परिभाषा नानुबन्धकृतमनेकाल्त्वं भवतीति। किमेतस्य ज्ञापने प्रयोजनम्। तत्रासरूपसर्वादेशदाप्प्रतिषेधेषु पृथक्त्वनिर्देशोऽनाकारान्तत्वादित्युक्तं तन्न वक्तव्यं भवतीति ॥

इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां सप्तममाह्निकम् ॥७॥

આ આ રીતે (સર્વાદેશ) સિદ્ધ થાય છે છતાં (સૂત્રકારે) **शित्सर्वस्य** એમ (કહ્યું)છે તે ઉપરથી આચાર્ય જ્ઞાપન કરે છે કે અનુબન્ધને કારણે પ્રત્યય **अनेकाल्** બનતો નથી.[269] એનું જ્ઞાપન કરવાનું શું પ્રયોજન? ( પ્રયોજન એ કે) તેમ કરવાથી **असरूपसर्वादेशदाप्प्रतिषेधेषु पृथक्त्वनिर्देशोऽनाकारा-न्तत्वात्**।એમ (વાર્તિકદ્વારા) જે કહ્યું છે તે કહેવું ન પડે.[270]

**इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां सप्तममाह्निकम् ॥७॥**

---

પ્રમાણે **क** થાય છે. **अण्** અને **क** એ બન્નેમાં મૂળ પ્રત્યય **अ** છે એટલે કે તે સમાન રૂપ છે પરંતુ તેમને લાગેલા અનુબંધને કારણે તે અસમાન (**असरूप**) લાગે છે તેથી **वाऽसरूपोऽस्त्रियाम्**। પ્રમાણે વિકલ્પ થવાનો પ્રસંગ આવે.

[269] પરંતુ **नानुबन्धकृतमनेकाल्त्वम्**। (અનુબંધને કારણે આદેશ વગેરે અનેકાલ્ થતા નથી.) એ પરિભાષા વ્દારા સૂચવાય છે કે અનુબંધને **अल्** ગણવામાં આવતા નથી. તેથી જ અનુબંધને કારણે થતાં ગુણ-વૃદ્ધિ અથવા તેમનો નિષેધ જેવાં કાર્યો કરવાનાં હોય ત્યાં **अनल्विधौ** એમ કહીને સ્થાનિવદ્દભાવનો જે નિષેધ કર્યો છે તે લાગુ પડતો નથી. એમ ન હોય તો **समासेऽनञ्पूर्वे**। પ્રમાણે **क्त्वा** ને સ્થાને જે **य (ल्यप्)** થાય છે તે **कित्** ન થાત.નોધઃ અનુબંધનો લોપ કરવાથી સ્થાની અનુબંધરહિત જ થશે, પરંતુ તેથી તે સ્થાનીનો અવયવ નથી થતો એમ નથી, કારણ કે સૂત્રમાં જેનું સ્થાનષષ્ઠી સાથે ઉચ્ચારણ કરવામાં આવ્યું હોય તેને સ્થાની કહેવામાં આવે છે અને **क**-કાર ષષ્ઠીનિર્દિષ્ટનો અવયવ છે તેથી તે પણ સ્થાનીનો અવયવ જ છે. નહીં તો **अग्रहीत्** જેવામાં **इट ईटि**। પ્રમાણે દીર્ઘ ન થાત. આ વાત આગળના સૂત્રમાં સ્પષ્ટ થશે.

[270] જ્ઞાપનનાં પ્રયોજન દર્શાવતાં ભાષ્યકારે ત્રણ દોષ બતાવ્યા છે. આ પરિભાષા હોય તો તે દોષોને નિવારી શકાય. (૧)**असरूप०** જ્યાં **क** થતો હોય ત્યાં **ण** થવાનો પ્રસંગ આવશે.(૨) **सर्वादेश०** સર્વાદેશ થાય છે ત્યાં **दिव औत्**। જેવામાં સર્વાદેશ થવાનો પ્રસંગ આવશે. એટલે કે **दिव्** પ્રાતિપદિકના અન્ત્યનો **औ** થવાને બદલે સર્વાદેશ થવા જશે, (૩) **अनाकारान्तत्वात्-(दाप्प्रतिषेधः)** ---**दाधाघ्वदाप्**। એ સૂત્ર પ્રમાણે થતી **घु** સંજ્ઞામાં **दाप्** અને **दैप्** ને **अदाप्** એમ કહીને સંજ્ઞાનો પ્રતિષેધ કર્યો છે ત્યાં **दाप्** ની સાથે **दैप्** નું પૃથક્ ગ્રહણ કરવું પડશે, કારણ કે **दैप्** ધાતુ **आ**-કારાન્ત નથી. અનુબંધ અનેકાન્ત હોય તો જ્ઞાપન આવશ્યક નથી,પરંતુ જો તેને એકાન્ત ગણવામાં આવે તો જ્ઞાપન જરૂરી છે એ જ મુખ્ય પક્ષ છે (ના.)

**इति श्रीभगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्यस्य प्रथमाध्यायस्य प्रथमेपादे सप्तममाह्निकस्य तरला नाम टीका समाप्ता ॥७॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

स्थानिवदादेशोऽनल्विधौ ॥१।१।५५॥

वत्करणं किमर्थम्। स्थान्यादेशोऽनल्विधावितीयमुच्यमाने संज्ञाधिकारोऽयं तत्र स्थान्यादेशस्य संज्ञा स्यात्। तत्र को दोषः। आङो यमहन आत्मनेपदं भवतीति वधेरेव स्याद्धन्तेर्न स्यात्। वत्करणे पुनः क्रियमाणे न दोषो भवति।

એક વર્ણને લગતો વિધિ ન હોય ત્યાં આદેશને સ્થાની જેવો ગણવો ॥૧।૧।૫૫॥

અહીં **स्थानिवत्** એમ **वत्** શા માટે લગાડ્યો છે? [1]જો **स्थान्यादेशोऽनल्विधौ।** એટલું જ સૂત્ર કરવામાં આવે તો **आदेश** ની જ **स्थानी** સંજ્ઞા થશે, કારણ કે આ સૂત્ર સંજ્ઞાનો પ્રસ્તાવ કરનારાં સૂત્રોમાંનું છે.[2] તેમાં શો વાંધો?[3] **आङो यमहनः।** પ્રમાણે જે **आत्मनेपद** થાય છે તે (આદેશ) **वध** નું જ થશે સ્થાનીભૂત **हन्** નું નહીં થાય.[4] પરંતુ (**स्थानिवत्** એમ) **वत्** લગાડ્યો હોય તો દોષ આવતો નથી.

---

[1] **असंयोगाल्लिट् कित्।** માં **किद्वत्** નો અર્થ, **गोतो णित्।** માં **णिद्वत्** ને અર્થ અને **गाङ्कुटादिभ्योऽञ्णिन्ङित्।** માં **ङिद्वत्** નો અર્થ જે તે સૂત્રમાં **वत्** નો પ્રયોગ કર્યો નથી કર્યો તો પણ **वत्** નો અર્થ સમજાય છે તેમ પ્રસ્તુત સૂત્રમાં પણ **स्थानिवत् आदेशः** એમ ન કહેતાં **स्थान्यादेशः** એમ કહ્યું હોત તો પણ **स्थानिवत्** નો અર્થ સમજી શકાત.તેથી અહીં **वत्** પ્રયોજ્યો ન હોત તો ચાલત એમ ભાવ છે.

[2] **संज्ञाऽधिकारः।** એમ કહ્યું છે તેમાં અધિકાર શબ્દ પ્રકરણ- સંદર્ભ એ અર્થમાં છે, કારણ કે આ પાદમાં આગળનાં સૂત્રોમાં **वृद्धि**, **गुण**, **अनुनासिक** વગેરે સંજ્ઞાઓ કરી છે, જ્યારે પાછળનાં સૂત્રોમાં **लोप**, **टि**, **उपधा** વગેરે સંજ્ઞા કરવામાં આવી છે.આમ અહીં સંજ્ઞાનો જ સંદર્ભ છે તેથી **स्थान्यादेशः** એમ કહેવામાં આવે તો સ્થાની આદેશની સંજ્ઞા છે એમ સમજાશે અને ઇષ્ટ કાર્ય નહીં થઇ શકે.

[3] એટલે કે કે સંજ્ઞા-સંજ્ઞી સંબંધ થવા છતાં સ્થાનીને લગતાં કાર્ય આદેશને થઇ શકશે પછી **स्थान्यादेशः** એમ કહેવામાં શો વાંધો છે?

[4] સૂત્રમાં **वत्** નું ગ્રહણ ન કરવામાં આવે તો સંજ્ઞા-સંજ્ઞી સંબંધ સમજાશે તેથી **आङो यमहनः।** પ્રમાણે **आहन्** જ્યારે અકર્મક હોય ત્યારે આત્મનેપદ થાય છે તે **आहनिष्यते** જેવાં સ્થળે ન થવાનો પ્રસંગ આવશે,કારણ કે **हनो वध लिङि।** એ સૂત્રમાં પણ **हन्** એ **वध** ની સંજ્ઞા છે તેમ સમજાશે. પરિણામે જ્યાં જ્યાં સંજ્ઞા **हन्** નું સૂત્રમાં ગ્રહણ કર્યું હોય ત્યાં ત્યાં એટલે કે સંજ્ઞાપ્રદેશોમાં સંજ્ઞા **हन्** સંજ્ઞી **वध** નો બોધ કરાવીને નિવૃત્ત થઇ જશે, કારણ કે સંજ્ઞાને પોતાને કોઇ કાર્ય થતું નથી. આમ **आ वध** ને જ આત્મનેપદ થશે **आ हन्** ને ન થવાનો પ્રસંગ આવશે. પરંતુ સૂત્રમાં **वत्** નું ગ્રહણ કરવામાં આવ્યું હોય તો કાર્યાતિદેશ થતાં સ્થાનીને અનુલક્ષીને કહેલું કાર્ય આદેશને થઇ શકશે પણ તેથી સ્થાનીને વિશે તે કાર્ય થતાં અટકી નથી જતાં તેથી **आहनिष्यते** રૂપ થઇ શકશે.આ પાદમાં **वत्** ના પ્રયોગ સિવાય અતિદેશનો અર્થ ન સમજાતો હોય તો પછી **बहुगणवतु०** એ સૂત્ર માં ભાષ્યકારે **वत्** ના પ્રયોગ વિના પણ અતિદેશ થાય છે એ મત એ માટે સ્વીકાર્યો છે કે ત્યાં **संख्या** શબ્દ **संख्यायतेऽनया इति संख्या।** એમ અન્વર્થ લીધો છે અને તેનો લૌકિક અર્થ લીધો છે તેથી **वत्** ના પ્રયોગ વિના ત્યાં અતિદેશ થઇ શકશે એમ કહ્યું છે.વળી સ્થાનિવત્સૂત્રમાં **वत्** ગ્રહણ કરવાથી સ્થાનીના કાર્યનો આદેશને વિશે અતિદેશ થશે એમ કહ્યું છે તે ઉપર જણાવેલ **असंयोगाल्लिट्०** વગેરે સૂત્રમાં**कित्** વગેરે **लिट्** ની સંજ્ઞા છે એમ કોઇ શંકા કરે એમ વિચારીને કે. કહે છે કે **कित्**, **पित्** વગેરે સંજ્ઞા નથી, કારણ કે સૂત્રકારે **न क्त्वासेट्।** એ સૂત્રમાં **सेट् क्त्वा** પ્રત્યય **कित्** નથી એમ કહીને જે પ્રતિષેધ કર્યો છે તે ઉપરથી સમજાય છે કે **कित्** એ સંજ્ઞા નથી, કારણ કે સૂત્રકારે **क्त्वा** ની **कित्** સંજ્ઞા ક્યાંય પણ નથી કરી કે જેનો પ્રસ્તુત સૂત્રમાં પ્રતિષેધ કરે. આમ એ સૂત્રોમાં **कित्** વગેરે **वत्** ના પ્રયોગ વિના પણ અતિદેશનો અર્થ સમજાશે.**आदगमहनजनः किकिनौ लिट्च।**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

स्थानिकार्यमादेशेऽतिदिश्यते गुरुवद् गुरुपुत्र इति यथा॥ अथादेशग्रहणं किमर्थम्। स्थानिवदनल्विधावितीयमुच्यमाने क इदानीं स्थानिवत्स्यात्। यः स्थाने भवति। कश्च स्थाने भवति। आदेशः। इदं तर्हि प्रयोजनमादेशमात्रं स्थानिवद्यथा स्यात्। एकदेशविकृतस्योपसंख्यानं चोदयिष्यति तन्न वक्तव्यं भवति॥ अथ विधिग्रहणं किमर्थम्। सर्वविभक्त्यन्तः समासो यथा विज्ञायते। अलः परस्य विधिरल्विधिः। अलो विधिरल्विधिः। अलि विधिरल्विधिः। अला विधिरल्विधिः।

કારણ કે તેથી જેવી રીતે **गुरुवत् गुरुपुत्रे**। (ગુરુપુત્ર પ્રત્યે ગુરુની જેમ વર્તવું)' એમ (અતિદેશ કરવામાં આવે છે તેમ) સ્થાનીને લગતા કાર્યનો આદેશને વિશે અતિદેશ કરવામાં આવે છે.[5] હવે (અહીં) **आदेश** શબ્દ શા માટે મૂક્યો છે ?[6] (કારણ કે) **स्थानिवदनल्विधौ**। એટલું જ કહેવામાં આવે તો પણ સ્થાની જેવો કોણ થશે ભલા ?[7] જે તેના સ્થાને થવાનો હોય તે. તો (સ્થાનીની) જગ્યાએ કોણ થાય છે ? આદેશ(થાય છે).તો પછી સૂત્રમાં **वत्** શબ્દ મૂકવાનું એ પ્રયોજન હોવું જોઈએ કે તેથી દરેક પ્રકારનો આદેશ સ્થાનીના જેવો ગણાય.[8] (તેથી) એક ભાગમાં ફેરફાર થયો હોય તેનું પણ ગ્રહણ કરવું'[9] એમ જે (વાર્તિકકાર) કહેવાના છે તે કહેવાની જરૂર નહીં પડે. હવે **विधि** શબ્દ મૂકવાની શી જરૂર છે ? (એ માટે કે) તેથી (**अल्विधिः**) એ**अलः(परस्य) विधिः**।(**अल्** ની પાછળના વર્ણને કરવામાં આવતો વિધિ) **अलः विधिः**।(**अल्** ને સ્થાને કરવામાં આવતો વિધિ) **अलि विधिः**। (**अल्** પર થતાં કરવામાં આવતો વિધિ) અથવા **अला विधिः**।

---

એ સૂત્રમાં પણ જે **लिट्** એમ કહ્યું છે ત્યાં સંજ્ઞાનો સંદર્ભ જ નથી તેથી તેનો અર્થ **लिड्वत्** એમ થશે.તેથી **लिट्** ને લગતાં દ્વિરુક્તિ વગેરે કાર્યનો અતિદેશ થઇ શકશે.

[5] સ્થાનીનો આદેશ વિશે અતિદેશ કરવામાં આવે છે એમ કહ્યું તેમાં સ્થાનીનાં કાર્યનો અતિદેશ કરવામાં આવે છે એમ ભાષ્યકારે સ્પષ્ટતા કરી છે, પરંતુ અતિદેશ તો અનેક પ્રકારના હોય છેઃ **कार्यरूपनिमित्तार्थशास्त्रतादात्म्यशब्दिताः। व्यपदेशश्च सप्तैतानतिदेशान् प्रचक्षते॥** આમ સાત પ્રકારના અતિદેશ હોવા છતાં કાર્યાતિદેશ થાય છે એમ કહ્યું છે તે એટલા માટે કે શાસ્ત્ર વગેરે અતિદેશની અપેક્ષાએ કાર્યાતિદેશ પ્રધાન છે જ્યારે બાકીના સર્વ અતિદેશ કાર્ય માટે હોય છે, શાસ્ત્ર કે નિમિત્ત અતિદેશની અપેક્ષા રાખ્યા વિના પ્રત્યયત્વ વગેરે રૂપી કાર્ય કાર્યાતિદેશ દ્વારા જ થાય છે.

[6] **पितृवदधीते**। જેવા પ્રયોગોમાં પિતાની જેમ અધ્યયન કરે છે એટલું જ કહેવા છતાં પુત્રનો અર્થ સમજાય છે, કારણ કે **पितृ** એ સંબંધી શબ્દ છે. તે જ રીતે **स्थानी** પણ સંબંધી શબ્દ છે તેથી તેના ઉપરથી આદેશનો આક્ષેપ થઇ શકશે તો પછી સૂત્રમાં **आदेश** શબ્દનું ગ્રહણ કરવાની શી જરૂર છે? એમ પ્રશ્નકર્તા કહેવા માગે છે.

[7] **स्थानिवदनल्विधौ**। એટલું કહેવાથી આક્ષેપ દ્વારા આદેશનો બોધ થતો હોય તો **क इदानीं स्थानिवत्स्यात्**। એ પ્રશ્ન અસ્થાને છે. એ પ્રકારની શંકા નિરર્થક છે,કારણ કે આદેશ બે પ્રકારના હોય છે : પ્રત્યક્ષ અને આનુમાનિક, જેમ કે **अस्तेर्भूः**। એ સૂત્રમાં **अस्** ને સ્થાને **भू** થાય છે એમ કહીને પ્રત્યક્ષ રીતે **भू** નું ગ્રહણ કર્યું છે તેથી **भू** એ **अस्**નો પ્રત્યક્ષ આદેશ છે. પરંતુ **एरुः**। માં **इ** નો **उ** થાય છે તેમ કહ્યું છે તેમાં આદેશનો પ્રત્યક્ષ ઉલ્લેખ નથી પરંતુ અનુમાન કરી શકાય છે કે **इ**-કારાન્તને સ્થાને **उ**-કરાન્ત આદેશ થાય છે. તેથી **ति** ને સ્થાને **तु** થશે એમ સમજાય છે. આ આનુમાનિક આદેશ થયો. હવે જો સૂત્રમાં **आदेश** શબ્દનું ગ્રહણ ન કર્યુ હોય તો માત્ર પ્રત્યક્ષ આદેશનું ગ્રહણ થશે આનુમાનિકનું નહીં થાય એ દોષ આવશે.

[8] **आदेश** ગ્રહણનું પ્રયોજન બતાવતાં " **आदेशमात्रम्** વગેરે "કહ્યું છે, એટલે કે આદેશ શબ્દનું ગ્રહણ કરવાને પ્રતાપે પ્રત્યક્ષ કે આનુમાનિક બધા જ આદેશને પ્રસ્તુત સૂત્ર લાગુ પડીને સ્થાનિવદ્‌ભાવ થશે.**एरुः**। માં **इ** પ્રત્યક્ષ સ્થાની છે અને **उ** પ્રત્યક્ષ આદેશછે પરંતુ **इ** ને લગતું એવું કોઇ જ કાર્ય નથી કે જેનો ઉ-કાર વિશે અતિદેશ થઇ શકે.તેથી **ति** શબ્દને લગતા કાર્યનો **तु** શબ્દને વિશે અતિદેશ કરવામાં આવે છે એમ અનુમાન દ્વારા સમજી શકાય છે. એમ છતાં **पचतु** જેવામાં **सुप्तिङन्तं पदम्**। પ્રમાણે પદ સંજ્ઞા સિદ્ધ થઇ શકશે,એટલે કે **पच(ति)** ને જેમ પદ સંજ્ઞા થવા રૂપી કાર્ય થાય છે તેમ **पच (तु)** ને પણ થશે.તે રીતે **देवदत्तः पचति**। એ વાક્યમાં **पदस्य**। એ અધિકાર નીચેના **तिङ्ङतिङः**। પ્રમાણે કરવામાં આવતો નિઘાત થઇ શકશે. તથા **पचतु ते ओदनम्**। એ વાક્યમાં **पदात्**। એ અધિકાર નીચેના **तेमयावेकवचनस्य**। પ્રમાણે **युष्मद्** નો **पचतु** એ પદ પછી **ते** આદેશ થઇ શકશે.આનુમાનિક આદેશનું ગ્રહણ થઇ શકતું હોય તો જ તે શક્ય છે .

[9] **एकदेशविकृतस्योपसंख्यानम्**। એ વા(૧૦) ઉપરની નોંધ જુઓ.

Jain Education International

For Personal & Private Use Only
www.jainelibrary.org

**नैतदस्ति प्रयोजनम्। प्रातिपदिनिर्देशोऽयम्।**

(अल्‌ના સંબંધને કારણે થતો વિધિ) એમ સર્વ વિભક્તિયુક્ત પદોનો સમાસ છે એમ સમજાય.[10] એ પ્રયોજન નથી, (કારણ કે) આ (સૂત્રમાં જે) अल् (શબ્દ છે તે) પ્રાતિપદિકનો નિર્દેશ છે.

---

[10] અહીં પ્રશ્ન થઇ શકે કે **अनल्विधौ** એ તો સપ્તમ્યન્ત છે છતાં ભાષ્યકારે અનેક વિભક્ત્યન્ત એમ કેમ કહ્યું છે? કે.કહે છે કે સર્વ વિભક્તિ જેને અંતે હોય તેવો અવયવ જેમાં છે તે **सर्वविभक्त्यन्त** . અહીં **सर्व** શબ્દ બહુના અર્થમાં લેવાનો છે, કારણ કે ભાષ્યકારે પંચમી, સપ્તમી. ષષ્ઠી અને તૃતીયા એ ચાર જ વિભક્તિનાં ઉદાહરણ આપ્યાં છે. વળી પ્રથમા, દ્વિતીયા અને ચતુર્થી દ્વારા સૂત્રોમાં **अल्** નો નિર્દેશ કરવામાં આવતો નથી .અહીં સંબંધમાત્રના અર્થમાં ષષ્ઠી લેવામાં આવે તો તેમાં બધી જ વિભક્તિઓ સમાઇ જતી હોવાથી સર્વવિભક્ત્યન્ત છે તેમ કહી શકાય. **अल्विधि** શબ્દને કે.અન્ય રીતે પણસમજાવે છે.કોઇ વિશિષ્ટ પ્રવૃત્તિનિમિત્તનો આધાર લીધા વિના માત્ર એટલું જ લેવામાં આવે કે **अल्विधि** શબ્દ દ્વારા જે સૂચવાય છે તે **अल्विधि** , તેથી તે **सर्वविभक्त्यन्त** છે તેમ પણ કહી શકાય, પરંતુ સૂત્રમાં **विधि** શબ્દનું ગ્રહણ ન કર્યું હોય તો તે શક્ય નથી. જો કેવળ **अल्** શબ્દનું જ ગ્રહણ કર્યું હોય તો જે વિભક્તિ સાથે સૂત્રમાં તેનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તેનો જ અર્થ તે દર્શાવે. પરિણામે બાકીની વિભક્તિઓને લગતાં કાર્યો ન થઇ શકે.દા.ત. **(१) अलः विधिः** એટલે **अलः परस्य** એમ પંચમી હોય ત્યારે **अल्** પછી આવનારને થતા કાર્યમાં સ્થાનિવદ્ભાવ નથી થતો એમ સૂત્રાર્થ કરતાં **द्यौः,पन्थाः,सः** વગેરેમાં સ્થાનિવદ્ભાવ ન થવાથી **सु** લોપ નહી થાય.**द्यौः--दिव औत्।** પ્રમાણે **दिव्** પ્રાતિપદિકના **व्** નો **सु** પર થતાં **औ** થાય છે. હવે જો **औ** આદેશ તેનો સ્થાની **व्** જ છે એમ સ્થાનિવદ્ભાવ થાય તો **सु** પૂર્વે **व्** છે એમ સ્વીકારવું પડે અને તેમ હોય તો **व्** એ **हल्** પછી **स्** એ અપૃક્ત **हल्** આવવાથી **हल्ङ्याब्भ्योदीर्घात्०** પ્રમાણે તેનો લોપ થવાનો પ્રસંગ આવે અને **द्यौ** એમ અસાધુ રૂપ થવા જાય, પરંતુ સ્થાનિવદ્ભાવ થતો નથી તેથી ઇષ્ટ રૂપ સિદ્ધ થઇ શકશે.**पन्थाः**--પ્ર.એ.વ.નો **सु** પર થતાં **पथिमथ्यृभुक्षामात्।** પ્રમાણે **पथिन्** નો **आत्** (**आ**) થાય છે.તે **अलोऽन्त्यस्य।** પ્રમાણે અન્ત્ય **न्** ને સ્થાને થતાં **पथिन् सु-पथि आ सु** એ સ્થિતિમાં પુંલ્લિંગી **पथिन्** પૂર્વે **सु** ને **सुडनपुंसकस्य।** પ્રમાણે સર્વનામસ્થાન સંજ્ઞા થતાં **इतोऽत्सर्वनामस्थाने।** પ્રમાણે **इ** નો **अत्** થતાં **पथ आ सु** એમ થતાં **थोन्थः।** થી **थ** નો **न्थ** થતાં **पन्थ आ सु**-- **अकः सवर्णे०** થી દીર્ઘ થઇને **पन्था सु--पन्थास्--ससजुषोरुः।** થી **रुत्व--पन्थार्** થઇને **खरवसानयोः०**-- વિસર્ગ થઇને **पन्थाः** રૂપ થયું છે.હવે જો સ્થાની **न्** ને સ્થાને જે આદેશ **आ** થયો છે તે સ્થાનિવત્ છે, એટલે કે **आ** એ **न्** છે એમ સમજવામાં આવે તો **हल्** **न**-કાર પછી અપૃક્ત **स्** આવ્યો છે તેથી તેનો ઉપર પ્રમાણે લોપ થવાનો પ્રસંગ આવશે, પરંતુ સૂત્રમાં **विधि** શબ્દનું ગ્રહણ કર્યું છે તેથી **अलः परतः विधिः** એમ અર્થ કરતાં અહીં સ્થાનિવદ્ભાવ નહીં થાય, કારણ કે **स्** લોપ એ **अल्** ની પછી આવનારને થનારૂં કાર્ય છે. **सः- तद् सु- त्यदादीनामः।** થી અન્ત્યનો **अ--त अ सू--अतो गुणे।** પરરૂપ એકાદેશત **स्** થતાં **तदोः साव०** થી **त्** નો **अस्** થતાં **सस्** એ સ્થિતિમાં જો સ્થાનિવદ્ભાવ થાય એટલે કે આદેશ **अ** એ તેનો સ્થાની **द्** છે એમ સમજ્યામાં આવે તો **हल् द्** પછી આવતા અપૃક્ત **स्** નો લોપ થઇને અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવે પરંતુ **अलिविधिः** શબ્દનો **अलः परतः विधिः** એમ અર્થ કરતાં અહીં સ્થાનિવદ્ભાવ નહીં થાય તેથી **सः** એ ઇષ્ટ રૂપ થશે.**(२) अल्विधिः** સમાસને **अलः विधिः** એમ ષષ્ઠી સમાસ ગણતાં '**अल्** ને સ્થાને થનાર વિધિ' એમ અર્થ સમજાશે તેથી **द्युकामः** જેવાં રૂપો સિદ્ધ થશે.**दिवि कामोऽस्य** એ વાક્યનો સમાસ કરતાં **दिव् कामः** એ સ્થિતિમાં પ્રાતિપદિક **दिव्** ના **व**-કારનો **दिव उत्।** પ્રમાણે **उ** થતાં **द्युकामः** થશે. હવે અહીં સ્થાનિવદ્ભાવ થાય તો આદેશ **उ** એ સ્થાની **व्** જ છે એમ સમજાય તો **व्** પછી **वल्** પ્રત્યાહારમાંનો વર્ણ **क्** (**कामः** નો **क्**) આવ્યો હોવાથી **लोपो व्योः०** પ્રમાણે **व्** નો લોપ થવાનો પ્રસંગ આવશે, પરંતુ **दिव उत्।** માં **अल्** ને સ્થાને **उ** નું વિધાન કરવામાં આવ્યું છે (**अलः विधिः**) તેથી અહીં સ્થાનિવદ્ભાવ નહીં થાય.કોઇ દલીલ કરે કે **द्युकामः** રૂપ અવશ્ય સિદ્ધ થશે, કારણ કે જો **द्यु** ના **उ**-કારને સ્થાની **व्** સમજવામાં આવે તો તો **दिव उत्।** સૂત્ર નિરવકાશ બને અને તેમ છતાં સૂત્રકારે એ સૂત્ર કર્યું છે તેથી સૂચવાય છે કે અહીં સ્થાનિવદ્ભાવ થતો નથી. પરંતુ આ દલીલ સાચી નથી , કારણ કે **दिव उत्।** સૂત્ર નિરવકાશ નથી. **अहर्विमलद्यु** જેવાં સ્થળે સાવકાશ છે. તે દૃષ્ટાન્તમાં **वल्** પ્રત્યાહારમાંનો વર્ણ પર નથી તેથી **लोपोव्योः०** પ્રમાણે **उ** નો લોપ થવાનો પ્રશ્ન નથી રહેતો. **(३) अल्विधिः-अलि (परतः) विधिः** એમ સપ્તમી સમાસ લેતાં '**अल्** જ્યારે પર થતો હોય ત્યારે થતો વિધિ' એમ અર્થ થશે. **क इष्टः। स इष्टः।** આ બન્ને ઉદાહરણોમાં **इष्टः** એ **यज्** ધાતુને **कित्** પ્રત્યય **क्त** લાગીને રૂપ થયું છે. અહીં **य्** નું **वचिस्वपियजा०** પ્રમાણે સંપ્રસારણ થઇને **इग्यणः०** પ્રમાણે **इ** આદેશ થયો છે. જો સ્થાનિવદ્ભાવથી **इ** આદેશ તે સ્થાની **य्** જ છે એમ સમજવામાં આવે તો **किम् सु इष्टः , यद् सु इष्टः**-- (**किमःकः।त्यदादीनामः।** એ સૂત્રો અનુક્રમે લાગતાં) **क स् इष्टः। य स् इष्टः** એમ થતાં **स्** નો **ससजुषोरुः।** પ્રમાણે **रु - कर् इष्टः। यर् इष्टः** એમ થતાં (**रु** ની પછી **इ** નો સ્થાની **य्** આવ્યો છે એમ સમજતાં) **हशि च।** પ્રમાણે **रु** નો **उ** થવાનો પ્રસંગ આવશે, પરંતુ **हशि च।** એ **अल्** પર હોય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रातिपदिकनिर्देशाश्चार्थतन्त्रा भवन्ति न काचित्प्राधान्येन विभक्तिमाश्रयन्ति। तत्र प्रातिपदिकार्थे निर्दिष्टे यां यां विभक्तिमाश्रयितुं बुद्धिरुपजायते सा समाश्रयितव्या॥ इदं तर्हि प्रयोजनमुत्तरपदलोपो यथा विज्ञायेत। अलमाश्रयतेऽलाश्रयः। अलाश्रयो विधिरल्विधिरिति। तत्र प्राधान्येनालाश्रीयते तत्रैव प्रतिषेधः स्यात्। यत्र विशेषणत्वेनालाश्रीयते तत्र प्रतिषेधो न स्यात्।

અને પ્રાતિપદિકના નિર્દેશો અર્થ ઉપર અવલંબે છે.[11] કોઇ વિશિષ્ટ વિભક્તિને મુખ્ય માનીને તેના ઉપર આધાર રાખતો નથી તો પછી (સૂત્રમાં) विधि શબ્દ મૂકવાનું એ પ્રયોજન હોય કે તેથી ( अल्विधि એ સમાસમાં) ઉત્તરપદનો લોપ થયો છે [12] એ જાણી શકાય. (अल् ઉપર જેનો આધાર હોય તે अलाश्रयः અને अलाश्रयो विधिः (अल् ઉપર આધાર રાખતો વિધિ તે) अल्विधिः (એમ સમજી શકાય). (જેથી) જ્યાં પ્રધાનતયા अल् નો આશ્રય લેવામાં આવ્યો હોય ત્યાં જ (સ્થાનિવદ્ભાવનો) પ્રતિષેધ થશે, પરંતુ જ્યાં ગૌણતયા अल् નો આધાર લેવામાં આવ્યો હોય ત્યાં એ પ્રતિષેધ ન થાય.

किं प्रयोजनम्। प्रदीव्य प्रसीव्येति वलादिलक्षण इण्मा भूदिति॥

---

ત્યારે થતો વિધિ (अलि परतो विधिः) છે તેથી અહીં સ્થાનિવદ્ભાવ નથી થતો પરિણામે रु નો उ નહીં થાય.ના. પ્રમાણે કે અહીં उ થાય તો પણ क इष्टः વગેરે સિદ્ધ થઇ શકશે.क इष्टः-- क उ इष्टः--एचोऽय० થી कव् इष्टः-लोपो शाकल्यस्य। થી क इष्टः એમ થશે.વિકલ્પે कविष्टः થવાનો પ્રસંગ આવશે.તે પ્રમાણે कर् इष्टः માં भोभगोअघो० પ્રમાણે रु નો લઘુપ્રયત્નતર આદેશ य् થઇને कय् इष्टः-कयिष्टः એમ થાય છે ત્યાં रु નો (अतो रोः० પ્રમાણે) उ થાય તો એમ નહીં થાય પણ એ य् નો लोपो शाकल्यस्य। પ્રમાણે લોપ થાય તો क इष्टः એમ થઇ શકશે. स इष्टः માં પણ આદેશ इ સ્થાની य् જ તેમ માનતાં एतत्तदोः सुलोपः० પ્રમાણે નિત્ય सु લોપ થવાનો પ્રસંગ આવશે પરિણામે स इष्टः એ પ્રયોગ સિદ્ધ થઇ શકશે પણ सयिष्टः સિદ્ધ ન થઇ શકે. હકીકતમાં એ બન્ને પ્રયોગોમાં भोभगो० પ્રમાણે रु નો य् થયા પછી તેનો लोपः शा० થી વિકલ્પે લોપ થતાં क इष्टः,कयिष्टः स इष्टः,सयिष्टः એમ થઇ શકશે.(४) अल्विधिः-अला विधिः એમ તૃતીયા સમાસ લેતાં 'अल् ના સંબંધને લીધે અથવા अल् ને કારણે થતો વિધિ' એમ અર્થ થશે.' જેમ કે महोरस्केन (महद् उरः यस्य सः।) માં स् એ વિસર્ગને સ્થાને આદેશ થયો છે. જો આદેશ स् એ સ્થાની વિસર્ગ છે તેમ સમજીએ તો ( વિસર્ગ અયોગવાહ છે અને અયોગવાહનો हयवरट्। પ્રત્યાહાર સૂત્ર ઉપરની વાર્તિક अयोगवाहानामट्सु। થી अट् વર્ણોમાં સમાવેશ છે તેથી) વિસર્ગ રૂપી अट् નું વ્યવધાન હોવા છતાં अट्कुप्वाङ्नुम् ० પ્રમાણે महोरस्केन માં न् નો ण् થવાનો પ્રસંગ આવશે.પરંતુ न् નો ण् થવારૂપી વિધિ अल् ને કારણે થતો (अला विधिः) છે તેથી ત્યાં સ્થાનિવદ્ભાવ નથી થતો તેથી ण् નહીં થાય અને રૂપ સિદ્ધ થશે. ટૂંકમાં ચારે વિભક્તિનો અર્થ લેતાં ,એટલે કે अल् થી પર હોય તેને કાર્ય થતું હોય ત્યાં (अलः परस्य विधिः), अल् ને સ્થાને કાર્ય થતું હોય ત્યાં (अलः विधिः), अल् પર હોય ત્યારે કાર્ય થતું હોય ત્યાં (अलि परतः विधिः) અને अल् ના સંબંધને નિમિત્તે કાર્ય થતું હોય ત્યાં (अला विधिः) સ્થાનિવદ્ભાવ થતો નથી

[11] સૂત્રમાં विधि શબ્દના ગ્રહણનું જે પ્રયોજન કહ્યું તે ન સ્વીકારીને કહે છે કે સૂત્રમાં માત્ર अनल् એમ જ કહ્યું હોત તો ચાલત. કેવળ પ્રકૃતિનો પ્રયોગ ભાષામાં થતો નથી તેથી શબ્દસંસ્કાર માટે અહીં સૂત્રકારે अनल् એમ પ્રથમા પ્રયોજી છે, કારણ કે પ્રથમા વિભક્તિ પ્રાતિપદિકાર્થે પ્રયોજાય છે.જેને પ્રાતિપદિકનો અર્થ વ્યક્ત કરવો હોય તે પ્રથમાનો આશ્રય લે છે,પરંતુ કોઇ વિશિષ્ટ પદ સાથે સંબદ્ધ અર્થ દર્શાવનાર વિભક્તિનો આશ્રય લેતો નથી.

[12] ભાષ્યમાં अलमाश्रयते अलाश्रयः એમ કહ્યું છે તે વિગ્રહ વાક્ય નથી પરંતુ अलाश्रयः એ સમાસનો અર્થ છે, કારણ કે अलमाश्रयते એ અર્થમાં नन्दि -ग्रहिपचादि ० પ્રમાણે अच् ન લાગતાં कर्मण्यण्। થી अण् લાગશે, તેથી વૃદ્ધિ થઇને अलाश्रयः એમ સમાસ થાય.પરંતુ आश्रीयते इति आश्रयः। કર્મના અર્થમાં इ-કારાન્તને एरच्। પ્રમાણે अच् લાગીને आश्रयः કર્યા પછી अल् आश्रयः यस्य सः अलाश्रयः। એ બહુવ્રીહિ થશે. અને अलाश्रयश्चासौ विधिश्च अलिविधिः। એમ मयूरव्यंसकादयश्च। પ્રમાણે ઘટાવી શકાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किमर्थ पुनरिदमुच्यते।

स्थान्यादेशपृथक्त्वादादेशे स्थानिवदनुदेशो गुरुवद् गुरुपुत्रे यथा ॥१॥

अन्यः स्थान्यन्य आदेशः। स्थान्यादेशपृथक्त्वादेतस्मात्कारणात्स्थानिकार्यमादेशे न प्राप्नोति। तत्र को दोषः। आङो यमहन आत्मनेपदं भवतीति हन्तेरेव स्याद्वधेर्न स्यात्। इष्यते च वधेरपि स्यादिति तच्चान्तरेण यत्नं न सिध्यति। तस्मात्स्थानिवदनुदेशः। एवमर्थमिदमुच्यते। गुरुवद् गुरुपुत्रे यथा। तद्यथा गुरुवदस्मिन्गुरुपुत्रे वर्तितव्यमिति गुरौ यत्कार्यं तद् गुरुपुत्रेऽतिदिश्यते।

(પ્રતિષેધ કરવાનું ) શું પ્રયોજન?[13] **प्रदीव्य। प्रसीव्य** માં પ્રત્યય પર થવાને કારણે **इट्** ન થાય. [14] પણ આસૂત્ર શા માટે ઉચ્ચારવામાં આવે છે? [15]

'ગુરુપુત્ર પ્રત્યે ગુરુ જેવો (વ્યવહાર કરવો)' એમ જેવી રીતે કહેવામાં આવે છે, તે રીતે સ્થાની અને આદેશ (નું સ્વરૂપ ) ભિન્ન હોય છે તેથી આદેશ સ્થાની જેવો હોય છે એમ કહ્યું છે ॥ ૧॥ [16]

સ્થાની જુદો હોય છે અને આદેશ (પણ) જુદો હોય છે. (આમ) સ્થાની અને આદેશ બન્ને ભિન્ન છે એ કારણે સ્થાનીને લગતું કાર્ય આદેશને લાગુ પડતું નથી.(લાગુ ન પડે) તેમાં શો વાંધો છે ? **आङो यमहनः।** પ્રમાણે જે આત્મનેપદ થાય છે [17] તે **हन्** ધાતુને જ થશે,(તેના આદેશ) **वध्** ને નહીં થાય અને **वध्** ને પણ થાય તે ઇષ્ટ છે પરંતુ ખાસ પ્રયત્ન વિના તે (આત્મનેપદ) સિદ્ધ થઇ શકે તેમ નથી તેથી '(આદેશ) સ્થાની જેવો હોય છે' એમ કહ્યું છે ,(એટલે કે) એ માટે આ (સૂત્ર) કરવામાં આવ્યું છે. જેમ 'ગુરુની જેમ ગુરુપુત્ર તરફ' એમ (અતિદેશ કરવામાં આવે છે ) તે રીતે, (એટલે કે) 'આ ગુરુપુત્ર પ્રત્યે ગુરુની જેમ વર્તન કરવું' એમ ગુરુ પ્રત્યે જે જે કરવાનું હોય તેનો ગુરુપુત્રને અનુલક્ષીને અતિદેશ કરવામાં આવે છે.

एवमिहापि स्थानिकार्यमादेशेऽतिदिश्यते॥ नैतदस्ति प्रयोजनम्। लोकत एतत्सिद्धम्। तद्यथा। लोके यो यस्य प्रसङ्गे भवति लभतेऽसौ तत्कार्याणि। तद्यथा। उपाध्यायस्य शिष्यो याज्यकुलानि गत्वाग्रासनादीनि लभते। यद्यपि तावल्लोके एष दृष्टान्तो दृष्टान्तस्यापि तु पुरुषरम्भो निवर्तको भवति।

---

[13] આગળ **इदं तर्हि प्रयोजनम्।** એમ કહીને **विधि** શબ્દનું ગ્રહણ કરવાનું પ્રયોજન કહ્યું છે,જ્યારે અહીં **किं प्रयोजनम्।** એ પ્રશ્ન વ્દારા પૂછવા માગે છે કે સૂત્રમાં **विधि** શબ્દ મૂક્યા પછી **अलाश्रयः विधिः।** એ અર્થ કર્યો તેનું શું પ્રયોજન છે ? અર્થાત્ એ પ્રમાણે અર્થ કરીને શું સિદ્ધ કરવા માગો છો ?

[14] સૂત્રમાં **विधि** શબ્દનું ગ્રહણ ન કરતાં **अनल्** એટલું જ કહ્યું હોય તો **क इष्टः** વગેરેમાં, જ્યાં કાર્યમાં પ્રધાનતયા અર્થાત્ સ્વતંત્ર રીતે **अल्** નો આશ્રય લેવામાં આવ્યો હોય ત્યાં નિષેધ લાગુ પડશે, પરંતુ **आर्धधातुकस्येड्** ૦ થી જે **इट्** આગમ રૂપી કાર્ય થાય છે ત્યાં **वल्** નો સ્વતંત્ર રીતે આશ્રય લેવામા નથીં આવ્યો, કારણ કે **वलादेः** એ **वल् आदिः यस्मिन् सः।** એમ બહુવ્રીહિ છે તેથી વિશેષણ છે અને અન્ય પદાર્થ પ્રત્યય પ્રધાન છે આમ **वलादि** ગૌણ છે તેથી નિષેધ લાગુ નહીં પડે. પરિણામે **प्रदीव्य , प्रसीव्य** જેવામાં **इट्** આગમ થવાનો પ્રસંગ આવશે.**प्र दीव्** ને **समान-कर्तृकयोःपूर्वकाले।** પ્રમાણે થતા **क्त्वा** ને સ્થાને **समानेऽनञ्पूर्वे क्त्वो ल्यप्।** મુજબ **ल्यप् (य)** પ્રત્યય લાગશે. આ **य** આદેશ એ સ્થાની **क्त्वा** છે એમ સ્થાનિવદ્ભાવથી સમજાય તો **इट्** આગમ થવાનો પ્રસંગ આવશે,કારણ કે **क्त्वा** અનેકાલ્ છે, પરંતુ **अल्विधि** એ સમાસમાં ઉત્તરપદ લોપ થયો છે એટલે કે **अलाश्रयः विधिः अल्विधिः।** એમ મધ્યમપદલોપી સમાસ છે એમ સ્વીકારવામાં આવે તો સ્થાનિવદ્ભાવનો નિષેધ આ દૃષ્ટાન્તોમાં પણ લાગુ પડશે, કારણ કે **इट्** વિધિ એ **अलाश्रय** વિધિ છે,એટલે કે **वल्** રૂપી **अल्** પર આધારિત છે તેથી **इट्** નહીં થાય અને ઇષ્ટ રૂપો સિદ્ધ થશે.

[15] પ્રશ્નનો આશય એમ છે કે સ્થાનીને બદલે મૂકાય છે તેથી સ્થાનીના ધર્મો આદેશને પ્રાપ્ત થાય છે પરિણામે સ્થાનીને અનુલક્ષીને કહેવામાં આવેલાં કાર્યો આદેશને પ્રાપ્ત થશે તેથી આ સૂત્ર રચવાની કંઇ જરૂર નથી.

[16] સ્થાની અને આદેશ ભિન્ન છે એમ સ્વીકારીને જ કહ્યું કે સ્થાનીનું સ્થાન પ્રાપ્ત કરવાથી આદેશને સ્થાનીને લગતાં કાર્ય પ્રાપ્ત થાય છે, જ્યારે અહીં કહે છે કે આદેશ અને સ્થાની ભિન્ન વસ્તુ છે તેથી સ્થાનીનું કાર્ય આદેશને પ્રાપ્ત થતું નથી એમ કેમ ? એ શંકાનો ઉત્તર એ કે સ્થાની જુદો છે અને આદેશ જુદો છે એટલે કે સ્થાનીનું જે સ્વરૂપ છે તે જુદું છે અને આદેશનું જે સ્વરૂપ છે તે પણ જુદું છે અને સૂત્રકારે **स्वं रूपं शब्दस्य** ૦ એમ કહ્યું છે તેથી એક સ્વરૂપવાળાને ઉદ્દેશીને કહેલું કાર્ય તેનાથી ભિન્ન સ્વરૂપવાળા શબ્દને લાગુ ન પડી શકે. તેથી સ્થાનીનું સ્થાન પ્રાપ્ત કરવા છતાં વ્યાકરણ શાસ્ત્રમાં આદેશને સ્થાનીનું કાર્ય પ્રાપ્ત થતું નથી પણ એ કાર્ય પ્રાપ્ત થઇ શકે તે માટે આ સૂત્ર વ્દારા સ્થાનીના કાર્યનો આદેશ વિશે અતિદેશ કરવામાં આવ્યો છે.

[17] નોંધ (૪).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अस्ति चेह कश्चित्पुरुषारम्भः। अस्तीत्याह। कः। स्वरूपविधिर्नाम। हन्तेरात्मनेपदमुच्यमान हन्तेरेव स्याद्वधेर्न स्यात्॥ एवं तर्ह्याचार्यप्रवृत्तिर्ज्ञापयति स्थानिवदादेशो भवतीति यदयं युष्मदस्मदोरनादेशे। इत्यादेशप्रतिषेधं शास्ति। कथं कृत्वा ज्ञापकम्। युष्मदस्मदोर्विभक्तौ कार्यमुच्यमानं कः प्रसङ्गो यदादेशे स्यात्। पश्यति त्वाचार्यः स्थानिवदादेशो भवतीत्यत आदेशे प्रतिषेधं शास्ति॥ इदं तर्हि प्रयोजनम्। अनल्विधाविति प्रतिषेधं वक्ष्यामीति। इह माभूत्। द्यौः पन्थाः स इति॥ एतदपि नास्ति प्रयोजनम्। आचार्यप्रवृत्तिर्ज्ञापयत्यल्विधौ स्थानिवद्भावो न भवतीति यदयमदो जग्धिर्ल्यप्तिकितीति। इति तिकित्येव सिद्धे ल्यब्ग्रहणं करोति॥ तस्मान्नार्थोऽनेनयोगेन॥ आरभ्यमाणेऽप्येतस्मिन्योगे--**

એ પ્રમાણે આ (સૂત્ર)માં પણ સ્થાનીને લગતાં કાર્યનો આદેશ વિશે અતિદેશ કરવામાં આવે છે.આ સૂત્રનું) એ પ્રયોજન નથી, (કારણ કે ) એ તો લોકવ્યવહાર ઉપરથી સિદ્ધ થાય છે. [18] જે રીતે સંસારમાં એક (વ્યક્તિ) અન્યને સ્થાને હોય તો તે(અન્ય)ને લગતો વ્યવહાર તે (વ્યક્તિ)ને પ્રાપ્ત થાય છે.જેમ કે ઉપાધ્યાયને [19] બદલે તેનો શિષ્ય યજમાનને ઘેર જાય તો તેને અગ્રાસન વગેરે મળે છે. જો કે સંસારમાં તો આ દૃષ્ટાન્ત છે પરંતુ મનુષ્યનો પ્રયત્ન તો દૃષ્ટાન્તને પણ લાગુ પડતું અટકાવે છે. પરંતુ અહીં કોઇ એવો માનવપ્રયત્ન છે ? તો કહે છે કે છે. કયો (પ્રયત્ન) ? (**स्वं रूपं शब्दस्य**। વ્દારા કરવામાં આવેલો ) સ્વરૂપવિધિ રૂપી (પ્રયત્ન) છે. (તેને પ્રતાપે) **हन्** ધાતુને વિશે કહેવામાં આવેલું આત્મનેપદ **हन्** (અર્થાત્ ह् अ न् ના સમુદાયભૂત વિશિષ્ટ શબ્દસ્વરૂપ)ને જ થશે, (તેના આદેશ) **वध्** ને નહીં થાય.એમ હોય તો પછી આચાર્યના વ્યવહાર ઉપરથી જ્ઞાપન થાય છે કે આદેશ સ્થાની જેવો હોય છે, કારણ કે **युष्मदस्मदोरनादेशे**। એ (સૂત્ર) માં વિભક્તિ પર થતાં આદેશને અનુલક્ષીને (**आत्व** નો ) તેમણે પ્રતિષેધ કર્યો છે.[20] વિભક્તિ (ના પ્રત્યયો ) પર હોય ત્યારે **युष्मद्** અને **अस्मद्** ને અનુલક્ષીને કહેલું (**आत्व** રૂપી) કાર્ય (એ પ્રત્યયોના) આદેશની પર હોય ત્યારે થવાનો કયાં પ્રસંગ છે ? પરંતુ આચાર્ય જોઇ શકે છે કે આદેશ સ્થાની જેવો હોય છે તેથી તેમણે આદેશ વિશે પ્રતિષેધ કર્યો છે.તો પછી '**अनल्विधौ**' એમ કહીને હું (સ્થાનિવદ્ભાવનો) પ્રતિષેધ કરવાનો છું જેથી **द्यौः**। **पन्थाः** માં[21] (સ્થાનિવદ્ભાવ) ન થાય એ પ્રયોજન છે.એ પણ પ્રયોજન નથી, કારણ કે **अदो जग्धिर्ल्यप्तिकिति**। (એ સૂત્ર)માં **ति किति** એટલું જ કહેવાથી કાર્ય સિદ્ધ થતું હોવા છતાં તેઓ **ल्यप्** નું ગ્રહણ કરે છે.[22] આચાર્યનો એ વ્યવહાર જ્ઞાપન કરે છે કે **अल्विधि** માં સ્થાનિવદ્ભાવ થતો નથી.આમ હોવાથી આ સૂત્રનું કોઇ પ્રયોજન નથી. આ સૂત્ર કરવામાં આવે તો પણ [23] –

---

[18] કારણ કે લોકવ્યવહારમાં જે વ્યક્તિ અન્યનું સ્થાન પ્રાપ્ત કરે છે તેને તે વ્યક્તિના ધર્મો પ્રાપ્ત થાય છે.

[19] વેદના એક ભાગ વગેરેનું અધ્યાપન કરાવે તે ઉપાધ્યાય.

[20] **युष्मदस्मदोरनादेशे**। એ સૂત્રમાં આદેશભૂત ન હોય તેવા વિભક્તિ પ્રત્યયો પર થતાં **युष्मद्** અને **अस्मद्** ના અન્ત્યનો આ થાય છે એમ કહ્યું છે તેથી સમજાય છે કે સ્થાનીનું કાર્ય આદેશને થાય છે. તેમ ન થતું હોય તો સૂત્રકારે **अनादेशे** એમ કહીને **पञ्चम्या अत्**। વગેરે સૂત્ર વ્દારા પંચમી વગેરેના **अत्** વગેરે આદેશ થાય છે તે આદેશ પૂર્વે આ નો નિષેધ કર્યો છે તે કરવાની જરૂર ન પડત.

[21] આ બે માટે જુઓ ઉપર નોંધ (૧૦)

[22] સોપસર્ગ ધાતુની પછી આવતા **क्त्वा** નો **ल्यप्** આદેશ થાય છે [નોંધ (૧૪)]. હવે જો આદેશ સ્થાની સમાન જ ગણાતો હોય તો **अदो जग्धिर्ल्य०** માં **ति किति** (અર્થાત્ **त**-કારાદિ **कित्** પ્રત્યય પર થતાં) નું ગ્રહણ કર્યુ છે તે વ્દારા **ल्यप्** નું ગ્રહણ થાત, કારણ કે આદેશ **ल्यप्** તેનો સ્થાની **क्त्वा** જ છે એમ સમજાય,એટલે કે સ્થાનિવદ્ભાવ થાય,તો **ल्यप्** પણ **कित्** **त**-કાદિ **कित्** છે એમ સમજાત તેથી સૂત્રમાં **ल्यप्** નું પૃથક્ ગ્રહણ કરવું ન પડત,પરંતુ સૂત્રમાં **ल्यप्** નું ગ્રહણ કર્યુ છે તે ઉપરથી જ્ઞાપન થાય છે કે **अल्विधि** માં સ્થાનિવદ્ભાવ થતો નથી. આથી પ્રસ્તુત સૂત્રને ભ ાષ્યકારે બિનજરૂરી ગણ્યું છે.

[23] અલ્પબુદ્ધિ વ્યક્તિને સ્પષ્ટ થાય તે માટે આ સૂત્ર કરવામાં આવે તો પણ **अनल्विधौ** એમ નિષેધ કરવાની જરૂર નથી. **प्रसीव्य** , **प्रदीव्य** વગેરેમાં **इट्** આગમ થવાનો પ્રસંગ નહીં આવે, કારણ કે સૂત્રકારે **इडागम** ને લગતા સૂત્રમાંઆર્ધધાતુકના વિશેષણ તરીકે **वलादेः** એમ મુક્યું છે.વાસ્તવમાં **वलादित्व** સ્થાની **क्त्वा** માં હોવા છતાં તે **क्त्वा** ને અનુલક્ષીને કહેવામાં આવ્યું નથી તેથી **क्त्वो यक्** પ્રમાણે થતો આદેશ **ल्यप्** ને પ્રાપ્ત થતો નથી, કારણ કે **क्त्वा** તો અનેક રૂપે જોવામાં આવે છેઃ **कृत्वा** વગેરેમાં **आ**-કારાન્ત, **स्नात्व्यादयश्च**। પ્રમાણે **ई**-કારાન્ત, **क्त्वो यक्** પ્રમાણે થતા **य** આગમને કારણે **दृष्ट्वाय** જેવામાં ક્વચિત્ **य**-કારાન્ત અને **ईष्ट्वीनमिति च**। માં નોંધ્યું છે તેમ કોઇવાર **म**-કારાન્ત પણ જોવામાં આવે છે. આમ **क्त्वा** સાથે સંબદ્ધ પ્રત્યયત્વ, **कृत्त्व**, અવ્યયત્વ વગેરે ધર્મોનો **क्त्वावत् ल्यप्** અર્થાત્ **क्त्वा** જેવો **ल्यप्** એમ અતિદેશ કરી શકાશેતેથી **ल्यप्** ને તેના સ્થાનીની જેમ **कृत्** ગણી શકાશે,પ્રત્યય ગણી શકાશે,અવ્યય ગણી શકાશેપણસ્વતંત્ર રીતે કે સ્થાનિવદ્ભાવથી **वलादि** ગણી નહીં શકાય તેથી **ल्यप्** પૂર્વે **इट्** આગમ નહીં થાય તેમ સિદ્ધ થયું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अल्विधौ प्रतिषेधेऽविशेषणेऽप्राप्तिस्तस्यादर्शनात् ॥२॥

अल्विधौ प्रतिषेधेऽसत्यपि विशेषणे समाश्रीयमाणेऽसति तस्मिन्विशेषणेऽप्राप्तिर्विधेः। प्रदीव्य प्रसीव्य। किं कारणम्। तस्यादर्शनात्। वलादेरित्युच्यते न चात्र वलादिं पश्यामः ॥ ननु चैवमर्थ एवायं यत्नः क्रियतेऽन्यस्य कार्यमुच्यमानमन्यस्य यथा स्यादिति। सत्यमेवमर्थो,न तु प्राप्नोति। किं कारणम्।

सामान्यातिदेशे विशेषानतिदेशः ॥३॥

सामान्ये ह्यतिदिश्यमाने विशेषो नातिदिष्टो भवति। तद्यथा। ब्राह्मणवदस्मिन्क्षत्रिये वर्तितव्यमिति सामान्यं यद् ब्राह्मणकार्यं तत्क्षत्रियेऽतिदिश्यते यद्विशिष्टं माठरे कौण्डिन्ये वा न तदतिदिश्यते। एवमिहापि सामान्यं यत्प्रत्ययकार्यं तदतिदिश्यते यद्विशिष्टं न तदतिदिश्यते ॥

अल्विधि ने लगता प्रतिषेधमां विशेषणनो आश्रय न लीधो होय तो विधि प्राप्त थतो नथी कारण के विशेषण जोवामां आवतुं नथी ॥२॥

અલ્વિધિ કરવાનો હોય ત્યાં પ્રતિષેધ ન હોય તો પણ (સૂત્રમાં) વિશેષણનો આશ્રય (લઇને વિધિ) કરવામાં આવ્યો હોય તો (જે વિધિમાં) એ વિશેષણ ન હોય ત્યાં વિધિ લાગુ પડતો નથી ,જેમ કે प्रसीव्य। प्रदीव्य . [24] (અહીં) શા માટે પ્રાપ્ત થતો નથી ? તે (વિશેષણ) જોવામાં આવતું નથી તેથી. (સૂત્રમાં) वलादेः એમ કહેવામાં આવ્યું છે[25] જ્યારે અહીં वलादि (પ્રત્યય) અમને દેખાતો નથી. [26] અરે પણ અમે કહીએ છીએ કે એકને અનુલક્ષીને કહેવામાં આવેલું કાર્ય બીજાને લાગુ પડે તે માટે જ આ પ્રયત્ન કરવામાં આવે છે. તે માટે (આ પ્રયત્ન ) છે એ ખરૂં, પણ (અહીં એકનું કાર્ય બીજાને) પ્રાપ્ત થતું નથી. (પ્રાપ્ત ન થવાનું) શું કારણ ?

જ્યારે સામાન્યનો અતિદેશ કરવામાં આવ્યો હોય ત્યારે વિશેષનો અતિદેશ થતો નથી ॥૩॥

કારણ કે જ્યારે સામાન્યનો અતિદેશ કરવામાં આવ્યો હોય ત્યારે વિશેષનો અતિદેશ થતો નથી. જેમ કે 'આ ક્ષત્રિય પ્રત્યે બ્રાહ્મણ જેવો વર્તાવ કરવો' એમ કહીને બ્રાહ્મણને વિશે જે કાર્ય સામાન્ય રીતે કરવાનું હોય તેનો ક્ષત્રિય વિશે અતિદેશ કરવામાં આવે છે, પરંતુ માઠર અથવા કૌણ્ડિન્ય (નામના બ્રાહ્મણ) ને લગતું જે વિશિષ્ટ કાર્ય હોય તેનો તે ક્ષત્રિય વિશે અતિદેશ થતો નથી.તે જ રીતે અહીં પણ પ્રત્યયને લગતું જે સામાન્ય કાર્ય છે તેનો અતિદેશ કરવામાં આવે છે, પરંતુ वलादेः એમ કહીને (इट् આગમ રૂપી) જે વિશિષ્ટ કાર્ય કહ્યું છે તેનો અતિદેશ કરવામાં આવતો નથી

यद्येवमग्रहीत् इट ईटि इति सिचो लोपो न प्राप्नोति। अनल्विधाविति पुनरुच्यमान इहापि प्रतिषेधो भविष्यति। प्रदीव्य प्रसीव्येति। विशिष्टं ह्येषोऽलमाश्रयते वलं नाम। इह च प्रतिषेधो न भविष्यति। अग्रहीदिति। विशिष्टं ह्येषोऽनलमाश्रयत इटं नाम ॥

---

[24] आर्धधातुकस्येड्वलादेः। પ્રમાણે થતા इड्विधि માં સૂત્રકારે वलादेः એ વિશેષણયુક્ત अल् નો આશ્રય લીધો છે પરંતુ प्रदीव्य प्रसीव्य (જુઓ નોંધ ૧૪)એટલે કે प्र दीव् य। प्र सीव् य। માં તો य પ્રત્યય છે અને તે वलादि ન હોવાથી इट् નહીં થાય એમ અહીં દલીલ છે

[25] वलादेः એ આર્ધધાતુકનું વિશેષણ છે તેથી वलादेः आर्धधातुकस्य એટલે કે 'वल् થી શરૂ થતા આર્ધધાતુક પ્રત્યયને' એમ અર્થ સમજવાનો છે.પણ प्र दीव् य। प्र सीव् य। (નોંધ ૧૪ અને ૨૪) માં य એ वलादि પ્રત્યય નથી ( તેથી ભાષ્યમાં કહ્યું છે वलादि તો અમને અહીં દેખાતો નથી) તેથી इट् આગમનો પ્રતિષેધ થઇ જાય છે તે કારણે अल् વિધિને લગતો પ્રતિષેધ કરવાની ,એટલે કે अनल्विधौ એમ કહેવાની જરૂર નથી.એમ અહીં દલીલ છે.

[26] એટલે કે સ્થાની क्त्वा પ્રત્યયનું कृत् હોવું તે(कृत्त्व), પ્રત્યય હોવું તે (प्रत्ययत्व) વગેરે જે સામાન્ય ધર્મો છે તેનો આદેશ વિશે અતિદેશ થશે તેથી क्त्वा ની જેમ ल्यप् પણ कृत् ગણાશે, પ્રત્યય ગણાશે, અવ્યય ગણાશે, પરંતુ कित् હોવું તે (कित्त्व), वलादि હોવું તે(वलादित्व) વગેરે સ્થાની क्त्वा ના વિશિષ્ટ ધર્મો હોવાથી આદેશ ल्यप् વિશે તેમનો અતિદેશ ન થઇ શકે તેથી ल्यप् ને कित् ન ગણી શકાય, તે वलादि છે તેમ પણ ન સમજાય.(જુઓ નોંધ ૨૨).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો એમ હોય તો **अग्रहीत्** માં **इट ईटि।** પ્રમાણે **सिच्** નો લોપ નહીં થાય,[27] પરંતુ **अनल्विधौ** એમ કહેવામાં આવે તો **प्रसीव्य। प्रदीव्य** માં પણ પ્રતિષેધ થશે, કારણ કે આ (સૂત્રકાર) ત્યાં **वल्** રૂપી વિશિષ્ટ **अल्** નો આશ્રય લે છે.[28] પણ (એ સૂત્રમાં) તો **अल्** ન હોય તેવા (**अनल्**) **इट्** રૂપી વિશિષ્ટ (સ્થાનીનો) આ (સૂત્રકાર) આશ્રય લે છે.[29]

---

[27] એટલે કે વિશેષનો અતિદેશ ન કરવામાં આવે તો દોષ આવે છે તે વાતને અનુલક્ષીને સિદ્ધાન્તી કહે છે કે વિશેષ ધર્મોનો પણ અતિદેશ થાય છે તેનું જ્ઞાપન કરવા માટે જ સૂત્રમાં **अनल्विधौ** નું ગ્રહણ કરવું જરૂરી છે : **अग्रहीत्--ग्रह्** ધાતુના **लुङ्** ત્રી.પુ.એ.વ.માં **ग्रह् लुङ्(ति)--च्लि लुङि।** થી **सिच्** થતાં **ग्रह् स् ति--इतश्च।** થી **ङित्** લ-કારમાં **इ** નો લોપ થતાં **ग्रह् स् त्--आर्धधातुकस्य०** થી **इट्** લાગતાં--**ग्रह् इ स् त्--अस्तिसिचोऽपृक्ते।** થી અપૃક્ત **हल्** પ્રત્યય **त्** ને **ईट्** આગમ થતાં--**ग्रह् इ स् ई त्**--એમ થતાં **इट्** પછી આવતા **सिच्** નો **ईट्** પર થતાં **इट ईटि।** પ્રમાણે લોપ થાય તે પૂર્વે **ग्रहोऽलिटि दीर्घः।** થી **एकाच् ग्रह्** ધાતુને થતો **इट्** દીર્ઘ થતાં **ग्रह् ई स् ई त्** એ સ્થિતિમાં **इट्** રહેતો નથી અને તેના આદેશ **ई**-કારને **इट्** ન ગણી શકાય, કારણ કે **इट्त्व** (**इट्** હોવું તે) વિશેષ ધર્મ છે તેથી આદેશ વિશે તે ધર્મનો અતિદેશ ન થઇ શકે. પરિણામે **इट ईटि।** સૂત્રને લાગુ પડવા માટે ભૂમિકા જ નથી રહેતી તેથી **सिच्** ન થવાનો પ્રસંગ આવશે. તેથી સૂત્રમાં **अनल्विधौ** નું ગ્રહણ કરવું જરૂરી છે. તેથી જ્ઞાપન થશે કે સ્થાનીના વિશેષ ધર્મ પણ આદેશને પ્રાપ્ત થાય છે.પરિણામે **अग्रहीत्** માં **ई** આદેશ **इट्** છે તેમ સમજાશે, કારણ કે **इट्** એ **अल्** નથી પણ **अनल्** છે તેથી સ્થાનિવદ્ભાવ થશે અને તેથી **इट ईटि।** પ્રમાણે **स्** લોપ થશે અને ઇષ્ટ રૂપ સિદ્ધ થશે.અહીં શંકા થાય કે દીર્ઘનો સ્થાની **इट्** સમુદાય છે તેથી તેમાં રહેલ **इट्त्व** (**इट्** હોવા રૂપી ધર્મ)ને કારણે જે **स्** લોપ થાય છે તે સ્થાનિવદ્ભાવ થતાં થતાં **ई** ને કારણે પણ થઇ શકશે, કારણ કે પ્રયોગમાં ભલે સ્થાની **इट्** જોવામાં આવતો નથી પરંતુ આદેશને લગતા **ग्रहोऽलिटि०** માં તો **आर्धधातुकस्येड्०** માંથી તેની અનુવૃત્તિ થાય છે તેથી તે છે જ. ટૂંકમાં **अग्रहीत्** માં **अनल्विधौ** એ પ્રતિષેધ ન કરવામાં આવે તો પણ **स्** નો લોપ થશે.ઉત્તરમાં કૈ. કહે છે કે દીર્ઘ કર્યા પછી **स्** નો લોપ ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે સપાદસપ્તાધ્યાયી પ્રમાણે થતા દીર્ઘની દૃષ્ટિએ **स्** લોપ અસિદ્ધ છે. વળી દીર્ઘવિધિમાં **अचश्च।** એ પરિભાષા ઉપસ્થિત થાય છે તેથી સમજાય છે કે દીર્ઘ **इट्** નો નહીં પણ **अच्** (**इ**-કાર) નો થાય છે.સૂત્રમાંનું **इट्** ગહણ **इ**-કાર સિવાયના **अच्** નું વ્યાવર્તક થશે તેથી દીર્ઘ **ई**-કાર આદેશ **इ** નો જ થશે બીજા કોઇનો **अच्** નો નહીં થાય એમ સૂચવાશે.આથી **इट्** ને કારણે થતું **स्** લોપ રૂપી કાર્ય થશે તેથી **अनल्विधौ** એમ ન કહ્યું હોય તો તે પ્રાપ્ત નહીં થાય.

[28] વિશેષ ધર્મનો અતિદેશ કરવામાં ન આવે તો **प्रदीव्य। प्रसीव्य** માં ગુણ પ્રતિષેધ નહીં થઇ શકે, કારણ કે **प्र दिव् य। प्र सिव् य** એ સ્થિતિમાં આદેશ **य** માં સ્થાની **क्त्वा** ના **कित्त्व** રૂપી ધર્મનો અતિદેશ નહીં થાય.જો કે **देवित्वा** જેવાં સ્થળે **क्त्वा** પ્રત્યય **अकित्** પણ પ્રાપ્ત થાય છે, કારણ કે **दिव्** ઉદાત્ત સ્વરયુક્ત હોવાથી સેટ્ છે એ **न क्त्वा सेट्।** પ્રમાણે **क्त्वा अकित्** થતાં **क्ङिति।** પ્રમાણે ગુણ નિષેધ પ્રાપ્ત ન થતાં **देवित्वा** રૂપ થયું છે. જ્યારે **प्रदीव्य** વગેરેમા **कित्व** રૂપી વિશિષ્ટ ધર્મનો અતિદેશ ન થતાં ગુણ પ્રતિષેધ નહીં થાય અને અનિષ્ટ રૂપો પ્રાપ્ત થવાનો પ્રસંગ આવશે. તેથી સ્થાનીના સામાન્ય ધર્મોની જેમ વિશિષ્ટ ધર્મોનો પણ અતિદેશ થાય છે તેમ જ્ઞાપન કરવા માટે સૂત્રમાં **अनल्विधौ** એમ કહેવું જરૂરી છે.વળી **कित्व** એ **अल्विधि** છે તેથી **क्ङिति च।** પ્રમાણે ગુણ નિષેધ કરવામાં આવે છે તેમાં સ્થાનિવદ્ભાવ ન થતાં આદેશ **य** ને તેના સ્થાની **क्त्वा** ની જેમ **कित्** નહીં ગણાય.પરંતુ તેથી **प्रतिदीव्य** જેવામાં ગુણ થવાનો પ્રસંગ આવશે એ શંકા યોગ્ય નથી, કારણ કે અનુબન્ધનિમિત્ત ગુણનિષેધ વગેરે કાર્યો થાય છે તેમાં **अनल्विधौ** એ પ્રતિષેધ લાગુ પડતો નથી, કારણ કે **नानुबन्धकृतमनेकाल्त्वम्।** એ પરિભાષા ઉપરથી સમજાય છે કે અનુબન્ધ **अल्** નથી. વળી **अनल्विधौ** એ પ્રતિષેધ સ્થાની **क्त्वा** (**त्वा**) ને અનુલક્ષીને છે અને તે **अल्** નથી **अनेकाल्** છે તેથી નિષેધ નહીં થાય ધઅને સ્થાનિવદ્ - ભાવ થવાથી ગુણ ન થતાં **प्रदीव्य** વગેરે રૂપો થશે.

[29] શંકાકાર વળી કહે છે કે એમ હોવા છતાં **अग्रहीत्** માં **सिच्** લોપ દીર્ઘ **ई**-કારના સ્થાનીભૂત હ્રસ્વ **इ**-કાર (**इट्**) ને કારણે થાય છે તેમાં અનુબન્ધ(**ट्**) તો ઉપદેશ કાળે લુપ્ત થાય છે તેથી ત્યાં સ્થાની (**इ**) **अल्** થઇ જાય છે. પરિણામે **अनल्विधौ** એ પ્રતિષેધ લાગુપડશે તેથી **सिच्** લોપ ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે સ્થાનિવ્ભાવનો નિષેધ થવાથી આદેશ **ई** એ સ્થાની **इट्** છે તેમ નહીં સમજાય. તેથી **इट ईटि।** એ સૂત્ર પ્રાપ્ત નહીં થાય આ વાતને લક્ષમાં રાખીને ભાષ્યકારે કહ્યું છે **विशिष्टं ह्येषोऽनलमाश्रयते।** અર્થાત્ **इट ईटि।** એ **सिच्** લોપ વિધાયક સૂત્રમાં (સમુદાયરૂપ એટલે કે **अल्** નહીં પણ **अल्** થી ભિન્ન -**अनल्**) **इट्** એ વિશિષ્ટ સ્થાનીનો સૂત્રકારે આધાર લીધો છે.તેથી **अग्रहीत्** માં **इट्** સમુદાયનો દીર્ઘ થયો છે અચ્ નો નહી (જુઓ ઉપર નોંધ ૨૭), કારણ કે **अचश्च।** એ પરિભાષા અહીં પ્રાપ્ત થતી નથી. **आर्धधातुकस्येड्०** માં સૂત્રકારે **वल्** પ્રત્યાહારમાંના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यदि तर्हि सामान्यमप्यातादिश्यते विशेषश्च।

सत्याश्रये विधिरिष्टः ॥४॥

सति च वलादित्वे इटा भवितव्यम्। अरुदिताम् अरुदितम् अरुदित। किमतो यत्सति भवितव्यम्। प्रतिषेधस्तु प्राप्नोत्यल्विधित्वात् ॥५॥

प्रतिषेधस्तु प्राप्नोति। किं कारणम्। अल्विधित्वात्। अल्विधिरयं भवति तत्रानल्विधाविति प्रतिषेधः प्राप्नोति। न वानुदेशिकस्य प्रतिषेधादितरेण भावः ॥६॥

તેથી अग्रहीत् માં પ્રતિષેધ નહીં થાય.જો એમ હોય તો સામાન્યનો પણ અતિદેશ થાય છે અને વિશેષનો પણ.

આશ્રય હોય તો જ વિધિ ઇષ્ટ છે॥૪॥

જો (પ્રત્યયમાં) वलादित्व હોય તો જ इट् થઇ શકે. [30] જેમ કે अरुदिताम् अरुदितम् अरुदित। (वलादि રૂપી આશ્રય) હોય તો જ (इट् વિધિ) થાય તેથી શું ?

अल्विधि હોવાથી પ્રતિષેધ તો પ્રાપ્ત થાય છે ને ॥૫॥

પ્રતિષેધ તો પ્રાપ્ત થાય છે. શા કારણે ? अल् ને લગતો વિધિ હોવાથી,(એટલે કે) આ (इट् ને લગતો) વિધિ अल् વિધિ છે અને તેથી अनल्विधौ એમ કહીને જે પ્રતિષેધ કર્યો છે તે પ્રાપ્ત થાય છે. [31]

અથવા તો (એ દોષ આવતો) નથી, કારણ કે અતિદેશને કારણે પ્રાપ્ત થતા (ધર્મ)નો પ્રતિષેધ થવા છતાં અન્ય રીતે (તેનું) અસ્તિત્વ રહેશે॥૬॥

---

વિશિષ્ટ अल् નું ગ્રહણ કરીને इट् નું વિધાન કર્યું છે તેથી ભાષ્યકાર કહે છે विशिष्टं ह्येषोऽल्माश्रयते। અને अल् નો આધાર લીધો છે તેથી इड्विधि એ अल्विधि છે તેથી प्रदीव्य વગેરેમાં સ્થાનિવદ્ભાવનો નિષેધ થવાથી इट् નહીં થાય છતાં વિશિષ્ટ ધર્મોનો અતિદેશ થવાથી ગુણ નિષેધ થશે.

[30] आश्रीयते इति आश्रयः। જેનો આધાર લેવામાં આવે તે आश्रय .જેમ કે इट् આગમને લગતા आर्धधातुकस्येड्वलादेः, એ વિધિમાં वलादित्व (वल् પ્રત્યાહારમાંના વર્ણથી શરૂ થવું તે) આશ્રય છે.अरुदिताम् વગેરેમાં પણ रुदादिभ्यः सार्वधातुके, પ્રમાણે સાર્વધાતુક वलादि આશ્રય છે તેથી इट् થાય છે.

[31] અહીં इट् આગમ થાય છે તે अल् વિધિ છે,પરંતુ સ્થાનિવદ્ભાવ તો अनल् વિધિમાં થાય છે તેમ કહ્યું છે તેથી अरुदिताम् વગેરેમાં સ્થાનિવદ્-ભાવ નહીં થાય. તેને લીધે इट् આગમ નહીં થાય,કારણ કે ताम् વગેરે જે लङ् ના પ્રત્યયો છે તે तस् , थस् વગેરે મૂળ પ્રત્યયોના तस्थस्थमिपां तान्तन्तामः। પ્રમાણે થએલ આદેશો છે અને તેમને પ્રાપ્ત વિશિષ્ટ वलादित्व अल्विधि છે. પ્રતિષેધ તો પ્રાપ્ત થાય છે એમ કહ્યું છે તેથી સૂત્રનો અર્થ આ પ્રમાણે સમજાશેઃ આદેશ સ્થાની જેવો છે પરંતુ अल् ને આધારે વિધિ થતો હોય ત્યાં નથી થતો.(ના.)


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न वैष दोषः। किं कारणम्। आनुदेशिकस्य प्रतिषेधात्। अस्त्वत्रानुदेशिकस्य वलादित्वस्य प्रतिषेधः स्वाश्रयमत्र वलादित्वं भविष्यति। नैतद्विवदामहे वलादिर्नवलादिरिति॥ किं तर्हि। स्थानिवद्भावात्सार्वधातुकत्वमेषितव्यं तत्रानल्विधाविति प्रतिषेधः प्राप्नोति॥ किं पुनरादेशिन्यल्याश्रीयमाणे प्रतिषेधो भवत्याहोस्विदविशेषेणादेश आदेशिनि च। कश्चात्र विशेषः।

आदेश्यल्विधिप्रतिषेधे कुरुवधपिबां गुणवृद्धिप्रतिषेधः॥ ७॥

आदेश्यल्विधिप्रतिषेधे कुरुवधपिबां गुणवृद्धिप्रतिषेधः वक्तव्यः। कुर्वित्यत्र स्थानिवद्भावादङ्गसंज्ञा स्वाश्रयं च लघूपधत्वं तत्र लघूपधगुणः प्राप्नोति। वधकमित्यत्र स्थानिवद्भावादङ्गसंज्ञा स्वाश्रयं चादुपधत्वं तत्र

અથવા તો એ દોષ નહીં આવે.શા માટે ? અતિદેશને [32] કારણે પ્રાપ્ત થએલા (ધર્મ) નો પ્રતિષેધ થાય છે તેથી.અહીં અતિદેશને કારણે પ્રાપ્ત થએલ **वलादित्व** નો ભલે નિષેધ થાય પરંતુ (આદેશના) પોતાના (સ્વરૂપને) આધારે **वलादित्व** થશે.**वल्** થી શરૂ થતા (**ताम्** **तम्** વગેરે ) **वलादि** નથી એમ અમે દલીલ કરતા નથી.તો પછી શું (કહેવા માગો છો) ? સ્થાનિવદ્ભાવથી (આદેશ) સાર્વધાતુક થાય એમ જે ઇચ્છવામાં આવે છે ત્યાં 'અલ્‌ને લગતો વિધિ હોય ત્યાં નહીં ' એમ કહીને જે પ્રતિષેધ કર્યો છે તે પ્રાપ્ત થાય છે. [33] તો હવે પ્રતિષેધ સ્થાનીના **अल्** નો આધાર લેવામાં આવ્યો હોય ત્યાં થાય છે કે પછી સ્થાની કે આદેશ ગમે તેના **अल्** ઉપર (આધારિત વિધિ હોય ત્યાં) થાય છે ?[34] પણ તેમાં શો ફેર છે ? સ્થાનીના **अल्** પર આધારિત વિધિમાં **अनल्विधौ** એ પ્રતિષેધ કરવામાં આવતો હોય તો **कुरु, वधक, पिब** (એ આદેશો) નાં ગુણ વૃદ્ધિનો પ્રતિષેધ (કરવો જોઇએ) ॥૭॥

સ્થાનીના **अल्** પર આધારિત વિધિમાં **अनल्विधौ** એપ્રતિષેધ કરવામાં આવતો હોય તો **कुरु, वधक, पिब** નાં ગુણ અને વૃદ્ધિ નહીં થાય એમ કહેવું પડશે.**कुरु** – આમાં સ્થાનિવદ્ભાવથી અંગ સંજ્ઞા અને પોતાના (સ્વરૂપને) આધારે લઘુ ઉપધાયુક્ત (અંગ) હોવાથી લઘુ ઉપધાનો ગુણ થવાનો પ્રસંગ આવે છે.[35] **वधक**–માં સ્થાનિવદ્ભાવને કારણે અંગ સંજ્ઞા અને તે પોતે જ **अ**-કાર ઉપધાયુક્ત હોવાથી ત્યાં

---

[32] **अनुदेश** એટલે અતિદેશ. અનુદેશને કારણે થતું હોય તે આનુદેશિક અર્થાત્ અતિદેશને કારણે થએલું. ઉપર જોયું કે **तस्थस्थमिपाम्** વગેરે સ્થાનીના **वलादित्व** નો અતિદેશ થવાથી **ताम्** વગેરે **वलादि** થાય છે, કારણ કે **अनल्विधौ** એ પ્રતિષેધ લાગુ પડવાનો પ્રસંગ આવશે.તે દોષનું નિરાકરણ કરતાં કહે છે કે **अनल्विधौ** એ પ્રતિષેધને પ્રતાપે સ્થાનિવદ્ભાવ ન થાય તો પણ **ताम्** વગેરે સર્વ આદેશમાં **वल्** પ્રત્યાહારમાંનો વર્ણ **त**-કાર આદિ છે તેથી **इट्** આગમ થવાથી દોષ નહીં આવે.

[33] **रुदादिभ्यः०** પ્રમાણે જે **इट्** આગમ થાય છે તે માટે પ્રત્યય સાર્વધાતુક હોય તે જરૂરી છે પરંતુ **ताम्** વગેરે આદેશો સ્વતઃ સાર્વધાતુક નથી પણ તેમના સ્થાની **तस्**, **थस्** વગેરે સાર્વધાતુક પ્રત્યયો છે તેથી સ્થાનિવદ્ભાવથી તેમને સાર્વધાતુક ગણવા પડશે. હવે **इट्** વિધિ એ **अल्विधि** છે તે કારણે **अनल्विधौ** એ પ્રતિષેધ પ્રવૃત્ત થતાં સ્થાનિવદ્ભાવ ન થાય તો **ताम्** વગેરે સાર્વધાતુક ન ગણાય તેથી **इट्** આગમ ન થવાનો પ્રસંગ આવે એમ અહીં દલીલ છે.

[34] **आदेशः अस्ति अस्य आदेशी**। અર્થાત્ જેનો આદેશ થાય તે એટલે કે સ્થાની. અહીં પૂછવા માગે છે કે સ્થાની સાથે સંબદ્ધ **अल्** ને આધારે થતા કાર્યમાં સ્થાનિવદ્ભાવનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે કે પછી સ્થાની કે આદેશ કોઇ પણની સાથે સંબદ્ધ **अल्** ને આધારે થતા કાર્યમાં સ્થાનિવદ્-ભાવનો પ્રતિષેધ કરવામાં આવે છે.

[35] આ વિકલ્પમાં **कुरु**। **वधक**। **पिब** માં ગુણ કે વૃદ્ધિ થવાનો પ્રસંગ આવતો નિવારવા માટે ત્યાં સ્થાનિવદ્ભાવ થાય છે તેમ કહેવું પડશે. **कुरु**--**कृ** **लोट्** બી.પુ.,એ.વ.માં **कृ लोट्**--**तनादिकृञ्०** થી **उ** **सिप्**--**सार्वधातुकार्ध०** થી ગુણ--**कृ उ सिप्**--**अत उत्सार्व०** થી **अ** નો **उ**--**कुरु सि**--**सेर्हि०** થી **हि** થતાં **उतश्च प्रत्ययात्०** થી **हि** લોપ થઇને **कुरु** થાય છે.અહીં **कुर् उ सि** એ સ્થિતિમાં **कुर्** એ **कृ** ને સ્થાને થએલ આદેશ છે તેથી સ્થાનિવદ્ભાવથી અંગ સંજ્ઞા થશે, કારણ કે અહીં સ્થાની સંબંધી **अल्** નથી તેથી પ્રતિષેધ નહીં થાય.આમ **कुर्** થશે અને તે આપ મેળે લઘુ ઉપધાયુક્ત પણ છે તેથી **पुगन्तलघू०** પ્રમાણે ગુણ થવા જશે તેથી તેનો પ્રતિષેધ કરવો પડશે.**वधकम्**--**हन्** ધાતુને કર્તાના અર્થમાં **ण्वुतृचौ**। પ્રમાણે **ण्वुल्** લાગતાં **हन् ण्वुल्** એ સ્થિતિમાં **बहुलं संज्ञाछन्दसोरिति वक्तव्यम्**। (वा०)પ્રમાણે[**बहुलं तणीति वक्तव्यम्**। એમ ભાષ્યમાં અને ' **बहुलन्तण्यन्नववधकगात्रविचक्षणाजिराद्यर्थम्॥ का०वा०**' એમ શ.કૌ.માં પાઠ છે.(**तणि** = સંજ્ઞા અને છંદસમાં. )] પ્રમાણે **हन्** નો **वध** આદેશ થતાં **वध् ण्वुल्**--**युवोरनाकौ**। થી **ण्वुल्** નો **अक**-- **वध् अक**--**वधक** થશે. અહીં **हन्** ના આદેશ **वध्** ને પણ અંગ સંજ્ઞા થશે,કારણ કે અંગ સંજ્ઞા સ્થાની સંબંધી **अल्** ન હોવાથી **अनल्विधौ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वृद्धिः प्राप्नोति। पिबेत्यत्र स्थानिवद्भावादङ्गसंज्ञा स्वाश्रयं च लघूपधत्वं तत्र गुणः प्राप्नोति॥ अस्तु तर्ह्यविशेषेणादेश आदेशिनि च।

आदेश्यादेश इति चेत्सुप्तिङ्कृदतिदिष्टेषूपसंख्यानम्॥८॥

आदेश्यादेश इति चेत्सुप्तिङ्कृदतिदिष्टेषूपसंख्यानं कर्तव्यम्। सुप्। वृक्षाय प्लक्षाय। स्थानिवद्भावात्सुप्संज्ञा स्वाश्रयं च यञादित्वं तत्र प्रतिषेधः प्राप्नोति। सुप्॥ तिङ्। अरुदिताम् अरुदितम् अरुदित। स्थानिवद्भावात्सार्वधातुकसंज्ञा स्वाश्रयं च वलादित्वं तत्र प्रतिषेधः प्राप्नोति। तिङ्॥ कृदतिदिष्टम्। भुवनम् सुवनम् धुवनम्।

વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે.**पिब** માં સ્થાનિવદ્ભાવથી અંગ સંજ્ઞા અને પોતાના (સ્વરૂપને) આધારે લઘુ ઉપધાયુક્ત (અંગ) હોવાથી **पुगन्तलघूपध०** પ્રમાણે ગુણ થવાનો પ્રસંગ આવે છે. તો પછી અવિશિષ્ટ રીતે, એટલે કે **अल्** આદેશનો હોય ત્યારે અને સ્થાનીનો હોય તો પણ, (પ્રતિષેધ) ભલે થાય.

સ્થાનીનો હોય કે આદેશનો હોય તો પણ (પ્રતિષેધ થશે) એમ કહેશો તો **सुप्** , **तिङ्** , **कृत्** (વગેરે)ના આદેશો કરવામાં આવ્યા હોય ત્યાં (સ્થાનિવદ્ભાવ થશે તેમ) કહેવું પડશે ॥૮॥

(**अल्**) સ્થાનીનો હોય કે આદેશનો હોય તો પણ (પ્રતિષેધ થશે) એમ કહેશો તો **सुप्** , **तिङ्**, **कृत्** (વગેરે)ના આદેશો કરવામાં આવ્યા હોય ત્યાં (સ્થાનિવદ્ભાવ થશેતેમ) કહેવું પડશે.[36] **सुप्**- **वृक्षाय** , **प्लक्षाय** (અહીં **ङि** ના આદેશ **य** ને) સ્થાનિવદ્ભાવથી **सुप्** સંજ્ઞા થાયછે અને પોતાના (સ્વરૂપને) આધારે **यञादि** બને છે એ સ્થિતિમાં (દીર્ઘનો) પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે છે. **तिङ्**–**अरुदिताम्** ,**अरुदितम्**, **अरुदित** (માં **ताम्** વગેરે ને) સ્થાનિવદ્ભાવથી સાર્વધાતુક સંજ્ઞા થાય છે અને પોતાના (સ્વરૂપને) આધારે **वलादि** છે.ત્યાં (**रुदादिभ्यः०** થી થતા **इट्** નો) પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે છે. **कृत्** ના આદેશ[37]—**भुवनम्**, **सुवनम्** ,**धुवनम्** (અહીં **क्युन्** ના આદેશ **अन** ને)

---

એ નિષેધ લાગુ નહીં પડે અને સ્થાનિવદ્ભાવ થશે.હવે **वध् ण्वुल्** એ સ્થિતિમાં **ण्वुल्** એ **णित्** પ્રત્યય છે તેથી અને **वध्** સ્વતઃ રીતે અ-કાર ઉપધાયુક્ત છે તેથી **अत उपधायाः**। પ્રમાણે ઉપધાની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે.તેથી તેનો નિષેધ કરવો પડશે.અહીં નોંધવું જોઇએ કે **वध्** આદેશ હલન્ત છે, **अदन्त** હોય તો **अत्** લોપનો સ્થાનિવદ્ભાવ થતાં વૃદ્ધિ ન થાય. **पिब**--**पा लोट् सिप्**--**पा शप् लोट् सि**--**पाघ्राध्मा०** થી **पा** નો **पिब्** આદેશ, **सि** નો **हि** , તેનો લોપ થઇને **पिब** થાય છે. અહીં આદેશને સ્થાનિવદ્ભાવથી અંગ સંજ્ઞા થશે કારણ કે તે સ્થાની **अल्** ને આધારે નથી થતી અને અંગ સંજ્ઞા થાય તો **शप्** પર થતાં ઉપધા **इ**-કારનો ગુણ થવાનો પ્રસંગ આવશે, કારણ કે **पिब्** સ્વતઃ રીતે લઘુ ઉપધાયુક્ત છે તેથી અસાધુ રૂપ થવા જશે તે નિવારવા માટે ગુણ નિષેધ કરવો પડશે.આ ત્રણે ઉદાહરણમાં લઘુ કે અ-કાર ઉપધાને ગુણ કે વૃદ્ધિ વિધિ થશે એમ કહ્યું તે **अल्** આદેશનો કહ્યો છે સ્થાનીનો નહીં તેથી અહીં સ્વીકારેલ વિકલ્પ પ્રમાણે સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવો પડશે.

[36] આ વિકલ્પ સ્વીકારતાં **वृक्षाय** જેવાં **सुप्**, **अरुदिताम्** જેવાં **तिङ्** અને **भुवनम्** જેવાં **कृत्** ના આદેશોમાં **अनल्विधौ** એ પ્રતિષેધ લાગુ પડતો નથી એમ કહેવું પડશે. **सुप्**--**वृक्षाय**--**वृक्ष ङेर्यः**। થી **य**--**वृक्ष य**--**सुपि च**। થી દીર્ઘ થઇને **वृक्षाय** . અહીં **वृक्ष य** એ સ્થિતિમાં **य** આદેશને **सुप्** સંજ્ઞા થશે, કારણ કે તે સંજ્ઞા સ્થાનીના **अल्** કારણે નથી થતી, પરંતુ અહીં **सुपि च**। પ્રમાણે થતો દીર્ઘ **यञ्** પ્રત્યાહારમાંના **अल्** ઉપર આધાર રાખે છે અને તે **यञ्** અહીં જેને **सुप्** સંજ્ઞા થઇ છે તે આદેશ **य** નો છે .તેથી **अनल्विधौ** એ પ્રતિષેધ અહીં પ્રાપ્ત થશે તેથી સ્થાનિવદ્ભાવનો નિષેધ થશે. પરિણામે **सुपि च**। પ્રમાણે દીર્ઘ ન થવાનો પ્રસંગ આવશે.એમ ભાવ છે. **तिङ्**-- **अरुदिताम्** (જુઓ ઉપર નોંધ ૩૦-૩૨) **रुद् लङ् तस्** અહીં **तस्** નો **ताम्** આદેશ થતાં તેને પણ સ્થાનીની જેમ સાર્વધાતુક સંજ્ઞા પ્રાપ્ત થશે ,કારણ કે તેમાં સ્થાની સંબંધી **अल्** નો આશ્રય લેવો પડતો નથી પરંતુ આદેશ **ताम्** પોતે જ તેના આદિ **वल् त्** ને કારણે **वलादि** યુક્ત છે.આમ આદેશના **अल्** ઉપર આધારિત હોવાથી અહીં **अनल्विधौ** એ પ્રતિષેધ લાગુ પડશે પરિણામે **इट्** આગમ ન થવાનો પ્રસંગ આવતાં ઇષ્ટ રૂપ સિદ્ધ ન થઇ શકે.

[37] **कृत्** નો આદેશ--**भुवनम्** વગેરેમાં **भूसूधूभ्रस्जिभ्यश्छन्दसि**। એ ઉણાદિ સૂત્ર મુજબ **कृत्** પ્રત્યય **क्युन्** થયો છેઃ **भू क्युन्**--**कित्** હોવાથી ગુણ ન થતાં **युवोरनाकौ**। થી **यु** નો **अन** આદેશ થતાં **भू अन** એ સ્થિતિમાં **अचिश्नुधातु०** પ્રમાણે **उ** નો **उवङ्** થતાં **भ् उव् अन**--**भुवन** થાય છે. અહીં સ્થાની આદેશ **अन** ને સ્થાનિવદ્ભાવથી **कृत्** સંજ્ઞા થાય છે, કારણ કે તે કરવામાં સ્થાનીના **अल्** નો આશ્રય લેવો પડતો નથી. આદેશ **अन** સ્વતંત્ર રીતે જ **अजादि** (એટલે કે અ-કાર રૂપી **अल्** તેના આદિમાં) છે તેથી આદેશના **अल्** ને કારણે **अनल्विधौ** એ પ્રતિષેધ લાગુ પડશે. આમ સ્થાનિવદ્ભાવ ન.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

स्थानिवद्भावात्प्रत्ययसंज्ञा स्वाश्रयं चाजादित्वं तत्र प्रतिषेधः प्राप्नोति ॥ किं पुनर्ज्यायः। आदेशिन्यल्याश्रीयमाणे प्रतिषेध इत्येतदेव ज्यायः। कुत एतत्। तथा ह्ययं विशिष्टं स्थानिकार्यमादेशेऽतिदिशति गुरुवद् गुरुपुत्र यथा। तद्यथा। गुरुवदस्मिन्गुरुपुत्रे वर्तितव्यमन्यत्रोच्छिष्टभोजनात्पादोप- संग्रहणाच्चेति। यदि गुरुपुत्रोऽपि गुरुर्भवति तदपि कर्तव्यं भवति॥ अस्तु तह्यदिशिन्यल्याश्रीयमाणे प्रतिषेधः। ननु चोक्तमादेश्यल्विधिप्रतिषेधे कुरुवधपिबां गुणवृद्धिप्रतिषेध इति। नैष दोषः। करोतौ तपरकरणनिर्देशात्सिद्धम्।

સ્થાનિવદ્ભાવથી પ્રત્યય સંજ્ઞા અને પોતાના (સ્વરૂપને) આધારે તે **अजादि** બને છે.તેમ છતાં (**उवङ्** નો) પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે છે. તો પછી આ બેમાં વધારે સારૂં શું ? સ્થાનીના **अल्** નો આધાર લેવામાં આવ્યો હોય ત્યારે પ્રતિષેધ થાય છે એમ કહેવું જ વધારે સારૂં.[38] એ શાથી ? તે એટલા માટે કે આ (વાર્તિકકાર) 'ગુરુની જેમ ગુરુપુત્ર પ્રત્યે' એ (અતિદેશ) ની જેમ સ્થાનીને લગતા વિશિષ્ટ કાર્યનો આદેશ વિશે અતિદેશ કરે છે.તે એ રીતે કે એઠું ખાવું અને ચરણસ્પર્શ કરવો તે (બે કાર્યો) સિવાય આ ગુરુ પુત્ર પ્રત્યે ગુરુ વિશે કરવામાં આવે છે તેવું વર્તન કરવું.પરંતુ જો ગુરુપુત્ર પણ ગુરુ થાય તો તે પણ કરવામાં આવે છે. તો પછી સ્થાનીના ઉપર આધારિત વિધિ હોય ત્યારે ( એ) પ્રતિષેધ લાગુ પડે છે એમ રાખો.પરંતુ અમે કહ્યું ને કે સ્થાનીના **अल्** પર આધારિત વિધિમાં **अनल्विधौ** એપ્ર તિષેધ કરવામાં આવતો હોય તો **कुरु, वधक, पिब** (એ આદેશો) નાં ગુણ અને વૃદ્ધિ નહીં થાય એમ કહેવું પડશે.એ દોષ નથી (આવતો),[39] કારણ કે **कृ** ધાતુને અનુલક્ષીને (**अत उत्सार्वधातुके**। માં **उत्** એમ ઉ-કારને) તપર કરીને નિર્દેશ્યો છે તેથી ગુણનિષેધ સિદ્ધ થાય છે.

पिबिरदन्तः। वधकमिति नायं ण्वुल् अनयो ऽयमकशब्दः किदौणादिको रुचक इति यथा॥

---

થવાથી **अन** આદેશ સ્થાનીની જેમ **कृत्** નહીં રહે અને પ્રત્યય પણ નહીં થઇ શકે પરિણામે **अजादि** પ્રત્યય પર થતાં **अचि श्नुधातु०** થી ધાતુના ઉ-કારનો **उवङ्** થાય છે તે ન થતાં ઇષ્ટ રૂપ સિંદ્ધ નહીં થાય એમ દલીલ છે.

[38] જે કાર્ય આદેશને આપમેળે પ્રાપ્ત નથી હોતું ત્યાં અતિદેશ કવામાં આવે છે અને અતિદેશની અતિવ્યાપક પ્રવૃત્તિ નિવારવા માટે પ્રતિષેધ કરવામાં આવે છે તેથી પ્રતિષેધ પણ અતિદેશનો પૂરક જ છે તેથી અતિદેશ વ્દારા થતા સ્થાનીના આદેશને લગતા કાર્યને અનુલક્ષીને પ્રતિષેધ કરવો ઉચિત છે એમ અહીં આશય છે. **अरुदिताम्** માં આદેશ **ताम्** માં **वल्** પ્રત્યાહારમાંનો વર્ણ **त्** આદિ છે તેથી[38] જે કાર્ય આદેશને આપમેળે પ્રાપ્ત નથી હોતું ત્યાં અતિદેશ કવામાં આવે છે અને અતિદેશની અતિવ્યાપક પ્રવૃી નિવારવા માટે પ્રતિષેધ કરવામાં આવે છે તેથી પ્રતિષેધ પણ અતિદેશનો ભાગ જ છે તેથી અતિદેશ વ્દારા થતા સ્થાનીના આદેશને લગતા કાર્યને અનુલક્ષીને પ્રતિષેધ કરવો ઉચિત છે એમ અહીં આશય છે. **अरुदिताम्** માં આદેશ **ताम्** માં **वल्** પ્રત્યાહારમાંનો વર્ણ **त्** આદિ છે તેથી આદેશ આપ મેળે જ **वलादि** હોવાથી **वलादित्व** ના અતિદેશની અપેક્ષા રહેતી નથી.પરંતુ **ताम्** આપમેળે સાર્વધાતુક નથી, કારણ કે તેનો **तिङ्** પ્રત્યાહારમાં સમાવેશ નથી અને તે **शित्** પણ નથી . પરિણામે **ताम्** ને સાર્વધાતુકત્વ જ અતિદેશથી પ્રાપ્ત થાય છે.ગુરુપુત્ર પોતે પણ ગુરુ હોય તો **गुरुवत् गुरुपुत्रे**। એમ અતિદેશ કરવાની જરૂર નથી હોતી તેમ અહીં છે. જો ગુરુપુત્ર ગુરુ ન હોય તો તેને અનુલક્ષીને અતિદેશથી ઉચ્છિષ્ટ ભોજન (અર્થાત્ ગુરુએ લીધા પછી ભિક્ષાપાત્રમાં વધેલ અન્નનું ભોજન કરવું ), ચરણસ્પર્શ વગેરેનો નિષેધ કરવામાં આવે છે, પરંતુ ગુરુપુત્ર પોતે ગુરુ હોય તો નિષેધ લાગુ નહીં પડે. તે પ્રમાણે સ્થાનીના **अल्** રૂપી અંશે લગતો અતિદેશ પ્રાપ્ત થતો હોય ત્યાં **अल्** ને લગતા વિધિનો ત્યાગ કરવો પડશે એટલે કે **अनल्विधौ** એ પ્રતિષેધ લાગુ પડશે.

[39] (ઉપર નોંધ ૩૫) **कुरु** માં **कृ** ના **ऋ**-કારનો ગુણ થતાં **कर्** થયા પછી **अत उत्०** થી **अ** નો **उ** થાય છે.અહીં સૂત્રકારે આદેશ **उ** ને **तपर** કરીને **उत्** એ સ્વરૂપે સૂત્રમાં મૂક્યો છે તેથી સમજાય છે કે લઘુ ઉપધાનો ગુણ નહીં થાય.**भाव्यमानो ऽप्युकारः सवर्णान् गृह्णाति**। એ પરિભાષા અનુસાર સૂત્રસ્થ આદેશભૂત **उ**-કાર સવર્ણનું ગ્રહણ કરે છે તેમ સ્વીકારવા છતાં હ્રસ્વ,એક માત્રિક **अ** ને સ્થાને એકમાત્રિક **उ** થાય તે જ ઉચિત છે તેથી સૂત્રમાંનું **तपर** કરણ વ્યર્થ બનીને જ્ઞાપન કરે છે કે **कर्** ના **अ** ને સ્થાને થનાર **उ** , **उ** સ્વરૂપે જ રહેશે તેનો **पुगन्तलघू०** પ્રમાણે ગુણ નહીં થાય.[જુઓઃ **तस्मात् तपरकरणं क्रियते ह्रस्वस्यैव श्रवणं यथा स्यात्। लक्षणान्तरेण यो दीर्घः प्राप्नोति स मा भूदिति**।(ન્યા.ભા.૫,પૃ.૪૬૧)] **पिब**--- **पा** નો આદેશ થાય છે તે સૂત્રમાં **अदन्त** છે અને **पिब** એ સ્વરૂપમાં **इ**-કાર ઉપધા નહીં રહે તેથી ગુણ થવાનો પ્રસંગ નહીં આવે એમ દલીલ છે.**वधकम्** માં **ण्वुल्** એ તદ્ધિત પ્રત્યય ન લેતાં **क्वुन् शिल्पिसंज्ञोरपूर्वस्य**। એ ઉણાદિ સૂત્ર પ્રમાણે **क्वुन्** (**अक**) લાગ્યો છે તેમ માનીશું અને જેમ **रजक**। **रुचक** વગેરે બને છે તેમ **वधकम्** એ રૂપ થયું છે અને **क्वुन्** એ **कित्** પ્રત્યય છે તેથી **क्ङिति**। પ્રમાણે વૃદ્ધિ નિષેધ થવાથી ઉપર કહ્યો તે દોષ નહીં આવે એમ ભાવ છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एकदेशविकृतस्या[illegible]म् ॥९॥

एकादेशविकृतस्योपसंख्यानं कर्तव्यम्। किं प्रयोजनम्। पचतु पचन्तु। तिङ्ग्रहणेन ग्रहणं यथा स्यात्॥

एकदेशविकृतस्यानन्यत्वात्सिद्धम् ॥१०॥

एकदेशविकृतमनन्यवद्भवतीति तिङ्ग्रहणेन ग्रहणं भविष्यति। तद्यथा। श्वा कर्णे वा पुच्छे वा छिन्ने श्वैव भवति नाश्वो न गर्दभ इति॥

अनित्यविज्ञानं तु तस्मादुपसंख्यानम् ॥११॥

अनित्यविज्ञानं तु भवति। नित्याः शद्वाः। नित्येषु शद्वेषु कूटस्थैरविचालिभिर्वर्णैर्भवितव्यमनपायोपजनविकारिभिः। तत्र स एवायं

**पिब्** (આદેશ મૂળ **पिब** એમ) **अ**-કારાન્ત છે (તેથી **लघूपधगुण** નહીં થાય).**वधकम्** માં **ण्वुल्** એ (**णित्**) પ્રત્યય નથી.આ તો જેમ **रुचकः** (માં) છે તેવો **उणादि** પ્રત્યયમાંનો કોઇ બીજો **कित्** **अक** (પ્રત્યય) છે (પ્રત્યય **कित्** હોવાથી. વૃદ્ધિ નહીં થાય).

જેના કોઇ એક ભાગમાં ફેર થયો હોય તેનો સમાવેશ કરવો જોઇએ ॥૯॥ [40]

જેના કોઇ એક ભાગમાં ફેર થયો હોય તેને (મૂળ જેવો) ગણવો જોઇએ. (તેમ કરવાનું) શું પ્રયોજન ? એ કે તેથી **तिङन्त**નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે **पचतु, पचन्तु** નું (પણ) ગ્રહણ થઇ શકે.

જેના એક ભાગમાં ફેર થયો હોય તે (વસ્તુ મૂળથી) ભિન્ન ન હોવાથી (કાર્ય) સિદ્ધ થાય છે ॥૧૦॥

એક અવયવમાં ફેરફાર થયો હોય તે (મૂળ વસ્તુથી) ભિન્ન નથી તેથી **तिङन्त**નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે (**पचतु,पचन्तु** નું પણ) ગ્રહણ થશે.[41] તે આ રીતે કે કૂતરાનો કાન કે પૂંછડી કપાઇ ગઇ હોય તો પણ તે કૂતરો જ રહે છે, નહીં કે ઘોડો કે ગધેડો.[42]

એથી તો (શબ્દ) અનિત્ય છે તેમ સમજાશે તેથી (એક ભાગમાં ફેર થયો હોય તેનો મૂળમાં સમાવેશ) થાય છે એમ કહેવું પડશે ॥૧૧॥

પરંતુ (શબ્દમાં વિકાર થતો હોય તો તે) અનિત્ય છે તેવું ભાન થાય છે.[43] શબ્દો તો નિત્ય છે અને નિત્ય શબ્દોમાં વર્ણો નિત્ય, એક જ સ્વરૂપે રહેનાર), અવિચલિત (આઘાપાછા ન થનાર) અને નાશ, વૃદ્ધિ કે વિકાર વિનાના હોવા જોઇએ. એમ હોવાથી 'આ તે જ શબ્દ છે

विकृतश्चेत्येतन्नित्येषु नोपपद्यते। तस्मादुपसंख्यानं कर्तव्यम्॥

भारद्वाजीयाः पठन्ति॥ एकदेशविकृतेषूपसंख्यानम्॥ एकदेशविकृतेषूपसंख्यानं कर्तव्यम्। किं प्रयोजनम्। पचतु पचन्तु। तिङ्ग्रहणेन ग्रहणं यथा स्यात्। किं च कारणं न स्यात्। अनादेशत्वात्॥ आदेशः स्थानिवदित्युच्यते न चेम आदेशाः॥ रूपान्यत्वाच्च॥ अन्यत्खल्वपि रूपं पचतीत्य- न्यत्पचत्विति।

---

[40] ચૌ.ખં.(પૃ.૪૫૧,પા. ટી.૨) માં નોધ્યું છે કે **अ** અનેષ પ્રતોમાં આ વાર્તિકનો પાઠ નથી.**एकदेशविकृतम्** એ બહુવ્રીહિ નથી પરંતુ **एकदेशेन विकृतम्** એમ તૃતીયા સમાસ છે, કારણ કે બહુવ્રીહિમાં **निष्ठा** । એ સૂત્ર પ્રમાણે નિષ્ઠાપ્રત્યયાન્ત **विकृतम्** નો પૂર્વ નિપાત થાય.જો કે સૂત્રકારે **वाऽऽहिताग्न्यादिषु**। એમ કહ્યું છે અને **आहिताग्नि** એ આકૃતિ ગણ છે તેથી બહુવ્રીહિ પણ લઇ શકાય તેમ ગદા ટીકામાં કહ્યું છે (છા.) **निष्ठा**। સૂત્ર ઉપર દીક્ષિત પણ કહે છે કે **प्रायिकं चेदम्**। **कृतकटः**। વગેરે.

[41] આ ઉપરથી સૂચવાય છે કે **एरुः**। પ્રમાણે જે આનુમાનિક આદેશ થાય છે (જુઓ ઉપર નોંધ ૮) ત્યાં પણ સ્થાનિવદ્ભાવ થાય છે. તેથી **पचतु**। **पचन्तु** માં જે **तु** અને **अन्तु** આદેશો થયા છે તે પણ સ્થાનિવદ્ભાવથી **तिङ्** થઇ શકે અને તે શબ્દસ્વરૂપોને પદ સંજ્ઞા થઇ શકે.અહીં **तु** અને **अन्तु** નો માત્ર એકદેશ (**इ** નો **उ** થયો છે તે) જ આદેશ છે. છતાં પ્રસ્તુત વાર્તિકને પ્રતાપે સ્થાનિવદ્ભાવ લાગુ પડશે એમ કહેવા માગે છે.

[42] અહીં આમ કહેવા માગે છેઃ કૂતરાની પૂંછડી કપાઇ ગઇ હોય છતાં તેનાં બાકીનાં અંગો જેમનાં તેમ હોય તે કારણે તે કૂતરો જ છે, ઘોડો કે ગધેડો નથી તેમ સમજાય છે. તે રીતે **पचतु** વગેરેમાં પણ **इ**-કારમાં **एरुः**। પ્રમાણે ફેરફાર થયો હોવા છતાં **ति** માંથી શેષ રહેલ **त**-કારને કારણે એ **तिङ्** છે તેનું સૂચન થાય છે અને અર્થ બોધ પણ થાય છે. જેમ **अपचत्** માં **इ**-કારનો **इतश्च**। પ્રમાણે લોપ થવા છતાં તેમાંનો માત્ર **त**-કાર તેના **तिङ्** હોવાનો અને અર્થ બોધ થાય તેનો હેતુ છે તેમ અહીં છે. **एकदेशविकृतेषु** એમ બહુવચન લીધું છે તેમાં લોપનો પણ સમાવેશ થઇ જાય છે તેથી **अपचत्** જેવામાં સ્થાનિવદ્ભાવ થાય છે.

[43] **त**-કાર રહે પણ **इ** નો **उ** થાય તો શબ્દનું અનિત્યત્વ જ થાય, કારણ કે એક અવયવ **उ** નો પ્રાદુર્ભાવ થાય છે અને પૂર્વે રહેલ અવયવ **इ** નો નાશ થાય છે. ઉપસંખ્યાન કરવામાં આવે તો અનિત્યત્વ દોષ નહીં આવે, કારણ કે **एरुः**। એ સૂત્રથી સ્થાની અને આદેશ દ્વારા **ति** શબ્દ અને **तु** શબ્દનું અનુમાન થઇ શકે છે તેથી તેમાં **ति** ને સ્થાને **तु** નું વિધાન કર્યું છે તેમ બોધ થાય છે. (જ્યારે **इ** અને **उ** દ્વારા અર્થ બોધ થતો નથી, કારણ કે તે બન્ને અર્થરહિત છે.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इमेप्यादेशाः। कथम्। आदिश्यते यः स आदेश इमेऽप्यादिश्यन्ते॥ आदेशः स्थानिवदिति चेन्नानाश्रितत्वात्॥ आदेशः स्थानिवदिति चेन्न। किं कारणम्। अनाश्रितत्वात्। योऽत्रादेशो नासावाश्रीयते यश्चाश्रीयते नासावादेशः।

અને વિકાર યુક્ત પણ છે' એમ નિત્ય શબ્દો ની બાબતમાં ઘટતું નથી.[44] તેથી (એક ભાગમાં ફેર થયો હોય તે મૂળ વસ્તુ જ ગણાય એમ) કહેવું પડશે.

ભારદ્વાજીયો[45] (આમ) પાઠ લે છે :–एकदेशविकृतेषूपसंख्यानम्। ('જેના (કોઇ) એક અવયવમાં ફેર થયો હોય તેને મૂળ જેવું ગણવું' એમ કહેવું પડશે).અર્થાત્ જેના કોઇ એક ભાગમાં ફેર થયો હોય તેને પણ (તેની મૂળ પ્રકૃતિમાં) આવરી લેવું જોઇએ.(તેનું) પ્રયોજન ? (એ કે ) તેથી तिङ् નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે पचतु ,पचन्तु નું ગ્રહણ થઇ શકે. પણ (તેમનું ગ્રહણ) ન થાય તેનું શું કારણ ? આદેશ નથી તેથી. આદેશ સ્થાની જેવો હોય છે તેમ કહેવામાં આવે છે, પણ આ (રૂપોમાં तु , अन्तु એ) આદેશ નથી[46] અને તેમનું સ્વરૂપ પણ જુદું છે[47] (એટલે કે) पचति નું સ્વરૂપ પણ જુદું છે અને पचतु નું સ્વરૂપ પણ જુદું છે.એ પણ આદેશ છે. કેવી રીતે ? જેનો આદેશ કરવામાં આવે તે आदेश . આમનો પણ આદેશ કરવામાં આવે છે.આદેશ સ્થાની જેવો હોય છે એમ જો કહેવામાં આવે તો તેમ નથી, કારણ કે (પદ સંજ્ઞામાં) તેનો આધાર લેવામાં આવ્યો નથી, આદેશ સ્થાની જેવો હોય છે તેમ કહેશો તો (અમે કહીશું કે) ના. (તેમ નથી).(તેનું) શું કારણ ? કારણ એ કે (पदसंज्ञा સૂત્રમાં) તેનો આધાર લેવામાં આવ્યો નથી.અહીં જે (इ-કારનો उ-કાર) આદેશ છે તેનો (पदसंज्ञाસૂત્રમાં) આધાર લેવામાંનથી આવ્યો અને જેનો આધાર લેવામાં આવ્યો છે તે (तु )આદેશ નથી[48]

नैतन्मन्तव्यं समुदाय आश्रीयतेऽवयवो नाश्रीयत इति। अभ्यन्तरो हि समुदायस्यावयवः। तद्यथा। वृक्षः प्रचलन्सहावयवैः प्रचलति॥ आश्रय इति चेदल्विधिप्रसङ्गः॥ आश्रय इति चेदल्विधिरयं भवति तत्रानल्विधाविति प्रतिषेधः प्राप्नोति। नैष दोषः। नैवं सति कश्चिदप्यनल्विधिः स्यात्। उच्यते चेदमनल्विधाविति तत्र प्रकर्षगतिर्विज्ञास्यते साधीयो योऽल्विधिरिति। कश्च साधीयः। यत्र प्राधान्येनालाश्रीयते। यत्र नान्तरीयकोऽलाश्रीयते नासावल्विधिरिति। अथवोक्तमादेशग्रहणस्य प्रयोजनमादेशमात्रं स्थानिवद्यथा स्यादिति॥

---

[44] કારણ કે स एवायम्। એમ જે પ્રત્યભિજ્ઞા થાય છે તેધ્દ્વારા નિત્યત્વનું સૂચન થાય છે પરંતુ તે સાથે विकृतश्च એમાં ફેરફાર થયો છે તેમ કહેવું તે પરસ્પર વિરુદ્ધ કથન છે તેથી તેમ કહેવું અનુચિત છે.

[45] भारद्वाजीयाः--પ્રાચીન વૈયાકરણ ભારદ્વાજના શિષ્યો અને અનુયાયિઓ. પાણિનિએ ऋतो भारद्वाजस्य। એ સૂત્રમાં ભારદ્વાજનો ઉલ્લેખ કર્યો છે.કાત્યાયનના પાઠથી ભારદ્વાજનો પાઠ એ રીતે જુદો પડે છે કે તેમાં एकदेशविकृतेषु એ બહુવચન છે અને अनादेशात् વગેરે હેતુ આપ્યા છે.

[46] पचतु વગેરેમાં तु વગેરે આદેશ નથી કારણ કે एरुः। એ સૂત્રમાં 'इ-કારનો उ-કાર થાય છે' એમ કહીને इ અને उ એ બે વર્ણોનું જ અનુક્રમે સાક્ષાત્ સ્થાની અને સાક્ષાત્ આદેથ તરીકે ગ્રહણ કર્યું છે, પરંતુ ति અને तु એ સમુદાયનું સાક્ષાત્ ગ્રહણ નથી કર્યું તેથી तु વગેરે પ્રત્યક્ષ આદેશ નથી.

[47] અહીં લૌકિક ન્યાયનો આશ્રય લઇને ખંડન કરે છે.पचति અને पचतु એ બેનાં સ્વરૂપ તદ્દન ભિન્ન છે તેથી तिङ् ગ્રહણથી પદસંજ્ઞાસૂત્ર દ્વારા पचति નું ગ્રહણ થઇ શકે पचतु નું નહીં તેથી તેને પદ સંજ્ઞા ન થાય. જો અવયવ રૂપ આદેશને કારણે સ્વરૂપમાં ભેદ ન હોય તો પ્રત્યભિજ્ઞા દ્વારા तु ને तिङ् તરીકે ઓળખી શકાત, જેમ કે इदम् માં इदमो मः। પ્રમાણે म् થાય છે તે अलोऽन्त्य ० પ્રમાણે અંત્ય म-કારનો થશે આમ म् નો આદેશ म् થાય છે તેથી સ્વરૂપમાં ભેદ નથી થતો અને આદેશયુક્ત સ્વરૂપ પણ इदम् તરીકે ઓળખી શકાય છે. અલબત્ત ત્યાં म् નું વિધાન त्यदादीना० થી થતા अ નો બાધ કરવા માટે છે. જ્યારે पचतु માં . તો ति નો तु થવાથી અડધો ભાગ બદલાઇ જવાથી તેની तिङ्त्व જાતિ સૂચવાતી નથી. આમ આદેશને કારણે સ્વરૂપ બદલાતાં तिङ्त्व નથી રહેતું એમ અહીં ભાવ છે.

[48] આ દલીલ આદેશની શક્તિ ન જાણનારની છે. તે માને છે કે સ્થાનિવદ્સૂત્ર પ્રત્યક્ષ આદેશને જ લક્ષમાં રાખે છે. ताम् વગેરે આદેશોનું પદસંજ્ઞામાં ગ્રહણ નથી કરવામાં આવ્યું છતાં अरुदिताम् જેવાં तामन्त વગેરેને સ્થાનિવદ્ભાવથી પદસંજ્ઞા થાય છે તેમ पचतु વગેરેમાં કેમ ન થાય એ શંકાને અવકાશ નથી, કારણ કે આ મત પ્રમાણે પદ સંજ્ઞા ति એ શબ્દને આભારી છે,એ વર્ણ સમુદાયને કારણે થાય છે, इ વગેરે અવયવને કારણે નહીં . અહીં इ નો उ એ આદેશ છે પણ सुप्तिङन्तं पदम्। એ પદસંજ્ઞાસૂત્રમાં તે(इ-કાર) નો આધાર લેવામાં આવ્યો નથી. पचतु ને પદસંજ્ઞા થાય તે માટે तु નો આશ્રય લેવામાં આવે છે પણ તે આદેશ નથી (કારણ કે આદેશ તો उ છે) અને उ-કાર એ ति નો આદેશ નથી. આમ तिङ्त्व સમુદાય પુરતું મર્યાદિત હોવાથી અવયવને લાગુ પડતું નથી.પરિણામે સ્થાનિવદ્ભાવ દ્વારા પણ उ આદેશને પદસંજ્ઞાના હેતુ તરીકે સ્વીકારી ન શકાય, કારણ કે तु એ સમુદાય ति નો પ્રત્યક્ષ આદેશ નથી.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમુદાયનો આધાર લીધો હોય ત્યારે અવયવનો આધાર લેવામાં નથી આવ્યો તેમ માનવું ન જોઇએ,[49]કારણ કે અવયવ તો સમુદાયમાં આવી જાય છે.જેમ કે વૃક્ષ જ્યારે ડોલે છે ત્યારે પોતાના અવયવો સાથે ડોલે છે.(અવયવનો પણ) આશ્રય (લીધો ) છે એમ કહો તો अल् વિધિ થવાનો પ્રસંગ (આવે છે).[50](અવયવનો પણ पद સંજ્ઞામાં) આધાર લીધો છે એમ હોય તો (એ સંજ્ઞા સૂત્ર) अल् વિધિ થવાનો પ્રસંગ (આવશે) અને તેથી अनल्विधौ એ પ્રતિષેધ થવાનો પ્રસંગ આવશે.એ દોષ નહીં આવે (કારણ કે) કે એમ હોય તો अनल्विधि એ પ્રકારનો કોઇ પણ પ્રતિષેધ ન થાય. તેમ છતાં अनल्विधौ એમ તો કહેવામાં આવે છે , તેમ હોવાથી (અહીં) ઉત્તમનો અર્થ સમજાય છે, અર્થાત્ જે વધારે સારો अल् વિધિ તે. અને વધારે સારો अल् વિધિ તે કયો ? જ્યાં अल् નો પ્રધાન રૂપે [51] આશ્રય લેવામાં આવ્યો હોય તે, (તેથી) જ્યાં અનુમીયમાન अल् નો આશ્રય લેવામાં આવ્યો હોય તે अल् વિધિ નથી. અથવા કોઇ પણ આદેશ (आदेशमात्रम् ) [52] સ્થાની જેવો ગણાય એ (આ સૂત્રમાં) આદેશ (શબ્દ) મૂકવાનું પ્રયોજન કહ્યું છે .

**अनुपपन्नं स्थान्यादेशत्वं शद्बनित्यत्वात् ॥१२॥**

**स्थान्यादेश इत्येतन्नित्येषु शद्वेषु नोपपद्यते। किः कारणम्। नित्यत्वात्। स्थानी हि नाम यो भूत्वा न भवति। आदेशो हि नाम योऽभूत्वा भवति। एतच्च नित्येषु शद्वेषु नोपपद्यते यत्सतो नाम विनाशः स्यादसतो वा प्रादुर्भाव इति॥**

**सिद्धं तु यथा लौकिकवैदिकेष्वभूतपूर्वेऽपि स्थानशद्वप्रयोगात् ॥१३॥**

---

[49] આ એકદેશીનો ઉત્તર છે : सुप्तिङन्तम्० સૂત્રમાં પદ સંજ્ઞાના નિમિત્ત રૂપે ति એ સમુદાયનું ગ્રહણ કરવામાં આવ્યું છે અને સમુદાય અવયવ વિના હોઇ ન શકે તેથી त-કાર અને इ-કાર જેને અન્તે છે તેપદ એમ અર્થ થશે.પરિણામે तिप् तस् झि એમ જે વર્ણ સંનિવેશ છે તેમાં तिप् માં त् અને इ નો પણ સંનિવેશ છે તેથી इ-કાર तिङ्त्व થી વિશિષ્ટ થશે અને પરિણામે તેનો આદેશ ઉ-કાર પણ तिङ्त्व વિશિષ્ટ થશે, કારણ કે જેમ 'વૃક્ષ હાલે છે' તેમ કહેવાથી તેનાં અવયવભૂત ડાળાંપાંખડાં પણ હાલે છે તેમ કહી શકાય. તે રીતે સમુદાયભૂત तिप् નો પદ સંજ્ઞામાં આશ્રય લેવામાં આવે ત્યારે તેના અવયવભૂત इ-કારનું પણ પદ સંજ્ઞામાં ગ્રહણ થઇ જાય છે. એ રીતે इ-કારનો આદેશ થતાં સ્થાનિવદ્ભાવથી ઉ-કાર એ ઉ-કાર જ છે તેમ સમજાતાં પદ સંજ્ઞાના નિમિત્તભૂત ति સમુદાયનો પદ સંજ્ઞામાં આશ્રય લીધો છે તેથી पचतु ને પણ પદ સંજ્ઞા થશે.

[50] કારણ કે તેમ થવાથી इ-કાર પણ પદ સંજ્ઞાનું નિમિત્ત થશે અને इ-કાર अल् હોવાથી પદસંજ્ઞાવિધિ अल्विधि થતાં अनल्विधौ એ પ્રતિષેધ લાગતાં સ્થાનિવદ્ભાવ નહીં થાય અને તેથી पचतु વગેરેમાં પદ સંજ્ઞા નહીં થાય એમ અહીં દલીલ છે

[51] प्रकर्षगतिर्विज्ञास्यते। એમ જે કહ્યું છે તે ઉપરથી 'ઉત્કૃષ્ટ' એ અર્થમાં એટલે કે પ્રધાન્યપૂર્વક अल् નું ગ્રહણ કર્યું હોય-- 'જે વધારે સારો अल्विधि તે' એમ અર્થ થશે., એટલે કે જ્યાં સૂત્રમાં अल् નું સાક્ષાત્ ગ્રહણ કર્યું હોય ત્યાં પ્રતિષેધ લાગુ પડશે ગમે તે अल् નું ગ્રહણ કર્યું હોય ત્યાં નહીં.મૂળમાં नान्तरीयकः अल् એમ કહ્યું છે તે અનુમાનગમ્યના અર્થમાં કહ્યું છે.नान्तरीयक એટલે જેના વિના જે ન રહી શકે તે. આ શબ્દનો પ્રયોગ ભાષ્યકારે भावे। એ સૂત્ર ઉપરના ભાષ્યમાં પણ કર્યો છે. જે અનિવાર્ય રીતે સંકળાયેલ હોય તે अल् नान्तरीयक થશે. કૈ. અહીં તેનો અર્થ અનુમીયમાન એમ કર્યો છે તેમ જણાય છે,કારણ કે જે નાન્તરીયક હોય તે ઉપરથી અનુમાન થઇ શકે.ધૂમનો અગ્નિ સાથે જે સંબંધ છે તે નાન્તરીયક છે, કારણ કે અગ્નિ વિના ધૂમ ન હોઇ શકે અને તેથી તેના ઉપરથી અગ્નિનું અનુમાન થઇ શકે છે તેમ નાન્તરીયક अल् આદેશ ઉપરથી સ્થાની अल् નું અનુમાન થઇ શકે. एरुः। માં પ્રધાન રીતે अल् નું ગ્રહણ છે તે ઉપરથી સ્થાની અને આદેશનું અનુમાન થાય છે તેથી ત્યાં अनल्विधौ એ પ્રતિષેધ લાગુ નહીં પડે.) ભાષ્યમાં प्राधान्येन अल् आश्रीयते। એમ કહ્યું છે તેમાં પ્રધાન એટલે મુખ્ય એમ સમજવાનું નથી નહીં તો प्रदीव्य જેવાં રૂપ સિદ્ધ ન થઇ શકે, કારણ કે आर्धधातुकस्य० માં પ્રધાનતયા अल् નો આશ્રય નથી લીધો તેથી इट् આગમ થવાનો પ્રસંગ આવશે.તેથી प्राधान्येन એમ ભ ાષ્યમાં કહ્યું છે તેથી પ્રત્યક્ષનું સૂચવાય છે ( કે) જુઓ ઉપર નોંધ (૫૧). ટૂંકમાં અનુમીયમાન, જેનો માત્ર સંભવ જ છે તેવા अल् નો આધાર લીધો હોય ત્યાં પ્રતિષેધ નહીં થાય.

[52] સાક્ષાત્ કે આનુમાનિક, કોઇ પણ આદેશને વિશે પણ સ્થાનિવદ્ભાવ થાય.એકદેશીનું ખંડન ન કરતાં સિદ્ધાન્તી પોતાનો મત દર્શાવ્યો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धमेतत्। कथम्। यथा लौकिकेषु वैदिकेषु च कृतान्तेष्वभूतपूर्वेऽपि स्थानशब्दो वर्तते। लोके तावदुपाध्यायस्य स्थाने शिष्य इत्युच्यते न च तत्रोपाध्यायो भूतपूर्वो भवति। वेदेऽपि सोमस्य स्थाने पूतीकतृणान्यभिषुणुयादित्युच्यते न च तत्र सोमो भूतपूर्वो भवति॥

**कार्यविपरिणामाद्वा सिद्धम्॥ १४॥**

**अथवा कार्यविपरिणामात्सिद्धम्। किमिदं कार्यविपरिणामादिति। कार्या बुद्धिः सा विपरिणम्यते। ननु च कार्याविपरिणामादिति भवितव्यम्। सन्ति ह्यौत्तरपदिकानि ह्रस्वत्वानि।**

શબ્દ નિત્ય હોવાથી સ્થાની અને આદેશનો સંબંધ ઘટતો નથી ॥૧૨॥

(આ) સ્થાની અને (આ તેનો ) આદેશ એમ નિત્ય શબ્દો વિશે કહેવું યોગ્ય નથી.શા માટે? (શબ્દ) નિત્ય છે તેથી. સ્થાની એટલે તો તે કે જે (પૂર્વે ) હોઇને (પછી) ન હોય અને આદેશ એટલે તો તે કે જે (પૂર્વે ) ન હોઇને (પછી) હોય.જે ભલા હોય તેનો વિનાશ થાય અને વળી જે ન હોય તે પ્રકટ થાય તે (વાત) નિત્ય શબ્દોને વિશે ઘટતી નથી.[53]

લૌકિક અને વૈદિક (વ્યવહાર)માં જે પૂર્વે ન હોય તેને વિશે પણ સ્થાન શબ્દનો પ્રયોગ છે તેથી સિદ્ધ થશે ॥૧૩॥

એ (સ્થાની-આદેશ વ્યવહાર) સિદ્ધ થાય છે. કેવી રીતે ? લૌકિક અને વૈદિક વ્યવહારમાં પૂર્વે જે ન હોય તેને વિશે પણ સ્થાન શબ્દનો પ્રયોગ છે..[54] લોકમાં તો–: **उपाध्यायस्य स्थाने शिष्यः।** ઉપાધ્યાયને સ્થાને શિષ્ય' એમ કહેવામાં આવે છે, પરંતુ ત્યાં ઉપાધ્યાય પૂર્વે હોતો જ નથી. વેદમાં પણ ' **सोमस्य स्थाने पूतीकतृणान्यभिषुणुयात्।** સોમને સ્થાને (ની જગાએ) પૂતીક તૃણનો રસ કાઢવો' એમ કહેવામાં આવે છે પણ ત્યાં સોમ પૂર્વે ન હતો.

અથવા બુદ્ધિના ફેરફારને કારણે સિદ્ધ થાય છે ॥૧૪॥

અથવા બુદ્ધિ (**कार्या**)ના ફેરફારને કારણે[55] (સ્થાની-આદેશ સંબંધ) સિદ્ધ થાય છે. આ **कार्याविपरिणाम** એ વળી શું છે ? **कार्या** એટલે બુદ્ધિ, તેમાં ફેરફાર થાય છે.પરંતુ (તેમ હોય તો ) **कार्याविपरिणामात्** એમ થવું જોઇએ. ઉત્તરપદ પર થતાં પૂર્વપદનો હ્રસ્વ થાય તેવાં (સૂત્રો) અવશ્ય હોય છે.

---

[53] જ્યારે એક ભાગમાં ફેર પડે ત્યારે નિત્યત્વની હાનિ થતી હોય તો પછી જ્યાં સમૂળગો ફેર થઇ જાય ત્યાં નિત્યત્વ ક્યાંથી રહે ? જેમ કે **अस्तेर्भूः।** થી अस् ને સ્થાને भू થાય છે,अस् રહેતો જ નથી.આમ જ્યાં સ્થાનીના કોઇ પણ અંશનો આદેશમાં અન્વય ન હોય ,સ્થાનીના સ્વરૂપમાંથી આદેશમાં કંઇ જ ઊતરી આવતું ન હોય ત્યાં નિત્યત્વ ક્યાંથી હોય ? મૃત્તિકાનો ઘટ,શરાવ વગેરેમાં અન્વય જોવામાં આવે છે તેથી તે સર્વ માટીનાં છે એમ ભાન થાય છે અને તેથી મૃત્તિકાની વ્યાવહારિક નિત્યતા સમજાય છે. પરંતુ अस् નો भू આદેશ થાય છે ત્યાં કોઇ પ્રકારનો અન્વય નથી.भू આદેશમાં अस् નું સ્વરૂપ કોઇ રીતે જણાતું નથી તેથી શબ્દનિત્યત્વને હાનિ પહોંચે છે,કારણ કે હોઇ ને ન હોવું અને ન હોઇને ઉત્પન્ન થવું એ નિત્યત્વથી તદ્દન વિરુદ્ધ છે.એમ તાત્પર્ય છે.

[54] સ્થાન શબ્દ અહીં પ્રસંગવાચી છે એમ ઉત્તરમાં કહેવા માગે છે.સોમ લતાનો રસ કાઢીને યજ્ઞમાં ઉપયોગમાં લેવામાં આવે છે. કામનાની સિદ્ધિ માટે નિત્ય અને કામ્ય કર્મ અવશ્ય કરવું જોઇએ. આમ હોવાથી યજ્ઞ માટે સોમ લતા ન મળે તો તેને બદલે (**सोमस्य स्थाने**) પૂતીતૃણ અને તે પણ ન મળે તો અર્જુન તૃણનો અભિષવ કરવો ,રસ કાઢવો, એમ કહ્યું છે. અહીં 'સોમને સ્થાને' એમ કહ્યું છે તેથી સોમ ન મળે ત્યારે - ન હોય ત્યારે -એમ સમજાય છે.તેથી સોમ પૂર્વે ન હોય(**अभूतपूर्व**) છતાં તેનો પ્રસંગ હોય ત્યાં 'પૂતીકતૃણનો પ્રયોગ કરવો'એમ કહ્યું છે.તે જ રીતે પૂર્વે ન હોય (**अभूतपूर्व**) તે સ્થાનીને જ્યાં પ્રસંગ હોય ત્યાં આદેશ મૂકવો એમ કહેવાથી સ્થાની-આદેશ વ્યવહાર સિદ્ધ થશે છતાં શબ્દનિત્યત્વને હાનિ નહીં આવે. એમ ભાવ છે.

[55] જો કે કાર્યા શબ્દ બુદ્ધિનો પર્યાય નથી છતાં અહીં અન્ય કોઇનું પરિવર્તન સંભવિત ન હોવાથી કાર્યા શબ્દના સામર્થ્યને પ્રતાપે **कार्या** એટલે બુદ્ધિ એમ સમજાશે.(કે.).कार्यविपरिणामात् એ સમાસનો વિગ્રહ **कार्यायाः विपरिणामत्।** એમ હોય તો સમાસ **कार्याविपणिामात्** એમ થવો જોઇએ,જ્યારે વાર્તિકમાં તો **कार्यविपरिणामात्** એમ કહ્યું છે. પરંતુ શાસ્ત્રમાં એવાં સૂત્રો છે કે જ્યાં ઉત્તરપદ પર થતાં પૂર્વપદના અન્ત્ય સ્વરનો હ્રસ્વ થાય. તેમાંનું એક સૂત્ર છે **ङ्यापोः संज्ञाछन्दसोर्बहुलम्।** તદનુસાર ઉત્તરપદ પર થતાં **ङ्यन्त** અને **आवन्त** નો મોટે ભાગે હ્રસ્વ થાય છે, જેમ કે **रेवतिपुत्रः** . પરંતુ તે સમાસ સંજ્ઞા કે છાંદસ પ્રયોગ હોવો જોઇએ. અહીં **कार्या** એ **आवन्त** શબ્દ છે પરંતુ આખો સમાસ સંજ્ઞા કે છાંદસ પ્રયોગ નથી છતાં સૂત્રમાં **बहुलम्** એમ કહ્યું છે તેથી **कार्याया विपरिणामः कार्यविपरिणामः।** એમ હ્રસ્વાન્ત પૂર્વપદ યુક્ત સમાસ થઇ શકશે.**ङ्यापोः०** ની સહાય લીધા વિના પણ સમાસમાંનું હ્રસ્વત્વ અન્ય રીતે સમજાવી શકાશેઃ બુદ્ધિ એટલે ખ્યાલ, વિચાર (**कार्या बुद्धिः कार्यः सम्प्रत्ययः**) આમ **कार्य** એટલે ખ્યાલ અને **कार्यस्य विपरिणामः कार्यविपरिणामः।** અર્થાત્ બુદ્ધિ - ખ્યાલમાં પરિવર્તન.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अपि च बुद्धिः संप्रत्यय इत्यनर्थान्तरम्। कार्या बुद्धिः कार्यः संप्रत्ययः विपरिणामः कार्यविपरिणामः कार्यविपरिणामादिति॥ परिहारान्तरमेवेदं मत्वा पठितं कथं चेदं परिहारान्तरं स्यात्। यदि भूतपूर्वे स्थानशब्दो वर्तते। भूतपूर्वे चापि स्थानशब्दो वर्तते। कथम्। बुद्ध्या। तद्यथा। कश्चित्कस्मैचिदुपदिशति प्राचीनं ग्रामादाम्रा इति। तस्य सर्वत्राम्रबुद्धिः प्रसक्ता। ततः पश्चादाह ये क्षीरिणोऽवरोहन्तः पृथुपर्णास्ते न्यग्रोधा इति। स तत्राम्रबुद्ध्या न्यग्रोधबुद्धिं प्रतिपद्यते। स ततः पश्यति बुद्ध्याम्रांश्चापकृष्यमाणा न्यग्रोधांश्चाधीयमानान्। नित्या एव स्वस्मिन्विषय आम्रा नित्याश्च न्यग्रोधा बुद्धिस्त्वस्य विपरिणम्यते। एवमिहाप्यस्तिरस्मा अविशेषेणोपदिष्टः। तस्य सर्वत्रास्तिबुद्धिः प्रसक्ता। सोऽस्तेर्भूर्भवतीत्यस्तिबुद्ध्या भवतिबुद्धिं प्रतिपद्यते। नित्य एव च स्वस्मिन्विषयेऽस्तिर्नित्यो भवतिर्बुद्धिस्त्वस्य विपरिणम्यते॥

**अपवादप्रसङ्गस्तु स्थानित्वात्॥१५॥**

વળી બુદ્ધિ અને અને વિચાર (ખ્યાલ) એ ભિન્નાર્થક નથી (એટલે કે પર્યાય છે).(આમ) બુદ્ધિ (સાથે લેતાં) **कार्या** અને **संप्रत्यय** (વિચાર સાથે લેતાં) **कार्य** અને **कार्य** અર્થાત્ વિચારનો ફેરફાર થાય તે આ અન્ય રીતનો જ પરિહાર છે તેમ માનીને (**कार्यविपरिणामाद्वा।**) એમ કહ્યું છે પરંતુ એ અન્ય પ્રકારનો પરિહાર કેવી રીતે થાય ? જો સ્થાન શબ્દ ભૂતપૂર્વના અર્થમાં હોય તો (આ બીજો પરિહાર થાય).[56] ભૂતપૂર્વના અર્થમાં પણ સ્થાન શબ્દ છે.[57] કેવી રીતે ? બુદ્ધિદ્વારા. જેમ કે કોઇ (વ્યક્તિ અન્ય) કોઇને સમજાવે છે કે **प्राचीनं ग्रामादाम्राः**। ગામની પૂર્વે આંબા છે (તેથી તેને બધાં જ વૃક્ષો આંબા છે તેમ સમજાય છે.ત્યારબાદ (તે અન્ય વ્યક્તિ) ને કહે છે કે જેમાંથી દૂધ ઝરે છે , જેનાં મૂળ નીચે ઊતરે છે અને જે પહોળાં પાનવાળાં છે તે (વૃક્ષો ) વડ છે.(તેથી) તે (વૃક્ષો વિશે) આંબાને બદલે વડનો ખ્યાલ આવે છે. પછી તે આંબા દૂર થતા અને (તેને સ્થાને) વડ ઉત્પન્ન થતા મનથી અનુભવે છે. પરંતુ પોતાની રીતે તો આંબા તો નિત્ય જ છે અને વડ પણ નિત્ય છે.પરંતુ એ (દ્રષ્ટા)ની બુદ્ધિમાં જ પરિવર્તન થાય છે.એ રીતે અહીં પણ એ (અધ્યેતા)ને **अस्** ધાતુ સામાન્ય રીતે ઉપદેશવામાં આવ્યો છે અને તેને બધે જ **अस्** (એ સ્વરૂપ) નો જ ખ્યાલ આવે તેમ થશે.(પછી) **अस्**નો **भू** થાય છે (**अस्तेर्भूः**। એ સૂત્રને કારણે) આ **अस्** છે તે ખ્યાલને બદલે આ **भू** છે એમ ખ્યાલ આવે છે.પછી તે **अस्** ને દૂર થતો અને (તેને બદલે) **भू** ને ઉત્પન્ન થતો મનથી અનુભવે છે.પરંતુ **अस्** શબ્દ પોતાની રીતે તો નિત્ય જ છે અને **भू** પણ સ્વતઃ રીતે નિત્ય છે, પણ તેને વિશના એ (અધ્યેતા)ના ખ્યાલમાં પરિવર્તન આવે છે.

તો પછી અપવાદને (આદેશ ગણવાનો ) પ્રસંગ આવે છે, કારણ કે (તે તેના) સ્થાની (ઉત્સર્ગ) જેવો છે **॥૧૫॥**[58]
अपवाद उत्सर्गकृतं प्राप्नोति। **कर्मण्यण्**। **आतोऽनुपसर्गे कः**। इति केऽप्यणि कृतं प्राप्नोति। किं कारणम् स्थानित्वात्॥

**उक्तं वा॥१६॥**

किमुक्तम्। विषयेण नानालिङ्गकरणात्सिद्धमिति। अथवा

---

[56] પૂર્વે સ્થાન શબ્દ અભૂતપૂર્વના અર્થમાંલઇને **सोमस्थाने** વગેરે દૃષ્ટાન્ત આપીને સ્થાન્યાદેશમાં શબ્દના નિત્યત્વનો બચાવ કર્યો હતો. હવે બીજો પરિહાર કરે છે.ત્યાં સ્થાન શબ્દનો ભિન્ન અર્થ કરવામાં આવે તો જ તે ખુલાસો સાર્થક બને નહીં તો તે નિરર્થક થશે.તેથી અહીં **स्थान** શબ્દને ભૂત - પૂર્વના અર્થમાં લઇને શબ્દનિત્યત્વ અક્ષત રહે છે તેમ સિદ્ધ કરવા માટે'જો ભૂતપૂર્વના અર્થમાં વગેરે' કહ્યું છે.
[57] સ્થાન શબ્દ ભૂતપૂર્વના અર્થમાં જ છે.તેથી નિત્યત્વમાં કોઇ બાધ નહીં આવે, કારણ કે જ્ઞાતા પદાર્થોમાં પોતાની બુદ્ધિના ધર્મોનો આરોપ કરે છે. પૂર્વે જેને આમ્ર માન્યા તે વિશે 'આ વડ છે' એમ બુદ્ધિ થઇ તેથી આમ્રવૃક્ષ જતાં રહ્યાં અને વડ ઉત્પન્ન થયા, પરંતુ તે માત્ર બુદ્ધિમાં જ. આમ્રવૃક્ષ અને વડવૃક્ષ તો જેમ છે તેમ જ છે.એકનો નાશ પણ નથી થયો અને બીજાની ઉત્પત્તિ પણ નથી થઇ. નાશ અને ઉત્પત્તિનો ખ્યાલ તો બુદ્ધમાં થયો, એ બુદ્ધિના ધર્મો છે પણ જ્ઞાતા તે ધર્મોનો જ તે તે વૃક્ષ વિશેઆરોપ કરે છે. આમ જોતાં વૃક્ષો તો જેમનાં તેમ રહે છે.એ પ્રમાણે સ્થાની-આદેશ વ્યવહારમાં પણ સ્થાનીનો નાશ નથી થતો કે નથી તેને સ્થાને આદેશની ઉત્પત્તિ થતી.તેથી **अस्तेर्भूः**। જેવામાં **अस्ति** બુદ્ધિ **भू** બુદ્ધિમાં પરિણમે છે તેથી શબ્દનાનિત્યત્વને કોઇ આંચ આવતી નથી એમ અહીં તાત્પર્ય છે.
[58] અપવાદ અને ઉત્સર્ગ વચ્ચે સ્થાની આદેશ જેવો સંબંધ નથી.પરંતુ માત્ર બુદ્ધિનું જ પરિવર્તન થતું હોય તો ઉત્સર્ગ-અપવાદ વચ્ચે સ્થાની-આદેશભાવ થવાનો પ્રસંગ આવશે અને તેમ થાય તો અપવાદના ક્ષેત્રમાં ઉત્સર્ગનું કાર્ય પણ પ્રાપ્ત થશે.જેમ કે **कर्मण्यण्**। એ ઉત્સર્ગ સૂત્રને કારણે બધે જ **अण्** બુદ્ધિ થાય છે. પછી **आतोऽनुपसर्गे कः**। એ અપવાદ સૂત્ર દ્વારા **क** બુદ્ધિ થવાથી **अण्** બુદ્ધિની નિવૃત્તિ થાય છે -જતી રહે છે. પરંતુ **क** એ **अण्**નો આદેશ હોય તો **अण्** પર હોય તેથી **टिड्ढाणञ्०** થી થતાં **ङीप्** વગેરે કાર્ય થવાનો પ્રસંગ આવશે એમ અહીં ભાવ છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सिद्धं तु षष्ठीनिर्दिष्टस्य स्थानिवद्वचनात्॥१७॥**

**सिद्धमेतत्। कथम्। षष्ठीनिर्दिष्टस्यादेशः स्थानिवदिति वक्तव्यम्। तत्तर्हि षष्ठीनिर्दिष्टग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। प्रकृतमनुवर्तते। क्व प्रकृतम्। षष्ठी स्थानेयोगा। इति। अथवा आचार्यप्रवृत्तिर्ज्ञापयति नापवाद उत्सर्गकृतं भवतीति यदयं श्यनादीनां कांश्चिच्छितः करोति। श्यन् श्नम् श्ना शः श्नुरिति॥**

તે પ્રમાણે હોય તો ) અપવાદ હોય ત્યાં ઉત્સર્ગનું કાર્ય થવાનો પ્રસંગ આવે છે, (જેમ કે) **आतोऽनुपसर्गे कः।** પ્રમાણે **क** થાય છે .ત્યાં **कर्मण्यण्।** પ્રમાણે **अण्** પર રહેતાં થતું કાર્ય થવાનો પ્રસંગ આવે છે.(તેમ થવાનું) શું કારણ ? કારણ કે (આદેશ) સ્થાની જેવો હોય છે.

અથવા કહ્યું છે ॥૧૬॥
શું કહ્યું છે ? 'પરંતુ વિષયાનુસાર ભિન્ન ભિન્ન ચિહ્ન લગાડયાં છે તેથી સિદ્ધ થાય છે [59] (**विषयेण तु नाना लिङ्गकरणात्सिद्धम्।**' એમ (કહ્યું છે).

જેનો ષષ્ઠીવદ્દારા નિર્દેશ હોય તે (ના આદેશ) નો સ્થાનિવદ્ભાવ થાય છે એમ કહેવાથી તો સિદ્ધ થાય છે ॥૧૭॥ [60]

એ સિદ્ધ થાય છે. કેવી રીતે ? જેનો ષષ્ઠી વિભક્તિ વડે નિર્દેશ કર્યો હોય તેનો આદેશ સ્થાની જેવો થાય છે તેમ કહેવું જોઈએ.તો પછી 'ષષ્ઠી વ્દારા જેનો નિર્દેશ કર્યો હોય' એમ (સૂત્રમાં) મૂકવું પડશે ? નહીં મૂકવું પડે. પૂર્વે પ્રસ્તુત છે તેની અનુવૃત્તિ થાય છે. (પૂર્વે) ક્યાં પ્રસ્તુત છે ? **षष्ठी स्थानेयोगा।** એ(સૂત્ર)માં.અથવા તો આચાર્ય **श्यनादि** માંના કેટલાકને **श्यन्,श्नम्,श्ना, शः,श्नुः** એમ **शित्** કરે છે તેમના તે વ્યવહાર ઉપરથી જ્ઞાપન થાય છે કે અપવાદને વિશે ઉત્સર્ગનું કાર્ય નથી થતું. [61]

**तस्य दोषस्तयादेश उभयप्रतिषेधः॥१८॥**

**तस्यैतस्य लक्षणस्य दोषः। तयादेश उभयप्रतिषेधो वक्तव्यः। उभये देवमनुष्याः। तयपो ग्रहणेन ग्रहणाज्जसि विभाषा प्राप्नोति॥ नैष दोषः। अयच्प्रत्ययान्तरम्। यदि प्रत्यान्तरमुभयीतीकारो न प्राप्नोति। मा भूदेवम्। मात्रजित्येवं भविष्यति। कथम्। मात्रजिति नेदं प्रत्ययग्रहणम्। किं तर्हि। प्रत्याहारग्रहणम्। क्व सन्निविष्टानां प्रत्याहारः। मात्रशद्बात्प्रभृत्यायचश्चकारात्। यदि प्रत्याहारग्रहणं कति तिष्ठन्ति अत्रापि प्राप्नोति। अत इति वर्तते।**

---

[59] આ **अइउण्** પ્રત્યાહાર સૂત્ર ઉપરની વા.(૯) છે. (જુઓ તે ઉપરનું ભાષ્ય). અક્ષરસમામ્નાયનો **अ**-કાર, **अस्य च्वौ।** જેવાં સૂત્રોમાં અનુવૃત્તિ વ્દારા નિર્દિષ્ટ **अ**- કાર અને ધાતુ વગેરેનો **अ**-કાર એ સર્વ **अ**-કાર વ્યક્તિ એક જ છે એ પક્ષ સ્વીકારવાથી અનુબન્ધનો સંકર થશે અને તેને લીધે **क** થતો હોય ત્યાં **अण्** (**णित्**) નું કાર્ય પ્રાપ્ત થશે એવી શંકાના ઉત્તર અહીં આપ્યો છે.

[60] ષષ્ઠી વ્દારા જેનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તેને સ્થાને અપવાદનું વિધાન કરવામાં આવતું નથી તેથી અપવાદ ઉત્સર્ગનો સ્થાની નહીં થાય. કૈ.કહે છે ષષ્ઠી નિર્દેશ હોય ત્યાં જ સ્થાની-આદેશ સંબંધ ન થતો હોય તો **नाभि नभम्।** જેવામાં સ્થાની-આદેશ ભાવ ન થવાથી **नभ्यम्** રૂપ સિદ્ધ નહીં થાય. **उगवादिभ्यो०** થી **गवादि** ગણમાંના શબ્દોને **यत्** તદ્ધિત લાગે છે. એ ગણમાં **नाभि नभं च।**(**नाभि** નો **यत्** પર થતાં **नभ** થાય છે.) એ સૂત્રનો પાઠ છે, પરંતુ તેમાં **नाभि** શબ્દ ષષ્ઠીમાં નથી તેથી સ્થાનિવદ્ભાવ ન થતાં **यत्** પર થતાં **नभ** ને **भ** અને અંગ સંજ્ઞા નહીં થાય તેથી **यस्येति च।** થી **भ** ના **टि** નો લોપ ન થવાનો પ્રસંગ આવશે, એટલે કે **नाभि यत्** ---**नभ यत्** ---**नभ यत्** એ સ્થિતિમાં **अ** નો લોપ નહીં થાય. કૈ. કહે છે **नाभि** એ પ્રથમા ષષ્ઠીને સ્થાને છે તેથી સ્થાનિવદ્ભાવ થઇને ઇષ્ટરૂપ સિદ્ધ થશે.**अह्नोऽदन्ता०** સૂત્રના ભાષ્ય ઉપર કૈ.નોધે છેઃ **पूर्वाचार्याः कार्य- भाजः षष्ठ्या निरदिक्षन्।** અર્થાત્ પૂર્વાચાર્યો કાર્યીનો ષષ્ઠી વ્દારા નિર્દેશ કરતા હતા.ગણપાઠ પૂર્વાચાર્યોનો હોવાથી તેમાં ષષ્ઠીને બદલે પ્રથમા વ્દારા નિર્દેશ છે.

[61] **कर्तरि शप्।** પ્રમાણે કર્તૃવાચી **शप्** એ સાર્વધાતુક થાય છે .**श्यन्** વગેરે તેના અપવાદ છે. ઉત્સર્ગ-અપવાદ સંબંધમાં સ્થાનિવદ્ભાવ થતો હોય તો **श्यन्** વગેરેને સૂત્રકારે **शित्** ન કર્યા હોત, કારણ કે **शप्** સ્થાની હોત તો તેનું **शित्त्व** આદેશ **श्यन्** ને પ્રાપ્ત થયું જ હોય, પરંતુ ઉત્સર્ગ-અપવાદમાં તે પ્રકારનો સંબંધ નથી તે સૂચવવા માટે જ આચાર્યે **श्यन्** વગેરેને **शित्** કર્યા છે, એમ અહીં કહેવા માગે છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમાં એ દોષ છે કે **तय** ના આદેશમાં **उभय** નો પ્રતિષેધ કરવો પડશે॥૧૮॥ [62]

આ જે લક્ષણ છે તેમાં (એ) દોષ (આવે છે) કે **तय** નો (**अयच्**) આદેશ થાય છે નો પ્રતિષેધ કરવો જોઇએ.કારણ કે (**प्रथमचरम०** એ સૂત્રમાં) तयप્નું ગ્રહણ કર્યું છે તેથી (તેના આદેશ **अयच्** નું) પણ ગ્રહણ થવાથી **उभये देवमनुष्याः।** માં **जस्** પૂર્વે વિભાષા થવાનો પ્રસંગ આવે છે. એ દોષ નથી (આવતો ,કારણ કે) **अयच्** બીજો પ્રત્યય છે (એમ ગણીશું). [63] જો (**अयच्**) બીજો જ પ્રત્યય હોય તો **उभयी** (એ સ્ત્રી લિંગ) માં **ई**-કાર ન થવાનો પ્રસંગ આવશે. [64] ભલે એમ (પ્રાપ્ત) ન થાય. (પરંતુ **टिड्ढटणञ्०** સૂત્રમાં) **मात्रच्** છે તેને કારણે થશે. કેવી રીતે ? (એ સૂત્રમાં) આ **मात्रच्** એ પ્રત્યયનું ગ્રહણ નથી . તો પછી શું છે ? પ્રત્યાહારનું ગ્રહણ છે.ક્યાં મૂકેલા (વર્ણો) નો આ પ્રત્યાહાર (માં સંક્ષેપ) છે ? **मात्र** શબ્દથી લઇને **अयच्** ના **च**-કાર સુધીના. [65] જો પ્રત્યાહારનું ગ્રહણ હોય તો **कति तिष्ठन्ति।** જેવામાં[66] પણ (**ङीप्**) થવાનો પ્રસંગ આવશે. (**टिड्ढाणञ्०** માં **अजाद्यतः०** માંથી) **अतः** ની અનુવૃત્તિ થાય છે. [67]

**एवमपि तैलमात्रा धृतमात्रा अत्रापि प्राप्नोति। सदृशस्याप्यसन्निविष्टस्य न भवति प्रत्याहारग्रहणेन ग्रहणम्॥**

**जात्याख्यायां वचनातिदेशे स्थानिवद्भावप्रतिषेधः ॥१९॥**

---

[62] અહીં દોષ તે અતિવ્યાપ્તિ દોષ છે, કારણ કે **उभय** જેવામાં સ્થાનિવદ્ભાવ ન થવો જોઇએ ત્યાં પણ થવાથી **अयन्त उभय** શબ્દને **तयन्त** ગણતાં **जस्** પર થતાં **विभाषा जसि।** પ્રમાણે તેને વિકલ્પે સર્વનામ સંજ્ઞા થઇને **उभये देवमनुष्याः, उभयाः देवमनुष्याः** એમ વિકલ્પ થવાનો પ્રસંગ આવશે. **उभ** શબ્દને **उभादुदात्तो०** પ્રમાણે **तयप्** ને સ્થાને **अयच्** પ્રત્યય લાગે છે. **अयच्** એ **तयप्** નો આદેશ છે, (કારણ કે **द्वित्रिभ्यां तयस्यायज्वा।** એ સૂત્રમાંથી અહીં **तयस्य** એ ષષ્ઠ્યન્તની અનુવૃત્તિ થાય છે) તેથી **प्रथमचरमतयाल्प०** પ્રમાણે **तयबन्त** ને **जस्** પર થતાં સર્વનામ સંજ્ઞા થાય છે તેમ **अयजन्त** ને પણ સ્થાનિવદ્ભાવથી **जस्** પર થતાં વિકલ્પે સર્વનામ સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે, પરંતુ તે ઇષ્ટ નથી, કારણ કે **उभय** શબ્દનો તો સર્વાદિ ગણમાં પાઠ છે તેથી તેને તે સંજ્ઞા નિત્ય પ્રાપ્ત છે. આમ એક તરફ નિત્ય સંજ્ઞા પ્રાપ્ત થાય છે જ્યારે સ્થાનિવદ્ભાવથી વિકલ્પે થાય એ દોષ આવે છે. તે નિવારવા માટે **उभय** ને અનુલક્ષીને સ્થાનિવદ્ભાવ નથી થતો એમ પ્રતિષેધ કરવો પડશે એમ અહીં દલીલ છે.

[63] એટલે કે **अयच्** એ **तयप्** નો આદેશ નહીં પણ તેથી તદ્દન ભિન્ન પ્રત્યય છે તેમ સ્વીકારીશું. પરિણામે સ્થાનિવદ્ભાવ થવાનો પ્રશ્ન નહીં રહે. તેથી પ્રતિષેધ કરવાની જરૂર પણ નહીં રહે.

[64] **अयच्** ને ભિન્ન પ્રત્યય ગણતાં બીજી મુસીબત ઊભી થાય છે.સૂત્રકારે **टिड्ढाणञ्०** માં **तयप्** નું ગ્રહણ કર્યું છે તેથી **तयबन्त** ને સ્ત્રીલિંગમાં **ङीप्** લાગે છે.પરંતુ એ સૂત્રમાં **अयच्** નું ગ્રહણ નથી કર્યું. હવે જો **अयच्** ને **तयप्** નો આદેશ ન ગણતાં તેથી ભિન્ન પ્રત્યય ગણવામાં આવે તો **अयजन्त उभय** શબ્દને **ङीप्** નહીં થઇ શકે તેથી **उभयी** એ સ્ત્રીલિંગી રૂપ ન થવાનો પ્રસંગ આવશે.

[65] **उभय** શબ્દ **तयबन्त** ન હોવાને કારણે **ङीप्** ન થાય તો ભલે પણ **मात्रच्** ને કારણે તો થશે. **टिड्ढाणञ्०** સૂત્રમાં **मात्रच्** નું ગ્રહણ કર્યું છે પરંતુ **उभय** માં તો **मात्रच्** પ્રત્યય છે જ નહીં. તેથી અહીં દલીલ કરે છે કે અમે **मात्रच्** એ પ્રત્યયની વાત કરતા નથી પણ **मात्रच्** પ્રત્યાહાર વિશે કહીએ છે.એ પ્રત્યાહાર **प्रमाणे द्वयसज्दघ्नमात्रचः।** (૫-૨-૪૩) એ સૂત્રમાંના **मात्र** શબ્દથી લઇને **द्वित्रिभ्यामयज्वा।** (૫-૨-૪૭) એ સૂત્રમાંના **अयच्** ના **च्** સુધી વિસ્તરે છે. આમ **मात्रच्** પ્રત્યાહાર **अयच्** ને આવરી લે છે તેથી તેને **तयप्** નો આદેશ ન લેતાં સ્વતંત્ર પ્રત્યય ગણવામાં આવે તો પણ **अयजन्त उभय** શબ્દને **टिड्ढाणञ्०** પ્રમાણે **ङीप्** થઇને **उभयी** રૂપ સિદ્ધ થઇ શકશે.

[66] **किम्** ને **किमः संख्यापरिमाणे डति च।** પ્રમાણે **डति** લાગીને **कति** શબ્દ બન્યો છે. આ **डति** વિધાયક સૂત્ર **मात्रच्** પ્રત્યાહારના વિસ્તારમાંનું છે તેથી **मात्रच्** પ્રત્યાહારમાં તેનો સમાવેશ થાય છે તેથી **कति** ને પણ **ङीप्** થવાનો પ્રસંગ આવશે.એમ કહેવા માગે છે.

[67] **टिड्ढाणञ्०** (૪-૧-૧૫) એ **ङीप्** વિધાયક સૂત્રમાં આગળના સૂત્ર **अजाद्यतष्टाप्।** (૪-૧-૪)માંથી **अतः** ની અનુવૃત્તિ થાય છે અને **कति** એ **अदन्त** નથી તેથી તેને **ङीप्** નહીં થાય.અહીં આ રીતે પરિહાર શક્ય છે તેથી ભાષ્યકારે **अतः** ની અનુવૃત્તિનો આધાર લીધો છે.વાસ્તવમાં **कति** ને **ङीप्** થવાનો પ્રશ્ન જ નથી, કારણ કે સૂત્રકારે **न षट्स्वस्रादिभ्यः।** એ સૂત્ર વ્દારા **षट्** સંજ્ઞક શબ્દોને સ્ત્રીપ્રત્યય નથી થતો એમ કહીને નિષેધ કર્યો છે. અને **डति** ને પણ **डति च।** પ્રમાણે **षट्** સંજ્ઞા થાય છે તેથી **कति** એ **डत्यन्त** શબ્દને તે સૂત્ર વ્દારા જ **डति** નો પ્રતિષેધ થઇ જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

जात्याख्यायां वचनातिदेशे स्थानिवद्भावस्य प्रतिषेधो वक्तव्यः। व्रीहिभ्य आगतः इत्यत्र घेर्ङिति। इति गुणः प्राप्नोति॥ नैष दोषः। उक्तमेतत्। अर्थातिदेशात्सिद्धमिति॥

ङ्याब्ग्रहणेऽदीर्घः॥२०॥

એમ છતાં तैलमात्रा घृतमात्रा માં પણ (ङीप्) [68] થવાનો પ્રસંગ આવે છે. પ્રત્યાહારનું ગ્રહણ કરવામાં આવે ત્યારે જે સમાન (સ્વરૂપવાળા) હોય છતાં જેનો (પ્રત્યાહારમાં) સમાવેશ ન હોય તેનું ગ્રહણ નથી થતુ

**(जात्याख्यायामेकस्मिन्० પ્રમાણે) જાતિનો અર્થ વ્યક્ત કરવાનો હોય ત્યારે વચનના આદેશમાં સ્થાનિવદ્‌ભાવનો પ્રતિષેધ (કરવો પડશે) ॥૧૯॥** [69]

જાતિનો અર્થ બતાવવાનો હોય ત્યારે (એક) વચનના (સ્થાને થતા બહુવચન) આદેશમાં સ્થાનિવદ્‌ભાવ થતો નથી એમ કહેવું પડશે. व्रीहिभ्य आगतः માં घेर्ङिति। પ્રમાણે ગુણ થવાનો પ્રસંગ આવે છે. એ દોષ નથી (આવતો).(કારણ કે એ સૂત્ર ઉપરની વાર્તિકમાં) કહ્યું છે કે अर्थातिदेशात्सिद्धम्। અર્થનો અતિદેશ છે તેથી સિદ્ધ થશે.[70]

**ङी અને आप् નું ગ્રહણ હોય ત્યાં હ્રસ્વ (આદેશ થાય છે તે) સ્થાની જેવો નથી થતો (એમ કહેવું જોઇએ) ॥૨૦॥** [71]

**ङ्याब्ग्रहणेऽदीर्घ आदेशो न स्थानिवदिति वक्तव्यम्। किं प्रयोजनम्। निष्कौशाम्बिः अतिखट्वः। ङ्याब्ग्रहणेन ग्रहणात्सुलोपो मा भूदिति। ननु च दीर्घादित्युच्यते। तन्न वक्तव्यं भवति। किं पुनरत्र ज्यायः। स्थानिवत्प्रतिषेध एव ज्यायान्। इदमपि सिद्धं भवति। अतिखट्वाय अतिमालाय। याडापः। इति याण्न भवति। अथेदानीमसत्यपि स्थानिवद्भावे दीर्घत्वे कृते पिचासौ भूतपूर्व इति कृत्वा याडाप इति याट् कस्मान्न भवति। लक्षण- प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैवेति।**

ङी અને आप् નું ગ્રહણ હોય ત્યાં દીર્ઘ ન હોય તે (અર્થાત્ હ્રસ્વ) આદેશ (થાય છે તે) સ્થાની જેવો નથી થતો એમ કહેવું જોઇએ (તેમ કરવાનું) શું પ્રયોજન ? (हल्ङ्याब्भ्यो ० માં) ङी અને आप् નું ગ્રહણ કર્યું છે તેથી निष्कौशाम्बिः। अतिखट्वः માં सु લોપ ન થાય એ (પ્રયોજન).[72] અરે પણ

---

[68] मात्रच् નો च-કાર પ્રત્યાહાર માટે લેવામાં આવે તો બાકી मात्र શબ્દ જ રહે. તેને च-કારના અભાવમાં અન્ય કોઇ मात्र શબ્દથી જુદો પાડી ન શકાય પરિણામે સૂત્રમાંના मात्र શબ્દ વ્દારા કોઇ પણ मात्र શબ્દનું ગ્રહણ થવાનો પ્રસંગ આવશે તેથી तैलमात्रा , घृतमात्रा જેવાં સ્થળે પણ તેને અંતે मात्र આવે છે તે કારણે टिड्ढाणञ्० પ્રમાણે ङीप् લાગવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે.

[69] જાતિ એ એક જ વસ્તુ છે તેથી અર્થ વ્યક્ત કરતાં એકવચન જ આવે ત્યાં આ સૂત્ર વડે વિકલ્પે બહુવચનનું વિધાન કરવામાં આવ્યું છે. અહીં એકવચનને સ્થાને બહુવચન થાય છે . जात्याख्यायामेकस्मिन्० સૂત્રમાં एकस्मिन् એ સપ્તમી છે, ષષ્ઠી નથી તેથી બહુવચન આદેશ કેવી રીતે થઇ શકે તે શંકાને લક્ષમાં રાખીને કૈ. કહે છે કે એકને વિશે જે એક વચન પ્રાપ્ત થયું છે તેને સ્થાને બહુવચનન આદેશ થાય છે એમ કલ્પીને દોષ બતાવ્યો છે.(પણ एकस्मिन् એ વિષય સપ્તમી લીધી છે.) અહીં સ્થાનિવદ્‌ભાવ થાય તો व्रीहिभ्य आगतः માં घेर्ङिति। પ્રમાણે घि સંજ્ઞક व्रीहि ના इ- કારનો भ्यस् પૂર્વે ગુણ થવાનો પ્રસંગ આવશે.

[70] ઉપરની દલીલ ભ્રમમૂલક છે, કારણ કે આ સૂત્ર ઉપર ભાષ્યકારે કહ્યું છે કે આ અતિદેશ પારિભાષિક वचन શબ્દનો નથી થયો પરંતુ उच्यते इति (જે કહેવામાં આવે તે) એ અન્વર્થ वचनम्। શબ્દનો છે ,जस् વગેરે જે પારિભાષિક બહુવચન છે તેનો અહીં અતિદેશ કરવામાં આવ્યો નથી.બહુ વસ્તુઓને અનુલક્ષીને જે કહેવામાં આવે છે તે બહુવચન એમ બહુવચન શબ્દ અહીં પ્રત્યયપરક નહીં પણ અર્થપરક છે.આ સૂત્રવ્દારા એકને વિશે બહુત્વનો અતિદેશ કરવામાં આવ્યો છે એટલે કે એકત્વ રૂપી અર્થ ઉપર બહુત્વ રૂપી અર્થનો ભ્રમમૂલક નહીં પણ સમજપૂર્વકનો શાસ્ત્રીય આરોપ કરવામાં આવે છે.આમ એક એ બહુ છે એમ સમજીને તને વિશે બહુત્વનો અતિદેશ કરવામાં આવે છે.આમ અતિદેશ માત્ર અર્થનો છે. એકવચનના અર્થને બહુ જેવો ગણવામાં આવે તો પણ એકવચનના પ્રત્યયને સ્થાને બહુવચનના પ્રત્યયનું આદેશ તરીકે વિધાન કરવામાં આવતું નથી તેથી અહીં સ્થાનિવદ્‌ભાવ નહીં થાય.

[71] हल्ङ्याब्भ्यो० એ સૂત્રમાં ङी અને आप् નું ગ્રહણ કર્યું છે અને દીર્ઘ आबन्त અને દીર્ઘ ङ्यन्त ની પર આવતા અપૃક્ત स् અને त् નો લોપ થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(સૂત્રમાં) **दीर्घात्** એમ કહેવામાં આવ્યું છે. તે કહેવું નહીં પડે. તો હવે બેમાં વધારે સારૂં શું ?[73] સ્થાનિવદ્ભાવનો પ્રતિષેધ જ વધારે સારો.(તેથી) **अतिखट्वाय । अतिमालाय** એ પણ સિદ્ધ થશે અને **याडापः ।** પ્રમાણે **याट्** નહીં થાય.[74] પરંતુ સ્થાનિવદ્ભાવ ન થાય છતાં દીર્ઘ કર્યા પછી એ

ભૂતપૂર્વ **प**-કાર **इत्** યુક્ત (**आ**-કાર) છે એમ ગણીને **याडापः ।** પ્રમાણે **याट्** કેમ નથી થતો ? કારણ કે 'લાક્ષણિક અને પ્રતિપદોક્ત એ બેમાંથી પ્રતિપદોક્તનું જ (ગ્રહણ કરવું) એમ (કહ્યું છે).[75]

**ननु चेदानीं सत्यपि स्थानिवद्भाव एतया परिभाषया शक्यमिहोपस्थातुम् । नेत्याह । न हीदानीं क्वचिदपि स्थानिवद्भावः स्यात् । तत्तर्हि वक्तव्यम् । न वक्तव्यम् । प्रश्लिष्टनिर्देशात्सिद्धम् । प्रश्लिष्टनिर्देशोऽयम् । ङि ई ईकारान्तात् आ आप् आकारान्तादिति ॥**

---

[72] **निष्कौशाम्बिः--निष्क्रान्तः कौशाम्ब्याः ।** એ વિગ્રહ વાક્યનો **निरादयः क्रान्त्याद्यर्थे पञ्चम्या ।** (વા) પ્રમાણે પ્રાદિસમાસ થયો છે.અહીં ઉપસર્જનભૂત **कौशाम्बी** ના દીર્ઘ **ई**-કારનો **गोस्त्रियोरुपसर्जनस्य ।** પ્રમાણે હ્રસ્વ થયો છે તે સ્થાનિવત્ છે એમ સમજીને તેને દીર્ઘ **ई**-કાર ગણતાં તેની પછી આવતા અપૃક્ત **स्** નો લોપ થવાનો પ્રસંગ આવશે.તે રીતે **अतिक्रान्तः खट्वाम्** નો **अत्यादयः क्रान्त्याद्यर्थे०** (વા) પ્રમાણે થતા પ્રાદિસમાસમાં **गोस्त्रियोः०** થી **खट्वा** નો **खट्व** થયો છે ત્યાં હ્રસ્વને સ્થાનિવત્ ગણતાં **सु** લોપ થવાનો પ્રસંગ આવશે. તે નિવારવા **ङ्याब्ग्रहणेऽदीर्घः ।** એ (વા) કરવી જરૂરી છે.

[73] એટલે કે **हल्ङ्याब्०** સૂત્રમાં **दीर्घात्** નું ગ્રહણ કરવું કે પછી આ **ङ्याब्ग्रहणे०** વગેરે વા. કરવી ? એ બે માં વધારે સારૂં શું છે એમ પૂછવા માગે છે.

[74] **याडापः ।** એ સૂત્રનો '**आबन्त** પછી આવતા **ङित्** પ્રત્યયને **याट्** આગમ થાય છે' એમ અર્થ કરવામાં આવે તો સ્થાનિવદ્ભાવ થવા છતાં **अतिखट्वः** માં **याट्** નહીં થાય, કારણ કે સ્ત્રીપ્રત્યયમાં **तदादि** નિયમ લાગુ પડતો નથી. આમ જે અંગ છે તે **आबन्त** નથી અને **खट्वा** એ મૂળ શબ્દ આબન્ત છે પણ તે અંગ નથી તેથી **याडापः ।** સૂત્રને અવકાશ ન હોવાથી **याट्** નહીં થાય એમ કહેવું યોગ્ય નથી,કારણ કે **प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादे स्तदन्तस्य ग्रहणम् ।** એ પરિભાષા પ્રમાણે અહીં **तदन्त** નિયમ લાગુ પાડતાં સૂત્રમાંનું **आबन्त** ગ્રહણ અંગનું વિશેષણ થશે અને **आबन्तं यदङ्गम्** (**आबन्त** જેને અંતે હોય તે અંગ) એમ અર્થ સમજાશે તેથી ઉપર કહ્યો તે દોષ નહીં આવે, એટલે કે **अतिखट्वः** માં **याट्** થવાનો પ્રસંગ આવશે, કારણ કે **अतिखट्वः** માં **खट्वा** એ ઉપસર્જનનો દીર્ઘ **आ**-કાર **गोस्त्रियोः०** થી હ્રસ્વ થયો છે. એ હ્રસ્વ **अ**-કારને સ્થાનિવદ્ભાવથી **आप्** ગણતાં **अतिखट्व** એ **आबन्त** અંગ સમજાશે.પરિણામે **याट्** થવાનો અને **अतिखट्वायै** એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે, પરંતુ સ્થાનિવદ્ભાવનો પ્રતિષેધ કરવામાં આવે તો **अतिखट्वाय , अतिमालाय** એ રૂપો સિદ્ધ થશે એમ દલીલ છે. સ્થાનિવદ્ભાવ થવા છતાં જો **याट्** ન થતો હોય તો પછી **खट्वाया अर्द्धे अर्द्धखट्वायाम्** જેવાં સ્થળે **याट्** થાય છે તે ન થવાનો પ્રસંગ આવે. એ રીતે સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવો તે વધું સારૂં એ પક્ષ અહીં સ્વીકાર્યો છે.

[75] **लक्षण** એટલે **लाक्षणिक** . જે મૂળ સ્વરૂપે ન હોઇ **लक्षण** એટલે કે સૂત્ર વ્દારા થયો હોય તે અને **प्रतिपदोक्त** એટલે જે મૂળ સ્વરૂપે,સ્વાભા વિક રીતે રહેલ હોય તે.જેમ કે '**पा पाने**' એ મૂળ સ્વરૂપે જ **पा** છે, જ્યારે '**पै शोषणे**' ધાતુના **ऐ** નો **अशित्** પ્રત્યયો પર થતાં **आदेच उपदेशेऽशिति ।** પ્રમાણે **आ** થતાં તે **पा** થાય છે તેથી તે લાક્ષણિક છે, પ્રતિપદોક્ત નથી. હવે સામાન્ય અનુભવ છે કે જ્યારે સૂત્રમાં **पा** નું ગ્રહણ હોય ત્યારે **पा** પીવું એ ધાતુનો જ પ્રથમ અવિલંબે ખ્યાલ આવે, જયારે **पै** નો ખ્યાલ એમ આવતો નથી. આમ લક્ષણ અને પ્રતિપદોક્ત બન્નેને અવકાશ હોય ત્યાં પ્રતિપદોક્તનું છે, એમ આ પરિભાષાનો મતલબ છે. એ દૃષ્ટિએ **अतिखट्वा** માં જે દીર્ઘ **आ**-કાર છે તે **अतो दीर्घो यञि । सुपि च ।** એ લક્ષણ વ્દારા થએલ છે તેથી લાક્ષણિક છે. જ્યારે **याडापः ।** એ સૂત્રમાં જે **आप्** નું ઉચ્ચારણ કર્યું છે તે મૂળ સ્વરૂપે જ **आ**-કાર છે, કોઇ સૂત્ર વ્દારા થએલ નથી તેથી પ્રતિપદોક્ત છે. આમ લાક્ષણિક હોવાથી **सुपि च ।** પ્રમાણે થએલ **आ**-કારનું એટલે કે **आप्** નું **याडापः ।** વ્દારા ગ્રહણ નહીં થાય તેથી **अतिखट्वा** માં **याट्** નહીં થાય એમ અહીં ભાવ છે. પરંતુ તે પ્રમાણે ન થવા છતાં સ્થાનિવદ્ભાવને કારણે તો દીર્ઘ **आ**-કાર **आप्** ગણાશે અને **लक्षणप्रतिपदोक्त०** પરિભાષા વ્દારા કરેલ નિષેધ લાગુ નહીં પડે. આ શંકાનું નિવારણ કરતાં કૈ. કહે છે કે **खट्वा** માં જે **आप्** હતો તેનો સમાસમાં હ્રસ્વ આદેશ થતાં(જુઓ ઉપર નોંધ ૭૩) તેનું સ્વરૂપ બદલાઇ ગયું છે તેથી દીર્ઘ **आ** એ મૂળ **आप्** જ છે એ જે ખ્યાલ થવો જોઇએ તેનો વિચ્છેદ થઇ જાય છે. પરિણામે સૂત્રમાંના **आप्** વ્દારા **आ**- કારનું ગ્રહણ ન થઇ શકે તેથી **याट्** નહીં થાય કારણ કે **सुपि च ।** થી થએલ દીર્ઘ **आ**-કાર **आप्** માં રહેલ નથી. તેથી સ્થાનિવદ્ભાવને પ્રવૃત્ત થવા માટે કોઇ પ્રમાણ નથી તેમ જ તેનો કોઇ લાભ નથી.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आहिभुवोरीट्प्रतिषेधः ॥२१॥

आहिभुवोरीटः प्रतिषेधो वक्तव्यः। आत्थ अभूत्। अस्तिब्रूग्रहणेन ग्रहणा- -

તો પછી અમે કહીએ છીએ કે સ્થાનિવદ્દભાવ થતો હોય તો પણ આ પરિભાષા અહીં ઉપસ્થિત થાય તે શક્ય છે. [76] તો કહે છે કે ના. કારણ કે તો પછી ક્યાંય સ્થાનિવદ્દભાવ નહીં થાય. [77] તો પછી તે કહેવું પડશે ? ના નહીં કહેવું પડે. [78] (કારણ કે) પ્રશ્લેશયુક્ત નિર્દેશ કર્યો છે તેથી સિદ્ધ થાય છે. આ (ङ्याप् )એ ङी ई એટલે દીર્ઘ ई-કારાન્ત ङी (પ્રત્યય) પછી આવતા, આ आप् એટલે आ-કારાન્ત आप् (પ્રત્યય) [79] પછી આવતા એમ (સમજાય છે ).

आह અને भू (એ આદેશો) ને ईट् નો પ્રતિષેધ કરવો જોઇએ ॥२१॥ [80]

आह અને भू (એ આદેશો) ને ईट् નથી થતો એમ કહેવું જોઇએ. કારણ કે (સૂત્રમાં ) अस् અને ब्रूનું ગ્રહણ કર્યું હોય ત્યાં (भू અને आह એ આદેશોનું) ગ્રહણ થાય છે તેથી आत्थ। अभूत् માં--

-दीद् प्राप्नोति॥ आहेस्तावन्न वक्तव्यः। आचार्यप्रवृत्तिर्ज्ञापयति नाहेरीड् भवतीति यदयमाहस्थः। इति झलादिप्रकरणे थत्वं शास्ति। नैतदस्ति ज्ञापकम्। अस्ति ह्यन्यदेतस्य वचने प्रयोजनम्। किम्। भूतपूर्वगतिर्यथा विज्ञायेत। झलादिर्यो भूतपूर्व इति। यद्येवं थवचनमनर्थकं स्यात्। आथिमेवायमुच्चारयेत्। ब्रुवः पञ्चानामादित आथो ब्रुव इति। भवतेश्चापि न वक्तव्यः। अस्तिसिचोऽपृक्ते इति द्विसकारको निर्देशः। अस्तेः सकारान्तादिति॥

ईट् થવાનો પ્રસંગ આવે છે.[81] आह् ને વિશે તો (નિષેધ) નહીં કહેવો પડે, કારણ કે (झलादि પ્રત્યયના સંદર્ભમાં) आहस्थः। એ સૂત્રદ્વારા झलादि પ્રત્યય પર થતાં (आह् ના ह् નો) थ (આદેશ) થાય છે એમ વિધાન કર્યું છે.[82] આચાર્યનો વ્યવહાર જ્ઞાપન કરે છે કે आह् ને ईट् થતો નથી. એ

---

[76] એટલે કે પ્રસ્તુત વા. ન કરવામાં આવે તો પણ लक्षणप्रतिपदोक्त० પરિભાષાથી निष्कौशाम्बिः વગેરે કાર્યો સિદ્ધ થશે. निष्कौशाम्बिः માં હ્રસ્વ થએલ इ- કાર સ્થાનિવદ્દભાવથી ङीप् છે એમ સમજવા છતાં તે લાક્ષણિક હોવાથી सु લોપ નહીં થાય, કારણ કે તેનું हल्ङ्याप्० સૂત્રમાંના પ્રતિપદોક્ત आप् દ્વારા ગ્રહણ નહીં થાય.

[77] એટલે કે स्थानिवद्० એ સૂત્રથી આદેશ સ્થાની જેવો ગણાય છે તેથી તે લાક્ષણિક થશે. આમ સ્થાનિવદ્દભાવ લક્ષણને પ્રતાપે થતો હોવાથી તે લાક્ષણિક છે.તેથી જ્યાં જ્યાં સ્થાનિવદ્દભાવ થતો હોય ત્યાં આ लक्षणप्रतिपदोक्त० પરિભાષા અમલી બને તો સ્થાનિવદ્દભાવ ક્યાંય પણ ન થઇ શકે.

[78] અર્થાત્ વા.(૨૦) કરીને સ્થાનિવદ્દભાવનો નિષેધ કરવો પડશે ? એ ન કરવી પડે માટે हल्ङ्याब्० સૂત્રમાં પ્રશ્લેશનો આશ્રય લે છે.પરંતુ याडापः। ઉપર મહાભાષ્ય અને કાશિકામાં આ (વા) નો આધાર લઇને સ્થાનિવદ્દભાવ થતો નિવાર્યો છે.

[79] हल्ङ्याब्० સૂત્રમાંના ङी અને आप् નો પ્રશ્લિષ્ટનિર્દેશ લેતાં ङी એટલે ङी ई અને आप् એટલે आ आप् એમ લેવાથી 'દીર્ઘ ई- કારાન્ત ङी અને आ-કારાન્ત आ પ્રત્યય પછી આવતા અપૃક્ત स् વગેરેનો લોપ થાય છે' એમ સૂત્રાર્થ સમજાશે.પરિણામે निष्कौशाम्बिः, अतिखट्वः જેવામાં હ્રસ્વ इ-કાર કે હ્રસ્વ अ- કાર પછી એ પ્રત્યયોનો લોપ નહીં થાય.અહીં સ્થાનિવદ્દભાવનો પ્રશ્ન રહેતો નથી.અને સૂત્રમાંदीर्घात् એમ નહીં કહેવું પડે.

[80] એટલે કે ब्रुवः पञ्चानाम्० પ્રમાણે ब्रू ધાતુનો आह् આદેશ થાય છે તેને इक्श्तिपौ धातुनिर्देशे। પ્રમાણે इक् લગાડીને માટેआहि એમ નિર્દેશ કર્યો છે. અને भू એ अस्तेर्भूः। પ્રમાણે આર્ધધાતુક પ્રત્યય પૂર્વે अस् નો भू થાય છે તેનો નિર્દેશ છે. હવે ब्रू ધાતુની પછી આવતા हलादि पित् સાર્વધાતુક પ્રત્યયને ब्रुव ईट्। પ્રમાણે ईट् આગમ થાય છે.તેમ अस् ના આદેશ भू ને સ્થાનિવદ્દભાવથી ईट् થવાનો પ્રસંગ આવે છે.તેથી आह् અને ब्रू ને ईट् આગમ ન થાય અને आत्थ તથા अभूत् જેવાં શુદ્ધ રૂપો થઇ શકે તે માટે સ્થાનિવદ્દભાવનો પ્રતિષેધ કરવો પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાપક નથી, કારણ કે તેમ કહેવાનું અન્ય પ્રયોજન છે. શું (પ્રયોજન છે)? (એ કે) તેથી ભૂતપૂર્વ સ્થિતિનો બોધ થાય,એટલે કે પૂર્વે જે झलादि હતો એમ સમજાય.[83] જો એમ હોય તો (ह-કારનો) थ-કાર (થાય છે) એમ જે કહ્યું તે નિરર્થક થાય. (અને) આ (સૂત્રકાર) ब्रुवः पञ्चानामादित आथो ब्रुवः। એમ કહીને (સૂત્રમાં आहि ને બદલે) आथि નું ઉચ્ચારણ કરત[84] भू ને (અનુલક્ષીને) પણ (પ્રતિષેધ થાય છે) તેમ કહેવાની જરૂર નથી, કારણ કે अस्तिसिचोऽपृक्ते। માં બે स-કાર યુક્ત નિર્દેશ છે,[85] (એટલે) 'स-કારાન્ત अस् ધાતુ પછી આવતા' એમ (સમજાશે).

वध्यादेशे वृद्धितत्त्वप्रतिषेधः ॥२२॥

**वध्यादेशे वृद्धितत्त्वयोः प्रतिषेधो वक्तव्यः। वधकं पुष्करमिति। स्थानिवद्भावाद् वृद्धितत्त्वे प्राप्नुतः॥ नैष दोषः। उक्तमेतत्। नायं ण्वुल्। अन्योऽयमकशब्दः किदौणादिको रुचक इति यथा॥**

इड्विधिश्च ॥२३॥

---

[81] आत्थ--ब्रू सिप्--ब्रुवः पञ्चानाम्० થી ब्रू નો आह् અને सि નો थ થતાં--आह् थ--आहस्थः। પ્રમાણે ह् નો थ्--आथ् थ--खरि च। થી थ् નો त् થઈને आत्थ થાય છે.अभूत्--भू लुङ् ति--च्लि लुङि--च्लेः सिच्--गातिस्था० થી सिच् લોપ-भूसुवोस्ति ङि। થી ગુણ -નિષેધ થઈને अभूत् રૂપ થાય છે.અહીં સ્થાનિવદ્ભાવ થાય તો आत्थ માં ब्रुव ईट्। થી અને अभूत् માં अस्तिसिचोः० થી ईट् થવાનો પ્રસંગ આવે.

[82] आहस्थः। દ્વારા સૂત્રકારે સૂચવ્યું છે કે ब्रू ના આદેશ आह् ને ईट् આગમ થતો નથી, કારણ કે એ સૂત્રને લીધે જ आह् ના અંત્યનો झल् પર થતાં थ થાય છે. હવે જો સ્થાનિવદ્ભાવને કારણે ईट् થતો હોય તો એ टित् હોવાથી પ્રત્યયના આદિમાં લાગશે તેથી પ્રત્યય ईथ થતાં झलादि નહીં રહે. તેથી પ आह् ના અંત્ય ह् નો थ् નહીંથઈ શકે. એ ઉપરથી સમજાય છે કે आह् ને ईट् આગમ નથી થતો. જો થતો હોત તો आहस्थः। સૂત્ર નિરર્થક બને.

[83] ब्रुवः पञ्चानाम्० પ્રમાણે लट् ના तिप्, तस्,झि,सिप् અને थस् એ પાંચના णल्, अतुस्,उस्, थल् અને अथुस् આદેશ થાય છે તેમાં દ્વિવચનનો थल् જ झलादि છે તેથી ईट् આગમ થયા પૂર્વે તે झलादि હતો એમ તેની ભૂતપૂર્વ સ્થિતિનો ખ્યાલ આવે તે आहस्थः। સૂત્રનું પ્રયોજન છે.એમ ભાવ છે.

[84] ઉપર પ્રમાણે સમજવામાં આવે તો आहस्थः। સૂત્ર નિરર્થક બને છે.સૂત્રકાર ब्रुवः पञ्चानाम्० માં જ आथि એટલે કે आहि ન કહેતાં आथि એમ કહેત અને સૂત્રમાંથી आहो કાઢીને आथो મૂકીને ब्रुवो पञ्चानामादित आथो ब्रुवः। એમ કહેત, કારણ કે णल् વગેરે આદેશના સ્થાની तिप् વગેરે બધા જ પ્રત્યયો झलादि છે. આથી ભૂતપૂર્વ ગતિ સમજાતી હોય તો णल् વગેરે આદેશો પણ झलादि થશે તેથી आह् નો थ् થાય છે એમ ન કહેતાં ब्रू નો आथ् થાય છે એમ જ કહેત.તેથી आहस्थः। એ સૂત્ર કરવું ન પડત. પરંતુ સૂત્રકારે એમ ન કરતાં સૂત્ર કર્યું છે તેથી સમજાય છે કે आह् ને ईट् થતો નથી.

[85] અર્થાત્ अस्तिस्सिचोऽपृक्ते। એમ પાઠ કર્યો છે તેથી स-કારયુક્ત अस् ને જ ईट् થશે એમ સમજાય છે. अस्तेर्भूः। થી अस् નો भू આદેશ થાય છે તેનો સ્થાનિવદ્ભાવ થાય તો તે अस् છે તેમ સમજાશે છતાં એ स-કારયુક્ત છે તેમ નહીં સમજાય, કારણ કે ત્યાં अनल्विधौ એ પ્રતિષેધ લાગુપડે છે. આમ આદેશ भू स-કારયુક્ત ન હોવાથી ईट् નહીં થાય.સૂત્રકારે अस्ति અને सिच् એ બેની વચ્ચે स-કાર મૂકીને મધ્યમણિન્યાયે બન્નેને स-કારની અસર થાય તેમ યોજ્યું છે. તે દ્વારા भू માં સ્થાનિવદ્ભાવને કારણે થતા ईट् નું નિવારણ કર્યું છે અને सिच् ને લીધે થતા ईट् નું નિવારણ કર્યું છે. अभूत् માં લોપ થએલ सिच् ને (જુઓ ઉપર નોંધ૮૧) કારણે સ્થાનિવદ્ભાવ કે પ્રત્યયગ્રહણથી अस्तिसिचोऽपृक्ते। પ્રમાણે ईट् થશે એ શંકાનો નિરાસ द्विसकारक निर्देश જ છે, કારણ કે सिच् ને स-કારયુક્ત કર્યો છે તેથી ईट् નહીં થાય.આથી વાર્તિકકારે सिज्लुक् ને અનુલક્ષીને સ્થાનિવદ્- ભાવ કે પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ નથી કર્યો. આ દ્વિસકારયુક્ત નિર્દેશ કેવી રીતે કર્યો છે તે વિશે ટીકાકારોમાં મતભેદ છેઃ ૧. अस्तिसिचोऽपृक्ते। એમ પાઠ હોય તો अस्स् એ સમુદાય ધાતુ નથી તેથી इकश्तिपौ धातु० પ્રમાણે श्तिप् મળવો દુર્લભ છે (માધવ), ૨ स-કાર श्तिप् પૂર્વે નહીં પણ सिच् પછી આવે છે એટલે કે अस्तिसिचस्स् अपृक्ते। એમ પાઠ છે. તેથી જ ભાષ્યકારે 'अस्तिसिचोऽपृक्ते इति द्विसकारकोऽयं निर्देशः।' એમ કહ્યું છે, નહીં તો अस्तीति निर्देशो द्विसकारकः। એમ જ કહેત છતાં स-કારાન્ત अस् ધાતુ અને स-કારાન્ત सिच् એમ અર્થ થાત.વ.(તત્ત્વ.બો).જો કે મ.ભા.ની ઉપલબ્ધ આવૃત્તિઓમાં अस्तिसिचोऽपृक्ते इति द्विसकारको निर्देशः। એમ પાઠ છે.( દ્વિતીય स् નો વ્યપદેશિવદ્ભાવથી संयोगान्तस्य० પ્રમાણે લોપ થયો છે.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**इड्विधेयः। आवधिषीष्ट। एकाच उपदेशेऽनुदात्तात् इति प्रतिषेधः प्राप्नोति॥ नैष दोषः।**

વધ આદેશ થાય છે ત્યાં વૃદ્ધિ અને त-કાર આદેશ થાય છે તેનો પ્રતિષેધ કરવો પડશે ॥૨૨॥

(**हन्** ધાતુનો) **વધ આદેશ**[86] (થાય છે તે) માં વૃદ્ધિ અને (**घ्न्** નો) **त**-કારનો પ્રતિષેધ કરવો જોઇએ. **वधकं पुष्करम्**। એમાં સ્થાનિવદ્‌ભાવથી વૃદ્ધિ અને **त**-કાર આદેશ એ બે પ્રાપ્ત થાય છે. એ દોષ નથી, કારણ કે પૂર્વે કહ્યું છે કે આ **ण्वुल्** એ (**णित्**) પ્રત્યય નથી.આ તો જેમ **रुचकः** (માં) છે તેવો **उणादि** પ્રત્યયમાંનો કોઇ બીજો **कित् अक** (પ્રત્યય) છે (તે પ્રત્યય **कित्** હોવાથી વૃદ્ધિ નહીં થાય).

**इट्** (આગમ)ને લગતો વિધિ પણ કરવો (પડશે)॥૨૩॥

**इट्** (આગમનું) વિધાન કરવું પડશે, (નહી તો ) **आवधिषीष्ट** માં **एकाच उपदेशे ०** થી (**इट्** નો ) પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે છે.[87] એ દોષ નથી,

**आद्युदात्तनिपातनं करिष्यते। स निपातनस्वरः प्रकृतिस्वरस्य बाधको भविष्यति। एवमप्युपदेशिवद्भावो वक्तव्यः। यथैव हि निपातनस्वरः प्रकृतिस्वरं बाधत एवं प्रत्ययस्वरमपि बाधेत। आवधिषीष्टेति। नैष दोषः। आर्धधातुकीयाः सामान्येन भवन्त्यनवस्थितेषु प्रत्ययेषु। तत्रार्धधातुकसामान्ये वधिभावे कृते सतिशिष्टत्वात्प्रत्ययस्वरो भविष्यति।**

(કારણ કે **वध** ને) આદ્યુદાત્તનું નિપાતન[88] કરવામાં આવશે અને તે નિપાતનથી કરેલ (ઉદાત્ત) સ્વર પ્રકૃતિના (અનુદાત્ત) સ્વરનો બાધક થશે.[89] એમ હોય તો પણ ઉપદેશિવદ્‌ભાવ કહેવો પડશે, કારણ કે જેમ નિપાતનસ્વર પ્રકૃતિ સ્વરનો બાધ કરે છે તેમ **आवधिषीष्ट** માં પ્રત્યયસ્વરનો પણ

---

[86] **हनो वध लिङि।** પ્રમાણે **हन्** નો **वध** આદેશ થાય છે. **हन् ण्वुल्--वध ण्वुल्--णित्** પ્રત્યય પર થતાં **अत उपधायाः।** પ્રમાણે સ્થાનિવદ્‌ભાવથી વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે. તે જ રીતે **हनस्तोऽचिण्णलोः।** થી **त्** આદેશ થવાનો પ્રસંગ આવે છે. (નોંધ માં તેનું નિવારણ કરવામાં આવ્યું છે.). **वध** એ **अ**-કારાન્ત આદેશ છે તેથી વૃદ્ધિ નહીં થાય (ના), પરંતુ **त**-કાર આદેશનું પ્રત્યાખ્યાન કરવા માટે આ વાર્તિક જરૂરી છે. **हनो वध०** પર ભાષ્યપ્રદીપમાં કૈ. કહે છે કે **अतो लोपः।** થી થએલ **अ** લોપ સ્થાનિવદ્ થાય તો **वध** આદેશમાં **अ**- કાર ઉપધા નહીં ગણાય તેથી વૃદ્ધિ નહીં થાય અને **त्** કરવાનો છે તે **अलोन्त्यस्य।** પ્રમાણે ધાતુના અન્ત્ય **अल्** નો થાય પરંતુ **अ** નો લોપ થયો હોવાથી તે **त्** નો સ્થાની ન થઇ શકે અને **अ** લોપનો સ્થાનિવદ્ હોવાથી **वध्** ને **ध्** અન્ત્ય ન ગણાય તેથી **त्** આદેશ પણ ન થઇ શકે.આમ વૃદ્ધિ અને **त्** આદેશ બન્નેનો નિષેધ થવાથી ઇષ્ટ રૂપ સિદ્ધ થાય છે. વળી **इड्विधिश्च।** વા.ને દૃષ્ટિએ જોતાં ઉપદેશ કાળે **वध** ને સૂત્રકારે **अनेकाच्** કર્યો છે તેથી પ્રતિષેધ ન થતાં इट् સિદ્ધ થશે (કૈ.).

[87] અહીં સ્થાનિવદ્‌ભાવ નિષેધનું પ્રકરણ ચાલે છે ત્યાં'**इट्** નું વિધાન કરવું જોઇએ' એ માટે કહ્યું છે કે **एकाव उपदेशेऽनुदात्तात्।** એ સૂત્રમાં **इट्** નિષેધ કર્યો છે ત્યાં સ્થાનિવદ્‌ભાવ થઇને **इट्** થઇ શકે. **आवधिषीष्ट--आ हन्** નું **आशीर्लिङ्** ત્રી.પુ.એ.વ. **हन्** ધાતુ **एकाच्** છે અને ઉપદેશકાળે અનુદાત્ત ઉચ્ચારણ કરવામાં આવ્યું હોવાથી **अनिट्** છે અર્થાત્ તેને **इट्** નથી લાગતો, પરંતુ આર્ધધાતુકને લગતું કાર્ય હોય ત્યાં **हन्** પછી **लिङ्** આવતાં તેનો **हनो वध लिङि।** પ્રમાણે **वध** આદેશ થાય છે તેથી તે **अनेकाच्** થવા છતાં સ્થાનિવદ્‌ભાવથી **हन्** છે તેમ સમજાશે તેથી **एकाच्** ગણાશે.વળી એ સૂત્રમાં તેના સ્થાનીની જેમ **वध** નું અનુદાત્ત ઉચ્ચારણ કર્યુ છે તેથી તે પણ અનુદાત્ત થશે.તેથી સ્થાનિવદ્‌ભાવથી **एकाच्** અને ઉપદેશને કારણે અનુદાત્ત હોવાથી **वध** આદેશને **एकाच उपदेशे०** એ સૂત્ર લાગુ પડશે તેથી **आर्धधातुकस्येड्०** થી થતા **इट्** નો **आवधिषीष्ट** જેવાં સ્થળે પ્રતિષેધ થશે એમ દલીલ છે. **आवधिषीष्ट--आ हन् लिङ्--** **आङो यम०** થી આત્મનેપદ--**हनो वध०** થી **वध--आ वध लिङ्--लिङः सीयुट्।--आ वध सीय् त--** આર્ધધાતુક હોવાથી **लिङः सलोपः०** પ્રમાણે **स्** લોપ નહીં થાય-- **इट्** આગમ થતાં --**आ वध इ सीय् त--सुट् तिथोः।** થી **सुट्** આગમ **आ वध इ सीय् स् त--अतो लोपः।** થી ધાતુના અન્ત્ય **अ** નો લોપ, **लोपो व्योः०** થી **य्** લોપ, **इण्कोः। आदेशप्रत्ययोः।** થી **स्** નો **ष्** થતાં **आ वध् इ षी ष् त-- ष्टुना ष्टुः।** થી **त** નો **ट** થઇને **आ वध् इ षी ष् ट--आवधिषीष्ट** રૂપ થયું છે.

[88] **निपातन** (જુઓ નોંધ ૬ /૭) પ્રકૃતિસ્વર--સ્થાની **हन्** **वध** ની પ્રકૃતિ છે.તેનો સ્વર અનુદાત્ત છે તેથી **वध** નો પ્રકૃતિસ્વર અનુદાત્ત થશે.આમ લક્ષણ દ્વારા પ્રાપ્ત ન હોવાથી નિપાતન રૂપી વિશેષ પ્રયત્ન કરીને તેનું આદ્યુદાત્ત ઉચ્ચારણ કરવાથી નિપાતન સ્વર પ્રકૃતિસ્વરનો બાધ કરે છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાધ કરી શકે. એ દોષ નહીં આવે, (કારણ કે) આર્ધધાતુક અધિકારમાં થતા (આદેશો) પ્રત્યય લાગે તે પૂર્વે જ સામાન્ય રીતે થાય છે. એમ હોવાથી આર્ધધાતુકને લગતું સામાન્ય કાર્ય કરવાનું હોય ત્યારે આદેશ કર્યા પછી છેલ્લે વિધાન કરવામાં આવેલ પ્રત્યયસ્વર થશે[90]

**आकारान्तान्नुक्षुक्प्रतिषेधः ॥२४॥**

**आकारान्तान्नुक्षुवप्रतिषेधो वक्तव्यः। विलापयति भापयते। लीभीग्रहणेन ग्रहणान्नुक्षुकौ प्राप्नुतः।**

**लीभियोः प्रश्लिष्टनिर्देशात्सिद्धम्। लीभियोः प्रश्लिष्टनिर्देशोऽयम्। ली ई ईकारान्तस्य भी ई ईकारान्तस्य चेति ॥**

**लोडादेशे शाभावजभावधित्वहिलोपैत्त्वप्रतिषेधः ॥२५॥**

---

તેથી वृघ અનુદાત્ત ન રહેતાં **वर्घ** એમ આદ્યુદાત્ત થશે. વળી **वघ** એમ **अजन्त** ઉચ્ચારણ કર્યુ છે તેથી **अनेकाच्** થાય છે. આમ **एकाच्** ન હોવાથી અને નિપાતનને કારણે અનુદાત્ત ન રહેવાથી **इट्** નો પ્રતિષેધ કરતું **एकाच उपदेशे०** સૂત્ર **वघ** ને લાગુ નહીં પડે તેથી **इट्** થઇને **आवधिषीष्ट** રૂપ સિદ્ધ થશે.

[89] શંકાકાર કહે છે કે કે નિપાતન કરવા છતાં **उपदेशिवद्भाव** કહેવો પડશે, એટલે કે ઉપદેશમાં જેમ છે તેમ થાય છે એમ કહેવું પડશે. **वघ** ને ઉપદેશ કાળે જ નિપાતન દ્વારા આદ્યુદાત્ત કરવો પડશે જેથી નિપાતિત સ્વર પ્રત્યયને કારણે થતા ઉદાત્ત સ્વરનો બાધ ન કરે. **आद्युदात्तश्च।** પ્રમાણે પ્રત્યય આદ્યુદાત્ત હોય છે અને **अनुदात्तं पदमेकवर्जम्।** એ પરિભાષા સૂત્ર પ્રમાણે પદમાં એક સ્વર ઉદાત્ત હોય તો શેષ ભાગ નિઘાત થશે તેથી **वघ्** પણ અનુદાત્ત થઇ જશે, પરંતુ ઉપદેશિવદ્ભાવ ન કર્યો હોય તો નિપાતિત સ્વર પ્રત્યય સ્વરને કારણે થએલ નિઘાતનો પણ બાધ કરશે. તેમ ન થાય માટે ઉપદેશિવદ્ભાવ કરવો પડશે એમ તેનું કહેવું છે.અહીં **आवधिषीष्ट** એટલું જ ઉદાહરણ હોય તો **वधिषीष्ट** એ **तिङन्त** ની પૂર્વે **आ** એ **अतिङ्** આવ્યો છે તેથી **तिङ्ङतिङः।** પ્રમાણે શેષ નિઘાત થશે, એટલે કે **वधिषीष्ट** એ શેષ ભાગ અનુદાત્ત થશે અને **उपसर्गाश्चाभिवर्जम्।** એ ફિટ્ સૂત્ર મુજબ ઉપસર્ગ **आ** આદ્યુદાત્ત છે તેથી **आवधिषीष्ट** એમ સ્વર થશે.જો એમ હોય તો નિપાતિત સ્વર પ્રત્યયસ્વરનો બાધ કરશે એમ જે દલીલ કરી તે ટકશે નહીં, કારણ કે **अतिङ् आ** ને કારણે નિપાતિત અને પ્રત્યયસ્વર બન્નેનો નિઘાત થઇ જાય છે. કૈ. કહે છે કે **आवधिषीष्ट** ની પૂર્વે **यत्** એ નિપાતનો પ્રયોગ કર્યો હોય (જો **यदावधिषीष्ट** એમ હોય ) તો જ આ ઉદાહરણ યોગ્ય છે, કારણ કે તો **निपातैर्यद्यदि०** દ્વારા **तिङ्ङतिङः।** થી થતા નિઘાતનો પ્રતિષેધ થશે.તે નોંધે છે કે ક્યાંક તો **यदावधिषीष्ट** એમ જ પાઠ છે.

[90] **हनो वध लिङि।**(૨-૪-૪૨) એ સૂત્ર **आर्धधातुके।**(૨-૪-૩૫)એ અધિકાર નીચે આવેલું છે. **आर्धधातुके** એ પર સપ્તમી નથી , વિષય સપ્તમી છે એટલે કે 'આર્ધધાતુક પર થતાં' એમ નહી પણ આર્ધધાતુકના વિષયમાં, અર્થાત્ તેને લગતું કાર્ય કરવાનું હોયત્યારે એમ અર્થ થશે.તેથી અહીં જે આર્ધધાતુકનો નિર્દેશ છે તે સામાન્ય નિર્દેશ છે, અહીં કોઇ વિશેષ નિમિત્તનો આશ્રય લેવામાં આવ્યો નથી. તેથી **हनो वध लिङि आर्धधातुके।** એ વાક્યનો ' આર્ધધાતુકને લગતું કાર્ય કરવાનું હોય ત્યારે **हन्** નો **वध** આદેશ થાય છે' એમ અર્થ થશે.અહીં અમુક પ્રત્યય પર હોય ત્યારે વગેરે કહીને કોઇ વિશેષ નિમિત્તનો આશ્રય લીધો નથી તેથી **हन्** નો **वध** આદેશ પ્રથમ થશે, ત્યારબાદ **त** પ્રત્યય થશે. આદેશ પ્રથમ થયો છે તેથી ઉપર કહ્યા પ્રમાણે નિપાતિત આદ્યુદાત્ત પણ પ્રથમ થશે.ત્યારબાદ **त** પ્રત્યય થતાં તેનો ઉદાત્ત સ્વર થશે. અહીં પ્રત્યયનો સ્વર થયો તે પૂર્વે **वध** નો સ્વર હતો જ અને એ હતો ત્યારે પ્રત્યય સ્વર થયો છે તેથી પ્રત્યયસ્વર **सति शिष्ट** થશે.જુઓઃ **यो हि यस्मिन्सति शिष्यते स सति शिष्टः। स तस्य बाधको भवति।** (**अनुदात्तं पदम्०** ઉપર કા.) જે સ્વરનું એક સ્વર હોય ત્યારે વિધાન કરવામાં આવ્યું હોય તે **सति शिष्ट**.તે (પછીથી થતો સ્વર) તે (પૂર્વના સ્વરનો) નો બાધ કરે છે. દા.ત. **उपगुः** ને **अण्** લાગીને **औपगवः** થતાં **अण्** નો સ્વર **उपगुः** ના પ્રકૃતિસ્વરનો બાધ કરશે.**औपगवत्व** થતાં **त्व** નો સ્વર **अण्** ના સ્વરનો બાધ કરશે અને **औपगवत्वकम्** થતાં **क** નો સ્વર **त्व** ના સ્વરનો બાધ કરશે, કારણ કે દરેક દૃષ્ટાન્તમાં તે તે પ્રત્યયસ્વરનો **सति शिष्ट** છે( **सति शिष्टस्वर बलीय स्त्वम्।** એજન) (સરખવોઃ **सति शिष्टस्वरबलीयस्त्वमन्यत्र विकरणेभ्य इति वाच्यम्।** એ સૂત્ર ઉપર સિ.કૌ.) આમ **सति शिष्ट** સ્વર બલવત્તર છેતેથી પ્રત્યયસ્વર **वघ्** ના આદ્યુદાત્ત નિપાતિત સ્વરનો બાધ કરશે તેથી ઉપદેશિવદ્ભાવ વિના પણ ઇષ્ટ સિદ્ધિ થાય છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ-કારાન્ત (ધાતુઓ)ને થતા **નુક્** અને **षुक्** નો પ્રતિષેધ (કરવો જોઇએ) ॥૨૪॥

**विलापयति** , **भापयते** માં **આ**-કારાન્ત (લી,મી ધાતુઓ) ને **नुक्** અને **षुक्** આગમ નથી થતા એમ કહેવું જોઇએ, કારણ કે (તે આગમોનું વિધાન કરતાં સૂત્રોમાં) **ली** અને **मी** નું ગ્રહણ કર્યું છે [91] તેથી **नुक्** અને **षुक्** થવાનો પ્રસંગ આવે છે.[92] **ली** અને **भी** નો પ્રશ્લિષ્ટ નિર્દેશને કારણે સિદ્ધ થાય છે.આ (સૂત્રો) માં **ली ई** અને **भी ई** એમ પ્રશ્લિષ્ટ નિર્દેશ[93] છે તેથી દીર્ઘ **ई**-કારાન્ત **ली** ને (**नुक्** ) અને દીર્ઘ **ई**-કારાન્ત **भी** ને (**षुक्** થાય છે) એમ (સમજાશે).

**लोट्** (લ-કારમાં) જે **शा** , **ज** , **धि** થાય છે, **हि** લોપ અને **ए** થાય છે તે (વિધિઓ)નો (**तातङ्** પૂર્વે) પ્રતિષેધ (કરવો જોઇએ)॥૨૫॥[94]

**लोडादेश एषां प्रतिषेधो वक्तव्यः। शिष्टात् हतात् भिन्तात् कुरुतात् स्तात्॥ लोडादेशे कृते शाभावो जभावो धित्वं हिलोप एत्त्वमित्येते विधयः प्राप्नुवन्ति॥ नैष दोषः। इदमिह सम्प्रधार्यम्। लोडादेशः क्रियतामेते विधय इति किमत्र कर्तव्यम्। परत्वाल्लोडादेशः। अथेदानीं लोडादेशे कृते पुनःप्रसङ्गविज्ञानात्कस्मादेते विधयो न भवन्ति।**

---

[91] **ली** (**दिवादि ,क्र्यादि**)ના અન્ત્ય **अल्** નો **विभाषा लीयतेः**। થી,**मी** ના અન્ત્ય **अल्** નો **णिजन्त** માં **बिभेतेः हेतुभये**। થી વિકલ્પે **आ** થાય છે,અર્થાત્ **ली** નો **ला** અને **भी** નો **भा** થાય છે. અહીં સ્થાનિવદ્ભાવ થાય તો **विलापयति** અને **भापयते** માં **ला** અને **भा** એ **ली** અને **भी** છે તેમ સમજાશેતેથી **लीलोर्नुग् लुकावन्यतरस्याम्०** થી **ली** ને વિકલ્પે **नुक्** અને **भियो हेतुभये षुक्**। થી **षुक्** થાય છે. તે આદેશ **ला** અને **भा** ને થવાનો પ્રસંગ આવશે એમ દલીલ છે.

[92] અહીં યુ.મી.(પૃ.૬૫૦) માં કૌંસમાં [**नैष दोषः**] એમ અધિક પાઠ છે.બીજી કોઇ આવૃત્તિમાં નથી. તે ન હોય તો પણ અર્થ બરોબર સમજાશે.

[93] **लीलोर्नुक्०** માં **ली**--**ली ई** એમ પ્રશ્લિષ્ટ નિર્દેશ છે તેથી દીર્ઘ **ई**-કારાન્ત **ली** ને **नुक्** આગમ થાય છે તેમ સમજાશે.**भियो हेतु ०** માં **भी** એ પણ-- **भी ई** એમ પ્રશ્લિષ્ટ નિર્દેશ છે તેથી દીર્ઘ **ई**-કારાન્ત **भी** ને **षुक्** આગમ થાય છે તેમ સમજાશે.નોંધઃ **भियो हेतु०** માં **भी ई** નો એકાદેશ થઇને **भी** થયા પછી ષષ્ઠીનો **ङस्** પર થતાં **अचिश्नुधातु०** પ્રમાણે **इयङ्** થઇને **भियः** એમ નહીં થઇ શકે, કારણ કે અહીં પૂર્વને લગતો વિધિ કરવાનો છે તેથી **अचः परस्मिन्पूर्वविधौ**। પ્રમાણે એકાદેશ સ્થાનિવત્ થશે. તેથી એકાદેશભૂત **ई** એ **ई ई** છે એમ સમજાશે,પરંતુ **भी** માં પ્રશ્લેષથી થએલ **ई**-કાર ધાતુનો **ई**-કાર નથી તેથી **भी ई ङस्** એ સ્થિતિમાં ધાતુના **ई**- કાર અને **ङस्** વચ્ચે પ્રશ્લિષ્ટ **ई** નું વ્યવધાન થાય છે તેથી **अचिश्नु०** પ્રમાણે **इयङ्** મળવો મુશ્કેલ છે, કારણ કે **कृदतिङ्**। સૂત્રના ભાષ્યમાં અન્યસંદર્ભમાં ભાષ્યમાં કહ્યું છે,' **एकादेशः पूर्वविधौ स्थानिवद्भवति इति स्थानिवद्भावाद् व्यवधानमेव**। અર્થાત્ પૂર્વને લગતું કાર્ય કરવાનું હોય ત્યારે એકાદેશ સ્થાનિવત્ થાય છે અને સ્થાનિવદ્ભાવ થવાથી વ્યવધાન જ થાય.' ભાષ્યકારે **भियः** ને પ્રશ્લિષ્ટ નિર્દેશ ગણ્યો છે તેથી **क्षियः**। સૂત્રમાં **क्षि** નું **घेर्ङिति**। પ્રમાણે ગુણ થઇને **क्षेः** થાય તે ન કરતાં **इयङ्** કર્યો છે તેમ અહીં **इयङ्** થયો છે તે સૌત્ર પ્રયોગ છે (ના).

[94] **लोट्** ના **हि** પ્રત્યય પર થતાં **शाहौ**। પ્રમાણે **शास्** નો **शा** થાય છે, **हन्तेर्जः**। પ્રમાણે **हन्** નો **ज** , **हु** અને **झलन्त** ધાતુ પછી આવતા **हि** નો **धि** થાય છે. જેની પૂર્વે સંયોગ ન હોય તેવા પ્રત્યયના **उ**-કાર પછી આવતા **हि** નો **उतश्च प्रत्ययादसंयोगपूर्वात्**। થી લોપ થાય છે. **घु** સંજ્ઞક ધાતુ અને **अस्** નો, **हि** પર થતાં **ध्वसोरेद्धावभ्यासलोपश्च**। પ્રમાણે **ए** થાય છે. હવે **हि** ને સ્થાને **तुह्योस्तातङ् आशिष्यन्यतरस्याम्**। (૭-૧-૩૫) થી વિકલ્પે થતા **तातङ्** ને સ્થાનિવદ્ભાવથી **हि** ગણવામાં આવે તો ઉપર કહેલ સર્વ વિધિ **तातङ्** પર હોય ત્યારે થવાનો પ્રસંગ આવશે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

शिष्यात् , हतात् , भिन्तात् , कुरुतात् , स्तात् માં लोट् નો तातङ् આદેશ કર્યા પછી (शास् નો ) शा, (हन् નો) ज, (हि નો) धि (આદેશ) થવાનો , हि નો , લોપ અને (हि પૂર્વે) ए થવાનો પ્રસંગ આવે છે, (તેથી) તેનો પ્રતિષેધ કરવો જોઇએ. એ દોષ નહી આવે. અહીં આ વિચારવું જોઇએ કે અહીં શું કરવું, लोट् નો (तातङ्) આદેશ કરવો કે આ ( शा , ज વગેરે) વિધિઓ કરવા ? પર હોવાથી लोट् નો (तातङ्) આદેશ (કરવો જોઇએ).[95] તો પછી હવે लोट् નો (तातङ्) આદેશ કર્યા પછી પુન પ્રસંગ ન્યાયે[96] આ ( शा , ज વગેરે) વિધિઓ કેમ નથી થતા ?

सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेवेति ॥

**त्र्यादेशे स्रन्तप्रतिषेधः ॥२६॥**

त्र्यादेशे स्रन्तस्य प्रतिषेधः वक्तव्यः। तिसृणाम्। तिसृभावे कृते त्रेस्त्रयःइति त्र्यादेशःप्राप्नोति। नैष दोषः। इदमिह सम्प्रधार्यम्। तिसृभावः क्रियतां त्र्यादेश इति किमत्र कर्तव्यम्। परत्वात्तिसृभावः। अथेदानीं तिसृभावे कृते पुनःप्रसङ्गविज्ञानात्त्र्यादेशः कस्मान्न भवति। सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेवेति ॥

**आम्विधौ च ॥२७॥**

आम्विधौ च स्रन्तस्य प्रतिषेधो वक्तव्यः। चतस्रस्तिष्ठन्ति। चतसृभावे कृते चतुरनडुहोरामुदात्तः इत्याम्प्राप्नोति ॥ नैष दोषः। इदमिह संप्रधार्यम्।

---

[95] નોંધ ૯૪ માંના સર્વ વિધિ ૬ઠ્ઠા અધ્યાયના ૪ થા પાદમાં આવેલા છે જ્યારે तुह्योस्तातङ्० ૭ મા અધ્યાયના ૧લા પાદમાં હોવાથી પર સૂત્ર છે તેથી પહેલાં शा વગેરે વિધિ કરવા કે तातङ् કરવો એમ વિચારતાં પર હોવાથી तातङ् કરવો તેમ સમજાય છે, કારણ કે અહીં विप्रतिप्रतिषेधे परं० લાગુ પડે છે.

[96] पुनःप्रसङ्गविज्ञानात्सिद्धम्। એ પરિભાષાનો અહીં ઉલ્લેખ છે તે પ્રમાણે બાધિત સૂત્ર પુનઃ પ્રાપ્ત થવાનો પ્રસંગ હોય તો તે વ્દારા ઇષ્ટ સિદ્ધિ થઇ શકે. જેમ કે भिद् हि--भिद् श्नम् हि-भिदचो०--भि न द्-श्नसोरल्लोपः।-भि न् द् हि એ સ્થિતિમાં हुझल्भ्यः० અને तुह्योस्तातङ्० એ બે સૂત્રો એક સાથે લાગુ પડશે તેથી अविप्रतिषेधे परम्० પ્રમાણે तातङ् થઇને भिन्तात् એમ રૂપ થશે પરંતુ तातङ् વિકલ્પે લાગે છે તેથી જ્યારે તે ન લાગ્યો હોય ત્યારે हुझल्भ्यः० એ બાધિત સૂત્રને અવકાશ રહેશે તેથી हि નો धि થઇને भिन्धि એમ રૂપ થશે.આ થયો પુનઃપ્રસંગ ન્યાય.પરંતુ અહીં શંકા કરી છે કે तातङ् થયા પછી સ્થાનિવદ્ભાવથી તે हि છે એમ સમજાય તો તે પર થતાં शा,ज ઇત્યાદિ કેમ ન થાય? તેથી ભાષ્યકાર सकृद्गतौ यद्बाधितम्० કહે છે આ પરિભાષા પ્રમાણે જ્યારે બે સૂત્રો એક સાથે લાગુ પડતાં હોય ત્યારે પર સૂત્ર વ્દારા પૂર્વ સૂત્રનો એક વારબાધ થયા પછી તે હમેશાં બાધિત જ રહે છે તેથી તે સૂત્ર અનુસાર તે સ્થળે કાર્ય થઇ ન શકે.તે ન્યાયે तातङ् વ્દારા બાધિત शा हौ। વગેરે પ્રમાણે થતા शा વગેરેનો બાધ થયા પછી तातङ् ને સ્થાનિવદ્ભાવથી हि ગણીને તે બાધિત સૂત્રો એ જ સ્થળે तातङ् લાગ્યો છે એ સ્થિતિમાં લાગુ પાડી ન શકાય, એટલે કે तातङ् ને સ્થાનિવત્ ગણીને शा , ज વગેરે વિધિઓ ન કરી શકાય તેથી लोट् ના આદેશમાં પ્રતિષેધ કરવાની જરૂર નથી. विप्रतिषेधे परम्० એ નિયમ પ્રમાણે જ્યારે એક જ સ્થળે બે સૂત્ર પ્રાપ્ત થાય તેમાં તે બન્ને લાગુ પડે તે સંભવિત ન હોય ત્યાં પણ વિપ્રતિષેધ સૂત્ર લાગુ પડે છે.અહીં પણ તે સ્થિતિ છે દા.ત. हि નો तातङ् અને शास् નો शा આદેશ એક સાથે થવાનો પ્રસંગ આવે તો એ બન્નેને થવા માટેનાં જે નિમિત્ત હોય તે અનન્તર હોવાં જરૂરી છે शास् हि એ સ્થિતિમાં तुह्योस्तातङ्० અને शा हौ। એ બે પ્રાપ્ત થાય છે. તેમાં तातङ् થવા માટે પૂર્વે शास् હોવો જરૂરી છે અને शा થવા માટે शास् ની પછી તરત જ हि એ નિમિત્ત હોવું જરૂરી છે. પરંતુ આ બન્ને આદેશ એક સાથે કરવા સંભવિત નથી, કારણ કે જો हि ને સ્થાને तातङ् કરીએ તો शास् નો शा નહીં થઇ શકે, કારણ કે शास् तातङ् એ સ્થિતિમાં शा નો નિમિત્તભૂત हि અનન્તર નથી. તે રીતે शा આદેશ કરવામાં शास् हि--शा हि એ સ્થિતિમાં तातङ् નહીં થઇ શકે, કારણ કે તે થવા માટે हि પૂર્વે शास् ધાતુ હોવો જરૂરી છે. આમ આદેશોનાં પોતપોતાનાં નિમિત્તનું એક સાથે આનન્તર્ય હોવું અહીં સંભવિત નથી તેથી વિપ્રતિષેધ થવાથી પર સૂત્ર અમલી ધશે. ભાષ્યકારે इको गुणवृद्धी। સૂત્રના ભાષ્યમાં આ સંદર્ભમાં આ રીતે કહ્યું છેઃ नावश्यं द्विकार्ययोग एव विप्रतिषेधः। किं तर्हि। असंभवोऽपि। न चास्ति संभवो यदेकस्य स्थानिनो द्वावादेशौ स्याताम्॥ અહીં શંકા થાય કે સ્થાનિવદ્ભાવથી અહીં આનન્તર્ય થઇ શકે પરંતુ સ્થાનિવદ્ભાવ તો આદેશ થયા પછી થાય છે તેથી શંકા અનુચિત છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલા માટે કે 'सकृद्गतौ यद्बाधितं तद्बाधितमेव। (એકી સાથે બે વિધિ પ્રાપ્ત થવાથી) પરસ્પર વિરોધ થતો હોય તો જેનો એક વાર બાધ થયો હોય તે બાધિત જ રહે છે.'

त्रय આદેશમાં सृ-અન્તવાળાનો પ્રતિષેધ(કરવો જોઇએ) ॥૨૬॥

(त्रिनो) त्रय આદેશ(થાય છે તે) માં सृ- અન્ત (વાળા तिसृ નો પ્રતિષેધ (કરવો જોઇએ), કારણ કે तिसृणाम् માં (त्रि નો ) तिसृ આદેશ કર્યા પછી त्रेस्त्रयः। પ્રમાણે त्रय આદેશ થવાનો પ્રસંગ આવે છે.[97] એ દોષ નહીં આવે. અહીં આ વિચારવું જોઇએ કે અહીં શું કરવું, (त्रि નો) तिसृ આદેશ કરવો કે त्रय આદેશ કરવો ? અહીં પર હોવાથી तिसृ આદેશ (કરવો જોઇએ). તો પછી હવે तिसृ આદેશ કર્યા પછી પુનઃપ્રસંગ ન્યાયે त्रय આદેશ કેમ નથી થતો ?[98] એટલા માટે કે 'सकृद्गतौ यद्बाधितं तद्बाधितमेव। (એકી સાથે બે વિધિ પ્રાપ્ત થવાથી) પરસ્પર વિરોધ થતો હોય તો જેનો એક વાર બાધ થયો હોય તે બાધિત જ રહે છે.'

आम् વિધિમાં પણ પ્રતિષેધ (કરવો જોઇએ)॥૨૭॥

आम् ને લગતા વિધિમાં પણ सृ-અન્તનો પ્રતિષેધ કરવો પડશે.चतस्रस्तिष्ठन्ति। અહીં (चतुर् નો) આદેશ કર્યા પછી चतुरनडुहोरामुदात्तः।પ્રમાણે (સર્વનામસ્થાનમાં) आम् આગમ થવાનો પ્રસંગ આવે છે. એ દોષ નહીં આવે. અહીં આ વિચારવું જોઇએ કે અહીં શું કરવું (चतुर् નો )

चतसृभावः क्रियतां चतुरनडुहोरामुदात्त इत्यामिति किमत्र कर्तव्यम्। परत्वाच्चतसृभावः। अथेदानीं चतसृभावे कृते पुनःसङ्गविज्ञानादाम्कस्मान्न भवति। सकृद्गतौ विप्रतिषेधे यद्बाधितं तद्बाधितमेवेति॥

स्वरे वस्वादेशे॥२८॥

स्वरे वस्वादेशे प्रतिषेधो वक्तव्यः। विदुषः पश्य। शतुरनुमो नद्यजादी अन्तोदात्तादित्येष स्वरः प्राप्नोति॥ नैष दोषः। अनुम इति प्रतिषेधो भविष्यति। अनुम इत्युच्यते न चात्र नुमं पश्यामः। अनुम इति नेदमागमग्रहणम्। किं तर्हि। प्रत्याहारग्रहणम्। क्व सन्निविष्टानां प्रत्याहारः। उकारात्प्रभृत्या नुमो मकारात्। यदि प्रत्याहारग्रहणं लुनता पुनता अत्रापि प्राप्नोति। अनुम्ग्रहणेन न शत्रन्तं विशेष्यते। किं तर्हि।

चतसृ આદેશ કરવો કે त्रिचतुरनडुहोरामुदात्तः। પ્રમાણે आम् આદેશ કરવો ? અહીં પર હોવાથી तिसृ આદેશ (કરવો જોઇએ).[99] તો પછી હવે तिसृ આદેશ કર્યા પછી પુનઃપ્રસંગ ન્યાયે त्रय આદેશ કેમ નથી થતો ? એટલા માટે કે 'सकृद्गतौ यद्बाधितं तद्बाधितमेव। (એકી સાથે બે વિધિ પ્રાપ્ત થવાથી) પરસ્પર વિરોધ થતો હોય તો જેનો એક વાર બાધ થયો હોય તે બાધિત જ રહે છે.'

---

[97] आम् પર થતાં त्रि નો त्रेस्त्रयः। (૭-૧-૫૩)થી त्रय આદેશ થાય છે અને સ્ત્રીલિંગમાં વિભક્તિ પર થતાં त्रि , चतुर् નો त्रिचतुरोः स्त्रियां तिसृचतसृ। (૭-૧-૯૯) થી तिसृ , चतसृ આદેશ થાય છે. હવે तिसृणाम् માં तिसृ એ स्रन्त આદેશ કર્યા પછી સ્થાનિવદ્ભાવ થવાથી त्रय આદેશ થવાનો પ્રસંગ આવશે.એમ અહીં દલીલ છે.

[98] त्रय આદેશ કરવો કે तिसृ કરવો એ વિચારતાં तिसृ વિધાયક સૂત્ર પર હોવાથી तिसृ જ થશે અને ત્યાર પછી પુનઃપ્રસંગન્યાયે त्रय નહીં થાય, કારણ કે જેનો એક વાર બાધ થયો હોય તે બાધિત જ રહે છે (જુઓ નોંધ ૧૦૦) તેથી અહીં त्रय ને અવકાશ નહીં રહે.

[99] चतुरनडुहोरामुदात्तः।(૭-૧-૯૮) થી चतुर् ને સર્વનામસ્થાનમાં ઉદાત્ત आम् આગમ થાય છે.સ્ત્રીલિંગમાં चतसृ આદેશ કર્યા પછી चत्वारः तिष्ठन्ति। જેવામાં સ્થાનિવદ્ભાવથી आम् થવાનો પ્રસંગ આવે છે.અહીં પણ चतसृ કર્યા પછી आम् બાધિત હોવાથી નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**वसु** આદેશ થાય છે ત્યાં સ્વરને લગતો પ્રતિષેધ (કરવો જોઇએ) ॥૨૮॥

(**शतृ** નો) **वस्** (**वसु**) આદેશ થાય છે ત્યાં સ્વરને લગતો પ્રતિષેધ કરવો પડશે. **विदुषः पश्य** । માં **शतुरनुमो नद्यजादी** । (૬-૧-૧૭૩) થી અન્તોદાત્ત પછી વિભક્તિનો (ઉદાત્ત) સ્વર થવાનો પ્રસંગ આવે છે. [100] એ દોષ નહીં આવે (એ સૂત્રમાં) **अनुमः** એમ કહ્યું છે તેથી પ્રતિષેધ થશે. **अनुमः** એમ કહ્યું છે, પરંતુ આ (**विदुषः**) માં અમને **नुम्** દેખાતો નથી. **अनुमः** (કહ્યું છે) તેમાં આગમનું ગ્રહણ નથી કર્યું. તો પછી શું ? (**नुम्**) પ્રત્યાહારનું ગ્રહણ છે. [101] ક્યાં રહેલા (વર્ણો) નો પ્રત્યાહારમાં (સંક્ષેપ) છે ? उ-કારથી લઇને **नुम्** ના म-કાર સુધીનો.જો પ્રત્યાહારનું ગ્રહણ હોય તો **लुनता** , **पुनता** માં પણ (વિભક્તિ ઉદાત્ત) થવાનો પ્રસંગ આવશે.[102] સૂત્રમાંમૂકેલ **अनुम्** એ **शतृ**-અન્તનું વિશેષણ નથી. તો પછી કોનું છે ?

**शतैव विशेष्यते शता योऽनुम्क इति। अवश्यं चैतदेवं विज्ञेयम्। आगमग्रहणे हि सतीह प्रसज्येत। मुञ्चता मुञ्चत इति॥**

**गोः पूर्वणित्त्वात्त्वस्वरेषु॥२९॥ गोः पूर्वणित्त्वात्त्वस्वरेषु प्रतिषेधो वक्तव्यः। चित्रग्वग्रम् शबलग्वग्रम्। सर्वत्र विभाषा गोः इति विभाषा पूर्वत्वं प्राप्नोति॥ नैष दोषः। एङः इति वर्तते तत्रानल्विधाविति प्रतिषेधो भविष्यति। एवमपि हे चित्रगो अग्रम् अत्र प्राप्नोति॥ णित्त्वम्। चित्रगुं चित्रगू चित्रगवः। गोतो णित् इति णित्त्वं प्राप्नोति॥**

જેમાં **नुम्** નથી એવો **शतृ** એ અર્થમાં **शतृ** પ્રત્યયનું જ વિશેષણ છે.અને એને અવશ્ય એમ સમજવાનું છે, કારણ આગમનું ગ્રહણ કરવામાં આવે તો આ **मुञ्चता, मुञ्चतः** માં પણ ઉદાત્ત થવાનો પ્રસંગ આવશે.[103]

गो (શબ્દ) ને પૂર્વરૂપ **णित्**, **आत्** થાય છે અને સ્વર થાય છે ત્યાં પ્રતિષેધ ॥ ૨૯॥

---

[100] **विदुषः पश्य**। માં **पश्य** મૂકીને **विदुषः** એ **शत्रन्त** છે તેમ સૂચવ્યું છે. અહીં **विद् शतृ** એ સ્થિતિમાં **विदेः शतुर्वसः**। થી **शतृ** નો **वस्** (**वसु**) આદેશ થયો છે. અહીં સ્થાનિવદ્ભાવ થાય તો **वस्** એ **शतृ** જ છે એમ સમજાશે.હવે **शतृ** પ્રત્યય સ્વરથી ઉદાત્ત છે અને **विद्वस्** ને સ્થાનિવદ્ભાવથી **शत्रन्त** ગણીએ તો તે અન્તોદાત્ત થશે તેથી **विद्वस् शस्** એ સ્થિતિમાં **नुम्** આગમ રહિત અન્તોદાત્ત **शत्रन्त** પછી **शस्** એ અસર્વનામસ્થાન **अजादि** વિભક્તિ આવવાથી **शतुरनुमो०** પ્રમાણે **शस्** એ વિભક્તિ ઉદાત્ત થવાનો પ્રસંગ આવશે તેમ અહીં દલીલ છે.

[101] **शतुरनुमो नद्यजादी**। માં **अनुमः** એમ પ્રતિષેધ કર્યો છે તેનો ઉપર પ્રમાણે પ્રસંગ નહીં આવે એમ કહીને પરિહાર કર્યો પરંતુ **विदुषः** માં તો **नुम्** છે જ નહીં પછી **अनुमः** એ પ્રતિષેધ લાગુ કેવી રીતે પડે ? ઉત્તરમાં ભાષ્યકાર કહે છે કે **अनुमः** એટલે **नुम्** આગમ રહિત **शत्रन्त** એમ અર્થ નથી પરંતુ **उम्** રહિત **शत्रन्त** નો એમ સમજવાનું છે. તેમાં **उम्** એ પ્રત્યાહાર છે અને તેનો વિસ્તાર **तनादिकृञ्भ्य उः**। (૩-૧-૭૯)થી લઇને **इदितो नुम्धातोः**।(૭-૧-૫૮)માંના **नुम्** ના **म्** સુધી છે.તેમાં **विदेः शतुर्वसुः**। (૭-૧-૩૬) પણ આવતું હોવાથી **अनुमः** એ પ્રતિષેધ **विदुषः** ને લાગુ પડશે તેથી વિભક્તિસ્વર ઉદાત્ત નહીં થાય.

[102] **लुनता, पुनता** માં **क्र्यादि** ગણના **लु** , **पु** ને **श्ना** વિકરણ લાગ્યો છે તેનું વિધાન કરનાર **क्र्यादिभ्यः श्ना**। (૩-૧-૮૧) પણ **उम्** પ્રત્યાહારના વિસ્તારમાં આવી જાય છે તેથી તેમાં પણ **अनुमः** એ પ્રતિષેધ લાગુ પડશે. તેથી ભાષ્યકાર કહે છે કે **अनुम्** એ **शत्रन्त** નું વિશેષણ નથી એટલે કે જેમાં **उम्** ન હોય તેવો **शत्रन्त** એમ અર્થ કરવાનો નથી, કારણ કે **उम्** એ **शतृ** પ્રત્યયનું વિશેષણ છે એટલે કે જેમાં **उम्** ન હોય તેવો **शतृ** પ્રત્યય એમ અર્થ સમજવાનો છે. હવે **लुनता** , **पुनता** માં **शतृ** પૂર્વેનાં અંગમાં **श्ना** રૂપી **उम्** છે,એટલે કે **शत्रन्त** રૂપો **उम्** રહિત નથી, પરંતુ તેમને લાગેલ **शतृ** પ્રત્યય પોતે **उम्** નથી **अनुम्** છે અને **अनुम्** ને **शत्रन्त** નું વિશેષણ લેવાથી **अनुमः** એ પ્રતિષેધ **लुनता** , **पुनता** ને લાગુ નહીં પડે, કારણ કે અહીં **श्ना** વિકરણ **शतृ** ને કારણે નથી થયો. **अनुम्कः** એ બહુવ્રીહિ છે તે સૂચવવા માટે **शेषे विभाषा**। પ્રમાણે **क** (**कप्**) પ્રત્યય લગાડ્યો છે.

[103] **अनुम्** એવો જે **शतृ** પ્રત્યય એમ **उम्** પ્રત્યાહાર ગણીને જે યોજના કરી છે તે **नुम्** ને આગમ તરીકે લેવામાં આવે તો પણ સ્વીકારવી પડશે, કારણ કે **नुम्** આગમ રહિત **शतृ** પ્રત્યય એમ ન સમજવામાં આવે તો **मुञ्चता** , **मुञ्चतः** માં પણ પ્રતિષેધ થવાનો પ્રસંગ આવશે, કારણ કે તે દૃષ્ટાન્તમાં પણ **शत्रन्त** માં **नुम्** છે.**मुच् श शतृ--शे मुचादीनाम्**। થી **नुम्** આગમ થઇને વિભક્તિ અનુસાર **मुञ्चता** , **मुञ्चतः** વગેરે રૂપો થશે.હવે જો **अनुम्** ને **शत्रन्त** નું વિશેષણ ગણવામાં આવે તો એ **शत्रन्त** રૂપોમાં **नुम्** છે તેથી સ્થાનિવદ્ભાવનો પ્રતિષેધ લાગુ પડશે,પરંતુ **शतृ** નું વિશેષણ ગણવામાં આવે તો ત્યાં પ્રતિષેધ લાગુ નહીં પડે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

गो (શબ્દ) ને પૂર્વરૂપ (એકાદેશ), णिद्भाव , आत् અને સ્વર થાય છે ત્યાં (સ્થાનિવદ્‌ભાવનો) પ્રતિષેધ કરવો પડશે.[104] चित्रग्वग्रम् , शबलग्वग्रम् માં सर्वत्र विभाषा गोः । પ્રમાણે વિકલ્પે પૂર્વરૂપ એકાદેશ પ્રાપ્ત થાય છે.એ દોષ નહીં આવે .ત્યાં एङः ની અનુવૃત્તિ થાય છે તેથી अनल्विधौ એ પ્રતિષેધ થશે.[105] એમ છતાં હે चित्रगो अग्रम् માં પ્રાપ્ત થાય છે.णिद्भाव --चित्रगुः चित्रगू चित्रगवः માં गोतो णित् । પ્રમાણે (સર્વનામસ્થાન) णित् જેવાં થવાનો પ્રસંગ આવે છે.[106]

आत्त्वम् । चित्रगुं पश्य । शबलगुं पश्य । आ ओत इत्यात्वं प्राप्नोति ॥ नैष दोषः । तपरकरणात्सिद्धम् । तपरकरणसामर्थ्याण्णित्त्वात्त्वे न भ विष्यतः ॥ स्वर । बहुगुमान् । न गोश्वन्साववर्ण ० इति प्रतिषेधः प्राप्नोति ॥

करोतिपिब्योः प्रतिषेधः ॥३०॥

करोतिपिब्योः प्रतिषेधो वक्तव्यः । कुरु पिबेति । स्थानिवद्भावाल्लघूपधगुणः प्राप्नोति ।

उक्तं वा ॥३१॥

किमुक्तम् । करोतौ तपरकरणनिर्देशात्सिद्धं पिबिरदन्त इति ॥

आत्त्व--चित्रगुं पश्य । शवलगुं पश्य । માં आत्त्व થવાનો પ્રસંગ આવે છે.[107] એ દોષ નહીં આવે. तपर કર્યો છે તેથી સિદ્ધ થશે.

(સૂત્રમાં गो ને) तपर કર્યો છે તેને પ્રતાપે णित्त्व અને આત્વ નહીં થાય. स्वर--बहुगुमान् માં गोश्वन्सावर्णराडङ्कुङ्कृद्भ्यः । પ્રમાણે પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે છે. [108]

---

[104] गो શબ્દને અનુલક્ષીને पूर्वरूप , णित्त्व , आत्त्व અને स्वर વગેરે અનેક વિધિઓ કહ્યા છે તે તે સૂત્રમાં સ્થાનિવદ્‌ભાવ થાય તો જ્યાં એ વિધિઓ લાગુ ન પડવા જોઇએ ત્યાં એ લાગુ પડવાનો પ્રસંગ આવશે.તેથી તે અતિવ્યાપ્તિ નિવારવા માટે સ્થાનિવદ્‌ભાવનો પ્રતિષેધ કરવો જોઇએ એમ ભ ાવ છે. पूर्वरूप--चित्रगु अग्रम् । અહીં चित्राः गावः यस्य । એ વિગ્રહ વાક્યના બહુવ્રીહિ સમાસમાં गो શબ્દ ગૌણ છે.તેથી गोस्त्रियो:० પ્રમાણે गो શબ્દાન્ત चित्रगु માં गो નો હ્રસ્વ થઇને गु થયો છે.અહીં સ્થાનિવદ્‌ભાવ થાય તો गु એ गो છે તેમ સમજાશે તેથી गो अग्रम् માં एङः पदान्तादति । પ્રમાણે गोऽग्रम् થાય છે તેમ આ चित्रगु अग्रम् । शवलगु अग्रम् માં सर्वत्र विभाषा गोः । થી વિકલ્પે પૂર્વરૂપ એકાદેશ થવાનો પ્રસંગ આવશે.કૈ. કહે છે કે गो अग्रम् માં પ્રકૃતિભાવ ન થયો હોય ત્યારે પૂર્વરૂપ એકાદેશ થાય છે તેમ चित्रगु अग्रम् માંપણ एङः पदान्तात्० પ્રમાણે પૂર્વરૂપ થવાનો પ્રસંગ આવશે.ના.કહે છે કે શંકાકાર सर्वत्र विभाषा० થી પૂર્વરૂપ થશે એમ કહેવા માગે છે, કારણ કે તે સૂત્રમાં एङः ની અનુવૃત્તિ થાય છે તેની તેને ખબર નથી.

[105] આમ છતાં હે चित्रगो अग्रम् । માં પ્રકૃતિભાવ પ્રાપ્ત થાય છે એમ શંકા છે.चित्रगो માં જે एङ् (ओ) છે તે સ્થાની अल् નો નથી ,પરંતુ ह्रस्वस्य गुणः । એ સૂત્રથી થયો હોવાથી લાક્ષણિક છે, પોતે સ્વતઃ गो શબ્દ નથી (પણ गु છે) તેથી પ્રકૃતિભાવ પ્રાપ્ત થતો નથી પરંતુ સ્થાનિવદ્‌ભાવ થતાં सर्वत्र विभाषा० ત્યાં લાગુ પડશે અને પ્રકૃતિભાવ થવાનો પ્રસંગ આવશે તેથી તેનો પ્રતિષેધ કરવો જોઇએ એમ કહેવા માગે છે. નોંધઃ અહીં एङ् નો સ્થાની अल् નથી તેથી अनल्विधौ એ પ્રતિષેધ લાગુ નહીં પડે

[106] णित्त्व--चित्रगुः चित्रगू चित्रगवः માં સ્થાનિવદ્‌ભાવથી णित्त्व થશે. चित्रगु सु । चित्रगु औ । चित्रगु जस् એ સ્થિતિમાં સ્થાનિવદ્‌ભાવથી गु ને गो સમજવામાં આવે તો गो આવતા सु औ जस् એ સર્વનામસ્થાન પ્રત્યયો गोतो णित् । પ્રમાણે णित् જેવા ગણાશે તેથી अचो ञ्णिति । થી વૃદ્ધિરૂપી णित् નું કાર્ય થવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે.

[107] आत्त्व--चित्रगुं पश्य । અહીં चित्रगु अम् એમ થતાં જો સ્થાનિવદ્‌ભાવ થાય તો गु એ गो છે તેમ સમજાશેતેથી औतोऽम्शसोः । પ્રમાણે ગા એકાદેશ થઇને चित्रगां पश्य એમ અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે. પરંતુ સૂત્રમાં गोतः એમ કહીને ओ ને तपर કર્યો છે તેથી णित्त्व કે ओत्त्व નહીં થાય गोतः માં ग-કાર અવિવક્ષિત છે, કારણ કે તપરકરણ વર્ણના નિર્દેશ માટે જાણીતું છે(गोत इत्येतदेव तपरकरणनिर्देशादोकारान्तोपलक्षणं द्रष्टव्यम् । वर्णनिर्देशेषु हि तपरकरणं प्रसिद्धम् । गोतो णित् । ઉપર કા.)

[108] स्वर--बहुगुमान् बहवो गावो यस्य स बहुगुः । એ બહુવ્રીહિમાં ઉત્તરપદના બહુત્વની વિવક્ષા છે માટે बहोर्नञवदुत्तरपदभूम्नि । થી नञ्वत् સ્વર થશે, અર્થાત્ नञ्सुभ्याम् । પ્રમાણે અન્તોદાત્ત થશે પછી बहुगुः अस्ति अस्मिन् । એ અર્થમાં बहुगु ને तदस्यास्त्यस्मिन्निति । પ્રમાણે मतुप् લાગતાં


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

करोति અને पिबि માં પ્રતિષેધ ॥ ૩૦॥ [109]

करोति (कृ) અને पिबि (पिब्) માં (સ્થાનિવદ્‌ભાવનો) નથી થતો એમ કહેવું જોઇએ. कुरु , पिब અહી સ્થાનિવદ્‌ભાવથી લઘુ ઉપધાનો ગુણ થવાનો પ્રસંગ આવે છે.

અથવા કહ્યું છે ॥૩૧॥

શું કહ્યું છે ? करोति માં तपर કરણ રૂપી નિર્દેશને લીધે સિદ્ધ થાય છે અને पिब अ-કારાન્ત છે એમ (કહ્યું છે).

अचः परस्मिन्पूर्वविधौ ॥१।१।५७॥ [110]

**अच इति किमर्थम्। प्रश्नः विश्नः। द्युत्वा स्यूत्वा। आक्राष्टाम्। आगत्य॥ प्रश्नः विश्न इत्यत्र छकारस्य शकारः परनिमित्तकः। तस्य स्थानिवद्भावाच्छे च इति तुक्प्राप्नोति। अच इति वचनान्न भविष्यति। नैतदस्ति प्रयोजनम्। क्रियमाणेऽपि वा अज्ग्रहणेऽवश्यमत्र तुगभावे यत्नः कर्तव्यः। अन्तरङ्गत्वाद्धि तुक्प्राप्नोति॥**

પર આવેલને કારણે થએલ अच् નો આદેશ પૂર્વને લગતો વિધિ કરવાનો હોય ત્યારે સ્થાનિવદ્ થાય છે ॥૧।૧।૫૭॥

(સૂત્રમાં) अचः એમ શા માટે (કહ્યું છે)? प्रश्नः विश्नः। द्युत्वा स्यूत्वा। आक्राष्टाम् आगत्य (માટે ),કારણ કે આ प्रश्नः विश्नः માં[111] छ-કારનો श-કાર થાય છે તે પરનિમિત્તક છે.[112] તેનો સ્થાનિવદ્‌ભાવ થવાથી छे च। પ્રમાણે तुक् (આગમ) થવાનો પ્રસંગ આવશે,પરંતુ अच् (સ્વરનો આદેશ) એમ

---

बहुगुमान् શબ્દ થયો છે.અહી बहुगु હ્રસ્વાન્ત અને અન્તોદાત્ત છે તેથી તેની પછી આવેલ मतुप् પ્રત્યય ह्रस्वनुड्भ्यां मतुप्। પ્રમાણે ઉદાત્ત થશે, પરંતુ અહી સ્થાનિવદ્‌ભાવ થાય તો गु એ गो છે તેમ સમજાશે તેથી बहुगु હ્રસ્વાન્ત નહી ગણાય પરિણામે मतुप् ને ह्रस्वनुड्० પ્રમાણે જે ઉદાત્ત થાય છે તેનો न गोश्वन्साववर्ण० પ્રમાણે પ્રતિષેધ થવાનો પ્રસંગ આવશે, કારણ કે गो એ अल् નથી તેથી अनल्विधौ એ પ્રતિષેધ પણ પ્રાપ્ત નહી થાય.આમ સ્વરને ખાતર પ્રતિષેધ કરવો પડશે એમ ઠર્યું.

[109] જુઓ નોધ(૩૫ અને ૩૯)

[110] આગળના સૂત્રમાં સ્થાનિવદ્‌ભાવની સિદ્ધિ કરી છે, પરંતુ તેમાં अल्विधि નો નિષેધ કર્યો છે.જયારે પ્રસ્તુત સૂત્રમાં अल् ને લગતા વિધિમાં પણ અમુક સંજોગોમાં अच् ને સ્થાનિવદ્ ગણવામાં આવે છે તેમ સૂત્રકાર કહે છે. જેમ કે वव्रश्च--व्रश्च् નું लिट् ત્રી.પુ.એ.વ.નું રૂપ કરતાં व्रश्च णल्--लिटि धातो० થી અભ્યાસ --व्रश्च् व्रश्च् अ-- व्रश्च् નું ग्रहिज्यावयिव्यधि० સૂત્રમાં ગ્રહણ છે તેથી लिट्यभ्यासस्योभयेषाम्। થી અભ્યાસના રેફનું સંપ્રસારણ થતાં--वृ अ श्च् व्रश्च् अ--सम्प्रसारणाच्च। થી પૂર્વરૂપ એકાદેશ--वृश्च व्रश्च अ--हलादिः शेषः। (૭-૧-૧૭) એ પર સૂત્ર હોવા છતાં सम्प्रसाणं तदाश्रयं च कार्यं बलवत्तरम्। એ પરિભાષા પ્રમાણે સંપ્રસારણ પૂર્વે થયું છે. ત્યાર પછી તેના આધારે उरत्। પ્રમાણે ऋ નાં अत् અને -- उरण्रपरः।થી रपर થતાં--वर्श्च् व्रश्च अ--हलादिः०--व व्रश्च् अ--वव्रश्च સિદ્ધ થાય છે. અહીં અભ્યાસના રેફનું સંપ્રસારણ થયા પછી न सम्प्रसारणे सप्रसारणम्। એમ કહ્યું છે તેથી સંપ્રસારણની પૂર્વે રહેલ व- કારનું સંપ્રસારણ નહી થાય. અહી ऋ નો अ આદેશ થયો છે છતાં સ્થાનિવદ્‌ભાવથી તે ऋ છે એમ સમજાય છે એટલે કે ऋ જેમ સંપ્રસારણ છે તેમ अ પણ સંપ્રસારણ છે એમ સમજાય છે તેથી न सम्प्रसारणे० એ નિષેધ લાગુ પાડ્યો છે. આમ સંપ્રસારણ એ अल् ને લગતો વિધિ (अल्विधि) હોવા છતાં અહી સ્થાનિવદ્‌ભાવ થયો છે.' न सम्प्रसारणे० એ સૂત્રનો સંપ્રસારણ પર હોય ત્યારે તેની પૂર્વેના यण् નું સંપ્રસારણ થતું નથી ' એમ અર્થ કરવામાં આવે તો वव्रश्च એ યોગ્ય દૃષ્ટાન્ત છે પરંતુ 'જેનું સંપ્રસારણ થવાનું છે (સંપ્રસારણભાવી) यण् પર હોય ત્યારે તેનીપૂર્વેના (સંપ્રસારણને પાત્ર यण् ) નું સંપ્રસારણ થતું નથી' એમ અર્થ કરવામાં આવે તો वव्रश्च એ ઉદાહરણ નહી થાય, કારણ કે અર્થમાં अल्विधि રહેતો નથી.

[111] प्रश्नः / विश्नः--प्रच्छ् / विच्छ् ને यजयाचयतविच्छप्रच्छरक्षो नङ्। પ્રમાણે नङ् થયો છે એ ङित् પ્રત્યય પર થતાં ग्रहिज्या० પ્રમાણે प्रच्छ् માં સંપ્રસારણ પ્રાપ્ત થાય છે પરંતુ સૂત્રકારે प्रश्ने चासन्नकाले। એ સૂત્રમાં સંપ્રસારણ રહિત प्रश्न શબ્દનો પ્રયોગ કરીને નિપાતન કર્યું છે તેથી સંપ્રસારણ નહી થાય. प्रश्न અને विश्न માં छ्वोः शूडनुनासिके च। થી छ् નો श् આદેશ થયો છે.સ્થાનિવદ્‌ભાવથી તે छ् છે એમ સમજાય તો छे च। પ્રમાણે तुक् આગમ થવાનો પ્રસંગ આવે, પરંતુ સૂત્રમાં अच् નું ગ્રહણ કર્યુ છે અને श् આદેશ अल् છે પણ अच् ન હોવાથી પ્રસ્તુત સૂત્ર પ્રમાણે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહ્યું છે તેથી નથી થતો. એ પ્રયોજન નથી, કારણ કે **अच्** ગ્રહણ કરવામાં આવ્યું હોય તો પણ અહીં **तुक्** ન થાય તે માટે અવશ્ય પ્રયત્ન કરવો પડશે, નહીં તો અંતરંગ હોવાથી **तुक्** થવાનો પ્રસંગ આવે છે.[113]

**इदं तर्हि। द्यूत्वा स्यूत्वा। वकारस्य ऊठ् परनिमित्तकः। तस्य स्थानिवद्भावादचीति यणादेशो न प्राप्नोति। अच वचनाद्भवति। एतदपि नास्ति प्रयोजनम्। स्वाश्रयमत्राच्त्वं भविष्यति। अथवा योऽत्रादेशो नासावाश्रीयते यश्चाश्रीयते नासावादेशः। इदं तर्हि प्रयोजनम्। आक्राष्टाम्।**

તો પછી આ **द्यूत्वा स्यूत्वा** માં **व**- કારનો **ऊठ्** થયો છે તે પર રહેલ (**क्त्वा**) ને કારણે થયો છે, તેનો સ્થાનિવદ્‌ભાવ થવાથી આદેશ નહીં થાય પણ **अचः** (સ્વરનો આદેશ)[114] એમ કહ્યું છે તેથી થાય છે.એ પણ પ્રયોજન નથી,કારણ કે અહીં(**ऊठ्**) પોતાનામાંનું **अच्त्व** રહેશે અથવા[115] અહીં જે

---

સ્થાનિવત્ નહીં ગણાય તેથી **तुक्** નહીં થાય.અહીં બન્નેમાં **श्** પછી **न्** છે છતાં **शात्।** એ પ્રતિષેધને લીધે **श्चुत्व** નથી થયું નહીં તો **प्रश्ञः विश्ञः** જેવાં વિકૃત રૂપો થાત.

[112] પરનિમિત્ત--પર રહેલ પ્રત્યયાદિ જેનું નિમિત્ત હોય તે. **प्रश्नः** વગેરેમાં **छ्** નો **श्** આદેશ થયો છે તેનું નિમિત્ત **छ्** પછી આવેલ અનુનાસિક પ્રત્યય **नङ्** છે તેથી **श्** એ પરનિમિત્તક આદેશ છે. અહીં **तुक्** થવાનો પ્રસંગ આવશે એમ કહ્યું તેમાં **तुक्** નું થવું એ પૂર્વવિધિ છે અને તે માટે **श्** આદેશ નિમિત્ત થાય તો પૂર્વવિધિ થવા માટે પરનિમિત્તક આદેશ સ્થાનિવત્ થયો કહેવાય, પણ સૂત્રકારે **अचः** એમ કહ્યું છે તેથી **श**-કાર એ **हल्** આદેશ સ્થાનિવત્ ન થઇ શકે પછી **तुक्** થવાનો પ્રશ્ન જ રહેતો નથી.

[113] **तुक्** ન થાય તે માટે યત્ન આ રીતે થશેઃ **च्छ्वोः शूडनुनासिके।** સૂત્રમાં **तुक्** સહિત **छ**-કારનો નિર્દેશ કરવાથી **च्छ्वोः॰** એમ **त**-કાર અને **छ**-કારનો સમુદાય સ્થાની થશે તેથી **अलोऽन्त्य॰** પરિભાષા ઉપસ્થિત નહીં થાય તેથી **च्छ्** ને સ્થાને **श्** સવદિશ થશે અથવા **च्छ्** એ વર્ણ સમુદાય અર્થરહિત છે તેથી **नानर्थकेऽलोऽन्त्यविधिरनभ्यासे।** એ પરિભાષાને પ્રતાપે **अलोऽन्त्य** વિધિ લાગુ નહીં પડે.વળી **यजयाचयतविच्छप्रच्छरक्षो नङ्।** પ્રમાણે જે **नङ्** પ્રત્યય લાગે છે તેને સૂત્રકારે **ङित्** કર્યો છે તે ઉપરથી સમજાય છે કે તેમણે **छ्** નો **तुक्** સહિતનો નિર્દેશ કર્યો છે, કારણ કે માત્ર **छ्** નો **श्** થવાનો હોય તો **विश्न** માં **वित् श नङ्** એ સ્થિતિમાં શેષ રહેલ **तुक्** ને કારણે ઉપધા લઘુ ન રહેતાં **पुगन्तलघूपधस्य॰** થી ગુણ પ્રાપ્ત થતો નથી તેથી ગુણ નિષેધ કરવા માટે **नङ्** ને **ङित्** કરવાની જરૂર રહેતી નથી. અહીં **तुक्** આગમ પ્રત્યયની અપેક્ષા નથી જ્યારે **श्** આદેશ **नङ्** પ્રત્યય પર અવલંબે છે.આમ આગમ અંતરંગ હોવાથી આદેશની પહેલાં થાય છે, એટલે કે આગમ અને આદેશ એક સાથે પ્રાપ્ત થતા નથી.તેથી **वार्णादाङ्गं बलीयः।** એ પરિભાષા અહીં લાગુ નહીં પડે, કારણ કે વર્ણ અને અંગને લગતાં કાર્યો એકી સાથે પ્રાપ્ત થતાં હોય ત્યાં જ તે ઉપસ્થિત થાય છે.જેમ કે **कारकः , किरति . कारकः--कृ ण्वुल् (अक)** અહીં **णित्** ને કારણે**अचो ञ्णिति।** થી વૃદ્ધિ અને **अक** ને કારણે **इको यणचि।** થી **यण्** આદેશ યુગપત્ પ્રાપ્ત થાય છે પરંતુ **ण्वुल्** થાય તે અંગ કાર્ય છે અને **यण्** થવો એ વર્ણ કાર્ય છે તેથી **वार्णादाङ्गं बलीयः।** પ્રમાણે અંગ કાર્ય થશે અને **कारक** સિદ્ધ થશે.**किरति--कॄ श ति--कॄ अ ति**--અહીં **ऋत इद्धातोः।** થી **ॠ** નો **इ** થવા રૂપી અંગ કાર્ય અને **यण्** થવા રૂપી વર્ણને લગતું કાર્ય એ બે યુગપત્ પ્રાપ્ત થાય છે તેમાં **वार्णादाङ्गम्॰** પ્રમાણે **ॠ** નો **इ** થઇને **किरति** સિદ્ધ થશે.

[114] **द्यूत्वा--दिव् त्वा (क्त्वा)-- झलादि कित्** પ્રત્યય પર થયો છે તેથી **च्छ्वोः शूड्॰** થી ધાતુના **व्** નો **ऊठ्** આદેશ થતાં **दिव् त्वा--दि ऊ त्वा** એમ થતાં **इको यण्॰** થી **यण्** કાર્ય પ્રાપ્ત થાય છે. હવે જો **ऊ** ને સ્થાનિવત્ ગણવામાં આવે તો તે **व्** છે એમ સમજાય આવે, તો **यण्** ન થવાનો પ્રસંગ આવે, પરંતુ સૂત્રમાં **अचः** એમ કહ્યું છે જ્યારે **व्** તો **हल्** છે, **अच्** નથી તેથી પ્રસ્તુત સૂત્રથી અહીં સ્થાનિવદ્‌ભાવ ન થવાથી **यण्** થઇને **द्यूत्वा** વગેરે થઇ શકશે.

[115] **ऊठ्** (**ऊ**) આદેશ પોતે પણ **अच्** છે તેથી તેનામાં રહેલ **अच्त्व** ને લીધે અહીં **यण्** અવશ્ય થશે, કારણ કે સ્થાનિવદ્‌ભાવ રૂપી અતિદેશ થતો હોય તો પણ **अच्** હોવા રૂપી **ऊठ्** નો મૂળ સ્વભાવ તો કંઇ જ રહેતો નથી.'આ ક્ષત્રિય પ્રત્યે બ્રાહ્મણ જેવું વર્તન કરવું' એમ કોઇ કહે ત્યારે ક્ષત્રિયને વિશે બ્રાહ્મણ પ્રત્યે કરવામાં આવતાં હોય તે કાર્યનો અતિદેશ થાય છે.પરંતુ તેથી ક્ષત્રિયનાં પોતાનાં યુદ્ધાદિ કાર્ય જતાં નથી રહેતાં. તેમ **ऊठ्** ને તેના સ્થાની **व्** જેવો(સ્થાનિવત્) ગણો તો પણ તેનું સ્વભાવગત **अच्त्व** નષ્ટ થતું નથી તેથી **यण्** થઇને **द्यूत्वा, स्यूत्वा** પ્રાપ્ત થશે.અહીં શંકા થઇ શકે કે પોતાનામાં રહેલ **अच्त्व** વગેરે ધર્મને કારણે કાર્ય સિદ્ધ થતું હોય તો **वाय्वोः--वायु ओस्--वाय् ओः** એ સ્થિતિમાં **उ** ને સ્થાને થએલ **व्** પોતે **वल्** છે તો પછી ત્યાં **लोपो व्योः॰** પ્રમાણે **य्** લોપ કેમ નથી થતો? પણ અહીં જે **व्** થયો છે તે બહિરંગ હોવાથી અસિદ્ધ છે તેથી **वल्** પર થવા છતાં **य्** લોપ નથી થયો. જ્યારે **द्यूत्वा** માં બે **अच्** ના આનન્તર્ય (અવ્યવહિત રીતે પાસે આવવા) ને કારણે **नाजानन्तर्ये॰** એ પરિભાષા પ્રમાણે અસિદ્ધત્વનો નિષેધ થાય છે તેથી **यण्** થયો છે. જો **द्यूत्वा** માં **ऊठ्** ને સ્થાનિવત્ ગણવામાં આવે તો પણ **लोपो व्योः॰** પ્રમાણે **य्** લોપ નહીં થાય,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આદેશ છે તેનો આધાર લેવામાં આવતો નથી અને જેનો આધાર લેવામાં આવે છે તે આદેશ નથી. તો પછી આ પ્રયોજન છે : आकाष्टाम् માં [116]

सिचो लोपः परनिमित्तकः। तस्य स्थानिवद्भावात्षढो कः सि इति कत्वं प्राप्नोति। अच इति वचनान्न भवति। एतदपि नास्ति प्रयोजनम्। वक्ष्यत्येतत्। पूर्वत्रासिद्धे न स्थानिवदिति ॥ इदं तर्हि प्रयोजनम्। आगत्य अभिगत्य। अनुनासिकलोपः परनिमित्तकः। तस्य स्थानिवद्भावाद् ह्रस्वस्येति तुग्न प्राप्नोति। अच इति वचनाद्भविष्यति॥

सिच् (स्)નો લોપ પર રહેલ (झल् વર્ણ) ને કારણે થયો છે. તેનો સ્થાનિવદ્ભાવ થવાથી षढोः कः सि। પ્રમાણે क् આદેશ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ अच् નો એમ કહ્યું છે તેથી નથી થતો.[117] એ પણ પ્રયોજન નથી, 'પૂર્વત્રાસિદ્ધ (પ્રકરણ માં) સ્થાનિવદ્ભાવ થતો નથી' એમ (વાર્તિકકાર)

---

કારણ કે ભાષ્યકાર આગળ કહેશે કે સૂત્રમાં अचः નું ગ્રહણ કર્યું છે તેથી અનાદિષ્ટ, જેનો આદેશ નથી થયો તે, અર્થાત્આદેશ થયા પહેલાંની અવસ્થામાં સ્થાની રૂપે રહેલ अच् નો સ્થાનિવદ્ભાવ થાય છે પણ આદિષ્ટ એટલે કે આદેશ થયા પછીની અવસ્થામાં રહેલ अच् સ્થાનિવત્ નથી થતો.અહીં ऊ આદિષ્ટ अच् છે-આદેશ થયો ત્યારે થયો છે પણ તેનો સ્થાની व् પોતે अच् ન હતો તેથી ऊठ् સ્થાનિવત્ નહીં થાય તેથી य् લોપ નહીં થાય.

[116] ऊठ् આદેશ સ્થાનિવત્ થાય, એટલે કે તેમાં તેના સ્થાની व् ના ધર્મ हल्त्व નો અતિદેશ થાય તો તેના अच्त्व રૂપી સ્વગત ધર્મને કારણે થતું કાર્ય થઇ શકશે નહીં, કારણ કે અતિદેશનો સ્વભાવ જ એવો છે કે સ્વાશ્રય ધર્મને કારણે થતું કાર્ય અતિદિષ્ટ ધર્મથી વિરુદ્ધ હોય તો તેને ન થવા દે. આ કારણે अथवा એમ કહીને અન્ય પક્ષે यण् ની સિદ્ધિ કરે છે.द्यूत्वा માં इको यणचि। થી यण् થયો છે. એ સૂત્રમાં अच् (ऊ) નો આશ્રય લેવામાં આવ્યો છે, પરંતુ તે આદેશ નથી તે (ऊठ्) નો અવયવ છે અને જે (ऊठ्) આદેશ છે તેનો यण् વિધિમાં આશ્રય નથી લીધો. વળી આદેશનો અવયવ આદેશ ન ગણાય, કારણ કે गौणमुख्ययोर्मुख्ये कार्यसम्प्रत्ययः। એ ન્યાય પ્રમાણે જ્યાં મુખ્યનું ગ્રહણ થઇ શકે ત્યાં ગૌણનું ગ્રહણ કરવું યોગ્ય નથી તેથી ऊठ् આદેશનો અવયવ ऊ એ આદેશ જ નથી તેમ સમજાય છે તેથી यण् થઇ શકશે,કારણ કે અહીં સ્થાની व् માં अच्त्व નો અભાવ છે તેથી આદેશ ऊठ् પણ अच्त्व રહિત ગણાશે તેથી જેમ સ્થાનીના अच्त्व ના અભાવને લીધે यण् નથી થતો તેમ આદેશ ऊठ् ના अच्त्व ના અભાવને લીધેयण् નહીં થાય.પરંતુ તેના અવયવ ऊ ને કારણે થશે. આમ અવયવને કારણે यण् થતો હોવાથી તેને નિવારી નહીં શકાય.એમ અહીં ભાવ છે. ઉપર કહ્યું કે અવયવ આદેશ ન ગણાય તો પછી चक्षिङः ख्याञ्। થી चक्ष् નો ख्याञ् થાય છે તેને ख्या એ અનુબન્ધ રહિત સ્વરૂપમાં ધાતુ સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે એ શંકા અયોગ્ય છે, કારણ કે अद् ધાતુનો लुङ्सनोर्घस्लृ। થી घस्लृ આદેશ થાય છે તેને लृदित् કર્યો છે જેથી पुषादिद्युताद्यॢदित० થી लुङ् માં च्लि નો अङ् થઇ શકે. તેથી જ્ઞાપન થાય છે કે અનુબન્ધ રહિતને પણ ધાતુ કાર્ય થશે.

[117] आकाष्टाम्--आकृष् लुङ् तस्--च्लि-आकृष् च्लि तस्--स्पृशमृशकृष० (वा०)--च्लि નો सिच्--आकृष् सिच् तस्-तस्थस्थ० થી ताम्--आकृ सिच् ताम्-- अनुदात्तस्य चर्दुपधस्य० થી વિકલ્પે अम्--आकृ अम् (अ) ष् स् ताम्--यण् કાર્ય--आक्रष् स् ताम--सिच् પર થતાં હલન્ત અંગની वदव्रज० થી વૃદ્ધિ-- आक्राष् स् ताम्--झलो झलि।--स् લોપ--आक्राष् ताम्--ष्टुना ष्टुः।--आक्राष् टाम्-आक्राष्टाम्.અહીં सिच् લોપ झल् પર થવાથી થયો છે તેથી પરનિમિત્તક છે.એ જો સ્થાનિવત્ થાય તો લોપ स-કાર છે તેમ સમજાશે તો षढोः कः सि। થી ष् પછી स् આવ્યો છે તેથી ष् નો क् થવાનો પ્રસંગ આવે એમ દલીલ છે પરંતુ સૂત્રમાં अचः એમ કહ્યું છે અને લોપ अच् નો આદેશ ન હોવાથી સ્થાનિવદ્ભાવ નહીં થાય તેથી क् થતો નિવારી શકાશે.હવે પછીના न पदान्त० સૂત્ર ની पूर्वत्रासिद्धे च (વા.૩) પ્રમાણે પૂર્વત્રાસિદ્ધ અધિકાર લાગુ પડતો હોય ત્યાં સ્થાનિવદ્ભાવ થતો નથી અહીં षढोः कः० એ ત્રિપાદીમાંનું સૂત્ર अचः पर० એ પ્રસ્તુત સૂત્રની દૃષ્ટિએ અસિદ્ધ છે તેથી ત્યાં સ્થાનિવદ્ભાવ થતો જ નથી પછી પ્રસ્તુત સૂત્રમાં अचः


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કહેવાના છે. તો પછી આ પ્રયોજન છેઃ આ आगत्य , अभिगत्य માં અનુનાસિકનો લોપ પરનિમિત્તક છે. તેનો સ્થાનિવદ્ભાવ થવાથી ह्रस्वस्य० પ્રમાણે જે तुक् થાય છે તે ન થવાનો પ્રસંગ આવે છે.[118] પરંતુ अचः એમ કહ્યું છે તેથી થશે.

अथ परस्मिन्निति किमर्थम्। युवजानिः। द्विपदिका। वैयाघ्रपद्य। आदीध्ये॥ युवजानिः वधूजानिरिति जायाया निङ् न परनिमित्तकः। तस्य स्थानिवद्भावाद्वलीति यलोपो न प्राप्नोति। परस्मिन्निति वचनाद्भवति। नैतदस्ति प्रयोजनम्। स्वाश्रयमत्र वल्त्वं भविष्यति। अथवा योऽत्रादेशो नासावाश्रीयते यश्चाश्रीयते नासावादेशः॥ इदं तर्हि प्रयोजनम्। द्विपदिका त्रिपदिका। पादस्य लोपो न परनिमित्तकः। तस्य स्थानिवद्भावात्पद्भावो न प्राप्नोति।

તો હવે परस्मिन् એમ શામાટે કહ્યું છે ? युवजानिः। द्विपदिका। वैयाघ्रपद्यः। आदीध्ये। युवजानिः॥ वधूजानिः માં जायाया निङ्। પ્રમાણે निङ् થાય છે તે પર નિમિત્તક નથી, તેનો સ્થાનિવદ્ભાવ થવાથી वल् પર થતાં य् લોપ ન થવાનો પ્રસંગ આવે છે.[119] પરંતુ परस्मिन् એમ કહ્યું છે તેથી (य्

---

નું ગ્રહણ ન હોય તો પણ ष् ને क् નહીં થાય. આથી आक्राष्टाम् એ अच् ગ્રહણના પ્રયોજનનું ઉદાહરણ નથી. નોધઃ ચૌખં (પૃ.૪૬૫) માં अक्राष्टाम् પાઠ છે.

[118] आगत्य--आ गम् त्वा--समासेऽनञ्पूर्वे० થી त्वा નો य--वा ल्यपि। થી વિકલ્પે અનુનાસિક म् લોપ--आ ग य એમ થતાં पित् પ્રત્યય ल्यप् પર છે તેથી ह्रस्वस्य पिति कृति तुक्। થી હ્રસ્વ ग ને तुक् આગમ થતાં आगत्य થશે.અહીં અનુનાસિક म् ના લોપને સ્થાનિવત્ ગણવામાં આવે તો તે હ્રસ્વ (अ) અને पित् પ્રત્યય (ल्यप्) ની વચ્ચે રહેલ છે તેમ સમજાશે. આમ म् નું વ્યવધાન થવાથી तुक् ન થવાનો પ્રસંગ આવશે, પરંતુ સૂત્રમાં अच् નું ગ્રહણ કર્યુ છે તેથી સ્થાનિવદ્ભાવ નહીં થાય અને तुक् થશે. લોપ तुक् રૂપી પૂર્વવિધિનું નિમિત્ત કેવી રીતે થઇ શકે એ શંકા અનુચિત છે, કારણ કે અનુનાસિક લોપ પર આવેલ ल्यप् ને કારણે થયો છે તેથી म् નો લોપ પરનિમિત્તક આદેશ થશે અને અનુનાસિક म નો લોપ થવાથી જ હ્રસ્વ अ-કાર ની પછી અવ્યવહિત રીતે पित् પ્રત્યય ल्यप् આવી શક્યો છે તે રીતે म् લોપ तुक् વિધિનું નિમિત્ત થશે.અહીં तुक् નહીં થઇ શકે એમ કહ્યું તેમાં म् લોપ રૂપી અભાવનો અતિદેશ કર્યો છે તેમ પહેલાં यूत्वा (નોંધ૧૧૬)વગેરેમાં પણ अच्त्व ના અભાવનો જ અતિદેશ છે આગળ पटयति માં(નોધ ૧૭૨) પણ उ લોપ રૂપી અભાવને જ સ્થાનિવત્ ગણીને अत उपधायाः। પ્રમાણે થતી વૃદ્ધિને નિવારી છે.

[119] युवजानिः--जन् ધાતુને जनेर्यक्। થી ઉણાદિ यक् થયો છે.એ कित् પ્રત્યય પર થતાં અન્ત્ય न् નો ये विभाषा। થી आ થતાં जाय થતાં अजाद्यतः० થી टाप् લાગીને થએલ जाया શબ્દનો युवति શબ્દ સાથે युवतिः जाया अस्य એ વિગ્રહનો બહુવ્રીહિ કરતાં પુંવદ્ભાવ થવાથી ति એ સ્ત્રીપ્રત્યયની નિવૃત્તિ થતાં युवजाया એ સ્થિતિમાં जायाया निङ्। થી निङ् આદેશ--તે ङित् છે તેથી અન્ત્યને સ્થાને થતાં युवजाय् नि એમ થતાં लोपोव्यो० થી य् લોપ થઇને युवजानिः એ સમાસ થયો છે. અહીં निङ् પરનિમિત્તક નથી , કારણ કે जाया ની પછી અમુક આવેલ હોય તો निङ् થાય છે એમ કહીને તેનું વિધાન કરવામાં આવ્યું નથી તેથી સૂત્રમાં परस्मिन् નું ગ્રહણ ન કર્યુ હોય તો निङ् સ્થાનિવત્ થાય તેથી તેના સ્થાની आ ની જેમ તે अच् ગણાશે પરિણામે य् ની પછી वल् ન રહેવાથી તેનો લોપ ન થવાનો પ્રસંગ આવે, પરંતુ परस्मिन् નું ગ્રહણ કર્યુ હોય તો પરનિમિત્તક ન હોવાથી निङ् તે સ્થાનિવત્ નહીં થાય તેથી य् લોપ થશે. એમ ભાવ છે.પરંતુ निङ् પોતે वलादि છે તેથી તેના સ્વગત वलादित्व ને કારણે य् લોપ થઇ શકશે.તેમ છતાં निङ् ને સ્થાનિવત્ ગણવામાં આવે તો आ-કાર લોપ થવાનો પ્રસંગ આવશે, કારણ કે निङ् આદેશ जाया ના आ ને સ્થાને થયો છે અને आ એ टाप् પ્રત્યય છે.તેનો जाय आ (टाप्)--जाया એમ એકાદેશ થયો છે તેથી પૂર્વાન્તવદ્ભાવથી તે यक् ની જેમ આર્ધધાતુક ગણાશે. હવે જો निङ् સ્થાનિવત્ થાય તો તે પણ आ ની જેમ अजादि આર્ધધાતુક પ્રત્યય છે તેમ સમજાશે કારણ કે સ્થાનીના ધર્મોનો આદેશ વિશે અતિદેશ થશે તેથી जानि એ સ્થિતિમાં आ પછી ङित् આર્ધધાતુક પ્રત્યય આવેલ છે તેમ સમજતાં आतो लोप इटि च। થી आ નો લોપ થવાનો પ્રસંગ આવશે. आतो


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નો ) લોપ થશે. એ પણ પ્રયોજન નથી, કારણ કે અહીં (એ **निङ्** ) પોતાને કારણે **वल्** થશે.અથવા અહીં જે આદેશ છે તેનો આધાર લેવામાં આવતો નથી અને જેનો આધાર લેવામાં આવે છે તે આદેશ નથી.[120] તો પછી આ પ્રયોજન છે. **द्विपदिका । त्रिपदिका** માં જે (ના અન્ત્ય)નો લોપ થયો છે તે પર- નિમિત્તક નથી તેથી તેનોં સ્થાનિવદ્- ભાવ થવાથી (**पाद** નો) **पत्** આદેશ ન થવાનો પ્રસંગ આવે છે

**परस्मिन्निति वचनाद्भवति। एतदपि नास्ति प्रयोजनम्। पुनर्लोपवचनसामर्थ्यात्स्थानिवद्भावो न भविष्यति॥ इदं तर्हि प्रयोजनम्। वैयाघ्रपद्यः । ननु चात्रापि पुनर्लोपवचनसामर्थ्यादेव न भविष्यति। अस्ति ह्यन्यत्पुनर्लोपवचने प्रयोजनम्। किम्। यत्र भसंज्ञा न। व्याघ्रपात् श्येनपादिति॥ इदं चाप्युदाहरणम्। आदीध्ये आवेव्ये। इकारस्यैकारो न परनिमित्तकः। तस्य स्थानिवद्भावाद्यीवर्णयोर्दीधीवेव्योः इति लोपः प्राप्नोति। परस्मिन्निति वचनान्न भवति॥**

[121]પરંતુ **परस्मिन्** એમ કહ્યું છે તેથી (**पद्** આદેશ) થશે. એ પણ પ્રયોજન નથી, (કારણ કે) લોપ થાય છે એમ (**पादशत०** એ સૂત્રમાં) ફરીથી કહ્યું છે તેના પ્રતાપે સ્થાનિવદ્ભાવ નહીં થાય.[122] તો પછી આ પ્રયોજન છે કે **वैयाघ्रपद्यः** (સિદ્ધ થાય).[123] પરંતુ અમે કહીએ કે અહીં પણ લોપ થાય છે એમ ફરીથી કહ્યું છે તેને પ્રતાપે જ (સ્થાનિવદ્ભાવ) નહીં થાય.[124] પણ લોપ થાય છે એમ ફરીથી કહ્યું છે તેનું અન્ય પ્રયોજન છે. શું (પ્રયોજન) છે ? જ્યાં **भ** સંજ્ઞા ન થતી હોય (જેમકે) **व्याघ्रपात् श्येनपात्** [125] (ત્યાં લોપ ન થાય તે).આ **आदीध्ये आवेव्ये** એ પણ પ્રયોજન છે. અહીં **इ**-કાર- --નો

---

**लोप०** સૂત્ર **आभीय** અધિકાર નીચે આવેલું છે તેથી **असिद्धवदत्राभात्।** પ્રમાણે તેની દૃષ્ટિએ **यक्** પર થતાં **जन्** નો **जा (आ)**થયો છે તે અસિદ્ધ છે તેથી તેનો લોપ થવાનો પ્રસંગ આવશે એમ કહેવું અનુચિત છે કારણ કે, (**जन्** નો) **आ** થયો તેનું નિમિત્ત **यक्** છે જ્યારે **आ** લોપનું નિમિત્ત **निङ्** છે આમ એ બે કાર્યના આશ્રય ભિન્ન છે, સમાન નથી તેથી **असिद्धवत्०** સૂત્ર ઉપસ્થિત નહીં થાય તેથી **आ** નો લોપ થવાનો પ્રસંગ આવશે. તેથી તેને નિવારવા માટે સૂત્રમાં **परस्मिन्** નું ગ્રહણ કરવું પડશે. પરંતુ **जाया** શબ્દ ઉણાદિ પ્રત્યય લાગીને થયો હોવાથી અવ્યુત્પન્ન પ્રાતિપદિક છે તેથી **आ** નો લોપ નહીં થાય.

[120] અહીં આદેશ **निङ्** છે કારણ કે **जायाया निङ्।** સૂત્રમાં તેને આદેશ તરીકે લીધો છે, પરંતુ **य** લોપ **वल्** ને કારણે, એટલે કે **निङ्** ના અવયવ **न्** ને કારણે થાય છે.તેથી કહે છે કે અહીં જે આદેશ છે તેને **य्** લોપનું કારણ ગણવામાં નથી આવ્યો અને જેને લોપનું નિમિત્ત ગણવામાંનથી આવ્યો અને જે (**वल्** રૂપ) **न**-કારને **य्** લોપનું નિમિત્ત ગણ્યો છે તેઆદેશ નથી તેથી સ્થાનિવદ્ભાવ નહીં થાય અને **य्** લોપ થશે.

[121] **द्विपदिका--द्वौ द्वौ पादौ (ददाति)** એ અર્થનો **तद्धितार्थोत्तरपदसमाहारे च।** પ્રમાણે સમાસ કરતાં **द्वि औ पाद औ** એ સ્થિતિમાં **सुपो धातु०** થી **सुप्** લોપ--**द्वि पाद--पादशतस्य संख्यादेर्वीप्सायां वुन् लोपश्च।** પ્રમાણે **वुन्** અને અંત્યનો લોપ થતાં **द्विपाद् वुन् (अक)--पादः पत्।** થી **पद्** આદેશ--**द्विपद् अक--द्विपदक--वुन्** સ્ત્રીવાચક હોવાથી **टाप्--प्रत्ययस्थात्कात्पूर्वस्यात इदाप्यसुपः।** થી **क्** પૂર્વેના **अ** નો **इ** થતાં **द्विपदिका** થશે.અહીં **वुन्** અને **पाद** ના અન્ત્ય **अ** ના લોપનું એક સાથે વિધાન છે તેથી **गो** ના ડાબા જમણા શીંગની જેમ તેમની વચ્ચે કાર્યકારણ સંબંધ ન હોઇ શકે આમ લોપનું નિમિત્ત પરનિમિત્તક નથી.લોપ સ્થાનિવત્ થાય તો તેને સ્થાને **अ** છે એમ સમજાશે.પરિણામે **पाद** નો **पद्** આદેશ ન થવાનો પ્રસંગ આવશે પણ સૂત્રમાં **परस्मिन्** એમ કહ્યું છે તેથી સ્થાનિવદ્ભાવ નહીં થાય અને **पत्** આદેશ થઇ શકશે.

[122] ફરીથી કહ્યું છે કારણ કે **अ** વર્ણાન્ત **भ** પછી તદ્ધિત આવે તો તેના **टि** નો **यस्येति च।** પ્રમાણે લોપ થાય છે તેથી અહીં **द्विपाद् वुन्** એ સ્થિતિમાં તદ્ધિત પર હોવાથી **द्विपाद** ના **अ**-કારનો લોપ થઇ શકે છે પરંતુ તદ્ધિત પર થવાથી લોપ થાય છે તેથી તે પરનિમિત્તક થશે.પરિણામે લોપ સ્થાનિવત્ થાય તો **पादः पत्।** પ્રમાણે **पत्** આદેશ ન થઇ શકે.તે મુસીબત ટાળવા માટે સૂત્રકારે **पादशत- -वुन्लोपश्च।** એ સૂત્રમાં **लोपश्च** એમ કહીને લોપનું પુનર્વિધાન કર્યું છે તેથી લોપ પરનિમિત્તક ન થવાથી તેનો સ્થાનિવદ્ભાવ નહીં થાય અને **पत्** આદેશ થશે.

[123] **वैयाघ्रपद्यः --व्याघ्रस्येव पादौ अस्य व्याघ्रपात्।** એ બહુવ્રીહિમાં **पादस्य लोपोऽहस्त्यादिभ्यः।** થી અન્ત્ય **अ** નો લોપ થયા પછી **गर्गादिभ्यो यञ्।** થી **यञ्** તદ્ધિત થતાં **व्याघ्रपात् यञ्** એ સ્થિતિમાં **भ** સંજ્ઞા થતાં **पादः पत्।** થી **पत्** થતાં**व्याघ्रपद्य** થઇને **न य्वाभ्यां पदान्ताभ्यां०** થી **ऐ** થતાં **वैयाघ्रपद्य** થાય છે અહીં **अ** લોપ પરનિમિત્તક નથી તે સ્થાનિવત્ થાય તો **पत्** આદેશ ન થવાનો પ્રસંગ આવે પણ સૂત્રમાં **परस्मिन्** નું ગ્રહણ કર્યું હોય તો થઇ શકે.

[124] જુઓ (નોંધ ૧૨૨)

[125] **पादशत०** માં લોપનું પુનર્વિધાન કર્યું છે તે સાચું છે પણ તે ઉપર કહ્યું તેમ સ્થાનિવદ્ભાવ થતો નિવારવા માટે નથી તેનું પ્રયોજન બીજું જ છે.**यस्येति च।** પ્રમાણે જે લોપનું વિધાન કરવામાં આવ્યું છે તે **भ** સંજ્ઞકના **टि** વિશે છે પરંતુ જ્યાં **यचि भम्।** પ્રમાણે **भ** સંજ્ઞા ન થતી હોય ત્યાં લોપ થઇ શકે તે માટે તે સૂત્રમાં લોપનું પુનર્વિધાન કર્યું છે. **द्विपदिका** માં **अजादि** , અને **वैयाघ्रपद्य** માં **य**-કારાદિ **यञ्** , તદ્ધિત પર છે તેથી **भ** સંજ્ઞા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ-કાર (થયો છે તે) પરનિમિત્તક નથી, [126] તેનો સ્થાનિવદ્ ભાવ થાય તો **यीवर्णयोर्दीधीवेव्योः**। પ્રમાણે (ई નો) લોપ થવાનો પ્રસંગ આવે છે .પરંતુ **परस्मिन्** એમ કહ્યું છે તેથી લોપ નથી થતો..

अथ पूर्वविधाविति किमर्थम्। हे गौः। बाभ्रवीयाः। नैधेयः॥ हे गौरित्यौकारः परनिमित्तकः। तस्य स्थानिवद्भावादेङ्ह्रस्वात्सम्बुद्धेः इति लोपः प्राप्नोति। पूर्वविधाविति वचनान्न भवति। नैतदस्ति प्रयोजनम्। आचार्यप्रवृत्तिर्ज्ञापयति न सम्बुद्धिलोपे स्थानिवद्भावो भवतीति यदयमेङ्ह्रस्वात्सम्बुद्धे -रित्येङ्ग्रहणं करोति। नैतदस्ति ज्ञापकम्। गोऽर्थमेतत्स्यात्। यत्तर्हि प्रत्याहारग्रहणं करोति। इतरथा ह्योह्रस्वादित्येव ब्रूयात्॥ इदं तर्हि प्रयोजनम्। बाभ्रवीयाः माधवीयाः। वान्तादेशः परनिमित्तकः। तस्य स्थानिवद्भावाद्धलस्तद्धितस्य इति यलोपो न प्राप्नोति। पूर्वविधाविति वचनाद्भवति। एतदपि नास्ति प्रयोजनम्।

હવે **पूर्वविधौ** એમ શા માટે (કહ્યું છે)? **हे गौः। बाभ्रवीयाः। नैषधः** (વગેરે માટે).આ **हे गौः** માં **औ**-કાર પરનિમિત્તક છે[127] તેનો સ્થાનિવદ્ભાવ થાય તો **एङ् ह्रस्वात्संबुद्धेः।** પ્રમાણે (સંબુદ્ધિનો) લોપ થવાનો પ્રસંગ આવે છે,પરંતુ **पूर्वविधौ** એમ કહ્યું છે તેથી (લોપ) નથી થતો. એ પ્રયોજન નથી, કારણ કે **एङ् ह्रस्वात्संबुद्धेः।** માં **एङ्** ગ્રહણ કરવા રૂપી આચાર્યનો વ્યવહાર જ્ઞાપન કરે છે કે સંબુદ્ધિનો લોપ સ્થાનિવદ્ ભાવથી નથી થતો.[128] એ જ્ઞાપક નથી, કારણ કે એ (**एङ्** ગ્રહણ)તો **गो** શબ્દ માટે (કર્યું) છે .[129] તો પછી (તે સૂત્રમાં) **एङ्** પ્રત્યાહારનું ગ્રહણ કર્યુ છે તે (જ્ઞાપક છે), કારણ કે નહીં તો (સૂત્રકાર) **ओह्रस्वात्।** એટલું જ કહેત.[130] તો પછી આ **बाभ्रवीयाः। माधवीयाः** (સિદ્ધ થાય) એ પ્રયોજન છે.(અહીં જે ) આદેશ (થયો છે તે) પરનિમિત્તક છે, તેનો સ્થાનિવદ્ભાવ થતાં (**बाभ्रवीय** માં) **हलस्तद्धितस्य।** પ્રમાણે **य्** નો લોપ (થાય છે તે) ન થવાનો પ્રસંગ આવે છે, પરંતુ

---

થવાથી **यस्येति०** સૂત્ર ત્યાં સાવકાશ છે. પરંતુ તે સૂત્ર પ્રમાણે લોપ કરવામાં આવે તો તે લોપ પરનિમિત્તક હોવાથી ત્યાં સ્થાનિવદ્ભાવ થશે તેથી **पत्** આદેશ ન થઇ શકે તેમ હતું તેથી **पादशत०** માં લોપનું ફરીથી વિધાન કરીને સ્થાનિવદ્ભાવ થતો અટકાવ્યો છે પરિણામે **पत्** આદેશ થઇ શકે છે. **वैयाघ्रपद्य** માં પણ તે કારણે **पत्** આદેશ થશે. છતાં સૂત્રમાં લોપનું ફરીથી વિધાન કર્યુ છે તે **व्याघ्रपात्** જેવામાં **अ**-કાર લોપ થઇ શકે તે માટે છે, કારણ કે **व्याघ्रपात्** માં **भ** સંજ્ઞા થતી નથી તેથી ત્યાં **यस्येति०** પ્રમાણે અન્ત્ય લોપ નહીં થાય. આમ **व्याघ्रपात्** ની જેમ **भ** સંજ્ઞક ન હોય ત્યાં **अ** લોપ થઇ શકે તે માટે **पादशत०** માં લોપનું ફરી વિધાન કર્યુ છે. તેથી પ્રસ્તુત સૂત્રમાં **परस्मिन्** ગ્રહણનું દૃષ્ટાન્ત **वैयाघ्रपद्यः** નથી એમ દલીલ છે.

[126] **आदीध्ये--आ दीधी लट्--आ दीधी इ** અહીં **टित आत्मने०** (૩-૪-૭૯) થી **इ** નો **ए--कर्तरि शप्।** થી વિકરણ અને **यीवर्णयोर्दी०** (૭-૪-૫૩) થી અન્ત્ય **ई** નો લોપ પ્રાપ્ત થાય છે તેમાં નિત્ય હોવાથી વિકરણ **आ दीधी अ ए-- दीधी अदादि** હોવાથી **अदादिभ्यः शपः।** થી **शप्** લોપ થતાં **आदीधी ए** એમ થતાં અપરનિમિત્તક **ए** સ્થાનિવત્ થાય તો તે **इ** છે એમ સમજાશે તેથી **यीवर्णयोः०** થી **ई** લોપ થવાનો પ્રસંગ આવશે,પરંતુ સૂત્રમાં **परस्मिन्** એમ કહ્યું છે તેથી લોપ ન થતાં ઇષ્ટ રૂપ સિદ્ધ થશે.ભ.દી. પ્રમાણે **आदीधी इ** એમ થતાં લોપ અને **इ** નો **ए** આદેશ યુગપત્ પ્રાપ્ત થાય છે પણ લોપ પર હોવા છતાં તેનો બાધ કરીને **इ** નો **ए** થશે, કારણ કે લોપ કર્યો હોય કે ન કર્યો હોય તો પણ થાય છે (**कृताकृतप्रसङ्गी** છે) તેથી નિત્ય હોવાથી **ए** થશે.કે. કહે છે કે લોપ અને વિકરણમાંથી વિકરણ થાય છે અને તે બન્નેની પૂર્વે **एत्व** થાય છે.

[127] હવે **पूर्वविधौ** મૂકવાનું પ્રયોજન ચર્ચે છે.**हे गौः --गो सु** (સંબુદ્ધિનો) **गोतो णित्।** થી **णिद्वत्** થવાથી **अचोञ्णिति।** થી વૃદ્ધિ **हे गौ** થયું અહીં **सु** એ **णिद्वत्** પ્રત્યય પર થતાં વૃદ્ધિ થઇ છે તેથી પરનિમિત્તક છે. હવે જો **औ** ને સ્થાનિવત્ ગણવામાં આવે તો **एङ्ह्रस्वात्सम्बुद्धेः।** પ્રમાણે **सु** લોપ થવાનો પ્રસંગ આવશે, કારણ કે **गौ** ને **गो** છે એમ સમજાશે તેથી સંબોધન એ.વ.પર થતાં તેનો લોપ થશે.પણ **पूर्वविधौ** એમ કહ્યું છે તેથી લોપ નહીં થાય.

[128] **अग्नि,वायु** જેવા શબ્દોના સંબુદ્ધિમાં **ह्रस्वस्य गुणः।** પ્રમાણે ગુણ થઇને **हे अग्ने सु । हे वायो सु** એમ થતાં **एङ् ह्रस्वात्०** થી **सु** લોપ થશે અહીં સ્થાનિવદ્ભાવ થાય તો **हे अग्नि सु। हे वायु सु** એમ સમજાય અને ત્યાં લોપ થઇ જતો હોય તો સૂત્રમાં **एङ्** નું ગ્રહણ કરવાની જરૂર ન રહેત પરંતુ સૂત્રકારે તેનું ગ્રહણ કર્યુ છે તે દ્વારા જ્ઞાપન કર્યુ છે કે સંબુદ્ધિમાં સ્થાનિવદ્ભાવ થતો નથી.

[129] **गो** શબ્દનું સંબુદ્ધિમાં **गौ सु** એમ થતાં સ્થાનિવદ્ભાવ થાય તો **गो सु** એમ સમજાશેએટલે કે **एङन्त** થશે. ત્યાં લોપ ઇષ્ટ નથી છતાં તેને આવરી લેવા માટે સૂત્રમાં **एङ्** ગ્રહણ કર્યુ હોય તેમ અહીં દલીલ છે.(જુઓ ઉદ્યોત)

[130] સૂત્રમાં **गो** માટે **एङ्** ગ્રહણ છે તેમ કહેવું બરોબર નથી, કારણ કે **गो** શબ્દ માટે તો સૂત્રકારે **ओ ह्रस्वात्सम्बुद्धेः।** એમ જ કહ્યું હોત તો ચાલત. છતાં તેમણે **एङ्** નું ગ્રહણ કર્યુ છે તેથી જ્ઞાપન થાય છે કે સંબુદ્ધિમાં સ્થાનિવદ્ભાવ થતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पूर्वविधौ एम कह्युं छे तेथी (लोप) थशे.[131] ए पण प्रयोजन नथी, स्वाश्रयमत्र हल्त्वं भविष्यति। अथवा योऽत्रादेशो नासावाश्रीयते यश्चाश्रीयते नासावादेशः॥ इदं तर्हि प्रयोजनम्। नैधेयः। आकारलोपः परनिमित्तकः। तस्य स्थानिवद्भावाद् द्व्यज्लक्षणो ढगन प्राप्नोति। पूर्वविधाविति वचनाद्भवति॥

अथ विधिग्रहणं किमर्थम्। सर्वविभक्त्यन्तः समासो यथा विज्ञायेत। पूर्वस्य विधिः पूर्वविधिः। पूर्वस्माद्विधिः पूर्वविधिरिति। कानि पुनः पूर्वस्माद्विधौ स्थानिवद्भावस्य प्रयोजनानि। बेभिदिता । चेच्छिदिता। माथितिकः। अपीपचन्। बेभिदिता चेच्छिदितेत्यकारलोपे कृते एकाज्लक्षण इट्प्रतिषेधः प्राप्नोति।

કારણ કે અહીં (अव् એ वान्त આદેશ) પોતાને જ કારણે हल् થશે અથવા 'અહીં જે આદેશ છે તેનો આધાર લેવામાં આવતો નથી અને જેનો આધાર લેવામાં આવે છે તે આદેશ નથી.[132] તો પછી આ नैधेयः (થઇ શકે તે) પ્રયોજન છે.[133] અહીં (निधा નો) आ-કાર લોપ પરનિમિત્તક છે. તેનો સ્થાનિવદ્ભાવ થાય તો द्व्यच् ને કારણે ढक् (થાય છે તે) ન થવાનો પ્રસંગ આવે છે, પરંતુ पूर्वविधौ એમ કહ્યું છે તેથી થશે. તો હવે विधि (શબ્દનું) ગ્રહણ શા માટે કર્યું છે ?[134] એ માટે કે તેથી पूर्वविधि એ पूर्वस्य विधिः पूर्वविधिः। पूर्वस्मात् विधिः पूर्वविधिः। (એટલે કે પૂર્વે રહેલને થનારૂં કાર્ય અને પર રહેલને થનારૂં કાર્ય) એમ સર્વ વિભક્ત્યંત[135] સમાસ છે એમ સમજી શકાય.તો પછી पूर्वस्मात् विधिः (પૂર્વથી પરને થનારૂં કાર્ય) માં

---

[131] बाभ्रवीयाः--बभ्रु ને मधुबभ्र्वोर्ब्राह्मणकौशिकयोः। પ્રમાણે यञ्--बभ्रु यञ्--अचोऽञ्णिति। થી વૃદ્ધિ--बाभ्रु य--ओर्गुणः।--बाभ्रो य--वान्तो यि प्रत्यये। થી अव्--बाभ्रव् य--बाभ्रव्य--वृद्धाच्छः।--થી छ (ईय)--यस्येति च। થી अ લોપ થતાં--बाभ्रव्य् ईय--आपत्यस्य च तद्धितेऽनाति। થી य् નો લોપ થઇને बाभ्रव् ईय-- बाभ्रवीय થાય છે. અહીં बाभ्रो य એ સ્થિતિમાં य् ને કારણે वान्त આદેશअव् થયો છે તે જ હલન્ત वान्त આદેશ बाभ्रव्य् ईय સ્થિતિમાં य् લોપનું નિમિત્ત થાય છે, કારણ કે सन्निपातलक्षणो विधि० એ પરિભાષા અનિત્ય છે. ભાષ્યમાં य् લોપ માટે हलस्तद्धिते। (૬-૪-૧૫૦) ઉદ્ધર્યું છે , કા. માં તે સૂત્રનો આધાર લીધો છે પરંતુ 'એ સૂત્રમાંથી પછીના आपत्यस्य च ० (૬-૪-૧૫૧) સૂત્રમાં हलः ની અનુવૃત્તિ થાય છે અને તે સૂત્ર પ્રમાણે લોપ થાય છે (ના.) અહીં बाभ्रव्य् ईय એ સ્થિતિમાં यस्येति० પ્રમાણે થએલ अ લોપને અસિદ્ધ ગણતાં य् ની ઉપધા સંજ્ઞા થશે તેથી ઉપધાભૂત य-કાર हल् व् ની પર હોવાથી અને તેની પછી ई આવેલ છે તેથી તેનો हलस्तद्धित० સૂત્ર લોપ થઇ શકશે, પરંતુ આ य-કાર અપત્યને લગતો આપત્ય य-કાર છે તેથી ઉત્તર સૂત્ર आपत्यस्य० થી તેનો લોપ થશે.

[132] અહીં वान्त સમુદાય अव् આદેશ છે પરંતુ य् લોપના નિમિત્ત તરીકે તેનો આશ્રય લેવામાં નથી આવ્યો, કારણ કે તેનું નિમિત્ત તો व् એ हल् વર્ણ છે. આમ व् લોપનું નિમિત્ત છે પરંતુ તે આદેશ નથી તેથી સ્થાનિવદ્ભાવ ન થવાથી य् લોપ થઇ શકશે.ટૂંકમાં पूर्वविधौ એમ ન કહ્યું હોય તો પણ લોપ થશે.

[133] नैधेयः--नि डुधाञ्--घु સંજ્ઞક धा ધાતુને उपसर्गे घोः किः। થી कि (इ)--नि धा इ--कित् પર થતાં आतो लोप इटि च। થી आ લોપ થઇને निधिः થતાં તે બે अच् યુક્ત (व्यच्) પ્રાતિપદિક હોવાથી निधेः अपत्यम् એ અર્થમાં इतश्चानिञः। પ્રમાણે ढक् (एय)--किति च। થી વૃદ્ધિ नैधि एय--यस्येति च। થી इ લોપ થઇને नैधेयः થાય છે. અહીં आतो लोपः० થી થએલ आ-કાર લોપ સ્થાનિવત્ થાય તો निधि શબ્દ व्यच् ન રહેતાં त्र्यच् થશે તેથી ढक् ન થવાનો પ્રસંગ આવે, કારણ કે इतश्चानिञः। માં સૂત્રકારે च-કારનું ગ્રહણ પૂર્વ સૂત્રમાંથી व्यचः ને ખેંચી લાવવા માટે કર્યું છે તેથી એ સૂત્ર પ્રમાણે व्यच् ને જ ढक् થાય त्र्यच् ને નહીં કારણ કે સંસારમાં પણ જેને ત્રણ પુત્ર હોય તેને તે 'બે પુત્રવાળો છે' એમ ન કહેવાય.

[134] अचः परस्मिन् पूर्वस्य। એટલું કહ્યું હોય 'पूर्वस्य कार्ये कर्तव्ये અર્થાત્ પૂર્વે રહેલાને લગતું કાર્ય કરવાનું હોય ત્યારે' એમ અનુમાન વ્દારા સમજાય છે, કારણ કે विधि એટલે તો કાર્ય જ ને ! એમ સમજનારની આ દલીલ છે. પરંતુ विधि શબ્દ ન પ્રયોજીને માત્ર पूर्वस्य એમ કહ્યું હોય તો પર (पूर्वस्मात्) ને થનાર કાર્યમાં સ્થાનિવદ્ભાવ ન થઇ શકે, પરંતુ पूर्वविधौ એમ કહ્યું હોય તો એ સમાસનો पूर्वस्य તેમ જ पूर्वस्मात् विधौ એમ ષષ્ઠી તેમ જ પંચમી સમાસ તરીકે વિગ્રહ પ્રાપ્ત થાય છે તેથી પૂર્વ તેમ જ પર બન્નેને લગતાં કાર્યમાં સ્થાનિવદ્ભાવ થશે.પરિણામે બધાં કાર્યોમાં સ્થાનિવદ્-ભાવ થવાથી ઈષ્ટ કાર્યો સિદ્ધ થઇ શકશે.

[135] ભાષ્યમાં सर्वविभक्त्यन्त એમ કહ્યું છે તે અહીં ઉપયોગી છે તે ષષ્ઠી (पूर्वस्य) અને પંચમી (पूर्वस्मात्) ને લક્ષમાં લઇને કહ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્થાનિવદ્ભાવનાં કયાં પ્રયોજનો છે ? बेभिदिता। चेच्छिदिता। माथितिकः। अपीपचन् (સિદ્ધ થાય તે). बेभिदिता। चेच्छिदिता માં[136] अ-કાર લોપ કર્યા પછી ધાતુ એક अच् યુક્ત (एकाच्)થઇ જાય છે, તેથી इट्નો પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે છે,

स्थानिवद्भावान्न भवति॥ माथितिक इत्यकारलोपे कृते तान्तात्क इति कादेशः प्राप्नोति। स्थानिवद्भावान्न भवति॥ अपीपचन्नित्येकादेशे कृतेऽभ्यस्ताज्झेर्जुस्भवतीति जुस्भावः प्राप्नोति। स्थानिवद्भावान्न भवति॥ नैतानि सन्ति प्रयोजनानि। कुतः। प्रातिपदिकनिर्देशोऽयं प्रातिपदिकनिर्देशाश्चार्थतन्त्रा भवन्ति न कांचित्प्राधान्येन विभक्तिमाश्रयन्ति। तत्र प्रातिपदिकार्थे निर्दिष्टे यां यां विभक्तिमाश्रयितुं बुद्धिरुपजायते सा साश्रयितव्या॥ इदं तर्हि

પણ સ્થાનિવદ્ભાવને કારણે પ્રતિષેધ થતો નથી. माथितिकः માં[137] अ-કાર લોપ કર્યા પછી (इसुसुक्) तान्तात्कः। પ્રમાણે ठ (= इक् નો) क આદેશ થવાનો પ્રસંગ આવે છે,પરંતુ સ્થાનિવદ્ભાવને કારણે નહીં થાય. अपीपचन् માં[138] એકાદેશ કર્યા પછી 'અભ્યસ્ત(સંજ્ઞક) પછી झि નો जुस्

---

[136] बेभिदिता વગેરે पूर्वस्मात् विधिः એ વિગ્રહનાં દૃષ્ટાન્ત છે. તેમાં यङन्त ને तृच् થયો છે. भिद् यङ्--सन्यङोः। થી દ્વિર્ભાવ भिद् भिद् यङ् --हलादिः० --भि भिद् यङ् --गुणो सन्यङोः।--થી અભ્યાસનો ગુણ अभ्यासे चर्च। થી जश्--बेभिद् य--बेभिद्य--सनाद्यन्ता० થી ધાતુ સંજ્ઞા થતાં बेभिद्य तृच् આર્ધધાતુક પ્રત્યય પર થતાં--यस्य हलः। થી य લોપ અને आर्धधातुकस्येड्० થી इट् થતાં-- बेभिद् इता-- बेभिदिता થાય છે. અહીં अ લોપ થતાં (बे) भिद् ધાતુ एकाच् થઇ જવાથી एकाच उपदेशेऽनुदात्तात्। થી इट् નિષેધ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ अ નો સ્થાનિવદ્ભાવ થાય તો ધાતુ एकाच् ન થવાથી નિષેધ નહીં થાય અને बेभिदिता, चेच्छिदिता વગેરે સિદ્ધ થશે.અહીં જે इट् આગમ टित् હોવાથી तृ ને થશે જો अ લોપ સ્થાનિવત્ થાય તો જ પર રહેલ तृच् ને इट् થઇ શકે. આમ बेभिदिता વગેરે पूर्वस्मात् નાં ઉદાહરણો છે.

[137] माथितिकः--मथितं पण्यमस्य એ અર્થમાં तदस्य पण्यम्। થી ठक्--मथित ठक्--ठस्येकः। मथित इक--तद्धितेष्वचा० થી વૃદ્ધિ--माथित इक०--यस्ये -ति च। થી अ લોપ --माथित् इक એમ થતાં જો इक् નો સ્થાનિવદ્ભાવ થાય તો इक् એ ठ તેમ સમજાતાં इसुसुक्तान्तात्कः। પ્રમાણે ठ નો क આદેશ થવાનો પ્રસંગ આવશે, પરંતુ અહીં अ લોપનો પરવિધિ માટે (पूर्वस्मात्) સ્થાનિવદ્ભાવ થવાથી मथित् એ तान्त નહીં પણ अदन्त અંગ છે એમ સમજાશે તેથી इसुसुक्० સૂત્ર લાગુ નહીં પડે અને क આદેશ નહીં થાય. અહીં ठक् मथित એ अदन्त ને થાય છે તેથી તે અંગ છે, तान्त मथित् અંગ નથી, કારણ કે તેને અનુલક્ષીને ठक् નું વિધાન નથી એ શંકા યોગ્ય નથી, કારણ કે एकदेशविकृत ન્યાયે તે પણ અંગ થશે તેથી क થવાનો પ્રસંગ આવશે. અહીં मथित इक એ સ્થિતિમાં अ ની પછી इ આવ્યો છે અને બે अच् ના સંબંધ (सन्निपात) ને કારણે यस्येति० પ્રમાણે अ લોપ થઇને मथित् શબ્દ तान्त થયો છે. હવે બે अच् ના સન્નિપાતથી થએલ तान्त मथित् શબ્દ सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य। એ પરિભાષા પ્રમાણે એ સંનિપાતનો નાશ કરનાર ન થઇ શકે તેથી इक् ને ठक् માનીને તેનો क આદેશ નહીં થઇ શકે.પદ.માં આમ પરિહાર કર્યો છેઃ ठक् ને માત્ર ठ् એમ એક વર્ણ તરીકે લેવામાં આવે તો વર્ણગ્રહણમાં अनल्विधौ એમ કહી ને સ્થાનિવદ્ભાવનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે તેથી क આદેશ થવાનો પ્રસંગ નહીં આવે. (પદ.ભા.૬, પૃ.૬૨) (જૂઓઃ मथितं पण्यमस्य माथितक इत्यत्र तु यस्येति लोपे कृते इसुसुक्तान्तात्क इति स्थानिवद्भावादिकस्य कादेशः प्राप्नोति सन्निपातलक्षणोविधिरनिमित्तं तद्विघातस्येति न भवति। यस्येत्यकारलोपस्य स्थानिवद्भावाद्वा पूर्वस्मादपि हि विधौ स्थानिवद्भावः॥ ठस्येकः॥ સૂત્ર ઉપર કા.)

[138] अपीपचन्--पच् णिच् लुङ् (झि)-- लुङ्लङ्० થી अट्-- अपच् णिच् झि--च्लि लुङि।--णिश्रिद्रु० થી च्लि નો चङ्--इतश्च० થી इ લોપ अत उपधायाः। થી વૃદ્ધિ अपाच् इ अ अन्त्--णौ चङ्युपधायाः० થી હ્રસ્વ अपच् इ अ अन्त्--चङि। થી દ્વિત્વ--हलादिः०--णेरनिटि। થી णि લોપ अपपच् अ अन्त्--संयोगान्तस्य० થી त् લોપ--सन्वल्लघुनि० થી सन्वद्भाव--सन्यतः। થી अ નો इ--अपिपच् अ अन्--दीर्घो लघोः० અભ્યાસ દીર્ઘ अतो गुणे। થી પરરૂપ એકાદેશ થઇને अपीपचन् થાય છે.અહીં अपीपच् अ (चङ्) अन् (झि) એ સ્થિતિમાં चङ् નો अ-કાર અને अन् નો अ-કાર એ બેનો પરરૂપ એકાદેશ થયો છે ત્યાં चङ् ના अ-કારને પરનો આદિ અવયવ ગણવામાં આવે અને તેનો સ્થાનિવદ્ભાવ થાય તો અભ્યાસ પછી झि આવતાં એટલે કે अन् ને સ્થાનિવત્ ગણીને તે झि છે એમ સમજાય તો सिजभ्यस्त० પ્રમાણે झि નો जुस् થવાનો પ્રસંગ આવે છે, કારણ કે चङ् ને


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય છે (सिजभ्यस्तविदिभ्यश्च ।) પ્રમાણે झि નો जुस् થાય છે,પરંતુ સ્થાનિવદ્‌ભાવને કારણે નહીં થાય. એ પ્રયોજનો નથી. શાથી ? (કારણ કે અહીં पूर्व એ) પ્રાતિપદિકનો જ નિર્દેશ છે અને પ્રતિપદિકનિર્દેશમાં અર્થ મુખ્ય હોય છે.તેમાં કોઇ પણ વિભક્તિનો પ્રાધાન્ય પૂર્વક આશ્રય લેવામાં આવતો નથી. એક વાર પ્રાતિપદિકના અર્થનો નિર્દેશ થઇ જાય પછી જે કોઇ વિભક્તિનો આશ્રય લેવાનું મન થાય તે લગાડવામાં આવે છે. તો પછી આ

प्रयोजनं विधिमात्रे स्थानिवद्यथा स्यादनाश्रीयमाणायामपि प्रकृतौ। वाय्वोः अध्वर्य्वोः लोपो व्योर्वलि इति यलोपो मा भूदिति ॥ अस्ति प्रयोजनमेतत्।

किं तर्हीति। अपरविधाविति वक्तव्यम्। किं प्रयोजनम्। स्वविधावपि स्थानिवद्भावो यथा स्यात्। कानि पुनः स्वविधौ स्थानिवद्भावस्य प्रयोजनानि। आयन् आसन्। धिन्वन्ति कृण्वन्ति। दध्यत्र मध्वत्र। चक्रतुः चक्रुः॥ इह तावदायन् आसन्नितीणस्त्योर्यण्लोपयोः कृतयोरजादित्वादाडजादीनाम् इत्याण्नप्राप्नोति।

(વિધિગ્રહણનું) એ પ્રયોજન છે કે પ્રકૃતિ (અર્થાત્ સ્થાની)નો (વિધિ સૂત્રમાં)આશ્રય ન લીધો હોય તો પણ પ્રત્યેક વિધિમાં[139] સ્થાનિવદ્‌ભાવ થાય. (જેથી) આ वाय्वोः अध्वर्य्वोः માં लोपो व्योर्वलि। પ્રમાણે य् લોપ ન થાય. તો શું (વિધિગ્રહણનું) આ પ્રયોજન છે ? તો પછી (બીજું) શું છે ? अपरविधौ એમ કહેવું પડશે.[140] (તેમ કરવાનું) શું પ્રયોજન? એટલા માટે કે તેથી પોતાને લગતા કાર્યમાં પણ સ્થાનિવદ્‌ભાવ થાય. તો પછી પોતાને

---

પરાદિ ગણ્યો છેઆ પ્રમાણે અહીં દલીલ છે.પરંતુ અહીં એકાદેશને સ્થાનિવત્ ગણવામાં આવે, એટલે કે अ अन् એમ ગણવામાં આવે તો અભ્યસ્ત अपीपच् અને अन् વચ્ચે अपीपच् अ अन् એમ अ (चङ्) નું વ્યવધાન થવાથી जुस् નહીં થાય.અહીં નોંધવું જોઇએ કે पूर्वविधौ માં જે पूर्व છે તે કાં તો કાર્યી (એટલે કે જેને કાર્ય થવાનું હોય તે) હોય અથવા તો કાર્યનું નિમિત્ત હોય. તે જ્યારે કાર્યી હોય ત્યારે पूर्वस्य विधिः એમ ષષ્ઠી સમાસ લેવાશે અને જ્યારે તે નિમિત્ત હોય ત્યારે पूर्वस्मात् विधिः એમ પંચમી સમાસ લેવાશે. अपीपचन् માં जुस् આદેશનું નિમિત્ત अपीपच् એ અભ્યસ્ત છે તેથી पूर्वस्मात् विधिः એમ અર્થ કરીને સ્થાનિવદ્‌ભાવ થાય છે એમ કહ્યું છે અને તે રીતે झि નો जुस् થતાં નિવાર્યો છે.

139 विधिमात्रे એટલે કે શાસ્ત્રીય કે અશાસ્ત્રીય, કોઇ પણ વિધિ હોય ત્યાં સ્થાનિવત્ થઇ શકે તે માટે विधि શબ્દનું સૂત્રમાં ગ્રહણ કર્યું છે. पटयति માં तत्करोति तदाचष्टे। થી णिच्--णाविष्ठवत्० પ્રમાણે પ્રાતિપદિકનો टि લોપ થતાં ઉપધા વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે,પરંતુ સ્થાનિવદ્‌ભાવ થવાથી વૃદ્ધિ થતી નથી. આ અશાસ્ત્રીયનું ઉદાહરણ છે (પ્દ.)પૂર્વ સૂત્રમાં સ્થાનીને લગતાં કાર્યમાં આદેશ સ્થાનિવત્ થાય છે તેમ કહ્યું પરંતુ આદેશ પણ નિમિત્ત ન થઇ શકે તેમ નથી કહ્યું, જેમ કે वृक्षाय માં ङे નો આદેશ य દીર્ઘનું નિમિત્ત થાય છે, પરંતુ अचः परस्मिन्० એ પ્રસ્તુત સૂત્રમાં પરનિમિત્તક अच् આદેશ પૂર્વને લગતા વિધિમાં સ્થાનિવદ્ થાય છે પણ આદેશ પોતે કાર્યનું નિમિત્ત નથી થતો એમ નિયમ કરવા માટે પ્રસ્તુત સૂત્રમાં विधि શબ્દ મૂક્યો છે. તેમ છતાં આદેશનું સ્વાશ્રય કાર્ય કેમ ન થાય એ શંકાનું સમાધાન એ કે अचः परस्मिन् पूर्व। એમ એક સૂત્ર થશે. તેમાં पूर्व એ લુપ્ત વિભક્તિક પદ છે. બીજું સૂત્ર विधौ થશે. તેથી સમજાશે કે अचः परस्मिन् पूर्व। એ સૂત્રથી આદેશને વિશે સ્થાનિવદ્‌ભાવનું વિધાન થાય છે અને विधौ એ સૂત્રથી નિયમ કરવામાં આવે છે કે પૂર્વને લગતા વિધિમાં अजादेश માત્ર સ્થાનિવત્ થાય છે તેનું સ્વાશ્રય કાર્ય ન થાય અર્થાત્ તે સ્વયં નિમિત્ત નહીં થાય. (જુઓ: अतोऽजादेशः परनिमित्तकः पूर्वस्य विधौ स्थानिवदेव यथा स्यात् मा भूत्स्वार्थे निमित्तमितिनियमार्थम्। પ્દ.).विधिमात्रे નું अनाश्रीयमाणायामपि प्रकृतौ। (અર્થાત્ કાર્યને લગતા વિધિમાં પ્રકૃતિ એટલે કે સ્થાનીને નિમિત્ત તરીકે ન લીધો હોય તો પણ) એમ ભાષ્યકારે વિવરણ કર્યું છે. वाय्वोः માં वायु ओस् એ સ્થિતિમાં इको यणचि। થી यण् આદેશ થઇને वाय्वोः થાય છે. यण् આદેશ કર્યા પછી य् પછી व् આવ્યો હોવાથી लोपो व्यो० પ્રમાણે य् લોપ થવાનો પ્રસંગ આવે છે પરંતુ સ્થાનિવદ્‌ભાવ થવાથી व् આદેશ તેનો સ્થાની उ છે તેમ સમજાશે પરિણામે य् પછી वल् વર્ણ ન રહેવાથી य् લોપ નહીં થાય. અહીં लोपो व्यो० માં व् ની પ્રકૃતિનો એટલે કે તેના સ્થાની उ નો આશ્રય નથી લીધો તો પણ સ્થાનિવદ્‌ભાવ થયો છે.

140 ॥अपरविधाविति तु वक्तव्म्॥ એ ચૌખં (પૃ.૪૭૦) માં વાર્તિક તરીકે આપેલ છે.નિ.સા.(પૃ.૪૨૯) માં [ ॥अपरविधाविति तु॥] એમ કૌંસમાં અને ચારુ. (પૃ.૫૪૫) માં[ ॥अपरविधाविति॥] એમ કૌંસમાં વધારાની વાર્તિક આપી છે. आयन् ,आसन् એ બે असिद्धवतदत्राभात्। સૂત્રથી સિદ્ધ થાય છે અને धिन्वन्ति વગેરેમાં उ-કારનું આર્ધધાતુકત્વ એ अल् ધર્મ છે અને अनल्विधौ એ પ્રતિષેધને કારણે સ્થાનિવદ્‌ભાવ ન થવાથી આદેશ व् આર્ધધાતુક નહીં ગણાય તેથી इट् નહીં થાય.આમ છતાં આ ઉદાહરણો ઉદ્ધર્યા છે તેથી अपरविधाविति तु वक्तव्यम् થી લઇને कथं यानि स्वविधौ स्थानिवद्भावस्य प्रयोजनानि। સુધીનું એકદેશીનું વચન છે (ના.) તેથી લાગે છે કે अपरविधाविति वक्तव्यम्। એ નાગેશના મતે વાર્તિક નથી. आयन्, धिन्वन्ति ની ઉપર કહ્યું તે પ્રમાણે સિદ્ધિ થાય છે છતાં સિદ્ધાન્તીએ પૂર્વપક્ષ રજુ કરતી વખતે તેનું ગ્રહણ નથી કર્યું, કારણ કે અહીં ભાવસાધન विधि


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લગતા વિધિમાં સ્થાનિવદ્દભાવ થાય તેનાં પ્રયોજન કયાં છે ? आयन् आसन्। धिन्वन्ति कृण्वन्ति। दध्यत्र मध्वत्र चक्रतुः चक्रुः आयन् માં इण् નો यण् અને आसन् માં अस् (ના अ) નો લોપ કર્યા પછી (તે) अजादि ન રહેવાથી आडजादीनाम्।પ્રમાણે आद् ન થવાનો પ્રસંગ આવે છે.[141]

स्थानिवद्भावाद्भवति॥ धिन्वन्ति कृण्वन्तीति यणादेशे कृते वलादिलक्षण इट् प्राप्नोति। स्थानिवद्भावान्न भवति। दध्यत्र मध्वत्रेति यणादेशे कृते संयोगान्तलोपः प्राप्नोति। स्थानिवद्भावान्न भवति। चक्रतुः चक्रुरित्यत्र यणादेशे कृतेऽनच्त्वाद् द्विर्वचनं न प्राप्नोति। स्थानिवद्भावाद्भवति॥ यदि तर्हि स्वविधावपि स्थानिवद्भावो भवति द्वाभ्याम् देयम् लवनम् अत्रापि प्राप्नोति।

પરંતુ સ્થાનિવદ્દભાવને કારણે (आट्)થશે. धिन्वन्ति कृण्वन्ति।માં यण् આદેશ કર્યા પછી वलादि ને કારણે इट् થવાનો પ્રસંગ આવે છે,[142] (પરંતુ) સ્થાનિવદ્દભાવને કારણે નહીં થાય.दध्यत्र मध्वत्र માં यण् આદેશ કર્યા પછી (संयोगान्तस्य ० થી) સંયોગાન્ત (य्, व्) નો લોપ થવાનો પ્રસંગ આવે છે,[143] (પરંતુ) સ્થાનિવદ્દભાવને કારણે (લોપ) નહીં થાય.चक्रतुः चक्रुः માં यण् આદેશ કર્યાપછી (ધાતુ) अच् રહિત (अनच्) થઇ જાય છે તેથી વ્દિત્વ ન થવાનો પ્રસંગ આવે છે,[144] (પરંતુ) સ્થાનિવદ્દભાવને કારણે થશે.જો આદેશને પોતાને લગતા વિધિમાં પણ સ્થાનિવદ્દભાવ થતો હોય તો પછી द्वाभ्याम् देयम् लवनम् માં[145] પણ (તે) થવાનો પ્રસંગ આવશે.

---

શબ્દનું પણ ઉપાદાન કરવાનું છે એ સિદ્ધાન્ત તેઓ સમજાવવા માગે છે.એકદેશી अपरविधौ (न परविधौ) એ વ્દારા કહેવા માગે છે કે જ્યાં પરને લગતો વિધિ કરવાનો હોય ત્યાં (परविधौ) સ્થાનિવદ્દભાવ થતો નથી (न).

[141] आयन्--आद् इ अन् અહીં इणो यण्। (૬-૪-૮૧) થી इ નો य् થઇને आद् य् अन् અને आसन्--आद् अस् अन् અહીં श्नसोरल्लोपः। (૬-૪-૧૧૧) પ્રમાણે अस् ના अ નો લોપ થઇને आ स् अन् એ સ્થિતિમાં બન્ને સ્થળે अजादि અંગ ન હોવાથી आडजादीनाम्। (૬-૪-૩૨) પ્રમાણે आ ન થવાનો પ્રસંગ આવશે. પરંતુ સ્થાનિવદ્દભાવ થાય તો य् એ इ છે અને अ લોપ એ अ છે તેમ સમજાશે તેથી અંગ अजादि ગણાશે અને आद् થશે.વાસ્તવમાં इणो यण्। અને श्नसोरल्लोपः। એ બન્ને આભીય સૂત્રો હોવાથી य् અને अ લોપ અસિદ્ધ થશે તેથી સ્થાનિવદ્દભાવ વિના પણ आद् થશે.(નોંધ૧૪૦).

[142] धिन्वन्ति / कृण्वन्ति (જુઓ નોંધ ૭ / ૨૨૭) અહીં धिन् उ अन्ति / कृण् उ अन्ति-यण् કાર્ય--धिन् वन्ति / कृण् वन्ति એ સ્થિતિમાં પ્રત્યય वलादि થવાથી आर्धधातुकस्येड्० થી इट् થવાનો પ્રસંગ આવે છે. જો સ્થાનિવદ્દભાવ થાય તો व् એ उ છે તેમ સમજાશે તેથી પ્રત્યય वलादि ન રહેતાં इट् નિવારી શકાશે. અહીં આદેશ व् ને इट् થવાનો હતો તેથી સ્વવિધિ થશે.

[143] दधि अत्र। मधु अत्र--यण् કાર્ય થતાં दध्य् अत्र। मध्व् अत्र એ સ્થિતિમાં दध्य्। मध्व् એ સંયોગાન્ત પદ થાય છે તેથી संयोगान्तस्य लोपः। પ્રમાણે તેમના અન્ત્ય य् व् નો લોપ થવાનો પ્રસંગ આવે છે,પરંતુ સ્થાનિવદ્દભાવ થાય તો य् એ इ છે અને व् એ उ છે તેમ સમજાશે તેથી લોપ નહીં થાય. અહીં કાર્ય આદેશ य्, व् ને થવાનુ હતું તેથી સ્વવિધિ થશે.संयोगान्तस्य लो० (૮-૨-૨૩) એ ત્રિપાદીમાંનું સૂત્ર છે તેથી पूर्वत्रा सिद्धे च। એ વાર્તિક વ્દારા પૂર્વત્રાસિદ્ધ થએલ કાર્યમાં સ્થાનિવદ્દભાવનો પ્રતિષેધ કર્યો છે,પરંતુ तस्यदोषः संयोगादि० એ વાર્તિકમાં संयोगादि વ્દારા લક્ષણાથી संयोगान्त પણ સૂચવાય છે તેથી पूर्वत्रासिद्धे च। એ વા. વ્દારા કરવામાં આવેલ સ્થાનિવદ્દભાવ નિષેધ અહીં લાગુ નહીં પડે તે જ પ્રમાણે न पदान्त०.વ્દારા કરવામાં આવેલ પ્રતિષેધ અહીં લાગુ નહીં પડે કારણ કે જ્યારે પદના અંતનું વિધાન કરવાનું હોય ત્યારે તે લાગુ પડે છે પરંતુ લોપ તો અભાવાત્મક હોવાથી તેનું પદાન્ત તરીકે વિધાન ન થઇ શકે (કે.)આ संयोगादि ઉપર લક્ષણાની દલીલ માત્ર કરવા ખાતર કરી છે. તે સિદ્ધાન્તીનો મત નથી. (ના.)

[144] चक्रतुः--कृ लिट्--कृ अतुस्--कृभृसृ० થી इट् નિષેધ--लिटि धातोरनभ्यासस्य (૬-૧-૮)થી વ્દિત્વ--कृ कृ अतुस्--उरत्। उरण्रपरः।--कर् कृ अतुस्--हलादिः०--क कृ अतुस्-- कुहोश्चुः।--च कृ अतुस्--इको यणचि। (૬-૧-૭૭) થી કાર્ય થતાં चक्र् अतुस्--चक्रतुः.એ રીતે चक्रुः થશે.અહીં कृ अतुस् / उस् એ સ્થિતિમાં વ્દિત્વ થયા પૂર્વે પર હોવાથી यण् કાર્ય થાય તો क्र् अतुस् / उस् એમ થતાં ધાતુ एकाच् ન રહેતાં अनच् થશે તેથી વ્દિત્વ ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે વ્દિત્વનું વિધાન કરનાર लिटि धातोः० સૂત્રમાં एकाचो द्वे प्रथमस्य। (૬-૧-૧) માંથી एकाचः ની અનુવૃત્તિ થાય છે તેથી एकाच् ધાતુમાં વ્દિત્વ થાય. અહીં તો क् र् એ ધાતુ अच् રહિત છે તેથી તે સૂત્ર તેને લાગુ ન પડતાં વ્દિત્વ નહીં થઇ


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

द्वाभ्यामित्यत्रात्वस्य स्थानिवद्भावादीर्धत्वं प्राप्नोति। देयमितीत्त्वस्य स्थानिवद्भावाद्गुणो न प्राप्नोति। पूर्वस्य लवनमिति गुणस्य स्थानिवद्भावादवादेशो न प्राप्नोति॥ नैष दोषः। स्वाश्रया अत्रैव विधयो भविष्यन्ति॥ तत्तर्हि वक्तव्यमपरविधाविति। न वक्तव्यम्। पूर्वविधावित्येव सिद्धम्। कथम्। न पूर्वग्रहणेनादेशोऽभिसम्बध्यते। अजादेशः परनिमित्तकः विधिं प्रति स्थानिवद्भवति। कुतः पूर्वस्य। आदेशादिति। किं तर्हि। निमित्तमभिसम्बध्यते। अजादेशः परनिमित्तकः पूर्वस्य विधिं प्रति स्थानिवद्भवति। कुतः पूर्वस्य। निमित्तादिति। अथ निमित्तेऽभिसम्बध्यमाने यत्तस्य योगस्य मूर्धाभिषिक्त-मुदाहरणं तदपि संगृहितं भवति। किं पुनस्तत्। पट्व्या मृव्द्या। बाढं संगृहीतम्। ननु चेकारयणा व्यवहितत्वान्नासौ निमित्तात्पूर्वो भवति। व्यवहिते

આ **द्वाभ्याम्** માં **अ**-કાર આદેશનો સ્થાનિવદ્ભાવ થવાથી દીર્ઘ ન થવાનો પ્રસંગઆવશે. **देयम्** માં સ્થાનિવદ્ભાવ થવાથી ગુણ ન થવાનો પ્રસંગ આવે છે.**लवनम्** માં ગુણનો સ્થાનિવદ્ભાવ થાય તો **अव्** આદેશ ન થવાનો પ્રસંગ આવે છે.એ દોષ નથી (આવતો), કારણ કે પોતાના(એટલે કે જ્ઞાપકના) આશ્રયે આ કાર્યો થઇ શકશે.[146] તો પછી **अपरविधौ** એમ કહેવું પડશે ? નહીં કહેવું પડે, કારણ કે **पूर्वविधौ** એમ કહ્યું છે તેથી (તે કાર્યો) સિદ્ધ થશે. કેવી રીતે ?(અહીં) જે **पूर्व** શબ્દનું ગ્રહણ કર્યુ છે તેને આદેશ સાથે નથી લેવાનો.[147] એટલે કે પર (રહેલ)ને કારણે થતો **अच्** નો આદેશ પોતાનાથી પૂર્વે રહેલને લગતો વિધિ કરવાનો હોય ત્યારે સ્થાનિવદ્ થાય છે' એમ અર્થ નથી. શેનાથી પૂર્વ ? આદેશથી(પૂર્વ).(જો આદેશ સાથે પૂર્વ શબ્દ લેવાનો ન હોય) તો પછી શું (કોની સાથે લેવાનો છે) ? નિમિત્ત સાથે. (તેથી) 'પર ને કારણે થતો નો આદેશ,પૂર્વે (રહેલ)ને કાર્ય કરવાનું હોય ત્યારે સ્થાનિવદ્ થાય છે.'એમ (સમજાશે).શેનાથી પૂર્વે (રહેલ) ? નિમિત્તથી. હવે જો (પર્વ શબ્દને) નિમિત્ત સાથે જોડવામાં આવે તો તે સૂત્રનું જે સર્વસામાન્ય ઉદાહરણ છે તેને પણ આવરી લેવાશે? તો પછી તે ( ઉદાહરણ) કયું છે? **पट्व्या मृद्या** (એ).[148] (તે ઉદાહરણ) અવશ્ય આવરી

---

શકે,પરંતુ સ્થાનિવદ્ભાવ થાય તો આદેશ રેફ તેનો સ્થાની **ऋ** છે તેમ સમજાશે તેથી ધાતુ **अनच्** ન રહેતાં **एकाच्** ગણાશે અને દ્વિત્વ થઇ શકશે.અહીં દ્વિર્વચન રૂપી કાર્ય આદેશને થવાનું છે તેથી સ્વવિધિ થશે. આમ ઉપરનાં ઉદાહરણો(નોંધઃ ૧૪૨,૧૪૩) માં સ્વવિધિમાં સ્થાનિવદ્ભાવ સ્વીકારીને દોષનો પરિહાર કર્યો છે.

[145] **द्वि भ्याम्--त्यदादीनामः।--द्व यामू--सुपि च।** થી દીર્ઘ--**द्वाभ्याम्** થશે.અહીં **इ**-કારના આદેશ **अ**-કારનો દીર્ઘ થાય છે, એટલે કે દીર્ઘવિધિ આદેશને માટે સ્વવિધિ છે. અહીં સ્થાનિવદ્ભાવ થાય તો આદેશ **अ** એ **ई** છે તેમ સમજાશે તેથી દીર્ઘ ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે દીર્ઘનું વિધાન કરતા **सुपि च।** માં પૂર્વ સૂત્ર **अतो दीर्घो यञि।** માંથી **अतः** ની અનુવૃત્તિ થાય છે તેથી દીર્ઘ તો **अ**-કારનો જ થાય **इ**-કારનો ન થઇ શકે. **देयम्--दा--अचो यत्।** થી **यत्--यत्** પર થતાં--**ईद्यति।** થી **आ**- કારાન્ત અંગનો **ई**--**सार्वधातुकार्ध०** થી ગુણ થઇને **देयम्** થયું.અહીં **आ** ને સ્થાને થએલ **ई** આદેશનો જ ગુણ થાય છે,એટલે કે ગુણ એ આદેશનો સ્વવિધિ છે.અહીં સ્થાનિવદ્ભાવ થાય તો **ई** એ **आ** છે તેમ સમજાશે તેથી અંગ **इगन्त** નહીં ગણાય. પરિણામે **सार्वधातुकार्ध०** પ્રમાણે ગુણ ન થવાનો પ્રસંગ આવશે તેથી ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય. **लवनम्--लू--ल्युट् च।** થી ભાવવાચી **ल्युट्** (**अन**)--**सार्व धातुकार्ध०** થી ગુણ--**लो अन--एचोऽयवायावः।** થી **अव्--लवनम्**. અહીં **ऊ** નો **ओ** આદેશ થયો છે અને **अव्** તેનો જ થવાનો છે તેથી તે સ્વવિધિ થશે. અહીં સ્થાનિવદ્ભાવ થાય તો **अव्** એ **ऊ** છે તેમ સમજાશે તેથી **अव्** ન થવાનો પ્રસંગ આવશે.

[146] **स्वाश्रयाः विधयः**-પૂર્વે વ્યાખ્યાન કર્યુ કે સૂત્રમાં **विधि** શબ્દનું ગ્રહણ કરીને સ્વાશ્રય કાર્યમાં સ્થાનિવદ્ભાવનો નિષેધ કર્યો. અહીં સ્વાશ્રય એટલે જ્ઞાપકાશ્રય, જ્ઞાપક પર આધાર રાખતાં કાર્ય. સૂત્રકારે **किंयत्तदो निर्धारणे द्वयोरेकस्य डतरच्।** એ સૂત્રમાં **द्वयोः**. **देयमृणे।** માં **देयम्**, **किरतौ लवने।** માં **लवने** એમ પ્રયોગ કર્યો છે તેથી જ્ઞાપન થાય છે કે સ્વવિધિમાં સ્થાનિવત્ત્વ અનિત્ય છે. આમ **द्वयोः**, **देयम्**, **लवने** એમ જે પ્રયોગો કર્યા છે તેને એટલે કે પોતાના એ સ્વરૂપને કારણે તે શબ્દો સિદ્ધ થશે, કારણ કે ત્યાં સ્થાનિવદ્ભાવ નહીં થાય. જો થતો હોત તો સૂત્રકારે **द्वयोः** વગેરે પ્રયોગ ન કર્યો હોત અને આમ સ્વવિધિમાં સ્થાનિવદ્ભાવ અનિત્ય હોવાથી **बाभ्रवीय** અને **नैषधेय** માં પણ દોષ નહીં આવે, કારણ કે સ્વવિધિમાં સ્થાનિવદ્ - ભાવ અનિત્ય હોવાથી ત્યાં પણ સ્થાનિવદ્ભાવ નહીં થાય અને **यलोप** થશે. **नैधेय** માં **व्यच्** ગણાવાથી **ढक्** થશે.

[147] સૂત્રમાં**पूर्व** શબ્દનું ગ્રહણ કર્યુ છે તેની સાથે આદેશને ન લેતાં નિમિત્તને લેવામાં આવે તો **अपरविधौ** એમ નહીં કહેવું પડે. તેથી પરનિમિત્તક આદેશની પૂર્વે રહેલને લગતા કાર્યમાં **अच्** નો આદેશ સ્થાનિવત્ થાય છે તેમ ન સમજતાં,'પરનિમિત્તક **अच्** નો આદેશ તેના નિમિત્તની પૂર્વે રહેલને લગતું કાર્ય કરવાનું હોય ત્યારે સ્થાનિવત્ થાય છે' એમ સમજીશું.તેથી **आयन्** વગેરેમાં **आट्** થશે,કારણ કે આગમ કાર્ય **अच्** ના આદેશ **य्** ના નિમિત્ત (ભૂત **अच्**) ની પૂર્વે રહેલ (**यन्**) ને લગતું કાર્ય છે તેથી ત્યાં સ્થાનિવદ્ભાવ થશે.

[148] **पट्व्या , मृव्द्या** એ સર્વત્ર વૃત્તિઓમાં ઉદ્ધરવામાં આવતાં સર્વમાન્ય ઉદાહરણ (stock instances) છે તેથી તેને મૂર્ધાભિષિક્ત ઉદાહરણ કહ્યાં છે.**पटु** ને સ્ત્રીલિંગમાં **वोतो गुणवचनात्।** થી વિકલ્પે **ङीष्--पटु ई आ (टा)--पटु य् आ** એ સ્થિતિમાં નિમિત્તભૂત **आ**-કાર ઉ વચ્ચે **य्** નું વ્યવધાન થવાથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લેવાય છે, પરંતુ અમે કહીએ છીએ કે ई-કારનો જે यण् થયો છે તે વચ્ચે આવેલો છે તેથી એ(उ-કાર) નિમિત્ત (आ-કાર)ની પૂર્વે નથી થતો..પરંતુ વ્યવહિતના

ऽपि पूर्वशब्दः वर्तते। तद्यथा। पूर्वं मथुरायाः पाटलिपुत्रमिति॥ अथवा पुनरस्त्वादेश एवाभिसंबध्यते। कथं यानि स्वविधौ स्थानिद्भावस्य प्रयोजनानि। नैतानि सन्ति। इह तावदायन् आसन् धिन्वन्ति कृण्वन्तीति। अयं विधिशब्दोऽस्त्येव कर्मसाधनो विधीयते विधिरिति। अस्ति भावसाधनो विधानं विधिरिति। तत्र कर्मसाधनस्य विधिशब्दस्योपादाने न सर्वं संगृहीतमिति कृत्वा भावसाधनस्य विधिशब्दस्योपादानं विज्ञास्यते। पूर्वस्य विधानं प्रति पूर्वस्य भावं प्रति पूर्वः स्यादिति स्थानिवद्भवतीत्येवमाड् भविष्यतीद् च न भविष्यति॥

અર્થ માં પણ પૂર્વ શબ્દ છે, જેમ કે 'પાટલિપુત્રથી મથુરા પૂર્વે છે'.[149] અથવા તો આદેશને જ (પૂર્વ ) સાથે ભલે લેવામાં આવે.તો પછી (આદેશને) પોતાને થતાં કાર્યમાં સ્થાનિવદ્ભાવનાં પ્રયોજનો (કહ્યાં હતાં) તેનું શું ? आयन् आसन् धिन्वन्ति कृण्वन्ति.[150] એ અહીં પ્રયોજન નથી.આ વિધિ શબ્દ विधीयते (इति) विधिः (જેનું વિધાન કરવામાં આવે છે તે) એમ કર્મના અર્થમાં (कर्मसाधनः) છે.[151] વળી (વિધિએટલે વિધાન) એમ ભાવવાચક (भावसाधनः) વિધિ શબ્દ પણ છે. તેમાં કર્મસાધન વિધિ શબ્દને લેતાં બધાં જ ઇષ્ટ કાર્યોને આવરી લેવાતાં નથી તેથી વિધિ શબ્દને ભાવના અર્થમાં લીધો હોય તેમ સમજાશે.(તેથી) પૂર્વના વિધાનમાં,[152] પૂર્વ એટલે કે (અન્ય કાર્ય) પૂર્વ (વિધિ ) થાય તે માટે (પરનિમિત્તક अजादेश) સ્થાનિવદ્ થાય છે અને (धिन्वन्ति , कृण्वन्ति માં) इद् નહીં થાય.

---

ઉ- કારને જે यण् કાર્ય કરવાનું છે તેમાં આદેશ(य्) નું નિમિત્ત આ અવ્યવહિત રીતે પૂર્વ નથી તેથી अच् નો આદેશ य् સ્થાનિવત્ નહીં થઇ શકે અને તેમ થવાથી उ નો व् ન થવાનો પ્રસંગ આવશે.એ શંકાને લક્ષમાં રાખીને અહીં પ્રશ્ન કરવામાં આવ્યો છે. અહીં अथेदानीं થી લઇને संगृहीतं भवति। એ કાકુ વ્દારા પ્રશ્ન કર્યો છે.(ના.)

[149] અહીં अचः परस्मिन् पूर्वविधौ એમ કહીને સૂત્રકારે पूर्व શબ્દનું સાક્ષાત્ ગ્રહણ કરીને નિર્દેશ કર્યો છે તેથી तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य। એ પરિ-ભાષા ઉપસ્થિત નહીં થાય એટલે કે 'અનન્તર, અવ્યવહિત રીતે પૂર્વ' એમ અહીં અર્થ નહીં થાય તેથી વ્યવધાન હોવા છતાં उ નિમિત્ત आ ની પૂર્વે છે એમ કહી શકાશે તેથી સ્થાનિવદ્ભાવ થશે. સંસારમાં પણ વ્યવહિત રીતે રહેલ હોય તો પણ તેને માટે 'પૂર્વે છે' એમ પ્રયોગ થાય છે.જેમ કે पूर्वं मथुरायाः पाटलिपुत्रम्। મથુરા અને પટણા વચ્ચે અનેક નગર આવેલ હોવા છતાં મથુરાની પૂર્વે પાટલિપુત્ર છે એમ પ્રયોગ સાચી રીતે થાય છે.

[150] આગળ સ્વવિધિમાં સ્થાનિવદ્ભાવનાં પ્રયોજનનાં ઉદાહરણ રૂપે आयन् , आसन् ,धिन्वन्ति,कृण्वन्ति આપ્યાં હતાં. હવે अपरविधौ એમ પણ ન કહેવામાં આવે અને पूर्व સાથે આદેશને લેવામાં આવે તો એ ઉદાહરણો કેવી રીતે સિદ્ધ થશેએ જાણવા માટે પ્રશ્નનો કર્યો છે.

[151] વિધિ શબ્દને કર્મના અર્થમાં (कर्मसाधनः) લેવામાં આવે તો બધાં ઇષ્ટ કાર્યો સિદ્ધ ન થઇ શકે તેથી ભાવવાચક(भावसाधनः) તરીકે લેવો પડશે જેથી શેષ કાર્યો સિદ્ધ થઇ શકે.કે. भावसाधन एव विधिशब्दः० એમ एव-કાર કરે છે તે अपि ના અર્થમાં છે અર્થાત્ ભાવસાધન વિધિ શબ્દનો પણ આશ્રય લેવામાં આવે છે. અર્થાત્ કર્મસાધન અને ભાવસાધન બન્નેનું પ્રકૃત સૂત્રમાં ગ્રહણ છે . न पदान्त० સૂત્રમાં એ સ્પષ્ટ કહેવામાં આવશે.(ના.).

[152] पूर्वस्य विधानं प्रति-- પૂર્વનું વિધાન કરવાનું હોય ત્યારે, તેની દૃષ્ટિએ.पूर्वस्य भावं प्रति-- પૂર્વને અસ્તિત્વમાં લાવવા માટે, પૂર્વ કરવાનો હોય તે દૃષ્ટિએ पूर्वः स्यात्-- (આદેશની) પૂર્વે હોય,થાય. ટૂંકમાં કોઇ કાર્ય કરવાનું હોય તે પૂર્વે રહેલને થઇ શકે તે માટે પરનિમિત્તક अच् નો આદેશ સ્થાનિવત્ થાય છે એમ સમજાશે.દા.ત. आयन् અહીં यन् એ સ્થિતિમાં आद् ને લગતું કાર્ય પૂર્વકાર્ય એટલે કેપૂર્વે રહેલું થાય તે માટે अच् નો આદેશ य् સ્થાનિવત્ થાય તો आद् વિધિ તેની પૂર્વે રહેલ કાર્ય થશે એટલે કે इ એ अच् નો આદેશ य् સ્થાનિવત્ થાય , તે इ જ છે તેમ સમજાય, તો ધાતુ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

दध्यत्र मध्वत्र चक्रतुः चक्रुरिति परिहारं वक्ष्यति ॥

कानि पुनरस्य योगस्य प्रयोजनानि ।

स्तोष्याम्यहं पादिकमौदवाहिं ततः श्वोभूते शातनीं पातनीं च ।

नेतारावागच्छतं धारणीं रावणिं च ततः पश्चात्स्रंस्यते ध्वंस्यते च ॥

**दध्यत्र , मध्वत्र , चक्रतुः , चक्रुः** એનો પરિહાર (કેમ થશે તે) આગળ કહેશે.

તો આ સૂત્રનાં પ્રયોજનો કયાં છે ?

હે શ્વોભૂતિ, હે શિષ્યો તમે બે આવો, હું (તમને) કહીશ કે **पादिकम्** , **औदवाकिम्** પછી **शातनीम्** , **पातनीम्** , **धारणीम्** , **रावणिम्** અને ત્યારબાદ **स्रंसते** અને **ध्वंसते** [153] (એ પ્રયોજનો છે).

---

अजादि થતાં તેની પૂર્વે થતું आद् આગમ થવા રૂપી કાર્ય સિદ્ધ થશે., પરંતુ કર્મના અર્થમાં વિધિ શબ્દ લેવામાં આવે તો જેનું વિધાન કરવામાં આવે તે વિધિ એમ અર્થ થતાં આદેશની પૂર્વે કંઇ જ નથી તેથી आद् ન થવાનો પ્રસંગ આવશે.તે રીતે धिन्वन्ति વગેરેમાં કર્મસાધન અર્થમાં વિધિ લેવાથી इद् એ टित् આગમ આદેશ व् ને જ થાય છે પૂર્વને નહીં તેથી સ્થાનિવદ્ભાવ ન થતાં इद् થવાનો પ્રસંગ આવશે. પરંતુ વિધિ શબ્દને ભાવના અર્થમાં લેવાથી व् આદેશ इद् વિધિને પૂર્વ, પૂર્વે રહેલ કાર્ય , બનાવવા માટે સ્થાનિવત્ થશે તેથી व् એ उ છે તેમ સમજાશે તેથી इद् નહીં થાય.दध्यत्र વગેરેમાં આગળ સમાધાન કરશે (નોધ) चक्रतुः,चक्रुः માં द्विर्वचनेऽचि । પ્રમાણે यण् આદેશ સ્થાનિવત્ થશે, કારણ કે એ સૂત્રમાં अच् નું ગ્રહણ કર્યુ છે તેથી સમજાય છે કે અહીં રૂપાતિદેશ થશે. પરિણામે આદેશયુક્ત જે રૂપ છે તે સ્થાનિવત્ થવાથી अच् યુક્ત રૂપોનો અતિદેશ થશે તેથી વ્દિર્વચન થઇને चक्रतुः વગેરે સિદ્ધ થશે.

[153] **स्तोष्यामि** [=कथयिष्यामि=કહીશ, પ્રસ્તુત કરીશ(કે)] વગેરેમાં પ્રસ્તુત સૂત્રનાં પ્રયોજન ગણાવવામાં આવ્યાં છે. અહીં **श्वोभूते** એ તે નામના શિષ્યને સંબોધન છે.**नेतारौ** એ શિષ્ય માટે પ્રયોજેલ છે.ગુરુના મુખેથી શાસ્ત્રાર્થ લઇ જનાર તે **नेता** અર્થાત્ શિષ્ય.(કે.).**पादिकम्--पादः अस्ति अस्य** એ અર્થમાં **अत इनिठनौ** પ્રમાણે **ठन्** અથવા **तेन दीव्यति खनति जयति जीतम्** । થી **ठक्** અને **यस्येति०** થી अ લોપ થતાં **पाद् ठन् ठक्** એ સ્થિતિમાં **ठस्येकः** । થી **इक--पाद् इक** એમ થતાં **पाद्** શબ્દ **दान्त** હોવાથી **पादः पत्** । પ્રમાણે भ સંજ્ઞક **पाद्** ને **पद्** આદેશ પ્રાપ્ત થાય છે, પરંતુ અહીં अ લોપ રૂપી **अजादेश** ની પૂર્વે રહેલને **पद्**-ભાવ રૂપી કાર્ય થવાનું છે તેથી સ્થાનિવદ્ભાવ થશે અને **पाद्** अ-કારાન્ત છે તેમ સમજાતાં **पद्** આદેશ નહીં થાય. **औदवाहिकम्--उदकं वहति इति** એ અર્થમાં **कर्मण्यण्** । પ્રમાણે **अण्--अचो ञ्णिति** । થી વૃદ્ધિ--**उदकस्योदः संज्ञायाम्** । થી **उदक** નો **उद** આદેશ થઇને **उदवाहः** રૂપ થયું છે તેને **तस्य अपत्यम्** । એ અર્થમાં **अत इञ्** । થી **इञ्** થતાં **उदवाह इञ्--यस्येति०** થી अ લોપ--**तद्धितेष्वचा०** થી વૃદ્ધિ થઇને **औदवाहि** થયું છે પરંતુ **उदवाह् इ** એ સ્થિતિમાં **वाह्** શબ્દ **हलन्त** થવાથી **वाह ऊठ्** । પ્રમાણે **ऊठ्** સંપ્રસારણ થવાનો પ્રસંગ આવે છે,પણ પરનિમિત્તક **अजादेश** (अ લોપ)ની પૂર્વે રહેલ **व्** નો **ऊठ्** થવા રૂપી કાર્ય પૂર્વ વિધિ થાય તે માટે अ લોપ સ્થાનિવત્ થવાથી **वाह्** એ **अदन्त** છે તેમ સમજાતાં **ऊठ्** નહીં થાય. **शातनी--शद्** ના **णिजन्त--शाद्** ને **ण्यासश्रन्थो युच्** । થી **युच् --शातन--षिद्गौरादिभ्यः** । થી સ્ત્રીલિંગમાં **ङीष्--शातन ई--यस्येति०** થી अ લોપ-- **शातन् ई** એમ થતાં **अन्** ના अ-કારનો **अल्लोपोऽनः** । પ્રમાણે લોપ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ પર નિમિત્તક अ લોપ પોતાની પૂર્વે રહેલ **अन्** ના अ લોપ રૂપી વિધિમાં સ્થાનિવત્ થશે તેથી **शातन् अदन्त** છે તેમ સમજાશે પરિણામે **अन** ના अ નો લોપ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह तावत्पादिकम् औदवाहिकम् शातनीम् पातनीम् धारणिम् रावणिमित्यकारलोपे कृते पद्भाव ऊडल्लोपष्टिलोप इत्येते विधयः प्राप्नुवन्ति। स्थानिवद्भावान्न भवन्ति। स्रंस्यते ध्वंस्यते। णिलोपे कृतेऽनिदितां हल उपधायाः क्ङिति इति नलोपः प्राप्नोति। इदं तर्हि प्रयोजनम्। याज्यते वाप्यते। णिलोपे कृते यजादीनां किति इति संप्रसारणं प्राप्नोति। स्थानिवद्भावान्न भवति॥ एतदपि नास्ति प्रयोजनम्। यजादिभिरत्र कितं विशेषयिष्यामो यजादीनां यः किदिति। कश्च यजादीनां कित्। यजादिभ्यो यो विहित इति। न चायं यजादिभ्यो विहितः॥ इदं तर्हि प्रयोजनम्। पट्व्या मृद्व्येति। परस्य यणादेशे कृते पूर्वस्य न प्राप्नोतीकारयणा व्यवहितत्वात्।

આ **पादिकम्** માં તો अ-કાર લોપ કર્યા પછી **पद्** આદેશ, **औदवाहिकम्** માં **ऊद्** (આદેશ), **शातनीम्** , **पातनीम्** માં **अत्** નો લોપ અને **धारणीम्** , **रावणिम्** માંટિ લોપ એ રીતે એ કાર્યો થવાનો પ્રસંગ આવે છે, પરંતુ સ્થાનિવદ્ભાવને કારણે નહીં થાય. **स्रंसते** , **ध्वंसते** (માં) **णि** લોપ કર્યા પછી **अनिदितां हल उपधायाः क्ङिति।** પ્રમાણે લોપ થવાનો પ્રસંગ આવે છે. પરંતુ સ્થાનિવદ્ભાવને કારણે નહીં થાય.એ પ્રયોજનો નથી, [154] એ બધાં તો **असिद्धवदत्राभात्।**થી પણ સિદ્ધ થાય છે. તો પછી **याज्यते**, **वाप्यते** એ પ્રયોજન છે.[155] **(वचिस्वपि) यजादीनां किति।** પ્રમાણે સંપ્રસારણ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ સ્થાનિવદ્ભાવને કારણે નહીં થાય.એ પણ પ્રયોજન નથી, અહીં **यजादि** ને **कित्** ના વિશેષણ તરીકે લઈશું (તેથી) **यजादि**નો **कित्** એમ સમજાશે.તો પછી **यजादि** નો **कित्** તે કયો ? **यजादि** ને અનુલક્ષીને જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે અને આ **(कित्** પ્રત્યય **यक्)** નું **यजादि**ને અનુલક્ષીને વિધાન કરવામાં આવ્યું નથી.[156] તો પછી આ **पट्व्या** , **मृद्व्या** એ પ્રયોજન છે.[157] (અહીં) પર રહેલ **(ई)** નો **यण्** આદેશ કર્યા પછી (એ) **ई**-કારના **यण्** નું વ્યવધાન થાય છે તેથી પૂર્વ **(अच्- उ**-કાર) નો **(यण्** આદેશ) ન થવાનો પ્રસંગ આવે છે,

---

**धारणि**--**धृ** ના **णिजन्त**--**धार्** ને **ल्युट् (अन)**--**णेरनिटि।** થી **णि** લોપ **रषाभ्याम्०**--**न्** નો **ण्**--**धारणः** થઈને અપત્યાર્થે **अत इञ्।** થી **इञ्**--**यस्येति०** થી **अ** લોપ--**धारण् इञ्** એમ થતાં **असिद्धवदत्रा०** થી **अ** લોપ અસિદ્ધ હોવાથી **नस्तद्धिते।** થી **टि** લોપ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ **अ** લોપ તેની પૂર્વે થનાર **टि** લોપ રૂપી વિધિ માટે સ્થાનિવત્ થશે તેથી **टि** લોપ નહીં થાય.**स्रंस्यते** --**स्रंस्** ના **णिजन्त** ને **सार्वधातुके यक्।** થી કર્મણિમાં **यक्**--**स्रंस् णि य ते**-**णेरनिटि।**--**णि** લોપ થઇ **स्रंस्यते** તે જ રીતે **ध्वंस्यते** થશે.અહીં **णि** લોપ થવા થી **स्रंस्** , **ध्वंस्** માં **न्** ઉપધા થાય છે અને **कित्** પ્રત્યય **यक्** પર છે તેથી **अनिदितां हल०** થી ઉપધાભૂત **न्** નો લોપ થવા જશે,પણ **अ** લોપ ઉપધાલોપ રૂપી પૂર્વ વિધિમાં સ્થાનિવત્ થશે તેથી **स्रंस्** વગેરેમાં **न्** ઉપધા ન રહેતાં તેનો લોપ નહીં થાય.

[154] ઉપર જે પ્રયોજનોનાં ઉદાહરણો આપ્યાં તેમાંનાં કાર્યો **असिद्धवद्** અધિકાર નીચેનાં છે તેથી **अ** લોપ વગેરે અસિદ્ધ થવાથી સ્થાનિવદ્ભાવ નો આધાર લીધા વિના સિદ્ધ થઇ શકે છે. તેથી એ ઉદાહરણો **अचः परस्मिन्०** નાં પ્રયોજન નથી.

[155] **याज्यते**--**यज्** ના **णिजन्त** ને ઉપર પ્રમાણે **यक्**--**णि** લોપ--**याज् य ते**--**कित्** પ્રત્યય **यक्** પર થતાં **वचिस्वपियजादी०** થી સંપ્રસારણ થવાનો પ્રસંગ આવે છે,પરંતુ સ્થાનિવદ્ભાવ થવાથી સંપ્રસારણ નહીં થાય.

[156] કારણ કે અહીં **यक्** પ્રત્યય **यज्** , **वप्** ની પર નથી, કારણ કે તેનું વિધાન તો **णिजन्त यज्** વગેરેને અનુલક્ષીને કરવામાં આવ્યું છે.આમ **याजि यक्** એમ થતાં સંપ્રસારણને અવકાશ ન હોવાથી **णि** લોપ સ્થાનિવદ્ ન થાય છતાં ઇષ્ટ સિદ્ધિ થાય છે.પરિણામે **याज्यते** વગેરે પણ પ્રયોજન નથી .

[157] **पट्व्या** , **मृद्व्या** (નોંધ ૧૪૮) અહીં **पटु ई** આ એ સ્થિતિમાં બે **यण्**- કાર્ય યુગપત્ પ્રાપ્ત થાય છે.તેમાં પ્રથમ કયું કરવું? પર **यणादेश** કરવામાં આવે તો **पटु या** એમ થતાં **य्** નું વ્યવધાન થવાથી પૂર્વ **यणादेश** ન થઇ શકે.પણ સ્થાનિવદ્ભાવથી **य्** એ **ई** જ છે એમ સમજતાં **पट्व्या** ,**मृद्व्या** સિદ્ધ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**स्थानिवद्भावाद्भवति। किं पुनः कारणं परस्य तावद्भवति न पुनः पूर्वस्य। नित्यत्वात्। नित्यः परयणादेशः कृतेऽपि पूर्वयणादेशे प्राप्नोत्यकृतेऽपि प्राप्नोति। नित्यत्वात्परयाणादेशे कृते पूर्वस्य न प्राप्नोति। स्थानिवद्भावाद्भवति॥ एतदपिनास्ति प्रयोजनम्। असिद्धं बहिरङ्गलक्षणमन्तरङ्गलक्षण इत्यसिद्धत्वाद्बहिरङ्गलक्षणस्य परयणादेशस्यान्तरङ्गलक्षणः पूर्वयणादेशो भविष्यति। अवश्यं चैषा परिभाषाश्रयितव्या स्वरार्थम्। कर्त्र्यां हर्त्र्येत्युदात्त -यणो हल्पूर्वात् इत्येष स्वरो यथा स्यात्। अनेनापि सिद्धः स्वरः। कथम्।**

**आरभ्यमाणे नित्योऽसौ**

**आरभ्यमाणे त्वस्मिन्योगे नित्यः पूर्वयणादेशः। कृतेऽपि परयणादेशे प्राप्नोत्यकृतेऽपि॥ परयणादेशोऽपि नित्यः। कृतेऽपि पूर्वयणादेशे प्राप्नोत्यकृतेऽपि।**

પરંતુ સ્થાનિવદ્ભાવથી થશે.તો પછી પરનો તો (**यण्** આદેશ) થાય છે પણ પૂર્વનો નથી થતો તેનું શું કારણ ? નિત્ય છે તેથી. પરનો **यण्** આદેશ નિત્ય છે (કારણ કે) પૂર્વનો **यण्** આદેશ કર્યો હોય તો પણ તે થાય છે અને ન કર્યો હોય તો પણ થાય છે.અને (તે) નિત્ય હોવાથી પરનો **यण्** આદેશ કર્યા પછી પૂર્વનો (**यणादेश** ) ન થવાનો પ્રસંગ આવે છે, પરંતુ સ્થાનિવદ્ભાવથી થાય છે.એ પણ પ્રયોજન નથી.અંતરંગને કારણે થનાર કાર્યની દૃષ્ટિએ બહિરંગ અસિદ્ધ છે, એમ (હોવાથી) બહિરંગને કારણે થનાર પર **यणादेश** અસિદ્ધ હોવાથી અંતરંગને કારણને થનાર પૂર્વ **यणादेश** થશે.[158]વળી સ્વરને ખાતર પણ આ પરિભાષાનો આશ્રય અવશ્ય લેવો પડશે, જેથી **कर्त्र्यां, हर्त्र्यां** માં **उदात्तयणो हल्पूर्वात्।** પ્રમાણે થતો (ઉદાત્ત) સ્વર થાય.આ (સૂત્ર)થી પણ સ્વર સિદ્ધ થાય છે.[159]કેવી રીતે ?

**આ (સૂત્ર) કરવામાં આવે તો એ (પૂર્વ) નિત્ય (થાય છે)**

---

થઇ શકશે.દૃષ્ટાન્તનું ખંડન કરનાર કહે છે કે **असिद्धं बहिरङ्गलक्षणमन्तरङ्गलक्षणे** । એ પરિભાષા પ્રમાણે બહિર્ભૂત નિમિત્તને કારણે થનાર પર **यणादेश** અસિદ્ધ થશે તેથી અંતરંગ નિમિત્તવાળો **यणादेश** થશે.**पट्व्या** વગેરેનું વિશ્લેષણ કરતાં **पटु ई आ** માં उ-કારના આદેશનું નિમિત્ત પૂર્વે રહેલું છે અને ई-કારના આદેશનું નિમિત્ત પર રહેલું છે તેમ સમજાય છે અને જેનું નિમિત્ત પૂર્વે ઉપસ્થિત થાય તે અંતરંગ એ ન્યાયે, **व्** અને **य्** બન્નેનાં નિમિત્ત યુગપત્ પ્રાપ્ત થતાં હોવા છતાં **व्** નું નિમિત્ત પૂર્વે પ્રાપ્ત છે તેથી અંતરંગ છે અને **य्** નું નિમિત્ત પર હોવાથી બહિરંગ છે.આ ન્યાયે પૂર્વ **यणादेश** પ્રથમ થશે તેથી સ્થાનિવદ્ભાવનો આશ્રય નહીં લેવો પડે.તેથી ઉદાહરણનું ખંડન કરનાર કહે છે કે એ પ્રકૃત સૂત્રનાં પ્રયોજન નથી.

[158] એટલે કે સ્થાનિવદ્ભાવનો આધાર લેવામાં આવે તો પણ આ પરિભાષા કરવી જ પડશે.**कर्त्र्यां** , **हर्त्र्यां** માં **कर्तृ ई आ** વગેરે સ્થિતિમાં પર **यणादेश** નિત્ય હોવાથી પ્રથમ થશે અને તેનો સ્થાનિવદ્ભાવ થવાથી પૂર્વ **यणादेश** પણ થશે. પરંતુ સ્વરની દૃષ્ટિએ જોતાં **कर्तृ ई आ** વગેરેમાં ઉદાત્ત **ऋ** ને સ્થાને પ્રથમ **यणादेश** થતાં **उदात्तयणो॰** થી **कर्त्री** નો **ई** ઉદાત્ત થશે. હવે **कर्त्री आ** માં બીજો **यणादेश** થઇને તે જ સૂત્ર પ્રમાણે **अजादि** વિભક્તિ ઉદાત્ત થવાથી **कर्त्र्यां** , **हर्त्र्यां** માં અંતોદાત્ત થાય છે.પરંતુ પ્રથમ **यणादेश** કરવામાં આવે તો **कर्तृ ई आ**--**कर्तृ या** એ સ્થિતિમા **ऋ** નો સ્થાનિવદ્-ભાવથી પૂર્વ **यणादेश थशे** છતાં ઉદાત્ત **यण्** પછી અર્થાત્ ઉદાત્ત **ऋ** પછી, **आ** ન હોવાથી ઉદાત્ત ન થવાનો પ્રસંગ આવે છે.આમ **उदात्तयणो॰** પ્રમાણે સ્વર થઇ શકે તે માટે આ **असिद्धं बहिरङ्ग॰** પરિભાષા અવશ્ય કરવી પડશે એમ આશય છે.**अन्तरङ्ग** એટલે જે કાર્યનું નિમિત્ત પૂર્વે રહેલ હોય તે અંતરંગ (ના.)

[159] સ્થાનિવદ્ભાવ થાય તો પૂર્વ **यणादेश** નિત્ય થાય અને **अचः परस्मिन्॰** થી પણ સ્વર સિદ્ધ થઇ શકશે.એમ ઉદાહરણનો પુરસ્કર્તા અહીં દલીલ કરે છે.તે પ્રમાણે પ્રસ્તુત સૂત્ર કરવામાં આવે તો તેને પ્રતાપે સ્થાનિવદ્ભાવ થશે પરિણામે પૂર્વ **यणादेश** નિત્ય થશે અને તેથી પૂર્વ અને પર બન્ને **यणादेश** નિત્ય થવાથી ઉચ્ચારણ ક્રમમાં પ્રથમ આવતો હોવાથી પૂર્વ **यणादेश** પ્રથમ થશે. તેથી **कर्त्र्यां** માં **कर्तृ ई आ**--**कर्त्री आ** (**ई** ઉદાત્ત થશે)--**कर्त्र्यां** (**आ** ઉદાત્ત થશે). આ રીતે અંતરંગ પરિભાષાનો આશ્રય લીધા વિના પણ ઇષ્ટ સ્વર સિદ્ધ થઇ શકશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સૂત્ર કરવામાં આવે તો પૂર્વ **यणादेश** નિત્ય થશે, કારણ કે પર **यणादेश** કર્યો હોય તો પણ એ થાય છે અને ન કર્યો હોય તો પણ થાય છે.પર **यणादेश** પણ નિત્ય છે [160] (કારણ કે) પૂર્વ **यणादेश** કર્યો હોય તો પણ થાય છે અને ન કર્યો હોય તો પણ થાય છે.

**परश्चासौ व्यवस्थया।**

व्यवस्थया चासौ परः॥

**युगपत्संभवो नास्ति**

**न चास्ति यौगपद्येन संभवः॥ कथं च सिध्यति।**

**बहिरङ्गेण सिध्यति॥**

**असिद्धं बहिरङ्गलक्षणमन्तरङ्गलक्षण इत्यनेन सिध्यति॥ एवं तर्हि योऽत्रोदात्तयणतदाश्रयः स्वरो भविष्यति। ईकारयणा व्यवहितत्वान्न प्राप्नोति। स्वरविधौ व्यञ्जनमविद्यमानवद्भवतीति नास्ति व्यवधानम्। सा तर्ह्येषा परिभाषा कर्तव्या। ननु चेयमपि कर्तव्यासिद्धं बहिरङ्गलक्षणमन्तरङ्गलक्षण इति।**

**વ્યવસ્થાને[161]કારણે એ પર થશે.**

વળી આ પર **यणादेश** ક્રમની દૃષ્ટિએ પર છે.

**એક સાથે (થવાનો) સંભવ નથી.**

બન્ને (यणादेश) એકીસાથે થાય તે સંભવિત નથી. તો પછી કેવી રીતે સિદ્ધ થાય છે? [162]

**બહિરંગને કારણે સિદ્ધ થાય છે.** [163]

'અંતરંગ કાર્ય કરવાનું હોય ત્યારે બહિરંગને કારણે થનાર કાર્ય અસિદ્ધ છે' એ (પરિભાષા)ને કારણે સિદ્ધ થાય છે.[164] એમ હોય તો પણ અહીં (**कर्त्र्यां** માં) જે ઉદાત્ત (ऋ-કાર)નો **यण्** થયો છે તેને કારણે (પ્રત્યયનો ઉદાત્ત) સ્વર થશે. **ई**-કારના **यण्** નું વ્યવધાન હોવાથી નહીં થાય.'સ્વરને

---

[160] ઉપર કહ્યાં તે પ્રકૃત સૂત્રનાં પ્રયોજનનાં ઉદાહરણ નથી એમ માનનારની આ દલીલ છે.

[161] **व्यवस्था**--પૂર્વ અને પર એ શબ્દો સાપેક્ષ છે, મર્યાદાની અપેક્ષા રાખે છે તેથી જે પર છે તેની અપેક્ષાએ પૂર્વ પૂર્વ થાય છે અને પૂર્વની અપેક્ષાએ પર પર થાય છે. આમ એક પૂર્વ અને બીજો પર એમ ક્રમસૂચક નિયમ તે **व्यवस्था** . તે દૃષ્ટિએ પર **यणादेश** પર છે તેથી **विप्रतिषेधे परम्।** એ નિયમ શબ્દને લાગુ પાડીને શબ્દવિપ્રતિષેધ પ્રમાણે જોતાં ઉચ્ચારણ ક્રમમાં પૂર્વ **यणादेश** પહેલો હોવા છતાં શાસ્ત્ર દૃષ્ટિએ પર **यणादेश** પર હોવાથી પ્રથમ થશે. **यणादेश** શાસ્ત્ર **इको यणचि।** તો એક જ છે તેમાં પૂર્વ અને પરનો પ્રશ્ન કેમ આવે અને ભિન્ન શાસ્ત્ર નથી પછી **विप्रतिषेधे०** નો આશ્રય કેવી રીતે લેવાય એમ કહેવું ઉચિત નથી, કારણ કે વ્યક્તિપક્ષમાં જેટલાં લક્ષ્ય તેટલાં લક્ષણ. અહીં પણ એક પૂર્વ **यण्** છે અને બીજો પર **यण्** છે તેથી શબ્દ- વિપ્રતિષેધ થઇ શકશે. વાસ્તવમાં અહીં **यण्** ની બાબતમાં, તેના સ્થળમાં પૌર્વાપર્ય છે પરંતુ તેનો લક્ષણ પર આરોપ કર્યો છે અને પરત્વને કારણે પર **यणादेश** પ્રથમ થશે.

[162] ચૌખં. (પૃ.૪૭૬) માં **न चास्ति यौगपद्येन संभवः।** એ વાક્ય પછી **कथं च सिध्यति।** એ પ્રશ્ન વાક્ય નથી. કારિકાના ત્રીજા ચરણના ભાષ્ય પછી આ પ્રશ્ન સ્વાભાવિક છે. જેનો ઉત્તર **बहिरङ्गेण सिध्यति।** એમ અંતિમ ચરણમાં આપ્યો છે. **युगपत्** એક સાથે. એજ **यण्** કાર્યી પણ હોય અને સાથે સાથે નિમિત્ત પણ હોય એ પરસ્પર વિરુદ્ધ છે. આદેશ હમેશાં (સ્થાનીને) સ્થાને થાય છે તેથી જ્યારે આદેશ થયો હોય ત્યારે સ્થાની (ત્યાં) હોતો નથી અને એ હોય તો જ નિમિત્ત થઇ શકે. આમ આદેશ રૂપે પણ હોવું અને સાથે સાથે નિમિત્ત રૂપે હોવું એ સંભવિત નથી.આથી બન્ને **यण्** એક સાથે થઇ જ ન શકે.તો પછી કાર્ય સિદ્ધ કેમ થશે ? એમ અહીં પ્રશ્નકર્તા કહેવા માગે છે.

[163] એટલે કે બહિરંગ પરિભાષાને પ્રતાપે સિદ્ધ થશે.આ પરિભાષા બે સ્વરૂપે મળે છે : **असिद्धं बहिरङ्गमन्तरङ्गे।** અને **असिद्धबहिरङ्ग- लक्षणमन्तरङ्ग- लक्षणे।** અહીં એમ કહેવા માગે છે કે **कर्त्र्यां** વગેરે રૂપો પ્રકૃત સૂત્રથી નહીં પણ આ પરિભાષાને કારણે સિદ્ધ થાયછે તેથી વિપ્રતિષેધ સૂત્રનો આશ્રય લેવાની પણ જરૂર નહીં રહે.

[164] ઉદાહરણનો પુરસ્કર્તા અંતરંગ પરિભાષાનો આધાર લીધા વિના જ સ્વરને સિદ્ધ કરવા માટે આ પ્રમાણે કહે છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લગતું કાર્યકરવાનું હોય ત્યારે વ્યંજન ન હોવા સમાન છે' એ (પરિભાષા)ને કારણે વ્યવધાન નહીં થાય.[165] તો પછી એ પરિભાષા કરવી પડશે.અમે કહીએ છીએ કે 'અંતરંગ ને કારણે કાર્ય કરવાનું હોય ત્યારે બહિરંગને કારણે થતું કાર્ય અસિદ્ધ છે.' એ

**बहुप्रयोजनैषा परिभाषा। अवश्यमेषा कर्तव्या। साचाप्येषा लोकतः सिद्धा। कथम्। प्रत्यङ्गवर्ती लोको लक्ष्यते। तद्यथा। पुरुषोऽयं प्रातरुत्थाय यान्यस्य प्रतिशरीरं कार्याणि तानि तावत्करोति ततः सुहृदां ततः संबन्धिनाम्। प्रातिपदिकं चाप्युपदिष्टं सामान्यभूतेऽर्थे वर्तते। सामान्ये वर्तमानस्य व्यक्तिरुपजायते। व्यक्तस्य सतो लिङ्गसंख्याभ्यामन्वितस्य**

(પરિભાષા) પણ કરવી પડશે.એ પરિભાષાનાં ઘણાં પ્રયોજન છે (તથી) તે અવશ્ય કરવી પડશે.[166] અને એ પરિભાષા તો લોક વ્યવહાર ઉપરથી સિદ્ધ થાય છે.[167] કેવી રીતે ? લોકો નજીક હોય તેને લગતું કાર્ય (પહેલાં) કરતા જોવામાં આવે છે.[168] તે એ રીતે કે માણસ સવારે ઊઠીને પહેલાં તો પોતાના શરીરને લગતાં જે કાર્ય હોય તે કરે છે.પછી મિત્રોનાં, ત્યારબાદ સંબંધીઓનાં. એ રીતે પ્રાતિપદિક પણ ઉપદેશ અવસ્થામાં સામાન્ય અર્થ બતાવે છે. સામાન્ય અર્થ [169]બતાવતાં તેમાં વ્યક્તિ (દ્રવ્ય) નો ઉદ્ભવ થાય છે.વ્યક્તિનો અર્થ થયા પછી લિંગ અને સંખ્યાયુક્ત એ

---

[165] સ્વરવિધિ એ સ્વરને ઉદ્દેશીને કરવામાં આવેલ વિધિ છે તેથી તેમની વચ્ચે આવતા વ્યંજનો નગણ્ય છે એટલે કે તેમનું વ્યવધાન લક્ષ્યમાં લેવામાં આવતું નથી કારણ કે ઉદાત્તાદિ સ્વર એ **अच्**ના ધર્મો છે **हल्**ના નહીં.

[166] **असिद्धं बहिरङ्गं०** એ પરિભાષા અવશ્ય કરવી જોઇએ કારણ કે તેનાથી કાર્ય સિદ્ધ થઇ જાય છે.આમ **कर्त्र्या हर्त्र्या** એ પ્રસ્તુત સૂત્રનાં ઉદાહરણો નથી ઉ. (પૃ.૪૭૪)માં **एवं च तयैव सिद्धत्वान्नैतदस्योदाहरणम्।** એમ કહ્યું છે.તે ઉપર છાયા(પા.ટી.૬) **अस्या उदाहरणम्** એમ પાઠ લઇને આ (**स्वरविधौ०** એ પરિભાષા) નું ઉદાહરણ નથી એમ સમજાવે છે.ત્યાં જ (એજન પા.ટી.૭ ) માં સંપાદક **अस्योदाहरणम्** એમ પાઠ લઇને **अस्य** એટલે **स्वरविधौ इति वचनस्य।** એમ સમજાવે છે.એમ લાગે છે કે ના. **अस्य** દ્વારા **अचः परस्मिन्०** એ પ્રસ્તુત સૂત્રને ઉલ્લેખે છે.આશય એમ છે કે આ **कर्त्र्या** એ આ સૂત્રનું ઉદાહરણ નથી,કારણ કે **असिद्धं बहिरङ्गं०** પરિભાષા દ્વારા તે સિદ્ધ થાય છે.આ અર્થને ભાષ્યકારના વચન અને તેમણે આપેલ ઉદાહરણ ઉપરથી પુષ્ટિ મળે છેઃ **अवश्यं चैषा परिभाषा आश्रयितव्या स्वरार्थं कर्त्र्या हर्त्र्येति।** અહીં પણ ભાષ્યકાર એ જ વાત કરે છેઃ **बहुप्रयोजनैषा परिभाषा। अवश्यमेषा कर्तव्या।**

[167] પરિભાષા મુખ્યત્વે ત્રણ પ્રકારની છેઃ વાચનિકી,ન્યાયસિદ્ધ અને જ્ઞાપકસિદ્ધ. આના પણ પેટા પ્રકાર છે.ન્યાયસિદ્ધના બે ભેદ છેઃ લૌકિકન્યાય સિદ્ધ અને શાસ્ત્રીયન્યાયસિદ્ધ.**असिद्धम्०** એ પરિભાષા લૌકિકન્યાય સિદ્ધ છે તેથી અહીં કહ્યું છેઃ **सा चाप्येषा लोकतः सिद्धा।** , કારણ કે તે લોકવ્યવહાર ઉપરથી થઇ છે.જો કે **वाह ऊठ्।** સૂત્રમાં જે **ऊठ्** નું ગ્રહણ કર્યુ છે તે આ પરિભાષાનું જ્ઞાપક છે તેમ પણ સ્વીકારવામાં આવ્યું છે. તે રીતે એ જ્ઞાપક સિદ્ધ પણ છે. જ્ઞાપકસિદ્ધનું **असिद्धं बहिरङ्गलक्षणमन्तरङ्गलक्षणे।** એ સ્વરૂપ છે અને લૌકિકન્યાયસિદ્ધનું **असिद्धं बहिरङ्गमन्तरङ्गे।** એ સ્વરૂપ છે.એમ વેદાંગપ્રકાશ(પારિભાષિક ભા.૧૦,પૃ.૨૩) માં સ્વા.દયાનંદ સૂચવે છે.

[168] **अङ्ग** શબ્દ પ્રત્યાસન્નવાચી છે,અત્યંત નજીકનો અર્થ બતાવે છે,કારણ કે અંગ અર્થાત્ અવયવો અંગી એટલે કે શરીરની અત્યંત નજીક રહેલ છે. તેથી અંગ શબ્દ લક્ષણાથી નજીક નો અર્થ બતાવે છે (**अङ्गमङ्गं प्रति प्रत्यङ्गम्।प्र०**).સંસારમાં સૌથી નજીક હોય એનો સૌ પ્રથમ ખ્યાલ આવે છે તેને લગતાં કાર્ય પ્રથમ કરવાની વૃત્તિ લોકોમાં જોવામાં આવે છે.તેથી મનુષ્ય પ્રથમ પોતાની જાતને લગતું ,પંડનું કાર્ય કરે છે કારણ કે તે સૌથી અંતરંગ છે.ત્યાર પછી મિત્ર,સંબંધી ઇત્યાદિને લગતા સ્વકાર્યની અપેક્ષાએ બહિરંગ કાર્યો કરે છે,કારણ કે એ બહારનાં કાર્યો છે. ,

[169] સર્વ પ્રથમ સામાન્ય અર્થાત્ જાતિનું જ્ઞાન થાય છે,પરંતુ તેને અનુલક્ષીને કાર્યો થઇ શકતાં નથી ,જેમ કે **गो** જાતિને આનયન,દોહન વગેરે કાર્યોનો વિષય કરી શકાતી નથી. તેથી જાતિ સાથે સંકળાએલ વ્યક્તિ એટલે કે દ્રવ્યનું જ્ઞાન થાય છે તેનો બોધ થયા પછી લિંગ,સંખ્યા,શક્તિ(કારક) નું જ્ઞાન થાય છે તેમાં પણ અન્ય પર આધારિત ન હોવાથી પ્રથમ લિંગની પ્રતીતિ થાય છે. સંખ્યા સજાતીય વસ્તુની અપેક્ષા રાખતાં **द्वित्व** વગેરેથી **एकत्व** વગેરેને જુદી પાડે છે. તે લિંગની દૃષ્ટિએ બહિરંગ છે છતાં કર્મ વગેરે કારક જે બાહ્ય વિજાતીય ક્રિયા પર આધારિત છે તેની અપેક્ષાએ અંતરંગ છે તેથી લિંગ પછી તેનું જ્ઞાન થાય છે.અને પછી કર્માદિ કારકનું જ્ઞાન થાય છે.આ પ્રક્રિયા શાસ્ત્રે કરેલ નિયમ મુજબનો ક્રમ છે,એટલે કે શાસ્ત્ર પ્રમાણે થતાં જે કાર્યો પ્રક્રિયાની સ્થિતિમાં આ રીતના કૃત્રિમ ક્રમપૂર્વક થયાય છે.શબ્દને પણ લૌકિક વ્યવહાર પ્રમાણે પ્રકૃતિ,પ્રત્યય એમ ભાગ કરીને સમજવાના હોય ત્યારે અનેક કાર્યો એકી સાથે પ્રાપ્ત થાય છે. તેથી ત્યાં ક્રમનો આશ્રય લેવો પડે છે.જેમ કે **पट्व्या** એ પદની સિદ્ધિ કરવાની હોય ત્યારે **पटु ई** આ એ સ્થિતિમાં **ई (ङीष्)** ને કારણે થતું **यण्** કાર્ય અને વિભક્તિ **आ(टा)** ને કારણે થતું **यण्** કાર્ય એ બન્ને યુગપત્ પ્રાપ્ત થાય છે.તેથી આ બે **यण्** આદેશ કાર્યમાંથી પ્રથમ કયું કરવું તે પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે.લૌકિક ન્યાય સૂચિત ક્રમ પ્રમાણે પૂર્વ **यण्** કાર્ય અંતરંગ છે તેથી તે પ્રથમ થશે અને પર **यण्** કાર્ય બહિરંગ છે તેથી પછી થશે. **मृद्व्या** ની શાસ્ત્ર દૃષ્ટિએ સિદ્ધિ કરતાં પ્રથમ પ્રાતિપદિક,પછી પ્રત્યય એમ ક્રમપૂર્વક વિશ્લેષણ કરીને સિદ્ધિ કરવી પડશે.તેથી **मृद्वी--मृदु--वातो गुणवचनात्०** થી વિકલ્પે **ङीष्--मृदु ई** એ સ્થિતિમાં પૂર્વ **यणादेश** પ્રથમ થશે કારણ કે તેનું નિમિત્ત ઉપસ્થિત છે પરંતુ પર **यणादेश** નું નિમિત્ત ઉપસ્થિત નથી તેનો અભાવ છે તેથી એ દૃષ્ટિએ


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

बाह्येनार्थेन योगो भवति। यथैव चानुपूर्व्यार्थानां प्रादुर्भावस्तथैव शब्दानामपि तद्वत्कार्यैरपि भवितव्यम्॥ इमानि तर्हि प्रयोजनानि। पटयति अवधीत् बहुखट्वकः॥ पटयति लघयतीति टिलोपे कृतेऽत उपधायाः इति वृद्धिः प्राप्नोति। स्थानिवद्भावान्न भवति ॥ अवधीदित्यकारलोपे कृतेऽतो हलादेर्लघोः इति विभाषा वृद्धिः प्राप्नोति। स्थानिवद्भावान्न भवति॥ बहुखट्वक इत्यापोऽन्यतरस्याम् इति ह्रस्वत्वे कृते ह्रस्वान्तेऽन्त्यात्पूर्वम् इत्येष स्वरः प्राप्नोति। स्थानिवद्भावान्न भवति॥

इह वैयाकरणः सौवश्व इति य्वोः स्थानिवद्भावादायावौ प्राप्नुतस्तयोः प्रतिषेधो वक्तव्यः।

(प्रातिपदिकना अर्थनो कर्मत्व वगेरे) बाह्य वस्तुसाथे संबंध थाय छे . (आम) जे क्रम प्रमाणे अर्थ व्यक्त थाय छे ते प्रमाणे शब्दोनुं पण ज्ञान थाय छे,[170] अने कार्यो पण ते रीते थवां जोइए.तो पछी आ पटयति , अवधीत् अने बहुखट्वः ए प्रयोजन छे. पटयति ,[171] लघयति (मां) णिच् पर थतां टि लोप कर्या पछी अत उपधायाः। थी वृद्धि थवानो प्रसंग आवे छे,पण स्थानिवद्‌भाव थवाथी नहीं थाय. अवधीत् मां[172] अ-कार लोप कर्या पछी अतो हलादेर्लघोः। प्रमाणे विकल्पे वृद्धि थवानो प्रसंग आवे छे. आवे छे, स्थानिवद्‌भावने कारणे नहीं थाय.बहुखट्वकः मां आपोऽन्यतरस्याम्। प्रमाणे ह्रस्व कर्या पछी ह्रस्वान्तेऽन्त्यात्पूर्वम्। प्रमाणे (उदात्त) स्वर थवानो प्रसंग आवे छे, [1]स्थानिवद्‌भावने कारणे नहीं थाय.

आ वैयाकरणः सौवश्वः मां[173] य् अने व् नो स्थानिवद्‌भाव थवाथी आय् , आव् थवानो प्रसंग आवशे तेनो प्रतिषेध करवो पडशे.

---

पर यणादेश असिद्ध गणाशे.अहीं बन्ने यणादेश युगपत् प्राप्त नथी ए जोइ शकाय छे अने ते संजोगमां पूर्वोपस्थापितनिमित्तकमन्तरङ्गम्। ए नियम लागु नहीं पडे. मृद्वी आ--मृद्वा सिद्ध थशे. आम होवाथी वाय्वोः मां वायु ओस् ए स्थितिमांयणादेश कर्या पछी वाय् व् ओस् ए स्थितिमां लोपोव्योर्वलि। थी य् लोप प्राप्त थाय छे.अहीं लोपनुं निमित्त(व्) पूर्वे रहेल छे अने यण् नुं निमित्त(ओ) पर छे तेथी तमने विशे अंतरंग -बहिरंग व्यवहार शक्य छे,परंतु बन्ने कार्य युगपत् प्राप्त नथी यण् कार्य प्रथम प्राप्त थाय छे अने लोप कार्य त्यार बाद प्राप्त थाय छे तेथी अंतरंग परिभाषा अहीं प्राप्त नथी माटे भाष्यकारे स्थानिवद्‌भावनो आश्रय लइने आ सूत्र व्दारा य् लोपनुं निवारण कर्युं छे.

[170] प्रादुर्भावः=ज्ञान (उ.) तेथी शब्दोनो अर्थात् शब्दोनो बोध करावनार स्त्रीप्रत्यय, विभक्ति वगेरेनुं पण ज्ञान थाय छे एम अर्थ छे.

[171] पटयति--पटुमाचष्टे ए अर्थमां (तत्करोति तदाचष्टे ए चुरादि गणसूत्र प्रमाणे) णिच्--सनाद्यन्ता धातवः। थी धातुसंज्ञा--पटु णिच् अ(शप्) लट् (ति) टेः। 'णाविष्ठवत्प्रातिपदिस्य कार्यं भवति।' (वा) थी टि लोप--पट् इ अ ति--सार्वधातुकार्ध० थी गुण--पट् ए ति --एचोऽयवायावः।--पटयति .अहीं पट् इ अति ए स्थितिमां अत उपधायाः। प्रमाणे उपधा वृद्धि प्राप्त थाय छे, परंतु टि (उ) लोप स्थानिवद् थाय तो पट् मांना अ-कारने उपधा नहीं गणी शकाय, परिणामे उपधा वृद्धि नहीं थइ शके.

[172] अवधीत्--हन् लुङ् (त्)--अहन् त्--लुङि च। थी वध आदेश--अवध त्--च्लि लुङि।--च्लेः सिच्।--अवध सिच्(स्) त्--अतो लोपः। थी आर्धधातुक पूर्वे अ-कारान्तना अ नो लोप अवध् स् त् उपदेशकाळे वध एक अच् युक्त (एकाच्) न होवाथी एकाच उपदेशे ऽनुदात्तात्। प्रमाणे इट् निषेध न थतां आर्धधातुकस्ये० थी इट्--अवध् इ स् त्--सिजन्त अंग पछी अपृक्त त् छे तेथी अस्तिसिचोऽपृक्ते। थी ईट्--अवध् इ स् ई --इट ईटि। थी स् लोप--अवध् इ ई त्--अवधीत् .अहीं वध् इ स् ई त् ए स्थितिमां परस्मैपदमां हलादि अंग वध् पछी ईडादि सिच् आव्यो छे तेथी अतो हलादेर्लघोः। थी तेना उपधा अ-कारनी वृद्धि थवानो प्रसंग आवे परंतु वध उपदेशकाळे हलन्त नथी पण अजन्त छे तेथी स्थानिवद्‌भाव थाय तो अतो लोप। प्रमाणे लुप्त थएल अ-कार अंते छे तेम समजाशे.परिणामे वध मां हलन्त होवाने कारणे थती वृद्ध नहीं थाय.

[173] वैयाकरणः--विशेषेण आक्रियन्ते शब्दाः अनेन। ए अर्थमां वि आ कृ धातुने करणना अर्थमां करणाधिकरणयोश्च। प्रमाणे ल्युट् लागीने व्याकरण शब्द थयो छे तेने व्याकरणमधीते वेत्ति वा। ए अर्थमां तदधीते तद्वेद। प्रमाणे अण् लागतां व्याकरण अण् ए स्थितिमां णित् प्रत्यय पर थतां अचो ञ्णिति। प्रमाणे आदि वृद्धि प्राप्त थाय छे परंतु व्या ए पूर्वपदान्ते य् छे (व्याकरण ए समासः गतिकारकोपपदानाम्० प्रमाणे थयो छे तेथी तेमां व्या पूर्वपद छे.) तेथी न य्वाभ्यां पदान्ताभ्यां पूर्वौ तु ताभ्यामैच्। थी वृद्धिनो बाध थइने अहीं य् नी पूर्वे ऐच् (ऐ) आगम थतां--व्याकरण अण् (अ)--व् ऐ य् आकरण--वैयाकरणः थाय छे. सौवश्वः--शोभनः अश्वः--सु अश्वः--स्वश्वः --स्वश्वस्य अपत्यम् ए अर्थमां शिवादिभ्योऽण्। थी अण्--स्वश्व अण् .अहीं णित् प्रत्यय पर थतां उपर प्रमाणे उ नी वृद्धि प्राप्त थतां न य्वाभ्यां० थी वृद्धि निषेध थइने पूर्व पदना व् पूर्वे ऐच् (औ)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अचः पूर्वविज्ञानादैचोः सिद्धम् ॥१॥

योऽनादिष्टादचः पूर्वस्तस्य विधिं प्रति स्थानिवद्भाव आदिष्टाच्चैषोऽचः पूर्वः। किं वक्तव्यमेतत्। न हि। कथमनुच्यमानं गंस्यते। अच इति पञ्चमी। अचः पूर्वस्य। यद्येवमादेशोऽविशेषितो भवति। आदेशश्च विशेषितः। कथम्। न ब्रूमो यत्षष्ठीनिर्दिष्टमज्ग्रहणं तत्पञ्चमीनिर्दिष्टं कर्तव्यमिति। किं तर्ह्यन्यत्कर्तव्यम्। अन्यच्च न कर्तव्यम्। यदेवादः षष्ठीनिर्दिष्टमज्ग्रहणं तस्य दिक्शब्दैर्योगे पञ्चमी भवति। अजादेशः परनिमित्तकः पूर्वस्यविधिं प्रति स्थानिवद्भवति। कुतः पूर्वस्य। अच इति। तद्यथा। आदेशः प्रथमानिर्दिष्टः। तस्य दिक्शब्दैर्योगे पञ्चमी भवति। अजादेशः परनिमित्तकः पूर्वस्य विधिं प्रति स्थानिवद्भवति। कुतः पूर्वस्य। आदेशादिति ॥

तत्रादेशलक्षणप्रतिषेधः ॥२॥

'अच् ની પૂર્વે રહેલને (કાર્ય કરતાં)' એમ સમજવાથી ऐच् (ને લગતો પ્રતિષેધ) સિદ્ધ થશે ॥૧॥

જેનો આદેશ ન થયો હોય તેવા (अनादिष्ट)[174] अच् ની પૂર્વે રહેલને લગતા કાર્યમાં સ્થાનિવદ્ભાવ થાય છે.જ્યારે આ (ऐच्) તો આદેશ થએલ (आदिष्ट) ની પૂર્વે છે. શું તે કહેવું પડશે ? ના રે. (તો પછી) કહ્યા વિના કેમ સમજાશે ? अचः એ પંચમી થશે (તેથી) 'अच् ની પૂર્વે રહેલને' એમ (અર્થ) સમજાશે.જો એમ હોય તો આદેશ વિશેષણરહિત થશે.[175] આદેશ પણ વિશેષણયુક્ત છે. કેવી રીતે ? અમે એમ નથી કહેતા કે (સૂત્રમાં) ષષ્ઠીનો નિર્દેશ કરીને જે अच् લીધો છે તેને પંચમી નિર્દિષ્ટ કરવો.તો પછી બીજું શું કરવું ? બીજું કંઇ કરવાનું નથી. જે ષષ્ઠી નિર્દિષ્ટ अच् નું ગ્રહણ કરવામાં આવ્યું છે તેનો દિક્શબ્દો સાથે સંબંધ થવાથી તે પંચમી થશે[176] (અને) પરનિમિત્તક अजा देश (તે अच्ની) પૂર્વે રહેલને લગતું કાર્ય કરવાનું હોય ત્યારે સ્થાનિવદ્ થાય છે (એમ સમજાશે). શેની પૂર્વે રહેલને ? આદેશની. તે એ રીતે કે એ પ્રથમા છે, તેનો દિક્શબ્દો સાથે સંબંધ થતાં તે પંચમી થશે. અને પરનિમિત્તક अजा देश (તે अच्ની) પૂર્વે રહેલને લગતું કાર્ય કરવાનું હોય ત્યારે સ્થાનિવદ્ થાય છે (એમ સમજાશે). કોનાથી પૂર્વે રહેલને ? આદેશની.

---

આગમ થતાં स्वश्च अण्--स् औ वश्च अण्--सौवश्वः થશે.આ બન્ને ઉદાહરણમાં ऐच् પછી આવતા यण् (य् / व् )નો સ્થાનિવદ્ભાવ થાય તો वैय् आकरणः/सौव् अश्वः માં एचोऽयवायावः। થી आय् /आव् થવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે.

[174] अनादिष्ट आदेशनम् आदिष्टम् અર્થાત્ આદેશ કરવો તે.આ ભાવવાચક નામો नपुंसके भावे क्तः। અને ल्युट् च। પ્રમાણે અનુક્રમે क्त અને ल्युट् થઇને બન્યાં છે. અહીં तत् (=आदिष्टम् અર્થાત્ આદેશ કરવો તે) यस्य नास्ति (=જેને નથી થયો) सः (તે) अनादिष्टः અર્થાત્ જેનો આદેશ નથી થયો તે अनादिष्ट.(કૈ.). અહીં कर्मणि क्तः। લેતાં अनादिष्टात् = अनादिश्यमाणात् (જેનો આદેશ કરવામાં આવતો નથી તે) એમ અર્થ ન થાય તે માટે आदेशनम् आदेशः એમ કૈ. સ્પષ્ટતા કરે છે, એટલે કે अनादिष्टम् માં નિષ્ઠા (क्त), भावे क्तः। છે. अनादिष्टात् એ બહુવ્રીહિમાં નિષ્ઠાન્તનો निष्ठा। પ્રમાણે પૂર્વનિપાત ન કરતાં પરનિપાત કર્યો છે,કારણ કે પૂર્વનિપાત પ્રાયિક છે,તે પ્રકરણ અનિત્ય છે.સ્થાનિવદ્ભાવ થવાનો હોય ત્યાં આદેશ તો થયો જ હોય તેમ છતાં અહીં अनादिष्टात् એમ કેમ કહ્યું છે? એ શંકાને લક્ષમાં રાખીને કૈ. કહે છે,' अच् નો આદેશ ન કર્યો હોય ત્યારે તેની પૂર્વે હોય તે' એમ અર્થ થશે.ટૂંકમાં અહીં પૂર્વત્વ આદિષ્ટ अच् ની સાથે લેવાનું છે.वैयाकरणः વગેરેમાં ऐच् અનાદિષ્ટ (અર્થાત્ =સ્થાની) इ વગેરેની પૂર્વે નથી પરંતુ આદેશ(आदिष्ट) य् ની પૂર્વે છે તેથી ત્યાં સ્થાનિવદ્ભાવ નહીં થાય.પરિણામે आय् વગેરે નહીં થાય.

[175] શંકાકાર કહે છે કે अचः ને ષષ્ઠ્યન્ત ગણીને તેને आदेशः ના વિશેષણ તરીકે લેવાથી अच् નો આદેશ એમ સમજાતું હતું. હવે अचः એ પંચમી ગણીને पूर्वस्य સાથે યોજ્યામાં આવે તો આદેશને વિશેષણ નહીં રહે.તેથી ગમે તે આદેશ પ્રસ્તુત સૂત્ર પ્રમાણે સ્થાનિવદ્ થવાનો પ્રસંગ આવશે.

[176] એટલે કે સૂત્રમાં अचः એ ષષ્ઠી નિર્દેશ છે છતાં પંચમીનો પણ અર્થ બતાવશે, કારણ કે અહીં पूर्व એ દિશાવાચી શબ્દ (दिक्शब्द ) છે તેથી તેની સાથે લેવાથી अन्यादारादितर० પ્રમાણે अचः એ પંચમી નિર્દેશ થશે અને अच् નો આદેશ એ અર્થમાં ષષ્ઠી નિર્દેશ પણ ગણાશે.વાસ્તવમાં અહીં બીજા એક પંચમ્યન્ત अचः શબ્દનો પ્રયોગ હોય તે ઇષ્ટ છે છતાં પંચમી અને ષષ્ઠી એ બન્ને વિભક્તિમાં अचः એ સમાન સ્વરૂપ છે તેથી આ યોજના કરી શકાશે એમ અહીં દલીલ છે. તે જ રીતે પ્રથમા નિર્દિષ્ટ આદેશનો પણ વિભક્તિ વિપરિણામ થઇને आदेशात् पूर्वस्य એમ સમજાશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાં આદેશ નિમિત્ત (કાર્ય)નો પ્રતિષેધ ॥૨॥

**तत्रादेशलक्षणं कार्यं प्राप्नोति तस्य प्रतिषेधो वक्तव्यः। वाय्वोः अध्वर्य्वोः। लोपो व्योर्वलि। इति यलोपः प्राप्नोति। असिद्धवचनात्सिद्धम्। अजादेशः परनिमित्तकः पूर्वस्य विधिं प्रत्यसिद्धो भवतीति वक्तव्यम्।**

**असिद्धवचनात्सिद्धमितिचेदुत्सर्गलक्षणानामनुदेशः ॥३॥**

**असिद्धवचनात्सिद्धमितिचेदुत्सर्गलक्षणानामनुदेशः कर्तव्यः। पट्व्या मृद्व्या ॥ ननु चैतदप्यसिद्धवचनात्सिद्धम्।**

ત્યાં આદેશને કારણે (જે) કાર્ય પ્રાપ્ત થાય છે તેનો પ્રતિષેધ કરવો જોઇએ. [177] **वाय्वोः अध्वर्य्वोः** માં **लोपो व्योर्वलि।** પ્રમાણે **य्** લોપ થવાનો પ્રસંગ આવે છે.(આદેશ) અસિદ્ધ હોય છે'એમ કહ્યું છે તેથી સિદ્ધ થાય છે,[178] (એટલે કે) પરનિમિત્તક **अजादेश** પૂર્વને લગતો વિધિ કરવાનો હોય ત્યારે અસિદ્ધ થાય છે' એમ કહેવું પડશે.

અસિદ્ધ છે એમ કહેવાથી સિદ્ધ થશે એમ હોય તો ઉત્સર્ગ નિમિત્ત (કાર્યો) નો અતિદેશ (કરવો પડશે) ॥૩॥ [179]

(આદેશ) અસિદ્ધ છે' એમ કહેવાથી સિદ્ધ થશે એમ કહેશો તો ઉત્સર્ગ(સ્થાની) ને કારણે થતાં કાર્યોનો અતિદેશ કરવો પડશે.[180] જેમ કે **पट्व्या , मृद्व्या**

પરંતુ અમે કહીએ છીએ કે અસિદ્ધ છે એમ કહેવાથી સિદ્ધ પણ થાય છે.[181]

---

[177] સ્થાનિવદ્ભાવ એ અતિદેશ છેઅને જ્યારે અતિદેશ કરવામાં આવે ત્યારે જેના ઉપર અતિદેશ કરવામાં આવે તેને અન્યને આશ્રયે રહેલ કાર્ય પ્રાપ્ત થાય છે.આમ અન્યનું અર્થાત્ સ્થાનીનું કાર્ય, અન્યને અર્થાત્ આદેશને પ્રાપ્ત થાય છે, પરંતુ તેથી આદેશનું જે સ્વગત પોતાનું , તેના સ્વરૂપને કારણે થતું જે કાર્ય હોય તે જતું રહેતું નથી. જેમ કે **वाय्वोः** માં **व्** એ **उ** નો આદેશ છે છતાં તે **वल्** મટી જતો નથી તેથી **लोपो व्योर्वलि।** પ્રમાણે **य्** લોપ થવાનો પ્રસંગ આવશે. તે ન થાય માટે આદેશના નિમિત્તે થતા કાર્યનો પ્રતિષેધ કરવો પડશે(**तत्रादेशलक्षणप्रतिषेधः**).પહેલાં **विधिग्रहणं स्वाश्रयनिवृत्त्यर्थम्।** વિધિગ્રહણ પોતાને કારણે થતું કાર્ય ન થાય તે માટે કર્યું છે એમ ભાષ્યકારે કહ્યું હતું છતાં અહીં આદેશને કારણે થતા કાર્યનો નિષેધ કરવો પડશે એમ કહ્યું છે કારણ કે અહીં વાર્તિકકારનું વચન છે, જ્યારે પહેલાં ભાષ્યકારનું-સિદ્ધન્તીનું વચન છે.તેમણે તો સિદ્ધ કર્યું જ છે કે સૂત્રમાં **विधि** ગ્રહણ કર્યુ છે તેથી સ્વવિધિ અર્થાત્ સ્વાશ્રય કાર્યમાં સ્થાનિવદ્ભાવ થતો નથી.

[178] નિ.સા.(પૃ.૪૩૬) ,ચૌખં, (પૃ.૪૭૭),યુમી.(પૃ.૬૭૭) , ચારુ.(પૃ.૫૫૯) માં **असिद्धवचनात्सिद्धम्।** એ વાક્યને વાર્તિક તરીકે આપ્યું છે.કિ., વાશા.માં તેમ નથી.પરંતુ ત્યાર પછીની **असिद्धवचनात्सिद्धमिति चेदुत्सर्गलक्षणानामनुदेशः ॥** વા.(૩) ઉપરથી લાગે છે કે એ પણ વાર્તિક જ હશે. ભાષ્ય કારની શૈલી પણ એ જ સૂચવે છે. અહીં એમ ભાવ છે કે આદેશ સ્થાનિવત્ થાય છે તેમ ન કહેતાં આદેશ અસિદ્ધ છે એમ કહેવાથી કાર્યસિદ્ધિ થશે.

[179] **उत्सर्ग**=સામાન્ય નિયમ પરંતુ અહીં સ્થાની સૂચવે છે (**उत्सृज्यते निवर्त्यते इति**) જેને તજી દેવામાં આવે છે, જે અટકી જાય છે તે ઉત્સર્ગ, કારણ કે જ્યારે અપવાદ પ્રવૃત્ત થાય છે ત્યારે ઉત્સર્ગની પ્રવૃત્તિ અટકી જાય છે. તે રીતે આદેશ થઇ જાય ત્યારે સ્થાની જતો રહે છે તેથી સ્થાનીને ઉત્સર્ગ કહ્યો છે .**उत्सर्गलक्षणः= उत्सर्गः(स्थानी) लक्षणं(निमित्तं)यस्य।** સ્થાની જેનું નિમિત્ત છે તેવાં (કાર્યોનો અનુદેશ એટલે કે અતિદેશ કરવો પડશે),એમ અર્થ છે.

[180] આદેશના અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવે તો ઉત્સર્ગ (સ્થાની) ને કારણે થતાં કાર્યોનો આદેશ વિશે અતિદેશ કરવો પડશે, કારણ કે તે મત પ્રમાણે આદેશ સ્થાનિવત્ નથી. આથી **पट्व्या** વગેરેમાં **पटु ई आ** એમ થતાં પર **यण्** આદેશ થઇને **पटु य् आ** એ સ્થિતિમાં **ई** નો જે **य्** થયો તે અસિદ્ધ હોવાથી તેની પર આવેલ **आ** ને કારણે જ પૂર્વ **यण्** (**उ** નો **व्**) આદેશ થઇ જશે.તેથી અતિદેશ કરવાની જરૂર નથી એમ ન કહી શકાય, કારણ કે અહીં માત્ર પૂર્વ વિધિ કરવાનો હોય ત્યાં આદેશને અસિદ્ધ કહ્યો છે , આનન્તર્યની દૃષ્ટિએ નહીં. તેથી **पटु य् आ** એ સ્થિતિમાં પૂર્વ **यण्** આદેશ નહી થઇ શકે કારણ કે વચ્ચે **य्** નું વ્યવધાન છે તેથી વિભક્તિ (**आ**) **पटु** ના **उ** ની અવ્યવહિત રીતે પર નથી,અનન્તર નથી. તેથી '**अचि परे**' એ શરત પૂર્ણ ન થવાથી **पट्व्या** સિદ્ધ નહીં થાય. પરંતુ સ્થાનીને કારણે થતા કાર્યનો આદેશને વિશે અતિદેશ કરવામાં આવે તો **ई** ને કારણે જે **यण्** થાય છે તે આદેશ **य्** પર હોવાથી પણ થઇને ઇષ્ટ રૂપ સિદ્ધ થશે.

[181] એટલે કે **यणादेश** શાસ્ત્ર( **इको यणचि।** એ સૂત્ર) ને અસિદ્ધ ગણવામાં આવે તો **पट्व्या** વગેરે સિદ્ધ થશે.**पटु ई आ--पटु य् आ** .હવે **यण्** કાર્યને નહીં પણ **इको यण्०** એ સૂત્રને જ અસિદ્ધ ગણતાં **य्** થયો જ નથી એમ સમજાશે તેથી પૂર્વ **यण्** થઇને **पट्व्या** થઇ શકશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

असिद्धवचनात्सिद्धमितिचेन्नान्यस्यासिद्धवचनादन्यस्य भावः ॥४॥

असिद्धवचनात्सिद्धमितिचेत्तन्न। किं कारणम्। नान्यस्यासिद्धवचनादन्यस्य भावः। न ह्यन्यस्यासिद्धवचनादन्यस्य प्रादुर्भावो भवति। न हि देवदत्तस्य हन्तरि हते देवदत्तस्य प्रादुर्भावो भवति॥

तस्मात्स्थानिवद्वचनमसिद्धत्वं च ॥५॥

तस्मात्स्थानिद्भावो वक्तव्योऽसिद्धत्वं च। पद्व्या मृद्व्येत्यत्र स्थानिवद्भावः। वाय्वोः अध्वर्य्वोरित्यसिद्धत्वम्॥

उक्तं वा ॥६॥

**किमुक्तम्। स्थानिवद्वचनानर्थक्यं शास्त्रासिद्धत्वादिति।**

અસિદ્ધ છે એમ કહેવાથી સિદ્ધ થાય છે એમ કહો તો (તેમ નથી કારણ કે ) એકને અસિદ્ધ કહેવાથી બીજા(કોઇ)નો ઉદ્ભવ થતો નથી ॥૪॥

(આદેશ) અસિદ્ધ છે એમ કહેવાથી સિદ્ધ થશે એમ કહેશો તો તેમ નથી. શા માટે (નથી) ? (કારણ કે) એક અસિદ્ધ થાય છે તેમ કહેવાથી કોઇ બીજાનો ઉદ્ભવ થતો નથી,[182] (એટલે કે) એક વસ્તુ અસિદ્ધ હોય તેથી અન્ય કોઇ વસ્તુ જન્મતી નથી, જેમકે દેવદત્તના હણનારને હણવાથી દેવદત્ત જન્મતો નથી.

તેથી સ્થાનિવદ્ (થાય છે) અને અસિદ્ધ (થાય છે તે)કહેવું પડશે ॥૫॥ [183]

તેથી (આદેશ) સ્થાનિવદ્ થાય છે તેમ કહેવું પડશે અને (આદેશ) અસિદ્ધ થાય છે તેમ (પણ) કેવું પડશે,(એટલે કે) **पद्व्या , मृद्व्या** માં સ્થાનિવદ્ભાવ થાય છે,[184] (જ્યારે ) **वाय्वोः अध्वर्य्वोः** માં (આદેશ) અસિદ્ધ છે (તેમ કહેવું પડશે)

અથવા તો કહ્યું છે ॥૬॥ [185]

શું કહ્યું છે ? સ્થાનિવદ્ થાય છે એમ કહેવાનો કોઇ અર્થ નથી, કારણ કે (તે) શાસ્ત્ર અસિદ્ધ છે એમ (કહ્યું છે).[186]

---

[182] કાર્યાસિદ્ધને આધારે આમ કહ્યું છે. આ મત પ્રમાણે સિદ્ધમાં અસિદ્ધનો આરોપ કરવામાં આવે છે તેથી લક્ષ્યમાં કાર્યની પ્રવૃત્તિ હોવી આવશ્યક છે, કારણ કે અધિષ્ઠાન વિના આરોપ સંભવિત નથી.ભાષ્યકારે **देवदत्तस्य हन्तरि हते०** એ ઉદાહરણ ઉદ્ધર્યુ છે તેથી અહીં અસિદ્ધ શબ્દ અભાવના અર્થમાં છે તેમ સમજાય છે.આથી **पद्व्या** માં **पटु ई आ--पटु य् आ** એ સ્થિતિમાં **य्** આદેશ દ્વારા **ई** એ સ્થાનીની નિવૃત્તિ કરવામાં આવી છે. હવે જો **य्** ને અસિદ્ધ ગણવામાં આવે--તેનો અભાવ સ્વીકારવામાં આવે તો તેથી નિવૃત્ત થએલ **ई** ની પ્રત્યાપત્તિ નહીં થાય, એટલે કે તે તેનું પોતાનું મૂળ સ્વરૂપ પુનઃ પ્રાપ્ત નહીં કરી શકે.પરિણામે **पद्व्या** સિદ્ધ નહીં થઇ શકે. કારણ કે એકને અસિદ્ધ કહેવાથી, એકનો(= આદેશનો) અભાવ છે તેમ સ્વીકારવાથી અન્યનો(=સ્થાનીનો) ભાવ થતો નથી. દેવદત્તને હણનારને હણી નાંખવાથી દેવદત્ત પુનર્જીવિત થતો નથી તેમ આદેશ **य्** નો અભાવ માનવાથી , તે અસિદ્ધ છે તેમ કહેવાથી નિવૃત્ત સ્થાની **ई** ફરી પ્રકટ થતો નથી. એમ આશય છે

[183] ચૌખં.(પૃ.૪૭૭ ) માં આ વા.નો 'असिद्धत्वं च' એટલો ભાગ નથી.ભાષ્યમાં છે તેથી વા. માં અવશ્ય હોવો જોઇએ. **षत्वतुकोरसिद्धः।** (૬-૧-૮૬) ઉપરના ભાષ્યમાં આ વા.(૪) કિ. પ્રમાણે જ આપી છે.વળી વા. (૬) ઉપર ના. કહે છેઃ **वचनद्वयकरणापेक्षो विकल्पः।** અને એ **वचनद्वय** અર્થાત્ **स्थानिवद्वचनम्** અને **असिद्धत्व(वचन)म्** એ નોંધ તેમણે **उक्तं वा॥** એ વા. માંના **वा** ને લક્ષમાં રાખીને કરી છે.

[184] સ્થાનિવદ્ભાવ થાય છે તેમ કહેવું પડશે જેથી **पद्व्या , मृद्व्या** સિદ્ધ થઇ શકે.અહીં **पटु य् आ** એ સ્થિતિમાં પર **यण्** આદેશ--**पटु य् आ** અહીં **य्** ને સ્થાનિવત્ ગણવાથી કાર્ય સિદ્ધ થશે.તે પ્રમાણે આદેશ અસિદ્ધ છે તેમ પણ કહેવું પડશે જેથી **वाय्वोः, अध्वर्य्वोः** સિદ્ધ થાય. **वाय् व् ओः** માં **व्** આદેશ અસિદ્ધ થતાં **लोपोव्यो०** પ્રમાણે **व्** લોપ નહીં થાય અને રૂપ સિદ્ધ થશે. ઉપર જે ઉદાહરણો આપ્યાં તેમાં **यण्** કાર્યને અસિદ્ધ સ્વીકારીને અર્થાત્ કાર્યાસિદ્ધત્વને આધારે રૂપ સિદ્ધિ કરી છે, પરંતુ હવે પછીની **उक्तं वा।** (વા.૬) માં શાસ્ત્રાસિદ્ધત્વનો આધાર લેવામાં આવ્યો છે.

[185] અહીં શાસ્ત્રાસિદ્ધત્વને આધારે ખુલાસો કર્યો છે. કાર્યાસિદ્ધત્વનો આધાર લેતાં જે દોષ આવે છે તે અહીં નહીં આવે, કારણ કે કાર્યને અસિદ્ધ ન માનતાં અહીં શાસ્ત્રને જ અસિદ્ધ માન્યું છે. તેથી સ્થાનીનો આદેશ થયો નથી તેમ ગણાશે એથી સ્થાનીને કારણે થતાં કાર્ય સિદ્ધ થઇ જશે અને આદેશને કારણે નહીં થાય. આમ બન્ને ને લગતાં કાર્ય વિશે સ્પષ્ટતા થઇ જાય છે.

[186] **उक्तं वा।** એટલે **षत्वतुकोरसिद्धः।** એ સૂત્ર ઉપરની વા. (૪) માં કહ્યું છે કે સ્થાનિવદ્ભાવ થાય છે એમ કહેવું જરૂરી નથી, કારણ કે શાસ્ત્ર જ અસિદ્ધ થાય છે. અહીં કાર્યને અસિદ્ધ ન માનતાં શાસ્ત્રને જ અસિદ્ધ માન્યું છે આ સૂત્રના ભાષ્યમાં અત્રેની વા. (૪) અને (૫ )પણ આપી છે. તે પછી **स्थानिवद्वचन०** વા.આપી છે.**अधीत्य** માં એકાદેશ દીર્ઘ થવા છતાં **ह्रस्वस्य पिति०** પ્રમાણે **तुक्** થયો છે. અહીં **अकः सवर्णे०** એ એકાદેશ શાસ્ત્રને અસિદ્ધ ગણતાં સ્થાનીની પ્રત્યાપત્તિ થવાથી હ્રસ્વ **इ** પ્રાપ્ત થશે તેથી **तुक्** આગમ થઇ શકશે.એ રીતે **वाय्वोः** માં શાસ્ત્રાસિદ્ધત્વ સ્વીકારતાં સ્થાની **उ** ની પ્રત્યાપત્તિ થતાં **वलादि** પર ન રહેતાં **लोपो व्यो०** પ્રાપ્ત નહીં થાય તેથી **य्** લોપ નહીં થાય અને ઇષ્ટસિદ્ધિ થશે, કારણ કે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विषम उपन्यासः। युक्तं तत्र यदेकादेशशास्त्रं तुक्शास्त्रेऽसिद्धं स्यात्। अन्यदन्यस्मिन्। इह पुनरयुक्तम्। कथं हि तदेव नाम तस्मिन्नसिद्धं स्यात्। तदेव चापि तस्मिन्नसिद्धं भवति । वक्ष्यति ह्याचार्यः। चिणो तग्रहणानर्थक्यं संघातस्याप्रत्ययत्वा- त्तलोपस्य चासिद्धत्वादिति। चिणो लुक् चिणो लुक्येवा- सिद्धो भवति।

कामममतिदिश्यातां वा सच्चापि नेह भारोऽस्ति।

कल्प्यो हि वाक्यशेषो वाक्यं वक्तर्यधीनं हि ॥

આ દૃષ્ટાન્ત સમાન નથી [187] (કારણ કે) ત્યાં એક શાસ્ત્રની દૃષ્ટિએ બીજું શાસ્ત્ર અસિદ્ધ હોય એટલે કે **तुक्** શાસ્ત્રની દૃષ્ટિએ એકાદેશ શાસ્ત્ર અસિદ્ધ થાય તે યોગ્ય છે, પરંતુ અહીં તો અયોગ્ય જ છે.(કારણ કે) એક જ શાસ્ત્ર પોતાની જ દૃષ્ટિએ કેમ ભલા અસિદ્ધ થાય ? પરંતુ તે જ શાસ્ત્ર પોતાની દૃષ્ટિએ અસિદ્ધ થાય છે. આચાર્ય (આગળ) કહેશે કે **चिण्** પછી (**त** નો) લોપ થાય છે તે (સૂત્ર)માં **त** (શબ્દ) મૂકવાનો અર્થ નથી,કારણ કે સંઘાત એ પ્રત્યય નથી અને લોપ અસિદ્ધ છે.[188] આમ અહીં **चिण्** પછી થતો લોપ **चिण्** પછી થતા લોપ વિશે જ અસિદ્ધ થાય છે.

અથવા તો સત્ અને અસત્નો ફાવે તેમ અતિદેશ કરો એમાં કોઇ દબાણ નથી, [189] કારણ કે વાક્ય તો વક્તાને અધીન છે તેથી વાક્યને પૂરૂં કરવા માટે તેનો શેષ ભાગ અવશ્ય કલ્પી શકાય.

---

અહીં શાસ્ત્ર જ અસિદ્ધ છે તેથી જાણે કાર્ય થયું જ નથી એમ સમજાશે. આથી સ્થાનીનો આદેશ નથી થયો તેમ ગણાશે.તેથી સ્થાની અનાદિષ્ટ હોવાથી તેના નિમિત્તે થતાં કાર્ય સિદ્ધ થશે અને આદેશ તેની જગાએ આવ્યો નથી એમ ગણાશે તેથી આદેશને કારણે કાર્ય થવાનો પ્રશ્ન જ નથી રહેતો.

[187] **षत्वतुकोरसिद्धः**। માં શાસ્ત્રાસિદ્ધત્વનો આશ્રય લીધો છે તે યોગ્ય છે, કારણ કે ત્યાં બે શાસ્ત્રોમાંથી એકને અસિદ્ધ ગણ્યું છે, જેમ કે **अधीत्य** માં **ह्रस्वस्यपिति०** થી **तुक्** પ્રાપ્ત થાય છે **अकः सवर्णे०** પ્રમાણે એકાદેશ થઇને દીર્ઘ **ई** પ્રાપ્ત થયો છે. તેથી **तुक्** ન થવાનો પ્રસંગ આવે પરંતુ બે શાસ્ત્રમાંથી એકાદેશ શાસ્ત્રને **षत्वतुको०** પ્રમાણે અસિદ્ધ ગણતાં એકાદેશ થયો જ નથી એમ સમજાશે અને સ્થાનીની પ્રત્યાપત્તિ થવાથી હ્રસ્વ **इ** પ્રાપ્ત થતાં **तुक्** આગમ થઇ શકશે. જયારે અહીં પ્રસ્તુત ઉદાહરણમાં **इको यण०** એ એક જ શાસ્ત્ર છે અને તે જ શાસ્ત્ર પોતાને વિશે અસિદ્ધ કેવી રીતે હોઇ શકે? તેથી કહે છે : **विषम उपन्यासः**। શાસ્ત્રનો એક જ વાર પાઠ કરવામાં આવે છે તેમ માનીને ઉપર પ્રમાણે દલીલ કરી છે, પરંતુ વિષય ભેદને કારણે, લક્ષ્યાનુસાર શાસ્ત્રનો ભેદ થાય છે એ દૃષ્ટિએ જોતાં અહીં પણ શાસ્ત્ર અસિદ્ધ થઇ શકશે.અહીં **पट्व्या** વગેરેમાં **यण्** શાસ્ત્રનાં બે લક્ષ્ય છે અને બન્ને વખતે એ શાસ્ત્ર જુદી જુદી વાર આવતાં એક જ **इकोयण०** શાસ્ત્ર લક્ષ્ય ભેદને કારણે ભિન્ન ગણાશે, બે છે તેમ સમજાશે. તેથી **इकोयण०** એ શાસ્ત્ર બીજા **इकोयण०** શાસ્ત્રની દૃષ્ટિએ અસિદ્ધ થશે.તેથી **पटु इ आ** એ સ્થિતિમાં **इकोयण०** એ શાસ્ત્ર પ્રમાણે પર **यण्** કાર્ય થઇને **पटु य् आ** એમ થતાં એ શાસ્ત્રને અસિદ્ધ ગણવાથી પર **यण्** થયો જ નથી એમ સમજાશે.તેથી બીજી વાર **इको यण०** શાસ્ત્ર લાગુ પડતાં પૂર્વ **यण्** આદેશ થઇને **पट्व्या** સિદ્ધ થશે.અહીં એ જ શાસ્ત્ર પોતાની દૃષ્ટિએ અસિદ્ધ થયું.

[188] એ જ શાસ્ત્ર પોતાની દૃષ્ટિએ અસિદ્ધ થાય છે તેના સમર્થનમાં વાર્તિકકારને ઉદ્ધરે છે.**चिणो लुक्**। **चिण्** પછીના **त** નો લોપ થાય છે,પરંતુ **त** લોપ અસિદ્ધ હોવાથી તે જ સૂત્ર પ્રમાણે **अकारितराम्** માં **तराम्** નો લોપ નહીં થાય અહીં પ્રશ્ન થાય કે સૂત્રમાં **त** નું ગ્રહણ નથી કર્યું તેથી **ततराम्** એ પ્રત્યયભૂત સમુદાયનો એક સાથે લોપ થાય છે કે ક્રમપૂર્વક થાય છે? **ततराम्** એ પ્રત્યય નથી સંઘાત છે અને **लुक्** તો **प्रत्ययस्य लुक्श्लुलुपः**। પ્રમાણે પ્રત્યયનો થાય છે તેથી સંઘાતનો લોપ નહીં થાય. ક્રમપૂર્વક પણ નહીં થાય, કારણ કે **त** લોપ અસિદ્ધ છે. આમ **तराम्** ને લોપ નહીં થાય. અહીં પણ એક જ **चिणो लुक्**। શાસ્ત્રને'લક્ષણ પ્રતિલક્ષ્ય ભિન્ન થશે' એ ન્યાયે તેમની વચ્ચે વિષય-વિષયિભાવ થશે. તેથી **तराम्** કરવાનો હોય ત્યારે એજ **लुक्** શાસ્ત્ર પોતાની જ દૃષ્ટિએ અસિદ્ધ થશે.જેમ **चिणो लुक्**। માં એક શાસ્ત્ર પોતાની પ્રત્યે અસિદ્ધ થાય છે તેમ અહીં પણ થશે, એટલે કે લક્ષણ પ્રતિલક્ષ્ય ભિન્ન થશે અને કાર્ય સિદ્ધ થશે.

[189] જેમ ભાવ (**सत्** =અસ્તિત્વ ધરાવનાર) નો અતિદેશ કરવામાં આવે છે તેમ અભાવ (**असत्** =અસ્તિત્વ ન ધરાવનાર ) નો પણ અતિદેશ થશે. તેમ કરતાં કંઇ ભાર પડતો નથી એટલે કે સૂત્રમાં એટલું વધારે કહેવું નહીં પડે તેથી **विधि** શબ્દનું સૂત્રમાં ગ્રહણ ન કર્યું હોય તો પણ અભાવનો અતિદેશ થઇ શકશે, કારણ કે વિધિનો બોધ માત્ર અધ્યાહારથી થશે. અહીં **अधीन** શબ્દ અવ્યુત્પન્ન પ્રાતિપદિક છે તેથી **वक्तरि अधीनम्** એમ પ્રયોગ થઇ શક્યો છે. નહીં તો **वक्तरि अधि** એ વિગ્રહ વાક્યનો સમાસ કરતાં (**अधि** નો **शौण्डादि** ગણમાં પાઠ છે તેથી) **सप्तमी शौण्डैः**। પ્રમાણે **वक्त्रधीनम्** એમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवा वतिनिर्देशोऽयं कामचारश्च वतिनिर्देशे वाक्यशेषं समर्थयितुम् । तद्यथा । उशीनरवन्मद्रेषु यवाः । सन्ति न सन्तीति । मातृवदस्याः कलाः । सन्ति न सन्तीति । एवमिहापि स्थानिवद्भवति स्थानिवन्न भवतीति वाक्यशेषं समर्थयिष्यामहे । इह तावत्पद्व्या मृद्व्येति यथा स्थानिनि यणादेशो भवत्येवमादेशेऽपि भवति । इहेदानीं वाय्वोः अध्वर्य्वोरिति यथा स्थानिनि यलापो न भवत्येवमादेशेऽपि न भवति ॥ किं पुनरनन्तरस्य विधिं प्रति स्थानिवद्भाव आहोस्वित्पूर्वमात्रस्य । कश्चात्र विशेषः ।

अनन्तरस्य चेदेकाननुदात्तद्विगुस्वरगतिनिघातेषूपसंख्यानम् ॥७॥

અથવા આ वत् દ્વારા નિર્દેશ કર્યો છે અને वत् દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો હોય ત્યારે વાક્યનો શેષ ભાગને મન ફાવે તેમ (પૂરો) કરી શકાય, જેમ કે ' उशीनरवद् मद्रेषु यवाः । (ઉશીનર જેવા મદ્રમાં યવ' અહીં) 'છે કે નથી' (એમ ઇચ્છા મુજબ શેષપૂરણ થઇ શકે) 'मातृवदस्याः कलाः । મા જેવી આ (કન્યા)માં કળા, 'છે કે નથી' એમ (ઇચ્છા મુજબ શેષપૂરણ થઇ શકે) તેમ અહીં પણ 'સ્થાનિવદ્ થાય છે' ,'સ્થાનિવદ્ થતો નથી' એમ (કહીને) વાક્યના બાકીના ભાગને (પૂરો)કરીશું.[190]તો પછી पद्व्या , मृद्व्या માં સ્થાની પર હોય ત્યારે यण् આદેશ થાય છે, તેમ આદેશ પર હોય છે ત્યારે પણ થાય છે.આ वाय्वोः अध्वर्य्वोः માં પણ સ્થાની પર હોય ત્યારે य લોપ નથી થતો તેમ આદેશ પર હોય ત્યારે પણ નથી થતો.[191]
તો હવે આજે સ્થાનિવદ્ભાવ થાય છે તે અવ્યવહિત રીતે પૂર્વ રહેલને લગતા વિધિમાં થાય છે કે પછી (વ્યવહિત કે અવ્યવહિત )ગમે તે રીતે પૂર્વે રહેલને (વિશે થાય છે) ? [192] એમાં શો ફેર છે ?

અવ્યવહિત રીતે પૂર્વ હોય તેને લગતા (કાર્ય)માં (સ્થાનિવદ્ભાવ) થાય છે એમ કહેશો તો એકાનનુદાત્ત, દ્વિગુસ્વર અને ગતિનિઘાતમાં પણ (સ્થાનિવદ્ભાવ) થાય છે તેમ તેમ કહેવું પડશે ॥૭॥ [193]

---

સમાસ થાત, પણ અહીં अधि ઉત્તર પદ છે તેથી अषडक्षाशितंग्वलंकर्मालंपुरुषाध्युत्तरपदात्खः । પ્રમાણે ख થઇને अधीन થશે. અહીં અવ્યુત્પન્ન अधीन શબ્દ 'આયત્ત, ની સત્તા નીચે' એ અર્થમાં છે.

[190] ઉપમાનભૂત ઉશીનર દેશમાં યવ થાય છે એમ વક્તા જાણતો હોય તો 'તેમ મદ્રદેશમાં' એ વાક્યની શેષપૂર્તિ 'થાય છે' એમ ભાવ રૂપે થશે, પરંતુ ઉપમાનમાં યવ થતા નથી એમ વક્તા જાણતો હોય તો ત'નથી થતા' એમ અભાવ રૂપે શેષપૂર્તિ થશે. તે રીતે સૂત્રમાં स्थानिवत् એમ કહીને જે અતિદેશ કર્યો છે તેમાં લક્ષ્ય પ્રમાણે લક્ષણ ભિન્ન સ્વરૂપે લેવાશે. તેથી કોઇ વાર, જેમ કે पद्व्या , मृद्व्या જેવાં લક્ષ્યમાં '(આદેશ સ્થાનિવત્) થાય છે' એમ કહીને શેષ પૂર્તિ કરે તે ભાવાતિદેશ થશે અને કોઇ વાર, જેમ કે वाय्वोः, अध्वर्य्वोः જેવાં લક્ષ્યમાં '(આદેશ સ્થાનિવત્) થતો નથી' એમ પૂર્તિ કરે તે અભાવાતિદેશ થશે.પહેલાં અસિદ્ધવચન દ્વારા સિદ્ધિ કરી હતી તેને બદલે અહીં સૂત્રમાં સ્થાનિવદ્ભાવનું વિધાન છે તેનું સમર્થન કર્યું છે. [સર.:चोलवत् काश्मीरेषु व्रीहयः । (ભાવાતિદેશ) मरुभूमिवदस्मिन्प्रदेशे जलम् । (અભાવાતિદેશ).પ૬.]

[191] સૂત્રમાં स्थानिवत् એમ કહ્યું છે તેથી ઉપમાનભૂત સ્થાનીને કારણે જે થાય છે તે ઉપમેયભૂત આદેશને કારણે થાય એમ સમજાશેઅર્થાત્ સ્થાનીના ધર્મનો આદેશ વિશે અતિદેશ થશે. તેથી पद्व्या વગેરેમાં સ્થાની પર હોવાથી (यणादेश રૂપી) જે કાર્ય થાય તે આદેશ પર થતાં પણ થાય. એ ભાવાતિદેશથયો. જ્યારે वाय्वोः વગેરેમાં સ્થાની પર હોવાથી (य् લોપ રૂપી) જે કાર્ય ન થાય તે આદેશ પર થતાં પણ ન થાય. એ અભાવતિદેશ થશે.

[192] લોકવ્યવહાર તેમ જ શાસ્ત્રમાં पूर्व અને पर શબ્દો અનન્તર રહેલ તેમ જ અનન્તર રહેલ ન હોય માટે, વ્યવહિત રીતે કે અવ્યવહિત રીતે પૂર્વ કે પર રહેલ માટે પ્રયોજાતા જોવામાં આવે છે पूर्वं मथुरायाः पाटलिपुत्रम् । અહીં વ્યવહિત પૂર્વનો અર્થ સમજાય છે, अमीषां ब्राह्मणानामन्त्यात्पूर्वमानय । એમ કહેવામાં આવે ત્યારે અંત્યથી અનન્તર, અવ્યવહિત રીતે પૂર્વે રહેલ એમ અર્થ સમજાય છે.શાસ્ત્રમાં छन्दसि परेऽपि । व्यवहिताश्च । (૧-૪-૮૦--૮૧) એમ કહ્યું છે તેથી સમજાય છે કે પૂર્વ, પર શબ્દો મુખ્યત્વે અવ્યવહિત રીતે પૂર્વ કે પરના અર્થમાં પ્રયોજાય છે. ભાષ્યકારે पूर्वं मथुरायाः० એ દૃષ્ટાન્ત આપીને કહ્યું છે કે પૂર્વ શબ્દ વ્યવહિતના અર્થમાં પણ પ્રયોજાય છે. તેમ છતાં પૂર્વ શબ્દનું પ્રતિપાદન કરતી વાર્તિક પ્રસ્તુત કરવા માટે અહીં પ્રશ્ન કર્યો છે કે પૂર્વ શબ્દ તો અનન્તર અને અનનન્તર બન્ને માટે પ્રયોજાય છે તો તમે પૂર્વ શબ્દને કંઇ રીતે ઘટાવો છો ?

[193] एकाननुदात्त પદ દ્વારા તેને કારણે થતો નિઘાત સૂચવાય છે. न अनुदात्तः अननुदात्तः જે અનુદાત્ત નથી તે અર્થાત્ ઉદાત્ત કે સ્વરિત.एकः अननुदात्तः यस्मिन् सः एकाननुदात्तः (स्वरः), જેમાં એક અનનુદાત્ત(=ઉદાત્ત કે સ્વરિત) સ્વર હોય તે.હવે अनुदात्तं पदमेकवर्जम् । પ્રમાણે એક પદમાં સામાન્યતઃ એક એક ઉદાત્ત કે સ્વરિત હોય.लुनीहि માં सेर्ह्यपिच्च । પ્રમાણે लोट् માં सि ને સ્થાને થએલ हि ને સૂત્રમાં अपित् કર્યો હોવાથી સ્થાનિવદ્ભાવથી पित् નથી થતો તેથી अनुदात्तौ सुप्पितौ । પ્રમાણે અનુદાત્ત ન થતાં પ્રત્યય સ્વરથી એટલે કે आद्युदात्तश्च । પ્રમાણે ઉદાત્ત થશે. હવે लुनीहि अत्र


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अनन्तरस्य चेदेकानुदात्तद्विगुस्वरगतिनिघातेषूपसंख्यानं कर्तव्यम्॥ एकाननुदात्त। लुनीह्यत्र पुनीह्यत्र। अनुदात्तं पदमेकवर्जम् इत्येष स्वरो न प्राप्नोति॥ द्विगुस्वर। पञ्चारत्न्यः दशारत्न्यः। इगन्तकाल इत्येष स्वरो न प्राप्नोति॥ गतिनिघात। यत्प्रलुनीह्यत्र यत्प्रपुनीह्यत्र। तिङि चोदात्तवति इत्येष स्वरो न प्रप्नोति॥**

**अस्तु तर्हि पूर्वमात्रस्य।**

જો અનન્તર (અર્થાત્ અવ્યવહિત રીતે પૂર્વે રહેલ) ને (લગતા કાર્યમાં સ્થાનિવદ્‌ભાવ થાય છે) એમ કહેશો તો એકાનનુદાત્ત, દ્વિગુસ્વર અને ગતિનિધાતમાં પણ (સ્થાનિવદ્‌ભાવ થાય છે તેમ કહેવું પડશે. **एकाननुदात्त** (એક અનુદાત્ત ન હોય તે)—**लुनीह्यत्र। पुनीह्यत्र** માં **अनुदात्तं पदमेकवर्जम्।** પ્રમાણે (થતો) સ્વર ન થવાનો પ્રસંગ આવે છે.**द्विगुस्वर–पञ्चारत्न्यः। दशारत्न्यः** અહીં **इगन्तकाल०** પ્રમાણે થતો (પ્રકૃતિ)સ્વર ન થવાનો પ્રસંગ આવે છે.**गतिनिघात– यत्प्रलुनीह्यत्र। यत्प्रपनीह्यत्र** માં **तिङि चोदात्तवति।**પ્રમાણે થતો (નો નિઘાત=અનુદાત્ત)સ્વર ન થવાનો પ્રસંગ આવે છે.

તો પછી પૂર્વમાત્રને (લગતા કાર્યમાં સ્થાનિવદ્‌ભાવ) ભલે થાય.

**पूर्वमात्रस्येति चेदुपधाह्रस्वत्वम्॥८॥ ***

**पूर्वमात्रस्येति चेदुपधाह्रस्वत्वं वक्तव्यम्। वादितवन्तं प्रयोजितवा् अवीवदद्वीणाः परिवादकेन। किं पुनः कारणं नसिद्ध्यति।योऽसौ णौ णिर्लुप्यते तस्य स्थानिवद्भावाद् ह्रस्वत्व न प्राप्नोति॥**

---

માં हि ઉદાત્ત હોવાથી **लुनी** એ શેષ ભાગનો નિઘાત થશે પરંતુ પૂર્વનો અર્થ અવ્યવહિત રીતે પૂર્વે રહેલ એમ લેવામાં આવે તો **लनीह्यत्र** એમ **यण्** કાર્ય થતાં **यू** આદેશને સ્થાનિવત્ ગણવામાં આવે તો પણ **लुनी आदेश य्** ની અવ્યવહિત રીતે પૂર્વ નથી તેથી નિઘાત નહીં થાય, કારણ કે ह-કારનું વ્યવધાન છે . **द्विगुस्वर--पञ्च अरत्नयः प्रमाणमस्य पञ्चारत्निः।** એ **तद्धितार्थोत्तरपदसमाहारे च।** પ્રમાણે સમાસ થઇને **संख्यापूर्वो द्विगुः।** થી દ્વિગુ સંજ્ઞક થયો.અહીં પ્રમાણના અર્થમાં **प्रमाणे द्वयसज्दघ्नञ्मात्रचः।** થી **मात्रच्** તદ્ધિત લાગ્યો હતો તેનો **प्रमाणे लो वक्तव्यः। द्विगोर्नित्यम्।**(વા)[કા.પ્રમાણે,**प्रमाणे** લઃ। સિ.કૌ.પ્રમાણે. અષ્ટા.(૫-૨-૩૭ )] લોપ થયો છે.**जस्** થતાં **पञ्चारत्नि अस्** એ સ્થિતિમાં **जसि च।** થી ગુણ પરંતુ **जसादिषु छन्दसि वावचनं प्राग्णौ चङ्युपधाया ह्रस्व इत्येतस्मात्।** (વા) થી વિકલ્પ થવાથી ગુણ ન થતાં **इको यण्०** થી **यण्** થયા પછી **पञ्चारत्न्यः॥** અહીં અંતે **इक्** નથી રહેતો તેથી **इगन्तकालकपालभगालशरावेषु द्विगौ।** પ્રમાણે પૂર્વપદ પ્રકૃતિ સ્વર ન થવાનો પ્રસંગ આવશે એટલે કે પૂર્વપદ **पञ्चन्** ને **त्रः संख्यायाः।** એ ફિટ્‌સૂત્ર પ્રમાણે જે આદ્યુદાત્ત થાય છે તે પ્રકૃતિ સ્વર થઇને **पञ्चारत्न्यः , दशारत्न्यः** એમ નહીં થાય,કારણ કે અહીં સ્થાનિવદ્‌ભાવ નહીં થાય.[જુઓ **न पदान्त०** વા.(૧)સ્વરવિધિમાં લોપ સિવાયનો **अजादेश** સ્થાનિવત્ થાય છે તેથી સ્વર થશે.] **गतिनिघात**=ગતિનો નિઘાત.**यत्प्रलुनीह्यत्र** વગેરેમાં**यत्** નિપાતનો **तिङन्त** પૂર્વે પ્રયોગ છે તેથી **निपातैर्यद्यदि०** થી નિષેધ થવાથી **तिङन्त** નો નિઘાત નથી થયો, પરંતુ **यत् प्रलुनीहि अत्र** એ સ્થિતિમાં **यण्** કાર્ય થતાં ઉદાત્ત **इ(हि) (एकाननुदात्त** ઉપર નોંધ ૧૯૪) ન રહેતાં એટલે કે ઉદાત્ત **तिङन्त** પર ન હોવાથી **तिङि चोदात्तवति।** પ્રમાણે ગતિ **प्र** નિઘાત નહીં થઇ શકે, કારણ કે પ્રસ્તુત વાર્તિકમાં અવ્યવહિત રહેલને કાર્ય કરવાનું હોય ત્યાં સ્થાનિવદ્ ભાવ થશે તેમ સ્વીકાર્યું છે પણ **यण्** આદેશ **प्र** ની અવ્યવહિત રીતે પર ન હોવાથી આદેશ **य्** એ સ્થાની **इ** છે તેમ નહીં સમજાય તેથી **प्र** નિઘાત નહીં થાય એમ દલીલ છે.પરંતુ પૂર્વે રહેલ અનન્તર ન હોય તેને લગતાં કાર્યમાં પણ સ્થાનિવદ્‌ભાવ થતો હોય તો **प्र** એ ગતિનો નિઘાત થઇ શકશે તેથી કહે છે કે ઉપર જણાવેલ કાર્યોમાં દોષ ન આવે તે માટે એ સર્વમાં અવ્યવહિત રહેલ ન હોય તેને કાર્ય કરવાનું હોય તો પણ સ્થાનિવદ્‌ભાવ થશે એક કહેવું પડશે.

Jain Education International

For Personal & Private Use Only
www.jainelibrary.org

પૂર્વમાત્રને (લગતા કાર્યમાં)એમ કહેશો તો ઉપધા હ્રસ્વ થાય છે તેમ કહેવું પડશે॥૮॥

પૂર્વમાત્રને એમ કહેશો તો ઉપધા હ્રસ્વ થાય છે તેમ કહેવું પડશે.[194] જેણે (વીણા) વગાડેલી છે તેને (કોઇએ) પ્રયોજિત કર્યો (એ અર્થમાં) **अवीवदद् वीणां परिवादकेन** ।(અહીં સ્થાનિવદ્ભાવ થવાથી ઉપધાનો હ્રસ્વ ન થવાનો પ્રસંગ આવે છે).પરંતુ (હ્રસ્વ) સિદ્ધ ન થવાનું કારણ શું છે ? (અહીં) જે **णि** પર થતાં **णि** નો લોપ થાય છે તેનો સ્થાનિવદ્ભાવ થવાથી (ઉપધાનો) હ્રસ્વ આદેશ ન થવાનો પ્રસંગ આવે છે.

**गुरुसंज्ञा च ॥९॥**

**गुरुसंज्ञा च न सिद्ध्यति। श्लेष्मा ३ घ्न। पित्ता ३ घ्न। दा ३ ध्यश्च। मा ३ ध्वश्च। हलोऽनन्तराः संयोगः इति संयोगसंज्ञा संयोगे गुरु इति गुरुसंज्ञा गुरोरिति प्लुतो न प्राप्नोति। ननु च यस्याप्यनन्तरस्य विधिं प्रति स्थानिवद्भावस्तस्याप्यनन्तरलक्षणो विधिः संयोगसंज्ञा विधेया॥**

---

[194] પૂર્વમાત્રને એટલે વ્યવહિત કે અવ્યવહિત ગમે તે રીતેપૂર્વે રહેલને. જેને કાર્ય કરવાનું હોય તેની અને સ્થાનીની વચ્ચે કોઇ વ્યવધાન હોય છતાં તેનો આદેશ સ્થાનિવદ્ થાય છે એમ સ્વીકારવામાં આવે તો **अवीवदद्वीणाम्०** માં ઉપધાનો હ્રસ્વ એટલે કે **वाद्** ને **वद्** થાય છે તેમ કહેવું પડશે.

* [ચૌખં.(પૃ. ૪૭૯) માં આ વાર્તિકને સ્થાને તે ઉપરનું ભાષ્ય વાક્ય ન આપતાં તેને જ વાર્તિક તરીકે આપીને નોંધ્યું છે **इतः पूर्वं ' पूर्वमात्रस्येति चेदुपधाह्रस्वत्वम् ' इत्यधिकः पाठः ग.च. पस्तकयोः** । વાસ્તવમાં વાર્તિક રજુ કરવાની મહાભાષ્યકારની શૈલી જોતાં લાગે છે કે એ વાક્ય વાર્તિક છે એને તે પછીનું ભાષ્યકારનું વચન છે.પાટી.(૪)] **अवीवदत्—वद् (लुङ्)** ના પ્રેરક ના પ્રેરકનું ત્રી.પુ.એ.વ.નું રૂપ છે અહીં **वद्** ને **हेतुमति च**। થી **णिच्-- अत उपधा०** થી વૃદ્ધિ--**वाद् णिच्** એ સ્થિતિમાં જેણે વગડાવ્યું છે તે **(वादितवन्तम्)** ને પ્રેર્યો **(प्रयोजितवान्)** એ અર્થમાં ફરી **हेतुमति च**। થી **णिच्** થતાં **वाद् णिच् णिच्** એ સ્થિતિમાં **लुङ्** નું રૂપ કરતાં**च्लि लुङि**। થી **च्लि-- णिश्रिद्रुस्रुभ्यः०** થી **च्लि** નો **चङ्--वाद् णिच् णिच् चङ् तू--णेरनिटि**। થી પૂર્વ **णि** નો લોપ--**णौ चङ्युपधायाः०** થી હ્રસ્વ પ્રાપ્ત થાય છે અને **चङि** થી દ્વિત્વ તેમાં પર હોવાથી હ્રસ્વ, પછી દ્વિત્વ--**हलादिः०** થતાં--**ववद् णि अ त्** અહીં જેની પછી **चङ्** છે તેવા **णि** પૂર્વે રહેલ અંગ **ववद्** માં અભ્યાસ પછી લઘુ આવેલ છે તેથી **सन्वल्लघुनि चङ्परे०** થી સન્વદ્ભાવ **णेरनिटि**। થી **णि** લોપ-- **सन्यतः**। થી અભ્યાસના **अ** નો **इ--विवद् अ त्--दीर्घो लघोः**। થી લઘુ **इ** નો દીર્ઘ--**लुङ्लङ्लृङ्क्ष्वड्०** થી **अट्** આગમ થતાં **अवीवदत्** થશે.

હવે પૂર્વમાત્રને એટલે કે વ્યવહિત રીતે પૂર્વ હોય તેને લગતા કાર્યમાં સ્થાનિવદ્ભાવ થાય છે એમ સ્વીકાર્યું છે તેથી **वाद् णिच् अत्** એ સ્થિતિમાં જે પૂર્વ **णिच्** નો લોપ થયો છે તે હ્રસ્વ વિધિમાં સ્થાનિવત્ થાય તો હ્રસ્વ નહીં થઇ શકે, કારણ કે સૂત્રમાં **णौ चङि** અર્થાત્ જેની પછી **चङ्** હોય તેવો **णि** પર થતાં ઉપધાનો હ્રસ્વ થાય છે પરંતુ અહીં તો સ્થાનિવદ્ભાવ થવાથી **वाद् (णिच्) णिच् अत्** એમ સમજાશે તેથી જેની પછી **चङ्** છે તે બીજો **णिच्** છે તેની પૂર્વે ઉપધા નથી અને જેની પૂર્વે ઉપધા છે તે પૂર્વ **णिच्** પછી **चङ्** નથી તેથી **णौ चङि०** સૂત્ર કાર્યશીલ ન થતાં ઉપધા હ્રસ્વ નહીં થઇ શકે તેમ ભાવ છે.આ બાબતમાં કા.કહે છેઃ **ण्याकृतिनिर्देशात्सिद्धम्**। અર્થાત્ સૂત્રમાં **णि** શબ્દ વ્દારા **णि** આકૃતિનું- **णित्व** જાતિનો નિર્દેશ છે એમ સમજવાનું છે તેથી સ્થાનિવદ્ભાવ થવા છતાં **णित्व** જાતિને કારણે પૂર્વ અને પર બન્ને **णि** વ્યક્તિ એક જ છે તેમ સમજાશે પરિણામે જેની પછી **चङ्** છે તે **णि** જ પૂર્વ **णि** છે અને તેની પછી જ **चङ्** છે એમ ગણાશે તેથી ઉપધા હ્રસ્વ થશે.પરંતુ " સૂત્રમાં **चङ्परे** એ વિશેષણ પ્રયોજ્યું છે તે વ્યક્તિને અનુલક્ષીને જ લઇ શકાશે, કારણ કે જાતિમાં પૌર્વાપર્ય શક્ય નથી, તેથી અહીં વ્યક્તિપક્ષનો જ આશ્રય લેવો પડશે એટલે કે સૂત્રમાંનો **णि** શબ્દ જાતિનો નહીં પણ વ્યક્તિનો અર્થ બતાવે છે એમ સમજવું પડશે.પરિણામે **उपधा ह्रस्वत्वे णेर्णिच्युपसंख्यानम्**। એ વાર્તિક કરવી પડશે." (ના) એમ તેમની દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુરુ સંજ્ઞા પણ (સિદ્ધ નથી થતી) ॥૯॥ [195]

ગુરુ સંજ્ઞા પણ સિદ્ધ નથી થતી. **श्लेष्मा ३ घ्न । पित्ता ३ घ्न । दा ३ घ्यश्व । मा ३ घ्वश्व** અહીં **हलोऽनन्तराः संयोगः ।** થી સંયોગ સંજ્ઞા થાય છે અને **संयोगे गुरु ।** થી ગુરુ સંજ્ઞા થાય છે.(સ્થાનિવદ્‌ભાવ થાય તો) **गुरोरनृतोऽनन्त्यस्याप्येकैकस्य प्राचाम् ।** થી જે પ્લુત થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે.પરંતુ અમે કહીએ છીએ કે અનન્તરને (તદ્દન નિકટ હોય તેને) લગતા વિધિમાં સ્થાનિવદ્‌ભાવ સ્વીકારે છે તેણે પણ અનન્તર રહેલ (**हल्** વર્ણો) ની સંયોગ સંજ્ઞા કરવી પડશે કારણ કે તે સંજ્ઞા પણ (**हल्** વર્ણો) અનન્તર હોવાને કારણે થાય છે. [196]

**न वा संयोगस्यापूर्वविधित्वात् ॥१०॥**

**नैष दोषः । किं कारणम् । संयोगस्यापूर्वविधित्वात् । न पूर्वविधिः संयोगः । किं तर्हि । पूर्वपरविधिः संयोगः ॥**

---

[195] **अनन्तर** વ્યવહિત હોય તેને લગતા વિધિમાં પણ સ્થાનિવદ્‌ભાવ થાય તો **श्लेष्मा ३ घ्न** વગેરેમાં ગુરુ સંજ્ઞા સિદ્ધ નહીં થઇ શકે.**श्लेष्माणं हन्ति , पित्तं हन्ति** એ અર્થમાં કર્તા મનુષ્ય ન હોય ત્યારે **हन्** ધાતુને (અહીં **श्लेष्म** અને **पित्त** એ કર્મોનો પ્રયોગ છે ) તેથી **अमनुष्यकर्तृके च ।** થી **टक्** એ **कित्** પ્રત્યય થતાં--**गमहनजनखनघसां लोपः०** થી ઉપધા લોપ--**श्लेष्म ह् न् अ--हो हन्तेर्ञ्णिन्नेषु ।** થી **ह्** નો **घ्--श्लेष्मघ्नः** વગેરે થશે.તેને **श्लेष्मघ्न एहि** એમ સંબોધનમાં **घ्न** સંયોગ પર હોવાથી **श्लेम** ના **अ-** કારની **संयोगे गुरु ।** થી ગુરુ સંજ્ઞા થતાં **गुरोरनृतोऽनन्त्यस्या०** થી ગુરુ સંજ્ઞક **अ**-કારનો પ્લુત થતાં **श्लेष्मा ३ घ्न** વગેરે થશે.તેરીતે **पित्ता ३ घ्न , दा ३ घ्यश्व , मा ३ घ्वा** થશે હવે **श्लेष्मा ३ घ्न** વગેરેમાં **अ**.લોપ અને **दा ३ घ्यश्वः** વગેરેમાં **यण्** થયો છે તે સ્થાનિવત્ થાય તો **घ्न** માં વચ્ચે **अ** છે અને **यण्** (**य्** , **व्** ) એ **इ** કે **उ** છે તેમ સમજાશે તેથી તેમાં **हल्** વર્ણો અનન્તર ન રહેવાથી **हलोऽन्तराः०** થી સંયોગ સંજ્ઞા નહીં થાય તેથી સંયોગ પર ન હોવાથી તે પૂર્વેના **अ**-કાર ગુરુ નહીં થાય .પરિણામે તેનો પ્લુત નહીં થઇ શકે એમ અહીં દલીલ છે. અવ્યવહિત રીતે આવેલ **हल्** નો સમુદાય તે સંયોગ. એથી સંયોગ હોવું તે સમુદાય પર અવલંબે છે તેથી સંયોગસંજ્ઞા વિધિ પૂર્વવિધિ નથી . તેમ હોય તો ત્યાં પ્રકૃત સૂત્ર પ્રમાણે પરનિમિત્તક **अजादेश** (અહીં લોપ અને **यण्** ) સ્થાનિવત્ નહીં થાય તેથી ગુરુ સંજ્ઞા થશે અને તેથી પ્લુત પણ થશે એમ કહેવું ઉચિત નથી.વળી સંયોગ સંજ્ઞા વ્યવહિતને લગતો વિધિ છે તેમ પણ ન કહેવાય કારણ કે અહીં **घ्** અવ્યવહિત રીતે રહેલ છે એ દલીલ પણ યોગ્ય નથી, કારણ કે સંયોગ સંજ્ઞા ગુરુ સંજ્ઞા રૂપી કાર્ય માટે છે અને જેનો પ્લુત કરવાનો છે તે **अ**-કાર દ્વારા સંયોગ સંજ્ઞા વ્યવહિત પૂર્વવિધિ થશે. તેથી **घ्व** માં **अ**-કાર અને **घ्य , घ्व** માં **यण्** નો સ્થાનિવદ્‌ભાવ થશે પરિણામે **हल्** વર્ણો અનન્તર ન રહેવાથી સંયોગ સંજ્ઞા ન થતાં ગુરુ સંજ્ઞા સિદ્ધ નહીં થાય તેથી પ્લુત પણ નહીં થાય.

[196] ઉપર કહ્યું કે સંયોગ સંજ્ઞા વ્યવહિત પૂર્વને લગતો વિધિ છે તો પછી **हलोऽनन्तराः०** એમ સંયોગ સંજ્ઞા સૂત્રમાં અનન્તરનું ગ્રહણ કર્યુ છે ત્યાં સંયોગ સંજ્ઞા વિધેય તરીકે કેવી રીતે થઇ શકે ? એટલે કે અનન્તર રહેલ **हल्** સમુદાયની સંયોગ સંજ્ઞા કેવી રીતે થાય એ શંકાને લક્ષમાં રાખીને અહીં દલીલ કરે છે કે વ્યવહિતમાં સ્થાનિવદ્‌ભાવ થાય તો દોષ આવે છે એમ કહ્યું છે પરંતુ અવ્યવહિતને લગતા કાર્યમાં સ્થાનિવદ્‌ભાવ થાય છે તેમ સ્વીકારનારને પણ દોષ આવશે, કારણ કે યથોદ્દેશપક્ષ પ્રમાણે કાર્યનો વિચાર કર્યા વિના જ સંજ્ઞા કરવામાં આવે છે, એટલે કે કાર્ય વ્યવહિતને કરવાનું છે કે અવ્યવહિતને એ વાતને લક્ષમાં લીધા વિનાજ સંજ્ઞા કરવામાં આવે છે. આથી સંયોગ એ અનન્તરને લાગતો વિધિ છે એમ સ્વીકારવાથી ત્યાં સ્થાનિવદ્‌ભાવ થશે પરિણામે દોષ આવશે.હવે જો સંયોગસંજ્ઞામાં અનન્તર રહેલ પ્રત્યેક **हल्** ની સંજ્ઞા કરવામાં આવે અને અનન્તરને લગતા કાર્યમાં પરનિમિત્તક **अजादेश** સ્થાનિવત્ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો પણ દોષ આવશે જ , કારણ કે પૂર્વે રહેલ **घ्** અને **घ्** ને સંજ્ઞાવિધિ કરવાનો હોય ત્યારે **अ**-કાર લોપ અને **यण्** રૂપી જે **अच्** ના આદેશ છે તે સ્થાનિવત્ થતાં સંયોગ સંજ્ઞા સિદ્ધ નહીં થાય. પરિણામે ગુરુ સંજ્ઞા ન થતાં પ્લુત પણ નહીં થાય. આમ દોષ ઊભોજ રહે છે એમ અહીં દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एकादेशस्योपसंख्यानम् ॥११॥

एकादेशस्योपसंख्यानं कर्तव्यम्। श्रायसौ गौमतौ चातुरौ आनडुहौ पादे उदवाहे। एकादेशे कृते नुमामौ पद्भाव

અથવા તો (દોષ નહીં આવે) કારણ કે સંયોગપૂર્વને વિશે ન થતો હોય તેવો (અપૂર્વ) વિધિ છે ॥૧૦॥ [197]
અથવા એ દોષ નહીં આવે.શા માટે ? કારણ કે સંયોગ એ અપૂર્વ વિધિ છે એટલે કે પૂર્વને લગતો વિધિ નથી. તો પછી શું છે ? સંયોગ પૂર્વ અને પર બન્નેને લગતો વિધિ છે.
એકાદેશને સમાવવો પડશે॥૧૧॥
એકાદેશનો પણ સમાવેશ કરવો પડશે, श्रायसौ। गामतौ। चातुरौ। आनडुहौ। पादे। उदवाहे [198] અહીં એકાદેશ કર્યા પછી नुम् અને आम् તથા पद्

---

[197] એટલે કે અનન્તર हल् સમુદાય જ સંજ્ઞી છે એમ સમજવાથી દોષ નહીં આવે અહીં પૂર્વમાત્રને લગતું કાર્ય હોય ત્યાં પરનિમિત્તક अजादेश સ્થાનિવત્ થાય છે એમ સ્વીકારીને દલીલ કરી છે.સમુદાય સંજ્ઞી છે.સમુદાય જ સંજ્ઞી હોય તો અનન્તરને લગતા વિધિમાં સ્થાનિવત્ થાય છે તેમ સ્વીકારવાથી પણ દોષ નહીં આવે, કારણ કે સંયોગ સંજ્ઞા એ પૂર્વ તેમ જ પરને લગતો વિધિ હોવાથી ત્યાં સ્થાનિવદ્દભાવ નહીં થાય. તેથી સંયોગ સંજ્ઞા થશે,ગુરુ થશે અને પ્લુત પણ થશે.પૂર્વમાત્રને લગતા વિધિમાં સ્થાનિવદ્દભાવ થાય છે તેમ સ્વીકારવાથી પણ श्लेष्मघ्न માં યથોદ્દેશપક્ષ પ્રમાણે દોષ નહીં આવે ,કારણ કે સંયોગ સંજ્ઞા પૂર્વમાત્રવૃત્તિ નથી. તે જ રીતે કાર્યકાલપક્ષમાં પણ દોષ નહીં આવે, કારણ કે સ્થાનિવદ્દભાવ સંયોગ સંજ્ઞા થતી અટકાવે છે તેથી ગુરુ સંજ્ઞા અટકે છે પરંતુ અહીં સંયોગ સંજ્ઞા પૂર્વમાત્રવૃત્તિ નથી , પૂર્વ અને પરને લગતો વિધિ છે તેથી ત્યાં સ્થાનિવદ્દભાવ નહીં થાય તેથી आरतुः જેવામાં ऋच्छत्यृताम्। પ્રમાણે ગુણ થાય છે તે સવર્ણદીર્ઘ કાર્યમાં સ્થાનિવદ્દભાવ થતો નથી.ऋ लिट्--ऋच्छत्यृताम्। થી ગુણ--अर् अतुस्--अर् अर् अतुस्--अ अर् अतुस्--अत आदेः। થી દીર્ઘ अ--आर् अतुस्--आरतुः થાય છે. અહીં अ अरतुः એ સ્થિતિમાં ગુણ સ્થાનિવત્ નથી થતો, કારણ કે સવર્ણ દીર્ઘ એ પૂર્વ અને પરને લગતો વિધિ છે. (શં.) અહીં પૂર્વમાત્ર અર્થાત્ અવ્યવહિત રીતેપૂર્વ હોય તો સ્થાનિવદ્દભાવ થતો નથી એમ સ્વીકાર્યુ તો પછી अवीवदत् માં ઉપધાહ્રસ્વત્વ નહીં થઇ શકે. (ઉ.) આગળ न पदान्त० સૂત્ર પર क्विलुगुपधाह्रस्वत्व० વા. (૨) ના ભાષ્યમાં ભાષ્યકાર चङ्परनिर्ह्रासे चोपसंख्यानं कर्तव्यम्। એમ કહેશે.ઉપર નોંધ(૧૯૫) उपधाह्रस्वत्वे णेर्णिच्युपसंख्यानम्। વા.નો આધાર લીધો છે. તે અન્ય વાર્તિકકારનું વચન હોવાથી કોઇ પુનરુક્તિ થતી નથી.[वक्तृभेदान्न दोषः। ના. वार्तिककृता-मनेकत्वात्। છા.પૃ.(૪૯૫)]

[198] એટલે કે એકાદેશ થતો હોય ત્યાં સ્થાનિવદ્દભાવ થાય છે તેમ કહેવું પડશે. એકાદેશ ઉભયનિમિત્ત હોય એટલે કે પૂર્વ અને પર નિમિત્ત છે તેથી ત્યાં આદેશ પરનિમિત્તને કારણે સ્થાનિવત્ થશે જ પછી ઉપસંખ્યાન કરવાની શી જરૂર છે એમ કહેવું બરોબર નથી,કારણ કે સૂત્રમાં परस्मिन् નું ગ્રહણ ન કર્યું હોત તો પણ અવિશિષ્ટ રીતે સૂત્ર સર્વત્ર પ્રવૃત્ત થાત તેથી સ્થાનિવદ્દભાવ પ્રાપ્ત થાત.પરંતુ पूर्वविधि માં पूर्व શબ્દ અન્યયોગ વ્યવચ્છેદમાં પરિણમે છે તેમ અહીં परस्मिन् શબ્દ અવધારણાર્થક હોવાથી અન્યનો સંબંધ થતો અટકાવશે. તેથી वैयाघ्रपद्यः, आदीध्ये જેવામાં પરનિમિત્તક આદેશ જ સ્થાનિવત્ થાય છે એમ અવધારણ કરે છે. પરિણામે પૂર્વ અને પર અર્થાત્ ઉભય નિમિત્તક આદેશને સ્થાનિવભાવ પ્રાપ્ત થતો નથી એમ અહીં ભાવ છે. श्रायसौ श्रेयसि भवम्। એ અર્થમાં तत्र भवः। થી अण्--तद्धितेष्वचामादेः। થી પ્રાપ્ત આદિ વૃદ્ધિ ન થતાં देविका-शिंशपादित्यवाड्दीर्घसत्रश्रेयसामात्। થી આદિ ए નો आ—श्रायसः તેનું દ્વિવચન--श्रायस औ એ સ્થિતિમાં नादिचि। એ નિષેધને કારણે प्रथमयोः० પ્રમાણે અકાદેશ ન થતાં वृद्धिरेचि। થી વૃદ્ધિ--श्रायसौ થશે.અહીં વૃદ્ધિ એકાદેશને अन्तादिवच्च। પ્રમાણે પરનો આદિવત્ ગણવામાં આવે તો श्रेयस् માં (प्रशस्यस्य श्रः। થી श्र આદેશ) અને द्विवचनविभज्योपपदे० થી ईयसुन् એ उगित् પ્રત્યય થયો છે તેથી उगिदचां सर्वनाम० થી नुम् આગમ થવાનો પ્રસંગ આવશે, પરંતુ વૃદ્ધિ એકાદેશ સ્થાનિવત્ થાય તો अ औ એમ સમજાતાં अ-કારનું વ્યવધાન થવાથી नुम् નહીં થાય.गोमतौ—गावोऽस्य सन्ति। એ અર્થમાં तदस्यास्त्यस्मिन्निति० થી मतुप् --गोमान्-- હવે गोमति भवः એ અર્થમાં अण्-- વૃદ્ધિ गौमत-- દ્વિ.વ.નો औ--गौमत औ-- વૃદ્ધિ એકાદેશ--गौमतौ અહીં વૃદ્ધિ એકાદેશને પરનો આદિવત્ ગણવામાં આવે તો गौमत औ એ સ્થિતિમાં गोमत् માં उगित् પ્રત્યય છે તેથી उगिदचाम्०-- પ્રમાણે नुम् થવાનો પ્રસંગ આવે છે, પરંતુ એકાદેશ સ્થાનિવત્ થાય તો अ-કારના વ્યવધાનને કારણે नुम् નહીં થાય. चातुरौ आनडुहौ અહીં પણ चतुर्षु भवः , अनडुहि भवः એ અર્થમાં अण्-- વૃદ્ધિ --चातुरः , आनडुहः દ્વિવ.માં चातुर औ, आनडुह औ-- વૃદ્ધિ એકાદેશ--चातुरौ, आनडुहौ અહીં એકાદેશને પરનો આદિવત્ થાય તો चातुर् औ, आनडुह् औ એમ સમજાતાં चतुरनडुहोरामुदात्तः। થી आम् થવાનો પ્રસંગ આવે છે, પરંતુ વૃદ્ધિ એકાદેશ સ્થાનિવત્ થાય તો आम् નહીં થાય.श्रायसौ માં औ સર્વનામસ્થાન વિભક્તિ છે તેનું વિધાન श्रायस એ अ-કારાન્તને વિશે કરવામાં આવ્યું છે, स-કારાન્ત श्रायस् ને વિશે નહીં તેથી श्रायस् અંગ નથી. વળી તે ષષ્ઠીનિર્દિષ્ટનો આદેશ પણ નથી તેથી સ્થાનિવદ્દભાવથી પણ તે અંગ ન થઇ શકે તો પછી नुम् કેવી રીતે થાય એમ કહેવું બરોબર નથી, કારણ કે પૂંછડી કપાએલ કૂતરાની જેમ એકદેશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ऊडित्येते विधयः प्राप्नुवन्ति ॥ किं पुनः कारणं न सिध्यति ।*

उभयनिमित्तत्वात् ॥१२ ॥

अजादेशः परनिमिक इत्युच्यत उभयनिमित्तश्चायम् ॥

उभयादेशत्वाच्च ॥१३ ॥

अच आदेश इत्युच्यतेऽचोश्चायमादेशः ॥ नैष दोषः । यत्तावदुच्यत उभयनिमित्तत्वादिति । इह ग्रामे नगरे वानेकं कार्यं भवति शक्नोत्यसौ ततोऽन्यतरद् व्यपदेष्टुम् । तद्यथा । गुरुनिमित्तं वसामः । अध्ययननिमित्तं वसाम इति ॥

આદેશ અને ऊद् આગમ એ કાર્યો (અનુક્રમે) થવાનો પ્રસંગ આવે છે.તો પછી એ સિદ્ધ નથી થતા તેનું શું કારણ ?[199]

ઉભયનિમિત્તક હોવાને કારણે (સિદ્ધ થતાં નથી) ॥૧૨॥ [200]

अच् નો આદેશ પર રહેલને કારણે થાય છે એમ કહ્યું છે, પણ આ (એકાદેશ) તો (પર અને પૂર્વ ) ઉભયને કારણે થાય છે (તેથી સ્થાનિવદ્ભાવ નહીં થાય)

એકાદેશ એ બે (સ્વરો) નો આદેશ છે તેથી ॥૧૩॥

(સૂત્રમાં) એક अच् નો (अचः)આદેશ એમ કહ્યું છે પણ આ (એકાદેશ) તો બે अच् નો આદેશ છે.પહેલાં તો (એકાદેશ) ઉભયનિમિત્તક છે તેથી એમ જે કહ્યું તે દોષ નથી.[201]કારણ કે કોઇ (વ્યક્તિ) ગામમાં કે નગરમાં એક કરતાં વધારે કામ હોય ત્યારે તે (ગમે તે )એક વિશે કહી શકે છે, (જેમ કે ) 'ગુરુને લીધે અહીં રહીએ છીએ' અથવા 'અધ્યયનને નિમિત્તે રહીએ છીએ.'

यदप्युच्यत उभयादेशत्वाच्चेति । इह यो द्वयोः षष्ठीनिर्दिष्टयोः प्रसङ्गे भवति लभतेऽसावन्यतरतो व्यपदेशम् । तद्यथा । देवदत्तस्य पुत्रः । देवदत्तायाः पुत्र इति ।

अथ हलचोरादेशः स्थानिवद्भवत्युताहो न । कश्च विशेषः । ।

अथ हलचोरादेशः स्थानिवदिति चेद्विंशतेस्तिलोप एकादेशः ॥१४ ॥

---

વિકૃત ન્યાયે स-કારાન્ત श्रायस् એ अ-કારાન્ત श्रायस છે તેમ સમજાતાં તે અંગ થશે.તેથી नुम् થવાનો પ્રસંગ આવશે. पादे--पाद ङि--पाद इ--ગુણ એકાદેશ--पादे થશે.અહીં એકાદેશ પરાદિવત્ થાય તો पाद् ए એ સ્થિતિમાં એ अ-કારરહિત અંગની પછી अजादि અસર્વનામસ્થાન આવવાથી यचि भम् । પ્રમાણે पाद् ની भ સંજ્ઞા થતાં पादः पत् । થી पाद् નો पद् આદેશ થવાનો પ્રસંગ આવે છે.તેમ નિવારવા માટે અહીં સ્થાનિવદ્ભાવ થાય છે તેમ કહેવું પડશે, કારણ કે સ્થાનિવદ્ભાવ થાય તો अ-કાર અંતે છે તેમ સમજાશે તેથી पद् નહીં થાય.उदवाहे--उदकं वहति એ અર્થમાં कर्मण्यण् । પ્રમાણે अण्--સંજ્ઞા હોવાથી उदकस्योदं संज्ञायाम् । પ્રમાણે उदक નો उद થઇને उदवाहः થાય છે.તેનું સ.એ.વ.કરતાં उदवाह इ --उदवाहे અહીં એકાદેશપરાદિવત્ થાય તો उदवाह् ए થતાં ઉપર પ્રમાણે भ સંજ્ઞા થતાં वाह् શબ્દાન્ત उदवाह् માં वाह ऊठ् । व् નું ऊ સંપ્રસારણ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ સ્થાનિવદ્ભાવ થાય તો ऊद् ન થાય.

[199] એટલે કે ઉપર કહ્યા તે नुम् , आम् , पद् આદેશ વગેરે વિધિનું નિવારણ કેમ નથી થતું? * ઉદ્યોતમાં અહીં ' न सिद्ध्यन्ति ।' એમ પાઠ છે(પૃ.૪૮૦).

[200] એકાદેશ એ બેનો આદેશ છે, કારણ કે માત્ર પર રહેલ તેનું નિમિત્ત નથી હોતું , પરંતુ પૂર્વ અને પર એ બન્ને તેનાં નિમિત્ત હોય છે તેથી તે ઉભય-નિમિત્તક છે. સૂત્રમાં 'પરનિમિત્તક अजादेश (સ્થાનિવત્ થાય છે)' એમ કહ્યું છે તેથી એકાદેશમાં સ્થાનિવદ્ભાવ નહીં થાય પરિણામે ઉપર કહેલ વિધિઓનું નિવારણ થઇ નહીં શકે.

[201] આદેશ ઉભયનિમિત્તક હોય તો એ પરનિમિત્ત તો હોય જ અને માત્ર પર હોય એ જ નિમિત્ત હોય એમ અન્વય અને વ્યતિરેક વ્દારા નિમિત્ત હોવા કે ન હોવાનો નિર્ણય કરતાં જણાય છે કે પર હોય તે અવશ્ય નિમિત્ત હોય છે તેથી ઉભયનિમિત્તક આદેશ પણ પરનિમિત્તક તો થશે જ. સૂત્રમાં 'अचः' એ એકવચન વ્દારા અહીં જાતિનું ગ્રહણ થશે અને એકવચન અભિપ્રેત નથી તેથી બે अच् નો આદેશ પણ સ્થાનિવત્ થશે. વાસ્તવમાં જાતિનો નિર્દેશ હોય ત્યાં સંખ્યાની વિવક્ષા હોય કે ન હોય તો પણ દોષ નહીં આવે . જેમ બે વ્યક્તિનો પુત્ર બન્નેમાંથી એકનો પણ પુત્ર ગણાય, દેવદત્ત અને દેવદત્તાનો પુત્ર એ દેવદત્તનો પણ પુત્ર કહેવાય અને દેવદત્તાનો પણ પુત્ર કહેવાય તેમ પૂર્વ અને પરનો એકાદેશ પૂર્વનો આદેશ પણ કહેવાય અને પરનો આદેશ કહેવાય,એમ ઉભયનો આદેશ કહેવાય. અહીં બન્ને સ્થાની થશે અને તેમાંનો કોઇ પણ એક સ્થાની અને તેને આધારે આદેશ સ્થાનિવત્ થશે. [द्वयोरपि वा स्थानित्वे यदेकस्य स्थानित्वं तदाश्रयं तस्य स्थानित्वं भविष्यति । પ્દ.ભા.૧ (પૃ.૨૦૦)]



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

हल्चोरादेशः स्थानिवदिति चेद्विंशतेस्तिलोप एकादेशो वक्तव्यः। विंशकः विंशं शतम् विंशः॥

વળી 'બન્નેનો આદેશ હોવાથી,' એમ જે કહ્યું તેમાં (પણ કહેવાનું કે) ષષ્ઠી વિભક્તિ લગાડીને જે બેનો નિર્દેશ કરવામાં આવ્યો હોય તેમને સ્થાને થનારને બેમાંથી ગમે તે એક નો (આદેશ) કહેવાય છે. જેમ કે (દેવદત્ત અને દેવદત્તાનો પુત્ર ) દેવદત્તનો પુત્ર પણ કહેવાય અને દેવદત્તાનો પુત્ર પણ કહેવાય.

હવે हल् અને अच् એ બેનો આદેશ સ્થાનિવત્ થાય કે ન થાય?[202] એમાં ફેર શો છે?[203]

हल् અને अच् નો આદેશ સ્થાનિવદ્ થાય છે એમ (કહેશો) તો **विंशति** ના **ति** નો લોપ કર્યા પછી એકાદેશ (કહેવો પડશે) ॥१४॥

हल् અને अच् નો આદેશ સ્થાનિવદ્ થાય છે એમ (કહેશો) તો **विंशति** ના **ति** નો લોપ કર્યા પછી એકાદેશ (થાય છે તેમ કહેવું પડશે),જેમ કે विंशकः। विंशं शतम्। विंशः।[204]

**स्थूलादीनां यणादिलोपेऽवादेशः ॥१५॥**

**स्थूलादीनां यणादिलोपेऽवादेशो वक्तव्यः। स्थवीयान् छवीयान्॥**

**केकयमित्रय्वोरियादेश एत्वम्॥१६॥**

**केकयमित्रय्वोरियादेश एत्वं न सिध्यति। कैकेयः मैत्रेयः। अचीत्येवं न सिध्यति॥**

**उत्तरपदलोपे च ॥१७॥**

**उत्तरपदलोपे च दोषो भवति। दध्युपसिक्ताः सक्तवः दधिसक्तवः। अचीति यणादेशः प्राप्नोति॥**

---

[202] પૂર્વે કહ્યું કે સૂત્રમાં **परस्मिन्** નું ગ્રહણ અન્યયોગવ્યવચ્છેદ અને અયોગવ્યવચ્છેદ માટે કર્યું હતું તેમ **अचः** નું ગ્રહણ પણ **अच्** સિવાયના વર્ણોના આદેશોને આ સૂત્ર લાગુ પડતાં અટકાવે છે (અન્યયોગવ્યવચ્છેદ) કે પછી **अच्** ના આદેશોને આ સૂત્ર લાગુ પડે જ છે (અયોગવ્યવચ્છેદ) એમ સૂચવે છે.પ્રશ્નનું કારણ એ છે કે શાસ્ત્રમાં ક્વચિત્ हल् અને अच् ના સમુદાયના આદેશને अच् નો આદેશ ગણ્યો છે . જેમ કે **अत्यरराजत्--राजानमतिक्रान्तवान्** એ અર્થમાં **राजन्** ને **प्रातिपदिकाद्धात्वर्थे बहुलमिष्ठवच्च**। એ ગણસૂત્ર પ્રમાણે **चङ्** વગેરે થઇને **नाग्लोपि०** થી નિષેધને લીધે **णौ चङि०** થી ઉપધા હ્રસ્વ ન થઇને **अत्यरराजत्** થાય છે.અહીં **राजन्** ના **अन्** (टि) નો **टेः** । સૂત્રની **णाविष्ठवत्०** (વા) થી થાય છે. **अन्** એ **अच्** (अ) અને **हल्** (न्) નો સમુદાય છે, **अक्** નથી પરંતુ એ સમુદાય જરૂર સ્થાની છે પણ તેનો અવયવ अ સ્થાની ન થયો.પરિણામે **अन्** નો લોપ સ્થાનિવત્ નથી થતો પરંતુ **नाग्लोपि०** સૂત્રમાં **अग्लोपि** એમ કહ્યું છે તેથી **अच्** અને **हल्** ના સમુદાયના લોપને **अक्** નો લોપ ગણ્યો છે તેથી ઉપધા હ્રસ્વ નથી થયો.અહીં સમુદાયને **अजादेश** તરીકે લીધો છે.જ્યારે ક્વચિત્ **अच्** અને **हल्** ના સમુદાયને **अजादेश** નથી ગણ્યો.જેમ કે **सौधातकिः--सुधातुः अपत्यम्** એ અર્થમાં **सुधातुरकङ् च।** થી **सुधातृ** ને **अकङ्** (**अक्**) અને **इञ्** તદ્ધિત--**ञित्** હોવાથી **अकङ्** અન્ત્ય ને સ્થાને થશે **इञ्** ને લીધેવૃદ્ધિ થતાં--**सौधात् अक् इ** એમ થતાં **अकङ्** આદેશ **ऋ** ને સ્થાને થયો હોવા છતાં **उरण्०** સૂત્ર પ્રમાણે તે **रपर** નથી થયો, કારણ કે અહીં **अक्** એ **हल्** અને **अच्** ના સમુદાયરૂપ **अजादेश** ને **अण्** નથી ગણ્યો. છે

[203] અર્થાત્ हल् અને अच् નો સમુદાય સ્થાનિવત્ થાય કે ન થાય તેથી શો ફેર પડે છે?

[204] **विंशकः--विंशत्या क्रीतः** એ અર્થમાં **विंशति** ને **विंशतित्रिंशद्भ्यां ड्वुन्नसंज्ञायाम्।** થી **ड्वुन्** થતાં **तिविंशतेर्डिति।** (૬-૪-૧૪૨) થી भ સંજ્ઞક **विंशति** ના **ति** નો લોપ--**विंश ड्वुन्--युवोरनाकौ।** થી **वु** નો **अक--विंश अक--अतो गुणे।--विंशकः** થાય છે.અહીં **विंश अक** એ સ્થિતિમાં अ પછી તદ્ધિત આવવાથી **यस्येति०** (૬-૪-૧૪૮) अ નો લોપ થવો જોઇએ, પરંતુ આ સૂત્ર તેમ જ **ति** લોપસૂત્ર બન્ને આભીય સૂત્રોને સમાનાશ્રય કાર્ય કરવાનું છે તેથી પર સૂત્ર **यस्येति०** ની દૃષ્ટિએ **ति** લોપ અસિદ્ધ થશે,એ થયો જ નથી તેમ સમજાશે.હવે हल् અને अच् (ति) આદેશ(લોપ) સ્થાનિવત્ થતો હોય તો પરરૂપ એકાદેશ થશે તેમ કહેવું પડશે.એમ દલીલ છે.**विंशं शतम् विंशतिरधिकाऽस्मिन्** (**शते**) એ અર્થમાં **शदन्तविंशतेश्च।** થી **ड--विंशति ड** એમ થતાં પૂર્વવત્ લોપ--**विंश अ**--એકાદેશ--**विंशम्** (**शतम्**) થશે.અહીં પણ हल् અને अच् (ति) નો આદેશ(લોપ) સ્થાનિવત્ થતો હોય તો પરરૂપ એકાદેશથશે તેમ કહેવું પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**स्थूल** વગેરેના **यण्** થી શરૂ થતા ભાગનો લોપ કર્યા પછી **अव्** આદેશ (કહેવો પડશે) ॥૧૫॥

**स्थूल** વગેરેના **यण्** થી શરૂ થતા ભાગનો લોપ કર્યા પછી (उ-કારનો ગુણ થયા પછી) **स्थवीयान्। दवीयान्** માં[205] (ओ-કારનો ) **अव्** આદેશ થાય છે તેમ કહેવું પડશે.

**केकय** અને **मित्रयु** માં (य-કારાદિનાં) **इय्** આદેશ કર્યા પછી ए (એકાદેશ કહેવો પડશે) ॥૧૬॥

**केकय** અને **मित्रयु** માં (જે **य**-કારથી શરૂ થતો ભાગ છે તેનો) **इय्** આદેશ થયા પછી **कैकेयः। मैत्रेयः** માં ए એકાદેશ સિદ્ધ થતો નથી.[206] (आद्गुणः। માં) **अचि** ની અનુવૃત્તિ થાય છે તેથી ए આદેશ સિદ્ધ થતો નથી.

ઉત્તરપદલોપ થતો હોય ત્યારે પણ (દોષ આવે છે)॥૧૭॥

ઉત્તરપદનો લોપ થતો હોય ત્યાં પણ દોષ આવે છે [207], **दध्युपसिक्ताः सक्तवः।** અહીં પણ **अच्** પર થતાં (**इको यण् अचि।** પ્રમાણે ) **यण्** આદેશ થવાનો પ્રસંગ આવે છે.

**यङ्लोपे यणियवुवङः ॥१८ ॥**

**यङ्लोपे यणियवुवङः सिध्यन्ति। चेच्यः नेन्यः चेक्षियः चेक्रियं लोलुवः पोपुवः। अचीति यणियङुवङो न सिध्यति ॥ अस्तु तर्हि स्थानिवत् ॥**

**अस्थानिवत्त्वे यङ्लोपे गुणवृद्धिप्रतिषेधः ॥१९ ॥**

**अस्थानिवत्त्वे यङ्लोपे गुणवृद्धिप्रतिषेधो वक्तव्यः। लोलुवः पोपुवः सरीसृपः मरीमृज इति ॥ नैष दोषः। न धातुलोप आर्धधातुके इति प्रतिषेधो भविष्यति ॥**

---

[205] **स्थवीयान्--स्थूल** ને **द्विवचनविभज्योपपदे०** થી **ईयस्--स्थूल ईयस्--स्थूलदूरयुवह्रस्वक्षिप्रक्षुद्राणां यणादिपरं पूर्वस्य च गुणः।** પ્રમાણે પર આવેલ **यणादि** ભાગ (**ल्**) નો લોપ તથા **ऊ** નો ગુણ--**स्थो ईयस्** એમ થશે. હવે **हल्** અને **अच्** નો આદેશ સ્થાનિવત્ થાય છે તેમ સ્વીકાર્યું છે તેથી લોપ સ્થાનિવત્ થાય તો **ल्** નું વ્યવધાન થવાથી **एचोऽय०** થી **अव्** આદેશ નહીં શકે તેથી **अव्** આદેશ થાય છે તેમ કહેવું પડશે.એમ આશય છે.

[206] **कैकेयः--केकयस्य अपत्यम्** એ અર્થમાં **केकय** એ ક્ષત્રિયવાચી જનપદ શબ્દને **जनपदशब्दात्क्षत्रियाद्।** પ્રમાણે **अञ्--केकय अञ्--केकयमित्रयुप्रलयानां यादेरियः।**થી તેના **य्** થી શરૂ થતા ભાગનો **इय--केक इय अञ्--तद्धितेष्व०--वृद्धि--यस्येति०** થી **अ** લોપ--**कैक इय् अ--आद्गुणः।--** થી ગુણ--**कैकेयः** થશે. અહી **हल्** અને **अच्** ના સમુદાય રૂપ **इय** નો સ્થાનિવદ્દભાવ થાય તો **य्** નું વ્યવધાન થવાથી ગુણ નહીં થઇ શકે. **आद्गुणः।** સૂત્રમાં **इको यणचि।** માંથી **अचि** ની અનુવૃત્તિ થાય છે તેથી **अच्** પર થતાં ગુણ થાય, પરંતુ આદેશ **इय** માં **अच्** અને **हल्** રૂપ છે એ માત્ર **अच्** નથી તેથી **अच्** પર છે (**अचि**) એમ ન કહેવાય તેથી ए આદેશનહીં થાય એમ પણ દલીલ છે.કૈ. કહે છે કે **अचि** અનુવૃત્તિ થવાથી કોઇ પણ **अच्** પર થતાં ગુણ થાય છે એમ સમજાશે, **अजादि** પર હોય ત્યારે ગુણ થાય છે એમ નથી સમજાતું તેથી અહી દોષ નહીં આવે , કારણ કે ગુણવિધિ સૂત્રમાં જેનો આધાર લેવામાં આવ્યો છે તે **अच्** (**इ**) આદેશ નથી અને જે **इय** અદેશ છે તેનો ગુણવિધિ સૂત્રમાં આધાર લેવામાં આવ્યો નથી. તેથી ગુણ થશે.પરંતુ આ દલીલ યોગ્ય નથી કારણ કે ભાષ્યકારે સ્પષ્ટ કહ્યું છે કે **अचि** ની અનુવૃત્તિ થાય છે તેથી ए આદેશ ન થવાનો પ્રસંગ આવે છે.'**मैत्रेय-- मित्रयोः अपत्यम्** એ અર્થમાં **ऋष्यन्धकवृष्णिभ्यश्च।** થી **अण्** થતાં **मित्रयु अण्-- वृद्धि--** ઉપર પ્રમાણે **यु** નો **इय** આદેશ **मैत्र इय अ--यस्येति०--अ** લોપ **आद्गुणः।** થી ગુણ પ્રાપ્ત થાય છે પરંતુ **हल्** અને **अच्** નો આદેશ સ્થાનિવત્ થાય તો ગુણ નહીં થાય.અથવા **अचि** ની અનુવૃત્તિ થાય છે તેથી ઉપર પ્રમાણે ગુણ ન થવાનો પ્રસંગ આવશે.**मित्रयु गृष्ट्यादि** ગણનો હોવાથી તેને અપત્યાર્થે **ऋष्यन्ध०** થી થતા **अण्** નો બાધ થઇને **गृष्ट्यादिभ्यः०** થી **ढञ्--मित्रयु ढञ्- वृद्धि मैत्रयु ढञ्--आयनेयि०--एय--कैकयमित्रयु०** થી **यु** નો **इय** ન થતાં **दाण्डिनायन०** માં કરેલ નિપાતનને કારણે **यु** લોપ થઇને **मैत्र एय--अतो गुणे।--मैत्रेयः** થશે [**मित्रयुशब्दो गृष्ट्यादिषु पठ्यते- -युशब्दलोपो निपात्यते०**।(૬-૪-૧૭૪) ની કા , સિ.કૌ. કા. ને અનુસરે છે]

[207] **दधिसक्तवः--दध्ना उपसिक्ताः सक्तवः** એ અર્થના **अन्नेन व्यञ्जनम्।** પ્રમાણે થતા તૃતીયા સમાસમાં **सिद्धं तु समानाधिकरणाधिकारे क्तस्तृतीयापूर्वपद उत्तरपदलोपश्च।** (વા.) પ્રમાણે ઉત્તરપદનો લોપ થયો છે [ **अन्नेन०** અને **भक्ष्येण०** (૨-૧-૩૪--૩૫) પરનું મ.ભાષ્ય]. અહીં **उपसिक्त** એક્તાન્ત પૂર્વપદની પૂર્વે **दध्ना** એ તૃતીયાન્ત છે તેનો અન્ય **सुबन्त सक्तवः** સાથે સમાસ કરતાં ઉત્તરપદ **उपसिक्ताः** નો લોપ થયો છે. કૈ. પ્રમાણે અહીં **सुबन्त** પર થતાં ઉત્તરપદ લોપ થયો હોવાથી તે પરનિમિત્તક છે તેથી **हल्** અને **अच्** ના સમુદાયનો આદેશલોપ સ્થાનિવદ્ થાય છે તો **दधि ओदनः** એ સ્થિતિમાં **यण्** નહીં થાય.ના. આ મત સ્વીકારતા નથી, પરંતુ ભાષ્યકાર અન્ય રીતે ખુલાસો કરવાના છે તેટલી વાત સ્વીકારે છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किं पुनराश्रीयमाणायां प्रकृतौ स्थानिवद्भवत्याहोस्विदविशेषेण । कश्चात्र विशेषः ।

यङ् લોપ થાય ત્યાં यण्, इयङ् અને उवङ् (નહીં થાય) ॥१८॥

यङ् નો (यङोऽचि । પ્રમાણે) લોપ થાય ત્યાં (નો સ્થાનિવદ્‌ભાવ થાય તો ) પર હોવા છતાં चेच्यः । नेन्यः માં यण्, चेक्षियः । चेक्रियः માં इयङ् અને लोलुवः । पोपुवः માં उवङ् સિદ્ધ નહીં થાય.[208] તો પછી સ્થાનિવદ્‌ભાવ ભલે ન થાય. [209]

જો સ્થાનિવદ્‌ભાવ ન થતો હોય તો यङ् નો લોપ થયા પછી ગુણ વૃદ્ધિ નહીં થાય તેમ કહેવું પડશે ॥१९॥

જો સ્થાનિવદ્‌ભાવ ન થતો હોય તો यङ् નો લોપ થયા પછી (જે) ગુણ વૃદ્ધિ (થવાનો પ્રસંગ આવે છે તે) નહીં થાય તેમ કહેવું પડશે,(જેથી) लोलुवः । पोपुवः (માં ગુણ અને) सरीसृपः मरीमृजः (માં વૃદ્ધિ ન થાય). [210] એ દોષ નથી (આવતો), (કારણ કે) न धातुलोप आर्धधातुके । થી પ્રતિષેધ થશે.

તો શું પ્રકૃતિ (સ્થાની) નો (પૂર્વને લગતા કાર્યમાં) આધાર લીધો હોય ત્યાં (આદેશ)સ્થાનિવત્ થાય છે કે પછી ગમે ત્યાં થાય છે ? [211] આમાં ફેર શો છે?

अविशेषेण स्थानिवदिति चेल्लोपयणादेशे गुरुविधिः ॥२०॥

अविशेषेण स्थानिवदिति चेल्लोपयणादेशे गुरुविधिर्न सिध्यति । श्लेष्मा३ घ्न पित्ता३ घ्न दा ३ ध्यश्च मा३ ध्वश्च । हलोऽनन्तराः संयोगः इति संयोगसंज्ञा संयोगे गुरु इति गुरुसंज्ञा गुरोरिति प्लुतो न प्राप्नोति ॥

क्सलोपे लुग्वचनम् ॥ २२ ॥

क्सलोपे लुग्वक्तव्यः । अदुग्ध अदुग्धाः । लुग्वा दुहदिहलिहगुहामात्मनेपदे दन्त्ये इति ॥

---

[208] चेच्यः--चि ને धातोरेकाचो हलादेः० થી यङ्--चि यङ्--सन्यङोः--चि चि यङ्--गुणो यङ्लुकोः ।--चे चि य--अकृत्सार्वधातुक०-- થી इ નો દીર્ઘ --चे ची य--नन्दिग्रहि० થી पचादि ને થતો अच्--चे ची य अच्--यङोऽचि च ।--यङ् લોપ--न धातुलोपे० થી ગુણ નિષેધ--चेची अ એ સ્થિતિમાં લોપ સ્થાનિવત્ થાય તો यण् ન થવાનો પ્રસંગ આવે છે.चेक्षियः--क्षि ઉપર મુજબ यङ्-- દ્વિર્વચન--અભ્યાસ ગુણ,અન્ત્યનો દીર્ઘ--पचाद्यच्--चेक्षी यङ् अच्--यङोऽचि । થી यङ् નો लुक्--चेक्षी अ--अचिश्नु० થી ई નો इयङ्--चेक्षियः.અહીં પણ यङ् લોપ સ્થાનિવત્ થાય તો इयङ् ન થવાનો પ્રસંગ આવે. लोलुवः--लू--यङ्, દ્વિર્વચન, अच्--लोलू य अ--यङ्लुक्--उवङ् થઇને लोलुवः થશે.લોપ સ્થાનિવત્ થાય તો उवङ् ન થવાનો પ્રસંગ આવે

[209] સૂત્રમાં अच् નું ગ્રહણ કર્યું છે તેથી જ્યાં अच् ને સાક્ષાત્ સ્થાની તરીકે લીધો હોય, એટલે કે જે સૂત્રમાં अच् નો સ્થાનષષ્ઠીપૂર્વક નિર્દેશ કર્યો હોય ત્યાં સ્થાનિવદ્‌ભાવ થશે. हल् અને अच् ના સમુદાયનો આદેશ સ્થાનિવત્‌નહીં થાય(કે).પરંતુ अच् ગ્રહણ કર્યું છે તેથી પ્રયોગમાં જ્યાં अच् નો જ આદેશ હોય તે સ્થાનિવત્ થાય છે એમ કહીને हल् અને अच् સમુદાયના આદેશના સ્થાનિવદ્‌ભાવનું નિવારણ કરવું ઉચિત છે(ના).

[210] लोलुवः, पोपुवः માં ङित् પર ન હોવાથી सार्वधातुकार्ध० પ્રમાણે તથા सरीसृपः માં अच् પર થતાં पुगन्तलघू० પ્રમાણે ગુણ થવાનો પ્રસંગ આવે છે અને मरीमृजः માં मृजेर्वृद्धिः । પ્રમાણે વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે તેનો પ્રતિષેધ કરવો પડશે.એમ દલીલ છે. પરંતુ અહીં लोलूय ,पोपूय (નોંધ ૨૧૦), सरीसृप्य , मरीमृज्य એ यङन्त રૂપોને सनाद्यन्ता धातवः । પ્રમાણે ધાતુ સંજ્ઞા થઇ છે અને अच् પ્રત્યય પર થતાં यङोऽचि । પ્રમાણે यङ् નો લોપ થયો છે તે ધાતુના એકદેશનો લોપ થયો હોવાથી न धातुलोपे० એ નિષેધ લાગુ પડશે તેથી ગુણ કે વૃદ્ધિ નહીં થાય. આથી પ્રતિષેધ નહીં કરવો પડે.

[211] પૂર્વને લગતા વિધિમાં સ્થાની (प्रकृति) નું ગ્રહણ કર્યું હોય ત્યાં જ સ્થાનિવદ્‌ભાવ થાય છે અને સાથોસાથ જ્યાં સ્થાનીનું ગ્રહણ ન કરવામાં આવ્યું હોય ત્યાં પ્રતિબંધ કરવામાં આવે છે કે પછી જ્યાં વિધિમાં સ્થાનીનું ગ્રહણ ન કરવામાં આવ્યું હોય ત્યાં પણ સ્થાનિવદ્‌ભાવ થાય છે એમ પૂછવા માગે છે.જો કે આ બાબતનો પૂર્વે વિચાર કરવામાં આવ્યો જ છે અને ભાવ તેમ જ અભાવ બન્નેનો અતિદેશ થઇ શકે છે તેમ સિદ્ધાન્ત પણ કર્યો છે છતાં આ અન્યવાર્તિકકારની વાર્તિકનું વ્યાખ્યાન છે એમ સમજવાનું છે. (ના.)


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો અવિશિષ્ટ રીતે સ્થાનિવદ્ થાય છે એમ હોય તો લોપ અને **यण्** આદેશ થયા પછી ગુરુ (સંજ્ઞાનો કારણભૂત સંયોગસંજ્ઞા) વિધિ (સિદ્ધ નહીં થાય) ॥૨૦॥[212]

(પ્રકૃતિ અર્થાત્ સ્થાનીનો પૂર્વને લગતા વિધિમાં આધાર લીધો હોય કે ન લીધો હોય તો પણ આદેશ અવિશિષ્ટ રીતે સ્થાનિવત્ થાય એમ હોય તો (अ-કાર) લોપ અને **यण्** આદેશ થયા પછી ગુરુ (થવા માટેનો **संयोग** ) વિધિ સિદ્ધ નહીં થાય. **श्लेष्मा ३ घ्न। पित्ता ३ घ्न।** (અહીં લોપ થયા પછી , **दा ३ घ्यश्व। मा ३ ध्वश्व** (અહીં **यण्** આદેશ થયા પછી), **हलोऽनन्तराः संयोगः।** થી સંયોગ સંજ્ઞા, **संयोगे गुरु।** થી ગુરુ સંજ્ઞા નથતાં **गुरोरनृतोऽनन्त्यस्याप्येकैकस्य प्राचाम्।** થી (જે) પ્લુત (થાય છે તે) ન થવાનો પ્રસંગ આવે છે.

વળી (જ્યાં) પ્રતિષેધ કર્યો છે ત્યાં **द्विर्वचन** વગેરે (નું ગ્રહણ કરવું પડશે) ॥૨૧॥

(**न पदान्त०** વગેરે સૂત્રથી જે) પ્રતિષેધ કરવામાં આવ્યો છે તે)માં **द्विर्वचन** વગેરે એટલે કે **द्विर्वचन , वरे , य** લોપનું ગ્રહણ કરવું પડશે[213]

**क्स** નો લોપ (કહેવામાં આવ્યો હોય તે વિધિ)માં **लुक** (એમ) કહેવું (પડશે) ॥૨૨॥

**क्स** લોપ (ને લગતા વિધિ) **लुग्वादुहदिहलिहगुहामात्मनेपदे दन्त्ये।** માં **लुक्** નું ગ્રહણ કરવું પડશે,(જેથી) **अदुग्ध अदुग्धाः** (સિદ્ધ થાય).[214]

**हन्तेर्घात्वम् ॥२३॥**

**हन्तेश्च घात्वं वक्तव्यम्। घ्नन्ति घ्नन्तु अघ्नन्॥ अस्तुतर्ह्योश्रीयमाणायां प्रकृताविति।**

**ग्रहणेषु स्थानिवदिति चेज्जग्ध्यादिष्वादेशप्रतिषेधः ॥२४॥**

**ग्रहणेषु स्थानिवदिति चेज्जग्ध्यादिष्वादेशस्य प्रतिषेधो वक्तव्यः। निराद्य समाद्य अदोजग्धिर्ल्यपि किति इति जग्धिभावः प्राप्नोति॥**

**यणादेशे युलोपेत्वानुनासिकात्त्वप्रतिषेधः ॥२५॥**

---

[212] અવિશિષ્ટ રીતે સ્થાનિવદ્ભાવ થાય તો સંયોગ સંજ્ઞાસૂત્રમાં સ્થાનીનો આશ્રય નથી લીધો તેથી **श्लेष्मा३ घ्न** (નોંધ૧૯૬) વગેરેમાં **अ** લોપ થયો છે તથા **दा३ घ्यश्वः** વગેરેમાં **यण्** આદેશ થયો છે તે સ્થાનિવત્ થાય તો ગુરુ સંજ્ઞા નહીં થઇ શકે, કારણ કે **हल्** વર્ણો અનન્તર ન રહેવાથી સંયોગ સંજ્ઞા નહીં થાય અને તેથી પૂર્વે રહેલ **अच्** ગુરુ નહીં કહેવાય તેથી **गुरोरनृतो०** પ્રમાણે પ્લુત નહીં થઇ શકે. ગુરુ એ સંયોગસંજ્ઞાનું કાર્ય છે તેથી વા.માં **गुरुविधि** એમ કહ્યું છે (ના.).

[213] ઉપર જણાવેલ કારણસર **यर्** વર્ણોનું **दधि अत्र** જેવાં સ્થળે **अनचि च।** પ્રમાણે દ્વિર્વચન થાય છે ત્યાં **यण्** સ્થાનિવત્ થાય તો તે ન થઇ શકે. તેથી **दद्ध्यत्र** જેવા પ્રયોગ ન થઇ શકે. એ જ કારણે **या** ધાતુના **यङन्त--यायाय** ને સ્વભાવના અર્થમાં **यश्च यङः।** પ્રમાણે **वरच्** લાગતાં **यायाय वर--अतो लोपः।** થી **अ** લોપ થતાં **यायाय् वर--लोपोव्यो०** થી **य्** લોપ થઇને **यायावर** થાય છે ત્યાં **अ** લોપ સ્થાનિવત્ થાય તો **ङित्** પર થતાં**आतो लोप इटि च।** પ્રમાણે **आ** નો લોપથવાનો પ્રસંગ આવે છે.તે રીતે **कण्ड्वादिभ्यो यक्।** પ્રમાણે થતા **कण्डूय** કે **क्तिच्क्तौ च संज्ञायाम्।** થી **क्तिच्** લાગીને **ब्राह्मणकण्डूति** જેવાં સ્થળે **कण्डूय क्तिच्--अतो लोपः।** થી લોપ **कण्डूय् ति**--અહીં **अ** લોપ સ્થાનિવત્ થાય તો **लोपो व्यो०** પ્રમાણે થતો **य्** લોપ ન થવાનો પ્રસંગ આવે છે.તેથી કહે છે કે પ્રતિષેધ સૂત્રમાં **द्विर्वचनवरेयल्लोप०** વગેરેમાંસ્થાનિવદ્ભાવ નથી થતો એમ કહેવું પડશે.**न पदान्त०** સૂત્રમાં તેમ કરેલ છે.

[214] **अदुग्ध , अदुग्धाः--दुह् लुङ्--दुह् च्लि लुङ्--स्वरितञितः०** થી આત્મનેપદ **अत .** (**स्**) થતાં **शल इगुपधाद०** થી **च्लि** નો **क्स--लुग्वा०** થી લોપ **दादेर्धातोर्घः।** થી **ह्** નો **घ्--अदुघ् त--झषोस्तथोर्धोधः।** થી **त** નો **ध--अदुघ् ध--झलां जश०** **घ्** નો **ग्--अदुग्ध** તેમ જ **अदुग्धाः** થશે.અહીં **लुग्वा०** (૭-૩-૭૩) માં **घोर्लोपो लेटि वा।** (૭-૩-૭૦) માંથી **लोपः** ની અનુવૃત્તિ થાય છે, પરંતુ તેમ કરવાથી **अलोऽन्त्यस्य।** પ્રમાણે અન્ત્ય **स्** નો લોપ થશે. પણ આ **लुग्वा दुह०** સૂત્રમાં **लुक्** નું ગ્રહણ કરવામાં આવે તો સમગ્ર **क्स** પ્રત્યયનો લોપ થઇ શકે તેથી સૂત્રમાં **लुक्** નું ગ્રહણ કરવું જરૂરી છે એમ અહીં દલીલ છે.સૂત્રકારે તે પ્રમાણે જ કર્યુ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

हन् નો ઘ્ આદેશ (થાય છે એમ કહેવું પડશે) ॥२३॥

हन् (ના ह-કાર)નો ઘ્ આદેશ થાય છે એમ કહેવું પડશે, (જેથી) घ्नन्ति घ्नन्तु अघ्नन् (સિદ્ધ થાય) [215]

તો પછી (સૂત્રમાં) પ્રકૃતિ (સ્થાની)નું ગ્રહણ કર્યું હોય ત્યાં (આદેશ)સ્થાનિવત્ ભલે થાય.

(પ્રકૃતિનું જે સૂત્રોમાં) ગ્રહણ કર્યું હોય ત્યાં સ્થાનિવત્ થાય છે એમ કહો તો जग्धि વગેરેમાં આદેશનો પ્રતિષેધ (કરવો પડશે)॥२४॥

( જે સૂત્રોમાં પ્રકૃતિ અર્થાત્ સ્થાનીનું) ગ્રહણ કર્યું હોય ત્યાં (આદેશ) સ્થાનિવત્ થાય છે એમ કહો તો जग्धि વગેરે આદેશોનો પ્રતિષેધ થાય છે તેમ કહેવું પડશે,[216] (નહીં તો) निराद्य समाद्य માં अदो जग्धिर्ल्यप्ति किति । પ્રમાણે जग्धि આદેશ થવાનો પ્રસંગ આવે છે.

यण् આદેશ કર્યા પછી य-લોપ,उ-લોપ, ई-કાર આદેશ અને અનુનાસિક आ આદેશનો પ્રતિષેધ (કરવો જોઇએ)॥२५॥ [217]

**यणादेशे युलोपेत्वानुनासिकात्त्वानां प्रतिषेधो वक्तव्यः। यलोप। वाय्वोः अध्वर्य्वोः। लोपो व्योर्वलि इति यलोपः प्राप्नोति॥ उलोप। अकुर्वि आशाम् अकुर्व्याशाम्। नित्यं करोतेर्ये च इत्युकारलोपः प्राप्नोति॥ ईत्व। अलुनि आशाम् अलुन्याशाम्। ई हल्यघोः इतीत्वं प्राप्नोति॥ अनुनासिकात्त्व। अजज्ञि आशाम् अजज्ञ्याशाम्। ये विभाषा इत्यनुनासिकात्त्वं प्राप्नोति॥**

**रायात्वप्रतिषेधः॥२६॥**

**राय आत्वस्य च प्रतिषेधो वक्तव्यः। रायि आशाम् राय्याशाम्। रायो हलि इत्यात्वं प्राप्नोति॥**

**दीर्घे यलोपप्रतिषेधः॥२७॥**

**दीर्घे यलोपस्य प्रतिषेधो वक्तव्यः। सौर्ये नाम हिमवतः शृङ्गे तद्वान्सौर्यी हिमवानिति साविनाश्रये दीर्घत्वे कृत इति यलोपः प्राप्नोति॥**

**अतो दीर्घे यलोपवचनम्॥२८॥**

---

[215] घ्नन्ति , घ्नन्तु , अघ्नन् અહીં **गमहनजनखनघसां लोपः०** પ્રમાણે अजादि પર થતાં ઉપધા લોપ--हन् न्ति--ह्न् न्ति થતાં ह् પછી न् આવતાં **हो हन्तेर्ञ्णिन्नेषु।** થી ह् નો घ् થઇને घ्नन्ति થશે.પરંતુ અહીં अ લોપ સ્થાનિવત્ થાય તો ह् પછી અનન્તર न् ન હોવાથી घ् ન થવાનો પ્રસંગ આવશે તેથી ह् નો घ् થાય છે તેમ કહેવું પડશે.એમ દલીલ છે.

[216] હવે વિધિસૂત્રમાં પ્રકૃતિ (=સ્થાની) નું ગ્રહણ કર્યું હોય ત્યારે સ્થાનિવદ્ભાવ થાય છે. એમ સ્વીકારતાં निराद्य , समाद्य માં निर् अद् , सम् अद् ને णिच्--અંતરંગ હોવાથી વૃદ્ધિ--**णेरनिटि**।--णि લોપ થતાં--**निर् आद् ल्यप्/सम् आद् ल्यप्--निराद्य समाद्य** થશે.અહીં **अदोजग्धि०** એ **जग्धिविधि** માં પ્રકૃતિ णि નું ગ્રહણ કરવામાં આવ્યું નથી તેથી णि લોપ સ્થાનિવત્ નહીં થાય પરિણામે **एकदेशविकृत** ન્યાયે आद् એ अद् છે તેમ સમજાશે . તેની પછી અવ્યવહિત રીતે ल्यप् આવ્યો છે તેથી તેને સ્થાને जग्धि આદેશ થવાનો પ્રસંગ આવશે

[217] **यलोप-य्** નો લોપ--**वाय्वोः अध्वर्य्वोः** .અહીં **लोपो व्यो०** થી य् લોપ થવાનો પ્રસંગ આવશે,કારણ કે **लोपो व्यो०** સૂત્રમાં **यण्** ની પ્રકૃતિ **इक्** નું ગ્રહણ કર્યું નથી તેથી **यण्** સ્થાનિવત્ નહીં થાય.**उलोप-अकुर्वि आशाम् अकुर्व्याशाम्** માંપર **यणादेश** પ્રથમ કરવામાં આવે તો **अकुरु इ आशाम्** --**अकुरु याशाम्** એ સ્થિતિમાં उ પ્રત્યય પછી य् આવે છે તેથી **ये च**। પ્રમાણે પ્રત્યય(उ) નો લોપ થવાનો પ્રસંગ આવશે, કારણ કે **ये च**। સૂત્રમાં य् ના સ્થાની इ નું ગ્રહણ નથી કરવામાં આવ્યું . **ईत्व--अलुनि आशाम् अलुन्याशाम्** માં વાક્યસંસ્કાર પક્ષ પ્રમાણે इ પ્રત્યયનો **आशाम्** ના आ સાથે **यण्** પહેલાં કરવામાં આવે તો, એટલે કે **अलुना इ आशाम्** એ સ્થિતિમાં **श्नाभ्यस्तयोरातः**। થી आ નો લોપ ન કરતાં પ્રથમ **यण्** આદેશ કરીએ તો **अलुना याशाम्** એ સ્થિતિમાં **श्ना** પછી **हलादि ङित्** પ્રત્યય આવતાં **ई हल्यघोः**। પ્રમાણે **श्ना** ના आ નો ई થવાનો પ્રસંગ આવે છે,કારણ કે તે સૂત્રમાં **यण्** ના સ્થાની इ નું નિમિત્ત રૂપે ગ્રહણ કરવામાં નથી આવ્યું તેથી य् નો સ્થાનિવદ્ભાવ નહીં થાય.**अनुनासिकात्व**-અનુનાસિકનો आ આદેશ-- **अजज्ञि आशाम्** માં **अजन् इ आशाम्-- अजन् याशाम्** એમ પ્રથમ **यण्** આદેશ કરતાં અનુનાસિક (न्)ની પછી य् થી શરૂ થતો ङित् પ્રત્યય આવ્યો છે તેથી **ये विभाषा**। પ્રમાણે અનુનાસિકનો आ આદેશ થવાનો પ્રસંગ આવશે, કારણ કે એ आ-કાર વિધિમાં સ્થાની इ નું ગ્રહણ નથી કર્યું તેથી य् આદેશ સ્થાનિવત્ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अतो दीर्घे यलोपो वक्तव्यः। गार्गाभ्याम् वात्साभ्याम्॥ दीर्घे कृत आपत्यस्य च तद्धितेऽनाति इति प्रतिषेधः प्राप्नोति॥ नैष दोषः।

यण् આદેશ કર્યા પછી य् નો લોપ, उ નો લોપ, ई-કાર આદેશ અને અનુનાસિક आ આદેશ થવાનો પ્રસંગ આવે છે તેનો પ્રતિષેધ કરવો જોઇએ. य-લોપ– वाय्वोः अध्वर्य्वोः [માં यण् (व्) આદેશ કર્યા પછી] लोपो व्योर्वलि। પ્રમાણે य् નો લોપ થવાનો પ્રસંગ આવે છે. उलोप-- अकुर्वि आशाम् अकुर्व्याशाम् અહીં नित्यं करोतेः। ये च। પ્રમાણે उ લોપ થવાનો પ્રસંગ આવે છે, ई-કાર આદેશ–अलुनि आशाम् अलुन्याशाम् અહીં ई हल्यघोः। પ્રમાણે (आ નો) ई આદેશ થવાનો પ્રસંગ આવે છે.અનુનાસિક आ આદેશ–अजज्ञि आशाम् अजज्ञ्याशाम् માં ये विभाषा। પ્રમાણે અનુનાસિક आ આદેશ થવાનો પ્રસંગ આવે છે .

राय् (रै શબ્દ) નો आ આદેશ થાય છે તેનો પણ પ્રતિષેધ (કરવો જોઇએ)॥૨૬॥ [218]

राय् (रै એ અંગ) નો आ આદેશનો પણ પ્રતિષેધ કરવો જોઇએ. रायि आशाम् राय्याशाम् અહીં रायो हलि। પ્રમાણે आ આદેશ થવાનો પ્રસંગ આવે છે.

દીર્ઘ કર્યા પછી य લોપનો પ્રતિષેધ (કરવો પડશે) ॥૨૭॥ [219]

દીર્ઘ કર્યો હોય ત્યારે લોપ નથી થતો એમ કહેવું પડશે,(નહીં તો) સૌર્ય નામનાં હિમાલયનાં બે શિખર છે, તે શિખરવાળો હોય તે सौर्यी हिमवान् (સૌર્ય શૃંગયુક્ત હિમાલય) અહીં सु પર થતાં (सौर्यिन् માં જે) इन् (છે તે)ને કારણે सौ च। પ્રમાણે દીર્ઘ કરવાથી (य् ની) પછી ई આવે છે તેથી (सौर्य ના) य् નો લોપ થવાનો પ્રસંગ આવે છે.

अ-કારનો દીર્ઘ કર્યા પછી य લોપ (થાય છે તેમ) य् નો કહેવું જોઇએ) ॥૨૮॥

(सुपि च। પ્રમાણે) હ્રસ્વ अ-કાર (अत्)નો દીર્ઘ કર્યા પછી य- લોપ થાય છે તેમ કહેવું પડશે.गार्गाभ्याम् वात्साभ्याम् (માં) દીર્ઘ કર્યા પછી आपत्यस्य च तद्धितेऽनाति। પ્રમાણે (થતા आ-કારાદિને કારણે થતા) य् લોપનો (आ-કારાદિ ને કારણે) પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે છે.[220] એ દોષ નથી

आश्रीयते तत्र प्रकृतिस्तद्धित इति॥ सर्वेषामेष परिहारः। उक्तं विधिग्रहणस्य प्रयोजनं विधिमात्रे स्थानिवद्यथा स्यादनाश्रीयमाणायामपि प्रकृताविति॥ अथवा पुनरस्त्वविशेषेण स्थानिवदिति। ननु चोक्तमविशेषेण स्थानिवदिति चेल्लोपयणादेशे गुरुविधिर्द्विवचनादयश्च क्सलोपे लुग्वचनं हन्तेर्घत्वमिति। नैष दोषः। यत्तावदुच्यतेऽविशेषेण स्थानिवदिति चेल्लोपयणादेशे गुरुविधिरिति। उक्तमेतत्। न वा संयोगस्यापूर्वविधित्वादिति॥ यदप्युच्यते द्विर्वचनादयश्च प्रतिषेधे वक्तव्या इति। उच्यते न्यास एव॥ क्सलोपे लुग्वचनमिति। क्रियते न्यास एव॥ क्सलोपे लुग्वचनमिति। क्रियते न्यास एव॥ हन्तेर्घत्वमिति। सप्तमे परिहारं वक्ष्यति॥

---

[218] रायि आशाम् राय्याशाम् માં रै ङि आशाम् પહેલાંઇ (ङि) નો यण् આદેશ કરતાં रै याशाम् એ સ્થિતિમાં हलादि પ્રત્યય પર થતાં रायो हलि। પ્રમાણે અંગના અંત્યનો आ થવાનો પ્રસંગ આવશે, કારણ કે તે સૂત્રમાં પ્રકૃતિ इ નું ગ્રહણ કર્યુ નથી તેથી તે સ્થાનિવત્ નહીં થાય

[219] सौर्य નામનાં હિમાલયનાં બે શિખર છે તે શિખરોથી યુક્ત હિમાલય सौर्यौ स्तोऽस्य। એ અર્થમાં अत इनिठनौ। પ્રમાણે इन् લાગીને सूर्य इन्-- सौर्य इन्--यस्येति०--सौर्यिन् થતાં सौर्यिन् सु એમ થતાં सौ च। થી ઉપધા દીર્ઘ सौर्यीन् सु--हल्ङ्याब्भ्यो० થી सु લોપ--न लोपो प्रातिपदिकान्त० થી અંત્ય न् નો લોપ થઇને सौर्यी થાય છે.અહીં य् પછી ई આવ્યો છે તેથી सूर्यतिष्यागस्त्य० પ્રમાણે य् લોપ થવાનો પ્રસંગ આવે છે, કારણ કે સ્થાની इ નું य લોપ વિધિ સૂત્રમાં ગ્રહણ કરવામાં આવ્યું નથી તેથી આદેશ ई સ્થાનિવત્ નહીં થાય અને લોપ થશે.

[220] गार्गाभ्याम्--गर्गस्य गोत्रापत्यम् એ અર્થમાં गर्ग ને गर्गादिभ्यो यञ्। થી यञ्-- ङ्यन्त પ્રાતિપદિકને સ્ત્રીલિંગમાં यञश्च। પ્રમાણે ङीप्--गार्गी અહીં ढ સિવાયનો તદ્ધિત પર હોવાથી भस्याढे तद्धिते पुंवद्भावो वक्तव्यः। (વા.) પ્રમાણે પુંવદ્ભાવ થતાં ગોત્ર સ્ત્રી વાચી गार्ग्य ને गोत्रस्त्रियाः कुत्सने ण च। પ્રમાણે ण તદ્ધિત થતાં गार्ग्य अ--यस्येति० થી अ લોપ,आपत्यस्य तद्धितेऽनाति। થી य् લોપ, *याम् પર થતાં गार्ग याम् એ સ્થિતિમાં सुपि च। થી અંગના अ નો દીર્ઘ થઇને* गार्गाभ्याम् થાય તે પૂર્વે गार्ग्य् अ भ्याम् એ સ્થિતિમાં તદ્ધિત अ નો દીર્ઘ થઇને गार्ग्य् आ भ्याम् એમ થાય તો य् લોપ ન થવાનો પ્રસંગ આવશે,કારણ કે आ(त)પર થતાં अनाति એમ કહીનેસૂત્રમાં य् લોપ નો નિષેધ કર્યો છે અને અહીં गार्ग्य् ના य् પછી आ આવેલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(આવતો), કારણ કે ત્યાં (अनाति એમ કહીને) પ્રકૃતિભૂત તદ્ધિતનું ગ્રહણ કરવામાં આવ્યું છે.[221] આ બધા (દોષો)નો પરિહાર છે :– વિધિ શબ્દ મૂકવાનું એ પ્રયોજન કહ્યું કે જેથી વિધિમાં પ્રકૃતિનો આશ્રય ન લીધો હોય તો પણ પ્રત્યેક વિધિમાં સ્થાનિવદ્- ભાવ થઇ શકે.અથવા તો સ્થાનિવદ્ભાવ ભલે અવિશિષ્ટ રીતે થાય.[222] પણ અમે કહ્યું છે કે (પ્રકૃતિનું ગ્રહણ હોય કે ન હોય) એમ અવિશિષ્ટ રીતે સ્થાનિવદ્ભાવ થતો હોય તો લોપ અને यण् આદેશ થયા પછી ગુરુ (સંજ્ઞાનો કારણભૂત સંયોગસંજ્ઞા) વિધિ સિદ્ધ નહીં થાય, વળી (જ્યાં) પ્રતિષેધ કર્યો છે ત્યાં द्विर्वचन વગેરે (નું ગ્રહણ કરવું પડશે), क्स નો લોપ (કહેવામાં આવ્યો હોય તે વિધિ)માં लुक् (એમ) કહેવું (પડશે),हन् નો घ् આદેશ (થાય છે એમ કહેવું પડશે),(એ દોષ આવશે).એ દોષ નથી .પ્રથમ તો અવિશિષ્ટ રીતે સ્થાનિવદ્ભાવ થતો હોય તો લોપ અને यण् આદેશ થયા પછી ગુરુ (સંજ્ઞાનો કારણભૂત સંયોગસંજ્ઞા) વિધિ સિદ્ધ નહીંથાય,(તેમાં તો) 'અથવા તો સંયોગ એ પૂર્વનો જ વિધિ નથી' એમ કહ્યું છે.[223] વળી (જ્યાં) પ્રતિષેધ કર્યો છે ત્યાં द्विर्वचन વગેરે (નું ગ્રહણ કરવું પડશે),તે તો સૂત્રમાં જ કહ્યું છે. क्स નો લોપ (કહેવામાં આવ્યો હોય તે વિધિ)માં लुक् (એમ) કહેવું (પડશે),તે પણ સૂત્રમાં મૂક્યો જ છે.[224] हन् નો घ् આદેશ (થાય છે એમ કહેવું પડશે), એ દોષનો પરિહાર સાતમા(અધ્યાય)માં કરશે.[225]

**न पदान्तद्विर्वचनवरेयलोपस्वरसवर्णानुस्वारदीर्घजश्चर्विधिषु ॥१।१।५८॥**

**पदान्तविधिं प्रति न स्थानिवदित्युच्यते तत्र वेतस्वानिति रुः प्राप्नोति। नैष दोषः। भसंज्ञा बाधिका भविष्यति तसौ मत्वर्थे इति। अकारान्तमेतद्भसंज्ञां प्रति। पदसंज्ञां प्रति सकारान्तम्। ननु चैवं विज्ञायते यः संप्रतिपदान्त इति। कर्मसाधनस्य विधिशब्दस्योपादान एतदेवं स्यात्। अयं च विधिशब्दोऽस्त्येव कर्मसाधनो विधीयते विधिरिति। अस्ति च भावसाधनो विधानं विधिरिति। तत्र भावसाधनस्य**

પદાન્ત, દ્વિર્વચન,वरे, य् લોપ, સ્વર, સવર્ણ,અનુસ્વાર,દીર્ઘ, जश् અને વિધિ કરવાના હોય ત્યારે (પરનિમિત્તક अजादेश સ્થાનિવત્ થશે) નહીં ૧.૧.૫૮

---

[221] अनाति ને કારણે પ્રતિષેધ થાય છે તેમાં પ્રસજ્યપ્રતિષેધનો આશ્રય લઇને એટલે કે आ પર હોય ત્યારે य् લોપ નિષેધ કરવામાં આવ્યો છે એમ દલીલ હતી.જ્યારે તે શંકાનો નિરાસ કરતાં अनाति ને પર્યુદાસ તરીકે લઇને आ થી ભિન્ન પ્રકૃતિનો आपत्यस्य० માં આશ્રય લીધો છે તેથી અહીં य् લોપ થઇ શકશે, કારણ કે गार्ग्य માં પણ आ થી ભિન્ન તદ્ધિત (अ) પર છે એટલે કે સ્થાની आ નથી પણ अ છે તેથી य् લોપ થશે.

[222] સૂત્રમાં પ્રકૃતિનું ગ્રહણ કર્યુ હોય ત્યાં સ્થાનિવદ્ભાવ થાય છે એ પક્ષ સ્વીકારવામાં આવે તો विधि શબ્દનું ગ્રહણ કરવા રૂપી અધિક પ્રયત્ન કર્યો છે તેથી સ્વાશ્રય કાર્યની નિવૃત્તિ સિદ્ધ થતી હતી તેથી હવે अथवा એમ કહીને અન્ય પક્ષનો એટલે કે વિધિ સૂત્રમાં પ્રકૃતિનો આશ્રય લીધો હોય કે ન લીધો હોય તો પણ પરનિમિત્તક अजादेश સ્થાનિવત્ થાય છે એ પક્ષનો પ્રસ્તાવ કરે છે.એ વ્દારા કહેવા માગે છે કેપ્રકૃતિનું ગ્રહણ કર્યુ હોય કે ન કર્યુ હોય તો પણ સ્વાશ્રયની નિવૃત્તિ થાય છે જ.

[223] સંયોગ સંજ્ઞા સમુદાય એટલે કે અનન્તર રહેલા हल् સમુદાય પર આધારિત છે તેથી તેને अपरविधि એમ કહ્યું છે. વાસ્તવમાં પ્લુત ત્રિપાદીમાંનો છે તેથી पूर्वत्रासिद्धे न स्थानिवत्। [જુઓ न पदान्त० ઉપરની पूर्वत्रासिद्धे च।(વા.૩)] એ વાર્તિક વ્દારા પણ આ કાર્ય સિદ્ધ થઇ શકે છે.સૂત્રમાં ગ્રહણ કર્યુ છે એટલે કે न पदान्त० એ સૂત્રમાં द्विर्वचन શબ્દનું ગ્રહણ કર્યુ જ છે તે ઉપરથી સૂચવાય છે કે સ્થાનિવદ્ભાવ અવિશિષ્ટ રીતે થાય છે.

[224] क्सलोप० એ વિશે (क्सस्याचि।) लुग्वा दुहदिहलिहगुहामात्मनेपदे दन्त्ये। (૭-૩-૭૨--૭૩) માં क्स લોપ થાય છે એમ કહ્યું જ છે.

[225] न-કાર પર હોય તો हन् ના ह-કારનો क વર્ગ આદેશ થાય પરંતુ अ-કાર લોપ સ્થાનિવત્ થાય તો તેનું વ્યવધાન થશે એ શંકાનો પરિહાર કરતાં ભાષ્યકારે સાતમા અધ્યાયમાં [होहन्तेर्ञ्णिन्नेषु। (૭-૩-૫૪)ના ભાષ્યમાં] કહ્યું છેઃ वचनाद् भविष्यति- - -हकारस्य नकार इति। તેથી સ્થાનિવદ્ - ભાવને કારણે વ્યવધાન થવા છતાં શ્રુતિકૃત આનન્તર્યનો આશ્રય લેવાથી દોષ નહીં આવે. (જુઓઃ तच्चानन्तर्यं श्रुतिकृतं संनिपातकृतमाश्रीयते। स्थानिवद्भावशास्त्रकृतं तु यदनान्तर्यं तदविघातकं वचनसामर्थ्यात्। એ સૂત્ર પર કા., કૈ એ જ ઉદ્ધરે છે.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદાન્ત વિધિ કરવાનો હોય ત્યારે (પરનિમિત્તક **अजादेश** )સ્થાનિવત્ નથી થતો તેમ કહેવામાં આવ્યું છે, (પરંતુ તેમ થતાં) **वेतस्वान्** માં **रु** થવાનો પ્રસંગ આવે છે. [226] એ દોષ નથી (આવતો), કારણ કે **तसौ मत्वर्थे।** પ્રમાણે થતી भસંજ્ઞા અહીં બાધક થશે.[227] भસંજ્ઞાની દૃષ્ટિએ (**वेतस**) એ अ-કારાન્ત છે, જ્યારે **पद** સંજ્ઞાની દૃષ્ટિએ તે (**वेतस्** ) **स**-કારાન્ત છે.પરંતુ (અમે કહીએ છીએ કે) અત્યારે જે પદાન્ત છે તે[228] (ને થનાર કાર્યમાં સ્થાનિવદ્ભાવ નથી થતો) એમ સમજાય છે. વિધિ શબ્દને કર્મના અર્થમાં (**कर्मसाधनः**) લેવામાં આવે તો આ એ પ્રમાણે થાય [229]અને આ વિધિ શબ્દ **विधीयते इति विधिः** એમ કર્મવાચક તો છે જ તથા **विधानं विधिः** એમ ભાવવાચક (**भावसाधनः** ) વિધિ શબ્દ પણ છે. તેમ હોવાથી ભાવવાચક

**विधिशद्बस्योपादान एष दोषो भवति। इह च ब्रह्मबन्ध्वा ब्रह्मबन्ध्वै धकारस्य जश्त्वं प्राप्नोति॥ अस्ति पुनः किंचिद्भावसाधनस्य विधिशद्बस्योपादाने सतीष्टं संगृहीतमाहोस्विद्दोषान्तमेव। अस्तीत्याह। इह कानि सन्ति यानि सन्ति कौ स्तः यौ स्त इति योऽसौ पदान्तो यकारो वकारो वा श्रूयेत स न श्रूयते। षडिकश्चापि सिद्धो भवति। वाचिकस्तु न सिध्यति। अस्तु तर्हि कर्मसाधनः।**

---

[226] આગળ જોયું કે **विधि** શબ્દ ભાવવાચક (**विधानं विधिः**) તેમ જ કર્મવાચક ( **विधीयते एति विधिः** જેનું વિધાન કરવામાં આવે છે તે) એમ બન્ને અર્થમાં પ્રયોજાય છે. તેથી **पदान्तविधि** એ સમાસમાં વિધિ શબ્દને ભાવવાચક તરીકે લેતાં પદાન્તરૂપી કાર્યનું વિધાન એમ અર્થ થશે. આ પ્રમાણે અર્થ કરવામાં આવે તો **वेतस्वान्** માં **वेतस** ને 'તે આમાં છે' એ અર્થમાં **कुमुदनडवेतसेभ्यो ड्मतुप्।** પ્રમાણે **ड्मतुप्** એ ચાતુરર્થિક પ્રત્યયપર થતાં **टेः।** પ્રમાણે તેનો **टि** લોપ થઇને **वेतस् ड्मतुप्--मादुपधायाः मतो वो॰** થી **वत्--वेतस् वत् सु--वेतस्वान्** .અહીં **वेतस् वत्** એમ થતાં **स्वादि** પ્રત્યય પર થવાથી **वेतस्** ની **स्वादिष्वसर्वनाम॰** પ્રમાણે પદ સંજ્ઞા થશે તેથી **स्** પદનો ચરમાવયવ અર્થાત્ પદાન્ત કરવાના કાર્યમાં **टि** લોપ પ્રકૃત સૂત્ર પ્રમાણે સ્થાનિવત્ નહીં થાય તેથી પદાન્ત **स्** નો **ससजुषोः रुः।** પ્રમાણે **रु** થવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે.

[227] આ સિદ્ધાન્તી એકદેશીની દલીલ છે તેમ ના. કહે છે અહીં **ड्मतुप्** 'તે આમાં છે' એ અર્થમાં જ થયો છે.તેથી **वेतस् वत्** એમ મત્વર્થીય પર થતાં **तसौ मत्वर्थे।** પ્રમાણે પૂર્વે રહેલ **वेतस् स**- કારાન્ત છે તેથી તેની भ સંજ્ઞા થતાં પદ સંજ્ઞાનો બાધ થશેઅને તેમ થવાથી **टि** લોપ એટલે કે अ-કાર લોપ એ अ-કાર જ છે તેમ સમજાશે અર્થાત્ **वेतस्** શબ્દ **स**-કારાન્ત નહીં પણ अ-કારાન્ત છે તેમ સમજાશે તેથી **रु** થવાનો પ્રસંગ નહીં આવે.

[228] **यः संप्रतिपदान्तः** સ્થાનિવદ્ભાવ નિષેધ થયા વિના જ જે પદ થએલ હોય તેના અન્ત(ને લગતો વિધિ કરવાનો હોય ત્યાં સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવામાં આવે છે) **कौ स्तः कानि सन्ति** અહીં **कौ** અને **कानि** સ્થાનિવદ્ભાવનિષેધ થયા વિના સુબન્ત હોવાથી **पद** (**सबन्तं पदम्** ) થયાં છે અને **औ** તેમ જ **इ** તે પદનાં અંત છે તેથી તે **संप्रतिपदान्त** કહેવાય. તેમને **एचोऽयवायावः।** પ્રમાણે કાર્ય કરવાનું હોય ત્યારે **स्तः** અને **सन्ति** માં **श्नसो –रल्लोपः।** પ્રમાણે **अस्** ના अ-કારનો લોપ થયો છે તે પ્રસ્તુત સૂત્ર પ્રમાણે નિષેધ લાગુ પડવાથી સ્થાનિવદ્ નહીં થાય.જ્યારે **वेतस्वान्** માં **वेतस्** શબ્દ **सुप्तिङन्तं पदम्।** પ્રમાણે પદ નથી પરંતુ अ-કારનો લોપ થાય તો જ **स्वादिष्व॰** પ્રમાણે પદ થાય છે. બીજી રીતે કહેતાં **वेतस्** સંપ્રતિપદ નથી તેથી स-કાર **संप्रतिपदान्त** નહીં થાય પરિણામે **न पदान्त॰** સૂત્ર પ્રમાણે થતો નિષેધ અમલી નહીં બને તેથી **स**-કારના **रुत्व** રૂપી કાર્યમાં **अ** લોપ સ્થાનિવત્ નહીં થાય અને **रु** આદેશ નહીં થાય.**संप्रतिपदान्त** સમાસમાં **संप्रतिपद** એ સુપ્સુપ્સમાસનો **अन्त** સાથે ષષ્ઠી સમાસ છે(ના.) તેથી જે સાંપ્રત અવસ્થામાં **पद** હોય એટલે કે સ્થાનિવદ્ભાવ નિષેધને પ્રતાપે પદ બન્યું ન હોય--**स्वादिष्वसर्व॰** પ્રમાણે ન થયું હોય તે **संप्रतिपद** તેનો અન્ત અર્થાત્ છેલ્લો અવયવ તે **संप्रतिपदान्त** .તેને લગતા વિધિમાં પ્રસ્તુત સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ થશે.**संप्रतिपदान्त** એટલે **सिद्धपदान्त** (કૈ).

[229] એટલે કે વિધિને કર્મસાધન અર્થમાં લઇએ તો દોષનું નિવારણ થઇ શકે, પરંતુ ભાવ (=વિધાન) ના અર્થમાં લઇએ તો દોષનિવારણ નહીં થાય.આ દલીલ પૂર્વપક્ષીની છે તે **संप्रति** પદને **पदान्त** ના વિશેષણ તરીકે લઇને એ બે પદોનો સમાસ કરે છે.તેથી 'સંપ્રતિ જે પદાન્ત હોય, જે સિદ્ધ પદાન્ત હોય'(તેને લગતો વિધિ કરવાનો હોય ત્યારે સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે) એમ અર્થ થશે.પરંતુ વિધિ એટલે વિધાન એ અર્થ સાથે એ અર્થ બંધ નહીં બેસે,કારણ કે પદના અન્ત્ય અવયવ તરીકે જે સિદ્ધ હોય તેને લગતું વિધાન કરવું નિરર્થક છે.ટૂંકમાં એ અર્થ કર્મસાધનવિધિ પક્ષમાં બંધ બેસશે પરંતુ ભાવસાધન પક્ષે નહીં બેસે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિધિ શબ્દ લેવાથી એ દોષ છે કે આ ब्रह्मबन्ध्वा ब्रह्मबन्ध्वै માં ધ-કારનો जश् (द-કાર) આદેશ થવાનો પ્રસંગ આવે છે.[230] તો પછી વિધિ શબ્દને ભાવના અર્થમાં લેતાં ઇષ્ટ સાધી શકાય છે કે માત્ર દોષમાં જ પરિણમે છે ?[231] તો કહે છે કે ઇષ્ટ સિદ્ધ થાય છે.આ कानि सन्ति यानि सन्ति कौ स्तः यौ स्तः માં જે પદાન્ત य-કાર કે व-કારનું શ્રવણ થવું જોઇએ તે નથી થતું અને षडिकः પણ સિદ્ધ થાય છે,[232] પરંતુ वाचिकः સિદ્ધ થતો નથી[233] તો પછી કર્મના અર્થમાં

---

[230] ब्रह्मबन्ध्वा--ब्रह्म बन्धुरस्य એ અર્થમાં ब्रह्मबन्धु શબ્દને ऊङुतः। થી ऊङ्--ब्रह्मबन्धू તૃ.એ.વ.માં--ब्रह्मबन्धू आ--ब्रह्मबन्ध्वा થશે.અહીં ब्रह्मबन्धू आ એ સ્થિતિમાં અન્ત્ય ऊ એ પ્રત્યય અને ब्रह्मबन्धु ના उ-કારનો એકાદેશ છે.તેનો આદિવદ્ભાવ કરતાં उ- કાર ऊङ् નો આદિવત્ થશે. તેની પછી તૃ.એ.વ.નો आ આવતાં ब्रह्मबन्ध्व् आ--ब्रह्मबन्ध् वा એ સ્થિતિમાં स्वादिष्वसर्व० થી પદ સંજ્ઞા થતાં ધ-કાર પદાન્ત છે તેમ વિધાન કરવાનું છે તેથી પ્રસ્તુત સૂત્ર દ્વારા કરેલ નિષેધને પ્રતાપે यणादेश યુક્ત आ નો સ્થાનિવદ્ભાવ નહીં થાય પરિણામે झलां जशोऽन्ते। પ્રમાણે પદાન્ત ध् નો द् થવાનો પ્રસંગ આવશે. પરંતુ ब्रह्मबन्धू आ એ સ્થિતિમાં यचि भम्। પ્રમાણે થતી भ સંજ્ઞાની દૃષ્ટિએ એકાદેશ સ્થાનિવદ્ થતાં ब्रह्मबन्धू એ उ-કારાન્ત છે તેમ સમજાશે. આમ પૂર્વ ભાગ પદ સંજ્ઞામાં धान्त અને भ સંજ્ઞામાં उकारान्त હોવાથી તે બેની અવધિ ભિન્ન થવાથી भ સંજ્ઞા અહીં પદ સંજ્ઞાનો બાધ નહીં કરે તેથી ध् નો द् થવાનો પ્રસંગ આવશે

[231] પ્રશ્નનો આશય એમ છે કે વિધિ શબ્દને ભાવસાધન લેવાથી કોઇ પ્રયોજન સિદ્ધ થાય છે કે પછીમાત્ર દોષ જ થાય છે. પ્રયોજન છે તે દર્શાવવા માટે कानि सन्ति વગેરે જે ઉદાહરણ આપ્યાં છે તે વાસ્તવમાં કર્મસાધન પક્ષે પણ સિદ્ધ થઇ શકે છે,પરંતુ ભાવસાધન પક્ષે પણ તે સિદ્ધ થઇ શકે છે તેમ સૂચવવા માટે તે ઉદાહરણ ભાષ્યકારે મૂક્યાં છે. ભાવસાધનં પક્ષ પ્રમાણે कानि सन्ति વગેરે માં य् અને कौ स्तः વગેરેમાં व् નું વિધાન કરવામાં આવ્યું છે તેથી જ તં પદાન્ત થાય છે. આમ તેમની પદાન્તતાનું વિધાન કરવામાં આવ્યું છે તેથી પ્રસ્તુત સૂત્ર પ્રમાણે સ્થાનિવદ્ભાવ નિષેધ લાગુ પડશે.પરિણામે अस् ના अ-કારનો લોપ સ્થાનિવત્ ન થતાં यण् કાર્ય નહીં થાય.અહીં વાક્યસંસ્કાર પક્ષ પ્રમાણે દલીલ કરી છે.

[232] षडिक માત્ર ભાવસાધન પક્ષમાં જ સિદ્ધ થાય છે એ ઉભયપક્ષને સાધારણ ઉદાહરણ નથી. તે હવે પછી જોઇશું.મૂળ શબ્દ षडङ्गुलिः છે.[ભાષ્યમાં અહીં તેમ જ यचि भम्। તથા ठाजादावूर्ध्वं द्वितीयादचः। માં આ જ રીતે ઉદાહરણ છે,પરંતુ ठाजादावूर्ध्व० ઉપરની કા.તથા जातिनाम्नः कन्। પરની સિ.કૌ.માં षडङ्गुलिदत्तः ઉદાહરણ છે.] षडिकः--षडङ्गुलि એ મનુષ્યવાચી શબ્દને અનુકંપાના(अनुकंपितः षडङ्गुलिः) અર્થમાં बह्वचो मनुष्यनाम्नष्ठज्वा। થી વિકલ્પે ठच् થતાંषडङ्गुलि ठच् એમ થતાં ठाजादावूर्ध्व० પ્રમાણે દ્વિતીય अच् પછીના ङ्गुलि ભાગનો લોપ--षष ठच् (इक)--यस्येति० થી अ લોપ--षष् इक એ સ્થિતિમાં અંતર્વર્તિ વિભક્તિને કારણે સુબન્ત થતાં षष् ની (सबन्तं पदम् થી)પદ સંજ્ઞા થશે તેથી जश्त्व થઇને षडिकः થશે.અહીં षष् इक થતાં षष् ની પદ સંજ્ઞા થઇ તેમ સ્વાદિ તદ્ધિત પર થવાથી પણ તેની स्वादिष्वसर्व० પ્રમાણે પદ સંજ્ઞા ન થતાં इक अजादि છે તેથી यचि भम्। થી भ સંજ્ઞા થશે.હવે सुप्तिङन्तं० પ્રમાણે થતી પદ સંજ્ઞાનો પર હોવાથી भ સંજ્ઞા બાધ કરશે.આમ બંને રીતે થતી પદ સંજ્ઞા તથા भ સંજ્ઞા તુલ્યાવધિક છે તેથી भ સંજ્ઞા પદ સંજ્ઞાનો બાધ કરે છે.પરિણામે षष् પદ ન થવાથી ष-કાર પદાન્ત નહીં કહેવાય તેથી પદાધિકારમાંનું झलां जशोऽन्ते। અહીં લાગુ ન પડતાં जश्त्व નહીં થાય અર્થાત્ ष् ને ड् ન થતાં षडिक સિદ્ધ નહીં થઇ શકે.એ શંકા અનુચિત છે.स्वादिषु० થી થતી પદ સંજ્ઞાનો भ સંજ્ઞા આવશ્ય બાધ કરશે કારણ કે બંને સંજ્ઞા षष् ને થતી હોવાથી સમાનાવધિક છે[જુઓ शेवलसुपरि० સૂત્રની षडिके जश्त्वे उक्तम्। તથા षषष्ठाजादिवचनात्सिद्धम्।(વા.) ઉપરનો પ્રદીપ]પરંતુ અહીં अजादि स्वादि તદ્ધિત પર છે તેથી ઉત્સર્ગભૂત પદ સંજ્ઞા ન થતાં અપવાદભૂત भ સંજ્ઞા જ થશે.(તેથી जातिनाम्नः कन्। એસૂત્ર ઉપરની સિ.કૌ. ઉપર તત્ત્વ.બો. કહે છે'स्वादिषु ' इति पदसंज्ञा तु न शंकनीयैव यचि भम् इति भसंज्ञायास्तदपवादत्वात्।)પરંતુ ઉપર કહ્યું તેમ षष् इक એ સ્થિતિમાં सुप्तिङ० પ્રમાણે જે પદ સંજ્ઞા થાય છે ત્યાં ष-કારની પદાન્ત સંજ્ઞા થાય છે.તે ष-કારાન્તની થાય છે. પરંતુ भ સંજ્ઞામાં સ્થાનિવદ્ભાવનો નિષેધ ન હોવાથી अ-કાર લોપ સ્થાનિવત્ થતાં भ સંજ્ઞા પદ સંજ્ઞાનો બાધ નહીં કરે પરિણામે जश्त्व થશે તેથી षडिकः સિદ્ધ થશે.આ ભાવસાધનનું અસાધારણ ઉદાહરણ છે. કર્મસાધન પક્ષે षष् નો ष- કાર जश्त्व ને લાગે વળગે છે ત્યાં સુધી પદાન્ત તરીકે સિદ્ધ છે તેથી સ્થાનિવદ્ભાવ થતાં षष् इक એ સ્થિતિમાં षष् એ ष- કારાન્તની भ સંજ્ઞા થશે. આમ પદ અને भ બંને સંજ્ઞાની અવધિ સમાન છે અને એક સંજ્ઞાધિકારમાં આવેલ છે તેથી પર રહેલ भ સંજ્ઞા પદ સંજ્ઞાનો બાધ કરશે. પરિણામે ष-કાર પદાન્ત નહીં ગણાય તેથી षडिकः સિદ્ધ નહીં થઇ શકે.આમ षडिकः એ માત્ર ભાવસાધન પક્ષનું ઉદાહરણ છે.

[233] એટલે કે वाचिक માં પદ કાર્ય નથી થતું એમ કહેવું પડશે.वाचि आशीः यस्य (न तु मनस्येव) स वागाशीः तेन दत्तः वागाशीर्दत्तः[અહીં ठाजादावूर्ध्व० સૂત્રપરની एकाक्षरपूर्वपदानामुत्तरपदलोपो वक्तव्यः। વા.પર કા.માં માત્ર वागाशीः ઉદાહરણ છે.(ભા.૪,પૃ.૩૦૨)] अनुकंपितो वागाशीर्दत्तः એ


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**यदि कर्मसाधनः षडिको न सिध्यति। अस्तु तर्हि भावसाधनः। वाचिको न सिध्यति। वाचिकषडिकौ न संवदेते। कर्तव्योऽत्र यत्नः॥ कथं ब्रह्मबन्ध्वा ब्रह्मबन्ध्वै। उभयत आश्रये नान्तादिवदिति॥**

(વિધિ શબ્દ) ભલે થાય. [234]જો કર્મના અર્થમાં હોય તો **षडिकः** સિદ્ધ નહીં થાય. તો પછી ભાવના અર્થમાં ભલે રહે. તો **वाचिकः** સિદ્ધ નહીં થાય **वाचिकः** અને **षडिकः** નો મેળ ખાતો નથી .આ બાબતમાં યત્ન કરવો પડશે.[235] તો **ब्रह्मबन्ध्वा ब्रह्मबन्ध्वै** નું શું ? એ રીતે (થશે) કે જ્યાં એક જ વિધિમાં (પૂર્વના અન્ત અને પરનો આદિ એમ) બે રીતે લેવાનું હોય ત્યાં અન્તાદિવદ્ભાવ થતો નથી [236]

---

અર્થમાં **बह्वचो०** પ્રમાણે **ठच्--ठाजादावूर्ध्वं०**--બીજા **अच्** પછીના ભાગનો લોપ થતાં **वाच् आ इक--यस्येति०**થી આલોપ થતાં **वाच् इक** એ સ્થિતિમાં ઉપર પ્રમાણે પદ સંજ્ઞા અને **भ** સંજ્ઞા એ બે સંજ્ઞા ભિન્નાવધિક છે તેથી **भ** સંજ્ઞા પદ સંજ્ઞાનો બાધ નહીં કરે પરિણામે **वाच् इक** માં **च्** પદાન્ત હોવાથી **चोः कुः।--वाक् इक--झलां जश्०--वाग् इक--वागिकः** થવાનો પ્રસંગ આવશે એમ અહીં ભાવ છે.પરંતુ આગળ ઉપર ભાષ્ય -કાર **कर्तव्यो यत्नः।** એમ કહેવાના છે અને તે યત્ન તે **एकाक्षरपदानामुत्तरपदलोपो०** (વા).તે મુજબ એક અક્ષરવાળાં (=એક **अच्** વાળાં)પદના ઉત્તરપદનો લોપ થાય છે તેથી **वागाशीर्दत्तः** માં **वाच्** એકાક્ષરી પૂર્વપદ છે તેથી ઉત્તરપદ **आशीर्दत्त** નો લોપ--**वाच् इक** એમ થતાં લોપ **अच्** અને **हल्** નો સમુદાયનો આદેશ છે તેથી તે સ્થાનિવત્ નહીં થાય. જ્યારે અંતર્વર્તી વિભક્તિને કારણે **वाच्** ની પદ સંજ્ઞા થશે તેમ જ **यचि भम्।** થી **भ** સંજ્ઞા થશે આ બન્ને સંજ્ઞા **च**-કારાન્ત **वाच्** ની જ હોવાથી તુલ્યાવધિક છે તેથી **भ** સંજ્ઞા પદ સંજ્ઞાનો બાધ કરશે.પરિણામે **वाच् इक** માં **वाच्** પદ નહીં રહે તેથી પદાન્ત કાર્ય પણ નહીં થઇ શકે એટલે કે પદાન્તને લગતાં **कुत्व , जश्त्व** એ કાર્યો નહીં થાય તેથી **वाचिकः** સિદ્ધ થશે.

[234] વિધિ શબ્દને કર્મસાધન લેતાં **वाचिकः** સિદ્ધ થશે પરંતુ **षडिकः** નહીં થાય ભાવસાધન લેવામાં આવે તો **वाचिकः** સિદ્ધ નથી થતું. ટૂંકમાં એક જ પક્ષનો આધાર લેવામાં આવે તો આ બન્ને સિદ્ધ નથી કરી શકાતા તેથી વિશેષ યત્ન કરવાનું કહ્યું.**वाचिक** ને **एकाक्षर०** વ્દારા સિદ્ધ કર્યો (નોધ ૨૩૫) પરંતુ એ વાર્તિક પ્રમાણે **षडिकः** સિદ્ધ નહીં થાય, કારણ કે **षडङ्गुलि** માં**षष्** એ એકાક્ષર પૂર્વપદ છે તેથી ઉત્તરપદ**अङ्गुलि** નો લોપ થતાં અંતર્વર્તી વિભક્તિને કારણે **षष्** ની પદ સંજ્ઞા થશે તેનો **वाचिकः** માં કહ્યું તેમ **भ** સંજ્ઞા બાધ કરશે તેથી **जश्त्व** ન થતાં**षीषकः** થવાનો પ્રસંગ આવશે.તે નિવારવા **षषष्ठादिवचनात्सिद्धम्।** એ વા. રૂપી યત્ન કર્યો છે, એટલે કે **षष्** શબ્દ પૂર્વપદ હોય ત્યારે **ठाजादावूर्ध्वं०** પ્રમાણે વ્દિતીય **अच्** પછીના ભાગનો લોપ કરીને(નોધ ૨૩૪)**षडिकः** સિદ્ધ થશે.. પરંતુ **एकाक्षर०** એમ કહ્યું છે તેથી નહીં થાય, કારણ કે ઉત્તરપદ લોપ કરતાં ઉપર કહ્યું તે **जश्त्व** મળવું મુશ્કેલ છે. બીજી રીતે કહેતાં અહીં (**षडङ्गुलि** કે **षडङ्गुलिदत्त** માં) લોપ **ठाजादावूर्ध्वं०** પ્રમાણે થાય છે **एकाक्षर०** વા.માં કરેલ ઉપસંખ્યાનને કારણે નથી થતો (**सौत्र एवात्र लोप इष्यते न त्वौपसंख्यानिक इत्यर्थः।पद०**) આ બન્ને વા.કા.માં **ठाजादूर्ध्वं०** સૂત્ર ઉપર છે પણ મહા.ભા.માં **शेवलसुपरि०** સૂત્ર ઉપર છે, જ્યારે સિ.કૌ.માં **जातिनाम्नः०** સૂત્ર ઉપર આપી છે.

[235] **कर्तव्योऽत्र यत्नः।** અહીં પ્રદીપમાં ચૌખં.(પૃ.૪૮૮) માં **षषष्ठादि०** એ વા.નથી આપી. પા.ટી માં પાઠાન્તર રૂપે છે.નિ.સા. (પૃ.૪૪૬) માં તે યોગ્ય રીતે મૂકી છે.

[236] **अन्तादिवच्च।** સૂત્રના ભાષ્યમાંનું આ વાક્ય છે.એ મુજબ કોઇ એક વિધિ કરવાનો હોય ત્યારે કોઇ વર્ણને એકી સાથે પૂર્વ તેમ જ પરના અવયવ તરીકે ન લઇ શકાય., એટલે કે તેને પૂર્વના અંત્યાવયવ જેવો અને પરના આદ્યાવયવ જેવો તે જ સમયે ગણી ન શકાય અર્થાત્ એ સંજોગોમાં અન્તાદિવદ્ભાવ થતો નથી(**यत्र युगपदुभयमाश्रीयते अन्तश्चादिश्च तत्राप्यन्तादिवद्भावो न भवति। हर०**) પદ.માં **एतेर्लिङि।** સૂત્ર ઉદાહર્યુ છે.તે સૂત્ર પ્રમાણે આશીર્લિંગના **य**-કારાદિ **कित् ङित्** પ્રત્યય પર થતાં **इ**ધાતુનો **अकृतसार्वधातुकयोर्दीर्घः।** પ્રમાણે દીર્ઘ ન થતાં હ્રસ્વ થાય છે, જેમ કે **उदियात्** , પરંતુ **अभीयात् ,परीयात्** જેવામાં **अभि इ यात् ,परि इ यात्** થતાં સવર્ણદીર્ઘ એકાદેશ થતાં **ई**-કાર હ્રસ્વ નહીં થાય, કારણ કે **ई**-કારને ઉપસર્ગનો એટલે કે પૂર્વનો અંત્યાવયવ જેવો ગણવામાં આવે તો પછી તે જ વખતે તેને પરનો આદિવત્ ન ગણી શકાય અને જો પરનો આદિવત્ ગણવામાં આવે તો સાથોસાથ પરનો અંતવત્ ગણવો ઉચિત નથી, કારણ કે એક વસ્તુનું એકી સાથે બન્ને હોવું શક્ય નથી. આ વાતને સ્પષ્ટ કરવા ભાષ્ય -કારે લૌકિક દૃષ્ટાન્ત આપ્યું છે : કોઈ માણસ બે સમાન પ્રાબલ્યવાળા પુરુષોનો સેવક હોય તો તે એ બે વ્યક્તિનાં કામ વારાફરતી કરે છે, પરંતુ કોઈવાર બન્ને માલિકો એક જ સમયે બે જુદાં જુદાં કાર્ય માટે મોકલે અને તે ભિન્નભિન્ન દિશાને લગતાં હોય તો બેમાં વિરોધ થાય તેમ ન ઇચ્છતો હોય તો એ સેવક કોઇનું પણ કામ નહીં કરે, કારણ કે આ પ્રકારનાં કામ એકી સાથે કરવાં શક્ય નથી.એજ રીતે વર્ણ એકી સાથે પૂર્વાન્તવત્ અને પરાદિવત્ થઇ શકે નહીં. તેથી **ब्रह्मबन्ध्वा** વગેરેમાં **ब्रह्मबन्ध् ऊ आ** એ સ્થિતિમાં એકાદેશ( **ऊ**-કાર) ને પરાદિવત્ ગણીને સ્વાદિ પ્રત્યય તરીકે લેવામાં આવે અને તે સાથે જ તે પ્રત્યય જેને થાય છે તે (**ब्रह्मबन्धु**) ના એટલે કે પૂર્વના અન્ત જેવો ન ગણી શકાય, તેથી **ब्रह्मबन्ध्** એ **घान्त** ને **स्वादिष्व०** થી પદ સંજ્ઞા નહીં થાય. આમ **ध**-કાર પદાન્ત ન હોવાથી **हलां जश्०** પ્રમાણે **जश्त्व** નહીથાય.અહીં નોંધવું જરૂરી છે કે **ब्रह्मबन्ध्** એ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**कथं वेतस्वान्। नैवं विज्ञायते पदस्यान्तः पदान्तविधिं प्रतीति। कथं तर्हि। पदेऽन्तः पदान्तः पदान्तविधिं प्रतीति॥ अथवा यथैवान्यान्यपि पदकार्याण्युपप्लवन्ते रुत्वं जश्त्वं चैवमिदमपि पदकार्यमुप्लोष्यते। किम्। भसंज्ञा नाम॥ वरे यलोपविधिं प्रति**

(तो) **वेतस्वान्** केवी रीते (थशे) ? [237]अहीं पदनो अन्त ते पदान्त अने पदान्तनो विधि ते पदान्तविधि एम समजवानुं नथी. तो पछी केम (समजवानुं छे) ? पद पर थतां जे अन्ते होय ते पदान्त अने पदान्तनो विधि ते पदान्तविधि, तेमां (स्थानिवद्‌भावनो निषेध करवामां आवे छे) एम (समजवानुं छे) अथवा तो जे रीते पदने लगतां **रुत्व** अने **जश्त्व** रूप अन्यकार्यो [238] पण पदान्तविधि तरीके समजाय छे तेम आ पदकार्य पण (पदान्तविधि तरीके समजाशे). (आ पदकार्य ते) कयुं ? भ संज्ञारूपी (पदकार्य).**वरच्** (प्रत्यय) पर थतां **य्** लोप करवानो होय त्यारे

**न स्थानिवद्भवतीत्युच्यते तत्र ते अप्सु यायावरः प्रवपेत पिण्डान् अवर्णलोपविधिं प्रति स्थानिवत्स्यात्। नैष दोषः। नैवं विज्ञायते वरे यलोपविधिं प्रति न स्थानिवद्भवतीति। कथं तर्हि। वरेऽयलोपविधिं प्रतीति। किमिदमयलोपविधिं प्रतीति। अवर्णलोपविधिं प्रति यलोपविधिं च प्रतीति॥ अथवा योगविभागः करिष्यते। वरे लुप्तं न स्थानिवत्।**

(आदेश) स्थानिवत् नथी थतो एम कहेवामां आव्युं छे छतां **अप्सु यायावरः प्रवपेत पिण्डान्।** मां **अ** वर्णने लगता कार्यमां (एटले के **आतो लोप इटि च**।प्रमाणे थता कार्यमां अतो लोप,प्रमाणे थएल **अ** लोप रूपी आदेश) स्थानिवत् थशे[239] , (तेथी **यायावर** सिद्ध नहीं थाय).ए दोष नथी.

---

एकदेशविकृत न्याये उ-कारान्त**ब्रह्मबन्धु** ज छेएम गणी न शकाय, कारण के **ऊङुतः।** सूत्र प्रमाणे जे **ऊङ्** नुं विधान कर्युं छे ते ध-कारान्त ने नहीं पण उ-कारान्तने विशे करवामां आव्युं छे तेथी ए रीते पण ध-कारान्त **ब्रह्मबन्धू** पद नहीं थाय तेथी **जश्त्व** नो प्रसंग नहीं आवे.

[237] **वेतस्वान्** पण सिद्ध थशे, कारण के **पदान्तविधि**मांनो **पदान्त** ए षष्ठी समास नथी पण **पदे अन्तः** एम सप्तमी समास छे अने पर सप्तमी लेतां पद पर थतां अन्तने लगतुं कार्य करवानुं होय त्यारे स्थानिवद्‌भाव थतो नथी एम समजाशे. हवे **वेतस् ड्मतुप्** मां **ड्मतुप्** पद नथी प्रत्यय छे तेथी उपर करेल अर्थ प्रमाणे स्थानिवद्भाव निषेध न थतां **यस्येति०** प्रमाणे अ-कार लोप थयो छे ते स्थानिवत् थशे. परिणामे **स**-कार अन्त्यावयव नहीं रहे अने **रुत्व** पण नहीं थाय. ते रीते **ब्रह्मबन्धू** मां पण **ऊ**-कार पद नथी तेथी एकादेशमांनो( **ब्रह्मबन्धु** नो) **उ**-कार स्थानिवत् थतां **ब्रह्मबन्धु** ध-कारान्त नहीं रहे परिणामे **जश्त्व** थवानो प्रसंग नहीं आवे.

[238] **यचि भम्।** अने **तसौ मत्वर्थे।** ए सूत्रोमां **सुप्तिङन्तं पदम्।** मांथी **पद** शब्दनी अनुवृत्ति थाय छे तेथी **यचि भम्।** एटले य-कारादि अने **अजादि स्वादि** पर थतां जे पद छे तेनी भ संज्ञा थशे एम समजाशे.आथी भ ने पदत्व प्राप्त थवाने कारणे जे **रुत्व** वगेरे पदान्त विधि थाय छे तेनो निषेध करवानो होय त्यारे **न पदान्त०** प्रमाणे स्थानिवद्‌भावनो निषेध थशे, कारण के भ संज्ञा पण पदान्त विधि थशेतेथी **रुत्व** नहीं थाय अने **वेतस्वान्** सिद्ध थशे, कारण के **स**-कारान्त **वेतस्** ने **भ** संज्ञा थशे(के). परंतु आम **पदत्व** अने **भत्व** नो एक साथे समावेश करवो उचित नथी , कारण के पद संज्ञा थाय तो पदनो जे अंत्यावयव होय ते पदान्त कहेवात अने तेने लगतो विधि पदान्तविधि थाय. **वेतस्वान्** मां **वेतस्** पदसंज्ञक थाय तो **स**-कार पदान्तथाय अने **रुत्व** ए पदान्तविधि थशे. अहीं स्थानिवद्‌भाव निषेध होवाथी **रुत्व** थवानो प्रसंग आवशे. तेथी **भ** संज्ञानो आश्रय लईने तेनुं निवारण कर्युं हतुं . अहीं कहेवा मागे छे के **भ**संज्ञा पण पदमांअंते रहेल (**पदे अन्तः**) **स्** ने थता **रुत्व** नो प्रतिषेधक विधि छे एटले के **भत्व** पण पदान्तने लगतुं कार्य छे तेथी पदान्तविधि शब्द द्वारा आ भ संज्ञारूपी पदकार्यनुं पण ग्रहण करशे. तेथी **भ** संज्ञामां पण स्थानिवद् - भावनो निषेध थशे. तेथी **स**-कारान्त **वेतस्** शब्दने भ संज्ञा थवाथी **रुत्व** नहीं थाय(ना.).

[239] **अवर्णलोपविधिं प्रति** नो शब्दार्थ'अ वर्णनो लोप करवानो होय त्यारे' एम थई शके, परंतु का.पद.,ना,.अने ज्ञा.स.: **आतो लोप०** प्रमाणे **आ** नो लोप करवानो होय त्यां परनिमित्तक **अजादेश**(एटले केअतो लोपः० प्रमाणे **यायावर** मां **अ** लोप थयो छे ते) अंगना अंत्य **आ**- कारनो **आतो लोप इटि०** प्रमाणे लोप करवानो होय त्यां स्थानिवत् थवानो प्रसंग आवशे, माटे तेनो निषेध करवो पडशे.जेथी आ- कार लोप न थाय. [**अतो लोप परनिमित्तकः तस्य स्थानिवत्त्वात् आतो लोप इटि च इत्याकारलोपः स्यात्।** (का.) **आतो लोप इटि चेत्येतं प्रतीत्यर्थः।** (उ.),**अतो लोप स च आतो लोप इटि च इत्यालोपे कर्तव्ये न स्थानिवत्** (तत्त्व.बो) वळी **अतो लोपः। लोपो व्योर्वलि। अल्लोपस्य स्थानिवत्त्वात् आल्लोपः प्राप्तो वरेकृतस्य**


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(આવતો), (કારણ કે અહીં) **वरच्** પર થતાં **य्** લોપ કરવાનો હોય ત્યાં (આદેશ) સ્થાનિવત્ થતો નથી એમ સમજવાનું નથી.તો પછી કેમ ? પર હોય ત્યારે **यलोपविधि** માં (સ્થાનિવત્ નહીં થાય) એમ (સમજવાનું છે).આ **यलोपविधि** માં એ વળી શું છે ? अ વર્ણનો લોપ કરવાનો હોય ત્યારે અને य् લોપ કરવાનો હોય ત્યારે (પરનિમિત્તક **अजादेश** સ્થાનિવત્ નહીં થાય).અથવા (અહીં) સૂત્રના[240] ભાગ કરવામાં આવશે: **वरे लुप्तं न स्थानिवत्**

**ततो यलोपविधिं च प्रति न स्थानिवदिति॥ यलोपे किमुदाहरणम्। कण्डूयतेरप्रत्ययः कण्डूतिरिति। नैतदस्ति। क्वौ लुप्तं न स्थानिवत्॥ इदं तर्हि। सौरी बलाका। नैतदस्ति। उपधात्वविधिं प्रति न स्थानिवत्॥ इदं तर्हि प्रयोजनम्। आदित्यः। नैतदस्ति। पूर्वत्रासिद्धे न स्थानिवत्॥**

(અર્થાત્ **वर** પ્રત્યય પર થતાં જેનો લોપ થયો હોય તે સ્થાનિવત્ નહીં થાય) અને પછી **यलोपविधिं प्रति न स्थानिवत्** (એટલે કે य् નો લોપ કરવાનો હોય ત્યાં સ્થાનિવત્ નહીં થાય). [241] **य्** લોપનું શું ઉદાહરણ છે ? [242] **कण्डूय** (ધાતુ)ને અ(વિદ્યમાન) પ્રત્યય (**क्विप्**) થઇને **कण्डूः** (થાય છે)

---

**स्थानिवत्त्वनिषेधान्न भवति।' यङश्च।'**સૂત્ર પર (પ૬.)] આ વાત ઉદાહરણ ઉપરથી સમજાશેઃ **यायावरः**--**या** ધાતુને **अत्यर्थं याति** એ અર્થમાં **धातोरेकाचः०** પ્રમાણે અથવા **कुटिलं याति** એ અર્થમાં **नित्यं कुटिले गतौ।** પ્રમાણે **यङ्**--**या यङ्**--**सन्यङोः।** થી દ્વિર્વચન--**ह्रस्वः।** થી અભ્યાસ હ્રસ્વ અભ્યાસને **कित्** આગમ નથી થયો તેથી -**दीर्घोऽकितिः।** થી અભ્યાસ દીર્ઘથતાં**यायाय** એ સ્થિતિમાં તાચ્છિલ્યાર્થે **यश्चयङः।** થી **वरच्**--**यायाय वरच्** એમ થતાં આર્ધધાતુક **वर** પર થતાં **अतो लोपः।**--अ-કાર લોપ **यायाय् वर**--**लोपो व्योः०**--**य्** લોપ--**यायावरः।**થશે, કારણ કે પ્રકૃત સૂત્રમાંના નિષેધને લીધે અહીં अ લોપ સ્થાનિવત્ નહીં થાય.પરંતુ **याया वर** એ સ્થિતિમાં **अतो लोपः।** પ્રમાણે થએલ अ લોપ સ્થાનિવત્ થાય તો તે **अच्** થી શરૂ થતો **ङित्** પ્રત્યય છે તેમ સમજાશે તેથી **आतो लोप इटि०** થી **आ** લોપ થવાનો પ્રસંગ આવશે. તે નિવારવા अ-કાર સ્થાનિવત્ નથી થતો એમ કહેવું પડશેએમ અહીં દલીલ છે. અહીં શંકા થાય કે **यायावर** માં आ લોપ થવામાટે **ङित् अजादि** પ્રત્યય પર હોવો જોઇએ. અહીં (જો સ્થાનિવત્ થાય તો) अ-કાર **अजादि** છે પરંતુ **ङित्** નથી, **या** ને અનુલક્ષીને **नित्यं कौ०** કે **धातोरका०** પ્રમાણે તેનું વિધાન કરવામાં નથી આવ્યું તેથી તે પ્રત્યય પણ નથી જે પ્રત્યય છે તે **यङ् ङित्** છે પણ **अजादि** નથી આમ **आतो लोपः०** લાગુ પડવાની શરતો પૂર્ણ ન થતી હોવાથી **आ** લોપ થવાનો પ્રસંગ જ નથી. છતાં આ એકદેશીની ઉક્તિ કે માત્ર પ્રૌઢિવાદ છે તેમ યુ.મી.(પૃ.૬૯૯) માને છે.પરંતુ અહીં જે अ લોપ થયો છે તે પરનિમિત્તક છે તે **अचः परस्मिन्०** થી સ્થાનિવત્ થાય તો **आतो लोपः ०** થી **आ** લોપ થાય પરંતુ આ **न पदान्त०** સ્થાનિવદ્ભાવનો નિષેધ કર્યો છે તેથી **लोपोव्यो०** પ્રમાણે **य्** લોપ થશેઅને अ લોપ સ્થાનિવત્ નથી થતો (**वरे लुप्तं न स्थानिवत्** **न पदान्त०** ઉપર મહા.ભા. ) તેથી **आ** લોપ નહીં થાય. (જુઓઃ **न पदान्त०** ઉપર કા.અને **यश्च यङः।** ઉપર સિ.કૌ.અને બા.મ) વાસ્તવમાં **न पदान्त०** સૂત્રમાં **वरे** અને **यलोप** એ બન્ને અંશનું **यायावरः** એ ઉદાહરણ છે (**एवं च न पदान्त इति सूत्रे वरे इत्यंशस्य यलोपे इत्यंशस्य च यायावर इत्युदाहरणमिति बोध्यम्।** બા.મ) . હવે **वरेयलोप** એ કયો સમાસ છે અથવા સમાસ છે કે નહીં ? **वरे०** એ સપ્તમી અલુક્ તરીકે સમજાવે છે અથવા કોઇ **वर ई यलोप** એમ **ई**-કાર વચ્ચે મૂકીને સમજાવે છે.દા.ત. **आमलक्याः फलं विकारः** એ અર્થમાં **आमलकी** ને **नित्यं वृद्धशरादिभ्यः।** પ્રમાણે **मयट्**--**फले लुक्।** થી તેનો લોપ, **षिद्गौरादिभ्यश्च।** થી થએલ **ङीष्** નો **लुक् तद्धितलुकि।**થી લોપ થઇને **आमलक** થાય છે લોપ સ્થાનિવત્ થાય તો **यस्येति०** થી अ-કાર લોપ પ્રાપ્ત થાય છે, પરંતુ **ई**-કાર પર થતાં જે કાર્ય કરવાનું હોય ત્યાં સ્થાનિવદ્ભાવનો નિષેધ થાય છે તેથી **आमलक** સિદ્ધ થાય છે. પરંતુ લોપમાં પૌર્વાપર્ય હોતું નથી તેથી સ્થાનિવદ્ભાવ નહીં થાય પરિણામે **ई** નો પ્રશ્લેષ બિનજરૂરી છે (ન્યા.)

[240] **योगविभाग** અહીં સમગ્ર સૂત્રના ભાગ નથી કરવાના પરંતુ તેના એકદેશનો જ વિભાગ કરવાનો છે તેથી યોગ એ લક્ષણાથી યોગના અવયવનો સૂચક છે. (છા.)

[241] અહીં **वरेयलोपविधिम्** ને **वर अयलोपविधिम्** એમ પ્રશ્લેષ કરીને સમજાવે છે. **अयलोप** એ દ્વન્દ્વગર્ભિત ષષ્ઠીસમાસ કરીનેઃ अ-કારનો લોપ કરવાનો હોય ત્યાં(સ્થાનિવત્ નહીં થાય) એમ અર્થ કર્યો છે. તેથી **यायावर** માં **आ** લોપ નહીં થાય, કારણ કે **अवर्णलोप** એટલે **आतो लोपः ०** પ્રમાણે આ-કાર લોપ એમ સમજવાનું છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે (ઉદાહરણ છે).એ ઉદાહરણ નથી, કારણ કે क्वि પ્રત્યય પર થતાં જેનો લોપ થાય છે તે સ્થાનિવત્ નથી થતો.[243] તો પછી આ सौरी बलाका એ ઉદાહરણ છે.[244]એ (પણ) નથી, કારણ કે ઉપધા હોવાને કારણે થતા વિધિમાં સ્થાનિવદ્ભાવ થતો નથી.[245] તો आदित्यः પછી એ પ્રયોજન છે.[246] એ પણ નથી, કારણ કે पूर्वत्रासिद्ध (અધિકાર)માં સ્થાનિવદ્ભાવ થતો નથી.

इदं तर्हि। कण्डूतिः वल्गुतिः। नैतदस्ति प्रयोजनम्। कण्डूया वल्गुयेति भवितव्यम्॥ इदं तर्हि। कण्डूयतेः क्तिन्। ब्राह्मणकण्डूतिः क्षत्रियकण्डूतिः॥

प्रतिषेधे स्वरदीर्घयलोपविधिषु लोपाजादेशो न स्थानिवत्॥१॥

प्रतिषेधे स्वरदीर्घयलोपविधिषु लोपाजादेशो न स्थानिवद्भवतीति वक्तव्यम्। आकर्षिकः चिकीर्षकः जिहीर्षकः। यो ह्यन्य आदेशः

તો પછી कण्डूतिः वल्गूतिः એ (ઉદાહરણ)છે.[247] એ પણ નથી, કારણ કે ત્યાં कण्डूया वल्गुया એમ થવું જોઇએ.તો પછી कण्डूय ને (क्तिन् થઇને) ब्राह्मणकण्डूतिः[248] क्षत्रियकण्डूतिः (એમ જે થાય છે તે ઉદાહરણ છે).

---

[242] પ્રકૃત સૂત્રમાંवरे એમ કહ્યું છે તેથી यायावर માંય લોપ સિદ્ધ થાય છે. અહીં कण्डूय એ कण्डूमात्मानमिच्छति એ અર્થમાં सुप आत्मनः क्यच्। પ્રમાણે क्यच् લાગીને થએલ પ્રાતિપદિક છે, कण्ड्वादिभ्यो यक्। થી થએલ નામધાતુ નથી,કારણ કે यगन्त ને क्विप् નથી થતો (नैतेभ्यः क्विबुत्पद्यते। किं कारणम्। अन्येभ्योऽपि दृश्यते इत्यच्यते। नैतेभ्यः तदा क्विप् दृश्यते।.મહા,ભા.) એમ ભાષ્યકારે કહ્યું છે. क्विप् કર્તાના અર્થમાં લાગે છે, જ્યારે कण्डूय વગેરેમાં કર્તાનો અર્થ નથી.અહીં क्विप् ને અપ્રત્યય કહ્યો છે, કારણ કે તે લાગવા છતાં તેનો સંપૂર્ણ લોપ થાય છે. તેમાં क् लशक्वतद्धिते। પ્રમાણે અને प् हलन्त्यम्। પ્રમાણે इत् છે તેમનો तस्य लोपः। પ્રમાણે લોપ થતાં इ-કાર ઉચ્ચારણાર્થે છે તેથી તે પણ જતાં માત્ર व् રહે છે. તેનો वेरपृक्तस्य। થી લોપ થતાં क्विप् માંથી કશું બાકી રહેતું નથી તેથી क्विप् ,क्विन् ,विज् ઇત્યાદિને અપ્રત્યય કહેવામાં આવે છે.હવે कण्डूय क्विप्--अतो लोपः। થી अ લોપ लोपो व्यो० થી य् લોપ થાય છે પરંતુ अ-કાર લોપ સ્થાનિવત્ થાય તો य् લોપ નહીં થઇ શકે તેથી अ લોપ સ્થાનિવત્ નહીં થાય તેમ કહેવું પડશે એમ અહીં દલીલ છે.

[243] क्विप् क्विन् વગેરે પર થતાં જેનો લોપ થયો હોય તે સ્થાનિવત્ નહી થાય તેમ क्विलुगुधात्व० (વા.૨) માં કહ્યું છે તેથી कण्डूः એ ઉદાહરણ નથી.

[244] सौरी बलाका--सूर्येण एकदिक् એ અર્થમાં सूर्य શબ્દને तेनैकदिक्। થી अण्--यस्येति ०થી अ લોપ--વૃદ્ધિ થઇને सौर्य ,अणन्त હોવાથી સ્ત્રીલિંગમાં टिड्ढाणञ् ० પ્રમાણે ङीप्--यस्येति० થી अ લોપ. હવે જો બે अ-કાર લોપ સ્થાનિવત્ થાય તો--सूर्यतिष्यागस्त्यमत्स्यानां य उपधायाः। થી જે ઉપધા લોપ થવો જોઇએ તે નહીં થઇ શકે તેથી સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવો પડશે.જેથી સમાનાશ્રય હોવાથી બીજા अ-કાર લોપ असिद्धवदत्राभात्। પ્રમાણે અસિદ્ધ થશે જ્યારે अण् ને કારણે થએલ अ લોપ સમાનાશ્રય નથી વ્યાશ્રય છે તેથી અસિદ્ધ ન થતાં સિદ્ધ થશે. પરિણામે य-કાર ઉપધા થશે અને सूर्यतिष्य ० થી તેનો લોપ થઇને सौरी સિદ્ધ થશે.

[245] क्विगुपात्व०(વા.) વ્દારા ઉપધા હોવાને કારણે થતા કાર્યમાં સ્થાનિવદ્ભાવનો નિષેધ કર્યો છે પરંતુ ભાષ્યકાર આગળ કહેશે કે ઉપધા સંજ્ઞાને કારણે થતા કાર્યમાં પ્રત્યયવિધિ હોય ત્યાં (प्रत्यविधाविति।) નિષેધ થશે એને લક્ષમાં લીધા વિના આ વિધાન કર્યુ છે(ના.)

[246] आदित्यः --अदिति શબ્દને साऽस्य देवता। એ અર્થમાં એ જ સૂત્રથી ण्य-- વૃદ્ધિ --यस्येति થી इ લોપ-- आदित्य--तत्र भवः। થી 'માં રહેલો' એ અર્થમાં दित्यदित्यादित्यपत्युत्तरपदाण्ण्यः। પ્રમાણે ण्य--आदित्य य--यस्येति०--अ-કાર લોપ--आदित्य् य અહીં त् પછી य् અને તેની પછી य् છે તેથી हलो यमां यमि। (૮-૪-૬૪) પ્રમાણે પ્રથમ य-કાર વિકલ્પે લોપ થાય, પરંતુ अ-કાર લોપ સ્થાનિવત્ થાય તો य् લોપ ન થઇ શકે.પરંતુ पूर्वत्रासिद्धे च। (વા.) પ્રમાણે પૂર્વત્રાસિદ્ધ અધિકારમાં સ્થાનિવદ્ભાવ થતો નથી તેથી अ લોપ સ્થાનિવત્ નહીં થાય, કારણ કે हलो यमां ० ત્રિપાદીમાં(પૂર્વત્રસિદ્ધ અધિકારમાં) નું સૂત્ર છે. અહીં आदित्य ને अदितेरपत्यम् એ અર્થમાં दित्यदित्या ० પ્રમાણે ण्य થયો છે અમે કૈયટે નથી કહ્યું, કારણ કે અપત્યાર્થક आदित्य ને साऽस्य देवता। પ્રમાણે દેવતાર્થક ण्य થયો છે એમ કહ્યું હોય તો आपत्यस्य च तद्धितेऽनाति। પ્રમાણે य લોપ પ્રાપ્ત થશે, તેથી ઉપર पूर्वत्रासिद्धे न स्थानिवत्। એમ કહ્યું તેની સાથેવિરોધ થશે. એ નિવારવા માટે અપત્યવાચી પ્રત્યયનો આધાર નથી લીધો. બાકી તો તે પ્રમાણે લઇ શકાય.કા.માં અપત્યવાચી પ્રત્યયાન્તને દેવતાવાચક ण्य લગાડીને નિષ્પત્તિ કરી છે અને य् લોપ માટે हलो यमां ० નો આધાર લીધો છે (કા.,ન્યા.,પદ.ભા૬પૃ.૬૬૩)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વર, દીર્ઘ અને य् લોપમાં જે પ્રતિષેધ કર્યો છે તેમાં લોપ રૂપી अजादेश સ્થાનિવત્ નથી થતો ॥૧॥

(સ્થાનિવદ્ભાવનો)પ્રતિષેધ (કરવામાં આવ્યો છે તે)માં સ્વર, દીર્ઘ અને य् લોપ એ વિધિઓમાં લોપ રૂપી अजादेश સ્થાનિવત્ નથી થતો એમ કહેવું જોઇએ.**स्वर** –**आकर्षिकः चिकीर्षकः जिहीर्षकः**। માં (आ-કાર લોપ સ્થાનિવત્ નથી થતો)[249] પરંતુ (લોપ સિવાયનો) અન્ય આદેશ

**स्थानिवदेवासौ भवति। पञ्चारत्न्यः दशारत्न्यः। स्वर॥ दीर्घ। प्रतिदिव्ना प्रतिदिव्ने। यो ह्यन्य आदेशः स्थानिवदेवासौ भवति। किर्योः गिर्योः। दीर्घ॥ यलोप। ब्राह्मणकण्डूतिः।**

સ્થાનિવત્ થાય છે જ. (જેમ કે) **पञ्चारत्न्यः दशारत्न्यः** –સ્વર (ની ચર્ચાપૂરી).[250] **दीर्घ** –**प्रतिदीव्ना प्रतिदीव्ने** માં (अ-કાર લોપ સ્થાનિવત્ નથી થતો),[251] પરંતુ (લોપ સિવાયનો) અન્ય આદેશ સ્થાનિવત્ થાય છે જ.[252] (જેમ કે) **किर्योः गिर्योः** –**दीर्घ** (ની ચર્ચા પૂરી).**यलोप** –**ब्राह्मणकण्डूतिः क्षत्रियकण्डूतिः**

---

[247] **कण्डूतिः**--**कण्डू** ને **कण्ड्वादिभ्यो यक्**। થી **यक्**--**कण्डूय**--**स्त्रियां क्तिन्**।--**कण्डूय ति** --**यस्येति०**--अ લોપ **कण्डूति**--**लोपो व्योः०** પ્રમાણે य् લોપ થવાનો હોય ત્યાં अ લોપ સ્થાનિવત્ નથી થતો એમ કહેવું પડશે જેથી य् લોપ થઇને **कण्डूतिः** થઇ શકે.પરંતુ એ ઉદાહરણ યોગ્ય નથી,કારણ કે **कण्डूय वल्गुय** એ પ્રત્યયાન્ત ધાતુઓ છે તેથી તેમને **क्तिन्** ન થતાંअ **प्रत्ययात्**। થી अ થઇને **कण्डूया वल्गुया** થશે.

[248] **कण्डूय** ધાતુને **क्तिच्क्तौ संज्ञायाम्**। થી **क्तिच्** થઇને **कण्डूतिः** .તેનો **ब्राह्मण** સાથે ષષ્ઠી સમાસ થતાં **ब्राह्मणकण्डूतिः** થાય છે.અહીં **कण्डूय क्तिच्**--**अतो लोपः**।--अ લોપ **कण्डय् ति** એમ થતાં अ લોપ સ્થાનિવત્ થાય તો **लोपो व्योः०** પ્રમાણે य् લોપ ન થવાનો પ્રસંગ આવશે.અહીં કર્મધારય સમાસ નથી લેવાનો, કારણ કે તેમ હોય તો **कण्डूति** શબ્દ વિશેષણ હોવાથી **विशेषणं विशेष्येण०** પ્રમાણે તેનો પૂર્વનિપાત થાય.જો **कण्डूय् ति**--**लोपो व्योः०** થી य् લોપ થયા પછી अ લોપ સ્થાનિવત્ થાય તો **उवङ्** અથવા **यण्** થવાનો પ્રસંગ આવશે, એટલે કે **कण्डू** ને ધાતુ ગણતાં **अचिश्नुधातु०** પ્રમાણે **उवङ्** થાય અને તેને અધાતુ ગણવામાં આવે તો **इको यण०** થી **यण्** થવાનો પ્રસંગ આવશે એમ કહેવું યોગ્ય નથી તેમ છતાં **कण्डूतिः** સિદ્ધ થશે તેથી શંકા અયોગ્ય છે.જો કે **उवङ्** કે **यण्** થાય તો **कण्डूव् ति** અથવા **कण्ड्व् ति** એમ થતાં **च्छ्वोः शूडनुनासिके च**। પ્રમાણે व् નો **ऊठ्** થતાં **कण्डव् ति**--**कण्ड् ऊ ति**--**कण्डूति** અને **कण्ड्व् ति**--**कण्ड् ऊ ति**--**कण्डूतिः** એમ સિદ્ધ થાય છે. અહીં **ऊठ्** નો સ્થાનિવદ્ભાવ થઇને **उवङ्** નહીં થાય, કારણ કે **ऊठ्** એ આદિષ્ટ **उवङ्** આદેશછે અને આદિષ્ટ **अच्** નો સ્થાનિવદ્ થતો નથી, અનાદિષ્ટનો આદેશ જ સ્થાનિવત્ થાય છે.

[249] [ચૌખં.પૃ.૪૯૦) માં **चिकीर्षकः** નથી] **आकर्षिकः** વગેરે માં **आकर्ष** ને **तेन चरति** એ અર્થમાં **ष्ठल्** થી **ष्ठल्** લાગતાં **आकर्ष ष्ठल्**--**ठस्येकः**। --**यस्येति ०**--अ લોપ **आकर्ष् इक**--**आकर्षिक** .અહીં **ष्ठल् लित्** પ્રત્યય છે તેથી **लिति**। પ્રમાણે પ્રત્યયની પૂર્વનો સ્વર એટલે કે **क्** પછીનો अ-કાર, ઉદાત્ત થશે, પરંતુ अ લોપ સ્થાનિવત્ થાય તો **क्** પછીનો अ-કાર પ્રત્યયની પૂર્વે ન રહેવાથી તે ઉદાત્ત ન થવાનો પ્રસંગ આવશે.તેથી સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવો જોઇએ એમ અહીં દલીલ છે.**चिकीर्षकः जिहीर्षकः** માં અનુક્રમે **कृ** અને **हृ** ધાતુનાં સન્નન્ત**चिकीर्ष जिहीर्ष** ને **ण्वुल्तृचौ**। થી **ण्वुल्**--**अतो लोपः**। अ લોપ **चिकीर्ष् अक जिहीर्ष अक** એમ થતાં **लिति**। થી ई-કાર ઉદાત્ત થશે,પરંતુ अ લોપ સ્થાનિવત્ થાય તો ई ઉદાત્ત ન થવાનો પ્રસંગ આવે તે નિવારવા માટે સ્વરવિધિ કરવાનો હોય ત્યાં **अजादेश** સ્થાનિવત્ થતો નથી એમ કહેવું પડશેએમ ભાવ છે.અહીં **आकर्षिकः** માં अ-કાર ઉદાત્ત થતાં ई સ્વરિત થશેઅને **चिकीर्षकः जिहीर्षकः** માં ई ઉદાત્ત થતાં **ष्** ની પછીનો अ-કાર સ્વરિત થશે બાકીના સ્વર **अनुदात्तं पदमेकवर्जम्**। થી અનુદાત્ત થઇને **स्वरितात्संहितायामनुदात्तानाम्**। થી એકશ્રુતિ થશે.

[250] લોપ સિવાયનો અન્ય **अजादेश** સ્થાનિવત્ થાય છે તેનાં દૃષ્ટાન્ત : **पञ्चारत्न्यः दशारत्न्यः** માં **पञ्चारत्नि जस् / दशारत्नि जस्** એ સ્થિતિમાં **जस्** પર થવાથી **जसि च**। ની **जसादिषु छन्दसि वा**। (વા.) થી ગુણને સ્થાને વિકલ્પે **यण्** થઇને **पञ्चारत्न्यः दशारत्न्यः** થાય છે. હવે સ્વરવિધિ કરવાનો હોય ત્યારે લોપ સિવાયનો **अजादेश** સ્થાનિવત્ થાય છે તેથી **पञ्चारत्न्यः** વગેરે **इगन्त** ન હોવા છતાં સ્થાનિવદ્ભાવને કારણે **इगन्त** છે તેમ સમજાશે તેથી **इगन्तकाल०** પ્રમાણે એ દ્વિગુ સમાસમાં પૂર્વપદ પ્રકૃતિસ્વર થશે એટલે કે આદ્યુદાત્ત થઇને **पञ्चारत्न्यः दशारत्न्यः** એમ સ્વર થશે.આગળ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

क्षत्रियकण्डूतिः यो ह्यन्य आदेशः स्थानिवदेवासौ भवति। वाय्वोः अध्वर्य्वोरिति॥ तर्त्तर्हि वक्तव्यम्। न वक्तव्यम्। इह हि लोपोऽपि प्रकृत आदेशोऽपि विधिग्रहणमपि प्रकृतमनुवर्तते दीर्घादयोऽपि निर्दिश्यन्ते। केवलं तत्राभिसंबन्धमात्रं कर्तव्यम्। स्वरदीर्घयलोपविधिषु लोपाजादेशो न स्थानिवदिति। आनुपूर्व्येण संनिविष्टानां यथेष्टमभिसंबन्धः शक्यते कर्तुं न चैतान्यानुपूर्व्येण संनिविष्टानि।अनानुपूर्व्येणापि संनिविष्टानां यथेष्टमभिसंबन्धो भवति। तद्यथा। अनड्वाहमुदहारि या त्वं हरसि शिरसा कुम्भं भगिनि साचीनमभिधावन्तमद्राक्षीरिति। तस्य यथेष्टमभिसंबन्धो भवति। उदहारि भगिनि या त्वं कुम्भं हरसि शिरसानड्वाहं साचीनमभिधावन्तमद्राक्षीरिति॥

**क्षत्रियकण्डूतिः** (માં य् લોપ સ્થાનિવત્ નથી થતો)[253] પરંતુ (લોપ સિવાયનો) અન્ય આદેશ સ્થાનિવત્ થાય છે જ, (જેમ કે) **वाय्वोः अध्वर्य्वोः**.[254] તો પછી તે કહેવું પડશે?[255]નહી કહેવું પડે, કારણ કે અહીં લોપ પણ પ્રસ્તુત છે , આદેશ અને વિધિ શબ્દનું (પૂર્વસૂત્રમાં) ગ્રહણ કર્યું છે તેની અનુવૃત્તિ

---

(નોંધ ૧૯૪) **असिद्धं बहिरङ्गं** ० પરિભાષાના આધારે આ સ્વરની સિદ્ધિ કરી છે, કારણ કે અહીં **यण्** આદેશ**अजादि** વિભક્તિ પર થતાં થાય છે પણ સ્વર તો વિભક્તિ લાગે તે પૂર્વેનો છે તેથી અંતરંગ છે અને **यण्** આદેશ બહિરંગ છે.(**यण्गुणयोर्बहिरङ्गत्वात्स्थानिवद्भावाद्वा द्विगुस्वर इगन्तलक्षणः प्रवर्तते**। એ સૂત્ર પર કા.) ના.**बहुखट्वकः** એ દૃષ્ટાન્ત આપે છે.

[251] **प्रतिदिव्ना प्रतिदिव्ने**--**प्रति दिव्** ધાતુને **कनिन्युषितक्षि**० એ ઉણાદિ સૂત્ર થી **कनिन्** થઇને તેનાં તૃ.અને ચ.એ.વ.માં **प्रतिदिवन् टा/ङे** એ સ્થિતિમાં પ્રકૃતિ **अन्**- અન્ત હોવાથી **अल्लोपोऽनः**। પ્રમાણે **भ** ના **अ** નો લોપ થતાં **प्रतिदिव्न्** आ/ए એમ થયાં **व**-કારાન્ત **दिव्** ના **व्** પછી હલ્ **न्** આવ્યો છે તેથી **हलि च**। પ્રમાણે ઉપધા **इ**-કારનો દીર્ઘ પ્રાપ્ત થાય છે, પરંતુ ઉપર કહેલ **अ** લોપ સ્થાનિવત્ થાય તો **प्रतिदिव्** (अ) **न्** એમ સમજાશે તેથી **व्** પછી **हल्** ન રહેતાં **हलि च**। ને અવકાશ નહીં રહે તેથી દીર્ઘ ન થવાનો પ્રસંગ આવે,પરંતુ દીર્ઘ- વિધિમાં લોપ રૂપી **अजादेश** સ્થાનિવત્ નથી થતો તેથી દીર્ઘ થશે.અહીં **न भकुर्छुराम्**। પ્રમાણે દીર્ઘનો નિષેધ પ્રાપ્ત થશે એમ કહેવું ઉચિત નથી , કારણ કે તે નિષેધ **भ** ને લાગુ પડે છે પણ અહીં **प्रतिदिव्न्** आ/ए એ સ્થિતિમાં **व**-કારાન્ત **प्रतिदिव्** **भ** સંજ્ઞક નથી અને **प्रतिदिव्न्** **भ** સંજ્ઞક છે તે **व**-કારાન્ત નથી **व**-કારાન્ત છે તેથી નિષેધ લાગુ પડતો નથી. તે જ રીતે **अ** લોપ દીર્ઘની દૃષ્ટિએ બહિરંગ છે એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે **हलि च**। એ ત્રિપાદીમાંનું સૂત્ર છે અને ત્રિપાદીમાં **असिद्धं बहिरंगमन्तरङ्गे**। એ પરિભાષા લાગુ નથી પડતી.(**असिद्धं बहिरङ्गमन्तरङ्ग इत्येतत्तु नाश्रयितव्यम्। का०**), કારણ કે પરિભાષા અનિત્ય છે (ન્યા).

[252] **किर्योः गिर्योः** —**कृ** અને **गृ** ને અનુક્રમે **किरति** અને**गिरति** એ અર્થમાં **कृगृशॄपृकुटि** ० એ ઉણાદિ સૂત્ર પ્રમાણે **कित्** **इ** પ્રત્યય (**इः कित्स्यात्। सि०कौ** ०) લાગીને **किरिः गिरिः** થાય છે. તેને ષ.સ.દ્વિ.વ.નો **ओस्** પર થતાં**किरि ओस्/गिरि ओस्**--**यण्** કાર્ય--**किर्य् ओस्/गिर्य् ओस्** થતાં રેફાન્ત ધાતુ **किर् गिर्** ના રેફ પછી **य्** આવ્યો છે તેથી **हलि च**। પ્રમાણે ઉપધા **इ** નો દીર્ઘ થવાનો પ્રસંગ આવે છે.,પરંતુ અહીં આદેશ **य्** લોપ સિવાયનો **अजादेश** છે તેથી તેને સ્થાનિવદ્‌ભાવ નિષેધ લાગુ નહી પડે તેથી ધાતુ રેફાન્ત ન રહેતાં દીર્ઘ નહીં થાય. દીર્ઘનો પરિહાર કા.માં **उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि**। એ પરિભાષાને આધારે કર્યો છે.આમ વ્યુત્પત્તિ પક્ષે સ્થાનિવદ્‌ભાવને કારણે અને અવ્યુત્પત્તિ પક્ષે આ પરિભાષાને કારણે દીર્ઘનું નિવારણ થાય છે.**प्रतिदीव्ना** વગેરેમાં ઉણાદિ પ્રત્યય જ થયો છે છતાં **हलि च**। સૂત્રમાં વ્યક્તિપક્ષનો આશ્રય લેવાથી 'લક્ષ્ય બદલાતાં લક્ષણમાં ફેર થાય છે' એ ન્યાયે **प्रतिदीव्ना** જેવાં સ્થળે વ્યુત્પત્તિ પક્ષનો આધાર લઇને દીર્ઘ રૂપી કાર્ય સિદ્ધ થઇ શકશે.જ્યારે **किर्योः** જેવાં બીજાં સ્થળે અવ્યુત્પત્તિ પક્ષનો આધાર લઇને દીર્ઘનું નિવારણ થઇ શકશે.**किर्योः गिर्योः** માં દીર્ઘ નથી થતો એ વ્યુત્પત્તિપક્ષનો આધાર લઇને કહ્યું છે,એટલે કે **किरि गिरि** ની **कृग्रोरिच**। એ ઉણાદિ સૂત્ર પ્રમાણે વ્યુત્પત્તિ કરવામાં આવે તો સ્થાનિવદ્‌ભાવને કારણે દીર્ઘ નહી થાય, પરંતુ અવ્યુત્પત્તિ પક્ષનો આધાર લેવામાં આવે તો સ્થાનિવદ્‌ભાવ ન થાય તોપણ **किरि गिरि** ધાતુઓ નથી તેથી દીર્ઘ નહીં થાય. તેથી જ **उपधायाश्च**। સૂત્ર ઉપર કા.માં કહ્યું છે કે **किरि गिरि** ની **भ** સંજ્ઞા થવા છતાં દીર્ઘનહીં થાય કારણ કે **उणादयोऽव्युत्पन्नानिप्रातिपदिकानि**। (**न पदान्त**० ઉપર ન્યાસ.).અહી નોંધવું જોઇએ કે **कृग्रोरिच**। એ સૂત્ર ઉપલબ્ધ ઉણાદિ સૂત્રપાઠમાં મને મળ્યું નથી.પરંતુ **कृग्रोरुच**। એ સૂત્ર છે જે ઉપરથી **कुरु गुरु** નિષ્પન્ન કરવામાં આવ્યા છે.વળી એ સૂત્રમાં હ્રસ્વ **ऋ**-કારાન્ત **कृ** (**डुकृञ् करणे**) ધાતુનું ગ્રહણ છે અને તેના ઉપરથી **ऋत इद्धातोः**। પ્રમાણે **किरि** મળવું દુર્લભ છે.

[253] **ब्राह्मणकण्डूतिः**(નોંધ ૨૫૦)

[254] **वाय्वोः अध्वर्य्वोः** માં**यण्** એ લોપ સિવાયનો **अजादेश** હોવાથી પ્રકૃત સૂત્રમાંનો નિષેધ લાગુ નહીં પડે પણ **अचः पर**० પ્રમાણે સ્થાનિવદ્‌ભાવ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાયછે અને દીર્ઘ વગેરેનો પણ નિર્દેશ (પ્રકૃત સૂત્રમાં) છે.આમ હોવાથી માત્ર તેમનો પરસ્પર સંબંધ કરવો જોઇએ કે સ્વરવિધિ, દીર્ઘવિધિ અને य् લોપ વિધિમાં લોપરૂપી **अजादेश** સ્થાનિવત્ થતો નથી.જેમને ક્રમપૂર્વક મૂકવામાં આવ્યા હોય તેમનો પરસ્પર સંબંધ ઇચ્છા મુજબ કરી શકાય છે પરંતુ આ (સ્વર, દીર્ઘ વગેરે) ને તો ક્રમપૂર્વક મૂકેલાં નથી.(પરંતુ) ક્રમપૂર્વક મૂકવામાં ન આવ્યાં હોય તેમનો પણ પરસ્પર સંબંધ ઇચ્છા પ્રમાણે થાય છે,[256] જેમ કે **अनड्वाहमुदहारि या त्वं हरसि शिरसा कुम्भं भगिनि साचीनमभिधावन्तमद्राक्षीः।** (બળદને હે પનિહારી જે તું લઇ જાય છે માથા ઉપર ઘડો હે બહેન આડાઅવળા દોડતાને તે જોયો છે?), તે (શબ્દો)નો પરસ્પર સંબંધ ઇચ્છામુજબ આમ થાય છે :**उदहारि भगिनि या त्वं कुम्भं हरसि शिरसा अनड्वाहं साचीनमभिधावन्तमद्राक्षीः।** (હે ઘડો માથા ઉપર લઇ જાય છે તે પનીહારી બહેન તેં આડાઅવળા દોડતા બળદને જોયો ?)

**क्विलुगुपधात्वचङ्परनिर्ह्रासकुत्वेषूपसंख्यानम् ॥२॥**

**क्विलुगुपात्वचङ्परनिर्ह्रासकुत्वेषूपसंख्यानं कर्तव्यम्॥ क्वौ किमुदाहरणम्। कण्डूयतेरप्रत्ययः कण्डूरिति। नैतदस्ति। यलोपविधिं प्रति न स्थानिवत्॥** इदं तर्हि। **पिपठिषतेरप्रत्ययः पिपठीः। नैतदस्ति। दीर्घविधिं प्रति न स्थानिवत्॥ इदं तर्हि। लावयतेर्लौः पावयतेः पौः। नैतदस्ति। अकृत्वा वृद्ध्यावादेशौ णिलोपः। प्रत्यक्षलक्षणेन वृद्धिर्भविष्यति॥ इदं तर्हि। लवमाचष्टे लवयति। लवयतेरप्रत्ययो लौः पौः। स्थानिवद्भावाण्णेरूण्न प्राप्नोति। क्वौ लुप्तं**

**क्वि,लुक्** ,**उपधा** હોવાને કારણે થતા વિધિમાં, **चङ्** પર થતાં(**णि** પૂર્વે થતા) હ્રસ્વમાં,અને **कुत्व** માં (સ્થાનિવદ્ભાવ નથી થતો) તેમ કહેવું પડશે ॥२॥

**क्वि,लुक्** ,**उपधा** હોવાને કારણે થતા કાર્યમાં, **चङ्** પર થતાં(**णि** પૂર્વે થતા) હ્રસ્વવિધિમાં,અને **कुत्व** વિધિમાં (સ્થાનિવદ્ભાવ નથી થતો) તેમ કહેવું પડશે.**क्वि** પર હોય તેનું શું ઉદાહરણ છે ? **कण्डूय** (ધાતુ)ને અ(વિદ્યમાન) પ્રત્યય (**क्विप्**) થઇને **कण्डूः** (થાય છે) [257] તે (ઉદાહરણ છે). એ (ઉદાહરણ) નથી, કારણ કે **य्** લોપ વિધિમાં (આદેશ) સ્થાનિવત્ થતો નથી. તો પછી **पिपठिष्** (ધાતુ)ને અ(વિદ્યમાન) પ્રત્યય (**क्विप्** લાગીને થતો) **पिपठीः**

---

[255] **न पदान्त०** સૂત્ર વ્દારા પરનિમિત્તક **अजादेश** ના સ્થાનિવદ્ભાવનો પ્રતિષેધ કર્યો છે તેમાં લોપ રૂપી **अजादेश** , **य्** લોપ, સ્વર, દીર્ઘ વગેરે વિધિમાં સ્થાનિવદ્ થતો નથી તે સિવાયનો ભાવ રૂપ **अजादेश** હોય તે સ્થાનિવત્ થાય છે એમ સ્પષ્ટ કહેવું પડશે.એમ ભાવ છે.પરંતુ કહેવાની જરૂર એ માટે નથી કે તે સૂત્રમાં પણ લોપનું ગ્રહણ છે અને આદેશ પણ અનુવૃત્તિથી ઊતરી આવે છે, જ્યારે દીર્ઘ વગેરે સૂત્રમાં જ છે. તેમને પરસ્પર યોજ્યામાં આવે તો 'સ્વર, દીર્ઘ અને **य्** લોપ વિધિઓમાં લોપ રૂપી **अजादेश** સ્થાનિવત્ નહીં થાય'એમ અર્થ સમજાશે.શંકાકાર કહેવામાગે છે કે જે પદો અન્ય પદના વ્યવધાન વિના ક્રમપૂર્વક મૂકવામાં આવ્યાં હોય તેમનો પરસ્પર સંબંધ યોજી શકાય અર્થાત્ તે વ્દારા તેમનો અર્થ બોધ થાય છે, પરંતુ આ સૂત્રમાં લોપ શબ્દનો **य्** સાથે સંબંધ છે અને તેનું એક જ વાર ઉચ્ચારણ કરવામાં આવ્યું છે,જ્યારે અર્થની દૃષ્ટિએ તેનો બે રીતે ઉપયોગ થાય તે જરૂરી છે. વળી સ્વર, દીર્ઘ અને **य्** લોપને આડાઅવળા મૂકવામાં આવ્યા છે તેથી તેમનો પરસ્પર અન્વય કેવી રીતે થઇ શકે ? જો તેમ ન થઇ શકે તો અર્થબોધ કેવી રીતે થાય ?

[256] અવ્યવહિત રીતે વિશિષ્ટ ક્રમમાં મૂકેલાં ન હોય છતાં અર્થને લક્ષમાં રાખીને **अनड्वाहमुदहारि** ० જેવાં પદોનો સમન્વય કરી શકાય છે. તેથી અહીં પણ તેમ થઇ શકશે.અહીં લોપ, આદેશ અને વિધિનું ગ્રહણ છે . દીર્ઘ વગેરેનો પણ નિર્દેશ છે.માત્ર તેમનો પરસ્પર સંબંધ આ રીતે કરવો પડશેઃઅહીં લોપ શબ્દનું બેવાર ઉચ્ચારણ કરીને **य्** લોપ તથા લોપ રૂપી **अजादेश** સાથે લઇને સૂત્રમાંથી **स्वरदीर्घयलोपेषु लोपाजदेशो न स्थानिवत्** એમ પ્રક્રિયા વાક્ય કાઢી શકાશે.કારણ કે વ્યાકરણ સ્મૃતિ શાસ્ત્ર છે,પ્રયોગમૂલક છે.વળી પાઠક્રમ કરતાં અર્થક્રમ બળવાન છે તેથી અહીં પણ યથેષ્ટ સંબંધ યોજી શકાશે. (**साचीनम्** =આડોઅવળો ભટકતો,દોડતો) **क्विलुगुपधा**०(વા.) માં વ્દન્વ્દને અંતે સપ્તમી છે તેથી **क्वौ लुकि उपधात्वे** વગેરે યોજના થશે. અહી જે **क्वि** અંશ છે તેની બે રીતે સમજ્યાનું છેઃ **क्वौ लुप्तं न स्थानिवत्।** એમ તથા **क्वौविधिं प्रति न स्थानिवत्।** એ વ્દિતીય વ્યાખ્યાનમાં **विधि** શબ્દ અધ્યાહાર રાખીને અને **क्वौ** ની આવૃત્તિ કરીને તેને આદેશ સાથે લેવાથી '**क्वि** ને કારણે થતો **अजादेश** ' એમ અર્થ થતાં **क्वौ लुप्तं (न स्थानिवत्** ) એમ અર્થ નીકળશે. **क्वौ लुप्तं**० એમ અર્થ ન કરતાં **क्वौ विधिं प्रति**० એમ અર્થ કરવો જોઇએએમ ભાષ્યકાર આગળ કહેશે. વાસ્તવમાં એ ઉપરથી સૂચવાય છે કે બન્ને રીતે અર્થ થશે.(નીચે નોધ ૨૬૨).તે જ રીતે **लुक्** રૂપી આદેશમાં, ઉપધાને કારણે થતા કાર્યમાં, **चङ्** પર હોય તેવા **णि** ને કારણે થતા હ્રસ્વત્વમાં તેમ જ **कुत्व** કરવાનું હોય ત્યાં આદેશ સ્થાનિવત્ નથી થતો એમ વાર્તિકનો અર્થ સમજાશે.

[257] **कण्डूः** (નોધ ૨૪૯-૨૫૦).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ(ઉદાહરણ છે ).[258] એ (ઉદાહરણ) નથી, કારણ કે દીર્ઘવિધિ કરવાનો હોય ત્યાં (આદેશ) સ્થાનિવત્ થતો નથી. તો પછી આ **लावय** ઉપરથી થતો **लौः** (અને) **पावय** ઉપરથી થતો **पौः**એ (ઉદાહરણ છે ).[259] એ (પણ ઉદાહરણ) નથી, કારણ કે વૃદ્ધિ અને **आव्** આદેશ કર્યા વિના જ **णि** નો લોપ (થાય છે).પ્રત્યયલક્ષણથી વૃદ્ધિ થશે. તો પછી આ **लवमाचष्टे** (એ અર્થમાં) **लवयति** (થાય છે) તેને અ(વિદ્યમાન) પ્રત્યય (**क्विप्**) લાગીને **लौः** (થાય છે, તેમ જ **पावयति** અ(વિદ્યમાન) પ્રત્યય (**क्विप्** લાગીને થતો ) **पौः**[260] (એ ઉદાહરણ નથી કારણ કે) અહીં **णि** નો સ્થાનિવદ્દ્ભાવ થાય **ऊठ्** ન થવાનો પ્રસંગ આવે છે, (પરંતુ) **क्वि** પર થતાં જેનો લોપ થયો

---

[258] **पिपठीः**--**पठ्** ના સન્નન્ત **पिपठिष्** ને **क्विप्**--**अतो लोपः**।થી--**अ** લોપ -- **पिपठिष्** પ્ર. એ.વ.માં **पिपठिष् स्**--**हल्ङ्याब्भ्यो॰** થી અપૃક્ત **स्** લોપ--**पिपठिष्** . હવે **आदेशप्रत्यययोः**।(૮-૩-૫૯)થી થએલ મૂર્ધન્ય **ष्** **रुत्व** ની દૃષ્ટિએ અસિદ્ધ હોવાથી **ससजुषो रुः**। (૮-૨-૬૬) પ્રમાણે **रु**--**पिपठिर्** થતાં રેફાન્તની ઉપધાનો **र्वोरुपधाया इको दीर्घः**। થી ઉપધા દીર્ઘ--**पिपठीर्**--**खरवासनयोः॰**--**पिपठीः** થશે.અહીં **अ** લોપ સ્થાનિવત્ થાય તો **पिपठिर** રેફાન્ત ન રહેતાં દીર્ઘ ન થવાનો પ્રસંગ આવશે.અહીં જે **रुत्व** થાય છે તે પણ દીર્ઘની જેમ સ્થાનિવદ્દ્ભાવ નિષેધને અધીન છે.

[259] **लू पू** ને **णिजन्त** કરતાં વૃદ્ધિ અને **आव्**--**लावि पावि**--**णेरनिटि**।--**लाव् पाव्**--**क्विप्** થતાં--**लाव् क्विप् पाव् क्विप्**--**कित्** પ્રત્યય પર થતાં**च्छ्वोः शूड्॰** થી **ऊठ्**--**एत्येधत्युठ्सु**। વૃદ્ધિ એકાદેશ થઇને **लौः पौः** થાયછે. અહીં **णि** લોપ સ્થાનિવત્ થાય તો **ऊठ्** નહીં થઇ શકે , કારણ કે **लाव् पाव्** ને સ્થાને **लावि पावि** સમજાય છે તેથી **क्वि** પૂર્વે **वान्त** અંગ નથી રહેતું એમ ન થાય તે માટે **ण्यल्लोपावियङ्- -पूर्वविप्रतिषेधेन**। (વા.)પ્રમાણે પૂર્વવિપ્રતિષેધથી **णि** લોપ પ્રથમ થતાં **लू ॰ क्विप् पू ॰ क्विप्**--**णि** લોપ થયો છે છતાં**प्रत्ययलोपे॰** પ્રમાણે **णि** છે જ એમ સ્વીકારીને**अचो ञ्णिति**। થી વૃદ્ધિ --**लौ क्विप् पौ क्विप्** પ્રત્યયનો સંપૂર્ણ લોપ અને વિભક્તિ પ્રત્યય પર થતાં **लौः पौः** થશે.અહીં ઉપર થયો છે તેમ **आव्** થતો નથી ,કારણ કે **आव्** થવો તે વર્ણ ઉપર અધારિત કાર્ય છે અને તેમાં પત્યયલક્ષણ થતું નથી (**वर्णाश्रये नास्ति प्रत्यलक्षणम्**।) એ પરિભાષા લાગુ પડે છે. તેથી જ **गवे हितम्** એ વિગ્રહ વાક્યનો સમાસ કરતાં ચ.એ.વ.ના **ए** નો **सुपो धातु॰** પ્રમાણે લોપ થઇને **गोहितम्** થાય છે તેમાં પ્રત્યયલક્ષણ લાગુ પડે તો **गो ए हितम्** એમ સમજાતાં **अव्** થવાનો પ્રસંગ આવે પણ **अव्** આદેશ વર્ણાશ્રય કાર્ય છે તેથી પ્રત્યયલક્ષણ કાર્ય નહીં થાય અને **गोहितम्** સમાસ થશે.

[260] **लू प ू** ને **ऋदोरप्**। થી **अप्**--**सार्वधातुकार्ध॰** થી ગુણ--**लवः पवः**. તે પ્રાતિપદિકોને **लवमाचष्टे**। **पवमाचष्टे**। એ અર્થમાં **तत्करोति तदाचष्टे**। (વા.) પ્રમાણે **णिच्**--**लव णि पव णि** એમ થતાં **णाविष्ठवत्प्रातिपदिकस्य कार्यं भवतीति॰**(વા) પ્રમાણે **इष्ठवद्भाव** થવાથી **टि** નો લોપ--**लव् इ पव् इ** એ પછી **क्विप्** લાગતાં (નોંધ૨૬૧) **व्** નો **ऊठ्** થશે, પરંતુ **णि** લોપ સ્થાનિવત્ થાય તો તેનું વ્યવધાન થતાં **ऊठ्** ન થવાનો પ્રસંગ આવશે. તેથી **णि** લોપ સ્થાનિવત્ થતો નથી તેમ કહેવું પડશે જેથી **लव् क्विप् पव् क्विप्** માં **ऊठ्** થઇને **एत्येधत्यूठ्सु**। થી વૃદ્ધિ થઇને **लौः पौः** સિદ્ધ થઇ શકે. અહીં શંકા થાય કે **क्विलुक्॰** (વા) પ્રમાણે**क्वि** પર થતાં **णि** લોપ થયો છે તે સ્થાનિવત્ ન થાય તે તો બરોબર છે પરંતુ **इष्ठवत्** ભાવને કારણે **णि** પર થતાં જે **टि** લોપ થયો છે તે **क्वि** પર થતાં નથી થયો તેથી તેનો સ્થાનિવદ્દ્ભાવ **क्विलुक्॰** દ્વારા નિવારી નહીં શકાય. તેથી **अ**-કાર(**टि**)નું વ્યવધાન થતાં **ऊठ्** નહીં થઇ શકે અને **लौः पौः** સિદ્ધ નહીં થાય. પરંતુ અહીં '**क्वौ लुप्तं न स्थानिवत्**' એમ અર્થ ન લેતાં '**क्वौ विधिं प्रति न स्थानिवत्**'એટલે કે **क्वि** પર થતાં જે કોઇ પણ કાર્ય (**विधि**) કરવાનું હોય ત્યાં લોપ રૂપી **अजादेश** સ્થાનિવત્ નહીં થાય એમ અર્થ કરવાનો છે. તેથી **क्वि** પર થતાં **णेरनिटि**। પ્રમાણે થતા **णि** લોપને તેમ જ **णि** ને કારણે જે **टि** લોપ થયો છે તેને પણ સ્થાનિવદ્દ્ભાવ નિષેધ લાગુ પડશે, કારણ કે **च्छ्वोः शूठ्॰** પ્રમાણે થનાર **ऊठ्** વિધિ પણ **क्वि** પર થતાં જ થાય છે. પરિણામે ત્યાં પણ નિષેધ અમલી બનતાં **णि** ને કારણે થએલ હોવા છતાં **अ** લોપ સ્થાનિવત્ નહીં થાય અને **ऊठ्** થશે તેથી **लौ पौः** સિદ્ધ થઇ શકશે.અહીં કૈ. નોંધે છે કે **लवमाचष्टे** વગેરે ઉપરથી જે **लौः** વગેરે ઉદાહરણ છે તે **क्वौ विधिं प्रति न स्थानिवत्** એ અર્થ માટે જ આપ્યાં છે પણ **देवयतेः द्यूः** એ બન્ને અર્થનું ઉદાહરણ છે(**देवयतेर्द्यूरित्यत्रोभयथापि सिध्यति**।**पद॰**) **दिव्** ના **णिजन्त** ને**क्विप्** થઇને **देव् क्विप्**--**च्छ्वाः शूठ्॰**--**दे ऊ ॰**--**द्यू** વિભક્તિ પ્રત્યય થતાં **द्यूः** . અહીં **णि** લોપ સ્થાનિવત્ થાય તો **ऊठ्** ન થાય, પરંતુ **क्वि** પર થતાં **णि** લોપ થયો છે (**क्वौ लुप्तम्**) તેથી સ્થાનિવત્ નહીં થાય અને ઇષ્ટ સિદ્ધિ થશે.ના. કહે છે કે **द्यूः क्वौ विधिं प्रति॰** અર્થાત્ **क्वि** પર થતાં જે કોઇ વિધિ કરવાનો હોય (જેમ કે અહીં **ऊठ्**) ત્યારે લોપ રૂપી **अजादेश** સ્થાનિવત્ થતો નથી એ અર્થપ્રમાણે પણ સિદ્ધ થશે.અહીં **ऊठ्** થયા પછી **दे ऊठ् क्विप्** એમ થતાં **ऊ**-કારની વૃદ્ધિ કરવા રૂપ વિધિ **क्विप्** પર થવાને કારણે નથી થતો તેથી **णि** લોપ સ્થાનિવત્ થાય તો **ऊ** ની વૃદ્ધિ થશે એ શંકા અયોગ્ય છે, કારણ કે સ્થાનિવદ્દ્ભાવ તો જેનો આદેશ ન થયો હોય તેવા **अच्** પૂર્વેનો વિધિ કરવાનો હોય ત્યાં થાય છે જ્યારે **ऊठ्** વિધિ તો(**णि=इ** ) લોપ રૂપી આદિષ્ટ **अच्** પૂર્વેનો વિધિ છે તેથી **णि** લોપ સ્થાનિવત્ નહીં થાય. **द्यूः** એ બન્ને અર્થને સાધારણ ઉદાહરણ છે તેથી ના. કહે છે કે **क्वौ लुप्तम्** નાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न स्थानिवदिति भवति ॥ एवमपि न सिध्यति। कथम्। क्वौ णिलोपो णावकारलोपस्तस्य स्थानिवद्भावादूण्न प्राप्नोति। नैष दोषः। नैवं विज्ञायते क्वौ लुप्तं न स्थानिवदिति। कथं तर्हि। क्वौ विधिं प्रति न स्थानिवदिति ॥ लुकि किमुदाहरणम्।

હોય તે સ્થાનિવત્ થતું નથી. એથી (સિદ્ધ) થશે. એ રીતે પણ સિદ્ધ નહીં થાય. કેમ ? क्वि પર થતાં णि નો લોપ (થાય છે), णि લોપ થતાં अ-કાર લોપ (થાય છે) તેનો સ્થાનિવદ્ભાવ થવાથી ऊठ् નહીં થાય.એ દોષ નથી (આવતો,કારણ કે અહીં) क्वि પર હોય ત્યારે (આદેશ)સ્થાનિવત્ નથી થતો એમ સમજાતું નથી.[261] તો પછી કેમ (સમજાય છે) ? क्वि પર થતાં જે વિધિ કરવાનો હોય ત્યાં (આદેશ) સ્થાનિવત્ થતો નથી એમ(સમજાય છે).लुक् નું શું ઉદાહરણ છે ?

बिम्बं बदरम्। नैतदस्ति। पुंवद्भावेना-प्येतत्सिद्धम् ॥ इदं तर्हि। आमलकम्। एतदपि नास्ति। वक्ष्यत्येतत्। फले लुग्वचनानर्थक्यं प्रकृत्यन्तरत्वादिति ॥ इदं तर्हि। पञ्चभिः पट्वीभिःक्रीतः पञ्चपटुः दशपटुरिति। ननु चैतदपि पुंवद्भावेनैव सिद्धम् ॥ कथं पुंवद्भावः। भस्याढे तद्धिते पुंवद्भवतीति। भस्येत्युच्यते यजादौ च भं भवति न चात्र यजादिं पश्यामः। प्रत्ययलक्षणेन यजादिः। वर्णाश्रये नास्ति प्रत्ययलक्षणम्। एवं तर्हि ठक्छसोश्चेत्येवं भविष्यति।

बिम्बम् बदरम् (એ)[262] (પરંતુ ) એ ઉદાહરણ નથી.એ તો પુંવદ્ભાવથી પણ સિદ્ધ થાય છે.તો પછી આ आमलकम् એ (ઉદાહરણ છે).[263] એ પણ (ઉદાહરણ) નથી.ભાષ્યકાર કહેવાના છે કે ફળની બાબતમાં વચન અર્થહીન છે, કારણ કે (अमलक એ ) ભિન્ન પ્રકૃતિ છે.તો પછી पञ्चभिः पट्वीभिः क्रीतः એ અર્થનો पञ्चपटुः दशपटुः એ (ઉદાહરણ છે)

---

અસાધારણ અર્થાત્ તે અર્થ પ્રમાણે જ સિદ્ધ થતાં ઉદાહરણ सख्युः વગેરે છે. विद्यमानं खमस्य એ અર્થમાં બહુવ્રીહિ થતાં सह નો वोपसर्जनस्य। થી स થતાં सखः. सखमात्मानमिच्छति એ અર્થમાંसुप आत्मनः क्यच्। થી क्यच्--क्यचि च। થી ई--सखीय--क्विप्--अतो लोपः। अ-કાર કોપ लोपो व्यो०--य् લોપ.અહીં सखी अस् એ સ્થિતિમાં अ લોપ સ્થાનિવત્ થાય તો यण् થઇને सख् य् અને य् લોપમાં સ્થાનિવદ્ભાવનો નિષેધ હોવાથી અથવા તો य् આદિષ્ટ अच् પૂર્વેનો છે તેથી ત્યાં સ્થાનિવદ્ભાવ ન થવાથી लोपो व्यो० પ્રમાણે તેનો લોપ થવાનો પ્રસંગ આવશે અને તેથી सख्युः રૂપ સિદ્ધ નહી થઇ શકે એમ નથી કારણ કે અહીં क्वौ लुप्तं न स्थानिवत् એમ અર્થ કરતાં अ લોપ સ્થાનિવત્ નહીં થાય તેથી यण् પણ નહીં થાય અને सख्युः એ ઇષ્ટ રૂપ સિદ્ધ થશે. એ જ રીતે कण्डूः માં यण् ન થવો અને पिपठीः માં रुत्व થવું એ क्वौ लुप्तम् નાં અસાધારણ ઉદાહરણો છે.

[261] नैवं विज्ञायते અર્થાત્ नैवमेव विज्ञायते। (ના) એટલે કે એમ જ અર્થ થાય એવું નથી પરંતુ લક્ષ્ય સિદ્ધ કરવા માટે ક્વચિત્ તેનો આશ્રય લેવો પડે, ક્વચિત્ અન્ય અર્થનો.ટૂંકમાં क्वौ लुप्तं न स्थानिवत् એ પ્રમાણે જ અર્થ નથી સમજવાનો પરંતુ क्वौ विधिं प्रति न स्थानिवत् એમ પણ લક્ષ્યાનુસાર અર્થ સમજવાનો છે.આમ લક્ષ્ય સિદ્ધ કરવા માટે બન્ને અર્થનો આશ્રય લેવામાં આવે છે (एवं च अर्थद्वयमपि लक्ष्यसिद्धये आश्रीयते इति भावः। લઘુ.શબ્દ. પર ચન્દ્રકલા પૃ.૯૯)

[262] बिम्बी बदरी એ ङीष्- અન્ત શબ્દોને આદિ અનુદાત્ત હોવાથી વિકારના અર્થમાં अनुदात्तादेश्च। પ્રમાણે अञ् લાગે છે. તેથી बिम्बी अञ् बदरी अञ् એમ થતાં फले लुक्। થી अञ् લોપ થતાં लुक् तद्धितलुकि। પ્રમાણે ङीष् નો લોપ થતાં बदर એમ રહેતાં ङीष् લોપ સ્થાનિવત્ થાય તો यस्येति० થી अ લોપ થવાનો પ્રસંગ આવે છે તેથી તેનો પ્રતિષેધ કરવો પડશે.વાસ્તવમાં तसिलादिष्वाकृत्वसुचः। સૂત્રની भस्याढे तद्धिते।(વા.) થી પુંવદ્ભાવ થવાથી રૂપ સિદ્ધ થશે તેથી પ્રતિષેધ કરવાની જરૂર નથી.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

.[264] અમે કહીએ છીએ કે એ પણ પુંવદ્ભાવથી સિદ્ધ થાય છે.પુંવદ્ભાવ કેવી રીતે (થશે) ? **भस्याढे तद्धिते (पुंवद्भावो वक्तव्यः।** ढ સિવાય- નો તદ્ધિત પર થતાં **भ** સંજ્ઞકનો પુંવદ્ભાવ થાય છે એ વાર્તિક) પ્રમાણે પુંવદ્ થાય છે.(પરંતુ વાર્તિકમાં) **भस्य** (ભ સંજ્ઞકનો ) એમ કહેવામાં આવ્યું છે અને **भ** સંજ્ઞા **य**-કારાદિ અને **अजादि** (પ્રત્યય) પર થતાં થાય છે, જ્યારે અહીં **य**-કારાદિ અને **अजादि** (પ્રત્યય) અમને દેખાતા નથી. પ્રત્યયલક્ષણથી થશે. [265] (પરંતુ) વર્ણ પર આધારિત કાર્યમાં પ્રત્યયલક્ષણ થતું નથી.એમ હોય તો પછી **ठक्छसोश्च ठगेव (पुंवद्भावो वक्तव्यः।)** એ (વાર્તિક) થી થશે.

**ठक्छसोश्चेत्युच्यते न चात्र ठक्छसौ पश्यामः। प्रत्ययलक्षणेन। न लुमता तस्मिन्निति प्रत्ययलक्षणस्य प्रतिषेधः॥ न खल्वप्यवश्यं ठगेव क्रीतप्रत्ययः क्रीताद्यर्था एव वा तद्धिताः। किं तर्हि। अन्येऽपि तद्धितः ये लुकं प्रयोजयन्ति। पञ्चेन्द्राण्यो देवता अस्येति पञ्चेन्द्रः दशेन्द्रः पञ्चाग्निः दशाग्निः॥ उपधात्वे किमुदाहरणम्॥ पिपठिषतेरप्रत्ययः पिपठीरिति।**

(વાર્તિકમાં) **ठक्** અને **छस्** (પ્રત્યય) પર હોય ત્યારે એમ કહેવામાં આવ્યું છે, જ્યારે અહીં તો અમને **ठक्** અને **छस्** અમને દેખાતા નથી. પ્રત્યય-લક્ષણથી (સિદ્ધ થશે).પરંતુ **न लुमता तस्मिन्।** (એ વાર્તિક) થી પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ (કરવામાં આવ્યો છે).[266] પરંતુ હકિકતમાં માત્ર **ठक्** એ જ

---

[263] **आमलकम्** (નોંધ ૨૪૧) **आमलक सु्--अतोऽम्।** થી **अम्** થઇને **आमलकम्** થશે.અહીં વૃદ્ધ હોવાથી અર્થાત્ આદિ સ્વર વૃદ્ધિ છે તેથી **मयट्** થયો છે તેથી ´નહીં થાય પરિણામે **भस्याढे०** (વા) લાગુ ન પડવાથી પુંવદ્ભાવ નહીં થાય. હવે હજો પરનિમિત્તક **ङीष्** લોપ સ્થાનિવત્ થાય તો રૂપ સિદ્ધ ન થઇ શકે તેથી સ્થાનિવદ્ભાવ પ્રતિષેધ કરવો પડશે એમ દલીલ છે.અહીં મૂળ સૂત્રમાં **वरे** નો **वर ई** એમ **ई**- કાર નો પ્રશ્લેષ કરીને છેદ કરે છે તેથી **ई**-કાર પર થતાં જે વિધિ કરવાનો હોય(જેમ કે **आमलक** માં **अ** લોપ) ત્યાં સ્થાનિવદ્ભાવ નથી થતો એમ અર્થ કરીને **आमलकम्** સિદ્ધ કરે છે.**फले लुक्।** સૂત્રના ભાષ્યમાં આ વાર્તિક છે. **आमलक** શબ્દ **आमलक्याः फलम्** એ અર્થમાં યૌગિક નથી તે બાબતમાં ના. કહે છે કે **आमलक्याः फलम्** એમ વૃક્ષના સંબંધને કારણે ફળનો અર્થ બતાવે છે એ નક્કી થઇ શકતું નથી માટે **आमलक** એ યૌગિક શબ્દ નથી તેનો વિકાર નહીં પણ ભિન્ન પ્રકૃતિ (**प्रकृत्यन्तर**) છે તેથી **लुक्** વચન અર્થાત્ લોપ થાય છે એમ કહેવું અર્થહીન છે એમ આ વાર્તિકનો ભાવ છે. પરંતુ તે પછીની વા.માં **एकान्तदर्शनात्प्रसङ्ग इति चेद्वृक्षे लुग्वचनम्।** અર્થાત્ **आमलकी** ના અવયવના અર્થમાં **आमलकम्** જોવામાં આવે છે તેથી **लुक्** થાય છે તેમ વૃક્ષને વિશે કહી શકાય, કારણ કે વૃક્ષ પણ **फलैकान्त** એટલે કે ફળ જેનો અવયવ (**एकान्त**) છે તે છે.

[264] **पञ्चभिः पट्वीभिः क्रीतः** એ અર્થમાં **पञ्चपट्वी** ને **आर्हादगोपुच्छसंख्यापरिमाणाट्ठक्।** થી **ठक्--पञ्चपटु ई ठक्--अध्यर्द्धपूर्वद्विगोलुगसंज्ञायाम्।** થી **ठक्** લોપ--**पञ्चपटु ई** એમ થતાં **अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुग् बाधते।** એ ન્યાયે અંતરંગ **यण्** આદેશ થાય તે પૂર્વે **लुक्तद्धित लुकि।** પ્રમાણે **ई** નો લોપ થશે.અહીં **लुक्** સ્થાનિવત્ થાય તો ઇષ્ટ રૂપ સિદ્ધ ન થઇ શકે તેથી સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવો જોઇએ.એમ ભાવ છે.

[265] **पञ्चपटु ई** એ સ્થિતિમાં **ई** લોપ થતાં **भ** સંજ્ઞા નહીં થાય, કારણ કે વાર્તિકમાં **भस्य** એમ કહ્યું છે અને **भ** સંજ્ઞા તો **यजादि** પ્રત્યય પર હોય તો થાય છે જ્યારે અહીં **ई** નો લોપ થવાથી **यजादि** પર નથી રહેતો અને વર્ણ પર આધારિત કાર્યમાં પ્રત્યયલક્ષણ નથી થતું એ પરિભાષાને કારણે પ્રત્યય - લક્ષણથી પણ **यजादि** પર નહીં થઇ શકે.જો કે **भिक्षादिभ्योऽण्।** સૂત્ર પર ભાષ્યકાર કહે છે **सिद्धश्च प्रत्ययविधौ** એટલે કે પ્રત્યયવિધિમાં પણ પુંવદ્ - ભાવ સિદ્ધ છે તેથી અહીં પણ **भस्याढे तद्धिते पुंवद्भावो वक्तव्यः।** પ્રમાણે પુંવદ્ભાવ કેમ ન થાય એ શંકા યોગ્ય નથી , કારણ કે જ્યાં **भत्व** થયું હોયત્યાં પુંવદ્ભાવ થાય.અહીં તો **ङीष्** નો **लुक्** થયા પછી **भत्व** નથી થતું તેથી **न लुमताऽङ्गस्य।** પ્રમાણે પ્રત્યયલક્ષણ નિષેધ થશે. વળી **अन्तरङ्गानपि विधीन्०** એ પરિભાષા(નોંધ ૨૬૬) પ્રમાણે **यण्** આદેશનો બાધ કરીને પહેલાં **लुक्** થશે તેથી પ્રત્યયલક્ષણ અમલી બને તો પણ **यजादि** પર ન હોવાથી **भत्व** નહીં થાય તેથી પુંવદ્ભાવ પણ નહીં થાય.નિ.સા.(પૃ.૪૫૨,પા.ટી.૮)ચૌ.ખં. (પૃ.૪૯૪,પા.ટી.૩) માં **पुंवद्भावे सिद्धश्च प्रत्ययविधौ।** એ **भिक्षादिभ्योऽण्।** સૂત્ર પરની વાર્તિક છે તેમ કહ્યું છે પરંતુ એ તો એ સૂત્ર ઉપરની **भिक्षादिषु युवतिग्रहणानर्थक्यं पुंवद्भावस्यासिद्धत्वात्।** (વા) ઉપરનું (**पुंवद्भावस्य सिद्धत्वात्**) **सिद्धश्च प्रत्ययविधौ।** એમ ભાષ્ય છે. ના.પણ અહીં કહે છે **अत आह भाष्ये सिद्धश्चेति।** વાસ્તવમાં ભાષ્યના મૂળ શબ્દોનું પ્ર.માં સંકલન જ છે.

[266] **ठक्छसोश्च** એ **तसिलादिष्वाकृत्वसुचः।** સૂત્ર પરની **ठक्छसोश्च पुंवद्भावो वक्तव्यः।** એમ વા. છે.તેના આધારે પુંવદ્ભાવ થશેઅને તેથી પ્રતિષેધની જરૂર નથી એમ અહીં દલીલ છે. **पञ्चपटुः** માં (નોંધ ૨૬૬)´ **ठक** નો **इक** થયા પછી **पञ्चपटु ई इक--इक** નો લોપ પછી **ई** લોપ થયા પછી પ્રત્યયલક્ષણથી **इक** એ **अजादि** પ્રત્યયને કારણે **भ** સંજ્ઞા થતાં પુંવદ્ભાવ થશે એમ અહીં કહેવા માગે છે.પરંતુ **इक** નો તો લોપ થયો છે તેથી કહે છે,' **ठक् छस्** તો અહીં દેખાતા નથી.' અને પ્રત્યયલક્ષણથી **इक** છે એમ પણકહી ન શકાય, કારણ કે **न लुमताऽ ङ्गस्य।** એ સૂત્ર પરના ભાષ્યમાં **न लुमता तस्मिन्।** એમ સૂત્રપાઠ કરવાનો વિકલ્પ કહ્યો છે. તે પ્રમાણે અંગને તેમ જ અંગ સિવાયનાંને થતાં કાર્યોમાં પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

क्रीत વગેરેના અર્થમાં પ્રત્યય નથી અને क्रीत વગેરેના અર્થવાળા પ્રત્યયો જ તદ્ધિત પ્રત્યય છે તેમ પણ નથી .[267] તો પછી શું છે ? બીજા પણ તદ્ધિત પ્રત્યયો છે કે જે लुक् ના કારણભૂત બને છે.(જેમ કે) पञ्चेन्द्राण्यो देवता अस्य એ અર્થમાં पञ्चेन्द्रः (તે જ રીતે) दशेन्द्रः पञ्चाग्निः दशाग्निः.[268] ઉપધાત્વનું ઉદાહરણ શું છે ? पिपठिष् (ધાતુ)ને અ(વિદ્યમાન) પ્રત્યય (क्विप् લાગીને થતો) पिपठीः એ(ઉદાહરણ છે ).[269]

नैतदस्ति। दीर्घविधिं प्रति न स्थानिवत्॥ इदं र्हि। सौरी चलाका। नैतदस्ति। यलोप विधिं प्रति न स्थानिवत्। इदं तर्हि। पारिखीयः॥ चङ्परनिह्रासे चोपसंख्यानं कर्तव्यम्। वादितवन्तं प्रयोजितवान् अवीवदद्वीणां परिवादकेन। किं पुनः कारणम् न सिध्यति। योऽसौ णौ णिर्लुप्यते तस्य स्थानि - वद्भावाद् ह्रस्वत्वं न प्राप्नोति। ननु चैतदप्युपधात्वविधिं प्रति न स्थानिवदित्येव सिद्धम्। विशेष एतद्वक्तव्यम् क्व। प्रत्ययविधाविति। इह मा भूत्। पटयति लघयतीति॥ कुत्वे चोपसंख्यानं कर्तव्यम्। अर्चयतेरर्कः मर्चयतेर्मर्कः। नैतद् घञन्तम्। औणादिक एष क-

એ(ઉદાહરણ) નથી, કારણ કે દીર્ઘવિધિ કરવાનો હોય ત્યાં (આદેશ) સ્થાનિવત્ થતો નથી તો પછી આ सौरी बलाका એ ઉદાહરણછે. [270] એ (પણ ) નથી, કારણ કે य् લોપ વિધિમાં સ્થાનિવત્ થતો નથી..તો પછી આ पारिखीयः ઉદાહરણ છે.[271] चङ् (જેની) પર હોય તે (णि પૂર્વે) હ્રસ્વ થાય છે ત્યાં

---

કરવામાં આવ્યો છે તેથી પુંવદ્ભાવ નહીં થાય, કારણ કે અહીં लुक् तद्धितलुकि। માં પણ लुक् એ लुमत् શબ્દનો પ્રયોગ કરીને લોપનું વિધાન કર્યુ છે. તેથી સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવો પડશે.

[267] અહીં કહેવા માગે છે કે तेन क्रीतः એ અર્થમાંમાત્ર ठक् પ્રત્યય જ નથી એટલે કે માત્ર पञ्चपटुः જેવાં જ लुक् નાં ઉદાહરણ છે એમ નથી. તે જ રીતે સર્વ તદ્ધિત क्रीतादि અર્થમાં જ થાય છે તેમ પણ નથી.વાસ્તવમાં એવા અન્ય તદ્ધિત પ્રત્યય છે જ્યાં लुक् થાય છે અને પુંવદ્ભાવ નથી થતો. જેમ કે पञ्च इन्द्राण्यो देवता अस्य એ અર્થનો पञ्चेन्द्रः શબ્દ. અહીં पञ्चेन्द्राणी શબ્દને साऽस्य देवता। પ્રમાણે अण्— द्विगोरनपत्ये। થી તેનો लुक् થવાથી लुक् तद्धित लुकि। થી સ્ત્રીપ્રત્યય ङीष् નો લોપ થવાનો પ્રસંગ આવે છે. પરંતુ इन्द्रवरुणभवशर्वरुद्रमृडहिमारण्ययवयवनमातुलाचार्याणामानुक्। પ્રમાણે અહીં इन्द्रस्य स्त्री એ પુંયોગના અર્થમાં ङीष् નું વિધાન કર્યુ છે તેની સાથે જ आनुक् આગમનું પણ વિધાન છે એટલે કે आनुक् सन्नियोग- -शिष्ट છે (જેનું એક સાથે વિધાન કર્યુ હોય તે) તેથી ङीष् નો લોપ થતાં જો ङीष् .લોપ સ્થાનિવત્ થાય તો શેષ રહી ગએલ आनुक् નું શ્રવણ થવાનો પ્રસંગ આવે છે. અહીં इन्द्र નું પ્રવૃત્તિનિમિત્ત इन्द्रत्व છે અને इन्द्राणी નું પ્રવૃત્તિનિમિત્ત પુંયોગ--ઇન્દ્ર સાથેનો સંબંધ-- છે.આમ એ બે समानाकृति નથી તેથી,એટલે કે તે બેનું પ્રવૃત્તિનિમિત્ત ભિન્ન હોવાથી स्त्रियाः पुंवद्भाषितपुंस्काद्० પ્રમાણે પુંવદ્ભાવ નહીં થઇ શકે.પરિણામે પુંવદ્ - ભાવ ન થવાથી ઇષ્ટ સિદ્ધિ નહીં થાય. એ જ રીતે વર્ણાશ્રય કાર્ય હોવાથી પ્રત્યયલક્ષણ નહીં થાય અને ઉપર દર્શાવેલ કારણને લીધે भस्याढे तद्धिते० પ્રમાણે પણ પુંવદ્ભાવ નહીં થાય તેથી સ્થાનિવદ્ભાવ નિષેધ દ્વારા જ ઇષ્ટ સિદ્ધિ કરવી પડશે.

[268] पञ्चाग्निः पञ्च अग्नाय्यो देवताऽस्य એ અર્થમાં साऽस्य देवता।--अण्--द्विगोरनपत्ये।-अण् લોપ --लुक् तद्धित०--ङीष् લોપ થશે પરંતુ अग्नायी માં अग्नेः स्त्री એ અર્થમાં ङीष् થયો છે અને સાથે સાથે वृषाकप्यग्निकुसित० પ્રમાણે ङीष् પૂર્વે ऐ અન્તાદેશ થાય છે તેથી ङीष् લોપ થતાં તેનો સ્થાનિવદ્ભાવ થાય તો ऐ-કારનું શ્રવણ થવાનો પ્રસંગ આવશે. અહીં પણ પુંવદ્ભાવ નહીં થઇ શકે તેથી સ્થાનિવદ્ભાવનો નિષેધ કરવો પડશે.આ બે ઉદાહરણોમાં सन्नियोगशिष्टानामन्यतरापाय उभयोरप्यपायः। એ સંનિયોગ પરિભાષાનો આશ્રય લેવામાં આવે તો ઇષ્ટ રૂપ સિદ્ધ થશે,કારણ કે ङीष् અને आनुक् તેમ જ ङीष् અને ऐ આદેશનું એક જ સૂત્ર દ્વારા વિધાન કરવામાં આવ્યું છે તેથી બેમાંથી એકનો લોપ થતાં બન્નેનો લોપ થશે.આમ જે તે ઉદાહરણમાં ङीष् નો લોપ થતાં आनुक् અથવા ऐ આદેશનો પણ સાથે સાથે લોપ થતાં आनुक् કે ऐ નું શ્રવણ થવાનો પ્રસંગ નહીં આવે. તેથી નાગેશે ऐनेय એ પ્રત્યુદાહરણ આપ્યું છે.एन्या अपत्यं पुमान् એ અર્થમાં एनी શબ્દને स्त्रीभ्यो ढक्। પ્રમાણે ढक्--यस्येति०--ई લોપ થાય છે.અહીં ई-કાર લોપનો अचः परस्मिन्० પ્રમાણે સ્થાનિવદ્ભાવ થાય તો न् લોપ નહીં થાય, એટલે કે અહીં જે न-કારનું શ્રવણ થાય છે તે સ્થાનિવદ્ભાવને કારણે થાય છે સ્થાનિવદ્ભાવ ન થાય તો ઇષ્ટ રૂપ સિદ્ધ ન થઇ શકે.કૈયટે सन्नियोगशिष्ट પરિભાષા અનિત્ય છે તેમ કહીને ऐनेयः રૂપ સિદ્ધ કર્યુ છે, પરંતુ સ્થાનિવદ્ભાવથી તે સિદ્ધ થાય છે તેથી એ પરિભાષાને વચમાં લાવવાની જરૂર નથી.

[270] सौरी बलाका (નોંધ ૨૪૬)

[271] पारिखीयः--परिखाया अदूरभवः એ અર્થમાં परिखा શબ્દને ચાતુરર્થિક अण्--यस्येति०--आ નો લોપ-- पारिख--पारिखे भवः એ અર્થમાં वृद्धादकेकान्तखोपधात्। પ્રમાણે छ પ્રત્યય થાય છે ,પરંતુ आ-કાર લોપ સ્થાનિવત્ થાય તો તે નહીં થાય, કારણ કે ख् ઉપધા હોય (खोपधात्) તો छ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ (સ્થાનિવદ્ભાવ નથી થતો) એમ કહેવું પડશે.જેણે વાદન કરાવ્યું છે, તેને પ્રેર્યો એ અર્થમાં **अवीवदद्वीणां परिवादकेन।** (સિદ્ધ નહી થાય).[272] સિદ્ધ ન થવાનું શું કારણ ? પર થતાં જે નો લોપ થાય છે તેનો સ્થાનિવદ્ભાવ થવાથી હ્રસ્વ નહી થાય. પણ અમે કહીએ છીએ કે એ પણ ઉપધાત્વ વિધિમાં સ્થાનિવદ્ભાવ થતો નથી એ કારણે જ સિદ્ધ થશે.(પણ) એ વિશિષ્ટ (કાર્યની બાબત)માં કહેવું પડશે. ક્યાં (કહેવું પડશે) ? પ્રત્યય વિધિમાં(નથી થતો )એમ (કહેવું પડશે), જેથી) **पटयति लघयति** (માં સ્થાનિવદ્ભાવ ન થાય). **कुत्व** કરવાનું હોય ત્યાં પણ (સ્થાનિવદ્ભાવ થતો નથી એમ કહેવું પડશે: **आर्चि** ઉપરથી **अर्कः** , **मर्चि** ઉપરથી **मर्कः** (એ ઉદાહરણ છે).[273] એ ઘञ् લાગીને થએલ રૂપો નથી.એ તો ઉણાદિ ગણનો **क** **शब्दस्तस्मिन्नाष्टमिकं कुत्वम्। एतदपि णिचा व्यवहितत्वान्न प्राप्नोति॥**

**पूर्वत्रासिद्धे च ॥३॥**

**पूर्वत्रासिद्धे च न स्थानिवदिति वक्तव्यम्। किं प्रयोजनम्।**

**प्रयोजनं क्सलोपः सलोपे ॥ ४ ॥**

**क्सलोपः सलोपे प्रयोजनम्। अदुग्ध अदुग्धाः। लुग्वा दुहदिहलिहगुहामात्मनेपदे दन्त्ये। इति लुग्ग्रहणं न कर्तव्यं भवति।**

પ્રત્યય લાગીને આઠમા અધ્યાયના (**चोः कुः।**) પ્રમાણે **कुत्व** થયું છે. [274] પરંતુ (સ્થાનિવદ્ભાવ થાય તો) **णिच्**નું વ્યવધાન થવાથી એ (**कुत्व** ) પણ ન થવાનો પ્રસંગ આવે છે.

---

થાય છે.પરંતુ આ સ્થાનિવત્ થાય તો **परिख्** (आ) अ એમ સમજાશે અર્થાત્ **ख्** ઉપધા છે તેમ નહી સમજાય તેથી ઉપધાત્વ (=ઉપધા સંજ્ઞા ને કારણે થતું કાર્ય) કરવાનું હોય ત્યાં સ્થાનિવદ્ભાવ નથી થતો તેમ કહેવું પડશે.અહીં નોંધવું જોઇએ કે જ્યાં ઉપધા સંજ્ઞાને કારણે પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં આ નિષેધ લાગુ પડે છે અન્યત્ર નહીં .જેમ કે **पटयति** માં **णिच्** પર થતાં **पद्** ના ઉપધાભૂત अ-કારની **अत उपधायाः।** પ્રમાણે વૃદ્ધિ પ્રાપ્ત થાય છે પરંતુ **णिच्** પર થતાં **णाविष्ठ॰** પ્રમાણે उ-કાર (**टि**) લોપ થયો છે તે **अचः परस्मिन्॰** પ્રમાણે સ્થાનિવત્ થશે તેથી अ ઉપધા ન રહેવાથી વૃદ્ધિ નહીં થાય કારણ કે **अत उपधायाः।** સૂત્રમાં પ્રત્યયવિધાન નથી.

[272] **अवीवदत्** (નોંધ ૧૯૫) '**णौ चङ्युपधा॰** ની **णेर्णिच्युपसंख्यानम्।** (વા) થી આ રૂપ સિદ્ધ થઇ શકશે.આ વાર્તિક ચૌ.ખં. (કા.ભા.ભા. પૃ. ) માં **उपधा ह्रस्वत्वे णेर्णिच्युपसंख्यानम्**(**णिचा व्यवहितत्वात्**) એ સ્વરૂપ માં છે.ત્યાં પણ સ્થાનિવદ્ભાવને કારણે **णिच्** નું વ્યવધાન થાય છે તે દલીલની સામે **चङ्परनिर्ह्रासे न स्थानिवत्।** (વા) નો જ આધાર લીધો છે. (મહાભા અહીં ઉપધાત્વ વિધિમાં સ્થાનિવદ્ભાવ થતો નથી એમ કહ્યું છે તેથી **अवीवदत्** સિદ્ધ થશે એમ દલીલ કરી છે,પરંતુ 'પ્રત્યયવિધિ હોય ત્યાં' એટલું વિશેષ કહેવું પડશેતેથી જ્યાં ઉપધા સંજ્ઞા નિમિત્તભૂત હોય તેવા પ્રત્યયવિધિમાં સ્થાનિવદ્ભાવ ન થાય તેથી **पटयति** (નોંધ ૨૭૪)જેવામાં નિષેધ લાગુ નહી પડે. તેથી જ **चङ्** પર થતાં જે હ્રસ્વ (**निर्ह्रास**) થાય છે ત્યાં સ્થાનિવદ્ભાવનો નિષેધ કર્યો છે તે સાર્થક છે.

[273] **कुत्व--अर्च् णिच्** ને **अर्च्यते इति** એ અર્થમાં **अकर्तरि च कारके संज्ञायाम्।** પ્રમાણે ઘञ् (अ) થતાં **अर्च् णिच्** ઘञ्--**णेरनिटि।** --**णि** લોપ ઘञ् એ ઘિત્ પ્રત્યય છે તેથી **चजोः कु घिण्यतोः।** થી **कुत्व--अर्कः** થશે,પરંતુ **णि** લોપ સ્થાનિવત્ થાય તો ઘञ् પર ન થતાં **कुत्व** ન થવાનો પ્રસંગ આવશે તેથી **कुत्व** માં સ્થાનિવદ્ભાવ નિષેધ કરવો જરૂરી છે.

[274] **अर्चि मर्चि** इ-કારાન્ત ધાતુઓ છે તેથી તેમને ઘञ् નો બાધ કરીને **एरच्।** પ્રમાણે अ થવો જોઇએ.**अर्कः** માં ઘञ् નથી થયો પરંતુ **कृदाधारार्चिकलिभ्यः कः।** એ ઉણાદિ સૂત્ર પ્રમાણે **क** થયો છે અને **मर्चः** માં **इण्भीकापाशल्यतिमर्चिभ्यः कन्।** એ ઉણાદિ સૂત્ર પ્રમાણે **कन्** થયો છે .હવે **अर्च् इ क । मर्च् इ कन्**--બન્નેમાં **णिच्**લોપ--**अर्च् क । मर्च् क--चोः कुः। अर्क् व। मर्क् क--झरो झरि सवर्णे।** થી રેફ પછીના **क्**નો સવર્ણ પર થતાં વિકલ્પે લોપ થઇને **अर्कः मर्कः** થશે.યુમી કહે છે કે **कृदाधार॰** માં **बहुल** નું ગ્રહણ કર્યુ છે તેથી **मर्क** માં પણ **क** પ્રત્યય છે , પરંતુ **इण्भीका॰** માં **मर्चि** નું સાક્ષાત્ ગ્રહણ છે તે પ્રમાણે **कन्** થાય છે. તેમણે **एरच्।** (૩-૩-૫૬) પરની કા.નો સંદર્ભ આપ્યો છે પરંતુ તારાપ્રકાશન કે ચૌખં. આવૃત્તિની કા.માં **एरण्यन्तानाम्॰** એ વિધાન નથી, જો કે તે ઉપર હરદત્તમાં **एरण्यन्तानामिति तु नास्ति वचनम्। कल्प्यादिभ्यः प्रतिषेधवचनम् इत्येवास्ति।** પદ. એમ વિધાન છે. ન્યાસમાં આ વિશે કોઇ ઉલ્લેખ નથી.આ સૂત્ર પરના મહા.ભા.માં**कल्प्यादिभ्यः प्रतिषेधः।** (વા) એમ છે.તે ઉપર હ કૈ. કહે છેઃ **ण्यन्तेभ्योऽचि प्रतिषिद्धे घञेव भवति। एरजण्यन्तानामिति तु वचनमार्षम्।** (મહા.ભા.ભા.૫,પૃ.૨૩૦). પરંતુ ઔણાદિક પ્રત્યયો લેવામાં આવે તો પણ **णिच्** લોપનો સ્થાનિવદ્- ભાવ થાય તો च-કાર પછી **झल्** વર્ણ નથી પણ **इ** છે તેમ સમજાશેતેથી **चोः कुः।** એ આષ્ટમિક સૂત્ર વ્દારા પણ **कुत्व** નહી થાય તેથી ઇષ્ટ રૂપ પ્રાપ્ત નહીં થાય તેથી **कुत्व** વિધિમાં સ્થાનિવદ્ભાવ નથી થતો તેમ કહેવું જરૂરી છે જેથી સ્થાનિવદ્ભાવ ન થવાથી **णिच्** નું વ્યવધાન ન રહે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વત્રાસિદ્ધ (અધિકાર) માં પણ (સ્થાનિવદ્ભાવ થતો નથી) ॥૩॥ [275]
પૂર્વત્રાસિદ્ધ (અધિકાર) નીચેનું કાર્ય કરવાનું હોય ત્યારે પણ (આદેશ) સ્થાનિવદ્ થતો નથી એમ કહેવું પડશે.(તેનું શું પ્રયોજન ?)

પ્રયોજન એ કે **स**-કાર લોપ કરવાનો હોય ત્યાં **क्स** (પ્રત્યય)નો (**अ**-કાર લોપ સ્થાનિવત્ ન થાય) ॥૪॥ [276]

**झलो झलि ।** (પ્રમાણે) **स्** નો લોપ કરવાનો હોય ત્યારે **क्स** (પ્રત્યયના) **अ**-કારનો (**लुग्वा०** થી વિકલ્પે) લોપ થાય છે તે (**अ**-કાર સ્થાનિ- વત્ ન થાય તે) પ્રયોજન.(જેમ કે) **अदुग्घ अदुग्धाः** [277] (તેથી) **लुग्वादुहदिहलिहगुहामात्मनेपदे दन्त्ये ।** માં **लुक्** નું ગ્રહણ નહીં કરવું પડે.

**दध आकारलोप आदिचतुर्थत्वे ॥५॥**

**दध आकारलोप आदिचतुर्थत्वे प्रयोजनम् । धत्से धद्ध्वे धद्ध्वम् । दधस्तथोश्च इति चकारो न कर्तव्यो भवति ।**

**हलो यमां यमि लोपे ॥ ६ ॥**

**हलो यमां यमि लोपे प्रयोजनम् । आदित्यः । हलो यमां यमि लोपः सिद्धो भवति ॥**

**दधा** માં આ-કારનો લોપ થતાં આદિ (દ-કાર)નો ચતુર્થ વર્ણ કરવાનો હોય ત્યારે(સ્થાનિવદ્ભાવ ન થાય તે પ્રયોજન) ॥૫॥

---

[275] વાસ્તવમાં ઉપર કહ્યું તે જરૂરી નથી, કારણ કે **अचः परस्मिन् ।** ની દૃષ્ટિએ ત્રિપાદી અસિદ્ધ છે. આ વા. ત્રિપાદીમાંના **पूर्वत्रासिद्धे ।** એ અધિકાર સૂત્રનો અનુવાદ માત્ર જ છે. તેનો લાભ એ કે **अन्तादिवत्०** જેવાં સૂત્રોમાં જે **वत्** નો પ્રયોગ કરીને અન્ય અતિદેશો કર્યા છે તે ઉપરથી તેમની ત્રિપાદીમાં પ્રવૃત્તિ થશે તેમ તેમ સમજાય છે . તેથી જ **अमी , क्षीरपेण** વગેરેમાં પ્રગૃહ્ય સંજ્ઞા, **अण्** વગેરે સિદ્ધ થાય છે.

[276] ત્રિપાદીમાં સ્થાનિવદ્ભાવ નથી થતો તેનું પ્રયોજન એ કે **लुङ्** માં **च्लि** ને સ્થાને **क्स** આદેશ થાય છે તેના **अ**-કારનો લોપ થાય છે તે તેના જ **स**-કારનો લોપ કરવાનો હોય ત્યારે સ્થાનિવત્ ન થાય. **शल्** પ્રત્યાહારમાંનો વર્ણ જેને અંતે હોય અને **इक्** પ્રત્યાહારમાંનો વર્ણ જેની ઉપધા હોય તેવા અનિટ્ ધાતુ (જેમ કે **दुह्** ) ને **लुङ्** માં **च्लि** થાય છે તેને સ્થાને **शल इगुपधादनिटः क्सः ।** પ્રમાણે **क्स** આદેશ થાય છે તેમાં **क् इत्** છે તેથી **स** શેષ રહે છે. તેમાં **अ** નો **लुग्वा दुह०** પ્રમાણે દન્ત્ય વર્ણથી શરૂ થતા **त थास्** વગેરે પ્રત્યય પર થતાં લોપ થયા પછી શેષ રહેલ **स्** નો **झलो झलि०** એ ત્રિપાદીમાંના સૂત્ર પ્રમાણે લોપ કરવાનો હોય ત્યારે **अ**-કાર લોપ સ્થાનિવત્ ન થાય તે માટે **पूर्वत्रासिद्धे च ।** એ વા. કરવી પડશે એમ અહીં દલીલ છે.

[277] **अदुग्घ / अदुग्धाः**--**दुह्** નાં **लुङ्** ત્રી.પુ. અને બી.પુ. એ.વ. નાં રૂપો છે. **दुह् लुङ्**--**दुह् त / थाः**--**दुह् च्लि त**--**दुह् क्स त / थाः** (નોંધ ૨૭૭)--**दुह् स् त / थाः**--**लुग्वा०**--**स्** લોપ-- **द्** થી શરૂ થતા **दुह्** ના **ह्** નો **दादेर्धातोर्घः ।** પ્રમાણે **घ्**--**दुघ् ध / धाः**--**झषस्तथोर्धोधः ।** થી **त् / थ्** નો **ध्**--**झलां जश् झशि ।**--**घ्** નો **ग्**--**लुङ्लङ्लृङ्क्ष्वडुदात्तः ।** થી **अट्**--**अदुग्घ / अदुग्धाः** થશે.અહીં **दुह् स् त / थाः** એમ થતાં **अ**-કાર લોપ સ્થાનિવત્ થાય તો **स्** લોપ ન થઇ શકે તેથી **पूर्वत्रासिद्ध** માં સ્થાનિવદ્ભાવ નથી થતો એમ કહેવું પડશે એમ કરવાથી પૂર્વ સૂત્ર **घोर्लोपो लिटि वा ।** (૭-૩-૭૦) માંથી લોપની અનુવૃત્તિ થાય છે તેથી **लुग्वा दुहदिह०** (૭-૩-૭૩) માં **लुक्** નું ગ્રહણ નહીં કરવું પડે એમ કહેવા માગે છે.વાસ્તવમાં દન્ત્ય હોય ત્યાં **लुग्वा०** થી **क्स** ના અંત્ય **अ** નો લોપ થઇને **झलो झलि०** પ્રમાણે **स्** લોપ થઇ શકે, પરંતુ જ્યારે પ.પુ.દ્વિ.વ.નો **वहि** પર હોય ત્યારે **व्** એ **झल्** વર્ણ ન હોવાથી **स्** લોપ ન થતાં **अदुह्वहि** રૂપ સિદ્ધ નહીં થાય તેથી પ્રસ્તુત સૂત્રમાં **लुक्** નું ગ્રહણ અવશ્ય કરવું પડશે.જેથી **लुक्** એ સર્વાપહારી, સમગ્ર પ્રત્યયનો લોપ કરનારી, સંજ્ઞા છે, કારણ કે પ્રત્યયનું દર્શન ન થવું તેને **लुक्** કહે છે (**प्रत्ययादर्शनस्य लुक्संज्ञाविधानात् ।न्या०**) તેથી સમગ્ર **क्स** પ્રત્યયનો લોપ થવાથી **अदुह्वहि** રૂપ સિદ્ધ થશે.અહીં નિ.સા. માં દાધિમથનું કહેવું છે કે આ બધી દલીલ **व**-કાર દન્ત્ય વર્ણ છે તેમ સ્વીકારવામાં આવે તો જ સાચી છે.તેમણે અનેક ઉદ્ધરણો આપીને એ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે કે **व्** ઓષ્ઠસ્થાનનો વર્ણ છે, દન્તનો તો માત્ર સન્નિકર્ષ છે.પરંતુ કાશિકા કહે છે કે દન્ત્ય અને ઓષ્ઠ્ય **व**-કારનું સૂત્રમાંના **दन्त्य** શબ્દ વડે ગ્રહણ થશે. જો તેમ ન હોય તો સૂત્રકાર **दन्त्ये** એમ કહેવાને બદલે **तौ** (અર્થાત્ **त** વર્ગનો વર્ણ પર થતાં) એમ જ કહેત. (**लुग्वा०** સૂત્ર ઉપર કા.,ન્યાસ,પદ.) ટૂંકમાં કા. અને ન્યાસ. કહે છે તેમ પૂર્વ સૂત્રમાંથી લોપની અનુવૃત્તિ થાય છે છતાં સર્વાદેશ થાય તે માટે **लुग्वा०** માં **लुक्** નું ગ્રહણ કરવું પડશે અને તે પહેલા પુ. દ્વિ.વ .ના પ્રત્યય **वहि** માટે કરવું પડશે (**तच्च वह्यर्थम् ।** કા. **तस्मान्नान्यार्थं लुग्ग्रहणम् अपि तु वह्यर्थमेव ।** ન્યાસ. ભા.૬,પૃ.૮૨). તો પછી **लुग्ग्रहणं न कर्तव्यम् ।** એમ જે કહ્યું તેનું શું ? તે વિશે કે. કહે છે કે એ વાક્યમાં આ રીતે છેદ કરવાનો છે : **लुग्ग्रहणं न ।** અર્થાત્ તો **लुक्** ગ્રહણ નહીં કરવું પડે ? એમ પ્રશ્ન છે અને **कर्तव्यं भवति ।** અર્થાત્ (અવશ્ય) કરવું પડશે. એ બીજા વાક્યમાં તેનો ઉત્તર છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

दधा માં आ-કારનો લોપ થયા પછી આદિ (द-કાર)નો (તે વર્ગનો) ચતુર્થ વર્ણ (घ-કાર) કરવાનો હોય ત્યારે (સ્થાનિવદ્ભાવ ન થાય તે) પ્રયોજન છે, (જેમ કે) **धत्से धद्ध्वे धद्ध्वम्** (માં), [278] (તેથી) **दधस्तथोश्च ।** માં च-કારનું ગ્રહણ નહીં કરવું પડે.

हल् પછી આવતા **यम्** ની પછી **यम्** આવતાં જે લોપ થાય છે ત્યાં (સ્થાનિવદ્ભાવ ન થાય તે પ્રયોજન) ॥૬॥

हल् પછી આવતા **यम्** (વર્ણ)ની પછી **यम्** (વર્ણ) આવતાં (यम्નો) લોપ થાય છે ત્યાં (સ્થાનિવદ્ભાવ ન થાય તે) પ્રયોજન છે. (જેમ કે) **आदित्यः**[279] (અહીં अ-કાર લોપ સ્થાનિવત્ ન થતાં) **हलो यमां यमि ।** પ્રમાણે લોપ સિદ્ધ થાય છે.

**अल्लोपणिलोपौ संयोगान्तलोपप्रभृतिषु ॥ ७ ॥**

**अल्लोपणिलोपौ संयोगान्तलोपप्रभृतिषु प्रयोजनम् । पापच्यतेः पापक्तिः । यायज्यतेर्यायष्टिः ।**

**पाचयतेः पाक्तिः । याजयतेर्याष्टिः ॥**

**द्विर्वचनादीनि च ॥ ८ ॥**

**द्विर्वचनादीनि च न पठितव्यानि भवन्ति । पूर्वत्रासिद्धेनैव सिद्धानि भवन्ति ॥ किमविशेषेण । नेत्याह ।**

**वरेयलोपस्वरवर्जम् ॥ ९ ॥**

**वरेयलोपं स्वरं च वर्जयित्वा ॥**

**तस्य दोषः संयोगादिलोपलत्वणत्वेषु ॥ १० ॥**

સંયોગાન્તલોપ વગેરે કરવાનાં હોય ત્યારે अ-કાર લોપ અને णि લોપનો ( સ્થાનિવદ્ભાવ ન થાય તે પ્રયોજન)॥૭॥

સંયોગાન્તલોપ વગેરે (કાર્ય) કરવાનાં હોય ત્યારે अ-કાર લોપ અને णि લોપનો ( સ્થાનિવદ્ભાવ ન થાય તે) પ્રયોજન છે. (જેમ કે) **पापच्य** ઉપરથી **पापक्तिः**, **यायज्य** ઉપરથી **यायष्टिः**,[280] **पाचि** ઉપરથી **पाक्तिः**,**याजि** ઉપરથી **याष्टिः**. [281]

---

[278] **धत्से धद्ध्वे धद्ध्वम्** અહીં વા.માં **डुधाञ्** ને ઉલ્લેખ છે,કારણ કે **दधस्तथोश्च ।** એ સૂત્રમાં દ્વિર્વચન કરેલ **धा** ધાતુનું ગ્રહણ કર્યું છે. **धत्से--धा लट्--धा ञित्** હોવાથી **स्वरितञितः कर्त्र० थास्--धा थास्--जुहोत्यादिभ्यः श्लुः ।--श्लौ ।--** દ્વિર્વચન--**धा धा थास्--ह्रस्वः ।** અભ્યાસ હ્રસ્વ-- **ध धा थास्--थासः से ।--ध धा से--अभ्यासे चर्च ।--द धा से--श्नाभ्यस्तयोरातः ।** થી અભ્યસ્ત અંગના **आ** નો લોપ **दध् से--दधस्तथोश्च ।** થી द-કાર (**बश्**) નો ध-કાર (**भष्**)--**धध् से--खरि च ।--ध्** નો **चर्** વર્ણ **त्--धत् से--धत्से** . **धद्ध्वे** પણ એ રીતે સિદ્ધ થશે.**लट्** માં **टित आत्मनेपदानां टेरे ।** પ્રમાણે **टि** (**अम्**) નો **ए** થઇને **ध्वे** નો **ध्वे--ध ध् ध्वे** એમ થતાં **झलां जश् झशि ।** પ્રમાણે **ध्** (**झश्**) નો **अ**(**जश्**) થઇને **धद्ध्वे** . **धद्ध्वम्** પણ ઉપર પ્રમાણે સિદ્ધ થાય છે.પરંતુ **लोट्** માં **ध्वे** ના ए-કાર પૂર્વે **व्** છે તેથી **सवाभ्यां वामौ ।** પ્રમાણે **अम्** આદેશ થતાં તેનો **ध्वम्** થાય છે. આ ત્રણે રૂપોમાં **श्नाभ्यस्तयोः०** થી ધાતુના **आ** નો લોપ થયો છે તે સ્થાનિવત્ થાય તો ધાતુ **झलन्त** ન રહેતાં **दध् से / ध्वे / ध्वम्** એ સ્થિતિમાં ધાતુના **द्** નો **दधस्तथोः०** પ્રમાણે **ध्** નહીં થઇ શકે.પરંતુ સ્થાનિવદ્ભાવનિષેધ કરવામાં આવે તો ઇષ્ટ રૂપો સિદ્ધ થશે, એટલું જ નહીં પણ ધાતુના આદિ વર્ણ **द्** ને સ્થાને તે જ વર્ગનો ચતુર્થ વર્ણ **ध्** કરવા માટે **दधस्तथोश्च ।** એ સૂત્રમાં च-કારનું ગ્રહણ નહીં કરવું પડે તે અધિક પ્રયોજન છે, કારણ કે आ-કાર લોપ સ્થાનિવત્ ન થાય તો ધાતુ **दध् झषन्त** છે, તેની પછી **से** એ **स**-કારાદિ અથવા **ध्वे / ध्वम्** એ ध-કારાદિ પ્રત્યય આવેલો છે તેથી અંત્ય **द्** નો **ध्** થશે.

[279] **आदित्यः** (નોંધ ૨૪૮)

[280] **पापक्तिः यायष्टिः--पच् / यज् यङ्--सन्यङोः ।--पपच् / ययज् यङ्--दीर्घोऽकितः ।--पापच् य / यायज् य --पापच्य / यायज्य--वितन्क्तौ ।** થી **ति--पापच्य ति / यायज्य ति--अतो लोपः ।** થી **अ** લોપ **पापच् ति** અને **यायज् ति** એમ થતાં પ્રથમ દૃષ્ટાન્તમાં **चोः कुः ।** થી **कुत्व** અને બીજામાં અંત્યની પછી **झल्** વર્ણ છે તેથી **व्रश्चभ्रस्जसृज०** પ્રમાણે **य्** નો **ष्** પ્રાપ્ત થાય છે, પરંતુ બન્નેમાં अ-કાર લોપ સ્થાનિવત્ થાય તો પ્રથમમાં **च्** પછી અને બીજામાં **य्** પછી **झल्** વર્ણ નથી તેમ સમજાશે,કારણ કે ત્યાં **अ** નું વ્યવધાન થશે.પરિણામે **कुत्व / षत्व** ન થવાનો પ્રસંગ આવશે તેથી સ્થાનિવદ્ભાવ નથી થતો એમ કહેવું પડશે.**यायज् ति** માં **षत्व--ष्टुना ष्टुः ।--त्** નો **ट्--यायष्टिः** થશે.**पापच् ति--पापक् ति--पापपक्तः**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**द्विर्वचन** વગેરેને પણ (સૂત્રમાં મૂકવાં નહીં પડે એ પ્રયોજન) ॥૮॥

**द्विर्वचन** વગેરેનો પણ (પ્રસ્તુત સૂત્રમાં) પાઠ નહીં કરવો પડે (એ પ્રયોજન છે),કારણ કે (તે કાર્યો) **पूर्वत्रासिद्धे च**। એ (વાર્તિક) થી જ સિદ્ધ થઇ જાય છે.(તો) શું ( **द्विर्वचन** વગેરેનો) કોઇ અપવાદ વિના પાઠ નહીં કરવો પડે ? તો કહે છે કે ના (અવિશિષ્ટ રીતે નહીં) [282]

**वरे, य** લોપ, અને સ્વર સિવાય (નાનો પાઠ નહીં કરવો પડે) ॥૯॥

**वरे, य** લોપ, અને સ્વર (એ ત્રણ) સિવાય (ના શબ્દો) નો પાઠ નહીં કરવો પડે.

તે (વાર્તિક) ને સંયોગાદિલોપ, **लत्व** અને **णत्व** માં દોષ આવે છે ॥૧૦॥ [283]

**तस्यैतस्य लक्षणस्य दोषः संयोगादिलोपलत्वणत्वेषु ॥ संयोगादिलोप ॥ काक्यर्थम्। वास्यर्थम्। स्कोः संयोगाद्योरन्ते च इति लोपः प्राप्नोति ॥ लत्वम्। निगार्यते निमाल्यते। अचि विभाषा इति लत्वं प्राप्नोति ॥ णत्वम्। माषवपनी। व्रीहिवपनी। प्रातिपदिकान्तस्येति णत्वं प्राप्नोति ॥**

**द्विर्वचनेऽचि ॥१।१।५९॥**

આ જે ( **पूर्वत्रासिद्धे च**। એ વાર્તિક છે તે) ને જયાં સંયોગાદિલોપ, **लत्व** અને **णत्व** (કરવાનાં હોય) ત્યાં દોષ આવે છે. સંયોગાદિલોપ – **काक्यर्थम्, वास्यर्थम्** (માં) **स्कोः संयोगाद्योः**। પ્રમાણે લોપ થવાનો પ્રસંગ આવે છે.[284]**लत्व--निगार्यते , निमाल्यते** (માં) **अचि विभाषा**। પ્રમાણે **ल्** આદેશ ન થવાનો પ્રસંગ આવે છે.[285] **णत्व –माषवपनी , व्रीहिवपनी** (અહીં) **प्रातिपदिकान्ततुम्विभक्तिषु**। પ્રમાણે (સ્થાનિવત્ નિષેધ હોય તો પ્રાતિપદિકને અન્તે રહેલા **न्** નો ) **ण्** આદેશ થવાનો પ્રસંગ આવે છે. [286]

---

થશે.પરંતુ **पापच्य** અને **यायज्य** એ બન્ને પ્રત્યયાન્ત ધાતુઓ હોવાથી તેમને **क्तिन्** ન થતાં **अ प्रत्ययात्**। થી **अ** થશે,કારણ કે તે **क्तिन्** નો અપવાદ છે.તેથી અહીં **क्तिन्** ન લેતાં **क्तिच्** લીધો છે .

[281] **पाक्तिः याष्टिः--पच् यज् णिच्** આદિ વૃદ્ધિ **पाच् इ / याज् इ--क्तिन्** થતાં **पाच् इ ति / याज् इ ति--णेरनिटि।--पाच् ति / याज् ति** ઉપર પ્રમાણે **कुत्व षत्व** થતાં **पाक्तिः** અને **याष्टिः** થશે. અહીં **णि** લોપ સ્થાનિવત્ થાય તો **च्** અને **ज्** પછી અવ્યવહિત રીતે **झल्** વર્ણ ન રહેવાથી **कुत्व षत्व** ન થવાનો પ્રસંગ આવશે તેથી અહીં સ્થાનિવદ્ભાવ ન થાય તો ઇષ્ટ રૂપો સિદ્ધ થશે.

[282] દ્વિર્વચન વગેરેનું સૂત્રમાં ગ્રહણ ન કરવું જોઇએ એમ બિનશરતી વિધાન ન કરી શકાય, કારણ કે **द्विर्वचनादि** માં **वरेयलोपस्वर** પણ આવી જાય છે. જયારે સવર્ણ,અનુસ્વાર, દીર્ઘ વગેરે ત્રિપાદીમાંના જ લેવાના છે તેથી તેમનું ગ્રહણ ન કર્યું હોય તો ચાલશે પણ **वरेयलोप –स्वर** નું ગ્રહણ કરવું જ પડશેએમ વા. (૧૦) માં કહેશે.

[283] **पूर्वत्रासिद्धे च**। અર્થાત્પૂર્વત્રાસિદ્ધ અધિકારમાં, ત્રિપાદીમાં સ્થાનિવદ્ભાવ નથી થતો એમ કહેવામાં આવ્યું છે, પરંતુ સંયોગાદિલોપ , **लत्व** અને **णत्व** વગેરે કાર્ય કરવાનાં હોય ત્યારે તે ત્રિપાદીમાંનાં હોવા છતાં ત્યાં સ્થાનિવદ્ભાવ ન થાય તો એ કાર્યો સિદ્ધ ન થઇ શકે.

[284] **काकी अर्थम्** । **वासी अर्थम्** માં **स्कोः संयोगाद्यो०** પ્રમાણે સંયોગના આદિ **स्** અને **क्** નો લોપ પ્રાપ્ત થાય છે, કારણ કે બન્નેમાં રેફ પછી **झल्** વર્ણ આવ્યો છે.પરંતુ અહીં **यण्** કાર્ય થયું છે તે સ્થાનિવત્ ન થાય તો જ **क्** અને **स्** ને લોપ ન થાય. ટૂંકમાં એ ન થાય તે માટે જ અહીં **पूर्वत्रासिद्धे च**। દ્વારા નિષેધ લાગુ ન પડે તે જ ઇષ્ટ છે. જો કે કાશિકા પ્રમાણે બહિરંગ નિમિત્તને કારણે થએલ **यण्** આદેશ અસિદ્ધ છે તેથી સંયોગાદિ, એટલે કે **क्य** માં **क्** અને **स्य** માં **स्** નો લોપ નથી થતો.

[285] **लत्व--निगार्यते--नि गॄ** ધાતુનું પ્રેરક કર્મણિ ત્રી.પુ.એ.વ.નું રૂપ છે. **अचि विभाषा**। પ્રમાણે **गॄ** પછી **अजादि** પ્રત્યય આવતાં રેફનો વિકલ્પે **ल्** થાય છે, કારણ કે અહીં **नि गॄ** ને **हेतुमति च**। પ્રમાણે **णिच्** થયો છે પછી **सार्वधातुके यक्**। થી **यक्--नि गॄ णि यक्--अचो ञ्णिति।--नि गार् णि य--णेरनिटि।--निगार् य** એમ થતાં રેફની પર **अच्** નથી રહેતો પણ **य्** છે તેથી અહીં **पूर्वत्रसिद्धे च**। પ્રમાણે સ્થાનિવદ્ભાવ નો નિષેધ થાય તો **अचि विभाषा**। પ્રમાણે વિકલ્પે **ल्** થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે.પરંતુ **णि** લોપ સ્થાનિવત્ થાય તો રેફની પર **इ** છે તેમ સમજાશે અને **लत्व** થઇ શકશે.એટલે કે અહીં **पूर्वत्रासिद्धे च**। થી થયો સ્થાનિવદ્ભાવ નિષેધ નથી થતો એમ કહેવું જોઇએ જેથી **ल्** થઇને **निगाल्यते** એ વૈકલ્પિક રૂપ થઇ શકે.

[286] **णत्व--माषवपनी व्रीहिवपनी** માં **ऊप्यतेऽनया** એ અર્થમાં **वप्** ધાતુને **करणाधिकरणयोश्च**। થી **ल्युट्--युवोरनाकौ।--वपन** થાય છે. તેનો **माष** અને **व्रीहि** શબ્દો સાથે ષષ્ઠીસમાસ થઇને સ્ત્રીલિંગમાં **टिड्ढाणञ्०** થી **ङीप्--माषवपनी व्रीहिवपनी** થાય છે.અહીં **माषवपन् ई** એ સ્થિતિમાં સમાસને અંત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્વિર્ભાવના નિમિત્તભૂત **अच्** પર થતાં જો દ્વિર્ભાવ કરવાનો હોય ત્યારે **अजादेश** સ્થાનિવત્ થાય છે ॥ ૧।૧ ।૬૯॥ [287]

**आदेशे स्थानिवदनुदेशात्तद्वतो द्विर्वचनम् ॥ १ ॥**

**आदेशे स्थानिवदनुदेशात्तद्वतः। किंवतः। आदेशवतो द्विर्वचनं प्राप्नोति। तत्र को दोषः।**

**तत्राभ्यासरूपम् ॥२ ॥** **तत्राभ्यासरूपं न सिध्यति। चक्रतुः चक्रुरिति ॥**

**अज्ग्रहणं तु ज्ञापकं रूपस्थानिवद्भावस्य ॥३ ॥**

**यदयमज्ग्रहणं करोति तज्ज्ञापयत्याचार्यो रूपं स्थानिवद्भवतीति। कथं कृत्वा ज्ञापकम्। अज्ग्रहणस्यैतत्प्रयोजनमिह मा भूत्। जेघ्रीयते देध्मीयत इति। यदि रूपं स्थानिवद्भवति ततोऽज्ग्रहणमर्थवद्भवति। अथ हि कार्यं नार्थोऽज्ग्रहणेन। भवत्येवात्र द्विर्वचनम् ॥**

આદેશ વિશે સ્થાનિવદ્ભાવનો અતિદેશ કરવામાં આવે છે તેથી તે સાથેનાનો દ્વિર્ભાવ॥૧॥
આદેશ વિશે સ્થાનિવદ્ભાવનો અતિદેશ કરવામાં આવે છે તેથી તેનાથી યુક્ત[288] હોય તે (ભાગ)નો દ્વિર્ભાવ (થશે). શેનાથી યુક્ત (ભાગ)નો ? આદેશ સહિતના (ભાગનો) દ્વિર્ભાવ થવાનો પ્રસંગ આવે છે. તેમાં શો વાંધો છે ?

તેમાં અભ્યાસના સ્વરૂપને લગતો (વાંધો આવે છે) ॥૨॥
તેમ થવાથી **चक्रतुः चक्रुः** માં[289] અભ્યાસનું સ્વરૂપ સિદ્ધ થતું નથી.

---

**न्** છે તેનો પૂર્વપદમાંના **ष**-કાર/ રેફને કારણે **प्रातिपदिकान्तनुम्विभक्तिषु च।** (૮-૪-૧૧) એ પૂર્વત્રાસિદ્ધ અધિકાર નીચેના સૂત્ર પ્રમાણે **ण्** થવાનો પ્રસંગ આવશે.અહીં અ-કાર લોપ સ્થાનિવત્ થાય તો **ण्** નહીં થાય તેમ ન કહી શકાય,કારણ કે **पूर्वत्रासिद्धे च।** એ સ્થાનિવદ્ભાવ નિષેધ લાગુ પડવા રૂપી દોષ આવે છે.પરંતુ અહીં **माष** અને **व्रीहि** નો **वपनी** એ **ई**-કારાન્ત સાથે સમાસ થતો હોવાથી સમાસાન્તે **ई** થશે.પરિણામે **प्रातिपदिकान्त॰** સૂત્રને અવકાશ ન રહેતાં **ण्** નહીં થાય.અને ઇષ્ટ રૂપ સિદ્ધ થશે એમ કહેવું અનુચિત છે, કારણ કે **गतिकारकोपपदानां कृद्भिः समासवचनं प्राक्सुबुत्पत्तेः।** એ પરિભાષા પ્રમાણે **ङीप्** લાગતાં પહેલાં જ સમાસ થાય છે તેથી **न्** સમાસાન્ત થશે પરિણામે ઉપર કહ્યું તેમ **णत्व** થવાનો પ્રસંગ આવશે. પરંતુ અહીં સ્થાનિવદ્ભાવનો નિષેધ લાગુ ન પડે તો **अ** લોપ સ્થાનિવત્ થાય તેથી સમાસાન્તે **न्** નહીં પણ **अ** છે તેમ સમજાશે તેથી **ण्** આદેશ થતો નિવારી શકાશે.આમ સ્થાનિવદ્ભાવ નિષેધ અહીં દોષભૂત ન થાય છે તેથી નિષેધ નથી થતો એમ કહેવું જોઇએ.

[287] **अचः परस्मिन्॰** સૂત્રમાં સ્થાનીભૂત (**अनादिष्ट**) **अच्** ની પૂર્વે રહેલાને લગતા કાર્યમાં સથાનિવદ્ભાવનું વિધાન કર્યુ છે, પરંતુ **एकाचो द्वे प्रथमस्य।** પ્રમાણે જે દ્વિત્વ થાય છે તે **अच्** સહિતના (**साच्कस्य**) નું થાય છે અને સ્થાનીભૂત **अच्** નું પણ થાય છે. એથી દ્વિર્વચન એ અનાદિષ્ટ **अच्** ની પૂર્વે રહેલને લગતું જ કાર્ય નથી એટલે કે તે માત્ર પૂર્વવિધિ નથી. પરિણામે ત્યાં **अचः परस्मिन्॰** સૂત્ર પ્રાપ્ત થતું નથી .તેથી ત્યાં સ્થાનિવદ્ભાવ ન થઇ શકે.એ થઇ શકે ત માટે સૂત્રકારે **द्विर्वचनेऽचि।** સૂત્ર દ્વારા સ્થાનિવદ્ભાવનું વિધાન કર્યુ છે.ભટ્ટોજી આ સૂત્રમાં **न पदान्त॰** માંથી **न** ની અનુવૃત્તિ કરીને દ્વિર્વચનના નિમિત્તભૂત **अच्** પર થતાં દ્વિત્વ કરવાનું હોય ત્યારે **अच्** નો આદેશ થતો નથી (**द्वित्वनिमित्तेऽचि परे अच आदेशो न स्यात् द्वित्वे कर्तव्ये।** સિ.કૌ.) એમ લે છે.એટલે કે તેમના મતે અહીં કાર્યાતિદેશ લેવાનો છે અને સૂત્રમાં તેનો નિષેધ કરવામાં આવ્યો છે.આ બાબતમાં કાશિકા,ન્યાસ, પદ.,સ્વામી દયાનંદ વગેરેમાં અહીં રૂપાતિદેશ લીધો છે અને પૂર્વસૂત્રમાંથી **न** ની અનુવૃત્તિ સ્વીકારી નથી સ્વામી દયાનંદે સ્પષ્ટ કહ્યું છેઃ **न इति निवृत्तम्।** (અષ્ટા.ભા.) આ સંદર્ભમાં જ્ઞા.સ. કહે છે કે આદેશ નથી થતો એમ કહ્યું છે પણ અહીં વૃત્તિ વગેરેમાં **अजादेश** સ્થાનિવત્ થાય છે એમ કહીને રૂપાતિદેશ પક્ષ સ્વીકાર્યો છે અને બન્નેનું ફળ એક જ છે છતાં આદેશનિષેધ પક્ષ પણ ભાષ્યમાં આપેલો છે અને તેનો જ અહીં સ્વીકાર કર્યો છે,કારણ કે આદેશ થાય છે એમ કહીને ફરીથી તેસ્થાનીનું રૂપ લે છે એમ કહેવા કરતાં આદેશનિષેધપરક વ્યાખ્યાનમાં લઘુ પ્રયત્નછે.વળી **न पदान्त॰** સૂત્ર એ નિષેધપરક પાઠ પણ એ રીતે સ્વીકારાશે તેથી એ પક્ષ અર્થાત્ આદેશ નથી થતો તેમ કહેવું તે ઇષ્ટ છે. (તત્ત્વ.બો.. ભા..૩,પૃ.૫૨)

[288] **तद्वतः तत्** એટલે આદેશ તેથી યુક્ત તે **तद्वान्** . આદેશયુક્ત જે સ્વરૂપ તેનું (**तद्वतः**) દ્વિર્વચન થવાનો પ્રસંગ આવશે એમ ભાવ છે.

[289] પ્રકૃત સૂત્રમાં સ્થાનીને લગતા કાર્યનો અતિદેશ (કાર્યાતિદેશ) કરવામાં આવે છે તેમ પૂર્વપક્ષી માને છે.પરંતુ તેથી **कृ अतुस्** જેવાંમાં દોષ આવશે **कृ अतुस्** એમ થતાં **इको यणचि।** પ્રમાણે **यण्** કાર્ય અને **लिटि धातोरनभ्यासस्य।** પ્રમાણે દ્વિર્વચન એ બે એકીસાથે પ્રાપ્ત થાય છે,પરંતુ **यण्** કાર્યનું વિધાન પર સૂત્ર દ્વારા કરવામાં આવ્યું છે તેથી **विप्रतिषेधे परम्।** એ ન્યાયે **यण्** કાર્ય પ્રથમ થતાં **क्र् अतुस्** એ સ્થિતિમાં સ્થાની **ऋ**-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરંતુ अच् નું ગ્રહણ રૂપનો સ્થાનિવદ્ભાવનું જ્ઞાપન કરે છે ॥૩॥

પરંતુ (પ્રસ્તુત સૂત્રમાં) તેઓ જે अच् (શબ્દ)નું ગ્રહણ કરે છે તેથી આચાર્ય જ્ઞાપન કરે છે કે રૂપ સ્થાનિવદ્ થાય છે.કેમ કરીને જ્ઞાપન કરે છે ? अच् ગ્રહણનું એ પ્રયોજન કે जेघ्रीयते, देध्मीयते માં (સ્થાનિવત્ )ન થાય.[290] જો રૂપ સ્થાનિવત્ થાય તો તેથી (સૂત્રમાં કરેલ) अच् ગ્રહણ સાર્થક થાય , હવે જો કાર્ય (સ્થાનિવત્) થાય તો अच् ગ્રહણનો કોઇ અર્થ નથી, કારણ કે અહીં દ્વિર્વચન થાય જ છે.

**तत्र गाङ्प्रतिषेधः ॥ ४ ॥**

**तत्र गाङ्प्रतिषेधो वक्तव्यः। अधिजगे। इवर्णाभ्यासता प्राप्नोति ॥ न वक्तव्यः। गाङ् लिटि इति द्विलकारको निर्देशः। लिटि लकारादाविति ॥**

**कृत्येजन्तदिवादिनामधातुष्वभ्यासरूपम् ॥ ५ ॥**

તેમાં गाङ् નો પ્રતિષેધ (કરવો પડશે)॥૪॥ [291]

---

કારનો રેફ (यण्) આદેશ થઇ જવાથી क्र् अच् રહિત (अनच्क) છે તેથી लिटि धातोः० પ્રમાણે તેનું દ્વિર્વચન પ્રાપ્ત થવા છતાં તે નહી થાય, કારણ કે एकाचो द्वे० પ્રમાણે દ્વિત્વ તો एकाच् એટલે કે अच् યુક્તનું થાય, अच् રહિતનાનું ન થાય.પરંતુ અહીં यण् આદેશ સ્થાનિવત્ થાય તો क्र् એ આદેશયુક્ત શબ્દ कृ જ છે તેમ સમજાશે તેથી સ્થાનીનું કાર્ય આદેશને પ્રાપ્ત થતાં क्र् નું (तद्वतः) દ્વિત્વ થતાં क्र् क्र् अतुस् એમ થશે.પરંતુ અહીં અભ્યાસમાં સ્થાનીનું શ્રવણ થતું નથી , અભ્યાસનું ઇષ્ટ રૂપ દેખાતું નથી એમ પૂર્વપક્ષી કહેવા માગે છે તેમ છતાં અહીં દ્વિત્વના નિમિત્તભૂત अजादि પ્રત્યય अतुस् પ્રત્યય પર થતાં द्विर्वचनेऽचि। થી સ્થાનિવદ્ભાવ થતાં સ્થાનીના રૂપનો અતિદેશથશે તેથી क्र् अतुस्--द्विवचने० થી સ્થાનિવદ્ભાવ--एकाचो द्वे० થી આદેશ યુક્ત(तद्वतः) क्र् નું દ્વિત્વ ન થતાં સ્થાની कृ નું થશે--कृ क्र अतुस्--उरत् થી ऋ નો अ--क क्र् अतुस्--कुहोश्चुः। થી क् નો च्--चक्रतुः સિદ્ધ થશે.

[290] जेघ्रीयते देध्मीयते માં घ्रा / ध्मा નાં यङन्त--सन्यङोः। થી દ્વિત્વ घ्रा घ्रा यङ्--ई घ्राध्मोः।--आ નો ई--घ्री घ्री य--हलादि०--घीघ्री य--ह्रस्वः।--घिघ्री य--कुहोश्चुः।-- ચતુર્થ વર્ણ झ् થતાં झि घ्रीय--अभ्यासे चर्च।--જશ્ત્વ થતાં जिघ्री य--गुणो यङ्लुकोः। અભ્યાસનો ગુણ--जेघ्रीय-- नाद्यन्ताः० થી ધાતુ સંજ્ઞા થઇને लट--शप् થઇને ત્રી.પુ.એ.વ. जेघ्रीयते થશે તે રીતે देध्मीयते થશે.અહીં जेघ्री એ इगन्त હોવા છતાં सार्वधातुकार्ध० પ્રમાણે ગુણ નહી થાય, કારણ કે यङ् એ ङित् પ્રત્યય છે.અહીં કાર્યાતિદેશ દ્વારા રૂપ સિદ્ધ થઇ જાય છે, પરંતુ પ્રસ્તુત સૂત્રમાંअचि એમ ન કહ્યું હોત એટલે કે अच् નું ગ્રહણ ન કર્યું હોત તો અહીં ઇષ્ટ સિદ્ધિ ન થઇ શકત.હવે घ्रा यङ् માં ઉપર પ્રમાણે પ્રક્રિયા થયા પછી દ્વિત્વમાં સ્થાનીના રૂપનો અતિદેશ કરવામાં આવે તો घ्राघ्री यङ् થઇને અંતે जाघ्रीयते એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રાપ્ત થાત. તેથી ભાષ્યકાર કહે છે કે પ્રસ્તુત સૂત્રમાં કાર્યાતિદેશ જ કરવાનો હોય તો તેમાં अच् નું ગ્રહણ કરવાનો કોઇ અર્થ નથી, કારણ કે ઉપર જોયું તેમ રૂપ સિદ્ધ થઇ જ જાય છે. આમ સૂત્રમાંનું अचि ગ્રહણ વ્યર્થ થઇને જ્ઞાપન કરે છે કે આદેશ સ્થાનીના રૂપયુક્ત થાય છે ,એટલે કે રૂપાતિદેશ થાય છે.

[291] गाङ् लिटि। પ્રમાણે लिट् માં इङ् નો गा આદેશ થાય છે તેથી अधि इ लिट्--अधि गा त--દ્વિર્વચન अधि गा गा त--लिटस्तझयोरेशिरेच्।--ह्रस्वः।--अधि ग गा ए--अभ्यासे चर्च।--अधि ज गा ए--आतो लोप इटि च।--अधिजग् ए--अधिजगे.હવે अधि गा ए એ સ્થિતિમાં अजादि પ્રત્યય પર હોવાથી પ્રસ્તુત સૂત્ર પ્રમાણે રૂપાતિદેશ કરવામાં આવે તો અભ્યાસમાં अधि गागा ए ન થતાં अधि इ गा ए એમ થવાથી ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય તેથી गा આદેશને અનુલક્ષીને રૂપાતિદેશનો પ્રતિષેધ કરવો પડશે એટલે કે ત્યાં રૂપાતિદેશ ન થતાં કાર્યાતિદેશ થાય છે એમ કહેવું પડશે.અતિદેશના અનેક પ્રકાર છે પરંતુ પ્રસ્તુત સંદર્ભમાં કાર્યાતિદેશ અને રૂપાતિદેશ એ બે પ્રકારના અતિદેશ નોંધવા જોઇએ, કાર્યાતિદેશમાં કાર્યની સિદ્ધિ માટે આદેશને સ્થાનીના સમાન ગણીને આદેશ દ્વારા જ કાર્ય કરવામાં આવે છે.પરિણામે સ્થાની અને આદેશ બન્નેને લગતાં કાર્ય આદેશને વિશે કરવામાં આવે છે.જ્યારે રૂપાતિદેશમાં તો સ્થાનીનું જે સ્વરૂપ હોય તે જ આદેશને પ્રાપ્ત થાય. પરિણામે સ્થાની ને આધારે થતાં કાર્ય ત્યાં થાય. આદેશને સ્થાનીના સમાન ગણવામાં નથી આવતો તેથી આદેશને કાર્ય થતાં નથી જેમ કે पपतुः માં पा अतुस् એ સ્થિતિમાં असंयोगाल्लिट् कित्। થી लिट् कित् થતાં आतो लोप० થી आ લોપ प् अतुस्--लिटि धातोः० પ્રમાણે જે દ્વિર્વચન થાય છે તે અહીં નહીં શકે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે (રૂપાતિદેશ इङ् ના આદેશ) માં गाङ् નો પ્રતિષેધ થાય છે તેમ કહેવું જોઇએ (નહી તો) अधिजगे (માં) અભ્યાસમાં इ વર્ણ થવાનો પ્રસંગ આવે છે.નહીં કહેવો પડે, (કારણ કે) गाङो लिटि। એ બે લ-કાર યુક્ત નિર્દેશ છે તેથી લ-કારાદિ लिट् માં (इङ् નો गाङ् આદેશ થાય છે તેમ સમજાશે).[292]

कृति, एजन्त, दिवादि અને નામ ધાતુમાં અભ્યાસરૂપ (સિદ્ધ નથી થતું )॥૫॥[293]

**कृत्येजन्तदिवादिनामधातुष्वभ्यासरूपं न सिध्यति॥ कृति। अचिकीर्तत्। कृति॥ एजन्त। जग्ले मम्ले। एजन्त॥ दिवादि। दुद्यूषति सुस्यूषति। दिवादि॥ नामधातु। भवनमिच्छति भवनीयति भवनीयतेः सन् बिभवनीयिषति॥ एवं तर्हि प्रत्यय इति वक्ष्यामि॥**

कृत् ધાતુ एजन्त ધાતુ ,दिव् વગેરે ધાતુઓ અને નામધાતુમાં અભ્યાસનું રૂપ સિદ્ધ નથી થતું. कृति- નું अचिकीर्तत् - कृति[294] (ની ચર્ચા પૂરી). एजन्त--નું जग्ले, मम्ले एजन्त [295] (ની ચર્ચા પૂરી). दिवादि – નું दुद्यूषति , सुस्यूषति- दिवादि[296] (ની ચર્ચા પૂરી).નામધાતુનું भवनमिच्छति

---

કારણ કે ધાતુ पू માં अच् નથી (अनच्क છે). પરંતુ અહીં રૂપાતિદેશ લેવામાં આવે તો આદેશ पू તેના સ્થાની पा નું રૂપ ધરાવે છે તેમ સમજાશે તેથી દ્વિર્વચન થઇને અભ્યાસમાં સ્થાનીનું રૂપ જળવાઇ રહેશે અને पाप् अतुस्--ह्रस्वः।--पप् अतुस्--पपतुः એમ રૂપ સિદ્ધ થશે.અહીં શંકા થાય કે लिट् પર હોય ત્યારે इ નો गा આદેશ થાય છે તેમ गाङ् लिटि। માં વિધાન કર્યુ છે પછી द्विर्वचनेऽचि। એ કેવી રીતે પ્રાપ્ત થશે? કારણ કે અહીં अधि गा માં अच् પર નથી તેથી કૈ. કહે છે કે लिटस्तझयोः० પ્રમાણે एश् આદેશ થયા પછી अधि गा ए એ સ્થિતિમાં રૂપાતિદેશ થતાં દોષ આવશે એમ અહીં દલીલ છે.એટલે આ પ્રમાણે પ્રક્રિયા થાય છે એમ સ્વીકારવામાં આવે તો દોષ આવશે.

[292] એ પ્રતિષેધ નહીં કરવો પડે, કારણ કે गाङ् लिटि। સૂત્રમાં गाङ् लूलिटि। એમ બે લ-કાર યુક્ત નિર્દેશ છે અને लू એ લુપ્ત સપ્તમી વિભક્તિ યુક્ત છે અર્થાત् गाङ् लि लिटि એમ સમજાશે.તેમાં लि (=लृ) એ लिट् નું વિશેષણથશે.તેથી लृ અવસ્થામાં રહેલ लिट् પર હોય ત્યારે इ નો गा થાય છે એમ અર્થ થશે.આમ લ-કારથી શરૂ થતો लिट् પર હોય ત્યારે જ गा આદેશ થાય છે.આથી इङ् लिट् એ સ્થિતિમાં એટલે કે लिट् નો त અને त નો एश् આદેશ થાય તે પૂર્વે જ गा આદેશ થશે.આમ અહીં રૂપાતિદેશન થવાથી अधिजगे સિદ્ધ થશે.

[293] अच् પર થતાં જે अजादेश થાય છે તે, દ્વિર્વચન કરવાનું હોય ત્યારે સ્થાનિવત્ થાય છે એમ પ્રસ્તુત સૂત્રનો અર્થ છે તેમ સ્વીકરીને આ વાર્તિકમાં દોષ બતાવ્યો છે.આ પ્રથમ વિકલ્પ છે.આવા પાંચ પક્ષની ભાષ્યમાં રજુઆત છે (ઉ, ચૌખં.પૃ.૫૦૦).આ પાંચ ઉપરાંત હરદત્તે છઠ્ઠા પક્ષની ચર્ચા કરી છેપરંતુ પૂર્વ સૂત્રમાંથી न ની અનુવૃત્તિ ચર્ચી નથી.ન્યાસમાં ત્રણ પક્ષ આપ્યા છે. ભાષ્યમાં આ પાંચપક્ષની ચર્ચા,ખંડન વગેરે આવશે અને નોધમાં તે યથાસ્થાને ઉલ્લેખેલા છે.

[294] कृति--कृत् ચુરાદિ ને सत्यापपाश० થી णिच् અને लुङ् માં च्लि ને સ્થાને લાગતા सिच् ને બદલે णिश्रिद्रुस्त्रुभ्यः० પ્રમાણે चङ् થતાં कृत् णिच् चङ् लुङ् એમ થતાં ઉપધા ऋ-કારનો उपधायाश्च। ( उरण्रपरः। )પ્રમાણે इर्--किर्त् णिच् चङ् लुङ्-- हल् પછી ના ઉપધાભૂત રેફ પૂર્વેના इ-કારનો उपधायां च। થી દીર્ઘ--कीर्त् णिच् चङ् लुङ्--णेरनिटि।--कीर्त् चङ् लुङ्--चङि। દ્વિર્વચન--कीर्त् कीर्त् चङ् लुङ्-- हलादि०--की कीर्त् अ अत्--ह्रस्वः।--किकीर्त् अ अत्--कुहोश्चुः।--चिकीर्त् अ अत्--अतो गुणे।--चिकीर्त् अत्--लुङ्लङ्लृङ्क्ष्व० થી अट् --अचिकीर्तत् થાય છે.અહીં પ્રથમ પક્ષ પ્રમાણે અર્થ કરતાં द्विर्वचन એ अच् નું વિશેષણ નથી થતું તેથી દ્વિત્વનિમિત્તભૂત अच् પર થતાં પણ સ્થાનિવદ્ભાવ થશે.તેથી अचिकीर्तत् માં चङ् દ્વિત્વનું નિમિત્ત હોવાથી તેની પૂર્વે उपधायाश्च। પ્રમાણે ऋ નો इ થયો છે તે સ્થાનિવત્ થવાથી અભ્યાસમાં उरत्। થી ऋ નો अ થવાથી इ નું શ્રવણ ન થતાં अचकीर्तत् એમ અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવશે.એમ ભાવ છે.

[295] एजन्त--जग्ले मम्ले- ग्लै નું लिट् માં કર્મણિ ત્રી.પુ એ.વ.ग्लै त--लिटस्तझयोः०--ग्लै एश्--आदेच उपदेशे० થી ऐ નો आ--ग्ला ए અભ્યાસ--ग्ला ग्ला ए--हलादि०--गा ग्ला ए-- कुहोः० અને आतो लोप इटि च।--जग्ले. તે રીતે मम्ले થશે.અહીં પ્રસ્તુત સૂત્ર પ્રમાણે આદેશ आ સ્થાનિવત્ થાય તો દ્વિત્વ ऐ-કારાન્ત ग्लै નું થશે તેથી ग्लै ग्लै ए--गै ग्लै ए એમ થતાં ह्रस्वः। પ્રમાણે અભ્યાસનો હ્રસ્વ કરતાં एच इग्घ्रस्वादेशे। પ્રમાણે ऐ ને સ્થાને इ હ્રસ્વાદેશ થતાં અભ્યાસમાં अ ને બદલે इ નું શ્રવણ થવા રૂપી દોષ આવશે.

[296] दिवादि--दिव् ને અંતે इव् છે તેથી सन् પર થતાં सनीवन्तर्धभ्रस्ज० પ્રમાણે વિકલ્પે इट् થાય છે,પરંતુ इडागम ન કર્યો હોય તો सन् झलादि થવાથી हलन्ताच्च। થી તે कित् થવાથી च्छ्वोः शूठ्० પ્રમાણે व् નો ऊठ् ऊ सन् આદેશ--दि सन् ति--द्यू स अ ति--सन्यङोः।--द्यू स अ ति--हलादि०--दूद्यूसति અભ્યાસ હ્રસ્વ दुद्यू स ति--आदेश प्रत्यययोः।--दुद्यूषति થશે. તે રીતે सिव् નું सुस्यूषति થશે. અહીં ऊठ् પર થતાં જે यणादेश થયો છે તે પ્રસ્તુત સૂત્ર પ્રમાણે સ્થાનિવત્ થાય તો અભ્યાસમાં इ-કારનું શ્રવણ થવાનો પ્રસંગ અવશે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भवनीयति અને भवनीय (નામધાતુ) ને सन् લાગીને विभवनीयिषति.[297] એમ હોય તો પછી (अचि) प्रत्यये (अजादि પ્રત્યય પર થતાં) એમ હું કહીશ.[298]

प्रत्यय इति चेत्कृत्येजन्तनामधातुष्वभ्यासरूपम् ॥ ६ ॥

प्रत्यय इति चेत्कृत्येजन्तनामधातुष्वभ्यासरूपं न सिध्यति। दिवादय एके परिहृता॥ एवं तर्हि द्विर्वचननिमित्तेऽच्यजादेशः स्थानिवदिति वक्ष्यामि। स तर्हि निमित्तशब्द उपादेयो नह्यन्तरेण निमित्तशब्दं निमित्तार्थो गम्यते। अन्तरेणापि निमित्तशब्दं निमित्तार्थो गम्यते। तद्यथा। दधित्रपुसं प्रत्यक्षो ज्वरः। ज्वरनिमित्तमिति गम्यते। नड्वलोदकं पादरोगः। पादरोगनिमित्तमिति गम्यते। आयुर्घृतम्। आयुषो निमित्तमिति गम्यते॥ अथवाकारो मत्वर्थीयः। द्विर्वचनमस्मिन्नस्ति सोऽयं द्विर्वचनो द्विर्वचन इति॥ एवमपि न ज्ञायते कियन्तमसौ कालं स्थानिवद्भवतीति। यः पुनराह द्विवचने कर्तव्य इति कृते तस्य द्विर्वचने स्थानिवन्न-

પ્રત્યય પર થતાં એમ કહેશો તો कृति, एजन्त અને નામ ધાતુમાં અભ્યાસરૂપ (સિદ્ધ નથી થતું) ॥૬॥

જો (अजादि) પ્રત્યય પર થતાં એમ કહેશો તો कृत् ધાતુ, एजन्त ધાતુ અને નામધાતુમાં અભ્યાસનું રૂપ સિદ્ધ નથી થતું. એકલા दिव् વગેરે ધાતુઓનો પરિહાર થયો.એમ હોય તો પછી દ્વિર્ભાવનો નિમિત્તભૂત अच् (પ્રત્યય) પર થતાં જે अच् નો આદેશ હોય તે સ્થાનીસ્વરૂપ થાય છે, એમ હું કહીશ.[299] તોપછી એ निमित्त શબ્દ (સૂત્રમાં) લેવો પડશે, કારણ કે निमित्त શબ્દ(ના પ્રયોગ) વિના નિમિત્તનો અર્થ સમજાતો નથી. શબ્દ (ના પ્રયોગ) વિના પણ નિમિત્તનો અર્થ સમજાય છે,જેમ કે ખાટું દહીં પ્રત્યક્ષ તાવ છે (दधित्रपुसं प्रत्यक्षो ज्वरः।)[300] (એટલે કે) તાવનું નિમિત્ત છે,તેમ

---

[297] नामधातु--भवन-भू ને करणाधिकरणयोः० પ્રમાણે ल्युट् (अन)--भो अन--भवनम् નામ ધાતુ થતાં सुपो धातु० થી सुप् લોપ भवन ને भवनमिच्छति એ અર્થમાં सुप आत्मनः० થી क्यच्--भवन क्यच् ति--क्यचि च। થી અંત્ય अ નો ई--भवनीयति તેને धातोः कर्मणःसमान० થી सन्-सन्यङोः।-દ્વિત્વ-आर्धधातुकस्येड्०-इट्-भभवनीय इसन्--अभ्यासे चर्च। થી भ् નો ब्--सन्यतः।-અભ્યાસના अ નો इ-आदेशप्रत्यययोः।-अतो लोपः।-बिभवनीय् इ ष-बिभवनीयिष ને ધાતુ સંજ્ઞા लट् માં शप् ति-अतो गुणे।--बिभवनीयिषति થશે.અહીં भवन માં જે अव् આદેશ થયો છે તે સ્થાનિવત્ થાય તો અભ્યાસમાં भो થવાથી તેનો ह्रस्वः। પ્રમાણે હ્રસ્વ થતાં અભ્યાસમાં उ-કારનું શ્રવણ થવાનો પ્રસંગ આવશે.

[298] અહીં બીજો પક્ષ રજુ કર્યો છેઃ द्विर्वचनेऽचि प्रत्यये। એમ સમજવાથી ઉપરના દોષનું નિવારણ થશે, પરંતુ अचिकीर्तत् માં णिच्, जग्ले मम्ले માં ए અને भवन માં ल्युट् એ સર્વ अजादि પ્રત્યય છે તેથી कृत्, एजन्त અને નામધાતુમાં દોષ ઊભા જ રહે છે. માત્ર दुद्यूषति માં એટલે કે दिवादि માંજે ऊठ् થયો છે તે अजादि છે પણ પ્રત્યય નથી, આદેશ છે તેથી તેમાં द्विर्वचनेऽचि प्रत्यये। એ સૂત્ર લાગુ નહીં પડે. પરિણામે સ્થાનિવદ્ભાવ ન થતાં દોષનું નિવારણ થશે, એટલે કે અભ્યાસમાં उ- કારનું શ્રવણ થશે.

[299] અહીં ત્રીજો વિકલ્પ રજુ કર્યો છે. તદનુસાર દ્વિર્વચનના નિમિત્તભૂત अच् પર થતાં अजादेश સ્થાનિવત્ થશે. તેથી जग्ले मम्ले એ एजन्त માં આવતા દોષનો પરીહાર નહીં થાય, કારણ કે તેમાંનો एश् (ए) अजादि છે તે દ્વિર્વચનનું નિમિત્ત પણ છે, પરંતુ તે સિવાયનાં ઉદાહરણોમાંના દોષનો પરીહાર થાય છે. अचिकीर्तत् માં ई આદેશ णिच् પર થતાં થયો છે, પરંતુ णिच् પ્રત્યય હોવા છતાં તે દ્વિત્વનું નિમિત્ત નથી, दुद्यूषति માં सन् પ્રત્યય દ્વિર્વચનનું નિમિત્ત છે પણ તે अजादि નથી અને बिभवनीयिषति માં ल्युट् ને કારણે अन આદેશ જરૂર થયો છે , તે अजादि પણ છે પરંતુ દ્વિત્વનું નિમિત્ત નથી તેથી આ સર્વ દૃષ્ટાન્તોમાં આ પક્ષ પ્રમાણે સૂત્રાર્થ થતાં સૂત્ર લાગુ નહીં પડે અને દોષ પણ નહીં આવે.કૈ નોંધે છે કે जग्ले નો પરિહાર આગળ ઉપર કરશે.

[300] दधित्रपुसम् એ સમાહાર કે કર્મધારય સમાસ છે(કૈ) એના અર્થ વિશે મયભેદ છે.दधि દહીં त्रपुस જેના રૂપ રસ અને ગંધમાં ફેર થયો હોય તેવું દહીં.,અર્થાત્ બગડી ગએલું દહીં.આ દ્વન્દ્વસમાસ હોય તો त्रपुस એક જાતનું ફળ એમ અર્થ છે.આપ્ટે કાકડી અર્થ કરે છે.અહીં तृपसम् અને तृपुसम् એમ પાઠાન્તર ના. નોંધે છે.દૃષ્ટાન્તમાં दधित्रपुस, नड्वलोदक, घृत વગેરે નિમિત્ત(કારણ) ઉપર જ્વર, પાદરોગ, દીર્ઘાયુષ્ય વગેરે નૈમિત્તિક(કાર્ય) નો આરોપ કર્યો છે તેથી નિમિત્ત શબ્દના સાક્ષાત્ પ્રયોગ વિના નિમિત્તનો અર્થ સમજાય છે. તે રીતે સૂત્રમાંના अचि એ પદ ઉપરથી પણ अच् દ્વિર્વચનનું નિમિત્ત છે તેથી તેના ઉપર નૈમિત્તિક દ્વિર્વચનનો આરોપ કર્યો છે તેમ સ્વીકારીને अच् ને જ દ્વિર્વચન કહ્યું છે. ટૂંકમાં જ્વર વગેરેના નિમિત્તભૂત દધિત્રપુસ વગેરે ઉપર જ્વર વગેરેનો આરોપ કર્યો છે તેમ अच् ઉપર દ્વિર્વચનનો આરોપ કર્યો છે તેથી अच् દ્વિત્વ છે તેમ સમજાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમજાય છે. नड्वोदकं पादरोगः । (નેતરવાળા સ્થળનું પાણી એટલે પગનો રોગ (વાળો) (એટલે કે એ) પગના રોગનું નિમિત્ત છે, એમ સમજાય છે. आयुर्घृतम् (ઘી એટલે આયુષ્ય) ઘી એ દીર્ઘાયુષ્યનું નિમિત્ત છે તેમ સમજાય છે. અથવા[301] (द्वि શબ્દમાં) મત્ત્વર્થીય ('વાળો' એ અર્થમાં) अ-કાર (પ્રત્યય) લાગ્યો છે [302] એટલે કે ' જેમાં દ્વિર્વચન હોય તે દ્વિર્વચન (અને द्विर्वचने એટલે) દ્વિર્વચનથી યુક્ત હોય તેમાં' એમ (સમજાશે).એમ (સમજ્યા) છતાં એ કેટલા સમય સુધી તે સ્થાનિવત્ થાય છે તે સમજાતું નથી.[303] પરંતુ જે કહે છે કે દ્વિર્વચન કરવાનું હોય ત્યારે ((સ્થાનિવત્ થાય છે), તેને દ્વિર્વચન કર્યા પછી (अजादेश) સ્થાનિવત્ નહીં

भविष्यति ॥ एवं तर्हि प्रतिषेधः प्रकृतः सोऽनुवर्तिष्यते। क्व प्रकृतः। न पदान्तद्विर्वचन इति। द्विर्वचननिमित्तेऽच्यजादेशो न भवतीति। एवमपि न ज्ञायते कियन्तमसौ कालमादेशो भवतीति। यः पुनराह द्विर्वचने कर्तव्य इति तस्य द्विर्वचनेऽजादेशो भविष्यति ॥ एवं तर्ह्युभयमनेन क्रियते प्रत्ययश्च विशेष्यते द्विर्वचनं च। कथं पुनरेकेन यत्नेनोभयं लभ्यम्। लभ्यमित्याह। कथम्। एकशेषनिर्देशात्। एकशेषनिर्देशोऽयम्।

થાય [304] એમ હોય તો પછી જે પ્રતિષેધ પ્રકૃત છે તેની અનુવૃત્તિ કરવામાં આવશે. ક્યાં પ્રકૃત છે ? न पदान्तद्विर्वचन० એ(સૂત્ર)માં.[305] (તેથી) દ્વિર્વચનનો નિમિત્તભૂત अच् પર થતાં अजादेश નથી થતો એમ (સમજાશે).એમ છતાં પણ કેટલો સમય તે આદેશ નથી થતો તે સમજાતું નથી.[306] પરંતુ જે કહે છે કે દ્વિર્વચન કરવાનું હોય ત્યારે, તેને તો દ્વિર્વચન કર્યા પછી अजादेश થશે. એમ હોય તો આ (द्विर्वचने એ) બેવડું (કામ)

---

[301] ઉપર આપેલાં દૃષ્ટાન્તમાં લક્ષણાનો આધાર લીધો છે. તેમાં દધિત્રપુસ, નડ્વલોદક, ઘૃત વગેરે અચૂક રીતે (अव्यभिचारेण) તે તે કાર્યને ઉદ્ભાવે છે પરંતુ પ્રકૃત સૂત્રમાં તે પ્રમાણે નથી, કારણ કે अजादि પ્રત્યય પર થતાં સર્વત્ર અચૂક રીતે દ્વિત્વ થતું નથી . તેથી અહીં લક્ષણા લઇ ન શકાય એ પ્રકારની શંકાને લક્ષમાં રાખીને અહીં अथवा એમ કહીં ને અન્ય રીતે પરિહાર કરે છે

[302] અહીં द्विर्वचन શબ્દમાં अर्श आदिभ्योऽच्। પ્રમાણે મત્ત્વર્થીય(=વાળો, નાથી યુક્ત એ અર્થમાં) अच् લાગ્યો છે તેમ કહીશું. તેથી જેમાં દ્વિર્વચન છે તે द्विर्वचनः અને તેનું સ.એ.વ. द्विर्वचने . તેથી દ્વિર્વચનથી યુક્ત હોય તેમાં એમ અર્થ સમજાશે.

[303] સૂત્રમાં એક જ द्विर्वचन શબ્દનું ગ્રહણ કરેલું છે અને તેને अच् ના વિશેષણ તરીકે લઇને द्विर्वचनेऽचि એમ અન્વય કર્યો છે, જેમાં દ્વિર્વચન છે તેવો अच् પર થતાં अजादेश સ્થાનિવત્ થશે એમ અર્થ કર્યો છે. પરિણામે દ્વિર્વચન કર્યા પછી अजादेश સ્થાનિવત્ થશે કે નહીં તે સમજાતું નથી. તેથી કૈ. કહે છે કે તે કારણે કાળનું અવધારણ થતું નથી એટલે કે द्विर्वचन કરવાનું હોય તેટલા પૂરતો જ આદેશ સ્થાનિવત્ થશે તે પછી નહીં થાય એમ ચોક્કસ મર્યાદા બંધાતી નથી . પરિણામે चक्रतुः જેવાની સિદ્ધિ ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે સમયની મર્યાદા નક્કી ન હોવાથી (कालावधारणाभावः) સ્થાનિવત્ થએલ यण् આદેશ ફરી यण् આદેશનું સ્વરૂપ પ્રાપ્ત કરે.

[304] द्विर्वचने અટલે દ્વિર્વચન કરવાનું હોય ત્યારે એમ જે સમજે છે તેને સમયનું અવધારણ શક્ય છે, કારણ કે તે અર્થ પ્રમાણે સ્પષ્ટ સમજાય છે કે દ્વિર્વચન કરવાનું હોય ત્યારે જ अजादेश સ્થાનિવત્ થાય છે ત્યાર પછી નહીં. તેથી દ્વિર્વચન થયા બાદ આદેશ પુનઃ આદેશનું સ્વરૂપ પ્રાપ્ત કરશે અને चक्रतुः જેવામાં દોષ નહીં આવે.

[305] न पदान्त० સૂત્રમાં न નું ગ્રહણ કરીને પ્રતિષેધ કર્યો છે તેની પ્રકૃત સૂત્રમાં અનુવૃત્તિ થશે.પરંતુ स्थानिवत् ની અનુવૃત્તિ નહીં થાય. પરિણામે' द्विर्वचनेऽचि (अचः आदेशः) न (भवति) એટલે કે દ્વિર્વચનના નિમિત્તભૂત अच् પર થતાં अच् નો આદેશ થતો નથી ' એમ અર્થ સમજાશે. તેથી चक्रतुः માં कृ अतुस् એ સ્થિતિમાં દ્વિર્વચનનિમિત્ત अच् (अतुस् નો अ-કાર) પર રહેતાં अच् (અર્થાત્ कृ ના ऋ- કારનો) આદેશ ન થતાં कृ अतुस्--कृ कृ अतुस्--कर् कृ अतुस्--क कृ अतुस्--चकृ अतुस्--चक्रतुः સિદ્ધ થશે.

[306] અહીં પણ સમય મર્યાદા નક્કી નથી થતી એટલે કે દ્વિર્વચનનિમિત્ત अच् પર થતાં (द्विर्वचननिमित्तेऽचि) अच् નો આદેશ નથી થતો (अजादेशो न भवति) એમ અર્થ સમજનારને પણ ક્યાં સુધી अच् નો આદેશ નથી થતો તે બાબતમાં કોઇ ચોક્કસ નિર્ણય થઇ શકતો નથી અને તેમ થતાં દ્વિર્વચન થયા પછી પણ अच् નો આદેશ ન થાય તો ઉપરના દૃષ્ટાન્તમાં क कृ अतुस् એમ થતાં ऋ નો રેફ આદેશ ન થાય તો चक्रतुः ની સિદ્ધિ ન થઇ શકે.પરંતુ જે દ્વિર્વચન કરવાનું હોય ત્યારે એમ અર્થ કરે તેને માટે દ્વિર્વચન થયા પછી अच् નો આદેશ કરવો શક્ય છે, કારણ કે ત્યાં કાલાવધારણ છે તેથી દ્વિર્વચન થયા પછી चकृ अतुस् માં ऋ નો રેફ આદેશ થઇને चक्रतुः સિદ્ધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરશે.[307] પ્રત્યયનું પણ વિશેષણ થશે અને દ્વિર્વચનનું પણ (તે કરવાનું હોય ત્યારે એમ નિર્દેશ કરે છે).એક જ પ્રયાસથી બેવડું (કામ) કેવી રીતે મેળવી શકાય ? (તો)કહે છે કે (મેળવી શકાય). કેવી રીતે ?[308] (સૂત્રકારે) એક શેષદ્વારા નિર્દેશ કર્યો છે તેથી.[309]

**द्विर्वचनं च द्विर्वचनं च द्विर्वचनम्। द्विर्वचने कर्तव्ये द्विर्वचनेऽचि प्रत्यय इति द्विर्वचननिमित्तेऽचि स्थानिवद्भवति॥**

**द्विर्वचननिमित्तेऽचि स्थानिवच्चेण्णौ स्थानिवद्वचनम्॥ ७॥**

**द्विर्वचननिमित्तेऽचि स्थानिवच्चेण्णौ स्थानिवद्भावो वक्तव्यः। अवनुनावयिषति अवचुक्षावयिषति॥ न वक्तव्यः।**

**द्विर्वचनं च द्विर्वचनं च द्विर्वचनम्** (એમ) આ એકશેષદ્વારા નિર્દેશ કરેલો છે, તેથી 'દ્વિર્વચન કરવાનું હોય ત્યારે ' તેમ જ 'દ્વિર્વચન **अच्** પર

થતાં,અર્થાત્ દ્વિર્વચનનો કારણભૂત**अच्**(**अजादि**) પ્રત્યય પર હોય ત્યારે' સ્થાનિવત્ થાય છે (એમ સમજાશે).

દ્વિર્વચનનો નિમિત્તભૂત **अच्** પર થતાં (**अजादेश**) સ્થાનિવત્ (થાય છે), એમ કહો તો **णि** પર થતાં પણ (આદેશ) સ્થાનિવત્ (થાય છે તેમ) કહેવું પડશે॥૭॥

દ્વિર્વચનનો નિમિત્તભૂત **अच्** પર થતાં (**अजादेश**) સ્થાનિવત્ (થાય છે), એમ જો કહો તો **णि** પર થતાં પણ (**अजादेश**) નું સ્વરૂપ સ્થાનિવત્ (થાય છે) તેમ કહેવું પડશે, જેથી **अवनुनावयिषति, अवचुक्षावयिषति** (સિદ્ધ થઇ શકે).[310] નહીં કહેવું પડે. [311]

---

[307] અહીં પાંચમો વિકલ્પ રજુ કર્યો છે.જેથી કાલાવધારણ પણ થઇ શકે .દ્વિર્વચન શબ્દ બે કાર્ય કરશે.પ્રત્યયનું વિશેષણ થશે **अचि** પણ પ્રત્યયનું વિશેષણ થશે. તેથી '**द्विर्वचने अचि प्रत्यये** એટલે કે દ્વિર્વચનના નિમિત્તભૂત **अजादि** પ્રત્યય પર થતાં એમ સમજાશે અને સાથે સાથે **द्विर्वचने** એટલે દ્વિર્વચન કરવાનું હોય ત્યારે એમ પણ અર્થ સમજાશે. તેથી સૂત્રનો અર્થ આ પ્રમાણે થશેઃ દ્વિત્વના નિમિત્તભૂત **अजादि** પ્રત્યયને કારણે જે **अजादेश** થાય છે તે દ્વિર્વચન (કરવાનું હોય ત્યારે )સ્થાનિવત્ થાય છે. આમ કાલાવધારણ થાય છે)

[308] અહીં શંકા થઇ શકે કે સૂત્રમાં પ્રત્યય શબ્દનું ગ્રહણ તો છે જ નહીં પછી દ્વિર્વચન શબ્દ તેનું વિશેષણ કેવી રીતે થઇ શકે ? પણ તે શંકા ઉચિત નથી ,કારણ કે સૂત્રમાં **अचि** એમ કહ્યું છે તે ઉપરથી આ દ્વિર્વચન છઠ્ઠા અધ્યાયમાં જેનું વિધાન કર્યુ છે તે છે અને તે દ્વિર્વચન પ્રત્યય પર થતાં થાય છે તેથી 'પ્રત્યય' એ અર્થના વાચક પ્રત્યય પદનો આક્ષેપ,અનુમાન થઇ શકે છે. જો કે **सन्यङोः।** માં ષષ્ઠી છે છતાં **सन्नन्त** અને **यङन्त** માં **सन्** અને **यङ्** પર થતાં દ્વિત્વ થાય છે તેથી તે પ્રત્યયો દ્વિત્વના નિમિત્ત છે તેમ કહી શકાય અને તેથી ત્યાં પણ પ્રત્યય પદનો આક્ષેપ થઇ શકશે.અહીં નોંધવું જોઇએ કે આઠમા અધ્યાયમાં **अचोरहाभ्यां द्वे।** અને **अनचि च।** એ સૂત્રો દ્વારા જે દ્વિત્વનું વિધાન છે તે પ્રત્યય પર થતાં થતું નથી તેથી તે સ્થળોએ આક્ષેપ નહીં થઇ શકે.

[309] સૂત્રમાં એક જ **द्विर्वचन** શબ્દનું ગ્રહણ કર્યુ છે તેમાંથી બેવડું કાર્ય કેવી રીતે મેળવી શકાય એ શંકાનો નિરાસ **एकशेष** નો આધાર લઇને કર્યો છે. જ્યાં સહવિવક્ષા હોય ત્યાં એકશેષ થાય.સહવિવક્ષા એટલે પરસ્પર ભેદ ન જણાય તે રીતે અનેક અર્થોની એકરૂપ પ્રતીતિ. પરંતુ અહીં સહવિવક્ષા નથી .કારણ કે **द्विर्वचन** શબ્દના જે બે અર્થ લીધા છે તે પરસ્પર વિરુદ્ધ છે, સમકક્ષ નથી.એ બે અર્થ ઉદ્દેશ્ય કે વિધેય તરીકે એક જ અર્થમાં નથી પ્રયોજવામાં આવ્યા તેથી **एकशेष** નહીં થઇ શકે એ દલીલનો ઉત્તરમાં **सर्वादीनि सर्वनामानि।** સૂત્રના પ્રદીપમાં છેઃ જેમ સંજ્ઞા અને પરિભાષા શાસ્ત્રને ઉપયોગી છે તેમ એકશેષ પણ ઉપયોગી હોવાથી શાસ્ત્રના અંગભૂત છે તેથી સહવિવક્ષા ન હોય ત્યાં પણ **सरूपाणामेकशेषः।** પ્રમાણે એકશેષ જરૂર થશે. અથવા તો અહીં એકશેષ દ્વારા તન્ત્ર અને આવૃત્તિ સૂચવાય છે,કારણ કે તે બેનું પરિણામ એક જ છે. **श्वेतो धावति।** એમ કહેતાં બે અર્થ સમજાય છે છતાં શબ્દપ્રયોગ તો એક જ છે તેમ સૂત્રકારે બે અર્થ મનમાં રાખીને ઉભય કાર્ય સિદ્ધ થાય તે માટે **द्विर्वचन** એ એક શબ્દાનો પ્રયોગ કર્યો છે. વાક્તા માટે તંત્ર અને બોદ્ધા માટે આવૃત્તિ,કારણ કે વક્તાએ બે અર્થ મનમાં રાખીને એક શબ્દનો પ્રયોગ કર્યો છે,જ્યારે બોદ્ધા તે શબ્દની આવૃત્તિ કરીને ઉભય અર્થને પામે છે.આમ એકશેષના પ્રયોગનો જે લાભ છે તેજ તંત્રાવૃત્તિનો છે તેથી એકશેષ દ્વારા તંત્રાવૃત્તિ સૂચવાય છે તેમ સમજી શકાશે અને એક **द्विर्वचन** શબ્દનો પ્રયોગ હોવા છતાં બન્ને અર્થ પ્રાપ્ત થઇ શકશે.

[310] **अवनुनावयिषति**--**अव नु** ધાતુનું **णिजन्त**--**अवनु णिच्** **अवक्षु णिच्**--**वृद्धि आव्** આદેશ--**लट्** ત્રી.પુ એ. વ. **ति शप्** --**अवनाव् इ अ ति**--**सार्वधातुकार्ध०** થી ગુણ--**अवनावयति**.તે પ્રમાણે **अवचुक्षावयति** થશે. તેનાં **सन्नन्त**--**अवनावय सन् अवचुक्षावय सन्**--**आर्धधातुकस्येड्०** -- **सन्यङोः।** થી દ્વિત્વ થતાં અહીં વૃદ્ધિ થઇને **आव्** આદેશ થયો છે તે સ્થાનિવત્ ન થાય તો અભ્યાસમાં ઉ-કાર નું શ્રવણ ન થવાનો પ્રસંગ આવશે. તેથી **णि** પર થતાં **अजादेश** સ્થાનિવત્ થાય છે તેમ કહેવું પડશે, કારણ કે **णिच्** **अजादि** પ્રત્યય છે પણ દ્વિત્વનું નિમિત્ત નથી અને **सन्** ને કારણે દ્વિત્વ થાય તે પૂર્વે અંતરંગ હોવાથી વૃદ્ધિ અને **यण्** આદેશ થયા પછી **सन्** પર હોવાથી **नाव्** અને **क्षाव्** નું દ્વિત્વ થવા જશે તેથી **णौ** અર્થાત્ **णि** પર થતાં **अजादेश** સ્થાનિવત્ થાય છે એમ કહેવું પડશે, કારણ કે **द्विर्वचनेऽचि।** થી અહીં સ્થાનિવદ્ભાવ નથી થતો એમ અહીં દલીલ છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ओः पुयण्जिषु वचनं ज्ञापकं णौ स्थानिवद्भावस्य ॥ ८ ॥

यदयमोः पुयण्ज्यपरे इत्याह तज्ज्ञापयत्याचार्यो भवति णौ स्थानिवदिति। यद्येतज्ज्ञाप्यते अचिकीर्तत् अत्रापि प्राप्नोति। तुल्यजातीयस्य ज्ञापकम्। कश्च तुल्यजातीयः। यथाजातीयकाः पुयण्जयः। कथंजातीयकाश्चैते। अवर्णपरा॥ कथं जग्ले मम्ले। अनैमित्तिकमात्वं शिति तु प्रतिषेधः॥

(સૂત્રકારે) ओः पुयण्जिषु० એમ જે કહ્યું છે તે णि પર થતાં ( अजादेश ના )સ્થાનિવદ્ભાવનું જ્ઞાપક છે ॥૮॥

---

[31] એ કહેવું નહીં પડે કારણ કે ओः पु० દ્વારા જ્ઞાપન થાય છે : ओः पुयण्ज्यपरे। ओः पुश्च यण् च ज् च। એ સમાહાર દ્વંદ્વ છે,પરંતુ द्वन्द्वाच्चुदषहान्तात्समाहारे। એ વિધિ અનિત્ય છે તેથી સમાસાન્તે टच् નથી થયો. अपरे એ अः परो यस्मात् तद् ( જેની પછી अ રહેલો છે તે) એ વિગ્રહના બહુવ્રીહિનું સ.એ.વ. છે અને તે पुयण्जि નું વિશેષણ છે. તેથી अपर હોય તેવા प વર્ગ,यण् વર્ણ અને ज-કાર પર હોય તેવા उ-કારાન્ત અભ્યાસનો इ-કાર આદેશ થાય છે એમ સૂત્રાર્થ થશે.આ સૂત્રમાં अपर पु , यण् અને ज् નું ગ્રહણ કર્યું છે તેથી જ્ઞાપન થાય છે કે દ્વિર્વચનનું નિમિત્ત ન હોવા છતાં णि પર થતાં થએલ આદેશ સ્થાનિવત્ થાય છે [ एतदेव पुयण्ज्यपर इति वचनं ज्ञापकमद्विर्वचननिमित्तेऽपि णौ स्थानिवद्भवतीति। (૭-૪-૮૦) પર કા.] તેથી 'णि પર થતાં સ્થાનિવત્ થાય છે' એ ખાસ વિધાન કરવું નહીં પડે તેમ દલીલ છે.જો णि પર થતાં આદેશ સ્થાનિવત્ થતો હોય તો अपर पु , यण् અને ज् પૂર્વે उ વર્ણાન્ત અભ્યાસ હોઇ ન શકે. જો કે यियविषति અને पिपविषते માં णि નથી ,કારણ કે તે ण्यन्त રૂપો નથી . તેથી ત્યાં સ્થાનિવદ્ભાવ થવાનો પ્રશ્ન નથી છતાં તેમાં અનુક્રમે अपर य-કાર અને प-કાર છે અને તેની પૂર્વે उ વર્ણાન્ત અભ્યાસ પ્રાપ્ત થયો છે. यियविषति--यू इ सन्--यो इसन्--यविसन्० --सन्यङोः। થી અભ્યાસ द्विर्वचनेऽचि। થી સ્થાનિવદ્ભાવ થતાં यव् એ यू છે તેમ સમજાશે તેનું દ્વિત્વ કરતાં युयविस--षत्व--युयविष--ओः पुयण्० અભ્યાસના उ નો इ--यियविष लट्-- થતાં यियविषति એ જ રીતેपिपविषते થશે.પરંતુ માત્ર यियविषति અને पिपविषते ને જ લક્ષ્યમાં રાખ્યાં હોત તો ओः अपरयोः। એટલું જ સુત્ર કર્યું હોત તો પણ કાર્ય સિદ્ધિ થઇ શકત, કારણ કે અહીં द्विर्वचनेऽचि। થી સ્થાનિવદ્ભાવ થાય છે.પરંતુ સૂત્રકારે માત્ર प-કાર અને य- કારનું ગ્રહણ ન કરતાં ગૌરવ વહોરી લઇને प વર્ગ, यण् પ્રત્યાહાર અને ज-કારનું ગ્રહણ કર્યું છે તેથી સૂચવાય છે કે દ્વિર્વચન નિમિત્ત ન હોવા છતાં णि પર થતાં કરેલ આદેશ સ્થાનિવત્ થાય છે.જો એ પ્રમાણે ન થાય તો च् અને यू સિવાયના જે વર્ણો णिच् પર થતાં કરેલ આદેશ સ્થાનિવત્ થયા વિના अपर નથી થઇ શકતા તેમની પૂર્વે उ વર્ણાન્ત અભ્યાસ નહીં થાય. જેમ કે भू-बभावयिषति जु-जिजावयिषति એ રૂપો સિદ્ધ ન થઇ શકે,કારણ કે भू णिच् इसन्--भावय् इसन् અહીં न-કારાન્તનું દ્વિત્વ થવાનો પ્રસંગ આવશે.તે રીતે जिजावयिषति, पिपावयिषति , यियावयिषति માં પણ उ વર્ણાન્ત અભ્યાસ પ્રાપ્ત નહીં થાય અને જો એમ જ હોય તો ओः पुयण्ज्यपरे। માં प વર્ગ વગેરેનું ગ્રહણ કર્યુ છે તે નિરર્થક થશે તેથી તે દ્વારા સૂત્રકાર જ્ઞાપન કરે છે કે णि પર થતાં કરેલ આદેશ, દ્વિર્ભાવનું નિમિત્ત ન હોવા છતાં, સ્થાનિવત્ થાય છે . તેથી पिपावयिषति માં पू णि सन् વૃદ્ધિ , आव् અને આદેશ પ્રથમ થતાં पाव् इ सन्--आर्धधातुकस्येड्०--पाव् इ इसन् સ્થાનિવદ્ભાવ--आदेशप्रत्ययोः। -- पूपावय् इषति--ओः पुयण्० અભ્યાસનો इ--पिपावयिषति થાય છે. સૂત્રમાં णौ અર્થાત્ णि પર થતાં એમ કહ્યું નથી તો પછી જ્યાં ण्यन्त ન હોય એટલે કે णि લાગ્યો ન હોય ત્યાં પણ સ્થાનિવદ્ભાવ થાય છે એમ જ્ઞાપન લાગુ પડશે. જેમ કે निनवनीयिषति दिदवनीयिषति અહીં नु ल्युट्--नवन--क्यच्--क्यचि च।--नवनीय તેને सन् થતાં नवनीय सन् દ્વિત્વ नव् नवनीय इसन्- -ननवनीय इष--सन्यतः। अतो लोपः।--निनवनीय् इष-लट्--निनवनीयिषति . શંકાકાર કહે છે કે અહીં પણ અભ્યાસ પૂર્વે अपर यण्(व्) છે તેથી સ્થાનિવભાવ થઇને नु એ અભ્યાસ अ-કારાન્ત થાય અને ओः पु० પ્રમાણે उ નો इ થઇને ઇષ્ટ સિદ્ધિ થશે એમ ન કહી શકાય, કારણ કે પ્રસ્તુત સૂત્રમાં પૂર્વસૂત્રમાંથી परस्मिन् ની અનુવૃત્તિ થાય છે તેથી 'અન્ય પ્રત્યયના વ્યવધાન વિના દ્વિત્વનિમિત્ત પ્રત્યય પર થતાં अजादेश સ્થાનિવત્ થાય છે' એમ સૂત્રાર્થ થશે. પરંતુ ओः पु० દ્વારા થતું જ્ઞાપન સૂચવે છે કે દ્વિત્વનિમિત્ત अजादि પ્રત્યય અને अजादेश વચ્ચે કોઇ પ્રત્યયનું વ્યવધાન હોય તો પણ સ્થાનિવદ્ભાવને લગતું द्विर्वचनेऽचि। સૂત્ર પ્રવૃત્ત થશે, કારણ કે પ્રત્યયના વ્યવધાન વિનાનાં पु यण् વગેરેનાં ઉદાહરણ સંભ વિત નથી. તેથી 'येन नाव्यवधानं तेन व्यवहितेऽपि वचनप्रामाण्यात्। અર્થાત્ જેનું વ્યવધાન આવશ્યક હોય તેનાથી વ્યવધાન થતું હોય તો પણ કાર્ય થશે' એ ન્યાયે એક પ્રત્યયનું વ્યવધાન હોય તો પણ કાર્ય થાય અને તે પ્રત્યય णि પણ હોઇ શકે તેથી णि નું વ્યવધાન હોવા છતાં સ્થાનિવદ્ભાવ થશે એમ સિદ્ધ થાય છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ (સૂત્રકાર) ओः पुयण्ज्यपरे । એમ જે કહે છે તેથી આચાર્ય જ્ઞાપન કરે છે કે णि પર થતાં (अजादेश)સ્થાનિવત્ થાય છે.જો એનું જ્ઞાપન થતું હોય તો આ अचिकीर्तत् માં પણ (સ્થાનિવદ્ભાવ)થવાનો પ્રસંગ આવશે.[312] (એ) તુલ્ય જાતીય (હોય તે) નું જ્ઞાપક છે. તો તુલ્ય- જાતીય કોણ છે ? જે જાતનો पु (प વર્ગ),यण् અને ज-કાર છે (તે જાતનો હોય તે તુલ્યજાતીય).તો એ (प વર્ગ,यण् અને ज-કાર) કયા પ્રકારની જાતિના છે ? अ વર્ણપર (અર્થાત્ જેમની પછી अ-કાર આવતો હોય તેવા) છે.[313] તો પછી जग्ले मम्ले કેવી રીતે (સિદ્ધ થશે) ?[314] અહીં જે आ-કાર આદેશ થયો છે તેનું કોઇ નિમિત્ત અને शित्(પ્રત્યય) પર હોય ત્યારે (आत्व નો) પ્રતિષેધ (કરવામાં આવ્યો) છે .

**कानि पुनरस्य योगस्य प्रयोजनानि। पपतुः पुः तस्थतुः तस्थुः। जग्मतुः जग्मुः। आटिटत् आशिशत्। चक्रतुः चक्रुरिति। आल्लोपोपधालोपणिलोपयणादेशेषु कृतेष्वनच्कत्वाद् द्विर्वचनं न प्राप्नोति। स्थानिवद्भावाद्भवति॥ नैतानि सन्ति प्रयोजनानि। पूर्वविप्रतिषेधेनाप्येतानि सिद्धानि। कथम्। वक्ष्यति ह्याचार्यः।**

તો હવે આ સૂત્રનાં પ્રયોજન કયાં છે ? पपतुः पपुः। तस्थतुः तस्थुः (માં) आ કાર લોપ, जग्मतुः जग्मुः (માં) ઉપધા લોપ, आटिटत् आशिशत् (માં) णि લોપ અને चक्रतुः चक्रुः (માં) यण् આદેશ કર્યા પછી તેમાં अच् ન રહેવાને કારણે દ્વિર્વચન ન થવાનો પ્રસંગ આવે છે.પરંતુ સ્થાનિવદ્ભાવ થવાથી (દ્વિર્ભાવ) થશે.[315] એ પ્રયોજનો નથી., (કારણ કે) પૂર્વવિપ્રતિષેધ દ્વારા પણ એ સિદ્ધ થાય છે. [316]કેવી રીતે ? આચાર્ય (વાર્તિકકાર)કહેશે કે

---

[312] આ રીતે સ્થાનિવદ્ભાવ થતો હોય તો अचिकीर्तत् માં પણ થવાનો પ્રસંગ આવશે.તેથી अचकीर्तत् એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવે. (નોધ ૨૯૮).

[313] જ્ઞાપન તુલ્યજાતીયનું -સમાન જાતિના હોય ત્યાં- થાય છે.पु વગેરેમાં પણ अच् નો આદેશ થાય છે અને कृत् વગેરેમાં પણ अच् નો જ આદેશ થાય છે છતાં તે તુલ્યજાતીય છે તેમ ન કહેવાય. તેથી ભાષ્યકાર કહે છે કે पु , यण् અને ज् જે જાતના છે તે જાતના હોય તે તુલ્યજાતીય કહેવાય અર્થાત્ पु વગેરેથી બનેલ ધાતુના अच् ના સમાન अच् નો આદેશ તુલ્યજાતીય કહેવાય અને पु વગેરે अपर છે , તેમને अपर બનાવનાર આદેશના સ્થાની છે. આમ पु વગેરેને अवर्णपर કરનાર આદેશના સ્થાની હોવું તે તુલ્યતા, સમાનતા છે.પરંતુ अचिकीर्तत् માં તેમ નથી ટૂંકમાં જ્ઞાપન તુલ્યજાતીયતાની અપેક્ષા રાખે છે તેથી જ્યાં ઉત્તર ભાગનો આદિ ભાગ अवर्ण પર હોય ત્યાં જ સ્થાનિવદ્-ભાવનું જ્ઞાપન થશે.

[314] जग्ले मम्ले (નોધ ૨૯૯) માં आ- કારનું શ્રવણ નથી થતું, કારણ કે સૂત્રમાં द्विर्वचने અર્થાત્ દ્વિર્વચન કરવાનું હોય ત્યારે એમ કહ્યું છે તેથી કાલાવધિ સમજાય છે તેથી દ્વિત્વ કરવાનું હોય ત્યારે જ આદેશ સ્થાનિવત્ થાય છે.તે પછીના કાળે નથી થતો અને તેમ થાય તો દ્વિર્વચન કર્યા પછી પણ સ્થાનીનું રૂપ થવાનો પ્રસંગ આવતાં અભ્યાસ પછી आ-કારનું શ્રવણ અને પર રહેલ ए પ્રત્યય સાથે સંધિ થતાં વૃદ્ધિ એકાદેશ થવાનો પ્રસંગ આવે..जग्ले માં ग्लै ભાવના અર્થમાં लिट्--ग्लै एश्--आदेच उपदेशेऽशिति ।—પ્રમાણે ऐ નો आ થશે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે एश् એ शित् પ્રત્યય છેઅને સૂત્રમાં अशिति એમ કહ્યું છે,હવે अशिति ને श इद् यस्य। એ અર્થનો બહુવ્રીહિ સમાસ લેવામાં આવે તો एश् પ્રત્યય श-કારયુક્ત હોવાથી आत्व ન થઇ શકે.જો श एव इत् शित् એમ કર્મધારય લેવામાં આવે તો यस्मिन्विधिस्तदादावल्ग्रहणे। એ પરિભાષા પ્રમાણે तदादि નું ગ્રહણ કરતાં शित् એટલે शिदादि એટલે इत् સંજ્ઞક श-કારાદિ પ્રત્યય (જેમ કે शप्) પર થતાં પ્રતિષેધ થશે એમ સૂત્રાર્થ થશે.પરંતુ एश् પ્રત્યય श-કારાદિ નથી પણ श-કારાન્ત છે, કારણ કે સૂત્રમાં તેનું शिदन्त તરીકે ઉચ્ચારણ કરવામાં આવ્યું છે તેથી एश् પર થતાં ऐ નો आ થશે અને जग्ले વગેરે સિદ્ધ થશે.અહીં अशिति ને પર્યુદાસ લેવામાં शितः अन्यः એઅર્થ થતાં 'शिद् भिन्ने (प्रत्यये) परे એટલે કે शित् સિવાયનો પ્રત્યય પર થતાં (एच् નો आत् થાય છે)' એમ સૂત્રાર્થ થશે. પરિણામે ग्लै एश् એ સ્થિતિમાં एश् પ્રત્યય शित् હોવાથી आ ન થવાનો પ્રસંગ આવશે.અને અભ્યાસમાં इ નું શ્રવણ થશે.अशिति ને પર્યુદાસ ન લેતાં પ્રસજ્યપ્રતિષેધ લેવામાં આવે તો शिति न અર્થાત્ शित् પ્રત્યય પર હોય ત્યારે (आत्व નહીં થાય) એમ અર્થ થવાથી ग्लै एश् માં आ થશે, કારણ કે आ-કાર પ્રતિષેધનું કોઇ નિમિત્ત દર્શાવ્યું નથી માટે અનૈમિત્તિક आत्व થશે,એટલે કે शित् પ્રત્યય एश् ની ઉત્પત્તિ થાય તે પૂર્વે જ आत्व થશે.જો કે शिति ને પર્યુદાસ લેવામાં આવે તો પણ કાર્ય સિદ્ધ થશે તેમ એ સૂત્ર ઉપરના ભાષ્યમાં કહ્યું છે.

[315] पपतुः- (નોધ૨૯૪) पा अतुस्----अतुस् अपित् પ્રત્યય છે તેથી असंयोगात्० થી તે कित्--अजादि આર્ધધાતુક પર થતાં आतो लोप इटि० થી आ નો લોપ -- प् अतुस्-- દ્વિત્વકરવાનું છે તેથી અને ત્યારે द्विर्वचनेऽचि। પ્રમાણે अजादेश સ્થાનિવત્ થતાં प् એ पा છે તેમ સમજાતાં पाप् अतुस्-- અભ્યાસ હ્રસ્વ--पपतुः થશે.એ જ રીતે पपुः થશે तस्थतुः પણ એ રીતે થશે.स्था अतुस्--आ લોપ.--દ્વિત્વ વખતે તે સ્થાનિવદ્ થતાં स्था છે તેમ સમજાશે.शर्पूर्वाः खयः।--थास्थ् अतुस्--ह्रस्वः।--अभ्यासे चर्च।--तस्थतुः.તે રીતે तस्थुः થશે.આ आत् લોપનાં દૃષ્ટાન્ત છે. जग्मतुः --गम्



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

द्विर्वचनं यणयवायावादेशाल्लोपोपधालोपणिलोप किकिनोरुत्वेभ्य इति। स पूर्वविप्रतिषेधो न पठितव्यो भवति॥ किं पुनरत्र ज्यायः। स्थानिवद्भाव एव ज्यायान्। पूर्वविप्रतिषेधे हि सतीदं वक्तव्यं स्यात्। ओदौदादेशस्योद्भवति चुटुतुशरादेरभ्यासस्येति। ननु च त्वयापीत्त्व वक्तव्यम्। परार्थं मम भविष्यति सन्यत इद्भवतीति। ममापि तर्ह्युत्त्वं परार्थं भविष्यत्युत्परस्यातस्ति च इति।

**यण्** , **अय्  आय् अव् आव्** એ આદેશો, આ-કાર લોપ, ઉપધાલોપ, **णि** લોપ અને **कि** તથા **किन्** નો उ-કાર આદેશ કરતાં (પહેલાં) દ્વિર્વચન (કરવું જોઇએ). એ પૂર્વવિપ્રતિષેધ નો પાઠ કરવાની જરૂર નથી.[317] આ (બે)માં વધારે સારૂં શું છે ? સ્થાનિવદ્દ્ભાવ જ વધારે સારો, [318] કારણ કે

---

**अतुस्-- अजादि कित्** પ્રત્યય પર થતાં **गमहनजन०** થી ઉપધા લોપ **ग्म अतुस्**  ધાતુ **अच्** રહિત થતાં દ્વિત્વ પ્રાપ્ત નહીં થાય તેથી **द्विर्वचने०** થી ઉપધાલોપનો સ્થાનિવદ્દ્ભાવ થતાં **ग्म** એ **गम्** છે તેમ સમજીને દ્વિત્વ, **हलादिः०--गग्म् अतुस्--कुहोश्चुः।--जग्मतुः** થશે. તે રીતે **जग्मुः** થશે. **आटिटत्--अट्** ના **णिजन्त** નું **लुङ्--अट् णि लङ्** વૃદ્ધિ-- **आटि चङ् अत्--णेरनिटि।--आट् अ अत्--चङि।--** દ્વિત્વ પરંતુ **अजादेर्द्वितीयस्य।** થી દ્વિતીય **एकाच्** નું દ્વિત્વ પ્રાપ્ત થાય અહીં  દ્વિતીય **अच्** નથી પરંતુ **णि** લોપને **द्विर्वचनर०** પ્રમાણે સ્થાનિવત્ ગણવામાં આવે તો **आट्** એ **आटि** છે તેમ સમજાશે અને **टि** નું દ્વિત્વ થતાં **आटिट् अत्--अडजादीनाम्--आटिटत्** થશે તે રીતે **आशिशत्**  પણ થશે.આ **णि** લોપનાં દૃષ્ટાન્ત છે.**चक्रतुः चक्रुः** (નોંધ ૨૯૩) એ **णादेश**નાં દૃષ્ટાન્ત છે

[316] પૂર્વવિપ્રતિષેધ એટલે પૂર્વસૂત્ર પર સૂત્રનો બાધ કરે તે.જ્યાં બે સૂત્રોસમાન બળવાળાં હોય ત્યારે  જે **विप्रतिषेधे परं कार्यम्।** પ્રમાણે  પર સૂત્ર હોય તે લાગુ પડે છે,પરંતુ કેટલીક વાર પર સૂત્ર લાગુ પડતાં ઇષ્ટ સિદ્ધિમાં દોષ  આવતો હોય ત્યારે પૂર્વવિપ્રતિષેધનો આશ્રય લેવામાંઆવે છે.અહીં પૂર્વવિપ્રતિષેધની વાત કરી છે તે માટે **दाश्वसाह्वाद्वांश्च।** સૂત્રના ભાષ્યમાં **द्विर्ववचनं यणयवायादेशाल्लोपोपधालोपणि- लोपककिनोरुत्वेभ्य इति।** (વા) દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે  તેથી તે વાચનિક વિપ્રતિષેધ છે.પૂર્વવિપ્રતિષેધ સ્વીકારનાર એમ કહે છે કે જે કાર્ય **द्विर्वचनेऽचि।** અને **णौ स्थानिवत्०** (એટલે કે **णि** પર થતાં કરેલ આદેશ સ્થાનિવત્ થાય છે) એ જ્ઞાપન દ્વારા સિદ્ધ થાય છે તે પૂર્વવિપ્રતિષેધનો આધાર લઇનર પણ થઇ શકશે તેથી **द्विर्वचनेऽचि।** સૂત્ર કરવું નહીં પડે. દ્વિર્વચનને  લગતાં સૂત્રો પ્રથમ પાદમાં આવે છે તેના કરતાં **यण्** (**एरनेकाचः** વગેરે) ,( **अय् आय् अव् आव्** ) , **आल्लोप** (**आतो लोप इटि च।**) , **णिलोप** (**णेरनिटि।**), **कि** તથા **किन्** (**आदृगमहनजनः किकिनौ लिट् च।**) ને લગતાં સૂત્રો પર સૂત્રો છે અને તે પ્રમાણે કાર્ય  કરવા જતાં દોષ આવે છે તેથી દ્વિર્વચન પહેલાં થશે એમ કહીને પૂર્વવિપ્રતિષેધ કર્યો છે.

[317] આ **द्विर्वचनेऽचि।** સૂત્ર કરવું જરૂરી છે તેમ માનનારની આ દલીલ છે. તેના મત પ્રમાણે આ સૂત્ર કર્યા પછી પૂર્વવિપ્રતિષેધની જરૂર નથી ,કારણ કે સૂત્ર અને જ્ઞાપન એ બેની મદદથી સર્વ લક્ષ્યમાં ઇષ્ટ સિદ્ધિ થઇ શકશે.

[318] **ओत्** અને **औत्**  આદેશ જે અંગમાં હોય તેના **चु , टु , तु**  અને **शर्** વર્ણથી શરૂ થતા અભ્યાસનો उ- કાર આદેશ થાય છે. જેમ કે **चुक्षावयिषति ऊर्णुनावयिषति शुश्रावयिषति** અને **पुस्फारयिषति** . જો પ્રકૃત સૂત્ર કરતાં પૂર્વવિપ્રતિષેધનો આશ્રય લેવામાં આવે તો ઉપરનાં ઉદાહરણોમાં उ નહીં થાય કારણ કે સૂત્ર ન કરવાથી ત્યાં સ્થાનિવદ્દ્ભાવ નહીં થઇ શકે.તેથી **आल्लोपोपधा०** (વા) ના પુરસ્કર્તાએ **ओदौदादेशस्य०** કહેવું પડશે. **पुस्फारयिषति -- स्फुर्** ના **णिजन्त** અંગનું **सन्नन्त** રૂપ છે.**स्फुर् णिच्--स्फोर णिच्--चिस्फुरोर्णौ।** થી **ओ** નો વિકલ્પે આ --**स्फार् इ** .હવે **सन्**  પર થતાં દ્વિત્વ થતાં **स्फार् स्फार् इ इसन्--** એમ થતાં (અભ્યાસમાં **स्** આદિ છે અને અહીં આ  એ **ओ** નો આદેશ છે તેથી **औदोदादेश०** ને અવકાશ રહેશે.) --**शर्पूर्वाः खयः।** અને **ह्रस्वः।--फ स्फार् इ इ स**--ગુણ,ચર્ત્વ ,अ નો **इ--पिस्फारयिष** થતાં **ओदौदादेश०**  નથી અભ્યાસનું **उत्व--पुस्फारयिष**.તેનું **लट्** ત્રી.પુ.એ.વ. **पुस्फारयिष ति--पुस्फारयिषति** . અહીં **उत्व**  કરતી વખતના **पिस्फारयिष** રૂપમાં અભ્યાસ **शरादि** નથી પરંતુ અભ્યાસ સંજ્ઞા પ્રાપ્ત થઇ ત્યારે **स्फा** એમ હોવાથી **ओदौदादेश०** લાગુ પડે છે..જ્યારે **चुक्षावयिषति** માં અભ્યાસ સંજ્ઞા વેળાએ **क्षु** એટલે કે **क** વર્ગ આદિમાં છે પરંતુ અભ્યાસનું **चुत्व** થઇને જે  રૂપ તૈયાર થયું તેમાં **च** વર્ગ છે તેથી **ओदौदादेश०** થી અભ્યાસનું **उत्व**  થાય છે. તેથી સમજાય છે કે અભ્યાસ સંજ્ઞા પ્રવૃત્ત થતી હોય ત્યારે  (જેમ કે **पुस्फारयिषति** માં) અથવા તો તૈયાર રૂપમાં (જેમ કે **चुक्षावयिषति** માં) **चु , टु , तु** કે **शर्** વર્ણ અભ્યાસના આદિમાં હોય તો **ओदौदादेश०** વિધાન લાગુ પડે છે.અહીં પૂર્વવિપ્રતિષેધથી દ્વિર્વચન કર્યા પછી સર્વત્ર **सन्यतः।** થી અભ્યાસના अ-કારનો  **इ**-કાર  થયો અને તેનો उ-કાર  કરવા


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વવિપ્રતિષેધ કરવામાં આવે તો **ચુ , ટુ ,તુ** અને **શર્** થી શરૂ થતો જેનો અભ્યાસ હોય તેવા **ઓ** અને **ઔ** નાં આદેશવાળાં અંગોના **અ**-કારનો (**સન્** પૂર્વે) **ઉ**-કાર આદેશ થાય છે તેમ કહેવું પડશે. અમે કહીએ છીએ કે તારે પણ ( અભ્યાસ **ઉ**-કારનોનો **ओः पुयण्ज्यपरे** ।પ્રમાણે) **इ**-કાર આદેશ થાય છે તેમ કહેવું પડશે.[319] મારે તો અન્યને ખાતર (એટલે કે ) **સન્** પર થતાં **અ**-કારનો **इ**-કાર થાય છે એ (કહેવા) માટે છે [320]

**इत्त्वमपि त्वया वक्तव्यं यत्समानाश्रयं तदर्थम्। उत्पिपविषते संयियविषतीत्येवमर्थम्॥ तस्मात्स्थानिवदित्येष एव पक्षो ज्यायान्॥**

**इति श्रीभगवत्पतञ्जलिविरचिते व्याकरणमहाभाष्ये प्रथमाध्यायस्य प्रथमे पादेऽष्टममाह्निकम्॥८॥**

તો પછી મારે માટે પણ અન્યને માટે થશે.[321] (**चर** અને **फल** ના અભ્યાસ) પછી આવતા **अ**-કારનો **उ**-કાર થાય અને **चर** અને **फल** ના **अ**-કારનો **उ**-કાર થાય છે ) એને માટે તારે તો **उत्पिपविषते , असंयियविषति** જે સમાનાશ્રય છે તેને માટે **इत्व** થાય છે તેમ કહેવું પડશે. [322] માટે સ્થાનિવદ્ભાવ કરવો એ પક્ષ જ વધારે સારો છે.

અહીં ભગવાન પતંજલિવિરચિત વ્યાકરણ મહાભાષ્યના પ્રથમ અધ્યાયના આઠમા આહ્નિકનો ગુજરાતી અનુવાદ સમાપ્ત ॥૮॥

---

માટે વિશિષ્ટ વિધાન કરવું પડ્યું. જ્યારે **द्विर्वचनेऽचि।** એ પ્રકૃત સૂત્ર કર્યું હોય તો બધે જ આદેશ સ્થાનિવત્ થવાથી આદેશ સ્થાની છે , **क्षु , नु , श्रु , स्फुर्** છે એમ સમજાશે. તેથી અભ્યાસમાં ઉ પ્રાપ્ત થઈ જશે, તે માટે વધારાનો યત્ન નહીં કરવો પડે. આમ સૂત્રપક્ષે લાઘવ છે.

[319] પ્રકૃત સૂત્ર કરવું વધુ લાઘવભર્યું છે એમ માનનારે પણ જ્ઞાપન માટે **ओः पुयण्०** સૂત્ર અવશ્ય કરવું પડશે. જો કે **णि** એ **अजादि** પ્રત્યય દ્વિત્વનું નિમિત્ત નથી તેથી તે પર રહેતાં સ્થાનિવદ્ભાવ ન થાય તો પણ **बिभावयिषति** વગેરે સિદ્ધ થશે, પરંતુ **चुक्षावयिषति** વગેરે સિદ્ધ થઈ શકે તે માટે **द्विर्वचनेऽचि।** સૂત્ર જોઈએ એમ આગ્રહ રાખનારે **ओःपुयण्०** સૂત્ર કરવું પડશે જેથી જ્ઞાપન થાય કે **णि** પર થતાં કરેલ કાર્ય સ્થાનિવત્ થાય છે.

[320] એટલે કે મારે **ओः पुयण्०** સૂત્ર કરવાનું છે તે માત્ર જ્ઞાપન માટે નથી કરવાનું, પરંતુ અન્યને માટે કરવાનું છે અર્થાત્ **सन्यतः।** પ્રમાણે **अ**-કારનું **इत्व** થાય છે તે **इत्व** ની અનુવૃત્તિ કરીને અન્યનું એટલે કે **उ**-કારનું **इत्व** થાય તે માટે કરવાનું છે. જેથી **द्विर्वचनेऽचि।** થી સ્થાનિવદ્ભાવ થઈને **पिपयिषते वियविषति** સિદ્ધ થઈ શકે.અને એ સૂત્રદ્વારા જે જ્ઞાપન થાય છે તે તો આનુષંગિક છે, કારણ કે સૂત્રમાં માત્ર **प्** અને **य्** નું ગ્રહણ ન કરતાં **पु** (**प** વર્ગ) અને **यण्** પ્રત્યાહારનું ગ્રહણ કર્યું છે. તેથી અમે જે **इत्व** નું વિધાન કર્યું છે તે અપૂર્વ નથી.

[321] પૂર્વપ્રતિષેધનો પુરસ્કર્તા કહે છે :મારે **ओदौदादेश०** પ્રમાણે **उत्व** નું વિધાન કરવાનું છે તે પણ અન્ય માટે જ છે, કારણ કે **उत्परस्यातः। ति च।** એ સૂત્રોમાં **अ**-કારના **इत्व** નું વિધાન કર્યું છે તેને જ વધારે સ્થળે લાગુ પાડ્યું છે તેથી તે પણ અન્યાર્થે જ થશે.અને સૂત્રો આમ યોજીશું : **उपरस्यातः। ति च। ओदौदादेशस्य चुटुतुशरादेः।** અહીં **अत्र लोपोऽभ्यासस्य।** માંથી અભ્યાસની અનુવૃત્તિ થાય છે.

[322] પૂર્વપ્રતિષેધનો પુરસ્કર્તા કહે છે :મારે **ओदौदादेश०** પ્રમાણે **उत्व** નું વિધાન કરવાનું છે તે પણ અન્ય માટે જ છે, કારણ કે **उत्परस्यातः। ति च।** એ સૂત્રોમાં **अ**-કારના **इत्व** નું વિધાન કર્યું છે તેને જ વધારે સ્થળે લાગુ પાડ્યું છે તેથી તે પણ અન્યાર્થે જ થશે.અને સૂત્રો આમ યોજીશું : **उपरस्यातः। ति च। ओदौदादेशस्य चुटुतुशरादेः।** અહીં **अत्र लोपोऽभ्यासस्य।** માંથી અભ્યાસની અનુવૃત્તિ થાય છે.

Jain Education International

For Personal & Private Use Only
www.jainelibrary.org

## परिभाषासूत्रनामकं नवममाह्निकम्।

**अदर्शनं लोपः ॥१।१।६७॥**

**अर्थस्य संज्ञा कर्तव्या शब्दस्य मा भूदिति। इतरेतराश्रयं च भवति। केतरेतराश्रयता। सतोऽदर्शनस्य संज्ञया भवितव्यं संज्ञया चादर्शनं भाव्यते तदेतदितरेतराश्रं भवति। इतरेतराश्रयाणि च न प्रकल्पन्ते॥**

## પરિભાષાસૂત્રનામનું નવમું આહ્નિક

જેનો પ્રસંગ હોય (=જેના ઉચ્ચારણને અવકાશ હોય) તેનું ઉચ્ચારણ ત્યાં ન થવું તેને લોપ કહેવામાં આવે છે **॥૧।૧।૬૭॥**
અર્થની (**लोप**) સંજ્ઞા કરવી જોઇએ,[1] (જેથી એ) સંજ્ઞા (**अदर्शन**)[2] શબ્દની ન થાય. પણ એ તો અન્યોન્યાશ્રય થાય છે. એ અન્યોન્યાશ્રય કેવી રીતે (થશે)? (એ રીતે કે) અદર્શન (=અનુચ્ચારણ) હોય તો (લોપ) સંજ્ઞા થાય અને સંજ્ઞાને કારણે અદર્શન ઉદ્ભવે છે અને અન્યોન્યાશ્રય કાર્યો સિદ્ધ થતાં નથી.[3]

---

[1] જેમ **अपत्य** વગેરે શબ્દો પોતપોતાના અર્થનું સૂચન કરે છે તેમ **अदर्शन** શબ્દ પણ અર્થનું જ સૂચન કરશે. તેથી **लोप** પણ અર્થની સંજ્ઞા છે તેમ સિદ્ધ થાય છે, પરંતુ વ્યાકરણ શાસ્ત્રમાં **स्वं रूपं शब्दस्य०** પ્રમાણે **वृद्धि**, **गुण** વગેરે શબ્દની જ સંજ્ઞાઓ છે તેથી **लोप** સંજ્ઞા પણ **अदर्शन** શબ્દની છે એ પ્રકારના ભ્રમનો નિરાસ કરવા માટે સૂત્રમાં **अर्थस्य** એમ કહેવું જોઇએ, કારણ કે તેમ ન હોય તો લોપપ્રદેશોમાં **अदर्शन** શબ્દ ઉપસ્થિત થવાથી અદર્શન જ લોપનો આદેશ છે તેમ સમજાશે. એમ દલીલ છે.

[2] **दर्शन** એટલે જ્ઞાન, ઉપલબ્ધિ, પરંતુ આ શાસ્ત્ર શબ્દાનુશાસનને લગતું હોવાથી શ્રોતાની અપેક્ષાએ દર્શન એટલે શ્રવણ તેથી **अदर्शन** એટલે શ્રવણ ન થવું તે. પ્રયોક્તાની અપેક્ષાએ અદર્શન એટલે **अनुच्चारण** (ઉચ્ચારણ ન કરવું તે). હવે શ્રવણ ન થવાનું હોય તો ઉચ્ચારણ નિરર્થક થાય તેથી **अदर्शन** એમ કહેવાથી શ્રવણનો તેમ જ તેના નિમિત્તભૂત ઉચ્ચારણનો નિષેધ થતાં 'અનુચ્ચારણ' ની જ **लोप** સંજ્ઞા થાય છે, **अदर्शन** શબ્દની નહીં એમ સમજવાનું છે.(**अदर्शनमनुच्चारणमनुपलब्धिरभावो वर्णविनाश इत्यनर्थान्तरम्।का०**)

[3] ઇતરેતરાશ્રય અર્થાત્ અન્યોન્યાશ્રયને દૃષ્ટાન્ત દ્વારા સમજીએ: **नदी** નું પ્ર.એ.વ.માં **नदी सु** એમ થતાં **हल्ङ्याब्भ्यो०** થી **सु** લોપ થાય છે. હવે લોપ શું છે તે જાણ્યા વિના તે કાર્ય ન થઇ શકે તે માટે સંજ્ઞા સૂત્રનો આશ્રય લેતાં **अदर्शनं लोपः।** અર્થાત્ અનુચ્ચારણ થાય તે લોપ એમ સમજવામાં આવતાં **नदी स्**--**नदी** એમ કર્યું એટલે કે **स्** નું અનુચ્ચારણ કર્યું અને તે અનુચ્ચારણને લોપ સંજ્ઞા આપી. ટૂંકમાં **लोप** શું છે તે જાણ્યા પછી **अदर्शन** (અનુચ્ચારણ) થાય છે અને અનુચ્ચારણ (**अदर्शन**) થયા પછી તેને લોપ સંજ્ઞા થાય છે (**सतोऽदर्शनस्य संज्ञा संज्ञया चादर्शनं भाव्यते।पद०**). આમ **अदर्शन** તેની સંજ્ઞા **लोप** પર અને **लोप** એ સંજ્ઞા તેના સંજ્ઞી **अदर्शन** પર આધાર રાખે છે, એટલે કે સંજ્ઞા અને સંજ્ઞીની પરસ્પરાકાંક્ષા છે. તે કારણે અહીં ઇતરેતરાશ્રય દોષ આવે છે અને અન્યોન્યાશ્રય કાર્ય સિદ્ધ થતાં નથી. તરતાં આવડતું ન હોય તેવી બે ડૂબતી વ્યક્તિ બચવા માટે એક બીજાને પકડે તો બંને ડૂબી જાય છે, એક નૌકાને બીજી નૌકા સાથે બાંધી હોય તો તે એક બીજાનો બચાવ કરી શકતી નથી (**नौर्नावि बद्धा नेतरेतरत्राणाय भवति।**). તેમ અહીં પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लोपसंज्ञायामर्थसतोरुक्तत्वात्॥ १॥

किमुक्तम्। अर्थस्य तावदुक्तम्। इतिकरणोऽर्थनिर्देशार्थ इति। सतोऽप्युक्तम्। सिद्धं तु नित्यशब्दत्वादिति। नित्याः शब्दाः। नित्येषु च शब्देषु सतोऽदर्शनस्य संज्ञा क्रियते न संज्ञयादर्शनं भाव्यते॥

सर्वप्रसङ्गस्तु सर्वस्यान्यत्रादृष्टत्वात्॥२॥

**सर्वप्रसङ्गस्तु भवति । सर्वस्यादर्शनस्य लोपसंज्ञा प्राप्नोति। किं कारणम्॥ सर्वस्यान्यत्रादृष्टत्वात्। सर्वो हि शब्दो यो यस्य प्रयोगविषयः स ततोऽन्यत्र न दृश्यते।**

લોપ સંજ્ઞામાં અર્થ અને સત્ (જે હોય--જેનું અસ્તિત્વ હોય- તે) એ બંને (અનુલક્ષીને) કહ્યું છે॥ ૧॥

શું કહ્યું છે ? અર્થની બાબતમાં તો કહ્યું છે કે (સૂત્રમાં) **इति** મૂકવામાં આવ્યો છે તે અર્થનો નિર્દેશ કરવા માટે છે.[4] સત્‌ને વિશે પણ કહ્યું છે [5] કે શબ્દ નિત્ય છે તેથી સિદ્ધ થાય છે. શબ્દો નિત્ય છે અને શબ્દો નિત્ય હોવા છતાં વિદ્યમાન (શબ્દ) નું અનુચ્ચારણ (**अदर्शन**) થાય તેની લોપ સંજ્ઞા કરવામાં આવે છે, પણ (લોપ) સંજ્ઞા વડે અનુચ્ચારણને ઉત્પન્ન કરવામાં આવતું નથી.

તો પછી બધાનો પ્રસંગ આવશે, (કારણ કે) દરેક શબ્દ અન્યત્ર જોવામાં આવતો નથી॥૨॥

તો પછી બધાનો પ્રસંગ [6] આવશે, અર્થાત્ બધા અનુચ્ચારણની લોપ સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. તેનું શું કારણ ? કારણ કે પ્રત્યેક શબ્દ અન્યત્ર ઉચ્ચારાતો નથી. એટલે કે દરેક શબ્દ પોતાના પ્રયોગના ક્ષેત્ર સિવાય બીજે જોવામાં આવતો (ઉચ્ચારાતો) નથી.

---

સંજ્ઞા સૂત્રથી અર્થ સ્પષ્ટ નથી થતો એમ ભાવ છે. કૈ. નોંધે છે કે અન્યોન્યાશ્રયની દલીલ **लोपो व्योः** જેવાં વિધિસૂત્રોમાં કરી શકાય, પરંતુ **चादिलोपे विभाषा।** જેવાં સૂત્રોમાં લોપનું વિધાન અનુવાદ રૂપે જ હોય છે તેથી એ દલીલ ન થઇ શકે, કારણ કે ત્યાં લોપ સંજ્ઞાને કારણે અનુચ્ચારણ થતું નથી.

[4] **नवेति विभाषा।** માં સૂત્રકારે **इति** નું ગ્રહણ કર્યું છે તે ઉપર ભાષ્યકાર કહે છે,'**इतिकरणः अर्थनिर्देशार्थः।**' અર્થાત્ સૂત્રમાં **इति** શબ્દ મૂક્યો છે તે અર્થનું સૂચન કરવા માટે છે. એ સૂત્રમાંથી અહીં **इति** ની અનુવૃત્તિ થાય છે તેથી **अदर्शनमिति लोपः।** એમ સૂત્ર થશે અને **अदर्शन** શબ્દનો ('અનુચ્ચારણ' એમ) જે અર્થ છે તેની લોપ સંજ્ઞા કરવામાં આવે છે એમ સમજાશે. કૈ. કહે છે કે સૂત્રકારે **लोपनं लोपः** અર્થાત્ લુપ્ત થવાની ક્રિયા તે લોપ એમ અન્વર્થ સંજ્ઞા કરી છે તેથી પણ સમજાશે કે અનુચ્ચારણ એ અર્થની લોપ સંજ્ઞા છે શબ્દની નહીં , કારણ કે **अदर्शन** શબ્દ પોતે લોપનક્રિયા ન થઇ શકે. ના. કહે છે કે **नवेति०** અને પ્રસ્તુત સૂત્ર વચ્ચે અનેક અસંબદ્ધ પદો આવેલાં છે તેથી કૈયટે અન્વર્થ સંજ્ઞા એ વિકલ્પનો આશ્રય લીધો છે, પરંતુ ન્યાસમાં કહ્યું છે : જો કે **तरप्तमपौ घः।** જેવામાં **इति** ના પ્રયોગ વિના પણ શબ્દસ્વરૂપની સંજ્ઞા થાય છે પણ અહીં **इति** ની અનુવૃત્તિ થવાથી (**नवेति विभाषा इत्यतः इतिकरणोऽर्थ निर्देशार्थोऽनुवर्तते।**) અર્થની જ લોપ સંજ્ઞા છે તેમ સમજાય છે. પ્રસ્તુત સૂત્રમાં મણ્ડૂકપ્લુતિથી **इति** ની અનુવૃત્તિ થાય છે[**अस्मिन्सूत्रे मण्डूकप्लुतगत्या न वेति विभाषा इत्यस्मात्सूत्राद् इतिशब्दानुवर्तनादर्थस्यसंज्ञा भवति।** [મ. દયા. અષ્ટા.ભા.ભા.૧(પૃ.૭૮)]

[5] **सतः** (જે અસ્તિત્વ ધરાવે છે તેનો) એમ પણ કહ્યું છે. **वृद्धिरादैच्।** સૂત્રમાં ભાષ્યકાર એ પ્રમાણે કહે છે અને **सिद्धं तु शब्दनित्यत्वात्** વગેરે દલીલ દ્વારા ઇતરેતરાશ્રયનો પરિહાર કર્યો છે. અહીં પણ એ જ દલીલ છે. શબ્દ નિત્ય છે અને જે હોય તેનું અદર્શન થાય છે.તે ન ઉચ્ચારવાની ક્રિયાની લોપ સંજ્ઞા કરી છે, પરંતુ સંજ્ઞા દ્વારા અનુચ્ચારણ ઉદ્ભાવવામાં આવતું નથી, કારણ કે જે હોય જ નહીં તેનું અદર્શન ન થઇ શકે. વાસ્તવમાં પહેલાં ઇન્દ્રિયોથી ગ્રાહ્ય હોવું અને પછી અગ્રાહ્ય બનવું તે જ અદર્શન અર્થાત્ જે પહેલાં હોય અને પછી ન હોય તેને વિશે એ શબ્દ પ્રયોગ થઇ શકે. આમ જે વિદ્યમાન હોય તે (**सत्**) ના અદર્શનની **लोप** સંજ્ઞા થાય છે.

[6] **लोप** એ બહુ મોટી (**महती**) અન્વર્થ સંજ્ઞા અર્થની જ કરી છે તેથી તે જ્યાં લાગુ ન પડવી જોઇએ ત્યાં લાગુ પડવાનો પ્રસંગ આવશે. (**सर्वप्रसंगः**), કારણ કે પોતાના અર્થનો બોધ કરાવવાનો હોય ત્યાં જ શબ્દ પ્રયોજાય છે તે સિવાય તે ઉચ્ચારવામાં આવતો નથી, તેનું **अदर्शन** થાય છે. તેથી ત્યાં લોપ સંજ્ઞા લાગુ પડશે. દા.ત, **त्रपु जतु** જેવામાં **अण्** દેખાતો નથી (તેનું **अदर्शन** છે) તેથી ત્યાં લોપ સંજ્ઞા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

त्रपु जत्वित्यत्राऽदर्शनं लोप इति लोपसंज्ञा प्राप्नोति। तत्र को दोषः।

तत्र प्रत्ययलक्षणप्रतिषेधः ॥३॥

तत्र प्रत्ययलक्षणकार्यं प्राप्नोति तस्य प्रतिषेधो वक्तव्यः। अचोञ्णिति इति वृद्धिः प्राप्नोति॥ नैष दोषः। ञ्णित्यङ्गस्याचो वृद्धिरुच्यते। यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गं भवति। यस्माच्चात्र प्रत्ययविधिर्न तत्प्रत्यये परतः। यच्च प्रत्यये परतः न तस्मात्प्रत्ययविधिः॥ क्विप-स्तर्ह्यदर्शनं तत्रादर्शनं लोप इति लोपसंज्ञा प्राप्नोति। तत्र को दोषः। तत्र प्रत्ययलक्षणप्रतिषेधः। तत्र प्रत्ययलक्षणं कार्यं प्राप्नोति तस्य प्रतिषेधो वक्तव्यः। ह्रस्वस्य पिति कृति तुग्भवतीति तुक्प्राप्नोति॥

**सिद्धं तु प्रसक्तादर्शनस्य लोपसंज्ञित्वात् ॥४॥**

(જેમ કે) **त्रपु। जतु** વગેરે (માં) **अण्** પ્રત્યયનું અનુચ્ચારણ (**अदर्शन**) છે તેથી **अदर्शनं लोपः।** પ્રમાણે તે (અનુચ્ચારણ) ની લોપ સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે. તેમાં શો વાંધો છે ?

ત્યાં પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ કરવો પડશે ॥૩॥

ત્યાં (પ્રત્યયનો લોપ થયો હોય છતાં) પ્રત્યયને કારણે થતું કાર્ય થવાનો પ્રસંગ આવે છે તેનો પ્રતિષેધ કરવો પડશે, (નહીં તો) **अचो ञ्णिति।** પ્રમાણે વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે. એ દોષ નથી (આવતો).[7] **ञित्** અને **णित्** પર થતાં અંગના **अच्** ની વૃદ્ધિ (થાય છે) એમ કહ્યું છે અને જેને વિશે પ્રત્યય કહેવામાં આવ્યો હોય તે જેમાં આદિ હોય તે (**तदादि**) શબ્દસ્વરૂપ , પ્રત્યય પર થતાં, અંગ કહેવાય . પરંતુ અહીં જે (**त्रपु** શબ્દ) ને વિશે (**सु**) પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે તે (**त्रपु** શબ્દ **णित्**) પ્રત્યયની પૂર્વે નથી આવ્યો અને જે (**त्रपु** શબ્દ) પ્રત્યય પર થતાં (અંગ છે) તેને વિશે (**अण्**) પ્રત્યયનું વિધાન કરવામાં નથી આવ્યું. તો પછી **क्विप्** પ્રત્યય અહીં દેખાતો નથી. તેમ હોવાથી **अदर्शनं लोपः।** પ્રમાણે લોપ સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે[8] તેમાં શો વાંધો છે ? ત્યાં પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ કરવો પડશે.ત્યાં (પ્રત્યયનો લોપ થયો હોવા છતાં) પ્રત્યયને કારણે થતું કાર્ય થવાનો પ્રસંગ આવે છે.(કારણ કે લુપ્ત **पित् कृत्** , **क्विप्** પ્રત્યયને કારણે) **ह्रस्वस्य पिति कृति तुक्।** પ્રમાણે **तुक्** (આગમ) થવાનો પ્રસંગ આવે છે.

જેનો પ્રસંગ હોય[9] તેનું અદર્શન થતાં તેની લોપ સંજ્ઞા થાય છે તેથી એ સિદ્ધ થાય છે ॥૪॥

---

લાગુ પડશે. પરિણામે ત્યાં પ્રત્યયલક્ષણથી (જુઓ:પા.૧-૧-૬૧) વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે. આમ ઇતરેતરાશ્રય દોષનો પરિહાર થવા છતાં સર્વપ્રસંગ દોષ તો આવશે જ.

[7] અહીં પ્રત્યયલક્ષણને કારણે કોઇ કાર્ય થતું નથી એમ કહેવું જોઇએ એમ કહ્યું ,પરંતુ તે દોષ નથી આવતો કારણ કે **त्रपु जतु** ને વિશે **अण्** નું વિધાન નથી, **सु** નું છે પરંતુ તે **णित्** ન હોવાથી વૃદ્ધિનું નિમિત્ત નથી અને જે વૃદ્ધિનું નિમિત્ત છે તે **अण्** નું **त्रपु जतु** વિશે વિધાન નથી, એટલે કે તે **अण्** નાં અંગ નથી, **सु** નાં અંગ છે.આમ **अण्** પ્રત્યયનું વિધાન **त्रपु जतु** ને અનુલક્ષીને કરવામાં આવ્યું નથી તેથી તે ઉચ્ચારવામાં આવતો નથી (એટલે કે તેનું **अदर्शन** છે), છતાં તે અંગોમાં **अण्** વૃદ્ધિનું નિમિત્ત થઇ નહીં શકે.પરિણામે દોષ નહીં આવે.

[8] **क्विप्** પણ **त्रपु जतु** માં ઉચ્ચારવામાં નથી આવતો (એટલે કે તેનું **अदर्शन** છે) તેથી તે અનુચ્ચારણને **लोप** સંજ્ઞા લાગુ પડશે, કારણ કે **क्विप्** વિધિ અંગને લગતું કાર્ય નથી તેથી તેને ઉપરની દલીલ લાગુ નહીં પડે. તેથી **त्रपु जतु** માં પ્રત્યયલક્ષણ કાર્ય થશે, એટલે કે **क्विप्** પ્રત્યયનો લોપ થયો હોવા છતાં **ह्रस्वस्य पिति कृति॰** પ્રમાણે **तुक्** આગમ થવાનો પ્રસંગ આવશે. આમ પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ તો કરવો જ રહ્યો એમ અહીં કહેવા માગે છે.

[9] **प्रसक्त** એટલે જેનો પ્રસંગ હોય તે, જે અમુક સ્થળે હોવો જોઇએ તે. તેથી 'શાસ્ત્રને કે અર્થને કારણે જેને અમુક સ્થળે અવકાશ હોવા છતાં તેનું જે અનુચ્ચારણ થાય તેની **लोप** સંજ્ઞા થાય છે' એમ સૂત્રાર્થ થશે.એટલે કે લોપ સંજ્ઞા અનુચ્ચારણમાત્રની નથી કરવામાં આવી પરંતુ જેનો પ્રસંગ હોવા છતાં અનુચ્ચારણ થાય તે લોપ સંજ્ઞાનો સંજ્ઞી છે. એમ અર્થ કરવાથી પ્રત્યયલક્ષણ પ્રતિષેધ નહીં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धमेतत्। कथम्। प्रसक्तादर्शनं लोपसंज्ञं भवतीति वक्तव्यम्। यदि प्रसक्तादर्शनं लोपसंज्ञं भवतीत्युच्यते ग्रामणीः सेनानीः अत्र वृद्धिः प्राप्नोति।। प्रसक्तादर्शनं लोपसंज्ञं भवति षष्ठीनिर्दिष्टस्य। यदि षष्ठीनिर्दिष्टस्येत्युच्यते चाहलोप एवेत्यवधारणे चादिलोपे विभाषा इत्यत्र लोपसंज्ञा न प्राप्नोति। अथ प्रसक्तादर्शनं लोपसंज्ञं भवतीत्युच्यमाने कथमिवैतत्सिध्यति। को हि शब्दस्य प्रसङ्गः। यत्र गम्यते चार्थो न च प्रयुज्यते। अस्तु तर्हि प्रसक्तादर्शनं लोपसंज्ञं भवतीत्येव। कथं ग्रामणीः सेनानीः। योऽत्राणः प्रसङ्गः क्विपासौ बाध्यते॥

प्रत्ययस्य लुक्श्लुलुपः ॥१।१।६१॥

એ સિદ્ધ થાય છે. કેવી રીતે ? (કારણ કે) જેનો પ્રસંગ હોય તેના અદર્શન (અનુચ્ચારણ) ની લોપ સંજ્ઞા થાય છે એમ કહેવું પડશે. જેનો પ્રસંગ હોય તેના અદર્શનની લોપ સંજ્ઞા થાય છે એમ કહેવામાં આવે તો આ **ग्रामणीः सेनानीः** માં વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે છે.[10] ષષ્ઠી દ્વારા જેનો નિર્દેશ કરવામાં આવ્યો હોય[11] અને જેનો પ્રસંગ હોય તેના અદર્શનની લોપ સંજ્ઞા થાય છે. જો ષષ્ઠી નિર્દિષ્ટનું (અદર્શન તે લોપ) એમ કહેવામાં આવે તો **चाहलोप एवेत्यवधारणम्। चादिलोपे विभाषा।**એ (સૂત્રો) માં લોપ સંજ્ઞા લાગુ નહીં પડે.[12] હવે જો પ્રસંગ હોય તેના અદર્શનની લોપ સંજ્ઞા થાય છે એમ કહેવામાં આવે તો એ (સૂત્રોમાં લોપ સંજ્ઞા) કેવી રીતે સિદ્ધ થશે ?[13] શબ્દનો પ્રસંગ એટલે શું ભલા ? જ્યાં અર્થ સમજાય પરંતુ (શબ્દ) ન પ્રયોજાય (તે પ્રસંગ).[14] તો પછી જેનો પ્રસંગ હોય તેના અદર્શનની જ ભલે સંજ્ઞા થાય.[15]તો પછી **ग्रामणीः सेनानीः** એ કેમ થશે ? અહીં જે **अण्** થવાનો પ્રસંગ આવે છે તેનો **क्विप्** દ્વારા બાધ થાય છે

પ્રત્યયના અદર્શનને **लुक्, श्लु, लुप्** કહે છે ॥૧।૧।૬૧॥

---

કરવો પડે, કારણ કે **त्रपु** વગેરેમાં **अण्** કે **क्विप्** નો પ્રસંગ જ નથી. હવે **प्रसक्त** નો અર્થ ક્યાંથી આવ્યો ? જેમ **इति** ની અનુવૃત્તિ સ્વીકારી છે તેમ **स्थानिवदादेशः॰** માંથી **स्थानी** ની અનુવૃત્તિ સ્વીકારવાથી એ અર્થ થશે, કારણ કે **स्थानी** એટલે **प्रसक्त**, જેનો પ્રસંગ હોય, જેને શાસ્ત્ર કે અર્થ દ્વારા અવકાશ હોય તે.[**स्थाने इत्यनुवर्तते। तदर्थश्च प्रसङ्गे इति। प्रसक्तस्यानुच्चारणं लोपसंज्ञं स्यात्।** શ.કૌ (પૃ.૨૫૬)] જેમ કે **गोधायाः द्रक्--गौधा एय्** અહીં **य्** નો લોપ થાય છે. તે શાસ્ત્રદ્વારા જેનો પ્રસંગ હોય તેનું અનુચ્ચારણ(**लोप**) છે.જ્યારે **न चाहाहै॰** માં પરિગણિત **च वा ह** વગેરેનો **चादिलोपे विभाषा।** પ્રમાણે લોપ થતાં પ્રથમ વાક્યમાં **तिङ्** વિભક્તિ વિકલ્પે અનુદાત્ત થતી નથી.જેમ કે **व्रीहिभिर्यजेत। यवैर्यजेत।** અને **शुक्ला व्रीहयो भवन्ति। श्वेता गा आज्याय दुहन्ति।** અહીં અનુક્રમે **वा** અને **च** લોપ થવા છતાં અર્થ સમજાય છે તથા પ્રથમ વાક્યના **यजेत** અને **भवन्ति** માં વિકલ્પે નિઘાત થાય છે. આ બે અર્થ દ્વારા અનુચ્ચારણ પ્રસંગનાં દૃષ્ટાન્ત છે.

[10] માત્ર પ્રસક્ત હોય તેનું અનુચ્ચારણ લોપસંજ્ઞક થાય તો **ग्रामणीः** વગેરેમાં વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે, કારણ કે તેમાં **ग्राम** એ કર્મ, **नी** એ ધાતુ અને કર્તાનો અર્થ એ સર્વ સામગ્રી હાજર હોવાથી **कर्मण्यण्।** પ્રમાણે **अण्** નો પ્રસંગ છે પરંતુ તેનું અનુચ્ચારણ (**अदर्शन**) છે તેથી લોપ સંજ્ઞા લાગુ પડવાથી પ્રત્યયલક્ષણથી વૃદ્ધિ થવાનો પ્રસંગ આવશે.

[11] અહીં **षष्ठीस्थाने योगा।** માંથી **षष्ठी** ની પણ અનુવૃત્તિ થાય છે. તેની વિભક્તિ બદલીને **प्रसक्तस्य** ને તેના વિશેષણ તરીકે લઇને **प्रसक्तस्य षष्ठ्यन्तस्य अदर्शनं लोपः।** એમ યોજના કરીશું.

[12] લોપ સંજ્ઞા ન થવાથી **भवन्ति** માં નિઘાતનો વિકલ્પ પ્રાપ્ત નહીં થાય.

[13] **चादि** નો લોપ થાય છે ત્યાં શાસ્ત્રને કારણે અનુચ્ચારણનો પ્રસંગ હોય તો શંકાકાર કહે છે તે પ્રમાણે લોપ સંજ્ઞા ન થઇ શકે પરંતુ ત્યાં તો અર્થને કારણે અનુચ્ચારણનો પ્રસંગ છે તેથી લોપ સંજ્ઞા અવશ્ય થશે અને **यजेत** તથા **भवन्ति** માં વિકલ્પે નિઘાત નહીં થાય.

[14] માત્ર શાસ્ત્રને કારણે જ નહીં પણ અર્થને કારણે અનુચ્ચારણનો પ્રસંગ હોય તેનું ગ્રહણ થાય છે. તે એ રીતે કે અર્થસમજાય છે છતાં તેનો વાચક શબ્દ ન પ્રયોજાય એટલે કે તેનું અનુચ્ચારણ થાય તે **प्रसङ्ग**. તેથી દોષ ઊભો રહેશે.

[15] **षष्ठीनिर्दिष्टस्य** એ ન લઇએ તો **ग्रामणीः** માં **अण्** નો પ્રસંગ આવશે એમ કહેવું યોગ્ય નથી, કારણ કે બે વૈકલ્પિક વિધાનોમાંથી એકનો અમલ થયા પછી તે જ પ્રયોગમાં બીજા વિકલ્પનું વિધાન કરનાર શાસ્ત્રનું પ્રામાણ્ય રહેતું નથી અહીં **सत्सूद्विषद्रुहदुहयुज॰** સૂત્ર દ્વારા **क्विप्** નું વિધાન કરવામાં આવ્યું છે તે **कर्मण्यण्।** નો અપવાદ છે તેથી '**परिहृतापवादविषयमुत्सर्गः प्रवर्तते।** અપવાદના પ્રદેશને છોડીને ઉત્સર્ગ અમલી બને છે' એ ન્યાયે અહીં **अण्** નો પ્રસંગ જ નથી પરિણામે **क्विप्** પ્રત્યય **अण्** નો બાધ કરશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्ययग्रहणं किमर्थम् ।

लुमति प्रत्ययग्रहणमप्रत्ययसंज्ञाप्रतिषेधार्थम् ॥ १ ॥

लुमति प्रत्ययग्रहणं क्रियतेऽप्रत्ययस्यैताः संज्ञा मा भूवन्निति ॥ किं प्रयोजनम् ॥

प्रयोजनं तद्धितलुकि कंसीयपरशव्ययोर्लुकि च गोप्रकृतिनिवृत्त्यर्थम् ॥ २ ॥

तद्धितलुकि गोनिवृत्त्यर्थं कंसीयपरशव्ययोश्च प्रकृतिनिवृत्त्यर्थम् । लुक्तद्धितलुकि इति गोरपि लुक्प्राप्नोति । प्रत्ययग्रहणान्न भवति ।

(સૂત્રમાં) પ્રત્યય (શબ્દ)નું ગ્રહણ શા માટે કર્યું છે ? [16]

लु જેમાં છે તે (સૂત્ર) માં પ્રત્યયનું ગ્રહણ, જે પ્રત્યય ન હોય તે (ને થતી સંજ્ઞા) નો પ્રતિષેધ કરવા માટે છે ॥१॥

लु જેમાં છે તે (लुक्, श्लु लुप् સંજ્ઞા સૂત્ર) માં પ્રત્યય (શબ્દ) નું ગ્રહણ એ માટે કર્યું છે કે તેથી જે પ્રત્યય ન હોય તેની એ (लुक् વગેરે) સંજ્ઞા ન થાય. [17]

(તેમ કરવાનું ) શું પ્રયોજન (છે) ?

એ પ્રયોજન કે તદ્ધિતનો लुक् થતાં गो (પ્રકૃતિ) નો लुक् (થતો નિવારવો ) , कंसीय અને परशव्य (ના પ્રત્યય) નો लुक् થતાં પ્રકૃતિનો (लुक्) નિવારવો ॥२॥

તદ્ધિતનો लुक् થાય ત્યારે પ્રકૃતિ गो નો लुक् થતો અટકાવવા માટે અને कंसीय તેમ જ परशव्य માં (પ્રત્યયનો लुक् થતાં) પ્રકૃતિ (कंसीय , परशव्य ) નો लुक् ન થાય તે માટે (પ્રત્યયગ્રહણ આવશ્યક છે). लुक् तद्धितलुकि । પ્રમાણે गो (પ્રકૃતિ) નો लुक् થવાનો પ્રસંગ આવે છે, [18] પરંતુ પ્રત્યય (શબ્દ) નું (સૂત્રમાં) ગ્રહણ કરવાથી નહીં થાય.

---

[16] लुक् વગેરે વિધિમાં પ્રત્યયનું અદર્શન થાય છે તે માટે સૂત્રમાં प्रत्यय શબ્દનું ગ્રહણ કર્યું છે એમ કહેવું બરાબર નથી , કારણ કે लुक् વગેરે ને લગતા વિધિઓમાં કોઇ વાર (જેમ કે लुगणिञोः । માં) પ્રત્યયનો સાક્ષાત્ નિર્દેશ હોય છે અને કોઇ વાર (જેમ કે लुग्वसदुहदिह- लिह० માં) પ્રત્યયની અનુવૃત્તિ થાય છે.

[17] लुमति એટલે કે लु એ શબ્દયુક્ત लुक् ,श्लु અને लुप् એ સંજ્ઞાઓ જેમાં છે તે પ્રસ્તુત સૂત્ર. તેમાં સૂત્રકારે પ્રત્યય શબ્દનું ગ્રહણ કર્યું છે તે પ્રત્યય ન હોય (अप्रत्यय) તેના પ્રતિષેધ માટે કર્યું છે તેમ કહેવું યોગ્ય નથી, કારણ કે આ સૂત્રમાં अदर्शन ની અનુવૃત્તિ થાય છે પરિણામે એ અદર્શનની જ આ સંજ્ઞાઓ થાય છે. એથી એ અપ્રત્યયની સંજ્ઞા કેવી રીતે થઇ શકે ! આ પ્રકારની શંકાને લક્ષ્યમાં રાખીને કૈ. अप्रत्यय શબ્દને अविद्यमानः प्रत्ययः यस्मिन् अदर्शने જે અદર્શનમાં પ્રત્યય ન હોય તે अप्रत्यय . બીજી રીતે કહેતાં જેમાં પ્રત્યય સિવાયનાનું અનુચ્ચારણ થયું હોય તે અદર્શનને लुक् વગેરે સંજ્ઞા ન થાય તે માટે સૂત્રમાં अप्रत्यय શબ્દનું ગ્રહણ કર્યું છે. એમ કહેવા માગે છે. વાસ્તવમાં अदर्शन એટલે અશ્રવણ, અનુચ્ચારણ તેમ જ અભાવ. જેમ કે लोपो व्यो० અર્થાત્ वल् પર થતાં य् અને व् નું ઉચ્ચારણ ન કરવું જોઇએ. આમ लोप શબ્દ અભાવનો અર્થ દર્શાવાય છે થાય છે, કારણ કે જે વિદ્યમાન હોય તેનું ઉચ્ચારણ ન થાય તે શક્ય નથી. તેથી નાગેશ કહે છે કે अवसान સૂત્રમાં કહેશે તે રીતે આ સંજ્ઞાઓ પ્રત્યયના અભાવની જ છે.

[18] તદ્ધિતનો लुक् થયો હોય ત્યારે लुक्तद्धित० (૧-૨-૪૯) પ્રમાણે ઉપસર્જનભૂત સ્ત્રીપ્રત્યયનો પણ लुक् થાય છે. અહીં गोस्त्रियोरुप- सर्जनस्य । (૧-૨-૪૮) માંથી गोस्त्रियोः એ સમુદાયની અનુવૃત્તિ થતાં તદ્ધિતનો लुक् થાય ત્યારે गो એ પ્રકૃતિનો પણ लुक् થવાનો પ્રસંગ આવે છે, પરંતુ પ્રકૃત સૂત્રમાં પ્રત્યય શબ્દનું ગ્રહણ કર્યું હોય તો તે પ્રસંગ નહીં આવે. गोस्त्रियो० સૂત્રમાં स्त्री શબ્દ સ્વરિતગુણ-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कंसीयपरशव्ययोर्यञञौ लुक् च। इति प्रकृतेरपि लुक्प्राप्नोति। प्रत्ययग्रहणान्न भवति। गोनिवृत्त्यर्थेन तावन्नार्थः॥

योगविभागात्सिद्धम्॥३॥

योगविभागः करिष्यते। गोरुपसर्जनस्य। गोऽन्तस्य प्रातिपदिकस्योपसर्जनस्य ह्रस्वो भवति। ततः स्त्रियाः। स्त्रीप्रत्ययान्तस्य

कंसीयपरशव्ययोर्यञञलुक् च। પ્રમાણે પ્રકૃતિનો પણ લુક્ થવાનો પ્રસંગ આવે છે, પણ (સૂત્રમાં) પ્રત્યયનું ગ્રહણ કરવાથી નહીં થાય.[19]गो નો લુક્ અટકાવવા માટે તો (પ્રત્યય ગ્રહણ ) કરવાની જરૂર નથી.

યોગવિભાગ કરવાથી (તે) સિદ્ધ થાય છે ॥૩॥

(અહીં) યોગવિભાગ કરવામાં આવશે : गोरुपसर्जनस्य। (એમ એક ભાગ) અર્થાત્ ઉપસર્જનભૂત गो શબ્દ જેને અન્તે હોય તેવા પ્રાતિપદિકનો હ્રસ્વ થાય છે. [20] તે પછી स्त्रियाः। એમ (સૂત્ર કરીશું), એટલે કે ઉપસર્જનભૂત સ્ત્રીપ્રત્યયાન્ત જેને અન્તે હોય તેવા

---

યુક્ત છે તેથી स्त्रियाम्। અધિકાર નીચે જેનું વિધાન કરવામાં આવ્યું છે તેવા સ્ત્રી પ્રત્યયનું અહીં ગ્રહણ થશે. તેનો તદન્તવિધિ થતાં પ્રત્યયાન્ત એટલે કે પ્રકૃતિ સહિત પ્રત્યયનો લુક્ થવાનોપ્રસંગ આવે છે. તે નિવારવા માટે પ્રકૃત સૂત્રમાં प्रत्यय શબ્દનું ગ્રહણ કરવું જરૂરી છે એમ ન કહેતાં માત્ર गो ની નિવૃત્તિ માટે એમ શા માટે કહ્યું છે ? એ પ્રકારની શંકાને લક્ષમાં રાખીને કૈ. કહે છે કે पंचेन्द्रः જેવાં સ્થળે તો लुक्तद्धित० માંથી स्त्री અર્થાત્ स्त्री પ્રત્યયની અનુવૃત્તિ થાય છે. એ રીતે लुक्तद्धित० માં પ્રત્યયનો નિર્દેશ થતો હોવાથી निर्दिश्यमानस्यादेशाः भवन्ति। એ ન્યાય પ્રમાણે સ્ત્રીપ્રત્યયનો જ (એટલે કે ङीष् પ્રત્યય અને आनुक् આગમ નો) लुक् થશે, પ્રત્યયાન્ત(इन्द्राणी) નો નહીં થાય. પરંતુ गो ની નિવૃત્તિ માટે તો સૂત્રમાં પ્રત્યય શબ્દનું ગ્રહણ કરવું પડશે. અહીં શંકાકાર કહે છે કે તત્પુરુષમાં गो ને टच् નું વિધાન કરનાર गोरतद्धितलुकि। માં अतद्धितलुकि એમ જે પ્રતિષેધ કર્યો છે તેથી જ્ઞાપન થાય છે કે સૂત્રમાં પ્રત્યયગ્રહણ ન કર્યું હોય તો પણ गो પ્રકૃતિનો लुक् થતો નથી. पञ्चभिः गोभिः क्रीतः पञ्चगुः (पटः). અહીં क्रीताद्यर्थ માં થએલ ठक् નો अध्यर्द्धपूर्वद्विगो० થી लुक् થતાં સમાસને અંતે गो શબ્દ નથી રહેતો તેથી એ સૂત્ર પ્રમાણે टच् સમાસાન્ત પ્રાપ્ત થતો જ નથી તેથી જે પ્રતિષેધ કર્યો છે તે નિરર્થક થઇને જ્ઞાપન કરે છે કે गो શબ્દનો लुक् થતો નથી.પરંતુ એમ કહેવું યોગ્ય નથી, કારણ કે સમાસાન્તે टच् કર્યા પછી પણ પર હોવાથી लुक् થઇ શકે તેથી પ્રતિષેધ નિરર્થક થઇને જ્ઞાપન કરે છે કે गो શબ્દનો लुक् થતો નથી. વાસ્તવમાં टच् સમાસાન્ત થાય તે પૂર્વે જ लुक् થાય છે તે નિવારવા गोरतद्धित० સૂત્રમાં કરેલો પ્રતિષેધ સાર્થક થશે.પરિણામે જ્ઞાપન નહીં થાય તેથી गो નો लुक् નિવારવા માટે સૂત્રમાં प्रत्यय શબ્દનું ગ્રહણ કરવું પડશે.

[19] कम् ધાતુને वृतृवदिवसिहनिकमिकषिभ्यः सः। (ઉ.સૂ.૩૪૨) થી स લાગીને कंस થાય છે અને परान् शृणाति એ અર્થમાં आङ्परयोः खनिशृभ्यां डिच्च। (ઉ.સૂ.૩૩) થી उ લાગીને परशुः થયો છે. ત્યાર બાદ प्राक्क्रीताच्छः। એ અધિકાર નીચેના तस्मै हितम्। થી छ (ईय्) લાગીને कंसीय તથા परशु ને उगवादिभ्यो यत्। થી यत्--ओर्गुणः। થી ગુણ--परशो य--वान्तो यि ०--परशव्य થતાં तस्य विकारः। એ અર્થમાં कंसीयपरशव्ययोर्यञञौ लुक् च। થી कंसीय ને यञ् અને परशु ને अञ् લાગીને તેનો लुक् થાય છે. અહીં સમુદાયનો ષષ્ઠી દ્વારા નિર્દેશછે તેથી પ્રકૃતિનો પણ लुक् થવાનો પ્રસંગ આવે છે પરંતુ પ્રકૃત સૂત્રમાં प्रत्यय શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તો પ્રકૃતિનો લોપ નહીં થાય. તેથી कांस्य અને पारशव સિદ્ધ થશે.

[20] गोरुपसर्जनस्य એમ એક યોગ થશે.અહીં ह्रस्वो नपुंसके० એ પૂર્વ સૂત્રમાંથી ह्रस्वः ની અનુવૃત્તિ થાય છે તેથી 'ઉપસર્જનભૂત गो શબ્દાન્ત પ્રાતિપદિકનો હ્રસ્વ થાય છે' એમ સૂત્રાર્થ થશે. चित्रा गावोऽस्य चित्रगुः। અહીં गो શબ્દ प्रथमानिर्दिष्टं समास उपसर्जनम्। પ્રમાણે ઉપસર્જન છે તેથી गोरुपसर्जनस्य એ યોગવિભાગ પ્રમાણે ઉપસર્જન गो શબ્દ સમાસને અંતે છે તેથી एच इग्घ्रस्वादेशे। પ્રમાણે ओ નો હ્રસ્વાદેશ उ થઇને चित्रगुः થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रातिपदिकस्योपसर्जनस्य ह्रस्वो भवति। ततो लुक्तद्धितलुकीति स्त्रिया इति वर्तते गोरिति निवृत्तम्॥

**कंसीयपरशव्ययोर्विशिष्टनिर्देशात्सिद्धम्॥४॥**

**कंसीयपरशव्ययोरपि विशिष्टनिर्देशः कर्तव्यः। कंसीयपरशव्ययोर्यञञौ भवतश्छयतोश्च लुग्भवतीति। स चावश्यं विशिष्टनिर्देशः कर्तव्यः। क्रियमाणेऽपि वै प्रत्ययग्रहण उकारसशद्वयोर्माभूदिति। कमेः सः कंसः। पराञ्शृणातीति परशुरिति। नैष दोषः। उणादयोऽव्युत्पन्नानि प्रातिपदिकानि। स एषोऽनन्यार्थो विशिष्टनिर्देशः कर्तव्यः प्रत्ययग्रहणं वा कर्तव्यम्॥**

પ્રાતિપદિકનો હ્રસ્વ થાય છે.[21] ત્યાર બાદ **लुक् तद्धितलुकि।** એ (સૂત્ર) છે. તેમાં (ઉત્તર સૂત્રમાંથી **स्त्रियाः।** ની અનુવૃત્તિ થાય છે (પણ) **गो** (શબ્દ)ની અનુવૃત્તિ નથી થતી. [22]

**कंसीय** અને **परशव्य** ની બાબતમાં વિશેષ નિર્દેશ કરવાથી સિદ્ધ થશે॥૪॥

**कंसीय** અને **परशव्य** એ બે (ની બાબતમાં) પણ વિશેષ નિર્દેશ કરવો પડશે, એટલે કે **कंसीय** અને **परशव्य** એ શબ્દોને અનુક્રમે **यञ्** અને **अञ्** એ બે પ્રત્યય લાગે છે અને **छ** તથા **यत्** એ બેનો **लुक्** થાય છે એમ (નિર્દેશ કરવો પડશે) અને એ વિશિષ્ટ નિર્દેશ અવશ્ય કરવો પડશે, જેથી (પ્રસ્તુત સૂત્રમાં ) પ્રત્યયનું ગ્રહણ કરવા છતાં પણ **कम्** ને **स** થઇને **कंसः** (થયો છે) અને **पराञ्शृणाति** એ અર્થમાં (**उ** થઇને) **परशुः** (થયો છે) તેમાં **उ**-કાર અને **स**-કારનો (**लुक्** ) ન થાય. [23] એ દોષ નથી (આવતો), (કારણ કે) **उणादि** (પ્રત્યયાન્ત શબ્દો) અવ્યુત્પન્ન પ્રાતિપદિકો છે.[24] તેથી એ વિશેષ નિર્દેશ બીજા કોઇને ખાતર નહીં [25] (પણ **कंसीय** અને **परशव्य** એ બે પ્રકૃતિને માટે) કરવો પડશે અથવા પ્રત્યય ગ્રહણ કરવું પડશે.

---

[21] ત્યાર બાદ **स्त्रियाः** એટલો યોગ થશે. તેમાં **उपसर्जनस्य** અને **ह्रस्वः** ની અનુવૃત્તિ થતાં ઉપસર્જનભૂત સ્ત્રીપ્રત્યયાન્ત જેને અંતે હોય તેવા પ્રાતિપદિકનો સમાસમાં હ્રસ્વ થાય છે એમ અર્થ સમજાશે. **निष्क्रान्तः कौशाम्ब्याः निष्कौशाम्बिः।** અહીં અપાદાનભૂત **कौशाम्ब्याः** એ **पंचम्यन्त एकविभक्ति चापूर्वनिपाते।** પ્રમાણે ઉપસર્જન છે તેથી **निरादयः क्रान्ताद्यर्थे पंचम्या।** એ સૌનાગ વાર્તિક પ્રમાણે સમાસ કરતાં **कौशाम्बी** એ સ્ત્રી પ્રત્યયાન્ત પદ સમાસરૂપ પ્રાતિપદિકને અંતે આવેલ હોવાથી **गोस्त्रियोः** એટલે કે યોગવિભાગ કરતાં માત્ર **स्त्रियाः** એટલા યોગથી હ્રસ્વ થતાં **निष्कौशाम्बिः** સમાસ મળે છે.

[22] **लुक्** સંજ્ઞા તો પ્રત્યયના અદર્શનની કરવામાં આવી છે પરંતુ **गोस्त्रियोः०** માં **गो** શબ્દ અવ્યુત્પન્ન પ્રાતિપદિક હોવાથી તેમાં પ્રકૃતિ-પ્રત્યય વિભાગ ન હોય. તેથી **गो** ની અનુવૃત્તિ નહીં થાય. તેને વ્યુત્પન્ન પ્રાતિપદિક ગણવામાં આવે તો પણ તે સ્વરિતયુક્ત નથી તેથી અનુવૃત્તિ નહીં થાય પણ **स्त्री** એ પદ સ્વરિત કરેલ છે તેથી **स्त्रियाः** ની ઉત્તર સૂત્રમાં અનુવૃત્તિ થશે.

[23] એટલે કે **कंसीयपरशव्ययोः०** સૂત્રમાં **छ** અને **यत्** નો વિશિષ્ટ નિર્દેશ કરવો જોઇએ જેથી **कंसीय** અને **परशव्य** માં અનુક્રમે **यञ्** અને **अञ्** પ્રત્યય લાગે છે અને **छ** તથા **यत्** નો **लुक्** થાય છે તેમ સૂત્ર સમજાશે. એ વિશિષ્ટ નિર્દેશને પરિણામે માત્ર **छ** અને **यत्** નો જ **लुक्** થશે અને પ્રકૃત સૂત્રમાં પ્રત્યય શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તો પણ ઉણાદિ પ્રત્યય **स्** અને **उ** નો **लुक्** નહીં થાય.

[24] **विष्वग्देव०** સૂત્રમાં '(**अञ्चतौ**) **वप्रत्यये** અર્થાત્ **व** પ્રત્યય જેને અંતે હોય તેવો **अञ्च्** ધાતુ પર હોય ત્યારે' એમ કહીને સૂત્રકારે જ્ઞાપન કર્યું છે કે અન્યત્ર (અર્થાત્ તે સૂત્ર સિવાય બીજે) સૂત્રમાં સપ્તમી વ્દારા ધાતુનો નિર્દેશ કર્યો હોય ત્યાં તદાદિનું પણ ગ્રહણ થાય છે. તેથી **कम्** ધાતુનું સૂત્રમાં ગ્રહણ કર્યું હોય ત્યારે તદાદિ **कंस** શબ્દનું પણ ગ્રહણ થાય પરંતુ **अतः कृकमि०** માં સૂત્રકારે **कम्** અને **कंस** એ બન્ને શબ્દોનું ગ્રહણ કર્યું છે તેથી જ્ઞાપન થાય છે કે **उणादि** પ્રત્યય લગાડીને વ્યુત્પન્ન કરેલ પ્રાતિપદિકો અવ્યુત્પન્ન છે, તેમાં પ્રકૃતિ અર્થાત્ ધાતુ અને પ્રત્યય એમ વિભાગ પ્રાપ્ત થતો નથી.આમ પ્રકૃતિ-પ્રત્યયનો ભેદ ન થવાથી **कंस** માં **स** અને **परशु** માં **उ** લોપ થવાનો પ્રશ્ન જ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उक्तं वा ॥५॥

किमुक्तम्। ङ्याप्प्रातिपदिकग्रहणमङ्गभपदसंज्ञार्थं यच्छयोश्च लुगर्थमिति।

षष्ठीनिर्देशार्थं तु ॥६॥

षष्ठीनिर्देशार्थं तर्हि प्रत्ययग्रहणं कर्तव्यम्। षष्ठीनिर्देशो यथा प्रकल्पेत॥

अनिर्देशे हि षष्ठ्यर्थाप्रसिद्धिः ॥७॥

अक्रियमाणे हि प्रत्ययग्रहणे षष्ठ्यर्थस्याप्रसिद्धिः स्यात्। कस्य। स्थानेयोगत्वस्य॥

અથવા કહ્યું છે ॥૫॥

શું કહ્યું છે ? ङ्याप्प्रातिपदिकात्।(એ સૂત્રમાં ङी , आप् અને प्रातिपदिक નું ગ્રહણ કર્યું છે તે અંગસંજ્ઞા, भ સંજ્ઞા તથા पद સંજ્ઞા (થાય તે) માટે અને यत् તેમ જ छ નો लुक् થાય તે માટે છે. [26]

તો પછી ષષ્ઠીનિર્દેશ (થઇ શકે તે) માટે (સૂત્રમાં પ્રત્યયગ્રહણ કરવું પડશે) ॥૬॥

ષષ્ઠીનિર્દેશ માટે (સૂત્રમાં) પ્રત્યયગ્રહણ કરવું પડશે, [27] જેથી ષષ્ઠી વિભક્તિદ્વારા નિર્દેશ થઇ શકે.

કારણ કે નિર્દેશ ન કર્યો હોય તો ષષ્ઠીનો અર્થ પ્રાપ્ત નથી થતો ॥૭॥

જો (સૂત્રમાં) પ્રત્યય (શબ્દનું) ગ્રહણ કરવામાં ન આવે તો ષષ્ઠીના અર્થની પ્રતીતિ નહીં થાય. (ષષ્ઠીના) કયા (અર્થ)ની ? (ષષ્ઠીનો ) સ્થાન સાથે સંબંધ છે તે (અર્થ) .

---

[25] अनन्यार्थम् (अन्य સિવાયનાને માટે). अन्य શબ્દ અહીં પ્રત્યય માટે પ્રયોજાયો છે. कंसीयपरशव्ययोः० માં यञ् અને अञ् નું વિધાન કર્યું છે તેમ જ સમુદાયનો ષષ્ઠી વ્દારા નિર્દેશ કર્યો છે, પંચમી વ્દારા નથી કર્યો તેથી તે બેનો लुक् નથી થતો.તે (અર્થાત્ પ્રકૃતિ) સિવાયનો જે હોય તે अन्य , એટલે કે પ્રત્યય. હવે પ્રકૃતિ અને પ્રત્યય એ બેના સંદર્ભમાં જે अन्य ન હોય તે, એટલે કે પ્રત્યય ન હોય તે अनन्य અર્થાત્ પ્રકૃતિ. આમ अनन्यार्थ એટલે 'પ્રકૃતિ(નો लुक् ન થાય તે) માટે' એમ અર્થ સમજાશે. આથી વિશિષ્ટ નિર્દેશ પ્રકૃતિને માટે જ કરવો પડશે. यञ् , अञ् સિવાયના અન્ય પ્રત્યયનો लुक् થતો અટકાવવા માટે નહીં એમ ભાવ છે.

[26] ङ्याप्प्रातिपदिकात्। સૂત્રના ભાષ્યમાં આ વાર્તિક છે અને અહીં જે ચર્ચા છે તે પણ ત્યાં છે. प्रातिपदिकात् એ પંચમી નિર્દેશ છે તેથી 'ङ्याप्प्रातिपदिकात् परस्य लुक्' એમ અર્થ થશે, પરંતુ ઉણાદિ અવ્યુત્પન્ન પ્રાતિપદિક છે તેથી उ અને स એ પ્રાતિપદિકની પર ન કહેવાય. પરિણામે તેમનો લોપ થવાનો પ્રશ્ન જ નથી. બાકી રહ્યા कंसीय અને परशव्य એ પ્રાતિપદિકની પર જે छ અને यत् પ્રત્યય છે તેમનો જ लुक् થશે તેમ સમજાય છે. આમ પ્રકૃતિ નો लुक् થવા રૂપી દોષ નથી રહેતો., કારણ કે અહીં પ્રકૃતિ શબ્દ कंसीय અને परशव्य માટે પ્રયોજ્યો છે પરંતુ लुक् એ પદ પ્રત્યયના લોપ માટે જ છે તો પછી પ્રકૃતિનો લોપ કેવી રીતે થાય ? એ પ્રકારની શંકા અનુચિત છે કારણ કે ङ्याप्प्रातिपदिकात्। ઉપરની यच्छयोश्च लुगर्थम्। (વા) નો 'यत् અને छ ના પ્રકૃતિ कंसीय અને परशव्य એ બે શબ્દો છે તેના અવયવભૂત (स અને उ) પ્રત્યયનો પણ ( लुक् થશે)' એમ અર્થ છે. તેથી 'कंसीय અને परशव्य માં જે પ્રાતિપદિકની પર છે તે ભાગનો (એટલે કે छ અને यत् નો) लुक् થાય છે પરંતુ પ્રકૃતિભૂત ભાગનો નહીં એમ સમજાય છે'(હ૨.). નહીં તો उ અને स નો लुक् થાય. આમ હોવાથી अप्रत्यय (અર્થાત્ अनन्य) નો लुक् નિવારવા માટે પ્રકૃત સૂત્રમાં प्रत्यय ગ્રહણ કરવાની જરૂર નથી.

[27] સ્વસ્વામિભાવાદિ ષષ્ઠીના અનેક અર્થ છે તેમાંથી સ્થાન રૂપી તેના વિશિષ્ટ અર્થનો નિર્દેશ થઇ શકે તે માટે પ્રત્યયનું ગ્રહણ કરવું પડશે જેથી प्रत्ययस्य એટલે પ્રત્યયના સ્થાને એમ અર્થ સમજી શકાય.પરંતુ એ ગ્રહણ ન કર્યું હોય તો આનન્તર્ય વગેરે ગમે તે અર્થ થવાથી जनपदे लुक्। પ્રમાણે पञ्चालानां निवासो जनपदः पाञ्चालाः માં ठक् નો लुप् થાય છે તેમ शोभनाः पाञ्चालाःમાં જનપદવાચી पञ्चाल થી અનન્તર રહેલ शोभन વગેરેનો પણ लुप् થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

क्व पुनरिह षष्ठीनिर्देशार्थेनार्थः प्रत्ययग्रहणेन यावता सर्वत्रैव षष्ठ्युच्चार्यतेऽणिञोस्तद्राजस्य यञञोः शप इति। इह न काचित्षष्ठी जनपदे लुप् इति। अत्रापि प्रकृतं प्रत्ययग्रहणमनुवर्तते। क्व प्रकृतम्। प्रत्ययः परश्च इति। तद्वै प्रथमानिर्दिष्टं षष्ठीनिर्दिष्टेन चेहार्थः। ङ्याप्प्रातिपदिकात् इत्येषा पञ्चमी प्रत्यय इति प्रथमायाः षष्ठीं प्रकल्पयिष्यति तस्मादित्युत्तरस्य इति। प्रत्ययविधिरयं न च प्रत्ययविधौ पञ्चम्यः प्रकल्पिका भवन्ति। नायं प्रत्ययविधिः। विहितः प्रत्ययः प्रकृतश्चानुवर्तते॥

सर्वादेशार्थं वा वचनप्रामाण्यात्॥८॥

પરંતુ अञिञोः। तद्राजस्य। यञञोः। शपः।[28] એમ જ્યારે બધે ષષ્ઠીનું ઉચ્ચારણ કરવામાં આવે છે તો પછી અહીં ષષ્ઠીનિર્દેશ માટે પ્રત્યયગ્રહણ કરવાની ક્યાં જરૂર છે ? આ जनपदे लुक्। (સૂત્ર) માં ષષ્ઠી નથી. જે પ્રસ્તુત છે તે પ્રત્યયગ્રહણની અહીં પણ અનુવૃત્તિ થાય છે.[29] (એ પ્રત્યયગ્રહણ) ક્યાં પ્રસ્તુત છે ? प्रत्ययः। परश्च। એ (સૂત્રો) માં.પરંતુ ત્યાં તો પ્રથમા વ્દારા નિર્દેશ છે,[30] જ્યારે અહીં તો જેનો ષષ્ઠી વ્દારા નિર્દેશ હોય તેની જરૂર છે . ङ्याप्प्रातिपदिकात्। (સૂત્રમાં) જે પંચમી છે તે तस्मादित्युत्तरस्य। એ (પરિભાષા) પ્રમાણે પ્રથમાની ષષ્ઠી બનાવશે.[31] પરંતુ આ તો પ્રત્યય વિધિ છે અને પ્રત્યયવિધિમાં પંચમી (અન્ય વિભક્તિને ષષ્ઠીમાં) ફેરવી શકતી નથી .[32] (પણ) આ પ્રત્યય વિધિ નથી, પ્રત્યયનું વિધાન તો કરેલું છે અને જે પ્રસ્તુત છે તેની (जनपदे लुक्। માં) અનુવૃત્તિ થાય છે.

તો પછી (શાસ્ત્રમાં) કહ્યું છે તે પ્રમાણે સર્વાદેશ થાય તે માટે (પ્રત્યયગ્રહણ કરવું પડશે) ॥૮॥

---

[28] ण्यक्षत्रियार्षञितो यूनि लुगणिञोः। પ્રમાણે अण् અને इञ् નો लुक् થાય છે ત્યાં अणिञोः એ ષષ્ઠીનિર્દેશ છે. तद्राजस्य बहुषु तेनैवास्त्रियाम्। પ્રમાણે तद्राज સંજ્ઞક પ્રત્યયોના लुक् નો ષષ્ઠી વ્દારા નિર્દેશ છે. यञञोश्च। અને अदिप्रभृतिभ्यः शपः। માંપણ ષષ્ઠીનિર્દેશ છે. તેથી ત્યાં તે તે પ્રત્યયનો જ लुक् થશે. ટૂંકમાં જ્યાં જ્યાં लुक् નું વિધાન કર્યું છે ત્યાં ત્યાં ષષ્ઠીનિર્દેશ છે જ (જેમ કે यङः,सिचः , लेः, सुपः વગેરે) પછી ષષ્ઠીનિર્દેશ માટે સૂત્રમાં प्रत्ययस्य નું ગ્રહણ કરવાનો કોઇ અર્થ નથી એમ અહીં કહેવા માગે છે.

[29] તેથી જ लवणाल्लुक्। એ સૂત્રમાં तेन संसृष्टम्। એ અર્થમાં ठक् પ્રકૃત છે (लवणेन संसृष्टः लवणः सूपः) તેથી તેનો જ लुक् થાય છે. આમ અનુવૃત્તિને કારણે પણ પ્રત્યય વગેરે પ્રકૃત હોઇ શકે છે. તે રીતે जनपदे लुक्। માં પણ પ્રત્યયનું ગ્રહણ ન હોવા છતાં અનુવૃત્તિ વ્દારા તે મેળવી શકાશે તેથી પ્રકૃત સૂત્રમાં प्रत्यस्य નું ગ્રહણ કરવાની જરૂર નથી એમ કહેવા માગે છે.

[30] प्रत्ययः। (परश्च।) માં જે પ્રત્યયગ્રહણ છે તેનો પ્રથમા વિભક્તિ વ્દારા નિર્દેશ છે જ્યારે અહીં लुक् ના સંદર્ભમાં 'પ્રત્યયનો (प्रत्ययस्य)' એ અર્થમાં ષષ્ઠ્યન્ત નિર્દેશની જરૂર છે. તેથી પ્રકૃત સૂત્રમાં प्रत्ययः ની અનુવૃત્તિ થવા છતાં ઇષ્ટ સિદ્ધિ નહીં થઇ શકે. પરિણામે તે માટે સૂત્રમાં प्रत्ययस्य નું ગ્રહણ કરવું પડશેએમ શંકાકાર કહેવા માગે છે.

[31] ङ्याप्प्राति ० માં प्रातिपदिकात् એમ જે પંચમી પ્રયોજી છે તે प्रत्ययः એ પ્રથમાને प्रत्ययस्य એમ ષષ્ઠીમાં ફેરવી શકશે, કારણ કે અહીં तस्मादित्युत्तरस्य। એ પરિભાષા સૂત્ર અમલી થશે અને प्रातिपदिकात् (उत्तरस्य) प्रत्ययस्य એમ અર્થ સમજાશે અને अत्रिभृगुकुत्स० તથા लवणाल्लुक्। એ સૂત્રમાં પંચમી પ્રથમાને ષષ્ઠીમાં ફેરવી શકશે. તેથી પ્રસ્તુત સૂત્રમાં प्रत्ययस्य નું ગ્રહણ કરવાની જરૂર રહેતી નથી.

[32] શંકાકાર કહે છે કે तस्मादित्युत्तरस्य। એ પરિભાષાને પ્રતાપે પંચમી વિભક્તિને ષષ્ઠીમાં ફેરવી શકે, પરંતુ પ્રત્યય વિધિમાં તેમ ન કરી શકે અને जनपदे लुक्। એ પ્રત્યય વિધિ છે તેથી ષષ્ઠી પ્રાપ્ત નહીં થાય.પરિણામે પ્રત્યયનો लुप् થઇ શકે તે માટે સૂત્રમાં प्रत्ययस्य નું ગ્રહણ કરવું જરૂરી છે. વાસ્તવમાં તે સૂત્ર પ્રત્યય વિધિ નથી તેથી સિદ્ધાન્તી કહે છે : नायं प्रत्ययविधिः। અહીં प्रत्ययः। परश्च। એ અધિકાર સૂત્રોમાંથી પ્રત્યયનો સંદર્ભ છે જ પણ પ્રત્યયનું વિધાન કરવામાં નથી આવ્યું તેથી જે પ્રસ્તુત છે તે પ્રત્યયની અહીં અનુવૃત્તિ થવાથી સમજાશે કે जनपदे (अभिधेये चातुरर्थिकस्य) प्रत्ययस्य लुप् भवति। અર્થાત્ જ્યારે જનપદનો અર્થ દર્શાવવાનો હોય ત્યારે ચાતુરર્થિક પ્રત્યયનો लुप् થાય છે. આમ સ્પષ્ટ સમજાય છે તેથી प्रत्ययस्य નું ગ્રહણ કરવાની જરૂર નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सर्वादेशार्थं तर्हि प्रत्ययग्रहणं कर्तव्यम्। लुक्श्लुलुपः सर्वादेशा यथा स्युः। अथ क्रियमाणेऽपि प्रत्ययग्रहणे कथमिव सर्वादेशा लभ्याः। वचनप्रमाण्यात्। प्रत्ययग्रहणसामर्थ्यात्॥ एतदपि नास्ति प्रयोजनम्। आचार्यप्रवृत्तिर्ज्ञापयति लुक्श्लुलुपः सर्वादेशा भवन्तीति यदयं लुग्वा दुहदिहलिहामात्मनेपदे दन्त्य इति लोपे प्रकृते लुकं शास्ति॥

એમ હોય તો સર્વાદેશ થઇ શકે તે માટે (પ્રસ્તુત સૂત્રમાં) પ્રત્યય (શબ્દનું) ગ્રહણ કરવું પડશે, [33] જેથી लुक्, श्लु અને लुप् એ ત્રણે સર્વાદેશ થઇ શકે. પરંતુ પ્રત્યયનું ગ્રહણ કરવામાં આવે તો પણ એ સર્વાદેશ કેમ કરીને થઇ શકશે ? (પ્રત્યયનું એમ) કહ્યું છે તેને આધારે. એ પણ પ્રયોજન નથી.[34], કારણ કે (घोर्लोपो लेटि वा।) માં लोप પ્રસ્તુત હોવા છતાં लुग्वा दुहदिहलिहगुहामात्मनेपदे दन्त्ये। માં આચાર્ય लुक् નું ગ્રહણ કરે છે તે વ્દારા જ્ઞાપન કરે છે કે लुक्, श्लु અને लुप् નો સર્વાદેશ થાય છે.

---

[33] ષષ્ઠીનિર્દેશ થઇ શકે તેમાટે સૂત્રમાં प्रत्ययस्य નું ગ્રહણ કરવું જરૂરી છે એમ સ્વીકારતાં अगस्त्यस्य अपत्यानि बहूनि એ અર્થમાં अगस्त्य શબ્દને ऋष्यन्धकवृष्णि० પ્રમાણે अण्--आगस्त्य . कुण्डमस्यास्ति कुण्डी-- ङीष्--कुण्डिन्या अपत्यानि बहूनि એ અર્થમાં गर्गादिभ्यो यञ्। થી यञ्--कौण्डिन्यः--પ્ર.બ.વ.નો जस् પર થતાં आगस्त्य जस्/ कौण्डिन्य जस्--आगस्त्य- कौण्डिन्ययो०(૨-૪-૭૦) થી અનુક્રમે अगस्ति/कुण्डिनच् આદેશથાય છે. અહીં પૂર્વ સૂત્ર ण्यक्षत्रियार्षञितो यूनि ०(૨-૪-૫૮) માંથી लुक् ની અનુવૃત્તિ થાય તો સ્થાની आगस्त्य/कौण्डिन्य એ બે જ છે જ્યારે આદેશ अगस्ति , कुण्डिनच् અને लुक् એ ત્રણ થશે. આમ સ્થાની અને આદેશની સંખ્યા સમાન નથી તેથી યથાસંખ્ય નહીં થઇ શકે. પરિણામે પ્રત્યેક સ્થાનીના વારાફરતી ત્રણ ત્રણ આદેશ થશે.આથી अगस्तयः એ कुण्डिनाः થાય અને कुण्डिनाः એ अगस्तयः થાય અને लुक् આદેશ થાય તો બન્ને જગાએ માત્ર વિભક્તિનું શ્રવણ થવાનો પ્રસંગ આવે, કારણ કે लुक् એ સર્વાદેશ છે.જો સૂત્રમાં लुक् ની અનુવૃત્તિ ન કરવામાં આવે તો अगस्तयः અને कुण्डिनाः એ રૂપો સિદ્ધ થઇ શકશે, કારણ કે સ્થાની અને આદેશસમાનસંખ્ય છે તેથી દોષ નહીં આવે. પરંતુ બધે જ आगस्त्य નો अगस्ति આદેશ થતો હોય તો अगस्तीनां छात्राः એ અર્થમાં गोत्रेऽलुगचि। થી પ્રાગ્દીવ્યતીય अजादि પ્રત્યય કહ્યો છે ત્યાં પણ अगस्ति આદેશ થશે. તેથી वृद्ध સંજ્ઞા ન થવાથી वृद्धाच्छः। પ્રમાણે छ પ્રાપ્ત ન થતાં आगस्तीयाः એ રૂપ સિદ્ધ નહીં થાય, પરંતુ પ્રસ્તુત સૂત્રમાં प्रत्ययस्य એમ કહ્યું હોય તો गोत्रेऽलुगचि। થી लुक् નો પ્રતિષેધ થતાં તેની સાથે જ आगस्त्य कौण्डिन्य० સૂત્રમાં જેનો ઉપદેશ કરવામાં આવ્યો છે (सन्नियोगशिष्ट) તે अगस्ति આદેશની પણ નિવૃત્તિ થવાથી आगस्त्य શબ્દ वृद्ध હોવાથી छ અને सूर्यतिष्यागस्त्य० થી य् લોપ થઇને आगस्तीयाः સિદ્ધ થશે(કે.).('જો કે પ્રત્યય- લક્ષણથી छ થઇ શકે પરંતુ छ વૃદ્ધિનું નિમિત્ત ન હોવાથી अगस्तीयाः માં आ-કારનું શ્રવણ ન થાય' ના.).પરંતુ कौण्डिनाः કોઇ ફેર પડતો નથી , કારણ કે कुण्डिनच् આદેશની लुक् સાથે ઉપર પ્રમાણે નિવૃત્તિ થાય તો પણ कौण्डिन्य ને कण्ड्वादिभ्यो गोत्रे। પ્રમાણે अण् થતાં आपत्यस्य च तद्धितेऽनाति। પ્રમાણે य् લોપ થઇને कौण्डिनाः સિદ્ધ થશે. ભાષ્યકાર વા.(૮) માંના वा શબ્દને વિકલ્પાર્થે ન લેતાં तर्हि (= તો પછી) ના અર્થમાં લે છે. તે પ્રમાણે '(જો ષષ્ઠીનિર્દેશાર્થે પ્રત્યયનું ગ્રહણ ન હોય) તો પછી સર્વાદેશ માટે प्रत्ययस्य નું સૂત્રમાં ગ્રહણ કરવામાં આવ્યું છે' એમ અર્થ થશે.જો प्रत्ययस्य એમ કહ્યું હોય તો अलोऽन्त्यस्य। સૂત્રનો બાધ નહીં થાય તેથી यञञोश्च। सुपो धातु० જેવામાં જ્યાં अनेकाल् પ્રત્યય હોય ત્યાં अलोऽन्त्य० લાગુ પડશે તેથી પ્રત્યયના અંત્યનો लुक् થશે. તે રીતે लवणाल्लुक्। વગેરેમાં आदेः परस्य। લાગુ પડશે.પરંતુ प्रत्ययस्य એમ કહ્યું હોય તો लुक् વગેરે સર્વાદેશ થશે. આમ વાર્તિકકારે वचनप्रामाण्यात् એમ કહ્યું છે તેથી પ્રત્યયનું ગ્રહણ સર્વાદેશ થઇ શકે તે માટે કરવું પડશે એમ અહીં દલીલ છે. वचन શબ્દ સૂત્રના અર્થમાં નથી , કારણ કે સૂત્ર તો लुक् વગેરે સંજ્ઞાનું વિધાન કરે છે. તેથી वचन એટલે प्रत्ययग्रहणसामर्थ्यात्। એમ જે કહ્યું છે તે,અર્થાત્ સૂત્રમાં प्रत्ययस्य એમ કહ્યું છે તેથી अलोऽन्त्य० નો બાધ થઇને સર્વાદેશ થશે. આથી સૂચવાય છે કે વાર્તિકકાર પણ સર્વાદેશમાટે જ સૂત્રમાં પ્રત્યયનું ગ્રહણ છે તેમ માને છે.

[34] लुग्वा दुहदिह० (૭-૩-૭૦) સૂત્રમાં घोर्लोपो लेटि। (૭-૩-૭૦) માંથી लोप ની અનુવૃત્તિ થાય છે છતાં ત્યાં આચાર્ય પાણિનિએ लुक् નું ગ્રહણ કર્યુ છે તે સૂચવે છે કે लुक् વગેરે સર્વાદેશ જ થાય છે અને लोप તો અન્ત્ય अल् નો જ થશે, કારણ કે लुक् વગેરે અન્ત્ય अल् ના આદેશ થતા હોય તો તે સૂત્રમાં કરેલું लुक् ગ્રહણ વ્યર્થ થાત. આમ लोप સિવાયનું અદર્શન એ સર્વાદેશ થાય છે તેમ સમજાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**उत्तरार्थं तु ॥९॥**

**उत्तरार्थं तर्हिं प्रत्ययग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। क्रियते तत्रैव प्रत्यलोपे प्रत्ययलक्षणम् इति। द्वितीयं कर्तव्यम्। कृत्स्नप्रत्ययलोपे प्रत्ययलक्षणं यथा स्यात्। एकदेशलोपे मा भूदिति। आघ्नीत। सं रायस्पोषेण ग्मीयेति ॥**

**प्रत्ययग्रहणे प्रत्ययलक्षणम् ॥१।१।६२॥**

**प्रत्ययग्रहणं किमर्थम्। लोपे प्रत्ययलक्षणमितीयत्युच्यमाने**

તો પછી ઉત્તર (સૂત્ર)માટે (પ્રત્યયગ્રહણ કરવું પડશે) ॥૯॥

એમ હોય તો પછી આવનાર (**प्रत्ययलोपे०** એ સૂત્ર) માટે (પ્રસ્તુતસૂત્રમાં) પ્રત્યય શબ્દનું ગ્રહણ કરવું પડશે. નહીં કરવું પડે. ત્યાં જ **प्रत्ययलोपे प्रत्यलक्षणम्।** એમ (કહીને પ્રત્યયનું ગ્રહણ) કરવામાં આવ્યું છે. (તો પછી) બીજું (પ્રત્યયગ્રહણ)કરવું જોઇએ.[35] જેથી સમગ્ર પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે (જ) પ્રત્યયલક્ષણ થાય પરંતુ **आघ्नीत। सं रायस्पोषेण ग्मीय।** માં,[36] જ્યાં પ્રત્યયના એક ભાગનો લોપ થયો હોય ત્યાં ન થાય.

પ્રત્યયને કારણે જે કાર્ય થતું હોય તે પ્રત્યયનો લોપ થયા પછી પણ થાય છે **॥૧।૧।૬૨॥**

(સૂત્રમાં) પ્રત્યય (શબ્દ)નું ગ્રહણ શા માટે (છે)? [37] 'લોપ થાય ત્યારે પ્રત્યયનું લક્ષણ(પ્રાદુર્ભાવ)[38] થાય છે' એમ કહેવામાં આવે તો

---

[35] એટલે કે ઉત્તર સૂત્ર **प्रत्यलोपे प्रत्य ०** ને ખાતર પણ પ્રસ્તુત સૂત્રમાં પ્રત્યયગ્રહણ કરવું પડશે.અર્થાત્ તેમાં લોપના વિશેષણની દૃષ્ટિએ બીજું અને સમગ્ર સૂત્રપાઠની દૃષ્ટિએ (એ સૂત્રમાં બે પ્રત્યય શબ્દ છે તેથી) ત્રીજું પ્રત્યયગ્રહણ કરવું પડશે.પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે પ્રત્યયને નિમિત્તે જે કાર્ય થતું હોય તે સમગ્ર પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે જ થાય અન્યથા નહીં. અહીં શંકા થાય કે સમગ્ર પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે જ પ્રત્યયલોપ થયો કહેવાય તેના કોઇ અંશનો લોપ થયો હોય ત્યારે પ્રત્યયલોપ કેવી રીતે કહેવાય? એમ કહેવું બરોબર નથી, કારણ કે અવયવને થએલી ક્રિયાનો અવયવી વિશે વ્યવહાર થાય છે. જેમ કે પટનો અમુક ભાગ જ દાઝી ગયો હોય છતાં **पटो दग्धः।** એમ કહેવાય છે, કારણ કે પટ નામક અવયવી અવયવમાં સમવાય સંબંધથી રહેલો છે તેથી તેનો પણ દાહ થયો છે એમ મુખ્યાર્થમાં પ્રયોગ થઇ શકે છે તે રીતે પ્રત્યયના અવયવનો લોપ તે પ્રત્યયનો લોપ એમ સમજી શકાશે. તેથી પ્રત્યયાવયવનો લોપ થયો હોય તો પણ પ્રત્યયને કારણે થતું કાર્ય થવાનો પ્રસંગ આવશે. તે નિવારવા માટે સૂત્રમાં **प्रत्यय** શબ્દનું ગ્રહણ કરવું જોઇએ જેથી **आघ्नीत** વગેરેમાં પ્રત્યયલક્ષણ કાર્ય ન થાય.

[36] **आघ्नीत--आ हन्--आङो यमहनः।** થી આત્મનેપદ **लिङ्** નો **त-- शप्** લોપ-- **आहन्--गमहनजन०** થી ઉપધા લોપ **आह्‌ न् त--लिङः सीयुट्। यदागमाः०** પ્રમાણે આગમ આગમીનો અવયવ થતાં **सीयुट्** પ્રત્યય ગણાશે **लिङः सलोपोऽनन्त्यस्य।** થી **स्** લોપ **आह्न् ईय् त --हो हन्तेः०** થી **ह्** નો **घ्** થતાં **आघ्न् ईय् त--लोपो व्यो०--य्** લોપ--**आघ्नीत** થશે. અહીં **स्** લોપ પ્રત્યયલોપ સમજાશે તેથી **प्रत्ययलोपे ०** પ્રમાણે પ્રત્યયનિમિત્ત કાર્ય થવાનો પ્રસંગ આવશે તેથી **आघ्न् ई त** એ સ્થિતિમાં **ईत झलादि** છે તેમ સમજાશે તેથી **अनुदात्तोपदेश०** પ્રમાણે **हन्** ના **न्** નો લોપ થવાનો અને ઇષ્ટ રૂપ સિદ્ધ ન થવાનો પ્રસંગ આવશે. પરંતુ પ્રકૃત સૂત્રમાંથી ઉત્તર સૂત્રમાં **प्रत्ययस्य** ની અનુવૃત્તિ થતાં સમજાશે કે સમગ્ર પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે જ પ્રત્યયલક્ષણ કાર્ય થાય છે, પ્રત્યયના અંશનો લોપ થયો હોય ત્યારે નથી થતું. **संग्मीय--सं गम्--सामे गम्यृच्छि ०** થી આત્મનેપદ.પ.પુ.એ.વ.માં **इट्--बहुलं छंदसि।** થી **शप्** લોપ--**संगम् इ-- गमहनजन०** ઉપધાલોપ **संग्म् इ--लिङः सीयुट्।--सलोप** અને **इटोऽत्।** થી **इ** નો **अ** આદેશ થતાં **संग्म् ईय् अ--संग्मीय** થશે.અહીં પણ ઉપર પ્રમાણે **म्** લોપ થવાનો પ્રસંગ આવે, પરંતુ સમગ્ર પ્રત્યયનો લોપ થયો હોય ત્યાં જ પ્રત્યયલક્ષણ કાર્ય થાય છે તેથી **म्** લોપ નહીં થાય.

[37] **लोपे प्रत्ययलक्षणम्।** એટલું જ સૂત્ર હોત તો પણ **प्रत्ययलक्षणम्** એ વચનમાંના **प्रत्यय** શબ્દના સાન્નિધ્યને કારણે **लोपे** એટલે **प्रत्यय-लोपे** એમ સમજી શકાય છે તો પછી સૂત્રમાં બીજો **प्रत्यय** શબ્દ શા માટે મૂક્યો છે? એમ પ્રશ્નકર્તા કહેવા માગે છે.

[38] **लक्षण** શબ્દ 'દર્શન, પ્રાદુર્ભાવ' એ અર્થમાં ભાવસાધન છે અને નિમિત્ત એ અર્થમાં કરણસાધન છે.અહીં પ્રાદુર્ભાવનો અર્થ લઇને દોષ બતાવ્યો છે.વળી **लोपे** એટલું જ કહ્યું હોત તો પ્રત્યય કે અપ્રત્યય ગમે તેનો લોપ થાય તો પણ પ્રત્યયલક્ષણ, પ્રત્યયનો પ્રાદુર્ભાવ,થશે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सौरथी वैहतीति गुरूपोत्तमलक्षणः ष्यङ् प्रसज्येत। नैष दोषः। नैवं विज्ञायते लोपे प्रत्ययलक्षणं भवति प्रत्ययस्य प्रादुर्भाव इति। कथं तर्हि। प्रत्ययो लक्षणं यस्य कार्यस्य तल्लुप्तेऽपि भवतीति॥ इदं तर्हि प्रयोजनम्। सति प्रत्यये यत्प्राप्नोति**

**सौरथी वैहती** માં ઉપોત્તમવર્ણ ગુરુ હોવાને કારણે **ष्यङ्** થવાનો પ્રસંગ આવે. આ દોષ નથી  આવતો. (કારણ કે) લોપ થતાં પ્રત્યયનું લક્ષણ એટલે કે પ્રત્યયનો પ્રાદુર્ભાવ થાય છે એમ સમજાતું નથી. તો પછી કેમ (સમજાય છે) ? પ્રત્યય જે (કાર્ય)નું લક્ષણ [39] (એટલે કે નિમિત્ત)  છે તે (કાર્ય એ પ્રત્યય) નો લોપ થતાં પણ થાય છે એમ. તો પછી પ્રયોજન એ છે કે પ્રત્યય  હોય [40] ત્યારે જે (કાર્ય)પ્રાપ્ત થાય છે

---

એમ સમજીને દોષ બતાવ્યો છે **सौरथी--रम्** ને **हनिकुषिनीरमिकाशिभ्यः क्थन्।** (ઉ.સૂ.૧૫૯) થી **क्थन्** થતાં **अनुदात्तोपदेश०** પ્રમાણે **म्** લોપ થઇને **रथः। शोभनो रथोऽस्य सुरथः। वैहती--विहन् क्त--अनुदात्तोपद०**--થી **न्** લોપ--**विहत** .હવે **सुरथ। विहत** ને **गोत्रापत्यं स्त्री** એ અર્થમાં **अत इञ्।** થી **इञ्--सुरथि विहति**-- સ્ત્રીલિંગમાં **इतो मनुष्यजातेः।** થી **ङीष्** થઇને **सौरथी वैहती**  થાય છે. શંકાકાર કહે છે કે આ રૂપોમાં અનુક્રમે **म्** અને **न्** એ અનુનાસિકનો લોપ થયો છે તેથી **लोपे प्रत्ययलक्षणम्।** એટલું જ સૂત્ર હોય અને **लक्षण** શબ્દ પ્રાદુ -ર્ભાવ ના અર્થમાં લઇએ તો **सौर (म्) थि , वैह(न्)ति** એમ સમજાશે.તેથી રેફ અને **ह्** ની પર રહેલ **अ**-કાર પછી સંયોગ છે તેથી તે ગુરુ છે તેમ સમજાશે અને તે અન્ત્યની પૂર્વે રહેલ છે તેથી ગુરુ **उपोत्तम** પણ થશે તેથી ત્યાં **ङीष्** ન થતાં **अणिञोरनार्षयोर्गुरूपोत्तमयोः ष्यङ् गोत्रे।** પ્રમાણે **ष्यङ्** થઇને **सौरथ्या, वैहत्या** જેવાં અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવશે. હવે જો સૂત્રમાં **प्रत्यय** નું ગ્રહણ કરવામાં આવે તો **प्रत्ययलोपे प्रत्ययलक्षणम्** નો, 'પ્રત્યયનો લોપ થતાં પ્રત્યયનો પ્રાદુર્ભાવ થાય છે' એમ  અર્થ થવાથી પ્રત્યયનો લોપ થાય છે  એમ કહેવું વ્યર્થ થશે.વાસ્તવમાં આ બે રૂપોમાંનો અનુનાસિક લોપ પ્રત્યય લોપ નથી તથા **लक्षण** એટલે નિમિત્ત એમ અર્થ છે તેથી **ष्यङ्** નહીં થાય.

[39] સૂત્રમાંનો **लक्षण** શબ્દ ભાવસાધન છે કે કરણસાધન  અર્થાત્ તે પ્રાદુર્ભાવવાચી છે કે નિમિત્તવાચી એ પ્રકારના સંદેહનો વ્યાખ્યાનને આધારે નિરાસ થશે. નહીં તો સૂત્રમાં **प्रत्ययलोपे** એમ કહીને બીજા **प्रत्यय** શબ્દનું ગ્રહણ કર્યું હોય તો પણ એક પ્રત્યયનો  લોપ થતાં કોઇ અન્ય પ્રત્યયનો પ્રાદુર્ભાવ થાય છે એમ અર્થ સમજાય તેવો સંભવ છે. તેથી **ग्रामणीः** માં **ग्रामं नयति** એ અર્થમાં થએલ **क्विप्** નો લોપ થતાં **सु** નો પ્રાદુર્ભાવ થાય છે તેમ **अधोग्** માં **अधोक् त्** એ સ્થિતિમાં **हल्ङ्याब्भ्यो०** પ્રમાણે **त्** લોપ થતાં કોઇ પ્રત્યયનો પ્રાદુર્ભાવ થતો નથી તેથી **अधोक्** શબ્દ **तिङन्त** ન રહેતાં તેને **पद** સંજ્ઞા નહીં થઇ શકે. તેથી વ્યાખ્યાનને આધારે જ સમજવાનું છે કે **लक्षण** શબ્દ અહીં કરણસાધન છે અથવા સૂત્રમાં **लक्षण** શબ્દનું ગ્રહણ કર્યું છે તેને પ્રતાપે જ તે કરણસાધન છે તેમ સમજાશે. એમ અર્થ ન હોત તો સૂત્રકારે **लोपे प्रत्ययः।** એટલું જ કહ્યું હોત. તેથી સમજાત કે લોપ થતાં પ્રત્યય (નો પ્રાદુર્ભાવ થાય છે). જો **लक्षण** શબ્દ કરણસાધન લેવામાં આવે તો **प्रत्ययलक्षणम्** એ **प्रत्ययः लक्षणं (निमित्तं) यस्य तत्** [પ્રત્યય જેનું લક્ષણ (નિમિત્ત) છે તે]  એમ  અન્ય પદાર્થપ્રધાન બહુવ્રીહિ  લેવાનો  છે.અહીં કાર્ય એ અન્ય પદ છે  અને સૂત્રાર્થ આમ થશે :પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે પ્રત્યયનિમિત્તક કાર્ય થાય છે.

[40] **प्रत्ययलोपे** માં **प्रत्यय** એ લુપ્તસપ્તમીક છે તેથી  ભાષ્યમાં **सति प्रत्यये** (પ્રત્યય વિદ્યમાન હોય ત્યારે)  એમ કહ્યું છે. એથી 'પ્રત્યય વિદ્યમાન હોય ત્યારે જે કાર્ય થાય છે તે કાર્ય તે પ્રત્યયનો લોપ થવા છતાં પણ થાય છે' એમ સૂત્રાર્થ થશે. પ્રત્યયનો લોપ થયા પછી જે કાર્ય પ્રાપ્ત થતું હોય તે પ્રત્યયલક્ષણથી નહીં થાય. એમ  એ માટે કહ્યું કે **ग्रामणिकुलम् सेनानिकुलम्** માં **तुक्** આગમ ન થાય.**ग्रामण्याः कुलम्** એ વિગ્રહ વાક્યનો સમાસ કરતાં પૂર્વપદ **ग्रामणी** નો **ई**-કાર **इको ह्रस्वोऽङ्यो गालवस्य।**  પ્રમાણે વિકલ્પે હ્રસ્વ થતાં **ग्रामणिकुलम्** થાય છે તે રીતે **सेनानिकुलम्** થશે.**ग्रामणी   सेनानी** માં **ग्रामं नयति। सेनां नयति** એ અર્થમાં **क्विप्** થઇને તેનો  લોપ થયો છે. ત્યાર પછી બન્નેમાં પૂર્વપદનો **ई**-કાર હ્રસ્વ થયો છે તેથી **क्विप्** લોપ થયો હોવા છતાં તેને કારણે થતું કાર્ય થાય તો **ग्रामणिकुलम् सेनानिकुलम्** માં **ह्रस्वस्य पिति०**  થી **तुक्**  આગમ થઇને **ग्रामणित्कुलम्। सेनानित्कुलम्**  એમ અસાધુ સમાસ થવાનો પ્રસંગ આવે, પરંતુ હ્રસ્વ તો **क्विप्** લોપ થયા પછી સમાસ થવાથી થયો છે પરિણામે પ્રત્યક્ષલક્ષણ કાર્ય નહીં થાય તેથી **तुक्** આગમ પણ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तत्प्रत्यलक्षणेन यथा स्यात्। लोपोत्तरकालं यत्प्राप्नोति तत्प्रत्यलक्षणेन मा भूदिति। किं प्रयोजनम्। ग्रामणिकुलम् सेनानिकुलम्। औत्तरपदिके ह्रस्वे कृते ह्रस्वस्य पिति कृति तुक् इति तुक्प्राप्नोति स मा भूदिति। यदि तर्हि यत्सति प्रत्यये प्राप्नोति तत्प्रत्ययलक्षणेन भवति लोपोत्तरकालं यत्प्राप्नोति तन्न भवति जगत् जनगदित्यत्र तुग्न प्राप्नोति। लोपोत्तरकालो ह्यत्र तुगागमः। तस्मान्नार्थ एवमर्थेन प्रत्ययग्रहणेन। कस्मान्न भवति ग्रामणिकुलम् सेनानिकुलम्। बहिरङ्गं ह्रस्वत्वम्। अन्तरङ्गस्तुक्॥ इदं तर्हि प्रयोजनम्। कृत्स्नप्रत्ययलोपे प्रत्यलक्षणं यथा स्यादेकदेशलोपे मा भूदिति। आघ्नीत। सं रायस्पोषेण ग्मीय। पूर्वस्मिन्नपि योगे प्रत्ययग्रहणस्यैतत्प्रयोजनमुक्तम्। अन्यतरच्छक्यमकर्तुम्॥ अथ द्वितीयं प्रत्ययग्रहणं किमर्थम्। प्रत्ययलक्षणं यथा स्याद्वर्णलक्षणं मा भूदिति। गवे हितं गोहितम्। रायः कुलं रैकुलम्॥

તે પ્રત્યયલક્ષણથી થઇ શકે. પરંતુ લોપ થયા પછી જે (કાર્ય)પ્રાપ્ત થાય છે તે પ્રત્યયલક્ષણને કારણે ન થાય. શું પ્રયોજન? એ કે **ग्रामणिकुलम् सेनानिकुलम्**માં ઉત્તરપદ (પર થવા) ને કારણે હ્રસ્વ કર્યા પછી **ह्रस्वस्य पिति कृति तुक्**। પ્રમાણે **तुक्** આગમ થવા જાય છે તે ન થાય.જો એમ હોય કે પ્રત્યય હોય ત્યારે જે પ્રાપ્ત થાય છે તે (કાર્ય) પ્રત્યયલક્ષણથી થાય અને લોપ થયા પછી જે (કાર્ય) પ્રાપ્ત થાય તે પ્રત્યયલક્ષણથી ન થાય. તો પછી **जगत् जनगत्** માં **तुक्** ન થવાનો પ્રસંગ આવશે[41], કારણ કે અહીં (**क्विप्**નો) લોપ થયા પછી **तुक्** આગમ થાય છે. તેથી એ માટે (કરેલા) પ્રત્યયગ્રહણનો કંઇ અર્થ નથી. (તો પછી) **ग्रामणिकुलम् सेनानिकुलम्** માં **तुक्** શા માટે નથી થતો ? હ્રસ્વ આદેશ બહિરંગ છે, (જ્યારે ) **तुक्** આગમ અંતરંગ છે અને અંતરંગ (કાર્ય) કરવાનું પ્રાપ્ત થતાં બહિરંગ (કાર્ય) અસિદ્ધ છે . તો પછી (પ્રત્યય શબ્દ મૂકવાનું) એ પ્રયોજન છે કે તેથી સમગ્ર પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે પ્રત્યયનિમિત્તક (કાર્ય) થાય અને એકદેશનો લોપ થયો હોય ત્યારે (તે કાર્ય) ન થાય, જેમ કે **आघ्नीत। सं रायस्पोषेण ग्मीय।**[42] પૂર્વ (સૂત્ર)માં પણ પ્રત્યય ગ્રહણનું એ પ્રયોજન કહ્યું હતું, તો પછી બેમાંથી એક (પ્રત્યય શબ્દનું) ગ્રહણ ન કર્યું હોય તો ચાલશે. હવે બીજું પ્રત્યયગ્રહણ કેમ કર્યુ છે ?[43] એટલા માટે કે પ્રત્યયનિમિત્તક (કાર્ય) થાય અને વર્ણને કારણે થતું ન થાય.(જેમ કે ) **गवे हितम् गोहितम्। रायः कुलम् रैकुलम्** ।

---

[41] લોપ થયા પછી જે કાર્ય પ્રાપ્ત થાય તે પ્રત્યયલક્ષણથી ન થાય તો **जगत् जनगत्** માં **तुक्** ન થવા રૂપી દોષ આવશે.**गच्छति इति** એ અર્થમાં **गम्** ધાતુને **अन्येभ्योऽपि दृश्यते।** ઉપરની **द्युतिगमिजुहोतीनां द्वे च।** (વા.) પ્રમાણે દ્વિત્વ અને **क्विप्--जगम् क्विप्--** અંતરંગ હોવાથી **क्विप्** નો લોપ પ્રથમ થશે, પછી **गमः क्वौ।** પ્રમાણે અનુનાસિક (**म्** ) લોપ થતાં **जग** એ સ્થિતિમાં **ह्रस्वस्य पिति०** પ્રમાણે **तुक्** થવો જોઇએ પરંતુ **तुक्** ને લગતો વિધિ **क्विप्** લોપ થયા પછીનું કાર્ય છે તેથી **तुक्** ન થતાં **जग** એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે તે રીતે **जनगत्** માં **जनग** એમ થવાનો પ્રસંગ આવશે.

[42] પૂર્વ સૂત્રમાં પણ આ દલીલ કરી હતી. બંમાંથી એકનું ગ્રહણ ન કર્યું હોય તો પણ ચાલશે, કારણ કે એક જ **प्रत्यय** શબ્દનું સૂત્રમાં ગ્રહણ કર્યું હોય તો પણ તે પોતાના બળે સમગ્ર પ્રત્યયના લોપનું પ્રતિપાદન કરવાને શક્તિમાન છે એમ ભાવ છે .

[43] પ્રશ્નકર્તા કહેવા માગે છે કે **प्रत्ययलोपे प्रत्ययलक्षणम्।** એમ બે વાર **प्रत्यय** શબ્દનું ગ્રહણ કર્યું છે તે ન કરતાં **प्रत्यये तल्लक्षणम्।** એમ કહ્યું હોત તો ? પરંતુ તેમ કહેવાથી જે કાર્યમાં પ્રત્યય તેના સ્વરૂપને આધારે નિમિત્તભૂત હોય તેમ જ તેના વર્ણસ્વરૂપને આધારે નિમિત્તભૂત હોય તે સર્વ કાર્ય થશે, કારણ કે સર્વનામ સર્વને આવરી લે છે. તેથી **गवे हितम्** અને **रायः कुलम्** ઉપરથી **गोहितम् , रैकुलम्** માં **सुपो धातुप्राति०** પ્રમાણે પ્રત્યયનો લોપ થયો છે ત્યાં **अव् , आव्** આદેશ થવાનો પ્રસંગ આવશે, કારણ કે **तल्लक्षणम्** એમ કહ્યું છે તેથી વિશિષ્ટ સ્વરૂપ ઉપર આધાર રાખતાં હોવા છતાં તે કાર્યોનાં નિમિત્ત **तद्** માં આવી જશે. તેથી **अव् , आव्** થતા નિવારવા **प्रत्यय** શબ્દનું બીજી વાર ગ્રહણ કરવું જરૂરી છે, જેથી **गोहितम्** જેવામાં દોષ ન આવે. **गोहितम्-- [गो(ए) हितम्]**—માં ચ.એ.વ.ના **ङे** નો ઉપર પ્રમાણે લોપ થયો છે અને **अव्** આદેશ તેના **अच्त्व** એ સ્વરૂપ ઉપર આધારિત છે પ્રત્યયનિમિત્ત નથી તેથી પ્રત્યયલક્ષણ ન થતાં **अव्** નહીં થાય. તે રીતે **रैकुलम्** માં પણ **आव्** આદેશ **अच्त्व** પર આધારિત છે પ્રત્યયનિમિત્ત નથી તેથી પ્રત્યયલક્ષણ ન થતાં આદેશ નહીં થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किमर्थं पुनरिदमुच्यते।

प्रत्ययलोपे प्रत्ययलक्षणवचनं सदन्वाख्यानाच्छास्त्रस्य ॥ १ ॥

प्रत्ययलोपे प्रत्ययलक्षणवचनमित्युच्यते सदन्वाख्यानाच्छास्त्रस्य। सच्छास्त्रेणान्वाख्यायते सतो वा शास्त्रमन्वाख्यायकं भवति। उगिदचां सर्वनामस्थानेऽधातोः। इतीहैव स्यात्। गोमन्तौ यवमन्तौ। गोमान् यवमानित्यत्र न स्यात्। इष्यते च स्यादिति तच्चान्तरेण यत्नं न सिध्यति। अतः प्रत्ययलोपे प्रत्ययलक्षणवचनम्। एवमर्थमिदमुच्यते॥ अस्ति प्रयोजनमेतत्।

આ સૂત્ર શા માટે ઉચ્ચારવામાં આવ્યું છે ? [44]

પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે પ્રત્યયનિમિત્તક (કાર્ય થાય છે) એમ કહેવાનું એ કારણ છે કે શાસ્ત્ર જે વિદ્યમાન હોય તેનું અન્વાખ્યાન કરે છે॥૧॥ [45]

પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે પ્રત્યનિમિત્તક (કાર્ય થાય છે) એમ કહ્યું કારણ કે શાસ્ત્ર જે વિદ્યમાન હોય તેને અનુલક્ષીને જ કહે છે (એટલે કે) જે વિદ્યમાન હોય તેનું શાસ્ત્રદ્વારા પ્રતિપાદન થાય છે અથવા તો શાસ્ત્ર વિદ્યમાન હોય તેને આધારે પ્રતિપાદન કરે છે,

કારણ કે શાસ્ત્ર જે વિદ્યમાન હોય તેને (નિમિત્ત રૂપે લઇને કાર્યનું) પ્રતિપાદન કરે છે. તેથી **उगिदचां सर्वनामस्थानेऽधातोः।** પ્રમાણે **गोमन्तौ यवमन्तौ** માં જ **नुम्** ( આગમ) થશે, **गोमान् यवमान्** માં નહીં થાય, તેમ છતાં ત્યાં (**नुम्**) થાય તે ઇષ્ટ છે અને તે ખાસ પ્રયત્ન વિના સિદ્ધ ન થઇ શકે. એથી જ 'પ્રત્યયનો લોપ થયો હોય ત્યાં પ્રત્યયનિમિત્તક (કાર્ય) થાય છે' એમ કહ્યું છે . શું (આ સૂત્રનું એ) પ્રયોજન છે ?

---

[44] આ સૂત્ર જે સિદ્ધ કરવા માગે છે તે સ્થાનિવદ્ભાવથી પણ સિદ્ધ થઇ શકે છે અને વર્ણનિમિત્તક કાર્યમાં તો સિદ્ધાન્તી માટે પણ અનિષ્ટ ઉદ્ભવે છે તો પછી આ સૂત્ર કરવાનું પ્રયોજન શું છે એ પ્રશ્નકર્તા જાણવા માગે છે.

[45] શાસ્ત્ર તો જે વિદ્યમાન હોય, ( શાસ્ત્ર પ્રવૃત્ત થાય તે પહેલાં જ જે અસ્તિત્વમાં હોય) , તેને નિમિત્ત રૂપે લઇને શાસ્ત્ર કાર્યનું પછીથી પ્રતિપાદન કરે છે, તેની પ્રક્રિયાનું સ્પષ્ટીકરણ કરે છે. વા.માં **शास्त्रस्य** એ શેષ ષષ્ઠી છે અને શેષ તરીકે કર્તા અથવા કરણ વિવક્ષિત છે તેથી તેમાંના **सदन्वाख्यानाच्छास्त्रस्य** એ ભાગને ભાષ્યકારે બે રીતે સ્પષ્ટ કર્યો છે : (૧) જે પહેલેથી જ વિદ્યમાન હોય છે તેને નિમિત્ત રૂપે લઇને સૂત્રકાર શાસ્ત્રદ્વારા કાર્યનું અન્વાખ્યાન કરે છે, પછીથી સ્પષ્ટીકરણપૂર્વક પ્રતિપાદન કરે છે. અહીં શાસ્ત્ર કરણ છે અને સૂત્રકાર સ્મર્તા છે.(૨) જે પહેલેથી જ વિદ્યમાન હોય છે તેને નિમિત્ત રૂપે લઇને શાસ્ત્ર કાર્યનું અનવાખ્યાન કરે છે,પછીથી પ્રતિપાદન કરે છે. અહીં જે અવિચ્છિન્ન પરંપરાથી પ્રવર્તમાન છે તે શાસ્ત્ર પોતે સ્વતંત્ર રીતે કાર્યનું પ્રતિપાદન કરે છે તેથી શાસ્ત્ર કર્તા છે (**स्वतंत्रः कर्ता**). આ સૂત્ર દ્વારા જે સિદ્ધ કરવામાં આવે છે તે સ્થાનિવદ્ભાવથી સિદ્ધ નથી થઇ શકતું, કારણ કે **अतृणेट्** જેવામાં દોષ આવે છે. **तृह् लङ्** ના રૂપમાં **तृणह् इम्।** થી **इम्** થશે. તે **अल्विधि** તેથી **अनल्विधौ** એ પ્રતિષેધને કારણે સ્થાનિવત્સૂત્ર લાગુ નહીં પડે તેમ વાર્તિકકાર માને છે, ભાષ્યકારના મતે **तृणह इम्।** માં **उतो वृद्धिर्लुकि हलि।** માંથી **हलि** ની અનુવૃત્તિ થતી નથી તેથી **इम्** વિધિ એ **अल्विधि** નથી તેથી સ્થાનિવત્સૂત્ર થી કાર્ય સિદ્ધ થશે.**गोमन्तौ यवमन्तौ**-- **गोमत् यवमत्** માં દ્વિ.દ્વિ.વ.એ સર્વનામ વિભક્તિનો **औ** વિદ્યમાન છે તેથી **उगिदचां सर्वनामस्थाने॰** પ્રમાણે **नुम्**--**गोमनत् औ**--**गोमन्तौ** એ રીતે **यवमन्तौ**.પરંતુ **गोमत् यवमत्** ની પર **सु** આવતાં તેનો **हल्ङ्याब्॰** થી લોપ થતાં **नुम्** ની નિમિત્તભૂત વિભક્તિ ત્યાં વિદ્યમાન ન હોવાથી **नुम्** ન થવાનો પ્રસંગઆવે છે પરંતુ પ્રત્યયલક્ષણ -ને કારણે **सु** લોપ થયો હોવા છતાં પ્રત્યયનિમિત્તક કાર્ય થશે તેથી **गोमत् सु**-- **गोमत्**--**नुम्**-- **गोमनत्**--**संयोगान्तस्य॰**-- **गोमन्**-- **सर्वनामस्थाने चासं॰** થી ઉપધા દીર્ઘ --**गोमान्** . તે રીતે **यवमान्**.આમ નિમિત્ત વિદ્યમાન ન હોય ત્યાં પણ અન્વાખ્યાન થઇ શકે તે માટે પ્રકૃત સૂત્ર કરવું પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किं तर्हीति।

लुक्युपसंख्यानम्॥२॥

लुक्युसंख्यानं कर्तव्यम्। पञ्च सप्त॥ किं पुनः कारणं न सिध्यति।

लोपे हि विधानम्॥३॥

लोपे हि प्रत्ययलक्षणं विधीयते तेन लुकि न प्राप्नोति॥

न वादर्शनस्य लोपसंज्ञित्वात्॥४॥

न वा कर्तव्यम्। किं कारणम्। अदर्शनस्य लोपसंज्ञित्वात्। अदर्शनं लोपसंज्ञं भवतीत्युच्यते लुमत्संज्ञाश्चादर्शनस्य क्रियन्ते। तेन लुक्यपि भविष्यति॥ यद्येवम्

નહીં તો શું ? [46]

**लुक्** થાય ત્યારે (પણ થાય છે તેમ) કહેવું જોઇએ॥२॥

**पञ्च सप्त** (જેવામાં પ્રત્યયનો) **लुक्** થયો હોય ત્યારે (પણ પ્રત્યયનિમિત્તક કાર્ય થાય છે તેમ) કહેવું જોઇએ [47] પરંતુ એ સિદ્ધ ન થાય

તેનું કારણ શું?

કારણ કે લોપ થાય ત્યાં જ વિધાન છે ॥૩॥

કારણ કે લોપ થાય ત્યાં જ પ્રત્યયલક્ષણ થાય છે એમ (સૂત્રમાં) કહેવામાં આવ્યું છે, તેથી **लुक्** થયો હોય ત્યાં (પ્રત્યયલક્ષણ) ન થવાનો પ્રસંગ આવે છે.

અથવા (તેમ કહેવાની જરૂર) નથી, કારણ કે લોપનું સંજ્ઞી અદર્શન છે ॥૪॥

અથવા (તેમ) કહેવું નહીં પડે. (તેનું) શું કારણ ? કારણ કે લોપનું સંજ્ઞી અદર્શન છે એટલે કે અદર્શનની (જ) લોપ એ સંજ્ઞા થાય છે એમ કહ્યું છે [48] અને **लुमत्** (અર્થાત્ **लुक्**,**श्लु** અને **लुप्** એ) સંજ્ઞાઓ પણ અદર્શનની જ કરવામાં આવી છે. તેથી **लुक्** થયો હોય ત્યાં પણ (પ્રત્યયલક્ષણ) થશે. જો એમ હોય –

---

[46] પ્રશ્નકર્તા કાકુનો આશ્રય લઇને પૂછે છે, ઉત્તરમાં સિદ્ધાન્તી પણ પ્રશ્ન વ્દારા સૂચવે છે કે એ જ પ્રયોજન છે. તેમાં તમને કાંઇ વાંધો છે ?

[47] સૂત્રમાં **लुक्** શબ્દનું ગ્રહણ કરીને અદર્શન (લોપ)નું વિધાન કર્યું હોય ત્યારે પ્રસ્તુત સૂત્ર લાગુ નહીં પડે. પરિણામે **पञ्च सप्त** જેવામાં **पद** સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે એમ ભાવ છે.સૂત્રમાં **प्रत्ययलोपे** એમ કહીને લોપનું પ્રત્યક્ષ ગ્રહણ કર્યું છે તેથી **ब्राह्मणेभ्यो दधि दीयताम्।** એમ કહ્યા પછી **तक्रं कौण्डिन्याय।** એમ કહેવામાં આવે તો બ્રાહ્મણ હોવાથી દહીંનો અધિકારી હોવા છતાં કૌણ્ડિન્યને છાશ મળે છે તેમ અહીં **तक्रकौण्डिन्य** ન્યાયે **लुक्** વગેરે સંજ્ઞાઓ લોપ સંજ્ઞાનો બાધ કરે છે માટે **लुक्** વગેરે વ્દારા થએલ અદર્શનમાં પ્રત્યય-લક્ષણ નહીં થાય. તેથી **षट्**- સંજ્ઞક **पञ्चन् सप्तन्** પછી આવતા **जस् शस्** નો **षड्भ्यो लुक्।** થી લોપ થશે અને **नलोपः प्रातिपदिका०** થી **न्** લોપ થઇને **पञ्च सप्त** એ રૂપો પછીની વિભક્તિનો **लुक्** સંજ્ઞા વડે લોપ થયો હોવાથી પ્રત્યયલક્ષણ લાગુ નહીં પડતાં તે **सुबन्त** નહીં રહે તેથી **सुप्तिङन्तं पदम्।** થી તેમની **पद** સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે. એમ અહીં દલીલ છે.

[48] બધાં જ અદર્શનની (**अदर्शनमात्रस्य**) લોપ સંજ્ઞા કરવામાં આવી છે તેથી **लुक्** વગેરે પણ અદર્શન હોવાથી તેમના ક્ષેત્રમાં પણ પ્રત્યયલક્ષણ લાગુ પડશે. લોપ અને **लुक्** વગેરે સંજ્ઞાઓ છે અને તેમની એકસાથે પ્રવૃત્તિ સંભવિત છે તેથી તેમની વચ્ચે બાધ્ય-બાધકભાવ ન હોય, લોકમાં જેમ **इन्द्रः शक्रः पुरन्दरः** વગેરે શબ્દની એક સાથે પ્રવૃત્તિ થાય છે તેમ **प्रत्यय, कृत् , कृत्य** વગેરે સંજ્ઞાઓ સાથે આવી શકે, કારણ કે તેમાંની એક સંજ્ઞા બીજીનો બાધ કરતી નથી.તે રીતે **लोप** અને **लुक्** વગેરે સંજ્ઞા એક બીજાનો બાધ નથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्ययादर्शनं तु लुमत्संज्ञम् ॥५॥

प्रत्ययादर्शनं तु लुमत्सञ्ज्ञमपि प्राप्नोति। तत्र को दोषः।

तत्र लुकि श्लुविधिप्रतिषेधः ॥६॥

तत्र श्लुविधिरपि प्राप्नोति स प्रतिषेध्यः। अत्ति हन्ति। श्लौ इति द्विर्वचनं प्राप्नोति॥

તો પ્રત્યયના અદર્શનની **लुमत्** સંજ્ઞાઓ (થશે) ॥૫॥ [49]

તો પ્રત્યયના અદર્શનની **लुमत्** (એટલે કે **लुक्**, **श्लु** અને **लुप्** એ) સંજ્ઞાઓ થવાનો પ્રસંગ આવે છે. તેમાં શો વાંધો છે ?

તેમ હોય તો **लुक्** થાય ત્યારે **श्लु** વિધિનો પ્રતિષેધ (કરવો પડશે.) ॥૬॥

તેમ હોય તો **लुक्** થયો ત્યાં **श्लु** ને કારણે થતું કાર્ય થવાનો પ્રસંગ આવે છે તેનો પ્રતિષેધ કરવો પડશે, (જેમ કે ) **अत्ति हन्ति** માં **श्लौ।** પ્રમાણે વ્દિર્વચન થવાનો પ્રસંગ આવે છે. [50]

---

કરતી. તેથી **लुक्** વગેરેથી થએલ અદર્શનમાં પણ પ્રત્યયલક્ષણ થશે અને **पञ्च सप्त** જેવામાં વિભક્તિનો થવા **लुक्** છતાં**पद** સંજ્ઞા થઇ શકશે.

[49] ઉપર કહ્યું તેમ **लुक्**, **श्लु** અને **लुप्** ના ક્ષેત્રમાં **लोप** સંજ્ઞા લાગુ પડે તો **लुक्**, **लुप्** વગેરેમાં પરસ્પર ગોટાળો થશે તથા લોપ સંજ્ઞાથી થએલ પ્રત્યયના અદર્શન સાથે પણ ગોટાળો થશે એટલે કે પ્રત્યેક પ્રત્યયાદર્શનની **लुमत्** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે.તેથી **लुक्** વિધિમાં **श्लु** કે **लुप्** વિધિ, **श्लु** વિધિમાં **लुक्** કે **लुप्** વિધિ અને **लुप्** વિધિમાં **श्लु** કે **लुक्** વિધિ થવાનો પ્રસંગ આવતાં ગોટાળો થશે. એટલું જ નહીં પણ આ સંજ્ઞાઓનો લોપ સંજ્ઞા વ્દારા થએલ અદર્શન સાથે પણ ગરબડ થશે. (નોંધ ૫૧)

[50] **लुक्** વ્દારા કરવામાં આવેલ અદર્શનમાં **श्लु** ને કારણે થતો વિધિ થવાનો પ્રસંગ આવશે. જેમ કે **अत्ति हन्ति** . આ **अदादि** ધાતુઓમાં **कर्तरि शप्।** પ્રમાણે થતા **शप्** નો **अदिप्रभृतिभ्यः शपः।** થી **लुक्** થાય છે. હવે **लुक्** થી કરવામાં આવેલ અદર્શન અને **श्लु** થી થતું અદર્શન એક જ હોય તો **अत्ति हन्ति** માં **श्लौ।** એ સૂત્ર પ્રમાણે વ્દિર્વચન થવાનો પ્રસંગ આવશે. તે નિવારવા માટે કહેવું પડશે કે **लुक्** થતો હોય ત્યાં **श्लु** નિમિત્તક કાર્ય થતું નથી. વા.માં **श्लु** નું ગ્રહણ ઉપલક્ષણાર્થે છે તેથી **श्लु** ને કારણે થતા વિધિનો જેમ પ્રતિષેધ કરવો પડશે તેમ **लुक्** વિધિ અને **लुप्** વિધિનો પણ પ્રતિષેધ કરવો પડશે. જેમ કે **जुहोति** માં **जुहोत्यादिभ्यः श्लुः।** થી **शप्** નો **श्लु** (અદર્શન) થયો છે અને પ્રત્યયનું કોઇ પણ અદર્શન **लुमत्** થતું હોય તો **जुहोति** માં **लुक्** ને કારણે થતું કાર્ય થવાનો પ્રસંગ આવશે તેથી **उतोवृद्धिर्लुकि ०** પ્રમાણે હલાદિ **पित्** પ્રત્યય **ति** પર થતાં વૃદ્ધિ થઇને **जुहौति** જેવું અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે. તે રીતે **लुप्** વ્દારા અદર્શન થયું હોય ત્યાં **लुक्** ને કારણે થતું કાર્ય થવાનો પ્રસંગ આવશે.જેમ કે **हरीतकी** માં ફળવાચી **अण्** પ્રાપ્ત થાય છે તેનો **हरीतक्यादिभ्यश्च।** પ્રમાણે **लुप्** થઇને **हरीतक्याः फलम् हरीतकी** એમ થશે.અહીં **लुप्** થયો છે ત્યાં **लुक्** નિમિત્ત કાર્ય પ્રાપ્ત થતાં **लुक्तद्धितलुकि।** પ્રમાણે સ્ત્રીપ્રત્યય **ङीष्** નો લોપ થવાનો પ્રસંગ આવશે. એ રીતે **लुक्** થયો હોય ત્યાં **लुप्** ને કારણે થતો વિધિ પ્રાપ્ત થશે. જેમ કે **लवणेन संसृष्टः (सूपः)** લવણથી મિશ્રિત સૂપ એ અર્થમાં **लवण** શબ્દને **संसृष्टे।** પ્રમાણે થતા **ठक्** નો **लवणाल्लुक्।** થી **लुक्** થાય છે. અહીં **लुप्** નિમિત્તક વિધિ થાય તો **लुपि युक्तवद्व्यक्तिवचने।** થી યુક્તવદ્ભાવ થઇને પ્રકૃતિ સમાન લિંગ થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न वा पृथक्संज्ञाकरणात् ॥७॥

न वैष दोषः। किं कारणम्। पृथक्संज्ञाकरणसामर्थ्याल्लुकि श्लुविधिर्न भविष्यति॥ तस्माददर्शनसामान्याल्लोपसंज्ञा लुमत्संज्ञा

अवगाहते। यदि तर्ह्यदर्शनसामान्याल्लोपसंज्ञा लुमत्संज्ञा अवगाहत एवं लुमत्संज्ञा अपि लोपसंज्ञामवगाहेरन्। तत्र को दोषः। अगोमती गोमती संपन्ना गोमतीभूता। लुक्तद्धितलुकि इति ङीपो लुक्प्रसज्येत। ननु चात्रापि न वा पृथक्संज्ञाकरणादित्येव सिद्धम्। यथैव तर्हि पृथक्संज्ञाकरणसामर्थ्याल्लुमत्संज्ञा लोपसंज्ञां नावगाहन्त एवं लोपसंज्ञापि लुमत्संज्ञा नावगाहेत। तत्र स एव दोषो लुक्युपसंख्यानमिति।

अस्त्यन्यल्लोपसंज्ञायाः पृथक्संज्ञाकरणे प्रयोजनम्। किम्। लुमत्संज्ञासु यदुच्यते तल्लोपमात्रे मा भूदिति॥

અથવા જુદી જુદી સંજ્ઞાઓ કરી છે તેથી (એ દોષ આવતો) નથી ॥૭॥ [51]

અથવા એ દોષ નથી (આવતો).(તેનું) શું કારણ ? ભિન્ન ભિન્ન સંજ્ઞાઓ કરી છે તેથી. (**लुक्** વિગેરે ) ભિન્ન સંજ્ઞા કરી છે તેને પ્રતાપે **लुक्** થાય ત્યાં **श्लु** વિધિ નહીં થાય. તેથી (બધે) અદર્શન સમાન હોવાથી **लोप** સંજ્ઞા **लुमत्** સંજ્ઞાઓમાં લાગુ પડે છે . અદર્શન (બધે) સમાન હોવાથી જેમ લોપ સંજ્ઞા **लुमत्** સંજ્ઞાઓના ક્ષેત્રમાં લાગુ પડે છે તે રીતે **लुमत्** સંજ્ઞાઓ પણ લોપ સંજ્ઞા (ના ક્ષેત્ર) માં લાગુ પડે તેવો સંભવ છે. તેમાં શો વાંધો છે ? [52] (એ વાંધો કે) **अगोमती गोमती संपन्ना गोमतीभूता** માં **लुक्तद्धितलुकि।** પ્રમાણે **ङीप्** નો **लुक्** થવાનો પ્રસંગ આવે. અરે અહીં પણ 'અથવા ભિન્ન સંજ્ઞાઓ કરવામાં આવી છે' એમ (જે કહ્યું છે) તેથી જ સિદ્ધ થાય છે. તો પછી જેમ પૃથક્ સંજ્ઞા કરવાને પ્રતાપે **लुमत्** સંજ્ઞાઓ લોપ સંજ્ઞા(ના ક્ષેત્ર)માં લાગુ નથી પડતી તેમ લોપ સંજ્ઞા પણ **लुमत्** સંજ્ઞાઓ (ના ક્ષેત્ર) માં લાગુ નહીં પડે. [53] તેમ થતાં '**लुक्** થાય ત્યાં ઉપસંખ્યાન કરવું પડશે' એમ (જે કહ્યો) તે જ દોષ ઊભો રહેશે. લોપ એ અલગ સંજ્ઞા કરવા પાછળ જુદું જ પ્રયોજન છે. [54] શું (છે) ? એ કે **लुमत्** સંજ્ઞાઓ (પ્રમાણે થતા અદર્શન) વિશે જે (કાર્ય) કહેવામાં આવે છે તે (કાર્ય) ગમે તે લોપમાં ન થાય.

---

[51] સંજ્ઞા પ્રદેશોમાં એક જ સંજ્ઞા દ્વારા સંજ્ઞીનો બોધ થઈ શકે તેમ હોવા છતાં સૂત્રકારે **लुक्** , **श्लु** , **लुप्** એમ ત્રણ સંજ્ઞા કરી છે તેથી **लुक्** વગેરે સંજ્ઞાઓ દ્વારા જે અદર્શન થાય છે (**तद्भावित**) તેનું **लुक्** સંજ્ઞા વગેરે દ્વારા ગ્રહણ થશે તેથી **लुक्** એટલે **लुक्** સંજ્ઞા દ્વારા કરેલું અદર્શન, **श्लु** એટલે **श्लु** સંજ્ઞા દ્વારા કરેલું અદર્શન અને **लुप्** એટલે **लुप्** સંજ્ઞા દ્વારા કરેલું અદર્શન એમ સમજાશે.

[52] ત્રણ સંજ્ઞાઓનું પૃથક્ વિધાન કર્યું છે તેને પ્રતાપે તેઓ એકબીજાના ક્ષેત્રમાં લાગુ ન પડે તે બરોબર છે, પરંતુ લોપ સંજ્ઞાના વિષયમાં તો તે પ્રવૃત્ત થાય તે શક્ય છે. તેથી **अगोमती गोमती संपन्ना गोमतीभूता** માં **अभूततद्भावे कृभ्वस्तियोगे संपद्यकर्तरि च्विः।** પ્રમાણે **च्वि** થાય છે તેમાં **च्** વર્ણ **इत्** છે , **इ** ઉચ્ચારણાર્થે છે અને શેષ રહ્યો અપૃક્ત **व्** તેનો **वेरपृक्तस्य।** (૬-૧-૬૭) પ્રમાણે લોપ થાય છે. એ સૂત્રમાં **लोपोव्योर्वलि।** (૬-૧-૬૬) માંથી **लोपः** ની અનુવૃત્તિ થાય છે તેથી **व्** નું લોપ દ્વારા અદર્શન થાય છે. હવે લોપના ક્ષેત્રમાં **लुक्** લાગુ પડે તો **व्** નો **लुक्** થયો છે તેમ સમજાશે.પરિણામે **लुक्** થતાં જે કાર્ય થતું હોય તે થવાનો પ્રસંગ આવતાં **लुक्तद्धितलुकि।** પ્રમાણે **गोमती** ના **ङीप्** નો લોપ થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. તેથી સમજાય છે કે લોપ સંજ્ઞામાં તદ્ભાવિતનું ગ્રહણ થતું નથી , પરંતુ **लुक्** વગેરેમાં થાય છે, કારણ કે ત્યાં ત્રણ અલગઅલગ સંજ્ઞાઓ કરી છે અને તે તે સંજ્ઞા દ્વારા થએલ અદર્શનને **लुक्** વગેરે સંજ્ઞા થશે.

[53] જેમ **लुक्** વગેરે ભિન્ન સંજ્ઞા કરી છે તેમ **लोप** એ પણ અલગ સંજ્ઞા કરી છે તેથી લોપ સંજ્ઞા દ્વારા જે અદર્શન કરવામાં આવ્યું હોય (**तद्भावित**) તે લોપ એમ સમજાશે એટલે કે લોપ સંજ્ઞામાં પણ તદ્ભાવિતનું ગ્રહણ થાય છે એમ માનનારની આ દલીલ છે.

[54] એ દલીલ ઉચિત નથી. અલગ લોપ સંજ્ઞા કરવાનો હેતુ એ છે કે **लुमत्** સંજ્ઞાઓને અનુલક્ષીને જે કાર્ય હોય તે લોપ દ્વારા થતા દરેક અદર્શનમાં ન થાય, કારણ કે **लोप** તો પ્રત્યય કે અપ્રત્યયના અદર્શનની સંજ્ઞા છે. આથી લોપ સંજ્ઞામાં તદ્ભાવિતનું ગ્રહણ થતું નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लुमति प्रतिषेधाद्वा ॥८॥

अथवा यदयं न लुमताऽङ्गस्येति प्रतिषेधं शास्ति तज्ज्ञापयत्याचार्यः लुकि प्रत्ययलक्षणं भवतीति ॥

सतो निमित्ताभावात्पदसंज्ञाभावः ॥९॥

सन्प्रत्ययो येषां कार्याणामनिमित्तं राज्ञःपुरुष इति स लुप्तोऽप्यनिमित्तं स्यात् राजपुरुष इति। अस्तु तस्या अनिमित्तं या स्वादौ पदमिति पदसंज्ञा या तु सुबन्तं पदमिति पदसंज्ञा सा भविष्यति। सत्येतत्प्रत्यय आसीदनया भविष्यत्यनया न भविष्यतीति। लप्त इदानीं प्रत्यये

અથવા તો **लुमत्** (સંજ્ઞાથી થતા અદર્શન) માં પ્રતિષેધ કર્યો છે તેથી (સિદ્ધ થશે) ॥૮॥

અથવા તો **न लुमताङ्गस्य**। એમ (કહીને) (પ્રત્યયલક્ષણનો) જે પ્રતિષેધ કરે તે ઉપરથી આચાર્ય જ્ઞાપન કરે છે કે **लुक्** થતાં પ્રત્યય-લક્ષણ થાય છે.[55]

વિદ્યમાન હોય ત્યારે (પ્રત્યય કોઈ કાર્યનું) નિમિત્ત ન હોય તો (પ્રત્યયલક્ષણથી પણ તેનું નિમિત્ત ન થતાં) પદ સંજ્ઞા નહીં થાય ॥૯॥[56]

વિદ્યમાન હોય ત્યારે પ્રત્યય જે કાર્યોનું નિમિત્ત ન હોય, જેમ કે **राज्ञः पुरुषः** માં ( **ङस्** પ્રત્યય વિદ્યમાન હોવા છતાં પદ સંજ્ઞાનું નિમિત્ત નથી થતો ) તેમ **राजपुरुषः** માં લુપ્ત થયા પછી પણ તે (પદ સંજ્ઞા રૂપી કાર્યનું ) નિમિત્ત નહીં થાય. **स्वादि** પર થતાં (જે) પદસંજ્ઞા થાય છે તેનું નિમિત્ત ભલે ન થાય, પરંતુ **सुबन्त** (હોય ) તે પદ એમ જે **पद** સંજ્ઞા થાય છે તે તો થશે.[57] પ્રત્યયની હયાતીમાં એ હતું કે આ (પદ સંજ્ઞા વિધિ) થી (પદ સંજ્ઞા) થશે અને આ (પદ સંજ્ઞા વિધિ) થી (પદ સંજ્ઞા) નહીં થાય.[58] હવે પ્રત્યયનો લોપ થયો હોવાથી

---

[55] ઉપર જોયું કે લોપમાં તદ્ભાવિતનું ગ્રહણ થતું નથી છતાં માત્ર દલીલ ખાતર સ્વીકારી લઈએ કે ત્યાં પણ તદ્ભાવિતનું ગ્રહણ થાય છે તો પણ હવે પછીના **न लुमताऽङ्गस्य**। સૂત્રમાં જે નિષેધ કર્યો છે તેથી સૂચવાય છે કે **लुक्** વગેરે સંજ્ઞા દ્વારા થએલ અદર્શનમાં લોપ સંજ્ઞાનિમિત્તક કાર્ય થશે. તેમ ન હોત તો સૂત્રકાર **न लुमता॰** એ સૂત્રથી અંગની બાબતમાં નિષેધ ન કરત.

[56] વા.માં **सतः** એમ કહ્યું છે તે **प्रत्ययस्य सतः**(પ્રત્યય વિદ્યમાન હો ત્યારે, પ્રત્યય હોય છતાં) એમ સમજવાનું છે અને **निमित्ताभावः** એટલે **निमित्तत्वाभावः**. આમ પ્રત્યય પોતે વિદ્યમાન હોય છતાં તે કોઈ કાર્યનું નિમિત્ત ન હોય તો તે પ્રત્યયનો લોપ થયા પછી પણ તે પ્રત્યય તે કાર્યનું અનિમિત્ત જ થશે. જેમ કે **राजपुरुषः--राज्ञः पुरुषः** અહીં પૂર્વપદ **राज्ञः** માં **ङस्** પ્રત્યય વિદ્યમાન છે, તે **अजादि** પ્રત્યય પર થતાં **यचि भम्**। (૧-૪-૧૮) પ્રમાણે **राजन्** ની **भ** સંજ્ઞા, **स्वादिष्वसर्वनाम॰** (૧-૪-૧૭) થી થતી **पद** સંજ્ઞાનો બાધ કરે છે. તેથી **पदस्य**।(૮-૧- ૧૬) અધિકારમાંના **न लोपः प्रातिपदिक॰**। (૮-૨-૭) પ્રમાણે **न्** લોપ ન થતાં **भस्य**। (૬-૪-૧૨૯) અધિકારમાંના **अल्लोपोऽनः**।(૬- ૪-૧૩૪) પ્રમાણે **अत्** લોપ થયો છે. આગળ **लुक्युपसंख्या॰** માં બતાવેલ દોષનો પરિહાર કર્યો તેથી [વા.(૯) માં] અન્ય દોષ બતાવે છે.

[57] શાસ્ત્રમાં બે **पद** સંજ્ઞાઓ છે :૧.**स्वादिष्वसर्वनामस्थाने**। (૧-૪-૧૭ ) પ્રમાણે સર્વનામસ્થાન સિવાયની વિભક્તિ પર થતાં અવયવની પદ સંજ્ઞા થાય છે તે. અને ૨. **सुप्तिङन्तं पदम्**। (૧-૪-૧૪) પ્રમાણે **सुबन्त** અને **तिङन्त** સમુદાયની પદ સંજ્ઞા થાય તે. **यचि भम्**। એ સૂત્ર પ્રથમ પ્રકારની પદ સંજ્ઞાનો અપવાદ હોવાથી તેનો બાધ કરે છે.જ્યારે બીજી સંજ્ઞા તો પ્રત્યય લોપ થયો હોવા છતાં રહેશે અને તે પદ સંજ્ઞા રહેવાને કારણે **राजपुरुषः** માં **अल्लोपोऽनः**। પ્રમાણે **अत्** લોપ નહીં થાય, કારણ કે ત્યાં **सुपोधातु ॰** પ્રમાણે **ङस्** નો લોપ થયો છે તે **लुक्** થી થયો છે તેથી ત્યાં **न लुमता॰** એ નિષેધ લાગુ પડશે. અહીં **पदत्व** હોવા છતાં **भत्व** તો છે જ તેથી **अत्** લોપ થશે એમ કહેવું બરોબર નથી, કારણ કે અહીં **भत्व** નથી તેથી **अत्** લોપ નહીં થાય.

[58] 'ભાષ્યકારે **आसीत्** એમ અનદ્યતનનો પ્રયોગ કરીને બે સમયનું અંતર બતાવ્યું છે, એટલે કે પ્રત્યય વિદ્યમાન હતો ત્યારે એ **(एतत्)** [એટલે કે **अनया भविष्यति अनया न भविष्यति** આ પદ સંજ્ઞાને કારણે (**न्** લોપ) થશે અને આ પદસંજ્ઞાને કારણે નહીં થાય એમ જે કહ્યું તે **(इति एतत्)**] હતું, એટલે કે પ્રત્યય વિદ્યમાન હોય ત્યારે જેમ કે **राज्ञः** માં **ङस्** વિદ્યમાન છે ત્યારે **राजन्** ને **स्वादिष्व॰** થી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यावत एवावधेः स्वादौ पदमिति तावता एवावधेः सुबन्तं पदमिति। अस्ति च प्रत्ययलक्षणेन यजादिपरतेति कृत्वा भसंज्ञा प्राप्नोति ॥

तुग्दीर्घत्वयोश्च विधिप्रतिषेधानुपपत्तिरेकयोगलक्षणत्वात्परिवीरिति ॥१०॥

तुग्दीर्घत्वयोश्च विप्रतिषेधो नोपपद्यते। क्व। परिवीरिति। किं कारणम्। एकयोगलक्षणत्वात्। एकयोगलक्षणे तुग्दीर्घत्वे। इह लुप्ते प्रत्यये सर्वाणि प्रत्ययकार्याणि पर्यवसन्नानि भवन्ति। तान्येतेन प्रत्युत्थाप्यन्ते। अनेनैव तुगनेनैव च दीर्घत्वमिति। तदेकयोगलक्षणं भवति। एकयोगलक्षणानि च न प्रकल्पन्ते ॥

જેટલા અવધીભૂત (શબ્દસ્વરૂપ) ની स्वादि પર થતાં (स्वादिष्वसर्वनामस्थाने। એ પ્રમાણે) पद સંજ્ઞા(થશે), તેટલા જ અવધીભૂત (શબ્દ સ્વરૂપ) ની सुबन्त તે પણ પદ (सुप्तिङन्तं पदम्।) એ પ્રમાણે પદ સંજ્ઞા (થાય છે) અને પ્રત્યયલક્ષણને કારણે यजादि પર થવાથી (यचि भम्। પ્રમાણે) भ સંજ્ઞા પ્રાપ્ત થાય છે.

परिवीः માં तुक् આગમ અને દીર્ઘ આદેશ એ બેનું નિમિત્ત એક સૂત્ર હોવાથી તેમનો પરસ્પર વિરોધ અનુચિત છે ॥૧૦॥

तुक् (વિધિ) અને દીર્ઘ આદેશ (ને લગતા વિધિ) માં પરસ્પર વિરોધ હોય તે ઉચિત નથી. ક્યાં વિરોધ ઉચિત નથી) ? परिवीः માં. શા માટે (નથી )? [59] કારણ કે એક (જ) સૂત્ર (તે બેનું) નિમિત્ત છે, (એટલે કે) तुक् આગમ અને દીર્ઘ આદેશનું નિમિત્તભૂત સૂત્ર એક છે. અહીં પ્રત્યયનો લોપ થતાં પ્રત્યય પર આધારિત બધાં કાર્યો મૃત બની જાય છે. તેમને આ (પ્રત્યલક્ષણ સૂત્ર) વ્દારા ફરી ઊભાં કરવામાં આવે છે. આ (સૂત્ર) થી જ तुक् આગમ અને એથી જ દીર્ઘ આદેશ (નું વિધાન કરવામાં આવે છે), તેથી (તે બન્ને કાર્યો) એક સૂત્ર ઉપર આધારિત થાય છે અને જે એક સૂત્ર ઉપર આધારિત હોય તેવાં કાર્યો સિદ્ધ થતાં નથી.

---

થી પદ સંજ્ઞા થતી નથી, કારણ કે भ સંજ્ઞા તેનો બાધ કરે છે તેથી ત્યાં न् લોપ નહીં થાય,પરંતુ राजपुरुषः એ સમાસ થતાં પહેલાં राज्ञःએ ષષ્ઠી વિભક્ત્યન્તને सुप्तिङन्तं० પ્રમાણે પદસંજ્ઞા થાય છે તેથી राजन् એ પૂર્વપદ પ્રત્યયલક્ષણથી सुबन्त હોવાથી સમાસમાં પદ સંજ્ઞા થઇને न् લોપ થશે. પરંતુ પ્રત્યય વિદ્યમાન ન હોય ત્યારે માત્ર राजन् શબ્દ જ બચે છે તેથી स्वादिष्व० પ્રમાણે જે પદ સંજ્ઞા થાય છે તે અને सुप्तिङन्तं० થી જે પદ સંજ્ઞા થાય છે તે બન્ને માટે પૂર્વના અવયવનો અવધીભૂત માત્ર राजन् એટલો જ અંશ છે. આમ થવાથી राज्ञः માં અવધિ ભેદને કારણે भ સંજ્ઞા અવયવની स्वाष्वि० થી થતી સંજ્ઞાનો બાધ કરી શકશે પણ સમાસમાં પ્રત્યયનો લોપ થયો હોવાથી આગળ જોયું તેમ અવધિ ભેદ રહેતો નથી તેથી પ્રત્યયલક્ષણથી (એટલે કે પ્રત્યયલક્ષણને કારણે ङस् એ अजादि પ્રત્યય પર છે તેમ સમજાશે તેથી) પ્રાપ્ત થતી भ સંજ્ઞા, स्वादिष्व० થી થતી નો અપવાદ હોવાથી અને सुप्तिङन्तं० થી થતી સંજ્ઞાનો પર હોવાથી, એમ બન્ને પ્રકારની પદ સંજ્ઞાનો બાધ કરશે.એ પ્રમાણે અહીં દલીલ છે.

[59] परिवीः--परि व्ये क्विप्--वचिस्वपियजादीनां० થી સંપ્રસારણ सम्प्रसारणाच्च। પૂર્વ રૂપ એકાદેશ--परिवि--हलः।થી દીર્ઘ--परिवीः. અહીં क्विप् લોપ થયા પછી प्रत्ययलोपे ० એ એક યોગને કારણે परिवि એ સ્થિતિમાં ह्रस्वस्य पिति० થી तुक् અને हलः। થી સંપ્રસારણનો દીર્ઘ એ બન્ને પ્રાપ્ત થાય છે અને બન્ને કાર્યોનું નિમિત્ત એક જ સૂત્ર (एकयोगलक्षण) છે તેથી વચ્ચે ક્રમ કે પૌર્વાપર્ય ન હોવાથી તેમનો વિપ્રતિષેધ સંભવિત નથી, કારણ કે પ્રત્યય લુપ્ત થતાં પ્રસ્તુત સૂત્રવ્દારા બન્ને પ્રત્યયલક્ષણ કાર્યોનું વિધાન થાય છે. पर्यवसन्नानि मृतानि (ના.) એ મૃત એટલે કે અપ્રાપ્ત કાર્યોને પ્રત્યયલક્ષણ સૂત્ર ફરી ઊભાં કરે છે તેથી પૌર્વાપર્યના અભાવે પર સૂત્ર પૂર્વ (तुक् વિધાયક) સૂત્રનો બાધનહીં કરી શકે તેથી જ ભાષ્યકાર કહે છે एकयोगलक्षणानि कार्याणि न प्रकल्पन्ते। અર્થાત્ એક જ સૂત્ર જે કાર્યોનું નિમિત્ત હોય તે કાર્યો સિદ્ધ થતાં નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धं तु स्थानिसंज्ञानुदेशादान्यभाव्यस्य ॥११॥

सिद्धमेतत्। कथम्। स्थानीसंज्ञान्यभूतस्य भवतीति वक्तव्यम्। किं कृतं भवति। सत्तामात्रमनेन क्रियते। यथाप्राप्ते तुग्दीर्घत्वे भविष्यतः॥ तद्वक्तव्यं भवति। यद्यप्येतदुच्यतेऽथवैतर्हि स्थाविद्भावो नारम्यते। स्थानिसंज्ञान्यभूतस्यानल्विधाविति वक्ष्यामि। यद्येवमाङो यमहन आत्मने-पदं भवतीति हन्तेरेव स्याद्वधेर्न स्यात्। न हि काचिद्धन्तेः संज्ञास्ति या वधेरतिदिश्येत। हन्तेरपि संज्ञास्ति। का। हन्तिरेव। कथम्। स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा इति वचनात्स्वं रूपं शब्दस्य संज्ञा भवतीति हन्तेरपि हन्तिः संज्ञा भविष्यतीति॥

પરંતુ આદેશને [60]વિશે સ્થાનિસંજ્ઞાનો અતિદેશ કરવાથી સિદ્ધ થાય છે ॥૧૧॥

એ સિદ્ધ થાય છે. કેવી રીતે ? (જેણે સ્થાનીથી) ભિન્ન સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે તે (એટલે કે આદેશ)ની સ્થાની સંજ્ઞા થાય છે એમ કહેવું પડશે.તેમ કરવાથી શું થશે ? આ (સૂત્ર)થી (कृत्, पित् વગેરે સંજ્ઞાની) માત્ર સત્તા ઉદ્ભાવવામાં આવે છે , અને तुक् તથા દીર્ઘ તો જે (સૂત્રો વ્દારા) પ્રાપ્ત થતાં હશે તેમ થશે. તે (રીતે સૂત્ર) કહેવું પડશે? [61] અથવા હવે એ (રીતે) કહેવામાં તો સ્થાનિવદ્ભાવ (ને લગતું સૂત્ર) નહીં કરવામાં આવે અને 'અન્યભૂત (અર્થાત્ આદેશ) ને अल् વિધિ સિવાય (નાં સ્થળે) સ્થાની સંજ્ઞા થાય છે (स्थानिसंज्ञाऽन्य-भूतस्यानल्विधौ।) એમ કહીશ.જો એ પ્રમાણે (સૂત્ર) હોય તો आङो यमहनः। [62] પ્રમાણે જે આત્મનેપદ થાય છે તે માત્ર हन् ને થશે (આદેશ) वध ને નહીં થાય, કારણ કે हन् (ધાતુ) ની કોઇ સંજ્ઞા નથી કે જેનો (આદેશ) वध વિશે અતિદેશ થઇ શકે. हन् ને પણ સંજ્ઞા છે. કઇ ? हन् એ જ (સંજ્ઞા). [63] કેવી રીતે ? स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा। એમ જે કહ્યું છે તે પ્રમાણે શબ્દનું પોતાનું સ્વરૂપ (જ) તેની સંજ્ઞા થાય છે તેથી हन्(ધાતુ) ની પણ हन् (એ જ) સંજ્ઞા થશે.

---

[60] आन्यभाव्यस्य-- અહીં સ્વાર્થ ष्यञ् થયો છે.'ભાવ એટલે સ્વરૂપ તેથી अन्यः भावः अन्यभावः। अन्यभाव एव आन्यभाव्यम् એટલે જે અન્ય બન્યો છે, સ્થાનીની અપેક્ષાએ જેણે બીજું સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે તે અર્થાત્ લોપ વગેરે આદેશ.' કહેવાનો ભાવ એમ છે કે પ્રત્યય સ્થાની સ્વરૂપે હોય ત્યારે તેને पित् कृत् વગેરે સંજ્ઞા(व्यपदेश) હોય છે. જ્યારે તે (क्विप् વગેરે) પ્રત્યય, લોપ સ્વરૂપે અન્ય (आन्यभाव =આદેશ) થાય ત્યારે તે આદેશને વિશે તે સંજ્ઞાનો અતિદેશ કરવામાં આવે છે. તેથી पित् વગેરે સંજ્ઞાનિમિત્તક શાસ્ત્ર તેને લાગુ પડશે તેથી કાર્ય સિદ્ધ થશે.परिवीः માં સ્થાની क्विप् નો લોપ થવા છતાં તેના આદેશ લોપને વિશે कृत् पित् સંજ્ઞાનો અતિદેશ થશે. ભાષ્યમાં सत्तामात्रमनेन क्रियते। છે તેનો 'આદેશ હોય ત્યારે સ્થાનીની સત્તા આ(વા.) વ્દારા કરવામાં આવે છે' એમ અર્થ નથી પરંતુ 'સ્થાનીની कृत् વગેરે સંજ્ઞાનો આદેશ વિશે અતિદેશ થાયછે' એમ અર્થ છે, એમ ન હોત તો ભાષ્યકાર स्थानिसंज्ञानुदेशात्। એમ ન કહેતાં स्थान्यनुदेशात् । કહેત.પરિણામે સ્થાનીના કાર્યનો અતિદેશ થવાનો પ્રસંગ આવત, પરંતુ સંજ્ઞાનો અતિદેશ થવાથી અહીં तुक्, દીર્ઘત્વ પ્રાપ્ત થતાં तुक् નો બાધ કરીને દીર્ઘત્વ થાય છે. (ઉ.ચૌખં.પૃ.૫૧૭) માં ननु सत्ता स्थानिनश्चेद्विरुद्धम्। એ વિધાનનો આશય तन्निवर्त्यत्वस्यैव स्थानित्वात्। (છા પા.ટી.૧૪) માં સ્પષ્ટ કર્યો છે તેથી સંપાદકે કરેલ ચર્ચા ( પા.ટી.૧૩) બિનજરૂરી છે.

[61] એટલે કે એ રીતે સ્થાનીની સંજ્ઞાનો અનુદેશ--અતિદેશ--થાય છે એમ કહેવું પડશે, કારણ કે કહ્યા વિના તો સૂત્ર ઉપરના આક્ષેપનો પરિહાર થઇ ન શકે. તેથી સ્થાનિવદ્ભાવને લગતું સૂત્ર નહીં કરવું પડે અને લાઘવ માટે स्थानिसंज्ञाऽन्यभूतस्यानल्विधौ। એમ સૂત્ર થશે.

[62] સૂત્રમાં हन् ધાતુના પોતાના(ह् अ न् એ) સ્વરૂપનું ગ્રહણ કરીને આત્મનેપદનું વિધાન કરવામાં આવ્યું છે પરંતુ ત્યાં કોઇ સંજ્ઞાનું ગ્રહણ કર્યું નથી. (જો કે हन् ને ધાતુ સંજ્ઞા છે પણ તેને કારણે આત્મનેપદનું વિધાન નથી કર્યું.) તેથી સ્થાની हन् ની કઇ સંજ્ઞાનો આદેશ वध વિશે અતિદેશ થઇ શકે ? એમ શંકાકારનો ભાવ છે.

[63] વ્યાકરણશાસ્ત્રમાંની સંજ્ઞાઓ સિવાયની સંજ્ઞામાં શબ્દનું પોતાનું સ્વરૂપ એ જ તેની સંજ્ઞા છે.(स्वं रूपं शब्द०) તેથી हन् નું પોતાનું ह्, अ અને न् ના સંયોગ રૂપ જે સ્વરૂપ તે જ તેની સંજ્ઞા છે એમ અર્થ થશે.પરંતુ સંજ્ઞા અને સંજ્ઞી તો ભિન્ન હોય છે તેથી हन् એ સંજ્ઞા પણ થાય અને સંજ્ઞી પણ થાય તે ઘટતું નથી એ પ્રકારની શંકા અનુચિત છે, કારણ કે સૂત્રમાં જે हन् છે તે સંજ્ઞા છે જ્યારે પ્રયોગમાંનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भसंज्ञाङीप्ष्फगोरात्वेषु च सिद्धम् ॥ १२ ॥

भसंज्ञाङीप्ष्फगोरात्वेषु च सिद्धं भवति ॥ भसंज्ञा। राज्ञः पुरुषो राजपुरुषः। प्रत्ययलक्षणेन यचि भम्। इति भसंज्ञा प्राप्नोति। स्थानिसंज्ञाऽन्यभूतस्यानल्विधाविति वचनान्न भवति ॥ ङीप्। चित्रायां जाता चित्रा प्रत्ययलक्षणेनाणन्तादितीकारः प्राप्नोति। स्थानिसंज्ञान्यभूतस्यानल्विधाविति वचनान्न भविष्यति ॥ ष्फ। वतण्डी। प्रत्ययलक्षणेन यञन्तादिति ष्फःप्राप्नोति। स्थानिसंज्ञान्यभूतस्यानल्विधाविति वचनान्न भवति ॥ गोरात्वम्। गामिच्छति गव्यति। प्रत्ययलक्षणेनाम्यौतो

(તેથી) भ સંજ્ઞા,ङीप् , ष्फ અને गो નું आ-त्व પણ સિદ્ધ (થશે) ॥૧૨॥

(એ પ્રમાણે સૂત્ર કરવાથી) भ સંજ્ઞા, ङीप् ,ष्फ અને गो નું आ-त्व પણ સિદ્ધ થાય છે. भ સંજ્ઞા– राज्ञः पुरुषः राजपुरुषः। (અહીં) પ્રત્યયલક્ષણથી यचि भम्। પ્રમાણે भ સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે, (પરંતુ) ' अल् વિધિ સિવાયનાં કાર્યમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાય છે' એમ કહેવાથી નહીં થાય.[64] ङीप् -चित्रायां जाता चित्रा (માં) [65] પ્રત્યયલક્ષણથી अणन्त ને ( टिड्ढाणञ्० પ્રમાણે) ई- કાર થવાનો પ્રસંગ આવે છે, (પરંતુ ) 'अल् વિધિ સિવાયનાં કાર્યમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાય છે' એમ કહેવાથી નહીં થાય. ष्फ–वतण्डी (અહીં) પ્રત્યયલક્ષણથી [66] यञन्त ને (प्राचां ष्फः० થી) ष्फ થવાનો પ્રસંગ આવે છે, (પરંતુ) 'अल् વિધિ સિવાયનાં કાર્યમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાય છે' એમ કહેવાથી નહીં થાય. गो નું आत्व-- गामिच्छति गव्यति। [67] (અહીં) પ્રત્યયલક્ષણથી आम् પર થતાં औतो

---

हन् સંજ્ઞી છે. આથી આદેશ वध ને વિશે हन् સંજ્ઞાનો (=તેને કારણે થતાં કાર્યોનો) અતિદેશ થઇ શકશે. તેથી वध ને આત્મનેપદ પ્રાપ્ત થશે.

[64] राजपुरुषः (નોંધ: ૫૭--૫૯) અહીં ङस् એ अजादि પ્રત્યય પર થતાં भ સંજ્ઞા થાય છે તે પ્રધાનતયા अ-કાર પર આધાર રાખે છે એટલે કે તે વર્ણને લગતું કાર્ય છે તેથી अल् વિધિ છે. હવે જો 'अल् વિધિ ન હોય ત્યાં આદેશ(आन्यभाव्य) ને સ્થાનિસંજ્ઞા થાય છે' એમ સૂત્ર કરવામાં આવે તો અહીં ङस् લોપ રૂપી આદેશ अल् વિધિ હોવાથી સ્થાનિસંજ્ઞાનો નિષેધ થશે તેથી भ સંજ્ઞા ન થતાં न् લોપ થશે

[65] चित्रा શબ્દને चित्रायां जाता એ અર્થમાં सन्धिवेलाद्यृतुनक्षत्रेभ्योऽण्। થી अण् .चित्रारेवतीरोहिणीभ्यः० થી તેનો લોપ. તેથી अजाद्यतष्टाप्। થી થએલ टाप् નો लुक्तद्धित० થી લોપ થતાં चित्र એમ થશે. અહીં लुक् થવા છતાં પ્રત્યયલક્ષણથી अण् છે એમ સમજતાં चित्र अणन्त થશેતેથી टिड्ढाणञ्० )પ્રમાણે ङीप् થવાનો પસંગ આવશે, પરંતુ टिड्ढाणञ्० માં अजाद्यतः० માંથી अतः ની અનુવૃત્તિ થાય છે તેથી તે સૂત્ર દ્વારા થતો ङीप् વિધિ अल्विधि થશે તેથી સ્થાનિસંજ્ઞા નહીં થાય (स्थानिसंज्ञाऽन्यभूतस्यानल्विधौ।) અને चित्रा એમ ઇષ્ટ રૂપ જ થશે.

[66] वतण्डस्य गोत्रापत्यं स्त्री (आङ्गिरसी) આંગિરસ ગોત્રની છોકરી એ અર્થમાં वतण्ड શબ્દને वतण्डाच्च। પ્રમાણે यञ् . તેનો स्त्रियाम्। થી लुक् થતાં, शार्ङ्गरवादि ગણમાં वतण्ड નો સમાવેશ છે તેથી शार्ङ्गरवाद्यञो ङीन्। થી ङीन् થઇને वतण्डी શબ્દ થાય છે. અહીં यञ् लुक् થતાં પ્રત્યયલક્ષણ થાય તો वतण्ड એ यञन्त છે તેમ સમજાશે તેથી પૂર્વાચાર્યોના મત પ્રમાણે सर्वत्र लोहितादिकतन्ते० (૪-૧-૧૮) માંથી सर्वत्र ને ઉપર લઇ આવીએ (अपकर्ष) તો आवट्यायनी માં आवट्याच्च।(૧-૪-૭૫) થી થતા चाप् નો બાધ કરીને प्राचां ष्फस्तद्धिते। (૧- ૪-૧૭) પ્રમાણે ष्फ થાય છે તેમ वतण्डी માં પણ ङीन् નો બાધ કરીને ष्फ થવાનો પ્રસંગ આવશે,પરંતુ प्राचां ष्फः० માં પણ अजाद्यतः। માંથી अतःની અનુવૃત્તિ થતી હોવાથી ष्फ એ अल्विधि છે તેથી સ્થાનિસંજ્ઞા ન થવાથી ष्फ નહીં થાય અને वतण्डी રૂપ સિદ્ધ થશે.

[67] અહીં गो ને ઇચ્છાના અર્થમાં सुप आत्मनः क्यच्। પ્રમાણે क्यच् થતાં તદન્તને ધાતુ સંજ્ઞા થવાથી सुपो धातु० થી गो ને થએલ દ્વિ.એ. વ.ના आम् પ્રત્યયનો લોપ થવાથી गो य (क्यच्) ति એ સ્થિતિમાં પ્રત્યયલક્ષણ થતાં औतोऽम्शसोः। પ્રમાણે ओ નો आ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ એ સૂત્રમાં इको यणचि। માંથી अचि ની અનુવૃત્તિ થાય છે તેથી સૂત્ર 'अजादि अम् शस् પર થતાં आत्व



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-ऽम्शसोः इत्यात्वं प्राप्नोति। स्थानिसंज्ञान्यभूतस्यानल्विधाविति वचनान्न भवति॥

तस्य दोषो ङौनकारलोपेत्वेम्विधयः ॥१३॥

तस्यैतस्य लक्षणस्य दोषो ङौ नकारलोपः। आर्द्रे चर्मन् लोहिते चर्मन्। प्रत्ययलक्षणेन यचि भम् इति भसंज्ञा सिद्धा भवति। स्थानिसंज्ञान्यभूतस्यानल्विधाविति वचनान्न प्राप्नोति। इत्वम्। आशीः। प्रत्ययलक्षणेन हलीतीत्वं सिद्धं भवति । स्थानिसंज्ञान्यभूतस्यानल्विधाविति वचनान्न प्राप्नोति॥ इम्। अतृणेट्। प्रत्ययलक्षणेन

-ऽम्शसोः। થી आ- કાર એકાદેશ થવાનો પ્રસંગ આવે છે, (પરંતુ) 'अल् વિધિ સિવાયનાં કાર્યમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાયછે' એમ કહેવાથી નહી થાય.

એ (પ્રમાણે સૂત્ર કરવા) નો દોષ એ છે કે ङि પર થતાં न-કાર લોપ, इत्व અને इम् ને લગતા વિધિ (સિદ્ધ નથી થતા) ॥૧૩॥

એ (પ્રમાણે જે કહ્યું તે) સૂત્રનો દોષ (એ છે કે) ङि પર થતાં न-કાર લોપ—आर्द्रे चर्मन्, लोहिते चर्मन्[68] (અહીં) પ્રત્યયલક્ષણથી यचि भम्। પ્રમાણે भ સંજ્ઞા સિદ્ધ થાય છે (તે), 'अल् વિધિ સિવાયનાં કાર્યમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાય છે' એમ કહેવાથી, ન થવાનો પ્રસંગ આવે છે.इत्व —आशीः[69] (અહીં) પ્રત્યયલક્ષણથી हल् પર થતાં शास इदङ्हलोः। પ્રમાણે इत्व સિદ્ધ થાય છે (તે) अल् વિધિ સિવાયનાં કાર્યમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાય છે 'એમ કહેવાથી ન થવાનો પ્રસંગ આવે છે. इम्-अतृणेट्[70] (અહીં) પ્રત્યયલક્ષણથી

---

થાય છે એમ સમજાય છે' આમ તે સૂત્ર अल् વિધિ છે તેથી આદેશને સ્થાનિસંજ્ઞા નહીં થાય .પરિણામે આ આદેશ ન થતાં गो य ति--य-કારાદિ પ્રત્યય પર થતાં वान्तो यि प्रत्यये। થી ओ નો अव् આદેશ થઇને गव्यति સિદ્ધ થશે.

[68] आर्द्रे चर्मन् । लोहिते चर्मन् એ વૈદિક પ્રયોગોમાં चर्मणि ન થતાં सुपां सुलुक्० પ્રમાણે સ.એ.વ.ના ङि નો લોપ થયો છે.પ્રત્યયલક્ષણ થતાં अजादि इ (ङि) પ્રત્યય चर्मन् ની પર છે તેમ સમજાશે તેથી તેને भ સંજ્ઞા થતાં पद સંજ્ઞાનો બાધ થવાથી नलोपः प्राति० પ્રમાણે न् લોપ ન થતાં चर्मन् સિદ્ધ થશે.પરંતુ 'अल् વિધિ સિવાયનાં કાર્યોમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાય છે' એમ કહેવામાં આવે તો भ સંજ્ઞા अनल् વિધિ થશે, કારણ કે તે अजादि પ્રત્યય પર આધારિત છે. તેથી આદેશ ङि લોપને સ્થાનિસંજ્ઞા ન થતાં न् લોપ થવા રૂપી દોષ આવશે.

[69] आशीः--आशास् ને क्विप्, લોપ થવા છતાં પ્રત્યયલક્ષણ થતાં हल्(व्) આ शास् ની પર છે એમ સમજાશે તેથી शास इदङ्हलोः। થી ઉપધાનો इ આદેશ, પ્ર.એ.વ.માં--आशिस् स्--हल्ङ्याब्भ्यो० થી स् લોપ, शासिवसीघसीनां च। (૮-૩-૬૦) થી षत्व, પરંતુ षत्व અસિદ્ધ હોવાથી स् નો ससजुषोरुः। થી રેફ થતાં र्वोरुपधायाः। થી ઉપધા દીર્ઘ--आशीर्--खरवसानयोः० થી વિસર્ગ થઇને आशीः થાય છે. જો 'अल् વિધિ ન હોય તે કાર્યોમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાય છે' એમ કહેવામાં આવે તો इत्व ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે हलादि પ્રત્યય પર થવાથી इत्व થતું હોવાથી તે अल् વિધિ છે તેથી अनल्विधौ એ નિષેધ લાગુ પડશે.આમ इत्व ન થવા રૂપી દોષ આવશે.

[70] अतृणेट्--तृह् लङ् (ति) रुधादि હોવાથી श्नम्--तृ न ह् त्--तृण ह् त्--हल्ङ्याब्भ्यो० त् લોપ, પ્રત્યયલક્ષણથી हल् त् પર છે તેમ સમજાશે તેથી तृणह इम्। પ્રમાણે અંગને इम् આગમ--तृणेह्--हो ढः।--तृणेढ् --झलां जशो०--तृणेड्--वावसाने।--चर्त्वं, अट् આગમ --अतृणेट् થાય છે. અહીં પ્રત્યયલક્ષણ થયા પછી हल् પર નથી રહેતો तृणह इम्। (૭-૩-૯૨) માં ઉતો वृद्धिर्लुकि हलि। (૭-૩-૮૯) માંથી हलि ની અનુવૃત્તિ થાય છે તેથી इम् વિધિ अल् વિધિ થશેપરિણામે 'अल् વિધિ સિવાયનાં કાર્યોમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાય છે' એમ કહેવામાં આવે તો अनल्विधौ એ નિષેધ લાગુ પડવાથી इम् ન થવા રૂપી દોષ આવશે. અહીં શંકા થાય કે हलि ની અનુવૃત્તિ થવાથી इम् વિધિ વર્ણાશ્રય કાર્ય છે પણ 'वर्णाश्रये नास्ति प्रत्ययलक्षणम्।' એમ કહ્યું છે તેથી ત્યાં પ્રત્યયલક્ષણ નહીં થઇ શકે. તેથી પ્રત્યયલક્ષણથી इम् થશે એમ કેવી રીતે કહી શકાય ? પરંતુ પ્રત્યયનો લોપ થતાં બે પ્રકારે કાર્ય હોઇ શકેઃ ૧)જે પ્રત્યયને કારણે થતું હોય તે, એટલે કે પ્રત્યય જેનું નિમિત્ત હોત તે અને ૨) પ્રત્યય જેનું નિમિત્ત ન હોય તે. તેમાં પ્રત્યયનિમિત્તક કાર્ય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

हलीतीम्सिद्धो भवति। स्थानिसंज्ञान्यभूतस्यानल्विधाविविवचनान्न प्राप्नोति॥ सूत्रं च भिद्यते॥ यथान्यासमेवास्तु। ननु चोक्तं सतो निमित्ताभावात्पदसंज्ञाभावस्तुग्दीर्घत्वयोश्च विप्रतिषेधानुपपत्तिरेकयोगलक्षणत्वात्परिवीरिति । नैष दोषः। वक्ष्यत्यत्र परिहारम्।। इहापि परिवीरिति शास्त्रपरविप्रतिषेधेन परत्वाद्दीर्घत्वं भविष्यति॥ कानि पुनरस्य योगस्य प्रयोजनानि।

प्रयोजनमपृक्तशिलोपे नुममामौ गुणवृद्धिदीर्घत्वेमडाड्श्नम्विधयः॥ १४॥

**हल्** પર થતાં **तृणह इम्**। પ્રમાણે **इम्** આગમ સિદ્ધ થાય છે, (તે) 'अल् વિધિ સિવાયનાં કાર્યમાં આદેશને સ્થાનિસંજ્ઞા થાયછે' એમ કહેવાથી ન થવાનો પ્રસંગ આવે છે.

વળી (મૂળ)સૂત્ર પણ બદલાઇ જાય છે.[71] તેથી (સૂત્ર) જેમ મૂકેલું છે તેમ જ ભલે રહે.પરંતુ (અમે) કહ્યુંને કે વિદ્યમાન હોય ત્યારે (પ્રત્યય જો કોઇ કાર્યનું) નિમિત્ત ન હોય (તો પ્રત્યલક્ષણથી નિમિત્ત નથી થતો તેથી) પદ સંજ્ઞા નહીં થાય, **परिवीः** માં **तुक्** આગમ અને દીર્ઘ આદેશ એ બેનું નિમિત્ત એક સૂત્ર હોવાથી તેમનો પરસ્પર વિરોધ અનુચિત છે.[72] એ દોષ નથી (આવતો), (કારણ કે) એ વિશેપરિહાર કહેશે.[73] આ **परिवीः** માં[74] પણ ઉપદેશસૂત્રોમાં પર શાસ્ત્ર વ્દારા પૂર્વનો પ્રતિષેધ થાય છે તેથી પર હોવાથી દીર્ઘ આદેશ થશે.તો હવે આ સૂત્રનાં પ્રયોજન કયાં છે? [75]

અપૃક્ત અને **शि** લોપ પછી **नुम्** , **अम्** અને **आम्** ,ગુણ અને વૃદ્ધિ , દીર્ઘત્વ, **इम्** , **अट्** અને **आट्** તથા **श्नम्** એ વિધિઓ (થઇ શકે તે ) પ્રયોજન ॥૧૪॥ [76]

---

પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે પણ થશે. જયારે બીજું , અપ્રત્યયનિમિત્તક કાર્ય પ્રત્યયનો લોપ થતાં નહીં થાય, જેમ કે **गोहितम्** , પરંતુ **इम्** વિધિમાં તો **पित्** સાર્વધાતુક પ્રત્યય પર હોય ત્યારે **इम्** થાય છે અને એ **पित्** વગેરે પ્રત્યયનું **हलि** એ વિશેષણ છે તેથી પ્રત્યય પ્રધાન અને **हल्** ગૌણ હોવાથી (**इम्** વિધિ) એ કાર્ય પ્રત્યયનિમિત્તક થાય છે. પરિણામે પ્રત્યયલક્ષણ થઇને **इम्** થશે.

[71] અહીં **तस्य दोषो ङौ०** (વા.૧૩) માં દર્શાવેલ દોષ ઉપરાંત એક વધારાનો દોષ એ છે કે સ્થાનિવદ્ભાવ અને પ્રત્યયલક્ષણ સૂત્રો ન કરીને **स्थानिसंज्ञाऽन्यभूतस्यानल्विधौ**। એમ સૂત્ર કરીએ તો **प्रत्ययलोपे प्रत्ययलक्षणम्**। એ મૂળ સૂત્ર બીજું જ સૂત્ર થઇ જાય છે.

[72] તો પછી સૂત્રકારે **प्रत्ययलोपे प्रत्ययलक्षणम्**। એમ સૂત્ર કર્યું છે તેમ જ ભલે રહે, પરંતુ તેમ કરવાથી વા. (૯,૧૦) માં નિર્દેશેલ દોષ એમના એમ જ રહેશે એમ દલીલ છે

[73] **न ङिसंबुध्योः**। એ સૂત્રમાં **ङि** પર થતાં **न्** લોપ નથી થતો એમ કહ્યું છે,પરંતુ આગળ જોયું તેમ **ङि** પર થતાં પદ સંજ્ઞા થતી જ નથી કારણ કે **भ** સંજ્ઞા તેનો બાધ કરે છે. તેથી **न्** લોપનો પ્રસંગ જ નથી છતાં સૂત્રકારે **न्** લોપનો નિષેધ કર્યો છે તેથી જ્ઞાપન થાય છે કે પ્રત્યયલક્ષણથી **भ** સંજ્ઞા થતી નથી. આ પ્રમાણે દલીલ કરીને પરિહાર કરશે.[વા.૧૫,તેનું ભાષ્ય].

[74] **परिवीः** જે કાર્યનો અતિદેશ કરવામાં આવ્યો હોય તે કાર્યનું જેમાં વિધાન કરવામાં આવ્યું હોય તે ઉપદેશ શાસ્ત્ર.અહીં **ह्रस्वस्य०** (૬-૧-૭૧) અને **हलः**।(૬-૪-૨) એ બે ઉપદેશ શાસ્ત્ર છે તેમાં દીર્ઘ વિધાયક શાસ્ત્ર પર છે તેથી વિપ્રતિષેધ થઇને દીર્ઘ થશે **तुक्** નહીં થાય, કારણ કે 'પ્રત્યય વિદ્યમાન હોય ત્યારે જે કાર્ય થાય છે તે કાર્ય પ્રત્યયનો લોપ થવા છતાં થાય છે' એમ સૂત્રનો અર્થ છે. તેથી જેમ **परिवीय** માં પ્રત્યય વિદ્યમાન હોવાથી દીર્ઘ કાર્ય જોવામાં આવે છે તેમ **परिवीः** માં પણ દીર્ઘ જ થશે **तुक्** નહીં થાય.

[75] (વા.૧) માં **किमर्थं पुनरिदमुच्यते**। એમ પ્રશ્ન કર્યો હતો. તેમાં આ સૂત્ર પાછળની તાર્કિકતા, આશય વિશે પૂછ્યું છે. અહીં તેનાં પ્રયોજન, હેતુને લગતો પ્રશ્ન છે તેથી પુનરુક્તિ થતી નથી. તેથી જ પૂર્વ પ્રશ્નના ઉત્તરમાં **सदन्वाख्यानात् शास्त्रस्य**। એમ કહીને સૂત્ર કરવાનું પ્રયોજન બતાવ્યું છે .

[76] (વા. ૧૪) માં **नुम् अमामौ** એ જુદાં જુદાં પદ છે અને **अपृक्तशिलोपे** એમ જે કહ્યું છે તે જેનો જયાં સંભવ હોય તે ત્યાં લેવાનું છે.જેમ કે **अग्ने त्री** વગેરેમાં **शिलोप**, **अधोक्** વગેરેમાં **अपृक्त** લોપ, એમ જે જયાં લાગુ પડતું હોય ત્યાં તે લેવાનું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अपृक्तलोपे शिलोपे च कृते नुममामौ गुणवृद्धी दीर्घत्वमिमडाटौ श्नम्विधिरिति प्रयोजनानि ॥ नुम्। अग्ने त्री ते वाजिना त्री षधस्था। ता ता पिण्डानाम्। नुम्॥ अमामौ हेऽनड्वन् अनड्वान्॥ गुणः। अधोक् अलेट्॥ वृद्धिः। न्यमार्ट्॥ दीर्घत्वम्। अग्ने त्री ते वाजिना त्री षधस्था। ता ता पिण्डानाम्॥ इम्। अतृणेट्॥ अडाटौ। अधोक् अलेट्। ऐयः औनः॥ श्नम्विधिः। श्नम्-- अभिनोऽत्र

અપૃક્ત લોપ અને शि લોપ થયા પછી नुम् ,अम् અને आम् , ગુણ અને વૃદ્ધિ ,દીર્ઘત્વ, इम् ,अट् અને आट् તથા श्नम् એ વિધિઓ (થઇ શકે) એ પ્રયોજન છે.नुम् –अग्ने त्री ते वाजिना त्री षधस्था। ता ता पिण्डानाम्।[77] नुम् . अम् અને आम् –हे अनड्वन् , अनड्वान्।[78] ગુણ-- अधोक् , अलेट्[79] , વૃદ્ધિવિધિ--न्यमार्ट्[80] , દીર્ઘત્વ-- अग्ने त्री ते वाजिना त्री षधस्था। ता ता पिण्डानाम्।[81] इम् વિધિ – अतृणेट्।[82] अट् અને आट् વિધિ – अधोक् , अलेट् , ऐयः , औनः,[83] श्नम् વિધિ–अभिनोऽत्र,

---

[77] अग्ने त्री वाजिना વગેરે છાંદસ પ્રયોગમાં त्री , वाजीना, त्री ,षधस्था , ता , ता એ સર્વમાં शेश्छन्दसि बहुलम्। પ્રમાણે शि લોપ થયો છે. તેથી त्रि जश्/ शस्--जश्शसोः शि।--त्रि शि-- शि લોપ, પ્રત્યયલક્ષણથી शि છે તેમ સમજાતાં त्रि ને સર્વનામ વિભક્તિ પર છે તેમ સમજાશે તેથી नपुंसकस्य झलचः। થી नुम् થઇને सर्वनामस्थाने चासंबुद्धौ। થી ઉપધા દીર્ઘ થઇને त्रीन् થતાં नलोपः प्रातिपदि० થી न् લોપ થતાં त्री થાય છે તે પ્રમાણે બાકીનાં સિદ્ધ થશે. આમ પ્રત્યયલક્ષણથી नुम् કાર્ય થઇ શકે તે પ્રકૃત સૂત્રનું પ્રયોજન છે.

[78] अनड्वन् સંબુદ્ધિમાં सु--अनडुह् स्--हल्ङ्याब्भ्यो०--स् લોપ, પ્રત્યયલક્ષણથી તે છે તેમ સમજાશેતેથી अम्संबुद्धौ। થી अम् આગમ --अनडुअह्--सावनडुहः। થી नुम् આગમ--अनड्वनह्--संयोगान्तस्य०--अनड्वन् .તે રીતે પ્ર.એ.વ.નું अनड्वान् થશે.अनडुह् स्--स् લોપ अनडुह् પ્રત્યયલક્ષણ થતાં स् છે તેમ સમજાતાં चतुरनडुहोरामुदात्तः। થી आम्--अनडुआह् , ઉપર પ્રમાણે नुम्--अनड्वानह्--ह् લોપ अनड्वान् આમ अम् અને आम् થઇ શકે તે પ્રકૃત સૂત્રનું પ્રયોજન છે.

[79] अधोक्--दुह् लङ् (ति)--अदिप्रभृति०--शप् લોપ--दुह् ति--ङित् લ-કાર પર થતાં इतश्च। થી इ લોપ दुह् त्--हल्ङ्याब० થી त् લોપ--दुह्-- पुगन्तलघू० થી ગુણ-- दोह्--दादेर्धातोर्घः।--ह् નો घ्--दोघ्--एकाचो बशो भष्० થી द् નો ध्--धोघ्--झलां जशोऽन्ते। થી घ् નો ग्--धोग्--वावसाने।--धोक्--लङ्लुङ्लृङ्क्षु ० થી अट्--अधोक् થાય છે. તે રીતે अलेट्--लिह् लङ् (ति)--शप् लुक्--इ લોપ लिह् त्-- ગુણ लेह् त्--त् લોપ लेह्--हो ढः।--लेढ्--वावसाने।--लेट्--अट् થતાં अलेट् . આ બન્નેમાં પ્રત્યયલક્ષણ ન થાય તો લઘૂપધગુણ ન થતાં અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવત પણ પ્રત્યયલક્ષણ સૂત્ર છે તેથી કાર્ય સિદ્ધિ થાય છે.

[80] न्यमार्ट् --नि मृज् लङ् (ति) अ--इ લોપ--त् લોપ मृजेर्वृद्धिः। ઉપધા વૃદ્ધિ निमार्ज्--व्रश्चभ्रस्जसृजमृज० થી ज् નો ष्--निमार्ष्-- झलां जशो० થી ष् નો (સ્થાન અને પ્રયત્નમાં અંતરતમ હોવાથી) ड्--वावसाने।--ड् નો ट्-- नि मार्ट्--अट् આગમ--न्यमार्ट् થાય છે. અહીં જે વૃદ્ધિ થઇ છે તે પ્રત્યયનો લોપ થયા પછી પ્રત્યયલક્ષણથી થઇ છે. આમ વૃદ્ધિ પણ પ્રકૃત સૂત્રનું પ્રયોજન છે, એમ દલીલ છે

[81] अग्ने त्री વગેરેમાં ઉપધાનો દીર્ઘ થયો છે તે शेश्छन्दसि० પ્રમાણે शि લોપ થયા પછી પ્રત્યયલક્ષણથી થયો છે (નોંધ ૭૮)

[82] अतृणेट् માં इम् પ્રત્યયલક્ષણથી થયો છે (નોંધ ૭૧).

[83] लङ् માં જે अट् , आट् થાય છે તે પ્રત્યયલક્ષણથી થાય છે.ऐयः--ऋ लङ् (ति)--ऋ शप् નો श्लु--इतश्च। થી इ લોપ ऋत्--श्लौ। થી દ્વિર્વચન ऋऋत्--अर्तिपिपर्त्योश्च। થી અભ્યાસનો इ--रपर થતાં इर् ऋत्--हलादि०--इऋत्-- अभ्यासस्यासवर्णे। થી इयङ्--इयृऋत् -- सार्वधातुकार्ध० થી ગુણ--રપર થતાં इयृअरत्--त् લોપ इयर्--खरवसानयोः०--इयः--आडजादीनाम्। થી आट्--आ इयः--आटश्च। થી વૃદ્ધિ એકાદેશ--ऐयः. નોંધઃ લ એ સ્થિતિમાં જ अट् આગમ થાય છે એ મત પ્રમાણે आट् થતાં વૃદ્ધિ એકાદેશ અને રપર થતાં आर् त् દ્વિત્વ आर् अर् त्--हलादि० --आ आर् त्-हल्ङ्याब्भ्यो०--त् લોપ आर्--खरवसानयोः०--आः એમ રૂપ થશે એ શંકા અનુચિત છે, કારણ કે बहुलं छन्दस्यमाङ्योगेऽपि। એ સૂત્રમાં बहुलम् નું ગ્રહણ કર્યું છે તેથી અહીં लावस्था માં आट् નથી થતો એમ સમજવાનું છે. (ના.). औनः--उन्द् लङ् (सि)--उन्द् स्--रुधादिभ्यः०--उनन्द्--श्नान्नलोपः।--उनद् स्--हल्ङ्याब्भ्यो०--उनद्--दश्च। થી रुत्व



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अच्छिनोऽत्र ॥ अपृक्तशिलोपयोः कृतयोरेते विधयो न प्राप्नुवन्ति। प्रत्ययलक्षणेन भवन्ति॥ नैतानि सन्ति प्रयोजनानि। स्थानिवद्भावेनाप्येतानि सिद्धानि। न सिध्यन्ति। आदेशः स्थानिवदित्युच्यते न च लोप आदेशः। लोपोऽप्यादेशः। कथम्। आदिश्यते यः स आदेशः। लोपोऽप्यादिश्यते। दोषः खल्वपि स्याद्यदि लोपो नादेशः स्यात्। इहाचः परस्मिन्पूर्वविधौ इत्येतस्य भूयिष्ठानि लोप उदाहरणानि तानि न स्युः॥ यत्र तर्हि स्थानिवद्भावो नास्ति तदर्थमयं योगो वक्तव्यः। क्व च स्थानिवद्भावो नास्ति। योऽल्विधिः। किं प्रयोजनम्। प्रयोजनं ङौ नकारलोपेत्वेम्विधयः॥

भसंज्ञाङीपूष्फगोरात्वेषु च दोषः॥१५॥

अच्छिनोऽत्र। [84] એ વિધિઓ અપૃક્ત (પ્રત્યયનો) લોપ અને शि (પ્રત્યયનો) લોપ થયા પછી ન થવાનો પ્રસંગ આવે છે.(પરંતુ) પ્રત્યયલક્ષણથી થાય છે. તે પ્રયોજનો નથી. એ તો સ્થાનિવદ્ભાવથી પણ સિદ્ધ થાય છે. સિદ્ધ નથી થતાં, કારણ કે આદેશ સ્થાનિવત્ છે એમ કહ્યું છે પરંતુ લોપ આદેશ નથી.[85] લોપ પણ આદેશ છે. કેવી રીતે (આદેશ છે) ? સ્થાનીની જગાએ થાય છે એમ જેને વિશે કહેવામાં આવ્યું હોય તે આદેશ અને લોપ પણ સ્થાનીની જગાએ થાય છે એમ કહેવામાં આવ્યું છે (તેથી લોપ પણ આદેશ છે). [86] વળી લોપ આદેશ ન થતો હોય તો દોષ પણ આવે છે. અહીં अचः परस्मिन्पूर्वविधौ। એ સૂત્રનાં મોટા ભાગનાં ઉદાહરણો લોપ (આદેશ થયો હોય તે) નાં છે, તે (બધાં સિદ્ધ) નહીં થઇ શકે. તો પછી જ્યાં સ્થાનિવદ્ભાવ ન (થતો) હોય તે માટે આ સૂત્ર કરવું પડશે. તો સ્થાનિવદ્ભાવ ક્યાં નથી (થતો) ? જે अल् વિધિ (હોય ત્યાં નથી થતો).(તેનું) શું પ્રયોજન ? પ્રયોજન એ કે ङि પર થતાં न-કાર લોપ, इत्व અને इम् ને લગતા વિધિઓ (સિદ્ધ થાય). [87]

संज्ञा,ङीप् , ष्फ અને गो ના आ-त्वમાં દોષ (આવશે) ॥१५॥ [88]

---

--खरवसानयोः०--उनः--आङ्जादीनाम्। અને आटश्च। થી વૃદ્ધિ એકાદેશ થઇને औनः થાય છે. અહીં स् લોપ પછી પ્રત્યયલક્ષણથી आट् થાય છે તે આ સૂત્રનું પ્રયોજન છે.

[84] अभिनोऽत्र । अच्छिनोऽत्र--भिद् लङ् (सि), छिद् लङ् (सि)--इतश्च।--भिद् स् , छिद् स्--हल्ङ्याब्भ्यो०--रुधादिभ्यः०--भिनद् , छिनद्--दश्च।--भिनर्, छिनर्--खरवसानयोः०--भिनः,छिनः--लुङ्लङ्लृङ्क्षु०--अभिनः અને अछिनः માં છે च। થી तुक् થતાં अच्छिनः. અહીં श्नम् વિધિ स् લોપ થયા પછી પ્રત્યયલક્ષણથી થયો છે. अभिर् अत्र , अच्छिनर् अत्र માં अतो रोः० થી रु નો उ--आद्गुणः।--अभिनो अत्र , अच्छिनो अत्र--एङः पदान्तादति।--अभिनोऽत्र , अच्छिनोऽत्र થાય છે.

[85] आदेशः--आ दिश् = ઉચ્ચારવું એમ અર્થ કરીને અહીં દલીલ કરે છે.જેનું અસ્તિત્વ હોય, ભાવાત્મક હોય તેનું ઉચ્ચારણ થઇ શકે, પરંતુ લોપ અભાવાત્મક હોવાથી તેનું ઉચ્ચારણ ન થઇ શકે તેથી તેને आदेश પણ ન કહી શકાય અને તે આદેશ ન હોય તો પછી તેને વિશે સ્થાનીનાં કાર્યોનો અતિદેશ ન થઇ શકે. આથી પ્રત્યયલક્ષણથી થતાં કાર્યો સ્થાનિવદ્ભાવથી જ થશે તેમ ન કહી શકાય.

[86] સિદ્ધાન્તી दिश् ધાતુનો 'પ્રતિપાદન કરવું' आदिश्यते यः स आदेशः। (જેનું પ્રતિપાદન એમ કરવામાં આવે છે તે આદેશ) અર્થ કરીને શંકાનો નિરાસ કરે છે. એ અર્થમાં લોપ પણ આદેશ થશે, કારણ કે તેનું પણ પ્રતિપાદન કરવામાં આવે છે. તેથી ત્યાં પણ સ્થાનિવદ્-ભાવ થશે. તેમ ન હોય તો अचः परस्मिन्० સૂત્રનાં મોટા ભાગનાં (बिभेदिता, माथितकः વગેરે) ઉદાહરણો લોપનાં જ છે તે સિદ્ધ નહીં થાય.

[87] प्रयोजनं ङौनकारलोपेत्वेम्विधयः। (સ્થાનિવદ્ભાવ ન થતો હોય ત્યારે પ્રત્યયલક્ષણ ક્યાં ક્યાં ઉપયોગી થશે તે આ વાક્યમાં કહે છે.) અહીં ,યુ.મી. (પૃ.૭૪૪) માં અધિક પાઠ આપીને પા.ટી. (૧) માં નોંધ્યું છેઃ ङौ नकारलोप इत्यारभ्य सिद्धो भवति इत्येतदन्ता भाष्यपाठः क्वचिन्नोपलभ्यते। इष्यते त्वन्यत्रेवेहापि। (નિ.સા.પૃ.૪૭૭ ) માં [] કૌંસમાં અને ચૌખં (પૃ.પ૨૧ પા.ટી.૩)માં આ પાઠ છે.આ ચર્ચા અન્ય સ્વરૂપે (વા.૧૩ ના) ભાષ્યમાં આવી ગઇ છે.

[88] નિ.સા. (પૃ૪૭૮) માં(વા ૧૫) કૌંસમાં છે, ચૌખં.(પૃ.પ૨૧)માં નથી આપી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भसंज्ञाङीप्ष्फगोरात्वेषु दोषो भवति॥ भसंज्ञायां तावन्न दोषः। आचार्यप्रवृत्तिर्ज्ञापयति न प्रत्ययलक्षणेन भसंज्ञा भवतीति यदयं न ङिसंबुद्ध्योः इति ङौ प्रतिषेधं शास्ति॥ ङीप्यपि नैवं विज्ञायतेऽणन्तादकारान्तादिति। कथं तर्हि। अण् योऽकार इति॥ ष्फेऽपि नैवं विज्ञायते यञन्तादकारान्तादिति। कथं तर्हि। यञ्योऽकार इति॥ गोरात्वेऽपि नैवं विज्ञायतेऽम्यचीति। कथं तर्हि। अच्यमीति॥ प्रयोजनान्यपि तर्हि तानि न सन्ति।

(જો એ પ્રયોજનો હોય તો) भ- સંજ્ઞા,ङीप् , ष्फ અને गो (શબ્દ) નો आ આદેશ થાય છે તે (બધા) માં દોષ આવે છે.[89] भ સંજ્ઞામાં તો દોષ નથી આવતો.[90] (કારણ કે) न ङि संबुद्ध्योः। માં ङि પર થતાં (भ સંજ્ઞાનો) આચાર્ય પ્રતિષેધ કરે છે તેમ કરીને તેઓ જ્ઞાપન કરે છે કે પ્રત્યયલક્ષણથી भ સંજ્ઞા થતી નથી. ङीप् માં પણ[91] (દોષ નથી આવતો, કારણ કે टिड्ढाणञ् ० સૂત્રમાં) अण् જેને અન્તે છે તેવા अ-કારાન્ત પછી (ङीप् થાય છે) એમ સમજાતું નથી. તો પછી કેમ ? अण् જે अ-કાર એમ (સમજાય છે) ष्फ માંપણ ( દોષ આવતો નથી,)[92] કારણ કે प्राचां ष्फ ० માં यञ् જેને અન્તે હોય તેવા अ-કારાન્તને (ष्फ થાય છે) એમ નથી સમજાતું. તો પછી કેમ સમજાય છે ? यञ् નો अ-કાર (જેને અન્તે હોય તેને ष्फ થાય છે એમ (સમજાય છે). गो ના आ-ત્વમાં પણ (દોષ આવતો નથી ,[93] કારણ કે औतोऽम्शसोः। માં) अजादि अम् પ્રત્યય પર થતાં એમ સમજાતું નથી. તો પછી કેમ સમજાય છે ? अम् નો જે अच् તે પર થતાં એમ સમજાય છે. તો પછી એ પ્રયોજનો પણ નથી.

---

[89] અહીં યુ.મી.(પૃ.૭૪૪) માં અધિક પાઠ આપીને પા.ટી (૨) માં નોંધ્યું છેઃ भसंज्ञा इत्यारभ्य वचनान्न प्राप्नोति इत्येतदन्तः पाठः क्वचिन्नोपलभ्यते। इष्यते त्वत्रान्यत्रेवेहापि। નિસા(પૃ.૪૭૮) માં [] કૌંસમાં અને ચૌખં (પૃ.૫૨૧,પાટી.૪) માં આપ્યો છે.આ પ્રયોજનોની ચર્ચા અન્ય સ્વરૂપે (વા.૧૨) ના ભાષ્યમાં આવી ગઇ છે.

[90] भ સંજ્ઞાઃ राजपुरुषः માં भ સંજ્ઞામાં દોષ આવે છે એમ (વા ૧૨)માં જે દલીલ છે તેનો અહીં પરિહાર કર્યો છે. આગળ જોયું કે પ્રત્યય - લક્ષણથી भ સંજ્ઞા થતી નથી. વાસ્તવમાં न लुमताङ्गस्य। એ પ્રતિષેધને લીધે भ સંજ્ઞા નહીં થાય, કારણ કે यचि भम्। માં यचि એ સપ્તમી છે તેથી તેની (=य् અને अच् ની) પૂર્વે રહેલ ભાગને થતી भ સંજ્ઞા પણ અંગને લગતું જ કાર્ય છે. આથી न लुमता० એ પ્રતિ- ષેધ લાગુ પડશે એ વિચારીને જ न ङिसम्बुद्ध्योः। એમ કહીને न् લોપનો પ્રતિષેધ કર્યો છે. જો પ્રત્યયલક્ષણથી भ સંજ્ઞા થતી હોય તો आर्द्रे चर्मन् વગેરેમાં પ્રતિષેધ કરવાનો કોઇ ર્થ ન રહે.

[91] ङीप्--चित्रायां जाता चित्रा માં ङीप् થવાનો પ્રસંગ આવશે એ દલીલનો અહીં પરિહાર કર્યો છે. टिड्ढाणञ् ० માં अतः ની અનુવૃત્તિ થાય છે પણ અહીં अण् ને વિશેષ્ય અને अ-કારને તેનું વિશેષણ લઇને अ-કારાન્ત હોય તેવા अणन्त ને ङीप् થાય છે એમ નથી સમજવાનું,પરંતુ અહીં अ-કાર પ્રધાન હોવાથી વિશેષ્ય છે અને अण् ગૌણ હોવાથી તેનું વિશેષણ છે તેથી अण् નો અવયવ अ-કાર જેને અંતે હોય તેને ङीप् થાય છે એમ સમજાશે. તેથી अ એ વર્ણ ङीप् નું નિમિત્ત થશે, अण् પ્રત્યય નહીં થાય પરિણામે ङीप् વિધિ પ્રત્યય- નિમિત્તક ન હોવાથી चित्रा માં પ્રત્યયલક્ષણ નહીં થાય તેથી ङीप् પણ નહીં થાય.

[92] ष्फ-- वतण्डी માં ङीन् નો બાધ કરીને ष्फ થાય છે, એ દલીલનો અહીં નિરાસ કર્યો છે. અહીં यञश्च। માંથી यञः અર્થાત્ यञन्त ની અનુવૃત્તિ થાય છે. તેમાં अ-કારાન્તને यञन्त ના વિશેષણ તરીકે લઇને अ-કારાન્ત હોય તેવા यञन्त ને ङीप् થાય છે તેમ ન સમજવાનું નથી પરંતુ यञन्त એ अ-કારાન્તનું વિશેષણ છે તેથી यञ् નો અવયવભૂત अ-કાર જેને અંતે હોય તેને ष्फ થાય છે તેમ સમજવાનું છે. તેથી અહીં પણ अ-કાર પ્રધાન હોવાથી તે જ નિમિત્ત છે અને यञ् તો ગૌણ હોવાથી वतण्ड ને ष्फ નહીં થાય.

[93] गोरात्वम्-- (નોંધ ૬૮) अम्शसोः એટલે अमि शसि . અહીં अचि ની અનુવૃત્તિ થાય છે તેથી ભાષ્યમાં अमि अचि એમ કહ્યું છે, એટલે કે अम् પ્રધાન અને अच् ગૌણ છે તેમ સમજીને अच् જેમાં આદિ છે તેવો अम् એમ અર્થ કરવાનો નથી, પરંતુ अचि अम् અર્થાત્ अच् પ્રધાન છે, વિશેષ્ય છે અને अम् વિશેષણ છે, ગૌણ છે તેમ સમજીને अम् પ્રત્યયનો અવયવ જે अच् તે પર થતાં आ-કાર એકાદેશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यत्तावदुच्यते ङौ नकारलोप इति क्रियत एतन्न्यास एक न ङिसंबुद्ध्योरिति ॥ इत्त्वमपि । वक्ष्यत्येतत् । शास इत्त्वे आशास क्वाविति ॥

(કારણ કે) ङि પર થતાં न-કાર લોપ (વગેરે સિદ્ધ નહીં થાય) એમ જે કહ્યું તે તો न ङिसंबुद्ध्योः । એ (સૂત્ર) માં મૂક્યું જ છે.[94] इत्त्व પણ (પ્રયોજન નથી,[95] કારણ કે **शास इदङ्हलोः** । એ સૂત્ર પર), **आशासः क्वौ (उपधाया इत्त्वं वाच्यम् ।)** એમ (વાર્તિકકાર) કહેશે.

---

થશે એમ અર્થ કરવાનો છે.પરિણામે **अम्** પ્રત્યય નહીં પણ **अच्** વર્ણ પ્રધાનતયા आत्व નું નિમિત્ત થશે, તેથી પ્રત્યયલક્ષણ નહીં થાય તેથી **गव्यति** માં आत्व થવાનો પ્રસંગ નહીં આવે..

[94] **ङौ नकारलोपः**--એમ જે કહ્યું તે બાબતમાં તો આચાર્ય પાણિનિએ **न ङिसम्बुद्ध्योः** । એ સૂત્ર જ કર્યું છે. અને **न लुमताङ्गस्य** ० એ સૂત્રનો આશ્રય લેવામાં આવે તો જે પ્રત્યયલક્ષણ સૂત્ર સ્વીકારે છે તેણે પણ પ્રત્યયલક્ષણથી भ સંજ્ઞા નથી થતી એમ જ્ઞાપન કરવા માટે **न ङिसंबु**० સૂત્ર સ્વીકારવું પડશે.

[95] **इत्त्व--आशीः** પણ પ્રત્યયલક્ષણ સૂત્રનું પ્રયોજન નથી, કારણ કે **शास इदङ्हलोः** । પ્રમાણે **शास्** ધાતુની ઉપધાનો **इत्** થાય છે. ત્યાં વાર્તિકકાર કહેશે'**आशास क्वौ उपधाया इत्त्वं वाच्यम् ।**' અર્થાત્ **आशास्** ધાતુને **क्विप्** પર થતાં ઉપધાનો **इ** થાય છે. તેથી **आशीः** માં **इत्त्व** સિદ્ધ થાય છે. આ વા. નો **क्वौ च शास इत्त्वं भवतीति वक्तव्यम् ।** એમ કા. માં પાઠ છે, ન્યાસ.પદ.એ જ સ્વીકારે છે, પરંતુ **प्रत्ययलोपे**० સૂત્રની કા. ઉપર પદ. (ભા.૧,પૃ.૨૨૫) માં **आशासः क्वावुपसंख्यानम् ।** એ સ્વરૂપમાં આપી છે. વૈ. સિ.કૌ.(ભા.૪, પૃ.૭૦) માં **अन्तः** ।(સૂ. ૨૯૮૪) ઉપર **आशासः क्वौ उपधाया इत्त्वं वाच्यम् ।** ( વા.૪૦૭૦ ) એમ પાઠ છે. **शास इत्**० સૂત્રના ભાષ્યમાં **शास इत्त्वे आशासः क्वावुपसंख्यानम् ।**(વા.૧) એમ પાઠ છે. **शास्** ધાતુ બે છેઃ **शासु अनुशिष्टौ** એ પરસ્મૈપદી છે અને **आङः शासु इच्छायाम्** એ આત્મનેપદી છે. **लुङ्** પરસ્મૈપદમાં **शास्** ની પર થતા **च्लि** નો **सर्तिशास्त्यर्तिभ्यश्च** । થી **अङ्** થાય છે. હવે **सकिशोरा / सवत्सा / सकलभा धेनुः आनीयताम् ।** એમ કહેવામાં આવતાં તેમાંના **धेनुः** નો **किशोर / वत्स / कलभ** સાથેના સંસર્ગથી **धेनु** એટલે ઘોડી, ગાય અને હાથણી એમ સમજાય છે તેમ **शास इत्**० માં મૂકેલ **अङ्** ના સાહચર્યને કારણે એ સૂત્રમાં કરેલ **इत्** નું વિધાન પરસ્મૈપદી **शास्** ને અનુલક્ષીને કર્યું છે એમ સમજાશે. અહીં દલીલ થઇ શકે કે સૂત્રમાં માત્ર **अङ्** નું જ ગ્રહણ નથી **हल्** નું પણ છે, પરંતુ તેમ છતાં જેની પછી **अङ्** નું વિધાન કરવામાં આવ્યું છે તે પરસ્મૈપદી **शास्** હોય તે જ ઉચિત છે, કારણ કે સાધારણ અને અસાધારણ સંબંધી એક સાથે આવ્યા હોય ત્યારે જે સાથે રહેલ અસાધારણ સંબંધી હોય તેને જ પ્રત્યય લાગે છે એટલે કે જે રીતે **वृद्धानां च किशोराणां मध्ये धेनवो बध्यन्ताम् ।** પુખ્ત અને વછેરાની વચ્ચે માદાઓને બાંધો એમ કહેવામાં આવતાં ઘોડીઓનો બોધ થાય છે તેમ અહીં થશે.આ પ્રત્યયલક્ષણ સૂત્ર કરવામાં આવ્યું હોય તો પણ **शास इत्**० કરવું જ પડશે. અહીં કોઇ પણ **शास्** અર્થાત્ અનુશાસનાર્થક કે ઇચ્છાર્થક એ બન્ને **शास्** નું એ સૂત્રમાં ગ્રહણ કર્યું હોય તો પણ **आशास्** ને **क्विप्** પર થતાં જ **इत्त्व** થશે અને **आशास्ते** વગેરેમાં નહીં થાય એ નિયમ માટે **आशासः क्वौ**० એ વા. થશે. આ પ્રત્યયલક્ષણ સૂત્ર ન કરવામાં આવ્યું હોય તો **शास इत्** ० વિધ્યર્થક થશે અને તેથી પરસ્મૈપદમાં **इत्त्व** થશે અને જેમ **आशास्ते, आशास्यमानः** વગેરેમાં નથી થતું તેમ **क्विप्** પર થતાં પણ નહીં થાય. તેથી જ **क्वौ शासः**० અને **क्विप् प्रत्यये तु तस्यापि भवतीति, वक्तव्यम् ।** એ વાર્તિકો કરી છે. એ રીતે સમજાય છે કે **आङ्** સહિતના **शास्** ને જો **इत्त्व** થાય તો તે માત્ર **क्विप्** પ્રત્યય પર થતાં જ થાય. આમ આ પ્રત્યયલક્ષણ સૂત્ર પ્રત્યયલોપ થયો હોય ત્યારે જ પ્રત્યયલક્ષણ કાર્ય થાય છે એ નિયમ માટે છે.ચૌખં. (પૃ.૫૨૨,પા.ટી.૬) માં સૂચન છે કે પ્ર. માં **कृतेऽप्यस्मिन् सूत्रे नियमार्थमेतद्वक्तव्यम् 'आशास्ते इत्यादौ मा भूदिति ।** એમ છે ત્યાં **अशास्त** એ પાઠ ઉચિત છે **आशास्त** એ પાઠ પ્રામાદિક છે.પરંતુ એમ કહેવું ઉચિત નથી., કારણ કે પ્ર.માં જરા ફેર સાથે પદ.નું વિધાન મૂક્યું છેઃ **यदि तावत् शास इदङ्हलोः इत्यत्र शासिमात्रस्य ग्रहणं ततो नियमार्थम् 'आशास क्वावेव यथा स्याद् आशास्त**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इम्विधिरपि। हलीति निवृत्तम्। यदि हलीति निवृत्तं तृणहानि अत्रापि प्राप्नोति। एवं तर्ह्यचि नेत्यप्यनुवर्तिष्यते॥ न तर्हीदानीमयं योगो वक्तव्यः। वक्तव्यश्च। किं प्रयोजनम्। प्रत्ययं गृहीत्वा यदुच्यते तत्प्रत्ययलक्षणेन यथा स्यात्। शब्दं गृहीत्वा यदुच्यते तत्प्रत्ययलक्षणेन मा भूदिति। किं प्रयोजनम्। शोभना दृषदोऽस्य सुदृषद् ब्राह्मणः। सोर्मनसी अलोमोषसी इत्येष स्वरो मा भूदिति॥

**न लुमताङ्गस्य ॥१।१।६३॥**

**इम्** विधि પણ (પ્રયોજન નથી),[96] કારણ કે **तृणह इम्।** સૂત્રમાં **हलि** ની અનુવૃત્તિ થાય તો **तृणहानि** માં પણ (**इम्**) થવાનો પ્રસંગ આવે છે. એમ હોય તો (**नाभ्यस्तस्याचि पिति सार्वधातुकस्य।** માંથી **अचि न।** ની અનુવૃત્તિ કરવામાં આવશે.તો હવે આ સૂત્ર ન કરવું જોઇએ ? [97] અવશ્ય કરવું જોઇએ. તેનું શું પ્રયોજન ? (પ્રયોજન એ કે સૂત્રમાં) પ્રત્યયનું ગ્રહણ કરીને જે(કાર્ય) કહેવામાં આવે છે તે પ્રત્યયલક્ષણથી થઇ શકે અને શબ્દનું ગ્રહણ કરીને જે કહેવામાં આવે તે પ્રત્યયલક્ષણથી ન થાય.(તેનું) શું પ્રયોજન ? (એ પ્રયોજન કે) **शोभना दृषदोऽस्य सुदृषद् ब्राह्मणः।** (માં) [98] **सोर्मनसी अलोमोषसी।** પ્રમાણે આદિ સ્વર ઉદાત્ત ન થાય.

**लुमत्** શબ્દથી લુપ્ત થએલ પ્રત્યય પૂર્વે જે અંગ હોય તેને પ્રત્યયલક્ષણથી કાર્ય થતું નથી **॥૧।૧।૬૩॥**

---

**इत्यादौ मा भूत् इति।'** (કા.૫૨ ૫૬.,ભા.૧ પૃ.૨૨૫) ત્યાં **आशास्ते** પાઠ છે.શ.કૌ. (પૃ.૨૬૧) માં પણ **शास इदङ्हलोः इत्यत्र शासिमात्रग्रहणमिति पक्षे नियमार्थम् आशासः क्वावेव यथा स्यात् आशास्ते इत्यादौ मा भूदिति।** એમ છે

[96] કારણ કે **तृणह इम्।** (નોંધ ૭૧) માં **हलि** ની અનુવૃત્તિ કરીને પ્રત્યયલક્ષણથી **इम्** વિધિ કર્યો હતો. હવે કહે છે કે **हलि** ની અનુવૃત્તિ નહીં થાય અને સ્થાનિવદ્ભાવથી **पित्** સાર્વધાતુક પર છે તેમ માનીને **इम्** થઇ શકશે તેથી (નોંધ ૭૦) માં કહેલ દોષ નહીં આવે. અહીં શંકાકાર કહે છે કે **हलि** ની નિવૃત્તિ કરવામાં આવે તો **लोट्** પ.પુ.એ,વ.માં **मेर्निः।** અને **आडुत्तमस्य पिच्च।** પ્રમાણે થતો **आनि पित्** છે તેથી **इम्** થવાનો પ્રસંગ આવતાં **तृणेहानि** એમ અસાધુ રૂપ થશે.તેથી ભાષ્યકાર કહે છે,' **नाभ्यस्तस्याचि पिति सार्वधातुके।** (૭-૩-૮૭) માંથી **अचि न** ની અનુવૃત્તિ થતાં अजादि आनि પ્રત્યય પર થતાં **इम्** નહીં થાય,' કારણ કે તે **अनल्विधि** થવાથી સ્થાનિવદ્ભાવ થશે.

[97] વાર્તિકમાં **ङि** પર થતાં **न्** લોપ, **इत्त्व** વગેરે કાર્યો ની સિદ્ધિ એ પ્રત્યયલક્ષણ સૂત્રનાં પ્રયોજન ન હોય તો પ્રશ્ન થાય છે કે આ સૂત્ર ન કરવું ? ભાષ્યકાર કહે છે કે સૂત્ર તો અવશ્ય કરવું , પણ તેને વિધ્યર્થક, કોઇ અપૂર્વ વિધાન કરનાર તરીકે ન લેતાં નિયમાર્થક ગણવું પડશે, જેથી અન્ય સૂત્ર દ્વારા કરવામાં આવેલ વિધિમાં નિયમ ઊભો થાય. પરિણામે એમ સમજાશે કે જ્યારે સૂત્રમાં નિમિત્ત રૂપે પ્રત્યયનું ગ્રહણકર્યું હોય ત્યારે તે કાર્ય પ્રત્યયનો લોપ થયો હોય તો પણ સિદ્ધ થઇ શકશે, પરંતુ જ્યારે પ્રત્યય તેમ જ અપ્રત્યય (પ્રત્યય ન હોય તેનું) સૂત્રમાં કોઇ કાર્યના નિમિત્ત રૂપે લઇને વિધાન કર્યું હોય ત્યારે પ્રત્યયના અસાધારણ સ્વરૂપનું સૂત્રમાં ઉપાદાન ન હોવાથી પ્રત્યયનો લોપ થતાં તે કાર્ય સિદ્ધ નહીં થાય.

[98] **शोभना दृषदोऽस्य सुदृषद् । (ब्राह्मणः)** એ બહુવ્રીહિમાં **शोभनाः दृषदः** એ **जस्- (अस्-)** અન્ત છે. તે પ્રત્યયનો **सुपो धातु०** પ્રમાણે લોપ થયો છે. હવે પ્રત્યયલક્ષણથી **सुदृषद्** ને **अस्-** અન્ત ગણતાં **सोर्मनसी अलोमोषसी।** પ્રમાણે **सुदृषद्** માં ઉત્તરપદ ઉદાત્ત થતાં અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે.પરંતુ **अनिनस्मन्ग्रहणान्यर्थवताऽनर्थकेन च।** એ પરિભાષા કહે છે કે સૂત્રમાં **अन्** , **इन्** , **अस्** , **मन्** નું ગ્રહણ હોય ત્યાં અર્થયુક્ત અને અર્થરહિત **अन्** વગેરે સાથે તદન્તવિધિ થશે. **सुदृषद्** માંનો લુપ્ત **अस्** અર્થયુક્ત પ્રત્યય છે જ્યારે **सोर्मनसी ०** માંનો **अस्** ઉક્ત પરિભાષા પ્રમાણે પ્રત્યય પણ છે અને અપ્રત્યય પણ છે તેથી એ સૂત્ર **सुदृषद् ०** માં લાગુ નહીં પડે, કારણ કે પ્રત્યયનું જ ગ્રહણ હોય ત્યાં પ્રત્યયલક્ષણ થાય જ્યારે અહીં પ્રત્યયાપ્રત્યયનું ગ્રહણ છે તેથી પ્રત્યયલક્ષણ નહીં થાય.તેથી ઉત્તરપદ આદ્યુદાત્ત નહીં થાય. પરંતુ **नञ्सुभ्याम्।** પ્રમાણે ઉત્તરપદ અન્તોદાત્ત થશે. અહીં **सोर्मनसी ०** એ **उत्तरपदादिः।** એ અધિકાર નીચેનું સૂત્ર છે અને સ્થાનિવદ્ભાવથી **सुदृषद्** એ શબ્દ **अस्-** અન્ત પણ થશે પરંતુ 'પ્રત્યયનો લોપ થયો ત્યાં જ કાર્ય થાય પ્રત્યયાપ્રત્યયનો લોપ થયો હોય ત્યાં ન થાય' એ પ્રત્યયલક્ષણ સૂત્ર દ્વારા જે નિયમ કરવામાં આવ્યો છે તેથી ઉત્તરપદ આદ્યુદાત્ત નહીં થાય. આમ પ્રત્યય- લક્ષણ સૂત્ર નિયમાર્થ છે તેમ સમજાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लुमति प्रतिषेध एकपदस्वरस्योपसंख्यानम् ॥१॥

लुमति प्रतिषेध एकपदस्वरस्योपसंख्यानं कर्तव्यम्। एकपदस्वरे च लुमता लुप्ते प्रत्ययलक्षणं न भवतीति वक्तव्यम्॥ किमविशेषेण। नेत्याह।

सर्वामन्त्रितसिज्लुक्स्वरवर्जम् ॥२॥

सर्वामन्त्रितस्वरं सिज्लुक्स्वरं च वर्जयित्वा ॥ स्वेस्वर। सर्वस्तोमः सर्वपृष्ठः। सर्वस्य सुपि इत्याद्युदात्तत्वं यथा स्यात्॥

**लुमत्** (थी લોપ થયો હોય તે)માં એકપદ સ્વરનો જે પ્રતિષેધ કર્યો છે તેમાં સમાવેશ કરવો જોઇએ ॥૧॥

**लुमत्** (અર્થાત્ **लुक्**, **श्लु** અને **लुप्**) થી[99] જે લોપ થયો હોય ત્યાં (પ્રત્યયલક્ષણનો જે) પ્રતિષેધ કર્યો છે તે (પ્રતિષેધ)માં એક પદ (ને આધારે થતા) સ્વરનો સમાવેશ કરવો જોઇએ. **लुमत्** થી લોપ થયો હોય ત્યારે એકપદ (ને આધારે થતો) સ્વર કરવાનો હોય ત્યાં પણ પ્રત્યયલક્ષણ થતું નથી એમ પણ કહેવું પડશે.
એ શું અવિશિષ્ટ રીતે (કહેવું પડશે) ?[100] તો કહે છે કે ના.

सर्व ના, **आमन्त्रित** ના અને **सिच्लुक्** ના સ્વર સિવાયના (સ્વર કરવાના હોય ત્યારે) ॥૨॥

सर्व ને થતો સ્વર, **आमन्त्रित** માં થતો સ્વર અને **सिच्** નો **लुक्** થાય ત્યાર પછી થતો સ્વર, એ સિવાયના (સ્વર કરવાના હોય ત્યારે પ્રત્યયલક્ષણ થતું નથી).--**सर्वस्वर** – જેથી **सर्वस्तोमः**।[101] **सर्वपृष्ठः** (માં) **सुप्** પર થતાં **सर्वस्य सुपि**। પ્રમાણે આદિ (સ્વર) ઉદાત્ત થઇ શકે.

---

[99] **लुमत्--लुशब्दो यस्मिन्नस्ति स लुमान्। लुगादिशब्दः।** જેમાં लु શબ્દ રહેલ છે તે **लुमत्** અર્થાત્ **लुक्**, **श्लु** અને **लुप्** એ સંજ્ઞાઓ.પરંતુ પ્રતિષેધ સંજ્ઞાનો ન હોઇ શકે તેથી પ્રસ્તુત સૂત્રમાં જે **लुमत्** નું ગ્રહણ કર્યુ છે તે **लुक्** વગેરે સંજ્ઞાઓ વ્દારા કરવામાં આવેલ અદર્શન (लोप) ને સૂચવે છે . તેથી સૂત્રમાં **लुक्** વગેરે વ્દારા લોપનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં પ્રત્યયલક્ષણ થતું નથી. આમ છતાં એકપદને આધારે થતા સ્વરનો આ સૂત્રમાં સમાવેશ કરવો જોઇએ એમ વા(૧) માં કહે છે. જેથી **सर्वस्तोमः** જેવાં સ્થળે પ્રત્યયલક્ષણ થઇને ઇષ્ટસ્વર થતો અટકે નહી. જો કે **पदस्य**। **पदात्**। એ અધિકાર સૂત્રો અનુસાર બે પદને આધારે સ્વર થતો હોય ત્યાં પ્રત્યય-લક્ષણ અવશ્ય થશે.જેમ કે **दधि तिष्ठति**। માં **तिष्ठति** એ **तिङन्त** માં **तिङतिङः**। પ્રમાણે નિઘાત થશે. અહીં **दधि** માં **स्वमोर्नपुंसकात्**। (અહીં પૂર્વ સૂત્ર **षड्भ्यो लुक्**। માંથી **लुक्** ની અનુવૃત્તિ થાય છે) પ્રમાણે **लुक्** વ્દારા सु લોપ થયો છે તેમ છતાં પ્રત્યયલક્ષણ થાય તો જ તેને **पद** સંજ્ઞા થાય અને **अतिङ् पद** પૂર્વે આવવાથી નિઘાત થઇ શકે અન્યથા નહીં, તે જ રીતે **इह तिष्ठ**। માં **तिष्ठ** પછીના **हि** પ્રત્યયનો **अतो हेः**। (અહીં પૂર્વસૂત્ર **चिणो लुक्**। માંથી **लुक्** ની અનુવૃત્તિ થાય છે) પ્રમાણે **लुक्** વ્દારા લોપ થયો છે છતાં પ્રત્યયલક્ષણ થાય તો જ તે **तिङन्त** કહેવાય અને તેમાં નિઘાત થઇ શકે. આમ બે પદને આધારે થતા સ્વરમાં પ્રત્યયલક્ષણ થાય છે.

[100] એટલે કે જ્યાં જ્યાં એક પદ પર આધારિત સ્વર કરવાનો હોય ત્યાં ત્યાં બધે જ પ્રત્યયલક્ષણ નહીં થાય કે તેમાં કોઇ અપવાદ છે ?

[101] **सर्वे स्तोमाः यस्मिन्**। એ વિગ્રહ વાક્યનો બહુવ્રીહિ બે પદ ઉપર આધારિત હોવાથી તેમાં પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ આમ તો પ્રાપ્ત નથી થતો પરંતુ **सुप्** પર થતાં **सुपि च**। પ્રમાણે **सर्व** શબ્દ આદ્યુદાત્ત થાય છે તેમાં **बहुव्रीहौ प्रकृत्या पूर्वपदम्**। માં પૂર્વપદનો પ્રકૃતિભાવ કહ્યો છે તેથી એકપદ સ્વરમાં પ્રત્યયલક્ષણનો જે પ્રતિષેધ કર્યો છે તે તેને લાગુ નહી પડે. તેથી જ ભાષ્યકારે **सर्वस्तोमः** ને એકપદના આધારે થતા પ્રતિષેધના અપવાદ તરીકે ઉદ્ધર્યો છે. ચૌખં(પૃ.૫૨૪ ) માં **सर्वपृष्ठः** એ ઉદાહરણ પા.ટી.૧ માં નોંધ્યું છે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आमन्त्रितस्वर। सर्पिरागच्छ। सप्तागच्छत। आमन्त्रितस्य च इत्याद्युदात्तत्वं यथा स्यात्॥ सिज्लुक्स्वर। मा हि दाताम्। मा हि धाताम्। आदिः सिचोऽन्यतरस्याम् इत्येष स्वरो यथा स्यात्॥ किं प्रयोजनम्।

प्रयोजनं ञिनिकिल्लुकि स्वराः ॥३॥

ञिनिकिल्लुकि स्वराः लुकि प्रयोजयन्ति।

आमन्त्रित માં થતો સ્વર –[102] જેથી सर्पिरागच्छ। सप्तागच्छ (માં) आमन्त्रितस्य च। (आमन्त्रित નો) આદિ (સ્વર) ઉદાત્ત થઇ શકે. सिच् નો लुक् થયા પછી થતો સ્વર[103]–જેથી मा हि दाताम्। मा हि धाताम् (માં) आदिः सिचोऽन्यतरस्याम्। પ્રમાણે (सिजन्त નો ) આદિ (સ્વર વિકલ્પે) ઉદાત્ત થાય. તેનું શું પ્રયોજન?[104]

પ્રયોજન એ કે ञित्, नित् અને कित् (ને કારણે થતા) સ્વર (તે પ્રત્યયોનો ) लुक् થતાં (પ્રત્યયલક્ષણથી ન થાય)॥૩॥

ञित्,नित् અને कित् (ને કારણે થતા) સ્વર (તે પ્રત્યયોનો ) लुक्[105] થવા છતાં (પ્રત્યયલક્ષણથી થવાનો પ્રસંગ આવે છે તે ન થાય) એ (પ્રતિષેધનું) પ્રયોજન છે,

---

[102] आमन्त्रित(સંબોધન) सर्पिरागच्छ , सप्तागच्छत એ દૃષ્ટાન્તોમાં सर्पिस् અને सप्त આમન્ત્રિત એ.વ.અને બ.વ.નાં રૂપો છે. તેમાં सर्पिस् શબ્દ अर्चिशुचि हुसृ० (उ०सू० २६५) થી इस् થવાથી અન્તોદાત્ત છે, પરંતુ તેને અવ્યુત્પન્ન ગણવામાં આવે તો फिषोऽन्त उदात्तः।(फि० सू० १) પ્રમાણે અન્તોદાત્ત થશે. सप्त ને सप्येशुभ्यां तुट्। (उ०सू० १६३) પ્રમાણે कनिन्-અન્ત ગણીને કે અવ્યુત્પન્ન માનીને त्रः संख्यायाः । (फि०सू० २८) પ્રમાણે સ્વર હોય તો પણ घृतादि ગણનો હોવાથી અન્તોદાત્ત જ થશે, આદ્યુદાત્ત નહીં થાય. અહીં सर्पिः માં આમન્ત્રિત એ.વ. ના सु નો स्वमोर्नपुंसकात्। પ્રમાણે અને सप्त માં આમન્ત્રિત બ.વ.ના जस् ને षड्भ्यो लुक्। પ્રમાણે લોપ થયો છે. બન્નેમાં लुक् એ लुमत् શબ્દ દ્વારા જ અદર્શન થયું છે તેથી પ્રત્યયલક્ષણ પ્રાપ્ત થતું નથી . ઉપરાંત એકપદ સ્વરનો અહીં પ્રશ્ન છે તેથી વા.(૧) પણ લાગુ પડશે તેથી પ્રતિષેધ લાગુ પડશે. પરંતુ આ બન્નેમાં आमन्त्रितस्य च। પ્રમાણે આદિ ઉદાત્ત થવો જોઇએ અને તે માટે વાર્તિકકારે आमन्त्रितस्वर નું પ્રતિષેધના અપવાદમાં ગ્રહણ કર્યુ છે.

[103] सिज्लुक्स्वर--मा हि दाताम्। मा हि धाताम्। અહીં दा, धा નાં लुङ् નાં રૂપોમાં गातिस्थाघुपाभ्यः० પ્રમાણે सिच् નો लुक् થયો છે (અહીં ण्यक्षत्रियार्ष० માંથી लुक् ની અનુવૃત્તિ થાય છે) અને आदिः सिचोऽन्यतरस्याम्। થી सिजन्त નો આદિ સ્વર વિકલ્પે ઉદાત્ત થયો છે, પરંતુ પ્રસ્તુત દૃષ્ટાન્તોમાં सिच् નો લોપ (लुमत् શબ્દ) लुक् થી થયો છે અને અહીં એકપદને લગતો સ્વર કરવાનો છે તેથી પ્રસ્તુત સૂત્રમાં જે એકપદસ્વરમાં પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ કર્યો છે તે લાગુ પડતાં આ દૃષ્ટાન્તોમાં આદિ સ્વર વિકલ્પે ઉદાત્ત નહીં થઇ શકે, પરંતુ પ્રત્યયલક્ષણ થાય તો ઇષ્ટસ્વર થઇ શકે તેથી પ્રતિષેધના અપવાદભૂત વા(૨) માં सिज्लुक् સ્વરનો સમાવેશ કર્યો છે. मा हि दाताम्। मा हि धाताम्। માં मा ના પ્રયોગને કારણે न माङ्योगे। થી अट् નો પ્રતિષેધ થયો છે. અને हि च। પ્રમાણે નિઘાત થતો નિવારવા માટે हि નું ગ્રહણ કર્યુ છે." गातिस्था० સૂત્રમાં सिच्लुक् ન કહેતાં लि (च्लि) નો लुक् કહ્યો હોત તો લાઘવ થાત. વળી ઉત્તર સૂત્ર मन्त्रेघसह्वर० માં लेः નું ગ્રહણ ન કરવું પડત અને झेर्जुस्। પ્રમાણે झि નો जुस् થાય છે તેમાં आतः। સૂત્ર નિયમાર્થક ન થતાં વિધ્યર્થક થાત. તેમ છતાં સૂત્રકારે गातिस्था० માં सिच्लुक् નું વિધાન કર્યુ છે તે પ્રત્યયલક્ષણ દ્વારા सिच्- નિમિત્તક કાર્ય થાય તે માટે કર્યુ છે."(કૈ.)

[104] વા(૧) કરવાની શી જરૂર છે અર્થાત્ એકપદ સ્વરમાં પ્રતિષેધ શા માટે કર્યો છે એમ પ્રશ્નકર્તા અહીં પૂછવા માગે છે.

[105](ઉ) માં ञिनिकित्स्वराः इति भाष्यदर्शनात्। એમ કહ્યું છે તેથી ना. પ્રમાણે ભાષ્યમાં ञ्निकित्स्वराः ને બદલે ञिनिकित्स्वराः એમ જ પાઠ હશે. નિ.સા. (પૃ.૪૮૧), કિ. (પૃ.૧૬૫), ચારુ.(પૃ. ૬૪૭), યુ.મી.(પૃ.૭૪૯) એ જ પાઠ છે, પરંતુ ચૌખં.(પૃ.૫૨૪) માં ञ्निकित्स्वराः। એમ પાઠ છે. કૈ. એ પાઠ સ્વીકારે છે.ञित् ,नित् અને कित् એ સ્વરનાં વિશેષણ હોય તો તેમનો વા(૩) માં છે તેમ लुक्



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

गर्गाः वत्साः। बिदाः उर्वाः। उष्ट्रग्रीवाः वामरज्जुः। ञ्नितीत्याद्युदात्तत्वं मा भूदिति। इह च अत्त्रयः कितः इत्यन्तोदात्तत्वं मा भूदिति॥

**पथिमथोः सर्वनामस्थाने ॥४॥**

જેથી गर्गाः वत्साः।[106] बिदाः उर्वाः।[107] उष्ट्रग्रीवाः वामरज्जुः [108] (વગેરેમાં ञित् , नित् નો लुक् થયો છે ત્યાં ञ्निति (आदिर्नित्यम्।) પ્રમાણે આદિ (સ્વર) ઉદાત્ત ન થાય, આ अत्त्रयः માં [109] પણ (જ્યાં कित् નો लुक् થયો છે તે) માં कितः। પ્રમાણે અન્ત્ય (સ્વર) ઉદાત્ત ન થાય (એ પ્રતિષેધનું પ્રયોજન છે).

पथिन् અને मथिन् એ[110] બેની પર થતા સર્વનામસ્થાન (પ્રત્યયનો लुक् થતાં પ્રત્યયલક્ષણ ન થાય એ પ્રયોજન) ॥૪॥

---

સાથે સમાસ કેવી રીતે થઇ શકે એ શંકાને લક્ષ્યમાં રાખીને કૈ. કહે છે કે ञित् વગેરે પ્રત્યયોનો लुक् કે लुप् થયો હોય ત્યારે પ્રત્યયલક્ષણ દ્વારા સ્વર થતો નિવારી શકાય તે આ વાર્તિકનું પ્રયોજન છે.ભાષ્યમાં लुकि प्रयोजयन्ति। એમ કહ્યું છે તેમાં प्रतिषेधम् એ કર્મ અધ્યાહાર છે, તેથી પ્રતિષેધને પ્રયોજે છે એટલે કે लुक् થાય ત્યારે સ્વર થતા અટકે એ પ્રતિષેધનું પ્રયોજન છે.

[106] गर्ग અને वत्स ને અપત્યાર્થે गर्गादिभ्यो यञ्। પ્રમાણે यञ् થયો છે અને ञ्नित्यादिर्नित्यम्। થી यञान्त નો આદિ ઉદાત્ત થાય છે. પરંતુ गर्गस्य/वत्सस्य गोत्रापत्यानि बहूनि એમ બહુના અર્થમાં जस् પર થતાં यञञोश्च। થી ञित् પ્રત્યય(यञ्) નો लुक् થાય છે તેથી गर्गाः वत्साः માં પ્રત્યયલક્ષણ થઇને આદિ સ્વર ઉદાત્ત થવાનો પ્રસંગ આવે છે, પરંતુ પ્રતિષેધમાં એકપદસ્વરનો સમાવેશ કર્યો હોય તો ઉદાત્ત ન થતાં અંતોદાત્ત થશે.

[107] बिद /उर्व ને 'ઋષિનું અપત્ય' એ અર્થમાં अनृष्यानन्तर्ये बिदादिभ्योऽञ्। પ્રમાણે अञ् લાગીને बैद / और्व થાય છે, પરંતુ बिदस्य / उर्वस्य गोत्रापत्यानि बहूनि એમ બહુના અર્થમાં હોય ત્યારે यञञोश्च। થી अञ् નો लुक् થઇને बिदाः/उर्वाः રૂપો થાય છે. અહીં એકપદને લગતો સ્વર કરવાનો છે તેમાં પ્રત્યયલક્ષણ થાય તો ञ्नित्यादिः० પ્રમાણે આદિ ઉદાત્ત થવાનો પ્રસંગ આવશે, પરંતુ પ્રસ્તુત વા.(૧) થી એકપદસ્વરમાં પણ પ્રતિબંધ કરવામાં આવે તો ઉદાત્ત ન થતાં અનુદાત્ત એ ઈષ્ટ સ્વર થશે.

[108] उष्ट्रग्रीवा /वामरज्जुः માં उष्ट्रग्रीवा इव /वामरज्जुः इव (ના જેવો) એ અર્થમાં इवे प्रतिकृतौ। પ્રમાણે कन् થાય છે તેનો देवपथादिभ्यश्च। થી लुप् થાય છે (ત્યાં लुम्मनुष्ये। માંથી लुप् ની અનુવૃત્તિ છે). અહીં પ્રત્યયલક્ષણ થાય તો कन् એ नित् પ્રત્યયને કારણે ञ्नित्यादिः० થી આદિ ઉદાત્ત થવાનો પ્રસંગ આવે , પરંતુ વા.(૨) કરવામાં આવી હોય તો આદિ ઉદાત્ત ન થતાં અંતોદાત્ત થશે.(પદ.માં उष्ट्रग्रीवः પાઠ છે.)

[109] अत्त्रयः--अद् ને (राशदिभ्यां त्रिप्।) अदेस्त्रिनिश्च। (उ०सू० ५०८) થી त्रिप् થઇને अत्रि શબ્દ થયો છે. અને अत्रेः अपत्यम् એ અર્થમાં બે अच् યુક્ત अत्रि ને इतश्चानिञः। પ્રમાણે ढक् થઇને आत्रेयः થાય છે, પરંતુ अत्रेरपत्यानि बहूनि એ અર્થમાં जस् પર થતાં अत्रिभृगु- कुत्स० પ્રમાણે ढक् નો लुक् થઇને अत्रयः થાય છે.અહીં પ્રત્યયલક્ષણ થાય તો અંતે ढक् છે તેમ સમજાશે તેથી कितः। પ્રમાણે अत्त्रयः અંતોદાત્ત થવાનો પ્રસંગ આવશે. પરંતુ પ્રતિષેધ વા.(૧) થી પ્રત્યયલક્ષણનો એકપદસ્વર બાબતમાં પ્રતિષેધ કર્યો હોય તો અંતોદાત્ત નિવારી શકાશે.અહીં શંકા થઇ શકે કે अत्त्रयः માં લુપ્ત ढक् પ્રત્યયને કારણે અન્તોદાત્ત ન થાય તો પણ अत्रि શબ્દ तिन्-અંત હોવાથી અથવા फिषोऽन्तः० પ્રમાણે પ્રાતિપદિક સ્વરથી પણ અંતોદાત્ત છે તો પછી આદ્યુદાત્ત કેમ થશે? એ શંકાને લક્ષમાં રાખીને કૈ. કહે છે કે अत्रि શબ્દ त्रिबन्त હોવાથી આદ્યુદાત્ત છે. તે સ્વર કાયમ રહીને अत्त्रयः સિદ્ધ થઇ શકે તે પ્રતિષેધ વા.નું પ્રયોજન છે. વાસ્તવમાં અહીં તદ્ધિત પ્રત્યય कित् (कितः। પ્રમાણે) અન્તોદાત્ત છે પરંતુ તદ્ધિતાન્ત અન્તોદાત્ત નથી તેથી દોષ નહીં આવે.

[110] અહીં પ્રતિષેધ વા.નું અન્ય પ્રયોજન બતાવ્યું છે. पथिन् /मथिन् માં અનુક્રમે पतेः स्थ च। અને मन्थः। (उ०सू० ४५२-४५१) થી इन् લાગીને થએલાં इन् પ્રત્યયાન્ત છે તેથી અથવા फिषोऽन्तः० પ્રમાણે પ્રાતિપદિક સ્વરને કારણે અન્તોદાત્ત છે.पथिप्रियः /मथिप्रियः એ पन्थाः/मन्थाः प्रियः अस्य એ વિગ્રહ વાક્યોના બહુવ્રીહિ છે.તેમાં सुपोधातु० થી सु એ સર્વનામસ્થાન પ્રત્યયનો लुक् થયો છે. અહીં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पथिमथोः सर्वनामस्थाने लुकि प्रयोजनम्। पुथिप्रियः मुथिप्रियः। पथिमथोः सर्वनामस्थाने इत्येष स्वरो मा भूदिति ॥

अह्नो रविधौ ॥५॥

अह्नो रविधाने लुमता लुप्ते प्रत्ययलक्षणं न भवतीति वक्तव्यम्। अहर्ददाति। अहर्भुङ्क्ते। रोऽसुपि इति प्रत्ययलक्षणेन प्रतिषेधो मा भूदिति ॥

उत्तरपदत्वे चापदादिविधौ ॥६॥

पथिन् અને मथिन् એ બેની પર થતા સર્વનામસ્થાન (પ્રત્યયનો ) लुक् થતાં (પ્રત્યયલક્ષણ ન થાય એ) પ્રયોજન (છે),[111] જેથી मुथिप्रियः मुथिप्रियः (માં) पथिमथोः सर्वनामस्थाने ॥ પ્રમાણે (આદિ) સ્વર (ઉદાત્ત) ન થાય.

अहन् ના રેફ (આદેશને લગતા) વિધિમાં (નિષેધ થાય તે પ્રયોજન) ॥૫॥

अहन् (શબ્દ)ના (ન-કારનો) રેફ થાય છે [112] ત્યાં लुमत् (સંજ્ઞક लुक् વગેરે) થી લોપ થયો હોય ત્યારે પ્રત્યયલક્ષણ થતું નથી તેમ કહેવું જોઇએ. જેથી अहर्ददाति। अहर्भुङ्क्ते। માં પ્રત્યયલક્ષણને કારણે रोऽसुपि। પ્રમાણે પ્રતિષેધ ન થાય.

ઉત્તરપદને પદ સંજ્ઞા કરવાની હોય ત્યારે પદાદિવિધિ ન હોય ત્યાં (પ્રતિષેધ થાય એ પ્રયોજન) ॥૬॥

---

પ્રત્યયલક્ષણ થાય તો पथिमथोः सर्वनामस्थाने। થી આદ્યુદાત્ત થવાનો પ્રસંગ આવે છે,પરંતુ પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ કરવામાં આવે તો बहुव्रीहौ प्रकृत्या० પ્રમાણે પૂર્વપદ પ્રકૃતિસ્વર થઇને, એટલે કે पथिन् , मथिन् એ અન્તોદાત્ત શબ્દો સમાસમાં પણ તેમના મૂળ સ્વર અન્તોદાત્તને જાળવી રાખશે તેથી पुथिप्रियः। मुथिप्रियः એમ થશે.

[111] અહીં ચૌખં અને ચારુ. માં लुमता लुप्ते प्रत्ययलक्षणं न भवतीति वक्तव्यम्। એટલો અધિક પાઠ છે.

[112] अहन् શબ્દના અંત્ય न् નો अहन्। (૮-૨-૬૮) પ્રમાણે रु થાય છે.પરંતુ તે પછીના रोऽसुपि। (૮-૨-૬૯) પ્રમાણે न् નો રેફ થાય છે પણ सुप् પ્રત્યય પર હોય ત્યારે નથી થતો.જેમ કે अहन् ददाति। अहन् भुङ्क्ते। માં न् પછી सुप् નથી તેથી તેનો રેફ થતાં अहर् ददाति-- अहर्ददाति। अहर् भुङ्क्ते--अहर्भुङ्क्ते। એમ થાય છે. અહીં નપુંસકલિંગી अहन् પછી सु નો स्वमो० થી लुक् થયો છે (એ સૂત્રમાં षड्भ्यो लुक्। માંથી लुक् અનુવૃત્ત છે),પરંતુ પ્રત્યયલક્ષણ થાય તો सु છે એમ સમજાશે.તેમ છતાં રેફવિધાયક સૂત્રમાં सुप् સિવાયનું કંઇ પર થતાં (असुपि) એમ કહ્યું છે તેથી न् નો રેફ ન થતાં પૂર્વસૂત્ર अहन्। પ્રમાણે रु થવા જશે. અહીં અદર્શન लुक् દ્વારા થયું છે તેથી लुमत् થી લોપ થયો હોય ત્યાં પ્રત્યયલક્ષણ થતું નથી એમ કહેવામાં તો रु ન થતાં રેફ થઇને अहर्ददाति વગેરે સિદ્ધ થશે. रोऽसुपि। માં असुपि એ પ્રસજ્યપ્રતિષેધ છે તેથી પ્રતિષેધનું પ્રાધાન્ય હોવાથી सुप् પર થતાં રેફ નહીં થાય. અહીં પર્યુદાસ લેવામાં આવે તો सुप् થી ભિન્ન હોય તે પર થતાં રેફ થશે એમ સમજાશે .પરિણામે दीर्घाहा निदाघः જેવામાં सुप् થી ભિન્ન निदाघ પર હોવાથી न् નો રેફ થઇને दीर्घोर्निदाघः જેવી અનિષ્ટ સન્ધિ થવાનો પ્રસંગ આવે. વાસ્તવમાં रोऽसुपि। અંગાધિકારમાંનું સૂત્ર નથી તેથી પ્રત્યયલક્ષણ ન થાય તે માટે આ વાર્તિક છે. दीर्घाहा निदाघः માં दीर्घाणि अहानि यस्मिन् सः એ બહુવ્રીહિ निदाघः એ પુંલ્લિગી શબ્દનું વિશેષણ છે. सु પર થતાં सर्वनाम-स्थाने चासंबुद्धौ। થી ઉપધા દીર્ઘ--हल्ङ्याब्भ्यो० થી सु લોપ--अहन्। થી रुत्व--भोभगो० પ્રમાણે अ પૂર્વે હોવાથી रु નો य्--हलि सर्वेषाम्। થી य् લોપ થઇને दीर्घाहा રૂપ થાય છે. ન્યાસ. અને સિ.કૌ. પ્રથમ सु લોપ અને પછી रु त्व અસિદ્ધ હોવાથી ઉપધા દીર્ઘ થાય છે એમ લે છે. બા.મ. (ભા. ૧,પૃ.૩૯૯) પ્રમાણે अकृतव्यूहाः पाणिनीयाः। એ પરિભાષા નિર્મૂળ હોવાથી ઉપધા દીર્ઘ પ્રથમ થાય છે અને ત્યાર બાદ सु લોપ એ જ ઉચિત છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**उत्तरपदत्वे चापदादिविधौ लुमता लुप्ते प्रत्ययलक्षणं न भवतीति वक्तव्यम्। परमवाचा परमवाचे। परमगोदुहा परमगोदुहे। परमश्वलिहा परमश्वलिहे। पदस्य इति प्रत्ययलक्षणेन कुत्वादीन् मा भूवन्निति॥ अपदादिविधाविति किमर्थम्। दधिसेचौ दधिसेचः। सात्पदाद्योः इति प्रतिषेधो यथा स्यात्॥**

ઉત્તરપદને પદ સંજ્ઞા કરવાની હોય ત્યારે, [113] પદાદિવિધિ સિવાયનાં સ્થળે **लुमत्** થી લોપ થયો હોય ત્યાં પ્રત્યયલક્ષણ થતું નથી તેમ કહેવું જોઇએ. જેથી **परमवाचा परमवाचे। परमगोदुहा परमगोदुहे। परमश्वलिहा परमश्वलिहे** માં **पदस्य।** એ (અધિકાર સૂત્ર) પ્રમાણે પ્રત્યયલક્ષણથી **कुत्व** વગેરે ન થાય.[114] 'પદાદિવિધિ ન હોય ત્યાં' [115] એમ શા માટે કહ્યું છે? (એ માટે કે તેથી) **दधिसेचौ दधिसेचः** માં **सात्पदाद्योः।** પ્રમાણે (મૂર્ધન્યનો) પ્રતિષેધ થઇ શકે.

---

[113] **उत्तरपदत्वे** માંનો **उत्तर** શબ્દ ઉત્તરપદનો સૂચક છે અને ઉત્તરપદ શબ્દ સમાસના ચરમ અવયવના અર્થમાં રૂઢ થએલો છે.તેથી **उत्तरपदत्वे** એટલે સમાસના ઉત્તરપદની પદ સંજ્ઞા કરવાની હોય ત્યારે [**लुमत्** (અર્થાત્ **लुक्**, **श्लु** અથવા **लुप्** સંજ્ઞક) વ્દારા લોપ થયો હોય ત્યારે પ્રત્યયલક્ષણ થતું નથી.] એટલે કે ઉત્તરપદની **पद** સંજ્ઞા પર આધારિત કોઇ કાર્ય કરવાનું હોય તો તે પ્રત્યયલક્ષણનો આશ્રય લઇને થતું નથી એમ વા. (૬) નો ભાવ છે. અહીં **उत्तरपदत्वे** એટલે **उत्तरपदस्य पदत्वे** એમ ન લઇ શકાય? જો એમ લેવામાં આવે તો **परमं चर्म** જેવાંમાં પણ પ્રત્યયલક્ષણ નિષેધ થવાનો પ્રસંગ આવતાં **परमं** ની ઉત્તરે આવતા **चर्म** ની પદ સંજ્ઞા થવાથી જે **न्** લોપ રૂપી કાર્ય થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે. **चर्म** માં **स्वमोर्नपुं०** પ્રમાણે **सु** લોપ થયો છે ત્યાં પ્રત્યયલક્ષણનો નિષેધ થાય તો **चर्म** ને **पद** સંજ્ઞા ન થવાથી **नलोपः प्राति०** પ્રમાણે **न्** લોપ ન થવાથી ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય.તેથી ઉપર કહ્યો તે અર્થ સ્વીકારવો પડશે.એથી **बहुच् पूर्वस्य न।** એમ ભાષ્યકાર આગળ કહેવાના છે તે સાર્થક થશે. **बहुसेचौ** જેવામાં **बहुच्** પ્રત્યય છે **पद** નથી તેથી **सेच्** ઉત્તરપદ નહીં થાય, કારણ કે **उत्तरपद** એ શબ્દ સમાસના ચરમાવયવના અર્થમાં રૂઢ થયો છે અને **बहुसेचौ** માં **बहुच्** પદ જ નથી તેથી **बहुच्** પછી આવતા **सेच्** ના **स**-કારનો મૂર્ધન્ય નહીં થાય.

[114] **परमवाचा। परमगोदुहा। परमश्वलिहा** એ **सुप्सुपा (सह सुपा।)** અધિકાર નીચેના **विशेषणं विशेष्येण बहुलम्।** પ્રમાણે થએલ કર્મધારય સમાસોમાં **सुपो धातु०** પ્રમાણે વિભક્તિનો લોપ થયો છે ત્યાં પ્રત્યયલક્ષણને આધારે ઉત્તરપદ **वाच्** વગેરેને **पद** સંજ્ઞા થાય તો **परमवाचा** માં **चोः कुः।** થી **कुत्व** થઇને **परमवाका** થવાનો, **परमगोदुहा** માં **दादेर्धातोर्घः।** થી **ह्** નો **घ्** થઇને **परमगोदुघा** અને **परमश्वलिहा** માં **होढः।** થી પદાન્ત **ह्** નો **ढ्** થઇને **परमश्वलिढा** એમ અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવશે.'આ સમાસોમાં **अजादि** પ્રત્યયો પર થતાં **भ** સંજ્ઞા થતાં **पद** સંજ્ઞાનો બાધ થશે. તેથી **कुत्व** વગેરે (અર્થાત્ **कुत्व**, **घत्व** અને **ढत्व**) નહીં થાય' એમ કહેવું બરોબર નથી, કારણ કે **भ** સંજ્ઞા સમગ્ર સમાસની થાય છે જ્યારે **पद** સંજ્ઞા તો તેના ઉત્તરખંડની જ થાય છે. આમ **पद** સંજ્ઞા અને **भ** સંજ્ઞા ભિન્ન અવધિયુક્ત શબ્દસ્વરૂપોની થવાથી તેમની વચ્ચે બાધ્યબાધકભાવ શક્ય નથી. આથી **भ** સંજ્ઞા **पद** સંજ્ઞાનો બાધ નહીં કરી શકે તેથી **कुत्व** વગેરેનો પ્રસંગ ઊભો જ રહેશે.પરંતુ પ્રસ્તુત વા(૬) કરવામાં આવી હોય તો **कुत्व** વગેરે નિવારી શકાશે. ભાષ્યમાં **पदस्य** એ **पदस्य।** (૮-૧-૧૬) અધિકાર નીચેનાં **कुत्व** વગેરે કાર્યોને સૂચવે છે.

[115] **अपदादिविधौ** = **पद** ના આદિને લગતા વિધિમાં નહીં અર્થાત્ ત્યાં ઉત્તરપદના **पदत्व** નો નિષેધ નહીં થાય.જેથી **दध्नः सेचौ** એ વિગ્રહ વાક્યના ષષ્ઠીસમાસ **दधिसेचौ** માં પ્રત્યયલક્ષણને આધારે ઉત્તરપદની **पद** સંજ્ઞા થવાથી તેના આદિ **स्** નો **आदेशप्रत्यययोः।** પ્રમાણે **ष्** થવાનો પ્રસંગ આવે છે તે **सात्पदाद्योः।** પ્રમાણે નિવારી શકાશે. **अपदादिविधौ** એમ ન કહેતાં **उत्तरपदत्वे च।** એટલે કે 'અને ઉત્તરપદને **पद** સંજ્ઞા કરવાની હોય ત્યારે' (પ્રત્યયલક્ષણ નથી થતું) એટલું જ કહ્યું હોત તો **दधिसेचौ** માં **सेच्** એ ઉત્તરખંડની **पद** સંજ્ઞા કરવાની હોય ત્યાં પણ પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ થશે, પરંતુ **सेच्** એ **सुबन्त** ન હોવાથી તેની **पद** સંજ્ઞા ન થતાં **सात्पदाद्योः।** પ્રમાણે **स्** ના મૂર્ધન્યનો પ્રતિષેધ કર્યો છે તે ત્યાં લાગુ નહીં પડે. પરિણામે **दधिषेचौ** જેવાં અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવશે.પરંતુ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यद्यपदादिविधावित्युच्यत उत्तरपदाधिकारो न प्रकल्पेत। तत्र को दोषः। कर्णो वर्णलक्षणात् इत्येवमादिविधिर्न सिध्यति॥ यदि पुनर्न लोपादिविधौ प्लुत्यन्ते लुमता लुप्ते प्रत्ययलक्षणं न भवतीत्युच्येत।

જો 'પદાદિવિધિ ન હોય ત્યાં' એમ કહેવામાં આવે તો ઉત્તરપદાધિકાર સિદ્ધ નહીં થઇ શકે. તેમાં શો વાંધો છે ? कर्णो वर्णलक्षणात्। વગેરે પ્રમાણે[116] થતા વિધિઓ નહીં થઇ શકે. પરંતુ જો न लोपादिविधौ प्लुत्यन्ते ,અર્થાત્ न-કાર લોપથી માંડીને પ્લુત જેમાં અન્તે છે તે વિધિઓમાં लुमत् (સંજ્ઞક लुक् વગેરે) થી લોપ થયો હોય ત્યારે પ્રત્યયલક્ષણ થતું નથી એમ કહેવામાં આવે તો ?[117]

---

વા.માં अपदादिविधौ એટલું વિશેષ કહ્યું હોય તો सेच् પ્રત્યયલક્ષણથી पद થશે, તેથી सात्पदाद्योः। એ पदादि વિધિ હોવાથી ત્યાં અમલી થશે અને स् નો ष् ન થવાથી ઈષ્ટ રૂપ સિદ્ધ થશે.પ્રત્યયલક્ષણથી सेच् ની पद સંજ્ઞા થતાં कुत्व થવાનો પ્રસંગ આવશે એમ કહેવું ઉચિત નથી, કારણ કે પ્રત્યયલક્ષણ પ્રતિષેધ पदादि વિધિને લાગુ પડતો નથી. જ્યારે અહીં सेच् માં कुत्व થવું એ पदान्त વિધિ છે. તેથી ત્યાં પ્રતિષેધ અવશ્ય થશે તેથી सेच् પદ ન થવાથી स् નો ष् નહીં થાય. दधिसेचौ ને दध्नः सेचौ એમ ષષ્ઠીસમાસ ન લેતાં दधि सिञ्चतः એ અર્થનો ઉપપદ લેવામાં આવે તો दधि ઉપપદ યુક્ત सिच् ધાતુને अन्येभ्याऽपि दृश्यते। પ્રમાણે विच् થતાં स् નો ष् થતો નિવારી નહીં શકાય., કારણ કે गतिकारकोपपदानां कृद्भिः समासवचनं प्राक् सुबुत्पत्तेः। એ પરિભાષા મુજબ सुप् થતાં પૂર્વે સમાસ થવાથી सेच् માં सुप् નથી એમ સમજાશે. તેથી पद સંજ્ઞા નહીં થાય.પરિણામે स-કાર पदादि નહીં થાય તેથી सात्पदाद्योः। પ્રમાણે તેના મૂર્ધન્યનો પ્રતિષેધ ન થતાં दधिषेचौ એમ થવાનો પ્રસંગ આવશે. તેના નિરાકરણ માટે કે. अनभिधानात् અર્થાત્ ઉપપદયુક્ત सिच् ને विच् પ્રયોગ નથી થતો તેથી दधिषेचौ વગેરે પ્રયોગ નહીં થાય.એ સ્પષ્ટ કરતાં ના. કહે છે કે विच् વેદમાં પ્રયોજાય (छान्दस्) છે.એ કા.અને ન્યાસ.સાથે સંગત નથી, [એ સૂત્ર પર કા.'छन्दसीति निवृत्तम्। अन्येभ्योऽपि धातुभ्यो- -विच्च। का० અને यद्यन्येभ्योऽपि दृश्यन्ते पूर्वसूत्रमनर्थकम्।- -पूर्वयोगश्छन्दसि। अयं तु भाषायामपि। न्यास०]. ન્યાસ. સ્પષ્ટ કહે છે કે (विच् પણ) ભાષામાં પ્રયોજાય છે તેમ અહીં સૂત્રકાર સૂચવે છે.

[116] कर्णो वर्णलक्षणात्। (વર્ણવાચી કે લક્ષણવાચી પૂર્વપદ પછી આવતા कर्ण શબ્દનો ઉદાત્ત થાય છે.) એ उत्तरपदादिः। એ અધિકાર નીચેનું સૂત્ર છે. તેથી એ સૂત્ર મુજબ ઉત્તરપદભૂત कर्ण નો આદિ ઉદાત્ત થશે. એ કાર્ય પદાદિવિધિ છે. (अपदादिःએમ કહ્યું છે તેથી) જો પદાદિવિધિમાં પ્રત્યયલક્ષણનો નિષેધ થાય તો शुक्लकर्णः જેવા સમાસમાં कर्ण શબ્દ पद નહીં થાય તેથી તે ઉત્તરપદ પણ નહીં થાય. પરિણામે તેનો આદિસ્વર ઉદાત્ત નહીં થાય તે દોષ આવશે."'कर्ण શબ્દમાં આદિ क् છે अ નથી અને स्वरविधौ व्यञ्जनमविद्यमानवत्। એ પરિભાષા સ્વરને લગતા કાર્યમાં લાગુ પડે છે, કોઇ વર્ણને આદિ ગણવાનો હોય ત્યાં લાગુ નહીં પડે તેથી क् જ આદિ થશે.આમ अ-કાર આદિ નથી તેમ સમજાવાથી अपदादिः એ પ્રતિષેધ લાગુ નહીં પડે તેથી પ્રત્યયલક્ષણ થતાં शुक्लकर्णः અને दात्राकर्णः જેવામાં આદ્યુદાત્ત સિદ્ધ થશે' એમ કહેવું યોગ્ય નથી, કારણ કે कर्णो वर्ण० સૂત્ર જ્યાં સમાસ ન હોય, જેમ કે शुक्लः कर्णः, ત્યાં લાગુ પડે છે. कर्ण શબ્દ સમાસમાં હોય ત્યાં નહીં પડે એમ સમજવાનું છે" (કે.).વળી 'સ્વાંગવાચી कर्ण શબ્દ स्वाङ्गशिटामदन्तानाम्। (फि०सू०૨૯) પ્રમાણે અથવા તો किरति इति कर्णः એ અર્થમાં कृ ધાતુને कृवृजृसिद्रूपन्यनिस्वपिभ्यो नित्। (उ०सू० न) પ્રમાણે नित् પ્રત્યય न લાગીને નિષ્પન્ન કરવામાં આવ્યો છે તેથી આદ્યુદાત્ત જ છે પછી આ कर्णो वर्ण० સૂત્રથી આદિ ઉદાત્ત કરવાની ક્યાં જરૂર છે ?' એમ પણ ન કહી શકાય, કારણ કે कर्ण શબ્દને સ્વાંગવાચી ન લેતાં कर्णौ अस्य स्तः। એ અર્થમાં ' अर्श आदिभ्योऽच्। પ્રમાણે अच् લાગતાં તે અન્તોદાત્ત થઇને પ્રકૃત સૂત્રથી આદ્યુદાત્ત થશે.' (કે.) એ દલીલ યોગ્ય નથી, કારણ કે ભાષ્યમાં સ્પષ્ટ કહ્યું છે 'कर्णोवर्णलक्षणात् इत्येवमादिविधिर्न सिध्यति। એટલે કે अपदादिः એમ ન કહેવામાં આવે તો उत्तरपदादिः। એ અધિકાર નીચેના कर्णोवर्ण० વગેરે વિધિ સિદ્ધ નહીં થઇ શકે. આ વાક્ય માત્ર પ્રસ્તુત સૂત્રને જ લાગુ પડતું નથી ,પરંતુ એ અધિકાર નીચેનાં બધાં સૂત્રો વ્યર્થ બનશે. એ દોષ આવશે(ના.)

[117] प्लुत्यन्ते એ प्लुतिः अन्ते अस्य એ વિગ્રહનો બહુવ્રીહિ છે અને વિધિનું વિશેષણ છે. તેથી प्लुति જેમાં અંતે છે તે વિધિ અર્થાત્ वाक्यस्य टेः प्लुत उदात्तः। એ અધિકાર નીચે થતા વિધિ. અહીં એમ દલીલ છે કે नलोपः प्राति० (૮-૨-૭) થી લઇને वाक्यस्य टेः०



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नैवं शक्यम्। इह हि राजकुमार्यौ राजकुमार्य इति शाकलं प्रसज्येत। नैष दोषः। यदेतत्सिति शाकलं नेत्येतत्प्रत्यये शाकलं नेति वक्ष्यामि। यदि प्रत्यये शाकलं नेत्युच्यते दधि अधुना मधु अधुना अत्रापि न प्रसज्येत। प्रत्यये शाकलं न भवति। कस्मिन्। यस्माद्यः प्रत्ययो विहित इति॥

એમ (કહેવું) શક્ય નથી, કારણ કે આ **राजकुमार्यौ राजकुमार्यः** માં શાકલ્ય પ્રમાણે (કાર્ય) થવાનો પ્રસંગ આવે.[118] એ દોષ નથી (આવતો), કારણ કે **सित्** (પ્રત્યય) પર થતાં શાકલ્ય પ્રમાણે (કાર્ય) નથી થતું (**सिति शाकलं न**।) એમ જે (કહ્યું) છે તે(ને બદલે કોઇ પણ) પ્રત્યય પર થતાં શાકલ્ય પ્રમાણે (કાર્ય) નથી થતું (**प्रत्यये शाकलं न**।) એમ હું કહીશ.[119]પ્રત્યય પર થતાં શાકલ્ય પ્રમાણે (કાર્ય) નથી થતું એમ જો કહેવામાં આવે તો **दधि अधुना। मधु अधुना** માં પણ (શાકલ્ય પ્રમાણે કાર્ય) ન થવાનો પ્રસંગ આવે.[120] (પરંતુ) પ્રત્યય પર થતાં શાકલ્ય પ્રમાણે કાર્ય થતું નથી. કયો (પ્રત્યય) પર થતાં ? [121] જેને અનુલક્ષીને જે પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું હોય તે (પ્રત્યય પર થતાં.)[122]

---

(૮-૨-૮૨) સુધીનાં કાર્યો કરતી વેળા પ્રત્યયલક્ષણ નહીં થાય એમ કહેવામાં આવે તો **परमवाचा** વગેરેમાં ઉત્તરપદનો આદિસ્વર ઉદાત્ત કરવાનો છે ત્યાં, તેમ જ **दधिसेचौ** જેવામાં **षत्व** નો પ્રતિષેધ કરવાનો હોય ત્યાં પ્રત્યયલક્ષણ અવશ્ય થશે તેથી **वाक्**, **सेच्** માં **कुत्व**, **दुह्** માં **घत्व** અને **लिह्** માં થતું **ढत्व** નહીં થાય કારણ કે એ સૂત્રો પ્રતિષેધના ક્ષેત્રમાં આવી જાય છે.

[118] **शाकल्यस्य इदम्** એ અર્થમાં **शाकल्य** ને **कण्ड्वादिभ्यो गोत्रे**। પ્રમાણે **अण्--शाकल अण्--यस्येति०** થી અ-કાર લોપ--**आपत्यस्य च तद्धितेऽनाति**। થી य-કાર લોપ થઇને **शाकल** શબ્દ થયો છે.**शाकल** (=શાકલ્ય પ્રમાણેનું કાર્ય) એટલે કે **इकोऽसवर्णे शाकल्यस्य ह्रस्वश्च**। પ્રમાણે પ્રકૃતિભાવ અને હ્રસ્વ રૂપી કાર્ય થાય તે. **इकोऽसवर्णे०** પ્રત્યયલક્ષણ પ્રતિષેધના ક્ષેત્રમાં નથી તેથી ત્યાં પ્રત્યયલક્ષણ થવાથી **राजकुमार्यौ राजकुमार्यः** માં **सुपो धातु०** થી ઉત્તરપદ **कुमारी** ના લુપ્ત પ્રત્યય **सु** નું પ્રત્યયલક્ષણ થવાથી **कुमारी** પદ થશે અને **इकोऽसवर्णे ०** (૬-૧-૧૨૭) માં **एङः पदान्तादति**। (૬-૧-૧૦૯) માંથી **पदान्त** ની અનુવૃત્તિ થાય છે તેથી પદાન્ત (એટલે કે **कुमारी** ના **ई**-કાર) ની પર અસવર્ણ **औ** / **अस्** આવતાં **शाकल** એટલે કે શાકલ્યના મત પ્રમાણે પ્રકૃતિભાવ થઇને **कुमारी औ**/ **कुमारी अस्** અથવા હ્રસ્વ થઇને **कुमारि औ**/ **कुमारि अस्** એમ થવાનો પ્રસંગ આવશે. આથી **नलोपादिविधौ ०** એમ કહેવું શક્ય નથી.

[119] **इकोऽसवर्णे०** ઉપરની **सिन्नित्यसमासयोः शाकलप्रतिषेधः**। (વા.) પ્રમાણે **सित्** પ્રત્યયપર હોય ત્યારે શાકલ્યના મત પ્રમાણેનું ,પ્રકૃતિભાવ અને હ્રસ્વરૂપી કાર્ય નથી થતું. ભાષ્યમાં '**सिति शाकलं न**' એ તે વા.નો નિર્દેશ છે.(જેમાં **स् इत्** હોય તે **जस्** વગેરે) **सित्** પ્રત્યય પર થતાં શાકલ્યનો પ્રતિષેધ કરવામાં આવે તો **जस्** પર થતાં એટલે કે **राजकुमार्यः** માં પ્રતિષેધ નહીં થાય. તેથી કહે છે કે' **सिति शाकलं न** ' એમ ન કહેતાં '**प्रत्यये शाकलं न** ' એમ કહેવાથી (અર્થાત્ માત્ર **सित्** પ્રત્યય પર હોય ત્યારે જ નહીં પરંતુ કોઇ પણ પ્રત્યય પર હોય ત્યારે ઉપર કહેલો શાકલકાર્ય થવા રૂપી દોષ નહીં આવે એમ કહીશું તેથી **औ** પર થતાં પણ પ્રતિષેધ થશે.

[120] **दधि अधुना/ मधु अधुना** માં **अधुना** એ **अधुना**। (૫-૩-૧૭) પ્રમાણે નિપાતિત શબ્દને ભાષ્યમાં બે રીતે સમજાવ્યો છેઃ (૧) **इदम् अधुना-- इदम इश्**। થી **इदम्** ને **इश्** સર્વાદેશ થતાં **इ अधुना--यस्येति च**। થી **इ** લોપ થઇને **अधुना** શેષ રહીને **अस्मिन् काले** એ અર્થનો **अधुना** શબ્દ થાય છે.અથવા(૨) **धुना** પ્રત્યય પર થતાં **इदम्** નો **अश्** એ **शित्** આદેશહોવાથી સર્વાદેશ**अ धुना--अधुना** એમ થાય છે. (**इदमोऽश्भावो धुना च प्रत्ययः इदमो वा लोपोऽधुना च प्रत्ययः**।) અહીં **अधुना** શબ્દને જ પ્રત્યય ગણીને દલીલ કરી છે. તેથી **दधि / मधु अधुना** માં **दधि** વગેરે પ્રત્યય પર છે તેમ સમજાશે અને કોઇ પણ પ્રત્યય પર થતાં શાકલ (કાર્ય) નહીં થાય તેમ સ્વીકારવામાં આવે તો આ ઉદાહરણોમાં શાકલ્ય પ્રમાણે પ્રકૃતિભાવ ન થવાનો પ્રસંગ આવશે.

[121] અહીં કિ.,વા.શા.માં **कस्मिन्** એમ પાઠ છે.ચારુ.,યુમી.,ચૌખં,નિ.સા. વગેરેમાં **कतरस्मिन्** (બેમાંથી કયો) એમ છે.

[122] **दधि अधुना** વગેરેમાં **अधुना** એ પ્રત્યય પર છે તે ખરું, પરંતુ તેનું વિધાન **इदम्** ને અનુલક્ષીને કરવામાં આવ્યું છે, **दधि** વગેરેને અનુલક્ષીને નથી કરવામાં આવ્યું તેથી પ્રકૃતિભાવ અવશ્ય થશે, કારણ કે અહીં **प्रत्ययग्रहणे यस्मात्स विहितः०** એ પરિભાષા ઉપસ્થિત થાય છે તેથી '**प्रत्यये शाकलं न** ' નો અર્થ 'જે (પ્રકૃતિ) ને વિશે જે પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું હોય તે પ્રત્યય તે (પ્રકૃતિ) ની પર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह तर्हि परमदिवा परमदिवे दिव उत् इत्युत्वं प्राप्नोतीति ॥ अस्तु तर्ह्यविशेषेण। ननु चोक्तमुत्तरपदाधिकारो न प्रकल्पेतेति। वचनादुत्तर-पदाधिकारो भविष्यति ॥ तत्तर्हि वक्तव्यम्। न वक्तव्यम्। अनुवृत्तिः करिष्यते। इदमस्ति यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम्। सुप्तिङन्तं पदम्। यस्मात्सुप्तिङ्विधिस्तदादि सुबन्तं च। नः क्ये। नान्तं

तो પછી આ **परमदिवा परमदिवे** માં[123] **दिव उत्**। પ્રમાણે (व-કારનો) उ-કાર થવાનો પ્રસંગ આવે છે.તો પછી અવિશિષ્ટ રીતે (પ્રત્યય-લક્ષણ નથી થતું) એમ ભલે થાય.[124] અરે પણ (અમે) કહ્યુંને કે ઉત્તરપદાધિકાર સિદ્ધ નહીં થઇ શકે (તેનું શું) ? (उत्तरपदादिः। એમ કહ્યું છે તેથી ઉત્તરપદાધિકાર (સિદ્ધ) થશે. તો પછી તે કહેવું પડશે ? નહીં કહેવું પડે. **यस्मात्प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम्**। (પ્રત્યયનું વિધાન જેને અનુલક્ષીને કરવામાં આવ્યું હોય તે જેમાં આદિ હોય તે પ્રત્યય પર થતાં અંગ થશે.એ (જે) સૂત્ર છે તેની અનુવૃત્તિ[125] (પાછળનાં ૧-૪-૧૪ થી ૧-૪-૧૮ એ પાંચ સૂત્રોમાં) કરવામાં આવશે.જેથી **सुप्तिङन्तं पदम्**। અર્થાત્ જેને અનુલક્ષીને **सुब्** વિધિ અને **तिङ्** વિધિ કરવામાં આવ્યો હોય તે જેમાં આદિ છે તેની તથા **सुबन्त** અને (**तिङन्त** ની **पद** સંજ્ઞા થાય છે).[126] **नः क्ये**। **न**- કાર જેને અન્તે હોય

---

થતાં શાકલવિધિ નહી થાય' એમ સમજવાનો છે. **राजकुमार्यौ** વગેરેમાં સમુદાય તેમ જ અવયવ **कुमारी** ને વિશે **औ / अस्** પ્રત્યયનું વિધાન કરેલું છે (કે.) તેથી પ્રત્યયલક્ષણ નહી થાય તેથી શાકલ પ્રતિષેધ થવાથી સંધિ થઇને ઇષ્ટ રૂપ સિદ્ધ થશે.ના.માને છે કે **राजकुमार्यौ** માં સમુદાયને વિશે જ પ્રત્યયનું વિધાન છે અવયવને વિશે નહીં, કારણ કે તેમ હોત તો **कौरुचरेयः** જેવામાં **च्** પછીના અની વૃદ્ધિ થાત.

123 '**प्रत्यये शाकलं न**' એમ વા. કરવાથી **राजकुमार्यौ** વગેરેમાં દોષ નથી એમ સ્વીકારીને આ દલીલ કરે છે. **परमा चासौ द्यौश्च** એ વિગ્રહના **परमदिवा** વગેરે કર્મધારયમાં **दिव उत्**।(૬-૧-૧૩૧) પ્રમાણે **व्** નો उ થવાનો પ્રસંગ આવશે, કારણ કે ત્યાં **एङः पदान्तात्०** (૬-૧-૧૦૯) માંથી **पदान्तात्** ની અનુવૃત્તિ થાય છે અને પ્રત્યયલક્ષણ પ્રતિષેધ ન થતાં **दिव्** માં રહેલ લુપ્ત વિભક્તિ(**सु**) ને કારણે તેની **पद** સંજ્ઞા થતાં પદાન્ત **व्** નો उ થવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે.

124 **अपदादिः** એમ કહ્યું હતું તેમાં દોષ બતાવવામાં આવતાં **नलोपादिविधौ०** વગેરે વિશિષ્ટ સંજોગોમાં ઉત્તરપદને પદસંજ્ઞા કરવાની હોય ત્યાં પ્રત્યયલક્ષણ નહીં થાય એમ કહ્યું. તેમાં પણ દોષ આવે છે તેથી કહે છે કે વિશિષ્ટ સંજોગોમાં પ્રત્યયલક્ષણ નહીં થાય એમ કહેવાને બદલે પૂર્વે સામાન્ય રીતે **अपदादिविधौ** એમ કહ્યું હતું તેમ જ ભલે રહે.પરંતુ **अपदादिः** એમ જ કહેવામાં આવે તો ઉત્તરપદા-ધિકાર નીચેનાં કાર્યો નહીં થઇ શકે એ શંકા પૂર્વવત્ રહેશે.એ દલીલના ઉત્તરમાં કહે છે કે સમાસના સર્વથી છેલ્લા(**उत्तर**) અવયવના અર્થમાં **उत्तरपद** શબ્દ રૂઢ થયો છે તેથી તે અવયવની **पद** સંજ્ઞા ન હોય તો પણ તે **उत्तरपद** કહેવાય છે અને સમાસ હોય તો જ ઉત્તરપદ સંભવી શકે.સૂત્રકારે **उत्तरपदादिः**। એમ અધિકાર સૂત્ર કર્યુ છે તેના પ્રતાપે સમાસના ઉત્તરપદને લગતાં આદ્યુદાત્તાદિ કાર્યો થઇ શકશે.

125 ઉત્તરપદાધિકાર સિદ્ધ થશે એમ કહ્યું છતાં **परमवाचा** માં સમાસ થવાથી **वाच्** પછીનો **सु** લુપ્ત હોવા છતાંપ્રત્યયલક્ષણથી તે **पद** ગણાશે અને તે પદાન્તે હોવાથી **कुत्व** થવાનો પ્રસંગ આવશે તેથી **यस्मात्प्रत्ययविधि०**(૧-૪-૩૪) એ સૂત્રની તેની પછીનાં સૂત્રોમાં અનુવૃત્તિ કરીને **कुत्व** નિવારી શકાશે, કારણ કે **भ** સંજ્ઞા **पद** સંજ્ઞાનો બાધ કરશે. અહીં **उत्तरपदत्वे चापदादि विधौ** એમ ન કહેતાં **यस्मात्प्रत्यय०** ની પાછળનાં પાંચ સૂત્રોમાં અનુવૃત્તિથી કાર્ય સિદ્ધ થશે એમ કહેવા માગે છે.

126 **सुप्तिङन्तं पदम्**। માં **यस्मात्प्रत्यय०** ની અનુવૃત્તિ કરવામાં ન આવે તો **परमैश्चतुर्भिः** જેવામાં પણ **भिस्** ને કારણે **पद** સંજ્ઞા થાય તો **झल्युपोत्तमम्**। પ્રમાણે **चतुर्भिः** માં અ-કાર ઉદાત્ત થતાં **परमैः** માં નિઘાત થવાનો પ્રસંગ આવે એટલે કે **परमैः चतुर्भिः** એમ થવા જાય, પરંતુ અનુવૃત્તિ કરવામાં આવે તો તે પ્રસંગ ટાળી શકાશે એમ અનુવૃત્તિની આવશ્યકતા દર્શાવતાં ના. કાલ્પનિક દલીલ કરે છે. અનુવૃત્તિ કરવાથી સમજાશે કે **भिस्** નું વિધાન **चतुर्भिः** ને વિશે કર્યુ છે તેથી **परमैः** તેને કારણે **पद** નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

क्ये पदसंज्ञं भवति यस्मात्क्यविधिस्तदादि सुबन्तं च। सिति च। सिति च पूर्वं पदसंज्ञं भवति यस्मात्सिद्विधिस्तदादि सुबन्तं च। स्वादिष्व -सर्वनामस्थाने। स्वादिष्वसर्वनामस्थाने पूर्वं पदसंज्ञं भवति यस्मात्स्वादिविधिस्तदादि सुबन्तं च। यचि भम् । यजादिप्रत्यये पूर्वं भं भवति यस्माद्यजादिविधिस्तदादि सुबन्तं च॥ इह तर्हि परमवाक् असर्वनामस्थान इति प्रतिषेधः प्राप्नोति। अस्तु तस्याः प्रतिषेधो या स्वादौ पदमिति पदसंज्ञा या तु सुबन्तं पदमिति पदसंज्ञा सा भविष्यति।

તેની **क्य** પર થતાં પદ સંજ્ઞા થાય છે, એટલે કે જેને અનુલક્ષીને **क्य**[127] (અર્થાત્ **क्यच्**, **क्यङ्** અને **क्यष्**) નું વિધાન કરવામાં આવ્યું હોય તે જેમાં આદિ હોય તેની તથા **सुबन्त** ની (પદ સંજ્ઞા થાય છે). **सिति च**। **सित्** પ્રત્યય પર થતાં પૂર્વે રહેલની પદ સંજ્ઞા થાય છે[128] અર્થાત્ જેને અનુલક્ષીને **सित्** (પ્રત્યય) નું વિધાન કરવામાં આવ્યું હોય તે જેમાં આદિ છે તેની તેમ જ **सुबन्त** ની (પદ સંજ્ઞા થાય છે), **स्वादिष्वसर्वनामस्थाने**। સર્વનામસ્થાન સિવાયના **स्वादि** (પ્રત્યય) પર થતાં પૂર્વે રહેલની પદ સંજ્ઞા થાય છે, એટલે કે જેને અનુલક્ષીને **स्वादि** (પ્રત્યય) નું વિધાન કરવામાં આવ્યું હોય તે જેમાં આદિ છે તેની અને **सुबन्त** ની (પદ સંજ્ઞા થાય છે) **यचि भम्**। **यजादि** પ્રત્યય પર થતાં[129] પૂર્વે રહેલ (ની) **भ** (સંજ્ઞા થાય છે), એટલે કે જેને અનુલક્ષીને **यजादि** (પ્રત્યય) નું વિધાન કરવામાં આવ્યું હોય તે જેમાં આદિ છે તેની અને **सुबन्त** ની (**भ** સંજ્ઞા થાય છે).(એમ સમજાશે). તો પછી આ **परमवाक्** (માં) **असर्वनामस्थाने** (સર્વનામ-સ્થાન સિવાયનાં પર થતાં) એમ (જે કહ્યું) છે તેથી પ્રતિષેધ થવાનો પ્રસંગ આવે છે.[130] **स्वादि** પર થતાં જે પદ સંજ્ઞા થાય છે તેનો પ્રતિષેધ ભલે થાય, પરંતુ **सुबन्तं पदम्** પ્રમાણે જે પદ સંજ્ઞા થાય છે તે (તો) થશે.[131]

---

[127] नः क्ये।(૧-૪-૧૫) અહીં **क्य** એ **कर्तुः क्यङ् सलोपश्च**। થી થતા **क्यङ्**, **सुप आत्मनः क्यच्**। થી થતા **क्यच्** અને **लोहितादिडाज्भ्यः क्यष्**। થી થતા **क्यष्** એ ત્રણને સૂચવે છે. **नः क्ये**। માં અનુવૃત્તિ થતાં જેને અનુલક્ષીને **क्य** વિધિ કરવામાં આવ્યો તે જેમાં આદિ હોય તેની તથા **सुबन्त** ની પદ સંજ્ઞા થશે, પરંતુ **क्य** પર થતાં અંતર્વર્તી વિભક્તિ (**सु**) ને કારણે પ્રત્યયલક્ષણથી પદ સંજ્ઞા થાય તો તે **न**-કારાન્તની જ થશે અન્યની નહીં થાય એમ નિયમ થશે.

[128] **सिति च**। માં અનુવૃત્તિ ઉપયોગી નથી, પરંતુ ઉત્તરસૂત્ર (**स्वादिष्व०**) માં અનુવૃત્તિ સ્વીકારી છે અને તેમાં પણ પછીના **यचि भम्**। સૂત્ર માટે જ અનુવૃત્તિ કરવામાં આવે છે. શિવ. અહીં મણ્ડૂકપ્લુતિથી અનુવૃત્તિ થાય છે તેમ કહે છે પરંતુ ભાષ્યમાં તેમ કહ્યું નથી.

[129] **यचि भम्**। સૂત્રમાં **यस्मात्प्रत्यय०** ની અનુવૃત્તિ કરવાથી **भ** સંજ્ઞા અને **पद** સંજ્ઞા તુલ્યાવધિક થશે. જેમ કે **परमवाचा** માં **परमवाच्** ની **अजादि टा (आ)** પર થતાં **यचि भम्**। પ્રમાણે **भ** સંજ્ઞા થશે અને અંતર્વર્તી **सु** ને કારણે પ્રત્યયલક્ષણથી **सुबन्त** થવાથી તેટલા જ અવધિવાળા **परमवाच्** ની **सुबन्तं पदम्**। થી પદ સંજ્ઞા થશે.આમ સમાનાવધિકને બન્ને સંજ્ઞા અનુવૃત્તિને કારણે થાય છે, પરંતુ **भ** સંજ્ઞા પર છે તેથી તે પૂર્વવર્તી સૂત્રથી થતી **पद** સંજ્ઞાનો બાધ કરશે. આમ પદ સંજ્ઞા ન થતાં **कुत्व** નહીં થાય.

[130] **असर्वनामस्थाने** એ પ્રસજ્યપ્રતિષેધ છે એમ માનનારની આ દલીલ છે. તે પ્રમાણે સર્વનામસ્થાન પર થતાં જેને અનુલક્ષીને **स्वादि** નું વિધાન કરવામાં આવ્યું હોય તે જેમાં આદિ હોય તેની તેમ જ **सुबन्त** ની **पद** સંજ્ઞા થતી નથી. પરિણામે પ્રત્યયલક્ષણથી સર્વનામ-સ્થાન વિભક્તિ પર હોવાથી પદ સંજ્ઞાનો પ્રતિષેધ થશે અને **कुत्व** નહીં થાય.

[131] **स्वादिषु०** થી થતી પદ સંજ્ઞાનો પ્રતિષેધ થશે, પરંતુ **सुबन्तं पदम्०** થી થતી સંજ્ઞામાં **असर्वनामस्थाने** એ પ્રતિષેધ નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सत्येतत्प्रत्यय आसीदनया भविष्यत्यनया न भविष्यतीति। लुप्त इदानी प्रत्यये यावत एवावधेः स्वादौ पदमिति पदसंज्ञा तावत एवावधेः सुबन्तं पदमिति। अस्ति च प्रत्ययलक्षणेन सर्वनामस्थानपरतेति कृत्वा प्रतिषेधाश्च बलीयांसो भवन्तीति प्रतिषेधः प्राप्नोति॥ नाप्रतिषधात्। नायं प्रसज्यप्रतिषेधः सर्वनामस्थाने नेति। किं तर्हि। पर्युदासोऽयं यदन्यत्सर्वनामस्थानादिति। सर्वनामस्थाने

પ્રત્યયની હયાતીમાં એ હતું કે આ (સંજ્ઞા વિધિ) થી (પદ સંજ્ઞા) થશે અને આ (પદસંજ્ઞા વિધિ) થી (પદ સંજ્ઞા) નહીં થાય. હવે પ્રત્યયનો લોપ થયો હોવાથી જેટલા અવધીભૂત (શબ્દસ્વરૂપ) ની **स्वादि** પર થતાં (**स्वादिष्वसर्वनामस्थाने**। એ પ્રમાણે) **પદ** સંજ્ઞા (થશે), તેટલા જ અવધીભૂત (શબ્દ સ્વરૂપ) ની **सुबन्त** તે પદ (**सुप्तिङन्तं पदम्**। એ પ્રમાણે **પદ** સંજ્ઞા થાય છે). અને પ્રત્યયલક્ષણને કારણે **सर्वनाम-स्थान** પર છે તેથી કરીને (**असर्वनामस्थाने** એ) પ્રતિષેધ લાગુ પડશે, કારણ કે પ્રતિષેધો (બીજા કરતાં) વધુ બળવાન હોય છે[132] ના (તેમ નહીં થાય), કારણ કે તે પ્રતિષેધ નથી. આ (**असर्वनामस्थाने**। એ) 'સર્વનામસ્થાન પર થતાં નહીં (થાય)' એ અર્થનો પ્રસજ્ય-પ્રતિષેધ નથી.[133] તો પછી શું છે ? 'સર્વનામસ્થાનથી ભિન્ન હોય તે (પર થતાં)' એ (અર્થનો) પર્યુદાસ છે, (તેથી) સર્વનામસ્થાન (પ્રત્યય) પર હોય ત્યારે

---

[132] **सु** પ્રત્યય હોય ત્યારે **तदन्त** ની અર્થાત્ **सु** જેને અંતે હોય તેની **सुबन्तं पदम्**। પ્રમાણે પદ સંજ્ઞા થશે.અને તે **सु** ની પૂર્વે રહેલ ભાગની **स्वादिष्वसर्वनामस्थाने** પ્રમાણે પદ સંજ્ઞા થશે.હવે **सुबन्तं पदम्** થી થતી સંજ્ઞા અન્ય ઉપર આધારિત ન હોવાથી અંતરંગ છે, જયારે **स्वादिषु०** થી થતી પદ સંજ્ઞા **स्वादि** પર આધારિત હોવાથી બહિરંગ છે તેમ છતાં લુપ્ત **सु** પ્રત્યયનું પ્રત્યયલક્ષણ થતાં **परमवाचा** માં બે રીતે થતી પદ સંજ્ઞા **परमवाक्** એ એક જ શબ્દ સ્વરૂપને અર્થાત્ સમાન અવધિવાળા શબ્દસ્વરૂપને થાય છે, તેમાં અવધિભેદ નથી, કારણ કે **परमवाक्** પ્રત્યયલક્ષણથી સર્વનામસ્થાન પર થાય છે તેથી પ્રતિષેધ થશે અને અપવાદ અંતરંગ કરતાં વધુ બળવાન હોય છે તેથી પદ સંજ્ઞાને થતી અટકાવશે. આમ પદ સંજ્ઞા ન થવાથી **कुत्व** નહીં થાય. ના.નોંધે છે કે **यचि भम्**। એ સૂત્રમાં **सुबन्तम्** ની અનુવૃત્તિ થાય છે તેને કારણે પ્રત્યયલક્ષણથી **स्वादिषु०** પ્રમાણે મધ્યમાં રહેલની થની પદ સંજ્ઞાનો નિષેધ થશે, પરંતુ **सुबन्तं पदम्** પ્રમાણે થએલ પદ સંજ્ઞાનો નિષેધ નહીં થઇ શકે.

[133] મીમાંસાશાસ્ત્રમાં પ્રતિષેધ બે પ્રકારનો કહ્યો છે :પ્રસજ્યપ્રતિષેધ અને પર્યુદાસપ્રતિષેધ. જ્યારે વિધિ અપ્રધાન હોય, ગૌણ હોય, પરંતુ પ્રતિષેધનું પ્રાધાન્ય હોય (**अप्रधान्यं विधेर्यत्र प्रतिषेधे प्रधानता**।) અને **नञ्** નો સંબંધ ક્રિયા સાથે થતો હોય ત્યારે પ્રસજ્ય - પ્રતિષેધ થાય છે.(**प्रसज्यप्रतिषेधो ऽसौ क्रियया सह यत्र नञ्**॥). તેમાં વિધિ પ્રાપ્ત થતો હોય, તેનો પ્રસંગ હોય, ત્યાં જ નિષેધ કરવામાં આવે છે. બીજી રીતે કહેતાં પ્રસજ્યપ્રતિષેધ અભાવાત્મક હોય છે. **असर्वनामस्थाने** ને પ્રસજ્યપ્રતિષેધ ગણવામાં આવે તો **सर्वनाम - स्थाने न** સર્વનામસ્થાન વિભક્તિ પર થતાં પદ સંજ્ઞા નહીં થાય એમ નિષેધાત્મક અર્થ નીકળે છે. તેથી ભાષ્યકાર કહે છે કે આ પ્રસજ્ય - પ્રતિષેધ નથી. અહીં નિષેધ પર ભાર મૂકવામાં આવ્યો નથી, પરંતુ પર્યુદાસ છે.પર્યુદાસમાં વિધિનું પ્રાધાન્ય હોય છે, પ્રતિષેધ ગૌણ હોય છે (**प्रधान्यं तु विधेर्यत्र प्रतिषेधेऽप्रधानता** ) અને તેમાં **नञ्** નો મોટે ભાગે ઉત્તરપદ સાથે સંબંધ હોય છે અર્થાત્ તેનો સમાસ દ્વારા પ્રયોગ થાય છે. (**पर्युदासः स विज्ञेयो यत्रोत्तरपदेन नञ्**॥). જેમ કે **अब्राह्मणमानय**। અહીં આનયન--લાવવાની ક્રિયાનું પ્રાધાન્ય છે નિષેધનું પ્રાધાન્ય નથી. તેથી 'બ્રાહ્મણ સિવાયનાને લઇ આવ' એમ ભાવાત્મક અર્થ થશે અને ક્વચિત્ જરૂર પડે તો બ્રાહ્મણનું આનયન અન્યત્ર થઇ શકે. તેથી ભાષ્યકાર કહે છે કે **असर्वनामस्थाने** એ પર્યુદાસ છે, એટલે કે **सर्वनामस्थान** સિવાયની વિભક્તિ પર થતાં પદ સંજ્ઞા થશે તેથી સર્વનામસ્થાન વિભક્તિ પર થતાં સૂત્ર લાગુ નહી પડે (**अव्यापारः**). નિ.સા.(પૃ.૪૮૪),ચૌખં.(પૃ.૫૨૭) માં **नाप्रतिषेधात्**। અને **अप्राप्तेर्वा**। એ બે વાક્યો વાર્તિક તરીકે આપ્યાં છે. **नाप्रतिषेधात्** થી માંડીને **तस्मिन् क्रियमाणेऽपि प्राप्नोति**। સુધીનો ભાગ **स्वादिष्वसर्वनामस्थाने**। (૧-૪-૧૭) ના ભાષ્યમાં એ જ સ્વરૂપમાં આવે છે માત્ર **यद्येवं- - -पदसंज्ञा न प्राप्नोति**। એટલો ભાગ ત્યાં અપ્રસ્તુત હોવાથી નથી આપ્યો અને' **एवं योगविभागः करिष्यते**' ને બદલે '**अथवा योगविभागः करिष्यते**' એમ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ऽव्यापारः। यदि केनचित्प्राप्नोति तेन भविष्यति। अथवानन्तरा या प्राप्तिः सा प्रतिषिध्यते। कुत एतत्। अनन्तरस्य विधिर्वा भवति प्रतिषेधो वेति। पूर्वाप्राप्तिरप्रतिषिद्धा तया भविष्यति। ननु चेयं प्राप्तिः पूर्वां प्राप्तिं बाधते। नोत्सहते प्रतिषिद्धा सती बाधितुम्॥ यद्येवं परमवाचौ परमवाच इति सुप्तिङन्तं पदमिति पदसंज्ञा प्राप्नोति। एवं तर्हि योगविभागः करिष्यते। स्वादिषु पूर्वं पदसंज्ञं भवति। ततः सर्वनामस्थानेऽयचि। पूर्वं पदसंज्ञं भवति।

(આ સૂત્ર) લાગુ નહીં પડે. જો કોઇ (સૂત્ર) થી (સંજ્ઞા) પ્રાપ્ત થતી હોય તો થશે અને તે પૂર્વ સૂત્રથી થાય છે અથવા તો (**असर्वनामस्थाने** એ પ્રતિષેધ) ત્યાં પહોંચતો નથી તેથી,[134] એટલે કે પ્રતિષેધ તો જે અવ્યવહિત રીતે પ્રાપ્ત થતું હોય તેનો કરવામાં આવે છે.[135] એ શા ઉપરથી ? (કારણ કે ) જે અવ્યવહિત હોય તેને લગતો વિધિ કે પ્રતિષેધ થાય છે. (એથી) પૂર્વે જે (સંજ્ઞા) પ્રાપ્ત થતી હતી તેનો પ્રતિષેધ નથી થયો. તેથી તે (સૂત્ર) થી (સંજ્ઞા) થશે.પરંતુ અમે કહીએ છીએ કે આ (સૂત્રવ્દારા થતી સંજ્ઞાની) પ્રાપ્તિ પૂર્વ (સૂત્રથી થતી સંજ્ઞા) પ્રાપ્તિનો બાધ કરશે.[136] (પરંતુ એકવાર તેનો) પ્રતિષેધ થયા પછી તેનામાં બાધ કરવાની ગુંજાશ નથી રહેતી.[137] જો એમ હોય તો **परमवाचौ परमवाचः** માં **सुप्तिङन्तं पदम्।** પ્રમાણે (**वाच्**) ને પદ સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે.[138] એમ હોય તો યોગવિભાગ કરવામાં આવશે.[139] (પહેલાં) **स्वादिषु** (એમ કહીશું) અર્થાત્ **स्वादि** (પ્રત્યય) પર થતાં પૂર્વે (રહેલ)ની પદ સંજ્ઞા થાય છે. તે પછી **सर्वनामस्थानेऽयचि।** એમ (કહીશું) [140]અર્થાત્ (**यजादि** થી ભિન્ન સર્વનામસ્થાન પ્રત્યય પર થતાં) પૂર્વે (રહેલ)ની પદ સંજ્ઞા થાય છે.

---

[134] નિષેધ પ્રાપ્ત થતો નથી એમ કહેવામાં આવે તો **असर्वनामस्थाने** એ પ્રસજ્યપ્રતિષેધ લેવામાં આવે કે પર્યુદાસ, કોઇ પણ સંજોગોમાં પ્રતિષેધ લાગુ નહીં પડે એમ અહીં ભાવ છે.

[135] 'જે અવ્યવહિત રીતે પૂર્વ હોય તેને લગતો જ વિધિ કે નિષેધ હોઇ શકે' એ પરિભાષા છે. **सेर्ह्यपिच्च**।(૩-૪-૮૭) પ્રમાણે **सि** નો **हि** થાય છે અને તે **अपित्** છે તેમ વિધાન કર્યું તે પછીના **वा छन्दसि**। (૩-૪-૮૮) માં વેદમાં વિકલ્પે થાય છે એમ કહ્યું છે તેથી વેદમાં **सि** નો **हि** વિકલ્પે થાય છે એમ સમજવાનું નથી ,પરંતુ એ સૂત્રની અવ્યવહિત પૂર્વે રહેલ **अपित्त्व** છે તેમાં વિકલ્પ થશે એમ સમજવાનું છે, કારણ કે **सेर्हि** એ અનન્તર નથી પણ **अपित्** નું વિધાન અનન્તર છે. તે પ્રમાણે અહીં પણ **स्वादिषु** પ્રમાણે થતી સંજ્ઞા **असर्वनामस्थाने** એ પ્રતિષેધની અનન્તર છે, અવ્યવહિત રીતે પૂર્વ છે, **सुबन्तं पदम्** પ્રમાણે થતી પદ સંજ્ઞા અનન્તર નથી તેથી **स्वादिषु** થી થતી પદ સંજ્ઞાનો નિષેધ થશે **सुबन्तं पदम्** થી થતી પદ સંજ્ઞાનો નહીં થાય ,કારણ કે તે પ્રતિષેધની અનન્તર નથી તેથી પ્રતિષેધ તેને પ્રાપ્ત થતો નથી, પ્રતિષેધ ત્યાં સુધી પહોંચતો જ નથી.

[136] એટલે કે પૂર્વ સૂત્ર [**सुप्तिङन्तं पदम्।** (૧-૪-૧૪) ] થી પ્રાપ્ત થતી સંજ્ઞાનો આ [**स्वादिष्वसर्वनामस्थाने**।(૧-૪-૧૭)થી પ્રાપ્તથતી] સંજ્ઞા બાધ કરશે, કારણ કે તે પર છે.

[137] કારણ કે **स्वादिषु०** થી પ્રાપ્ત થતી સંજ્ઞાનો **सर्वनामस्थाने** એ પ્રતિષેધ બાધ કરે છે.**स्वादिषु०** થી પ્રાપ્ત થતી સંજ્ઞા **सुबन्तम्०** થી થતી સંજ્ઞાની બાધક છે કે તેનો પોતાનો જ **असर्वनामस्थाने** એ પ્રતિષેધ વ્દારા બાધ થાય છે એ બાબત વિચારતાં કહી શકાય કે જે પ્રાપ્ત થતું હોય તેનો જ તે વ્દારા બાધ કરવામાં આવે એમ તો હોઇ ન શકે.,પરંતુ અહીં એમ સમજવાનું છે કે **स्वादिषु०** વ્દારા થતી સંજ્ઞાની **सर्वनामस्थान** માં પ્રાપ્તિ જ નથી એ જ અહીં બાધ થશે. આમ **सर्वनामस्थान** માં જેની પ્રાપ્તિ જ નથી , જે પોતે બાધિત થઇ ગઇ છે તે પૂર્વ સંજ્ઞાનો બાધ કેવી રીતે કરી શકે ? કારણ કે તેને તો ત્યાં અવકાશ જ નથી.

[138] **परमवाचौ** વગેરેમાં ઉત્તરપદ **वाच्** ના લુપ્ત વિભક્તિ પ્રત્યયનું પ્રત્યયલક્ષણ થતાં **सुबन्तम्०** પ્રમાણે તેને પદ સંજ્ઞા થશે.તેથી પદાન્ત **च्** નું **कुत्व** થવાનો પ્રસંગ આવશે એમ કહેવા માગે છે. (નોંધ૧૩૩).

[139] **परमवाचौ** વગેરેમાં ઉત્તરપદની પદ સંજ્ઞા થશે એ શંકાના નિરાકરણ માટે યોગવિભાગ કરવાનું કહે છે, કારણ કે તેમ કરવામાં આવે તો સર્વ પ્રકારે પ્રાપ્ત થતી સંજ્ઞાનો પ્રતિષેધ થતાં દોષ નહીં આવે.

[140] મૂળ **असर्वनामस्थाने यचि।** એમ છે તેનું **सर्वनामस्थानेऽयचि।** એમ થતાં **नञ्** નો ક્રમ ઉલટો થાય છે એ વાતને લક્ષમાં રાખીને કૈ. કહે છે કે **असर्वनामस्थाने** માં જે **नञ्** છે તેને **यचि** સાથે લેવાથી તેનો ઉત્તરપદ સાથે સંબંધ ન રહેતાં અધ્યાહાર્ય ક્રિયાપદ **भवति** ની સાથે થશે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ततो भम्। भसंज्ञं भवति यजादावसर्वनामस्थान इति॥ यदि तर्हि सावपि पदं भवत्येचः प्लुतविकारे पदान्तग्रहणं चोदयिष्यति इह मा भूत् भद्रं करोषि गौरिति तस्मिन्क्रियमाणेऽपि प्राप्नोति। वाक्यपदयोरन्त्यस्येत्येवं तत्॥**

ત્યાર પછી **भम्।** (એ અંશ આવશે) અર્થાત્ **यजादि** અસર્વનામસ્થાન (પ્રત્યય) પર થતાં પૂર્વે (રહેલ) ની **भ** સંજ્ઞા થાય છે.[141] જો **सु** પર થતાં પદ સંજ્ઞા થાય તો **एच्** નો પ્લુતસહિતનો વિકાર કરવાનો હોય[142] ત્યારે **पदान्त** (શબ્દનું સૂત્રમાં) ગ્રહણ કરવું જોઇએ એમ (વાર્તિકકાર) દલીલ કરશે.જેથી **भद्रं करोषि गौ३ः।** માં (પ્લુત થાય ત્યારે વિકાર) ન થાય, પરંતુ તે (પદાન્ત ગ્રહણ) કરવા છતાં (પ્લુતસહિતનો) વિકાર થવાનો પ્રસંગ આવે છે. એ (પ્લુતસહિતનો વિકાર) વાક્યને અને પદને અન્તે રહેલ **(एच्)** ને વિશે કહેલ છે, (તેથી **गौः** માં નહીં થાય).[143]

---

અને **यचि** એ **सर्वनामस्थाने** નું વિશેષણ થશે. તેથી (**य**-કારાદિ) અને **अजादि** સર્વનામસ્થાન પ્રત્યય પર થતાં પદ સંજ્ઞા થતી નથી એમ સમજાશે.છતાં **य**-કારાદિ સર્વનામસ્થાન પ્રત્યય નથી તેથી **अजादि** સર્વનામસ્થાન પર થતાં પદ સંજ્ઞાનો નિષેધ થશે.પરંતુ **अयचि** એમ કહ્યું છે તેને ઉપર લઇ જવાથી **हलादि** સર્વનામસ્થાન વિભક્તિ ( એટલે કે **सु** )પર થતાં નિષેધ નહીં થાય. તેથી **राजन् सु** એ સ્થિતિમાં **हलादि** સર્વનામસ્થાન પર થવા છતાં **राजन्** નેપદ સંજ્ઞા થશે તેથી **नलोपः प्रातिपदिकान्त०** પ્રમાણે **न्** લોપ થશે અને તે અસિદ્ધ હોવાથી **नोपधायाः।** પ્રમાણે દીર્ઘ થઇને **राजा** રૂપ સિદ્ધ થશે. **सर्वनामस्थानेऽयचि।** એમ કહ્યું છે તેથી **यजादि** સર્વનામસ્થાન પર થતાં પદ સંજ્ઞાનો નિષેધ થવાથી **अयजादि** એટલે કે **यजादि** સિવાયનાં સર્વનામસ્થાન પર થતાં પદ સંજ્ઞા થાય છે એમ અર્થ થશે.

[141] તો પછી **भ** સંજ્ઞા વિધિમાં પણ એ જ પ્રમાણે યોજના થશે, એટલે કે તે સૂત્રમાં **नञ्** નો **सर्वनामस्थान** સાથે સંબંધ ન થતાં **यचि** સાથે જ થશે એમ કહેવું યોગ્ય નથી, કારણ કે **भ** સંજ્ઞા વિધિમાં **नञ्** ને **सर्वनामस्थान** સાથે જ લેવાનો છે અને **असर्वनामस्थाने** ની અનુવૃત્તિ થશે તેથી સર્વનામસ્થાન સિવાયની **यजादि सुप्** વિભક્તિ પર થતાં પૂર્વની **भ** સંજ્ઞા થાય છે તેમ અર્થ સમજાશે.

[142] **प्लुतविकारे**--પ્લુત સહિતનો વિકાર, ફેરફાર. **एचोऽप्रगृह्यस्यादूराद्धूते पूर्वस्याऽऽदुत्तरस्येदुतौ।** (૮-૨-૧૦૭) પ્રમાણે નજીકથી બોલવાનું હોય અને પ્રગૃહ્ય ન હોય તેવા **एच्** નો પ્લુત થાય છે તેમાં પૂર્વાર્ધનો **आ** આદેશ થાય છે અને તે ઉત્તરાર્ધનો **इ** કે **उ** થાય છે. આમ જે ઉત્તરાર્ધમાં ફેરફાર થાય છે તે **विकार** અને અન્ય સૂત્ર પ્રમાણે પૂર્વાર્ધનો પ્લુત થઇને ઉત્તરાર્ધનો વિકાર થાય તે **प्लुतविकार** . આ સૂત્રથી પ્લુતવિકાર પદાન્તનો થાય છે તે બતાવવા માટે તેમાં **पदान्त** શબ્દનું ગ્રહણ કરવું જોઇએ [**एचः प्लुतविकारे पदान्तग्रहणं कर्तव्यम्।** (વા.૧)] એ દલીલ વાર્તિકકાર કરશે.જેથી પ્લુતવિકાર **एच्** નો જ થાય.પરિણામે **भद्रं करोषि गौ३ः।** જેવામાં પ્લુત થવા છતાં **उ**-કાર રૂપ વિકાર નહીં થાય, એટલે કે **भद्रं करोषि गौ३ उः।** એમ નહીં થાય. **भद्रं करोषि गौ ३ः।** માં **अनुदात्तं प्रश्नान्ताभिपूजितयोः।** પ્રમાણે પ્લુત થાય છે. સૂત્રમાં **पदान्त** ગ્રહણ ન કર્યું હોય તો પ્લુત થવા ઉપરાંત ઉત્તરાર્ધનો **उ**-કાર થવાનો પ્રસંગ આવશે. અહીં સર્વનામસ્થાન પર થતાં **स्वादिष्व०** થી પદ સંજ્ઞાનો નિષેધ થાય છે તેથી **गौः** માં **गो सु** એ સ્થિતિમાં પદ સંજ્ઞા ન થતાં **गौ** પદાન્ત નહીં થાય તેથી વિકારનો પણ નિષેધ થશે. **सर्वनामस्थानेऽचि।** એમ યોગવિભાગની દૃષ્ટિએ **सु** એ **य्** થી કે **अच्** થી શરૂ થતો સર્વનામસ્થાન પ્રત્યય નથી તેથી તે પર થતાં પદ સંજ્ઞા થશે, પરંતુ **गौः** માં વિસર્જનીય પદાન્ત છે તેથી **औ** પદાન્ત નથી, એટલે કે **एच्** પદાન્ત નથી તેથી વિકાર નહીં થાય.**स्वादिषु०** એટલા જ સૂત્રથી પદ સંજ્ઞા થાય તો પણ **गौः** ની પદ સંજ્ઞા થશે તેથી **उ**-કાર રૂપ વિકાર થવાનો પ્રસંગ આવશે,પરંતુ પદાન્તનું ગ્રહણ કર્યું છે તેથી વિકાર નહીં થાય એમ અહીં દલીલ છે.પરંતુ તે બરોબર નથી, કારણ કે **स्वादि (सु)** પર થતાં **गो सु** એમ થતાં **स्वादिषु०** એટલા જ સૂત્રથી **गो** એ પદ થશે અને તે પદને અન્તે **एच्** છે તેથી પ્લુતસહિતનો વિકાર ઇષ્ટ ન હોવા છતાં થશે.

[143] આ દોષના નિવારણ માટે ભાષ્યકાર કહે છે કે **पदान्त** એટલે માત્ર 'પદ ને અન્તે' એમ નથી સમજવાનું પરંતુ **पद** એટલે જે દ્વારા અર્થનો બોધ થાય તે **पद** (**पद्यते प्रतीयते बोध्यतेऽर्थोऽनेन इति पदम्**) અને અર્થબોધ તોપદ તેમ જ વાક્ય એ બન્ને દ્વારા થાય છે તેથી **पद** એટલે પદ તેમ જ વાક્ય. અહીં **पद** નો અર્થ વાક્ય કર્યો છે તે વિશે મત ભેદ છે.૧) ઉપર કહ્યું તેમ અર્થની પ્રતીતિ કરાવે છે માટે વાક્ય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह तर्हि दधिसेचौ दधिसेचः सात्पदाद्योरिति पदादिलक्षणः प्रतिषेधो न प्राप्नोति। मा भूदेवं पदस्यादिः पदादिः पदादेर्नेति। कथं तर्हि। पदादादिः पदादिः पदादेर्नेत्येवं भविष्यति। नैवं शक्यम्। इहापि प्रसज्येत। ऋक्षु वाक्षु त्वक्षु कुमारीषु किशोरीष्विति। सात्प्रतिषेधो ज्ञापकः स्वादिषु पदत्वेन येषां पदसंज्ञा न तेभ्यः प्रतिषेधो भवतीति॥ इह तर्हि बहुसेचौ बहुसेचः। बहुजयं प्रत्ययः। अत्र पदादादिः पदादिः पदादे र्नेत्यच्यमाने ऽपि न सिध्यति। एवं तर्ह्युत्तरपदत्वे च पदादिविधौ लुमता लुप्ते प्रत्ययलक्षणं भवतीति

तो પછી આ दधिसेचौ दधिसेचः માં पदादि હોવાને કારણે सात्पदाद्योः। પ્રમાણે જે षत्व નો પ્રતિષેધ કહ્યો છે[144] તે ન થવાનો પ્રસંગ આવશે.(पदादेः માં) पदस्य आदिः पदादिः (तस्य) पदादेः। (પદના આદિ વર્ણનો) એમ (અર્થ) નહીં થાય. તો પછી કેમ (થશે) ? पदात् आदिः पदादिः (तस्य) पदादेः (અને) पदादेर्न [145] એટલે પદ પછીના આદિ વર્ણને નહીં એમ થશે.એ પ્રમાણે શક્ય નથી.(કારણ કે નહીં તો ) ऋक्षु वाक्षु त्वक्षु कुमारीषु किशोरीषु માં [146] પણ (પ્રતિષેધ) થવાનો પ્રસંગ આવશે. सात् (ના षत्व) નો[147] પ્રતિષેધ કર્યો છે તે જ્ઞાપન કરે છે કે स्वादि ० વગેરે પ્રમાણે જેમની પદ સંજ્ઞા થઇ હોય તેમની પછી (આવનાર स-કારના ष-કારનો) પ્રતિષેધ નથી. તો પછી આ बहुसेचौ बहुसेचः માં बहुच् એ પ્રત્યય છે.અહીં पदात् आदिः पदादिः (અને) पदादेर्न એટલે પદ પછીના આદિ વર્ણને નહીં એમ કહેવામાં આવે તો પણ (षत्व નો પ્રતિષેધ) સિદ્ધ નહીં થાય.[148] એમ હોય તો ઉત્તરપદ (ને પદસંજ્ઞા કરવાની હોય) ત્યાં પદાદિવિધિમાં लुमत् (સંજ્ઞક) થી (પ્રત્યયનો) લોપ થયો હોય ત્યારે પ્રત્યયલક્ષણ થાય છે,

---

પણ पद.અથવા ૨) वाक्यस्य टेः प्लुत उदात्तः। (૮-૨-૮૨) માંથી वाक्यस्य ની અનુવૃત્તિ થાય છે તેમ સ્વીકારીને 'વાક્ય અને પદના અંતે રહેલનો' એમ અર્થ થઇ શકશે, કારણ કે આ સૂત્ર પદાધિકાર નીચેનું છે અને अन्त ની याज्यन्तः। સૂત્રમાંથી અનુવૃત્તિ થશે. તેથી એ સૂત્ર પર ન્યાસમાં पदान्तग्रहणं कर्तव्यम्। (કા.) એ વાક્યની 'पदान्तग्रहणं व्याख्येयम्। (પ્લુતવિકાર પદાન્તે હોય તેનો થાય છે તેમ સમજવાનું છે) ' એમ વ્યાખ્યા કરી છે.પરિણામે भद्रं करोषि गौः। માં एचोऽप्रगृह्यस्य० સૂત્ર લાગુ નહીં પડે, કારણ કે અહીં અંતે વિસર્ગ છે, औ નથી.

[144] उत्तरपदत्वे चापदादिविधौ। (વા.૬) કરવામાં આવે તો दधिसेचौ વગેરેમાં દોષ નહીં આવે, કારણ કે अपदादिविधौ એમ કહ્યું છે તેથી सेच् ના स् નો ष् થવો એ કાર્ય પદાદિ વિધિ થશે તેથી सात्पदाद्योः। એ નિષેધ લાગુ પડશે. પરંતુ એ વા.નું પ્રત્યાખ્યાન કરવામાં આવે તો દોષ આવશે, કારણ કે कुत्व ન થાય તે માટે ઉત્તરપદની પદ સંજ્ઞાનો નિષેધ થાય તે જરૂરી છે.

[145] पदादेः એ ષષ્ઠીસમાસ નહીં પણ પંચમીસમાસ છે.'पदात् पदादिः એ સૌત્ર સમાસ છે.पंचमी भयेन। એ સૂત્રનો पञ्चमी। એમ યોગ - વિભાગ કરીને તેને ઘટાવી શકાશે.' (ના.)

[146] ऋक्षु વગેરેમાં ऋक् सु , कुमारी सु એ સ્થિતિમાં સપ્તમીનો सु એ स्वादि પ્રત્યય પર થતાં स्वादिष्व० પ્રમાણે પદ સંજ્ઞા થાય છે અને पदात् એમ સમજવાથી પદ (ऋक् , कुमारी) ની પછી આવતા सु નો આદિ स-કાર क् (कु ) અથવા इण् પછી આવેલ હોઇ તેનો आदेशप्रत्यययोः। પ્રમાણે ष् થવાનો પ્રસંગ આવશે એમ કહેવા માગે છે. सात्पदाद्योः। થી सात् ના અને પદના આદિમાં રહેલ स् નો ष् નથી થતો. એથી સૂચવાય છે કે स्वादि પર થતાં જેમની ( =ऋक् વગેરેની) पद સંજ્ઞા થઇ હોય તેમની પછી આવતા स् ને પ્રતિષેધ લાગુ પડતો નથી. પ્રસ્તુત સૂત્રમાં सात् એ પ્રત્યય હોવા છતાં તેનું ગ્રહણ કર્યુ છે તેથી ઉપર પ્રમાણે જ્ઞાપન થાય છે.પરિણામે स्वादिष्व० થી પદ સંજ્ઞા થતી હોય કે सुबन्तं पदम्० થી થતી હોય તો પણ પ્રતિષેધ નહીં થાય અને ऋक्षु , कुमारीषु વગેરે રૂપો સિદ્ધ થશે.

[147] विभाषा साति ० થી 'સંપૂર્ણ' એ અર્થમાં જે सात् પ્રત્યય લાગે છે, જેમકે अग्निसात् , તેમાં स् ના षत्व નો सात्पदा० થી પ્રતિષેધ કર્યો છે

[148] बहुसेचौ વગેરેમાં बहुच् એ થોડી અપૂર્ણતા (ईषदसमाप्तौ) ના અર્થમાં विभाषा सुपो बहुच् पुरस्तात्। પ્રમાણે થએલ પ્રત્યય છે, પદ નથી. તેથી सेच् એ શબ્દ પદની પછી છે તેમ ન કહી શકાય. આથી पदादिः ને पदस्य आदिः એમ ષષ્ઠી સમાસ હોય કે पदात् आदिः એમ પંચમી સમાસ લઇને વિગ્રહ કરવામાં આવે તો પણ सात्पदाद्योः। પ્રમાણે षत्व નિષેધ પ્રાપ્ત નથી થતો. પરિણામે बहुषेचौ જેવાં અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવશે એમ ભાવ છે.'અહીં बहुसेचौ વગેરેમાં જે દોષ બતાવ્યો છે તે षत्व નિષેધને લગતો દોષ નથી , પરંતુ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वक्ष्यामि। तन्नियमार्थं भविष्यति पदादिविधावेव न पदान्तविधाविति॥ कथं बहुसेचौ बहुसेचः। बहुच्पूर्वस्य च पदादिविधावेव न पदान्तविधाविति॥

द्वन्द्वेऽन्त्यस्य ॥७॥

એમ હું કહીશ.[149] (અને ) તે 'પદાદિવિધિમાં જ (પ્રત્યયલક્ષણ થશે), પદાન્તવિધિમાં[150] નહીં (થાય)', એ નિયમ (સૂચવવા) માટે થશે. (તો પછી) बहुसेचौ बहुसेचः [151] કેવી રીતે (સિદ્ધ થશે) ? बहुच् જેમાં પૂર્વે હોય (અર્થાત્ बहुच् પ્રત્યયજેમાં પૂર્વે લાગ્યો હોય) ત્યાં પણ' પદાદિવિધિમાં[152] (પ્રત્યયલક્ષણ થશે) પદાન્તવિધિમાં નહીં (થાય).

દ્વન્દ્વ (સમાસ) માં અન્ત્યનું (પ્રત્યયલક્ષણ નથી થતું) ॥૭॥ [153]

---

कुत्व પ્રાપ્ત થવા રૂપી દોષ છે. તેથી ષષ્ઠી સમાસ હોય કે પંચમી सेच् ને પદ સંજ્ઞા ન થાય તો જ कुत्व નિષેધ થઇ શકે. આથી વાર્તિક કરવામાં આવે તો सेच् ને ઉત્તરપદ સંજ્ઞા ન થવાથી षत्व નિષેધ પ્રાપ્ત થવા છતાં વિભક્તિ લાગી છે તેથી सेच् પદ હોવાથી पदादिः ને ષષ્ઠી સમાસ સમજ્યા છતાં અને षत्व નો નિષેધ સંપૂર્ણ રીતે પ્રાપ્ત થવા છતાં कुत्व થવાનો પ્રસંગ આવશે.' (ના.)

[149] नञ् (अ) યુકત વા.નું પ્રત્યાખ્યાન જે રીતે કર્યુ છે તેમાં લાઘવ ન થતાં ગૌરવ થાય છે અને સ્પષ્ટતા પણ નથી થતી તેથી વા. માંથી नञ् ને દૂર કરીને અર્થાત્ अपदादिविधौ ને બદલે पदादिविधौ એમ મૂકીને પાઠ કરે છે.

[150] पदान्तविधिः એટલે પદાન્તે રહેલને સ્થાને જે કાર્ય કરવામાં આવે તે. જેમ કે दधिसेच् માં પદાન્તે રહેલ च् નો क् કરવો તે પદાન્તવિધિ છે. नञ् સહિત પાઠ પ્રમાણે પદાન્તવિધિમાં પ્રત્યયલક્ષણ ન થવાથી सेच् પદ નહીં થાય તેથી कुत्व પણ નહીં થાય.ના. કહે છે કે नञ् યુક્ત વા. પણ એ અર્થમાં જ લાગુ પડે છે, કારણ કે વ્યાખ્યાન પરથી સમજાય છે કે नञ् યુક્ત અને नञ् રહિત એ બન્ને વા.નું ફળ એક જ છે.

[151] શંકાકારનું કહેવું એમ છે કે नञ् રહિત પાઠ કરવા છતાં बहुसेचौ વગેરેની સિદ્ધિ નહીં થાય, કારણ કે बहुच् એ પ્રત્યય છે, પદ નથી તેથી बहुसेचौ વગેરે સમાસ નથી તેથી તેનાં પાછળનો અંશ सेच् ઉત્તરપદ ન હોવાથી उत्तरपदत्वे च पदादिविधौ। એ નિયમ તેને લાગુ નહીં પડે. પરિણામે सेच् પ્રત્યયલક્ષણથી પદ થશે તેથી सात्पदाद्योः। થી षत्व નો પ્રતિષેધ તો થશે, પરંતુ सेच् ના અન્ત્ય च् નો चोः कुः। પ્રમાણે क् થવાનો પ્રસંગ આવે છે. જો पदादिः ને પંચમી સમાસ લેવામાં આવે તો षत्व થવાનો પ્રસંગ આવશે એ દલીલને લક્ષમાં રાખીને કૈ. કહે છે, 'नापि पूर्वस्य पदत्वम्। એટલે કે પૂર્વે રહેલ बहुच् પદ પણ નથી'. તેથી सेच् નો स् પદાદિ ન થતાં षत्व પણ નહીં થાય.

[152] અહીં એમ કહેવા માગે છે કે उत्तरपदत्वे चापदादिविधौ। એ વા. કરવામાં આવે તો પણ सात्पदाद्योः। એ સૂત્રમાં बहुच्पूर्वस्य च। એ વા. કરવી પડશે (ના.) ભ.દી.પ્રમાણે પૂર્વ સૂત્ર प्रत्ययलोपे प्रत्ययलक्षणम्। માં જ उत्तरपदत्वे चापदादिविधौ। અને बहुच्पूर्वस्य च। એ બન્ને વા.મૂકવાથી પદાદિવિધિમાં જ પ્રત્યયલક્ષણ થાય છે, પરંતુ પદાન્તવિધિમાં નથી થતું એમ આ બે વિધાનને સમજવાનાં છે તેથી नञ् મૂકવો નહીં પડે એ લાઘવ પણ થશે. અહીં નિ.સા. (પૃ.૪૮૫) અને ચૌખં(પૃ. ૫૨૯) માં बहुच् पूर्वस्य च। એ વાક્યને ભિન્ન વા.તરીકે મૂક્યું છે.

[153] ત્રણ કે વધુ પદયુક્ત દ્વન્દ્વ સમાસમાં મધ્યમ પદ પણ તેની પૂર્વે રહેલ પદની અપેક્ષાએ ઉત્તરપદ થઇ શકે તેથી ત્યાં પણ પ્રત્યય - લક્ષણનો પ્રતિષેધ કરવાનો પ્રસંગ આવે પરંતુ વાસ્તવમાં ઉત્તરપદ એ શબ્દ સમાસના અન્ત્ય પદને વિશે રૂઢ થએલ છે તેથી અન્ત્ય પદ એ જ મુખ્ય ઉત્તરપદ થશે. આથી વા. માં अन्त्यस्य એમ ન કહ્યું હોય તો પણ નિષેધ અન્ત્યને અનુલક્ષીને જ થશે, મધ્યને નહીં. द्वन्द्वे च। માં પણ અન્ત્યને વિશે જ પ્રતિષેધ છે, કારણ કે તેમાં નિષેધ સમુદાયને લક્ષમાં રાખીને કર્યો છે અને ઉત્તરપદ શબ્દ ચરમા-વયવ માટે જ રૂઢ થયો છે.वाक् च स्रक् च त्वक् च। એ વિગ્રહ વાક્યના સમાહાર દ્વન્દ્વ वाक्स्रक्त्वचम् માં મધ્યમ પદના सु ના सुपो धातु० થી લોપ થયો છે તેનું પ્રત્યયલક્ષણ થાય તો झल् (स्) પર થતાં चोः कुः। થી च् નો क् થવાનો પ્રસંગ આવે, પરંતુ પ્રત્યય - લક્ષણ થતું નથી તેથી कुत्व નહીં થાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

द्वन्द्वेऽन्त्यस्य लुमता लुप्ते प्रत्ययलक्षणं न भवतीति वक्तव्यम्। वाक्स्रक्त्वचम्।

इह अभूवन्निति प्रत्ययलक्षणेन जुस्भावः प्राप्नोति।

सिच उसोऽप्रसङ्ग आकारप्रकरणात्॥८॥

सिच उसोऽप्रसङ्गः। किं कारणम्। आकारप्रकरणात्। आतः इत्येतन्नियमार्थं भविष्यति। आत एव च सिज्लुगन्तान्नान्यस्मात्सिज्लुगन्तादिति॥ इह युष्मत्पुत्रो ददाति इत्यस्मत्पुत्रददातीत्यत्र प्रत्ययलक्षणेन युष्मदस्मदोः षष्ठचितुर्थीद्वितीयास्थयोर्वान्नावौ इति वान्नावादयः प्राप्नुवन्ति।

દ્વન્દ્વ (સમાસ) મા અન્ત્ય (પદના પ્રત્યય) નો **लुमत्** (સંજ્ઞક) થી લોપ થયો હોય ત્યારે પ્રત્યયલક્ષણ નથી થતું એમ કહેવું જોઇએ. જેથી **वाक्स्रक्त्वचम्** (સિદ્ધ થાય). આ **अभूवन्** માં પ્રત્યયલક્ષણથી (**झि** નો) **जुस्** આદેશ થવાનો પ્રસંગ આવે છે.[154].

**सिच्** નો **उस्** થવાનો પ્રસંગ નથી, કારણ કે આ-કારનો સંદર્ભ છે ॥૮॥

**सिच्** નો **उस्** થવાનો પ્રસંગ નથી આવતો. શા કારણે ?કારણ કે આ-કારનો સંદર્ભ છે .[155] (**आतः**। એ સૂત્રમાં) **आतः** એમ (જે કહ્યું છે) તે '**सिच्** નો જેની પછી **लुक्** થયો હોય તેવા આ-કારાન્ત (ધાતુઓ) પછી (**उस्** થાય છે, પરંતુ) જેની પછી **सिच्** નો **लुक्** થયો હોય તેવા અન્ય (આ-કારાન્ત સિવાયના ધાતુઓ) પછી (**उस्**) થતો નથી' એ નિયમ માટે થશે.આ **इति युष्मत्पुत्रो ददाति। इति अस्मत्पुत्रो ददाति।** માં[156] પ્રત્યયલક્ષણથી **युष्मदस्मदोः षष्ठीचतुर्थीद्वितीयास्थयोर्वान्नावौ।** (ષષ્ઠી, ચતુર્થી અને દ્વિતીયા અન્તે હોય ત્યારે **युष्मद्** અને **अस्मद्** ના અનુક્રમે **वाम्** , **नौ** આદેશ થાયછે) એ (સૂત્ર) પ્રમાણે **वाम्** , **नौ** (આદેશ) થવાનો પ્રસંગ આવે છે.

---

[154] **भू** ના **लुङ्** ત્રી.પુ.બ.વ.માં **भू सिच् झि** એ સ્થિતિમાં **गातिस्थाघुभूभ्यः०** થી પરસ્મૈપદમાં **सिच्** નો **लुक्** થાય છે. અહીં પ્રત્યયલક્ષણ થાય તો **सिच्** પર છે તેમ સમજાશે તેથી **सिजभ्यस्तविदिभ्यः।** થી **झि** નો **जुस्** આદેશ થવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે.

[155] **सिजभ्यस्त०** (૩-૪-૧૦૯) પછી **आतः**।(૩-૪-૧૧૦) સૂત્ર છે. તદનુસાર **सिच्** અને આ-કારાન્ત ધાતુઓની પર થતા **झि** નો **जुस्** થાય છે. જો કે **सिच्** અને આ-કારાન્ત ધાતુ બન્ને એક સાથે અનન્તર પૂર્વે ન હોઇ શકે, પરંતુ **सिच् लुक्** થયા પછી પ્રત્યયલક્ષણથી **सिच्** અનન્તર પૂર્વ થશે અને પ્રત્યક્ષશ્રવણ થવાથી આ-કાર અનન્તર પૂર્વ થશે. આમ આ-કારશ્રવણ થતું હોય ત્યાં જ (દા.ત.**अदुः अधुः** માં) **जुस्** થશે, પરંતુ **अभूवन्** માં નહીં થાય, કારણ કે ત્યાં **आ** નું શ્રવણ નથી અને પૂર્વ સૂત્રથી સિદ્ધ થતા **जुस्** ની બાબતમાં **आतः**। દ્વારા નિયમ કરવામાં આવે છે કે **सिच् लुक्** થયો હોય તેવા આ-કારાન્ત ધાતુ પછી આવતા **झि** નો **जुस्** થાય છે. **आतः प्रकरणात्** એટલે આ-કાર નો નિયમ માટે પ્રસ્તાવ કર્યો છે તેથી, અર્થાત્ **आतः** એમ કહ્યું છે તેથી અથવા તો **आतः**। સૂત્રમાં **सिच्** અનુવૃત્તિથાય છે તેથી (પ્ર.,ઉ.)

[156] **युष्मदास्मदोः०** પ્રમાણે **युष्मत्** , **अस्मत्** જ્યારે અન્ય પદની પછી આવ્યા હોય અને તે ષષ્ઠી, ચતુર્થી અને દ્વિતીયામાં રહેલ હોય ત્યારે તેમને સ્થાને દ્વિ.વ. માં અનુક્રમે **वाम्** , **नौ** આદેશ થાય છે. શંકાકાર કહે છે કે **इति युष्मत्पुत्रो ददाति।** વગેરેમાં પણ ષષ્ઠીસમાસ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

युष्मदस्मदोः स्थग्रहणात् ॥९॥

स्थग्रहणं क्रियते तच्छ्रूयमाणविभक्तिविशेषणं विज्ञास्यते। अस्त्यन्यत्स्थग्रहणस्य प्रयोजनम्। किम्। सविभक्तिकस्य वान्नावादयो यथा स्युरिति। नैतदस्ति प्रयोजनम्। पदस्य इति वर्तते विभक्त्यन्तं च पदं तत्रान्तरेणापि स्थग्रहणं सविभक्तिकस्यैव भविष्यति।

**युष्मतदस्मदोः०** (એ સૂત્ર) માં **स्थ** (શબ્દ) નું ગ્રહણ કર્યું છે તેથી (આદેશ નહીં થાય) ॥૯॥ [157]

તે (સૂત્ર)માં **स्थ** (શબ્દ) નું ગ્રહણ કરવામાં આવે છે તે (**स्थ** શબ્દ), જેનું શ્રવણ થતું હોય તે (એ અર્થમાં ષષ્ઠી વગેરે) વિભક્તિનું વિશેષણ છે તેમ સમજાશે.[158] (સૂત્રમાં) **स्थ** મૂકવાનું અન્ય પ્રયોજન છે. શું (પ્રયોજન છે)? (એ પ્રયોજન કે) તેથી વિભક્તિયુક્ત (**युष्मत् अस्मत्**) ના **वाम्** , **नौ** વગેરે (આદેશ) થાય.[159] એ પ્રયોજન નથી, (કારણ કે એ સૂત્રમાં) **पदस्य** (એ અનુવૃત્તિથી) છે અને પદ તો વિભક્ત્યન્ત જ હોય.[160] એમ હોવાથી (સૂત્રમાં) **स्थ** (શબ્દ)નું ગ્રહણ ન કર્યું હોય તો પણ વિભક્તિયુક્ત ( **युष्मद्** અને **अस्मद्** ) નું જ ગ્રહણ થશે.[161]

---

થતાં વિભક્તિનો **सुपो धातु०** થી લોપ થયો છે તેનું પ્રત્યયલક્ષણ થતાં **वाम्** વગેરે આદેશ થવાનો પ્રસંગ આવશે.(અન્ય પદ પૂર્વે હોય તો જ **वाम्** વગેરે આદેશથાય છે તેથી આ દૃષ્ટાન્તોમાં આગળ **इति** શબ્દ મૂક્યો છે).

[157] સૂત્રકારે '**षष्ठीचतुर्थीद्वितीयासु**' એમ ન કહેતાં '**षष्ठीचतुर्थीद्वितीयास्थयोः**' એમ કહ્યું છે એટલે કે સૂત્રમાં **स्थ** નું ગ્રહણ કર્યું છે તે ષષ્ઠી વગેરેનું વિશેષણ થશે.તેથી સમજાય છે કે **युष्मत्** અને **अस्मत्** ષષ્ઠી વગેરે વિભક્તિઓમાં હોય, તેમને અંતે તે તે વિભક્તિનું શ્રવણ થતું હોય તો જ **वाम्** , **नौ** આદેશ વિકલ્પે થાય છે, પરંતુ **इति युष्मत्पुत्रः** વગેરેમાં સમાસ હોવાથી ષષ્ઠીનું શ્રવણ નથી થતું, કારણ કે **युष्माकं युवयोः वा पुत्रः** વગેરેનો સમાસ થતાં **सुपो धातु०** પ્રમાણે ષષ્ઠીનો **लुक्** થયો છે તેથી એ દૃષ્ટાન્તોમાં **युष्मत्** વગેરે **षष्ठीस्थ** નથી, કારણ કે ત્યાં તે વિભક્તિનું શ્રવણ નથી થતું.તેથી **युष्मत्** વગેરે ની પૂર્વે **इति** હોવા છતાં ત્યાં **युष्मदस्मदोः षष्ठी०** પ્રમાણે **वाम्** વગેરે નહીં થાય.

[158] બા.મ.નોંધે છે કે **पदस्य ।** એ અધિકાર હોવાથી **षष्ठीचतुर्थीद्वितीयासु परतः तिष्ठतः** એમ વિગ્રહ નથી, પરંતુ **षष्ठचितुर्थीद्वितीयाभिः सह तिष्ठतः इति षष्ठीचतुर्थीद्वितीयास्थौ तयोः ।** એમ વિગ્રહ છે અને અનુવૃત્તિથી આવતા **पदस्य** શબ્દનું દ્વિવચનમાં વિપરિણામ થઇને **षष्ठी-चतुर्थीद्वितीयास्थयोः** નું વિશેષણ થશે. એથી '**षष्ठी** વગેરે વિભક્તિઓથી વિશિષ્ટ **युष्मद्** , **अस्मद्** ના આદેશ થાય છે' એમ અર્થ થશે. અહીં દલીલ થઇ શકે કે **पदस्य ।** એ અધિકાર હોવાથી **युष्मद्** , **अस्मद्** પદ હોય ત્યારે આદેશ થાય છે તેમ અર્થ થવા છતાં **युष्मद्** અને **अस्मद्** એ શબ્દસ્વરૂપો **भ्याम्** વગેરે પર થતાં **स्वादिष्व०** પ્રમાણે પદ થશેતેથી વિભક્તિવિશિષ્ટ ન હોવા છતાં કેવળ **युष्मद्** , **अस्मद्** ને સ્થાને **वाम्** , **नौ** આદેશ થવાનો પ્રસંગ આવશે. આનો નિરાસ આગળ કરશે કે **अनुदात्तं सर्वमपादादौ ।** એ પૂર્વ સૂત્રમાંથી **सर्व** ની અનુવૃત્તિ થાય છે તેથી સવિભક્તિકના જ આદેશ થશે, કેવળ **युष्मत्** , **अस्मत्** ના અર્થાત્ વિભક્તિરહિતના નહીં થાય.

[159] સૂત્રમાં **स्थ** શબ્દ મૂક્યો છે. હવે **स्था** ધાતુ ત્યજી દેવું એ અર્થમાં પણ છે.જેમ કે **समये तिष्ठ सुग्रीव मा वालिपथमन्वगाः ।** (વા.રા.કિ. કાં.૩૪.શ્લો.૧૮) વગેરેમાં લક્ષ્મણ સુગ્રીવને પ્રતિજ્ઞાનો, વચનનો ત્યાગ ન કરવાનું કહે છે. **तपसि स्थितः ।** જેવા પ્રયોગમાં પણ તપમાં રહ્યો અર્થાત્ તપનો ત્યાગ ન કર્યો એ અર્થમાં **स्था** છે. આથી પ્રકૃત સૂત્રમાં 'ષષ્ઠી વગેરેનો જેમણે ત્યાગ નથી કર્યો, એટલે કે ષષ્ઠી વગેરે વિભક્તિસહિત હોય તેવા (**युष्मत्** , **अस्मत्** ) ના આદેશ થાય છે' તેમ અર્થ સમજાશે.વાસ્તવમાં વિભક્તિનું શ્રવણ થાય છે એમ જે કહ્યું તે આ અર્થ હોવાથી વધુ સ્પષ્ટ થાય છે, કારણ કે વિભક્તિનો ત્યાગ ન કર્યો હોય તો જ તેનું શ્રવણ થાય અન્યથા નહીં.

[160] **युष्मदस्मदोः०** (૮-૧-૨૦) માં પૂર્વ સૂત્ર **पदस्य ।** (૮-૧-૧૬) માંથી **पदस्य** ની અનુવૃત્તિ થાય છે તેથી વચનવિપરિણામ થતાં '**युष्मदस्मदोः पदयोः(स्थाने)**, એટલે કે **युष्मत्** અને **अस्मत्** પદ હોય ત્યારે તેમના (સ્થાને **वाम्** , **नौ** આદેશ થાય છે )' એમ અર્થ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**भवेत्सिद्धं यत्र विभक्त्यन्तं पदं यत्र तु खलु विभक्तौ पदं तत्र न सिध्यति। ग्रामो वां दीयते। जनपदो वां दीयते। ग्रामो नौ दीयते। जनपदो वां दीयते। जनपदो नौ दीयते। सर्वग्रहणमपि प्रकृतमनुवर्तते तेन सविभक्तिकस्यैव भविष्यति॥ इह चक्षुष्कामं याजयांचकारेति तिङतिङः इति तस्य च। निघातस्तस्माच्चानिघातः प्राप्नोति। - आमि लिलोपात्तस्य चानिघातस्तस्माच्च निघातः॥१०॥**

વિભક્તિ જેને અન્તે હોય તે પદ (એમ સમજાય) ત્યારે (કાર્ય) સિદ્ધ થશે, પરંતુ વિભક્તિ (જેની) પર હોય તે પદ (એમ સમજાય) ત્યારે સિદ્ધ નહી થાય.[162] (જેમ કે) **ग्रामो वां दीयते। ग्रामो नौ दीयते। जनपदो वां दीयते। जनपदो नौ दीयते।** (અહીં **अनुदात्तं सर्वमपादादौ।** માં જે) **सर्व** નું ગ્રહણ છે તેની અનુવૃત્તિ થાય છે તેથી વિભક્તિયુક્ત (**युष्मद्** અને **असमद्**)નું જ ગ્રહણ થશે.[163] અહીં **चक्षुष्कामं याजयाञ्चकार** ।માં **तिङतिङः।** પ્રમાણે તે (**याजयाम्**) નો પણ નિઘાત થવાનો અને તેથી તેની પછીના (**चकार**) નો નિઘાત ન થવાનો પ્રસંગ આવે છે.[164] **आम्** પર થતાં **लि** નો લોપ થવાથી તે (**याजयाम्**) નો નિઘાત નથી થતો અને તેની પછીનાનો નિઘાત (થશે) ॥૧૦॥

---

[161] હવે **पद** એટલે જેને અંતે વિભક્તિ હોય તે (**सुप्तिङन्तं पदम्।**). આમ હોવાથી સૂત્રમાં **स्थ** શબ્દ ન મૂક્યો હોય તો પણ વિભક્તયન્ત **युष्मत्** વગેરેને સ્થાને આદેશ થશે, કેવળ **युष्मत्**, **अस्मत्** શબ્દોને સ્થાને નહીં થાય એમ અહીં દલીલ છે.

[162] અહીં કહે છે કે **सुप्तिङन्तं पदम्।** એ લક્ષણ પ્રમાણે પદ સંજ્ઞા થાય છે ત્યાં આ દલીલ બરોબર છે પરંતુ **स्वादिष्व०** પ્રમાણે એટલે કે વિભક્તિ પર થતાં જો પદ સંજ્ઞા લેવામાં આવે તો ષષ્ઠી અને દ્વિતીયા પર થતાં **भ** સંજ્ઞા થાય છે પદ સંજ્ઞા નથી થતી,પરંતુ ચતુર્થી પર થતાં પદ સંજ્ઞા થતાં **युष्मद् भ्याम्** ,**अस्मद् भ्याम्** એ સ્થિતિમાં **युष्मत्** , **अस्मत्** ને પદ સંજ્ઞા થશે. પરિણામે તેમને સ્થાને **वाम्**, **नौ** આદેશો થવાનો પ્રસંગ આવશે. આથી **ग्रामो वां (=युष्मद् भ्याम्) दीयते। ग्रामो नौ (=अस्मद् भ्याम्) दीयते।** જેવાં સ્થળે વિભક્તિ રહિત **युष्मत्** અને **अस्मत्** એ કેવળ શબ્દ સ્વરૂપોની પદ સંજ્ઞા થવાથી તેમના વિભક્તિરહિત સ્વરૂપને સ્થાને **वाम्**, **नौ** આદેશ થવાના પ્રસંગ આવશે.

[163] **युष्मदस्मदोः०** (૮-૧-૨૦) માં **पदस्य।** ની અનુવૃત્તિ થવાથી કેવળ **युष्मत्** વગેરે શબ્દના આદેશ થવાનો દોષ નિવારી નહીં શકાય, કારણ કે **पदस्य** એ **मादुपधायाश्च मतोर्वो०** માં પદાવયવના અર્થમાં છે તેથી અહીં પણ **पदस्य** એ અવયવષષ્ઠી થવાથી [એટલે કે **युष्मद्भ्याम्** (**युवाभ्याम्**) માં **युष्मत्** એ પદાવયવને પણ પદ ગણાતાં] દોષ નિવારણ નથી થતું .તેથી તે નિવારવા **सर्व** ની અનુવૃત્તિ કરે છે. **अनुदात्तं सर्वमपादादौ।** (૮-૧-૧૮) માંથી **सर्वम्** ની અનુવૃત્તિ થાય છે.આ **वाम्**,**नौ** એ **अनेकाल्** આદેશ છે તેથી સર્વાદેશ થશે, તેમ છતાં સૂત્રમાં અનુવૃત્તિથી આવેલ **सर्व** ને ષષ્ઠીમાં ફેરવવાથી,' પ્રયોગને યોગ્ય સર્વ (=સમગ્ર) વિભક્તયન્તને સ્થાને આદેશ થશે. આ **युष्मत्** , **अस्मत्** શબ્દો પ્રયોગાર્હ નથી તેથી તે સ્થાની નહીં થાય, તેમને સ્થાને **वाम्**,**नौ** આદેશ નહીં થાય. પરંતુ જેમને અંતે ષષ્ઠી વગેરે વિભક્તિ હોય તેવા **युष्मत्** , **अस्मत्** સ્થાની થશે અને તેમને સ્થાને જ એ આદેશો થશે.ભાષ્યમાં **सर्वग्रहणम्** એમ કહ્યું છે તેથી **सर्वस्य द्वे।** (૮-૧-૧) માંના **सर्व** ની અહીં અનુવૃત્તિ નથી એમ ના. સ્પષ્ટતા કરે છે.

[164] **याजयांचकार** માં **यज्** ને **हेतुमति च।** પ્રમાણે પ્રેરકમાં **णिच्--यज् णिच्--णिचश्च।**-વૃદ્ધિ થઇને **लिट्** માં **याज् णिच् लिट्--कास्प्रत्यया-दमन्त्रे लिटि।** થી **आम्--याजय् आम् लिट्--आमः।** થી **लिट्** (**लि**) લોપ--**याजयाम्--कृञ् चानुप्रयुज्यते लिटि।** **कृ** નો અવ્યવહિત રીતે પ્રયોગ કરતાં **याजयांचकार** થશે. **चक्षुष्कामं याजयांचकार।** એ દૃષ્ટાન્તમાં **चक्षुष्कामम्** એ **अतिङ्** ને પ્રારંભમાં મૂકીને પૂર્વપક્ષી દલીલ કરે છે કે **याजयाम्** પછી **आमः।** પ્રમાણે જે **लिट्** નો **लुक्** છે તેનું પ્રત્યયલક્ષણ થતાં **याजयाम्** **तिङन्त** થશે અને તેની પૂર્વે **चक्षुष्कामम्** એ **अतिङ** આવેલું છે તેથી **तिङतिङः।** પ્રમાણે **याजयाम्** નિઘાત થશે અને તે પ્રત્યયલક્ષણથી **तिङन्त** થાય છે તેથી તેની પછી આવતું **तिङन्त** રૂપ **चकार** નિઘાત નહીં થાય, કારણ કે તેની પૂર્વે **तिङन्त** રૂપ છે **अतिङ्** રૂપ નથી તેથી ત્યાં **तिङतिङः।** લાગુ નહીં પડે. પૂર્વપક્ષી માને છે કે **लृ** (**लिट्**) નો **तिप्तस्०** (૩-૪-૭૮ ) થી જે **तिप्** આદેશ થાય છે તે પર છે જ્યારે **आमः।**(૨-૪ -૮૧) થી થતો **लुक्** પૂર્વસૂત્રથી થયો હોવાથી પ્રથમ **तिप्** આદેશ થશે, પછી **लुक्** થશે. તેથી પ્રત્યયલક્ષણથી **याजयाम्** એ **तिङन्त** છે તેમ સમજાશે. પરંતુ આગળ ઉપર કહેશેતેમ **तिप्** વગેરે પર (અંતરંગ) હોવા છતાં, **लुक्** તેનો બાધ કરશે. તેથી પૂર્વપક્ષીની શંકા નિરર્થક ઠરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आमि लिलोपात्तस्य चानिघातस्तस्माच्च निघातः सिद्धो भविष्यति ॥

अङ्गाधिकार इटो विधिप्रतिषेधौ ॥११ ॥

अङ्गाधिकार इटो विधिप्रतिषेधौ न सिध्यतः। जिगमिष संविवृत्स। अङ्गस्येतीटो विधिप्रतिषेधौ न प्राप्नुतः ॥

क्रमेर्दीर्घत्वं च ॥१२ ॥

आम् પર થતાં लि નો લોપ થવાથી તે (याजयाम्) નો નિઘાત નહીં થાય અને તેની પછી (આવતા चकार) નો નિઘાત સિદ્ધ થશે.[165]

અંગાધિકારમાં इट् નો વિધિ અને પ્રતિષેધ (સિદ્ધ નહીં થઇ શકે) ॥૧૧॥

અંગાધિકારમાં इट् (આગમ) ને લગતો વિધિ અને પ્રતિષેધ એ બે સિદ્ધ નથી થતા.

अङ्गस्य। (એ અધિકાર) ને કારણે जिगमिष માં इट् (આગમ) ને લગતો વિધિ[166] અને संविवृत्स માં इट् ને લગતો પ્રતિષેધ ન થવાનો પ્રસંગ આવે છે.[167]

क्रम् (ધાતુ)નું દીર્ઘત્વ પણ (સિદ્ધ નહીં થઇ શકે) ॥૧૨॥[168]

---

[165] तिप् વિધિ અંતરંગ હોવા છતાં अन्तरङ्गानपि विधीन् बहिरङ्गो लुक् बाधते। એ પરિભાષા પ્રમાણે બહિરંગભૂત लुक् તેનો બાધ કરશે, એટલે કે लुक् પ્રથમ થશે અને તેથી પ્રત્યયલક્ષણને અવકાશ નહીં રહે.પરિણામે याजयाम् तिङन्त નહીં થાય અને તેથી तिङतिङः। પ્રમાણે चकार એ तिङन्त નો નિઘાત અવશ્ય થશે.

[166] अङ्गस्य। (૬-૪-૧)સૂત્રમાં સ્વરિત કર્યો છે તેથી અંગાધિકારમાં જે કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે કાર્ય પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે થતું નથી એમ न लुमताऽङ्गस्य। સૂત્રનો અર્થ કરવામાં આવે તો દોષ આવે છે.જેમ કે, जिगमिष--गम् ने समानकर्तृकात्० થી सन्--गम् सन्--सन्यङोः।--हलादिः०--सन्यतः।--गमेरिट् परस्मैपदेषु।(૭-૨-૫૮) થી इट्--जिगमिष--सनाद्यन्ताः० થી ધાતુ સંજ્ઞા, लोट् બી.પુ. એ.વ.માં जिगमिष सि--सेर्ह्यपिच्च।--जिगमिष हि--अतो हेः। થી हि लुक् થઇને जिगमिष થાય છે, પરંતુ અહીં हि નો लुक् થતાં પરસ્મૈપદ પ્રત્યય પર નહીં રહે તેથી गमेरिट् परस्मै० પ્રમાણે इट् વિધિ નહીં થઇ શકે, કારણ કે પ્રકૃત સૂત્રથી થતા પ્રતિષેધને લીધે લુપ્ત પ્રત્યય हि નું પ્રત્યયલક્ષણ નહીં થઇ શકે. પરિણામે जिगमिष રૂપ પણ સિદ્ધ નહીં થાય એમ અહીં દલીલ છે.

[167] संविवृत्स--सम् वृत् ઉપર પ્રમાણે કાર્ય થાય છે.અહીં પણ हि लुक् થવાથી संविवृत्स ની પછી પરસ્મૈપદ પ્રત્યય નહીં રહે અને પ્રકૃત સૂત્રથી પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ થવાથી न वृद्भ्यश्चतुर्भ्यः।(૭-૨-૫૯) થી इट् આગમનો પ્રતિષેધ કર્યો છે તે ન થવાથી ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય એમ ભાવ છે.

[168] क्रम् ધાતુ शित् પ્રત્યય પર થતાં क्रमः परस्मैपदेषु।(૭-૩-૭૬) થી પરસ્મૈપદમાં દીર્ઘ થાય છે. આ દીર્ઘ વિધાન अङ्गस्य।(૬-૪-૧) એ અધિકાર નીચે છે તેથી પ્રકૃત સૂત્રથી પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ થશે. પરિણામે उत्क्राम ,संक्राम જેવાં लोट् બી.પુ.એ.વ.નાં રૂપો સિદ્ધ નહીં થઇ શકે. એમ આ વા.માં દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**किं च। इटश्च विधिप्रतिषेधौ। ने त्याह। अदेशेऽयं चः पठितः। क्रमेश्च दीर्घत्वम्। उत्काम संक्रामेति॥**

**इह किंचिदङ्गाधिकारे लुमता लुप्ते प्रत्ययलक्षणेन भवति किंचिच्चान्यत्र न भवति।**

(વાર્તિકમાં) **च** (અર્થાત્ પણ) એમ શા માટે (કહ્યું છે) [169] **इट्** ને લગતા વિધિ અને પ્રતિષેધ પણ (સિદ્ધ નહીં થાય એમ કહેવા માટે) ? તો કહે છે,'ના'. આ **च** નો ખોટી જગાએ પાઠ કર્યો છે. **क्रमेश्च दीर्घत्वम्।** (એમ હોવું જોઇએ),[170] જેથી **उत्काम संक्राम** [171] (સિદ્ધ થાય). અહીં પ્રત્યયલક્ષણથી (સિદ્ધ) થાય છે[172] જ્યારે (અંગાધિકાર ન હોય તેવાં ) અન્ય સ્થળે [173] કેટલાંક (કાર્ય પ્રત્યયલક્ષણથી સિદ્ધ) થતાં નથી.

---

[169] **क्रमेर्दीर्घत्वं च।** માં **च** જે રીતે મૂક્યો છે તે ઉપરથી સમજાય છે કે **क्रम्** ધાતુનું દીર્ઘત્વ તેમ જ તેને લગતો **इट्** નો વિધિ અને પ્રતિષેધ સિદ્ધ નહીં થઇ શકે, કારણ કે **च** શબ્દ દીર્ઘત્વની પછી મૂકેલ છે તેથી તે અન્ય કાર્યનો સમુચ્ચય સૂચવે છે, તેને આવરી લે છે, તેથી અહીં સ્પષ્ટતા કરવા પ્રશ્નકર્તા આ પ્રમાણે કહે છે. ઉત્તરમાં **इटश्च विधिप्रतिषेधौ।** એમ કહ્યું છે. કદાચ એ શબ્દો પ્રશ્નકર્તાના જ છે. એ પૂછવા માગે છે કે આ વા.માં **च** શબ્દ મૂકીને **क्रम्** નું દીર્ઘત્વ તેમ જ તેને અનુલક્ષીને કરવામાં આવેલ **इट्** ના વિધિ પ્રતિષેધ સિદ્ધ નહીં થઇ શકે એમ તો કહેવા માગતા નથી ને ?

[170] **क्रम्** ને અનુલક્ષીને દીર્ઘત્વ ઉપરાંત આવરી લેવા જેવું અન્ય કોઇ કાર્ય છે જ નહીં. તેથી કહે છે,'તેમ નથી'. અહીં **च** શબ્દનું જ્યાં સ્થાન છે તેથી અન્યત્ર છે, એટલે કે **क्रमेर्दीर्घत्वं च।** એમ નહીં, **क्रमेश्च दीर्घत्वम्।** એમ હોવું જોઇએ. જેથી સમજાય કે **क्रम्** ધાતુનું દીર્ઘત્વ સિદ્ધ નહીં થઇ શકે. તેથી જ કહ્યું છે,'**अदेशेऽयं पठितः।**' આ **च** ને ખોટી જગાએ મૂક્યો છે, કારણ કે અહીં સમુચ્ચય કાર્યનો નહીં, પ્રકૃતિનો કરવાનો છે.'તેથી **गम्** ને લગતો **इड्विधि** , **वृत्** નો **इट्प्रतिषेध** અને **क्रम्** નું દીર્ઘત્વ સિદ્ધ નહીં થઇ શકે' એમ અર્થ થશે.

[171] **उत्काम / संक्राम--उत् क्रम् / सम् क्रम् शप् सि--शित्** પ્રત્યય પર થતાં પરસ્મૈપદમાં **क्रमः परस्मैपदेषु।** (૭-૩-૭૬) થી દીર્ઘ થતાં **उत्काम् सि / संकाम् सि--लोट्** માં **हि--अतो हेः।** થી **हि लुक्** થઇને **उत्काम / संक्राम** રૂપો થાય છે. અહીં **हि लुक्** થયો છે અને અંગને લગતું કાર્ય છે તેથી પ્રત્યયલક્ષણ ન થવાથી દીર્ઘ સિદ્ધ નહીં થઇ શકે તેમ કહેવું બરોબર નથી, કારણ કે **लुमत्** દ્વારા જેનો લોપ થયો છે તે (**हि**) પ્રત્યય પર થતાં જે અંગ હોય તેને અનુલક્ષીને **न लुमता०** એ પ્રતિષેધ પ્રવૃત્ત થાય, પરંતુ **शित्** પ્રત્યય **शप्** પર થતાં **क्रम्** ના અંગનું દીર્ઘ થવું એ **हि** લોપ થતાં પરસ્મૈપદમાં થતું અંગને લગતું કાર્ય નથી. એ તો **शित्** પ્રત્યય પર થતાં અંગને થતું કાર્ય છે તેથી ત્યાં પ્રતિષેધ લાગુ નહીં પડે અને ઇષ્ટ રૂપો સિદ્ધ થશે.

[172] **इट्** વિધિ અને **इट्** પ્રતિષેધ એ બન્ને અંગાધિકારમાંનાં કાર્યો છે અને અંગાધિકારમાં પ્રત્યયલક્ષણનો પ્રકૃત સૂત્રથી પ્રતિષેધ કરવામાં આવ્યો છે છતાં ત્યાં તે લાગુ પડતો નથી, તેની અવ્યાપ્તિ થાય છે તેથી તે બન્ને પ્રત્યયલક્ષણથી સિદ્ધ થાય છે. એથી કહે છે,'**इह किंचिदङ्गाधिकारे०** વગેરે'.અહીં **किंचित्** શબ્દ **इट्** વિધિ અને **इट्** પ્રતિષેધ તેમજ **क्रम्** ના દીર્ઘત્વને અનુલક્ષીને પ્રયોજ્યો છે, કારણ કે **क्रमः परस्मै०** સૂત્ર પણ અંગાધિકાર નીચેનું છે.

[173] **अन्यत्र** બીજે એટલે કે જ્યાં અંગાધિકાર ન હોય તેવા વિધિ કે પ્રતિષેધ સૂત્રોમાં. (૬-૪-૧ ) થી લઇને સાતમા અધ્યાયના અંત (૭-૪-૯૭)સુધી અંગાધિકારનું ક્ષેત્ર છે તે સિવાયના ભાગમાં આવતા વિધિ, પ્રતિષેધ કે જ્યાં **न लुमताङ्गस्य।** થી થતો પ્રત્યયલક્ષણ પ્રતિષેધ લાગુ પડતો નથી ત્યાં કેટલાંક કાર્યો પ્રત્યયલક્ષણ થવાને કારણે સિદ્ધ થતાં નથી, અર્થાત્ ત્યાં પ્રત્યયલક્ષણનો નિષેધ થાય તે ઇષ્ટ છે. આમ તે સ્થળોએ પ્રતિષેધની અતિવ્યાપ્તિ છે. તેથી કહે છે,'**किंचिच्चान्यत्र न भवति।**'" અહીં **किंचित्** શબ્દ **ञित्** ,**नित्** અને **कित्** સ્વરોને અનુલક્ષીને પ્રયોજ્યો છે."(કે.).વાસ્તવમાં બીજો **किंचित्** શબ્દ (**अहर्ददाति** જેવામાં) **रोऽसुपि।** થી જે પ્રતિષેધ કર્યો છે તેને જ ઉલ્લેખે છે, કારણ કે **ञ्नित्यादिर्नित्यम्।** માં સ્વરને અનુલક્ષીને સપ્તમી છે તે તદન્તસપ્તમી જ છે એટલે કે 'ञित् વગેરે જેને અંતે હોય તે' એમ અર્થ થશે તેથી **न लुमता तस्मिन्।** એમ સૂત્ર કરે તો પણ **लुमति प्रतिषेधे एकपदस्वर०** (વા.૧) એમ જે કહ્યું છે તે તો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यदि पुनर्न लुमता तस्मिन्नित्युच्येत। अथ न लुमता तस्मिन्नित्युच्यमाने किं सिद्धमेतद्भवतीटो विधिप्रतिषेधौ क्रमेर्दीर्घत्वं च। बाढं सिद्धम्। नेटो विधिप्रतिषेधौ परस्मैपदष्वित्युच्यते। कथं तर्हि। सकारादाविति तद्विशेषणं परस्मैपदग्रहणम्। न खल्वपि क्रमेर्दीर्घत्वं परस्मैपदेष्वित्युच्यते। कथं तर्हि। शितीति तद्विशेषणं परस्मैपदग्रहणम्॥

न लुमता तस्मिन्निति चेद्धनिणिङादेशास्तलोपे ॥१३॥

પરંતુ જો **न लुमता तस्मिन्।** એમ કહેવામાં આવે તો ?[174] હવે જો **न लुमता तस्मिन्।** એમ કહેવામાં આવે તો **इट्** ને લગતા વિધિ અને પ્રતિષેધ તેમ જ **क्रम्** નું દીર્ઘત્વ એ શું સિદ્ધ થાય છે ? અવશ્ય સિદ્ધ થાય છે. અહીં પરસ્મૈપદ (ના પ્રત્યય) પર થતાં **इट्** ના વિધિ પ્રતિષેધ થાય છે એમ કહેવામાં આવ્યું નથી. તો પછી કેમ (કહેવામાં આવ્યું છે) ? **स**-કારાદિ પર થતાં એમ[175] (કહ્યું છે અને) **परस्मैपद** (શબ્દ) મૂક્યો છે તે તેનું વિશેષણ છે, પરંતુ **क्रम्** નું દીર્ઘત્વ પરસ્મૈપદ (પ્રત્યય) પર થતાં (થાય છે) એમ કહેવામાં નથી આવ્યું. તો પછી કેમ (કહેવામાં આવ્યું છે ? **शित्** (પ્રત્યય) પર થતાં (થાય છે) એમ (કહેવામાં આવ્યું છે)[176] અને (સૂત્રમાં જે **परस्मैपद** (શબ્દ) મૂક્યો છે તે (**शित्**) નું વિશેષણ છે.

**न लुमता तस्मिन्।** એમ (કહો) તો **त** નો લોપ થતાં **हन्**, **इण्** અને **इङ्** ના આદેશો (સિદ્ધનહીં થાય) ॥૧૩॥ [177]

---

કહેવું જ પડશે.. આથી સૂત્ર ન્યાસ ફેરવવા છતાં **ञित्**, **नित्** વગેરેને લગતા કાર્યમાં ફેર પડતો નથી તેથી તેનો અહીં ઉલ્લેખ નથી(ના.) શ.શે.માં આ વિશે વધુ સ્પષ્ટતા કરી છે.

[174] **लुमत्** સંજ્ઞકથી જેનો લોપ થયો હોય તે પ્રત્યય પર થવાથી તેની પ્રકૃતિને જે કાર્ય કરવાનું હોય તે પ્રત્યયલક્ષણથી થતું નથી.તેથી **अत्रयः** માં સ્વર નહીં થાય, કારણ કે **ढक्** એ **कित्** તદ્ધિત પ્રત્યય અંતોદાત્ત છે અને તેનો બહુના અર્થમાં **अत्रिभृगु०** પ્રમાણે લોપ થયા પછી કાર્યી (**कित्** પ્રત્યય **ढक्**) રહેતો નથી . અન્યને અનુલક્ષીને જે કાર્ય કહેવામાં આવ્યું હોય તે કાર્ય પ્રત્યયનો લોપ થતાં પણ પ્રત્યયલક્ષણથી થાય છે, પરંતુ લુપ્ત પ્રત્યયને પોતાને જ અનુલક્ષીને જે કાર્ય કરવાનું હોય તે પ્રત્યયલક્ષણથી ન થાય, કારણ કે જેનું અસ્તિત્વ નથી તેને માત્ર વચન દ્વારા કાર્યી તરીકે સિદ્ધ ન કરી શકાય. તેથી **अत्रयः** માં **कित्** તદ્ધિત **ढक्** નો ઉપર કહ્યા પ્રમાણે લોપ થયો છે , તેનું અસ્તિત્વ જ નથી તેથી પ્રત્યયલક્ષણથી તેને કારણે થનાર અંતોદાત્ત થવા રૂપી કાર્ય થઇ ન શકે. ટૂંકમાં પ્રત્યયને કારણે થતું (**प्रत्ययलक्षण**) કાર્ય પ્રત્યયનો લોપ થયા પછી થઇ શકે ,પરંતુ પ્રત્યયને સ્થાને થતું કાર્ય ન થાય એમ ભાવ છે.

[175] એટલે કે 'પરસ્મૈપદ જેની પછી આવે છે અને જેને કારણે પૂર્વે રહેલની **अङ्ग** સંજ્ઞા થાય છે તેવા **स**-કારાદિ પ્રત્યયને **इट्** લાગે છે' એમ અર્થ કરવામાં આવે તો દોષ નહીં આવે, કારણ કે **परस्मैपद** શબ્દ **स**-કારાદિનું વિશેષણ થશે અને તેના અર્થમાં વધારો કરવામાં તેની શક્તિ ક્ષીણ થઇ જવાથી તે **इट्** આગમ રૂપી કાર્યનું નિમિત્ત ન થઇ શકે, એટલે કે **इट्** આગમ પરસ્મૈપદ (**सि=हि**) ને કારણે નહીં, પરંતુ **स**-કારાદિ **सन्** ને કારણે થાય છે તેથી પરસ્મૈપદી પ્રત્યય **हि** નો લોપ થવા છતાં **इट्** થશે અને **संजिगमिष** રૂપ સિદ્ધ થશે.

[176] **क्रमः परस्मैपदेषु**।(૭-૩-૭૬) માં પૂર્વ સૂત્ર **ष्ठिवुक्लम्वाचमां शिति**।(૭-૩-૭૫) માંથી **शिति** ની અનુવૃત્તિ થાય છે. તેથી જેની પછી પરસ્મૈપદ હોય તેવો **शित्** પ્રત્યય પર થતાં **क्रम्** નો દીર્ઘ થશે, પરસ્મૈપદ પ્રત્યયને કારણે નહી. એથી **संक्राम** વગેરેમાં પરસ્મૈપદી **हि** નો લોપ થયો હોવા છતાં દીર્ઘ થશે, કારણ કે **हि** પર થતાં **क्रम्** ધાતુનો દીર્ઘ નથી થતો,પરંતુ **शित्** પ્રત્યય **शप्** પર થવાથી થાય છે. વાસ્તવમાં **संक्राम** માં **हि** પર થતાં **क्रम्** એ અંગ નથી થતું પરંતુ **शप्** પર થતાં અંગ થાય છે તેથી સૂત્ર **न लुमताऽङ्गस्य**। એમ હોય તો પણ દોષ આવતો નથી.

[177] **लुङ्** પર થતાં, **हन्** નો **लुङि च**। થી **वध** , **इण्** નો **इणो गा लुङि**। થી **गा** અને **इङ्** નો **विभाषा लुङ्लृङोः**। થી વિકલ્પે **गाङ्** આદેશ થાય છે.પરંતુ **चिण्** પછી આવતા **त** નો **चिणो लुक्**। થી **लुक्** થતાં તે આદેશો નહી થઇ શકે, કારણ કે અહીં લોપ **लुमत्** થી થયો છે તેથી પ્રત્યયલક્ષણ નહીં થાય.. **अवधि--हन् लुङ्** કર્મણિ ત્રી.પુ.એ.વ. **अट् हन् च्लि त** એ સ્થિતિમાં **चिण् भावकर्मणोः**। પ્રમાણે **च्लि** નો કર્મણિમાં **चिण्--अहन् चिण् त--चिणो लुक्**। થી **चिण्** પછીના **त** નો **लुक्--अहन् चिण्** એ સ્થિતિમાં **लुङि च**। પ્રમાણે **लुङ्** માં **हन्**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न लुमता तस्मिन्निति चेद्धनिणिङादेशास्तल्लोपे न सिध्यन्ति। अवधि भवता दस्युः। अगायि भवता ग्रामः। अध्यगायि भवतानुवाकः। तल्लोपे कृते लुङीति हनिणिङादेशा न प्राप्नुवन्ति॥ नैष दोषः। न लुङीति हनिणिङादेशा उच्यन्ते। किं तर्हि। आर्धधातुक इति। तद्विशेषणं लुङ्ग्रहणम्॥ इह च सर्वस्तोमः सर्वपृष्ठः सर्वस्य सुपीत्यद्युदात्तत्वं न प्राप्नोति। तच्च वक्तव्यम्। न वक्तव्यम्। न लुमताङ्गस्येत्येव सिद्धम्। कथम्। न लुमता लुप्तेऽङ्गाधिकारः प्रतिनिर्दिश्यते। किं तर्हि। योऽसौ लुमता लुप्यते तस्मि-

न लुमता तस्मिन्। એમ (સૂત્ર કરવામાં આવ્યું) હોય તો त (પ્રત્યય) નો લોપ થતાં हन्, इण् અને इङ् (એ ધાતુઓ) ના આદેશો સિદ્ધ નથી થતા. अवधि भवता दस्युः। अगायि भवता ग्रामः। अध्यगायि भवताऽनुवाकः। માં त (પ્રત્યય) નો लुक् કર્યા પછી लुङ् પર થતાં हन् નો (वध), इण् નો (गा) અને इङ् નો (गाङ्) આદેશ ન થવાનો પ્રસંગ આવે છે. એ દોષ નથી (આવતો), કારણ કે 'लुङ् પર થતાં हन्, इण् અને इङ् (એ ધાતુઓ) ના આદેશો (થાય છે)' એમ કહેવામાં નથી આવ્યું. તો પછી કેમ (કહેવામાં આવ્યું છે)? આર્ધધાતુક પર થતાં એમ (કહેવામાં આવ્યું છે) અને (સૂત્રમાં) મૂકેલો लुङ् શબ્દ તે (આર્ધધાતુક) નું વિશેષણ (છે).વળી આ सर्वस्तोमः। सर्वपृष्ठः (માં) [178] सुप् પર થતાં सर्वस्य सुपि। પ્રમાણે આદિ (સ્વર) ઉદાત્ત ન થવાનો પ્રસંગ આવે છે. તેથી તે પણ કહેવું જોઈએ. નહીં કહેવું પડે. न लुमताऽङ्गस्य। એમ કહ્યું છે તેથી જ સિદ્ધ થાય છે. કેવી રીતે? लुमत् (સંજ્ઞક) થી લોપ થયો હોય ત્યારે અંગાધિકારને અનુલક્ષીને નિર્દેશ નથી કરવામાં આવતો. તો પછી શેને (અનુલક્ષીને કરવામાં આવે છે)? આ જે लुमत् થી લુપ્ત થાય છે તે (પ્રત્યય) પર થતાં-

---

નો वध આદેશ થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે અહીં लुमत् થી લોપ થયો છે તેથી પ્રત્યયલક્ષણ નહીં થાય. आर्धधातुके। જેમાં વિષયસપ્તમી છે તેમ लुङि પણ વિષય સપ્તમી છે એમ ન કહી શકાય, કારણ કે त પ્રત્યયનો लुक् થવાથી અહીં लुङ् નો વિષય નથી રહેતો. તેથી वध આદેશ ન થવાનો પ્રસંગ આવે છે તે નિવારવા માટે અહીં પ્રત્યયલક્ષણદ્વારા लुङ् નો વિષય થઈ ન શકે, કારણ કે न लुमता तस्मिन्। એમ સૂત્રપાઠ કર્યો છે તેથી પ્રત્યયલક્ષણનો પ્રતિષેધ થાય છે. એમ અહીં દલીલ છે.अगायि--इण् लुङ् કર્મણિ ત્રી.પુ.એ. વ. અહીં ઉપર દર્શાવેલ કારણસર इण् નો गा નહીં થઈ શકે એમ દલીલ છે. अट् इण् च्लि त--अट् इ चिण् त--अ इ चिण्--अ गा इ--आतो युक् चिण्कृतोः। થી आ-કારાન્તને युक् (य्) આગમ--अगाय् इ--अगायि થાય છે.अध्यगायि પણ એજ રીતે થશે. અહીં પણ શંકાકારના મતે त નો लुक् થયો છે તેથી गाङ् આદેશ નહીં થઈ શકે.પરંતુ આ સર્વ આદેશો સિદ્ધ થઈ શકે છે, કારણ કે 'लुङ् જેની પર હોય તેવો चिण् જ્યાં પર હોય ત્યાં वध વગેરે આદેશ થાય છે' એમ અર્થ કરવાનો છે. चिण् આર્ધધાતુક પ્રત્યય છે તેથી लुङ् માં वध, गा અને गाङ् આદેશો થશે.

[178] सर्वस्तोमः વગેરે માટે न लुमता तस्मिन्। એમ કહેવું નહીં પડે, કારણ કે न लुमताङ्गस्य। એમ સૂત્રપાઠ હોય તો પણ એ રૂપો સિદ્ધ થાય છે. એ સૂત્રમાં अङ्गस्य એ સ્વરિત છે એમ કહ્યું નથી તેથી જ્યારે लुमत् થી પ્રત્યય લુપ્ત થયો હોય ત્યારે તે પ્રત્યય પર થવાથી જે અંગ થતું હોય તેને તે પ્રત્યયને નિમિત્તે, લુપ્ત થયા પૂર્વે જે કાર્ય થતું હોય તે કાર્ય, પ્રત્યય લુપ્ત થયા પછી થતું નથી, એટલે કે લુપ્ત પ્રત્યયને કારણે જે અંગસંજ્ઞક ભાગ હોય તેને કાર્ય થતું નથી પછી એ કાર્ય અંગને લગતું હોય કે ન હોય. उत्क्राम વગેરેમાં દીર્ઘત્વ રૂપી કાર્ય પરસ્મૈપદનિમિત્તક નથી, તે તો शित् પ્રત્યય शप् ને કારણે થાય છે તેથી દોષ નહીં આવે અને દીર્ઘત્વ થશે. संजिगमिष વગેરેમાં इट् આગમ રૂપી કાર્ય सन् ને કારણે થાય છે,પરંતુ તે અંગને થતું નથી તેથી દોષ નહીં આવે. अगायि વગેરેમાં પણ દોષ નથી આવતો કારણ કે અહીં આદેશ રૂપી કાર્ય लुङ् ને કારણે અંગ થતા चिणन्त ભાગને નથી થતું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**-न्यदङ्गं तस्य यत्कार्यं तन्न भवति। एवमपि सर्वस्वरो न सिध्यति। कर्तव्योऽत्र यत्नः॥**

**अलोऽन्त्यात्पूर्व उपधा ॥१।१।६५॥**

**किमिदमल्ग्रहणमन्त्यविशेषणम्। एवं भवितुमर्हति।**

**उपधासंज्ञायामल्ग्रहणमन्त्यनिर्देशश्चेत्संघातप्रतिषेधः ॥१॥**

**उपधासंज्ञायामल्ग्रहणमन्त्यनिर्देशश्चेत्संघातस्य प्रतिषेधो वक्तव्यः। संघातस्योपधासंज्ञा प्राप्नोति। तत्र को दोषः। शास इदङ्हलोः।**

જે અંગ હોય તેને જે કાર્ય કરવાનું હોય તે (પ્રત્યયલક્ષણથી) થતું નથી. એમ છતાં પણ **सर्व** ને લગતો સ્વર સિદ્ધ નથી થતો.[179] આ (બાબત) માં પ્રયત્ન કરવો જોઈએ.

અન્ત્ય વર્ણ (**अल्**) ની પૂર્વનો (વર્ણ) **उपधा** કહેવાય છે **॥૧।૧।૬૪॥**

અહીં જે **अल्**[180](શબ્દનું સૂત્રમાં) ગ્રહણ (કર્યું છે તે) શું અન્ત્યનું વિશેષણ (છે)? એમ હોય તે (જ) યોગ્ય છે.

**उपधा** સંજ્ઞામાં **अल्** ગ્રહણથી અન્ત્યનો નિર્દેશ થતો હોય તો (વર્ણ)સમુદાયનો પ્રતિષેધ (કરવો પડશે) **॥૧॥**

**उपधा** સંજ્ઞા (સૂત્ર) માં **अल्** નું ગ્રહણ(કર્યું છે તે) અન્ત્યને સૂચવતું હોય તો (વર્ણ)સમુદાયનો પ્રતિષેધ કરવો પડશે, (નહીં તો ) સંઘાત (અર્થાત્ વર્ણસમુદાય) ને (**उपधा**) સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે.[181] તેમાં શો વાધો ? **शास इदङ्हलोः**

---

179 અંગાધિકારનો નિર્દેશ ન કર્યો હોય તો પણ **सर्वस्वर** સિદ્ધ થતો નથી.તેને માટે પ્રયત્ન કરવો પડશે એટલે કે જ્ઞાપનનો આશ્રય લેવો પડશે.**भीह्रीभृहुमदजनधनदरिद्रजागरां प्रत्ययात्पूर्वं पिति**। એ સૂત્રમાં પૂર્વ નું ગ્રહણ ન કર્યું હોત તો પણ **तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य**। પ્રમાણે પૂર્વ **अच्** જ ઉદાત્ત થાત છતાં સૂત્રકારે **पूर्व** શબ્દ મૂક્યો છે તેથી જ્ઞાપન થાય છે કેસ્વરને લગતાં કાર્યોમાં સપ્તમીવિભક્તિ **तदन्त** સપ્તમી છે (**सौवर्यः सप्तम्यस्तदन्त सप्तम्यः**। ભાષ્યમાં **स्वरविधौ सप्तम्यस्तदन्तसप्तम्यः**। એમ છે. શ.શે.માં આ પરિભાષાની ચર્ચા કરી હોવા છતાં તેને પરિ.શે.માં આવરી લીધી નથી.).તેથી **सर्वस्य सुपि**। એ સૌવર સૂત્ર આમ સમજાશેઃ **सर्व** શબ્દ **सुबन्त** હોય ત્યારે તેનો આદિ સ્વર ઉદાત્ત થાય છે. આથી **न लुमताऽङ्गस्य**। એ પ્રતિષેધ લાગુ નહીં પડે, કારણ કે **सुपि** એટલે '**सुप्** પર હોય ત્યારે' એમ ન સમજતાં, '**सुप्** અન્તે હોય ત્યારે' એમ સમજવાનું છે. **सर्वस्तोमः** માં પૂર્વપદ **सर्व** પ્રત્યયલક્ષણથી **सुबन्त** થવાથી આદ્યુદાત્ત થશે, એટલે કે જ્ઞાપન રૂપી યત્નને લીધે **सर्वस्वर** સિદ્ધ થશે.

180 સૂત્રમાં **अलः**એ પ્રથમા છે કે પંચમી એમ સંદેહ થવાથી આ પ્રશ્ન કર્યો છે. **अन्त्यात् अलः पूर्वं उपधा**। એમ પંચમી એ.વ. છે કે **अन्त्यात्पूर्वे अलः उपधा**। એમ પ્રથમાબ.વ. છે ? પ્રથમા અભિપ્રેત હોત તો સૂત્રકાર **अल्** એમ એ.વ. નો પ્રયોગ કરીને **अन्त्यात् पूर्वः अल्** એમ કહેત જેથી સંદેહ ન રહે. વાસ્તવમાં **अन्त्यात्** એ પંચમ્યન્તના સાહચર્યને કારણે **अलः** એ પંચમી થાય તે જ ઇષ્ટ છે.(**एवं भवितुमर्हति।**), એટલે કે **अलः** એ **अन्त्यात्** નું વિશેષણ થાય તે બરોબર છે.

181 **अल्ग्रहणम् अन्त्यनिर्देशः चेत्** અર્થાત્ સૂત્રમાં જે **अल्** શબ્દ મૂક્યો છે તે વ્દ્વારા અન્ત્ય વર્ણ (**अल्**) ને સૂચવાતો હોય તો. સૂત્રમાં એક જ **अल्** શબ્દ છે અને તેનો સંબંધ **अन्त्यात्** સાથે થાય તો **पूर्वः** નું કોઇ વિશેષણ રહેતું નથી તેથી **पूर्वः अल्** કે **पूर्वः अल्समुदायः** એમ સ્પષ્ટ થતું નથી.પરિણામે **अल्** સમુદાય(**संघात**) ની ઉપધા સંજ્ઞા થવાનો પ્રસંગ આવે છે. એમ ભાવ છે.પરંતુ સમુદાયની ઉપધા સંજ્ઞા નહીં થાય.જેમ વ્યવહારમાં કોઇને કહેવામાં આવે કે આ બ્રાહ્મણોમાંથી છેલ્લાની આગળ બેઠેલાને લઇ આવ, ત્યારે તે અંતે બેઠેલાની પહેલાં જે બેઠો હશે તેને લઇ આવશે બ્રાહ્મણ સમુદાયને નહીં લાવે. તેમ અહીં પણ એક જ **अल्** ની ઉપધા સંજ્ઞા થશે વર્ણસંઘાતની નહીં થાય(ન્યાસ૦).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

शिष्ट्वा शिष्टः। संघातस्येत्त्वं प्राप्नोति॥ यदि पुनरलन्त्यादित्युच्येत। एवमप्यन्त्योऽविशेषितो भवति। तत्र को दोषः। संघातादपि पूर्वस्योपधासंज्ञा प्रसज्येत। तत्र को दोषः। शास इदङ्हलोः। शिष्टः शिष्टवान्। शकारस्येत्त्वं प्रसज्येत। सूत्रं च भिद्यते॥ यथान्यासमेवास्तु। ननु चोक्तमुपधासंज्ञायामल्ग्रहणमन्त्यनिर्देशश्चेत्संघातप्रतिषेध इति। नैष दोषः। अन्त्यविज्ञाना -त्सिद्धम्। सिद्धमेतत्। कथम्। अलोऽन्त्यस्य विधयो भवन्तीत्यन्त्यस्य भविष्यन्ति।

પ્રમાણે (हलादि પૂર્વે ઉપધાનો इत् થઇને) शिष्ट्वा[182]शिष्टः થાય છે તેમાં સંઘાત (शा) નો इत् (આદેશ) થવાનો પ્રસંગ આવે છે પરંતુ જો अलन्त्यात् એમ કહેવામાં આવે તો ?[183] તેમ છતાં अन्त्य (શબ્દ) વિશેષણ વિનાનો રહેશે. તેમાં શો વાંધો ? સંઘાતની પણ જે પૂર્વે હોય તેની (उपधा) સંજ્ઞા થવાનો પ્રસંગ આવે. તેમાં શો વાંધો ? शास इदङ्हलोः। પ્રમાણે शिष्टः शिष्टवान् (માં જે) इत् આદેશ) થાય છે તે श-કારનો થવાનો પ્રસંગ આવે અને સૂત્ર બદલાઇ જાય છે.[184] (તો પછી સૂત્ર) જે રીતે કરેલું છે તેમ જ ભલે રહે. અરે પણ (અમે) કહ્યું કે उपधा સંજ્ઞા (સૂત્ર) માં अल् નું ગ્રહણ (કર્યું છે તે) અન્ત્યને સૂચવતું હોય તો (વર્ણ) સમુદાયનો પ્રતિષેધ (કરવો પડશે. તેનું શું ?) એ દોષ નથી (આવતો). અન્ત્યનો બોધ થાય છે તેથી સિદ્ધ થાય છે.[185] એ સિદ્ધ થશે. કેવી રીતે ? કાર્યો અન્ત્ય अल् ને થાય છે એ (પરિભાષા) ને કારણે અન્ત્યને (કાર્ય) થશે.

---

[182] शिष्टः-शास् निष्ठा (क्त)--हलादि कित् પ્રત્યય क्त પર થતાં शास इदङ्हलोः। (૬-૪-૩૪) પ્રમાણે ઉપધાનો इत् (इ) થાય છે [આ સૂત્રમાં अनिदितां हल उपधायाः क्ङिति च। (૬-૪-૨૪) માંથી उपधायाः ની અનુવૃત્તિ થાય છે] शास् त--शिस् त---शासि-वसिघसीनां च। થી स् નો ष्--ष्टुना ष्टुः। થી त् નો ट् થઇને शिष्टः થાય છે. તે રીતે शास् त्वा (त्त्वा)-- એ પ્રમાણે इ અને अ થઇને शिष्ट्वा થાય છે. હવે અહીં સમુદાયની ઉપધા સંજ્ઞા થાય તો शास् માં અંત્ય स् ની પૂર્વે રહેલ शा એ अल् સમુદાય ઉપધા થશે તેથી તેને સ્થાને इ આદેશ થવાનો પ્રસંગ આવશે.નિ.સા.ચૌખં. માં शिष्टवान् પાઠ છે.

[183] એટલે કે अल् अन्त्यात्पूर्व उपधा। એમ સૂત્ર કરવામાં આવ્યું હોય તો એ દોષ નહીં આવે ને ? એમ કહેવા માગે છે. પરંતુ તેમ કરતાં अन्त्यात् પદ વિશેષણરહિત બને છે તેથી अन्त्य એટલે એક अल् કે अल् સમુદાય એ સ્પષ્ટ થતું નથી તેથી ગમે તે अन्त्य अल् , પછી તે એક अल् વ્યક્તિ હોય કે अल् નો સમુદાય, તેની પૂર્વે રહેલની ઉપધા સંજ્ઞા થાય છે એમ સમજાશે. આમ જો સમુદાયની ઉપધા સંજ્ઞા થાય તો शास् क्त / शास् त्त्वा માં અંતે રહેલ अल् સંઘાત आस् ની પૂર્વે રહેલ श-કારની ઉપધા સંજ્ઞા થઇને તેનું इत्त्व થવાનો પ્રસંગ આવે.

[184] સૂત્રમાં अलोऽन्त्यात्पूर्व उपधा। એમ ન કહેતાં अल् अन्त्यात्पूर्व उपधा। એમ કહેવામાં આવે તો સૂત્રમાં ફેર પડે છે, તે બદલાઇ જાય છે. સમાન્યતઃ આ પ્રમાણે અર્થ થઇ શકે. કૈ. એમ જ સમજાવે છે. છા. કહે છે કે અહીં વાક્યભેદ રૂપી સૂત્રભેદ થશે, કારણ કે આ સૂત્ર પરનું ભાષ્ય अलोऽन्त्यस्य। સૂત્રના ભાષ્ય જેવું નથી તેથી આ પ્રમાણે સૂત્રભેદ થાય છે. નિ.સા. (પૃ.૪૩૬, પા.ટી.૬) માં સંપાદક નોંધે છે : अलोऽन्त्यस्य० પ્રમાણે પાઠ લેતાં પંચમી અને પ્રથમાની બાબતમાં સંશય રહે છે. તે સૂત્રભેદ દોષ નિવારવા માટે 'अल् अन्त्यस्य' એમ પાઠ સૂચવે છે.પરંતુ અહીં તો ભાષ્યકારે સ્વયં કહ્યું છેઃ सूत्रं च भिद्यते।

[185] અંત્યનો વિશિષ્ટ બોધ થાય છે કારણ કે પ્રસ્તુત (शास इदङ्०) સૂત્રમાં उपधायाः ની અનુવૃત્તિ થાય છે. તે સ્થાન ષષ્ઠી છે તેથી अलोऽन्त्यस्य। એ પરિભાષા અહીં લઇ શકાશે.પરિણામે અંત્યની પૂર્વે હોય તેની જ ઉપધા સંજ્ઞા થશે તેથી સંઘાતનો પ્રતિષેધ કરવાની જરૂર નહીં રહે. अन्त्यविज्ञानात्सिद्धम्। એ વાક્ય કિ. સિવાયની આવૃત્તિઓમાં અલગ વા. તરીકે આપેલું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्त्यविज्ञानात्सिद्धमितिचेन्नानर्थकेऽलोऽन्त्यविधिरनभ्यासविकारे ॥२॥

अन्त्यविज्ञानात्सिद्धमितिचेन्न । किं कारणम् । नार्थकेऽलोऽन्त्यविधिरनभ्यासविकारे । अनर्थकेऽलोऽन्त्यविधिर्नेत्येषा परिभाषा कर्तव्या । किमविशेषेण । नेत्याह । अनभ्यासविकारे । अभ्यासविकारान्वर्जयित्वा । भृञामित् । अर्तिपिपर्त्योश्च इति ॥ कान्येतस्याःप्रयोजनानि ।

प्रयोजनमव्यक्तानुकरणस्यात इतौ ॥३॥

અન્ત્યના જ્ઞાનને કારણે સિદ્ધ થાય છે (એમ કહો ) તો તેમ નથી (કારણ કે) અભ્યાસ વિકાર સિવાય બીજે, અર્થરહિતમાં अलोऽन्त्य વિધિ નથી થતો ॥૨॥ [186]

અન્ત્યના જ્ઞાનને કારણે સિદ્ધ થાય છે (એમ કહો ) તો તેમ નથી (તેનું) શું કારણ ? (એ કે ) અભ્યાસ (માં થતા) વિકાર સિવાય બીજે,[187] અર્થરહિતમાં अलोऽन्त्य વિધિ નથી થતો . 'અર્થ રહિત હોય તેને વિશે अलोऽन्त्य વિધિ નથી થતો ' એ પરિભાષા કરવી જોઇએ. શું અવિશિષ્ટ રીતે (કરવી જોઇએ) ? તો કહે છે કે ના. અભ્યાસવિકાર ન હોય ત્યાં એટલે કે भृञामित् । अर्तिपिपर्त्योश्च । વગેરે પ્રમાણે અભ્યાસમાં વિકાર થતા હોય[188] તે સિવાય (નાં કાર્યો માટે આ પરિભાષા કરવી જોઇએ).આ પરિભાષાનાં પ્રયોજનો કયાં છે ?

પ્રયોજન એ કે અવ્યક્ત અનુકરણના अत् નો इति પર થતાં એકાદેશ થાય ॥૩॥

---

[186] (વા.૨) अन्त्यविज्ञानात्सिद्धमिति चेत्० ને સ્થાને ચૌ.ખં (પૃ.૫૩૪) તેમ જ પરિ.શે.(પરિ.૯૬) માં नानर्थकेऽलोऽन्त्यविधिरनभ्यास-विकारे ॥ એમ છે.

[187] अभ्यास માં શબ્દની દ્વિરુક્તિ થાય છે, અર્થની નહીં. તેથી અભ્યાસ અર્થરહિત હોય છે.પરિણામે नानर्थके० વગેરે પરિભાષા તેને લાગુ પડશે.પરંતુ તેથી ઇષ્ટ રૂપો સિદ્ધ થઇ નહીં શકે. તેમ થતું નિવારવા માટે अभ्यासविकार ને તેના અપવાદ તરીકે મૂક્યાં છે.

[188] भृञामित् । પ્રમાણે ભૃ વગેરે ધાતુઓના અભ્યાસનો इ (રૂપ વિકાર) થાય છે. भृ श्लु ति--श्लौ--भृ भृ ति--अभ्यासे चर्च ।--बृ भृ ति--भृञामित् ।થી इ આદેશ થાય છે. તે અભ્યાસનો વિકાર હોવાથી અનર્થક છે. તેથી अलोऽन्त्य વિધિ લાગુ નહીં પડે. પરિણામે સમગ્ર बृ ને સ્થાને इ થવાનો પ્રસંગ આવે છે પરંતુ अनभ्यासविकार એમ કહ્યું છે તેથી અભ્યાસવિકારમાં अलोऽन्त्य० લાગુ પડીને અભ્યાસ बृ ના ऋ નો इ આદેશ થતાં बृ भृ ति--भृञामित् । उरण्रपरः ।--बिर् भृ ति--हलादिः०--बिभृ ति--सार्वधातुकार्ध० થી ગુણ--बिभर्ति થશે. अर्तिपिपर्त्योश्च । પ્રમાણે ऋ અને पृ ના અભ્યાસનો इ થાય છે. અહીં પણ पृ पृ માં અભ્યાસ અનર્થક છે તેથી ઉપર પ્રમાણે સમગ્ર पृ નો इ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ અન્ત્ય વર્ણ ऋ નો इ થાય તે ઇષ્ટ છે. તેથી જ સૂત્રકારે अर्तिपिपर्त्यो० માં पिपर्ति શબ્દ મૂકીને સૂચવ્યું છે કે અભ્યાસવિકારમાં नानर्थके० પરિભાષા લાગુ પડતી નથી (अनभ्यासविकारे) તેથી अलोऽन्त्य વિધિ થઇને અભ્યાસના ऋ નો इ થઇને ઉપર બતાવ્યું તેમ पिपर्ति એ ઇષ્ટ રૂપ થયું છે. અહીં નોંધવું જોઇએ કે દ્વિરુક્ત ધાતુનો ઉત્તર ખંડ અર્થયુક્ત હોય છે પૂર્વ ખંડ એટલે કે અભ્યાસ (पूर्वोऽभ्यासः) તો અનર્થક જ હોય છે (ના.).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्त्यस्य प्राप्नोति। अनर्थकेऽलोऽन्त्यविधिर्न भवतीति न दोषो भवति॥ नैतदस्ति प्रयोजनम्। आचार्यप्रवृतिर्ज्ञापयति नान्त्यस्य पररूपं भवतीति यदयं नाम्रेडिस्यान्त्यस्य तु वा इत्याह॥

**घ्वसोरेद्धावभ्यासलोपश्च ॥४॥**

**घ्वसोरेद्धावभ्यासलोपश्च इत्यन्त्यस्य प्राप्नोति। अनर्थकेऽलोऽन्त्यविधिर्नेति न दोषो भवति॥**

અન્ત્યનો (એકાદેશ) થવાનો પ્રસંગ આવે છે.(પરંતુ) અર્થરહિતને કાર્ય કરવાનું હોય ત્યારે **अलोऽन्त्यस्य।** પ્રમાણે કાર્ય નથી થતું [189]

તેથી દોષ નથી આવતો .એ પ્રયોજન નથી. આચાર્ય પાણિનિએ **नाम्रेडितस्यान्त्यस्य तु वा।** એમ કહ્યું છે [190] તે વ્દારા તેઓ જ્ઞાપન કરે છે કે અન્ત્યનું પરરૂપ થતું નથી.

**घ्वसोरेद्धावभ्यासलोपश्च।** એ (સૂત્ર પ્રયોજન છે)॥૪॥

**घु** (સંજ્ઞક અંગો )નો અને **अस्**(ધાતુ) નો **हि** પર થતાં **ए**-કાર (આદેશ થાય છે)[191] અને અભ્યાસનો (લોપ થાય છે). એ (સૂત્ર) પ્રમાણે અન્ત્યના થવાનો પ્રસંગ આવે છે, પરંતુ અર્થરહિતને કાર્ય કરવાનું હોય ત્યારે **अलोऽन्त्यस्य।** પ્રમાણે કાર્ય નથી થતું તેથી દોષ નથી આવતો.

---

[189] **नानर्थके०** એ પરિભાષાનું પ્રથમ પ્રયોજનઃ **अव्यक्तानुकरण०** અવ્યક્ત, અસ્પષ્ટ વર્ણવાળા ધ્વનિનું અનુકરણ હોય તેના અવયવ - ભૂત **अत्** પછી **इति** આવતાંપરરૂપ એકાદેશ થાય છે. જેમ કે **पटत्** એ અવ્યક્ત ધ્વનિનું અનુકરણ છે તેની પછી **इति** આવતાં **पटत् इति** એમ થતાં **अत्** અને **इति** ના આદિ **इ** નો પરરૂપ એકદેશ થઇને **पट् इ ति--पटिति** થશે. અહી **अलोऽन्त्यस्य।** લાગુ પડે તો **पटत्** ના **अत्** ને બદલે અંત્ય **त्** અને **इति** ના **इ** નો પરરૂપ એકાદેશ થવાથી **पटत् इति--पट इति--पटेति** એમ અનિષ્ટ સંધિ ધવાનાં પ્રસંગ આવે છે, પરંતુ **अत्** એ અર્થરહિત(**अनर्थक**) વર્ણસમુદાય છે તેથી **नानर्थकेऽलोऽन्त्यविधिः०** એ પરિભાષા લાગુ પડશે, એટલે કે **अत्** અનર્થક હોવાથી **अलोऽन्त्यस्य।** લાગુ નહી પડે તેથી અંત્ય **त्** અને **इ** નો એકાદેશ ન થતાં **अत्** અને **इ** નો એકાદેશ થઇને **पटिति** સિદ્ધ થશે. આ પરિભાષા ન હોય તો ઇષ્ટ સિદ્ધિ નહી થાય એમ ભાવ છે.

[190] **नाम्रेडितस्य०** (૬-૧-૯૯) વ્દારા કહ્યું છે કે અવ્યક્તાનુકરણનું વ્દિર્વચન કરવામાં આવ્યું હોય ત્યારે **अव्यक्तानुकरण०** (૬-૧-૯૮) એ પૂર્વ સૂત્ર પ્રમાણે પરરૂપ એકાદેશ થતો નથી, એટલે કે **पटत् पटत् इति** એમ હોય તો બીજા **पटत्** ના **अत्** અને **इति** ના આદિ **इ** ને સ્થાને પરરૂપ એકાદેશ **इ** થઇને **पटत्पटिति** એમ થતું નથી. અહી જે બીજો **पटत्** શબ્દ છે તે **आम्रेडित** કહેવાય છે (**तस्य परमाम्रेडितम्।**), પરંતુ આમ્રેડિતના અંત્ય અર્થાત્ **त्** સાથે **इति** ના **इ** નું વિકલ્પે પરરૂપ થઇને **पटत्पटदिति** (અહી **झलां जशोंऽन्ते।** થી **द्** થયો છે) અને **पटत्पटेति** (અહી **आद्गुणः।** થી ગુણ થયો છે) એમ બે રીતે સંધિ થશે. હવે જો પૂર્વે સૂત્ર પ્રમાણે અંત્યનું નિત્ય પૂર્વરૂપ થતું હોત તો સૂત્રકારે અહી **वाम्रेडितस्य।** એમ જ કહ્યું હોત, પરંતુ તેમણે **नाम्रेडितस्य तु वा।** એમ કહ્યું છે. આચાર્યના આ વ્યવહાર ઉપરથી સૂચવાય છે કે અંત્યનું પરરૂપ થતું નથી.

[191] **घु** સંજ્ઞક ધાતુમાંથી માત્ર **दा** (**डुदाञ्**) અને **धा** (**डुधाञ्**) એ બેને જ આ સૂત્ર લાગુ પડે છે. **दा** પરસ્મૈપદનું **लोट्** બી.પુ.એ.વ. કરતાં **दा श्लु हि--श्लौ।--दादा हि--घ्वसोरभ्या०** થી અભ્યાસ લોપ અને **एत्व** થાય છે. હવે **अलोऽन्त्यस्य।** પ્રમાણે અભ્યાસ (પૂર્વ **दा**) ના અંત્ય **आ** નો લોપ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ અભ્યાસ એ અર્થરહિત અવયવ હોવાથી **नानर्थके०** પરિભાષા અહી લાગુ પડશે તેથી **अलोऽन्त्य०** લાગુ નહીં પડે પરિણામે અંત્યનો લોપ ન થતાં સમગ્ર અભ્યાસનો લોપ થશે અને **दा हि** એ સ્થિતિમાં પ્રસ્તુત સૂત્રથી **ए** થઇને **देहि** સિદ્ધ થશે.અહી **एत्व** અંત્ય **आ** નું થશે, કારણ કે આ **दा** અર્થયુક્ત છે.અહી નોધવું જોઇએ કે **अनभ्यासविकार** એ પ્રતિષેધ રૂપયુક્ત આદેશ માટે છે,જ્યારે લોપ અભાવાત્મક હોવાથી રૂપરહિત આદેશ છે. પસ્પશામાં લોપ અને વિકારને ભિન્ન ગણ્યાં છે (**लोपागमविकाराः**) છતાં **एकदेशविकृतस्य०** (વા.) માં લોપને વિકાર કહ્યો છે તેથી પ્રતિષેધ લાગુ પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**एतदपि नास्ति प्रयोजनम्। पुनर्लोपवचनसामर्थ्यात्सर्वस्य भविष्यति॥ अथवा शिल्लोपः करिष्यते स शित्सर्वस्य इति सर्वादेशो भविष्यति॥ स तर्हि शकारः कर्तव्यः॥ न कर्तव्यः। क्रियते न्यास एव द्विशकारको निर्देशः। घ्वसोरेद्धसवभ्यासलोपश्चेति॥**

એ પણ પ્રયોજન નથી. (સૂત્રમાં) ફરીથી **लोप** એમ કહ્યું છે.[192] તેના પ્રતાપે સમગ્ર (અભ્યાસ) નો લોપ થશે.અથવા **लोप** (શબ્દ) ને **शित्** કરીશું[193] (અને) **शित्** સર્વાદિશ થાય છે તેથી તે (લોપ) સમગ્ર (અભ્યાસ ) નો આદેશ થશે. તો પછી તે **श**-કાર કરવો જોઇએ.[194] નહીં કરવો પડે, (કારણ કે) **घ्वसोरेद्धावभ्यासलोपश्च।** એમ કહીને સૂત્રના મંડાણમાં જ બે **श**-કાર યુક્ત નિર્દેશ કરવામાં આવે છે.

---

[192] **लोपो यि।** (૬-૪-૧૧૮) એ પૂર્વ સૂત્રમાંથી પ્રસ્તુત સૂત્રમાં **लोप** શબ્દની અનુવૃત્તિ થાય છે તેથી **घ्वसोरेद्धावभ्यासस्य च।** એટલું જ કહ્યું હોત તો **च**-કારને કારણે લોપની અનુવૃત્તિ થશે. તેથી અભ્યાસનો લોપ થશે તેમ સમજાશે પણ અભ્યાસનું **एत्व** નહી થાય. **च** ની અનુવૃત્તિ થવા છતાં કોઇ નિયામક નથી તેથી એટલે કે **एत्व** અમુકનું થાય અને લોપ અમુકનો થાય એમ સૂચવનાર કોઇ શબ્દ ન હોવાથી **घु** , **अस्** અને અભ્યાસ એ ત્રણનાં વારાફરતી **एत्व** અને લોપ થવાનો પ્રસંગ આવશે એ શંકાને લક્ષમાં રાખીને કૈ. કહે છે કે વ્યાખ્યાનને પ્રતાપે એટલે કે આગંતુકને અંતે મૂકવામાં આવે છે તેથી **च** ને કારણે અનુવૃત્ત થએલ **लोप** અભ્યાસની નજીક આવવાથી, લોપ અભ્યાસનો જ થશે અને **एत्व घु** અને **अस्** નું થશે એમ સમજી શકાય છે. **अभ्यास** ભૂત પદની અવ્યવહિત રીતે પર રહેલ **च**-કાર સૂચવશે કે જેવી રીતે અભ્યાસ લોપનો સ્થાની છે તેમ તે **एत्व** નો પણ સ્થાની છે અર્થાત્ **एत्व** અભ્યાસનું પણ થશે એમ સમજાશે. એ દલીલને લક્ષમાં રાખીને કૈ.યોગવિભાગનો આશ્રય લે છે. તે પ્રમાણે **घ्वसोरेद्घौ।** એમ એક સૂત્ર થશે. જેથી **घु** અને **अस्** નું **हि** પર થતાં **एत्व** થશે અને પછી **अभ्यासस्य।** એમ બીજું સૂત્ર થશે.અહીં **लोप** ની અનુવૃત્તિ થશે, **एत्व** ની નહીં થાય.પરિણામે સૂત્રમાં જે **लोपः** શબ્દ ફરીથી મૂક્યો છે તેને પ્રતાપે અભ્યાસનો સર્વાપહાર થશે, સમગ્ર અભ્યાસનો લોપ થશે, કંઇ જ શેષ રહેશે નહીં, કારણ કે **लोप** ના પુનરુચ્ચારણનો એજ હેતુ છે.

[193] **लोप** શબ્દમાં **श**-કાર **इत्** લગાડીને **लोपश्** એમ **शित्** કરીશું જેથી **अनेकाल्शित्सर्वस्य।** પ્રમાણે સર્વાદિશ થશે અને અંત્યનો લોપ ન થતાં સમગ્ર અભ્યાસનો લોપ થશે. તેથી દોષ નહીં આવે અને ઉપર પ્રમાણે ખુલાસો કરવાની પણ જરૂર નહીં રહે.

[194] **घ्वसोरेद्धाव०** સૂત્રમાં **लोप** શબ્દ **शित्** નથી તેથી અભ્યાસનો સર્વાદિશથઇ શકે તે માટે તેને **शित्** કરવો પડશે એમ દલીલ છે. સમાધાનમાં કહ્યું છે કે એ સૂત્રના મંડાણમાં જ **घ्वसोरेद्धावभ्यासलोपश्श्च।** એટલે કે **लोपश्** એમ કહ્યું છે તેથી **श्** લગાડવાની જરૂર રહેતી નથી. અહીં '**लोपश्** શબ્દ સંજ્ઞા નથી તેથી તે અર્થરહિત છે અને અર્થવત્ ન હોવાથી પ્રાતિપદિક નથી તેથી તેને વિભક્તિનો પ્રત્યય નહીં લાગે પરિણામે તેનો બે **श**-કાર યુક્ત નિર્દેશ નહીં થાય.જો તેના સ્વરૂપને કારણે અર્થવત્ ગણતાં પ્રતિપદિક થાય અને પ્રથમા વિભક્તિ પ્રત્યય લાગે તો પણ **हल्ङ्याब्०** પ્રમાણે **स्** નો લોપ થવાથી તેનો **द्विशकार** યુક્તનિદેશ શક્ય નહીં બને' એ શંકા અનુચિત છે, કારણ કે **लोप** એ કૃદન્ત અદર્શનની સંજ્ઞા હોવાથી અર્થવાન્ છે તેથી પ્રાતિપદિક છે. તેને વિભક્તિ **सु** થતાં **लोपश् स्** એ સ્થિતિમાં સંજ્ઞા (**लोप**) ને કરેલ અનુબન્ધનું પ્રયોગકાળે સંજ્ઞી (**अदर्शन**) ને ફળ મળશે, એટલે કે **लोप** એ સર્વાદિશ થશે.અહીં **श्** ને ઉપદેશકાળે જ **इत्** સંજ્ઞા થશે.જેમ દેવદત્તના ઘર ઉપર બેઠેલો કાગડો તે ઘરનો અવયવ ન હોવા છતાં અન્ય મકાનોથી તેને જુદું પાડે છે તેમ **इत्** પણ જેને લાગ્યો હોય તેનો અવયવ ન હોવા છતાં સર્વાદિશ રૂપી કાર્યને સૂચવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आपि लोपोऽनचि ॥५॥

**तिष्ठति सूत्रम्। अन्यथा व्याख्यायते। आपि हलि लोप इत्यन्त्यस्य प्राप्नोति। अनर्थकेऽलोऽन्त्यविधिर्नेति न दोषो भवति॥ एतदपि नास्ति प्रयोजनम्। अन एव लोपं वक्ष्यामि। तदनो ग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। प्रकृतमनुवर्तते। क्व प्रकृतम्। अनाप्यकः इति। तद्वै प्रथमानिर्दिष्टं षष्ठीनिर्दिष्टेन चेहार्थः।**

**आप्** (પ્રત્યાહારમાંના) **हलादि** (વિભક્તિ પ્રત્યયો) પર થતાં **क**-કાર રહિત (**इदम्** અર્થાત્ **इद्** ) નો લોપ થાય છે ॥૫॥ [195] સૂત્ર તો રહે છે. [196] (માત્ર) તેનું અન્ય રીતે વ્યાખ્યાન કરવામાં આવે છે. **आप्** (પ્રત્યાહારમાંના) **हलादि** (વિભક્તિ પ્રત્યયો) પર થતાં લોપ થાય છે તે અન્ત્યનો થવાનો પ્રસંગ આવે છે,[197] પરંતુ અર્થરહિતને કાર્ય કરવાનું હોય ત્યારે **अलोऽन्त्य०** પ્રમાણે કાર્ય નથી થતું તેથી દોષ નથી આવતો.[198]એ પણ પ્રયોજન નથી.(કારણ કે) **अन्** નો જ લોપ (થાય છે એમ) હું કહીશ. તો પછી **अन्** નું ગ્રહણ કરવું પડશે?નહીં કરવું પડે, [199] (કારણ કે) જે પ્રસ્તુત છે તેની અનુવૃત્તિ થાય છે. ક્યાં પ્રસ્તુત છે ? **अनाप्यकः**। એ (સૂત્ર)માં.પરંતુ તે તો પ્રથમાવ્દારા નિર્દેશેલ છે અને અહીં તો ષષ્ઠી નિર્દેશની જરૂર છે.

---

[195] વા.(૫) **हलि लोपः**।(૭-૨-૧૧૩) ના વ્યાખ્યાન સમી છે. તેમાં **अनाप्यकः**। (૭-૨-૧૧૬) માંથી **आपि अकः** ની, **इदमो मः**। (૭-૨-૧૦૮) માંથી **इदमः** ની અને **इदोऽय् पुंसि**। (૭-૨-૧૧૧) માંથી **इदः** ની અનુવૃત્તિ થાય છે. વા.માં **हलि** ને બદલે તે જ અર્થનું **अनचि** મૂક્યું છે.અહીં સૂચવે છે કે **हलि लोपः**। એ સૂત્ર પણ **नानर्थके०** પરિભાષાનું પ્રયોજન છે.

[196] એટલે કે **हलि लोपः**। એ સૂત્રનું પ્રત્યાખ્યાન કરવામાં આવતું નથી,પરંતુ તેને અન્ય રીતે સમજાવવામાં આવે છે.**तिष्ठति सूत्रम्**। માં **सूत्र** અને **स्था** ધાતુ વચ્ચે લક્ષ્ય-લક્ષણનો સંબંધ નથી, નહીં તો **लक्षणहेत्वोः क्रियायाः**। પ્રમાણે **तिष्ठत् सूत्रम्** એમ **शतृ** નો પ્રયોગ થાત.

[197] અંત્ય (**द्**) નો લોપ થાય તો **इदम् भ्याम्--त्यदादी०** થી અન્ત્યનો **अ--अतो गुणे**।-- ૫૨ ૩૫-- **इद भ्याम्** એ સ્થિતિમાં **अनाप्यकः**। થી પ્રાપ્ત થતા **अन्** નો **हलि लोपः**। થી બાધ થતાં **अलोऽन्त्यस्य**। પ્રમાણે **इद्** ના અંત્ય **द्** નો લોપ થવાનો પ્રસંગ આવે છે, પરંતુ **इद्** અર્થરહિત છે તેથી **अलोऽन्त्य** વિધિ નહીં થાય અને લોપ સર્વાદેશ થતાં એટલે કે સમગ્ર **इद्** નો લોપ થતાં, **अ भ्याम्** એ સ્થિતિમાં **आद्यन्तवदेकस्मिन्**। પ્રમાણે **अ**-કાર અંત્ય પણ છે એમ સમજાશે અને **सुपि च**। પ્રમાણે દીર્ઘ થઈને **आभ्याम्** થશે,પરંતુ **अलोऽन्त्यस्य**। પ્રમાણે અંત્ય **द्** નો લોપ થાય તો સિદ્ધ નહીં થાય. આમ **हलि च**। એ સૂત્ર પણ **नानर्थके०** પરિભાષાનું પ્રયોજન છે તેમ એ પરિભાષાના પુરસ્કર્તાનું કહેવું છે.

[198] એટલે કે **इद्** નો લોપ થાય છે એમ નહીં સમજાય, પરંતુ **क**-કારરહિત (**अकः**) **इदम्** ને સ્થાને **अनाप्यकः**। વ્દારા જે સામાન્યતઃ વિધાન કર્યું છે તેનો જ **हलादि** પ્રત્યય પર થતાં લોપ થશે એમ કહીશું. તેથી દોષ નહીં આવે. એમ દલીલ છે.પરંતુ **इदम्** ના **म्** નો **त्यदादीनां०** પ્રમાણે **अ** થાય છે તેનું **अन्** અને **भ्याम्** વચ્ચે વ્યવધાન હોવાથી **अन्** ની પછી **हलादि** પ્રત્યય છે તેમ ન કહી શકાય અને તેથી લોપ પણ ન થઈ શકે. પરંતુ અહીં 'જ્યારે **इदम्** પછી **आप्** પ્રત્યાહારમાંનો પ્રત્યય હોય ત્યારે ' એમ સમજાય છે તેથી વ્યવધાનનો પ્રશ્ન નથી રહેતો તેથી **इदम् भ्याम्--अन् अ भ्याम्--हलि लोपः**। થી અંત્ય **न्** નો લોપ થતાં **अ अ भ्याम्--अतो गुणे**।--**अ भ्याम्--सुपि च**। થી દીર્ઘ થઈને **आभ्याम्** થશે. અહીં **नानर्थके०** પરિભાષા વિના પણ કાર્ય સિદ્ધ થતું હોવાથી એ પણ પરિભાષાનું પ્રયોજન નથી. અહીં **अ**-કારનું વ્યવધાન અનિવાર્ય છે તેથી **येनाव्यवधानं तेन व्यवहितेऽपि वचनप्रामाण्यात्**। એ પરિભાષા પ્રમાણે તે વ્યવધાન નથી તેમ સમજાશે તેથી દોષ નહીં આવે. (કે.)

[199] અહીં નિ.સા.,ચૌખં.માં ભાષ્યમા **न कर्तव्यम्**। એ વાક્ય નથી આપ્યું. પા.ટી. માં તે પાઠની નોંધ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

हलीत्येषा सप्तम्यन्निति प्रथमायाः षष्ठीं प्रकपयिष्यति तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य इति ॥

अत्र लोपोऽभ्यासस्य ॥६॥

अत्र लोपोऽभ्यासस्य इत्यन्त्यस्य प्राप्नोति। नानर्थकेऽलोऽन्त्यविधिरिति न दोषो भवति॥ एतदपि नास्ति प्रयोजनम्। अत्रग्रहणसामर्थ्यात्सर्वस्य भविष्यति। अस्त्यन्यदत्रग्रहणस्य प्रयोजनम्। किम्। सन्नधिकारोऽपेक्ष्यते। इह मा भूत्। दधौ ददौ। अन्तरेणाप्यत्रग्रहणं सन्नधिकारमपेक्षिष्यामहे॥ संस्तर्हि सकारादिरपेक्ष्यते सनि सकारादाविति।

(આ સૂત્રમાં) हलि એમ જે સપ્તમી છે તે तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य। પ્રમાણે अन् એ પ્રથમાની ષષ્ઠી બનાવશે.[200]

अत्र लोपोऽभ्यासस्य। (એ પ્રયોજન છે) ॥६॥

अत्र लोपोऽभ्यासस्य। એ પ્રમાણે જે (અભ્યાસનો) લોપ થાય છે[201] તે અન્ત્ય (अल्) નો થવાનો પ્રસંગ આવે છે. પરંતુ અર્થરહિતને કાર્ય કરવાનું હોય ત્યારે अलोऽन्त्यस्य। પ્રમાણે કાર્ય નથી થતું તેથી દોષ નથી આવતો . એ પણ પ્રયોજન નથી, (કારણ કે સૂત્રમાં) अत्र (શબ્દ)નું ગ્રહણ કર્યું છે તેથી સમગ્ર (અભ્યાસ)નો (લોપ) થશે. પણ અહીં अत्र નું ગ્રહણ કરવાનું અન્ય પ્રયોજન છે. શું (છે) ? सन् ના અધિકારની અનુવૃત્તિ થાય છે.[202] જેથી दधौ ददौ (જેવા)માં[203] (અભ્યાસ લોપ) ન થાય.अत्र નું ગ્રહણ (ન કરવામાં આવ્યું હોય તો પણ सन् ના અધિકારની અનુવૃત્તિ કરીશું. તો પછી 'स-કારાદિ सन् પર થતાં' એ અર્થમાં स-કારાદિ सन् ની અનુવૃત્તિ કરવામાં આવશે

---

[200] अनाप्यकः। (अन् आपि अकः।) માં अन् એ પ્રથમા છે, જ્યારે हलि लोपः। માં 'अन् નો' એ અર્થમાં अनः એમ ષષ્ઠીની જરૂર છે. પરંતુ સૂત્રમાં हलि એ સપ્તમી છે તેથી तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य। એ પરિભાષા સૂત્ર લાગુ પડશે અને સમજાશે કે हल् પર થતાં પૂર્વે રહેલનો લોપ થશે, એટલે કે अन् નો (अनः) એમ ષષ્ઠીયુક્ત અર્થ સમજાશે. તેથી દોષ નહીં આવે.

[201] નિ.સા.,ચૌખં. અને ચારુ.માં અહીં 'अत्र लोपोऽभ्यासस्य इति' એટલો પાઠ નથી. अत्र लोपोभ्यासस्य। સૂત્ર માં सनि मीमाघुरभशकपतपदामच इस्। માંના सन् અધિકારમાં છે તેથી सन् પર થતાં અભ્યાસ લોપ સિદ્ધ થાય છે છતાં તે સૂત્રમાં अत्र નું ગ્રહણ કર્યું છે તેથી ' જેને અભ્યાસ તરીકે ઓળખવામાં આવે છે તે સમગ્રનો सन् પર થતાં લોપ થાય છે' એમ સૂત્રાર્થ થશે. તેથી अलोऽन्त्य० થી માત્ર અંત્યનો લોપ નહીં થાય.જેમ કે दा सन्--सन्य ङोः। दा दा सन्--सनि मीमा० થી અંત્ય अच् ને इस्--दादिस् स--अत्र लोपोऽभ्यास०--दिस् स અહીં આર્ધધાતુક सन् પ્રત્યય इस् ના स् ની પર છે તેથી सः स्यार्द्धधातुके। થી તેનો त् થતાં दित्स--सनाद्यन्ताः० થી ધાતુ સંજ્ઞા થઇને लट् ત્રી.પુ.એ.વ.માં दित्सति થશે. સૂત્રમાં अत्र નું ગ્રહણ કર્યું હોવાથી સમગ્ર અભ્યાસનો લોપ થયો છે તેથી તે માટે नानर्थके० પરિભાષા જરૂરી નથી

[202] એટલે કે પ્રસ્તુત સૂત્રમાં सन् ની અનુવૃત્તિ કરીશું.

[203] दधौ--धा णल्--धा धा णल्--आत औ णलः।--धा धा औ--ह्रस्वः।--ध धा औ--अभ्यासे चर्च।--दधा औ--वृद्धिरेचि। --दधौ થાયછે. અહીં અભ્યાસનો લોપ નહીં થાય, કારણ કે આ રૂપોમાં सन् ની અનુવૃત્તિ થતી નથી તેથી सन् અધિકાર નથી આમ सनि ની અનુવૃત્તિ થતી હોવાથી अत्र શબ્દ सन् ના અધિકારનું ભાન થાય તે માટે સૂત્રમાં પ્રયોજ્યો છે એમ ન કહેવાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह मा भूत्। जिज्ञापयिषति। अन्तरेणाप्यत्रग्रहणं सनं सकारादिमपेक्षिष्यामहे॥ प्रकृतयस्तर्ह्यपेक्ष्यन्ते। एतासां प्रकृतीनां लोपो यथा स्यात्। इह मा भूत्। पिपक्षति यियक्षति। अन्तरेणाप्यत्रग्रहणमेताः प्रकृतीरपेक्षिष्यामहे॥ विषयस्तर्ह्यपेक्ष्यते। मुचोऽकर्मकस्य गुणो वा इति। इह मा भूत्। मुमुक्षति गामिति। अन्तरेणाप्यत्रग्रहणमेतं विषयमपेक्षिष्यामहे।

જેથી આ जिज्ञापयिषति માં (અભ્યાસ લોપ) ન થાય.[204] अत्र નું ગ્રહણ કર્યા વિના પણ स-કારાદિ सन् નો સંદર્ભ સમજીશું. તો પછી પ્રકૃતિઓની[205] અનુવૃત્તિ કરવામાં આવશે જેથી એ પ્રકૃતિઓનો લોપ થાય (પણ) આ यियक्षति पिपक्षति માં ન થાય. अत्र નું ગ્રહણ કર્યા વિના પણ એ પ્રકૃતિનો સંદર્ભ અમે સમજીશું. તો પછી मुचोऽकर्मकस्य गुणो वा। માં વિષયની અપેક્ષા રહે છે[206](માટે अत्र નું ગ્રહણ કરવું જરૂરી છે), જેથી मुमुक्षति गाम्। (જેવા)માં (ગુણ) નથાય. अत्र નું ગ્રહણ કર્યા વિના પણ વિષયનો સંદર્ભ અમે સમજીશું.

---

[204] जिज्ञापयिषति--ज्ञा णिच् सन्--अर्तिह्री०--ज्ञा पुक् इ सन्--आर्धधातुकस्येड्०--ज्ञाप् णिच् इ सन्--सन्यङोः।--जाज्ञापि इ सन् --ह्रस्वः।--जज्ञापि इ सन्--सन्यतः।--जिज्ञापि इ स--सार्वधातुकार्ध०--जिज्ञापयि स--आदेशप्रत्यययोः।--जिज्ञापयिष-- सनाद्यन्ताः० लट् ત્રી.પુ.એ.વ.जिज्ञापयिषति થાય છે. अत्र लोपो० માં सः स्यार्द्धधातुके। માંથી सि (=स-કારાદિ) ની અનુવૃત્તિ થાય છે તેથી પ્રસ્તુત ઉદાહરણ सन् અધિકાર નીચે આવેલ હોવા છતાં તે अनेकाच् હોવાથી सेट् છે તેથી सन् પૂર્વે आर्धधातुकस्येट्० થી થએલ इ આવેલો છે તેથી, એટલે કે અંગની પર स-કારાદિ सन् ન હોવાથી, અભ્યાસ લોપ થયો નથી. ज्ञा એ चुरादि ધાતુ मित् નથી તેથી मितां ह्रस्वः। થી હ્રસ્વ નથી થયો.

[205] प्रकृतयः અર્થાત્ सनि मीमाघुरभलभशकपतपदामचः इत्॥ आप्ज्ञप्यृधामीत्॥ दम्भ इच्च॥ અને मुचोऽकर्मकस्य गुणो वा॥ (૭-૪-૫૪ થી ૫૭) એ ચાર સૂત્રોમાંના मी, मा, घु વગેરે, आप् વગેરે તથા दम्भ् અને मुच् એ પ્રકૃતિભૂત ધાતુઓનો अत्र સાથે સંબંધ યોજીશું. એમ દલીલ છે. તેથી यियक्षति , पिपक्षति માં અભ્યાસ લોપ નહીં થાય, કારણ કે यज् અને पच् એ પ્રકૃતિનો તેમાં સમાવેશ નથી.यियक्षति--यज् सन्--यज् यज् सन्--य यज् स--सन्यतः।--यियज् स--व्रश्चभ्रस्जसृजमृजयज० થી ज् નો ष्--यियष् स--षढोः कः सि।--यियक् स--आदेशप्रत्यययोः।(૮-૩-૫૯)---यियक्‌ष्--यियक्ष ધાતુ સંજ્ઞા लट् ત્રી.પુ.એ,વ.यियक्षति થશે. એ રીતે पच् सन्--पिपच् स--चोः कुः।--पिपक् स--पिपक्ष--पिपक्ष ति-- पिपक्षति થાય છે. આ બે ઉદાહરણમાં અભ્યાસ લોપ નથી થયો, કારણ કે સૂત્રમાં अत्र નું ગ્રહણ કર્યું છે તેથી પ્રકૃતિનો ખ્યાલ આવે છે તેથી अत्र નું ગ્રહણ આવશ્યક છે એમ અહીં દલીલ છે.પરંતુ તેમ કહેવું યોગ્ય નથી કારણ કે ઉપર જણાવેલ ચતુઃસૂત્રીની અનુવૃત્તિ થવાથી अत्र ગ્રહણ વિના પણ પ્રકૃતિનો ખ્યાલ આવે છે.

[206] અહીં अत्र નું ગ્રહણ કરવાથી અભ્યાસલોપને લગતો વિષય છે તેમ સમજી શકાય છે, એટલે કે અહીં मुच् અકર્મક હોય ત્યારે જ અભ્યાસ લોપ થાય છે અન્યથા નહીં એમ સમજાય છે. જો अत्र નું ગ્રહણ ન કર્યુ હોય તો વિષયનો ખ્યાલ નહીં આવે એમ દલીલ છે." सनि मीमाघुरभलभशकपतपदामच इस् अभ्यासलोपश्च। એમ કહેવાથી કાર્ય સિદ્ધ થાય છે છતાં સૂત્રમાં अत्र નું ગ્રહણ કર્યુ છે તે લોપના વિષયને લગતો નિયમ કરવા માટે છે.જેથી સમજાય કે અહીં (सन् ના અધિકાર (રહેલ ચતુઃસૂત્રીમાં) જ અભ્યાસનો લોપ થાય છે પરંતુ अमीमपत् , अदीदपत् જેવામાં, જ્યાં सन्वल्लघुनि। પ્રમાણે सन्वद्भाव થતો હોય ત્યાં, અભ્યાસ લોપ નહીં થાય." (કા.).मुमुक्षति गाम्। એ ઉદાહરણમાં मुच् ના सन्नन्त રૂપમાં અભ્યાસ લોપ ન થાય તે માટે લોપના વિષયનો ખ્યાલ જરૂરી છે એમ ઉપર કહ્યું, પરંતુ मुचोऽ - कर्मकस्य० માં અકર્મક એમ કહ્યું છે તેથી વિષય સ્પષ્ટ થાય છે તેથી मुच् ધાતુ અકર્મક હોય ત્યારે જ વિકલ્પે અભ્યાસ લોપ થશે. मोक्षते (मुमुक्षते वा) वत्सः स्वयमेव। જેવામાં અભ્યાસલોપ થયો છે, જ્યારે मुमुक्षति गां देवदत्तः। માં मुच् સકર્મક છે, મોક્ષ કરાવનાર અન્ય (देवदत्तः) છે અને गाम् કર્મ છે, પરંતુ પ્રથમ દૃષ્ટાન્તમાં कर्मवत्कर्मणा तुल्यक्रियः। પ્રમાણે કર્મકર્તાના અર્થમાં मुच् અકર્મક છે અથવા તો વિશિષ્ટ કર્મની વિવક્ષા નથી તેથી અકર્મક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कथम्। अकर्मकस्येत्युच्यते। तेन यत्रैवायं मुचिरकर्मकस्तत्रैव भविष्यति॥ तस्मान्नार्थोऽनया परिभाषया नानर्थकेऽलोऽन्त्यविधिरिति ॥

अलोऽन्त्यात्पूर्वोऽलुपधेति वा ॥७॥

अथवा व्यक्तमेव पठितव्यमलोऽन्त्यात्पूर्वोऽलुपधासंज्ञो भवति॥ तत्तर्हि वक्तव्यम्। न वक्तव्यम्।

अवचनाल्लोकविज्ञानात्सिद्धम्॥८॥
अन्तरेणापि वचनं लोकविज्ञानात्सिद्धम्। तद्यथा। लोकेऽमीषां ब्राह्मणानामन्त्यात्पूर्व आनीयतामित्युक्ते यथाजातीयकोऽन्त्यस्तथा जातीयको -ऽन्त्यात्पूर्व आनीयते॥

तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य॥१।१।६६॥ तस्मादित्युत्तरस्य॥१।१।६७॥

किमुदाहरणम्। इह तावत्तस्मिन्निति निर्दिष्टे पूर्वस्येति। इको यणचि दध्यत्र मध्वत्र। इह तस्मादित्युत्तरस्येति द्व्यन्तरुपसर्गेभ्योऽप ईत् द्वीपम् अन्तरीपम् समीपम् ॥

કેવી રીતે ? (સૂત્રમાં) अकर्मकस्य (અર્થાત્ અકર્મક मुच् ધાતુનો) એમ કહ્યું છે તેથી જ્યાં જ્યાં આ मुच् ધાતુ અકર્મક હોય ત્યાં જ (ગુણ) થશે તેથી આ नानर्थकेऽलोऽन्त्यविधिः। એ પરિભાષાનો કોઇ અર્થ નથી. [207]
અથવા અન્ત્ય अल् ની પૂર્વેના अल् ની ઉપધા સંજ્ઞા થાય છે (એમ પાઠ કરીશું) ॥૭॥ [208]

અથવા અન્ત્યअल् ની પૂર્વેના अल् ની ઉપધા સંજ્ઞા થાય છે એમ સ્પષ્ટ પાઠ કરવો જોઇએ. તો પછી એ કહેવું પડશે ? નહીં કહેવું પડે,

(કારણ કે) કહ્યું ન હોય તો પણ સંસારના અનુભવ ઉપરથી સિદ્ધ થશે॥૮॥

કહ્યા વિના પણ સંસારના વ્યવહાર ઉપરથી એ સિદ્ધ થાય છે. તે એ રીતે કે આ બ્રાહ્મણોમાંથી અન્ત્યના પહેલાને લઇ આવો એમ કહેવામાં આવતાં જે જાતિનો અન્ત્ય હોય તે જ જાતિના અન્ત્યના પૂર્વે રહેલને લઇ આવવામાં આવે છે.

સપ્તમીદ્વારા નિર્દેશ કરીને કહેવામાં આવેલું કાર્ય તે સપ્તમ્યન્તની અવ્યવહિત રીતે પૂર્વે હોય તેને કરવામાં આવે છે ॥૧।૧।૬૬॥
પંચમીદ્વારા નિર્દેશ કરીને કહેવામાં આવેલું કાર્ય તે પંચમ્યન્તની અવ્યવહિત રીતે પર હોય તેને કરવામાં આવે છે ॥૧।૧।૬૭॥
(એ સૂત્રોનું) ઉદાહરણ શું છે ? [209] तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य। નું તો इको यणचि। છે, જેથી दध्यत्र मध्वत्र (સિદ્ધ થાય છે) આ तस्मादित्युत्तरस्य। નું द्व्यन्तरुपसर्गेभ्योऽप ईत्। (છે જેથી) द्वीपम् अन्तरीपम् समीपम् (સિદ્ધ થાય છે).

---

[207] ટૂંકમાં अत्र ગ્રહણનાં જે અન્ય પ્રયોજનો કહ્યાં તે સર્વનું પ્રત્યાખ્યાન કરવામાં આવ્યું છે અને સૂત્રમાં તેનું ગ્રહણ કર્યું છે તેથી જ સમગ્ર અભ્યાસનો લોપ થશે એમ સમજાય છે. પરિણામે अत्र लोपो० એ સૂત્ર પણ नानर्थके० પરિભાષાનું પ્રયોજન નથી. આમ એ પરિભાષાના સમર્થનમાં જેટલાં પ્રયોજન એક પછી એક રજુ કર્યાં તેનું પ્રત્યાખ્યાન થવાથી એ પરિભાષાનું જ પ્રત્યાખ્યાન થાય છે, કારણ કે તેનું કોઇ પ્રયોજન નથી.

[208] આગળ (વા.૧ ને અંતે) अन्त्यविज्ञानात्सिद्धम्। એમ કહ્યું છે તેનું પ્રત્યાખ્યાન નથી કર્યું તેથી જ પ્રસ્તુત વા (૭) માં वा એમ કહ્યું છે, એટલે કે તેના વિકલ્પ રૂપે આ વાર્તિક મૂકી છે.

[209] गौः इति अयम् आह જેવાં સ્થળે इति શબ્દ છે તે गो (=ग् ओ) એ શબ્દસ્વરૂપ બતાવે છે તેમ અહીં तस्मिन्निति માં પણ इति શબ્દ तस्मिन् (=त् अ स् म् इ न्) એ શબ્દ સ્વરૂપ જ બતાવે છે કે તેનો અર્થ બતાવે છે તે જાણવા માટે પ્રશ્ન કર્યો છે. જો શબ્દસ્વરૂપ જ દર્શાવતો હોય તો तस्मिन्नणि च युष्माकास्माकौ। અને तस्माच्छसो नः पुंसि। જેવાં સૂત્રો કે જ્યાં तस्मिन् અને तस्मात् એ શબ્દ સ્વરૂપોનું સાક્ષાત્ ગ્રહણ કરવામાં આવ્યું છે ત્યાં જ આ પરિભાષા લાગુ પડશે. ટૂંકમાં અહીં स्वं रूपं शब्दस्य। પ્રમાણે तस्मिन् અને तस्मात् એ શબ્દસ્વરૂપોનું સાક્ષાત્ ગ્રહણ કરવાનું નથી,પરંતુ તેમના સપ્તમી અને પંચમી એ અર્થનું ગ્રહણ કરવાનું છે તેથી तस्मिन् એટલે સૂત્રમાં જેનો સપ્તમી વિભક્તિ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો હોય તે અને तस्मात् એટલે સૂત્રમાં જેનો પંચમી વિભક્તિ દ્વારા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अन्यथाजातीयकेन शद्बेन निर्देशः क्रियतेऽन्यथाजातीयक उदाह्रियते। किं तर्ह्युदाहरण्। इह तावत्तस्मिन्निति सर्वनाम्नायं निर्देशः क्रियते सर्वनाम च सामान्यवाचि। तत्र सामान्ये निर्दिष्टे विशेषा अप्युदाहरणानि भवन्ति॥ किं पुनः सामान्यं को वा विशेषः। गौः सामान्यं कृष्णो विशेषः। न तर्हीदानी कृष्णः सामान्यं भवति**

એક પ્રકારના શબ્દ દ્વારા નિર્દેશ કરવામાં આવે છે અને બીજી જ જાતનું ઉદાહરણ આપવામાં આવે છે [210] તો પછી કયું ઉદાહરણ (છે) ?[211] આ **तस्मिन्निति‌निर्दिष्टे पूर्वस्य।** નું તો **तस्मिन्नणि च युष्माकास्माकौ।** (એ છે). **तस्मादित्युत्तरस्य।** નું **तस्माच्छसो नः पुंसि।** (એ છે) આ **इको यणचि।** અને **द्व्यन्तरुपसर्गेभ्योऽप ईत्।** એ પણ ઉદાહરણો જ છે.[212] કેવીરીતે ? [213] આ નિર્દેશ સર્વનામ વડે કરવામાં આવ્યો છે અને સર્વનામ એ તો સામાન્યનું વાચક હોય છે. તેમ હોવાથી સામાન્યનો નિર્દેશ હોય ત્યારે વિશેષો પણ ઉદાહરણરૂપ હોય છે.[214] તો પછી સામાન્ય શું છે અને વિશેષ વળી શું છે ? **गौः** (બળદ) સામાન્ય છે અને **कृष्णः** (કાળો) એ વિશેષ છે. [215]તો હવે **कृष्णः** એ સામાન્ય થાય અને

---

નિર્દેશ કર્યો હોય તે.પરિણામે **तस्मिन्निति‌निर्दिष्टे पूर्वस्य।** એ સૂત્રનો અર્થઃ જેનો સપ્તમી દ્વારા નિર્દેશ કર્યો હોય તેની પૂર્વેનાને (**पूर्वस्य**) (કાર્ય થાય છે) એમ થશે અને **तस्मादित्युत्तरस्य।** એ સૂત્રનો અર્થઃ જેનો પંચમી દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો હોય તેની પછીનાને (**उत्तरस्य** )(કાર્ય થાય છે) એમ થશે..**इको यणचि।** માં **अचि** એ સપ્તમી નિર્દિષ્ટ છે તેથી તેની પૂર્વે રહેલને કાર્ય થઇને **दधि अत्र** માં **इ** નો **यण्** થઇને **दध्यत्र** થાય છે. **द्व्यन्तरुपसर्गेभ्योऽप ईत्।** માં **द्वि** , **अन्तर्** અને **उपसर्ग** એ ત્રણનો દ્વન્દ્વ છે તે પંચમ્યન્ત છે તેથી તેમની પછી આવતા (**उत्तरस्य**) **अप्** ના **अ**-કારનો (**आदेः परस्य।** પ્રમાણે) **ई** થાય છે. તેથી **द्वि अप्** । **अन्तर् अप्** । **सम् अप्** નું **द्वि ईप। अन्तर् ईप । सम् ईप ।-- द्वीप। अन्तरीप । समीप** સિદ્ધ થશે.

[210]પ્રસ્તુત સૂત્રોમાં **तस्मिन्** અને **तस्मात्** એ સર્વનામોનું ગ્રહણ કર્યુ છે.જ્યારે ઉદાહરણોમાં અન્ય સપ્તમ્યન્ત અને પંચમ્યન્તનો નિર્દેશ છે. આમ એક પ્રકારે નિર્દેશ કરીને તેથી ભિન્ન પ્રકસરનાં ઉદાહરણ આપ્યાં છે એમ અહીં દલીલ છે. લોકવ્યવહારમાં શબ્દ પછી **इति** નો પ્રયોગ કરવામાં આવે તો અર્થને બદલે શબ્દ પ્રધાન થાય છે, એટલે કે **इति** ને કારણે શબ્દ પોતાનો અર્થ ન બતાવતાં પોતાના સ્વરૂપને બતાવે છે. તેથી **तस्मिन्निति॰** શબ્દના સ્વરૂપનો જ નિર્દેશ કરશે છતાં ઉદાહરણોમાં તે શબ્દસ્વરૂપો જોવામાં નથી આવતાં તેથી સૂત્રમાંનો નિર્દેશ અને તેનાં ઉદાહરણ વચ્ચે સંગતતા નથી એમ અહીં કહેવા માગે છે.

[211] સિદ્ધાન્તી કહેવા માગે છે કે આ ઉદાહરણો ન હોય તો તું ઉદાહરણ આપ. તેથી જેમાં **तस्मिन्** અને **तस्मात्** એ શબ્દ સ્વરૂપોનું સાક્ષાત્ ગ્રહણ કર્યુ હોય તેવાં સૂત્રો શંકાકાર ઉદાહરણ તરીકે આપે છે.

[212] સિદ્ધાન્તી કહે છે કે તેણે આપેલાં **इको यणचि।** વગેરે પણ ઉદાહરણ જ છે, કારણ કે **स्वं रूपं शद्बस्य।** પ્રમાણે સ્વરૂપનું ગ્રહણ થવું જોઇએ તેમાં અહીં **इति** મૂકીને **नवेति विभाषा।** ની જેમ અર્થનો નિર્દેશ કર્યો છે અને તે અર્થ ગમે તે કોઇ શબ્દ દ્વારા વ્યક્ત કરવાનો હોય તેથી સૂત્રકારે સામાન્યવાચી **तद्** સર્વનામનું ગ્રહણ કર્યૂ છે.

[213] **तस्मिन्** અને **तस्मात्** એ શબ્દો અનુકરણ રૂપ નથી તેથી સ્વરૂપનો નિર્દેશ નહીં કરે, તે બે શબ્દો તો સર્વનામ દ્વારા નિર્દેશ કરવા સૂત્રકારે પ્રયોજ્યા છે. અહીં **तद्** એ સર્વનામના સપ્તમ્યન્ત અને પંચમ્યન્ત દ્વારા નિર્દેશ છે તેથી તે સામાન્યનો અર્થ દર્શાવશે અને જ્યારે સામાન્યનો નિર્દેશ હોય ત્યારે તેનાં ઉદાહરણ રૂપે વિશેષ પણ હોઇ શકે. તેથી જ્યાં જ્યાં સપ્તમી કે પંચમીના અર્થદ્વારા નિર્દેશ હોય ત્યાં ત્યાં તે પરિભાષાઓ ઉપસ્થિત થશે. શાસ્ત્રમાં વિશેષને બાજુએ રાખીનેસામાન્યનું હોવું સંભવિત નથી તેથી વિશેષરહિત સામાન્યનું ઉદાહરણ ન આપી શકાય અને બધાં વિશેષમાં સામાન્ય તો રહેલું જ હોય છે તેથી અહીં બધાં વિશેષોને જ ઉદાહરણ રૂપે આપ્યાં છે. પરિણામે જ્યાં જ્યાં સપ્તમી કે પંચમીનો અર્થ સમજાય ત્યાં ત્યાં આ સૂત્રો ઉપસ્થિત થશે. તેથી **इको यणचि।** અને **द्व्यन्त -रुपसर्गेभ्योऽप ईत्।** એ ઉદાહરણો જ છે.

[214] **विशेषा अपि** એમ કહ્યું છે તેમાં સમુચ્ચયાર્થે **अपि** શબ્દ નથી, પરંતુ સંભવના અર્થમાં છે, તેથી વિશેષ પણ ઉદાહરણ હોય તે સંભવિત છે એમ અર્થ થશે.

[215] જે વિશેષ્ય હોઇને પ્રધાન હોય તે **सामान्य** અને જે વિશેષણ હોવાથી અન્યને ઉપકારક હોય તે રીતે નિર્દેશવામાં આવે તે **विशेष**. અહીં **गौः** એ વિશેષ્ય છે ,વક્તાને પ્રધાન, મુખ્ય તરીકે વિવક્ષિત છે તેથી તે **सामान्य** , પણ તેને વિશે **कृष्णः** એમ કહેવામાં આવે તો તે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**गौर्विशेषो भवति। भवति च। यदि तर्हि सामान्यमपि विशेषो विशेषोऽपि सामान्यं सामान्यविशेषौ न प्रकल्पेते। प्रकल्पेते च। कथम्। विवक्षातः। यदास्य गौः सामान्येन विवक्षितो भवति तदा गौः समान्यं कृष्णो विशेषः। यदा कृष्णः सामान्येन विवक्षितो भवति गौर्विशेषत्वेन विवक्षितस्तदा कृष्णः सामान्यं गौर्विशेषः॥ अपर आह। प्रकल्पेते च। कथम्। पिता पुत्रवत्। तद्यथा। स एव कंचित्प्रति पिता भवति कंचित्प्रति पुत्रो भवति। एवमिहापि स एव कंचित्प्रति समान्यं कंचित्प्रति विशेषः॥ एते खल्वपि नैर्देशिकानां वार्त्ततरका भवन्ति ये सर्वनाम्ना निर्देशाः क्रियन्ते। एतैर्हि बहुतरकं व्याप्यते॥**

**गौः** એ વિશેષ ન થાય ? થાય છે ને. જો સામાન્ય પણ વિશેષ અને વિશેષ પણ સામાન્ય (એમ) હોય તો આ સામાન્ય અને આ વિશેષ એમ ન થઇ શકે ? [216] પણ એ બેનો ભેદ થઇ શકે છે. કેવી રીતે ? વિવક્ષા પ્રમાણે. જ્યારે એ (વક્તા) **गो** ને સામાન્ય તરીકે કહેવા માગતો હોય અને **कृष्ण** ને વિશેષ તરીકે ત્યારે **गो** સામાન્ય (થશે). જ્યારે એ (વક્તા) **कृष्ण** ને સામાન્ય તરીકે કહેવા માગતો હોય અને **गो** ને વિશેષ તરીકે ત્યારે **कृष्ण** સામાન્ય (થશે અને) **गो** વિશેષ (થશે ).

બીજો કહે છે કે (સામાન્ય અને વિશેષ વ્યવહાર) જરૂર બની શકે છે. કેવી રીતે ? પિતા પુત્રની જેમ.[217] તે એ રીતે કે એક જ (વ્યક્તિ) કોઇનો પિતા હોય છે, (જ્યારે) કોઇ (અન્ય)નો પુત્ર હોય છે. એ પ્રમાણે અહીં પણ એ જ (વસ્તુ) કોઇને વિશે સામાન્ય અને કોઇ (અન્ય) ને વિશે વિશેષ થાય છે. નિર્દેશ કરવા માટે પ્રયોજવામાં આવતા શબ્દોમાં એ (સર્વનામો નિર્દેશ કરવા માટે) સૌથી યોગ્ય છે, કારણ કે એમના વડે ઘણું બધું આવરી લેવાય છે.[218]

---

**गौः** ને ઉપકારક છે, તેને વિશિષ્ટ કરે છે તેથી તે વિશેષણ હોવાથી **विशेष** છે. એ રીતે પ્રસ્તુત સૂત્રમાં **तस्मिन्** એમ કહ્યું છે તેથી સામાન્ય રૂપ સપ્તમીના અર્થનો જ નિર્દેશ થાય છે, જ્યારે સૂત્રોમાં કરેલ **अचि** , **हलि** વગેરે સપ્તમ્યન્તો વિશેષ છે. એ સર્વને **तस्मिन्** આવરી લે છે. તેથી જ **तस्यापत्यम्। तत्र भवः।** જેવાં સૂત્રોની જેમ અહીં પણ સ્વતંત્ર સર્વનામ **तस्मिन्** નું ગ્રહણ કર્યું છે.

[216] શંકાકારનું કહેવું છે કે **गौः** એ સામાન્ય પણ હોય અને વિશેષ પણ હોય , **कृष्णः** એ વિશેષ પણ હોય અને સામાન્ય પણ હોય એમ જો સિદ્ધાન્તીનું કહેવું હોય તો પછી આ સામાન્ય અને આ વિશેષ એવો ભેદ કેવી રીતે શક્ય બને? અને પરિણામે સામાન્ય અને વિશેષ એ પ્રકારનું નામાભિધાન પણ થઇ નહીં શકે. સિદ્ધાન્તી કહેશે કે એમ છતાં એ શક્ય છે, કારણ કે કહેનાર વ્યક્તિના મનમાં શું છે તે ઉપર આ બાબતનો આધાર છે. જો **गो** ને બુદ્ધિસ્થ રાખીને, તેને પ્રાધાન્ય આપીને, કહેવા માગતો હોય તો **गो** સામાન્ય થશે અને **कृष्णः** ને ગૌણ ગણીને **गो** ના ઉપકારક તરીકે, તેના વિશેષણ તરીકે ગણીને કહેવા માગતો હોય તો તે વિશેષ થશે, પરંતુ વિપરીત સ્થિતિમાં એટલે કે વક્તા **कृष्ण** ને પ્રધાન ગણીને **गो** ને વિશેષણ તરીકે કહેવા માગે તો **कृष्ण** સામાન્ય અને **गो** વિશેષણ થશે. જેમ કે 'બળદને લાવ' એમ કહેવામાં આવે ત્યારે સ્પષ્ટતા ખાતર 'કાળા બળદને લાવ' એમ કહે તો **गो** સામાન્ય અને **कृष्ण** વિશેષ થશે.પરંતુ 'કાળિયા -ને લાવ' એમ કહેવામાં આવે અને કહેનાર પાસે કાળો બળદ, કાળો ઘોડો અને કાળો કૂતરો હોય તો ત્યારે સ્પષ્ટતા ખાતર એ કહે 'બળદને લાવ' તો અહીં **कृष्ण** સામાન્ય થશે અને **गो** વિશેષ. આમ વક્તાની ઇચ્છા, તે શેના ઉપર ભાર મૂકે છે, કોને પ્રાધન્ય આપે છે તેના ઉપર, તેની વિવક્ષા ઉપર, સામાન્ય-વિશેષ વ્યવહારનો આધાર છે તેથી સામાન્ય વિશેષ એમ શબ્દ વ્યવહાર જરૂર થઇ શકશે.

[217] સામાન્ય-વિશેષ ભાવ વારાફરતી થઇ શકે તે સિદ્ધ કર્યું. હવે પિતાપુત્રનું દૃષ્ટાન્ત આપીને અન્ય રીતે સિદ્ધ કરે છે.જેમ કે **पराशरात्मजं वन्दे शुकतातं तपोनिधिम्।** અહીં વ્યાસને વંદન કરે છે તેમાં વ્યાસ એ એક જ વ્યક્તિ પરાશરની દૃષ્ટિએ વિચારતાં તે પુત્ર છે અને શુકની દૃષ્ટિએ વિચારતાં એ પિતા છે. આમ એક જ વ્યક્તિ અમુક સંજોગોમાં પિતા હોય અને તેથી ભિન્ન સંજોગોમાં પુત્ર હોય તેમ એક જ વસ્તુ સામાન્ય પણ હોઇ શકે અને વિશેષ પણ હોઇ શકે. જેમ કે **राजपुरुषाश्वः** (રાજાના પુરુષનો ઘોડો) માં રાજાની અપેક્ષાએ પુરુષ વિશેષ્ય છે પરંતુ ઘોડાની અપેક્ષાએ પુરુષ વિશેષણ છે. આમ સામાન્ય-વિશેષ્ય વ્યવહાર અવશ્ય થઇ શકે. અહીં પણ **स्वज्** વગેરેની દૃષ્ટિએ જે સૂત્ર સામાન્ય છે તે **तस्मिन्नणि०** એ સૂત્ર **तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य।** ની અપેક્ષાએ વિશેષ છે.

[218] સૂત્રમાં **तस्मिन्** નું ગ્રહણ ન કરતાં **सप्तमीनिर्दिष्टे पूर्वस्य।** એમ કહ્યું હોય તો ? એ પ્રશ્નને લક્ષમાં રાખીને ભાષ્યકાર કહે છે કે જે શબ્દો વ્દારા નિર્દેશ કરવામાં આવે છે તેમાં સર્વનામ સર્વથી યોગ્ય છે કારણ કે સર્વનામ સામાન્યવાચી હોવાથી (સરખવો : **सर्वेषां नामानीति चातः सर्वनामानि इति। म०भा०**) ઘણા બધાને આવરી લે છે. પરંતુ **सप्तमीनिर्दिष्टे** એમ કહ્યું હોય તો 'સપ્તમી શબ્દ વડે જેનો નિર્દેશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथ किमर्थमुपसर्गेण निर्देशः क्रियते। शद्बे सप्तम्या निर्दिष्टे पूर्वस्य कार्यं यथा स्यादर्थे मा भूत्। जनपदे अतिशायने इति॥ किं गतमेत-दुपसर्गेणाहोस्विच्छद्वाधिक्यादर्थाधिक्यम्। गतमित्याह। कथम्। निरयं बहिर्भावे वर्तते।

હવે ઉપસર્ગદ્વારા શા માટે નિર્દેશ કર્યો છે ?[219] શબ્દનો સપ્તમીદ્વારા નિર્દેશ કરવામાં આવ્યો હોય ત્યાં (તેની) પૂર્વે રહેલને કાર્ય થાય [220]પણ જનપદે अतिशायने (જેવા સપ્તમી નિર્દેશો) માં અર્થને (કાર્ય) ન થાય, તે માટે (સૂત્રમાં ઉપસર્ગસહિતના दिश् નો પ્રયોગ કર્યો છે). એ શું ઉપસર્ગને કારણે સમજાય છે [221] કે પછી શબ્દો વધારે હોય તો અર્થ (પણ) વધારે (નીકળે એમ છે) ? તો કહે છે કે (ઉપસર્ગને કારણે) સમજાય છે. કેવી રીતે ? આ निर् એ બહિર્ભાવ (બહાર હોવું તે) ના અર્થમાં છે.

---

કર્યો હોય તે' એમ સમજાશે. તેથી सप्तम्यां जनेर्डः। વગેરેને જ આ સૂત્ર લાગુ પડશે.'જ્યાં સપ્તમ્યન્ત દ્વારા નિર્દેશ હોય' એમ અર્થ કરવામાં આવે તો नेड्वशि कृति। વગેરેમાં वशि અને कृति એ સપ્તમ્યન્તો वशः कृतः એમ ષષ્ઠીના (અર્થાત્ वश् પ્રત્યાહારમાંના વર્ણથી શરૂ થતા कृत् પ્રત્યયને इडागम નથી થતો) અર્થમાં છે તેથી દોષ આવશે.જો सप्तमीति निर्दिष्टे० એમ સૂત્ર કર્યું હોય તો એટલે કે इति કરણ દ્વારા સપ્તમીપદના અર્થ માટે ङि વગેરેનો નિર્દેશ છે એમ અર્થ કરવામાં આવે તો પણ દોષ આવશે. ટૂંકમાં तस्मिन् એ સર્વનામનું ગ્રહણ ન કર્યું હોય તો અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ વગેરે દોષ આવશે પરંતુ તેનું ગ્રહણ કરવાથી તે સર્વ વિષયને આવરી લેશે તેથી દોષ નહીં આવે. તેથી જ ભાષ્યકાર કહે છે કે બોધ કરાવવા માટે સર્વનામ દ્વારા કરેલ નિર્દેશ અન્ય શબ્દોની અપેક્ષાએ વધુ યોગ્ય (वार्त्ततरकाः) છે.

[219] કે અને ના. કહે છે," तस्मिन्निति पूर्वस्य। એમ સૂત્ર કેમ ન કર્યું એ સૂચવવા માટે આ પ્રશ્ન કર્યો છે, કેવળ दिश् ધાતુનો પ્રયોગ કેમ ન કર્યો ? એમ પ્રશ્ન નથી, કારણ કે दिश् ધાતુ દાનાર્થક છે. તેનો પ્રસ્તુત સ્થળે ઉપયોગ નથી તેથી જ ભાષ્યકારે किमर्थमुपसर्गनिर्देशो न दिष्ट इत्येवोच्येत। એમ નથી કહ્યું." પરંતુ પ્રશ્નકર્તા કહેવા માગે છે કે સૂત્રમાં ઉપસર્ગ યુક્ત दिश् ધાતુનું ગ્રહણ કેમ કર્યું છે ? અર્થાત્ निर्दिष्टे એમ ન કહેતાં दिष्टे એમ જ કહ્યું હોત તો? दिश् ધાતુ 'ઉચ્ચારવું' એ અર્થનો છે.મહાભાષ્યકારે उपदेश શબ્દ સ્પષ્ટ કરતાં 'दिशिर -यमुच्चारणक्रियः।(આ.૧)' એમ કહ્યું છે. આમ तस्मिन्निति दिष्टे पूर्वस्य। એ પ્રમાણે સૂત્ર કેમ ન કર્યું એમ ભાવ છે. ભાષ્યકાર એ પ્રમાણે કહેવા માગે છે તેમાં કોઇ શંકા નથી, કારણ કે આગળ તેમણે निर् ઉપસર્ગની ચર્ચા કરી છે તે પૂર્વે પ્રશ્ન કર્યો છે કે ઉપસર્ગને કારણે ઇષ્ટ અર્થનો બોધ થાય છે કે વધુ શબ્દો તેમ વધુ અર્થ નીકળે એમ માનો છો ? (किं गतमेतदुपसर्गेण आहोस्विच्छद्वाधिक्यादर्था -धिक्यम्।) અને પછી निरयं बहिर्भावे वर्तते। એમ કહ્યું છે .તે સર્વ ચર્ચા ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ભાષ્યકાર दिष्ट એમ કેમ ન કહ્યું એમ કહેવા માગે છે.

[220] 'निर्दिष्ट શબ્દનું સૂત્રમાં ગ્રહણ ન કરતાં तस्मिन्निति पूर्वस्य। એટલું જ કહેવાથી तस्मिन्निति पूर्वस्य किम् ? એમ આકાંક્ષા થવાથી उच्चारिते એમ અધ્યાહાર થઇ શકશે. આમ निर्दिष्ट નો અર્થ સમજાય છે, છતાં સૂત્રમાં તેનું ગ્રહણ કરવાથી બહિર્ભાવનો અર્થ સમજાય છે. તેથી 'સપ્તમીના અર્થ યુક્ત પદની બહાર રહેલ, અવ્યવહિત રીતેપૂર્વે રહેલને કાર્ય થાય છે' એમ સૂત્રાર્થ સમજાશે. તેથી जनपदे लुक्। अतिशायने तमबिष्ठनौ। એ સૂત્રોમાં जनपदे અને अतिशायने એ સપ્તમ્યન્ત શબ્દો છે તેથી जनपद અને अतिशायन એ અર્થની પૂર્વેને लुप् અને तमप्, इष्ठन् થવા રૂપી અશક્ય કાર્ય થવાનો પ્રસંગ આવે પરંતુ સૂત્રમાં निर्दिष्ट નું ગ્રહણ કર્યું હોવાથી जनपद અને अतिशायन થી બહિર્ભૂત અને અવ્યવહિત પૂર્વે રહેલને તે તે કાર્ય થશે. આમ जनपद એટલે જનપદવાચી શબ્દ એમ સમજાશે.તેની પર રહેલ ચાતુરર્થિક પ્રત્યયનો लुक् થશે અને अतिशायने એટલે અતિશયવાચી શબ્દ, પ્રકર્ષનો અર્થ ધરાવતા શબ્દને तमप् અને इष्ठन् પ્રત્યયો થાય છે. એમ સમજાશે.

[221] निर् ઉપસર્ગનું ગ્રહણ કરવાથી ઉપર કહ્યો તે બહિર્ભાવનો અર્થ સમજાય છે કે પછી વધારે શબ્દોનો પ્રયોગ હોય તો વધારે અર્થ સમજાય એમ તમારૂં કહેવું છે ? ઉત્તરમાં કહે છે કે ઉપસર્ગથી જ અર્થ સમજાય છે. આથી સમજાય છે કે સૂત્રમાં दिष्टे એ ઉપસર્ગરહિત કૃદન્તનો પ્રયોગ હોય તો બહિર્ભાવનો અર્થ ન સમજાય, પરંતુ ઉપસર્ગ હોય તો निर् એ બહિર્ભાવવાચક હોવાથી તે અર્થ સમજાશે અને ઉપશ્લિષ્ટ, અવ્યવહિત રીતે લાગલા રહેલ પૂર્વને કાર્ય થશે એમ સમજાશે.વળી બહાર રહેલ એમ શબ્દના સંદર્ભમાં વાત થતી હોય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तद्यथा। निष्कान्तो देशान्निर्देशः। बहिर्देश इति गम्यते। शब्दश्च शब्दाद्बहिर्भूतोऽर्थोऽबहिर्भूतः॥ अथ निर्दिष्टग्रहणं किमर्थम्।

निर्दिष्टग्रहणमानन्तर्यार्थम्॥१॥

निर्दिष्टग्रहणं क्रियत आनन्तर्यार्थम्। आनन्तर्यमात्रे कार्यं यथा स्यात्। इको यणचि। दध्यत्र मध्वत्र। इह माभूत्। समिधौ समिधः दृषदौ दृषदः॥ किमर्थं पुनरिदमुच्यते।

तस्मिंस्तस्मादिति पूर्वोत्तरयोर्योगयोरविशेषान्नियमार्थं वचनं दध्युदकं पचत्योदनम्॥२॥

તે આ રીતે કે **निष्कान्तो देशात्** (દેશમાંથી, સ્થળમાંથી બહાર નિકળેલ તે) **निर्देशः** એટલે બહારનો ભાગ એમ સમજાય છે અને શબ્દથી બહાર રહેલ તો શબ્દ જ (હોય, જ્યારે) અર્થ બહિર્ભૂત નથી. હવે (સૂત્રમાં) **निर्देश** (શબ્દ)નું ગ્રહણ શા માટે (કર્યું છે)? [222]

**निर्दिष्ट** નું ગ્રહણ આનન્તર્યાર્થે છે॥૧॥

(આ સૂત્રમાં) **निर्दिष्ट** ( શબ્દ) આનન્તર્યના અર્થમાં છે જેથી અવ્યવહિત હોય તેને જ કાર્ય થાય [223] (જેમ કે) **इको यणचि।** પ્રમાણે **दध्यत्र मध्वत्र** (માં કાર્ય થાય. પરંતુ) **समिधौ समिधः दृषदौ दृषद्**, માં ન થાય. તો પછી આ (સૂત્ર) શા માટે કરવામાં આવ્યું છે ? [224] પૂર્વે રહેલ અને પર રહેલ એ બેનો સામાન્ય રીતે સંબંધ સમજાય છે, તેથી નિયમ માટે **तस्मिन्** (**इति निर्दिष्टे पूर्वस्य।**) અને **तस्मात्** (**इत्युत्तरस्य।**) એમ કહ્યું છે॥૨॥

---

ત્યારે પૂર્વ રૂપે કે પર રૂપે બહિર્ભૂત પણ શબ્દ જ હોય પરંતુ અર્થ તો શબ્દમાં જ રહેલ છે, અંતર્ભૂત છે, બહિર્ભૂત નથી તેથી તેમાં પૌર્વાપર્યને અવકાશ જ નથી.

[222] **निर्दिष्टे** એમ ઉપસર્ગયુક્તનું ગ્રહણ શા માટે કર્યું છે ? તે પ્રશ્નના ઉત્તરમાં જ આનો જવાબ આવી જાય છે તો પછી આ પ્રમાણે પ્રશ્ન કરવો ઉચિત નથી એ દલીલને લક્ષમાં રાખીને કૈ. કહે છે કે જ્યારે અર્થ આપ્યો હોય ત્યારે પૌર્વાપર્યનો સંભવ જ નથી તેથી **जनपदे लुक्।** એ સૂત્રનો જનપદને લગતા પ્રત્યયનો **लुक्** થાય છે અને **अतिशायने०** માં અતિશય, પ્રકર્ષ , ઉત્કૃષ્ટતા ના અર્થમાં પ્રાતિપદિકને **तमप्** વગેરે પ્રત્યય થાય છે જેવા અર્થનો નિર્દેશ કરનારાં સ્થળે આ પરિભાષા ઉપસ્થિત નહીં થાય, કારણ કે **जनपदे** વગેરેમાં જનપદના અર્થમાં જે પ્રત્યય છે એમ સમજાતાં ત્યાં નિયમ લાગુ પડવાનો કોઇ પ્રસંગ જ નથી.

[223] અવ્યવહિતને જ કાર્ય થાય, વ્યવધાનયુક્તને ન થાય, તે માટે સૂત્રમાં**निर्दिष्ट** મૂકવાની જરૂર છે જેથી **इको यणचि।** પ્રમાણે **दध्यत्र , मध्वत्र** જ્યાં **अच्** ની અવ્યવહિત રીતે પૂર્વે **इक्** છે ત્યાં **यण्** કાર્ય થશે. પરંતુ **समिधौ समिधः दृषदौ दृषदः** જ્યાં **इक्** (=**इ / ऋ** ) અને **अच्** (=**औ / अ**) અવ્યવહિત રીતે આવેલ નથી , વચ્ચે **ध्** અને **ष्** નું વ્યવધાન છે તેથી **यण्** કાર્ય નહીં થાય.પહેલાં **शब्दे सप्तम्या निर्दिष्टे ०** દ્વારા જે પ્રયોજન બતાવ્યું તે બરોબર ન હોવાથી આ વા. (૧) માં પ્રયોજન બતાવ્યું છે. **निस्** શબ્દ નૈર્યન્તર્ય, અંતરનો અભાવ હોવો તે, વ્યવધાન શૂન્યતાના અર્થમાં છે અને **दिश्** ઉચ્ચારણના અર્થમાં છે. તેથી ' અવ્યવહિત રીતે ઉચ્ચારેલને કાર્ય થાય છે' એમ અર્થ થશે. **समिधौ समिधः** એ આનન્તર્યના અભાવનાં ઉદાહરણ છે અને ત્યાં **यण्** કાર્ય ન થાય તે માટે સૂત્રમાં **निर्दिष्ट** નું ગ્રહણ કર્યુ છે એમ કહ્યું, પરંતુ ' **इको यणचि।** (૬-૧-૭૭) એ **संहितायाम्।** (૬-૧-૭૨) એ અધિકાર નીચેનું સૂત્ર છે (જુઓ : **इकः स्थाने यण् स्यात् संहितायां विषये।** સિ.કૌ.) અને સંહિતા એટલે નિમિત્ત **अच्** અને સ્થાની **इक्** વચ્ચે વ્યવધાન ન હોવું તે. જે વ્યવહિત હોય તેમની સંહિતા ન હોય. વળી **अचि** એ ઔપશ્લેષિક અધિકરણવાચી સપ્તમી છે અર્થાત્ અત્યન્ત સમીપ રહેલ હોય ત્યારે **यण्** થાય એમ સમજાશે.તેથી **निर्दिष्ट** નું ગ્રહણ ન કર્યુ હોય તો પણ કાર્ય સિદ્ધ થશે' એ દલીલને લક્ષમાં રાખીને ના.કે. કહે છે કે **पूर्व** શબ્દ વ્યવહિત માટે પણ પ્રયોજાય છે જેમ કે **मथुरायाः पूर्वं पाटलिपुत्रम्।** તે પ્રમાણે થોડું વ્યવધાન હોય તો પણ ઉપશ્લેષ થઇ શકે છે જેમ કે વૃક્ષના મૂળથી થોડે દૂર હોય તો પણ **वृक्षमूले तिष्ठति।** એમ કહેવાય છે અને સાદડીનું વ્યવધાન હોય તો છતાં **भूमौ शेते।** એમ પ્રયોગ થાય છે.આમ **निर्दिष्ट** નું ગ્રહણ હોય તો જ નૈરન્તર્યનો અર્થ થઇ શકશે અન્યથા નહીં. તેથી જ **अग्निचिदत्र** જેવામાં વ્યવહિત **अ** પર થતાં **इ**-કારનો **यण्** નહીં થાય.

[224] **किमुदहरणम्।** એમ પહેલાં પ્રશ્ન કર્યો હતો તે દ્વારા પ્રયોજન પૂછ્યું હતું છતાં આ પ્રશ્ન દ્વારા પ્રશ્નકર્તા જાણવા માગે છે કે આ સૂત્ર નિયમ માટે કરવામાં આવ્યું છે કે **षष्ठीप्रकृप्ति** (નોંધ ૨૪૨) માટે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तस्मिंस्तस्मादिति पूर्वोत्तरयोर्योगयोरविशेषान्नियमार्थोऽयमारम्भः। ग्रामे देवदत्तः। पूर्वः पर इति संदेहः। ग्रामाद्देवदत्तः। पूर्वः पर इति संदेहः। एवमिहापीको यणचि। दध्युदकं पचत्योदनम्। उभाविकावुभावचौ। अचि पूर्वस्याचि परस्येति संदेहः। तिङतिङः इत्यतिङः पूर्वस्यातिङः परस्येति संदेहः। इष्यते चात्राचि पूर्वस्य स्यादतिङः परस्येति तच्चान्तरेण यत्नं न सिध्यतीति नियमार्थं वचनम्। एवमर्थ - मिदमुच्यते॥ अस्ति प्रयोजनमेतत्। किं तर्हीति। अथ यत्रोभयं निर्दिश्यते किं तत्र पूर्वस्य कार्यं भवत्याहोस्वित्परस्येति॥

પૂર્વે રહેલ અને પર રહેલ એ બેનો સામાન્ય રીતે સંબંધ સમજાય છે, તેથી નિયમ માટે[225] આ **तस्मिन्** (**इति निर्दिष्टे पूर्वस्य** ।) અને **तस्मात्** (**इत्युत्तरस्य** ।) એ (બે સૂત્રો) કર્યા છે. **ग्रामे देवदत्तः** । (એમ કહેવામાં આવે ત્યારે ગામથી) પૂર્વે છે કે પર છે તે વિશે સંદેહ થાય છે. **ग्रामात् देवदत्तः** । (એમ કહેવામાં આવે ત્યારે ગામથી) પૂર્વે છે કે પર છે એમ સંદેહ થાય છે. એ પ્રમાણે આ **इको यणचि** । ના **दध्युदकम्** (દૃષ્ટાન્ત માં **इ** અને **उ** ) બન્ને **इक्** અને બન્ને **अच्** છે. (તેમાં) **अच्** પર થતાં પૂર્વે (હોય તે) નો કે **अच्** પર થતાં પરનો (**यण्**) થાય છે તે વિશે સંદેહ થાય છે. (અને) **पचत्योदनम्** । માં **तिङतिङः** । પ્રમાણે (જે નિઘાત થાય છે તે) **अतिङ्** ની પૂર્વે (હોય તે) નો કે તેની પર (હોય તે) નો થાય છે તે વિશે સંદેહ થાય છે.પરંતુ **अच्** ની પૂર્વે (હોય તે) બેનો (**यण्**) થાય અને **अतिङ्** ની પર (હોય તે) નો (નિઘાત) થાય તે ઇષ્ટ છે અને યત્ન કર્યા વિના તે સિદ્ધ ન થઇ શકે. એમ હોવાથી (એમાં) ચોકસાઇ માટે કહ્યું છે. (અર્થાત્) એટલા માટે (આ સૂત્રો ) ઉચ્ચારવામાં આવ્યાં છે. શું એ પ્રયોજન છે ? તો પછી શું (પ્રયોજન) છે ? હવે જ્યાં બન્નેનો નિર્દેશ કરવામાં આવ્યો હોય ત્યાં શું પૂર્વને કાર્ય થશે કે પછી પરને ?[226]

---

[225] આ સૂત્રોના પ્રયોજન બાબત બે પક્ષ છેઃ ૧) નિયમપક્ષ, જેની અહીં ચર્ચા કરી છે.અને ૨) **षष्ठीप्रकॢप्ति** પક્ષ જેની ચર્ચા પાછળ આવશે.(નોંધ ૨૪૨).સૂત્રોમાં **तस्मिन्** , **तस्मात्** એમ કહ્યું છે, પરંતુ પૂર્વ અને પર એ બે સંબંધો સામાન્ય રીતે કહેલા હોવાથી સંદેહ થાય છે. **इको यणचि** । પ્રમાણે જે કાર્ય થાય છે તેમાં **अचि** એ સપ્તમી છે તેથી **अच्** ની અત્યન્ત સમીપવર્તી **इक्** નો **यण्** થશે.જેમ કે **दधि उदकम्** . અહીં **दधि** નો **इ** અને **उदक** નો **उ** એ બન્ને **इक्** છે અને બન્ને **अच्** પણ છે. હવે **अच्** ના સમીપવર્તી **इक्** નો **यण्** થાય છે એમ સૂત્રાર્થ છે.પરંતુ જેમ પૂર્વ વર્ણ **इ**-કાર **अच्** उ-કારનો સમીપવર્તી છે તેમ પર રહેલ **इक्** વર્ણ उ-કાર પણ **अच्** **इ**-કારનો સમીપવર્તી છે તેથી અહીં સંદેહ થાય છે કે પૂર્વ **इक्** નો **यण्** થશે કે પરનો. આ સંદેહને નિવારવા માટે **तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य** । એ સૂત્રમાં નિયમ કર્યો કે પૂર્વવર્તી અવ્યવહિતને જ કાર્ય થાય, કારણ કે એક જ વસ્તુ એકી સાથે સ્થાની તેમ જ આદેશનું નિમિત્ત એમ બે ન થઇ શકે. આ નિયમને કારણે સમજાય છે કે કાર્ય પૂર્વને જ થશે અને તે પણ અવ્યવહિતને જ થશે. પરિણામે વ્યવહારમાં વ્યવધાન હોવા છતાં પૂર્વ ગણાતો હોય તો પણ તેને કાર્ય નહીં થાય, કારણ કે તે નિરંતર નથી. આમ આ સૂત્ર નિયમાર્થે છે, તે પર અને વ્યવહિત બન્નેની નિવૃત્તિ કરે છે. **तस्मादित्युत्तरस्य** । માં પણ એમ જ છે. **तिङतिङः** । પ્રમાણે **अतिङ्** ની પર થતાં **तिङ्** નો નિઘાત થાય છે, પરંતુ **ओदनं पचति** । માં છે તેમ **अतिङ्** ની ઉત્તરે **तिङन्त** હોય અને **पचति ओदनम्** । માં છે તેમ **अतिङ्** ની પૂર્વે **तिङन्त** હોઇ શકે. તેથી અહીં પણ સંદેહ થાય કે ઉત્તર અર્થાત્ પરનો નિઘાત થશે કે પૂર્વનો. એ સંદેહ નિવારવા માટે **तस्मादित्युत्तरस्य** । દ્વારા નિયમ કર્યો છે કે પંચમી દ્વારા નિર્દેશ કર્યો હોય ત્યારે પરને જ કાર્ય થશે. તેથી **अतिङ्** ની ઉત્તરે રહેલ હોય તે જ **तिङन्त** નો નિઘાત થશે. પરિણામે **ओदनं पचति** । માં નિઘાત થશે, **पचति ओदनम्** । માં નહીં થાય. **अग्निमीळे** માં થશે પણ **ईळे अग्निम्** માં નહીં થાય. આ સૂત્ર પૂર્વની નિવૃત્તિ અને વ્યવહિતની પણ નિવૃત્તિ એમ બે કાર્ય કરે છે. **षष्ठीप्रकॢप्ति** પક્ષમાં **षष्ठी स्थानेयोगा** । માંથી **षष्ठी** ની અનુવૃત્તિ કરવી પડે છે તેથી ગૌરવ થાય છે તે નિવારવા માટે નિયમપક્ષ-- આ સૂત્ર નિયમ માટે છે એમ કહ્યું છે.

[226] જ્યાં બે વિભક્તિ સાથે આવે ત્યાં શું ? જેમ કે **बहोर्लोपो भू च बहोः** । એ સૂત્ર પ્રમાણે **बहु** નો લોપ થાય તો, તે પછી તેનો **भू** આદેશ ન થઇ શકે એટલે કે તે કાર્યી તેમ જ નિમિત્ત બે ન થઇ શકે. તેથી લોપ અને **भू** આદેશ વારાફરતી કરવાનો પ્રસંગ આવે, પરંતુ સૂત્રકારે **बहोः** નું ફરી વાર ગ્રહણ કર્યું છે તેથી સમજાય છે કે **बहोः** એ પંચમીને કારણે તેની પર આવતા **इष्ठन्** , **इमनिच्** અને **ईयस्** ને લોપ થશે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उभयनिर्देशे विप्रतिषेधात्पञ्चमीनिर्देशः ॥३॥

उभयनिर्देशे विप्रतिषेधात्पञ्चमीनिर्देशो भविष्यति ॥ किं प्रयोजनम्।

प्रयोजनमतो लसार्वधातुकानुदात्तत्वे ॥४॥

वक्ष्यति तास्यादिभ्योऽनुदात्तत्वे सप्तमीनिर्देशोऽभ्यस्तसिजर्थ इति। तस्मिन् क्रियमाणे तास्यादिभ्यः परस्य लसार्वधातुकस्य लसार्वधातुके परतस्तास्यादीनामिति संदेहः। तास्यादिभ्यः परस्य लसार्वधातुकस्य ॥

बहोरिष्ठादीनामादिलोपे ॥५॥

बहोरुत्तरेषामिष्ठेमेयसामिष्ठेमेयःसु परतो बहोरिति संदेहः। बहोरुत्तरेषामिष्ठेमेयसाम् ॥

गोतो णित् ॥६॥

गोतः परस्य सर्वनामस्थानस्य सर्वनामस्थाने परतो गोत इति संदेहः। गोत परस्य सर्वनामस्थानस्य ॥

જ્યાં (પંચમ્યન્ત અને સપ્તમ્યન્ત એ) બન્નેનો નિર્દેશ હોય ત્યાં વિપ્રતિષેધને કારણે પંચમી નિર્દેશ થશે॥૩॥ [227]

જ્યારે (સૂત્રમાં પંચમ્યન્ત અને સપ્તમ્યન્ત એ) બન્નેનો નિર્દેશ હોય ત્યાં વિપ્રતિષેધને કારણે (બલવત્તર હોવાથી ) પંચમી નિર્દેશ થશે.(તેનું) પ્રયોજન શું ?

अ-કારાન્ત (ઉપદેશ) ની પછી આવતા ल સાર્વધાતુકનો અનુદાત્ત (થાય છે) ત્યાં પ્રયોજન છે ॥૪॥

(વાર્તિકકાર) કહેશે કે तासि વગેરેની પર થતા સાર્વધાતુક (આદેશ) અનુદાત્ત થાય છે (તેનું વિધાન કરતા સૂત્ર) માં सिच् અને अभ्यस्त માટે સપ્તમી નિર્દેશ કરવો (જોઇએ). તે (સપ્તમી નિર્દેશ) કરવામાં આવતાં तासि વગેરેથી પર ल સાર્વધાતુકનો (અનુદાત્ત થાય છે), કે પછી ल સાર્વધાતુક પર થતાં तासि વગેરેનો અનુદાત્ત થાય છે એ (પ્રકારનો ) સંદેહ થાય છે, (પણ) तासि વગેરેની પછી આવતા ल સાર્વધાતુકનો જ (અનુદાત્ત) થાય છે.

बहु ની પછી લાગતા इष्ठन् વગેરેના આદિનો લોપ થાય છે (એ પ્રયોજન) ॥૫॥ [228]

बहु પછી આવતા इष्ठन् , इमनिच् અને ईयसुन् નો લોપ થાય છે, કે પછી इष्ठन् , इमनिच् અને ईयसुन् પ્રત્યય પર થતાં बहु નો લોપ થાય છે એ સંદેહ થાય છે. પરંતુ (પંચમીનિર્દેશને કારણે) बहु ની પર થતા इष्ठन् , इमनिच् અને ईयसुन् નો લોપ થાય છે (એમ સમજાશે).

गोतो णित्। પ્રમાણે સર્વનામસ્થાન વિભક્તિ णिद्वत् થાય છે ત્યાં પ્રયોજન છે ॥૬॥

(અહીં) गो પછી (આવતી સર્વનામસ્થાન વિભક્તિ)નું , કે પછી સર્વનામસ્થાન (વિભક્તિ) પર થતાં गो (શબ્દ) નું णिद्वत् (થાય છે) એ સંદેહ (થાય છે પરંતુ ) गो પછી (આવતી સર્વનામસ્થાન વિભક્તિ)નું णित्व (થાય છે)

---

એટલે કે आदेः परस्य। પ્રમાણે તેમના આદિનો લોપ થશે અને બીજા बहोः એ ષષ્ઠીને કારણે बहु નો भू આદેશ થશે. આમ પંચમીને કારણે बहु નિમિત્ત બને છે અને ષષ્ઠીને કારણે કાર્યી, સ્થાની બને છે તેથી પર્યાય નહી કરવો પડે અને સંદેહ પણ નહીં રહે.

[227] જ્યારે બન્નેનો નિર્દેશ હોય ત્યારે સૂત્રપાઠ પ્રમાણે પંચમીનો પાઠ પર છે તેથી પંચમી થશે. આગળ કહેશે : विभक्तिविशेषनिर्देश० (વા.૧૩). તે પ્રમાણે જે ચરિતાર્થ ન હોય તે વિભક્તિ થશે. આમ છતાં ङः सि धुट्। માં ङः એ પંચમી અને सि એ સપ્તમી બન્ને ચરિતાર્થ છે. તેમને અન્યત્ર અવકાશ નથી છતાં અહીં પંચમી જ બલવત્તર થશે તેથી કોઇ દોષ નહીં આવે.

[228] (નોંધ ૨૨૬)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

रुदादिभ्यः सार्वधातुके ॥७॥

रुदादिभ्यः परस्य सार्वधातुकस्य सार्वधातुके परतो रुदादीनामिति संदेहः। रुदादिभ्यः परस्य सार्वधातुकस्य ॥

आने मुगीदासः ॥८॥

आस उत्तरस्यानस्याने परतः आस इति संदेहः। आस उत्तरस्यानस्य ॥

आमि सर्वनाम्नः सुट् ॥९॥

सर्वनाम्न उत्तरस्याम आमि परतः सर्वनाम्न इति संदेहः। सर्वनाम्न उत्तरस्यामः ॥

घेर्ङित्याण्नद्याः ॥१०॥

नद्या उत्तरेषां ङितां ङित्सु परतो नद्या इति संदेहः। नद्या उत्तरेषां ङिताम् ॥

रुद् વગેરે (ધાતુ) પછી આવતા (वलादि) સાર્વધાતુકને (इडागम થાય તે પ્રયોજન) ॥૭॥ [229]

(અહીં) रुद् વગેરે (ધાતુ) પછી આવતા (वलादि ) સાર્વધાતુકને (इडागम થશે), કે પછી સાર્વધાતુક (પ્રત્યય) પર થતાં रुद् વગેરે (ધાતુ) ને થશે, એમ સંદેહ (થાય છે પણ) रुद् વગેરે ની પછી આવતા સાર્વધાતુકને (થાય છે).

आन પર થતાં (अ-કારાન્ત અંગને) मुक् (આગમ થાય છે), आस् પછી આવતા (आन) નો ई (થાય છે) (એ પ્રયોજન)॥ ૮॥ [230]

(અહીં) आस् ની ઉત્તરે (રહેલ) आन નો (થશે) કે आन પર થતાં आस નો (થશે) એ સંદેહ (થાય છે પણ) आस् ની ઉત્તરે રહેલ आन નો (થશે).

(अ વર્ણાન્ત) સર્વનામની પછી (આવતા) आम् ને सुट् થાય છે (એ પ્રયોજન) ॥૯॥

(અહીં) સર્વનામની પછી (આવતા) आम् ને (सुट् થશે), કે आम् પર થતાં સર્વનામને (થશે) એ સંદેહ (થાય છે પણ) સર્વનામની પર (થતા) आम् ને (થાય છે).

घि નો ङित् પર થતાં (ગુણ), नदी સંજ્ઞકને ङित् પર થતાં आट् (થાય છે ) (એ પ્રયોજન) ॥૧૦॥ [231]

(અહીં) नदी સંજ્ઞકની પછી આવતા ङित् પ્રત્યયોને आट् (થાય છે), કે પછી ङित् પર થતાં नदी સંજ્ઞકને એ સંદેહ (થાય છે) नदी સંજ્ઞકની પછી આવતા ङित् પ્રત્યયોને (થાય છે).

---

[229] रुद्, स्वप्, श्वस्, अन् અને जक्ष् એ ધાતુની પર થતા वलादि સાર્વધાતુક પ્રત્યયને इट् આગમ થાય છે.અહીં સૂત્રમાંનો सार्वधातुके અન્યત્ર [लिङः सलोपोऽनन्त्यस्य। (૭-૨-૭૯) માં] ચરિતાર્થ છે તેથી सार्वधातुकस्य इट् એમ સમજાશે.

[230] आने मुक्। ईदासः। आस् પછી આવતા आन નો ईत् થાય છે. ईदासः। માં आसः એ પંચમી तस्मादित्युत्तरस्य। પ્રમાણે आने સપ્તમી ની ષષ્ઠી બનાવશે તેથી आसः परस्य आनस्य ईत् અર્થાત् आदेः परस्य। પ્રમાણે आ નો ई થશે અને સંદેહ નહીં રહે.

[231] घेर्ङिति। (૭-૩-૧૧૧) પ્રમાણે ङित् પ્રત્યય પર થતાં घि નો ગુણ અને आण् नद्याः। (૭-૩-૧૧૨) પ્રમાણે नदी સંજ્ઞક જેને અંતે હોય તે અંગની પર થતા ङित् પ્રત્યયને आट् આગમ થાય છે. नद्याः એ પંચમી અનુવૃત્તિથી આવતા ङिति એ સપ્તમીને ङितः એમ ષષ્ઠ્યન્ત બનાવશે. તેથી પ્રત્યયને જ आट् થવાથી સંદેહ નહીં રહે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

याडापः ॥११॥

आप उत्तरस्य ङितो ङिति परत आप इति संदेहः। आप उत्तरस्य ङितः॥

ङमो ह्रस्वादचि ङमुण्नित्यम् ॥१२॥

ङम उत्तरस्याचोऽचि परतो ङम इति संदेहः। ङम उत्तरस्याचः॥

विभक्तिविशेषनिर्देशानवकाशत्वादविप्रतिषेधः ॥१३॥

विभक्तिविशेषनिर्देशानवकाशत्वादयुक्तोऽयं विप्रतिषेधः। सर्वत्रैवात्र कृतसामर्थ्या सप्तम्यकृतसामर्थ्या पञ्चमीति कृत्वा पञ्चमीनिर्देशो भविष्यति॥

आप् (જેને અન્તે હોય તેવા અંગની) પછી આવતા ङित् ને याट् (આગમ થાય છે) (એ પ્રયોજન) ॥૧૧॥ [232]

(અહીં) आप् ની ઉત્તરે (રહેલ) ङित् ને याट् (આગમ) થાય છે, કે પછી आप् (અન્તે હોય તે) ની પછી આવતા ङित् ને એ સંદેહ (થાય છે પણ) आप् (અન્તે હોય તે) ની પછી આવતા ङित् ને થાય છે.

હ્રસ્વની પછી આવતો ङम् જેને અંતે હોય તેવા પદની પછી આવતા अच् ને નિત્ય ङमुट् આગમ થાય છે ॥૧૨॥ [233]

(અહીં) ङम् ની પછી આવતા अच् ने ङमुट् (થાય છે), કે अच् પર થતાં ङम् ને (થશે) એ સંદેહ (થાય છે પણ) ङम् ની પછી આવતા अच् ને (થાય છે).

વિશિષ્ટ વિભક્તિદ્વારા કરેલ નિર્દેશ અનવકાશ હોવાથી (અહીં) વિપ્રતિષેધ નથી ॥૧૩॥

(આગળ ઉદ્ધરેલાં સૂત્રોમાં) વિશિષ્ટ વિભક્તિયુક્તનો જે નિર્દેશ કર્યો છે તેને અવકાશ નથી [234] તેથી આ વિપ્રતિષેધ અયોગ્ય છે. અહીં સર્વત્ર સપ્તમીએ તેનું સામર્થ્ય ચરિતાર્થ કર્યું છે (એટલે કે તેનો અર્થ અન્યત્ર ઉપયોગમાં આવ્યો છે), જ્યારે પંચમીએ સામર્થ્ય ચરિતાર્થ કર્યું નથી એથી કરીને પંચમી નિર્દેશ (અમલી) થશે.

---

[232] आवन्त अंग પછી આવતા ङित् ને आट् આગમ થાય છે. અહીં પણ आपः એ પંચમી અનુવૃત્તિથી આવેલ ङिति એ સપ્તમીને ષષ્ઠી બનાવે છે તેથી સંદેહ નહીં રહે.

[233] ङमो ह्रस्वात्० (૮-૩-૩૨) પ્રમાણે હ્રસ્વપછી આવતો ङम् પ્રત્યાહારનો વર્ણ જેને અંતે હોય તે પદની પછી આવતા अच् ને ङमुट् આગમ લાગે છે તેથી कुर्वन् आस्ते માં न् એ ङम् પ્રત્યાહારમાંના વર્ણ પૂર્વે હ્રસ્વ છે તેની પછી આવેલ आ એ अच् ને ङमुट् એટલે કે नुट् (न) આગમ લાગતાં कुर्वन् नास्ते--कुर्वन्नास्ते થશે. અહીં कुर्वन् માં न् પદાન્તે હોવાથી पदान्तस्य। પ્રમાણે णत्व પ્રતિષેધ થવાથી તેનો ण् નહીં થાય, પરંતુ જો ङम् ને ङमुट् થતો હોય તો कुर्वनन् आस्ते--कुर्वन्न् आस्ते એ સ્થિતિમાં બે न-કાર છે તેથી पदान्तस्य। એ નિષેધ લાગુ નહીં પડે, કારણ કે પદાન્તે એક જ न-કાર હોય બે ન હોઇ શકે. પરિણામે णत्व થવાનો પ્રસંગ આવશે. પરંતુ ङमुट् આગમ ङम् ને લાગતો નથી, કારણ કે ઉત્તર સૂત્ર मञो उञो वो वा। (૮-૩-૩૩) માં अचि ની અનુવૃત્તિ થાય છે તેથી તે સાવકાશ છે જ્યારે ङमः એ અનવકાશ પંચમી છે તે સપ્તમીની ષષ્ઠી બનાવશે તેથી अच् ને ङमुट् થશે. પરિણામે પદાન્તે એક જ न-કાર રહેતાં णत्व નો પ્રસંગ જ નહીં રહે.

[234] પૂર્વ વાર્તિકોમાં લીધેલ સૂત્રોમાં વિશિષ્ટ વિભક્તિઓનો નિર્દેશ છે. તેમાંના સપ્તમી નિર્દેશો સપ્તમીના જ અર્થમાં પૂર્વ સૂત્રમાં ઉપયોગી હોવાથી સાર્થક છે. જેમ કે आने मुक्। ईदासः। (૭-૨-૮૨--૮૩) અહીં ईदासः। માં અનુવૃત્ત થએલ સપ્તમ્યન્ત आने પૂર્વના आने मुक्। સૂત્રમાં સપ્તમીના અર્થમાં ઉપયોગી છે તેથી સાર્થક છે. याडापः। (૭-૩-૧૧૩) અહીં અનુવૃત્ત થએલ સપ્તમ્યન્ત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यथार्थं वा षष्ठीनिर्देशः ॥१४॥

यथार्थं वा षष्ठीनिर्देशः कर्तव्यः। यत्र पूर्वस्य कार्यमिष्यते तत्र पूर्वस्य षष्ठी कर्तव्या। यत्र परस्य कार्यमिष्यते तत्र परस्य षष्ठी कर्तव्या॥ स तर्हि तथा निर्देशः कर्तव्यः। न कर्तव्यः। अनेनैव प्रक्लृप्तिर्भविष्यति। तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य षष्ठी। तस्मादित्युत्तरस्य षष्ठी॥ तत्तर्हि षष्ठीग्रहणं कर्तव्यम्। न कर्तव्यम्। प्रकृतमनुवर्तते।

અથવા વિષય પ્રમાણે ષષ્ઠી નિર્દેશ કરવો જોઇએ ॥૧૪॥[235]

અથવા અર્થ (એટલે કે જરૂર) પ્રમાણે (સૂત્રોમાં) ષષ્ઠી દ્વારા નિર્દેશ કરવો જોઇએ. જ્યાં પૂર્વે (રહેલ) ને કાર્ય (કરવાનું) હોય ત્યાં પૂર્વની ષષ્ઠી કરવી જોઇએ. જ્યાં પર (રહેલ) ને કાર્ય (કરવાનું) હોય ત્યાં પરની ષષ્ઠી કરવી જોઇએ. તો પછી એ પ્રમાણે (ષષ્ઠી) નિર્દેશ કરવો પડશે? નહીં કરવો પડે, (કારણ કે) સપ્તમી દ્વારા નિર્દેશ હોય ત્યાં (तस्मिन्निति ०) પૂર્વની ષષ્ઠી અને પંચમી દ્વારા નિર્દેશ હોય ત્યાં (तस्मादित्यु ०) પર હોય તેની ષષ્ઠી એમ આ (સૂત્ર) થી જ થશે.[236] તો પછી षष्ठी (શબ્દ)નું ગ્રહણ કરવું પડશે? નહીં કરવું પડે. જે પ્રસ્તુત છે તેની અનુવૃત્તિ થશે.

---

ङिति પૂર્વ સૂત્રો घेर्ङिति। आण्नद्याः।(૭-૩-૧૧૧--૧૧૨) માં સપ્તમીના અર્થમાં ઉપયોગી છે તેથી સાર્થક છે. જ્યારે કેટલાક સપ્તમીનિર્દેશો સપ્તમીના અર્થમાં પર સૂત્રમાં ઉપયોગી હોવાથી સાર્થક થાય છે. જેમ કે रुदादिभ्यः सार्वधातुके। (૭-૨-૭૬) માં જે સપ્તમ્યન્ત सार्वधातुके છે તે પર સૂત્ર लिङः सलोपोऽनन्त्यस्य । (૭-૨-૭૭) માં સપ્તમીના અર્થમાં ઉપયોગી હોવાથી સાર્થક છે. આમ સપ્તમીનિર્દેશો પૂર્વ કે પર સૂત્રમાં તે અર્થમાં ઉપયોગી હોવાથી સાવકાશ છે, પરંતુ સૂત્રોમાંના પંચમીનિર્દેશો અન્યત્ર ઉપયોગી ન થતા હોવાથી અનવકાશ છે તેથી ઉપરનાં સર્વ સ્થળે પંચમીનિર્દેશ અનવકાશ હોવાથી तस्मादित्युत्तरस्य। પ્રમાણે પર રહેલને કાર્ય થશે, પર રહેલ કાર્યી છે તેમ દર્શાવશે.

[235] यथार्थम् = અર્થ પ્રમાણે, વિષય પ્રમાણે અથવા તો જરૂર પ્રમાણે. વિધિ સૂત્રોનાં જે પ્રદેશસૂત્ર હોય, જ્યાં જ્યાં તે સૂત્રો લાગુ પડવાનાં હોય ત્યાં જે જે કાર્યી હોય, જેને જેને સૂત્રવિહિત કાર્ય થવાનું હોય તેની ષષ્ઠી કરવી જોઇએ, એટલે કે જ્યાં પૂર્વનો અર્થ દર્શાવનારને કાર્ય થવાનું હોય તેનું ષષ્ઠ્યન્ત દ્વારા ઉચ્ચારણ કરવું જોઇએ અને જ્યાં જ્યાં પરને કાર્ય થવાનું હોય ત્યાં પરનો અર્થ દર્શાવનાર પદનું ષષ્ઠ્યન્ત દ્વારા ઉચ્ચારણ કરવું જોઇએ.

[236] આ બન્ને પરિભાષા એક જ સ્થળે, એક જ વિધિ સૂત્રમાં પંચમી અને સપ્તમીને યથાયોગ્ય રીતે ષષ્ઠીમાં ફેરી નાંખે એમ કહેવાથી તો ગૌરવ થાય છે. વળી ષષ્ઠીપ્રક્લૃપ્તિ (અર્થાત્ આ બેમાંથી એક પરિભાષાને પ્રતાપે અન્ય વિભક્તિને ષષ્ઠીમાં ફેરવવી તે) માટે પરત્વ અને અનવકાશત્વ આવશ્યક છે તેથી બંને પરિભાષા એકી સાથે ષષ્ઠીપ્રકલ્પન,ષષ્ઠીને નિષ્પન્ન, ન કરી શકે, પરંતુ અનવકાશ હોય તો તે અન્ય અર્થાત્ સાવકાશ હોય તે વિભક્તિની ષષ્ઠી બનાવશે. તેથી નિર્દિષ્ટને જ કાર્ય થશે. तस्मिन्निति पूर्वस्य। પ્રમાણે ષષ્ઠી બને તો ષષ્ઠીનિર્દિષ્ટ પૂર્વને જ કાર્ય થશે અને तस्मादित्युत्तरस्य। પ્રમાણે ષષ્ઠી બને તો ષષ્ઠીનિર્દિષ્ટ ઉત્તરને જ કાર્ય થશે. જેમ કે आने मुक्। (૭-૨-૮૧). અહીં अतो येयः। (૭-૨-૮૦) માંથી अतः ની અનુવૃત્તિ થાય છે . તે એ સૂત્રમાં સાવકાશ છે, પરંતુ आने એ સપ્તમ્યન્તને અન્યત્ર અવકાશ નથી, તે અનવકાશ છે તેથી તે अतः એ પંચમીની अस्य એમ ષષ્ઠી બનાવશે (षष्ठीप्रक्लृप्ति) તેથી आन પર થતાં अ-કારાન્ત અંગને मुक् આગમ થશે તેમ સમજાય છે. તે પ્રમાણે ईदासः। માં आने ની અનુવૃત્તિ થાય છે . आने એ સપ્તમી પૂર્વ સૂત્રમાંસાવકાશ છે, જ્યારે आसः એ પંચમી નિરવકાશ છે તેથી તે સાવકાશ आने એ સપ્તમીની तस्मादित्युत्तरस्य। એ પરિભાષા પ્રમાણે (आनस्य એમ) ષષ્ઠી બનાવશે તેથી आस् ની પર આવતા आन નો (અર્થાત્ आदेः परस्य પ્રમાણે તેના आ નો) ई થાય છે એમ અર્થ સમજાશે. ટૂંકમાં तस्मिन्० એ પરિભાષા દ્વારા સમજાય છે કે પૂર્વે રહેલ કાર્યી છે. તેથી પૂર્વવાચી જે પદ હોય તેની ષષ્ઠી કરવી એમ જાણી શકાય છે. તે રીતે तस्मादिति० એ પરિભાષા દ્વારા સમજાય છે કે પર રહેલ હોય તે કાર્યી છે તેથી પર વાચક પદની ષષ્ઠી કરવી એમ જાણી શકાય છે. હવે જ્યાં પંચમી અને સપ્તમી બન્ને સાવકાશ હોય ત્યાં પર હોવાથી પંચમી થશે, જેમ કે आमि सर्वनाम्नः सुट्। (૭-૧-૫૨) માં आमि એ સપ્તમી પર સૂત્ર त्रेस्त्रयः। (૭-૧-૫૩) માં સાવકાશ છે અને તેમાં आज्जसेरसुक्। (૭-૧-૫૦) માંથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

क्व प्रकृतम्। षष्ठी स्थानेयोगा इति॥

प्रकल्पकमिति चेन्नियमाभावः॥१५॥

प्रकल्पकमिति चेन्नियमस्याभावः। उक्तं चैतन्नियमार्थोऽयमारम्भ इति। प्रत्ययविधौ खल्वपि पञ्चम्यः प्रकल्पिकाः स्युः। तत्र को दोषः।

गुप्तिज्किद्भ्यः सन् गुप्तिज्किद्भ्य इत्येषा पञ्चमी सन्निति प्रथमायाः षष्ठी प्रकल्पयेत्तस्मादित्युत्तरस्येति।

ક્યાં પ્રસ્તુત છે ?[237] षष्ठी स्थानेयोगा। (સૂત્ર)માં .

પ્રકલ્પક છે એમ (કહો ) તો નિયમ નહીં રહે ॥૧ ૫॥ [238]

આ (સૂત્રો) પ્રકલ્પક (ષષ્ઠીને ઉદ્‌ભાવે) છે એમ (કહો) તો નિયમ નહીં રહે.[239] અને (પૂર્વે) કહ્યું છે કે આ (સૂત્રો ને) નિયમ માટે કરવામાં છે. વળી પ્રત્યયવિધિમાં પણ પંચમી (વિભક્તિ પ્રથમા વગેરેને ષષ્ઠીમાં) ફેરવનાર થશે.[240] તેમાં શો વાંધો છે ? गुप्तिज्किद्भ्यः सन्। માં गुप्तिज्किद्भ्यः એ પંચમી तस्मादित्युत्तरस्य। થી सन् એ પ્રથમાની ષષ્ઠી બનાવશે.

---

પંચમ્યન્ત आत् ની અનુવૃત્તિ થાય છે. તે પંચમી એ સૂત્રમાં સાવકાશ છે. આમ આ आमि सर्वनाम्नः० સૂત્રમાં પંચમી અને સપ્તમી બન્ને સાવકાશ છે પરંતુ પંચમી પર હોવાથી तस्मादिति० પ્રમાણે आमि એ સપ્તમીની आमः એમ ષષ્ઠી બનાવશે તેથી अ-કારાન્ત સર્વનામ અંગ પછી આવતા आम् ને सुट् આગમ થાય છે.

[237] આ પરિભાષાઓમાં પૂર્વ કે પરની ષષ્ઠી બનાવી શકાય તે માટે तस्मिन्निति निर्दिष्टे (षष्ठी), तस्मादित्युत्तरस्य (षष्ठी) એમ षष्ठी શબ્દનું ગ્રહણ કરવાની જરૂર નથી, કારણ કે षष्ठी स्थानेयोगा। (૧-૧-૪૯) માંથી षष्ठी ની અનુવૃત્તિ થાય છે તેથી કાર્ય સિદ્ધ થશે.

[238] प्रकल्पकम्--प्र क्लृप् નિષ્પન્ન કરવું , બનાવવું એ ધાતુ ઉપરથી प्रकल्पकम् એટલે બનાવનાર, નિષ્પન્ન કરનાર. જ્યાં ષષ્ઠી ન હોય ત્યાં તેને ઉદ્‌ભાવવામાં આવે, એટલે કે અન્ય વિભક્તિની ષષ્ઠી બનાવવામાં આવે તે षष्ठीप्रक्लृप्ति. પરંતુ इको यणचि। જેવાં સૂત્રમાં જ ષષ્ઠી (सौत्री षष्ठी) છે ત્યાં ષષ્ઠી ઉદ્‌ભાવવાની જરૂર નથી. ત્યાં એમ સમજાશે કે જે અવ્યવહિત પૂર્વ હોય તેની એ ષષ્ઠી છે. એ નિયમ થશે, તેથી પર હોય કે વ્યવહિત હોય તેની નહીં. અર્થાત્ ત્યાં અવ્યવહિત પૂર્વને જ કાર્ય થશે, અવ્યવહિત પરને નહીં થાય. તે રીતે પૂર્વ હોય પણ વ્યવહિત હોય તેને પણ કાર્ય નહીં થાય. આ સૂત્રોમાં षष्ठी स्थाने० માંથી षष्ठी ની અનુવૃત્તિ થાય છે તેથી સપ્તમીના અર્થનો નિર્દેશ હોય ત્યારે જે અવ્યવહિત રીતે પૂર્વ હોય તેની ષષ્ઠી થશેઅને પંચમીના અર્થનો નિર્દેશ હોય ત્યારે અવ્યવહિત રીતે પર હોય તેની ષષ્ઠી થશે. આ પક્ષ પ્રમાણે આમ ષષ્ઠી બનાવવામાં આવે છે તે षष्ठप्रिक्लृप्तिपक्ष છે.

[239] અહીં એમ કહેવા માગે છે કે प्रक्लृप्ति પક્ષ સ્વીકારવામાં આવે તો આગળ (વા.૨) માં કહ્યું છે કે આ બે સૂત્રો નિયમ માટે છે તેનું શું ? નિયમ આ રીતે છે : સપ્તમીના અર્થનો નિર્દેશ હોય ત્યાં પૂર્વને જ કાર્ય થશે ઉત્તરને નહીં અને પંચમીના અર્થનો નિર્દેશ હોય ત્યાં પરને જ કાર્ય થશે પૂર્વને નહીં. તેમાં પણ બીજો નિયમ એ કે જે અનન્તર પૂર્વ કે અનન્તર પર હોય તેને જ અનુક્રમે तस्मिन्निति० અને तस्मादिति० પ્રમાણે કાર્ય થશે. બીજી રીતે કહેતાં એ પરિભાષાઓમાં पूर्वस्य અથવા परस्य અને निर्दिष्टे એ શબ્દોનું ગ્રહણ કર્યું છે તેથી તે નિયમાર્થક બને છે, પરંતુ प्रक्लृप्ति પક્ષમાં જેમ પરત્વ અને અનવકાશત્વને આધારે જ વ્યવસ્થા થાય છે તેમ નિયમપક્ષમાં પણ તેને આધારે વ્યવસ્થા થાય છે.

[240] આ સૂત્રો ષષ્ઠીનું પ્રકલ્પન કરે છે એમ કલ્પવામાં આવે તો બીજો એક દોષ આવે છે, કારણ કે પ્રત્યયને લગતા વિધિઓમાં પણ પંચમી વિભક્તિ ષષ્ઠી બનાવનાર થશે.પરિણામે गुप्तिज्किद्भ्यः० માંની પંચમી सन् એ પ્રથમાની ષષ્ઠી બનાવશે અને सनः એમ ષષ્ઠી થાય તો सन् આદેશ થાય છે તેમ સમજાશે અને અન્ય આદેશનું સૂત્રમાં વિધાન નથી તેથી અન્તરતમ હોવાથી सन् નો सन् આદેશ થશે, પરંતુ એ सन् નું સૂત્રમાં ઉચ્ચારણ કરવામાં નથી આવ્યું તેનું તો स्थानेऽन्तरतमः। પ્રમાણે માત્ર અનુમાન કરવામાં આવ્યું છે. આમ તે सन् ઉપદેશમાંનો सन् નથી તેથી તેના न् ની इत् સંજ્ઞા નહીં થાય, કારણ કે ઉપદેશમાં અન્ત્ય हल् હોય તેની इत् સંજ્ઞા થાય છે એમ हलन्त्यम्। સૂત્રમાં કહ્યું છે.પરિણામે કાર્ય સિદ્ધ નહીં થાય એમ અહીં દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अस्तु। न कश्चिदन्य आदेशः प्रतिनिर्दिश्यते तत्रान्तर्यतः सनः सन्नेव भविष्यति। नैवं शक्यम्। इत्संज्ञा न प्रकल्पेत। उपदेश इतीत्संज्ञोच्यते॥

प्रकृतिविकाराव्यवस्था च॥१६॥

प्रकृतिविकारयोश्च व्यवस्था न प्रकल्पते। इको यणचि। अचीत्येषा सप्तमी यणिति प्रथमायाः षष्ठीं प्रकल्पयेत्तस्मिन्निति निर्दिष्टे पूर्वस्येति॥

सप्तमीपञ्चम्योश्च भावादुभयत्रैव षष्ठीप्रक्लृप्तिस्तत्रोभयकार्यप्रसङ्गः॥१७॥

सप्तमीपञ्चम्योश्च भावादुभयत्रैव षष्ठी प्राप्नोति। तास्यादिभ्य इत्येषा पञ्चमी लसार्वधातुक इत्यस्याः सप्तम्याः षष्ठीं प्रकल्पयेत्तस्मादित्युत्तरस्येति। तथा लसार्वधातुक इत्यषा सप्तमी तास्यादिभ्य इति पञ्चम्याः षष्ठीं प्रकल्पयेत्तस्मिन्निति निर्दिष्टे पूर्वस्येति। तत्र को दोषः। तत्रोभय-कार्यप्रसङ्गः। उभयोः कार्यं तत्र प्राप्नोति॥ नैष दोषः। यत्तावदुच्यते प्रकल्पकमिति चेन्नियमाभाव इति मा भून्नियमः।

ભલે. (અહીં) બીજા કોઇ આદેશનો નિર્દેશ કરવામાં નથી આવ્યો તેથી સૌથી સમાન હોવાને કારણે (सन् નો) सन् જ (આદેશ) થશે. એ પ્રમાણે શક્ય નથી. (તેમાં) इत् સંજ્ઞા થઇ નહીં શકે, કારણ કે इत् સંજ્ઞા ઉપદેશમાં કહેવામાં આવે છે.

પ્રકૃતિ અને વિકારની વ્યવસ્થા પણ (નહીં બને) ॥૧૬॥ [241]

પ્રકૃતિ અને વિકાર (આદેશ) એ બેને લગતી જે વ્યવસ્થા છે તે નહીં રહે. इको यणचि। માં अचि એ સપ્તમી तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य। પ્રમાણે यण् એ પ્રથમાની ષષ્ઠીમાં ફેરવશે.

સપ્તમી અને પંચમી એ બે હોવાથી બંને સ્થળે ષષ્ઠી બનવાથી બંને કાર્ય થવાનો પ્રસંગ (આવશે) ॥૧૭॥

અને (સૂત્રમાં) સપ્તમી અને પંચમી (એ બે હોય ત્યારે) એ બંને હોવાને કારણે બંને સ્થળે ષષ્ઠી થવાનો પ્રસંગ આવે છે.

तास्यादिभ्यः એ જે પંચમી છે તે तस्मादित्युत्तरस्य। પ્રમાણે लसार्वधातुके એ સપ્તમીની ષષ્ઠી કરે અને તે રીતે लसार्वधातुके એ સપ્તમી तस्मिन्निति निदिष्टे पूर्वस्य। પ્રમાણે तास्यादिभ्यः એ પંચમીની ષષ્ઠી કરે. તેમાં શો વાંધો છે? ત્યાં ઉભયને કાર્ય થવાનો પ્રસંગ (આવશે), અર્થાત્ તેમ થવાથી બંનેને કાર્ય થવાનો પ્રસંગ આવે છે.[242] એ દોષ નથી (આવતો). વળી જે કહ્યું કે પ્રકલ્પક છે એમ (કહો) તો નિયમ નહીં રહે.[243] (તેમાં કહેવાનું કે) નિયમ ભલે ન રહે.

---

[241] પ્રકૃતિ અર્થાત્ સ્થાની અને વિકૃતિ અર્થાત્ આદેશ. દા.ત. इको यणचि। પ્રમાણે इक् ને સ્થાને यण् થાય છે તેમાં મૂળ જે રહેલ છે તે इक् પ્રકૃતિ છે અને તેમાં ફેરફાર થઇને જે यण् થાય છે તે વિકૃતિ ગણાય. આમ આ પ્રકૃતિ અને આ વિકાર એમ સ્પષ્ટ સમજી શકય છે. પરંતુ तस्मिन्निति० પ્રમાણે अचि એ સપ્તમી यण् એ પ્રથમાની ષષ્ઠી બનાવે તો इक् નો यण् આદેશ થાય તેમ यण् નો પણ આદેશ થવાનો પ્રસંગ આવે, એટલે કે इक् નો એક આદેશ અને यण् નો એક આદેશ થાય.પરિણામે આ સ્થાની અને આ આદેશ એમ જે સ્પષ્ટ વ્યવસ્થા છે તે નહી રહે. તેથી इक् ને સ્થાને यण् આદેશ પ્રાપ્ત નહીં થાય, કારણ કે ષષ્ઠી થવાથી यण् પણ સ્થાની થઇ જાય છે. આમ ષષ્ઠીપ્રક્લૃપ્તિ પક્ષમાં આ વધારાનો દોષ થશે.

[242] तास्यनुदात्तेत्० એ સૂત્રની વા.(૧) પ્રમાણે लसार्वधातुकम् ની लसार्वधातुके એમ સપ્તમી થતાં સૂત્રમાં સપ્તમી અને પંચમી એ બન્ને થશે. હવે ષષ્ઠીપ્રક્લૃપ્તિ કરવામાં આવે તો, એટલે કે तास्यादिभ्यः એ પંચમી तस्मादित्युत्तरस्य ० પ્રમાણે लसार्वधातुके એ સપ્તમીની ષષ્ઠી બનાવે અને लसार्वधातुके એ સપ્તમી तस्मिन्निति निर्दिष्टे० પ્રમાણે तास्यादिभ्यः એ પંચમીની ષષ્ઠી બનાવે તો બન્નેને ષષ્ઠીને સ્થાને કાર્ય થવાનો પ્રસંગ આવશે, કારણ કે અહીં સ્થાની ભિન્ન હોવાથી વિરોધ નથી થતો તેથી विप्रतिषेधे परं कार्यम्। ને અહીં અવકાશ નથી. પરિણામે બન્ને કાર્યો એકીસાથે થવા જશે. એમ એકદેશીની દલીલ છે (ના.)

[243] અત્યાર સુધી જે દોષ દર્શાવ્યા તેનો નિરાસ કરે છે.પ્રક્લૃપ્તિ સ્વીકારવામાં આવે તો આ સૂત્રો નિયમાર્થ છે એમ જે કહ્યું તેનો વિરોધ થશે, કારણ કે જો પ્રક્લૃપ્તિ માટે હોય તો નિયમાર્થે ન હોઇ શકે. એ બે વ્યાપાર એકીસાથે ન હોઇ શકે. તેનો ઉત્તર એ કે જે કાર્ય નિયમ કરે છે તે જ કાર્ય ષષ્ઠીપ્રકલ્પનથી સિદ્ધ થાય છે તેથી નિયમ ન રહેતો દોષ નહી આવે. વાસ્તવમાં જ્યાં સૂત્રમાં ષષ્ઠી (सौत्री षष्ठी)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सप्तमीनिर्दिष्टे पूर्वस्य षष्ठी प्रकल्प्यते पञ्चमीनिर्दिष्टे परस्य। यावता सप्तमीनिर्दिष्टे पूर्वस्य षष्ठी प्रकल्प्यत एवं पञ्चमीनिर्दिष्टे परस्य। नोत्सहते सप्तमीनिर्दिष्टे परस्य कार्यं भवितुं नापि पञ्चमीनिर्दिष्टे पूर्वस्य ॥ यदप्युच्यते प्रत्ययविधौ खल्वपि पञ्चम्यः प्रकल्पिकाः स्युरिति सन्तु नाम प्रकल्पिकाः। ननु चोक्तं गुप्तिज्किद्भ्यः सन्नित्येषा पञ्चमी सन्निति प्रथमायाः षष्ठी प्रकल्पयेत्तस्मादित्युत्तरस्येति। परिहृतमेतन्नकश्चिदन्य आदेशः प्रतिनिर्दिश्यते तत्रान्तर्यतः सनः सन्नेव भविष्यतीति। ननु चोक्तं नैवं शक्यमित्संज्ञा न प्रकल्पेतोपदेश इतीत्संज्ञोच्यत इति। स्यादेष दोषो यदीत्संज्ञादेशं प्रतीक्षेत। तत्र खलु कृतायामित्संज्ञायां लोपे च कृत आदेशो भविष्यति। उपदेश इति हीत्संज्ञोच्यते।

(કારણ કે) સપ્તમીદ્વારા નિર્દેશ હોય ત્યારે પૂર્વની ષષ્ઠી કરવામાં આવશે અને પંચમીદ્વારા નિર્દેશ હોય ત્યાં પરની ષષ્ઠી કરવામાં આવશે. આમ જ્યારે સપ્તમીદ્વારા નિર્દેશ હોય ત્યારે પૂર્વની ષષ્ઠી કરવામાં આવે છે અને પંચમીદ્વારા નિર્દેશ હોય ત્યાં પરની ષષ્ઠી કરવામાં આવે છે તેથી સપ્તમીદ્વારા નિર્દેશ હોય ત્યારે પરને કાર્ય થવાની શક્યતા નથી અને પંચમીદ્વારા નિર્દેશ હોય ત્યાં પૂર્વને કાર્ય થવાની શક્યતા નથી .વળી જે કહ્યું કે પ્રત્યયવિધિમાં પણ પંચમી (વિભક્તિ, પ્રથમા વગેરેને) ષષ્ઠીમાં ફેરવનાર થશે. (તેમાં કહેવાનું કે) ભલે થાય. પરંતુ અમે કહ્યુંને કે **गुप्तिज्किद्भ्यः सन्।** માં (**गुप्तिज्किद्भ्यः**) એ જે પંચમી છે તે **तस्मादित्युत्तरस्य** । ને કારણે **सन्** એ પ્રથમાની ષષ્ઠી બનાવશે. એનો તો '(અહીં) બીજા કોઇ આદેશનો નિર્દેશ કરવામાં નથી આવ્યો તેથી સૌથી સમાન હોવાને કારણે (**सन्** નો) **सन्** જ (આદેશ) થશે', એમ કહીને પરિહાર કર્યો છે.પણ અમે કહ્યુંને કે એ પ્રમાણે શક્ય નથી. (તેથી) **इत्** સંજ્ઞા થઇ નહીં શકે, કારણ કે **इत्** સંજ્ઞા ઉપદેશમાં કહેવામાં આવે છે.[244] જો **इत्** સંજ્ઞા આદેશ થવાની પ્રતીક્ષા કરતી હોય તો એ દોષ જરૂર આવે. પણ ત્યાં તો **इत्** સંજ્ઞા કરવામાં આવે અને લોપ કરવામાં આવે તે પછી આદેશ થશે, કારણ કે **इत्** સંજ્ઞા તો ઉપદેશ વખતે જ કહેવામાં આવે છે.

---

હોય, જેમ કે **इको यणचि**। ત્યાં પૂર્વની જ ષષ્ઠી થશે અને પરની ષષ્ઠીનું પ્રકલ્પન કરવામાં નહીં આવે, પરંતુ જ્યારે સૂત્રમાં ષષ્ઠ્યન્તનું ગ્રહણ ન કરવામાં આવ્યું હોય ત્યારે ષષ્ઠીની પ્રક્લૃપ્તિ કરવામાં આવશે અને તેને નિશ્ચિત સંબંધ ન હોવાથી તે સ્થાન ષષ્ઠી થશે અને તે ષષ્ઠી જેને થઇ હોય તેને કાર્ય થશે.

[244] **गुप्तिज्कित्०** માં **सन्** પ્રત્યયનું અનુબન્ધસહિત ઉચ્ચારણ કર્યુ છે. તે ઉપદેશ કાળે જ **न्** ની **इत्** સંજ્ઞા થશે અને **तस्य लोपः।** પ્રમાણે લોપ પણ થશે તેથી પ્રયોગ કાળે તો અનુબન્ધરહિત **स** જ પ્રત્યય થશે તેથી તેનો આદેશ **स** પણ અનુબન્ધરહિત જ થશે, કારણ કે ષષ્ઠીપ્રક્લૃપ્તિ થાય તે પૂર્વે સૂત્રમાં જ **इत्** સંજ્ઞા થાય છે તેથી **सन्** નું કાર્ય અનુબન્ધરહિત **स** ને પ્રાપ્ત થશે. પરિણામે **इत्** સંજ્ઞા નહીં થાય એમ જે દોષ કહ્યો તે નહીં રહે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवा नानुत्पन्ने सनि प्रक्लृप्त्या भवितव्यं यदा चोत्पन्नः संस्तदा कृतसामर्थ्या पञ्चमीति कृत्वा प्रक्लृप्तिर्न भविष्यति ॥ यदप्युच्यते प्रकृति-विकाराव्यवस्था चेति तत्रापि कृता प्रकृतौ षष्ठीक इति विकृतौ प्रथमा यणिति । यत्र च नाम सौत्री षष्ठी नास्ति तत्र प्रक्लृप्त्या भवितव्यम् । अथवास्तु तावदिको यणचीति यत्र नाम सौत्री षष्ठी । यदि चेदानीमचीत्येषा सप्तमी यणिति प्रथमायाः षष्ठी प्रकल्पयेत्तस्मिन्निति निर्दिष्टे पूर्वस्येत्यस्तु । न कश्चिदादेशः प्रतिनिर्दिश्यते तत्रान्तर्यतो यणो यणेव भविष्यति ॥ यदप्युच्यते सप्तमीपञ्चम्योश्च भावादुभयत्र प्रक्लृप्तिस्तत्रोभय-कार्यप्रसंग इत्या---

અથવા[245] તો **सन्** (**गुप्** વગેરેની પછી) લાગ્યો ન હોય ત્યાં સુધી તે (પ્રથમાની ) ષષ્ઠી બનાવી નહીં શકે અને જ્યારે **सन्** લાગ્યો હોય ત્યારે તેની શક્તિ વપરાઇ ગઇ હોવાથી (ષષ્ઠી) નહી બને. વળી જે કહ્યું કે પ્રકૃતિ અને વિકારની વ્યવસ્થા પણ (નહીં બને)[246] (તે બાબતમાં કહેવાનું કે) ત્યાં પણ પ્રકૃતિમાં **इकः** એમ ષષ્ઠી કરી છે (અને) વિકૃતિમાં **यण्** એ પ્રથમા (કરી છે). વાસ્તવમાં જ્યાં સૂત્રમાં ષષ્ઠી ન હોય ત્યાં (ષષ્ઠી) થવી ન જોઇએ અથવા તો **इको यणचि ।** એ સૂત્રમાં ષષ્ઠી (નિર્દિષ્ટ) છે ત્યાં ભલે થાય. હવે જો (અહીં) **अचि** એ સપ્તમી **तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य ।** પ્રમાણે **यण्** એ પ્રથમાની ષષ્ઠી બનાવે તો ભલે બનાવે.[247] (અહીં **यण्** ની સામે) બીજા કોઇ આદેશનો નિર્દેશ કરવામાં નથી આવ્યો તેથી સૌથી સમાન હોવાને કારણે અન્તરતમ હોવાથી **यण्** નો **यण्** જ થશે.વળી જે કહ્યું કે સપ્તમી અને પંચમી એ બે હોવાથી બંને સ્થળે ષષ્ઠી બનવાથી બંને કાર્ય થવાનો પ્રસંગ આવશે[248]

---

[245] અહીં દોષનો અન્ય રીતે નિરાસ કરે છે. **गुप्तिज्०** એ પંચમીને કારણે તેની પછી થનાર **सन्** પરત્વવિશિષ્ટ છે. જ્યાં સુધી તે ધાતુની પછી લાગે નહીં ત્યાં સુધી તે **गुप्** વગેરેની પર આવેલ છે તેમ ન કહેવાય અને જેવો તે **गुप्** વગેરેની પર આવે ત્યારે જ **सन्** ને પર લાવવામાં **गुप्तिज्किद्भ्यः** એ પંચમી વપરાઇ જવાથી, તે ક્ષીણશક્તિ થવાથી, પંચમી ષષ્ઠીપ્રક્લૃપ્તિ નહીં કરી શકે, કારણ કે ક્ષીણ થએલ પંચમીને ફરી પ્રવૃત્ત થવા માટે કોઇ પ્રમાણ નથી

[246] હવે પ્રકૃતિ-વિકાર વ્યવસ્થાને લગતી શંકાનો નિરાસ કરે છેઃ **इको यणचि ।** માં **इक्** અને **यण्** બન્નેનું સાક્ષાત્ શ્રવણ થાય છે તેમની વચ્ચે સ્થાની અને આદેશનો સંબંધ છે. ત્યાં સપ્તમી ષષ્ઠીપ્રક્લૃપ્તિ નહી કરે, એટલે કે **अचि** એ સપ્તમી **यण्** એ પ્રથમાની ષષ્ઠી નહીં બનાવે, કારણ કે તેમ થવાની જરૂર નથી. તેથી **इकः** અને **यणः** એમ બે સ્થાની થશે વગેરે જે દોષ દર્શાવ્યો તે સંભવિત નથી. પરંતુ જ્યારે સૂત્રમાં શ્રવણ થતું હોય તેવા સ્થાની અને આદેશનો સ્પષ્ટ સંબંધ ન હોય ત્યાં ષષ્ઠ્યન્તનો આદેશસૂચવવા માટે, સૂત્રવિહિત કાર્ય કોને થશેએ આકાંક્ષાને ષષ્ઠીપ્રક્લૃપ્તિની અપેક્ષા રહેતી હોય ત્યાં જ ષષ્ઠીની પ્રક્લૃપ્તિ થશે. જેમ કે **नृ च ।** (૬-૪-૬) એ સૂત્રમાં ષષ્ઠયન્તનું ગ્રહણ નથી તેથી ષષ્ઠ્યન્તની અપેક્ષા છે. ત્યાં પૂર્વ સૂત્ર **नामि ।** (૬-૪-૩) માંથી **नामि** ની અનુવૃત્તિ થાય છે. તે સપ્તમી **तस्मिन्निति निर्दि०** પ્રમાણે **नृ** ની ષષ્ઠી કરશે જેથી **नाम्** પર થતાં **नृ** નો દીર્ઘ થઇને ( **नृणाम्** રૂપ સિદ્ધ થશે).

[247] **इको यणचि ।** માં પણ **यणः** એ ષષ્ઠી થાય છતાં અન્ય આદેશનું વિધાન નથી તેથી અંતરતમ હોવાથી **यण्** નો **यण्** જ આદેશ થશે. પરિણામે દોષને અવકાશ નહીં રહે. ના. કહે છે કે આ માત્ર પ્રૌઢિવાદ છે સૂત્રમાં **यण्** એ પ્રથમા અને **इकः** એ ષષ્ઠીનો નિર્દેશ કર્યો છે તેના પ્રતાપે **इक्** અને **यण्** નો સ્થાની આદેશ તરીકે સંબંધ થાય તે પછી આ **तस्मिन्निति निर्दिष्टे०** સૂત્રને બળે **यण्** પણ સ્થાની થાય તો કોઇ વાંધો નથી, કારણ કે ઉપર કહ્યું તેમ **यण्** નો **यण्** જ આદેશ થશે.

[248] એક સૂત્રમાં એકીસાથે પંચમી અને સપ્તમી ષષ્ઠીપ્રક્લૃપ્તિ કરે એ તો પરસ્પર વિરોધ થવાને કારણે સંભવિત નથી છતાં **आने मुक् । ईदासः ।** એ સૂત્રોને આધારે પંચમી અને સપ્તમી બંને વિભક્તિઓ ષષ્ઠીની નિષ્પત્તિ કરે તો **तास्यादिभ्यः लसार्वधातुकस्य लसार्वधातुके तास्यादीनाम् अनुदात्तत्वं भवति ।** (**तासि** વગેરે પછી આવતો **लसार्वधातुक** અને **लसार्वधातुक** પછી આવતા **तासि** વગેરે અનુદાત્ત થાય છે) એમ અનુમાન થાય તો **आद्गुणः ।** વગેરેમાં પણ તે જ રીતે ષષ્ઠી નિષ્પન્ન થઇને **अ** વર્ણ પછી **अच्** આવતાં તેમને સ્થાને ગુણ રૂપી એકાદેશ થાય છે એમ સૂત્ર સમજાશે તેમ છતાંપાણિનીએ **एकः पूर्वपरयोः ।** એ સૂત્રમાં **पूर्वपरयोः** નું ગ્રહણ કર્યુ છે તેથી જ્ઞાપન થાય છે કે બંને વિભક્તિ એક સાથે ષષ્ઠીનિષ્પત્તિ કરનાર નથી હોતી.(**नोभे युगपत्प्रकल्पिके**) અને બંને એક સાથે પ્રકલ્પક ન હોય તો નિયમપક્ષમાં પરત્વ અને અનવકાશત્વ જેમ પ્રકલ્પકત્વનાં નિર્ણાયક છે તેમ પ્રક્લૃપ્તિ પક્ષમાં પણ છે. આથી જે પર હશે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-चार्यप्रवृतिर्ज्ञापयति नोभे युगपत्प्रकल्पिके भवत इति यदयमेकः पूर्वपरयोः इति पूर्वपरग्रहणं करोति ॥

स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा ॥१।१।६८॥

रूपग्रहणं किमर्थं न स्वं शद्बस्याशद्बसंज्ञा भवतीत्येव रूपं शद्बस्य संज्ञा भविष्यति। न ह्यन्यत्स्वं शद्बस्यास्त्यतो रूपात्। एवं तर्हि सिद्धे सति यद्रूपग्रहणं करोति तज्ज्ञापयत्याचार्योऽस्त्यन्यद्रूपात्स्वं शद्बस्येति। किं पुनस्तत्। अर्थः। किमेतस्य ज्ञापने प्रयोजनम्। अर्थवद्ग्रहणे नानर्थकस्येत्येषा परिभाषा न कर्तव्या भवति ॥

(તેમાં કહેવાનું કે) **एकः पूर्वपरयोः**। એ સૂત્રમાં **पूर्व** અને **पर** શબ્દોનું ગ્રહણ કરે છે તે આચાર્યનો વ્યવહાર સૂચવે છે કે (પંચમી અને સપ્તમી) બંને એક સાથે (અન્યને) ષષ્ઠીમાં ફેરવતાં નથી.

**આ શાસ્ત્રમાં શબ્દના સ્વરૂપનું જ ગ્રહણ કરવાનું છે,( તેના અર્થનું નહીં,)[249] સિવાય કે તે શબ્દ વ્યાકરણ શાસ્ત્રની સંજ્ઞા હોય ॥૧।૧।૬૮॥**

**(સૂત્રમાં) रूप (શબ્દ)નું ગ્રહણ શા માટે (કર્યું છે) ? स्वं शब्दस्याशब्दसंज्ञा। એટલાથી જ રૂપ એ શબ્દની સંજ્ઞા ન થાય ?** [250] કારણ કે રૂપ સિવાય શબ્દનું પોતાનું બીજું કંઇ (હોતું) નથી. તો પછી આમ (રૂપગ્રહણ કર્યા વિના) સિદ્ધ થતું હોવા છતાં (સૂત્રમાં) જે **रूप** (શબ્દ) નું ગ્રહણ કરે છે તેથી આચાર્ય સૂચવે છે કે રૂપ સિવાય પણ બીજું કંઇ શબ્દનું પોતાનું હોય છે. તે વળી શું છે ? અર્થ. આ જ્ઞાપનનું પ્રયોજન શું છે ? એ કે '(સૂત્રમાં) અર્થયુક્તનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે અર્થરહિતનું (ગ્રહણ) નહીં થાય' એ પરિભાષા નહીં કરવી પડે. [251]

---

અથવા અનવકાશ હશે તે પ્રકલ્પક થશે. અહીં શંકા થઇ શકે કે **दीर्घात्। (छे तुग्भवति)** એ સૂત્રમાં પંચમી અનવકાશ છે અને તે પર સૂત્ર છે તેથી **छ**-કારની ષષ્ઠી બનાવવામાં આવશે. પરંતુ તેમ નથી. અહીં પંચમીનો **व्यत्ययो बहुलम्**। પ્રમાણે વ્યત્યય થઇને ષષ્ઠીને સ્થાને પ્રયોજાઇ છે તેથી **दीर्घात्** એટલે **दीर्घस्य** એમ સમજાશે. દીર્ઘને **तुक्** આગમ થશે **छ** ને નહીં થાય. આ બાબતનો નિર્દેશ સૂત્રકારે **विभाषा सेनासुराच्छायाशालानिशानाम्**। એ સૂત્રમાં **सुराच्छाया** એમ કહ્યું છે તેમાંથી મળે છે. એ ઉપરથી સમજાય છે કે **तुक्** દીર્ઘ आ ને થાય છે **छ्** ને નથી થતો. જો તેમ ન હોત તો સૂત્રકાર **सुराच्चाया** એમ બે **च**-કાર યુક્ત નિર્દેશ કરત, કારણ કે **खरि च**। પ્રમાણે**चर्त्व** થશે.

[249] સૂત્રમાં જ્યારે કોઇ શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે તે વ્દારા શબ્દ પોતે, તેના પર્યાયો તથા તેના વિશેષોનું ગ્રહણ થવાનો સંભવ છે. જેમ કે **अग्नि** નું સૂત્રમાં ગ્રહણ હોય તો તે વ્દારા **अ ग् न् इ** રૂપી જે પોતાનું સ્વરૂપ છે તે તથા તેના **वह्नि** ,**पावक** વગેરે પર્યાય તેમ જ **दावाग्नि**, **वडवाग्नि** વગેરે વિશેષોનું ગ્રહણ થવાનો સંભવ છે તેથી સૂત્રનિર્દિષ્ટ કાર્ય તેમને થવાનો પ્રસંગ આવતાં અવ્યવસ્થા ઉદ્દભવે. એ અવ્યવસ્થાને નિવારવા આ સૂત્રવ્દારા નિયમ કરવામાં આવે છે કે તે કાર્ય શબ્દના સ્વરૂપને જ (જેમ કે **अग्नि** એ સ્વરૂપને જ) થશે તેના અર્થને ,પર્યાયને કે વિશેષોને નહીં થાય.આમ આ સૂત્ર પરિભાષા છે એમ કેટલાક માને છે. જ્યારે ભાષ્યકાર અને બીજા આને સંજ્ઞા સૂત્ર ગણે છે, કારણ કે ભાષ્યકાર કહે છે,'**रूपं शद्बस्य संज्ञा**।'.

[250] પ્રશ્નકર્તા કહેવા માગે છે કે શબ્દનું ઉચ્ચારણ થતાં માત્રમાં તેના સ્વરૂપનું જ્ઞાન અવશ્ય થાય છે, કારણ કે શબ્દ કાનમાં જેવો સંભળાય તેવું તેનું સ્વરૂપ જણાય છે. અર્થજ્ઞાનની માફક તેને અભિધા વગેરે શક્તિની અપેક્ષા રહેતી નથી. આ રીતે સ્વરૂપનું જ્ઞાન થતું હોવાથી અને શબ્દને તેના વર્ણાત્મક દેહ સિવાય અન્ય કંઇ પોતાનું હોતું નથી તેથી સૂત્રમાં **रूप** શબ્દનું ગ્રહણ ન કરવામાં આવે તો પણ સ્વરૂપ જ્ઞાન થાય છે પછી સૂત્રમાં **रूप** શબ્દ શા માટે મૂક્યો છે ? વળી શબ્દનું આ સ્વરૂપ અન્યને સાધારણ નથી હોતું, તે અસાધારણ હોય છે પણ અર્થ તો એ શબ્દ કે તેના અન્ય પર્યાયો વ્દારા વ્યક્ત થઇ શકે છે તેથી અર્થ એ શબ્દનો પોતાનો (**स्व**) હોવા છતાં તે સંજ્ઞી ન થઇ શકે, કારણ કે અર્થ તો લોકવ્યવહાર ઉપરથી સિદ્ધ થાય છે તેથી તે સંજ્ઞી હોય તો સૂત્ર નિરર્થક થાય.

[251] સૂત્રમાં **रूप** શબ્દનું ગ્રહણ અન્ય કોઇની વ્યાવૃત્તિ માટે, તેને બાકાત કરવા માટે કર્યુ હોય, તો પછી તે વ્યાવર્ત્ય (જેને બાકાત કરવાનો છે તે) ની વ્યાવૃત્તિ કરીને તેની શક્તિ વપરાઇ ગઇ હોય તેમ પણ કંઇ નથી. તેથી જ્ઞાપન થાય છે કે વર્ણાત્મક દેહ જેમ શબ્દનું **स्व** છે તેમ અર્થ પણ બહિરંગ હોવા છતાં શબ્દનું **स्व** છે. આ વ્દારા આચાર્ય સૂચવે છે કે 'સૂત્રમાં અર્થયુક્તનું ગ્રહણ કરવામાં આવ્યું હોય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किमर्थपुनरिदमुच्यते।

शद्वेनार्थगतेरर्थस्यासंभवात्तद्वाचिनः संज्ञाप्रतिषेधार्थं स्वरूपवचनम्॥१॥

शद्वेनोच्चारितेनार्थो गम्यते। गामानय दध्यशानेत्यर्थ आनीयतेऽर्थश्च भुज्यते। अर्थस्यासंभवात्। इह व्याकरणेऽर्थे कार्यस्यासंभवः।

अग्नेर्ढक्। इति न शक्यतेऽङ्गारेभ्यः परो ढक्कर्तुम्। शद्वेनार्थगतेरर्थस्यासंभवाद्यावन्तस्तद्वाचिनः शद्वास्तावद्भ्यः सर्वेभ्य उत्पत्तिः प्राप्नोति। इष्यते च तस्मादेव स्यादिति। तच्चान्तरेण यत्नं न सिध्यतीति तद्वाचिनः संज्ञाप्रतिषेधार्थं स्वरूपवचनम्॥ एवमर्थमिदमुच्यते॥
न वा शद्वपूर्वको ह्यर्थे संप्रत्ययस्तस्मादर्थनिवृत्तिः॥२॥

न वैतत्प्रयोजनमस्ति। किं कारणम्। शद्वपूर्वको ह्यर्थस्य संप्रत्ययः। आतश्च शद्वपूर्वको योऽपि ह्यसावाहूयते नाम्ना। नाम यदानेन नोपलब्धं भवति तदा पृच्छति किं भवानाहेति। शद्वपूर्वकश्चार्थस्य संप्रत्यय इह च व्याकरणे

આ સૂત્ર શા માટે કહેવામાં આવ્યું છે ? શબ્દથી અર્થ સમજાય છે, (પણ) અર્થને (કાર્ય થવું) સંભવિત ન હોવાથી તે (જ અર્થ) ના વાચક (અન્ય શબ્દો) ની [252] સંજ્ઞા થતી અટકાવવા માટે પોતાનું રૂપ (**स्वं रूपम्**) એમ કહ્યું છે ॥१॥

શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવતાં અર્થ સમજાય છે. **गामानय**। (બળદને લાવ) **दध्यशान**। (દહીં ખા) એમ (કહેવામાં આવતાં) અર્થને જ લાવવામાં આવે છે અને અર્થને જ ખાવામાં આવે છે. અર્થને (કાર્ય થવું ) સંભવિત ન હોવાથી (અર્થાત્) આ વ્યાકરણ શાસ્ત્રમાં તો અર્થને કાર્ય (કરવું) અસંભવિત છે, (જેમ કે) **अग्नेर्ढक्**। પ્રમાણે અંગારાની પછી **ढक्** (પ્રત્યય) કરવો શક્ય નથી. (આમ) શબ્દ વ્દારા અર્થનો બોધ થાય છે તેથી (અને) અર્થને (કાર્ય કરવું) સંભવિત નથી તેથી તે (અર્થ) ના વાચક (જેટલા) શબ્દો હોય તે (બધા) ને (તે પ્રત્યય) લાગવાનો પ્રસંગ આવે છે, પરંતુ તે (શબ્દ) ને જ (પ્રત્યય) લાગે તે ઇષ્ટ છે અને યત્ન વિના તે સિદ્ધ ન થાય તેથી તે (અર્થ) ના વાચક (અન્ય શબ્દ) ને થતી સંજ્ઞા અટકે તે માટે આ (**स्वं रूपम्** એમ) કહ્યું છે.
અથવા તો (એમ) નથી, કારણ કે અર્થનો બોધ શબ્દ (જ્ઞાન) પૂર્વક (થાય છે), તેથી અર્થની નિવૃત્તિ (થાય છે) ॥२॥

અથવા તો એ પ્રયોજન નથી. (તેનું) શું કારણ ? અર્થનું જ્ઞાન શબ્દપૂર્વકનું હોય છે અર્થાત્ અર્થનું જ્ઞાન શબ્દના જ્ઞાન પછી થાય છે. અને (અર્થજ્ઞાન શબ્દજ્ઞાન પછી થાય છે) [253] તે આથી પણ(સમજાય છે કે) જ્યારે કોઇને એના નામથી બોલાવવામાં આવે અને તેણે સાંભળ્યું ન હોય ત્યારે એ પૂછે છે કે આપે શું કહ્યું ? આમ અર્થનો બોધ શબ્દજ્ઞાનપૂર્વકનો છે. આ વ્યાકરણ (શાસ્ત્ર)માં તો

---

ત્યારે અર્થરહિતને કાર્ય નહીં થાય' એ પરિભાષા કરવાની જરૂર નથી. કારણ કે **काशे, कुशे** માં **शे** એટલો ભાગ અર્થરહિત હોવાથી **शे**। સૂત્ર પ્રમાણે તેની પ્રગૃહ્ય સંજ્ઞા નહીં થાય, પરંતુ જ્યારે શબ્દને અર્થયુક્ત સ્વરૂપે સૂત્રમાં ન લીધો હોય ત્યારે આ પરિભાષા લાગુ નહીં પડે. સૂત્રમાં જ્યાં વર્ણગ્રહણ કર્યુ હોય ત્યાં, જેમ કે **टित आत्मनेपदानां टेरे**। પ્રમાણે **टित्** ल-કારમાં **टि** નો **ए** થાય છે ત્યાં જેમ કે **पचेते**. અહીં **टि** અર્થરહિત હોવા છતાં તેનો **ए** થશે.

[252] લોકવ્યવહારમાં શબ્દ પોતાની અભિધા વગેરે શક્તિ વ્દારા અર્થનો બોધ કરાવે છે. વ્યાકરણશાસ્ત્રમાં પણ **पशु , अपत्य , देवता** વગેરેનું સૂત્રમાં ગ્રહણ હોય ત્યાં તે તે શબ્દ પોતાનો અર્થ સૂચવે છે, સ્વરૂપ સૂચવતો નથી.વ્યવહારમાં પણ **गामानय। दधि अशान।** એમ કહેવામાં આવતાં આનયન કે ભોજન રૂપી કાર્ય **गो** કે **दधि** એ શબ્દોને વિશે થતું નથી,પરંતુ એ શબ્દોના **गो** વ્યક્તિ રૂપ અને **दधि** રૂપ પદાર્થને અનુલક્ષીને થાય છે, પરંતુ વ્યાકરણ શાસ્ત્રમાં **अग्नेर्ढक्**। જેવામાં **अग्नि** શબ્દના અર્થને એટલે કે અંગારાને **ढक्** પ્રત્યય લગાડવા રૂપી કાર્ય કરવું સંભવિત નથી, કારણ કે તે બે વચ્ચે પૌર્વાપર્ય શક્ય નથી. તે રીતે **अग्नि** શબ્દના પર્યાય **पावक** વગેરેને કાર્ય થવાનો પ્રસંગ નિવારવા માટે, તે શબ્દના પર્યાયનો પ્રતિષેધ કરવા માટે, સૂત્રમાં **स्वंरूप** શબ્દનું ગ્રહણ કરવું જરૂરી છે.

[253] **शद्वपूर्वकः**—શબ્દજ્ઞાન જેમાં પૂર્વે થાય છે તે. ચક્ષુ વગેરે સત્તા માત્રથી જ પોતાના વિષયનું જ્ઞાન કરાવે છે પરંતુ શબ્દ માત્ર સત્તાને કારણ અર્થ બોધ કરાવતો નથી. પ્રથમ શબ્દનું જ્ઞાન થાય છે પછી અર્થનું. તેથી જ અર્થના જ્ઞાનને શબ્દપૂર્વક કહ્યું છે. દા.ત. કોઇ વ્યક્તિને તેનું નામ પોકારીને અન્ય વ્યક્તિ બોલાવે ત્યારે તે પ્રથમ વ્યક્તિ એ નામ બરોબર સમજી ન શકે તો એ સ્પષ્ટતા માટે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

शब्दे कार्यस्य संभवोऽर्थेऽसंभवस्तस्मादर्थनिवृत्तिः। तस्मादर्थनिवृत्तिर्भविष्यति॥ इदं तर्हि प्रयोजनमशब्दसंज्ञेति वक्ष्यामीति। इह मा भूत्। दाधाघ्वदाप्। तरप्तमपौ घः। इति।

संज्ञाप्रतिषेधानर्थक्यं वचनप्रामाण्यात्॥३॥

संज्ञाप्रतिषेधश्चानर्थकः। शब्दसंज्ञायां स्वरूपविधिः कस्मान्न भवति। वचनप्रामाण्यात्। शब्दसंज्ञावचनसामर्थ्यात्॥ ननु च वचनप्रामाण्यात्संज्ञिनां संप्रत्ययः स्यात्स्वरूपग्रहणाच्च संज्ञायाः। एतदपि नास्ति प्रयोजनम्। आचार्य-

શબ્દને કાર્ય થાય તે સંભવિત છે અર્થને સંભવિત નથી, તેથી અર્થની નિવૃત્તિ,[254]અર્થાત્ અર્થની નિવૃત્તિ થશે.તો પછી પ્રયોજન એ છે કે अशब्दसंज्ञा (શબ્દશાસ્ત્રની સંજ્ઞા સિવાય) એમ કહેવાનો છું જેથી दाधाघ्वदाप्। तरप्तमपौ घः। જેવામાં (સ્વરૂપને કાર્ય) ન થાય. [255] (શબ્દ અર્થાત્ વ્યાકરણ શાસ્ત્રમાં સંજ્ઞાઓ ) કહેવામાં આવી છે [256] તે પ્રમાણે (શબ્દ)સંજ્ઞાનો પ્રતિષેધ અર્થહીન છે ॥૩॥

શબ્દશાસ્ત્રની સંજ્ઞાઓનો પ્રતિષેધ બિનજરૂરી છે[257] (તો પછી ઘુ વગેરે) શબ્દસંજ્ઞાઓમાં સ્વરૂપને કાર્ય કેમ નથી થતું ? વચનના પ્રામાણ્યને લીધે (અર્થાત્) શબ્દસંજ્ઞાઓ કહેલી છે તેને પ્રતાપે (કાર્યનથી થતું).પણ (અમે કહીએ છીએ કે) સંજ્ઞાઓ કહી છે તેને આધારે સંજ્ઞીઓનો બોધ થાય અને સ્વરૂપનું ગ્રહણ કર્યું છે તેથી સંજ્ઞાનો (બોધ થશે).[258] એ પણ પ્રયોજન નથી. આચાર્યનો

---

પોકારનારને પૂછે છે કે તે શું કહે છે. તેથી સમજાય છે કે શબ્દનો બોધ ન થયો હોય તો અર્થ સમજાતો નથી. તેથી જ કહ્યું છેઃ न सोऽस्ति प्रत्ययो लोके यः शब्दानुगमादृते। अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते॥ (ભર્તૃ.વા.બ્ર.કા.૧૨૩) .

[254] तस्मादर्थनिवृत्तिः--તેથી અર્થની નિવૃત્તિ થશે એટલે કે सर्वं रूपं ન કહ્યું હોય તો પણ આ શાસ્ત્રમાં અર્થને કાર્ય કરવું શક્ય ન હોવાથી અર્થને કાર્ય થતું આપોઆપ જ અટકી જશે.अर्थनिवृत्तिः એટલે अर्थवाचकशब्दान्तरनिवृत्तिः (ના.) એટલે કે તે અર્થના વાચક અન્ય શબ્દોની, અર્થાત્ તેના પર્યાયોની નિવૃત્તિ થશે. તેથી માત્ર શબ્દને જ કાર્ય થશે, તેના અર્થને કે પર્યાયને નહીં થાય. આગળ વા.(૧) માં तद्वाचिनः એમ કહ્યું છે તે जातौ एकवचनम् છે, જાતિવાચક છે તેથી કે. सर्वस्य तद्वाचिनः એમ અર્થ કરે છે, તેથી આ વા.(૨) પર્યાયોની (तद्वाची ની) નિવૃત્તિ કરે છે તેમ સમજાય છે. ટૂંકમાં વિશિષ્ટ વર્ણદિયુક્ત શબ્દને સૂત્રનિર્દિષ્ટ કાર્ય થાય છે, અર્થને ન થાય અને જો અર્થને જ ન થાય તો પછી એ અર્થના વાચક ભિન્નવર્ણદિયુક્ત પર્યાયોને તો ન જ થાયને ! કારણ કે अग्नि એ શબ્દને પર્યાયો સાથે અર્થને કારણે જ સંબંધ છે.

[255] न शब्दसंज्ञा अशब्दसंज्ञा (શબ્દસંજ્ઞા સિવાયના) અહીં शब्द એટલે શબ્દશાસ્ત્ર, વ્યાકરણ અને शब्दे संज्ञा शब्दसंज्ञा અર્થાત્ વ્યાકરણ શાસ્ત્રમાં કરવામાં આવેલી ઘુ , ઘ વગેરે સંજ્ઞાઓ. शब्दसंज्ञा એ સપ્તમી સમાસ છે, शब्दस्य संज्ञा એમ ષષ્ઠી સમાસ નથી, કારણ કે તેમ લેવાથી कर्म , करण વગેરે જે અર્થની સંજ્ઞાઓ છે ત્યાં સ્વરૂપનું ગ્રહણ કરવાનો પ્રસંગ આવશે.

[256] दाधाघ्वदाप्। દ્વારા दा,धा વગેરેની घु સંજ્ઞા કરવામાં આવી છે. આ શબ્દસંજ્ઞા, વ્યાકરણશાસ્ત્રમાં કરેલી સંજ્ઞા છે. અહીં સ્વરૂપનું ગ્રહણ કરવામાં આવે તો उपसर्गे घोः किः। પ્રમાણે कि પ્રત્યય થાય છે તે दा, धा ધાતુને ન થતાં ઘુ ધાતુના અર્થને થવાનો પ્રસંગ આવશે. તે રીતે तरप्तमपौ घः। થી तर, तम ની ઘ સંજ્ઞા કરવામાં આવી છે. હવે घरूपकल्प० પ્રમાણે ઘ પર થતાં ङी અન્તે હોય તેવા અનેકાચ્નો હ્રસ્વ થાય છે. તે પ્રમાણે कुमारीघः માં પણ હ્રસ્વ થવાનો પ્રસંગ આવશે. પરંતુ અહીં ઘ એ સંજ્ઞા નથી તેથી હ્રસ્વ નહીં થાય. આમ શબ્દસંજ્ઞાનું ગ્રહણ કર્યું હોય ત્યાં અર્થનું ગ્રહણ થશે, સ્વરૂપનું નહી થાય અને એ તો સૂત્રમાં स्वंरूपम् નું ગ્રહણ કર્યું હોય તો જ સિદ્ધ થાય એમ અહીં દલીલ છે.

[257] સૂત્રકારે ઘુ , ઘ વગેરે ખાસ સંજ્ઞાઓ એ માટે કરી છે કે જેથી તે તે સંજ્ઞાનાં उपसर्गे घोः किः। घरूणकल्प० વગેરે પ્રદેશ સૂત્રોમાં તે તે સંજ્ઞાના સંજ્ઞીનો બોધ થાય. આમ તેમના વચનને આધારે (वचनप्रामाण्यात्) સંજ્ઞીનો બોધ થશે પરંતુ સ્વરૂપનો બોધ નહીં થાય. તેથી अशब्दसंज्ञा એ પ્રતિષેધ કરવાની જરૂર નથી. એમ અહીં દલીલ છે.

[258] ઘુ વગેરે સંજ્ઞાનું ખાસ વિધાન કર્યુ છે તેને આધારે જેમ તેમના સંજ્ઞી दा ,धा વગેરેનો બોધ થાય છે તેમ कर्तुरीप्सिततमं कर्म। જેવામાં જ્યાં સ્વરૂપનું ગ્રહણ હોય ત્યાં સંજ્ઞાનું ભાન થશે. આમ उभयगति ન્યાયે તે તે પ્રદેશ સૂત્રમાં સંદર્ભની અનુકૂળતા પ્રમાણે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**प्रवृत्तिर्ज्ञापयति शद्बसंज्ञायां न स्वरूपविधिर्भवतीति यदयं ष्णान्ता षट् इति षकारान्तायाः संख्यायाः षट्संज्ञां शास्ति। इतरथा हि वचनप्रामाण्याच्च नकारान्तायाः संख्यायाः संप्रत्ययः स्यात्स्वरूपग्रहणाच्च षकारान्तायाः। नैतदस्ति ज्ञापकं न हि षकारान्ता संज्ञा। का तर्हि। डकारान्ता। असिद्धं जश्त्वं तस्याद्धित्वात्षकारान्ता॥ मन्त्राद्यर्थं तर्हीदं वक्तव्यम्। मन्त्र ऋचि यदुच्यते तन्मन्त्रशद्ब ऋक्शद्बे च यजुःशद्बे च मा भूत्।**

વ્યવહાર જ્ઞાપન કરે છે કે શબ્દસંજ્ઞામાં સ્વરૂપ (ને) વિધિ નથી થતો, કારણ કે તેમણે **ष्णान्ता षट्।** માં **ष**-કારાન્તની **षट्** સંજ્ઞા કરી છે,[259] એમ ન હોત તો (શબ્દસંજ્ઞા) કહી છે તેને આધારે **न**-કારાન્તનો બોધ થાત અને સ્વરૂપ ગ્રહણ કરવાને કારણે (માત્ર) **ष**-કારાન્તનો બોધ થાત. એ જ્ઞાપક નથી, કારણ કે **ष**-કારાન્ત સંખ્યા છે જ નહીં. તો પછી કઇ છે ? **ड**-કારાન્ત.[260] (પણ) **जश्त्व** અસિદ્ધ છે અને તે અસિદ્ધ છે તેથી **ष**- કારાન્ત (સંખ્યા જ) છે. તો પછી મંત્ર વગેરે માટે આ (**अशब्दसंज्ञा** એમ) કહેવું પડશે,[261] જેથી **मन्त्रे** (મંત્રમાં), **ऋचि** (ઋક્માં), **यजुषि** (યજુસ્માં) એમ જે (કાર્ય) કહેવામાં આવે છે તે **मन्त्र** શબ્દને, **ऋक्** શબ્દને અને **यजुस्** શબ્દને ન થાય.[262]

---

સ્વરૂપ અથવા સંજ્ઞીનું ભાન થાય છે. કૃત્રિમ અને અકૃત્રિમ એમ બે રીતે ગ્રહણ થશે.**संख्याया अतिशदन्तायाः कन्।** માં **संख्या** શબ્દ એક, બે ત્રણ વગેરે લૌકિક સંખ્યાના અર્થમાં છે તેમ જ **बहुगणवतुडति संख्या।** એ પારિભાષિક સંખ્યાના અર્થમાં પણ છે જેથી **पञ्चकः**, **बहुकः** વગેરે સિદ્ધ થાય છે. **कर्तरि कर्मव्यतिहारे।** માં **कर्म** ક્રિયાના અર્થમાં છે. **कर्तुरीप्सिततमं कर्म।** માં એ પારિભાષિક અર્થમાં નથી લૌકિક અર્થમાં છે. **शद्बवैरकलहाभ्रकण्वमेघेभ्यः करणे।** માં **करण** શબ્દ ક્રિયાવાચી છે, **साधकतम** એ પારિભાષિક અર્થમાં નથી. આમ સંદર્ભાનુસાર વચનના આધારે પારિભાષિક સંજ્ઞી અથવા સ્વરૂપ ગ્રહણને કારણે સંજ્ઞા, એમ ઉભય રીતે ગ્રહણ થઇ શકશે એમ અહીં દલીલ છે. આ દલીલ પ્રસ્તુત સૂત્ર કર્યું છે તેને સ્વીકારીને કરવામાં આવી છે. સૂત્ર જરૂરી નથી એમ માનીને પ્રત્યાખ્યાન કર્યાનું હોય તો આ દલીલની જરૂર નથી.

[259] પાણિનીએ **ष्णान्ता षट्।** થી **न**-કારાન્ત **पञ्चन्**,**सप्तन्** વગેરેની તથા **ष**-કારાન્ત **षष्** ની **षट्** સંજ્ઞા કરી છે.પરંતુ **षष्** એ તો **ष**- કારાન્ત જ છે તેથી **षड्भ्यो लुक्।** પ્રમાણે **षट्** સંજ્ઞક પછી આવતા **जस्** અને **शस्** નો લોપ થાય છે ત્યાં **षष्** નું પોતાના સ્વરૂપને કારણે જ **षट्** વ્દારા ગ્રહણ થઇ શકત અને **पञ्चन्** વગેરેનું **षट्** સંજ્ઞાને કારણે થાત. તેથી સૂત્રકારે **ष्णान्ता षट्।** ને બદલે **नान्ता षट्।** એમ કહ્યું હોત તો પણ ઇષ્ટ સિદ્ધિ થાત તેમ છતાં તેમણે **ष्णान्ता षट्।** એમ કહ્યું છે તે વ્દારા સૂચવ્યું છે કે સંજ્ઞા શબ્દોમાં સ્વરૂપનું ગ્રહણ થતું નથી. તેથી **षट्** સંજ્ઞાને કારણે **ष**-કારાન્ત અને **न**-કારાન્ત સંખ્યા પછી આવતા **जस्**,**शस्** નો લોપ થશે.

[260] **षड्भ्यो लुक्।** માં ઉચ્ચારેલ સંખ્યા **षड्** છે, **ड**-કારાન્ત છે **ष**-કારાન્ત નથી એમ કહેવા માગે છે. એ સૂત્ર પ્રમાણે **षड्** સંજ્ઞક સંખ્યાની પર થતા **जस्**, **शस्** નો **लुक्** થાય છે તે **ष**-કારાન્ત **षष्** ની પર હોય ત્યારે થાય છે, કારણ કે **षष् जस्** /**शस्** એ સ્થિતિમાં જ્યાં સુધી આ સૂત્ર પ્રમાણે **लुक्** ન થયો હોય ત્યાં સુધી **झलां जशोऽन्ते।** નો અમલ નહીં થઇ શકે. તેથી **जश्त्व** નહીં થાય. તે રીતે **षण्णाम्** માં **आम्** ને **षट्चतुर्भ्यश्च।** પ્રમાણે **नुट्** આગમ થાય છે તે પણ **ष**-કારાન્ત **षष्** ને જ કરવાનો છે તેથી **रषाभ्यां नो णः।** પ્રમાણે મૂર્ધન્ય થશે. આમ **लुक्** વગેરે માટે **षट्** સંજ્ઞામાં **षष्** નો સમાવેશ કર્યો હોવાથી **ष्णान्ता षट्।** સૂત્ર જ્ઞાપક નહીં થઇ શકે.

[261] સૂત્રમાં **ड**-કારાન્તનું શ્રવણ થાય છે છતાં **जश्त्व** અસિદ્ધકાંડમાંના સૂત્રથી થયું છે તેથી તે (**षट्**) **ष**-કારાન્ત સ્વરૂપનું જ ગ્રહણ કરાવશે, એટલે કે **षष्** ની પછી આવતા **जस्** , **शस्** નો **लुक्** થાય છે એમ સ્વરૂપ ગ્રહણ કરીને અર્થ કરતાં જ્યારે **लुक्** કરવાનો હોય ત્યારે **जश्त्व** અસિદ્ધ છે એમ કહેવા માગે છે.

[262] **ष्णान्ता षट्।** જ્ઞાપન કરે છે કે શાસ્ત્રીય સંજ્ઞામાં સ્વરૂપ ગ્રહણ થતું નથી. **मन्त्र**,**ऋक्** ,**यजुष्** વગેરે એવી સંજ્ઞા છે કે તેમનો અર્થ શબ્દ થાય છે એટલે કે એ સંજ્ઞાઓ શબ્દસમુદાયની છે. ત્યાં સવરૂપનું ગ્રહણ ન થાય તે માટે **अशद्बसंज्ञा** એમ કહેવું પડશે, નહીં તો સૂત્રમાં જ્યાં **मन्त्रे** , **यजुषि** ,**ऋचि** એમ કહ્યું હોય ત્યાં **मन्त्र** વગેરે શબ્દોને , તે શબ્દસ્વરૂપોને જ કાર્ય થશે. તેથી અવ્યવસ્થા થશે.દા.ત. **मन्त्रे घसह्वरणश०** અહીં **मन्त्रे** છે. **मन्त्र** માં **लि** લોપ થાય છે તેમ કહેવાનો કોઇ અર્થ નથી. **देवसुम्नयोर्यजुषि काठके।** માં **यजुषि** છે અને **कव्यध्वर**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मन्त्राद्यर्थमिति चेच्छास्त्रसामर्थ्यादर्थगतेः सिद्धम् ॥४॥

मन्त्राद्यर्थमिति चेन्न। किं कारणम्। शास्त्रस्य सामर्थ्यादर्थस्य गतिर्भविष्यति। मन्त्र ऋचि यजुषीति यदुच्यते मन्त्रशद्ब ऋक्शद्बे च यजःशद्बे च कार्यस्य संभवो नास्तीति कृत्वा मन्त्रादिसहचरितो योऽर्थस्तस्य गतिर्भविष्यति साहचर्यात् ॥

सित्तद्विशेषाणां वृक्षाद्यर्थम् ॥५॥

सिन्निर्देशः कर्तव्यः। ततो वक्तव्यं तद्विशेषाणां ग्रहणं भवतीति। किं प्रयोजनम् वृक्षाद्यर्थम्। विभाषा वृक्षमृग० इति। प्लक्षन्यग्रोधम् प्लक्ष--न्यग्रोधाः ॥

पित्पर्यायवचनस्य च स्वाद्यर्थम् ॥५॥

पिन्निर्देशः कर्तव्यः। ततो वक्तव्यं पर्यायवचनस्य तद्विशेषाणां च ग्रहणं भवति

મંત્ર વગેરેને માટે (શબ્દસંજ્ઞા પ્રતિષેધ) છે એમ હોય તો શાસ્ત્રના પ્રતાપે અર્થ સમજાય છે તેથી સિદ્ધ (થશે) ॥૪॥

મંત્ર વગેરે માટે (પ્રતિષેધ) છે એમ કહો તો તેમ નથી. શા માટે ? શાસ્ત્રના બળે અર્થનો બોધ થશે.(સૂત્રોમાં) मन्त्रे, ऋचि, यजुषि એમ જે કહેવામાં આવે છે (તેમાં) मन्त्र શબ્દને વિશે, ऋक् શબ્દને વિશે કે यजुस् શબ્દને વિશે કાર્ય (થવા) નો સંભવ નથી તેથી કરીને मन्त्र વગેરેની સાથે જોડાયલો જે અર્થ તેનો બોધ થશે, કારણ કે તે (અર્થ તેમની સાથે) સંકળાએલો છે.

सित् (નિર્દેશ અને) તેમના વિશેષોનું (ગ્રહણ થાય છે) એમ वृक्ष વગેરે માટે (કહેવું જોઇએ) ॥૫॥ [263]

सित् (स-કારને इत् મૂકીને) નિર્દેશ કરવો જોઇએ. ત્યાર પછી કહેવું પડશે કે તેમના વિશેષોનું ગ્રહણ થાય છે. (તેમ) શાને માટે (કરવાનું) ? वृक्ष વગેરે માટે, એટલે કે विभाषा वृक्षमृग ० એ(સૂત્ર માટે) प्लक्षन्यग्रोधम् प्लक्षन्यग्रोधाः (એમ વિકલ્પે સમાસ થઇ શકે).

पित् (प-કારને इत् કરીને) નિર્દેશ (અને) પર્યાયવાચીનું (ગ્રહણ થાય છે તેમ) स्व વગેરે માટે (કહેવું જોઇએ)॥૬॥

पित् (प-કારને इत् કરીને) નિર્દેશ કરવો જોઇએ અને પછી કહેવું જોઇએ કે પર્યાયવાચીનું તેમ જ તેના વિશેષોનું ગ્રહણ થાય છે

---

-पृतनस्यर्चि लोपः। માં ऋचि છે. એ સર્વનો ઉલ્લેખ માત્ર નિમિત્ત રૂપે છે તેથી ' જે તે સૂત્રમાં કહેલ કાર્ય મંત્રોમાં, યજુર્વેદમાં અને ઋચાઓમાં થશે' એમ તેમનો અર્થ થશે, કારણ કે મંત્ર, યજુષ્ અને ઋક્ એ શબ્દોને તે તે કાર્ય થવું સંભવિત જ નથી તેથી 'મંત્રોમાં, યજુર્વેદમાં અને ઋગ્વેદમાં' એમ અર્થ સમજાશે, તેમનું સ્વરૂપ એમ નહીં સમજાય. આમ મંત્ર વગેરેને માટે પણ अशद्बसंज्ञा એમ કહેવાની જરૂર નથી.

[263] અહીં કહેવા માગે છે કે विभाषा वृक्षमृगतृणधान्य० પ્રમાણે वृक्ष વગેરેનો વિકલ્પે એકવદ્ભાવ થાય છે. હવે वृक्ष વગેરેનાં તુલ્યજાતીય હોય તે जातिरप्राणिनाम्। પ્રમાણે એકવત્ થઇને स नपुंसकम्। પ્રમાણે નપુંસકલિંગ થશે.ત્યાં પર્યાયનો તેમ જ સામાન્યવિશેષનો એકવદ્ભાવ નિવારવા માટે वृक्ष વગેરેને सित् કરવા અર્થાત્ वृक्ष ને બદલે वृक्षस्, मृग ને બદલે मृगस् એમ મૂકવા અને તે સાથે तद्विशेषाणाम् અર્થાત્ 'તેના ખદીર વગેરે વિશેષોને' એમ કહેવું જેથી વિશેષ સિવાયનાનો એકવદ્ભાવ ન થાય. પરંતુ આમ કરવું જરૂરી નથી, કારણ કે જે તુલ્યજાતીય હોય તેનો જ દ્વંદ્વ एकवत् થશે. પર્યાયોનો એક સાથે પ્રયોગ થતો નથી તેથી તેમનો દ્વન્દ્વ સમાસ નથી થતો. વિશેષ સામાન્યમાં અર્થભેદ નથી, કારણ કે વિશેષ સામાન્યમાં સમાઇ જાય છે. તેથી સામાન્ય-વિશેષનો પણ धववृक्षम् જેવો एकवत् દ્વન્દ્વ સમાસ નહીં થાય.प्लक्ष , न्यग्रोध ની જેમ વિશેષોનો જ एकवत् ભાવથી વિકલ્પે સમાહાર દ્વન્દ્વ થાય છે. આથી જ प्लक्षन्यग्रोधम् प्लाक्षन्यग्रोधाः એમ વિશેષોનું ઉદાહરણ આપ્યું છે. જો કે गोवलीवर्दम् જેવા સમાસ થાય છે તેનું કારણ એ કે ત્યાં गो શબ્દ ગાયના અર્થમાં છે તેથી ગાય અને બળદ એમ બે વિશેષો છે તેથી एकवद्भाव થઇને દ્વન્દ્વ સમાસ થયો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

स्वस्य च स्वरूपस्येति। किं प्रयोजनम्। स्वाद्यर्थम्। स्वे पुषः। स्वपोषं पुष्यति। रैपोषम् विद्यापोषम् गोपोषम् अश्वपोषम्॥

जित्पर्यायवचनस्यैव राजाद्यर्थम्॥७॥

जिन्निर्देशः कर्तव्यः। ततो वक्तव्यं पर्यायवचनस्यैव ग्रहणं भवति। किं प्रयोजनम्। राजाद्यर्थम्। सभा राजामनुष्यपूर्वा। इनसभम्। ईश्वरसभम्। तस्यैव न भवति। राजसभा। तद्विशेषाणां च न भवति। पुष्यमित्रसभा चन्द्रगुप्तसभा॥

झित्तस्य च तद्विशेषाणां च मत्स्याद्यर्थम्॥८॥

झिन्निर्देशः कर्तव्यः। ततो वक्तव्यं तस्य च ग्रहणं भवति तद्विशेषाणां च। किं प्रयोजनम्। मत्स्याद्यर्थम्। पक्षिमत्स्यमृगान्हन्ति।

તેમ પોતાના સ્વરૂપનું પણ (ગ્રહણ થાય છે).[264] શું પ્રયોજન ? **स्व** વગેરે માટે (જેથી) **स्वे पुषः** ।પ્રમાણે **स्वपोषं पुष्यति। रैपोषम् धनपोषम् विद्यापोषम् अश्वपोषम् गोपोषम्** (વગેરે સિદ્ધ થાય).

**जित्** (નિર્દેશ કરવો જોઇએ) અને પર્યાયવાચીનું જ (ગ્રહણ થશે) એમ **राज** વગેરે માટે (કહેવું જોઇએ) ॥૭॥ [265]

**जित्** (ज-કારને **इत्** કરીને નિર્દેશ કરવો જોઇએ) ત્યાર પછી કહેવું જોઇએ કે પર્યાયવાચીનું જ (ગ્રહણ થાય છે. (તેનું) શું પ્રયોજન ? **राज** વગેરે માટે , એટલે કે **सभा राजामनुष्यपूर्वा**। (પ્રમાણે) **इनसभम् ईश्वरसभम्** (થઇ શકે,પરંતુ) તે (**राज** શબ્દનું પોતા) નું જ નથી થતું (જેમ કે) **राजसभा** અને તેના વિશેષોનું પણ (ગ્રહણ) નથી થતું, (જેમ કે) **पुष्यमित्रसभा,चन्द्रगुप्तसभा** ।

**झित्** ( નિર્દેશ કરવો જોઇએ) અને તેનું અને તેના વિશેષોનું (ગ્રહણ થાય છે તેમ ) **मत्स्य** વગેરેને માટે (કહેવું જોઇએ) ॥૮॥ [266]

**झित्** (**झ**-કારને **इत्** કરીને) નિર્દેશ કરવો જોઇએ. ત્યાર પછી કહેવું જોઇએ કે તેનું ગ્રહણ થાય છે અને તેના વિશેષોનું પણ (ગ્રહણ થાય છે). શા માટે (કહેવું જોઇએ) ? **मत्स्य** વગેરેને માટે, (જેથી) **पक्षिमत्स्यमृगान्हन्ति**। પ્રમાણે

---

[264] **प**-કારને **इत्** તરીકે લગાડીને કહેવું જોઇએ કે જેને તે લગાડ્યો છે તેવ્દારા તેનાપર્યાવાચીનું, તેના વિશેષોનું તેમ જ તેનું પોતાનું ગ્રહણ થાય છે.તેથી **स्वे पुषः**। માં **स्व** નું ગ્રહણ કર્યું છે તેથી आत्मा, आत्मीय, ज्ञाति, धन, रै વગેરે તેનાપર્યાયો [आत्मात्मीयज्ञातिधनवचनः स्वशब्दः। (કા.)] નું ગ્રહણ થવાથી **आत्मपोषम्, धनपोषम्, रैपोषम्, मातृपोषम्, अश्वपोषम्, गोपोषम्** વગેરેમાં **पुष्** ને કરણ ઉપપદ થતાં **णमुल्** પ્રત્યય થઇને ઇષ્ટ સિદ્ધિ થશે. વા(૬) માં **च** નું ગ્રહણ કર્યું છે તેથી પર્યાય ઉપરાંત **स्व** શબ્દનું પોતાનું **(स्वं रूपम्)** પણ ગ્રહણ થતાં **स्वपोषम्** માં પણ **णमुल्** થશે.

[265] **सभा राजाऽमनुष्यपूर्वा**। સૂત્રમાં **राजन्** ને ज-કારને **इत्** તરીકે લગાડીને નિર્દેશ કરવો જોઇએ અને સાથે સાથે કહેવું જોઇએ કે તેવ્દારા તેના પર્યાયોનું જ ગ્રહણ થાય છે. તેથી **राजन्** ના પર્યાય **इन** , **ईश्वर** ના, અંતે **सभा** શબ્દ હોય તેવા **इनसभम्**, **ईश्वरसभम्** વગેરે નપુંસકલિંગ તત્પુરુષ થશે. પરંતુ **राजन्** સાથે **राजसभा** જ થશે, **राजसभम्** નહીં થાય, કારણ કે સૂત્ર વ્દારા માત્ર પર્યાયોનું ગ્રહણ થશે સ્વરૂપનું કે વિશેષોનું નહી થાય. તેથી **पुष्यमित्रसभा** , **चन्द्रगुप्तसभा** એમ જ થશે, કારણ કે પુષ્યમિત્ર અને ચન્દ્રગુપ્ત વિશિષ્ટ રાજાઓ, અર્થાત् **राजन्** ના વિશેષો છે.

[266] **पक्षिमत्स्यमृगान् हन्ति**। સૂત્રમાં **झ**-કારને **इत्** કરીને નિર્દેશ કરવાથી **पक्षी** વગેરેના સ્વરૂપનું તેમ જ તેમના પર્યાયોનું ગ્રહણ થશે.તેથી **पक्षिणः हन्ति पाक्षिकः। मत्स्यान् ध्नन्ति मात्स्यिकः** એમ સ્વરૂપ ગ્રહણથી થશે અને વિશેષોનું ગ્રહણ થતાં **शाकुनिकः। शाफरिकः** વગેરે થશે, પરંતુ પર્યાયવાચીનું ગ્રહણ ન થતાં **अजिह्मान् ध्नन्ति। अनिमिषान् ध्नन्ति**। માં **ठक्** નહીં થાય ,કારણ કે **अजिह्म** અને **अनिमिष** એ **मत्स्य** ના પર્યાય છે વિશેષ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मात्स्यकः। तद्विशेषाणाम्। शाफरिकः शाकुलिकः। पर्यायवचनानां न भवति। अजिह्मान्हन्तीति॥ अस्यैकस्य पर्यायवचनस्येष्यते। मीनान्हन्ति मैनिकः॥

अणुदित्सवर्णस्य चाप्रत्ययः॥१।१।६९॥

अप्रत्यय इति किमर्थम्। सनाशंसभिक्ष उः। अ सांप्रतिके॥ अत्यल्पमिदमुच्यतेऽप्रत्यय इति। अप्रत्ययादेशटित्किन्मित इति वक्तव्यम्। प्रत्यय उदाहृतम्। आदेशे। इदम इश्। इतः इह। टिति। लविता

मात्स्यकः (થઇ શકે).તેના વિશેષોનું પણ (ગ્રહણ થતાં) शाफरिकः, शाकुलिकः (સિદ્ધ થાય), (પરંતુ પર્યાયવાચીનું ગ્રહણ નથી થતું (તેથી) अजिह्मान् हन्ति। (માં ठक् નહીં થાય). આ એક પર્યાયવાચીનું (ગ્રહણ થાય તે) ઇષ્ટ છે.[267] (જેથી) मीनान् हन्ति मैनिकः (સિદ્ધ થાય).

(अण् પ્રત્યાહારના વર્ણો તથા જેમાં उ-કાર इत् હોય તે (कु, चु, टु, तु, पु) સવર્ણનું ગ્રહણ કરે છે, પરંતુ જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે સવર્ણનું ગ્રહણ ન કરે ॥૧।૧।૬૯॥

(સૂત્રમાં) अप्रत्ययः (પ્રત્યય સિવાયના) એમ શા માટે (કહ્યું છે)?[268] सनाशंसभिक्ष उः। अ सांप्रतिके। (વગેરેને માટે).[269] આ જે 'પ્રત્યય સિવાયના' એમ કહ્યું છે તે બહુ ઓછું કહ્યું છે. [270]પ્રત્યય, આદેશ, टित्, कित् અને मित् (આગમ) સિવાયના એમ કહેવું જોઇએ પ્રત્યયનાં ઉદાહરણ આપ્યાં. આદેશ–इदम इश्।[271] (જેમકે) इतः इह, टित्–लविता,

---

[267] આ इष्टि છે. અહીં मत्स्य ના પર્યાયવાચીનું પણ ગ્રહણ ઇષ્ટ છે એમ કહ્યું છે. તેથી मीनान् झन्ति मैनिकः થઇ શકશે. 'पक्षिमत्स्यमृगान् हन्ति। સૂત્રમાંના આદિ શબ્દ पक्षी અને અન્ત્ય मृगान् ને ન લેતાં વા(૮) માં માત્ર मत्स्य શબ્દને લઇને मत्स्याद्यर्थम् એમ કહ્યું છે તેથી मृग અને पक्षी નો पित् નિર્દેશ કરવો જોઇએ જેથી તેમના પર્યાયોનું પણ ગ્રહણ થાય અને शाकुनिकः, हारिणिकः વગેરે સિદ્ધ થાય. (કે) આમ હોવાથી વાર્તિકમાં मत्स्याद्यर्थम् એમ કહ્યું છે તેને ના. ચિન્ત્ય ગણે છે. જો કે કા.માં स्वरूपस्य पर्यायाणां तद्विशेषाणां च ग्रहणमिहेष्यते । એમ સ્પષ્ટ કહ્યું છે. તેમ હોય તો पक्षी, मत्स्य અને मृग એ ત્રણેનાં સ્વરૂપ, પર્યાય અને વિશેષોને हन्ति એ અર્થમાં ठक् લાગી શકશે.

[268] પ્રશ્નકર્તા આરોપ નથી કરતો, પરંતુ સૂત્રમાંના अप्रत्यय શબ્દનો અર્થ પૂછે છે, એટલે કે જેની પ્રત્યય સંજ્ઞા કરવામાં આવી છે તેનો પ્રતિષેધ કરવામાં આવે છે કે પછી प्रतीयते विधीयते इति प्रत्ययः અર્થાત્ જેનું વિધાન કરવામાં આવે છે તે प्रत्यय એ યૌગિક પ્રત્યય શબ્દનો અહીં પ્રતિષેધ કરવામાં આવે છે ?

[269] सनाशंसभिक्ष उः। अण् પ્રત્યાહારમાં उ જરૂર આવે છે, પરંતુ અહીં તે પ્રત્યય છે તેથી તે પોતાના સવર્ણોનું ગ્રહણ નહીં કરી શકે.. તે રીતે अ सांप्रतिके। સૂત્ર પ્રમાણે मध्य ને अ પ્રત્યય થાય છે. તે પણ પ્રત્યય છે તેથી તેને अप्रत्ययः એ પ્રતિષેધ લાગુ પડશે.પરિણામે તે તેના સવર્ણોનું ગ્રહણ નહીં કરી શકે તેથી દીર્ઘ કે પ્લુત થવાનો પ્રસંગ નહીં આવે.

[270] એટલે કે अप्रत्ययः એમ કહીને માત્ર પ્રત્યયનો પ્રતિષેધ કર્યો છે તેબહુ ઓછું કહ્યું છે, એ પુરતું નથી, કારણ કે તદુપરાંત આદેશ, टित्, कित् અને मित् આગમોનો પણ આ પ્રતિષેધમાં સમાવેશ કરવો જોઇએ એમ અહીં દલીલ છે.

[271] આદેશનું ઉદાહરણ इदम इश्। અર્થાત્ પ્રાગ્દેશીય પ્રત્યય પર થતાં इदम् નો इश् આદેશ થાય છે. હવે इदम् ત્રિમાત્રિક છે અને તેને સ્થાને જે इश्(=इ) આદેશ થાય છે તે અંતરતમ હોવાથી ત્રિમાત્રિક થવાનો પ્રસંગ આવશે, એટલે કે इश् નું વિધાન કર્યું છે તેથી त्यदा-दीनामः। પ્રમાણે થતા अ નો બાધ કરીને પ્લુત સર્વાદેશ થવાનો પ્રસંગ આવશે, કારણ કે इश् નો श-કાર ઉપદેશ કાળે इत् સંજ્ઞક થવાથી અને તેથી તેનો લોપ થવાથી इ-કાર જ શેષ રહે છે. તે अण् હોવાથી પ્રકૃત સૂત્ર પ્રમાણે સવર્ણનું ગ્રહણ કરશે.પરંતુ પ્રતિષેધમાં આદેશનો સમાવેશ કર્યો હોય તો સવર્ણનું ગ્રહણ ન થતાં માત્ર એક માત્રિક इ-કાર જ આદેશ થશે.इदम् ह--त्यदादीनामः। થી इद अ ह



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

लवितुम्। किति। बभूव। मिति। हेऽनड्वन्॥ टितः परिहारः। आचार्यप्रवृत्तिर्ज्ञापयति न टिता सवर्णानां ग्रहणं भवतीति यदयं ग्रहोऽलिटि दीर्घत्वं शास्ति। नैतदस्ति ज्ञापकम्। नियमार्थमेतत्स्यात्। ग्रहोऽलिटि दीर्घ एवेति। यत्तर्हि वृतो वा इति विभाषां शास्ति॥ सर्वेषामेव परिहारः। भाव्यमानेन सवर्णानां ग्रहणं नेत्येवं न भविष्यति॥ प्रत्यये--

लवितुम्,[272] कित्--बभूव[273] (અને) मित-हे अनड्वन्[274] टित् નો પરિહાર– ग्रहोऽलिटि दीर्घः। (लिट् સિવાયનાં સ્થળે ग्रह् પછી આવતા इट् નો દીર્ઘ થાય છે) એમ કહીને આચાર્યે જે દીર્ઘનું વિધાન કર્યુ છે તે તેમનો વ્યવહાર જ્ઞાપન કરે છે કે टित् વ્દારા સવર્ણનું ગ્રહણ થતું નથી.[275] એ જ્ઞાપક નથી, પરંતુ ग्रह् નો लिट् સિવાયનાં સ્થળે દીર્ઘ જ (થાય છે) એ નિયમ માટે તે છે.[276] તો પછી वृतो वा। એમ (કહીને) વિભાષાનું વિધાન કરે છે તે (જ્ઞાપક થશે).[277] (આ) બધાંનો જ પરિહાર એ છે કે જે ભાવ્યમાન[278] હોય તેના વ્દારા સવર્ણનું ગ્રહણ નહીં (થાય). એમ હોવાથી (સવર્ણગ્રહણ) નહીં થાય. પ્રત્યયની

---

પ૨૩૫ એકાદેશ--इद ह--हलि लोपः।--अ ह--इदम इश्। પ્રમાણે એક માત્રિકનો આદેશ થતાં इह. અહીં જરૂર ન હોવાથી अनाप्यकः। માંથી आपि ની અનુવૃત્તિ કરી નથી.

[272] टित् નાં ઉદાહરણઃ लविता વગેરે. लू तृच्--लू इट् तृच् અહીં इट् આગમને સ્થાને દીર્ઘ કે પ્લુત આદેશ પણ થવાનો પ્રસંગ આવે, કારણ કે इ (=इट्) વર્ણ अण् છે, પરંતુ પ્રતિષેધમાં टित् નું ગ્રહણ કરવામાં આવ્યું હોય તો સવર્ણ ગ્રહણ નિવારી શકાય.

[273] कित् નું ઉદાહરણઃ बभूव--भू ના लिट् માં इन्दिभवतिभ्याम्। પ્રમાણે कित् થએલ णल् પ્રત્યય પર થતાં भुवो वुग्लुङ्लिटोः। પ્રમાણે થતો वुक् એ कित् આગમમાં व-કાર अण् પ્રત્યાહારમાંનો વર્ણ હોવાથી જો સવર્ણ ગ્રહણ થાય તો અનુનાસિક वँ થવાનો પ્રસંગ આવશે.પરંતુ પ્રતિષેધમાં कित् નો સમાવેશ કરવામાં આવે તો તે નિવારી શકાશે.

[274] मित् નું ઉદાહરણઃ हे अनड्वन् છે. अनडुह् ના સંબોધનમાં अमसम्बुद्धौ। પ્રમાણે એકવચનમાં अम् એ मित् આગમ થાય છે.તેમાં अ એ अण् હોવાથી સવર્ણ ગ્રહણ થઇને દીર્ઘ કે પ્લુત થવાનો પ્રસંગ આવે પરંતુ પ્રતિષેધમાં मित् નો સમાવેશ કરવાથી તે નિવારી શકાશે. આમ પ્રસ્તુત સૂત્રમાં अप्रत्ययः કહેવાથી જે ઊણપ રહે છે તે દૂર થશે એમ ઉદાહરણો વ્દારા સૂચવવાનો હેતુ છે.પરંતુ તે પ્રમાણે સમાવેશ કરવાની જરૂર નથી એમ આગળ ઉપર ભાષ્યકાર કહેશે.

[275] આચાર્ય પાણિનિએ ग्रहोऽलिटि दीर्घः।(૭-૨-૩૭) માં કહ્યું છે કે लिट् સિવાયનાં સ્થળે ग्रह् પછી આવતો इट् આગમ દીર્ઘ થાય છે. અહીં ग्रह् ની પછી આવતો જ દીર્ઘ થાય છે અન્યની પછી આવતો નથી થતો એવો કોઇ નિયમ કરવામાં આવ્યો નથી. જો टित् આગમમાં સવર્ણનું ગ્રહણ થતું હોય તો ग्रहोऽलिटि० વ્દારા ખાસ દીર્ઘનું વિધાન કરવું ન પડત. છતાં સૂત્રકારે તે કર્યું છે તેથી સૂચવાય છે કે टित् વ્દારા સવર્ણોનું ગ્રહણ થતું નથી.

[276] અર્થાત્ ग्रह् ની પછી આવતો इट् દીર્ઘ જ થશે હ્રસ્વ નહીં થાય એ નિયમ દર્શાવવા માટે છે. તેથી તે સૂત્ર જ્ઞાપક નથી.

[277] वृतो वा। (૭-૨-૩૮) એ સૂત્રમાં કરેલ વિભાષા જ્ઞાપક થશે એમ કહ્યું તેની સામે દલીલ થઇ શકે કે ववरिथ જેવાં लिट् નાં રૂપમાં દીર્ઘ ન થાય તે માટે એ સૂત્ર વ્દારા વિભાષા કરી છે તેથી તે જ્ઞાપક કેવી રીતે થઇ શકે? પરંતુ તે સૂત્રમાં પૂર્વ સૂત્રમાંથી अलिटि ની અનુવૃત્તિ થતાં लिट् માં દીર્ઘ નિષેધ થવાથી लिट् સિવાયનાં સ્થળે હ્રસ્વ અને દીર્ઘ બન્ને થશે, જેમ કે वरिता, वरीता. તેથી लिट् ન હોય ત્યાં (अलिटि) वृतो वा। પ્રમાણે વિભાષા લાગુ પડશે, જ્યારે लिट् માં હ્રસ્વ જ થશે, જેમ કે जगृहिव, जगृहिम. આથી સૂત્રમાં वा નું ગ્રહણ છે તે જ્ઞાપન કરે છે કે इट् વ્દારા ईट् નું ગ્રહણ નથી થતું.

[278] भाव्यमान--જેને બનાવવામાં આવે છે તે, અર્થાત્ જે શિવસૂત્રમાં નથી, પરંતુ અષ્ટાધ્યાયીમાંના સૂત્ર વ્દારા જેને ઉદ્‌ભાવવામાં આવે છે તે, એટલે કે સૂત્ર વ્દારા જેનું વિધાન કરવામાં આવે છે તે (विधीयमान). अण् પ્રત્યાહારમાંના अ-કાર વગેરે જે વર્ણો છે તે સિવાયના, જેનું સૂત્ર વ્દારા વિધાન કરવામાં આવ્યું છે તે (જેમ કે अ साम्प्रतिके। માંનો अ-કાર) તે સર્વે ભાવ્યમાન છે અને તે પ્રત્યય હોય, આદેશ હોય કે પછી टित्, कित्, मित् વગેરે આગમ હોય પણ તેના વ્દારા પોતાના સવર્ણનું ગ્રહણ નહીં થઇ શકે. જાતિ પક્ષ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**भूयान् परिहारः। अनभिधानात्प्रत्ययः सवर्णान्न ग्रहीष्यति। यान्हि प्रत्ययः सवर्णग्रहणेन गृह्णीयान्न तैरर्थस्याभिधानं स्यात्। अनभिधानान्न भविष्यति॥ इदं तर्हि प्रयोजनम्। इह केचित्प्रतीयन्ते केचित्प्रत्याय्यन्ते। ह्रस्वाः प्रतीयन्ते**

બાબતમાં વધારાનો પરિહાર[279] (આ પ્રમાણે છે)– (સવર્ણ અર્થનું) અભિધાન નથી કરતો તેથી પ્રત્યય (પોતાના) સવર્ણનું ગ્રહણ નહીં કરે, કારણ કે સવર્ણ તરીકે પ્રત્યય જેમનું ગ્રહણ કરશે તેમના દ્વારા અર્થનું અભિધાન નહીં થાય (અને) અર્થનું અભિધાન નથી કરતા તેથી (સવર્ણનું ગ્રહણ) નહીં થાય.તો પછી આ પ્રયોજન છે. આ (વ્યાકરણ શાસ્ત્ર)માં કેટલાક (વર્ણો) નું સાક્ષાત્ ઉચ્ચારણ કરવામાં આવે છે, જ્યારે કેટલાક (વર્ણો) નો (એ વર્ણોદ્વારા) બોધ કરાવવામાં આવે છે.[280] હ્રસ્વ (વર્ણો)નું સાક્ષાત્ ઉચ્ચારણ કરવામાં આવે છે,

---

પ્રમાણે વર્ણો જાતિ દર્શાવે છે. આમ **अण्** માંનો **अ**-કાર અને **अ साम्प्रतिके।** એ સૂત્રમાં જેનું વિધાન કરવામાં આવ્યું છે તે **अ**-કાર એ બેની જાતિ **अत्व** છે તેથી **अ साम्प्रतिके।** નો **अ**-કાર પણ સવર્ણનું ગ્રહણ કરાવે તેવો પ્રસંગ આવે. વ્યક્તિપક્ષ અનુસાર ઉદાત્ત વગેરે પાંચ ગુણો ભેદક નથી (**अभेदकाः गुणाः।**) એમ સ્વીકારવામાં આવે તો પણ **अ**-કાર વ્યક્તિ સવર્ણનું ગ્રહણ કરે તેવો પ્રસંગ આવે. ટૂંકમાં જે જે **अण्** નથી તે તે આ બે કારણોસર સવર્ણગ્રહણ કરે. તે નિવારવા માટે **भाव्यमानेन सवर्णानां ग्रहणं न।** એ પરિભાષા કરવી જરૂરી છે.

[279] **भाव्यमानेन सवर्णानाम्** ० એ પરિભાષા દ્વારા પ્રત્યય, આદેશ તેમ જ **टित्**, **कित्** અને **मित्** આગમ સર્વને સાધારણ એવો પરિહાર કર્યો. પરંતુ અહીં પ્રત્યયને અનુલક્ષીને જે વધારાનો પરિહાર કર્યો છે તે સર્વને લાગુ પડતો નથી,પ્રત્યયને માટેનો વિશિષ્ટ, અસાધારણ પરિહાર છે. **प्रत्यय** એ સંજ્ઞા અન્વર્થ છે, અર્થાનુસાર સંજ્ઞા છે. જેના વડે અર્થની પ્રતીતિ થાય તે (**प्रतीयन्ति अर्थं येन सः प्रत्ययः।**). આમ હોવાથી તે પોતાના સવર્ણભૂત દીર્ઘ વગેરેનું ગ્રહણ નહીં કરી શકે, કારણ કે દીર્ઘ વગેરે અર્થનું અભિધાન નથી કરતા.પ્રત્યય સંજ્ઞા દ્વારા દીર્ઘ વગેરેનું પણ ગ્રહણ થતું હોય તો તે પણ પ્રત્યય સંજ્ઞક થવા જાય. જેમ કે **सनाशंसभिक्ष उः।** થીउ નું વિધાન કર્યું છે તે હ્રસ્વ વર્ણ જો દીર્ઘ અને પ્લુત ઉ-કારનું પણ ગ્રહણ કરે તો જે રીતે **चिकीर्षुः** થાય છે તે રીતે **चिकीर्षूः** અને **चिकीर्षू३ः** થવાનો પ્રસંગ આવે, પરંતુ દીર્ઘાન્ત કે પ્લુતાન્તથી અર્થબોધ નથી થતો, કારણ કે તે **प्रत्यय** (અર્થની પ્રતીતિ જેના વડે થાય તે) નથી.

[280] આ શાસ્ત્રમાં કેટલાક (એટલે કે હ્રસ્વ) વર્ણોનું સાક્ષાત્ જ્ઞાન (પ્રતીતિ) થાય છે, કારણ કે પ્રત્યાહાર સૂત્રોમાં તેમનું સાક્ષાત્ ઉચ્ચારણ કરવામાં આવ્યું છે. દીર્ઘ વર્ણોનું સાક્ષાત્ ઉચ્ચારણ નથી છતાં પ્રકૃત સૂત્રમાંના **अण्** પદને કારણે હ્રસ્વ વર્ણોની સાક્ષાત્ પ્રતીતિ થયા પછી તેમના દ્વારા દીર્ઘ વર્ણોનો બોધ કરાવવામાં આવે છે (**प्रत्याय्यन्ते** ). આથી જ ભાષ્યકાર કહે છે," હ્રસ્વની પ્રતીતિ થાય છે (**प्रतीयन्ते**), જ્યારે દીર્ઘની પ્રતીતિ કરાવવામાં આવે છે (**प्रत्याय्यन्ते**)." આમ **प्रत्याय्यते इति प्रत्ययः।** એ વ્યુત્પત્તિને આધારે દીર્ઘ વગેરે વર્ણોને અહીં **प्रत्यय** કહ્યા છે. અને પ્રકૃત સૂત્રમાં **अप्रत्यय** શબ્દ મૂકીને સૂચવ્યું છે કે જે **प्रत्यय** છે, એટલે કે હ્રસ્વ વર્ણો દ્વારા જેમની પ્રતીતિ કરાવવામાં આવે છે (**प्रत्याय्यमान**) તે દીર્ઘ વર્ણો દ્વારા સવર્ણનું ગ્રહણ થતું નથી. પરિણામે **अणुदित्सवर्णस्य चाप्रत्ययः।** એ સૂત્ર,'જેની પ્રતીતિ કરાવવામાં આવે છે તે (દીર્ઘ વર્ણો) સિવાયના (**अप्रत्ययः**) વર્ણો (એટલે કે **अण्** પ્રત્યાહારમાંના વર્ણો) દ્વારા સવર્ણનું ગ્રહણ થાય છે.' એમ સમજાશે. આ સૂત્રમાંના **प्रत्यय** શબ્દને **प्रत्ययः।** (૩-૧-૧) એ અધિકાર સૂત્ર પ્રમાણે સંજ્ઞા તરીકે લ્યો, જેનું વિધાન કરવામાં આવે તે(**प्रतीयते विधीयते इति**) **प्रत्यय** , અથવા જેના વડે અર્થનો બોધ થાય છે તે(**प्रतीयन्ति अर्थं येन सः**) **प्रत्यय** એમ અન્વર્થ લ્યો કે પછી હ્રસ્વ દ્વારા જેમનો બોધ કરાવવામાં આવે છે તે (**प्रत्याय्यन्ते इति**) એમ લ્યો, પરંતુ તેમાથી એટલું જ ફલિત થાય છે કે અક્ષરસમામ્નાયમાં જેમનો પાઠ કરવામાં આવ્યો છે તે હ્રસ્વ વર્ણો દ્વારા જ સવર્ણનું ગ્રહણ થઇ શકે છે. એ સૂચવવા માટે જ સૂત્રમાં **अप्रत्ययः** પદ મૂક્યું છે.અહીં પ્રશ્ન થાય કે **प्रत्यय** નો અર્થ **प्रत्याय्यमान** કેવી રીતે થઇ શકે ? એટલે કે **प्रत्यय** એ પ્રેરક રૂપ નથી છતાં તેનો પ્રેરક અર્થ કેવી રીતે થઇ શકે ? પરંતુ **प्रति इ** ના એ રૂપમાં પ્રેરકનો **णिच्** સમાએલ છે (**अन्तर्भाविणिजन्त**) અને તેને કર્મના અર્થમાં **अच्** લાગીને **प्रत्ययः** એમ રૂપ થયું છે, તેથી પ્રેરક અર્થ થશે.(કે.)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

दीर्घाः प्रत्याय्यन्ते। यावद् ब्रूयात्प्रत्याय्यमानेन सवर्णानां ग्रहणं नेति तावदप्रत्यय इति। कं पुनर्दीर्घः वर्णग्रहणेन गृह्णीयात्। ह्रस्वम्। यत्नाधिक्यान्न ग्रहीष्यति। प्लुतं तर्हि गृह्णीयात्। अनण्त्वान्न ग्रहीष्यति। एवं तर्हि सिद्धे सति यदप्रत्यय इति प्रतिषेधं शास्ति तज्ज्ञापय -त्याचार्यो भवत्येषा परिभाषा भाव्यमानेन सवर्णानां ग्रहणं नेति। किमर्थं पुनरिदमुच्यते।

**अण्सवर्णस्येति स्वरानुनासिक्यकालभेदात्॥१॥**

(જ્યારે) દીર્ઘ (વર્ણો) નો તેમના વ્દારા બોધ કરાવવામાં આવે છે. જેનો બોધ કરાવવામાં આવે છે તે (દીર્ઘ વર્ણો) વ્દારા સવર્ણનું ગ્રહણ નથી થતું એમ જે કહેવાય, તેટલું જ अप्रत्ययः (પ્રત્યય સિવાયના) થી (કહેવાય છે).[281] દીર્ઘ (વર્ણ) વળી સવર્ણગ્રહણથી કોનું કરે ?[282] હ્રસ્વનું .(પરંતુ) તેમાં વધારે પ્રયત્ન હોવાથી તે (હ્રસ્વનું) ગ્રહણ નહીં કરે.[283] તો પછી પ્લુતનું ગ્રહણ કરશે. (દીર્ઘ વર્ણ) अण् ન હોવાથી (પ્લુતનું) ગ્રહણ નહીં કરે. તો પછી આ પ્રમાણે પ્રતિષેધનું વિધાન કર્યું છે તેથી આચાર્ય જ્ઞાપન કરે છે કે 'જેનું (સૂત્ર વ્દારા) વિધાન કરવામાં આવે છે તે (વર્ણ)વ્દારા સવર્ણનું ગ્રહણ થતું નથી' એ પરિભાષા છે. [284]

હવે આ સૂત્ર શા માટે કરવામાં આવે છે ? [385]

(अण् વર્ણોમાં) સ્વરભેદ, અનુનાસિકથી થતા ભેદ અને (ઉચ્ચારણ) કાળના ભેદ છે તેથી **अणुसवर्णस्य०** એમ (કહ્યું છે)॥१॥ [286]

---

[281] અહીં કહેવા માગે છે કેપ્રકૃત સૂત્રમાં अप्रत्ययः એમ કહ્યું છે તેનો એ જ અર્થ છે જે '**प्रत्याय्यमानेन सवर्णानां ग्रहणं न।**' એ વાક્ય વ્દારા કહેવામાં આવે છે. એટલે કે 'જેમની હ્રસ્વ વર્ણો વ્દારા પ્રતીતિ કરાવવામાં આવે છે(**प्रत्याय्यमान**) એ દીર્ઘ વર્ણો તેમના સવર્ણનું ગ્રહણ નથી કરતા' એટલું જ કહો કે 'પ્રત્યય સિવાયના (अप्रत्ययः)' એટલું જ કહો તો બન્નેનો મતલબ એક જ છે, કારણ કે બન્ને વિધાન વ્દારા અક્ષરસમામ્નાયમાં જેમનો પાઠ છે તે સિવાયના વર્ણોની સવર્ણગ્રહણ કરવાની શક્યતાનો પ્રતિષેધ કરવામાં આવે છે. ટૂંકમાં આ સૂત્રમાં अप्रत्ययः નું ગ્રહણ કરીને વર્ણસમામ્નાયમાં પઠિત વર્ણ જ સવર્ણનું ગ્રહણ કરી શકે એમ સમજાવવામાં આવ્યું છે.

[282] પહેલાં કહ્યું કે **प्रत्याय्यमान** (દીર્ઘ) વર્ણો સવર્ણોનું ગ્રહણ ન કરે. અહીં પ્રશ્નકર્તા જાણવા માગે છે કે ધારો કે દીર્ઘ વર્ણ સવર્ણનું ગ્રહણ કરતો હોય તો તે કોનું ગ્રહણ કરશે ? તેનો આશય એ છે કે દીર્ઘ વર્ણને ગ્રહણ કરવા માટે કોઇ વર્ણ છે જ નહીં. જો હ્રસ્વનું અથવા પ્લુતનું ગ્રહણ કરે એમ કહેવામાં આવે તો તે બરોબર નથી, કારણ કે દીર્ઘ વર્ણ **अण्** પ્રત્યાહારમાં નથી આવતો તેથી તેમનું ગ્રહણ ન કરી શકે. કૈ. અને ના.**यत्नाधिक्य** એ કારણને યોગ્ય નથી ગણતા.

[283] અધિક પ્રયત્ન (**यत्नाधिक्य**) એ દલીલ ઉચિત નથી, પરંતુ દીર્ઘ વર્ણ **अण्** પ્રત્યાહારમાંનો નથી (**अनण्** છે) તેથી તેના વ્દારા હ્રસ્વ કે પ્લુત બેમાંથી કોઇનું ગ્રહણ ન થઇ શકે એમ કહેવું જ યોગ્ય છે.

[284] **भाव्यमानेन (विधीयमानेन)** ને સ્પષ્ટ કરતાં કૈ. કહે છે કે અહીં **प्रत्यय** શબ્દ યૌગિક અર્થમાં છે **प्रतीयते विधीयते इति** प्रत्ययः। જેનું વિધાન કરવામાં આવ્યું હોય તે **प्रत्यय**. એ સંદર્ભમાં ના. નોંધે છે કે **विधीयते** એ અર્થમાં **प्रतीयते** નો પ્રયોગ જોવામાં આવતો નથી તેથી કૈ. નું કહેવું ચિન્ત્ય છે (**प्रतीयते इत्यर्थे विधीयते इत्यस्य प्रयोगादृष्ट्या कैयटोक्तं चिन्त्यम्**। ઉ૦) જો કે ન્યાસ,પદમં. સિ.કૌ. અને શ.કૌ.માં એ જ રીતે **प्रत्यय** શબ્દની વ્યુત્પત્તિનો નિર્દેશ છે.

[285] પ્રત્યાહાર સૂત્રોમાં તેમ જ **अस्य च्वौ**। જેવાં સૂત્રોમાં આકૃતિ અર્થાત્ જાતિનો નિર્દેશ કરવામાં આવ્યો છે તેમ સ્વીકારવામાં આવે તો સવર્ણગ્રહણ સિદ્ધ થઇ જાય છે. તેથી પ્રકૃત સૂત્રનું શું પ્રયોજન છે એમ પ્રશ્નકર્તા કહેવા માગે છે.

[286] જો વ્યક્તિનો નિર્દેશહોય તો ઉદાત્ત વગેરે સ્વરને કારણે, ઉચ્ચારણ કાળને કારણે અથવા અનુનાસિ હોય કે ન હોય તે કારણે જુદા પડતા વર્ણોનું ગ્રહણ થતું નથી, પરંતુ પ્રકૃત સૂત્ર કરવાથી સવર્ણગ્રહણ થઇ શકશે.સ્વર અર્થાત્ ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત. તેને કારણે अच् વર્ણોના ત્રણ ભેદ થાય છે. તે પ્રત્યેકના અનુનાસિક અને અનનુનાસિકને કારણે બે ભેદ થવાથી अच् ના કુલ છ ભેદ થશે. કાલ-એક માત્રિક હોય તો હ્રસ્વ, વ્દિમાત્રિક હોય તો દીર્ઘ અને ત્રિમાત્રિક હોય તો अच् પ્લુત થાય.આમ છ પ્રકારના ત્રણ ભેદ થવાથી કુલ ૧૮ ભેદ થશે. अ ,इ , उ અને ऋ ના કુલ ૧૮(=૩ ×૨ ×૩) ભેદ થાય, ऌ-કારના ૧૨ ભેદ થશે, કારણ કે તેને દીર્ઘ નથી અને एच् વર્ણો (ए , ऐ, ओ અને औ ) ના પણ પ્રત્યેકના ૧૨ ભેદ થશે, કારણ કે તેમને હ્રસ્વ નથી, य् ,व् અને ल् એ ત્રણ વર્ણોના અનુનાસિક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अण्सवर्णस्येत्युच्यते। स्वरभेदादानुनासिक्यभेदात्कालभेदाच्चाण्सवर्णान्न गृह्णीयात्। इष्यते च सवर्णग्रहणं स्यादिति। तच्चान्तरेण यत्नं न सिध्यतीत्येवमर्थमिदमुच्यते॥ अस्ति प्रयोजनमेतत्। किं तर्हीति।

तत्र प्रत्याहारग्रहणे सवर्णाग्रहणमनुपदेशात्॥२॥

तत्र प्रत्याहारग्रहणे सवर्णानां ग्रहणं न प्राप्नोति। अकः सवर्णे दीर्घ इति। किं कारणम्। अनुपदेशात्। यथा जातीयकानां संज्ञा कृता तथाजातीयकानां संप्रत्यायिका स्यात्। ह्रस्वानां च क्रियते ह्रस्वानामेव संप्रत्यायिका स्याद्दीर्घाणां न स्यात्॥ ननु च ह्रस्वाः प्रतीयमाना दीर्घान्संप्रत्याययिष्यन्ति।

**अण् सवर्णस्य०** એમ કહેવામાં આવ્યું છે તે એટલા માટે કે (ઉદાત્ત વગેરે) સ્વરના ભેદને કારણે,અનુનાસિક હોવાને કારણે અને (ઉચ્ચારણ) કાળને કારણે તે (વર્ણો)માં તફાવત છે તેથી **अण्** (વર્ણો) સવર્ણોનું ગ્રહણ ન કરી શકે પણ સવર્ણનું ગ્રહણ થાય તે ઇષ્ટ છે અને તે (ખાસ) યત્ન વિના સિદ્ધ નથી થતું. તે માટે આ (સૂત્ર) ઉચ્ચારવામાં આવ્યું છે. શું એ પ્રયોજન છે ? તો પછી શું (પ્રયોજન છે) ?

(કારણ કે) તેમ થતાં (સૂત્રમાં) જ્યાં પ્રત્યાહારનું ગ્રહણ હોય ત્યાં સવર્ણનું ગ્રહણ નહીં થાય, કારણ કે (તેનું પ્રત્યાહારમાં) ઉચ્ચારણ નથી ॥૨॥ [287]

તેમ થવાથી **अकः सवर्णे दीर्घः**। (જેવામાં) જ્યાં પ્રત્યાહારનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં સવર્ણોનું ગ્રહણ ન થવાનો પ્રસંગ આવે છે. (તેમ થવાનું) શું કારણ ? ઉચ્ચારણ કરવામાં આવ્યું નથી તે કારણે. જે પ્રકારના (વર્ણ) ની સંજ્ઞા કરવામાં આવી હોય તે પ્રકારના (વર્ણ) નો તે બોધ કરાવે અને સંજ્ઞા તો હ્રસ્વ (વર્ણોની કરવામાં આવે છે, (તેથી તે) હ્રસ્વ (વર્ણો) નો જ બોધ કરાવશે, દીર્ઘ (વર્ણો)નો નહીં કરાવે. અરે (અમે કહીએ છીએ કે) હ્રસ્વનો બોધ થયા પછી (તે) દીર્ઘનો બોધ કરાવશે [288]

---

તેમ જ અનનુનાસિક એમ બે ભેદ હોય છે. **अण्** વર્ણોમાં આ પ્રકારના ભેદને કારણે સવર્ણગ્રહણ ન થવાનો પ્રસંગ આવે છે પરંતુ પ્રકૃત સૂત્ર કરવામાં આવે તો સવર્ણગ્રહણ થઇ શકશે એમ અહીં કહેવા માગે છે. અહીં **अणुदित्सवर्णस्य** ૦ એમ ન કહેતાં વા.(૧) માં **अण् सवर्णस्य** ૦ એમ કહ્યું છે તે એટલા માટે કે **कुत्व, चुत्व** વગેરે જાતિ છે એમ માનવા માટે કોઇ પ્રમાણ નથી તેથી વા.માં **उदित्** ને સમાવેલ નથી.

[287] **अकः (सवर्णे ) अचि दीर्घः**। જેવાં સૂત્રોમાં **आदिरन्त्येन सहेता**। પ્રમાણે બનેલ **अच्**, **अक्** વગેરે સંજ્ઞાઓ મૂકીને તે વ્દારા **इ**-કાર વગેરેની પ્રતીતિ કરાવી છે પરંતુ તે હ્રસ્વ **इ**-કાર વગેરે વ્દારા દીર્ઘ **ई**-કાર વગેરેનો બોધ નહી થઇ શકે કારણ કે પ્રત્યાહારમાં દીર્ઘ વર્ણોનું ગ્રહણ નથી, અક્ષરસમામ્નાયમાં તેમનું સાક્ષાત્ ઉચ્ચારણ કરવામાં આવ્યું નથી. વળી હ્રસ્વ **इ**-કાર વગેરે વર્ણો **अण्** વગેરે સંજ્ઞાઓ વ્દારા પ્રતીત થાય અને તે જ વખતે, સાથોસાથ દીર્ઘ **ई**-કાર વગેરેની પ્રતીતિ કરાવે, અર્થાત્ પ્રત્યાય્ય અને પ્રત્યાયક એક સાથે થાય તે પરસ્પર વિરુદ્ધ થશે. આમ સૂત્રમાં પ્રત્યાહારનું ગ્રહણ કર્યું હોય ત્યારે દીર્ઘ વગેરેની પ્રતીતિ નહી થઇ શકે. આ ઉપરાંત કૈ . આ વા. અન્ય રીતે સ્પષ્ટ કરે છે. **अक्** , **अच्** વગેરેમાં **इ** વગેરે હ્રસ્વ વર્ણો વ્દારા દીર્ઘ વર્ણોનું ગ્રહણ નહીં થઇ શકે, કારણ કે તે પ્રત્યાહારોમાં હ્રસ્વ **इ** વગેરેનું સાક્ષાત્ ઉચ્ચારણ કરવામાં આવ્યું નથી. આ બે ખુલાસામાં ફરક એટલો જ છે કે પ્રથમ અનુસાર દીર્ઘ વર્ણોનું અક્ષર-સમામ્નાયમાં ઉચ્ચારણ નથી તેથી તેમનું હ્રસ્વ વ્દારા ગ્રહણ નહીં થઇ શકે. જ્યારે બીજા ખુલાસા પ્રમાણે હ્રસ્વ **इ** વગેરે દીર્ઘનું ગ્રહણ નહીં કરી શકે, કારણ કે **अक्** વગેરે પ્રત્યાહારોમાં હ્રસ્વ **इ** નું સાક્ષાત્ ઉચ્ચારણ નથી.ભાષ્યકારને પ્રથમ ખુલાસો અભિપ્રેત છે.

[288] જેનું સાક્ષાત્ ઉચ્ચારણ કરવામાં આવે તે વર્ણ જ અન્ય વર્ણની પ્રતીતિ કરાવે એમ નથી. વાસ્તવમાં શબ્દ જ્યારે બુદ્ધિમાં ઉપસ્થિત થાય ત્યારે બોધ કરાવે છે. ઉપસ્થિતિ બે રીતે થઇ શકે, પ્રત્યક્ષરૂપે અને સ્મૃતિ રૂપે. આમ ક્વચિત્ સાક્ષાત્ ઉચ્ચારણ કરવાથી અર્થાત્ પ્રત્યક્ષ વ્દારા અને ક્વચિત્ સંજ્ઞા વ્દારા સ્મૃતિ રૂપે થાય છે. આમ હોવાથી પ્રત્યક્ષ ઉચ્ચારણ કર્યું હોય ત્યારે જ દીર્ઘ વગેરેની પ્રતીતિ થાય એવો કોઇ નિયમ નથી. જો તે પ્રમાણે હોય તો તો પુસ્તક વગેરેમાં લિપિ વ્દારા પદોની સ્મૃતિ થવાથી જે અર્થ બોધ થાય છે તે ન થવાનો પ્રસંગ આવશે, કારણ કે પુસ્તકમાં લિપિ રૂપ સંજ્ઞાઓનો પ્રયોગ હોય છે. તેમાં પદોનું સાક્ષાત્ ઉચ્ચારણ નથી હોતું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ह्रस्वसंप्रत्ययादिति चेदुच्चार्यमाणसंप्रत्यायकत्वाच्छब्दस्यावचनम् ॥३॥

ह्रस्वसंप्रत्ययादिति चेदुच्चार्यमाणः शब्दः संप्रत्यायको भवति न संप्रतीयमानः। तद्यथा। ऋगित्युक्ते संपाठमात्रं गम्यते नास्या अर्थो गम्यते॥ एवं तर्हि वर्णपाठ एवोपदेशः करिष्यते।

वर्णपाठ उपदेश इति चेदवरकालत्वात्परिभाषाया अनुपदेशः ॥४॥

**वर्णपाठ उपदेश इति चेदवरकालत्वात्परिभाषाया अनुपदेशः। किं परा सूत्रात्क्रियत इत्यतोऽवरकाला। नेत्याह। सर्वथावरकालैव। वर्णानामुपदेशस्तावत्। उपदेशोत्तरकालेत्संज्ञा। इत्संज्ञोत्तरकाल आदिरन्त्येन सहेता इति प्रत्याहारः। प्रत्याहारोत्तरकाला सवर्णसंज्ञा।**

હ્રસ્વના બોધદ્વારા (બોધ થશે) એમ હોય તો જે (શબ્દ) નું ઉચ્ચારણ કરવામાં આવ્યું હોય તે બોધ કરાવતો હોવાથી (તે દ્વારા) અન્ય (શબ્દ)નો બોધ નહીં થાય ॥૩॥

હ્રસ્વ (વર્ણો ના બોધ) ને કારણે (દીર્ઘનો બોધ) થશેએમ કહો તો (તેમ નથી,કારણ કે) જે ઉચ્ચારવામાં આવ્યો હોય તે શબ્દ બોધ કરાવે છે પણ જેનો અન્યદ્વારા બોધ કરાવવામાં આવે તે (હ્રસ્વ વર્ણ, દીર્ઘ વગેરે) નો નહીં (કરાવે).[289] જેમ કે **ऋक्** એમ કહેવામાં આવે ત્યારે માત્ર સંહિતા પાઠનો ખ્યાલ આવે છે, તેનો અર્થ સમજાતો નથી. [290]

એમ હોય તો વર્ણોનો પાઠ કર્યો છે ત્યાં જ (દીર્ઘ વગેરેનો) ઉપદેશ કરવામાં આવશે. [291]

વર્ણપાઠમાં જ ઉપદેશ (કરવામાં આવે છે) તેમ કહો તો ,પછીના સમયની [292] હોવાથી આ પરિભાષાનો ઉપદેશ ન કરવો જોઇએ ॥૪॥

વર્ણોના પાઠમાં જ (દીર્ઘ વગેરેનો) ઉપદેશ હોય તો તો પછીના સમયની હોવાથી (આ) પરિભાષાનો ઉપદેશ ન કરવો જોઇએ. શું સૂત્ર પછી કરવામાં આવેલ છે તેથી પછીના સમયની છે ?[293] તો કહે છે કે ના . બધી રીતે પછીના કાળની છે. પહેલાં તો વર્ણોનો ઉપદેશ, ઉપદેશ પછી **इत्** સંજ્ઞા, ત્યાર બાદ **आदिरन्त्येन सहेता।** પ્રમાણે પ્રત્યાહાર, પ્રત્યાહાર પછીના કાળની સવર્ણ સંજ્ઞા (અને)

---

આથી હ્રસ્વ વર્ણોનું પ્રત્યક્ષ, સાક્ષાત્ ઉચ્ચારણ હોય અથવા કોઇ વાર **अक्** વગેરે સંજ્ઞા દ્વારા તેનો બોધ કરાવવામાં આવ્યો હોય તો પણ તે વર્ણો દીર્ઘની પ્રતીતિ કરાવશે.

[289] પ્રતીયમાન પ્રતીતિનો વિષય હોવાથી પ્રધાન હોય છે, પરંતુ તે પણ અન્યની પ્રતીતિ કરાવવામાં સાધનભૂત બને તો તે પ્રધાન હોવા છતાં એ જ વખતે ગૌણ બનશે. આમ પ્રધાન પણ હોવું અને સાથે સાથે ગૌણ પણ હોવું તે બરાબર નથી, એટલે કે જેની પ્રતીતિ થાય છે તે હ્રસ્વ વર્ણો સાથે સાથે દીર્ઘની પ્રતીતિ કરાવે, ગૌણ બને તે યોગ્ય નથી. તેથી હ્રસ્વ વર્ણો દીર્ઘની પ્રતીતિ ન કરાવી શકે એમ અહીં કહેવા માગે છે.

[290] **ऋक्** શબ્દનું ઉચ્ચારણ કરવા માત્રથી કોઇ વિશિષ્ટ પાઠક્રમયુક્ત ઋચાનું જ્ઞાન થતું નથી..કદાચ સંદર્ભવશાત્ **अग्नि मीळे पुरोहितम्** જેવી વિશિષ્ટ વર્ણપાઠક્રમ યુક્ત ઋચાનો બોધ થાય તો પણ તેના અર્થની પ્રતીતિ નથી થતી. તે પ્રમાણે હ્રસ્વ વર્ણનું ઉચ્ચારણ કરવામાં આવે તો તેની પ્રતીતિ થાય પરંતુ એ પ્રતીયમાન હ્રસ્વ વર્ણ પોતે દીર્ઘ વર્ણની પ્રતીતિ ન કરાવી શકે એમ દલીલ છે.

[291] **अइउण्** વગેરે પ્રત્યાહાર સૂત્રોમાં હ્રસ્વ વર્ણોનો પાઠ છે તે સૂત્રપાઠમાં જ (**सूत्रपाठ एव**) પ્રકૃત સૂત્રને આધારે દીર્ઘ વગેરેનો બોધ થશે તેથી તેમનું **अक्** વગેરે પ્રત્યાહાર દ્વારા ગ્રહણ થશેએમ અમે સ્પષ્ટતા કરીશું.**उपदेशःप्रत्यायनम्** (કે) યુ.મી.'વર્ણોના પાઠમાં જ દીર્ઘ વગેરેનો ઉપદેશ કરવામાં આવશે' એમ અર્થ કરે છે. કૈ.ના.નું વ્યાખ્યાન ખેંચીતાણીને કરેલ છે તેમ માને છે.પરંતુ વા.(૪) માં જે દલીલ કરી છે તે સૂચવે છે કે આ વાક્ય દ્વારા દીર્ઘ વગેરેનો અક્ષરસમામ્નાયમાં પાઠ કરવાનું સૂચવવામાં આવ્યું નથી.

[292] આ **अणुदित्०** પરિભાષા **अइउण्।** વગેરે સૂત્રો થયાં તે કાળે ન હતી, તેથી આ પરિભાષા **अक्** , **अच्** વગેરેમાં કે ખુદ **अण्** પ્રત્યાહારમાંના વર્ણો દ્વારા પોતાના સવર્ણોનું ગ્રહણ નહીં કરાવી શકે, કારણ કે **अण्** પ્રત્યાહાર પણ તે વખતે નિષ્પન્ન થયો ન હતો અને **अक्** , **अच्** વગેરે જે અન્ય સૂત્રોનાં અંગો છે તે પણ નિષ્પન્ન થયાં ન હતાં.પરંતુ **आदिरन्त्येन सहेता।** પ્રમાણે **अण्** વગેરે નિષ્પન્ન થઇ ગયા હોય ત્યારે **अणुदित्०** પરિભાષા **अस्य च्वौ।** વગેરે સ્થળે સવર્ણનું ગ્રહણ અવશ્ય કરાવી શકે, એટલે કે તેમાં અ-કાર તેના સવર્ણ આ-કારનું ગ્રહણ કરાવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सवर्णसंज्ञोत्तरकालमणुदित्सवर्णस्य चाप्रत्यय इति। सैषोपदेशोत्तरकालावरकाला सती वर्णानामुत्पत्तौ निमित्तत्वाय कल्पष्यित इत्येतन्न॥

तस्मादुपदेशः॥५॥

तस्मादुपदेशः कर्तव्यः॥

तत्रानुवृत्तिनिर्देशे सवर्णाग्रहणमनण्त्वात्॥६॥

સવર્ણસંજ્ઞા પછીનું अणुदित्सवर्णस्य चाप्रत्ययः। એ (સૂત્ર). તેથી આ (પરિભાષા સૂત્ર) ઉપદેશપછીના કાળનું હોવાથી અર્થાત્ ત્યાર પછી કરવામાં આવેલ હોવાથી તેને વર્ણોની ઉત્પત્તિમાં નિમિત્ત તરીકે કલ્પવામાં આવે તે ન (બને).

તેથી ઉપદેશ (કરવો જોઇએ) ॥૫॥ [294]

તેમ હોવાથી (દીર્ઘ વગેરેનો) ઉપદેશ કરવો જોઇએ.

તેમ છતાં(સૂત્રોમાં) જ્યાં અક્ષરસમામ્નાય જેવા વર્ણોનો સ્વતંત્રનિર્દેશ (અનુવૃત્તિ નિર્દેશ) [295] હોય ત્યાં સવર્ણનું ગ્રહણ નહીં થાય, કારણ કે તે (વર્ણો) अण् નથી ॥૬॥

---

[293] અષ્ટાધ્યાયીના સૂત્રપાઠના ક્રમને કારણે આ પરિભાષા પછીના કાળની (अवरकाला) છે કે અર્થના ક્રમની દૃષ્ટિએ પાછળની છે એમ પ્રશ્નકર્તા જાણવા માગે છે. વાસ્તવમાં પાઠક્રમ અર્થાત્ શબ્દની દૃષ્ટિએ તેમ જ અર્થની દૃષ્ટિએ આ પરિભાષા પાછળના કાળની છે, કારણ કે वर्णानामुपदेशस्तावत् થી શરૂ કરીને सवर्णसंज्ञोत्तरकालमणुदित्सवर्णस्य चाप्रत्ययः। એમ જે કહ્યું છે તે એક મહાવાક્ય છે.તેના પ્રત્યેક અવયવના અર્થનું એક પછી એક જ્ઞાન પ્રથમ થશે અને ત્યારે બાદ સમગ્ર મહાવાક્યનો અર્થ સમજાશે.આમ પદ જ્ઞાન → પદાર્થજ્ઞાન → વાક્યાર્થજ્ઞાન એ ક્રમ થયો.તેથી પદક્રમ અને અર્થક્રમ બન્નેની દૃષ્ટિએ આ પરિભાષા પછીના કાળની છે. વર્ણોનો ઉપદેશ અનાદિ છે તેમ માનવામાં આવે છે (ઉ.પૃ.૫૫૫). પછી उपदेशेऽजनुनासिक इत्। સૂત્ર વ્દારા इत् સંજ્ઞા, ત્યાર પછી आदिरन्त्येन सहेता। મુજબ अण्, अक्, अच् વગેરે પ્રત્યાહાર બને છે.ત્યાર બાદ तुल्यास्यप्रयत्नं सवर्णम्। પ્રમાણે સવર્ણ સંજ્ઞા થઇ પછી अणुदित्स-वर्णस्य० એ સવર્ણગ્રહણ પરિભાષા થઇ.આમ અક્ષરસમામ્નાય પછીની હોવાથી એ પરિભાષા વર્ણોની ઉત્પત્તિ (પ્રતીતિ) માં નિમિત્ત બને તે અસંભવિત છે. ભાષ્યકારે उत्पत्ति શબ્દ પ્રતીતિ, બોધ એ અર્થમાં પ્રયોજ્યો છે એમ સમજવાનું છે, કારણ કે શબ્દ અનાદિ છે. (કે.ના.)

[294] એટલે કે अइउण् વગેરે પ્રત્યાહાર સૂત્રોમાં જ દીર્ઘ અને પ્લુત વર્ણોનો પાઠ કરવો જોઇએ જેથી अक् ,अच् વગેરેમાં પણ દીર્ઘ, પ્લુતની પ્રતીતિ થાય..'અહીં નિરૂઢ લક્ષણાનો આધાર લે છે. दीर्घाज्जसि। માં કરેલ પૂર્વસવર્ણ નિષેધ તેનું જ્ઞાપક છે. એ નિષેધને કારણે कुमार्यौ માં प्रथमयोः पूर्वसवर्णः।(૬-૧-૧૦૨) પ્રમાણે પૂર્વ સવર્ણ નથી થતો. એ સૂત્રમાં अकः सवर्णे दीर्घः। (૬-૧-૧૦૧) માંથી अकः ની અનુવૃત્તિ થાય છે . હવે જો अक् વ્દારા દીર્ઘનું ગ્રહણ ન થતું હોય તો આ નિષેધનો કોઇ વિષય બાકી રહેતો નથી , કારણ કે खट्वे જેવામાં આ-કારનો નિષેધ તો नादिचि।(૬-૧-૧૦૪) થી જ સિદ્ધ થાય છે.. તેથી સ્વવાચ્યવાચ્યના અર્થમાં લક્ષણા લેવાથી આ પ્રશ્ન સરળ થઇ જાય છે (ભ.દી.) અર્થાત્ अक् માં હ્રસ્વ इ વગેરે अक् નો પોતાનો વાચ્યાર્થ (स्ववाच्य) છે અને તે લક્ષણાથી દીર્ઘ ई વગેરે રૂપી લક્ષ્યાર્થ (अर्थात् स्ववाच्यवाच्य) બતાવશે.પરંતુ લક્ષણા લેવાથી દોષ દૂર નહીં થાય, કારણ કે ભાષ્યમાં કહ્યું તે રીતે इ વગેરે જે अक् ના વાચ્ય (तद्वाच्य) છે તે દીર્ઘનાં પ્રત્યાયક ન થઇ શકે (उच्चार्यमाणः संप्रत्यायको भवति न संप्रतीयमानः।) તેથી અશક્ત હોવાથી अक् માંનો હ્રસ્વ વર્ણ દીર્ઘ વગેરેનો અર્થ નહીં બતાવી શકે.

[295] अनुवृत्तिनिर्देश-- वृत्ति = અક્ષરસમામ્નાય. તેથી अइउण् વગેરેમાં જે अ-કાર, इ-કાર વગેરેનો નિર્દેશ છે તે वृत्तिनिर्देश . તેના જેવા अस्य च्वौ। यस्येति च। જેવાં સૂત્રોમાં જે अ,इ વગેરેનો નિર્દેશ છે તે અક્ષરસમામ્નાય (वृत्ति) માંના નિર્દેશને અનુસરતા(अनु) હોવાથી अनुवृत्तिनिर्देश થશે. [वृत्तिमनुगतः तत्सदृशोऽनुवृत्तिनिर्देशः। (उ०)], કારણ કે अस्य च्वौ। માં अ-કારનું, यस्येति च। માં इ-કારનું એમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तत्रानुवृत्तिनिर्देशे सवर्णानां ग्रहणं न प्राप्नोति। अस्य च्वौ। यस्येति च। किं कारणम्। अनण्त्वात्। न ह्येतेऽणो येऽनुवृत्तिनिर्देशे। के तर्हि। येऽक्षरसमाम्नाय उपदिश्यन्ते॥ एवं तर्ह्यनण्त्वादनुवृत्तौ नानुपदेशाच्च प्रत्याहारे न। उच्यते चेदमण्सवर्णान्गृह्णातीति। तत्र वचनाद्भविष्यति॥ वचनाद्यत्र तन्नास्ति।

नेदं वचनाल्लभ्यम्। अस्ति ह्यन्यदेतस्य वचने प्रयोजनम्। किम्। य एते प्रत्याहारणामादितो वर्णास्तैः सवर्णानां ग्रहणं यथा स्यात्॥ एवं तर्हि

તેમ કરવામાં આવે તો પણ **अस्य च्वौ। यस्येति च**। જેવાં (સૂત્રો) માં અક્ષરસમામ્નાયમાંના પાઠને અનુસરીને (હ્રસ્વ अ-કાર, इ-કારનું) ગ્રહણ કર્યું હોય ત્યાં સવર્ણનું ગ્રહણ ન થવાનો પ્રસંગ આવે છે.(તેનું) શું કારણ ? કારણ એ કે તે (વર્ણો) अण् નથી, અર્થાત્ વર્ણપાઠને અનુસરીને (**अस्य च्वौ**। વગેરે સૂત્રોમાં) જે ( હ્રસ્વ अ-કાર, इ-કારનું) ગ્રહણ કર્યું છે તે अण् (પ્રત્યાહારમાંના વર્ણો) નથી. તો પછી કયા વર્ણો ( अण् ) છે ? જેમનો અક્ષરસમામ્નાયમાં ઉપદેશ છે તે (વર્ણો अण् છે). જો એમ હોય તો [296] अण् ન હોવાને કારણે અનુવૃત્તિ નિર્દેશમાં અને ઉપદેશ ન કર્યો હોય તો પ્રત્યાહારમાં (સવર્ણગ્રહણ) નહીં થાય. તેમ છતાં अण् સવર્ણનું ગ્રહણ કરે છે તેમ કહેવામાં આવ્યું છે તેથી અર્થાત્ આમ કહ્યું છે તે કારણે (સવર્ણનું ગ્રહણ) થશે. (એમ) કહ્યું છે તેથી તે (બે ) નથી ત્યાં (સવર્ણગ્રહણ થશે). [297] કહેવામાં આવ્યું છે તેથી આ (વસ્તુ) પ્રાપ્ત નહીં થઇ શકે, કારણ કે આ (સૂત્ર) કરવાની પાછળ અન્ય પ્રયોજન છે. શું (પ્રયોજન) છે ? એ (પ્રયોજન) કે પ્રત્યાહારોની શરૂઆતમાં આવતા આ જે (अ-કાર વગેરે) વર્ણો છે તેમના વ્દારા સવર્ણોનું ગ્રહણ થઇ શકે. એમ હોય તો પછી

---

વર્ણોનું તેમના સ્વરૂપથી સાક્ષાત્ ઉચ્ચારણ કરવામાં આવ્યું છે,પરંતુ તે अण् જેવા હોવા છતાં તેમને અનુબંધનું ચિન્હ ન હોવાથી તે अण् નથી. પરિણામે તે સવર્ણનું ગ્રહણ નહીં કરી શકે તેથી **मालीकरोति** જેવાં રૂપો સિદ્ધ નહીં થાય. જો વ્યક્તિપક્ષ સ્વીકારવામાં આવે તો, એટલે કે अ વ્યક્તિ અનંત છે તેમ સ્વીકારવામાં આવે તો પણ વ્યક્તિમાં પરસ્પર ભેદ હોવાથી સવર્ણગ્રહણ સિદ્ધ નહીં થાય.

[296] વા.(૨) માં કહ્યું કે अक्, अच् વગેરે પ્રત્યાહારોમાં इ-કાર વગેરેનું સાક્ષાત્ ઉચ્ચારણ ન હોવાથી (**अनुपदेशात्**) સવર્ણગ્રહણ નહીં થાય.વા.(૬) માં કહ્યું કે अण् ન હોવાને કારણે (**अनण्त्वात्**) **अस्य च्वौ। यस्येति च**। જેવામાં अ-કાર, इ-કાર વગેરેનો અનુવૃત્તિનિર્દેશ છે ત્યાં પણ સવર્ણગ્રહણ નહીં થાય., પરંતુ સૂત્રકારે તો अण् (उदित्) **सवर्णस्य च०** એમ કહ્યું છે તેથી સવર્ણગ્રહણ થશે, કારણ કે જે अण् જેવો (**अण्सदृशः**) છે તે પણ अण् છે તેમ સમજાશે તેથી **मालीकरोति** જેવાં ઇષ્ટ રૂપો સિદ્ધ થશે.

[297] अण् ન હોવાને કારણે અનુવૃત્તિનિર્દેશમાં સવર્ણગ્રહણ ન થઇ શકે અને ઉચ્ચારણ કરવામાં આવતું નથી તેથી (**अनुच्चारणात्**) પ્રત્યાહારમાં ગ્રહણ ન થઇ શકે. એ બે દોષ નિવારવા તે પ્રકૃત સૂત્રનું પ્રયોજન છે. પૂર્વે એમ કહ્યું તેનો અસ્વીકાર કરતાં કહે છે,' **वचनाद्यत्र नास्ति**।' અર્થાત્ જ્યાં (यत्र) તે(અર્થાત् **अनण्त्व** અને **अनुच्चारण** એ બે) નથી ત્યાં આ સૂત્ર અમલી થશે.આમ જેમાં **अनण्त्व** અને **अनुच्चारण** ન હોય તે સવર્ણનું ગ્રહણ કરી શકે એ આ સૂત્રનું પ્રયોજન છે એમ અહીં કહેવા માગે છે. જેમ કે **अकः(सवर्णे) दीर्घः**। વગેરેમાંનો अक् અને ત્યાં અનુવૃત્તિથી આવતો अच् (अचि) એ બેમાંનો अ-કાર क् અને च् એ અનુબંધ ચિન્હયુક્ત છે તેથી તે પ્રત્યાહારમાંનો अ- કાર છે, તેનું अइउण् એ પ્રત્યાહારસૂત્રમાં ઉચ્ચારણ કર્યું છે તેમ સમજાય છે. વળી તે अण् પ્રત્યાહારમાં પણ આવે છે તેથી अण् છે તેમ પણ સમજાય છે. આમ એ अ-કાર **अनुच्चारण** અને **अनण्त्व** એ બન્ને દોષથી મુક્ત છે તેથી તેનું ઉચ્ચારણ થતાં **आदिरन्त्येन सहेता**। પ્રમાણે अ અને क् તથા अ અનેच् ની વચ્ચેરહેલા (**मध्यपतितानाम्**) અને પોતાનું ગ્રહણ કરી શકે અને પ્રકૃત સૂત્ર પ્રમાણે સવર્ણોનું પણ ગ્રહણ કરી શકશે. પરંતુ अइउण् માંનો इ-કાર अण् હોવા છતાં તેનું अक्, इक् વગેરે પ્રત્યાહારોમાં ઉચ્ચારણ નથી (**अनुच्चारण**) તેથી તથા **अस्य च्वौ। यस्येति च**। જેવાં સૂત્રોમાંના अ-કાર, इ-કાર વગેરેનું સાક્ષાત્ ઉચ્ચારણ છે છતાં તે અનુબંધ -ચિન્હ યુક્ત નથી તેથી अण् નથી (अनण् છે) તેથી પ્રકૃત સૂત્ર પ્રમાણે તે સવર્ણનું ગ્રહણ નહીં કરી શકે. આમ વ્યક્તિપક્ષ સ્વીકારવા છતાં આ સૂત્ર કરવાથી ઇષ્ટ સિદ્ધિ નહીં થઇ શકે.એમ ભાવ છે. નિ.સા. (પૃ.૫૫૧) ચૌખં.(પૃ.૫૫૬) અને યુ.મી.(પૃ.૭૯૫)માં **वचनाद्यत्र तन्नास्ति**। એ વાક્ય વાર્તિક તરીકે આપ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सवर्णेऽण्ग्रहणमपरिभाष्यमाकृतिग्रहणात् ॥७ ॥

सवर्णेऽण्ग्रहणमपरिभाष्यम्। कुतः। आकृतिग्रहणात्। अवर्णाकृतिरुपदिष्टा सा सर्वमवर्णकुलं ग्रहीष्यति। तथेवर्णाकृतिः। तथोवर्णाकृतिः। ननु चान्याकृतिरकारस्याकारस्य च।

अनन्यत्वाच्च ॥८ ॥

अनन्याकृतिरकारस्याकारस्य च।

(સર્વત્ર) જાતિ (આકૃતિ) નું ગહણ કર્યું છે [298] તેથી સવર્ણ પરિભાષા (સૂત્ર)માં अण् નું ગ્રહણ ન કરવું જોઇએ॥૭॥

(સવર્ણનું ગ્રહણ થઇ શકે તે માટે अणुदित्सवर्णस्य चाप्रत्ययः। એ) સવર્ણ પરિભાષા (સૂત્ર) માં अण् એમ કહેવાની જરૂર નથી. શાથી (નથી) ? કારણ કે (સર્વત્ર) આકૃતિ (=જાતિ) નું ગ્રહણ (કર્યું છે). अ વર્ણની જાતિનો ઉપદેશ કર્યો છે તે अ વર્ણના સમગ્ર સમૂહનું ગ્રહણ કરશે, તે પ્રમાણે इ વર્ણની જાતિ અને उ વર્ણની જાતિ સમગ્ર (इ અને उ વર્ણના સમૂહનું ગ્રહણ કરશે).[299] પણ (અમે કહીએ છીએ કે) अ- કારની જાતિ અન્ય છે અને आ-કારની જાતિ પણ અન્ય છે [300](પછી કેવી રીતે ગ્રહણ કરશે?)

તે (બન્ને) ભિન્ન નથી તે કારણે (ગ્રહણ થશે)॥૮॥

अ-કારની જાતિ અને आ-કારની જાતિ જુદી નથી.

---

[298] પ્રત્યેક વર્ણ પોતાની આકૃતિનો નિર્દેશ કરે છે, અર્થાત્ જાતિનો અર્થ બતાવે છે એમ સમજવામાં આવે તો પ્રકૃત સૂત્ર નહીં કરવું પડે એમ વા. (૭) દ્વારા કહેવા માગે છે. अइउण्। વગેરે પ્રત્યાહાર સૂત્રોમાં તેમ જ अस्य च्वौ। વગેરે સૂત્રોમાં જે अ-કાર વગેરે છે તે બધા જ अत्व વગેરે જાતિનો નિર્દેશ કરે છે અને તેની સાથે નિયત સંકળાયેલ હોવાથી ઉચ્ચારણ વ્યક્તિનું કરવામાં આવે છે, (કારણ કે વ્યક્તિ અર્થક્રિયાકારી છે પણ જાતિ અર્થક્રિયાકારી ન હોવાથી તેનું સાક્ષાત્ ઉચ્ચારણ શક્ય નથી) એમ સ્વીકારવામાં આવે તો अणुदित्० સૂત્ર કરવાની જરૂર નહીં રહે. જેમ गो વ્યક્તિ કૃશ હોય કે સ્થૂળ, કૃષ્ણ હોય કે શુક્લ તો પણ પ્રત્યેક गो વ્યક્તિમાં गोत्व રહેલું છે તેમ अ-કાર વ્યક્તિમાં, પછી હ્રસ્વ હોય, દીર્ઘ હોય કે પ્લુત હોય, अत्व રહેલું છે. આમ अ-કાર વગેરેનું ઉચ્ચારણ થતાં સંદર્ભ અનુસાર સર્વ પ્રકારના अ-કારનું સ્વયં ગ્રહણ થઇ શકે છે તેથી પ્રકૃત સૂત્ર કરવાની જરૂર નહીં રહે, એટલે કે સૂત્રમાં अण् નું ગ્રહણ કરવું જરૂરી નથી.

[299] સમગ્ર अ વર્ણનું કુળ એમ કહ્યું તેથી अ-કાર તેના અઢારે પ્રકારનું ગ્રહણ કરાવશે. તે રીતે इ-કાર અને उ-કાર પણ. ऌ-કાર બાર પ્રકારનાનું અને ऋ-કાર ત્રીસ પ્રકારનાનું ગ્રહણ કરાવશે. (નોંધ ૨૮૮).

[300] પ્રશ્નકર્તા માને છે કે अ-કાર અને आ-કારના ઉચ્ચારણ પછી શ્રવણમાં ભેદ વર્તાય છે તેથી अ-કાર અને आ-કારની જાતિ પણ ભિન્ન છે,પરંતુ કૃશ હોય કે સ્થૂળ હોય છતાં પ્રત્યેક गो વ્યક્તિમાં गोत्व રહેલું હોય છે તેમ अ-કાર आ-કારમાં શ્રુતિભેદ હોવા છતાં બેની આકૃતિ એક હોઇ શકે, કારણ કે કૃશત્વ અને સ્થૂલત્વ જેમ ભિન્ન વ્યક્તિ બતાવે છે છતાં ભિન્ન જાતિ સિદ્ધ કરતાં નથી તેમ શ્રવણમાં વર્તાતો ભેદ अ-કાર અને आ-કારનો વ્યક્તિ ભેદ જરૂર કરે છે પણ તેમની જાતિ ભિન્ન છે તેમ સિદ્ધ નથી કરતો અને આ હ્રસ્વ अ- કાર છે, આ દીર્ઘ अ-કાર છે વગેરે પ્રતીતિમાં હ્રસ્વ, દીર્ઘ अत्व સાથે જ રહેલ છે તેમ સમજાય છે. તે રીતે ઉદાત્ત વગેરે ગુણો પણ જાતિભેદ ઉદ્ભાવતા નથી. પરંતુ इ-કાર વગેરે अ-કાર છે તેમ સમજાતું નથી, કારણ કે બન્નેની જાતિ ભિન્ન છે. ના. પ્રમાણે પ્રશ્નકર્તા કહેવા માગે છે કે अत्व છ પ્રકારના હ્રસ્વ ભેદમાં રહેલ છે અને आत्व છ પ્રકારના દીર્ઘ ભેદમાં રહેલું છે તેથી તેમની જાતિ ભિન્ન છે. એનો ઉત્તર એ જ કે अत्व અને आत्व એ બન્નેને વ્યાપી જતી अत्व જાતિ એક જ છે. તેથી વા. (૮) માં કહે છે 'अनन्यत्वात्।'



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अनेकान्तो ह्यन्यत्वकरः ॥९॥

यो ह्यनेकान्तेन भेदो नासावन्यत्वं करोति। तद्यथा। न यो गोश्च गोश्च भेदः सोऽन्यत्वं करोति॥ यस्तु खलु गोश्चाश्वस्य च भेदः सोऽन्यत्वं करोति॥

अपर आह। सवर्णेऽण्ग्रहणमपरिभाष्यमाकृतिग्रहणादनन्यत्वम्।सवर्णेऽण्ग्रहणपरिभाष्यम्। आकृतिग्रहणा--

કારણ કે જે ભેદ અભેદની સાથે રહેલ હોય તે (જાતિને) જુદી પાડતો નથી ॥૯॥ [301]

કારણ કે જે ભેદની સાથોસાથ અભેદ રહેલ હોય તેવો ભેદ બે (વસ્તુની જાતિ) ને જુદી પાડતો નથી જેમ કે (એક) **गो** વ્યક્તિ અને (બીજી) **गो** વ્યક્તિ વચ્ચે જે ભેદ છે તે (તેમની જાતિને) જુદી પાડતો નથી, પરંતુ જે **गो** અને **अश्व** વચ્ચે જે ભેદ છે તે (એ બેની જાતિને) અલગ પાડે છે.

અન્ય (વાર્તિકકાર) કહે છે– [302] સવર્ણ પરિભાષા (સૂત્ર)માં **अण्** નું ગ્રહણ ન કરવું જોઇએ, કારણ કે આકૃતિ (લેવાથી ભેદ નથી (રહેતો). એટલે કે સવર્ણ (ગ્રહણ પરિભાષા સૂત્ર) માં **अण्** નું ગ્રહણ ન કરવું જોઇએ, કારણ કે આકૃતિ (એટલે કે જાતિનો અર્થ) લેવાથી

---

[301] **गो** અને **अश्व** બન્ને પ્રાણી હોવા છતાં તેમની જાતિ અલગ છે. આમ વ્યાપક જાતિ એક હોવા છતાં વ્યાપ્ય (અર્થાત્ પેટા) જાતિ અલગ હોઇ શકે. તે રીતે **अत्व** અને **आत्व** ભિન્ન હોઇ શકે, એટલે કે **अ**-કાર અને **आ**-કારની જાતિ ભિન્ન હોઇ શકે. એ શંકા યોગ્ય નથી કારણ કે **अनेकान्तो ह्यन्यत्वकरः**। અર્થાત્ જે ભેદ નિશ્ચાયક (**अनेकान्त**) ન હોય, જેમાં ભેદની સાથે અભેદનું પણ ભાન થતું હોય તે ભેદ બે વસ્તુની જાતિને જુદી પાડતો નથી. **गो** કૃષ્ણ હોય કે શ્વેત હોય, સ્થૂળ હોય કે કૃશ હોય તો પણ એ બે વ્યક્તિમાં રહેલ ભેદની સાથે તેમાં જે **सास्नादिमत्व** (ગળે ગોદડી હોવી વગેરે) રૂપી જે ધર્મ રહેલ છે તે અભેદનું પણ ભાન કરાવે છે. તેથી વર્ણને કે રૂપને કારણે જે ભેદ જણાય છે તે અનેકાન્ત ભેદ નથી, પરંતુ **गो** અને **अश्व** માંનો ભેદ એકાન્ત ભેદ છે, નિર્ણાયક ભેદ છે. તેથી તે બેની જાતિ **गोत्व** અને **अश्वत्व** એ ભેદને પ્રતાપે અન્ય થાય છે.તે પ્રમાણે **अ**-કાર અને **आ**-કારમાં જે ભેદ વર્તાય છે તે માત્ર ઉચ્ચારણ કાળનો ભેદ (છે અને સાથે સાથે બન્નેમાં કંઠસ્થાનમાંથી ઉત્પન્ન થવું વગેરે ધર્મ રૂપી અભેદનું ભાન થાય છે. આમ **अ**-કાર અને **आ**-કાર વચ્ચેનો ભેદ અનેકાન્ત છે, નિર્ણાયક નથી તેથી તે બેની જાતિ જુદી પાડી ન શકે.પરંતુ **अ**-કાર અને **इ**-કારની જાતિ **अत्व** અને **इत्व** બન્નેને ભિન્ન બનાવે છે. જાતિનિર્દેશને કારણે **अ**-કાર વગેરે વ્દારા **आ**-કાર વગેરેનું ગ્રહણ થઇ શકશે એમ કહ્યું પરંતુ તેથી અતિપ્રસંગ થવાનો સંભવ છે, એટલે કે જ્યાં અન્યનું ગ્રહણ ઇષ્ટ ન હોય ત્યાં પણ ગ્રહણ થવાનો પ્રસંગ આવશે. **अष्टन आ विभक्तौ**। પ્રમાણે **अष्टन्**ના અન્ત્ય **न्** નો **आ** થાય છે ત્યાં **आ**-કાર વ્દારા **अ**-કારનું પણ ગ્રહણ થશે અને અર્ધમાત્રિક **न्** ને સ્થાને વ્દિમાત્રિક **आ** ન થતાં અંતરતમ હોવાથી એકમાત્રિક **अ**-કાર થશે.પરંતુ સૂત્રકારે અધિક યત્ન કરીને દીર્ઘનું ઉચ્ચારણ કર્યું છે તેને પ્રતાપે હ્રસ્વ નહીં થાય. જો હ્રસ્વનું જ ગ્રહણ કરવાનું હોત તો તેમણે અધિક યત્ન ન કરતાં હ્રસ્વનું જ ગ્રહણ કર્યું હોત.પરંતુ દીર્ઘગ્રહણ છે તેથી પ્લુતનું ગ્રહણ થશે તેમ કહેવું અયોગ્ય છે, કારણ કે દૂરથી બોલાવવું હોય (**दूराद्धूते च**।) વગેરેપ્લુતના વિષય છે(**प्लुतश्च विषये स्मृतः**।) તેથી પ્લુત નહીં થાય. **पूर्ववया ब्राह्मणः प्रत्युत्थेयः**। એ વિધિ પ્રમાણે જેનું પ્રત્યુત્થાન કરવાનું હોય તે વિશિષ્ટ વ્યક્તિમાં રહેલ બ્રાહ્મણત્વ જાતિનું કરવામાં આવે છે. તે રીતે સૂત્રમાં કરેલ દીર્ઘ ઉચ્ચારણને કારણે **आ**-કાર વ્યક્તિમાં સમવાય સંબંધથી રહેલ **अत्व** જાતિનું ગ્રહણથાય છે, કારણ કે **अत्व** થી ભિન્ન એવું **आत्व** નથી.

[302] આ મત વ્યક્તિવાદીનો છે. તે પ્રમાણે વ્યક્તિ પદાર્થ છે અને જાતિનો બોધ શબ્દને કારણે ન થતો હોવાથી તે શબ્દાર્થ નથી છતાં પોતાની અંતર્ગત વ્યક્તિઓમાં જે અભેદનું જ્ઞાન થાય છે તેનું નિમિત્ત જાતિ છે, એટલે કે જે તે વિશિષ્ટ જાતિને કારણે તેમાં રહેલ પ્રત્યેક વ્યક્તિ પરસ્પર ભેદથી રહિત બનીને એક સ્વરૂપે પ્રતીત થાય છે. પ્રથમ મત(જાતિ પક્ષ) પ્રમાણે **अ**-કાર સર્વત્ર આકૃતિ (જાતિ) નો નિર્દેશ કરે છે(**आकृतिग्रहणात्सिद्धम्**) એમ સ્વીકારવાને કારણે પ્રકૃત સૂત્રમાં **अण्** ગ્રહણ કરવું નહીં પડે. **अ**-કાર અને **आ**-કારની આકૃતિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

-दनन्यत्वं भविष्यति। अनन्याकृतिरकारस्याकारस्य च। अनेकान्तो ह्यन्यत्वकरः। यो ह्यनेकान्तेन भेदो नासावन्यत्वं करोति। तद्यथा। न यो गोश्च गोश्च भेदः सोऽन्यत्वं करोति। यस्तु खलु गोश्चाश्वस्य भेदःसोऽन्यत्वं करोति॥

तद्वच्च हल्ग्रहणेषु ॥१०॥

एवं च कृत्वा हल्ग्रहणेषु सिद्धं भवति। झलो झलि। अवात्ताम् अवात्तम् अवात्त। यत्रैतन्नास्त्यण्सवर्णान् गृह्णातीति। अनेकान्तो ह्यन्यत्वकर इत्युक्तार्थम्॥

ભેદ રહેશે નહીં.(અને) કારણ કે अ- કારની જાતિ અને आ-કારની જાતિ એક જ છે, કારણ કે જે ભેદની સાથોસાથ અભેદ રહેલ હોય તેવો ભેદ બે (વસ્તુની જાતિ)ને જુદી પાડતો નથી, જેમ કે (એક) गो વ્યક્તિ અને (બીજી) गो વ્યક્તિ વચ્ચે જે ભેદ છે તે (તેમની જાતિને) જુદી પાડતો નથી, પરંતુ જે गो અને अश्व વચ્ચે જે(ભેદ) છે તે (એ બે ની જાતિને) અલગ પાડે છે.

તે રીતે (સૂત્રોમાં જ્યાં) हल् (વર્ણો) નું ગ્રહણ કર્યુ હોય ત્યાં (પણ કાર્ય સિદ્ધ થશે) ॥૧૦॥ [303]

અને એથી કરીને झलो झलि। જેવામાં જ્યાં हल्(વર્ણો)નું ગ્રહણ કર્યું હોય અને જ્યાં 'अण् સવર્ણોનું ગ્રણ કરે છે' એ (લાગુ) ન (પડતું) હોય ત્યાં (જેમ કે) अवात्ताम् अवात्तम् अवात्त (વગેરે) ત્યાં પણ (આકૃતિગ્રહણ કરવાથી) સિદ્ધ થાય છે, કારણ કે જે ભેદ અભેદની સાથે રહેલ હોય તે (જાતિને) ભિન્ન કરતો નથી.એમ (એ) વસ્તુ (પૂર્વે )કહેલી છે. [304]

---

-જાતિ અભિન્ન હોવાની શંકાનું સમાધાન 'તેમની જાતિ ભિન્ન નથી' (अनन्यत्वात्) એ વાર્તિક ખંડથી કર્યુ છે. અન્ય મત(વ્યક્તિ વાદી) પ્રમાણે સર્વ अ-કાર વ્યક્તિ અનન્ય છે, એક જ છે. એ કારણે પ્રકૃત સૂત્રમાં अण् ગ્રહણ કરવું જરૂરી નથી. અહીં પણ आकृतिग्रहणात्। એમ તો કહ્યું છે પરંતુ અહીં आकृति એટલે જાતિ એમ અર્થ નથી. तानेव शालीन्भञ्ज्महे ये मगधेषु। વગેરે પ્રયોગોમાં ચોખા જુદા હોવા છતાં 'મથુરામાં ખાતા હતા તે જ આ છે' એમ કહીએ છીએ તે ચોખાનું રૂપ સમાન હોવાને કારણે કહીએ છીએ.તેમ अ-કાર, आ-કાર વ્યક્તિઓ ભિન્ન હોવા છતાં ધ્વનિસાદૃશ્યને કારણે અભેદનું ભાન થાય છે અને જેમ गो કે घट નાનો હોય કે મોટો,સ્થૂળ હોય કે કૃશ, લાંબો હોય કે ટૂંકો તો પણ તેને વિશે गौः, घटः વગેરે પ્રયોગ થાય છે તેમ હ્રસ્વ હોય કે દીર્ઘ તો પણ अ-કાર, आ-કાર વિશે ' આ अ-કાર છે' એમ પ્રયોગ થાય છે. આમ રૂપની સમાનતાને કારણે [रूपसामान्याद्वा। જુઓ अइउण्। સૂત્ર વા.(૬)] 'આ એ જ છે' (अनन्यत्वात्) એમ જે ભાન થાય છે તે જ आकृतिग्रहणात्નો અર્થ છે. ના.ને આ મત સ્વીકાર્ય નથી, કારણ કે એ અર્થ લેવામાં આવે તો વા.માં वा શબ્દનું ગ્રહણ કર્યુ છે તે વ્યર્થ થશે.

[303] જાતિ અર્થાત્ આકૃતિનો નિર્દેશ છે તેથી (आकृतिनिर्देशात्) अण् ની બાબતમાં કાર્ય સિદ્ધ થાય છે તે રીતે हल् વર્ણોની બાબતમાં પણ આકૃતિગ્રહણ કરવાથી કાર્ય સિદ્ધ થશે. પરંતુ જો વ્યક્તિપક્ષ સ્વીકારવામાં આવે તો સર્વત્ર કાર્ય સિદ્ધ નહીં થઇ શકે. જેમ કે अबुद्ध --बुध् ના लुङ् ત્રી.પુ એ.વ.માં अबुध् सिच् त--अबुध् स् त એ સ્થિતિમાં ध-કાર એ झल् વર્ણ પછી सिच् નો स-કાર છે તેની પછી त-કાર એ झल् છે તેથી झलो झलि। પ્રમાણે स् નો લોપ થશે. અહીં કાર્ય સિદ્ધ થાય છે, પરંતુ अवात्ताम् વગેરેમાં તકલીફ થશે. वस् ના लुङ् માં अवस् सिच् ताम्--वदव्रजहलन्तस्य। થી વૃદ્ધિ --अवास् स् ताम्--झलो झलि। થી सिच् લોપ अवास् ताम् પ્રત્યયલક્ષણથી અથવા सिच् લોપ અસિદ્ધ હોવાથી अवास् (सिच्) ताम् એમ સમજતાં सः स्यार्धधातुके। થી स् નો त्--अवात् ताम्--अवात्ताम् થાય છે, પરંતુ અહીં अवात् स् ताम् એ સ્થિતિમાં सिच् લોપ નહીં થઇ શકે , કારણ કે વ્યક્તિપક્ષ પ્રમાણે स-કારની પૂર્વે અને પર રહેલ त-કાર એ બેમાંથી એક જ झल् પ્રત્યાહારમાંનો વર્ણ ગણાશે, બન્ને झल् નહીં ગણાય. પરિણામે स-કારની પૂર્વે અથવા પર झल् વર્ણ રહેશે. તેથી झलः झलि। એ સૂત્ર લાગુ નહીં પડે અને स् લોપ ન થવાનો પ્રસંગ આવશે. એમ અહીં દલીલ છે.

[304] ધાતુનો અવયવ જે त-કાર છે, અર્થાત્ सः सि० પ્રમાણે स् નો त् થયો છે તે અને પ્રત્યય (ताम्) નો त् એ બેમાં ભેદ જરૂર છે, કારણ કે બે વ્યક્તિ વચ્ચે પરસ્પર ભેદ હોય છે. પરિણામે अवात्ताम् વગેરેમાં सिच् લોપ નહીં થાય એમ જે દલીલ છે(નોધ ૩૦૩) તેના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**द्रुतविलम्बितयोश्चानुपदेशात् ॥११॥**

**द्रुतविलम्बितयोश्चानुपदेशान्मन्यामह आकृतिग्रहणात्सिद्धमिति। यदयं कस्यांचिद् वृतौ वर्णानुपदिश्य सर्वत्र कृती भवति॥ अस्ति प्रयोजनमेतत्। किं तर्हीति।**

**वृत्तिपृथक्त्वं तु नोपपद्यते ॥१२॥**

દ્રુત અને વિલંબિત (વૃત્તિ) માં ઉપદેશ કર્યો નથી છતાં (આકૃતિ ગ્રહણ કરવાથી સિદ્ધ થશે) ॥૧૧॥ [305]

દ્રુત અને વિલંબિત (એ બે વૃત્તિઓ) માં ઉચ્ચારણ કર્યું નથી તેથી અમે માનીએ છીએ કે આકૃતિ (નો અર્થ) લેવાથી સિદ્ધ થશે, કારણ કે આ (સૂત્રકાર) ગમે તે એક વૃત્તિમાં વર્ણોનો ઉપદેશ કરીને કૃતકૃત્ય થાય છે.

શું એ પ્રયોજન છે ? તો પછી શું (પ્રયોજન છે) ?

પરંતુ વૃત્તિને કારણે ભેદ થાય તે ઘટતું નથી ॥૧૨॥ [306]

---

પ્રત્યુત્તર રૂપે **अनेकान्तो ह्यन्यत्वकरः।** એમ કહે છે, એટલે કે ભેદક ધર્મ અભેદક ધર્મની સાથે જ રહે છે તેથી **त**-કાર વ્યક્તિ ભિન્ન હોવા છતાં બન્ને એક તરીકે ઓળખાઇ શકે છે. આ વાક્ય કાત્યાયનની વા. નથી..

[305] અહીં **वृत्ति** એટલે વેદની ઋચા વગેરે ઉચ્ચારવાની ગતિ. વ્યાકરણ શાસ્ત્ર વેદાંગ છે તેથી તેમાં પણ વૃત્તિભેદને અવકાશ છે.ઋચા વગેરેના ઉચ્ચારણની ઝડપી, મધ્યમ કે વિલંબિત ગતિ પ્રમાણે વૃત્તિ દ્રુત, મધ્યમ કે વિલંબિત થાય. હવે જો **धात्वादेः षः सः। णो नः।** જેવાં વિધિ સૂત્રોમાં સૂત્રકારે **ष**-કાર, **ण**-કાર વગેરે **हल्** વર્ણોનું મધ્યમવૃત્તિમાં ઉચ્ચારણ કર્યું હોય અને **षु (प्रसवैश्वर्ययोः)** ના રૂપ **सुनोति**, **णद (अव्यक्ते शद्बे)** ના રૂપ **नदति** જેવામાં **षु** અને **णद** નું દ્રુત અથવા વિલંબિત વૃત્તિમાં ઉચ્ચારણ હોય તો એ સૂત્રો પ્રમાણે **ष्** અને **ण्** ના **स्** અને **न्** ન થતાં **षुणोति**, **णदति** જેવાં અનિષ્ટ રૂપો થવાનો પ્રસંગ આવશે.પરંતુ ભગવાન પાણિનિએ માત્ર મધ્યમવૃત્તિમાં જ ઉચ્ચારણ કર્યું છે, દ્રુત કે વિલંબિત વૃત્તિમાં નથી કર્યું તેથી સમજાય છે કે સૂત્રકારને **हल्** ગ્રહણમાં પણ જાતિનિર્દેશ(**आकृति**) ઇષ્ટ છે અને તેથી મધ્યમવૃત્તિમાં ઉચ્ચારેલ વર્ણો અન્ય બે, દ્રુત અને વિલંબિત, વૃત્તિઓ માં ઉચ્ચારેલ વર્ણોનું ગ્રહણ કરી શકશે.પરિણામે **सुनोति**, **नदति** સિદ્ધ થશે. આ વા.માં જે વૃત્તિઓને લગતી ચર્ચા છે તે **हल्** વર્ણોને અનુલક્ષીને છે તેથી કૈ. કહે છે,' **अण्** સવર્ણનું ગ્રહણ કરે છે' એ જ્યાં લાગુ નથી પડતું ત્યાં અર્થાત્ સૂત્રમાં જ્યાં **हल्** વર્ણોનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તેને અનુલક્ષીને આ કહેવામાં આવ્યું છે, કારણ કે **अण्** વર્ણોમાં તો વ્યક્તિપક્ષ પ્રમાણે પણ ગ્રહણકશાસ્ત્રને બળે ભિન્ન વૃત્તિવાળા સવર્ણોનું ગ્રહણ થશે. વા.માં **द्रुतविलंबितयो-श्चानुपदेशात्** એમ કહ્યું છે, એટલે કે સૂત્રકારે દ્રુત અને વિલંબિત વૃત્તિમાં ઉપદેશ નથી કર્યો અર્થાત્ મધ્યમમાં કર્યો છે, કારણ કે પ્રયોગમાં મધ્યમા વૃત્તિ વપરાય છે (**प्रयोगार्थे तु मध्यमा।**). અહીં **वत्तिपृथक्त्वं तु नोपपद्यते।** વા.(૧૨) સિવાયની વા.(૯,૧૦,૧૧ અને ૧૩) કાત્યાયનની વાર્તિકો નથી, કારણ કે **तद्वच्च हल्ग्रहणेषु।** એ વાક્ય ઉપર ભાષ્યકારે મૂળ શબ્દોના ક્રમ અનુસાર વ્યાખ્યાન નથી કર્યું. **अनेकान्तो ह्यन्यत्वकरः।** એ અહીં માત્ર પુનરુચ્ચારિત છે. તેથી જ ભાષ્યકારે **इत्युक्तार्थम्।** એમ કહ્યું છે. **द्रुतविलंवितयोश्चानु-पदेशात्।** એ વા.ના ભાષ્યમાં **मन्यामहे** એમ પહેલા પુરુષનો પ્રયોગ કર્યો છે અને **तस्मात्तत्र तपरनिर्देशात्सिद्धम्।** એ વા.માં **सिद्धम्** શબ્દ મૂક્યો છે તથા ભાષ્યકારની શૈલી પ્રમાણે તેના ઉપર ભાષ્ય નથી તેથી તે પણ કાત્યાયન વાર્તિક નથી .એ ત્રણે ભાષ્યવાર્તિકો છે. (ચૌખં,પૃ.૫૫૮, પા.ટી૪ ) કિલ્હોર્ન અને અભ્યંકર **अनेकान्तो ह्यन्यत्वकरः।** સિવાયનાં બધાં જ વાક્યોને કાત્યાયન વાર્તિક માને છે [ કિ.(પૃ.૧૮૦), વા.શા. મ.(પૃ.૪૪૧),યુ.મી.(પૃ.૭૯૯)અને ચારુ.(પૃ.૭૦૨--૭૦૩ ),નિ.સા. (પૃ.૫૧૨--૫૧૩)]

[306] વૃત્તિને કારણે વર્ણોમાં ભેદ થતો નિવારવા માટે આકૃતિપક્ષ સ્વીકાર્યો છે, એટલે કે તે પક્ષ સ્વીકારવાનું એ પ્રયોજન છે એમ પૂર્વે કહ્યું પરંતુ અહીં કહે છે કે એમ હોય તો ઉચ્ચારણ કાળ (માત્રા) ને કારણે જે વૃત્તિભેદ છે તે પણ નહીં સંભવી શકે તેથી સૂત્રમાં હ્રસ્વનું ગ્રહણ કરીને કાર્યનું વિધાન કર્યું હોય ત્યાં તે કાર્ય દીર્ઘને પણ થવાનો પ્રસંગ આવશે.જેમ કે **अतो भिस ऐस्।** પ્રમાણે હ્રસ્વ **अ**-કારાન્ત પછી આવતા **भिस्** નો **ऐस्** થાય છે પણ જાતિપક્ષ સ્વીકારવામાં આવે તો જેમ **अ**-કારાન્ત **देव** પછી આવતા **भिस्** નો **ऐस्** થઇને **देवैः**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वृत्तेस्तु पृथक्त्वं नोपपद्यते ॥

तस्मात्तत्र तपरनिर्देशात्सिद्धम् ॥१३॥

तस्मात्तत्र तपरनिर्देशः कर्तव्यः। न कर्तव्यः। क्रियत एतन्न्यास एव। अतो भिस ऐस् इति ॥

तपरस्तत्कालस्य ॥१।१।७०॥

अयुक्तोऽयं निर्देशः तदित्यनेन कालः प्रतिनिर्दिश्यते तदित्ययं च वर्णः। तत्रायुक्तं वर्णस्य कालेन सह सामानाधिकरण्यम् ॥ कथं तर्हि निर्देशः कर्तव्यः।

વૃત્તિને કારણે (વર્ણોમાં) ભેદ થાય તે તો યોગ્ય નથી.

તેથી પાછળ त-કાર મૂકીને ત્યાં (અર્થાત્ સૂત્રમાં) નિર્દેશ કરવાથી સિદ્ધ થશે ॥૧૩॥ [307]

તેથી ત્યાં (સૂત્રોમાં) પાછળ त-કાર મૂકીને (વર્ણોનો) નિર્દેશ કરવો પડશે. નહીં કરવો પડે, (કારણ કે) अतो भिस ऐस्। (વગેરે સૂત્ર) માં જ એ કરવામાં આવે છે.

જેની પાછળ કે આગળ त-કાર હોય તે વર્ણ પોતાના સમાન ઉચ્ચારણકાળવાળા વર્ણનું તેમ જ પોતાના રૂપનું ગ્રહણ કરે છે ॥૧।૧।૭૦॥ [308]

આ (तत्कालस्य એમ જે) નિર્દેશ (છે તે) યોગ્ય નથી.[309] तत् (શબ્દ) વ્દારા કાળને ઉલ્લેખવામાં આવે છે અને तत् (તે) એટલે આ વર્ણ પણ છે, તેથી વર્ણનું કાળ સાથે સામાનાધિકરણ્ય (એટલે કે વર્ણ એ જ કાળ થાય તે) યોગ્ય નથી. તો પછી કેવી રીતે નિર્દેશ કરવો જોઇએ ?

---

થાય છે તેમ આ-કારાન્ત खट्वा પછી પણ भिस् નો ऐस् થઇને खट्वैः જેવું અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવશે.અહીં 'वृत्तिपृथक्त्वम् (वृत्त्या पृथक्त्वम्) એ તૃતીયા સમાસ છે. ભાષ્યમાં वृत्तेः पृथक्त्वम् એમ છે તે શેષનો અર્થ દાર્શાવવા ષષ્ઠી છે અથવા હેતુ સૂચક પંચમી છે.'(ના.)

307 कर्तव्यः એમ કહ્યું છે.તેથી વ્યક્તિપક્ષ સ્વીકારો કે જાતિપક્ષ પણ तपर નિર્દેશ કરવો પડશે તેમ સમજાય છે.વ્યક્તિપક્ષમાં अण् सवर्णान् गृह्णाति। (અર્થાત્ પ્રકૃત સૂત્રનું પ્રત્યાખ્યાન ન) હોવાથી तपर નિર્દેશ આવશ્યક છે, કારણ કે તેમ ન કરવામાં આવે તો વિધિ-સૂત્રમાં હ્રસ્વગ્રહણ કરીને કાર્યનું વિધાન કર્યુ હોય તે કાર્ય દીર્ઘને પણ થવા જશે. જેમ કે अतो भिस ऐस्। માં तपर નિર્દેશ ન કરતાં आत् भिस ऐस्। એમ કહ્યું હોય તો હ્રસ્વ अ-કાર अण् હોવાથી દીર્ઘનું ગ્રહણ કરશે તેથી खट्वाभिः જેવામાં પણ ऐस् થવાનો પ્રસંગ આવશે. તે નિવારવા માટે तपर નિર્દેશ કરવો જરૂરી છે. સૂત્રનું પ્રત્યાખ્યાન કરીને आकृति ગ્રહણ સ્વીકારવામાં આવે તો પણ અતિપ્રસંગ થતો અટકાવવા માટે, એટલે કે સૂત્ર જ્યાં લાગુ પડવું ન જોઇએ ત્યાં લાગુ પડતું અટકાવવા માટે, तपर નિર્દેશ કરવો જરૂરી છે. ઉપરના દૃષ્ટાન્તમાં आत् એ પંચમી વ્દારા જાતિનો નિર્દેશ થાય છે એમ સમજવાથી સૂત્રમાંના अ-કાર વ્દારા દીર્ઘનું ગ્રહણ થવાથી खट्वा भिस् એ સ્થિતિમાં ऐस् થઇને खट्वैः એ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવશે.

308 અહીં સંહિતા પાઠ નથી તેથી त्तपरस्तत्कालस्य। એમ બે त-કારયુક્ત પાઠ હોવો જોઇએ તેમ નિ.સા.(પૃ.૫૧૪,પાટી.૯), ચૌખં(પૃ.૫૬૦,પા.ટી.૩) ના સંપાદક નું કહેવું છે. ત્યાં એક त-કારયુક્ત તેમ જ બે त-કારયુક્ત પાઠ વિશે વિસ્તૃત ચર્ચા છે.

309 तपरस्तत्कालस्य માં तपर શબ્દનો વાચ્યાર્થ વર્ણ છે એટલે કે 'त् જેની પછી છે તે વર્ણ' એમ છે, કારણ કે સવર્ણત્વ વર્ણોનું હોય છે. આ तत् શબ્દ પૂર્વે કહ્યું હોય તેનો ઉલ્લેખે કરે છે તેથી सः कालः यस्य એ વિગ્રહ વાક્યના સમાસ तत्कालस्य માંનો तत् શબ્દ સૂત્રમાં પૂર્વે ઉલ્લેખેલ तपर ને, એટલે કે વર્ણને સૂચવે છે. અહીં વર્ણવાચક तत् શબ્દ અને કાલવાચક काल શબ્દને સમાન અધિકરણમાં લીધા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तत्कालकालस्येति। किमिदं तत्कालकालस्येति। तस्य कालः तत्कालः। तत्कालः कालो यस्य सोऽयं तत्कालकालः। तत्कालकालस्येति॥ स तर्हि तथा निर्देशः कर्तव्यः। न कर्तव्यः। उत्तरपदलोपोऽत्र द्रष्टव्यः। तद्यथा। उष्ट्रमुखमिव मुखमस्य सोऽयमुष्ट्रमुखः। खरमुखः। एवं तत्कालकालस्तत्कालः। तत्कालस्येति॥ अथवा साहचर्यात्ताच्छब्द्यं भविष्यति। कालसहचरितो वर्णोऽपि काल एव॥

तत्कालकालस्य (તેના કાળ જેટલો કાળ જેનો હોય તેનો) એમ (નિર્દેશ કરવો જોઇએ)[310] આ तत्कालकालस्य એ (વળી) શું છે ? तस्य कालः तत्कालः। तत्कालः कालो यस्य तत्कालकालः तस्य तत्कालकालस्य। (અર્થાત્ તેના ઉચ્ચારણ કાળ જેટલો ઉચ્ચારણ કાળ જેનો હોય તેનો ) તો પછી એ (પ્રમાણે) નિર્દેશ કરવો જોઇએ. નહીં કરવો પડે, (કારણ કે) અહીં ઉત્તરપદનો લોપ થયો છે તેમ જાણવું જોઇએ. તે આ રીતે છે– उष्ट्रमुखमिव मुखं यस्य सोऽयमुष्ट्रमुखः। (ઊંટનામુખ જેવું જેનું મુખ હોય તે उष्ट्रमुखः),[311] (તેમ જ) खरमुखः. એ રીતે तत्कालकालः એ જ तत्कालः અને તેનું તે तत्कालस्य. અથવા સાહચર્યને કારણે तत् (તે) એ શબ્દ (ક્રિયા માટે પ્રયોજ્યો) છે.
[312] ઉચ્ચારણ ક્રિયાસાથે વર્ણ સંકળાએલ છે તેથી વર્ણ એ જ કાળ (એમ કહ્યું છે).

---

છે, એક ગણ્યા છે તે યોગ્ય નથી , કારણ કે काल ક્રિયા રૂપ છે જ્યારે વર્ણ ગુણ કે દ્રવ્ય રૂપ છે, ક્રિયા રૂપ નથી. તેથી काल વિશેષ્ય અને વર્ણ તેનું વિશેષણ થાય તો યોગ્ય નથી, એટલે કે કાળ અને વર્ણ એક જ છે તેમ કહેવું ન્યાયસંગત નથી.

[310] એક વર્ણને જે નિમેષ (આંખના પલકારા) રૂપી ક્રિયા દ્વારા માપવામાં આવે છે તે ક્રિયા એ જ काल. તેટલો જ કાળ જે અન્ય વર્ણના ઉચ્ચારણમાં હોય તે વર્ણ तत्कालकाल અર્થાત્ તે(વર્ણ)ના (ઉચ્ચારણ કાળ) જેટલો જેનો ઉચ્ચારણ કાળ હોય તે વર્ણ.

[311] उष्ट्रस्य मुखम् उष्ट्रमुखम् અને उष्ट्रमुखमिव मुखं यस्य सः। એ વિગ્રહ વાક્યનો સમાસ કરતાં उष्ट्रमुखम् એ પૂર્વપદ ઉપમાન છે તેથી તેના ઉત્તરપદ मुख નો सप्तम्युपमानपूर्वपदस्योत्तरपदलोपश्च वक्तव्यः। એ વા. પ્રમાણે લોપ થઇને उष्ट्रमुखः એમ સમાસ થશે છતાં 'ઊંટના જેવા મુખવાળો' એમ અર્થ સમજાય છે, કારણ કે એક પ્રાણીનો ચહેરો બીજા પ્રાણી જેવો ન હોય, પણ તેના ચહેરા જેવો ચહેરો હોય. આમ અહીં मुख નો બે વાર પ્રયોગ ન કરવા છતાં તેનો અર્થ સમજાય છે તેમ तत्कालकालस्य એમ ન કહેતાં માત્ર तत्कालस्य એમ કહેવા છતાં ઇષ્ટ અર્થ સમજાશે. तस्य कालः तत्कालः। અને तत्कालस्य काल इव कालः यस्य એ વિગ્રહ વાક્યનો સમાસ કરતાં પૂર્વપદ तत्कालः ના ઉત્તરપદનો सप्तम्युपमान० વા. પ્રમાણે લોપ થઇને तत्कालस्य એમ સમાસ થશે, છતાં 'તે જેનો કાળછે (स कालः यस्य।)' એમ અર્થ નહીં સમજાય, કારણ કે तत् અહીં વર્ણનો વાચક છે જ્યારે कालः (ઉચ્ચારણ કાળ) ક્રિયાવાચી છે તેથી વર્ણ (દ્રવ્ય કે ગુણ) અને काल (ક્રિયા) એ બેનું એક હોવું સંભવિત નથી.પરિણામે तत्कालस्य એ સમાસમાં પણ ' તે (વર્ણ) ના ઉચ્ચારણ કાળ જેવો (અર્થાત્જેટલો) જેનો (ઉચ્ચારણ) કાળ હોય તે (વર્ણ) નું એમ અર્થ સમજી શકાય છે.

[312] ताच्छब्द्यम्--એટલે કે અહીં લક્ષણા લેવાથી લઘુ પ્રયત્ને અર્થ સમજાશે.વ્યવહારમાં ઘણી વાર એવું બને છે કે બે વસ્તુઓના સહચારને કારણે તેમાંની એક વસ્તુને સ્થાને બીજી વસ્તુનો વાચક શબ્દ પ્રયોજાય છે. જેમ કે ભાલા(कुन्ताः) અને તેને ધારણ કરનાર (कुन्तधारिणः) યોદ્ધાના સહચારને કારણે ભાલા ધારણ કરનાર પ્રવેશતા હોય ત્યારે कुन्तधारिणः प्रविशन्ति। એમ ન કહેતાં कुन्ताः प्रविशन्ति। એમ પ્રયોગ કરવામાં આવે છે. તે પ્રમાણે तत्कालस्य માં तत् (તે) શબ્દ મુખ્યાર્થમાં વર્ણવાચી હોવા છતાં ઉચ્ચારણ ક્રિયા તેની સાથે સંકળાયેલ છે તેથી લક્ષણા લઇને तत् એટલે ઉચ્ચારણ ક્રિયા એમ અર્થ કરીશું અને तत्कालः(सः कालो यस्य) એટલે 'તે (વર્ણ) ની સાથે સંકળાએલી (ઉચ્ચારણ) ક્રિયા જેટલો જેનો (ઉચ્ચારણ) કાળ હોય તે (વર્ણ).' એમ અર્થ સમજાશે.અહીં નોંધવું જોઇએ કે ક્રિયા પોતે પરિમાપક અર્થાત્ અન્યનું માપ કાઢવાનું સાધન થતી નથી પરંતુ બીજી ક્રિયાની અપેક્ષાએ જ તેમ થાય છે.જેમ કે પથરો પોતે બાટ નથી તેથી શાક કે કોઇ અન્ય વસ્તુનું વજન કરવા માટે તે ન વપરાય,પરંતુ જો તે૨૦૦ કે ૨૫૦ ગ્રામ જેટલા વજનનો હોય તો તેને બાટ તરીકે લોકો વાપરતા હોય છે. તેમ ક્રિયા પણ અન્ય જાણીતી ક્રિયાને આધારે પરિમાપક થઇ શકે. કૂકડો બોલે ત્યારે તેના અવાજને જેટલો સમય થાય તે સમયને આધારે उ, ऊ, उ ३ એ વર્ણોનો ઉચ્ચારણકાળ નક્કી કરવામાં આવ્યો છે. તેને લક્ષમાં રાખીને अ- કાર, इ-કાર વગેરે અન્ય વર્ણોને હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત ગણવામાં આવે છે. તેમ અહીં જે तपर વર્ણ હોય (જેમ કે अत्) તે તેના પોતાના ઉચ્ચારણ કાળ જેટલો જેનો ઉચ્ચારણ કાળ હોય તેનું (तत्कालस्य), એટલે કે છ પ્રકારના હ્રસ્વ अ-કારનું જ ગ્રહણ કરે, દીર્ઘ વગેરે ભિન્ન ઉચ્ચારણકાળવાળાનું ગ્રહણ ન કરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

किं पुनरिदं नियमार्थमाहोस्वित्प्रापकम्। कथं नियमार्थं स्यात्कथं वा प्रापकम्। यद्यत्राण्ग्रहणमनुवर्तते ततो नियमार्थम्। अथ निवृत्तं ततः प्रापकम्॥ कश्चात्र विशेषः।

**तपरस्तत्कालस्येति नियमार्थमिति चेद्दीर्घग्रहणे स्वरभिन्नाग्रहणम्॥१॥**

**तपरस्तत्कालस्येति नियमार्थमिति चेद्दीर्घग्रहणे स्वरभिन्नानां ग्रहणं न प्राप्नोति। केषाम्। उदात्तानुदात्तस्वरितानाम्। अस्तु तर्हि प्रापकम्॥**

આ (સૂત્ર) નિયમ માટે છે કે પછી વિધિ માટે ?[313] નિયમ માટે કેવી રીતે (થશે) ? અથવા તો સ્વતંત્ર વિધિવાચક કેવી રીતે (થશે) ? જો અહીં (પૂર્વ સૂત્રમાંથી) **अण्** ની અનુવૃત્તિ થતી હોય તો નિયમાર્થક (થશે)[314] પરંતુ જો (**अण्**) નિવૃત્ત થાય તો સ્વતંત્ર વિધિવાચક (થશે).[315] (પણ) તેમાં ફેર શો (છે) ?

જો **तपरस्तत्कालस्य**। એ નિયમાર્થે હોય તો (પ્રદેશ સૂત્રોમાં) જ્યારે દીર્ઘનું ગ્રહણ કર્યું હોય ત્યારે ભિન્ન સ્વરયુક્ત (અર્થાત્ ઉદાત્ત વગેરે) નું ગ્રહણ નહીં થાય ॥१॥ [316]

**तपरस्तस्तत्कालस्य**। એ (સૂત્ર) નિયમાર્થે હોય તો (પ્રદેશ સૂત્રોમાં) જ્યારે દીર્ઘ (વર્ણ) નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે (તે વર્ણથી) ભિન્ન સ્વરયુક્ત (દીર્ઘ) વર્ણનું ગ્રહણ ન થવાનો પ્રસંગ આવે છે. ક્યા ભિન્ન સ્વર યુક્ત વર્ણોનું) ? ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત (વગેરે) નું. તો પછી ભલે વિધ્યર્થક થાય.

---

[313] જે બાબત પહેલાં વિધિ વ્દારા કહેવામાં આવી હોય અર્થાત્ જે અપૂર્વ ન હોય તેને વિશે સ્પષ્ટતા કરનાર વાકય તે નિયમ. **व्रीहिभिर्यजेत**। એ વાક્યમાં વ્રીહિ વડે યાગ કરવો એમ કહીને વ્રીહિનું અપૂર્વ વિધાન કર્યું છે તેથી તે **विधि** છે, પ્રાપક વાક્ય છે (**विधिरत्यन्तमप्राप्तौ**), પરંતુ **व्रीहीन् अवहन्ति**। એ વાક્યમાં વ્રીહિનું અપૂર્વ વિધાન નથી પણ વ્રીહિનાં છોડાં કાઢવા માટે અનેક વિકલ્પો છે--નખથી છોડાં કાઢવાં, કૂટીને કાઢવાં વગેરે-- તેમાં અહીં નિયમ કરે છે કે છોડાં ખાંડીને ( **अवहनन** વ્દારા) જ કાઢવાં. તેથી તે વાક્ય નિયમ છે (**नियमः पाक्षिके सति**) અહીં પ્રશ્નકર્તા જાણવા માગે છે કે **तपरस्तत्कालस्य**। એ સૂત્ર કોઇ અપૂર્વ વિધાન કરે છે કે પૂર્વ સૂત્રમાં જેનું વિધાન કરવામાં આવ્યું છે તે **अण्** વર્ણો વિશે નિયમ કરે છે.

[314] પ્રસ્તુત સૂત્રમાં પૂર્વ સૂત્રમાંથી **अण्** ની અનુવૃત્તિ કરવામાં આવે તો પૂર્વ સૂત્રમાં **अण्** ને અનુલક્ષીને જે વિધાન કરેલ છે તેમાં પ્રકૃત સૂત્ર સ્પષ્ટતા કરતું હોવાથી, નિમાર્થક હોવાથી, તે **नियम** થશે.પરિણામે **तपरोऽण् तत्कालस्य एव** એમ સૂત્રાર્થ થશે, એટલે કે જે **अण्** ને **तपर** કર્યો હોય તે **अण्** પોતાના સમાન ઉચ્ચારણ કાળવાળા **अण्** નું જ ગ્રહણ કરશે. તેનું પરિણામ શું આવશે તે આગળ ઉપર કહેશે.

[315] પ્રકૃત સૂત્રમાં **अण्** ની અનુવૃત્તિ ન કરવામાં આવે, એટલે કે પૂર્વે પ્રાપ્ત ન હતું તેને વિશે પ્રસ્તુત સૂત્રમાં સ્વતંત્ર વિધાન કરવામાં આવે છે તેમ માનવામાં આવે તો તે પ્રાપક અર્થાત્ વિધિ સૂત્ર થશે. તેમ હોય તો અહીં **अण्** ની અનુવૃત્તિ ન હોવાથી આ સૂત્ર **अण्** હોય કે **अण्** ન હોય (**अनण्**) સર્વને લાગુ પડશે. તેનું પરિણામ શું આવશે તે આગળ ઉપર કહેશે.

[316] ઉદાત્ત,અનુદાત્ત અને સ્વરિત એ ગુણો ભેદક છે (**भेदकः गुणाः**), એટલે કે ઉદાત્ત વગેરે ગુણો વર્ણોને પરસ્પરથી ભિન્ન બનાવે છે એમ સ્વીકારવામાં આવે તો સૂત્રમાં જ્યારે દીર્ઘ વર્ણને **तपर** કરીને મૂક્યો હોય ત્યારે તે દીર્ઘ વર્ણ **अण्** ન હોવાથી પોતાનાથી ભિન્ન સ્વરયુક્ત સવર્ણનું ગ્રહણ નહીં કરી શકે. તેથી **आदैच् वृद्धिः**। પ્રમાણે દીર્ઘ **आ**-કારની વૃદ્ધિ સંજ્ઞા થશે, એટલે કે ઉદાત્ત, અનુદાત્ત કે સ્વરિત, જે **आ**-કારનું સૂત્રમાં ઉચ્ચારણ કર્યું હોય તેની જ વૃદ્ધિ સંજ્ઞા થશે, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ સર્વ **आ**-કારની નહીં થાય, પરંતુ એ ત્રણે પ્રકારની વૃદ્ધિ સંજ્ઞા થાય તે જ ઇષ્ટ છે. વળી **तपर** કરણ માત્ર **ऐच्** વર્ણો માટે જ સૂત્રકારે કર્યું છે (**तादपि परस्तपरः**) તેમ સમજ્યાનો અનિષ્ટ પ્રસંગ આવશે. ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એ સ્વરો તેમ જ અનુનાસિક અને અનનુનાસિક એ પાંચ ગુણો ભેદક છે, તેમને કારણે **अच्** વર્ણો જુદા પડે. પરંતુ ભાષ્યમાં **उदात्तानुदात्तस्वरितानाम्** એમ પાઠ છે. કેટલીક પ્રતોમાં **उदात्तानुदात्तस्वरितानुनासिकानाम्** એમ પાઠ છે. પરંતુ વા.માં તો સ્વરભિન્ન એમ કહ્યું છે, ગુણભિન્ન એમ નથી કહ્યું નથી. વળી અનુનાસિકને વૃદ્ધિ સંજ્ઞા થાય તેથી કોઇ ફાયદો નથી તથા અંતમાં (**अवसाने**) વૃદ્ધિ આવતી નથી તેથી ત્રણ પ્રકારના **आ**-કારની વૃદ્ધિસંજ્ઞા થાય છે તેમ કહેવું ઉચિત છે.કે. કહે છે છ પ્રકાર ના **आ**-કારની વૃદ્ધિ સંજ્ઞા થાય તે ઇષ્ટ છે(**षण्णामाकाराणां वृद्धिसंज्ञेष्यते**) પરંતુ તે યોગ્ય નથી.(ના.).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रापकमिति चेद् ह्रस्वग्रहणे दीर्घप्लुतप्रतिषेधः ॥२॥

प्रापकमिति चेद् ह्रस्वग्रहणे दीर्घप्लुतयोस्तु प्रतिषेधः वक्तव्यः ॥

विप्रतिषेधात्सिद्धम् ॥३॥

अणसवर्णान्गृह्णातीत्येतदस्तु तपरस्तत्कालस्येति वा तपरस्तत्कालस्येत्येतद्भवति विप्रतिषेधेन। अणसवर्णान्गृह्णातीत्यस्यावकाशः। ह्रस्वा अतपरा अणः। तपरस्ततकालस्येत्यस्यावकाशः। दीर्घास्तपराः। ह्रस्वेषु तपरेषूभयं प्राप्नोति। तपरस्ततकालस्येत्येतद्भवति विप्रतिषेधेन॥ यद्येवं

द्रुतायां तपरकरणे मध्यमविलम्बितयोरुपसंख्यानं कालभेदात्॥ ४॥

વિધ્યર્થક છે એમ કહો તો હ્રસ્વનું ગ્રહણ હોય ત્યાં દીર્ઘ અને પ્લુતનો પ્રતિષેધ (કરવો પડશે) ॥૨॥ [317]

(આ સૂત્ર) સ્વતંત્ર વિધિ માટે છે એમ કહો તો (જ્યારે સૂત્રમાં) હ્રસ્વનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે દીર્ઘ અને પ્લુતનો પ્રતિષેધ કરવો પડશે.
વિપ્રતિષેધદ્વારા સિદ્ધ થશે॥૩॥ [318]

'अण् સવર્ણોનું ગ્રહણ કરે છે' એ (સૂત્ર) લાગુ પડશે કે तपरस्तत्कालस्य। એ લાગુ પડશે (એમ હોય ત્યારે) પર હોવાને કારણે વિપ્રતિષેધથી तपरस्तत्कालस्य। એ થશે. 'अण् સવર્ણોનું ગ્રહણ કરે છે', એ (સૂત્ર) ને त પર ન હોય તેવા (अतपर) હ્રસ્વ अण् વર્ણોમાં અવકાશ છે. तपरस्तत्कालस्य। એ (સૂત્ર) ને त પર દીર્ઘ વર્ણોમાં અવકાશ છે. જ્યારે त પર હ્રસ્વ વર્ણોમાં બન્ને લાગુ પડે છે (છતાં) વિપ્રતિષેધથી तपरस्तत्कालस्य। એ (સૂત્ર) લાગુ પડશે. જો એમ હોય તો--[319]

દ્રુતવૃત્તિમાં त પર કરવામાં આવ્યો હોય ત્યાં મધ્ય અને વિલંબિત એ બે (વૃત્તિના વર્ણો)નો સમાવેશ (કરવો પડશે), કારણ કે (તેમાં ઉચ્ચારણ) કાળમાં ફેર છે ॥૪॥ [320]

---

[317] अतो भिस ऐस्। એ સૂત્રમાં હ્રસ્વ अ-કારનું ગ્રહણ કર્યું છે. અહીં अ-કારનું ગ્રહણ કર્યું છે અને તે अण् હોવાથી પૂર્વ સૂત્ર(अणुदित्० ) મુજબ દીર્ઘ અને પ્લુતનું પણ ગ્રહણ કરે તેવો અનિષ્ટ પ્રસંગ આવશે, પરંતુ આ तपरस्तत्कालस्य। સૂત્ર પ્રાપક છે તેમાં अण् ની અનુવૃત્તિ કરી નથી તેથી તે સૂત્ર જે अण् નથી (अनण् છે) તેનું ગ્રહણ કરાવવામાં ચરિતાર્થ છે.પરિણામે સૂત્રમાંનો अत् એ तपर હ્રસ્વ अ-કાર તેના સમાન ઉચ્ચારણ કાળવાળા અર્થાત્ હ્રસ્વ अ-કારનું જ ગ્રહણ કરશે તેથી દીર્ઘ કે પ્લુતનું ગ્રહણ થવાનો પ્રશ્ન જ નથી રહેતો.

[318] અહીં વિપ્રતિષેધ આ રીતે છેઃ પૂર્વ સૂત્ર अणुदित्सवर्ण० થી अ-કાર ૧૮ પ્રકારના સવર્ણનું ગ્રહણ કરે છે, જ્યારે પ્રકૃત સૂત્રથી अत् દ્વારા માત્ર૬ પ્રકારના अ-કારનું ગ્રહણ થશે.પરંતુ એકીસાથે બે પ્રકારે ગ્રહણ થવું શક્ય નથી. કાં તો ૧૮ પ્રકારનાનું ગ્રહણ કરે કાં તો ૬ પ્રકારનાનું . આમ પરસ્પર વિરોધ ઉદ્દ્ભવે છે તેથી विप्रतिषेधे परम्। પ્રમાણે પર સૂત્ર तपरस्तत्कालस्य। પ્રમાણે કાર્ય થવાથી तपर अण् તેના સમાન ઉચ્ચારણ કાળવાળા સવર્ણોનું તેમ જ પોતાનું અર્થાત્ છ પ્રકારના હ્રસ્વ अ-કારનું ગ્રહણ કરશે. अतो भिस ऐस्। માં अ- કારને तपर કર્યો છે પછી વિપ્રતિષેધનો આશ્રય લેવાની જરૂર નથી એમ કહેવું ઉચિત નથી, કારણ કે સૂત્રમાં ક્વચિત્ ઉચ્ચારણની સરળતા ખાતર (मुखसुखार्थः) त- કાર મૂકવામાં આવે છે. જેમ કે ऋत इद्धातोः। અહીં વિધેયાંશમાં જે इत् છે તેનો त-કાર ઉચ્ચારણની સરળતા માટે જ છે, કારણ કે ત્યાં इ- કાર ભાવ્યમાન છે અને તેથી તેના દ્વારા સવર્ણનું ગ્રહણ નથી થતું .તેમ अतो भिसः० માં પણ अत् નો त-કાર મુખસુખાર્થે છે તે સંદિગ્ધતા નિવારવા માટે વિપ્રતિષેધ જરૂરી છે.

[319] यद्येवम् એટલે કે પ્રકૃત સૂત્ર પર છે તેથી अणुदित्० એ પૂર્વ સૂત્રનો બાધ કરતું હોય તો.

[320] વૃત્તિના ત્રણ પ્રકાર છેઃ દ્રુત,મધ્યઅને વિલંબિત. વ્યક્તિ પોતે અભ્યાસ કરે ત્યારે રટણ કરતાં ઋચા,શ્લોક વગેરે ઝડપથી ઉચ્ચારે છે તેથી અભ્યાસ કાળે દ્રુત વૃત્તિ પ્રયોજાય છે.જ્યારે અન્યને સંભળાવવા અથવા વાતચિત કરતાં શ્રોતા સમજી શકે તે માટે પ્રમાણમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

द्रुतायां तपरकरणे मध्यविलम्बितयोरुपसंख्यानं कर्तव्यं तथा मध्यमायां द्रुतविलम्बितयोस्तथा विलम्बितायां द्रुतमध्यमयोः। किं पुनः कारणं न सिध्यति। कालभेदात्। ये हि द्रुतायां वृतौ वर्णास्त्रिभागाधिकास्ते मध्यमायां ये मध्यमायां वर्णास्त्रिभागाधिकास्ते विलम्बितायाम्॥ सिद्धं त्ववस्थिता वर्णा वक्तुश्चिराचिरवचनाद् वृत्तयो विशिष्यन्ते ॥५॥

द्रुत (वृत्ति)मां (ઉચ્ચારેલને) त પર કરવામાં આવ્યો હોય [321] તો મધ્યમ અને વિલંબિત એ બેનો સમાવેશ કરવો પડશે, અને મધ્યમાં (ઉચ્ચારેલને) त પર કરવામાં આવ્યો હોય તો દ્રુત અને વિલંબિત એ બેનો સમાવેશ કરવો પડશે, અને વિલંબિતમાં (ઉચ્ચારેલને) त પર કરવામાં આવ્યો હોય તો દ્રુત અને મધ્યમ (એ બે) નો (સમાવેશ કરવો પડશે). પરંતુ સિદ્ધ ન થવાનું કારણ શું ? કારણ એ કે તેમના (ઉચ્ચારણ) કાળમાં ફેર છે, તે એટલા માટે કે જે દ્રુત વૃત્તિમાં (ઉચ્ચારેલ) વર્ણ છે તેથી ત્રણ ભાગ મધ્યમા વૃત્તિમાં વધારે હોય છે અને જે મધ્યમા વૃત્તિમાં (ઉચ્ચારેલ) વર્ણ છે તેથી ત્રણ ભાગ વિલંબિત વૃત્તિમાં (ઉચ્ચારેલ વર્ણ) માં હોય છે.

પરંતુ એ સિદ્ધ થાય છે, કારણ કે વર્ણોનો (ઉચ્ચારણ) કાળ નિયત હોય છે [322] (પણ) બોલનાર ઉતાવળથી બોલે કે ધીમેથી બોલે તેને કારણે વૃત્તિઓમાં ફેર પડે છે ॥૫॥

---

ધીમી ગતિએ વર્ણોચ્ચાર કરે છે તેથી પ્રયોગમાં મધ્યમ ગતિનો ઉપયોગ થાય છે.પરંતુ શિષ્યોને ઉપદેશ કરતાં તેઓ ગ્રહણ કરી શકે તે માટે મધ્યમથી પણ ધીમી ગતિએ ઉચ્ચારણ કરવામાં આવે છે, કારણ કે ઉપદેશાર્થે વિલંબિત વૃત્તિ છે (अभ्यासार्थे द्रुतां वृत्तिं प्रयोगार्थे तु मध्यमा। शिष्याणामुपदेशार्थं वृत्तिं कुर्याद्विलंबिताम्॥ ऋ.प्रा.प.९,सू.४९). અહીં દલીલ કરે છે કે સૂત્રમાં વર્ણને ગમે તે વૃત્તિમાં ઉચ્ચારીને તેને तपर કર્યો હોય તો તે સૂત્રમાં નિર્દેશેલ વિધિ તે વૃત્તિમાં ઉચ્ચારેલ વર્ણને જ લાગુ પડશે, અન્ય વૃત્તિમાં ઉચ્ચારેલ વર્ણને લાગુ નહીં પડે. દા.ત. अतो भिस ऐस्। માં अ-કારને દ્રુત વૃત્તિમાં ઉચ્ચારીને तपर કર્યો હોય તો માત્ર દ્રુતમાં ઉચ્ચારેલ अदन्त પછી આવતા भिस् નો ऐस् થશે, મધ્યમ કે વિલંબિત વૃત્તિમાં ઉચ્ચાર્યો હોય ત્યાં એ સૂત્ર લાગુ ન પડવાથી ऐस् નહીં થાય. તેથી અહીં કહે છે કે તે સિવાયની વૃત્તિઓમાં अ-કાર ઉચ્ચાર્યો હોય તો પણ સૂત્ર અમલી થાય, भिस् નો ऐस् થાય તે માટે સ્પષ્ટ કહેવું પડશે કે સૂત્રમાં વર્ણોચ્ચાર જે વૃત્તિમાં કર્યો હોય તે સિવાયની વૃત્તિમાં ઉચ્ચારેલ તે જ વર્ણને સૂત્ર લાગુ પડશે, એટલે કે દ્રુતમાં હોય તો મધ્યમ અને વિલંબિતમાં ઉચ્ચારેલનો સમાવેશ કરવો પડશે, મધ્યમમાં હોય તો દ્રુત અને વિલંબિતમાં ઉચ્ચારેલનો અને વિલંબિતમાં ઉચ્ચારેલ હોય તો દ્રુત અને મધ્યમમાં ઉચ્ચારેલનો સમાવેશ કરવો પડશે જેથી સૂત્રમાં કોઇ પણ વૃત્તિમાં ઉચ્ચારણ થયું હોય તો પણ તે વર્ણ તે સિવાયની વૃત્તિમાં ઉચ્ચારેલ હોય ત્યાં પણ તે સૂત્ર લાગુ પડે . તેથી अतो भिसः० જેવા ઉદાહરણમાં ऐस् થઇને ઇષ્ટ સિદ્ધિ થઇ શકશે.

[321] કાળભેદ વિશે કૈ. કહે છેઃ બોલનાર વ્યક્તિ ઋચા કે શ્લોકને દ્રુત વૃત્તિમાં બોલે ત્યારે નાડીનાં નવ બિંદુ સ્રવે તેટલો સમય થાય, પરંતુ મધ્યમ વૃત્તિમાં તેથી ત્રીજા ભાગનો વધારે સમય થાય, એટલે કે બાર પળ જેટલો થાય.પરંતુ વિલંબિતમાં તેથી ત્રીજા ભાગનો વધારે થાય એટલે કે સોળ પળ જેટલો સમય થાય, અર્થાત્ જેમ જેમ ધીમી ગતિએ ઉચ્ચારે તેમ તેમ આગળની વૃત્તિ કરતાં ત્રીજા ભાગ જેટલો વધારે સમય થાય.ભ.દી. કૈ.ને અનુસરે છે, પરંતુ ના. કહે છે કે त्रिभाग નો 'તૃતીય ભાગ' એમ અર્થ કરવો તે વ્યાકરણાનુસાર નથી. તેથી તે 'ત્રણ ભાગ વધારે' એમ અર્થ કરે છે(त्रयो भागा अधिका इत्यर्थस्तु उचितः।). ટૂંકમાં દ્રુતમાં સુષુમ્ણા નાડીના નવ ધબકારા જેટલો સમય થાય તો મધ્યમમાં બાર અને વિલંબિતમાં સોળ ધબકારા જેટલો સમય થાય એમ કહેવા માગે છે.હવે કાળભેદ થાય તો વૃત્તિભેદને કારણે વર્ણમાં ફેર પડશે, એટલે કે એ જ વર્ણ, જેમ કે अ-કાર, દ્રુત વૃત્તિમાં ઉચ્ચારવામાં આવ્યો હોય, તે મધ્યમ કે વિલંબિત વૃત્તિમાં ઉચ્ચારવામાં આવે તો ઉચ્ચારણ કાળમાં ફેર હોવાથી એ વર્ણ પણ એક નહીં રહે અને તેથી બીજી વૃત્તિઓનો પ્રયોગ હોય ત્યાં પણ ऐस् વગેરે થાય તે માટે વા.(૪) માં કહ્યા પ્રમાણે ઉપસંખ્યાન કરવું પડશે.એમ અહીં ભાવ છે.

[322] अवस्थिताः અર્થાત્ નિયત કાળના.વર્ણોનો ઉચ્ચારણ કાળનિયત છે, ચોક્કસ છે , તેમાં વધારો ઘટાડો (चयापचयौ) થતો નથી. જે ફરક દેખાય છે તે તો ઉચ્ચારણમાં ઉતાવળ, આળસ વગેરેને કારણે ધ્વનિમાં થતા ફેર (विकृति) ને લીધે વર્ણબોધ થવામાં જે વધારો કે ઘટાડો જણાય છે તે છે. વાસ્તવમાં તો સર્વ વૃત્તિમાં अ-કારાદિ વર્ણનો ઉચ્ચારણ કાળ નિયત જ હોય છે. આ વાત સ્પષ્ટ કરવા ભાષ્યમાં રાહદારીનું દૃષ્ટાન્ત આપ્યું છે. જેમ રાહદારીની ઉતાવળ, નિરાંત કે આળસને કારણે તેની ગતિમાં ફેર થાય છે, પરંતુ જે રસ્તા ઉપરથી તે પસાર થાય છે તે રસ્તો તો એ જ હોય છે, તેમાં ભેદ નથી હોતો, તેમ ઉચ્ચારણમાં વૃત્તિ ભેદ થવા છતાં વર્ણો તો એક રૂપ જ હોય છે, એટલે કે ઉતાવળ, આળસ વગેરેને કારણે વિકૃત ધ્વનિમાં ફેર થવા છતાં જે તે વર્ણના સ્વરૂપમાં ફેર પડતો નથી એમ અહીં કહેવા માગે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धमेतत्। कथम्। अवस्थिता वर्णा द्रुतमध्यमविलम्बितासु। किंकृतस्तर्हि वृत्तिविशेषः। वक्तुश्चिराचिरवचनाद् वृत्तयो विशिष्यन्ते। वक्ता कश्चिदाश्वभिधायी भवति। आशु वर्णानभिधत्ते। कश्चिच्चिरेण कश्चिच्चिरतरेण। तद्यथा। तमेवाध्वानं कश्चिदाशु गच्छति कश्चिच्चिरेण गच्छति। कश्चिच्चिततरेण गच्छति। रथिक आशु गच्छत्याश्विकश्चिरेण। पदातिश्चिरतरेण॥ विषम उपन्यासः। अधिकरणमत्राध्वा व्रजतिक्रियायाः। तत्रायुक्तं यदधिकरकरणस्य वृद्धिह्रासौ स्याताम्॥ एवं तर्हि स्फोटः शब्दो ध्वनिः शब्दगुणः। कथम्। भेर्याघातवत्। तद्यथा। भेर्याघातः भेरी -माहत्य कश्चिद्विंशति------

એ સિદ્ધ થાય છે. કેવી રીતે ? દ્રુત, મધ્ય અને વિલંબિત વૃત્તિઓમાં વર્ણોનો (ઉચ્ચારણ) કાળ નિયત હોય છે. તો પછી ફેર શેને કારણે (થાય ) છે ? બોલનાર ધીમે કે જલદી બોલે છે તેથી વૃત્તિઓમાં ફેર (પડે) છે. કોઇક બોલનાર ઝડપથી બોલવાને ટેવાયલો હોય છે તેથી વર્ણો ઝડપથી ઉચ્ચારે છે, કોઇક ધીમે (બોલે છે) અને કોઇક (એથી પણ) વધારે ધીમે બોલે છે. જેમ એક જ રસ્તા ઉપર કોઇક ઝડપથી જાય, કોઇક ધીમે ધીમે જાય અને કોઇ એથી પણ વધારે ધીમે ધીમે જાય.રથમાં જનાર ઝડપથી જાય, ઘોડા ઉપર જનાર ધીમેથી (જાય) અને પગે ચાલીને જનાર (તેથી પણ) વધારે ધીમે (જાય છે). આ દૃષ્ટાન્ત સમાન નથી,[323] (કારણ કે) અહીં રસ્તો જ્વાની ક્રિયાનો આધાર છે (અને) તેમ હોવાથી આધારમાં વધારો કે ઘટાડો થાય તે યોગ્ય નથી. જો એમ હોય તો શબ્દ સ્ફોટ (નિત્ય) છે[324] અને ધ્વનિ શબ્દનો ગુણ છે (એમ કહીશું). કેવી રીતે ? નગારાના અવાજની જેમ.[325] ઢોલ પીટીને કોઇ ઢોલી (તે અવાજ સાંભળતો સાંભળતો ) વીસ

[323] ઉપરનું દૃષ્ટાન્ત સમાન નથી, બંધબેસતું નથી, કારણ કે વર્ણો તો બોલનારના પ્રયત્નથી ઉદ્ભવે છે અને પ્રયત્નમાં ફેર થાય તો દ્રુત વગેરે વૃત્તિમાં ફેર થાય, એટલે કે તેમના ઉચ્ચારણમાં વક્તા ઓછો વત્તો સમય લે તે પ્રમાણે વૃત્તિમાં ફેર થાય, પરંતુ દૃષ્ટાન્તમાં તો રસ્તો જનારના પ્રયત્નથી ઉદ્ભવતો નથી તે તો નિયત જ છે. આમ પ્રસ્તુત સંદર્ભમાં આ દૃષ્ટાન્ત લાગુ નથી પડતું. પરિણામે કાળભેદ વિશેની દલીલ ઊભી રહે છે.તેથી વૈયાકરણોએ સ્ફોટ નામના શબ્દના નિત્ય સ્વરૂપની કલ્પના કરી છે. જેની ચર્ચા હવે પછી આવશે.

[324] કોઇ દર્શનો શબ્દને ઘટ વગેરેની જેમ ઉત્પાદ્ય (**कृतक**) અને તેથી અનિત્ય માને છે. જ્યારે વૈયાકરણો શબ્દને આકાશની જેમ નિત્ય માને છે. શબ્દ ઉપરથી અર્થનો બોધ કેવી રીતે થાય છે તેનો વિચાર તેઓએ કર્યો છે. શબ્દનો પ્રત્યેક વર્ણ અર્થનો બોધ કરાવે છે કે સમુદાય ? જો પ્રત્યેક વર્ણ અર્થનો બોધ કરાવે તો **कमल** શબ્દમાં **क** ના ઊચ્ચારણ માત્રથી પુષ્પવિશેષનું જ્ઞાન થાય. તેથી બાકીના વર્ણોનું ઉચ્ચારણ વ્યર્થ બને. આમ પ્રત્યેક વર્ણ અર્થ બોધ કરાવતો નથી. જો સમુદાય અર્થ બોધ કરાવે તો ઉત્પત્તિપક્ષ પ્રમાણે વર્ણો એકીસાથે ઉત્પન્ન નથી થતા તેથી તેમનો સમુદાય થવો શક્ય નથી.પરિણામે અર્થ ન સમજાય. શબ્દ નિત્ય છે તેની અભિવ્યક્તિ ઉચ્ચારણ દ્વારા થાય છે તેમ સ્વીકારવામાં આવે તો પણ વર્ણની અભિવ્યક્તિ ક્રમપૂર્વક થતી હોવાથી તેમનો સમુદાય થવો શક્ય નથી તેથી એ પક્ષમાં પણ અર્થ બોધ ન થઇ શકે.પરંતુ વર્ણો ક્રમપૂર્વક ઉચ્ચારવામાં આવતા હોય કે તેમની અભિવ્યક્તિ ક્રમપૂર્વક થતી હોય છતાં પૂર્વે પૂર્વે ઉચ્ચારેલ કે અભિવ્યક્ત થએલ વર્ણોના ચિત્ત ઉપર જે સંસ્કાર પડ્યા હોય તેને પ્રતાપે અન્ત્ય વર્ણનું ઉચ્ચારણ થતાં જ તે પૂર્વોચ્ચરિત વર્ણોની સ્મૃતિ થવાથી અર્થબોધ થઇ શકશે, એટલે કે **क म ल** એમ ક્રમપૂર્વક ઉચ્ચારેલ વર્ણોની અન્ત્ય વર્ણ **ल** નું ઉચ્ચારણ થતાં સ્મૃતિ થવાથી અર્થબોધ થશે એમ કહેવામાં આવે તો પણ ઉચ્ચારણના વિરુદ્ધ ક્રમ પ્રમાણે સ્મૃતિ થતી હોવાથી **ल म क** એમ સમજાશે તેથી **सरः**, **रसः** જેવાનો એક અર્થ સમજાય તેવો પ્રસંગ આવશે. આ પ્રસંગને નિવારવા માટે વૈયાકરણો માને છે કે અર્થબોધ સ્ફોટને કારણે થાય છે. સ્ફોટ નિત્ય છે, તેમાં ક્રમ હોતો નથી (**संहृतक्रमः**) અને અન્ત્ય વર્ણના જ્ઞાનથી તેનું ગ્રહણ થાય છે (**अन्त्यबुद्धिनिर्ग्राह्यः**).તેથી **सरः** ,**रसः** માં એક અર્થ નહીં સમજાય. **कमल** ઉપરથી પુષ્પવિશેષનો અર્થ સમજાશે. વૈયાકરણો પ્રમાણે શબ્દનાં બે સ્વરૂપ છેઃ એક નિત્ય અને બીજું અનિત્ય. નિત્ય તે સ્ફોટ. તે કૂટસ્થ છે, વિકારરહિત છે. અનિત્ય તે વિકૃતિજન્ય સ્વરૂપ, ધ્વનિ. તેના વદારા સ્ફોટની અભિવ્યકિત થાય છે તેથી ધ્વનિ વ્યંજક છે અને સ્ફોટ તેનો વ્યંગ્ય છે. આમ સ્ફોટ પ્રધાન છે જ્યારે ધ્વનિ તેની અભિવ્યક્તિનું સાધન હોવાથી, તેમાં ઉપકારક હોવાથી, ગૌણ છે. તેથી ભાષ્યકારે ધ્વનિને સ્ફોટનો ગુણ કહ્યો છે (**स्फोटः शब्दः। ध्वनिस्तु शब्दगुणः।**).

[325] ના.ડે. આમ સમજાવે છેઃ આ દૃષ્ટાન્ત ઉપલબ્ધિ પુરતું જ છે. જેમ ઢોલી (**भेर्याघातः**) ઢોલ વગાડીને,પીટીને તેનો અવાજ સંભળાય ત્યાં સુધી ચાલતો ચાલતો વીસ ડગલાં જાય, અન્ય ઢોલી ત્રીસ ડગલાં જાત અને ત્રીજો ચાલીસ ડગલાં જતો રહે. તેમાં પ્રયત્નને કારણે ઉદ્ભવેલ ઢોલનો શબ્દ કોઇ થોડો સમય સાંભળે, કોઇ તેથી વધારે સમય સાંભળે અને કોઇ વળી તેથી પણ વધારે સમય સુધી સાંભળે. આ રીતે ભિન્ન વૃત્તિઓમાં પણ ઉપલબ્ધિના કાળમાં ભેદ છે, પરંતુ તેનો વિષય તો એક જ છે. તેમના મત પ્રમાણે ઢોલના અવાજમાં ફેર છે તેથી ઉપલબ્ધિની દૃષ્ટિએ જ આ દૃષ્ટાન્ત આપ્યું છે પરંતુ આગળ જે દૃષ્ટાન્ત છે તેમાં રસ્તો પ્રયત્નજન્ય ન હોવાથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पदानि गच्छति कश्चित्त्रिंशत्कश्चिच्चत्वारिंशत्। स्फोटश्च तावानेव भवति ध्वनिकृता वृद्धिः॥

ध्वनिः स्फोटश्च शद्बानां ध्वनिस्तु खलु लक्ष्यते।

अल्पो महांश्च केषाञ्चिदुभयं तत्स्वभावतः॥

आदिरन्त्येन सहेता॥१।१।७१॥

आदिरन्त्येन सहेतेत्यसंप्रत्ययः संज्ञिनोऽनिर्देशात्॥१॥

ડગલાં જાય છે , કોઇ ત્રીસ (ડગલાં અને) કોઇ વળી ચાલીસ (ડગલાં) જાય છે.(તેમાં ધડાકો એવડો જ હોય છે પરંતુ અવાજને કારણે વધારો ઘટાતો જણાય છે) તેમ સ્ફોટ પણ તેવો જ (એક રૂપ )[326] હોય છે, ધ્વનિને કારણે વધારો (હોય) છે. સ્ફોટ અને ધ્વનિ (એમ) બે (પ્રકારનો) શબ્દ છે.[327]તેમાં ધ્વનિ કેટલાકને તે ઓછોવત્તો જણાય છે. એ બન્ને સ્વભાવ પર આધારિત છે.

(અન્ત્ય इत् સંજ્ઞક વર્ણની સાથે લેવામાં આવેલ આદિ વર્ણ મધ્યમાં રહેલ વર્ણોની તેમ જ પોતાની સંજ્ઞા થાય છે )॥૧।૧।૭૧॥

અન્ત્ય इत् ની સાથે રહેલ આદિ એમ (કહેતાં સૂત્રના) અર્થનો બોધ થતો નથી, [328] કારણ કે (અહીં) સંજ્ઞીઓનો નિર્દેશ નથી ॥૧॥ [329]

---

તેને વિષમ કહ્યું. અહીં ભેરી શબ્દ પ્રયત્નજન્ય છે અને ઢોલીનું ગમન પણ પ્રયત્નજન્ય છે અને અવાજ તો એ જ છે પરંતુ તે જ શબ્દ એક ઢોલી વીસ ડગલાં સુધી સાંભળે છે, બીજો ત્રીસ ડગલાં સુધી અને ત્રીજો ચાલીસ ડગલાં સુધી સાંભળે છે. છતાં મૂળ શબ્દમાં ફેર પડતો નથી. તેમ સ્ફોટ નિયત સ્વરૂપનો જ છે પરંતુ ભિન્ન વૃત્તિઓમાં તેની ઉપલબ્ધિમાં જે કાળભેદ જણાય છે તે વિકૃત ધ્વનિને કારણે છે અને એ ભેદ આળસ વગેરેને કારણે ઉદ્ભવે છે (अयं तु वैकृतः। तत्त्वं चालस्यादिकृतत्वात्।ઉ૦). भेर्याघातः એ कर्मण्यण्। પ્રમાણે अण् અને उपपदमतिङ्। થી ઉપપદ સમાસ છે. તેથી કૈ. કહે છે કે भेरीमाहन्ति स भेर्याघातः। (ઢોલ ટીપે તે, ઢોલી).

[326] આ વાક્ય ભેરી અને સ્ફોટ બન્નેને અનુલક્ષીને સમજી શકાય છે : ૧) (ઢોલનો) ધડાકો તો તેટલો જ હોય છે, (અર્થાત્ ત્રણે ઢોલીની ઉપલબ્ધિ સમયે એનો એ જ ધડાકો હોય છે) પરંતુ જે વધારો દેખાય છે તે ધ્વનિ (અવાજની ઉપલબ્ધિ) ને કારણે છે. ૨) સ્ફોટ (નિત્ય શબ્દ) એટલો જ હોય છે પણ ધ્વનિ (અર્થાત્ વિકૃત અનિત્ય શબ્દ) ને કારણે ઉપલબ્ધિ કાળે વધારો જણાય છે.કૈ. આ વાક્યને માત્ર દાર્ષ્ટાન્તિક--જે ને માટે દૃષ્ટાન્ત આપવામાં આવે તેને અર્થાત્ સ્ફોટને વિશે ઘટાવે છે (दार्ष्टान्तिकोपन्यासः). આના ઉપર ના. કહે છે કે ભેર્યાઘાતમાં સ્ફોટ ન હોય તો પછી स्फोटस्तावान्० એમ કેમ કહ્યું છે ? એ શંકાના નિરાસાર્થે दार्ष्टान्तिकोपन्यासः। અર્થાત્ સ્ફોટનો પ્રસ્તાવ છે એમ કહ્યું છે. ના.પ્રમાણે ભેરીના અવાજમાં પણ ભેરીને ટીપવાને કારણે ઉદ્ભવેલ સ્ફોટનું શ્રોત્ર દ્વારા જ ગ્રહણ થાય છે.

[327] સ્ફોટ (વ્યંગ્ય) અને ધ્વનિ (તેનો વ્યંજક) એ બે શબ્દનાં સ્વાભાવિક સ્વરૂપો છે. તેમાં ધ્વનિની ઉપલબ્ધિ થાય ત્યારે સમયમાં ફેર થાય છે તેથી ધ્વનિ વધતો ઓછો જણાય છે, પરંતુ સ્ફોટનો કાળ એકરૂપ જ હોય છે.સ્ફોટ અને ધ્વનિ એ બન્ને વર્ણ દ્વારા વ્યક્ત થતી વાણીનાં જ સ્વરૂપ છે, પરંતુ અવ્યક્ત, વર્ણાત્મક ન હોય તેવી વાણીમાં માત્ર ધ્વનિ જ હોય છે. અહીં उभयम् ની આવૃત્તિ કરીને उभयम् = व्यंग्यः व्यंजकः અને उभयं गृह्यते એમ બે રીતે કૈ. યોજે છે. स्वभावतः = સ્વાભાવને કારણે , યોગિપ્રત્યક્ષ રૂપ પ્રમાણથી ( સિદ્ધ છે).ના ભર્તૃ. ને ઉદ્ધરે છે : વર્ણની ઉપલબ્ધિમાં સ્ફોટ રૂપ ધ્વનિ (નિત્ય શબ્દ) કારણભૂત છે (वर्णस्य ग्रहणे हेतुः प्राकृतो ध्वनिरिष्यते।), પરંતુ વૃત્તિમાં જે ભેદ જણાય છે તેવ્યંજકભૂત વિકૃત ધ્વનિને કારણે થાય છે (वृत्तिभेदे निमित्तत्वं वैकृतो प्रतिपद्यते।) તેથી જ કહે છે કે શબ્દની અભિવ્યક્તિ થયા બાદ વૃત્તિઓમાં જે ભેદ થાય છે તે વ્યંજકભૂત વિકૃત ધ્વનિને પ્રતાપે થાય છે (शद्बस्योर्ध्वमभिव्यक्तेर्वृत्तिभेदाय वैकृतः।). ભ.દી. આમ સમજાવે છેઃ શબ્દ બે પ્રકારનો છે. વ્યંજક અને વ્યંગ્ય. તેમાં વ્યંગ્ય શબ્દોની સાથે તેના વ્યંજક તરીકે જે ધ્વનિ છે તે જ મોટો અથવા નાનો જણાય છે. તાલુ વગેરેના પ્રયત્નથી ઉત્પન્ન થએલ શબ્દોને (અર્થાત્ વ્યક્તવાણીને) જ સ્વાભાવિક રીતે બન્ને સ્વરૂપો હોય છે, પરંતુ ભેરી વગેરેમાં ઉત્પન્ન થએલ અવ્યક્ત શબ્દને બે સ્વરૂપ હોતાં નથી. उभयम् ને ભાવપ્રધાન નિર્દેશ ગણીને उभयरूपता એમ અર્થ કરે છે.

[328] असंप्रत्ययः = अप्रतिपत्तिः (સૂત્રનો અર્થ) સમજાતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आदिरन्त्येन सहेतेत्यसम्प्रत्ययः। किं कारणम्। संज्ञिनोऽनिर्देशात्। न हि संज्ञिनो निर्दिश्यन्ते॥

सिद्धं त्वादिरिता सह तन्मध्यस्येति वचनात्॥२॥

सिद्धमेतत्। आदिरन्त्येन सहेता गृह्यमाणः स्वस्य च रूपस्य ग्राहकस्तन्मध्यपतितानां चेति वक्तव्यम्॥

संबन्धिशब्दैर्वा तुल्यम्॥३॥

संबन्धिशब्दैर्वा तुल्यमेतत्। तद्यथा। संबन्धिशब्दाः मातरि वर्तितव्यं पितरि शुश्रूषितव्यमिति। न चोच्यते स्वस्यां मातरि स्वस्मिन्पितरीति संबन्धाच्च गम्यते या यस्य माता यश्च यस्य पितेति। एवमिहाप्यादिरन्त्य इति संबन्धिशब्दावेतौ। तत्र संबन्धादेतद्गन्तव्यं यं प्रत्यादिरन्त्य इति च तस्य ग्रहणं भवति स्वस्य च रूपस्येति॥

અન્ત્ય इत् સાથે લેવામાં આવેલ આદિ એટલું જ (કહેતાં પ્રસ્તુત સૂત્રનો) અર્થ સમજાતો નથી. (તેનું) શું કારણ ? સંજ્ઞીનો નિર્દેશનો અભાવ, કારણ કે સંજ્ઞીઓનો નિર્દેશ કરવામાં આવ્યો નથી.

પરંતુ 'इत् સાથે લેવામાં આવેલ આદિ તેમની વચ્ચે રહેલાની (સંજ્ઞા થાય છે ' એમ કહેવાથી (તે) સિદ્ધ થાય છે ॥૨॥ [330]

એ (સંજ્ઞા) સિદ્ધ થાય છે. કેવી રીતે ? અન્ત્ય इत् ની સાથે લેવામાં (એટલે કે ઉચ્ચારવામાં ) આવેલ આદિ પોતાના સ્વરૂપનું તેમ જ તેમની વચ્ચે રહેલ (વર્ણો)નું ગ્રહણ કરાવે છે એમ કહેવું પડશે.

અથવા એ સંબંધી શબ્દોના સમાન છે ॥૩॥ [331]

અથવા (આદિ અને અન્ત) એ સંબંધી શબ્દો જેવા છે, તે એ રીતે કે 'માતા પ્રત્યે સદ્‌વર્તન કરવું' , 'પિતાની સેવા કરવી' એમ (કહેવામાં આવે ત્યારે)'પોતાની માતા પ્રત્યે' (કે) 'પોતાના પિતાની' એમ નથી કહેવામાં આવતું તો પણ સંબંધને કારણે સમજાય છે કે જે જેની માતા હોય કે જે જેનો પિતા હોય તેને ( વિશે તે પ્રમાણે કરવું). એ પ્રમાણે અહીં પણ આદિ અને અન્ત એ બે સંબંધી શબ્દો છે. તેમ હોવાથી સંબંધને કારણે એમ સમજવાનું છે કે જે જેની દૃષ્ટિએ આદિ અને જે અન્ત હોય તેનું (અર્થાત્ મધ્યમાં રહેલનું) ગ્રહણ થાય છે અને પોતાના સ્વરૂપ નું પણ. [332]

---

[329] **स्वरूपं शब्दस्य०** એ સૂત્રની અતિવ્યાપ્તિ નિવારવા માટે પ્રકૃત સૂત્ર કરવામાં આવ્યું છે. આ પણ સંજ્ઞા સૂત્ર જ છે,પરંતુ **स्वं रूपम्०** , **अणुदित्सवर्णस्य०**, **तपरस्तत्काल०** વગેરે સંજ્ઞા સૂત્રોમાં જેની સંજ્ઞા કરવામાં આવી છે તે (સંજ્ઞીઓ) નો ષષ્ઠી વ્દારા નિર્દેશ કરવામાં આવ્યો છે, જ્યારે પ્રસ્તુત સૂત્રમાં સંજ્ઞીનો નિર્દેશ કરવામાં આવ્યો નથી. તેથી આ પ્રશ્ન કરવામાં આવ્યો છે.

[330] સૂત્ર **आदिरिता सह तन्मध्यपतितस्य**। એમ હોય તો ષષ્ઠ્યન્ત સંજ્ઞીનો નિર્દેશ થશે, મૂળ પાઠમાં ઊણપ નહીં રહે અને કાર્ય સિદ્ધ થશે.

[331] માતા, પિતા વગેરે સંબંધી શબ્દો છે, કારણ કે પોતાના સંતાનની અપેક્ષાએ તેમનો પ્રયોગ થાય છે. જે જેની માતા હોય તેને અનુલક્ષીને વ્યક્તિ માતા શબ્દ પ્રયોજે છે. તે રીતે **आदि** અને **अन्त** એ પણ સંબંધી શબ્દો છે.પાછળ રહેલની અપેક્ષાએ આદિ અને પૂર્વે રહેલની અપેક્ષાએ અંત શબ્દ પ્રયોજાય છે. અહીં આદિ અને અંત બન્ને એક સાથે પ્રયોગ કર્યો છે તેથી આદિની પર રહેલ અને અંતની પૂર્વે રહેલ, અર્થાત્ આદિ અને અંતની વચ્ચે રહેલની આ સૂત્ર વ્દારા સંજ્ઞા કરવામાં આવે છે તેમ **तन्मध्यस्य** એમ કહ્યા વિના પણ સમજાશે.એથી સૂત્ર જેમ છે તેમ રહે તો પણ, અર્થાત્ સંજ્ઞીઓનો સ્પષ્ટ નિર્દેશ ન કરવામાં આવ્યો હોય તો પણ સૂત્રનો અર્થ સમજાશે.એમ ભાવ છે.

[332] **अण्** માં **अ**-કાર તેની પર રહેલ **इ** અને **उ** ની અપેક્ષાએ આદિ છે અને **ण**-કાર તે બેની અપેક્ષાએ અંત્ય છે. પરિણામે **अण्** એ આદિ **अ**- કાર અને અન્ત્ય **ण**-કાર એ બેની મધ્યે રહેલ **इ** અને **उ** ની સંજ્ઞા થશે. તો પછી **अण्** વ્દારા **अ**-કારનું ગ્રહણ થશે કે નહીં ? એ શંકાનું નિવારણ **स्वं रूपं शब्दस्य०** ની સહાય લઇને કરવામાં આવ્યું છે. અહીં **स्वं रूपम्०** ની અનુવૃત્તિ થાય છે તેથી આદિ **अ**-કારનું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**येन विधिस्तदन्तस्य ॥१।१।७२॥**

**इह कस्मान्न भवति। इको यणचि। दध्यत्र मध्वत्र। अस्तु अलोऽन्त्यस्य विधयो भवन्तीत्यन्त्यस्य भविष्यति। नैवं शक्यम्। येऽनेकाल आदेशास्तेषु दोषः स्यात्। एचोऽयवायावः इति। नैष दोषः। यथैव प्रकृतितस्तदन्तविधिर्भवत्येवमादेशतोऽपि भविष्यति।**

જે વિશેષણનું ઉચ્ચારણ કરીને કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે, પોતે જેને અન્તે હોય તેનું (તથા પોતાના સ્વરૂપનું ગ્રહણ કરે છે) ॥૧।૧।૭૨॥

આ **इको यणचि।** પ્રમાણે **दध्यत्र मध्वत्र** માં[333] (જે **यण्** કાર્ય થાય છે ત્યાં (**तदन्तविधि** કેમ નથી થતો ?[334] ભલે થાય, પરંતુ અન્ત્ય **अल्** ને જ કાર્ય થાય છે એ (નિયમ) પ્રમાણે અન્ત્યને જ થશે. એ પ્રમાણે (થવું ) શક્ય નથી, કારણ કે (તો પછી) જે અનેકાલ્ આદેશ છે ત્યાં દોષ આવશે.[335] એ દોષ નહીં આવે (કારણ કે) જેવી રીતે પ્રકૃતિને લઇને **तदन्त** વિધિ થાય છે [336] તે રીતે આદેશને લઇને પણ થશે

---

ગ્રહણ અવશ્ય થશે. તો પછી અન્ત્ય **ण**-કાર પણ સ્વ-રૂપ ગ્રહણ નહીં કરાવે ? અન્ત્ય **ण**-કાર **इत्** છેતેથી અપ્રધાન હોવાથી અન્ય અનુબંધોની જેમ તેનો લોપ થશે. પરિણામે **अण्** પ્રત્યાહાર સંજ્ઞા વ્દારા **अ, इ** અને **उ** નું ગ્રહણ થશે.ના. કહે છે કે આદિ અને અંત શબ્દો અવયવવાચી છે અર્થાત્ તે શરૂઆતના અને અંતના અવયવને સૂચવે છે તેવ્દારા તેમના અવયવીભૂત સમુદાયનો આક્ષેપ થાય છે, અવયવી સૂચવાય છે, એટલે કે જેની અપેક્ષાએ આદિ એ આદિ અવયવ હોય અને અન્ત્ય એ અન્ત્ય અવયવ હોય તે મધ્યવર્તી સમુદાયનું આદિ અને અન્ત્ય વ્દારા સૂચન થાય છે તેથી મ્ધ્યવર્તી સમુદાયને પ્રસ્તુત સંજ્ઞા થશે જ.પરંતુ આદિ એ સંબંધી શબ્દ હોવાથી તેનું પણ **स्वं रूपम्०** ની સહાય લીધા વિના ગ્રહણ થશે.જ્યારે પરંપરા અનુસાર અપ્રધાન હોવાથી અન્ત્યનું ગ્રહણ નહીં થાય.(**आचारादप्रधानत्वाल्लोपश्च बलवत्तरः।**).

[333] 'જેને વિધિ કરવાનો હોય તે **तदन्त** (અર્થાત્ પોતે જેને અંતે હોય તે) નું ગ્રહણ કરે છે તેથી તે **तदन्त** ની પણ સંજ્ઞા થશે.' એમ પ્રકૃત સૂત્રનો અર્થ માનીને આ પ્રશ્ન કર્યો છે. પ્રશ્નકર્તા જાણવા માગે છે કે **तदन्त** નું ગ્રહણ થતું હોય તો **इको यणचि।** માં કેમ નથી થતું ? થાય તો **दधि अत्र। मधु अत्र** જેવાંમાં **इ**-કાર, **उ**-કારને સ્થાને **यण्** ન થતાં **दधि, मधु** એ **इगन्त** ને સ્થાને **यण्** (**य्, व्**) આદેશ કેમ નથી થતા ?

[334] **विधीयते इति विधिः।** એ અર્થમાં **धा** ને **कि** લાગીને **विधि** શબ્દ થાય છે. જે પૂર્વે ન હોય તેનું વિધાન કરે તે વિધિ. સૂત્રમાં **येन** એ કરણના અર્થમાં તૃતીયા છે, કરણ હમેશાં ગૌણ હોય છે, વિશેષણ હોય છે અને કર્તા વિના કરણ હોઇ ન શકે, વિશેષ્ય વિના વિશેષણ ન હોય તેથી વિશેષણ વિશેષ્યની અપેક્ષા રાખે છે. આથી જે વિશેષણનો આધાર લઇને સૂત્રમાં વિધિ કરવામાં આવ્યો હોય તે વિધિ એ વિશેષણ જેને અંતે હોય તે (**तदन्त**) ને લાગુ પડશે. જેમ કે **एरच्।** સૂત્રમાં **इ** ને વિશેષણ તરીકે લઇને **अच्** પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે. એ **धातोः।** અધિકાર નીચેનું સૂત્ર છે તેથી **धातो** એ વિશેષ્ય થશે તેથી **एः धातोः** એ '**इ** જેને અંતે છે તે ધાતુને (**अच्** થશે)' એમ સમજાશે અને **तदन्त** ગ્રહણને પ્રતાપે **चि , जि** વગેરે **इ**-કારાન્ત ધાતુને **अच्** લાગીને **चयः , जयः** વગેરે નિષ્પન્ન થાય છે.

[335] **एरच्।** જેવાં સૂત્રમાં આદેશ **एकाल्** છે, એક **अल्** રૂપ છે, તેથી **अलोऽन्त्यस्य।** પ્રમાણે સૂત્રનિર્દિષ્ટ કાર્ય અન્ત્ય વર્ણને જ થશે.તેથી દોષ નહીં આવે.પરંતુ જ્યાં **अनेकाल्** , એક કરતાં વધારે **अल्** યુક્ત, આદેશ હોય ત્યાં દોષ અવશ્ય આવશે. જેમ કે **एचोऽयवायावः।** અહીં **अय्** , **अव्** વગેરે આદેશ અનેક **अल्** રૂપ છે. આ સૂત્રમાં **तदन्त** ગ્રહણ થાય તો **चे अन** , **जे अन** એ સ્થિતિમાં **इक्** ને સ્થાને **अय्** ન થતાં **एजन्त** , **चे** અને **जे** ને સ્થાને **अय्** થતાં બન્નેને સ્થાને **अयन** પ્રાપ્ત થશે.તેથી અનેકાર્થી **अक्ष** (ઇન્દ્રિય,ધરી,પાસો) વગેરેમાં જે તે અર્થ સંદર્ભ અનુસાર સમજાય છે તેમ **अयन** માં પણ સંદર્ભને આધારે વિશિષ્ટ અર્થ સમજાશે,પરંતુ સૂત્રમાં જેનો સ્થાની તરીકે નિર્દેશ હોય તેનો જ આદેશ થાય (**निर्दिश्यमानस्य आदेशाः भवन्ति।**) એ પરિભાષા પ્રમાણે **एच्** વર્ણોને સ્થાને જ **अय्** વગેરે આદેશ થાય પણ તે **एच्** વર્ણો જેને અંતે હોય (**तदन्त=एजन्त**) તેને સ્થાને ન થાય. એ પરિભાષાને લક્ષમાં ન લઇને અહીં દલીલ કરી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तत्रैजन्तस्यायाद्यन्ता आदेशा भविष्यन्ति॥ यदि चैवं क्वचिद्वैरूप्यं तत्र दोषः स्यात्। अपि चान्तरङ्गबहिरङ्गे न प्रकल्पेताम्। तत्र को दोषः। स्योनः स्योना। अन्तरङ्गलक्षणस्य यणादेशस्य बहिरङ्गलक्षणो गुणो बाधकः प्रसज्येत।**

તેમ થવાથી (ए ऐ ओ औ અન્તે હોય તે) ના **अयाद्यन्त** (अय् વગેરે જેને અન્તે છે તેવા) આદેશો થશે.[337] અને જો એમ હોય તો કેટલેક સ્થળે વિરૂપતા હોય ત્યાં દોષ થાય. વળી અંતરંગ અને બહિરંગ એ બે સિદ્ધ નહીં થઇ શકે. તેમાં શો વાંધો ? **स्योनः स्योना**[338] (માં) અંતરંગ હોવાને કારણે થતા **यण्** આદેશનો બહિરંગ હોવાને કારણે થતો ગુણ બાધક થવાનો પ્રસંગ આવશે,

---

[336] જેમ પ્રકૃતિ અર્થાત્ સ્થાનીનો તદન્તવિધિ કરવામાં આવે છે તે રીતે આદેશનો પણ તદન્તવિધિ કરવાથી દોષ નહીં આવે એમ દલીલ છે. '**एचोऽयवायावः**। માં **एजन्त** પ્રકૃતિને સ્થાને **अयादि-अन्त** આદેશ થાય છે' એમ સમજાશે. તેથી **चे** , **जे** એ **एजन्त** પછી **अन** આવતાં તેમનો **अयन्त** આદેશ થશે.તેથી **चे अन--चय् अन** , **जय् अन** થઇને **चयन, जयन** વગેરે સિદ્ધ થશે અને ઉપર કહ્યો તે દોષ નહીં આવે.

[337] જેમ કે **आद्गुणः**। પ્રમાણે ગુણ આદેશ થાય છે. તે સૂત્રમાં **तदादि-तदन्त** વિધિ કરવામાં આવે તો ત્યાં ષષ્ઠીનો નિર્દેશ નથી તેમ જ **तदादि-तदन्त** વિધિ થવાથી **एकः पूर्वपरयोः**। માંથી **पूर्वपरयोः** એ ષષ્ઠી પણ અહીં લાગુ નહીં પડે. તેથી **निर्दिश्यमानस्य०** પરિભાષા અમલી નહીં થાય. પરિણામે **खट्वेन्द्रः** જેવામાં **खट्वा इन्द्रः** એ સ્થિતિમાં **अ** વર્ણાન્ત સમુદાય **खट्वा** અને **अजादि** સમુદાય **इन्द्रः** એ બન્ને સમુદાયને સ્થાને ગુણ આદેશ થવાનો પ્રસંગ આવશે, એટલે કે **खट्वा इन्द्रः**--માં માત્ર **ए** એમ ગુણ એકાદેશથવાનો પ્રસંગ આવતાં **खट्वेन्द्रः** સિદ્ધ ન થઇ શકે. હર. કહે છે કે **आद्गुणः**। માં **आत्** એ **अ** વર્ણ જેને અંતે હોય તે (**अवर्णान्त**) નું ગ્રહણ કરે છે જ્યારે **अचि** એ (**यस्मिन्विधिस्तदादावल्ग्रहणे**। એ પરિભાષા પ્રમાણે) **अच्** જેમાં આદિ છે તે (**अजादि**) નું ગ્રહણ કરે છે તેથી બન્નેને સ્થાને પૂર્વ રૂપ એકાદેશ ગુણ થવાનો પ્રસંગ આવતાં વિરુદ્ધ રૂપ (**वैरूप्यम्**) થશે.[**एवमपि आद्गुणः इत्यत्र आदित्यवर्णान्तो गृह्यते अचि इति अजादिः इति खट्वेन्द्र इत्यादौ अवर्णान्तस्य समुदायस्य अजादेश्च (समुदायस्य) गुणप्रसङ्गः। पद०**]. આમ **एचोऽयवायावः**। માં તદાદિ -તદન્ત વિધિ કરવા છતાં **चे अन** વગેરેમાં **एजन्त** સ્થાનીને બદલે **अयन्त** આદેશ મૂકતાં **चयन** વગેરે ઇષ્ટ રૂપ થઇ શકે છે. જ્યારે **आद्गुणः**। માં તદ્દન જુદું પરિણામ આવે છે, ટૂંકમાં સર્વત્ર **तदन्त** વિધિ ઇષ્ટ નથી. વાશા.મ.(પૃ.૪૪૬) પ્રમાણે **ब्रह्मेन्द्रः** જેવામાં ગુણ મધ્યમાં આવવો જોઇએ પરંતુ **तदादि-तदन्त** વિધિ થતાં આદેશ ગુણાંત થશે.આ પ્રમાણે અર્થ કરવાનું કારણ એ છે કે પૂર્વે **तदन्त** પ્રકૃતિનો **तदन्त** આદેશ કરીને **एचोऽयवायावः**। માં દોષ નિવારવાનો પ્રયત્ન કર્યો હતો. **तदन्त** ગ્રહણ કરવાથી જ્યાં વૈરૂપ્ય થાય ત્યાં દોષ આવશે એમ અહીં દલીલ છે. તેથી જે આદેશ થશે તે **तदन्त** થશે એમ **आद्गुणः**। નું ઉદાહરણ આપીને ભાષ્યકાર કહેવા માગે છે. તેમાં **तदादि-तदन्त** વિધિ કરતાં આદેશ ગુણાન્ત થશે તે જ વૈરૂપ્ય થયું કહેવાય. (**परंतु तदन्तविधि झाला तर गुणान्त म्ह० गुण अंती असलेला आदेश होऊन रूप बिघडेल।**)

[338] **स्योन--सिव्** ધાતુને ઉણાદિ પ્રત્યય ન થતાં **सिव् न** એ સ્થિતિમાં ૧)સાર્વધાતુક પ્રત્યય **न** પર થતાં ઉપધા **इ**-કારનો **पुगन्तलघू०** પ્રમાણે ગુણ, ૨) **लोपो व्योः०** થી **व्** લોપ અને ૩) અનુનાસિક **न** પર થવાથી **च्छ्वोः शूडनुनासिके च**। થી **व्** નો **ऊठ्** આદેશ એ ત્રણ એક સાથે પ્રાપ્ત થાય છે. તેમાં **ऊठ्**, **व्** લોપનો અપવાદ હોવાથી તેનો બાધ કરશે અને નિત્ય હોવાથી ગુણનો બાધ કરીને **ऊठ्** થયો, તેથી **सि ऊ न** એ સ્થિતિમાં **यण्** અને ગુણ પ્રાપ્ત થતાં અંતરંગ હોવાથી **यण्--स्यू न--सार्वधातुकार्ध०** થી ગુણ--**स्योनः** થાય છે. અહીં ઉણાદિ **न** અન્ય વ્યાકરણ મુજબ થાય છે (ના.લઘુ.શ., ભા.૨,પૃ.૮૭).પરંતુ **इको यण्०** માં પણ **तदन्ततदादि** વિધિ થાય તો **सि ऊ न** એમ થતાં **इ**-કારાન્ત સમુદાય **सि** નો **ऊ**-કારાન્ત સમુદાય **ऊन** પર થતાં **यण्** આદેશ થશે તેમ સમજાશે. હવે ગુણ **ऊन** શબ્દમાંના માત્ર **न**-કારને કારણે થાય છે, જ્યારે **यण् ऊ**-કારાદિ સમુદાય **ऊन** શબ્દ પર થતાં થાય છે તેથી ગુણ અંતરંગ થશે અને **यण्** બહિરંગ. પરિણામે **सि ऊन** માં પ્રથમ ગુણ થતાં **से ऊन** એમ થયા પછી **अय्** થતાં અનિષ્ટ રૂપ થશે. આમ **इको यण्०** જેવામાં **तदन्त-तदादि** વિધિ સ્વીકારવામાં આવે તો અંતરંગ અને બહિરંગની વ્યવસ્થા નથી જળવાતી અને ઇષ્ટ રૂપ સિદ્ધ થતું નથી.. એ દોષ આવે છે.**तदन्त - तदादि** વિધિ ન કરવામાં આવે ત્યારે **ऊठ्** ગુણનો બાધ આ રીતે કરશેઃ ગુણ અંગ સંજ્ઞા, **इक्** સંજ્ઞા, **लघु** સંજ્ઞા અને આર્ધધાતુક સંજ્ઞા



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ऊन्शब्दं ह्याश्रित्य यणादेशो नशब्दमाश्रित्य गुणः॥ अल्विधिश्च न प्रकल्पेत। द्यौः पन्थाः स इति॥ तस्मात्प्रकृते तदन्तविधिरिति वक्तव्यम्। न वक्तव्यम्। येनेति करण इत्येषा तृतीया।

(કારણ કે) **यण्** આદેશ **ऊन** શબ્દ ઉપર આધારિત છે (જ્યારે) ગુણ માત્ર **न** ઉપર આધારિત છે. વળી **द्यौः पन्थाः सः** (વગેરે) માં [339] **अल्** વિધિ પણ સિદ્ધ નહીં થઇ શકે. તેથી જ્યાં (તદન્તવિધિને પાત્ર વિશેષ્ય) પ્રસ્તુત હોય ત્યાં તદન્તવિધિ (થાય છે) એમ કહેવું પડશે.[340] નહીં કહેવું પડે, કારણ કે **येन** એ કરણના અર્થમાં તૃતીયા છે [341]

---

એ પાંચ પર આધારિત છે, જ્યારે **ऊठ्** **व**-કારાન્ત, અંગ, અનુનાસિક અને પ્રત્યય એ ચાર પર આધારિત છે. આમ બહ્વપેક્ષ હોવાથી ગુણ બહિરંગ છે અને અલ્પાપેક્ષ **ऊठ्** અંતરંગ છે તેથી **ऊन** ગુણનો બાધ કરશે.ના.આ મત ન સ્વીકારતાં કહે છે કે ભાષ્યકારને એ સ્વીકાર્ય હોત તો તેમણે **असिद्धं बहुपेक्षमल्पापेक्षे**। એમ જ કહ્યું હોત.

339 **द्यौः**--दिव् પ્રાતિપદિકને પ્ર.એ.વ.માં--दिव् स्--दि औत्। થી (अलोऽन्त्यस्य। પ્રમાણે) અંત્ય **व्** નો **औ**--दि औ स्--रुत्व, વિસર્ગ થઇને **द्यौः** થાય છે.પરંતુ **अलोऽन्त्य०** માં **तदन्त-तदादि** વિધિ કરવામાં તો **दिव औत्।** પ્રમાણે **औ** આદેશ અંત્ય **व्** નો ન થતાં **व**-કારાન્ત સમુદાય **दिव्** ને સ્થાને થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે.पन्थाः--पथिन् પ્ર.એ.વ.માં **पथिन् स्--पथिमथ्यृभुक्षा०** થી આ આદેશ થાય છે તે **अलोऽन्त्य०** પ્રમાણે અન્ત્ય **न्** નો થશે. **पथि** આ स्--इतोऽत्सर्वनामस्थाने। પ્રમાણે **इ** નો **अ**--पथ આ स्--थो न्थः। થી **थ्** નો **न्थ्**--पन्थ् अ આ स्--पन्थाः થશે. જો **अलोऽन्त्य०** માં **तदन्त** વિધિ કરવામાં આવે તો જે આ આદેશ થાય છે તે અંત્ય **न्** નો ન થતાં **न**-કારાન્ત સમુદાયનો એટલે કે **पथिन्** , **थिन्** કે **इन्** એ **न**-કારાન્ત સમુદાયને સ્થાને થવાનો પ્રસંગ આવતાં ઇષ્ટ રૂપ સિદ્ધ નહીં થાય. सः--तद् स्--त्यदादीनामः। થી **अलोऽन्त्य०** પ્રમાણે અંત્ય **द्** નો **अ**--त--तदोः सःसाव० થી **त**-કારનો **स**-કાર --स् अ स्--सः . જો **अलोऽन्त्य०** માં **तदन्त-तदादि** વિધિ થાય તો અન્ત્ય **द्** નો **अ** આદેશ ન થતાં **द्** જેને અંતે છે તે સમુદાય, **तद्** ને સ્થાને થવાનો પ્રસંગ આવશે. આમ સર્વત્ર **तदन्त-तदादि** વિધિ સ્વીકારતાં ક્વચિત્ વૈરૂપ્ય, ક્વચિત્ બહિરંગ-અંતરંગ સિદ્ધ ન થવાં, ક્વચિત્ **अल्विधि** ન થઇ શકે વગેરે દોષ આવે છે. વાસ્તવમાં **इको यण्०** જેવાં સ્થળે **येन विधिः०** સૂત્ર પ્રવૃત્ત નથી થતું. એ સૂત્રમાં **येन** એ કરણના અર્થમાં તૃતીયા છે અને કરણ કર્તા વિના હોઇ ન શકે. વળી **यद्** એ સંબંધી શબ્દ છે તેથી તે **तद्** ની અપેક્ષા રાખે છે. આ સૂત્રમાં **तदन्तः** એ **सः अन्तः अस्य** એ અર્થનો બહુવ્રીહિ છે. તેમાં **तद्** એ કરણભૂત શબ્દનો નિર્દેશ કરે છે અને **अन्त** શબ્દ અવયવવાચી હોવાથી સમુદાયને સૂચવે છે. તે જ અહીં કર્તા છે, વિશેષ્ય છે. જો કર્તા રજુ થએલ ન હોય તો કરણ નિરર્થક થાય. તેથી સૂત્રમાં જ્યારે જ્યારે કર્તાનો અર્થાત્ વિશેષ્યનો કોઇ પણ રીતે નિર્દેશ ન હોય ત્યાં પ્રકૃત સુત્ર પ્રવૃત્ત નથી થતું. કર્તા કે વિશેષ્યનો નિર્દેશ ક્વચિત્ પ્રત્યક્ષ હોય, જેમ કે **ईदूदेद्द्विवचनं०** અહીં **द्विवचनम्** એ કર્તાનો નિર્દેશ છે, એટલે કે કરણભૂત(=વિશેષણભૂત) **ईदुदेत्** નું **द्विवचनम्** એ વિશેષ્ય છે અને તે **ईत्** વગેરે કરણો વડે પ્રગૃહ્ય સંજ્ઞાને નીમે છે. ક્વચિત્ સંદર્ભ ઉપરથી કર્તા સમજાય છે, જેમ કે **एरच्**। એ **धातोः**। અધિકાર તળેનું સૂત્ર છે તેથી એ સંદર્ભ ઉપરથી કર્તા, વિશેષ્ય તરીકે **धातु** રજુ થાય છે અને તે જ **इ**-કાર રૂપી કરણ વડે **अच्** નું વિધાન કરે છે, ક્વચિત્ સામર્થ્ય, શક્યતાને કારણે કર્તા સમજાય છે, જેમ કે **इको हल्**। અહીં **सन्** ની અનુવૃત્તિ થાય છે. અને **सन्** તો ધાતુને જ થાય છે બીજા કોઇને નહીં તેથી આક્ષેપ વ્દારા સમજાય છે કે **इकः** નો કર્તા અથવા તેનું વિશેષ્ય, **धातु** છે અને તે **इक्** વડે **सन्** ના **कित्त्व** નું વિધાન કરે છે. **ईदूदेत्०** વગેરેમાં કર્તા અને કરણ, વિશેષ્ય અને વિશેષણ બન્ને છે તેથી તે સૂત્ર **येन विधिः०** એ પ્રકૃત સૂત્રનો વિષય છે.પરંતુ **एचोऽयवायावः**। જેવામાં વિશેષ્ય એટલે કે કર્તાનો કોઇ પ્રકારે નિર્દેશ નથી અને કર્તા વિના કરણ પણ ન હોય તેથી એ પ્રકારનાં સૂત્રોમાં પ્રકૃત સૂત્રને કોઇ અવકાશ નથી.પરિણામે ત્યાં **तदन्त** વિધિ થવાનો પ્રશ્ન જ નથી. અહીં **एरच्**। જેવામાં **इ**-કાર વગેરે વિશેષણ હોવાથી પરતંત્ર છે અને **धातु** વગેરે વિશેષ્ય, કર્તા હોવાથી સ્વતંત્ર છે, એટલે કે **इ**-કાર વગેરે અપ્રધાન છે અને ધાતુ વગેરે પ્રધાન છે. પરંતુ આ ગુણ- પ્રધાનભાવ સુથાર અને વાંસલાના સંબંધ જેવો નથી, પરંતુ માત્ર વિવક્ષાને અધીન છે. તેથી સૂત્રનો અર્થ આમ થશેઃ અપ્રધાન એવું વિશેષણ જેને અંતે હોય તેવા વિશેષ્યની સંજ્ઞા થાય છે.

340 ભાષ્યમાં **प्रकृते** એટલે જેનો પ્રસ્તાવ હોય તે. અહીં પ્રસ્તુત એ વિશેષ્યને લક્ષમાં રાખીને કહ્યું છે તેથી **प्रकृते तदन्तविधिः** એટલે જ્યારે સૂત્રમાં વિશષ્ય પ્રસ્તુત હોય ત્યારે તદન્તવિધિ થાય છે અને વિશેષ્યનો પ્રસ્તાવ ઉપર જોયું તેમ ત્રણ રીતે થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्येन चान्यस्य विधिर्भवति। तद्यथा देवदत्तस्य समाशं शरावैरोदनेन च यज्ञदत्तः प्रतिविधत्ते। तथा संग्रामं हस्त्यश्वरथपदातिभिः। एवमिहाप्यचा धातुर्यतं विधत्ते। अकारेण प्रातिपदिकस्येञं विधत्ते॥

येन विधिस्तदन्तस्येति चेद्ग्रहणोपाधीनां तदन्तोपाधिप्रसङ्गः ॥१॥

येन विधिस्तदन्तस्येति चेद् ग्रहणोपाधीनां तदन्तोपाधिप्रसङ्गः। ये ग्रहणोपाधयस्तेऽपि तदन्तोपाधयः स्युः। तत्र को दोषः। उतश्च प्रत्ययादसंयोगपूर्वात्

(અને) અન્યદ્વારા જ અન્ય કોઇનું કાર્ય થાય છે.[342] જેમ કે યજ્ઞદત્ત શકોરા અને ભાત વડે દેવદત્ત માટે ભોજન તૈયાર કરે છે તથા હાથી, ઘોડા, રથ અને પાળાઓ વડે યુદ્ધ (કરે છે). તેમ અહીં ( **अचो यत्**। સૂત્રમાં) પણ **अच्** (એ કરણ) દ્વારા ધાતુને વિશે**यत्** નું વિધાન કરે છે (અને **अत इञ्**। માં) **अ**-કાર (એ કરણ) દ્વારા પ્રાતિપદિકને વિશે **इञ्** નું વિધાન કર્યુ છે.

જે નું ઉચ્ચારણ કરીને (સૂત્રમાં) કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે, તદન્તનું ગ્રહણ કરે છે એમ જો કહો તો એનાં વિશેષણ તદન્તનાં વિશેષણ થવાનો પ્રસંગ (આવે છે) ॥૧॥

જે નું ઉચ્ચારણ કરીને (સૂત્રમાં) કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે, તદન્તનું ગ્રહણ કરે છે એમ જો કહો તો એ વિશેષણનાં વિશેષણ તદન્તનાં વિશેષણ થવાનો પ્રસંગ (આવે છે), અર્થાત્ (સૂત્રમાં જેનું ગ્રહણ કરવામાં આવ્યું હોય તે એટલે કે) જે (વિશેષણ)નું ઉચ્ચારણ કરીને (સૂત્રમાં) કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે (વિશેષણ) જેને અન્તે હોય તે (તદન્ત) નું ગ્રહણ કરે છે[343] (વિશેષણ) નાં વિશેષણ તદન્તનાં વિશેષણ થાય. તેમાં શો વાંધો છે? **उतश्च प्रत्ययादसंयोगपूर्वात्**। માં[344]

---

[341] **करणे तृतीया** સૂત્રમાં **येन** એ કરણના અર્થમાં તૃતીયા છે અને **विधिः** શબ્દ **विधीयते इति** એમ કર્મના અર્થમાં છે. તેને વિધેય કાર્ય એમ ભાવવાચી તરીકે પણ લઇ શકાય છે. તેથી 'જે કરણ વડે કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે, કરણવાચી શબ્દ જેને અંતે હોય તેની સંજ્ઞા થાય છે.' એમ સૂત્રાર્થ થશે.આમ વિશેષણ દ્વારા વિશેષ્યનો **तदन्त** વિધિ થઇ શકે તે સિવાય ન થાય. **इको यणचि** જેવામાં વિશેષ્યનો પ્રસ્તાવ નથી તેથી **तदन्त** વિધિ નથી થતો.

[342] એકના દ્વારા બીજાનું કાર્ય થતું વ્યવહારમાં જોવામાં આવે છે જેમ કે યજ્ઞદત્ત વાસણો અને ભાત વગેરે વડે દેવદત્તનું ભોજન બનાવે છે. તે રીતે હાથી, ઘોડા, રથ અને પાળા વડે યુદ્ધ કરે છે એમ કહેવામાં આવે ત્યારે સમજી શકાય છે કે એક વ્યક્તિ દ્વારા બીજી કોઇ વ્યક્તિનું કાર્ય થઇ શકે છે. તેમ **अचो यत्**। માં પણ **अच्** રૂપી કરણ દ્વારા **धातु** રૂપ કર્તાને વિશે **यत्** નું વિધાન કરવામાં આવે છે. **अत इञ्**। માં **अ**-કાર રૂપી કરણ દ્વારા પ્રાતિપદિકને વિશે **इञ्** નું વિધાન કરવામાં આવે છે. તેથી સમજાય છે કે **अजन्त** ધાતુને **अच्** અને **अ**-કારાન્ત પ્રાતિપદિકને **इञ्** થાય છે.

[343] **गृह्यते उच्चार्यते इति ग्रहणम्** સૂત્રમાં જેનું ગ્રહણ અર્થાત્ ઉચ્ચારણ, ઉપાદન કરવામાં આવ્યું હોય તે શબ્દ. તેની **उपाधि** (અર્થાત્ તેનાં વિશેષણો), તે જેને અંતે હોય તેને પણ લાગુ પડશે એમ અહીં દલીલ છે.

[344] **उतश्च संयोगात्०** પ્રમાણે પ્રત્યયના **उ**-કાર પૂર્વે જોડાક્ષર ન આવતો હોય તો તે **उ**-કાર પછી આવતા **हि** નો લોપ થાય છે. અહીં **उतः** નું ગ્રહણ કરેલું છે અને **असंयोगपूर्वात्** તેનું વિશેષણ છે. હવે **असंयोगपूर्वात्** (જેની પૂર્વે સંયોગ, જોડાક્ષર નથી તેની પછી) ને **उ**-કારાન્ત (**तदन्त**) નું વિશેષણ લેવામાં આવે તો જ્યાં **उ**-કારાન્ત સંયોગ પૂર્વે હોય ત્યાં નિષેધ લાગુ પડશે. **अक्ष्णुहि** માં **नु** **उ**-કારાન્ત છે અને તેની પૂર્વે **क्ष** ( = **क्ष्** ) એ સંયોગ પણ છે તેથી **असंयोगपूर्वात्** એમ કહીને જે પર્યુદાસ કર્યો છે તે **अक्ष्णुहि** ને લાગુ પડશે તેથી **हि** લોપનો નિષેધ થઇને ઇષ્ટ રૂપ સિદ્ધ થાય છે,પરંતુ **आप्नुहि** , **शक्नुहि** માં **नु** એ **उ**-કારાન્ત પૂર્વે સંયોગ નથી માત્ર**प**-કાર કે **क**-કાર છે તેથી ત્યાં **नु** (**तदन्त**) સંયોગપૂર્વ ન હોવાથી **असंयोगपूर्वात्** એ નિષેધ ત્યાં લાગુ નહીં પડે તેથી **आप्नु** , **शक्नु** પછી આવતા **हि** પ્રત્યયનો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इत्यसंयोगपूर्वग्रहणमुकारान्तविशेषणं स्यात्। अक्ष्णुहि तक्ष्णुहीति। इह न स्यात्। आप्नुहि शक्नुहीति॥ तथोदोष्ठ्यपूर्वस्य इत्योष्ठ्यपूर्वग्रहणमृकारान्तविशेषणं स्यात्। तत्र को दोषः। ओष्ठ्यपूर्वग्रहणेनेह च प्रसज्येत संकीर्णमिति। इह च न स्यात्। निपूर्ताः पिण्डा इति॥

**सिद्धं तु विशेषणविशेष्ययोर्यथेष्टत्वात्॥२॥**

सिद्धमेतत्। कथम्। यथेष्टं विशेषणविष्ययोर्योगो भवति। यावता यथेष्टमिह तावदुतश्चप्रत्ययादसंयोगपूर्वादिति नासंयोगपूर्वग्रहणेनोकारान्तं विशेष्यते। किं तर्हि। उकार एव विशेष्यते।

જે **असंयोगपूर्वात्** એમ ઉચ્ચાર્યું છે તે ઉ-કારાન્તનું વિશેષણ થાય. તેમાં શો વાંધો છે? (સૂત્રમાં) **असंयोगपूर्व** (જેની પૂર્વે જોડાક્ષર ન હોય તેવા) એમ કહેવાથી માત્ર **अक्ष्णुहि तक्ष्णुहि** માં જ પર્યુદાસ લાગુ પડશે, પરંતુ **आप्नुहि शक्नुहि** માં નહીં લાગુ પડે. તે રીતે **उदोष्ठ्यपूर्वस्य।** માં[345] **ओष्ठ्यपूर्व** (જેની પૂર્વે ઓષ્ઠસ્થાનનો વર્ણ હોય તે) નું ગ્રહણ કર્યુ છે તે **ऋ**-કારાન્તનું વિશેષણ થવા જશે. તેમાં શો વાંધો ? **ओष्ठ्यपूर्व** એમ કહ્યું છે તેથી આ **संकीर्णम्** માં (ઉ-કાર આદેશ) થવાનો પ્રસંગ આવશે અને અહીં **निपूर्ताः पिण्डाः**માં (ઉ-કાર) નહીં થાય.

પરંતુ વિશેષણ અને વિશેષ્યનો (સંબંધ) ઇચ્છા પ્રમાણે યોજી શકાય છે તેથી તે સિદ્ધ (થશે) ॥२॥ [346]

એ સિદ્ધ (થાય છે) કેવી રીતે ? વિશેષણ અને વિશેષ્યનો સંબંધ ઇચ્છા પ્રમાણે થઇ શકે છે. જ્યારે ઇચ્છા પ્રમાણે થાય છે તો આ **उतश्च प्रत्ययादसंयोगपूर्वात्।** માં જે **असंयोगपूर्वात्** એમ ઉચ્ચાર્યું છે તે ઉ-કારાન્તનું વિશેષણ નથી. તો પછી કોનું (છે) ? ઉ-કારનું જ વિશેષણ છે.

---

લોપ થવાનો પ્રસંગ આવશે.પરિણામે **आप्नुहि** , **शक्नुहि** વગેરે સાધુ રૂપને બદલે **आप्नु** , **शक्नु** જેવાં અસાધુ રૂપ થવાનો પ્રસંગ આવશે એમ અહીં દલીલ છે.

[345] **उदोष्ठ्यपूर्वस्य।** (અહીં **ऋतः, धातोः** ની અનુવૃત્તિ થાય છે) પ્રમાણે અંગનો અવયવભૂત ઓષ્ઠસ્થાનનો વર્ણ **ऋ**-કાર પૂર્વે હોય તો **ऋ** નો **उ** થાય છે.અહીં **ऋतः** અનુવૃત્તિથી આવેલ છે તેથી તે ઉચ્ચારેલ છે તેમ સમજાશે એટલે કે તેનું ગ્રહણ થશે અને **ओष्ठ्यपूर्वस्य** એ **ऋदन्त** નું વિશેષણ(**ग्रहणोपाधि**) છે. અહીં તદન્ત વિધિ કરવામાં આવે તો **ऋ** નું વિશેષણ **ऋदन्त** ને લાગુ પડવાનો પ્રસંગ આવશે. તેથી ગોટાળો થશે. જેમ કે **संकीर्णम्--सम् कॄ** માં **कॄ** **ऋदन्त** છે અને તેની પૂર્વે **समकॄ** એ અંગનો અવયવભૂત ઓષ્ઠ સ્થાનનો **म्** આવેલ છે તેથી આ સૂત્ર પ્રમાણે **ऋ** નો **उत्** થવાનો પ્રસંગ આવશે. જ્યારે **निपूर्ताः पिण्डाः** માં **निपॄ** માં **ऋ** ઓષ્ઠ્યપૂર્વ છે પરંતુ તદન્ત (**ऋदन्त**) **पॄ** ઓષ્ઠ્યપૂર્વ નથી , કારણ કે તેની પૂર્વે **इ** છે. પરિણામે ત્યાં એ સૂત્ર લાગુ ન પડવાથી **ऋ** નો **उ** ન થવાનો પ્રસંગ આવશે તેમ શંકાકારનું કહેવું છે.

[346] સંજ્ઞીનો બોધ કરાવવા માટે સંજ્ઞા પોતે જ વિશેષણ બને છે તેને વળી પોતાનાં વિશેષણ કેવી રીતે હોઇ શકે ? એ પ્રકારની શંકાને આધારે ઉપરની દલીલ કરી છે,પરંતુ વિશેષણ અને વિશેષ્યનો સંબંધ તો જે રીતે ઘટાવવો હોય તે રીતે ઘટાવી શકાય છે. આ **तदन्त** સંજ્ઞા ગુણપ્રધાનભાવની અપેક્ષા રાખે છે. તેથી **उतश्च प्रत्ययात्०** માં ઉ-કાર પ્રથમ પોતાના વિશેષણ **असंयोगपूर्वात्** સાથે સંબદ્ધ થશે. તે વખતે ઉ-કાર ગૌણ છે તે ખ્યાલ નથી હોતો. ત્યાર પછી અર્થાત્ વિશેષણથી વિશિષ્ટ થયા પછી, એટલે કે **असंयोगपूर्वात् उतः** , એમ થયા પછી ઉ-કારનો તેના વિશેષ્ય **प्रत्ययात्** સાથે સંબંધ થશે. તેથી સમજાશે કે **उदन्त** પ્રત્યય પછી આવતા **हि** નો **लुक्** થાય છે. પણ કેવો **उत्** ? જેની પૂર્વે સંયોગ ન હોય તેવો, એટલે કે વિધિ વાક્યો સાથે આ સંજ્ઞાની એકવાક્યતા થાય છે. આમ ગુણ પોતે વિશિષ્ટ થઇને (**गुणः कृतात्मसंस्कारः**) પ્રધાનને ખૂબ ઉપકારક થઇ શકે છે (**प्रधानोपकाराय महते प्रभवति।**). તે પ્રમાણે **उदोष्ठ्यपूर्वस्य** માં પણ થશે. અને **ऋ**-કારાન્ત ધાતુનો ઉ-કાર થાય છે.પરંતુ એ **ऋ**-કાર કેવો ? **ओष्ठ्यपूर्वः** જેની પૂર્વે (અંગના અવયવભૂત) ઓષ્ઠ સ્થાનનો વર્ણ હોય તેવો. આ રીતે યોજના કરવાથી **ग्रहणोपाधि तदन्त** ની ઉપાધિ થશે તે શંકા નિરસ્ત થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**उकारो योऽसंयोगपूर्वस्तदन्तात् प्रत्ययादिति ॥ तथोदोष्ठ्यपूर्वस्येति नौष्ठ्यपूर्वग्रहणेन ऋकारान्तं विशेष्यते। किं तर्हि। ऋकार एव विशेष्यते। ऋकारो य ओष्ठ्यपूर्वस्तदन्तस्य धातोरिति ॥**

**समासप्रत्ययविधौ प्रतिषेधः ॥३॥**

**समासविधौ प्रत्ययविधौ च प्रतिषेधो वक्तव्यः॥ समासविधौ तावत्। द्वितीया श्रितादिभिः समस्यते। कष्टश्रितः नरकश्रतः। कष्टं परमश्रित इत्यत्र मा भूत्॥**

**असंयोगपूर्व** ( જેની પૂર્વે જોડાક્ષર ન હોય તેવો) उ-કાર જેને અન્તે હોય તે પ્રત્યય પછી (**हि** નો લોપ થાય છે) એમ (સમજાશે).

તે રીતે **उदोष्ठ्यपूर्वस्य।** માં **ओष्ठ्यपूर्व** (જેની પૂર્વે ઓષ્ઠસ્થાનનો વર્ણ હોય તે) નું ગ્રહણ કર્યું છે તે **ऋ**-કારાન્તનું વિશેષણ નથી. તો પછી કોનું (છે) ? **ऋ**-કારનું જ વિશેષણ છે. તેથી **ओष्ठ्यपूर्व** (જેની પૂર્વે ઓષ્ઠસ્થાનનો વર્ણ હોય તે) **ऋ**-કાર જેને અન્તે હોય તે ધાતુનો એમ (સમજાશે).

સમાસ અને પ્રત્યયને લગતા વિધિ હોય ત્યાં પ્રતિષેધ (કરવો પડશે) ॥૩॥

સમાસને લગતો વિધિ હોય ત્યાં તેમ જ પ્રત્યયને લગતો વિધિ હોય ત્યાં (તદન્તવિધિ) નથી થતો એમ કહેવું જોઇએ.સમાસવિધિમાં તો[347] **द्वितीया** નો **श्रित** વગેરે સાથે (**द्वितीया श्रितातीतपतितगतात्यस्तप्राप्तापन्नैः।** પ્રમાણે) સમાસ થાય છે (તેથી) **कष्टश्रितः नरकश्रितः** (એ થાય, પરંતુ) **कष्टं परमश्रितः** માં (સમાસ) ન થાય.

---

[347] સમાસ વિધિ--**द्वितीयाश्रितातीतपतितगतात्यस्तप्राप्तापन्नैः।** થી વિભક્ત્યન્ત **श्रित** વગેરે સાથે **द्वितीयान्त** ના તત્પુરુષ સમાસનું વિધાન કર્યું છે. (**द्वितीयान्तं श्रितादिप्रकृतिकैः सुबन्तैः सह वा समस्यन्ते स तत्पुरुषः। सि०कौ०**)(અહીં **सुप** અને **सुपा** ની પૂર્વ સૂત્રોમાંથી અનુવૃત્તિ થાય છે) **श्रित** વગેરે **सुबन्त** નાં વિશેષણ લેવાથી **तदन्त** વિધિ થશે. તેથી **श्रित** વગેરે જેને અંતે હોય તેવાં **परमश्रितः** જેવાં સુબન્તોનો પણ **कष्टम्** એ દ્વિતીયાન્ત સાથે તત્પુરુષ સમાસ થાય. પરંતુ **कष्टं परमश्रितः** એ વાક્યનો પ્રસ્તુત પ્રતિષેધને કારણે સમાસ નહીં થાય. (**न च श्रितादीनां समर्थविशेषणत्वात्तदन्तविधौ श्रितान्तादिशब्दप्रकृतिकैरित्यार्थलाभात् कष्टं परमश्रित इत्यात्रापि समासः स्यादिति वाच्यम् समासप्रत्ययविधौ प्रतिषेधात्।बा०म०**) ભાષ્યમાં **परमश्रितः** એમ વિસર્ગ સહિત પાઠ છે,પરંતુ કૈ. અને તેને અનુસરીને હર. કહે છે કે અહીં **परमश्रित** એમ સંબોધન હોવું જોઇએ, જેથી અંતે વિસર્ગ ન રહેતાં **श्रित** આવશે. તેથી **श्रित** નું શ્રવણ થશે અને પ્રત્યયલક્ષણથી **परमश्रित** સુબન્ત થશે.શ.કૌ. (ભા. ૧,પૃ.૨૮૭) માં વિસર્ગ સહિત પાઠ લે છે.ન્યાસ.માં આ ચર્ચા નથી.પરંતુ તેમાં કહ્યું છે કે **द्वितीया श्रितातीत०** માં **सुप्** એ **श्रितादि** નું વિશેષણ છે, **श्रितादि** એ **सुप्** નું વિશેષણ નથી અને તદન્તવિધિ વિશેષણને જ થાય, વિશેષ્યને નહીં, કારણ કે સૂત્રમાં **येन** એ કરણના અર્થમાં તૃતીયા છે અને કરણ અર્થાત્ વિશેષણ અન્યના પ્રયોજન માટે હોય છે, વિશેષ્ય તેમ નથી હોતું. તેથી વિશેષ્યભૂત **श्रितादि** ને તદન્ત વિધિ નહીં થાય.પરિણામે **कष्टं परमश्रितः** નો સમાસ નહીં થાય. પ્રત્યય-વિધિ--પ્રત્યયનું વિધાન કરનાર સૂત્ર. **नडादिभ्यः फक्।** પ્રમાણે **नडादि** શબ્દોને અપત્યાર્થે **फक्** નું વિધાન કર્યું છે તેથી **नडस्य अपत्यं नाडायनः** એમ થશે.પરંતુ **सूत्रनड** એ તદન્ત (**नड** જેને અંતે છે તેવો) શબ્દ છે.તેથી પ્રકૃત નિષેધને કારણે **सूत्रनडस्य अपत्यम्** એ અર્થમાં તેને અપત્યવાચી **फक्** નહીં થાય.**सूत्रनड** શબ્દ **अनुशातिकादि** ગણનો છે તેથી **अनुशातिकादीनां च।** પ્રમાણે ઉભય વૃદ્ધિ થઇને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्ययविधौ। नडस्यापत्यं नाडायनः। इह न॥ भवति । सूत्रनडस्यापत्यं सौत्रनाडिः। किमविशेषेण। नेत्याह।

उगिद्वर्णग्रहणवर्जम्॥४॥

પ્રત્યયવિધિમાં (नडादिभ्यः फक्। પ્રમાણે) नडस्य अपत्यं नाडायनः। (થાય, પરંતુ) सूत्रनडस्य अपत्यं सौत्रनाडिः। (માં તદન્તવિધિ ન થવાથી फक् ) નથી થતો. શું (આ) પ્રતિષેધ અવિશિષ્ટ રીતે (કરવો પડશે) ?[348] તો કહે છે કે ના. (જ્યાં) उगित् નું ગ્રહણ હોય અને જ્યાં વર્ણનું ગ્રહણ હોય તે સિવાય॥४॥ [349]

---

सौत्रनाडिः એમ રૂપ થશે. અહીં પણ પ્રાતિપદિક नडादि નાં વિશેષણ છે, પરંતુ વિશેષ્ય નથી.પરિણામે सूत्रनड ને અપત્યાર્થે फक् નહીં થઇ શકે.

[348] એટલે કે, આ પ્રતિષેધ સામાન્ય રીતે સર્વત્ર લાગુ પડે છે કે તેમાં કોઇ અપવાદ છે ? સિદ્ધાન્તી કહે છે કે ના, અવિશિષ્ટ રીતે નહીં પરંતુ તેમાં અપવાદ છે. उगिद्वर्णग्रहणवर्जम्। જેમાં उक् (=उ, ऋ, ऌ) વર્ણ इत् હોય ત્યાં તથા જ્યાં વર્ણનું ગ્રહણ હોય ત્યાં પ્રતિષેધ લાગુ પડતો નથી, એટલે કે ઉત્સર્ગના અપવાદનો અપવાદ હોવાથી उगित् અને વર્ણગ્રહણમાં ઉત્સર્ગ પ્રમાણે तदन्त વિધિ થશે.

[349] उगित् અને वर्ण એ પ્રાતિપદિકનાં વિશેષણ છે અને વિશેષણ દ્વારા તદન્ત વિધિ થાય છે. भवतु એ સર્વનામાં उ इत् (उगित्) છે તેથી भवत् થશે. તેને उगितश्च। (૪-૧-૬) પ્રમાણે ङीप् થઇને भवती થાય છે. તે પ્રમાણે भवन्तमतिक्रान्ता એ અર્થમાં अत्यादयः क्रान्ताद्यर्थे। એ વા.પ્રમાણે अतिभवत् ને અર્થાત્ तदन्त ને પણ ङीप् થશે તેથી अतिभवती રૂપ પ્રાપ્ત થશે.अतिभवत् માંभवत् ઉપસર્જન છે. (જુઓ.ચૌખં.પૃ.૫૭૦,પાટી.૧૨ માં નોધઃ 'बहुषु पुस्तकेषु अतिभवती इत्येतन्न दृश्यते।'). महती--मह (पूजायाम्) ધાતુને अत् પ્રત્યય લાગીને महत् નિપાતિત કરેલો છે અને वर्तमाने पृषद्बृहन्महज्जगच्छतृवच्च। (ઉ.સૂ. ૨૪૧) પ્રમાણે शतृवद्भाव થવાથી તે શબ્દ उगित् થશે. महान्तमतिक्रान्ता એ અર્થમાં अत्यादयः क्रान्ताद्य० પ્રમાણે પ્રાદિસમાસ થતાં अतिमहत् એ महदन्त રૂપ થશે.સ્ત્રીલિંગમાં उगितश्च। પ્રમાણે તદન્તને પણ ङीप् થતાં अतिमहती રૂપ પ્રાપ્ત થશે. महत् શબ્દનો गौरादि ગણમાં પાઠ છે તેથી षिद् गौरादिभ्यः। (૪-૧-૪૧) પ્રમાણે જે ङीष् થવો જોઇએ તેનો अनुपसर्जनात्। (૪-૧-૪૧) એ અધિકાર સૂત્રને કારણે નિષેધ થાય છે, કારણ કે महत् ઉપસર્જન છે, ગૌણ છે.પરિણામે उगित् ન હોવા છતાં તેને ङीप् થઇને ઇષ્ટ સિદ્ધિ થશે.કેટલાક માને છે કે महत् અને बृहत् ને गौरादि ગણમાં પાઠ પ્રમાદજન્ય છે, કારણ કે शतुरनुमो नद्यजादि। એ સૂત્ર ઉપરની વા. (૧) नद्यजाद्युदात्तत्वे बृहन्महतोरुपसंख्यानम्। માં उगितश्च। પ્રમાણે ङीप् થઇને अतिमहती વગેરે થાય છે. તેનો આ વાર્તિક દ્વારા ઉદાત્ત કરવામાં આવે છે. જો તે गौरादि હોત તો षिद् गौरादि० પ્રમાણે ङीष् થવાથી ઉદાત્ત થઇ જાત. વાસ્તવમાં गौरादि માં પાઠ હોવા છતાં ઉપર જોયું તેમ अनुपसर्जनात्। એ નિષેધને લીધે ङीप् જ થશે તેથી अतिमहती માં ઉદાત્ત થતો નથી, તે થઇ શકે તે માટે नद्यजादि० વા. માં महत् નો સમાવેશ કર્યો છે, કારણ કે अतिमहती अ-કારથી શરૂ થાય છે અને દીર્ઘ ई-કારાન્ત છે તેથી यूस्त्र्याख्यौ नदी। પ્રમાણે नदी સંજ્ઞક પણ છે.અહીં भवतु અને महत् વ્યપદેશિવદ્ભાવથી જ उगित् થયા છે. भातेर्डवतु। (ઉ.સૂ. ૬૩) પ્રમાણે भाति इति। એ અર્થમાં भा ધાતુને डवतु લાગીને भवतु (भवत्) એ શબ્દ થયો છે. તેનો સર્વાદિ ગણમાં તેનો પાઠ છે. આમ भवत् અવ્યુત્પન્ન પ્રાતિપદિક છે અને વ્યપદેશિવદ્ભાવથી તે उगित् ગણાશે. महत् શબ્દ પણ ઉપર જોયું તેમ वर्तमाने पृषद्बृहन्महज्जगत्० પ્રમાણે शतृवत् ગણાશે અર્થાત્ વ્યપદેવદ્ભાવથી જ उगित् ગણાશે.પરંતુ व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन। એ પરિભાષા છે તેથી તેમને उगित् ગણવામાં આવે તો પણ उगितश्च। પ્રમાણે ङीप् નહીં થઇ શકે.પરંતુ એ સૂત્ર પરના ભાષ્યમાં કહ્યું છેઃ नैतत्प्रातिपदिकग्रहणम्। प्रातिपदिकाप्रातिपदिकयोरेतद् ग्रहणम्॥ અર્થાત્ સૂત્રમાં उगित् એમ કહ્યું છે તેથી માત્ર પ્રાતિપદિકનું ગ્રહણ નથી થતું, પરંતુ પ્રાતિપદિક તેમ જ અપ્રાતિપદિક (=જે પ્રાતિપદિક નથી તે) બન્નેનું ગ્રહણ થાય છે, કારણ કે उक् इत् यस्य स उगित् અર્થાત્ જેમાં उक् પ્રત્યાહારમાંનો વર્ણ इत् છે તે શબ્દ સ્વરૂપ उगित् એમ તેનો અર્થ છે. તેથી भवतु , महत् જેવાં પ્રાતિપદિકો પણ એ જ કારણસર उगित् થશે અને मतुप्, शतृ જેવા પ્રત્યયો પણ તે કારણે उगित् થશે પરંતુ પ્રાતિપદિક સંજ્ઞામાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

उगिद्ग्रहणं वर्णग्रहणं च वर्जयित्वा। उगिद्ग्रहणम्। भवती अतिभवती महती अतिमहती। वर्णग्रहणम्। अत इञ्। दाक्षिः प्लाक्षिः ॥ अस्ति चेदानीं केवलोऽकारः प्रातिपदिकं यदर्थो विधिः स्यात्। अस्तीत्याह। अततेर्डः अः तस्यापत्यम् अत इञ् इः ॥

अकच्श्नम्वतः सर्वनामाव्ययधातुविधावुपसंख्यानम् ॥५॥

સૂત્રમાં જ્યાં) **उगित्** (**उक्** પ્રત્યાહાર માંના વર્ણો જેમાં **इत्** હોય તે) નું ગ્રહણ હોય અને જ્યાં વર્ણનું ગ્રહણ હોય તે સિવાય (નાં સ્થળે પ્રતિષેધ). **उगित्** નું ગ્રહણ–(**उगितश्च**। પ્રમાણે **ङीप्** થઇને **भवती महती** (થાય છે તેમ) **अतिभवती अतिमहती** (થઇ શકે). વર્ણનું ગ્રહણ– **अत इञ्**। (પ્રમાણે) **दाक्षिः प्लाक्षिः**। (થઇ શકે). તો હવે પ્રાતિપદિક હોય તેવો કેવળ **अ**-કાર કોઇ છે ? તો કહે છે કે છે. **अत्** ધાતુને **ड** લાગીને **अः** (થાય છે) **तस्य अपत्यम्** (એ અર્થમાં) **अत इञ्**। (થી **इञ्** થતાં) **इः** (થાય છે).

**अकच्** યુક્તના સર્વનામ (સંજ્ઞા) અને અવ્યય (સંજ્ઞા) વિધિમાં અને **श्नम्** યુક્તના ધાતુ (સંજ્ઞા) વિધિમાં (તદન્તવિધિ થાય છે) એમ કહેવું જોઇએ ॥૫॥ [350]

---

**अप्रत्ययः** એમ કહ્યું છે તેથી પ્રત્યય પ્રાતિપદિક નથી, એટલે કે અપ્રાતિપદિક છે. આમ અહીં **उगित्** દ્વારા પ્રત્યય અપ્રત્યય ઉભયનું ગ્રહણ થતું હોવાથી **व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन**। એ પરિભાષા પ્રસ્તુત સ્થળે લાગુ નહીં પડે. પરિણામે **भवती** અને **महती** ની જેમ **अतिभवती** અને **अतिमहती** સિદ્ધ થશે. વર્ણગ્રહણ-- સૂત્રમાં જ્યારે વર્ણનું ગ્રહણ કરીને કાર્યનું વિધાન કર્યું હોય ત્યાં પણ એ પ્રત્યય વિધિ હોવા છતાં **समासप्रत्ययविधौ०** એ પ્રતિષેધ લાગુ પડતો નથી.જેમ કે **अत इञ्**। અહીં **अ**-કાર એ વર્ણનું ગ્રહણ કરીને અપત્યવાચી **इञ्** પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે તેથી પ્રતિષેધ ન થતાં **तदन्त** નું ગ્રહણ થવાથી **अदन्त** (**अ** જેને અંતે હોય તે) ને પણ **इञ्** થશે. તેથી **दक्षस्य अपत्यं दाक्षिः** થશે અને **प्लाक्षिः** સિદ્ધ થશે. કેવળ **अ**-કાર પ્રાતિપદિક નથી હોતો તેથી જ **अत इञ्**। માં તદન્ત વિધિ થાય છે એ દલીલ ઉચિત નથી, કારણ કે કેવળ **अ**-કાર પણ પ્રાતિપદિક છે. **अतति** એ અર્થમાં **अत्** ધાતુને **ड** લાગીને **अः** થાય છે.(ઉ.) **अः** એટલે વિષ્ણુ, કૃષ્ણ. અને **अस्य अपत्यम्** એ અર્થમાં **अत इञ्**। પ્રમાણે **इञ्** લગીને **इः** અર્થાત્ કામદેવ થશે. તેથી સૂત્રમાં સામર્થ્યને કારણે જ, એટલે કે કેવળ **अ**-કાર પ્રાતિપદિક નથી તે કારણે એ સૂત્રમાં તદન્ત વિધિને અવકાશ છે તે દલીલ અયોગ્ય સિદ્ધ થાય છે.

[350] **अव्ययसर्वनाम्नामकच्प्राक्टेः**। પ્રમાણે **अव्यय** અને **सर्वनाम** ને **अकच्** લાગે છે,પરંતુ તે અંતે ન લાગતાં તે અવ્યય કે સર્વનામના ટિ પૂર્વે લાગે છે. તેથી **सर्व अकच्** --**सर्व् अकच् अ**--**सर्वके** , **विश्वके** વગેરે સિદ્ધ થશે. અવ્યયમાં **उच्चैः**--**उच्चैः अकच्**--**उच्च् अकच् ऐः**--**उच्चकैः**. તે રીતે **नीचकैः** . **श्नम्**--**रुधादिभ्यः श्नम्**। પ્રમાણે **रुधादि** ગણના ધાતુઓને **शप्** નો બાધ કરીને **श्नम्** એ **मित्** પ્રત્યય થાય છે તેથી **भिद् ति**---**भिद् श्नम् ति**--**मिदचोऽन्त्यात्परः**।--**भि श्नम् द् ति**--**भिनद् ति**--**भिनत्ति**. એ રીતે **छिनत्ति** .અહી અહીં સર્વનામ, અવ્યય અને ધાતુ એ ત્રણે ઉદાહરણમાં આગમ વચ્ચે આવે છે તેથી **सर्वके** એ **सर्वादि** ગણમાં પઠિત **सर्व** (**तद्**) પણ નથી કે **सर्वान्त** (**तदन्त**) પણ નથી. હવે **येन विधिः०** પ્રમાણે વિધિ તો જે **तदन्त** હોય તેને થાય છે તેથી **सर्वक जस्** એ સ્થિતિમાં **सर्वक** એ **सर्व** નથી કે **सर्वान्त** પણ નથી તેથી **जसः शी**। પ્રમાણે સર્વનામ પછી આવતા **जस्** નો **शी** થવો જોઇએ તે નહીં થાય. પરિણામે **सर्वके** , **विश्वके** (**स्वके**) જેવાં રૂપો નહીં થાય.**उच्चैस्** , (**नीचैस्**) નો **स्वरादि** ગણમાંપાઠ છે તેથી **स्वरादि-निपातमव्ययम्**। પ્રમાણે તેમની **अव्यय** સંજ્ઞા થશે, પરંતુ **उच्चकैः** વગેરેનો **स्वरादि** ગણમાં પાઠ નથી, તે **उच्चैः** (**तद्**) પણ નથી કે **उच्चैः** જેને અંતે હોય તે (**तदन्त**) પણ નથી તેથી તેને અવ્યય સંજ્ઞા નહીં થાય. આથી **उच्चकै सु** એ સ્થિતિમાં **अव्ययादाप्सुपः**।



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अकज्वतः सर्वनामाव्ययविधौ श्नम्वतो धातुविधावुपसंख्यानं कर्तव्यम्। अकज्वतः। सर्वके विश्वके। अव्ययविधौ। उच्चकैः नीचकैः। श्नम्वतः। भिनत्ति छिनत्ति॥ किं पुनः कारणं न सिध्यति। इह तस्य वा ग्रहणं भवति तदन्तस्य वा। नचेदं तन्नापि तदन्तम्॥

सिद्धं तु तदन्तान्तवचनात्॥६॥

सिद्धमेतत्। कथम्। तदन्तान्तवचनात्। तदन्तान्तो यस्य तदिदं

अकच् યુક્ત (શબ્દ)ને સર્વનામ (સંજ્ઞા) અને અવ્યય (સંજ્ઞા) ને લગતો વિધિ કરવાનો હોય ત્યારે અને श्नम् પ્રત્યય યુક્તને ધાતુ (સંજ્ઞા) ને લગતો વિધિ કરવાનો હોય ત્યારે (તદન્તવિધિ થાય છે) એમ કહેવું જોઇએ. अकच् યુક્તનાં सर्वके विश्वके। અવ્યય વિધિનાં उच्चकैः नीचकैः. श्नम् યુક્તનાં भिनत्ति छिनत्ति (એ ઉદાહરણો છે), પરંતુ એ સિદ્ધ ન થવાનું કારણ શું? (કારણ એ કે) આ (સૂત્ર) પ્રમાણે કાં તો તે (तद्) નું ગ્રહણ થાય છે અથવા તે જેને અન્તે હોય તે (तदन्त) નું ગ્રહણ થાય છે. પરંતુ આ (अकच् યુક્ત અને श्नम् યુક્ત તો तद् (તે) પણ નથી કે तदन्त (તે જેને અન્તે હોય તે) પણ નથી.

પણ तदन्तान्त એમ કહેવાથી સિદ્ધ થાય છે॥૬॥ [351]

એ સિદ્ધ થાય છે. કેવી રીતે (થાય છે)? तदन्तान्त એમ કહેવાથી, એટલે કે तदन्तान्तस्य (તેનો અન્ત જેનો અન્ત છે તેનું) એમ કહેવું પડશે. આ तदन्तान्त (તેનો અન્ત જેનો અન્ત છે તે) એ વળી શું છે? તેનો અન્ત તે तदन्त અને तदन्त જેનો અન્ત છે તે

---

પ્રમાણે सु લોપ નહીં થાય.જો કે પ્રસ્તુત ઉદાહરણોમાં हल्ङ्याब्भ्यो० પ્રમાણે सु લોપ થઇ શકે, પરંતુ સર્વવિભક્તિ ઉત્પન્ન થાય તો તેનો લોપ ન થઇ શકે. અવ્યય સંજ્ઞા થાય તો જ થઇ શકે એમ ભાવ છે. ધાતુ--भिनत्ति અહીં श्नम् વચમાં હોવાથી भिनद् એ भिद् (तद्) પણ નથી કે भिद् શબ્દાન્ત (तदन्त) પણ નથી તેથી धातोः। પ્રમાણે અન્તોદાત્ત પ્રાપ્ત નહીં થાય.પ્રત્યય સ્વરથી અન્તોદાત્ત થઇ શકશે, કારણ કે પ્રત્યય आद्युदात्तश्च। પ્રમાણે આધુદાત્ત હોય છે.પરંતુ अभिनः માં ધાતુ સંજ્ઞા ન થવાથી दश्च। (૮-૨-૭૫) પ્રમાણે ધાતુના અન્ત્ય द् નો रु નહીં થઇ શકે.પણ તદન્તવિધિ સ્વીકારવાથી ઇષ્ટ સિદ્ધિ થશે.અન્ય મત પ્રમાણે श्नम् ને આગમ ગણો તો આગમ ઉદાત્ત હોય છે અને જો તેને પ્રત્યય ગણવામાં આવે તો परश्च। તેને લાગુ પડતું નથી, કારણ કે मित् હોવાથી તે અંતે નથી થતો. અને परश्च। ની સાથે જ તેનું વિધાન કરવામાં આવ્યું છે (सन्नियोगशिष्ट) તેથી ઉદાત્તત્વનો પણ તેને વિશે નિષેધ થતાં श्नम् અનુદાત્ત જ થશે. પરિણામે સતિશિષ્ટ ધાતુસ્વર રહે તે ઇષ્ટ છે.[ચૌખં.પૃ.(૫૭૧)માં विश्वके ને સ્થાને स्वके છે.પાંટી.૧ માં અન્ય પાઠ નોંધ્યો છેઃ अकच्श्नुम्वतः सर्वनामाव्ययधातुविधावुपसंख्यानम्॥ अकच्श्नम्वतः सर्वनामाव्यय-धातुविधावुपसंख्यानं कर्तव्यम्। अकच्वतः इति पाठो दृश्यते। જો એ પાઠ સ્વીકારવામાં આવે તો આ કાત્યાયનની વા. છે એમ સિદ્ધ થાય છે.પરંતુ કેટલાંક શ્રદ્ધેય પુસ્તકોમાં તે પ્રમાણેનો પાઠ ન હોવાથી આ ભાષ્યવાર્તિક છે તે નિશ્ચિત થાય છે. કિ. વા. શા. માં એને કાત્યાયન વા. ગણી છે.]

[351] सर्वक માં અંતે अ-કાર છે તે જ अ-કાર सर्व શબ્દનો પણ છે, કારણ કે टि પૂર્વે થએલ अकच् અંતે રહેલ अ-કારની પૂર્વે થયો છે. આમ सर्व નો જે અંત છે તે જ सर्वक નો પણ અંત છે તેથી સૂત્રમાં तदन्तान्त એટલે કે તેનો (=सर्व નો) જે અંત છે (=अ-કાર) તે(=अ-કાર) જેનો અંત છે તે (અર્થાત્ सर्वक), એટલે કે येन विधिः तदन्तान्तेन। એમ કહેવાથી આગળ કહ્યો તે દોષ નહીં આવે. એમ કહેવા માગે છે. उच्चकैः માં પણ उच्चैः ને टि પૂર્વે अकच् થતાં उच्चैः નો અન્ત (ऐस्) એ જ उच्चकैः નો પણ અંત છે. તેથી અવયયમાં પણ દોષ નિવારણ થશે. આ સમાધાન ધાતુને અનુલક્ષીને છે એમ કૈ.માને છે પરંતુ ના. સ્પષ્ટ કહે છે કે આ સમાધાન अकच् વિષયક જ છે.(तस्मादयं समाधिरकच्विषय एवेति बोध्यम्।उ०)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तदन्तान्तम्। तदन्तान्तस्येति॥ स तर्हि तथा निर्देशः कर्तव्यः। न कर्तव्यः। उत्तरपदलोपोऽत्र द्रष्टव्यः। तद्यथा। उष्ट्रमुखमिव मुखमस्योष्ट्रमुखः। एवमिहापि तदन्तोऽन्तो यस्य तदन्तस्येति॥

तदेकदेशविज्ञानाद्वा सिद्धम्॥ ७॥

तदेकदेशविज्ञानाद्वा पुनः सिद्धमेतत्। तदेकदेशभूतस्तद्ग्रहणेन गृह्यते। तद्यथा। गङ्गा यमुना देवदत्तेति। अनेका नदी गङ्गां यमुनां च प्रविष्टा गङ्गायमुनाग्रहणेन गृह्यते। तथा देवदत्तास्थो गर्भो देवदत्ताग्रहणेन गृह्यते॥ विषम उपन्यासः।

तदन्तान्त. तदन्तान्तस्य [તેનો અંત જેનો અંત છે તેનું ] એમ(સમજાય છે) . તો પછી એ પ્રમાણે નિર્દેશ કરવો પડશે? નહીં કરવો પડે. અહીં ઉત્તરપદનો લોપ (થયો છે તેમ) જાણવું. જેમ उष्ट्रमुखमिव मुखमस्योष्ट्रमुखः। खरमुखः (વગેરે થાય છે) [352]તેમ અહીં પણ तदन्तः अन्तः यस्य तदन्तः तस्य तदन्तस्य। [અર્થાત્ તેનો અન્ત જેનો અન્ત છે તે तदन्त (અને તેનું તે) तदन्तस्य ]

અથવા તો તેના એક ભાગ રૂપ છે તેમ સમજવાથી સિદ્ધ થશે ॥૭॥

અથવા તો (સૂત્રમાં જેનું ગ્રહણ કરવામાં આવ્યું છે ) તેનો એક ભાગ છે[353] તેમ સમજવાથી સિદ્ધ થશે, કારણ કે તેનું (અર્થાત્ અવયવીનું) ગ્રહણ કરવાથી તેના એક ભાગ (અર્થાત્ અવયવ) નું ગ્રહણ થાય છે, જેમ કે गङ्गा यमुना देवदत्ता। (પણ) ગંગા, યમુના એમ કહેવાથી જે અનેક નદી ગંગા યમુનામાં મળી ગઇ છે તેમનું પણ ગ્રહણ થાય છે. તે રીતે 'દેવદત્તા' કહેવાથી દેવદત્તા (ની કૂખ) માં રહેલ ગર્ભનું પણ ગ્રહણ થાય છે.આ દૃષ્ટાન્ત સમાન નથી.

---

[352] જેમ उष्ट्रमुखः માં ઉત્તરપદનો લોપ થયો છે તેમ અહીં સમજવું [નોંધ(૩૧૧)]. કૈ કહે છે કે तदन्तोऽन्तो यस्य तदन्तः એ જે સમાસ થયો તેમાં સામર્થ્યને કારણે ઉત્તરપદનો અર્થ સમજી શકાય છે તેથી તે લોપ વાચનિક છે, આનુમાનિક નથી,પરંતુ उष्ट्रमुखः માં સામર્થ્યને કારણે સમજી શકાય છે કે કોઇ પુરુષનું મુખ ઊંટ એ સમગ્ર પ્રાણી જેવું ન હોય પણ તેના મુખ જેવું હોય એમ અનુમાન કરી શકાય છે તેથી ત્યાં ઉત્તરપદ मुख નો લોપ વાચનિક નથી. કૈ. અન્ય મત રજુ કરે છેઃ પૂંછડું કે શિંગડું અર્થાત્ કોઇ એક અવયવ જોઇને આ गो છે એમ અવયવી વિશે ભાન થાય છે તેમ सर्व શબ્દના અંત્ય અવયવ अ-કારને सर्वक શબ્દમાં જોઇને ' सर्वक શબ્દ सर्व શબ્દાન્ત છે એમ સમજાય છે. અહીં શંકા થાય કે જેમ અન્ય તંતુના સાન્નિધ્યમાં જ અવયવી પટનું ભાન થાય છે તે રીતે અવયવી તંતુ પ્રત્યેક અવયવમાં રહેલ હોવા છતાં માત્ર એક તંતુ ઉપરથી પટનું ભાન થતું નથી. તેમ अ-કારનું ભાન થવાથી તે सर्व છે તેમ સમજી ન શકાય. તેથી બીજી દલીલ કરે છેઃ छत्र, पार्श्व, अयःशूल, शीत, उष्ण વગેરે શબ્દો ગૌણાર્થમાં ગુરુના દોષ ઢાંકનાર, સરળ ન હોય તેવો ઉપાય, તીક્ષ્ણ ઉપાય, ઠંડો, ઝડપી વગેરે અર્થમાં અનુક્રમે પ્રયોજાય છે તેમ અહીં सर्वक માં પણ અંત્ય अ-કારમાં सर्व નો, અર્થાત્ અવયવમાં અવયવીનો આરોપ કરવાથી सर्वक શબ્દ सर्व શબ્દાન્ત છે તેમ સમજાશે. तस्यादित उदात्तमर्धह्रस्वम्। સૂત્રમાં પણ अर्धह्रस्व શબ્દ अर्धमात्रा ના અર્થમાં લક્ષણાથી લેવાનો છે. ટૂંકમાં तदन्त ને तदन्तान्त ના અર્થમાં લક્ષણાથી લઇ શકાશે તેથી સૂત્રમાં तदन्तान्त એમ ન કહેવા છતાં કાર્ય સિદ્ધ થશે.

[353] सर्वक માં વચ્ચે अकच् છે. તે सर्व ના એક ભાગરૂપ (एकदेशः) છે તેથી सर्वक એ सर्व છે એમ ભાન થતું અટકતું નથી. જેમ અન્ય નદીઓનો ગંગાયમુના સાથે સંગમ થયો હોય તો પણ ' ગંગાયમુના' એમ કહેવાથી એ મળી ગએલી નદીઓ પણ તેમાં આવી જાય છે. જેમ દેવદત્તા એમ કહેવાથી દેવદત્તાની કૂખમાં રહેલ ગર્ભ પણ તેનામાં આવી જાય છે તેમ सर्वक ને વિશે सर्व નું ભાન થશે.કેટલાક देवदत्ता ને નદી ગણે છે,પરંતુ देवदत्तास्थो गर्भः વગેરે ઉપરથી સ્પષ્ટ થાય છે કે देवदत्ता અહીં સ્ત્રીનું નામ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इह केचिच्छद्वा अक्तपरिमाणानामर्थानां वाचका भवन्ति य एते संख्याशद्वाः परिमाणशद्वाश्च। पञ्च सप्तेत्येकेनाप्यपाये न भवन्ति। द्रोणः खार्याढकमिति नैवाधिके भवन्ति न न्यूने। केचिद्यावदेव तद्भवति तावदेवाहुर्य एते जातिशद्वा गुणशद्वाश्च। तैलं घृतमिति खार्यामपि भवन्ति द्रोणेऽपि। शुक्लो नीलः कृष्ण इति हिमवत्यपि भवति वटकणिकामात्रेऽपि द्रव्ये। इमाश्चापि संज्ञा अक्तपरिमाणानामर्थानां क्रियन्ते ताः केनाधिकस्य स्युः॥ एवं तर्ह्याचार्यप्रवृत्तिर्ज्ञापयति तदेकदेशभूतं तद्ग्रहणेन गृह्यत इति यदयं नेदमदसोरकोः इति सककारयोरिदमदसोः प्रतिषेधं शास्ति। कथं कृत्वा ज्ञापकम्।

અહીં કેટલાક શબ્દો, જે આ સંખ્યાવાચી અને પરિમાણવાચી શબ્દો છે, તે ચોક્કસ વ્યાપવાળા અર્થોના વાચક હોય છે.[354] જેમ કે પાંચ, સાત. તેમાંથી એક પણ ઓછો થાય તો તે (પાંચ કે સાત) ન રહે. દ્રોણ, ખારી, આઢક એ (શબ્દો પણ) તે (દ્રોણ વગેરે) થી વધારે કે ઓછું હોય તેને માટે (પ્રયોજાતા) નથી. (જ્યારે) કેટલાક જાતિવાચક અને ગુણવાચક (શબ્દ) છે તે જ્યાં સુધી તે (નો સંજ્ઞી ઓછો કે વધારે હોય) ત્યાં સુધી તેનો અર્થ બતાવે છે. તેલ, ઘી જેવા (જાતિવાચક શબ્દો તે ઘી વગેરે) ખારી જેટલાં હોય તો પણ પ્રયોજાય છે અને દ્રોણ જેટલાં હોય તો પણ. શ્વેત, નીલ, કૃષ્ણ એ ગુણવાચક શબ્દો હિમાલય (જેવા વિરાટકાય) માટે (પ્રયોજાય) છે અને વડના બીજ જેવડી (સૂક્ષ્મ) વસ્તુ માટે પણ (પ્રયોજાય) છે. આ (શાસ્ત્રમાંની) સંજ્ઞાઓ પણ નિશ્ચિત પરિમાણવાળા (સંજ્ઞીભૂત) શબ્દોની જ કરવામાં આવે છે, એટલે તેનાથી જે વધારે હોય તેની (સંજ્ઞા) કેવી રીતે થાય ? એમ છે ત્યારે આચાર્યના વ્યવહાર ઉપરથી સૂચવાય છે કે તેનું (અર્થાત્ સૂત્રમાં મૂકેલ) નું ગ્રહણ કરવાથી તેના અવયવભૂતનું પણ ગ્રહણ થાય છે, કારણ કે તેમણે **अनेमदसोरकोः।** માં[355] **क**-કાર યુક્ત **इदम्** અને **अदस्** નો પ્રતિષેધ કર્યો છે. કેવી રીતે જ્ઞાપક છે ?

---

[354] **अक्तपरिमाणाः** એટલે કે જેનું માપ (=અર્થ) નિશ્ચિત હોય તે. પાંચ, સાત જેવા સંખ્યાવાચી શબ્દ, પાંચ અને સાત એ પરિમિત અર્થ જ બતાવે, જો તેમાંથી એક ઓછો કે વધારે હોય તો તે પાંચ કે સાત ન કહેવાય. તે રીતે **द्रोण** , **खारी** વગેરે જે અનાજ નાં માપ છે તેમાં પણ થોડું ઓછું કે વત્તું હોય તો તે અનાજ દ્રોણભર કે ખારીભર ન કહેવાય. આ નિશ્ચિત વ્યાપવાળા શબ્દો છે. અમુક જત્થો હોય કે અમુક વસ્તુઓ હોય તો જ તેને વિશે જે તે શબ્દ પ્રયોજી શકાય, અન્યથા નહીં.. પરંતુ જાતિવાચક અને ગુણવાચક શબ્દોની બાબતમાં તેમ નથી હોતું.જેમ કે તેલ, ઘી એ જાતિવાચક શબ્દો એક ટીપું તેલ કે ઘી હોય તો પણ તેને તેલ કે ઘી કહી શકાય અને મણ ઘી હોય તો પણ તે તેલ કે ઘી છે તેમ કહેવાય, અર્થાત્ અહીં જત્થો અપેક્ષિત નથી. તે રીતે શ્વેત, નીલ, કૃષ્ણ વગેરે ગુણવાચક શબ્દોની બાબતમાં છે. હિમાલય જેવા હિમરાશિપણ શ્વેત છે એમ કહેવાય અને વડનું સૂક્ષ્મ બીજ પણ શ્વેત છે એમ કહી શકાય. અહીં પણ દ્રવ્ય મોટું હોય કે નાનું છતાં તેમાં રહેલ શ્વેત વગેરે ગુણને વિશે શ્વેત,નીલ વગેરે શબ્દો યોગ્ય રીતે પ્રયોજી શકાય છે. તે રીતે આ વ્યાકરણ શાસ્ત્રમાં જે સંજ્ઞાઓ છે તે પણ **अक्तपरिमाण** છે. તે જેને વિશે કરવામાં આવી હોય તેને જ તે સંજ્ઞા સૂચવે. તેથી વધારે કે ઓછું હોય તેને ન સૂચવે. તેથી **सर्व** ને **सर्वनाम** સંજ્ઞા કરી છે તે **सर्व** ને જ લાગુ લાગુ પડે, પરંતુ **अकच्** યુક્ત **सर्व** ને, અર્થાત્ **सर्वक** ને લાગુ ન પડી શકે, કારણ કે શબ્દો તે નિત્ય છે. તેમાં વિકાર કે વધારો થતો નથી પછી **सर्व** એ **सर्वक** છે એમ કેવી રીતે સંભવી શકે ! પરિણામે **सर्वक** ને **सर्वनाम** સંજ્ઞા ન થવાથી **जसः शी।** પ્રમાણે **जस्** નો **शी** આદેશ ન થતાં **सर्वके** રૂપ સિદ્ધ ન થઇ શકે એમ અહીં ભાવ છે.અહીં દલીલ થઇ શકે કે કૂતરાને ગૂમડું થયું હોય, તે રૂપી વધારો થયો હોય, તો પણ તે **श्वा** તો રહે જ છે તેનું **श्वत्व** નાશ પામતું નથી તેમ **सर्व** ને **अकच्** લગાડવામાં આવે, એટલે કે તે **सर्वक** થાય તેથી તેનું **सर्व**- શબ્દત્વ નષ્ટ થતું નથી અને તેથી **सर्वक** એ **सर्व** છે એમ સમજાશે. એ પ્રકારની દલીલ ઉચિત નથી, કારણ કે ઉપર જોયું તેમ શબ્દ નિત્ય છે, વિકાર-ઉપજન રહિત છે. વાસ્તવમાં સૂત્રમાં પરિચ્છિન્ન પરિમાણ (ચોક્કસ માપ દર્શાવતા) શબ્દનું ગ્રહણ કર્યું હોય ત્યાં **एकदेशविकृत** ન્યાય લાગુ પડતો નથી એમ ભાષ્યનો આશય છે.

[355] **नेदमदसोः०** માં **क**-કાર રહિત **इदम्** અને **अदस्** ની પર થતા **भिस्** નો **ऐस्** નથી થતો એમ કહ્યું છે, પરંતુ કાર્ય તો **इदम्**, **अदस्** ને અનુલક્ષીને કહેવામાં આવ્યું છે, કારણ કે **अकच्** યુક્ત **इदम्** અને **अदस्** ને લાગુ પડે તેવી કોઇ શક્યતા જ નથી. છતાં સૂત્રકારે **अकोः** એમ કહીને પ્રતિષેધ કર્યો છે તેથી સૂચવાય છે કે **क**-કારયુક્ત **इदम्** અને **अदस्** (એટલે કે **इमक** અને **अमुक**) એ **इदम्** અને **अदस्** જ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इदमदसोः कार्यमुच्यमानं कः प्रसङ्गो यत्सककारयोः स्यात्। पश्यति त्वाचार्यस्तदेकदेशभूतं तद्ग्रहणेन गृह्यते। ततः सककारयोः प्रतिषेधं शास्ति॥ कानि पुनरस्य योगस्य प्रयोजनानि।

प्रयोजनं सर्वनामाव्ययसंज्ञायाम्॥८॥

**सर्वनामाव्ययसंज्ञायां प्रयोजनम्। सर्वे परमसर्वे विश्वे परमविश्वे। उच्चैः परमोच्चैः नीचैः परमनीचैरिति॥**

**उपपदविधौ भयाद्याद्याादिग्रहणम्॥९॥**

**उपपदविधौ भयाद्यादिग्रहणं प्रयोजनम्। भयंकरः अभयंकरः। आढ्यंकरणम् स्वाढ्यंकरणम्॥**

કારણ કે **इदम्** અને **अदस्** ને (અનુલક્ષીને) જે કાર્ય કહેવામાં આવ્યું હોય તે **क**-કાર યુક્ત (**इदम्** અને **अदस्** ) ને થવાનો પ્રસંગ જ ક્યાંથી આવે ? પરંતુ આચાર્ય જાણે છે કે તે (અવયવી) નું ગ્રહણ કરવાથી તેના એક ભાગ રૂપ હોય તેનું ગ્રહણ થાય છે, તેથી **क**-કાર યુક્ત (**इदम्** , **अदस्**) નો પ્રતિષેધ કરે છે.

હવે આ સૂત્રનાં પ્રયોજન કયાં છે ?

પ્રયોજન એ કે સર્વનામ અને અવ્યય સંજ્ઞા થતી હોય ત્યાં (**तदन्त** ને થાય) ॥૮॥

સર્વનામ સંજ્ઞા અને અવ્યય સંજ્ઞા જ્યાં હોય [356] ત્યાં (**तदन्त** ને પણ તે સંજ્ઞા) થાય એ (આસૂત્રનું ) પ્રયોજન છે,.જેથી **सर्वे** ની જેમ

**परमसर्वे** (માં), **विश्वे** (ની જેમ) **परमविश्वे** (માં પણ સર્વનામ સંજ્ઞા થાય), **उच्चैः** ની જેમ **परमोच्चैः** (માં અને) **नीचैः** (ની જેમ) **परमनीचैः** (માં પણ અવ્યય સંજ્ઞા થાય).

ઉપપદ વિધિમાં **भय** , **आढ्य** વગેરેનું ગ્રહણ કર્યું છે તે (પ્રયોજન છે )॥૯॥

ઉપપદને લગતા વિધિમાં **भय** , **आढ्य** વગેરેનું [357] ગ્રહણ કર્યું છે ત્યાં (**तदन्त** ને થાય તે) પ્રયોજન છે, જેથી **भयंकरः** (તેમ જ) **अभयंकरः** **आढ्यंकरणम्** (તેમ જ) **स्वाढ्यंकरणम्** (થાય).

---

છે. બીજી રીતે કહેતાં **इदम्** વગેરેનું ગ્રહણ કરવાથી તેના એકદેશભૂતનું ગ્રહણ થાય છે એમ આચાર્ય જોઇ શકે છે તેથી જ તેમણે એ રીતે કહ્યું છે. આમ શબ્દ નિત્ય હોવા છતાં **अकच्** વગેરેનું વિધાન કરવામાં આવ્યું છે તે **इदम्** , **सर्व** વગેરેના અવયવ ન હોવા છતાં તે શબ્દોમાં કોઇ ફેર ઉદ્ભાવતા નથી.

[356] **सर्वनामसंज्ञा** અને **अव्ययसंज्ञा** સૂત્રમાં વિશેષણનો ઉલ્લેખ નથી તેથી **तदन्त** વિધિ કેવી રીતે થઇ શકે ? એ શંકા બાબત કૈ., ના. કહે છેઃ વા.(૮) માં અપૂર્વ તદન્તવિધિનું ઉપસંખ્યાન કર્યું છે અને બાકીનાં વાર્તિકોમાં પણ તે જ રીતે છે. તેથી વિશેષણરહિત શબ્દ રૂપી વિશેષ્યને લઇને તદન્તવિધિ થશે.પરિણામે **सर्व जस्--सर्व शी--सर्वे** થાય છે તે રીતે **परमसर्व जस्--परमसर्व शी--परमसर्वे** થશે, કારણ કે **तदन्त** (=**सर्वशब्दान्त**) **परमसर्व** ને પણ **सर्वनाम** સંજ્ઞા થઇ છે. તે રીતે **अव्ययादाप्सुपः।** પ્રમાણે **उच्चैः** ની પર આવતા **सुप्** નો લોપ થાય છે તેમ **तदन्त परमोच्चैः** પછી પણ લોપ થશે.

[357] **मेघर्तिभयेषु कृञः।** પ્રમાણે મેઘ , **ऋति** અને **भय** એ ઉપપદ હોય ત્યારે **कृ** ધાતુને કરણના અર્થમાં **खच्** થાય છે. અહીં **भय** વગેરે કર્મનાં વિશેષણ છે. તેથી તદન્તવિધિ થઇ શકશે પરિણામે **भयं करोति भयंकरः** થાય તેમ તદન્ત (**अभय** ) ને પણ **अभयं करोति** એ અર્થમાં **खच्** થઇને **अभयंकरः** થશે.તે રીતે **आढ्यसुभग०** પ્રમાણે **आढ्य** વગેરે ઉપપદ થતાં **कृ** ધાતુને કરણના અર્થમાં **ख्युन्** થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ङीब्विधावुगिद्ग्रहणम् ॥१० ॥

ङीब्विधावुगिद्ग्रहणं प्रयोजनम्। भवती अतिभवती। महती अतिमहती ॥

प्रतिषेधे स्वस्रादिग्रहणम् ॥११ ॥

प्रतिषेधे स्वस्रादिग्रहणं प्रयोजनम्। स्वसा परमस्वसा। दुहिता परमदुहिता ॥

अपरिमाणबिस्तादिग्रहणं च प्रतिषेधे ॥१२ ॥

अपरिमाणबिस्तादिग्रहणं च प्रतिषेधे प्रयोजनम्। अपरिमाणबिस्ताचितकम्बल्येभ्यो न तद्धितलुकि। द्विबिस्ता द्विपरमबिस्ता। त्रिबस्ता त्रिपरमबिस्ता। द्व्याचिता द्विपरमाचिता ॥

ङीप् ने લગતા વિધિમાં उगित् નું ગ્રહણ કર્યું છે (ત્યાં तदन्त ने થાય) તે પ્રયોજન (છે) ॥૧૦॥

ङीप् એ (સ્ત્રી પ્રત્યય) ને લગતા વિધિમાં उगित् નું ગ્રહણ કર્યું છે (ત્યાં तदन्त ને કાર્ય થાય) તે પ્રયોજન છે.[358] જેથી भवती ની જેમ) अतिभवती , महती (તેમ જ) अतिमहती (સિદ્ધ થાય).

(ङीप् ના) પ્રતિષેધમાં स्वसृ વગેરેનું ગ્રહણ કર્યું છે (તે તદન્તને થાય તે પ્રયોજન) ॥૧૧॥

ङीप् એ સ્ત્રી પ્રત્યયનો) પ્રતિષેધ (સૂત્ર)માં स्वसृ વગેરેનું ગ્રહણ કરવામાં આવ્યું છે[359] (તેથી તદન્તને પણ ङीप् નો પ્રતિષેધ થાય) તે પ્રયોજન છે .જેથી स्वसा (ની જેમ) परमस्वसा, दुहिता (ની જેમ) परमदुहिता (સિદ્ધ થાય).

अपरिमाण० (એ ङीप् પ્રતિષેધ (વિધાયક સૂત્ર)માં बिस्तादि નું ગ્રહણ છે (તે તદન્તને થાય એ પ્રયોજન) ॥૧૨॥ [360]

अपरिमाणबिस्ता० (એ ङीप् પ્રતિષેધ (વિધાયક સૂત્ર)માં बिस्तादि નું ગ્રહણ છે (તે तदन्त ને પણ થાય એ પ્રયોજન છે. अपरिमाणबिस्ता-चितकम्बल्यभ्यो न तद्धितलुकि। (એ પ્રમાણે बिस्त વગેરેને ङीप् નો પ્રતિષેધ કરવામાં આવ્યો છે, તે तदन्त ને પણ થાય) જેથી द्विबिस्ता (થાય છે તેમ) द्विपरमबिस्ता તથા त्रिबिस्ता (થાય છે તેમ) त्रिपरमबिस्ता (માં પણ ङीप् લોપ થાય). द्व्याचिता થાય છે તેમ द्विपरमाचिता માં પણ ङीप् નો લોપ થાય.

---

છે.અહીં आढ्य વગેરે કર્મનાં વિશેષણ છે તેથી (અંતે च्वि ન હોવા છતાં) अनाढ्यमाढ्यं कुर्वन्त्यनेन (એમ च्वि ના અર્થમાં) आढ्यंकरणम् થાય તે રીતે તદન્તવિધિ થઇને તદન્ત स्वाढ्य ને પણ તે અર્થમાં ख्युन् થઇને स्वाढ्यंकरणम् થશે.

[358] નોધ (૩૪૯).

[359] ऋन्नेभ्यो ङीप्। પ્રમાણે ऋ-કારાન્તને સ્ત્રીલિંગમાં ङीप् થાય છે તેનો न षट्स्वस्रादिभ्यः। થી પ્રતિષેધ કરવામાં આવ્યો છે .તેમાં स्वस्रादि ગણના શબ્દો છે. તે જેને અંતે હોય તેને (तदन्त ને) પણ ङीप् નો પ્રતિષેધ થાય તે આ સૂત્રનું પ્રયોજન છે. તેથી જેમ स्वसृ ને ङीप् નો પ્રતિષેધ થઇને स्वसा થાય છે તેમ तदन्त परमस्वसृ નું परमस्वसा થશે. તે રીતે दुहिता ,परमदुहिता વગેરે થશે. અહીં પ્રશ્ન થાય કે પ્રતિષેધ એ વિધિ નથી જ્યારે સૂત્રમાં તો येन विधिः० એમ વિધિને વિશે છે. પછી પ્રતિષેધ હોય ત્યાં तदन्त વિધિ કેમ કરીને થશે ? કે. કહે છે विधीयते इति विधिः અર્થાત્ સામાન્ય રીતે જે પણ કોઇ કાર્યનું વિધાન કરવામાં આવે તે વિધિ. એ અર્થમાં સૂત્રમાંનો વિધિશબ્દ વિધિ અને પ્રતિષેધ બન્નેને લાગુ પડશે. પરિણામે न षट् स्वस्रा० એ પ્રતિષેધને પ્રકૃત સૂત્ર લાગુ પડશે. તેથી स्वसृ વગેરે (ङ्याप्प्रातिप० માંથી અનુવૃત્ત થતા) પ્રાતિપદિકનાં વિશેષણ છે તેથી તદન્ત વિધિ થવાથી परमस्वसा , परमदुहिता વગેરે સિદ્ધ થશે.

[360] अपरिमाणबिस्तादि० થી જે ङीप् પ્રતિષેધ કર્યો છે તેમાં बिस्त શબ્દનું ગ્રહણ કર્યુ છે (बिस्त એ સોનાનું માપ છે.૧૬ માસા=૮૦ રતિભાર = ૧ બિસ્ત કે સુવર્ણ) द्वौ बिस्तौ पचति। (બે બિસ્ત સુવર્ણ ગાળે છે) એ અર્થમાં तद्धितार्थोत्तरपदसमाहारे च। પ્રમાણે द्विगु --संभवत्यभ्यवहरति पचति। થી ठक् થતાં अध्यर्द्धपूर्वद्विगोर्लुगसंज्ञायाम्। થી તદ્ધિત लुक्. હવે द्विगोः। પ્રમાણે જે ङीप् નું વિધાન કર્યુ છે તેનો अपरिमाण० દ્વારા પ્રતિષેધ થતાં टाप् લાગીને द्विबिस्ता થશે. અહીં बिस्त વગેરે દ્વિગુ દ્વારા રજૂ થએલ ઉત્તરપદનાં વિશેષણ છે તેથી તદન્તવિધિ થઇને द्विपरमबिस्ता . त्रिबिस्ता ઉપરથી त्रिपरमबिस्ता સિદ્ધ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

दिति ॥१३॥

दितिग्रहणं च प्रयोजनम्। दितेरपत्यं दैत्यः अदितेरपत्यमादित्यः॥ दित्यदित्यादित्य इत्यदितिग्रहणं न कर्तव्यं भवति ॥

रोण्या अण् ॥१४॥

रोण्या अण्ग्रहणं च प्रयोजनम्। आजकरोणः सैंहिकरोणः॥

तस्य च ॥१५॥

दिति (શબ્દનું ગ્રહણ એ પ્રયોજન) ॥૧૩॥ [361]

दिति (શબ્દ)નું ગ્રહણ એ પણ પ્રયોજન છે. જેથી दितेरपत्यं दैत्यः। થાય છે તેમ तदन्त, अदिति ને પણ अदितेरपत्यम् એ અર્થમાં ण्य થઇને आदित्यः થાય. તેથી दित्यदित्यादित्य (पत्युत्तरपदाण्ण्यः।) માં अदिति શબ્દનું ગ્રહણ નહીં કરવું પડે.

रोणी (પ્રાતિપદિક) ને अण् લાગે તે (પ્રયોજન) ॥૧૪॥ [362]

(रोणी। એ સૂત્રથી) रोणी (પ્રાતિપદિક) ને अण् લાગે છે તે (तदन्त ને પણ થાય એ) પ્રયોજન છે.(જેથી) आजकरोणः सैंहिकरोणः (સિદ્ધ થાય).

તેને પણ (લાગે) ॥૧૫॥ [363]

---

[361] दित्यदित्या० માં दिति અને अदिति એ બન્ને શબ્દોનું ગ.હણ કરેલું છે. અહીં એમ દલીલ છે કે સૂત્રમાં दिति નું ગ્રહણ કર્યું છે તેથી दितेरपत्यम् એ અર્થમાં એ સૂત્ર પ્રમાણે ण्य થઇને दैत्यः થાય છે તેમ येन विधिः० પ્રમાણે તદન્તવિધિ થઇને अदितेरपत्यम् એ અર્થમાં (दिति જેના અન્તે છે તે) अदिति શબ્દને પણ ण्य થઇને आदित्यः સિદ્ધ થાય. એ येन विधिः० સૂત્રનું પ્રયોજન છે. વળી તેથી લાઘવ પણ થશે, કારણ કે दित्यदित्यादित्य० સૂત્રમાં अदिति શબ્દનું ગ્રહણ નહીં કરવું પડે. જો કે પદ.પ્રમાણે अदिति શબ્દનું ગ્રહણ अदिति જેમાં ઉત્તરપદ હોય તેને આવરી લેવા માટે કર્યુ છે, કારણ કે अदिति જેમાં ઉત્તરપદ હોય તે दिति ઉત્તરપદયુક્ત છે તેમ ન કહી (दित्यदिति० સૂત્ર પર પદ. अदितिग्रहणं तु तदुत्तरपदपरिग्रहार्थं स्यात् न ह्यदित्युत्तरपदं दित्युत्तरपदं भवति ।). અહીં પ્રશ્ન થાય કે તદન્ત ગ્રહણ થઇ શકે તે માટે दिति નું ગ્રહણ કર્યુ હોય તો પછી परमादिति વગેરેને ण्य કેમ નથી થતો ? કે. કહે છે કે તે પ્રકારનો ભાષામાં પ્રયોગ થતો નથી (अन -भिधानात्) તેથી નહીં થાય.

[362] रोणी। સૂત્રમાં रोणी એ પ્રથમા અથવા લુપ્તપંચમીનો પ્રયોગ છે, પરંતુ વા. માં रोण्याः એમ જ કહ્યું છે. ના.કહે છે કે लुप्तपञ्चम्येतत्। (લઘુશ.).બા.મ.પણ , કાશિ.પ્રથમા કહે છે.અહીં સૂત્રકારે रोण्याः(अण्) એમ ન કહેતાં ઇરાદાપૂર્વક रोणी એમ કહ્યું છે. આ રીતે લક્ષણ - શાસ્ત્રીય પદ્ધતિની અપેક્ષા ન રાખતાં रोणी એમ કહેવાથી रोणी શબ્દને તેમ જ તદન્ત अण् થઇ શકશે. જો પંચમી પ્રયોજી હોત તો લક્ષણનું ઉલ્લંઘન ન થાત એ ખરૂં પણ ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिर्न० એ પ્રતિષેધને લીધે रोणी જેને અંતે હોય તેને अण् ન થવાનો પ્રસંગ આવશે. પરંતુ रोणी એમ પ્રયોજીને સૂત્રકાર સૂચવે છે કે रोणी શબ્દ બધી જ અવસ્થામાં, એટલે કે કેવળ (रोणी શબ્દ) ને તેમ જ તદન્તને अण् પ્રત્યય લાગે છે. તેથી आजकरोणः , सैंहिकरोणः જેવાં રૂપો સિદ્ધ થઇ શકે તે આ સૂત્રનું પ્રયોજન છે. 'જો કે रोणी એમ પ્રયોગ કરીને લક્ષણનું ઉલ્લંઘન કર્યુ હોવાથી ग्रहणवता प्रातिपदिक० એ પરિભાષા ત્યાં લાગુ નહીં પડે તેથી પ્રતિષેધ ન થતાં તદન્તને अण् થાય છે'(ન્યાસ). સિ.કૌ.માં अनुशतिकादीनां च। પ્રમાણે પૂર્વ અને ઉત્તરપદ બન્નેમાં વૃદ્ધિયુક્ત आजकरौणः , सैंहिकरौणः એમ પાઠ છે. ભૈરવ.પ્રમાણે ભાષ્યમાં ઉભયપદવૃદ્ધિયુક્ત પાઠ છે [अनुशतिकादित्वादेतत्सूत्रोदाहरणे भाष्योक्ते उभयपदवृद्धिः। ચંદ્રકલા (પૃ.૨૫૧)]

[363] એટલે કે रोणी શબ્દાન્તને તો વા(૧૪) પ્રમાણે अण् થશે અને આ વા(૧૫) થી તેને (=रोणी શબ્દને) પણ अण् થશે.તેથી रोण्या निर्वृत्तः(कूपः) એ અર્થમાં કેવળ रोणी શબ્દને अण् થઇને रौणः થઇ શકશે. रोणी। સૂત્રમાં स्वं रूपं० ની અનુવૃત્તિ કરવામાં આવે તો तस्य



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तस्य चेति वक्तव्यम्। रौणः॥ किं पुनः कारणं न सिध्यति। तदन्ताच्च तदन्तविधिना सिद्धं केवलाच्च व्यपदेशिवद्भावेन।

व्यदेशिवद्भावोऽप्रातिपदिकेन। किं पुनः कारणं व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन। इह सूत्रान्ता--

તેનું પણ (ગ્રહણ થાય છે) એમ કહેવું જોઇએ, (જેથી) **रौणः** (સિદ્ધ થાય).પરંતુ સિદ્ધ નથી થતું તેનું કારણ શું છે ? જેવી રીતે **तदन्त** ને **तदन्त** વિધિથી કાર્ય થાય છે તે રીતે વ્યપદેશિવદ્ભાવથી[364] કેવળ (**रोणी** શબ્દ) ને થશે.પરંતુ પ્રાતિપદિકનું ગ્રહણ હોય તે સિવાયનાં સ્થળે વ્યપદેશિવદ્ભાવ થાય છે.પ્રાતિપદિકનો ઉલ્લેખ હોય તે સિવાયનાં સ્થળે વ્યપદેશિવદ્ભાવ થાય છે એમ કેમ ?[365] અહીં'**सूत्रान्ता-**

---

**च**। એમ કહ્યા વિનાપણ **रोणी** ને **अण्** થઇ શકે છે. **आद्यन्तवदेकस्मिन्**। એ સૂત્રનાં પ્રયોજન દર્શાવતાં **येन विधिस्तदन्तत्वे प्रयोजनम्**। એમ વાર્તિકકારે કહ્યું છે પરંતુ તેમણે **स्वं रूपम्०** નું પ્રત્યાખ્યાન કર્યુ છે તેથી **तस्य च**। એમ કહ્યું છે. અહીં પાઠ ભેદ છે :નિ.સા. , ચૌખં.,યુમી.,ચારુ. માં **न तदन्ताच्च तदन्तविधिना केवलाच्च व्यपदेशिवद्भावेन०** એમ પાઠ છે. જ્યારે કિ.,વા,શા.મ.અને હિન્દી,માં આદિમાં **न** નથી. આગળ **न** હોય કે **न** હોય તો પણ અર્થમાં ફેર પડતો નથી , કારણ કે **न** યુક્ત પાઠમાં કાકુ લેવાનો છે. તેથી **किं कारणं न सिध्यति** ? એમપ્રશ્નકર્તા પૂછવા માગે છે કે તદન્તને તદન્તવિધિથી અને કેવળને વ્યપદેશિવદ્ભાવથી સિદ્ધ ન થઇ શકે ? એટલે કે અવશ્ય થશે. પછી **तस्य च**। કહેવાની ક્યાં જરૂર છે ? **न** રહિત પાઠ હોય તો આ પ્રમાણે અર્થ થશે : તદન્તવિધિથી તદન્તને (**अण्**) થશે અને વ્યપદેશિવદ્ભાવથી કેવળ (**रोणी** શબ્દ) ને (**अण्**) થશે, પરંતુ પ્રાતિપદિકનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં વ્યપદેશિવદ્ભાવ થતો નથી તેથી **रोणी** ઉપરથી **रौण** સિદ્ધ નહીં થઇ શકે. **न** યુક્ત પ્રશ્નગર્ભ કાકુ વ્યાકરણ શાસ્ત્રમાં જાણીતો છે. [cp.**ङ्याप्प्रातिपदिकात्**। ઉપર **ङ्याब्ग्रहणं किम्**, **न 'प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणं भवति' इत्येव सिद्धम्**। (કા.) અને **नञः काक्वा प्रयोगात्सिद्धमेवेत्य-र्थः। अनेकार्थत्वाद्वा निपातानां ननु शब्दस्यार्थे नशब्दो द्रष्टव्यः**। (પદ.) ]

[364] વ્યપદેશિવદ્ભાવ (નોંધ૧/૯૫).'(સૂત્રમાં) પ્રાતિપદિકનો નિર્દેશ ન હોય ત્યાં વ્યપદેશિવદ્ભાવ થાય છે.' એ પરિભાષાને લીધે કેવળ **रोणी** શબ્દને વ્યપદેશિવદ્ભાવથી **अण्** નહીં થાય એમ કહેવું બરોબર નથી, કારણ કે **रोणी** એ સ્ત્રીપ્રત્યયાન્ત શબ્દ છે તેથી તેને પ્રાતિ-પદિક ન કહી શકાય, કારણ કે પ્રત્યયાન્તને પ્રાતિપદિક સંજ્ઞા ન થાય (**अर्थवदधातुर् अप्रत्ययः प्रातिपदिकम्**।).પરિણામે એ પરિભાષા **रोणी** ને પ્રાપ્ત નહીં થાય તેથી કેવળ **रोणी** ને **अण्** થશે.પરંતુ **प्रातिपदिकग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम्**। અર્થાત્ સૂત્રમાં પ્રાતિપદિક-નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે ત્યાં લિંગવિશિષ્ટ પ્રાતિપદિકનું પણ ગ્રહણ થાય છે. એ પરિભાષાને પ્રતાપે **रोणी** એ લિંગવિશિષ્ટ - નું ગ્રહણ છે તેથી **व्यपदेशिवद्भावोऽप्राति०** એ પ્રતિષેધ તેને લાગુ પડશે તેથી કેવળ **रोणी** શબ્દને **अण्** નહીં થાય. સૂત્રમાં પ્રાતિપદિકનું અર્થાત્ તેના સ્વરૂપનું ગ્રહણ કરીને કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય ત્યાં જ લિંગવિશિષ્ટ પરિભાષા લાગુ પડે છે એમ નથી વાસ્તવમાં તે પ્રાયિક છે તેથી જ **कुमारीमाचष्टे कुमारयति** માં **टेः**। (૬-૪-૧૫૫) સૂત્રની વા. **णाविष्ठवत्प्रातिपदिकस्य०** પ્રમાણે **टि** લોપ થયો છે . આ **रोणी** સૂત્રમાં પ્રાતિપદિકનું તેના (**र् ओ ण् ई** એ) સ્વરૂપે ઉપાદાન કર્યુ ન હોય તો પણ લિંગવિશિષ્ટ પરિભાષા તેને લાગુ પડશે તેથી પ્રતિષેધ પણ લાગુ પડશે.ટૂંકમાં કેવળ **रोणी** શબ્દને **अण्** નહીં થવાથી **रौणः** સિદ્ધ નહીં થઇ શકે તેથી **तस्य च**। એમ કહેવું પડશે. એમ અહીં દલીલ છે.

[365] પ્રશ્નકર્તા **व्यपदेशिवद्भावोऽप्राति०** એ પરિભાષાનું પ્રયોજન જાણવા માગે છે. **कतूक्थादिसूत्रान्ताट्ठक्**। એ સૂત્રમાં કહ્યું છે કે **सूत्रान्त** (**सूत्र** શબ્દ જેને અંતે હોય તે) ને **ठक्** થાય છે અને **तदस्मिन्नधिकमिति दशान्ताड्डः**। માં કહ્યું કે **दशान्त** (**दश** જેને અંતે હોય તે) ને **ड** થાય છે. તેથી **सूत्रान्त** ને **ठक्** અને **दशान्त** ને **ड** તો થશે,પરંતુ **ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिर्नास्ति**। એ પરિભાષામાં **व्यपदेशिवदे-कस्मिन्** પ્રમાણે ગ્રહણ કરેલ કેવળ પ્રાતિપદિકને જે કાર્ય થાય છે તેનો પ્રતિષેધ નથી કર્યો તેથી **सूत्रान्त** ને **ठक्** થાય છે તેમ કેવળ **सूत्र** શબ્દને પણ **ठक्** થવાનો પ્રસંગ આવશે. તે રીતે કેવળ **दशन्** શબ્દને પણ **ड** થવાનો પ્રસંગ આવશે. તે નિવારવા માટે **व्यपदेशिवद्भावो०** પરિભાષા કરી છે તેથી એ સૂત્રોમાં જે **सूत्र** અને **दशन्** એ પ્રાતિપદિકોનો નિર્દેશ છે તેમને કેવળને તે તે સૂત્રમાં જેનું વિધાન કર્યુ છે તે તે પ્રત્યય નહીં લાગે. આ પરિભાષા કરવાનું એ પ્રયોજન છે. એમ અહીં દલીલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

--ट्ठग्भवति दशान्ताड्डो भवतीति केवलादुत्पत्तिर्मा भूदिति। नैतदस्ति प्रयोजनम्। सिद्धमत्र तदन्ताच्च तदन्तविधिना केवलाच्च व्यपदेशिवद्भावेन। सोऽयमेवं सिद्धे सति यदन्तग्रहणं करोति तज्ज्ञापयत्याचार्यः सूत्रान्तादेव दशान्तादेवेति। नात्र तदन्तादुत्पत्तिः प्राप्नोति। इदानीमेव ह्युक्तं समासप्रत्ययविधौ प्रतिषेध इति॥ सा तर्ह्येषा परिभाषा कर्तव्या। न कर्तव्या। आचार्यप्रवृत्तिर्ज्ञापयति व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेनेति यदयं पूर्वादिनिः सपूर्वाच्च इत्याह। नैतदस्ति ज्ञापकम्। अस्ति ह्यन्यदेतस्य वचने प्रयोजनम्। किम्।

(**सूत्र** જેને અન્તે હોય તે) ને **ठक्** લાગે છે અને **दशान्त** (**दश** જેને અન્તે હોય તે) ને **ड** થાય છે' એમ જે કહ્યું છે તે કેવળ (**सूत्र** કે **दश** શબ્દ) ને લાગે નહીં માટે (કહ્યું છે). (તે પરિભાષાનું ) એ પ્રયોજન નથી.[366] (તે એટલા માટે છે કે) અહીં **तदन्त** વિધિને કારણે **तदन्त** (અર્થાત્ **सूत्रान्त** અને **दशान्त** ) ને (પ્રત્યય) લાગશે અને વ્યપદેશિવદ્ભાવથી કેવળ (**सूत्र** અને **दश** શબ્દ) ને લાગશે અને આ રીતે સિદ્ધ થવા છતાં (સૂત્રમાં) **अन्त** નું જે ગ્રહણ કર્યું છે તે ઉપરથી આચાર્ય જ્ઞાપન કરે છે કે **सूत्र** જેને અન્તે હોય તે (**सूत्रान्त**) ને જ **ठक्** અને **दश** જેને અન્તે હોય તે (**दशान्त**) ને જ **ड** (પ્રત્યય) થશે. આ (સૂત્રો) માં (**तदन्त** શબ્દ ન મૂકે તો) **तदन्त** ને પ્રત્યય લાગી શકે નહીં,[367] કારણ કે હમણાં જ કહ્યું કે સમાસને લગતા અને પ્રત્યયને લગતા વિધિમાં (**तदन्त** નો) પ્રતિષેધ (થાય છે. તો પછી એ પરિભાષા કરવી પડશે ? નહીં કરવી પડે, કારણ કે આચાર્ય પાણિનિએ **पूर्वादिनिः** । અને **सपूर्वाच्च** । એમ જે બે સૂત્રો કર્યા છે[368] તે ઉપરથી જ્ઞાપન કરે છે કે પ્રાતિપદિકનું ગ્રહણ હોય ત્યાં વ્યપદેશિવદ્ભાવ થતો નથી. એ જ્ઞાપક નથી, કારણ કે એમ કહેવાનું બીજું કારણ છે.[369] શું છે ?

---

[366] એ પ્રયોજન નથી કારણ કે તદન્તને તદન્ત વિધિથી જે તે પ્રત્યય થાત અર્થાત્ સૂત્રમાં **सूत्रान्तात्** અને **दशान्तात्** એમ ન કહેતાં કેવળ **सूत्र** અને **दशन्** નું ગ્રહણ કરીને, અર્થાત् **अन्त** શબ્દ ન લઇને પ્રત્યયનું વિધાન કર્યું હોત તો પણ તદન્ત વિધિથી તે તે પ્રત્યય થાત અને વ્યપદેશિવદ્ભાવથી કેવળ **सूत्र** શબ્દ **सूत्रान्त** અને કેવળ **दशन्** શબ્દ **दशान्त** છે એમ સ્વીકારવાથી તે તે પ્રત્યય થઇ શકત તેમ છતાં સૂત્રમાં **अन्त** શબ્દ મૂકીને **सूत्रान्त** અને **दशान्त** એમ ખાસ કહ્યું છે તેથી આચાર્ય જ્ઞાપન કરે છે કે **सूत्रान्त** ને જ **ठक्** થશે અને **दशान्त** ને જ **ड** થશે, કેવળ **सूत्र** અને કેવળ **दशन्** ને જે તે પ્રત્યય નહીં થાય.

[367] કેવળ **सूत्र** કે કેવળ **दशन्** ને જે તે પ્રત્યય ન થાય તે માટે સૂત્રમાં **अन्त** શબ્દનું ગ્રહણ કર્યું છે તેમ કહેવું ઉચિત નથી, કારણ કે એ સૂત્રોમાં પ્રત્યયવિધિ હોવાથી **समासप्रत्ययविधौ प्रतिषेधः** । એમ કહીને હમણાં જે પ્રતિષેધ કર્યો છે તે કારણે ત્યાં તદન્ત વિધિ થઇ ન શકે. તેથી તદન્તને જે તે પ્રત્યય થાય તે માટે તે સૂત્રોમાં **अन्त** શબ્દ મૂકવો જરૂરી છે અને કેવળ **सूत्र** અને **दशन्** ને પ્રત્યય ન થાય તે માટે **व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन** । એમ કહેવું પડશે.

[368] એ પરિભાષા કરવાની જરૂર નથી, કારણ કે **पूर्वादिनिः** । **सपूर्वाच्च** । (૫-૨-૮૬--૮૭) એ બે સૂત્રો કરીને સૂત્રકારે પોતે તે મતલબનું સૂચન કર્યું છે. તેમણે આ બે સૂત્ર ન કરતાં કેવળ **सपूर्वाच्च** । એ સૂત્ર જ કર્યું હોત તો પણ **पूर्वान्त** ને **इनि** થાત અને વ્યપદેશિવદ્ભાવથી કેવળ **पूर्व** ને થાત.પરંતુ સૂત્રમાં પ્રાતિપદિકનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે વ્યપદેશિવદ્ભાવ થતો નથી (**व्यपदेशिवद्भावोऽप्राति-पदिकेन**) એમ સૂત્રકાર જ્ઞાપન કરવા માગે છે તેથી તેમણે **पूर्वादिनिः** । એ સૂત્ર કર્યું છે. અહીં **पूर्वात्** એ ભાગ પરિભાષાનો જ્ઞાપક છે.

[369] ઉપર **पूर्वादिनिः** । એ સૂત્ર પરિભાષાનું જ્ઞાપન કરે છે તેમ કહ્યું, પરંતુ તે સૂત્ર કરવા પાછળ સૂત્રકારનો વિશિષ્ટ હેતુ છે. તેઓ **सपूर्वात्** (**पूर्वादिनिः** ।) એમ કહેવાના છે, એટલે કે તેઓ **सपूर्वाच्च** । એ સૂત્ર કરવાના છે. **तेन सहेति तुल्ययोगे** । એ સૂત્ર પ્રાયિક હોવાથી અહીં **सह** (**स**) શબ્દ વિદ્યમાનના અર્થમાં છે અને **सपूर्व** [અર્થાત્ જેની પૂર્વે કંઇ (=અન્ય પદ) છે તે] એ તે સૂત્ર પ્રમાણે થએલ બહુવ્રીહિ છે. આમ અર્થ થવાથી **सपूर्वात्** । પ્રમાણે જે કોઇ શબ્દની પૂર્વે (પછી તે **पूर्व** શબ્દ હોય કે ન હોય) અન્યપદ હોય તેને **इन्** થવાનો પ્રસંગ આવે છે. તે નિવારવા માટે પૂર્વ સૂત્રની અનુવૃત્તિ કરવામાં આવે છે. તેથી **सपूर्वात्पूर्वादिनिः** । એમ થતાં 'જેની પૂર્વે અન્ય શબ્દ છે તેવા **पूर्व** શબ્દને અર્થાત્ **पूर्वान्त** ને **इनि** પ્રત્યય થાય છે' એમ સૂત્રાર્થ સમજાશે.પરિણામે પ્રથમ સૂત્ર પ્રમાણે કેવળ **पूर्व** શબ્દને અને બીજા સૂત્ર પ્રમાણે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सपूर्वात्पूर्वादिनिं वक्ष्यामीति। यत्तर्हि योगविभागं करोति। इतरथा हि पूर्वात्सपूर्वादिनिरित्येव ब्रूयात्॥ किं पुनरयमस्यैव शेषस्तस्य चेति।

नेत्याह। यच्चानुक्रान्तं यच्चानुक्रंस्यते सर्वस्यैव शेषस्तस्य चेति॥

જેની પૂર્વે કોઇ (શબ્દ) હોય તેવા पूर्व શબ્દને इनि લાગે છે એમ હું કહેવાનો છું. તો પછી (સૂત્રકાર) યોગવિભાગ કરે છે (તે જ્ઞાપક છે), એમ ન હોત તો पूर्वात्सपूर्वादिनिः। એમ જ કહેત.[370] તો પછી तस्य च। એમ જે કહ્યું તે આ (रोण्या अण्।) નું જ પૂરક છે ?[371]તો કહે છે કે ના, જે (અત્યાર સુધી) ક્રમપૂર્વક કહેવામાં આવ્યું છે અને (હવે પછી) ક્રમપૂર્વક કહેવામાં આવશે તે સર્વેનું પૂરક છે.

---

पूर्वान्त ને इन् થશે, પરંતુ पूर्व સિવાયના અન્ય કોઇ પદ જેના અંતે હોય તેવાને इन् નહીં થાય.આમ पूर्वादिनिः નું અન્ય પ્રયોજન છે તેથી તે व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन। એ પરિભાષાનું જ્ઞાપક ન થઇ શકે.એમ અહીં દલીલ છે.

[370] સૂત્રકારે યોગવિભાગ ન કરતાં पूर्वात्सपूर्वादिनिः। એમ એક સૂત્ર કર્યું હોત તો પણ કેવળ पूर्व ને વ્યપદેશિવદ્ભાવથી इन् થાત અને सपूर्वात् એમ કહ્યું છે તેથી તદન્ત (पूर्वान्त) ને इन् થાત. વળી च-કારનું ગ્રહણ ન કરવું પડત તેથી લાઘવ પણ થાત. છતાં તેમણે पूर्वादिनिः। એ ભિન્ન સૂત્ર કર્યું છે તેથી આચાર્ય જ્ઞાપન કરે છે કે व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन। એ પરિભાષા છે. પ્રથમ સૂત્રથી કેવળ पूर्व ને इन् થઇ શકે પણ આ સૂત્રો પ્રાતિપદિક અધિકાર નીચેનાં સૂત્રો છે અને पूर्व એ પ્રાતિપદિક છે છતાં વિશેષણ पूर्व ની સાથે येन विधिः० પ્રમાણે તદન્તવિધિ નહીં થઇ શકે, કારણ કે સૂત્રકાર જાણે છે કે ग्रहणवाता प्रातिपदिकेन तदन्तविधिर्न भवति । તેથી જ તેમણે सपूर्वाच्च। એમ અલગ સૂત્ર કર્યુ. તેથી જેની પૂર્વે કંઇ છે (सपूर्वात् અર્થાત્ विद्यमानपूर्वात्) તેવા पूर्व શબ્દને એટલે કે पूर्वान्त ને इन् થશે. ટૂંકમાં અહીં પ્રાતિપદિકાધિકાર છે તેથી पूर्वादिनिः। એ સૂત્રથી જ पूर्व શબ્દ જેને અંતે છે તેવા कृतपूर्व વગેરે પ્રાતિપદિકને इन् થઇ શકે તેમ છે છતાં सपूर्वाच्च। એમ કહ્યું છે તે જ્ઞાપન કરે છે કે ग्रहणवता प्रातिपदिकेन तदन्तविधिर्न भवति। એ પરિભાષા છે. અને कृतपूर्वी જેવાં पूर्वान्त ને इन् થઇ શકે તે માટે सपूर्वाच्च। (અર્થાત્ पूर्वान्ताच्च ) એમ સૂત્ર સ્વીકાર્યું ત્યારે તે સૂત્ર વ્દારા જ વ્યપદેશિવદ્ભાવથી કેવળ पूर्व ને इन् થઇને पूर्वी રૂપ સિદ્ધ થઇ શકે તેમ હોવા છતાં તેમણેपूर्वादिनिः। સૂત્ર કરીને જ્ઞાપન કર્યુ છે કે व्यपदेशिवद्भावोऽप्रातिपदिकेन। એ પરિભાષા છે. આમ બે ભિન્ન સૂત્ર કરીને આ બન્ને પરિભાષાનું જ્ઞાપન કર્યુ છે. પરિણામે रोणी। માં પણ તદન્તને अण् થવા છતાં व्यदेशिवद्भावो० એ પરિભાષાને પ્રતાપે કેવળ रोणी પ્રાતિપદિકને अण् નહીં થાય. તેથી तस्य च। એમ અવશ્ય કહેવું પડશે એમ સિદ્ધ થયું.જો કે ભ.દી. કહે છે કે આ બન્ને પરિભાષા પ્રત્યયવિધિને લગતી છે એમ दिव उत्। ઉપર હર.અને કૈયટે કહ્યું છે. એ કારણે पूर्वादिनिः। એમ જે યોગ--
-વિભાગ કર્યો છે તે વ્યર્થ બને છે. ટૂંકમાં पूर्वादिनिः। માં तदन्त નું ગ્રહણ સંભવિત છે તેથી सपूर्वाच्च। એ સૂત્ર વ્યર્થ થશે. पूर्वादिनिः। માં પણ તદન્તવિધિ થઇ શકે તેમ છે. વળી વ્યપદેશિવદ્ભાવથી કેવળ पूर्व ને પ્રત્યય સિદ્ધ થઇ શકે છે તેથી तस्य च। વા(૧૫) પણ નહીં કરવી પડે. (શ.કૌ.ભા.૧,પૃ.૨૯૦).

[371] तस्य च। (વા.૧૫) માત્ર रोणी। એ સૂત્રની પૂરક છે કે અન્યત્ર પણ લાગુ પડશે? એ પ્રશ્નકર્તા જાણવા માગે છે.તેનો વ્યાપ સાર્વત્રિક છે. અત્યાર સુધી જે કહ્યું અને હવે પછી પણ ક્રમપૂર્વક કે કહેવામાં આવશે ત્યાં તે લાગુ પડશે.પરંતુ આ રીતે કેવળને પણ તદન્ત વિધિ થતો હોય તો પછી व्यपदेशिवद्भावो० એ પરિભાષાનો કોઇ અર્થ ન રહે એ શંકાને લક્ષમાં રાખીને કૈ. કહે છે કે अप्रातिपदिकेन એમ કહીને જે નિષેધ કર્યો છે તે दशान्ताड्डः। જેવાં સૂત્રો, જ્યાં अन्त શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં જ લાગુ પડે છે. તેથી જ दश अधिका अस्मिन् शते માં ड નહીં થાય, કારણ કે दशन् એ दशान्त નથી તેથી એ પરિભાષા ત્યાં લાગુ પડશે. અહીં अन्त ગ્રહણ એમ કહ્યું છે તે ઉપલક્ષણાર્થે છે તેથી પૂર્વે રહેલને પણ આવરી લેશે. તેથી જ एकगोपूर्वाट्ठञ्। પ્રમાણે एकपूर्व (જેની પૂર્વે एक શબ્દ હોય તેવા) ને ठञ् થશે. एकशतमस्यास्ति એ અર્થમાં एकशत ને ठञ् થઇને ऐकशतिकः થશે, પરંતુ કેવળ एक શબ્દને એ સૂત્ર લાગુ નહીં પડે, એટલે કે ત્યાં નિષેધ અમલી થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**रथसीताहलेभ्यो जनपदस्य ॥१६॥**

**सीत्यम् परमसीत्यम्। हल्या परमहल्या॥**

**सुसर्वार्धदिक्शद्बेभ्यो जनपदस्य ॥१७॥**

रथ , सीता , हल ને यत् (પ્રત્યય) નું વિધાન કર્યુ છે તે (तदन्त ને પણ થાય તે પ્રયોજન છે) ॥૧૬॥ [372]

**रथ** , **सीता** , **हल** ને **यत्** (પ્રત્યય) નું વિધાન કર્યુ છે તે (तदन्त ને પણ થાય તે) પ્રયોજન છે. (જેથી) **रथ्यः** (ની જેમ) **परमरथ्यः** , **सीत्यम्** (ની જેમ) **परमसीत्यम्** , **हल्या** (ની જેમ) **परमहल्या** (પણ સિદ્ધ થઇ શકે).

**सु** , **सर्व** , **अर्ध** અને **दिक्** શબ્દો પછી આવતા જનપદ (વાચી શબ્દ) ના (आदि अच् ની વૃદ્ધિ થાય છે), તે (**तदन्त** માં પણ થાય એ પ્રયોજન) ॥૧૭॥ [373]

---

[372] **रथ** શબ્દને **रथं वहति** એ અર્થમાં **तद्वहति रथयुगप्रासङ्गम्।** એ સૂત્ર પ્રમાણે **यत्** થઇને **रथ्यः** થાય છે. વા.(૧૬) પ્રમાણે તદન્તવિધિ થતાં **परमरथ्यः** સિદ્ધ થશે.અહીં નોધવું જોઇએ કે **रथस्य इदम्** (રથનું અંગ, ચક્ર) એ અર્થમાં **रथाद्यत्।** પ્રમાણે **रथ** શબ્દને **यत्** થઇને **रथ्यम्** થાય છે,પરંતુ ભાષ્યમાં કેવળ (**रथ**) અને તદન્તનાં ઉદાહરણ રૂપે **रथ्यः** અને **परमरथ्यः** આપ્યાં છે તેથી અહીં **तद्वहति०** લેવું ઉચિત છે. **रथाद्यत्।** સૂત્રમાં **रथाद्रथाङ्गवोढ्र्योर्यत्।** એમ શૈષિકપ્રકરણમાં પાઠ કરવાથી **रथ्यम्** (રથનું ચક્ર) અને **रथ्यः**(રથ ચલાવનાર) એ તો સિદ્ધ થાત તેમ જ તદન્ત પણ સિદ્ધ થાત તેમ છતાં સૂત્રકારે **तद्वहति०** એ સૂત્રમાં **रथ** શબ્દનું ગ્રહણ કર્યુ છે તેથી સૂચવાય છે કે એ બન્ને સૂત્રમાં તદન્તવિધિ થાય તે ઇષ્ટ છે. શૈષિક **यत्** પ્રત્યય પર થતાં **द्विगोर्लुगनपत्ये।** પ્રમાણે **लुक्** થવાથી (**द्वयोः रथयोः इदम्**) **द्विरथम्** એમ જ થશે.જ્યારે **वहति** એ અર્થમાં જે **यत्** થાય છે તે **प्राग्दीव्यति** અધિકારમાંનો નથી તેથી તેનો **लुक्** ન થવાથી (**द्वौ रथौ वहति**) **द्विरथ्यः** એમ રૂપ થશે. **सीत्यम्--सीता** (હળનો અગ્રભાગ) શબ્દને **समित** (સમતલ કરેલ) એ અર્થમાં **नौवयोधर्मविषमूलमूलसीतातुलाभ्यस्तार्य-तुल्यप्राप्यवद्ध्यानाम्यसमसमितसम्मितेषु।** પ્રમાણે **यत्** થાય છે.**सीतया समितं सीत्यम्** (**क्षेत्रम्**).વા.(૧૬) પ્રમાણે તદન્તને પણ એ અર્થમાં **यत्** થઇ શકશે. તેથી **परमसीत्यम्** , **उत्तमसीत्यम्** વગેરે સિદ્ધ થશે. **हल्या--हल** શબ્દને **कर्ष** (ચાસ,ખેડાણ) એ અર્થમાં **मतजन-हलात् करणजल्पकर्षेषु।** પ્રમાણે **यत्** થઇને (**हलस्य कर्षः**) **हल्या** થાય છે, તે રીતે તદન્તને પણ **यत्** થઇને **परमहल्या** થશે. વા.માં **यद्विधौ** એમ કહ્યું છે તેથી **हलसीराट्ठक्।** જેવામાં **ठक्** નું વિધાન કરવામાં આવ્યું છે ત્યાં તદન્તવિધિ નહીં થાય તેથી **हलस्येदं हालिकम्** એમ થશે.પરંતુ એ સૂત્રનો **तस्येदम्।** એ અધિકાર નીચે તથા **तद्वहति।** એ અધિકાર નીચે એમ બે વાર પાઠ કર્યો છે તેથી **इदम्** શબ્દ વ્દારા વહન કરનાર રૂપી અર્થનું ગ્રહણ થતું નથી તેમ જ્ઞાપન થાય છે. ત્યાં તદન્ત વિધિ થાય છે તેનું જ્ઞાપન થતું નથી. તેથી **परमहल** એ તદન્તને **ठक्** ન થવાથી **पारमहालिकः** એમ રૂપ નહીં થાય. ન્યાસ.,પદ.અને ભદી.માને છે કે બન્ને અધિકાર નીચેનાં સૂત્રોમાં તદન્તવિધિ થાય તે ઇષ્ટ છે. **वहति** અધિકારમાં **हल** નું ગ્રહણ કર્યુ છે તેને પ્રતાપે બન્ને સ્થળે તદન્ત વિધિ થશે(**वहत्यधिकारस्थरथहलयोरुपादान-सामर्थ्याल् लभ्यो हि तदन्तविधिरविशेषादुभयत्रापि स्यादेव।** શ.કૌ.ભા.૧,પૃ.૨૯૧). તેમાં પ્રથમ **ठक्** પ્રાગ્દીવ્યતીય અધિકાર નીચેનો હોવાથી **द्विगोर्लुक्।** થી તેનો **लुक्** થતાં **द्विहलः** એમ રૂપ થશે. જ્યારે બીજો **ठक्** પ્રાગ્દીવ્યતીય ન હોવાથી તેનું શ્રવણ થતાં અર્થાત્ **लुक्** ન થતાં **द्वैहलिकः** રૂપ થશે.

[373] **जनपदतदवध्योश्च।** એ અધિકાર નીચેના **अवृद्धादपि बहुवचनविषयात्।** પ્રમાણે જનપદવાચીને **तत्र जातः** એ અર્થમાં **वुञ्** થાય છે. **पञ्चालेषु जातः पाञ्चालकः**. તે પ્રમાણે **सु** , **सर्व** , **अर्ध** પછી આવતા **सुपञ्चालाः**, **सर्वपञ्चालाः**, **अर्धपञ्चालाः** જેવા જનપદવાચી ઉત્તરપદને અર્થાત્ તદન્તને પણ **वुञ्** થઇ શકે તે આ વાર્તિકનું પ્રયોજન છે.તેથી **शोभनाः पाञ्चालाः सुपञ्चालाः** એ પ્રાદિસમાસને **अवृद्धाद्०** પ્રમાણે **तत्र जातः** એ અર્થમાં **वुञ्** થઇને **सुसर्वार्द्धाज्जनपदस्य।** પ્રમાણે ઉત્તરપદ વૃદ્ધિ થતાં **सुपाञ्चालकः** થશે તે રીતે **सर्वपाञ्चालकः**, **अर्द्धपाञ्चालकः**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सुसर्वार्धदिक्शद्बेभ्यो जनपदस्य प्रयोजनम्। सुपाञ्चालकः सुमागधकः। सु॥ सर्व। सर्वपाञ्चालकः सर्वमागधकः। सर्व॥ अर्ध।अर्धपाञ्चालकः अर्धमागधकः। अर्ध॥ दिक्शद्ब। पूर्वपाञ्चालकः पूर्वमागधकः॥

ऋतोर्वृद्धिमद्विधाववयवानाम्॥१८॥

ऋतोर्वृद्धिमद्विधाववयवानां प्रयोजनम्। पूर्वशारदम् अपरशारदम्। पूर्वनैदाघम् अपरनैदाघम्।

ठञ्विधौ संख्यायाः॥१९॥

ठञ्विधौ संख्यायाः प्रयोजनम्। द्विष्टिकम् पञ्चषाष्टिकम्॥

सु , सर्व , अर्ध અને दिक् શબ્દો પછી આવતા જનપદ (વાચી શબ્દ) ના (આદિ अच् ની णित् , ञित् અને कित् તદ્ધિતપ્રત્યયો પર થતાં વૃદ્ધિ થાય છે), તે (तदन्त માં પણ થાય એ પ્રયોજન છે. (જેથી) सुपाञ्चालकः सुमागधकः (એ) सु (નાં), सर्वपाञ्चालकः सर्वमागधकः (એ) सर्व (નાં), अर्धपाञ्चालकः अर्धमागधकः (એ)अर्ध (નાં) અને पूर्वपाञ्चालकः पूर्वमागधकः (એ) दिक्शब्द (નાં ઉદાહરણ સિદ્ધ થાય).

ઋતુ (વાચી શબ્દો ) ને (લગતા) વૃદ્ધિ નિમિત્ત[374] પ્રત્યયના વિધિમાં (ઋતુના) અવયવ (પૂર્વપદ થતાં तदन्त વિધિ થાય તે પ્રયોજન) ॥૧૮॥

ઋતુવાચી (શબ્દો) ને વૃદ્ધિ નિમિત્ત પ્રત્યયનું વિધાન કર્યુ છે ત્યાં (ઋતુના) અવયવ(વાચી શબ્દ પૂર્વપદ હોય ત્યારે तदन्त વિધિ થાય તે પ્રયોજન જેથી) (शारदम् થાય છે તેમ) पूर्वशारदम् अपरशारदम्। पूर्वनैदाघम् अपरनैदाघम् (સિદ્ધ થાય). ठञ् વિધિમાં સંખ્યાવાચક (વ્દારા तदन्त નું ગ્રહણ થાય તે પ્રયોજન) ॥૧૯॥

ठञ् વિધિમાં સંખ્યાવાચક (શબ્દ જેને અન્તે હોય તેનું પણ ગ્રહણ થાય તે પ્રયોજન છે.[375](જેથી षाष्टिकम् ની જેમ) द्विषाष्टिकम् पञ्चषाष्टिकम् (સિદ્ધ થાય).

---

પણ થશે. દિગ્વાચક શબ્દની પછી જનપદવાચી ઉત્તરપદ આવતાં પણ તદન્તવિધિથી वुञ् થશે અને दिशोऽमद्राणाम्। પ્રમાણે ઉત્તરપદ વૃદ્ધિ થઇને पूर्वपाञ्चालकः , पूर्वमागधकः વગેરે સિદ્ધ થશે.

[374] वृद्धिमत् અર્થાત્ જે પ્રત્યય પર થતાં વૃદ્ધિ થાય તે અર્થાત્ વૃદ્ધિનિમિત્ત પ્રત્યય. संधिवेलाद्यृतुनक्षत्रेभ्योऽण्। પ્રમાણે ઋતુવાચી શબ્દને अण् એ વૃદ્ધિમત્ પ્રત્યયથાય છે. હવે એ ઋતુવાચી શબ્દની પૂર્વે જો અવયવવાચી અર્થાત્ ઋતુનો ભાગ દર્શાવનાર શબ્દ હોય તો પણ ત્યાં તદન્ત વિધિ થઇને अण् થઇ શકે એમ અહીં કહેવા માગે છે.જેમ કે शरद् એ ઋતુવાચી શબ્દને तत्र भवम् (शरदि भवम्) એ અર્થમાં संधिवेला० પ્રમાણે अण् થાય, તે રીતે शरदः पूर्व भागः એ વિગ્રહ વાક્યનો पूर्वापराधरोत्तरम्। પ્રમાણે पूर्वशरत् એ એકદેશિ-સમાસ થતાં पूर्व એ અવયવવાચી શબ્દને અંતે ઋતુવાચી શબ્દ છે.पूर्वशरत् એ તદન્ત છે તેને પણ पूर्वशरदि भवम् એ અર્થમાં संधिवेला ० પ્રમાણે अण् થઇને पूर्वशारदम् થશે. તે રીતે अपरशारदम् , पूर्वनैदाघम् , अपरनैदाघम् વગેરે પણ સિદ્ધ થશે. અહીં वृद्धिमत् એમ કહ્યું છે તેથી વૃદ્ધિનિમિત્ત પ્રત્યય ન હોય તે પર થતાં તદન્તવિધિ નહીં થાય. જેમ કે प्रवर्षति इति प्रावृद् (વર્ષાઋતુ) એ ઋતુવાચી શબ્દને प्रावृषि भवः એ અર્થમાં प्रावृष एण्यः। પ્રમાણે एण्य થાય છે.અહીં તદન્ત વિધિ નહીં થાય, એટલે કે ઋતુને વિહિત अण् થઇને पूर्वप्रावृषम् થશે. पूर्वप्रावृषेण्यः નહીં થાય, કારણ કે एण्य એ ઋતુવાચી अण् નો અપવાદ છે અને વૃદ્ધિનિમિત્ત પ્રત્યય નથી.

[375] द्वे षष्टी परिमाणमस्य એ વિગ્રહ વાક્યનો तद्धितोत्तरपदसमाहारे च। પ્રમાણે સમાસ થતાં प्राग्वतेष्ठञ्। પ્રમાણે ठञ् થશે. आर्हादगो - पुच्छसंख्यापरिमाणाट्ठक्। પ્રમાણે संख्या ને ठक् નો પ્રતિષેધ કર્યો છે તેથી संख्यान्त (द्विषष्टि) ને પણ પ્રતિષેધ થવાથી ठक् નહીં થાય. અહીં સમાસને આર્હીય ठक् થયો છે તેથી अध्यर्धपूर्व ० પ્રમાણે તેનો लुक् પ્રાપ્ત થશે,પરંતુ सोऽस्याशावस्नभृतयः। (૫-૧-૫૬) માંથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

धर्मान्नञः ॥२०॥

धर्मान्नञः प्रयोजनम्। धर्मं चरति धार्मिकः अधर्मं चरत्यधार्मिकः। अधर्माच्चेति न वक्तव्यं भवति॥

पदाङ्गाधिकारे तस्य च तदुत्तरपदस्य च ॥२१॥

पदाङ्गाधिकारे तस्य च तदुत्तरपदस्य चेति वक्तव्यम्॥ पदाधिकारे किं प्रयोजनम्।

प्रयोजनमिष्टकेषीकामालानां चिततूलभारिषु ॥२२॥

नञ् પછી આવતા धर्म (શબ્દને तदन्त વિધિ થાય તે પ્રયોજન) ॥૨૦॥

नञ् પછી આવતા धर्म શબ્દને (અર્થાત્ अधर्म શબ્દને तदन्त વિધિથી ठक्) થાય[376] તે પ્રયોજન છે.(જેથી) धर्मं चरति धार्मिकः। अधर्मं चरति अधार्मिकः (સિદ્ધ થાય).તેથી अधर्माच्च। એમ (વાર્તિક દ્વારા) કહેવું નહીં પડે.

પદાધિકારમાં [377] અને અંગાધિકારમાં (ગ્રહણ કરેલ શબ્દને) પોતાને તેમ જ તે (શબ્દ) જેમાં ઉત્તરપદ હોય તેને પણ (વિધિ થાય તે પ્રયોજન) ॥૨૧॥

પદાધિકારમાં તેમ જ અંગાધિકારમાં (સૂત્રમાં જેનું ગ્રહણ કરવામાં આવ્યું હોય) તે (શબ્દને પોતા) ને તેમ જ તે (શબ્દ) જેમાં ઉત્તરપદ હોય તેને (અર્થાત્ तदन्त ને પણ (વિધિ થાય છે) એમ કહેવું જોઇએ.પદાધિકારમાં (કહેવાનું) શું પ્રયોજન ?

પ્રયોજન એ કે इष्टकेषीकामालानां चिततूलभारिषु। (એ સૂત્ર)માં[378] (इष्टका વગેરે દ્વારા तदन्त નું ગ્રહણ થાય ॥૨૨॥

---

सोऽस्य ની અનુવૃત્તિ થાય છે છતાં तदस्य परिमाणम्। (૫-૧-૫૭) માં तदस्य એમ કહીને तद् દ્વારા એ પ્રથમા સમર્થ વિભક્તિનો અને अस्य દ્વારા પ્રત્યયાર્થનો નિર્દેશ કર્યો છે તેથી लुक् નહી થાય,પરંતુ જો लुक् થયો હોય તો પણ तदस्य એમ ફરી નિર્દેશ કર્યો છે તેથી ફરી પ્રત્યય થશે અને પુનર્વિધાન કરવાને પ્રતાપે તેનો लुक् નહી થાય. એમ વૃત્તિકારનો મત છે.ભાષ્યકાર પ્રમાણે द्विषाष्टिकः એ तमधीष्टो भृतो भावी। પ્રમાણે ભૂતાર્થ (થયો એ અર્થ) માં ठञ् થાય છે.(સર.: इह यस्य षष्टिर्जीवितपरिमाणं षष्टिमसौ भूतो भवति। तत्र तमधीष्टो भृतो भूतोभावीत्येव सिद्धम्। संख्यायाः संज्ञासंघ० ૫૨ મહા.ભા.)

[376] धर्मं चरति। એ સૂત્ર પ્રમાણે 'સતત ધર્મ આચરે છે' એ અર્થમાં धर्म પ્રાતિપદિકને ठक् લાગીને धार्मिकः થાય છે. અહીં તદન્તવિધિ થાય તો अधर्म એ તદન્ત શબ્દને પણ अधर्मं चरति એ અર્થમાં आधार्मिकः સિદ્ધ થઇ શકે. તેથી તે સૂત્ર ઉપર अधर्माच्च। એ વાર્તિક નહીં કરવી પડે. (કા. અને સિ.કૌ. માં अधर्माच्चेति वक्तव्यम्। એમ પાઠ છે.)

[377] આ વા. તદન્તવિધિનો અપવાદ છે. જો તદન્તવિધિ પ્રતિષેધ ન કરવામાં આવે તો बहुपटु જેવામાં बहुच् પૂર્વે હોય ત્યાં પણ તદન્ત વિધિ થવાનો અનિષ્ટ પ્રસંગ આવે, કારણ કે विभाषा सुपो बहुच्पुरस्तात्तु। પ્રમાણે बहुच् પ્રત્યય પૂર્વે થાય છે.અહીં पद શબ્દ દ્વારા ઉત્તરપદનું ગ્રહણ થાય છે.જેમ सत्यभामा , देवदत्त વગેરેમાં એકદેશનો લોપ થતાં भामा, दत्त એમ થાય છે તેમ અહીં उत्तरपद શબ્દના એકદેશ(उत्तर) નો લોપ થયો છે એમ સમજવાનું છે (કે.) કારણ કે ભાષ્યકારે પદાધિકારના પ્રયોજનનું ઉદાહરણ વા.(૨૨) માં इष्टकेषी - कामालानाम्० (૬-૩-૬૫) એ अलुगुत्तरपदे। (૬-૩-૧) નીચેના ઉત્તરપદાધિકારમાંથી આપ્યું છે.

[378] આ સૂત્રમાં उत्तरपद ની અનુવૃત્તિ થાય છે તે ઉપરથી पूर्वपद નું અનુમાન થાય છે અને इष्टका વગેરે ઉત્તરપદનાં વિશેષણ થશે. इष्टका , इषीका અને माला પછી અનુક્રમે चित , तूल અને भारिन् ઉત્તરપદ આવતાં તેમનો હ્રસ્વ થાય છે. તેથી इष्टकया चितम् એ વિગ્રહવાક્યનો कर्तृकरणे कृता बहुलम्। પ્રમાણે તૃતીયા તત્પુરુષ इष्टकचितम् થશે. અહીં જેમ હ્રસ્વ થયો છે તેમ इष्टका જેમાં ઉત્તરપદ હોય, જેમ કે पक्वेष्टका, તેનો પણ તે પ્રમાણે હ્રસ્વ થઇને पक्वेष्टकचितम् એ સમાસ થઇ શકે તે ઉત્તરપદમાં પ્રયોજન છે. તે રીતે इषीकायाः तूलम् इषीकतूलम् અને मुञ्जेषकतूलम् માં પણ હ્રસ્વ થઇ શકે અને मालां भर्तुं शीलमस्याः માં सुप्यजौ णिनिस्ताच्छील्ये। થી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इष्टकचितं चिन्वीत पक्वेष्टकचितं चिन्वीत। इषीकतूलेन मुञ्जेषीकतूलेन। मालभारिणी कन्या उत्पलमालभारिणी कन्या॥ अङ्गाधिकारे किं प्रयोजनम्।

महदप्स्वसृनप्तॄणां दीर्घविधौ ॥२३॥

महदप्स्वसृनप्तॄणां दीर्घविधौ प्रयोजनम्॥ महान् परममहान्। महत्॥ अप्। आपस्तिष्ठन्ति स्वापस्तिष्ठन्ति। अप्॥ स्वसृ। स्वसा स्वसारौ स्वसारः परमस्वसा परमस्वासारौ परमस्वसारः। स्वसृ॥ नप्तृ। नप्ता नप्तारौ नप्तारः। एवं परमनप्ता परमनप्तारौ परमनप्तारः॥

(જેથી) **इष्टकचितं चिन्वीत** (ની જેમ) **पक्वेष्टकचितं चिन्वीत** (થઇ શકે), **इषीकतूलेन** (ની જેમ) **मुञ्जेषीकतूलेन** (થાય), **मालभारिणी कन्या** (થાય તેમ) **उत्पलमालभारिणी कन्या**। (થઇ શકે).
અંગાધિકારમાં (કહેવાનું) શું પ્રયોજન ? [379]

**महत्, अप्, स्वसृ** અને **नप्तृ** ને (વિશે) દીર્ઘવિધિ કહ્યો છે તે (પ્રયોજન) ॥૨૩॥

**महत्, अप्, स्वसृ** અને **नप्तृ** ને (અનુલક્ષીને ઉપધાનો) દીર્ઘવિધિ કહ્યો છે તે (તદન્તને થાય એ) પ્રયોજન છે.

(જેથી **महत्** નું ) **महान्** (થાય છે તેમ ) **परममहान्** (થઇ શકે) **अप्** નું **आपस्तिष्ठन्ति** (થાય છે તેમ ) **स्वापस्तिष्ठन्ति** (થઇ શકે), **स्वसृ** નું **स्वसा स्वसारौ स्वसारः** (થાય છે તેમ) **परमस्वसा परमस्वसारौ परमस्वसारः** (થઇ શકે), અને **नप्तृ** નું **नप्ता नप्तारौ नप्तारः** (થાય છે તેમ) **परमनप्ता परमनप्तारौ परमनप्तारः** (થઇ શકે).

---

**णिनि** થઇને **उपपदमतिङ्।** પ્રમાણે સમાસ થઇને **मालभारिणी (कन्या)** માં હ્રસ્વ થયો છે તેમ **माला** જેમાં ઉત્તરપદ હોય તે **उत्पलमाला** નો પણ હ્રસ્વ થઇને **उत्पलमालभारिणी** એમ સિદ્ધ થાય તે પ્રયોજન છે એમ ભાવ છે.વા(૨૨) **येन विधिः०** સૂત્રના વિસ્તાર રૂપે છે. **इष्टका** વગેરેનાં જે ઉદાહરણ આપ્યાં છે તે ત્રીજા અધ્યાયના સમગ્ર ત્રીજા પાદ સુધી વિસ્તરતા **उत्तरपदाधिकार** માંનાં છે. વાસ્તવમાં અહીં **पदाधिकार** એટલે કે ઉત્તરપદાધિકાર તેમ જ (૮-૧-૧૬) થી (૮-૩-૫૫) સૂત્ર સુધી વિસ્તરતા પદાધિકાર લેવાના છે પદાધિકારમાં પદ વિશેષ્ય છે. ભાષ્યકારે પદાધિકારમાંનાં ઉદાહરણ આપ્યાં નથી, પરંતુ **अहोभ्याम्, परमहोभ्याम्** વગેરે તેનાં ઉદાહરણ આપી શકાય.

[379] **अङ्गस्य।** (૬-૪-૧) થી સાતમા અધ્યાયના અંત સુધી અંગાધિકાર વિસ્તરે છે. ત્યાં **अङ्गस्य** ની અનુવૃત્તિ થાય છે. તે વિશેષ્ય છે અને સૂત્રમાં જેનું ઉચ્ચારણ કરીને કાર્યનું વિધાન કરવામાં આવ્યું હોય તે વિશેષણ થશે. તે વિશેષણ પોતાની અને તદન્તની સંજ્ઞા થશે. તેથી **सान्तमहतः संयोगस्य।** પ્રમાણે **महत्** ની ઉપધાનો સર્વનામસ્થાન પર થતાં દીર્ઘ થાય છે તેરીતે તદન્ત **परममहत्** માં પણ ઉપધા દીર્ઘ થઇને **परममहान्** સિદ્ધ થઇ શકશે. તે રીતે **अप्, स्वसृ** અને **नप्तृ** એ અંગોમાં પણ ઉપધા દીર્ઘ થઇને જેમ **आपः(तिष्ठन्ति)**, **स्वसा स्वसारौ स्वसारः, नप्ता नप्तारौ नप्तारः** થાય છે તેમ **अप्, स्वसृ** અને **नप्तृ** જેને અંતે હોય (**तदन्त**) તે અંગો **स्वाप्** (= **सु आप्**), **परमस्वसृ** અને **परमनप्तृ** માં ઉપધા દીર્ઘ થઇને **स्वापः (तिष्ठन्ति), परमस्वसा परमस्वसारौ परमस्वसारः, परमनप्ता परमनप्तारौ परमनप्तारः** એમ થશે. આમ અંગને લગતાં કાર્યમાં તદન્ત વિધિ થાય તે આ વાર્તિક પ્રમાણે પ્રકૃત સૂત્રનું પ્રયોજન છે. **आपः/स्वापः** બહુવચન છે તે દર્શાવવા **आपः/ स्वापः तिष्ठन्ति** એમ ઉદાહરણ આપ્યું છે. **स्वापः** માં **द्व्यन्तरुपसर्गेभ्य अप ईत्।** પ્રમાણે **सु** પર થતાં **अप्** નો **ईत्** નથી થયો, કારણ કે **न पूजनात्।** થી સમાસાન્તનો પ્રતિષેધ કર્યો છે.' **अपो भि।** પ્રમાણે **त्** આદેશ થાય છે તે તદન્તને પણ થશે તેથી જેમ **अद्भिः** થાય છે તેમ **स्वद्भिः** પણ થશે.'(કે.), પરંતુ વા.માં **दीर्घविधौ** એમ કહ્યું છે, જ્યારે **अद्भिः** માં દીર્ઘવિધિ નથી તેથી કે.નું ઉદાહરણ બંધબેસતું નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

पद्युष्मदस्मदस्थ्याद्यनडुहो नुम् ॥२४ ॥

पद्भावः प्रयोजनम् । द्विपदः पश्य । अस्ति चेदानीं कश्चित्केवलः पाच्छब्दो यदर्थो विधिः स्यात् । नास्तीत्याह । एवं तर्ह्यङ्गाधिकारे प्रयोजनं नास्तीति कृत्वा पदाधिकारस्येदं प्रयोजनमुक्तम् । हिमकाषिहतिषु च । यथा पत्काषिणौ पत्काषिणः एवं परमपत्काषिणौ परमपत्काषिणः । यदि तर्हि पदाधिकारे पादस्य तदन्तविधिर्भवति पादस्य पदाज्यातिगोपहतेषु ।

જેનો **पद्** આદેશ થાય છે તે, [380] **युष्मद्** , **अस्मद्**, **अस्थि** વગેરેના (જે આદેશ થાય છે તે) અને **अनडुह्** ને **नुम्** થાય છે તેમાં (તદન્તનું ગ્રહણ થાય તે પ્રયોજન) ॥૨૪॥

**पाद** કે **पाद्** ના જે **पद्** આદેશ થાય છે (તે તદન્તમાં પણ થઇ શકે ) તે પ્રયોજન, (જેથી) **द्विपदः पश्य** । (પણ) હવે એવો કોઇ કેવળ **पाद्** શબ્દ છે [381] કે જેને માટે (આ) વિધિ કરવો પડે ? તો કહે છે કે ના. એમ હોય તો પછી આ અંગાધિકારમાં[382] (**पद्** આદેશનું) કોઇ પ્રયોજન નથી એમ કરીને આ (વાર્તિકમાં ઉત્તર) પદાધિકારમાંના **हिमकाषिहतिषु** । નું પ્રયોજન કહ્યું છે, (જેથી) જેમ **पत्काषिणौ पत्काषिणः** (થાય છે) તેમ **परमपत्काषिणा परमपत्काषिणः** (થઇ શકે). જો પદાધિકારમાં **पाद** (શબ્દ) ને તદન્ત વિધિ થતો હોય તો[383] **पादस्य पदाज्यातिगोप-**

---

[380] આ સૂત્રમાં **पद्युष्मदस्मदस्थ्यादि** એ સમાસ જુદું પદ છે અને **अनडुहः** એ અસમસ્ત પદ પણ જુદું છે. તેમ ન હોત તો **नुम्** નો માત્ર **अनडुह्** સાથે અન્વય થઇ શકે તેમ છે પરિણામે સામર્થ્યને અભાવે અર્થાત્ સમાસ ઉચિત અર્થ વ્યક્ત ન કરી શકતો હોવાથી સમાસ જ ન થઇ શકે. અહીં **पद्** વગેરે તેમ જ **अनडुह्** ને થતો **नुम्** એ સર્વ તદન્તવિધિ પ્રયોજે છે એમ અર્થ છે. पादः **पत्** । પ્રમાણે **पाद्** નો **पद्** થાય તે **पद्भाव** . આ સૂત્ર અંગાધિકારમાં છે અને **पाद्** એ અંગનું વિશેષણ છે તેથી **पाद्** જેને અંતે હોય તે અંગોનો અર્થાત્ તે અંતે આવેલ **पाद्** શબ્દનો **पद्** આદેશ થાય છે. તેથી **द्वौ पादौ अस्य** એ વિગ્રહ વાક્યનો બહુવ્રીહિ કરતાં **पाद्** નો **पद्** થઇને **द्विपदः (पश्य)** । એમ થશે.
[381] **पादस्य लोपोऽहस्त्यादिभ्यः** । પ્રમાણે ઉપમાનની પછી આવતા **पाद** શબ્દના અંત્યનો બહુવ્રીહિ સમાસમાં લોપ થાય છે અને સ્થાની વ્દારા લોપ સમાસાન્ત થશે. તેથી કાકુ નો આશ્રય લઇને પૂછે છે કે એવો કોઇ સ્વતંત્ર, કેવળ **पाद्** શબ્દ છે કે જેનો **पद्** આદેશ થાય છે ?
[382] જો એવો **पाद्** શબ્દ ન હોય તો પછી તે અંગનું વિશેષણ ન થઇ શકે.પરિણામે અંગાધિકારમાં **पद्** ગ્રહણનો કોઇ ઉપયોગ નથી. તેથી પદાધિકાર (=ઉત્તરપદાધિકાર) માં **हिमकाषिहतिषु** । પ્રમાણે **हिम** વગેરે પર થતાં **पाद** નો **पद्** થાય છે ત્યાં તદન્તનું ગ્રહણથાય તે પ્રયોજન છે એમ સમજવાનું છે. તેથી **पादौ कषन्ति इति पत्काषिणः** (**सप्यजातौ णिनस्ताच्छील्ये** । થી **णिनि** થઇને **उपपदमतिङ्** । પ્રમાણે ઉપપદ સમાસ થયો છે) તે રીતે **परमपत्काषिणौ परमपत्काषिणः** પણ થઇ શકશે.
[383] અહીં શંકા કરે છે કે જો પદાધિકારમાં **पाद** શબ્દનો તદન્ત વિધિ થતો હોય તો પછી **पादस्य पदाज्याति°** પ્રમાણે જેમ **पादेन उपहतम्** એ વિગ્રહ વાક્યનો સમાસ કરતાં **पाद** નો **पद** આદેશ થઇને **पदोपहतम्** એમ સમાસ થાય છે તેમ **पाद** શબ્દ જ્યાં ઉત્તરપદ હોય તે (તદન્ત) નો પણ **उपहत** પર થતાં , અર્થાત્ **दिग्धपादेन उपहतम्** એ વિગ્રહ વાક્યનો સમાસ કરતાં **दिग्धपादोपहतम्** સમાસ થાય છે ત્યાં પણ **पद** આદેશ થઇને **दिग्धपदोपहतम्** એમ અનિષ્ટ સમાસ થવાનો પ્રસંગ આવશે. અહીં શંકા થાય કે **हिमकाषि°** પ્રમાણે **पाद** નો **पद** થાય ત્યાં તદન્તવિધિ થશે એમ કહ્યું , એટલે કે ઉત્તરપદ હોય ત્યાં થશે એમ કહ્યું છે, જ્યારે **पादः पद°** એ સૂત્રમાં **पाद** નો **पद** એ **अ**-કારાન્ત આદેશ થાય છે તેથી ત્યાં ઉત્તરપદવિધિ કેવી રીતે થાય ? પરંતુ એ સૂત્રમાં પણ **पाद** શબ્દ પૂર્વપદનું વિશેષણ છે તેથી તદન્તવિધિ થશે, એટલે કે તે ઉત્તરપદ હોય તો પણ **पद** આદેશ થશે. તે જ ન્યાયે જ્યારે **पाद** નો **पद्** આદેશ થાય ત્યારે તદન્તવિધિ થવાનો પ્રસંગ આવશે, કારણ કે પૂર્વસૂત્રમાં જે જાતના **पाद** શબ્દનો નિર્દેશ છે તે જ **पाद** ની ઉત્તર સૂત્રમાં અનુવૃત્તિ થાય છે. આમ **दिग्धपदोपहतम्** એ અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यथेह भवति पादेनोपहतं पदोपहतम्। अत्रापि स्यात्। दिग्धपादेनोपहतं दिग्धपादोपहतमिति। एवं तर्ह्यङ्गाधिकार एव प्रयोजनम्। ननु चोक्तं नास्ति केवलः पाच्छब्द इति। अयमस्ति पादयतेरप्रत्ययः पात्। पदा पदे। पद्। युष्मद् अस्मद्। यूयम् वयम् अतियूयम् अतिवयम्॥ अस्थ्यादि। अस्थ्ना दध्ना सक्थ्ना परमास्थ्ना परमदध्ना परमसक्थ्ना॥ अनडुहो नुम्। अनड्वान् परमानड्वान्॥ द्युपथिमथिपुंगोसखिचतुरनडुत्त्रिग्रहणम्॥२५॥

द्युपथिमथिपुंगोसखिचतुरनडुत्त्रिग्रहणं प्रयोजनम्। द्यौः सुद्यौः। पन्थाः सुपन्थाः परमपन्थाः। मन्थाः

हतेषु। પ્રમાણે જેમ पादेनोपहतं पदोपहतम् થાય છે તેમ અહીં दिग्धपादेनोपहतं (નું) दिग्धपादोपहतम् (થાય છે તે) માં પણ થાય. એમ હોય તો પછી ભલે અંગાધિકારમાં જ (તદન્તવિધિ થાય એ) પ્રયોજન હોય.[384] અરે પણ (અમે) કહ્યું કે કેવળ पाद् શબ્દ છે જ નહીં.(पद् ધાતુના પ્રેરક) पाद् ને क्विप् થઇને આ पाद् (શબ્દ થાય) છે, (તેથી) पदा पदे (વગેરે સિદ્ધ થાય છે) पद् (ની ચર્ચા પૂરી). युष्मद् अस्मद् (ના આદેશમાં) यूयम् वयम् (ની જેમ) अतियूयम् अतिवयम्[385] (એ તદન્તમાં પણ થાય).अस्थि વગેરે(નાં) अस्थ्ना दध्ना सक्थ्ना (થાય છે તેમ તદન્તમાં થઇને) परमास्थ्ना परमदध्ना परमसक्थ्ना (થાય), અને अनडुह् ને नुम् (આગમ થઇને) अनड्वान् (થાય છે તેમ) परमानड्वान् (થાય).[386]

दिव् ,पथि ,मथि ,पुंस् ,गो,सखि ,चतुर् , अनडुह् અને त्रि (એ શબ્દોનું) ગ્રહણ કર્યું છે (ત્યાં તદન્તને કાર્ય થાય) તે (પ્રયોજન)॥૨૫॥

दिव् ,पथि ,मथि ,पुंस् ,गो,सखि ,चतुर् , अनडुह् અને त्रि (એ શબ્દોનું ભિન્ન ભિન્ન સૂત્રોમાં) ગ્રહણ (કરીને જે કાર્યોનું વિધાન) કર્યું છે (તે તદન્તને પણ થાય) તે પ્રયોજન છે.[387] (જેથી) द्यौः (ની જેમ) सुद्यौः (પણ થાય), पन्थाः (ની જેમ) सुपन्थाः (પણ થાય), मन्थाः (ની જેમ)

---

[384] વાસ્તવમાં ઇષ્ટ સિદ્ધિ કરવી એ જ पदाङ्गाधिकारे तस्य च तदुत्तरपदस्य च। એ પરિભાષાનો ઉદ્દેશ છે અને તેથી જ્યાં આ પરિભાષા લાગુ પડવાથી ઇષ્ટ સિદ્ધિ ન થતી હોય ત્યાં એ લાગુ પડવી ન જોઇએ. જો આમ पाद શબ્દથી તદન્તવિધિ ન થતો હોય તો આગળ परम-पत्काषिणौ એ ઉદાહરણ આપ્યું તેની સાથે વિરોધ થશે. એ શંકા યોગ્ય નથી, કારણ કે परमपादेन कषति એમ તદન્ત લઇને સમાસ કરવો હોય તો परमपादकाषी એમ જ થવો જોઇએ અર્થાત્ તદન્તવિધિ નહીં થાય.પણ परमः पत्काषी એમ તત્પુરુષ કરવો હોય તો परमपत्काषी થશે. ટૂંકમાં પદાધિકારમાં पाद શબ્દનો તદન્તવિધિ થતો નથી. તેથી અહીં કહે છે કે એમ હોય તો અંગાધિકાર માટે पाद શબ્દનું વાર્તિકમાં ગ્રહણ કર્યું છે એમ સમજીશું, કારણ કે पद् ધાતુના પ્રેરક पाद् ને क्विप्--पादः पत्। થી पत्--पदा पदे એ पद् નાં ઉદાહરણ થશે.અહીં (નિ. સા. પૃ.૫૩૦ અને યુમી.૮૨૧) માં पदः पदा पदे , (ચૌખં. પૃ. ૫૭૭) માં पदः पदे અને (શ.કૌ.ભા.૧, પૃ.૨૯૪) માં पदः पदा એમ પાઠ છે.

[385] युष्मत् , अस्मत्--जस् પર થતાં मपर्यन्त ભાગનો यूयवयौ जसि। પ્રમાણે यूय અને वय આદેશ થઇને यूयम् , वयम् થાય છે તેમ તદન્ત હોય ત્યાં પણ એ આદેશો થાય જેથી अतियूयम् , अतिवयम् રૂપો સિદ્ધ થઇ શકે તે પ્રયોજન છે.

[386] अस्थ्न्यादि--अस्थिदधि० થી अस्थि , दधि વગેરે નપુંસકલિંગી પ્રાતિપદિકોનો તૃતીયાથી શરૂ થતા अजादि પ્રત્યયો પર થતાં अनङ् આદેશ થાય છે.તેથી अस्थ्ना , अस्थ्ने, दध्ना , दध्ने, सक्थ्ना, सक्थ्ने થાય છે. તેમ તદન્તને પણ થતાં परमास्थ्ना, परमदध्ना, परम-सक्थ्ना વગેરે સિદ્ધ થશે. તે રીતે अनडुह् (નોંધ ૭૮) માં જેમ अनड्वान् , हे अनड्वन् થાય છે તેમ તદન્તને થઇને परमानड्वान् વગેરે થાય. એ પ્રયોજન છે.

[387] द्युपथिमथि० પ્રમાણે द्यौः થાય છે (નોંધ ૩૩૯) તેમ सुद्यौः થઇ શકે તે પ્રયોજન છે. पथि વગેરેમાં પણ पन्थाः, मन्थाः થાય છે (નોંધ ૩૩૯) તેમ सुपन्थाः, सुमन्थाः સિદ્ધ થઇ શકે તે પ્રયોજન છે. पुंस् નો સર્વનામ સ્થાન પર થતાં पुंसोऽसुङ्। પ્રમાણે असु થઇને पुमान् થાય છે તેમ તદન્તમાં પણ થઇને परमपुमान् સિદ્ધ થઇ શકે તે પ્રયોજન છે. गो નું गौः થાય છે તેમ તદન્ત सुगो નું પણ सुगौः થાય તે પ્રયોજન છે. सखि માં પણ णिद्वद्भाव થઇને सखा सखायौ सखायः થાય છે તેમ તદન્ત परमसखि માં પણ परमसखा परमसखायौ परमसखायः થઇ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सुमन्थाः परममन्थाः। पुमान् परमपुमान्। गौः सुगौः। सखा सखायौ सखायः परमसखा परमसखायौ परमसखायः। चत्वारः परमचत्वारः। अनड्वाहः परमानड्वाहः। त्रयाणाम् परमत्रयाणाम्॥

त्यदादिविधिभस्त्रादिस्त्रीग्रहणं च ॥२६॥

सुमन्थाः परममन्थाः (પણ થાય), पुमान् (ની જેમ) परमपुमान् (પણ થાય), गौः (ની જેમ) परमगौः (પણ થાય), सखा सखायौ सखायः (ની જેમ) परमसखा परमसखायौ परमसखायः (પણ થાય), चत्वारः (ની જેમ) परमचत्वारः (પણ થાય), अनड्वान् (ની જેમ) परमानड्वान् (પણ થાય) અને त्रयाणाम् (ની જેમ) परमत्रयाणाम् (પણ થાય).

त्यदादि ને લગતો વિધિ કહ્યો છે ત્યાં, भस्त्रा વગેરેનું ગ્રહણ કર્યુ છે ત્યાં, અને स्त्री શબ્દનું ગ્રહણ છે ત્યાં (તદન્તનું ગ્રહણ થાય તે પણ (પ્રયોજન) ॥૨૬॥ [388]

---

શકે તે પ્રયોજન છે. चतुर् અને अनडुह् નેસર્વનામસ્થાન પર થતાં चतुरनडुहोरामुदात्तः। પ્રમાણે टि પૂર્વે आम् થઇને चत्वारः , अनड्वान् अनड्वाहौ अनड्वाहः अनड्वाहम् अनड्वाहौ થાય છે તેમ તદન્તને પણ થાય જેથી परमचत्वारः, परमानड्वान् परमानड्वाहौ परमानड्वाहः વગેરે સિદ્ધ થાય તે પ્રયોજન છે. ષ.બ.વ.નો आम् પર થતાં त्रि નો त्रय આદેશ થઇને त्रयाणाम् તેમ તદન્તમાં પણ त्रय આદેશ થઇને परमत्रयाणाम् સિદ્ધ થઇ શકે તે પ્રયોજન છે. શ.કૌ.(ભા.૧,પૃ.૨૯૪) માં परमपन्थाः પાઠ છે,પરંતુ કિ.,વા.શા. મ, હિ.,ચારુ., સુ.મી માં सुपन्थाः પાઠ છે. કૈ.નોંધે છે કે परमपन्थाः એ પાઠ કેટલેક સ્થળે મળી આવે છે પણ તે યોગ્ય નથી, કારણ કે पथिन् અંતે હોય ત્યારે ऋक्पुरब्धू० પ્રમાણે अ-કાર સમાસાન્તનું વિધાન કરેલું છે, પરંતુ न पूजनात्। થી જેનિષેધ કર્યો છે તે पूजायां स्वतिग्रहणं कर्तव्यम्। એ (વા.) ને પ્રતાપે सु ને લાગુ પડશે તેથી शोभनः पन्थाः એ વિગ્રહ વાક્યનો कुगतिप्रादयः। પ્રમાણે સમાસ થતાં सुपन्थाः થશે તે તદન્તનું ઉચિત ઉદાહરણ થશે. गो માં પણ કેટલેક સ્થળે परमगौः એમ જે પાઠ છે તે અપપાઠ છે, કારણ કે गोरतद्धितलुकि। પ્રમાણે તત્પુરુષમાં અંતે गो શબ્દ છે તેથી સમાસાન્ત टच् થાય છે. પરિણામે सुगौः એ જ તદન્તનું યોગ્ય ઉદાહરણ છે.ભ.દી. કહે છે કે परमपन्थाः,परमगौः એ ઉદાહરણો ભાષ્યમાં આપ્યાં છે ત્યાં સમાસાન્તની તકલીફ રહે છે તેથી કૈ. એને અપપાઠ કહે છે. નહીં તો સમાસાન્તવિધિ અનિત્ય છે એમ કહીને સમાધાન થઇ શકે અથવા અહીં परम् એટલે બીજું (ઉદાહરણ) अपन्थाः , अगौः અને पथो विभाषा। પ્રમાણે नञ्तत्पुरुष માં વિકલ્પે સમાસાન્ત ન થવાથી अपन्थाः એ સાધુ પ્રયોગ થશે.(શ.કૌ.ભા.૧,પૃ.૨૯૪).

[388] त्यदादिविधि વગેરે પ્રમાણે त्यद् નું स्यः અને तद् નું सः થાય છે તેમ તદન્તને પણ થાય એ પ્રયોજન છે જેથી शोभनः सः નો સમાસ કરતાં अतिसः વગેરે સિદ્ધ થાય.અહીં अति નો अत्यादयः क्रान्ताद्यर्थे। પ્રમાણે સમાસ નથી લેવાનો, કારણ કે તેમાં तद् નો અર્થ ઉપસર્જન હોવાથી સમાસ अतितद् એમ થશે.भस्त्रादि-- ઉત્તરના આચાર્યો પ્રમાણે भस्त्रैषाजाज्ञाद्वास्वानञ्पूर्वाणामपि। થી भस्त्रा વગેરેના अ-કારનો इ-કાર આદેશ થતો નથી તેથી भस्त्रा ને અલ્પના અર્થમાં अल्पे। થી क થઇને अजाद्यतः० થી टाप् થઇને भस्त्रका અને प्रत्यय -स्थात्कात्० થી आ નો इ થઇને भस्त्रिका થાય છે તેમ તદન્તને પણ થઇને निर्गता भस्त्रा यस्याः નો સમાસ કરતાં निर्भस्त्रका, निर्भस्त्रिका તેમ જ बहव्यः भस्त्राः यस्याः सा નો बहुभस्त्रका અને बहुभस्त्रिका થાય એ પ્રયોજન છે. સૂત્રમાં नञ्पूर्वाणामपि એમ अपि શબ્દ પ્રયોજ્યો છે તેથી સૂત્રનિર્દિષ્ટવિધિ અન્યપૂર્વ હોય તેને તથા કેવળને પણ થશે તેમ સમજાય છે તેથી नञ्पूर्वाणाम् એમ નહીં કહેવું પડે. એ વચન મંદબુદ્ધિની વ્યક્તિને સમજાય તે માટે અનુવાદ રૂપે જ છે (કા.).स्त्रीग्रहणम्-- अजादि પ્રત્યય પર થતાં स्त्रियाः। સૂત્ર પ્રમાણે इयङ् થઇને स्त्रियौ स्त्रियः થાય છે તેમ તદન્તમાં પણ તે આદેશ થઇને राजस्त्रियौ राजस्त्रियः સિદ્ધ થાય તે પ્રયોજન છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

त्यदादिविधिभस्त्रादिस्त्रीग्रहणं च प्रयोजनम्। सः अतिसः। भस्त्रका भस्त्रिका निर्भस्त्रका निर्भस्त्रिका बहुभस्त्रका बहुभस्त्रिका। स्त्रीग्रहणं च प्रयोजनम्। स्त्रियौ स्त्रियः राजस्त्रियौ राजस्त्रियः॥

वर्णग्रहणं च सर्वत्र ॥२७॥

वर्णग्रहणं च सर्वत्र प्रयोजनम्। क्व सर्वत्र। अङ्गाधिकारे चान्यत्र च। अन्यत्रोदाहृतम्। अङ्गाधिकारे। अतो दीर्घो यञि सुपि च। इहैव स्यात् आभ्याम्। घटाभ्यामित्यत्र न स्यात्॥

प्रत्ययग्रहणं चापञ्चम्याः ॥२८॥

(જે સૂત્રમાં) त्यदादि ને લગતો વિધિ કહેવામાં આવ્યો હોય ત્યાં, (જે સૂત્રમાં) भस्त्रा વગેરેનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં, અને (જે સૂત્રમાં) स्त्री શબ્દનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં, પણ (તદન્તને કાર્ય થાય) તે (પ્રયોજન) છે.(જેથી त्यद् ઉપરથી) सः (ની જેમ) अतिसः (પણ થાય), (भस्त्रा ઉપરથી) भस्त्रका भस्त्रिका (ની જેમ) निर्भस्त्रका निर्भस्त्रिका અને बहुभस्त्रका बहुभस्त्रिका (પણ થાય).તે રીતે (स्त्रियाः। સૂત્રમાં) स्त्री શબ્દનું ગ્રહણ કર્યુ છે તે પણ પ્રયોજન છે.(જેથી) स्त्रियौ स्त्रियः (ની જેમ) राजस्त्रियौ राजस्त्रियः (પણ થાય).

વર્ણનું ગ્રહણ કર્યુ હોય ત્યાં (તદન્ત થાય તે) સર્વત્ર (પ્રયોજન) ॥૨૭॥ [389]

(સૂત્રોમાં જ્યાં જ્યાં વર્ણનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં બધે જ (તદન્તને કાર્ય થાય) તે પ્રયોજન છે. સર્વત્ર એટલે ક્યાં ? અંગાધિકારમાં તેમ જ બીજે પણ. બીજે(ઉપયોગી છે તેનાં ઉદાહરણ આપ્યાં. અંગાધિકારમાં – अतो दीर्घो यञि। सुपि च। (એ સૂત્રો થી) आभ्याम् માં દીર્ઘ થશે, પરંતુ (સૂત્રમાંના अतः દ્વારા તદન્તનું ગ્રહણ ન થાય તો) घटाभ्याम् માં (દીર્ઘ) નહીં થાય.

(સૂત્રમાં ) પંચમ્યન્તની પર ન હોય તેવા પ્રત્યયનું ગ્રહણ (કરવામાં આવ્યું) હોય (તો) તે (દ્વારા તદન્તનું ગ્રહણ થાય તે પ્રયોજન) ॥૨૮॥ [390]

---

[389] वर्णग्रहणं च सर्वत्र। એમ કહ્યું છે તો પછી उगिद्वर्णग्रहणवर्जम्। એ વા.માં वर्णग्रहण એમ કહેવાની જરૂર નથી એ શંકાને લક્ષમાં રાખીને કૈ. સમાધાન કરે છે કે समासप्रत्ययविधौ प्रतिषेधः। એમ કહીને પ્રત્યયવિધિમાં તદન્તનો પ્રતિષેધ કર્યો છે તેથી વર્ણગ્રહણ હોય ત્યાં પણ પ્રત્યય વિધિમાં પ્રતિષેધ થશે એ ભયનું નિવારણ કરવા માટે ત્યાં वर्णग्रहण કર્યુ છે. अन्यत्रोदाहृतम्। એમ કહ્યું છે તે अत इञ्। પ્રમાણે दक्ष નું दाक्षिः થાય છે તેનો ઉલ્લેખ છે [उगिद्वर्णग्रहणवर्जम्। નોંધ (૩૩૯)] अङ्गाधिकार માં अतो दीर्घो यञि। सुपि च। પ્રમાણે अदन्त અંગનો દીર્ઘ થાય છે. इदम् भ्याम्--हलि च। થી इद् નો લોપ થતાં त्यदादीनामः।-- अ अ याम्-- अतो गुणे।-- अ भ्याम्--सुपि च। થી દીર્ઘ થતાં आभ्याम् થાય છે. અહીં अ નો દીર્ઘ થયો છે.પરંતુ અહીં તદન્ત વિધિ ન થતો હોય તો घट भ्याम् એ સ્થિતિમાં सुपि च। લાગુ ન પડે તો घटाभ्याम् સિદ્ધ ન થાય.પરંતુ अतः એ વર્ણગ્રહણ છે તેથી તદન્તવિધિ થશે અને घटाभ्याम् સિદ્ધ થશે.

[390] વા.(૨૮) ને'प्रत्ययग्रहणे चापञ्चम्याः।' એ સ્વરૂપે પરિભાષા તરીકે લેવામાં આવે છે. प्रत्ययग्रहणे यस्मात्स विहितस्तदादेस्तदन्तस्य ग्रहणम्। એ પરિભાષાથી તદન્તવિધિ સિદ્ધ થાય છે. જેમ કે यञिञोः। પ્રમાણે यञन्त અને इञन्त ને અપત્યાર્થે फक् થાય છે. હવે गर्ग વગેરેને गर्गादिभ्यो यञ्। થી यञ् લાગીને गार्ग्यः, वात्स्यः વગેરે થતાં એ यञन्त રૂપોને यञिञोः। પ્રમાણે फक् થઇને गार्ग्यायणः, वात्स्यायनः થશે.પરંતુ प्रत्ययग्रहणे यस्मात्स० એ પરિભાષાને કારણે परमगार्ग्य શબ્દને फक् નહીં થાય, કારણ કે यञ् નું વિધાન गर्ग ને વિશે કરેલું છે તેથી તે यञन्त છે, પરંતુ परमगार्ग्य શબ્દ यञन्त નથી કારણ કે તેને અનુલક્ષીને यञ् નું વિધાન કરવામાં નથી આવ્યું. પરિણામે परमगार्ग्य માંના गार्ग्य એ यञन्त ને फक् ( आयनेयीयियः० પ્રમાણે आयन) થઇને परमगार्ग्यायणः સિદ્ધ થશે[તે રીતે परम-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रत्ययग्रहणं चापञ्चम्याः प्रयोजनम्। यञिञोः फग्भवति। गार्ग्यायणः वात्सायनः परमगार्ग्यायणः परमवात्सायनः। अपञ्चम्या इति किमर्थम्। दृषत्तीर्णा परिषत्तीर्णा॥ अलैवानर्थकेन नान्येनानर्थकेनेति वक्तव्यम्। किं प्रयोजनम्।

(સૂત્રમાં ) પંચમ્યન્ત (પદ) ની પર ન હોય તેવા પ્રત્યયનું ગ્રહણ (કરવામાં આવ્યું) હોય (તો) તે (દ્વારા તદન્તનું પણ ગ્રહણ થાય તે પ્રકૃત સૂત્રનું)પ્રયોજન છે. यञ् જેને અન્તે હોય તેને અને इञ् જેને અંતે હોય તે (શબ્દ)ને (यञिञोश्च। થી) फक् થઇને गार्गायणः (થશે, પરંતુ ) परमगार्ग्यायणः परमवात्सायनः (માં यञ् નહીં થાય).'પંચમી (વિભક્ત્યન્ત પદ) ની પછી ન આવતા' એમ શા માટે (કહ્યું છે) ?[391] दृषत्तीर्णा , परिषत्तीर्णा (માં તદન્ત વિધિ ન થાય તે માટે).'(સૂત્રમાં) અનર્થકનું ગ્રહણ કર્યું હોય તો માત્ર अल् હોય તો જ (તદન્ત વિધિ થશે)[392] તે સિવાયના અનર્થક (નું ગ્રહણ હોય તેનો તદન્ત વિધિ) નહીં (થાય)' એમ કહેવું પડશે.(એમ કહેવાનું) શું પ્રયોજન ? (એ પ્રયોજન કે

---

वात्स्यायनः પણ થશે.] પરંતુ परमगार्ग्य ને જ फक् થાય (જો કે તે શક્ય નથી) તો फक् એ कित् તદ્ધિત પ્રત્યય હોવાથી किति च। પ્રમાણે અંગના આદિ अच् ની વૃદ્ધિ થઇને पारमगार्ग्यायणः એમ અનિષ્ટ રૂપ થવાનો પ્રસંગ આવે.

[391] अपञ्चम्याः એમ તદન્ત વિધિના પ્રતિષેધ માટે કહ્યું છે. જ્યાં અન્ય કાર્યનું વિધાન કરવા માટે સૂત્રમાં પંચમ્યન્તનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યાં તદન્ત વિધિ ન થાય એ વા.(૨૮) નું પ્રયોજન છે. रदाभ्यां निष्ठातो नः० સૂત્રમાં रदाभ्याम् એ પંચમી પછી निष्ठा (क्त અને क्तवत्) પ્રત્યયનું ગ્રહણ કર્યું છે. આ સૂત્રમાં પ્રત્યયનું વિધાન નથી, પરંતુ અન્ય કાર્ય (=त નો न થાય તે) સિદ્ધ કરવા માટે છે. તેથી अपञ्चम्याः એ પ્રતિષેધને કારણે અહીં તદન્ત વિધિ નહીં થાય.પરિણામે निष्ठा દ્વારા निष्ठान्त નું ગ્રહણ નહીં થાય. તેથી दृषत् तीर्णा-- दृषत् तृ क्त--ऋत इद्धातोः। उरणरपरः।--दृषत् तिर्--हलि च। થી દીર્ઘ--दृषत् तीर् त--रदाभ्यां निष्ठातो०-- થી निष्ठा त- કારનો न-કાર रषाभ्यां नो णः। થી न् નો ण्--टाप् થઇને दृषत्तीर्णा . અહીં પ્રતિષેધ ન હોત અને તદન્ત ગ્રહણ થાય તો निष्ठा દ્વારા निष्ठान्त નું ગ્રહણ થતાં निष्ठा त-કારનો न् ન થતાં निष्ठान्त तीर्णा ના त् નો અર્થાત્ ધાતુના त् નો न् થઇને दृषत् नीर्णा એમ થતાં તેની પૂર્વે રહેલ त-કાર નો पूर्वस्य च दः। પ્રમાણે द् થઇને दृषन्नीर्णा એમ વિકૃત રૂપ થવાનો પ્રસંગ આવે.

[392] ' अर्थवद्ग्रहणे नानर्थकस्य। અર્થાત્ સૂત્રમાં જ્યારે અર્થયુક્ત વર્ણ સમુદાયનું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે તે દ્વારા અર્થ-રહિતનું ગ્રહણ થતું નથી.' એ પરિભાષા છે.પરંતુ સૂત્રમાં જ્યારે એક વર્ણ (अल्) નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે તે દ્વારા અર્થ-વત્ તેમ જ અનર્થકનું ગ્રહણ થશે. જેમ કે अत इञ्। સૂત્રમાં अ (अत्) એ એક अल् નું જ ગ્રહણ છે. જો અહીં अतः દ્વારા માત્ર અર્થ-યુક્તનું જ ગ્રહણ થતું હોય તો અર્થયુક્ત अ-કારને જ इञ् થશે. તેથી अः એટલે વિષ્ણુ અને अस्य अपत्यम् એ અર્થમાં इञ् લાગીને इः એટલે કામદેવ, થઇ શકશે,પરંતુ दशरथस्य अपत्यम् એ અર્થમાં दशरथ ને इञ् નહી થઇ શકે, કારણ કે તેનો અંત્ય अ- કાર અનર્થક છે પરિણામે दाशरथिः સિદ્ધ નહીં થઇ શકે. એ મુસીબત ટાળવા માટે 'अलैवानर्थकेन અર્થાત્ અર્થહીન હોય તો માત્ર अल् દ્વારા (તદન્તનું ગ્રહણ થશે.) ' એમ કહ્યું છે. તેથી दशरथ નો અન્ત્ય अ-કાર અનર્થક હોવા છતાં તેનું સૂત્રમાંના अतः દ્વારા ગ્રહણ થશે. તેથી इञ् થઇને दाशरथिः રૂપ સિદ્ધ થશે. लस्य। સૂત્રની વા. (૩) अर्थवद्ग्रहणात्सिद्धमिति चेत् न वर्णग्रहणेषु। માં વાર્તિકકાર એ જ વાત કહે છે તે ઉપર ભાષ્યકાર કહે છેઃ वर्णग्रहणमिदम्। न चैतद्वर्णग्रहणेषु भवति अर्थवद्ग्रहणे नानर्थकस्य इति। અહીં अला एव अनर्थकेन એમ જે एव-કાર કર્યો છે તેથી સૂચવાય છે કે માત્ર એક અનર્થક अल् હોય તો તે દ્વારા તદન્તનું ગ્રહણ થાય તે સિવાય (=અન્ય વર્ણસમુદાય અનર્થક હોય તો તે) ના દ્વારા તદન્તનું ગ્રહણ નહીં થાય (नान्येनानर्थकेन). તેથી સૂત્રમાં અર્થયુક્ત વર્ણસમુદાય-નું ગ્રહણ કરીને કાર્યનું વિધાન કર્યું હોય ત્યારે તેવો જ અનર્થક વર્ણસમુદાય જેને અંતે હોય તેનું તે સૂત્ર દ્વારા ગ્રહણ નહીં થાય. જેમ કે इन्हन्पूषार्यम्णां शौ। (शि પર થતાં इन् , हन् ,पूषन् અને अर्यमन् અંતે હોય તેવાં અંગોનો દીર્ઘ થાય છે) એ સૂત્રમાં हन् નું ગ્રહણ છે. તે શબ્દ हन् ધાતુને 'હણનાર' એ અર્થમાં ब्रह्मभ्रूणवृत्रेषु क्विप्। પ્રમાણે क्विप् લાગીને થયો છે તેથી वृत्रहन् ને એ સૂત્રમાં કરેલ નિયમ લાગુ પડશે.પરિણામે પુંલિંગમાં (शि પર ન હોવાથી) सर्वनामस्थाने चासंबुद्धौ। પ્રમાણે ઉપધાનો દીર્ઘ ન થતાં वृत्रहणौ એમ રૂપ થશે, પરંતુ નપુંસકમાં शि પર થતાં ઉપધા દીર્ઘ થઇને बहुवृत्रहाणि થશે. હવે સૂત્રમાં हन् અર્થયુક્ત છે તેથી प्लीहन् માં અંતે हन् છે છતાં તેનું ગ્રહણ નહીં થાય કારણ કે તે અનર્થક છે. પરિણામે इन्हन्० સૂત્ર દ્વારા કહેવામાં આવેલ દીર્ઘ પ્રતિષેધ તેને લાગુ નહીં પડે તેથી ત્યાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

हन्ग्रहणे प्लीहन्ग्रहणं मा भूत्। उद्ग्रहणे गर्मुदुग्रहणम्। स्त्रीग्रहणे शस्त्रीग्रहणम्। संग्रहणे पायसं करोतीति मा भूत्॥ किमर्थमिदमुच्यते न पदाङ्गाधिकारे तस्य च तदुत्तरपदस्य चेत्येव सिद्धं न चेदं तन्नापि तदुत्तरपदम्। तन्न वक्तव्यम् भवति॥ किं पुनरत्र ज्यायः।

સૂત્રમાં) **हन्** (ધાતુ) નું ગ્રહણ કર્યું હોય તેથી **प्लीहन्** (એ **हन्-** અન્ત) નું ગ્રહણ ન થાય, (સૂત્રમાં) **उद्** (શબ્દ)નું ગ્રહણ કર્યું હોય તેથી **गर्मुत्** એ (**मुद्**-અન્ત) નું ગ્રહણ (ન થાય અને) **स्त्री** શબ્દનું ગ્રહણ કર્યું હોય ત્યાં **शस्त्री** શબ્દનું ગ્રહણ (ન થાય).(સૂત્રમાં) **सम्**(શબ્દ)નું ગ્રહણ કર્યું હોય તેથી **पायसम् करोति**। (માંના **पायसम्** એ **सम्**-અન્ત) નું ગ્રહણ નથાય. (**अलेवानर्थकेन** ) એમ વળી શા માટે કહેવામાં આવે છે. **पदाङ्गाधिकारे तस्य च तदुत्तरस्य च**। એ (વાર્તિક) થી જ (એ ઉદાહરણો) સિદ્ધ નથી થતાં?[393]કારણ કે (અહીં **प्लीहन्** વગેરે) તે (અર્થાત્ **हन्**) નથી કે તે (**हन्** વગેરે) જેમાં ઉત્તરપદ હોય તે પણ નથી. તેથી.એ (વાર્તિક) કરવી નહીં પડે. આમાં વધારે સારૂં શું છે ?[394]

---

**सर्वनामस्थाने०** પ્રમાણે ઉપધા દીર્ઘ થઈને **प्लीहानौ** એમ રૂપ થશે. ઉદઃ **स्थास्तम्भोः पूर्वस्य**। એ સૂત્રમાં **उद्** નું ગ્રહણ છે તે' ઉપર અથવા ઊંચે' એ અર્થમાં છે અને સૂત્ર પ્રમાણે **उद् स्था--उत्थितः** વગેરેમાં પૂર્વ સવર્ણ થાય છે પરંતુ જ્યાં **उद्** અનર્થક હોય, જેમ કે **गर्मुत् स्थास्यति**। અહીં **गर्मुत्** ના અંશ રૂપ જે **उद्** છે તે અનર્થક છે અને **अल्** નહીં પણ **अल्** સમુદાય રૂપ છે તેથી **गर्मुत् स्थास्यति** માં એ સૂત્ર લાગુ નહીં પડે અને પરરૂપ એકાદેશ નહીં થાય. **स्त्रियाः**। માં **स्त्री** એ અર્થયુક્ત શબ્દનું ગ્રહણ છે.પરંતુ **शस्त्री** માં અંતે **स्त्री** શબ્દ છે તે અનર્થક છે તેથી સૂત્રમાંના **स्त्री** શબ્દ દ્વારા તેનું ગ્રહણ નહીં થાય.પરિણામે **शस्त्री औ** એ સ્થિતિમાં તે સૂત્ર પ્રમાણે **इयङ्** ન થવાથી **शस्त्र्यौ** એમ રૂપ થશે. **सम्पर्युपेभ्यः करोतौ भूषणे**। પ્રમાણે **सुट्** થાય છે. એ સૂત્રમાં **सम्** (=સુંદર) એ અર્થયુક્ત શબ્દનું ગ્રહણ છે પરંતુ તેથી **पायसम्** એ **समन्त** નહીં થાય કારણ કે તેમાંનો **सम्** અનર્થક છે. પરિણામે **सम् करोति** માં **सुट्** થઈને **संस्करोति** થાય છે તેમ **पायसम् करोति** માં **सुट्** નહીં થાય. નિ.સા.(પૃ.૫૩૨),ચૌખં.(પૃ.૫૭૯), યુ.મી.(પૃ.૯૨૫) માં **अलैवानर्थकेन**। એ વાક્યને વાર્તિક તરીકે લીધું છે. કિ.(પૃ.૧૮૮), વાશા.મ.(પૃ.૪૫૮),હિ.(પૃ.૬૮૫) માં ભાષ્યના ભાગ રૂપે છે.

[393] **अलैवानर्थकेन**। એમ જે કહ્યું છે તેનો અહીં વાંધો ઉઠાવ્યો છે, કારણ કે આ નિયમ કર્યો તેનો હેતુ **प्लीहानौ** વગેરે સિદ્ધ કરવું એમ જ હોય તો, તે તો અન્ય રીતે પણ સિદ્ધ થઈ શકે. અંગાધિકારમાં **हन्** ગ્રહણ અને **स्त्री** ગ્રહણનો ઉપર નિર્દેશ કર્યો તે સૂત્રો તો અંગાધિકાર નીચેનાં જ **एङः पदान्तादति**। એ સૂત્રથી શરૂ થતા પદાધિકારમાં જ **सम्** નું ગ્રહણ છે, એટલે કે **सम्परि०** સૂત્રનું ગ્રહણ છે અને **उदः स्थास्तम्भोः०** (૮-૪-૬૧) થી થતા પૂર્વ સવર્ણનું એટલે કે **उद्** નું પણ પદાધિકારમાં જ ગ્રહણ છે, કારણ કે **वा पदन्तस्य**। (૮-૪-૫૯) માંથી **पद** ની અનુવૃત્તિ થશે. વળી **पदाङ्गाधिकारे** એમ વા.(૨૧) માં કહ્યું છે તે દ્વારા પદાધિકારનું પણ ગ્રહણ થશે અને ઉત્તરપદાધિકાર -નું પણ. તેથી **प्लीहानौ** વગેરેમાં દોષ નહીં આવે, કારણ કે તેમાં **हन्** છે પણ તે અંગ નથી અને ઉત્તરપદ પણ નથી, કારણ કે ઉત્તરપદ તો સમાસનો અંતિમ તેમ જ અર્થયુક્ત અવયવ હોય છે અને **प्लीहानौ** એ સમાસ નથી. ટુંકમાં **पदाङ्गाधिकारे तस्य च तदुत्तरपदस्य च**। થી કાર્ય સિદ્ધ થઈ જાય છે. પછી **अलैवानर्थकेन०** એમ કહેવાની શી જરૂર છે ? એમ ભાવ છે. **न पदाङ्गाधिकारे तस्य च तदुत्तरपदस्य च**। ૦ એ વાક્યમાં પણ પ્રશ્નગર્ભ કાકુ છે.

[394] પ્રશ્નકર્તા જાણવા માગે છે કે ભલે બન્નેથી તદન્તવિધિ થઈ શકતો હોય તો પણ **पदाङ्गाधिकारे०** અને **अलैवानर्थकेन०** એ બેમાં વધારે સારૂં શું ? તદન્તવિધિ જ વધારે સારો એમ ઉત્તર છે. વાસ્તવમાં **येन विधिः** ૦ એ સૂત્ર દ્વારા જ પ્રથમ કક્ષાએ તદન્તવિધિ કરવામાં આવે છે જ્યારે **अलैवानर्थकेन** ૦ દ્વારા તેમાં નિયમ કરવામાં આવે છે.**पदाङ्गाधिकारे०** માં પણ છેવટે તો તદન્તવિધિ જ કરવામાં આવે છે પરંતુ તે દ્વારા **परमातिमहान्** વગેરે સિદ્ધ નહીં થાય, કારણ કે **परमश्चासौ अतिमहान्** એ સમાસ છે તેમાં **महत्** શબ્દની અનન્તર પૂર્વે **परम** શબ્દ નથી, પરંતુ **परमाति** શબ્દ છે તેમ જ તેમાં **महत्** એ ઉત્તરપદ નથી, કારણ કે ઉત્તરપદ તો **अतिमहत्** છે પરિણામે **सान्तमहतः संयोगस्य**। પ્રમાણે ઉપધા દીર્ઘ નહીં થાય અને તે જ કારણે **उगिदचां सर्वनामस्थानेऽधातोः**। પ્રમાણે **नुम्** નહીં થઈ શકે પરંતુ તદન્ત વિધિથી થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तदन्तविधिरेव ज्यायान्। इदमपि सिद्धं भवति। परमातिमहान्। एतद्धि नैव तन्नापि तदुत्तरपदम्॥*अनिनस्मन्ग्रहणानि चार्थवता चानर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति। अन्। राज्ञेत्यर्थवता साम्नेत्यनर्थकेन। अन्॥ इन्। दण्डीत्यर्थवता वाग्मीत्यनर्थकेन। इन्॥ अस्। सुपया इत्यर्थवता सुस्रोता इत्यनर्थकेन। अस्॥ मन्। सुशर्मेत्यार्थवता सुप्रथिमेत्यनर्थकेन। मन्॥

यस्मिन्विधिस्तदादावल्ग्रहणे ॥२९॥

તદન્ત વિધિ કરવો એ જ વધારે સારૂ, (તેથી) આ **परमातिमहान्** એ પણ સિદ્ધ થાય છે, કારણ કે એ (**परमातिमहत्**) તે (**महत्**) પણ નથી કે તે (**महत्**) જેમાં ઉત્તરપદ હોય તે પણ નથી. (સૂત્રમાં) **अन् इन् अस्** અને **मन्** નું ગ્રહણ કરવામાં આવ્યું હોય ત્યારે અર્થવાન્ તેમ જ અનર્થકનો તદન્ત વિધિ થાય છે. [395] **अन्** – **राज्ञा** (માં) અર્થવાન્ (**अन्**) થી (તદન્ત ગ્રહણ છે), **साम्ना** (માં) અનર્થક (**अन्**) થી (તદન્તગ્રહણ છે), **इन्** –**दण्डी** (માં) અર્થવાન્ (**इन्**) થી (તદન્તગ્રહણ છે),**वाग्मी** (માં) અનર્થક (**इन्**) થી (તદન્તગ્રહણ છે), **अस्** –**सुपेया** (માં) અર્થવાન્ (**अस्**) થી (તદન્ત ગ્રહણ છે), **सुस्रोता** (માં) અનર્થક (**अस्**) થી (તદન્તગ્રહણ છે) અને **मन्** –**सुशर्मा** (માં) અર્થવાન્ (**मन्**) થી (તદન્તગ્રહણ છે), **सुप्रथिमा** (માં) અનર્થક (**मन्**) થી છે.

(સૂત્રમાં) **अल्** નું ગ્રહણ કરીને તે પર થતાં જે (કાર્ય)નું વિધાન કરવામાં આવ્યું હોય તે (કાર્ય) તે (**अल्**) જેમાં આદિ હોય તેને પણ (થાય છે) ॥૨૯॥

---

* નિ.સા.(પૃ.૫૩૩), ચૌખં.(પૃ.૫૮૧) અને યુમી.(પૃ.૮૨૫) માં **अनिनस्मिन्ग्रहणानि च**॥ એ વાક્ય વા.તરીકે આપ્યું છે તે, તે પછીના ભાષ્ય ઉપરથી ઉચિત જણાય છે. હિ. વાશા.મ હિ માં એ વા. નથી આપી.

[395] માત્ર **अल्** વિધિ અનર્થક હોય તો તદન્તવિધિ થાય તે સિવાય અર્થાત્ વર્ણસમુદાય અનર્થક હોય તો તદન્ત વિધિ ન થાય એમ જે કહ્યું તેનો અપવાદ અહીં આપે છે. **अन्**, **इन्**, **अस्** અને **मन्** નું ગ્રહણ કર્યુ હોય ત્યારે તે **अनेकाल्** હોવા છતાં અર્થયુક્ત હોય કે અનર્થક હોય તો પણ તદન્તવિધિ થશે.**अन्-राजन्**, **सामन्** અહીં **राज्** ધાતુને **राजते** એ અર્થમાં **कनिन्युवृषिक्षिराजिधन्विद्युप्रतिदिवः।** (ઉ.સૂ.૧૫૪) પ્રમાણે **कनिन्** (**अन्**) લાગ્યો છે. જ્યારે **सामन्**–**सो** ધાતુને **स्यति** એ અર્થમાં **सातिभ्यां मनिन्मणिणौ।** (ઉસૂ.૫૯૨) પ્રમાણે **मनिन्** (**मन्**) લાગ્યો છે. આમ **राजन्** અને **सामन्** ને અંતે **अन्** છે પરંતુ **सामन्** માંનો **अन्** એ **मन्** પ્રત્યયનો અંશ છે તેથી અનર્થક છે તેમ છતાં **अल्लोपोऽनः।** પ્રમાણે બન્નેમાં, જ્યાં અર્થયુક્ત **अन्** છે તે **राजन्** માં તેમ જ જ્યાં અનર્થક **अन्** છે તે **सामन्** માં, **अ**-કાર લોપ થઇને **राज्ञा**, **साम्ना** એમ રૂપો થાય છે અર્થાત્ સૂત્રમાં જેનું ગ્રહણ કરવામાં આવ્યું છે તે **अन्** દ્વારા અર્થયુક્ત તેમ જ અનર્થક **अन्नन्त** નું ગ્રહણ થઇને **अ**-કાર લોપ થયો છે. **इन्**–**दण्डी**, **वाग्मी**. અહીં **दण्डोऽस्ति अस्य** એ અર્થમાં **अत इनिठनौ।** પ્રમાણે મત્વર્થીય **इन्** લાગીને **दण्डी** થયું છે અને **वाक्** શબ્દને **सम्यग्बहु भाषते** એ અર્થમાં **वाचोग्मिनिः।** પ્રમાણે **ग्मिनि** લાગીને **वाग्मी** થયું છે. અહીં **दडिन्** શબ્દમાં અર્થયુક્ત **इन्** છે પરંતુ **वाग्मिन्** માં નો **इन्** એ **ग्मिन्** પ્રત્યયનો અંશ છે. **ग्मिन्** મત્વર્થીય છે પણ તેમાંનો **इन्** એ અંશ અનર્થક છે. છતાં પ્રથમાનો **सु** પર થતાં **दण्डिन्** અને **वाग्मिन्** એ બન્નેમાં **सौ च।** પ્રમાણે ઉપધા દીર્ઘ થઇને **दण्डी**, **वाग्मी** એ રૂપો ઉપલબ્ધ થાય છે અર્થાત્ (**अन्हन्पूषार्यम्णां शौ।**) **सौ च।** (૬-૪--૧૨,૧૩) માં ગ્રહણ કરેલ **इन्** દ્વારા અર્થયુક્ત તેમ જ અનર્થક **इन्नन्त** નું આ પરિભાષાને પ્રતાપે થયું છે. **सुपयाः**,**सुस्रोताः**. **सुपयाः**–**मिथुनेऽसिः पूर्ववच्च सर्वम्।** (ઉ.સૂ.૬૬૨) **पिबतेरिच्च।** પ્રમાણે અને **सुस्रोताः** –**मिथुनेऽसिः पूर्ववच्च सर्वम्।** તથા **स्रुसुरीभ्यां तुद् च।** એ સૂત્રો પ્રમાણે **तस्** થઇને **सुस्रोतस्** થયું છે. અહીં **सुपयस्** માં અર્થયુક્ત **अस्** છે જ્યારે **सुस्रोतस्**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अल्ग्रहणेषु यस्मिन्विधिस्तदादाविति वक्तव्यम्। किं प्रयोजनम्। अचि श्नुधातुभ्रुवां य्वोरियङुवङौ। इति इहैवा स्यात् श्रियौ भ्रुवौ। श्रियः भ्रुव इत्यत्र न स्यात्॥

वृद्धिर्यस्याचामादिस्तद् वृद्धम् ॥१॥१॥७२॥

वृद्धिग्रहणं किमर्थम्। यस्याचामादिस्तद् वृद्धमितीयत्युच्यमाने दात्ताः राक्षिताः अत्रापि प्रसज्येत। वृद्धिग्रहणे पुनः क्रियमाणे न दोषो भवति॥ अथ यस्यग्रहणं किमर्थम्।

(સૂત્રમાં) अल् નું ગ્રહણ કરીને તે પર થતાં જે (કાર્ય) નું વિધાન કરવામાં આવ્યું હોય તે (કાર્ય) તે (अल्) જેના આરંભમાં હોય તેને પણ (થાય છે) એમ કહેવું પડશે.[396] (એમ કહેવાનું) શું પ્રયોજન ? अचि श्नुधातुभ्रुवां य्वोरियङुवङौ। પ્રમાણે श्रियौ भ्रुवौ માં જ (इयङ् उवङ्) થશે, श्रियः भ्रुवः માં નહીં થાય.

જે વર્ણ સમુદાયના अच् વર્ણોમાં वृद्धि સંજ્ઞક વર્ણ આદિમાં હોય તે શબ્દ સ્વરૂપ वृद्ध ॥૧।૧।૭૩॥

(આ સૂત્રમાં) वृद्धि (શબ્દ) શા માટે મૂક્યો છે ? જો यस्याचामादिस्तद् वृद्धम्। એટલું જ કહેવામાં આવે તો दात्ताः राक्षिताः માં પણ (वृद्ध સંજ્ઞા) થવાનો પ્રસંગ આવે, [397] પરંતુ જો वृद्धि (શબ્દ) મૂકવામાં આવ્યો હોય તો (એ) દોષ નહીં આવે. હવે यस्य (શબ્દ) શા માટે મૂક્યો છે ?

---

માં જે तुद् (त-કાર યુક્ત) अस् છે તે तस् પ્રત્યયનો અંશ છે અને અનર્થક છે છતાં अत्वसन्तस्य चाधातोः। સૂત્રમાંના अस् દ્વારા તે બન્નેનું ગ્રહણ થવાથી બન્નેમાં सु પર થતાં ઉપધા દીર્ઘ થઈને सुपयाः, सुस्रोताः થાય છે. मन्--सुशर्मा, सुप्रथिमा. सुशर्मा માં सुष्ठु शृणाति એ અર્થમાં હિંસાર્થક शृ ધાતુને मिथुने मनिः। (ઉ.સૂ.૫૯૧) પ્રમાણે मनि (मन्) થયો છે.पृथोः भावः એ અર્થમાં पृथु ને पृथ्वादिभ्य इमनिज्वा। પ્રમાણે इमनिच् થઈને प्रथिमन् થાય છે. અહીં सुशर्मा માં मन् અર્થયુક્ત છે જ્યારે प्रथिमन् માં इमनिच् ના અંશ રૂપ જે मन् છે તે અનર્થક છે છતાં मनः। એ સૂત્ર પ્રમાણે मन्नन्त ને ङीप् નો નિષેધ કરવામાં આવ્યો છે તે દ્વારા અર્થયુક્ત તેમ જ અનર્થક मन् નું ગ્રહણ થતું હોવાથી सुशर्मन् અને प्रथिमन् બન્નેમાં નિષેધ થશે.

[396] અહીં તદાદિવિધિનો નિર્દેશ છે. આ પણ પરિભાષા છે. એ તદન્તવિધિનો અપવાદ છે તેથી તદાદિવિધિ પણ વિશેષણને જ થશે. તે સિવાય અન્યની સાથે નહીં થાય.જેમ કે अचि श्नुधातुभ्रुवां० પ્રમાણે જે इयङ्, उवङ् નું વિધાન કર્યું છે ત્યાં अचि એ સપ્તમ્યન્ત છે અને अल् ગ્રહણ પણ છે તેથી अचि નો અર્થ अच् પર થતાં એમ ન થતાં अजादि પર થતાં એમ થશે. એમ ન સમજતાં માત્ર अच् પર થતાં એમ કરવામાં આવે તો श्री औ , भ्रू औ માં इयङ्, उवङ् થઈને श्रियौ , भ्रुवौ થશે.પરંતુ श्री जस् (अस्), भ्रू जस् (अस्) એ સ્થિતિમાં अस् પ્રત્યય अजादि છે કેવળ अच् નથી તેથી ત્યાં इयङ्, उवङ् ન થવાનો પ્રસંગ આવશે. તેથી જ આ વા.(૨૯) દ્વારા કહ્યું છે કે જ્યાં अल् ગ્રહણ સપ્તમીમાં કરવામાં આવ્યું હોય ત્યાં अल् પર થતાં એમ ન સમજતાં अल् થી શરૂ થતો સમુદાય પર હોય ત્યારે એમ સમજવું જરૂરી છે.

[397] वृद्धिर्यस्याचामादिः અર્થાત્ જેના अच् વર્ણોમાં વૃદ્ધિસંજ્ઞક अच् (અર્થાત્ आ , ऐ અને औ) આદિ હોય તે (વૃદ્ધ). તેથી સમજાય છે કે अचाम् એ નિર્ધારણાર્થે ષષ્ઠી છે. જેમ मनुष्याणां क्षत्रियः शूरतमः। એ વિધાન માં मनुष्याणाम् એ ષષ્ઠી શૂરત્વને કારણે સર્વ મનુષ્યોમાંથી ક્ષત્રિયનું નિર્ધારણ કરે છે, શૂરત્વને કારણે તેને જુદો પાડે છે, તેમ आदि अच् વૃદ્ધિસંજ્ઞક હોવાને કારણે अचाम् એ ષષ્ઠી તેને અન્ય अच् વર્ણોથી જુદો પાડે છે. અહીં નિર્ધારણનો હેતુ વૃદ્ધિ છે. પરંતુ નિર્ધારણના હેતુનો નિર્દેશ ન હોય, જુદા પાડવા માટેનું ધોરણ ન હોય તો નિર્ધારણ થઈ ન શકે તેથી સૂત્રમાં वृद्धि શબ્દ ન લીધો હોય તો यस्याचामादिस्तद्वृद्धम् એમ સૂત્ર થતાં अचाम् એ નિર્ધારણાર્થે ષષ્ઠી નહીં થાય.પરંતુ સંબંધ- વાચી થશે. તેથી आदिः સમીપવાચી થશે, નજીકમાં પૂર્વે રહેલ એમ અર્થ બતાવશેઅને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यस्येति व्यपदेशाय ॥ अथाज्ग्रहणं किमर्थम्। वृद्धिर्यस्यादिस्तद् वृद्धमितीयत्युच्यमाने ऐतिकायनीयाः औपगवीयाः। इह न स्यात् गार्गीयाः वात्सीया इति। अज्ग्रहणे पुनः क्रियमाणे न दोषो भवति॥ अथादिग्रहणं किमर्थम्। वृद्धिर्यस्याचां तद् वृद्धमितीयत्युच्यमाने सभासंनयने भवः साभासंनयन इत्यत्र प्रसज्येत। आदिग्रहणे पुनः क्रियमाणे न दोषो भवति॥

वृद्धसंज्ञायामजसंनिवेशादनादित्वम् ॥१॥

यस्य એમ (જે કહ્યું છે તે) સંજ્ઞીના નિર્દેશ માટે (છે).[398] તો अच् (શબ્દ) નું ગ્રહણ શા માટે કર્યું છે ? वृद्धिर्यस्यादिस्तद् वृद्धम्। એટલું જ કહેવામાં આવે તો આ ऐतिकायनीयाः औपगवीयाः માં જ (સંજ્ઞા) થશે, (પણ) गार्गीयाः वात्सीयाः માં નહીં થાય.[399] પરંતુ (સૂત્રમાં) अच् (શબ્દ) મૂકવામાં આવ્યો હોય તો દોષ નહીં આવે. તો પછી (સૂત્રમાં) आदि (શબ્દ) શા માટે મૂક્યો છે ?

वृद्धिर्यस्याचां तद् वृद्धम्। એટલું જ કહેવામાં આવે તો सभासंनयने भवः साभासंनयनः। માં[400] પણ (સંજ્ઞા) થવાનો પ્રસંગ આવશે, પરંતુ आदि (શબ્દ) નું ગ્રહણ કરવામાં આવે તો (એ) દોષ નહીં આવે.

વૃદ્ધ સંજ્ઞા (કરી છે તે) માં (કેવળ) अच् (વર્ણો) ને જોડાજોડ મૂકી શકાતા નથી[401] તેથી (તેમાંનો કોઇ) આદિ હોય તે શક્ય નથી ॥૧॥

---

अचाम् એ બહુવચન હોવાથી બધા જ अच् ને આવરી લેશે.પરિણામે अचामादिः નો અર્થ આ પ્રમાણે થશેઃ બધા જ अच् ની પૂર્વે રહેલ (अच् સિવાયનો વર્ણ અર્થાત્) हल् અને સૂત્રાર્થ થશેઃ જે (શબ્દસ્વરૂપ) માં अच् વર્ણોની આદિમાં हल् વર્ણ હોય તે वृद्ध . તેથી दत्त , रक्षित જેમાં हल् વર્ણ (द् અને र्) अच् વર્ણોની પૂર્વે ઉચ્ચારિત છે તેને वृद्ध સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. પરિણામે दत्तस्य / रक्षितस्य अयम् એ અર્થમાં अण् લાગીને दात्ताः / राक्षिताः એ રૂપો થાય છે

[398] સંજ્ઞા સૂત્રમાં જેની જેની સંજ્ઞા કરવામાં આવી હોય તે (સંજ્ઞી) નો ષષ્ઠી વિભક્તિમાં નિર્દેશ કરવામાં આવે છે.જેમ કે स्वं रूपं शब्दस्य० तपरस्तत्कालस्य। વગેરેમાં.પરંતુ પ્રસ્તુત સૂત્રમાં સંજ્ઞીનો સ્પષ્ટ નિર્દેશ નથી છતાં તેમાં यस्य નું ગ્રહણ કરીને સૂત્રકારે સંજ્ઞીનો નિર્દેશ કર્યો છે તેમ કહી શકાય, કારણ કે સંબંધી શબ્દ હોવાથી यस्य નો સંબંધ સૂત્રમાંના तद् ની સાથે થાય છે અર્થાત્ (तद्) वृद्धम् એ સંજ્ઞા છે અને यस्य (अचामादिः वृद्धिः) એ, સંજ્ઞીનો વ્યપદેશ કરે છે અર્થાત્ સંજ્ઞીનું સૂચન કરે છે.

[399] સૂત્રમાં अच् શબ્દનું ગ્રહણ ન કરવામાં આવ્યું હોય તો અર્થાત્ वृद्धियस्यादिस्तद्वृद्धम्। એમ કહ્યું હોય તો જે સમુદાયમાં વૃદ્ધિસંજ્ઞક अच् વર્ણ આદિમાં હોય તેને वृद्ध સંજ્ઞા થશે. જેમ કે ऐतिकायनः , औपगवः , અહીં ऐ અને औ વૃદ્ધિસંજ્ઞક अच् પ્રથમ આવેલ છે તેથી તેમને वृद्ध સંજ્ઞા થઇને ऐतिकायनस्य / औपगवस्य छात्राः ऐतिकायनीयाः / औपगवीयाः એમ થશે.પરંતુ गार्ग्यः वात्स्यः માં વૃદ્ધિસંજ્ઞક अच् આદિમાં નથી, પણ ग् અને व् એ हल् વર્ણો આદિમાં છે તેથી તેમને वृद्ध સંજ્ઞા ન થવાનો પ્રસંગ આવશે.પરિણામે गार्गीयाः, वात्सीयाः સિદ્ધ નહીં થઇ શકે.પરંતુ સૂત્રમાં अच् નું ગ્રહણ કર્યું હોય તો કોઇ દોષ નહીં આવે.

[400] અહીં आदि ગ્રહણ ન કરતાં वृद्धिर्यस्याचां तद् वृद्धम्। એટલું જ કહ્યું હોય તો ' જે સમુદાયમાંના अच् વર્ણોમાં વૃદ્ધિસંજ્ઞક વર્ણ હોય' એમ અર્થ થતાં એ વૃદ્ધિસંજ્ઞક વર્ણ આદિમાં હોય કે ન હોય તો પણ તે સમુદાયને वृद्ध સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે.જેમ કે सभासंनयनः માં आ-કાર વૃદ્ધિસંજ્ઞક છે પરંતુ તે આદિમાં નથી છતાં સૂત્રમાં आदि નું ગ્રહણ ન હોય તો તેને वृद्ध સંજ્ઞા થશે અને सभासंनयने भवः એ અર્થમાં तत्र भवः। પ્રમાણે अण् ન થતાં वृद्धाच्छः। પ્રમાણે छ થવાનો પ્રસંગ આવશે અને साभासंनयनः એ રૂપ સિદ્ધ નહીં થાય. અહીં अचाम् એ બ.વ. અવિવક્ષિત છે નહીં તો જ્યાં બે अच् હોય ત્યાં સંજ્ઞા સિદ્ધ ન થવાથી मालीयः વગેરે સિદ્ધ ન થઇ શકે.

[401] संनिवेश--अच् અને हल् વર્ણોને એક આગળ અને બીજો પાછળ એમ મૂકવા તે સંનિવેશ [पौर्वापर्येणावस्थानम्।(પ્ર.)].પ્રત્યેક શબ્દ વર્ણોના પૌર્વાપર્યપૂર્વકની ગોઠવણીથી જ બને છે, પરંતુ કેવળ अच् વર્ણોને આ રીતે લગોલગ મૂકી ન શકાય તેથી તેમનો સંનિવેશ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

वृद्धसंज्ञायामजसंनिवेशादादिरित्येतन्नोपपद्यते। न ह्यचां संनिवेशोऽस्ति॥ ननु चैवं विज्ञायतेऽजेवादिरजादिरजादेरिति। नैवं शक्यम्। इहैव प्रसज्येत। औपगवीयाः। इह न स्यात्। गार्गीया इति। एकान्तादित्वं तर्हि विज्ञायते।

एकान्तादित्वे च सर्वप्रसङ्गः ॥२॥

इहापि प्रसज्येत। सभासंनयने भवः साभासंनयन इति ॥

सिद्धमजाकृतिनिर्देशात् ॥३॥

**वृद्ध** સંજ્ઞા (કરી છે તે) માં (કેવળ) **अच्** (વર્ણો ) ને લગોલગ મૂકી શકાતા નથી તેથી (**अच्** વર્ણો માં અમુક **अच्**) આદિ છે તેમ કહેવું શક્ય નથી, કારણ કે **अच्** વર્ણો સમુદાયમાં લગોલગ આવતા નથી. અરે પણ (સંનિવેશ ન થઇ શકે તો પણ) જે (શબ્દ) ના **अच्** વર્ણોમાંથી **वृद्धि** સંજ્ઞક) **अच्** જ આદિ (**अच् एव आदिः**) હોય (તે **वृद्ध** ) [402] એમ (સૂત્રાર્થ) સમજાય છે. એ પ્રમાણે શક્ય નથી, કારણ કે (તેથી) માત્ર **औपगवीयाः ऐतिकायनाः** માં સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે[403] (પરંતુ) **गार्गीयाः** માં નહીં થાય. તો પછી જે (શબ્દના) અવયવભૂત ભાગનો આદિ **अच्** (**वृद्धि** સંજ્ઞક હોય તે **वृद्ध** ) એમ સમજાશે.[404]

(શબ્દનો) અવયવભૂત આદિ હોય (એમ કહો) તો બધે સંજ્ઞા [405] થવાનો પ્રસંગ આવશે ॥૨॥

અહીં **सभासंनयने भवः साभासंनयनः** । માં પણ (સંજ્ઞા) થવાનો પ્રસંગ આવે.

(સૂત્રમાંના **अचाम्** દ્વારા શબ્દમાંના) **अच्** વર્ણોના સ્વરૂપનો નિર્દેશ છે [406] તેથી સિદ્ધ થશે ॥૩॥

---

થઇ ન શકે (**असंनिवेशः**). આથી તેમાં અમુક **अच्** આદિ હોય તે પણ સંભવી ન શકે. તેથી **वृद्ध** સંજ્ઞા થઇ ન શકે તેમ અહીં દલીલ છે.

[402] કેવળ **अच्** વર્ણોનો સંનિવેશ શક્ય નથી તેથી તેમાં કોઇ આદિ હોય તે પણ શક્ય નથી તે બરોબર છે,પરંતુ **अच्** અને **हल्** ના સમુદાયભૂત શબ્દમાં તે શક્ય છે.અહીં **अचाम्** એ નિર્ધારણાર્થે ષષ્ઠી છે અને નિર્ધારણ તો સજાતીયનું જ થાય. આગળના દૃષ્ટાન્તમાં પણ ક્ષત્રિય અને મનુષ્ય સમાનજાતીય છે. તે રીતે **अचाम् आदिः** એમ કહેવાથી **अच्** વર્ણોમાં જે આદિ (વૃદ્ધિસંજ્ઞક) હોય તે પણ **अच्** વર્ણ જ હોય (**अजेवादिः**) તેમ સમજાશે તેથી ઉપર કહેલ દોષ નહીં આવે એમ ભાવ છે.

[403] અહીં વૃદ્ધિ પ્રધાન હોવાથી **अचाम्** એ ષષ્ઠી તેનું વિશેષણ થશે. તેથી ‘ **अच्** વર્ણોમાં **अच्** રૂપી વૃદ્ધિ જેમાં આદિ હોય તે **वृद्ध** ’ એમ અર્થ થતાં આ-કારની નિવૃત્તિ થશે એટલે કે આ-કાર વૃદ્ધિસંજ્ઞક હોવા છતાં અક્ષરસમામ્નાયમાં ન હોવાથી તે **अच्** નથી તેથી આ-કાર પ્રસ્તુત સંદર્ભમાં વૃદ્ધિ નહીં ગણાય.પરિણામે જેમાં **आ**-કાર આદિ હોય તેવા **गार्ग्य** , **वात्स्य** ને **वृद्ध** સંજ્ઞા નહીં થાય.

[404] **एकान्त** એક ભાગ, અવયવ. અહીં એમ દલીલ છે કે **हल्** અને **अच्** ના સમુદાયભૂત શબ્દમાં કોઇક **अच्** ની અપેક્ષાએ વૃદ્ધિસંજ્ઞક જેમાં આદિ હોય એટલે કે તે પ્રાતિપદિકમાં વૃદ્ધિસંજ્ઞક **अच्** પ્રથમ ઉચ્ચારિત ન હોય પરંતુ અન્ય **अच्** વર્ણ કે વર્ણોની અપેક્ષાએ તે આગળ (**आदि**) હોય તો તે પ્રાતિપદિક વૃદ્ધસંજ્ઞક થાય એમ સ્વીકારવામાં આવે તો દોષ નહીં આવે.

[405] પરંતુ એ દલીલ દોષનું નિવારણ નહી કરી શકે, કારણ કે એમ અર્થ કરવામાં આવે તો બધા **अच्** વર્ણોમાં વૃદ્ધિ સંજ્ઞક વર્ણ આદિ હોય તેમ સ્પષ્ટ કહ્યું નથી તેથી શબ્દની વચ્ચે રહેલ વૃદ્ધિ સંજ્ઞક **अच्** અન્ય **अच्** ની અપેક્ષાએ આગળ હોય તો પણ **वृद्ध** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે.પરિણામે જ્યાં ન થવી જોઇએ ત્યાં પણ સંજ્ઞા થવા જશે. જેમ કે **सभासंनयनः**. અહીં **आ**-કાર વૃદ્ધિ સંજ્ઞક છે અને તે સર્વ **अच्** માં આદિ નથી છતાં અન્ય **अच्** વર્ણની અપેક્ષાએ આદિ છે તેથી ત્યાં **वृद्ध** સંજ્ઞા થવાનો પ્રસંગ અનિષ્ટ પ્રસંગ આવશે.

[406] સૂત્રમાં **अचाम्** એમ સ્પષ્ટ કહીને **अच्** સ્વરૂપનો નિર્દેશ કર્યો છે તેથી પ્રાતિપદિક **अच्** અને **हल्** વર્ણોના સમુદાય રૂપ હોવા છતાં જે શબ્દમાં બધા જ **अच्** વર્ણોના સમુદાયમાં વૃદ્ધિસંજ્ઞક વર્ણ આદિ હોય તે **वृद्ध** એમ સમજાશે, કારણ કે **हल्** અહીં વિવક્ષિત નથી. ‘પંક્તિમાં બેઠેલા બ્રાહ્મણોમાં જે આદિ હોય તેને લઇ આવ.’ એમ કહેવામાં આવે ત્યારે ત્યાં શૂદ્ર વગેરે હોવા છતાં બ્રાહ્મણ જાતિની અપેક્ષાએ જે આદિ હોય તેને લાવવામાં આવે છે, શૂદ્ર વગેરેને નહીં. તેમ અહીં પણ **अच्**-**हल्** નો સમુદાય હોવા છતાં શબ્દમાંના **अच्** વર્ણોમાં જો વૃદ્ધિ સંજ્ઞક **अच्** આદિ હોય તો તે શબ્દની **वृद्ध** સંજ્ઞા થશે. અહીં **हल्** વર્ણોને લક્ષમાં નહીં લેવામાં આવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सिद्धमेतत् कथम्। अजाकृतिर्निर्दिश्यते॥ एवमपि व्यञ्जनैर्व्यवहितत्वान्न प्राप्नोति।

व्यञ्जनस्याविद्यमानत्वं यथान्यत्र ॥४॥

व्यञ्जनस्याविद्यमानवद्भावो वक्तव्यो यथान्यत्रापि व्यञ्जनस्याविद्यवद्भावो भवति। क्वान्यत्र। स्वरे॥

वा नामधेयस्य ॥५॥

वा नामधेयस्य वृद्धसंज्ञा वक्तव्या। देवदत्तीयाः दैवदत्ताः। यज्ञदत्तीयाः याज्ञदत्ताः॥

એ સિદ્ધ થાય છે. કેવી રીતે ? (સૂત્રમાં જે अचाम् એમ કહ્યું છે તે શબ્દમાંના માત્ર) अच् વર્ણોનો નિર્દેશ કરે છે (તેથી). એમ છતાં પણ વ્યંજનોનું વ્યવધાન હોવાને કારણે પ્રાપ્ત નહીં થાય.

અન્યત્ર હોય છે તેમ (અહીં પણ) વ્યંજન ન હોવા બરોબર છે ॥૪॥ [407]

વ્યંજન વિદ્યમાન ન હોવા બરોબર છે એમ કહેવું પડશે, જેમ અન્યત્ર હોય છે તેમ. બીજે પણ વ્યંજન ન હોવા બરોબર ગણાય છે તેમ (અહીં પણ). બીજે ક્યાં ? સ્વરની બાબતમાં.

(આધુનિક) નામની વિકલ્પે (વૃદ્ધ સંજ્ઞા થાય છે) ॥૫॥ [408](આધુનિક) નામની વિકલ્પે વૃદ્ધ સંજ્ઞા થાય છે એમ કહેવું જોઇએ, (જેથી) देवदत्तीयाः दैवदत्ताः , यज्ञदत्तीयाः याज्ञदत्ताः (સિદ્ધ થાય).

---

[407] કેવળ अच् વર્ણોનો સંનિવેશ શક્ય નથી તેથી अच् અને हल् ના સમુદાયભૂત પ્રાતિપદિકમાં हल् વર્ણો વિદ્યમાન હોવા છતાં સૂત્રમાં अचाम् એમ કહ્યું છે તેથી તેમને લક્ષમાં લેવામાં આવતા નથી. જ્યારે ઉદાત્ત વગેરે સ્વરને લગતો વિધિ કરવામાં આવે છે ત્યારે વચમાં આવતા હોવા છતાં हल् વર્ણોને લક્ષમાં લેવામાં આવતા નથી , તે ન હોય તેમ (स्वरविधौ व्यञ्जनमविद्यमानवत्।) ગણવામાં આવે છે, કારણ કે ઉદાત્ત, અનુદાત્ત વગેરે સ્વર अच् ના ધર્મ છે વ્યંજનના નથી. તે પ્રમાણે અહીં પણ વ્યંજનને લક્ષમાં લેવામાં નહીં આવે.

[408] नामधेय-- गो , अश्व વગેરેની જેમ અપૌરુષેય સંકેતજન્ય નામ નહીં પણ સંસારમાં વ્યવહાર માટે મનુષ્યોએ આપેલ देवदत्त વગેરે વ્યક્તિવાચક આધુનિક નામ તે नामधेय [भागरूपनामभ्यो धेयः प्रत्ययो वक्तव्यः। (કા.)].વા.(૫) માં તે પ્રકારનાં નામનો નિર્દેશ છે. તેને વિકલ્પે वृद्ध संज्ञा થાય છે. તેથી વિકલ્પે छ લાગીને देवदत्तीयाः, यज्ञदत्तीयाः અને સંજ્ઞા ન થાય ત્યારે अण् લાગીને दैवदत्ताः , याज्ञदत्ताः થશે. देवदत्त શબ્દનો काश्यादि ગણમાં પાઠ હોવાથી તેને काश्यादिभ्यष्ठञ्ञिठौ। પ્રમાણે ठञ् અને ञिठ् થવા જોઇએ તેથી छ પ્રત્યયાન્ત देवदत्तीयाः એ ઉદાહરણ યોગ્ય નથી એમ કહેવું બરોબર નથી, કારણ કે काश्यादि ગણમાં देवैः दत्तः એ ક્રિયા પર આધારિત અર્થમાં જે देवदत्त શબ્દ છે તેનું ગ્રહણ છે, સંજ્ઞાભૂત देवदत्त શબ્દનું નથી. તેથી ઉદાહરણ યોગ્ય જ છે. કેટલાકના મતે અહીં नाम એ માત્ર આધુનિક સંકેતિત શબ્દ નથી પરંતુ રૂઢિ શબ્દ પણ છે તેથી घटीयम् વગેરે સિદ્ધ થઇ શકે છે (रूढशब्दत्वमिह नामत्वं नत्वाधुनिकसंकेतित-त्वमेव तेन घटीयमित्यादि सिद्धम्। બા.મ.), પરંતુ દેશવાચી શબ્દ પણ નામ હોવાથી આ વા.થી જ દેશવાચીને પણ वृद्ध સંજ્ઞા સિદ્ધ થતી હોય તો एङ् प्राचाम्० સૂત્ર નો કોઇ અર્થ ન રહે (अत्र नामधेयशब्देनाधुनिकसंकेतितमेव। अत एव एङ् प्राचां देशे। इति सार्थकम्।



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

गोत्रोपपदस्य च ॥६॥

**गोत्रोत्तरपदस्य च वृद्धसंज्ञा वक्तव्या। कम्बलचारायणीयाः ओदनपाणिनीयाः घृतरौढीयाः ॥**

गोत्रान्ताद्वासमस्तवत् ॥७॥

गोत्र પ્રત્યયાન્ત ઉત્તરપદ હોય તેની પણ ॥६॥ [409]

**गोत्र** પ્રત્યયાન્ત જે (શબ્દો) માં ઉત્તરપદ હોય તેની પણ **वृद्ध** સંજ્ઞા (થાય છે એમ) કહેવું જોઇએ.(જેથી) **कम्बलचारायणीयाः ओदनपाणिनीयाः घृतरौढीयाः** (સિદ્ધ થાય).

અથવા **गोत्र** પ્રત્યયાન્ત (શબ્દ સમાસમાં ઉત્તરપદ હોય તો પણ તે) ને સમસ્ત ન હોય તેમ[410] (પ્રત્યય લગાડવો જોઇએ) ॥७॥

---

**घटीयादि तु गहादित्वात्साध्विति केचित्।** લઘુ.શ.ભા૧,પૃ.૨૫૮). એટલે કે **घटीय** તો **गहादिभ्यश्च।** થી સિદ્ધ થશે, કારણ કે **गहादि** આકૃતિ ગણ છે.

[409] **गोत्र** શબ્દ આ શાસ્ત્રમાં લૌકિક તેમ જ કૃત્રિમ (=શાસ્ત્રીય, પારિભાષિક) અર્થમાં પ્રયોજાય છે. **अपत्यं पौत्रप्रभृति गोत्रम्।** પ્રમાણે 'અર્થમાં રહેલ પૌત્ર વગેરે અપત્ય તે **गोत्र**'. **गोत्र** શબ્દ અહીં '**गोत्र** વાચી પ્રત્યય જેને અન્તે હોય તે' એ અર્થમાં છે. તેવો પ્રત્યય જેને અંતે હોય તે શબ્દ જ્યારે સમાસમાં ઉત્તરપદ હોય ત્યારે વા.(૭) પ્રમાણે તે સમાસની નિત્ય **वृद्ध** સંજ્ઞા થાય છે. **कम्बलचारायणीयाः** માં **चारायणः**-[**चरस्य गोत्रापत्यम्।** એ અર્થમાં **नडादिभ्यः फक्।** પ્રમાણે **फक्** લાગીને **चारायणः** થએલ છે]. એ ગોત્રપ્રત્યયાન્ત શબ્દ **कम्बलप्रियः चारायणः** એ વિગ્રહનો **शाकपार्थिवादीनामुपसंख्यानमुत्तरपदलोपश्च।** પ્રમાણે થએલ મધ્યમપદલોપી સમાસમાં ઉત્તરપદ છે તેથી પ્રસ્તુત વા. પ્રમાણે **कम्बलचारायण** ને **वृद्ध** સંજ્ઞા થશે અને **कम्बलचारायणस्य छात्राः** એ અર્થમાં **छ** લાગીને **कम्बलचारायणीयाः** થયું છે. **ओदनपाणिनीयाः**--આ પણ ઉપર પ્રમાણે થએલ મ.પ.લોપી. સમાસ છે. **ओदनप्रधानः पाणिनिः ओदनपाणिनिः**. અહીં **पाणिनिः** એ **पणिनोऽपत्यम्** એ અર્થમાં **तस्यापत्यम्।** પ્રમાણે **अण्** અને **गाथिविदथिकेशिगणिपणिनश्च।** થી **टि** લોપ ન થઇને પ્રકૃતિભાવ થતાં **पाणिनः**--**पाणिनस्य अपत्यं युवा** એ અર્થમાં **अत इञ्।** પ્રમાણે **इञ्** થઇને **पाणिनिः** થાય છે એ ગોત્રપ્રત્યયાન્ત છે તેથી **ओदनपाणिनिः** એ ગોત્રોત્તરપદ થવાથી વા. (૬) પ્રમાણે તેને **वृद्ध** સંજ્ઞા થતાં **ओदनपाणिनेः छात्राः** એ અર્થમાં **युनि लुक्।** થી જે **इञ्** પ્રત્યયનો **लुक्** થયો છે તે યુવાપત્યના અર્થમાં હોવાથી **इञश्च।** પ્રમાણે **अण्** નહીં થાય, કારણ કે **इञश्च।** માં **गोत्रयून्यस्त्रियाम्।** માંથી જે **गोत्र** શબ્દ અનુવૃત્ત થાય છે તે શાસ્ત્રીય અર્થમાં લેવાનો છે લૌકિક અર્થમાં નહીં પરિણામે **छ** લાગીને **ओदनपाणिनीयाः** સિદ્ધ થાય છે. **घृतरौढियाः**--**रूढस्यापत्यं रौढिः। घृतप्रधानो रौढिः घृतरौढिः** એ ગોત્રોત્તરપદ સમાસ છે તેથી તેને **वृद्ध** સંજ્ઞા થશે.**घृतरौढेः छात्राः** એ અર્થમાં **छ** થઇને **घृतरौढीयाः** સિદ્ધ થાય છે. યુમી.(પૃ.૮૩૧) **कम्बलप्रियः चारायणः तस्य छात्राः। ओदनप्रधानः पाणिनिः तस्य छात्राः** એમ જે અર્થ કૈયટ વગેરેએ કર્યો છે તે અશુદ્ધ છે, કારણ કે તે **गोत्रान्तेवासि०** પરની કા.સાથે સંગત નથી .પરંતુ **वृद्ध** સંજ્ઞા સૂત્ર ઉપર કા. માં **घृतप्रधानो रौढिः तस्य छात्राः घृतरौढियाः। ओदनप्रधानः पाणिनिः तस्य छात्राः ओदनपाणिनियाः।** એમ વ્યાખ્યા કરી છે.શ.કૌ.(ભા. ૧,પૃ.૨૯૬) માં પણ **कम्बलप्रियस्य चारायणस्य शिष्याः०** એમ કહ્યું છે. વળી દ.સ. (ભા.૧,પૃ.૯૧) માંસંપાદકે એ જ રીતેવિગ્રહ કર્યો છે.

[410] **गोत्रप्रत्ययान्त** શબ્દ જેમાં ઉત્તરપદ હોય તે જેમ સમાસ ન હોય ત્યારે (**असमस्तवत्**) **वृद्ध** સંજ્ઞક થાય છે તેમ સમાસમાં હોય ત્યારે પણ **वृद्ध** સંજ્ઞાને યોગ્ય ન હોવા છતાં (**वृद्धत्वाभावेऽपि**) તેની **वृद्ध** સંજ્ઞા થાય છે. જેમ કે **चारायणः** એ ગોત્રપ્રત્યયાન્ત છે તે સમાસમાં ન હોય ત્યારે તેને **वृद्ध** સંજ્ઞા થાયછે તેથી **छ** થઇને **चारायणीयः** થાય છે. તેમ તે શબ્દ **कम्बलचारायणः** એમ સમાસમાં (**समस्त**) હોય તો પણ તે સમાસના આદિમાં વૃદ્ધિ રૂપ નથી તેથી **वृद्ध** સંજ્ઞાને યોગ્ય ન હોવા છતાં વા. (૭) પ્રમાણે તેને **वृद्ध** સંજ્ઞા થશે. તેથી **कम्बलचारायणीयाः** વગેરે સિદ્ધ થશે. હવે જો ગોત્રોત્તરપદને આ રીતે **वृद्ध** સંજ્ઞા થાય તો **पिङ्गलकाण्व्यस्य छात्राः** એ અર્થમાં **पिङ्गलकाण्व** એ ગોત્રોત્તરપદ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

गोत्रान्ताद्वासमस्तवत्प्रत्ययो भवतीति वक्तव्यम्। एतान्येवोदाहरणानि ॥ किमविशेषेण। नेत्याह।

जिह्वाकात्यहरितकात्यवर्जम् ॥८ ॥

जिह्वाकात्यं हरितकात्यं च वर्जयित्वा। जैह्वाकाताः हारितकाताः ॥ किं पुनर्ज्यायः। गोत्रान्ताद्वासमस्तवदित्येव ज्यायः।

इदमपि सिद्धं भवति। पिङ्गलकाण्वस्य च्छात्राः पैङ्गलकाण्वाः ॥

અથવા તો જે (શબ્દ) ને અન્તે **गोत्र** પ્રત્યય હોય તેને (તેનો) સમાસ ન થયો હોય તેમ (માનીને યથાવિહિત) પ્રત્યય થાય છે એમ કહેવું જોઇએ.(તેનાં) ઉદાહરણો તો એ જ છે. શું અવિશિષ્ટ રીતે (કહેવું પડશે) ?[411] (તો) કહે છે 'ના'.

**जिह्वाकात्य** અને **हरितकात्य** સિવાયના (ને વિશે) ॥૮॥

**जिह्वाकात्य** અને **हरितकात्य** ને છોડીને[412] (અન્ય **गोत्रान्त** ને તે અસમસ્ત હોય તેમ પ્રત્યય લગાડવો જોઇએ જેથી) **जैह्वाकाताः हारितकाताः** (થશે). એ બેમાં વધારે સારૂં શું (છે) ? ' **गोत्र** પ્રત્યયાન્તને (તે) અસમસ્ત હોય તે રીતે સંજ્ઞા થાય છે ' એમ (કહેવું) એ જ વધારે સારૂં છે.(તેથી) આ **पिंगलकाण्वस्य छात्राः पैंगलकाण्वाः** ।[413]

---

શબ્દને **वृद्ध** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે.પરિણામે **कण्वादिभ्यो गोत्रे**। પ્રમાણે જે **अण्** થાય છે તે ન થતાં **वृद्धाच्छः**। થી **छ** થઇને અનિષ્ટ રૂપ થવા જશે. તેથી જ વાર્તિકારે **गोत्रान्ताद्वाऽसमस्तवत्**। એ વા. (૭) કરી છે. તેથી **अण्** થઇને **पैङ्गलकाण्वाः** સિદ્ધ થશે.જો વિકલ્પે **वृद्ध** સંજ્ઞા થાય તો સમગ્ર **पिङ्गलकाण्व** શબ્દનો **कण्वादि** ગણમાં પાઠ નથી તથા પ્રત્યયનું વિધાન હોય ત્યાં તદન્તવિધિનો પ્રતિષેધ હોવાથી **छ** ને અવકાશ જ નથી.પરિણામે અનિષ્ટ રૂપ થવાનો કોઇ પ્રસંગ જ નથી અથવા આ વાર્તિક ન કરતાં **प्राग्दिव्यतोऽण्**। (૪-૧-૮૩) એ સૂત્રમાં **असमस्तवत्** એમ અતિદેશ કરવાં જોઇએ એમ અર્થ છે. (શ.કૌ.ભા.૧,પૃ.૨૯૭)

[411] **असमस्तवत्** એમ જે અતિદેશ કર્યો છે તે સર્વ સામાન્ય રીતે કરવામાં આવે છે કે તેમાં કોઇ અપવાદ છે ? એમ પૂછવા માગે છે.

[412] **जिह्वाकात्य** અને **हरितकात्य** એ બે અપવાદ છે. તે સિવાયના **गोत्रान्त** ને વા(૭) લાગુ પડશે.**जिह्वाचपलः** (બોલકણો) **कात्यः** અને **हरितवर्णः** [V/l **हरितभक्षः कात्यः** (ન્યા.પદ.) હરા વર્ણનો /હર્યુ ખાનાર] **कात्यः** એ અર્થના સમાસોમાં ઉત્તરપદ **कात्य** ગોત્રન્ત શબ્દ છે.(**कतस्य गोत्रापत्यं कात्यः**।) **कत गर्गादि** હોવાથી **गर्गादिभ्यो यञ्**। પ્રમાણે **यञ्** થઇને **कात्य** થયો છે.**कात्य** શબ્દ **जिह्वाकात्य** અને **हरितकात्य** એ સમાસમાં છે છતાં તે સમાસમાં ન હોય તેમ (**असमस्तवत्**) ગણવામાં આવે તો તે બન્ને સમાસને **वृद्ध** સંજ્ઞા થઇને **छ** થવાનો અનિષ્ટ પ્રસંગ આવે. તે ન થાય માટે **जिह्वाकात्य०** વગેરે વા.(૮) કરી છે.પરિણામે **कण्वादिभ्यो गोत्रे**। પ્રમાણે શૈષિક **अण्** થઇને **जैह्वाकाताः**, **हारितकाताः** એ રૂપો સિદ્ધ થશે. [અહીં **हलस्तद्धितस्य**। પ્રમાણે **कात्य** ના ઉપધાભૂત **य्** નો લોપ થયો છે.]

[413] **गोत्रान्ताद्वाऽसमस्तात्**। એમ કહેવું વધારે સારૂં, કારણ કે તે સિવાય **पिङ्गलकाण्वस्य छात्राः** એ અર્થનું **पैङ्गलकाण्वाः** એ રૂપ સિદ્ધ નહીં થઇ શકે. **कण्व** એ **गर्गादि** છે તેથી **कण्वस्य गोत्रापत्यम्** એ અર્થમાં **यञ्** લાગીને **काण्वः** સિદ્ધ થશે. **पिङ्गलश्चासौ काण्वश्च पिङ्गलकाण्वः**। હવે **तस्य छात्राः** એ અર્થમાં **कण्द्वादिभ्यो गोत्रे**। પ્રમાણે **अण्**--**हलस्तद्धितस्य**। થી ઉપધા **य्** નો લોપ - **पैङ्गलकाण्वाः** થાય છે , પરંતુ **अण्** માત્ર **काण्वादि** ને થતા **छ** પ્રત્યયનો અપવાદ છે, સમાસમાં ઉત્તરપદ તરીકે રહેલ (**समस्त**) ને થતા **छ** નો અપવાદ નથી .પરિણામે **गोत्रोत्तरपदस्य च**। એ વા.(૬) કરવામાં આવે તો **पिङ्गलकाण्व** ને થતી **वृद्ध** સંજ્ઞા નિવારી નહીં શકાય તેથી **छ** થવાનો પ્રસંગ આવશે, કારણ કે **पिङ्गलकाण्व** એ સમુદાયનો **कण्वादि** ગણમાં પાઠ નથી અને **कण्वादिभ्यो गोत्रे**। એ પ્રત્યયવિધિ નથી તેથી ત્યાં તદન્તગ્રહણ નહીં થાય, એટલે કે **काण्व** શબ્દ, પોતે જેને અંતે છે તે **पिङ्गलकाण्व** નું ગ્રહણ નહીં કરી શકે. તેથી **कण्वादिभ्यो गोत्रे**। એ અપવાદ ત્યાં લાગુ ન પડતાં **वृद्ध** સંજ્ઞા થશે અને **छ** અનિવાર્ય બનશે તેથી **अण्** થવાનો પ્રસંગ નથી (કે.ના.) અહીં ભાષ્યકારે **छ** પ્રત્યયાન્તનું **पिङ्गलकाण्वीयाः**એમ ઉદાહરણ આપ્યું નથી તેથી સમજાય છે કે **छ** પ્રત્યયાન્ત રૂપ થતું નથી .અને '**गोत्रान्ताद्वाऽसमस्तवत्**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

त्यदादीनि च ॥१।१।७४॥

यस्याचामादिग्रहणमनुवर्तत उताहो न॥ किं चातः। यद्यनुवर्तत इह च प्रसज्येत त्वत्पुत्रस्य च्छात्रास्त्वात्पुत्राः मात्पुत्राः। इह च न स्यात् त्वदीयः मदीय इति। अथ निवृत्तमेङ् प्राचां देशे।

**त्यद्** વગેરે (શબ્દો) ની પણ **वृद्ध** સંજ્ઞા થાય છે ॥૧।૧।૭૪॥

(પૂર્વ સૂત્રમાં) **यस्याचामादिः** એમ જે કહ્યું છે તેની (આ સૂત્રમાં) અનુવૃત્તિ થાય છે કે[414] પછી નથી થતી.(અનુવૃત્તિ થાય કે ન થાય) તેથી શું ? જો અનુવૃત્તિ થાય તો અહીં **त्वत्पुत्रस्य छात्राः त्वात्पुत्राः, (मत्पुत्रस्य छात्राः ) मात्पुत्राः** માં[415] પણ (વૃદ્ધ સંજ્ઞા) થવાનો પ્રસંગ આવશે. જ્યારે આ **त्वदीयः मदीयः** માં[416] નહીં થાય. હવે જો (**यस्याचामादिः** એ પદોની) નિવૃત્તિ થતી હોય તો (૫૨ સૂત્ર) **एङ् प्राचां देशे**।

---

। વા.(૭) માં **असमस्तत्व** નો વિકલ્પ કર્યો છે તેથી જ્યાં **वृद्ध** સંજ્ઞાનિમિત્તક કાર્ય ઈષ્ટ હોય ત્યાં તે થશે,જેમ કે **कम्बलचायणीयाः** જેવામાં **छ** થશે, પરંતુ જ્યાં અસમસ્તત્વ ઈષ્ટ ન હોય, જેમ કે **पिङ्गलकाण्व्यः** ત્યાં એ અતિદેશ નહીં લાગુ પડે તેથી **वृद्ध** સંજ્ઞા ન થવાથી **छ** થવાનો પ્રસંગ નહીં આવે.' દાધિ.[નિ.સા. (પૃ.૫૨૭,પા.ટી.૪), ચૌખં (પૃ.૫૮૪,પા.ટી.૬)] .પરિણામે **अण्** ન થઈને **पैङ्गलकाण्वाः** સિદ્ધ થશે

[414] પૂર્વ સૂત્રમાં **यस्याचामादिः** એમ જે કહ્યું છે તેપદો પ્રસ્તુત સૂત્રમાં ઉતરી આવે છે કે કેમ તેનો અહીં વિચાર કર્યો છે.પ્રસ્તુત સૂત્રમાં **वृद्धि** પદ યોજી શકાય તેમ નથી તેથી ભાષ્યમાં **यस्याचामादिः** એટલું જ કહ્યું છે. આ બાબતમાં કાશિકાકાર કહે છે કે **यस्याचामादिः** એમ જે પૂર્વ સૂત્રમાં કહ્યું છે તેની **एङ् प्राचां ह्रस्वः**। એ સૂત્ર માટે અહીં અનુવૃત્તિ થાય છે, કારણ કે પ્રસ્તુત સૂત્રમાં તે પદોનો કોઈ સંબંધ યોજી શકાય તેમ નથી (**यस्याचामादिग्रहणमुत्तरार्थमनुवर्तते। इह तु न सम्बध्यते।का०**) , વળી **अचाम्** એ નિર્ધારણાર્થે ષષ્ઠી છે અને નિર્ધારણ સજાતીયનું જ થાય પરંતુ **त्यद्** વગેરે વિજાતીય છે, કારણ કે તે **अच्** નથી તેથી પ્રસ્તુત સૂત્રમાં તેના સંબંધ થવો સંભવિત નથી. (**अयोग्यत्वात् निर्द्धारणस्य सजातीयविषयत्वात् त्यदादीनां चाजात्मकत्वाभावात्। पद०**) તેથી જ ભ.દી. તે શબ્દોની અનુવૃત્તિ ન સ્વીકારતાં કહે છે કે એ પદોની **एङ् प्रचाम्०** માં મણ્ડૂકપ્લુતિથી અનુવૃત્તિ થાય છે.(**यस्याचामादिरिति मण्डुकप्लूत्याऽनुवर्तते**। શ.કૌ. ભા. ૧,પૃ.૨૯૭)

[415] **तव पुत्रः, मम पुत्रः-- प्रत्ययोत्तरपदयोश्च**। પ્રમાણે **म**-પર્યન્ત ભાગનો **त्व** , **म** થઈને **त्वत्पुत्र** , **मत्पुत्रः** થાય છે. **त्वत्पुत्रस्य छात्राः, मत्पुत्रस्य छात्राः** એ અર્થમાં **अण्** લાગીને **त्वात्पुत्राः** , **मात्पुत्राः** થાય છે. હવે જો પ્રસ્તુત સૂત્રમાં **यस्याचामादि** ની અનુવૃત્તિ થાય તો સૂત્ર આ રીતે સમજાશેઃ જેના **अच्** વર્ણોની આદિમાં **त्यदादि** હોય તેની **वृद्ध** સંજ્ઞા થાય છે. **त्वत्पुत्रः** , **मत्पुत्रः** ના આદિમાં **त्यदादि** હોવાથી તેમની **वृद्ध** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે [**त्यदादीनि यस्याचामादिभूतानि तद् वृद्धम्**। (ન્યાસ.)].પરિણામે **अण्** નો બાધ કરીને ત્યાં **वृद्धाच्छः**। પ્રમાણે શૈષિક **छ** થવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. **त्वत्पुत्रः** વગેરેમાં આદિમાં **त्यदादि** છે એ ખરૂં પરંતુ તે વિશેષણ રૂપ હોવાથી ઉપસર્જનભૂત છે, ગૌણ છે. તેથી તેને **त्यदादिगण** ના ન ગણી શકાય, કારણ કે **संज्ञोपसर्जनप्रतिषेधः**। [પા.૧-૧-૨૭ વા.(૧)] એમ હોવાથી પ્રસ્તુત સૂત્ર અમલી નહીં થાય, એટલે કે **वृद्ध** સંજ્ઞા નહીં થાય તેથી **छ** થવાનો પ્રસંગ નહીં આવે એમ કહી ન શકાય, કારણ કે પ્રસ્તુત સૂત્રમાં **आदि** ની અનુવૃત્તિ થાય તો તેને અન્ય કોઈ રીતે ઘટાવી શકાય તેમ નથી તેથી ઉપસર્જનભૂત **त्यद्** વગેરેને **त्यदादि** ગણવા પડશે અને **वृद्ध** સંજ્ઞા થવાનો પ્રસંગ આવશે. આ સૂત્રમાં **अचाम्** ની અનુવૃત્તિ થાય તો પણ' જેના **अच्** વર્ણોમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यस्याचामादिग्रहणं कर्तव्यम्॥ एवं तर्ह्यनुवर्तते। कथं त्वात्पुत्रा इति। संबन्धमनुवर्तिष्यते। वृद्धिर्यस्याचामादिस्तद् वृद्धम्। त्यदादीनि च वृद्धसंज्ञानि भवन्ति। वृद्धिर्यस्याचामादिस्तद् वृद्धम् एङ् प्राचां देशे। यस्याचामादिग्रहणमनुवर्तते वृद्धिग्रहणं निवृत्तम्। तद्यथा। कश्चित्कान्तारे समुपस्थिते सार्थमुपादत्ते। स यदा निष्कान्तारीभूतो भवति तदा सार्थं जहाति॥ एङ् प्राचां देशे॥१।१॥७५॥

માં यस्याचामादि એ (પદો) મૂકવાં પડશે.[417] તો પછી (એની) અનુવૃત્તિ થાય છે (એમ કહીશું). તો त्वात्पुत्राः, मात्पुत्राः એ કેવી રીતે (થશે) ? સંબંધને અનુસરશે[418] (એટલે કે પ્રથમ) वृद्धिर्यस्याचामादिस्तद् वृद्धम्। (એ સૂત્ર) પછી (त्यदादीनि च। એ સૂત્રમાં પૂર્વસૂત્ર वृद्धिर्यस्याचामादिस्तद् वृद्धम्। ની અનુવૃત્તિ થતાં) त्यदादीनि च वृद्धसंज्ञानि भवन्ति। (त्यद् વગેરેની પણ વૃદ્ધ સંજ્ઞા થાય છે એમ અર્થ સમજાશે).(પછી) एङ् प्राचां देशे। (એ સૂત્રમાં (પૂર્વ સૂત્રમાં) यस्याचामादिः એ પદો લીધાં છે તેની અનુવૃત્તિ થાય છે, (પણ તેમાં જે) वृद्धिः (શબ્દ અનુવૃત્તિથી આવ્યો છે તે) ની (અહીં ) નિવૃત્તિ થાય છે,[419] તે એ રીતે કે કોઇ (માણસ) ભયાનક વન પાસે આવતાં વણઝારનો સાથ લે છે અને (તે) ભયંકર વનમાંથી બહાર નીકળી ગયા પછી તેનો ત્યાગ કરે છે પૂર્વદેશવાસીઓના દેશવાચી શબ્દમાં આદિ (अच्) एङ् (ए, ओ) હોય તો તેની वृद्ध સંજ્ઞા થાય છે॥૧।૧।૭૫॥

---

त्यदादि આદિ હોય' એમ યોજી શકાય તેમ નથી , કારણ કે त्यदादि એ अच् નથી પરિણામે તેનું अच् વર્ણોમાંથી નિર્ધારણ કરવું શક્ય નથી.

[416] त्वदीयः , मदीयः માં युष्मद् , अस्मद् ને तव अयम् , मम अयम् એ અર્થમાં वृद्धाच्छः। થી छ--युष्मद्/अस्मद् छ--प्रत्ययोत्तर० --त्वद् /मद् छ (ईय )--त्वदीयः, मदीयः થયા છે.જો પ્રસ્તુત સૂત્રમાં यस्याचामादि ની અનુવૃત્તિ થાય તો त्वदीय , मदीय માં त्यद् વગેરે આદિમાં નથી પરંતુ તે કેવળ त्यद् છે તેથી સૂત્ર લાગુ નહીં પડે તેથી वृद्ध સંજ્ઞા ન થતાં ઇષ્ટ રૂપ ન થવાનો પ્રસંગ આવશે.

[417] પ્રસ્તુત સૂત્રમાં यस्याचामादिः ની અનુવૃત્તિ નથી થતી એમ સ્વીકારવામાં આવે તો પણ પ્રશ્ન ઉકલતો નથી, કારણ કે પર સૂત્ર एङ् प्राचाम्० માં यस्याचामादिः ની અનુવૃત્તિ થાય તો જ સૂત્રનો ઉચિત અર્થ થઇ શકે. ત્યાં अचाम् અને आदिः બન્ને સાર્થક રીતે સંબંધ ધરાવે છે. यस्याचामादि एङ् વગેરે યોજના જરૂરી છે અન્યથા वृद्ध સંજ્ઞા ન થઇ શકે. તેથી જો પૂર્વ સૂત્રમાં એ પદોની અનુવૃત્તિ ન થાય તો एङ् प्रचाम्० સૂત્રમાં यस्याचामादिः એમ કહેવું પડશે તેમ કરવાથી ગૌરવ થાય છે તેથી અનુવૃત્તિ થાય છે તેમ કહેવું વધારે ઉચિત છે.

[418] અનુવૃત્તિ થાય છે એમ કહો તો પણ આગળ જે દોષ બતાવ્યા તે ઊભા જ રહેશે. તેના ઉત્તરમાં કહે છે' संबंधमनुवर्तिष्यते ' અર્થાત્ પૂર્વ સૂત્રમાંનાં પદોની અનુવૃત્તિ થાય તો પણ એ પદો પરસ્પરના સંબંધને અનુસરશે, એટલે કે वृद्धि એ પદની સાથે સંબદ્ધ अचाम् એ પદ એ સંબંધને ત્યજી નહીં દે, તેને અનુસરશે. તેથી वृद्धिरचामादिः એમ લઇ શકાશે, પરંતુ त्यदादीनि માં એ પદો સાર્થક રીતે યોજી શકાય તેમ નથી, કારણ કે त्यद् વગેરે अच् ના સમાનજાતીય નથી તેથી તેને अचामादिर्वृद्धिः એ પદો સાથે તેનો સંબંધ ન થઇ શકે. પરંતુ एङ् प्राचाम्० માં અનુવૃત્તિ થશે ત્યાં अचामादिः एङ् એમ યોજી શકાય છે. પૂર્વ સૂત્રમાં સ્વરિત કરેલ છે તેથી અનુવૃત્તિ થશે અને તેની પર સૂત્રમાં જરૂર છે પણ પ્રસ્તુત સૂત્રમાં યોજી શકય તેમ ન હોવાથી સૂત્રોની યોજના આ પ્રમાણે થશેઃ वृद्धिर्यस्याचामादिस्तद्-वृद्धम्। પછી त्यदादीनि च। અર્થાત્ त्यदादि નેवृद्ध સંજ્ઞા થાય છે (અહીં અનુવૃત્તિથી આવેલ वृद्धिर्यस्याचामादिस्तद् वृद्धम्। એ શબ્દો અલિપ્ત રહેશે). ત્યાર પછી एङ् प्राचां देशे। એ સૂત્ર (एङ् વૃદ્ધિ નથી તેથી वृद्धि ની નિવૃત્તિ થઇને यस्याचामादिः ની અનુવૃત્તિ થશે) તેથી एङ् यस्याचामादिस्तद् वृद्धम्। એમ વાક્યાર્થ સિદ્ધ થશે.

[419] ભાષ્યકાર દૃષ્ટાન્ત દ્વારા આ બાબતને સ્પષ્ટ સમજાવે છે. કોઇ માણસ પોતે એકલો જ મુસાફરી કરતો હોય ત્યાં માર્ગમાં ઘોર વન આવે તો તે સલામતિ ખાતર સાથ શોધે છે અને રસ્તે જતી વણઝારમાં જોડાઇ જાય છે, પરંતુ જ્યારે તે વ્યક્તિ એ ઘાડા વનને સંઘની સંગાથમાં પાર કરી લે ત્યારે તે સંઘ છોડીને એકલો આગળ વધે છે. તે પ્રમાણે પૂર્વ સૂત્રમાંનો वृद्धि શબ્દ त्यदादीनि च। માં यस्याचामादिः એ શબ્દોની સાથે અનુવૃત્ત થાય છે પરંતુ તે પછી તેની નિવૃત્તિ થાય છે અર્થાત્ પર સૂત્ર एङ् प्राचां देशे। માં यस्याचा-मादिः એ શબ્દોની સાથે તેની અનુવૃત્તિ થતી નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**एङ् प्राचां देशे शैषिकेष्विति-- एङ् प्राचां देशे शैषिकेष्विति वक्तव्यम्। सैपुरिकी सैपुरिका। स्कौनगरिकी स्कौनगरिकेति ॥**

**इति श्रीभवत्पतञ्जलिविरचिते व्याकरणमहाभाष्ये प्रथमस्याध्यायस्य प्रथमे पादे नवममाह्निकम् ॥९॥**

एङ् प्राचां [420] **देशे**। એમ (જે કહ્યું છે તે) શૈષિક પ્રત્યય [421] પર થતાં (થાય છે ) એમ કહેવું પડશે,[422] (જેથી ) **सैपुरिकी** ,[423] **सैपुरिका, स्कौनगरिकी , स्कौनगरिका** (સિદ્ધ થાય).

અહીં શ્રી ભગવાન પતંજલિ વિરચિત વ્યાકરણ મહાભાષ્યમાં પ્રથમ અધ્યાયના પ્રથમ પાદના ગુજરાતી અનુવાદમાં નવમું આહ્નિન સમાપ્ત ॥૯॥

---

[420] અહીં **प्राचाम्** એ દેશવિશેષનો નિર્દેશ કરે છે કે પૂર્વે થએલા આચાર્યોનો, તે બાબતમાં ટીકાકારોમાં મતભેદ છેઃ કા.પ્રમાણે **प्राचाम्** એ **देशे** નું વિશેષણ છે (**प्राचां देशाभिधाने।का०**). તેને સ્પષ્ટ કરતાં ન્યાસ. કહે છે,'**प्राचां सम्बन्धी यो देशस्तदभिधाने इत्यर्थः।** અર્થાત્ પૂર્વના લોકોને લગતો જે દેશ તેના નામમાં (एङ् આદિ હોય તો તેની **वृद्ध** સંજ્ઞા થાય છે).' પછી કહે છે,'**एतेन प्राचामिति देशविशेषणं, न विकल्पार्थमिति दर्शयति। प्राचां मतेन इति अस्य अविवक्षितत्वादित्याख्यातं भवति। न्यास०**' હર. વધુ સ્પષ્ટ કરતાં કહે છે,' **प्राचि देशे ये वसन्ति ते प्राचः तेषां संबंधी यो देशस्तदभिधाने।** એટલે કે પૂર્વમાં રહેતા લોકો-પૂરબીઆ-નો જે દેશ તેના નામમાં (આદિમાં एङ् હોય તો તેની **वृद्ध** સંજ્ઞા થાય છે). વળી કહે છેઃ **एतेन श्रुतस्य विशेषणं प्राचां ग्रहणं नाचार्याणामिति दर्शयति** અર્થાત્ આથી સૂત્રમાં જે **प्राचाम्** એમ કહ્યું છે તે જેનું શ્રવણ થાય છે તે (**देशे**) નું વિશેષણ છે (જેનું શ્રવણ નથી થતું તે) **आचार्याणाम्** નું નહીં, કારણ કે **आचार्याणां मतेन** એટલું અધ્યાહાર્ય રાખવું પડે છે. કૈ.નોંધે છે કે આચાર્ય કુણી **प्राचाम्** ને આચાર્યોનો નિર્દેશ માને છે અને ભાષ્યકાર તેને અનુસરે છે. ભ.દી પણ તેમ જ માને છે તેમના મતે **प्राचाम्** ને વિધેયભૂત **वृद्ध** સંજ્ઞા સાથે સંબંધ છે તે કારણે તથા **प्राचाम्** ની ભિન્ન વિભક્તિ કરી છે (એટલે કે **प्राग्देशे** એમ ન કહેતાં **प्राचाम्** એમ કહ્યું છે) તેથી સૂત્રમાં કરેલું **प्राक्** નું ગ્રહણ આચાર્યનો નિર્દેશ કરે છે. ના.નો પણ આ જ અભિપ્રાય છે, પરંતુ તે નોંધે છે કે ભાષ્યકાર અન્ય મતને અનુસરે છે, કારણ કે કુણીનો મત સ્વીકારવામાં આવે તો વા(૧)માં **शैषिकेषु** એમ જે કહ્યું છે તે વ્યર્થ થશે (**अतोऽन्यमताश्रयेण एव भाष्यम्।उ०**). કૈ. પણ અન્ય મતનો ઉલ્લેખ કરે છે જે પ્રમાણે **प्राचाम्** એ દેશનું વિશેષણ છે (**अन्येन तु प्राग्ग्रहणं देशविशेषणं व्याख्यातम्।प्र०**)

[421] **शैषिकेषु = शेषे।** એ અધિકાર નીચે આવતા અપત્યાર્થકથી માંડીને ચાતુરર્થિક સિવાયના બાકીના (**अपत्यादिचतुरर्थ्यन्तादन्योऽर्थः शेषः।सि०कौ०**) પ્રત્યયો પર થતાં **वृद्ध** [સંજ્ઞા થાય છે] એમ કહેવામાં આવે, તેથી **अपत्य** અને **विकार** ના અર્થમાં જે પ્રત્યયો લાગે છે તે પર થતાં **वृद्ध** સંજ્ઞા નહીં થાય. છતાં **उदीचां वृद्धादगोत्रात्।** અને **नित्यं वृद्धशरादिभ्यः।** એ સૂત્રોને પ્રતાપે સર્વ ઇષ્ટ રૂપો સિદ્ધ થશે.

[422] અહીં **वक्तव्यम्** એમ કહ્યું છે તેથી આ વા. છે, પરંતુ ભાષ્યકાર જે રીતે વાર્તિકની સ્પષ્ટતા કરે છે તે ન હોવાથી આ કાત્યાયન વા. નથી પરંતુ ભાષ્યવાર્તિક છે તેમ [ચૌખં (પૃ.૫૮૬,પા.ટી.૧)] માં નોંધે છે.નિ.સા. [પૃ.૫૩૮,પા.ટી.૩] પણ વાર્તિક નથી ગણી.ના., કિ. વગેરે પણ તેને ભાષ્યના ભાગ રૂપ ગણે છે.

[423] **सेपुर** અને **स्कोनगर** એ પૂર્વમાં ન હોય તેવાં વાહિક ગામો છે. તેને **वृद्ध** સંજ્ઞા થવાથી **वाहीकग्रामेभ्यश्च।** પ્રમાણે **ठञ्** અને **ञिठ्** લાગીને **सैपुरिकी , सैपुरिका** અને **स्कौनगरिकी , स्कौनगरिका** એ રૂપો થયાં છે.પૂર્વમાં ન રહેલ હોવા છતાં **वृद्ध** સંજ્ઞા થાય છે તેથી સમજાય છે કે ભાષ્યકારે કુણીના મતનો સ્વીકાર કર્યો છે અર્થાત્ **प्राचाम्** એ આચાર્યોનો નિર્દેશ છે એમ તેઓ માને છે. જો એ બે વાહીક ગામો પૂર્વદેશનાં જ હોય તો પછી અન્ય મત પ્રમાણે (**प्राचाम्** ને દેશનું વિશેષણ લઇએ તો) પણ આ રૂપો સિદ્ધ થશે. અનેક પ્રકારનાં શબ્દરૂપો રૂપી લક્ષ્ય જોવામાં આવે છે તેથી કુણી આ સૂત્રમાં વ્યવસ્થિતવિભાષા છે તેમ માને છે, પરંતુ વ્યવસ્થિતવિભાષા લેવામાં આવે તો ભાષ્યમાં **शैषिकेषु** એમ કહ્યું છે તે વ્યર્થ થશે, કારણ કે વ્યવસ્થિતવિભાષાથી જ ઇષ્ટ સિદ્ધિ થશે.

**इति श्रीमद्भगवत्पतञ्जलिविरचितव्याकरणमहाभाष्ये प्रथमाध्यायप्रथमपादस्य गुर्जरभाषानुवादस्य तरलाटीकायां नवममाह्निकम् ॥९॥**

**॥ शुभं भवतु ॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| अचः परस्मिन्पूर्वविधौ ॥१।१।५७॥ | પૃ.૪૫૩ |
| अणुदित्सवर्णस्य चाप्रत्ययस्य ॥६९॥ | પૃ.૫૯૨ |
| अदर्शनं लोपः ॥१।१।६०॥ | પૃ.૫૧૫ |
| अदसो मात् ॥१।१।१२॥ | પૃ.૧૮૬ |
| अनेकाल् शित्सर्वस्य ॥१।१।५५॥ | પૃ.૪૨૦ |
| अन्तरं बहिर्योगोपसंव्यानयोः ॥१।१।३६॥ | પૃ.૨૭૦ |
| अलोऽन्त्यस्य ॥१।१।५२॥ | પૃ.૪૧૪ |
| अलोऽन्त्यात्पूर्व उपधा ॥१।१।६५॥ | પૃ.૫૬૪ |
| अव्ययीभावश्च ॥१।१।४१॥ | પૃ.૩૦૪ |
| आदिरन्त्येन सहेता ॥१।१।७१॥ | પૃ.૬૧૦ |
| आदेः परस्य ॥१।१।५४॥ | પૃ.૪૧૯ |
| आद्यन्तवदेकस्मिन् ॥१।१।२१॥ | પૃ.૨૧૪ |
| आद्यन्तौ टकितौ ॥१।१।४६॥ | પૃ.૩૫૫ |
| ओत् ॥१।१।१५॥ | પૃ.૧૯૮ |
| इको गुणवृद्धी ॥१।१।३॥ | પૃ. ૧૦૮ |
| इग्यणः संप्रसारणम् ॥१।१।४५॥ | પૃ.૩૫૧ |
| ईदूतौ सप्तम्यर्थे ॥१।१।१९॥ | પૃ.૨૦૧ |
| ईदूदेद्द्विवचनं प्रगृह्यम् ॥१।१।११॥ | પૃ.૧૭૮ |
| उञ ऊँ ॥१।१।१७--१८॥ | પૃ.૨૦૦ |
| उरण्रपरः ॥१।१।५१॥ | પૃ.૩૯૭ |
| एच इग्घ्रस्वादेशे ॥१।१।४८॥ | પૃ.૩૭૨ |
| एङ् प्राचां देशे ॥१।१।७५॥ | પૃ.૬૪૭ |
| ओत् ॥१।१।१५॥ | પૃ.૧૯૮ |
| कृन्मेजन्तः ॥१।१।३८॥ | પૃ.૨૮૪ |
| क्तक्तवतू निष्ठा ॥१।१।२६॥ | પૃ.૨૩૫ |
| क्ङिति च ॥१।१।५॥ | પૃ.૧૩૮ |
| ङिच्च ॥१।१।५३॥ | પૃ.૪૧૭ |
| डति च ॥१।१।२५॥ | પૃ.૨૩૫ |
| तद्धितश्चासर्वविभक्तिः ॥१।१।३८॥ | પૃ.૨૭૪ |
| तपरस्तत्कालस्य ॥१।१।७०॥ | પૃ.૬૦૪ |
| तरप्तमपौ घः ॥१।१।२२॥ | પૃ.૨૨૧ |
| तस्मादित्युत्तरस्य ॥१।१।६७॥ | પૃ.૫૭૨ |
| तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य ॥१।१।६६॥ | પૃ.૫૭૨ |




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तुल्यास्यप्रयत्नं सवर्णम् ॥१ ।१ ।९ ॥ પૃ.૧૬૪

तृतीयासमासे ॥१ ।१ ।३० ॥ પૃ.૨૬૪

त्यदादीनि च ॥१ ।१ ।७४ ॥ પૃ.૬૪૬

दाधाघ्वदाप् ॥१ ।१ ।२० ॥ પૃ.૨૦૪

दीधीवेवीटाम् ॥१ ।१ ।६ ॥ પૃ.૧૪૮

द्विर्वचनेऽचि ॥१ ।१ ।५९ ॥ પૃ.૫૦૪

न धातुलोप आर्धधातुके ॥१ ।१ ।४ ॥ પૃ.૧૨૮

न पदान्तद्विर्वचनवरेयलोपस्वरसवर्णानुस्वारदीर्घजश्चर्विधिषु ॥१ ।१ ।५८ ॥ પૃ.૪૮૭

न बहुव्रीहौ ॥१ ।१ ।२९ ॥ પૃ.૨૫૯

न लुमताऽङ्गस्य ॥१ ।१ ।६३ ॥ પૃ.૫૪૨

न वेति विभाषा ॥१ ।१ ।४४ ॥ પૃ.૩૧૨

नाज्झलौ ॥१ ।१ ।१० ॥ પૃ.૧૭૪

निपात एकाजनाङ् ॥१ ।१ ।१४ ॥ પૃ.૧૯૪

पूर्वापरदक्षिणोत्तरापराधराणि व्यवस्थायामसंज्ञायाम् ॥१ ।१ ।३४ ॥ પૃ.૨૬૬

प्रत्ययलोपे प्रत्ययलक्षणम् ॥१ ।१ ।६२ ॥ પૃ.૫૨૫

प्रत्ययस्य लुक्श्लुलुपः ॥१ ।१ ।६१ ॥ પૃ.૫૧૮

बहुगणवतुडति संख्या ॥१ ।१ ।२३ ॥ પૃ.૨૨૩

मिदचोऽन्त्यात्परः ॥१ ।१ ।४७ ॥ પૃ.૩૬૩

मुखनासिकावचनोऽनुनासिकः ॥ १ ।१ ।८ ॥ પૃ.૧૬૧

येन विधिस्तदन्तस्य ॥१ ।१ ।७२ ॥ પૃ.૬૧૨

विभाषा जसि ॥१ ।१ ।३२ ॥ પૃ.૨૬૬

विभाषा दिक्समासे बहुव्रीहौ ॥१ ।१ ।२८ ॥ પૃ.૨૫૬

वृद्धिरादैच् ॥१ ।१ ।१ ॥ પૃ.૯૫

वृद्धिर्यस्याचामादिस्तद्वृद्धम् ॥७३ ॥ પૃ.૬૪૦

शि सर्वनामस्थानम् ॥१ ।१ ।४२ ॥ પૃ.૩૦૮

शे ॥१ ।१ ।१३ ॥ પૃ.૧૯૩

षष्ठी स्थानेयोगा ॥१ ।१ ।४९ ॥ પૃ.૩૭૬

ष्णान्ता षट् ॥१ ।१ ।२४ ॥ પૃ.૨૩૨

सर्वादीनि सर्वनामानि ॥१ ।१ ।२७ ॥ પૃ.૨૩૯

सुडनपुंसकस्य ॥१ ।१ ।४३ ॥ પૃ.૩૦૮

स्थानिवदादेशोऽनल्विधौ ॥१ ।१ ।५६ ॥ પૃ.૪૨૩

स्थानेऽन्तरतमः ॥१ ।१ ।५० ॥ પૃ.૩૮૨

स्वमज्ञातिधनाख्यायाम् ॥१ ।१ ।३५ ॥ પૃ.૨૬૯

स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा ॥६८ ॥ પૃ.૫૮૬

स्वरादिनिपातमव्ययम् ॥१ ।१ ।३७ ॥ પૃ.૨૭૩




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

हलोऽनन्तराः संयोगः ॥१।१।७॥ પૃ.૧૫૧

## શુદ્ધિપત્રક

પૃ.૨૫૯ वहुव्रीहौ ને બદલે न वहुव्रीहौ

પૃ.૪૩૫ एकदेशविकृतस्योपसंख्यानम्.

પૃ.૫૨૫ ॥प्रत्ययग्रहणे ને બદલે प्रत्ययलोपे



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંદર્ભગ્રન્થોની યાદી--


(૧) વ્યાકરણ મહાભાષ્ય (કૈયટ ઉપાધ્યાયના ભાષ્યપ્રદીપ અને ઉપાધ્યાયનાગેશના ઉદ્યોત અને છાયા સહિત) (૧૯૧૭) (૧૯૯૨)
(૨) વ્યાકરણ મહાભાષ્ય (મ.મ. વાસુદેવ શાસ્ત્રી અભયંકર (મરાઠી અને હિન્દી)
(૩) વ્યાકરણ મહાભાષ્ય નવાહ્નિક આચાર્ય ચારુદેવ શાસ્ત્રી (હિન્દી)
(૪) વ્યાકરણ મહાભાષ્ય ભાગ ૧ પં.. યુધિષ્ઠિર મીમાંસકજી
(૫) વ્યાકરણ મહાભાષ્ય (લેક્ચર્સ ઓન ભા. ૧ થી ૩)(સુબ્રહ્મણ્યં શાસ્ત્રી)
(૬) વ્યાકરણ મહાભાષ્ય ().
(૭) અષ્ટાધ્યાયીભાષ્ય (ભાગ ૧ અને ૨) સ્વામી દયાનંદ સરસ્વતીજી
(૮) અષ્ટાધ્યાયી કાશિકા (ભાગ ૧ થી ૬) જિનેન્દ્રબુદ્ધિની ન્યાસ અને હરદત્તની પદમંજરી સહિત
(૯) પસ્પશાહ્નિક (અંગ્રેજી) ચેટર્જી
(૧૦) પસ્પશાહ્નિક (અંગ્રેજી) કુમુદરંજન રે
(૧૧) ઉણાદિસૂત્રો
(૧૨) મહાભાષ્યદીપિકા ભર્તૃહરિ
(૧૩)વાક્યપદીય બ્રહ્મકાણ્ડ
(૧૪)વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી ભટ્ટોજી દીક્ષિત (તત્ત્વબોધિની અને બાલમનોરમા સહિત)
(૧૫) શબ્દકૌસ્તુભ (ભટ્ટોજી દીક્ષિત)
(૧૬)વૈયાકરણભૂષણસાર કોણ્ડભટ્ટ
(૧૬)પ્રૌઢમનોરમા ભટ્ટોજી દીક્ષિત
(૧૭)પરિભાષેન્દુશેખર નાગેશ ભટ્ટ
(૧૮)શબ્દેન્દુશેખર નાગેશ ભટ્ટ
(૧૯)મીમાંસાસૂત્ર અને શાબરભાષ્ય
(૨૦)અર્થસંગ્રહ લૌગાક્ષિભાસ્કર
(૨૧)તંત્રવાર્તિક કુમારિલભટ્ટ
(૨૨)શ્લોકવાર્તિક કુમારિલભટ્ટ
(૨૩)મહાભારત આદિપર્વ, વનપર્વ
(૨૪) સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્ર કા ઇતિહાસ યુધિષ્ઠિર મીમાંસકજી
(૨૫)પાણિનીય શિક્ષા
(૨૬)ધ્વન્યાલોક-- આનન્દવર્ધન
(૨૭) મેદિની કોષ
(૨૮)અભિધાનચિંતામણિ --આચાર્ય હેમચંદ્ર
(૨૯)પ્રસ્થાનભેદ --મધુસૂદન સરસ્વતી
(૩૦)પાતંજલયોગસૂત્ર --ભોજકૃત રાજમાર્તંડ ટીકા સહિત--રામશંકર ભટ્ટાચાર્ય
(૩૧)ઋગ્ભાષ્ય ભાષ્યભૂમિકા --સાયણાચાર્ય
(૩૨)શક્તિવાદ--ગદાધર ભટ્ટ
(33)Panini & Veda – Thieme
(34)Panini – Goldstucker
(35)Panini, Katyayana & Patanjali—K.M.K. Sharma
(36)Katyayana & Patanjali--F. Kielhorn
(37)Ashtadyayi of Panini (Vol. I-- Joshi & J.A.F. Roogbergen
(38)The Yoga of Patanjali --Woods- James Haugton
(39) Philophies of India--Zimmer
(40)Some Observations on the Grammatical Terminology of Panini --Albrecht Wezler
(41)A Dictionary Of Sanskrit Grammar---K.V.Abhyankar & J.M.Shukla





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## L. D. Series : Latest Publications

| | | |
|---|---|---|
| 126 | **Acārya Ramcandra and Gunacandra's Dravyālaṅkār** with auto commentary, Ed. Muni Shri Jambuvijayaji P.P. 29 + 251 (2001) | 290 |
| 127 | **Pracina Madhyakālina Sāhitya Sangraha (Mohanlal Dalichanda Desai-Laghukruti)** Ed. Prof. Jayanta Kothari P.P. 14 + 746 (2001) | 650 |
| 128 | **Śāstravārtā Samuccaya of Acārya Haribhadra Suri with Hindi translation** Notes & Introduction by Dr. K.K.Dixit P.P. 272 (2001) | 185 |
| 129 | **Temple of Mahāvira Osiyāji -** Monograph by Dr. R.J.Vasavada P.P. 30 + Plates 61 (2001) | 360 |
| 130 | **Bhagwaticurni** Ed. Pt. Rupendra kumar Pagariya P.P. 120 (2002) | 135 |
| 131 | **Abhidhā** Dr. Tapasvi Nandi P.P. 84 (2002) | 120 |
| 132 | **A Lover of Light amoung Luminaries : Dilip Kumar Roy** Dr. Amrita Paresh Patel P.P. 256 (2002) | 220 |
| 133 | **Sudansaṇā-cariyaṁ** Dr. Saloni Joshi P.P. 8 + 110 (2002) | 180 |
| 134 | **Śivāditya's Saptapadārthī with a commentary by** Jinavardhana Sūri Ed. Dr. J. S. Jetly P.P. 24 + 96 (2003) | 110 |
| 135 | **Pāṇiniya Vyākaraṇa - Tantra, Artha aura Sambhāṣana Sandarbha** Dr. V. M. Bhatt P.P. 88 (2003) | 65 |
| 136 | **Kurmaśatakadvayam,** Translation with select Glossary - Dr. V. M. Kulkarni Introduction by Dr. Devangana Desai P.P. 85 (2003) | |
| 137 | **Catalogue of Sanskrit and Prakrit Manuscripts Vol. V** | 900 |
| 138 | **Catalogue of Sanskrit and Prakrit Manuscripts Vol. VI** | 700 |
| 139 | **Mahavira's Words** Translation from the German with much added material by W.Boll'ee and J. Soni | 600 |

## Our Forthcoming Publications

- Sambodhi Vo. XXVIII
- Haribhadra Sūri's Yogaśaṭaka
- Sahṛdayaloka Vol. 1,2,3 by Dr. T. S. Nandi

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org